નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસમાઈ–મહાવીર પજ્જવસાણાણં

૫૨૨૩

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

છઠ્ઠા વર્ષના પ્રારંભે

આણાએ ધમ્મો વિશેષાંક

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાન ભવન, ૪૫ - દિગ્વિજય પ્લોટ,
જામનગર.
(સૌરાષ્ટ્ર)

વર્ષ : ૬

અંક
૧ - ૨ - ૩

છઠ્ઠા વર્ષના પ્રવેશ પ્રસંગે
જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ.સા.

સકલાગમ રહસ્યવેદી
સ્વ. પૂ. આ. શ્રી વિજયદાન સૂરીશ્વરજી મ. સા. ના પ્રથમ પટ્ટધરરત્ન ગચ્છાધિપતિ સ્વ. વ્યાખ્યાન વાચસ્પતિ **પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા.** ના પટ્ટધર **સ્વ. પૂ. આ. શ્રી વિજયભુવન સૂરીશ્વરજી મ. સા.** ના પ્રથમ પટ્ટધરરત્ન ગચ્છાગ્રણી મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્રના અજોડ શાસન પ્રભાવક **પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. સા.** ના **૬૧ વર્ષના સુદીર્ઘ સંયમ પર્યાયની અનુમોદનાર્થે..**

જન્મ : સં.૧૯૭૦ મા.સુ.૭ ઉદયપુર
દીક્ષા : સં.૧૯૮૮ પોષ વ. ૫-પાટણ.
વડીદીક્ષા : સં.૧૯૮૮ મહા સુદ ૬ રાધનપુર
ગણિપદ : સં.૨૦૧૩ કારતક વદ ૫ પોરબંદર
પંન્યાસપદ : સં.૨૦૧૫ વૈશાખ સુદ ૬ વાંકી (કચ્છ)
આચાર્યપદ ૨૦૨૯ માગશર સુદ ૨ મુંબઈ

શુભેચ્છક :
જીવનસિંહ ભીમરાજજી મહેતા
ઉદયપુર (દેવાલી) રાજસ્થાન.

સુધારો :- સ્વ. પૂ. આ. શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ. સા.. ના પટ્ટધર સિદ્ધાંત મહોદધિ પૂ. આ. શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.નો પ્રથમ પટ્ટધરરત્ન ગચ્છાધિપતિ સ્વ. વ્યાખ્યાન વાચસ્પતિ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી – એમ ઉપરના લખાણમાં વાંચવું.

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેલાજી મુહકમ
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(વડોદરા)
ચાલાચંદ પદમશી મુહકમ
(ધારાગઢ)

વર્ષ ૬] ૨૦૪૯ અ. ભાદ્રપદ સુદ-૮ તા. ૨૪-૮-૯૩ [અંક-૧-૨-૩

: શ્રી જિનાજ્ઞા એટલે સંઘ-શાસનનું સર્વસ્વ :

—પૂ. આ. શ્રી. વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

અર્હંત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ ફરમાવ્યું છે કે આ જગત અનાદિ અનંતકાલથી વિદ્યમાન છે અને અનંતાનંત કાળે પણ આ જગતનું અસ્તિત્વ મટવાનું નથી, કોઈ કાળ આજ સુધીમાં એવો નહોતો જ, કે જ્યારે જગતનું અસ્તિત્વ જ ન હોય અને ભવિષ્યમાં કયારેય એવો કાળ આવવાનો નથી, કે જ્યારે જગતનું અસ્તિત્વ ન જ હોય. આમ જગત તો હતું પણ ખરૂં, છે પણ ખરૂં અને રહેવાનું પણ ખરૂં. એટલે આ વાત પણ સાથે જ નિશ્ચિત થઈ જાય છે કે સંસારનું અસ્તિત્વ જેમ અનાદિ અનંતકાલીન છે, તેમ મોક્ષનું અસ્તિત્વ પણ અનાદિ અનંતકાલીન છે. જેમ સંસાર કદી પણ નહોતો એવું ય બન્યું નથી અને સંસાર કદી પણ નહિ હોય એવું ય બનવાનું નથી, તેમ મોક્ષ પણ નહિ હોય એવું ય બનવાનું નથી.

સંસારના અસ્તિત્વને તેમ જ મોક્ષના અસ્તિત્વને અનાદિકાલીન અને અનંત કાલીન તરીકે સ્વીકારનારાઓને, એ વાત પણ સ્વીકારવી જ પડે તેમ છે કે સંસારનો માર્ગ અને મોક્ષનો પણ માર્ગ એ બંને ય માર્ગો અનાદિકાલથી વિદ્યમાન છે અને અનંતાનંત કાલે પણ એ બંને ય માર્ગો વિદ્યમાન રહેવાના છે.

આ જગતમાં જો વધુમાં વધુ દુર્લભ કોઈ ચીજ હોય, તો મોક્ષમાર્ગની વાત સાંભળવા મળવી અને એ વાત વિષે હૈયામાં રૂચિ પેદા થવી એ છે.

જીવને મોક્ષની વાત સાંભળવા મળે, એ માટે પણ મોટું પુણ્ય જોઇએ છે અને

એમાં પણ શુદ્ધ એવા મોક્ષમાર્ગની વાત સાંભળવા મળે, એ માટે તો એથી પણ અધિક પુણ્ય જોઇએ છે. જીવનું પરમ કલ્યાણ મોક્ષની પ્રાપ્તિ છે અને મોક્ષની પ્રાપ્તિનો માર્ગ એવો નથી કે એમાં પરિવર્તન આવ્યા કરે.

'સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રથી જ મોક્ષ' એમાં કદી પણ ફેર-ફાર સંભવે નહિ. એટલે ભગવાન શ્રી મહાવીર દેવે સ્થાપેલું શાસન એ અનંતા શ્રી જિનેશ્વરદેવોએ સ્થાપિત કરેલા શાસનના જેવું. અનંત જ્ઞાનના સ્વામી બનેલા ભગવંતો પણ કાંઇ નવીન બતાવતા નથી અને અનંતા ભગવંતોએ બતાવેલો મોક્ષમાર્ગ જ બતાવે છે. એ તમારે બહુ ધ્યાનમાં લેવા જેવી બીના છે. બધા સર્વજ્ઞ ભગવંતો એક જ સ્વ-રૂપવાળા મોક્ષમાર્ગને કેમ બતાવે ? એ માટે કે મોક્ષમાર્ગના સ્વરૂપમાં કદી પણ પરિવર્તન આવતું નથી. જીવને પરમ કલ્યાણનું કારણ આ એક માર્ગ છે. આવા માર્ગની આરા-ધના કરનારાઓમાં સ્થાન મળે, એ કાંઇ ઓછા ગૌરવની બીના છે ?

આ ક્ષેત્રમાંથી આ કાળે કોઇપણ જીવ મુક્તિએ જઇ શકતો નથી. છતાં પણ આ કાળે આ ક્ષેત્રમાં મોક્ષમાર્ગ તો વિદ્યમાન છે જ અને મોક્ષમાર્ગ વિદ્યમાન છે એવું ત્યારે જ કહેવાય કે મોક્ષમાર્ગનો આરાધક ચતુર્વિધ શ્રી સંઘ વિદ્યમાન હોય, **ચતુ-ર્વિધ શ્રી સંઘ એટલે ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞાને સમર્પિત થયેલો શ્રી સંઘ** એટલે તમે એ વિચાર કરો કે એક માત્ર ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞાને જ વાસ્તવિક રીતે આરાધ્ય માનનારા અને ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની યથા શક્ય આરાધના કરવા માટે ઉદ્યમશીલ એવા ચતુર્વિધ શ્રી સંઘમાં તમારું સ્થાન છે ને ?

ચતુર્વિધ શ્રી સંઘનું મુખ મોક્ષ તરફ જ હોય. તમારું મુખ મોક્ષ તરફ છે ને ? શ્રી સંઘમાં આપણા બધાનું લક્ષ્ય એક જ હોય. અમે સંસારના બાહ્યસંગોને તજીને બેઠા છીએ તમે સંસારના બાહ્ય સંગોમાં પણ બેઠેલા છો. પરંતુ તમે ય બાહ્ય અને આંતર એ બંને ય પ્રકારના સંગોથી છુટવાની વૃત્તિવાળા ખરા ને ?

શ્રાવક-શ્રાવિકા ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાનું પાલન ઓછું કરે છે. ઓછું કરી શકે છે, પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની સઘળી ય આજ્ઞાઓ પ્રત્યે શ્રાવક શ્રાવિકાનો આદરભાવ તો જીવંત જ હોય. **સાધુ-સાધ્વીમાં ભગવાન શ્રી જિનેશ્વર દેવોની સઘળી ય આજ્ઞાઓ પ્રત્યે આદરભાવ હોવા ઉપરાંત, એ એક ચીજ વધારે છે કે એમણે પોતાનું આખું ય જીવન શ્રી જિનાજ્ઞાની એકાંત આરાધના કરવામાં સમર્પી દીધું છે.** જે સાધુ-સાધ્વીમાં આ ન હોય, તે સાધુ-સાધ્વી પણ શ્રી સંઘમાં ગણાય નહિ. ભગવાને સ્થાપેલું શાસન શ્રી સંઘના હૈયે પણ

હોય અને આચરણમાં પણ હોય. આચરણમાં અહપાધિકતા હોય, પણ હૈયે તો શાસન એવું વસેલું હોય કે એ હૈયામાં શાસન પ્રત્યે જે આદરભાવ હોય તે આદરભાવ બીજા કોઇ પણ પ્રત્યે હોય નહિ અને એથી વિપરીત જે કાંઇ અને જે કોઇ હોય તેના પ્રત્યે પણ આદરભાવ હોય નહિ. **જેના હૈયે શાસન નહિ, તે સંઘમાં નહિ! જેના હૈયે શાસન નહિ, એવા લાખ્ખો હોય તો ય તે સંઘ નહિ અને જેના હૈયે શાસન હોય તેવા એક એક સાધુ આદિ હોય તો ય તે સંઘ!**

આપણા બધાના હૈયામાં એવી ઇચ્છા તો ખરીને કે ભગવાનનું શાસન અખંડિત રહેવું જોઇએ? આપણી ખામીથી જો ભગવાનનો કહેલો મોક્ષમાર્ગ બંધ થઇ જાય તો તેની જવાબદારી આપણે શિર છે. **આપણા સૌની ફરજ છે કે આપણે ભગવાને કહેલો મોક્ષમાર્ગ વહેતો રહે એવો પ્રયત્ન કર્યા કરવો.** મોક્ષમાર્ગ વહેતો રહે કોનાથી? મોક્ષમાર્ગના આરાધકોથી ને? મોક્ષમાર્ગના સાચા આરાધકો કોણ હોઇ શકે? જેના હૈયે શાસન પ્રત્યે એવો આદરભાવ હોય કે જેવો આદરભાવ અન્ય કોઇપણ પ્રત્યે હોય નહિ!

આ કયારે બને? શ્રી જિનાજ્ઞા પ્રત્યે અવિહડ રાગ હોય તો આપણે બધા મળી ને વાત કરીએ તો ય શી વાત કરીએ? શ્રી જિનાજ્ઞાના પાલનની જ વાત કરીએ ને? કોઇ પણ વાત આપણે શ્રી જિનાજ્ઞાને વેગળી મૂકી કરી શકીએ ખરા? શ્રી જિનાજ્ઞાને વેગળી મૂકીને વાત કરનારાઓ શ્રી સંઘમાં ગણાય ખરા? શ્રી જિનાજ્ઞાનું પાલન કરવા માટે બીજું બધું વિચારાય, પણ શ્રી જિનાજ્ઞા તરફ નહિ જોવું, એ તો ચાલે નહિ ને? અને શ્રી જિનાજ્ઞાને નહિ માનવી, એ પણ ચાલે નહિ ને?

આપણા વચ્ચે જે સંબંધ છે, તે ભગવાનના શાસનને લઇને સંબંધ છે. સાધુ–શ્રાવકનો સંબંધ વસ્તુત: બીજા કોઇએ નહિ પણ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ સાંધી આપેલો સંબંધ છે. જેમણે આપણો સંબંધ સાંધી આપ્યો, તેમને જ આપણે લેગા થઇને બેવફા નીવડી શકીએ ખરા?

આપણે તો એવા વફાદાર રહેવું જોઇએ કે જે કોઇ શ્રી જિનાજ્ઞાનો વિલોપ કરવા ઇચ્છે તે સાધુ હોય કે શ્રાવક હોય, તેની સાથે આપણો સંબંધ રહે નહિ. શ્રી જિનાજ્ઞાનો વિલોપ કરનાર સાધુને તમે ન માનો, એમાં તમારા શ્રાવકપણાનું દૂષણ નથી પણ શ્રાવકપણાનું એ પણ એક મોટું ભૂષણ છે. એ જ રીતે તમે જો શ્રી જિનાજ્ઞાને લોપવાનું કામ શ્રાવકના નામે કરતા હો, તો અમે કહી દઇએ કે આવાઓનું ગમે તેટલું મોટું પણ ટોળું હોય તોય તે માત્ર ટોળું જ છે પણ આ શ્રાવક સંઘ નથી. **આપણો સંબંધ એ તો કલ્યાણ**

સંબંધ છે; અને કલ્યાણ સંબંધ તો ત્યાં સુધી જ ગણાય, કે જ્યાં સુધી આપણે શ્રી જિનાજ્ઞાને આધીન રહીએ. જગતના જીવ માત્રને માટે વાસ્તવિક રીતે કલ્યાણનું કારણ પણ એક માત્ર ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞા જ. આવો વિશ્વાસ શ્રી જિનાજ્ઞાને વિષે દરેકના હૈયામાં હોય અને એને અનુસરતું પોતપોતાની શકિત અને મર્યાદાને અનુસરતું આચરણ પણ હોય. આવો શ્રી સંઘ ચિંતા કોની કરે? શ્રી જિનાજ્ઞાની આરાધનાનાં જેટલાં સાધનો તેની અને શ્રી જિનાજ્ઞાના આરાધક જે કોઇ હોય તેમની પણ! આટલી ચિંતા તો શ્રી સંઘ અવશ્ય કરે ને!

શ્રી જૈન શાસનના સેવક તરીકે, આપણી શ્રી જિનમંદિરાદિ જે શ્રી જૈનશાસનની મિલકત છે, તેની વ્યવસ્થા, રક્ષા, અભિવૃદ્ધિ આદિ કરવાની ફરજ છે. શ્રી જૈનશાસનના સેવક તરીકે જ જો બધો વહીવટ કરવામાં આવે, તો વહીવટમાં શ્રી જિનાજ્ઞાની અવગણના થાય ખરી? વહીવટ કરનારાઓને એ વાતનો ખ્યાલ છે ખરો કે આનો વહીવટ અમારે અમારી રીતે કરવાનો નથી, પણ શ્રી જૈન શાસનની મર્યાદાને અનુસરીને કરવાનો છે? જો આ ખ્યાલ હોય, તો શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોમાં શું શું થઇ શકે અને શું શું થઇ શકે નહિ, તેમજ શ્રી જિનમંદિરાદિનાં દ્રવ્યોનો ઉપયોગ શામાં થઇ શકે, અને શામાં શામાં નહિ એ વગેરે વહીવટને અંગે અતિશય જરૂરી વાતોને જાણવાનો, વહીવટદારો પ્રયત્ન કર્યા વિના રહે ખરા! આજના શ્રી જિનમંદિરાદિના વહીવટદારો જાણકાર છે કે જાણવાની દરકાર રાખીને વર્તનારા છે? એ બેય માં નહિ અને વહીવટદાર ખરા, એ કરે શું!

ઘરબાર વગેરેનો વહીવટ પાપરૂપ અને શ્રી જિનમંદિરાદિનો વહીવટ પુણ્યરૂપ, પણ તે કરતાં આવડે તો ને? શ્રી જિનમંદિરાદિનો વહીવટ કરતાં તો વહીવટ કરનાર જીવ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કોટિના પુણ્યકર્મને યાવત્ શ્રી તીર્થંકર નામકર્મને પણ ઉપાર્જી શકે; પણ વહીવટ હાથમાં લઇને જે સ્વચ્છંદી બને, શ્રી જિન શાસનની મર્યાદાઓને લોપે, આશાતના વગેરે કરે-કરાવે, તે એવું ઘોર પાપકર્મ ઉપાર્જે, કે તેવું પાપકર્મ કદાચ ઘરબારના ગમે તેવા વહીવટથી પણ ઉપાર્જી શકાય નહિ.

શ્રી જિનના નામે, શ્રી જિનની ભક્તિના નામે, શ્રી જિનની આજ્ઞાની આરાધનાના નામે જે કાંઇપણ જે દ્રવ્ય એકત્રિત થાય, તેના ઉપર અધિકાર શ્રી જિનશાસનનો જ ગણાય. અને એથી શ્રી સંઘના નામે પણ શ્રી જૈન શાસનની મર્યાદાને લોપીને એ દ્રવ્યનો ઉપયોગ થઇ શકે નહિ.

શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોનો અને એની મિલકતનો શ્રી સંઘ માલિક પણ ગણાય, પણ તે સ્વતંત્ર વહીવટદાર માલીક નહિ, વ્યવસ્થા, રક્ષા વગેરે શ્રી સંઘ કરે,

પણ તે શ્રી જિનાજ્ઞાને અનુસરીને અને શ્રી જિનાજ્ઞાને બાધ ન પહોંચે એવી રીતે કરે. એટલા માટે જ કહ્યું પણ છે કે, શ્રી તીર્થંકરવત્ નમસ્કરણીય શ્રી સંઘ પણ શ્રી જિનાજ્ઞાને આધીન હોય.

જે સમુદાય શ્રી જિનાજ્ઞાને આધીન નહિ, તે ગમે તેટલો મોટો હોય, એ શ્રી સંઘ પણ નહિ અને એથી એ શ્રી તીર્થંકરવત્ નમસ્કરણીય પણ નહિ.

આવા પ્રકારની ભાવના જેઓમાં નથી અગર તો જેઓમાં આવા પ્રકારનો સેવક ભાવ નથી, તેઓના હાથમાં શ્રી જિનમંદિરાદિનો વહીવટ, એ ભયનું સ્થાન છે.

જૈન એટલે ? શ્રી જિનનો સેવક જ ને ! શ્રી જિનની આજ્ઞાનો ઉપાસક ને ? શ્રી જિનમંદિરાદિ, શ્રી જિનની આજ્ઞાને પામવા અને પાળવા માટે છે ને ? એ બધા સ્થાનો સંસારથી તરવાને માટે છે ને ? ત્યારે સંસારથી તારે કોણ ? શ્રી જિનની આજ્ઞા તારે કે આપણી સ્વેચ્છા તારે ?

આપણે, આપણા મન-વચન-કાયાના યોગો, શ્રી જિનની આજ્ઞાને સમર્પિત થઇ જાય, તો જ આ ભંયકર એવા પણ ભવસાગરથી તરી જવાય. આવાં તારક સ્થાનોને પામવા છતાં પણ શ્રી જિનાજ્ઞા પ્રત્યે સમર્પણ ભાવ આવે નહિ, તો આ સ્થાનો દ્વારા પણ ડૂબી જવાય એમે ય બને.

તમે શ્રી જિનમંદિરમાં જાવ છો, ત્યારે તમારા ભાલ ઉપર તિલક કરો છો ને ? એ તિલક તમારામાં શો ભાવ પેદા કરે છે ? શ્રી જિનની આજ્ઞાને હું માથે ચડાવું છું, એમ થાય છે ? તિલક પણ કહે છે આ શ્રી જિનાજ્ઞાનો સેવક છે. તમને જો એ તિલકની કિંમત ન હોય તો તિલક પણ સંસારનું સાધન બની જાય. **જેને ઓઘાની કિંમત ન હોય તેને માટે જો ઓઘો સંસારનું સાધન બની જાય, તો જેને તિલકની કિંમત ન હોય, તેને માટે તિલક સંસારનું સાધન બની જાય કે નહિ ?**

અમારે અને તમારે મળીને આજના કાળમાં કરવા જેવાં ઘણાં કામો ત્યારે જ થઇ શકે, કે જ્યારે શ્રી જિનાજ્ઞા પ્રત્યેનો સમર્પિત ભાવ આવે. શ્રી જિનાજ્ઞા પ્રત્યેના સમર્પિતભાવના અભાવે આજે ઘણું નુકશાન થઇ રહ્યું છે. શ્રી જિનાજ્ઞા પ્રત્યેના સમર્પિત ભાવમાં ખામી આવી જવાને લીધે, આજે ધર્મસ્થાનો અને ધર્મસ્થાનોનું દ્રવ્ય જોખમમાં મૂકાઇ જવા પામેલ છે. આજે આ સ્થાનોની અવગણના અને આશાતના વધતી જાય છે; એટલું જ નહિ, પણ ધીમે ધીમે આ બધાનો દુરુપયોગ પણ વધી રહ્યો છે આ વેગને અટકાવવાની અને શ્રી જિનશાસનની પ્રભાવના કરવાની જવાબદારી આપણી છે. એટલા માટે જ, આ પ્રસંગેને પામીને આ વાત કરી રહ્યો છું તમારો સાથ આજે ઘણો જરૂરી છે, **પણ સાથ તેનો કર્યો કામનો, કે જેનું હૈયું શ્રી જિન**

શાસનને સમર્પિત હોય, એ વિનાનાઓનો સાથ તો ઊલટો ઘાતક નીવડે. તમારે શ્રી જૈન શાસનની પ્રભાવના તો કરવી છે ને?

સભા :– આપના દ્વારા શ્રી જૈન શાસનની પ્રભાવના થઇ શકે તેમ છે.

ઉ.– અમારે માટે, એના કરતાં કોઇ પરમ સદ્‌ભાગ્ય નથી પણ એમાં તમે સાથે છો કે નહિ અને સાથે રહેવા માંગો છો કે નહિ, એ નક્કી કરવું પડશે ને!

અમારું નામ દઇ દઇને તમારે તમારી જવાબદારીમાંથી છૂટી જવું નથી ને?

તમે એમ કહી દો કે 'અમે શ્રી જિનાજ્ઞાને સમર્પિત છીએ' પછી આપણે વાત કરીએ કે હવે અમારે શું શું કરવા જેવું છે અને તમારે શું શું કરવા જેવું છે? કારણ કે પછી તમારો ને અમારો રાહ એક થઇ જાય છે. આજે રાહ એક નથી, માટે જ મોટો ગૂંચવાડો ઊભો થઇ જવા પામ્યો છે. તમે જો નક્કી કરી લો કે, **'આપણા વહીવટમાં જે જે ધર્મસ્થાનો છે, તે તે ધર્મસ્થાનોનો દ્રવ્યાદિનો ઉપયોગ અમે શ્રી જિનાજ્ઞાને અનુસારે જ કરીશું તથા કરાવીશું** અને **શ્રી જિનાજ્ઞાને બાધા પહોંચે એવું કાંઇ પણ અમે અહીં કરીશું નહિ ને કોઇને કરવા દઇશું નહિ'** તો આપણે બહુ સારી શરૂઆત કરી ગણાય.

આવા કાળમાં પણ ધર્મસ્થાનોને પૈસા મળી રહે છે, એ ભગવાનના શાસનનો જ પ્રતાપ છે પણ પૈસા દેવાવાળા ય એમના પૈસાનો શ્રી જિનાજ્ઞાને સાધક રીતે ઉપયોગ થાય છે કે શ્રી જિનાજ્ઞાને બાધક રીતે એમના પૈસાનો ઉપયોગ થાય છે એ તરફ મોટેભાગે જોતા નથી. કારણ કે ત્યાં પણ શ્રી જિનાજ્ઞા પ્રત્યેના સમર્પિત **ભાવની** ખામી નડે છે. એને લઇને ધર્મસ્થાનોમાં બગાડો પેસતો જાય છે.

આ શાસનનો યોગ મળવો એ જ અતિદુર્લભ છે અને આ શાસનનો યોગ મળ્યા પછીથી આ શાસનને હૈયે સ્થાપિત કરવું, એ વળી એથી પણ વધારે છે. શાસનને હૈયે સ્થાપિત કર્યા પછીથી શાસનને હૈયે ટકાવી રાખવું. એ એના કરતાં ય દુર્લભ છે.

એકવાર શાસન હૈયે વસી જાય પછી શાસનને સેવવા માટે શું કરવું, એનો વિચાર કરવામાં બહુ રસ આવે. તમે પણ ભગવાનના શાસનના અને અમે પણ ભગવાનના શાસનના, એમ નક્કી થઇ ગયું? પચીસમાં તીર્થંકર જેવા કહેવાતા શ્રી સંઘમાં આપણું સ્થાન છે, એવું આપણને આપણું હૈયું કહે છે ને? આપણા હૈયે જો ભગવાનનું શાસન વસ્યું હોય, આપનું હૈયું જો શ્રી જિનાજ્ઞાને સમર્પિત બનેલું હોય, તો આપણે જરૂર શ્રી સંઘમાં છીએ.

ભગવાનની આજ્ઞાને જ એક માત્ર કલ્યાણકારી માનનાર અને એ આજ્ઞાનો પોતાના જીવનમાં શક્તિ અને મર્યાદા મુજબ અમલ કરનાર શ્રી સંઘ, શ્રી તીર્થંકર દેવની ગેરહાજરીમાં શાસનનો આધાર છે અને એથી તે તીર્થંકર દેવની પછી શ્રી તીર્થંકરવત્ નમસ્કરણીય છે.

શ્રી જિનાજ્ઞાને નહિ માનનારનું અને શ્રી જિનાજ્ઞાને માનનારા શ્રી સંઘનું પણ નહિ માનનારનું શ્રી સંઘમાં સ્થાન નહિ. તમારે તો તમારું સ્થાન શ્રી સંઘમાં જ છે, એમ નક્કી કરવું છે ને? શ્રી જિનાજ્ઞાને સમર્પિત બનો, એટલે એ આપોઆપ નક્કી થઇ જાય છે. શ્રી સંઘમાં સ્થાન પામવું, એ તો એવડું મોટું સદ્‌ભાગ્ય છે કે એના આગળ આખા જગતનું સામ્રાજ્ય પણ તુચ્છ છે, કારણ કે સામ્રાજ્ય ડુબાવનાર છે અને શ્રી સંઘમાં સાચી રીતે મળેલું સ્થાન તારનાર છે. સામ્રાજ્ય પાપ કરાવનાર છે અને શ્રી સંઘમાંનું સ્થાન પુણ્ય, સંવર અને નિર્જરા કરાવનાર છે.

શ્રી સંઘમાં મુખ્ય સ્થાન ધર્માચાર્યોનું છે. ધર્માચાર્યોમાં પણ શ્રી જિનાજ્ઞા પ્રત્યેનો સમર્પિત ભાવ તો અવશ્ય જોઇએ અને તે ઉપરાંત શક્તિ અને મર્યાદા મુજબનું શ્રી જિનાજ્ઞાનું જીવનમાં પાલન પણ જોઇએ.

ધર્માચાર્યો શ્રી જિનાગમાદિ શાસ્ત્રોની આજ્ઞાને અનુસરનારા હોવા જોઇએ. દેખીતા આચાર પાલનમાં સારા દેખાતા ધર્માચાર્યો પણ જો શાસ્ત્રની આજ્ઞાથી વિરુદ્ધની આજ્ઞા કરે, તો તેમ કરતાં તેમને અટકાવી શકાય.

તમે કહી શકો કે શ્રી જિનાજ્ઞાથી વિરુદ્ધ સલાહ આપનારાઓને અમે માનવા તૈયાર નથી. તમને કોઇપણ વાતમાં જો એમ લાગે કે આ વાત શ્રી જિનાજ્ઞાથી વિરુદ્ધ તો જતી નથી ને? તો તમે જરૂર પૂછી શકો છો કે આપની આ વાતને શ્રી જિનાગમાદિ શાસ્ત્રોમાંની કઇ આજ્ઞાથી ટેકો મળે છે? આપ અમને સમજાવો કે આપનું કહેવું શાસ્ત્રાધારે છે, નહિ તો આપ આપની આ વાત મૂકી દો. આમ તમે કહી શકો છો, આ ફરજ તમારે બજાવવી પડશે.

ધર્માચાર્યોમાં પણ એવા થઇ જાય કે શાસ્ત્રથી વિરુદ્ધ કહેવા અને કરાવવા માંડે. એવા ધર્માચાર્યને માનવાને તમે બંધાયેલા નથી જ, તમારે તો કહેવું જોઇએ કે– આપણો સંબંધ શ્રી જિનાજ્ઞાને આધારે છે. અમે ઢીલા પડીને આપને ઢીલા પાડવાનો મથીએ, તો અનંતજ્ઞાનીઓની આજ્ઞાના ભંગનું પાપ અમને લાગે અને આપ ઢીલા પડીને અમને ઢીલા પાડવાને મથો, તો અનંતજ્ઞાનીઓની આજ્ઞાના ભંગનું પાપ આપને લાગે' પણ તમે આવું કયારે કહી શકો? તમે પોતે શ્રી જિનાજ્ઞાને તમારું હૈયું સમર્પી દીધું હોય તો ને? તમને જ જો શ્રી જિનાજ્ઞા પ્રત્યે એવો ઊંડો આદરભાવ

ન હોય, તો તમને ઉન્માર્ગે દોરી જનારાઓ ફાવી જાય, એમાં નવાઇ પામવા જેવું શું છે ?

તમને ઉન્માર્ગે જતા અટકાવવાની અમારી ફરજ છે, માર્ગ બતાવીને માર્ગે દોરવાની ફરજ અમારી છે. એ માટે અમે અવસર મળ્યે લાયકાત જોઇને કહેવા જેવું કહીએ. તમારા દિલમાં અમારું સ્થાન હોય તો તમને આ વાત ગમે, અમારું સ્થાન તમારા દિલમાં શા કારણે હોય ! અમે શ્રી જિનાજ્ઞાના પાલક અને શ્રી જિનાજ્ઞાના જ પ્રચારક હોઇએ એ માટે ને ? તમને ખપ શ્રી જિનાજ્ઞાનો છે અને શ્રી જિનાજ્ઞાનું પાન તમે ધર્માચાર્યો પાસેથી મેળવી શકો છો, માટે તમે શ્રી સંઘમાં ધર્માચાર્યોને નાયક માનો છો ને ? તમને અમારા ઉપર ભક્તિભાવ જાગે છે, તે ય એ જ કારણે ને ? એટલે તમારે સાધુઓની પાસેથી સમજ મેળવવાને માટે પ્રયત્ન કરવો રહ્યો ને ? હવે તમે પ્રયત્ન કરવાના ?

તમે જ્યારે સાધુઓને પૂછો ત્યારે સાધુઓને શામાં જોવું પડે ? શાસ્ત્રમાં. શાસ્ત્રે કહ્યા અનુસારે જ સાધુઓથી તમને કહેવાય તમે શ્રી જિનાજ્ઞા મુજબ કરવાનો અને એ માટે શ્રી જિનાજ્ઞાને સમજવાનો નિર્ણય કરી લેશો તો શ્રી જિનાજ્ઞાનું સ્વરૂપ તમારાથી અજાણ્યું રહેવા પામશે નહિ,

કોઇપણ ધર્મસ્થાનમાં શ્રી જિનાજ્ઞાથી વિરુદ્ધ એવો કોઇપણ પ્રકારનો વર્તાવ થઇ શકે નહિ, એવી તમારી તકેદારી હોવી જોઇએ. ધર્મના કાર્ય સિવાય અને તેય મર્યાદા મુજબ જ, ધર્મસ્થાનનો ઉપયોગ થઇ શકે, પણ એથી ઉલટો ઉપયોગ થઇ શકે નહિ, હવે તમે આ વાતને લક્ષ્યમાં લેવાના ને !

શ્રી જિનમંદિરાદિ ધર્મસ્થાનોનો તમને જે યોગ મળ્યો છે, એ યોગ તમને તારનારો બને અને ડુબાડનારો નહિ. એ ભાવનાએ તમને જે ચેતવણી આપવા જેવી હતી તે આપી દીધી છે. આ મનુષ્યભવાદિ સામગ્રી પામીને તમે બધા ભગવાને કહેલા મુક્તિમાર્ગને આરાધનારા બનો અને વહેલામાં વહેલા મુક્તિને પામો એ જ એકની એક સદા માટેની શુભાભિલાષા.

(સં. ૨૦૦૮ માં કલકત્તામાં આપે પ્રવચનમાંથી. આ પ્રવચન જૈન પ્રવચનમાંથી સંકલિત કરેલ છે.)

છઠ્ઠા વર્ષના પ્રારંભે

શ્રી અરિહંત પરમાત્માનો ધર્મ જગતમાં જયવંત વર્તે છે અને તે ભવ્ય જીવોના હિતને કરતું ચિરંજીવ છે.

આ ધર્મ દ્વારા જ જીવ કષાય અને વિષય રહિત બની આત્મ કલ્યાણ સાધશે અને તે નિર્વિવાદ વાત છે, એ ધર્મ શાસન સામે ગમે તેવા પરિબળો આવે તો પણ અસ્ખાલિત ગતિ તે આગળ વધે છે. તેનું કારણ તેમાં રહેલી સર્વ જીવોના કલ્યાણની ક્ષમતા છે.

આવું અનુપમ શાસન મલ્યાનો આનંદ પણ તેને જ આવે જેને કલ્યાણ સાધવું હોય. તે સિવાયના જીવો તો આ શાસનમાં પણ વિષય કષાયને જીતવાને બદલે પોષવાનું કામ કરે તો નવાઇ નહિ.

આવા અનુપમ શાસનની સેવા અને તેના સિદ્ધાંતોની રક્ષા કરવાના હેતુથી આજથી પાંચ વર્ષ પૂર્વે 'જૈન શાસન' અઠવાડિક શરૂ થયું.

પરમ ગુરુદેવ હાલાર દેશોદ્ધારક પૂજ્ય આચાર્ય દેવશ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની ભાવના હતી કે શાસન અને સિદ્ધાંતો સામે આક્રમણ આવે તો તેનો પ્રતિકાર થવો જોઇએ. 'શ્રી વીર શાસન' બંધ થયા પછી તે ખટકતી વાત ને દૂર કરવા 'શ્રી મહાવીર શાસન' પખવાડિક શરૂ કરવા પ્રેરણા કરી. કરવું હતું તો અઠવાડિક પણ 'મીયાંભાઇ મશાલા વિના શું કરે?' તેમ તેવી ખર્ચાળ અને વિશાળ કાર્યવાહી સફળ કેવી રીતે બને? સહાયક વિના અને સદ્ધર શાસન રાગીઓના ઉત્થાન વિના તે શકય ન બને. અને તેમજ થયું તે છૂટા પાનાનું પખવાડિક બુક રૂપે ફેરવ્યું અને થોડા વખત પછી માસિક રૂપે ચાલુ થઇ ગયું.

માસિકમાં સમાચારો મોડા આવે તે વાત તો સમાચાર છપાવનાર મોકલનાર માટે હોય પરંતુ શાસન ઉપર આવેલા આક્રમણોનો પ્રતિકાર કરવામાં મોડું થાય તે પૂજ્યપાદ ગુરુદેવને ખટકતું અને તેથી અઠવાડિક માટેની વાત તેઓશ્રીજીની અંત સમય સુધી ઉભી રહી.

તે વાત પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. તથા પૂ મુનિરાજશ્રી યોગીન્દ્રવિજયજી મ. ને પણ મનમાં રહી અને પરમ ગુરુદેવની ભાવના સાકાર બની અને તે 'જૈન શાસન' અઠવાડિક રૂપે આજે શાસન સિદ્ધાંત રક્ષા અને પ્રચારનું કાર્ય પ્રવૃત્તમાન છે.

પરમ શાસન શિરોમણિ પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ એટલે શાસનના પ્રાણ, શાસન રક્ષા તેમનો જીવન મંત્ર, તેઓ પૂજ્યશ્રીજીના અનુપમ આશીર્વાદ મેળવ્યા અને શાસન રક્ષાની દિવ્ય જ્યોતિ જૈન શાસન અઠવાડિકે પ્રગટાવી પરમ શાસન પ્રાણ અને ત્રાણ પૂજ્ય આચાર્યદેવ શ્રીજી દિવંગત બન્યા પરંતુ તેમનું કાર્યતો જવલંત જીવંત છે અને તેથી આજે પણ જૈન શાસનને તેઓશ્રીની દિવ્ય કૃપા સહાય કરી રહી છે

તેઓશ્રીજીની પ્રથમ પુણ્યતિથિએ તેઓશ્રીને શ્રદ્ધાંજલિ આપતો વિશેષાંક પ્રગટ થયો પરંતુ તે અપૂર્ણ હોય તેમ એવી પ્રેરણા મળી છે ત્રણ ત્રણ વિશેષાંક પ્રગટ થયા તથા દ્વિતીય પુણ્ય તિથિએ આખો અંક પ્રગટ થયો. આ ચારે અંકો તે એક મહામૂલી મૂડી ભાવિકો માટે બની છે આખા વર્ષની ફાઇલ કરી લે તો સુંદર છેવટે આ ચાર ખાસ અંકોને મજબૂત બાઇન્ડીંગ કરાવી લે તો તે એક દિવ્ય પ્રસાદી બની રહેશે.

ગત વર્ષમાં જૈન શાસન દ્વારા પૂજ્યપાદશ્રીજી ના ત્રણ ત્રણ વિશેષાંક તથા પૂ. શ્રીની બીજી પૂર્ણ તિથિએ ૪૬મો ખાસ અંક તથા છેવટે ૪૭-૪૮ શ્રી રાણકપુર પંચતીર્થ પદ યાત્રાનો અંક એક સાલમાં આવા વિશિષ્ટ અંકો એક અઠવાડિક દ્વારા પ્રગટ થયા છે તે એક સુવર્ણની ઘડી ગણાય.

તેમાં પૂજ્યો તથા શાસન પ્રેમીઓ આદિનો અનુપમ સાથ સહકાર પ્રેરણા પૂરક છે તે માટે તે સૌનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ.

તે વિશેષાંકને સ્પર્શીને જ નવું વર્ષ શરૂ થતું હોવાથી દર વર્ષની જેમ નવા વર્ષના પ્રારંભે 'આણા-એ-ધર્મો' વિશેષાંક પ્રગટ કરવાનું રાખ્યું છે. તેમાં ટુંકા ગાળામાં ઘણું કાર્ય કરવાનું હોવાથી ઘણો પ્રયત્ન કરવાનો રહે છે છતાં પૂજ્ય ગુરુદેવની કૃપા તથા લેખકો તથા માનદ પ્રચારકોના શુભ સહકારથી તે કાર્ય પાર પડે છે છતાં તેમાં ક્ષતિ રહે તે માટે ક્ષમા માગીએ છીએ.

શાસનના રક્ષા અને પ્રચારના કાર્ય માટે અઠવાડિકની અનિવાર્યતા સ્પષ્ટ થઇ ગઇ છે અને જ્યારે જ્યારે તેવો પ્રસંગ આવે ત્યારે એ જરૂરી કાર્ય માટેના સાધનની જરૂરીઆત રહે છે. તેથી આ જૈન શાસન અઠવાડિક એ કાર્ય માટે શાસનનું અંગ બની રહ્યું છે અને તેની સિદ્ધાંત રક્ષાની રીત સ્પષ્ટ પૂર્વ ગૃહ કે કદાગ્રહ રહિત રહી છે તથા કોઇ પણ આત્માર્થી આ અઠવાડિક ને પૂર્વ ગ્રહ વિના જોશે તો તેને સ્પષ્ટ શાસન પ્રજ્ઞાનો અનુભવ થશે વ્યકિત કે પ્રસંગના પૂર્વ ગ્રહ વિના શાસનના સત્ય અને સિદ્ધાંતોની અપેક્ષાથી જ આ પ્રવૃત્તિ થાય છે શાસન કોઇ વ્યકિત દ્વારા જવલંત

બનતું હોય તો તે વ્યક્તિ દ્વારા પણ શાસન છે અને તે રીતે જૈન ધર્મના પ્રાણભૂત તત્ત્વો અને સત્ત્વોને સ્થિર સુદૃઢ બનાવવાનો અમારો પ્રયત્ન છે અને રહેશે.

ચોથા વર્ષમાં ૧૧૦૪ પેજનું અને પાંચમાં વર્ષમાં ૧૪૮૪ પેજનું વાંચન જૈન શાસને એક વર્ષમાં રૂા. ૪૧, માં આપ્યું છે અને તેમાં પણ ખાસ વિશેષાંકના શુભેચ્છકો આદિનો અદ્‌ભુત સહકાર છે જેથી અમારે મન શાસનના કાર્યમાં સહકાર આપનારા બધા શુભેચ્છકો આદિ પણ આ અદ્‌ભુત સિદ્ધિના તેટલા જ ભાગીદાર છે અને તેમને અમે અમારા આત્મીય જૈન શાસન અઠવાડિકના પરિવાર રૂપ જ માનીએ છીએ તે રીતે સૌ દરેક પ્રસંગે સહકાર આપતા રહેશે એજ અભિલાષા સાથ નવા વર્ષની ઉષાને વધુ પ્રકાશિત અને જવલંત જયવંતી બનાવવાની ભાવના સાથે નવા વર્ષમાં જૈન શાસન પ્રવેશ કરે છે. સૌના શુભાશિષ તે માટે વરસતા રહો એજ અભિલાષા.

તા. ૨૦-૮-૬૩

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ તથા શ્રી મહાવીર શાસન તથા જૈન શાસનના સંચાલકો તથા તંત્રી મંડળ

લંડનના ઓવારેથી 'જૈન શાસન 'ને સહકાર

'જૈન શાસન' અઠવાડિક દર વર્ષે નવા વર્ષે વિશેષાંક પ્રગટ કરે છે. જૈન શાસનની કાર્યવાહીથી જે પરિચિત છે અને જેઓ શાસન પ્રેમી છે તેઓ તે કાર્યને વધાવી લે છે.

તે અંગે લંડનનો દાખલો છે લંડનમાં પૂ. પરમ ગુરુદેવશ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. થી ધર્મ પામેલા સુશ્રાવક રતિલાલ દેવચંદ ગુઢકા (દેશમાં રાસંગપર હાલાર) છે તેઓ ત્યાં નિયમિત અઠવાડિક સત્સંગ પૂજા ભક્તિ વિ. ચાલે છે તેમાં મુખ્ય લાભ લે છે. બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળમાં ખાસ પ્રવૃત્તિ કરે છે. તેમણે 'જૈન શાસન' વિશેષાંક માટે ખૂબ ધગશ કેળવી ભાવિકોનો ઉત્તમ સહકાર મેળવ્યો છે તેમજ તેમના ધર્મપત્ની શાંતાબેન તથા તેમના પુત્રોનો પણ મહત્ત્વનો સહકાર આ બધા કાર્યમાં છે તેમણે ૩૧ શુભેચ્છક સહાયકો તથા ટાઇટલ ૪ ની શુભેચ્છા મોકલીને આ કાર્યમાં સોનાનો કળશ ચળાવ્યો છે તે માટે તેઓનો તથા સહાયક સૌ શુભેચ્છકોનો આભાર માનીએ છીએ અને ધન્યવાદ પાઠવીએ છીએ.

સંચાલક તથા તંત્રી મંડળ,
'જૈન શાસન'

શ્રી જૈન શાસન અઠવાડિક છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે છે. તે માટે પૂજ્ય ગુરૂદેવો તથા માનદ પ્રચારકો તથા શુભેચ્છકો ગ્રાહકો વાંચકો વિગેરે કારણ છે. આ બધાનો શુભ સહકાર મળે તો જ આ કાર્ય થઇ શકે.

જૈન સંઘમાં એકધારા સ્થિર અને ચઢતે પગથીયે અઠવાડીક પ્રગટ થતું હોય તો પ્રત્યક્ષ કે પરોક્ષ એમનો ઉપકાર સહકાર છે.

આ વિશેષાંકમાં પૂજ્ય આચાર્યદેવો આદિએ લેખો મોકલવાની કૃપા કરી છે તેમને નત મસ્તકે વંદન કરી કૃતજ્ઞતા ભાવીએ છીએ વિશેષાંકમાં શુભેચ્છક સહાયકો, શુભેચ્છકો તથા શુભેચ્છાઓ મોકલવા માટે માનદ પ્રચારકો આદિનો પણ આ તકે આભાર માનીએ છીએ.

આ વિશેષાંકમાં પૂ. આ. શ્રી વિ. મિત્રાનંદ સૂ. મ. (ભાયખલા) પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. (રતલામ) પૂ. આ. શ્રી વિજય લલિતશેખરસૂરીશ્વરજી મ. પૂ. આ શ્રી વિજય રાજશેખર સૂરીશ્વરજી મ. (પુના) પૂ. આ. શ્રી વિજય પ્રભા-

આભાર અને અનુમોદના

કર સૂરીશ્વરજી મ. (બોરીવલી) પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ. (સિનોર) પૂ. મુનિરાજ શ્રી જિનયશ વિજયજી મ. (અમદાવાદ મણિનગર), પૂ. મુનિરાજ શ્રી પુન્યધન વિજયજી મ. (વીશનગર), પૂ. મુનિરાજ શ્રી મોક્ષરતિ વિજયજી મ. (સાબરમતી). પૂ. મુ. શ્રી જિનરક્ષિત વિજયજી મ. (મલાડ) તેમજ પૂ. સા. શ્રી ચંદ્રાનનાશ્રીજી મ. (અમદાવાદ), પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. (વાલકેશ્વર), પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ. (તારદેવ), પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. (જામનગર) પૂ. સા. ઇન્દ્રપ્રભાશ્રીજી મ. (થાનગઢ) આદિએ આ વિશેષાંક માટે ભલી લાગણી બતાવી ઉપદેશ આપ્યો છે. તે માટે તેમને આભાર સાથે વંદન કરીએ છીએ.

આ વિશેષાંક કાર્ય ઉપાડી લેનાર ભાઇ શ્રી રતિલાલ દેવચંદ ગુઢકા રાસંગપરવાળા (લંડન) એ ખૂબ પ્રયત્ન કર્યો છે તેમજ ભાઇશ્રી ભરતકુમાર હંશરાજ ઢોઢિયા (જામનગર), ભાઇશ્રી પ્રેમચંદ મેઘજી ગુઢકા (પરેલ), ભાઇશ્રી વેલજી પાનાચંદ ગલૈયા (ઘાટકોપર), ભાઇશ્રી રવજીભાઇ કલ્યાણજી (વાલકેશ્વર) ભાઇશ્રી બટુકભાઇ (માટુંગા), ભાઇશ્રી અશોકભાઇ પટવા (મલાડ), ભાઇશ્રી મગનલાલ લક્ષ્મણ માર (થાણા), ભાઇશ્રી હરખચંદ ગોવીંદજી (ઘાટકોપર), ભાઇશ્રી નવીનચંદ્ર ગોવીંદજી (થાણા), તથા ભાઇશ્રી

ભોગીલાલભાઇ (પુના), ભાઇશ્રી જે. વી. શાહ (પાલડી), ભાઇશ્રી જયંતિલાલ ત્રિભોવનદાસ સંઘવી (સાબરમતી), ભાઇશ્રી રતિલાલ પદમશી ગુઢકા (થાનગઢ), ભાઇશ્રી હેમેન્દ્રભાઇ મનસુખલાલ શાહ તથા ભાઇશ્રી પ્રકાશકુમાર અમૃતલાલ દોશી (રાજકોટ) ભાઇશ્રી શરદકુમાર મનસુખલાલ શાહ તથા ભાઇશ્રી કુમારપાલ ધનપાલ શાહ વડોદરા, શાહ મનસુખલાલ વીઠલજીભાઇ (મુંબઇ), શા છનાલાલ બી. શાહ (મુંબઇ) શાહ કાંતિલાલ ડાયાલાલ (સુરેન્દ્રનગર) ભરતભાઇ શાહ ગેલેક્સી પ્રિન્ટર્સ (રાજકોટ) પં. સુરેન્દ્રલાલ ચુનીલાલ તથા શાહ ટેકચંદભાઇ ગુલાબચંદ (કોલ્હાપુર) તેમજ બીજા નામી અનામી ભાવિકોએ પ્રત્યક્ષ તથા પરોક્ષ સહકાર આપ્યો છે તેમનો આભાર માની તેમની 'જૈન શાસન' પ્રત્યેની લાગણીની અનુમોદના કરીએ છીએ.

આ વિશેષાંક માટે પહેલેથી પર્યંત સુધી સતત પરિશ્રમ ઉઠાવતા શ્રી મહાવીર શાસનના તંત્રી ભાઇશ્રી મગનલાલ ચત્રભુજ મહેતાની મહેનત સતત અને ઘણી છે. આ વિશેષાંકની વ્યવસ્થા માટેનો યશ તેમને છે. આ વિશેષાંક માટે કાળજી રાખી સ્વચ્છ અને સમયસર મુદ્રણ માટે સુરેશ પ્રિન્ટર્સના માલિક ભાઇશ્રી સુરેશચંદ્ર કીરચંદભાઇ શેઠ પણ આ આભારને પાત્ર છે.

જૈન શાસનને શુભેચ્છકો આદિ માટે દર વખતે પ્રયત્ન ન કરવો પડે તે માટે પણ વિચારણા છે. લવાજમ ૪૫) રૂા. છે ખર્ચ ૭૫ થી ૮૦ રૂા. આવે છે બધો ખર્ચ વિશેષાંક દ્વારા જે શુભેચ્છકો આદિ થાય છે તેનાથી પૂર્ણ થાય છે.

વિશેષાંક માટે લેખો તથા શુભેચ્છકો માટે સમય ઘણો થોડો રહે છે. તેથી કાં તો શુભેચ્છક યોજનાને બદલે બીજી કોઇ વિચારણા કરવી અગર લેખ તથા શુભેચ્છકો માટે સમય પુરો રહે તે માટે દીવાળી ઉપર વિશેષાંક પ્રગટ કરવો. આ અંગે આ સાલ તો ૬ઠ્ઠા વર્ષના પ્રારંભે વિશેષાંક પ્રગટ થયો છે. ૭–મા વર્ષના પ્રારંભ પહેલા તે અંગે સમયોચિત વિચારણા થશે.

ફરી સૌને વંદન સાથે નમ્ર વિનંતિ છે. કે આપ 'શ્રી જૈન શાસન'ના ધર્મરક્ષા અને જૈન શાસન સિધ્ધાંતની સામેના આક્રમણ સામેના પ્રયત્નમાં સહભાગી બની સહકાર આપતા રહેશો.

૮–૮–૬૩

શ્રુત જ્ઞાનભવન
૪૫ દિગ્વિજય પ્લોટ,
જામનગર

શ્રી મહાવીર શાસન પ્રકાશન
મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ
તથા જૈન શાસનના તંત્રીઓ

શ્રી અરિહંત પરમાત્માએ સર્વ જીવોના હિતને માટે જે ઉપદેશ આપ્યો છે તે જિનાજ્ઞા છે અને તે આજ્ઞા એ અત્યંત કિંમતી છે અણમોલ છે તેનું પાલન અને આરાધના છે અને રક્ષણ તે માર્ગનું અપ્રતિબદ્ધપણું છે અપ્રતિહતપણું છે.

વૈદ્ય કે ડોકટર જે દવા આપે છે. તે આરોગ્યનું કારણ છે અને તે દવાનું રક્ષણ કરે છે તો જ દવા આરોગ્યદાતા બને છે જો તે દવા વાપરે નહિ અને સાંચવે નહિ તો રોગનું નિવારણ થાય નહિ.

આમ જીવો માટે રોગ છે કર્મનો ભવનો તેનું નિવારણ જિનાજ્ઞા છે કેમકે તેમનો ઉપદેશ એકાંત આત્મહિત માટે છે તે ઉપદેશ સ્વાર્થ માટે પરિણમી જાય તો તે ઉપદેશ રહી શકતો નથી. પ્રિય અને અપથ્ય બની જાય તો તે ભવનું ભ્રમણ કરનારૂં

અણમોલ જિનાજ્ઞાનું પાલન અને રક્ષણ

—પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.

બને છે અને તેવા પ્રિય અપથ્ય ઉપદેશનું પાલન અને રક્ષણ બંને મારનારા બને છે કહ્યું છે કે—

सत्कार यशोलाभार्थिभिश्च
मूढैरिहान्यतीर्थकरैः ।
अवसादितं जगदिदं
प्रियाण्य पथ्यन्यूपदेशिभिः ।। उ० भा० टीका

ઉપદેશકો સત્કાર, યશ અને લાભના પ્રેમી બની જાય છે તેઓ જગતને પ્રિય અને અહિતકારી ઉપદેશ આપીને આવરી લે છે અને ઉપદેશકો મૂઢ છે. અન્ય તીર્થંકરો આવા ઉપદેશને આપે છે.

વિવેકી જીવને આ વાત સમજાય છે કે જીવને હિતકારી અને પથ્ય ઉપદેશ દેવાય પરંતુ પ્રિય અને અપથ્ય અર્થાત્ અહિતકારી ઉપદેશ અપાય નહિ.

આ ઉપદેશ એજ આજ્ઞા છે. એ આજ્ઞાના પાલન માટે કેવી તૈયારી સમર્પણ જોઇએ ? એ વિચારો. ઉલ્ટું ઉપદેશને પલટાવવાની વાત કરે અને રાજી રાખવાની વાત ઉપદેશમાં આવે તો તે ઉપદેશ ઉપદેશ રહેતો નથી તેવા ઉપદેશના દેનારાને પણ ઉપર મૂઢ કહ્યા છે.

આરોગ્ય માટે ઉપચારની આવશ્યકતા દરદીને લાગે છે અને તેથી ઉપચારનું તે પાલન

કરે છે. તેમ હિત માટે હિતકાંક્ષીજ જિનાજ્ઞા આવશ્યક લાગે છે અને તેનું પાલન કરવા તત્પર રહે છે.

તાર્કિક શિરોમણિ શ્રી સિદ્ધસેન દિવાકર સૂરીશ્વરજી મહારાજ પૂર્વાવસ્થામાં બ્રાહ્મણ હતા અને મહાવિદ્વાન હતા. તેમની પાસે આવતા પંડિતોને પ્રાકૃત ભાષાના સૂત્રોથી પ્રાકૃત જેવા પોતાની જાતને લાગે છે તેથી સૂત્રો સંસ્કૃતમાં કરવા પ્રેરાય છે અને શ્રી નમસ્કાર મહામંત્રનુ પરિવર્તન સંસ્કૃતમાં નમોઽર્હત્૦ રૂપે કર્યું અને ગુરૂને બતાવ્યું.

ગુરુએ કહ્યું કે સ્ત્રી બાલાદિ માટે સૂત્ર પ્રાકૃતમાં કરવામાં આવ્યું છે તેને ફેરવવાથી પ્રરૂપક શ્રી જિનેશ્વર દેવો પ્રત્યે અશ્રદ્ધા થઇ ગણધર દેવો પ્રત્યે અશ્રદ્ધા થઇ તેનું મહાન પ્રાયશ્ચિત આવે.

આજ્ઞા પ્રેમી સૂરીશ્વરજીએ પોતાના જ્ઞાની વૃદ્ધવાદીસૂરીશ્વરજી મહારાજની વાત સ્વીકારી પ્રાયશ્ચિત માગ્યું.

સૂરિજીએ બાર વર્ષ ગુપ્ત રહેવાનું અને એક રાજાને પ્રતિબોધ કરવાનું પ્રાયશ્ચિત આપ્યું. તહત્તિ કહી સ્વીકાર્યું. ગુપ્ત થઇ ગયા સાત વર્ષ ઉજ્જૈન. આવ્યા ત્યાં શિવલિંગના સ્ફોટથી અવંતી પાર્શ્વનાથ પ્રગટ કર્યા. રાજા પ્રતિબોધ પામ્યા બાકી પાંચ વર્ષ માફ કરીને સંઘમાં પુનઃ પ્રસ્થાપિત કર્યા.

આજ્ઞા દાતાને આજ્ઞાના રક્ષણની કાળજી કેટલી છે કે મહાન પટ્ટશિષ્ય આચાર્યની શેહ શરમ ન આવી અને આજ્ઞા પાલક આચાર્યશ્રીની કેટલી બધી આજ્ઞા ભિયતા છે કે આવી નાની લાગતી વાત માટે આવું ભયંકર લાગતું પ્રાયશ્ચિત સ્વીકારવામાં જરા પણ મન ન દુભાયું એ.

આજ્ઞાની વાત કરવી સહેલી છે પરંતુ માન મોટાઇ, ઈર્ષા, આદિમાં પડેલા તે આજ્ઞાની શી કદર કરે? આગળ કહ્યું તેમ સત્કાર યશ અને લાભના અર્થી તેને પહોંચી પણ નાખે.

એક પંડિતે ઉપદેશમાં રીંગણા ન ખવાય તેમ કહ્યું અને રીંગણા લઇને ઘેર ગયા. તે દિવસે પંડિતાણી ઉપદેશ સાંભળવા આવી હતી, તેણે કહ્યું કે આજે તમે સભામાં રીંગણાં ખાવાની ના પાડી અને આ રીંગણા કેમ લાવ્યા? પંડિત કહે છે. રીંગણા ન ખવાય તે પોથીના રીંગણા ન ખવાય; આ ઘરે લાવ્યા તે રીંગણા ખવાય.

આમ પંડિતે લાલસામાં પડીને ઉપદેશ પલ્ટયો તેમ મહત્તા, સત્કાર અને લાભ

મલતો હોય તો આજ્ઞાને આઘી મુકી દે તેવા આત્માઓ આજ્ઞાનું પાલન કરી શકતા નથી.

શ્રીમાનૂ આનંદઘનજીજી મહારાજએ ગાયું છે કે **ધાર તલવારની સોહિલી, દોહિલી ચૌદમા જિન તણી ચરણ સેવા,** એ ખરેખર સત્ય છે.

શ્રી અરિહંતના નામે જીવનાર સાધુ સાધ્વી જો પોથીના રીંગણા જેવી આજ્ઞા માને અને સત્કાર માન અને લાભના અર્થી બનીને જૂથ, ગૃપ, પક્ષ, સમુદાય બનાવીને જિન આજ્ઞાને પલટે તો તેઓ માટે તો આજ્ઞાનાશનો દોષ લાગે પણ તેમને અનુસરનારા માટે પણ એ જ બૂરી દશા થાય.

જમાલીના કંઇ તિ કઇં ઉપદેશ તેમના વિશ્વાસે રહેનારા શિષ્યોએ માની લીધું અને સમજદારે સામે સમજાવ્યા, ન માન્યા તો છોડીને વીર પરમાત્મા પાસે ચાલ્યા ગયા, જમાલિ પત્નીને ઢંક શ્રાવકે અગ્નિનો કણીયો ફેંકવા દ્વારા સત્ય સમજાવ્યું તો તે સત્ય સમજીને જમાલીને સમજાવે છે જમાલી ન માન્યા તો તેમને છોડીને પોતાની એક હજાર સાધ્વી સાથે શ્રી મહાવીર પરમાત્માની નિશ્રામાં પહોંચી ગયા.

જિન આજ્ઞાની અપ્રતિબદ્ધતા માટે પોતાના શિષ્ય રોહિગુપ્તને જીવ અજીવ અને નોજીવની પ્રરુપણાથી પાછા વાળવા પ્રેરણા કરી. અભિમાન અને યશ પામેલો તે ન માનતાં તેની સામે જિનવચનની અકાટ્યતા માટે રાજસભામાં છ માસ વાદ કર્યો અને ૧૪૪ પ્રશ્નોત્તરથી પરાસ્ત કરી જિન વચનને જગતમાં જય જયવંતુ બનાવ્યું. જિનવચનને જયવંતુ બનાવનારા જયવંત વર્યે છે અને જાતને જયવંત બનાવવાના પ્રયત્નમાં પડેલા પોતે જ પરાસ્ત બને છે.

આજે શ્રમણ સંઘમાં પણ 'મે કર્યું 'મે' કરાવ્યુ' તેવી વાત તે જાતની જયની જડતા છે અને એ જડતાને શિખર ચડાવવા માટે ચારે બાજુ તે વાતને પ્રચારવી તે રીતે છે આવી જડતામાં અંજાઇ જનારા બિચારા જડતાંધ બની જતાં જૈન શાસનને પણ નિસ્તેજ બનાવે છે.

'જિનાજ્ઞા જસ મન વસી તસ લાગું પાય' એવી મહાપુરુષોની વાણીને સફળ બનાવવા સૌ સાચી જિન આજ્ઞા જાણે પાલે અને સાચવે તે સ્વપરના શ્રેયનું સાધન છે જગમાં જેમ ધર્મ એ સર્વના શ્રેયનું સાધન છે તે પોતાની જડતાને કારણે અધઃપતનનું સાધન ન બની જાય તે માટે જિનવચન પ્રતિબદ્ધતા કેળવીને તે આજ્ઞાના આરાધના રૂપ ધર્મમાં સૌ સદા ઉજમાળ રહો એજ એક શુભ અભિલાષા.

o—o

દુનિયાની કોઇ પણ પૌદ્ગલિક વસ્તુ આપણે ઇચ્છીએ તેવું સંપૂર્ણ સંતોષવાળું સુખ આપવાને સમર્થ નથી, દુઃખથી છૂટવાનો અને સુખ પામવાનો એક માત્ર ઉપાય ધર્મ છે. ધર્મ અનેક પ્રકારે વર્ણવ્યો છે પણ મૂળ ધર્મ કરણી.

દુઃખ કોઇને ગમતું નથી, અને સુખ સૌને ગમે છે, અને એ હેતુ ભાવનાએ કોઈને કોઇ પ્રવૃતિ માનવ કરે જ જાય છે, પરંતુ જો તે પ્રવૃતિ ધર્માત્મક નહિ હોય. શાસ્ત્રાધિન નહિ હોય તો લાભને સ્થાને નુકશાન ચોકસ છે. મહેનત–મજુરી કરવા માત્રથી કાર્યસિદ્ધિ ન થાય. પરંતુ વિવેકપૂર્વકની મહેનત, વિવેકપૂર્વક ઉદ્યમ જરૂર સફળતા મેળવી આપે.

સુખ–દુઃખના પ્રતિક–સુખ–દુઃખનો દીદાર

—શ્રી રતિલાલ દેવચંદ ગુદકા. વેમ્બલી લંડન

ફકત એક વિવેકની ખામીથી જગતના જીવો આવી કારમી દયાપાત્ર હાલતમાં પીડાય છે. વિવેક વિના જેટલી મહેનત કરે છે, એમાની થોડી પણ જો (વિવેકપૂર્વક) વિવેક પૂર્ણ મહેનત હોય તો ચોકકસ તેમાં તેની જીત છે.

પરંતુ દુઃખ કયાં ઓછું છે, વિવેક શૂન્યતાને લઇને સુખ માટે દિન–રાત તલસતા તેની પાછળ અંધ બનીને તે મેળવવા ભગીરથ પ્રયત્નો કરવા છતાં દુઃખોના ભારથી લદાતા જીવોની કરૂણદશા થી જ્ઞાનીઓના અંતઃકરણમાં કરૂણાના દયાના ઝરણાંઓ અવિરત રીતે વહી રહ્યાં છે.

પાપ કરવાથી–કેતાં કોઇનું ખરાબ કરવાથી–બારકાનું અહિત કરવાથી–તેના યોગે દુઃખ જન્મે છે" એમ કોણ નથી જાણતું ને બોલતું કે; જેનામાં આર્યત્વના સંસ્કારો કિંચિત્ માત્ર પણ છે! આટલું જાણવા છતાં સુખની લાલચે, પાપમાં મગ્ન–રહેવું એ શું વિવેકશૂન્યતા નથી ?. અધઃપતનના પગરણ નથી ? પણ તે તો વિરલાજ વિચારે છે. ને જો તે વિચારાય તો માનવતાનાં અજવાળાં પથરાય આ અવની પર! વિવેકી તો તે કહેવાય–સુખની. લગની, વાળો તો તેને કહી શકાય, કે જે અવિવેકને ખંખેરી નાખી વિવેકી દશા બનાવે.

ધારો કે આપણે જાણીએ છીએ કે દુઃખ પાપથી મળે" તો એ જાણવા છતાં પાપનો આટલો આદર કેમ ? વળી હા બધા જ પાપ જ કરે છે, એ કેવાનો ઉદ્દેશ મારો નથી, ચાતો આમજ કરે છે સૌએ પોતાના આત્માનું લક્ષ્ય શું છે એ જોવાનું છે, તેનાં સન્માન કેમ ? કહો કે દુનિયાના નાશવંત પદાર્થોમાં સુખ માન્યું છે, પરંતુ જે

સુખ માન્યું છે તે સુખ, ન બનતાં દુઃખના દાવાનળ સળગાવે છે, કલ્પનામય તે સુખો, જેમાં રાચતાં માનવો તે સ્વપ્ન ઉઠતાં જ દુઃખના રોદણાં રોશ–આત્માનું સુખ તો ધર્મથી મળે ? અંતરમાં પાપને હઠાવી ધર્મને સ્થાન અપાય તો જરૂર મલે ?

હિંસા–જુઠ–ચોરી વગેરે મહાપાપ છે, એટલું સૌ જાણતા હશે. છતાં હિંસા એટલે કોઈપણ જીવને જાણી જોઇને ન મારવું મારવાની બુદ્ધિથી ન મારવું ? બીજા પાસેથી ન મરાવવું, અને મારનારની અનુમોદના, ના કરવી. હવે જુઠ–કેતા બોટું કદી ન બોલવું એમાં એ કયાંય બોલવું પડે તો સાર કે સારાંશ વિના કદી જુઠું ન બોલવું, ન બોલાવવુ. ને બોલનારને સારૂં ન માનવું–ચોરી–પણ બની શકે તો નાની મોટી ના કરવી પણ એમાં એ રાજ દંડે અને લોકમાં નિંદા થાય તેવી ચોરી ના કરવી, રાગ–દ્વેષનાં તાંડવ–નૃત્યો તે નચાવે છે, અને રાગદ્વેષથી રહિત તેવું આત્માનું શુદ્ધ સ્વરૂપ છે, એને કાઢવા માટે હૃદયમાં ગુણ–રાગ થવો જોઇએ અને દ્વેષ કરવો હોય તો તારામાં (પોતાના) રહેલા દોષો પ્રત્યે કર ? તો તું શુદ્ધ સ્વરૂપી આત્મા બની રહીશ.

ઉત્તમમાં ઉત્તમ કોટિનો ધર્મ આચરવા માટે હિંસાનો ત્યાગ પ્રથમ છે, હિંસા આદિ દુઃખના મૂળ છે, ને એ દુઃખથી બચવા અને આત્માના શુદ્ધ સ્વરૂપને પિછાની એ સ્વભાવમાં મગ્ન થવા અભ્યાસ કેળવવાની ખાસ જરૂર છે. આત્માનો સ્વભાવ અણાહારિપણાનો છે, ને તે સ્વભાવમાં રમતા થવા માટે પ્રથમ ભૂમિકા તે તપોમય જીવન ગુજારવાની છે.

આત્માનો સ્વભાવ દર્શન, જ્ઞાન, ને ચારિત્રનો છે, તેને માટે–તે કક્ષાએ પહોંચવા માટે સંયમની આરાધના જરૂરી છે, તેનું યથાર્થ પાલન તે ઉચ્ચ સ્થાને લઇ જાય છે, જ્ઞાનીઓ કહે છે, ધન્ય છે, જે આત્માઓ સંયમના રંગે રંગાયા છે, સંયમનું શુદ્ધ પણે પાલન કરી રહ્યા છે શુદ્ધભાવથી સંયમમાં રમણતા કરે છે તેને લાખોવાર અમારા વંદના, વળી જ્ઞાનીઓ ફરમાવે છે કે, પાપ માત્રથી નિવૃત થઇ આત્મસ્વભાવ ખીલાવનારા શુદ્ધ સંયમતપના વિશિષ્ટ આચરણોજ આચરવા એ અતિ આવશ્યક છે, આવા ઉત્તમ જીવન જીવવા માટે ગૃહસ્થ જીવન શકય નથી, તેને માટે તો ચારિત્રમય જીવન જ શકય છે. "રત્નત્રયીની આરાધના શુદ્ધપણે તેજ તે ઉત્તમ જીવન.

જ્ઞાનીઓએ રત્નત્રયીની આરાધના, ઉતરતા દરજે બીજા નંબરે પણ આરાધવા કહી છે કદાચ સંયમ ના લઇ શકાય તો દેશ વિરતિ ઉત્તમ શ્રાવકપણું જેમાં પૌષધ સામાયિક, દેસાવગાસિક વૃત, સાધર્મીક ભકિત, સુપાત્રદાન, પૂજા, ભકિત, પ્રતિકમણ, પ્રાયશ્ચિત એમ અનેક પ્રકારે આરાધનામાં ઉજમાળ રહી શુદ્ધ આચાર પાળી ઉત્તમ ભાવ કેળવી. અને અંતે ચારિત્રના ભાવ કેળવી અને મકકમતા મેળવી અંતે સુખ સાધી શકે છે.

મદારી સાપથી જીવે પણ કેટલો સાવધ ! અવસરે ઝેરી દવાનો ઉપયોગ પણ થાય છે. પણ કેવી રીતે ? મોઢામાં ન જાય એની પૂરી કાળજી ? તેવીજ–રીતે પૌદ્ગલીક વાસનાઓ આત્મહિતને હણનાર વિષ જેવી છે, તેનાથી પૂરેપૂરા ચેતતા રહેવાની જરૂર છે, તે જરૂર સમજવું.

પરંતુ આ વાત દુનિયાને ગળે નથી ઉતરતી "પાપથી દુઃખ" બોલનારાની જગતમાં સંખ્યા ઘણી, પણ માનનારા થોડો ભાગ, આજે તો દુનિયાના જીવોનો મોટો ભાગ, પાપને પાપ માનવા તૈયાર નથી, પછી પાપથી ડરવાની વાત જ શી ? "આપણે કોઇને હિતદ્રષ્ટીએ કહીએ, સમજાવીએ, તો પણ એનાથી ખમાતું નથી, ગમતું નથી, તો પછી શું આવા આત્માઓ, દેવ-ગુરૂને માને છે ? દેવ–ગુરૂના ભકત છે ? અનુયાયી છે ?

દેવની આજ્ઞા પર અખંડ પ્રેમ, એ મુજબ વર્તવાની તત્પરતા એ સાચી દેવપૂજા છે.

આજે લગભગ મનુષ્યો પાસે મકાન–મહેલ–બંગલા–મેડી. હવેલી. ઝુંપડી પૈસા ટકા–જમીન કુટુંબ–કબીલા વગેરે દરેકને દરેકના પુન્યાનુંસાર મળેલ છે. અને એ અહીંનું" અહીંજ રહેવાનું છતાં એથી અધીક મેળવવા આપણે બધા જીવો ઓછા–વધતા પ્રમાણમાં ભયંકર પાપનો આશ્રય લેતાં અચકાતા નથી. જ્ઞાનીઓ ફરમાવે છે કે હે મહાનુભાવો જરૂર સિવાય વધારે પરિગ્રહમાં પાપ છે, તો લોકો આપણે કહીએ કે અમારામાં પાપ છોડવાની તાકાત નથી" પરંતુ આપણે પાપ વર્ધક પ્રવૃતિમાં અજબ તાકાત ધરાવીએ છીએ, કેટા ત્યાં ખૂબજ શકિત આવી જાય છે.

આપણે દરેકે પણ એ વાત સમજી લેવી જોઇએ કે, સુખ દુન્યવી ચીજોમાં નથી. પણ દરેકના આત્મામાં રહેલું છે, જો એમ નથી, તો એની એજ ચીજ એકવાર સુખદાયી લાગ્યા પછી અભિપ્રાય, પ્રયોજન, ચીજનું સ્વરૂપ બદલાતાં કેમ દુઃખદાયી–બને છે ? એકને સુખ આપનારી ચીજ, એની એજ ચીજ બીજાને દુઃખ કેમ આપે છે ? કહો કે સુખ–દુઃખની લાગણી થવામાં મનોવૃત્તિ મુખ્ય કારણ છે, એથી જ માણસ ધારે તો દુઃખના સંયોગોમાં પણ સુખ અનુભવી શકે છે, પરંતુ એમ ન થવામાં આત્માની આડે આવરણો નડે છે.

નાસ્તિકને પણ અનુભવ છે કે, દુન્યવી ગમે તેટલા પાપી–પ્રયત્નો કરવા છતાં મળવું (મળવી) એ પોતાની ઇચ્છાને આધીન નથી, ઇચ્છા ન હોય અનિચ્છાએ એકા-એક બીમાર પડે હરાય નહિં, ફરાય નહિં. કશું કરાય નહિં, મનમાં થાય કે હું કેવો કમનસીબ ? પાસે અઢળક સંપતિ હોવા છતાં કેટલાક કૂટ–કપટે મેળવેલું ભોગવી શકતો નથી.

ઇતિહાસમાં ઉલ્લેખ આવે છે, કે; સિકંદર બાદશાહ પાસે અખૂટ ધન–માલ. સંપત્તિ તેના મરણ સમયે અસંખ્ય હકીમો, વૈદ્યો, ડોકટરો, ફકીરો, (નોકરો,) સેવકો, રાણીઓ, છતાં બિચારો પરવશ ! તેને સમજાયું, તે સમયે મારી નનામી (ઠાઠડી) હકીમો પાસે ઉપડાવજો, સૈન્ય ખુલ્લા શસ્ત્રે, બજાનાના (ઢગ) થાળ સાથે, હાથ બન્ને ખુલ્લા–ને કહેજો કે આ બધું હોવા છતાં, મૃત્યુના વિકરાળ પંજામાંથી નથી છોડાવી શકતું" આ વાત સાચી માનવામાં આવે. યા તો કદાચ કોઇ ન પણ માને પરંતુ મૃત્યુની સામે પામર માનવ પરવશ છે ? પરાધીન છે ?

શાસ્ત્રોથી જાણી સમજી દેવ–ગુરૂ અને ધર્મનું સ્વરૂપ નકી કરી તેમાં એકલીન થાઓ.

એ જાણવા આપણે કરેકે અનંતજ્ઞાનીની આજ્ઞાનુસાર જીવન જીવતાં, સંસાર ત્યાગી નિર્ગ્રંથ–નિષ્પાપ ગુરૂઓની સેવા કરી કર્મની સામે યુધ્ધના શંખનાદ કરીને નામના દેવ ગુરૂઓથી છેટા રહી સાચા ગુરૂની સેવામાં તત્પર થઇ હિંસા આદિ પાપોને ત્યજીને શુદ્ધ આત્મસ્વરૂપને પ્રગટાવો. ને આપણી જીવનયાત્રા પૂર્ણ થઇને સાધ્ય સ્થાને, શાશ્વત સ્થળે પહોંચી આત્માનું કલ્યાણ કરી પરમ જ્યોતિ પદમાં પ્રકાશી રહેજો ?

ટુંકમાં આ લેખનો તાત્પર્ય, એક જ છે જિનેશ્વર દેવોની આજ્ઞા અને ઉપદેશ છે કે, સવિ જીવ કરૂં શાસન રસી. બધા આત્માઓ સુખને પામે અને આપણ બધા પાપથી હટી જઇ. કેતાં પાપને પાપ સમજી બની શકે તેટલું ત્યાગવા અને જયણા, અને શુધ્ધ ધર્મની ક્રિયામાં ઓતપ્રોત થઇ અંતે મોક્ષ સુખ સાધીએ મનુષ્ય ભવની સાર્થકતા કરી શિવસુખ સાધીએ એવી ભાવનાથી પાઠવેલ છે એજ અભ્યર્થના.

૬ ઠ્ઠા વર્ષના અંકો માટે

જૈન શાસન આ અંકથી છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે છે પાંચમાં વર્ષના ગ્રાહકોના આદિ તથા ગ્રાહકોને પત્ર લખીને જણાવવામાં આવ્યું છે તેમના ગ્રાહકો કે લવાજમની રકમ આવશે તેમને અંક મોકલાશે જેમની રકમ નહિ આવે તેમના અંક બંધ થશે પાછળથી રકમ આવશે તો પાછળથી અંકો રવાના થશે.

પૂ સાધુ સાધ્વીજી મ. જે અંકો મંગાવવા માગતા હોય તેમણે ચોમાસાનું તથા ચોમાસા પછી વિહારમાં સરનામું જણાવવા વિનંતિ છે.

સામાયિક સ્ફુરણા

અમેરિકા શિકાગોમાં પ્રતિષ્ઠા !

અત્રે જૈન કેન્દ્રમાં ૨૩ થી ૨૭ જુલાઈ પ્રતિષ્ઠા થઇ ૧૯૬૯ માં જૈન સોસાયટી સ્થાપવામાં આવી અને ત્યાં મંદિર થયું તેમાં ૯ જિન પ્રતિમા તથા શ્રીમદ્ રાજચંદ્ર શ્રી લઘુરાજસ્વામી, શ્રી બૃહમાંચરીજીના ચિત્રપટો, ઘંટાકર્ણ, ચક્રેશ્વરીદેવી, લક્ષ્મીદેવી, સરસ્વતીદેવી, પદ્માવતીદેવી, નાકોડા ભૈરવજીની સ્થાપના કરી.

આ સમાચાર વાંચે તો લાગે કે કેવો અવિવેક અને શંભુમેળો છે શ્રી તીર્થંકર દેવોના મંદિરમાં શ્રીમદ્ ગૃહસ્થ છે અને બીજા દેવ-દેવીઓ હાલ ગમે તે ભેગા કરી દેવાના તથા ફીરકાના પ્રતિનિધિ તરીકે આ બધું ગોઠવી દેવા જેવું થાય છે.

પરદેશના લોકો પણ આવા ખોટા માર્ગે ચાલ્યા જાય છે. તે માટે તેમને શિલ્પ કે શાસ્ત્રની ઉપેક્ષા દેખાઇ આવે છે.

એક વાણીયાને ચોર મલ્યા કહે હુંડી લખી દે તો તેણે રુા. ૧૦) લખ્યા તો એક ચોર કહે મારું એક મીંડું લખો તો ૧૦૦ થયા બીજો કહે મારૂં મીંડું તો ૧૦૦૦) થયા ત્રીજો કહે મારું એક મીંડું તો ૧૦૦૦૦ થયા ચોથો કહે મારૂં મીંડું તો એક લાખ થયા પાંચમો કહે મારું એક મીંડું તો દશ લાખ થયા વાણીયો હોંશિયાર હતો કહે તમારા બધાના મીંડા લખ્યા મારૂં પણ એક મીંડું કરૂ ને ? બધા કહે હા, તો વાણીયાએ એકડા ઉપર મીંડું કરી દીધું તો દશ લાખને ૭ મીંડા થઇ ગયા. તેમ, લંડનમાં લેસ્ટરમાં થયું તેમ ચીકાગોમાં થયું અને બીજે પણ થશે.

અરિહંત પરમાત્માનાં ભક્તને બદલે ચોરની જેમ એક દેવ એક ગૃહસ્થ એક દેવી એક મુનિ એમ ઠીક લાગે તો પોત પોતાના વતી એક એક મીંડું જેમ ચોરે મુકયું તેમ મુકવાની ટેવ અને તેમાં સમભાવ એકતા દેખાડવાની ટેવ કેળવાતી જાય છે. અને સત્ય રૂપ એકડો છે તે મીંડું બની જાય તેથી સરવાળે માત્ર દેખાવ રહે છે.

જૈન આચાર્યો આટલા બધા ભોળા ?

ગુજરાત સમાચારમાં કોલમમાં વાંચેલ કે જૈન સાધુથી જૈનો જૈનને વોટ આપે તેમ કહેવાય ? મેં મનોમન ના પાડી તો બીજી કોલમમાં આવ્યું કે અમદાવાદમાં એલીસબ્રીજની ચૂંટણીમાં શ્રી ચંદ્રશેખર વિ. મ. એ જૈનો જૈનને વોટ આપે તેમ જણાવ્યું હતું છતાં તે વાત સમજ ન પડી, પરંતુ મુકિતકુમાં જ તે આવ્યું તેમજ

અમદાવાદ 'પ્રભાત' આવૃત્તિના ૧૮–૫–૯૩ના દૈનિકમાં વિગતથી આવ્યું ને વાંચતાં થયું કે જૈનાચાર્યો આટલા ભોળા હોય છે? ઉદાર હોય તો તેમની કીર્તિ છે પરંતુ આવું ભોળપણ એ તો જૈન શાસનને માલિન્ય છે. તેમાં આપેલા નિવેદનો માં લખ્યું છે કે–

" શ્રી લાલભાઇ દેવચંદ શાહને પ્રચંડ બહુમતીથી ચૂંટી લાવવા આચાર્ય ભગવંતોએ આશીર્વાદ પાઠવ્યા છે.

પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રીમદ્ સુબોધસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે જણાવ્યું છે કે– આ ચૂંટણીમાં શ્રી લાલભાઇ દેવચંદ શાહ ઘણી મોટી પ્રચંડ બહુમતીથી ચૂંટાઇ આવો અને શ્રી જિનેશ્વર પરમાત્માએ બતાવેલા અહિંસા આદિ ધર્મ ના કાર્યો લોકોપયોગી કાર્યો સાર્વજનિક કાર્યો અને સર્વતોમુખી સર્વજન હિતકારી કાર્યો તમારા દ્વારા સંપૂર્ણ પણે નિષ્પક્ષ થાય તે જ એક અંતરની શુભેચ્છા મંગલ કામના.

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી વિક્રમ સૂરીશ્વરજી મહારાજ સાહેબના વિદ્વાન શિષ્ય આચાર્ય ભગવંત શ્રી રાજયશ સૂરીશ્વરજી મહારાજ સાહેબે આશીર્વાદ આપતા જણાવ્યું છે કે– અહિંસા સમજનારી અને આચરનાર વ્યકિત તરીકે લાલભાઇ દેવચંદ શાહે અગ્રણી સ્થાન પ્રાપ્ત કર્યું છે... ત્યારે જૈનોનું તો પછી કર્તવ્ય જ નહિ પણ એક આરાધના થઇ જાય છે કે તેમને આવા ઉમેદવારને પક્ષીપણાથી પર થઇને પણ પ્રગટ કરવા અને આવકારવા.

પ. પૂ. આચાર્ય શ્રી વિજય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે આશીર્વાદ આપતાં જણાવ્યું છે કે– ચૂંટણીમાં સફળ થઇ વિધાન સભામાં અસરકારક કાર્યો કરી શાસનને ઉપકારક થાય તેવી આશા રાખીએ અને શાસન દેવને પ્રાર્થના કે શ્રી લાલભાઇ દેવચંદ ને સફળતા અપાવે મહેનતનું ફળ અવશ્ય મળશે.

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી પદ્મસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે શ્રી લાલભાઇ દેવચંદ શાહને આશીર્વાદ સહ શુભેચ્છા પાઠવેલ છે.

પ. પૂ. ગચ્છ.ધિપતિ આચાર્ય વિજય રામસૂરિ મહારાજ સાહેબે જણાવ્યું છે કે આગામી ચૂંટણીમાં શ્રી લાલભાઇ દેવચંદ શાહ ઉભા છે તે જાણી આનંદ જૈનોની બેઠક ઉપર ઉભા છે તે વિજય પામીને એક સાચા જૈન તરીકે પ્રભુ શાસનની સેવામાં સવિશેષ યોગદાન આપશે એજ શુભ ભાવના સહ શુભાશીર્વાદ.

પ. પૂ. આચાર્ય શ્રી વિજય અભયદેવસૂરી મહારાજ સાહેબે આશીર્વાદ આપતાં જણાવ્યું છે કે– એલીશબ્રીજ વિસ્તારમાં વિધાનસભાની ચૂંટણી છે જેમાં આપના જૈન ઉમેદવાર શ્રી લાલભાઇ દેવચંદ શાહ ઉભા છે.

ગુજરાત વિધાનસભામાં જૈન સભ્ય લગભગ નથી ત્યારે શ્રી લાલભાઇ જેવા વિધાન સભ્ય બને માટે તેમને ટેકો આપશો જેથી તેઓ શાસન કામમાં લાગે શ્રી લાલભાઇ શાહને વિધાન સભામાં જરૂરથી લાવશો. આ કાર્ય કરવા ભલામણ કરશો.

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી જયાનંદ સૂરીશ્વરજી મહારાજ સાહેબે આશીર્વાદ પાઠવતાં જણાવ્યું હતુ કે શ્રી લાલભાઇ દેવચંદ શાહ વિધાન સભાની પેટા ચૂંટણીમા સફળતા પ્રાપ્ત કરે. [પૃષ્ટ ૧—૪]

ચંદ્રશેખરવિજયજી મહારાજસાહેબ એક નિવેદનમાં જણાવે છે કે જૈન ધર્મથી જૈન હોવા છતાં પ્રજાથી તો હિંદુ જ છે હાલની પેટા ચુંટણીમાં કોંગ્રેસમાંથી લાલભાઇ દેવચંદ શાહ [એલીસબ્રીજ] અને ભાજપમાંથી બાબુલાલ મેઘજી શાહ (રાપર) ઉભા છે તેઓ બંને જૈન છે રાજકારણમાં જૈનો પ્રવેશ કરે તે હાલની પરિસ્થિતિમાં ધર્મરક્ષા અને સંસ્કૃતિ રક્ષા માટે જરૂરી જણાય છે તો જૈનો ઉપર જણાવેલા બંને જૈનોને પક્ષવાદમાં પડયા વિના પોતાનો મત આપે તેવી આશા રાખું છુ. (પેજ-૩)

આ નિવેદનો સાવદ્ય ભાષા રૂપ છે સાવદ્ય કાર્ય રૂપ છે અને સાધુ માટે અનાચરણીય છે વિ. ચર્ચા અત્રે ન કરતાં, તેમજ આ નિવેદનોમાં જે લખાણ છે તે પણ તથ્ય છે કે અતથ્ય છે વિચાર ન કરતાં. આ જાતની પ્રવૃત્તિ એ જૈનાચાર્યોનું ભોળપણ છે કે વિચક્ષણપણું છે ?

અત્યાર સુધી દિલ્હી સુધી ઘણા જૈનો ગયા છે કેન્દ્રના મંત્રીઓ, રાજ્યના મુખ્ય પ્રધાનો પ્રધાનો વિ. થયા છે તેમાં જૈનને જૈન મત અંગે તેવી કોઇ વાત આવી નથી તેમાં જેઓ શ્રદ્ધાવાન હતા તે ધર્મપ્રેમી રહ્યા છે અને શ્રદ્ધાવાન ન હતા તેઓ મત્સ્ય ઉદ્યોગ ખાતાના પ્રધાન પણ બન્યા છે.

ભગવાન મહાવીરના કાલમાં અનેક રાજાઓના યુદ્ધ થયા છે પરંતુ પ્રભુજીએ કે સાધુઓએ કોઇનો પક્ષ ખેંચ્યો નથી, હા મદનરેખા પોતાના બંને પુત્રો ચંદ્રયશા અને નમિરાજર્ષિને શાંત કરવા ગયા હતા. ભરત બાહુબલીમાંથી કોઇનો પક્ષ ભગવાન આદિનાથે ખેંચ્યો ન હતો.

કોઇ ભદ્રિક વ્યક્તિ લગ્ન પત્રિકા મોકલે તો શું સાધુ તેને આશીર્વાદ મેં કહે કે ? 'તમારા લગ્ન નિર્વિઘ્ન સફળ થાવ અને દંપતિ ચિરંનદો' શાસ્ત્રમાં અનેક પ્રસંગો આવે છે કે સાવદ્ય વાત આવે ત્યારે સાધુ મૌન રહે છે.

આટલા બધા આશીર્વાદ દેવા છતાં તે બધા નકામા ગયા કેમકે લાલભાઇ તો ચૂંટણીમાં હારી ગયા હતા.

આચાર્યો પણ આવી હિસાબની વાતમાં લેવાઇ જાય તે ખરેખર જૈનશાસનનું દુર્ભાગ્ય ગણાય અને ફરી એવા દુર્ભાગ્યના દર્શન ન થાય એજ ભાવના રાખવાની રહી.

૨૦૪૯ શ્રાવણ સુદ-૫, પોરવાડ વાસ —જિનેન્દ્રસૂરિ
શ્રી દાન પ્રેમરામચંદ્ર સુ. આરાધનાભવન રતલામ

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- જે સુખ પરમાત્માને પણ ભૂલાવે તે સુખ સારૂં કે જે દુઃખ પરમાત્માને યાદ કરવાની ને પરમાત્માની આજ્ઞા મુજબ વર્તવાની પ્રેરણા આપે તે દુઃખ સારું ?
- સંસારનો રાગ ભૂંડો લાગ્યા વિના સાચો ત્યાગ આવી શકે જ નહિ.
- જે મોક્ષથી નહિ તે વીતરાગ દેવના કોઈપણ ધર્મના અધિકારી નહિ.
- ભવ્ય જીવોને મોક્ષે જવાનું આમંત્રણ આપવું તેનું નામ જ ધર્મદેશના છે.
- સંસાર છોડવાનો વીર્યોલ્લાસ ન જાગે, મન ન થાય તે આત્માની ભારે માંદગી છે. આ માંદગી શરીરની માંદગી કરતાં ભયંકર છે.
- ધર્મકથાનુંયોગ ધર્મમાં વિશેષ સહાયક થવા માટે છે.
- અનુકુળતાનો રસ, મોક્ષમાં રસ થવા જ ન દે.
- જયાં સુધી નિર્વાણનું જ લક્ષ્ય પેદા ન થાય, કામચલાઉ ધર્મની પ્રવૃત્તિ થાય સંસારની પ્રવૃત્તિ મજેથી થાય ત્યાં સુધી બહિરાત્મદશા મટવાની નથી, અંતરાત્મદશા આવવાની નથી અને પરમાત્મ દશાને તો પેદા થવાનોય અવકાશ નથી.
- શાસ્ત્ર સાંભળવાનો ખરેખરો અધિકારી પણ તે જ છે, જે નિર્વાણનો અર્થી હોય.
- જૈન શાસનમાં નવકારશી કરનારની ઉપવાસ કરનાર અવહિલના ન કરે. કેમ કે, તે સમજે છે કે તેનામાં વિશેષ શક્તિ નહિ હોય કાં તેવો વીર્યોલ્લાસ નહિ જાગતો હોય માટે જ નવકારશી કરે છે.
- સાંભળેલું સમજ્યા પછી હેય લાગે તે છોડવાનું અને ઉપાદેય લાગે તે આચરવાનું મન થાય તેનું નામ શ્રદ્ધા !
- આપણે ત્યાં શ્રી જિનવચનના શ્રવણને ધર્મનો પ્રાણ કહ્યો છે.
- અનુકુળને ઇચ્છે નહિ અને પ્રતિકુળની ચિંતા કરે નહિ, તો ઘણું દુઃખ ભાગી જાય.
- આત્માને ઉદ્દેશીને ચાલે તે અંતરાત્મા, જડને ઉદ્દેશીને ચાલે તે બહિરાત્મા.
- દુઃખના ડરે અને સુખના લોભે તો માણસને માણસ તરીકે રહેવા દીધો નથી.

જ્યાં જિનાજ્ઞા ત્યાં ધર્મ

—પૂ. આ. શ્રી વિજય રાજશેખરસૂરીશ્વરજી મ.

સંસારી જીવો સંસારની ચાર ગતિમાં પરિભ્રમણ કરીને જે અનંતા દુઃખો અનુભવે છે એનું કારણ એક જ છે કે એ જીવોએ બીજા બધાની આજ્ઞા માની છે, પણ એક જિનની આજ્ઞા માની નથી. સંસારમાં પરિભ્રમણ કરનારા જીવોએ અનેકવાર રાજાની આજ્ઞા માની, શેઠની આજ્ઞા માની, પિતાની આજ્ઞા માની, સાસુની આજ્ઞા માની, અરે ! પત્નીની પણ આજ્ઞા માની, પણ એક જિનાજ્ઞા જ ન માની. એથી જ સંસારની ચાર ગતિમાં પરિભ્રમણ કરીને અનંતવાર ભયંકર શારીરિક–માનસિક યાતનાઓ સહન કરી. અરે ! જીવોએ જે ધર્મ કર્યો તે પણ જિનાજ્ઞા પ્રમાણે નહિ, પણ મોહની આજ્ઞા પ્રમાણે કર્યો. સંસારમાં પરિભ્રમણ કરનારા પ્રાયઃ દરેક જીવે અનંતવાર જિનપૂજા, જિનમંદિરનિર્માણ વગેરે ધર્માનુષ્ઠાનો કર્યાં, અનંતવાર દેશવિરતિનું અને સર્વવિરતિનું પાલન કર્યું, પણ એ બધું જિનાજ્ઞાપ્રમાણે ન કર્યું, કિંતુ મોહની આજ્ઞા પ્રમાણે કર્યું. કારણ કે એ ધર્મ આલોકસંબંધી કે પરલોકસંબંધી ભૌતિકસુખની આશંસાથી કર્યો હતો. ધર્મમાં ભૌતિક સુખની આશંસા મોહના કારણે થાય છે. જિનેશ્વરોએ ભૌતિક સુખની આશંસાથી ધર્મ કરવાનો નિષેધ કર્યો છે.

આ વિષે મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે કહ્યું છે કે—

નિષેધાયાનયોરેવ વિચિત્રાનર્થદાયિનોઃ ।
સર્વત્રૈવા નિંદાનત્વં જિનેન્દ્રૈઃ પ્રતિપાદિતમ્ ।।

"આ લોક સંબંધી ભૌતિકસુખની આશંસાથી કરાતાં વિષાનુષ્ઠાનો અને પરલોક સંબંધી ભૌતિક સુખની આશંસાથી કરતાં ગરાનુષ્ઠાનો એ બંને ય અનુષ્ઠાનો વિવિધ અનર્થો કરનારાં છે આથી એ બે અનુષ્ઠાનોનો નિષેધ કરવા માટે જ ભગવાને સર્વ ધાર્મિક અનુષ્ઠાનોમાં ભૌતિક આશંસા ન રાખવાનું ફરમાવ્યું છે."

અનંતવાર પરમાત્માની આરાધના કરી, પણ એ આરાધના નિષ્ફળ ગઇ. કારણ કે એ આરાધનામાં જિનાજ્ઞાનો અભાવ હતો. પરમાત્માની સાચી આરાધના ત્યારે જ થઇ શકે કે જ્યારે પરમાત્માની આજ્ઞાને માનીને યથાશક્તિ તેનું પાલન કરવામાં આવે. આથી જ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે—

યસ્ય ચારાધનોપાયઃ સદાજ્ઞાભ્યાસ એવ હિ ।
યથાશક્તિ વિધાનેન નિયમાત્ સ ફલપ્રદઃ ।। હા. અ. ૧–૭

"પરમાત્માની આજ્ઞાનો સદા અભ્યાસ કરવાથી જ તેમની સાચી આરાધના થાય છે. પરમાત્માની આજ્ઞાનો યથાશક્તિ અભ્યાસ કરવાથી અવશ્ય કલ્યાણ થાય છે."

અહીં આજ્ઞાનો અભ્યાસ એટલે–

(૧) ગીતાર્થ ગુરુની પાસેથી આજ્ઞાને જાણવી.

(૨) ગુરુની પાસેથી જાણેલી આજ્ઞાનું ખૂબ ચિંતન–મનન કરવું,

(૩) આજ્ઞા વિષે શંકા પડે તો ગુરુને પૂછીને નિર્ણય કરવો.

(૪) આ રીતે આજ્ઞાને સ્પષ્ટ રૂપે સમજવાનો પ્રયત્ન કરવો (સમ્યગ્જ્ઞાન)

(૫) સ્પષ્ટ સમજાયેલી આજ્ઞાને આત્મામાં ભાવિત કરવી (સમ્યગ્દર્શન)

(૬) આજ્ઞાનુ શકય પાલન કરવું (સમ્યક્ ચારિત્ર)

જિનેશ્વરની આજ્ઞાનું યથાશકિત પાલન કરવું એ જ તેમની સાચી ભક્તિ છે. આ વિષે ધર્મબિંદુ ગ્રંથમાં પણ કહ્યું છે કે **ઉપદેશપાલનેવ ભગવદ્ભક્તિ:** ભગવાનના ઉપદેશનું પાલન કરવું એ જ ભગવાનની ભકિત છે આ સિવાય વીતરાગ સ્તોત્ર વગરે ગ્રંથોમાં પણ "જિનાજ્ઞાના પાલનમાં સાચી જિનભકિત છે." એમ કહ્યું છે. ષોડશકપ્રકરણ ગ્રંથમાં પણ જિનાજ્ઞાનું મહત્વ જણાવત કહ્યું છે કે—

वचनाराधनया ह्यलु धर्मस्तद्भाधया त्वधर्म इति ।
इदमत्र धर्मगुह्यं सर्वस्वं चैतदेवास्य ।। २-१२ ।।

"જિનાજ્ઞાના પાલનથી ધર્મ થાય છે અને જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી અધર્મ થાય છે. જિનાજ્ઞા ધર્મનું રહસ્ય છે, અને જિનાજ્ઞા જ ધર્મનો બધો સાર છે."

अस्मिन् हृदयस्थे सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।
हृदयस्थिते च तस्मिन्, नियमात्सर्वार्थसंसिद्धिः ।। २-१४।।

"જિનાજ્ઞા હૃદયમાં રહે તો જ પરમાર્થથી જિનેશ્વર હૃદયમાં રહે છે. જિનેશ્વર હૃદયમાં રહે તો નિયમા સર્વ કાર્યોની સારી રીતે સિદ્ધિ થાય છે, અર્થાત્ જેના હૃદયમાં જિનાજ્ઞા દ્વારા જિનેશ્વર વસે છે તેનાં સર્વ કાર્યો સારી રીતે અવશ્ય સિદ્ધ થાય છે."

આનો સાર એ આવ્યો કે ધર્મની સાચી આરાધના જિનાજ્ઞાના પાલનથી જ થાય છે. આ વિષે ઉપદેશપદમાં કહ્યું છે કે "જીવોને જિનાજ્ઞાથી જ સર્વવિરતિ કે દેશવિરતિ પ્રાપ્ત થાય છે, તે વિના નહિ" (૧૮૫) "જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરીને પોતાની ઇચ્છા માત્રથી ધર્મ કરે તો કદાચ ઉપર ઉપરથી પરિણામ શુભ દેખાતા હોય તો પણ પરમાર્થથી તો પરિણામ અશુદ્ધ જ હોય. કારણ કે જિનાજ્ઞામાં બહુમાન ન હોવાથી અંતઃકરણમાં અસદ્આગ્રહ રહેલો છે. (૧૮૦)

જ્યાં જિનાજ્ઞાપૂર્વક પ્રવૃત્તિ ન હોય ત્યાં બહારથી ધર્મ દેખાતો હોય તો પણ ત્યાં વાસ્તવિક ધર્મ નથી. જ્યાં જિનાજ્ઞાપૂર્વક પ્રવૃત્તિ હોય ત્યાં બહારથી ધર્મ ન

દેખાતો હોય તો પણ પરમાર્થથી ધર્મ છે. બે મુનિઓના દૃષ્ટાંતો જાણવાથી આ વિષય બરોબર સમજાઇ જશે.

કોઇ ગામમાં ભદ્રિક શ્રાવકે સાધુઓને વહોરાવવા માટે ઘણું ભોજન તૈયાર કરાવ્યું આ જાણીને ઘણા વેશધારી (=ખોટા,) સાધુઓ વહોરવા માટે આવ્યા. તેણે પાત્રાં ભરીને વહોરાવ્યું. આ બિના કોઇ વેશધારી સાધુએ સાંભળી. આથી તે બીજા દિવસે તે શ્રાવકના ઘરે વહોરવા ગયો. શ્રાવકે આવવાનું કારણ પૂછ્યું. સાધુએ કહ્યું: તમોએ સાધુઓને વહોરાવવા માટે ઘણું ભોજન તૈયાર કરાવ્યું છે એ જાણીને હું એ ભોજન વહોરવા માટે આવ્યો છું. હવે બન્યું એવું કે સાધુઓ માટે બનાવેલ ભોજન બધું ખલાસ થઇ ગયું હતું. પણ શ્રાવકના ઘરે તે દિવસે ઘણા મહેમાન આવ્યા હોવાથી મહેમાન માટે મિષ્ટાન્ન વગેરે ઘણી રસોઇ બનાવી હતી. આથી શ્રાવકે સાધુને પાત્રાં ભરીને વહોરાવ્યું. સાધુએ પોતાના સ્થાને જઇ ભોજન કર્યું.

બીજા મુનિનું દૃષ્ટાંત:-કોઇ ગામમાં એક તપસ્વી સાધુ માસખમણના પારણે માસખમણ કરતા હતા. પારણાના દિવસે મુનિએ વિચાર્યું કે જો આ ગામમાં જઇશ તો સંભવ છે કે લોકો ભક્તિથી સાધુ માટે ભોજન કરીને વહોરાવે, આમ વિચારીને મુનિ વહોરવા નજીકમાં ગામમાં ગયા. તે ગામમાં સાધુને દાન આપવાની અતિશય ભાવનાવાળી ભદ્રિક શ્રાવિકા રહેતી હતી. તેને ખબર પડી ગઇ કે આજે તપસ્વી મુનિને પારણું છે. કદાચ આ ગામમાં પણ વહોરવા આવે. મુનિ આ ગામમાં આવે તો લાભ મળે એવા આશયથી તેણે ઘણી ખીર રાંધીને તૈયાર રાખી. પછી તેણે વિચાર્યું: જો હું આ ખીર આદરપૂર્વક વહોરાવીશ તો સંભવ છે કે મુનિને "આ ખીર મારા માટે બનાવી હશે" એવી શંકા પડે. આવી શંકા પડે તો મુનિ, ન વહોરે. આથી મારે કંઇક એવું કરવું જોઇએ કે જેથી મુનિને કોઇ જાતની શંકા જ ન પડે. આમ વિચારતાં તેને એક ઉપાય જડી આવ્યો. તેણે નાના બાળકોને શિખવાડ્યું કે મુનિ વહોરવા આવશે ત્યારે હું તમને ખીર પીરસીશ. આ વખતે તમારે કહેવું કે "અમારે ખીર નથી ખાવી. રોજ રોજ ખીર બનાવે છે. એટલે અમને હવે ખીર ભાવતી નથી." મુનિ વહોરવા આવ્યા ત્યારે બાળકો તે પ્રમાણે બોલવા લાગ્યા. તપસ્વીએ આ ખીર દોષિત છે કે નિર્દોષ એ જાણવા માટે શાસ્ત્રાનુસાર ઉપયોગ મૂક્યો. પછી નિર્દોષ છે એમ જાણીને ખીર વહોરી.

સ્થાને જઇને ભોજન કરતાં ચિંતવવા લાગ્યા કે- "હે જીવ! નિર્દોષ ભિક્ષા વહોરવામાં તું છેતરાયો નથી તો હવે ભોજન કરતાં રાગ-દ્વેષથી ન છેતરાઇ જાય તેની સાવધાની રાખજે." આવી શુભ ભાવના ભાવતાં તેમણે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

અહીં વેશધારી મુનિને નિર્દોષ આહાર વહોરવા છતાં અશુભ કર્મોનો બંધ થયો. તપસ્વી મુનિને દોષિત આહાર વહોરવા છતાં અશુભ કર્મોનો બંધ ન થયો, બલ્કે અશુભ કર્મોની નિર્જરા થઈ. બંને મુનિઓમાં દેખાતો આ ભેદ જિનાજ્ઞાને આશ્રયીને છે. વેશધારી સાધુએ જિનાજ્ઞાનું પાલન ન કર્યું, એથી નિર્દોષ આહાર વહોરવા છતાં અશુભ કર્મોનો બંધ થયો. તપસ્વીએ જિનાજ્ઞાનું પાલન કર્યું, એથી દોષિત આહાર વહોરવા છતાં અશુભ કર્મોની નિર્જરા દ્વારા કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ. ભગવાનની આજ્ઞા છે કે સાધુએ વહોરતી વખતે આ આહાર દોષિત છે કે નિર્દોષ છે એ જાણવા માટે દ્રવ્યાદિનો ઉપયોગ મૂકવો જોઈએ, ઉપયોગ મૂકતાં આહાર દોષિત છે એમ જણાય તો ન વહોરવું જોઈએ. વેશધારી મુનિ તો પહેલાંથી જ દોષિત આહાર વહોરવા માટે જ આવ્યા હતા. એથી ભગવાનની આજ્ઞાનું પાલન ન કર્યું. તપસ્વીએ ઉપયોગ મૂકીને ભગવાનની આજ્ઞાનું પાલન કર્યું.

આમ જિનાજ્ઞામાં (જિનાજ્ઞાના પાલનમાં) ધર્મ છે અને જિનાજ્ઞાની ઉપેક્ષા કરવામાં કે જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં પાપ છે. કોઈ પૂછે કે ધર્મ શામાં ? તો સામાન્યથી એમ કહેવાય કે "અહિંસા, સત્ય, વગેરેમાં ધર્મ છે" પણ વિશેષથી (સૂક્ષ્મ-દૃષ્ટિથી) વિચારમાં આવે તો "જિનાજ્ઞામાં ધર્મ છે" એમ સમજાયા વિના ન રહે. અહિંસા વગેરે પણ ધર્મસ્વરૂપ તો જ બને કે જો તે જિનાજ્ઞા મુજબ હોય. જ્યાં જિનાજ્ઞા નથી ત્યાં અહિંસા દેખાતી હોય તો પણ તે વાસ્તવિક અહિંસા નથી. ધર્મ નથી. અભવ્યો અને દૂરભવ્યો ચારિત્રનો સ્વીકાર કરીને સુંદર રીતે અહિંસાદિને પાળે, તો પણ તે ધર્મસ્વરૂપ ન બને, કારણ કે તે જીવો લૌકિક સુખની આશંસાથી જ ચારિત્ર સ્વીકારે. ભગવાને લૌકિક આશંસાથી ધર્મ કરવાની ના કહી છે. આથી ત્યાં જિનાજ્ઞા નથી. આથી જ અભવ્ય–દૂરભવ્યોની અહિંસા પણ હિંસાના ફળવાળી હોય છે. આ વિષે અધ્યાત્મસારમાં કહ્યું છે કે–

હિંસાનુબન્ધિની હિંસા, મિથ્યાદૃષ્ટેસ્તુ દુર્મતેઃ ।
અજ્ઞાનશક્તિયોગેન, તસ્યાડહિંસાડપિ તાદૃશી ॥૪૯॥

"દુષ્ટમતિવાળા (અભવ્ય વગેરે) મિથ્યાદૃષ્ટિની હિંસા તો હિંસાનો અનુબંધ કરનારી છે જ, કિંતુ અહિંસા પણ હિંસાનો જ અનુબંધ કરનારી છે, અર્થાત્ તેની અહિંસા પરિણામે હિંસા વધારનારી બને છે. કારણ કે તેનામાં અજ્ઞાનતાનું બળ રહેલું છે" જિનાજ્ઞામાં જ ધર્મ હોવાથી જિનાજ્ઞા મુજબ જે પ્રવૃત્તિ થાય તેમાં કદાચ હિંસા વગેરે થઈ જાય તો પણ તે પરમાર્થથી પાપરૂપ ન ગણાય. જેમ કે–સાધુઓ જિનાજ્ઞા

પ્રમાણે યતનાપૂર્વક નદી ઉતરે ત્યારે તેમાં જીવોની હિંસા થતી હોવા છતાં પરમાર્થથી તે હિંસા ન ગણાય. કારણ કે તે હિંસા પણ અહિંસાનો અનુબંધ કરનારી બને છે. આ વિષે મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજે કહ્યું છે કે—

साधूनामप्रमत्तानां सा चाहिंसानुबन्धिनी ।
हिंसानुबन्धविच्छेदाद्, गुणोत्कर्षो यतस्ततः ॥५१॥

"અપ્રમત્ત મુનિઓની નદી ઉતરવા વગેરેની ક્રિયામાં થતી હિંસા અહિંસાનો જ અનુબંધ કરાવે છે. કારણ કે તે હિંસાથી હિંસાનો અનુબંધ થતો નથી અને (મમત્વનો અભાવ વગેરે થવા) ગુણોની વૃદ્ધિ થાય છે."

તેવી રીતે શ્રાવક જિનાજ્ઞા પ્રમાણે યતનાથી જિનપૂજા કરે ત્યારે તેમાં થતી હિંસા એ વાસ્તવિક હિંસા નથી. કારણ કે એ હિંસા પણ અહિંસાનો અનુબંધ કરાવે છે, અર્થાત્ એ હિંસાથી પરિણામે અહિંસાની પ્રાપ્તિ થાય છે. આ વિષે કહ્યું છે કે–

सतामस्याश्च कस्याश्चिद्, यतनाभक्तिशालिनाम् ।
अनुबन्धोह्य हिंसाया, जिनपूजादि कर्मणि ॥४८॥

"યતનાવાળા અને જિનપ્રત્યેની ભક્તિવાળા સમ્યગ્દૃષ્ટિ જીવોથી કરાતી જિનપૂજા વગેરેમાં થતી હિંસા પરિણામે અહિંસાના ફળવાળી થાય છે."

આમ ધર્મ જિનાજ્ઞામાં છે. જ્યાં જિનાજ્ઞા ત્યાં ધર્મ, જ્યાં જિનાજ્ઞા નહિ ત્યાં ધર્મ નહિ. માટે જેણે શુદ્ધ ધર્મ કરવો હોય તેણે જિનાજ્ઞા પ્રમાણે ધર્મ કરવો જોઇએ. જિનાજ્ઞા પ્રમાણે ધર્મ થઇ શકે એ માટે જિનાજ્ઞાને બરાબર સમજવાનો પ્રયત્ન કરવો જોઇએ. સાધુઓએ ગુરુની નિશ્રામાં રહીને વિધિપૂર્વક શાસ્ત્રોનો અભ્યાસ કરવો જોઇએ. શ્રાવકોએ દરરોજ ગીતાર્થ ગુરુના મુખે વિધિપૂર્વક શ્રાદ્ધવિધિ વગેરે શાસ્ત્રોનું શ્રવણ કરવું જોઇએ.

આજે જૈનસંઘમાં અનેક વિષયોમાં જે વિવાદો ચાલી રહ્યા છે તેના અનેક કારણોમાં જિનાજ્ઞાને સમજવામાં થતો પ્રમાદ મહત્ત્વનું કારણ છે. જો મતિસંપન્ન શ્રાવકો પ્રમાદ છોડીને જિનાજ્ઞાને સમજવાનો બરોબર પ્રયત્ન કરે તો અનેક વિવાદોનો અંત આવી જાય. આજે જૈનોમાં આજ્ઞાવાદને બદલે જમાનાવાદ વધતો જાય છે. પરિણામે ધર્મ-સ્થાનોમાં દૂષણો વધતા જાય છે, અને ધાર્મિક અનુષ્ઠાનોમાં વિકૃતિ વધતી જાય છે, આનાથી જૈનશાસનને મહાન નુકશાન થઇ રહ્યું છે. આ નુકશાનથી બચવા દરેક જૈને જિનાજ્ઞાને સમજીને જિનાજ્ઞાના પક્ષપાતી બનવું જરૂરી છે.

સૌ કોઇ જિનાજ્ઞાનું જ્ઞાન મેળવીને તેનું યથાશક્તિ પાલન કરવા દ્વારા શુદ્ધ ધર્મની આરાધનાથી શીઘ્ર મુક્તિપદને પામો એજ પરમ શુભેચ્છા.

卐 સો દવા એક હવા. 卐

—પૂ. આ. શ્રી વિજય વારિષેણસૂરીશ્વરજી મ. કલકત્તા

જ્યાં કોઇ વરઘોડો, કોઇ સરઘસ, કોઇ પ્રભાતફેરી, જોવો એટલે 'નારા' સંભળાય જ. નારામાં સર્વશ્રેષ્ઠ અહિંસા પરમોધર્મ તો હોય જ. શું ?

જૈન ધર્મ અહિંસા પરમોધર્મ માને છે તો પછી ઢગલા બંધ હિંસાની પ્રવૃત્તિઓ કેમ દેખાય છે. ?

હિંસામાં ધર્મ હોઇ શકે, ધર્મ શેમાં ત્યાગ, તપ કાયકષ્ટ જ્ઞાન ધ્યાન યોગમાં કે અહિંસામાં ધર્મ છે. ?

જિનશાસનને તો એક જ માન્ય છે. જિનાજ્ઞા પરમોધર્મ સો રોગ એક દવા જેવો નાનો કે મોટો ધર્મ હોય સફળ તેજ મોક્ષ તેજ, અપાવે જેમાં આજ્ઞારૂપી પ્રાણ છે. સો દવાથી ન થાય એક દવા આજ્ઞા શરીર ગમે તેટલું લષ્ટ પુષ્ટ હોય પણ પ્રાણ વિનાનું નિષ્ક્રિય તેમ ક્રિયા હજાર હોય. જમાલીના ત્યાગ જેવી, તામલીના તપ જેવી, કુંતીરાણીની ભક્તિ જેવી, ગોશાળાના કાયકષ્ટ જેવી બધી જ નિશ્ચેત છે વિના આજ્ઞા એ. ત્રણ પ્રકારના જીવો છે. આજ્ઞાથી, પ્રજ્ઞાથી સંજ્ઞાથી ચાલનારા છે. "આધાર છે આજ્ઞા, બાકિ ધૂળ ધાણી" જે માન્ય કરીને ચાલે તે જિનવાણી પામ્યો ગણાય, જ્ઞાની મનાય તેનું પાણી શાશ્વત શીતલતા અપાવે.

આજના યુગમાં જ્ઞાન વધ્યું છે પરંતુ આજ્ઞાનું માન ઘટતું જાય છે સૌ સૌને સર્વજ્ઞ માનતા થઇ ગયા છે. સગવડીયો ધર્મ શોધે છે. આજ્ઞા પાલન કરવામાં સહન કરવું પડે છે શરીરને કષ્ટ પડે છે પણ સિદ્ધિના સોપાન વગર સહન કરે ન મળે.

આજનો માનવી જન્મે જૈન થયો છે આજ્ઞા ખિસ્તી ગુરૂ પોપની માનતો થયો છે વ્યવહાર વેશ ખાન પાન ક્રિશ્ચિયન થયા છે. મોક્ષ મેળવવાની વાતો કેમ કરતા હશે કર્મ કેમ ખપતા હશે. ધર્મચુસ્ત થયા વગર 'તુમ આણા શિરધારી' બનાતું નથી. આજ્ઞાની આરાધના એ મોક્ષ છે વિરાધના એ સંસાર છે અનાદિના સંસારભ્રમણનું કારણ હવે સમજાય છે ને ?

૨૫૦૦ વર્ષ અગાઉ સર્વજ્ઞ પ્રભુએ જે આજ્ઞા ફરમાવી તેના અમલ થતા તો આપની સુધી નાની નાની ક્રિયામાં સૂત્રોને આરાધનાઓ ખેંચાઇ આવી છે. આપણે આરાધવા ભાગ્યશાળી બન્યા છે.

નાસ્તિક થઇને પ્રભુ આજ્ઞાની આરાધનાને આડંબર ન માની લેતા. પોલીસ હાથ કરે ને ઉભો રહે લાલ લાઇટ થાય ને ઉભો રહે પણ...

"आंख सर्व यु तो बहुत रोती है । मगर हरभुंद नहि मोती इती हो ।
मगर जो रोवे आज्ञाका अपालन देखके वो आंख से गिरे आंसु वो मोती है ॥

ક્રિયાઓછી હશે તો ચાલશે પણ આજ્ઞા ન પળાય તો આંસુ જરૂર પાડો જે મોતી બની જ્યોતિ વિકસાવશે.

...જિનાજ્ઞા માટે કેટલું માન છે આપનામાં, મિનાક્ષી મંદિરમાં લુંગી પહેરીને જાય ખ્રિસ્તિ ચર્ચમાં ખભા ઢાકીને જાય મુસ્લીમ નમાજમાં માથું ઢાંકીને જાય પણ જિનાજ્ઞા આવે તો કહે ચાલે, સો ક્રિયારૂપી દવા કરતા એક આજ્ઞા પાલનની દવાને રાખો તંદુરસ્ત થશો. પાંદડુ ડાળ સાથે રહે ત્યાં સુધી માન પામે છૂટુ પડે તો કાંટામાં ફસાય, પતંગ દોરા સાથે હોય તો ઉંચે જાય દોરો કપાય કે પતંગ જંગલમાં ફસડાય, સોય ગમે ત્યાં પડે પણ અંધારે મળી જાય જો તે દોરાને લાગેલી હોય તો, ડોલ બાલડી કુવો ગમે તેટલી ઉંડે ગયેલી ઉપર આવે છે જો તે દોરડાથી બંધાયેલી છેડો હાથમાં માલિકના હોય તો,.....વાણીશૂરા ઘણા હોય છે પણ પાણીશૂરા આજ્ઞા પાલકસૂરા ઓછા કઠિન છે આજ્ઞા પાળવા માટે મન મક્કમ જોઇએ છે, જે થશે તે ચાલશે, જિનआज्ञा शिरो धार्यो वगर केम रहेवाय.

આજના વિષમ યુગમાં જિનાજ્ઞા પાળવા માટે ત્યાગી મુનિવરો ૩૦–૩૦ કિલો મીટર ચાલીને નિર્દોષ જલ વાપરે છે, રાત્રિ ભોજન ત્યાગી પ્રભુ આજ્ઞા પાળવા કઈ પુણ્યાત્મા ત્રણ સમયનું ટિફીન લઇને જાય છે મોરારજી દેશાઇ અહિંસાના ચુસ્ત પાલન માટે રસીન મૂકાવે હિંસક દવા ન વાપરે, લાલબહાદુર શાસ્ત્રી, પણ ગર્વથી બોલે હું દારૂ નથી પીતો સાથે બા પણ નથી પીતો.

ગમે તેવા ટાઇફોડમાં ૬ વર્ષનો પરેશ પ્રભુ પૂજાની આજ્ઞાને પાળવા મક્કમ રહે છે. તો સંસ્કારી માના બે પુત્રો જીવનમાં કયારે પણ રાત્રિ ભોજન ન કરવાના દૃઢ હિમાયતી છે, ભણવા જેવી સંસ્કારી આજ્ઞા પ્રેમી યુવતીઓ છે જે લગ્નના સુખ કરતા સંયમના સુખને સહર્ષ સ્વીકારે છે. લોકમાન્ય ટિળક કહે સ્વતંત્રતા મારો જન્મ સિદ્ધ હકક છે તેમ સાચો પરિણત જૈન સાધુ યા શ્રાવક કહેશે જિનાજ્ઞા મારો જન્મ સિધ્ધ હકક છે જિનાજ્ઞાના પાલન માટે જિનાગમ ને શિરોધાર્ય કરવાજ પડશે.

પ્રભુની ભકિત કરે ગુરૂની સેવા કરે મા બાપની ચાકરી કરે પણ જો તેમની વાત ન માને આજ્ઞા ન માને તો કેવો કહેવાશે ? આજે આજ્ઞા લોપાય રહી છે. આજ્ઞાને સમજવામાં ઘણી બુદ્ધિ ચાતુર્ય જોઇએ છે તે ભૂલો એકાંતવાદી તત્ત્વ ન પામે તે પણ સમજવા જેવું છે.

પતિને પત્નીએ કહ્યું તમારી ૨૦ આજ્ઞા માનું બાદ નહિ ને મહેમાન આવ્યા ને આગતા સ્વાગતા ને જમવાનું ચાલ્યું ત્યાં ૨૦ પુરી થઇને પતિને અપમાનિત કરી મૂકયો આજ્ઞા માનવા વિવેક જરૂરી છે સાથે ધ્યાન રાખશો.

: આજ્ઞાની આધીનતા કેળવો :

—પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા,

શુધ્ધ માર્ગને પામવા માટે, શુદ્ધ માર્ગદર્શક શોધવા પડે, જે જે માર્ગદર્શક તરીકે ઓળખાતા હોય તેમાંથી કોણ વિષયની વાસનાથી ને કષાયોથી સર્વથા મુકત બનેલા છે એની તપાસ કરવી પડે. કારણ કે– 'પુરૂષ વિશ્વાસે વચન વિશ્વાસ:' જેના વચનને અનુસરવું હોય તેનામાં એવો વિશ્વાસ પેદા થવો જોઇએ કે આ એવા કોઇપણ દોષથી યુકત નથી, કે જે દોષને કારણે આના વચનમાં ખોટાપણું આવે. દોષ હોય, તો વચનમાં ખોટાપણું લાવવાની ઇચ્છા ન હોય તો પણ ખોટાપણું આવી જાય, તેવું ય બને ને ? માટે, પહેલો નિર્ણય માર્ગદર્શક વિષે કરવો પડે. તમે એવા નશીબ દાર છો કે તમને જન્મથી જ દેવ તરીકે ભગવાન શ્રી જિનેશ્વર દેવને માનવાનું મળ્યું છે. તમારો જન્મ એવા કુળમાં થયો છે કે જે કુળમાં 'આપણાં દેવ તો વીતરાગ' વગેરે વાતોને સાંભળવા પ્રાયઃ મળ્યા વિના રહે નહિ. તમે આવું સાંભળેલું ને !

ભગવાન શ્રી જિનેશ્વરદેવ તો રાગાદિ દોષોથી સર્વથા મુકત બન્યા પછી જ તીર્થની સ્થાપના કરે છે ને ? એટલે, એ તારકના શરણને જે કોઇ સ્વીકારે, તે મુકિતને પામ્યા વિના રહે જ નહિ ને !

તમારે પણ શ્રી વીતરાગ પરમાત્માનાં ચરણોનો જ શરણ તરીકે સ્વીકાર કરવો છે ને ! તમે જે કલ્પાના સુખને ઇચ્છો છો, તે કલ્પાના સુખને જો તમારે પામવું જ હોય, તો એને માટે આ સિવાયનો કોઇ ઉપાય જ નથી. આ ઉપાયને સેવ્યા વિના, દુઃખથી તમે ચાહે તેટલા ડરો અને ગમે તેના શરણને સ્વીકારો, તો પણ દુઃખથી છુટી શકવાના જ નથી.

શ્રી વીતરાગ પરમાત્માનાં ચરણોના શરણને સ્વીકારવું, એટલે ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને અનુસરીને જ જીવવું.

પરમતારક ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ ઉપદેશેલા ધર્મનો મર્મ, ધર્મનો પ્રાણ, ધર્મનું હૃદય, ધર્મનું રહસ્ય, ધર્મનો સાર, ધર્મનું ઐદંપર્ય જિનાજ્ઞા છે, જિનાજ્ઞાનું પાલન છે. જિનાજ્ઞારહિત ધર્મ આરાધનાની કુટી કોડી જેટલી કે કડવી બદામ જેટલી પણ કિંમત નથી. **સંબોહ સત્તરીમાં પણ કહ્યું છે કે–**

आणाइ तवो आणाइ, संजमो तह य दाणमाणाए ।
आणारहिओ धम्मो, पलाल पुलव्व पडिहाइ ।।

અનશનાદિ બાર પ્રકારનો તપ, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબનો હોય તો જ સફળ છે. તપ માટે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા છે કે– તેવો જ તપ કરવો કે જેથી મન આર્તધ્યાનમાં ન ચઢે, ઇન્દ્રિયોની હાનિ ન થાય અને આરાધનાના અન્યયોગો સિદાય નહીં. વળી પરમાત્માએ ફરમાવ્યું છે કે- **આ લોકના કોઇ સુખની અભિલાષાથી તપ ન કરવો. પરલોકના કોઇ સુખની અભિલાષાથી તપ ન કરવો. કોઇ કીર્તિ વગેરેની અભિલાષાથી તપ ન કરવો. એકમાત્ર કર્મની નિર્જરા માટે જ તપ કરવો.**

જિનાજ્ઞા પરમો ધર્મ :

-પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય ચિત્રાનંદસૂરીશ્વરજી મ. ભાયખલા મુંબઇ–૨૭

સત્તર પ્રકારનો સંયમ પણ શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞા મુજબનો હોય તો જ સફળ છે. સંયમ, આત્મામાં આવતાં નવા કર્મકચરાને રોકવા માટે સમર્થ છે. અને

ઉત્તમપાત્રમાં દાન પણ, ન્યાયથી મેળવેલા આહાર–વસ્ત્રાદિનું શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબનું હોય તો જ સફળ છે. દાન માટે પ્રભુની આજ્ઞા છે કે– **આ લોક–પરલોકના સુખની ઇચ્છા વગર શ્રદ્ધાથી રોમાંચિત શરીરવાળા બની માત્ર કર્મક્ષય માટે જ સુપાત્રમાં દાન આપવું.**

અર્થાત્ આજ્ઞા વગરના તપ, સંયમ કે દાનધર્મ ઘાસના પુળા જેવા નિષ્ફળ છે, અસાર છે.

તામલી તાપસે ૬૦ હજાર વર્ષ સુધી પારણામાં, ૨૧ વખત ધોયેલા ચોખા વાપરીને છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ કર્યો. તો પણ જિનાજ્ઞા રહિત એ અજ્ઞાનતપ હોવાથી બહુ અલ્પ ફળ આપનારો બન્યો. **આજ્ઞાનું ખંડન કરનારો આત્મા ત્રિકાળ મહાવિભૂતિ પૂર્વક, આડંબર પૂર્વક શ્રી વીતરાગ ભગવંતની પૂજા કરે તો પણ તેની એ પૂજા નિરર્થક છે.** શ્રી વીતરાગ પરમાત્માની પૂજા માટે જે વિધિથી સ્નાન કરવાની

આજ્ઞા છે, જે વિધિથી વસ્ત્ર પરિધાન કરવાની, મુખકોશ બાંધવાની, પ્રભુ પ્રતિમાના પ્રમાર્જનની, અભિષેકની અને વિલેપનની આજ્ઞા છે એનું અવશ્ય પાલન કરવું જોઈએ.

રાજાની આજ્ઞાનો ભંગ કરવાથી આ લોકમાં બહુ બહુ તો એકવાર મરણનું દુઃખ ભોગવવું પડે છે, પરંતુ અનંત કરૂણાના સાગર શ્રી જિનેશ્વર પરમાત્માની આજ્ઞાનો ભંગ કરવાથી અનંતીવાર જન્મ-મરણ આદિનાં દુઃખો ભોગવવાં પડે છે. **અવિધિથી કરેલું ભોજન જેમ માણસનો વિનાશ કરે છે, તેમ જિનાજ્ઞા ભંગરૂપ અવિધિથી કરેલો ધર્મ, સંસારની વૃદ્ધિ કરે છે !**

નિશીથચૂર્ણિમાં કહ્યું છે કે- વગર કારણે અવિધિરૂપ અપવાદના સેવનથી આજ્ઞાભંગ, અનવસ્થા અને મિથ્યાત્વ આ ત્રણ દોષો નિશ્ચિતપણે લાગે છે. જો કે- આગમમાં કહેલો બધો જ વિધિમાર્ગ આ કાળમાં આપણા જેવા રાંક જીવોથી પાળવો અશકય છે... છતાં પણ વિધિ માટે પ્રયત્ન તો કરવો જ જોઇએ. **વિધિમાર્ગ મુજબ ધર્મ આરાધના કરવાનો અધ્યવસાય પણ મોક્ષફળનું કારણ છે.** ધર્મરૂપી કલ્પવૃક્ષનું બીજ પણ આજ્ઞા જ છે. ક્ષેતરાં ખાંડવાં, મડદાને સુવર્ણ વગેરેના દાગીના પહેરાવવા અને શૂન્ય અરણ્યમાં દુઃખી માણસનું રડવું-એ જેમ નિષ્ફળ છે, તેમ ભગવાનની આજ્ઞા વિનાનું જિનપૂજન આદિ અનુષ્ઠાન નિષ્ફળ છે. તેથી જ સેંકડો ભવોના ભયથી ભયભીત જીવોને જિનાજ્ઞાનો ભંગ ન થઇ જાય તેનો ભારેમાં ભારે ભય હોય છે. જેમને ભવભ્રમણનો ભય નથી તેઓને જિનાજ્ઞાનો ભંગ કરવો એ રમત છે...!

વાચક પ્રવર શ્રી માનવિજયજી મહારાજે કહ્યું કે- હે ભગવન્! તારી પાસે જે અનંત ચતુષ્ટયનો ખજાનો છે, એ જ અનંત ચતુષ્ટયનો ખજાનો મારી પાસે પણ છે... પરંતુ વચમાં કર્મના આવરણોની ભીંત છે. તપ-જપ અને સંયમની ક્રિયાના 'મોગર' થી એને તોડવાનો પ્રયત્ન કરવા છતાં એ તુટતી નથી. તારી આજ્ઞા વગરના તપ-જપ-ક્રિયાથી એ ભીંત શેં તુટે ? પણ તારી આજ્ઞા શિરોધાર્ય કરવાથી ઘડીના છઠ્ઠા ભાગમાં એ તોતીંગ દીવાલ (ભીંત) જમીન દોસ્ત થઇ જાય !

આ છે જિનાજ્ઞાનું અદ્‌ભુત અતિશય મહત્વ !

સંબોહસત્તરીકાર ફરમાવે છે કે- એક સાધુ-એક સાધ્વી એક શ્રાવક અને એક શ્રાવિકા પ જો આજ્ઞાયુકત હોય તો તે સંઘ છે, બાકી હાડકાનો માળો છે ! એશ આરામના પ્રેમી, સ્વછંદપણે વર્તનારા, મોક્ષમાર્ગના વૈરી, જિનાજ્ઞાથી ભ્રષ્ટ; કદાચ સેંકડો હજારો-લાખો માણસો ભેગા થયા હોય તો પણ તેને સંઘ ન કહેશો.

કલિકાલ સર્વજ્ઞ હેમચન્દ્રસૂરીશ્વરજી મ. ફરમાવે છે કે- આરાધેલી

આજ્ઞા મોક્ષને માટે થાય છે, વિરાધેલી આજ્ઞા સંસાર પરિભ્રમણનું કારણ બને છે.

પંચસૂત્રકાર મહર્ષિ, ધર્મની નિશાળમાં દાખલ થયેલા જીવને માર્ગદર્શન આપતાં કહે છે કે- (૧) એ જીવ આજ્ઞાનો ગ્રાહક થાય. અર્થાત્ જિનાગમના અધ્યયન શ્રવણ દ્વારા આજ્ઞાને સમજનારો થાય. (૨) ચિંતન દ્વારા આજ્ઞાને હૃદયમાં ભાવિત કરનારો થાય. આજ્ઞાને ભાવિત કરવા માટે આવશ્યનિર્યુક્તિમાં આપેલા બે શ્લોકો દ્વારા આજ્ઞાની ૧૩ વિશેષતાઓ ઉપર વિચાર કરે ! અને યથાશક્તિ આજ્ઞાને અમલમાં મૂકી, આજ્ઞાને પરતંત્ર રહે !!

કારણ કે- **આજ્ઞા મોહવિષને દૂર કરવા માટે પરમ મંત્રરૂપ છે.** દ્વેષાગ્નિના ભડકે બળતા અગ્નિને બુઝવવા માટે આજ્ઞા પાણીનું કામ આપે છે. કર્મવ્યાધિને દૂર કરવા માટે આજ્ઞા એ ચિકિત્સાશાસ્ત્ર છે. અને આજ્ઞા નિશ્ચિતપણે મોક્ષફળને આપનાર કલ્પવૃક્ષ છે !

ધર્મની નિશાળમાં દાખલ થયેલો એ ધર્માર્થી જીવ, અધર્મમિત્રોનો અકલ્યાણમિત્રોનો ત્યાગ કરે, લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ કરે, લોકો પ્રત્યે કરૂણાભાવવાળો બને, કોઇ અનુચિત વર્તનથી ધર્મની નિંદા ન કરાવે. અને સત્કાર-સન્માન વગેરે દ્વારા એ ધર્મમિત્રોની સેવા કરે ! એ ધર્મમિત્રો કોઇ તારક આજ્ઞા ફરમાવે એવી ઇચ્છા રાખે, આજ્ઞા કરે ત્યારે આજ્ઞાનો આદર પૂર્વક સ્વીકાર કરે, એ આજ્ઞાની વિરાધના ન કરે, ઔચિત્ય પૂર્વક આજ્ઞાનું પાલન કરે !

આ રીતે જીવને મોક્ષમાર્ગની આરાધનામાં, આરાધનાના યોગોમાં, આજ્ઞા-જિનાજ્ઞા તાણાવાણાની જેમ વણાયેલી હોય છે.

જ્ઞાનયોગ અને જિનાજ્ઞા : જ્ઞાનયોગની સાધનાને શિખરે પહોંચાડનાર જિનાજ્ઞા છે. તત્ત્વ સાંભળવું તે **શ્રુતજ્ઞાન** છે. તેને પાણીની અથવા કોઠીમાં રહેલા બીજની ઉપમાં વરેલી છે. સાંભળેલા ઉપર ચિંતન કરવું એ ચિંતાજ્ઞાન છે. એને દૂધની અથવા પાણીમાં વિસ્તરેલા તેલની ઉપમા વરેલી છે. સાંભળેલા અને ચિંતન કરેલા જ્ઞાનના રહસ્ય સુધી પહોંચવું તે **ભાવનાજ્ઞાન** છે. એને અમૃતની અથવા અશુધ્ધ જાત્યરત્નની ઉપમા વરેલી છે. ભાવના જ્ઞાનનાં રહસ્યને શોધવું-પામવું એટલે અનંત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વર દેવોએ કહેલા ફરમાનો આજ્ઞાઓનો મર્મ સમજવો. અને તે તે આજ્ઞાઓ અચૂક કલ્યાણકારિણી છે એવા દૃઢ નિર્ણય ઉપર આવવું. આ રીતે જ્ઞાનયોગનું અંતિમ શિખર જિનાજ્ઞાની ઉપાદેયતાની હૃદયમંદિરમાં પ્રતિષ્ઠા થવી તે છે.

શબ્દાર્થ, વાકયાર્થ, મહાવાકયાર્થ અને ઐદંપર્યાર્થ આ ચાર જ્ઞાનયોગની ચરમસીમાએ પહોંચવા માટેના 'માઇલ સ્ટોન' છે. ઐદંપર્યાર્થ સુધી પહોંચ્યા એટલે

જ્ઞાનયાત્રા પૂર્ણ થઈ ! કેટલાકની જ્ઞાનયાત્રા, શબ્દાર્થમાં અટકી જાય છે. કેટલાકની વાકયાર્થમાં અટકી જાય છે. કેટલાકની મહાવાકયાર્થમાં અટકી જાય છે. કોઇ વિરલ જ્ઞાનયોગી જ ઐદંપર્યાર્થ સુધી પહોંચી શકે છે.

કોઈ જ્ઞાનયોગી શબ્દોના અર્થમાત્ર કરી જાણે છે. કોઇ જ્ઞાનયોગી શબ્દાર્થ પછી એની સામે તર્ક-વિતર્ક કરે છે, પ્રશ્નોની ઝડીઓ વરસાવે છે. એ વાકયાર્થનો સાધક જ્ઞાનયોગી છે. મહાવકયાર્થમાં તર્ક-વિતર્કના અને અટપટા સવાલોના સત્ય, સચોટ જવાબ મળે છે. અને **ઐદંપર્યાર્થને પામેલો જ્ઞાનયોગી** "આણા-એ-ધમ્મો ના દૃઢ નિર્ણયનો સાધક જ્ઞાનયોગી બને છે. આ પ્રાચુના ભોગે પણ જિનાજ્ઞા પાલનનું અખૂટ બળ મેળવે છે ! સૌ આપણેઆજ્ઞાધર્મના મર્મને આત્મસાત્ કરવા પ્રકૃષ્ટ પુરૂષાર્થ કરીએ!

❀ ❀ ❀

પરિશિષ્ટ : પૂ. આ. વિ. મિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજના લેખનું અનુસંધાન.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાનું સ્થાન-માન સામાન્ય કોટિનું નથી. અસાધારણ છે. પ્રાણના ભોગે પણ એ આજ્ઞાના પાલનનું બળ પેદા કરવા કોઇની પણ શેહ-શરમમાં તણાયા વગર જીવનમાં એ આજ્ઞાને જીવવા, પ્રમાદને પરવશ બન્યા વગર એ આજ્ઞાની વાટે ચાલવા; એ આજ્ઞાનું ધ્યાન કરવું જોઇએ. ધર્મધ્યાનના ચાર પાયામાં 'આજ્ઞા વિચય ધ્યાન' પહેલો અને મહત્વનો પાયો છે. મોક્ષાર્થીએ એ આજ્ઞાની ગરિમા જે બે આવશ્યક નિર્યુક્તિની ગાથાઓમાં કહેલા મુદ્દાઓના ધ્યાનથી અંતરમાં વસાવવાની છે. આ રહી તે બે ગાથાઓ—

सुनिउणमणाइणिहणं, भूयहियं भूयभावणमहग्घं !
अमियमजिअं महत्थं, महाणुभावं महाविसयं ॥१॥

आइज्जा णिखज्जं जिणाणमाणं जगप्पइवाणं !
अणिउणजणदुण्णेयं, नयभंगपमाणगमगहणं ॥२॥

(૧) **સુનિપુણજિનાજ્ઞા**— અહો જિનવચન કેવું સુનિપુણ છે. અર્થાત્ સૂક્ષ્મ-તત્વો અને એના પર્યાયોનું સત્ય-સચોટ પ્રતિપાદન કરનારૂં છે. (૨) **અનાદિ નિધાન-જિનાજ્ઞા**— અહો જિનવચન કેવું ઉત્પત્તિ-વિનાશ વિનાનું સદાકાળ સ્થાયી છે, શાશ્વત છે ત્રિકાલાબાધ્ય છે ! (૩) **ભુતહિતા જિનાજ્ઞા**— ભૂતોને એટલે કે પ્રાણીઓને જિનાજ્ઞા કેવી હિતકારિણી છે. એકેન્દ્રિયાદિ કોઇપણ જીવની હિંસા ન કરવી એ જિનાજ્ઞાનું પાલન કરનારા આત્માઓ સર્વ જીવોને અભયદાન આપે છે ! અથવા મોક્ષ-

માર્ગની આરાધનાનું ફરમાન કરતી જિનાજ્ઞાના પ્રભાવે જીવો સંસારની વિટંબણાથી છૂટી સિદ્ધ–બુદ્ધ–મુકત બને છે. અહો જિનાજ્ઞા જીવોને કેવી કલ્યાણકર છે ! (૪) **ભુત ભાવના જિનાજ્ઞા :** અહો જિનાજ્ઞા ભૂત–સદ્‌ભુત પદાર્થોના સત્યસ્વરૂપની કેવી ભાવના વિચારણા કરાવનારી છે ! અથવા ભૂતભાવના એટલે જીવોએ જિનાજ્ઞા ચિત્તમાં ભાવિત કરવા જેવી છે ! (૫) **અનર્ઘ્ય જિનાજ્ઞા :** જિનવચનની અમૂલ્યતાનો વિચાર કરે અથવા જિનવચન કેવું ઋણદાન–કર્મને હણનારું છે તેનો વિચાર કરે. (૬) **અમિતા જિનાજ્ઞા :** જિનાજ્ઞા અમિતા–પાર ન પામી શકાય એવી છે અથવા અમીતા એટલે અમૃત જેવી છે. (૭) **અજિતા જિનાજ્ઞા :** અહો જિનાજ્ઞા ઇતરધર્મના વચનોથી કેવી અપરાજિત છે, અજેય છે, અકાટ્ય છે. (૮) **મહસ્થ જિનાજ્ઞા :** અહો જિનવચન કેવું મહાર્થ છે ! કેવું મહત્સ્થ છે ! કેવું મહાસ્થ છે ! (૯) **મહાનુભાવા જિનાજ્ઞા :** અહો જિનાજ્ઞા કેવી મહાસામર્થ્યવાળી, મહાપ્રભાવશાળી છે ! (૧૦) **મહાવિષયા જિનાજ્ઞા :** જિનવચનનો શ્રુતજ્ઞાનનો વિષય જગતના સર્વ પદાર્થો છે... (૧૧) **નિરવદ્યા જિનાજ્ઞા :** અહો પ્રભુની આજ્ઞા કેવી નિરવદ્ય છે, કેવી નિર્દોષ છે, એમાં કોઇ પાપનો આદેશ કે ઉપદેશ ના હોવાથી કેવી નિષ્પાપ છે ! અવ્યાપ્તિ–દ્વિરૂક્તિ તુચ્છ શબ્દો વગેરે વચનના ૩૨ દોષમાનો એક પણ દોષ પ્રભુના વચનમાં નથી ! (૧૨) **અનિપુણજનદુર્જ્ઞેયા જિનાજ્ઞા :** ભગવાન જિનેશ્વર પરમાત્માનાં વચનો ગહના છે. રહસ્યમય છે. બુદ્ધિની નિપુણતા, સૂક્ષ્મતા, વિશાળતા અને સ્થિરતા હોય તો જ સમજી શકાય તેવા છે. તેથી જ કુમતિવાળા જીવો એની ગહનતા, કલ્યાણ કારિતા સમજી શકતા નથી. (૧૩) **નય–ભંગ–પ્રમાણ–ગમગહના જિનાજ્ઞા :** અહો શ્રી જિનવચન નય–ભંગ–પ્રમાણ અને ગમથી કેવું ગહન છે– ગંભીર છે.... આ રીતે જિનાજ્ઞાના ચિંતનમાં એકાગ્ર બની જવું તે આજ્ઞાવિચય ધ્યાન છે. પ્રત્યેક મોક્ષાર્થી આત્માએ આજ્ઞાના ભાવક થવા માટે આવું સુંદર ધ્યાન–એકાગ્રપણે ચિંતન કરવું અનિવાર્ય છે.

પ્રોપર મુંબઇમાં શ્રી મહાવીર શાસન તથા જૈન શાસન
લવાજમ આદિ ભરવાનું સ્થળ.
શ્રી હરખચંદ ગોવીંદજી માર
આશીષ કોરપોરેશન, ખોટાવાલા બિલ્ડીંગ,
૨૭/૩૧ જુની હનુમાન ગલી, મુંબઇ–૨
ફોન. ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૯
(બપોરે ૧–૩૦ થી રાત્રે ૮–૦૦ સુધી)

દેવાધિદેવ શ્રી અરિહંત ભગવંતનાં ઉપકાર સમસ્ત સંસાર પર એક સરખી રીતે છે. અકારણ હિતવત્સલ તેઓએ જગતને જીવવાનો માર્ગ દર્શાવી, સંસારને ધર્મ-સંજીવિની આપી છે. તેમના અનંત ઉપકારોનું ઋણ કેમેય વાળી શકાય તેમ નથી, તેમણે દર્શાવેલા ધર્મ માર્ગે ચાલી, તેઓની આજ્ઞાનું આરાધન કરવા સિવાય સંસારના દુઃખોને પાર કરવા માટે અન્ય કોઇ તરણોપાય નથી.

દેવાધિદેવ શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞાના બહુમાનને જીવનમાં પ્રાપ્ત કરવા, તેમની પૂજા, ભક્તિ અને સેવના એજ સાચો માર્ગ છે. શ્રી તીર્થંકર પરમાત્માની શમ-રસમય ભવ્ય મૂર્તિની પૂજા-અર્ચના દ્વારા ભક્ત આત્માઓ પોતાના બહુમાન ભાવને વધુ સુસ્થિર બનાવે છે. દ્રવ્ય પૂજાથી ભાવપૂજા કરવાને માટે પૂજક પોતે હૃદયના નિર્મલ ભાવથી સદા ઉત્સુક રહે છે. પરંપરાએ પરમાત્માનો પૂજક ભક્ત, પરમાત્માના માર્ગનો અનન્ય આરાધક બને છે.

દેવાધિદેવની ઉપાસના-આજ્ઞા

-સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયકનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

આ માટે દયાના જળથી સ્નાન કરી પૂજક સંતોષરૂપ શુભ વસ્ત્રોને ધારણ કરે છે વિવેક તિલકથી પૂજક પોતાના ભાલસ્થળ ને શોભાયુકત કરીને શુભ ભાવનાઓથી પવિત્ર તે ભાવિક, ભક્તિ રૂપ ચંદનથી મિશ્રિત શ્રદ્ધા-કેશરના ઘોળણાથી શ્રી અરિહંત-દેવની પૂજા કરવાને તત્પર બને છે. પૂજ્યતમ પરમાત્માની સેવા-ભક્તિ કરનાર ભાવિકનાં હૃદય સરોવરમાં દયાભાવના પવિત્ર-નિર્મલ ઝરણાઓ સતત વહેતાં જ રહે છે અને દ્રવ્ય તથા ભાવ કરૂણાના જલ સ્રોતથી નિરંતર પરિપૂર્ણ તે ભવ્ય આત્મા વિવેક પૂર્વક જીવન જીવનારો હોય છે.

જગદ્બંધુ જિનેશ્વરનો ભક્ત જાતના અનન્ય સમર્પણ પૂર્વક અર્પિતભાવે પ્રભુ-ભક્તિને આચરનારો હોય, આથી જ શ્રદ્ધા તથા બહુમાન ભાવ તેના આત્મામાં અખંડ-પણે રહેલો હોય. સુદેવ, સુગુરૂ તથા સદ્ધર્મને જાણી, સમજી તેના પ્રત્યેની શ્રદ્ધા, અપૂર્વ બહુમાનભાવ તેમજ અદ્ભૂત નિષ્ઠાથી તેની સેવા કરવા એ સદા સર્વદા ઉત્સુક રહે. એને મન જગતની સઘળી રિદ્ધિ, સિદ્ધિ કે સમૃદ્ધિ આ તત્વત્રયીની આગળ તૃણવત્ છે. 'સે અટ્ઠેસે પરમટ્ઠે' સે સે અણુટ્ઠે' આજ અર્થ છે, આજ પરમાર્થ છે. એ સિવાય અન્ય સઘળું અનર્થરૂપ છે.' આ આત્મશ્રદ્ધા અરિહંત દેવના સેવક ભક્તના હૃદયમાં નિશદિન રમમાણ હોય. આવી અનન્ય આત્મનિષ્ઠાના પ્રભાવે સંસાર સાગરના મહાદુઃખો ને તરીને પાર કરવાનું અલૌકિક આત્મસામર્થ્ય તે પુણ્યવાન આત્માને અવશ્ય પ્રાપ્ત

(અનુ. પેજ ૪૦ ઉપર જુઓ)

"આણાએ ધમ્મો"

-પૂ. મુનિરાજશ્રી દિવ્યાનંદ વિજયજી મ.

અનાદિ કાળથી કર્મથી અત્યંત જકડાયેલો આત્મા ચારે ગતિમા પરિભ્રમણ કરી કરીને અનેક દુઃખો, અનેક કષ્ટો, અનેક યાતનાઓ ને સહન કરી રહ્યો છે અને તેમાં પણ તે આત્મા એક એક ગતિમાં ચાર સંજ્ઞામાંથી કોઇ એક સંજ્ઞાને આધિન બની વધારે ને વધારે દુઃખ ભોગવી રહ્યો છે. પણ જ્યાં સુધી આત્માને ઓળખાવનારો પરમ તારક પરમાત્માનો ધર્મ પ્રાપ્ત થતો નથી અને પરમ તારક પરમાત્માની આજ્ઞાને આધિન બની જીવન જીવતો નથી ત્યાં સુધી કર્મો તેનો છેડો છોડતા નથી.

હવે જો આત્માને કર્મના બંધનથી મુકત બનાવવો હોય અને આત્માના જે મૌલિક ગુણો જેવા કે અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર, અને અનંત વીર્ય પ્રગટ કરવુ હોય તો તેને પોતાનું જીવન કેવળ જિનઆજ્ઞાને આધિન બનાવવું જોઇએ. એટલા માટે જ ન્યાય વિશારદ મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબે પરમ તારક પરમાત્માના ગુણ સ્તવનામાં ગાયું કે– "**જિન તેરે ચરણકી શરણ ગહું, હૃદય કમળમે ધ્યાન ધરત હું. શિર તુજ આણા વહું**" ચાર જ્ઞાનના સ્વામી ચરમ તીર્થપતિ મહાવીર ભગવાનના પ્રથમ ગણધર શ્રી ઇંદ્ર ભૂત ગૌતમ મહારાજા પરમ તારક પરમાત્માની આજ્ઞાને શિરોધાર્ય કરીને જ સંસાર પારગામી બન્યાં.

એકવાર જંગમ કલ્પતરૂ સમાન મહાવીર પરમાત્મા પૃથ્વી તળને પાવન કરતા વિહરતા હતા સાથે ગણધરાદિ મુનિ ભગવંતો પણ હતા તે વખતે પરમ તારક પરમાત્માએ ગૌતમ મહારાજા પ્રત્યે કહ્યું કે હે વત્સ ! જે આ ખેડૂત ખેતરમાં ખેતી કરી રહ્યો છે તેને તું સત્વર જઇને પ્રતિ બોધ કર. આ પ્રમાણે પ્રભુની આજ્ઞા થતા તે આજ્ઞાને ગણધર મહારાજાએ શિરોમાન્ય કરીને તે ખેડૂતની પાસે આવ્યા. અને કહેવા લાગ્યા કે હે ભદ્ર ! તને સમાધિ વર્તે છે ને ? વિગેરે ઉપદેશ આપી પ્રતિબોધ કરીને દીક્ષા આપી અને પ્રભુના ગુણસ્તવના કહેવા લાગ્યા, વિગેરે અહિંયા કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે ચાર જ્ઞાનના ધણી હોવા છતાં પોતાના જ્ઞાનનો ઉપયોગ નહિ મુકતા કેવળ પરમાત્મા એવા પ્રભુની આજ્ઞાને શિરોમાન્ય કરી અને આજીવન પ્રભુની આજ્ઞાને આધિન બની પોતાના જીવનને સફળ બનાવ્યું અને અંતે સર્વ કર્મનો ક્ષય કરી શાશ્વત સુખના ભોકતા બન્યા.

તેમ જે આત્મા પરમાત્માની આજ્ઞાને આધિન બની જીવન જીવે છે તે આત્મા થોડા કાળમાં ચારે ગતિના ભવ ભ્રમણનો નાશ કરી સંસાર પારગામી બની અક્ષય સુખના સ્થાનને પ્રાપ્ત કરે છે. તે માટે જ કલિકાળ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર સૂરીશ્વરજી

મહારાજાએ વીતરાગ સ્તોત્રમાં કહ્યું કે– "आज्ञाऽऽराद्धा विराद्धा च, शिवाय च भवाय च" જે પ્રભુની આજ્ઞાની આરાધના કરે છે તે મોક્ષને પામે છે અને વિરાધના કરનારો સંસારમાં પરિભ્રમણ કરે છે.

માટે જ કહેવામાં આવ્યું છે કે જે ચાર સંજ્ઞામાંહથી કોઈ એક સંજ્ઞાને પ્રધાન રાખીને જીવન જીવે છે તે જીવ છે. પોતાની બુધ્ધિ પ્રજ્ઞાને પ્રધાન રાખીને જીવન જીવે છે તે જન છે પણ જે પરમાત્માની આજ્ઞાને જ સન્મુખ રાખીને જીવન જીવે છે તે જ ખરો જૈન છે. અને તેજ જિન બની શકે છે.

તેથી જ દરેક મોક્ષના અર્થી આત્માએ પરમાત્માની આજ્ઞાને આધિન બની જીવન જીવવા પ્રયત્ન કરવો. અસ્તુ.

(દેવાધિદેવની ઉપાસના–આજ્ઞા–પેજ ૩૮ નું ચાલુ)

થાય છે. અરેખર ભક્તિ એ મહામૂલ્ય રસસિદ્ધિ છે. પાથરને પણ પારસ બનાવવાની તાકાત આ પ્રભુભક્તિમાં રહેલી છે.

પ્રભો ! અનન્ય પ્રેમ. અદ્‌ભુત આત્મસમર્પણ તથા અનુપમ સેવાભાવે તારી પૂજા ભક્તિ કરવાનું સામર્થ્ય મારા જેવા હીનહીન પામર જનમાં પ્રગટો ! એજ હે દેવાધિ-દેવ ! તારા ચરણોમાં મારી વિનમ્ર પ્રાર્થના.

છઠ્ઠા વરસના પ્રારંભે....

–અમીષ આર. શાહ –હર્ષીત એન. શાહ

છ ક્ષાને ગયેલી વાત જલ્દી ફેલાય છે. ગંભીરતા નથી.
ઠ્ઠા ઠ માઠથી રહેનાર ને કોઈદિ' પગે ચાલવું પડશે. અભિમાન ન ટકે.
વ ર મરો યા કન્યા મરો પણ મારું તરભાણું ભરો. આ વાત સ્વાર્થીની છે.
ર હસ્ય કોઈનું ખોલશો નહિ.
સ મતા એ સુખનું મૂળ છે.
ના મ તેનો નાશ. પુદ્‌ગલ સંગનો પ્રભાવ છે.
પ્રા રંભ સારો તેનો અંત સારો. સદ્‌ભાવના રૂપ અંત.
રં ગ રાગમાં મસ્ત બની જીંદગી વેડફી દેશો નહી.
ભે ળસેળ બધે કયાંય ન કરજો પણ ધર્મમાં કરશો જ નહિ.

–: આજ્ઞાની આધીનતા એ જ સાચી પ્રજ્ઞાશીલતા :–

–મુ. શ્રી પ્રશાન્તદર્શન વિ.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ ભવ્યાત્માઓના ઉદ્ધારને માટે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ રૂપ ધર્મતીર્થની સ્થાપના કરી છે. તેની જે આત્માઓ ભગવાન શ્રી જિનેશ્વર દેવોની પરમ તારક આજ્ઞા મુજબ આરાધના કરે છે તેઓ અલ્પ કાળમાં જ જન્મ–જરા–મરણાદિ સઘળાં ય દુઃખોના સ્થાન રૂપ આ સંસારથી મુકત થઇ, અનંત સુખના ધામ સ્વરૂપ મોક્ષને પામે છે. જેઓના હૈયે જગતના સઘળાય જીવોનું એકાંતે હિત અને કલ્યાણ જ વસ્યું છે અને જેના યોગે જેઓ શ્રી તીર્થંકર નામ કર્મની નિકાચના કરે છે તે પરમ તારક શ્રી જિનેશ્વરદેવો કયારે ય એવી આજ્ઞા કરે જ નહિ કે જે અશકય અને અસંભાવ્ય હોય. 'આજ્ઞાની આરાધનામાં જ કલ્યાણ છે અને આજ્ઞાની વિરાધનામાં અકલ્યાણ જ છે' આથી જ કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રી હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજાએ શ્રી વીતરાગ દેવની સ્તવના કરતાં કહ્યું છે કે– "હે ભગવન્! તારી પૂજા કરતાં પણ તારી આજ્ઞાનું પાલન એ જ શ્રેષ્ઠ છે. કારણ કે આરાધેલી આજ્ઞા મોક્ષને માટે થાય છે અને વિરાધેલી આજ્ઞા સંસારને માટે થાય છે." હેય અને ઉપાદેયના વિષયભૂત તેઓની આજ્ઞા સર્વકાલને માટે એક સરખી જ છે. આશ્રવનાં જેટલાં સ્થાનો તે બધા હેય–ત્યાગ કરવા લાયક જ છે અને સંવરનાં જેટલાં કારણો તે બધા ઉપાદેય–ગ્રહણ કરવા સેવવા લાયક જ છે. કેમ કે આશ્રવ એ સંસારનું જ કારણ છે અને સંવર એ જ મોક્ષનું કારણ છે.

આ જ શ્રી જૈનશાસનું રહસ્ય પરમાર્થ છે. ભિન્ન ભિન્ન રીતે આ વાતને વિસ્તાર પૂર્વક સમજાવાઇ છે. આ રીતે ભગવાનની આજ્ઞાનું આરાધન કરીને આજ સુધીમાં અનંતા આત્માઓ મોક્ષમાં ગયા છે, જાય છે અને જવાના છે. ભગવાનની આજ્ઞાની આરાધના કરીને પ્રાણીઓ કર્મ રૂપી પિંજરમાંથી મુકત થાય છે. પાંજરામાંથી મુકત પંખી જેવો આનંદ અનુભવે તેના કરતાં પણ અનંતો આનંદ કર્મોના બંધનોથી મુકત આત્મા કરે છે.

'ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞા જ એકાંત કલ્યાણકારી છે, હિતકારી છે, સઘળાં ય દુઃખ–દ્વંદ્વો–કલેશોનો નાશ કરનારી છે, આત્મિક સુખની જનની છે' આવા પ્રકારની હૈયામાં શ્રદ્ધા જન્મ્યા વિના આત્મા ઉપર અનુરાગ થવો શકય જ નથી. અને અનુરાગ ન જન્મે તો પ્રીતિ તો કયાંથી થાય? તે મુજબ કરવાનો ઉલ્લાસ પણ કઇ રીતના જન્મે? હેય–ઉપાદેયની વિવેકબુદ્ધિ પણ કેવી રીતે પેદા થાય?

દુનિયામાં પણ દેખાય છે કે જેનાથી આપણને લાભ થવાનો છે, સ્વાર્થની સિદ્ધિ થવાની છે તો તેના કહ્યા મુજબ જ બધા કરે છે. તો આત્માનું કલ્યાણ કરવું હોય તો કલ્યાણકર માર્ગ બતાવનારાના કહ્યા મુજબ જ કરવું જોઈએ તે વાત સ્વીકારવામાં શા માટે આનાકાની કરાય છે તે સમજી શકાતું નથી. રોગી, રોગથી મુકત થવા ડોકટરનું શરણ સ્વીકારે છે. ડોકટરના કહ્યા મુજબ પથ્ય પાણી કરે છે; કાયદામાં ફસાયેલો વકીલના શરણે જાય છે, વ્યાપારાદિમાં મૂંઝાયેલો અનુભવીના ચરણો પકડે છે– તેમની જ સલાહ મુજબ ચાલી માર્ગ મેળવે છે, તેમાં પોતાનું ડહાપણ જરાપણ ડહોળતો નથી, માત્ર ધર્મની જ વાત આવે તો તે આપણી મરજી મુજબ કરાય તેમાં શું વાંધો ? તેવા અનેક અવળચંડાઈના પ્રશ્નો ઊભા કરે છે– તે આજ્ઞા પ્રત્યેની અપ્રીતિ–અરૂચિ બતાવે છે એટલું જ નહિ ખુદ શ્રી તીર્થંકર પરમાત્મા ઉપરનો અવિશ્વાસ સૂચિત થાય છે.

આજ્ઞા જ મારા માટે આધાર છે, શરણ છે, રક્ષણ કરનારી છે, અજ્ઞાનમાં અટવાતા મને સાચો પથ બતાવનારી છે, મારા મોહની મૂર્છાને દુર કરનારી છે, અનાચારોથી આઘા રાખી, સદાચારોના સત્પથે પ્રયાણ કરાવનારી છે. આજ્ઞાની આધીનતા સ્વીકારનારાની પ્રજ્ઞા જ ખરેખર અનેકના કલ્યાણની કેડી બને છે બાકી મરજી મુજબ કરનારાની મતિ તો અનેકને સંસારની ગર્તામાં પાડનારી બને છે. આજ્ઞાની આધીનતા સ્વીકાર્યા વિના કયારે પણ આત્માનો નિસ્તાર શકય જ નથી. દુન્યવી સુખો માટે કોની કોની આધીનતા નથી સ્વીકારી ? કોના કોના પગ નથી ચાટયા ? કે કોને કોને આજીજી નથી કરી ? તો આત્માના સ્વરૂપનો વાસ્તવિક ખ્યાલ આવ્યા પછી સ્વરુપ દશાને પામવા માટે આજ્ઞા જ કલ્પવેલડી જેવી છે, સ્વભાવમાં રમણતા કરવા અને પરભાવોનું વિરેચન કરવા માટે આજ્ઞા જ અમોઘ ઔષધી છે, સાચું જીવજીવન જીવવા માટે સંજીવની પણ આજ્ઞા જ છે. આજ્ઞાની આધીનતા એ જ સાચી સ્વતંત્રતાનો રાજમાર્ગ છે.

આજ્ઞા ઉપર આવો અવિહડ રાગ પ્રગટયા વિના, સાચું બહુમાન થયા વિના આજ્ઞા મુજબની પ્રવૃત્તિ શકય જ નથી. એકની એક ક્રિયા હૈયાના સદ્‌ભાવ–બહુમાનપૂર્વક કરવામાં કે હૈયાના ભાવ વિના કરવામાં સૂર્ય અને આગિયા જેટલું અંતર છે. માતા અને પત્ની બંન્ને સ્ત્રીત્વથી સમાન હોવા છતાં બંન્નેના ભાવોમાં આભજમીનનું અંતર છે. માતા ઉપર ભકિતભાવ હોય છે અને પત્ની ઉપર પ્રીતિભાવ હોય છે.

પરભાવ માત્રનો રાગ ઘટયા વિના વિવેક દૃષ્ટિ ઉત્પન્ન થવી બહુ જ મૂશ્કેલ છે કેમ કે, પરભાવોનો રાગ જ આત્માની વિવેક દૃષ્ટિનો લોપ કરનારો છે. જ્યાં વિવેક રૂપી સૂર્ય ઝળહળતો ન હોય ત્યાં મિથ્યાત્વરૂપી અંધકાર મજેથી લહેર કરે છે. કહ્યું છે કે– "મિથ્યાત્વ સમાન કોઈ શત્રુ નથી, મિથ્યાત્વ સમાન કોઈ વિષ નથી, મિથ્યાત્વ સમાન

કોઇ રોગ નથી અને મિથ્યાત્વ સમાન બીજો અંધકાર નથી." રોગ-શોક-શત્રુ આદિની પીડાઓ તો જીવને એક જ ભવમાં પીડિત કરે છે જ્યારે મિથ્યાત્વ તો જીવને જન્મો જન્મમાં હેરાન કરે છે. મિથ્યાત્વથી ગ્રસિત થયેલા જીવો પૌદ્ગલિક વિષય-કષાય-જન્ય સુખોમાં જ આનંદ માને છે, તેમાં જ રાચે છે અને તેને માટે જ જીવનભર ઝઝુમે છે, મોક્ષના આત્મિક સુખનો તો તેમને સ્વપ્ને ય ખ્યાલ નથી આવતો. કોઇની પણ અપેક્ષા વિના જે સુખ અનુભવાય તે જ અપૂર્વ છે. સંયોગ જન્ય સુખ તો દુઃખની ખાણ છે, સંયોગ રહિત જ ખરેખર સાચું સુખ છે.

મિથ્યાત્વની મલીનતા સદ્ગુણ માત્રનો નાશ કરવાની શક્તિ ધરાવે છે. મિથ્યાત્વ તો દેખતાને પણ અંધ કરવાની શક્તિ પોતામાં રાખે છે. મિથ્યાત્વનું એક જ કામ છે કે તેના આશ્રિત સત્યનો પરિત્યાગ કરાવી અસત્યનો ઉપાસક બનાવે. અર્થાત્ સત્યને તો તેના દૃષ્ટિપથમાં પણ ન આવવા દે. માટે જ ઉપકારી પરમર્ષિઓ કહે છે કે- દ્વાદશાંગીમાં રહેલું સમ્યગ્જ્ઞાન પણ મિથ્યાદૃષ્ટિઓને મિથ્યા રૂપે જ પરિણામ પામે છે.

માટે આપણે આપણા પરમોપકારી મહાપુરૂષોની અને અપ્રતિમ અનુપમ શાસ્ત્રોની આજ્ઞાને શિરસાવંદ્ય ગણી, તેમના વચનાનુસાર આપણા વિચાર, વાણી અને વર્તનને બનાવી, આપણા નિષ્કલંક કલ્યાણપથે પ્રયાણ કરવું તેમાં જરાપણ પ્રમાદને પ્રવેશ ન થવા દેવો એમાં જ શ્રેયઃ છે, એજ સાચી પ્રજ્ઞા છે, તે જ ખરેખર ચક્ષુવાળા- દેખતા છે. કહ્યું છે કે-

"चक्षुष्मन्तस्त एवेह, ये श्रुतज्ञान चक्षुषा !
सम्यक् सदैव पश्यन्ति, भावान् हेयेतरान्नरा : " !!

"જે મનુષ્યો શ્રુતજ્ઞાન રૂપી ચક્ષુ વડે હંમેશા હેય અને ઉપાદેય ભાવોને સારી રીતના જૂએ છે. તેઓ જ ખરેખર અહીં દેખતા- ચક્ષુવાળા છે."

જેઓ વિવેક વિકલ છે તેઓનું જ્ઞાન પણ લાભદાયી બનતું નથી.

"यस्य नास्ति विवेकस्तु केवलं यो बहुश्रुत :!
न स जानाति शास्त्रार्थान्दर्वी पाकरसानिव !!

જેમ કડછી (ચમચા.) સર્વ પાક- રસોઇમાં રહે છે પણ તેના રસોને જાણતી નથી તેમ જે બહુ શ્રુત- ઘણાં શાસ્ત્રોને ભણ્યો છે પણ જો તેનામાં વિવેક બુદ્ધિ જાગી ન હોય તો તે શાસ્ત્રોના રહસ્યો- પરમાર્થને પામી શકતો નથી.

વિવેક બુદ્ધિ જન્મે તો જ આજ્ઞા ઉપર બહુમાન જન્મે. અને આજ્ઞાનું પાલન સંસારથી મુકત થવા જ કરવાનું છે તે વાત સમજાય. રાગ-દ્વેષની પરિણતિ ન ઘટે ત્યાં

સુધી સંસાર ઘટવો સુદુર્લભ છે. રાગ-દ્વેષની હાજરીમાં થતો ધર્મ એ સંસારની વૃદ્ધિ માટે જ થાય, રાગ-દ્વેષની પુષ્ટિ માટે જ થાય છે. કહ્યું છે કે-

" રાગ દ્વેષ વાસિતાન્તઃકરણસ્ય વિષય સુખેાન્મુખસ્ય દુષ્ટાશયત્વા-ત્સર્વં સંસારાય ! "

રાગ-દ્વેષની પરિણતિ ઘટાડવા અને સર્વથા તેનાથી મુકત થવા માટે કરાતો ધર્મ એ જ વાસ્તવિક ધર્મ છે.

માટે જ ઉપકારી શાસ્ત્રકાર પરમર્ષિઓ, આત્મહિતૈષીઓ ભારપૂર્વક એ વાત સમજાવે છે કે- જ્યાં સુધી આ સંસારનો ભય ન લાગે, મોક્ષનો અભિલાષ પેદા ન થાય ત્યાં સુધી આજ્ઞા મુજબ ધર્મ કરવો શકય જ નથી. કેમ કે " જેમાં સંસારનો ભય નથી, મોક્ષના અભિલાષનો લેશ નથી તે ધર્મ ભગવાનની આજ્ઞા બાહ્યનો ધર્મ છે અને આજ્ઞારહિત ધર્મનું ફળ સંસારની જ વૃદ્ધિ છે. "

જે માણસ શાંતચિત્તે પોતાના અનુભવોને પણ વિચારે તો તેને આ સંસારનો ભય ન લાગે તેમ છે જ નહિ. આ સંસારમાં જરાપણ સારપ છે જ નહિ. અને જગ-તના દરેકે દરેક જીવો સુખને જ ઈચ્છે છે તે પણ દુઃખના લેશ વિનાનું, પૂરેપૂરું અને આવ્યા પછી કદી પણ નાશ ન પામે તેવું.- આવું સુખ સંસારમાં છે જ નહિ પણ મોક્ષમાં જ છે. સંસારનો ભય પેદા થાય અને મોક્ષની અભિલાષા જન્મે એટલે આપો-આપ તે માટે શું કરવું તે જાણવાનું મન થાય, તેના જાણકારોને પૂછવાનું મન થાય અને જાણકારોનો સત્સંગ કરવાનું અને તેમના કહ્યા મુજબ જ કરવાનું મન થાય એટલે ધીમે ધીમે આજ્ઞા પ્રત્યે અનુરાગ આવવા માંડે. પછી તો તેની દરેકે દરેક પ્રવૃત્તિ આજ્ઞા મૂલકની જ હોય અને આજ્ઞા ઉપર એવો પ્રેમ હોય કે તેના હૈયામાં સદૈવ એ જ ભાવો જન્મતા હોય કે- " મારા આત્માનો મોક્ષ ન થાય ત્યાં સુધી ભગવાન શ્રી જિને-શ્વર દેવોનું તારક શાસન મળો, તેમની આજ્ઞા મુજબ જીવી વહેલામાં વહેલો મુકિતને જ પામું "

આજ્ઞા ઉપરનો અનુરાગ, શાસન ઉપરની ભકિતમાંથી જ જન્મે છે. માટે જ શ્રીમાન્ વાચકવર્યે કહ્યું છે કે-

" અસ્માદશાં પ્રમાદગ્રસ્તાનાં ચરણકરણ હીનાનાં !
અકધી પોત ઇવેહ પ્રવચનરાગ : શુભોપાય : !! "

ચરણ-કરણમાં હીન, પ્રમાદી અમારા જેવાઓને માટે સમુદ્રમાં પોત-નાવની જેમ અહીં આ સંસાર સાગરને તરવા માટે- પ્રવચન-શાસનનો રાગ એ જ શ્રેષ્ઠ ઉપાય છે. શાસનનો રાગ કહો કે આજ્ઞા મુજબ જીવવું તે બે એક જ છે.

તથા

"વિષયા નુબન્ધબંધુર–મન્ચન કિમપ્યહં ફલં યાચે !
કિંત્વેકમિહ જન્મનિ, જિનમતરાગં પરત્રાપિ !!"

"હું આ જન્મમાં–આલોકમાં, પરજન્મ–પરલોકમાં પણ શ્રી જિનમતના રાગ વિના; વિષયોની અનુકુળતા કે બીજું તેવું કાંઇ પણ ફળની યાચના કરતો નથી."

ખરેખર ભગવાનનું શાસન જેઓના હૈયામાં વસી જાય છે, આજ્ઞા ઉપર બહુમાન પેદા થાય છે તેવા આત્માઓને સંસારનો જ ભય લાગે છે અને મોક્ષની જ ઉત્કૃષ્ટ ઇચ્છા થાય છે અને મોક્ષની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી આજ્ઞાની પુષ્ટિ કરનારી, આજ્ઞાની જ આરાધના કરાવનારી ચીજોની ઇચ્છા થયા કરે છે. જેમકે,

"શાસ્ત્રાભ્યાસો જિનપદનતિ: સંગતિ સર્વદાઽર્યૈ: ,
સદ્વૃત્તાનાં ગુણગણકથા દોષવાદે ચ મૌનમ્ ।
સર્વસ્યાપિ પ્રિય હિતવચો ભાવના ચાત્મતત્ત્વે,
સમ્પદ્યન્તાં મમ ભવભવે યાવદાપ્તોઽપ વર્ગ: ॥"

જ્યાં સુધી મારો મોક્ષ ન થાય ત્યાં સુધી દરેકે દરેક ભવો–જન્મોમાં મને શાસ્ત્રનો અભ્યાસ, શ્રી જિનેશ્વર દેવોને નમસ્કાર (વંદન–સ્તવન–પૂજન), સજ્જન પુરૂષોની સંગતિ–સોબત, સદાચારી પુરૂષોના ગુણગણોની કથા, બીજાના દોષ જોઇને મૌનનું સેવવું બધાનો પ્રિય અને હિત વચનોથી બોલાવવા, આત્મતત્ત્વની–સ્વરૂપની જ ભાવનામાં રમવું–પ્રાપ્તી થાઓ.

સર્વ દુ:ખોનો નાશ કરનાર, જ્ઞાનાનન્દના વિલાસથી પૂર્ણ–સર્વ સંપત્તિ દાયક શ્રી જૈનશાસનમાં મોક્ષની પ્રાપ્તિ આજ્ઞાની આરાધનાથી જ થાય છે. માટે સૌ પુણ્યાત્માઓ આજ્ઞાની આરાધનામાં જ રકત બની વહેલામાં વહેલા મોક્ષસુખને ભજનારા બનો તે જ મંગલ કામના.

અનેક પ્રકારના દ્વન્દ્વો તેનું નામ સંસાર.
માન અપમાન તેનું નામ સંસાર.
જસ અપજસ તેનું નામ સંસાર
હર્ષ શોક તેનું નામ સંસાર.
રાગ દ્વેષ તેનું નામ સંસાર.
સંયોગ વિયોગ તેનું નામ સંસાર.
જન્મ મરણ તેનું નામ સંસાર.
રોગ આરોગ્ય તેનું નામ સંસાર.

પ. સા. શ્રી હર્ષપૂર્ણા શ્રીજી મ.

અનંતોપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ મોક્ષમાર્ગ રૂપ શાસનની સ્થાપના કરીને, જીવનભર તેનો જ ઉપદેશ આપીને, કૃતકૃત્ય બનેલા તે પરમતારકો મોક્ષપદને પામે છે. આ મોક્ષપદને પામવા માટે તેઓની પરમતારક આજ્ઞા મુજબ જીવવું તેમાં જ આત્માનું શ્રેય છે, કલ્યાણ છે. દુનિયામાં પણ જીવવા માટે પોતાના શેઠ કે માલિકના કહ્યા પ્રમાણે જીવે તો તે જીવી શકે છે. બાકી તેમાં જો પોતાનું ડહાપણ ડહોળે કે પોતાની મરજી પ્રમાણે જીવવા માંડે તો કોઇ ઊભો પણ ન રાખે. અર્થ અને કામના રસિક જીવો તેની સિદ્ધિ માટે આ વાતનું બરાબર પાલન કરે છે પણ 'ધર્મની બાબતમાં ભગવાનની પરમતારક આજ્ઞા મુજબ જ ધર્મ કરવો આપણી મરજી જ નહિ કે નામે ફેરફાર

જયવંતી શ્રી જિનાજ્ઞાના ધારક

–શ્રી ગુણદર્શી

જોઇએ તેમાં પ્રમાણે ચલાય દેશકાળાદિના પણ કરાય જ નહિ' તે વાતનો તો ધર્મ કરનારો મોટો વર્ગ પણ ઝટ સ્વીકાર કરતો નથી. જેમાં આત્માનું એકાંતે અહિત અને આત્માનો નાશ જ છે ત્યાં સામી વ્યક્તિની ભાવના–મરજી પ્રમાણે લોકો ચાલે છે અને જેનાથી આત્માનું એકાંતે હિત અને સર્વથા ઉદ્ધાર છે ત્યાં પોતાની મરજીનું ડહાપણ ડહોળે છે આને કેવી બુદ્ધિમત્તા કહેવી તેજ સમજાતું નથી. પણ જ્ઞાનિઓ તો આવા જીવનું નિદાન કરતાં કહે છે કે– સંસારરસિક જીવોનો સ્વભાવ જ આવો હોય! જેમ સન્નિપાતના રોગીને બધું વિપરીત જ ગમે, તેમાં જ આનંદ આવે તેમ સંસારરસિકોને આજ્ઞાથી ઉલટું જ વર્ત્તન કરવું ગમે અને તેમાં જ આનંદ આવે!

જયવંતી શ્રી જિનાજ્ઞા તો તે જ આત્માઓને ગમે કે જેઓના હૈયામાં વિવેક રૂપી સૂર્ય ઝળહળ્યો હોય, આજ સુધી અવિવેક રૂપી અંધકારમાં આથડી આથડીને મેં મારો અનંતો કાળ આ સંસાર પરિભ્રમણમાં વીતાવ્યો. હવે મને ખ્યાલ આવ્યો કે હું ઊંધા ચક્કરમાં પડયો હતો અને અહંકાર અને મમકારમાં અટવાતો હતો તેથી ધર્મ કરીને પણ સંસારનું જ સર્જન કરતો હતો, જે દુઃખથી ભાગતો હતો તે જ દુઃખની ખરીદી કરતો હતો અને જે સુખનાં સ્વપ્નો જોતો હતો તે સુખ તો હાથતાલી દઇ ભાગી જતું હતું. પરન્તુ સદ્ગુર્વાદિના સત્સંગના યોગે જ્યારે જીવમાં સાચી સમજ પ્રગટે છે ત્યારે તેની આખી દશા–દિશા પલટાઇ જાય છે. પછી તો તેને તારક આજ્ઞા વિના કશું જ શરણ લાગતું નથી, તારક આજ્ઞાને સમજાવનારા પર હૈયાથી પ્રીતિ–ભક્તિ જન્મે છે, આજ્ઞા મુજબ જીવવામાં જ કલ્યાણ છે તે વાતની પ્રતીતિ થાય છે. આજ્ઞાની આધીનતા એ જ સાચી સ્વતંત્રતાનો માર્ગ ભાસે છે. જેમ દુધાળા ઢોર ખીલે બંધાવામાં પણ રક્ષણ માને છે તેમ આજ્ઞાપ્રેમી જીવોને આજ્ઞા એ બંધન નથી ભાસતી પણ રક્ષણ

કરનાર ખીલો લાગે છે. સાચી મુક્તિની મંજીલ લાગે છે આજ્ઞાને પરતંત્રતા માનનારા તો સ્વચ્છંદના ચાળે ચઢી મોહનો નાચ નાચનારા છે તેમાં આત્માની આબાદી નથી પણ આત્માની બરબાદી જ છે.

આજે દુનિયામાં પણ શાણાઓની આજ્ઞા નહી માનવાથી, સ્વચ્છંદતાએ માઝા મૂકી છે અને જે વિનાશના ગર્તામાં દુનિયા ધકેલાઈલી છે તેથી સજ્જન શિષ્ટોને ઘણું જ દુઃખ થાય છે. મરજી મુજબ જીવવાના ફળ પ્રત્યક્ષ જોવા છતાં પણ જો મરજી મુજબ જ જીવવું હોય તેમાં જ સ્વતંત્રતા માનવી હોય તેવાઓને ખુદ ભગવાન પણ તારવા–સમજાવવા સમર્થ બનતા નથી. તેમાં દોષ તે જીવોની અયોગ્યતાનો છે.

આજ્ઞા ઉપર પ્રેમ જાગે તો જ આજ્ઞા મુજબ કરવાનું મન થાય, અને આજ્ઞા ઉપર પ્રેમ ત્યારે જ જાગે કે આ આજ્ઞાને બતાવનારા ખુદ ભગવંત શ્રી જિનેશ્વરદેવો ઉપર પ્રેમ જાગે. કે તે પરમતારકોએ જે ઉપકાર કર્યો છે તેવો કોઇએ કર્યો નથી. તે શ્રી જિનેશ્વરદેવોને ઓળખાવનારા સદ્‌ગુરુઓ ઉપર પ્રેમ જાગે પછી તો જીવ નાના બાળકની જેમ પૂછી પૂછીને જ ચાલે. તેને પછી આજ્ઞા ઉપર એવો આદરભાવ હોય કે આજ્ઞાથી જરાપણ વિપરીત વર્ત્તાઇ ન જાય, આજ્ઞામાં ખામી ન આવે તેની પૂરી કાળજી રાખે. પછી તો આજ્ઞા તેના રોમે રોમમાં એવી વસી જાય કે– તેના વિચાર–વાણી અને વર્તન આજ્ઞાને અનુસરનારા જ હોય પણ તેનાથી વિપરીત કોઇ કાળે ન હોય, જાણે મૂર્તિમંત આજ્ઞા જ ન હોય તેમ ભાસે.

મૂર્તિમંત આજ્ઞાની સાક્ષાત્ મૂર્તિ સમાન મહાપુરુષને આપણે સૌએ બહુ જ નિકટતાથી અનુભવ્યા છે, જોયા છે, જાણ્યા છે અને માણ્યા છે, ઉપાસ્યા પણ છે. આજ્ઞા જ જેઓનો શ્વાસોશ્વાસ હતી, આજ્ઞા જ જેઓનો જીવનનો ધબકાર હતો, આજ્ઞા ઉપર સમર્પિત ભાવ હતો તેથી જ આજ્ઞા ખાતર કુરબાન થવા તૈયાર હતા, આજ્ઞાનો એવો અવિહડ રાગ હતો કે આજ્ઞાથી વિરુદ્ધ વર્ત્તવા નિરુત્સાહી હતા અને આજ્ઞા મુજબ વર્ત્તવા–વર્તાવા સદૈવ યુવાનની જેમ ઉત્સાહી હતા.

ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ સ્થાપેલી શ્રી જિન શાસન રૂપ પેઢીના મુનીમ સમાન આજ્ઞા મુજબ ચાલતા શ્રી આચાર્યાદિ સુવિહિતો છે. દુનિયામાં પણ જેમ પ્રામાણિક મુનીમ પોતાના માલીક ને બરાબર વફાદાર રહી, પેઢીની આબરૂને જમાવે છે તેની જેમ અહીં પણ વફાદાર આત્માઓ પેઢીની ઉન્નતિ કરે છે અને બેવફા આત્માઓ પેઢીની નાલેશી કરાવવા સાથે પોતાનો અને પરિચિતોનો પણ અધઃપાત નોંતરે છે. સાચી મુનીમગિરિ તે જ કરી શકે જેને પોતાના અંગત સ્વાર્થો કે ખોટી લાલસાઓ પીડતી ન હોય. તેની જેમ આજ્ઞાને આધીન બનેલા આત્માઓ પોતાના અંગત સ્વાર્થો

નામનાઓ, માન પ્રસિદ્ધિની લાલસાઓથી પર બની માત્ર શાસનની પેઢીને જ વફાદાર રહે છે.

મુનીમ જો સ્વાર્થી જ બને તો બધાને ઊંધા માર્ગે દોરે અને પેઢીને ખાડામાં ઉતારે. તેમાં વધારે દોષિત મુનીમ જ કહેવાય કેમકે પોતાની ઉપર મૂકેલા વિશ્વાસનો દ્રોહ કરે છે. તેવી જ રીતે અહીં પણ પોતાના સ્વાર્થ માટે લોકોને ગમતું સમજાવે, ફાવતું કરાવે તો તે બધા પણ ગેરમાર્ગે દોરનારા તેટલા જ દોષિત છે. તેવાઓ જ ભલા ભોળા ભદ્રિક જીવોની ધર્મશ્રદ્ધાના મૂળમાં જ અગ્નિ મૂકનારા છે. તેવાઓ તો દેશકાળાદિના નામે સ્વચ્છંદી ગોળાઓ ગબડાવનારા અને પોતાના સ્વતંત્ર વિચારો ફેલાવનારા છે, ખરેખર પરમતારક શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાથી વિપરીત વિચાર કરવા વાણી બોલવી કે વર્ત્તન કરવું કે પોતાના અંગત વિચારો શાસ્ત્રના નામે ફેલાવવા તે તો પારકી થાપણ ઓળવા જેવું છે. તેમાં તો નથી સજ્જનતા કે નથી માણસાઈ પણ !

આ પુણ્ય પુરુષ ભગવાનની પેઢીનું મુનીમપણું બરાબર દીપાવી ગયા અને કેવી રીતના દીપાવાય તેનો માર્ગ પણ બતાવી ગયા. આવા મહાપુરુષને પામ્યાની સાર્થકતા કરવી હોય તો સૌ પુણ્યાત્માઓ ભગવાનની પરમતારક આજ્ઞાઓનો સાચો રાગ કેળવે, તે માર્ગે કદમ માંડે તો કલ્યાણ સુનિશ્ચિત જ છે. જાત પ્રભાવના કે નામનાની ઇચ્છાને દેશવટો દીધા વિના આજ્ઞાનો રાગ જન્મશે નહિ. સૌ કોઈ આજ્ઞાના અનન્ય અનુરાગી અને પ્રેમી બની કલ્યાણને પામો તે જ મંગલકામના.

નકલી મુમુક્ષુ જામનગરના અશોકથી સાધુ-સાધ્વી ભગવંતો સાવધાન

જામનગરનો અશોક નામે યુવાન (ઉં. વર્ષ ૩૮ લગભગ) પોતાને દીક્ષા આપવા માટે જુદા જુદા સાધ્વીજીઓ પાસેથી ભલામણપત્ર લખાવીને આચાર્ય ભગવંત કે મુનિવરો પાસે જાય છે. પોતાના છુટા છેડા થયેલ હોવાનું સર્ટીફિકેટ બતાવે છે. અને દીક્ષા લેવા માટે અભ્યાસ કરવાના બહાને સાધુઓ પાસે રહે છે. અને ૨-૪ દિવસમાં જ પોતાને કુટુંબીઓ (કાકા) વિ. ને જાણ કરવા મુંબઇ જવું જરૂરી છે અથવા મા-બાપ પાસે જામનગર જવું જરૂરી છે. બિસ્સામાંથી પાકીટ પડી ગયેલ હોવાથી ટિકિટ માટે પૈસા જોઇએ છે ઇત્યાદિ વિવિધ બહાના કહીને પૈસા મેળવીને રફુચક્કર થઇ જાય છે. ચાલુ વર્ષે જેઠ સુદિ ૧૦ ના તેણે દીક્ષા લીધેલ, અને થોડા જ દિવસમાં સુરેન્દ્રનગરથી બધું લઇને ભાગી ગયેલ.

ઉપરોક્ત માહિતિ પ્રમાણભૂત મુનિવરો પાસેથી જાણવા મળી છે, જેથી શાસન હીલના ના થાય તે માટે આ જાહેરાત આપવી પડી છે.

૧૫, સ્વપ્ન લોક, ગાર્ડન પાસે એલીસ બ્રીજ લી. -લક્ષ્મીચંદ શામજી છેડા
અમદાવાદ-૩૮૦૦૦૮ ફોન : ૪૬૬૫૨૫-ઘર

આણા એ ધર્મો

શાહ આર. ડી. ગુઢકા લંડન

જ્ઞાની પુરૂષોઓ માનવ જીવનને ઉત્તમ જીવન કહ્યું છે આપણથી કદાચ પ્રશ્ન થાય કે શાથી ? **પ્રભુ આજ્ઞા એ જીવનની સૌરભ છે જીવનનું મુલ્ય છે** અને જેમ કે શાસ્ત્રોમાં આવે છે કે, વિનયવિના વિદ્યા નહીં, તેમ જીવનમાં પ્રભુ આ વિના આત્માનો અંત મોક્ષ ના મળે. આજ્ઞા રહિત સર્વ ક્રિયાપણ નકામી જાય અને આજ્ઞા વિનાની કંઇ પણ આરાધના અફળ જાય.

જેમ કે વ્યવ્હારમાં પણ વડીલોની આજ્ઞા માન્ય રાખીને જે જન જીવે છે તે સુખી થાય છે. માનને પાત્ર બને છે માતા પિતાની આજ્ઞા માનનારો મહાન બને છે મોટો માણસ એક દ્રિ બને છે. એજ પ્રમાણે જે દેશમાં રહેતા હોઇએ ત્યાંના રાજાની આજ્ઞા કે ત્યાંના મોટા પ્રેસીડન્ટની આજ્ઞા માનવી પડે છે કેતાં સરકારની આજ્ઞામાં રહેવું પડે છે જે આજ્ઞાનુસારે વર્તે છે તેને આનંદ સુખ પ્રાપ્ત થાય છે, વળી જે કોઇ આજ્ઞાને ઠોકરે મારે છે, કેતા ગણકારતા નથી તેને સરકાર તરફથી દંડ મળે છે. સરકારના કબ્જામાં રહેવું પડે છે. અને એથી લોકમાં તેની બદનામી થાય છે.

આ બધી વાત તો ઠીક છે કે અહીં પુરતી અને રાજાની કે સરકારની આજ્ઞા વિરૂધ્ધ કરવાથી જેલ કે દંડ મળે એનાથી કદાચ છૂટકારો થઇ જાય અને દંડ ભરી સજા માફ કદાચ થઇ જાય પણ જે, ભગવાન દેવાધિદેવની આજ્ઞા વિરૂદ્ધ કંઇ પણ ધર્મ-કાર્ય કે આજ્ઞા વિરૂધ્ધ અનુષ્ઠાનો કરવામાં આવે તો અનંતાકર્મો બંધાય છે અને એ કર્મ રાજાની જેલથી મુકત નહિં થવાય એની સજા સખ્ત ભયંકર ભોગવવી પડે છે. આપણને, એટલે કે જે, કોઇ જાણ્યા પછી પણ શાસ્ત્ર વિરૂધ્ધ પ્રભુ આજ્ઞા વિરૂધ્ધ કર્તવ્ય કરે તો તેને સખત દોષ લાગે છે કર્મ ગાઢ બંધાઇ જાય છે.

ઘણીવાર આપણે પોતે જ: ઘણા એવા પ્રસંગોમાં તહેવારોમાં જે, સમયે, જે દિવસે જે, રીતોએ અને પ્રભુ આજ્ઞાનુસારે કરવું જોઇએ એમ નથી કરી શકતા અને એથી આપણા મત મુજબ, આપણને યોગ્ય લાગે એમ કરવા પ્રેરાઇ જઇએ છીએ અને વળી આપણે એમ પણ બોલીએ કે એતો ચાલે, જાણે આપણે શાસનના સ્થાપક બની જાતા હોઇએ અને કોઇવાર કેવામાં આવે કે હે, મહાનુભાવો આ ધાર્મીક પ્રસંગ તો આ રીતિએ ઉજવાય, અને આ દિવસે કેવળીઓના ફરમાન છે, તો ત્યાં ગણકારવામાં ન આવે અને પોતાના કે ભલે જે કોઇ દશજણા કાર્ય કરતા હોઇ એમના મતાનુસારે કરી લેવામાં આવે. ત્યારે તે વ્યાજબી ન ગણાય અને એનાથી પ્રભુ આજ્ઞા ઉલ્લંઘનનો દોષ લાગે છે.

પ્રભુ મહાવીરે કહ્યું છે કે આજ્ઞા એ ધર્મનું મૂળ છે. **ધર્મનો આધાર પ્રભુ આજ્ઞા** છે પ્રભુ આજ્ઞા વિના ધર્મ ટકી શકતો નથી, પ્રભુ આજ્ઞાને માનનારો એક આગવું સ્થાન ધરાવે છે. માનવને જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં વિનયની જરૂર પડે છે. તેમ ધાર્મીક દરેક ક્ષેત્રોમાં દરેક ક્રિયામાં પ્રભુ આજ્ઞા પ્રથમ છે. પ્રભુ આજ્ઞા વિનાની ક્રિયા નકામી બની જાય છે. આજ્ઞા વિના જીવનમાં અંધારૂં છે. આજ્ઞા વિના અથડાવું પડે છે.

આજ્ઞા એટલે આધાર પરમાત્મા પ્રતિ આધાર તેને ભક્તિ કહી શકાય છે. **આજ્ઞાથી અહંકાર ઓગળી જાય છે, અહંકારના નાશ વગર આત્મ સાધના** થઇ શકતી નથી. આત્મસાધના અને આત્મ શોધન વિના સુખ અને શાંતિ નથી. હંમેશાં પ્રભુ આજ્ઞા શિરોમાન્ય કરી ધ્યાન અને સ્વાધ્યાયમાં ઉદ્યમવંત બનવું

પ્રભુ આજ્ઞા સમદર્શન, જ્ઞાન, ચારિત્ર, અને તપ એ ચારે ને આરાધનામાં ભાવથી લગાડી અને તેમનું હૃદયપૂર્વક સ્મરણ કરવાથી આત્મા નિર્મળ થઇ વિશુધ્ધતા પ્રગટે છે.

પ્રભુ આજ્ઞામાં તરબોળ બની અને શકિત પ્રમાણે વિષય કષાય ઘટાડી શ્રાવકધર્મ દીપાવવા શ્રાવકના બાર વ્રતોને ઉજવળ કરવા. તેમના પ્રત્યે આદર કરવાની ભાવના સેવવી.

પ્રભુ આજ્ઞામાં તરબોળ રહેવાથી સમ્યગ્જ્ઞાનની આરાધના ઉજવળ બને છે સમ્યગ્જ્ઞાનની આરાધનામાં હંમેશાં આદર કરવું જોઇએ. સમ્યગ્જ્ઞાનનું હંમેશાં બહુમાન કરવું. એને બહુ આદરથી ભણવું ગણવું સંભાળવું. તે મહાલાભનું કારણમાની તેમનો આદર સત્કાર કરવો. જેનાથી આત્મા ઉજવળ બને છે.

(આજ્ઞા) આણા. વીતરાગ તીર્થંકર પ્રભુની–આજ્ઞા. ગુરૂની આજ્ઞા અને શાસ્ત્રોની આજ્ઞા–ધર્મની આજ્ઞા ? એટલે દેવ, ગુરૂ, ધર્મની આજ્ઞા માનવી તીર્થંકરની આજ્ઞા મન વચન અને કાયાથી પાળવાની છે. વાણી–વર્તન–વિવેકથી પ્રભુ આજ્ઞા પાળનારો. પરમાત્મા જેવો બની શકે છે એક દિવસ.

ઘણીવાર બોલાય છે ને કે 'આ કરો, આ ન કરો' આવા વિધિ અને નિષેધરૂપ ગુરૂના જે વચન છે તેને આજ્ઞા કહેવાય છે ગુરૂના વચન અનુસાર જે પ્રવૃતિ કરવાના ભાવ હોય છે તેને ગુણીજન પુરૂષ કહેવાય છે. ગુણવાન કહેવાય છે.

જેમકે સમ્યકૃત્વ વગર જીવ કયારેય પણ તત્વાતત્વ વિવેકરૂપ અમૃતથી ભરેલી ભાવનાને પોતામાં ભરી શકતો નથી. અમૃત ભાવના વગર વિશુધ્ધ ધ્યાન પણ જાગૃત થતું નથી. વિશુદ્ધ ધ્યાન વગર જીવને સિધ્ધિના સોપાનરૂપ શ્રેણી મળતી નથી. અને એના વિના શૈલેશી અવસ્થા પ્રાપ્ત થતી નથી. શૈલેશી અવસ્થા વગર સકળ કર્મોનોક્ષય

(અનુસંધાન પાન ૫૩)

શ્રી જિનશાસન જગતમાં ઝગમગતું રહ્યું છે રહે છે અને રહેવાનું છે. તેમાં મુખ્યબળ હોય તો તે છે 'જિનાજ્ઞા' જિનાજ્ઞા જેઓના હૈયે વસી ગઇ તેવા આત્માઓએ કર્મસત્તાને હઠાવી વિકાસ સાધતા સાધતા આત્માની પૂર્ણતા એટલે મુક્તિને પામી ગયા. અજર અમર અક્ષય પદને પામ્યા–અવ્યાબાધ સુખને પામ્યા. અજન્મા બની ગયા. જ્યાં ગયા પછી, નથી ભ્રમણ, મરણ, ફાંસી, ભય, ફફડાટ.

જિનાજ્ઞાને સમજવાની જ્યાં ભૂલ થઇ ત્યાં જીવે કર્મબંધનો કર્યા. જિનાજ્ઞાની ઉપેક્ષા–અનાદર ભવમાં ભટકાવે છે. જિનાજ્ઞાને વફાદાર રહેનારને કોઇ જુદોજ આનંદ ઉલ્લાસ–આરાધનામાં આવતો હોય છે.

જિનેશ્વર પ્રભુની આજ્ઞા, એ સારા જગતનું નવનીત

આણા એ ધમ્મો

—પૂ, આ. શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ.

શ્રી જિનશાસન અત્યંત સૂક્ષ્મ છે. સમજવા માટે સૂક્ષ્મ બુધ્ધિની વધુ જરૂર પડે છે. અન્ય ધર્મો કહે છે અનીતિથી પૈસા કમાવવા પાપ છે. જૈન શાસન કહે છે–અનીતિથી પૈસા કમાવવા મહાપાપ છે. અરે. નીતિથી પૈસો કમાવો તે પણ પાપ છે. ધન અને ધનથી મળતું સુખ તે સુખ નથી, તેવી રીતે ઇત્તર ધર્મવાળા કહે છે પરસ્ત્રી ગમન પાપ છે. ત્યારે જૈનશાસન કહે છે પરસ્ત્રી ગમન મહાપાપ છે. પરંતુ સ્વદારા સેવન એ પણ પાપ છે. કોઇ જીવને મારવો એ પાપ છે. તેમ ઇત્તર ધર્મ કહે છે. ત્યારે જૈન ધર્મ કહે છે કોઇ જીવને મારવો એ તો પાપ છે. પરંતુ કોઇને જન્મ આપવો એ પણ પાપ છે. આવી જૈનશાસનની સૂક્ષ્મ વાતો સમજવાની છે. મહાપુરુષોની સૂક્ષ્મ વાતો આપણે ન સમજી શકીએ તેવું બને. મહાપુરુષોને સમર્પિત થઇ જઇએ. તેમના માર્ગે શ્રધ્ધાપૂર્વક ચાલવું. તેથી જ આણા એ ધમ્મો એ જૈનશાસનનું રહસ્ય છે.

ઇત્તર ધર્મવાળા કહે છે અહિંસા પરમોધર્મ પરંતુ જૈનશાસન કહે છે આણા એ ધમ્મો.–જિન આજ્ઞા એ ધર્મ છે.

નાનું બાળક માની સામે જુવે છે એમ જૈનશાસન પ્રેમી જિનાજ્ઞાની સામે જૂએ છે. નાનું બાળક માતા કોઇ ચીજ આપે તો શંકા નથી કરતો કારણ વિશ્વાસ છે મા મારુ બરાબ કરે નહિ. જિનાજ્ઞાના પ્રેમીને વિશ્વાસ હોય છે. જિનાજ્ઞા મને તારશે.

લશ્કરની અંદર સેનાધિપતિની આજ્ઞા ન માને તો સૈનિક શૂટ થઇ જાય છે. તેમ જાણે કે અજાણે જૈનશાસનની આજ્ઞાનું પાલન ન થતાં કર્મરાજા જીવોને કર્મોની ગોળીથી

શૂટ કરે છે. અને અનંતીવાર શૂટ થવું પડે તેવું પણ બને.

સૂર્યમુખી કુલ સૂર્યની સામું રહે તેમાં તેનો વિકાસ છે. તેથી સૂર્યમુખી કુલ સૂર્ય, જે તરફ જાય તે તરફ તેનું મુખ હોય છે. જૈનશાસનરૂપી સૂર્યની સામે આપણે સૂર્યમુખી કુલ બનવા જેવું છે. જિનાજ્ઞા મુજબ આરાધના તારે છે. વિરાધના ડૂબાડે છે.

ઝુકી જાવો અને નીચા થઇ જવાયતો દુનિયાની કોઇ તાકાત તમને દુઃખી નહી કરી શકે, શ્રી જિનશાસનને ઝુકી જાવો અને તેની પાસે નાના બની જાઓ. આ એવું ભવ્ય શાસન છે જેને વિશ્વના જીવમાત્રનું કલ્યાણ વાંછયું છે-સાચા સુખનો રાહ બતાવ્યો છે. મહાપાપી, આત્માઓ પાવન થઇ પરમ પદને પામી ગયા છે. આ શાસન પાસે આપણે નાના બની જઇશું તો આપણે દરિયા જેવા બની જઇશું દરિયામાં અનેક નદી ઝરણા શરણે આવે છે. આપણો આત્મા અનેક ગુણરત્નની ખાણ બની જાય છે. સાગરના તળિયે રત્નો હોય છે. આપણે સાગર જેવા બની જઇશું.

ભગવાનનો જે સાચો સેવક બની જાય છે તે ભગવાન બની જાય છે.

ભગવાનની આજ્ઞા ખાતર સિધ્ધાંતની ખાતર માથુ દેવાની કયારે તૈયારી થાય તેવું હૃદયમાં ભાવીત કરવું જોઇએ. માટે જ શ્રાવક જિનમંદિર પ્રવેશ કરતાં પહેલાં સૌથી પ્રથમ મસ્તકમાં ચાંદલો કરે છે. ભગવાનની આજ્ઞા માથે ચડાવે છે.

નમો અરિહંત આણું

નમો પદ દુષ્કૃત્યોની નીંદા સૂચક છે.

અરિહંતાણું સુકૃતોની અનુમોદનારૂપ છે.

આણું એ ભગવાનની આજ્ઞાને સમર્પિત થવું સુચવે છે.

શ્રા-એટલે ભગવાનની આજ્ઞાનું શ્રવણ, શ્રધ્ધાને ધારણ કરવી. વ-એટલે સાત ક્ષેત્રમાં જિનાજ્ઞા મુજબ-વાવેતર કરવું ક-કર્મરૂપી કચરાને કાપવા. સમ્યગ્ ક્રિયાઓને ઉલ્લાસપૂર્વક, આદરપૂર્વક, બહુમાનપૂર્વક, ઉપયોગપૂર્વક ભાવથી આરાધવી, પાપક્રિયાઓથી બરડાયેલા આત્મા એ ધર્મક્રિયાઓમાં બળાત્કારે પણ આત્માને જોડવો પ્રયત્નશીલ રહેવું. આવા ભાવોથી ભરપુર જિનાગમ છે. જેના પ્રત્યેક શબ્દે શબ્દે આ ધ્વનિ ઘુંટાયેલો છે.

ચોપડાની એક રકમમાં ગોટાળો-ખોટો તો આખો ચોપડો ખોટો ઠરે છે. ભગવાનની એક પણ આજ્ઞાને ખોટી માનવાથી ભગવાનને આપણે અસર્વજ્ઞ કહેવરાવીએ છીએ તે મોટું પાપ છે.

ઇન્દ્રિયના સુખને ભોગવવા માટે જે ધર્મ માતાનું આરાધન કરે છે તે ખરેખર ધર્મ માતાનું વેચાણ કરે છે.

દુન્યવી સ્વાર્થ માટે ધર્મના સોગંદ ખાનારો મહાચીકણા કર્મ બાંધે છે. અમુલ્ય વસ્તુને મુલ્યમાં વેચવી તે મહાપાપ છે. ઠગપણું છે.

ભગવાનની પાસે મીલન કરાવનાર ભગવાનની આજ્ઞા છે. પોતાને ચાલતા ન આવડે તો પોતે પડે, ડ્રાયવરને ગાડી ચલાવતા ન આવડે તો પેસેન્જર ડુબે છે. પરંતુ રસ્તા અને પુલમાં ગાબડા પડે તો હજારો લાખો માણસ મરે છે. તેવી રીતે જિનાજ્ઞા મોક્ષમાં પહોંચવા માટેનો પુલ છે.

બધા વિજ્ઞાનનું વિજ્ઞાન બધા ઇતિહાસનો ઇતિહાસ, બધી સર્જરીની સર્જરી, બધા સર્જનનું સર્જન પ્રભુની આજ્ઞામાં સમાએલું છે.

જિનેશ્વરદેવો સર્વજ્ઞ હતા. તેથી જ તેઓ સંસારને જેના સ્વરૂપમાં છે તે સ્વરુપે ઓળખાવી શકયા. જો સર્વજ્ઞ ભગવંત ન મળ્યા હોત તો આપણે આંખો હોવા છતાં અંધ જેવા હોત. તીર્થંકરદેવોએ ઘોર અંધકારમાં પ્રકાશ ફેલાવી ધર્મનો માર્ગ બતાવ્યો એટલે જિનાજ્ઞા એજ આદરણીય છે. મોહથી અંધ બનેલા જગતને મોક્ષની રુચિ જગાડી દેવી સહેલીવાત નથી. જિનાજ્ઞા ઉપર અહોભાવ પ્રગટ થાય તો મોક્ષની રુચી પ્રબળ બને. સૌ મુકિત પામવા પુરુષાર્થી બનો.

- સંસારના સુખની ઇચ્છા તે જ મોટામાં મોટી અસમાધિ છે.
- 'બધા દેવો સરખા, બધા ગુરુઓ સરખા, બધા ધર્મો સરખા' આવું બોલે તેને વૈનયિક મિથ્યાત્વ કહ્યું છે.
- રોજ વ્યાખ્યાન સાંભળો અને ધર્મના પરિણામ ન થાય તે કેમ ચાલે ? તમે ખાલી હાજી હા છો કે ગ્રાહક છો ? ખાલી હાજી હા સાથે વેપારી વેપાર કરે ? તમારામાં ધર્મની ગ્રાહકતા છે ? ધર્મના પરિણામ આવ્યા છે ? આવ્યા હોય તો ટકતા નથી કે ટકાવવાની મહેનત નથી ?

(અનુ. પાન ૫૦ ચાલુ)

થતો નથી. કર્મક્ષય વિના મુક્તિ નથી. મુકિત વગર અમરપદ નથી. અને અજરામરપદ વિના આત્માની સિધ્ધિ નથી. આવી રીતે સૌ કોઇ પોત પોતાના વડીલ ઉપકારી પરમાત્મા ગુરૂભગવંતો (ગુરૂજનો) પ્રતિ આદર ભાવ અને પ્રેમભાવ ભકિત સાથે આરાધના કરતાં રહે તો તે વિનયવાન ગુણીજન પુરૂષો અવશ્ય આત્મકલ્યાણ કરી શકે છે. **આજ્ઞા એ ધર્મ છે આજ્ઞા એ ગુણ છે. આજ્ઞા એ વિનય છે.** એજ શિવમસ્તુ સર્વ જગતઃ પરહિત નિરતા ભવન્તુ ભૂતગણાઃ દોષા પ્રયાન્તુ નાશં સર્વત્ર સુખી ભવતુ લોકઃ એજ ભાવનાઃ

નગરની ચારેકોરની દિવાલ, બહારથી જોઇ ન શકાય એવી સળગતી–તેજ અંગારા વરસાવતી–બની ગઇ છે; આશાલિકા વિદ્યાના પ્રભાવે. આ એકમેવ વિદ્યા ઉપર મુસ્તાક બનેલો નગરનો રાજવી વરુણદેવ સુખચેનમાં છે, તો આ વિદ્યાની પ્રતિવિદ્યાના અભાવે નગરબહારની લશ્કરી છાવણીમાં રાજા રાવણની નીંદ હરામ થઇ ગઇ છે. ત્રિખંડભરત-ક્ષેત્ર ઉપર વિજયધ્વજ લહેરાવવાની અપેક્ષાથી તે દિગ્વિજય માટે નીકળ્યા છે. પણ અત્યારે તેમને પોતાની અપેક્ષા ચૂર ચૂર થઇ જતી જણાય છે. ચિન્તા, દુઃખ, ક્રોધ, આવેશ અને હતાશાથી તે દિઙ્મૂઢ બનીને બેઠા છે.

પણ આ રાવણ છે. ત્રિખંડભરતાધિપતિ બનવાનું ભાગ્ય અને સૌભાગ્ય એને માટે નિર્માણ પામ્યું છે. બરાબર એજ સમયે વરુણદેવની રાણીની દાસી ગુપ્તસંદેશ લઇને અહીં આવી પહોંચે છે. વરુણની રાણીનો સંદેશો છે કે 'હું તમને આ આશા-લિકાવિદ્યાની પ્રતિવિદ્યા આપવા તૈયાર અને તાકાતવાન છું. બદલારૂપે હે સુભગ-શિરોમણિ! તારે મારો સ્વીકાર કરવાનો છે.' રાવણ કંઇ કહે તે પહેલા જ વિભીષણ

ના રે પ્રભુ, નહિ માનું અવરની આણ

–પૂજ્ય મુનિરાજશ્રી મોક્ષરતિવિજયજી મ.

જ 'સોદો મંજૂર છે.' એવો ઇશારો કરે છે. દાસી પણ હર્ષવિભોર બનીને ઝટપટ ચાલી જાય છે. પણ આ બાજુ વિભીષણનું આવી બને છે. 'રે! વિભીષણ! આ તે શું કરી નાખ્યું? આપણા પૂર્વજોમાંથી કોઇએ પરસ્ત્રીનો મનથી પણ વિચાર કર્યો નથી અને આજે તુ સ્વીકાર કરવા સુધી પહોંચી ગયો? ધિક્કાર છે તને વિભીષણ. પૂર્વજોની એ યશોજ્જવલ પરંપરાને આજે તેં કાળોડિબાંગ ડાઘ લગાડ્યો છે. રાક્ષસકુળને આજે તેં કલંકિત કર્યું છે.' લાલ ઘૂમ ચહેરો થથરતાં હોઠ, ધ્રુજતા હાથ-પગ અને ધ્રુજાવી દેતી ત્રાડ. રાવણનું આવું રૌદ્રસ્વરૂપ જોઇને વિભીષણ ક્ષણભર તો ઠંડોગાર થઇ ગયો. થોડી ક્ષણોની શાન્તિ પછી વિભીષણે હળવેકથી સમજાવટ શરૂ કરીઃ 'આ તો રાજનીતિ છે, રાજન્! એકવાર પ્રતિવિદ્યા આવી જવા દો. એકવાર વિજય મેળવી લેવા દો. પછી એને કયાં સમજાવી નથી શકાતી?' રાવણને શાન્ત પાડતા વિભીષણને પરસેવો વળી ગયો... અંતે એમ જ થયું. નગરવિજય પછી રાજરાણીને રાવણે તમામ પરસ્ત્રીઓને હું માતા કે દીકરી રૂપે જ જોઉં છું અને તેમાં તું તો તદુપરાંત મારી વિદ્યાદાતા ગુરૂ બની છો.' વગેરે વગેરે કહીને સમજાવીને તેને તેના પતિની સેવામાં મોકલી આપી.

અહીં રાવણની હૃદયદશા કંઇક આ પ્રમાણે સમજાય છેઃ તેને સામ્રાજય પણ

જોઇએ છે અને સદાચાર પણ જોઇએ છે. પણ આ પ્રસંગમાં પુરવાર થઇ ચૂકયું કે સદાચારપ્રેમ, સામ્રાજયપ્રેમ કરતાં ઉપર છે. સામ્રાજય સ્વીકાર્ય છે પણ સદાચારને ભોગે નહીં. બેમાંથી એકને જતું કરવાની વાત આવે છે ત્યારે રાવણ સદાચારને ચુસ્તપણે વળગી રહે છે. સામ્રાજય ન મળે તો કંઇ નહીં. સદાચાર ન જવો જોઇએ. ગઢ મળે કે નમળે પણ સિંહ ન જવો જોઇએ.....

આ જ રાવણે એકવાર દિગ્વિજયયાત્રામાં રેવાનદીના વિશાળ કિનારા પર તંબૂ તાણીને પોતાના વિરાટ લશ્કર સાથે નિવાસ કર્યો છે. સમ્રાટ થવું છે પણ સેવક મટી જવું નથી તેથી આ યાત્રાપ્રવાસમાં પણ રાવણે મનોહર જિનબિંબ સાથે રાખ્યું છે. અને અહીં પોતે પ્રભુપૂજામાં લયલીન બન્યા છે. ફૂલો વગેરેથી સુંદર અંગરચના કરીને હવે ભાવપૂજામાં એકતાન બન્યા છે. એવામાં એકાએક નદીમાં પૂર આવે છે ને જોત-જોતામાં તો તેનું ગંદુજળ સર્વત્ર ફરી વળે છે. છાવણીમાં હાહાકાર મચી જાય છે. અને રાવણ પોતે પણ ભયંકર રૂપ ધારણ કરે છે. એનો ગુસ્સો સાતમાં આસમાનને આંબી જાય છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી લખે છે કે પોતાનો શિરચ્છેદ થવાથી જે ક્રોધ જાગે તેવો જ ક્રોધ રાવણને અત્યારે થાય છે શા કારણે ? તેનાં સુંદર વસ્ત્રો અને નાહીધોઇને સ્વચ્છ કરેલું શરીર બગડી જાય છે માટે ? પોતાની લશ્કરી છાવણીમાં બધ્ધું જ તિતરબિતર થઇ જાય છે તેથી ? પૂજા કરીને તરત જ જે રસોઇ જમવાની હતી તે બગડી ગઇ અને નવી બનાવતાં વિલંબ થશે તે કારણે ? ના. ના. ના. અષ્ટાપદ પર્વત પર દેવાધિદેવની ભક્તિમાં દેહનું પણ ભાન ભૂલી જઇને પોતાના સાથળમાંથી નસ ખેંચી કાઢીને ભક્તિને અખંડ અને અભિવર્ધિત કરનાર અને તેથી તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કરનાર આ રાવણ માટે આવી કલ્પના પણ હાસ્યાસ્પદ છે. પ્રભુપ્રતિમાની આ આશાતના રાવણથી સહન ન થઇ તેથી તેનો પિત્તો ગયો છે.

આ ઉપદ્રવ કોણે કર્યો છે તેની જાણકારી મેળવવા અને ખબર લઇ લેવા પોતાના સૈનિકોને તે આદેશ કરે છે. પોતે જાતે નીકળી પડે છે.

કથા ઘણી લાંબી છે. ઉપદેશ એટલો જ કે પ્રભુપ્રીત્તિ સર્વોચ્ચ રહેવી જોઇએ, જેવી રાવણના અંતરમાં છે. પૈસાપ્રીતિ, પરિવારપ્રીતિ, પ્રસિદ્ધિપ્રીતિથી માંડીને પૌદ્ગલિક સુખપ્રીતિ સુધીની તમામ પ્રીતિઓને પ્રભુપ્રીતિની પાછળ રાખવી જોઇએ, રાવણની જેમ.

અને પ્રભુપ્રીતિ એટલે ? પુનરુક્તિનો દોષ વહોરીને પણ ફરીવાર જણાવવાનું કે પ્રભુપ્રીતિનો અર્થ છે, પ્રભુઆજ્ઞાપ્રીતિ. પ્રભુઆજ્ઞાપ્રીતિમાંથી જનમેલી પ્રભુમૂર્તિપ્રીતિ, પ્રભુભક્તિપ્રીતિ કે પ્રભુભક્તપ્રીતિ જ અસલી અને નકકર હોય છે, બાકી બધી નકલી અને નમાલી.

"મારા પ્રભુની આજ્ઞાની વિરુદ્ધ જતી વાત, મારા પિતાની હોય તોય શું, એમાં 'હા' ન ભણું તે ન જ ભણું" આ આદર્શને વળગી રહેવા મયણાંએ, એમ કહી શકાય કે, સર્વસ્વનો ત્યાગ કરી બતાવ્યો. 'તો...

'હજી પણ વિચાર કરી લે. ધારું તેને સુખી અને ધારું તેને દુઃખી કરી શકું છું એ મારી વાતનો સ્વીકાર કરવો હોય તો હજી બાજી હાથમાં છે. અને જો હજી પણ તારે તારા કર્મની જ દુહાઈઓ આપવી હોય તો– તો જોઈ લે, તારા કર્મે આલેલ આ પતિ સામે તૈયાર ખડો છે.'

અત્યન્ત ક્રોધથી થરથર ધ્રુજતા પિતારાજવી પ્રજાપાળે આ કહ્યું અને મયણાએ સ્વસ્થનજરે ઊંચું જોયું. પળનો પણ વિલંબ કર્યાવિના મયણા ઊભી થઇ ગઇ. 'રૂમઝુમ રૂમઝુમ' નિનાદ કરતાં શાન્ત અને સ્વસ્થ પગલાં પાડતી મયણા, પ્રસન્નચહેરે હસતી-આંખે પેલા કોઢિયા પાસે પહોંચી ગઇ. કોઢિયા પતિની સાથે વિદાય લઇ રહેલી મયણા-સુંદરી રત્નજડિત પાલખીને બદલે ખચ્ચર પર બેઠી છે.

'કુર્યાત્સદા મઙ્ગલમ્' ના મંગલધ્વનિને બદલે ત્યારે વહાલસોયી જનેતાનું રુદન પડઘાઇ રહ્યું છે. નથી સોળશણગારની સજાવટ કે નથી સખીઓની મજાકમસ્તી. નથી ઢોલશરણાઇની સૂરાવલિઓ કે નથી મંડપમંચના ઠાઠમાઠ, નગરજનોના આશીર્વાદને સ્થાને 'આ મૂર્ખ છે, ધમંડી છે. જિદ્દી છે. મિથ્યાવાદી છે. અવિનયી છે. કૃતઘ્ન છે.' આવાં આવાં કૈંક નિન્દાવાક્યોની ઝડી વરસે છે. અને સૌથી મહત્વની વાત; રાજકુમારી તરીકે તે જેને પરણી રહી છે, જેની સાથે તેણે આખી જિંદગી જીવવાની છે તે કોઇ સૌન્દર્યવાન રાજકુમાર નથી, અજાણ્યો પુરુષ છે અને તે પણ કોઢિયો છે, સાતસો કોઢીયાની વચ્ચે જીવન ગુજારતો. ગામોગામ ભટકતો. રાજવિહોણો રાણો, ઉંબરરાણો.

આ આખોય પ્રસંગ શ્રીપાળચરિત્રનું આરંભબિન્દુ છે. અને એમાં મુખ્યપાત્ર છે. મયણાસુંદરી, મયણાસુંદરીની પ્રભુઆજ્ઞાપ્રીતિ. આ પ્રસંગ પછી પગલે પગલે મયણાની આજ્ઞાપ્રીતિ સતત ચમકતી રહે છે. પિતૃગૃહની વિદાય લઇને પતિ સાથે પોતાના આવાસમાં હસતી હસતી આવેલી મયણા પહેલીરાતે જ દુઃખી દુઃખી થઇ જાય છે. કેમ? "હજુ કશું મોડું નથી થઇ ગયું, મયણા. પિતાએ ક્રોધાવેશમાં અને તેં યાવનાવેશમાં જિદ્દથી આ અણછાજતું પગલું એકવાર ભલે ભરી લીધું. પણ હવે બાજી સુધારી લે. કોઇ રૂપસંપન્ન રાજકુમાર પાસે પહોંચી જા અને તારા રૂપનિર્માણને સાર્થક કર. મારા સંગથી તો તારું શરીર અલ્પસમયમાં જ કોઢગ્રસ્ત થઇ જશે. દુઃખ સિવાય મારી પાસે તને આપી શકાય એવું કશું નથી. કશું જ નથી"

ગળગળા સાદે સચ્ચાઇના રણકા સાથે આવું જ્યારે ઉંબરરાણો કહે છે ત્યારે

મયણાનું હૃદય ધરતીકંપનો આંચકો અનુભવે છે. એની આંખોમાંથી અનરાધાર વરસે છે. ચિર સમય પછી હૈયું હળવું થયા પછી મયણા કહે છે કે 'સ્વામીનાથ! જે કહેવું હોય તે કહેજો પણ મારા ધર્મ ઉપર (શીલધર્મ ઉપર, પ્રભુઆજ્ઞા ઉપર) આપત્તિ આવે એવું કશું પણ ફરીવાર કયારેય કૃપા કરીને કહેશો નહિ!'

પ્રસ્તુત છે, આજ્ઞાપ્રેમમાંથી જનમેલા જનમંદિરપ્રેમ, જિનમૂર્તિપ્રેમ, જીવદયાપ્રેમ અને સાધર્મિક પ્રેમની કેટલીક જાણી-અજાણી ઝલકો.....

સાધનાને અંતે પ્રત્યક્ષ થયેલી અમ્બિકાદેવીએ વિમલમંત્રીની સામે બહુ આકરો વિકલ્પ મૂકયો હતો. 'બે માંથી એકની પસંદગી કરી લો. કાં વારસદાર પામો કાં જિનમંદિર બાંધો.' અને મંત્રીદંપતીએ નિઃસંતાન રહેવાનું વધાવી લઈને વિશ્વપ્રસિદ્ધ 'આબુના દેહરાં' બંધાવ્યાં હતા.

ધર્મરૂચિ અણગારની સામે પણ બે દશા હતી. એક બાજુ કીડી વગેરે જંતુઓની હિંસા થતી હતી તો બીજી બાજુ પોતાની હત્યા થવાની હતી.....ગોચરીમાં આવેલું ઝેરી શાક ધૂળમાં પરઠવવાને બદલે તેઓ પોતે વાપરી ગયા હતા.

વેશ્યામાં આસકત બનેલો શ્રેષ્ઠીપુત્ર બધું જ ગુમાવી બેઠો હતો અને છેલ્લે વેશ્યાની પ્રસન્નતા માટે તેની પ્રેરણાથી તે રાજાની રાણીનાં કુંડળ ચોરવા નીકળ્યો હતો. તમામ જોખમોમાંથી હેમખેમ પસાર થઈને છેક રાજારાણીના શયનખંડ સુધી એ પહોંચ્યો હતો. મોડીરાત સુધી પડખાં ઘસતા રાજાને જ્યારે રાણીએ પૂછયું ત્યારે રાજાએ કહ્યું હતું કે મારો એક સેવક રાજા મને નમસ્કાર નથી કરતો. મને નમસ્કાર કરવા આવે ત્યારે એ પોતાની આંગળીમાં રહેલી વીંટીમાં કોતરેલા એના ઇષ્ટદેવ જિનેશ્વર દેવને નમસ્કાર કરે છે. મને એણે આજ દિવસ સુધી છેતર્યો છે. પણ હવે હું એને એની ગુસ્તાખીનાં કડવાં ફળ બહુ જલદી ચખાડવા માંગું છું. કાલે સવારે જ એના રાજયમાં પહોંચી જઈને એને પદભ્રષ્ટ કરવો છે. નષ્ટ કરવો છે. હું સાવ મૂર્ખ બન્યો છું. છેતરાયો છું. તેથી અજંપો અનુભવું છું. પણ હવે તો સવાર પડે એટલી જ વાર છે.

આ સાંભળી રહેલા શ્રેષ્ઠીપુત્રની સામે પણ અત્યારે બે વિકલ્પ છે. એક, વેશ્યાની પ્રસન્નતા અને બીજો, સાધર્મિકની સુરક્ષા. જેને માટે પોતે જોખમનો સમંદર પાર કરીને છેક અહીં સુધી આવ્યો છે તે રાણીનાં કુંડળને જાણે સાવ વીસરી ગયો હોય તેમ શ્રેષ્ઠીપુત્ર તો તત્કાળ દોડયો પેલા સેવકરાજાની રાજધાની તરફ, સાધર્મિકને બચાવી લેવા માટે! અંધારી રાતે બેહદ મુશ્કેલીથી ત્યાં પહોંચે છે અને સાધર્મિકને સાવધ કરે છે. અંતે રામ-લક્ષ્મણ આવીને તેને ઉગારે છે.

પ્રતિક્રમણ પૂરું કરીને શાંતનૂ શેઠ પોતાના વસ્ત્રાલંકારોને પહેરતા જાય છે. પણ એમાં એમને પોતાનો નવલખો હાર જડ્યો નહીં. અંધારામાં આસપાસ બધે તપાસ કરી પણ હાર ન જડ્યો તે ન જ જડ્યો. પરમાર્હત શ્રેષ્ઠિવર્ય શાંતનૂના અંતરમાં ત્યારે 'મૂલ્યવાન હાર ચોરાયો' તેના કરતાં પણ 'સાધર્મિકની મેં આ હદ સુધી ઉપેક્ષા કરી' એનો આઘાત વધારે લાગ્યો હતો.

કલિકાલસર્વજ્ઞના પટ્ટપ્રભાવક પૂજ્યપાદ શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની સામે પણ બે વિકલ્પ હતા. રાજાજ્ઞાનું પાલન કરીને 'રાજગુરુ' તરીકેનું સન્માન પામો અથવા ગુર્વાજ્ઞાનું પાલન કરીને ધગધગતી તેલની કઢાઈમાં કૂકી પડો. જીવતર કરતાં પણ જિ - જ્ઞાને વહાલી કરનાર એ સૂરીશ્વર અમારો જીવનાદર્શ બની રહે !

" શી અદ્ભુત છે તમારી કાવ્યકલા ! કવિવર, સાક્ષાત્ સરસ્વતી પણ રચવા બેસે તો આવું ન રચી શકે. તમારી આ કવિતાને હું દેશવિદેશમાં પ્રખ્યાત કરી દેવા માંગુ છે, પણ એક શરત છે. આ કાવ્યમાં ઋષભદેવને સ્થાને શંકરદેવ, વિનીતાનગરીને સ્થાને ધારા નગરી અને ભરતમહારાજાને સ્થાને તમે મારું નામ મૂકી દો !" માલવ-સમ્રાટ ભોજની આ આજ્ઞા સામે ધનપાળનો જવાબ હતો: 'આ તમે શું બોલી રહ્યા છો રાજન્ ! કયાં ઋષભદેવ અને કયાં શંકરદેવ ? શું સાગરનું સ્થાન એક સરોવર લઇ શકે ખરું ? સ્વર્ગસમી વિનીતાનગરીની પાસે તમારી આ ધારાનગરી તો સાવ રંક દીસે છે અને, ભરત અને આપની સરખામણી તો સ્વપ્નમાં પણ ન થઈ શકે, રાજન્ ! આ વાત કોઇ કાળે શકય નહીં બને.'

ગુજરાતનો નાથ સામે ચાલીને બોલાવે છે અને મંત્રીમુદ્રાનો સ્વીકાર કરવાની ઓફર કરે છે. ગણ વસ્તુપાળ તો, મંત્રીમુદ્રાના ઝાકઝમાળમાં સહેજ પણ અંજાયા વિના, રામી શરત મૂકે છે: 'મારા પ્રભુની આજ્ઞા મારે માટે સર્વોપરિ રહેશે. સૌથી પ્રથમ હું મારા પ્રભુની આજ્ઞાને વફાદાર રહીશ, પછી આપની આજ્ઞાને. જયારે આપની અને મારા પ્રભુની આજ્ઞા સામસામી આવી ઉભશે ત્યારે રાજન્ ! હું આપની આજ્ઞાને નહીં પાળી શકું !'

સાંભળ્યું છે કે પરણવા તૈયાર થયેલો ક્ષત્રિય યુવાન, પોતાની પરણેતરનો સ્વી-કાર કરતાં પહેલા એને કહેતો કે ' યાદ રાખજે, તું મારી બીજી પરણેતર છે. મારી કેડે ઝુલી રહેલી આ તલવારને હું પહેલાથી જ વરી ચૂકયો છું ! આ તલવારનો પોકાર પડશે ત્યારે હું તારી સામું જોવા પણ થોભવાનો નથી !'

ક્ષત્રિયનો પ્રતિજ્ઞામંત્ર હોય છે : 'પહેલી તલવાર, પછી પરિવાર !'
જૈનનો પ્રતિજ્ઞામંત્ર હોય છે " પહેલો આજ્ઞાવિચાર, પછી સંસારનો વ્યવહાર અને વ્યાપાર ! '

અંતે, વાંચી ત્યારથી મનમાં રમી રહેલી પંક્તિને પણ યાદ કરી લઉં :

"આન મેં ફર્ક ન આને દીજીએ; જાન અગર જાએ તો જાને દીજીએ..."

અદ્‌ભુત ઐશ્વર્યના સ્વામી શ્રીમદ્‌ તીર્થંકર ભગવંતો, દ્વાદશાંગીના રચયિતા શ્રીમદ્‌ ગણધરદેવો, દૃષ્ટિવાદ સમેત શાસન સ્તંભ પૂર્વધર મહાત્માઓ, શાસનદીપક શાસન પ્રભાવક શુદ્ધ ધર્મ પ્રણેતા શ્રીમદ્‌ સૂરિપુંગવો, હૈયા સ્થિત સર્વોત્તમ સર્વશ્રેષ્ઠ એક જ સૂત્ર પ્રગટ કરતાં રહ્યા કે " આજ્ઞા એજ ધર્મ " આજ્ઞા શ્રી અરિહંત પરમાત્માની, આજ્ઞા સર્વજ્ઞ સર્વદર્શી દેવાધિદેવની આજ્ઞા દ્વાદશાંગીના વિપુલ ઝરણા ૪૫ આગમોની આજ્ઞા આગમ વિસ્તારરૂપ નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ ટીકાની, અને તદુપરાંત આગમ વફાદાર શાસ્ત્રસાપેક્ષ સાહિત્યની.

સુવ્યવસ્થિત, સુબુદ્ધ, આ સુવર્ણ સાંકળની, એક કડી પણ તુટે કે અસ્તવ્યસ્ત થાય, એ આ યુગના શાસન વફાદાર પૂ. આચાર્યાદિ મુનિવરો, એક ક્ષણ પણ સહન કરી શકે નહિં. ભવ્યાત્માઓના ભાવપ્રાણના રક્ષણ માટે કટિબદ્ધ બનેલા, પ્રાણના ભોગે પણ શાસ્ત્ર આજ્ઞાનું રક્ષણ કરે જ કરે. કળીકાળ સર્વજ્ઞ, સાહિત્ય સમ્રાટ, સાડા ત્રણ કોડ

આણા એ ધર્મો

પૂ. મુનિરાજ શ્રી ભુવનચંદ્ર વિજયજી મ. નવાખલ

શ્લોકનો ઓઘ ખડો કરનાર, મહાપૂજ્ય શ્રીમદ્‌ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજની આજ્ઞાનું અખંડ પાલન કરવા ખાતર, તાંબાની ધીગધીગતી પાટ ઉપર, હસતે મુખે, અપૂર્વ ક્ષમા સાગર, સર્વાંગી શાસન રક્ષક, સંયમ મૂર્તિ શ્રીમદ્‌ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ બેઠા ને ? ઉચ્ચતમ સાધક દશામાં, વજ્રનાતિત સમાધિ પૂર્વક આજ્ઞા પાલન કર્યું ને ? પાંચમા આરાની, બારમી સદીની હૈયા ભીંજવતી વાત છે ને ? અનંત અનંત વંદન !

ગુરૂમુખ કમળે સોહે પરાગ ! દૃષ્ટાંત. સં. ૧૯૬૯ થી ૨૦૪૭ સુધીનું. ભવ્ય અને દિલચસ્પી ખુલ્લો કિતાબ છે. જગ મશહુર છે. પુણ્યશાળી શાસન સમર્પિત આત્માઓએ પ્રત્યક્ષ અનુભવેલ છે. સિંહાવલોકન કરીએ સુરમ્ય પ્રસંગોનું. આજ્ઞા પાલન ધર્મનું. પૂ. મહાપુરૂષના પોતાના જ શબ્દ પરિમલમાં. " અંદરના કે બહારના કોઇપણ સાધનના યોગે, આપણા નિમિત્તે સર્વસ્વભૂત શાસનને હાનિ પહોંચે એવું ન બને, એ જ જોવાનું છે. બાકીતો પુણ્યોદય અને પાપોદય પોતાનું કામ કરે જ જાય છે અને કરે જ જશે. પુણ્યોદયમાં લેવાવાનું કે પાપોદયમાં મુંઝાવાનું વિવેકીને હોવું ન ઘટે, એ પણ નિશ્ચિત છે. "

મતલબ કે શાસન અને શાસનના સિધ્ધાંતો (૪૫ આગમ પંચાંગી પ્રમાણિત, અરિહંત પરમાત્મા પ્રણિત) આત્મ પ્રદેશોમાં વ્યાપક બનાવવાના છે. તો જ આજ્ઞા નિષ્ઠતા–શ્રદ્ધા–સંવેગે ખીલે.

આજ્ઞા બધ્ધેતા— જે શાસન ધુરંધર હોય, મોટા વિદ્વાન શાસન સ્થંભ ગણાતા હોય, તે જો શાસન સેવા–શાસન સંરક્ષણ–શાસન પ્રભાવના માટે, પોતાની શકિતનો ઉપયોગ, પોતાની વિદ્વત્તાનો ઉપયોગ ન કરે તો, એ વિરાધક કોટિના છે, આરાધક નહિ."

"આભ અને પાતાલ એક થાય તોય, અમે તમારામાં નહિ ભળીએ. ગમે તેટલા કલંકો ચઢાવો કે ગમે તેટલા કનડો, દુનિયાની દૃષ્ટિએ કલંકિત ભલે ગણાઇએ, પરંતુ **પ્રભુની આજ્ઞા વિરૂદ્ધ, એક કદમ પણ નહિ ભરીએ.** ખરાબ રીતે હેરાન થઇ, ભલે અમે મરીએ, પણ પ્રભુ માર્ગના વિરોધીના પગમાં માથુ મુકીને તો નહિ જ જીવીએ. અમારૂં સંયમ હશે, પ્રભુ અને પ્રભુ આજ્ઞા પ્રત્યે અમારા હૈયામાં રાગ હશે, તો અમોને મુંઝવણ પણ શી છે? **પ્રભુ આજ્ઞા ખાતર અમે એકલા પડી જઇએ તો પણ શું?**"

તત્કાલીન મેજીસ્ટ્રેટો પણ શાસ્ત્રાજ્ઞાને બીરદાવતા. "સુસાધુઓની સેવા કરવી અને તેમને આજ્ઞાંકિત રહેવું, તે જૈનોનો ધર્મ છે. તેમના પર સત્તા જૈનો ચલાવી શકે નહિ.

૧૬ વર્ષની અંદરના દીક્ષાર્થી માટે મા-બાપ અગર વાલીની પરવાનગીની જરુર છે. જૈન સંઘની પરવાનગી જોઇએ તે બાબત કોઇ પણ **શાસ્ત્રમાં ઉલ્લેખ નથી.**

એક પ્રખ્યાત પંડીત, વિશાળ સભામાં સત્ય ઉચ્ચરે છે "જૈન શાસન–સિદ્ધાંત–સત્ય ધર્મ સુક્ષ્મતાથી સમજવો તો દૂર રહ્યો, પણ સ્થૂલથી સમજવા માટે પણ, **શાસનને સંપૂર્ણ વફાદાર, શુદ્ધ શ્રદ્ધાના ધણી,** ગીતાર્થ પૂ. જૈનાચાર્યો આદિ મુનિવરો ના સતત સત્સંગ શિવાય, બીજો આત્મોત્થાનનો માર્ગ નથી."

આજ્ઞા બદ્ધતાની ઉંડી ખુમારી શિવાય, આર્ય સંસ્કૃતિની સર્વાંગી ટોચ સમ જૈન સંસ્કૃતિની શ્રેષ્ઠતમ રક્ષા થઇ શકે નહિ. જૈન સંસ્કૃતિ એ વિશ્વ સમગ્રના જીવન પ્રાણ છે. એ અતિ સૂક્ષ્માતિસૂક્ષ્મ અને અગાધ ઉંડી છે તેટલી જ વિશાળ, ઉદાર અને ઉદાત્ત છે

છેક નીચલા સ્તરથી માંડી, રાજરાજેન્દ્રો અને સ્વર્ગના ઇન્દ્રોની હિતચિંતક છે. એનો નિશ્ચય વ્યવહાર વિભાગ રૂડી રીતે સમજ્યા શિવાય, સર્વજ્ઞકથિત આજ્ઞાઓના ઉંડાણમાં ઉતર્યા શિવાય, એની સ્વપર કલ્યાણ સાધકતા, વિશ્વના વિશાળ ફલક ઉપર કેવી રીતે વિસ્તારી શકાય?

આગમ વાચન અંગે જ્યારે મનફાવતો, **શાસ્ત્ર આજ્ઞા વિરૂધ્ધનો ધૂમ પ્રચાર**

ચાલતો હોય ત્યારે, સામે પૂર ખડા રહી, ઉદ્ઘોષણું કરવી, એ સામાન્ય વાત નથી. "શ્રી જિનાગમો ગણિ પિટક કહેવાય છે. ગણિનામ આચાર્ય અને તેમની પિટક નામ પેટી. એટલે આગમો એ આચાર્યોની મૂડી છે. અને આચાર્યોએ, યોગ્ય જીવોને, યોગ્ય પ્રકારે, આનું પ્રદાન કરવાનું છે. પણ જેણે તેને આ હાથમાં લેવાનું નથી. આ ગ્રંથો રકોલર બનાવવા માટે નથી. પણ સાધુપણાને સુંદર રીતે વિકસિત કરવા માટે 'છે.'

કલ્યાણક ઉજવણી પણ શાસ્ત્રાજ્ઞા પ્રમાણે જ હોય "**જગતમાં શ્રી તીર્થંકર દેવ જેવા શ્રી તીર્થંકર દેવ જ હોઈ શકે.** અન્ય કોઇની સરખામણી, એ પરમ તારકો સાથે થઈ શકે નહિ. જેમને ખપ નથી નિર્વાણનો, નિર્વાણ માર્ગનો, સ્થાપક તરીકે ભગવાનની ઓળખ નથી, તે ભગવાનના નામે શું કરે ? એવું કરે કે જેમાં ભગવાનની અને ભગવાનના માર્ગની આશાતના હોય"

પ્રતિષ્ઠા એટલે આત્માનું પવિત્રી કરણ. **પ્રતિષ્ઠા એટલે પરમાત્માની આજ્ઞા હૈયે ધરવી.** પ્રતિષ્ઠા એટલે ગામ કે નગરને ધર્મમાં ગૂંથવું. પ્રતિષ્ઠા એટલે વિશ્વનું ઉર્ધ્વીકરણ."

એક વાતની સ્પષ્ટતા જરૂરી કે જે મહાપૂજ્યને મસ્તકે સ્થાપ્યા હોય, ગીતાર્થતાને પારખી, લક્ષ્યમાં રાખી, આજ્ઞાબદ્ધ બન્યા હોઇએ, ત્યારે ગીતાર્થ ગંભીરતા અને આજ્ઞા-બધ્ધતા મુખ્ય બની જાય છે કાળ દોષે કરી, શાસન અને સમુદાયના હિતે, મહાસ્થાને રહેલા મહાત્માઓને, અનીચ્છાએ પણ કેટલાક કાર્યોનો નિર્ણય ત્વરિત લેવો પડે છે. અને તેની પાછળ મહાપૂજ્યોની વિશાળ દીર્ઘદૃષ્ટિ કામ કરતી હોય છે. આટલી સાદી સમજ શાસનમાં સ્થિરતા પેદા કરી શકે છે. શાસન (આજ્ઞા બદ્ધતા) અદ્ભુત મહાન છે. **વામનને મહાન્ શાસન બનાવે છે.**

વ્યવહારમાં, રાજકારણમાં, સંચાલનમાં, મને કે કમને, સચ્ચાઈથી કે બનાવટથી, આજ્ઞાને હૈયે ધારણ કરવી પડે છે. નહિ તો અનેક પ્રકારની શિક્ષાનો ભોગ બનવું પડે છે. આત્મકલ્યાણની કેડી ઉપર કે રાજમાર્ગ ઉપર ચાલનાર, જ્યારે પવિત્રતમ–આણ એ ધર્મોથી, વિચલિત બને છે, ત્યારે અનેક દુષ્ટ કર્મોના ભારથી આત્માને ભારે બનાવી, ભય અટવીના ભયંકર અરણ્યમાં, અસંખ્યાત કાળ માટે ભટકવાનું સ્વીકારી લે છે.

વિશ્વોદ્ધારક સર્વજ્ઞ સ્વામીની આજ્ઞા એજ આત્મપ્રદેશે–વ્યાપક રીતે દૃઢ બનાવનાર આત્મા–મહાત્મા જરાએ ચલિત થતા નથી. ગમે તેવા શહેનશાહની શહેમાં તણાઇ નહી જવાની ખમીરવંતી સાધુતા, તેમનામાં ઝળહળે છે. બાદશાહી બહુમાનમાય અલિપ્ત રહેવાના સ્વભાવથી, કોઇ અનેરો આત્માનંદ અનુભવે છે.

નાથ અરિહંત સર્વજ્ઞ સર્વદર્શી. ત્રિપદી એમનું વરદાન દ્વાદશાંગી શ્રેષ્ઠફળ. **પંચાંગી એનો વિપુલ વિશદ વિકાસ અને પ્રકાશ.** શાસન અને સિદ્ધાંતના રક્ષક અને શ્રી ચતુર્વિધ સંઘના હિતચિંતક પૂ. ગીતાર્થ સંવેગી, ચારિત્રચૂડામણિ, વફાદારીને વરેલા આચાર્યદેવો શાસનને ઉન્નત રાખે, રાખી શકે. ત્યાગ-વિરાગ-સંયમ ઉન્નતિના **સાત્વિક સફળ બીજો.**

વફાદારી (આજ્ઞા બદ્ધતા) જાય એટલે શ્રદ્ધા ગઇ. શ્રદ્ધા જતાં ત્રણે તત્ત્વોમાં લુણો લાગે. **પછી પગથીએ પગથીએ ઉત્સૂત્રપ્રરૂપણા અને ઉત્સૂત્ર પ્રવૃત્તિ.**

આજ્ઞાબદ્ધતા, સૂત્રોના સ્તોત્રોના શુદ્ધ આગમિક અર્થને, સંદર્ભને, ઐદમ્પર્યને ખેંચી શકે છે. "અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે" **વણુમાગી વણુઇચ્છી, પવિત્ર શાસનિક આજ્ઞાબદ્ધ કાર્યોદ્વારા,** લોક સમૂહમાંથી સ્વભાવિક રીતે ઉત્પન્ન થતી, કીર્તિને પ્રગટ કરતો લોક ધ્વનિ વિશિષ્ટ હોય છે.

આગમ સૂત્રોના પઠન પાઠન માટે યોગાવ્હિવહનની મહાતારક પવિત્ર ક્રિયાનું પાલન એ 'આણા એ ધમ્મો' જ છે. **કાળગણુ જેવી સુંદર આગમોક્ત તાંત્રિક-ક્રિયા, આત્મતંત્રને સાબદું બનાવનાર,** પાટલી, સંઘટ્ટો, વિ. વિ. અજબ ગજબનું સાયન્સ વિજ્ઞાન, જૈન શાસનની આજ્ઞા બદ્ધતાની બિરૂદાવલી બોલે છે.

કલિકાલ સર્વજ્ઞ, સાર્વભૌમ સાહિત્ય સમ્રાટ, શુદ્ધ અહિંસાની અલખ જગવનાર પૂજ્યતાના શીખરે પહોંચેલા; શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, એક અનુપમ સ્તવના વીતરાગ સ્તોત્રમાં સ્પષ્ટ ફરમાવે છે કે-હે વીતરાગ! સર્વપ્રકારે, સર્વતોમુખી, **આપની આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે.** આજ્ઞાનું આરાધન-આરાધેલી આજ્ઞા મુક્તિદાતા છે-આજ્ઞાની વિરાધના ભવભ્રમણ કરાવનાર છે.

પાંચમા આરાના મહાદુષિત કાળમાં, આજના ઝેરી જમાનાના ઉન્માદથી બચી, નાથની આજ્ઞાને મસ્તકે ધારણ કરી, નાભિમંડળમાં શાસનને સુદૃઢ સ્થિર કરી, સૌ મુક્તિમાર્ગના શૂરવીર પથિક બનો એજ શાસનપતિને પ્રાર્થના.

જેઓ શાસ્ત્ર વાંચીને પણ સંસારનું પોષણ કરે, ઉન્માર્ગનું પોષણ કરે તેના માટે તો આ શાસ્ત્ર પણ શસ્ત્ર છે.

જેની આંખમાં રોગ હોય, જોવાની મંદતા હોય તે સારી વસ્તુ જોઇ શકે નહિ. તેમ ભયંકર કોટિનો કર્મમલ, સાચી વસ્તુ સમજવામાં અંતરાય કરનાર છે. તે ગયો ન હોય તો ખુદ શ્રી ભગવાન મળે તો ય ભગવાન ખોટા લાગે.

મહાસતી સીતાદેવીના પવિત્રતમ, સુરક્ષિત રહેલા શીયળ ઉપર કલંક, રાવણની લંકામાં નહિ પરંતુ રામચંદ્રજીની અયોધ્યામાં ચડેલુ. જે શીયળ મહાધર્મના અણુદાગ રક્ષણને કાજે હજારો લાખ્ખો જીવોના જીવતા શરીરો મડદા થયા તો થવા દીધા, એજ શીયળની સામે શોકયોએ ચડાં કરીને મહાસતી જેવા મહાસતી શ્રી સીતાદેવીના માથે કલંક ચડાવી દીધુ અને સગર્ભા અવસ્થામાં જ શ્રી સીતાદેવીને, શ્રી સમેતશિખરજી મહાતીર્થની યાત્રા કરવા લઈ જવાના બહાના હેઠળ, ભેંકાર નિર્જન વન-જંગલમાં તજી દેવાયા. આટ-આટલું બનવા છતાં મહાસતી સીતાજી અયોધ્યા તરફ પાછા ફરી રહેલા કૃતાંતવદન નામના સેનાપતિને કહે છે કે "આર્ય શ્રી રામચંદ્રજીને મારો એટલો સંદેશો.

દુર્જન તણાં વાકયો મહીં શાંતિ મળે કયાંથી મને ?

-શ્રી રાજુભાઇ પંડિત (ચંદ્રરાજ)

આપજો કે- લોકાપવાદના ભયથી ડરી જઈને જે રીતે તમે સીતાનો ત્યાગ કર્યો છે, એ રીતે મિથ્યાત્વીઓની વાણીથી ડરી જઈને કયારે ય જૈનધર્મનો ત્યાગ ના કરશો. શિવાસ્તે પન્થાનઃ સન્તુ !

આજથી નવ નવ સૈકાઓ પહેલાં થઇ ગયેલા પરમાર્હત્ શ્રી કુમારપાળ મહારાજા કહે છે કે-

જિનધર્મ વિનિર્મુકતો મા ભુવં ચકવર્ત્યપિ ।
સ્યાં ચેટોપિ દરિદ્રોપિ જૈનધર્માધિવાસિતઃ ।।

મારે એવા ચકવર્તી નથી બનવું હે પ્રભુ ! કે જયાં જૈનધર્મનું, નામ નિશાન વગરનું જીવન હોય, હા એવું દાસપણું કે દરિદ્ર પણું પણ મને મંજૂર છે, જો તે જૈનધર્મથી વાસિત હોય તો.

જિનેશ્વર ભગવંતની આજ્ઞામાં જ ધર્મ છે. આ ધર્મના આરાધન વિના આજ સુધી કોઇ મોક્ષે ગયુ નથી, જતું નથી કે જશે પણ નહિ. આવા જૈનધર્મને, શ્રી વીતરાગ પરમાત્માની આણને રગ-રગમાં નસ-નસમાં રોમ-રોમમાં સંઘરી રાખનારા મહાશ્રાવિકા સુલસાને યાદ કરો. તીર્થંકરની બનાવટ કરીને શ્રી સુલસાની અણનમતાની કસોટી કરી છે ત્યારે મહાસતી સુલસા જાણે કહે છે કે-" આ કોઇ ઠગારો છે. ધુતારાઓ શાસનની પ્રભાવના તો શું કરવાના હતા, આવા ધુતારાઓથી તો શાસનની અવહેલના જ થાય છે. જા, ભાઇ સુલસા આવા ધુતારાઓને જોવા પણ આવી ના શકે સુલસા સમકિતને હોડમાં મૂકી ના શકે,

તુંગીયાનગરીના શ્રાવકોની સુદેવ-સુગુરૂ-સુધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધાની પરીક્ષા કરવા ખુદ ગણધર ભગવંત શ્રી ગૌતમ સ્વામી ગયા. અને તેઓશ્રીએ ઓઘો ડાબી

બાજુએ રાખવાનો હોય તેમ છતાં પણ જાણી જોઇને જમણી બાજુએ રાખ્યો. આ જોઇને ગણધર જેવા ગણધર ભગવંતને પણ ત્યાંના કોઇ પણ શ્રાવકે વંદન કર્યું નહિ. ત્યારે ગૌતમ સ્વામીને શ્રાવકોની અણનમતાનો ખ્યાલ આવ્યો.

આવા તો કૈંક દૃષ્ટાંતો છે જે; 'આણા એ ધમ્મો'ની આલબેલ અહાલેક પોકારે છે

અને હવે આ તરફ જુઓ. જુઓ પેલો મરીચિ, જીવનભર ધર્મની સુંદર સાધના કર્યા પછી પણ, એક થોડા સમયને માટે 'કવિલા ઇત્થંપિ ઇહ્યંપિ' શબ્દો દ્વારા કોટાકોટી સાગરોપમ સંસારમાં ભટકી પડે છે.

"કડેમાણે કડે" ની કડીની કેડીએ ચાલી ચાલીને, આ જુઓ પેલા જમાલિએ પણ કડં તિ કડં કહી ભગવદ્વાણીનો છેદ ઉડાડીને, વિપાક ભર્યો સંસારને ખરીદી લીધો.

"સર્વજ્ઞ હું છું" આવું કહી કહીને, હે પ્રભુ! તારી આણને પગનીચે કચડી નાંખીને આ ગોશાલાએ તો એના જનમોના જનમોની ઘોર ખોદી નાંખી હતી. અને આજની આ વીસમી સદી તરફ જુઓ,

" તાહરી આણ હું શેષ પરે શિર વહું"

"પાપ નહી કોઇ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો" આવું આવું હે પ્રભુ! તારી પાષાણની પ્રતિમા આગળ ગાઇ-ગાઇને ખુશહાલ અનુભવનારા એ મહાભાગો, જ્યારે ઉત્સૂત્રનું ભાષણ કરી કરીને, મસ્તકે ધરવાની તારી આણને પગ નીચે કચડતા હોય છે, ત્યારે તો તને હૃદયથી નમ્રભાવે વિનંતિ કરવાનું મન થઇ જાય છે કે "હે ત્રણ જગતના નાથ! આવા ઉત્સૂત્ર ભાષકોના ચક્કરમાં અમે કયારે ય ફસાઇ ના પડીએ તેની કાળજી રાખવાનું કામ તું કરજે. હે નાથ! ચારે બાજુથી ઉત્સૂત્ર ભાષકોના ઘેરાથી ઘેરાઇ જઇએ ત્યારે તે બધાંની વચ્ચેથી પણ અમને ઉગારી લેવાનું કામ તું કરજે છેવટે આ શરીરમાંથી જયારે પ્રાણ નીકળવાનો અંતસમય હોય ત્યાં સુધીમાં તો હે નાથ! 'આણાએ ધમ્મો' આ સૂત્ર અમારી જિંદગીનું ધ્રુવપદ બની ગયુ હોય તેટલું તો તું જરૂર કરજે.

અને ત્યારે હે ઉપકારી! એ ઉપકાર તમારો કદિય ન વિસરે
હે સુખકારી! આ સંસાર થકી લે મુજને ઉદ્ધરે...

卐

૦ તમારે બધાને સાધુ જોઇએ છે તે શું કરવા? ઉપાશ્રય ઉઘાડો રહે તે માટે કે, અમારા આત્માનું હિત કરનાર છે માટે? આત્માનું હિત શેમાં છે? સંસાર છૂટે તેમાં કે મજેથી રહો તેમાં? સંસાર છોડવા જ જેવો છે, કેમકે બધેથી બાળે તેવો છે,

કાકંદીના સુરતેજ રાજાનો પુત્ર જયકુમાર બાલ્યકાળથી જ સંસ્કારી અને ધર્માભિમુખ હતો. સંસારના સંબંધો એને બંધનરૂપ લાગતા હતા. અને સાધુઓના સંયમી જીવનમાં એને સાચી સ્વતંત્રતા દેખાતી હતી.

એક દિવસે નગર બહાર ઉદ્યાનમાં સનતકુમાર નામના આચાર્ય ભગવંત પધારે છે. જયકુમાર પણ સૂરિવરની વૈરાગ્યઝરીની દેશના સાંભળવા દોડયો જાય છે. જિનવાણીના અમીપાનથી એનું હૈયું પુલકિત બની જાય છે. ધર્મશ્રવણની એની જિજ્ઞાસા એટલી બધી વધી જાય છે કે એને દેશના શ્રવણ માત્રથી સંતોષ થયો નહિ. દેશના પછી ફરીએ સૂરિવરના ચરણારવિંદમાં બેસી ગયો. અને ફરી ફરી અનેકવિધ પ્રશ્નો કરી સંસારના સાચા સ્વરૂપને ઓળખવા લાગ્યો.

સંસાર—એક ભયંકર અટવી

અરિહંત પરમાત્મા—સાર્થવાહ

—પૂ. મુનિરાજ શ્રી રત્નસેનવિજયજી મ.

સૂરિવરે એક દૃષ્ટાંત વડે સંસારનું સ્વરૂપ સમજાવતા કહ્યું છે કે—

એક સાર્થવાહ પોતાના સાર્થ સાથે આગળ વધી રહ્યો છે, માર્ગમાં જ એક ભયંકર અટવી આવે છે. એ અટવી એટલી ભયંકર છે કે કોઈપણ સાર્થને છોડીને એકાકી જઇ શકે નહિ.

સાર્થવાહ બધા માણસોને ભેગા કરીને કહે છે કે—જુઓ ! સામે ભયંકર જંગલ છે, જેને પાર પામવું અત્યંત કઠિન છે. સત્ત્વશાળી માણસો જ એને પાર પામી શકે. એ અટવીને પાર પામ્યા પછી તો લીલાલહેર છે. પછી ત્યાં કોઈપણ જાતની તકલીફ નથી. માત્ર સુખ—સુખ અને સુખ જ છે.

એ અટવીને પાર પામવાના બે માર્ગો છે. એક બહુ લાંબો માર્ગ છે જેને ઓળંગવામાં ઘણા દિવસો જાય છે. અને અંતે તો કોઇ કઠોર માર્ગમાં જ આવવું પડે છે.

બીજો માર્ગ બહુ ટુંકો અને વિષમ છે.

એ માર્ગમાં પેસતાં જ ત્યાં એક સિંહ અને એક વાઘ જોવા મળે છે. તેઓ બંનેને પરાસ્ત કર્યા પછી જ આગળ વધી શકાય તેમ છે. એ બંનેને પરાસ્ત કર્યા પછી જ આગળનો માર્ગ મળવાનો. તેઓને પરાસ્ત કર્યે છતાં પણ તેઓ બે તમારી પાછળ તો આવવાના જ. અને જો તમે માર્ગ ચૂકશો તો એ બે તમારી ઉપર હાવી થઇ જવાના અને પોતાના પ્રહાર વડે તમને મારી નાંખશે.

માર્ગમાં અનેક છાયાદાર ફૂલ–ફળથી ભરેલા ઘટ્ટ વૃક્ષો મળવાના. પણ તે વૃક્ષોના ફળો જોઈને લલચાવાનું નહિ. કેમકે તે વૃક્ષોના ફળ તો શું તેની છાયા પણ પ્રાણોનો ઘાત કરનારી છે. માર્ગમાં જે સુકા વૃક્ષો મળે. એની નીચે જ વિશ્રામ કરવાનો.

માર્ગથી કાંઇક દૂર સુંદર વેષ ધારણ કરનારા કેટલાક લુંટારાઓ તમને માર્ગભ્રષ્ટ કરવા તમને બોલાવશે. પણ તમારે એની એકેય વાત ઉપર ધ્યાન આપવાનું નહિ.

સાથે સાથે સાર્થથી છૂટા પણ નહિ પડવાનું માર્ગમાં થોડી પણ આગ લાગી જાય તો એને તરત જ શાંત કરી દેવાની, નહિ તો એ આગ આખાયે વનને ભરખી નાંખશે.

માર્ગમાં એક ઉંચો પર્વત આવવાનો એને તરત જ સાવધાની પૂર્વક ઓળંગી જવું, જો નહિ ઓળંગવામાં આવે તો મૃત્યુનું સંકટ ઉભું થઇ જવાની સંભાવના છે.

માર્ગમાં ઉપદ્રવ કરનારી એક વંશજાલી પણ આવશે. તેને પણ શીઘ્રતાથી ઓળંગી લેવાની.

માર્ગમાં એક 'મનોરથ' નામનો માણસ મળશે. જે તમને કહેશે કે, 'ઓ, ભાઈ' જરા આ મારો ખાડો પૂરી દોને !' પણ એની વાત તમારે સાંભળવી જ નહિ. કેમકે એ એવો એક જાદુઈ ખાડો છે કે જેમ જેમ તમે એને પૂરશો. તેમ તેમ એ ખાડો મોટો થતો જવાનો.

માર્ગમાં કેટલાંક સુંદર ફળો દેખાય તો પણ લલચાવવું નહિ.

માર્ગમાં ૨૨ પિશાચો પણ હેરાન કરવા પ્રયત્ન કરશે, પણ તેનાથી ગભરાવું નહિ. બધાનો સામનો કરી આગળ વધતાં જ જવાનું

નિરસ ભોજન મળે તો પણ તેથી ખેદ નહી પામવાનું રાત્રિમાં પણ વિશેષ પ્રમાદ નહિ સેવવાનો.

બસ ! એ રીતે તમો અપ્રમતપણે આગળ વધતા હશો તો, થોડા જ વખતમાં અક્ષય આનંદના ધામ એવા શિવનગરમાં પહોંચી જશો. જ્યાં તમારા બધા જ મનોરથો પૂર્ણ થઇ જશે. અને તમો અક્ષય આનંદને પામશો.

સાર્થવાહની આ વાત સાંભળીને મોટા ભાગના સત્વશાળી માણસો સાર્થવાહની આજ્ઞાનુસાર આગળ વધતા શિવનગરને પામી જાય છે.

આ દૃષ્ટાંત સંભળાવી આચાર્ય ભગવંતે એ દૃષ્ટાંતનું ઉપનય સમજાવ્યુ કે—

૦ સાર્થવાહ એ જિનેશ્વર દેવ છે.

૦ સાર્થવાહની સૂચનાઓ એ ધર્મદેશના છે.

૦ ભયંકર અટવી એ ચતુર્ગતિ રૂપ સંસાર છે.

૦ સરલ માર્ગ એ સાધુ ધર્મનું પાલન છે.

૦ લાંબો માર્ગ એ ગૃહસ્થ ધર્મનું પાલન છે.

૦ વાઘ અને સિંહ એ રાગ અને દ્વેષ છે.

૦ લૂંટારાઓ એ મિથ્યાદૃષ્ટિ જીવો છે.

૦ સુંદર ફળવાળા વૃક્ષો એ ઇન્દ્રિયોના ૫ વિષયો છે.

૦ સૂકા વૃક્ષો એ નિરવદ્ય આશ્રય સ્થાન છે.

૦ અગ્નિ એ ક્રોધ છે.

૦ ઉંચો પર્વત એ માન છે.

૦ વંશજાલ એ માયા છે.

૦ નહિ પૂરાતો ખાડો એ લોભ છે.

૦ સુંદર ફળો એ અનુકૂળતાઓ છે.

૦ ૨૨ પિશાચો એ ૨૨ પરીષહો છે.

૦ નિરસ ભોજન એ નિર્દોષ ભિક્ષા છે.

૦ અપ્રમત પ્રયાણ એ અપ્રમતતા છે

૦ શિવનગર એ મોક્ષ છે. અને

૦ અક્ષય આનંદ એ અક્ષય સુખ છે.

સૂરિવરની વૈરાગ્ય રંજિતવાણી સાંભળી જયકુમાર યોગ્ય વ્રતોનો અંગીકાર કરે છે. અને ધીરે-ધીરે સાધુ જીવનને યોગ્ય અભ્યાસ કરી અંતે દીક્ષા અંગીકાર કરે છે. અને સદાયને માટે દુર્ગતિના દ્વાર બંધ કરી દે છે. થોડા જ ભવોમાં દેવ અને મનુષ્યોના સુખોને ભોગવી અંતે છેલ્લા સમરાદિત્યના ભવમાં દીક્ષા સ્વીકારી.

કેવળજ્ઞાનને મેળવી પોતાનું આત્મશ્રેય સાધે છે.

• કોઈપણ ધર્મક્રિયા આહારાદિ કાંઈ સંજ્ઞાથી રહિતપણે કરે, આજ ધર્મક્રિયા કરવા જેવી છે, તે વખતે આ લોક કે પરલોકના સુખ માત્રની ઇચ્છા પણ ન હોય. તો તે નાનામાં નાની ક્રિયા કરે તે ક્રિયાવંચક કહેવાય. તેનું ફળ સમાધિની પ્રાપ્તિ અને મોક્ષની પ્રાપ્તિ મળે.

પરમ પૂજ્ય, પરમ આરાધ્યપાદ, શાસન શિરોમણી, કરૂણામૂર્તિ, સિદ્ધાંતનિષ્ઠ, સન્માર્ગદર્શક, વાદી વિજેતા, ચતુર્વિધ શ્રી સંઘનો યોગક્ષેમ કરનાર, જૈનશાસનનાં જ્યોતિર્ધર, પરમકરૂણા સિંધુ, સૂરિ સમ્રાટ સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ સ્વર્ગસ્થ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની પુનિત છત્ર છાયામાં સંવત ૨૦૩૬ નું ચાતુર્માસ શાંતિનગરમાં રહેવાનો ચાન્સ મળ્યો. તેમાં અમારા સાધ્વી. જીને ૫૦૦ એકાંતર આયંબિલ તપ કરવાની ભાવના થતા, પૂજ્યશ્રીને શુભ દિવસ પૂછયો. અને પરમ પૂજ્ય જ્યોતિષ માર્તન્ડ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મ. સા. (વર્તમાન ગચ્છાધિપતિ) એ શુભ દિવસ અષાડ સુદ ૧૧ નો આપ્યો. તે દિવસે અમે પચ્ચક્ખાણ લેવા ગયા. તો પૂજ્યપાદશ્રીજી કહે કોણે પચ્ચક્ખાણ લેવાનું છે. અમે કહ્યું સાહેબજી આ સાધ્વીજીને પચ્ચક્ખાણ લેવાનું છે, ત્યારે સાહેબજી કહે તમે શું કરશો ?

આજ્ઞા એજ ધર્મ–મારો અનુભવ

—શ્રી રામચંદ્ર શિશુ

તમે આયંબિલનું પચ્ચક્ખાણ લો મેં કહ્યું સાહેબજી મારાથી તપ થતો નથી. અને આયંબિલ તો મારાથી થતું જ નથી ત્યારે પૂજ્ય પાદશ્રીજી કહે હું કહું છું ને તમે આયંબિલનું પચ્ચક્ખાણ લો એજ સમયે નવકારશીનું પચ્ચક્ખાણ કરેલ ને પૂજ્યપાદશ્રીજીની આજ્ઞા છે આયંબિલ કરો તો કરવું જ એઇએ ને પૂજ્યપાદશ્રીએ આયંબિલનું પચ્ચક્ખાણ આપ્યું. તે વખતે મને ખુબજ આનંદ થયો કે આજે નવકારશી કરનાર એવી મને પૂજ્યશ્રીએ આજ્ઞા કરી તો જરૂર મારે આજ્ઞા પ્રમાણેજ કરવું જોઇએ એ દિવસને યાદ કરતા આજે પણ આનંદ અનુભવું છું કે મારો કેવો પુણ્યોદય કે પૂજ્યશ્રીએ મને સામેથી કહ્યું. તે દિવસે આયંબિલ ભરેભાણે સારૂં થયું બીજે દિવસે બિયાસણું કર્યું ને ત્રીજે દિવસે પણ વિચાર આવ્યો કે આજે તો પચ્ચક્ખાણ પૂજ્યપાદશ્રીજી આપે તેજ લેવું છે, ને ખરેખર પૂજ્યપાદશ્રીએ આયંબિલનું પચ્ચક્ખાણ આપ્યું ત્રણ એકાંતર આયંબિલ ખૂબજ ઉલ્લાસ પૂર્વક થયા. જે મને માથાનો દુઃખાવો ને પિત્તનું જોર હતું તે પણ પૂજ્યશ્રીની આજ્ઞા અને પચ્ચક્ખાણે તો કમાલ કરી કે બધું જ ગાયબ થઇ ગયું. ચોથા આયંબિલે વિચાર કર્યો, કે વારેઘડી મહાપુરૂષને પૂછવું ઠીક નહી. મારા માટે લાભ હશે તોજ પૂજ્યશ્રી કહે આયંબિલ કરો. તો હું ૧૨ આયંબિલ અરિહંતના ૧૨ ગુણને આશ્રીને કરૂં. ૩ આયંબિલ ભરેભાણે કર્યા ૪ થા આયંબિલથી એકદત્તી ભાતના આયંબિલ શરૂ કર્યા. ભાતમાં ચાર આંગળ પાણી ઉપર

રહે તે રીતે ૧૨ આયંબિલ કર્યા. અરિહંતનું ગુણણું વિગેરે. આયંબિલ ઘણા જ સારી રીતે થયા. આયંબિલ મારે છે તેવું પણ ન લાગે સ્ફુર્તિ પણ સારી આવા સરસ આયંબિલ પૂજયશ્રીની આજ્ઞાથી જ થયા. એમાં કોઇ શંકાને સ્થાન નથી. ૧૨ આયંબિલ થયા પછી પૂજયશ્રીને કહ્યું ૧૨ આયંબિલ તો મેં એકદત્તી ભાતપાણીથી કર્યા. મારી ભાવના હવે સિદ્ધપદની આરાધના કરવાની છે તો હું કેવી રીતે કરૂં ? પૂજયશ્રી કહે કેમ ? તમારે અરિહંત થવું છે ને ? મેં કહ્યું હા સાહેબજી અરિહંત તો થવું છે. તો પછી આ રીતે જ આયંબિલ ચાલુ રાખો. બસ તેજ કોઇ શુભ પળે શુભ ચોઘડીએ પૂજયશ્રીએ એવા આશીર્વાદ સહ આજ્ઞા આપી ને ૧૦૮ આયંબિલ ખુબજ સુંદર રીતે પૂર્ણ થયા.

ત્યાર પછી પૂજયશ્રી સંઘ સાથે પાલીતાણા પધારનાર હોઇ અમારે પણ સંઘમાં જવાની ભાવના હતી. એટલે પૂજયશ્રીને પૂછયું સાહેબજી હવે વિહાર કરવાની ભાવના છે. પાલીતાણા બાજુ તો આયંબિલમાં વિહાર ન થાય તો ? સાહેબજી કહે આયંબિલ ચાલુ રાખો હું સંઘમાં સાથે છું ને ? તમે ચીંતા શું કામ કરો છો ? જરા પણ વાંધો નહિ આવે. ને તે દિવસથી જ ભાવોલ્લાસ પ્રગટયો કે ભાતનો એક જ દાણો (એકસીકથ) ગળવો. એ પ્રમાણે સંઘના વિહારમાં આયંબિલ શરૂ કર્યા. ને એજ પૂજયશ્રીના પ્રબળ પુણ્યોદયે અને પૂજયશ્રીના સામ્રાજયમાં, અને તીર્થાધિરાજની શીતળ છાયામાં ૫૨૧ આયંબિલ એકસિકથ (એક દાણાના) કર્યા ને તીર્થાધિરાજની નવ્વાણું કરી ૧૨૧ યાત્રા પણ સરસ રીતે થઇ. ચૌદસ આવે તો બે દિવસ સાથે એક દાણાનું આયંબિલ આવે એટલે છઠ જ જેવું કહેવાય. પચ્ચક્ખાણ આયંબિલનું તેમાં પણ બન્ને દિવસ યાત્રા ખુબજ સારી અને ભાવોલ્લાસ સાથે થતી. ખરેખર આજ્ઞા એ તો મારા જીવનનો અભ્યુદય ગજબ બનાવ્યો. કે તે પછી ૫૨૧ આયંબિલના તપના પારણે જ વર્ષીતપ શરૂ કર્યો અને પૂર્ણ થયો તે પણ પૂજયશ્રીનો જ ઉપકાર. તે પછી તિથિઓના ઉપવાસ આદી કરતા થઇ. તો એ મહાપુરૂષનો જ પ્રતાપ કે જેઓશ્રીએ મારા જીવનનો અભ્યુદય જોયો હશે જેથી મને પણ આજ્ઞા ધર્મ એ ગજબ સંયમ સાધનામાં જોડવા નિમિત્ત કામ કરી ગયું આજે તેઓશ્રીની આજ્ઞાના પ્રતાપે જ રત્નત્રયીની સાધનામાં દિવસે દિવસે વેગ વધતો જ છે, પહેલા પણ ગુરૂ આજ્ઞા એજ સાચુ તેવું જાણતા હતા અને આજે પ્રત્યક્ષ અનુભવ દ્વારા દેખાય છે. બે ચોપડા તો અંદર જ વાંચી છે, પણ ગુરૂ આજ્ઞાથી જ બધુ વાંચી શકુ છું બીજાને સમજાવી પણ શકુ છું તો બધો જ પ્રતાપ ગુરૂ આજ્ઞાનો છે મારો તો પ્રત્યક્ષ અનુભવ છે. તો સહુ કોઇ આજ્ઞા પ્રધાન માની રત્નત્રયીની સાધનામાં આગળ વધો એજ શુભેચ્છા.

આ વખતે હું ફરતો ફરતો એક નગરમાં જઈ ચઢયો. નગરની ગલી–ગુંચીમાં હું ઘૂમવા લાગ્યો. ભમતાં ભમતાં મેં શહેરની અનેક વિશેષતાઓ નીહાળી અનેક વિશેષતામાં એક વિશેષતા એહ હતી કે પ્રાયઃ કોઈ ગલી એવી નહી હોય કે ત્યાં કંસારાઓ ઘાટ ઘડી રહ્યા ન હોય. કંસારાઓ ટક ટકકરીને વાસણો ઘડી રહ્યા હતા. ટક ટક અવાજ મારે કાને સ્પષ્ટ સંભળાતો હતો. કંસારાના ઘરો બેઠાં ઘાટના હતા. તે ઘરોની બખોલમાંથી કોઇક ઉઠતું ને કોઇક બેસતું મારી નજરમાં આવે જતું હતું.

હું ફરતો ફરતો ચાર રસ્તાઓ જ્યાં ભેગાં થાય છે ત્યાં આવ્યો. ઉંચો ટાવર વચ્ચે ઉભો હતો અને તેની બાજુમાં એક ચબુતરો પણ હતો. આ ચબુતરામાં ઘણા કબુતરો ચણ ચણી રહ્યાં હતા. થોડાક કબુતરો સ્વાદુ ઠંડું જળ પી રહ્યા હતા, વળી કોઇક શાંતિદૂતો આપસ–આપસમાં મુકકા–મુકકી કરી રહ્યા હતા. આ સઘળો પ્રસંગ નીહાળવામાં મારી આંખો સ્થિર હતી ત્યાં તો મારી શ્રોતેન્દ્રિય પર ફરી ચારેકોરથી આવતો ટક ટક અવાજ અથડાયો.

૦૦૦ જિનવાણીનો પ્રેમ આજ્ઞાધર્મ પ્રગટાવે ૦૦૦

જાણે કોઇકે ઘંટ ન વગાડયો હોય તેવી અનુભૂતિ આ ટક ટક અવાજથી થવા લાગી તે સાંભળી મારું મનડું કાંઇક સોચવા લાગ્યું. મારી મુખમુદ્રા ગંભીર બની ગઇ શું કંસારાના આ ટક ટક અવાજની કબુતરોને કાંઇ અસર થતી નથી. શા માટે ગલરાયને ગગનમાં ઉડી જતાં નથી ? શું તેઓને ભય નથી લાગતો ?

તેઓ સમજે છે કે આ કંસારાઓ રોજ વાસણ ઘડે છે ટક ટક અવાજ પણ કરે છે. તે અવાજ કાંઇ અમને ઉડાળવા માટે નથી કરતાં.

તેજ પ્રમાણે જ્યાં ધર્મ દેશનાનો ધોધ વહેતો હોય ત્યાં નજીક, દૂર–સુદૂરથી ઘણાં શ્રોતાઓ શ્રવણ કરવા માટે આવે છે પરંતુ આ શ્રોતાઓ કંસારાના કબુતર જેવા નથી લાગતા ? તેઓ માની લે છે કે ઉપદેશ આપવો એ એમની ફરજ છે. ધર્મનો અને ત્યાગનો જ ઉપદેશ તેઓ આપવાનાં છે, અમારી ઇહલોકિક કે પરલોકિક કાંઇક મનોકામનાઓ પુરી થાય તેવી ચાવીઓ તો તેઓ ભૂલેચૂકે પણ બતાવશે નહી અને અમારી મનોકામના પૂરી થાય તેવો ઉપદેશ આપનારાઓને અમે શું કહીને બોલાવીશું, ખબર છે ?.....!

ધર્મનો અને ત્યાગનો ઉપદેશ તેઓ આપણને સંભળાવે છે. આપણે તે સાંભળવો જરૂરી છે. આવા વ્યાખ્યાન શ્રવણથી ચોકકસ જીવન પલટાઇ જાય પરંતુ અમે માનીએ

છીએ કે "સાધુ બોલતા ભલા, હમ સુનતા ભલા. "આ ન્યાયે જીવનમાં જે જરૂરી પલટો આવવો જોઇએ તે કદી આવતો નથી અને આત્મા ઘાંચીના બળદની માફક અર્થાત ચોર્યાંશીના ચક્કરમાં ત્યાં જ ફર્યા કરે છે. જ્યારે કોઇક વખત કોઇ કોઇ એવા ભાગ્યશાળી શ્રોતાઓ વ્યાખ્યાનમાં આવી જાય છે કે તેઓ ઘણો બોધ લઇને પણ જાય છે. તે બોધને આધારે જીવનમાં જરૂરી સુધારો-વધારો પણ કરે છે.

નિયમિત સાંભળનારા શ્રોતામાંથી આપણે એક શેઠનું દૃષ્ટાંત જોઇએ. આ શેઠના દૃષ્ટાંતમાંથી આપણને ઘણું જાણવા મળશે.

એક ગામ હતું ત્યાં ત્યાગી, વૈરાગી, નિસ્પૃહી, સુવિશુદ્ધ દેશનાદક્ષ એવા મુનિરાજ ચાતુર્માસ માટે પધાર્યા, મહાત્મા હતા પ્રવચનકાર સુંદર સરળ શૈલીમાં અને દૃષ્ટાંત સહિત ધર્મનો અને ત્યાગનો ઉપદેશ પ્રવેશના દિવસથી શરૂ કર્યો રોચક શૈલીમાં પ્રવચન થતાં હોવાથી લોકોની ઉપસ્થિતી સારા પ્રમાણમાં રહેવા લાગી વાચ્છટાને કારણે અન્યજન સમુદાય પણ સારી સંખ્યામાં જોડાવા લાગ્યો. સૌ મહાત્માની યશોગાથા ગાવા લાગ્યા.

હવે આ ગામના શ્રાવકોએ એક વિચિત્ર નિયમ ઘડયો હતો. તે નિયમ આ પ્રમાણે હતો, "આ આગેવાન શેઠજી જ્યાં સુધી આવે નહિ ત્યાં સુધી મંગલાચરણ શરૂ થાય નહિ."

કારણ કે, શેઠ ભાવિક હતા, ઉદાર હતા, દરેક ટીપ ટકોરામાં તેમનું નામ મોખરે હતું, તન, મન અને ધનથી શ્રી સંઘની ભકિત પણ શેઠ કરતા હતા.

શરૂઆતનાં દિવસોમાં તો શેઠજી સમયસર હાજર થઇ જતાં હતાં પરંતુ એકવખત કોઇ કારણસર શેઠ ઉપાશ્રયે સમયસર ન પધાર્યા, વ્યાખ્યાનનો સમય થતાં મહારાજ પાટ ઉપર આવી પહોંચ્યાં, મહારાજ મંગલાચરણની શરૂઆત કરે તેની પહેલાં શ્રાવકોએ તેમને અટકાવ્યાં, સાહેબજી ! હજી અમારા એ શેઠ નથી આવ્યા. અમારો નિયમ છે કે એ શેઠ આવે પછી જ માંગલાચરણ શરૂ થાય.

આજેતો સમય આપવાનો (જાહેર કરવાનો) જુદો અને શરૂઆત કરવાનો જુદો બરાબરને ! શું આવી પરિસ્થિતિના લોકતા ફકત ધર્મસ્થાનો જ છે કે અન્ય સ્થાનો પણ છે.' અન્ય સ્થાનોમાં તો સમયસર હાજર થઇ જવું જ પડે નહીંતર મુશ્કેલી આવી પડે. ધર્મ સ્થાનોમાં સમયસર હાજર ન થઇ તો અમને કોણ કહેનાર છે ? કારણ કે અમારા મહાત્માઓને શ્રોતાઓની મેદની જોઇને વ્યાખ્યાન કરવાનો મૂડ આવે છે, જો સારા પ્રમાણમાં શ્રોતાઓ ન હોય તો તેઓનું વ્યાખ્યાન ફલોપ જાય છે, અને અમારા મહાત્માઓ ઉદાર છે. એમની ઉદારતાનો લાભ લઇને મોડા આવનારા શ્રાવકો

શ્રી જૈન શાસન માટે કલંક રૂપ છે, શ્રી જૈન શાસનમાં રહેલો ચતુર્વિધ શ્રી સંઘ એટલે કે કારણ વિના સાધુ સાધ્વીઓ તો સમયસર હાજર થઇ જાય છે. પરંતુ શ્રાવક-શ્રાવિકાઓ આ વચનની ઉપેક્ષા કરે સત્યના આગ્રહી એવા શ્રાવક-શ્રાવિકાઓએ અન્ય કાર્યને એકાદ કલાક માટે ગૌણ બનાવી વ્યાખ્યાનાદિ શ્રવણને મુખ્યકાર્ય બનાવે તે જ એમના માટે યોગ્ય છે.

મહાત્માએ પણ તેઓની વાત કાને ધરી, થોડીવાર મૌન બેસી રહ્યા. શ્રોતાગણના નયનો મહાત્માની મુખાકૃત્તિ પર સ્થિર હતા અને મહાત્માના નેત્રકમળો આગમના પાનાઓમાં સ્થિર હતા થોડીક પળો વીતે ના વીતે ત્યાં તો શ્રોતાગણોએ મૌન તોડયું કંટાળો અનુભવતાં ઇત્તર ધર્મીઓ પોતાની જગ્યા છોડી દે તેની પહેલાં જ મહાત્માએ મૌન તોડયું. મંગલાચરણ કરી દેશનાનો ઘોધ વહેતો કર્યો. શ્રોતાગણ સ્થિરચિત્તે સાંભળવા લાગ્યો. થોડીકવાર થઇને એટલે ખુબ જ મોડા શેઠ પધાર્યા, સર્વેને ખલેલ પહોંચાડતાં શેઠજી પાટ પાસે પહોંચી ગયાં. આગવું સ્થાન સ્વીકારે તેની પહેલાં જ મહારાજે પૂછયું.

કેમ, શ્રાવકજી આજે આટલું મોડું થયું. !

જવાબ વાળતાં શેઠ બોલ્યા, મહારાજજી એ તો આ સંસારમાં રગડા-ઝગડા ચાલ્યા જ કરે એમાં કાંઇ નવું નથી. આપશ્રીને કાંઇ જાણવાની જરૂર નથી આ તો અમારું રોજનું છે, આપ, સાહેબજી આગળ ફરમાવો.

પરંતુ હે શ્રાવકજી, મને જાણવાની ઇચ્છા છે. જીજ્ઞાસા પણ છે. તમારા રગડા-ઝગડા કેવા ખટમીઠા છે તે મારે જાણવા છે. તમતમારે કહો જે કાંઇ હોય તે મા અને મહારાજ આગળ તો પેટ છૂટી વાત કરવી જ જોઇએ તેઓની આગળ ખાનગી રાખવું ન ઘટે માટે તે જે હોય તે ખુશીથી કહો.

ખુબ આગ્રહ થતાં શેઠજી બોલ્યાં, એ તો એમ હતું કે, હું તૈયાર થઇને અત્રે આવી રહ્યો હતો ત્યારે મારો લાડકવાયો છોકરો બોલ્યો, બાપાજી, બાપાજી આજે મારે રજા છે. હું પણ આપશ્રીની સાથે વ્યાખ્યાન સાંભળવા આવું. મને પણ ધર્મવાતો સાંભળવી બહુ ગમે છે. આજે રવિવાર છે. સ્કુલે પણ નથી જવાનું માટે ક્ષણ બે ક્ષણ થોભો તો હું હમણાં જ તૈયાર થઇને આપશ્રીની સાથે આવું. નાના છોકરાની વાત સાંભળતાં જ મારા કાન સરવા થઇ ગયા. હું બોલ્યો ને બેટા તારા જેવાનું કામ નથી તું ભોળો છો મહારાજની વાતમાં ભોળવાઇ જાય તેવો છે. આમાં તો અમારા જેવા રીઢાઓનું જ કામ છે. તમારા જેવા નબળા મનવાળા છોકરાઓના મગજમાં જો આવી

વાતો ધૂસી જાય-ઘર કરી જાય તો મુશ્કેલી થઇ પડે. માટે તું ઘરે રમ, તારા માટે કાંઇક હેતો આવીશ. મારી વાત તેણે માની નહી અને તેને આગ્રહ ચાલુ જ રાખ્યો. આ રકઝકમાં આજે ઘણું મોડું થઇ ગયું.

અરે, આટલી માથાકુટ કરવાને બદલે આંગળી પકડીને વ્યાખ્યાનમાં લઇ આવ્યા હોત તો શું થાત ? મહાત્માજીએ સરળભાવે ફરી પૂછયું.

વાહ રે વાહ ! મહારાજજી, લાવવામાં તો મને કાંઇ વાંધો ન હતો. તે તો મારી સાથે બગીમાં આવી જાત પરંતું આપશ્રીની ત્યાગવાણીનો ધોધ એવો વર્ષે છે કે તે ધોધમાં આવા કુમળા બાળકો તણાઇ જાય અમારા જેવા પીઢ, અનુભવીઓ જ તેમાં ટિવાલ બની ઉભાં રહી શકે, અમારા જેવાને ગમે તેટલા ચાબકા મારશો તો પણ અમને કાંઇ અસર થવાની નથી અમારું મન તો આવા ટાંકણાઓના ઘા થી ઘડાઇ ગયું છે. આપશ્રીના ત્યાગ ધર્મના નગારાં ઘણા ગગડે તો પણ અમે તો કુંભકર્ણોની માફક સૂતા જ રહેવાનાં, આ પાટ ઉપરથી અમારી છાતી પર જે પ્રહારો કરવામાં આવે છે તેવા પ્રહારો જો નાની વયના કુમળા બાળકો પર કરવામાં આવે તો અમારા કુમળા બાળકોના મગજનો રાશી અમારી પાસેથી ખસી જાય અને તમારી પાસે આવીને વસી જાય. જો તે અહીંયા આવીને વસી જાય તો અમારા ઘરે અમારે ખંભાતી તાળા મારવા પડે. અમારી પેઢીનું કામકાજ અટકી જાય.

મહારાજ સમજી ગયા કે, આવાઓતો ફકત ધર્મી કહેવડાવા જ ધર્મ કરે છે. આવાઓને તો માત્ર સાંભળવાનું એક વ્યસન પડી ગયું હોય છે. ત્યાગ વાણીનું પાન કરીને પોતાના જીવનમાં જેવો પલટો લાવવો જોઇએ તેવો પલટો આવાઓ કયારે પણ લાવી શકતા નથી આવાઓ તો માની લે છે કે સાધુ બોલ્યા કરે અને અમે સાંભળતા રહીએ. આ કારણસર આવાઓનું આત્મકલ્યાણ કયારે પણ શકય બનતું જ નથી.

જયાં ભગવાનના વચન ઉપર બહુમાન નથી આજ્ઞા ઉપર પ્રેમ નથી. જયાં તેમની વાણીને કહેનારા ઉપર બહુમાન નથી ત્યાં આત્મકલ્યાણની વાત કરવી પણ કઇ રીતે ? જો આ પરિસ્થિતિમાં પરિવર્તન આવે તો જ ભગવાનની વાણીના શ્રવણાદિમાં સફલતા મળી શકે અને ભગવાનની આજ્ઞાની મહત્તા સ્થિપિત થઇ શકે, ફકત સાંભળવાથી સફળતા મળતી નથી પરંતું સાંભળ્યા પછી તેના ચિંતન અને મનની ચોકકસ સફળતા મળે છે માટે યોગ્ય લાગેતો અને સમય મળે તો ચોકકસ વિચારજો.

—વિરાગ

પરમ તારક શ્રી જિનેશ્વરદેવોએ ભવ્ય જીવોના એકાંતે કલ્યાણને માટે મોક્ષમાર્ગ સ્વરૂપ આ ધર્મતીર્થની સ્થાપના કરી છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સ્વરૂપ આ મોક્ષમાર્ગને જીવનમાં સ્વયં જીવી પછીજ સઘળાય જીવોના આત્મહિતને માટે તે માર્ગ ઉપદેશ્યો છે. આ માર્ગનું જેઓ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની પરમતારક આજ્ઞામુજબ યથાર્થ પાલન કરે છે તેઓ આ દુઃખરૂપ, દુખફલક અને દુઃખાનુબંધી સંસારથી અલ્પકાળમાં મૂકાઈને આત્માના સર્વથા સુવિશુદ્ધ એવા સ્વરુપને પામે છે અને સદાને માટે સઘળાય કલેશોથી મુકત થઈ આત્માની અનંત અને અક્ષયગુણલક્ષ્મીમાં વીલસે છે.

આવી પરમોચ્ચદશાને પામવા માટે પરમ તારક આજ્ઞા ઉપર હૈયાથી બહુમાન અને ભકિતભાવ–આદરભાવ કેળવવો જોઈએ. આજ્ઞા જ એકાંતે કલ્યાણકારી છે. હિતકારી છે આવી શ્રદ્ધા જન્મ્યાવિના આજ્ઞા ઉપર હૈયાનો આદરભાવ આવવો સુમુશ્કેલ છે. તે પ્રગટયા વિના આજ્ઞા મુજબની પ્રવૃત્તિ કરવી તે પણ શકય નથી.

ચિંતન —: આણા એ ધમ્મો :—

—પ્રજ્ઞાંજ

દુનિયામાં પણ અર્થ–કામના પ્રેમી જીવો જેનાથી પોતાની અર્થ કે કામની સિદ્ધિ થાય તેની પ્રસન્નતા જળવાઈ રહે તે માટે તેને જ અનુકૂળ થઈને જીવે છે. તેની જ મરજી પ્રધાન માને છે. સમજે છે કે જો અહીં આપણી મરજી મુજબ ચાલવા ગયા તો સ્વ અર્થની સિદ્ધિતો દૂર રહી પણ જીવવું પણ મુશ્કેલ થઈ જશે. જો લૌકિક જીવનમાં પણ પોતાની મરજીનો સ્વતંત્ર વિચારનો ત્યાગ કરાય તો જેનાથી આત્માનું સર્વથા કલ્યાણ–હિત જ થવાનું છે તેવી પ્રવૃત્તિમાં તો તે માર્ગના પ્રરુપકની આજ્ઞા મુજબ જ જીવવું જોઇએ–તેમાં પોતાનો અભિપ્રાય કે મરજી ચાલે જ નહિ–આ વાત બહુ જ સારી રીતના સુજ્ઞ જીવો સમજી શકે છે. કારણ કે આજ્ઞા ની આરાધના એ જ સંસારથી તારનાર છે અને વિરાધના એ જ સંસારમાં ડૂબાડનાર છે.

હે આત્મન્ ! આ વિષમ એવા કલિકાલમાં પણ ભગવાનની તારક આજ્ઞા ને યથાર્થ સમજાવનારા તેમજ શકય આજ્ઞાનું પાલન કરનારા આત્માઓ દૃશ્યમાન થાય છે. તો તારે પણ જો આત્માનુ જ એકાન્તે કલ્યાણ સાધવું હોય તો તેવા મહાપુરુષોની સેવા–ભકિત કરી આજ્ઞાને સમજવાનો પ્રયત્ન કર અને શક્તિમુજબ આજ્ઞાનું પાલન કર અને કદાચ આજ્ઞા પૂરેપૂરી ન પળી પણ શકે તો ય આજ્ઞા ઉપર હૈયાથી આદરભાવ તો કેળવ જ અને કયારે પૂરેપૂરી આજ્ઞાનું પાલન કરવાની શકિત આવે તેવા પ્રયત્નોમાં ઉજમાળ બનીશ તો આ આધિ–વ્યાધિ અને ઉપાધિના તાપોથી સંતપ્ત સંસારથી મુકત થઈ આજ્ઞાના નિર્મલ સ્વરુપને પામી આત્મગુણોનો ભોકતા થઇશ. તો શ્રી જૈનશાસનની જયવંતી તારક આજ્ઞાની જ આધિનતા કેળવ. ખરેખરી સ્વતંત્રતા પામવાનો આજ ઉપાય છે હૈયામાં આ વાતને આત્મસાત કરીશ તો સિદ્ધ તારા ચરણોને ચૂમશે.

અનાદિકાળથી સંસારચક્રમાં કર્મ પરવશ જીવ ભટકી રહ્યો છે. સંસારચક્રમાં ભટકતો તે આત્મા વિષયચક્ર, કષાયચક્ર, વાસનાચક્ર, અધર્મચક્ર, પાપચક્રમાંથી સંપ્રસારણ કરતો જ રહ્યો છે. ચૈતન્યની વિભાવદશાને કારણે આ ચક્રોમાંથી સંપ્રસારણ પામતા તે આત્માનું સંસારચક્રમાંથી પરિભ્રમણ વિરામ પામ્યું નહિ. આ પાંચ ચક્રોમાંથી વિરામ પામવા માટે તથા સિદ્ધચક્રમાં પ્રવેશ કરવા માટે અને મુક્તિચક્રમાં રમણતા કરવા માટે પરમાત્મ શાસન.

અનુપમેય, અદ્‌ભુત, પરમ તારક, સર્વજ્ઞ ભગવંતના શાસનને પામી જીવ સંસારમાં પરિભ્રમણ કરાવનારા પાંચ વિષય, અને ચાર કષાયરુપ નવપદમાંથી નીકળી સ્વાભાવિક દશાને પ્રાપ્ત કરાવનાર શાશ્વતા અરિહંતાદિ નવપદોની આરાધના દ્વારા સિદ્ધચક્રમાં પ્રવેશ પામી આ પાંચે ચક્રોમાંથી નિર્ગમન કરી પરંપરાએ મુક્તિચક્રમાં પ્રવેશી આત્મિક સુખની અનુભૂતિ કરે છે.

જયવંતુ જિનશાસન.

—પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ. (જયશિશુ)

આત્મિક સુખની અનુભૂતિ એટલે જીવની સ્વાભાવિક દશાનું પ્રગટીકરણ વૈભાવિક દશાનું વિલોપન. આત્મિક સુખરુપી વસંતની અનુભૂતિ કરતાં પહેલાં વૈભાવિકસુખ રૂપી પાનખરઋતુ લાવ્યા વિના છૂટકો નથી. અને તે વૈભાવિક સુખની પાનખરઋતુ શુદ્ધ ધર્મચક્રમાં પ્રવેશ વિના શક્ય નથી. પરમાત્મ શાસન વિના શુધ્ધધર્મની પ્રાપ્તિ નથી. પ્રભુ શાસન પામ્યા પછી વિષયવિરાગ–કષાયના ત્યાગ દ્વારા ભવવિરાગનું પ્રાગટય. જેને ભવવિરાગ તેને વીતરાગ શાસન પ્રત્યે રાગ જન્મે. અને તેવા આત્માઓ સર્વસંગના ત્યાગી બની આત્મિક વસંતની અનુભૂતિ કરતા હોય છે. તેથી જ પરમાત્માનું શાસન જયવંતુ છે. જયવંતુ હતુ. જયવંતુ રહેશે...

પરમાત્માના પુનિતપંથે પ્રયાણ કરતા આત્માઓને સહાયભૂત થનારા આત્માઓ પણ જગતમાં હોય છે. મુનિજનની મશ્કરી–નિંદા દેખી તેમનું હૈયુ દુઃખિત બની જાય છે. અને તેનું નિવારણ કરવા માટે ધર્મરંગે રંગાયેલા, પ્રભુ શાસનની તથા પ્રવચનની મહત્તા સમજનારા, મુનિજીવનના જ્ઞાતા, જેમની રગે રગે ધર્મ વ્યાપી ગયેલો હોય તેવા આત્મા પ્રાણની પરવા પણ કરતાં નથી. લોકોપવાદને પણ ગણતા નથી. આવેલી આપત્તિને દૂર કરવા સજ્જ બની ઝઝુમતા હોય છે. આ છે જયવંતા પ્રભુ શાસનનો મહિમા !

વીતરાગના રાગી, ધર્મના પ્યાસી, મુક્તિના આશિક આત્માઓ પ્રભુ શાસનની હીલના કેમ નિવારે છે તે માટે જ અભયકુમારને જોઇશું...

મગધ દેશના સમ્રાટ મહારાજા શ્રેણિક, અનેક પુત્રો પરંતુ તેમાં શ્રી અભયકુમાર તો પરમબુદ્ધિ નિધાન હતા. ઔત્પાતિકી બુદ્ધિના સ્વામી અભયકુમારે સ્વપિતા તથા રાજ્યની અનેક પ્રકારે સેવા કરી હતી. તેમ સર્વસુખકર પરમાત્માના શાસનની સેવા પણ અનેક પ્રકારે કરી હતી. અહીં એક પ્રસંગ નિહાળશું. અને તે દ્વારા પરમાત્મ શાસનની પ્રીતિ અભયકુમારની કેવી હતી તેનો તાદૃશ્ય ચિતાર જોવા મળશે...

ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીની પાસે, રાજગૃહી નામની મહારાજા શ્રી શ્રેણિકની રાજધાનીની નગરીમાં, એક કઠિયારાએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. દીક્ષિત થયેલા તે મુનિ ગૌચરી માટે જ્યારે જ્યારે નગરીમાં ફરતાં હતા, ત્યારે ત્યારે એ નગરી ના જે લોકો તેમની પૂર્વાવસ્થાને જાણતા હતા, તે લોકો તે મુનિનો સ્થાને સ્થાને પરાભવ કરવા લાગ્યા રસ્તે ચાલતા તેમની એ લોકો મશ્કરી અને નિંદા કરવા લાગ્યા.

એ કાળમાં અને એવા સ્થાનમાં પણ એવા ય લોકો હતા. તો વર્તમાનની તો શી વાત? આજે પણ કેટલાક કહે કે– ખાવા–પીવાનું અને પહેરવા ઓઢવાનું સારું મળે અને સુખો મળે. એ માટે સાધુ બન્યા?

પણ હે બહેન? આ કાળમાં સુખ સાહ્યબી માટે ભયંકર કુકર્મોને કરનારા, હિંસાદિપાપ, વિશ્વાસઘાતના પાપ કરનારા દુનિયામાં કેટલા? એવા જીવોની મશ્કરી નિંદા ન થાય. અને વૈભવને છોડી સાધુ બન્યા તેની નિંદા? પણ એણે જગતની દૃષ્ટિએ કરી કરી ને પણ શું ખરાબ કરી નાંખ્યું? ચોરી વગેરેના માર્ગે ન જતાં એ સાધુ થયો એજ એનો મહાન્ અપરાધ? સાંસારિક સુખમાં લુબ્ધ અને ત્યાગ માર્ગના દ્વેષીઓમાં કેવી અવળી ગંગા વહી રહી છે.

પણ જગતના જીવો સાવધાન થઇને સાંભળી લેજો સાધુ થવાનું તે મોક્ષની સાધના માટે, પરમાત્માના શાસનમાં સંસાર સુખને સાધવા સાધુપણું ઉપદેશાયું નથી. ઉપદેશાતું પણ નથી. સાધુ થવા ઇચ્છુક આત્માએ સુખની સામગ્રીનો ત્યાગ કરવાનો એટલું જ નહિ... પણ સંસાર સુખની આશા, સંસાર સુખની અભિલાષા પણ છોડવાની છે. આ લોકના પૌદ્ગલિક સુખની ઇચ્છાથી કરાતી ધર્મક્રિયાને વિષાનુષ્ઠાન અને પરલોકના સુખની ઇચ્છાથી કરાતી કોઇપણ ધર્મક્રિયાને ગરાનુષ્ઠાન કહીને, તેની આચરણાનો નિષેધ શાસ્ત્રમાં દર્શાવેલ છે. શાસ્ત્રકારો કહે છે કે શ્રાવકને પુણ્યની જે અભિલાષા થાય તે પરંપરાએ મોક્ષની ઇચ્છાવાળી જોઇએ. અને સાધુએ પુણ્યની પણ ઇચ્છા કરવાની નહિ એનું લક્ષ્ય એક માત્ર કર્મનિર્જરા એટલે જ સાધુ થનારમાં "ભવવિરાગ" દિલ હોવો જોઇએ.

સુખની ઇચ્છાથી પણ દીક્ષા લેનારા કેટલા ? કદાચ એવા આશયથી દીક્ષા લે તો પવિત્ર અને ત્યાગી એવી સાધુ સંસ્થાનું ગૌરવ હીનતાને પામે. તમે આ ચિંતા કરો તેટલી ચિંતા શું સાધુઓને નથી એમ માનો છો ? બાકી આજે તો ખોટા આરોપો ઉભા કરીને, સાધુઓની અને દીક્ષામાર્ગની નિંદા કરવાની કુટેવ પડી ગઇ છે. એવાઓ જો અસદ્ આગ્રહથી બદ્ધ ન હોય તો પાપથી બચી શકે માટે જ આ હકીકત જણાવાઇ રહી છે.

પેલા કથિયારા મુનિથી નિંદા સહન ન થઇ અને તેથી તેમણે ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીને રાજગૃહીથી અન્યત્ર વિહાર કરી જવાની વિનંતિ કરી. ત્યારે ગુરુભગવંતે એ મુનિને એમ નથી કહ્યું કે– "સાધુ થઇને આટલું પણ સહન ન થાય તે કાંઇ ચાલે ? તમે સાધુ છો માટે સહન કરો ?

પણ ગણધર ભગવાન શ્રી સુધર્માસ્વામીજીએ તો ત્યાંથી વિહાર કરવાનો વિચાર કર્યો અને અભયકુમારને જણાવ્યો. અચાનક જ વિહાર થાય તો તેની પાછળ કોઇ કારણ વિશેષ તો હોય ને ? શ્રી અભયકુમાર તો બુધ્ધિશાલી હતા અને તેથી જ તૂર્ત બધું સમજી ગયા. તેમણે વિહારનું કારણ પૂછયું. અને તેઓશ્રીએ પણ વિહારનું કારણ જે હતું તે શ્રી અભયકુમારને કહી સંભળાવ્યું.

આવું જાણ્યા પછી શ્રી અભયકુમાર જેવા ધર્મી આત્માને ચેન પડે ? પોતાની નગરીમાં જ મુનિજનની અવજ્ઞા શું તે ખમાય ખરી ? સાચા ધર્મી આત્માને મુનિજનની અવજ્ઞા નિવારણ કરવાનું મન થયા વિના રહે જ નહિ ? તેના હૈયામાં સમજ હતી કે મુનિજનની અવજ્ઞામાં શાસનની અવજ્ઞા ? આનું નિવારણ ન કરવામાં આવે તો આ ક્ષેત્રમાં મુનિજનોનો વિહાર દુર્લભ બને અનેક આત્માઓ શાસનને પામતાં અને આરાધના કરતાં અટકી જાય. તેથી ધર્મીજનોનું કર્તવ્ય છે કે મુનિજનની હીલના અટકાવવી જોઇએ.

શ્રી અભયકુમારનાં હૈયામાં આ વાત અંકિત હતી અને તેથી જ તેમણે તે વખતે શ્રી સુધર્માસ્વામીજીને કાંઇ જ નહિ કહેતા માત્ર એક જ દિવસની માંગણી કરી. શ્રી અભયકુમારે કહ્યું કે "આપ એક દિવસ રોકાઇ જવાની કૃપા કરો. પછીથી આપને વિહાર કરવો હોય તો કરજો. શ્રી સુધર્માસ્વામીજીએ પણ શ્રી અભયકુમારની એ વિનંતિનો સ્વીકાર કર્યો અને તેઓશ્રી રાજગૃહી નગરીમાં કથિયારા મુનિની સાથે જ રોકાઇ ગયા.

શ્રી અભયકુમાર રાજદંડના બળે મુનિ નિંદાનું નિવારણ કરવાને ઇચ્છતા નહોતા પણ લોકમાનસમાં મુનિપણા પ્રત્યે સદ્ભાવને પેદા કરી મુનિજનને નિંદાનું નિવારણ કર-

વાને ઇચ્છતા હતા. જેથી શાસનની સેવા કરવાની તક તેમજ લોકને ઉન્માર્ગથી વાળી સન્માર્ગમાં સ્થાપિત કરવાનો હેતુ પણ સરે. એમને બેય કર્તવ્ય અદા કરવા હતાં મુનિજનની નિંદાનું નિવારણ તથા લોકને કલ્યાણ માર્ગે વાળવાનું. આથી, શ્રી અભયકુમારે એવો જ ઉપાય અજમાવ્યો.

ખરેખર ધર્મીજનો જ્યાં સુધી પોતાનાથી શકય હોય, ત્યાં સુધી તો મુનિજનોની નિંદાનું નિવારણ કર્યા વિના રહે જ નહિ. છતી શકિતએ જે દેવ-ગુરુ-ધર્મની નિંદાને ઉપેક્ષા ભાવે સહે, તેને ધર્મી કહેવાય નહિ. અરે ધર્મી તો તે કે શાસન ઉપર આપત્તિ આવે તો પ્રાણનું બલિદાન દેવા પણ તૈયાર થાય.

શ્રી અભયકુમારે બીજે દિવસે રાજય ભંડારમાંથી ત્રણ કરોડ જેટલા રત્નો કાઢી એ રત્નોનો જાહેર માર્ગ ઉપર ઢગલો કરાવ્યો. પછી પડહ વગડાવીને શ્રી અભયકુમારે આખી ય નગરીમાં એવી ઉદ્ઘોષણા કરાવી કે :" અભયકુમાર ત્રણ કરોડ રત્નો આપી દેવાને ઇચ્છે છે. તો જેમને એ રત્નો જોઇતાં હોય તે આવો !

ધનલિપ્સુ ઘણા આત્માઓ આ સાંભળીને ત્યાં એકત્રિત થઇ ગયા. ત્યાં એકત્રિત થયેલા લોકોને ઉદ્દેશીને શ્રી અભયકુમારે કહ્યું કે 'જે કોઇ પુરૂષ સચિત્તજળ, અગ્નિ અને સ્ત્રી એ ત્રણનો સર્વથા ત્યાગ કરે, તેને આ રત્નનો ઢગલો હું અર્પણ કરૂં છું." એટલે લોકોએ કહ્યું કે આવું લોકોત્તર કાર્ય કરવાને કોણ સમર્થ છે ? તે વખતે શ્રી અભયકુમારે કહ્યું કે- "તમારામાંનો કોઇ જો સચિત્ત જળ, અગ્નિ અને સ્ત્રી- એ ત્રણનો સર્વથા ત્યાગ કરવાને માટે સમર્થ ન હોય તો પછી આ રત્નરાશિ તે કઠિયારા મુનિની હો, કે જેમણે સચિત્ત-જળ અગ્નિ અને સ્ત્રી એ ત્રણેયનો સર્વથા ત્યાગ જીવન પર્યન્તને માટે કર્યો છે !

તે વખતે કઠિયારા મુનિની મશ્કરી અને નિંદા કરતાં હતા. તે લોકો બોલી ઉઠયા કે 'અરે, એ શું આવા ત્યાગી અને દાનપાત્ર સાધુ બન્યા છે ? અમે નાહક તેમનો ઉપહાસ કર્યો. આમ, શ્રી અભયકુમારના સુપ્રયત્નથી લોકોની સાન ઠેકાણે આવી અને લોક હૃદયમાં કઠિયારા મુનિ પ્રત્યે પણ સદ્ભાવ પેદા કર્યો બાદ શ્રી અભયકુમારે સમગ્ર લોકોને એવી આજ્ઞા પણ કરી કે 'હવે પછીથી કોઇએ પણ એ મુનિનો તિરસ્કાર કે ઉપહાસ કરવો નહિ ?

આ કથાનક ઉપરથી અભયકુમારની મનોવૃત્તિ જણાઇ રહી છે. અભયકુમાર ધર્મી હતા એટલું જ નહિ પિતાની સેવા તથા રાજયનું પાલન કરતા હતા. એમના હૈયે સંસાર સુખની કે રાજયની સ્પૃહા ન હતી પણ મોક્ષની સ્પૃહા હતી. એ માટે ધર્મની

સ્પૃહા હતી. આવી ધર્મપરિણતિને કારણે જ જ્યારે શ્રી શ્રેણિક મહારાજાએ શ્રી અભયકુમારને કહ્યું કે–' વત્સ ! હવે તો તું જ આ રાજ્યનો સ્વીકાર કર. જેથી હું દેવાધિદેવ મહાવીર પરમાત્માની સેવાનો આશ્રય કરું. ત્યારે શ્રી અભયકુમારે કહ્યું કે " આપ જે આજ્ઞા કરો છો તે ઘટિત છે. પણ આપ થોડી રાહ જુઓ ? કેમ કે તે પિતાની આજ્ઞાભંગ–ના ભીરૂ તેમ સંસાર ભીરુ હતા. પિતાની આજ્ઞાનો ભંગ કરવો પડે નહિ તેમજ પોતાના સંસાર છેદનની ભાવના સફળ થાય. આ જીવનમાં તેમને સાધુપણાને સ્વીકારી મોક્ષમાર્ગની એકાંતે આરાધના કરવાની જે ભાવનાં હતી. તે ભાવના રાજગાદી સ્વીકારવાથી પૂર્ણ ન થાય તે માટે રાજા થવું નહોતું. પિતાની આજ્ઞા ખાતર રાજગાદી સ્વીકારી પોતાની સાધુજીવનને જીવવાની ભાવનાને જતી કરવી નહોતી. જો પિતાની આજ્ઞાનું પાલન પણ થાય અને સાધુજીવન જીવવાની ભાવના ફળીભૂત થાય તો તો પિતાની આજ્ઞા પાલન માટે રાજા બનવામાં વાંધો ન હતો. તેથી જ તેમણે રાહ જોવા માટે કહ્યું હતું.

આ વાત ઉપરથી સમજાય કે સુશ્રાવકની મનોવૃત્તિ કેવા પ્રકારની હોય ? શ્રાવક એટલે સાધુજીવનને જીવવાની ભાવનાવાળો, માતા–પિતાની આજ્ઞાનાં શક્ય હોય ત્યાં સુધી અમલ કરવાની વૃત્તિવાળો, પોતાના પૌદ્ગલિક સુખનો અનાદર કરીને માતા-પિતાની આજ્ઞાનો આદર કરનારો. જ્યારે તેની સાધુજીવન જીવવાની ભાવનાને બાધ પહોંચે તેમ હોય તો માતા–પિતાની આજ્ઞા પાલનને ગૌણ બનાવી સાધુજીવન જીવવાની ભાવનાને પ્રધાનપદ આપે તે જ સમ્યક્ શ્રાવક કહેવાય ? આજે આવો શ્રાવકવર્ગ કેટલો ? અને જ્યારે આવો શ્રાવકવર્ગ હોય તો પ્રભુ શાસનની જય જયકાર...

હવે શ્રી અભયકુમારે તે સમયે વિચરતા પરમાત્મા મહાવીર દેવને પૂછી ને જ " પિતાની આજ્ઞા ખાતર પણ રાજ્ય લેવું કે નહિ ? " એનો નિર્ણય કરવાનું વિચાર્યું. આનો અર્થ એમ નહિ કે ભગવાન રાજ્ય લેવાનું કહે. ભગવાન તો રાજ્યને પણ છોડવાનું કહે ? " **રાજ્યં ભવતરો બીજમ્** " પરંતુ અભયકુમારે આ પ્રમાણે વિચાર કર્યો તેની પાછળનું રહસ્ય અદ્ભુત છે.

શ્રી અભયકુમારે ભગવાનને એટલું જ પૂછ્યું છે કે " હે ભગવન્ ! આપના શાસનમાં અંતિમ રાજર્ષિ કોણ થશે ? ત્યારે ભગવાને ફરમાવ્યું કે " રાજા ઉદાયન. " શ્રી અભયકુમારે પણ જાણી લીધું કે અત્યારે રાજા ઉદાયન દીક્ષિત થઇ ચૂકેલા છે.

હવે આ બાજુ અભયકુમારે પોતાના પિતા શ્રી શ્રેણિક મહારાજાને કહ્યું, "હે પિતાજી ! આપની આજ્ઞાથીહું રાજા થઇશ તો પછી મારાથી મુનિ થવાશે નહિ. કેમકે ઉદાયન રાજા

એ અંતિમ રાજર્ષિ, એમ પ્રભુવીરની વાણી સાંભળી તેથી આપ જ વિચારો!" હું જો થાઉં તો મારાથીમુ નિ થવાશે નહિ કેમકે રાજા ઉદાયન રાજા એ અંતિમ રાજર્ષિ છે. એમ પરમાત્મા મહાવીરદેવે ભાખ્યુ છે. તેથી આપ જ વિચારો કે "હું જો શ્રી મહાવીર પરમાત્મા જેવા સ્વામીને અને આપના જેવાના પુત્રપણાને પામિને પણ, મારા ભવરુપ દુઃખનો છેદ ન કરું તો મારા જેવો અધમ પુરુષ બીજો કોણ ?

વળી પિતાજી હું કેવળ નામથી જ અભય છું. પરંતુ ભવરૂપ ભયથી તો સભય જ છું. માટે આપ આજ્ઞા આપો તો હું ત્રણેય ભુવનના જીવોને અભયનું દાન કરનારા એવા ભગવાન શ્રી વીરવિભુને શરણે જાઉં. રાજેશ્વરી નરકેશ્વરી. મારે એવું રાજ્ય જોઇતું નથી.

હવે મહારાજા શ્રી શ્રેણિકે જયારે જોયું કે શ્રી અભયકુમાર રાજ્ય સ્વીકારવા તૈયાર નથી ત્યારે તેમણે પણ પોતાની ઇચ્છા ગૌણ બનાવી શ્રી અભયકમારની સાધુજીવનને જીવવાની ઇચ્છાને પ્રધાન બનાવી દીધી.

મહારાજા શ્રી શ્રેણિકે પોતાનું પિતા તરીકેનું કર્તવ્ય સુંદર રીતે પાળ્યું છે. શ્રી અભયકુમરના ઉભયલોકના હિતચિંતક હતા. જો તે સંસારમાં રહે તો રાજગાદી આપવાની અભીલાષા હતી. અને રાજગાદી ન સ્વીકારે તો મુકિતના પરમપંથે પણ હર્ષથી મોકલવાની હતી

આજના પિતાઓ એવા છે ખરા ? પિતા તરીકેના કર્તવ્યને વિચારનારા કેટલા ! તમારા સંતાનો જો ભવભયથી ભયભીત બનીને સંસાર ત્યાગી બનવા ઇચ્છે તો તમે રાજી ખરા ? કયાં વર્તમાનકાલ અને કયાં આ ભૂતકાળની વાત.

શ્રી અભયકુમારની માતા શ્રીમતી નંદાએ પણ ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

પરમાત્માનું શાસન જયવંતુ છે તે શાસનમાં અભયકુમાર જેવા શ્રાવક પાકયા કે જેમણે મુનિજનની નિંદા નિવારી પ્રભુશાસનની વિજયપતાકા લહેરાવી.

આજના વર્તમાનકાળમાં પ્રભુશાસનની છિન્ન ભિન્નતા થઇ રહી હોય તે વખતે આવા શ્રાવકો જાગે તો. જિનશાસનની પરાકાષ્ઠાના દર્શન થઇ શકે. જયવંતુ જિનશાસન જયવંતુ જ રહેશે. પણ શાસન પ્રત્યે આવી રહેલા આક્રમણોને હઠાવવા આપણે સૌએ કટિબધ્ધ બનવું જ જોઇશે. તોજ મુકિતમાર્ગની વાસ્તવિક આરાધનાના ભાગી બનીશું.

પર્વાધિરાજના પાવન પગલા થાતા. આપણા આત્માને શુદ્ધધર્મમાર્ગ-સન્માર્ગમાં સ્થાપના કરીએ...

જૈન શાસન અઠવાડિક છઠ્ઠા વર્ષ પ્રારંભે
વિશેષાંકમાં રૂા. ૫૦૧) ભરી બનેલ

શુભેચ્છક સહાયકોની શુભ નામાવલી

પૂ. આ. શ્રી વિજયલલિતશેખર સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી

૧ સંઘવી વીરચંદજી હુકમાજી ૫૩ ટીંબર માર્કેટ પુના –૪૨

શરદકુમાર મનસુખલાલ શાહ વડોદરાની પ્રેરણાથી (૬)

૨ મનસુખલાલ દીપચંદ શાહ ૧૫ માધવબાગ સોસાયટી મકરપુરા વડોદરા
૩ ભરતકુમાર મનસુખલાલ શાહ એફ–૪ મેહુલ સોસાયટી સુલતાનપુરા વડોદરા
૪ મનુભાઇ જેચંદભાઇ પારેખ ઠે. મહાવીર હાર્ડવેર સ્ટોર ફતેપુરા ,,
૫ હિંમતભાઇ બાબુલાલ શાહ ઠે. ચંદ્રકાંત સેવંતીલાલ
ઠે. જે. કે. શાહ એન્ડ કું. દાંડીયા બજાર ,,
૬ હિંમતલાલ જીવરાજ કનાડીયા બી–૨ શાહ નિકેતન સોસાયટી
વાઘાવાડી રોડ રાધા મંદિર પાસે ભાવનગર
૭ શિવલાલ દીપચંદ શાહ અરૂણોદય સોસાયટી અલકાપુરી વડોદરા

મવીણચંદ્ર ગંભીરદાસ શેઠની પ્રેરણાથી

૮ કેશરીચંદ બાબુભાઇ ઝવેરી રત્નપુરી ગૌશાળા લેન મલાડ ઇસ્ટ મુંબઇ

શાહ કાનજી હીરજીની પ્રેરણાથી (૧)

૯ શાહ લખમશી વીરપાર ઠે. જયેન્દ્ર સ્ટોર્સ જવાહર ચોક હીંગોલી [મહા.)

પૂ. મુનિરાજ શ્રી પુણ્યધનવિજયજી મ.ની પ્રેરણાથી (૧)

૧૦ રાજસ્થાન મેડીકો હઃ શેઠ મૂલચંદજી હીરાચંદજી
૨૩૩–૩૫ કુંભારવાડા લેન નં. ૨ પેહેલેમાળે, મુંબઇ–૪

શાહ વેલજી પાનાચંદ ગહોયા–ઘાટકોપરની પ્રેરણાથી (૪)

૧૧ શાહ પોપટલાલ રાજાભાઇ શુઢકા શેઠે બિલ્ડીંગ પહેલે માળે,
રૂમ ૧૬–૧૭ પરેલ પોયબાવડી મુંબઇ–૧૨
૧૨ શાહ ઝવેરચંદ હેમરાજ ગડા, ગોપાલનગર એસ. બી–૧૭ બ્લોક
કે. ૧૦૪ શિવિલ હોસ્પીટલ ઉપર ભીવંડી (મહા.)
૧૩ ચંદ્રકાંત વી. શાહ પો. બો. નં. ૪૫૪૯૧ નાઇરોબી (કેન્યા)
૧૪ સુરેશ વી. શાહ ૨૦૬ સોમનાથ નીલકંઠવેલી રાજાવાડી ૭ મો રસ્તો
વિદ્યા વિહાર ઇ મુંબઇ ૭૭

પૂ. સા. શ્રી ઇંદ્રપ્રભાશ્રીજી મ.ના ઉપદેશથી રતિલાલ પદમશી ગુદકા (થાનગઢ)ની પ્રેરણાથી (૨)

૧૫ શાહ રામજી લક્ષ્મણ મારૂ સોળસલાવાળા ઓસ્વાલ કોલોની તરણેતર રોડ થાનગઢ

૧૬ શાહ પદમશી વાઘજી ગુદકા લાખાણાવળવાળા 'અણમોલ'
ઓસ્વાલ કોલોની તરણેતર રોડ થાનગઢ

પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજીના મ. ના ઉપદેશથી (૧)

૧૭ કુસુમબેન હસમુખલાલ મોદી, ૧૨ કમલા નિકેતન ત્રીજેમાળે એન. ડી રોડ મુંબઇ-૬

શાહ મુકુંદભાઇ રમણલાલ અમદાવાદની પ્રેરણાથી (૩)

૧૮ ધરતી ટેક્ષટાઇલ્સ હઃ મુકુંદભાઇ ૨ વૃંદાવન સોપીંગ સેન્ટર પાનકોરનાકા અમદાવાદ

૧૯ મનુભાઈ નગીનદાસ શાહ નગરશેઠ વંડો ઘીકાંટા અમદાવાદ-૧

૨૦ પ્રકાશભાઇ વાડીલાલ વસા નગરશેઠ વંડો રતનપોળ અમદાવાદ-૧

ભરતકુમાર હંસરાજ દોઢીયા જામનગરની પ્રેરણાથી (૧)

૨૧ પરફેક્ટ ઇન્ડસ્ટ્રીઝ બી-૨૩ શંકર ટેકરી ઉદ્યોગનગર જામનગર
ગ્રામ: ઓમો. ફોન. ઓ. ૭૩૦૨૩ ૭૬૨૦૭ ઘર. ૭૬૦૨૫

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરિશ્વરજી મ. ના ઉપદેશથી (૨)

૨૨ શ્રી સમીરમલજી ચાંદમલજી લુણિયા શ્રીપાલ ઈલેકટ્રીક સ્ટોર
૨૩ ન્યુકલોથ માર્કેટ, રતલામ

૨૩ એક ભાવિક

શ્રી રતિલાલ દેવચંદ ગુદકા (લંડન) ની પ્રેરણાથી (૩૧)

24 Devkuvarben v shah bounds green s. mandel 12 cannaught gtange cannaught gardens palmers green ldndon-n-13-5 BW

25 Shah Ratilal D. gudhka 117 sudbury ayenue north wembley-middx code hao 3aW (uk)

26 Jayaben a shah (uk) 45. lindsay drive kenton harrow code ha3 otd

27 Raishi sojqar shah-and hemlata chendulal 1-the dean wembley ha 9 7QT (uk)

28 Motichand s shah 29 regalway kenton harrcw ha3 orz (uk)

29 Japaben p. shah 60 squircs lane finchley london
(પ્રેમચંદભાઇના શ્રેયાર્થે)

30 Radiyatben j. shah 37 west ave west finchley loddon n3 1au (uk)

31 Shantaben m. shah 5. park side finchley londan n 3 2 j p (uk)

32 Induben R. v. shah 28 fountain road streatham london s-w 16
33 chhotalal devji shah 46 lasscotts road wood green london n22
34 Chandrika r. shah 64a the limesave arnos grove london n11 1rh (uK)
35 Premchand depar 7 cornwall ave. wood green london n22 code 4 d a (uk)
36 Nishad himatlal shah 164 maidstone rd. bounds green london n 11 code 2 jp (u.k)
37 Jayapen T. L. shah
38 Velji samat shah 139 sheldon road edmonton londoe n-18 Code 1 r 1 england (uk)
39 Jiviben r. shah 39 summit way south gate n 14 code 7 nn (uk)
40 Motiben m. shah 155 bowes road palmers green london 13 (uk)
41 Amaritben jeshang bhoja shah n. 11 kingsley road palmers green london n-13 5 pj (uk)
42 Ptadip laljibhai 80 berkshire garden palmers green london -n 13 6eb
43 Maniben k. shah 46 Merry hills drive enfield middx en2 7 ny (uk)
44 Devkuvarben f. shah 28 frobisher rd. hornsey london n 8 OQX (uk)
45 Shantaben radiyatben devkuvarben (uk) 117 sudbury ave-n wembley middx hao 3aw
46 Induben shah flat n. 7 north ave 7 north harrow middx
47 P Shavla-16 budd close londod n-12 8 s a
48 kasturben p. kanji 42 churchfield ave londan-n r ont
49 keshavlal v. shah 30 woodland rise new greenfordmiddx ub6 ord (uk)
50 shri ramji ladha shah 26 borrow dale avenue hoarraw mddlesex ha3 7pz
51 rambhaben ranmal shah 45 crommer street leicester ie2 1pg
52 velji kanji shah mrs d,n 275 eaSt park road lcicester le5-5 hl (uK)
53 lakhamshi reishi shah add. C/o 275-hast park road leicester le5 5hl (uk)

ભરતકુમાર હંસરાજ દોઢિયા (જામનગર) ની પ્રેરણાથી

૫૫ એક સદ્‌ગ્રહસ્થ જામનગર
૫૬ શાહ હીરામોતી એજન્સી ફોન ૨૦૧૦૩૦૮
(૬) ૨૭-૩૧ ઓટાવાળા બિલ્ડીંગ ૧લા માળે રૂમ નં. ૨ જુની હનુમાનગલી મુંબઇ-૨
મોતીચંદ કે. નાગડા, પ્રવીણ મોતીચંદ નાગડા,

હરીશ મોતીચંદ નાગડા,
૬૯પતરુ બી-૨૦ ભક્તિ મંદિર પાસે ધીરજબાગ થાણા વેસ્ટ (મહારાષ્ટ્ર)

પૂ. સા. શ્રી પૂર્ણોદયપ્રભાશ્રીજી મહારાજના ઉપદેશથી (૨)

૫૭ શ્રીમતી અંજનાબેન પંકજકુમાર સંઘવી સીમલા હાઉસ બી-૫ પહેલે માળે વાલકેશ્વર મુંબઇ-૬
૫૮ શાહ શાંતિલાલ કાલીદાસ તારદેવ નોટ-ચોથેમાળે બ્લોક નં.-૪૪ તારદેવ ,, -૭
કાંતિલાલ મોતીચંદ નાગડા, નલીનચંદ્ર મોતીચંદ નાગડા,

જૈન શાસન આજીવન સભ્યો

પ્રવીણચંદ્ર ગંભીરદાસ શેઠ મુંબઈની પ્રેરણાથી (૧)

૧ શાહ ખીમજીભાઈ ભુરાભાઈ રાંભણીયા ઓરીવલી -મુંબઇ

પૂ. મુનિરાજ શ્રી જિનરક્ષિતવિજયજી મ.ના ઉપદેશથી (૧)

૨ ચંદુલાલ મણિલાલ મહેતા મલાડ ઇસ્ટ મુંબઇ-૯૭

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.ના ઉપદેશથી (૧)

૩ શ્રી વિમલચંદજી મીસરીમલજી ગાંધી ૧૪૯ ચંદનચોક, રતલામ
૪ શાહ રતિલાલ વીરચંદ 'પાનવીર' ૫૭ દિગ્વિજય પ્લોટ જામનગર

સહકાર અને આભાર

૧૧૧૧) શાહ મેઘજી વીરજી તથા શાહ વેલજી વીરજી દોઢીયા પરિવાર તરફથી પેયોની રોડ ઉપર ૨૦ ફ્લેટ બાંધ્યા તે પ્રસંગે ભેટ. નાઈરોબી
૪૦૧) દક્ષાબેન હિંમતલાલ દોશી મુંબઇ
૫૦) શ્રી જૈન શ્વે. મૂ. સંઘ પૂ. આ. શ્રી વિજય અશોકરત્નસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી દાવણગીર

આભાર દર્શન

આ વિશેષાંકમાં પૂ. આ. શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મ. પૂ. પં. શ્રી કનકધ્વજવિજયજી મ. (મુંબઇ) પૂ. મુ. શ્રી વિનોદવિજયજી મ. (યેવલા) તેમજ પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. પૂ.સા.શ્રી રવિચંદ્રાશ્રીજીમ. પૂ. સા. શ્રી કલ્પશીલાશ્રીજીમ. (શિવગંજ) પૂ.સા.શ્રીપૂર્ણભદ્રાશ્રીજીમ. (અમદાવાદ) આદિએ ભલી લાગણી બતાવી ઉપદેશ આપ્યો છે તે માટે તેમને આભાર સાથે વંદન કરીએ છીએ. સાથે સાથે દલીચંદભાઇ લક્ષ્મીચંદ કોઠારી (મુંબઇ) ડાયાલાલ મુલચંદ શાહ (મુંબઇ) તરફથી પણ સહકાર મળ્યો છે તે માટે તેમનો પણ આભાર માનીએ છીએ.

જૈન શાસન-અઠવાડિક ૬૬ મા વર્ષમા પ્રારંભ

વિશેષાકમા રૂા. ૧૦૧ ભરી થયેલા

શુભેચ્છકોની શુભ નામાવલી

૧ શાહ કેશવજી રણમલ હરણીયા, આંબેલ ભુવન પાસે, ૨ ઓસવાલ કોલોની, સુમેર કલબરોડ, જામનગર-૫

૨ શાહ નરશી દેવશી વીરા કાના, ૨ ઓસવાલ કોલોની, સુમેર કલબ રોડ, જામનગર-૫

શાહ ગોકળદાસ પોપટલાલ પાટણની પ્રેરણાથી (૪)

૩ શાહ સુમતીલાલ મનસુખલાલ, ઠે- શાહ ટ્રેડર્સ. જુના ગંજ બજાર, પાટણ-૫

૪ શાહ વરધીલાલ મોહનલાલ, (ઉંઢરાવાલા) ૩ સરદાર ગંજ બજાર, પાટણ-૫

૫ શાહ ઉતમચંદ લહેરચંદ, દોશીવટ બજાર, પાટણ-૫

૬ મે. કાંતીલાલ પોપટલાલ, ૨ સરદાર ગંજ બજાર, પાટણ-૫

પૂ. આ. શ્રી વિજય રાજશેખરસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી (૩૪)

૭ પુનમચંદ ચંદુલાલ પરમાર, આંબેડકર રોડ, લાલદેવળની પાસે, સરોશ એપાર્ટમેન્ટ, પૂના-૧

૮ કાંતિલાલ હીરલાલ પારેખ, ૧૦૨૦-સી ન્યુ નાના પેઠ, બીલ્ડીંગ નં ૨ બીજે, માળે કમળા મેન્શન કો. ઓ. હા. સો. નીશાટોકીઝની બાજુમાં પૂના-૧

૯ કેશવલાલ કેવળદાસ શાહ, વીપીન કલોથ સ્ટોર્સ, ૩૭૬, સેન્ટર સ્ટ્રીટ, પૂના-૧

૧૦ ચંપાબેન દોશી, રીવેરા સોસાયટી, ફલેટ નં. ૨ પટ્ટમજી કંપાઉન્ડ પૂના-૨

૧૧ રજનીકાંત કતેહચંદ વોરા, એ-૬ કલ્યાણ સોસાયટી, ટીમ્બર માર્કેટ, ૩૨૧,-એ મહાત્માફુલે પેઠ, પૂના

૧૨ વિજયભાઇ કાંતિલાલ શાહ, સુવિધી સ્ટીલ, ૩૩૦, નાનાપેઠ પૂના-૨

૧૩ કાંતિલાલ વી. પારેખ, ૬૦, ગીતાંજલી કુંજ, બીલ્ડીંગ નં. ૪. ૫ ડો. આંબેડકર રોડ, પૂના-૧

૧૪ હરીશ શાંતિલાલ પારેખ, ૪૬૦, સેન્ટર સ્ટ્રીટ, પૂના-૧

૧૫ ગુણવંત પાલેશા, ૪૫૪, સેન્ટર સ્ટીટ, પૂના-૧

૧૬ જયંતિલાલ વી. શાહ, ૧૨૦૦, સેન્ટર સ્ટ્રીટ શીંપીઆળી, પૂના-કેમ્પ-૧

૧૭ કંકુચંદ મગનલાલ, ૧૨૦૦ સેન્ટર સ્ટ્રીટ, શીંપી આળી, પૂના કેમ્પ-૧

૧૮ લોગીલાલ શોભાલાલ શાહ, 'ગુલીસ્તાન' ૨, શંકર શેઠ રોડ, પૂના-૨

૧૯ હિંમતલાલ ચીમનલાલ શાહ, ૧૯૨૬, ડવાયર લેન, પૂના-કેમ્પ-૧

૨૦ વાડીલાલ નાગજી; ૧૮૯૬, સેન્ટર સ્ટ્રીટ, કે.ડી સન્સની પાછળ, પૂના-કેમ્પ-૧

૨૧ મંગળાબેન ધ્રુવ, બુટ્ટી સ્ટ્રીટ, ચંદુલાલ તારાચંદ ની બીલ્ડીંગ ૮૮૫-૮૬, ગહુંલીવાડાની સામે, બીજે માળે, પૂના-કેમ્પ-૧
૨૨ દિનેશભાઇ જૈન, ૭૪, એમ. જી. રોડ, ૨ જે માળે, પૂના-કેમ્પ-૧
૨૩ ચીમનલાલ તલકચંદ, ૬૩૮, સાચાપીર સ્ટ્રીટ, પૂના-કેમ્પ-૧
૨૪ ભદ્રેશકુમાર કંચનલાલ શાહ, ૬૫૦, સાચાપીર સ્ટ્રીટ, પૂના-કેમ્પ- ૧
૨૫ ચંદ્રકાંત મનસુખલાલ, દસ્તુર મહેર રોડ, ૧૯, તુલશી એપાર્ટમેન્ટ, પહેલેમાળે, પૂના-કેમ્પ-૧
૨૬ નવીનચંદ્ર પ્રભુદાસ, દસ્તુર મહેર રોડ, ૪૭, તુલસી એપાર્ટમેન્ટ, બીજામાળે, પૂના-કેમ્પ-૧
૨૭ રમણીકલાલ મનસુખલાલ, દસ્તુર મહેર રોડ, ૨, શાસ્ત્રી એપાર્ટમેન્ટ, પહેલે માળે, પૂના-કેમ્પ-૧
૨૮ જયંતિલાલ રેવચંદ શાહ, મુ. પો. મલઢણ [પવારનું] તા. શિરૂર, જી. પૂના-૧૮
૨૯ રતિલાલ રૂપચંદ શાહ, પી. ૩૦૨, આદીનાથ સોસાયટી, પુના સતારા રોડ, પૂના-૯
૩૦ પ્રભાબેન મોતીલાલ શાહ, ઠે. સુમતીલાલ બેચરદાસ શાહ, પૂના હોલસેલ સ્ટોર્સ, ૫૩૭, સેન્ટર સ્ટ્રીટ, પૂના-કેમ્પ-૧
૩૧ સેવંતીલાલ ગોરધનદાસ શાહ, ૫૫૫, સેન્ટર સ્ટ્રીટ, પૂના-કેમ્પ-૧
૩૨ વિઠ્ઠલદાસ કપુરચંદ શાહ, ૫૨૧, સેન્ટર સ્ટ્રીટ, પતંગીયાવાડો, પૂના-કેમ્પ-૧
૩૩ રસિકલાલ સકરચંદ શાહ, ડી-૬ મહેર એપાર્ટમેન્ટ, ૬૧૫, સાચાપીર સ્ટ્રીટ, પૂના-કેમ્પ-૧
૩૪ જયેન્દ્રભાઇ વેલજીભાઇ હરખીયા, ૧૭-બી દિગ્વિજય પ્લોટ, જામનગર
૩૫ કુશાલકુમાર જયેન્દ્રભાઇ હરખીયા, ૧૭-બી દિગ્વિજય પ્લોટ, જામનગર
૩૬ જયંતિલાલ મનસુખલાલ, ૬૯૯, તાબુત સ્ટ્રીટ, પૂના-૧
૩૭ ચીમનલાલ ગોડાલાલ, ૧૨૦૦, સેન્ટર સ્ટ્રીટ પૂના-૧
૩૮ નિરંજનકુમાર વિઠ્ઠલદાસ, એન્ડકું. ૬૦૧, ગણેશ પેઠ. પૂના-૨
૩૯ ભૂરીબેન કેશરીમલ. સોલંકી જવેલર્સ, ૫૫૯, સેન્ટર સ્ટ્રીટ, પૂના-૧
૪૦ નવીનચંદ્ર છોટાલાલ શાહ, ૬૪, તુલસીદાસ એપાર્ટમેન્ટ, દસ્તુર મહેર રોડ, પૂના-૧

પૂ. મુનિરાજ શ્રી મોક્ષરતિવિજયજી મ. ના ઉપદેશથી

જયંતિલાલ ત્રિલોવનદાસ સંઘવી તરફથી [૨]

૪૧ સંઘવી જયંતિલાલ ત્રિલોવનદાસ, મહાવીર સ્ટોર્સ ૨૬૮૧ કુવારા કપડ બજાર ગાંધીરોડ અમદાવાદ

૪૨ ધીરજલાલ હરગોવનદાસ દેશાઇ, ૪–૮ ગુંજન એપાર્ટ. વાસણા અમદાવાદ–૬

શાહ રવજીભાઇ કલ્યાણજીભાઈની પ્રેરણાથી [૧૧]

૪૩ શાહ રવજી કલ્યાણજી, ૯૭ નેપીયન્સી રોડ એ. ૧૦૭ ચંદ્ર લોક મુંબઇ–૬

૪૪ શાહ વાલજી કકલ્યાણજી, ૨૦૨ વી. પી. રોડ પારેખ વાડી ચોથેમાળે રૂમ નં. ૬૧ મુંબઇ–૪

૪૫ શાહ વીજપાર કલ્યાણજી, તીલક મંદિર રોડ કૃષ્ણ ભુવન ૫,મે માળે પારલા ઇ. મુંબઇ ૫૭

૪૬ શાહ પ્રેમજી રવજી, ૩૦૦ ડી. જય એપાર્ટ. નહેરૂ રોડ શાંતાંકુજ ઇ. ,, ૫૫

૪૭ ભરતકુમાર નરશીભાઇ વીસરીયા, ૩૬ વોરા બજાર સ્ટ્રીટ ફોર્ટ ,, ૧

૪૮ જીતેન્દ્રકુમાર બાબુભાઇ હરીયા પદમાવતી બિલ્ડીંગ ફ્લેટ નં. ૧૪ ઉન્નત નગર એસ. વી. રોડ ગોરેગાંવ વે. ,, ૬૩

૪૯ શાહ શાંતિલાલ મેઘશી, ડી–૭ સરવોદયનગર જુના નાગરદાસ રોડ અંધેરી ઇ. ,, ૬૯

૫૦ બાદવલાલજી અમરતલાલ શાહ, શ્રીપાલ નગર ૨,જે માળે ૩૦૨–એ ૧૨ જમનાદાસ મેતા રોડ ,, ૬

૫૧ શાહ રમણલાલ લાલચંદ, વર્ધમાન બિલ્ડીંગ ૪ થે માળે માનવ મંદિર રોડ ,, ૬

૫૨ શાહ ઓરામલ જશરાજ રાઠોડ, શ્રીપાલ નગર ૬૦૬–બી ૧૨ જમનાદાસ રોડ ,, ૬

પૂ. આ. શ્રી વિજય ભિત્રાનંદ સૂરીશ્વરજી મ. ની પ્રેરણાથી (૧)

૫૩ રાજન એસ. પરીખ ૧૦૦૬ પંચરત્ન ઓપેરા હાઉસ ,, ૪

પૂ, મુનિરાજ શ્રી જિનરક્ષિત વિજયજી મ.ના ઉપદેશથી

અશોક કાંતિલાલ પટવા મલાડ. મારફત [૨૭]

૫૪ અશોક કાંતિલાલ બાદરચંદ પટવા, સી ૨૦૨ દ્વારકાદેવી દફ્તરી રોડ જયજવાન લેન મલાડ ઇ. ,, ૬૭

૫૫ શાહ વસંતલાલ પુનમચંદ વિપુલા વિલા ગ્રા. ફ્લોર બી. ૧ ૧૧૮ સુભાષ લેન દફ્તરી રોડ મલાડ ઇ. ,, ૬૭

૫૬ ચંદુલાલ મણીલાલ મહેતા, પોદાર પાર્ક પોદારચાલ ૧–૫, પોદાર રોડ. મલાડ ઇ. ,, ૬૭

૫૭ દિનેશભાઇ તલકશીભાઇ શાહ, પુષ્પા પાર્ક. મલાડ ઇ. મુંબઇ ૬૭
૫૮ અમુલખભાઇ ગોતમચંદ મોદિ, હાજીબાપુ રોડ, શાંતિનાથ છાયા
બીજે માળે મલાડ ઇ. ,, ૬૭
૫૯ શાહ કેશવજીભાઇ રવજીભાઇ છેડા, એસ. વી. રોડ. નટરાજ
માર્કેટ સામે, છેડા ટીમ્બર માર્ટ મલાડ વે. ,, ૬૪
૬૦ શાહ કાનજીભાઇ ભારમલભાઇ વિશ્વકર્મા બિલ્ડીંગ બીજે માળે
કેદારમલ રોડ. મલાડ ઇ. ,, ૬૭
૬૧ શાહ અનંતરાય મોહનલાલ વિજયાભુવન બાબુલીનગલી
દાદીશેઠ રોડ. એસ. વી. રોડ. મલાડ વે. ,, ૬૪
૬૨ શાહ મુગટલાલ જેચંદભાઇ, એ–૨૦૧ રત્નપુરી. ગૌશાળા લેન
દફ્તરી રોડ મલાડ ઇ. ,, ૬૭
૬૩ મુકિતલાલ હરગોવનદાસ વોરા, ૩૦૩ જતન એપાર્ટમેન્ટ
દતમંદિર રોડ સંગીતા ટોકીઝની બાજુમાં મલાડ ઇ. ,, ૬૭
૬૪ શાહ ગુણશીભાઇ માલશીભાઇ, દિનબાઇ બિલ્ડીંગ બીજે માળે
જોગેશ્વરી ઇ. ,, ૬૦
૬૫ ભુદરલાલ ઠાકરશીભાઇ સંઘવી વજીર કંપાઉન્ડ રૂમનં. ૨૧
દાદીકોલોની કેદારમલ રોડ કવારી રોડ મલાડ ઇ. ,, ૬૭
૬૬ સેવંતીલાલ મોતીલાલ દોશી, ૪,વિઠ્ઠલ રૂક્ષ્મણી નિવાસ શીવાજીચોક
દફ્તરી રોડ મલાડ ઇ. ,, ૬૭
૬૭ સંઘવી ચંદ્રકાન્ત મણીલાલ જી. કે. નગર બ્લોક નં. ૧૩
શંકર લેન કાંદીવલી વે. ,, ૬૭
૬૮ રમેશચંદ્ર મંગલદાસ શાહ, ૧૦ વિજયા ભુવન દાદીશેઠ રોડ મલાડ વે. ,, ૬૪
૬૯ અશોકકુમાર રસીકલાલ વખારીયા ૧૪ મેટલ નિવાસ,
જીતેન્દ્ર રોડ મલાડ ઇ. ,, ૬૭
૭૦ કીર્તિકુમાર વાડીલાલ વખારીયા બી ૫ ભરત નિવાસ
મારવે રોડ મલાડ વે. ,, ૬૪
૭૧ સકરચંદ બાબુલાલ શાહ, જૈન ભુવન ત્રીજે માળે જીતેન્દ્ર રોડ મલાડ ઇ. ,, ૬૭
૭૨ બકુભાઇ ચીમનલાલ શાહ, માનકુભુવન બી ૧૨,
ખાંડવાલા ક્રોસ લેન દફ્તરી રોડ મલાડ ઇ. ,, ૬૭

૭૩ શેઠ અમરતલાલ ડાહ્યાલાલ, ૬ આયંબીલ ભુવન. મધુભાઇ રોડ
ફોરનર દફ્તરી રોડ સ્ટેશનની બાજુમાં મલાડ ઇ. મુંબઇ ૬૭
૭૪ સુનીલકુમાર બકોરદાસ શાહ, એફ ૩ નીલામ્બુજ કમલ એપાર્ટમેન્ટ
શંકરલેન કાંદીવલી વે. ,, ૬૭
૭૫ દલસુખભાઇ અમરતલાલ મણીયાર, દ્વારકા દેવી દફ્તરી રોડ મલાડ ઇ. ,, ૬૭
૭૬ શ્રીમતી ઉષાબેન લલેરચંદ શાહ, એ-૫૦૪ રત્નપુરી
ગૌશાળા લેન દફ્તરી રોડ મલાડ ઇ. ,, ૬૭
૭૭ રતીલાલ ભીખાલાલ શાહ, બી-૬૦૪ રત્નપુરી ગૌશાળા લેન
દફ્તરી રોડ મલાડ ઇ. ,, ૬૭
૭૮ શશીકાન્ત ચુનીલાલ તલાત, સી-૨૦૩ રત્નપુરી ગૌશાળા લેન
દફ્તરી રોડ મલાડ ઇ. ,, ૬૭
૭૯ હડીચંદ વીરચંદ ઢીયેારા, એ-૫ વંદના બિલ્ડીંગ સુભાષ લેન
દફ્તરી રોડ મલાડ ઇ. ,, ૬૭
૮૦ મફતલાલ સાકરચંદ વખારીયા ૫૩ રાણી સતી માર્ગ
એ-૮ છેડા બિલ્ડીંગ મલાડ ઇ. ,, ૬૭

પૂ. મુ. શ્રી યશકીર્તિ વિજયજી મ. ના ઉપદેશથી (૧)

૮૧ સુનીલકુમાર કાંતિલાલ શાહ વર્ધમાન ઇલેકટ્રોનિકસ પાદશાયની ખડકી
ફોા. ૩૪૩૪૬૦ રિલીફ રોડ, અમદાવાદ ૩

પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી (૧૩)

૮૨ ખીમરાજ રીખવચંદ જૈન, ૩૦૦ એ, શંકરશેઠ બ્લોક ૪થે માળે,નાના ચોક, મુબઇ-૭
૮૩ બદામીબેન હીંમતલાલ જૈન ૫-૪૦ દત્તાત્રય બિલ્ડીંગ, બીજે માળે,
તુકારામ જાવજી રોડ, મુંબઇ-૭
૮૪ પચ્ચાણુભાઇ શાહ ૮-૧૦ મોહન બિલ્ડીંગ, બીજે માળે, બ્લોક નં. ૨૧-૨૨
ફોરજેટ હીલ રોડ, તારદેવ, મુંબઇ ૬
૮૫ સત્રા ગોરીબેન કરસન બી. મોહન બિલ્ડીંગ, બીજે માળે, રૂમ.
નં. ૧૩-૧૪ ફોરજેટ હીલ સ્ટ્રીટ, તારદેવ, મુંબઇ ૩૬
૮૬ હંસાબેન જેઠાલાલ એ. મોહન બિલ્ડીંગ, હોંયતળીયે નં. ૧-૨
ફોરજેટ હીલ સ્ટ્રીટ, તારદેવ. મુંબઇ ૩૬

૮૭ વાલીબેન ઉગમશીભાઇ એ. મોહન બિલ્ડીંગ, લોયતળિયે. નં. ૫-૬
ફોરજેટ હીલ સ્ટ્રીટ, તારદેવ. મુંબઇ ૩૬
૮૮ ચંદ્રકાંત એચ. કોઠારી. ૫-૬૩ નવયુગનગર, ફોરજેટ હીલ સ્ટ્રીટ, તારદેવ. મુંબઇ-૩૬
૮૯ મોહિનીબેન દેવરાજજી સંઘવી. ૧૪૦-નવયુગ નગર બી. નં. ૩
પહેલે માળે, ફોરજેટ હીલ સ્ટ્રીટ, તારદેવ મુંબઇ ૩૬
૯૦ બદામીબેન મોતીલાલજી શાહ ૩૦-શાન્તી હોલ ન્યુ બિલ્ડીંગ,
ત્રીજે માળે જીવજી દાદાજી રોડ નાના ચોક મુંબઇ ૭
૯૧ સુરેશ જૈન, જનતા સ્ટોર્સ સુના મેન્સન બી. એમ. સી. ઓફીસની
સામે, ૩૦૧ નાના ચોક, મુંબઇ ૭
૯૨ સુંદરબેન ટી. જૈન ૫-બી માનાજી બ્લોક, તુકારામ જાવજી રોડ, નાના ચોક મુંબઇ ૭
૯૩ હીંમતલાલ કોઠારી હોરમેસ મેન્સન ૪થે માળે, ભાટિયા
હોસ્પીટલની સામે, તારદેવ મુંબઇ ૭
૯૪ મંજુલાબેન રસીકલાલ કોઠારી ૧૪૫-નવયુગ નગર નં. ૩
ફોરજેટ હીલ રોડ, મુંબઇ ૩૮

પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી રતિલાલ પદમશી ગુઢકા થાનગઢ મારફત (૬)

૯૫ શાહ શરદકુમાર ચંદુલાલ ચેલાવાળા સરવોદય સોસાયટી થાનગઢ
૯૬ શાહ હસમુખલાલ નેમચંદ લાખાબાવળવાળા ઓસવાલ કોલોની થાનગઢ
૯૭ ન્યુ લાઇટ સીરેમીક અમરાપર થાનગઢ
૯૮ શાહ રાજપાલ નરશી હરીયા ગોંડજવાલા પરિમલ સીરેમીક અમરાપર થાનગઢ
૯૯ દિવ્યા પોટરી વર્કસ તરણેતરરોડ અમરાપર થાનગઢ
૧૦૦ શાહ કાલીદાસ હંસરાજ નગરીયા લાખાબાવળવાળા ન્યુ સનરાઇઝ
સીરેમીક નવાગામ થાનગઢ

પ્રકાશકુમાર અમૃતલાલ દોશી (રાજકોટ) ની પ્રેરણાથી (૬)

૧૦૧ જૈન ઉપકરણ ભંડાર પ્રકાશભાઇ એ. દોશી વર્ધમાનનગર જૈન ઉપાશ્રય રાજકોટ ૧
૧૦૨ શાહ મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા સરાફ બજાર રાજકોટ ૧
૧૦૩ વસા સોભાગચંદ તલકચંદ 'વિતરાગ' ૬ વર્ધમાન નગર રાજકોટ ૧
૧૦૪ વસા જયંતિલાલ હીરાચંદ વર્ધમાન નગર રાજકોટ ૧
૧૦૫ વસા મણિલાલ ભુદરલાલ ૬ વર્ધમાન નગર રાજકોટ ૧
૧૦૬ સૌરાષ્ટ્ર પેપર બોર્ડ એન્ડ મીલ્સ નવાગામ રાજકોટ

૧૦૭ શાહ શીવલાલ ભુદરભાઇ વર્ધમાન નગર રાજકોટ
૧૦૮ કુમારપાલ ધનપાલ કાપડીયા ઘડીયાળી પોળ કીલા ખાડી વડોદરા ૧
૧૦૯ શ્રી જૈન શ્વેતાંબર પેઢી નાકોડા તીર્થ મેવા નગર જી. બાડમેર

પૂ. આ. ભ. શ્રી વિજય સુશીલસૂ. મ. ના ઉપદેશથી

૧૧૦ શાહ મોહનલાલ વેલજી પારેખ નિરંજના ૪૫ દિગ્વિજયપ્લોટ જામનગર ૫
૧૧૧ શ્રી મહાવીર સ્નાત્ર મંડળ, ઠે. શાહ રમેશચંદ દેવચંદ
કંડોળીયા શેરી મહુવા બંદર
૧૧૨ વોરા નેણશી કાલીદાસ, 'વર્ધમાન' મોટા ઉપાશ્રય સામે ચાંદીબજાર
જામનગર ૧
૧૧૩ શિલ્પી પ્રવિણચંદ વસંતરાય સેમપુરા 'ઓમ સીલ્પી'
પેડક રોડ પ્રતાપ નગર રાજકોટ ૩

શાહ વેલજી પાનાચંદ ગલૈયાની પ્રેરણાથી (૫)

૧૧૪ એક સદ્ગ્રહસ્થ મુંબઇ
૧૧૫ પ્રિતિ ટેક્ષટાઇલ્સ, ૧૩૨ સેન્ટ પોલ સ્ટ્રીટ હીંદમાતા
સિનેમા પાછળ દાદર મુંબઇ ૧૬
૧૧૬ સીલ્વર કેટરર્સ હરી મેન્શન ૧૨૩ દાદા સાહેબ ફાલકે રોડ દાદર મુંબઇ ૧૪
૧૧૭ રમેશ ઓઝા મુંબઇ
૧૧૮ વીનોદ ઓઝા ૪૭ જુની હનુમાન ગલી બીજે માળે મુંબઇ ૨

મહેન્દ્રભાઇ મુલચંદજી હીરાચંદજીની પ્રેરણાથી (૯)

૧૧૯ મેકવેલ ફાર્માસ્યુટીકલ્સ ૬૫ બાબુ ગજુ રોડ, મુંબઇ ૨
૧૨૦ નિમીષ મેડીકલ કોરપોરેશન ૨–૨૨ બાબુ ગજુ રોડ,
પહેલે માળે, રૂમ નં ૭ મુંબઇ ૨
૧૨૧ એમ. એસ. ટ્રેડર્સ ગોપાલ નિવાસ બીજે માળે, ૩૩ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨
૧૨૨ ઓના કેમીકલ્સ વર્કસ ૧૭–૧૯ કાજી સૈયદ સ્ટ્રીટ, મુંબઇ ૯
૧૨૩ વિક્રાન્ત ફાર્માસ્યુટીકલ્સ ૮૯ શામળદાસ માર્ગ મુંબઇ ૨
૧૨૪ મુનાણી મેડીકલ એજન્સીજ ૬૨–૬૨ પ્રિન્સેસ સ્ટ્રીટ,
વરજીવન મેન્શન બીજે માળે, મુંબઇ ૨
૧૨૫ એસ. હીમતલાલ ની કું ૧–૧૩ મંગલદાસ બિલ્ડીંગ મંગલદાસ રોડ
પ્રિન્સેસ સ્ટ્રીટ પો. બો. નં. ૨૫૫૦ મુંબઇ ૨

૧૨૬ અમર ઉદ્યોગ ૬૬–૭૦ રણવીર બિલ્ડીંગ બીજે માળે પ્રિન્સેસ સ્ટ્રટ મુંબઈ ૨
૧૨૭ કુમાર મેડીકો (ઇન્ડીયા) ૫૧૮ ચીરાબજાર ગ્રાઉન્ડ ફ્લોર જે. એસ. માર્ગ મુંબઈ ૩

પૂ. સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. ના ઉપદેશથી (૭)

૧૨૮ શ્રીમતી ડાહીબેન લાધાભાઇ પુંજાભાઈ લાખાબાવળવાળા પરિવાર તરફથી
મિત્તલ પ્રોવીઝન સ્ટોર ૫૪ દિગ્વીજય પ્લોટ જામનગર
૧૨૯ શ્રીમતી મોતીબેન જેઠાલાલ ચંદરીયા હે. શાહ રમણીકલાલ જેઠાલાલ
ચંદરીયા વાઘેલા મેન્શન ૪૨ દિ. પ્લોટ ,, ૫
૧૩૦ શ્રીમતી પાનીબેન રામજી પદમશી હે. શાહ રામજી પદમશી
હુન્નર શાળા કંપાઉન્ડ નવી જેલ સામે ,, ૫
૧૩૧ શાહ હંશરાજ સોજપાર ગોસરાણી ૪૮ દિગ્વીજય પ્લોટ ,, ૫
૧૩૨ શાહ મહેન્દ્રભાઇ સોજપાર ગોસરાણી ૪૮ દિગ્વીજય પ્લોટ ,, ૫
૧૩૩ શાહ મેપાભાઇ નથુભાઇ ખીમસીયા ૪૫ દિગ્વીજય પ્લોટ ,, ૫
૧૩૪ શાહ જયંતિલાલ દેપાર જેશંગ હ: ચંદનબેન બી–૭ મયુરપંખ
ત્રીજે માળે નેતાજી સુભાષ રોડ મુલુંડ મુંબઇ ૮૦
૧૩૫ શાહ જીવરાજ દેવરાજ નાગેડીવાલા ખોડીયાર મંદિર સામે એરોડ્રોમ રોડ
જામનગર ૬
૧૩૬ શાહ નવિનચંદ્ર બાબુલાલ વિધિવાલા ડહેલી ફળી લાલબાગ સામે જામનગર ૧૦
૧૩૭ શ્રી જયેન્દ્ર એમ. શાહ કવીક સેલ્સ સરવીસ પંચમુખી હનુમાન
શોપીંગ સેન્ટર અંબર સિનેમા પાસે ફો. ૭૦૬૫૨ રે. ૭૨૭૬૩ જામનગર
૧૩૮ વોરા નેણશી કાલીદાસ 'વર્ધમાન' મોટા ઉપાશ્રય સામે ચાંદી બજાર જામનગર

શા હજારીમલજી અદીમજી તાતેડ (દાંતરાઇ)ની પ્રેરણાથી (૧૨)

139 Hajarimal Lilachand, C|o. Mahavir Fancy Stores. Pulipati
Vari Street Vijaywada (A.P.
140 S.Devichand jain. 122, anna pillai st sowcarpet madras
141 Ambica General stores p n 64287 General merehant bhuspet hobli
142 Dhupchand Valaji p. dantreai d. sirohi Via Aburoad
143 Shanghvi hajarimal Kothari p. dantreai d. sirohi ,,
144 Sha Bhceechand saraji ,, ,,
145 Sha Anraj Lilachandji ,, ,,
146 Sha Hajarimal Adigi ,, ,,
૧૪૭ અમરતલાલ સમરતમલજી જૈન, ૧૦૩ સોના એપાર્ટમેન્ટ,
વૈશાલી સીનેમા, વારાઇ રોડ સુરત

148 Babulalji Bhuromalji p. dantrei d. sirohi via Abo road
149 Amratlal shankarlalji ,, ,,
150 Rameshkumar Hansrajji ,, ,,

જે. વી. શાહ પાલડી અમદાવાદની પ્રેરણાથી (૧૬)

૧૫૧ જે. વી. શાહ બી-૨ પંચરત્ન એપાર્ટમેન્ટ પાલડી અમદાવાદ-૭
૧૫૨ કાન્તિલાલ ચતુરભાઇ વોરા ધામાવાલા ૧૦ શત્રુંજય સોસાયટી
નારાયણનગર રોડ પાલડી ,, ૭
૧૫૩ નાથાલાલ માણેકચંદ મણીયાર ૩૭ પાર્શ્વનાથ નગર સોસાયટી
નારાયણનગર રોડ પાલડી ,, ,,
૧૫૪ શાહ લીલચંદ રંગજીભાઇ વિજયઘાટ સોસાયટી નારાયણનગર રોડ-પાલડી ,, ,,
૧૫૫ ધનસુખલાલ દીપચંદ શાહ સમેત શીખર સોસાયટી નારાયણનગર રોડ-પાલડી ,, ,,
૧૫૬ લાલચંદ મણીલાલ શાહ ૧૬ સુવિધિનાથ સોસાયટી નારાયણનગર રોડ-પાલડી ,, ,,
૧૫૭ ત્રીભોવનદાસ અમરતલાલ શાહ પંચાસરવાળા શુભશિલ્પા સોસાયટી
નારાયણનગર રોડ- પાલડી ,, ,,
૧૫૮ અશોકકુમાર ચીનુભાઇ શાહ ધામાવાલા શુભશિલ્પા સોસાયટી
નારાયણનગર રોડ પાલડી ,, ,,
૧૫૯ ઠાકરશીભાઇ નાથાલાલ સંઘવી ૧૯ રાજગીરી સોસાયટી નારાયણનગર રોડ
પાલડી ,, ,,
૧૬૦ વાડીલાલ દલસુખભાઇ શાહ કટોસણવાલા રાજગીરી સોસાયટી ,, ,,
૧૬૧ રતિલાલ લક્ષ્મીચંદભાઇ શાહ ઝીંઝુવાડાવાલા રાજગીરી, સોસાયટી,
નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ ૭
૧૬૨ અરવીંદકુમાર બાલચંદભાઇ શાહ ૪૫ ભાવના ટેનામેન્ટ, વાસણા અમદાવાદ ૭
૧૬૩ શાહ ઠાકરશીભાઇ ચીમનલાલ પંચાસરવાલા ૮ એ, કમળા એપાર્ટમેન્ટ
શ્રેયસ ક્રોસીંગ અમદાવાદ ૧૫
૧૬૪ સુરેન્દ્રકુમાર સી. શાહ દેકાવાડાવાળા ઠે. મહાવીર ઇલેકટ્રીક કું. ગગન વિહાર
ફ્લેટસ ગ્રાઉન્ડ ફ્લોર શાહપુર અમદાવાદ
૧૬૫ હિમતલાલ મનસુખલાલ શાહ વિશ્વાસ ફ્લેટસ નયનનગર
કૃષ્ણ નગર અમદાવાદ ૧
૧૬૬ ઉદયચંદ ઠોશી ઠે. મહાવીર સેલ્સ ડીપો સ્પેકટસ કોમરસ્યલ સેન્ટર
સેલાપુરા રોડ અમદાવાદ ૧

૧૬૭ શાહ ગોવીંદજી ખીમજીભાઇ ઠે. શાહ પાનાચંદ ખીમજીભાઇ બીઠ સેતાન ચોકી
ખેડગલી લાલચાલ નં. ૬ રૂ. નં. ૨૫
૧૬૮ શાહ મેઘણ પુંજા ઠે. શાહ કિશોર દેવશી મુ. ડબાસંગ તા. લાલપુર જામનગર
૧૬૯ શા છન્નાલાલ પુનમચંદ ગોલ શેરી વખારનો પીઠો પાટણ

પૂ. મુ. શ્રી ધ્રુવસેન વિજયજી મ. ના ઉપદેશથી (૧)

૧૭૦ શાહ છન્નાલાલ પુનમચંદ ગોલ શેરી વખારનો પાડો મુ. પાટણ
૧૭૧ શાહ સોમચંદ રાયશી પેથરાજ પો. બો. નં. ૬૮ જામનગર ૧
૧૭૨ શાહ કરમશી ખીમજી ગ્રેન માર્કેટ જામનગર
૧૭૩ વિજય અલંકાર મંદિર ન્યુ ૧૭૫૦ શુક્રવાર પેઠ પુણે–૨
૧૭૪ સંઘવી ખુમાજી માનાજી ૫૬ ટિંબર માર્કેટ પુણે–૪૨
૧૭૫ શા શંકરલાલજી કુલચંદજી ઠે. સ્વસ્તિક ટીંબર ૫૫ ન્યુ ટિંબર માર્કેટ પુણે–૪૨
૧૭૬ શા શાંતીલાલજી ધુડાજી મુથા ૨૬૩ ન્યુ ટિંબર માર્કેટ
(મુથા કોઠારી ભવન નં.–૧) પુણે–૪૨
૧૭૭ શા ભીકમચંદજી કસ્તુરજી ૨૫૯ અ–૪ ઉપધાન નગર ટિંબર માર્કેટ પુણે–૪૨
૧૭૮ શા ધરમચંદજી નરસાજી ગાંધી ૬૨ ન્યુ ટિંબર માર્કેટ પુણે–૪૨
૧૭૯ કિશોરલાલ રેવાશંકર શેઠ ૫ ગુરૂકૃત્તા એવન્યુ, બીજે માળે
બર્નીંગઘાટ રોડ પૂના ૧

શાહ શરદકુમાર મનસુખલાલ (વડોદરા)ની પ્રેરણાથી (૧૦)

૧૮૦ વિક્રમકુમાર હર્ષદરાય શાહ ઉપરકોટ, કાળા નાળા પ્રભાતની બાજુમાં ભાવનગર ૧
૧૮૧ *કાન્તિલાલ ચત્રભુજ વોરા મહાત્મા ગાંધી રોડ, નોવેલ્ટી બેકરી સામે,* *વલસાડ*
૧૮૨ ખીમચંદ હઠીચંદ શાહ મહાવીર સોસાયટી વસંત ટોકીજ સામે,
હાલાર રોડ, વલસાડ–૧
૧૮૩ બીપીનકુમાર ભુપતભાઇ શાહ (જસપરાવાળા) શ્વેતાંબર રોડ, સોસાયટી,
રામવાડી, વલસાડ–૧
૧૮૪ વેણીલાલ ચત્રભુજ મહેતા, મહેતા એજન્સી વેરાઇટી સ્ટોરની ઉપર
હાંડીયા બજાર, વડોદરા
૧૮૫ નગીનભાઇ ચુડગર ઠે. સોહમ જ્વેલર્સ, મહાત્મા ગાંધી રોડ,
જૈન દેરાસરની બાજુમાં વડોદરા–૧
૧૮૬ જયસુખલાલ શાંતિલાલ ગાંધી ફ્લેટ નં. ૫૩૦૭, બિલ્ડિંગ નં. ૧૬૧–એ
પંતનગર, ઘાટકોપર (ઇસ્ટ) મુંબઇ-૭૫

૧૮૭ ચીમનભાઇ ધરમશી સંઘવી 'મહાવીર નિવાસ, સમડી ચકલા મજમુદારની પોળ, નારાયણદેવ મંદીરની સામે, નડીયાદ
૧૮૮ રમણીકલાલ પરમાનંદદાસ દોશી દેવદર્શન બિલ્ડીંગ પહેલે માળે, શિવાજીક્રોસ લેન, કટકતરી રોડ, મલાડ (ઇસ્ટ) મુંબઇ–૯૭
૧૮૯ પન્નાલાલ રસિકલાલ શાહ ૩૬૪–સી, ગુપ્તા બીલ્ડીંગ, ભાઊદાજી રોડ, માટુંગા મુંબઇ–૧૯

પૂ. સા. શ્રી હર્ષપૂર્ણશ્રીજી મહારાજના સદ્‌ઉપદેશથી (૧૦)

૧૯૦ સુશ્રાવિકા સીમા રાજુ શાહ સુલસા મુંબઇ
૧૯૧ ,, સુધાબેન ડી. શાહ ચંદનબાળા ,,
૧૯૨ ,, ઉષાબેન ,, ,,
૧૯૩ ,, હંસાબેન આર. મહેતા ઘાટકોપર ,,
૧૯૪ ,, હેમાબેન બી. શાહ ,, ,,
૧૯૫ ,, રેખાબેન વી. ઝવેરી સૂર્યદર્શન ,,
૧૯૬ એક સુશ્રાવિકા તરફથી ,,
૧૯૭ ,, ,, ,, ,,
૧૯૮ ,, ,, ,, ,,
૧૯૯ ,, ,, ,, ,,

કુમારપાલ ધનપાલ શાહ વડોદરાની પ્રેરણાથી (૬)

૨૦૦ જયંતિલાલ સુંદરલાલ કાપડીયા ઠે. ઘડીયાળીપોળ, કોલાખાડી, ધન્યનિવાસ વડો.
૨૦૧ વસંતલાલ મનસુખલાલ ઠે. બજારમાં કરીયાણાની દુકાને મુ. બીલ. (જી. વડોદરા)
૨૦૨ ધનુભાઇ ડાયાભાઇ કંસારા ઠે. પોસ્ટ ઓફિસ પાસે, મુ. માસરરોડ તા. પાદ્રા
૨૦૩ કુમારપાલ ડાયાભાઇ ઠે. સોનેરી ટેકરી–ઉપાશ્રય સામે, મુ. નવાખલ જી. ખેડા
૨૦૪ શ્રી અનીલ જયંતિલાલ શાહ ઘરિયાળી પોળ બાપુ દેશઇની ખડકી સામે, રોશની કલીનીકમાં વડોદરા
૨૦૫ શ્રી વિક્રમ અમૃતલાલ શાહ માતૃકૃપા ૩૭ હીરાનગર ગાંધીપીઠ સામે, હરણી રોડ, વડોદરા

શાહ કાંતિલાલ ડાયાલાલ સુ.નગરની પ્રેરણાથી (૫)

૨૦૬ કાંતિલાલ ડાયાલાલ ૬, કસ્તુરબા સોસા. સુ.નગર
૨૦૭ સુરેશ શાંતીલાલ શાહ વિઠ્ઠલપ્રેસ ડોદેસઇના ,,
૨૦૮ નટુભાઇ હિમંતલાલ શાહ વાયા લીંબડી અંકેવાળીયા

૨૦૯ સુરેશકુમાર તુલશીદાસ વાયા વીરમગામ બજાણા
૨૧૦ જયંતીલાલ ડાયાલાલ ઇ. કોલોની ૧૪૦-૪૦ સરસપુર અમદાવાદ

શ્રી પ્રવીણચંદ ગંભીરદાસની પ્રેરણાથી (૧)

૨૧૧ ભાનુભાઇ ઊ. વખારીયા ૨૦૩ ધન મહાલ એસ. વી. રોડ એન. એલ. હાઇસ્કુલ સામે, મલાડ વેસ્ટ મુંબઇ

શાહ મહેન્દ્રકુમાર મનસુખલાલની પ્રેરણાથી (૧)

૨૧૨ [illegible]લાલ એન્ડ જ્વેલર્સ પેલેશ રોડ, રાજકોટ

શાહ પ્રેમચંદ મેઘજી ગુઢકા મુંબઇની પ્રેરણાથી (૪)

૨૧૩ મે. કીર્તિકુમાર મુલજી પબીલી ૨૬૧ ભાત બજાર, મુંબઇ-૯
૨૧૪ શેર સન્સ ૫૧ નવી બારદાન ગલી મુંબઇ-૩
૨૧૫ એમ. કે. કોરપોરેશન ૬૦ નવી બારદાન ગલી ,,
૨૧૬ મે. હીરાલાલ રાયચંદની કું. નવી બારદાન ગલી ,,

ભરતકુમાર હંસરાજ દોઢીયા [જામનગર] ની પ્રેરણાથી (૫)

૨૧૭ રોયલ સ્ટોન ટ્રેસર કાલાવાડ રોડ, ગોકુલ પંથની બાજુમાં જામનગર
૨૧૮ ગુઢકા એન્ટર પ્રાઇઝ એ-૪૦ જી.આઇ.ડી.સી ,, ૪
૨૧૯ શાહ જંયતિલાલ દેવશી સાવલા ૫૮ દિગ્વિજય પ્લોટ, ઉદ્યોગનગર ,,
૨૨૦ શાહ લખમશી રાયમલ સાવલા ,, ,, ઉ.નગર રોડ, ,,
૨૨૧ ગુઢકા એન્ટર પ્રાઇઝ ગુઢકા ફાસ્ટનર્સ ૬ જયંત ઇન્ડ. એસ્ટેટ જી.આઇ.ડી.સી. ,,

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી (૨૩)

૨૨૨ શ્રી છોગમલજી મોતીલાલજી નાહર ૯૨ મહર્ષિ દયાનંદ માર્ગ રતલામ મ.પ્ર.
૨૨૩ શ્રી માંગીલાલજી ભંડારી ૩૦ શાન્તિનગર ,,
૨૨૪ શ્રી સમીરમલજી સમરથમલજી સુરાણા ૧૨૬ કિરણ ટોકીજ રોડ, ,,
૨૨૫ શ્રી સેવારામજી સોભાગમલજી પારખ દલાલ નોલાઇપુરા ,,
૨૨૬ શ્રી રતનલાલજી કનકમલજી ભંડારી બજાજખાના ,,
૨૨૭ ,, બાબુલાલજી તેજરાજજી ગાંધી, ગાંધી કેમીસ્ટ ચૌમુખીપુલ ,,
૨૨૮ શ્રીમતિ કંચનબાઇ જુહારમલજી બોરાંવાલા મોતીલાલજી નાઇકે મકાનમે સાયર ચબુતરા ,,
૨૨૯ શ્રી તિલકકુમારજી કન્હૈયાલજી કાંઠેડ મકાન નં. ૧૧૭ તીસરીગલી ટાટાનગર ,,
૨૩૦ શ્રી કાન્તિલાલજી ચાંદમલજી મુણત કે. કીર્તિ હાર્ડવેર તોપખાના ,,

[અનુ. પાન. ૧૫૩ પર]

ભગવાન શ્રી જિનેશ્વર દેવોની તારક આજ્ઞા સર્વકાલમાં એકાન્તે હિતકારીણી જ છે. ભગવાન શ્રી જિનેશ્વરદેવો બતાવવા જેવું બધું જ બતાવી દે છે, તેને સમજીને જેઓ આચરે છે તેઓ જ કલ્યાણના ભાગી બને છે.

જેમ સૂર્ય અજવાળાથી ઉત્તમ-મધ્યમ-અધમ પદાર્થોનું સ્વરૂપ જ પ્રકાશિત કરે છે. પરન્તુ તે પ્રકાશ ઉત્તમ પદાર્થો તરફ ધક્કા મારતો નથી, મધ્યમ પદાર્થો તરફ વળગાડી રાખતો નથી કે અધમ-નુકશાનકારક કનિષ્ઠ પદાર્થોથી દૂર રહેવાની ફરજ પાડતો નથી પણ તે પ્રકાશ તો વિધવિધ પદાર્થોના વિધ- વિધ સ્વરૂપને જણાવે છે. જેથી ખરેખર દેખતા પુરૂષોને ઇષ્ટમાં પ્રવૃત્તિ અને અનિષ્ટથી નિવૃત્તિ શકય બને. તેની જેમ જેઓ આજ્ઞાને આરાધશે તેમનું જ કલ્યાણ થશે.

ભગવાનના શાસનમાં દરેકે દરેક બાબતોની ખૂબ જ ઝીણવટથી પૂરેપૂરી સ્પષ્ટતા કરવામાં આવી છે. કોઇપણ વિષય એવો નથી જેનો દરેક પાસાથી પુખ્ત વિચાર કર-

—: વિવેક દૃષ્ટિ કેળવો :—

—પ્રજ્ઞાંગ

વામાં આવ્યો ન હોય, તેથી મારી પ્રવૃત્તિ ભગવાનની તારક આજ્ઞામૂલક છે કે આજ્ઞા બાહ્ય છે તેનો વિચાર કરવાની બહુ જ તાતી જરૂર છે. નહિ તો ધર્મના નામે જ અધર્મ થઇ જશે અને તરવાના બદલે ડુબવાનો પ્રસંગ આવશે.

આ દુનિયામાં જેને તરવું હોય તેને માટે સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન અને સમ્યક્-ચારિત્ર વિના બીજી એક પણ વસ્તુ ઉપાસનાને યોગ્ય નથી. તે ત્રણની વૃદ્ધિમાં તેમજ તેના સહાયક સાધનોમાં જ શ્રાવકના પૈસાનો ઉપયોગ થઇ શકે. ધર્મ તરીકે એક પાઇ ખર્ચતાં પહેલા પણ શ્રાવકે આ વિચારવું જોઇએ કે જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયી-માંથી કોઇ એકનું પણ પોષણ થાય છે કે નહિ ?

આ વિચાર વિના ગમે તેટલો પૈસો ખર્ચવા છતાં તે લાભદાયી થાય નહિ. જ્યાં ધર્મની શ્રદ્ધા નિર્મલ-પક્કી થતી હોય, જ્યાં શ્રી વીતરાગ ભાષિત તત્ત્વનું જ જ્ઞાન અપાતું હોય અને જ્યાં સંસારથી વિરકિત કેળવાતી હોય ત્યાં શ્રાવક, ધર્મ સમ-જીને પૈસો ખર્ચે તો જ લાભ થાય નહિ તો તે પોતાનું પણ ગુમાવે તેવું ય બને.

શાસ્ત્રમાં સુપાત્રમાં દાન દેવાનું કહ્યું છે. માટે દાન દેતા વિચાર કરવાની તેમજ વિવેક કેળવવાની બહુ જ જરૂર છે. બાકી વિચાર્યા વિના દાન આપવામાં તો કેટલી વાર તો મિથ્યાત્વના પણ પોષક બની જવાય છે અને દાનનો નિર્જરાનો હેતુ પણ સરતો નથી.

માત્ર અનુકંપાનો શ્રી જિનેશ્વર દેવોએ નિષેધ નથી કર્યો તેનો અર્થ એ નથી કે આંખ મીચીને આપે જ જવું. તેમાં પણ વિવેક તો રાખવાનો જ છે કે– ભુખ્યાને ભોજન દેવાય, તરસ્યાની તરસ છીપાવાય, ઘર–બાર વગરનાને ઘર–બારની વ્યવસ્થા કરાય, કપડા વગરનાને વસ્ત્રાદિ અપાય પણ દારૂના દાન ન દેવાય. દુનિયામાં પણ કહેતી છે કે– દાન દૂધના હોય દારૂના નહિ. ગાયને દોહીને કૂતરાને ન પવાય. હિંસક સાધનો માટે દાન ન દેવાય

ધર્મ તો વિવેક માગે છે. માટે જ પાત્રાપાત્રના વિવેક કર્યા વિના અર્પાતું દ્રવ્ય પણ નુકશાનકારક બને છે, ઉન્નતિને બદલે અધોગતિનું કારણ પણ બને છે. રત્નત્રયીની આરાધનાનાં સાધન અને આરાધકોને ધર્મની અનુકુળતામાં અપાતું દાન લાભદાયી બને છે. તેવા સુપાત્ર દાનના પ્રભાવે નિર્વાણના અવંધ્ય બીજની પ્રાપ્તિ થાય છે.

સૌ પુણ્યાત્માઓ વિવેક કેળવી, આજ્ઞા મૂલકના ધર્મનું આચરણ કરી નિર્વાણ પદને પામો તે જ હાર્દિક મંગલ કામના.

જૈન ધર્મની વિજયવંત ધ્વજ ફરકાવતાં જૈન શાસનને હાર્દિક શુભેચ્છા–

મે. ભવાનજી ઠાકરશી ની કુાં

૨૬૨/૭૦ નરશીનાથા સ્ટ્રીટ,
ભાત બજાર, મુંબઈ–૯

मन्त्रे देवे गुरौ तीर्थे
दैवज्ञे स्वप्न भेषजे ।
यादृशी भावनायस्य
सिद्धि र्भवति तादृशी ।।

મન્ત્ર, દેવ, ગુરૂ, તીર્થ જ્યોશી, સ્વપ્ન અને ઔષધ આમાં જેની જેવી ભાવના હોય તેવી તેને સિદ્ધિ મળે છે.

પૂ. આત્મારામજી મહારાજ નીડર અને પ્રભાવક પુરૂષ હતા. એમણે મૂર્તિપૂજક પક્ષની જાહેરાત કરી સ્થાનકવાસીઓમાં મોટો ખડભલાટ થયો.

સંવેગી સાધુપણું પામ્યા પછી એમને ઘણીજ શાસન પ્રભાવના કરી. એમનો કાલધર્મ ૧૯૫૨, માં જેઠ સુ. ૮ ના દિવસે થયો.

એની પહેલા પૂજ્ય ગચ્છાધિપતિશ્રીનો ૧૯૫૨ મા ફા. વ. ૪ ખંભાત પાસે નાના ગામમાં જ-મ થયો.

આખાયે ગામમાં વાત ફેલાઇ ગઇ બધા ગામવાલા જોવા આવ્યા અને પ્રશંસા કરવા લાગ્યા એમના પિતાશ્રી છોટાલાલ ૮-૧૦ દિવસમાં ગુજરી ગયા.

એમના માતુશ્રી સમરથબેન સાંભળી તરત જ બાલક ટોપલામાં મૂકીને પાદરા ગયા.

ત્યાં મોટા થતા ૪-૬ મહિના એમના માતુશ્રી ગુજરી ગયા.

આજ્ઞા બળે અજબ

હવે એમને સાચવે એવા કાકા હતા અને મા દાદીમા હતા. દાદીમા ધર્મના સંસ્કારી અને પોતાને ત્યાં આવેલ પામીને જાય એટલે સવારે ઉઠતાની સાથે એ બાળકને પણ સામાયિક પ્રતિક્રમણ કરાવતા.

૭-૮ વર્ષની ઉમરે ગામમાં કોઇપણ સાધુ મહારાજ પધારે તરત જાય. ગોચરી પાણી માટે પોતાને ત્યાં અને બીજા ઘરોમાં લઇ જાય બપોરના ટાઇમે જઇ સાધુ મહારાજની ભકિત કરતા હતા. આવી ભકિત જોઇને સાધુ મહારાજને થઇ જતું આ બાળક થોડા વર્ષોમાં સંયમી થઇ જશે અને શાસનનો પ્રભાવક થશે બન્યુ પણ એવું થોડા વર્ષોમાં સંયમી બન્યા.

દીક્ષા લેઇ પહેલા વર્ષમાં પૂજ્ય ઉપાધ્યાયજી વીરવિજયજી મહારાજ શીનોર ચોમાસુ રહ્યા. તબીયતની અનુકૂળતા નહિ હોવાથી ઉપાધ્યાયજી મહારાજજીએ રાતના કીધુ કે કલ વ્યાખ્યાન તેરે કો વાંચના હોગા. ત્યારે મુનિ રામવિજયજી વિચારમાં પડી ગયા. સાહેબ મારી મશ્કરી કરી રહ્યા છે બીજે દિવસે શ્રાવકો વ્યાખ્યાન માટે ઉપાધ્યાયજી મહારાજ વિનંતિ કરવા આવ્યા.

યારે ઉપાધ્યાયજી મહારાજજીએ કીધું મુનિ રામવિજયજી કો બોલાઓ ત્યારે શ્રાવકો મુનિ રામવિજયજી પાસે ગયા વ્યાખ્યાન આપવા પધારો. ત્યારે મુનિ રામવિજયજી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ પાસે આવ્યા તરત જ ઉપાધ્યાયજી મહારાજશ્રીએ કીધું

'કલ તેરે કો બોલા થા, ને કલ વ્યાખ્યાન તેરે કો વાંચને કા હૈ તરત જ આજ્ઞાને માથે ચઢાવીને વ્યાખ્યાન આપવા ગયા.

બધા શ્રાવકો સાંભળીને આશ્ચર્ય પામ્યા. ૬–થી–૭ મહિના દીક્ષાને થયા આવું સરસ વ્યાખ્યાન આપ્યું ખુદ પૂજય ઉપાધ્યજી મહારાજ પણ ખુશ ખુશ થઇ ગયા.

ત્યારથી માંડિ એક પછી એક જિનશાસન આજ્ઞા શું એ સમજીને સચોટરૂપે વ્યાખ્યાન આપતા હતા. જૈનશાસનમાં ગમે તેવા પ્રશ્નો આવે ત્યારે સરળતાથી ઉત્તરો આપતા હતા. બાલ દીક્ષા, દેવદ્રવ્યનાં સચોટ જવાબ આપતા હતા. અંત સમયમાં પોતે એટલા બધા સાવધ હતા. કોઇ પૂછે કોના ધ્યાનમાં છો, ત્યારે પૂજયશ્રી કહેતાં હું અરિહંતના ધ્યાનમાં છું. મને જરાય ચિંતા નથી.

એવું એમનું જીવન હતું આ પુન્ય પુરૂષે જે સાચો માર્ગ બતાવ્યો, તેમના સાચા માર્ગે આપણે સહુ ચાલીયે તેમા સૌનું કલ્યાણ છે. —અનામી

પ્રગટ થઇ ચૂકયા છે :—

શ્રી કલ્પસૂત્ર-બારસા સૂત્ર

(સચિત્ર)

બાળબોધ લીપી રૂા. ૧૫૦] :: ગુજરાતી લીપી રૂા. ૧૫૦]

હાલમાં ઠરેક જગ્યાએ સાધુઓએ પર્યુષણ વાંચન માટે જવાનું થાય છે અને તેથી ઓછા અભ્યાસવાળા સાધુઓને પણ બારસા સૂત્ર વાંચવાનું થાય જ છે જે અશુધ્ધ વંચાય છે અને આથી શુદ્ધ સ્પષ્ટ વાંચી શકે એ માટે સમાસ છૂટા કરીને ગુજરાતી લીપીમાં પણ બારસા સૂત્ર સચિત્ર પ્રગટ કર્યું છે.

બાળબોધ તથા ગુજરાતી લીપીના સચિત્ર બારસા સૂત્રની નકલો મર્યાદિત છે. જેથી સત્વર મંગાવી લેવા વિનંતિ છે.

મંગાવતાં બાળબોધ કે ગુજરાતી લીપી એમ સ્પષ્ટ લખવું.

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા

C/o શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ જામનગર–(સૌરાષ્ટ્ર)

કોઇને પોતાના તરફથી સાધુમહાત્માઓ કે ભંડારમાં અર્પણ કરવો હોય તેમણે પત્ર વ્યવહાર કરવો.

ભગવાન મહાવીરનો સૌ પ્રથમ જીવન સંદેશ છે :–

આત્માને બળવાન બનાવો. શરીરથી પણ વધુ બળ આત્મામાં છે... ભગવાને પોતાના જીવન દ્વારા એ બતાવી આપ્યું છે કે, અનેક જન્મોની સાધનાથી જ મેરુ પર્વતને ડોલાવી શકાય એવું અતુલ બળ પ્રાપ્ત થાય છે.

આત્મવીર પ્રભુએ માટે જ કહ્યું છે, કે " કસેહી અપ્પાણં જરેહિ અપ્પાણં, અર્થાત તમારા શરીર ને કસો, તપાવો અને જીર્ણ બનાવો.

ભગવાન મહાવીરનો બીજો જીવન સંદેશ છે, સ્વયં પુરુષાર્થ કરો, ભગવાને ઇન્દ્રને કહ્યું હતું કે, જે કર્મ મેં પોતેજ બાંધ્યા છે, તે કર્મથી મુક્ત થવા માટે જાતેજ

ભગવાન મહાવીરના ઉપદેશ રૂપતારક આજ્ઞાઓ

-શાહ કાંતિલાલ ડાહ્યાલાલ-સુરેન્દ્રનગર

પુરુષાર્થ કરવો જોઈએ, વિઘ્ન આદિનું મુળ કારણ તો આપણે કરેલા કર્મનું ફળ છે. વિઘ્ન આદિનું મુળ કારણ બતાવી કહે છે કે, વિઘ્ન કષ્ટ કે ઉપસર્ગ એ તો જીવનને કસોટીએ મુકવાની એક સાધના છે. અને આ સાધના કર્મોનો ક્ષય કરવા માટે જ છે.

ભગવાન મહાવીરનો ત્રીજો જીવન સંદેશ છે, "કર્મવાદ જેવું કરીએ... તેવું તેનું ફળ ભોગવવું જ પડે, તેમાં કોઈ પણ પ્રકારે છૂટકારો ન હોય.

દુઃખના કારણમાં કોઇ દેવ, ભગવાન, કાળ, સમય કે નિમિત્તને દોષરૂપ ન માની પૂર્વ કર્મના ફળ સ્વરૂપે જાણી તેને સમભાવથી હસતાં હસતાં ભોગવી લો.

ભગવાન મહાવીરનો ચોથો જીવન સંદેશ છે, "આત્મ શુદ્ધિ" ભગવાને પોતાના જીવનના સાડાબાર વર્ષમાં જે ઘોર તપશ્ચર્યા, કરી આત્મશુદ્ધિ કરી તે આત્મશુદ્ધિ.

તેઓએ પોતાના જીવન દ્વારા બતાવ્યું કે આત્મા પર કર્મોના ઘણાંજ આવરણ છે, જેનાથી આત્મા અશુદ્ધ બન્યો છે, જ્યાં સુધી આત્મા પર ઘાતી કર્મોનું આવરણ પડયું છે, ત્યાં સુધી આત્મા શુદ્ધ ન બની શકે એટલે કે ઘાતી કર્મોનો ક્ષય વિના આત્માની પરમશુદ્ધિ ન થાય, અર્થાત કેવળજ્ઞાન કેવળદર્શન પ્રાપ્ત ન થાય.

"પવિત્ર" ઉત્તરાધ્યનસૂત્રમાં આઠમા અધ્યયનની પહેલી ગાથામાં કપિલ કેવળીની સમીપે, તત્ત્વાભિલાષીનાં મુખ કમળથી મહાવીર કહેવરાવે છે કે, અધ્રુવ અને અશાશ્વત સંસારમાં અનેક પ્રકારનાં દુઃખ છે. હું એવી શું કરણી કરું કે જે કરણીથી કરી દુર્ગતિ પ્રતિ ન જાઉ ! અઢારેય પાપસ્થાનકો ત્યાજ્ય છે અને તજવા એ તે આત્મશુદ્ધિ છે.

મહાન ઈશ્વર શ્રી મહાવીરે જગત બનાવ્યું નથી, પણ જગતનું સ્વરૂપ બતાવ્યું છે.

આત્મા પોતેજ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર છે. માતાના ગર્ભમાં આવી પોતેજ આહાર લેવા મુકવા વગેરે છ, પર્યાપ્તિઓ ઉત્પન્ન કરે છે અને જીવન પર્યંત તે શક્તિઓનું પાલન કરે છે, તેમજ જીવન પુરું થયે તે વિસર્જન કરે છે.

નવા જન્મોમાં એ રીતે ક્રિયા થયા કરે છે. આ વસ્તુ સ્થિતિમાં કર્મ જન્ય કાર્ય છે, અન્ય કોઈનું નથી.

આત્મા અને કર્મ મળીને આ સંસાર અનાદિ કાળથી સરજાયો છે, સરજાય છે અને સરજાશે. જગત કર્તા ઇશ્વર જેવી વચ્ચે કોઇ વ્યકિત રહેતી નથી, આ તેમનો સર્વ સિદ્ધાંત છે.

એમનું તત્ત્વજ્ઞાન નિત્યાનિત્યપણું એક અનેક પણું મૂર્ત્ત અમૂર્તપણું નિર્ધર્મ અને વ્યવહાર, દ્રવ્ય ગુણ પર્યાય સાત નયો, સપ્તભંગીઓ, છ દ્રવ્યો, પાંચ સમવાયો અને જ્ઞાન ક્રિયા જ્યાં મોક્ષ વગેરે સુક્ષ્મ હકીકતોથી ભરપુર છે.

આઠ કર્મોનું સુક્ષ્મ સ્વરૂપ બંધ, ઉદય ઉદીરણા, સત્તા સંક્રમણ વગેરે અન્ય દર્શનોમાં દૃષ્ટિ ગોચર થતું નથી.

આ આત્મા સંયોગવશાત કર્મની વિચિત્રતાથી કઇ સ્થિતિએ પહોંચે છે, કેવા દુઃખ અનુભવે છે, જીવન વિકાસના માર્ગમાં આવ્યા છતાં કેવી રીતે અધઃપતનના ઊંડા ખાડામાં પટકાઇ પડે છે અને પછી કેવા પુરૂષાર્થ અનેકેવું અપૂર્વ વિર્ય તારવી સંપૂર્ણ ઉન્નતિના શિખરે પહોંચે છે, એ દૃષ્ટાંત શ્રી મહાવીર પ્રભુનું મુખ્ય અને અદ્‌ભૂત છે.

નયસારના ભવમાં સમ્યકત્વ પ્રાપ્ત કરી પછી વમી નાખ્યું, પરંતું જેમ બીજનો ચંદ્રમાં પૂર્ણિમા બની જાય છે તેમ આખરે તીર્થંકરપણુ 'પ્રાપ્ત કર્યું'.

સંસારમાં અનેક જીવો જન્મે છે, અને મૃત્યુ પામે છે, તે તો સામાન્ય ક્રમ છે. તેનો ઊહાપોહ હોતો નથી, પરંતુ વિપત્તિના પહાડ તૂટી પડયા હોય, મરણાંત કષ્ટો ઉપસર્ગો એક પછી એક આવતા હોય, એક વખત ઉન્નતિના શિખરે ગયા પછી, અધઃપતનના ખાડામાં પડયા રહેવું હોય, છતાં હિમ્મતપૂર્વક આત્મ શ્રદ્ધા પૂર્વક પુરૂષાર્થ પૂર્વક અડગપણે કોઇની દયાની ભિક્ષા માંગ્યા વગર દેવ કે ઇન્દ્રની સહાયની અપેક્ષા વગર આર્તધ્યાન કે રૌદ્રધ્યાન કર્યા વગર ઉપસર્ગ કરનાર પાપી વ્યક્તિઓ ઉપર પણ અનુકંપા ચિંતવીને પોતે કરેલાં પૂર્વ કર્મોના ફળે પ્રાણીઓનું કલ્યાણ કરી મુક્તિ સ્થાનમાં પધાર્યા છે.

પરમાત્મા મહાવીરે કહ્યું છે કે, મારી પાસે મુકિત કે મોક્ષ નામની કોઇ ચીજ નથી, કે હું તમને આપી શકું, પણ તમો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રના માર્ગે ચાલવા પ્રયત્ન કરશો, જિન પ્રતિમા અને જિનાગમનું આલંબન લેશો, ગુણ દૃષ્ટિ

રાખી સમભાવની વૃદ્ધિ કરશો, જ્ઞાન અને ક્રિયા ઊભયની સાધના કરશો, સાત નયોનો સાપેક્ષરાખી પ્રવૃત્તિ કરતા અને રહી કાંતવાદ સ્વીકારશો,

અહિંસા, તપ, ત્યાગ અને સંયમમાં પુરુષાર્થ કરશો, શ્રદ્ધા બળ, જ્ઞાન બળ, નો આત્મામાં વિકાસ કરતાં રહેશો અને ભવાંતર માટે પણ શુભ સંસ્કારો લેતા જશો તો અવશ્ય આ અનાદ્યનંત સંસારનો તમારા માટે છેડો આવશે. તેમજ આત્માના અનંત ગુણોનો વિકાસ થતાં કર્મથી સ્વતંત્ર રીતે પોતેજ પોતાને મુકત કરી શકશો.

પરમાત્મા મહાવીરે કર્મનો સુક્ષ્મ સિદ્ધાંત કેવળ જ્ઞાનથી તપાસી જે રીતે રજૂ કર્યો છે, તે સર્વજ્ઞપણાની સાબીતી છે.

પુરૂષાર્થની કોટીમાં આવે એવો પુરુષાર્થ માત્ર મોક્ષજ છે અને એ મોક્ષ પ્રાપ્તિનું અનન્ય સાધન દશ વિધય તિ ધર્મ અર્થાત ચારિત્ર ધર્મ એ સંસારરૂપ સાગરથી તરવા માટે જહાજ રૂપ છે.

સંઘપતિ વસ્તુપાળ મંત્રીશ્વરની જિનેશ્વર પ્રભુ પાસે અંતીમ પ્રાર્થના.

સદ્‌ગુરૂ સ્વરૂપ વૈદ્ય, યુગા ધીશ શ્રી આદિનાથ પ્રભુનું ધ્યાન સ્વરૂપ ઔષધ અને સર્વ જીવો પ્રત્યેના દયા ભાવ સ્વરૂપ પથ્ય, આ ત્રણેય મારા ભવરૂપિ રોગને છેદનારા બનો.

મંત્રીશ્વર ૧૩ મો સંઘ લઈ પાલીતાણા જતા અંકેવાળિયા જીદલો સુરેન્દ્રનગર લીંમડી પાસે સ્વર્ગવાસ પામ્યા ત્યારે ઊપર મુજબ અંતિમ પ્રાર્થના કરેલ અને તે જગ્યા હાલ જીર્ણોદ્ધાર પામી રહી છે.

નીડર લેખકોના નીડર લેખો પીરસતા નીડર જૈન શાસનને શુભેચ્છા—

રાજેન્દ્ર

એન્ડ કું.

આર્થર રોડ, રહેમતભાઈ બિલ્ડીંગ
દુકાન નં ૪ મુંબઇ નં. ૩૪

ધર્મના કાર્યોમાં ઉત્સાહ અને
ઉદારતા રાખો બાપના કર્યોમાં
અનાદર અને કૃપણતા રાખો,

જિનાજ્ઞા એટલે !

-સં. પૂ. મુ. શ્રી ધર્મતિલક વિજયજી મ.

જિનાજ્ઞા એટલે શિવવધૂવરમાળા. જિનાજ્ઞા એટલે સંસારરૂપી સમુદ્રમાં નૌકા.
જિનાજ્ઞા એટલે સંસારરૂપી સમુદ્રમાં સેતુ. જિનાજ્ઞા એટલે સર્વ સુખની જનની.
જિનાજ્ઞા એટલે મમતા મારણ મિસાઇલ.
જિનાજ્ઞા એટલે દુર્ગતિના દ્વારો બંધ કરવાની અર્ગલા
જિનાજ્ઞા એટલે સદ્ગતિના દ્વારો ખોલવાની ચાવી.
જિનાજ્ઞા એટલે કર્મવનોને બાળી નાખનાર દાવાગ્નિ
જિનાજ્ઞા એટલે કર્મરૂપીપર્વતને ભેદનાર વજ્ર
જિનાજ્ઞા એટલે કષાયો રુપી પાણીનું શોષણ કરનાર વડવાનલ
જિનાજ્ઞા એટલે સંવરોનું પોષણ કરનાર રસાયણ
જિનાજ્ઞા એટલે વિકારો રૂપી વિષવૃક્ષોનો નાશ કરનાર કુહાડો
જિનાજ્ઞા એટલે ઇચ્છિત દાયક કલ્પવૃક્ષ
જિનાજ્ઞા એટલે સર્વ દુઃખનાશક ચિન્તામણી રત્ન
જિનાજ્ઞા એટલે સમતા રૂપી સરિતા. જિનાજ્ઞા એટલે શાશ્વતસુખની જનેતા
જિનાજ્ઞા એટલે મોહરાજાને કેદ કરવાનું કેદખાનું. જિનાજ્ઞા એટલે મુક્તિમાર્ગની દૂતી
જિનાજ્ઞા એટલે ઇન્દ્રિયોરૂપી બેકાબૂ ઘોડાને માટે ચાબૂક
જિનાજ્ઞા એટલે સંસારમાંથી મોક્ષે લઇ જનાર શ્રેષ્ઠ વિમાન
જિનાજ્ઞા એટલે બધાજ યમ-નિયમ વ્રતોની આધારશીલા
જિનાજ્ઞા એટલે પરતંત્રતામાંથી સ્વતંત્રતા મેળવવાનો રાજમાર્ગ
જિનાજ્ઞા એટલે શિવસુંદરીનો હસ્તમેળાપ કરવા માટેની ખાસ ચોરી
જિનાજ્ઞા એટલે રાગાદિ પાપોનો નાશ કરનાર ગારુડીમંત્ર
જિનાજ્ઞા એટલે મોહરાજાની સંસારરુપી રાજધાની નાશક એટમબોમ્બ.
જિનાજ્ઞા એટલે મોહશત્રુથી રક્ષણ કરનાર અભેદ્ય કીલ્લો.
જિનાજ્ઞા એટલે શુદ્ધ આત્મ સ્વરૂપ મેળવવાનું સર્વશ્રેષ્ઠ સ્થાન
જિનાજ્ઞા એટલે આત્મિક પાપોને ધોવાવ માટે સાબુ.
જિનાજ્ઞા એટલે મનને સ્થિર કરનાર સ્થંભિત વિદ્યા.
જિનાજ્ઞા એટલે આત્મરક્ષા કરનાર બખ્તર. જિનાજ્ઞા એટલે બધાજ ધર્મકૃત્યોની માતા
જિનાજ્ઞા એટલે મોક્ષમાર્ગ બતાવનાર દીવાદાંડી
જિનાજ્ઞા એટલે સંસારની અસારતાનું દર્શન કરાવનાર દૂરબીન
જિનાજ્ઞા એટલે કર્મના કાન કાપનાર કાતર
જિનાજ્ઞા એટલે કામક્રોધાદી રોગોનું ઓપરેશન કરનાર સર્જન.

તો આવી જિનાજ્ઞાને પાળીને આપણે સૌ શિવરમણીના ભોકતા બનીએ...

જૈન શાસનના છઠા વર્ષના પ્રારંભે હાર્દિક શુભેચ્છા...

પુના કેમ્પમાં થયેલ ચાતુર્માસ સમયે
શરદભાઈએ લીધેલ અવિસ્મરણિય તસ્વીર...

॥ નમો નમઃ શ્રી ગુરુરામચન્દ્રસૂરયે ॥

'ગેટવે ઓફ ઈન્ડીયા' જેમ ભારતનું પ્રવેશદ્વાર છે તેમ પૂના, દક્ષિણ મહારાષ્ટ્રનું પ્રવેશદ્વાર છે. સ્વ. ગચ્છાધિપતિશ્રીએ આ પ્રવેશદ્વારેથી પૂના કેમ્પમાં ચાતુર્માસાર્થે સંવત ૧૯૯૩ ની સાલમાં પ્રવેશ કર્યો હતો અને આખાય મહારાષ્ટ્રમાં ધર્મની સુવાસ ફેલાવી હતી. એ પગલે પગલે થયેલી શાસન પ્રભાવનાએ પૂજ્યશ્રીને 'મહારાષ્ટ્ર દેશોદ્ધારક'નું બિરૂદ મહારાષ્ટ્રની જનતાએ આપ્યું હતું. પૂના કેમ્પમાં થયેલ ઉપધાન તપ તથા કુંભોજગીરીનો છ'રી પાળતો સંઘ આદિ પ્રસંગોની સુવાસ આજે પણ પ્રસરી રહેલ છે.

પ. પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા એ સ્વહસ્તાક્ષરે અમારા શ્રી સંઘને લખેલ પત્ર

શ્રી વાસુપૂજ્યસ્વામી મહારાજ ટેમ્પલ ટ્રસ્ટ, ૬૫૭,
જૈન મંદિર પથ, પૂના-૧. (સાચાવીર સ્ટ્રીટ)

'જૈન શાસન' અઠવાડિક વિશેષાંકને ભાવથી અભિનંદન..

નમો નમઃ શ્રી ગુરુરામચન્દ્રસૂરયે

સ્વ. ગચ્છાધિપતિશ્રીની ખૂબજ ખ્યાતી પામેલ શ્રી શરદભાઈ (પૂનાવાળા)એ લીધેલ તસ્વીર...

સ્વ. પૂજ્યપાદશ્રીના સ્વહસ્તે સુશ્રાવિકા શ્રીમતી વસુમતિબેન ભોગીલાલ શાહને ખંભાતથી લખેલ હિતશિક્ષાનો પત્ર સં.૨૦૪૬. જેઠ વદ ૦)) શુક્રવાર

ખંભાત, શ્રી નવપલ્લવપાર્શ્વનાથ જૈન શાળા
૨૦૪૬ના જેઠ વદ ૦)) ને શુક્રવાર-

વિનય રામચંદ્રસૂરિ તરફથી દેવ-ગુરુભક્તિપરાયણ
સુશ્રાવિકા વસુબેન ભોગીધર્મલાભ સાથે લખવાનું કે
તમારી સંસારરૂપ ~~[illegible]~~ પથ ઉત્તરોત્તર વધેલાઓ વધેલાંઓને
સિદ્ધિગતિ પામવાના ભાવના ખૂબ અનુમોદનીય છે.
આજ ભવનાંઓ રમતાં રહી શ્રાવકધર્મનું શાસ્ત્રિમુ-
બજ્ય સ્વરામાં સારું મારા પરભવ સુધારો સદ્ગતિની
પરમ્પરા અલ્પ વધેલામાં વધેલા સાધુધર્મ પામ અને
સારી રીતે પાળી વધેલામાં વધેલા મોક્ષસિદ્ધિગા-
તિને પામો - ઉત્તમસ્વરૂપમાં રમણતા સ્વરૂપે જ
શાશ્વત સુખનાં વધેલામાં વધેલા ભોક્તા બનો અને
સારાય કુટુંબને બનાવો એજ એકની એક અભ્યર્થના.
શુભાભિલાષા અને ધર્મશિક્ષા.

સૌજન્ય : શા. ભોગીલાલ વાલચંદ પરિવાર - પૂના

છઠ્ઠા વર્ષના પ્રારંભે જૈન શાસન વિશેષાંકને હાર્દિક શુભેચ્છા



ખંભાત, ૨૦૪૧ ના જેઠ સુદ પ્રથમ ૨ ને
મંગળવાર

[illegible]

અમારા ગૃહજિનમંદિરના પ્રેરણાદાતા, સુવિશાલ ગચ્છાધિપતિ, મહારાષ્ટ્ર દેશોદ્ધારક, વ્યાખ્યાન વાચસ્પતિ, પરમશાસન પ્રભાવક, વર્તમાન સમયના ધર્મસંરક્ષક **પ. પૂ. સ્વ. આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાએ**, અમારા ગૃહજિનાલયના પ્રતિષ્ઠા - મહોત્સવે ખંભાતથી લખેલ શુભાશિર્વાદ પત્ર. સં.૨૦૪૧ જેઠ સુદ પ્રથમ ૨ ને મંગળવાર.

શાહ ભોગીલાલ વાલચંદ પરિવાર - પૂના કેમ્પ.

રામ મંત્ર

છોડવા જેવો સંસાર

લેવા જેવું સંયમ

મેળવવા જેવો મોક્ષ...

પ. પૂ. શાસન શિરોરત્ન આચાર્યદેવેશ
શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા

પૂજ્યશ્રીને આમારા પરિવારની કોટીશ : વંદના.

■ **સૌજન્ય : મોહનલાલ કાલીદાસ ગાંધી પરિવાર**

પૂના કેમ્પ.

આણા એ જ ધર્મો.

—પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

ઉલ્લાસ અને ઉર્મિ.

ઉદય અને ઉર્મિ.

આનંદ અને ઉર્મિ.

સાધક–આરાધક આત્માને ત્યારે જ પ્રગટ થતાં હોય છે. જ્યારે અંતરના કોડીયામાં પરમાત્મા–વીતરાગ ભગવંતની આજ્ઞા–કંડારાઈ જાય. આજ્ઞા એજ સર્વસ્વ. આજ્ઞા એજ પ્રાણ અને આજ્ઞા એજ ત્રાણ હોય. આણા વિનાનું જીવન તદ્દન શુષ્ક છે નિર્માલ્ય છે.

પરમ ઉપકારી તીર્થંકર પરમાત્માએ વિશ્વના–જગતના એકાંતહિતને માટે જે કલ્યાણકારી આજ્ઞા ફરમાવી છે. તે આજ્ઞા અનેક પાત્રોમાં ઝીલાઈ આજે પણ કલ્યાણમાર્ગને પ્રશસ્ત કરી રહી છે.

સંપૂર્ણપણે પાંચેય મહાવ્રતો વિશુધ્ધ કોટીના પળાતા હોય. ષટ્કાયજીવનું રક્ષણ પણ બરાબર જળવાતું હોય પંચાચારનુ પાલન પણ ઉત્તમકોટીનું હોય, છતાં ય જ્યાં જિનાજ્ઞાનું પાલન ન થતું હોય, જિનાજ્ઞાને ઉંચી મૂકી દેવાતી હોય જિનાજ્ઞાના ફૂરચે ફૂરચા ઉડી જતાં હોય તેને આણા ધર્મો કહેવાય ?

આચારોમાં સંપૂર્ણ વિશુધ્ધિ જોવાતી હોય, સંપૂર્ણ પવિત્રતા દેખાતી હોય, પણ વિચારોમાં શુન્યતા જોવાતી હોય–વિચારોમાં શિથિલતા દેખા દેતી હોય, તેને જિનાજ્ઞાના પાલક કહેવાય ?

જિનશાસનને દ્રવ્યથી પામેલા હોય પણ જિનાજ્ઞાથી પ્રતિબધ્ધિત ન હોય તેવા ઉંચા આચારો કે ઉંચા ત્યાગો કે ઉંચા તપોની પણ આ શાસનમાં કૂડી કોડીની કિંમત નથી. તેનો અર્થ એ નથી કે આજ્ઞા માનનાર ગમે તેમ વર્તે.

પછી બીજા જે અન્ય લિંગીઓ વગેરે દૃષ્ટિપથમાં આવતા હોય કે જેવા ઘણાં તપસ્વીઓ હોય– ઘણાં કષ્ટો ઉઠાવતા હોય–પરિગ્રહનો ભાર પણ ન હોય તેવાઓનો તો નંબર જ કયાંથી હોય ?

જેમ તામલી તાપસે ૬૦ હજાર વર્ષ સુધી છઠ્ઠના પારણે છઠ્ઠ કર્યા–છતાં તેના તપની કોઇ કિંમત જૈનશાસને ન આંકી.

આટલો તપ ત્યાગ હોવા છતાં જિનાજ્ઞા સાથે ન હતી...માટે હે સુજ્ઞજનો ? વિચારો–ચિંતન કરો !

તત્વજ્ઞાનનાઉંડા અભ્યાસ દ્વારા આણા શુ ચીજ છે ? તે જૈનશાસનના મર્મને પામ્યા વિના હૈયાના ઉંડાણ સુધી પહોંચતી નથી.

માટે જૈનશાસનના પરમાર્થને પામી આણા એજ ધર્મો છે–વાસ્તવિક વિચારી પરમાત્માના ધર્મને પામવાનો બરાબર પ્રયત્ન કરવા જેવો છે.

જિનઆણા વિનાના મહાતપ–ત્યાગ સામે જિનઆણાપૂર્વકની નવકારશી પણ ઘણી ઘણી કર્મનિર્જરા કરાવે છે.

આજે ભોળી–અજ્ઞાન દુનિયા બ્હારના તેવા તેવા પ્રકારના તપ–ત્યાગ–જ્ઞાન–વ્યાખ્યાન શકિત વગેરે જોઇ–નિરખી–તેઓ પ્રત્યે આકર્ષાઈ જાય છે, ખેંચાઈ જાય છે. ને ટોળેટોળા ઉભરાઈ જાઈ છે...પણ તેમાં તેઓની તેટલી પારખવાની શકિત છે.? કે આ બધું જિનાજ્ઞાથી–જિનઆણાથી સુવાસિત છે ? આવું મોટા ભાગના લોકો તપાસતાં નથી. એટલે ઘણાં બાળજીવો–ખોટામાર્ગે દોરાઇ આત્માની અવનતિ કરે છે.

માટે સમ્યગ્જ્ઞાન–સમ્યગ્ દર્શનના અભ્યાસી બની–જિનાજ્ઞાના જ પક્ષપાતી બની આત્માના કલ્યાણના ભાગી બનો ! "આણા એ ધર્મો" સદ્ગુરૂના સમાગમ સિવાય અંતરના ઉંડાણમાં આ વાત નહિં રૂચે–નહિં જચે. માટે સદ્ગુરુનો પરીચય કેળવી આણા સમજી અનાદિના આત્મા પર લાગેલા કર્મમળના જામી ગયેલા થરના થરને મૂળથી ઉખેડી પોતાના શુધ્ધ–વિશુધ્ધ–પ્રકાશના અજવાળાને પ્રગટ કરો ! એ જ અભ્યર્થના.

આજ્ઞા બદ્ધ સંઘ પૂજ્ય.

શ્રી સંઘ એટલે સમુદાય. સમુદાય સાધુઓનાં પણ હોય, શાહુકારોનો પણ હોય અને લુંટારાઓનો પણ સમુદાય હોય ને !

આવા સમુદાયને કોઈ માનવી એકદમ સારો કે ખોટો કહી દે તો એ શું ભયંકર નથી ત્યાં તરત જ જરૂર કહેવું પડે કે—

સાધુઓનો સમુદાય સારો. સાધુઓનો સમુદાય આવતો હોય તો સામે જવું જોઇએ. ગૌરવપૂર્વક સન્માન કરવું જોઇએ કારણ કે આ સમુદાય આત્માની ઉન્નતિ કરવાનો માર્ગ બતાવે છે અને દુનિયાને સન્માર્ગે જોડે છે.

શાહુકારોનો સમુદાય પણ આબાદી કરનારો છે તે આવે તો ઉચીત આદર સત્કાર કરાય છે.

પરંતુ લુંટારાનો સમુદાય તો ગાબડાં જ પાડનારો છે. તે આવતો હોય તો ઉચીત કરવું પડે તે જરૂરથી કરો ને !

તેવી જ રીતે શાસ્ત્ર કહે છે કે, શ્રી સંઘ એ સમુદાય છે. તે પૂજ્ય પણ છે અને ભયંકર સર્પ જેવો પણ છે. આ વાંચી તમને તરત જ પ્રશ્ન થશે કે પૂજ્ય કઇ રીતે અને ભયંકર સર્પ જેવો કઇ રીતે ?

તો, મનના પ્રશ્નનું નિરાકરણ કરી લો અને જાણી લો કે શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા યુક્ત હોય તે શ્રી સંઘ પૂજ્ય છે અને આજ્ઞાયુકત જે સંઘ ન હોય તે ભયંકર સર્પ જેવો છે.

માટે જ આજ્ઞામાં વિચરતો શ્રી સંઘ પૂજ્ય છે. –અભીષ આર. શાહ

શ્રી જિનાજ્ઞાના પુરસ્કર્તા મહાપુરૂષોની વિસ્તૃત શ્રેણીમાં અગ્રિમ સ્થાન ધરાવનાર પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરે સંસ્કૃત ભાષામાં તો સ્થળે સ્થળે જિનાજ્ઞાનું મહિમાગાન કર્યું જ છે. પરન્તુ ગુજરાતી ભાષામાં, સ્તવનોમાં અને સજ્ઝાયોમાં, પણ એમણે પોતાના હૃદયમાં રહેલા અવિચલ જિનાજ્ઞા પ્રેમને વારંવાર વ્યકત કર્યો છે.

એમની ગુજરાતી રચનાઓનો સંગ્રહ 'ગુર્જર સાહિત્ય સંગ્રહ' આ નામે ભાગ પહેલો અને ભાગ બીજો રૂપે પ્રગટ થયો છે. તેમાં ઝીણવટભરી નહીં પણ ઉપર છલ્લી નજર નાખવાથી પણ ઉપાધ્યાયજી મહારાજની જિનાજ્ઞાપ્રીતિને દર્શાવનારા સંખ્યાતીત ઉલ્લેખો મળી આવે એમ છે. અહીં એ રીતે મળી આવેલા કેટલાક ઉલ્લેખોની વાત કરવી છે. અહીં તેવા જ ઉલ્લેખોની વાત કરવી છે, કે જેમાં આણ કે આણા કે આજ્ઞા શબ્દ

આજ્ઞાપાલન: પરમેશ્વરને રીઝવવાનો સર્વશ્રેષ્ઠ ઉપાય

—પૂજ્ય મુનિરાજશ્રી મોક્ષરતિ વિજયજી મ.

સ્પષ્ટપણે આવે છે. તે સિવાય જેમાં ગર્ભિતરીતે આજ્ઞાની વાત આવતી હોય તેવા-જેવા કે જિનભક્તિ, જિનમત, જિનવાણી, જિનવચન, જિનભાષિત, જિનગુણપ્રેમ' ચરણોની સેવા, શરણાગતિ, વચનરાગ, પ્રવચનરાગ, શાસનરાગ, શુદ્ધપ્રરૂપણાપ્રેમ, ગીતાર્થગુણાવલી, સંવિગ્નપ્રશંસા, ભવભીરૂસ્તુતિ, સિદ્ધાન્તનિષ્ઠા, શાસ્ત્રોક્તિવિચાર, સત્યપ્રીતિ, સુવિહિત-મહાપુરૂષોની નિશ્રા, સમ્યક્ત્વ માહાત્મ્ય આવા બધા-ઉલ્લેખોની વાત અહીં કરી શકાય એમ નથી. એ કરવી હોય તો 'ગુર્જર સાહિત્ય સંગ્રહ'ની નવી આવૃતિ પ્રકાશિત કરવી પડે.

- 'મેં મેરા મન નિશ્ચલ કીનો કીનો, તુમ આણા શિરધારી' (૭૩)
- 'તુજ આણા સુરવેલી, મુજ મન નંદનવન જિહાં રૂઢ' (૮૭)
- 'શિર તુજ આણ વહું" (૧૨૧)
- 'તાહરી આણ હું શિર ધરૂં" (૨૧૨)
- 'જિનજી ! તુજ આણા શિર વહીએ' (૨૨૬)
- ' તુજ આણા તુજ મન વસી ' (૨૩૩)
- 'તોરી આણા મુજ સુપ્રમાણ' (૨૩૮)

પ્રભુને આવું કહેવા માટે ઉપાધ્યાયજી મહારાજ પૂરેપૂરા અધિકારી છે. કેમ કે તેમણે જિનાજ્ઞાનો પૂરેપૂરો પરિચય મેળવ્યો છે અને તેથી તેમના હૃદયમાં જિનાજ્ઞા પ્રત્યે અવિચલ પ્રેમ પ્રગટયો છે.

જિનાજ્ઞાની જાણકારી અને વફાદારીને પ્રભાવે ઉપાધ્યાયજી મહારાજ એક સુંદર સત્ય પણ ઉચ્ચારે છે : 'સમકિત સૂધું રે તેને જાણીએ, જે માને તુજ આણ;' (૨૪૩) જિનાજ્ઞા જેટલો જ આદર તેમણે ગુરુઆજ્ઞાનો પણ કર્યો છે:

૦ 'શ્રી જિનગુણસુરતરુનો પરિમલ-અનુભવ તો તે લહેશેજી,
ભ્રમર પરે જે અર્થી થઇને, ગુરુઆણા શિર વહેશેજી (૨૪૭).'

૦ 'ગુરુચરણસેવારત હોઇ, આરાધતો ગુરુઆજ્ઞે,
આચારસર્વના મૂલ ગુરુ, તેમ જાણે હો તે (ભાવસાધુ) ચતુર સુજાણ (૨૮૨).'

વર્તમાન સંદર્ભમાં અતિઉપયોગી થઇ પડે એવો ઉલ્લેખ પણ મળે છે. આ જમાનાની જેમ તે જમાનામાં પણ કેટલાક જૈનો એવો આગ્રહ રાખતા હતા કે ચક્ષુ બંધ કરો. અને તર્કને તડકે મૂકો. માથાફોડ કર્યા વિના, જે માર્ગે ઘણા માણસો જતા હોય તે માર્ગે ચાલવા માંડો. આટલા બધા માણસો આ માર્ગે ચાલી રહ્યા છે તે શું બધા મૂરખા છો ? બધા શું વગર વિચાર્યે જ ચાલે રાખે છે ? શાસ્ત્રમાં પણ કહ્યું છે કે **'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ'** । તેથી વધારે ચમણાળીઓ કર્યા વિના બસ, ચાલવા જ માંડો !

ઉપાધ્યાયજી મહારાજે તેમને તેમની ભાષામાં જ જબાબ વાળ્યો છે:

"જો તમારે બહુમતીના માર્ગે જ ચાલવું હોય તો તો તમારે અનાર્યોના માર્ગે-જ ચાલવું પડશે. કારણ કે આ જગતમાં બહુમતી તો અનાર્યોની જ છે." ઉપાધ્યાયજી મહારાજ તેમને સમજાવે છે, " ચતુર્દશ પૂર્વધર શ્રી ભદ્રબાહુ સ્વામીજી કહી રહ્યા છે કે અનાર્યોમાં આર્યો, આર્યોમાં જૈનો અને જૈનોમાં પણ સાચા જૈનો થોડા છે. સાધુઓમાં પણ સાચા શ્રમણો અલ્પ છે. વેષધારી કે નામધારી શ્રમણોની અહીં બહુમતી છે. તેથી જ તો મારું કહેવું છે કે તમે એવા શ્રમણોનો સંગ કરો કે જે **'આજ્ઞાશુદ્ધ'** હોય !"

૦ 'આજ્ઞાશુદ્ધ મહાજન દેખી, તેહની સંગે રહીએ.' (૨૪૯)

આજ્ઞાપાલન, એ પરમેશ્વરને રીઝવવાનો સર્વ શ્રેષ્ઠ ઉપાય છે, તેમણે કહ્યું છે;

૦ આજ્ઞા પાલે સાહેબ તૂસે, સકલ આપદા કાપે;
આણાકારી જે જન માગે, તસ જયલીલા આપે;' (૨૫૧)

લોકને રાજી રાખવાના પ્રયત્નો (લોકસંજ્ઞા) ભગવાનનો ભક્ત કયારેય ન કરે. એ તો ત્રિલોકનાથને રીઝવવાનો પુરુષાર્થ કરતો હોય, આજ્ઞાપાલન દ્વારા ! અને આ આજ્ઞાપાલનમાં રક્ત રહેનારા ભવ્યાત્માઓને જ ભગવાનનો ભક્ત, 'મિત્ર કે સ્વજન કે આત્મીય' ગણતો હોય:

૦ "લોક સંજ્ઞાથકી લોક બહુ બાઉલો, રાઉલો દાસ તે સવિ ઉવેખે,
એક તુજ આણશું જેહ રાતા રહે, તેહને એહ નિજ મિત્ર દેખે'. (૨૯૧)

આટલું કહીને ઉપાધ્યાયજી મહારાજ પોતાની અંગત કેફિયત રજુ કરે છેઃ;

'આણ જિનભાણ ! તુજ એક હું શિર ધરું',
અવરની વાણ નવિ કાન સુણીએ.....,(૨૯૧)

બીજાની વાણી સાંભળવાનો પણ ધરાર ઈન્કાર કરી દેતી આવી અનુપમ આજ્ઞાપ્રીતી, ઉપાધ્યાયજી મહારાજ આદિ શ્રીજિનાજ્ઞાના પ્રખર પુરસ્કર્તા મહાપુરૂષોની વાણીના અધ્યયનના પ્રભાવે આપણામાં પણ વહેલામાં વહેલી પ્રકટી રહો ?

[તા.ક. દરેક સ્તવન પંકિતની પાછળ મૂકેલો સંખ્યાંક 'ગુર્જર સાહિત્ય સંગ્રહ ભા-૧' પુસ્તકનો પત્રાંક છે]

સંસ્કૃતિના સંદેશ વાહક જૈન શાસન અઠવાડિકને છઠ્ઠા વર્ષના પ્રારંભે શુભેચ્છાઓ :-

આર્યાવર્તની અહિંસા પ્રધાન અજોડ સંસ્કૃતિને અને આર્યપ્રજાને નેસ્ત નાબુદ કરવા માટે કપટ શૂરા અંગ્રેજોના ન સમજી શકાય તેવા છુપા કાવતરામાંથી જન્મેલી લોકશાહી પદ્ધતિ અને કૃત્રિમ રાજતંત્રને આપણાં જ નાણાંનો નિર્દોષ અબોલ જીવોને મારવા માટે મહાપાપી અને અધમ દુરૂપયોગ કરીને સમગ્ર પ્રજાને જીવ હિંસાની ભાગીદાર બનાવી છે. આવી ઘોર હિંસક અને ઘાતકી રાજ પધ્ધતિને જડમૂળથી ઉખેડી નાંખવા સમસ્ત જૈનો ધર્મયુદ્ધ માટે તૈયાર થાવ. જાતને આ હિંસાથી દુર રાખો.

સુમનલાલ છોટાલાલભાઈ કામદાર

જીવદયા કાર્યકર, રાજકોટ.

જિનાજ્ઞા એ જ પરમમંત્ર : પ્રસંગ પરિમલ

-શ્રી શિત રશ્મિકર

પરમારાધ્યપાદ પરમકૃપાળુ પરમોત્કૃષ્ટપુણ્યપ્રાગ્ભારશાલી, શાસ્ત્રૈકનિષ્ઠ, જિનાજ્ઞામૃતરસનિમગ્ન, જિનવાણીના જગમશહુરપ્રમૃતા, પરમ પૂજય પરમોપકારી પરમતારક પરમ ગુરુદેવ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા એટલે જાણે શાસ્ત્રનું બોલતું પાનું ! જિનાજ્ઞારૂપી માનસરોવરમાં રમણ કરતો રાજહંસ ! જિનાજ્ઞારૂપી સરિતામાં સ્નાન કરતી રાજહંસી ! જિનાજ્ઞારૂપી વર્ષાનું પાન કરતું ચાતકપક્ષી ! જિનાજ્ઞારૂપી ઉદ્યાનમાં કેકારવ કરતો મનોહર મયુર ! જિનશાસનરૂપી ગગનાંગણમાં ઉડ્ડયન કરતું ચાસપક્ષી ! જિનશાસનરૂપી આમ્રવનમાં ટહુંકા કરતી કોકિલા ! જિનાજ્ઞા એજ જેમનું જીવન-ત્રાણ અને પ્રાણ !

આવા અનુપમગુણવૈભવશાલી ગુરુદેવનાં ગુણરત્નોને નિહાળવાનું સામર્થ્ય પણ આંતર્ચક્ષુની નિર્મલતાવાનમાં જ હોય, ગુણરત્નોને ગુંઠિત કરવાનું પરમ સૌભાગ્ય વિરલાતિવિરલને જ મળે, તેમ છતાં તેઓશ્રીની કૃપાવર્ષા જ ભકિતસભર હૃદયને મુખરિત કરે છે, લખવા લલાવિત કરે છે.

જિનાજ્ઞા શું ? 'આશ્રવઃ સર્વથા હેયઃ, ઉપાદેયશ્ચ સંવરઃ । અર્થાત્ "કર્મ જેનાથી આવે તે આશ્રવ અને તે છોડવા લાયક, આવતા કર્મ જેનાથી અટકે તે સંવર અને તે આદરવા લાયક" ભારતીદેવીનાં ભવ્યાતિભવ્ય ભાલપ્રદેશને પણ ભવ્યતા આપતા આપણા પરમ ગુરુદેવશ્રીની ટુંકી હિતશિક્ષા કઇ હતી ?... "જે કામ સારૂં લાગે તે કરવું બોટું લાગે તે છોડી દેવું." કેવી છે આ માર્મિક હિતશિક્ષા ! સાદી અને સરળભાષામાં જિનાજ્ઞાને કેટલી સચોટ રીતે દર્શાવી દીધી છે તેઓશ્રીએ !

સૌભાગ્ય પંચમીનો એ શુભ દિવસ હતો. તૃતીયપ્રહર તેઓશ્રીએ શ્રીજ્ઞાનની અનુપમકોટિની ભકિતમાં વ્યતીત કર્યો. લગભગ ૬૩-૬૪ વર્ષની વયે પણ તેઓશ્રીએ શ્રી જ્ઞાનપંચમીનાં દેવવંદન ઉભા ઉભા કર્યા તેમાં પણ ૫૧-૫૧ ખમાસમણા સંડાસાપડિલેહણ સાથે પંચાગ પ્રણિપાતપૂર્વક આપી અદ્ભુત આદર્શ ખડો કર્યો. પછી શું આરામ કર્યો ? ના...રે...ના આરામ તો તેઓશ્રીનાં જીવનમાં હરામ હતો. ઢળતી સંધ્યાએ પણ તેઓશ્રીનાં હસ્તકમલ પ્રતનાં પાનાને શોભાવી રહ્યા હતા. વાંચનમાં લયલીન બન્યા હતા એ મહાપુરુષ ! કારણ ? જિનાજ્ઞાપાલન તેમનું જીવન હતું તેથી શાસ્ત્રવાંચન એ તેઓશ્રીનું વ્યસન હતું. વ્યસની પોતાની ઇષ્ટવસ્તુના આસેવનમાં કેવો

તલ્લીન હોય ? તેનાથી પણ અધિકાધિક જ્ઞાનવ્યસની એવા તેઓશ્રી જ્ઞાનામૃતનું આકંઠ પાન કરવામાં મગ્ન બન્યા હતા ત્યાંજ.... સામેથી તેઓશ્રીની લીનતામાં ભંગ કરતો પ્રશ્ન થયો.

"સાહેબજી ! આજે તો આપશ્રીજીએ આ પુણ્યદેહને ઘણો શ્રમ આપ્યો છે. આપશ્રીજીએ આ ધર્મયષ્ટિ શાસનને સમર્પિત કરી છે. આપશ્રીજી તો શાસન માટે કાયાની પણ કુરબાની કરવા સજ્જ છો, આપશ્રીજીનાં આશ્રિતવર્ગનું શ્રેય કરવું તે પણ શાસનનું જ કાર્ય છે. તો તેમના ખાતર તો આપશ્રીજી આ પુણ્યદેહલતાને થોડો આરામ આપવા કૃપા કરો."

પ્રશ્નનાં પત્રને એક તરફ સ્થાન આપતાં તેઓશ્રી ગંભીર અને મધુરધ્વનિએ બોલ્યા.... શું....? જાણવું છે ?....

"હું તો આખી રાત અજગરની માફક સૂઇ જાઉ છું. રાત્રે તો આરામ જ છે ને !"

શાસનહિત ચિંતામાં રત પૂજ્યપાદશ્રીજી ફક્ત ૨ થી ૩ કલાક પણ નિદ્રા લેતા ન હતા છતાં કેવી નમ્રતા ! કેવી લઘુતા ! આ મહાપુરૂષની !!

—: જિનાજ્ઞા પાલનરૂપ મંત્રનો ચમત્કાર :—

પતિતોને પાવન કરતી શ્રી ગિરનારજીની હતી એ સુરમ્ય છત્રછાયા ! જુનાગઢની એ રમ્ય ધર્મશાળા ! જ્યાં પૂજ્યપાદ પરમગુરુદેવશ્રીજી ચાતુર્માસ સ્થિત હતા. પૂજ્યપાદ પરમગુરુદેવશ્રીજીનાં વરદહસ્તે દીક્ષિત થયેલ સાધ્વીજી મહારાજનું જીવદ્રવ્ય...! પર્વાધિરાજ પર્યુષણા મહાપર્વની પુનીત પધરામણીની બંસી બજાવતા પાવનકર પુણ્યદિવસો ! પર્વાધિરાજની આરાધના નિમિત્તે સાધ્વીજી ભગવંતના હૃદયમંદિરમાં ઉપવાસો કરવાનાં ઉત્તમોત્તમ ભાવો તરવરતાં હતાં. એટલે કે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવ એકબીજાની સ્પર્ધા કરતા હતા.

પૂજ્યપાદશ્રીજીનાં શ્રીમુખે ભગવતી આર્યાએ ૯ ઉપવાસનું પચ્ચકખાણ કર્યું. હજી ૪ કે ૫ ઉપવાસ થયા ત્યાં જ વિઘ્નનું વાદળ ઉમટી આવ્યું. ચાતુર્માસ દરમ્યાનમાં પૂજ્યપાદશ્રીજી બબ્બેવાર દેશના આપી શ્રોતાજનોને જિનવાણીરૂપી મંત્રમાં મુગ્ધ બનાવતા હતા. મધ્યાહનની દેશના પૂર્ણ થઇ, સૌ સ્વસ્થાન ભણી વિદાય થયા. ત્યાં તો કાંઇક વિઘ્ને દેખા દીધા. તપસ્વીની સાધ્વીજી મહારાજ દેશના શ્રવણ કરી સ્થાનેથી ઉભા જ ન થઇ શકે... આજુબાજુના સૌ મુંઝાયા પરંતુ જ્યાં ગારૂડિક વિદ્યમાન હોય ત્યાં સર્પદંશની પીડા રહી શકે ખરી ? જિનવાણીનાં ગારૂડિક પૂજ્યપાદશ્રીજી વિનંતિ કરતાં તેઓશ્રીજી પધાર્યા અને વાસક્ષેપ કર્યો ત્યાં જ અદ્ભૂત ચમત્કાર સર્જાયો. સાધ્વીજી

ભગવંત સંપૂર્ણતયા સ્વસ્થપણે ઉભા થઈ સ્વસ્થાને પધાર્યા અને તેમણે ગ્રહણ કરેલ ૯ ઉપવાસનું પચ્ચકખાણ સાંગોપાંગ પૂર્ણ કરી શકયા. આવી હતી પૂજ્યપાદ પરમગુરુદેવ શ્રીજીની જિનાજ્ઞાપાલનની સિદ્ધિ !!!

શાસ્ત્રકાર ભગવંતોએ જિનાજ્ઞાપાલનની જેમ જ ગુર્વાજ્ઞાપાલનની પણ સંસાર સાગર તરવા માટે અનિવાર્ય આવશ્યકતા જણાવી છે. જે ગુરુભગવંતો જિનાજ્ઞાને સમર્પિત છે તેવા ગુરુદેવની આજ્ઞાનું પાલન શિષ્ય સહજભાવે પરમતત્વસ્વરૂપ માની કરે તો મંત્ર શું કામ કરે ? તંત્ર શું કામ કરે ? યંત્ર શું કામ કરે ? સર્વસિદ્ધિઓ સહસા આવીને જ વરે છે, જિનાજ્ઞાપાલન પણ ગુર્વાજ્ઞાપાલનમાં જ આવી જાય છે. "તેવી પ્રજા જેવા રાજા." તદનુસાર પૂજ્યપાદશ્રીજીની શાસ્ત્ર સમર્પિતતાનો વારસો તેઓશ્રીજીના શિષ્યરત્નોમાં પણ ઠીક ઠીક પ્રમાણમાં ઉતર્યો છે. તેઓશ્રીજીનાં અનેક શિષ્યરત્નોમાંના એક શિષ્યરત્ન આ પણ મહાપુરૂષ હતા કે જેઓ શ્રી જિનાજ્ઞાનુસાર જ જીવન જીવવાનાં આગ્રહી હતા. કયા પુણ્ય નામથી તેઓશ્રી અલંકૃત હતા...?

શીતલતાથી જેમણે ચંદ્રમાને પણ જીતી લીધો છે તે સૌમ્યવારિધિ પ. પૂ. આ. દે. શ્રી જિતમૃગાંકસૂરીશ્વરજી મહારાજ તેઓશ્રી મહાન ગુર્વાજ્ઞાપાલક હતા. ગુર્વાજ્ઞાપાલનની તત્પરતા તેમનામાં એટલી બધી હતી કે તેઓશ્રી કહેતાં કે 'મારા પરમગુરુદેવશ્રીજી જો મને જંગલમાં ચાતુર્માસ કરવા આજ્ઞા ફરમાવે તો પણ હું વિકલ્પરહિતપણે સહર્ષ જંગલમાં ચાતુર્માસ કરું."

સ્વગુરુદેવની સંયમપાલનની ચુસ્તતાને તેઓશ્રીએ જીવનમાં એવી ઝીલી હતી કે જ્યારે તેઓશ્રી મુનિપણાને વિભૂષિત કરી રહ્યા હતા ત્યારે પણ નિર્દોષ ગોચરચર્યામાં એકકા હતા. એકવાર તેઓશ્રી ગૌચરી વહોરવા પધાર્યા સામેથી ભકતજન લાભ લેવા તત્પર હતો પરંતુ નિર્દોષતા સદોષતાનું અમલીજ્ઞાન ભકતજનને ભાગ્યે જ હોય. તેથી મુનિપુંગવને પધારતા જોયા કે તુરત સામેથી અગ્નિ પરથી ભાજન નીચે ઉતારી લીધું પરંતુ નિર્દોષ આહાર ગવેષણાની ખંતીલી ચકોર દૃષ્ટિ કયાંય તેઓશ્રીને દોષોનું આસેવન કરવા દે ખરી ?

મુનિરાજશ્રીએ ચંદનથી પણ શીતલવાણી ઉચ્ચારી કે 'એન ! આ ભાજનમાંથી મને ગૌચરી ન વહોરાવીશ' અને ત્યારે જ તે મુગ્ધબાળાને ખ્યાલ આવ્યો કે "આ તો રામચરણપંકજમધુકર છે. કયાંથી તે નાના પણ દોષને ચલાવી લે ?

આજ્ઞાપાલનને જ પરમધર્મ સમજનારાઓ કેટલા સતત જાગૃતિવંત બનવું જરૂરી છે ? તે આપણે સહેજે આ અનુભવો પરથી સમજી શકીએ. અને તેનું આસેવન કરીએ તો આપણે પણ શીઘ્ર કર્મમુકત બની શકીએ. સૌ જિનાજ્ઞાનું નિર્વિકલ્પ પાલન કરી મુકિતપદના ભોકતા બનીએ તે જ શુભાભિલાષા-

'આણા એ ધમ્મો' એ તો જૈન શાસનનું હાર્દ છે. મહત્વનું સૂત્ર છે. આણા એ ધમ્મોનો અર્થ છે ધર્મ આજ્ઞામાં છે. જિનેશ્વરદેવની આજ્ઞાનું પુરેપુરું પાલન કરવું એ મોટામાં મોટો ધર્મ છે. આજ્ઞાથી જરા પણ આઘા અવળા જવું એ મોટામાં મોટું પાપ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે 'આજ્ઞારધ્યા વિરાધ્યા ચ શિવાય ચ ભવાયચ' એટલે કે આજ્ઞાની આરાધના શિવપદ આપે છે, વિરાધના સંસારમાં રખડાવે છે.

આટલું બધું આજ્ઞા પાલનનું જે જૈન શાસનમાં મહત્વ છે તે જૈન શાસનમાં આજે આજ્ઞાપાલનનું દેવાળું કુંકાયું છે. ઉત્સર્ગ અને અપવાદના મનઘડંત અર્થ કરીને જૈન શાસનમાં આજ્ઞાનો જ શિરોચ્છેદ હાલમાં કરવામાં આવી રહ્યો છે.

કોઇપણ કાર્ય અનુશાસન વિના સારી રીતે પાર પડતું નથી. પછી તે રાજકીય ક્ષેત્ર હોય, સામાજીક ક્ષેત્ર હોય, કૌટુંબિક ક્ષેત્ર હોય કે ધાર્મિક ક્ષેત્ર. આજે લગભગ તમામ ક્ષેત્રોમાં મોટામાં મોટી અંધાધૂંધી અને અરાજકતા ફેલાઇ હોય તેના મૂળમાં આજ્ઞાચક્ર બ્રેકાસ થયું છે, તે છે : આજે રાજકારણ શિસ્તવિહોણું થઇ ગયું છે.

જૈન શાસનનો મહામૂલો મંત્ર—"આણા એ ધમ્મો"

—શ્રી રમેશ સંઘવી, સુરત

માટે જ આજે સવાર પડે ને નવા પક્ષો બિલાડીના ટોપની જેમ કુટી નીકળે છે. જરા સરખું નેતા સાથે વાંકુ પડયું એટલે અલગ ચોકો! અલગ પક્ષ! આવું જ સામાજીક ક્ષેત્રે થઈ રહ્યું છે. સમાજના અગ્રણીઓની માન-મર્યાદા જાળવવાનું ઘટી રહ્યું છે. આમા-ત્યાંના ભુકકા બોલાઇ રહ્યા છે. અને માટે આજે વડીલોની ઘોર ઉપેક્ષા થઇ રહી છે. તો ઘરોની પણ આ હાલત છે. ઘરના વડીલોને આજે ખુણે બેસીને દિવસો પસાર કરવા પડે છે. આંસુ સારીને જેમ તેમ જિંદગી પૂરી કરવી પડે છે. અને આ ચેપથી ધાર્મિક ક્ષેત્ર પણ જરાય બચ્યું નથી. અને સૌથી વધુ નુકશાન પણ ધર્મક્ષેત્રને થયું છે.

છેલ્લા કેટલાક વરસોના પ્રસંગો નજર સામે આવતાં સ્પષ્ટ દેખાઇ આવે છે કે શાસનની કેટકેટલી અપ્રભાવના-અવહેલના થઇ રહી છે. આંતરિક ચાકવાસ્થળી-ઇર્ષ્યા-ભાવ આદિના કારણે વડીલોની જે ઉપેક્ષાઓ થઈ છે. તેથી સમસ્ત જૈન સંઘ માહિતગાર છે. સામાન્ય મતભેદની શરૂઆતે કેટલું વિશાળરૂપ ધારણ કર્યું અને તેના પરિણામે આજે જૈન સંઘમાં લગભગ શિસ્ત-આજ્ઞા પાલનને નામે મીંડું થઇ ગયું છે.

એક તિથી અને બે તિથી એમ બે પક્ષો હતા જ. એમાં બે તિથિ પક્ષમાં અંદરો અંદર ચાલી રહેલા સામાન્ય વિવાદે દિન પ્રતિદિન મોટું સ્વરૂપ ધારણ કર્યું. અને તેમાંથી ૨૦૪૨નો પટ્ટક થયો. ૨૦૪૪નું શ્રમણ સંમેલન થયું. આ બંનેમાં ગુરૂઓ સામે વડીલો સામે વિદ્રોહ જાહેર થયો. ગુરૂઓની સામે જ પ્રચાર યુદ્ધ થયું. દેશકાળના નામે જમાનાવાદી રીત રસમો અજમાવાઇ.

પ્રથમ પટ્ટક બન્યો. તેમાં પૂ. આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ ૨૦૨૦માં બનાવેલા પટ્ટક ઉપર કુઠારાઘાત થયો. તેઓશ્રીની અનેક શાસ્ત્રીય માન્યતાઓ જેવી કે પર્વતિથિની ક્ષય વૃદ્ધિ હોઇ શકે, ગ્રહણ સમયે જિનમંદિરો ખુલ્લા રાખી શકાય, સૂતક પાળવાનું વિધાન શાસ્ત્ર બાધક છે, નવાંગી ગુરૂપૂજન શાસ્ત્રીય છે આવી અનેક માન્યતાઓનો છેદ ઉડાડી દેવામાં આવ્યો. અને તેઓના જ કહેવાતા પટ્ટધરોએ આ તમામ શાસ્ત્રીય માન્યતાઓના કુરચા ઉડાવી દીધા. જાહેરમાં ગુર્વાજ્ઞાસામે બળવો પોકાર્યો. અને ૨૦૪૪માં શ્રમણ સંમેલનમાં પણ આ લોકોએ જ મહત્વનો ભજવીને ભાગ બાકી રહેલા અધૂરા અશાસ્ત્રીય કામો પૂરા કરીને મોટો ગઢ જીત્યા તેવું વર્તન કર્યું. હકીકતમાં એઓએ આ બધા ઉધામા કર્યા તેના મૂળમાં આજ્ઞા પાલન તરફનું દુર્લક્ષ અને 'આણા એ ધર્મો' એ વાકય પરની અશ્રદ્ધા જ હતી. પરંતુ જ્યારે જ્યારે આવાઓ શાસનને નુકશાન પહોંચાડે છે ત્યારે સુયોગ્ય માર્ગસ્થ સાધુઓની જવાબદારી અનેક ગણી વધી જાય છે. અને એવા મહાત્માઓ માર્ગની રક્ષા કરવા, આજ્ઞાની રક્ષા કરવા બમણા વેગથી ઝઝુમતા હોય છે. અને આવા અશાંતિના વાદળોને વિખેરી નાખતા હોય છે.

હમણાં હમણાં સુખ માટે પણ ધર્મ જ થાય તેવા વિધાનોએ વેગ પકડયો છે. સમીક્ષા અને સમીક્ષાની સમીક્ષા એમ ચાલ્યા જ કરે છે. સરવાળે સત્ય હાથમાં નથી આવતું, પણ ઉપરથી ખોટી પકકડના કારણે સરવાળે નુકશાન પોતાને જ થાય છે. એક ને એક બે જેવી વાત આવા ત્યાગી–તપસ્વી–અભ્યાસી–વિદ્વાન આચાર્યોથી માંડીને મુનિવરી કેમ નથી સમજી શકતા તેજ નવાઇ લાગે છે. આ માટે મેં કહ્યાણ માસિકમાં પાંચેક લેખ આપેલા અને તે ઘણા લોકપ્રિય બન્યા હતા. વિશેષ તો શું લખુ ? આવી આવી પ્રવૃત્તિઓ પણ એક આ ચક્રની સામે બંડ પોકારવાથી વિશેષ કંઇ નથી. કોઇ પણ બાબતે વિરોધ કરવા માટે કંઇક તો જોઇએ જ ને ? બાકી જે શાસનના સ્થાપકે સંસાર ભૂંડો કહ્યો–સંસારની આ સામગ્રી ભૂંડી કહી અને કહીને અટકયા નથી. પણ સ્વયં છોડી અને જગતને છોડવાનો ઉપદેશ આપ્યો તે તારક તીર્થંકરોની પ્રવૃત્તિની

સામે જ બળવો નથી ? કે સંસાર માટે પણ ધર્મ કરો !!

સંસાર રહેવા જેવો હોત, એ સામગ્રી રાખવા જેવી હોત તો તારક તીર્થંકરો એ છોડત શા માટે ? અ.વી સ્પષ્ટ સરળ વાત ન સમજનારા જગતને ઉંધા પાટે લઇ જવા કુતર્કો કરે કે સંસાર માટે ધર્મ ન થાય તો શું પાપ થાય ? અરે ભાઇ સંસાર માટે કંઇ કરવા જેવું જ નથી. સંસાર જ પાપ સ્વરૂપ છે. તો શું પાપને પોષવા ધર્મ કરવાનો ? શાલિભદ્રના પૂર્વભવના જીવે માત્ર ખીર વહોરાવીને ભવાંતરમાં શાલિભદ્ર બની ગયા, તે માગવાના પ્રતાપે નહિ. પણ ખીરના ઉલ્લાસ પૂર્વકના ત્યાગના પ્રભાવે. એક સામાન્ય ઘરના–ગરીબ બાળકને પણ એટલી સમજ હતી કે વહોરાવતી વખતે તેણે પોતાનો શુદ્ધ આશય જાળવી રાખ્યો, પણ દુઃખી અવસ્થા હતી છતાં પણ સંસારની સામગ્રીની ભાવના સરખી પણ રાખી નહિ. આવા ભરવાડના બાળક જેટલી પણ બુદ્ધિ મને લાગે છે કે આપણી પાસે નથી જેથી એમાંથી બોધ લઇ શકીએ. જો કે હમણાં તત્વલોકન સમીક્ષા નામનું પુસ્તક જોયું. અને લાગે છે કે સુખ માટે પણ ધર્મ જ થાય, એવું કહેનારાઓનો પણ ટોન–વહેણ થોડોક બદલાયેલ લાગે છે. ત્યાં પણ ઠેર ઠેર લખી તો નાખ્યું છે, સંસાર માટે ધર્મ ન જ થાય તેવું કહેવાવાળા શાસ્ત્રકાર મહર્ષીઓના સારને ! અને ઉપસંહાર પણ અંતે તો એવી માર્ગસ્થવાતને સ્વીકારીને જ કરાયો છે. તેટલી વાત મારા માટે તો આનંદની જ છે.

શ્રમણ સંમેલન આજે અસ્તિત્વમાં છે કે નહિ તે જ ખબર પડતી નથી. ભેગા થયેલાઓએ કરેલા કાયદાઓ એ જ પાળે છે કે બીજા માટે જ કર્યા છે તે ખબર નથી પડતી. એકવીસ ઠરાવો કર્યા ખરા, પણ તેનો અમલ કોણ કરે છે તે કોઇની જાણમાં નથી. શ્રમણ સંમેલન થયા પછી શાસનમાં અનેક શાસનહીલનાના કાર્યો થયા છે શાસનનું માલિન્ય થયું છે, સમેતશિખરજી જેવા તીર્થોપર ભયંકર આક્રમણ ચાલી રહ્યું છે. અને જો થોડી પણ ઉપેક્ષા થશે તો તીર્થ આપણું રહેશે કે કેમ તેની શંકા છે. પણ હજુ પ્રવર સમિતિની જાણમાં કંઇ આવ્યું લાગતું નથી. તેનામાં કશો સળવળાટ પણ દેખાતો નથી. હજુ સુધી એક નિવેદન આવ્યું નથી કે સંઘને જાગૃત કરતો એક સંયુકત સહીવાળો નિવેદનાત્મક લેખ આવ્યો નથી. પ્રવર સમિતિ ઘોર નિદ્રા તાણી રહી લાગે છે. આટલા બધા એક થયા પણ હજુ તેમની એકતાનો પરચો શાસન માટે દેખતો નથી. કયાંથી દેખાય ? હૈયામાં શાસનનો વાસ હોય–તીર્થંકરની આજ્ઞા શિરોમાન્ય હોય તો આવા પ્રસંગે પણ જો ચૂપકીદી સેવે ત્યારે શું સમજવું ?

હમણાં થોડાં દિવસો પહેલાં ગુજરાત વિધાન સભાની ચૂંટણી થઇ ગઇ. સંમેલનના ઠરાવ મુજબ હવે જૈનેએ પણ રાજકારણમાં ભાગ લેવો જોઇએ ને ? એક પણ

ઠરાવવો અમલ ન કરાવી શકનારાઓએ વરસોથી રાજકારણ સાથે સંકળાયેલા અને ચૂંટણીમાં ઝંપલાવનારાને સહકાર આપવાના નામે નિવેદન ઠોકી દીધું. વરસોથી કોંગ્રેસની ઓટકણી કાઢનાર એ મુનિશ્રી કયા હિસાબે કોંગ્રેસના ઉમેદવારને ટેકો આપી શકયા તે સમજમાં નથી આવતું ! તો વરસોથી જે પક્ષના વિચારો નસેનસમાં વહી રહ્યા છે તે ભાજપના (અમદાવાદના) ઉમેદવાર વિરૂદ્ધ કઇ રીતે રહી શકયા ? આજ્ઞાને બાજુએ મુકવાથી કયારેય સ્થિર વિચારધારા રહી શકતી નથી. જેમ કોઇ પણ દિશામાંથી પવન આવે અને ધજા આમ તેમ ફરફર થયા કરે તેમ પવનની માફક પ્રવાહ બદલનારા આમાં પણ ભારે ભૂલ કરી બેઠા અને બિનજરૂરી રાજકારણના વિવાદમાં ઝંપલાવી દીધું. આમાં તેમને શું નુકશાન થયું કે ફાયદો થયો, તે ગણિત તે માંડશે. મારે તો જૈન શાસનને કેટલું અને શું નુકશાન થયું તે જણાવવું છે.

એક તો સુપ્રસિદ્ધ એવા જૈન મુનિના નિવેદનના બીજા જ દિવસે ભાજપના ઉમેદવારે (કે જેની તરફેણમાં–તેને જીતાડવાનું નિવેદન કરેલ છતાં) આવા નિવેદનની મારે જરૂરી નથી અને એવી રીતે માત્ર જૈન કોમના મત માંગીને હું ચૂંટાવા નથી માગતો તેમ કહીને એ ઉમેદવારે મુનિશ્રીના નિવેદનના ચિથરા કરી નાખ્યા. કચરો કરી નાખ્યો. આમાં મને દુઃખ એ વાતનું થયું કે, શું જૈન શાસનના સાધુના નિવેદનની જાહેરમાં આટલી અવહેલના ? આટલી ફજેતી ? એમાં વ્યકિતગત એક સાધુની ફજેતી હું નથી જોતો પણ સમગ્ર જૈન સંઘની આદરણીય સાધુની સંસ્થા ફજેતી જોઉ છું.

બીજી વાત–અમદાવાદના કોંગ્રેસના ઉમેદવારને જીતાડવાની અપીલ કરી અને એ જૈન ભાઇ જંગી મતોથી હારી ગયા ! આમાં શું રહી જૈન સાધુની અપીલની કિંમત ! જૈનેતરોને પણ શું લાગ્યું ? કે આવા સુપ્રસિદ્ધ જૈન મુનિરાજ શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજનો જૈનો પર જરાય પ્રભાવ નથી ? કે જાહેર અપીલ છતાં પણ જૈનો તેમની અપીલને ફગાવીને ભાજપને જીતાડી લાવ્યા ?

ત્રીજી વાત આવા નિવેદનની કશી કિંમત ન રહેતાં જગતના ચોગાનમાં જૈન સાધુનું કેટલું હીણપત ભર્યું વર્તન દેખાયું ! ઘણા લોકો મનમાં એમ વિચારે છે કે ચીમનભાઇ પટેલ જેવાને સહકાર આપવાનું શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજને કયા કારણોસર, કયા દબાણ હેઠળ, કયા સ્વાર્થ ખાતર કરવું પડયું ? આવી અનેક શંકાઓ એમના માટે જૈન સમાજને જાગી છે.

ચોથી વાત કે તેઓશ્રી માને છે અને ઘણીવાર નિવેદનો આપે છે કે જૈનો અને હિંદુઓ એક છે. એમાં પણ બાબરી મસ્જીદના ધ્વંસ પછી થયેલા તોફાનો બાદ

સુરત પધાર્યા ત્યારે સુરતમાં અને ત્યારબાદ નવસારીમાં હિંદુઓની તરફેણમાં અને મુસ્લિમોની વિરૂદ્ધમાં પોતાના વિચારો અખબારો દ્વારા પ્રસિદ્ધ કરાવ્યા. ત્યારે તેઓએ ભાજપના એક હિંદુ ઉમેદવારને હરાવવા અને કોંગ્રેસના એક જૈન ઉમેદવારને જીતાડવા જાહેર નિવેદન કરે તે કઇ રીતે યોગ્ય ગણાય ? આના કારણે તો સમગ્ર હિંદુ સમાજનો રોષ વહોરવાનું ન બને શું ?

એક બાજુ કહેવાય કે આપણા તીર્થોની રક્ષા માટે, આપણા સાધુ–સાધ્વીજીની વિહારમાં રક્ષા થાય તે માટે, હિંદુ સંસ્કૃતિને બચાવવા માટે હિંદુઓનો સાથ લેવો આજના કાળમાં જરૂરી છે, તેમની સાથે જ રહેવું જોઇએ આવું કહેવાય અને બીજી બાજુ એક જૈન ઉમેદવારને જીતાડવા સમગ્ર હિંદુ કોમ સાથે દુશ્મનાવટ ઉભી થાય તેવી પ્રવૃત્તિ–તેવા નિવેદનો કરાય. આ બેયનો મેળ કયાં જામે છે ?

પાંચમી વાત–તેઓશ્રી માનતા હોય કે ચીમનભાઇનું રાજ છે માટે તેઓ જીવ-દયાના કાર્યો કરે. માટે તેમને ટેકો આપીએ. તો આ વાત મુનિશ્રીએ હૈયામાં કોતરી રાખવા જેવી છે કે, આ રાજકારણીઓનો કદાપિ ભરોસો કરવા જેવો નથી. તેમના હાથમાં તે વાત પણ નથી અને રાજકારણમાં કયારેય કોઇ કોઇનો થયો નથી. આવાઓને રવાડે ચડીને કશું શાસનનું કામ–જીવદયાનું કામ–તીર્થ રક્ષાનું કામ થઇ તેમ છે જ નહિ થકે તે ઘણાના અનુભવની વાત છે. શ્રી વિનોબાજી ઉપવાસ ઉપર ઉતરવા છતાં શ્રીમતી ઈંદીરા ગાંધી કંઇ કરી શકયા નથી અને તેમાં પણ ચીમનભાઇ 'પાસે' તો આ અપેક્ષા રાખવી વ્યર્થ જ છે. તેમણે આપશ્રીને ચૈત્ર સુદ–૧૩ના ભગવાન મહાવીર જન્મ કલ્યાણકના દિવસે જાહેર સભામાં વચન આપ્યું હતું કે, ત્રણ મહિનામાં ગૌવંશ તત્સ-બંધીનો કાયદો પસાર કરાવીશ ! થયો આ કાયદો ? આજે વિધાન સભા ચાલી રહી છે. એમને મનગમતો કોર્પોરેશન માટેનો કાયદો તાત્કાલિક થઇ ગયો તો આ આપેલા વચનવાળો કાયદો કેમ થયો નથી ? ઉઘરાણી તો કરો ચીમનભાઇ પટેલ પાસે ? કયાં અટકયું છે ? કેમ હજુ છ મહિના થઇ ગયા, તો પણ કાયદો થતો નથી ? અને કાય-દાથી બધું અટકી જતું હોત, તો ગુજરાતમાં દારૂ શોધ્યોય મળત નહિ. એના બદલે આજે પાણી નથી મળતું પણ દારૂની તો નદીઓ જાણે વહે છે ! દારૂબંધીનો કાયદો હોવા છતાંય ! માટે આ રાજકારણના વિચારોના વમળમાંથી બહાર આવી પરમાત્માની આજ્ઞાને જ જીવનમાં પ્રાધાન્ય આપવું જરૂરી છે તો કમસેકમ આત્મકલ્યાણ તો વહેલી તકે સારામાં સારો થઇ શકશે.

શાસનમાં એકતા લાવવી હોય તો શાસનના મૂળિયા જેવા આગમો-શાસ્ત્રોને જ સૌએ

પ્રાધાન્ય આપવું પડશે. શાસનની પ્રભાવના પણ તેમાં જ સમાયેલી છે. સૌ એક શિર છત્ર નીચે રહ્યા હોત તો આજે જૈન શાસનનો નકશો જુદો હોત. આપણી પાસે શું નથી ? પાંચ-પાંચ હજાર સાધુ-સાધ્વીજી ભગવંતોની ઉપસ્થિતિ છે, હજારો જ્ઞાન ભંડારોમાં જ્ઞાન સુરક્ષિત છે, હજારો જિનમૂર્તિ અને જિનમંદિરો છે, મોટા મોટા તીર્થો આપણી પાસે છે આરાધના કરતો વર્ગ વિશાળ સંખ્યામાં છે, કરોડો રૂપિયાની જૈન સંઘની સંપતિ છે. છતાં શાસન પ્રભાવના સાચી રીતે કેમ થતી નથી ? આના મૂળમાં એકજ આવી છે. આટલું બધું હોવા છતાં જે જોઇએ તે અનિવાર્ય એવું આજ્ઞાચક્ર નથી ! એક જ દેવ-ગુરૂ-અને ધર્મનું શિરછત્ર હોય, તો આજે શાસન દીપી ઉઠે. પણ વાતે વાતે વિચાર-ભેદ-મનભેદ હોય. ત્યાં આવી આશા શીદને રખાય ? કયાં ભૂતકાળ એ કે આ. ભ. શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીએ પોતાના પટ્ટધર આ. શ્રી રામચન્દ્ર સૂરીશ્વરજીને આજ્ઞા કરી કે, બાલચન્દ્રને આચાર્ય પદવી આપવી નહિ ! અને તે ગુર્વાજ્ઞાને પ્રાધાન્ય આપી બાલચન્દ્રને પદવી ન આપી. ગુર્વાજ્ઞા ખાતર કોઇપણ જાતનો બચાવ કરવાના બદલે-અન્ય માર્ગો કાઢવાના બદલે ધગધગતી પાટ પર સૂવું પડયું, તો સૂઇ ગયા ! પણ આજ્ઞાને જીવંત રાખી. આવી આજ્ઞાની કટર પાલનતા આપણા સૌ કોઇના જીવનમાં આવે અને શાસનની સાચી પ્રભાવના થાય, એજ એક અભ્યર્થના.

જૈન શાસનની રક્ષાના હિમાયતી જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

માણિક્ય મોતી વેશ કે પરિવારથી
સ્ત્રીઓ શોભતી નથી પરંતુ માત્રશીલ
વડેજ સ્ત્રીઓની શોભા છે.

–ઉત્તરાધ્યયન ભાવ વિ. ટી૦ અ. ૬

જસ્મીન જવેલર્સ

(ભાઠલાવાલા)

સરાફ બજાર, નવા નાકા રોડ, રાજકોટ

ચાંદીના દરેક પ્રકારના દાગીનાના હોલસેલ વેપારી

ઓ. ફોન : ૨૩૬૦૧ ઘર ફોન : ૨૩૬૪૮

વેશની વફાદારીને એક જાતની વેવલી ઘેલછા ગણાવતો વાયરો આજે જ્યારે ઝડપથી ફુંકાઈ રહ્યો છે, ત્યારે એક પાઘડીની પ્રતિષ્ઠા જાળવવા ખાતર યુદ્ધને આવકારતો ચારણ અને એ યુદ્ધમાં વીરતાભર્યા મૃત્યુને હાથે કરીને વહોરતા એક રાજવીની આ વાર્તા કદાચ કોઈને વાહિયાત લાગશે. પણ ઈતિહાસે એની સત્યતા પર મહોર મારી છે. વેશ પહેરી લેવો જેટલો સહેલો હશે, એથી કેઈ ગણી અઘરી છે : એની વફાદારીને વળગી રહેવાની વીરવૃત્તિ !

દર-દર અને ઘર-ઘર પર રહે જે નમતું જે મસ્તક, જેમ મસ્તક નથી ! એમ નમનીયનું નામ આવતા જ જે નમી ન પડે, એ મસ્તક પણ મસ્તક નથી ! નમતા ન રહેવું, એ પણ મસ્તકની મહાનતા છે, એમ નમવા યોગ્યના ચરણમાં ઝુકતા રહેવું, એ પણ મસ્તકની મહાનતાનું લક્ષણ છે ! શરીરમાં મસ્તક એ મુખ્ય અંગ છે, એમ એની જવાબદારી પણ આકી છે !

મસ્તકનું આવું મહત્વ મરણ સાટે જાળવી જાણનારા રાજવીઓએ જ ભારતની આ ભૂમિમાં વિકૃતિઓની વણઝારને આવતી અટકાવી છે, એ રાજવીઓનું માથુ જો

પ્રતિષ્ઠા પાઘડીની

—પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

દર-દર અને ઘર-ઘર ઝુકતું જ રહ્યુ હોત, તો ભારતે પોતાની ભવ્યતા કયારનીય ખોઈ નાખી હોત !

ગિરનાર જીર્ણદુર્ગનું સિંહાસન જ્યારે મહમંદ બેગડાના જયધ્વનિથી અભડાયું, ત્યારે એ મુસ્લિમ સત્તાને માથું નમાવીને ઐશ-આરામની જિંદગી ગુજારવા કરતા, અણનમ- મસ્તકે જંગલના દુઃખો વેઠવા રાજવી જયસિંહને વધુ મસ્તીભર્યા લાગ્યા અને શરણાગતિની મજા ફગાવી દઈને, શત્રુતાની સજા ભોગવવા એએ વનવગડાની વાટે ચાલી નીકળ્યા. ઈતિહાસ-પ્રસિધ્ધ રા'માંડલિક એમના મોટાભાઇ થતા હતા.

મહંમદ બેગડાનો સામનો કરવા જોગું વાતાવરણ ત્યારે ન હતું અને હિન્દુત્વની હિંમતથી ભર્યું ભર્યું એ મસ્તક મુસ્લિમ રાજવીની સામે તસુભર પણ ઝુકવા તૈયાર ન હતું. આવા સંજોગોમાં જયસિંહને માટે વન-વગડા સિવાય બીજો કોઇ નિર્ભય-આશરો નહોતો. એમણે ગુપ્તવાસ ગાળીને મજબૂત બનવાનો અને પછી મુકાબલો કરવાનો નિર્ણય કર્યો હતો.

જયસિંહ જો કે જીર્ણદુર્ગ ત્યાગ્યાને દિવસો વીતી ગયા હતા. છતાં પણ મૂંગી

દિવાલોમાંથી નીકળતો એમનો જયધ્વનિ હજી પડઘમ જગવી જ રહ્યો હતો. નિર્જીવ-માંથી નીકળતો એ પડઘમ બેગડાને વધુ અકળાવી રહ્યો. એણે જયસિંહને જીવતો-મૂઓ પકડી લાવનારને માટે માતબર રકમનું ઇનામ જાહેર કર્યું. આકાશમાં ચીલ-ઝડપે ઉડતી સમડી હજી પકડી શકાય. પરંતુ જયસિંહ ન પકડી શકાય, એવી એમની છાપ હતી. એથી માતબર ઇનામ મેળવવાનો કોઇને વિચાર પણ ન આવ્યો. અને એ ઢંઢેરો દિવસોના દિવસો સુધી એમ ને એમ ફરતો રહ્યો. એમાં જયસિંહની વીરતાની સાથે સાથે, પ્રજાની વફાદારી પણ ખાસ કારણ હતી. પૈસાની પાછળ પાગલ બનીને કોઇ પણ માણસ 'રાજદ્રોહ'નું કાળું કલંક પોતાના કપાળે ચોડાવા તૈયાર ન હતો.

જંગલમાં ગુપ્તવાસ ગાળતા જયસિંહ જીર્ણદુર્ગમાં ચાલતી આવી બધી કાર્ય-વાહીથી પરિચિત રહેતા હતા. વફાદાર સેવકો અને ગુપ્તચરો એમને તમામ પરિસ્થિતિથી જાનનું જોખમ ખેડીનેય વાકેફ રાખતા.

ચારણ દેવીપુત્ર જીર્ણદુર્ગના ચારણ સમાજનો મુખિયો હતો. ચારણ આમ તો જયસિંહને પૂરેપૂરો વફાદાર હતો. પરંતુ પેટનો ખાડો પૂરો કરવા કાજે આજે એને મહંમદ બેગડાના ચરણની ચાકરી સ્વીકારવી પડી હતી. એનું તન જીર્ણદુર્ગમાં હતું. પણ મન તો જયસિંહ પાસે જવા તલપી રહ્યું હતું. એક દહાડો સાચુ. જુઠું બહાનું કાઢીને એણે થોડાક દિવસની રજા મેળવી અને એ જયસિંહની સેવામાં ઉપસ્થિત થયો.

દિવસો પછી જયસિંહ અને ચારણ મળતા હતા. પેટભરીને વાતો કર્યા પછી ચારણે વિદાય માગી, જયસિંહ જંગલમાં હતા, એથી રાજા મટી ગયા નહતા. એમણે એક પાઘડી સિવાય જાતજાતની અને ભાતભાતની ચીજો ચારણને દક્ષિણા રૂપે આપી, પણ જ્યાં સુધી પાઘડી ન મળે, ત્યાં સુધી ચારણને મન આ બધું ઇનામ મીઠા વિનાના ભોજન જેવું અલુણું હતું પાઘડી વફાદારી અને વીરતાની પ્રતિક હતી. ચારણને થયું : શું હું બેગડાનો ચરણ-ચાકર બન્યો, એટલે વીર અને વફાદાર મટી ગયો ! આંતે તેણે સામે ચઢીને કહ્યું :

'જયસિંહ ! બેગડાના ચરણની ચાકરી આ પેટને પરવશ થઇને સ્વીકારવી પડી છે. બાકી હું તો આપનો જ છું. સમયના રંગ છે ! ગિરનારના ગઢને ગજાવનાર આપને આજે વગડો વેઠવાનો સમો આવ્યો અને મારા જેવા ચારણોને બેગડાની ચરણ-ચાકરી કરવાની, દેશ-કાળે ફરજ પાડી. દક્ષિણાનું અલુણું ભોજન મને શે ભાવે ? સંસાર જેમ મા વિન સૂનો ભાસે ! કંસાર જેમ ગોળ વિના નીરસ લાગે ! એમ આ ઇનામ મને પાઘડી વિના ટકાનું લાગે છે.'

ચારણની વાણીમાં ગુંજતા વીરતા અને વફાદારીના પડઘમ જયસિંહની છાતી ગજગજ ફુલાવી ગયા. વળતી જ પળે, ચારણના મસ્તક પર પાઘડીબાંધતા એમણે કહ્યું :

' દેવીપુત્ર ! આ પાઘડીને વસ્ત્રનો લાંબો ટીરો જ ન સમજતા ! આ પાઘડી તો મારા મસ્તકનું પ્રતીક છે. આ પાઘડી મુસ્લિમ સત્તાને નમશે, એ દહાડે ગરવો ગઢ ગિરનાર ધણુધણી ઉઠશે. માટે સો ગરણે ગાળીને જ પાણી પીજો અને પછી જ આ પાઘડી પહેરજો.'

રજપૂત રણે ચડયા પછી પાછો પડે, તો તો પછી થઇ જ રહ્યું ને ? ચારણે કહ્યું : મારા રાજવી ! ઘણી ખમ્મા આપને ! પાઘડીથી પ્રતિષ્ઠિત આ માથું બેગડાને નહિ જ નમે ! કદાચ નમવું જ પડશે, તો હું આ પાઘડીની પ્રતિષ્ઠા અણનમ રાખીને પછી જ નમીશ. આપ જરાય ચિંતા ન કરતા. તલવારથી આ માથું ઉડી જાય, એ મંજૂર ! પણ પાઘડી ઘડીભર પણ બેગડાને નહિ જ નમે !

ચારણ દેવીપુત્રે જયસિંહની વિદાય લીધી. પાઘડી પહેરીને એણે એક કપરું કર્તવ્ય અદા કરવાની જવાબદારી સ્વીકારી હતી. મસ્તક ડૂલ કરીનેય પાઘડીની પ્રતિષ્ઠા ના મૂલ સાચવી જાણવામાં, જો થોડીય કાયરતાનો આશરો લેવાઈ જાય, તો પોતાની આગળ-પાછળની બહોંતેર પેઢી બાયલી જાહેર થાય, એનો એને પૂરતો ખ્યાલ હતો. આવા ખ્યાલથી ખમીરવંતા ચારણે ગિરનારની વાટ પકડી.

વિધિના વિધાન પણ કોઇ અજબ ચીજ છે ! કોઇ સ્થિતિ-પરિસ્થિતિનું સર્જન જ્યારે અવશ્યંભાવિ હોય છે, ત્યારે એની ભુમિકા કોઈ જોઈ રીતે જ ખડી થઇ જતી હોય છે.

ચારણે જીર્ણદુર્ગના દરવાજામાં પગ મૂક્યો. અને સામેથી જ મહંમદ બેગડાની સવારી આવતી જણાઇ ! પાઘડીની પ્રતિષ્ઠાને પ્રાણના ભોગેય જાળવી રાખવાનો સંકલ્પ, આટલો જલદી કોઇ કપરી કસોટી ખડી કરશે, એનો ચારણને સ્વપ્નેય ખ્યાલ ન હતો. વિચાર કરવાનો હવે વખત ન હતો. ચારણ પોતાના ઘોડા પરથી નીચે ઉતર્યો. પાઘડીને એણે મસ્તક ઉપરથી ઉતારીને બાજુમાં મૂકી અને પછી જ એણે બેગડાની કુર્નિશ બજાવી.

ચારણની આ પ્રક્રિયા પાછળનું રહસ્ય જાણવા બેગડાએ વળતી જ પળે પૂછયું : દેવીપુત્ર શું તમારા માથા કરતાંય આ પાઘડી વધુ મહાન છે કે, તમે નમ્યા, પણ એ ન નમી ?

છાશ લેવા જવું હોય, તો પછી દોણી સંતડવાનો શો અર્થ ? ચારણે હિંમ-

તથી કહ્યું : જહાંપનાહ ! આ પાઘડી કદિ પણ નમી ન શકે. કારણ કે એ અમારા રાજવી જયસિંહની છે. આ પાઘડી નમે, તો જે સિંહની જયથી ગિરનાર અણનમ છે, એ જયસિંહ નમ્યા કહેવાય ! આ પાઘડીની પ્રતિષ્ઠા આવી છે.

બેગડાની આંખ લાલઘૂમ થઈ ગઈ, એણે ચારણને પડકારતા કહ્યું : મારી હાકથી ગભરાઈને તારો જયસિંહ તો જંગલમાં સંતાઈ ગયો અને એની પાઘડીની અણનમતાની તું આવી ખોટી ડંફેશો હાકે છે? હું જોઈ લઉં છું કે, આ પાઘડી કેમ નમતી નથી?

બેગડાએ પાઘડી પહેરીને દેવીપુત્રને નમવાનો આદેશ કર્યો. પણ એ આદેશને અવગણીને ચારણે કહ્યું કે, આ પાઘડી પા ઘડી માટે પણ નહિ જ નમે, કારણ કે એની પાછળ એક પ્રતિષ્ઠા અને એક પ્રતાપી પુરૂષનું પ્રતિક પ્રતિષ્ઠિત છે. જો આપને આજ્ઞા પાળવવાનો જ કદાગ્રહ હોય, તો મારૂં આ મસ્તક આપની તાતી તલવારના વારને સહર્ષ સ્વીકારવા તૈયાર છે. બાકી પાઘડી તો નહિ નમે, એ નહિ જ નમે !

ચારણને અવધ્ય રાખવાની નીતિ ન હોત, તો એ ઠહાડે ને એ પળે બેગડાએ તલવારના એક જ ઝાટકે દેવીપુત્રનો શિરચ્છેદ કરી નાખ્યો હોત. પોતાના ક્રોધને કાબૂમાં રાખીને બેગડો આગળ વધી ગયો. જયસિંહને ગમે તે ભોગે નમાવવાની એની ધૂન આ પ્રસંગથી વધુ મજબૂત બની.

ચારણ જાણતો જ હતો કે, મોતનો મેઘાડંબર પોતાના માથેથી ભલે વિખેરાઈ ગયો, પણ હવે જયસિંહનું જીવન નિર્ભય નહોતું રહી શકવાનું ! એકાદ બે દિવસમાં જ ગિરનારનું વાયુમંડળ એકાએક પલટાઈ ગયું.

ગિરનારનું આકાશ યુદ્ધના વાદળથી ગોરંભાઈ ઉઠ્યું. ચોમેરથી હુમલો લઈ જઈને જયસિંહને નમાવવાનો વ્યૂહ રચાઈ ગયો. ચારણને થયું : ગુપ્તતાનું ગમે તેવું કવચ હવે જયસિંહનું રક્ષણ કરી શકે, એ સંભાવના સાચી નથી !

સૂતાને સાબદા બનાવવાની જવાબદારી અદા કરવાની વફાદારીએ, ચારણને જંગલની વાટે વાયુ–વેગે દોડાવ્યો. એકાએક અને અણધારી રીતે આવેલા ચારણનો ચહેરો જોઈને જયસિંહ બધી પરિસ્થિતિને પામી ગયા. પાઘડીની પ્રતિષ્ઠાનો પ્રસંગ જાણીને એઓ બોલ્યા : મરવાનો મહોત્સવ જીવનમાં એક જ વાર આવે છે. મેઘાડંબર જો મારી પર મુશળધારે ખાબકવાનો જ છે, તો પછી સામે પગલે જઈને એને વધાવવાની વીરતા અપનાવવી અને જંગલની આ ઢાલ ફેંકી દઈને, સંગ્રામ ભૂમિની સમશેર ઘૂમાવવી શી ખોટી ?

જયસિંહે ગુપ્તતાના વાઘા ફગાવી દઇને કેસરીયા સજ્યા. જંગલની ભેદી-વાટ વટાવીને એઓ ગિરનારની ગોદમાં આવેલા મેદાનમાં જઇ ઉભા, ત્યારે એમનું સામનાભર્યું સ્વાગત કરવા બેગડાનું સૈન્ય તલવાર તાણીને ખડું જ હતું. હજારોની સામે એકલ હાથે ઝઝુમવાનું હતું. મોતની પળ નજર સામે જ અટ્ટહાસ્ય વેરતી જણાતી હતી. છતાં મોતથી મુકાબલો લેવાની મર્દાનગીથી ઉછળતા એ લોહીમાં સિંહનું સામર્થ્ય થમથમી જ રહ્યું હતું. સિંહની જેમ છલાંગ ભરીને જયસિંહે મેદાનમાં ઝંપલાવ્યું. એમણે એકલ હાથે એવી તો ઝપાઝપી બોલાવી કે, રણમાં રોળાતા શત્રુઓ પણ એ પરાક્રમની પ્રશસ્તિ પોકાર્યા વિના ન રહી શકયા. મૃત યોદ્ધાઓના ઘાવમાંથી જાણે એવી પ્રશંસા ઉઠી રહી કે, એક મરણિયો સોને ભારે !

જંગનો રંગ બરાબર જામ્યો. મુસ્લિમ સૈન્ય એક હિન્દુ રાજવીની શૂરવિરતા ને યુદ્ધ કૌશલ્ય જોઇને મોંમાં આંગળા નાંખી ગયું. જયસિંહ જીવ સટોસટના ખેલ ખેલી રહ્યા હતા. પણ હજારોના સૈન્ય સામે એઓ કયાં સુધી મુકાબલો લઇ શકે ? આ ઝપાઝપીમાં જયસિંહે પોતાના બંને પગ ગુમાવી દીધા હતા. એમનો એક હાથ પણ કપાઇ ચૂકયો હતો, છતાં જે મર્દાનગીથી એઓ યુદ્ધ ખેલી રહ્યા હતા, એ જોઇને સહુ કોઇ દંગ રહી ગયા હતા. વચમાં વચમાં ચારણ દેવીપુત્ર પાઘડીની પ્રતિષ્ઠા કાજેના આ પરાક્રમની પ્રશસ્તિઓ ગાઇ રહ્યો હતો.

મહંમદ બેગડાએ હિન્દુ રાજવીની હિંમત અને હામ વિશે આજ સુધી ઘણું ઘણું સાંભળ્યું હતું. સૈનિકોના કહેવાથી જંગનો રંગ નિહાળવા એ ખુદ હાજર થયો. બે પગ અને એક હાથ વિનાના જયસિંહને જોઇને એણે ચારણ તરફ જોયું અને કટાક્ષ કર્યો :

'રે ! દેવીપુત્ર ! જેની પાઘડીની પ્રતિષ્ઠા ખાતર તેં આ જંગ જગાવ્યો છે, એ જયસિંહ હાથ અને પગ વિનાનો ! આવા અસહાય અને અશરણ યોદ્ધાની સામે ઊભા રહેવામાંય મને તો શરમ આવે છે !'

ચારણની વફાદારીના વાગ્બાણ હવે ઝાલ્યા ઝલાય ખરા ! એણે કહ્યું : જહાંપનાહ મારા સ્વામીના સામર્થ્યનું માપક-ગણિત, આ સેંકડો મૃતયોદ્ધાઓ જ છે ! એમના હાથ પગ યુદ્ધમાં કપાઇ ચૂકયા છે, એથી જ આપ અહીં ખડા રહી શકયા છો. નહિ તો એમની તાતી તલવારનો વાર આપ જોઇ પણ શકત ખરા ? આ યુદ્ધમાં પગ કપાઇ ગયા ન હોત, તો એમના પરાક્રમનો કોઇ પાર ન હોત અને હાથ સાજે હોત, તો એમની હિંમતની કોઇ હદ ન હોત ! એને જિરવવાની વાત તો દૂર રહી, પણ આપ એને જોઇ શકત કે કેમ ? એ જ એક પ્રશ્ન છે !

વાતચીતની આ પળો દરમિયાન જયસિંહે જે મારો બોલાવ્યો, એ જોઈને તો બેગડો પણ છક્ક થઈ ગયો. એણે કહ્યું : જયસિંહ ! પાઘડીનો વળ હવે છેડે આવી ગયો છે. જીવન પ્રિય હોય, તો હવે પાઘડીની પ્રતિષ્ઠાના પ્રેમ પર પૂળો મૂકી દઈને, એકવાર માથું નમાવી દો !

જયસિંહે જવાંમર્દી સાથે જવાબ વાળ્યો : હિન્દુત્વના હિમાલય જેવું આ મસ્તક તારા જેવા મુસ્લિમના ચરણમાં ભટકાવા માટે નથી નિર્માયું ! આ મસ્તકની મહાનતાના જતન માટે તો મેં શત્રુતાનો શંખ ફુંકીને યુદ્ધના આ દાનવને જગવ્યો છે. મારી પાઘડી નહિ ન નમે. મારૂં માથું નહિ ઝુકે. પરંતુ મારા મડદાનીય સલામી ઝીલવાના સ્વપ્નય ન સેવશો.

બેગડો હવે બગડયો. એણે આજ્ઞા કરી કે, ઘેરી લો આ કાફર જયસિંહને અને કાતિલ કતલ ચલાવો એની !

વળતી જ પળે જયસિંહ ઘેરાઇ ગયો. પાઘડીની પ્રતિષ્ઠા જાળવવા કાજે મર્દાનગીથી મોતને ભેટતા જયસિંહને જોઈને ગિરનારની ભોમડોય આંસુ સારી રહી !

પુખ્મરાજજી રાયચંદજી
બેડાવાલા
પાંચ બંગલા
સાબરમતી, અમદાવાદ-૫

जहसगटकखो चंगो कीरइ
भरव-वणकारणा नवरं
तह गुणभरवहणत्थं आहारो
बंभ-यारीणं लसं
—उ० टीका कमयम०

જે ગાડુ મજબુત હોય તો
ભાર વહન કરે તેમ ગુણ
રૂપ ભાર વહન કરવા માટે
બ્રહ્મચારીઓ સમર્થ છે.

શુભેચ્છકોની નામાવલી (પેજ ૬૬ નું ચાલું)

૨૩૧ ,, હીરાલાલજી રતનલાલજી કટારિયા હીરારતન સાડી સરોવર
૫૭ જૈન કોલોની મહલવાડા રતલામ

૨૩૨ ,, વિનોદકુમારજી વિમલચંદજી મુણોત ઠે. મીના વસ્ત્ર ભંડાર કોતવલી
રોડ માણકચોક ,,

૨૩૩ માણકલાલજી કટારિયા રત્નદીપ ટ્રેડિંગ કંપની ૩ બજાજખાના ,,

૨૩૪ માણકલાલજી લખમીચંદજી લુણિયા ૮ બજાજખાના ,,

૨૩૫ જીનદાસજી બાબુલાલજી કાંસવા ૧૮ કસારી કરવાજા ,,

૨૩૬ મીસરીમલજી ગમીરમલજી ગાંધી ૬ નીલાઈપૂરા ,,

૨૩૭ મોહનલાલજી બાફના ૬૨ મહર્ષિદયાનંદ માર્ગ ,,

૨૩૮ લાલચંદજી ગેલડા ૬ દૌલતગંજ ,,

૨૩૯ સુરજમલજી સકલેચા ઘાસ બજાર ,,

૨૪૦ મોતીલાલજી મીસરીમલજી કટારિયા રામગઢ ડાબરી વાલોકા મકાન ,,

૧૪૧ તખતમલજી જૈનસા. સેઠજીકા બજાર મહાવીર સ્વામીકે મંદિરકે પાસ ,,

૨૪૨ શાંતીલાલજી ધામનોદવાલે અભય બ્રધર્સ ધાનમંડી ,,

૨૪૩ ચાંદમલજી પિતલ્યા ૬ સૂનોરાકી ગલી ચાંદની ચોક ,,

૨૪૪ કાંતિલાલ હસ્તીમલજી મુ. ધામનોદ– ,,

પૂ. મુ. શ્રી મુક્તિધન વિ. મ.પૂ.મુ.શ્રી પુણ્યધનવિ.મ.ના ઉપદેશથી(૧૦)

૨૪૫ પંડિત ધીરેન્દ્રકુમાર આર. મહેતા ૫–૧૫–૭૫ મહિવાડો રામની ખડકી
વિસનગર જિ. મહે.

૨૪૬ પટવા કીર્તિકુમાર નટવરલાલ ભુદરજીનો માઢ, ટાવર બજાર ,,

૨૪૭ સહકાર કાપડ સ્ટોર્સ, કંસારા બજાર, ,,

૨૪૮ અલકેશકુમાર વધીલાલ શાહ ભુદરજીનો માળ, ટાવર બજાર, ,,

૨૪૯ પ્રકાશકુમાર ચીનુભાઈ ઠાણી મહીવાડો, ઢેસાઈનો પોળ ,,

૨૫૦ પ્રવીણભાઈ છનાલાલ પટવા ધનવંત કીરાણા સ્ટોર્સ મેન બજાર ,,

૨૫૧ હર્ષદભાઈ હીરાલાલ શાહ. સલાટ વાડો, ગુંદીખાડ ,,

૨૫૨ પ્રકાશભાઈ સેવંતીલાલ શા સુથારનો માળ, ગુંદીખાડ ,,

૨૫૩ જીગ્નેશ અરવિંદભાઈ સંઘવી ચંદનપાર્ક સોસા. સ્ટેશન રોડ, ,,

૨૫૪ કમળાબેન કાંતિલાલ ડો. ભુદરજીનો માળ, ટાવરબજાર, ,,

૨૫૫ શાહ મેરગ કાળાભાઈ ધનાણી હ. જયંતિલાલ મેરગ ધનાણી
પ્રેમચંદ કોલોની–૭ ન્યુ જેલ સામે, જામનગર

૨૫૬ ઓંકારલાલજી શાંતિલાલ પોરવાડ ૩૧, પોરવાડવાસ રતલામ

પૂ. મુનિરાજ શ્રી દિવ્યાનંદ વિ.મ.ના ઉપદેશથી (૧)

૨૫૭ શાહ વાડીલાલ મફતલાલ ઠે.મફતલાલ કચરાભાઇ અનાજના વેપારી, સીનોર વડોદરા

પૂ. મુનિરાજ શ્રી જિનયશ વિજયજી મ.ના ઉપદેશથી (૮)

૨૫૮ ગીરશકુમાર અનોપચંદ ૨, ભકત પ્રહલાદ સોસાયટી ખોખરા
મહેદાવાદ ચર્ચની પાછળ અમદાવાદ

૨૫૯ ધનરાજભાઇ ભભુતમલ ૩. રંગમણી સોસાયટી જાણીયાણા પાસે,
મણીનગર પૂર્વ ,,

૨૬૦ ભૂપેન્દ્રભાઇ મંગળદાસ ખોડિદાસ ૧૬, અમરજ્યોત સોસાયટી
રેલ્વે સ્ટેશન પાછળ મણીનગર પૂર્વ ,,

૨૬૧ લાલચંદભાઇ શીવલાલ શાહ ૩૩, ઉલ્લાસનગર સાગર સોસાયટી,
ઉત્તમનગર મણીનગર ,,

૨૬૨ દિનેશકુમાર રતિલાલ ગાંધી ૮ મહાવીર સોસાયટી દક્ષીણી સો. મણીનગર ,,

૨૬૩ મહેન્દ્રભાઇ શાંતિલાલ શાહ એ.૮. પુનિત એપાર્ટમેન્ટ આરાધના
હાઇસ્કુલ પાસે, દક્ષીણી સોસાયટી મણીનગર ,,

૨૬૪ શશીકાંતભાઇ શાંતિલાલ શાહ સી. ૩ માણેક એપાર્ટમેન્ટ
પોસ્ટ ઓફિસની બાજુમાં મણીનગર ,,

૨૬૫ બંસીલાલ કેશવલાલ શાહ ૪, રંગમણિ સોસાયટી મણિયાસા
સોસાયટી પાસે મણિનગર (પૂર્વ) ,,

૨૬૬ શ્રીમતી જયાબેન જેઠાલાલ લક્ષ્મીચંદ પાંચ હાટડી જામખંભાલીયા જામનગર

૨૬૭ સરલાબેન કે. શાહ ઋષિકિરણ ૧૨ એબી પ્રકૃતિ કુંજ શ્રેયસસ્કુલપાસે અમદાવાદ ૧૫

૨૬૮ રતનલાલ વકતાવરમલજી પીતલીયા ઠે. મોના પ્લાસ્ટીક ઓગા ગલી રતલામ

૨૬૯ મહેશ કુમાર હીરાલાલ બજાજખાના રતલામ

શાહ મનસુખલાલ વીઠલજીભાઇ મુંબઇની પ્રેરણાથી (૧૦)

૨૭૦ રમેશભાઇ લક્ષ્મીદાસ શેઠ સુરેશ બિલ્ડીંગ રામ મારૂતી રોડ, ઠાકર મુંબઇ ૨૮

૨૭૧ વિજયકુમાર હિંમતલાલ શાહ ૩૭૭ ઇબ્રાહીમ રહીમતુલા રોડ
શ્રી નમિનાથ ચાલ પહેલા માળે ,, ૩

૨૭૨ રમેશ જયંતિલાલ પારેખ ૩૭૭ ઇબ્રાહીમ રહીમતુલા રોડ ૩ જે માળે
ભીંડી બજારના નાકે ,,

૨૭૩ બુધ્ધકભાઇ ટી. સલોત, ૩૨ ગુલાલવાડી, બીજે માળે, મુંબઇ–૪

૨૭૪ રમણીકલાલ ટી. સલોત સરવોદયનગર 'જી' પહેલે માળે
પહેલી પાંજરાપોળ લેન મુંબઇ ૪
૨૭૫ મે. ભગવાનજી પ્રેમચંદ એન્ડ સન્સ ૫૭ ચીખલ ગલી મુલજી જેઠા માર્કેટ ,, ૨
૨૭૬ મનસુખલાલ ધનજીભાઇ વોરા પુનમચંદ ઘાસીરામ બિલ્ડીંગ ત્રીજે માળે
બ્લોક નં. ૫ ચોપાટી સી. ફ્રેઇસ ,,
૨૭૭ બાબુલાલ ન્યાલચંદ મેતા રાહુલ બિલ્ડીંગ ચોથેમાળે વાલકેશ્વર રોડ,
શીતલબાગ પાસે ,, ૬
૨૭૮ રમણીકલાલ કેશવલાલ પારેખ આઝાદ હિંદ કલોથ સ્ટોર રાનડે રોડ,
જીવા ધાંચીની ચાલ દાદર ,, ૨૮
૨૭૯ શ્રી ચંદ્રકાન્તભાઇ પારેખ ઠે. કેશવલાલ નવલચંદ પારેખ
૧૦૭ મરજીદબંદર રોડ ,, ૩
૨૮૦ મનીષ દીલીપ ઝવેરી ૫૦૮ પ્રસાદ ચેમ્બર્સ ઓપેરા હાઉસ ,, ૪
૨૮૧ ધર્મેશ દીલીપ ઝવેરી ૫૦૮ પ્રસાદ ચેમ્બર્સ ઓપેરા હાઉસ ,,
૨૮૨ શાહ રણછોડદાસ શેષકર ઠે. બી-એ શાહ એન્ડ બ્રધર્સ ૭૬ ઝવેરી બજાર ,, ૨
૨૮૩ મીરલ સીરામીક અમરાપર થાનગઢ (સૌરાષ્ટ્ર)
૨૮૪ શાહ શાંતિલાલ ખુશાલચંદ ઠે. બજાર ધર્મજ ખેડા

પૂ. આ. શ્રી વિજય ભિત્રાનંદસૂરીશ્વરજી મ. ના ઉપદેશથી (૨)

૨૮૫ મે. મદનલાલ અમરતલાલની કું. ૭૧૯ ક્રીષ્નાચોક
મુલજી જેઠા માર્કેટ મુંબઇ-૨
૨૮૬ દીપકભાઇ આર. દોશી ઠે. નુતન જેમ્સ ૩૨૨ પારેખ માર્કેટ
કેનેડી બ્રીજ ઓપેરા હાઉસ ,, ૪

પૂ. મુનિ દિવ્યાનંદ વિજયજી મ. ના ઉપદેશથી (૪)

૨૮૭ હસમુખલાલ ચુનીલાલ શાહ શ્રાવકવાડા સિનોર વડોદરા
૨૮૮ નટવરલાલ પ્રેમચંદ શાહ અનાજ બજાર સિનોર ,,
૨૮૯ દિલીપકુમાર પાનાચંદ બુસા ફલીયું અરિહંત કૃપા સિનોર
૨૯૦ શાહ વાડીલાલ મફતલાલ ઠે. મે. મફતલાલ કચરાભાઇ મુ. સિનોર, વડોદરા

શાહ પ્રેમચંદ મેઘજી ગુઢકાની પ્રેરણાથી (૨)

૨૯૧ પ્રભાત ટ્રેડીંગ કું. એલ.-૩૫ એપીએમસી કોમ્પલેકસ ન્યુ બોમ્બે ૪૦૦૭૦૫
૨૯૨ જગદીશચંદ્ર હીરાલાલ ઠક્કર
કેશવજી નાયક રોડ કુવારા પાસે ભાતબજાર મુંબઇ-૯

પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ.ના ઉપદેશથી (૧)

૨૯૩ શશીકાંતભાઇ શેઠ, સુમિત હાઉસ તારદેવ મુંબઇ ૩

શ્રી રમેશભાઇ સંઘવી (સુરત)ની પ્રેરણાથી (૧૬)

૨૯૪ સંઘવી રીખવચંદ કાનજીભાઇ વાસરડાવાળા ઠે. રસીકલાલ રીખવચંદ સંઘવી નારાયણ એપાર્ટમેન્ટ ૨ જે માળે સોની ફળીયા સુરત

૨૯૫ ચીમનલાલ પોપટલાલ પરિવાર ,,

૨૯૬ કલપતલાલ કકલદાસ પીલુચાવાળા ,,

૨૯૭ ધનસુખભાઇ કુલચંદ શાહ ,,

૨૯૮ ચંદુલાલ કચરાભાઇ માલણવાળા ઠે. ભાનુભાઇ સી. શાહ પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ ચોથે માળે ભણશાળી પોળ કાયસ્થ મહોળો ગોપીપુરા ,,

૨૯૯ ચીમનલાલ પેથાલાલ મેપાણી ઠે. અજીતભાઇ ચીમનલાલ શાહ પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ ત્રીજા માળે કાયસ્થ મહોલ્લો ગોપીપુરા ,,

૩૦૦ રતનચંદ બાલુભાઇ નાણાવટી ઠે. નલીનભાઇ આર નાણાવટી કાયસ્થ મહોલ્લો ગોપીપુરા ,,

૩૦૧ સંઘવી સરૂપચંદ મગનલાલ ઠે. સંઘવી વાડીલાલ સરુપચંદ ૩ હીરા મોતી એપાર્ટમેન્ટ નાણાવટી મેઇન રોડ, ,,

૩૦૨ સંઘવી મનજીભાઇ ભગતલાલ ઠે. ચંપકભાઇ મનજીભાઇ માતૃ આશીષ ત્રીજે માળે કાજીનું મેદાન ગોપીપુરા સુરત

૩૦૩ શાહ હિંમતલાલ લોગીલાલ ઠે. હરીશભાઇ હિંમતલાલ વૃંદાવન એપાર્ટમેન્ટ પાણીની ભીત ગોપીપુરા સુરત

૩૦૪ કાંતિલાલ સંપ્રતીચંદ શેઠ સી. ૧૨૨૦ સાહેલી એપાર્ટમેન્ટ બીજે માળે કાજીનું મેદાન ગોપીપુરા સુરત

૩૦૫ વોરા તારાચંદ મલુકચંદ ઠે. નલીનભાઇ ટી. શાહ સુરત

૩૦૬ મહાસુખલાલ જેવંતલાલ વોરા સુરત

૩૦૭ મોરખીયા ચુનીલાલ જશકરણભાઇ ઠે. કલ્પેશભાઇ ચુનીલાલ સમેત શિખર એપાર્ટમેન્ટ કાજીનું મેદાન ગોપીપુરા સુરત

૩૦૮ પંકજભાઇ કેશરીચંદ દમણવાલા કુંદન એપાર્ટમેન્ટ ૧લે માળે સુભાષ ચોક ગોપીપુરા સુરત

૩૦૯ નાનાલાલ નગીનદાસ વીરવાડીયા ૮– ૧૭૩૭ ગોપીપુરા મેઇન રોડ સુરત

૩૧૦ મેતા પ્રતાપરાય માણેકચંદ 'સિદ્ધાર્થ' મતવા શેરી બંધાવાડ જામનગર ૧

૩૧૧ શા કાંતિલાલ માણેકચંદ બર્ધન ચોક જામનગર

પ. પૂ. આ. મ. શ્રી વિજય ચંદ્રોદયસૂરીશ્વરજી મ. તથા
પૂ. પં. શ્રી કનકધ્વજવિ. ગણિવર ના ઉપદેશથી

ડાયાલાલ એમ. શાહ ભારતનગર દ્વારા (૧૫)

૩૧૨ શાહ પોપટલાલ માંડણ પ્રમાણિક સ્ટોર ૩૦ એમ. એ અગીયારી લેન નોવેલ્ટી સિનેમા પાસે ગ્રાન્ટ રોડ મુંબઇ ૭

૩૧૩ શેઠ સુમેરમલજી સાગરજી સાંલેચા ૭-બી ફ્લેટ નં. ૨૫ ૩જે માળે નવજીવન સોસાયટી લેમીંગ્ટન રોડ મુંબઈ ૭

૩૧૪ જુગરાજ તારાજી એન્ડ કું. બી-૧ એ ભારત નગર ગ્રાન્ટ રોડ મુંબઇ ૭

૩૧૫ પૃથ્વીરાજ કે. મહેતા ઈ-૧ ૪૦૪ ભારત નગર ગ્રાન્ટ રોડ મુંબઇ ૭

૩૧૬ સોહનલાલજી સાગરજી સંલેચા બી-૨ ૨૬ ત્રીજે માળે ભારત નગર ગ્રાન્ટ રોડ મુંબઇ ૭

૩૧૭ પારસમલજી ધીગડમલજી ચંદન ઈ-૧ ૨૦૨ બીજે માળે ભારત નગર ગ્રાન્ટ રોડ મુંબઇ ૭

૬૧૮ વિનુભાઇ ચીમનલાલ પરીખ એચ-૧૪ પન્નાલાલ ટેરેસ પહેલે માળે ગ્રાન્ટ રોડ મુંબઇ ૭

૩૧૯ જીતુભાઇ સામજીભાઇ ખીરા કલાસિક સેન્ટર ૭૩-એ હસન મંઝીલ એ. કે. માર્ગ ગોવાલીયા ટેન્ક મુંબઇ ૩૬

૩૨૦ કુમાર સામજીભાઇ ખીરા ૭૩-એ કલાસિક ટિમ્બર્સ એ. કે. માર્ગ ગોવાલીયા ટેન્ક મુંબઇ ૩૬

૩૨૧ શાહ રાયશીભાઇ કાથડભાઇ ૭૩-એ કલાસીક સેન્ટર એ. કે. માર્ગ ગોવાલીયા ટેન્ક મુંબઇ ૩૬

૩૨૨ રાજેશ નોવેલ્ટી હાઉસ સી-૩ ભારત નગર ગ્રાન્ટ રોડ મુંબઇ ૭

૩૨૩ સરૂપચંદ માણેકચંદ સંકલેચા લીલડીયા ધોરા બાડમેર ૧

૩૨૪ હસ્તિમલજી ચુનીલાલ સંઘવી ઇ-૧ ૨૦૮ ભારત નગર ગ્રાન્ટ રોડ મુંબઇ ૭

૩૨૫ નાથાની સ્ટીલ હાઉસ ઈ-૨ ૧૧ ભારતનગર ગ્રાન્ટ રોડ મુંબઇ ૭

૩૨૬ હીરાચંદ છોગાજી ભણસાલી એમ. એસ. બિલ્ડીંગ ત્રીજે માળે બાલારામ સ્ટ્રીટ ફોરસ રોડ ના નાકે મુંબઇ ૭

૩૨૭ શાહ બાબુલાલ બબલદાસ હાંલ્લા પોળ ધના સુથારની પોળ સામે
રિલીફ રોડ અમદાવાદ ૧
૩૨૮ શાહ નરેશભાઇ સારાભાઇ ઠે. શ્યામલ-૨ હાઉસ નં. ૬
સોમેશ્વર દેરાસર આગળ સેટેલાઇટ અમદાવાદ
૩૨૯ એક સદ્ગ્રહસ્થ અમદાવાદ
૩૩૦ શાહ પૂનમચંદ સકરચંદ વાઘેશ્વરીની પોળ ભગત એપાર્ટમેન્ટ
ત્રીજે માળે રાયપુર ચકલા અમદાવાદ ૧
૩૩૧ શાહ રાજેશકુમાર રતિલાલ છબરાની પોળ સામે લુહુસાવાડ
દરીયાપુર અમદાવાદ ૧
૩૩૨ શાહ ભોગીલાલ હરીચંદ હાજા પટેલની પોળમાં, ખારાકુવાની પોળ અમદાવાદ-૧
૩૩૩ એક સદ્ગ્રહસ્થ ,,

પૂ. સા. શ્રી પુણ્યપ્રભાશ્રીજી મ.ના ઉપદેશથી (૧૩ પૂર્વ+૨)

૩૩૪ જે. કે. સંઘવી શેશની બિલ્ડીંગ બીજે માળે ભાટીયા
હોસ્પીટલ સામે, તારદેવ મુંબઇ-૭
૩૩૫ શશીકાંતભાઇ મફતલાલ શેઠ સુમીત હાઉસ બ. નં. ૧
ફેરજેટ હીલ રોડ, તારદેવ ,,

ભાઇ શ્રી દલીચંદ લક્ષ્મીચંદ કોઠારી મુંબઇની પ્રેરણાથી (૫)

૩૩૬ રમેશભાઇ શાંતિલાલ શાહ ૩૦૧ ચંદનબાલા રતિલાલ કકકર માર્ગ મુંબઇ-૬
૩૩૭ ચંદનબેન ઉમેદચંદ શાહ રાધનપુરી બજાર ગંધારીયા ખાંચો ભાવનગર
૩૩૮ ત્રંબકલાલ ગીરધરલાલ કપાસી ૪ સુંદરમ પ્લોટ નં ૩૭
નાથબાઇ નગર ઘાટકોપર મુંબઇ-૭૭
૩૩૯ હીરાચંદજી મગનલાલ પરમાર ૩૦૩ નીલકંઠ નિતિન કરાણી રોડ,
ઘાટકોપર વે. ,, ૮૬
૩૪૦ ધીરજલાલ મનજીભાઇ મહેતા હીંગવાલા કોંસ લેન લાલ કૃપા ગ્રા. ફ્લોર
ઘાટકોપર ઇ. ,, ૭૭

પૂ. તપસ્વિના સાધ્વીજી શ્રી હેમપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીજી રવિચંદ્રા શ્રીજી મ.ના સદુપદેશથી (૧૦)

૩૪૧ સી. સી. શાહ શિવગંજ
૪૨ ચંદ્રાબેન ખીમચંદજી ,,

૪૩ વિમલચંદ પ્રેમચંદજી વિસલપુર
૪૪ ઉમેદમલ ત્રિલોકચંદજી વાલી
૪૫ હેમીબેન ખીમરાજજી શિવગંજ
૪૬ જડાવીબેન હકમીચંદજી ,,
૪૭ વિમલાબેન જવાહરમલજી ,,
૪૮ હુલીબેન ઝવેરચંદજી ,,
૪૯ મંસાબેન પન્નાલાલજી ,,
૩૫૦ ગંગાબેન રૂપચંદજી ,,

પૂ. સાધ્વીજી રવિચંદ્રાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીજી કલ્પશીલા શ્રીજી મ.ના ઉપદેશથી (૨)

૩૫૧ હુલાસીબેન ભભુતમલ શિવગંજ
૫૨ ધીસુભાઇ ભભુતમલ ,,

શાહ મનસુખલાલ વિઠલજી મુંબઇ તરફથી (૧૮)

૫૩ મુકિતલાલ બેમચંદ કોઠારી ૨૮૯ એસ. વી. રોડ શ્રી ભુવન બીજે માળે, રૂમ નં. ૨૦૬ ૪થી ખેતીવાડી મુંબઇ-૪
૫૪ શાહ દિનેશ જયંતિલાલ સાગર વિલાસ ૧લા માળે, એસ. વી. રોડ, ઓપાટી ,, ૭
૫૫ શાહ મહેશ જયંતિલાલ ૧૦, કીચન ગાર્ડન લેન ચોથે માળે મંગળદાસ માર્કેટ બીલ્ડીંગ નં. ૭ ,, ૨
૫૬ વિજય ધીરજલાલ ઝવેરી બી. ૧ પુષ્પાપાર્ક એસ. યુ. રોડ બોરીવલી વે. ,,૬૨
૫૭ દોશી સેવંતિલાલ કુલચંદ ૩૬, નેવીયન્સી રોડ, સી.-૧ માતૃ આશીષ ૮ મે માળે ,, ૬
૫૮ પારેખ ઇશ્વરલાલ ચુનીલાલ ૭, શોભના ૪૬ તિલક રોડ, શાંતાકુઝ વે. ,,૫૪
૫૯ પંકજ હિંમતલાલ ઝવેરી સી.-૪૧૦ આદીનાથ એપાર્ટમેન્ટ, સાંઇબાબા નગર, જે. વી. હાઇસ્કુલ પાસે બોરીવલી વે. ,,૬૨
૬૦ એસ. વી. ઝવેરી (બાબુભાઇ) ૭૭, જવાહરનગર, ગોરેગાંવ વે. ,,૬૨
૩૬૧ નટવરલાલ કે. ગાંધી ૫૧, સહકાર નિવાસ ૧લે માળે તારદેવ રોડ, મુંબઇ ૩૪
૬૨ વિનોદભાઇ ઇઠાવીસ સદત કસારાલી ભીવંડી ૨
૩૬૩ ઉમેશભાઇ ભોગીલાલ શાહ ૬૧, મરીન ડ્રાઇવ ૧લે માળે, બ્લોક નં. ૩ શાલીમાર મુંબઇ ૨
૬૪ મહેન્દ્ર મણીલાલ ઝવેરી પારિજાત ચોથે માળે બ્લોક નં. ૧૪૬૫, મરીન ડ્રાઇવ ,,

૬૫ બીપીનચંદ્ર ઇશ્વરલાલ ૧૨૫, ઘડીયાળ ગલી એમ. જે. માર્કેટ મુંબઇ
૬૬ ચંદ્રકાંત બી. શાહ ૫૨, હીમાલય સોસાયટી ૪૧, એ. નીત્યાનંદ રોડ. વિલે પાર્લા ઇ. ,,૫૭
૬૭ વિનયચંદ્ર પોપટલાલ પારેખ શાંતાકુંજ રૂમ નં. ૮ કસ્તુરબા રોડ, ડો. નાયકના દવાખાના પાછળ બોરીવલી ઇ. ,,૬૬
૬૮ દિનેશચંદ્ર જમનાદાસ શાહ ૨૦૧, આનંદ કાંચન ૧૧૬, પી. એમ. રોડ, વિલે પાર્લા ઇ. ,,૫૭
૬૯ ચંદ્રકાંત રતિલાલ શાહ મંગળદાસ બીલ્ડીંગ બી.-૩ એ ત્રીજે માળે રૂમ નં. ૪૧૮ મંગળદાસ રોડ, ,, ૨
૩૭૦ એમ. જી. લેસ હાઉસ ૫૧, છીપી ચાલ ,,
૩૭૧ શાહ શાંતિલાલ ચીમનલાલ ખીમનવાલા વી. પી. રોડ, આર કે. વાડી ૧૧૪૦-એ ત્રીજે માળે ,, ૪
૭૨ શાહ કપુરચંદ લાધાભાઇ પાંડુરના
૭૩ શાહ રાયચંદ જુઠાલાલ પાંડુરના
૭૪ શાહ નગીનદાસ મણીલાલ મુ. નીકોલી પો. નવાપુરા ભરૂચ

શાહ ચંદુલાલ જેસંગભાઇ મુંબઇની પ્રેરણાથી (૬)

૩૭૫ શાહ ચંદુલાલ જેસંગભાઇ મુંબઇ-૪
૭૬ અમરદીપ એન્ટરપ્રાઇઝ ,,
૭૭ અંકિત મેટલ્સ ,,
૭૮ મે. દાગા મેટલ્સ ,,
૭૯ મે. એમ કે. મેટલ ,,
૩૮૦ મે. વોલટેક સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ ,,
૩૮૧ સુરેશ સ્ટોર્સ પાંડુરના એમ.પી.

શા ઉમેદમલજી પુનમચંદજીની પ્રેરણાથી (૫)

૩૮૨ શાહ ઉમેદમલજી પુનમચંદજી ચેરવડા પુના-૬
૮૩ શાહ ભોગીલાલ મગનલાલ C/o. મંગલ ઓટો કોર્પોરેશન ૨૧૬૭ સદાશીવ પેઠ પુના-૩૦
૮૪ શાહ મિઠાલાલજી ચોલીચંદજી ચેરવડા ૬
૮૫ શાહ ચંપાલાલજી કલીચંદજી ચેરવડા
૮૬ શાહ નેનમલ વીસાજી ૮૯ ચેરવડા

જૈન શાસન અઠવાડિક છઠ્ઠા વર્ષ પ્રારંભે
વિશેષાંકમાં રૂા. ૫૦૧) ભરી બનેલ

શુભેચ્છક સહાયકોની શુભ નામાવલી

વાગડવાલા પ્રશાંતમૂર્તિ સ્વ. પ. પૂ. સા. મ. શ્રી ચરણશ્રીજી મ. સા.નાં શિષ્યા પરમ શાસન પ્રભાવક તેજસ્વી તારણહારા સ્વ પૂ. પાદ આ. મ. શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તિની પ. પૂ. સા. મ. શ્રી ચન્દ્રાનનાશ્રીજી મ. સા. ના ઉપદેશથી

૫૯ ટી. એ. શાહ ઠે. રાજકમલ એજન્સીજ પ્રા. લી. ૨ જે માળે, મદ્રાસ–૩
૬૦ હિંમાશુ આઈ. શાહ ઠે. શાહ ધીરજલાલ ભાઈચંદભાઈ ૩, ગોવિંદ નિવાસ લક્ષ્મીનારાયણ લેન મહાત્મા ગાંધી રોડ, કાંદીવલી મુંબઈ–૬૭
૬૧ જીતેન્દ્ર જે ભાલેરા અલકા ફ્લેટ ૭૦૪, એસ. વી. રોડ, એમ. એ. હાઇસ્કુલ સામે, અંધેરી વે. ,, ૫૮
૬૨ શાહ રાયશી વાલજી આધોઈવાલા ૬૬, ગ્રીન સ્ટ્રીટ જલદર્શન ૩ જે માળે, શાંતાક્રુઝ વે. ,, ૫૪
૬૩ શાહ જેમાબેન વાલજીભાઈ ઠે. શાહ હીરજી પ્રેમજી બજારમાં આધોઇ (કચ્છ) વાગડ
૬૪ શાંતાબેન અચરતલાલ ચુનીલાલ શાંતિ સદન પ્લોટ નં.–૭૩ મુ. શીવ–સાયન મુંબઈ–૨૨
૬૫ રેખાબેન અશ્વિનકુમાર શાંતિ સદન પ્લોટ નં. ૭૩ શીવ–સાયન ,,
૬૬ છોટાલાલ ડી. મહેતા આશા ટેક્ષટાઇલ્સ ૧૪૧ નોરમલ સોહીયા લેન કલકત્તા–૭

પ. પૂ. પ્રશાન્તપયોનિધિ પૂ. પાદ આચાર્ય ભગવંતશ્રી વિજય વિબુધપ્રભ સૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાનુવર્તિની સ્વ. પૂ. સા. શ્રી વિજયાશ્રીજી મ.ના પ્રશિષ્યા પૂ. સા. શ્રી પૂર્ણભદ્રાશ્રીજી મ. ના ઉપદેશથી

૨૫૧) શાહ મણીલાલ લાલચંદ ગળીવાળા હાજા પટેલની પોળમાં બારાકુવાની પોળ રીલીફ રોડ, અમદાવાદ–૧
૨૦૧) શાહ મનહરલાલ મયાભાઇ વાઘેશ્વરીની પોળ, રાયપુર ચકલા મહાદેવનો ખાંચો–અમદાવાદ–૧
૨૦૧) શાહ ધ્રુનેશભાઇ દેવશીભાઇ હાકેમચંદ ૩–અણમોલ એપાર્ટમેન્ટ સંજીવની હોસ્પીટલ પાસે, નવા શારદા મંદિર રોડ પાલડી ,,
૧૫૧) રમેશભાઇ કલાલ અંકલેશ્વરીયાના કવાખાના પાસે વિજળીઘર સામે રીલીફ રોડ,–અમદાવાદ–૧

શ્રી મહાવીર શાસન દીપોત્સવી વિશેષાંક

શ્રી મહાવીર શાસન માસિક ૪૧ વર્ષથી ચાલે છે લગભગ દર વરસે વિશેષાંક પ્રગટ કરતા હતા. પરંતુ શાસનના પ્રશ્નોને વાચા આપી સત્ય નિરુપણ માટે 'શ્રી જૈન શાસન' અઠવાડિક શરૂ કર્યું તેની ભારે જવાબદારી હતી. પ્રથમ બે હજાર નકલ પછી ૧૫૦૦ નકલ અને પછી એક હજાર નકલ ફ્રી પ્રચાર માટે જતી અને તેના ખર્ચને પહોંચી વળવા માટે 'જૈન શાસન' વિશેષાંક દર વર્ષે પ્રગટ થતાં અને તેના તૂટતા ખર્ચને પહોંચી વળતા. હવે તેની સ્થિરતા પહેલા કરતાં સુધરી છે છતાં વિશેષાંક તો તૂટા માટે પ્રગટ કરવો પડે તેમ છે છતાં આ વખતે અધિક માસ હોવાથી સમય છે અને તેથી ડોળીયા શ્રી શંખેશ્વર નેમીશ્વરતીર્થ પ્રતિષ્ઠા વિશેષાંક પછી ૪ વર્ષ પછી શ્રી મહાવીર શાસનનો દીપોત્સવી વિશેષાંક પ્રગટ કરવાનું રાખ્યું છે.

આ વિશેષાંક માટે આપ સૌ સહકાર આપશો એવી અપેક્ષા છે.

શ્રી મહાવીર શાસન

(શાસન માન્ય માસિક)

'જૈન શાસનના મરજીવા'

દી પો ત્સ વી વિ શે ષાં ક

પ્રગટ થશે આસો વદ ૧૦ તા. ૯-૧૧-૯૩

આ વિશેષાંક માટે ઘણો સમય છે માટે વહેલાસર લેખો મોકલવા પૂજ્ય આચાર્યદેવાદિ, મુનિરાજો, સાધ્વીજી મ. તથા શ્રાવક શ્રાવિકા બંધુઓને નમ્ર વિનંતિ છે.

જૈન શાસનની જ્ઞાન દર્શન ચારિત્રની આરાધના, દાન શીલ તપ ભાવની આરાધના સાત ક્ષેત્રની ભક્તિ અને અનુકંપા, તીર્થ ભક્તિ શાસનરક્ષા આદિ માટે પ્રાણની પણ પરવા કર્યા વિના ઝંપલાવનારા અને સફળતા મેળવનારા પુન્યાત્માઓના ટુંકજીવન પ્રસંગો કે કથાઓ તરત લખી મોકલશો. ફુલસ્કેપ ૪-૫ પેજ થી વધુ નહિ તે રીતે તે મોકલવા વિનંતિ છે.

તા. ૧-૧૧-૯૩ સુધી લેખ મોકલવા વિનંતિ

'જૈનશાસનના મરજીવા' વિશેષાંક માટે શુભેચ્છા મોકલવા માટેની યોજના.

વિશેષાંક સૌજન્ય રૂા. ૧૦૦૦/	શુભેચ્છક રૂા. ૧૦૦
શુભેચ્છક સહાયક રૂા. ૫૦૦/	આજીવન રૂા. ૩૦૦/

— શુભેચ્છાઓ માટે —

૧ પેજ રૂા. ૫૦૦	૧/૨ પેજ રૂા. ૩૦૦	૧/૪ પેજ રૂા. ૧૫૦
ટાઈટલ રજી રૂા.૩૦૦૦	ટા. ત્રીજુ રૂા. ૨૦૦૦	ટા. ચોથું રૂા. ૪૦૦૦

વહેલાસર સહકાર માટે પ્રયત્ન કરવા માનદ્ પ્રચારકો તથા વાંચકોને વિનંતિ છે. આ અંગે માનદ્ પ્રચારકોને વહેલાસર પહોંચ બુક મલી જશે.

સરનામું:–

શ્રી મહાવીર શાસન કાર્યાલય
શાકમારકેટ સામે, નિશાળફળી
જામનગર (સૌરાષ્ટ્ર) India

તંત્રી—મહેતા મગનલાલ ચત્રભુજ
સહતંત્રી–શાહ કાનજી હીરજી મોદી
શાહ રતિલાલ દેવચંદ ગુઢકા(લંડન)

॥ શ્રી આદિનાથ સ્વામિને નમઃ ॥

॥ નમામિ નિત્યં ગુરૂ રામચન્દ્રમ્ ॥

જૈન જગતમાં અતિ આદરપાત્ર બનેલા પ્રેરણાદાયી પ્રકાશનો બાલ ભોગ્ય ભાષામાં સુંદર શૈલીએ આલેખાયેલ અનેક અત્યાકર્ષક વિવિધરંગી ચિત્રો સહિત અતિ બોધક પ્રેરક હૃદયગમ રોમાંચક ચરિત્ર ધન્યકુમાર ચરિત્ર 'એક મજેની વાર્તા'ની ગુજરાતીની દ્વિતીયપ્રવૃત્તિ તથા...હિન્દી તથા અંગ્રેજી આવૃત્તિઓ પણ બહાર પડી ચૂકી છે.... જલ્દી વસાવો.

"વહેલો છે પહેલો"

'એક મજેની વાર્તા' (ધન્યકુમાર ચરિત્ર) કીં. રૂ. ૫૦

'એક મનોરંજક કહાની (ધન્યકુમાર ચરિત્ર) કિં. રૂ. ૬૦

'An Internsting Story' (Dhanykumor) Rs. 60

'કથારત્ન ગ્રંથમાલા'
કે. ઉમેશચન્દ્ર લોગીલાલ શાહ
એચ. લોગીલાલ એન્ડ કું. દુકાન નં. કે. ૫ નવમી ગલી
મંગલદાસ માર્કેટ મુંબઈ—૪૦૦૦૦૨

"श्री जिनाज्ञा एव तरणोपाया"

–संक. मुनिधर्मतिलकविजयः ।।

श्री गौतमस्वामिना पृष्टं भगवन्तः किमु पिशाचा राक्षसाश्च कापलिकमाहारं कुर्वन्ति किं नवा ? भगवद्भिः कथितं गौतम । न कुर्वन्ति प्रकृत्याव्यन्तरा अमी बाला इव क्रीडां कुर्वन्ति महासांसं जग्धमिति मायां दर्शयन्ती ते
–कुवलयमालायां ।

जिनेश्वराणामृषभादीनां श्रमण परिणामे चतुरशीतिसहस्रादिकमुक्तं तत्प्रधान-सूत्र विरचन समर्थान् श्रमणानधिकृत्य ज्ञेयमितरथा पुनः सामान्य श्रमणाः प्रभूततरा अपीति
–लोकप्रकाशे ।

ना परिदधेन्न स्त्रीवस्त्रं कदापि पूजाविधौ तथैव नार्यपि नरवस्त्रं कामरागविवर्धनं न परिदधेत् । नरेण द्विवस्त्रं नार्या च त्रिवस्त्रं पूजा समये ग्रहाणीयमिति
–आचारोपदेशोपदेश चिन्तामण्योः

ज्ञानिना सर्वदा यथा शक्ति यथायोग्यं जिनाज्ञा पालनीयैवेति –उपदेशसारे

एष चा शाश्वतो नाशान्मूलाऽनाशाच्च शाश्वतः ततः सोभय धर्मत्वात् शाश्वतः प्रायः उच्यते इति
–लोकप्रकाश शत्रुजय महात्म्यादिषु ।

वर्तमानकाले यत्सूत्रं वर्तते तस्य गुरु परंपरया गृहीतार्था विनिश्चितार्था गीतार्था भवन्तीति
–गच्छाचार लघुवृत्तौ

ततः पंचमहाव्रताधिष्ठात्र्यो देव्यो ब्राह्मी सुन्दरी विजया जयंती योगलतेति नाम्य इति
–निगम प्रवचन नयसारोद्धारे ।

रथनेमिना संसारे प्रव्रज्यायां च प्रार्थिता राजीमति भोगार्थमिति अरिष्टनेमे-रलघु भ्राता चेति –दशवैकालिक नेमिनाथ चरित्र भरतेश्वर वृतिषु ।

णो पासत्थाई वंदमाणस्स कित्ती नेव निज्जरा होइ कायकलेस एव कुणइ तह कम्मबंधे चेति
–अध्यात्मकल्पद्रुमे

पाण्डवाः पञ्चापि मुनिनां कोटिविंशत्या कुन्त्या सह निःशेष कर्मणां क्षयात् निरामयमक्षयपदं ययुस्तत्र तपस्तपस्यन्ती द्रौपदी जीवितात्यये ब्रह्म कल्पेऽगात् क्रमादक्षरपदं यास्यतीति

—शत्रुञ्जय कल्पवृतौ।

ये प्रतिज्ञे रागकर्मणि स्थगिते सा कैकय्या दशरथनृपदीक्षाग्रहणावसरे याचिता एकया भरताय राज्यं, द्वीतियातश्च रामाय वनवासमा द्वादश हायनमिति

—योगशास्त्रा जैनगीता शत्रुञ्जय कल्पवृत्तिषु ।

तियग्नृगतिभ्यां कोऽपि जनः शलाकानृत्वं न प्राप्तोति किन्तु वीरनो मनुष्य भवतो विदेहे प्रियमित्रचक्री बभूव स आश्चर्यकारको जात इति।

—भगवती महावीरचरियेषु ।।

।। मिथ्या मे दुष्कृतमिति ।।

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

ક્રોધની ચડતી દેખી અદેખાઈ કરવી નહિ, આપણે જ બીજાની ચૂંતી કરવાની કરજ છે તો તે પોતાની મેળે તેમાં અદેખાઈ શા માટે કરવી ?

એશીયન ટ્રેડર્સ

૫૨–૫૪ મરજીબ બંદર રોડ,

મુંબઈ—૩

ભાઈશ્રી રતિલાલ દેવચંદ ગુઢકા

રાસંગપરવાળા-લંડન

શ્રી મહાવીર શાસનના સહતંત્રી પદે

શ્રી મહાવીર શાસન જૈન ધર્મના સિદ્ધાંતો તત્ત્વોનો પ્રચાર અને રક્ષા માટે વિ. સં. ૨૦૦૯માં પ. પૂ. હાલારદેશોદ્ધારક પૂ. આચાર્યદેવ શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના ઉપદેશથી તેઓ પૂજ્યશ્રીજી પુનીત નિશ્રામાં રાસંગપુર (હાલાર) માં પ્રારંભ કરવાનો નિર્ણય લેવાયો તેના પ્રથમ તંત્રી તરીકે ખેતશી વાઘજી ગુઢકા (લાખાબાવળ) બન્યા. તેમણે તેનું સફળ સંચાલન કરી પોણા બે વર્ષે લગભગ સંયમનો પૂ. પાદ આ. ભ. શ્રી પાસે સ્વીકાર કરી પૂ. મુ. શ્રી જિનેન્દ્રવિજયજી મ. બન્યા જે આજે પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ. તરીકે પ્રસિદ્ધ છે.

ત્યાર બાદ ભાઇશ્રી મગનલાલ ચત્રભુજ મહેતા તંત્રી અને ભાઈશ્રી કાનજી હીરજી મોદ્દી સહતંત્રી બન્યા. આજે ૩૯ વર્ષ ઉપર થઇ ગયા અને દિન પ્રતિદિન ઠંડી ગરમી વચ્ચે પણ શ્રી મહાવીર શાસન પ્રગતિ સાધી રહ્યું છે. તે અઠવાડિકની ભાવના છતાં પાક્ષિકથી શરૂઆત કરી અને માસિકમાં પરિણમ્યું. શાસન માટે જરૂર અઠવાડિકની હતી તે સં. ૨૦૪૪ માં અમારા ટ્રસ્ટે જૈન શાસન અઠવાડિક શરૂ કર્યું. અને પાંચ વર્ષમાં શાસન રક્ષા આદિ કાર્યવડે તે પ્રસિદ્ધિ પ્રચાર પણ પામ્યું છે

શ્રી મહાવીર શાસનના કાર્યમાં ભાઇશ્રી રતિલાલ દેવચંદ ગુઢકા કેન્યા ગયા ત્યારથી ઘણો રસ લેતા થયા તે આજ સુધી. ચાલુ છે. જેથી તેમના જેવા સિદ્ધાંતનિષ્ઠ ક્રિયા સંયમી પ્રવચન નિપુણ તથા પૂજા ભક્તિ, પ્રવચન અને પ્રેરણા માટે દાઝ ધરાવનાર શ્રી રતિલાલભાઈને શ્રી મહાવીર શાસનના સહતંત્રી પદે અમે નીમવાનું નકી કર્યું છે.

પૂ. પાદ પરમગુરુદેવ વિજયઅમૃતસૂરીશ્વરજી મ. ના રાસંગપુરમાં બે ચોમાસા થયા ત્યારથી રતિલાલભાઇ જોડાયા, પૂજા ભાવનામાં નિપુણ બન્યા, શાસનરાગમાં દૃઢ બન્યા અને પૂ. આ મ.શ્રીના પરમ ઉપકારને સદા સ્મૃતિમાં રાખી દૃઢતાથી સમ્યક્ત્વ આદિના પાલનમાં ઉજમાળ બન્યા કેન્યા ગયા પછી શ્રી મહાવીર શાસનના વિકાસમાં પ્રયત્ન

કરનારાઓમાં શ્રી રતિલાલભાઇ પણ મુખ્ય છે. શ્રી મહાવીર શાસનના પ્રેસ માટે પણ તેમને ઘણો પરિશ્રમ લીધો હતો. શ્રી શ્રુતજ્ઞાન ભવન જામનગર માટે તેમણે ભાઇશ્રી મેઘજી વાઘજીભાઇ શ્રીમતી પાનીબેન શ્રીમતી ડાહીબેનને સુંદર પ્રેરણા કરીને શ્રી શ્રુતજ્ઞાન ભવન માટે સ્થિરતા પેદા કરી હતી.

લંડન આવ્યા પછી દર અઠવાડિયે પ્રવચન પૂજા ભક્તિ અને ધર્મની પ્રેરણા તેઓ સતત કરી રહ્યા છે તેમજ તેમના ધર્મપત્ની અ. સૌ. શાંતાબેનનો તથા પુત્રો પરેશ તથા અનુપનો પણ પુરા પ્રયત્ન સાથે સહકાર છે આજે જૈન શાસન માટે, શ્રી મહાવીર શાસન માટે જ નહિ પરંતુ બીજા પણ અનેક ભક્તિ, આંબેલ, જીવદયા તથા દેરાસરો આદિ અંગે જેમને ભાવના થાય તેમને પ્રેરણા કરી તેમને સ્થિર બનાવે છે.

પૂ. આ શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ. નો ઉપકાર પણ તેમના ઉપર છે તેઓ લંડનમાં એક ધર્મ પ્રચારક તરીકે નિસ્વાર્થ ભાવે સંપૂર્ણ ઉત્સાહ સાથે કાર્ય કરી રહ્યા છે તેમાં શ્રદ્ધા સેવા અને શ્રી મહાવીર શાસન તથા જૈન શાસન પ્રત્યેની લાગણીથી તેમને શ્રી મહાવીર શાસનના સહતંત્રી પદે નિયુકત કરતાં આનંદ અનુભવીએ છીએ.

શ્રી મહાવીર શાસન દ્વીપોત્સવી વિશેષાંકથી તેઓ તે પદ શોભાવશે.

C|O શ્રુતજ્ઞાન ભવન
૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
તા. ૨૫-૮-૬૩

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ
મહેતા મગનલાલ ચત્રભુજ
શાહ કાનજી હીરજી મોદી
શાહ દેવચંદ પદમશી ગુઢકા

અને ત્યારે.....

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય મહાતીર્થના તીર્થંકરની આગળ, જિંદગીની આ સફર ઉપર બાંધેલા ઘોરતિઘોર પાપ કર્મનો પસ્તાવો કરતાં કરતાં, તપાગચ્છમંડન શ્રી આત્મારામજી મહારાજાએ આંખમાંથી આંસુ સારતા સારતા જ પશ્ચાત્તાપ પૂર્વક–હૃદયની પીડાથી પીડાયેલા શબ્દો ઉચ્ચારતા સ્તવના કરેલી કે...

"અબ તો પાર ભયે હમ સાધો! શ્રી સિદ્ધાચલ દરશ કરી રી."

પંજાબની ધરા ઉપર ક્ષત્રિયકુળમાં તેમનો જન્મ થયો હતો. તે પ્રચંડ પ્રતિભા, તીક્ષ્ણ મેધા અને પંજાબી પડછંદ કાયાના ધણીએ.

આખરે સંસારથી વૈરાગ્ય થતાં જૈન સ્થાનકવાસી દીક્ષા લીધી.

મૂર્તિને નહિ માનનારો આ મત હતો. એટલે જ તો આત્મારામજી મહારાજે ત્યારે મૂર્તિનું, મૂર્તિપૂજાનું છડેચોક ખંડન કરવા માંડેલું, જાણે કે પંજાબ આખામાં મૂર્તિનું મૃત્યુ કરી કરીને તેમણે જિનમંદિરોને એક કબ્રસ્તાન જેવા બનાવી દીધા હતા.

કચડાયેલી આજ્ઞા જ્યારે મસ્તકે ચડે છે....

—શ્રી રાજુભાઇ પંડિત, ચંદ્રરાજ

ભગવાનની આણની ઇજ્જતના અહીં છડેચોક ચીંથરે ચીંથરા ઉડી રહ્યા હતા. ૪૫–૪૫ આગમોમાંથી તેર–તેર આગમોનો બહિષ્કાર કરાયો હતો. ૪૫માંથી પોતે સ્વીકારેલા બત્રીશ આગમોમાંથી પણ મૂર્તિપૂજા તથા સ્થાપના નિક્ષેપાની સૂત્ર–પંક્તિને અહીં ફાંસીને માંચડે ચડાવાઇ હતી. પ્રચંડ પ્રજ્ઞાશક્તિના ધણી આત્મારામજી મહારાજ ત્યારે મૂર્તિના ખંડનમાં ઓતપ્રોત હતા.

મૂર્તિનું ખંડન કરી–કરીને પંજાબને સમશાન જેવું કરી દેનારા આત્મારામજી મહારાજ મૂર્તિપૂજાનું ખંડન ભલે કરતા હતા પણ તેને 'સાચું છે' તેમ સમજીને કરતાં હતાં. એટલે કે આત્મારામજી મહારાજને મૂર્તિપૂજાના ખંડનમાં નહિ પણ સત્યમાં રસ હતો. અને એટલે જ તો અમદાવાદમાં બુટેરાયજી મહાત્માના કહેવાથી વ્યાકરણ ભણીને મૂર્તિપૂજાનું મૂર્તિનું ખંડત બોદું લાગ્યું કે તરત જ મૂર્તિનું મૂર્તિપૂજાનું મંડન ચાલુ કરી દીધું.

મસ્તકે ચડાવવા જેવી ભગવાનની જે આજ્ઞા પગ નીચે અજાણ પણે કચડાઇ ગઇ હતી તે જ મૂર્તિપૂજાની આજ્ઞાને તેમણે મસ્તકે ચડાવી. અને પછી તો જે પંજાબને

મૂર્તિ પૂજા ખંડન કરી કરીને કબ્રસ્તાન જેવું બનાવી દીધું હતું એજ પંજાબને વીતરાગ પરમાત્માની પ્રતિમાથી એક સ્વર્ગસમાન બનાવી દીધુ. મુર્તિપૂજાની આજ્ઞાનો ધર્મ ધર્મ પંજાબની પંજાબી ધરા ઉપર સજીવન કરીને, જાણે તેમણે કરેલા અધર્મનું પ્રાયશ્ચિત કર્યું.

જિંદગીની ડગરો ઉપર અજ્ઞાતપણે મૂર્તિપૂજાના ખંડનના બાંધેલા પાપ કર્મથી પાપી બનેલા પોતાના આત્માને પવિત્ર કરવા માટે કરેલા કર્મોને રોવા માટે જ પંજાબમાંથી સીધાં જ વિહાર કરતાં કરતાં આ મહાપુરૂષ તરણતારણ તીર્થાધિરાજના તીર્થંકરની પાસે જઇ પહોંચ્યા. અને હૈયાની કરેલા કિલષ્ટ કર્મની વેદના શબ્દો બનીને ભગવાન આગળ ઠલવાઇ જવા લાગી. શત્રુંજય મંડન શ્રી આદીશ્વર ભગવાનની આગળ થઇ ગયેલા કાળા કરમને માટે મન ભરીને રડી લીધુ. પ્રાયશ્ચિતની પરાકાષ્ટા તપાગચ્છ શ્વેતાંમ્બર મુર્તિપૂજકની દીક્ષા સુધી પહોંચી. એજ બુટેરાયજી મહારાજના તેઓ શિષ્ય બન્યા. આણા એ ધર્મોની આલબેલ પુકારતા કૈંક શાસન પ્રભાવનાના કાર્યો કર્યા. તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થની શીતળ છાયામાં આચાર્ય પદથી ભૂષિત થયા. અને આખરે જિંદગીની સફરનો આખરી સમય બનાવ્યો. જિંદગીનો છેલ્લો વિસામો સાધી લીધો.

કાળધર્મ પામ્યા પછી ચંદનની ચિતામાં આખ થઇને શરીરની જે રાખ પડી હતી, તે પોસ્ટમોર્ટમ થયેલી રાખમાં કશું જ ના મળ્યુ. ત્યારે તેની શીશીઓ ભરીને ગામો ગામ મોકલાઇ હતી અને તેના શાનદાર વરઘોડો નીકળ્યા હતા. અને ત્યારે જાણે કે- 'આણાં એ ધર્મોના' ગામોગામ જયઘોષો ગાજી ઉઠયા હતા.

જૈન શાસન વિશેષાંકને હાર્દિક શુભેચ્છા

જૈન ભકિત સંગીત અને પૂજાના મહાન કલાકાર અંજન શલાકા પ્રતિષ્ઠા ભકિત મહોત્સવમાં શ્રેષ્ઠ, પરદેશમાં જાણીતા સંગીતકાર :

મનુભાઈ એચ. પાટણવાળા

અરવિંદ કોલોની ૧૪૫-ડી, અરુણા નિવાસ એ.વી. રોડ, વિલે પારલા વેસ્ટ

મુંબઇ-૪૦૦૦૫૬

ફોન નં. ૮૩૬૪૫૦૫

અહિગારિણો ખુ ધમ્મો, કાયવ્વો અણુહિગારિણો દોસો ।
આણા ભંગાઓ ચ્ચિય, ધમ્મો આણાએ પડિબદ્ધો ॥૩॥

–: શ્રાવક ધર્મવિધિ પ્રકરણ :–

અનંત ઉપકારી શ્રી જિનેશ્વર પરમાત્માના શાસનમાં મોક્ષદાયક ધર્મની આરાધનામાં જિનાજ્ઞા સમજવાની રુચિ કે રસ જેમને નથી તે આત્માઓ ધર્મ કરવા તૈયાર થયા છે. એ એક શંકાનો વિષય બને છે. એ લોકો અર્થકામના અર્થી તો નથી ને! ધર્મ અધિકારી એટલે કે યોગ્ય આભાસે જ કરવો જોઇએ. એવી આસ જિનાજ્ઞા છે. અધિકારી બન્યા વગર ધર્મ કરનારો જિનાજ્ઞા ભંગના દોષનો ભાગી બને છે.

ધર્મના અધિકારીનો જીવ કેવો હોય ?

શાસ્ત્રકાર ભગવંતોએ અધિકારીના ત્રણ લક્ષણો બતાવ્યા છે. (૧) અર્થી હોય (૨) સમર્થ હોય (૩) શાસ્ત્ર અ પ્રતિકૃષ્ટ હોય એટલે કે– શાસ્ત્રકારોએ જેનો નિષેધ ન કર્યો હોય. ધર્મનો અર્થી એટલે ધર્મની અભિલાષાવાલો આત્મા પણ કેવો હોય ? એને માટે પણ

જિનાજ્ઞા અને ધર્મ

—પૂ. પં. શ્રી કનકધ્વજવિજયજી ગણિવર્ય

કહ્યું કે– એ પણ ત્રણ લક્ષણવાળો હોવો જોઇએ. (૧) વિનીત હોવો જોઇએ. (૨) સમુપસ્થિત હોવો જોઇએ અને (૩) પુચ્છક હોવો જોઇએ.

ધર્મનો અર્થી આત્મા વિનીત એટલે કહ્યું કરવાની વૃતિવાલો હોવો જોઇએ. વિનય ધર્મનું મૂળ છે.....

વિનયગુણ પ્રાપ્ત કરવાનું કામ ખૂબ કઠીન છે. વિનયી-આત્મા કદાચ મંદક્ષયોપશમના કારણે જડ હોઇ શકે પણ વક્ર કે જિદ્દી ન હોવો જોઇએ. વક્ર કે જિદ્દી આત્મા પ્રજ્ઞાપનીય ન કહેવાય. પ્રજ્ઞાપનીય એટલે સમજાવ્યો સમજે એવો. વાલ્યો વલે એવો હોય. જ્ઞાનીઓએ ધર્મ આરાધનાનો જે વિધિ બતાવ્યો હોય, ધર્મ જે આશયથી કરવાનું ફરમાવ્યું હોય : તેને ધ્યાનમાં લેનારો, સમજનારો હોવો જોઇએ એ વિનીત (પ્રજ્ઞાપનીય) હોય તો જ બની શકે નહીતર ધર્મની આરાધનાનો મિથ્યાસંતોષ માની ધર્મની વિરાધના પણ કરી બેસે.

એ એહિં તદલિંગાસ્તિત્તણું ધુવં લક્ખણેહિ નાઊણું
ગિહિધમ્મં ગાહિજ્જા સિદ્ધંત વિરાહણા ઇહરા ॥૧૨॥

–: શ્રી શ્રાવક ધર્મ વિધિ પ્રકરણ :–

બહ ચેવ ઉ મોક્ખફલા આણા આરાહિઆ જિણિંદાણું
સંસાર દુક્ખ ફલયા તહચેવ વિરાહિઆ હોઇ ॥૧૯૯॥

શ્રી જિનેશ્વરદેવોની આરાધેલી આજ્ઞા જ મોક્ષફલ આપનારી બને છે. વિરાધેલી આજ્ઞા સંસાર દુઃખના ફલ આપે છે.

આવું અધિકારીપણું જોયા વગર ધર્મ કરાવવાની પ્રવૃત્તિ જોર પકડી રહી છે તે કેટલી વ્યાજબી છે તે વિચારણીય છે. મોક્ષાર્થીને જ સાચો ધર્માર્થી કહી શકાય. જે ધર્માર્થી મોક્ષાર્થી ન હોય. અરે, મોક્ષની વાતની જેને એલર્જી હોય તેને ધર્મ માટે અધિકારી કઇ રીતે ગણાવો ! અર્થ અને કામ જેમ અનર્થકારી બતાવ્યા તેમ ધર્મ પણ જો મોક્ષના આશય વગરનો મોક્ષનો હેતુ ન બનતો હોત તો એ પણ અનર્થકારી છે. ઝેર જેમ ઝેર કહેવાય છે તેમ એ ઝેર જે મીઠાઇ વગેરેમાં નાખ્યું હોય તો એ ખોરાકને પણ ઝેર જ કહેવાય.

જેમ માતા પોતાના બાળકને કોલસો, માટી વગેરે મોઢામાં મૂકતા જુએ તો તેની ઉપેક્ષા ન કરતાં તે ચીજો મોંઢામાંથી બલાત્કારે બહાર કઢાવે છે એવી ચીજો બાળકને ખાવા ન દેવાય. બાળકને આ રીતે આતો બંધ કરીશું તો કયારે ખાતા શીખસે ? આ રીતે જ ખાતાં–ખાતાં આવાનું શીખશે એવું કોઇ માનતું નથી. માન્ય રાખતું નથી, તેમ વિપરીત આશયથી ધર્મ કરાવાય નહીં અને કોઇ જીવો એ રીતે ધર્મ કરતા હોય તો સાચા હિતેષીનું કર્તવ્ય તો એજ છે કે એને પાછો વાળવો. અને સાચા માર્ગે ચઢાવવો. આ રીત ન અપનાવતાં ગમે તેમ તોય ધર્મ કરે છે ને ! એમ માની રાજી ન થવાય. ધર્મની મોહરછાપ મારી ન અપાય. સાચા ભાવે ધર્મના અર્થી જીવો વિનીત પ્રજ્ઞાપનીય હોવાથી ધર્મના વિષયમાં પોતાની થતી ભુલ, અવિધિ મલિન આશય વગેરે કોઇ સુધરાવે તો ખુબ રાજી થઇ સુધારો કરે છે. ભુલ બતાવનારની સામે ઘુરકીયા કરતો નથી. એના આરાધક ભાવનું લક્ષણ છે આનાથી વિપરીત પરિસ્થિતિ હોય ત્યાં ધર્મનું અર્થીપણું શી રીતે મનાય,

જિનઆણા, આરાધતાં, વિધિપુર્વક ઉજમાલ રે,
સાધે તે સંવર–નિર્જરા, પામે તે મંગલમાલરે;
અર જિનવર હાથે દેશના,

સ્તવનની આ ગાથામાં જિન આજ્ઞાનો મર્મ ભર્યો છે. આજ્ઞાથી ભાવિત બની ધર્મ કરનારા આત્માઓ ધર્મનું પુરેપુરુ ફલ મેળવી શકે છે !

જિનાજ્ઞા નિરપેક્ષ ધર્મ વિપરીત રીતે સેવેલા રસાયણની માફક મહાઅનર્થકારી બને છે. જેમ દવાનું રિએકસન તેમ આ ધર્મનું પણ રિએકશન આવે છે. તેથી ધર્મના સાચા આરાધક બનવા ધર્મનુ અધિકારીપણું પ્રાપ્ત કરવું જોઇએ. ધર્મનું સાચું સાથીપણું મેળવવું જોઇએ. વળી ધર્મનો અધિકારી સમર્થ જોઇએ. સમર્થ એટલે કોઇથી ચલાયમાન ન થાય એવો જોઇએ. અને ત્રીજા નંબરનો અધિકારી તે છે કે જેનો શાસ્ત્રકારોએ નિષેધ ન કર્યો હોય, ધર્મ માટે નાપાસ ન ગણ્યા હોય, અયોગ્ય ન ગણાયા હોય, આગમની પરીક્ષામાં પાસ થવા ધર્મ આરાધના કરવા ઉજમાલ થયેલા આત્માએ ૧૫ ગુણો મેળવવા જોઇએ.

–: જિન આજ્ઞાનો અજબ મહિમા :–

ચોથા ગુણ સ્થાનકે રહેલો જિનઆજ્ઞાનો પ્રેમી નિકાચિત ચારિત્ર મોહનીય કર્મના ઉદયથી. ન કરવા જેવી આશ્રવની પ્રવૃત્તિ કરે છે. છતાં જોરદાર કર્મનિર્જરા સાધે છે. આશ્રવની પ્રવૃતિથી પાપ બંધાય છે છતાં જિનાજ્ઞાના સતત ખ્યાલથી એ ધર્માત્મા અનુબંધ પુણ્યનો પાડે છે એને પુણ્યાનુબંધી પાપ કહેવાય છે. જ્યારે જિનાજ્ઞા સાથે જેને કોઇ લેવા–દેવા નથી એવા જીવો ભૌતિક આશંસાથી બહારથી ઉંચામાં ઉંચો ધર્મ કરવા છતાં એનો નંબર પહેલા ગુણઠાણે પણ કયાં આવે તે જ્ઞાની કહી શકે ! પહેલા ગુણઠાણે રહેલા ૧૫૦૦ તાપસો યોગદૃષ્ટિમાં પ્રવેશ પામેલા એક માત્ર મોક્ષની ધુનવાલા હતા. અને ગુરુ ગૌત્તમસ્વામીજી મળ્યા. અને તરત ફળ્યા. તેમજ ગૌતમ સ્વામીજી કરતાં વહેલા કેવળજ્ઞાન પામ્યા. ધર્મ કરવા છતાં ધર્મના અર્થી ન હોવાથી પાપાનુબંધી પુણ્ય બાંધનારા વાસ્તવમા ધર્માત્મા નથી. જ્યાં આશ્રવની હેય–પ્રવૃત્તિ કરવા છતાં ધર્મના અર્થી જીવો, પુણ્યાનુબંધી પાપ બાંધનારા અપૂર્વ કર્મ નિર્જરા સાધે છે. ગહન એવા ધર્મતત્વનું રહસ્ય જિનાજ્ઞા છે, અધિકારી જિનાજ્ઞાનો પાલક હોવાથી સાચો ધર્માત્મા છે. અનધિકારી જિનાજ્ઞાભ્રષ્ટ હોવાથી ધર્મનો આરાધક નથી જ્ઞાનીના આ વચનો સૌહૃદયસ્થ કરે અને સાચા આરાધક બને અને બનાવે...!!

જૈનશાસનને હાર્દિક શુભેચ્છા...

o દાન આપવાથી સંપતિનો નાશ થતો નથી.

જૈન જવેલર્સ

સોના ચાંદીના વેપારી

૫૧૭–બી. નુ ઝાંઝવાલા બિલ્ડીંગ, તારદેવ, મુંબઇ નં. ૩૪

ફોન નં. ૪૯૨૯૦૬૪

વિચારપ્રેરણા
પૂ. મુનિરાજશ્રી કલ્પદર્શનવિજયજી મહારાજ

ધર્મસ્થાનોમાં રૂશ થયેલું સ્ટિકર યુદ્ધ!

ભડકવાની જરૂર નથી. આ હેડીંગ ઉંઘમાં નથી લખાયું. ખરેખર ધર્મસ્થાનોને સ્ટીકર યુધ્ધનો અખાડો બનાવવામાં આવી રહ્યો છે. શેષકાળના મહારાષ્ટ્ર અને ગુજરાતના વહાર દરમ્યાન ઠેર ઠેર સ્ટીકર યુધ્ધ જોવા મળ્યું.

આમ તો સ્ટીકર એટલે પોસ્ટરનો નાનો ભાઇ કહેવાય. પોસ્ટર યુધ્ધ આ દેશ માટે બહુ જુનુ યુધ્ધ છે. સ્ટીકર અને પોસ્ટર જાહેરખબરના અતિ પ્રિય પુત્રો છે. ચુંટણીના પડઘમ વાગે એટલે પોસ્ટરનું બજાર ગરમ બને છે. એક પક્ષવાળા પોતાનું પોસ્ટર જ્યાં જગ્યા મળે ત્યાં ચોંટાડી દે. એટલે બરાબર એની ઉપર જ અથવા એની બાજુમાં બીજા પક્ષવાળા પોતાનું પોસ્ટર લગાવી જાય.

મોટા ઉદ્યોગોનું પોસ્ટર યુધ્ધ તો બારમાસી હોય છે. બન્ને હરીફ કંપનીએ પોતાના માલની જાહેરખબર માટે આકર્ષક પોસ્ટરો છપાવીને મુતરડી જેવા અશૌચાલયોને પણ સુશોભિત બનાવવાનો પ્રયાસ કરવા લાગે છે. સાથે સાથે ભાડુતી માણસોનો પણ સારો એવો ઉપયોગ કરે છે. " હરીફ 'કંપનીનું' એક પોસ્ટર ઉખાડી લાવો અને દસ રુપિયાની નોટ લઇ જાવ. " આવી ધમાલ તેઓમાં ધમધોકાર ચાલે છે. આ બધા પાછળ તેઓનો સ્વાર્થ, આગળ આવવાની ભાવના વગેરે કારણો સ્પષ્ટ હોય છે. પણ સ્ટીકર યુધ્ધનું ગણિત બહુ અટપટુ છે. તે સહેલાઇથી સમજાય તેવું નથી. એની પાછળના ઉદ્દેશો મને સ્પષ્ટ સમજતા હોવા છતાં કેટલીકવાર એકદમ સ્પષ્ટરૂપે જાહેરમાં મૂકી શકાય તેવા નથી હોતા. સુવાકયોના સ્ટીકરોથી જૈનોનો સ્ટીકર યુગમાં પ્રવેશ કરાવનાર જેન્ટલમેન સજ્જનની શોધ કરવી અને તેના માનસનું સંશોધન કરવું ખરેખર રસપ્રદ બને તેવું છે. આના ઉપર પી. એચ. ડી. થાય તો ઘણું જાણવા મળે તેવું છે. આજે સ્ટીકરોથી પ્રબુદ્ધ બનેલા ઘણાં અબુધો એ અજ્ઞાન સજ્જનના ઉપકારને મસ્તકે વહી રહ્યાં છે.

સુવાકયોથી શરૂ થયેલા સ્ટીકરો આજે ઉપધાનો, પ્રતિષ્ઠાઓ, પદવીઓ કે પુસ્તકોની જાહેરખબર સુધી પ્રગતિ કરી શકયા છે. આની પાછળ શ્રાવકોના માથા કામ કરતા હોય તેવી શકયતાઓ ઓછી લાગે છે. આવી મહાન પ્રગતિ કરવાનું તેઓનું ગજું નથી. સાધુઓને પ્રસિદ્ધિની ભૂખ ન હોય તો સ્ટીકરોની પ્રગતિમાં અવરોધ આવ્યા વગર ન રહે. શ્રાવકોને એટલી નવરાશ નથી કે ગામે ગામના દેરાસર-ઉપાશ્રયની ભીંતો થાંભલાઓ ઉપર સ્ટીકરો ચોંટાડવા જાય. આ તો પૂજનીય મહારાજ સાહેબની નિશ્રામાં ઉપધાન

કે પ્રતિષ્ઠા થવાની હેાય તેા વિહારમાં આવતા દરેક ગામેાના ધર્મસ્થાનેાને તેઓ બે–બે સ્ટીકરેાની પ્રભાવના આપતા જાય. ધર્મસ્થાનકેાથી તેા આમાં ઇન્કાર કરી જ ન શકાય કારણ કે આ તેા પ્રભાવના છે. પ્રભાવના પાછી ન ઠેલાય !

કેાઇકની પંન્યાસ પદવી મુંબઇમાં થઇ હેાય અને એના સ્ટીકરેા છપાવ્યા હેાય તે પદવી થઇ ગયા પછી પણ મહિનાઓ સુધી સ્ટીકરેા ચેાટાડવાનું કામ તેઓ લગની પૂર્વક કરે છે. તે વખતનેા તેમના મુખ ઉપરનેા મલકાટ (પ્ર) દર્શનીય હેાય છે. કયારેક મુંબઇમાં થયેલી પદવીના સ્ટીકરેાનેા રેલેા ગામડાઓમાં વિસામેા લેતેા લેતેા અમદાવાદ સુધી લાંબેા થઇ શકે. કદાચ એથી પણ આગળ લંબાઇ શકે.

કેાઇકને વળી પેાતાની વાર્તાની ચેાપડીઓની જાહેરખબર કરવી હેાય છે. તેના માટે તેઓ સ્ટીકરેા છપાવે છે. સ્ટીકરેા લગાવવા માટે એમને બીજી કેાઇ જગ્યા મળતી નથી ત્યારે ઉપાશ્રયના સાધારણના કે જ્ઞાનખાતાના કબાટેાનેા સહારેા લે છે. કબાટેા બગાડવાનું કામ ખૂબ જ પ્રેમપૂર્વક ચાલુ રહે છે. આવા " કબાટ ભકતેા " નેા ઉલ્લેખ કર્યા વિના વીસમી સદીનેા ઇતિહાસ અધૂરેા ગણાશે.
(ઇતિહાસ પ્રેમીઓ સાવધાન !)

સ્ટીકરેાની મેાટામાં મેાટી ખામી એ છે કે તે કામ પતી ગયા પછી પણ ચીટકી રહે છે. આમંત્રણ પત્રિકામાં અને સ્ટીકરમાં આ જ મેાટેા તફાવત છે. આમંત્રણ પત્રિકાને પ્રસંગ પૂર્ણ થયે આરામથી ઉતારીને બીજે મૂકી શકાય છે. આગળના પ્રસંગેાની પત્રિકા માટે જગ્યા ખાલી બની જાય પણ સ્ટીકરમાં આવું સુખ નથી. એ ચેાટે છે તેા બળજબરીથી જ, પણ પછી તમે બળજબરીથી તેને ઉખેડવા માંગેા તેા પણ એ મચક નહિ આપે. શીતળા મટી ગયા પછી એના ચાંઠા ચહેરા ઉપર રહી જાય છે. સ્ટીકર ઉપર બળજબરી કરતા પણ એવું જ પરિણામ આવે છે. તેના ડાઘા કબાટ કે ભીંત ઉપર રહી જાય છે. તેને જડમૂળથી નાબુદ કરવુ બહુ ઝંઝટનું કામ છે.

આવા સ્ટીકરેામાં બે પાર્ટી સામ સામે આવી જાય એટલે સ્ટીકરવેાર શરૂ થઇ જાય. એક જણ જે સ્ટીકર લગાવી ગયેા હેાય તેને સામી પાર્ટીનેા માણસ ઉખેડી નાખવાનેા પ્રયાસ કરે છે. એમાં કયારેક સફળ નથી બનતેા ત્યારે બરાબર એના ઉપર જ પેાતાનું સ્ટીકર લગાવી દે છે. કયારેક બન્ને અડધા અડધા દેખાય તેવું પણ બને. જે બન્નેના વિચારેાને પૂર્વ–પશ્ચિમનું અંતર છે. તે બન્નેના સ્ટીકરેા બાજુ–બાજુમાં લગાવેલા હેાય ત્યારે ખરું એકતાનું પ્રદર્શન થાય છે. એમાંય સ્ટીકરમાંના અમુક અક્ષરેાને ઉખેડીને વિકૃત અર્થ ઉપાસાવવાનેા પ્રયાસ તેા એવેા નિમ્ન કક્ષાનેા છે કે તેનું વર્ણન પણ બિભત્સ લાગે તેવું છે. આમ બન્નેની લડાઇમાં પવિત્ર ધર્મસ્થાનકેાના થાંભલા–ભીંત–

કબાટો, બારીઓ, બારણાંઓ, બારસાખો, દાદરના રેલીંગો, ટેબલોનો ખો નીકળી જાય છે. તેઓને આ અત્યાચાર મુંગા મોંઢે સહન કર્યા સિવાય છુટકો જ નથી. આ બધું ચાલે છે તેમાં ખરેખર કોઇ નવાઇની વાત નથી. સંસારમાં આવું તો થયા જ કરવાનું.

મને ખરૂં આશ્ચર્ય અને દુઃખ એ વાતનું છે કે પૂજ્યપાદ સ્વ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજને પણ આ પંગતમાં બેસાડવાનો પ્રયાસ ચાલી રહ્યો છે. જેના ગુરૂને ગમે તે રીતે પણ જ્યાં ને ત્યાં ચીટકી રહેવાનો શોખ હોય તેના ભકતો કે શિષ્યો તેમના સ્ટીકરો બનાવીને જ્યાં ત્યાં ચોંટાડે તો યોગ્યાયોગ્યની વાત બાજુ પર રાખીએ તોય છેવટે તેઓએ પોતાના ગુરૂની ઇચ્છાપૂર્ત્તિ કરી એમ કહેવાય. પણ જે મહાપુરૂષ સમગ્ર જીવન દરમ્યાન કોઇ માણસના હૃદયમાં પણ પરાણે ઘુસણખોરી કરતા ન હતા. જે માણસ સદ્‌ભાવ પૂર્વક પોતાના હૃદયમાં બિરાજમાન કરે તેમના હૃદયમાં ફકત બિરાજતા જ હતા, ચીપકતા ન હતા. (ચીપકવાનું તેઓશ્રીના સ્વભાવમાં જ ન હતું.) તેમને સ્ટીકરો મારફત ચીપકાવવામાં આવી રહ્યા છે. એ ગંભીર ઘટના છે. તેઓશ્રી જે વસ્તુમાં માનતા જ ન હતા તેવી વસ્તુ તેમના નામ માટે આચરીને કયા ગુનાસર તેઓશ્રીને આ મરણોત્તર સજા ફરમાવવામાં આવી રહી છે. તે સમજાતું નથી. જો ભવિષ્યમાં પોતાના માટે માર્ગ ખૂલ્લો થઇ જાય એ માટે આ બધું થઇ રહ્યું હોય તો એના જેવું દુષ્કૃત્ય બીજું કોઇ નથી.

આ વાત લખી છે ફકત સમજવા માટે ! કોઇ પૂજાની પેટી ઉપર સ્ટીકર લગાવીને દમામભેર ચાલતા માણસને સલાહ આપવાની ઉતાવળ કરતા નહિ કે સ્કુટર-મોટર ઉપર સ્ટીકરો ચોંટાડીને ઝડપથી વાહન ચલાવનારાઓને શીખામણ આપવાની મૂર્ખાઇ પણ કરતા નહિ. સલાહ આપવાનો આ જમાનો નથી. ઉતાવળ કરશો તો રોકડો જવાબ મળશે : " બેવકુફ, તને શું ખબર પડે ? આ પણ ગુરૂભક્તિનો પ્રકાર છે ! "

શાસ્ત્રમાં પરિણતિ બાબતમાં જીવોની ત્રણ અવસ્થા દર્શાવી છે : અપરિણત, પરિણત, અને અતિપરિણત. ભક્તિ જેવા ચિતસંવેદનશીલ તત્વ વિશે પણ હવે ત્રણ રીતે ચિંતન કરવું પડશે : અભક્તિ, ભક્તિ અને અતિભક્તિ. અતિભક્તિથી પીડાતી વ્યક્તિને અતિભક્તિનો ઉલ્લેખ માત્ર પીડાદાયક બની શકે છે એવું મારૂં મંતવ્ય છે. હું કયારેક કયારેક વ્યાખ્યાનમાં અપરિણત, પરિણત, અતિપરિણતની જેમ જ અભક્તિ ભક્તિ, અતિભક્તિ અને અવિધિ, વિધિ, અતિવિધિ જેવા વિષયો ઉપર થોડું વિસ્તરણ કરી લઉં છું. આજના કાળમાં એ વધુ જરૂરી પણ છે. ધ્યેય વિસ્તરણ !

: વનરાજી : સાધુએ વિરોધીઓ કરતા પણ ભકતોથી વધુ સાવધ રહેવાનું છે. તેમાંય કેટલાય ગાંડા ભકતો તો એવા અજ્ઞાન છે કે તેમના કારણે વખત આવ્યે ગુરૂને પણ બદનામ થવું પડે.

—વિજય રામચન્દ્રસૂરિ મહારાજા

(૬) તીર્થરક્ષક શ્રી વાલી મુનીશ્વર !

અલખનો જોગી ભગવાનનો ભાખેલો ભેખ ધરીને, સારવિહોણા અસાર સંસારને, આખરી અલવિદા કરીને, વીતરાગ ચિંધી વાટે, કદમ-કદમ પર કિલષ્ટ કર્મોનો કચ્ચરઘાણ કાઢવા ચાલી નીકળ્યો.

કિષ્કિંધાની રણ સંગ્રામની કર્મભૂમિ આજે ધર્મભૂમિ બની ચૂકી હતી. લંકેશ્વર દશકંધર (રાવણ) ને નાકોરીભર્યો કારમો પરાજય આપીને, વિજયી બનેલા કિષ્કિન્ધાના ધણી વાનરેશ્વર વાલીરાજને, સાર વિહોણા સંસારની અસારતા ઉપર ધિક્કાર વછુટયો. અને એક જ ઝાટકે સંસારી સબંધોનો વીરતાભર્યો ત્યાગ કરીને વાલીરાજ સર્વસંગના ત્યાગના પંથે ચાલી નીકળ્યા

ક્રાળક્રમે કઠોરતમ ઉગ્રત્તમ ચારિત્રના આરાધક શ્રી વાલી મુનિરાજને અનેક લબ્ધિઓ પ્રાપ્ત થઇ.

વિહાર કરતાં કરતાં એક વાર શ્રી તીર્થરાજ અષ્ટાપદ ગિરિ ઉપર આવ્યા, અને ત્યાં જ કાયોત્સર્ગ પૂર્વક માસક્ષમણને પારણે માસક્ષમણ કરવા લાગ્યા.

❀ જૈન રામાયણના પ્રસંગો ❀

શ્રી ચંદ્રરાજ

આ બાજુ કિષ્કિંધાના નૂતન રાજવી વાનરેશ્વર સુગ્રીવે પોતાની સગી બેન શ્રીપ્રભાને દશાનન સાથે પરણાવી. અને યુવરાજ પદે વાલીપુત્ર ચંદ્રરશ્મિને નિયુકત કર્યો.

કલંકભર્યો પરાભવ પામેલો રાવણ લંકામાં પાછો ફર્યો. અને પછી વિદ્યાધર આદિની રૂપવાન્ ઘણી કન્યાઓને બળાત્કારે પણ પરણ્યો.

એક વખત 'નિત્યાલોક' નામના વિદ્યાધરેશ્વરની 'રત્નાવલી' નામની કન્યાને પરણવા રાવણ પુષ્પક વિમાનથી આકાશ માર્ગે જઇ રહ્યો છે અને...અને થોડીજ વારમાં શ્રી અષ્ટાપદ પર્વત ઉપરથી પસાર થતું તેનું વિમાન કિલ્લા આગળ દુશ્મનના સૈન્યની જેમ સ્ખલના પામ્યું. અટકી પડયું.

વિમાન આગળ વધી શકતુ નથી. તે જોઇને દશાનન કોપયમાન થઇ ગયો.

"મારા વિમાનને અટકાવી દઇને મોતના મોઢામાં પેસવા કોણ તૈયાર થયો છે"

આમ બબડતો તે દશાનન વિમાનમાંથી નીચે ઉતર્યો, અને તેણે અષ્ટાપદના શિખરને જોયું અને પોતાના વિમાનની નીચે ધ્યાનમાં રહેલા શ્રી વાલીમુનિરાજને જોયા. અને જોતાની સાથે જ રાવણ ક્રોધથી ધૂમાં પૂમાં થઇ ગયો. અને બોલવા લાગ્યો કે–

"જગતને છેતરવા માટે તુ વ્રતનો ઢંભ શું કરવા કરે છે ? દીક્ષા લીધા પછી હજી સુધી પણ મારી સાથે તારા હૈયામાં વેરભાવના ભરી પડી છે ?"

"તે વખતે યુધ્ધમાં કોઇ છેતરપીંડી કરીને, મને બગલમાં ભરાવીને, તેં સમુદ્રો સુધી ફેરવેલો. અને "હું ભવિષ્યમાં કયારેક તારા વેરનો બદલો વાળ્યા વિના નહિ રહું" આવી ગભરામણથી તેં તરત દીક્ષા લઇ લીધેલી"

"આજે પણ હુ તે જ દશાનન છું. અને આ મારા બાહુઓ પણ તે જ છે, તેં કરેલા મારા પરાજયનો પુરપુરો બદલો લેવાનો માનુ છું કે, આજે કાળ પાકી ચૂકયો છે."

'ધ્યાન રાખજે વાલિન્ ! જે રીતે ચંદ્રહાસખડગ સાથે જ ઉંચકી લઇને તેં મને સમુદ્રમાં ભમાડયો હતો, તે જ રીતે આ અષ્ટાપદ પર્વતની સાથે જ ઉંચકીને તને લવણ સમુદ્રમાં ફેંકયા વિના હવે નહિ રહું"

આટલું બોલીને પૃથ્વીને ફાડી નાંખીને દશાનન શ્રી અષ્ટાપદ પર્વતના તળીયે પહોંચ્યો. અને એક સાથે એક હજાર વિદ્યાઓને યાદકરીને દશાનને દુર્ધર એવા શ્રી અષ્ટાપદ એવા પર્વતને હાથ વડે ઉંચો કર્યો.

અને ચારેકોર હાહાકાર મચી ગયો. વાતાવરણ ભયતીત બની ચૂકયુ.

આ બાજુ શ્રી વાલીમુનીશ્વરે અવધિજ્ઞાનથી દશનનના આ પરાક્રમને જાણી લીધુ. અને અનેકલબ્ધિના ધણી શ્રી વાલીમુનિશ્વર વિચારવા લાગ્યા કે–

'અહો ! આ દુર્બુદ્ધિ મારા ઉપરના વૈરભાવથી શા માટે અનેક પ્રાણીના સંહારને આચરી રહ્યો છે ?'

'અને ભરતેશ્વરના આ ભરતક્ષેત્રના ભૂષણ રૂપ ચૈત્યનો વિનાશ વેરીને તીર્થોચ્છેદ કરવા તૈયાર થયો છે'

'જો કે હું ત્યકત સંગવાળો અને મારા શરીરમાં પણ નિસ્પૃહ છું. રાગદ્વેષથી રહિત હું સમતારસમાં નિમગ્ન છું."

'તો પણ ચૈત્યના ત્રાણ માટે અને પ્રાણીઓની જીવનરક્ષા માટે, હું રાગ કે દ્વેષ વિના આ દશાનનને કંઇક શિક્ષા તો કરીશ જ.'

આમ વિચારી વાલી મુનિવરે પગના અંગૂઠાથી રમતમાં જ અષ્ટાપદને કંઈક દબાવ્યો. અને તેથી પર્વત નીચે જ દબાતો ગયો. તેથી પર્વતની નીચે દશાનન પણ દબાવા લાગ્યો. મોઢેથી લોહીની ઉલટીયો કરતો દશાનન રડતો રડતો કેમે કરીને બહાર નીકળ્યો. પૃથ્વિને પોતાના રડવાના પડલાથી દશાનન રડાવવા લાગ્યો, ત્યારથી તે રાવણ તરીકે પ્રસિદ્ધ થયો. રાવણના દીન, કરૂણ રૂદનને સાંભળીને કૃપાસિંધુ વાલી મુનિરાજે રાવણને જલ્દી છોડી મૂકયો. રાવણને માત્ર સબક શીખવવાનો જ મુનિવરનો આશય હતો. પણ રાવણ તરફ કશો ક્રોધ ન હતો

પર્વતની કે બખોલ, પેટાળમાંથી બહાર નીકળીને પ્રતાપહીન, પશ્ચાત્તાપવાળો રાવણ ત્યાં આવ્યો, જયાં વાલી મુનિવર ઉભા હતા. પોતાના થયેલા અપરાધની ક્ષમા યાચતા રાવણ કહેવા લાગ્યો કે-

'લાજ શરમ વિનાનો હું વારંવાર આપના ઉપર અપરાધનો કરનારો થયો. શક્તિશાળી હોવા છતાં અતિદયાળુ આપે તે અપરાધોને સહન કર્યો'.

'પહેલાં પણ મારા ઉપર કૃપા કરીને જ હે પ્રભો ! આપે આ પૃથ્વીને તજી હતી પણ અસામર્થ્યથી નહિ' એટલું પણ હું પહેલા સમજી ના શકયો'

"મોતના મોઢામાં પેસી ગયેલા મને તમારા વડે પ્રાણદાન કરાયુ છે, અપરાધીને વિશેપણ જેમની આવી સુંદર મનોવૃત્તિ છે, તેવા આપને નમસ્કાર"

અત્યંત ભકિતભર હૈયે બોલીને અને ક્ષમા માંગીને રાવણે શ્રી વાલી મુનિવરને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદના કરી.

શ્રી વાલી મુનિરાજના આ અદ્‌ભૂત મહાત્મ્યથી આનંદ પામેલા દેવોએ શ્રી વાલી મુનિરાજ ઉપર પુષ્પવૃષ્ટિ કરી-

શ્રી વાલી મુનિરાજે રાવણને શિક્ષા કરતાં પહેલાં વિચારેલું કે-

तथापि चैत्यत्राणाय प्राणिनां रक्षणाय च ।
रागद्वेषौ विनैवेनं शिक्षयाणि मनागहं ।२५२।।

તો પણ ચૈત્યના ત્રાણ માટે, એ પ્રાણીયોના રક્ષણ માટે રાગ કે દ્વેષ વિના જ આ દશાનનને થોડીક પણ શિક્ષા તો હું કરીશ જ."

અગ્નિનો નાનો તણખો ઘાસની મોટી ગંજીને બાળી નાખે છે. તેમ અશ્રદ્ધાનો નાનો અંશ સાધકને ચારિત્રથી ભ્રષ્ટ કરી નાખે છે, તે પર શ્રી આષાઢાચાર્યની કથામાં શ્રદ્ધામાં [આજ્ઞાથી] મજબૂત બનાવાની પ્રેરણા આપે છે.

શ્રી આષાઢાચાર્ય વિદ્વાન હતા, શાસ્ત્ર સિદ્ધાંતના સારા જાણકાર હતા અને વિશાળ શિષ્ય સમુદાયના સ્વામી હતા. પણ તેમના મનમાં ઊંડે ઊંડે એક શંકા રહેલી હતી. કે 'દેવલોક હશે કે નહિ' ? આથી પોતાનો એક શિષ્ય બિમાર પડયો. અને તેનો કાલધર્મ નજીક આવ્યો ત્યારે અંતિમ આરાધના કરાવીને કહ્યું કે 'તે જે ચારિત્ર પાળ્યું છે, તેના પ્રભાવે તારી જરૂર દેવગતિ થશે. એ રીતે જો તું દેવલોકમાં ઉત્પન્ન થાય તો તરત જ મને કહેવા આવજે. બસ આટલું કરજે.'

શિષ્ય કાલધર્મ પામીને દેવલોકમાં ઉત્પન્ન થયો, પણ ત્યાંના અનુપમ સુખમાં ડૂબી જતાં ગુરૂજી ને ભુલી ગયો. અહિં ગુરૂજી રાહ જોતા રહ્યા કે હમણાં આવશે, પણ કોઇ આવ્યું નહિ, થોડા દિવસો પછી. બીજો શિષ્ય બિમાર પડયો અને તેના જીવનનો અંતિમ સમય પાસે આવ્યો, ત્યારે તેને પણ આરાધના કરાવી કહ્યું કે 'તું

શ્રદ્ધાનો સાર

-પૂ. સાધ્વી શ્રી રવિચંદ્રાશ્રીજી મા. (શિવગંજ)

દેવલોક માં ઉત્પન્ન થાય તો જરૂર મને કહેવા આવજે'. શિષ્યે તે વાત કબૂલ કરી પણ દેવલોકમાં ઉત્પન્ન થયા પછી તે પણ ભૂલી ગયો. ત્રીજો શિષ્ય બિમાર પડયો, ત્યારે પણ આમ જ બન્યું એટલે આચાર્યના મનમાં શંકા વધી. ' શું ત્યારે દેવલોક નહિ જ હોય ! એવામાં ચોથા શિષ્યને કાલધર્મ પામવાનો વખત આવ્યો ત્યારે તેને ભારપૂર્વક કહ્યું કે 'પેલા ત્રણ તો મને ભૂલી ગયા, પણ તું ન ભૂલીશ. જો તું દેવલોક માં ઉત્પન્ન થા કો જરૂર કહેવા આવજે.' શિષ્ય તેમ કરવાનું વચન આપ્યું અને કાળધર્મ પામી દેવલોકમાં ઉત્પન્ન થયો. પણ ત્યાંની મોહીની એવી કે ઉત્પન્ન થયા આત્મા રંગતરંગમાં ડૂબી જાય છે. અને તેમાં વર્ષો પસાર થઇ જાય છે.

જયારે ચોથો શિષ્ય પણ કહેવા આવ્યો નહિ ત્યારે આચાર્યની શ્રદ્ધા ચલિત થઇ ગઇ. તેઓ વિચારવા લાગ્યા કે 'ખરેખર ! દેવલોક જેવી કોઇ વસ્તુ લાગતી જ નથી. જો દેવલોક હોય તો મારો કોઇ પણ શિષ્ય કહેવા કેમ ન આવ્યો ? તો પછી

પરલોક પરભવને માનવાનું પણ કારણ શું ? અને પરલોક પરભવ ના હોય વર્તમાન જીવનનાં સુખો છોડીને કઠોર સંયમસાધના કરવી શા માટે ?

ખરેખર ! હું ઠગાયો છું, ભૂલ્યો છું હવે આ સંયમી જીવનથી સર્યું' અને તેઓ ઘરે પહોંચવાની ભાવનાથી પોતાનાં વિશાળ શિષ્ય સમુદાયને છોડી ચાલી નીકળ્યા. એવામાં દેવ બનેલા ચોથા શિષ્યે ઉપયોગ મૂકીને જોયું તો ગુરૂજીને આ હાલતમાં દીઠા. તેને ઘણું દુઃખ થયું. પણ ઠેકાણે શી રીતે લાવવા ? જો સમય પસાર થઇ જાય તો વિચારમાં પલટો આવે એમ માની તેણે રસ્તામાં નાટક વિકુવ્યું આચાર્યે જોયું કે અંહિ એક સુંદર નાટક થઇ રહ્યું છે. એટલે તે જોવા ઉભા રહી ગયા. હવે તો ઘરે જઇને લહર કરવી છે, તો નાટક જોવામાં શું વાંધો ? હવે પણ નાટક માં એવો રસ પૂર્યો કે આષાઢાચાર્યને સમય કે દેહ બે માંથી કોઇનો ખ્યાલ રહ્યો નહિ, આજ હાલતમાં છ માસ વ્યતીત થઈ ગયા પરંતુ આષાઢાચાર્ય માને છે કે 'મે થોડો વખત નાટક જોયું ચાલ હવે જલ્દી ઘરે પહોંચી જંઉ.'

એવામાં રસ્તે બાળક મળ્યો. તેનું આંખુ શરીર ઘરેણાંથી લદાયેલું હતું વળી સાથે કોઇ પણ હતું નહિ. આષાઢાચાર્યે વિચાર કર્યો કે 'હવે સંસાર સુખ માણવું છે. અને તેમાં ડગલે ડગલે દ્રવ્યની જરૂર પડશે, માટે આ બાળક ને મારી તેનાં શરીર પરથી સર્વે ઘરેણાં ઉતારી લઉં તો શું ખોટું ? દયા તો ઘણી પાળી, પંણ તેનું ફળ કંઇ ન મળ્યું નહિ. માટે દયાને જતી કરવી એજ સારી, તેમણે પેલા બાળકની નજીક જઇ, તેને જોરથી પકડયો, તેની ગરદન મરડી નાખી અને તેના શરીર પરથી બધાં ઘરેણાં ઉતારી લઇ તે બાળકને બાજુના એક ખાડામાં નાખી દીધો. આગળ ચાલતા બીજે એક એવો જ બાળક મળ્યો, તો આષાઢાચાર્યે તેની પણ એ જ હાલત કરી. આ રીતે રસ્તામાં કુલ છ બાળકો મળ્યાં અને છએની ડોક મરડી મારી ને તેમના બધા ઘરેણા ઉતારી લઇ. તેમને બાજુના ખાડાઓમાં નાંખી દીધા.

પાત્રા ઘરેણાંથી ઠસોઠસ ભરાઇ ગયાં છે. આષાઢાચાર્ય સાવધાનીથી આગળ વધે છે. એવામાં એક સાધ્વીજી જોવામાં આવ્યા તેમના શરીર પર ઘરેણાં છે. અને પેટ પણ કંઇક વધેલું છે. આ જોતા જ આષાઢાચાર્ય બોલી ઉઠયા. 'અરે ! આ શું સાધ્વીજી નાં શરીર પર ઘરેણાં ? અને આ રીતે પેટ વધારતા કંઇ લજ્જા પણ ન આવી ? દેવમાયા થી સાધ્વીજી નું રૂપ લઇ ને સાધ્વીજી એ કહ્યું મહારાજ ! બધાને પારકા દોષો દેખાય છે, પોતાના દોષો દેખાતા નથી. તમે આચાર્ય થઇને એકલા વિહાર કેમ કરો છો ? અને ઝોળી આટલી બધી ભારે કેમ લાગે છે ?

આ શબ્દો સાંભળતાં જ આષાઢાચાર્યનું મોઢું શરમથી નીચું થઇ ગયું અને તે કંઇ પણ બોલ્યા વિના આગળ ચાલ્યા. દેવે જોયું કે ગુરૂજીએ સંયમ છોડયો, અંહિસા

છોડી, પણ લજ્જા નથી છોડી, એટલે તેમને જરૂર ઠેકાણે લાવી શકાશે પછી દેવે રસ્તામાં એક રાજાનું રૂપ કર્યું આષાઢાચાર્યે જોયું કે સામેથી હાથી, ઘોડા તથા ઘણા સિપાઇઓ ચાલ્યા આવે છે. એટલે ભય લાગ્યો અને મુખ્ય માર્ગ છોડી એક નાની કેડી નો માર્ગ પકડયો. પણ થોડી વારે ત્યાં પણ આવું જ દૃશ્ય જોવામાં આવ્યું અને જોત જોતામાં સિપાઇઓ તેમને ભેટી ગયા. રાજા પણ સાથે જ હતો તેણે આગળ આવી આચાર્યને પ્રણામ કર્યા, સુખશાતા પૂછી અને કંઇ પણ વહોરવાની વિનંતિ કરી. આષાઢાચાર્યે કહ્યું: 'રાજન્ ! મારે કોઇ પણ વસ્તુનો ખપ નથી. વળી આગળ જવું છે. એટલે હાલ વહોરવનું નહિ બને.

રાજાએ કહ્યું કે કંઇક તો વહોરવું જ પડશે. આવા અરણ્ય પ્રદેશમાં આપના જેવા આચાર્યનો લાભ કયાંથી મળે ? આપનો વધારે સમય જશે નહિ માત્ર ક્ષણનું કામ છે.' આષાઢાચાર્ય ગભરાયા 'આ તો ભારે થઇ પાતરામાં ઘરેણાં ઠાંસી ઠાંસીને ભર્યા છે. હવે વહોરવા શી રીતે જવું. પણ બહારથી હિંમત રાખી તેમણે કહ્યું 'રાજન્ ! તમારી ભાવના છે. એટલે તમને લાભ મળી ચૂકયો. મારાથી અહિં વધારે રોકાઇ શકાશે નહિ. અને તેઓ ચાલવા લાગ્યા. એટલે રાજાએ આગળ વધી હાથ પકડયો અને 'ગુરૂદેવ' લાભ તો દેવો જ પડશે. એમ કહી તેને જોરથી ખેંચ્યો આમ ખેંચતાણ કરતાં આષાઢાચાર્યના હાથમાંથી ઝોળી છટકી ગઇ અને પાતરા હોય પડતાં જ તેમાંથી ઘરેણાં બહાર નીકળી ચારે બાજુ વેરાઇ ગયા.

રાજાએ પૂછયું. 'મહારાજ ! આ શું ? તમારી પાસે આટલા બધા ઘરેણાં કયાંથી ? આચાર્ય તો સૂનમૂન બની ગયા. તે શું જવાબ આપે ? રાણી પણ સાથે જ હતી તે બહાર આવી કહેવા લાગી કે આ ઘરેણાં તો મારા બાળકોનાં છે. પણ મારા બાળકો કયાં ? આચાર્ય વિચારવા લાગ્યા કે 'આ તો મારી પોલ પકડાઇ ગઇ, હવે આ રાજા મને જાનથી માર્યા વિના નહિ રહે. મને શું કુમતિ સુઝી કે હું ગચ્છને છોડી ઘર જવા નીકળ્યો અને રસ્તામાં આવા કાળા કામો કર્યા ? હવે આમાંથી બચવું શી રીતે ? તેમને ખૂબ પશ્ચાતાપ થવા લાગ્યો. અને તેઓને મનમાં ખૂબ દુઃખ થયું કે મેં જિનેશ્વર ભગવાનની આજ્ઞાનો ભંગ કર્યો. હવે મારી નરકમાં આપના ગુણોની જ રટણા થયા કરશે. દેહના તમામ અણુઓ આપની આજ્ઞા પ્રમાણે જ પ્રવર્તશે, મનમાં રૂડા વિચારો આપની આજ્ઞાને અનુકૂલ જ રહેશે. મારાથી હિંસા થઇ, વગેરે પશ્ચાતાપ કરતા પશ્ચાતાપમાં ડૂબી ગયા

પરંતુ થોડી વાર પછી આજુબાજુ જુએ છે,કે કંઇ પણ દેખાતું નથી, આજ

વખતે પેલેા દેવ પ્રકટ થઇને કહે છે. 'મત્થએણ વંદામિ' અને આચાર્ય આશ્ચર્ય ચકિત નજરે તેના સામું જોઇ રહે છે. હું દેવલોકમાં ઉત્પન્ન થયા પછી તરત જ આપને કહેવા આવવાનેા હતેા, પણ થેાડેા વિલંબ થયેા મારેા એ અપરાધ માફ કરેા.

'તેા શું દેવલોક છે ?' આચાર્યે ભારે આશ્ચર્ય વ્યકત કરતાં પ્રશ્ન કર્યો. હા મહારાજ !' દેવે વિનય પૂર્વક જવાબ આપ્યેા. અને એજ વખતે આષાઢાચાર્ય ને લાગ્યું કે પેાતાની વર્ષોની સંયમ સાધના છેાડી દેવામાં મેાટી ભૂલ કરી હતી. અને તેઓ ગચ્છમાં પાછા ફર્યા અને પ્રાયશ્ચિત લઇ, શુદ્ધ થઇ, ફરી ચારિત્રનું નિરતિચાર પાલન કરવા લાગ્યા અને અંતે તેઓ આજ ભવમાં થેાડા સમયમાં કેવળજ્ઞાન મેળવી સકળ કર્મનેા ક્ષય કરી મુક્તિપુરીમાં સીધાવે છે. જૈન દર્શનનેા સાર ચાર અનુયેાગેા છે તેનેા સાર ચર ધુકરણાનુયેાગ છે.

જ્ઞાન, શ્રદ્ધાનેા અને સંયમનેા સમન્વય તેનું નામ ચારિત્ર. સમ્યકજ્ઞાન પ્રાપ્ત કરનાર સાધક આત્મા, જૈન દર્શને પ્રરૂપેલ લેાકના સ્વરૂપનેા જ્ઞાતા બની જે આશ્રવ તથા બંધથી દૂર રહી સંવર તેમજ નિર્જરામાર્ગની આરાધના કરવા ઉજમાલ બને, તેા જ તેનું જ્ઞાન તથા તેની શ્રદ્ધા સફળ બને છે. જૈન કથાનુયેાગનાં સારૂપે ત્યાગ, તપ, જ્ઞાન વૈરાગ્ય ધૈર્ય, શીલ, સંયમ અને સત્વ ઇત્યાદિ જીવનનાં મહામંગલ તત્ત્વેાની પ્રેરણા આપનાર રૂપ છે. આ કથા શ્રદ્ધા ભ્રષ્ટ થતાં આત્માનું કેવું અધઃપતન થાય છે. અને શ્રદ્ધા દૃઢ થતાં આત્મા કેવેા ઉર્ધ્વગમન કરે છે. અને શ્રદ્ધામાં મજબૂત બનવાની પ્રેરણા આપે છે. આષાઢાચાર્યના શિષ્યેા દેવલોકમાં ગયા અને ત્યાંના સુખમાં મગ્ન રહ્યા.

ગુરૂજી ની આજ્ઞા ભૂલી જવાથી. ગુરૂમહારાજ શ્રદ્ધાથી ભ્રષ્ટ [ચલિત] થયા સંયમ થી ચલિત થયા.

આજ્ઞા પાળવામાં કેટલેા લાભ છે અને આજ્ઞા ન પાળવામાં આત્માને કેટલું નુકશાન થાય છે. તે આ દૃષ્ટાંત પૂરું પાડે છે.

જિન આજ્ઞા માટે સાવધાન —હીના શાહ

૧ આજ્ઞાની અંદર વિચરતેા શ્રી સંઘ માતા પિતા સરખે છે. અને મેાક્ષરૂપ ઘરના સ્તંભ સમાન છે. ૨ જો મનુષ્ય શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી રસિક બની જાય અને સન્માર્ગ સ્થિત થઇ જાય તેા, તે પ્રાણી માર્ગનેા રક્ષક પણ બની જાય ૩, હે વીતરાગ, તારી સેવા કરતા તારી આજ્ઞા પહેલી ૪, પ્રભુએ ફરમાવેલ આજ્ઞાથી આત્મા એક પણ કદમ પાછેાં નહિ જ ખસે.

શાસન સમાચાર

મુંબઇ-ભાયખલા : પૂ. આ. વિ. મિત્રાનંદ સૂરીશ્વરજી મહારાજ આદિ ઠા. ૧૦ તથા પૂ. સા. શ્રી વિમલપ્રભાશ્રીજી મ. આદિ ઠા. ૯ નો ચાતુર્માસ પ્રવેશ શાનદાર થયો. અષાઢ સુદ-૧૩+૧૪ ના દિવસે પુરુષોમાં ૬૫ અને બેનોમાં ૧૦૦ પૌષધ હતા અને તે જ દિવસે શ્રી સંઘમાં ૭૦ પુણ્યાત્માઓએ ૭૦ દિવસનો જિનદીક્ષા તપ શરૂ કર્યો. તે દિવસે ગ્રંથ વહોરાવવા વગેરેની બોલી પ્રવચન દરમ્યાન બોલાઈ. અષાઢ વ. ૫ થી શાંતિ સુધારસ તથા કુમારપાળ ચરિત્ર ઉપર પૂ. મુનિશ્રી ભવ્યદર્શન વિ. મ. પ્રેરક પ્રવચનો આપી રહ્યા છે. પૂ. આચાર્ય દેવ દર રવિવારે બપોરે પ્રશ્નોત્તરી પ્રવચન તથા સાધુ-સાધ્વીજીને આગમની વાચના અને રાત્રે યુવાનોને તત્ત્વજ્ઞાનની વાચના આપી રહ્યા છે. બેનોમાં સીતા કલંક નિવારણ તપ પણ ચાલુ છે કંઠાભરણ તપની તૈયારી ચાલે છે અષાઢ વદ-૧૪ ના રોજ સ્વ. પૂજ્યપાદ તપાગચ્છાધિપતિ આ. ભ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની દ્વિતીય પુણ્યતિથિ શાનદાર ઉજવાઇ. ગુણાનુવાદ સભામાં પૂજ્યશ્રીની પ્રતિકૃતિને સંઘ પ્રમુખ સરેમલજીએ પુષ્પહાર ચઢાવ્યો. નવયુવક અજયકુમારે બુલંદ અવાજે ૧૨ સ્તુતિથી ગુરૂસ્તવના કરી સભાને ભાવવિભોર બનાવી. પૂ. મુ. શ્રી ભવ્યદર્શન વિજયજી મ. તથા પૂજ્ય આચાર્યદેવે પ્રવચન કર્યા પછી ફરી ૧૨ સ્તુતિથી ગુરૂસ્તવના થઇ. જગદીશભાઇ તથા જયપ્રકાશભાઇએ જોશીલી શૈલીમાં પૂજ્યશ્રીને શ્રધ્ધાંજલી અર્પી. રૂા. ૧૭ નું સંઘ પૂજન થયું તથા લાડવાની પ્રભાવના થઇ. ૨૫-૩૦ યુવાનોએ ૬૦ પ્રભુજીને ભવ્ય અંગરચના કરી. ઘીના દીવા અને તાજા પુષ્પો એની વિશેષતા હતી. આજે દુર દુરથી ઘણા ભાવિકો ગુણાનુવાદ ની સભામાં આવ્યા હતા.

રતલામ : અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂ. તથા પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. આદિની નિશ્રામાં સુંદર આરાધના ચાલે છે અષાઢ વદ ૫ થી ધર્મરત્ન પ્રકરણ તથા રવિવારે ઉપદેશ સપ્તતિકા વ્યા. વંચાય છે.

પૂ. આ. શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. ની દ્વિતીય પુણ્ય તિથિ અષાઢ વદ ૧૪ ના સવારે પૂ. શ્રીની પ્રતિકૃતિ સાથે ભવ્ય વરઘોડો બજારોમાં ફરી ઉપાશ્રયે આવ્યો. પૂ. શ્રીના ગુરૂપૂજન ની બોલી થતાં માણેકચંદ લુણીયાએ ગુરૂપૂજન લાભ લીધો. શ્રી પાર્શ્વનાથ પ્રભુજી તથા પૂ. શ્રીની સ્તવના સૌ બોલ્યા બાદ ગુણાનુવાદ પ્રવચન થયું. સમીરમલજી લુણીયા તરફથી લાડુની પ્રભાવના થઇ બપોરે ઠાઠથી પૂજા શ્રીમતી કનકાબેન નરશી કચરા (લાખાબાવળ) ના

શ્રેયાર્થ પૂજા ભણાવાઈ પ્રભાવના લાડુની સમીરમલજી લુણીય તરફથી થઈ.

પાંચ દિવસ નવ લાખ જાપ એકાસણામાં ૧૭૫ સંખ્યા થઈ એકાસણા (૧) રતનચંદજી પિત્તળીયા, (૨) બાબુભાઈના માતુશ્રી મુંબઈવાલા, (૩) માણેકલાલ કટારીયા તથા (૪–૫) ભાવિકો તરફથી થયા. શ્રા. વ.–૧૨ દ્વીપક એકાસણા ૩૨૫ થયા તે લાભ શ્રી સકલેચાએ લીધો. આસો માસની ઓળી માટે લંડનના ભાવિકો તરફથી હ: શ્રી બાઉન્સ ગ્રીન સંત્સંગ મંડળ તરફથી ઉત્સાહ ઉત્સવ સાથે કરવાનું નકકી થયું છે.

ભાવના ભવનાશિની મૂલ્ય રૂા. ૧૮

વિવેચક સ્વ. પૂ. પં. શ્રી કાંતિ વિજયજી ગણિવર

સં. પૂ. ઉ. શ્રી નરચંદ્ર વિજયજી ગણિવર

તા. ૪–૧૦–૯૩ સુધી મંગાવનારને રૂા. ૧૨ માં મળશે.

પોસ્ટ રૂા. ૧ એમ કુલ રૂા. ૧૩ મોકલનારને નીચેના સરનામેથી પુસ્તક મંગાવી લેવું.

શેઠ ધર્મદાસ શાંતિદાસની પેઢી

જૈન દેરાસર– સાવરકુંડલા

ફોન. ૩૬૪૫૧૫ (સૌરાષ્ટ્ર)

તખતગઢ— પરમ તપસ્વી, કમલરત્ન વિજયજી મહારાજ સાહેબ પિંડવાડા નગરે દીક્ષા મહોત્સવ હર્ષોલ્લાસ પૂર્વક પૂર્ણ થતા ત્યાંથી વિહાર કરી અગે (તખતગઢ) શ્રી સંઘની વર્ષોથી આગ્રહભરી વિનંતિ ને માન્ય રાખી ચાતુર્માસાર્થે શ્રી સંઘની ધર્મ આરાધનામાં વૃદ્ધિ હેતુ જેઠ વદ–૯ ના દિવસે ચિત્તના આહલાદને વધારતા ઢોલ–ત્રાંસા અને ગગનભેદી ઢોલ, વિશાલ સંખ્યામાં શ્રી સંઘના ઉત્સાહ પૂર્વક નગર પ્રવેશ ઘણા ઠાઠથી થયેલ ઘર ઘર ગહુલીઓ પણ થયેલ પછી પૂજ્યશ્રીએ માંગલિક અને તાર્કિકરત્ન પૂજ્યશ્રી વિમલરત્ન વિજયજી મહારાજ સાહેબનું ભવ્ય જીવોને વૈરાગ્ય રસપાન કરાવતુ વ્યાખ્યાન, શ્રી સંઘમાં સામુદાયિક સારા પ્રમાણમાં આયંબિલ પ્રભાવના વગેરે થઈ.

અત્રે દરરોજ પ્રવચનકાર પૂજ્ય વિમલ રત્ન વિજયજી મહારાજ ધર્મ સંગ્રહ તથા જૈન રામાયણ ઉપર આર્યસંસ્કૃતિના આદર્શનુ સ્મરણ કરાવતી જિનવાણીનુ શ્રવણ કરાવે છે. તેમજ પરમારાધ્ય પૂજ્યપાદ રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સમાધિમય સ્વર્ગવાસની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિ પ્રસંગે શ્રી સંભવનાથ ભગવાનની આરાધનાર્થે અ. વ. ૧૨–૧૩–૧૪ ના અઠ્ઠમ, ઉપવાસ, આયંબિલ વિગેરે તપશ્ચર્યા સાથે ગુણાનુવાદ અને બપોરે વિજય મુહૂર્તે શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજનથી જિનેન્દ્ર ભક્તિ થયેલ છે અત્રે પૂજ્ય ગુરૂદેવશ્રીને વર્ધમાન તપની ૯૩મી ઓળી શ્રેણીતપ, ધર્મચક્ર તપ તેમજ મોક્ષદંડ તપ સાંકલી અઠ્ઠમ વિગેરે સંઘમાં ચાલુ છે.

મારવાડ દેશે સદ્ધર્મ સંરક્ષક પરમ તપસ્વી પરમ પૂજ્ય મુનિરાજ શ્રી કમલ-રત્ન વિજયજી મહારાજ સાહેબની નિશ્રામાં શિષ્યરત્ન પ્રવચનકાર, તાર્કિકરત્ન પરમ પૂજ્ય મુનિરાજ શ્રી વિમલરત્ન વિજયજી મહારાજ સાહેબના વૈરાગ્ય રસના ઝરણા સમાન ઝરતિ મધુરી વાણીએ તપના વિવ-રણનુ શ્રવણ કે જે અનિયત સ્વભાવવાલા અશુભ કર્મ જે પોતાનો વિપાક દેખાડવા સન્મુખ થયા હોય તે પણ શુદ્ધ આજ્ઞા યોગને સાપેક્ષ રહી જો તપ કરવામાં આવે તો ભયંકરમાં ભયંકર કર્મ પણ પોતાનો વિપાક દેખાડયા વગર પણ ખરી જાય છે એવુ સાંભલતા જ સંઘમાં હર્ષોલ્લાસ પૂર્વક મોક્ષ દંડક તપમાં લગભગ ૬૦ ઉપર તપસ્વી ઓએ ભાગ લઈ તખતગઢ મુકામે પહેલી જ વાર રેકોર્ડ કર્યો છે.

અમદાવાદ : સુબાજી રવચંદ જૈન વિદ્યાશાળામાં અખિલ ભારતીય શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ જિનાજ્ઞા આરાધક સંઘના ઉપક્રમે પ્રસિદ્ધ જૈનાચાર્ય વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની બીજી વાર્ષિક સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ગુણા-નુવાદ સભા ભરાઇ હતી. પૂ. આચાર્ય સુદર્શનસૂરિ મ. એ મંગલાચરણ કરી સભાનો શુભારંભ કર્યો હતો.

શ્રી રસીકલાલ વકીલે આચાર્યશ્રીનો પરિચય આપતાં કહ્યું હતું કે તેઓની એક આંખમાં વાત્સલ્ય હતું. બીજી આંખમાં કડકાઇ હતી. ધર્મના દ્વેષીઓને તેઓ સાંખી લેતા ન હતા. શ્રી કાંતિલાલ અમૃતલાલે જણાવ્યું કે આચાર્ય મહારાજના પ્રતાપે તેમની સલાહ મુજબ મેં ધંધામાંથી નિવૃત્તિ લીધી હતી અને આજે ધર્મરત જીવનના કારણે હું પહેલા કરતા પણ વધુ સુખી છું,

મુનિ જયદર્શન વિજયજીએ જણાવ્યું હતું કે પૂજ્ય ગુરૂદેવ જેવી વિભૂતિ સદીઓ બાદ કયારેય જ દેખા દે છે. પૃથ્વીના પુણ્ય જ્યારે પરિપકવ બને છે ત્યારે આવી વિભૂતિ પેદા થાય છે.

પં. શ્રી ચંદ્રગુપ્ત વિજય મહારાજે જણાવ્યું હતું કે પ્રવચનરાગ એટલે અરિ-હંત પરમાત્માના શાસનનો અપૂર્વ પ્રેમ, હાર્દિક બહુમાનભાવ! આચાર્ય મહારાજ તીર્થોદ્ધારક ન હોય, આત્મોદ્ધારક હોય. તીર્થોદ્ધારનું કર્તવ્ય તો શ્રાવકનું છ. તેમની તીર્થોદ્ધારક તરીકેની ઓળખ આપવી તે તેમની સાચી ઓળખ નથી.

શ્રી જયંતિલાલ આત્મારામે આચાર્ય ભગવંત સાથેના પોતાના પરિચયનું વર્ણન કર્યું હતુ. આચાર્યદેવનુ એક ભકિતગીત સંગીતકાર શ્રી ધનવંતભાઇ ચોકસીએ સંગી-તવાદ્યો સાથે ખુબ જ સુંદર રીતે રજુ કર્યું હતું. સભાનુ સંચાલન શ્રી રાજુભાઇ પંડીતે કર્યું હતું. પૂજ્ય આચાર્યદેવની બીજી સ્વ-ર્ગારોહણ તિથિ નિમિત્તે શહેરના બહુ-સંખ્ય જિનમંદિરોમાં સુંદર અંગરચનાઓ થઇ, અભયદાન, અનુકંપા દાનના કાર્યો વિશાળ સંખ્યામાં કરવામાં આવ્યા હતા.

દુર્ગ (મ. પ્ર.) અત્રે ઉ. શ્રી મહોદય સાગરજી મ.ની નિશ્રામાં અષાડ સુદ ૧૧ના આ. શ્રી જિનદત્ત સૂરીશ્વરજી મ.ની ૮૩૯માં પુણ્ય તિથિની ઉજવણી થઈ. પ્રવચનો થયા.

અમદાવાદ–લુણસાવાડ મોટી પોળમાં પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ.ની આજ્ઞાથી મુ.શ્રી દર્શન રત્ન વિજયજી મ.ની નિશ્રામાં પૂ. પાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ.ની દ્વિતીય સ્વર્ગ તિથિ અંગે ગુણાનુવાદ સામુદાયિક એકાસણા થયા. શ્રા. સુ ૧ના તપના મહિમા ઉપર જાહેર પ્રવચન તથા શ્રા. સુ. ૫ના નેમિનાથજી જન્મ કલ્યાણક અને પ્રવચન તથા સામુદાયિક એકાસણા થયા. જુદા જુદા વિષય ઉપર તિથિએ વ્યાખ્યાનો થાય છે.

ગોકાક (કર્ણાટક)–અત્રે પૂ. આ. શ્રી વિજય વિચક્ષણ સૂરીશ્વરજી મ. તથા ગણિવર શ્રી શ્રેયાંસ પ્રભ વિ. મ.ની નિશ્રામાં પૂ. પાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ.ની દ્વિતીય પૂણ્યતિથિ તથા બાબુલાલ હંસારજી નિંબજીયાના શ્રેયાર્થે તથા શ્રીમતી લીલાબેન બાબુલાલજીની તપોમય આરાધનાના અનુમોદનાર્થે અઠ્ઠાઈ મહોત્સવ શાંતિસ્નાત્ર સાથે અષાડ વદ ૧૩થી શ્રાવણ સુ. ૬ સુધી ભવ્ય રીતે ઉજવ્યો.

સુખેડા (રતલામ)– અત્રે પૂ. મુ. શ્રી મુકિત સાગરજી મ. આદિની નિશ્રામાં નવકાર જાપ, અઠમ, સામુદાયિક સ્નાત્ર તથા શાંતિ સુધારસ તેમજ સમરાંદિત્ય ચરિત્ર ઉપર પ્રવચન વિગેરે સુંદર આરાધનો ચાલે છે.

હૈદ્રાબાદ (આંધ્ર) અત્રે આ. શ્રી કલાપ્રભ સાગર સૂરીશ્વરજી મ. વિ. શ્રી સુમતિ પ્રકારની તથા ઉ. શ્રી વિશાલ મુનિજીની નિશ્રામાં અખીલ ભારતીય અહિંસા સંમેલન તા. ૨૩–૨૪–૨૫ જુલાઇના સુલતાન બજારમાં બોલાવવામાં આવ્યું હતું અહિંસાના પ્રચાર માટે પ્રયત્નો પ્રવચનો વિ. થયા હતા.

વડોદરા–અત્રે જિનશાસન સેવા દળ તથા શ્રી જિનશાસન રક્ષા સમિતિ વડોદરા દ્વારા પૂ. પાદ આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજની દ્વિતીય પુણ્ય તિથિ ભવ્ય ઉજવણ યાત્રા હાથી રથ અને જબ્બર સાજ સાથે બે હજારની મેદની સાથે થઇ સરદાર ભવનમાં ગુણાનુવાદ સભા થઇ જ્યાં હોલ ચીકકાર ભરાઇ ગયો કે. ડી. પરમાર (જંબૂસર) તથા નરેશભાઇએ સુંદર માર્મિક વકતવ્ય કર્યું બાદ સાધર્મિક ભકિત થઇ આશાભાઇ સોમાભાઇ પટેલ દ્વારા ચિ. સુરેન્દ્રભાઇના શ્રેયાર્થે આંબેલ, સામાયિકી થયેલ કોઠી પેટી શાંતિનાથ દેરાસરે પૂજા આદિશ્વર શત્રુંજ્ય તીર્થ આવતા મંદિરે ભવ્ય ભાવના મુકુંદભાઇ મહેતાની મંડળીએ ભણાવી. પૂજા પણ તેમણે ભણાવી શહેરના દરેક ૩૬ દેરાસરોએ ભવ્ય આંગી થઇ તેમજ અનુકંપા સાધર્મિક ભકિત

અનુકંપા હૃદયવતા સાત ક્ષેત્રની ભક્તિ થઇ જેમાં આશાભાઇ પટેલ, જયેન્દ્રભાઇ હરણીયા (જામનગર) મનસુખલાલ દીપચંદ પ્રકાશ જયંતિલાલ ગાંધી પ્રવીણચંદ્ર નાથાલાલ દલાલ નવાખલ જૈન વિ. તેમજ બીજા ઘણા ભાવિકોએ ઉત્સાહ ભેર લાભ લીધો હતો વડોદરાએ કમાલ કરી એવો ભાવ પૂ શ્રી પ્રત્યે બતાવ્યો હતો.

બોરીવલી–પુરુષોત્તમ પાર્કમાં પૂ. મુ. શ્રી સુબોધ વિ. મ. આદિને અ. સુ. ૬નો પ્રવેશ આંબેલ પ્રવચન વિ. થયા.

નાસિક (મહા) વિદ્વાન વકતા પૂ. મુ. શ્રી અક્ષય વિજયજી મ. આદિની નિશ્રામાં અત્રે પૂ. પાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. સા.ની બીજી સ્વર્ગતિથિ નિમિતે ભવ્ય પંચાન્હિકા મહોત્સવ અ. વદ ૧૩થી શ્રા. સુ ૨ સુ સુધી ઉજવાયો પાંચે દિવસ મોટા પૂજન અને પાંચે દિવસ સાધર્મિક વાત્સલ્ય થયા ગુણાનુવાદ સભા પાંચ દિવસ થઇ અને જાણે સાક્ષાત્ પૂ.ને સન્માનવા સંઘ ઉમટી પડયો હોય તેવું થયુ. ૬૬–૬૬ રૂા.નુ સંઘપૂજન થયું. પૂજનોની વિધિ માટે પં. જેઠાલાલ ભારમલ મલાડ તથા મનસુખભાઇ માલેગાવથી પધારેલ જિન ભક્તિ મંડળના રમેશભાઇ પરિખે સંગીત જમાવટ કરી. રોજ નયન રમ્ય ગહુંલીઓ રંગોળીઓ આંગીઓ થતી.

વાપી–અત્રે વિદ્વાન પૂ. પં. વિજયજી ગણિવર આદિની નિશ્રામાં પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ.ની બીજી સ્વર્ગતિથિ નિમિતે શાંતિસ્નાત્ર સહિત નવ દિવસનો ભવ્ય ઉત્સવ અષાડ વદ ૭થી અષાડ વદ અમાસ સુધી થયો વદ ૧૪ના ગુરુ ગુણગીત તથા ભવ્ય ગુણાનુવાદ થયા. રોજ ગુણાનુવાદ થતા હતા.

સુમેરપુર (પાલી)–અત્રે પૂ. પ્રવચન કુશલ મુનિરાજ શ્રી મહિલપેણ વિજયજી મ. આદિની નિશ્રામાં પૂ પાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની બીજી સ્વર્ગતિથિ નિમિતે ભકતામર પૂજન સહિત પંચાહિનકા મહોત્સવ ઉજવાયો. વદ ૧૪ ના ગુણાનુવાદ પ્રવચન થયું.

વાલકેશ્વર–મુંબઇ–અત્રે ચંદનબાલા એપાર્ટમેન્ટમાં વિદ્વાન વકતા પૂ. મુ. શ્રી નયનવર્ધન વિજયજી મ. આદિ ઠા. ૯ના ચાતુર્માસ પ્રવેશથી જોરદાર પ્રવચન જાહેર પ્રવચન શનિવારે સામાયિક પાઠશાળા વિ. ચાલે છે.

પૂ. પાદ આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.ની દ્વિતીય વાર્ષિક તિથિ નિમિતે ત્રણ દિવસનો શાંતિસ્નાત્ર આદિ ભવ્ય મહોત્સવ વદ ૧૨–૧૩–૧૪ ઉજવાયો વદ ૧૪ના ભવ્ય ગુણાનુવાદ સભા થઇ ચાંદીના સીકાથી તેમજ રોકડ રકમ સાથે સંઘ પૂજન થયું.

સાબરમતી–પનોતી પુણ્યાઈ પ્રચંડ પ્રતિભાના સ્વામી પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજનાં શિષ્યો પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ. સા. તથા પૂ. મુ. શ્રી તત્વદર્શનવિજયજી મ. સા. પૂ ઋજુ દર્શન વિ. આદિ ઠાણાનો અષાઢ સુદ-૮ ના રવિવારે પુખરાજ રાયચંદ આરાધના ભવનમાં ખુબજ જાહોજલાલીથી પ્રવેશ થયો.

બે ગજરાજ સાત સાંબેલા ગાડી બસો બેડાવાળી બેનો ૧૫૦ વિશિષ્ટ ગહુંલીઓ આદિ વિશાળ શ્રાવક-શ્રાવિકાની હાજરી આદિ સમગ્ર રામનગરમાં સામૈયું ખૂબ પ્રભાવક રહ્યું હતું. પ્રવચન અંતે ગુરૂપૂજન તથા ગુ. દસનું સંઘપૂજન તથા શ્રીફળની પ્રભાવના થયેલ પ્રવેશ દિને ૨૫૦૦ થી અધિક આરાધકોની ઉપસ્થિતિ પૂજ્યપાદશ્રીજી નિર્મળા પુણ્યોદયની અંકિત કરાવતી હતી.

નવસારી–પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચંન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ની દ્વિવાર્ષિક તિથિ ખૂબજ ધામધૂમ પૂર્વક સારી રીતે ઉજવાઈ.

સવારે આદિનાથ જીનાલયમાં પ્રભાતીયા તથા અનુકંપાદાન–વ્યાખ્યાનમાં પૂ. શ્રીનાં ગુણાનુવાદ પૂ. મુનીરાજ શ્રી તત્વરત્ન વિ. મ. સા. તથા પૂ. મુનિરાજ શ્રી હિતરત્ન વિ. મ. સા. કરેલ લોકોએ સારી રીતે લાભ લીધેલ ત્યારબાદ શ્રીફળની પ્રભાવના કરેલ.

બપોરે ચતુર્વીધ સંઘ સાથે આદિનાથ જિનાલયમાં વિવિધ વાંજીત્રો પૂર્વક સંગીત સાથે નવપદજીની પૂજા ભણાવેલ દેરાસરને ફુલોથી સુંદર શુશોભીત કરવા પૂર્વક પ્રભુજીને ભવ્યાતી ભવ્ય અંગરચના કરેલ તેમજ શહેરનાં સર્વે જિનાલયમાં પણ ભવ્ય અંગરચના કરેલ.

તેમજ ચાતુર્માસિઠ આરાધના પ્રવચનો અનુષ્ઠાનો વગેરેમાં ખૂબજ સારી રીતે ભાવિકો લાભ લઇ રહેલ છે.

મલાડ-મુંબઇ—ધનજી વાડીમાં પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવેશ વિજય રામચંદ્રસૂરિ મ. સા.ની દ્વિતીય વાર્ષિક પૂન્યતિથિ નિમિત્તે.

સવારે ૬-૦૦ દેવસ્તુતિ, રત્નાકર પચીસી, ગુરૂસ્તુતિ રાખેલ તેમાં ગુરૂને સુખડની માળા પહેરાવવાનું અને નવાંગીપૂજન કરાવવાની બોલી બોલાવેલ ઉપજ સારી થયેલ રત્નપુરી મધ્ય બિરાજમાન જિનરક્ષિત વિ. મ. સા.ને અમારે આંગણે પધારવા વિનંતી કરેલ પરંતુ વરસાદ વધારે હોવાથી આવી નહોતાં શકયા પછી સંઘપૂજન કરવામાં આવેલ.

સવારે ૮-૩૦ સ્નાત્ર મહોત્સવ રાખેલ તેમાં પણ શ્રી સંઘ બહુજ ઉત્સાહ અને આનંદવિભોર બનેલ પછી પ્રભાવના કરેલ.

સવારે ૧૧-૩૦ સમુહ આયંબિલ તપ કરાવેલ. તેમાં પણ સારી સંખ્યામાં આયંબિલો થયેલ પથી પ્રભાવના કરેલ.

બપોરે ૨–૦૦ ક. પૂજયશ્રીના ગુણાનુવાદ રત્નપુરીમાં રાખેલ શ્રી સંઘ ત્યાં ગયેલ, સાંજે ૫–૩૦ ક. ૭હેનોનું પ્રતિક્રમણ રાખેલ તેમાં પ્રભાવના કરેલ. સવારે ૯–૦૦ ક. બાળકોનું સમૂહ સામાયિક પણ રાખેલ તે પછી અલ્પાહાર રાખેલ. રાત્રે ૮–૩૦ ક. ભાવના શ્રી શીતલનાથ જૈન પ્રવે. મૂર્તિ તપ સંઘ વતી.

શાહપુર દરવાજા ખાંચા અમદાવાદ– પ. પૂ. ગચ્છાધિપતિ ગુરૂભગવંત આ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂ મ. સા. ની દ્વિતિય પૂન્યતિથિ પ્રસંગે શાહપુર દરવાજા ના ખાંચામાં શ્રી સંઘમાં પ. પૂ. શ્રી મુનિરાજ વિનયંધર વિજય મ. સા. ની નિશ્રામાં ગુણાનુવાદ–સામુહિક સામાયિક નવપદ ની પૂજા તેમજ ભવ્ય અંગરચના કરવામાં આવી હતી. ધનુભાઇ મણીલાલ તરફથી સામૂહિક આયંબિલ તપ કરવામાં આવ્યા હતા. તથા પ્રભાવના કરવામાં આવી હતી. શ્રી કાંતિલાલ મોતીલાલ તરફથી ગુણાનુવાદ ની સભામાં સંઘ પૂજન કરવામાં આવ્યું હતું.

વિશનગર (મહેસાણા) : અહિંયા પૂ. મુનિરાજ શ્રી મુક્તિધન વિ. મ. તથા પૂ. મુ. શ્રી પુણ્યધન વિ. મ. ની નિશ્રામાં શ્રા. સુ. ૧૨ ના પૂ. પંન્યાસ પ્રવર શ્રી ભદ્રાનંદ વિ. મ. ની ૮મી પુણ્ય તિથિ પ્રસંગે શા મુલચંદજી હીરાચંદજી પરિવાર તરફથી વિસનગરનાં આંગણે સૌ પ્રથમ વખત છોડ સાથે ૪૫ આગમની ફેરીઓ. ૪૫ આગમની રચના અને કુલનો શણગાર સાથે વિશિષ્ટ પ્રકારે ૪૫ આગમની પૂજા ભણાવાયેલ સવારે ગુણાનુવાદમાં ત્રણ રા. સંઘ પૂજન થયેલ. રાત્રે ભાવના વિગેરે થયેલ વિસનગરનાં લોકોએ આ ભવ્ય પ્રોગ્રામ પહેલી વખત જોવાથી આખા ગામમાં આનંદ આનંદ વર્તાઇ ગયો હતો. અત્રે ધર્મચંદ્ર અષ્ટ તપની સામુદાયિક આરાધના ચાલી રહેલ છે.

ગોકાક નગરે જિન શાસન સ્તંભ તપાગચ્છાધિપતિ પૂ. પરમ ગુરૂદેવ આચાર્ય **શ્રીમદ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાની** દ્વિતીય વાર્ષિક તિથિની ભવ્ય ઉજવણી. નિશ્રા **પૂ. આ. ભ. શ્રી વિજય વિચક્ષણ સૂ., મ.** તથા **પૂ. મુનિપ્રવર શ્રી શ્રેયાંસપ્રભ વિજયજી** ગણિવર આદિ મ. ૭ની નિશ્રામાં અ. વ. ૧૩ થી શ્રા. સુ. ૬ સુધી શા બાબુલાલ હંસાજી પરિવાર તરફથી તેમના સુપુત્રોએ પોતાના પિતાજીના આત્મશ્રેયાર્થે તથા માતુશ્રીની તપશ્ચર્યા નિમિત્તે અષ્ટન્હિાકા મહોત્સવ ત્રણ છોડના ઉદ્યાપન સાથે ભવ્યતાથી ઉજવાયો હતો. અ. વ. ૧૩–૧૪–૦))–સુ. ૧ ચાર દિવસમાં દા ક. સ્વ. પૂજ્યશ્રીના ગુણાનુવાદમાં તેઓશ્રીના જીવનકવનને અને તેમાંય શાસન રક્ષાની પ્રવૃતિને સાંભળી શ્રોતાઓને જૈન શાસનના પૂર્વકાલિન ઇતિહાસ તથા ખુમારી–ખમીરીના સાક્ષાત મૂર્તિ નાં દર્શન થયા.

સકલશ્રી સંઘને પર્યુષણ મહાપર્વની આરાધના માટે ગોકાક જૈનસંઘ આમંત્રણ પાઠવે છે.

જામનગર–ગુરૂદેવ શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા નીદ્વિતિય પુણ્યતિથી તથા પૂ. પં. શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવરના સમાધિપૂર્ણ કાલધર્મનિમિત્તો તેઓશ્રી નાં દીર્ઘસંયમ જીવનની અનુમોદનાર્થે તેઓશ્રીની પ્રથમ માસિકતિથિ અ. સુ. ૧૩–૧૪ થી લઈ અનંત ઉપકારી પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીની દ્વિતીય વાર્ષિક તિથિ અ. વ. ૧૪ પર્યંત ૧૭ દિવસનો ભવ્ય મહોત્સવ શ્રી શાંતિભુવન તપગચ્છ જૈન સંઘના ઉપક્રમે અનેરી શાસનપ્રભાવનાપૂર્વક ઉજવાયેલ. બંને મહાપુરુષોનાં પુણ્યભાવે એવો અજોડ ઐતિહાસિક મહોત્સવ ઉજવાયેલ કે જેની સુખદ સ્મૃતિ જામનગરવાસીઓ માટે યાદગાર સંભારણું બની જશે.

૧૭ દિવસનો મહોત્સવ જામનગરમાં પ્રથમવાર જ એમાં પણ બધા દિવસ પુરૂષોની પૂજા ૭–૭ મોટા પૂજનો, મોટી પૂજાઓ આદિથી મહોત્સવ યાદગાર બની ગયેલ.

પ્રતિદાન પ્રવચન ચૈત્ય પરિપાટી પૂજા પૂજનો, ભાવના આદિમાં હજારો ઉપરની સંખ્યા થતી હતી.

અ. વ. ૭ રવિવારના જલયાત્રાનો વરઘોડો પણ અભૂતપૂર્વ નીકળેલ. જેમાં પણ હજારોની જન મેદની જોડાયેલ.

અ. વ. ૧૨ શુક્રવારનાં જામનગર વીશા ઓશવાળ સંઘનું સાધર્મિક વાત્સલ્ય પણ વિધિપૂર્વક સુંદર રીતે થયેલ.

અ. વ. ૧૩ નાં દિવસે ભવ્ય મહાપૂજાનું આયોજન થયેલ જેમાં ૨૦ થી ૨૫ હજાર ભાવિકોએ દર્શનનો લાભ લીધેલ.

અ. વ. ૧૪ ના પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીની દ્વિતીય વાર્ષિક તિથિના દિવસે શાંતિભુવન, દિ, પ્લોટ તથા ઓશવાળ કોલોની સંઘ ત્રણે સંઘોના ઉપક્રમે વિશાલ ગુણાનુવાદ સભાનું આયોજન થયેલ. જેમાં પૂજ્યપાદશ્રીજી તથા પૂ. ગુરૂદેવશ્રીજી બંને મહાપુરૂષોની વિશાલ પ્રતિકૃતિનું અનાવરણ થયેલ જેની ગુરૂપૂજનની ઉછામણીઓ રેકર્ડરૂપ બનેલ.

પ્રતિદિન પૂજા પૂજનોમાં આરતી મંગલદીવો આદિની ઉછામણીઓ પણ ઐતિહાસિક થયેલ.

પ્રતિદિન પરમાત્માને ભવ્યાતિભવ્ય અંગરચના થતી હતી. દેવદ્રવ્યની અદ્‌ભુત આવક, જીવદયાની પણ વિશાલ ટીપ થયેલ.

કલકત્તા, મુંબઈ, સુરત, અમદાવાદ રાજકોટ, વેરાવળ આદિ અનેક સ્થાનોથી ભાવિકો આવેલા.

નવીનચન્દ્ર બાબુલાલ શાહ, ભીખુભાઈ બાસીંવાળા મનસુખભાઈ માલેગામવાળા આદિ ખ્યાતનામ વિધિકારકો તેમજ બળવંત ઠાકુર, પ્રફુલભાઈ કોચીનવાલા મધુભાઈ ઝવેરી આદિ સુપ્રસિદ્ધ સંગીતકારોએ પ્રભુભક્તિની રમઝટ મચાવેલ. બેડા (રાજ.) નું રામચન્દ્ર બેન્ડ પણ ૯ દિવસ આવેલ. અનેરી શાસનપ્રભાવના પૂર્વક મહોત્સવની પૂર્ણાહુતિ થયેલ.

ત્રણે સ્થાનોમાં નિયમિત પ્રવચન આદિ ચાલું છે.

શ્રા. સુ. ૧૪ પૂ ગુરૂદેવશ્રીજીની દ્વિતીય માસિક તિથિનાં દિવસે દિગ્વીજય પ્લોટમાં વિશાલ ગુણાનુવાદ સભા, સમુદાયિક આયંબીલ, શ્રી સિદ્ધચક્ર મહાપૂજન આદિ કાર્યક્રમોનું આયોજન થયેલ.

પાલીતાણા- જૈનોના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાલિતાણા ખતે તેમજ મહારાષ્ટ્રભુવન જૈન ધર્મશાળામાં જૈનાચાર્ય શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજીની ભવ્યાતિભવ્ય બીજી પુણ્યતિથિ ઉમંગભેર ઉજવાઇ

કરૂણા વાત્સલ્ય–પરોપકાર–નિસ્પૃહતા નીડરતા આદિ ગુણોને મુર્તિમંત જયાં જોઇ શકાતા હતાં એ જૈનોનાં આરાધ્યપાદ તેમજ લાખ્ખો જૈનેત્તરોના ઘર–ઘરમાં અને ઘટ ઘટનાં વસી ચુકેલા સુપ્રસિદ્ધ જૈનાચાર્ય દેવાંસી મહા માનવ પ્રભાવક યુગ પુરૂષ પૂ આ. વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા જૈનશાસનનો તેજસ્વી સિતારો હતો તેઓશ્રીજીનું નામ તેમજ કામ અતિ અદ્ભુત હતું બે વર્ષ પહેલાં તે તેજસ્વી સિતારો જૈનશાસનના આકાશેથી ખરી પડતાં સમગ્ર જન તેમજ • જગત શોક ગ્રસ્ત બનવા સાથે સ્તબ્ધ બની ગયું હતું તેઓશ્રીમદ્ની વિદાયથી એક જાજરમાન યુગનો અસ્ત થઇ ગયો તા. ૧૮–૭–૯૩નાં તેમની દ્વિતીય પુણ્યતિથિ આવતાં પાલિતાણા ખાતે મહારાષ્ટ્ર ભુવનમાં ધર્મ–ચાતુર્માસ ગાળી રહેલા જૈનાચાર્યો પૂ. રવિપ્રભ સૂરીશ્વરજી મહારાજા પૂ. વિજય મહાબલ સૂરીશ્વરજી મહારાજા પૂજ્ય આચાર્ય શ્રી પુણ્યપાલ સૂરિજી મ. પૂ. પં. કીર્તિસેન વિ. ગ. આદિ મુનિ મંડલની શુભનિશ્રામાં ચાતુર્માસ કરવા પધારેલા ભાવુક ભકતોએ તિથિની ભવ્ય ઉજવણી કરવાનો નિર્ણય કર્યો તદ્દઅનુસાર તા. ૧૬-૧૭ ૧૮ ત્રિદિવસીય જિનભકિત મહોત્સવ જેમાં પંચકલ્યાણક પૂજા–શ્રી અષ્ટાપદજીની પૂજા તા. ૧૮ મીના શ્રી ૧૦૮ પાર્શ્વનાથ મહા. પૂજનનો સુંદર કાર્યક્રમ ગોઠવાયો એ દિવસો દરમ્યાન અનુપમ પ્રભુ–ભકિત અંગરચના ધર્મ પ્રભાવના આદિના પણ આયોજનો થયા હતા. સ્વ. પૂજયશ્રીજીની પુણ્યતિથિના દિવસે ગોઠવાયેલ ગુરૂગુણાનુવાદ સભામાં વિશાળ માનવ મહેરામણ ઉમટેલ અનેક વકતાઓએ અને જૈનાચાર્યોએ સ્વ. જૈનાચાર્યશ્રીજીએ કરેલ જૈનશાસનની આરાધના–શાધના–પ્રભાવના–રક્ષા આદિ પ્રેરક પ્રસંગોનું રોચક અને રસમય વર્ણનો કરેલ જૈનાચાર્ય પુણ્યપાલસૂરિજીએ તેઓશ્રીની અંતિમ અપુર્વ સમાધિનું જુસ્સાદાર વર્ણન કરીને સભાને ગદ્ગદિત કરી હતી. સભા સમાપ્તિ બાદ દરેક ભાવુકોને નવ–નવ રૂપિયાથી બહુમાન દ્વારા સંઘ પૂજન કરવામાં આવેલ તેમજ પૂજ્યશ્રીજીની જીવંત પ્રતિકૃતિ સમક્ષ તેઓશ્રીએ જગતને આપેલ દિવ્ય–ભવ્ય સંદેશ સંસાર છોડવા જેવો છે. મોક્ષ મેળવવા જેવો છે. સંયમ લેવા જેવું છે. એમની રંગોલીની પણ રચના કરવામાં આવેલ જેમાં દર્શનાર્થી-

ઓની ભારે ભીડ હતી.

કાર્યક્રમ બાદ વાજતે ગાજતે પવિત્ર જય તલેટીની ચૈત્ય યાત્રા નિકળેલ તેમજ શત્રુંજયની ધન્ય ધરાપર સ્વર્ગસ્થની પ્રતિષ્ઠિત ગુરૂમુર્તિની પ્રથમવાર અભિષેક અને ભવ્ય પૂજા થયેલ, ઉજવણી ખુબ જ ઉમંગ અને ઉલ્લાસ મય વાતાવરણમાં યાદગાર સ્મૃતિરૂપ બની રહી છે.

દાવણગીર–પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ ઠા. ૫ નો અષાડ શુદ ૩ ના સસ્વાગત ચાતુર્માસ પ્રવેશ માંગલિક પ્રવચન સંઘ પૂજન આયંબિલો પૂજા આદિ, ચૌમાસી પર્વની આરાધના તે દિવસથી રોજ એક અટ્ઠમ ૩–૪ આયંબિલો શ્રી ગૌતમ સ્વામિજીના છટ્ઠ તપ ૧૭૦ જિનની આરાધના વિશ્વ શાંતિના આયંબિલો સિદ્ધિતપ ધર્મ ચક્રતપ ચત્તારી અટ્ઠ તપ સમવસરણ તપ શ્રાવણ ભાદરવો આદિ તપો પારણા સાથ સન્માન પૂ. સ્વ. આ. શ્રી લબ્ધિ સૂ. મ. પૂ. આ. સ્વ. શ્રી ભુવનભાનુ સૂ. મ. પૂ. સ્વ. આ. શ્રી અરૂણપ્રભ સૂ. મ. ની ચારિત્ર પર્યાયની અનુમોદનાર્થે અને પૂ. આ. શ્રી અશોક રત્ન સૂ. મ. ની વ. તપની ૬૦ મી ઓળીના પારણા નિમિતે શ્રી પંચ પરમેષ્ઠિ અને શ્રી ઉવસગ્ગહરં મહાપૂજન સાથ પંચાન્હિકા મહોત્સવ વિધાનો શ્રી રમણલાલ અને ધાર્મિક અધ્યાપક પ્રભાતભાઇએ કરાવ્યા હતાં. પૂજા ભાવનામાં શ્રી સુપાર્શ્વનાથ સંગીત મંડળ અને શ્રી શાંતિનાથ સેવા મંડળે ભકિત રસમાં રંગ લગાવ્યો હતો.

બહાર ગામથી તપસ્વીઓનું પચ્ચક્ખાણ ઉચ્ચરવા આગમન તેમના તરફથી પ્રભાવના સંઘ તરફથી બહુમાન ગુરૂ વંદનાર્થે જનતનુ આગમન શ્રી સંઘ તરફથી સુંદર ભકિત વ્યાખ્યાનમાં પૂ. આ. શ્રી અભયરત્ન સૂ. મ. શ્રી આત્મ પ્રબોધ અને મુનિ શ્રી અમરસેન વિ. મ. શ્રી ધન્ય ચરિત્રને અનુલક્ષીને પ્રવચન શ્રવણ કરવા જનતનું આગમન વિશાળ હોલ પણ નાનો પડે છે.

મુંબઇ ચોપાટ–શ્રી કલ્યાણ પાશ્વર્નાથ જૈન સંઘમાં પૂ. પન્યાસજી મ. શ્રી રત્નભૂષણ વિજયજી મ. સા. આદિ ઠાણા ૩ ની નિશ્રામાં સુંદર આરાધના થઇ રહી છે. ભાવિકોનો ઉલ્લાસ સારો છે. વ્યાખ્યાનમાંથી શ્રી ધન્યકુમાર ચરિત્ર અને શ્રી ચંદ્રરાજાનું ચરિત્ર ચાલે છે. તેમજ વિવિધ અનુષ્ઠાનો પણ ચાલુ છે. સામુદાયિક અટ્ઠમ, લુખી નીવિ, સામુદાયિક આયંબિલ, દીપક એકાસણા આદિ અનુષ્ઠાનો ચાલુ છે.

પૂ સ્વ. ગચ્છાધિપતિ આ. દે. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ની દ્વિતીય વાર્ષિક તિથિની ઉજવણી ખૂબ જ સારી રીતે ધામધૂમથી થઇ છે. સવારે વ્યાખ્યાનમાં ગુણાનુવાદ બપોરે ૪૫. આગમની ભવ્ય પૂજા–તથા આંગી આદિ થયેલ છે.

કલકત્તા-૭-વર્ધમાન જૈન સંઘ હંસ પુકુટ ફ્રસ્ટેલેનમાં પૂ. પં-શ્રી સુયશ મુનિજી મ.ની નિશ્રામાં રવિવારના આધ્યાત્મિક પ્રવચન શ્રેણી ગોઠવી છે લાભ લેવાય છે.

કલકત્તા-ભવાનીપુર-અત્રે તપસ્વી પૂ. આ. વિજય વારિષેણ સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય લબ્ધિ સૂરીશ્વરજી મહારાજાની ૩૨ મી પુણ્ય તિથિ તથા પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની બીજી પુણ્યતિથિ તથા પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મ.ના સ્વર્ગારોહણ નિમિતે શ્રી ભકતામર પુજન શ્રી શાંતિસ્નાત્ર સહિત ૧૧ દિવસનો ભવ્ય મહોત્સવ અ. વ. ૧૪થી શ્રા. સુ. ૧૦ સુધી ઉજવાયો.

બોરીવલી-ચંદાવરકરલેન-પૂ. આ.શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પ. પૂ. શાસન રક્ષક પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની બીજી સ્વર્ગ તિથિ નિમિતે ગુણાનુવાદ પાંચ સંઘ પૂજન થયા ૪૫ વર્ધમાન તપનાપાયા પડયા ૬૦ને મોક્ષ દંડક તપ ચાલે છે. ૩૦૦ રૂા. નેવી પ્રભાવના થઇ દર રવિવારે અનુષ્ઠાનો થાય છે પ્રવચનમાં કાંદીવાલી જોગેશ્વર, ગોરેગાંવ વિ. ભાવિકો આવે છે.

ખાચરોદ-(મ. પ્ર.) અત્રે આ. શ્રી હેમેન્દ્ર સૂ. મ.ના સાધ્વી શ્રી અમરશ્રીજી મ. આદિ નિશ્રામાં નવકાર મંત્ર જાપ વિ. થતાં ૧૧ દિવસ આરાધકોની ભકિત ભાવિકો તરફથી થઇ.

મુંબઇશેઠ મોતીશા લાલબાગ-અત્રે પૂ. વિદ્વાન ગણિવર શ્રી નર વાહન વિજયજી મ.ની નિશ્રામાં જૈન દિવાકર પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.ની બીજી પુણ્ય તિથિ નિમિતે પંચાહ્નિકા મહોત્સવ ગુણાનુવાદ સભા અ. વ. ૧૪ના થઇ વદ ૦))ના પણ ગુણાનુવાદ સભા થઇ તથા શાંતિસ્નાત્ર ભણાવું ચેાગ દૃષ્ટિ સમુચ્ચય ઉપર વ્યાખ્યાન આપે છે. સામુદાયિક આરાધનાઓઆવે છે રવિવારે સવારે પ્રતિક્રમણ સૂત્ર થવેચન અને બપોરે જાહેર પ્રવચન થાય છે.

કાંદીવલી વેસ્ટ મુંબઇ-અત્રે કમલા વિહારમાં પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આશીર્વાદ તથા પૂ. મુ. શ્રી નયવર્ધ વિજયજી મ.ના માર્ગદર્શન મુજબ થતા જિનમંદિરનું શિલાન્યાસ શ્રા. વદ ૬ના શેઠ મહાસુખલાલ લક્ષ્મીચંદ શેઠ સાવરકુંડલાવાળાના હસ્તે થયું વિધિ માટે મલાડથી પં. જેઠાલાલભાઇ પધાર્યા હતા.

મુંબઇ વાલકેશ્વર-શ્રીપાલનગરમાં પ. પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય મુકિતપ્રજ્ઞ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પુજ્યપાદ જૈન સિદ્ધાંત સંરક્ષક આ ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા.ની દ્વિતીય સ્વર્ગા-

રોહણ તિથિની ઉજવણી નિમિતે તેમજ પૂ. પં. શ્રી ચંદ્રકીર્તિ વિજયજી ગણિવર તથા પૂ. પં. શ્રી ભદ્રશીલવિજયજી ગણિવરના સંયમ જીવનના અનુમોદનાર્થે શ્રી શાંતિસ્નાત્ર શ્રી સિદ્ધચક્ર પૂજન ભવ્ય સ્નાત્ર મહોત્સવ આદિ સાથે અ. વદ ૧ થી વદ ૧૪ સુધી પંચાન્હિકા મહોત્સવ ઉજવાયો. વદ–૧૪ના પૂ. શ્રીના ભવ્ય ગુણાનુવાદ થયા ચાંદીના સીકાથી સંઘપૂજન થયેા.

અમદાવાદ–મણિનગર–અત્રે પૂ. મુ. શ્રી જિનયશ વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી મુક્તિયશ વિ. મ.ની નિશ્રામાં જિનશાસન રક્ષક પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. બીજી સ્વર્ગતિથિ નિમિતે અ. વ. ૧૧થી અમાસ સુધી પંચાન્હિકા મહોત્સવ ઉજવાયેા વદ ૧૪ના ગુણાનુવાદ સભા થઇ.

સોલાપુર (મહા) અત્રે પૂ. મુ. શ્રી પૂર્ણચંદ્ર વિજયજી વિ. મ.ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મ.ના સંયમ જીવનની અનુમોદના તથા સંઘમાં થયેલ શત્રુંજય તપ આદિના ઉધાપન નિમિતે ભકતામર પૂજન ૨૪ તીર્થંકર પૂજન સાથે શ્રા. સુ ૧૩થી શ્રા. વદ–૫ સુધી અટ્ઠાઇ મહોત્સવ સુદર રીતે ઉજવાયેા શ્રા. વ. ૪ના પૂ. આ. ભ. શ્રી વિજય કનકસૂરીશ્વરજી મ.ની ૩૦મી સ્વર્ગતિથિ નિમિતે ગુણાનુવાદ પ્રવચન થયું.

卐

સત્ય તત્ત્વના સમર્થક
જૈન શાસન અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

ડયુરેા, પુમા, નેશનલ પ્લાઇવુડ, સન્ડેક લેમીનેટ,
રાજકોટ જીલ્લાના વિકેતા ડેકોલેમ, ફોરમાઇકા,
વેનરડેકોર, સનમાઇકા તથા બીલ્ડીંગ મટીરીયલ્સ માટે

એસ. એસ. એજન્સીઝ

જય ખોડિયાર બીલ્ડીંગ, ૫ રજપુત પરા,
રાજકોટ

ચંદુભાઇ મહેતા : નિર્મળ કામદાર

ફોન : ઓફિસ ૨૪૫૩૮, ૨૪૬૩૮
ઘર ૫૩૨૩૫, ૫૩૩૦૩

'આણા એ ધમ્મો' એ સૂત્રને સ્પષ્ટ કરતા જૈન શાસનને હાર્દિક શુભેચ્છા

लाभी पश्येद्धनप्राप्तिं
कामिनीं कामुकस्तथा ।
भ्रमं पश्येदशोन्मत्तो
नं किंचिच्च क्रधाकुलः ॥

લોભી ધનની પ્રાપ્તિ જુએ, કામી સ્ત્રીને જુએ
ઉન્મત્ત ભમતો દેખે અને ક્રોધી તો કંઇ ન દેખે.
ઉત્તરાધ્યયન લક્ષ્મી૦ટી૦અ૦૯

પ્રતાપ જવેલર્સ

અબ્દુલા બિલ્ડીંગ નં. ૧ ડો. આંબેડકર રોડ,
પરેલ ટી. ટી. મુંબઇ ૧૨
અધતન સોનાના ઘરેણાની નગરી
ફોન નં. ૪૧૩૧૨૨૦

મધ્ય પ્રદેશની ધર્મનગરી રતલામ મધ્યે પુ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં લંડનના નોર્થ વેસ્ટ, નોર્થ ઇસ્ટ, વેમ્બલી વિ. જુદા જુદા એરીઆના ભાગ્યશાળીઓ તરફથી

આસો માસની શાશ્વતી ઓળીના આરાધન માટે

આમંત્રણ પત્રિકા

આયોજક–શ્રી બાઉન્સચીન સત્સંગ મંડળ

હ : શ્રી રતિલાલ ડી. ગુઢકા, શ્રીમતી ચંદ્રીકાબેન

આર. શાહ. શ્રી દેવકુંવરબેન વેલજીભાઇ શાહ

આસો માસની ઓળીની આરાધના તથા તે પ્રસંગે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન વિગેરે સુંદર કાર્યક્રમ છે રતલામ શ્રી સંઘનો તેમાં ઘણો ઉત્સાહ છે.

ઓળી કરવા તથા શ્રી સિદ્ધચક્ર પૂજનમાં પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

લાભ લેનાર લંડનવાસી ભાઇઓ તરફથી સૌ તપસ્વીઓને વિનંતિ તથા શુભેચ્છા :–

૧ ચંદ્રિકાબેન આર. શાહ	પરિવાર	૧૬ હંસરાજ લોળા	પરિવાર
૨ જીવીબેન રાયશી ભુવા	,,	૧૭ મોતીબેન પ્રેમચંદ દેવશી	,,
૩ અમ્રતબેન જેસંગ લોળા	,,	૧૮ મણિબેન કાંતિલાલ	,,
૪ દેવકુંવરબેન કુલચંદલાલજી	,,	૧૯ ગુણવંતીબેન રતિલાલ	,,
૫ ભારમલ જીવરાજ		૨૦ અમ્રતબેન દેવચંદ નરશી	,,
હ: મોતીબેન રાયશી	,,	૨૧ કંચનબેન મોતીચંદ	,,
૬ રમાબેન લાલજી હેમરાજ	,,	૨૨ મણીબેન ગોવિંદજી	,,
૭ દેવકુંવરબેન વેલજી મેઘજી	,,	૨૩ હિમાબેન વીરચંદ લાધા	,,
૮ કંકુબેન ધરમશી	,,	૨૪ શાંતાબેન રતિલાલ ડી. ગુઢકા	,,
૯ સૂર્યાબેન ખીમચંદ મહેતા	,,	૨૫ સૂર્યકલાબેન દેવચંદ શામજી	,,
૧૦ શારદાબેન તારાચંદ ટોળીયા	,,	૨૬ મનુબેન લાલજી કચરા	,,
૧૧ પદ્મબેન લખમશી લાલજી	,,	૨૭ વીરચંદ શામજી	,,
૧૨ મણીબેન દેવચંદ લોળા	,,	૨૮ કસ્તુરબેન મુલચંદ	
૧૩ જમનાદાસ ભાઇ પારેખ	,,	હ: ભારમલ (બ્રાઇટન)	,,
૧૪ જશોદાબેન પ્રેમચંદ દેપાર	,,	૨૯ હેમરાજ પદમશી હ: વાલીબેન	,,
૧૫ હંસાબેન કાંતિભાઇ	પરિવાર	૩૦ પુરીબેન ભગવાનજી	,,

૩૧ પોપટલાલ રાજપાર પરિવાર
૩૨ કાંતાબેન કેશવલાલ હીરજી ,,
૩૩ દેવકુંવરબેન દેવચંદ રામજી ,,
૩૪ રતનબેન હેમચંદ લાધા ,,
૩૫ ઝવીબેન રાયચંદ લાખા ,,
૩૬ મણિબેન ગોસર મેરગ ,,
૩૭ જયાબેન દયાળજીભાઇ ,,
૩૮ મોંઘીબેન હેમરાજ લાધા ,,
૩૯ બચુભાઇ ચુનીલાલ શાહ ,,
૪૦ પુરીબેન પોપટભાઇ ,,
૪૧ એક શ્રાવિકાબેન ,,
૪૨ જશોદાબેન જેતશી ,,
૪૩ જયાબેન તેજપાલ લાલજી ,,
૪૪ ઇન્દુબેન હિંમતલાલ ખીમજી ,,
૪૫ સવિતાબેન વેલજી ,,
૪૬ મણિબેન વેલજી રાયશી ,,
૪૭ મણિબેન જુઠાલાલ દેપાર ,,
૪૮ ગંગાબેન લીલાધર જેસંગ ,,
૪૯ રાયચંદ દેવશી ,,
૫૦ પદ્મબેન કેશવજી ,,
૫૧ શાન્તાબેન હેમરાજ ,,
૫૨ શીલાબેન શાંતિલાલ ,,
૫૩ રેખાબેન નરેન્દ્રભાઇ ,,
૫૪ નીતાબેન નલીનભાઇ ,,
૫૫ દક્ષાબેન દિલિપભાઇ ,,
૫૬ પ્રીતિબેન અતુલભાઇ ,,
૫૭ જયાબેન જેસંગ મેપા પરિવાર
૫૮ લક્ષ્મીબેન લખમશીભાઇ ,,
૫૯ જયશ્રીબેન કાંતિલાલ દેપાર ,,
૬૦ મણિબેન રાયચંદ તથા ગોમીબેન ,,
૬૧ વેલુબેન વેલજી ,,
૬૨ મણિબેન રાયચંદ હેમરાજ ,,
૬૩ પાનીબેન ધરમશી હ:જશોદાબેન ,,
૬૪ મણિબેન તેજપાર વાઘજી ,,
૬૫ જીવીબેન પ્રેમચંદ લાલજી ,,
૬૬ ગુલાબચંદ પોપટલાલ હ:નિર્મળાબેન ,,
૬૭ પ્રફુલ્લા ધીરજલાલ હેમરાજ ,,
૬૮ મોતીબેન પાનાચંદ હરિયા ,,
૬૯ આર. એલ. શાહ ,,
૭૦ સોનાબેન વેલજી ,,
૭૧ ઇલાબેન સુધીર ,,
૭૨ જેમાબેન રામજી વીરપાર ,,
૭૩ મોતીબેન મેઘજી ,,
૭૪ પ્રદીપકુમાર લાલજી હેમરાજ ,,
૭૫ સ્મિતાબેન મુકેશ લાલજી ,,
૭૬ રક્ષાબેન અરવિંદ પોપટલાલ ,,
૭૭ ભારમલ જીવરાજ પરિવાર
હ: કસ્તુરબેન મુલચંદ
૭૮ જશોદાબેન જુઠાલાલ
૭૯ એક શ્રાવક ,,
૮૦ નિલેશભાઇ કોઠારી ,,

જામનગર હાપાથી દર સોમવારે રતલામની ટ્રેન ઉપડે છે રાજકોટ ભોપાલ દરરોજ આવે છે મુંબઇથી ઘણી ટ્રેનો રતલામ આવે છે, રાત્રે ટ્રેન આવે તો સ્ટેશન પાસે નાકોડાજી ધર્મશાળા છે ઉતરવાનું ગુજરાતી ધર્મશાળા છે. સાયર ચબુતરા છે તેની નજીક આંબેલ ભુવનમાં આંબેલ થશે ખાસ પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

આરાધના ભવન
પોરવાડ વાસ
રતલામ

લિ.
શ્રી દાનપ્રેમ રામચંદ્ર સૂરિજી
આરાધના ભવન ટ્રસ્ટના પ્રણામ

પૂર્વ ભવોની આરાધનાનાં પ્રભાવે અલભેલું માનવ જીવન આપણને પ્રાપ્ત થાય છે આવો સુંદર અમુલ્ય માનવજન્મ મળી ગયા પછી ભૌતિક સુખોમાં જીવનને વેડફી નાંખવાને બદલે વીતરાગ પરમાત્માએ બતાવેલા ધર્મની સાધનામાં એકતાન બનીને આપણું જીવન પસાર કરવું જોઇએ. વળી તે ધર્મારાધના પણ સૂત્રાજ્ઞા પ્રમાણે જ હોવી જોઇએ. જૈન આ માનવ જીવન સફલ બનાવીને મોક્ષ મેળવવો હોય તેને જિનાગમોને જ નિશ્ચયપણે વફાદાર રહીને તેમાં દર્શાવ્યા મુજબની ધર્મ સાધનામાં લાગી જવું જોઇએ. કારણ કે સર્વોત્કૃષ્ટ નિરૂપણને કરનારા જિનેશ્વરદેવ જ છે. એટલે જે કાંઇ કહ્યું હોય તે સર્વથા સત્ય જ છે. કારણ કે રાગ–દ્વેષ કે અજ્ઞાનના કારણે જ અસત્ય વાકૂયો બોલાય છે. ત્યારે તારક જિનેશ્વરદેવમાં આ ત્રણ દોષ નથી. તેથી તેમને જુઠું બોલવાનું પ્રયોજન શું હોય ? (અર્થાત્ નથી) રાગ દ્વોષ અને મોહ અજ્ઞાન એ ત્રણ દોષો તારક દેવમાંથી સર્વથા નિર્મળ થઇ ગયા હોય છે. માટે જ જિનેશ્વરો પરમ

જિનાજ્ઞા પરમો ધર્મ

–પૂ. સા. શ્રી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી મ.

સત્યવાદી હોય છે. આવા વિશ્વસનીય સત્યવાદી પરમાત્માની આજ્ઞાને પ્રમાણભૂત માનવામાં કશું જ ખોટું નથી વળી તેમનું નિરૂપણ છે તે સાંગોપાંગ, સુંદર અને સંપૂર્ણ છે.

જૈન શાસનમાં બંધ કરતા અનુબંધને, જ્ઞાન કરતા આચરણને, ભક્તિ કરતા બહુમાનને, પ્રવૃત્તિ કરતાં વૃત્તિ અને પરિણતિને અહિંસા કરતાં આજ્ઞાને સવિશેષ મહત્વ આપવામાં આવ્યું છે માટે જ.

આજ્ઞા એજ શ્રેષ્ઠ ધર્મ છે.

કહેવાય છે કે જેને હૈયે જિનાજ્ઞા (તેના પ્રત્યે ભારોભાર બહુમાન ભાવ) હોય તેના જ હૈયે મુનિઓના ઇન્દ્ર સમાન પરમાર્થથી જિન હોય છે એને એમ કહેવાય છે કે જિન વચનની આરાધના એ જ ધર્મ છે અને જિન વચનની છતી શક્તિ એ આરાધના તે જ અધર્મ છે.

તેથી જિનવચન પ્રત્યે અવિહડ રાગ–બહુમાન વિના સાચો ધર્મ અંતરમાં પેદા થઇ શકતો જ નથી. વળી દ્રવ્ય જિનભક્તિ કરતાં તેમની ભાવ–ભક્તિથી રસ તરબોળ બનતા આત્માનું મૂલ્ય વધુ છે.

દ્રવ્ય ભકિત સેવા પૂજા વિગેરે ભાવભકિત તેમની આજ્ઞાનું પાલન પ્રવૃત્તિ કરતા પરિણતિ મહાન છે તેમ ભાવના કરતાં ભાવ મહાન છે.

જિનેશ્વર પરમાત્માની ગેરહાજરીમાં જીનાગમોમાં કહેલ વિધિને અનુસારે ચાલવું જોઇએ. તથા તે શાસ્ત્રાજ્ઞાના પાલક આપ્ત પુરૂષોનાં કહેવા મુજબ ચાલવાનું પરમાત્માએ કહેલું છે.

જેને આજ્ઞાપ્રત્યેના અંધકાર, વાસનાની વિષ્ટા, કષાયનો કચરો, અંતરની દરિદ્રતા દૂર કરવા હશે તેને આપ્ત પુરૂષોની આજ્ઞાને અનુસરવું જ પડશે, માટે મોક્ષ માર્ગના આરાધકે ખાડો પાડયા વિના નિરંતર ભારે આદર પૂર્વક આજ્ઞા સેવવા યોગ્ય છે.

એકજ વાત એક જ સિદ્ધાન્ત એક જ રાહ નકકી કરી લો કે જિનાજ્ઞા પાલનથી દૂર થઇને એના પ્રત્યેના સાપેક્ષ ભાવથી પણ મુકત થઇને જગતના બહુમત વાદમાં તણાવું એટલે જાતને શૈરવ–નારકોની કુંભીઓમાં જાતે જ ધકકો દઇ દેવો અનેક મુગ્ધ જીવોના ભાવપ્રાણોને ગલે ટુંપો દેવો!

સેવનીય છે એ સાધુ ભગવંત કે જે ખૂણામાં બેસીને શ્રી અરિહંતના માર્ગની ભરપેટ અનુમોદના કરે છે. કયાંય કોઇ આજ્ઞાનું પાલન રહી જાય તો તેનું પ્રાયશ્ચિત કરતાં ધા–પોકાર રૂદન કરે છે.

સાધુપદ એ આજ્ઞાની વફાદારીનું પદ છે. એ પદ મેલવીને એનો દ્રોહ કદાપિ થઇ ન શકે સમગ્ર વિશ્વનું આધિપત્ય પણ પગ નીચે ઠકુરાવવાની તાકાત સાધુપદમાં છે અને ત્યાં બેઠેલા આપણે એ આજ્ઞાને જ ઠકુરાવશું, રે કેવું આત્મઘાતિ વલણ ગણાશે?

જિનશાસન એ વિશ્વના જીવોનું પ્રાણ શાસન છે એ રમકડું નથી કે તેની સામે ગમે તેમ ચેન ચાળા કરી શકાય, ખરેખર ધગશ લાગી હોય સળગ્યુ ઠારવાની તો, આધ્યાત્મિક બળ ઉત્પન્ન કરવા જિનાજ્ઞાનુસારી શુદ્ધ જીવન જીવતાં થઇ જવું જોઇએ.

એ શ્રમણ ત્યાં પોતાના આધ્યાત્મિક કેન્દ્રના રોકેટ બળોને દેવલોકમાં છોડે છે અને બેશક ભોગાસકત દેવો ત્યાંની આંખો ઉઘાડી નાખે છે. એ મહાત્માના એ પસાર કરેલા આધ્યાત્મિક અણુઓ એના સિંહાસનને ડોલાવે છે.

આમ જયારે કોઇ દેવાત્માનો વિરાટ જાગશે ત્યારે એક જ પળમાં સળગતું ઠરવા લાગશે, સેંકડો વર્ષોની જાલ પણ બે પલમાં ચીરાઇ જશે.

કરોડો આત્માઓના જીવલેણ ભ્રમો ભેદાઈ જશે. જડ મૂલ કરી ગયેલી પ્રવેત પ્રજાની તમામ રમતો ધૂળ ચાટતી થઇ જશે. ભૂગર્ભમાં છુપાયેલા જ્ઞાન ભંડારોની અમૂલ પ્રતોની ઉપર લદાયેલી શેર શેર ધૂળો થોડા જ સમયમાં ફેંકાઇ જશે. સહસ્ત્રાવધિ ગ્રંથો પ્રકાશમાં આવશે, સર્વત્ર જિનશાસનનો જય જયકાર બોલાશે.

ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાનું પહેલું વચન યાદ કરો 'હે ભગવંત' જો આ જિનાગમ (જિનાજ્ઞા) અમારી પાસે ન હોત તો દુષમ કાલના ડીબાંગ અંધકારમાં અથડાતા કુટાતા અમારા જેવા અનાથોની અવદશા થવામાં શી કમી ના રહેત ?

આપણે એ જ જિનાજ્ઞાને પામ્યા છીએ. જિનની એ આજ્ઞા એ જ આપણો ધર્મ બને પ્રાણ બને, જીવ જીવન બને એ ખાતર તમામ આશંકાઓને દબાવીને જજંપીએ.

વચનાનુષ્ટાન અને અમૃતઅનુષ્ટાનના સ્વામી બનીએ એ જ આપના જીવનની એકની એક અભિલાષા બની રહે એ જ શુભેચ્છા...

Gunvant Shah ☎ : 344849

Mfgs. of :
Wedding, Invitation, Visiting Cards,
And All Kinds of Card Sheets.

SHAH CARD CENTRE

710, Raipur chakla, Opp Mahalaxmi's Pole
Ahmedabad-1

卐

લેખની અનુક્રમણીકા :—

ક્રમ	લેખ	લેખક	પેજ નં,
૧	શ્રી જિનાજ્ઞા એટલે...	પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂ. મ.	૧
૨	છઠ્ઠાવર્ષના પ્રારંભે	તંત્રીઓ	૯
૩	આભાર અને અનુમોદના	,,	૧૨
૪	અણમોલ જિનાજ્ઞા ...	પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્રસૂ. મ.	૧૪
૫	સુખ દુઃખના પ્રતિક	શ્રી રતિલાલ ડી. ગુઢકા	૧૭
૬	સામાયિક સ્ફુરણ	પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્રસૂ મ.	૨૧
૭	પૂજ્યશ્રી કહેતા હતા કે	શ્રી ગુણદર્શી	૨૪
૮	જ્યાં જિનાજ્ઞા ત્યાં ધર્મ	પૂ. આ. શ્રી વિ. રાજશેખરસૂ. મ.	૨૫
૯	સો દવા એક હવા	,, વારીષેણસૂ. મ.	૩૦
૧૦	આજ્ઞાની આધીનતા કેળવો	,, રામચન્દ્રસૂ. મ.	૩૨
૧૧	જિનાજ્ઞા પરમો ધર્મ	,, મિત્રાનંદસૂ. મ.	૩૩
૧૨	દેવાધિદેવની ઉપાસના આજ્ઞા	,, કનકચન્દ્ર સૂ. મ.	૩૮
૧૩	આણા એ ધર્મો	પૂ. મુ. શ્રી દિવ્યાનંદ વિ. મ.	૩૯
૧૪	છઠાવરસના પ્રારંભે	અમીષ–હર્ષિત શાહ	૪૦
૧૫	આજ્ઞાની આધીનતા...	પૂ. મુ. શ્રી પ્રશાંતદર્શન વિ. મ.	૪૧
૧૬	જયવંતી શ્રી જિનાજ્ઞાનાધારક	શ્રી ગુણદર્શી	૪૬
૧૭	આણા એ ધર્મો	શ્રી આર. ડી. ગુઢકા	૪૯
૧૮	,,	પૂ. આ. શ્રી વિ. પ્રભાકરસૂ. મ.	૫૧
૧૯	ના રે પ્રભુ...	પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. મ.	૫૪
૨૦	આણા એ ધર્મો	,, ભુવનચન્દ્ર ,,	૫૯
૨૧	દુર્જનતણાં વાકયો...	શ્રી ચન્દ્રરાજ	૬૩
૨૨	સંસાર–એક ભયંકરઅટવી	પૂ. મુ. શ્રી રત્નસેન ,,	૬૫
૨૩	આજ્ઞા એજ ધર્મ	શ્રી રામચંદ્રશિશુ	૬૮
૨૪	જિનવાણીનો પ્રેમ	શ્રી વિરાગ	૭૦
૨૫	એક ચિંતન	શ્રી પ્રજ્ઞાંગ	૭૪
૨૬	જયવંતુ જિનશાસન	પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી	૭૫
૨૭	વિવેક દૃષ્ટિ કેળવો	શ્રી પ્રજ્ઞાંગ	૧૨૧
૨૮	આજ્ઞાબળે અજબ	અનામી	૧૨૩
૨૯	ભગવાન મહાવીરના...	શાહ કાંતિલાલ ડાયાલાલ	૧૨૫

૩૦ જિનાજ્ઞા એટલે	પૂ. મુ. શ્રી ધર્મતિલક વિ. મ.	૧૨૮
૩૧ આણા એ ધર્મો	પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.	૧૩૩
૩૨ આજ્ઞાબદ્ધ સંઘ પૂજ્ય	અભીષ શાહ	૧૩૪
૩૩ આજ્ઞાપાલન...	પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. મ.	૧૩૫
૩૪ જિનાજ્ઞા એજ પરમમંત્ર	શ્રી શિતરશ્મિકર	૧૩૮
૩૫ જૈન શાસનનો મહામૂલો મંત્ર	શ્રી રમેશ સંઘવી	૧૪૧
૩૬ પ્રતિષ્ઠા પાછડીની	પૂ. આ. શ્રી વિ. પૂર્ણચન્દ્રસૂ. મ.	૧૪૭
૩૭ જિનાજ્ઞા	પૂ. મુ. શ્રી મોક્ષરતિ વિ. મ.	૧૬૪
૩૮ કચડાયેલી આજ્ઞા...	શ્રી રાજુભાઇ પંડિત	૧૬૯
૩૯ જિનાજ્ઞા અને ધર્મ	પૂ. પં. શ્રી કનકધ્વજ વિ. મ.	૧૭૧
૪૦ વિચાર વસંત	પૂ. મુ. શ્રી નયદર્શન વિ. મ.	૧૭૫
૪૧ રામાયણના પ્રસંગો	શ્રી ચન્દ્રરાજ	૧૭૮
૪૨ શ્રદ્ધાનો સાર	પૂ. સા. શ્રી રવિચન્દ્રાશ્રીજી મ.	૧૮૧
૪૩ સમાચાર		૧૮૩
૪૪ જિનાજ્ઞા પરમો ધર્મ	પૂ. સા. શ્રી હર્ષિતપ્રજ્ઞાશ્રીજી	૨૧૮
૪૫ શુભેચ્છક સહાયક	૧ થી ૬૦	૮૧ થી ૮૪
,, ,,	૬૧ થી	૧૬૧
૪૬ શુભેચ્છક	૧ થી ૨૩૦	૮૫ થી ૯૬
,,	૨૩૧ થી ૩૮૬	૧૫૩ થી ૧૬૦

With Best Compliments From :-

☎ : F. 73132
O. 75366

Dodhia Brass

MOULDING WORKS

Mfg. : Ali Kinds Of Brass Parts

A-39 Shanker Tekari Udyognagar

Jamnagar—4

છઠ્ઠા વર્ષના પ્રારંભે સફલ સાપ્તાહિક
'જૈન શાસન' અઠવાડિકને હાર્દિક શુભેચ્છા

सर्वत्रापि कृतः क्रोधोऽदभ्रश्चभ्रविपत्करः ।
गुरून्प्रति कृतो यस्तु कथ्यते तस्य का कथा ॥

કયાં પણ ક્રોધ કર્યો હોય તો તે ભયંકર નરકની પીડાને કરનાર છે તો પછી ગુરુઓ પ્રત્યે ક્રોધ કર્યો હોય તો તેના ભયંકર ફલની તો વાત જ કયાં કરવી ?

- શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ભાવવિ ટીકા અ. ૯

OFF. : 3877717 / 3856938
FAC. : 492 4017
FAX : 022-387 39 42
GRAM : 'KUMARCARDS'

MFRS OF CARDS:
GREETING, VISITING
INVITATION & WEDDING

KUMAR AGENCIES (INDIA)

IMPORTERS & EXPORTERS

OFF. : 36, Khadikar Road (Kandewadi), Bombay : 400 004.

FAC. : 237, Adhyaru Industrial Estate, Sunmill Compd., Lower Parel, Bombay : 400 013.

જૈન શાસનને જાગૃત કરનાર સિદ્ધાંત રક્ષા અને
પ્રચારના કાર્ય માટે સફળ સિદ્ધિ મેળવનાર

જૈન શાસન - અઠવાડિકને

હાર્દિક શુભેચ્છા...

શ્રી બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ

(લંડન)ના ભાઈઓ તથા બહેનો

64 A The Limes Ave Arivos Grove, London - N - 11.

■ ભાઇઓ ■

(૧) પ્રેમચંદભાઈ
(૨) રતિભાઈ ડી. ગુઢકા
(૩) વેલજીભાઈ
(૪) લાલજીભાઈ
(૫) કાંતિભાઈ
(૬) પોપટભાઈ
(૭) હિંમતભાઈ
(૮) જમનાદાસભાઈ
(૯) લખમશીભાઈ
(૧૦) છોટુલાલભાઈ
(૧૧) ગોસરભાઈ
(૧૨) વેલજીભાઈ સામત
(૧૩) ખીમચંદભાઈ મહેતા
(૧૪) લાલજીભાઈ કચરાભાઈ
(૧૫) વીરચંદભાઈ બાપા
(૧૬) શામજીભાઈ કાકા
(૧૭) પ્રભુલાલભાઈ
(૧૮) ગોસર હીરાભાઈ

■ બહેનો ■

(૧) ચંદ્રીબેન આર. શાહ (૨) દેવકુંવરબેન વી. શાહ (૩) જીવીબેન રાયશી ભુવા (૪) મોતીબેન પ્રેમચંદભાઈ (૫) હંસાબેન (૬) સૂર્યાબેન મહેતા (૭) મનુબેન (૮) રળિયાતબેન (૯) શારદાબેન ટોલીયા (૧૦) રમાબેન એસ. શાહ (૧૧) પદ્માબેન (૧૨) સવિતાબેન (૧૩) કંચનબેન (૧૪) ભાનુબેન (૧૫) જીવીબેન જુઠાભાઈ (૧૬) મણિબેન દેવચંદભાઈ (૧૭) મણિબેન કાંતિભાઈ (૧૮) મોંઘીબેન (૧૯) વાલીબેન (૨૦) નર્મદાબેન માણેકચંદભાઈ (૨૧) શાંતાબેન (૨૨) લલિતાબેન પત્તાણી (૨૩) દેવકુંવરબેન દેવચંદભાઈ (૨૪) શાંતાબેન હેમરાજભાઈ (૨૫) ભાનુબેન રતિલાલ (૨૬) લક્ષ્મીબેન (૨૭) મીણબેન ગોસરભાઈ (૨૮) મણિબેન રાયચંદભાઈ (૨૯) લાભુબેન શાહ (૩૦) રતનબેન મહેતા (૩૧) શાંતાબેન રતિલાલ ગુઢકા (૩૨) વિજયાબેન (૩૩) હસુમતીબેન (૩૪) સોનાબેન (૩૫) મોતીબેન મેઘજીભાઈ (૩૬) મણિબેન શામજીભાઈ (૩૭) અમૃતબેન જેસંગભાઈ (૩૮) અમૃતબેન દેવચંદભાઈ (૩૯) ઈંદુબેન (૪૦) જયાબેન (૪૧) કસ્તુરબેન (૪૨) કસ્તુરબેન પ્રેમચંદભાઈ (૪૩) જશોદાબેન (૪૪) શિવકુંવરબેન પારેખ (૪૫) મોતીબેન છોટુભાઈ (૪૬) કુમુદબેન (૪૭) મણિબેન ગોવીંદજી (૪૮) લતાબેન (૪૯) હિમાબેન (૫૦) કંકુબેન (૫૧) દેવકુંવરબેન કુલચંદ

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫-દિગ્વિજય પ્લોટ, જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું. ફોન : ૨૪૫૪૬

૧૯૯૩-૯૪-૬૫

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસમાઈ–મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

૫૨૨૪

સવિ જીવ કરું શાસન રસી.

વિશેષાંક પૂર્તિ

પૂ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાન ભવન, ૪૫ - દિગ્વિજય પ્લોટ,
જામનગર.
(સૌરાષ્ટ્ર)

વર્ષ : ૬

અંક
૪ - ૫ - ૬

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ:
ચુનીભાઈ મોહનજી ગુંદિયા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ કોઠ (વઢવાણ)
ધનાચંદ પદમશી મુંદરા (થાણા ગઢ)

વર્ષ ૬] ૨૦૪૯ અ. ભાદ્રપદ વદ-૧૩ મંગળવાર તા. ૧૪-૯-૯૩ [અંક ૪-૫-૬

卐 તારક શાસનને સમજો ! 卐

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

" ત્વાં ત્વત્ફલભૂતાન્ સિદ્ધાંસ્ત્વચ્છાસનરતાન્મુનીન્ !
ત્વચ્છાસનં ચ શરણું, પ્રતિપન્નોઽસ્મિ ભાવતઃ !! "

ભગવાન શ્રી જિનેશ્વર દેવોના શાસનને પામેલા જીવો, શ્રી અરિહંત પરમાત્માને શરણ માને છે. શ્રી અરિહંત પરમાત્માના ફળ સ્વરૂપ શ્રી સિદ્ધ ભગવંતોને શરણ માને છે. શ્રી અરિહંત પરમાત્માના શાસનમાં રકત બનેલા શ્રી આચાર્ય ભગવંતો, શ્રી ઉપાધ્યાય ભગવંતો અને શ્રી સાધુ ભગવંતોને શરણ માને છે. અને આ શાસનને શરણ માને છે. શ્રી અરિહંત પરમાત્માદિ વિના આ જગતમાં આપણું રક્ષણ કરનાર, ભલું કરનાર બીજું કોઇ જ નથી. શાસનને પામેલા જે હોય તે જ ભલું કરી શકે. બાકી સંસારની કોઇપણ ચીજ સારામાં સારી હોય તો તે પણ આત્માનું રક્ષણ કરવા સમર્થ નથી. શાસનને પામેલા જીવોને આ સંસાર કેવો લાગવો જોઇએ ? સંસારની કોઇપણ ચીજ આત્માનું ભલું કરી શકે તેમ છે ? નથી. એવી શ્રધ્ધા થવી જોઇએ. આમ થાય તો જ દશા ફરે.

સંસારમાં રહેવા છતાં પણ સમ્યગ્દષ્ટિ આત્મા દુર્ગતિમાં જતો નથી અને નિયમા સદ્ગતિમાં જ જાય છે અને વહેલામાં વહેલો મુકિતમાં ચાલ્યો જાય છે. કોણ ? જેને સંસારની બધી ચીજો ખરાબ લાગે તે. ' સંસારની સારામાં સારી ચીજ પણ સારી નથી. ' આવી શ્રધ્ધા જેને થાય તે જીવ કેવો હોય ? સંસારમાં હોય તો ય વિરાગી હોય. જે વિરાગી ન હોય તેનું આ શાસનમાં સ્થાન જ નથી. આ શ્રધ્ધા થાય તે સંસારમાં રહે ? રહે મરે તો ય ચિંતા નહિ. શાસન પામેલો જીવ સંસારમાં કયારે

બેસે ? કર્મ ભયંકર હોય તો. કર્મનો તીવ્ર ઉદય ન હોય. તો તે સંસારમાં રહે નહિ. શ્રાવક-શ્રાવિકા સંસારમાં રહ્યા છે તે તેમની ઇચ્છાથી નથી રહ્યા પણ ન છુટકે રહ્યા છે. જે મઝાથી રહ્યા હોય તે તો સંઘમાં પણ નથી.

તમે બધા શાસનને પામેલા છો ? શાસન પામવાની ભાવના પણ છે ? સંસારની ચીજ સારી લાગે તો સમજવાનું કે- આ શાસન મલ્યું છે પણ પામ્યા નથી ! જે જીવો ન છુટકે સંસારમાં રહ્યા હોય, કર્મયોગે સંસારની ક્રિયાઓ કરવી પડે અને કરતા પણ હોય તો પણ દુર્ગતિમાં જતા નથી. અને સદ્ગતિની પરંપરા સાધી વહેલામાં વહેલા મોક્ષે જાય છે. આવો ભગવાન ખાત્રી આપે છે પણ આપણને તેવી શ્રધ્ધા છે ? તમને સંસારનો ભય છે ? 'સંસારમાં અમે મઝેથી રહેતા નથી, આ સંસારની કોઇ ચીજ ગમતી નથી, કર્મયોગે કરવું પડે છે પણ કરવા જેવું નથી'- તેમ હૈયામાં છે ?

ભગવાન કહી ગયા છે કે- સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારમાં હોય પણ સંસારનો પ્રેમી નથી. સંસારના સુખમાં વિરાગી છે અને દુઃખમાં સમાધિવાળો છે. આવી દશા પામવાની છે. સંસારની એવી ચીજો ઘણી છે જે સાધુને અને શ્રાવકને મૂંઝવે. પણ ભગવાનના સાચા સાધુ કે શ્રાવક કોઇ ચીજથી મૂંઝાય નહિ. આવી દશા પામે તો ઠેકાણું પડી જાય.

શ્રાવકો સાધુ કેમ થતા નથી ? "કર્મે બાંધી રાખ્યા છે માટે. આ સંસાર ગમતો નથી. 'કયારે છુટે, કયારે છુટે' તે જ ભાવનામાં છે.': આવો જવાબ આપીએ તો અમે સાચા પડીએ કે ખોટા ? શ્રાવક સંસારમાં રહ્યો હોય પણ સંસારમાં રહેવા જેવું છે તેમ કદી માનતો ન હોય. 'કયારે સંસારથી છુટું' 'કયારે સંસારથી છુટું' તે જ ભાવનામાં હોય. આ ભાવના ન હોય તો ભગવાનનું શ્રાવકપણું કે શ્રાવિકાપણું આવે નહિ. સંસારમાં *કેમ રહ્યા છો ? 'કારનો ઉદય છે માટે રહેવું પડયું છે. પણ કયારે છુટીએ તે જ* ભાવનામાં રમીએ છીએ'- આવા જવાબ આપી શકો ખરા ? આવી દશા આવે તો દુર્ગતિના દરવાજા બંધ છે, સદ્ગતિ બાપની છે અને મોક્ષે વહેલા જવાના છે. આવી શ્રધ્ધા ય પેદા થાય માટે રોજ વ્યાખ્યાન વંચાય છે, ઉપદેશ અપાય છે.

સાધુના મોટા મોટા સામૈયા કેમ કરો છો ? અમને સંસારના કીચ્ચડમાંથી બહાર કાઢવા આવ્યા છે માટે સામૈયા કરીએ છીએ એમ કહો ખરા ? આજે તો ઘણા કહે છે કે- મોટા મહારાજ આવ્યા છે, વાજા ન વગાડીએ તો ખરાબ લાગે માટે વગાડીએ છીએ ! આજે તો સામૈયામાં પણ કયા પૈસા ખર્ચાય છે તેની પણ તપાસ કરવી

પડે તેમ છે. આજે એવી હાલત છે કે ધર્મની બાબતમાં શ્રાવકો જે કરે તે બધું પૂછવું પડે છે!

તમે બધા દુર્ગતિમાં જાવ તે ખમાય તેમ નથી માટે આ બધું પૂછવું પડે છે. ધર્મી તો કહે કે. આ શરીર પણ મારૂં નથી, તે પણ શાસનને સોંપ્યું છે. ભગવાનના તારક શાસન વિના કશું ગમતું નથી– આવી ભાવનાવાળા ચારે પ્રકારના સંઘના જીવો હોય. તમને દુર્ગતિનો ભય છે? સદ્ગતિનો ખપ છે? મરણ આવશે તો આનંદ પામશો અને કહેશો કે– '**મરવાનું તો છે જ. માટે મરવાનો ભય નથી. પણ ભય તો સંસારનો છે. સંસાર સારો ન લાગે તે ચિંતા છે બીજી કોઇ જ ચિંતા પણ નથી.** આમ જે કહે તે બધા શાસન પામેલા છે. શ્રી નવપદજીના આરાધક બન્યા છે. જે શાસનના આરાધક તે જ શ્રી નવપદજીના આરાધક! તેને કશી ચિંતા નહિ. આવી દશા સૌ પામો તે જ અંતર્ગત ઇચ્છા છે.

સાધુને પણ પૂછે કે– સાધુ કેમ થયા છો? તો તે કહે કે, મોક્ષે જ જવું છે. તેમ શ્રાવકને પૂછે કે– સાધુ કેમ થતા નથી? તો તે ય કહે કે– પાપનો ઉદય છે. શ્રાવકપણું કેમ પાળો છો? મારે ઝટ મોક્ષે જવું છે. તે માટે સાધુ થવું છે માટે. શ્રાવકપણું પાળનારને સાધુ થવાની ઇચ્છા હોય કે ન હોય? જેને સાધુ થવાની ય ઇચ્છા ન હોય તે શ્રાવક હોય કે ન હોય? તમે બધા સાધુ થવાની ઇચ્છાવાળા છો ને! તમે સાધુ થયા નથી પણ સાધુ થવાની જ ઇચ્છા છે તેમ કહું ને? શાસન પામેલાને સંસાર ની કોઇ ચીજ ગમે નહિ પણ સાધુપણાની જ ઇચ્છા હોય.

શ્રી ભરત મહારાજાને ઓળખો છો? તેમની વાત કેટલીવાર કહી છે પણ યાદ રાખતા નથી. શ્રી ભરતજી શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનના દીકરા છે. પહેલા ચક્રવર્ત્તિ છે. ચક્રીપણાનું કર્મ બાંધીને આવ્યા છે માટે છ ખંડ સાધવા જ પડે. માટે પોતાના અઠ્ઠાણું (૯૮) ભાઇઓને કહેવરાવ્યું છે કે– આજ્ઞા સ્વીકારો. તે અઠ્ઠાણું ભાઇ ભગવાન પાસે ગયા છે તેનું ય મોટું અધ્યયન છે ભગવાને તે બધાને સંસારનું–તૃષ્ણાનું સ્વરૂપ સમજાવ્યું છે. તેથી તે બધા કહે કે, અમે આપની આજ્ઞા માનીશું, આની નહિ. તે અઠ્ઠાણું ય સાધુ થઇ ગયા છે. હજી શ્રી બાહુબલિજીને જીતવા બાકી છે. પણ શ્રી ભરતજી કહે કે, મારે ચક્રી થવું નથી. પણ કર્મ જ એવું છે કે, જીત્યા વિના ન ચાલે. તેમનો શ્રી સુષેણ સેનાપતિ સમજાવે છે અને શ્રી બાહુબલિજી સામે યુદ્ધ કરવા જાય છે. બંન્ને લેગા થાય છે.

તે વખતે શ્રી ઇન્દ્રાદિ દેવો આવીને તે બે ને સમજાવીને તે બે ને જ યુદ્ધ કરવા

કહે છે અને પાંચ યુધ્ધ નક્કી કરી આપે છે. તે પાંચે ય યુદ્ધમાં શ્રી ભરતજી હાર્યા છે. તેથી તેમને ગુસ્સો આવે છે અને શ્રી બાહુબલિજી ઉપર ચક્ર મૂકે છે. તે જોઇને શ્રી બાહુબલિજીને ગુસ્સો આવે છે કે, વચનનો ભંગ કરે છે. તારા તે લોઢાના ટુકડાનો ભૂકકો કરી નાખીશ. પણ ચક્રકુળમાં ચાલે નહિ તેથી શ્રી બાહુબલિજીને પ્રદક્ષિણા કરીને પાછું આવે છે. અને શ્રી બાહુબલિજી મુઠ્ઠી ઉગામીને શ્રી ભરતજીને મારવા દોડયા છે. *માર્ગમાં વિચારે છે કે- "બાપની જગ્યાએ રહેલા મોટાભાઇને મરાય ? આ મુઠ્ઠી ખાલી* પણ ન જાય." તેથી ત્યાં ને ત્યાં લોચ કરીને ઉભા રહે છે.

તે જ વખતે શ્રી ભરતજી દોડીને શ્રી બાહુબલિજીના પગમાં પડે છે અને કહે છે કે- "બાપનો સાચો દિકરો તું, હું નહિ. આ રાજ્યને સંસાર રૂપી વૃક્ષનું બીજ ન માને તે અંધમ છે- જાણવા છતાં પણ હું છોડતો નથી માટે અધમાધમ છું" શ્રી ભરતજીને આરિસા ભુવનમાં કેવળજ્ઞાન થયું તે શાથી ? રાજ્યને ભૂંડું માનતા હતા માટે. તમે ઘરને ભુંડું માનીને ઘરમાં રહો છો ? ઘર આદિનેં ભુંડું ન માનો તે ચાલે ?

ઘર-બાર, કુટુંબ-પરિવાર, પૈસા-ટકાદિ છોડવા જેવા છે ને ? નથી છોડતા તે પાપોદય છે ને ? છોડવાની ભાવના જીવતી-જાગતી છે ને ? તે હોય તો શ્રાવકપણું ટકે. તમે બધા ધંધા-વ્યાપાદિ કરો છો તે ન છુટકે કરો છો કે મઝાથી ? આજે તો પૈસા-ટકાદિ માટે જે પાપ થાય છે, જે અનીતિ થાય છે તેનું વર્ણન થઇ શકે તેમ નથી. લોક કહે છે કે- ચાંલ્લાવાળાનો વિશ્વાસ ન કરવો. આવી દુર્દશા પેદા થાય તે સારું છે ? શોભાસ્પદ છે ? શાસ્ત્રે તો કહ્યું છે કે- શ્રાવક વેપાર પણ ન છુટકે કરે, કરવા જેવો ન માને. તેમાં ય તમે હા ન પાડો તો ફજેતી કોની થાય ? શ્રાવક અનીતિ કરે ? ભુખ્યો મરે પણ અનીતિથી કમાઇને સારું-સારું ખાય નહિ. લુખ્ખું મળે તો લુખ્ખું ખાય પણ ચોપડ્યું ખાવા અનીતિ ન કરે. તમે બધા આવી આબરૂ કેળવો તેમ ઇચ્છું છું. આવી આબરૂ કેળવો તો શાસનની શોભા વધે.

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા શાસનને સમર્પિત જ હોય-સમર્પિત હોવું જોઇએ. આવી દશા પામો તેવી મારી અંતર્ગત ભાવના છે. તે માટે આ ઉપદેશ છે. સાધુ પાસે જાવ તો તે એમ જ કહે કે- "સંસાર છોડવા જેવો જ છે. સંસારમાં રહેવા જેવું નથી. સાધુપણું જ લેવા જેવું છે. મોક્ષ જ મેળવવા જેવો છે." આવી ભાવના જેની થાય તે બધા સદ્ગતિ ગામી છે. અહીં આવે તે પ્રમાણ છે. ભગવાનની પૂજા કરનાર, સાધુની સેવા કરનાર, ધર્મક્રિયા કરનારા દુર્ગતિમાં જાય ? તે તો સદ્ગતિમાં જાય. આવી ભાવના અને શ્રધ્ધા હોય તો સાચું શ્રાવકપણું પ્રગટ થાય. તે પ્રગટ કરો તેવી ભાવના રાખવામાં આવે છે.

—: જ્ઞા ન ગુ ણ ગં ગા :—

— પ્રજ્ઞાંગ

• એક સમયમાં કયા સ્થાનથી કેટલા જીવો મોક્ષમાં જાય ?

(દ્રવ્યલોક પ્રકાશના અનુસારે)

ક્ષેત્રથી

ઊર્ધ્વલોકમાં — ૪

અધોલોકમાં — ૨૦ (શ્રી ઉત્તરાધ્યન જીવાજીવવિભક્તિ અધ્યનમાં)

૨૨ સંગ્રહણીના અભિપ્રાયે

૪૦ સિદ્ધ પ્રાભૃતના "

તીચ્છાલોકમાં — ૧૦૮

સમુદ્રમાં — ૨

સમુદ્ર સિવાયના જલાશયોમાં — ૩

એક વિજયમાં — ૨૦

નંદનવનમાં — ૪

પંડક વનમાં — ૨

દરેક કર્મભૂમિમાં — ૧૦૮

પ્રત્યેક અકર્મ ભૂમિમાં (સિંહરણથી) — ૧૦

—: અવગાહનાથી :—

૫૦૦ ધનુષ્ય-પ્રમાણવાળા — ૨

૨ હાથ પ્રમાણના — ૪

મધ્યમ પ્રમાણના — ૧૦૮

—: કાલથી :—

ઉત્સર્પિણીના ત્રીજા આરે — ૧૦૮

ઉત્સર્પિણના ૧-૨-૪-૫-૬- આરે — ૧૦

અવસર્પિણ ના ચોથા આરે — ૧૦૮

,, પાંચમે આરે — ૨૦

,, ૧—૨—૩—૬-આરે — ૧૦

(મહાવિદેહમાંથી કોઇ વૈરી દેવ કેવલી મુનિને સંહરીને આ ભરતાદિ ક્ષેત્રમાં કોઇ પણ આરાના વખતમાં લાવે તો તે અપેક્ષાએ અવ૦ ના ૧—૨—૬, ઉત્સ. ના ૧-૨—૫—૬ આરામાં પણ મોક્ષ સંભવે છે,

—: સંક્રાન્ત વેદથી. :—

પુરૂષથી પુરુષ-થયેલા — ૧૦૮

પુરૂષથી સ્ત્રી, પુરૂષથી નપુંસક, સ્ત્રી થી સ્ત્રી, સ્ત્રીથી પુરૂષ, સ્ત્રી થી નપુંસક, નપુંસક થી પુરૂષ, નપુંસકથી સ્ત્રી કે નપુંસકથી નપુંસક આ-આઠ ભાંગે — ૧૦

લિંગથી

અન્ય તાપસાદિ-વેષ વાળા — ૧૦

ગૃહસ્થવેષ-વાળા — ૪

જૈનુ સાધુપણાના વેષવાળા — ૧૦૮

વેદદ્વાર

પુરુષ લિંગ વાળા — ૧૦૮

સ્ત્રી લિંગે	–	૨૦
નપુંસક લિંગે	–	૧૦

૦ એક સમયમાં કયા સ્થાનથી કેટલા જીવો મોક્ષે જાય.

(શ્રી નન્દિસૂત્ર વૃત્તિમાંથી)

ગતિદ્વાર

	યુગપત સિધ્ધિ	નિરંતર સિધ્ધિ
દેવગતિથી આવેલા	૧૦૮	૮ સમય
મનુષ્ય-તિર્યંચ-નરક ગતિથી આવેલા	૧૦	૪ ,,
પહેલીત્રણનરક પૃથ્વીથી આવેલા	૧૦	૪ ,,
પંકપ્રભામાંથી આવેલા	૪	૨ ,,
પૃથ્વીકાયથી આવેલા	૪	૨ ,,
અપ્કાયથી ,,	૪	૨ ,,
વનસ્પતિમાંથી આવેલા	૬	૨ ,,
મનુષ્યગતિથી ,,	૨૦	૪ ,,
મનુષ્ય પુરૂષથી આવેલા	૧૦	૪ ,,
મનુષ્ય સ્ત્રીથી ,,	૨૦	૪ ,,
પુરૂષ તિર્યંચથી ,,	૧૦	૪ ,,
સ્ત્રી તિર્યંચથી ,,	૧૦	૪ ,,
૧૦ ભુવનપતિમાંથી પ્રત્યેકથી આવેલા	૧૦	૪ ,,
૧૦ ભુવનપતિદેવીમાંથી પ્રત્યેકથી આવેલા	૧૦	૪ ,,
વ્યંતર દેવમાંથી આવેલા	૧૦	૪ ,,
વ્યંતર દેવીમાંથી આવેલા	૫	૨ ,,
જ્યોતિષ દેવમાંથી ,,	૧૦	૪ ,,
જ્યોતિષ દેવીમાંથી ,,	૨૦	૪ ,,
વૈમાનિક દેવમાંથી ,,	૧૦૮	૮ ,,
વૈમાનિક દેવીમાંથી ,,	૨૦	૪ ,,

: તીર્થદ્વાર :

	યુગપત સિધ્ધિ	નિરંતર સિધ્ધિ સમય
તીર્થંકર	૪	૨ સમય
પ્રત્યેક બુધ્ધ	૧૦	૪ ,,
સ્વયં બુદ્ધ	૪	૨ ,,
અતીર્થંકર	૧૦૮	૮ ,,
તીર્થંકરી	૨	૨ ,,

ચારિત્ર દ્વાર

સામાયિક, સૂક્ષ્મસંપરાય યથાખ્યાત ચારિત્રી	૧૦૮	૮ ,,
સામાયિક, છેદોપસ્થાપનીય સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત ચારિત્રી	૧૦૮	૮ ,,
સામાયિક, પરિહાર વિશુધ્ધિ, સૂક્ષ્મસંપરાય. યથાખ્યાત ચારિત્રી	૧૦	૪ ,,
સામાયિક, છેદોપસ્થાપનીય પરિહાર વિશુધ્ધિ, સૂક્ષ્મસંપરાય	૧૦	૪ ,,
યથાખ્યાત ચારિત્રી	૧૦	૪ ,,

બુદ્ધદ્વાર

પ્રત્યેક બુધ્ધ પુરૂષ	૧૦	૪ ,,
બુદ્ધ પુરૂષ બોધિત પુરૂષ	૧૦૮	૮ ,,
,, ,, સ્ત્રીઓ	૨૦	૪ ,,
,, ,, નપુંસક	૧૦	૪ ,,
બુધ્ધ સ્ત્રી બોધિત સ્ત્રીઓ	૧૦	૪ ,,
બુદ્ધ સ્ત્રી બોધિત (સામાન્ય પુરૂષાદિ)	૨૦	૪ ,,

જ્ઞાનદ્વાર

મતિશ્રુતજ્ઞાની	૪	૨ ,,

મતિશ્રુતમનઃપર્યવજ્ઞાનિ	૧૦	૪ સમય
મતિશ્રુતાવધિજ્ઞાની	૧૦૮	૮ ,,
ચતુર્જ્ઞાની	૧૦૮	૮ ,,

ઉત્કૃષ્ટ દ્વાર

અનંતકાલથી સમ્યક્ત્વ પતિત	૧૦૮	૮ ,,
સંખ્યાતકાલથી ,,	૧૦	૪ ,,
અસંખ્યાતકાલથી ,,	૧૦	૪ ,,
અપતિત સમ્યગ્દૃષ્ટિ	૪	૨ ,,

અન્તરદ્વાર

સાન્તરપણે એક જીવ	૧
સાન્તરપણે અનેક જીવ	૧૦૮

નિરન્તરદ્વાર

૮ સમય	સુધી	૧ થી ૩૨
૭ ,,	,,	૩૩ થી ૪૮
૬ ,,	,,	૪૯ થી ૬૦
૫ ,,	,,	૬૧ થી ૭૨
૪ ,,	,,	૭૩ થી ૮૪
૩ ,,	,,	૮૫ થી ૯૬
૨ ,,	,,	૯૭ થી ૧૦૨

(એક સમયમાં નિરંતરપણાનો અભાવ હોવાથી કહ્યો નથી.)

० ઇન્દ્રિય પર્યાપ્તિ અંગે :–

ईष्टे तद्विषयज्ञप्तौ,

यया शक्त्या शरीर धा न् ।
पर्याप्तिः सेन्द्रिया हवाना,
दर्शिता सर्व दर्शिभि : ॥
(इति संग्रहणी वृत्त्यभिप्राय :)

તથા ધાતુપણે પરિણમેલા આહારમાંથી જે પુદ્ગલો ઇન્દ્રિયપણે પરિણમવાને યોગ્ય હોય તેવાં પુદ્ગલો ગ્રહણ કરીને યથા યોગ્ય ઇન્દ્રિયપણે પરિણમાવીને તે ઇન્દ્રિય ના વિષય જ્ઞાનમાં જીવ જે શક્તિ વડે સમર્થ થાય તે શક્તિને સર્વજ્ઞોએ ઇન્દ્રિય-પર્યાપ્તિ એ નામાવલી કહી છે આ સંગ્રહણી વૃત્તિનો અભિપ્રાય કહ્યો.

प्रज्ञापना–जीवाभिगमप्रवचनसारोद्धार वृत्यादिषु तुयया धातुतया परिणमितमाहारमिंद्रियतया परिणमयति, सेन्द्रिय पर्याप्तिरित्येतावदेव दश्यते, इति ज्ञेयं ।

જ્યારે શ્રી પન્નવણા, શ્રી જીવાભિગમ શ્રી પ્રવચનસારોદ્ધરની વૃત્તિ વગેરેમાં તો– "જે શક્તિ વડે ધાતુપણે પરિણમેલા આહારને ઇન્દ્રિયપણે પરિણમાવે તે ઇન્દ્રિય પર્યાપ્તિ" એટલું જ કહેલું જણાય છે.

જિન આજ્ઞા પ્રેમ લાવે

(૧) જ્યાં આગમની આજ્ઞા હોય ત્યાં જ અમારી આત્મા ઢળે.

(૨) આજ્ઞાની આરાધના વિના મુક્તિ નથી જ.

(૩) આજ્ઞાની વિરાધના કરવા છતાં પણ પોતાને સેવક તરીકે ઓળખાવનારા સેવક હોવા કરતાં ન હોય તે સારા !

(૪) અર્થકામની જેટલી ગુલામી થાય છે તેટલી જો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાની થાય તો આજે જ ઉદ્ધાર.

(૫) તારક તીર્થંકરોએ એક જ શરત મુકી છે, તે આજ્ઞા પાલનની.

(૬) સ્વતંત્રતા પ્રાપ્ત કરવા માટે આજ્ઞા નું પાલન કરતા થઈ જાવ.–સાધનાશાહ

સામયિક-સ્ફુરણા

ભેદ ધર્મ કરતો નથી
ધર્મની વિધિઓ તો ભાવ વધારનારી છે.

જય જિનેન્દ્ર મુ. સ. મ. બિન્દુ એચ મહેતા લખે છે કે– "ગરીબ અમીરનો ભેદ જ ઉત્પન્ન ન થાય તેમાં જ સાચા સમાજવાદ અને સામ્યવાદની જડ પડી છે.

પરંતુ આવા શ્રેષ્ઠ ધર્મના ઉપાસકોમાં કેટલાક દશકાઓથી ધર્મમાંથી સાચી સમજ અને શ્રધ્ધા લુપ્ત થતી જોવા મળે છે ધર્મ કરતાં ધનનું મહત્વ વધતું જાય છે જે ધર્મ ને પોષક નથી પણ બાધક છે ધનનો એશારામમાં વ્યય કરે એ અપેક્ષાએ ધર્મ જોગું વાપરે તે સારી વાત છે પરંતુ ભગવાનના પૂજન અર્ચન સાધુ સાધ્વીઓના સ્વાગત પારણુ કે સાધુ સાધ્વી કાલધર્મ પામતા પાલખી અગ્નિ સંસ્કાર વગેરે માટે ઘીની બોલી બોલાય છે ઘીની બોલી પૈસાના યુનીટ તરીકે બોલાવાય છે તે વધારેમા વધારે પૈસા આપી શકે તેને જ તેની લાભ મળે છે."

આ પ્રશ્નોના જવાબ ઘણી વખત અપાઇ ગયા છે છતાં જય જિનેન્દ્રના સં. ને તેમાં અભાવ છે જેથી વારે વારે આવા જ પત્રો રજુ કરે છે.

જૈન તો બિચારા ભદ્રીક છે આજે ઘણા સુધારકો લાખો કરોડો મકાનોમાં, લગ્નોમાં, જોજશોખમાં, વ્યસનોમાં ખર્ચે છે તેની ટીકા કરતા નથી જ્યારે ધર્મના અનુષ્ઠાનો જે વિધિ સહિતના છે અને સરવાળે નબળા વર્ગોના પણ પોસક છે તે દેખાતું નથી અને એક માત્ર પૂર્વ ગ્રહથી ટીકા કરે છે.

તે જૈન કેટલાક દશકાથી બોલી બોલાય છે તેમ લખે છે તે અનુભવ અને વાંચ-
નનો અભાવ બતાવે છે.

શ્રી હેમચંદ્રસૂ. મ. ની નિશ્રામાં પરમાર્હત્ કુમારપાળ રાજાએ શત્રુંજય ગીરનાર પ્રભાસ પાટણ્ સંઘ કાઢયો માળ પોતાને પહેરવાની હોવા છતાં ઘી મણી અને કરોડ કરોડની બોલીઓ થઇ હતી તેમજ શ્રી પેથડ શાહ મંત્રીએ શ્રી ગીરનાર તીર્થમાં પંદ ઘડી સુવર્ણ બોલી બોલી તીર્થ માળ પહેરી હતી અને તે સુવર્ણ આપ્યા પછી મોઢામાં પાણી નાખ્યું હતું એટલે બોલી એ કોઇ થોડા દશકાનો રિવાજ નથી.

પૂજન અર્ચનમાં રોજ તો ગમે તે પૂજા કરતા હોય છે પણ ખાસ પ્રસંગ હોય કે શહેરમાં કાયમ અનેકો હોય તો ૧ લી પૂજા કોણ કરે તે વિવાદ ન થાય તેથી દેવ દ્રવ્યની વૃધ્ધિ માટે બોલી બોલાય છે તે પણ કંઈ દશકાનો રિવાજ નથી.

અગ્નિ સંસ્કારની બોલી એ પણ નવી નથી. જ્યાં અનેક ભાવિકો હોય ત્યાં લાભ લેનારાની પડાપડી થાય છે ત્યાં બોલી થાય છે નહીંતર બોલી પણ ન બોલાય કે સંબંધી પણ અગ્નિ સંસ્કાર કરે તેવા પ્રસંગો બને છે તે પ્રસંગે અવશ્ય જીવદયાની ટીપ થાય છે. દરેક શાંતિસ્નાત્ર આદિ મહા પૂજાઓ પ્રસંગે પણ કાયમ જીવદયાની ટીપો થાય છે એ વાત ધ્યાનમાં લે તો સંઘ વિહિત અનુષ્ઠાનો પ્રત્યે અવજ્ઞા જેવું લખાય નહિ.

પૈસાવાળા પણ તે પ્રસંગે વ્યય કરી પોતાની લક્ષ્મીને સફળ બનાવે છે.

સંસારમાં બંગલામાં કોણ રહે છે ? ફ્લેટમાં કોણ રહે છે. મોટી મોટી બજારોમાં પેઢીઓ કોની છે. મોટરો પ્લેનોમાં કોણ ફરે છે. તે બધું કરે તેમાં વાંધો નહિ તેની ટીકા નહી તેવા સુખી માણસોને સલામ ભરે, વાહવાહ કરે, વિગેરે મંજુર.

આ જૈન શાસનના અનુષ્ઠાનોમાં તો સકલ સંઘ હાજર રહે છે અને વિધિ થતાં સૌ એક ભાવમાં આવે છે બેદ તો ધર્મપ્રિય જેવા કે આવા ભોળા લેખકોને થતો હોય તેમ બને.

પત્થર બોલે તે સાંભળે કોણ ?

રાજસ્થાન પત્રિકા (જોધપુર) તા. ૧–૭–૯૩ ના અંકમાં નાગરિકના નામથી નગર પરિક્રમામાં આઠ કડીનું કાવ્ય નાગરિકે મૂકયું છે. તેમાં હેડીંગ કર્યું છે "શત્રુંજય સુધી હીને જાહિ આગે પાથર બોલે નહિ.."

આ કડીમાં પણ તેવું જ લખ્યુ છે પરંતુ પત્થર કે પ્રભુ ન બોલે તે કોને માટે ?

અભણ માણસને કાગળ આપો તો વાંચી શકે ? અંધને બત્તી બતાવો તો જોઇ શકે ? નહિ. તે રીતે જેમને તીર્થનું કે પરમાત્માનું મહત્વ સમજાયું નથી તેને તીર્થ કે પ્રતિમા વાંચ તો કયાંથી આવે.

કાગળમાં લખેલું બોલે છે. પિતા માતા પતિ પત્નિના ફોટા બોલે છે. અને આજે તો દુનિયામાં મૂર્તિને નહિ માનનારના પણ ઢગલા બંધ ફોટા છપાય છે અને એ ફોટા જોઈને દુરના માણસો પણ આ અમુક છે તેમ ઓળખી જાય છે અને બોલે છે

પરમાત્મા બોલે નહિ પણ તેને જોઇને જેમનો ભાવ જાગે તે જ પરમાત્માનુ. બોલવું છે.

એક ભાઇએ કહ્યું કે પત્થરનો સિંહ હોય તો કુતરાને બીક લાગતી નથી પરંતુ કુતરાને જ્ઞાન ન થાય પણ માણસ તો પત્થરના સિંહને બકરી નહિ કહે ને ? જ્ઞાન માટે સાક્ષાત્ સિંહ કોઇ હાજર કરે છે ? લક્ષણ તો ચિત્ર ઉપરથી જ જુએ છે. તેમ વિવેકી આત્મા ને જિનમૂર્તિ જોતાં જિનના ગુણ પ્રગટ દેખાય છે. અજ્ઞાની તો આંખો બોલીને જુએ તો પણ તેને સમજ ન પડે.

આવી ગવાઇ ગયેલી અને માત્ર પ્રતિકાર કરવા કે કહેવા પુરતી કહેવા માટેની વાતોને છાપીને માત્ર અજ્ઞાનતા કે મૂર્ખતા જ પ્રસિદ્ધ કરાય છે.

One picture is Better Then Hundred Talks એક ચિત્ર તે હજાર વાતો કરતાં વધુ જ્ઞાન આપે છે.

ભાવથી જિનમૂર્તિનું આલંબન લઇ અસંખ્ય જીવો તર્યા છે તેનું સાચું સ્વરૂપ સમજીને આરાધના કરવા ઉજમાળ બનવું.

૨૦૪૯ પ્રથમ ભાદરવા વદ-૮ ગુરૂવાર
આરાધના ભવન
પોરવાડ વાસ, રતલામ

જિનેન્દ્રસૂરિ

જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

જૈન સ્ટુડીયો

દેવેન્દ્ર એમ. શાહ
૬૨ બજાર ગેટ સ્ટ્રીટ
૨૮ દ્વારકાદાસ લેન-ફોર્ટ
મુંબઇ—૧

જે જેટલા પ્રકાર અવિરતને લોકમાં ભવના કારણ છે, તે તેટલા પ્રકાર પ્રશસ્ત ભાવવાળા વિરતને મોક્ષના કારણ છે.

એક અગત્યની વાત. ગંભિર બની વાંચશો.

–પૂ. આ. દેવશ્રી પ્રભાકરસૂરીશ્વરજી મહારાજ.

શ્રી જિનશાસનમાં પૂજનીય ગીતાર્થ ગુરૂભગવંતો ની છત્ર છાયા એ ઘણી અગત્યની વસ્તુ છે.

ભવ્યાત્માઓ આ સંસાર સાગરથી તરી જાય મુક્તિપદ પામે તેવો શુધ્ધ અને શુભ આશય સતત દૃષ્ટિ સમક્ષ રાખી પોતાને શરણે આવેલા આત્માઓને ધર્મોપદેશ આપે છે. તેમાંય જીવો તેમનાં જીવનમાં ધર્મ અને મોક્ષની પ્રધાનતા આપનારા બને તે વાતનું સતત ધ્યાન રાખતા હોય છે.

બાલ અને મુગ્ધજીવો માટે અર્થ કામ માટે ધર્મ કરાવવાની સત્તા ગીતાર્થ ભગવંતોને શાસ્ત્રે આપેલી છે. તે પણ જાહેરમાં નહી પરંતું એકાંતમાં અને પાછો અવસર આવે એટલે અર્થ કામની ભયાનકતા સમજાવી અર્થકામની લાલસા છોડાવી દે છે. ધાવતા બાળકને જેમ ધાવણ છોડાવી દે તેમ.

નાનો બાળક નીશાળે લાલચે જાય છે પરંતુ સમજણ પછી તેની લાલચ તો છૂટી જાય છે. એટલું જ નહી નીશાળે જવા માટે કાળી મજૂરી (તપ) કરીને પૈસા કમાઇને ફી ભરીને જવાનું છોડતો નથી. તેવી રીતે ધર્મ સમજાયા પછી ભૂલે ચૂકે ભાગ્યશાળી જીવ અર્થ કામ માટે વિષ અનુષ્ઠાન આદિ કરતો નથી.

અર્થ કામને મેળવવાની સાચવવાની ચીંતા એ પણ આર્ત્તધ્યાન છે તેમાં આયુષ્યનો બંધ થાય તો તીર્યંચ ગતિનો થાય છે.

અર્થ કામ લાંભાતરાય કર્મના ક્ષયોપશમથી મલે છે અર્થ કામ માટે ધર્મ કરવાથી બધાને અર્થ કામ મલી જાય તેવું નથી.

બીજા દેવોને ન માનતો હોય અને એક સર્વજ્ઞ તીર્થંકર ભગવાનની ભક્તિ કરતો હોય તેવા આત્માને ઉત્કૃષ્ટ ભક્તિના પુન્યથી અર્થ કામ તાત્કાલીક મળી જાય છે. તેવું પણ રૂંભવી શકે છે. ભક્તિ એટલે સમર્પીત થવું બદલાની ઇચ્છા રાખવી નહી.

આજીવીકા આદિ કારણે માંગવાની ઇચ્છા ન હોય અને મંગાઇ જાય તે બનવા જોગ છે. પણ સાચો ધર્મી મોક્ષાર્થી તેને સારૂં ન માને.

બીજા દેવો તમારૂ પુણ્ય હોયતો આપી શકે નવું પુણ્ય બાંધી આપતા નથી. વીતરાગ પરમાત્માની નિષ્કામ ભક્તિથી નવું પુણ્ય બંધાઇ તમને નીર્વિઘ્ન આપી શકે છે. ભગવાનની ભક્તિ એ ભગવાવાનનો મુનિમ છે મુનિમે આપેલો પગાર શેઠે આપ્યો કહેવાય છે.

માંગવાથી પાપાનુબંધી પુન્ય પ્રાયઃ બંધાય છે. (અનુ. પેજ ૨૪૨ ઉપર)

એક ચિંતણ

ખમાવો સૌ મને, હું ખમાવું સહુને

"अप्पाहिएण नरेण खमापहाणेण होयव्वं !"

આત્મહિતના ઇચ્છુક મનુષ્યે ક્ષમાશીલ બનવું જોઇએ.

ક્ષમા એ જ ઉત્તમકોટિનો ધર્મ છે. માટે જ કહ્યું છે કે, 'ઉવસમ સારં ખુ સામણ્ણં' માટે જ સાધુઓને 'ક્ષમાશ્રમણ' કહેવાય છે. જગતમાં પણ કહેવાય છે કે "વેર વેરથી શમતું નથી" સઘળા ય સુખોનું મૂલ ક્ષમા છે અને સઘળા ય દુઃખોનું મૂલ ક્રોધ છે. સઘળા ય ગુણોનું મૂલ વિનય છે અને સઘળા ય અનર્થોનું મૂલ માન છે. આવું જાણનાર-સમજનારા અને બીજાને સમજાવનાર આત્મા ખરા અવસરે જ ક્ષમાને દેશવટો દે તો તે કેવો કહેવાય ! શ્રી જૈનશાસનમાં પરોપદેશે પાંડિત્યમ્ ! નથી પણ જીવનમાં જીવી પછી ઉપદેશની વાત છે કેમ કે 'આચારો મૂલ ધર્મઃ' કહ્યું છે. ખરેખર ક્ષમાશીલ મનુષ્ય બધાને પ્રિય બને છે અને વાત વાતમાં બધાને ઉતારી પાડનાર, ગુસ્સો કરનાર, પોતાની જ મોટાઇમાં રાચનારને તો બધા દૂરથી જ નવ ગજના નમસ્કાર કરે છે તે પણ દાઢમાં ન રાખે માટે. સ્વાનુભવ સિદ્ધ વાત છતાં ય હજી ગુસ્સા ઉપર ગુસ્સો કેમ આવતો નથી અને ક્ષમાને આચરવાનું મન થતું નથી તે એક અજાયબી નથી તો શું છે ?

ક્ષમા ધર્મના ગુણગાન ગાતાં મહાપુરૂષો ફરમાવે છે કે–"જેમ જગતની સઘળી ય સ્ત્રીઓમાં પરમતારક શ્રી જિનેશ્વરદેવોની માતા શ્રેષ્ઠ છે, સઘળી ય લતાઓમાં કલ્પલતા શ્રેષ્ઠ છે તેમ સઘળા ય ધર્મોમાં ક્ષમા એ જ શ્રેષ્ઠ ધર્મ છે" એક માત્ર ક્ષમાધર્મનું આસેવન કરીને આજ સુધીમાં અનંતાનંત આત્માઓ પરમપદને પામ્યા છે. આ જાણ્યા પછી પરમપદ એ જ એક માત્ર જેનું ધ્યેય છે તેવા આત્મા કયારે પણ ક્ષમાધર્મથી દૂર રહે ખરો ! માટે જ કહ્યું પણ છે કે–

"जइ खमसि दोसवंते ता तुह खंतीए होइ अवयासो
अहु न खमसि तो तुह अवि, सया अखंतीए वावारो"

હે આત્મન્ ! જો તું દોષિત અપરાધીને પણ હૈયા પૂર્વક ખમાવીશ–માફી આપીશ તો તારામાં ક્ષમાધર્મને આવવાનો અવકાશ છે. અને જો તું પણ ક્ષમાધર્મને દાખવીશ નહિ તો સદા અક્ષમાનો વ્યાપાર તને પ્રાપ્ત થશે અર્થાત્ વાત વાતમાં ક્રોધાદિ કષાયો તને હેરાન પરેશાન કરશે કરશે.

ક્રોધાદિ કષાયોના અતીવકટુ વિપાકને તથા ક્ષમા ધર્મની સર્વોત્તમતાને જાણીને પર્વાધિરાજની આરાધના સાચી અને નિર્મલ કરવા, હૈયાપૂર્વક સર્વ જીવોને તેમાંય વિશેષથી જેની સાથે કષાયાદિના પ્રસંગો બન્યા હોય તેને ખમી ખમાવી, વિશુદ્ધ એવી આરાધના કરો અને આત્માની અનંતગુણ લક્ષ્મીના ભોકતા બનો

"ક્ષણિક આ દેહ માનવાનો,
ભરોસો જિંદગીનો શો.
અવિનય અપરાધ મેં કીધા
ક્ષમા દાતા ક્ષમા કરશો."

આ ભાવના ભાવી સાચા ક્ષમાધર્મના સૌ પુણ્યાત્માઓ આરાધક બનો તે જ મંગલ કામના.

—પ્રજ્ઞાંગ

(અનુસંધાન પેજ ૨૩૯નું ચાલુ)

દિવ્ય દર્શન તા. ૧૨-૬-૯૩ જેઠ વ. ૮ શનીવાર ના અંકમાં અમદાવાદ જૈન નગરમાં તા. ૧૬-૫-૯૩ના આ. ભગવંત ભુવન ભાનુ સૂરીશ્વરજી મ. સા. ના ગુણાનુવાદમાં પ્રસિદ્ધ વકતા પંન્યાસ પ્રવર શ્રી ચન્દ્રશેખર વિજય મહારાજ જણાવે છે કે 'ઈષ્ટ ફળ સિદ્ધિના વિષયમાં ૬ વર્ષ ચર્ચાચાલી હતી અને લેખિત સહિ સાથે જે નીષ્કર્ષ થયો તેમાં ૨૫૬૮ પછી પૂ આ. ભગવંત ભુવન ભાનુસૂરીશ્વરજી મહારાજની વાતનો સ્વીકાર કરવો પડયો હતો." આવું તેમનું બુદ્ધિનું પ્રચંડપણું હતું.

કોઇ પણ ગુણી આત્માના ગુણ ગાવામાં વાંધો નથી જે વાત અઘટીત છે તેવી વાતોની ખોટી પ્રશંસા કરવી એ પણ તેજ મહાપુરૂષનો અનાદર ભાવ જાણે-અજાણે થઇ જાય છે. તેવું વિદ્વાન પુરૂષ પંન્યાસ ચન્દ્રશેખર વિજયજી મહારાજ કેમ ભૂલી જતા હશે ?

આપણે એક બાજુ સાથે બેસવાની વાતો કરનારા વીસંવાદી વાતો કરીને વાતાવરણ ને વધુને વધુ આપણે ઘુઘરામણું કરીએ છીએ. આપણા હાથે શાસનને ઘણું ઘણું નુકશાન પહોંચી જાય છે.

અસ્તુ સહુ સહુના મન્તવ્ય સહુ પાસે રાખે એક બીજા પરસ્પર ઔચિત્ય વ્યવહાર પ્રેમ ખામોશ અને સહિષ્ણુ બને તો પાછો સત્ય રૂપ સોનાનો સૂર્ય ઉગશે. શાસન દેવ અમારા સહુને સદ્બુદ્ધિ આપે.

શંકા-સમાધાન

-દ્વિરેફ

નોંધ :- વાંચકોની વધાતી જતી જિજ્ઞાસાવૃત્તિને ધ્યાનમાં રાખીને શંકાસમાધાન વિભાગ શરૂ કરવામાં આવે છે તો જિજ્ઞાસુઓને સંતોષ થશે. સં૦

શંકા-'ધાર્મિક વહીવટ વિચાર" નામનું પૂ. પં. શ્રી ચંદ્રગુપ્ત વિ. ગણિવરે જે પુસ્તક હમણાં બહાર પાડયું છે તે મુજબ વહીવટ કરવામાં કોઇ બાધ નથી ને ?

સં૦-આ પુસ્તકના લેખક પૂ. પં. શ્રી ચંદ્રગુપ્ત વિ. ગણિવર છે જ નહિ. આવું પુસ્તક તો પૂ પં. શ્રી ચંદ્રશેખર વિ. ગણિવરે બહાર પાડયું છે. પૂ.પં. શ્રી ચંદ્રગુપ્ત વિ. ગણિવર તો આ પુસ્તકનું વહેલામાં વહેલી તકે ખંડન કરવામાં જ માને છે. આ પુસ્તકમાં જણાવેલી દરેક બાબતોના જવાબો લગભગ અપાઇ જ ગયા છે. આમ છતા લોકો ભ્રમમાં ના પડે તે માટે સ્પષ્ટતા કરી દઉ કે-"આ પુસ્તકમાં લગભગ પાને પાને ભૂલો ભરેલી છે. શાસ્ત્રની પંક્તિઓને કેટલીક જગ્યાએ તો મરડી જ નાંખવામાં આવી છે. આ પુસ્તકના પરિશિષ્ટના એક બીજા લેખક અભયશેખર વિ. નામના મહાત્માએ તો શાસ્ત્રકારની માન્યતાનું ખૂન કરી નાંખીને પોતાનો નવો જ કપોલકલ્પિત મનઘડંત મત સ્થાપ્યો છે. માટે શુદ્ધ ધાર્મિક વહીવટ કરવા ઇચ્છનાર દરેક ભાગ્યશાળી એ આ પુસ્તક [ધાર્મિક વહીવટ વિચારી]ને પ્રમાણભૂત માનવાની ભૂલ કદિ પણ કરવા જેવી નથી.

શં૦-તમે એક બાજુ 'સ્વદ્રવ્યથી જ પૂજા કરવી જોઇએ' આવું ગધ્ધા પૂછ પકડી રાખ્યુ છે. ને બીજી બાજુ છોકરા-છોકરીઓ બીજાના ફુલ- કેશર વાપરે છે તો ત્યાં તેમને પાપ નથી લાગી જતું ?

સં૦- તમે જે છોકરા-છોકરીઓ જણાવ્યા તે ફુલ અને કેશરના પૈસા આપવા આવે અને નથી લેતા ત્યારે, તે પૈસા ભેગા કરીને આંગીની સામગ્રી પેટીમાં તે છોકરાઓ ખબર ના પડે તે રીતે મૂકી દે છે. જોકે આવા ચોખવટ કરવી ના જોઇએ. પણ આ બાળકોની ફુલ-કેશરની પૂજા આ રીતે પણ સ્વદ્રવ્યથી થયેલી ગણાય તે જણાવવા માટે આ વાત કરી છે. આ જ રીતે દેરાસરના કેશરાદિ વાપરે તો તેની રકમ ભરી દેવાય તો સ્વદ્રવ્યથી પૂજા કરી કહેવાય.

શં૦- શાસ્ત્રાધારને ધ્યાનમાં રાખીને નીચે પૂછેલા પ્રશ્નોના એક જ લીટીમાં જવાબ આપજો.

૧] સ્વપ્ન બોલીનું દ્રવ્ય કલ્પિત દેવદ્રવ્યમાં જાય. ?

૨] ગુરૂપૂજનનું દ્રવ્ય વૈયાવચ્ચ ખાતે જાય ?

૩) લુંછણાનું દ્રવ્ય વૈયાવચ્ચમાં જાય કે નહિ ?

૪] સાધુ–સાધ્વી ખાતાનું દ્રવ્ય વૈયાવચ્ચમાં વપરાય ?

૫) જ્ઞાનદ્રવ્યથી બનેલ મકાનમાં શ્રાવક–શ્રાવિકા બાળકો વગેરે ભણી શકે ?

સ૦–એક જ લીટીમાં અને પણ શાસ્ત્રાધારને ધ્યાનમાં રાખીને જવાબ આપવો એ મુશ્કેલીવાળું કામ છે, મહાભાગ ! કંઈ નહિ છતાં.....

૧) સ્વપ્ન બોલીનું દ્રવ્ય કલ્પિત દેવદ્રવ્યમાં જાય જ નહિ. (સંબોધપ્રકરણમાં કલ્પિત દેવદ્રવ્યની વ્યાખ્યા જુઓ)

૨] ગુરૂપૂજનનું દ્રવ્ય વૈયાવચ્ચ ખાતે જાય નહિ. દ્રવ્ય સપ્તતિકા જુઓ

૩) લુછણાનું દ્રવ્ય પૌષધશાળામાં વપરાય તેવા શબ્દો છે. 'વૈયાવચ્ચ' ના શબ્દો જોયા નથી. પણ તે વૈયાવચ્ચમાં લેવામાં વાંધો નથી કેમ કે આ ધન ગુરૂપૂજનથી આવેલું નથી. લુંછણાથી આવેલુ છે. (દ્રવ્યસપ્તતિકા)

૪) સાધુ–સાધ્વી ખાતામાં આવેલું દ્રવ્ય તે વૈયાવચ્ચ દ્રવ્ય છે તેને વેયાવચ્ચ ખાતું નામ આપવું ઉચિત છે.

૫) નકરો આપ્યા વગર ધાર્મિક અભ્યાસ જ્ઞાનદ્રવ્યથી બનેલ મકાનમાં શ્રાવકાદિથી ન કરાય. સ્કૂલનો અભ્યાસ તો ત્યાં કરાય જ નહિ. (દ્ર.સ)

પ્રગટ થઇ ચૂક્યા છે :—

શ્રી કલ્પસૂત્ર–બારસા સૂત્ર

(સચિત્ર)

બાળબોધ લીપી રૂા. ૧૫૦૭ : ગુજરાતી લીપી રૂા. ૧૫૦૭

હાલમાં દરેક જગ્યાએ સાધુઓએ પર્યુષણ વાંચન માટે જવાનું થાય છે અને તેથી ઓછા અભ્યાસવાળા સાધુઓને પણ બારસા સૂત્ર વાંચવાનું થાય જ છે જે અશુધ્ધ વંચાય છે અને આથી શુદ્ધ સ્પષ્ટ વાંચી શકે એ માટે સમાસ છૂટા કરીને ગુજરાતી લીપીમાં પણ બારસા સૂત્ર સચિત્ર પ્રગટ કર્યું છે.

બાળબોધ તથા ગુજરાતી લીપીના સચિત્ર બારસા સૂત્રની નકલો મર્યાદિત છે. જેથી સત્વર મંગાવી લેવા વિનંતિ છે.

મંગાવતાં બાળબોધ કે ગુજરાતી લીપી એમ સ્પષ્ટ લખવું.

શ્રી હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાળા

C/o શ્રુતજ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ જામનગર–(સૌરાષ્ટ્ર)

કોઇને પોતાના તરફથી સાધુમહાત્માઓ કે ભંડારમાં અર્પણ કરવો હોય તેમણે પત્ર વ્યવહાર કરવો.

વીરજન્મવાંચનના દિવસે પર્યુષણમાં શ્રીફળ ફોડાય ? જવાબ આપે છેઃ પૂ. આત્મારામજી મહારાજના બે પત્રો

–પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ

છેલ્લાં કેટલાંક વર્ષોથી પર્યુષણ પર્વના દિવસોની આસપાસ ચર્ચાતો અને છતાં અનુત્તરિત જ રહેતો એક પ્રશ્ન છે : જન્મવાંચન પછી શ્રીફળ ફોડાય કે નહિ ? આનો નવેક દાયકા પૂર્વ પૂ. આત્મારામજી મહારાજે આપેલો સચોટ જવાબ પૂ. શ્રીએ જૂના સાહિત્યમાંથી શોધીને અત્રે રજૂ કર્યો છે, જે આ પ્રશ્ન પર હવે તો પૂર્ણ વિરામનો પડદો પાડી દેવા સમર્થ છે. "વીરજન્મ વાંચનના દિવસે શ્રીફળ ફોડવામાં શાસ્ત્રીય બાધ નથી" આ જાતનું તથ્ય આ લખાણમાંથી તારવ્યા પછી પણ શ્રાવક-સંઘે વિવેક તો જાળવવો જોઇએ અને એના જ એક ભાગ રૂપે પ્રવચન-સભાની બહાર સંઘે નક્કી કરી રાખેલી અલગ જગામાં જ શ્રીફળ ફોડવા રૂપ ઉજવણી કરવી જોઇએ. જેથી ઉપાશ્રયમાં કીડીઓ આદિની ઉત્પત્તિ-વિરાધનાથી બચી શકાય. ઉપાશ્રયમાં જ શ્રીફળ ફોડવાથી કેટકેટલા પ્રશ્નો પેદા થાય છે, એ તો દરેક સંઘના સ્વાનુભવની વાત છે, એથી આ અંગે વધુ સ્પષ્ટતાની જરૂરી જણાતી નથી.

છેલ્લાં કેટલાંક વર્ષોથી જૈન સંઘમાં પર્યુષણપર્વની પધરામણી થવાના દિવસો આવે અને એક એવી ચર્ચા શરૂ થઇ જાય છે કે, શ્રી મહાવીર-જન્મ-વાંચનના દિવસે શ્રીફળ ફોડાય કે નહિ ? આ પ્રશ્નના જવાબમાં હમણા હમણાથી એક વર્ગ એવી પણ દલીલ કરતો જોવા મળે છે કે, પર્યુષણ જેવા દિવસોમાં વનસ્પતિની વિરાધના ન કરવી જોઇએ, માટે શ્રીફળ ફોડાય નહિ. શ્રીફળ ફોડવાની પદ્ધતિ તો સામાજિક છે. એને અને ધર્મ-પ્રસંગને શી લેવા દેવા ? આમ, આ પ્રશ્ન પરત્વે વિવિધ સૂરો સાંભળવા મળે છે. આ પ્રશ્ન આજે ભલે વધારે પ્રમાણમાં ચર્ચાતો જોવા મળતો હોય, પણ જરા ભૂતકાળને તપાસીશું, તો લાગશે કે, આ પ્રશ્ન પૂ. આત્મારામજી મહારાજના સમયમાં પણ ચર્ચાતો હતો અને ત્યારે પૂ. આત્મારામજી મહારાજે બે પત્રો લખીને આ પ્રશ્નનું એવું સચોટ સમાધાન આપ્યું હતું કે, જે વાચ્યા પછી કોઇ જ શંકાને અવકાશ ન રહે ! એ પત્રો અને એની પૂર્વ ભૂમિકા જણાવતું લખાણ આજથી લગભગ ૬૯ વર્ષ પૂર્વે 'જૈન ધર્મ પ્રકાશ' પુસ્તક ૯ અંક ૮માં વિસ્તૃત રીતે રજૂ થયું હોઇને એનું સાર-સંક્ષેપમાં અવલોકન કરવું અસ્થાને નહિ ગણાય:

સંવત ૧૯૪૯માં યેવલા (મહારાષ્ટ્ર)માં

શ્રી ચંદ્રસિંહ સૂરિ નામના એક શ્રી પૂજ્ય ચાતુર્માસ બિરાજમાન હતા, એમણે એ વખતે એક પત્રિકા પ્રસિદ્ધ કરાવીને દેશપરદેશ પાઠવી હતી, એમાં એવી જાતનું લખાણ પ્રસિદ્ધ થયું હતું કે, વીર જન્મ વાચનના દિવસે શ્રીફળ ફોડવાથી શ્રાવકને હિંસાનું પાપ લાગે છે. જો શાસ્ત્ર સિદ્ધાંતથી હિંસા ન લાગે, એવું કોઇ પુરવાર કરી આપશે, તો તે રુપિયા ૧૦૦ના ઇનામનો અધિકાર ગણાશે. આ પત્રિકા પ્રસિદ્ધ થતા ત્યાંના શ્રાવક બાલચંદ ઇદરશાહે જંડિયાળા (પંજાબ) માં ચાતુર્માસ બિરાજમાન પૂ. આત્મારામજી મહારાજને પત્ર લખીને સત્ય જાણવાની ઇચ્છા વ્યકત કરતા તાત્કાલીન શાસનના સર્વમાન્ય ગીતા પૂ. આત્મારામજી મહારાજે બે પત્રો લખીને વિગતવાર જવાબો આપેલ જૈનધર્મ પ્રકાશમાં પ્રગટ થયેલ પત્રો વિસ્તૃત હોઇને એમાંથી મુખ્ય મુખ્ય મુદ્દાઓ લગભગ અક્ષરશઃ નીચે રજુ કર્યા છે, જે આ પ્રશ્ન પરત્વે શાસ્ત્રીય માર્ગદર્શન આવી જાય, એવા છે.

(૧) તમે લખો છો કે, શ્રી પૂજ્યજીએ સંઘને એવી સૂચના કરી છે કે, મહાવીર સ્વામીના ઔપચારિક જન્મ દિવસે નાળિયેરની હિંસા કરવી, એ શ્રાવકને ઘણી અઘટિત છે. આ અંધ પરંપરાનો અંધ માર્ગ છે. તેને કોઇ શાસ્ત્રનો આધાર નથી. તે કેવળ પાપબંધનું કારણ છે. પર્યુષણમાં તો ભાડભુંજા, મોચી આદિના હિંસક–ધંધા પૈસા આપીને બંધ કરવાનો રીવાજ છે. ત્યાં શ્રાવકો પોતે જ એકેન્દ્રિય નાળિયેરને ઉપાશ્રયના સ્થળમાં પર્યુષણમાં ધર્મ માનીને ઉપદેશક સમક્ષ ફોડે છે, હર્ષ વ્યકત કરે છે, તે મિથ્યાત્વની કરણી ભાસે છે. વાર્ષિક–પર્વમાં સચિત્ત વસ્તુનો ત્યાગ કરીને લીલોતરી વગેરે ન આવી, એવો શુદ્ધ પરંપરાનો રિવાજ ચાલતો આવ્યો છે, છતાં આવી મિથ્યાત્વ–કરણી ચાલુ રાખવી એ બહુ જ દિલગીરીની વાત છે. આવું ભાષણ શ્રી પૂજ્યજીનું જોરશોરથી થઇ ચૂકયું છે. આ સંબધમાં તમે પ્રશ્ન પૂછાવતો પત્ર લખ્યો એથી અમને આ પત્ર લખવાની જરુર પડી છે.

(૨) નાળિયેરની હિંસા કરવી શ્રાવકને યોગ્ય નથી, આ અંગે અમારું કહેવું એટલું જ છે કે, પર્યુષણાદિ પર્વમાં ઘણા જ આડંબરથી પૂજા મહોત્સવાદિક દરરોજ કરતા વિશેષ કરવા, એવું ઘણા શાસ્ત્રોમાં લખાણ છે. તો તે કૃત્યોમાં હિંસા થાય છે કે નહિ ?

(૩) 'આ અંધ પરંપરાનો અંધ માર્ગ છે' આવા કથનની સામે એવો સવાલ પેદા થાય છે કે, હાલમાં ઉત્તરમાં પંજાબ દેશથી માંડીને દક્ષિણ દેશ સુધીમાં પ્રાયઃ સર્વત્ર આ રિવાજ ચાલુ છે. તો આ રિવાજ અંધ પરંપરા છે, એમ કહેવા માટે શ્રી પૂજ્યજી પાસે શું પ્રમાણ છે ? તથા એ પરંપરા કયારથી ચાલુ થઇ ? એ બતાવી શકશે ? જો એવી દલીલ થાય

શાસ્ત્રમાં નથી માટે અંધ પરંપરા છે. તો બીજો સવાલ પેદા થશે કે, બીજા પણ ધર્મ સંબંધી અનેક રિવાજો ચાલે છે. જે શાસ્ત્રોમાં જોવા મળતા નથી, અને વર્તમાનમાં ચાલુ છે. તો તેનું સમાધાન શી રીતે કરશો ?

(૪) ઘાંચી વગેરે લોકોની હિંસા બંધ કરાવનારા જૈનો નાળિયેરની હિંસા કેમ કરે ? આ કથન મુજબ જો નાળિયેર ફોડવામાં હિંસા જ માનીએ, તો પર્યુષણમાં સાધર્મિક વાત્સલ્ય આદિ કરવાનું શાસ્ત્રોમાં જે કથન છે, તે કથન પણ અમાન્ય ઠરશે અને આ કર્તવ્યો પણ નહિ કરી શકાય. કેમ કે તેમાં છ કાયની હિંસા થાય છે. પરંતુ આમ હિંસા માનીને ધર્મોન્નતિનું કાર્ય છોડી દેવું, તે સુજ્ઞજનો માટે યોગ્ય નથી.

(૫) એકેન્દ્રિયની હિંસા કરવી, એ મિથ્યાત્વની કરણી છે. આ વાતને કોઈ શાસ્ત્રાધાર નથી. કેમ કે દેશવિરતિધર શ્રાવકથી સર્વથા હિંસા છુટતી નથી, અને જો છુટે તો પંછી તે શ્રાવક ન ગણાતા સાધુની કક્ષામાં જ ગણના પામે. માટે નાળિયેરની હિંસાને મિથ્યાત્વની કરણી કહેવી, તે વિચાર વગરનું છે.

(૬) ઉપાશ્રયના સ્થળમાં ઉપદેશકની સમક્ષ શ્રીફળની હિંસા કેમ થાય ? આ પ્રશ્નની સામે એવો સવાલ ઉભો થાય છે કે, પર્યુષણ પર્વમાં કલ્પસૂત્ર વંચાય છે, ત્યારે ધુપ–દીપક આદિ કરવામાં આવે છે, તો તે પણ ઉપદેશકની આગળ ઉપાશ્રયમાં ન થવું જોઇએ. પરંતુ શાસ્ત્રોમાં ઠેર ઠેર ધુપ–દીપકાદિ કરવાનું વિધાન છે હવે જો એકેન્દ્રિયની હિંસાને મિથ્યાત્વની કરણી માનીએ, તો શાસ્ત્રકારનુ આવું કથન શા કામમાં આવશે ? વળી ધુપ–દીપકાદિમાં તો એકેન્દ્રિય સિવાયના અન્ય જીવોનો નાશનો પણ સંભવ છે. માટે શ્રીફળની હિંસાને મિથ્યાત્વની કરણી ન જ ગણાવી શકાય.

(૭) નાળિયેર ફોડીને હર્ષ વ્યકત કરવાથી નિકાચિત–કર્મનો બંધ થાય છે. આ કથનની સામે એ સવાલ ઉભો થાય છે કે, પૂજા, રથયાત્રા, સ્વામી વાત્સલ્ય, ચૈત્યપરિપાટી, સૂત્રપૂજા, સ્વપ્ન–મહોત્સવ આદિ કાર્યો કરીને પાછળથી ઘણી અનુમોદના કરાય છે, તો તેથી ઘણા નિકચિત કર્મોનો બંધ થાય એમ માનવું પડે. પરંતુ આવો વિચાર પણ અજ્ઞાનતાનો સૂચક છે. કારણ કે આ બધી ક્રિયાઓ કરનારની ભાવના પ્રભુ–ભકિત, જ્ઞાનભકિત સાધર્મિકભકિત આદિ કરવાની જ હોવાથી તેઓને સર્વથા હિંસા લાગતી નથી. તો ભગવાનના જન્મોત્સવના એક ભાગ રૂપે શ્રીફળ ફોડવાથી કે આનંદ વ્યકત કરવાથી હિંસાનું જ ફળ થાય, એવું કઇ રીતે કહી શકાય ?

(૮) પર્યુષણમાં સર્વથા લીલોતરી

ત્યાગ કરવાનો રિવાજ છે, એમ એકાંતે સાર્વત્રિક કહી શકાય નહિ, કેમ કે વાર્ષિક ૧૧ કર્તવ્યોમાં 'સાધર્મિક વાત્સલ્ય' નામનું પણ એક કૃત્ય છે. તેના વર્ણનમાં લખ્યું છે કે, સાધર્મિકોને ભોજન કરાવ્યા પછી તાંબૂલાદિ આપવા. તેમજ શાસ્ત્રોમાં એમ પણ લખેલ છે કે, સર્વથા સાધર્મિક વાત્સલ્ય કરવાની શક્તિ ન હોય તો સોપારી માત્રથી પણ સાધર્મિક વાત્સલ્યનું કર્તવ્ય અદા કરવું.

[૯] આપણે ત્યાં પ્રભાવના કરવાની પરંપરા પ્રાચીન છે. એમાં અચિત્ત વસ્તુની જેમ સચિત્તની પ્રભાવના પણ થતી હોય છે. સેનપ્રશ્ન-ગ્રંથમાં એક પ્રશ્ન છે કે, સંવત્સરીના દિવસે પૂગી ફળ [સોપારી] સહિત નાણાની પ્રભાવના થાય અને લેવાય કે નહિ ? જવાબમાં લેવાય એમ જણાવ્યું છે. ધર્મ સંગ્રહમાં સોપારીનું દાન કરવા દ્વારા પણ (સંઘાર્ચા)-સંઘપૂજન કરવાનું જણાવાયું છે. આ જ ગ્રંથમાં શ્રીફળ આદિ દ્વારા પ્રભાવના કરવાનું વિધાન છે. શ્રાદ્ધવિધિ ગ્રંથમાં સામાન્ય શ્રાવક માટે બે ચાર સાધર્મિકોને પણ સોપારી અપાવા દ્વારા 'સંઘ પૂજન' કર્તવ્ય કરવાનું સૂચવવા ઉપરાંત પ્રભાવનાના અધિકારમાં શ્રી સંઘને બહુમાન પૂર્વક આમંત્રીને તિલક કરીને ચંદન-કપૂર-કસ્તુર આદિના લેપ પૂર્વક સુગંધી પુષ્પો આપીને નાળિયેર આદિ ચીજો આપવા રૂપ પ્રભાવના કરવાનું વિધાન છે. આ બધા શાસ્ત્ર-કથનના વાચન ઉપરથી શ્રીફળ ફોડવાની પ્રવૃત્તિને અમે મિથ્યાત્વની કરણી કહી શકતા નથી.

[૧૦] જન્મ વાચનના દિવસે જ તોરણ બંધાય છે, થાપા લગાડાય છે, કોઇ સ્થાને ગોળ-પાપડી વહેંચાય છે, પારણું બંધાય છે. વગેરે ઘણી રીતો પ્રચલિત છે. જેમાં કેટલાક શાસ્ત્રોમાં લખેલ જન્મ મહોત્સવમાં કરેલ કાર્યને અનુસરીને થાય છે અને કેટલીક જુદી રીતે જ થાય છે. તેવી જ રીતે આ રીવાજ પણ બદલાઇ ગયો હોય, તો જ્ઞાની મહારાજ જાણે કારણ કે ભગવાનના જન્મ મહોત્સવના વર્ણનમાં નાળિયેર વગેરેના તોરણ બાંધવાનું વર્ણન આવે છે. આ વિષયમાં આખરી સત્ય શું છે, તે તો જ્ઞાની મહારાજ જાણે. શાસ્ત્રાધારે જે સત્ય જણાય એ અમે લખ્યું છે.

તા. ક. દેશ પંજાબ, જીલ્લા અમૃતસર, ગુરુકા ઝંડીઆળાથી પૂ. આચાર્ય મ. *શ્રીમદ્ વિજયાનંદ સૂરીશ્વરજી મહારાજ [શ્રી આત્મારામજી મહારાજ] તરફથી* સંવત ૧૯૪૯ના શ્રાવણ સુદ ૭ વાર શુક્ર ને શ્રવણ વદ ૧૨ સે લખાયેલા અને દઃ મુનિ વલ્લભ વિજયના ધર્મલાભથી અંકિત બે પત્રોનો ઉપર રજુ થયેલ સાર ભાગ એકદમ સ્પષ્ટ છે અને શ્રીફળના પ્રશ્ને મહત્વનું શાસ્ત્રીય માર્ગદર્શન કરાવી જાય છે, એથી સુજ્ઞજનો માટે સત્યને સમજવા આ પત્રો પર વધુ વિવેચન કરવાની જરાય જરુર જણાતી નથી.

સ્વામી વિવેકાનંદના જીવનની એક ઘટના બહુ પ્રસિદ્ધ છે. તેઓ એકવાર ગંગા નદીના કિનારે ટહેલી રહ્યા હતા. લોકો ગંગા સ્નાન માટે આવ-જા કરી રહ્યા હતા. ઠંડીની મોસમ હતી. એક છોકરો ફાટેલા-તૂટેલા કપડા પહેરીને એક ખૂણામાં બેઠો બેઠો ભીખ માંગી રહ્યો હતો.

"આપો ભાઈ આપો, ભગવાનના નામ પર કંઈક આપો. બે દિવસથી કશું ખાધું નથી. મારા વૃધ્ધ માતા-પિતા અંધ છે. તેઓ પણ ભૂખથી ટળવળી રહ્યા છે."

"ના મહારાજ, મારી પાસે કશું નથી. આ લોકોએ ભીખમાં આપેલા ચાર પૈસા સિવાય કશું નથી."

"એ વાત પડતી મૂક. મારી વાત સાંભળ. તારી પાસે ઘણું બધું છે હું તને બતાવું છું કે તે કેટલું ધન છુપાવી રાખ્યું છે?"

"ક્યાં?"

"સાંભળ, તું તારા બે હાથ મને આપી દે. હું તને સો રૂપિયા આપીશ."



પ્રાર્થના સૂત્ર ફરમાવે છે કે સંસાર સુખના ભિખારી ન બનો.

દયાળુ લોકો તેને પૈસો બે પૈસા આપતા હતા. સ્વામી વિવેકાનંદ થોડીવાર ઉભા રહી આ બધું બરાબર જોયા કર્યું. પછી પેલા છોકરાની પાસે ગયા અને કહ્યું:

"બેટા, તું ભીખ શા માટે માંગે છે?"

"હું બહુ ગરીબ છું. મારી પાસે કાણી કોડી પણ નથી. એટલે પેટ ભરવા માટે ભીખ માંગવી પડે છે." પેલા છોકરાએ જવાબ આપ્યો.

પછી તે બન્નેનો નીચે મુજબ વર્તાલાપ થયો.

"તું જૂઠ બોલી રહ્યો છે. તારી પાસે ઘણું બધું છે."

"મહારાજ, હાથ તે કંઈ વેચાતા હશે?"

"ઠીક છે, તો તારા બે પગ મને આપી દે. હું તને બસો રુપિયા આપીશ."

"નહિ, એ પણ મારાથી નહિ બને."

"વારૂ, તારી એક આંખ જ મને આપ. હું તને પાંચસો રૂપિયા આપું."

"ના મહારાજ, હું એવું ન કરી શકું."

"કેમ તું તો કહી રહ્યો હતો ને કે હું બહુ ગરીબ છું. મારી પાસે કાણી કોડી પણ નથી. હવે આટલું ધન એક સેકન્ડમાં મળે છે તો આનાકાની કેમ કરે છે?"

"મહારાજ, આ અંગો ગુમાવીને તો હું બેકાર બની જઈશ."

"બેકાર? વિવેકાનંદ હસ્યા, બેકાર તો તેં તારી જાતને કયારથી બનાવી જ છે. જો બેટા, આ તને જે કિંમતી અંગો મળ્યા છે તે ભીખ માંગવા માટે નહિ. મહેનત કરવા માટે મળ્યા છે. મહેનત કરીશ તો બધી ચીજો તને આસાનીથી મળી જશે. મારી વાત ઉપર વિશ્વાસ રાખ."

પેલા છોકરાને ગળે વાત ઉતરી. તેણે કહ્યું: "ઠીક છે મહારાજ, હવેથી હું કદી ભીખ નહિ માંગુ. મહેનત કરીને પૈસા કમાઈશ."

સ્વામી વિવેકાનંદને પગે લાગી, તેમના આશીર્વાદ લઈને તે છોકરો કામે લાગી ગયો.

ભિક્ષુકવૃત્તિ લોકોમાં પણ નિંદાપાત્ર છે. કયારેક માણસનું વર્તન ભિક્ષુક જેવું દેખતું હોય પણ એની વૃત્તિ ભિક્ષુક ન હોવી જોઈએ. લોકોમાં સ્વામી વિવેકાનંદના જેવા અનેક પ્રસંગોથી ભિક્ષુકવૃત્તિ દૂર કરવાનું અભિયાન ચાલતુ હોય છે. કમનસીબે આજે ભગવાન મહાવીરદેવના લોકોત્તર શાસનમાં ભિક્ષુક વૃત્તિ ઉત્તેજિત કરવાનું અભિયાન ચાલે છે. આ અભિયાન મહદ્અંશે સફળ પણ બનતું જાય છે.

લોકોની ભિક્ષુકવૃત્તિ ઉશ્કેરવાના બે તરીકા અજમાવાય છે. એક, શાસનના દેવ દેવીઓને લાઇનસર બેસાડો. તેની પૂજા ભક્તિ કરો. તેની નવકારવાળી ગણો અને જે જોઈએ તે એની પાસે માંગો. તમને મદદ રૂપ થાય એ માટે તો તેમની સ્થાપના કરવામાં આવે છે. શ્રાવકને કંઈ જોઈતું હોય તો એ રખડતા દેવી-દેવતાઓ પાસે થોડો ભટકે. શાસનના દેવ-દેવીઓ આ અવસરે કામ નહિ આવે તો કયારે આવશે? (રખડતા દેવી-દેવલાઓની ઉપાસનાનો એક અલગ તરીકો છે. જેને હાલ હું સ્પર્શ કરતો નથી.)

બીજા નંબરનો તરીકો થોડો સુગર કોટેડ છે. તેઓ કહે છે: "માંગો, જરૂર માંગો, દુભાતા દિલે માંગો. પણ માંગો તો પાર્શ્વનાથ પાસે માંગો. પદ્માવતી પાસે કદાપિ નહિ. એ બિચારીની કેટલી તાકાત! અને ત્રિભુવનપતિ પરમાત્માની કેટલી તાકાત! કદાચ ઓછ્યા દેવ-દેવતાઓ તમે માંગશો તે આપી દેશે; પણ યાદ રાખજો કે એ માંગીને મેળવેલા દીકરાઓ એના મા-બાપને કારમો ત્રાસ દેશે; એ મળેલી સંપત્તિ જ ખૂન કરાવશે; એ મળેલી સ્ત્રી કુલટા નીકળશે; એ મળેલો ધંધો તીવ્ર સંકલેશમાં તમારા કુટુંબને હોમી નાંખશે. આમાંનું એક પણ જોખમ જિનેશ્વરોની ભક્તિથી પ્રાપ્ત થયેલા અર્થકામોમાં લગીરે નથી તેની નોંધ કરજો.

(નોંધ કરી લીધી. આ નોંધ ઉપરની નોંધ છેલ્લે વાંચો) આ વાત "ઇષ્ટફલસિદ્ધિ" પદથી પ્રાર્થના સૂત્રમાં જણાવાઇ છે."

આ બન્ને તરીકાઓનો વ્યાપ દિવસે

દિવસે વધતો જાય છે. ઘણા બધા શ્રાવકોની જન્મ જાત ભિક્ષુકવૃત્તિ અને અમુક સાધુઓ તરફથી ભિક્ષુકવૃત્તિ ઉશ્કેરવાનું ચાલતું અભિયાન આમાં કારણભૂત છે. એથી "ભિક્ષુક તાલીમ કેન્દ્ર" પ્રવૃતિથી ધમધમતું રહે છે.

પહેલા તરીકાવાલા શાસનના દેવ-દેવીના નામે પોતાનો અને પોતાના મળતિયાઓનો ઉદ્ધાર કરવા જ સતત પ્રયત્નશીલ હોય છે. ધર્મનું પગથીયું ચઢવા તૈયાર થયેલો નવો માણસ આ લોકોની જાળમાં અવશ્ય સપડાય છે. પણ આવા માણસો બહુ ઓછા હોય છે. મોટાભાગના તો બધુ જાણતા હોવા છતાં સામે ચાલીને આવા માર્ગે વળવા તૈયાર થાય છે. કેટલાક રીઢા માણસો તો જીવન પર્યન્ત ભિખારી રહેવા કૃતનિશ્ચયી હોય છે. જો કે આવું ચાલી રહ્યું છે તે ખરેખર ખેદજનક છે છતાં આમાં લોહી અને લાલચુનો દૂધ–પાણીની જેમ મેળ થઇ ગયો હોવાથી તેઓ શરૂઆતમાં દયાપાત્ર છે. અને અંતમાં ઉપેક્ષાપાત્ર પણ બની શકે.

વધુ ખતરનાક તરીકો બીજા નંબરનો છે. જેઓને મોક્ષની ચાહ પેદા થઇ છે. "સંસાર સુખની લાલસાને કારણે જ હું અત્યાર સુધી સંસારમાં રખડયો. ક્યારેક તીવ્ર કષ્ટમય ધર્મની આરાધના કરી છતાં પણ પૌદ્ગલિક સુખની ભૂખે એ ધર્મની આરાધનાને પણ સંસારવૃદ્ધિનું કારણ બનાવી, હવે મારે એ રવાડે ચઢવું જ નથી," એવો સંકલ્પ કરીને બેઠેલા માણસની બુદ્ધિમાં ભેદ રાખનારો હોવાથી બીજો તરીકો વધુ નુકશાનકારક છે. મને એ ખબર પડતી નથી કે સંસાર સુખ પ્રત્યે સાધુ બન્યા પછી પણ આટલો પક્ષપાત શા માટે? આરાધક લોકોની નિરાશંસ આરાધનમાં સંસાર સુખનું વિષ ફેલાવવા માટે આટલું ઝનુન શા કાજે? ખોદયો ડુંગર અને કાઢયો ઉંદર આ કહેવત જો તમને ચોપડીમા વાંચ્યા પછી પણ ન સમજાય તો આ લોકોના દર્શન કરી લેવા. એટલે કહેવતનો મર્મ તરત પકડી શકશો. પ્રાર્થનાસૂત્રમાંથી પણ પ્રચારવા જેવું તત્ત્વ, સમજાવવા જેવું તત્વ ફકત "તમને ભગવાન પાસે બધું માંગવાની છુટ છે." એવુ તેઓને લાગે છે. આ તો અપની અપની પસંદ છે. પોતાની પસંદ પોતાના પૂરતી મર્યાદિત રખે તો તો સમજ્યા મારા ભાઇ, પણ આ તો લોકો ઉપર પણ એને થોપવાની ચેષ્ટા થઇ રહી છે, જે વિઘાતક છે.

વાસ્તવમાં જેને ભવનિર્વેદ ગમતો નથી તેવા માણસને શ્રેષ્ટફલસિધ્ધિ બોલવાનો અધિકાર જ નથી. ભવનિર્વેદની માંગણી કરનારો માણસ ભગવાનને હાથ જોડીને કહે– "હે ભગવાન, સંસારનું દુઃખ મને ડરાવે છે, સંસારનું સુખ મને લલચાવે છે. હે પ્રભો, કૃપા કરો, આપની મહેરબાનીથી મને સુખમય અને દુઃખમય સંસાર ઉપર ભારોભાર નફરત પેદા થાઓ. એ બન્નેની લાલચ અને ડર મારામાંથી દુર

થાઓ. " આવી માંગણી હૃદયપૂર્વક કરનાર ને મોક્ષ સિવાય બીજુ કોઇ " ઇષ્ટ " હોઇ શકે ? એ માણસ ઇષ્ટફલસિદ્ધિનો નંબર આવે એટલે એવી પલ્ટીમારી શકે કે " દઇ દો ને ભગવાન, મને આ નથી મળ્યું, તે નથી મળ્યું, બહુ અસમાધિ થાય છે. દઇ દેશો તો ધરમ વધારે કરીશ ! "

મોક્ષની લગની પેદા કરવાને બદલે વ્યક્તિ કે વસ્તુના અભાવની યાદને તીવ્ર બનાવવા પુરૂષાર્થ કરવો એ કેવી મનોદશા સૂચવે છે ? અસમાધિનું ઓહું કેટલું ખતરનાક છે એ દરેકને અનુભવ સિધ્ધ છે. સાધુને શિષ્ય ન માનતો હોય તો અસમાધિ થઇ જાય અને શ્રાવકને દીકરો ન માનતો હોય તો અસમાધિ થઇ જાય. સાધુને પદવી ન મળે એટલે અસમાધિ થઇ જાય. શ્રાવકને પૈસો ન મળે એટલે અસમાધિ થઇ જાય. સાધુને કો'ક માણસ વંદન ન કરે એટલે અસમાધિ થઇ જાય અને શ્રાવકને ઘરાક માલ લીધા વિના પાછો જાય એટલે અસમાધિ થઇ જાય. આનો કોઇ અંત છે ? આ બધુ ભગવાનને સંભળાવવા માટે દિવસમાં સાતવાર ચૈત્યવંદન કરવાના છે ?

ખરેખર તો ભવનિર્વેદથી વાસિત અંતઃકરણ નથી બન્યુ એટલે અસમાધિઓ ઉભી થયા કરે છે. ભવનિર્વેદથી ભાવિત બનો એટલે રસ્તો ચોખ્ખો થઇ જાય.

આજે લોકોને ભવનિર્વેદ ઉપર જ નિર્વેદ (કંટાળો) પેદા થયો છે. એ સમયે ભવનિર્વેદને અભરાઇએ ચઢાવી ઋનુનપૂર્વક અસમાધિ અને ઇષ્ટફલની ગોખણપટ્ટી કરાવ્યા કરવી એ કેવું ગાંડપણ છે ? પંચમ ગણધર શ્રી સુધર્મ સ્વામીજીએ પ્રાર્થના સૂત્રની રચના આવું ગાંડપણ કરવા માટે નથી જ કરી એની ખાસ ખાસ ખાસ નોંધ કરજો.

ભગવાન પાસે માંગવાની ધૂનમાં ને ધૂનમાં પેલા ઇષ્ટફલ સિદ્ધિવાળાએ એક બોગસ ઉદાહરણ ફટકારી દીધું; તેમણે લખ્યું કે " ભારતવર્ષની પતિવ્રતા સ્ત્રીને સખ્ત માથું દુઃખે તો પોતાના પ્રિયતમની પાસે જ બામ લગાવડાવે પણ પતિ પાસે કોઇ કામ ન કરાવાય એમ સમજી પોતાના દિયર કે જેઠ વગેરે પાસે પાસે બામ તો ન જ લગાવડાવે. એમ તમારે પણ તમારા પ્રિયતમ– ભગવાન પાસે જ માંગવાનું. બીજા દેવ–દેવી પાસે નહિ."

છે ને બુદ્ધિમત્તા ! એમને હજી કોઇ પૂછનાર મળ્યો નથી કે સખ્ત માથું દુઃખે ત્યારે પોતાના પતિ પાસે કામ ન કરાવવા માટે પેલી પતિવ્રતા સ્ત્રી પોતાનાં દિયર કે જેઠ પાસે બામ ન લગાવડાવે એ બરાબર પણ પોતાના પુત્ર–પુત્રીઓ પાસે બામ લગાવડાવે કે નહિ ? પૂછનાર નથી મળતો એ સારૂ છે નહિ તો બિચારા તેમને પદ્માવતી ની માફી માંગવી પડશે ?

પ્રાર્થના સૂત્રનો જય થાઓ.

: વનરાજી :

આસક્તિના યોગે સંસાર સુખના ઇરાદે ધર્મ કરનારા વર્ગમાં પણ " ધર્મ તો મોક્ષ માટે જ થાય. આપણને ભલે ગમે, પણ

—: ક્ષમાપના :—

અહિંસા અને અવૈરની આરાધનાનો સંદેશ સુણાવનારા આ પર્વાધિરાજ શ્રી પર્યુષણા મહાપર્વના પુનીત પ્રસંગે આપણા અંતરના આંગણામાં આજ્ઞાનો અવિહડ રાગ પ્રગટાવી, ક્ષમાધર્મના ગુલછોડ વિકસાવી સર્વ જીવોને– વિશેષે કરીને જેની સાથે અણબનાવનાં–વેરઝેરના–કટુતાના પ્રસંગો બન્યા હોય તેને સાચા ભાવે હૈયા પૂર્વક ક્ષમાપના કરી–કરાવી, આપણી આરાધના વિશુધ્ધ કોટિની કરવી તે દરેકે દરેક આત્મહિતોષીઓની અનિવાર્ય ફરજ છે; કેમ કે, જે ઉપશમે છે– ઉપશમાવે છે તે જ આરાધક છે, જે ઉપશમતો નથી કે ઉપશમાવતો નથી. તે વિરાધક બને છે, માટે આપણો આત્મા વિરાધક કોટિમાં ન આવી જાય તેની સંસાર ભીરૂઓએ કાળજી રાખવી જોઇએ.

કેમ કે,

ક્ષમા એ આત્માનો સાચો વૈભવ છે, મૈત્રીનો મંગલ જન્મ છે, પળેપળની જાગૃતિ છે, જીવનનું પરમ સત્ય છે.

મટે

વેર–ઝેરના ભાવોનું વમન કરી, કષાયોની તીવ્રતાનું શમન કરી, વિષય વાસનાઓનું દમન કરી, આત્માની ઉજ્જવલતાનું આરાધન કરી સૌ પુણ્યાત્માઓ આ મહામૂલા માનવ જન્મને સાર્થક કરો તે જ મંગલ ભાવના.

કેમ કે,

"ક્ષણિક આ દેહ માનવનો,
ભરોસો જિંદગીનો શો.
અવિનય–અપરાધ મે કીધા
ક્ષમાદાતા ક્ષમા કરશો.

—પ્રજ્ઞાંગ

✻

સંસાર માટે તો ધર્મ થાય જ નહિ." એવી સાચી સમજ ધરાવનારા આત્માઓ છે. ત્યારે ત્યારે "મોક્ષના ઉંરાઢે ધર્મ કરનારા વર્ગને સંસાર સુખનું પ્રલોભન બતાવનારા" "મિથ્યા દર્શન" નો ભોગ બન્યા છે. એવા ઉપદેશકોને "જિનની વાણી" કે "મહાવીરનું શાસન" રુચે નહિ– તે સ્વાભાવિક છે.

–પં. શ્રી ચન્દ્રગુપ્ત વિ. મ.

(જિન શાસનની મોક્ષૈકલક્ષિતામાં)

(લખ્યા દિન જેઠ સુદ–૫ તા. ૨૬-૫-૯૩)

પંક્તિકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

ભાવિ ના અન્યથા થતું.

શ્રમણ ધર્મની વિરાધનાથી અધૂરી રહેલી આરાધનાની સાધના કરવા ખાતર મમતાભરી માતાને, વાત્સલ્યભર્યા પિતાને, રાજ–પાટને, વૈભવી સમૃદ્ધિની છોળોમાં ઉછળતાં અંત:પુરની નવયૌવનાઓને, સ્વર્ગથી પણ પ્રાણ પ્યારી જનની અને જન્મ ભૂમિને આંખના એક–બે આંસુ ધરી અલવિદા કરીને આજે આર્દ્રકકુમાર કદમ-કદમ પર કિલષ્ટ કર્મોનો કરચરવાણ કાઢવા ભગવાન ભાખ્યો ભેખ ધરવા પ્રવ્રજ્યાના મહાભિનિષ્ક્રમણ પંથે પ્રયાણ કરે છે અને ત્યાં જ...

અંતરિક્ષની અટારીએથી ગેબી દેવતા વાણી થઇ.

"અલબત્ત તું પ્રચંડ સત્વશાળી છું. છતાં હે કુમાર ! તું હમણા દીક્ષા લઇશ મા. ભોગાવલી કર્મ હજી તારે ભોગવીને ક્ષીણ કરવાનું બાકી છે. હે મહાત્મન્ ! તેવા વ્રત વડે શું ? જે લીધા પછી તજવું પડે ? આરોગ્યા પછી ઓકવું પડે તેવા ભોજનથી શું ?"

શ્રમણ ધર્મની અધૂરી રહેલી સાધનાની આરાધના માટે રાજ–પાટ, મા–બાપ કુટુંબ-કબીલા છોડી. આર્યદેશમાં આવ્યા ને અનાર્ય દેશના બંધન કરતાં પણ ખતરનાક આ દિવ્ય–વાણીનું બંધન નડયું પણ પુરૂષાર્થની ધગધગતી ધગશ આગળ દિવ્ય વાણીની અવહેલના કરીને રાજકુમાર આર્દ્રકે દીક્ષા અંગીકાર કરી જ લીધી.

અને દિવસો જતાં.... ખલકના ખોળિયે ફરી આજથી ત્રીજા જન્મના વસંતપુર નગર જેવું જ વસંતપુર નગર, આર્દ્રકમુનિ બનેલા સામાયિક મુનિ અને શ્રીમતિ બનેલી બંધુમતી. આ ત્રણનો ત્રિવેણી સંગમ સધાયો.

વિચિત્રતા સર્જવાની આદતવાળો આ સંસાર વિચિત્રતા ન સરજે તો તેને સંસાર ન કહેવાય.

શીયલ મહાવ્રતના સંરક્ષણ ખાતર જીવતા શરીરમાંથી આત્મહત્યા કરીને નિષ્ઠુત (થૂંક) ની જેમ જે બંધુમતીએ પ્રાણો ને બળાત્કારે ખેંચી કાઢેલા આજે તે જ શ્રીમતીના શરીરમાં છૂપાયેલી બંધુમતીના આત્મા એ એક પ્રચંડ પુરૂષાર્થ ના ધણી આર્દ્રકઋષિને પોતાના પ્રિયતમ તરીકે મન થી સ્વીકાર કરી લીધો છે.

નાની નાની સખીઓ સાથે ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયેલી શ્રીમતીએ "પતિ પસંદગીની" રમત રમતા આર્દ્રક મુનિવર ને પોતાના પતિ તરીકે સ્વીકારી લીધા હતા.

અનુકૂળ ઉપસર્ગ સમજીને આર્દ્રક મુનિરાજ તો ત્યારે ત્યાંથી અન્યત્ર વિચરી ગયા હતા.

હવે તો શ્રીમતી યૌવના વસ્થાને પામી હતી.

કુંવારી શ્રેષ્ઠી પુત્રીના માંગા ઘણા આવવા માંડયા. ત્યારે શ્રીમતિએ પિતાને

(અનુ. પાન ૨૫૫ ઉપર)

અસત્ય પણ ઓળખો નહીંતર ભૂલા પડશો.

એક પ્રધાને રાજાને પૂછ્યું, કે કોઇ માનવી આવીને કહે કે આપની નગરીમાં સિંહ આવ્યો છે તો શું એ વાત આપ માનશો ખરા ?

" ના રે ના, હું તે માનું જ નહિ." રાજાએ જોશ પૂર્વક કહ્યું. ફરી પ્રધાને પૂછ્યું,

બે જણાં આવીને એ જ ખબર આપે તો આપ માનો ખરા ? "

તો ય મને વિશ્વાસ ન બેસે, એવી અસંભવિત વાત એકદમ શી રીતે મનાય ? જોમ ઓછું પ્રગટ કરતાં રાજા બોલ્યા.

ઠીક ત્યારે જો ત્રણ કે ત્રણથી વધારે માનવી આવીને એ જ હકીકત ફરીથી દોહરાવે તો શું આપ માનો ખરા ?

તો પછી મારે એ વાત સાચી માનવી પડે, ઢીલા પડી ગયેલા રાજા બોલ્યા.

આ સાંભળતાં જ પ્રધાનજી હસવા લાગ્યા. હસતા હસતા બોલવા લાગ્યા.

" વાહ રે લોકવાયકાની બલિહારી ! રાજન્ ! જરા વિચાર તો કરો કે આપણી નગરીમાં કયારેય સિંહ જોવા મળે એમ છે ?

ના, હરગીઝ નહી, તો પછી એક, બે કે ત્રણથી વધારે માનવીઓ આવીને એ વાતની ખાત્રી આપે તો એ વાત કઇ રીતે સાચી મનાઇ જાય ?

ત્રણ માનવીઓ એક અસત્ય વાતને પણ સત્ય કરાવવા સમર્થ થતાં હોય તો આજના કહેવાતા સિદ્ધાંતવાદી સુધારકો શું અસત્ય વાતને સત્ય કરવા સમર્થ થશે ખરા ?

ના, ના પ્રધાનજી જેવા કોઇક સિધ્ધાંત રક્ષકો અસત્ય વાતને સત્ય નહી જ બનવા દે. —વિરાગ

(અનુ. પાન ૨૫૪નું ચાલુ)

કહ્યું " હે તાત ! આ જનમમાં મારે તો તે જ પતિ છે જે મહર્ષિ પહેલા મારા વડે વરાયો છે. અને ત્યારે દેવીએ કરેલી દ્રવ્યવૃષ્ટિનો સ્વીકાર કરીને તમે પણ તે વાત માન્ય કરી છે. તેથી મારે તો બસ તે જ પતિ છે."

" પણ બેટા ! નિત નિત નવા નવા પુષ્પો (જરમીનો) માં ભમતાં દ્વિરેફ (ભમર) ની જેમ તેનું કોઇ નિયત રહેઠાણ નથી હોતું. તેને શોધવા શી રીતે ?

પિતાજી ! ત્યારે તેમના પગે વળગેલી મેં નિશાની જોઇ છે અહીં આવતા–જતાં દરેક મુનિને દાન દઇ તેમને હું ખોળી કાઢીશ. મુનિરાજ આર્દ્રકને શોધવા માટે દાન દેવાનું શ્રીમતીએ શરૂ કર્યું. બાર વર્ષે દિશા ભૂલેલા તે અહીં આવી ચડયા.

અને.....

तां स्मरन्दैवतीं वाचं निर्भर्त्स्येनोदितं तथ्यं तैः। महात्मा पर्यणीपीत्तां श्रीमतीं भावि नान्यथा !

રાજા આદિ વડે આગ્રહ પૂર્વક કહેવાયેલા અને દેવીની તે વાણીને યાદ કરતા મહાત્મા આર્દ્રક આખરે તે શ્રીમતીને પરણ્યા ભાવિ અન્યથા થતુ નથી.

* પર્યુષણનો પ્રવાહ ટકાવો. *

અત્યારસુધી હું અણસમજુ હતો મારા સાધર્મિક ભાઇ–બહેનો.

કર્યા પર્યુષણના પારણા ને
મુકયા ઉપાશ્રયના બારણા,

આવા વચનો ઘણીવાર તેઓ બોલતા તે સાંભળીને અમે સૌ બાલુડાઓ પણ ઉપાશ્રયે જવાનું ટાળી દેતા, પરંતુ.

મારા પરમોપકારી ગુરૂ (રાજનો જે દિવસથી પ્રવેશ થયો છે, તે દિવસથી માંડીને પર્યુષણ પર્વના દિવસો સુધી હું નિયમિત પ્રવચન સાંભળવા જતો હતો તેમના દેશનાના ધોધથી અનેક તપ–જપ–વ્રત–નિયમ સારી સંખ્યામાં થતાં હતાં, ત્યાં તો રૂમઝુમ કરતા પર્યુષણ મહાપર્વના દિવસો આવી લાગ્યા. ઉપાશ્રય નાનો પડવા લાગ્યો. ન જોયેલા ચહેરાઓ દેખાવા લાગ્યા. બેસવાની કે ઉભા રહેવાની જગ્યા પણ ન મળે તેટલી હાજરી થવા લાગી. વળી, માસક્ષમણ, સોળભથ્થુ, અઠ્ઠાઇ, અઠ્ઠમાદિ તપશ્ચર્યા શ્રેણબંધ થવા લાગી. વાજતે ગાજતે અનેક ભાગ્યશાળીઓ પૂંજણા માટે આવવા લાગ્યા બેઠા બેઠા હું અનેક તપસ્વીઓની અનુમોદના પણ કરતો હતો.

પર્વના દિવસો હંમેશા સાંકડા હોય છે તે ન્યાયે પર્વાધિરાજ મહાપર્વના દિવસો જોત જોતામાં પૂર્ણ થઇ ગયા. તપસ્વીઓના પારણા પણ ખુબ જ શાંતિથી થઇ ગયા.

ક્ષમાપનાદિ કાર્યો માટે બે–ચાર દિવસનો આરામ રાખીને ફરી પાછાં વ્યાખ્યાનાદિ કાર્યક્રમો શરૂ થયાં. વ્યાખ્યાનાદિની શરૂઆત થતાં હું પણ દોડતો દોડતો પહેલોથી ગયો ઉપાશ્રયે પરંતુ ઉપાશ્રય ખાલીખમ થોડાક ડોસા–ડોસી સિવાય ઉપાશ્રયમાં કોઇ હતું જ નહી.

તે જોઇ હું વિચારવા લાગ્યો. ચાર દિવસ પહેલાં તો ઉપાશ્રયમાં બેસવાની જગ્યા મળતી ન હતી જાણે કીડીઓ ઉભરાઇ હોય તેમ માનવીઓ ઉભરાતા હતા પરંતુ આજે ઉપાશ્રય ખાલીખમ કેમ લાગે છે. ખરેખર !

મારા સાધર્મિકો જે કહેતા હતા તે હવે સમજાયું.

પરન્તુ મારા પ્યારા સાધર્મિકો, આવું ન કરતાં પર્યુષણ પછી પણ નિયમિત ઉપાશ્રયે જજો. ત્યાં જઇને સુંદર મઝાની ધર્મક્રિયાઓ ભાવપૂર્વક કરજો.

અધ્યાત્મિક જ્ઞાન મેળવી આત્માને પુષ્ટ બનાવજો અને પર્યુષણ પછી આપણે સૌ એવી ધર્મકરણી કરીએ કે જે કહેવત પડી છે તેના બદલે આપણે નવી કહેવત પાડીએ.

કર્યા પર્યુષણના પારણાં–
ને ખુલ્યા મુક્તિપુરીનાં બારણાં...

હર્ષીત એન. શાહ
લબ્ધિ એન. શાહ

જૈન રામાયણના પ્રસંગો

(૭) તીર્થંકર પદ બાંધ્યુ રે.....

— શ્રી ચન્દ્રરાજ

"માંગ, માંગ રાવણ ! હું તને શું આપું ? અરિહંતના ગુણોની સ્તુતિનું મુખ્ય ફળ તો મોક્ષ છે, રાવણ ! વીતરાગ પરમાત્મા સિવાય કોઇપણ મોક્ષ આપી શકતું નથી. અને હું તો વાસનાથી ભરેલો છું. મોક્ષ આપી શકવાની મારી તેવડ નથી. મોક્ષ સિવાયનું તને હું શું આપું ? માંગ રાવણ ! કંઇક માંગ."

નાગરાજ ધરણેન્દ્રના આ શબ્દો હતા.

અષ્ટપદ તીર્થની અવહેલના કરીને પાપના પહાડ નીચે દબાઇ ગયેલો રાવણ હવે પશ્ચાતાપથી પાપના પહાડને છિન્ન-ભિન્ન કરી નાંખવા ઉત્કંઠ બન્યો હતો.

અનેક લબ્ધિના ધણી શ્રી વાલી મુનિવરના ચરણોમાં પોતાના અપરાધની ક્ષમા યાચના કરીને, રાવણ ભરતેશ્વર ચક્રવર્તીએ નિર્માણ કરેલા ચૈત્યમાં શ્રી ઋષભદેવાદિ તીર્થંકરોને વંદના કરવા ગયો.

ચંદ્રહાસ ખડ્ગાદિ શસ્ત્રોને તજી દઇને અંતઃપુર સહિત શ્રી રાવણે શ્રી ઋષભદેવ આદિ તીર્થંકર ભગવંતોની સ્વયં અષ્ટપ્રકારી પૂજા કરી અને વીણા વાદન પૂર્વક ભગવાન આગળ રાવણના અંતઃપુરની સ્ત્રીઓએ નૃત્ય પૂજા શરૂ કરી. ભગવદ્ભક્તિમાં રસ તરબોળ બનીને દરેક એકાકાર બની રહ્યા છે. સ્વાર્થભર્યો આ સંસાર જાણે ભૂલાઇ ચૂક્યો છે. અને....

ત્યાં જ... અચાનક વીણા વગાડતા વગાડતા રાવણની વીણાનો તાર તૂટી ગયો. અંતઃપુર સહિત પોતાની ભગવદ્ભક્તિમાં ભંગ પડે એ પહેલાં જ, મહા સાહસિક લંકેશ્વર શ્રી રાવણે પોતાના શરીરમાંથી એક સ્નાયુ ખેંચી કાઢયો. અને વીણામાં જોડી દઇને ભગવદ્ભક્તિને અખંડિત રાખી. કહેવાય છે કે– "રાવણે એ નૃત્ય પૂજાના સમયે જ તીર્થંકર નામ કર્મ ઉપાર્જન કર્યું."

"વિધાતાની વિધિના લેખ ઉપર લોઢાની મેખ મારનારો હજી કોઇ પાક્યો નથી.

જે અષ્ટાપદ તીર્થને વાલી મુનિરાજની સાથે જ ઉંચકીને લવણ સમુદ્રમાં ફેંકી દેવાનો જે રાવણે પ્રયાસ કર્યો હતો, તે જ અષ્ટાપદના વિરાધકે આ જ અષ્ટાપદની એવી ઉત્કૃષ્ટ આરાધના કરી કે જેથી તેણે તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું."

રાવણ વીણા વગાડતો હતો અને અંતઃપુર સપ્તસ્વરથી મનોરમ અને ગ્રામ્ય રાગથી રચ્ય ગુણગાન ગાતા હતા, તે સમયે નાગરાજ ધરણેન્દ્રદેવ અષ્ટાપદની યાત્રા કરવા આવ્યા હતા. તેમણે શ્રી તીર્થંકર

ભગવંતની પૂજા પૂર્વક વંદના કરી.

વીણા વગાડવા પૂર્વક શ્રી અરિહંત ભગવંતના ગુણોભર્યા ગીતો ગાતા રાવણને જોઇને ધરણેન્દ્રે કહ્યું–

"તારા હૃદયના ભાવને અનુરૂપ શ્રી અરિહંત પ્રભુના ગુણોભરી સ્તુતિમય તારા આ ગાનથી, હે રાવણ! તારા ઉપર હું ખુશ થયો છું."

"શ્રી અરિહંત ભગવંતના ગુણોની સ્તુતિનું મુખ્ય ફળ તો મોક્ષ છે, વાસના ભર્યો હું હે રાવણ! મોક્ષ ફળ તને આપી શકું તેમ નથી. છતાં (તે સિવાયનું) હું તને શું આપું? માંગ રાવણ કંઇક માંગ."

નાગરાજ ધરણેન્દ્રને ઉત્તર વાળતા અહંદ્ભક્ત દશાનન ભક્તિભર્યા હૃદયથી કહે છે કે– "હે નાગરાજ! દેવાધિદેવના ગુણોની સ્તવનાથી તમે ખુશ થયા છો તે ખરેખર તમારી ભગવદ્ભક્તિ છે. અને તે યોગ્ય છે.'

"તુષ્ટ થઇને મને કંઇક આપવા જતા જેમ તમારી ભગવદ્ભક્તિ પ્રકર્ષ પામશે, તેમ તમારી ભેટ સ્વીકારવા જતા મારી ભગવદ્ભક્તિ ચોકકસ અપકર્ષ (લઘુતા) પામશે."

ફરી પણ ધરણેન્દ્ર બોલ્યા, "હે રાવણ! તારી આ નિસ્પૃહતાથી તો હું વિશેષે કરીને તુષ્ટ થયો છું." આમ કહીને નાગરાજ ધરણેન્દ્રે રાવણને "અમોઘ વિજયા" નામની પ્રચંડ શક્તિ, તથા 'રૂપ પરાવર્તિની વિદ્યા' આ બે વસ્તુ આપી. અને પોતાના આશ્રયે ગયા.

રાવણ પણ ત્યાંથી નિત્યાલોક પુરમાં ગયો અને રત્નાવલીને પરણીને લંકામાં ગયો.

આ બાજુ શ્રી વાલી મુનિરાજને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ક્રમે કરીને શ્રી વાલી મુનિવર મોક્ષમાં સિધાવ્યા.

સ્તુતિનું ફળ આપવાની અશક્તિ બતાવતાં નાગરાજ ધરણેન્દ્રે અહંદ્ભક્ત દશાનને કહેલું કે–

अहद्गुणस्तुते र्मुख्यं फलं मोक्षस्तथाप्यहम् ।

अजीर्ण वासनस्तुभ्यं किं यच्छामि वृणीष्व भो : ॥

"અરિહંત ભગવંતના ગુણની સ્તુતિનું મુખ્ય ફળ મોક્ષ છે. તો પણ અજીર્ણ વાસના વાળો હું તને શું આપું? હે રાવણ! કંઇક માંગ."

---

૦ સંતો આફતથી ડરે નહિં, આવેલી આફત મેં જ સર્જેલી છે– માટે રાજી થવું એવું જ્ઞાન તે સમ્યગ્ જ્ઞાન.

૦ મોક્ષનો અર્થી મોહને મારીને જ જંપે. મોહ એ પરમ શત્રુ છે. શત્રુને પંપાળનારો પોતે જ માર ખાય.

જૈનશાસન જેટલું સલામત,તેટલું વિશ્વનું હિત સલામત

પંડિતવર્યશ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

ગામના બાહરે એક તળાવ છે.

તળાવને કાંઠે બાળક ઉભો છે.

બાળકને એક રમત સુઝી.

પાસે પડેલો પત્થર તળાવનાં શાંત પાણીમાં નાંખ્યો.

જે જગ્યાએ પાણીમાં પત્થર પડયો, તેની આસપાસ વર્તુળો રચાયાં.

બાળકને વર્તુળો જોવાની મઝા આવી.

બીજીવાર મોટો પત્થર ઉપાડયો. જોરથી ઘા કરીને પાણીમાં નાખ્યો.

પહેલાં કરતાં પાણી વધારે ડહોળાયું. વધારે વર્તુળો રચાયાં

સેન્ટર જેટલા જોરથી ક્ષુબ્ધ થયું, તેટલા તેની આસપાસ વર્તુળો વધારે રચાયાં.

સેન્ટર જેટલું ઓછું ક્ષુબ્ધ થાય. તેટલાં વર્તુળો ઓછાં રચાય. સેન્ટર જેટલું સ્થિર તેટલું પાણી શાંત.

ઘરનો વડિલ પુરૂષ જેટલો વ્યવસ્થિત તેટલા તેને આશ્રયીને રહેનારા કુટુંબીજનો વ્યવસ્થિત.

શાળાના પ્રિન્સીપાલ જેટલા શિસ્તબધ્ધ તેટલા શાળાના બીજા શિક્ષકો અને વિદ્યાર્થીઓ શિસ્તબધ્ધ.

'સવિ જીવ કરૂં શાસનરસી'ની ઉત્કૃષ્ટ ભાવનામાંથી ફલિત થયેલું જૈનશાસન વિશ્વના કલ્યાણનું મુખ્ય અને મહાકેન્દ્ર છે. દુન્યવી સ્વાર્થની માત્રા યત્કિંચિત પણ તેની સાથે જોડાયેલી નથી. જો જૈનશાસન જેટલું અક્ષત–અવ્યાબાધ, તેટલું વિશ્વનું કલ્યાણ અક્ષત–અવ્યાબાધ. જેટલું જૈનશાસનને નુકશાન, તેટલું વિશ્વને નુકશાન, તેટલું વિશ્વના પ્રાણીઓના હિતને નુકશાન.

૪૫૦ વર્ષોથી જગતમાં ઇન્દ્રજાળ ઉત્પન્ન કરનારાઓ આ રહસ્ય સમજે છે. તેથી જ તેમને મુખ્ય મોરચો ખરી રીતે તો જૈનશાસનની સામે જ છે. "જગતના અગિયાર ધર્મો" નામના પુસ્તકમાં ખ્રીસ્તી ધર્મગુરૂ હ્યુમે શ્રી સિધ્ધસેન દિવાકર મહારાજનો જ શ્લોક મુકયો છે, અલબત્ ખોટા અર્થમાં. તેઓ જાણતા હોય છે કે ગઢ તુટયો, કે બાજી હાથમાં.

આ સંયોગોમાં જૈનશાસન રૂપી કેન્દ્રને બચાવવાના ભગીરથ પ્રયાસો કરવાને બદલે, ઉભી કરવામાં આવેલી ઇન્દ્રજાળ પાછળ જૈનશાસનને વસડવાના આપણે જ પ્રયાસો કરીયે, તો વિશ્વના પ્રાણીઓનું હિત કેટલું બધું જોખમાય ? આપણા ઉપર આક્રમણ કરનારના સૈન્યમાં જ આપણે ભરતી થઇ જઇએ, તો જગત રક્ષણની આશા કોની પાસેથી રાખે ?

જૈનશાસનની ધુરાને વહન કરવાની બાબતમાં વર્તમાન જૈનાચાર્યો માટે આજ પરિસ્થિતિ અતિ વિકટ અને કપરી છે. ગમે તેવાં તોફાનો વચ્ચે, ગમે તેવાં પ્રલોભનો વચ્ચે જૈનશાસનના ગઢને વ્યવસ્થિત ટકાવી રાખવાની અસાધારણ જવાબદારી અને

જોખમદારી તેમના શિરે છે. એક રીતે કહીએ, તો વિશ્વના તમામ પ્રાણીઓના રક્ષણની ફરજ તેમના ઉપર છે. તેમના શિવાય જગતનું બેલી કોણ ? તારણહાર કોણ ? તેઓ ધારે તો પ્રાણના ભોગે પણ જૈનશાસનને અવ્યાબાધ રાખી વિશ્વના પ્રાણીઓને બચાવી શકે છે. અથવા તો ઉપેક્ષા કરી પ્રાણીઓના હિતને ડુબાવી શકે છે.

છેલ્લા ૧૦૦ વર્ષમાં જૈનશાસન ઉપર અનેક આક્રમણો આવી ચુક્યાં છે. છતાં હજી ઘણું સુરક્ષિત છે. ઘણાં તત્ત્વો વ્યવસ્થિત રીતે ચાલ્યા આવે છે. તે સુરક્ષિત બાબતોને કાયમી ટકાવી રાખી, તેના આધારે શાસન નિરપેક્ષપણે બનાવાયેલી બાબતોને સાપેક્ષ બનાવી લેવાની વહેલી તકે જરૂર છે. તે સિવાય ભવિષ્યમાં આવી પડનારી માનવી મહાહિંસા અટકવાની કોઇ આશા જણાતી નથી.

આજની ગણાતી વિશાળ દૃષ્ટિ, વિશ્વ બંધુતા, વ્યાપક સેવા વિગેરે માત્ર શબ્દથી જ મોટા દેખાય છે. ખરી રીતે વિશ્વહિતથી તે ચ્યુત કરનારા છે.

વર્તમાનમાં બિરાજમાન જૈનાચાર્ય મહારાજાઓ શું કરવા ધારે છે ? જૈન શાસન સાથેનો સાપેક્ષભાવ ધરાવી તે ટકાવી રાખવા ઇચ્છે છે ? કે ઉપેક્ષાભાવે જોયા જ કરવામાં માને છે ? કે જૈનશાસનને તોફાનની આંધીમાંથી બચાવી લેવાનો ભવ્ય પુરૂષાર્થ કરવા ઇચ્છે છે ? સિંહની એક ત્રાડ માત્ર હરણિયાઓને ધ્રુજાવી મુકવા માટે બસ હોય છે. નવસર્જનની ધંધ્રુજાળ અસત્ય, અન્યાય, અનીતિ વિગેરેના પાયા ઉપર ખડી કરવામાં આવી છે સમર્થ પુરૂષોની એક ફુંક માત્ર એ ગંજીપાના મહેલને જમીનદોસ્ત કરવા માટે બસ હોય છે.

પધારો પર્વાધિરાજ

પધારો, પર્વાધિરાજ– પધારો. પર્યુષણ-પર્વ સાધનાની પવિત્ર પાવન પગદંડી પર સિધ્ધિનું અમૃતપાન કરાવનાર મહા કલ્યાણકારીપર્વ છે.

અંતરના ઉમળકાથી અમે આપનું ભાવભીનું સ્વાગત કરીએ છીએ. આત્મ મંદિરના આંગણામાં છવાયેલો વિષયોનો કચરો સમતાના અમૃતમય જળ વડે ધોઇને આત્મ મંદિરનું આંગણું લીંપીગૂંપીને સ્વચ્છ બનાવ્યું છે અહિંસા સંયમતપની રંગોળી-થી આત્મમંદિરનું આંગણું શોભાવ્યુ. છે. ધ્યાન–શીયલ. તપને ભાવનાના પુષ્પો વડે સંગીતના મધુરા સૂરાવલીસ્વરો થી પર્યુષણ પર્વનું અભિવાદન કરીએ છીએ.

પર્યુષણપર્વ આત્માની સાચી સાર્થકતાનું ભાન કરાવી આપણને તેના કરવા યોગ્ય એવા ઉચિત કર્તવ્યોનું સદા ચિંતન–મનન કરાવી આચરણ કરાવે છે.

પર્યુષણપર્વ લોકોત્તરપર્વમાં શિરોમણી છે. તેમજ આ પર્વ કષાયવિજયની સાધનાનાસંદેશ વાહક તરીકે સુપ્રસિધ્ધ છે ક્રોધ ઉપર જય મેળવવા ક્ષમાની સાધના, માન–માયા લોભ પર વિજય મેળવવાં નમ્રતા સરળતા સંતોષની આરાધના બતાવે છે.

છેલ્લો દિવસ ક્ષમાપનાનો– પર્વના દિવસે મૈત્રીના માંડવા નીચે એકમેકને મિત્ર બનાવી એક બીજાની ભુલોને ભુલીજવું તેજ સાચી ક્ષમાપના છે.

–કોઠારી મંજુલાબેન જી. થાન

સર્વપર્વોમાં પર્યુષણપર્વની મહાનતા, પવિત્રતા અને કલ્યાણકારિતા અજબગજબની છે. આ પર્વનો મહામહિમા વર્ણવવા કેવલજ્ઞાની પણ અસમર્થ છે. શ્રુતજ્ઞાનથી એનો મહિમા વર્ણવવો એ પણ બે હાથ પહોળા કરી સમુદ્રની વિશાળતા બતાવવા જેવું છે.

શાસ્ત્રોમાં અનેક મહાન ઉપમાઓ આપી આ પર્વનો મહિમા ગાયો છે. આ પર્વને અમૃતની, મહામંત્ર નવકારની, કલ્પવૃક્ષની, કલ્પસૂત્રની, ચંદ્રની, ઇન્દ્રની, સીતાસતીની, કેસરીસિંહની, ગરુડની ગંગાનદીની, મેરુપર્વતની, ભરતેશ્વર રાજાની તેમજ શત્રુંજયતીર્થ વગેરેની ઉપમાઓ

અટઠાઇ' અર્થાત્ પ્રભુના અંગુઠામાં અમૃતનો સંચાર કરી દેવતાઓ જન્મોત્સવ નિમિતે નંદીશ્વરદ્વીપે જઇ અટ્ઠાઇ મહોત્સવ કરે છે. બીજું અમૃત મૃત્યુલોકનું માનવું જોઇએ કે જે એક વિશિષ્ટ ઔષધિરૂપ છે. વનસ્પતિશાસ્ત્રમાં હીમજને શિવા, હરડેને અભયા કહી છે તેમ ગળોસત્વને અમૃતા કહી છે !

પાર્શ્વચિંતામણિસ્તોત્રમાં આવે છે કે પીયૂષસ્ય લવોડપિ રોગનિવહં અમૃતનો લેશ પણ રોગના સમૂહનો નાશ કરે છે. શ્રી શાંતિનાથપ્રભુના સ્તવનમાં પણ આવે છે કે "ચાખ્યો રે જેણે અમી લવલેશ, બીજા રે રસ તેહને નવિ ગમેજી..."

પર્યુષણમહાપર્વને વરેલી ઉપમાઓ

—પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મ.

આપી છે. આ અસાધારણ ઉપમાઓ પર્યુષણમહાપર્વની ગરિમાને સિદ્ધ-પ્રસિદ્ધ કરી જાય છે !

(૧) અમૃતની ઉપમા : ઔષધમાં અમૃત શ્રેષ્ઠ મનાય છે. કેટલાક અમૃતને કાલ્પનિક માને છે. જૈનમહર્ષિઓએ અનેક સ્થળે અમૃતનો ઉલ્લેખ કર્યો છે એટલે અમૃત કાલ્પનિક નથી, વાસ્તવિક વસ્તુ છે ! એક અમૃત દેવલોકમાં છે. દેવો શ્રી તીર્થંકરદેવના જન્માભિષેકબાદ પરમાત્માના અંગુઠામાં અમૃતનો સંચાર કરે છે. શ્રી પાર્શ્વનાથ-પંચકલ્યાણક પૂજામાં આવે છે કે- 'અંગુઠે અમૃત વાહી નંદીસર કરે

આ રીતે ઔષધમાં જેમ અમૃત શ્રેષ્ઠ છે, તેમ સર્વપર્વોમાં પર્યુષણ શ્રેષ્ઠ છે. પર્યુષણપર્વ જીવોને અમૃતની ગરજ સારે છે. અમૃત શરીરના રોગો કાઢે છે તો પર્વાધિરાજ પર્યુષણ આત્માના કર્મરોગને નષ્ટ કરનારું પરમ ઔષધ છે ! આ અમૃતમાં રોગ કાઢવાની અચિન્ત્યશક્તિ છે તેમ, શાશ્વતઆરોગ્ય અર્પવાની પણ અદ્ભુત શક્તિ છે. પર્વાધિરાજનું આરાધન આત્માને કષાયમુકત બનાવી, ક્ષમાધર્મના શિખરે પહોંચાડી શાશ્વત આરોગ્ય—અમરપદ આપે છે.

(૨) નવકાર મંત્રની ઉપમા :

મંત્રોમાં નવકારમંત્ર સર્વશ્રેષ્ઠ છે. આગવું સ્થાન ધરાવે છે. નવકાર એ મંત્રશિરોમણિ છે, સર્વમંત્રોનો રાજા છે, મંત્રાધિરાજ છે, સર્વમંત્રોનું બીજ છે, ચૌદપૂર્વનો સાર છે તેમ આ પર્યુષણપર્વ પણ સર્વપર્વોમાં શિરોમણિ છે, પર્વાધિરાજ છે, સર્વપર્વોનો સાર છે ! નવકારમાં મુખ્યપણે વિનયધર્મનું ભવ્ય આરાધન છે તેમ, પર્યુષણમાં ક્ષમા-ધર્મની સાધના મુખ્ય છે. ટૂંકમાં નવ-કારમાં નમો ધર્મ છે, પર્યુષણમાં ખમો ધર્મ છે. એની આરાધના માટે સાત દિવસ જોરદાર તૈયારી કરવાની હોય છે ! જેથી આઠમા દિવસે ક્ષમાધર્મની અદ્‌ભુત સાધના થઇ શકે.

(૩) **કલ્પવૃક્ષની ઉપમા :** જગતમાં વૃક્ષો ઘણા છે અને ઘણી જાતના છે, પણ સર્વમાં કલ્પવૃક્ષ શ્રેષ્ઠ ગણાય છે. કારણ એની પાસે વિધિપૂર્વક માગણી કરનારને એ અવશ્ય મનોવાંછિત ફળો આપે છે, બીજાવૃક્ષો અલ્પફળ આપે છે અને બાવળ જેવા વૃક્ષોના ફળ તરીકે તો કાંટા જ મળે છે. તેમ પર્વો પણ ઘણા છે. પરંતુ તેમાં પર્યુષણપર્વ શ્રેષ્ઠ છે. એની વિધિપૂર્વક કરેલી આરાધના ઇચ્છિત અનેક આત્મિક લાભો આપે છે. મોક્ષસુખ આપવાનું શ્રેષ્ઠ સામર્થ્ય આ પર્વ ધરાવે છે !

(૪) **શ્રી કલ્પસૂત્રની ઉપમા :** સર્વસૂત્રોમાં શ્રી કલ્પસૂત્ર શ્રેષ્ઠ છે. કેવલ-જ્ઞાની મહાપુરુષ પણ એનો મહિમા ગાઇ શકે તેમ નથી. એજ રીતે પર્યુષણપર્વનો મહિમા પણ કેવલજ્ઞાની ગાઇ શકે તેમ નથી. કર્મના મર્મને ભેદી નાખનારા, ક્ષમાધનની અમૂલ્ય ભેટ આપનારા, આત્મશુદ્ધિ દ્વારા સુવિશુદ્ધ આરાધનાના દ્વાર ખોલી આપનારા પાંચ અને અગીયાર કર્તવ્યોના પાલન અને શ્રવણદ્વારા; શાસનની પરંપરાને અવિચ્છિન્ન ટકાવી રાખનારા પર્વાધિરાજની ગરિમા શું વર્ણવી શકાય ? કલ્પસૂત્રની ઉપમા જ એને ન્યાય્ય છે.

(૫) **ચંદ્રની ઉપમા :** નીલગગનમાં અસંખ્ય તારલાઓ તગતગી રહ્યા છે, પણ ચંદ્રના પ્રકાશની બરોબરી કરી શકે એવો એક પણ તારો નથી. ચંદ્રનો સૌમ્ય અને શીતલપ્રકાશ પ્રાણી જગતને અપૂર્વ શાંતિ આપે છે. એના પ્રકાશમાં એક બીજી અપૂર્વ ખાસિયત એ છે કે, તેના પ્રકાશથી વનસ્પતિઓ ઔષધિરૂપે પરિણામ પામે છે. માટે તેને ઔષધિપતિ પણ કહેવાય છે. ચંદ્ર સોળે કળાઓથી યુકત હોય છે. સમુદ્રમાં ભરતી-ઓટ પણ તે લાવે છે તેમજ ચંદ્ર એ આકાશમંડળનું જાણે ફરતું તિલકછે.

એજ રીતે આ પર્વ પણ લૌકિક લોકોત્તરપર્વોમાં જુદું જ તરી આવે છે. પર્વની તોલે કોઇ પર્વ આવી શકતું નથી. આ પર્વની આરાધના અશુભ અનુબંધોને આ તોડી નાંખે છે. એનો નિષ્ઠાવાન આરાધક અભિનવ શાંતિને પામે છે. આ પર્વારા-ધનથી બંધાયેલું પુણ્ય ભાવ પ્રાણોનું પોષક બને છે, આ પર્વના અમારિ પ્રવર્તનાદિ પાંચ કર્તવ્યોના પાલનથી પુણ્યની ભરતી અને ક્ષમાદિ ધર્મથી પાપની ઓટ આવે છે. પંચમ કાળના જીવો માટે પુણ્યનું પોષણ અને પાપનું શોષણ કરનાર આ જઅનુપમપર્વ છે.

(૬) ઇન્દ્રની ઉપમા : ઇન્દ્ર દેવોના રાજા–અધિપતિ છે. ઐશ્વર્યશાળી છે. લાખો–કરોડો–અસંખ્યદેવતાઓ એની આજ્ઞાનું પાલન કરે છે. પર્વાધિરાજ શ્રી પર્યુષણને ઇન્દ્રની ઉપમા બરાબર ઘટી શકે છે. સર્વપર્વોનું આધિપત્ય પર્યુષણને વરેલું છે. લાખો કરોડો ભવ્યાત્માઓ પર્વાધિરાજની આરાધના કરે છે. એનું ઐશ્વર્ય પણ એટલું જ આકર્ષક છે. પર્વાધિરાજની શોભા અલૌકિક હોય છે.

(૭) સીતાસતીની ઉપમા : સીતા સતીઓમાં શિરોમણિ છે. શ્રી ઉદયરત્નજી મહારાજે પણ કહ્યું કે–સતીઓમાંહે શિરોમણિ કહીએ. નિત નિત હોને પ્રણામ... મહાસતી સીતાજીનું સતીત્વ ઝળહળતું હતું. જ્યારે સીતાજીએ દિવ્ય કર્યું ત્યારે, અગ્નિમાં પડતાં પહેલાં સીતાજીએ કહ્યું કે હે અગ્નિ ! મન–વચન કે કાયામાં રામચંદ્રજી સિવાય કોઇ પરપુરુષને પ્રવેશ મળ્યો હોય તો મને બાળીને ભસ્મ કરજે. અને સીતાજીએ અગ્નિના કુંડમાં ઝંપલાવ્યું. સતીત્વના પ્રભાવે અગ્નિ પાણી બની ગયો. પાણીના પૂર ઉમટયાં, એવા જબરદસ્ત ઉમટયાં કે અયોધ્યા ડુબી જશે કે શું ? એ કલ્પનાએ ત્યાં હાહાકાર મચી ગયો. સીતાજીએ બે હાથથી પાણીને સ્પર્શ કર્યો ત્યાં પાણી જમીનમાં સમાઇ ગયાં.. પરપુરુષનો મનથી એક ક્ષણવાર પણ વિચાર નહિ કરવો એ સતીત્વનો પ્રાણ છે. રાવણ જેવા સ્ત્રીલંપટ નરાધમના સકંજામાં આવવા છતાં, સીતાજી શીલધર્મની સુરક્ષા માટે અણનમ રહ્યા એજ કારણે સીતાજી જગદ્વંદ્ય બન્યા. જ્યારે હવે રામચંદ્રજી માનભેર અયોધ્યામાં લઇ જવાના છે, સમગ્ર અયોધ્યા સીતાજીની ચરણરજ પૂજવાની છે, ત્યારે સીતાજીએ મહાવૈરાગ્યથી સંયમના સ્વીકારનો પુરુષાર્થ કર્યો. સીતાજીનું સતીત્વ મોટું એ કારણે સતીઓમાં સીતાજી શિરોમણિ ગણાય છે. તેમ પર્યુષણપર્વ એની પવિત્રતાના કારણે, તારકતાના કારણે, ઉદ્ધારકતાના કારણે જગતમાં સર્વપર્વોમાં શિરોમણિ ગણાય છે. ગમે તેવો પાપી પણ પર્વાધિરાજની આરાધનાથી પુણ્યશાળી બને છે. પર્વના દિવસોમાં પાપીને પણ પુણ્ય કરવાની પ્રેરણા મળે છે.

(૮) કેસરીસિંહની ઉપમા : સિંહ એ વનનો રાજા–વનરાજ કહેવાય છે. સિંહ ક્રૂર અને શૂર હોય છે. એની હાકથી જંગલના પ્રાણીઓ ભયથી થરથરે છે. એ વર્ષમાં માત્ર એક જ વાર વિષયભોગ કરે છે. બીજા પણ ઘણા ગુણો સિંહમાં રહેલા છે. એમ આ પર્યુષણ પણ પર્વાધિરાજ છે. એના આરાધક–સાધકના ક્રોધાદિ આત્મદોષો ભયથી થરથરે છે, પલાયન થઇ જાય છે. સિંહ જેમ સદા નિર્ભય હોય છે, તેમ પર્યુષણનો સાધક દોષો, દુર્ગુણો અને દુર્ગતિના ભયથી રહિત બને છે. સિંહની ક્રૂરતાને પણ ટપી જાય એવી ક્રૂરતા આરાધક આત્માને પાપમાત્ર પ્રત્યે પ્રગટે છે. એક જ વાર આ પર્વની નિષ્ઠાપૂર્વક આરાધના થઇ જાય તો આત્મામાં ધર્મનું સુંદર બીજા-

રોપણ થાય છે. આત્મા ધીમે ધીમે મોક્ષ-સુખની વાનગી ચાખે છે. પર્વની આરાધના આત્મામાં ધર્મનો રસ પેદા કરાવે છે. ધર્મના રસને ટકાવવાનું કામ કરે છે.

(૯) **ગરુડની ઉપમા :** ગરુડ પક્ષી-રાજ ગણાય છે. આકાશમાં બરાબર પોતાના ધ્યેયને અનુલક્ષીને ઊડે છે. સર્પનો એ દુશ્મન ગણાય છે. પર્યુષણ એ પર્વોમાં રાજા સમાન છે. લઘુકર્મી અને ભવ્ય આત્માઓ આ પર્વનું આરાધન હેતુપૂર્વક, લક્ષપૂર્વક, આશયશુદ્ધિપૂર્વક કરે છે. એ આરાધકને મોહરૂપી સર્પ સાથે કાયમ માટે દુશ્મનાવટ હોય છે. આ પર્વારાધનથી મોહનું મારણ થયા વિના રહેતું નથી... આથી વિશેષ બીજી શું અસાધારણતા આ પર્વની હોઇ શકે ?

(૧૦) **ગંગાનદીની ઉપમા :** નદીઓ તો લાખ્ખો છે, પણ ગંગા જેવી બીજી નદી એકેય નથી. આ નદી શાશ્વત છે. એનો પ્રવાહ કદી સુકાતો નથી. વિશાળ પટ અને એનો દીર્ઘપ્રવાહ એની મહાનતા સૂચવે છે. અન્ય દર્શનકારો એને તીર્થરૂપ પવિત્ર માને છે. ગંગામાં સ્નાન કરવાથી પાપી પણ પાવન બને છે, એના પાપો ધોવાઈ જાય છે એમ તેઓ માને છે. એનું પવિત્રજળ અનેક પ્રકારના અભિષેક માટે ઉપયોગમાં લેવાય છે. પર્યુષણપર્વનો મહિમા તો ગંગાથી ય ચડી જાય એવો છે. એનો મહિમા કેવલજ્ઞાની પણ ગાઇ ન શકે. જૈનો આ પર્વને ગંગાથી પણ અધિક પવિત્ર માને છે. આ પર્વના પાંચકર્તવ્યોના પાલનથી પાપમેલ અચૂક ધોવાઇ જાય છે એમાં બે મત નથી.

(૧૧) **મેરુપર્વતની ઉપમા :** મેરુ શાશ્વત છે. અચલ છે. ગમે તેવા ધરતીકંપ કે વાવંટોળ જાગે તો પણ તે સ્થિર રહે છે. મેરુને સુરશૈલ, સુરગિરિ પણ કહેવાય છે. ત્યાં સદાય દેવોનો વાસ હોય છે. પ્રમાણમાં એ સૌથી મોટો છે. પર્વતોમાં તે રાજા છે. રમણીય વનો અને ઉપવનોથી શોભે છે. એના મસ્તકસ્થાને ચૂલિકા શિખર છે, એના ઉપર શ્રી જિનેશ્વર પરમાત્માનું શાશ્વત જિનાલય છે.

પર્યુષણપર્વ પણ પ્રથમ-ચરમ જિનેશ્વરદેવના શાસનમાં શાશ્વતકલ્પ છે. એની આરાધના અનંતકાળ પૂર્વે કે અનંતકાળ પછી પણ એક સરખી રીતે થાય છે. પર્યુષણપર્વની પ્રતિભા-પ્રભાવ, પવિત્રતા સદાકાળ સ્થિરતાપૂર્વક અણનમ અસ્ખલિત ચાલ્યા કરે છે. આ પર્વની અદ્ધ્યમાં દેવો પણ પ્રભુભક્તિ આરાધના કરે છે. આત્માના અનુશાસનનું સુંદર કાર્ય, આ પર્વ કરતું હોવાથી આ પર્વ રાજા સમાન છે. મેરુ પર્વતરાજ છે તો પર્યુષણ પર્વરાજ છે. મેરુ એના રમણીય ઉપવનોથી દેવોને આનંદ, આલ્હાદ અને આરામ આપે છે તેમ, પર્યુષણ ભવ્યાત્માઓને સૂત્રશિરોમણિ કલ્પસૂત્રના શ્રવણથી, પાંચકર્તવ્યોના ભવ્યપ્રવચનોથી, વિરતિધર્મની દિવ્ય આરાધનાથી, પ્રભુભક્તિ સંઘભક્તિ, સાધર્મિકભક્તિ,

શ્રુતભક્તિથી, ક્ષમાધર્મની મહેંકથી અને મૈત્રીભાવના અમીપાનથી પરમાનંદ પરમ-આલ્હાદ અને પરમ આરામ આપે છે.

(૧૨) **ભરતેશ્વરની ઉપમા :** પ્રથમ જિનેશ્વર ઋષભદેવના પ્રથમપુત્ર ભરતરાજા રાજરાજેશ્વર (ચક્રવર્તી) હતા. એમની ઋદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ અફાટ હતી. પુણ્ય આશ્ચર્યકારી હતું. પ્રભાવ અપૂર્વ હતો. છતાં તેઓ વૈરાગ્યથી ભરપૂર હતા. આ અવસર્પિણીના પ્રથમ શ્રાવક તેઓ હતા. એમની સાધર્મિકભક્તિ અદ્વિતીય હતી. તેમનામાં અગણ્ય ભવ્ય વિશેષતાઓ હતી.

એ જ રીતે પર્યુષણ પોતાની રિદ્ધિ સિદ્ધિ સમૃદ્ધિથી રાજરાજેશ્વર પર્વ છે. પર્વાધિરાજની રિધિ શું છે? દાનાદિ ચાર પ્રકારનો ધર્મ. જૈનસંઘ આ પર્વના દિવસોમાં જે દાનાદિ-ધર્મ કરે છે તે હેરત પમાડે તેવો છે. પર્વની સિદ્ધિ છે ક્ષમાધર્મ. વૈરવિરોધને ફગાવી મૈત્રીભાવની પ્રાપ્તિ, એ આ પર્વની અદ્ભુત સિધ્ધિ છે. એની બાહ્ય-અભ્યંતર સમૃદ્ધિ પણ અવર્ણનીય છે. આત્મગુણોની પુષ્ટિ એ અભ્યંતરસમૃદ્ધિ છે. ધર્મસ્થાનોની સજાવટ, આંગી, પૂજા, ભાવના, પ્રભાવના, સાધર્મિકવાત્સલ્ય, અનુકંપાદાન, વરઘોડા, વસ્ત્રાલંકારની વિભૂષા એ એની બાહ્યસમૃદ્ધિ છે. જૈનશાસનના અનેક પર્વોમાં પ્રથમ નંબરનું આ પર્વ છે.

(૧૩) **શ્રીશત્રુંજયમહાતીર્થની ઉપમા :** સંસારસાગરથી તારે તે તીર્થ. શત્રુંજયતીર્થ સર્વોત્કૃષ્ટ તારકતીર્થ હોવાથી તે મહાતીર્થ તરીકે પ્રસિદ્ધ છે. પંદર કર્મ-ભૂમિમાં આ ભરતક્ષેત્રમાં જ આવું એક તારકતીર્થ છે, બીજે નથી. ભૂતકાળમાં અનંત તીર્થંકર મહારાજા અહિ આવ્યા, ભાવિમાં અનંતા આવશે. અનંતાનંત મુનિવરો અણસણ કરી સિદ્ધિપદને વર્યા. ભલભલા પાપી પુણ્યશાળી બની ગયા. પશુપક્ષી પણ ત્રીજે ભવે મુક્તિપદ પામે છે. અભવ્યજીવો આ તીર્થને નજરે જોઈ શકતા નથી. ભવ્યને જ આ તીર્થને તીર્થ તરીકે જોવાનો કે આરાધવાનો ભાવ જાગે છે. આ તીર્થ જેવી તારકતા પર્યુષણ પર્વને વરી છે. અનંતાનંત ભવતારકોએ આ પર્વની આરાધના કરી મુક્તિપદ પામી ગયા. પાપી જીવો પર્યુષણનું આલંબન પામી પુણ્યશાળી બની ગયા. પર્વોમાં સર્વોત્કૃષ્ટ તારકતા પર્યુષણ મહાપર્વની છે. અનંતાનુબંધી કષાયની પકડમાં જીવ ન ફસાય એની તકેદારી આ પર્વ રાખે છે. એથી જીવ મોક્ષમાર્ગમાં પ્રગતિશીલ બને છે, અધોગતિની ઊંડીગર્તામાં પડતો બચે છે.

અહો પર્વ ગરિમા! અહો પર્વ મહિમા! ઉત્તમ ક્ષમાધર્મની સુંદર આરાધના આ પર્વનો પ્રાણ છે, આ પર્વનો આત્મા છે. ઉત્તમ ક્ષમાધર્મની આરાધનાથી આ પર્વને સત્કારીએ, સન્માનીએ, એનું બહુમાન કરીએ. કર્મના મર્મને ભેદનાર ધર્મના મર્મને સમજાવનાર આવા પર્વનું ફરમાન કરનારા શ્રી તીર્થંકરદેવોને ભાવથી વંદન કરીએ.

મોહ વિકળ જીવોની કરૂણતા

— પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

(શાસ્ત્રીય)

ગતિ કેવી મોહ વિકટ જીવોની.
ગતિ કેવી મોહ વિકળ જીવોની.

મોહના સંબંધ પૂરા બને ત્યારે, કાળની કમકમાટી,
મોહાધીન જીવો કરે વિલાપો, હૃદયથી અરેરાટી... ગતિ. ૧
હા હા પુત્ર તું કિહાં ગયો, અમને સૌને મૂકીને,
નિરાધાર તું તો કરીને, કયાં ગયો સૌને છોડીને... ગતિ. ૨
હે સ્વામીનાથ અનાથ કરીને, તું પણ શીદને ચાલ્યો,
કયો વિચાર ન પત્ની કેરો, મુજ હૃદયને બાળ્યો... ગતિ. ૩
સાર સંભાળ હવે કોણ જ કરશે, હે તાત ? કયો ના વિચાર,
આમ ચાલ્યા જવાથી શું લાભ ? આંસુ વહે કિલધાર... ગતિ. ૪
હે બાંધવ ? તારા વિનાનો, શુન્ય આ સંસાર,
હે માતા ? રખવાળ તું ઘરની, ગઇ કયાં અન્ય દ્વાર... ગતિ. ૫
બ્હેની વ્હાલી મૂકી રડતાં, દૂર દૂર ચાલી તું કયાંહી ?
અમે શું કરશું બેનડી વિના, સુનો સંસાર છે આંહી... ગતિ. ૬
આ સંસારની ગતિ છે ન્યારી, સૌને પોક મૂકાવે,
અજ્ઞાનથી સૌ અંધ બનીને, રૂવે અને રૂવરાવે... ગતિ. ૭
શોક સંતાપ કરી સંકલેશથી સૌ, ભટકે ચોરાશી યોની,
પરિણામે અશુભ બંધ જ પાડે, કરમને શરમ કોની ?... ગતિ. ૮
આ વિલાપ મોહ વિકળ જીવોનો, પણ કાંઇ કામ ન આવે,
માટે પરમાતમ આગમ સમજી, દર્શન દિલ જો લાવે... ગતિ. ૯
જયાં છે સદા આનંદ-હર્ષ, એવી ગતિને પાવે,
કદી નહિં ત્યાં સંયોગ-વિયોગ, સઘળી ઉપાધિ જાવે... ગતિ. ૧૦

શ્રી કલ્પસૂત્રનો મહિમા : ફૂલોમાં જે સ્થાન કમળનું છે, હંસોમાં જે સ્થાન રાજહંસનું છે, જ્યોતિષચક્રમાં જે સ્થાન ચન્દ્રનું છે, ઋતુઓમાં જે સ્થાન વસંતનું છે અને નાદમાં જે સ્થાન અષાઢીમેઘના ગર્જવાનું છે, આગમો માં એથી ય વિશેષ સ્થાન-માન શ્રી કલ્પસૂત્રનું છે.

મુસ્લિમ શાસકોએ પણ ગૌવધ પ્રતિબંધ માટે આદેશો આપ્યા હતા

આપણે ત્યાં જીવદયાની વાર્તા માત્ર પુસ્તક સુધી જ મર્યાદિત રહી એ કડવું સત્ય છે.

જીવતા માનવીઓને ધોળે દિવસે બપોરે રહેંસી નાંખનારાઓ આપણે જીવદયાની વાતો કરીએ તો એને સાંભળનારા એના પર લાંબી લચક ચર્ચા કરનારા તેમજ એને રાજકીય સ્વરૂપ આપી કોમી દંગલો કરાવનારા રાજકીય ખેપીયાઓ તેમજ દંભી ધાર્મિકોની કોઇ ખોટ નહીં વર્તાય.

ગુજરાતમાં ગૌ હત્યા અંગે પહેલો વિવાદ ગુજરાતના સુલતાનોના શાસનકાળ દરમ્યાન અમદાવાદની જુમ્મા મસ્જિદ આગળ

અફઘાનિસ્તાન અને ઇરાકમાં પણ ગૌવધ પર પ્રતિબંધ હતો.

કુરબાની કરવાના પ્રશ્ને ઉભો થયો હોવાની નોંધ છે. આ વિવાદમાંથી કોમી દાવાનળ ફાટી નીકળ્યું હતું. પણ તે વખતના અમદાવાદના સત્તાધિશોએ આ કોમી દંગલ પર માત્ર બાર દાયકામાં કાબુ મેળવી લીધો હતો.

ગૌહત્યા વિરોધી મુસ્લિમ શાસકો પણ દેશમાં હતા એ હકીકતનો ઇન્કાર ઇતિહાસના પાના કોઇને કરવા નથી દેતા. લોકવાયકા મુજબ ગુજરાતના રાધનપુરના નવાબ સાહેબના શાસનમાંનો નજીકનો બ્રિટીશ પ્રદેશમાંથી ગાયનું માસ કોઇ પોતાના પ્રદેશમાં લાવે નહીં તેવો હુકમ કરેલો.

આ ઉપરાંત પયગમ્બર સાહેબના પત્નીએ એક વખત ગૌમાસ અંગે એવું કહ્યું હોવાની નોંધ છે કે ગૌમાંસ આરોગવાથી રોગ ઉદભવે છે અને ગૌદુધ બધા રોગોનો ઉપચાર છે.

ગૌહત્યા અંગે ખલીફા અબ્દુલ મલિકના શાસનકાળ દરમિયાન ઇરાકના સુબા હેજ્જાજ સામે ઇરાકના નાગરીકોએ ખેતીવાડીના ઉત્કર્ષ પ્રત્યે બેદરકારીની ફરીયાદ કરી હજ્જાજે ફરીયાદ કરી ત્યારે જણાઇ આવ્યું કે ગૌવંશની હત્યાને કારણે ખેતીવાડીને નુકસાન થઇ રહ્યું છે અને લોકો ગૌમાસનું સેવન કરવા લાગ્યા છે. તેથી ખેતીવાડીની ઉપજ અને ઉત્પાદન ઘટી ગયા છે. હજ્જાજ ગૌવધ પર તરત જ પ્રતિબંધ મુકી દીધો.

હિન્દુઓના સન્માન માટે ગૌવધ ઉપર મુસ્લિમ શાસકો વેરો ઉઘરાવતા

ભારતમાં જ્યારે મુસ્લીમ શાસકોનું શાસન હતું ત્યારે અહીંના હિન્દુઓ ગાયને પવિત્ર માણી તરીકે ગણતા હોઇ તેમની ધાર્મિક

ભાવનાના સન્માનઅર્થે ગૌવધ કરતા કસાઇઓ પર સખત વેરો વસુલી કરવામાં આવતો હોવાની નોંધ છે. ઉપરોકૃત આ શાસકો આ દુધાળા ઢોરોની કતલની વિરુદ્ધ હતા અને આવી કતલ કે વધ પર પ્રતિબંધ હતો.

ભારતમાં મોગલ સામ્રાજયનો પાયો નાખનારા બાબરે જયારે જોયું કે હિન્દુ નાગરિકો ગાયને પૂજનીય ગણે છે અને તેના પ્રત્યે ઉંડી શ્રધ્ધા ધરાવે છે. તેથી પોતાના પુત્ર હુમાયુને એક પત્ર લખ્યો કે જેમાં ગૌવધ પર પ્રતિબંધ મુકવાનો આદેશ અપાયો હતો. બાબરનો આ હુમાયને ગૌવધબંધીના આદેશ અંગે લખાયેલા પત્ર ભોપાલની લાયબ્રેરીમાં સુરક્ષિત હોવાની નોંધ ઘણા લેખકોએ લીધી છે. તેમાં દર્શાવ્યું છે કે, હે પુત્ર ભારતમાં વિવિધ જાતના લોકો વસે છે અને ખુદાનો ઉપકાર કે તેણે આ દેશની સત્તા તમને સોંપી છે. તેથી ઇચ્છનીય છે કે મુખ્યત્વે ગૌવધથી દૂર રહેજો. હુમાયુને બાબરની ઉપરોક્ત સલાહ મુજબ અમલ કર્યો. ગૌબંધી જાહેર કરી અને ધનધાન્યથી પૂર્ણ રહ્યો. અકબર મોગલ શાસકોમાં ખૂબજ પ્રતિષ્ઠાવાન ગણાય છે. અબૂલ ફઝલે લખ્યું છે કે, બાદશાહ ભોજનનો પ્રારંભ હંમેશા દૂધ અથવા દહીં વડે કરતો હતો. ઉપરોકત અબૂલ ફજલે એવી પણ નોંધ કરી છે કે અકબર જીવદયામાં શ્રધ્ધા ધરાવતા હતા. શાહને માસ પ્રત્યે અરૂચી હતી અને વારંવાર કહેતો હતો કે અલ્લાહે માણસ માટે વિવિધ પ્રકારની ભોજન સામગ્રી ઉત્પન્ન કરી છે છતાં અજ્ઞાનવશ પેટપારાયણના કારણે તે જીવધારીઓનું વધ કરે છે. અને પોતાના પેટને પશ્ચિમોની કબર બનાવવાનું ઉચીત સમજે છે. ઇતિહાસના જાણકારોના મત મુજબ અકબરે ગૌવધ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મુકયો હતો.

બાદશાહ શાહઆલમનો ફરમાન જે મૌલવી બખ્શ તેમજ બાદશાહના ધર્મગુરૂ કુતબુદ્દીનના આદેશથી કાઢવામાં આવ્યો હતો. જેમાં જણાવ્યું હતું કે, હું પય-

બાબરે હુમાયુને ગૌવધ-પ્રતિબંધ માટે આપેલો આદેશ ભોપાલમાં સુરક્ષિત

ગમ્બર સાહેબ પ્રત્યે શ્રધ્ધા ને આસ્થા ધરાવનારા પાસેથી જાણવાની ઇચ્છા ધરાવું છું કે દૂધ આપનારી ગાયની કુરબાની અંગે હદીશશરીફમાં કેવો મત દર્શાવાયો છે.

બાદશાહ શાહ આલમના ઉત્તરમાં ઉપરોકત બંને ઉલમાઓએ જણાવ્યું હતું કે, ',પાક હદીશમાં ચાર વાતો પર મોમાનીમ અને નિષેધ મુકવામાં આવ્યો છે તેથી શરીયતમાં શ્રધ્ધા કે આસ્થા ધરાવનારે તે અનુસાર આચરણ કરવું જોઇએ. (૧) વૃક્ષોને નષ્ટ કરવા નહીં. (૨) વૃક્ષો કાપવા નહીં, માનવીની ખરીદ વેચાણ કરવી નહી, (૩) ગૌવધ કરવો નહીં, (૪) વ્યભિચાર કરવો નહીં.

અફઘાનિસ્તાનના અમીરે ગાયની કુરબાની વિશે આલિમો તેમજ મૌલવીઓના મતની માગણી કરી તે વખતે ૧૧૦ જેટલા મૌલવીઓએ એકઠા થઇ દિવસો સુધી ચર્ચાવિચારણા અને વાદવિવાદ બાદ નિર્ણય જાહેર કર્યો કે ઇસ્લામના ગૌરવની રક્ષા માટે ગાયની કુરબાની કરવી આવશ્યક નથી, અને તેમના ફતવા મુજબ અમીરે પોતાના રાજ્યમાં ગૌહત્યા પર પ્રતિબંધ મુકી દીધો. અફઘાનિસ્તાનના આ અમીરના પિતા હબીબુલ્લાહખાન જ્યારે ૧૯૦૭માં ભારતના પ્રવાસે આવ્યા ત્યારે તેમના સ્વાગત સ્વરૂપે ૧૦૦ ગાયોની કુરબાની કરવાની વાત ચર્ચાઇ. અમીર હેબૂલ્લાહખાને કહ્યું; અલ્લાહ ખાતર એવું કરશો જ નહીં. શું તમે સો ગાયો નહીં. એક ગાય પણ કાપશો નહીં એવું કોઇ કામ કરશો કે કરાવશો નહીં. જેનાથી બાદશાહ પ્રત્યે હિન્દુ પ્રજાને મનદુઃખ થાય. ગાયનો વધ કરવામાં આવશે તો હું તમારાથી અને હિન્દીથી કાયમ માટે મોં ફેરવી લઇશ.

– અઝીઝ કાદરી

ભૂલશો માં

જીંદગી સુધી કુકી કુકીને ધન ભેગુ કર્યું છે તેવા એક સોનીની છેલ્લી ઘડીઓ ગણાતી હતી શરીર પણ ઉષ્ણતા પકડી રહયું હતું બાપાની સેવા ચાકરી કરતા દિકરાઓ ડોકટરને બોલાવી લાવ્યા. ડોકટરે આવી તબીયત તપાસવા માંડી શરીર ગરમ લાગતા ડોકટરે થરમોમિટર કાઢી સોનીના બગલમાં દબાવ્યું થોડીક મિનિટો પસાર થવા બાદ ડોકટરે થરમોમિટર હાથમાં લીધું ડોકટર થરમોમિટર જોતા બોલી ઉઠયા ભાઇ તાવ ૧૦૫ છે (૧૦૫ તાવ છે) આ સાંભળી છેલ્લા મહિનાથી જેણે બજારનું મુખડુ જોયું નથી તેવા સોનીના મનમાં સોનાના ભાવ તાલ રમતા હતાને તરતજ તાડુકી ઉઠયો દીકરા શું ઉભો છે, જા જલ્દી વહેચી નાખ બોલતા બોલતા સોનીએ પ્રાણ છોડયો. સોની સોનાનો વિચાર કરે, પૈસા કમાવનાર પૈસાનો વિચાર કરે અને ભગવાનની આજ્ઞા માનનારો ભગવાનની આજ્ઞાનો વિચાર કરે અન્ય વિચારો માં ભગવાનની આજ્ઞાને ભૂલવી એ મોટુ પાપ છે.

— રશ્મીકા મોહનલાલ.
(સંદેશ તા. ૫–૯૬૩)

સંસાર આનું નામ

તમે અત્યાર સુધી મને ઓળખતા ન હતા તો હવે એકાએક કયાંથી ઓળખવા લાગ્યા શું આની પાછળ કોઇ રહસ્ય છે ? તમારૂ રહસ્ય તો મને સ્પષ્ટ જણાય છે. પરંતુ મને રૂચતુ નથી તે રહસ્ય તમારા સ્નેહ પાછળ સ્વાર્થ રહેલો છે. એ સ્વાર્થ સ્નેહને આગળ કરે છે. સ્વાર્થ ઢીલો થશે તેની સાથે સ્નેહ શોધ્યો પણ નહી જડે. છે આનુ નામ સંસાર.

– નિમિળા પ્રસેશકુમાર શાહ

સુભાષિતોની સહેલગાહ

—શબ્દયાત્રી

વનસ્પતિની અદ્ભૂત શક્તિ

(કુદરતી નિયમોને ખોરંભે ચઢાવનારી વૈજ્ઞાનિકોની બુદ્ધિમાં આજે પણ વનસ્પતિની સજીવ શક્તિની વ્યાપકતાનો ખ્યાલ ફીટ થતો નથી જીવ વિચારથી લોકપ્રકાશ સુધીના તમામ શાસ્ત્રમાં ઉલ્લેખ પામેલી એકેન્દ્રિય સૃષ્ટિની શક્તિનો આછો પાતળો ખ્યાલ આ ઉદ્ધરણ આપે છે. સં૫૦)

સૌરાષ્ટ્રનાં ગામડાંઓમાં પાણીકળાઓ જમીનમાં પાણી કઇ જગ્યાએ છે એ શોધી આપવાનું કામ કરતા હોય છે. બેડુત બેતરમાં કુવા બોદાવતાં પહેલાં પાણીકળાઓને બોલાવતા હોય છે. પાણીકળો અંગ્રેજી વાય અક્ષર જેવું ઝાડનું ડીરું બે છેડેથી પકડીને આખા બેતરમાં ફરી વળે છે. પાણીકળાઓ કહે છે કે જે જગ્યાએ જમીનમાં પાણી હોય ત્યાં એ ડીરું નાચવા લાગે છે. વહેતા પાણીના ગુરુત્વાકર્ષણથી એ ડીરું નાચવા લાગે છે એવો તેમનો દાવો છે. પાણીકળાએ સૂચવેલી જગ્યાએ બેડુત કુવા ગાળે છે. કેટલાક કિસ્સામાં બેડુત પાયમાલ થઇ જાય છે તો કેટલાક કિસ્સામાં બેડુત જંગ પણ જીતે છે પાણી કળાની દેશી વિદ્યા વૈજ્ઞાનિક છે કે અવૈજ્ઞાનિક એ હજુ પ્રસ્થાપિત થવાનું બાકી છે. પણ સૌરાષ્ટ્રના બેડુતો પાણીકળા પર હજુ પણ ભરોસો રાખે છે તે હકીકત છે.

પાણી શું પૃથ્વીના પેટાળમાં બનીજ સંપત્તિ છે કે કેમ એ નક્કકી કરવા પણ વનસ્પતિનો ઉપયોગ કરવામાં આવતો. તાંબુ અને વિશિષ્ટ જાતની વનસ્પતિ વચ્ચે કોઇક સંબંધ હોય છે એમ દરેક પ્રદેશમાં દરેક પ્રજા માનતી આવી છે. હવે બનીજ સંપત્તિની જાણકારી મેળવવા અત્યાધુનિક સાધનો આવી ગયા છે. પરંતુ તે છતાંય તેની મર્યાદાઓ બહુ જાણીતી છે. એ સાધનોએ બતાવેલી જગ્યાએ બનીજ બિલકુલ નહીં મળ્યાના કે નહિવત્ મળ્યાના દાખલા છે તો વનસ્પતિએ દર્શાવેલી જગ્યાએ બનીજ સંપત્તિ વિપુલ માત્રામાં મળી હોવાના દાખલા છે.

વનસ્પતિનો ઉપયોગ કરીને બનીજ સંપત્તિ શોધી કાઢવાનો પ્રથમ પ્રયોગ અમેરિકાએ ૧૯૪૭માં કર્યો હતો. અમેરિકાએ ૧૯૫૬ સુધી એ પ્રયોગ ચાલુ રાખ્યો હતો. અને તેમાં તેને સફળતા પણ મળી હતી. બીજા વિશ્વયુદ્ધ પછીના શીતયુદ્ધના એ દિવસો હતા. અમેરિકા હાઇડ્રોજન બોમ્બ બનાવતું હતું. બોમ્બમાં યુરેનિયમની જરૂર પડે છે. આફ્રિકામાંની રાજકીય પરિસ્થિતિ જોતાં અમેરિકા આફ્રિકા પર નિર્ભર રહેવા નહોતું માગતું. અમેરિકાની જમીનમાંથી યુરેનિયમ શોધી કાઢવા અમેરિકાની સરકારે એક આખો વિભાગ જ

શરૂ કર્યો હતો. કોલોરોડા, ન્યુ મેક્સિકો અને એરિઝોના પ્રદેશમાં અમેરિકાએ બાયોજિયોકેમિકલ રિસર્ચ સેન્ટર શરૂ કર્યાં હતાં.

આ કેન્દ્રોએ વનસ્પતિના કુલ ૧૧ હજાર નમૂના એકઠા કર્યા હતા. એ દરેક વનસ્પતિને સૂપવીને તેની રાખ કરવામાં આવી હતી. એ રાખનું રાસાયણિક પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. એ દરેક વનસ્પતિના પ્રાપ્તિસ્થળના નક્શા બનાવવામાં આવ્યા હતા જેમની રાખમાંથી યુરેનિયમ મળ્યું હતું. તેવી ૧૬૯૦ જગ્યાને માર્ક કરવામાં આવી હતી. ત્યાં પછી ડ્રીલિંગ કરવામાં આવ્યું હતું, ત્યારે ભૂસ્તરશાસ્ત્રીઓને ૧૦ જગ્યાએથી યુરેનિયમ મળી આવ્યું હતું.

ભૂગર્ભમાંના ખનીજની અસર વનસ્પતિ પર થાય છે. કેટલીક વાર વનસ્પતિ પીળી પડી જાય છે અને સુકાઈ પણ જતી હોય છે. ૧૮૧૦ની સાલમાં ટાયસન નામના વનસ્પતિશાસ્ત્રીએ નોંધ્યું હતું કે ચોકઠસ પ્રદેશમાં વર્ષોવર્ષ વનસ્પતિ બળી જતી હોય છે. તેણે પ્રયોગ ખાતર કેટલીક જગ્યાએ જમીન ખોદીને માટીનું પૃથક્કરણ કર્યું હતું અને તેમાંથી તેને ક્રોમાઈટ નામનું ખનીજ મળી આવ્યું હતું.

વનસ્પતિનો વિકાસ પાણી અને જમીનમાંના પોષક દ્રવ્યોથી જ થતો હોય છે. જમીનમાંની ખનીજ સંપત્તિની પણ અસર ઝાડને થતી હોય છે, કેટલીક જમીન પર એક પણ ઝાડ ઊગી શકતું નથી. એ જમીનમાં બોરોન નામનાં ખનીજ હોવાની પૂરી શકયતા હોય છે. એવી જ રીતે જમીનમાં જો લોક કે મોલિબ્ડેનમ નામનાં ખનીજ હોય તો પણ વનસ્પતિનો વિકાસ રૂંધાય છે. જમીનમાં જો નિકલ અથવા કોબોલ્ટ હોય તો તેનાથી ઝાડનાં પાન પર સફેદ ડાઘ પડે છે. પણ આ બધાથી ઊલટું જમીનમાં જો મેંગેનિઝ નામનું ખનીજ હોય તો તેને કારણે વનસ્પતિની વૃદ્ધિ ઝડપથી થાય છે. તે પોષક ખનીજ છે. જમીન જો યુરેનિયમ કે થોરિયમયુક્ત હોય તો તેની ઝાડ પર સારીનરસી એમ બંને પ્રકારની અસર થતી હોય છે. તે કયું ઝાડ છે તેના પર આધાર રાખે છે.

અનેક પ્રાણી અને જીવજંતુઓ જમીનમાં દર બનાવે છે. સામાન્ય રીતે સાપ, ઉંદર વગેરેના દર પાંચ છ ફુટથી વધુ ઊંડા નથી હોતા પણ એવા કીડા પણ છે જેના દર ૫૦૦ ફુટ જેટલા ઊંડા હોય છે. આ કીડા ઊંડેથી માટી કાઢીને ઉપર જમીન પર ફેંકે છે. કેટલીક વાર તો દરની ચારે બાજુ પાંચ–છ ફુટના ઢગલા થાય છે. આ માટી જમીનના દરેક સ્તરમાંથી કાઢવામાં આવેલી હોય છે. ભૂસ્તરશાસ્ત્રીઓ આ માટીનું પૃથક્કરણ કરીને પણ તારણ કાઢે છે કે એ જમીનમાં કોઇ ખનીજ સંપત્તિ છે કે કેમ ?

ખનીજ તેલ અને વાયુ તો જમીનના પેટાળમાં હજારો ફુટ ઊંડે હોય છે. રશિયન વૈજ્ઞાનિકોએ તેને શોધવા માટેના પણ કુદરતી માપદંડ શોધી કાઢયા છે. તેલ અને કુદરતી વાયુ હોય એ જમીનમાંથી

હાઇડ્રોકાર્બન સપાટી પર આવે છે. એમાંથી પ્રોપેન નામનો વાયુ બને છે. આ વાયુવાળા પ્રદેશમાં જીવજંતુઓનું જીવન વિશિષ્ટ પ્રકારનું હોય છે વૈજ્ઞાનિકોએ આ વિશિષ્ટતાનું પૃથક્કરણ કરીને કેટલાંક અનુમાનો કર્યાં હતાં, અને તેમાં તેમને નેત્રદીપક સફળતા મળી હતી.

બનીજ સંપત્તિ શોધી કાઢવા વનસ્પતિ અને કીટાણુઓનો જ ઉપયોગ થાય છે. એવું નથી. કુતરાં પાળેલા પ્રાણી અને માછલીઓ પણ તેમાં કામમાં આવે છે. દાખલા તરીકે કુતરાંઓની ઘ્રાણેન્દ્રિય અતિશય તીવ્ર હોય છે. જમીનમાં જો સહ્રફર ડાયોકસાઇડ હોય તો કુતરાને તરત જ તેની ગંધ આવે છે. આ માટે કુતરાંઓને યોગ્ય તાલીમ આપવી પડે છે.

પ્રાણીઓના શરીરમાં વિવિધ અવયવોમાં વિવિધ ધાતુ હોય છે. જેમ કે વાળ અને નખમાં આર્સેનિક હોય છે. થાયરોઇડમાં આયોડીન હોય છે વગેરે. ગાય, ભેંસ વગેરે પાળેલાં પ્રાણીઓ ચોકકસ મર્યાદિત ક્ષેત્રમાં જ ચરતાં હોય છે. તે મૃત્યુ પામે ત્યારે તેના અવયવોની તપાસ કરવામાં આવે છે. દરેક પ્રાણીમાં જો અમુક ધાતુનું પ્રમાણ વધુ જોવા મળે તો એનો અર્થ એ થયો કે એ ભૂમિમાં એ ધાતુનું પ્રમાણ સારૂં એવું છે.

હવે તો વિકસિત દેશોએ ઉપગ્રહ બનાવ્યો છે. ઉપગ્રહ જમીનના પેટાળમાંની પણ માહિતી આપે છે. આને રિમોટ સેન્સિંગ તરીકે ઓળખવામાં આવે છે. પણ એ છતાંય કુદરતી જીવસંપત્તિનું મહત્વ જરાય ઓછું નથી થયું.

સમકાલીન

શ્વેતાંબર
જૈન તીર્થ દર્શન

આ ગ્રંથ તૈયાર થવામાં નકશા વિગેરે વિલંબ થતા મોડું થયું છે.

અત્યારે ગુજરાત રાજસ્થાનનું મેટર વિગેરે પૂર્ણ થઇ ગયું છે અને ફોટા છપાય છે.

બને તેટલું વહેલું પ્રગટ કરવાનું હતું છતાં પ્રેસ આદિના કારણે પણ મોડું થયું છે તો શુભેચ્છકો ગ્રાહકો ક્ષમા કરે.

વ્યવસ્થાપક :

શ્રી હર્ષપુષ્પામૃત
જૈન ગ્રંથમાલા
જામનગર

સુધારો

ગત વિશેષાંકમાં પેજ–૬૪ શુભેચ્છકની યાદીમાં નં ૧૭૩ થી ૧૭૯ સુધી પૂ. આ. શ્રી વિજય લલિત શેખર સૂરીશ્વરજી મ. (પુના)ના ઉપદેશથી ૭ શુભેચ્છકો જાણવા.

પ્યારા ભૂલકાંઓ

આજથી જૈન શાસન છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરે છે. આજ સુધી તમે જૈન શાસનને ચાહતા રહ્યા છો. હોંશે હોંશે વાચતા રહ્યા છો. તેમાં આવતી બાલવાટિકા પણ તમને વધારે પ્રિય છે. આ હકીકત તમારા અક્ષરોથી અંકીત થયેલા પત્રો દ્વારા હું જાણી શકું છું. આ વિભાગમાં બની શકે તેટલી જૈન શાસન અંગેની પ્રેરક અને બોધક સામગ્રી આપવી એવી મારી ભાવના છે.

તમે બધા પણ જૈન શાસનની પ્રેરક અને બોધક વાતો વ્યાખ્યાનમાં કે પાઠશાળામાં સાંભળતાં હશો અને આબાલવૃદ્ધ પાસેથી સાંભળેલી મૌલિક વાતો પણ તમારી સુંદર શૈલીથી લખીને મારા સરનામે મોકલતા રહેજો.

નાનકડા બોધક કથાનકો તેમજ અંતરમાં ઝણઝણાટી પેદા થાય તેવી સામગ્રીને અગ્રસ્થાન આપવામાં આવશે.

હે ભૂલકાંઓ, સાત્વિક લખાણો લખી સત્વરે મોકલવા માટે લો પેન અને પોસ્ટ-કાર્ડ, લખી લો મારું સરનામું.

-રવિ શિશુ

જૈન શાસન કાર્યાલય જામનગર

સંબંધો ગોઠવો

૧. ગુણસેન-ધનશ્રી
૨. પૂર્ણચંદ્રરાજા-પુષ્પ સુંદરી રાણી
૩. શૂરસેન રાજા-રત્નાવલી રાણી
૪. ધન-લક્ષ્મી
૫. શંખરાજા-અગ્નિશર્મા
૬. પૃથ્વીચંદ્ર-ગુણસેન રાણી
૭. ધરણ-કનકસુંદરી રાણી
૮. દેવરથ રાજા-મુકતાવલી રાણી
૯ દેવસિંહ રાજા-કલાવતી
૧૦. કમલસેન રાજા-ગુણસાગર

-ઉરમીલ સી. શાહ

સાબરમતી

કથાનક

એક બગીચાના માલિકને એચિંતુ બહારગામ જવાનું હતું એટલે એણે પોતાના પુત્રને કહ્યું "જો બેટા, હું બહાર-ગામ જઇ રહ્યો છું. તું આપણા બગીચાના બધા વૃક્ષોને પાણી પાજે. બગીચો લીલો-છમ રાખજે.

"પિતાશ્રી આપ જરાપણ ચિંતા કરશો નહિ. આપ સુખેથી બહારગામ જઇ આવો શાંતીથી જાત્રાદિ કરી આવો." દિકરાએ આશ્વાસન આપ્યું.

પિતાશ્રી બહારગામ ગયા અને પુત્ર કાંઇક નવું જ વિચારવા લાગ્યો. પાંદડાને ફળોને જ તાજા રાખવાના ને ! પાંદડા ને

ફૂલોને જ લીલાછમ રાખવાના ને ! પાંદડાં ને ફૂલોને જ પોષણ આપવું જોઇએ. નીચે થડમાં પાણી નાખવાથી શો ફાયદો ? થડમાં પાણી રેડવાનો શો અર્થ છે ?

એમ વિચારી તે ચઢી ગયો ઝાડ ઉપર ઝારી વડે એણે એક એક પાંદડાઓને અને એક એક ફૂલોને પાણી પહોંચાડયું.

ભૂલકાઓ, શું પરિણામ આવ્યું હશે તે તમે સમજી જ ગયા હશો.

ધર્મનું મૂળ સદાચાર છે. એ મૂળને પુષ્ટ કરવા આપણે શું દેવાધિદેવની ભક્તિ કરી રહ્યાં છીએ ? જિનવાણીનું શ્રવણ કરી રહ્યાં છીએ કે ધર્મગ્રન્થોનું વાંચન કરી રહયાં છીએ ?

બરેબર ! આજથી શુભ નિર્ણય કરી લો કે સદાચારના મુળને પુષ્ટ કરવા દેવ–ગુરુ અને ધર્મની ભક્તિ હું સુંદર પ્રકારે કરીશ. નાનકડા પણ દોષને હું સેવીશ નહિ. મારા જીવનને ઉર્ધ્વગામી બનાવે એવા સદાચારોનું આચરણ હું કરીશ.

–જયેશ કુમારપાળ

બાલવાટિકા અમર રહો !

બાપનું નામ ઉજાળે તે સપુત
લક્ષ્મીની ત્રણ ગતિ દાન, ભોગ અને નાશ
વાવીએ તેવું લણીએ ને કરીએ તેવું પામીએ.
ટિચકારી (મશ્કરી) કોઇની કરશો નહિ.
કાળજી પૂર્વક ધર્મનું જતન કરો.
અજણ્યા અને આંધળા બન્ને સરખા.
મનવિનાનું મળવું તે ભીંત સાથે ભટક્વવા જેવું છે.
રમખાણ મચાવી હોય તો કર્મસત્તા સાથે મચાવો.
રક્ષક બનજો પણ ભક્ષક નહિ બનતા
હોળીનું નાળીયેર મુખ લોકો બને છે.

પલક એમ. શાહ

ઘર ઘર !

ઉપવાસ–માલિકનું ઘર
આયંબિલ–મિત્રનું ઘર
વિગઇ–શત્રુનું ઘર

તમારે કયા ઘરમાં રહેવું છે તે તમે જ નકકી કરી લેજો.

હર્ષીત એન. શાહ

૨ ની મઝા

૨ ઘડી સામાયિકમાં રહેવું જોઇએ.
૨ કાર આત્મા ધર્મથી દૂર છે.
૨ રા માણસો કાંઇ સાંભળતા નથી.
૨ વકુફ માણસની સોબત કરશો નહિ
૨ ઢરકાર કદી બનશો નહિ.
૨ વર્ષનું લવાજમ ભરી ગ્રાહક બનો.
૨ ૨, ૨૨, અવસર નહી આવે.
૨ લાએ દીક્ષા લીધી.
૨ ચેની અનુભવાય તેવું ખાશો નહિ
૨ સવું હોય તો ૨ શો.
૨ બી બાવો જોઇ ગભરાઇ ગઈ.
૨ તમાચા રાગ અને દ્વેષને મારજો.
૨ ધજ્જત થાય તેવું કરશો નહિ
૨ સૂર ગાશો તો કોઇ નહિ સાંભળે.
૨ રંગી ધ્વજા જિનમંદિર ઉપર હોય છે.
૨ ફામ ખર્ચ કરશો નહિ.

કાર્તિક ચુ. શાહ, (ખેતવાડી)

વિજેતાઓએ જવાબો તા. ૧૪-૧૦-૯૩ સુધી મોકલવા. "અમીષ"

શબ્દ લાલિત્ય-૧

વેલટીચ મેટલ ઇન્ડસ્ટ્રીઝ,

૮૨-૮૪ કીકા સ્ટ્રીટ, ગુલાલવાડી, મુંબઇ-૪

ખરા વિજેતાને ધન્યવાદ સાથે રૂા. ૫૧ વહેંચાશે.

ઉકેલ મોકલો : બાલ વાટિકા, જૈન શાસન, C/o. શ્રુતજ્ઞાન ભવન,

૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.



આડી ચાવી :-

૧. એક રાજાના મંત્રી હતા (૩)

૨. પર્યુષણનું એક કર્તવ્ય (૬)

૩. સાંપ્રત્તિ રાજાનો પૂર્વભવ (૩)

૪. ચંદનબાળાના શિષ્યા (૪)

૫. આદિનાથ ભગવાનનો પહેલો ભવ (૪)

૬. જે તારે તે ... (૨)

૭. પાર્શ્વનાથ ભગવાનની માતા (૨)

૮. લોગસ્સ સૂત્રમાં જે શબ્દ ત્રણ વાર આવે. (૨)

૯. એક મહાવિગઇ (૨)

૧૧. રોહ ગુપ્તે પોતાના ગુરુ સાથે ત્રિરાશીની સ્થાપના કરી.....કર્યો (૨)

૧૨. રાત્રિભોજન એ.....નું પહેલું દ્વાર (૩)

૧૩. અજાહરા પાર્શ્વનાથ ભગવાનનું તીર્થ (૨)

૧૪. સ્થુલિભદ્રજીના ભાઇ (૩)

૧૫. એક તીર્થંકરનું નામ (૭)
૧૬. રાત્રીનો પર્યાયવાચી શબ્દ (૨)
૧૭. કંકુથી.....કરાય છે. (૩)

ઉભી ચાવી :–

૫. પ્રભુપૂજાના નવઅંગમાંથી એક અંગ (૩)
૯. જેમના માટે ગુરૂએ દશવૈકાલિક સૂત્રની રચના કરી. (૫)
૧૩. તત્વાર્થ સૂત્રના રચિયાતા (૪)
૧૪. ભરહેસર સુત્રમાં આવતી એક સતી (૩)
૧૮. .....દેવીના મંદિરમાં થતો વધ એક આચાર્ય ભગવંતે અટકાવ્યો (૪)
૧૯. રાક્ષસનો પર્યાયવાચી શબ્દ (૨)
૨૦. આગમસૂત્રોના રચિયાતા (૪)
૨૧ એક પાપસ્થાનક (૬)
૨૨. એકાદશીની આરાધના.....કરી (૩)
૨૩ એક કષાય (૨)
૨૪. પાર્શ્વનાથ ભગવાનની અધિષ્ઠાયક દેવી (૪)
૨૫. સકલતીર્થ સૂત્રનું બીજું નામ (૫)
૨૬. કાપડનું કારખાનું (૨)
૨૭. ઇંદ્રનો પર્યાયવાચી શબ્દ [૨]
૨૮. સિદ્ધાણું બુધ્ધાણું સૂત્રમાં આવતો એક શબ્દ (૨)
૨૯. જે અક્ષરમાં ચોવીશ તીર્થંકરોની સ્થાપના કરી ધ્યાન ધરાય છે.

–: સ્વીકારજો.

ધર્મ જ સંરક્ષક છે.
ધર્મ જ માર્ગદર્શક છે
ધર્મ જ આધાર રૂપ છે
ધર્મ જ ઔષધ રૂપ છે
ધર્મ માનવીને ઇચ્છિત ફળ આપે છે (મોક્ષ)
ધર્મ જ કલ્પવૃક્ષ સમાન છે.

માટે જ વીતરાગ દેવે પ્રરૂપેલો ધર્મ જ સમજો અને તેનું જ આચરણ કરો.

કાંતિલાલ એફ. મણીયાર

❀

કઇ રીતે વાંચશો ?

રમારતીને તીર માર
જો મજાનો જામ જો
દે લતા તાલ દે,
કમુ ચાલ ચા મુક
જો ચુંનીયા નીચું જો.
દેવ દાસ દાવ છે
જો વીર રવી જો.
લે રતીયા તીર લે
લે સરસ રસ લે
આ રમા માર આ,

બંને બાજુશ્રી સરખું વંચાય છે તેમ જીવે પણ ધર્મ સાથે બંને બાજુથી પ્રેમ રાખવો.

–: અભીષ આર શાહ

❀

બાળ ગઝલ

ચંદ્ર વગરની ચાંદની નકામી છે.
કુંજ વગરની કોયલ નકામી છે
નીર વગરની નદી નકામી છે
નવપદ વગરનું જીવન નકામું છે.

– કશીતા

બોરીવલીમાં બિરાજમાન પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ પૂ. આચાર્યદેવ
શ્રીમદ્ વિજય પ્રભાકરસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી

શુભેચ્છક તથા આજીવન સભ્ય-૪

નામ	સરનામું
૬૯ રાજેન્દ્રકુમાર છોટાલાલ શાહ	બી-૨૩ ગૌતમનગર, એલ.ડી. રોડ, બોરીવલી (વે) મુંબઇ-૯૨
૭૦ ચંદ્રકાંતભાઇ કેશવલાલ શાહ	ઇ-૧૯ યોગીનગર, ઓસર રોડ, બોરીવલી (વે.) મુંબઇ-૯૨
૭૧ ખીમજીભાઇ ભુરાભાઇ રાંદીયા	એ-૨૦૩ સંભવદર્શન જામલીગલી, બોરીવલી, (વે.) મુંબઇ
૭૨ સાવલા કુંવરજીભાઇ મનશીભાઇ	હુબે બિલ્ડીંગ કેદારનાથભવન, અંધેરી (પૂર્વ) જુના નાગરદાસ રોડ, મુંબઇ-૬૯

શુભેચ્છક ૨૯

૩૭૪ પ્રવિણકુમાર ચીમનલાલ	સી-૪૪, ગૌતમનગર, એલ. ટી. રોડ, બોરીવલી વેસ્ટ,	,, ૯૨
૩૭૫ કાન્તીલાલ હર્ષદરાય	૩૦ પરમાત્માપાર્ક, ચંદનસાર રોડ, વિરાર ઇસ્ટ ડી. થાણા	
૩૭૬ શૈલેશકુમાર રતનચંદ મોદી	૧૦૧, પારસનાથ એપાર્ટમેન્ટ, ચીકનવાલા રોડ, બોરીવલી વેસ્ટ, મુંબઇ-૯૨	
૩૭૭ રવજીભાઇ વી. ગડા જલારામ	વિરાર નં. ૨, ગાળવાલાબેન, ત્રીજા માળે, બ્લોક નં. ૩૦,	,,
૩૭૮ દિનેશચંદ્ર અમથાભાઇ ૪૧-૪૨,	રતન એપાર્ટમેન્ટ, હવેલીના મંદિર સામે, એસ. વી. રોડ,	,,
૩૭૯ અનસુયાબેન ધીરજલાલ શાહ	બી-૩ મોતીમહલ, સોડાવાલાબેન	,,
૩૮૦ કુટરમલ રિખવચંદ જે. એફ. જૈન	બી-૪૦૭ નંદનવન, એલ ટી. રોડ,	,,
૩૮૧ નીતીન એન. ઓધવાની	એચ-૧૧, એસ. આઇ. જી. કોલોની, ફ્લેટ નં. ૧૨૪, ગોરાઇ રોડ, એસ.બી.આઇ. સામે,	,,
૩૮૨ જવારમલજી ચાંદમલજી સાલવીયા	કલોથ મરચન્ટ, સરદાર બજાર, પ્રતાપગઢ (રાજસ્થાન) ડી. ચિતોડગઢ-૩૧૨૬૦૫	
૩૮૩ ત્રીકમલાલ કાન્તીલાલ શાહ	૭-એ અપ્સરા બિલ્ડીંગ બીજા માળે, હોલતનગર રોડ નં. ૭, બોરીવલી (ઇસ્ટ) મુંબઇ-૬૬	

૩૮૪ રમણીકલાલ નાનચંદ શાહ બી-૧૬ હેતાનીનગર એપાર્ટમેન્ટ, એલ.ટી. રોડ, બોરીવલી (વેસ્ટ) મુંબઇ-૯૨
૩૮૫ મહેન્દ્રભાઇ હિરાચંદ શાહ ૨૪ ગોવિંદનગર બિલ્ડીંગ નં. બી-૨ સોડાવાલા લેન, ,,
૩૮૬ એલ. આર. જૈન ૬, સુમનનિવાસ બીજા માળે, રોશનનગર, ,,
૩૮૭ કલીચંદ અમીચંદ શાહ ૩૬ મહાવીરનગર, ફ્રેકટરીલેન, ,,
૩૮૮ અશોકકુમાર હેમચંદભાઇ (પાટણવાલા) ઇ-૪ પાર્શ્વદર્શન એપાર્ટમેન્ટ, ચંદાવરકર લેન, ,,
૩૮૯ નવિનચંદ્ર હિરાલાલ શાહ ૬-બી ફ્લેટ નં. ૬૦૨, પ્રેમનગર, મંડપેશ્વર રોડ સામે, ,,
૩૯૦ સતીષકુમાર પ્રાણલાલ વસા એ-૨૧ બ્રેનર૨ એપાર્ટમેન્ટ, ચંદાવરકરલેન, ,,
૩૯૧ મફતલાલ શીવલાલ શાહ ૧-૮ વાઘવાડી, એલ.ટી. રોડ, ,,
૩૯૨ દોશી નાગરદાસ જગજીવનદાસ એ-૬ જીત એપાર્ટમેન્ટ, ચંદાવરકરલેન, ,,
૩૯૩ શાન્તીલાલ હરજીવનદાસ પટેલ સી-૨ ૬-૬૮ મહાવીરનગર, શંકરગલી, (કાંદીવલી વેસ્ટ) મુંબઇ-૬૭
૩૯૪ ધીરજલાલ કુલચંદ મહેતા બી-૫ માતૃઆશીષ, ચંદાવરકરલેન, બોરીવલી વે. મુંબઇ-૯૨
૩૯૫ કિર્તીલાલ દલસુખભાઇ મસાલીયા શ્રોફ બિલ્ડીંગ, સોડાવાલાલેન, ,,
૩૯૬ નવીનચંદ્ર રમણલાલ શાહ ૬-એ ફ્લોર નં. ૭૦૧ પ્રેમનગર મંડપેશ્વર સામે, ,,
૩૯૭ જકશી ભીમશી ઢેઢીયા ૭-૪૨ જવાહર કો.ઓ.હા. સોસાયટી, ગોવીંદનગર, ,,
૩૯૮ ગુણવંતલાલ ગીરધરલાલ મહેતા ૧૫, પાર્વતી નિવાસ રોસનનગર, ,,
૩૯૯ શામજી નરપતભાઇ છેડા ૮, ધનેશીંગચાલ ૧લે માળે, રુમ-૬ ૮-કાર્ટરરોડ બોરીવલી (ઇસ્ટ) મુંબઇ-૬૬
૪૦૦ મહેન્દ્રકુમાર રમણલાલ શાહ ૩૦૩, સેવંતી એપાર્ટમેન્ટ, હરીદાસનગર, સિમ્પોલી રોડ, બોરીવલી વેસ્ટ, મુંબઇ-૯૨
૪૦૨ મનસુખલાલ કાનજીભાઇ બી-૧૦૭ રાજભવન, એલ.ટી. રોડ, ,,
૪૦૩ સેવંતીલાલ ભોગીલાલ શાહ એ-૨૦૪ સ્ટારગેલેક્ષી ,, ,,

— શુભેચ્છક સહાયક —

૭૩ પ્રાણલાલ છગનલાલ શેઠ ૧૯ બોમ્બે કંપાઉન્ડ, મુંબઇ-૬૪
૭૪ શેઠ લીલાધરભાઇ રામજીભાઇ સૌરાષ્ટ્ર ઉપાહાર ગૃહ, સુભાષ રોડ, બીડ (મહા.)

પૂ. મુનિરાજ શ્રી વિનોદવિજયજી મહારાજ યેવલાના ઉપદેશથી

શુભેચ્છક સહાયક (૪)

૭૫ લલિતભાઈ મોહનલાલ મડલેચા — મેઈન બજાર, યેવલા-૧
૭૬ શાંતીલાલ મોતીલાલ સમદડીયા — મેઈન રોડ, યેવલા
૭૭ શાહ નિશિકાંત અવંતિલાલ — યેવલા મેડીકલ સ્ટોર, મેઈન રોડ, યેવલા
૭૮ અવન્તિ પાર્શ્વનાથ સ્વામી શ્રી જૈન શ્વે. મુ. પૂ. સંઘ
ઠે. જયંતીલાલ ભોગીલાલ પટણી પો. બો. નં. ૧૧ યેવલા-૪૨૩૦૦૧ જી. નાસિક

શુભેચ્છકો—૧૨

૪૦૪ શાહ જયંતીલાલ હરખચંદ પટણી — યેવલા
૪૦૫ શાહ જયંતીલાલ ભોગીલાલ પટણી — પો. બો. નં. ૧૧, ,,
૪૦૬ શાહ સેવંતીલાલ મોતીલાલ પટણી — ,,
૪૦૭ શાહ પોપટલાલ રૂપચંદ પટણી — ,,
૪૦૮ શાહ સાકરચંદ અમોલકચંદ પટણી — ,,
૪૦૯ મોતીચંદ રતનચંદ — ,,
૪૧૦ તારાચંદ મોતીચંદ સોલંકી — ,,
૪૧૧ શાહ શશીકાંત પોપટલાલ — ,,
૪૧૨ શાહ હરખચંદ દલીચંદ પટણી — ,,
૪૧૩ શાહ રમણલાલ સાંકરચંદ — ,,
૪૧૪ શાહ કેવીચંદ શીવરામ તાતેડ — ,,
૪૧૫ શાહ રૂપચંદ કુલચંદ મુથા — ,,

શાહ નગીનદાસ ભાઈચંદભાઈની પ્રેરણાથી (૮)

૪૧૬ ખાંતીલાલ રતિલાલ શાહ — હેતલ ત્રીજે માળે, ઝવેરી રોડ, મુલુંડ, મુંબઈ-૮૦
૪૧૭ જશવંતરાય ચુનીલાલ શાહ ૧ કૈલાસ આશીષ, ડો. આંબેડકર રોડ, ,,
૪૧૮ શાહ ચંદ્રકાંત હરખચંદ એ-૧૨, સર્વોદયનગર, ૧લે માળે, પાંજરાપોળલેન, મુંબઈ-૪
૪૧૯ શેઠ ભાઈચંદ અમરચંદ — નવાપરા ચોક, પાલીતાણા
૪૨૦ મનસુખલાલ કાલીદાસ શાહ ૨૦-૫ રાજેન્દ્ર પ્રકાશ બિલ્ડીંગ, એસ. લલવવાણી રોડ, મુલુન્ડ વે. મુંબઈ—૮૦
૪૨૧ કનૈયાલાલ તારાચંદ કોરડીયા ૪ રોહીણી મેન્શન, રામરત્ન ત્રીવેદ્રીરોડ, ,,
૪૨૨ પ્રવિણચંદ્ર કુંવરજી દોશી એ-૨૮ રણજીત સોસાયટી, સરોજીની નાયડુરોડ ,,
૪૨૩ જગમોહનદાસ રૂગનાથ લાખાણી ૪૨ જાનકી નિકેતન, ડો. રાજેન્દ્રપ્રસાદ રોડ, ,,

શાહ રમણલાલ કેશવલાલ કાપડીયા (ખંભાત)ની પ્રેરણાથી [૫]

૪૨૪ શાહ કેશવલાલ માણેકચંદ કાપડીયા ચોકસી પોળ, ખંભાત
૪૨૫ શાહ નગીનદાસ અંબાલાલ કાપડીયા ચીતરી બજાર, ત્રણ દરવાજા, ખંભાત
૪૨૬ શાહ કાંતિલાલ શનાલાલ ખીમચંદ ગીમટી, ત્રણ દરવાજા, ખંભાત
૪૨૭ શાહ કાંતિલાલ સોમચંદ માણેક ચોક, ચિંતામણી પાર્શ્વનાથ દહેરાસર પાસે, ખંભાત
૪૨૮ પન્નાલાલ એમ. ચોકસી નાગર વાડો, ખંભાત

શાહ અશોકભાઇ કાંતિલાલ પટવાની પ્રેરણાથી (૨)

૪૨૯ ચંપાબેન પ્રભુદાસ કુવાડીયા વિજયાભુવન રૂમ નં. ૧૯, સુભાષલેન મલાડ, ઈસ્ટ મુંબઇ-૬૭
૪૩૦ હમીરમલજી માણેકલાલજી ઠે. ભરતકુમાર અમૃતલાલ મલાડ વેસ્ટ, માલોની ચર્ચ મુંબઇ-૬૪

પૂ. સાધ્વીજી શ્રી રવીન્દ્રપ્રભાશ્રીજી મ. કલકત્તાના સદુપદેશથી

સહાયકમાં :- શ્રી ભવાનીપુર મૂર્તિપૂજક જૈન સંઘનાં બહેનો તરફથી ૫૦૦૧ રૂા.

૭૯ શુભેચ્છક સહાયક :- શ્રી ભવાનીપુર પાર્શ્વમહિલા મંડળ
૪૩૧ શુભેચ્છક :-શ્રી ભવાનીપુર જિનભક્તિ મંડળ
૪૩૨ દોશી વિનોદરાય શાંતિલાલ અણંદા બાવાનો ચકલો પંજાબ બેંક રોડ, જામનગર

પૂ. મુનિરાજશ્રી નયવર્ધન વિજયજી મ.ના ઉપદેશથી

૪૩૩ શાહ હસમુખલાલ રીખવચંદ ૫૦ કૃષ્ણ નિવાસ ૩૦૦ યુસુફ મહેરઅલી રોડ, મુંબઇ-૩
૪૩૪ શ્રી હરિયાળી વિલેજ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ હજારી બાગ વિકરોલી મુંબઇ-૬૩

ભાઇશ્રી હેમચંદભાઇ છબીલદાસભાઇ દ્વારા [૧૬]

૪૩૫ શાહ છબીલદાસ સાકરચંદ પરિવાર માટુંગા મુંબઇ
૪૩૬ શાહ હેમચન્દ્ર છબીલદાસ ,,
૪૩૭ શાહ મનોજકુમાર છબીલદાસ ,,
૪૩૮ શાહ કુમારપાલ છબીલદાસ ,,
૪૩૯ શ્રીમતી દીનાબેન હેમચન્દ્ર શાહ ,,
૪૪૦ કુ. સુલસાબેન હેમચન્દ્ર શાહ ,,

૪૪૧ શાલીભદ્ર હેમચન્દ્ર શાહ ઘાટકોપર મુંબઇ
૪૪૨ અમિતાબેન મનોજકુમાર શાહ ,,
૪૪૩ મીનલ મનોજકુમાર શાહ ,,
૪૪૪ અભય મનોજકુમાર શાહ ,,
૪૪૫ જયશ્રી કુમારપાલ શાહ ,,
૪૪૬ પ્રતિજ્ઞા કુમારપાલ શાહ ,,
૪૪૭ દિવ્યપાળ કુમારપાલ શાહ ,,
૪૪૮ મહિપાળ કુમારપાલ શાહ ,,
૪૪૯ કિન્નરી કુમારપાલ શાહ ,,
૪૫૦ તુષારકુમાર બંસીલાલ કાપડીયા શ્રીપાલનગર મુંબઇ–૬
૪૫૧ મયણા તુષારકુમાર કાપડીયા ,,
૪૫૨ ભાગ્યેષ તુષારકુમાર કાપડીયા ,,
૪૫૩ દિક્ષીતા તુષારકુમાર કાપડીયા ,,
૪૫૪ શાહ વેલજી હીરજી ૫૨ થી, મોલાના આઝાદ રોડ, સાત રસ્તા, મુંબઇ–૫૧

શ્રી પ્રવીણચન્દ્ર ગંભીરદાસ શેઠ (ભલાડ)ની પ્રેરણાથી (૨)

૪૫૫ અતુલ અમરતલાલ શાહ ૯ મંગલપ્રભાત ફીરોજ શાહ રોડ, શાંતાકુઝ પૂર્વ મુંબઇ–૫૪
૪૫૬ અંકીતા પેપર સેન્ટર ૨૦૫ લાલીશેઠ અગીયારી લેન, મુંબઇ–૨

પૂ. મુનિશ્રી દિવ્યાનંદ વિ.મ.ના ઉપદેશથી

૪૫૭ છોટાલાલ મણિલાલ મહેતા ઠે. જૈન ધર્મ ફંડ પેઢી શ્રીમાલી પોળ, ભરૂચ

આ. મ. શ્રી વિજયમિત્રાનંદ સૂરીજી મ.ના ઉપદેશથી

૪૫૮ મેઘાણી મેટલ્સ મુંબઇ
૪૫૯ કેશવલાલ ધારશીભાઇ પારેખ ૧ ગાંધી ચોક, જામનગર–૧

પૂર્વ જન્મની ચીની છોકરીનો થાઈલેન્ડમાં પુનર્જન્મ

ભારતથી ઘણે દૂર નહિ એવા થાઇ-લેન્ડ દેશની આ સત્ય ઘટના છે. થાઇ-લેન્ડની રાજધાની બેંગકોક છે જે વિશ્વ-ભરમાં જાણીતું મોટું શહેર છે. અહીં આવેલા સ્યામ નામના એક પરગણામાં જન્મેલી એક બાલિકા તેના પૂર્વજન્મના માતાપિતાને બહુ જ યાદ કરતી હતી. આ માતાપિતા પડોશમાં આવેલા ચીન દેશમાં છે એવું કહીને તેણે તેની માતાનું નામ જણાવી તેની પાસે જવા માટે હઠ કરી, આ કુટુંબની પડોશમાં કે, આસપાસ કોઇ ચીની રહેતા ન હતા. છતાં આ બાલિકાને ચીની ભાષાના શબ્દોનું સારું જ્ઞાન હતું અને તે ચીનાઓની જેમ પોતાના હાથની આંગળીઓ વડે ખાવાનું પસંદ કરતી હતી. કોઇ કોઇ વાર તો તે એમ કહેતી કે, તેને તેની અત્યારની માતા કરતાં પૂર્વજન્મની ચીની માતા સાથે વધારે પ્યાર છે. પૂર્વજન્મની માતાને જ્યારે આ વાતની જાણ થઇ ત્યારે તે આ બાલિકાને મળવા આવી. મુખ્ય માર્ગ ઉપર તે બહુ જ સંકોચથી ઊભી હતી, કારણ કે તેને આ બાલિકાના ઘરની જાણ ન હતી. આ વખતે પેલી બાલિકા શાળાએ જવા નીકળી અને આ સ્ત્રીને જોતાં જ 'મા,... મા...' કહીને તેને વળગી પડી અને પોતાને ઘેર લઇ આવી. આ માતા પુત્રીએ ઘણી વાતો કરી અને માતાને એવી સ્પષ્ટ ખાતરી થઇ કે, આ બાલિકા પૂર્વજન્મમાં તેની પુત્રીજ હતી.

આ પછી આ બાલિકાને તે પૂર્વજન્મમાં જ્યાં રહેતી હતી તે જગાએ લઇ જવામાં આવી. બાલીકાએ તેના આ વર્તમાન જન્મમાં તો તે જગા કદી પણ જોઇ ન હતી. તેના હાલના માતાપિતાએ પણ તે સ્થાન કદી જોયું ન હતું. આમ છતાં આ બાલિકાએ તેના પૂર્વજન્મના ઘરનો રસ્તો શોધી કાઢયો અને પોતાને ઘેર પહોંચી ગઇ. આ બાલિકાના ચીની પિતા તથા બીજા પચાસ જેટલા પુરૂષો જેમાં ઘણા ચીનના અને બીજા કેટલાક સ્યામના હતા તેઓ બધા એક મોટા ખંડમાં ઊભા રહ્યા.

આ સૌ પુરૂષોની પીઠ ખંડના બારણા તરફ હતી. જેવી આ બાલિકાને આ ખંડમાં લાવવામાં આવી કે, તરત જ તેણે તેના પિતાને ઓળખી લીધા અને તેમને જોતાં ખુશ થઇ ગઇ. પહેલાં તો આ ચીની પિતાએ તેની તરફ શંકાની નજરથી જોયું પરંતુ વધુ વાતચીત પરથી તેને ખાતરી થઇ કે, આ બાલિકા તો તેની મૃત પુત્રી જ છે અને તેણે બીજો જન્મ ધારણ કર્યો છે.

ત્યાર પછી આ બાલિકાને ઘણી બધી વસ્તુઓ બતાવવામાં આવી, તેમાંથી તેણે તેની પોતાની જે ચીજ-વસ્તુઓ હતી તે ઓળખી કાઢી. તેની પોતાની જે વસ્તુઓ આમાં ન હતી તે જોવા માટે માંગી અને આમાંની ઘણી વસ્તુઓનાં નામ દઇને તે બધી ઘરમાં કઇ જગાએ રાખવામાં આવતી હતી તે કહ્યું. પહેલેથી જ તેનું વર્તન એવું હતું કે, જાણે તે આ ઘરથી પૂરેપૂરી પરિચિત હોય.

પુનર્જન્મ ધારણ કરનારી બીજી વ્યક્તિઓની જેમ આ બાલિકાને પણ તેના મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચેની અવસ્થાઓ યાદ હતી. આ બાલિકાએ કહ્યું કે તેનું મરણ થયું કે તરત જ તે તેની ચીની બહેનપણીને મળી હતી અને તેની સાથે ઘણીવાર સુધી ફરતી રહી હતી. પછી તો વધુ તપાસ કરતાં માલમ પડયું કે, આ બીજી છોકરી પણ તે જ દિવસે મૃત્યુ પામી હતી કે, જે દિવસે આ બાલિકાનું મરણ થયું હતું. આ બન્નેનાં મૃત્યુ ચેપી રોગના ફેલાવાથી એક જ દિવસે થયાં હતાં. આમ આ બાલિકાની વાતોથી તેના પુનર્જન્મ વિષે કોઇ શંકા રહી નહિ. –સંદેશ

આણા એ ધર્મો

—શાહ રતિલાલ ડી. ગુદકા

બાઉન્સગ્રીન સત્સંગ મંડળ સદા જયવંતુ રહો આ મંડળ તેમજ માને છે કે,આણા એ ધર્મો–પ્રભુ આજ્ઞા પાવનકારી છે. ગુરુ આજ્ઞા ગુણકારી છે શાસ્ત્ર આજ્ઞા સુખકારી છે– વડીલો માતાપિતાની આજ્ઞા હિતકારી છે પ્રભુ આજ્ઞામાં રહીને સર્વ ક્રિયા કરવાથી સત્ક્રિયા સત્યક્રિયા થાય છે પ્રભુ આજ્ઞા વિના ડગલું પણ આગળ વધાતું નથી પ્રભુ આજ્ઞામાં રહીને અનેક અનેક ભવ્યાત્માઓ પરમાત્મા બની ગયા છે. પ્રભુ આજ્ઞામાં રહીને મહાન બની શકાય છે, જિનઆજ્ઞામાં રહી કોઈપણ ધર્મક્રિયા કે આરાધના ઉપાસના કે સાધના એમની આજ્ઞા અવલંબીને જ સિદ્ધ થાય છે અને મુક્તિ મેળવી શકાય છે એજ.

ચિંતન–કર્ણિકા

–પૂ સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી.–મુંબઈ

મનને નાના લાડકા બાળક જેવું ન બનાવો !

હે અનંત પ્રવાસી આત્મન્? તેં મન કહે તેમ કરી બાળકની જેમ લાડકું બનાવ્યું છે–પણ બાળક ઉપર જેમ જાપ્તો રહે તો બાળક ન બગડે તેમ મન ઉપર બરાબર દેખરેખ–જાપ્તો રાખો તો મન લાડકું નહિં થાય ને ઠેકાણે આવશે.

o

દુષ્ટની સોબતથી દૂર રહો !

ભલે પહાડ ઉપરથી પડી મરી જાઓ !
ભલે સમુદ્રના પાણીમાં ડુબી મરો !
ભલે આગમાં સળગી મરો !
ભલે વાઘના પંજામાં પડી ટુકડા થઈ જાઓ!
ભલે હાથીના પગ નીચે કચડાઈ જાઓ !
પરંતુ દુષ્ટની સંગતથી સદા દૂર રહો !

o

તો મળશે

ભગવદ્ ધ્યાન –
ભગવદ્ જ્ઞાન— ચોર્યાસીના ચક્કરમાંથી
ભગવદ્ આનંદ છુટશો તો મળશે.

o

મનને વશ રાખ !

જેનું મન વશમાં નથી–તેને કર્મરાજા ચોરાશી લાખ યોનીના જન્મ મરણનું જેટણું ધરશે. માટે તે જેટણું ન જોઇતું હોય તો મનને વશ રાખ !

બાયનો કયુલર

– હરમુખ ગાંધી

(દૂરની વસ્તુ જોવાની મજા માટે બાયનો કયુલર અપર નામ દૂરબીન હાથમાં લેવું પડે. શ્રીમાન્, ગાંધી દૂરબીનમાંથી દેખાતા દશ્યો લઇને આવે છે. અને, મળે છે એક નવો નજર અંદાજ. વેલકમ ગાંધી. સં૦)

પ્રસિદ્ધિનું તત્વજ્ઞાન : વિવાદ દ્વારા પ્રસિદ્ધિ મેળવતા લેખકોની જેમ વિરોધ દ્વારા પ્રસિદ્ધિ આપતા વકતાઓ હોઇ શકે ! ૨૦૪૪ માથું ઊંચકે છે, સાવધાન !

અગાઉ મલેરિયાએ બીજે ઉથલો માર્યો ત્યારે દાકતરો ચોકી ઉઠયા હતા. ટાઢિયો તાવ' જેવા દમામદાર નામે ઓળખાતો આ રોગ દાઢો થઇને જમતત્સરમાં ફરી ઘૂમી રહયો છે. થોડા વખતપૂર્વે એ ઓછો દેખાતો થયો એટલે દાકતરોએ શોરબકોર કરતાં જાહેર કીધું અમે આ રોગને દુનિયા વટો આલ્યો. શાબ્બાશ આ તાવને ફેલાવનારી મચ્છર માદાઓ મોટે ઉપાડે દુનિયાને માથે ઉતરી આવી છે. દાકતરો લમણે હાથ દઇને એનો લાક્ષણિક ગણગણાટ સાંભળ્યાં કરે છે. છૂટકો છે ?

૨૦૪૪ નું સંમેલન થયું અને ભૂલાયું એ બે ક્રિયાની વચમાં એને ભારે વિરોધનો સામનો કરવો પડેલો મોટા મોટા ધુરંધરોની આખી પેનલ ત્યારે થથરી ગઇ હતી, રીતસર. રાત ગઇ બાત ગઇ આજે વિરોધ ઊલો છે અને વિરોધ ઊલો કરનાર નથી એમ–મરહુમ સંમેલકો માની બેઠા. એક વર્ગ–આ સંમેલકોમાં એવો છે જે હવે રહી રહીને થયેલા વિરોધનો જવાબ પથ્થરથી આપવા માંગે છે. અને એક પથ્થર નામે ધાર્મિક વહીવટ વિચાર–પુસ્તકરુપે બજારમાં હાજર પણ થયો છે.

સુજ્ઞ વાચક, આ લખનારને સાંભળવા મળ્યું છે કે આ ચોપડી જોઇને તેનો વિરોધ કરવાને બદલે તેની સામે બુદ્ધિ આડા કાન કરવાની સલાહ આપનારી એક સમિતિ ખડી થઇ ગઇ છે. કેમ, તો કે– છે. ને વિરોધ કરીએ ને, હેં તો તો આવી આ ચોપડીને પ્રસિદ્ધિ મળી જાય. કેમ ભાઇ, વિરોધ વિના તો આ ચોપડી દુકાનમાં પડી પડી પીળી પડી જવાની હોય. જેનો વિરોધ થાય તેને પ્રસિદ્ધિ મળે તે વાત સાચી છે ? નથી. સાડી સત્તર વાર સાચી નથી ? જો આ વાત સાચી હોય તો (નૈયાયિકોનો શબ્દ' વાપરીને કહીએ તો–) આપત્તિ આવે. કંઇ એમ પૂછો છો ? સાવ સીધી વાત છે. ૨૦૪૪ નું સંમેલન પ્રસિદ્ધિ પામી ગયું કેમ કે તેનો વિરોધ થયેલો. વાત બેસે છે મગજમાં જો વિરોધ કરવા થી પ્રસિદ્ધિ મળતી હોય તો સિધ્ધ શેનાથી મળશે, મીંઢા મૌનથી ? સમાધાન પ્રેમીઓ, સબૂર ! મચ્છરો અને સંમેલકો ભારે સંપ સાથે ફરી વાર માથું ઊંચકી રહયા છે દાકતરોના દાંત ખાટા થઇ ગયા છે. હવે વારો સન્ચાઇનો છે. સંમેલકો પહેલો ઘા રાણાનો

કરીને હવે પૂછે છે બોલો છે કોઇ જવાબ તમારી પાસે ? હાથમાં બીજો પથ્થર રમાડતાં તેઓ છાતી અને નાકનું નસકોરૂ ફુલાવી રહયા છે હવે મૌન ભીડું ગણાશે. પાર્થને કહો ચઢાવે બાણ, કવિએ કહ્યું હતું

બે વરસ અગાઉ કાળ ધર્મ પામેલા, ઇતિહાસપુરૂષ પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજની સોથી વધુ ગુણાનુવાદ સભાઓમાં છાતી ખોલીને જાહેર કરાયું છે કે 'આ મહાપુરૂષે જે કાર્ય કરી બતાવ્યું છે તેવું કાર્ય કરવાની અમારી શક્તિ નથી પરંતુ એમણે સર્જેલો માહોલ અમે સાચવી શકીએ તોય અમારો જન્મ કૃતાર્થ લેખાશે 'જાહેર કરનાર પ્રવચનકારો ! આજે એ માહોલ તૂટી રહ્યો છે. હવા બદલવાના પ્રયાસો વધુ જોસથી શરૂ થયા છે. ઓઝોનના ગાબડાની ચિન્તા કરવાને બદલે આ માહોલમાં પડી રહેલા ગાબડાની ચિન્તા કરવાની જરૂર વધુ છે. જન્મને કૃતાર્થ તો લેખાવાશે, તે દિવસો હતા જ્યારે સવારે ઊભી થયેલી ખોટી વાત સાંજ સુધીમાં શહેરની મુખ્યગટર-નાં ફેંકાઈ ગયેલી જોવા મળતી. આજે સ્ટ્રીટલાઇટ કરતાય ઝાંખા સાદે વાતો થાય છે : આના જવાબ તો આપણે પહેલાં જ આપી દીધા છે, ફરી પાછું શું ચેનું એ બોલવાનું ! વગેરે ચોપડી આજે છપાય છે, જવાબ બે વરસ પહેલા અપાઇ ગયો હોય છે.

એક અચંબો એ હતો, આનન્દ-ઘનજીએ નહોતું ગાયું ? બે અચંબા ભેળા થાય છે ને અંજપો આગ બનીને સળગી ઉઠે છે અચંબો, એક તો એ છે કે આ સંમેલકો સ્પષ્ટ વાતોને સમજવા તૈયાર નથી અને બધી જ વાતો અસ્પષ્ટ કરવાની જુગ જૂની આદત દોહરાવતા રહે છે.

અચંબો–બીજો એ છે કે બધી વાતો સ્પષ્ટ છે એમ જ જાહેર થઈ રહયું છે ભેજાગેપ જૂઠને રોકવાની જરૂરત લાગતી નથી ધેર ઇઝ ધ પોઇન્ટ, બે બરોબરના સામ સામે ગોઠવાયા છે એક ખોટ્ટાડો છે બીજો હાથીના બગાસા ખાય છે આમાં નુકશાન કોને ! નુકશાન ત્રીજાને છે. એ ત્રીજાનોશુ ગુનો છે કે જેથી એને સાચી વાત સાંભળવા ન મળે. અને અજાણતાંય ખોટી તરફ દોરાઇ જવું પડે. ઓછી બુધ્ધિથી માંડીને વધુ બુધ્ધી સુધીની તમામ પ્રકારની બુધ્ધિના ખેરખાઓને આ ચોપડી ગૂંચવાડામાં મેલી દે એવી છે. દલીલનો ફટાટોપ અને રજૂઆતનો ઘટાટોપ વાતને સાચી ભાસિત કરી દે છે, ખોટી હોવા છતાં.

એક પંડિતજી બળાપો કાઢતાં કહે છે કે આ ચોપડીમાં કેટલા બધા વિરોધાભાસ ભર્યા છે ? ભલાદમી; બધા થોડી કાંઇ પંડિત થઇને તૈયાર બેઠા છે. સો વાર ગવાયેલું અસત્ય સત્ય બની જાય છે એ નિયમ હજાર વાર ગવાઇ ગયો છે છતાય સમજાયો નથી, અપશોચ. અપશોચ. યહુદીઓની કત્લેઆમ થઇ ગયા પછી અને હિટલર મરી ગયા પછી હિટલરને ગાળો

દેવાની શરૂ કરનાર, સાચો હોવા છતાં મૂર્ખ છે. અરે ! ભાઇ. તારે હિટલરના જીવતા બોલવું હતું ને. ! કોઇ બી કહી દે. ચોપડી જૂની થઇ જાય પછી એના વિરોધનો શો અર્થ ? કાળ પાકયો નથી, કાળને નામે શીંક છટકી જાઓ છો.

તમે લોકો ! કાલ કરે સો આજ કર કે આજ કરે સો કાલ. નક્કી કરવું પડશે હવે, આ બધુ. સંધરેલો સાપ અને પાયેલું દૂધ જો કામ લાગતુ હોય તો સમજી લો કે ચૂપકીદી આ બંને કામ એકલે હાથે કરી રહી છે. **અનિષિદ્ધમ્ અનુમતમ્** ! જેનો નિષેધ નથી તેની અનુમતિ સાબિત થઇ જાય. બાવો કાંતો બેઉ ગુમાવશે. એ કરતાં માથુ ધૂમાવે તો કેમ ? સુજ્ઞ વાચક !

અગ્નિરથ વિશે આરૂઢ થયેલા ભદ્રંભદ્રે પોતાના સહપ્રવાસીને ધૂમ્રપાન કર્તૃત્વ વિશે પૃચ્છા કરી ત્યારે પેલાએ જવાબમાં સંસ્કૃત શ્લોક ફટકાર્યો. તે નિસુણીને રોમાંચિત બનેલા ભદ્રંભદ્રના મુખમાંથી ઉદ્‌ગાર સરી પડ્યા; 'આમ તો મેં આ શ્લોક કયાંય વાંચ્યો નથી, પરંતુ...' કહીને એણે જ ઉમેરેલું કે 'સંસ્કૃતમાં છે એટલે વિચારવું પડશે. 'ભદ્રંભદ્રા. ભદ્રંભદ્રા આનંદો, તમારી નીતિ-રીતિ-પ્રીતિ-ગીતિના વારસ-દ્વારા જન્મ લઇ ચૂકયા છે. ચોપડીના ચિન્તન જોઇને એક ગણાઇ ગયેલા વિદ્વાને કહયું કે 'આમની વાતનો વિચારીને જવાબ આપવો પડશે' શાબ્બાશ ! ધેટ ઇઝ ધ મેથડ ઇન ઓથર્સ એડનેસ. તેમની મૂર્ખામી પધ્ધતિ સરની છે. સમજુ વિદ્વાનો એમની પોઠળતાને પકડી પાડવાનો છે. દરમ્યાન વિદ્વાનો ના ત્રણ વિભાગ પાડી દેવા જોઇએ (વિચાર વસંત, આણા એ ધર્મો વિશેષાંક જૈનશાસન પૃ. ૧૭૭. કહે છે તેમ) અવિદ્વાન , વિદ્વન, અતિવિદ્વાન !

આ લખનાર કમ્ અકકલ છે, મંદબુધ્ધિ છે, મૂર્ખ છે, ગમાર અથવા વાયડો છે, ઉછાંછળો અથવા છીછરો છે, તેને રાજ-કારણિક સમજ નથી, કામ કઢાવવાની કળાના વિરાટ વિવેકથી આ લખનાર અબુધ છે. આ લખવાથી લાં.... બું નુકશાન થશે તેની તેને સૂઝ નથી લખીને કશો ફાયદો નથી એવી વાણી આ લખનારને કોઇએ નથી ઉપદેથી (ભાગ્ય કુટેલા એના) તોય આ લખનાર લખી મારે છે. ખરેખર દુઃખની વાત છે કે 'મુદ્દાનું ખંડન કરવાનું પણ આ લખનારને સૂઝયું નથી. તેમ છતાં આ લખનાર લખે છે કેમ કે તેને આશા છે, બે વરસથી ગુણાનુવાદની સભા ગજવનારાઓ જરૂર કશુંક કરશે. આ એકની નહી પણ અનેક ભલા, ભોળા, સીધા, સાદા, ધાર્મિક જનોની અપેક્ષા છે.

જાગ ! જાગ ! ઓ, માનવ, જાગ ! એક પુસ્તકનું મથાળું આવું છે. જાગવાની તાતી જરૂર છે, કોઇ જાગશે ? જગાડવાની પણ તાતી જરૂર છે, એની ટેકર્સ ? તા.૫-૯-૯૩

બાળ ગઝલ

નથી જોઇતું નામ મારે'
નથી જોઇતી નામના.
પ્રભુ અમને શકિત આપો
ભાવું તમારી ભાવના.

—ઇશીતા

નવકારશીજેવું નાનું એક વ્રત
(યા મારે નરકે નથી જવું)

—શ્રી રતિલાલ ડી. ગુદકા

એક વાર મગધાધિપતિ મહારાજા શ્રેણિક ભગવાન મહાવીરના ચરણમાં જઈ અનન્ય ભાવ–ભક્તિપૂર્વક હૈયાના ઉલ્લાસ સાથે વંદન કરી, સુખ શાતા પુછી ભગવંતને કહે છે. હે દેવાધિદેવા હે ! તરણ તારણહાર 'હે પ્રભુ મારી ગતિ શું થશે ? એટલે હું મરીને કયાં જઈશ ?' પ્રભું કહે છે 'શ્રેણિક ! તારો પરલોક નરકગતિનો છે. શ્રેણિકે કહ્યું 'પ્રણુ મેં તો જૈન શાસનની ઘણી જ પ્રભાવના કરી છે. જૈન શાસનની જ્યોત જગાવી છે. હું તો રોજ પ્રભુના દરબારમાં ભાવથી ભક્તિ કરનારો અને ચૌગતિ ચૂરવા માટે હું તો રોજ તાજા ૧૦૮ સે.નાના જવથી (સાથીઓ) સ્વસ્તિક કરતાં ભરપૂર ભક્તિ કરતો, અને વળી હું તો તમારો ગુણાનુરાગી છું. મેં ઘણા જીવોને અભયદાન આપેલ છે. હું તમારો પરમ ભકતને, આપની ભક્તિનું શું આ નરકગતિ ફળ છે ? 'પ્રભુ મારે નરકે નથી જવુ''

શ્રેણિક મહારાજા પ્રભુને નિખાલશ ભાવે પૂછે છે, વિનંતિ કરે છે હે ! જગતના પાલનહારા હે ! મહાદેવ, મને બચાવો. મારે નરકે નથી જવું, પ્રભુ કોઇ એવો રસ્તો નથી કે, મારે નરકે ન જાવું પડે. એટલે કે મારી નરક ગતિ ટપી જાય પ્રભુ આપતો સમરથ છો, આપતો જ્ઞાની છો એવો કોઇ રસ્તો બતાવો તે હું કરવા તૈયાર છું.

મહાવીર પ્રભુએ શ્રેણિકના મનનું સમાધાન કરવા ફરમાવ્યું કે શ્રેણિક ! તારે નરકે ન જવું હોય તો નવકારશી જેવું નાનું એક વ્રત પચ્ચખાણ અંગીકાર કરી લે. શ્રેણિકે કહ્યું પ્રભુ ! કોઇ પણ નાનું યા મોટું વ્રત 'ધારણ કરી શકું એવી મારી સમર્થતા (શકિત) નથી, પ્રભુ મને ક્ષમા કરો.. હે મારા નાથ ! હે મારા દેવ ! મારે નરકે નથી જવું. મને તરવાનો માર્ગ બતાવો' આ નરકમાંથી ઉગરવાનો કોઇપણ માર્ગ બતાવો' પ્રભુએ કહ્યું' શ્રેણિક તારા રાજ્યમાં એક કાલસોરિક નામનો કસાઇ છે જે રોજ ૫૦૦ પાડાનો વધ કરે છે. તે કસાય એક દિવસ માટે વધ બંધ કરે તો તારો પરલોક સુધરી જાય. શ્રેણિકરાજા આ વાત સાંભળીને ખૂબ જ ખુશી થયો. રાજ્યમાં આવી તુરત જ કાલસૂર કસાઇને પોતાની પાસે બોલાવવામાં આવ્યો. રાજાએ હુકમ કર્યો. 'અરે કાલસોરિક ! તારે આવતી કાલે પાડાનો વધ કરવાનો નથી.'

કાલસુરે રાજાને કહ્યું મહારાજ ! મારાથી આ એક દિવસનો વધ બંધ નહિં કરી શકાય ? ત્યારે શ્રેણિક મહારાજાએ કહ્યું જો કાલસુર તું એક દિવસ માટે પાડાનો વધ બંધ કરે તો એમાં મારી ગતિ સુધરી

શકે છે મારી સારીગતિ થવાની શકયતા છે ત્યારે ફરીથી કાલસોરિક કષાયનો એકજ જવાબ કે, મારાથી એક દિવસ પણ વધ બંધ નહિ થાય. ત્યારે શ્રેણિક મહારાજા જરા ગુસ્સેથી કહે છે–

અરે મારી આજ્ઞાનો અનાદાર ? જાઓ આને ચોવીસ કલાક રાજયના કૂવામાં અવળે માથે લટકાવી દીયો.' સેવકોએ તુરતજ રાજાની આજ્ઞાનુસાર કસાયને કૂવામાં ઉલટો લટકાવી દીધો. કાલસુરને તો રોજની આદત હતી, તે પ્રમાણે કૂવામાં લટકાવતાં થકાં પાણીની સપાટી ઉપર એક આંગળીથી પાડો ચિતરે અને બીજી આંગળી વડે તેનો વધ કરે. આવી રીતે કૂવામાં જ પાંચસો (૫૦૦) પાડાઓ બનાવ્યા અને તેને માર્યા (હિંસાતો મન વચન કાયાથી થાય છે) ભલે હથીઆર કે છરીથી ન માર્યા તો મનના મેલા ભાવથી પણ માર્યા, વધ કર્યો આ ક્રિયાથી કસાઇને સંતોષ થયો. પછી તેને મુકત કરવામાં આવ્યો. હવે શ્રેણિક મહારાજા ખુશ થઇને પ્રભુ મહાવીરને કહે છે કે, ? પ્રભુ આપની આજ્ઞા પૂર્વક કામ બની ગયું છે. કાલસુરે પાડાનો વધ નથી કર્યો. પ્રભુએ કહ્યું, શ્રેણિક ? કાલસુરેતો પાડાનો વધ કર્યો !છે. 'પણ પ્રભુ ? મેં તો તેને ઉંડા કૂવામાં લટકાવી દીધો હતો. છેવટે કસાઇને બોલાવી પુછવામાં આવ્યું. અને તેણે કહ્યું મેં તો કુવામાં પાડા માર્યા હતા. શ્રેણિક મહારાજા સાંભળીને અજાયબ પામી ગયો. પ્રભુ ? મારો પરલોક સુધારો મારે નરકે નથી જવું.

મહાવીર પ્રભુએ ફરી શ્રેણિકને કહ્યું, 'રાજન ? તારા રાજયમાં એક કપિલા નામની દાસી છે. જો એક દિવસ માટે તે દાસી એકવાર દાન હૃદયના ભાવથી આપે તો તારો પરલોક સુધરી જાય.' આ વાત સાંભળીને શ્રેણિક રાજા તો ખુશ થઇ ગયા અને તરતજ રાજયમાં જઇ દાસીને બોલાવી, દાસીને કહે જો કપિલા તું આજે બહુ જ સરસ રીતે ઉંચા મનના ભાવથી દાન આપજે તું એક દિવસ સારી રીતે ભકિત ભાવથી દાન આપીશ તો મારો પરલોક સુધરી જવાની શકયતા છે, અને જો કપિલા મારો પરલોક સુધરે એમાં તો તું રાજી થાજે એમાં તને પણ લાભ છે આમ કહી દાસીને આજ્ઞા કરવામાં આવી, ત્યારે દાસીએ કહ્યું કે મહારાજ ? મને જીવતા બાળી નાખો, મારી નાખો યા પાણીમાં ડુબાડી દો પરંતુ મારાથી આ દાનનું કામ નહીં બને.

રાજા ગુસ્સે થયા અને તુરતજ માણસોને હુકમ કર્યો કે જાઓ, દાસીને હાથે ચાટવો બાંધો અને ભિક્ષુને બોલાવી દાસીનો હાથ પકડીને દાન દેવરાવો. રાજાનો હુકમ થતાં આ રીતે દાન કરાવી લીધુ. દાન થયાના સમાચાર લઇ શ્રેણિક મહારાજા પ્રભુ મહાવીર પાસે પહોંચ્યા. રાજાએ કહ્યું" પ્રભુ ? કપિલા દાસીએ દાન કર્યું" છે. હવે તો મારો પરલોક સુધરી જશેને ?' પ્રભુ બોલ્યા, રાજન ? દાસીએ દાન નથી કર્યું", શું ફરમાવો છો પ્રભુ ? હાં નથી કર્યું" ? તુરતજ દાસીને બોલાવામાં આવી, દાસીએ પુછવા પર કહ્યું, હા મહારાજ મેં દાન નથી દીધું

એ તો તમારા ચાટવાએ દાન કર્યું છે. આ સાંભળી રાજા ખૂબ જ નિરાશ થયો, અરે *ભગવાન હવે મારૂં શું થશે ? પ્રભુ ! મને* કોઈ રીતે બચાવો. મારે નર્કે નથી જાવું મને બચાવો.

ભગવાને તો એના મનનું સમાધાન કરવા અને એના આત્માના સંતોષ ખાતર અને વળી રાજ હઠ છે, ભગવાનતો જાણે છે, ત્રિકાળજ્ઞાની છે, છતાં ભગવાને એક વાત ત્રીજી કરી. જો રાજન તારા રાજયમાં પુણીયા નામનો શ્રાવક છે. તે રોજ શુદ્ધ સામાયિક કરે છે

અહીંઆ આપણે દરેકે મારે તમારે બધાએ એટલે કે શ્રાવક શ્રાવિકાઓએ સમજવાનું છે જાણવાનું છે. શુદ્ધ સામાયિક. પ્રભુએ પુણીયા શ્રાવકની સામાયિક કેમ વખાણી આ જ વસ્તુ સમજવા જેવી છે. તે કાળે, તે સમયે, સામાયિકતો ઘણા શ્રાવકો કરતા જ હશે પણ શું એનો તત્વાર્થ છે શું સામાયિકનો રહસ્ય ભરેલો પુણીયા શ્રાવકની સામાયિકનો રહસ્ય શું છે. ? તે પ્રભુ ખુદ વખાણે છે. તેની એક સામાયિક લઇ લે, તો પણ તારો પરલોક સુધરી જાય.

શ્રેણિક તો રાજા છે ને એટલે રાજાએ પુણીયાને ઘેર સામાયિક લેવા માટે માણસો મોકલ્યા, પણ શું સામાયિક લાવવા મોકલવાની કોઇ બહારની ચીજ છે. કોઈ વસ્તુ છે કે પુણીયા પાસેથી મળે રાજાના માણસો તો જઇને હાથ જોડી અરજ કરે છે કે હે પુણ્યશાળી આત્મા તારી પાસે જે અમૂલ્ય એવી સામાયિક છે તે તું અમે આપે તો રાજાની નર્ક ટળી જાય છે અને એની અમને જરુર છે. તમો એની જે કાંઇ કિંમત *માંગશો એ રાજા આપવા તૈયાર છે પણ* તમો આપો હતાશના કરશો. પુણીયો શ્રાવક કહે છે. હે ગુણકારી આત્માઓ સામાયિક કોઇ લેવા દેવાની ચીજ વસ્તુ નથી અને તેનું મૂલ્ય તો અમૂલ્ય છે અરે એટલું જ નહિં પણ રાજા શ્રેણિક પોતાનું રાજય શું પણ ત્રણ ખંડનું રાજય આપવા સમર્થ હોય તો પણ એની કિંમત આંકી શકાશે નહીં એની કિંમત અણમોલ છે. સામાયિક આત્મિક વસ્તુ છે બહારની ચીજ નથી.

સામાયિકની કિંમત જાણી તે તેમાં પણ અસમર્થ બન્યો. આ બધુ બન્યા પછી રાજા ખૂબ જ દુઃખી થઇ ગયો ત્યારે રાજા શ્રેણિકને કહ્યું જો રાજન સાંભળ ? તે આ ભવમાં અજ્ઞાનતાના કારણે એકવાર ગર્ભવતી હરણીનો શીકાર કર્યો હતો. શીકાર કરવામાં તું કુલાયો હતો તને મજા પડી હતી જેથી તારો પહેલી નરકનો આયુષ્યનો બંધ પડયો છે તું આવતી ચોવીસીમાં મારા જેટલી ૭૨ વર્ષની ઉંમર વાળો સાત હાથની કાયા વાળો પ્રથમ તીર્થંકર બનીશ, કારણ કે તે શાસનની ભકિત ખૂબ કરી હતી. તીર્થંકર ગોત્રને યોગ્ય તે સમ્યગ્ પદની આરાધના કરી હતી. રાજા શ્રેણિક પ્રભુના મુખે આ વાત સાંભળી ખુશ થયો અને ધન્ય બની ગયો. એજ શિવમસ્તુ સર્વજગતઃ માટે જીવનમાં ડગલે પગલે ભકિત અને નાનું પણ પચ્ચખાણ કરવાથી આત્માની ઉન્નતિ થાય છે, આત્મા પરમાત્મા બને છે.

પ્રભુ મહાવીરે ભાખેલ સ્વપ્નાનું ફલ સાચું પાડવું તેમાં ધર્મ છે ?

—શ્રી પ્રાણલાલ સી. શેઠ મલાડ–વેસ્ટ.

તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન થયા પછી તીર્થની સ્થાપના કરે છે અથવા તો કેવળજ્ઞાન થયા પછી જ તીર્થંકર ભગવાન કહેવાય છે આ કેવળજ્ઞાન એટલે કેવળજ્ઞાન થનાર વિભુતી ને ત્રણે કાળનું જ્ઞાન થાય છે વર્તમાન ભૂતકાળ, ભવિષ્યમાં શું થવાનું છે એ એમના જ્ઞાનથી જાણી શકે.

મહાવીર પ્રભુના કાળમાં પૂન્યપાલ મણ્ડલેશને સ્વપ્નાં આવેલ. વીર પ્રભુની અંતીમ દેશનાં ચાલતી હતી ત્યારે દેશના પુરી થતાં પૂન્યપાલ રાજા. પોતાને આવેલા સ્વપ્નાનું ફળશું તે પ્રભુને પુછે છે સ્વપ્નામાં પોતે આઠ આકૃતિ જોઇ છે અને એ આકૃતિ જોતા પોતાને ડર પણ લાગેલ છે.

એમાં એક સ્વપ્નાનું ફળ પ્રભુએ જણાવેલું કે ભવિષ્ય કાળમાં સુ-સાધુઓને ઉતરવા માટે સ્થાન નહિ મલે અને પાંખડીયો પુજાશે સાધુઓ શાસ્ત્રના અર્થનાં ઉંધા અર્થ કરશે અને પોતાનો મત પ્રચારવા ન કરવાનું કરશે. આરાધક વર્ગ સંસારમાં સુખ મેળવવા ધર્મ કરશે. અને સાધુઓ પણ એમાં સહમત થશે. સહમત થશે એટલું જ નહિ પણ એમના તરફથી પણ એવો જ બોધ અપાશે.

વીરપ્રભુની આ ભવિષ્ય વાણી એટલી બધી સાચી દેખાય છે કે આજનું ધર્મનું વાતાવરણ આવું જ છે. કેવળજ્ઞાનીનું ભાંખેલું સાચું જ હોય.

પોતાની વાહ વાહ કરાવા અત્યારે ધર્મનાં દરેક સિધ્ધાંત ઉથલાવવાની કોશીષ સાધુ સમાજ તરફથી થઇ રહી છે. થાશે તો કોઇ-પણ સિધ્ધાંતની બહુ સમજણ ન હોય તો પણ સરળ માણસ એ શબ્દો બોલે ત્યાં જ ખ્યાલ આવી જાય કે આનો અર્થ આ જ થાય. દા. ત. દેવદ્રવ્ય આ શબ્દ જ એવો છે કે એનો અર્થ બોલતાં જ સમજણ થાય કે દેવનું દ્રવ્ય દેવની ભકિતમાં જ વપરાય. જિનાલય બાંધવા. જુના જિનાલયના જીર્ણ ઉધ્ધાર કરાવા. દેવ માટે આભુષણ બનાવા. આ દેવ માટે વાપર્યું કહેવાય ત્યારે આજે એ દ્રવ્ય વપરાતું નહિ પણ ગમે ત્યાં વાપરવું એવા ઠરાવો સાધુ ભગવંતો તરફથી થાય ત્યારે લાગે કે પ્રભુ તારી વાણી સાચી પડે છે.

સૂર્ય ઉગ્યે પચ્ચકખાણ આ સીધો સાદો શબ્દ બોલતાં જ એનો ભાવાર્થ સમજાય છે કે સૂર્ય ઉગતા જે તિથિ હોય તેનું પચ્ચખાણ સાધુ ભગવંત 'સૂર્ય ઉગ્યે પચ્ચખાણ' આ વાકયથી જ પચ્ચકખાણ

આપે છે. સૂર્ય ઊગ્યે એ સિદ્ધાંત સરળ માણસ પણ સમજી શકે આવી સીધી સાદી વાત છે છતાં ઊદયા તિથિ નથી માનવી અને ત્રીજને–ચોથ ચોથને પાંચમ પોતાના મત પ્રમાણે ઊભી કરી પચ્ચક્ખાણ આપે છે અને પછી સૂર્ય ઊગ્યે પચ્ચક્ખાણ વાકય બોલે છે.

ઘણી વખત જે તિથિનું પચ્ચક્ખાણ લીધું હોય તે દિવસે તે તિથિ હોય જ નહિ ત્યારે લાગે કે પ્રભુ તારી વાણી સાચી પડે છે.

ધર્મ આપણા સંસારનો અંત આવે અને આપણને મોક્ષ પ્રાપ્તિ થાય એ હેતુથી ધર્મ કરવા માટે તીર્થંકર ભગવાને તીર્થની સ્થાપના કરી છે જો કોઈનું દરીદ્ર ટાળવા માટે ધર્મ તીર્થ સ્થાપવાનું હોત તો સમોવસરણનાં ત્રણ ગઢનું સોનું, રૂપું, હીરા ત્યાંને ત્યાં જ વેંચી દેત તો ઘણાનું દરીદ્રપણું ટળી જાત પણ ધર્મતીર્થની સ્થાપના તો આ સંસાર પરિભ્રમણ મટાડવા અને મોક્ષ પ્રાપ્તિ માટે ધર્મતીર્થની સ્થાપના તીર્થંકર ભગવાને કરી છે ત્યારે અત્યારે હમણાં હમણાં જોર શોરથી વ્યાખ્યાન શૈલીથી, પુસ્તકો છપાવીને, એજ સમજાવાય છે કે ધર્મ સંસારના સુખ માટે પણ થાય. આ રીતે બોધ આપનારને આપણે પુછીયે કે મંદિરમાં પેસતાં નિસીહિ શબ્દ ત્રણ વખત બોલવાનો અર્થ શું? તે કહેશે કે એનો અર્થ મંદિરમાં પેસતાં સંસારના વિચાર છોડવા. પાછા પુછીયે કે શાસ્ત્રમાં અનુષ્ઠાનનાં પાંચ પ્રકાર કહ્યા છે.

એમાં વિષ અનુષ્ઠાન અને ગરલ અનુષ્ઠાન હેય કોટીમાં મુકયા છે તેનું કારણ શું તો અર્થ સમજાવશે કે સંસારની આશંસાથી કે પરલોકમાં સુખ–સાહેબી મલે એવી આશંસાથી ધર્મ કરવો નહિ એમ શાસ્ત્ર કહે છે. એને હેય કોટિમાં મુકયા છે. હવે સંસાર સુખ માટે પણ ધર્મ થાય એનો પ્રચાર ચાલે છે અને નિસિદ્ધ વિષ અનુષ્ઠાનનો અર્થ ધર્મ કરતાં સંસાર સુખ માગવું નહિ એમ સમજાવે છે પોતાની બંને વાતમાં સિધ્ધાંતનો મેળ થાય છે? પણ તીર્થંકરનું ભાખેલું સાચું જ હોય એટલે આમ થવાનું.

કોઈપણ અનુષ્ઠાન કર્યા પછી ચૈત્યવંદન કરતાં પ્રથમ બોલવું જ પડે છે કે આ સંપતિનો હેતુ મારા ભવજલ નિધી માટેનો હેતુ છે? હવે આમાં સંસાર સુખ માટે ધર્મ કરવાની વાત કયાં રહી?

સ્તવન બોલતાં અમને મોક્ષ સુખ આપો, ભવ પાર ઉતારો, મારે તારા જેવું થવું છે, આ બધા ઉદગારો કયાં અને સંસાર સુખ માટે ધર્મ થાય એવા ઉપદેશનું રહસ્ય કયાં રહ્યું.

જૈન ધર્મ મોક્ષગામી ધર્મ કહેવાય છે. ઉપરની હકીકતે સંસાર સુખ માટે પણ ધર્મ થાય તો મોક્ષગામી ધર્મનું નામ સંસારગામી ધર્મ નામ પાડવું પડે.

આજથી વર્ષો પહેલા ચિત્રભાનું મહારાજ ધર્મ ઉપદેશ માટે પ્લેઈનમાં બેસી ફોરેઈન ગયા એટલે ખોટા સુધારકોએ એમની

વાહ વાહ કરેલી અને કોઇ દેશમાં ધર્મ પ્રચાર થાય અને ત્યાંના (શ્રાવકો) જૈનો ધર્મ પામે તો શું ખોટું. આવો આવો પ્રચાર કરી. સાધુ પ્લેઇનમાં બેસી ફોરેઇન ગયા એ વાતને વ્યાજબી ઠરાવી મોર મારી આ અરસામાં આચાર્ય ભગવંતનો આ બાબતનો અભિપ્રાય લેતાં એમને કહ્યું કે આજના લોકો કરતાં આ હીરસૂરીશ્વરજી માં બુદ્ધિ ઓછી કે દીલ્હીના અકબર બાદશાહે આચાર્ય ભગવંતને દીલ્હી પહોંચવા માટે અમદાવાદના સુબાને હુકમ કરેલ કે એ સાધુને હાથી, ઘોડા પાલખી જે જોઇ તે આપજો.

અમદાવાદના સુબાએ જ્યારે હીરસૂરીશ્વરજી પાસે એ વાત મુકી ત્યારે એમને જવાબ આપ્યો કે એમાંનુ અમને કાંઇ ન ખપે અમારો એ આચાર નથી અમારો આચાર છોડીને અમો ધર્મ દેવા કયાંઇ જતા નથી આવો જવાબ અમદાવાદનાં સુબાને આપ્યો. હવે આજે જે હવા છે એમાં તો આ હેમચંદ્રસૂરીશ્વરજીએ ખોટું કર્યું એમ કહેવાય. પણ નહિ ધર્મના સિધ્ધાંતને અને જમાનાને કે કાળને લાગતું વળગતું નથી. એ તો ગાંડાઓનો પ્રલાપ છે.

ધર્મ સંસાર સુખ માટે પણ થાય. આવી વાત ચાલી છે. અત્યારે આચાર્ય ભગવંત હૈયાત નથી નહીતર એમને પુછત કે ધર્મ સંસાર માટે પણ થાય એમ અમુક સાધુઓનો મત છે. પણ ચૈત્ય વંદન કરતા ભવ્યજનિધિ સર્વ સંપતી હેતુ એ પ્રમાણે બોલવું પડે છે. આમાં સૂત્રમાં ફેરફાર કરી એમની વાતને સમર્થન મલે એવું કાંઇ થાય ? પણ હૈયાત નથી એટલે કોને પુછવું અને હૈયાત હોત અને પુછત તો પણ જવાબ એવો જ આપત કે એમનાં મનમાં જે હોય તે પણ એ ભવજલનિધિનો હેતુ તો એમને શું એમના વર્ગને પણ બોલવો પડશે કહો, તાકાત હોય તો સૂત્ર બદલાવે. બાકી મહાવીર પ્રભુએ આ કહેલ પણ એમનાં જ્ઞાનમાં જોયેલો. અને ધર્મનો ઉપયોગ સંસાર સુખ માટે કરે કે આ જાતનો ઉપદેશ આપે તો પણ સૂત્રની રચના જ એવી છે કે એક એક શબ્દે મોક્ષના જ હેતુનો પડકાર આવે. તીર્થંકર ભગવાન બહુ દયાળુ હતા. મન વગર પરાણે સૂત્ર બોલતાં પણ આરાધકનો સંસાર કપાઇ એ જ જાતના સુત્રો છે.

જો સંસાર સુખ માટે પણ ધર્મ થાય એ વાત આજના પ્રચારકોની માનીયે તો ઉપર આ. હીરસૂરીશ્વરજીને ઓછી બુધ્ધિ વાળા કહેવા પડે તો ય તીર્થંકર નામકર્મ બાંધનાર રાવણને પણ ગાંડા કહેવા પડે.

રાવણની ભકિતથી રીઝીને દેવે એમની સાધર્મિક ભકિત કરવા રૂપે જે માગે તે આપુ, આપવાનું રાવણને કહ્યું ત્યારે રાવણ નો જવાબ એ હતો કે,

તીર્થંકર ભગવાન પ્રત્યે મારી ભકિતથી મારૂં જોઇતું માગું તો મારી ભકિતની શું કિંમત ? આ એનો જવાબ હતો હવે આ જવાબની સામે આજના પ્રચારક કે, ઉપદેશક સંસાર સુખ માટે પણ ધર્મ થાય,

એમ કહે છે એની સરખામણી કરજો એટલે આપોઆપ સત્ય દેખાશે.

આ બધા પ્રશ્નો શાસ્ત્રનાં અર્થનાં ઉંધા અર્થ કરીને ઉભા કરેલા છે. ત્યારે વિર પ્રભુની અંતીમ દેશનામાં પૂન્યપાલ મહારાજાના સ્વપ્નાનું વર્ણન પ્રભુએ જે ભાખેલું તે દેખાય છે.

સંસાર સુખ માટે પણ ધર્મ થાય આવી દેશના દેવાવારા પોતાને મહાન માનતા હશે પણ શ્રોતાઓમાંથી એમ કહેતા પણ સાંભળ્યા છે કે આમને દીક્ષા લીધા પછી આ જ્ઞાન થયું લાગે છે. (પહેલા થયું હોત તો ન લેત) દીક્ષા અથવા હવે દીક્ષા પણ સંસાર ના સુખ માટે કરી દીધી હોય તેમ બને ?

સંસાર માટે પણ ધર્મ થાય. એના દાખલા સામે રોહીણીતપ સુદર્શન શેઠે કરેલો. અને બીજાએ કરેલા એનાં દાખલા આપે છે પણ સાચા આરાધક પ્રેમી ઉપર ખોટું કલંક લાગેલું અને એથી ધર્મની પણ હીલના થતી શાસન દેવીએ જોઇ ત્યારે સહાયે આવેલ છે. એના દાખલા ન હોય દૃષ્ટાંતનો ઉપયોગ વિધાનનો ઘાત કરવામાં ન કરાય.

આચાર્ય ભગવંતે મિથ્વાત્વનાં પાંચ પ્રકારનું વર્ણન બહુ સુંદર કરેલ છે તેમાં આભિગ્રાહીક મિથ્વાત્વ ધરનાર વ્યકિતની સ્થિતિ આવી જ હોય કે પકડેલું ખોટું હોય તો પણ છોડવું નહિ આ મિથ્વાત્વ મોટા માણસ માટેનું મિથ્વાત્વ છે શાસ્ત્રના જ્ઞાતા હોય. પંડિત હોય પણ સમજ્યા ફેરથી કે કોઇ ઇરાદેથી ખોટી પકડેલી વાત મમત્વથી અહંમથી છોડવી નહિ.

શાસ્ત્રમાં જૈન માટેની ડીગ્રી કહો કે જૈનની વ્યાખ્યા કહો તે આ પ્રમાણે આપી છે કે–

જૈન એટલે લક્ષ્મીને તુચ્છ માનવાવારો

જૈન એટલે સંસારથી ભાગી છુટવાના વિચારનો

જૈન એટલે આઠ વર્ષની ઉંમરે દીક્ષાનો અભિલાસી.

આવી તો ઘણી ડીગ્રી જૈન માટે છે તો એવા જૈનની ઇસ્ટફલસિધ્ધિ કયાં ભાવનાની શાસ્ત્રે કીધી હોય ? ઇસ્ટફલસિદ્ધિ ના નામે આજે સંસાર સુખ માટે પણ ધર્મ થાય. એમ અર્થ સમજાવાય છે.

શાસ્ત્રના આચાર્ય ભગવંતના આ વિષયમાં ટંકશાળ વાકયો.

૧. અર્થકામથી મુકાવનાર સાધનને જો અર્થકામ માટે સેવાય તો પછી બાકી શું રહે.

૨. સમ્યકૃદૃષ્ટિ કોઇ ધર્મ ક્રિયા કરતાં પૌદગલિક લાલસા કરે તો તો એમનું સમ્યકત્વ મલિન થાય.

૩. અર્થ કામની લાલસા ભુંડી છે તો એને પરિપૂર્ણ કરવા માટે ધર્મને સાધન બનાવવું એ વધુ ભુંડુ છે.

૪. અર્થ અને કામ નામથી અદ્‌ભુત છે પણ પરિણામે અનર્થભુત છે.

૫. પૌદ્ગલિક ઇરાદાથી થતી ધર્મ-ક્રિયાને જ્ઞાનીઓ અન્યાયથી પેદા કરેલી લક્ષ્મી સાથે સરખાવે છે.

૬ અર્થકામ માટે ધર્મનો ભોગ ન દેવાય પણ અવસરે ધર્મ માટે અર્થ કામનો ભોગ દેવાય.

૭ અર્થ કામના સાધન રૂપ જ બતાવા-એલા ધર્મની પણ ગણના વસ્તુતઃ તો અર્થ કામ પુરૂષાર્થમાં જ ગણાય કારણ દેખાવમાં કારણ ધર્મ છે પણ વસ્તુતઃ એ આદમી ધર્મની સાધના નથી કરતો પણ અર્થકામ-ની સાધના કરે છે.

૮ ધર્મક્રિયા કરે છતાં મોક્ષનો જે અર્થ ન હોય તે વસ્તુતઃ ધર્મ નથી સમજવું હોય તો આવા ટંકશાળ શબ્દો સંસાર સુખ માટે ધર્મ ન થાય. એવો હાર્દ સમ-જાવતા ઘણા શાસ્ત્ર આધાર છે પણ આભિગ્રાહિક મિથ્યાત્વના સ્વામીને એ વાત નહિ સમજાય.

૯. સંસારથી મુકાવનાર ધર્મને સંસાર-માં રખાવનારે હેતુ જેવો બનાવી દેવો. એ ધર્મની સામાન્ય કોટીની આશાતના નથી.

૧૦. મુક્તિ એ રાજધાની છે એને પમાડનાર ધર્મ છે અને ત્યાં જતાં રોકનાર અર્થ કામની લાલસા છે.

૧૧. સાધુના મુળ ગુણ બરાબર હોય અને ઉત્તર ગુણોમાં શિથીલતા હોય તો ચલાવી લેવા અને મુળ ગુણ અને ઉત્તર ગુણ બંને ઉચ્ચ કોટીના હોય પણ વ્યાખ્યાન શૈલીમાં મોક્ષનો ઉદ્દેશ ન હોય અને સંસાર વધારવાને પ્રોત્સાહન મલતું હોય તો એ સાધુમાં બંને ગુણો ઉચ્ચ કોટીના હોય તો પણ એ સાધુ જૈન ધર્મનો સાધુ નથી વેષ આડંબરી છે એનાથી ચેતતા રહેવું.

આ મહાત્માઓએ વિવેકીજનોએ જરા ઉંડાણથી વિચાર કરીને પૂણ્યપાલ રાજાજી સ્વપ્નાનું ફાલ પ્રભુએ ભાખ્યું તે સાચું કરવું તે બરાબર નથી પણ સાવધાન રહી ભગવાને જે દેશના આપી ઉપદેશ આપ્યો તેની સાધના કરવી ઉચીત છે તેવી સમજણ શકિત સૌને મળે એજ અભિલાષા.

: ધર્મ પ્રાપ્તિ દુર્લભ છે :

० कोटिशो विषयाः प्राप्ताः, संपदश्च सहस्रशः ।
राज्यं च शतशो जीवैर्न च धर्मः कदाचन ।।

જીવને કરોડોવાર પાંચે ઇન્દ્રિયોના વિષયો પ્રાપ્ત થયા, હજારોવાર સંપત્તિઓ મલી, સેંકડોવાર રાજ્યની પ્રાપ્તિ થઇ પણ ધર્મની પ્રાપ્તિ કયારેય થઇ નથી. અર્થાત્ સંસારની સુખ સામગ્રીની પ્રાપ્તિ સહજ છે પણ ધર્મની પ્રાપ્તિ દુર્લભ છે.

卐 મોટા કરે તેમ નહિ–કહે તેમ કરવું 卐

–હર્ષીત. એન. શાહ

શ્રી જિનેશ્વર દેવોનું સમગ્રજીવન એટલું બધું અનુપમ છે કે જેની સરખામણી વિશ્વમાં કોઈની સાથે થઇ શકે તેમ નથી આવું જીવન જીવવા માટે અને મુક્તિ મેળવવા માટે તેઓશ્રી જીવ્યા તે રીતે જીવવાનું નથી પરંતુ તેઓશ્રીની આજ્ઞા પ્રમાણે જ જીવવાનું છે "મોટા કરે તે કરવું" તેવી ધેલછા એ તો કંઇની પોયમાલી કરી નાંખી આવી પાયમાલી આપણી ન સર્જાય એ માટે આપણે નીચેનું દૃષ્ટાંત ધ્યાન પૂર્વક વાંચીએ.

એક ગામ હતું. તેમાં એક ખેડુત રહે તેને એક નોકર રાખ્યો. આ નોકરે ખેડૂતને પૂછ્યું. માલિક, મારે શું કરવાનું ? ત્યારે ખેડૂત કહે છે કે " હું કરું તે તારે કરવું" બસ ! એજ દિવસથી કાર્યની શરૂઆત થઇ ગઇ. થોડાક દિવસોના આંતરે નોકરે મનમાં ગાંઠવાળી કે "એ જે કરે તે મારે કરવું" એક પરોઢિયે બન્ને જણાં માથે પાણીનો ઘડો લઇને ચાલવા લાગ્યા રસ્તામાં ખેડૂતને ઠોકર વાગી ઘડો પૃથ્વી પર પડયો. પૃથ્વી લીની થઇ ગઇ. તે જોઇ નોકરે પણ ભૂમિદાન કર્યું કારણ કે માલિક કરે તેમ કરવાનું હતું. તે જોઇ ખેડૂત બોલ્યો, 'તે કેમ કર્યો ?' માલિક જે કરે તે જ કરવાનું હતું ને જે બોલે તે જ બોલવાનું હતું આથી નોકરે સામો પ્રશ્ન કર્યો કે 'તમે કેમ કર્યો ?' સામો પ્રત્યુત્તર મળતાં ખેડૂત ગુસ્સે થયો. ગાળ એ ઘી ની નાર છે તેવું સમજતા ખેડુતે અનેક સરસ્વતી ઓ સંભળાવવા માંડી સરસવતીઓ સાંભળતાં જ નોકર ઉછળ્યો અને તેને ગાળોનો મુશળધાર વરસાદ વર્ષાવાનો ચાલુ કર્યો

હલકા માનવીની હલકી ભાષા સાંભળીને ખેડૂત વધારે છંછેડાયો, સામું બોલે છે તેવું બોલતા ખેડૂતે નોકરના ગાલ ઉપર ગરમ ગરમ લાજ્યું પીરસ્યુ ગરમાગરમ લાજ્યાનો સ્વાદ ચાખતાં જ નોકરે મેથીપાક આપવાનો શરૂ કર્યો બન્ને વચ્ચે ઝપાઝપી થવા લાગી આ અલમસ્તનો મેથીપાક કદાચ મારો પ્રાણ પણ લઇ લેશે તેવું વિચારતાં ખેડૂત નાઠો. એટલે તેને પગલે પગલે નોકર પણ નાઠો વારંવાર ધોતીયું પગમાં આવતું હોવાથી ખેડૂતે ધોતીયું કાઢી નાખ્યું નોકરે પણ તે પ્રમાણે કર્યું આગળ માલિક ને પાછળ નોકર

આ બન્નેની મુર્ખામી ભરી ભવાઇ જોઇને લોકો પણ તેમની પાછળ દોડવા લાગ્યા હુંરીયો બોલાવવા લાગ્યા. તે જોઇને ખેડૂત ઘરના ખૂણે ભરાયો એટલે નોકર પણ તે જ ઘરના અન્ય ખૂણે ભરાયો.

નજીકમાં રહેતા એક શાણા માનવીએ

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

સંસારના સુખનો લોભ ગયા વિના, દુઃખથી સર્વથા મુકત બનાય અને સુખ શાશ્વત બને, એ શકય જ નથી.

- સંસારના સુખના રાગ ઉપર અણગમો પેદા થયા વિના સાચા શરણ્યના શરણને સ્વીકારી શકાશે નહિ.
- શ્રી વીતરાગ પરમાત્માના ચરણોના શરણને સ્વીકારવું, એટલે ભગવાન શ્રી જિનેશ્વર દેવોની આજ્ઞાને સમર્પિત થવું અને આજ્ઞા મુજબ જીવન જીવવું
- પાપ કરે તેને ય સજા ભોગવી પડે, પાપ કરાવે તેનેય સજા ભોગવવી પડે અને પાપની જે અનુમોદના કરે, તેને ય સજા ભોગવવી પડે.
- અસાર એવા સંસારને સાર ભૂત માનનારો આત્મા ભવાભિનંદી કહેવાય છે
- દુનિયાની આધિ, વ્યાધિ કે ઉપાધિનું કોઇપણ મૂળ હોય તો તે અર્થ-કામની આસકિત જ છે.
- જે દિવસે અર્થકામની આસકિત એ દુઃખનું મૂળ છે એમ સમજાઇ જશે, પછી તો વગર કહ્યે આત્મા સન્માર્ગે આવશે.
- મરણથી ડરવું એ બેવકૂફી છે, જન્મથી ડરવું એ બુદ્ધિમતા છે.
- જે ધર્મ સંસાર માટે હોય, તે ધર્મ વાસ્તવિક ધર્મ જ નથી આ વાત એક માત્ર શ્રી જૈન શાસનજ કહે છે.
- મુકિત એ જેનું ધ્યેય નથી એ સાચો જૈને નથી જ.
- દેશકાળના નામે પણ શ્રી જિનશાસનથી ઊલટું બોલવું કે અવસરોચિત સત્યને ગોપવવું, એ તો શ્રી જિનશાસનનો ભયંકર કોટિનો દ્રોહ જ કહેવાય.

બન્ને ને સમજાવ્યા બન્ને ને પોત પોતાની ભૂલો સમજાઇ ગઇ.

'નોકરે શેઠ કરે વમ કરવાનું ન હોય પરંતુ શેઠ કહે તેમ કરવાનું હોય'

માટે જ કહેવું પડે કે આબાલગોપાલને માલિક કરે તે કરવાની વાત જલ્દી ઠસી જાય છે પરંતુ તેનુ પરિણામ મોટે ભાગે ખરાબ જ આવે છે

શ્રી તીર્થંકરોએ કર્યું તેવી, રીતે કરવાથી કાંઇ મુકિત મળી જતી નથી પરંતુ મુકિત મેળવવી હશે તો તેઓશ્રીની આજ્ઞા મુજબ જ ચાલવું પડશે આજ્ઞા પાલનથી અનેક આત્માઓ મુકિતએ ગયા.

" આજ્ઞા એજ આદર્શ છે. આજ્ઞા એજ હિતકર છે " આ આદર્શના આરીસા ને નજર સમક્ષ રાખી મુકિત નજીક બનાવો નહીંતર.....

।। श्री नेमिनाथ स्वामिने नमः ।।
।। नमो नमः श्री गुरु रामचंन्द्रसूरये ।।

—: दुहा :—

० प्रणमुं नेमि जिनेश्वर, पुरजो मुज मन आश,
वाणी देवी चित्तमां धरि, गाऊ गुरुगुण राश., ।१।

० गच्छगगन दिनेश्वरु, कुमुदजनमनचंद,
रामचन्द्रसूरीशने, प्रणमु शिवसुचंकदं ।।२।।

० प्रेमनंदनसुरपादपा, मनवांछितफलकार,
चाहु तस पदपङ्कजां, जिम कोयल सहकार; ।।४।।

० गुरुगुणगौरवलेशने, गाऊ धरिससनेह;
हृदय धरु निशदीनवली, जिम चातक मन मेह. ।।४।।

० दोय वरस जेहने थया, थयु जग नो' धार
अंजली दंटं आंशु भरी, मन—वच—काय श्रीकार, ।।५।।

: गुरू विरह गीत :

(राग अजीतजीनेश्वर—चरणोनी सेवा)

० गुरवर ! गुरवर ! करतो आजे, झुरी रह्यो गुरु काजे;
रडती आंखे मुकी चाल्या क्यां छे गुरुबर आजे,
गुरुवर ! दरिशन द्योने आज, तुज विण हुं तरफडतो,
तुज नाम जपु गुरुराज ! वाणी ए गदगदथामो;

० केवा हता ए मुनि—जन—नेता, शुं कहु तेहने काजे,
शब्दो उपमा क्यांय मिलेना, अनुपम गुरुवर काजे; ।।१।।

० बाल वये पण तीव्र वैरागी, 'रतनबा'ना संगे;
जजने—मामा कीधा मौनी, जिनशासनना रंगे ।।३।।

० काका आपे लालच मोटी, पेढी बेटा तुज नामे,
जे जिनपेढी काजे होवे, ते किम तेहने कामे ।।४।।

૦ સિંહ છટા ए संयम वरिया, सरस्वति मुख धरता,
'सम्यग्दर्शन' अमृत पाई, केई कुटुंब उद्धरता, ।।५।।

૦ जिनशासननी रक्षा काजे, शेह-शरम नहि धरता;
उन्मार्गी-उन्मूलन काजे, विरता तन-मन धरता, ।।६।।

૦ सारा विश्वे 'रामविजय' ए, नामे गुरुवर व्यास्था;
भक्तजनोमां 'साहेबजी' ए, नामे अधिकदिवाज्या, ।।७।।

૦ तुज विण आजे घोर अंधारु, काजल रात अमासी;
तो पण तुज गुण स्मरणे अमने, शिवनी वाट उजासी, ।।८।।

૦ दुषमकाले भवअटवीमां, सार्थवाह तुं होता;
एकला-अटुला मूकी जाता, अंतर विह्वल थाता ।।९।।

૦ भ्रम दतणीपेरे तुज पदपद्मे, रहे सदा मुछ वासो;
भवोभव गुरु हीज तुथाजो ए मुज अंतर बासो, ।।१०।।

૦ गुरुवर गुणलो गातां, भव सागर तरी जाशुं,
ए गुरु आणा शिरपर लेतां, जन्म सफलता पाशु, ।।११।।

૦ वले नहि उपकार गुरुनो, अर्पु मुज जीवित जो;
शीश नमावी एकज याचुं, तुज गुण मुजने देजो, ।।१२।।

: कलश :

૦ अमे गाया गुरुगुण रंगे चंगे हर्ष तन-मन आदरी,
आशिष मुक्तिचन्द्र-महोदय विजयजयकुंजरसूरी;
गोकाकनगरे उत्सवे निश्रा विचक्षणसूरिश्वर.
'सम्यग्' नमं सूरिमुक्तिप्रभ श्रेयांसप्रभ ए गुरुवरु;

पू. मुनिराज श्री सम्यग्दर्शनविजयजी

卐

ધન્ય અડગતા

સ્વ. પૂ. આ શ્રી વિ. કનકચન્દ્રસૂ. મ.

પંડિત ધનપાળ રાજા ભોજની સભાના અલંકાર અને રાજા ભોજના શ્રદ્ધેય પુરોહિતનાં ગૌરવવંતા સ્થાને હતા, પોતાના ભાઇ શ્રી શોભનમુનિના પરિચયમાં આવ્યા પછી ધનપાલ સદ્ધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાન બન્યા હતા. જીવ. અજીવ પુણ્ય પાપ આદિ જૈનધર્મનાં સિદ્ધાંતોનાં તેઓ જાણકાર હતા.

રાજા ભોજ પ્રત્યેની અનન્ય સ્વામીનિષ્ઠા હોવા છતાં અન્ય સિદ્ધાંતો પ્રત્યે પંડિત ધનપાલ મક્કમ મનોબલ ધરાવતા.

આમ જો કે વાતોમાં બડાઇ હાંકનારા માનવોની નિર્બળતા કેટલીક વેળા સત્યના સનાતન સિદ્ધાંતોને. જીવનમાં ઉતારવાના પ્રસંગો આવે છે ત્યારે જણાઈ આવે છે, અને ગમે તેટલી મક્કમતાની યા અડગતાની વાતો રસપૂર્વક થતી હોય છતાં કસોટિનાં અવસરે કનક અને કથીર પરખાઇ જાય છે.

આવી જ એક કસોટીનો પ્રસંગ પં. ધનપાલના જીવનમાં બન્યો.

રાજા ભોજ એકાવર જંગલમાં શિકારે નીકળ્યા છે. કવિ ધનપાલને રાજાએ સાથે રાખ્યા છે. અન્ય પણ પંડિતો છે. જંગલમાં જીવ બચાવવા કાળ ભરીને દોડતા એક હરણને લક્ષ્ય રાખી ભોજે પોતાના ઘોડા તેનો પાછળ દોડાવી મૂક્યો. મહા પરિશ્રમે રાજાએ હરણને પકડી પાડયું. પોતાનું બાણ એની સામે તાકયું અને તેના તરફ ફેંકયુ. બાણની તીક્ષ્ણ અણી લોહિતા હરણ બિચારૂં તરફડતું જમીન પર પટકાઇ પડયું. નિર્બલ પશુપરના આ અત્યાચારને પરાક્રમ માનતો રાજા સાથે આવેલા અન્ય પંડિતોની સામે પોતાની પ્રશંસા સાંભળવા આતુરતા પૂર્વક જોઇ રહયો. એટલે સાથે રહેલા પંડિતો ભોજની ખુશામત કરવાને પોતાની કવિતા લલકારવા માંડયા.

પણ કવિ ધનપાલ હજુ મૌન હતા. રાજા ભોજે પંડિતની સામે જોયું. એ અવસરે જેનાં માનવહૃદયમાં અપાર જીવદયા વસેલી છે. તે ધનપાલ પંડિતથી હવે ન રહેવાયું. ભોજની આ પાશવવૃત્તિને પડકારવા તેઓ સભગ બન્યા. તેમનાં હૃદયની કરૂણાએ વાણી મેળવી.

તેઓ બોલી ઉઠયા;

रसातलं यातु तवाऽत्र पौरूषं कुनी तिरेषाऽशरणों हयदोषवान् निहन्यते यद्बलिनाऽतिदुर्बलो, हहा ! । महाकष्ट-मराजकं जगत् ।।

હે રાજન ! તમારૂં આ બળ જહન્નમાં જાઓ, તમારી આ તાકાત ખાડામાં પડો ! કારણ કે શરણ રહિત નિર્દોષ અને અતિનિર્બલ બિચારૂ. આ હરણ તમારા જેવા બળવાનનાં હાથે આ રીતે રહેંશાય; એ ભયંકર અન્યાય છે ! ખરેખર આ મહા કષ્ટ છે, કે આવા મૂક પશુઓ પર આ રીતે જુલમ થઇ રહયા છે. હા ! ખેદની વાત છે કે આ જગત અરાજક બની ગયું છે.

આ સાંભળતા રાજા ભોજ રોષથી સળગી ઉઠયો પણ કવિ ધનપાલની સત્યનિષ્ઠા તથા અણુ ધર્મભાવના આગળ એ સમસમીને બેસી રહયો.

શ્રાવકને વરેલી ઉપમાઓ પૂ. આ. શ્રી વિ. મિત્રાનંદ સૂરીશ્વરજી મ.

૧ માતાપિતા સમાન : માતાપિતા જેમ સંતાનોનું હિત કરનારા હોય તેમ, સાધુનું પણ હિત કરનારા હોય. સાધુની સેવા ભક્તિ કરે. સાધુનું પ્રમાદાચરણ જોઈ સ્નેહ રહિત ન બને, પણ સાધુગણ ઉપર સદા ય હિતવત્સલ રહે તે શ્રાવકો માતાપિતા સમાન ગણાય.

૨ બંધુ સમાન : ભાઇની જેમ સાધુના સર્વકાર્યોમાં સહાયક બને સાધુ પ્રત્યે હૃદયમાં પ્રેમવાળા હોવા છતાં, સાધુના વિનય-વૈયાવચ્ચમાં મંદ આદરવાળા હોય, પણ કષ્ટના પ્રસંગે ખરેખરી સહાય કરે એવા શ્રાવકો બંધુ સમાન જાણવા.

૩ મિત્ર સમાન : જેમ મિત્ર પોતાના મિત્રથી કાંઇ પણ અંતર ન રાખે તેમ, સાધુથી કાંઇ પણ અંતર ન રાખે. સાધુ પ્રત્યે પ્રેમવાળો હોય. અભિમાનના કારણે સાધુ વગર પૂછ કામ કરે તો, એનાથી રીસાય ખરો પરંતુ પોતાના સગા સ્નેહી કરતાં પણ સાધુને અધિક ગણે તે મિત્ર જેવા શ્રાવક જાણવા. **૪ શોકયમાન :** શોકય જેમ પોતાની શોકય સાથે દરેક વાતમાં ઇર્ષ્યા જ કર્યા કરે તેમ, દરેક રીતે સાધુના છિદ્ર જોયા કરે અભિમાની હોય. સાધુનું નાનું છિદ્ર દેખાય તો બધા સાંભળે તે રીતે બોલતો રહે. સાધુને તણખલા જેવા ગણે એવા શ્રાવકો શોકય જેવા જાણવા.

૫ દર્પણ સમાન : જેમ અરિસામાં સર્વ વસ્તુઓ દેખાય તેમ, સાધુનાં મુખે ઉપદેશ સાંભળી હૃદયમાં ઉતારે. ગુરૂએ કહેલા સૂત્રાર્થ યાદ રાખે. ગુરૂઓ પ્રાયે હૃદયનો ભાવ સિદ્ધ કરી લે તે શ્રાવકો દર્પણ જેવા જાણવા. **૬. ધ્વજા-પતાકા સમાન :** પતાકાની જેમ દેશના સાંભળતાં ચિત્ત સ્થિર ન હોય, ધ્વજા પવનથી હાલ્યા કરે તેમ, મૂઢ માણસોથી ભરમાઇ જાય, ગુરૂના વચનમાં વિશ્વાસ ન રાખે એવા શ્રાવકો ધ્વજા-પતાકા સમાન જાણવા. **૭. ડુંઠા સમાન :** એટલે ખીલા જેવા. જેમ ખીલો કાઢી ન શકાય તેમ સાધુને કોઇક એવા કદાગ્રહમાં નાખી દે કે એમાંથી પાછા નીકળવું મુશ્કેલ થાય. તેમજ ગીતાર્થ મહાપુરૂષોએ ઘણું સમજાવ્યા છતાં કદાગ્રહ છોડે જ નહીં તે ખીલા જેવા શ્રાવકો જાણવા.

૮. ખરંટક સમાન : ખરંટક એટલે અશુચિ [વિષ્ટા] સમાન. પોતાની કદાગ્રહ રૂપ અશુચિને છોડે નહીં અને ગુરૂને પણ દુર્વચનરૂપ અશુચિથી ખરડે. ગુરુ સાચો અર્થ કહેતા હોય છતાં, એ ન માને અને ઉલ્ટું સામેથી એવું બોલે કે તમે ઉન્માર્ગદેશક છો, નિહ્નવ છો, મૂર્ખ છો, ધર્મમાં શિથિલ પરિણામી છો એવા દુર્વચનરૂપ મળથી ગુરૂને ખરડે તે ખરંટક જેવા શ્રાવકો જાણવા. જેમ પ્રવાહી અશુચિથી વસ્તુ પણ ખરડાય છે તેમ; શિખામણ આપનારને જે દુર્વચનો બોલે તે ખરંટક શ્રાવક જાણવો.

શાસન સમાચાર

સુરત–અત્રે પૂ. આ. શ્રી વિજયરાજ-તિલક સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં તપસ્વી પૂ. મુ. શ્રી ગુણયશ વિ.મ. તથા વકતા પૂ. મુ. શ્રી કીર્તિયશ વિ.મ ને અ. વ.–૭ થી ભગવતી સૂત્રના જોગ ચાલે છે. ગણિપદ પ્રદાન કા. સુ. ૧૧ થશે તે નિમિત્તે શ્રી રામચંદ્રસૂરિ આરાધના ભવન શ્રી સંઘ તરફથી ભવ્ય મહોત્સવનું આયોજન થયું છે તેના પૂજનો આદિ મહોત્સવ તથા નવ-કારશી આદિના આદેશો ભારે ઉત્સાહ પૂર્વકની ઉછામણીથી અપાયા છે.

પાલીતાણા–અત્રે રત્નત્રયી ધામમાં પૂ. પં. શ્રી કીર્તિસેનવિજયજી મ.ની નિશ્રામાં પ્ર ભા. સુ–૧ ના અરિહંત નવકાર મંત્ર પ્રથમ પદની સામુહિક આરાધના શેઠ શ્રી કાંતિલાલ મણિલાલ ઝવેરી (હસ્તગિરિ) તરફથી થઈ હતી.

વડોદરા—અત્રે શ્રી સુભાનપુરા સુધન લક્ષ્મી જિનમંદિરની પ્રતિમા પ્રતિષ્ઠાદિની અંગે સાધરણના ટકાની વાત સુધારી લીધી છે અને શાસ્ત્રવિધિ પ્રમાણે પ્રતિષ્ઠા વિ.ની બોલી દેવદ્રવ્યમાં જશે.

પુના–અત્રે ન્યુ ટીંબર માર્કેટમાં પૂ. આ. શ્રી વિજય લલિતશેખરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં સ્વ. પુનમચંદજી માનાજી સ્વ. શ્રી ધીમીંબાઇ પુનમચંદજી તથા સ્વ. કનૈયા-લાલ પુનમચંદના સ્મરણાર્થે તથા સ્વ. માતુ શ્રી કાંતાબેનના સ્વર્ગવાસ નિમિત્તે શ્રી ઋષભસિદ્ધ પૂજન આદિ પંચાહ્નિકા મહોત્સવ પ્ર. ભા. સુ. ૪ થી ૯ સુધી ભવ્ય રીતે કરવામાં આવ્યો હતો.

નવાખલ—(ખેડા) અત્રે પૂ. મુ. શ્રી ભુવનચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં વડો-દરામાં પ. પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ.ની દ્વિતીય પુણ્યતિથિના ભવ્ય આયોજન થયું તેમાં લાભ લેનારની ભાવના ની તથા સત્તર સ્થળોના ચતુર્થ વ્રતધારીઓની અનુમોદના કરવા જૈનશાસન સેવા ગણના ઉપક્રમે પ્ર. ભા. સુ. ૧૩ રવિવારે ૧–૩૦ થી ૪–૩૦ સુધી ભવ્ય સન્માન રહેલા જેમાં સ્વાગત જિનદર્શન સન્માન, સંઘપૂજન વિ. સુંદર રીતે થયા ઉત્સાહ સંઘનો પણ ઘણો હતો.

વાપી–પૂ. પં. શ્રી હેમભૂષણ વિ. ગણિવરશ્રીની નિશ્રામાં પૂ મુ. શ્રી જિન-દર્શન વિ. મ. પૂ મુ શ્રી મોક્ષદર્શન વિ. મ. પૂ. શ્રી હિતદર્શન વિ.મ ના શ્રી મહા-નિશીથ સૂત્રના યોગે વહનની અનુમોદના માટે પ્ર. ભા. વ–૩ તથા ૪ ના ઠાઠથી શ્રી પીસ્તાલીશ આગમની મોટી (૪૫) પૂજા ૪૫ આગમના છોડ સહિત ભણાવવામાં આવી હતી.

સુરત–અત્રે પ. પૂ. વર્ધમાનતપ ઓળે આરાધક આ ભ. શ્રી વિજય રાજતિલક

સૂ. મ. ૧૦૦+૧૦૦+૭૮ મી ઓળી નિમિત્તો તેઓશ્રી તથા પ. પૂ. આ. શ્રી વિ. મહોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પ્ર. ભા. સુ-૭ થી દ્વિતીય પુનમ સુધી શાંતિ સ્નાત્ર સિદ્ધચક્ર પૂજન આદિ ભવ્ય મહોત્સવ યોજાયો આ નિમિત્તો અટ્ઠમ તપનું આયોથયું હતું.

અમદાવાદ–પૂ. મુનિરાજશ્રી વિનયંધર વિ. મ. ના માસક્ષમણ નિમિત્તો પ્ર. ભા. વદ-૩ ના પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. તથા પ્રવચનકાર પૂ. મુ. શ્રી દર્શનરત્ન વિ. મ. પધાર્યા હતા પૂ. મુ. શ્રી ચંદ્રપ્રભ મ. એક લાખ સ્વાધ્યાયથી પારણું કરાવ્યું હતું પૂ. આ. મ. શ્રી ગીરધરનગર પધારેલ તથા પૂ મુ. શ્રી દર્શનરત્ન વિ.મ, તથા પૂ મુ. શ્રી રત્નસેન વિ. મ. ના પ્રવચનો થયા પૂ. આ. નો રોકાણ ઘણી વિનંતિ કરી પણ અનુકુળતા ન હોવાથી જ્ઞાનમંદિર પધાર્યા હતા.

દાવણગિરિ (કર્ણાટક)– અત્રે પૂ. આ. શ્રી વિજય અશોકરત્નસૂ મ. પૂ. આ શ્રી વિજય અભયરત્નસૂ મ. ની નિશ્રામાં માસક્ષમણ સિદ્ધિ તપ નિમિત્તે વરઘોડો તપસ્વી બહુમાન તથા તપસ્વીઓ તરફથી ત્રણ દિવસ આંગી વિ. થયા.

ગીરધરનગર અમદાવાદ— અત્રે પૂ. મુ. શ્રી રત્નસેન વિજયજી મ. આ લેખિત શ્રાવક જીવન દર્શન (શ્રાદ્ધવિધિ હિન્દી અનુવાદ) તથા યૌવન સુરક્ષા વિશેષાંક the message for the youth પુસ્તકોનું વિમોચન તેમની નિશ્રામાં પ્ર. ભા. વદ ૫ તા. ૫–૬–૯૩ ના થયું હતું.

અમદાવાદ– લુહારવાડા મોદી પોળ જૈન ઉપાશ્રયે પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. ની આજ્ઞાથી પૂ. *શ્રી દર્શનરત્ન વિજયજી મ. શ્રી સંઘની* વિનંતિ થતા પર્યુષણ માટે અત્રે પધારશે. જુદા જુદા દિવસોમાં વિવિધ વિષય ઉપર પ્રવચનો ચાલે છે પૂ. આ. ભા. ને પણ દ્વિ ભા. વ. ૧૧ ના પધારવા વિનંતિ કરી છે.

તખતગઢ– અત્રે પૂ. મુશ્રી કમલરત્ન વિજયજી મ. ની નિશ્રામાં સ્વ. પિતાશ્રી સ્વાન તથા માતુશ્રી ગુપીબાઇના આત્મ શ્રેયાર્થે અને ધર્મ આરાધનાની અનુમોદનાર્થે સાત છોડના ઉજમણા સાથે બે મહા પૂજન તથા સાધર્મિક વાત્સલ્ય થયા. દ્વિ ભા. સુ. ૫ થી સુ. ૯ સુધી પંચાહ્નિકા મહોત્સવ યોજાયો છે.

મહુવા- અત્રે શ્રી મહાવીર સ્નાત્ર મંડળ પૂ. આ. શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. ના જન્મ સ્થળ નિમિતે નેમિપાર્શ્વ જિન પ્રાસાદમાં આ મંડળ દરરોજ સ્નાત્ર ભણાવે છે તેના પ૩માં વર્ષ પ્રવેશ નિમિત્ત પૂ. મુશ્રી રાજચંદ્ર વિ. મ. ની નિશ્રામાં ઉજવાયો સ્નાત્ર આંગી મંડળની સાધર્મિક ભક્તિ થઇ. ૫૨ વર્ષ પહેલા માસ્તર દેવચંદ છગનલાલ આ મંડળની સ્થાપના કરી હતી.

રતલામ– અત્રે પૂ. આ શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સુંદર આરાધના ચાલે છે.

શ્રીમાન લક્ષ્મીચંદજી લુણીયાના બેનના પુત્રવધુ .....એ માસક્ષમણ ૩૧ ઉપવાસ કરતાં તે નિમિતે ભવ્ય રથયાત્રા નીકળી હતી અને આરાધના ભવનમાં મંગળ પ્રવચન તપસ્વીનું બહુમાન તથા પ્રભાવના થઇ શાહ કાળુરામજી પારેખના ધર્મપત્ની રતનબેનના ચાલતા ૫૦૦ એકાંતર આંબેલ તથા પુનમચંદજી પારેખના સુપુત્ર રાકેશના અઠ્ઠાઇ નિમિતે સુસ્વાગત તેમને ત્યાં પધરામણી થઇ મંડપમાં પ્રવચન સંઘ પૂજન વિ. થયા.

શા સમીરમલજી ચાંદમલજીના સુપુત્ર અજીતકુમારજીના ધર્મપત્ની ઉષાબેનના ૧૬ ઉપવાસ નિમિતે રથયાત્રા તથા ઘેર મંડપમાં પ્રવચન તથા શ્રીફળની પ્રભાવના થઇ.

શાહ મિશ્રીમલજી કાંકરીયાના સુપુત્ર જવાહરલાલજીના ધર્મપત્ની ગુલાબબાલાબેન તથા મેર પરિવારના કુ. આશાબેન મેરના ૩૧–૩૧ ઉપવાસ નિમિતે સંયુકત રીતે ભ્રિ ભ. વ. ૮ના ભવ્ય રથયાત્રા નીકળી અને પ્રભાવના થઇ શ્રી સંઘ તરફથી માસક્ષમણના તપસ્વીઓનું બહુમાન થયું ભાવિકો તરફથી પુંડલરની કાયમી યોજનામાં નામ લખાયા માસક્ષમણ ૧૬ ઉપવાસના તપસ્વીઓ આદિ તરફથી ૨૫ જીવો છોડાવવાની જાહેરાત થઇ.

વદ–૯ ના સવારે સસ્વાગત મિશ્રીમલજી કાંકરીયાને ત્યાં પૂ. શ્રી પધાર્યા મંગળ પ્રવચન તથા સંઘ પૂજન થયું.

શુભેચ્છક

૪૬૦. મહેતા ચીમનલાલ વીશનજી
૪૨૭ શાંતિનાથ ભુવન–૨
ત્રીજે માળે રૂમ નં.–૪૮
સાયન રોડ ક્રીંગ સરકલ
મુંબઇ—૨૯

જગતને વશ કરવાનો ઉપાય.

यदीच्छसि वशीकर्तुं, जगदेकेन कर्मणा ।
परापवादशस्येभ्य–श्चरतीं गां निवारय ॥

જો એક જ કાર્યથી જગતને વશ કરવાની ઇચ્છા હોય તો તેનો એક સરલ ઉપાય છે કે તું પરાપવાદ–પરનિંદા–રૂપ અનાજને ખાતી તારી વાણીરૂપી ગાયનું નિવારણ કર અર્થાત્ પર નિંદાથી પાછો ફર.

With Best Compliments From :

MEHTA ENGINEERS

PRADIP S. MEHTA

204, Raj Neketan, Bapu Vasi Road,
Vile Parle West,
Bombay–56

ज्ञानं मदनिर्मथनं माद्यति यस्तेन दुश्चिकित्यः सः ।
अगदो यस्य विषायति तस्य चिकित्सा कुतोऽन्येन ।।

જ્ઞાન છે તે અભિમાનને મારનાર છે ને જ્ઞાનથી અભિમાન આવે તો તે હિત માટે યોગ્ય નથી જેનો રોગ ઝેર બની જાય છે તેને દવા બીજા કયાંથી કરે.

જયવંત જૈન શાસનના સત્ય તત્ત્વોની અડીખમ રક્ષા માટે તત્પર
જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

શ્રી મહાવીર નાગરી પત સંસ્થા

હ: લલીતકુમાર ગાંધી

ગુજરી-કોલ્હાપુર

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર દરશ્ર(લાખાબાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક–સુરેશ કે. શેઠે પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું" ફોન : ૨૪૫૪૬

૨૯૯૩.૭૯ ૪૨૨૪

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

ધર્મ જ આધાર છે.

धर्मतः सकलमङ्गलावली,
धर्मतः सकलशर्मसंपदः ।
धर्मतः स्फुरति निर्मलं यशो,
धर्म एव तद हो ! विधीयताम्

ધર્મથી જ સઘળાય મંગલોની શ્રેણિ પ્રાપ્ત થાય છે, ધર્મથી જ સઘળાય સુખોની સંપદા પ્રાપ્ત થાય છે, ધર્મથી જ દેદીપ્યમાન-નિર્મળ યશ ફેલાય છે માટે હે ભાગ્યશાળીઓ તેવા સદ્ ધર્મનું જ આચરણ કરો ! જેથી સંસારથી વહેલામાં વહેલા મુકત થવાય અને આત્માના અનંત સુખોમાં મગ્ન બનાય.

વર્ષ ૬

અંક ૭+૮

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા.૪૦૦

૫/૧૦/૧૭.

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાન મંદિર
સા ક્ર.
(જિ. ગાંધીનગર)
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર



વર્ષ ૬] ૨૦૪૯ દ્વિ. ભાદરવા શુદ-૧૩ મંગળવાર તા. ૨૮-૯-૯૩ [અંક ૭+૮]

ઉદારતા

પ્રવચનકાર :- પ. પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી. મહારાજા.

(સં. ૨૦૨૮ ના પો. સુ. ૬ ને શનિવાર તા. ૧૮-૧૨-૧૯૭૧ ના રોજ અમદાવાદ ઘાંચીની પોળમાં આપેલ પ્રવચનનું સારભૂત અવતરણ. શ્રી જિનાજ્ઞા કે પ્રવચનકાર શ્રી ના આશયવિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના -અવ૦)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓ આજ સુધીમાં અનંતા થઇ ગયા છે, વર્તમાનમાં વીશ વિચરી રહ્યા છે અને ભવિષ્યમાં અનંતા થવાના છે. જે થઇ ગયા તે બધા શ્રી અરિહંત પરમાત્માઓએ જગતના સઘળા જીવોના ભલા માટે, સૌ આ સંસારમાં ફસાય નહિ પણ સંસારથી મુકત થઇ વહેલામાં વહેલા મોક્ષે જાય તે માટે ધર્મશાસનની સ્થાપના કરીને આયુષ્ય સુધી તેને સમજાવીને પોતે મોક્ષે ગયા છે અને આપણને સૌને મોક્ષમાં આવવાનું આમંત્રણ આપીને ગયા છે. આ જ તે પરમતારકોના આત્માઓનો મોટામાં મોટો ઉપકાર છે.

આપણને આ સંસારમાં ફાવે છે કે નથી ફાવતું ! આજે મારે તમને ઉદારતાની વાત સમજાવવી છે, જેને સંસારમાં જ ફાવે તેવા જીવો ઉદાર ન હોય તેમ નહિ પણ તેવા ઉદારનું આપણને કામ નથી, આપણે એવા ઉદાર જોઇએ છે કે જેને સંસારની સારામાં સારી ચીજ પણ પસંદ ન હોય ! દુઃખ આવે તે તો કોઇને ય પસંદ ન હોય પણ જગતની સારામાં સારી ચીજ મળે તે પણ પસંદ નહોય તેની વાત કરવી છે. પછી તેના ગુણોની વાત કરવી ગમે આ વાતમાં જ વાંધા હોય અને તેના ગુણો ગાઇએ તો કેવું કહેવાય ! આપણે ઉદારતાનું નાટક નથી કરવું. નામના કીર્તિ-પ્રસિદ્ધિ માટે લાખો, કરોડો કે અબજોની સખાવત કરે તેની આપણે ત્યાં કાંઇ કિંમત નથી,

આટલી ઉદારતા દાખવે તેને ધન કેવું લાગે છે. આ સંસાર કેવો લાગે છે તેના ઉપરથી તેની કિંમત કરવાની છે. જેને ધન સારું લાગે; મેળવવા જેવું લાગે. સંસારનું સુખ જ સારું લાગે, મેળવવા - ભોગવવા જેવું જ લાગે તેના ગુણ પણ દોષ માટે બને અને જેને ધન પણ ન ગમે અને સંસારનું કાંઇ જ ન ગમે તેના દોષ પણ ગુણ રૂપ બને. આ વાત બહુ માર્મિક છે પણ સમજ્યા વિના ચાલે તેવીય નથી.

ગુણને દોષ કરનાર અને દોષને ગુણ કરનાર વાત સમજાવવા ઘણો સમય જોઇએ. આ દેશમાં ઘણા ઉદાર થઇ ગયા પણ તેમને ધાર્યો બદલો ન મળ્યો તો તેમ નીવાતો સાંભળી છે ? આવી ખબર હોત તો કશું ન કરત. પરિણામ વિપરીત આવે તો શું શું બોલે છે તે ખબર છે ને ! આજે તો અવસરે તેને જ ખવડાવવાનો રિવાજ. તેથી આજે સાધર્મિક વાત્સલ્ય ઘટ્યા અને પાર્ટી વધી !

પ્ર. – પાર્ટી અને જ્ઞાતિ જમણમાં ફેર શો ?

ઉ. – જ્ઞાતિના જમણમાં બધા જ આવે. ગરીબમાં ગરીબ માટે પણ જગ્યા અને તમારી પાર્ટીમાં માત્ર ચુંટેલા જ આવે !

ઉદારતા સમજ્યા હોત તો આવા પ્રશ્નો ન ઉઠત. ખરેખર તો જેને ભગવાનના શાસનની ઉદારતા ગમે તેને સંસારનું કશું ન ગમે. સંસારમાં રહેવું ય પડે, સંસારની પ્રવૃતિ ય કરવી પડે પણ ગમે કશું નહિ. જેને સંસાર જ ગમે છે, સંસારમાં જ મોજ મજા માને છે તે તો માણસ કહેવરાવવા ય લાયક નથી. સંસારના સુખનો મજેથી ભોગવતો જીવને નરકાદિમાં લઇ જાય. અણ સમજુ જીવ પણ દુઃખને શાંતિથી ભોગવી લે તો તેની સારી ગતિ થાય . 'મારા પુણ્યથી મલ્યું હું કેમ ભોગવું !' 'અવું' માને તે તો નરકાદિમાં જ જાય. આ વાત ન સમજાય ત્યાં સુધી ઉદારતા આવે નહિ.

આજના ઉદાર દેખાતા પણ પાડોશીને કાંઇ કામ ન આવે, તેની પાસે ધક્કા ફેરા કરાવે. ભીખ માગનારને પણ કાંઇ ન આપે, વખતે હડફેટે ય ચઢાવે. આ યુગ ઘણો ખરાબ છે તેમાં આ વાત સમજનારા ઘણા ઓછા છે.

ઉદારતાની વાતમાં તમારે મન પૈસા ખર્ચે તે ઉદાર. અમારે મન પૈસાની કુટી કોડીની કિંમત નથી. પૈસા ખર્ચી ઉદારતા બતાવનારે ઘણાને રહેંસી નાખ્યા, ઘણાને પાયમલ કર્યા. પૈસા ખર્ચ તે દાનવીર ગણાય તેની ના નહિ પણ પછી તેનું જીવન કેવું જોઇએ ? આજે એક સંસ્થા પાટીયા વિનાની છે. સંસ્થામાં મોટો ફાળો આપનારા જાણે પોતે જ તેના માલીક હોય તેમ વર્તે તો તે બધા કેવા કહેવાય ? સંસ્થામાં કામના ખર્ચા કેટલા થાય અને નકામા ખર્ચા કેટલા થાય ! ચા–પાણી નાસ્તા ઘરના પૈસે થાય કે સંસ્થાના ?

આપણે ધર્મનું નાટક નથી કરવાનું પણ આત્માને સુધારવા માટે ધર્મ કરવાનો છે. તે માટે ધર્મ સમજવો છે. જ્ઞાનિઓ તો કહે છે કે, ગૃહસ્થમાં ઉદારતા ગુણ સાચો ન આવે તો તે ધર્મ માટે પણ લાયક નથી, આજે મોટો ભાગ રિવાજ મુજબ સાંભળે છે પણ સમજવા માટે અને સમજીને જીવનમાં આચરવા માટે સાંભળનારા બહુ જ ઓછા મળે.

આપણે આ સંસારમાં કયારથી છીએ ! આ સંસારમાં કેટલો કાળ ગયો તેની ખબર નથી માટે લીલા લહેર છે. ' હું અનાદિ કાળથી સંસારમાં ભટકુ છું, હવે મારે ભટકવું નથી' આવી ચિંતા રોજ તમને થાય ખરી ! ' નમો અરિહંતાણું ' બોલનારને ય આવી ચિંતા ન થાય તો તે કેવો કહેવાય ! ભગવાનના દર્શન-પૂજન કરો તો હું આજ સુધી ઘણું ભટકયો તેનું ભાન ન થાય અને હવે મારે વધુ નથી ભટકવું તેવો ભય પેદા ન થાય તો જીવમાં એક ગુણ સાચો આવે નહિ.

ઉદારતા કયારે આવે ? લક્ષ્મી ભૂંડી લાગે ત્યારે, પૈસા અને સત્તાજ વહાલી લાગી છે તેની તો આ જગતમાં ઉપાધિ છે. આજના મોટા ગણાતાને તમે જીવો કે મરો તેની કશી પડી નથી. આ ' માનવ કલ્યાણ ' નહિ પણ ' માનવ સંહાર ' નો યુગ છે. આજના શાંતિ ચાહકો શાંતિને બદલે અશાંતિ વધારી રહ્યા છે. બધા પોત-પોતાનો સ્વાર્થ સાધવામાં પડયા છે. તમને એવી લાલચો બતાવે છે કે, તમને એમ લાગે છે કે આ જ અમારું ભલું કરશે. તેથી મોટા ભાગના હૈયામાંથી ભગવાન-સાધુ અને ધર્મ નીકળી ગયાં.

ખરેખરા ઉદાર તો સાધુ છે જેમણે આખો સંસાર છોડયો છે. સાધુ તો જીવ માત્રની દયા ચિંતવે, દુઃખી જીવોને પણ કહે કે, દુઃખ પાપથી આવ્યું છે માટે મજેથી વેઠતા શીખો. ધર્મનું જ આરાધન કરો નવકાર ગણો. દુઃખ દૂર, કરવા નહિ પણ દુઃખ સહવાની શકિત મળે માટે. સાધુને નિર્યામણા કરવા બોલાવો ત્યારે શું કહે ? તમને શું રોગ થયો- કઇ દવા લો છો, કયા ડોકટર બોલાવ્યા તેમ પૂછે કે, મજેથી આ રોગ વેઠતા શીખો તેમ કહે ! તમને આવા સાધુ ગમે છે આ આ ડોકટર બોલાવી દવા કરો તેમ કહે તેવા સાધુ ગમે ! માંદા પડેલાની ખબર, ન પૂછે તો ઘણા કહે છે કે, સાધુઓ અમારી ખબર પણ નથી રાખતા, તેથી ઘણા લોકોને અમે નથી ગમતા, ઘણા અમારાથી સાવચેત રહે છે, જેટલા ભગવાનને હાથ જોડે તેને ભગવાન જ ગમે છે તેમ મનાય તેવું છે ? તેમ સાધુને હાથ જોડે તેને સાધુ ગમે તેમ પણ મનાય તેવું નથી. આજે ધર્મને પણ નાટક બનાવવા માંડયું તે બહુ જ ભયંકર થયું છે.

ભૂત પણ પીપળો છોડે પણ તમે તો તમે બીજું કાંઇ ન કરી શકો તો પણ એટલું નક્કી કરો કે, દુન્યવી પદાર્થો માટે ધર્મનો ઉપયોગ નહિ જ કરવો. નામનાદિ માટે પણ ધર્મનો ઉપયોગ ન કરાય, ધર્મ માત્ર આપણા આત્માના કલ્યાણ માટે જ કરાય.

આ મનુષ્ય જન્મ પૂરો થવાની તૈયારીમાં છે. આજ-કાલમાં કયારે મરીએ તે કહેવાય નહિ. આજના લોકો તો મારી નાખવા તૈયાર છે. સૂતેલાને ય મારે, નિર્દોષને ય મારે. કારમો અન્યાય આ યુગમાં ચાલી રહ્યો છે. તમે બધા સમજુ અને સાધ બનો તો આ જન્મ લેખે લાગી જાય. પછી તો તે આત્મા પ્રતિપલ મરવા માટે તૈયાર હોય. તમે બધા કહો કે, મરવાનો ભય અમને છે જ નહિ. આજે ય મરવા તૈયાર છીએ અને મરણ હમણાં આવતું હોય તો હમણાં મરવા તૈયાર છીએ. તે માણસને પહેલા નંબરના ઉદાર કહેવાય. ધર્મ માટે ય પ્રાણ આપવાની તૈયારી છે ? મરવું એટલે આપણે જવાનું નથી પણ વળગેલાં પ્રાણ છુટા પાડવાના છે. અનંતીવાર, મર્યા છતાં ય આપણે તો જીવતા જ છીએ. મરવા તૈયાર હોય તેને પૈસાની શી પરવા હોય ? પૈસાની પાછળ મરે તેની આગળ ઉદારતાની વાત કરવી તે મડદાને જીવાડવાની વાત છે. મડદા જીવે ?

તમે બધા કહો કે, હવે તો અમે આ સંસારથી ગભરાયેલા છીએ. સંસારની સુખ-સામગ્રીથી ગભરાયેલા છીએ, દુઃખની પરવા નથી. અમને જો ગભરામણ-ભય આદિ હોય તો સુખની સામગ્રીનો જ છે. આવો જીવ ભવનિર્વેદ બોલે તે સાચો. બીજા બધા તો માત્ર મોઢેથી બોલવા પૂરતો બોલે પણ તેના હૈયાને અડે નહિ. પછી તો ઉદારતા તેની મેળે આવે. સુખમય સંસારથી ભાગી છૂટવાની જે ઇચ્છા તેનું નામ ભવનિર્વેદ છે. આ વાત તમારા ગળે ઉતરે તેવી છે ?

અમારા ભગવાનને જે ગમે તે જ મને ગમે. પછી દુનિયાને ભલે ગમે કે ન ગમે, આપણા ખરા બાપ તે જ. આપણા ભલાની ચિંતા તેમને જ કરી છે. અનંતા મા-બાપ થયા પણ આપણા આત્માની સાચી ચિંતા નથી કરી, અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ થયા તેમણે જ આપણા આત્માની ચિંતા કરી છે. વર્તમાન મા-બાપને પણ તમારા આત્માની ચિંતા છે ? ખરેખરા બાપ જ શ્રી અરિહંત પરમાત્મા, એક ભગવાન એવા નહિ જેમણે આપણી ચિંતા ન કરી હોય. આ જન્મના મા-બાપની સેવા ભક્તિ કરવાની પણ ભગવાને જે ના કહ્યું તે કરવાનું કહે તો નહિ જ કરવાનું. આપણને આપણા સાચા મા-બાપ ભગવાન લાગ્યા છે? તમને દુનિયામાં ભણાવનાર-કામધંધે લગાડનારા મા-બાપ મળ્યા પણ કોઇ મા-બાપે તમારું હિત થાય અને અહિત ન થાય તેની ચિંતા કરી ? છોકરાઓ જૈનપણું ન પામ્યા તો ચિંતા થઇ ? ઉપરથી

ઘણા મા–બાપો કહે કે, સાધુમાં જ ઝઘડા જોઇ શ્રદ્ધા ઘટી ગઇ. અમે કજિયાખોર અને તમે બધા શાંતિના સાગર ! અમે પણ જો તમને સાચું નહિ સમજાવીએ તો અમે પણ દોષિત–ગુનેગાર, બનીએ. સમજાવવા છતાં ય તમે ન માનો તો તમારું તમે જાણો ! પણ તમારે ગુરુનો ખપ છે ખરો ? ગુરુ તો માત્ર માથું પછાડવા પૂરતા જ રાખ્યા છે ને ?

ખરેખરી ઉદારતા પણ ત્યારે જ આવે કે પૈસો તો મામૂલી ચીજ લાગે. પુણ્યથી મળતા પૈસાનો ભોગવટો કરવો તે પાપ લાગે, સંગ્રહ કરવો તે મહાપાપ લાગે છે અને સદુપયોગ કરવો તે જ સાચો વ્યય લાગે તો બાકી પૈસાને જોઇ, જોઇને રાજી. પાગલ થનારા તો નરકતિર્યંચમાં જવાના છે. ઘર–બાર, કુટુંબ–પરિવાર, પૈસા–ટકાદિ જોઇ આનંદ થાય અને તે જ વખતે આયુષ્ય બંધાય તો નરક–તિર્યંચનું બંધાય તે ખબર છે ને ? પૈસાના લોભે તમારી પાસે કેવાં કેવાં કામ કરાયા છે તે બિચારો તો *કંપારી આવે તેવું છે. તમારું જીવન બીજા કદાચ ન જાણે પણ તમે પોતે તો જાણો છો* ને ? પૈસા માટે માત્ર આરંભ–સમારંભ થયા હોય તે સિવાય બીજું એક પાપ કર્યું નથી તેમ કોઇ ઉભો થઇને બોલી શકે તેમ છે? જો આ સભામાં પણ આવા જીવો ન મળે તો તે દેવગુરુ–ધર્મને માટે પણ કલંક કહેવાય ને ? પૈસાના લોભે તો તમે એવાં એવાં કામકર્યા છે એવાની વાતમાં હાજી.. હાજી કરી છે કે વધુ ન થાય.

મારે તમારી આંખ ઉઘાડવી છે. હજી સાવચેત થઇ જાવ. આવો મનુષ્ય જન્મ ઘણા કાળે મળ્યો છે, અહીં જો ભૂલ્યા તો આવો જન્મ ફરી કયારે મળે તે કાંઇ કહેવાય નહિ. અત્યારના દેવ –ગુરુ–ધર્મની સારામાં સારી સામગ્રી મલી છે તો તમને પ્રેમ કોના પર છે ? દેવ–ગુરુ–ધર્મની સામગ્રી પર કે ઘર–બાર, કુટુંબ–પરિવાર, પૈસા–ટકાદિ પર ? જે દેવ–ગુરુ–ધર્મના નહિ તે ,અમારા પણ નહિ. આત્માને રોજ પૂછવાનું કે ભગવાનના થયા કે નહિ ? પ્રામાણિક પણે લાગે તો હા કહેવાની, નહિ તો કહેવાનું કે હજી થવાની મહેનત ચાલુ છે. જે જે ભગવાનના નહિ તે ભગવાનની પૂજા કરે તો મંદિરની જોખમદારી વધે.

દુનિયાની કોઇ ચીજ અમારી નથી કે અમારી સાથે આવવાની નથી આવું માને તો ઉદારતા આવે. આજે તમે તમારા બંગલા–ફર્નીચરમાં જેટલા પૈસા ખર્ચો છો તેમાંના કેટલામા ભાગે ધર્મનાં કામમાં ખર્ચો ? ટીપ આદિના કામ આવે ત્યારે મને લક્ષ્મી સન્માર્ગે વાપરવાની તક મલી તેવું માનનારા કેટલા મળે ? આજની ટીપોમાં તો લગભગ મોઢા જોઇને અપાય છે. તે રીતનાં મંદિર કે ઉત્સવાદિ થાય તો લાભ પણ શું થાય ? ભગવાનના સાચા ભગત હોય તો તે કહી દે કે, મારા મોઢાને જોઇને આપતા હોવ તો ન આપતા પણ ભગવાનનાં મોઢાને જોઇને આપજો. આવા લોકોની ઉદારતાના વખાણ

કરે તેનું ય ભલું થાય ખરું ? તેવા પૈસા ખર્ચીને પણ પુણ્ય બાંધે કે પાપ ? જ્ઞાનિઓ તો ભારપૂર્વક કહે છે કે, ધર્મના પૈસાથી નામના થાય તેવું કરશો તો અનંતકાળે જૈન જાતિ, જૈન કુળ અને જૈન ધર્મ મળવા મુશ્કેલ છે.

લક્ષ્મી દાન માટે છે અને દાન પણ સુપાત્રમાં આપવાનું છે. તમે પૈસા ખર્ચો તે સંસાર, વધારવા કે મોક્ષે જવા ? આવા દેવ-ગુરૂ અને ધર્મ મળે તેને લક્ષ્મી કેવી લાગે ? મરતા પહેલા સાધુ થયા વિના મરવું નથી તેવું છે ખરું ? તેનામાં જે ઉદારતા આવે તે સાચી ઉદારતા હોય. તે સાતેક્ષેત્રમાં તો દાન દે અને સમજે કે, દાન તો અનુકંપાથી જ શોભે. માટે અનુકંપા પણ કરે અને જીવદયા પણ કરે. દયા કાંઇ બજારમાં વેચાતી મળતી ચીજ છે !

આપવું પડે તે આપો તેનું નામ ઉદારતા નહિ પણ આપવાનું મન થાય તેનું નામ ઉદારતા. તમે બધા સારા કુળ-જાતિમાં જન્મ્યા છો, સાથે કાંઇ આવવાનું નથી સાથે તો સાચા ભાવે જે છોડો તે જ આવવાનું છે. તેનાથી સો ગણું, હજાર ગણું, લાખ ગણું, કોટગણું આવી આવીને મળે તે ય સાધુ ન ઇચ્છે. આવી દશા મેળવવા દાતાર બનો, વિચારમાં ઉદારતા લાવો, વાણીમાં ઉદારતા લાવો, કોઇ કાંઇ કહે તેને પ્રેમથી સાંભળો, સાવ ધુત્કારી ના કાઢો. કોઇ ગાંડો માણસ અસંબદ્ધ જેમ તેમ બોલે તોય તેના પર દયા લાવો કે બિચારાને ભાન નથી કે હું શું બોલી રહ્યો છું, વાચિક ઉદારતા આવે એટલે માનસિક ઉદારતા આવી જ જાય. પછી છતી શક્તિએ સહાય કરવાનું મન થાય તેનું નામ કાયિક ઉદારતા છે. આમ મન, વચન, કાયાથી ઉદાર બને તે ધનથી તો ઉદાર હોય જ. આવી રીતના ઉદારતા આવે તે સદ્ગતિ પામી મુક્તિને પામવાનો છે. સૌનામાં આ રીતની ઉદારતા આવે અને તે માટેની મહેનત કરી આ મહામૂલ્ય માનવ જીવનની સાર્થકતા કરો તે જ સલાહ સાથે પૂર્ણ કરવામાં આવે છે.

શાસનની સેવા જ પ્રાપ્ત થાઓ.

યન્મયોપાર્જિતં પુણ્યં, જિનશાસન સેવયા
જિનશાસન સેવૈવ, તેન મેઽસ્તુ ભવે ભવે !

શ્રી જિનેશ્વર દેવના શાસનની સેવાથી, મેં જે પુણ્ય ઉપાર્જન કર્યું છે, તે પુણ્યના પ્રતાપે મને ભવો ભવને માટે શ્રી જિનશાસનની સેવા જ પ્રાપ્ત થાઓ.

શંકા-સમાધાન

-દ્વિરેફ

શંકા-૧ દેરાસરમાં ધૂપ, આરતી વિ. અષ્ટપૂજા કરવા માટે ચોખ્ખાં કપડાં જ પહેરેલા હોવા જોઇએ ?

સમા૦-૧ શાસ્ત્રોમાં ત્રિકાળપૂજા કરવાનું વિધાન છે. તથા દેશ સ્નાન અને સર્વસ્નાન એમ બે પ્રકારે સ્નાન કરવાનું વિધાન છે. આમાં પ્રાતઃકાળની વાસક્ષેપ પૂજા કરવા માટે દેશ સ્નાન (પંચાંગ સ્નાન) હાથ, પગ, મુખની શુદ્ધિ કરીને શુદ્ધ વસ્ત્ર પહેરીને જવું. મધ્યાન્હ કાળની અષ્ટપ્રકારી પૂજા કરવા માટે સર્વસ્નાન મસ્તક સહિત આખા શરીરે સ્નાન કરીને શુદ્ધ, ધૂપ દીધેલા વસ્ત્રો પહેરીને જવું અને સંધ્યા કાળ- સાંજના સમયની ધૂપ, આરતી (દીપક) પૂજા માટે દેશસ્નાન કરીને શુદ્ધ વસ્ત્ર પહેરીને જવું. પણ અહીં એટલું ધ્યાન રાખવું કે- આખો દિવસ પહેરેલા કપડામાં જ દેરાસર જઇએ અને ત્યારે આરતી-મંગલદીવો ઉતારવાના થાય અને ન ઉતરે ત્યાં સુધી જિનમંદિર માંગલિક થવામાં વિલંબ થતો હોય તો તેવા સમય પૂરતા આરતી વગેરે ઉતારવામાં વાંધો નથી જણાતો.

શંકા-૨ હાલ કપાળે જ ચાંદલો કરવાની વિધિ છે, તે ઉપરાંત પૂજકે પોતાના કાને કંઠે, હૃદયે તથા નાભિએ તિલક કરી શકાય ?

સમા-૨ ધ્યાન રાખો કે હાલ કપાળે જ ચાંદલો કરવાની વિધિ છે એવું નથી. પણ લોકો કપાળે જ કરે છે. વિધિ તો પાંચ અંગે તિલક કર્યા પછી પૂજા કરવાની છે તેવું સાંભળ્યું છે. કોઇ ગ્રંથમાં કર્યું સિવાયના ચાર અંગે તિલકની વાત છે, અને કોઇ અંગે કર્યું સાહિતના ચાર અંગની વાત છે. બન્ને ગ્રંથના કુલ અંગો ગણીએ તો પાંચ થઇ શકે છે. અને પાંચ અંગના તિલકની વાત તો ઘણાં મહાત્માઓના વ્યાખ્યાનમાં સાંભળી છે માટે માત્ર કપાળમાં જ નહિ પણ પાંચે અંગે તિલક કર્યા પછી પૂજા કરવી ઉચિત જણાય છે. પાંચે અંગમાંથી કપાળે જિનેશ્વરની આજ્ઞા શિરોધાર્ય કરવાની ભાવના પૂર્વક, કાને- જિનવાણીના શ્રવણમાં કર્ણની તત્પરતા રહે તેવી ભાવના પૂર્વક, કંઠે જિનેશ્વરની વાણીથી વિરૂદ્ધ કશું બોલવાનું ન બનો' હૃદયે જિનેશ્વરની આણ હૃદયમાં સોંસરી ઉતરી જાય તેવી ભાવના અને નાભિકમળમાં -આ બધુ બોલુ છું' તે બધુ નાભિના ઊંડાણથી સત્ય બોલુ છું તેવી ભાવના પૂર્વક તિલક કરવાના છે.

શંકા-૩ પલંગમાં જ નીચે પાડેલા ખાનામાં રત્નત્રયીની સામગ્રી રખાય ? જ્ઞાનભંડારો ભોંયરામાં નથી હોતા ?

સમા-૩ પલંગની જ નીચેના ખાનામાં દર્શન, જ્ઞાન કે ચારિત્રની સામગ્રી મૂકવી

ઉચિત નથી લાગતી. શકય હોય તો તો આ રત્નત્રયીની સામગ્રીને આપણી નાભિ-કમળથી ઉંચે રાખી શકાય તેમ બને તો વધુ સારૂ. પણ પલંગની નીચેના કબાટમાં રાખવી અનુચિત જણાય છે. દ્રવ્ય સપ્ત-તિકામાં તો કહ્યું છે કે દર્શન, જ્ઞાન, કે ચારિત્રના ઉપકરણનો ઉપયોગ કર્યા પછી તેને ઉચિત સ્થાને મૂકવામાં ન આવે તો પ્રાયશ્ચિત આવે છે.

લોંયરામાં જ્ઞાન ભંડારોની વાત સાથે ઉપરની વાતને સંબંધ નથી. લોંયરૂ એક અલગ-સ્વતંત્ર ખંડ જેવું છે. ત્યાં જ્ઞાનના ઉપકરણો હોવામાં હજી વાંધો નથી આવતો. હા. લોંયરામાં ભગવાન ને પધરાવ્યા હોય તો ભગવાન ઉપર પગ ન આવે તે રીતે ઉપરના માળમાં રહેવાની વ્યવસ્થા કરવી જ જોઇએ. પલંગની નીચેના જ ખાનાને લોંયરૂ ગણી શકાય જ નહિ. અને પલંગ ઉપરથી લટકાતા. પગ વારા ઘડીએ નીચેના કબાટને અડકયા કરવાની પૂરી શકયતા છે. આજ રીતે વ્યાખ્યાનની પાટની નીચે પણ આ રત્નત્રયીના ઉપકરણો રાખવા ઉચિત લાગતા નથી. પૈસા તિજોરીમાં મૂકવા માટેની કેટલી કાળજી કરો છો ?

શંકા-૪ ઉકાળેલા પાણીમાં જીવતી માખી -જીવાત, કાંકરા, રેતી અથવા કોથમીર અન્નકણ વગેરે પડે તો ઉપવાસવાળા આ પાણી વાપરી શકે ? છૂટાવાળાને આ પાણી ચાલે ?

સમા-૪ ઉકાળેલ પાણી કર્યા પછી તેના ઉપર ઢાંકણો ઢાંકી દેવા જેથી આવું કશું પડે જ નહિ. જીવતી માખી, જીવાત પડી હોય તેને તરત જ દૂર કરી રાખ કે ચૂનામાં મૂકવી જેથી બચી શકે. તે જીવની વિચારણાની આલોચના લેવી જોઇએ. પણ તેથી કંઇ માખી-જીવાત-કાંકરો કે રેતી પડેલું પાણી બેસણાથી ઉપવાસવાળા પીએ તો તેમનું પચ્ચકૂખાણ ભાંગતુ નથી. હાં જો કોથમીર કે અન્નકણ પડેલુ પાણી પીવાય તો પચ્ચકૂખાણ પડી ભાંગે છે. બેસણાદિ (ઉપવાસ-વાળા નહિ) વાળા ભોજન વખતે આવું અન્નકણવાળું પાણી વાપરી શકે પણ છેલ્લે ઉઠતી વખતે તો શુદ્ધ જ પાણી વાપરવું. છૂટાવાળાને આ પાણી વાપરવામાં વાંધો નથી. ચોવિહાર કરતી વખતે શુદ્ધ જ પીવાય તો સારૂ.

જૈન શાસનને
હાર્દિક શુભેચ્છા :—
નેતાજી સેફ કું.
લક્ષ્મીપુરી
કોલ્હાપુર (મહા.)

જૈન રામાયણના પ્રસંગો

(૮) આજ રસ્તો નિર્વાણ તરફ જાય છે. — શ્રી ચંદ્રરાજ

બસ્સો–પાંચસો નહિ, પણ પૂરી એક એક હજાર વિદ્યાઓનો એક સાથે પ્રયોગ કરીને, શ્રી અષ્ટાપદ મહાતીર્થને જડમૂળમાંથી ઉખાડી નાંખીને લવણ સમુદ્રમાં ફેંકી દેવા તૈયાર થયેલો શ્રી અષ્ટાપદ મહાતીર્થની ભયંકરમાં ભયંકર આશાતના કરનારો રાવણ એ જ શ્રી અષ્ટાપદ મહાતીર્થની ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ભક્તિ–આરાધના કરીને, એ જ તીર્થધામ ઉપર અરિહંત પરમાત્મા આગળ અરિહંત બનાવનારા તીર્થંકર નામકર્મને ઉપાર્જન કરે છે.

રત્નાવલીને પરણીને રાવણ લંકા પાછો ફરી ગયો છે.

થોડા સમય પછી દિગ્યાત્રા માટે નીકળેલા રાવણ સાથે ખર ખેચર, સુગ્રીવ તથા ૧૪ હજાર વિદ્યાધરો જાય છે.

રેવા નદીના કિનારે તેમણે પડાવ નાંખ્યો છે. સાથે લાવેલા રત્નમય શ્રી અરિહંત પરમાત્માને મણિમય પટ્ટ ઉપર સ્થાપિત કરીને શ્રી રાવણ શ્રી અરિહંત પરમાત્માની પૂજા કરવામાં વ્યગ્ર બન્યા છે. રેવા નદીના જળ અને કમળ વડે રાવણ જિનેશ્વરદેવની પૂજામાં તલ્લીન બન્યો છે. એકાગ્રતા વધુને વધુ દ્રઢ બનતી જાય છે.

અને ત્યાં જ... એકા એક... પાણીનું એક ભયંકર પૂર આવ્યું. નદી તટના વૃક્ષો ઉખડી ઉખડીને ફેંકાઇ ગયા. તટ ઉપર બાંધેલી હોડીઓ કીનારા સાથે અથડાવા લાગી. પાણીના મોજા ઉંચે ઉંચે ઉછળવા લાગ્યા. ચારેકોર પાણી પાણી થઇ ગયું. ભયંકર વેગથી આવતા રેવા નદીના આ પૂરના પાણીથી રાવણની ભગવાનની કરેલી પૂજા ધોવાઇને સફાચટ થઇ ગઇ.

શિરોચ્છેદથી પણ અતિ દુઃખદાયી પૂજાના અપહારથી–ધોવાણથી રાવણ રોષથી સળગી ઉઠયો. પાણી જેવા પાણીથી થયેલા વીતરાગ પરમાત્માની પૂજાના નાશને રાવણ સાંખી લે એમ ! ન ભૂતો ન ભવિષ્યતિ.

રાવણ રોષથી સળગી ઉઠયો. તેણે કહ્યું– "કયા નાલાયકે મારી અરિહંત પરમાત્માની પૂજામાં અંતરાય કરવા આ પાણી છોડયુ છે."

કોઇ વિદ્યાધરે રાવણને કહ્યું કે– 'હજાર હજાર રાણીઓ સાથે જળક્રીડા કરવા આવેલા માહિષ્મતી નગરીના સહસ્રાંશુ રાજાએ જળક્રીડા માટે વિદ્યાના બળથી નદીમાં પાણીનો પુલ કર્યો હતો. અને ક્રીડા પૂર્ણ થતા તે પાણી છુટું મૂકાતા, પૂરની જેમ વેગથી આવેલા, તે રાણીઓના શરીરના મેલથી ગંદકીવાળા આ પાણીથી આપની પૂજા નાશ પામી છે.'

આવું સાંભળતા તો બળતામાં ઘી હોમાયાની જેમ રાવણનો રોષ વધુ ઉગ્ર બન્યો. રાવણે કહ્યું કે–

"વગર મોતે મરવાના થયેલા તેણે, ગંદકીવાળા પાણીથી મારી આ દેવપૂજાને દુષિત કરી નાંખી છે. સૈનિકો! જાવ, પોતાની જાતને હોંશિયાર માનતા તે પાપીને માછલાની જેમ બાંધીને અહીં લઇ આવો." [મારા વીતરાગ પરમાત્માની પૂજાને કોઇ શરીરના ગંદા મેલથી ગંધાઇ ઉઠેલા પાણીથી ધોઈ નાંખે, તેને હું રહેજે સાંખી નહિ શકું.]

આદેશ થતાં જ લાખોની સંખ્યામાં રાવણના રાક્ષસવીરો શસ્ત્રો ઉગામીને આકાશ માર્ગે ચાલ્યા. રેવા નદીના સામા કિનારે જ્યાં સહસ્રાંશુ રાજા જળક્રીડા કરી રહ્યા હતા ત્યાં આવીને, રાક્ષસવીરોએ આકાશમાંથી જ રેવાના કિનારે ગોઠવાઇને રહેલા સહસ્રાંશુના સૈનિકો સાથે સંગ્રામ શરૂ કર્યો પલકવારમાં જ રાક્ષસવીરોએ દુશ્મન સૈન્યને છિન્ન-ભિન્ન કરી નાંખ્યું. જળક્રીડા કરી રહેલા સહસ્રાંશુ રાજાને આ વાતની જાણ થતાં જ નદીમાંથી બહાર આવી રાક્ષસભટો સામે સંગ્રામ શરુ કર્યો જમીન ઉપર હોવા છતાં તેણે આકાશમાં રહેલા લાખોની સંખ્યાના રાક્ષસવીરો સામે ધનુષ્યના ટંકારો કરી કરીને બાણોનો ભયંકર મારો ચલાવીને રાક્ષસભટોને 'ત્રાહિ મામ' કરી મૂકયા. અને ભગાડી મૂકયા. સંગ્રામમાંથી નાસી આવતા રાક્ષસોને જોઇને રાવણ અતિ ઉગ્ર ક્રોધે ભરાયો. અને પોતે જાતે જ શત્રુની શાન ઠેકાણે લાવવા સહસ્રાંશુની સામે સંગ્રામ ખેલવા માંડયો.

બન્ને મહાવીરો લાંબા સમય સુધી બાણો અને વિવિધ પ્રકારના શસ્ત્રોથી યુધ્ધ કરતાં જ રહ્યા. કોઇ કોઇને મચક આપતું નથી.

બાહુબળથી જીતવો અશકય જાણીને રાવણે વિદ્યાનો પ્રયોગ કરીને સહસ્રાંશુને જીવતો જ પકડી લીધો. અને તેની વીરતાની પ્રશંસા કરતાં કરતાં રાવણ સહસ્રાંશુને પોતાની છાવણીમાં લઇ આવ્યો. આટલું છતાં રાવણનું મન ઉદ્વિગ્ન હતુ. કેમ કે સહસ્ત્રાંશુ જેવા રાજાને પોતે બાહુબળથી જીતી શકયો ન હતો.

હજી તો પોતાની છાવણીમાં બંધન ગ્રસ્ત સહસ્રાંશુ સાથે આવીને રાવણ આસન ઉપર બેસવા જાય છે ત્યાં જ... એક શતબાહુ નામના ચારણ શ્રમણ ત્યાં પધાર્યા. રાવણે તેમનો પૂરેપૂરો વિનય કર્યો. આસન ઉપર મુનિવરને બિરાજમાન કર્યા. અને રાવણે ચારણ મુનિવરનો પરિચય પૂછયો.

મુનિવરે કહ્યું– હું માહિષ્મતી નગરીનો શતબાહુ નામે રાજા હતો. મારા પુત્ર સહસ્રાંશુને રાજ્ય ઉપર સ્થાપન કરીને મેં દીક્ષા ગ્રહણ કરી...

આટલું સાંભળતા જ રાવણ ચોંકી ઉઠયો. તેણે મુનિવરની ચાલુ વાતમાં જ પૂછયું કે– 'શું આ મહાવીર્યશાળી સહસ્રાંશુ આપના પુત્ર છે?' મુનિવરે 'હા' કહેતા જ રાવણે સહસ્રાંશુની પોતે કરેલી બંધનાવસ્થાનો ખુલાશો કર્યો. છેલ્લે કહ્યું– "આપના આ પુત્ર અરિહંત ભગવંતની આશાતના કયારે ય ન કરે. આ આશાતના થઇ ગઈ તે તેના અજાણતા થઇ ગઈ લાગે

છે.'' આમ કહી સહસ્રાંશુને નમીને રાવણે બંધન મુકત કર્યા. અને સહસ્રાંશુ પણ પિતા મુનિ આગળ લજ્જાથી નમ્ર ઉભા રહ્યા. રાવણે કહ્યું– '' આજથી તું મારો ભાઇ છે, જા, તારૂં રાજ્ય ગ્રહણ કર. બીજી પણ અમારી પૃથ્વિ ગ્રહણ કર. તું અમારો ચોથો ભાઇ છે. ''

પણ બંધન મુકત થયેલા સહસ્રાંશુએ કહ્યું– '' મારે આ રાજ્ય તો શું આ શરીર થી પણ હવે કંઇ મતલબ નથી. પિતાએ લીધી દીક્ષા હું પણ લઇશ. સાધુઓનો આ જ રસ્તો નિર્વાણ તરફ લઇ જાય છે.'' આમ કહી પોતાના પુત્રને રાવણને સોંપીને ચરમ શરીરી સહસ્રાંશુએ પિતા પાસે દીક્ષા ગ્રહણ કરી–

અનરણ્ય રાજાને પોતાની દીક્ષાના સમાચાર મોકલ્યા. તેથી બન્ને મિત્રોએ સાથે જ દીક્ષા લેવાની પ્રતિજ્ઞા યાદ કરીને અનરણ્ય રાજાએ અયોધ્યાની ગાદી ઉપર દશરથને સ્થાપન કરી ને તરત જ દીક્ષા ગ્રહણ કરી.

સહસ્રાંશુએ કહેલું કે–

'अयं हि पन्थाः साधूनां निर्वाणमुपतिष्ठते।'

સાધુઓનો આ જ રસ્તો નિર્વાણ તરફ જાય છે.

જૈનશાસનની જવલંત જ્યોતિ પ્રગટાવતા શાસન રક્ષક જૈન શાસન અઠવાડિકને
હાર્દિક શુભેચ્છા

અ. સૌ. સુનંદાબેન દેવીચંદ રાઠોડ

C/O શાહ દેવીચંદ જીવરાજ

પ્લોટ નં. ૩૫, 'ગજરા' બિલ્ડિંગ
મહાવીર નગર, કોલ્હાપુર.

પંડિત મૂર્ખોનો એક ગણગણાટ :

બોલો જોઉં, સ્વદ્રવ્યથી જિનપૂજા થાય તો દેવદ્રવ્યથી કેમ ન થાય ?



(વિ. સં. ૨૦૪૪ના સંમેલન પછીના થોડા સમયમાં લખાયેલો આ લેખ તે વખતની પરિસ્થિતિનું દર્શન તો કરાવે જ છે, પણ વર્તમાનમાં પણ આ લેખ ઉપયોગી જણાતા અત્રે પ્રગટ કરીએ છીએ. સં'પા૦)

એક હતા પંડિતજી.

એ સ્વભાવે ભલા-ભોળા અને પરગજુ હતા.

ગામના લોકો એમને આદર-માનપૂર્વક માનતા હતા.

પંડિતજી બધી વાતે બરાબર હતા પણ કરમના જરા કાઠાં હશે !

સંતાનમાં એમને એક પુત્રી થઈ.

નાનપણમાં જ એના લગ્ન લઈ લીધા પણ પુત્રી મોટી થાય અને સાસરે જાય એના પહેલા જ એનો પતિ પ્રભુને પ્યારો થઈ ગયો.

પંડિતજીની પુત્રી બાલ વિધવા બની.

પંડિતજીને હવે પુત્રની ઝંખના જાગી.

ઘણા દેવ-દેવીની માનતા માન્યા પછી એમને ઘરે મોટી ઉંમરે પુત્રનું પારણું બંધાયું. પુત્રનું મુખ જોઈ પંડિતજી ખુશ ખુશ થઈ ગયા.

" અપુત્રસ્ય ગતિર્નાસ્તિ ! " આ પુરાણ પંક્તિનો તેમને ખુબ ડર લાગતો હતો. પુત્રનો જન્મ થતાં જ તેમનો એ ભય દૂર થઈ ગયો પણ એમને એ ખબર ન હતી કે થોડા સમયમાં જ એમની 'ગતિ' થઈ જવાની છે,

પંડિતજીએ હોંશે-હોંશે પુત્રનું નામ ' લલ્લુશંકર ' પાડયું.

લલ્લુશંકર લલ્લુનો લલ્લુ જ ન રહે એટલે પંડિતજીએ એને ગામમાં ભણાવવાના બદલે કાશી મોકલવાનો વિચાર કર્યો.

કાશી તો વિદ્વાનોની જન્મભૂમિ કહેવાય. કેટલાક વિદ્વાનો માટે કાશી કર્મભૂમિ પણ બની જતી.

કેટલાક શેખીખોર વિદ્વાનો કહેતા પણ ખરાં કે– " કાશી એટલે કાશી ! બાકી બધુ વાસી !! એની કરે જે હાંસી તે ખાય ખાંસી !!! પથ્થર ઉપર પણ પુષ્પ ઉગાડે એનું નામ કાશી !!! "

શુભ દિવસ અને શુભ ઘડિએ પંડિતજીએ લલ્લુશંકરને કપાળે ચાંલ્લો કરી, ઉપર ચોખા ચોડી, અક્ષતથી વધાવી કાશી તરફ પ્રયાણ કરાવ્યું.

લલ્લુશંકરને કાશી પ્રયાણ કરાવતા પહેલા પંડિતજીએ તેના લગ્ન કરાવી દીધા

હતા. કોણ જાણે, દિકરો ભણીને પાછો આવે ત્યારે એ જોવા જીવતા રહીએ કે ન રહીએ ?

અને ખરેખરે બન્યુ પણ એવું જ.

આ બાજુ લલ્લુશંકરે કાશી પ્રયાણ કર્યું અને એના થોડા મહિનામાં જ પંડિતજીએ મહાપ્રયાણ કર્યું. (એટલે કે પંડિતજી સ્વર્ગવાસી થયા.)

લલ્લુશંકર કાશીમાં રહી એક મોટા પંડિતજીની સેવા કરવા લાગ્યો. પંડિતજી લલ્લુશંકરની સેવાથી સંતુષ્ટ બન્યા. તેમણે એને ભણાવવા માંડયો. લલ્લુશંકરે પણ ચોટી બાંધીને ભણવા માંડયું.

વાત-વાતમાં બાર વરસના વહાણાં વીતી ગયા.

લલ્લુશંકર ચૌદ વિદ્યામાં પારંગત બની ગયો.

એક દિવસ ગુરૂજીની આશિષ લઈને લલ્લુશંકર માદરે-વતન જવા માટે નીકળ્યો.

એના આગમનના સમાચાર એના જવા પહેલા જ ગામમાં પહોંચી ગયા હતા. એના બાળપણના ગોઠિયાઓને ખબર પડતાં તેઓ પોતાના બાલમિત્રને લેવા માટે સામે ગયા.

મંછારામ લલ્લુશંકરનો જીગરજાન દોસ્ત હતો. પાછો ડહાપણનો દરિયો પણ ખરો ! એને લલ્લુશંકરની પરીક્ષા લેવાનું મન થયું.

એણે કહ્યું : "લલ્લુશંકર ! તું ચૌદ વિદ્યા ભણી આવ્યો એથી મને બહુ આનંદ થયો પણ મારે તને એક માંઠા સમાચાર આપવા પડે એમ છે. કહેતા જીભ ઉપડતી નથી.....

લલ્લુશંકરે કહ્યું : "દોસ્ત, ગભરાઇશ નહિ. તું જે સમાચાર આપવા માંગે છે એ તો મને કાશીમાં બેઠે-બેઠે જ મળી ગયા હતા. પિતાજી દેવ થયા એ જ તારે કહેવું છે ને ? ઉંમર થાય એટલે સૌને જવું પડે, એમાં કોઇનું કશું ન ચાલે ! દુઃખ તો લાગે પણ દા'ડા જાય એટલે દુઃખનું પાણી ઓસરતું જાય !"

"અરે એ વાત નથી, બીજી વાત છે."

"બીજી વાત ? ત્યારે મારી મા તો સાજી છે ને ?"

"એ તો તારા માટે કંસાર રાંધવા બેઠી છે."

"તો મારી બહેનને કશું થયું છે ?"

"ના રે ના, એ પણ મજામાં છે, પણ વાત એવી બની છે કે "તારી ધર્મપત્ની રાંડી છે !"

લલ્લુશંકરના માથે આભ તુટી પડયું.

તેણે મિત્રને કહ્યું કે "મંછારામ, હું ચૌદ વિદ્યા ભણી ગયો પણ કોઇ શાસ્ત્રમાં લખેલું નથી કે પત્ની રાંડે ત્યારે એના પતિએ શું કરવું ? તું અનુભવી છો તેથી તું જ રસ્તો બતાવ !"

મંછારામે રસ્તો બતાવ્યો : "તારે માથે-મોંઢે કપડું ઢાંકીને ગામનો દરવાજે આવે ત્યાંથી પોંક મુકતાં ઘર સુધી જવું કોઇ પૂછે કે કોની પોંક મૂકો છો તો કહેવું કે મારી ધર્મપત્ની રાંડી છે !"

લલ્લુશંકરે મંછારામની સલાહ જબ કર્યું.

ઘરે એની બાલવિધવા બહેન તો વર્ષો બાદ કાશીથી પંડિત બનીને આવતાં ભાઇનું સ્વાગત કરવા દ્વાર ઉપર જ ઉભી હતી. પણ ભાઇને પોંક મૂકીને આવતો જોઇ ગભરાઇ ગઇ. તેણે પુછયું : "ભાઇ, અત્યારે આનંદનો અવસર છે, પોંક શેની મૂકો છો ? શું કાંઇ ગંભીર બન્યું છે ?"

"હા ભગિની, ભાઇએ કહ્યું : મારી પત્ની રાંડી છે !"

બહેને કહ્યું : "ગાંડા થયા છો કાંઇ ? તમારા જીવતાં તે મારી ભાભી રાંડતી હશે ?"

ભાઇએ ધડાકો કર્યો : "મારા જીવતાં તું રાંડી તો મારી જોરી કેમ ન રાંડે ?"

આ વાત આજે અમને એટલા માટે યાદ આવે છે કે આજના કાળમાં પણ આવા ચોટદાર સવાલો કરનારા હયાતી ધરાવે છે. છેલ્લા કેટલાક સમયથી ૧૮ પાનાઓનો એક નિબંધ આવો ગાંડો સવાલ કરતો ચોરી–છુપીથી લોકોના હાથમાં ફરી રહ્યો છે સવાલ કરનારે પોતે લલ્લુશંકરમાં ન ખપી જાય માટે પોતાની ઓળખ છુપાવવાનું પસંદ કર્યું છે. છતાં આ સવાલ પાછળ છેલ્લા કેટલાક વર્ષોથી વૈચારિક તંદુરસ્તી ગુમાવી બેઠેલા એક આચાર્યશ્રીનું ભેજું ચાલી રહ્યું છે એમ લેખકમાનસ કહી રહ્યું છે. અને જેઓની વૈચારિક તંદુરસ્તી જોખમમાં મૂકાઇ છે એવા બહુ સંખ્ય મહાનુભાવોનો એને ટેકો છે એવું એક નંબરની ચર્ચાઓમાં સ્પષ્ટ રીતે ચર્ચાઇ રહ્યું છે. સ્વદ્રવ્યથી જિનપૂજા કરવી જોઇએ એમ કહીને પણ દેવદ્રવ્યથી જિનપૂજા શા માટે ન થાય ? આ સવાલ ચીપીયો પછાડીને અઢાર પાનાનું લખાણ લોકોને પુછી રહ્યું છે.

લલ્લુશંકરના જમાનામાં એ પોતાની સગી ભગિનીને પુછી શકતો હતો કે 'મારા જીવતાં તું રાંડી તો મારી જોરી કેમ ન રાંડે ? આજે કોઇ પણ માણસ લોકોને પુછી શકે છે : " સ્વદ્રવ્યથી જિનપૂજા થાય તો દેવદ્રવ્યથી શા માટે ન થાય, બોલો જોઉં ?"

લલ્લુશંકરને એના પ્રશ્નોનો જવાબ આપવાનું ત્યારના ડાહયા માણસોએ ટાળ્યું હતું. અને કદાચ એ જ એનો જવાબ હતો, જો સમજે તો ! ત્યારે આ પઠિત મૂર્ખોને એમના મૂર્ખ સવાલનો કોઇ જવાબ આપવાની જરૂર દેખાય છે ખરી ? જાગતાં મૂતરતાં માણસ માટે આયુર્વેદના કોઇ ગ્રન્થમાં દવા લખી નથી. આ રોગ માટે એક જ શબ્દ વાપરી શકાય અને તે છે—

" અચિકિત્સ્ય ! "

સુધારો :– વિશેષાંક પ્રથમ પેજ ૨૦૧ માં જામનગરના પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. ની પૂણ્યતિથિ તથા પૂ. પં. શ્રી ભદ્રશીલ વિજયજીના સમાધિ પૂર્વ કાલધર્મ નિમિત્તના મહોત્સવમાં નિશ્રા લખવી રહી ગઇ છે તે 'પૂ. પં. શ્રી ગુણશીલ વિજયજી ગણિવર આદિની નિશ્રામાં' તેમ વાંચવું.

મર્યાદાનું ગૌરવ

—પૂ. આચાર્યદેવ શ્રી પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મ.

શૂરા અને સત્તાઓની ભોમકા તરીકેનું ગૌરવભર્યું બિરુદ પામનારી સોરઠની ધરતી પર આવેલા ગોધમા-ડુંગરની કોતરો, ગુફાઓ અને આજુબાજુનો પ્રદેશ જ્યારે નામચીન બહારવટિયા ગીગા મહીયાની હાક-ધાકથી થરથર ધ્રુજતો હતો, ત્યારે બનેલો આ એક પ્રસંગ છે.

ગોધમા પહાડની તળેટીમાં અનેકાનેક ગામડાંઓ વસેલા. એમાનું જ એક નાગડી ગામ ! આ ગામમાં એક દહાડો લખમી નામની કણબણ કન્યા તાજી પરણીને આવી. એનું પિયર દૂરનું હોવાથી ગીગા મહીયાના નિર્દય નામ-કામની તો એને જાણકારી જ કયાંથી હોય ! એથી એક બપોરે એ લખમી દર-દાગીના પહેરીને ખેતરે ભાત લઇ જવા માટે તૈયાર થઇ. સાસુએ એને ચેતવી : વહુ-બેટા ! દર-દાગીના પહેરવાનો આ વખત નથી. અહીં તો ગીગા મહીયાની ટોળકી બાજની આંખે મતી જ હોય છે ! માટે સાદો પહેરવેશ પહેરીને ભાત આપવા જવામાં જ ડહાપણ છે.

લખમી વહુએ બચાવ કર્યો : સાસુજી ! ગીગોમહીયો વળી કયા ખેતરનું ચકલું છે ! એ કરી કરીને શું કરી શકવાનો છે ? અત્યારે જ તો અમારા માટે દર-દાગીના પહેરવાના દહાડા ગણાય ને ? કદાચ એ ગીગો સામે મળી જાય, તો હું ય એક કણબણ કન્યા છું. મારા કાંડામાંય બળ છે.

સાસુને થયું કે, આ છોકરી જાણતી કંઈ નથી, ને તાણે છે ઘણું ! એથી એમણે જરા કડકાઇથી કહ્યું : એ બધી શેખી મારવી રહેવા દો. આ ગીગો મહીયો તોગીગો મહીયોજ છે ! તમારા જેવા કેટલાંયના દાગીના એણે ઉતરાવ્યા છે ? રાજના સિપાઇઓ પણ થરથર ધ્રુજે છે, ત્યાં તમે વળી એની સામે શી રીતે ટકી શકવાના છો ? માટે મારું કહ્યું માનો, ને આ દરદાગીના ઉતારી દો. એ ગીગલો કંઈ તમારો બાપ થતો નથી કે, તમારી પર રહેમ નજર કરે ! માટે ડાહ્યા થઇને દાગીનાનો મોહ મૂકો, નહિ તો જીવથી જશો !

સાસુને સાસુની આ શિખામણ પાછી આપતા લખમીએ કહ્યું : મારો બાપ મને લુંટે તો ભલે લુંટતો ! આમ બીક રાખીએ, તો પહેરેલે લુગડે જ ફરવું પડે !

લખમીમાં યુવાનીનું લોહી ઉછળી રહ્યું હતું. સાસુમાં એને વધુ પડતી કાયરતાનું દર્શન થયું અને સાસુની શિખામણ આડા કાન કરીને એ તો ખેતરે ચાલી નીકળી. પગમાં પાયલ રણઝણી રહ્યા હતા. હાથમાં નવલખાં કંકણ શોભતા હતા. કેડે સોનાનો કંદોરો અને છાતીએ હાર હતો.

મસ્તકને મોતીની માળથી અને ભાલને સૌભાગ્ય ચાંલ્લાથી શોભાવતી લખમીને રૂમઝુમ-રૂમઝુમ ચાલી જતી સૌ જોઇ જ રહ્યા.

ગીગાના સાગરીતો પહાડની ઉંચી ઓલોલોમાં ભરાઇ રહીને બાજની આંખે શિકારની શોધ કરવામાં તો પાવરધા જ હતા. એમની નજરે ભાત દેવા જતી આ લખમીને પકડી પાડી. દેહ પર દાગીનાનો પાર ન હતો. સૌ હસી ઉઠયા. એક સાગરીત પવનના વેગે ગીગા મહીયા પાસે પહોંચી ગયો. બધી વાત સાંભળીને ગીગો મહીયો ધનુષ-બાણ ખભે નાખીને નીકળી પડયો.

વૈશાખ-જેઠની બળબળતી બપોર હતી. રસ્તો સાવ સૂનો હતો. ગીગો મહીયો એક વડલાની ઘેઘૂર ઘટામાં છૂપાઇ ગયો. ભાત દેવા ખેતર ભણી આગળ વધતી લખમી જ્યાં વડલા નીચે આવી, ત્યાં જ ગીગાએ નીચે ભૂસકો માર્યો. લખમી એકદમ ગભરાઇ ગઇ. એને થયું કે, કોઇ ભૂતે ભૂસકો માર્યો કે શું ?

ગીગાને તો લખમીનું કંઇ કામ નહોતું, એને તો એના દર-દાગીના સાથે જ સગપણ હતું. એથી એણે કેડે ભરાવેલી તલવાર તાણીને કહ્યું : ઊભી રહે. બેન ! આ દર-દાગીના ઉતારીને પછી આગળ વધ ! હું અહીંનો ક્ષેત્રદેવ છું. મારી આટલી પૂજા કર્યા વિના તું આગળ નહિ વધી શકે ?

લખમીના કાન આગળ સાસુની શિખામણ અથડાવા માંડી. પણ હવે ગભરાઇ જવાથી ચાલે એમ ન હતું. એણે હિંમતથી પ્રશ્ન કર્યો : ભાઇ ! હું તો આ ઊભી. પણ તમે છો કોણ ? થોડી ઓળખ તો આપો !

ગીગાને થયું કે, આ કોઇ અભુઝ અજાણ છોકરી લાગે છે, જેથી મને ઓળખતી પણ નથી ! એણે ગર્વભેર કહ્યું : બેન, આશ્ચર્ય થાય છે કે, તું મારી ઓળખાણ માંગે છે ! આ ગોઘમા ડુંગરાનો સિંહ હું ગીગો છું. માંડ અઠારવટાએ તો રાજ્ય આખામાં રાડ પડાવી દીધી છે, ને તું મને ઓળખતી નથી ! હું ગીગો મહીયો છું.

આશ્ચર્યનો નિરવધિ ભાવ વ્યકત કરતા કરતા લખમીએ કહ્યું : ઓહ ! તમે પોતે જ ગીગા મહીયા ! તો તો મારી સાસુએ ભાખેલું ભાવિ સાચું પડયું કહેવાય ?

'ભલી બેન ! તારી સાસુએ વળી મારા માટે કેવું ભાવિ ભાખેલું ? શું એ કોઇ જોષી-ડોશી છે ?'

ગીગાએ આશ્ચર્ય વ્યકત કરીને જિજ્ઞાસુભાવે પ્રશ્ન કર્યો લખમીના મનમાં કંઇક સ્વસ્થતા સળવળી. એણે કહ્યું :

'ભાઇ ગીગા ! જ્યારે હું ભાત દેવા ખેતરે જવા નીકળી. ત્યારે મારી સાસુએ મને આ બધાં દાગીના કાઢવાની ચેતવણી આપેલી. મેં એ ચેતવણીને હસી કાઢી. ત્યારે એમણે જરા કડકાઇથી મને કહેલું કે,

ગીગલો કંઈ તારો બાપ થતો નથી કે, તારી પર રહેમ નજર કરીને લુંટયા વિના તને જવા દે ! મેં ત્યારે થોડો છણકો કરીને જવાબ વાળેલો કે, મારો બાપ મને લુંટે, *તો ભલે લુંટતો ! પણ હું તો આ દાગીના* પહેરીને જ એતરે જઈશ !'

ભાવિ–વાણીમાં ઉચ્ચારાયેલા 'બાપ' શબ્દે ગીગાને વિચારમાં મુકી દીધો. એ ઊંડા વિચારમાં ઉતરી પડયો : રે ! હું તો બાપ બન્યો. પછી આ દીકરીને મારાથી લુંટાયા જ કેમ ? દીકરીને તો બાપ ઉપરથી આપ, હું જો બાપ બનીને આ દીકરી પાસેથી દર–દાગીના લુંટી લઉં, તો મારું બાપ તરીકેનું ઝિરૂક ભૂંડી રીતે કલંકિત થયા વિના ન જ રહે !

વિચારમગ્ન બનેલા ગીગા મહીયાને લખમીએ કહ્યું : તમે તો ક્ષેત્રદેવ ગણાવ ! એથી પૂજામાં આ દરદાગીનાનો સ્વીકાર કર્યા વિના તમે મને થોડા જ છોડો એમ છે ? માટે લઇ લો આ બધા દરદાગીના ! ભાત ઠંડો થઇ રહ્યો છે. ખેતરમાં મારી રાહ જોવાઇ રહી હશે ? લો, બાપ ! લો, આ તમારી પૂજા ! ને લખમીએ એક પછી એક ઘરેણાં ઉતારવા માંડયા. એની આંખનો એક ખૂણો આંસુથી ભીનો ભીનો બની રહ્યો.

ગીગા મહીયાએ હાથના ઇશારાથી લખમીને ઘરેણા ઉતારવાની ના કહી. અને પોતાની આંસુભીની આંખને લુંછતા એણે દર્દભીના સ્વરે કહ્યુ : તારું નામ તો હું જાણતો નથી. પણ તારી સાસુની ભવિષ્યવાણી મુજબ હું તારો પિતા ઠર્યો, એટલે તું મારી દીકરી બની. જો બાપ બનીને હું તને લુંટું, તો તો પછી મારા જેવો નિર્દય અને માનવતાનું દેવાળું કુંકનારો બીજો કોઇ ન મળી શકે ! હું લુંટારો છું, હું બહારવટિયો છું, એ જેટલું સાચું છે, એટલું સાચું એ પણ છે કે, હું માનવ છું. મારેય મારી મર્યાદાનું ગૌરવ સાચવવાનું છે.

લખમી ઉઘમાંથી જાણે સફાળી જાગતી હોય, એવા ભાવ સાથે પૂછી બેઠી : એટલે શું માત્ર એક 'બાપ' શબ્દને સાચો ઠેરવવા તમે મને દીકરી માનવા તૈયાર થયા છો અને ઘરેણાં ઉતારવાની ના કહી રહ્યા છો ?

'હા. દીકરી ! હા. હું આ બધું પૂરી સભાનતાથી બોલી રહ્યો છું. જે દહાડે આ ધરતી પર બહારવટું ખેડનારો પોતાની મર્યાદા ભૂલી જશે, એ દહાડે એ કમોતે મરશે અને લોકો ગીધડાથી ચૂંથાયેલા એના શબ પર થૂંકશે. લુંટારા હોવા છતાં અમારી કીર્તિ–કથાઓ આજે જન જીભે ગવાય છે, એ અમારી વીરતાને નહિ, અમારી મર્યાદાને આભારી છે ! માટે હું ગીગો મહીયો તને 'દીકરી' તરીકે સ્નેહથી સંબોધીને કહું છું કે, તું હવે નિર્ભયતાથી જઈ શકે છે. સુખ–દુઃખની ઘટમળ સમા આ સંસારમાં કોઇ દહાડો તને આધાર કે આશરાની જરૂર પડે, તો આ ગીગાના રહેઠાણને પિયર માનીને ચાલી આવજે ! તારી સાસુએ ભલે કટાક્ષમાં મને 'બાપ' કહ્યો, પણ તને હું સાચી રીતે 'દીકરી' નો

હરજલે આપું, એમાં જ મારી મર્યાદાનું ગૌરવ છે. અમારામાંના ઘણાં બહારવટિયાઓ જ્યાં એક માત્ર આ મર્યાદાનું જ ગૌરવ સાચવવા હસતે મોઢે પ્રાણનો ત્યાગ કરવા જતા પણ ખચકાયા નથી, ત્યાં મારો આ ત્યાગ તો શી વિસાતમાં છે ?'

ગીગો મહીયો જાણે બહારવટિયો હોય જ નહિ, એ રીતે લખમી પર લાગણી દર્શાવી રહ્યો. એણે પોતાના સાગરીતોને કહ્યું કે, આ દીકરીને ખેતર સુધી વળાવી આવો ! જેથી હું સંતોષનો શ્વાસ લઈ શકું !

લખમીના આશ્ચર્યનો અને આનંદનો પાર ન રહ્યો. એને હરજંગલમાં બાપ કરતાય સવાયા–સહારાનો ભેટો થઈ ગયો હતો. ગીગામાં રહીને ભલે એક બળવાખોર–બહારવટિયાનું દર્શન થયું હોય, પણ લખમી તો એનામાં સગાબાપનું જ પ્રતિબિંબ જોઈ રહી ! એના અંતરમાંથી અહોભાવ ભર્યો એક ઉદ્‌ગાર સરી પડ્યો :

'શાહુકારોમાં જ નહિ, સોરઠના સૌભાગ્ય–તિલક તરીકે શોભવાની લાયકાત મર્યાદાનું આ જાતનું ગૌરવ જાળવતા આવા બહારવટિયાઓમાં પણ નહિ હોય શું ?'

'જૈન શાસન' અઠવાડિકને હાર્દિક શુભેચ્છા :

શાહ જમનાદાસ ભાઈચંદ

કે. જે. બી. બીજનેસ

વિનાયક બંગલા શાહુપુરી–૬

ત્રીજી ગલ્લી– કોલ્હાપુર

અમારિ પ્રવર્તનની ગુજરાતમાં જય

જૈન ધર્મના મહાપર્વ પર્યુષણ અંગે ગુજરાત સરકારે જીવદયાનું મહત્વસમજી ૬ દિવસ કતલખાના બંધ રાખવા નિર્ણય કરેલ તેને મટન મર્ચન્ટ એસોસીયને પડકારતાં કોર્ટે તે બંધારણીય છે તેમ આદેશ આપતાં અહિંસા અમારિ પ્રવર્તનની જય થઇ છે શ્રી કુમારપાલ મહારાજાએ શ્રી પૂ હેમચંદ્ર સૂ. મ. ના ઉપદેશથી ૧૮ દેશમાં અમારિ પ્રવર્તન કરાવેલ તથા શ્રી અકબર બાદશાહે હિંદુસ્તાનમાં ૬ માસ કતલખાના બંધ કરાવેલ હતા હિંસા એ કોઇનો હકક નથી દરેક જીવને જીવવાનો અધિકાર છે તેમના પ્રાણલેવાનો અધિકાર કોઇનો નથી. કોર્ટની કાર્યવાહી સંદેશ તા. ૧૫-૯-૯૩ના દૈનિકમાં આવી છે તે અત્રે જાણ માટે આપી છે.

મટન મર્ચન્ટ એસોસિયેશનની રિટ ફગાવી દેતી હાઇકોર્ટ

પર્યુષણ નિમિત્તે ૬ દિ' કતલખાનાં બંધ રાખવાનો નિર્ણય બંધારણીય

અમદાવાદ, મંગળવાર જૈનોના પવિત્ર પ્રસંગ-પર્યુષણ પર્વનિમિત્તે તા. ૧૨ મી સપ્ટેમ્બરથી ૧૬મી સપ્ટેમ્બર સુધી કતલખાનાઓ બંધ રાખવા માટે રાજ્ય સરકારે જુદી જુદી મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને પાઠવવામાં આવેલા આદેશને પડકારતી ઓલ ગુજરાત મટન મર્ચન્ટ એસોસીએશન અને જમીલ કુરેશ દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં રિટ અરજી કરતા હાઇકોર્ટના ન્યાયમૂર્તિ શ્રી એસ. ડી. દવેએ રાજ્ય સરકાર દ્વારા પાઠવવામાં આવેલ આદેશને માન્ય ગણી અરજદારોની રિટ અરજી ફગાવી દીધી છે અને કતલખાનાઓ બંધ રાખવાના નિર્ણયને બંધારણીય ઠરાવ્યો છે.

અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘના માનદ ઇન્સ્પેકટર ગીતાબેન બચુભાઇ રાઝીયાની ગત માસ દરમિયાન થયેલી કરપીણ હત્યાના પગલે ગેરકાયદે કતલખાનાઓ સામે સમગ્ર રાજ્યભરમાંથી અહિંસા પ્રેમીઓએ તીવ્ર પ્રત્યાઘાત પાઠવી રાજ્ય સરકારને ગેરકાયદે ચાલતા કતલખાનાઓ સામે કડક પગલાં ભરવાની માગણી કરી હતી. આ દરમિયાન જૈનોના પવિત્ર પર્વ પર્યુષણ તા. ૧૨મીથી શરૂ થતાં રાજ્ય સરકારના શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ તરફથી જુદા જુદા જૈન સંઘો અને સમાજના અગ્રણીઓ શ્રી ચીનુભાઇ શાહ તથા લાલચંદ શાહ દ્વારા થયેલી રજૂઆતને ધ્યાનમાં રાખી તા. ૧૨મી, તા. ૧૬મી સપ્ટેમ્બર સુધી અને ડિસેમ્બર

જૈન સમાજના આગેવાનોની રજૂઆતના સંદર્ભમાં તા. ૩૦મી સપ્ટેમ્બરના રોજ આનંદ ચતુર્થીના દિને એમ. કુલ ૯ દિવસ માટે ગુજરાતની મહાનગરપાલિકાઓ અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર અને ભાવનગરના મ્યુનિસિપલ કમિશનરોને અને નગરપાલિકાઓના પ્રમુખ અને વહીવટદારોને એક પરિપત્ર દ્વારા આદેશ પાઠવ્યો હતો.

આ આદેશ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડીંગ કમિટીએ જનરલ બોર્ડની મંજૂરીની અપેક્ષાએ ઠરાવ પસાર કરી શહેરમાં ચાલતાં કાયદેસરના કતલખાનાઓ બંધ રાખવા નિર્ણય કર્યો હતો. સુરતની મહાનગરપાલિકાએ પણ આ મુજબનો ઠરાવ પસાર કર્યો હતો.

રાજયનો ઉપરોકત નિર્ણય ભારતના બંધારણના અનુચ્છેદ ૧૪ અને ૧૯ (૧) (જી) તથા ૨૧ મુજબ મૂળભૂત અધિકારોનો ઉલ્લંઘન કરતો હોવાનો મુદ્દો ઉપસ્થિત કરી ઓલ ગુજરાત મટન મર્ચન્ટ એસોસીએશનના સેક્રેટરી શ્રી ગુલામ રસુલ હાજી જનુભાઇ અને ખાસ બજાર જમીતુલ કુરેશ (છોટી જમાત)ના પ્રમુખ શ્રી નુરમહંમદ કમાલભાઇ બાદશાહે ગત સપ્તાહે ગુજરાત હાઇકોર્ટમાં રિટ અરજી કરી મૂળભૂત અધિકારો મુકત રીતે વેપાર ધંધો કરવાનો, તેમ જ કાયદાનું સમાન રક્ષણ પૂરું પાડવા તેમ જ કાયદા સમક્ષ સમાનતા ગણવાની દાદ માગી હતી. આ દાદમાં એવો આક્ષેપ કર્યો હતો કે આ નિર્ણય દ્વારા રાજય જૈન મતદારોની લાગણી જીતવા માગે છે. પરિણામે આ પ્રકારે મુકત વેપાર-ધંધા પર લાદવામાં આવેલ નિયંત્રણ ગેરબંધારણીય છે.

આ રિટ અંગેની વિસ્તૃત સુનાવણી આજ રોજ હાઇકોર્ટ ન્યાયમૂર્તિ શ્રી એન. ડી. દવે સમક્ષ નીકળતા થોડા સમય અગાઉ ગુજરાત હાઇકોર્ટ સમક્ષ આવા જ મુદ્દા પર રિટ થઇ હતી અને તે વખતે હાઇકોર્ટે કતલખાનાઓ બંધ રાખવાનો નિર્ણય ગેરકાયદે ઠરાવ્યો હતો. જેની સામે પક્ષકારો સુપ્રીમ કોર્ટ સમક્ષ અપીલ કરી હતી. આ અપીલ અંગે સુપ્રીમ કોર્ટે એવું ઠરાવ્યું હતું કે, ધાર્મિક કારણોસર કતલખાનાઓ બંધ રાખવાની મ્યુનિસિપલ કમિશનરને સત્તા છે. બંધારણના અનુચ્છેદ ૧૯ (૧) (જી) મુજબના અધિકારને કોઇ જ બાધ આવતી નથી અને આ પ્રકારનું નિયંત્રણ મુકી શકાય છે. મુંબઇ પ્રોવીન્સીયલ એકટની કલમ-૪ અન્વયે મ્યુનિસિપલ કમિશનરે આવી સત્તા અન્વયે કરેલો હુકમ વાજબી છે.

તાજેતરમાં હાઇકોર્ટ સમક્ષ અરજદારોએ કરેલી રિટ અરજીમાં પણ આ જ પ્રકારના મુદ્દાઓ રજૂ કરવામાં આવ્યા છે. તેને નજર સમક્ષ રાખી સર્વોચ્ચ અદાલતના ચુકાદાને ધ્યાનમાં લઇ અરજદારોની રિટ ફગાવી દેવામાં આવે છે અને રાજય તરફથી કતલખાનાઓ બંધ રાખવા માટેના

લેવાયેલા નિર્ણય બંધારણીય ગણવામાં આવે છે.

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન તરફથી એડવોકેટ શ્રી એસ. એન. શેલતે એવી દલીલ કરી હતી કે, બી. પી. એમ. સી એક્ટ મુજબ કતલખાના બંધ કરવાની સત્તા આપી છે. ૪૬૬ હેઠળ મ્યુનિ. કમિશનરને ઓર્ડર કરવાની પૂરતી સત્તા છે.

રાજસ્થાન સરકારસાએ સ્ટે

રાજસ્થાન સરકારે એક લાખથી ઉપરની આવક ધરાવતા ટ્રસ્ટમાં હસ્તક્ષેપ કરવાનો નિર્ણય લીધો હતો.

આ સામે રાજસ્થાન હાઇકોર્ટે સ્ટે આપેલ અને જન આંદોલન મોટા પાયા પર થયુ હતુ જેનાથી ૨ ફેબ્રુઆરી ૧૯૯૩ ના બહાર પાડેલ જાહેરનામુ પાછું ખેચી લીધુ હતુ અને આમ ટ્રસ્ટો ઉપર રાજસ્થાન સરકારે કબજો જમાવવાનો વિચાર હાલ પુરતો માંડી વાળ્યો છે.

જૈન શાસન દ્વારા શાસન તત્ત્વને સમજાવતા જૈન શાસનને શુભેચ્છા...

શાહ વેલચંદ
લુંબાજી ગાંધી

સરાફી દુકાન
૨૧૮ ભીંડી ગલ્લી, ગુજરી
કોલ્હાપુર

જૈન શાસનના રક્ષાના કાર્યમાં અડિખમ
જૈન શાસનને હાર્દિક શુભેચ્છા...

શાહ મનસુખલાલ
મણીલાલ

(શ્રી તરલાબેન)
ગોળના વેપારી કમીશન એજેન્ટ
૬ વોર્ડ શાહુપુરી
કોલ્હાપુર ૪૧૬૦૦૧

ગુજરાત સરકારને ધન્યવાદ

સર્વે જીવદયા પ્રેમી નાગરિકો જાગૃત બનો.

ગુજરાત સરકારે જી. આર. નં. અમન-૮૦૮૮-૪૪૩૮-પી તા. ૪-૯-૯૩ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ ગાંધીનગર દ્વારા તા. ૧૨-૯-૯૩ થી તા. ૧૬-૯-૯૩ અને તા. ૩૦-૯-૯૩ના રોજ એમ કુલ નવ દિવસ સમગ્ર ગુજરાતમાં કતલખાના બંધ રાખવા આદેશ આપેલ છે. હવે, જીવદયા પ્રેમીઓનું કર્તવ્ય છે કે રાજ્યમાં કોઇપણ ઠેકાણે વેટાં-બકરા, વાછરડા-વાછરડી, ભેંસ-પાડી, ગાય આદિની કતલ થતી દેખાય તો તરત જ નજીકના પોલીસ સ્ટેશન અથવા કંટ્રોલરૂમને જાણ કરવી અને ગુનેગારને યોગ્ય સજા મળી શકે તે માટે જાગ્રત રહેવું અતિ જરૂરી છે. આ દેશમાં કાયદાઓનો ભંગ કરવા-વાળાઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. જાગૃત નાગરીકની જવાબદારી છે કે તે આવા ગેરકાયદેસર પશુઓની કતલ રોકવા આગળ આવે તેમજ પ્રત્યેક ગામમાં જીવદયા પ્રેમીઓની સ્થાપના કરવી. ગુજ-રાત રાજ્યમાં પશુરક્ષા માટે કયા કયા કાયદાઓ છે તેની જાણ કરી લેવી જોઇએ જેના આધારે લાખો જીવોને આપણે વગર પૈસે અભયદાન અપાવી શકીએ.

ગુજરાત રાજ્યમાં બોમ્બે એનીમલ પ્રિઝર્વેશન એકટ ૧૯૫૪ના આધારે કોઇ-પણ ઉંમરની ગાયને તથા વાછરડા-વાછરડીને કતલ કરી શકે નહી, કતલ માટે ઓફર કરી શકે નહી, તેમજ કતલમાં સહાયભૂત થઇ શકે નહી એવો સ્પષ્ટ કાયદો છે તેમજ ૧૬ વર્ષથી નીચેની ઉંમરના બળદની પણ કતલ કરી શકાય નહી, સદરહુ કાયદાનો ભંગ કરનારને રૂા. ૧૦૦૦/-નો દંડ અને ૬ માસની સજા થઇ શકે છે. આ કાયદો પાસ કરાવી લેવાની જરૂરી જવાબદારી સરકારશ્રીની તો છે જ. પણ જનતાનું કર્તવ્ય છે કે અબોલ પ્રાણી ઉપર ચાલતું ઘાતકીપણું અટકાવવા આ એકટ સમજી લેવો જરૂરી છે. બોમ્બે એનીમલ પ્રિઝર્વેશન એકટ કલમ ૫-૮-૧૦ આધારે ગેરકાયદેસર કતલ કરનાર સામે પગલા ભરવા જોઇએ, તેમજ ટ્રકોથી પશુની પાસ પરમીટ વગર હેરાફેરી કરવા ઉપર પણ પ્રતિબંધ છે. મોટર વ્હીકલ એકટની કલમ ૧૨૩-૪૩-૬૧-૧૧૨ પ્રમાણે ગુનો દાખલ કરી શકાય તેમજ પાસ પર-મીટ હોય તો પણ ટ્રકમાં ૬ થી વધુ બળદ, ભેંસ, પાડા-પાડી ભરી શકાય નહી, વધારે ભરેલ હોય તો પ્રાણી ક્રુરતા નિવારણ અધિનિયમ ૧૯૬૦ સેન્ટ્રલ એકટની કલમ ડી. ઇ. એફ. અને તેમજ ૩૮ [૩] પ્રમાણે સામેવાળા ઉપર કેસ કરી પશુઓને રાહત આપી શકાય. કોઇપણ વ્યકિતને એમ લાગે કે ઉપરોકત કાયદાનો ભંગ થઇ રહયો છે, તો તરત જ નજીકના પોલીસ સ્ટેશનને ખબર કરવી. પર્યુષણ પર્વ દરમ્યાન માંસ, મટન વેચાતું દેખાય તો તરત જ પોલીસના

કંટ્રોલરૂમને જાણ કરવી અને પોલીસ વિભાગ ની જવાબદારી છે કે સરકારશ્રીના ફરમાન પ્રમાણે કાયદાનું પાલન ન થતું દેખાય તો તરત જ સખ્ત પગલા ભરી જનતાની ભાવનાને સંતોષ આપે.

કાયદાના પાલન માટે પોલીસ અધિકારીનો સહકાર ન મળે તો તેમનું નામ, પોલીસ સ્ટેશનની જાણ તરત જ અખિલ ભારતીય હિંસા નિવારણ સંઘ, અમદાવાદ ફોન નં. ૪૭૨૪૦૮ તેમજ હિંસા વિરોધક સંઘ, નગરશેઠનો વંડો, અમદાવાદ-૧ ફોન નં. ૩૬૪૨૨૬ ઉપર કરવી.

લિ.

અખિલ ભારત કૃષિ-ગો સેવા સંઘ,

ભારતીય વિદ્યા ભવન, મુંબઇ-૪૦૦૦૦૭.

(સંદેશ તા. ૧૦-૬-૯૩)

શુભેચ્છક સહાયક :-

દલીચંદ લક્ષ્મીચંદ કોઠારી ઘાટકોપર પ્રેરણાથી

રૂા. ૫૦૦-	શાહ અરજણ નોંધાભાઇ સત્રા મ. ગાંધી રોડ, લલીતકુંજ ઘાટકોપર	મુંબઇ-૮૬
રૂા. ૫૦૦-	આકાર શિલ્પ સીવીલ એન્જીનીયર્સ એન્ડ કોન્ટ્રેક્ટર્સ ૧૨ 'શકિત' ડો. ભરતસિંહ કોલોની રોડ અંધેરી પૂર્વ	મુંબઇ-૯૩

શુભેચ્છક

રૂા. ૧૦૦-	શાહ કામજી અરજણ છેડા ખોત લેઇન, પટેલ એપાર્ટમેન્ટ ૠા. ફલોર ઘાટકોપર	મુંબઇ-૮૬
રૂા. ૧૦૦-	શાહ કાનજી ભારમલ છેડા ન્યુ વસંત એપર્ટમેન્ટ ૠા. ફલોર ગરોડીયા નગર	મુંબઇ ૭૭
રૂા. ૧૦૦-	જયન્તિલાલ છગનલાલ ૩- ખટાઉ એપાર્ટમેન્ટ ન્યેષી લેન ઘાટકોપર	મુંબઇ ૮૭

-: સહાયક શુભેચ્છક :-

રૂા. ૫૦૦-	સંઘવી માણેકચંદજી ભભુતમલજી ૪૧૬ બી. વોર્ડ સંઘવી હોસ્પીટલ ભવાની મંડપ	કોલ્હાપુર

શુભેચ્છક :-

રૂા. ૧૦૦	રતનબેન બાબુલાલ ગુંદેચા પ્રતિભા નગર બાબુલ છાંયા પ્લોટ નં.-૧૧	કોલ્હાપુર

- રાગથી પ્રેમ જન્મે. રાગ એ કારણ છે અને પ્રેમ એ કાર્ય છે. રાગમોહનીયના ઉદયથી પ્રેમ જન્મે. પ્રેમવાળી વસ્તુ મળે તો રતિ જન્મે અને પ્રેમવગરની વસ્તુ મળે તો અરતિ જન્મે. રતિમોહનીય અને અરતિ મોહનીય તે પાપ છે.
- શરીર પર જેને પ્રેમ હોય તે મોહથી મૂઢ છે. સમજણ વગરનો છે, તેને હિતા-હિતની ખબર નથી તેથી તેની બધી પ્રવૃત્તિ દુઃખ માટે જ થાય.
- દુનિયાદારીના રાગના કારણે જ મોટોભાગ મંદિરમાં જાય છે, પૂજાદિ કરે છે કેમ કે તેને સાંભળ્યું છે કે આ-આ કરીએ તો સુખ મળે. તેથી અસલમાં તેને રાગ ભૂંડો નથી લાગ્યો.
- મોહની મૂઢતા ખરાબ વસ્તુ પર રાગ કરાવે. મોહની મૂઢતા ટળે અને વિવેક પેદા થાય તો તે સારી ચીજ પર રાગ કરાવે. મોહની મૂઢતા ગાઢમિથ્યાત્વના ઉદયથી થાય. વિવેકની પ્રાપ્તિ તે ગાઢમિથ્યાત્વના ક્ષયોપશમથી થાય !
- તમને કોના કોના પર રાગ-દ્વેશ આદિ છે તેના પરથી સમજાય કે રાગમોહનીય-દ્વેષ મોહનીય આદિનો તમે સદુપયોગ કરો છો કે દુરૂપયોગ કરો છો ?
- તમને સંસારની જ સામગ્રી ગમતી હોય, ધર્મની સામગ્રી ન ગમતી હોય, સંસાર સાચવવાનું મન હોય, ધર્મ સાચવવાનું મન ન હોય તો સમજી લેવું કે તમે મોહથી મૂઢ છો.
- તમને ઘર-બાર, પૈસા-ટકાદિ પર જ પ્રેમ હોય તો તમે મોહથી મૂઢ જ છો. મંદિરાદિમાં એટલા માટે જ જાવ છો કે સંસાર વધે. તેવી જ રીતે અમને ય શરીર પર, માન-પાન, ખ્યાતિ-પ્રતિષ્ઠાદિ પર પ્રેમ હોય તો અમે ય મોહથી મૂઢ છીએ. અને એટલા માટે સાધુ થયા છીએ કે અનંતો સંસાર વધે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/O શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

૫૨૨૬ વ.(-(-૨. વ.(-(-૩. Received on 9/10/93 SAT

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

પંડિત કોણ ?

पवण पहल्लिरकमलग्ग-
लग्गजललवचलम्मि जीयम्मि ।
कल्ले काह धम्मं,
को भणइ सकण्ण विण्णाणो ?

પવનથી હણાયેલા કમલના પાંદડાના અગ્ર ભાગ ઉપર લાગેલા પાણીના બિંદુની જેવા ચંચલ આ જીવનમાં 'હું કાલે ધર્મ કરીશ' આવું કોઇ પણ જાણકાર પંડિત માણસ બોલે ખરો !

વર્ષ ૬

અંક ૯

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

SHRI KAILASSAGARSURI GYAN MANDIR * KOBA-382009 9-10-93

એક ચિંતણ

'विषयासुहेसु य रज्जइ, सो दोसो रागदोसाणं'

'અનાદિથી જીવ વિષય સુખોમાં રાગી થાય છે તે રાગ-દ્વેષનો જ દોષ છે.'

જે વિષયસુખો અતિગોપનીય-લજ્જાકર-નિંદનીય, બીભત્સક-જુગુપ્સનીય છે તેમ જાણવા-અનુભવવા છતાં પણ જીવ તેમાં જ આસકત બનતો હોય, તેમાં જ સુખ માનતો હોય તો તે સંસારના સુખો ઉપરનો અતિ ગાઢ રાગ જ કારણ છે. જો જીવ મોહના કારણે આંધળો ન બન્યો હોય અને રાગાદિમાં જ સુખ ન માનતો હોત તો તેવી વિષમદશા કયારેય ન થાત. આ રાગાદિનું આત્મા ઉપર એટલું બધું પ્રબલ આધિપ્ય છે કે જીવ સાચું સમજી શકતો જ નથી. જન્મથી અંધ માણસને કદાચ જેટલું નુકશાન નથી થતું તેટલી ભયંકર પાયમાલી રાગાદિથી આંધળા બનેલા જીવોની થાય છે. આત્માને ગુણોની સન્મુખ નહિ થવા દેનાર અને પ્રાપ્ત ગુણોથી વિમુખ કરાવનાર જો કોઇ દુષ્ટ પાપાત્મા જેવા હોય તો આ રાગાદિ જ છે.

સમર્થશત્રુ પણ જેટલું નુકશાન નથી કરતો તેનાથી કંઇગણું અધિક નુકશાન અનિગૃહિત—મોકાળુ બનેલા રાગ-દ્વેષ કરે છે. રાગાદિને આધીન બનેલાની કેવી દયાજનક સ્થિતિ થાય છે તે સૌના અનુભવમાં છે. રાગાદિ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી મેળવવાના મનોરથો અને પ્રાપ્ત થયા પછી તેના વિયોગ ન થઇ જાય તેની ચિંતા. જેની આધીનતા એક માત્ર ચિંતા વિના બીજું કાંઇ જ ફળ આપે તેમ નથી તો તેને કયો પંડિતજન આધીન થાય ? જો તેને જ આધીન થાય તો તેને પંડિતજન કઇ રીતના કહેવાય ! દુનિયામાં પણ કહેતી છે કે-'ભુખ્યા ન જુએ એંઠો ભાત, રાગ ન જુએ જાત-કજાત' રાગાદિની પરવશતાથી જીવ કેવી કેવી આજીજી-ચાપલુસી-મશકા પોલીશ કરે છે તે તો સૌના અનુભવમાં છે. જ્યાં સુધી આ રાગ જ ભયંકર છે, મને નુકશાન કરનાર છે તેમ ન સમજાય ત્યાં સુધી સાચી સમજ આવવી સુદુર્લભ છે. માટે જ જ્ઞાનીઓ કહે છે કે-જો આ રાગાદિ ન હોત તો કોણ દુઃખોને પામત ! કોણ આ નાશવંતા--ક્ષણિક-અપાય બહુલ સુખોથી અંજાઇ જાત ! અને કોણ મોક્ષને ન પામત !

મોટે હે આત્મન્ ! આંતરચક્ષુઓના અજ્ઞાનના પડલ દુર કરી, રાગાદિના વિપાકોને વિચારી, તેનાથી મુકત થવા પ્રયત્ન કરીશ તો રાગાદિ જે શત્રુભૂત હતા તે જ સાચા મિત્રની ગરજ સારશે અને તેની જ સહાયથી તું તારી સિદ્ધિને નજીક બનાવીશ.

—પ્રજ્ઞાંગ

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજય [illegible] મહારાજાની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા [illegible] ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુટકા
(અંજાર)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(વઢવાણ)
ચાંદમલ પદમશી ગુટકા
(ચાંદગઢ)

વર્ષ ૬] ૨૦૪૯ દ્વિ. ભાદરવા વદ-૪ મંગળવાર તા. ૫-૧૦-૯૩ [અંક ૯

: પૂ. શ્રી બાપજી મહારાજાના ગુણાનુવાદ :

પ્રવચનકાર :- પ. પૂ. આ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓ અને એ પરમ તારકોએ ભવ્ય જીવોના એકાન્તે કલ્યાણને માટે સ્થાપેલ શાસન જગતમાં જયવંતુ છે. પરન્તુ આ સંસાર જેવો છે તેવા સ્વરુપનો ભાસ પણ ન થાય ત્યાં સુધી તારક એવું આ શાસન કે શ્રી અરિહંત પરમાત્મા લાભરૂપ બની શકતા નથી. એટલું જ નહિ એવા પણ જીવો હોય છે જેઓ શ્રી અરિહંત પરમાત્માને અને આ તારક શાસનને પણ સંસારનું જ કારણ બનાવે છે. સાધુને ય સંસારનું કારણ બનાવે છે, ધર્મને પણ સંસારનું કારણ બનાવે છે. જેને શાસન ગમી જાય તેઓ જ ધાર્યું કામ સાધી જાય છે.

આજે જે મહાપુરુષની વાત કરવી છે તેમને અહીંવાળા ઘણા લોકો જાણે છે તેમની વાતો પણ જાણે છે, છતાં ય યાદ રાખતા નથી. આ મહાપુરૂષ આ જ ભૂમિ ઉપર જન્મેલા, અહીં જ વિરાગી થયેલા અને પરમપદને પામવા માટેનું આરાધન પણ આ ભૂમિ ઉપર કરેલ અને સ્વર્ગવાસ પણ આ જ ભૂમિ ઉપર પામેલા. તમે લોકો ઘણું યાદ નથી રાખતા માટે ઘણું ભારે થાય છે.

અમદાવાદ શહેર ધર્મપુરી–જૈનપુરી ગણાય છે. વર્ષોથી તે નામના છે. જે મહાપુરૂષના ગુણ ગાવા છે તે અહીં ઘણો સમય રહ્યા છે. એમને જો સંસાર ભૂંડો ન લાગત તો સાધુપણું મળત ખરું ? પૂ. શ્રી બાપજી મહારાજા સાધુ શી રીતે બન્યા તે ખબર છે ? વર્તમાનમાં ધર્મ કરનારા મોટા ભાગને સંસાર ભૂંડો લાગ્યો છે તેનું નથી. આ બધા ધર્માત્માઓ બેઠા છે. બધા એકી અવાજે બોલે કે– ' આ સંસાર તો મહાભૂંડો છે તેમાં

શંકા જ નથી. કર્મથી ઘેરાયેલા છીએ માટે અને સંસારમાં રહ્યા છીએ પણ સંસારમાં રહેવું અમને પસંદ નથી, કમને જ રહ્યા છીએ'– તો મને ઘણો આનંદ થાય.

આમનો જન્મ ધર્મી કુટુંબમાં થયેલો. પણ આજના ધર્મી કુટુંબો 'સાધુપણું એ જ ધર્મ છે' એ વાત માનતા પણ નથી અને જાણતા પણ નથી. જો આવું જાણતા હોત તો આટલા જ સાધુ હોત! મારું તો માનવું છે કે, આ બધા બેઠા છે તે બધ સાધુ હોત! તમે આપણી પરંપરા જાણો છો? શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનથી શ્રી અજીતનાથ સ્વામિ ભગવાન થયા ત્યાં સુધીમાં પચાસ (૫૦) લાખ કોડ સાગરોપમ કાળ થયો. તેમાં અસંખ્યાતા રાજાઓ થયા. એમાં એક રાજા એવો નહિ કે જે સાધુ થયો ન હોય. એટલું નહિ સાધુ થઇને કાં મોક્ષે કાં સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયો ન હોય,

શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનને દાદા કહીને બોલાવો છો ને? વારંવાર શ્રી સિધ્ધગિરિજી દોડો છો ને? ઓછામાં ઓછા એકવાર તો જરૂર ને? કેમ? અટ સાધુપણું મળે માટે ને? જૈન કુટુંબમાં જન્મનાર આ ક્ષેત્રમાં રહેનાર જૈનત્વ પામ્યા વિના રહે એ કયારે બને? શ્રી અરિહંત પરમાત્મા જેવા દેવ મળે, આવું તારક શાસન મળે અને જૈનત્વ પામ્યા વિના મરે– એ બને ખરું? પણ વર્તમાનમાં બની રહ્યું છે ને? જો તમે બધા જૈનત્વ પામ્યા હોત તો એક ઘર બાકી ન રહત કે જ્યાંથી સાધુ થયા ન હોય! પણ આજે તો આ ક્ષેત્રમાં સાધુની જે વિટંબણા કરાય છે તે બોલાય તેવી નથી. અહીં તો સાધુ–સાધ્વીને સંયમ દુર્લભ બને તેવી વ્યવસ્થા કરાઇ રહી છે. સાધુ–સાધ્વી ન રહી શકે તેવી પ્રવૃત્તિ ચાલી રહી છે. જૈન શાસનમાં તો સાધુપણું એ જ ઉત્તમ કોટિનો ધર્મ છે પણ તે વાત આજે બોલાય તેમ છે? જૈનકુલાદિમાં તો સાધુપણું પામવું સહેલું છે તે વાત પણ કેટલા માને?

અહીંના બધા મા–બાપોએ પોતાના સંતાનોને કહેલું કે– "અહીં ભગવાનનાં મંદિરો ઘણા છે, ઉપાશ્રયો ઘણા છે, સાધુ–સાધ્વીની હાજરી પણ કાયમ હોય છે, ધર્મોપદેશના પ્રવાહોનો ધોધ રોજ ચાલુ છે. અમે રોજ જઇએ છીએ પણ હજી અમને કાંઇ અસર થઇ નથી, અમારું ઠેકાણું પડયું નથી. પણ તમે બધા રોજ જાવ, સાધુ મહારાજ ના સહવાસમાં આવો, ધર્મ સાંભળો, ધર્મ ગમી જાય–રૂચિ જાય અને વૈરાગ્ય થઇ જાય તો ખુશીથી અમને કહો તો અમે મહોત્સવ કરીશું" આવું કેટલા જૈન મા–બાપોએ કહેલું?

એક વાત સમજી રાખો કે ભગવાનની સાધુ સંસ્થા આખા જગતને આધાર રૂપ છે. સાધુ વિના ધર્મ સ્થપાય નહિ માટે ભગવાન એક રાત્રિમાં બાર યોજન ચાલીને અપાપા નગરીમાં આવ્યા. સાધુ વિના ભગવાન શાસન સ્થાપે નહિ. સાધુ વિના ધર્મ

ચાલે પણ નહિ શાસન ચલાવવા સાધુ તો જોઈએ જ. શાસન સાધુ હોય ત્યાં સુધી જ ચાલે. સાધુપણું એ જ ધર્મ. શ્રાવકપણું તો ધર્માધર્મ છે. ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરૂ જેટલો. તેથી તમારે મન સાધુપણું અને આજ્ઞા મુજબ જીવતા સાધુઓ બહુ કિંમતીને? તમને સાધુ વિના તો ચાલે જ નહિ ને? તેમના બળે જ જીવવાનું તેમ હૈયામાં લખાઇ ગયું ને? આ **બધા જો સાધુ–સાધ્વી સંસ્થાના બળે જીવનારા બને તો સાધુ–સાધ્વી સંસ્થામાં બરાબી ન પેસે.** પણ આજના ઘણા શ્રાવક–શ્રાવિકાને સાધુ–સાધ્વીના બળે જ જીવવાનું છે તે વાતની ખબર જ નથી. આ મહાપુરુષ ના સહવાસમાં રહેલા–આવેલા તો આ વાત જાણતા જ હોય ને? **સાધુ–સાધ્વીના બળે જીવે તે જ શ્રાવક–શ્રાવિકા!** જેને સાધુ–સાધ્વીનો ખપ નહિ તે વળી શ્રાવક–શ્રાવિકા કેવા? આ શહેરમાં સાધુ–સાધ્વીનો ખપ નહિ તેવા શ્રાવકો ઠીક ઠીક સંખ્યામાં છે અને તે બધા પાછા નામાંકિતમાં ગણાય છે. તેની ભારે ગરબડ છે. તેથી જ આ ધર્મપુરીને કલંક લાગે તેવાં કામો થઇ રહ્યા છે.

આ મહાપુરુષ કઇ રીતના દીક્ષાને પામ્યા તે વાત સમજાવવી છે. તેમની દીક્ષા તેમના ધર્મપત્નીને આભારી છે. તેમના કુટુંબે તો તેઓ સાધુ ન થાય તે માટે જ પ્રયત્ન કરેલો. તેઓ સંસારમાં રક્ત બને તે માટે તેમની નામરજી છતાં ય લગ્ન કર્યા. કુટુંબમાં દીક્ષાની વાત કરે તો ખાવા ધાય– તેવા કુટુંબો વર્તમાનમાં ધર્માત્મા ગણાય! પાંચ ભાઇઓમાં તે નાના હતા. આ વિદ્યાશાળાના સ્થાપક સુબાજી પાસે ધાર્મિક અભ્યાસ કરી ને તેઓ વિરાગી બનેલા. તેમને જોયું કે મારે સાધુ થવું ઘણું મુશ્કેલ છે. તે સમયે સાધુઓ પણ થોડા અને કુટુંબના ભયથી બધા સાધુઓ આમને દીક્ષા આપતા ડરતા. કુટુંબની આજ્ઞા વિના પણ ઉંમર યોગ્ય થતાં દીક્ષા આપી શકાય નહિ તેવી ખોટી કલ્પનામાં તમે રહો તો અધર્મ જ પામો. પૂ. પં. શ્રી મણિવિજયજી દાદાએ પણ કુટુંબના ભયથી ના પાડી, તેથી આમને ઘરમાં જ સાધુના કપડાં પહેરી લીધા. તેથી કુટુંબીઓએ તે વેષ કાઢવા ઘણી મથામણ કરી પણ તેમને ન જ કાઢયા. તેમના મોટા-ભાઇ તો તેમની છાતી ઉપર ચઢી ગયા. તે વખતે તેમના ધર્મપત્નીએ કહ્યું કે, 'આ તો હદ થાય છે.' તે બધા કહે કે– 'તારૂં શું થાય?' તો તેમને કહ્યું કે– 'આમને જવું હોય તો ભલે જાય હું પણ સાધ્વી થવાની છું.' પછી તે બધા ઠંડા પડયા અને આ રીતના તેઓ સાધુ બન્યા. સાધુ થયા પછી પણ તેમના કુટુંબની મોટી નામનાને કારણે કોઇ સાધુ કે ઉપાશ્રય રાખવા તૈયાર ન થયા. છેવટે ઝાંપડાની પોળના ઉપાશ્રયે રહ્યા. અને પછી પૂ. પં. શ્રી મણિવિજયજી મહારાજની પાસે દીક્ષા લીધી અને પૂ. શ્રી સિદ્ધિવિજયજી મહારાજના નામે તેમના સૌથી નાના શિષ્ય તે થયા. તે માટે જ જ્ઞાનિઓ

કહે છે કે, જેની વૈરાગ્ય ભાવના પ્રબળ હોય, યોગ્ય ઉંમર હોય તો મોહમગ્ન માતા-પિતાદિ કુટુંબીઓ દીક્ષાની આડે આવતા હોય તો તેમની સંમતિ વિના પણ દીક્ષા આપી શકાય!

વર્તમાનમાં તો જે સાધુઓ મકકમ બનશે, ભગવાનની આજ્ઞા મુજબ જીવશે તે જ સારી રીતના જીવી શકશે. બાકી તમને જે આધીન બનશે તે પોતાનું ય ગુમાવશે અને તમારું ય ગુમાવશે. જ્યાં પોતાના સંયમમાં બાધ ન પડે ત્યાં જ રહેવું તેમ જો બધા સાધુઓ નકકી કરે તો તમારા આ શહેરનો નંબર જ નીકળી જશે. એકવાર જો તમારો નંબર કાઢી નાખવામાં આવે તો ખબર પડે કે- સાધુઓની કેટલી જરૂર પડે છે. અમદાવાદને ગરજ હોય તો સાધુઓ આવે પછી જૂઓ શું થાય છે? બાકી આજે સાધુઓને બગાડવામાં તમારો પણ ભાગ ઓછો નથી. પછી તમે જ કહો કે, સાધુઓ બગડયા છે. પણ સાધુઓને બગાડનાર છે કોણ?

આ મહાપુરૂષનો આ શહેર ઉપર ઘણો ઉપકાર છે. ઘણો સમય આ શહેરમાં રહ્યા છે. તેમના પરિચયમાં આવનારા આ બધું ન જાણે તે ચાલે? દીક્ષા લીધા પછી તેઓ થોડો સમય ગુરૂની સેવામાં રહ્યા. સુરત-શહેરમાં શ્રી રત્નસાગરજી મહારાજ બીમાર પડતાં તેમની સેવામાં ગુર્વાજ્ઞા શિરોધાર્ય કરી ગયા. અને એ જ ચોમાસામાં પૂ. શ્રી ભવ્ય-વિજયજી દાદા સ્વર્ગવાસી થયા. તેઓના મનમાં પોતાના ગુરૂનો અંતિમ વિયોગ ગુરૂ ગૌતમની જેમ અપાર વેદના જગાવી ગયો.

જો તમે બધા સમજુ થઇ જાવ તો કાલથી ઘણો સુધારો થઇ જાય. શ્રાવક કોનું નામ? શ્રાવક તો સંયમના પૂજારી હોય! સાધુના પૂજારી હોય. સારા સાધુનું તો સન્માન જ કરે. શાસ્ત્રાજ્ઞાથી વિરૂદ્ધ વર્તનાર સાધુથી તો આઘા રહે, સમજાવવા પ્રયત્ન કરે, ન સમજે તો પણ તેમની નિંદા તો ન જ કરે. જેમ તમે સાધુઓની નિંદા કરો છો તેમ સાધુઓ તમારી નિંદા કરવા માંડે તો કેવો દાવાનલ સળગે! સુસાધુઓને તો આવાઓની દયા આવે છે કે- "બિચારા! પાપોદયથી શું બોલે છે તેનું ભાન નથી. હાથે કરીને સંસાર વધારે છે. તેમનું શું થશે?" તે જ ચિંતા તેમના હૈયે હોય છે. જેવા તમે બન્યા છો તેવા સાધુઓ બને તો તમે કયાં ઉભા રહો?

જે શ્રાવક, ભગવાનની આજ્ઞા મુજબ ચાલતા સુસાધુઓથી આઘો રહે, તેને ય જો શ્રી સંઘનો આગેવાન બનાવાય તો તે ચાલે? ખરેખર આગેવાન તે કહેવાય જે સાધુ-સાધ્વીના સંયમની જ ચિંતા કરે. સંઘને સાચા માર્ગે દોરે. સાચા સાધુનો, સાધુતાનો પૂજારી હોય. ખોટા સાધુઓના સંસર્ગથી દૂર રહે. જો તમે બધા આવા બની જાવ અને

ખોટા સાધુઓને એકલા પાડી દો. તેમનાથી આપો આપ ખસી જાવ તો ય ઘણા ખોટા સાધુ સુધરી જાય, ઠેકાણે આવી જાય. ખોટો માર્ગ ગ્રહણ કરી તમે તો ધર્મને કલંક લગાડો છો. આ મહાપુરૂષને માનનારા તેમના ગુણ ગાનારા આવા હોય તે ચાલે ?

એકવાર હું અને પૂ. આ. શ્રી મનોહરસૂરીશ્વરજી મહારાજ બેઠા હતા ત્યાં એક ભાઇ આવ્યા. તેમણે અડધો કલાક સુધી આ આવા, આ તેવા તેમ બધી વાતો કરી. પછી પૂછે કે સુધારવાનો ઉપાય છે ખરો ? મેં કહ્યું કે– ઉપાય છે. તમારે જાતે જ બધા ધર્માચાર્યોની સેવામાં લાગી જવાનું. સાધુઓ તો જગતના, શાસનના આધાર છે માટે. તમારે જ જવાનું તમારા માણસે પણ નહિ જવાનું. કારણ તમારી પોતાની પાસે પુણ્ય–પ્રભાવ–સામગ્રી બધું છે. જો કોઇ ધર્માચાર્ય આનાકાની કરે તો તેમની આજ્ઞામાં રહેલા બધા સાધુ–સાધ્વીનું લીસ્ટ બનાવવાનું અને બધાને પૂછવાનું. તમારા જેવા આ કામ જાતે કરે તો સુધારો થઇ જ જાય. પણ પછી તે ભાઇ ગયા તે ગયા પાછા દેખાયા નહિ.

જે શહેરમાં આવા મહાપુરૂષો થયા. આટલા ધર્માત્માઓ વસે, ભાગ્યશાલિઓએ ઘણા મંદિરો અને ઉપાશ્રયો બંધાવ્યા. અહીં દરરોજ જુદા જુદા ઉપાશ્રયોમાં જુદા જુદા વિષયો ઉપર ધર્મદેશનાના પ્રવાહનો સખત ઘોધ વહે, જ્યાંનો શ્રી સંઘ એ બધા સંઘોનો આધાર ગણાય. ત્યાં જો આવી સ્થિતિ હોય તે કેમ ચાલે ? જેવું તમે કરો છો તેનો દાખલો લઇ બધા સંઘોવાળા કરવા માંડે તો શું થાય ? પૂ. શ્રી બાપજી મહારાજના ગુણગાન ગાઇએ છીએ તો તેમને જે દિક્ષામાર્ગ બતાવ્યો તે મુજબ ન ચાલીએ તો ? આ તો નિસ્પૃહ મહાપુરૂષ હતા. તેઓને પંન્યાસ પદવી પણ બહુ સમજાઈને અપાઇ હતી. અને આચાર્યપદ તો કેમ અપાયું તે તો હું જ જાણું છું, બહુ સમજાવીને આચાર્યપદ આપવામાં આવ્યું હતું

મોટી ઉંમરે બીજા લોકો તપ છોડે તો તેમને મોટી ઉંમરે પણ તપ ચાલુ રાખ્યો હતો. સિત્યોતેર (૭૭) વર્ષની ઉંમરે વર્ષીતપ શરૂ કરેલ અને જીવનના અંત સુધી તપ ચાલુ રાખેલ. જ્યારે સ્વર્ગવાસ થયો ત્યારે તો ચોવિહાર ઉપવાસ હતો. આવા તો તે તપસ્વી હતા. તેમનો સ્થિરવાસ અહીં થયો. તમને તો તેમની રોજની છાયા મલી હતી. જ્યારે જ્યારે ભગવાનની આજ્ઞાથી વિરૂદ્ધ બોલું થતું હતું તો તેઓ બોલ્યા કે– 'ભયંકર ખરાબ થાય છે' ખરેખર અવસર આવે ત્યારે તમે શું કરશો તે કહેવાય તેમ નથી–સાથે રહેશો કે ભાગી જશો ? આજની જે હવા છે તેથી શાસનમાં શું શું થશે તેનું વર્ણન થાય તેમ નથી.

તમે બધા સાધુ–સાધ્વી સંસ્થાના ભગત છો કે દુશ્મન છો ? ભગવાનની આજ્ઞા મુજબ જીવતા સુસાધુઓનો જેને ખપ ન હોય તે સંઘમાં ગણાય ખરા ? સારા માણસો જો રોજ ઉપાશ્રયમાં આવતા થઇ જાય તો બાર આની સુધારો થઇ જાય. અને મોટા

સુખી અને આગેવાન ગણાતા માણસો સમય કાઢીને રોજ ઉપાશ્રયે જતા-આવતા થાય તો મહા સુધારો થઇ જાય. તેમની પાસે પુણ્ય છે પણ તેનો ઉપયોગ બીજે કરે છે.

સાધુ-સાધ્વી એ શાસન છે કે શ્રાવક-શ્રાવિકા એ શાસન છે ? સંઘમાં પ્રધાન સાધુ-સાધ્વી હોય કે શ્રાવક-શ્રાવિકા હોય ? તમે બધા સાધુ-સાધ્વીના સેવક તો ખરા ને ? શ્રાવક-શ્રાવિકા એ સાધુ-સાધ્વી સંઘની રક્ષા, મંદિર-ઉપાશ્રયાદિ ધર્મ સ્થાનોની રક્ષા, સાચવવાની જવાબદારી આદિ કાર્યો ભગવાનની આજ્ઞા મુજબ કરવાના છે કે પોતાની મરજી મુજબ કરવાના છે ? સાધુ પણ ભગવાનની આજ્ઞા મુજબ ચાલનારા, શાસ્ત્રાજ્ઞા પ્રમાણે ચાલનારા જોઇએ કે તમારું કહ્યું માનનારા જોઇએ ? ભગવાનનું શાસન તો એટલું અદ્‌ભૂત છે કે તેને આપણી સુંદર ચિંતા કરી છે. બધાનું હિત થાય અને અહિત ન થાય તેની પૂરી કાળજી રાખી છે. મંદિર કેમ બાંધવું, કેમ સાચવવું તે શાસ્ત્રમાં લખ્યું નહિ હોય ? ભગવાનની પૂજા કેમ કરવી તે પણ લખ્યું નહિ હોય ? ધર્મસ્થાનોની વ્યવસ્થા કેમ કરવી તે પણ લખ્યું નહિ હોય ? વહીવટ પણ કેમ કરવો તે ય લખ્યું નહિ હોય ? ભગવાનનું બંધારણ મંજુર ખરું કે નહિ ? તમને કદાચ શાસ્ત્ર વાંચવાની કુરસદ નહિ હોય પણ સુસાધુને પૂછવાની અને તેમનું માર્ગદર્શન મેળવવાની કુરસદ ખરી ને ?

આવા મહાપુરૂષના પરિચયમાં આવેલા, સેવામાં રહેલા આવા હોય તે ચાલે ! આવા મહાપુરૂષના સહવાસમાં આવેલાને કેમ જીવાય તે ય આવડી જાય. તમને ખબર નહિ હોય પણ તેઓ વિધિ-વિધાનના જાણકાર હતા. જેને **શાસની પરવા નહિ તેવા સાધુથી શાસન ચાલ્યું નથી અને ચાલવાનું પણ નથી.** કુસાધુના સહવાસમાં આવવું નથી પણ નિંદા તો કોઇની ય કરવાની નહિ. પણ આજે તો જે ખોટા છે, ઊંધા માર્ગે છે તે ય બધાને તે માર્ગે લઇ જવાનો ધંધો કરે છે. તેમના વિચારને અનુકૂળ વર્તે તે જ સારા બીજા બધા ખોટા... અરેરાટ... ! આ કામ છડે ચોક ચાલે છે અને અમારા આ બધા શ્રાવકો તેમા સંમતિ આપી રહ્યા છે.

અ. વાત નહિ સમજે અને પૂ. શ્રી બાપજી મહારાજને હાથ જોડો તો તે બેનો મેળ જામે ? તેમના જીવતાં જે બનાવો કલંક લગાડનારા થયા તેમાં હૈયાને કેટલું દુઃખ થયું હતું તેની અબર છે ખરી ? તમે તો બધે હાજી... હા... જી... કરો તો પૂ. શ્રી બાપજી મહારાજના તપ-જપ આદિની છાયા તમારા પર શી ? તેમને માનનાર શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ વાતોમાં સંમત હોય ? તેમની સ્વર્ગતિથિ આપણે ઉજવીએ તે બરાબર કે રસ્તે ચાલનાર ઉજવે તે બરાબર ? રસ્તે ચાલનારની તો પ્રશંસા પણ નિંદારૂપ બને.

આ બધા આગેવાન શ્રાવકોને પૂછવાનું કે–ભગવાન શ્રી મહાવીરદેવની પચ્ચીશમો (૨૫૦૦) મી જયંતિ ઉજવવાની તડામાર તૈયારીઓ થઇ રહી છે. કોણ ઉજવે છે તે જાણો છો ? જેઓ જાય છે તે શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુઓની, શાસનની આજ્ઞા મુજબ જાય છે કે મરજી મુજબ જાય છે ? તમે બધા જાહેર કરો કે–અમારો મૂર્તિપૂજક સાધુ સમુદાય એક નિર્ણય ન કરે, સર્વસંમતિ ન આપે તો તેમાં ભાગ લેવાય જ નહિ. અમારા મોટાભાગના બધા સાધુઓ, ધર્માચાર્યો આની વિરુદ્ધમાં છે, માત્ર ગણ્યા ગાંઠયા જ તેમને મળી ગયા છે. અમારી સાધુ સંસ્થાનું એક સંગઠન ન રહેવા દીધું તેમાં તમે જ લોકો નિમિત્ત છો. અમને તો સર્વાનુમતિ–બહુમતિ કે લઘુમતિ મંજુર નથી પણ અમને તો શાસ્ત્રમતિ જ મંજુર છે.

ભગવાન શ્રી મહાવીરદેવની ચતુર્મુખી મૂર્તિઓ તૈયાર થઇ રહી છે, ઉજવણી સમયે મૂકાશે. કીર્ત્તિસ્તંભોની યોજના થઈ ચૂકી છે. સર્વ ધર્મ સમ અને મમના નારા લગવાઇ રહ્યા છે. વીરની વાણીના કીર્તિસ્તંભો તૈયાર કરાઇ રહ્યા છે સાથે સાથે બુદ્ધની, ક્રાઇસની, ગાંધીની અને નહેરૂની વાણી પણ કીર્ત્તિસ્તંભો ઉપર કોતરાશે. આ બધા પણ સંસારના ઉદ્ધારક ને ! તમે લોકો કાંઇ સમજો છો ? તમારી જાતિની જ કૂજેતી થશે તો તમે શું કરશો ? માટે હજી ડાહ્યા થઈ જાવ તો ય ઘણું કરી શકો તેમ છો. પણ તમારે શાસ્ત્રાજ્ઞાને જોવી જ ન હોય અને મરજી મુજબ જ જીવવું હોય તો કોણ રોકી શકે ? કોઇનું કાંડું પકડાય તેવો આ કાળ નથી. શાનમાં સમજી જાવ તો ઘણું છે.

એકબાજુ ભગવાન શ્રી મહાવીર દેવની અને બીજી બાજુ બુદ્ધની, ક્રાઇસની, ગાંધીની મૂર્તિ લાગશે તો તમે શું કરશો ? તમે તો કહેવાના કે– જમાનાના નામે બધું બરાબર છે. ચાલવા દો શું ધૂળ ચાલવા દે ? આપણો ધર્મ લોકોત્તમ છે, આપણા ભગવાન પણ લોકોત્તમ છે. પણ આજના લોકો આ વાત સમજ્યા ય નથી અને સમજાવવા માગીએ તો સમજવી પણ નથી.

પ્ર. – આપ જ નવું રચનાત્મક કામ કરો ને ?

ઉ. – **ભગવાનની આજ્ઞા મુજબ ચાલવું તે જ અમારું રચનાત્મક છે.** ભગવાનના માર્ગને અનુસરતા સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા જીવે છે. આ રચનાત્મક કામ ચાલુ જ છે. તેમાં શું અટકી પડયું છે ? જેમાં સત્યાનાશ નીકળી રહ્યું છે તે કામમાં શું સુધારો થાય ? વેપારીઓમાંથી નીતિ ગઇ અને અનીતિ આવી, ખાવામાંથી ભક્ષ્ય ગયું અને અભક્ષ્ય આવ્યું. થોડા ઘણા હજી બચ્યા છે તે આવા મહાપુરૂષોનો પ્રભાવ છે અમારે નવું કશું કરવાનું નથી. ભગવાનના માર્ગની આરાધના, રક્ષા અને પ્રભાવના કરવી તે અમારું કામ ચાલું જ છે. શું નવું રચનાત્મક કામ કરવાનું બાકી છે ?

અમે પણ જમાનો જોયો છે. આજથી ચાલીશ–પચાસ વર્ષ પહેલાં વેપારીઓમાં અનીતિ ન હતી, કાળાબજારને તો કોઇ ઓળખતું પણ ન હતું. સોળ આનીની સવા સોળ આની કમાનાર વેપારી સુખી હતો. લોકોના જીવ સંતોષી હતાં. આવી હાય વોય અને દોડા દોડ ન હતી. પાડોશીઓને લોક ઓળખતા હતા. અડધી રાતે જરૂર પડે તો મદદ કરતા અને તેમાં મોટાઇ અનુભવતા હતા, પોતાની જાતને ધન્ય માનતા. આજે પાડોશીને ઓળખે છે કોણ ? પછી તેના કામકાજમાં આવે શેનો ? ત્યારે એક–બીજાને સહાય કરવી, મદદ કરવી તે તેમનો જીવન મંત્ર હતો. જે બધું બગડયું તે છેલ્લાં થોડા વર્ષોમાં બગડયું. આઝાદી આવી પણ ભયંકર ગુલામી લઇને આવી. આ દેશમાં જે પ્રગતિ દેખાય છે અને તેમાં આજના સ્કોલરો અને રાજકર્ત્તાઓ ફુલાઇ રહ્યા છે પણ તેમાં બધું પરદેશનું છે.

આજની દુનિયાની વાત કરવા જેવી નથી. આજના લોકોએ એવા વિનાશક શસ્ત્રો બનાવ્યા છે કે, એક જ પાગલ અલ્પ સમયમાં આખી દુનિયાનો નાશ કરી નાખે આજની મહાસત્તાઓ પણ લોકોને ઊંધે માર્ગે દોરી રહી છે. બહારથી શાંતિની વાતો કરનારા અંદર ખાનેથી ભયંકર અશાંતિ સર્જી રહ્યા છે. એક–બીજાને સંહારવાની વૃત્તિ ધરાવનારા 'શાંતિ દૂત' ગણાઇ રહ્યા છે. કયારે દાવાનલ સળગશે તે કહેવાય તેમ નથી. માટે આજના ગાડરિયા પ્રવાહમાં તણાયા વિના શ્રી જૈન શાસનને સમજશો તો જ કલ્યાણ થશે આ માનવભવ જે મહાદુર્લભ કહ્યો છે તે સફળ થશે.

પૂ. શ્રી બાપજી મહારાજ પણ કહેતા કે–ભગવાનની આજ્ઞા મુજબ ચાલવું– બધાને ચલાવવા તેજ સાચું રચનાત્મક કામ છે. આજ સુધી આ શાસન આપણા સુધી આવી પહોંચ્યું તે આવા બધા મહાપુરૂષોને આભારી છે. આ મહાપુરૂષે, જે પથ્થર પાકયા તેને ઉખેડીને ફેંકી દીધા અને જે મણિ પાકયા તેને જગત સમક્ષ બહાર કાઢયાં.

આજથી પચાસ વર્ષ પહેલાં કાળા બજાર ન હતું, વેપારીમાં નીતિ હતી. ગ્રાહક અને વેપારીને એક મેક પ્રત્યે વિશ્વાસ હતો. જે દિવસે અનીતિ થઇ જતી તે દિવસે પગ ભારે થઇ જતો. હું છેક ૧૯૭૬ થી ચેતવતો આવ્યો છું કે, આજના લોકોની વાતમાં તણાવ નહિ અહિંસાનો ઉપયોગ સ્વરાજ મેળવવા કરાય નહિ. આજે જે રીતના હિંસા ફુલીફાલી છે અને કતલખાના તે પણ ધર્મ મનાઇ રહ્યો છે.

જગત આખું બગડી રહ્યું છે, ભ્રષ્ટાચારમય બની રહ્યું છે. છતાં આજના ભણેલા માને છે કે-જગત સુધરી રહ્યું છે, પ્રગતિ કરી રહ્યું છે. આગળ વધી રહ્યું છે. આપણે બગડી રહ્યા છીએ માટે આપણે સુધરવું જોઇએ. જગત સુધરી રહ્યું છે કે બધાને બગાડવા મથી રહ્યું છે ? તમે બધાં આજની પરિસ્થિતિને જૂઓ અને વિચારો કે–જગત

કયા માર્ગે છે ? જગતમાં મારક પદાર્થો કેટલા છે ? તો તે બધાને શાંતિના પૂજારી કહેવાય ? "વેપારી ચોર છે, બદમાશ છે, અનીતિખોર છે, લુચ્ચા છે" આવું કહેનાર પોતાની જાતને તપાસે.

પ્ર. – આપ બધામાં પણ કયાં એકતા છે ?

ઉ. – હંમેશા એકતાની વાત એવી છે કે, બે ભેગા થઈ શેકસેન્ડ કરે તેમાં એકતા નથી, હૃદયનો ભેદ દૂર થાય તો જ એકતા થાય. તે દિશામાં કામ ચાલુ જ છે. ઉતાવળે કામ ન થાય. અમારી મહેનત ચાલુ છે. મહેનતનું ફળ દેખાશે. અમે એકતાના વિરોધી નથી.

આત્માણી દૃષ્ટિએ છ યે દર્શનોમાં એકતા છે. નાસ્તિક દર્શનની સામે છ યે દર્શનો એક છે. છ યે દર્શનો આત્મા અને મોક્ષને માનનારા પણ છ યે દર્શનોમાં આત્મા અને મોક્ષના સ્વરૂપની બાબતમાં મત– –ભેદ.

અમારો એકતાનો પ્રયત્ન અખંડ ચાલે છે. હૈયામાં બીજો ભાવ હોય અને સાથે બેસે તે વાત સારી નથી.

તમને અનીતિ ગમે છે ? કાળા બજાર ગમે છે ? બે ચોપડા રાખવા ગમે છે ? અમે તો ગામે ગામ ફરનારા છીએ. ઘણાના સંપર્કમાં આવનારા છીએ. પણ આજે તો અમારા શ્રાવકો કહે છે કે– સાહેબ ! અનીતિ ન કરીએ તો ચાલે તેમ નથી. ચોપડા સાચા લખીને બતાવવા જઈએ તો કહે કે, ગયા વર્ષે આટલા હતા અને આ વર્ષે આટલા કેમ ? પછી સાહેબને લાંચ આપીએ તો કામ પતી જાય–આ બધી વાતોમાં અમે ય સંમતિ આપીએ તો અમે પણ તમારા કરતાં વધુ ગુનેગાર ઠરીએ. અમે તો એ જ સમજાવીએ કે– નીતિ પૂર્વક જ જીવવું જોઈએ. તમે સારા બની જાવ તો તેમને ય સુધરવું જ પડે.

તમને ખબર હશે કે– જ્યારે નહેરુ મરણ પથારીએ હતા ત્યારે તેમના ખાસ મિત્ર શ્રી પ્રકાશ તેમને મળવા બે–ચાર દિવસ અગાઉ ગયા હતા. વાત–ચીતમાં શ્રી પ્રકાશે કહ્યું કે– જ્યાં સુધી હું ગવર્નર હતો ત્યાં સુધી મને ભારતના લોકોની સ્થિતિનો ખ્યાલ ન હતો આવ્યો. પણ હવે હું ગવર્નર નથી એટલે ખબર પડી કે, આજના આ ભારતમાં લાંચ ન લેવાનો નિયમ પાળી શકાય પણ લાંચ નહિ આપવાનો નિયમ પાળી શકાય તેવો નથી. સામાન્ય માણસને પણ એક કામ કરાવવું તો તે આપ્યા વિના શકય નથી. આ સાંભળી નહેરુની આંખમાં પણ ઝળહળીયાં આવી ગયેલા. અનીતિ કરવી પડે તેવું છે જ નહિ. બધા સંતોષી બની જાવ તો ય કામ થઈ જાય. ધર્મ

જીવવો છે. અધર્મ કરવો નથી, જે મળે તેમાં જીવવું છે–આટલું નક્કી કરો તો ય મોંઘવારી નડે નહિ.

સંઘ જો સાચું સમજી જાય કે–ભગવાનની આજ્ઞા વિરૂદ્ધ કામમાં ભાગ લેવાય જ નહિ. આગેવાનો પણ સમજી જાય કે, આજ્ઞાવિરૂદ્ધ કામમાં ભાગ લેવાય નહિ. રાષ્ટ્રીય સ્તરે ઉજવાતી ઉજવણી એ અશાસ્ત્રીય છે માટે તેમાં સંઘ પણ દોરાય નહિ, સંઘનો આગેવાન પણ જાય નહિ તો ઘણું બગડતું અટકે તેવું છે. જો તે આગેવાન પણ જો પ્રતિનિધિ તરીકે જાય તો તેનો ય વિરોધ કરવો પડે.

જે મહાપુરૂષના ગુણાનુવાદ ગાઈ રહ્યા છીએ તે પૂ. શ્રી બાપજી મહારાજ પણ કહી ગયા છે કે– **શાસનનું સત પ્રાણ જાય પણ મૂકતા નહિ.** એકવાર તો તેમને મારામાં પણ શંકા પડી ગઇ હતી હું ખંભાત પૂ. આ. શ્રી. વિ. લબ્ધિસૂરીશ્વરજી મહારાજને વંદન કરવા જતો હતો, ત્યાં જતા પૂર્વે પૂ. શ્રી બાપજી મહારાજને વંદન કરવા ગયો તો મને કહે કે– "હું પહેલા લોઢાની તલવારથી લડતો હતો, હવે લાકડાની તલવારથી લડીશ. મેં કહ્યું કે– "આપ આવું શું કહો છો ?" મને કહે કે– "મેં સાંભળ્યું છે કે તું સમાધાન કરવા જાય છે." મેં કહ્યું કે– "સત્યને હાનિ પહોંચે તેવું સમાધાન કરવાનો નથી."

આ મહાપુરૂષના પરિચયમાં રહેલા-આવેલા માખણિયા બને તે ચાલે ? તમે તેમને ગંભીર જોયા હશે. પણ લાલ જોયા છે ? સત્યને વાંધો આવે ત્યારે એવા લાલ થાય કે શાંત કરવા મુશ્કેલ. માટે મારી ભલામણ છે કે સત્ય માર્ગે ચાલવા સત્યનો પરિચય કરો, સાચું–ખોટું સમજો. સાચું–ખોટું ન સમજાય ત્યાં સુધી મધ્યસ્થ રહેવું તે ગુણ. પણ સાચું–ખોટું સમજાઇ ગયા પછી પણ મધ્યસ્થ રહેવું તે સત્યના ખૂન બરાબર છે. સત્યની રક્ષા માટે મહાપુરૂષો લાલ થતા પણ હૈયાથી સાવધ જ રહેતા. **મહાપુરૂષો શાંતિના સાગર છતાં પણ અવસરે તો દાવાનલ જ બને.**

આ દેશમાં એકતા કેટલા વર્ષ ચાલી ? આજની એકતાએ તો એવી ભિન્નતા કરી કે આ દેશના ટૂકડે ટૂકડા કરી નાખ્યા. અમેરિકાના ઘઉં અહીં આવે અને પંજાબના ઘઉં ન આવે. એકતા સાથે સાથે થાય, ખરાબ સાથે ન થાય. **એકતાની વાતોથી એકતા ન થાય. સાથે બેસવું તેનું નામ એકતા નહિ પણ હૈયાના ભાવ તેનું નામ એકતા !** આવી એકતા આર્યદેશમાં હતી. **એકતા જાળવી છે પણ સિદ્ધાંતના ભોગે તો નહિ જ.** આ મહાપુરૂષ પણ ભગવાનની આજ્ઞા મુજબ જીવ્યા, અનેકને જીવાડયા અને આપણને સહુને તે માર્ગે ચાલવાનું કહીને, આજના દિવસે સમાધિથી સ્વર્ગવાસી થયા.

જેઓ મહાપુરૂષોની મર્યાદા તજે, ભગવાનના માર્ગથી વિપરીત ચાલે, વિપરીત ચાલે તેને સાથ આપે તેવા સાથે આપણો મેળ થયો નથી કે થવાનો પણ નથી.

જન્મવું તે કર્મને આધીન, જન્મ આવ્યા પછી જીવવું તે આપણને આધીન, અને મરવું તો આપણને ખૂબ જ આધીન. સારું જીવે તેને મરવાની ચિંતા નથી. સારું જીવવું એટલે ભગવાનની આજ્ઞા મુજબ જીવવું. તેવો જીવ તો મરવા માટે હંમેશા સજ્જ જ હોય છે. આ સિદ્ધાંત આપણે શીખીએ તો આ મહાપુરૂષને આરાધ્યા ગણાય, તેમના થોડા ઘણા ગુણગાન કર્યા તે તેને લાગે. આપણે બધા તેમના પરિવારમાંના જ છીએ. આ મહાપુરૂષ ભગવાનના માર્ગે શાસ્ત્રની આજ્ઞા મુજબ ચાલ્યા, તે મુજબ આપણે સહુ ચાલીએ તો આ સ્વર્ગારોહણ તિથિ–ઉજવી તે સાચી કહેવાય. માટે મારી ભલામણ છે કે, આવા મહાપુરૂષોના પ્રસંગો પામી આપણે સહુ ભગવાનના માર્ગમાં સ્થિર બનીએ, ખોટે માર્ગે જતા હોય તેમને સમજાવીએ, ન સમજે તો તેમને ખૂલ્લા પાડીએ અને શાસ્ત્રાજ્ઞા મુજબ ચાલી સૌ કલ્યાણ પામીએ એ જ ભાવનાથી પૂર્ણ કરવામાં આવે છે.

(શ્રી જિનાજ્ઞાવિરૂદ્ધ કે પૂ. પ્રવચનકાર શ્રીજીના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. –અવ૦)

નોર્થ ઈસ્ટ એરીયા લંડનના ભાઈ બેનો તરફથી રતલામમાં આસો માસની શાશ્વતી ઓળીનું આરાધન તથા સિદ્ધચક્ર મહાપૂજન

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં નોર્થ ઈસ્ટ એરીયા લંડનના ભાઇ બેનો તરફથી અત્રે આસો માસની ઓળીનું સુંદર આરાધન થશે તથા આસો સુદ પ્રથમ ૧૧ સોમવાર તા. ૨૫–૧૦–૯૩ ના શ્રી સિધ્ધચક્ર મહાપૂજન ભણાવાશે. પૂજન માટે જામનગરથી સિદ્ધવિધિકાર શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહ પધારશે. સકલ સંઘને પધારવા વિનંતિ છે.

પોરવાડ વાસ
રતલામ (એમ.પી.)

શ્રી દાનપ્રેમ રામચંદ્રસૂ.
આરાધના ભવન ટ્રસ્ટ

ઋણમુક્તિને ન સમજો તો એ સંયમમુક્તિ બની જશે.

"હરામનું હજમ કરી જવાને ટેવાયેલા હોકેને– આ બાબતમાં [ઋણ મુક્તિનું] તો શું કહેવું ? પણ ઋણમુક્તિની આ વિચારણા પ્રત્યેક સાધુ–સાધ્વીજીઓ કરે તો જૈન–શાસનનો જયજયકાર થઇ જાય.

સાત હજાર સાધુ સાધ્વીજીઓની કોઇ પણ જાતનાં સગાવહાલાં ન હોય તો પણ તમામ પ્રકારથી સેવા શ્રાવક–શ્રાવિકાસંઘ જે રીતે કરે છે તે જોતાં ઘણીવાર તેમના પ્રત્યે-ના અહોભાવથી શિર ઝુકી જાય છે. હજારો નહિ પણ લાખ, બે લાખ રૂપિયાના ખર્ચ-વાળા ઓપરેશનો માટેની વ્યવસ્થા– કોઇ પણ સાધુ, સાધ્વીજી માટે કરાતાં કોઇ પણ સંઘ કાચી સેકંડમાં કરતો હોય છે. વિહારમાં તેમને જરાક પણ અગવડ ન પડે તે માટેની તેમની મોટરો સતત દોડતી રહે છે. તેમને ચાર વાર વાપરવું હોય તો ચારે ય વાર ઉત્કૃષ્ટ વસ્તુઓ વ્હોરાવીને લાભ લે છે. ચોમાસુ બેસતા વખતની ઢગલા-બંધ જરૂરિયાતોની તેઓ વગર વિચાર્યે પૂર્તિ કરી આપે છે. આટલુ બધુ કરનાર જૈનસંઘ માટે કશું ય કરવાનો વિચાર પણ જેમને આવતો ન હોય તે સાધુ સાધ્વીઓ કેટલાં બધાં કૃતઘ્ની કહેવાય ! ચિકકાર પ્રમાણમાં પડાવી લેવું અને કશું ન દેવું એ એ કયાંનો ન્યાય ? પુણ્યવાન સાધુ–સાધ્વીઓએ પોતાની જે પ્રકારની પુણ્યાઇ હોય તેનો છૂટથી ઉપયોગ શાસ્ત્રમર્યાદામાં રહીને જૈન સંઘના હિતમાં કરવો જોઇએ. બાકી ના સાધુ સાધ્વીઓએ ઉત્તમ કોટિનું ચોવીસ કલાકનું સંયમપાલન કરીને તેનાથી ઉત્પન્ન થતા સઘળા પુણ્યપરમાણુઓ જૈનસંઘને દુઃખો દોષો વગેરેમાંથી સર્વથા મુકિત અપાવે તેવી ભાવનાઓ વારંવાર ભાવતા રહીને પણ ઋણમુકત થવા યત્ન કરવો જોઇએ."

ના, ભૂલ ન કરશો. ઋણમુકત થવાની આ હાકલ મારી નથી. આ તો નિતનવાં રપંદનો જાગવા માટે વિખ્યાત એક સંવે-દનશીલ ચિંતકનું લગભગ એક વર્ષ જુનું ચિંતન હાલમાં જ મારા જોવામાં આવ્યું છે,

શ્રુત કેવલી શ્રી શય્યંભવસૂરિ મહા-રાજ ભાખે શ્રી દશવૈકાલિક સૂત્રમાં મુધા-દાયી અને મુધાજીવીની દુર્લભતાનું અને મહાનતાનું વર્ણન કરતા રહે, રપંદનો અને સંવેદનોની દુનિયામાં મસ્ત અને વધુ પડતા ચિંતનમાં વ્યસ્ત આ ચિંતક ઋણ-મુકિતની ગાદલી મજેથી હાંકે રાખે છે. સ્વાર્થ વિના કયાંય કોઇને પણ પૈસો ન

પરખાવવામાં માનતા મોટા વર્ગ માટે ઋણમુક્તિની આ ગાદલી શોભાયાત્રાના સાંભેલા જેવી મનગમતી ભલે ગણાતી હોય, પણ જૈન શાસનને સમજેલો આત્મા આવી ગાદલીમાં બેસવા રાજી હોતો નથી.

ચિંતકના હિસાબે સાધુ સાધ્વીએ એ હવે ઋણમુક્તિ અભિયાન ચલાવવાનું છે. જૈન સંઘ દિવસે દિવસે તેમના માથે દેવાનો ગંજ ખડકી રહ્યો છે. અને તેમણે દેવામુકત બનવા માટે મરણીયો પ્રયત્ન કરવાનો છે. આ તો એવું થયું કે રોજ દેવું માથે ચઢાવતા જાવ અને દેવામુકત બનવાનો પુરૂષાર્થ કરતા જાવ. એના કરતા તો બહેતર એ છે કે દેવું માથે ચઢાવતા જ બંધ થઇ જવું ! જૈન સંઘે પણ સાધુ–સાધ્વીજીઓને દેવાદાર બનાવવાનું કૃત્ય શા માટે કરવું જોઇએ ?

અરી વાત એ છે કે જ્યારથી શ્રાવકોએ નિઃસ્વાર્થભાવે, કેવળ પોતાના આત્માના ઉદ્ધારની બુદ્ધિએ જ પૂજનીય સાધુ સાધ્વીજી મહારાજની વૈયાવચ્ચ કરવાનું છોડી દીધું ત્યારથી માંડીને કેટલા અબુજ સાધુઓને પણ તેમની સેવા ઉપકાર લાગવા માંડી છે. પછી તેમને ઋણમુક્તિના સ્વપ્ના આવવા લાગે તો એમાં આશ્ચર્ય શું છે ? શ્રાવકને પોતાના કામવિના સાધુ પાસે ફરકવું નથી અને સાધુને શ્રાવક માટે કરી છૂટવાનો ચસકો લાગ્યો છે. આ સ્થિતિમાં બિચારા **'ભુધ્ધાદાયી અને ભુધ્ધાજીવી'** શબ્દો ભયંકર રીતે ગૂંગળામણ અનુભવી રહ્યા છે.

અસલમાં માર્ગ એ છે કે શ્રાવકે કેવળ પોતાના આત્માનો સંસાર સાગરથી નિસ્તાર કરવા માટે જ સાધુ ભગવંતોની સંયમસાધનામાં સહાયક સાધનોથી તેમની સેવા કરવાની છે, એમાં કોઇ સ્વાર્થબુદ્ધિ રાખવાની નથી. સાધુ પાસે કામ કઢાવવાની વાત તો દૂર રહી, કામ કઢાવવાની વૃતિ પણ ન હોવી જોઇએ. તો જ શ્રાવકે સાચા અર્થમાં સાધુભગવંતોની સેવા કરી છે એમ કહેવાય

સાધુએ પણ સંયમસાધનામાં સહાયક સાધનોને ગૃહસ્થ પાસેથી સ્વીકારતી વખતે "શ્રાવકોનો દેવદાર બની રહ્યો છું" એવી ખોટી લઘુતાગ્રંથીથી પીડાવાની જરૂર નથી. ઉપરથી સાધુ "ગૃહી દેહોપકારાય" ગૃહસ્થ અને સંયમના સાધનસ્વરૂપ પોતાના દેહના ઉપકાર માટે આહારાદિ ગ્રહણ કરે. **ગૃહસ્થના દાનથી સાધુ ઉપકાર નીચે દબાતો નથી પણ દાન સ્વીકારવાથી ગૃહસ્થ સાધુના ઉપકાર નીચે દબાય છે. સાધુને જે કાંઇ મળે છે તે સંયમના પ્રભાવે મળે છે. લોકો પાસેથી સ્વીકાર્યા પછી જો સાધુ એના દ્વારા સંયમપાલન નથી કરતો તો સાધુ પાપકર્મોથી બંધાય છે.** એમા કારણભૂત ગૃહસ્થોનો ઉપકાર નહિ પણ સંયમનો દ્રોહ કારણ ભૂત છે, જે સંયમના નામ ઉપર મેળવ્યું તે સંયમને ભૂલી ગયો એ ગૂનો છે. શ્રાવકો પાસેથી સંયમસાધક સાધનોને સ્વીકાર્યા પછી સાધુઓએ એના દ્વારા સંયમ

સાધના જ કરવાની છે; એમાં મસ્ત રહેવાનું છે શ્રાવકોના ઋણથી મુકત થવાની કોઈ પ્રવૃત્તિ તેણે કરવાની જરૂર નથી. દુનિયાની ઋણમુકિતને સાધુમાં ઘટાવનાર જૈનશાસન વિષે પોતાનું કેટલું જ્ઞાન છે તેનું વરવું પ્રદર્શન કરે છે

સાધુ જો ગૃહસ્થોને ઉપદેશ આપતા હોય તો તે પણ "ગૃહસ્થનું ખાઈએ છીએ માટે વસુલ કરવું જોઈએ." એ માટે આપતા નથી. પણ અથી આત્મા ધર્મ સમજવા માટે આવ્યો હોય ને યોગ્ય હોય તો અવસરે તેને ઉપદેશ આપવો એવી શાસ્ત્રાજ્ઞા હોવાથી સાધુ ઉપદેશ આપે છે. એ સાધુજીવનનું અવિરૂદ્ધ અંગ પણ છે. **ગૃહસ્થનું ખાઇએ. છીએ અને સેવા લઇએ છીએ માટે તેમના માટે કરી છૂટવું એ સાચુ પરોપકારીપણું પણ નથી તો સાધુપણું તો હોયજ કયાંથી ?**

ગૃહસ્થો પોતાના સંતાનોની ચિંતા કરતા નથી માટે એનું ખાનારા આપણે તેમના સંતાનોની ચિંતા કરવી જોઇએ એમ સમજીને આખા ગામના છોકરાઓની ચિંતા માથે રાખીને ફર્યા કરવું આ વૃત્તિ અને વર્તન સાધુપણાથી બાહ્ય છે. જેને સાધુપણાનો સાચો ખ્યાલ નથી એવા જ માણસો આવી ક્ષુદ્રપ્રવૃત્તિઓમાં રાચે, આનંદ માને. સ્વાર્થબુદ્ધિ વિના સાધુને ગોચરી એ પણ નહિ લઈ જનારા શ્રાવકો, સાધુને વહોરાવ્યા પછી એના વળતર તરીકે પોતાના કામ કરાવનારા શ્રાવકો અને શ્રાવકની સેવા લીધી છે, લઇએ છીએ એની ઋણમુકિત માટે શ્રાવકોના છોકરા રમાડનારા સાધુઓનું જૈનશાસનમાં કોઇ સ્થાન નથી.

મુધાદાયી અને મુધાજીવીનો મહિમા જો હજી પણ સમજવામાં નહિ આવે અને ઋણમુકિતને રવાડે ચઢી ગયા તો સાધુ અને શ્રાવક વચ્ચે નો ભગવાને સ્થાપેલો પવિત્ર અને અનુપમ સંબંધ વિચારોમાંથી પણ લુપ્ત થવા માંડશે એમાં કોઇ શંકા નથી.

: વનરાજી :

કોઇ પણ જાતના
બદલાની ઇચ્છા વિના આપનારા–
મુધાદાયી,
અને ફકત સંયમપાલન માટે જ
જીવનારા—મુધાજીવી આત્માઓ
આ દુનિયામાં દુર્લભ હોય છે.
મુધાદાયી અને મુધાજીવી આત્માઓ
મૃત્યું પામ્યા પછી સદ્‌ગતિને
પ્રાપ્ત કરે છે.

—શ્રી શય્યંભવસૂરિ મહારાજ

જૈન રામાયણના પ્રસંગો

(૯) હિંસાત્મક યજ્ઞનો ભંજક મહારાજા રાવણ —શ્રી ચંદ્રરાજ

કાન ખોલીને સાંભળી લે જે કે--"આ યજ્ઞ તારાથી કરી શકાશે નહિ, અને છતાં પણ જો તું આ યજ્ઞ કરીશ તો સમજી રાખજે કે આ જનમમાં જિંદગીભર તારે મારા કેદ ખાનામાં સબડવું પડશે અને પરલોકમાં જહન્નમમાં (નર્કમાં) જવું પડશે."

રાવણની આ ભયંકર અને અલંઘ્ય આજ્ઞાનું ઉલ્લંઘન કરવાની તેવડ મરૂત્ત-રાજામાં ન હતી. અને તેથી જ યજ્ઞમાં જીવતા હોમી દેવા મંગાવેલા પશુઓને તેણે જીવતાને જીવતા છોડી મૂકયા.

વાત જાણે એમ હતી કે–

રેવા નદીના કિનારેથી દિગ્વિજય માટે રાવણ આકાશ માર્ગે જઇ રહ્યો છે, ત્યાં જ લાકડીઓના ફટકાઓથી હણાયેલા, અને 'અન્યાય' 'અન્યાય'નો પોકાર કરતાં નારદ-મુનિ રાવણ પાસે આવી ચડયા. અને રાવણને પોતાની આપવીતી કહેતાં કહેવા લાગ્યા કે–

"આ રાજપુર નગરમાં મરૂત્ત નામનો બ્રાહ્મણોથી વાસિત થયેલો મિથ્યાદૃષ્ટિ રાજા યજ્ઞ કરવાની તૈયારીમાં જ હતો. કસાઇ જેવા તે દુષ્ટબ્રાહ્મણોએ યજ્ઞમાં જીવતાને જીવતાં હોમી દેવા મંગાવેલા, બંધનથી બંધાયેલા કરૂણ રૂદન કરતાં પશુઓને મેં જોયા. મારા હૈયામાં દયા ભરાઇ આવી. હું આકાશ માર્ગેથી નીચે ઉતર્યો અને મરૂત્તરાજાને પૂછયું કે–"આ તે શું માંડયું છે?"

મરૂત્તરાજાએ કહ્યું–"બ્રાહ્મણે કહેલો યજ્ઞ કરવો છે. દેવની તૃપ્તિ માટે વેદીકામાં પશુ-ઓનો હોમ કરવો જોઇએ અને આવો યજ્ઞ મધુધર્મ છે અને તેનાથી સ્વર્ગની પ્રાપ્તિ થતી હોવાથી હે નારદમુનિરાજ! હું આજે આ પશુઓથી યજ્ઞ કરીશ."

મેં કહ્યું–"શરીર એક વેદિકા છે. યજ્ઞ કરનાર રૂપે આત્મા છે, તપ એ અગ્નિ છે. જ્ઞાન એ ઘી છે. કર્મો લાકડાના સ્થાને છે. અને ક્રોધાદિ પશુના સ્થાને છે. સત્ય એ યજ્ઞનો યૂપ (સ્તંભ) છે. સર્વપ્રાણિના પ્રાણનું રક્ષણ એ દક્ષિણા છે. રત્નત્રયી એ વેદી છે. "આવાં વેદમાં કહેલો યજ્ઞ યોગ-વિશેષથી કરાય તો મુક્તિ માટે થાય છે"

મેં આગળ કહ્યું–

"બોકડા વધ આદિ કરવા વડે જે રાક્ષસ જેવા લોકો યજ્ઞ કરે છે તે મરીને નરકે જાય છે. અને લાંબા કાળ સુધી દુઃખ-થી પીડાતા રહે છે."

"ઉત્તમવંશમાં ઉત્પન્ન થયેલા હે રાજન્ તું બુધ્ધિશાળી અને ઋધ્ધિશાળી છે, આવા શિકારી જેવા પાપથી તું પાછો ફર."

"જે પ્રાણિના વધથી વધ કરનારને સ્વર્ગની પ્રાપ્તિ થતી હોય તો તો થોડા જ દિવસમાં આ જીવલોક જીવોથી ખલાસ થઇ જાય.

મેં મરૂત્તરાજાને આ પ્રમાણે કહ્યું તે સાંભળીને યજ્ઞના અગ્નિની જેમ ક્રોધથીસળગતા બ્રાહ્મણો હાથમાં ડાંડા લઈને ઉભા થયા. અને મને તે લાકડીઓના નિર્દય રીતે ફટકા મારવા લાગ્યા. માર ખાતો ખાતો હું ત્યાંથી ભાગી છૂટયો અને શું હે રાવણ ! તું મને મળ્યો. તું મળવાથી મારૂ તો રક્ષણ થઈ જ થયુ છે- પણ હે રાવણ ! નિર્ઘૃણ તે નરપશુઓ જેવા બ્રાહ્મણોથી વધ કરાતા નિરપરાધી પશુઓનું જઈને તું જલ્દી રક્ષણ કર."

દિગ્વિજયની યાત્રાને વિલંબમાં નાંખીને પણ રાવણ ધર્મની રક્ષા માટે જ ત્યાંથી નીચે ઉતર્યો. મરૂત્તરાજાએ રાવણનો આદરસત્કાર કર્યો.

નારદ મુનિની વાતથી ક્રોધે ભરાયેલા રાવણે હવે મરૂત્તરાજાને કહેવા માંડયું કે – નરકમાં જવા તૈયાર થયેલા તારા વડે આ યજ્ઞ કેમ કરાય છે ? ત્રણજગતના હિતસ્વી સર્વજ્ઞભગવંતે અહિંસાથી ધર્મ થાય તેમ કહ્યું છે. પશુઓની હિંસાવાળા આવા યજ્ઞથી ધર્મ થાય પણ શી રીતે ?"

માટે આલોક અને પરલોકના શત્રુ જેવા આ યજ્ઞને કરવાની ભૂલ ભૂલે ચૂકે કરીશ નહિ. અને છતાં યજ્ઞ કરીશ તો ધ્યાન રાખજે કે તારી હવે પછીની આખી જિંદગી મારા કારાવાસમાં સબડતી રહેશે. અને પરલોકમાં નરકે જવું પડશે. "

અને મરૂત્તરાજાએ તરત જ યજ્ઞ કરવાનું માંડી વાળ્યું.

लोकद्वयारिं तद्यज्ञं मा कार्षीश्चेत्करिष्यसि ।
भवगुप्ताहि ते वासः परत्र नरके पुनः ॥

તેથી ઉભયલોકના શત્રુ જેવા યજ્ઞને કરીશ નહિં આમ છતા જો તું યજ્ઞ કરીશ તો આ જનમમાં મારા કેદખાનામાં રહેવું પડશે અને પરલોકમાં નરકે જવું પડશે.

સહકાર અને આભાર

૨૫૧) રાધનપુર નિવાસી સંઘવી શ્રી ક્રાન્તિલાલ ગીરધરલાલ વોરા એ' સમ્યગ્જ્ઞાનની આરાધના ઈષે કરેલ ૫૧ ઉપવાસની તેમજ તેઓશ્રીજીએ પોતાના સદ્ધર્મદાતા તપાગચ્છાધિપતિ સ્વ. પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મ. ની તારક પુણ્યનિશ્રામાં ૩૦ વર્ષ થી ૬-૧૧-૧૬-૩૦-૩૬-૪૫ ઉપવાસ જેવી ઉગ્ર તપશ્ચર્યાઓ કરેલ છે તેમજ તેમના ચિ. સુરેશકુમારે પણ પૂજ્ય શ્રીજીની નિશ્રામાં ૧૬ વર્ષથી ૮-૧૦-૨૧-૩૦-૩૧-૩૬ ઉપવાસની કરેલ તપશ્ચર્યા તથા તેમના પરિવારમાં થયેલ વિવિધ તપશ્ચર્યાઓની અનુમોદનાર્થે

શાસન સમાચાર

મુંબઇ-બોરીવલી : અંધેરીકરલેન મધ્યે, પ. પૂ. આ. શ્રી વિ. પ્રભાકર સૂ. મ.ની નિશ્રામાં, સુવિશાલગચ્છાધિપતિ પૂ. આ. શ્રી વિ. મહોદયસૂરીશ્વરજી મ. ના શુભાશિષથી રાધનપુર નિવાસી સંઘવી શ્રી કાંતિલાલ ગીરધરલાલ વોરાએ સમ્યગ્જ્ઞાનની આરાધનાર્થે તથા અણાહારી પદની પ્રાપ્તિ માટે ૫૧ ઉપવાસની ભીષ્મ તપશ્ચર્યાનો શ્રા. સુદ ૧૩ ના પ્રારંભ કરેલ અને દ્વિ. ભા. સુદ ૪ ના નિર્વિઘ્ને પૂર્ણ થયેલ. તેની અનુમોદનાર્થે દ્વિ. ભા. સુદ ૫ ના રવિવારે સવારે શ્રી નવપદપૂજન, શ્રી રતનશિકલાલ મણિલાલ ભાભરવાળાએ ભણાવેલ અને સંગીતકાર શ્રી મનુભાઇ પાટણવાળાએ ભક્તિરસ પૂરેલ. તે અંગે આર્ટપેપરમાં પત્રિકા બહાર પાડેલ. તે પછી સાધર્મિક વાત્સલ્ય પણ કરાયેલ. આખો પ્રસંગ શાસનપ્રભાવના યુકત ઉલ્લાસપૂર્વક ઉજવાયેલ.

ગીરધરનગર-અમદાવાદ : અત્રે પૂ વિદ્વાન મુ. શ્રી રત્નસેન વિ. મ. તથા તપસ્વીરત્ન મુ. શ્રી વીરસેન વિ. મ. ની નિશ્રામાં પર્યુષણની સુંદર આરાધના થઇ માસખમણ તથા અઠ્ઠાઇ ૩૦૦ અઠ્ઠમ વિ. થયા, અનેક મહાપૂજન, ભવ્ય સ્નાત્ર મહોત્સવ, રથયાત્રા, ચૈત્યપરિપાટી, સાધર્મિક વાત્સલ્ય થયા.

વાપી : અત્રે પૂ. પં. શ્રી હેમભૂષણ વિજયજી મ. ની નિશ્રામાં જી આઇ.ડી.સી. ચાર રસ્તા ઉપર ચંપકલાલ સુખરામજી લુણાવતના પુત્રી દીપકકુમારી અઠ્ઠાઇ નિમિતે ભાદરવા સુદ ૭ બુધવારના સવારે ૮ વાગે નહેરૂ સ્ટ્રીટ દેરાસરથી રથયાત્રા નીકળી તેમને ઘેર પધારેલ. ચૈત્યવંદન, પ્રવચન તથા પધારેલ સાધર્મિકોની ભકિત થઇ.

લુણસાવાડ (મોટીપોલ) અમદાવાદ : અત્રે પ. પૂ. મારવાડ દેશોદ્ધારક ધર્મસંરક્ષક તપસ્વી મુનિપ્રવર શ્રી કમલરત્ન વિ. મ. સા.ના શિષ્યરત્ન પ. પૂ. પ્રભાવક પ્રવચનકાર મુનિરાજ શ્રી દર્શનરત્નવિજયજી મ. પ્રથમ ભાદરવા વદી ૮ ના લુણાસાવાડ (મોટીપોલ)માં ભવ્ય પ્રવેશ થયેલ. ઘણાં ભાવુકો સાથે આવેલ. પર્યુષણમાં સ્વપ્નની આવકે તો દર વર્ષ કરતાં નવો રેકોર્ડ સ્થાપિત કરેલ છે, પ્રથમ દિવસે જીવદયાની ટીપ પણ સારી થયેલ છે. તપશ્ચર્યાઓ પણ નવ ઉપવાસ, અઠ્ઠાઇ, અઠ્ઠમ ઘણાં સારા પ્રમાણમાં થયેલ. સંવત્સરીના દિવસે વાજતે ગાજતે સંઘ સાથે હઠીભાઇની વાડીએ દર્શનાર્થે ગયેલ, મુનિશ્રી પર્યુષણ પછી દાનસૂરી જૈન જ્ઞાન મંદિર (કાલુપુર રોડ) પધારેલ છે.

– મોહની મૂઢતાએ રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભને ધીકતા બનાવ્યા છે તેથી એટલાં પાપ થાય છે જેનું વર્ણન નહિ.

જે આત્માના દોષનો વિચાર ન કરે અને શરીરનો જ વિચાર કર્યો કરે તે બધા મોહથી મૂઢ છે.

– મોંઘે જગતના જીવોને મૂઢ બનાવી રાગાદિ શત્રુના હાથમાં સોંપી દીધા છે તે શત્રુઓ જીવ પાસે ઘોર પાપ કરાવે છે અને ધર્મ કરવા દેતા નથી. રાગ બધાનું નિકંદન કાઢી રહ્યો છે, પકડીને એવી જગ્યાએ મૂકી આવશે કે આવી સામગ્રી ફરી સંખ્યાત-અસંખ્યાત-અ કે અનંત કાળ સુધી મળે જ નહિ.

તમે ઘર-બારદિને જ સંભાળ્યા કરો તો તે તમારો ભારેમાં ભારે પાપોદય છે. તેમ અહીં આવી કેવળ શરીરને જ સંભાળ્યા કરે તો તે સાધુનો ય ભયંકર પાપોદય છે. કેમકે ધર્મ કરવાની સામગ્રી હોય તો પણ ધર્મ ન કરે તો તે પાપોદય કહેવાય ને ?

– ગુણનો લોભ સારો તેમ દોષનો દ્વેષ પણ સારો. ગુણનો લોભ થાય અને દોષનો દ્વેષ થાય તો જ ગુણ આવે અને દોષ ટળે.

– આજે સંયમના પ્રેમી સાધુ થોડા છે. ધર્મના પ્રેમી શ્રાવક થોડા છે. તે થોડાથી શાસન ચાલે છે પણ ટોળાથી નહિ.

– સુખનો વૈરી અને દુઃખનો મિત્ર તે જૈન !

– દીક્ષા કષ્ટ માટે જ છે. જે કષ્ટ વેઠે તે જ ભગવાનની આજ્ઞાનું પાલન કરે. જે કષ્ટ ન વેઠે તે ભગવાનની આજ્ઞા પર અગ્નિનો પૂળો મૂકે છે.

– મિથ્યાત્વ મોહની સત્તા ઊઠે તો જ અધ્યાત્મભાવ આવે. તો જ આત્મ માટે ધર્મ કરવાની વાત આવે. નહિ તો ધર્મ પૈસા માટે જ, મોજમજા માટે જ થાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

૫૨૨૭

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૬	૧૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

શ્રી ઓમકાર જૈન આરાધના

卐

તો સોનામાં સુગંધ સાર્થક થાય

भवन्ति भूरिभिर्भाग्यैर्धर्म-
कर्ममनोरथाः ।
फलन्ति यत्पुनस्तेऽपि
तत्सुवर्णस्य सौरभम् ।।

ભાગ્યશાલી આત્માને જ ધર્મ-કાર્યોના મનોરથો ઉત્પન્ન થાય છે. પરન્તુ તે મનોરથો જો ફળવાળા બને તો માનવું કે સોનામાં સુંગધ ભળી.

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ સભામાં કથા તમારા હૈયા ફેરવવા કહીએ છીએ, તમને હસાવવા અને રાજી કરવા નહી !

૦ જે કોઈ ભગવાનના ભગત હોય તે રાગાદિના વૈરી જ હોય !

૦ સંસારની ક્રિયા ઇચ્છા વગર કરે તેનું નામ જૈન !

૦ પ્રભુના શાસનમાં રહેવા ઇચ્છનારથી સિદ્ધાંતને મૂકીને એક પણ વિચાર ન કરાય.

૦ સાચો પરોપકાર વિશુદ્ધ સિદ્ધાંતની સારી દેશનામાં જ સમાયેલો છે અને વિશુદ્ધ સિદ્ધાંતોને અનુસરતી દેશના મોક્ષમાર્ગને જ પ્રતિપાદન કરનારી, પોષનારી અને પ્રીલવનારી બને છે તથા મોક્ષમાર્ગને બતાવવા જેવો આ જગતમાં બીજો કોઇ જ ઉપકાર નથી.

૦ ભગવાનના શાસનના ગ્રન્થો જે કોઇ વાંચે કે સાંભળે તેને પહેલામાં પહેલો દુશ્મન ભાવ સંસાર સામે થાય.

૦ શ્રી વીતરાગ દેવના શાસનનો ગ્રન્થ પ્રેમથી સાંભળે અને સંસારનો ઉદ્વેગ ન જન્મે તો તેને જ્ઞાન મેળવવાની ઇચ્છા ન હતી પણ માત્ર સાંભળવાનો જ રસ હતો.

૦ 'આ સંસાર ભયંકર ભૂલ ભૂલામણી જેવો છે, તેમાં આપણે ફસી ગયા છીએ. આ ફસામણ બહુ ભયંકર છે, એવા લોકો વળગ્યા છે કે નીકળી શકતા નથી પણ નીકળવું છે જરૂર, સંસાર છોડીને જ મરવું છે ' આવા વિચારવાળા જીવોનું નિર્વાણ નકકી જ છે.

૦ નિશ્ચયનયનું અવલંબન કરી વ્યવહારનું પાલન નહિ કરનારને જ્ઞાનીઓએ મહા આળસુ કહ્યા છે. ખોટા આધ્યાત્મિક કહ્યા છે.

૦ દેવ–ગુરૂ અને ધર્મની સામગ્રી વિના દુનિયામાં એવી કોઇ ચીજ છે જેના પરના રાગથી આત્માનું ભલું થાય ?

૦ ધર્મના પ્રેમીને સંસાર જેલખાનું લાગે, વિષય–કષાય વૈરી જ લાગે.

૦ આત્મા જ સંસાર છે, આત્માજ મોક્ષ છે. વિષય–કષાયથી જીતાયેલો આત્મા તેનું નામ સંસાર. વિષય–કષાયને જીતેલો આત્મા, તેનું નામ મોક્ષ.

૦ દુનિયાદારીની કોઈપણ ચીજપર અમને રાગ થાય તો અતિચાર લાગે, રાગ થાય તેનું દુઃખ પણ ન થાય તો આત્મા ધીમે ધીમે બગાડવા લાગે અને પછી પતન પામે !

આચારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયદાનસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોદાજી ગુજરાત
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણીભાઈ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ
(વડોદરા)
આણંદજી પદમશી ગુજરાત
(થાણા)

વર્ષ ૬] ૨૦૪૯ આસો સુદ-૫ મંગળવાર તા. ૧૯-૧૦-૯૩ [અંક ૧૧

પૂ. શ્રીમદ્ વિજય દાનસૂરીશ્વરજી મહારાજ તરફથી પવિત્ર સંદેશ

(આજે 'વિચાર વાયુનો વંટોળ વાઇ રહ્યો છે. પોતાની જાતને વિચારકમાં ગણાવાની ફેશનની મહત્ત્વાકાંક્ષામાં વિવેક તો એવો વિસરાઇ જાય છે કે બીજાઓને સુધુબેરે ભાઈ સાદ સુણાવામાં જાણે અજાણે સ્વમતનું ખંડન અને પરમતનું પોષણ તો થઈ જાય છે પણ સ્વનામ ધન્ય પરમ ગુરૂદેવોના વિચારોનો – સિદ્ધાન્તોનો પણ ખુરદો બોલાઈ જાય છે. પોતાની જાતને ક્રાન્તિકારી મનાવનારાઓ શાસનના હિતને બદલે અહિતના હાથા બની જાય છે. ભૂલે ચૂકે પણ આપણો આત્મા આવા અધઃપાતનો ભોગ ન બને તે માટે આ લેખ દીવા દાંડીની ગરજ સારે તેવો છે.
ધી યંગ મેન્સ જૈન સોસાયટી સાહિત્ય અંક શ્રાવણ સુદ-૧૫, વીર સંવત ૨૪૫૫ મંગલવાર માંથી સાભાર આ લેખ અક્ષરશઃ પ્રગટ કરીએ છીએ —સં.પા૦)

સમગ્ર હિંદુસ્તાનની **ધી યંગમેન્સ જૈન સોસાયટી** પોતાની અમદાવાદની મુખ્ય ઓફીસ ખાતેથી **'સાહિત્ય અંક'** ની પ્રસિદ્ધિ દ્વારા જૈન આદર્શની શિષ્ટ સેવા બજાવવાની ઉંચી નેમ રાખે છે. તે તેમના ટેકામાં સોસાયટીના માનદ્ કાર્યવાહકો અમારી પાસેથી શાસનના રીતે ચાલવામાં પોતાને તથા પોતાના વાંચકોને મિશાલની ગરજ સારનારા સંદેશાની શ્રી જિનશાસનની સનાતન પ્રણાલિકાનુસાર સવિનય અભિલાષા રાખે છે. ' આવા ધર્મપ્રેમીઓ કે જેઓ સાચા આસ્તિક હૃદયથી ધર્મ–શાસનની ભક્તિ કરવાનું ચાહે, તેઓને ધર્મનો યોગ્ય સંદેશો પાઠવવો' – એને એક ધર્મકર્મ માની અમો તેમાં અનુગ્રહબુદ્ધિથી થોડા ઘણા પ્રવૃત્ત થઈએ છીએ.

જૈન શાસનના કુલ દીપકો !

આ સંબોધન તમારા શિર ઉપર ગંભીર જોખમદારી નાખે છે. તમો જો સંભાળીને ચાલશો તો આ જવાદારીને સફળ કરવાનું માન તમો મેળવી શકશો, એમાં જરાપણ શંકા નથી. તમારા જેવા યુવકો તો જૈન શાસનમાં અમુમોલાં રત્નો કહેવાય. એવાં રત્નોવાળી જૈન કોમ નિસ્તેજ કેમ કહેવાય ? જૈનશાસનમાં રત્ન તરીકેની ગણના તે યુવકની થાય છે, કે જે યુવક શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાનો અખંડ પૂજારી હોય અને જૈન સિદ્ધાંતના વિઘાતકની સામે ખુલ્લી છાતીએ ઊભો રહેનાર હોય. **જે યુવક જમાનાને નામે શ્રી સર્વજ્ઞના સિદ્ધાંતોને ઉથલાવવા માગતો હોય તેને તો જૈનશાસનમાં સ્થાન જ નથી. શ્રી જિન વચનને ગૌણ બનાવી, મતિ કલ્પનાને મુખ્ય માની, શાસ્ત્ર વિગેરેને ઉંચાં મૂકવાની વાતો કરનારાઓથી તો જૈનશાસન ઉલટું લજવાય છે.**

શાસનસેવાના અભિલાષીઓ !

ખરું છે કે શાસનના રત્ન નિવડી શાસનની સેવા બજાવવાનું કામ ઘણું જ કપરૂં છે. એ સેવા બજાવવામાં ઘણી ઉદારતા, સહનશીલતા, સદ્વર્તન, સદ્વિચારમાં જીવનની મોંઘામાં મોંઘી વસ્તુ—અરે જીવનનું સર્વસ્વ હસતે મુખડે ખપાવી દેવાની અપૂર્વ તાકાત જોઇશે. એ છતાં ય કદાચ એકવાર અપયશ મળશે. નિરાશાનાં ઘન વાદળો ઘેરાઇ જશે, દુર્જનો કાદવ ઉડાડશે અને બંડખોરો હેરાનગતિનો મોટો પ્રપંચમય દાવાનલ સળગાવશે, એક દુર્જનને શાસનની સામે બંડ જાહેર કરનારાં ગમે તેવાં દુર્જનતા ભરેલાં કાવત્રાં કરવામાં જેટલી મુશ્કેલી નથી તેથી કંઇ ગુણી એક શાસન સેવકને શાસનસેવા બજાવવામાં છે. વાત પણ ખરી છે કે કષ્ટ, છેદ અને તાપ તો કંચનને જ હોય; કથીરને કદિ સાંભળ્યો છે ? તો આ બધીયે સ્થિતિમાંથી પસાર થવાની તમારામાં હામ જોઇશે, અવિચળ શ્રદ્ધા જોઇશે, અને અવિરત પરિશ્રમ જોઇશે. જો આ સર્વમાં તમે જરાપણ ડગ્યા વિના આગળને આગળ વધ્યે જશો તો, **શાસનનો વિજય તમારી સાથે જ છે.**

અને યુવાનો !

આનાથી વિપરીત—શાસનનું વિનાશક બળ ધરાવીને તમો કદિ તમારા ધર્મને શ્રાપરૂપ નહિ બનતાં ! તમારી ઉન્નતિના તમો જાતે જ દુશ્મન નહિ બનતા ! તમો કદિ ન હો તો તમારા વિના શાસન આજે નિભાવી શકે : પરંતુ તમે જો વિપરીત હો તો, તમને શાસન ન જ નિભાવી શકે. શ્રી જિનેશ્વર દેવોનું શાસન ત્યારે જ તમને પોતામાં સમાવી શકે કે જ્યારે તમને શ્રી અરિહંત દેવ, એમની જ આજ્ઞામાં

સ્થિત નિર્ગ્રંથ ગુરૂઓ અને તેમનો અઢારે પાપ સ્થાનકના સંગ તજવા રૂપદયામય ધર્મ અથવા સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર આ ત્રણ ચીજ સિવાય બીજી કોઇ પણ ચીજ તમારી પોતાની તરીકે ભાસે નહિ. એ ત્રણને જે પોતાની માનતા હોય તે તેમને તમારા પોતાના લાગે. એ ત્રણથી બીજામાં તમને આનંદ ન આવે **એ ત્રિપુટી તમારા જીવનનું ધ્યેય બની જવું જોઇએ એની આગળ તમને તમારા પોતાના વિચારોનો, માનેલી મોટાઇઓનો. શરીરની સુકોમલતાનો તથા સ્વાર્થભાવનાનો મોહ છૂટી જવો જોઇએ.** તમારી પુદ્ગલિક રસિકતા લુખ્ખી થઇ જવી જોઇએ. એની સેવાના અવસરે પ્રાણ પાથરવામાં પણ પાછી પાની ન થવી જોઇએ, મનથી, વચનથી કે કાયાથી એની પ્રવૃતિનો ધ્વંસ કરવા કે તેમાં અંતરાય નાખવા માગનારાઓથી એનો બચાવ કરવા પૂરેપૂરી પ્રબળતા કેળવવા તમારે સતત પ્રયત્નશીલ રહેવું ઘટે.

ઉન્નતિના અર્થી આત્માઓ !

ધ્યાન રાખજો કે ક્રાન્તિના નામે આજે કરવામાં આવતી વાતો **વીતરાગ-માર્ગમાં વિપ્લવ જગાડનારી છે.** જેઓ એ વાતોમાં લોભાયા છે તેઓ સન્માર્ગ ઉપર ટકી શકયા નથી, તમારે જો સન્માર્ગ ઉપર ટકી રહેવું હોય અને તમારી ઉપર આશા રાખનારી સમાજની તમારે કાંઇક સાચી સેવા કરવી હોય તો, એ વીતરાગમાર્ગના સાધક અર્થને બરાબર ધ્યાનમાં રાખી, શાસનના ચીલે ચાલી, શાસન બાહ્ય વાતોના રંગે રંગાઇ ભૂલ કરી રહેલાઓની ભૂલથી સ્વયં સાવધ બની, તથા અન્યને સાવધ બનાવી, ક્ષણિક આપત્તિઓની દરકાર કર્યા વિના, શુદ્ધ હૃદયથી શ્રી જિન આજ્ઞાનો એટલે કે એની દયા, એનું દાન, એની શાંતિ, એની ક્ષમા આદિનો ખરેખરો પ્રકાશ ઘેર ઘેર ફેલાવો ! કારણ કે ખોટા ભ્રમમાં પડી જઇને લોકો એ મહાન્ તારક ગુણોના નામે ઠગાય, બેદરકાર બને, અને દુર્ગતિ સાધે, એ ખરા હિતૈષી અથવા ઉન્નતિના અર્થી આત્માઓ માટે અવશ્ય અસહ્ય ગણાવું જોઇએ.

દા. અનુયોગાચાર્ય શ્રીમત્ પ્રેમવિજયજી ગણિવર્યનો ચરણ– ચંચરિક

રામ. વિ. ના ધર્મલાભ.

卐 જિનધર્મને વરેલી ભવ્ય ઉપમાઓ 卐

–પૂ. આ. શ્રી વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મ.

૧) **કલ્પવૃક્ષની ઉપમાં :** જગતના દશ પ્રકારના કલ્પવૃક્ષો પ્રાર્થના કરવાથી ઇચ્છિત ફળને આપે છે તેમ, ધર્મ–કલ્પવૃક્ષ વગર માગે પણ કલ્પનાતીત દેવ મનુષ્ય-સંબંધી તેમજ મોક્ષના અનંતસુખોને આપે છે, તેથી ધર્મ અપૂર્વ કલ્પવૃક્ષ છે.

૨) **ચિંતામણિરત્નની ઉપમા :** ચિંતામણિરત્ન જેમ એની વિધિપૂર્વક આરાધના કરવાથી ઇચ્છિત ભૌતિકસુખો આપે છે તેમ, દેવ દેવેન્દ્રોને વંદનીય, મુનીન્દ્રો માટે સદા સેવવા યોગ્ય તેમજ આલોક પરલોકના સર્વસુખોને આપનાર સદ્ધર્મ, અપૂર્વ ચિંતામણિરત્ન છે.

૩) **નિધાનની ઉપમા :** અપૂર્વ અને અક્ષયસુખને આપનાર હોવ થી તેમજ ઉત્તમકુળમાં જન્મ, નિરોગી દેહ અને ઊંચા મહેલોમાં આવાસ, દિગંતવ્યાપી યશ અને નરેન્દ્ર તેમજ દેવેન્દ્રોનાં સુખો નિરંતર પ્રાપ્ત થતા હોવાથી જૈનધર્મ નિધાન તુલ્ય છે.

૪) **બંધુની ઉપમા :** સદા હિત કરનાર હોવાથી ધર્મ બંધુ–ભાઇ સમાન છે.

૫) **અપૂર્વ સન્મિત્રની ઉપમા :** સર્વ પ્રકારની આપત્તિઓનો નિવારક હોવાથી અને સર્વપ્રકારની સંપત્તિનો સંપાદક હોવાથી, ધર્મ અપૂર્વ સન્મિત્ર સમાન છે. આપત્તિના સમૂહને નષ્ટ કરનાર, સંપત્તિનું નિરંતર સંપાદન કરી આપનાર અને પરલોકમાં પણ જીવની સાથે જનાર ધર્મ જ અભિનવ મિત્ર છે.

૬) **ગુરુમહારાજની ઉપમા :** સારીરીતે આરાધેલો ધર્મ જ પ્રત્યેકબુદ્ધ આદિને જાતિસ્મરણાદિથી તત્ત્વનો બોધ કરાવનાર હોવાથી શ્રેષ્ઠ ગુરુમહારાજ સમાન છે,

૭) **રથની ઉપમા :** મોક્ષાર્થી જીવોને અલ્પકાળમાં જ મોક્ષનગરમાં પહોંચાડનાર હોવાથી ધર્મ રથતુલ્ય છે.

૮) **દિવ્યપાથેયની ઉપમા :** ધર્મ સદા–સર્વદા અવિનશ્વર હોવાથી દિવ્યપાથેય છે. જે કદાપિ ખાઇ શકાય એવું, અત્યંત પવિત્ર, સમસ્ત પ્રકારના દોષ વિનાનું, કદી ખૂટે નહીં, જેનું મૂલ્ય આંકી ન શકાય એવું, અપૂર્વ દિવ્યભાતું ધર્મ જ છે.

૯) **અપૂર્વ રત્નભંડારની ઉપમા :** કોઇ રાજા લઇ શકે નહી, ભાઇ એમાંથી ભાગ માંગી શકે નહીં, ચોર લૂંટી શકે નહીં, કદી નાશ પામે નહીં, પરાધીન નહીં, સદા મનોવાંછિત આપે, પરલોકમાં પણ સાથે આવે; એવો અપૂર્વ રત્ન–ભંડાર 'ધર્મ' છે.

૧૦) **અપૂર્વ સાર્થવાહની ઉપમા :** ઘોર ભયંકર અને અપાર એવી સંસાર અટવીમાંથી પાર પમાડી મોક્ષપુરીમાં પહોંચાડનાર અપૂર્વ સાર્થવાહ 'ધર્મ' જ છે.

જૈન રામાયણના પ્રસંગો

૧૧ બ્રહ્મર્ષિ નારદે કહ્યું કે.....

—શ્રી ચંદ્રરાજ

અને....રાવણે ફરી પૂછયું. 'બ્રહ્મર્ષે ! આ મહાકાલાસુર કોણ છે ?' બ્રહ્મર્ષિ નારદ બોલ્યા. નગરમાંથી તિરસ્કારાયેલા પર્વતને જે મહાકાલાસુર વળગ્યો, તેનો પણ એક ઇતિહાસ છે; રાજન્ !

ચારણયુગલ નામના નગરમાં અયોધન નામના રાજાને દિતિ નામની રાણી અને સુલસા નામની પુત્રી હતી. રાજપુત્રી સુલસાના સ્વયંવરમાં બોલાવાયેલા દરેક રાજાઓ આવ્યા હતા. તે દરેકમાં સગર રાજા અધિક શક્તિશાળી હતા. સગર રાજાની આજ્ઞાથી મંદોદરી નામની એક દાસી રોજ અયોધન રાજાના મહેલવાસમાં જતી હતી.

એક વખત રાજમહેલના ઉદ્યાનના કેળના ઘરમાં દિતિ અને સુલસા ગયા ત્યારે છાની રીતે મંદોદરી પણ ત્યાં ગઇ. રાજરાણી દિતિએ સુલસાને કહેલું કે– 'તૃણબિંદુ નામના મારા ભાઇ (– તારા મામા) ની સાથે તારા પિતાની બેન (– તારી ફોઇ) ના લગ્ન થયેલા છે. તેમને મધુપિંગ નામનો તને લાયક એવો પુત્ર છે. તું તેની સાથે જ પરણે તેવું હું ઇચ્છું છું.' પણ અહીં તો સ્વયંવર છે. જોકે સુલસાએ આ વાત મંજૂર રાખી. પરંતુ છૂપાઇને રહેલી મંદોદરીએ આ આખી વાત સગર રાજાને કરી.

સગર રાજાએ પોતાના રાજપુરોહિત પાસે એવું કાવ્ય બનાવડાવ્યું કે જેમાં પોતાની પ્રશંસા હોય અને મધુપિંગ લક્ષણહીન લાગે. પછી તેને એક જુની પેટીમાં માયા પૂર્વક મૂકીને અયોધન રાજાને કહ્યું કે– "આ પુસ્તકમાં જેના ખરાબ ગુણો હોય તેને વધ્ય ગણવો. અને બધાએ તેને તજી દેવાનો." પુસ્તક વાંચતા વાંચતા મધુપિંગના દુર્લક્ષણો આવતા તે લજ્જા પામવા લાગ્યો. મધુપિંગ ત્યાંથી ચાલ્યો ગયો. સલુસાએ સગરને પસંદ કર્યો. અને બન્નેના લગ્ન થઇ ગયા.

આ બાજુ મધુપિંગ પણ અપમાનના કારણે તાપસ બનીને બાલતપ કરીને મૃત્યુ પામ્યો. અને મહાકાલ નામનો અસુર થયો. અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને પૂર્વભવના અપમાનનું કારણ જાણીને તેણે સગર અને અન્ય રાજાઓને હણી નાંખવા માટે દૃઢ નિર્ણય કર્યો. અને ત્યાં જ તેને પેલો ગુરૂપુત્ર પર્વત મલી ગયો. માયા કરીને તે પર્વતનો મિત્ર બન્યો. અને નારદ તથા નગરજનોના અપમાનનો બદલો હું વાળી આપીશ તેમ તેણે જણાવ્યું.

હવે પર્વત સહિત મહાકાલાસુરે કુધર્મનો પ્રચાર શરૂ કર્યો. તેનો ધર્મ કરનારને તે નિરોગી રાખતો. અને તેનો ધર્મ ન

કરનારને તે રોગી– વ્યાધિગ્રસ્ત કરવા લાગ્યો. ઠેક ઠેકાણે આ રીતે સુરાપાન, અગમ્ય ગમન માતૃ મેધમાં માતાનો વધ, પિતૃમેધમાં પિતાનો વધ, કાચબાની પીઠ ઉપર અગ્નિનું તર્પણ.

કાચબો ન મળે તો ટાલવાળા શુદ્ધ બ્રાહ્મણના માથું ડૂબે તેટલા પાણીમાં ઉતારીને તેના માથાની ટાલ ઉપર અગ્નિ સળગાવીને આહુતિ કરવી, યજ્ઞકર્મમાં પશુના હોમ કરો, માંસ ભક્ષણ કરો " આવા ઉપદેશો દઇ-દઇને લોકોને મહાકાલાસુરની આજ્ઞાથી પર્વતે પશુહિંસાત્મક યજ્ઞોને કરાવ્યા યજ્ઞમાં હોમાઈ ગયેલા પશુ–પ્રાણીઓને આ અસુર માયાથી દેવલોકના વિમાનમાં ગયેલા બતાવવા લાગ્યો. અને તે જોઇને વિશ્વાસુ બનેલા લોકો અથેચ્છ પણે આવા યજ્ઞો કરવા લાગ્યા.

એક વખત તો મેં પોતે (નારદે) યજ્ઞ માટે લવાયેલા નિર્દોષ પશુઓને છોડાવવા દિવાકર નામના વિદ્યાધરને કહ્યું. અને તે જેવો દરેક પશુઓને હરી લેવા ગયો કે તરત તે દુષ્ટ પરમાધામીએ શ્રી ઋષભદેવ ભગવાનની પ્રતિમાને યજ્ઞસ્થળમાં સ્થાપન કરીને વિદ્યાધરની વિદ્યાનો નાશ કરી નાખ્યો. તેથી વિદ્યાધરની ગતિ અટકી ગઇ અને નિરૂપાય બનેલો હું નિરાશ થઇ ગયો.

જેના માટે મહાકાલાસુરે યજ્ઞોનું આ હિંસાત્મક તાંડવ મચાવેલુ તે સગરનો તો હવે વારો આવ્યો. એક માત્ર વ્યકિત સાથેના પોતાના વૈરની વસૂલાત કરવા કેટ કેટલાને આ અસુરે દુર્ગતિમાં ધકેલ્યા ?

માયા કરીને સગર રાજાને મહાકાલાસુરે યજ્ઞો તરફ ઉત્સુક બનાવ્યો. અને એક દિવસ સુલસા સહિત સગરને તે અસુરે યજ્ઞના અગ્નિમાં ભસ્મ કરી નાંખ્યા. અને પોતાને કૃતકૃત્ય સમજતો તે મહાકાલાસુર પોતાના સ્થાને ચાલ્યો ગયો.

છેલ્લે નારદ મુનિ બોલ્યા કે– એવ ચ પર્વતાત્પાપપર્વતાદ્દેવરા દ્વિજે : ! હિંસાત્મકા અક્રિયન્ત તે નિષેધ્યા-સ્તયૈવ હિ ।।

આ પ્રમાણે પાપના પહાડ જેવા ગુરૂ પુત્ર પર્વતથી પશુહિંસાત્મકયજ્ઞો હે રાજન્ ! શરૂ થયેલા, તે બ્રાહ્મણો વડે કરાય છે. ખરેખર તે તારા વડે જ નિષેધી શકાય તેમ છે.

જૈન શાસનની ઉપયોગી ફાઈલો

સળંગ વાંચન તથા સંગ્રહ માટે અવશ્ય વસાવી લો

વર્ષ	૧	રૂા. ૬૦
વર્ષ	૨	રૂા. ૬૦
વર્ષ	૩	રૂા. ૬૦
વર્ષ	૪	રૂા. ૬૦
વર્ષ	૫	રૂા. ૮૦

પાંચે વર્ષની ફાઇલો લેનારને પેકીંગ ૧૦ ટકા કમીશન મળશે પોસ્ટેજ અલગ થશે

જૈન શાસન કાર્યાલય

ઠે. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ

જામનગર

વર્તમાન શાસન સંસ્થાનું કલ્પિત

પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

૧. પરંપરાગત જૈન શાસન સંસ્થાના મુખ્ય સંચાલક આચાર્ય સંસ્થાના મુખ્ય શાસન ધુરંધર આચાર્યના સાર્વત્રિક સ્વીકારની ખામી દૂર ન થાય ત્યાં સુધી શાસન પરંપરાના મુખ્ય ધુરંધર તે આચાર્ય મહારાજશ્રીની વતી શ્રી સંઘને સર્વ આદેશો નીચે જણાવેલા અમુક અમુક આચાર્ય મહારાજ કે મહારાજાઓના નામથી પ્રસિધ્ધ થશે. તેમના નામો :-

૨. તેમની સહાયમાં બીજા દશ આચાર્ય મહારાજાઓ એ રીતે જૈન શાસનની મર્યાદાઓનું રક્ષણ કરશે કે જે જે આદેશો પ્રસિધ્ધ કરવામાં આવે તેની શાસ્ત્રીયતા, શૈલી તથા થનારા ઘાત, ગુણ-દોષ વિગેરેની તુલના કરી લાભદાયક આદેશો જ ફરમાવવામાં સહાયક થશે.

૩. સુયોગ્ય અને જુદા જુદા વિષયોમાં નિષ્ણાત ચાલીસથી પચાસ આચાર્ય મહારાજાઓ તથા પદવીધર કે પદવી રહિત પૂજ્ય મુનિમહારાજાઓ શ્રી પ્રભુ શાસનની રક્ષા એ રીતે કરશે કે જૈન શાસનમાં જે જે પ્રશ્ન ઉદ્‌ભવશે. યા સામે આવશે. તે ગ્રહણ કરી યોગ્ય સ્વરૂપ આપી ઉપરની બીજી કલમમાં જણાવેલા આચાર્ય મહારાજાઓને સોંપશે.

તે પ્રશ્નો પરત્વે જૈન શાસન, શાસ્ત્ર, વિગેરે દૃષ્ટિથી તેઓ વિચાર કરશે. અને જરૂર પડશે તો તે વિષયના નિષ્ણાત શ્રાવક ગૃહસ્થોના અનુભવ અને સમજુતિ મેળવશે. અને તેથી વિશેષ જૈનેતર કોઇનો ય યોગ્ય રીતે શાસનની પ્રતિષ્ઠાના રક્ષણ સાથે અનુભવ-સલાહ મેળવશે.

૪. ત્યાગી વર્ગથી જેનો અમલ ન થઇ શકે તે શ્રી જૈન શાસનના કાર્યો માટે શ્રી આચાર્ય સંસ્થા ગૃહસ્થ પ્રતિનિધિઓ શ્રી જૈન શાસન સંસ્થા કાર્યવાહક-સેવકો તરીકે કામ કરશે કે જે કામો જૈન શ્રાવકોને કરવા યોગ્ય હોય, અવશ્ય કરવા યોગ્ય હોય તથા કરવા જરૂરી હોય. તેઓ પરંપરાગત શ્રી જૈન શાસનના પરંપરાગત તમામ હિતોનું તન-મન-ધન આદિ સર્વસ્વના ભોગે રક્ષણ કરશે. (તે બાબતના બીજા નિયમો હવે પછી).

૫. આખા ભારતના જુદા જુદા પ્રદેશો પાડવા. પ્રત્યેક પ્રદેશવાર આચાર્ય મહારાજાઓ કે મુની મહારાજાઓને જવાબદારી સોપી દેવાની કે જેથી દરેકને પોતપોતાની જવાબદારીનો ખ્યાલ રહે, દા. ત. કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, દક્ષિણનો પ્રદેશ, મારવાડ, મેવાડ, માળવા, ઉત્તરનો પ્રદેશ, પૂર્વનો પ્રદેશ, બહારના પ્રદેશો.

જુદા જુદા પ્રદેશોમાં તે તે આચાર્ય મહારાજાઓની જવાબદારીઓ નક્કી કરવાથી તે તે પ્રદેશના આગેવાન શ્રાવકો તેઓને

જ પૂછે અને બીજી કલમમાં દર્શાવેલ પૂજ્ય આચાર્ય મહારાજ્ઞાઓના આદેશ પણ તેઓ મારફત જ તે તે પ્રદેશોને મળે. કદાચ તેઓને જે કાંઇ પૂછવું જાણવું હોય, તો તેઓ બીજા આચાર્ય મહારાજશ્રીઓને પૂછાવી લે, જાણી લે. આવશ્યકતા પડે તો ચાલીસ પચાસના સમૂહની કે દશના સમૂહની સહાય પણ લે. અને નિર્ણયાત્મક હકીકત મેળવીને પછી શ્રાવકોને જણાવે; જેથી સ્થાનિક લોકોને કશીય મુંઝવણ ન થાય.

વકીલ બેરિસ્ટરોને બદલે પૂજ્ય પુરૂષોને પૂછવાની આ વ્યવસ્થા સિવાય ભવિષ્યમાં શ્રી સંઘના દરેક અંગોને પોતપોતાની જવાબદારીનો ખ્યાલ આવશે જ નહીં. વળી શાસન સંચાલન ઉપર વ્યવહારિક પ્રેકટીકલ કાબૂ જમાવવામાં આ યોજના રામબાણ ઇલાજ સમાન છે.

સોંપાયેલા પ્રદેશોમાં બીજાઓએ ડખલ કરવી નહી. નીમાયેલા પોતે બીજાની સલાહ લે તે જુદી વાત. તેમજ મુખ્ય આચાર્ય સંસ્થાની આજ્ઞામાં દરેકે રહેવાનું કે જેથી અંગત અભિપ્રાય કે જુદા મતાંતર વાળા આદેશો થવા ન પામે. (આમાં પેટા નિયમો સાધ્વીજી વિગેરેના ઘણા થાય તેમ છે.)

આચાર્ય સંસ્થા તરફના પ્રતિનિધિ કે જવાબદાર રૂપે શ્રાવક કાર્યવાહકો શા શા કામ હાથ ધરે ? અને શી રીતે ધરે ? તે વિચારવાનું છે. (શાસનની મિલકતોના રક્ષણ, ધર્મરક્ષા, આસેવન ગ્રહણ શિક્ષા, રાજ્યમાં પ્રતિનિધિ, ઇતર ધર્મો સમાજો સાથેના સંબંધો વગેરે સમાય).

આજે ચાલતી જુદી જુદી સંસ્થાઓ પોતાનાં આગવા બંધારણો રદ કરીને જૈન શાસન સંસ્થાના પરંપરાગત સર્વ કલ્યાણલક્ષી બંધારણને વફાદાર રહેવાનું સ્વીકારે, તો તે સંસ્થાઓને જૈન શાસનમાં સ્વીકૃત કરી લેવી. અને પછી તે સંસ્થાઓ શ્રી સંઘે સોંપેલા કર્યો શ્રી સંઘની નીતિ, આજ્ઞા, હિત અને સહાનુભૂતિથી કરે. મુંઝાય ત્યારે પોતાના પ્રદેશના પૂજ્ય પુરૂષની સલાહ લે, અને તેઓની સલાહ પ્રમાણે ચાલે અને તે પૂજ્ય વ્યકિતને જરૂર જણાય તો બંધારણીય રીતે અન્યની સલાહ લે. જરૂર ન જણાય તો ન લે.

વિહાર દરમ્યાન જે જે પ્રદેશોમાં વિહાર ક્રમે આવતા પૂજ્ય પુરૂષો પણ જે જે પ્રદેશ જેને સોંપાયેલ હોય, તે પૂજ્ય પુરૂષના કાર્યને પોષે, તપાસે, માર્ગદર્શન આપે પણ તોડે નહી. અને સ્થાનિક સંઘો પણ તે તે પ્રદેશના પૂજ્યની આજ્ઞા અનુસાર જ ચાલવાનું ઉત્તેજન આપે. આથી પ્રદેશો સાથે પ્રતિબંધ થવાની શંકા લેવાનું કારણ નથી.

જૈન શાસન સંસ્થાનું વ્યવહારૂ ધાર્મિક સંચાલન આ સિવાય આજે શકય નથી. તેને માટે શાસ્ત્રોમાં આવા પ્રકારનું યોગ્ય વિધાન મળવાની આશા રહે છે.

(જૈન શાસન સંસ્થા)

પુણ્યથી શું મળે ?

—પૂજ્ય મુનિરાજ શ્રી મોક્ષરતિ વિજયજી મ.

ભણીગણીને સજીધજીને રાજદરબારમાં પહેલ વહેલા પધારેલી પોતાની બન્નેય રાજકન્યાઓના બુદ્ધિવૈભવની પરીક્ષા લેવાની ઇચ્છાથી પ્રજાપાળ રાજાએ તેમને પૂછયું હતું. 'પુણ્યથી શું મળે ?'

સુરસુંદરીનો જવાબ હતો કે, 'પુણ્યથી અઢળક ધન, સદાબહાર યૌવન, ધારદાર બુદ્ધિપ્રતિભા, સૌન્દર્યમઢ્યું નીરોગી શરીર અને મનગમતા પતિનો સંગ મળે છે.'

મયણાસુંદરીનો જવાબ હતો કે, 'વિનયભર્યું વર્તન, વિવેકવાસિત મન, ચિત્તની પ્રસન્નતા, શીલસદાચારથી સુનિર્મલ શરીર અને મોક્ષમાર્ગનો સમાગમ મળે છે.'

[કોણ સાચું છે ને કોણ ખોટું છે ની ચર્ચા પણ અહીં જ કરી લઈએ. સીધીરીતે તો સુરસુંદરીનો જવાબ સાચો લાગે છે ને મયણાસુંદરીનો ખોટો. કારણ કે પુણ્યોદયથી ધનયૌવન વગેરે મળે છે, નહીં કે વિનયવિવેક વગેરે. વિનયવિવેક વગેરે તો કર્મોના ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમથી મળે છે. પુણ્યોદયથી નહીં.

પણ ના. સમગ્રરીતે વિચારીએ તો સમજાય છે કે અહીં મહત્વ અવસરનું છે. રાજાની સમસ્યાનો સીધો અર્થ તો એક જ છે કે— પુણ્યથી શું મળે ? પણ એ સમસ્યાનું તાત્પર્ય એવું સૂચવે છે કે પુણ્યથી તમારે શું મેળવવું છે ? પુણ્યથી શું મળે એ તમને ગમે ? રાજાના સવાલનો ઝોક, આ તાત્પર્ય તરફનો છે એવું ત્યારના અવસર પરથી સારી રીતે તારવી શકાય છે.]

સવાલ એ છે કે આપણને આ બેમાંથી કોનો જવાબ ગમી જાય છે, સુરસુંદરીનો કે મયણાસુંદરીનો ? કોનો જવાબ લાજવાબ લાગે છે ? હૃદય કોના ઉપર, મીન્સ, કોના જવાબ ઉપર વારી જાય છે ? બીજી રીતે વિચારીએ તો, પુણ્યથી જો કોઈ વસ્તુ મળવાની જ હોય તો આપણે કઈ વસ્તુ મેળવવી છે ? જ્યોતિષશાસ્ત્રની આજકાલ વધતીજતી લોક– પ્રિયતા બતાવે છે કે લોકો ભાગ્યોદય પર શ્રદ્ધા ધરાવતા થયા છે. સૌ કોઈ ઝંખે છે કે નસીબ આડેનું પાંદડું ખસી જાય. ભાગ્યોદય થાય. તો આ ભાગ્યોદય દ્વારા આપણે આખરે મેળવવું છે શું ? ધનયૌવન વગેરે ? કે વિનયવિવેક વગેરે ? સુખપ્રાપ્તિની આડે આવનારા પાંદડાને આપણે ખસેડવું છે કે ગુણપ્રાપ્તિની આડે આવનારા ?

જીવનમંદિરને શેનાથી શણગારવું છે ? ધનયૌવનાદિથી કે વિનયવિવેકાદિથી ? સુખોથી કે ગુણોથી ?

રૈયતને સારીરીતે સાચવે એવા પુત્રને જ રાજ્યસિંહાસન સોંપવાની ભાવનાથી એક રાજવીએ પોતાના ત્રણેય યુવાન પુત્રોની પરીક્ષા લેવાનું વિચાર્યું. મંત્રીમંડળ સાથે વિચારવિમર્શ કરીને રાજવીએ પોતાના ત્રણેય પુત્રોને વારાફરતી રીતે એકાન્તમાં બોલાવીને સો–સો સોનામહોર આપી અને કહ્યું કે, 'આ સોનામહોરોથી કોઈક વસ્તુ ખરીદી લાવો અને તેનાથી તમારા પર્સનલ મહેલને પૂરેપૂરો ભરી દો. જેનાથી મહેલનો ખૂણે ખૂણો ભરાઇ જાય એવી અને એટલી વસ્તુ તમારે આનાથી લાવવાની છે. આવતી કાલે સવારે હું તમારે ત્યાં જોવા આવીશ.

બીજે દિવસે વહેલી પરોઢે રાજવી પોતાના મંત્રીમંડળ સાથે એક પછી એક પુત્રના મહેલ તરફ જવા રવાના થયાં. પહેલો પુત્ર આખી રાત કયાંક રખડીને આવેલો અને મદિરાના નશામાં ચકચૂર બનેલો તેના ગૃહાંગણમાં કઢંગી દશામાં પડયો હતો. કંઇક ધિક્કાર અને કંઇક ઘૃણાની લાગણી સાથે રાજવીએ તેને જોયો અને તરતજ ત્યાંથી નીકળી બીજા દીકરાના દ્વારે જઇ પહોંચ્યા. બીજો દીકરો દરવાજે ઊભો હતો. તેણે પિતાજીને પ્રણામ કર્યા અને મહેલનો દરવાજો ખોલ્યો. અંદરથી ભયંકર દુર્ગંધ બહાર આવી. રાજવીનું માથું ફાટી જતું લાગ્યું. રાજપુત્રે નગરભરનો કચરો પોતાના મહેલમાં ઠાંસી ઠાંસીને ભરી દીધો હતો. તેનાથી તેનો મહેલ ફાટ ફાટ થતો હતો. પોતાના આ વચેટ દીકરાની મંદબુદ્ધિ પર અફસોસ અનુભવતાં રાજવી હતાશ હૈયે ત્રીજાના ઘર તરફ વળ્યા. ત્રીજા સંતાનના મહેલને દૂરથી જ જોઈને રાજવીની આંખોમાં આનન્દ આનન્દ છવાઇ ગયો.

મહેલના ઝરૂખાઓમાંથી પરોઢનાં અંધારાંને અજવાળતો ઝળાહળ પ્રકાશ બહાર રેલાતો હતો. રાજવીના હતાશ પગોમાં હવે ચૈતન્યનો સંચાર થયો. મહેલ હવે દૂર નહોતો. ત્યારે રાજવીના દિલોદિમાગને તરબતર અને અંતરાત્માને રણઝણતો કરી મૂકતી કર્ણમધુર સંગીતની સુરાવલિઓ અને ધૂપસુગંધ મહેલમાંથી બહાર ફેલાતી હતી. રાજવી હર્ષવિભોર બની ગયા રાજગૃહની નજીક પહોંચ્યા ત્યારે રાજવીના ચરણોને ચૂમીને રાજપુત્રે તેમનું સ્વાગત કર્યું. પ્રસન્નચહેરે રાજવીએ પૂછયું 'વત્સ ! મેં તને મહેલ ભરી દેવા કહ્યું હતું ને ?' 'જી, પિતાજી, જુઓ આ મારો મહેલ ભરપૂર છે; પ્રકાશથી, સંગીતથી અને સુગંધથી. આ બધું અહીં છલકાઇને ઢોળાયું છે મારા મહેલની બહાર. પ્રકાશ, સંગીત અને સુગંધ.'

કર્મસત્તાએ પણ જાણે આપણી પરીક્ષા કરવા માટે જ આપણને સૌને પુણ્યની ઓછીવધતી લહાણ કરી છે. એ જોવા માંગે છે કે આ પુણ્યની સમૃદ્ધિથી આપણે આપણા જીવનમંદિર કઈ વસ્તુથી ભરી દઇએ છીએ ? તે ઉપરથી તે આપણી યોગ્યતા નકકી કરવા અને યોગ્યતાપ્રમાણે આપણને સ્વર્ગ કે અપવર્ગનાં સામ્રાજ્ય સોંપવા માંગે છે.

પુણ્યની સુવર્ણમુદ્રાઓ વટાવીને આપણે આપણા જીવનમંદિરને ભરવું છે. કઇ વસ્તુઓથી ? ધનયૌવનવગેરેથી કે વિનયવિવેક વગેરેથી ? ધનયૌવન વગેરે સામગ્રી સંસાર સુખોનું પ્રતિનિધિત્વ અદા કરે છે અને વિનયવિવેક વગેરે સામગ્રી મોક્ષસુખોનું. આપણને કયાં સુખો જોઇએ ? સંસારના અપૂર્ણ અને ક્ષણભંગુર સુખો ? કે મોક્ષનાં સંપૂર્ણ અને શાશ્વત સુખો ? અને છેલ્લે, પ્રસ્તુત છે, શાસ્ત્રકારોએ રજૂ કરેલું એક બિનઇનામી પ્રશ્નપત્ર, સ્વ તમ-નિરીક્ષણ માટે.

૧. તમને તમારા કયા કર્મો ઉપર ગુસ્સો કે અફસોસ થાય છે, સુખપ્રાપ્તિમાંવિઘ્ન ઊભું કરનારાં કે ગુણપ્રાપ્તિમાં ? ગુણસ્થાનકપ્રાપ્તિમાં ?

૨. તમારે ધનવાન બનવું છે કે ગુણવાન ?

૩. તમને ગુણલક્ષ્મી વસાવવી ગમે કે ધનલક્ષ્મી ?

૪. તમને ધનસંપન્ન માણસનો સહવાસ ગમે કે ગુણસંપન્ન માણસોનો ?

૫. તમને ધનવૈભવ આકર્ષે કે ગુણવૈભવ ?

૬. તમે કંઇક અંશે ધનસમૃદ્ધ પણ છો. તમે કંઇક અંશે ગુણસમૃદ્ધ પણ છો. તમને તમારી ધનસમૃદ્ધિનો ગર્વ છે કે ગુણસમૃદ્ધિનો ?

૭. તમને બેઉ સંયોગો મળ્યા છે, ધનસમૃદ્ધિ પામવાના અને ગુણસમૃદ્ધિ પામવાના. બેમાંથી કયા સંયોગો મળવાથી તમારી જાતને તમે ભાગ્યશાળી ગણો છો ?

૮. ૯. તમારે સુખી માણસ થવું છે કે સારા માણસ ? તમે સિદ્ધિ માટે મથો કે પ્રસિદ્ધિ માટે ?

૧૦. તમારે કયા સુખો મેળવવા છે, ભૌતિક કે આત્મિક ?

૧૧. તમે સંસારનાં સુખો પામી શકો એવી સાધનસામગ્રી પણ તમને મળી છે, જેવી કે ઘરબાર, પેઢીપરિવાર વગેરે વગેરે. અને તમે મોક્ષનાં સુખો પામી શકો એવી સાધન-સામગ્રી પણ તમને મળી છે, જેવી કે મૂર્તિમંદિર ઉપાશ્રય શાસ્ત્રગ્રન્થો સંઘ વગેરે વગેરે બેમાંથી કઇ સાધનસામગ્રી મળ્યાનો તમને આનન્દ છે, અભિમાન છે?

૧૨. ૧૩. બેમાંથી કઇ સાધનસામગ્રી તમને વસાવવા જેવી, વધારવા જેવી અને વારંવાર ઉપયોગમાં લેવા જેવી લાગે છે ? બેમાંથી કઇ સામગ્રી વચ્ચે તમને વધારે રહેવું ગમે ?

૧૪. બેમાંથી કઇ સામગ્રી તમને આસપાસ રાખવી ગમે ? નિહાળવી ગમે ?

૧૫. સામાયિકદંડક ઉચ્ચરતી વેળાએ આનન્દ હોય છે, તો સામાયિક પારતી વેળાએ ?

૧૬. દેરાસરે જતાં જતાં પગ અધીરા બનીને દોટ મૂકે છે, તો પાછા ફરતાં ફરતાં ?

૧૭. ઉપવાસની પ્રતિજ્ઞા લેતીવખતે હર્ષોલ્લાસ અનુભવાય છે; તો પારણું કરતી વખતે

૧૮. દીક્ષાર્થીને અક્ષતોથી વધાવતાં ઉમંગઉત્સાહ હોય છે, તો ઘર તરફ જતાં જતાં ?

૧૯. સાધર્મિકને જોતાં જ હૃદય નાચી ઊઠે છે, તો શ્રીમંતને જોતાં ?

૨૦. સાધુઓના સમાગમમાં બહુ મઝા આવે છે, તો સ્વજનોના સમાગમમાં ?

૨૧. પરમેશ્વરનાં દર્શન થતાં જ ઝુમી ઊઠતી આંખો અન્ય કોઇ સૌન્દર્ય પર ફરતી નથી ને ?

૨૨. ઋષભચરણ અંગૂઠડે સ્પર્શતાં જ ઝણઝણી ઊઠતો આતમરામ અન્ય કોઇ સ્પર્શને ઢુંઢતો નથી ને ?

૨૩. જિનગુણોનો અમૃતાસ્વાદ માણતી જિહ્વા અસત્યનું વિષ ઘોળતી નથી ને?

૨૪. ધર્મશ્રવણ સુણતાં જ્યાં અમી ઝરે છે તે શ્રવણો કોઈની નિન્દા સાંભળવા અધીરા નથી ને ?

પં. શ્રી ચન્દ્રશેખર વિજયજી ગણિવર લિખિત
ધાર્મિક વહીવટ વિચાર

આ પુસ્તક દ્વારા જૈનશાસનનીદેવદ્રવ્યાદિની મૂળભૂત મર્યાદાઓ ઉપર કુઠારાઘાત કરવાનો જે પ્રયત્ન થયો છે, એને વધુ વ્યાપક બનાવવા ઇનામી પરીક્ષા આદિના આયોજનમાં જોડાઇને કોઇ એ કુહાડીના હાથા ન બને, ભારતભરના તમામ સંઘોને અમે ગંભીરતાપૂર્વક ચેતવીએ છીએ કે, આ પુસ્તકના વિધાનોને જૈનશાસના ધોરી પૂ. આચાર્ય ભગવંતોએ માન્યતા આપી નથી. આમ છતાં ઇનામોની લાલચ આપીને

જૈનસંઘો સાવધાન

પરીક્ષાના નામે અશાસ્ત્રીય વિચારોથી શ્રીસંઘના ભદ્રિક લોકોના મનમાં શાસ્ત્ર અને શાસનની મર્યાદાઓથી વિરૂદ્ધ વિચારો દાખલ કરવાની ખોટી ચાલને અમલી બનાવવા આ પુસ્તકનો પ્રચાર પરીક્ષાદિ દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. ઇનામોની લાલચથી આ પુસ્તકના આધારે અશાસ્ત્રીય જવાબો લખીને ધર્મદ્રવ્ય વ્યવસ્થાની આપણી મર્યાદાઓ તોડવાના પાપના ભાગીદાર કોઇ ન બનશો. વધુ હવે પછી.....

(ગુ. સ.) —શ્રી જિનાજ્ઞા આરાધક સંઘ

ચંદ્રશેખર વિ.મ.ના પુસ્તકે સર્જેલું તોફાન

'ધાર્મિક વહિવટ વિચાર' નામનું પુસ્તક તેમણે પ્રગટ કર્યું છે અને તેમાં ૨૦૪૪ સંમેલનની સૂતેલી વિગતોને પ્રગટ કરી છે જેમાં અનેક શાસ્ત્રીય વિચારો ઉલટા કર્યા છે.

તે અંગે પુસ્તકની પરીક્ષાની યોજના કરી બાલ માનસમાં કે યુવાન માનસમાં આ વિકૃતિ ઘાલવાનો પ્રયત્ન થયો છે તે ઘણું જ દુઃખ જનક છે તે સામે વિરોધ પણ થયો છે.

નવસારીમાં તેવી યોજના થઇ તેમાં ૨-છ. આરાધના ભવનમાં બિરાજમાન પૂ.મુ.શ્રીએ આ પુસ્તકમાં આવેલ અશાસ્ત્રીયતાનું વર્ણન કર્યું. તેમાં યોજકોના ગૃપમાંથી ઉશ્કેરાઇ પ૦ જણા ઉપાશ્રયમાં આવ્યા અને ઉશ્કેરાટ ફેલાવ્યો.

સાચુ ખોટું અમે ન જાણીએ પણ પરીક્ષા અપાય તેમાં તમારે શું ? વિ. કહ્યું મહારાજશ્રીએ કહ્યું કે અમારે તો સત્ય ઉપદેશ દેવાનો છે. વિ.

આમ આ પુસ્તક જે અનેક શાસ્ત્રીયતાથી વિરૂદ્ધ છે તેવું પુસ્તક પ્રગટ કરીને પૂ. ચંદ્રશેખર વિ.મ.એ ગ્રહણ સમયે સાપ કાઢવા જેવુ કર્યું છે.

તે સામે પૂ આ. ભ શ્રી વિજય હિમાંશુ સૂરીશ્વરજી મહારાજે પૂ. પાદ પ્રેમસૂ. મ. સા.ના આજ્ઞાપત્ર ૨૦૪૨ પટ્ટક ૨૦૪૪ સંમેલન વિ.ની વિગત લખીને ૨૦૪૪ સંગઠન માટે ઘણા પોતપોતાની ગુરુની વાત કરવા છૂટા થયા છે તો હવે સંગઠન જેવું નથી અમે પણ અમારા ગુરુદેવની આજ્ઞા મુજબ કરીશું વિ. નિવેદન કરીને સંઘમાં સંપના માર્ગ અને વડિલોના માર્ગનું સ્થાપન કરે છે. પૂ.ચંદ્રશેખર વિ.મ. આ વિચારશે કે ? આ પુસ્તિકા રદ કરી શાંતિ કરે નહિંતર વધુ કલેશ થશે.

ભારતના બધાં પ્રાન્તોથી પધારવા માટે આમંત્રણ યાને તખતગઢમાં ઉપધાન તપનું વિશાલ-આયોજન

પરમપૂજ્ય વ્યાખ્યાન-વાચસ્પતિ સ્વ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂ.મ.ના પટ્ટધરરત્ન ગચ્છાધિપતિ આ. શ્રી વિજય ભદ્રોદયસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી તપસ્વી મુનિરાજ શ્રી કમલરત્નવિજયજી મ.સા.ની નિશ્રામાં તખતગઢ (રાજસ્થાન)માં ઉપધાન ચાલુ થવાના છે. તેના પ્રવેશ મુહૂર્ત નીચે મુજબ છે.

પ્રથમ મુહૂર્ત-આસો વદ ૬ શુક્રવાર દિ. ૫-૧૧-૯૩

દ્વિતીય મુહૂર્ત-આસો વદ ૮ રવિવાર દિ. ૭-૧૧-૯૩ પ્રથમ-દ્વિતીય-તૃતીય એમ ઉપધાન વાલાને પ્રવેશ મલશે. આ ઉપધાન વિશાલ પાયા પર થનાર છે. વહેલો તે પહેલો. અત્રે પધારવાથી નજીકના રાણકપુર આદિ તીર્થોના દર્શન-પૂજનનો પણ લાભ મલશે. લખો:-

卐 ઉપધાન તપ સમિતિ 卐

મુ. પો. **તખતગઢ** (રાજસ્થાન) પીન ૩૦૬૯૧૨ સ્ટે. ફાલના (વે. રેલ્વે)

શિવનગરની વિષમી વાટ.

–પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

સંસારની વિશાળ શેતરંજ પર અનાદિ કાળથી ભમતાં અથડાતા– જીવોને કયાંય શાંતિ કે આરામ નથી. અજ્ઞાન જીવો ભૂમ બરાડા પાડે છે કે જરાય શાંતિ કેમ નહિં ? પણ મૂળ વાત સમજતાં નથી કે અશાંતિનું સર્જન કરનાર મારો જ આત્મા છે.

ધર્મભાવને નહિં પામેલા જીવો અનંતકાળથી રખડયા કરે છે–રખડશે. જ્યારે શિવનગરમાં આત્મા પ્રવેશ કરશે ત્યારે જ તે ઠરીને ઠામ થઇને બેસશે. યાં સુધી ભટકતો રહેવાનો. પણ શિવનગર જવું કઇ રીતે ? તે વાટ તો વિષમી છે– અનાદિની કુટેવો જ્યાં સુધી ટળશે નહિં. ત્યાં સુધી શિવનગરની વાટ વિષમી છે.

હવે તે માર્ગે કદાચ સદ્‌ગુરૂના યોગે ચડયા તો પણ એ પંથ વાટ એટલી બધી વિષમી છે કે રસ્તામાં ચાર કષાયો લુંટારા પ્રમાદીઓને લુંટી લે છે. અને તે લુંટાઇ ગયા બાદ પાછા વળી જાય છે. તૃષ્ણાની નદી ખૂબ ઉંડી છે અને તેમાં જતાં જતાં કેટલાય જીવો ડુબી જાય છે. વળી રાગ-દ્વેષના ડુંગરા ગગનચુંબી શિખરોવાળા જ્યાં અડ્ડો જમાવી બેઠાં છે તેને ઓળંગ્યા વિના પાછા હતાં તે સ્થાને આવી જાય છે. એટલે આં વિષમી વાટ સહેલી નથી. વચ્ચે આવતાં આ બધાને ઓળંગીને હિંમત પૂર્વક સામનો કરે તો જ આ વિકટ વાટે પસાર થઇ આત્મા શિવનગરમાં પહોંચે. પછી તો અનાદિની સહચરી આધિ-વ્યા-વિ-ઉપાધિનું નામનિશાન નહિં... મારા-તારાનો ભેદ નહિં...

અનંત સુખના આસ્વાદમાં આળોટવાનું આ રીતે વિષમી વાટ ઓળંગીને શિવનગરમાં પહોંચાય છે.

સહકાર અને આભાર

પૂ. સા. શ્રી અનંતપ્રભાશ્રીજી મ. (ખંભાત) ના ઉપદેશથી પૂ. સા. શ્રી ભવ્યદર્શનાશ્રીજી મ. ની ૭૩–૭૪ ઓળી, પૂ. સા.શ્રી કુલદર્શનાશ્રીજી મ. ની ૪૨મી ઓળી તથા પૂ. સા.શ્રી સુવર્ણપ્રભાશ્રીજી મ. તથા પૂ. સા. શ્રી પ્રશાંતદર્શનાશ્રીજી મ. બંનેના કષાય જય તપ નિમિતે નીચે મુજબ ભેટ–

૧૦૮) નિર્મળાબેન ગુલાબચંદ
૧૦૦) રંજનબેન દેવચંદ
૧૦૦) ઇલાબેન અશ્વિનકુમાર
૫૦) કુલચંદ મુળજી
૫૦) પાનાચંદ હંસરાજ

શાસન સમાચાર

લુણસાવાડ (મોટીપોલ)માં તપશ્ચર્યાનો રંગ

દ્વિ. ભાદરવા શુદ ના દિવસે શાહ ચિનુભાઇ મોહનલાલ સત્ય ફ્લેટ, મોટી પોલ લુણસાવાડમાં પ. પૂ. તપસ્વી મુનિરાજ શ્રી કમલરત્નવિજયજી મ. સા. ના શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર મુનિરાજ શ્રી દર્શનવિજયજીની ઘેર વાજતે ગાજતે પધરામણી થયેલ. પ્રવચન, નવાંગી ગુરૂપૂજન તથા સંઘપૂજન થયેલ શાહ ચિનુભાઇ મોહનલાલને ત્યાં નવ ઉપવાસ આદિ અનેક તપશ્ચર્યા હતી એ માટે પૂજાનો પણ કાર્યક્રમ રાખેલ હતો. ત્યારપછી એમના ઉપરના મંજિલમાં અટ્ઠાઇની તપશ્ચર્યા હોવાથી પ્રવચન; ગુરૂપૂજન, સંઘપૂજન થયેલ. લુણસાવાડ (મોટી પોલ) મા તપશ્ચર્યાનો રંગ લાગ્યો હતો. તપસ્વીઓના સામુદાયિક પારણા તથા પ્રભાવના પણ સારી થયેલ ઉપધાનતપ મેહતા પાલીવાળા ચોસઠપહોરી પૌષધ કરવા પધારેલ સંઘ તરફથી એમનું બહુમાન થયેલ.

મદ્રાસ—તામિલનાડુ પ્રાન્ત કે મદ્રાસ શહરકે મહાન પુણ્યોદયસે શ્રી ચન્દ્રપ્રભુ જૈન મંદિર જો સાહુકારપેઠમેં સ્થિત હૈ, ઉનકી ભવ્યતા–શિલ્પશાસ્ત્રાનુસાર અપને આપ મેં એક અદ્‌ભૂત મિશાલ હૈ જો પૂરે દક્ષિણ દેશકા સર્વોત્તમ જિનાલય ગિના નીયેગા । ઉસકી અંજનશલાકા–પ્રતિષ્ઠા સવંત્ ૨૦૫૦કા માઘ શુકલા ૧૩ દિ. ૨૪ ફરવરી ૧૯૯૪ કો પરમ અધ્યાત્મ યોગી વાગડદેશોદ્ધારક, મહાન ચિન્તક–તપસ્વી ૧૦૦૮–આચાર્ય શ્રીમદ્ વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મ. સા. આદિ મુનિ ભગવંત-સાધ્વી ભગવંતકી નિશ્રા એવં ઉનકે કર કમલોં દ્વારા કરાઇ જાયેગી.

ઇસલીયે જો ભી સંઘ અથવા મહાનુભાવ અપની પ્રતિમાએં અંજનશલાકા હેતુ ભેજના ચાહેં કૃપયા આવશ્યહી હમે સમ્પર્ક કરેં ।

વિશેષ જો ભી સંગીતકાર, મંડપ સજાવટ કલાકાર કલાયુકત પ્રદર્શના કર્તા, જૌહડ આદિ કે નિષ્ણાંત વ્યકિત અપના સહયોગ પ્રદાન કરના ચાહેં–ઉનસે નિવેદન હૈ કી કૃપયા વે અપની શર્ત–બશર્તો કે સાથ હમેં સંપર્ક કરે । પતા—૧૪૨ મિન્ટ સ્ટ્રીટ મદ્રાસ ૬૦૦૦૭૯

પાલીતાણા—અત્રે શ્રી ઓશવાલ યાત્રિકગૃહમાં ચાતુર્માસ રહેલા સા. શ્રી હેમગુણાશ્રાજી ઠા. ૪ વાગડવાળાએ નિવેદન કરતાં જણાવ્યું છે કે પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મ. પાસેથી તિથિપ્રશ્ને સત્ય માર્ગ જાણીને સ્વીકારતાં પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહા. સામુદાયમાં આવેલ છીએ દ્વિ.ભાદરવાસુદ–૭

બોરીવલી વે. : અત્રે મ્યુ.ગાર્ડન પાસે શ્રી જૈન સંઘના ઉપક્રમે પૂ. શાસન પ્રભાવક આચાર્યદેવ શ્રી વિજયપ્રભાકરસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પર્યુષણ તેમજ ચાતુર્માસની ભવ્ય આરાધનાઓ થઈ.

પ. પૂ. આ. ભ. શ્રી વિજયરામચંદ્રસૂ. મહારાજના દિવ્ય આશીર્વાદથી સંઘવી કાંતિલાલ ગીરધરલાલભાઈએ ૫૧ ઉપવાસની તપસ્યા કરી તે નિમિતે ૩૯૮ તપસ્વીના પારણા, મહાપૂજા, ૬૦૦ સાધર્મિકભક્તિ રાધનપુરના ૭૦ તપસ્વીઓને ચાંદીના સિક્કાની પ્રભાવના કરી હતી. ૮ વર્ષના અંકિત અતુલ દોશીએ અઠ્ઠાઇ તથા ૧૪ વર્ષના ભાવેશકુમાર સતીષભાઇએ ૧૬ ઉપવાસ કર્યા હતા.

સંઘમાં એવો ઉત્સાહ છે કે ૩ માસમાં ધર્મના કાર્યોમાં ૪૦-૪૫ લાખ જેવો સદ્વ્યય થયો છે. ૬ દેરાસરોની ચૈત્યપરિપાટીમાં ૧૫૦૦ રૂા.ના ઉપકરણો દરેક દેરાસરે મુકાયા ૬-૬ સંઘપૂજન તથા ૬૦૦ની સાધર્મિક ભક્તિ થઇ આંબેલ ભવનમાં ૫૧ હજારના ૪૦ નામો વખાઇ ગયા તથા પાઠશાળા શેઠ મંગળદાસ માનચંદભાઇ તરફથી તથા વ્યાખ્યાન હોલ ઉપરનો શેઠશ્રી રીખવચંદભાઇ તરફથી લખાયો. ૨૫ લાખની પ્રભાવનાઓ ૪ લાખ જીવદયામાં, ૬ લાખ ઉપજ, ૪ લાખ અનુષ્ઠાનો પાઠશાળા બહુમાન વિ.માં લાભ લેવાયો. ચાતુર્માસ ખુબ ઉત્સાહવાળું બન્યું છે.

ભીવંડી-અત્રે ઓશવાળ સ્ટુડન્ટસ યુનીયન દ્વારા સમેતશિખર આદિ પ્રદેશોના તીર્થોની સંઘયાત્રા ૧૩ દિવસ માટે નકી કરી છે તા. ૨૦-૧૦-૯૩ ના પ્રયાણ તા. ૧-૧૧-૯૩ ના પુનરાગમન થશે.

મેવાનગર : શ્રી જૈન શ્વે. નાકોડા પાર્શ્વનાથ ટ્રસ્ટ તરફથી વિશ્વ પ્રકાશ પત્રાચાર પાઠ્યક્રમ પૂ. આ. શ્રી ગુણરત્ન સૂ. મ. ના ઉપદેશ પ્રગટ થયો છે. અધ્યયન માટે મંગાવી શકાય છે. **મેવાનગર** વાયા બાલોતરા (રાજસ્થાન)

હિંગોલી : (મહા.) અત્રે પજુસણ સારા ઉજવાયા, વાંચન, દેવદ્રવ્ય, ઉપજ સાધારણ દીપ સારી થઇ, બે સાધર્મિક વાત્સલ્ય થયા.

રતલામ : અત્રે શ્રી દાનપ્રેમરામચંદ્રસૂરીશ્વર આરાધના ભવનમાં પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પર્યુષણની સુંદર આરાધના થઈ. ઉપજ તપસ્યા સારી થઇ. રોજ જુદા જુદા ભાવિકો તરફથી પ્રભાવના થઇ. જન્મ વાંચન (લાડુ)ની તથા બારસાવાંચન (સાકર) તથા પ્રતિક્રમણ (શ્રીફળ) પ્રભાવનાઓ લંડન નોર્થ ઇસ્ટ એરીયા હઃ બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ દ્વારા થઇ તેમના તરફથી અત્રે આસો માસની ઓળી થવાની છે. સુદ ૭ ના સાધર્મિક વાત્સલ્ય થયું. પૂ. સા. શ્રી કૈવલ્યપ્રભાશ્રીજી મ. એ અઠ્ઠાઇની તપસ્યા કરી હતી. અત્રે દેરાસરોમાં પર્યુષણમાં સુંદર આંગીઓ થતી. પાંચમના જોરદાર આંગીઓ થઇ હતી.

—૩૦ દિવસનો ભવ્ય મહોત્સવ—

કલકત્તા. ભવાનીપુર નગરે શ્રી મનમોહન પાર્શ્વનાથ જિનાલય સંઘમા ચાતુર્માસ પધારેલ પૂજ્ય વિશ્વવિક્રમી તપ સાધક આચાર્ય ભગવંત શ્રી વરિષેણ સૂરિશ્વરજી મ. સા. મુનિ શ્રી વિનયસેન વિજયજી મ. સા. આદિ ઠાણા–૪ તથા પૂજ્ય સાધ્વીજી રવીન્દ્ર પ્રભાશ્રીજી મ. સા. આદિ ઠાણા–૩ ની પાવનનિશ્રામાં ચાર્તુમાસમાં તથા પર્યુષણ મહાપર્વમાં સુંદર આરાધના તપસ્યા થવા પામેલ છે.

શ્રાવિકા ઉપાશ્રય, પાઠશાળા નિભાવ ફંડ, કલ્પસૂત્ર, પારણુ વગેરેમાં દાન ગંગા વહેલ.- ૩૦–૧. ૧૬–૩. ૧૧–૫. ૯–૭. ૮–૩૬ ક્ષીર–૭. મોક્ષદંડ–૪૬. ચૌ. ચૈત્યવંદન–૩૫. અક્ષયનિધિ–૧૫૦ આદિ તપસ્યા થયેલ છે. સાંકળી અઠ્ઠમ તપ ચાલુ છે, રથયાત્રા ચૈત્યપરિપાટી ના આકર્ષક વરઘોડા ચઢેલ, પૂજ્યોના પૂજન અનેક ઘરોમાં થયેલ. પારણા, બહુમાન, નવકારશી જમણ થવા પામેલ.

પૂજ્ય આચાર્યદેવની ૬૨ મી એકદત્તી એકધાનની ચૌવિહારી ઓળીની પૂર્ણાહુતી તથા પર્વ આરાધના નિમિત્તે પૂજ્ય આચાર્યદેવ શ્રી. સિધ્ધિ સૂરીશ્વરજી મ. સા. ની ૩૫ મી તથા પૂજ્ય આચાર્યદેવ શ્રી. મેઘસૂરીશ્વરજી મ. સા. ની પૂણ્યતિથી તથા પૂજ્ય સાધ્વીજી મ. સા. ની ૬૨ મી ઓળી અનુમોદનાર્થે, ભકતામર પૂજન, સંતિકર પૂજન, ચિંતામણી પૂજન, સિધ્ધચક્ર પૂજન સહ ૩૦ દિવસનો ભવ્ય ઉત્સવ પ્રારંભ થયો રોજ પુજા, જાપ, આંગી, આરાધના ચાલુ રહેશે. શ્રી નવપદ આરાધક મંડળ વિધિ તથા શ્રી અરિહંત આરાધક મંડળ સંગીત ભાવના કરશે.

શ્રી ઉપધાન મહાન તપનો પ્રારંભ આશો સુદ ૧૦ રવિવાર તા. ૨૪–૧૦–૯૩ ના થશે. શ્રી નવપદ ઓળીની આરાધના થશે.

પૂજ્ય આચાર્ય ભગવંતની ૬૨ મી એક દત્તી, એકધાન, ઠામ ચૌવિહારી આયંબીલ તપ ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તો શ્રી. હેમતલાલ છગનલાલ મહેતા તથા શ્રીમતી વિનોદિનીબેન મહેતા પરિવાર તરફથી જ્ઞાન–દર્શન ચારિત્રના આરાધના ના ત્રણ એકાસણા સહિત શ્રી. જિનેન્દ્ર ભક્તિ રત્નત્રયી મહોત્સવ થશે. પૂજ્યોશ્રીના તેમના નિવાસસ્થાને પગલા થશે. સંઘ પૂજન તથા સાધાર્મિક–ભક્તિનું આયોજન કરવામાં આવશે.

હાવડા–શ્રી. એપાર્ટમેન્ટમાં પૂજ્ય મુનિ શ્રી વજસેન વિજયજી મ. સા. તથા પૂજ્ય મુનિ શ્રી વલ્લભસેન વિજયજી મ. સા. ની નિશ્રામાં પર્યુષણા પર્વ આરાધના કરવામાં આવેલ ચઢાવા–ભકિત ભાવના સુંદર થયેલ. અખંડ જાપ, સામાયિક, અટ્ઠાઇઓ થયેલ. પારણા આરાધના અંગરચના સુંદર થયેલ હતી.

પ.પૂ.કાલિકાલસર્વજ્ઞ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયનવરત્નસૂરિ જ્ઞાન ભંડાર

- શરીરના પ્રેમીના રાગાદિ ખીલે એટલે તે મોહથી મૂઢ જ હોય.
- જેટલા બહિરાત્મા હોય તે બધા શરીરના જ પ્રેમી હોય. પણ આત્માના નહિ એટલે તે મોહથી મૂઢ જ હોય.
- આત્માનો પ્રેમી જીવ શરીરનો પ્રેમી ન હોય. તે તો શરીર પાસે રમાડવું પડે તો એ એવું ઇચ્છે કે આ શરીર ભાગી છૂટે શરીર જાય એટલે સિદ્ધ થાય.
- સમજુ જીવ પાપ કરે જ નહિ. કદાચ તેને કરવું પડે તો એછામાં ઓછું કરવું. પડે તેમ કરે અને પાપ ઓછું ય કરવું પડે તેમાં તે રાજી ન હોય.
- પૈસા-ભોગ અને મોજમજાના અરીસ સારા હોય જ શકે પણ અરાગ જ હોય.
- માણસ કોનું નામ ? પોતાને જે ખોટું લાગે તે ન કરે અને જે સારું લાગે તે કર્યા વિના ન રહે.
- શાસ્ત્રો સારા માણસના હૈયામાં જે હોય તે જ લખ્યું છે. આત્મામાં જે કાંઇ સારા પણું છે તેનું પ્રતિબિંબ એટલે શાસ્ત્ર.
- જે ઇચ્છામુજબ જીવે તેને ખોટું કરવું જ પડે.
- સાચાની રક્ષા માટે કલેશ અવશ્ય કરવાનો. પૈસા માટે કજીયા કરનારા અને ધર્મ માટે સાચી વાત કહે તેને કજીયા કરનારા કહે તે મહામાયી લોકો છે.
- આ સંસારનું સુખ મેળવવા જેવું નથી. ઇચ્છવા જેવું નથી. ભોગવવા જેવું નથી આમ જે ન સમજે તેને જૈન કોણ કહે ?
- શરીરનો સેવક, ઇન્દ્રિયોનો ગુલામ, કષાયને આધીન બનેલાને ધર્મ ફાવે જ નહિ, ધર્મમાં મજા પણ આવે નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

૪૨૨૮ ૧૮-૧૨-૧૩

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

આત્મજ્ઞાન જ સાચું જ્ઞાન છે.

आत्माऽज्ञानं हि विदुषामात्मज्ञानेन हन्यते ।
तपसाप्यात्मविज्ञान ही नैस्तत्तु न शक्यते ।।

પંડિત પુરૂષો આત્માના અજ્ઞાનને, આત્માના જ્ઞાન વડે જ દૂર કરે છે. આત્મ જ્ઞાનથી રહિત પણે કરતાં તપ વડે પણ આત્માનું અજ્ઞાન દૂર થવું શક્ય નથી.

વર્ષ ૬

અંક ૧૨+૧૩

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

૨-૧૧-૯૩

એક ચિંતન

इह लोए च्चिय कोवो सरीर संताव कलहवेराइं ।
कुणइ पुणो परलोए नरगाइ सुदारुणं दुक्खं ।

"ક્રોધ, આ લોકમાં શરીરને પીડા, પરસ્પર કલહ કજિયો અને વૈરને વધારે છે જ્યારે પરલોકમાં નરકાદિ ભયંકર દુઃખોને આપે છે."

ક્રોધની ભયંકરતા સમજાવી તેનાથી બચવું તે જ હિતકર છે તે મહાપુરૂષોના હૈયાનો ભાવ છે. ક્રોધના નુકશાનનો સૌને અનુભવ છે એટલું જ નહિ બધા બીજાને સારી રીતના સમજાવે પણ છે કે, ક્રોધ કરવો જોઇએ નહિ. ક્રોધથી આવું આવું નુકશાન થાય છે. પરન્તુ તે જ માણસો અવસર આવે દુર્વાસાને પણ વટલાવે તેવા બને છે ત્યારે થાય છે કે, આ તો માત્ર પરોપદેશે પાંડિત્ય છે. અવસર આવે ત્યારે પણ જે કોપ નથી કરતો તે જ આત્માએ ક્રોધના કૂળને સારી રીતના જાણ્યાં છે. ક્રોધથી પ્રીતિનો નાશ થાય છે, વૈર વૈમનસ્ય વધે છે અને શરીરને જે નુકશાન થાય છે તે વર્ણવી શકાય તેમ નથી. ડોકટરો પણ કહે છે કે, ક્રોધના આવેશમાં આવીને ખાનારાનું અન્ન પણ ઝેર બને છે. ક્રોધ સમયે મનુષ્યની જે મુખમુદ્રા થાય છે તે જો પોતે આરિસામાં જૂએ તો તેને ય લજ્જા આવે કે હું કેવો માણસ છું ! વર્ષોની મહેનત બાદ મેળવેલા ગુણો પણ ક્ષણવારના ક્રોધથી નાશ થઇ જાય છે. માટે ક્રોધના નિમિત્તોમાં પણ ક્રોધ ન થઇ જાય તેની કાળજી રાખવી જોઇએ.

રાગમાંથી દ્વેષ જન્મે છે અને દ્વેષમાંથી ક્રોધ જન્મે છે. એકવાર જે વ્યકિત કે વસ્તુ ઉપર જીવને દ્વેષ થઇ જાય પછી તેનું બગાડવાના વિચારમાં જ તે રમ્યા કરે છે. તેનું નામ સાંભળતા પણ તેનો ગુસ્સો દેખા દઇ દે છે. સામી વ્યકિતને નુકશાન તો પહોંચાડી શકતો નથી પણ ખોટા સંકલ્પ વિકલ્પો કરીને પોતાના આત્માને તો જરૂર નુકશાન પહોંચાડે છે. તેવા જીવો બાહ્ય સામગ્રીથી ભલે તેટલા સુખી દેખાતા હોય તો પણ માનસિક દુઃખથી રિબાતા જ હોય છે.

મહાપુરૂષો કહે છે કે, જેનું મન રાગાદિથી વ્યાપ્ત હોય, રાગાદિને અધીન હોય તે માનસિક દુઃખી જ હોય. કેમકે, તેને જેના પર રાગ થાય તે ન મલે તો ય માનસિક પીડાનો પાર નહિ અને જેના પર દ્વેષ થાય તેનું ય બગાડી શકે નહિ અને મનમાં ને મનમાં રિબાયા કરે તે નફામાં. તે વખતે જો કદાચ તેના હૈયાના ભાવ

(અનુસંધાન ટાઇટલ ૩ ઉપર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ લાસણ અને શિક્ષણની રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ. શિવાય ચ ભવાય ચ

-: તંત્રીશ્રી :-
પ્રેમચંદ મેલજી મુહકા
(મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ
(વઢવાણ)
ધનરાજ ધરમશી મુહકા
(થાનગઢ)

વર્ષ ૬] ૨૦૪૯ આસો સુદ-દ્વિ. ૧૧ મંગળવાર તા. ૨૬-૧૦-૯૩ [અંક ૧૨

-: ધર્મ પ્રાપ્તિના ઉપાયો :-

પ્રવચનકાર :- પૂ. આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ,

(સં. ૨૦૨૮ માં અમદાવાદમાં આપેલ આ સારભૂત પ્રવચનના અવતરણમાં શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકાર શ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે અવ૦)
ક્ષમાપના.....

પરમ ઉપકારી શ્રી તીર્થંકર પરમાત્માઓએ ધર્મનું શાસન સ્થાપીને આપણા ઉપર અનહદ ઉપકાર કર્યો છે. ધર્મ અને અધર્મના પૈડાં ઉપર આ જગતનો બધો વ્યવહાર ચાલી રહ્યો છે. પરન્તુ શ્રી તીર્થંકર પરમાત્માઓએ મોક્ષમાર્ગ રૂપ ધર્મ ને બતાવીને આપણા ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે. તે ધર્મની આજ્ઞા મુજબ આરાધના કરીને જ જીવો મુક્તિને પામ્યા છે, પામે છે અને પામશે. આપણે પણ મુક્તિને પામવી હોય તો આ ધર્મની આરાધના કરવી જોઈએ.

આ સંસારની આધિ, વ્યાધિ અને ઉપાધિથી બચવા માટે આ જ ધર્મનું શરણ જરૂરી છે, જ્યાં સુધી તે ધર્મ સમજાય નહિ, સમજીને આજ્ઞા મુજબ તેમાં પ્રવૃત્તિ ન થાય ત્યાં સુધી આ સંસાર છૂટે નહિ, મુક્તિ મળે નહિ અને શાશ્વત શાંતિ પણ મળે નહિ. આ ધર્મનો ઉપયોગ જેઓ સંસારના સુખ માટે, મોજમજાદિ માટે જ કરે છે તેઓ તો બિચારા દયાપાત્ર જીવો છે. સોનાની પણ છરી પેટમાં ખોસાય ?

જ્ઞાનિઓએ ધર્મ પામવા માટે ત્રણ ઉપાયો બતાવ્યા છે. ૧- સાધુ સેવા, ૨- બધાજ જીવો પ્રત્યે મૈત્રીભાવના અને ૩- આત્મીયગૃહ મોક્ષ અર્થાત મોક્ષ એ જ મારું સ્થાન છે.

જે જીવો ભક્તિ ભાવે, નમ્રતાપૂર્વક સાધુસેવા સદા માટે કરે છે તેઓ આ ધર્મ પામવા લાયક બને છે, જે જીવોને સાધુસંગ પણ ગમતો નથી તેઓ તો બિચારા આ સંસારમાં ભટકવા જ સર્જાયેલા છે, આપણને સાધુ સેવા ગમે છે કે નહિ ? સાધુ સેવા વિના ચાલે જ નહિ તેમ મનમાં થાય છે ખરું ? સ્વાર્થથી સાધુ સેવા કરે તેઓ પણ ધર્મ પામવા લાયક બનતા નથી. સાધુની સેવા ધર્મ પ્રાપ્તિ માટે–સમજવા માટે થાય પણ બીજા કોઇ આશયથી કરાય જ નહિ. સાધુસેવાનું ફળ હંમેશા શુભ ઉપદેશ સાંભળવા મળે, ધર્મીજનોનો સહવાસ મળે અને જીવનમાં સદ્ગુણો ખીલી ઊઠે. તેવા જીવોને ધર્મ વિના બીજું કાંઇપણ કરવા જેવું ન લાગે. મારો આ લોક સારો બને, પરલોક સુધરે અને પરમપદ નજીક બને તે વિના બીજી ચિંતા ન હોય સાચા ભાવે સાધુ સેવા કરવાથી તેની દરેકે દરેક પ્રવૃત્તિમાં ધર્મ દેખાય. તેનામાં વિનય–વિવેક–નમ્રતા આવી જાય, તેના આચાર–વિચાર બદલાઇ જાય. જ્યાં વિનય કરવા જેવો હોય ત્યાં અવશ્ય કરે અને જ્યાં વિનય કરવા જેવો ન હોય ત્યાં ન જ કરે, કેમકે, કહેવાય છે કે, અસ્થાને વિનય એ ગધેડાને સલામ છે !

ધર્મ પામવાનો બીજો ગુણ છે પ્રાણીમાત્ર ઉપર ભાવથી મૈત્રી રાખવી. મૈત્રી એ રાગનો વિષય નથી પણ મૈત્રી એ હિતનો વિષય છે. આ ગુણ આવે તેને 'બધા જીવો કયારે ભગવાનનો ધર્મ પામે, આરાધે અને આ સંસારથી મુક્ત થાય' તેજ ભાવના થયા કરે પરહિત ચિંતને મૈત્રી કહી છે. પરહિતમાં સ્વહિત તો આવી જ જાય છે. સ્વહિત પણ સાધુ સેવાથી થાય માટે તે સાધુસેવા કરવા તલપાપડ હોય.

જ્યાં રાગ હોય ત્યાં દ્વેષ આવતાં વાર નહિ. દ્વેષનો સ્વભાવ એ છે કે, તે બીજાને બાળતા પહેલાં પોતાને તો બાળે જ. જે જીવ કોઇ ફાવે નહિ તે બધા ઉપર ગુસ્સો કરે તો તે વાસ્તવમાં ધર્મ પામ્યો પણ નથી. સાચી દયા તો માધ્યસ્થ ભાવના કેળવે જ્યારે તૃષ્ણા સઘળા દોષોને પેદા કરનારી છે. તૃષ્ણા એટલે મનગમતા પદાર્થોની તીવ્ર ઇચ્છા, તૃષ્ણા એજ સઘળાં દુઃખોનું મૂળ છે. ધર્મ બધા દોષોના નાશ માટે કરવાનો છે, આત્માના ગુણોને પેદા કરવા માટે કરવાનો છે. પણ દુનિયાના સુખોને મેળવવા માટે કે દુઃખોથી બચવા માટે કરવાનો નથી. ધર્મથી મળતાં ફળોનું વર્ણન શાસ્ત્ર કરે છે પરન્તુ તેજ શાસ્ત્ર તે ફળો માટે ધર્મ કરવાની મના કરે છે, પરન્તુ એકલા મોક્ષને માટે જ ધર્મ કરવાનું કહે છે.

ત્રીજો ગુણ છે આત્મીયગૃહ મોક્ષ નામનો, અર્થાત્ આત્માનું સાચું ઘર મોક્ષ જ છે. મોક્ષ સર્વવિરતિ ધર્મથી જ મળે. તે ધર્મનું પૂરેપૂરું પાલન થાય ત્યારે જ મોક્ષ મળે. તે માટે દુનિયાના બધા જ પદાર્થો ઉપરથી મમત્વ નાશ પામવું

જોઇએ. જગતના બધા પદાર્થો ઉપર મમત્વ કરાવનાર અવિરતિ છે. અવિરતિ કષાયોને પેદા કરે છે અને તેથી જીવો અધર્મમાં પ્રવૃત્તિ કરે છે અને સંસારમાં ભટકે છે. ધર્મ એ આત્માનો ગુણ છે. તે પેદા કરવાનો માર્ગ આપણા બધા ભગવાને બતાવ્યો છે માટે તેમના જેવા ઉપકારી બીજા એક નથી.

આત્માને પોતાની દયા ત્યારે જ પેદા થાય કે જ્યારે તેને સમજાઇ જાય કે– 'હું આત્મા છું મારા જેવા અનંતા આત્માઓ છે. હું પણ અનાદિ કાલનો છું અને મારો સંસાર પણ અનાદિકાલનો છે. વારંવાર જન્મવું અને મરવું તેનું નામ જ સંસાર છે. આ સંસાર રાગ–દ્વેષથી ચાલે છે, રાગ–દ્વેષનાં બચ્ચાં ક્રોધ–માન–માયા અને લોભ તે સંસારને પોષે છે–પુષ્ટ કરે છે. આ સંસાર દુઃખ રૂપ છે, દુઃખફલક છે અને દુઃખાનુબંધિ છે.' આ સમજાયા પછી મારે મારા સંસારનો નાશ કરવો હોય તો ભગવાનના ધર્મનું જ શરણ સ્વીકારવું જોઇએ. ધર્મનું શરણ સ્વીકારનારને ધર્મને પામવાના ઉપાયો જાણવાનું મન થાય.

પણ આ સંસારના જીવો દુઃખના ગાઢ દ્વેષી અને સુખનાજ અતિરાગી હોવાથી પાપ કરવામાં આદરવાળા અને ધર્મ કરવામાં અનાદરવાળા છે કેમકે મોહથી આંધળા બનેલા છે. મોહે અનાદિ કાળથી આત્મા ઉપર એવો ઘેરો ઘાલ્યો છે, એવી જાળ બીછાવી છે કે જીવ સાચું સમજી શકતો નથી. તેથી જે કાંઇ પ્રવૃત્તિ કરે તેથી પાપ, પાપને પાપ બાંધી સંસારમાં ભટકે છે. આપણે આપણી જાતને આમાંથી બચાવવી છે માટે આ વિષય ઉપર આપણે વિચારણા કરવી છે.

જ્ઞાનીઓએ સંસારી જીવોનું નિદાન કર્યું છે કે–જગતના બધા જીવો ધર્મના ફળને સુખ–સંપત્તિ–આબાદીને ઇચ્છે છે પણ ધર્મ પ્રત્યે આદરવાળા નથી. અને ધર્મનું ફળ જે દુઃખ, વિપત્તિ અને બરબાદી છે તેને કોઇ જ ઇચ્છતું નથી છતાં પણ અધર્મ કરવામાં પૂરા આદરવાળા છે.–આ વાત જ્યાં સુધી સમજાય નહિ ત્યાં સુધી તેને ધર્મ જાણવાની, સમજવાની કે પાળવાની પણ ઇચ્છા થાય નહિ. તેવા આગળ ધર્મપ્રાપ્તિના ઉપાયોની ગમે તેટલી વાત કરીએ તો પણ તે બહેરા આગળ ગાન જેવી વાત છે ને ? જગતના કોઇપણ જીવને દુઃખ ગમતું નથી સુખ બહુ જ ગમે છે છતાં પણ મોહે તેના પર એવું કામણ કર્યું છે કે–તેને ધર્મ ફાવતો નથી અને અધર્મ છોડવો નથી. તમે બધા મોહના આ વિલાસને સમજી ગયા છો ને ? મોહથી કાયર થઇ ગયા છો ને ? મોહ ઉપર ઉદ્વેગ આવ્યો છે ને ? તમે તો સમજી ગયા છો ને કે– 'પાપનું ફળ દુઃખ જ છે અને ધર્મનું ફળ સુખ છે.' ધર્મક્રિયા કરતાં સુખનો અનુભવ ન થાય તો ધર્મક્રિયા ખરાબ નથી પણ કરનારો જીવ ખરાબ છે. ધર્મ માટે તે કષ્ટ નથી વેઠતો પણ પોતાની પાસે જે સુખ વગેરે

થોડું છે તે અધિક જોઇએ છે માટે ધર્મક્રિયા કરે છે. હૈયાનો ભાવ ન પલટાય તો સુખનો અનુભવ કયાંથી થાય ? વેપારાદિમાં કલાકો સુધી ભુખ્યા–તરસ્યા રહેનારા, ટાઢ-ગરમી વેઠનારા અહીં શું શું ઇચ્છે છે તે વિચારે તોય તેને સમજાઇ જાય કે હજી મારામાં લાયકાત આવી છે કે નહિ !

જગતના બધા જીવો સુખના જ અર્થી છે, દુઃખના અર્થી કોઇ નથી છતાં પણ જગતમાં સુખી કેટલા અને દુઃખી કેટલા મળે? આ તો મનુષ્યોની વાત છે. જનવરને તો મોટો ભાગ માનતો નથી. જૈનો પણ તેવા થયા તે બહુ દુઃખની વાત છે. નહિ તો જનાવરને જૂએ અને માણસ ગભરાઇ જાય કે– આ જનાવર અને હું માણસ ! જનાવર પણ જીવ છે ને ! તે જનાવર કેમ થયો અને હું માણસ કેમ થયો ? જો હું પણ મનુષ્યની જેમ ન જીવું તો મારે પણ ત્યાં જવું પડે. તમારે અહીંથી મરીને કયાં જવું છે ! મનુષ્યમાં કે તિર્યંચમાં ! માણસ તરીકે જીવવું હોય તો કેવી રીતના જીવાય તે કોઇ સદ્‌ગુરુને પૂછવું છે ? મરીને કયાં જવું છે એવો વિચાર ન આવે તે પણ મોહનું તોફાન છે. મોહની છાતી ઉપર પગ ન મૂકો ત્યાં સુધી આવો વિચાર પણ આવે નહિ. **અત્યારે તો તમારી છાતી ઉપર મોહનો પગ છે. અમારી વાત પણ સાંભળી તમને ફાવતું તમે લો છો** અને મહારાજે પણ આમ કહ્યું છે. તેમ બધે કહેતા ફરો છો તો આવા જીવોને ધર્મની પ્રાપ્તિ કયાંથી થાય ?

'મારે મરીને કયાં જવું છે ' તેનો વિચાર કરવાની જેને ફુરસદ પણ નથી મલી તેને આપણે ધર્મી માનીએ તો તે મૂર્ખાઇ જ કહેવાય ને ! આ બધા વર્ષોથી ધર્મ કરે છે પણ સાધુ કેમ થયા નથી. ? મારો તો આજના ધર્માત્માઓ માટે આક્ષેપ છે કે, ધર્મ માટે ધર્મ ક્રિયા કરનાર વિરલા જ મળે. તેવાઓને ધર્મક્રિયાથી સુખનો અનુભવ ન થાય તેથી ધર્મક્રિયાને છોડી દે, ધર્મ પણ મૂકી દે, દેવ–ગુરૂ ધર્મમાં માલ નથી તેમ બોલે પણ હું કેવો છું તે ન જૂએ–તેવાને કેવો કહેવાય ?

જગતને જોઇને તમને થાય કે– આખું જગત મોહથી નાચી રહ્યું છે. નહિતર સુખ માટે મરનારા પણ આટલા બધા જીવો દુઃખી હોય ! તમે બધા સમજુ થઇ જાવ તો આ દુઃખ તો ગયું અને સાચું સુખ તો તમારી પાછળને પાછળ ફરે અને દુનિયાના સુખની તો તમને લેશ પણ કિંમત ના હોય. પછી તમે આ દુનિયાના સુખમાં રાચતા ન હોય અને દુઃખથી ભાગાભાગ કરતા ન હો, ધર્મ એજ શરણ લાગે એટલે ભગવાને કહેલ ધર્મક્રિયાઓ કરવામાં બહુ આનંદ આવે, સમજવાનુ. મન થયા કરે. આપણી ભૂલ–ખામી કે પ્રમાદાદિથી ધર્મક્રિયાનું ફળ કદાચ ન પણ દેખાય તોય આ ધર્મક્રિયાઓ છોડા-વવા કોઇ જ શક્તિમાન નથી. ધર્મક્રિયાઓ તો સારમાં સારી છે પણ હું હજી સારો

નથી માટે મને તેના સુખનો અનુભવ થતો નથી તેથી તે પોતાની જાતને જૂએ અને સારી બનાવવા પ્રયત્ન કરે. જો આ વાત નહિ સમજે તો દુઃખ તમારો કેડો મૂકવાનું નથી. તમે દુઃખીજ થવાના છો. દુઃખ કાંઇ પૂછીને નથી આવતું. તમે ના પાડો છતાં ય તે તમારી છાતી ઉપર ચઢી બેસવાનું છે. સુખના કાળમાં ય તમને ખબર ના પડે તે રીતે દુઃખ આવવાનું છે તે વખતે તમારી સુખની સામગ્રી કાંઇ કામ નહિ આવે.

મોહમાં અંધ બનેલા જીવો એવી પ્રવૃત્તિ કરે છે કે– દુઃખ કયારે આવશે તેની ખબર પણ નહિ પડે, જે મોહમાં જ મોજ માનતા હોય તે મોટાભાગે જનાવરમાં જાય અને તેમાં જે અતિપાપ કરે તે નરકે જાય, કદાચ કાયાથી તેવાં પાપ ન કરે પણ પાપ કરવના જ વિચારમાં હોય તે પણ નરકે જાય, તમારે કયાં જવું છે ?

જે આત્માઓને રોજ સાંભળતા સાંભળતા સમજાઇ જાય કે, દુઃખ પાપથી જ આવે. મેં પાપ ન કર્યું હોય તો દુઃખ આવે જ નહિ માટે મારે દુઃખ ઉપર દ્વેષ ન કરવો જોઇએ પણ દુઃખને મજેથી વેઠતા શીખવું જોઇએ. અને દુનિયાનું સુખ પુણ્યથી મળે છે. તે સુખ ઉપર જો રાગ થઇ જાય તો પાછું દુઃખ. આવે, આવે ને આવે જ. માટે મારે તાકાત હોય તો તે સુખનો ત્યાગ જ કરવો જોઇએ, કદાચ સુખ ન છોડી શકું તો પણ તેની સાથે સાચવીને રહેવું જોઇએ. આવી મનોદશા જેમની હોય તેવા જીવોને ધર્મની પ્રાપ્તિ થાય, કોઇ તમને દુઃખી કરવા, પીડા કરવા, મારવા ઇચ્છે તમને ગમે ? તો તમને ય કોઇને દુઃખી કરવાની, પીડા કરવાની, મારવાની ઇચ્છા થાય ખરી ! તમે બધા માનો છો કે, અમને દુઃખ આપે તે સારા નહિ તો તમારે પણ બીજા સાથે તમને ન ગમે તેવો વર્ત્તાવો ન જ કરવો જોઇએ ને ?

ખરેખર ધર્મ તો સાધુપણું જ છે. સાધુપણું એટલે દુનિયાના બધા જ સુખોનો હૈયાપૂર્વક ત્યાગ કરવો અને જે કાંઇ દુ ખ આવે તે મજેથી વેઠવા, કદાચ દુઃખ ન આવે તો જ્ઞાનિની આજ્ઞામુજબ ઊભાં જ કરીને વેઠવા,સાધુપણામાં રસપૂર્વક ખવાય–પીવાય નહિ, આરામ માટે ઊંઘાય નહિ, હજી અમે પૂર્વના મહાપુરૂષો જેવું સાધુપણું જીવી શકતા નથી તેનું અમને ઘણું જ દુઃખ છે અને તેમના જેવું જ સાધુપણું જીવવાની ઇચ્છા છે. જો આવી ઇચ્છા અમને પણ ન હોય તો અમારું આ સાધુપણું નિષ્ફળ થાય, વખતે દુર્લભ પણ બને. દુનિયામાં પણ જેને વકરો ઘણો હોય પણ આવક કાંઇ ન હોય તે કેવો કહેવાય !

ભગવાનનું સાધુપણું એવું ઉત્તમોત્તમ છે કે તેમાં નાસ્તીકને પણ હા પાડવી પડે. તમારો નોકર જૂઠ બોલે–ચોરી કરે તે તમને ના ગમે અને તમે જૂઠું બોલો; ચોરી કરો તો ચાલે ને ? સાપ ચાલે વાંકો પણ દરમાં સીધો જ પેસે, તેમ સાધુપણા વિના

ધર્મ છે જ નહિ. જ્યાં હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ અને પરિગ્રહની જરૂર પડે ત્યાં ધર્મ રહે ખરો ? જ્યાં આ પાંચે મહાપાપોનો મન; વચન અને કાયાથી, કરવા રૂપે, કરાવવા રૂપે અને અનુમોદવા રૂપે ત્યાગ કરવાનો તેજ સાચો ધર્મ છે તેમાંથી જગતનો કોઇપણ આદમી ના પાડી શકે તેમ છે ખરો ? જ્યાં અઢારે પાપ નહિ કરવાના તેજ ધર્મ ને ! તમારે કેટલાં પાપ સેવવા પડે છે ? તમે આ બધા પાપ સેવો છો તે દુઃખથી સેવો છો કે મજેથી ? કયારે આનાથી છૂટું-બચું તેમ થાય છે ખરું ? તમે સંસારમાં બેઠા છો એટલે આરંભ-સમારંભ કરવા પડે, તેમાં હિંસા થઇ જાય. પણ જૂઠ બોલવાની કે ચોરી કરવાની પણ જરૂર છે ખરી ? પરિગ્રહ વિના પણ ન ચાલે તો કેટલો પરિગ્રહ જોઇએ ? શાસ્ત્રે તો કહ્યું છે કે, અતિ ઉના ઘીથી ચોપડેલી રોટલી અને સાંધા વગરનું વસ્ત્ર આનાથી અધિક જે ઇચ્છે તે ધર્મથી પડે.

સાધુપણું એ જ ધર્મ છે– એ વાત સમજાય છે ને ? રાજામહારાજા કે ચક્રવર્તીઓ પણ સાધુ પાસે જાય તો રાજચિહ્નો બહાર કાઢીને જાય. તેઓ માનતા કે ભોગ સહેલા છે પણ ત્યાગ તો અતિકઠિન છે. તમે શું માનો છો ? હિંસાદિમાં ધર્મ આવે કે હિંસાદિના ત્યાગમાં ધર્મ આવે ? હિંસાદિનો ત્યાગ એટલે સાધુપણું આવે કે બીજું કાંઇ આવે ? સાધુપણું એટલે હિંસા–અસત્યચોરી–અબ્રહ્મસેવન અને પરિગ્રહ એ પાંચે મહાપાપોને મન, વચન, કાયાથી પોતે સ્વયં કરે નહિ, બીજા પાસે કરાવે નહિ અને જે કોઇ કરતાં હોય તેની અનુમોદના પણ કરે નહિ, જો આ વાત તમારા હૈયામાં લખાય જાય તો સાધુના દર્શન કરતાં આવડે નહિ તો તે પણ નહિ આવડે. હિંસાદિ પાંચે મહાપાપ છે, મહા અધર્મ છે તે વાત યાદ રહેશે ને ! છાતીમાં કોતરાઇ જશે ને ? તે કરવા જેવા છે ખરા ? તે પાંચેનો જ્યાં સર્વથા ત્યાગ છે તેજ સાધુપણું છે ! પણ તમારે તે સાધુપણાનો ખપ નથી અને ધર્મી કહેવરાવવું છે તો તે બને ખરું ? મને આ સાધુપણું કયારે મળે' તેમ તમને કયારે ય થાય ખરું ? તમે કેમ સાધુ થતા નથી તેમ અમારાથી ન પૂછાય, નહિતર તેનું અપમાન કર્યું કહેવાય, દુઃખીને પાટુ મરાય ? પણ સાધુ થવાની ભાવના છે કે નહિ તે અવશ્ય પૂછાય.

અમે સાધુ છીએ પણ જો હજી ભગવાનની આજ્ઞામુજબ સાધુપણાનું પાલન નથી થતું તેનું દુઃખ ન હોય, આજ્ઞામુજબ સાધુપણાની ઇચ્છા ન હોય તો અમે પણ વેષધારી સાધુ છીએ, હૈયાથી સાધુ નથી. (વધુ આવતા અંકે)

卐

જૈન રામાયણના પ્રસંગો

૧૨ નારદની ઉત્પત્તિ અને અપહરણ.

—શ્રી ચંદ્રરાજ

હજાર-હજાર વિદ્યાઓની તાકાતથી જડ મૂળથી ઉખાડી નાંખીને અષ્ટાપદ મહાતીર્થને ઉંચકીને લવણ સમુદ્રમાં ફેંકી દેવા જે રાવણ તૈયાર થયો હતો, તેને આ અષ્ટાપદ મહાતીર્થ ઉપર તીર્થંકર નામ કર્મ બંધાયું. જ્યારે આજ મહાતીર્થની સુરક્ષા ખાતર, ભવિષ્યમાં કોઈ જાતનો ઉપદ્રવ ન આવે તે માટે ચારે તરફ ઊંડી ઊંડી ખાઈઓ ખોદીને તેમાં જળપ્રવાહ લાવીને અષ્ટાપદની ચારે તરફ જળનું કવચ ઉભુ કરી દેનારા જહ્નુ વિગેરે સગર ચક્રવર્તીના સો-બસો નહિ, હજાર બે હજાર જ નહી પરંતુ ૬૦-૬૦ હજાર પુત્રોને એક જ સાથે કારણસર નાગદેવે બાળીને ભસ્મ કરી નાંખ્યા.

હે અષ્ટાપદ પર્વત ! તને ઉખાડીને ફેંકી દેવા તૈયાર થનારો તારા જ મંદિરમાં તીર્થંકર નામ કર્મ બાંધે છે. એટલું જ નહિ પણ પ્રસન્ન થયેલા નાગરાજ ધરણેન્દ્ર તેને 'અમોઘવિજયા' નામની શક્તિ ભેટ ધરે છે. જ્યારે તારી સુરક્ષા કરવાના ઇરાદાથી જ ખાઇ ખોદનારા જહ્નુ વગેરે સગરચક્રીના ૬૦ હજાર પુત્રો નાગદેવના રોષથી એક જ ક્ષણમાં સળગીને સાફ થઇ જાય છે,' આવા તો કેંક વિચિત્ર ઘટનાચક્રનો તું સાક્ષી છે.

અષ્ટાપદ...રેવા નદી અને આખરે મરૂત્તરાજાના યજ્ઞભંગ અને હિંસાત્મક યજ્ઞની ઉત્પત્તિના શ્રવણના સાક્ષી બનેલા પ્રતિવાસુદેવ લંકાના ધણી મહારાજા દશકંધરને હવે મરૂત્તરાજાએ પૂછયું કે- "હે સ્વામિન્ ! તમારા દ્વારા હિંસાત્મક યજ્ઞના પાપમાંથી મને અટકાવનાર આ કરૂણાનિધિ કોણ છે ? "

ત્યારે નારદનો પરિચય આપતા મહારાજા રાવણ બોલ્યા કે- " બ્રહ્મરૂચિ નામનો એક બ્રાહ્મણ હતો. કૂર્મી નામની તેને પત્નિ હતી. એકવાર બન્નેએ તાપસવ્રત સ્વીકાર્યું. તાપસ બન્યા છતાં સ્ત્રીસંગ કરવાથી બ્રહ્મરૂચિ દ્વારા કૂર્મીને ગર્ભ રહ્યો. આ અરસામાં કેટલાંક જૈન સાધુઓ તેના આશ્રમ તરફ આવ્યા. અને તેમાંના એક સાધુ ભગવંતે તે તાપસને કહ્યુ કે- " " સંસારથી કંટાળી જઈને ગૃહવાસ તજ્યો તે તો સારૂ કર્યું- પરંતુ વિષયોમાં આસક્ત બનેલા, સ્વકારાનો સંગ કરનારા તને ઘરવાસ કે વનવાસ એ બેમાં ફેર શું પડયો ? "

આ સાંભળતાં જ બ્રહ્મરૂચિએ તરત જ જૈનશાસન પામીને જૈનદીક્ષા સ્વીકારી. અને તાપસ પત્ની કૂર્મી પરમશ્રાવિકા બની.

એક દિવસ મહા શ્રાવિકા કૂર્મીએ તાપસ-આશ્રમમાં જ પુત્રને જન્મ આપ્યો.

રડવા આદિથી પર હોવાના કારણે તેનું નામ નારદ પડયુ.

(નારદ=રદ=રડવું' ના=નહિ.)

એક વખત શ્રાવિકા કૂર્મી' કોઇ કાર્ય માટે અન્યત્ર ગઇ હતી, તેજ સમયે જ'ભકદેવોએ આવીને નારદનું અપહરણ કર્યું' તરતનો જન્મેલા બાળકના અપહરણના શોકથી વૈરાગ્ય પામીને કૂર્મી'એ ઈન્દુમાલા સાધ્વીજી પાસે દીક્ષા અ'ગીકાર કરી.

આ બાજુ તે દેવોએ બાળ–નારદનું પાલન કર્યું'. શાસ્ત્રો ભણાવ્યા અને તેને આકાશગામિની વિદ્યા આપી.

અણુવ્રતને ધરનારો તે નારદ માથે શિખા રાખતો હતો તેથી ન તો ગૃહસ્થ હતો કે ન તો સ'યત.–સ'યમી હતો.

આ નારદ કલહ અને નાટકોનો આકાંક્ષી છે. ગીતનૃત્યાદિમાં કુતુહલવાળો છે. અને હ'મેશા કામની ચેષ્ટા તથા કામની વાચાલતામાં વાત્સલ્યવાળો છે. શૂરવીરોને તેમ જ કામુક લોકોને સ'ધિ તથા વિગ્રહ (યુદ્ધ) કરાવનાર છે. છત્ર, અક્ષમાળા ધરનારો અને પાદુકા [પાવડીઓ] પહેરનારો છે. દેવો વડે વૃદ્ધિ પામ્યો હોવાથી પૃથ્વિ ઉપર દેવર્ષિ' તરીકે પ્રસિદ્ધ થયેલ આ નારદ ઘણું કરીને બ્રહ્મચારી છે અને સ્વેચ્છાચારી છે. "

નારદની ઓળખાણ થયા પછી મરૂત્ત-રાજાએ રાવણની યજ્ઞ સ'બ'ધી ક્ષમા માંગી. અને કનકપ્રભા નામની પોતાની કન્યાને રાવણ સાથે પરણાવી. અને દિગ્વિજય યાત્રા કરવા રાવણ મથુરા તરફ ચાલ્યો.

શરીરની વ્યાખ્યા : —પૂ મુનિરાજશ્રી પુણ્યધન વિજયજી મ.

શરીર એટલે જીવને કેદમાં પુરવાનું મોહરાજાનું કેદખાનું...

,, ,, સદા વહેતી ગટર.

,, ,, અશુચિ પદાર્થોને રાખવાની પેટી.

,, ,, રોગોનું મ'દિર

,, ,, લાખોટન અનાજને ખાઇ જનાર રાક્ષસ

,, ,, જગતના જળાશયોનું પાણી પી જનાર અગસ્ત્યઋષિ

,, ,, પવિત્ર પદાર્થોને મલીન કરનાર અપૂર્વ કાદવ

,, ,, છપ્પનીયા દુષ્કાળમાંથી આવેલ ભીખારી .

,, ,, ગમે તેટલું આપો તો પણ કદી ના ન કહેનાર નફટ મહેમાન.

,, ,, ગમે તેટલી તેની રાત–દિવસ સેવા કરે તો પણ ગુણ ન લેનાર કૃતઘ્ની મોહરાજાનો માનીતો માણસ.

,, ,, આત્માનો પુણ્ય રૂપી માલ ખાઇને બાપ કમાઇ ઉપર તાગડધિન્ના કરનાર બેઠા ખાઉ દીકરો.

,, ,, સદા આત્માની સાથે પરાયાની જેમ વ્યવહાર રાખનાર લુચ્ચો મિત્ર.

એક નવો કતવો

-શ્રી તત્ત્વદર્શી

વર્તમાન કાળમાં સમગ્ર જૈન સંઘમાં ઉન્માર્ગ પ્રવર્તન અને સંખ્યાબંધ ઉત્સૂત્ર (શાસ્ત્ર વિરૂદ્ધ) ભાવણોમાં અને લખાણોમાં અગ્રેસર તરીકે પ્રસિદ્ધ પં. ચંદ્રશેખર વિ. જી મહારાજે થોડા સમય પૂર્વે ધાર્મિક વાડીવટ વિચાર નામનું પુસ્તક પ્રગટ કરી એક નવો કતવો ઉભો કર્યો છે. આ મહાત્માએ જેમ તેમ બોલીને અને આડું અવળું વિવાદાસ્પદ લખીને સંઘ અને શાસનમાં ઘણું ડહોળાણ ઉભું કર્યું છે. વિવાદાસ્પદ અને અવિશ્વસનીય લખાણવાળા તેમજ પરસ્પર વિરોધ ભાસી આ પુસ્તકનો જવાબ આપવામાં સેંકડો પાના ભરવા પડે. અને એમ કરવું એ સમયના અભાવે શક્ય નથી. પરંતુ મહાત્માના પુસ્તકોનું પ્રચાર કાર્ય પુરજોશમાં ચાલે છે તેથી આ ઝેરી પુસ્તકના પ્રચારની જાળમાં આજના કાળમાં ભલભલા ફસાઈ જાય તો નવાઈ નહીં તેથી આ પુસ્તકની અવિશ્વસનીયતાને છતી કરવા અલ્પ પ્રયાસ કરવો ઉચિત ધાર્યો છે.

પરિશિષ્ટ નં. ૧ માં તેઓએ વિ. સં. ૨૦૪૪ના દેવદ્રવ્ય વ્યવસ્થાના સંમેલનીય ઠરાવો ઉપર ચિંતન રજૂ કર્યું છે. આ લખાણમાં આ મહાત્માએ ઘણી અનધિકાર ચેષ્ટાઓ કરી છે. કોઇ કોઇ જગ્યાએ પોતે ગીતાર્થ, પરમ ગીતાર્થ અને સંઘાચાર્ય હોય એવા દમામથી કેટલાક નિર્ણયો આપ્યા છે અને કોઇ કોઇ ઠેકાણે પોતે અગીતાર્થ બની જઇ નિર્ણયો કરવાનું કામ ગીતાર્થોને સોંપ્યુ છે આ ઉન્માદ કે બાલચેષ્ટા નહીં તો બીજું શું છે ? દેવદ્રવ્ય વ્યવસ્થા અંગેના ઠરાવમાં સંમેલને જે ગ્રંથનો આધાર રજુ કર્યો છે તે ૭ મા સૈકાનો સંબોધ પ્રકરણ ગ્રંથ પૂ. હરિભદ્રસૂરિ મ. નો છે કે કેમ એ બાબતમાં વિદ્વાનોમાં વિવાદ છે એ ગ્રંથમાં લખેલી [૧] પૂજાદ્રવ્ય, [૨] નિર્માલ્યદ્રવ્ય અને [૩] કલ્પિત દ્રવ્યની વ્યવસ્થા છેલ્લા ૧૦૦૦=૧૨૦૦ વર્ષથી સંઘમાં ક્યાંય પ્રચલિત નથી- લેખકના લખવા પ્રમાણે કલ્પિત દ્રવ્યની વ્યવસ્થા ચૈત્યવાસીઓના કાળથી બંધજ થઇ ગઇ છે. શ્રાદ્ધવિધિ વગેરે ગ્રંથોમાં કલ્પિતદ્રવ્ય સિવાય બેજ દેવ દ્રવ્યની વ્યવસ્થાનું માર્ગદર્શન છે સંમેલનનો જો કલ્પિત દ્રવ્યની વ્યવસ્થા ઉભી કરવાનો મનસુબો જાગ્યો હતો તો પહેલાંતો ભારતભરના નાના મોટા કરેક સંઘમાં ૩ પ્રકારના દેવદ્રવ્યની જુદીજુદી વ્યવસ્થા કરાવવી જોઈતી હતી. એ કરાવ્યા વગર કલ્પિત દ્રવ્યનો ઠરાવ કર્યો. અને એમાં પણ ખાસ કરીને કલ્પિત દ્રવ્યની

શંકા-સમાધાન

દ્વિરેફ

શંકા-૪ સ્વપ્નદ્રવ્ય કલ્પિત દેવદ્રવ્યમાં જાય અને તેમાંથી શ્રાવક પૂજા કરી શકે તો જ્ઞાનદ્રવ્ય ના પુસ્તકથી ભણી કેમ ના શકે ?

સમા-૪ સ્વપ્નદ્રવ્ય કલ્પિત દેવદ્રવ્યમાં કોઇપણ હિસાબે જઇ શકે જ નહિ. પછી તે દ્રવ્યથી પૂજા કરવાની વાત જ અસ્થાને છે. જે લોકોએ સ્વપ્નદ્રવ્યને કલ્પિત દેવદ્રવ્યમાં લઇ જવાની વાત કરી છે, તે જ લોકો જ્ઞાનદ્રવ્યથી આવેલા ધાર્મિક પુસ્તકથી શ્રાવક નકરો આપ્યા વગર ન જ ભણી શકે આવું કહે છે. સ્વદ્રવ્યથી જ પૂજા કરવાની વાતને એકાંતવાદનું ગદ્ધાપૂછ ગણાવનારા જ લોકો ધાર્મિક શિક્ષણ સ્વદ્રવ્યથી જ લાવેલા પુસ્તકથી કરવાનું કહે છે. કેવો બુદ્ધિનો વિભ્રમ છે. મને તો દુઃખ એ વાતનું છે કે-મારો આ જવાબ વાંચીને તે લોકો જ્ઞાનખાતાની વાતમાં તેમને નડેલા વિરોધને દૂર કરવા, એમ કહી દેશે કે-"સ્વદ્રવ્યથી જ ધાર્મિક શિક્ષણ લેવાય તો તે ઉત્તમ, પણ ન જ લેવાય તો જ્ઞાનદ્રવ્યમાંથી આવેલા પુસ્તકથી પણ અભ્યાસ કરી શકાય. કેમ કે જ્ઞાનદ્રવ્ય જ્ઞાનમાં જ વપરાય ને ?" આવું કહી દેશે અને લોકો જ્ઞાન દ્રવ્યનો ઉપયોગ કરવા લાગશે તો જ્ઞાનદ્રવ્યના ભક્ષણમાં પ્રવર્તાવવાનો દોષ મને ચોંટશે. શાસ્ત્રકારો તો દેવદ્રવ્યથી (પોતાના કર્તવ્ય રૂપે) પૂજા કરવાનો નિષેધ કરે છે, તેમ જ્ઞાનદ્રવ્યથી શ્રાવકને કશું પણ ભણવા સામે નિષેધ જ બતાવે છે.

શંકા-૫ દેવદ્રવ્યથી પૂજા કરી શકાય તેવું શાસ્ત્રો કહે છે, તો તમે નિષેધ કેમ કરો છો ?

સમા-૫ જ્યાં ભગવાન અપૂજ રહે તેવી દશા હોય અને દેવદ્રવ્યથી પૂજા કરવામાં ભગવાન અપૂજ ન રહેતા હોય ત્યાં દેવદ્રવ્યથી પૂજા કરવાની છૂટ શાસ્ત્રોએ આપી છે. પણ શ્રાવક જે પોતાના કર્તવ્ય રૂપે ભગવાનની પૂજા કરે છે, તે તો દેવદ્રવ્યથી પૂજા કરવાની શાસ્ત્રો ના ફરમાવે છે. ૧૯૯૦ના સંમેલનમાં પણ તો જણાવ્યું છે 'પોતાના કર્તવ્ય રૂપે ભગવાનની પૂજા કરવી' અને 'ભગવાન અપૂજ ન રહે માટે ભગવાનની પૂજા કરવી' આ બે વિકલ્પો જમીન-આસમાનનું અંતર છે પ્રથમ વિકલ્પમાં શ્રાવકે પોતાના માટે પૂજા કરવાની છે. જ્યારે બીજા વિકલ્પમાં ભગવાન અપૂજ ન રહી જાય એવા સિદ્ધાંતને માટે પૂજા કરવાની છે. માટે આ બીજા વિકલ્પમાં દેવદ્રવ્ય વાપરવામાં વાંધો નથી. પણ પ્રથમ વિકલ્પમાં તો દેવદ્રવ્ય હરગીજ ન વપરાય. દેવદ્રવ્યથી પૂજા કરવી તેના કરતાં પૂજા ન કરવી સારી. દાન દેવા માટે ભીખ માંગવી તેના કરતાં દાન ન કરવું સારું પ્રથમ વિકલ્પમાં આમ કહી શકાય.

तत्त्वावलोकन समीक्षाना
असत्य प्रचारथी सावधान

(सं. २०४७ ना मलाड चातुर्मासमां पू. आ. श्री जगच्चंद्र सू. म. तथा पू. मु. श्री नयवर्धन वि. म. ने એક વખત તપના પારણાના પ્રસંગે વ્યાખ્યાનમાં લેગા થવાનું બન્યું હતુ ત્યારે આચાર્યશ્રીએ મોક્ષમૂલક ધર્મની રજુઆતને ધક્કો પહોંચે તેવા ઉચ્ચારણો કરવાથી મુનિશ્રીએ ત્યારે વ્યાખ્યાનમાં તેની સમીક્ષા કરી હતી. બાદ પણ એક-બે વખત ચર્ચા-વિચારણા માટે લેગા થતાં શાસ્ત્રસિદ્ધ મોક્ષૈકલક્ષી અનુષ્ઠાન પદ્ધતિને મુનિશ્રીએ સુપેરે સિદ્ધ કરી આપી હતી. તે છતાં પણ 'પકડેલુ ન છોડાય' તે રીતે પોતાની વાત સુપેરે સિદ્ધ ન કરી શકાઈ હોવા છતાંય 'तत्त्वावलोकन समीक्षा' નામની પુસ્તકના પ્રકાશકના લખાણમાં તદ્દન અયોગ્ય રજુઆત કરીને 'આ. ભ. શ્રીએ મુનિશ્રીને સમજાવ્યા' આવી અસત્યપૂર્ણ રજુઆતને વધિયો આપતું આ નિવેદન શાંતચિતે વાંચો. વિચારો.)

થોડા સમય પૂર્વે કાંતિલાલ છ. શાહ તથા રમેશચંદ્ર અ. દોશી મલાડવાળા તરફથી 'तत्त्वालेकन समीक्षा' નામે પ્રકાશિત થએલ પુસ્તક વાંચતા તેના 'પ્રકાશકીય' લખાણમાં સત્યથી તદ્દન વિપરિતરૂપે રજુ કરેલ હકીકત વાંચીને તેમજ તેમાં પૂ મુનિરાજ શ્રી નયનવર્ધન વિ. મ. ના નામે રજુ થએલ સંદર્ભ તદ્દન વિકૃતરૂપે રજુ થએલો જોઇને અમો તે અંગે સત્ય જાહેર કરવા પ્રેરાયા છીએ.

અમારા રત્નપુરી ઉપાશ્રયમાં સં. ૨૦૪૭ ના ચાતુર્માસમાં 'પૂજ્યપાદ સુવિશુદ્ધ મોક્ષ માર્ગ પ્રરૂપક આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના શિષ્યરત્ન પૂ મુ શ્રી નયનવર્ધન વિ. મ. આદિ ચાતુર્માસ બિરાજમાન હતા ત્યારની આ વાત છે.

પર્યુષણા બાદ સુ. બાબુભાઇના નિવાસ સ્થાને તપપૂર્ણાહુતિના પ્રસંગે પૂ. આ. શ્રી જગચ્ચંદ્રસૂરિ મ. સા. પધાર્યા હતા. વિનંતિ હોવાથી પૂ. મુ. શ્રી. નયનવર્ધન વિ. મ. આદિ પણ પધાર્યા હતા. ત્યારે પૂ. મુનિશ્રી ની હાજરીમાં જ પૂ. આચાર્ય ભ. એ મોક્ષના મહત્વને ગૌણ કરતાં અને મૌક્ષૈકલક્ષી પ્રવચન પદ્ધતિનો ઉપહાસ કરતાં અમુક વાકયો ઉચ્ચાર્યા ત્યારે પોતાની અનુપેક્ષણીય-અપરિહાર્ય ફરજ સમજીને ત્યાર પછી તરત પોતાના પ્રવચનમાં મુનિશ્રીએ તે તે અસંગત વિધાનોની તર્કયુકત-શાસ્ત્રીય સ્પષ્ટ સમીક્ષા કરી હતી. જરૂર તે સ્પષ્ટ સમીક્ષાથી આ. ભ. આદિ મનમાં અકળાયા હતા. ત્યાર પછી તો આ જ વાતને એક ચર્ચાસ્પદ વિષય બનાવીને પૂ. આ. ભ. એ અમુક પ્રશ્નોના લેખિત જવાબ મંગાવ્યા ત્યારે મુનિશ્રીએ સાહજિક રીતે જ જણાવ્યું કે-આપણે નજીકમાં જ સ્થિત હોઇને લેખિત જવાબ મોકલવા કરતાંય સામ સામે રૂબરૂમાં મૌખિક ચર્ચા જ વધુ અનુકૂળ રહેશે.

એ જ અરસામાં રત્નપુરી સંઘની નીક-

બેલી ચૈત્યપરિપાટી દેનાબેંક ઉપાશ્રયના ઉપરના શ્રી શ્રેયાંસનાથ સ્વામી જિનાલયે પહોંચી. ચૈત્યવંદન કરી પાછા વળતા આ. શ્રી ને મળવાનું થયું, ત્યારે ચાલુ ચૈત્યપરિપાટીનો સમય હોવા છતાંય આ. ભ. એ ચર્ચિક મુદ્દો છેડયો. તો જરાય પીછેહઠ કર્યા વિના અને માનસિક પૂરૂ સમતુલન જાળવીને મુનિશ્રીએ તે બધા પ્રશ્નોનાના અકાટય પ્રત્યુત્તરો વાળીને સામે એવા ધારદાર એકેક પ્રશ્નો ઉપસ્થિત કર્યા હતા કે–ત્યારે આ. ભ. આદિ સર્વે નિરૂત્તર અને નિસ્તેજ સ્થિતિમાં મૂકાય ગયા હતા. છતાંય મુનિશ્રીએ કહયું હતું કે– આ રીતે ઉભાઉભા અને ઉતાવળમાં વિચારી શકાય તેવો આ વિષય નથી માટે પછી નિરાંતે અને વિશેષ શ્રાવકોની હાજરીમાં જ વ્યવસ્થિત વિચારણા કરવા મળશું.

પણ કોણ જાણે– તપપૂર્ણાહુતિના પ્રસંગે થએલા પ્રવચનની રજુઆત જોઇને કે પછી ચૈત્યપરિપાટી પ્રસંગે થએલી ચર્ચામાં એકેક પ્રશ્નોના અપાએલા સજ્જડ જવાબોને જોઈને આ. ભ. નો મૂડ આખોય બદલાય ગયાનો અનુભવ થયો. એકદા બપોરના સમયે પોતાનું બ્લડ ચેક-અપ કરાવવા આવેલા મુનિશ્રી બાજુમાં જ ઉપાશ્રયમાં આ. ભ. શ્રી જગચ્ચંદ્ર સૂ. મ. ની નાદુરસ્ત તબિયતના સમાચાર જાણી સુખશાતા પૂછવા ગયા. આવા વખતે મુનિશ્રીને ગોચરી-પાણી વાપરવાના બાકી હોવા છતાંય આ. ભ. એ આ પ્રશ્ન પાછો ઉપાડયો. ત્યારે મુનિશ્રીએ કહયું કે– મારે ગોચરી વાપરવાની હજી બાકી છે, ઉપાશ્રયમાં મારા બીજા સાધુઓ રાહ જોતા હશે અને એના કરતાંય શ્રાવકોની હાજરીમાં મારે આ ચર્ચા વિચારણા કરવાની ઇચ્છા છે. તેથી અત્યારે આ વિષય રહેવા દો.

પણ કદાચ શ્રાવકોની ગેરહાજરીની આ તકને ઝડપીને જ પતાવટ કરી લેવાના મૂડમાં આ. ભ. હશે કે શું ? તેમણે આ તક જતી કરી જ નહિ. ત્યારેય મુનિશ્રીએ 'એકેક વિચારોને શાસ્ત્રદૃષ્ટિએ કઇ રીતે ઘટાવવા જોઇએ, શાસ્ત્રકારોનો મોક્ષના જ ધ્યેયથી ધર્મ કરાવવાનો કેવો કલ્યાણઊર્ભિત આશય હોય છે ! સભામાં આવનારા જીવોને બાળ-બાળ કહીને ઉન્માર્ગે ન ચડાવાય, જૈનકુળને પામેલો બાળપણ પ્રાયઃ મોક્ષ સમજવાની યોગ્યતા લઇને આવ્યો હોય છે. તેથી ધર્મગુરૂની દેશનાનો સૂર મોક્ષની જ મહત્તાને વર્ણવતો હોય છે.....વગેરે વગેરે વાતોની ચોંટદાર રજુઆત કરી હતી. જ્યારે સામે આ. ભ. શ્રીએ એક ધર્મબિંદુ ગ્રંથનું પાનુ ધર્યું ત્યારે તેનોય વળતો જ જવાબ મુનિશ્રીએ સુંદર રીતે આપ્યો હતો! મુનિશ્રી દ્વારા તેમની એકેક શાસ્ત્ર નિરપેક્ષ રજુઆતનો શાસ્ત્રીય વચનો દ્વારા રદિયો અપાતો જ જતો હતો.

હવે તો આ મુદ્દા પર આગળ વધવું જ નથી. આવી જ જાણે મનઃસ્થિતિ અનુભવનારા આ. શ્રી જ્યારે વારંવાર ચર્ચાની પતાવટનો રણકાર ઉચ્ચારવા લાગ્યા, ત્યારે મુનિશ્રીએ કહયું કે 'આ ચર્ચા વિચારણા હકીકતમાં શ્રાવકોની હાજરીમાં જ કરવાની

મારી ઈચ્છા હતી તેથી અવસરે જાહેરમાં આપણે આયોજન કરીએ' પણ નહિ નહિ બસ ! વાત પૂરી થાય છે. આ વિષય અહિ જ સમાપ્ત થાય છે. એમ વારંવારના આ. શ્રીના ઉચ્ચારણને છેવટે મુનિશ્રીને પણ અનુસરવાનું થયું અને આ વિષય ત્યાં પૂર્ણવિરામ પામ્યો. મુનિશ્રીનું એક વખતનું પ્રવચન અને પછીની બે વખતની ચર્ચા આ બધ માં હાજર હતા તેવા પૂ. મુ શ્રી ચારિત્રરતિ વિ.મ. તથા તે તે પ્રસંગે ઉપસ્થિત શ્રાવક ભાઇઓ આજે પણ આ વાતનું ગૌરવ અનુભવે છે કે– પરમાત્મભાષિત વચનો અને પૂ. ગુરૂભગવંત આ. શ્રી વિજય રામચંદ્ર સૂ મ. દ્વારા ઘૂંટી ઘૂંટીને સમજાવાએલ આ પરમ સત્યોનો કેવો પ્રભાવ કે સામે પ્રશ્નોની ઝડી વરસાવવામાં બાકી નહિ રાખવામાં આવી છતાંય સત્યો પૂરા અણનમ જ રહ્યા !.....

આ બાજુ તે 'તત્ત્વાવલોકન સમીક્ષા' પુસ્તિકામાં તો તદ્દન બિનપાયાદાર રજુઆત કરીને જણાવાયુ છે કે " આ. શ્રી એ તથા અન્ય મહાત્માઓએ અનેક શાસ્ત્રપાઠો રજુ કરીને મુનિશ્રીને (નયનવર્ધન વિ.મ. ને) સાચો શાસ્ત્રાર્થ સમજાવ્યો... તેમના વિધાનોમાં દોષ બતાવ્યા...વિગેરે... વિગેરે. આવી તદ્દન અસત્ય રજુઆત કરીને તો પ્રકાશકોએ પોતાના પાપનિર્ભિક પરિણામોની પ્રતીતિ કરાવી છે. જેમ છાબડીથી કયારેય સૂર્ય ઢંકાતો નથી. તેમ આવુ છાપી દેવા માત્રથી સત્ય પણ કયારેય ઢંકાતુ નથી. આ હકીકતની પ્રતીતિ આ લેખ વાંચનાર તટસ્થ વ્યકિતને થયા વગર નહિ રહે.....

લિ. રત્નપુરીના આરાધકો,
મલાડ (ઇસ્ટ) મુંબઇ

સહકાર અને આભાર

શુભેચ્છકો

(૧) શાહ રમણિકલાલ ગોપાલજી
૭, રાજ કોરપોરેશન મામુનાયકની પોળ સામે ઘીકાંટા રોડ અમદાવાદ–૧

(૨) શુરવીર એસ. ઝવેરી
૭૧ મીરઝા સ્ટ્રીટ, ૨ જા માળે મુંબઇ-૩

(૩) કાંતિલાલ ડાયાલાલ મહેતા લંડન

૪૦૦ સ્વ. ભીમજીભાઇ રામજીભાઇ ભાલાળા લોકશાળા દુધાળા (પાલીતાણા)

૫૧) શ્રીમતી મીનાબેન રમેશ ઝાંખરીયા તથા તેમના પુત્રી કુ. જીનલ રમેશ-અટ્ઠાઇ નિમિત્તે ભેટ
શાહ પ્રેમચંદ મેઘજી ગુઢકાની પ્રેરણાથી મુંબઇ.

પૂજ્યશ્રી કહેતા હતા કે :- - શ્રી ગુણદર્શી

- જ્યાં સુધી તમારું લક્ષ્ય મોક્ષ પ્રત્યે ન ચોંટે, એ મોક્ષ માટે સર્વવિરતિની જરૂર છે એમ તમને ન લાગે ત્યાં સુધી નાના ધર્મો સમજવાની ભાવના જાગે એ પણ અશક્ય છે.
- જ્યાં સુધી સંસારના સઘળાય સંયોગો મારે માટે હિતકર છે એવો આંખો આંખો પણ ખ્યાલ હોય ત્યાં સુધી ધર્મની સાચી જિજ્ઞાસા થતી નથી.
- ધર્મકથા પણ એટલા જ માટે સાંભળવાની છે કે, અનાદિકાળની પાપવાસનાઓ ઘટે, વિષયલાલસાઓ તૂટે અને અસાર એવા આ સંસારનો પ્રેમ સર્વથા છૂટી જાય,
- સમ્યગ્ દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર આ ત્રણની આરાધના માટે શાંતિ, ક્ષમા કેળવવાની છે; આ ત્રણ જેનાથી મળ્યા, જેના યોગે આ ત્રણની પ્રાપ્તિ થઈ, જે આ ત્રણ વસ્તુના દાતાર, એના ઉપર આપત્તિ વખતે, આ ત્રણને છિન્નભિન્ન કરી નાખે તે વખતે પણ એના સેવકને શાંતિ રાખવી, એ ધર્મ છે ?
- દુનિયામાં પણ કાયદાને શિર, ઝૂકાવો છો, તો અનંતજ્ઞાની જિનેશ્વરદેવની આજ્ઞા માનવામાં તમારી આબરૂને લાંછન શું છે ?
- મનની શુદ્ધિ–મનની શાંતિ ત્યારે જ આવે કે જ્યારે ભવિષ્યની ચિંતા આત્માને જાગૃત થાય અને આગળ–પાછળનો વિચાર કરતાં શીખે.
- કષાયોથી બચે એજ ખરા ધીર આત્માઓ કહેવાય છે. વીર બનવું સહેલું છે, પણ ધીર બનવું એ ઘણું જ કઠીન છે.
- સંસાર ઉપર નિર્વેદ ન આવે ત્યાં સુધી મોક્ષ માટે સાચો જ પ્રયત્ન જ નથી થતો.
- સંસારનો રાગ એ ભયંકર રોગ છે. અને એ રાગની પ્રશંસા અને પુષ્ટિ કરનારા ત્યાગીઓ, એ વસ્તુતઃ ત્યાગીઓ જ નથી.
- શ્રી જિનેશ્વરદેવનું સાધુપણું પણ લોકોત્તર છે. એવા લોકોત્તર સાધુપણાના પાલક અને પ્રચારક, લોગીઓની ગુલામી ન જ કરે અને તો જ તે ભગવાન શ્રી જિનેશ્વર-દેવના મોક્ષમાર્ગની સાચી ઉપાસના અને તેનો સાચો પ્રચાર કરી શકે;
- સંસારના રસિયાઓ સંસારને ખીલવવા પ્રયત્ન કરે, તેમ ત્યાગના રસીયાઓ ત્યાગ માટે કરે, તેમાં કોઇને વિઘ્ન નાખવાનો વિરોધ કરવાનો શો હક્ક છે ?

'નર્મદા–બૅન્ડ'માં ધર્મદ્રવ્યનું રોકાણ એટલે ઘોર હિંસામાં સીધી ભાગીદારી

છેલ્લા બસો–ત્રણસો વર્ષથી અનાર્યોની ભોગ–ઉપભોગની સંસ્કૃતિએ સમગ્ર આર્યાવર્તનો જે રીતે ખાત્મો બોલાવ્યો છે અને તેમાંયે ખાસ કરીને કહેવાતી આઝાદી મળ્યા પછી દેશી અંગ્રેજોએ 'વિકાસ' અને 'પ્રગતિ' ના ભ્રામક ખ્યાલોમાં યંત્રોદ્યોગીકરણ, શહેરીકરણ અને પશ્ચિમીકરણ ભણી જે આંધળી દોટ લગાવી છે, તેણે આર્યાવર્તની મોક્ષલક્ષી ચાર પુરુષાર્થની અનોડ સંસ્કૃતિને હતપ્રહત કરવા દ્વારા ધર્મનો નાશ કરી અંતે પ્રજાને ગરીબી, બેકારી, બીમારી અને મોંઘવારીના ખપ્પરમાં હોમી દીધી છે. તે વાત તો હવે સર્વવિદિત છે. છેલ્લા કેટલાક સમયથી દુનિયાભરના બૌદ્ધિકોમાં આવેલી જાગૃતિને પરિણામે અત્યાધુનિક શિલ્પિનો પણ, પશ્ચિમચક્ષુ નહેરુ જેને 'ભારતના આધુનિક મંદિરો' તરીકે ઓળખાવતા, તે મસમોટાં કારખાનાંઓ, વિશાળકાય બંધો વગેરેને 'આધુનિક ભારતના કબ્રસ્તાનો' તરીકે [જુઓ ડેરિલ ડિ' મોન્ટે કૃત' Temples or Tombs?] પિછાની ગયા છે. પશ્ચિમના આંધળા અનુકરણ રૂપ કહેવાતા 'વિકાસનો ડર' જેમ જેમ વધતો જાય છે. તેમ તેમ 'વિનાસનો ડર' પણ વધતો જતો હોવા છતાં સત્તાલોલુપ સરકારના ભ્રષ્ટ પ્રધાનો પ્રજાનાશની નિતનવી યોજનાઓ રજૂ કરતા જાય છે તેનો નાદર નમૂનો ગુજરાતની કહેવાતી જીવાદોરી 'નર્મદા યોજના' છે. અગણિત લોકોને ઘરબાર વિહોણા કરનારી, ગીચ જંગલોનો ખાત્મો બોલાવનારી આ યોજનામાં હિંદુસ્તાન કે ગુજરાતનું ભૌતિક હિત પણ શા માટે નથી, તેનું વિવેચન કરતાં સંખ્યાબંધ પુસ્તકો તથા લેખો અનેકવિધ ભાષાઓમાં લખાયેલ હોવાથી તે બાબતમાં અહીં વિશેષ વિવેચન ન કરતાં આ લેખમાં તો ગામેગામ જૈન સંઘોના આગેવાન મહાજનો તથા શ્રમણ ભગવંતોનું ધ્યાન 'નર્મદા બૅન્ડ' વગેરે દ્વારા ધર્મદ્રવ્યનું રોકાણ 'નર્મદા યોજના'માં કરવામાં રહેલા અનેક દોષો તરફ દોરી ધર્માદા કે ધાર્મિક દ્રવ્યોનું રોકાણ તેમાં ન થાય, તેમ સૂચવવું છે અનેક પ્રકારનાં દબાણો અને પૂર્વગ્રહોથી યુક્ત ગુજરાતી છાપાઓ વગેરેમાં સતત નર્મદા યોજનાનાં ગુણગાન ગવાતા હોવાથી અને તેનો વિરોધ કરનારને ગુજરાતના હિતશત્રુઓ તરીકે ચિતરાતા હોવાથી મોટા ભાગના સજ્જન પુરુષો પણ જાગૃતિના અભાવે નર્મદા યોજનામાં પ્રજાનું હિત જોતા થઈ ગયા છે. તેથી કયાંક–કયાંક ખૂણે-ખાચરે ધર્મદ્રવ્યોનું 'નર્મદા–બૅન્ડ'માં રોકાણ અને તેને માટેની પ્રેરણાઓ, પણ શરૂ થઈ જતાં તે માટે સરકારી અધિકારીઓ દ્વારા વહીવટદારો પર દબાણ લાવવા જેવા સક્રિય પ્રયત્નો શરૂ થઈ જતાં કેવળ ધાર્મિક દૃષ્ટિને લક્ષમાં રાખીને જ 'નર્મદા બૅન્ડ'માં નાણાં રોકવામાં રહેલી અનુચિતતા–દોષ બતાવવાનો અહીં પ્રયત્ન કરેલ છે. હકીકતમાં તો

ધાર્મિક દોષ ઉપરાંત પણ આ યોજના આર્થિક, સામાજિક વગેરે દૃષ્ટિએ પણ પ્રજાની પાયમાલી કરનારી હોવાથી પ્રતાપી પૂર્વજોના વારસદાર મહાજનના પરંપરાગત આગેવાનોએ તો પોતાની સઘળી શક્તિઓને કામે લગાડીને પ્રજારક્ષણની પોતાની ફરજ અદા કરવાની આ વેળાએ નર્મદા બંધની આ વિનાશક યોજનાને અટકાવવા બનતું બધું જ કરી છૂટવું જોઇએ, જેઓ તેમ કરી શકવાને શક્તિમાન ન હોય તેમણે છેવટે પોતાના કે પોતાના હસ્તકનાં ધાર્મિક કે બીજા વહીવટોનાં નાણાં તેમાં રોકીને તેને અનુમોદન તો ન જ આપવું જોઇએ.

મોટા મોટા બંધોનું સ્વરૂપ અને તેના હેતુઓથી પરિચિત સૌ કોઇ સમજી શકશે કે, મોટા બંધો સ્વયં મહારંભના સ્વરૂપ અને મહાઆરંભના કારણરૂપ છે. આ બંધોમાંથી પેદા થનારી વીજળી વડે વિરાટ કારખાનાંઓ ચલાવવામાં આવશે. જ્યાં જ્યાં ખેતી માટે પાણી પૂરું પાડવામાં આવશે, ત્યાં ત્યાં છાણિયા ખાતર વગેરે દેશી પદ્ધતિ દ્વારા અત્યારે થતી અલ્પ દોષવાળી ખેતીનું સ્થાન રાકડિયા પાક, ફર્ટિલાઇઝર, હાયબ્રીડ બિયારણ અને જંતુનાશક દવાઓ તથા ટ્રેકટરોવાળી ખેતી લેશે. આ કારખાનાંઓ અને આધુનિક ખેતીમાં થનારા ઘોર આરંભ સમારંભનો દોષ તેમાં નાણાં રોકવા દ્વારા તેને અનુમોદન આપનારને લાગે.

આ સમગ્ર નર્મદા યોજનામાં નાનામોટા દરજ્જે બંધાનારા ૩૪૩૦ જેટલા બંધોમાંનો સૌથી મોટો જે બંધ કેવડિયા નજીક બંધાવાનો છે, તેને કારણે જે વિશાળ સરોવર બનશે, તેની કેવળ લંબાઇ જ મુંબઈથી નવસારીના અંતર કરતાં પણ વધુ હશે. આવા વિરાટ જળાશયોમાં ધર્મભ્રષ્ટ સરકાર મોટા પાયા પર મચ્છીમારીને પ્રોત્સાહન આપશે. સરદાર સરોવર નિગમ દ્વારા બહાર પાડવામાં આવેલી અંગ્રેજી પુસ્તિકામાં આપેલા સત્તાવાર આંકડા મુજબ સૌથી સરકાર મોટાં બે સરોવરોમાં જ દર વર્ષ ૨૪,૦૦,૦૦૦ કિલો (૨૪ લાખ કિલો, માછલાંઓ મારવાનો લક્ષ્યાંક ધરાવે છે. આપણા પૂર્વજોએ મહાજનની સત્તા જે રીતે ટકાવી રાખી હતી, તે રીતે ટકાવવામાં આપણે કાચા પડયા હોવાથી મત્સ્યોદ્યોગના સુંવાળા નામ નીચે માછલા મારતી આ આકરી મારી સરકારને આપણે કદાચ અટકાવી ન શકીએ પરંતુ તેને તેમ કરવાના પૈસા આપણા જ ધર્મસ્થાનોમાંથી આપીને જો સહાય કરીએ તો પછી તેને વિધિની વક્રતા જ ગણવી પડશે ? કે પછી પંચમ કાળમાં ધર્મસ્થાનોનો વહીવટ પણ મોટા ભાગને દુર્ગતિગામી બનવા જ મળતો હશે તેમ સમજવું રહ્યું ?

આ સમગ્ર યોજનામાં હજારો બહુકે લાખો હેક્ટર જમીન અને તેમાં રહેલા જંગલો પાણીમાં ડુબી જવાનાં છે. આ ગીચ જંગલોમાંનાં અગણિત વૃક્ષો અને નાના-

મોટાં પ્રાણીઓની સૃષ્ટિની કેવી દયનીય હાલત થશે, તે સૌ કલ્પી શકે તેમ છે! આર્યાવર્તના સમગ્ર ઇતિહાસમાં પ્રજાના અમુક મુઠ્ઠીભર વર્ગ કુદરતી સાધનોનો બેરોકટોક ઉપભોગ કરી શકે, તે માટે વિશાળ જીવસૃષ્ટિની આવી ભૂરી વલે કરવામાં આવે, તેવો દાખલો શોધ્યો જડશે નહિ.

હકીકતમાં તો જૈન જ નહિ, પરંતુ કોઇપણ જૈનેતર ધર્મસ્થાનોના વહીવટદાર પણ આવાં ઘોર પાપકાર્યોને અનુમોદન મળે તેવી રીતે ધર્માદાની એક પાઇ પણ રોકે નહિ, પરંતુ છાપાંઓમાં ચાલતા નર્મદા યોજનાના એકતરફી પ્રચારથી ભોળવાઇને અનભિજ્ઞ એવા સરળ હૃદયી વહીવટદારો સરકારી અધિકારીઓના દબાણને વશ થઇને તેમાં પૈસા રોકવા લલચાય નહિ, તે માટે જ આટલી નુકતેચીની કરવાની જરૂર ઊભી થઇ છે.

વાસ્તવમાં, ધર્મસ્થાનના વહીવટદારો ધર્મદ્રવ્યોનું રોકાણ વગેરે ગુરૂભગવંતોના માર્ગદર્શન વગર કરે જ નહિ અને જો તેમ કરવામાં આવે તો ગીતાર્થ ગુરૂભગવંતો દ્વારા આવા મહારંભનાં કાર્યોમાં તેના રોકાણનો નિષેધ થઇ જ જાય, પરંતુ આજે વહીવટદારો દ્વારા ગુરૂભગવંતોની-સલાહ લઇને જ ધર્મકાર્યોમાં આગળ વધવાની આ વિધિ દરેક જગ્યાએ જાળવાતી ન હોવાથી વહીવટદારોની જાણ માટે આ લખવાનું કર્તવ્ય અદા કર્યું છે.

સૂરિપુરંદર આચાર્યદેવ શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જેવાએ પણ 'સંબોધ પ્રકરણ' નામના ગ્રંથરત્નમાં ત્યાં સુધી ફરમાવેલ છે કે–

जिणवर आणारहियं वद्धारंता वि के वि जिणदव्वं,
बुडुन्ति भवसमुद्दे मूढा मोहेण अन्नाणी ।।

'જે અજ્ઞાનીઓ જિનેશ્વરની આજ્ઞાથી વિપરીતપણે જિનદ્રવ્યને વધારે પણ છે. તે મોહ વડે મૂઢ હોકા (જિનદ્રવ્યને વધારતા હોવા છતાં પણ) ભવસમુદ્રમાં ડુબે છે.'

ધર્મદ્રવ્યનો વહીવટ, તેનું રોકાણ વગેરે વહીવટદારો સંસારસાગરથી તરવા માટે કરતા હોય છે, નહિ કે ડુબવા માટે! તેથી પૂજ્ય હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ જેવા મહાગીતાર્થ શાસ્ત્રકાર પરમર્ષિઓના તથા 'દ્રવ્ય સપ્તતિકા' જેવા ગ્રંથોના પણ આવા પાઠો જોયા પછી કયો શાણા વહીવટદારો નર્મદા યોજના જેવી મહારંભયુક્ત યોજનાઓમાં જિનેશ્વરની આજ્ઞાથી વિપરીતપણે નાણા રોકી ભવસમુદ્રમાં ડુબવાનું પસંદ કરશે?

જિનશાસનના રાજાધિરાજની જગ્યાએ બિરાજમાન અગ્રણી પૂજ્ય આચાર્ય ભગવંતોને વિનંતિ છે કે, ઉપરોકત બાબત અંગે શાસ્ત્રીય માર્ગદર્શન આપવાની કૃપા કરી પોતપોતાના અવગ્રહક્ષેત્રમાં આવતાં ધર્મસ્થાનોના વહીવટદારોને આ બાબતનો ખ્યાલ આપી દોષમાંથી બચાવી લે : તે જ રીતે ધર્મસ્થાનોના વહીવટદારો પણ આ તથા આવી જ કોઇ' ઊભી થતી જુદી જુદી બાબતો અંગે પૂજનીય ગીતાર્થ ભગવંતોનું માર્ગદર્શન મેળવ્યા વિના એક ડગલું પણ આગળ ન વધે, એ જ શુભેચ્છા.

સકલ–સંઘના વહીવટદારો સાવધાન !

ચેરિટિ કમિશ્નરના એ હસ્તક્ષેપને કોઇ વશ ન થાય.

ધર્મદ્રવ્યની વ્યવસ્થાઓ ઉપર આક્રમણ સ્વરૂપ ટ્રસ્ટ એક્ટનો ધર્મનાશક કાયદો આવ્યો, ત્યારે જ શાસનશૈલીના જાણકારોએ તેનો આકરો વિરોધ કરેલ. પરંતુ તે વખતે 'આ કાયદો તો જ્યાં ગેરવહીવટ થતો હોય, ત્યાં કેવળ તે ગેરવહીવટને રોકવા માટે જ છે' આવો પાંગળો બચાવ કરવામાં આવેલ. અને ઘણા ભોળા લોકોએ તે બચાવ સ્વીકારી પણ લીધેલ. જેમ જેમ સમય વીતતો જાય છે, તેમ તેમ આ કાયદો પોતાનું પોત પ્રકાશતો જાય છે. ધર્મમાં હસ્તક્ષેપ કરનારો કોઈપણ કાયદો ઘડતી વખતે શરૂઆતમાં તે હસ્તક્ષેપનું પ્રમાણ અત્યંત નજીવું રાખવામાં આવે છે. જેમ જેમ એ નજીવો હસ્તક્ષેપ લોકોને કોઠે પડતો જાય, તેમ તેમ હસ્તક્ષેપનું પ્રમાણ વધારતા જઇ છેવટે કાણામાંથી બાકોરૂં અને બાકોરામાંથી બારણા જેટલું ગાબડું પાડી દેવામાં આવે છે.

નર્મદા યોજનામાં ડેમમાં દર વર્ષે ૨૪ લાખ ટન માછલાની યોજના છે. પ્રજાકલ્યાણના નામે ભ્રષ્ટ રાજકારણીઓ, સરકારી અધિકારીઓ અને કોન્ટ્રાકટરોના ગજવા ભરવા માટે ઘડાયેલી નર્મદા યોજના જેવી હિંસક યોજના સામે આખી દુનિયામાં વિરોધનો વાવંટોળ ઊઠતા વિશ્વબેંક અને જાપાન સરકારની લોનો રદ થવાથી આ યોજના માટે નાણાં પડાવવા ગુજરાત સરકારનો ડોળો હવે ધર્માદા ટ્રસ્ટો તરફ મંડાયો છે.

ગુજરાતની સંખ્યાબંધ ધાર્મિક–સામાજિક સંસ્થાઓ ઉપર ચેરિટિ કમિશ્નરનો લેખિત સરકયુલર 'સંસ્થાનું મૂડી રોકાણ શામા છે ?' તે જણાવવા આવેલ છે. અને જે સંસ્થાઓએ પોતાના રોકાણની વિગતો જણાવી, તેને અમુક રોકાણ નર્મદા બોન્ડમાં ટ્રાન્સફર કરવા સૂચના અપાયેલ છે. ગુજરાતના જિલ્લે જિલ્લે કલેકટરો તથા રજિસ્ટ્રારો પણ ધાર્મિક સામાજિક સંસ્થાઓને નર્મદા બોન્ડમાં રોકાણ કરવા સુચન કરી રહ્યા છે.

નર્મદા બોન્ડમાં ધર્માદા દ્રવ્યનું રોકાણ કોઈ પણ હિસાબે કરાય જ નહિ, તે તો અહીં પ્રગટ થતા લેખથી સ્પષ્ટ થશે જ પરંતુ વધારામાં એ પણ એક ગંભીર બાબત છે કે, ધર્માદા ટ્રસ્ટોએ કાયદાની મર્યાદામાં રહીને પણ કયાં રોકાણ કરવું, તે અંગે તદ્દન અનધિકૃત ડખલગીરી સરકારી તંત્રો દ્વારા થઇ રહી છે. ડખલગીરીના આ વરવા પ્રયાસને ઊગતો જ ડામી દેવામાં નહિ આવે, તો આજે તેમને નર્મદા યોજના પ્રજાના હિતમાં જરૂરી લાગતા તેમાં રોકાણ કરવા સુચવી રહ્યાં છે,, આવતીકાલે હુંડિયામણ કમાવા માટે કતલખાના પણ પ્રજાહિત માટે જરૂરી લાગતા તેમાં રોકાણ કરવા પણ સુચવશે.

'પાંચ–પચીસ હજાર રૂપિયાના રોકાણ માટે કલેકટરને કે ચેરિટિ કમિશ્નરને કયાં નારાજ કરવા ?' તેવો વિચાર કોઇ કરશો મા ! આમાં સવાલ પાંચ પચીશ હજાર રૂપિયાનો નહિ, પરંતુ પરમાત્માની આજ્ઞાના પાલનનો છે. નકકી કરીએ કે નર્મદા યોજનામાં તો એક પાઇનું પણ રોકાણ નહિ જ કરીએ.

શ્રી આબુજી (દેલવાડા) મહાતીર્થમાં

સદા માટે શ્રી જિનભક્તિનો લાભ લેવાની અપૂર્વ તક

જગ પ્રસિદ્ધ શ્રી આબુજી મહાતીર્થમાં સૈકાઓ પૂર્વે આપણા મહાન પૂર્વજો મંત્રીશ્વર શ્રી વિમલશાહ અને શ્રી વસ્તુપાલ તેજપાલ તથા શ્રી કુંભારણા આદિએ નિર્માણ અત્યંત ભવ્ય અને કલાત્મક મંદિરોનો વર્ષો પૂર્વે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા સંપૂર્ણ જિર્ણોદ્ધાર થયા બાદ વિ. સં. ૨૦૩૫ માં પરમશાસનપ્રભાવક, સુવિશાલગચ્છાધિપતિ, વ્યાખ્યાનવાચસ્પતિ પરમ પૂજ્ય શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે પુનઃ પ્રતિષ્ઠા થઇ.

ત્યાર બાદ વિ. સં. ૨૦૪૮ના ગત વર્ષમાં મહાતપસ્વી સૌમ્યમૂર્તિ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલકસૂરીશ્વરજી મહારાજા તથા નૂતન ગચ્છાધિપતિ, પ્રશાંતમૂર્તિ પરમ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજ તથા અન્ય પૂ. આચાર્યાદિ-પદસ્થો-મુનિભગવંતો આદિની નિશ્રામાં અને ચતુર્વિધ શ્રી સંઘની વિશાળ ઉપસ્થિતિમાં મંદિરોની સાલગિરિના ભવ્ય મહોત્સવ પ્રસંગે પૂજ્યોના સદુપદેશથી તીર્થમાં વધતા જતા સાધારણના કાયમી ખર્ચને પહોંચી વળવા માટે રૂા. ૧૧૦૦૦૧ની અનામત રકમ લખાવી લાભ લેનાર દાતાઓની નામાવલી નોંધવાનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો જેમાં તે જ વખતે અત્યંત ઉત્સાહભર્યા વાતાવરણમાં દેવગુરૂની મહતી કૃપાથી લગભગ ૨૫૦ ઉપરાંત નામો લખાઇ ગયા અને ત્યારબાદ આજ સુધીમાં બીજા ૧૦૦ મળી કુલ ૩૫૦ નામ લખાઇ ગયા છે. તીર્થના વહીવટદારોનું લક્ષ્યાંક ઓછામાં ઓછાં ૫૫૦ નામો નોંધવાનું છે. તો પુણ્યશાળીઓને પોતાનું નામ વહેલી તકે નોંધાવી તીર્થભક્તિના આ અનુપમ કાર્યમાં લાભ લેવા ખાસ ભલામણ છે.

આ રીતે એકત્ર થયેલ રકમના વ્યાજમાંથી તીર્થમાં પ્રભુ ભક્તિ આદિનો સઘળો ખર્ચ કરવામાં આવશે. અત્યાર સુધી તીર્થમાં આવતા જૈન-જૈનેતર દર્શનાર્થીઓ તથા દેશ-પરદેશના પર્યટકોને ફોટા તથા ફિલ્મ માટેની પરવાનગીના પાસ આપવા દ્વારા જે આવક થતી તેનો ઉપયોગ મંદિરના ખર્ચમાં કરવામાં આવતો. પરંતુ આ રીતે ફોટોગ્રાફીથી મંદિરમાં થતી ભારે આશાતના પ્રત્યે વહીવટદારોનું ધ્યાન ખેંચાતા તેમણે ફોટોગ્રાફી ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુકી તેનાથી થતી આવક જતી કરવાનો સ્તુત્ય નિર્ણય લીધો છે. જેનો અમલ પણ શરૂ થઇ ગયો છે.

રૂા. ૧૧૦૦૧ના દાતાઓની શુભ નામાવલી મંદિરની બહારના ચોકમાં યોગ્ય સ્થળે શિલાલેખમાં અંકિત કરવાનો નિર્ણય પણ વહીવટદારોએ કર્યો છે.

તીર્થભક્તોને આ પુણ્ય તકનો લાભ ઝડપી લેવા પુનઃ પુનઃ ભલામણ છે.

લિ. શેઠ શ્રી કલ્યાણજી પરમાણંદજીની પેઢી વતી,
તિથિ આયોજન વ્યવસ્થાપક

—: આ યોજકો :—

લાલચંદજી છગનલાલજી પીંડવાળા	કુંદનલાલ લલ્લુભાઈ ઝવેરી
સોહનરાજ રૂપજી	કુમારપાળ બાલુભાઈ ઝવેરી
કાંતીલાલ ચુનીલાલ શાહ	છબીલદાસ અમુલખભાઈ ઘેાટીવાળા

શાંતીલાલ હરીલાલ મહેતાના જય જિનેન્દ્ર...

—: રકમ મોકલવાનું સ્થળ :—

શ્રી શ્રીપાળનગર જૈન દેરાસર પેઢી, ૧૨, જમનાદાસ મહેતા રોડ. વાલકેશ્વર–મુંબઇ–૬

તા. ક. : આ પ્રસંગે એ વાત ખાસ યાદ કરવા જેવી છે કે–વિ. સં. ૨૦૪૫ માં પાલીતાણા મહારાષ્ટ્ર ભુવન ધર્મશાળામાં ચાતુર્માસ રહેલા સ્વ. પરમ પૂજ્ય ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજના સદુપદેશથી શ્રી સિદ્ધગિરિ મહાતીર્થના દેરાસર સાધારણ ખાતા માટે કરવામાં આવેલી રૂા. ૩૧૦૦૧ની આવી જ યોજનામાં ફકત ચાર જ દિવસમાં રૂા. ૧ કોડ જેવી માતબર રકમ થઈ જવા પામી હતી. દરેક તીર્થોમાં આનું અનુકરણ કરવામાં આવે તો મહાલાભનું કારણ બને, અને સાધારણના તુટાનો પ્રશ્ન સારી રીતે ઉકેલી જાય.

મમતા તું મેલ.....

મમતા તું મેલ મમતા તું મેલ, માયાવી દુનીયાની મમતા તું મેલ;
જુઠો છે ખેલ જુઠો છે ખેલ, સંસારી દુનિયાનો જુઠો છે ખેલ. મમતા તું...
જે તારૂં દેખાય તારૂં ન થાય, ખાલી જંજાળમાં મરતો તું જાય. મમતા તું...
ભવતરમાં એક રાખી લે ટેક, મુકિતને કાજે છે માનવનો દેહ. મમતા તું...
મમતા જો જાય સમકીત થાય, સમકીત થાયે તો મુકિત પમાય. મમતા તું....

ભાવનગર —શ્રી જયંતિ બારભાયા

સીકાના જયાબેન, વર્ષાબેન સંયમને પંથે

વર્ષાબેન બન્યા વિશુદ્ધરત્નાશ્રીજી મહારાજ
જયાબેન બન્યા જિનરત્નાશ્રીજી મહારાજ

સૌરાષ્ટ્રની ધરતી ઉપર હાલારમાં સિક્કા નામનું ગામડું અત્યારે તો ઔદ્યોગિક ક્ષેત્ર તરીકે જગપ્રસિદ્ધ બની ગયું છે. આજથી લગભગ ત્રીસેક વર્ષ પૂર્વે જ્યારે અમારા ગામમાં ઉપાશ્રય ન હતો તે વખતે અમારા ઘરમાં પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો સ્થિરતા કરતા હતા. અનાયાસે મળેલા આ મહાન લાભથી અને સત્સંગની સુવાસથી અમારું ઘર ધર્મ મય વાતાવરણથી મહેંકવા લાગ્યું. અમારા પૂજ્ય પિતાશ્રી ગોવિંદજી-ભાઇ તથા પૂજ્ય માતુશ્રી સંતોકબેન તો સુંદર આરાધના કરતા હતા અને આજે મોટી ઉંમરે પણ આરાધના ચાલુ છે. પૂર્વના મહાપુણ્યોદયે આવા માતા-પિતા તથા સ્વજનોની પ્રાપ્તિ થાય છે. આવા ધર્મમય વાતાવરણમાં અમારી સુપુત્રી વસુ (વર્ષા) મોટી થવા લાગી.

જેમ જેમ મોટી થઇ તેમ તેમ તેનામાં ધાર્મિક સંસ્કારો પણ વૃદ્ધિ પામતા ગયા. વિ. સંવત ૨૦૪૧ ની સાલમાં સુવિશાલ ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજની તારક નિશ્રામાં હસ્તગિરિ જેવા સિદ્ધ ક્ષેત્રમાં કુ. વર્ષા ઉપધાનતપની આરાધનામાં જોડાઇ. કોણ જાણે કે આ આરાધના એના જીવન-ઉન્નતિનું પ્રથમ સોપાન બનશે ખૂબ ઉત્સાહપૂર્વક માળ પહેરી. ત્યાર પછી તેનું મન સંયમ તરફ ઢળતું જણાયું. તેણે તેની કલ્યાણસખી જયાબેન જીવરાજ સાથે ધર્મગોત્રી બાંધી બન્ને સખીઓ-ભેગી મળીને ધર્મ આરાધના કરવા લાગી. વિ. સં. ૨૦૪૬ ની સાલમાં સંસારી પક્ષે હાલાર-રાસંગપરના પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લલિત-શેખર સૂ. મ. સા. તથા તેઓશ્રીના શિષ્યરત્ન અને સંસારી પક્ષે નાનાભાઇ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજશેખર સૂ. મ. સા. આદિ પૂજ્યોની નિશ્રામાં હડેજ તીર્થે ઉપધાન તપની આરાધના થઇ. આ બન્ને સખીઓ ઉપધાનતપની આરાધનમાં જોડાઇ, પૂજયશ્રીના વૈરાગ્યગર્ભિત વ્યાખ્યાનોથી તેમને સંસારની અસારતા, સંયમની સારતા અને મોક્ષની મધુરતા મન મોહવા લાગી. સાથે સાથે સંસારી પક્ષે હાલાર-ચેલાના પૂ. સાધ્વીજી શ્રી કૈવલ્યરત્નાશ્રીજી મ. સા.ના નિકટનાં પરિચયે ઉપધાનની આરાધના સંયમની સાધના તરફ આગળ વધી. બન્ને સખીઓએ મનોમન ગુરુણીને સ્થાપી દીધા હવે વહેલામાં વહેલી તકે વડીલો પાસેથી રજા મેળવી સંયમજીવન પ્રાપ્ત કરીએ એવી ભાવના ભાવી. ઉપધાન-તપની આરાધનાનો પ્રભાવ જ એવો છે કે ભૌતિક સુખોનો રાગીઆત્મા પણ વિરાગી બની સંયમી બનવાના કોડ સેવવા લાગે. સંયમ ન લેવાય તો ગૃહસ્થજીવનને વ્રત પચ્ચક્ખાણોથી સુશોભિત બનાવે અને છેવટે સદાચારી બન્યા વિના તો ન જ રહે. ઉપધાન

તપ દરમિયાન દહેજમાં કુ. જયા તથા કુ. વર્ષાએ ચતુર્વિધ સંઘ સમક્ષ બ્રહ્મચર્ય વ્રત સ્વીકારી અડધી દીક્ષા મેળવી લીધી. બન્ને સખીઓએ જ્ઞાન-દર્શનની આરાધના કરી. હવે એ આરાધનાને વેગ આપવા માટે ચારિત્રનો સ્વીકાર અનિવાર્ય બની રહે છે. અમારા તરફથી રજા મળતાં આનંદનો પાર ન રહ્યો.

સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **મહોદયસૂરીશ્વરજી** મ. સા. પાસે મૂહૂર્ત પ્રદાન માટે વિનંતી કરતાં તેઓશ્રીએ વિ. સં. ૨૦૪૯ ના વૈશાખ સુદ ૬ તા. ૨૮-૪-૯૩ ના શુભ દિવસનું શુભ મુહૂર્ત આપી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો. આ પ્રસંગે અમારી આગ્રહભરી વિનંતિથી અને પૂજ્યપાદશ્રીજીની આજ્ઞાથી ભીંવડી-ગોપાલનગરે પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય **લલિતશેખર સૂ. મ. સા.** આદિ પૂજ્યોની નિશ્રામાં દીક્ષા પ્રસંગ ઉજવાય એ પૂર્વે દીક્ષાર્થીઓના અનેક સ્થળોએ વર્ષીદાનના વરઘોડા તેમજ બહુમાન સમારંભ યોજાયા. અમારી લાડલી સંયમપંથે વિચરી જિનશાસનની મહાન સેવા કરે એ માટે અમારા તરફથી પણ દીક્ષા પ્રસંગની તડામાર તૈયારીઓ થવા માંડી. ભીવંડી નગરની તમામ પાઠશાળાઓના બાળકો પણ પ્રસંગને દીપાવવા માટે ઉત્સાહી બની સાંસ્કૃતિક કાર્યક્રમની તૈયારીઓ કરવા માંડયા.

પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી લલિતશેખર સૂ. મ.** સા. તથા પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી રાજશેખર સૂ. મ. સા.** આદિ તથા પૂજ્ય સાધ્વીજી **શ્રી કૈવલ્યરત્નાશ્રીજી** મ આદિનો વૈશાખ સુદ ૪ તા. ૨૬-૪-૯૩ ની સવારે ૧૦-૦૦ કલાકે વાજતે ગાજતે ગોપાલનગરે પ્રવેશ થયો. વૈશાખ સુદ ૫ તા. ૨૭-૪-૯૩ ના દિવસે સવારે અમારા નિવાસસ્થાનેથી (ગુરૂ આશિષ, ગોકુળ નગર) ચતુર્વિધ સંઘના અનેરા ઉત્સાહ સાથે વર્ષીદાન યાત્રાનો પ્રારંભ થયો. જે લક્ષ્મીની પાછળ પાગલ બની માનવો દિવસ રાત જોયા વિના ઉદ્યમ કરે છે તે લક્ષ્મીને ચંચળ જાણી બન્ને મુમુક્ષુઓ ખોબે ખોબે ત્યાગ કરી ભીંવડીના રાજમાર્ગો પર ફરી શાસન પ્રભાવના કરાવવા લાગ્યા. રથયાત્રા ગોપાલનગરે પૂર્ણ થયા બાદ અમારા તરફથી સમસ્ત હા. વિ. ઓ. સમાજ તથા ગોપાલનગર જૈન સંઘનું સાધર્મિક વાત્સલ્ય રાખવમાં આવ્યું. બપોરે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન રાખવામાં આવ્યું રાત્રે ૮-૩૦ કલાકે શ્રી સંઘ તરફથી બહુમાન સમારંભ યોજાયો.

વૈશાખ સુદ ૬ ની મંગલ પ્રભાતનો ઉદય થયો. કુદરત પણ જાણે મહાભિનિષ્ક્રમણના મહોત્સવને માણવા પધારી રહી હોય તેમ બાલસૂર્યના સોનેરી કિરણોથી અને મંદ મંદ લહેરાતા વાયરાથી વાતાવરણ પવિત્ર બની ગયું. બન્ને સખીઓ જેની આતુરતા-પૂર્વક રાહ જોઈ રહી હતી તે મંગલ ઘડી આવી ગઈ. વર્ષીદાન આપતા આપતા પ્રવ્રજ્યા મંડપે આવી ગયા. પૂજ્યપાદ આચાર્ય ભગવંતો અને સાધ્વીજી ભગવંતો પણ પધાર્યા. અંતિમ વિદાયની ઘડીઓ ગણવા લાગી. સંઘના પ્રમુખ **શ્રી મનસુખ મેઘજી**

દોઢીયાએ કાર્યક્રમની રૂપરેખા જણાવી. બન્ને મોક્ષાર્થીઓએ ગુરુપૂજન કરી સંયમ ઉપયોગી ઉપકરણો વહોરાવ્યા ભવભ્રમણોનો અંત લાવવા અને નિર્મળ રત્નત્રયીની પ્રાપ્તિ માટે પ્રભુજી સમક્ષ હાથમાં શ્રીફળ રાખી ત્રણ પ્રદક્ષિણા આપવાની શરૂઆત કરી. મહા-મુલી દીક્ષા વિધિનો પ્રારંભ થયો. મુમુક્ષુઓને સંસારતીરથી વિદાય આપવા માટે વિદાય તિલકની ઉછામણી શરૂ થઇ. સુંદર ચઢાવા બોલાયા. દીક્ષાર્થીઓએ પૂજ્યશ્રી પાસે 'મમ મુંડાવેહ., મમ પવ્વાવેહ, મમ વેસં સમપ્પેહ'ની યાચના કરી. પૂજ્યશ્રી એમની યાચના પૂર્ણ કરે તે પહેલાં વિદાયની મંગલ વાંસળી વાગી. અને શુકન સ્વરૂપ કુમકુમ અને અક્ષતથી દીક્ષાર્થીઓનું ભાલતિલક શોભી રહ્યું. ચૌદેય રાજલોકના જીવોને અભય-દાન આપનારું જીવદયાનું અમોઘ શસ્ત્ર સ્વરૂપ રજોહરણ દીક્ષાર્થીઓના માતા-પિતાએ પૂજ્યશ્રીને વહોરાવ્યું બન્ને સખીઓના અંતરમાં આનંદ સમાતો ન હતો રોમેરોમ પુલકિત બની ગયા હતા. વર્ષોથી સેવેલો મનોરથ આજે ફળી રહ્યો હતો અને...એ માંગલ્યથી ભરપુર ઘડી આવી પહોંચી. પૂજ્યશ્રીએ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા-કરાવવા પૂર્વક રજોહરણને અનુક્રમે બન્ને સખીઓના હસ્તકમળમાં મૂક્યું અને...બન્ને સખીઓ અદમ્ય ઉત્સાહથી નાચી ઉઠી. મહામુલો ઓઘો મળ્યો હોય ! પછી અંતર ઉભરાયા વિના રહે ખરું !

આજે આનંદ હતો નવો વેશ મળ્યાનો ! શણગારમાંથી અણગાર બનવાનો ! સદાને માટે નિષ્પાપ જીવન જીવવાનો ! આ પ્રસંગ જોઇને સભાજનોના હૈયા પણ રોમાંચિત બની ગયા....પળવાર માટે ધિક્કાર છે આ ક્ષણભંગુર સંસારને અને ધન્ય છે આ સંયમ જીવનનો આવા શુભ ભાવો અનેકના અંતરપટમાં રોપાઇ ગયા.

શાહ મોતીચંદજી મેપા માડ પરિવાર

મારાપણાની બુદ્ધિના નાશથી થતો લાભ.

अशेष दोष जननी, निःशेष गुणघातिनी ।
आत्मीयग्रहमोक्षेण. तृष्णाऽपि विनिवर्तते ।।

દુનિયા પદાર્થોમાંથી મારાપણાની બુદ્ધિનો નાશ થાય છે ત્યારે સઘળા ય દોષોને પેદા કરનારી અને સઘળાય ગુણોનો નાશ કરનારી તૃષ્ણા પણ નાશ પામી જાય છે.

શાસન સમાચાર

મુંબઈ :– ચંદનબાળા એપાર્ટમેન્ટમાં પૂ. મુનિરાજશ્રી નયવર્ધન વિજયજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ આરાધના તથા પર્વાધિરાજની બહુવિધ આરાધના આદિ નિમિત્તો ૬૧ છોડના ઉધાપન સાથે ભવ્ય સ્નાત્ર મહોત્સવ સિદ્ધચક્ર મહાપૂજન વીસસ્થાનક પૂજન અષ્ટોતરી સ્નાત્ર સાથે ભવ્ય અઠ્ઠાઇ મહોત્સવ બીજા ભા. વદ–૬ રવિથી આસો સુદ ૨ રવિ સુધી ભવ્યરીતે ઉજવાયેા.

વાપી :– અત્રે સ્વ. રમણલાલ લાલચંદજીના આત્મ શ્રેયાર્થે તથા તેમના ધર્મપત્ની કેશરબેનના ૫૦૦ આંબેલના અનુમોદનાર્થે શાંતિસ્નાત્ર સાથે–ઉત્સવ દ્વિ. ભા. સુ ૮ થી ૧૦ સુધી પૂ. પં. હેમભૂષણ વિજયજી ગણિવર આદિની નિશ્રામાં ઠાઠથી ઉજવાયેા.

ખંભાત :– અત્રે જૈનશાળામાં વિરાજમાન પૂ. મુનિરાજ શ્રી દિવ્ય કીર્તિવિ. મ. આદિની નિશ્રામાં ગભુભાઈ ખીલચંદ દહેવાણવાળા તરફથી ચિ. ચિરાગકુમાર કીર્તિકુમાર દહેવાણવાળાની ૧૬ ઉપવાસ ની તપસ્યા નિમિત્તે સર્વ જૈનરાસરોની ચૈત્યપરિપાટી આસો સુદ ૨ રવિવારથી આસો સુદ ૧૨ મંગળવાર સુધી ભવ્ય રીતે થઇ.

સુમેરપુર (શિવગંજ) અત્રે પૂ. મુનિરાજશ્રી મલ્લિષેણવિજયજી મ.ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય અરિહંત સિદ્ધસૂ મ. ના આજ્ઞાવર્તિ પૂ. સા. શ્રી શીલવતીશ્રીજી મ. ની સમવસરણ તથા સિંહાસન તપ તથા સંઘમાં થયેલ આરાધનાના અનુમોદનાર્થે આસો સુદ ૨ થી ૧૦ સુધી શાંતિસ્નાત્ર સિદ્ધચક્ર મહાપૂજન સહિત અષ્ટાન્હિકા મહોત્સવ સુંદર રીતે ઉજવાયેા.

શિવગંજ – અત્રે પૂ. સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. ની ૧૦૧મી ઓળી તથા પૂ. સા. શ્રી કલ્પશીલાશ્રીજી મ.ની ૭૧ મી ઓળી તથા પૂ. સા. શ્રી ઉદયચંદ્રાશ્રીજી મ.ની ૫૦૦ આંબેલ તથા અઠ્ઠાઇ ની તપસ્યા નિમિત્તો પૂ. સા. શ્રી રવિચંદ્રાશ્રીજી મ. ની સત્પ્રેરણાથી આસો વદ૧થી આસો. વદ–૫ સુધી પંચાન્હિકા મહોત્સવ, સુમેરપુર વિરાજમાન પૂ. વિદ્વાન મુનિરાજશ્રી મલ્લિષેણ વિજયજી મ. આદિ તથા શિવગંજ વિરાજમાન પૂ. મુ. શ્રી દિવ્યયશવિજયજી મ. આદિની નિશ્રામાં ભવ્ય રીતે ઉજવાયેા.

ધ્રાંગધ્રા (ગુ.) – પૂ. મુનિરાજશ્રી ચારિત્રવર્ધન વિજયજી મ.ની નિશ્રામાં માસખમણ આદિ તપસ્યાઓના અનુમોદનાર્થે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન તથા સાધર્મિક વાત્સલ્ય સહિત અષ્ટાન્હિકા મહોત્સવ દ્વિ ભા. વ. ૭ થી ૦)) સુધી ભવ્ય રીતે ઉજવાયેા. પૂ મુ. શ્રી ભાવેશરત્ન વિ. મ. ના પ્રવચનોનેા લાભ સુંદર લેવાય છે.

સોલાપુર – (મહા.) અત્રે પૂ. મુ શ્રી

પૂર્ણચંદ્રવિજયજી મ.ની નિશ્રામાં આસો સુદ ૧૦ થી કાંદાવાડી નિવાસી સંઘવી ચુનીલાલ મુલચંદજી નિંબજીયા તરફથી ઉપધાન તપ શરૂ થશે. ઉપધાન કરવા પધારવા આમંત્રણ આપેલ છે પર્યુષણ આરાધના આદિ તથા શત્રુંજયતપ આદિના ઉદ્યાપન નિમિત્તે શાંતિસ્નાત્ર આદિ સહ અઠ્ઠાઇ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેા.

સુરત— અત્રે શ્રી રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભવન ખાતે પૂ. આ. શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ. પૂ. આ શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ, પૂ. આ. શ્રી વિજય પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ચોમાસા તથા પર્યુષણમાં થયેલ અનેકવિધ આરાધના અનુમોદનાર્થે અષ્ટોત્તરી સ્નાત્ર, અર્હદ્અભિષેક આદિ સહિત અઠ્ઠાઇ મહોત્સવ દ્વિ ભા. વ ૮ થી આસો સુ. ૧ સુધી ભવ્ય રીતે ઉજવાયેા.

સાબરમતી અમદાવાદ :— શ્રી પુખરાજ રાયચંદ આરાધના ભવનમાં પૂ, મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ. આદિની નિશ્રામાં પૂ. આ શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના સંયમ જીવનની અનુમોદનાર્થે તથા ચાતુર્માસ પર્યુષણની આરાધનાના અનુમોદનાર્થે આસો સુદ ૬ થી ૧૦ સુધી શાંતિસ્નાત્રાદિ પંચાન્હિકા મહોત્સવ સુંદર રીતે ઉજવાયેા,

કોજરા (રાજ.) ઘણા વર્ષો ની અમારી વિનંતિ ને ધ્યાનમાં લઇને પરમપૂજ્ય સુવિશાલ ગચ્છાધિપતિ મહોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞાથી અને મારવાડ દેશે સદ્ધર્મસંરક્ષક પરમ તપસ્વી પરમ પૂજ્યમુનિરાજ શ્રી કમલરત્નવિજયજી મહારાજ સાહેબના આશીર્વાદથી પ્રવર્તિની વયોવૃદ્ધા સાધ્વી પ. પૂ. ખાન્તિ શ્રીજી મ. સા. એ તેમની સુશિષ્યા મહાતપસ્વી સરલસ્વભાવી સ્વ. સા. પ પૂ. કિરણપ્રજ્ઞાશ્રીજી મ. સા. ની શિષ્યરત્ના પરમવિદુષી પ્રશમરસ પયોનિધિ સા. પ. પૂ હર્ષિતપ્રજ્ઞાશ્રીજી મ. સા. ની શિષ્યા આજ્ઞા પ્રેમીસા. માર્ગદર્શિતા શ્રીજીમ. સા. આદિને મોકલી અમારા ઉપર મહાન ઉપકાર કર્યો છે.

પૂ. સા. મ. સા નો અં. સુદનો ચાતુર્માસ નો પ્રવેશ થયો ત્યારથી સંઘમાં હૃદયની ઉર્મીઓ ઉછલવા લાગી અને દિવસે દિવસે ધર્મસાધનામાં સજ્જ બની પૂ. સાધ્વીજી મ. સા. નુ ચાતુર્માસ અમારા ગામમાં સર્વ પ્રથમ થયુ છે. અને અમારો મહાન પુણ્યોદય છેકે જેથી અમને આવા ત્યાગી તપસ્વી નિસ્પૃહી અને વિદ્વાન સાધ્વીજી મળ્યા. આ ચાતુર્માસમાં અમારા આત્મામાં રહેલા મિથ્યાત્વ રૂપી અંધકારને દૂર કરનાર અને આત્મામાં સમ્યક્ત્વ રૂપી સૂર્યને પ્રગટ કરનાર તત્વપૂર્ણ વ્યાખ્યાન શ્રવણથી બહેનોમાં અનોખી ધર્મ ભાવના જાગ્રત થઇ અને તપનુ માહાત્મ્ય સાંભલવાથી અનેક પ્રકારની ધર્મ સાધના થઇ સિદ્ધિતપ–૬ ૧૬ ઉપવાસ–૨ ૧૫ ઉપવાસ–૧ ૧૧ ઉપવાસ–૭ ૯ ઉપવાસ–૩ અઠ્ઠાઇ–૧ પારણા સાત ૧ સાંકલી અઠ્ઠમ, કષાયજય તપ વિગેરે સારી સંખ્યામાં થયા.

✤

થાનગઢ–અત્રે ઓસવાળ કોલોનીમાં પૂ.સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ ઠા. ૫ ના ચાતુર્માસથી સારી જાગૃતિ આવી છે ૪ અઠ્ઠાઇ છઠ્ઠાય અઠ્ઠમ થયા સ્વપ્નાની ઉપજ સારી થઇ ત્રણ સંઘ જમણ રથયાત્રા વિ. થયા કેશવલાલ લખમણ મારૂ તરફથી પારણા થયા ૬૨રોજ ત્રણ વખત રા. ની પ્રભાવના થતી સંવત્સરીના શ્રીફળની થઇ

જામનગર–૪૫ દિ. પ્લોટમાં પૂ. પં. શ્રી ગુણશીલ વિજયજી મ.ની નિશ્રામાં પર્યુષણ સારા ઉજવાયા સ્વપ્નની બોલી રેકર્ડ રૂપ થઇ સૂત્રની બોલી પણ સારી થઇ અઠ્ઠમ સહિત ઉપરના તપસ્વી ૧૨૫ હતા શ્રીમતી પાનીબેન વીરપાર ધરમશી ચંદરીયાની અઠ્ઠાઇ નિમિત્તે તેમના તરફથી દ્વિ. ભા.સુ–૬ મંગળવારે જ્ઞાતિનુ સાધર્મિક વાત્સલ્ય થયુ કલ્પસૂત્ર શાંતિલાલજી મારવાડીએ વહોરાવેલ સોનાની છડીથી કલ્પસૂત્ર પૂજા કરી ગુરુ પૂજન રામજી પરબતભાઇએ સોનાના સીક્કા પૂજન કરેલ, બારસા સૂત્ર શાહ વેલજી ત્રેપ્પરભાઇએ વહોરાવેલ પૂજા ગુરુપૂજન તેમણે લાભ લીધેા સોનાના સીકાથી પૂજન કર્યું હતું.

જામનગર–ઓશવાળ ચેરીટીઝ સતીષ સદન ૪૪ દિગ્વિજય પ્લોટ જામનગર તરફથી હાલારી બીશા ઓસવાળ ભાઇ બહેનોને બાવન ગામમાંથી ૪૫ વર્ષથી ઉપરની ઉંમર હોય અને શ્રી શત્રુંજયની યાત્રા ન કરી હોય તેમને યાત્રા કરવવાનું સુંદર આયેાજન કર્યું છે માગશર વદ ૧૦–૧૧–૧૨ તા. ૬–૮–૯ જાન્યુઆરીનેા કાર્યક્રમ રાખવાનું જાહેર કર્યું છે તે માટે આવનાર દિવાળી સુધીમાં ઉપરના સરનામે ફેાર્મ ભરી જણાવવાનું નિવેદન કર્યું છે.

દાવણગિરિ–પૂ.આ. શ્રી વિજય અશોક રત્ન સૂરીશ્વરજી મ.પૂ.આ. શ્રી વિજય અભય રત્ન સૂ.મ.ની નિશ્રામાં દેવાધિદેવ શ્રી સુપાર્શ્વનાથ ભગવાનની છત્ર છાયામાં શ્રી વીર ભગવાનના શાસનમાં પૂ. ગુરુ ભગવંતના આશીર્વાદથી શ્રી પર્યુષણા પર્વની તપ આરાધના–દેવ–જ્ઞાન સાધારણમાં ઉપજ સારી થઇ રહી છે.

શ્રી પર્યુષણા પહેલા ૩ માસક્ષમણ ૫૨ સિદ્ધિતપ ૧૬–૮ ૧૧–૨૦૧૯–૧૧૮–૧૦૧ સમવસરણ–૧૯ ચતારી અટ્ઠ–૧ સાધારણની ઉપજ માટે બહાર ગામના સાધર્મિકોની ભક્તિ માટે એક તિથિના રૂ. ૫૦૦, ૧૨૦ તિથિ ભરાઇ ગઇ. સિદ્ધિતપમાં દરેક પારણાના ચડાવા લગભગ સાંત પારણાના રૂ. ૧ લાખ પચ્ચક્ખાણનેા વરઘેાડેા રૂ. ૧ લાખ ૧૬ હજાર શુદ ૧૫ના સોના પારણાના રૂ. ૬૫ હજાર ૨॥ લાખની ટીમ દરેક પારણામાં ખુબ પ્રભાવના ચાંદીની થાળી વાડકી ૫ કળશ ૨ દીવી વાસણેા રોકડ રકમ ઘણી રેકાર્ડ રૂપ ઉપજ તપશ્ચર્યા અને વ્યાખ્યાનમાં હાજરી ધર્મ ચક્ર ૨૨ ચાલુ અક્ષય નિધિ ૬૦

ભેટ મંગાવો

'જૈન શાસન સંસ્થાની શાસ્ત્રીય સંચાલન પદ્ધતિ ધાર્મિક સ્થલેાકે વ્યવસ્થાપક, ટ્રસ્ટી તથા ભાવિક અપના પૂરા નામ પતા લિખકર મંગવાલે.

નથમલ પિતલીયા

૧૧૯ ચાંદની ચોક, રતલામ મ.પ્ર. ૪૫૭૦૦૧

જરૂરીયાત હોય તેા માત્ર પેાસ્ટ લખી મંગાવી શકશે. ટીકીટ મેાકલવાની જરૂર નથી.

મહેસાણા–અત્રે પૂ. મુ. શ્રી રવિશેખર વિ. મ. આદિની નિશ્રામાં થયેલ તપસ્યા આદિ અનુમોદનાર્થે શાંતિસ્નાત્ર, સિદ્ધચક્ર-પૂજન ભક્તામર પૂજન, ૧૦૮ પાર્શ્વનાથ-પૂજન આદિ સહિત ૧૧ દિવસનો મહોત્સવ ભા. સુ–૧૦થી વદ ૪ સુધી સ્ટેશન રોડ મનોરંજન પાર્શ્વનાથ દેરાસરે ઉજવાયો.

સાચોર–(રાજ) અત્રે પૂ. પં. શ્રી વીર-રત્નવિજય મ. ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુ સૂ. મ. ની સંયમજીવન અનુમોદનાર્થે દ્વિ. ભા,વ ૨ થી વદ ૯ સુધી દરરોજ મહાપૂજનો સહિત ભવ્ય મહોત્સવ થયો વદના નવકારશી જમણ થયુ

બોટાદ (સૌરાષ્ટ્ર)–અત્રે પૂ મુ. શ્રી વારિધિ વિજયજી મ.ની નિશ્રામા પૂ. આ. શ્રી વિજયભુવન ભાનુ સૂ. મ.ની સંયમજીવ-નની અનુમોદના તથા, ૧૦૮ સળંગ આંબેલ આદિ તપસ્યા નિમિત્તે ૭ છોડના ઉપધાન સહ પાંચ મહાપૂજન સહિત ૧૨ દિવસનો ભવ્ય મહોત્સવ આસો સુદ ૧૫ થી વદ ૫ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

સોલારોડ–અમદાવાદ અત્રે પૂ. મુ. શ્રી અરિહંતસાગરજી મ.ની નિશ્રામાં ૫૭ સિદ્ધિતપ આદિ ભવ્ય તપસ્યા અને પર્યુ-ષણ આરાધના થઇ ૬ સાધ્વીજીને સિદ્ધિતપ ૩ સાધ્વીજીને વરસીતપ તથા ૪ સાધ્વીજીને ૯૦–૯૪–૮૭ ૭૬ મી ઓળીની આરાધના ચાલે છે.

ઘાટકોપર–કચ્છી જૈન સંઘના ઉપક્રમે પૂ આ. શ્રી ગુણસાગર સૂ. મ. ની ૫૨ મી પુણ્યતિથિ આદિ નિમિત્તે સિદ્ધિચક્ર મહા-પૂજન આદિ અઠ્ઠાઇ મહોત્સવ પૂ. મુ. શ્રી સર્વોદય સાગરજી મ. આદિની નિશ્રામાં તા. ૧૦–૧૦–૯૩ થી ઉજવાયો.

પાલીતાણા–રત્નત્રયી ધામમાં પૂ. પં. શ્રી કીર્તિસેનવિજયજી ગણિવરની નિશ્રામાં ૧૬૮ ચોસઠ પહોરી પૌષધ ૬૮ અઠ્ઠાઈ વિ. તપસ્યા રથયાત્રા ચૈત્ય પરિપાટી નમો-અરિહંતાણમ જાપ તથા ૧૦ પયન્ના વાચના ચાલે છે.

સાવત્થી તીર્થ–અત્રે આચાર્ય શ્રી જિનચંદ્ર સૂ. મ.ની નિશ્રામા પર્યુષણ સારા ઉજવાયા આસો સુ ૨ ના પ્રભાસ પાટણ હાલ મુંબઇ શેઠ મુલચંદભાઈ વૃંદાવનદાસ તરફથી સિદ્ધચક્ર મહાપૂજન તથા, સાધર્મિક ભક્તિ થયા હતા.

મુલુંડ–અત્રે પૂ આ. શ્રી વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ૯૨ ઉપવાસ તથા ૭૦ માસ ખમણ આદિ ભવ્ય તપશ્ચર્યાના ઉદ્યાપન નિમિત્તે દ્વિ. ભા. સુદ ૧૦ થી ૬ઠ્ઠ દિવસનો મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો. સુદ ૧૧ ના રથયાત્રા તથા તપસ્વી વરઘોડો ૮–૩૦ વાગ્યા બાદ નવકારશી જમણ અ.સૌ. રેખાબેન લલિત-ભાઇ દોશી તથા અ.સૌ. યશાબેન પ્રકાશ-ભાઇ દોશી માસખમણ નિમિત્તે શાંતિલાલ ગીરધરલાલ દેપલાવાળા તરફથી થયું હતું.

નાકોડા તીર્થ–(રાજ.) અત્રે પૂ. આ. શ્રી ગુણસાગર સૂરીશ્વરજી મ.ની પાંચમી પુન્યતિથિ નિમિત્તે પૂ. મુ. શ્રી હરિભદ્ર-સાગરજી મ.ની નિશ્રામાં સિદ્ધચક્રપૂજન સહિત ત્રણ દિવસનો ઉત્સવ તા. ૧૪–૧૦–૯૩ થી ઉજવાયો.

મુંબઇ ભાયખલા–પૂ.આ. શ્રી વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મ.ની નિશ્રામા શાહ મૂલચંદજી મનાજી તથા તેમના ધર્મપત્ની પાનીબેનના આત્મ–શ્રેયાર્થે તેમના પરિવાર તરફથી દ્વિ. ભા. વદ–૧૩ થી આસો સુ–૨ સુધી ઋષિમંડળ પૂજન સાધર્મિકવાત્સલ્ય વિ. યુકત પંચાન્હિકા મહોત્સવ સુંદર રીતે ઉજવાયેા.

વાપી—પૂ. પં. શ્રી હેમભૂષણ વિજયજી મણિવરની નિશ્રામાં વિવિધિ આરાધના અનુમોદનાર્થે ૧૦૮ પાર્શ્વનાથપૂજન સિદ્ધચક્રપૂજન ભવ્ય સ્નાત્ર મહોત્સવ અષ્ટોત્તરી સ્નાત્ર આદિ સહિત દ્વિ. ભા. વદ ૧૦ થી આસો સુદ ૩+૪ સુધી ભવ્ય અટ્ઠાઇ મહોત્સવ ઉજવાયેા.

રાણીગામ (રાજ.–પૂ. આ. શ્રી અરિહંત સિધ્ધસૂરીશ્વરજી મ. તથા પૂ.આ. શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામા પૂ. સા. શ્રી લલિતપ્રભાશ્રીજી મ. ના ૪૦૦ અટ્ઠમ પૂ. સા. શ્રી વિશ્વપૂર્ણાશ્રીજી મ. ની ૧૦૦મી ઓળી નિમિત્તે ૧૪૧ છોડ તથા ૯ મહાપૂજન અને ૫૬ દિકકુમારિકા મહોત્સવ સહિત ૧૧ દિવસનેા ભવ્ય મહોત્સવ માગશર સુદ ૮ થી ભવ્ય રીતે ઉજવાશે.

નવાડીસા–અત્રે પૂ. આ. શ્રી વિજય ભુવન ભાનુ સૂ.મ.ની આજ્ઞાથી પધારેલ પૂ. આ. શ્રી વિજયજગચ્ચંદ્ર સૂરીશ્વરજી મ.ની નિશ્રામા પર્યુષણ ધામધૂમથી ઉજવાયા જુનાડીસા રાજપુર નેમિનાથ સોસાયટીમાં પ્રભુસણ કરાવવા મુનિરાજે પધાર્યા હતા ભા. સુદ૯,૧૦,૧૧ ચૈત્ય પરિપાટીથઇ ૧૧ના પરિપાટી રાજપુર ગઇ ત્યાં નવી પાંજરાપોળ માટે સંઘનાપ્રમુખ શ્રી રમણીકલાઇ વડેચાએ સુંદર વકતવ્ય કર્યું. પં. દલસુખભાઇએ પાંજરાપોળનેા પરિચય આપેલ શ્રી ભરતભાઇ કોઠારી આદિ તનતોડ મહેનત કરી રહ્યા છે પૂ. આ. મ એ માંગલિક પ્રવચન આપેલ શેઠ શ્રી ચીમનભાઇ હંસાજી તરફથી સ્વામી વાત્સલ્ય થયું.

મુંબઇ—શ્રી હાલારી વીશા ઓશવાળ જૈનેામા મુંબઇ ભીવંડી થઇને હજારેક અટ્ઠાઇ થઇ માસખમણેા ૧૬ ઉપવાસ વિગેરે સારા થયા તા. ૨૬–૯૯-૩ના મહાજનવાડી (દાદર) તપસ્વી બહુમાનનેા મેળાવડેા યેાજાયેા હતેા.

મુંબઇ વાલકેશ્વર-ચંદનબાળા એપાર્ટમેન્ટમાં પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિજયજી મ.ની તથા પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.ની નિશ્રામા શાહ પ્રતાપચંદ લક્ષ્મીચંદ (સુલસા) તરફથી. શ્રીમતી કોકીલાબેન પ્રતાપચંદના વીશસ્થાનકાદિ તપ નિમત્તે પાંચ છોડાના ઉજમણા, શાશ્વતીઓળીની સામુહિક આરાધના તથા દિનેશ, જયેશ, માલતી, ચરવીના તથા સીમાની અટ્ઠાઇ નિમિત્તે લઘુ શાંતિસ્નાત્રથી પંચાન્હિકા મહોત્સવ ભા. સુ. ૬ થી સુદ ૧૦ સુધી ભવ્ય રીતે ઉજવાયેા વિધિ માટે નવીનભાઇ જામનગરથી પધાર્યા હતા. સંગીતકાર મનુભાઇ પાટણવાળા, પેાપટભાઇ તથા સતીષકુમાર પાર્ટી આવેલ.

સાયન-મુંબઇ : અત્રે પૂ. મુ. શ્રી નંદીશ્વરવિજયજી મ. તથા પૂ. મુ શ્રી કલ્પરત્ન વિ. મ. ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. ની છ માસિક પુણ્યતિથિ નિમિતે ભા. વદ ૧૩થી આસો સુદ ૨ સુધી ભક્તામર પૂજન આદિ પંચાન્હિકા મહોત્સવ સુંદર રીતે ઉજવાયેા.

દાવણુગિરિ (કર્ણાટક) અત્રે પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂ. મ., પૂ.આ. શ્રી વિ. અભયરત્ન સૂ.મ.ની નિશ્રામાં પૂ.આ.શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજી મ. ની ૩૨ મી પુણ્યતિથિ નિમિતે તથા પૂ.આ.શ્રી વિ. ભુવન ભાનુ સૂ મ., પૂ. આ. શ્રી વિજય અરૂણપ્રભ સૂ. મ. ની સંયમ જીવનની અનુમોદનાર્થે પંચપરમેષ્ઠી મહાપૂજન તથા ઉવસગ્ગહરં મહાપૂજન સહિત પંચાન્હિકા મહોત્સવ શ્રાવણ સુ. ૬ થી સુદ ૯ સુધી સુંદર રીતે ઉજવાયેા.

માલગામ : [સિરોહી] અત્રેથી પૂ. આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં કારતક વદ ૧૦ ના સિદ્ધગિરિ મહાતીર્થનેા ૬'રી પાળતેા સંઘ નીકળશે. પેાષ સુદ ૫ ના શત્રુંજય તીર્થમાળારેાપણ થશે. સંઘવી ભેરૂમલજી હુકમીચંદજી તરફથી આમંત્રણ પાઠવવામાં આવેલ છે.

સુરત : શાંતિ નિકેતન સેાસાયટીમાં પૂ. આ. શ્રી વિજય સેામસુંદરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં વીશસ્થાનક પૂજન, ભવ્ય સ્નાત્ર મહોત્સવ સહિત ૧૨ દિવસનેા ભવ્ય મહોત્સવ આસેા સુદ ૬ થી વદ ૧ સુધી સુંદર રીતે ઉજવાયેા.

અમદાવાદ : ગીરધરનગર-અત્રે પૂ. મુનિરાજ શ્રી રત્નસેનવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી વીરસેનવિજયજી મ.ની નિશ્રામાં માસખમણ આદિ આરાધનાના અનુમોદન નિમિતે સિદ્ધચક્ર મહાપૂજન શાંતિસ્નાત્ર, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, ૫૬ દિકકુમારિકા સહ ભવ્ય સ્નાત્ર મહોત્સવ આદિ અષ્ટાહ્નિક ભવ્ય મહોત્સવ દ્વિ. ભાદરવા સુદ ૫ થી વદ ૭ સુધી તથા આસેા સુદ ૨ ના સ્નાત્ર મહોત્સવનું ભવ્ય આયેાજન થયું. ખુબ ઉત્સાહથી મહોત્સવ ઉજવાયેા.

મહાસુખનગર-કૃષ્ણનગર-અમદાવાદ : અત્રે પૂ. મુ. શ્રી વજ્રબલવિજયજી મ. આદિની નિશ્રામાં પર્યુષણની આરાધના થઇ.

લીંબડી : અત્રે શ્રી હાલારી વીશા ઓશવાળ જૈન સંઘમાં થયેલ વિવિધ તપસ્યા તથા પૂ. આ. શ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મ.ની સંયમ જીવનની અનુમોદનાર્થે પૂ. મુ. શ્રી અક્ષયબોધિવિજયજી મ. તથા પૂ. મુ. શ્રી મહાબોધિવિજયજી મ.ની નિશ્રામાં દ્વિ. ભા. વદ ૧લી ત્રીજથી વદ ૧૦ સુધી સિદ્ધચક્રપૂજન, ધર્મચક્રપૂજન અઢાર અભિષેક, ભક્તામરપૂજન, શાંતિસ્નાત્ર, સ્નાત્ર મહોત્સવ પૂર્વક નવ દિવસનેા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયેા.

સુરત : શ્રી રામચંદ્રસૂરીશ્વર આરાધના ભવન ખાતે પૂ. સા. શ્રી ગુણજ્ઞાશ્રીજી મ. ની વર્ધમાન તપની ૧૦૮ ઓળીના ઉજ્યાપન નિમિતે શેઠશ્રી સુરચંદ હીરાચંદ

ઝવેરી (સુરત) આમંત્રણથી પૂ. આ. શ્રી વિજયરાજતિલકસૂરીશ્વરજી મ., પૂ. આ.શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ., પૂ.આ. શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં આસો સુદ ૧૪ થી વદ ૭ સુધી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન અષ્ટોત્તરી સ્નાત્ર જલયાત્રાનો વરઘોડો વિ. યુકત, ૯ દિવસનો ભવ્ય મહોત્સવ યોજાયો જેમાં પૂજા પૂજન કાર્યક્રમો ભાવિકો તરફથી થયા હતાં.

ભા. વદ ૮ થી આસો સુદ ૧ સુધી ભવ્ય અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો.

બગવાડા (વાપી) : અત્રે પૂ. પં. શ્રી હેમભૂષણવિજયજી મ. ની નિશ્રામાં સ્વ. શાહ ધરમચંદ નાનચંદ પરિવાર તરફથી દાદા પ્રેમચંદ રૂપાજી, દાદી મણિબેન તથા નાનચંદ રૂપાજી તથા ચંદનબેન નાનચંદ મનહરલાલ નાનચંદ ફોઇ ભીખીબેન ઇશ્વરલાલ પિતાશ્રી ધરમચંદ નાનચંદ માતુશ્રી વાસુમતિબેન આદિ પૂ. વડિલોના શ્રેયાર્થે દ્વિ. ભા. વદ ૭ થી ૯ શાંતિસ્નાત્ર આદિ સાધર્મિક વાત્સલ્ય સાથે ત્રણ દિવસનો મહોત્સવ ભવ્ય રીતે યોજાયો.

પાલડી–અમદાવાદ : શ્રી વિશ્વનંદિકર જૈન સંઘમાં પૂ. આ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં ચાતુર્માસ પર્યુષણ આરાધના ધર્મચક્રતપ, ૬૮ ઉપવાસ, માસક્ષમણાદિ તપો નિમિતે સિદ્ધચક્રપૂજન, નિત્યપરિપાટી સાધર્મિક વાત્સલ્ય આદિ એક અષ્ટાન્હિક મહોત્સવાદિ દ્વિ. ભા. સુદ ૯ થી ભવ્ય રીતે ઉજવાયો.

શ્રી સિદ્ધિ સૂ.મ.ની સ્વર્ગારોહણતિથિ ઉજવાઇ

દાનસૂરિજી જ્ઞાનમંદિર અને પૌષધશાલા (અમદાવાદમાં) દ્વિ. ભાદરવા વદ ૧૪ ગુરૂ દિ. ૧૪–૧૦–૯૩ ના દિવસે પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રી વિજય સુદર્શન સૂ. મ.ની નિશ્રામાં શ્રી સિદ્ધિ સૂ. મ. (બાપજી મહારાજ)ની સ્વર્ગતિથિ ઉજવવામાં આવેલ એ પ્રસંગે પૂ. પંન્યાસજી ચંદ્રગુપ્ત વિ.મ. પૂ. જયદર્શનવિજયજી મ. આદિ વિશાલ સાધુ–સાધ્વી સમુદાય ઉપસ્થિત હતો. પૂ સુદર્શન સૂ. મ., પૂ. પં. ચંદ્રગુપ્ત વિ. મ પૂ જયદર્શન વિ. મ. ના ગુણાનુવાદ–પ્રવચનો થયેલ. એકંદરે ઘણો જ રંગ જામ્યો હતો.

— હિન્દી જૈન પંચાંગ મલશે —

વિ. સં. ૨૦૫૦ સને ૧૯૯૩–૯૪ ના નવા પંચાંગ છપાઇ ગયેલ છે. એ પંચાંગમાં પચ્ચકખાણ, પચ્ચકખાણનો સમય, કલ્યાણક વગેરે અનેક બાબતોનો સંગ્રહ કરવામાં આવેલ છે. જેને જરૂર હોય તે–

ઉપધાન તપ સમિતિ

મુ. પો. તખતગઢ પિન–૩૦૬૬૧૨

સ્ટે. ફાલના (વે. રેલ્વે) રાજસ્થાન

ના સરનામેથી મફત મંગાવો.

—: ચિંતન કર્ણિકા :—

—પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

૦ ભાવના ચંદનના વનમાં વીંટળાયેલા લાખો સર્પોને દૂર કરવા જેમ મોરલા જરૂરી બની જાય છે; તેમ મોરલા જેવા આ અરિહંત પરમાત્મા છે.

૦ જન્મ પાપ ને મોત એ ત્રણે એટલા ભયંકર છે કે ભૌતિક સુખોને સન્માનોથી ભરપૂર ભરાઇ ગયેલો આત્મા હોય તો પણ તેને આ સુખોમાં આનંદ ન હોય.

૦ સંસારમાં સંપૂર્ણ સુખ તો કોઈને નથી જ. છતાં એકવાર માની લઈએ કે કોઇ પુણ્યાત્માને બધા સુખો ભેળસેળ વિનાના મળ્યા તો ય શું ? માથે વિનાશની તલવાર તો લટકેલી જ છે.

૦ દરેક ચીજો નાશવંત છે—અને તેથી જ તે ચીજો પ્રત્યેનો જેટલો રાગ કરવામાં આવ્યો છે— તેટલો જ ત્રાસ અજંપો આઘાત તે આત્માને એ સુખ સામગ્રીના વિયોગ વખતે ભોગવવો પડશે જ. ભોગવવાનો આવશે.

૦ બાવન પત્તાનો મહેલ એક જ ફુંકે કડડભૂસ કરતો તૂટી જાય છે તેમ યમરાજની એક જ ફુંકે સંસારીઓનો મહામુશ્કેલીથી ઉભો કરેલો સંસારનો મહેલ કડડભૂસ કરતો તૂટી જાય છે.

૦ સંસારના સુખો પુણ્યના ઉદયથી ગમે તેટલા મળે પણ એ કર્મે દીધેલા સુખો છે. એ વાત કોઇએ કદિય ભૂલવી નહિં.

(અનુસંધાન ટાઇટલ ૨ નું ચાલુ)

જાણી શકાય તો લાગે કે, હૈયામાં તો ક્રોધનો એવો લાવારસ ઉછળતો હોય કે, તેને કાચો ને કાચો ખાઈ જાઉં ! આવા જીવને કોણ સુધારી શકે !

ક્રોધથી બચવા આત્માએ વિચારવું કે, પુણ્ય યોગે મને ક્રોધમાં ફાવટ પણ આવી પણ પરિણામે તો મેં જ મારા આત્માનું અહિત કર્યું છે. ક્રોધની કરતાં પૂર્વે અને પછીની દશામાં પણ જીવની શાંતિ હણાયેલી જ હોય છે.

શરીરને પીડા કરનાર, પરસ્પર કલહ કજિયા વૈરને વધાવનારા અને પરલોકમાં નરકાદિના દારૂણ દુઃખોને આપનાર ક્રોધને જાણીને કોણ એવો સકર્ણ પંડિત હોય કે ક્રોધનો આશ્રય લે ! !

માટે આત્મન્ ! તારે તારો પરલોક ન બગાડવો હોય અને સિદ્ધિપદની આગે કૂચ ચાલુ રાખવી હોય તો આ લોક, પરલોકને બગાડનાર ક્રોધને સો ગજના દૂરથી જ નમસ્કાર કર ! —પ્રજ્ઞાંગ

૦ તમે સાધુના પગલા એટલા માટે કરાવો છો કે ઘરમાં સોનેયા વરસે. પણ પગલા જૈન શાસનમાં ન હોય. જેને ઘર જ ગમતું હોય તેના ઘરે અમારાથી પગલાં કરવા જવાય ? જઇએ તો અમને તમારા ઘરનું અનુમોદન લાગે, ઘર વગરના અમે તમારા ઘરની અનુમોદનામાં મરીએ તો અમારો પણ સંસાર વધી જાય !

૦ સૌને નમે તે ભગવાનને ગમે' તે મિથ્યાદષ્ટિની વાણી છે. સૌને નમવાની આપણે ત્યાં વિધિ નથી. નમન તો યોગ્યને જ કરવાનું છે. પતિ–પત્નીને, શેઠ–નોકરને, બાપ–છોકરાને નમે તે ડાહ્યો કહેવાય ?

૦ જે આત્મા, રાગ–દ્વેષાદિને મિત્ર બનાવી શકે નહિ તે કદી ધર્મ સાચી રીતે કરી શકે નહિ. ધર્મ કરવા રાગદ્વેષ–ક્રોધ–માન–માયા–લોભ જોઈએ. હમણાં તમને ધર્મનો લોભ નથી માટે તમારા ધર્મમાં માલ નથી.

૦ નાટક–ચેટક કરી ધર્મ માટે પૈસા ભેગા કરવા તે ધર્મનો નાશ કરવાનું કામ છે.

પ્ર.– આચાર્યાદિ પણ નાટકાદિમાં આશીર્વાદ આપે છે.

ઉ.– આ કાળમાં બધે બગાડ ઉભો થયો છે. તે બગાડને ધ્યાનમાં નહિ લેતા આપણે બગાડ ઉભો નથી કરવો. શક્તિ હોય તેટલું સારું કરવું છે, આજ્ઞા મુજબ જીવવું છે.

૦ શાસ્ત્રે કહ્યું છે કે,અ કાળમાં સાધુ અને શ્રાવક પણ બગડવાના છે સ્વપ્નની વાત તાજી કરવાના છે. એવા આચાર્યો, સાધુઓ,શ્રાવકો અને શેઠિયાઓ હોય તો તેમાંથી બચી,અધર્મથી બચી, ધર્મ કરવો છે. તેમાં સાથ તો આપવો નથી.રોકવા પ્રયત્ન કરવો છે.ન માને તો તેમનું ભાગ્ય.

૦ ધર્મ પામ્યાનું ફળ ખરેખર એ છે કે– તેના હૈયામાં અશાંતિ થાય નહિ, મરતી વખતે કોઈ ચીજની મમતા ન રહે, કોઈ ચીજને પોતાની ન માને.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) c/o શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક– સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

૧૮-૮૩-૧૯

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

૫૨૨૯

卐

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૬	૧૪

અહીં જ મોક્ષ છે.

निर्जित मदमदनानां वाक्का-
यमनोविकाररहितानाम् ।
विनिवृत्तवराशानामिहैव मोक्ष :
सुविहितानाम् ॥

જીતી લીધા છે મદ, મદન
કામને જેણે, મન-વચન-કાયાના
વિકારોથી રહિત, બીજાની આશાથી
પાછા ફરેલા એવા સુવિહિત મહાત્મા
ઓને અહીં જ મોક્ષ છે.

SHRI KAILASSAGARSURI GYANMANDIR
361009

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

ચિંતન

—: નૂતન વર્ષની મંગલ ભાવના :—

શ્રી દીપાવલિકા એ પ્રકાશનું પર્વ છે. ખરેખર પ્રકાશ પેદા થાય તે આત્મામાં સમ્યગ્જ્ઞાનની જ્યોતિ ઝળહળે એ આત્મા સાચા ખોટાનો વિવેક કરી, પોતાના આત્માને ઉચ્ચપંથે લઇ જાય છે. દીવાળી સમયે લોકો ઘર આદિ સાફસૂફ કરી વ્યવસ્થિત કરે છે અને લેવડ-દેવડના હિસાબ ચૂકતે કરી વર્ષભરના નફા ખોટાનું સરવૈયું કાઢે છે. તેમ ધર્માત્માઓએ પણ પોતાની જાતનું યથાર્થ નિરીક્ષણ કરવું જોઇએ અને આત્મામાંથી દોષો સર્વથા દૂર થયા હોય, દોષોને બરાબર ઓળખી તેનાથી બચવાનો પ્રયત્ન કરતો હોય, પૂર્વ કરતાં દોષોમાં મંદતા આવી હોય અને આત્મિક ગુણોની સંમુખ જઇ રહ્યા હોય તેનો આનંદ પામવો જોઇએ જે ચીજ કે વસ્તુ કે વ્યક્તિ, આત્માને નુકશાન કરનારા લાગે છે તો આત્મા તેનાથી કેટલો સાવધ રહે અને કયારેક અનિવાર્ય પણે તેના ઉપયોગનો પ્રસંગ પડે તો તે વખતે પૂરો સાવચેત રહી જે રીતના તેનો ઉપયોગ કરે છે તે સૌના અનુભવની વાત છે.

તેમ આત્માને નુકશાન કરનાર દોષોથી બચવા હંમેશા વિચારવું જોઇએ કે—"હું આત્મા છું. હું અનાદિકાળનો છું. અનાદિકાલીન કર્મ સંયોગને લઇને મારો આ સંસાર છે. તે જન્મ મરણાદિ રૂપ બાહ્ય સંસાર છે અને રાગાદિ રૂપ અભ્યંતર સંસાર છે. જ્યાં સુધી અભ્યંતર સંસાર ઉપર જોરદાર ઘા ન પડે, તેના મૂળીયા ન હાલે ત્યાં સુધી બાહ્ય સંસાર ચાલુ જ રહેવાનો છે. અભ્યંતર સંસારના નાશ માટે આ રાગદિને હું મારા મિત્ર સમાન, હિતજન સમાન માનું છું પણ તે જ મારા મોટામાં મોટા ભયંકર હિતશત્રુ છે. માટે તેનો જ નાશ કરવા પ્રયત્ન કરવો જોઇએ. તે માટે દુનિયા પદાર્થો ઉપર નો મોહ ઉતરવો જોઇએ, માયા-મમતાનો નાશ કરવો જોઇએ, ક્રોધાદિ કષાયોને કાબૂમાં રાખવા જોઇએ. દોષોના દહન અને આત્મિક ગુણોના અર્જન માટે જ પ્રયત્ન કરવો જોઇએ. દશ દશ દૃષ્ટાન્તે દુર્લભ એવા આ મનુષ્ય જન્મમાં એક માત્ર ધર્મની જ આરાધના કરવી જોઇએ. તે માટે ભગવાન શ્રી જિનેશ્વર દેવોની પરમતારક આજ્ઞાઉપર બહુમાન અવિહડ પ્રીતિ કેળવવી જોઇએ. ભગવાનનો તારક ધર્મ કયારે ય પણ દુનિયાના પદાર્થોને મેળવવા માટે કે તેની પુષ્ટિ માટે કરાય જ નહિ પણ માત્ર આત્મિક ગુણો મેળવવા અને આત્માના હિતને માટે જ કરાય. આ ભાવના રોમેરોમ અસ્થિમજ્જા બની જોઇએ. દુનિયાના પદાર્થો

(જુઓ અનુ. ટાઇટલ ૩ ઉપર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘાજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણકુમલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી ગુઢકા (ચાંદગઢ)

વર્ષ ૬] ૨૦૪૯ આસો વદ-૧૦ મંગળવાર તા. ૯-૧૧-૯૩ [અંક ૧૪

ધર્મ પ્રાપ્તિના ઉપાય

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા

(ગતાંકથી ચાલુ)

આધિ-વ્યાધિ અને ઉપાધિથી ભરેલા આ સંસારથી જેને બચવું હોય તેને ધર્મ નો આધાર લીધા વિના છૂટકો જ નથી. **સંસાર મજેથી જીવવા ધર્મનો આશ્રય લે તેની કિંમત નથી !** સંસારથી પાર ઉતરવું છે તે માટે ધર્મ વિના કોઇ જ સાધન નથી, સહારો નથી તેમ માનનારા જીવને આ બધા ઉપાયો ગમે અને જાણ્યા પછી તે મુજબ આચરણ પણ કરે. ભક્તિપૂર્વક સાધુની સેવા કરવી ગમે, હૈયાથી બધા જીવો પ્રત્યે મૈત્રી હોય અને મોક્ષ એ જ મારા આત્માનું સાચું સ્થાન છે તે વાત તેના હૈયામાં લખાયેલી હોય.

જીવો સંસારમાં કેમ ભટકે છે ? તો જ્ઞાનિઓ કહે છે કે, તેને સાધુનો સંગ ગમતો નથી, સાધુ તો નવરા લાગે છે. પોતાનો સ્વાર્થ સરે ત્યાં જ મૈત્રી કરે છે અને બહારની વસ્તુઓને પોતાની કરવાની તૃષ્ણામાં મરે છે. બાહ્ય પદાર્થો જ મારા છે તેમ માનીને તેમાં જ રાચે માચે છે.

તમને સાધુની સંગતિ ગમે કે બીજાની ? સાધુનું કામ તમારે શું હોય ? બહુ બહુ તો વારે-તહેવારે વાસક્ષેપ નંખાવી આવવો જેથી આપણે ય ધર્મી ગણાઇએ. સાધુનો સંગ ન મળે તો તમને દુઃખ થાય કે આનંદ થાય ? જગતનો મોટોભાગ સાધુના સંગથી વંચિત છે. તમે તો ઘણા ભાગ્યશાલી છો કે સાધુનો સંગ તમને માગો તો પણ મળે અને ન માગો તો પણ મળે તેવા ક્ષેત્રમાં તમે જન્મ્યા છો. જ્યાં ન માગે ત્યાં મળે તો સાધુના સંગની બહું કિંમત ન હોય. તેથી જ સાધુની સેવાભક્તિ

કરવાં છતાં ઘણા જીવોને ધર્મની પ્રાપ્તિ થઇ નથી તે નજર સમક્ષ છે. સાધુનો સંગ તમને મલી ગયો છે તેમાં મતભેદ નથી પણ તમને અપ ન હતો અને સાધુ મળ્યા તેમાંથી આજની બધી ગરબડ ઉભી થઇ છે. આજના ગ્રાહકો એવા છે કે કોઇથી ઠગાતા નથી. ઉપરથી તો ગ્રાહકોને જોઇને લુચ્ચા વેપારીઓ ગભરાય છે. સાધુની સેવા ધર્મ પામવા માટે કરનારા બહુ ઓછા જીવો છે. જો ધર્મ પામવા માટે તમે સાધુની સેવા કરી હોત તો લંક લાગી જાત. પછી તો આવા નાના ઉપાશ્રયો ચાલત નહિ. તમે જ મોટા મોટા ઉપાશ્રયો બનાવ્યા હોત, તે પણ સાધુ જીવનની રક્ષા થાય તેવા હોત ! આજે તો હંમેશનો ધર્મ કરનારા સાધુને ય ચલાવે છે, સાધુ કહે તેમ પોતે ના ચાલે પણ પોતે કહે તેમ સાધુને ચાલવું પડે તેવી પરિસ્થિતિ પેદા થઇ છે.

તમે બધા ખરેખર ધર્મ પામવા માટે આવતા હોત તો અમારામાં ય થોડી ઘણી ઢીલાશ હોય તે ચાલી જાય, અમે ય મજબૂત થઇ જઇએ. પછી તો આપણો ધર્મ જે ખીલી ઉઠે તેનું વર્ણન ન થાય.

સાધુ સેવાનું પહેલું ફળ એ કહ્યું છે કે–હંમેશા શુભ ઉપદેશ સાંભળવા મળે. જેથી આ લોક ગૌણ લાગે અને પરલોક અને પરમપદ જ કિંમતી લાગે. પણ આજના મોટાભાગને શુભ ઉપદેશની જરૂર નથી. મોક્ષ અને પરલોકની ચિંતા નથી. આ લોકની ચિંતામાં જ તમારી બરબાદી થવાની છે. જો આવી તમારી દશા રહેશે તો તમારે મરવું પણ ભારે પડશે. હજુ શુદ્ધિમાં હો તો ચેતી જાવ નહિ તો બેહોશીમાં મરવું પડશે. મરીને ક્યાં જશો તે જ્ઞાની જાણે ! જેને પાપનો ડર નથી, પાપના ફળનો ભય નથી, પુણ્યયોગે જે થોડું ઘણું સુખ મળ્યું છે તેમાં જ લહેર કરતા હોય તેવાઓ તો સંસારમાં રખડવા જ સર્જાયેલા છે.

સાધુની સેવા કરવાથી સારો ઉપદેશ મળે, સદાચારોનું દર્શન થાય. સાધુની પ્રત્યેક ક્રિયા જોઇ થાય કે આ ખરેખર મહાપુરૂષ છે. જગદ્‌ગુરૂ પૂ. આ. શ્રી હીરસૂરીશ્વરજી મહારાજાને; મારવા માટે મારાઓ મોકલ્યા તો સંથારામાં પડખું ફેરવતા તેમની ક્રિયા જોઇને, તેમને હાથ જોડીને મારાઓ પાછા ચાલ્યા ગયા કે–આવા મહાત્માને ના મરાય. સાધુ મૌન હોય તો ય તેની બોલ–ચાલ પરથી ઘણું શીખવા મળે. વિનય કરતા આવડી જાય. કયા માથું નમાવાય, કોની સેવા કરાય, કોની ના કરાય તે બધું આવડી જાય. તમને કોઇ પૂછે કે ઉપાશ્રયે કેમ જાવ છો તો કહો ને કે–'મારો આ લોક ન બગડે પરલોક ન બગડે અને પરમપદ નજીક બને તે બધું જાણવા જાઉં છું' જો તમે આ માટે આવતા હોત તો તમે બધા કયારનાય ધર્મ પામી ગયા હોત. પછી એમ ન પૂછત કે–

અસ્થાને વિનયમાં નુકશાન શું ? બેવકૂફને ય સલામ ભરે તે સારૂં ને ? વર્તમાનમાં પણ અસ્થાને વિનય કરનારને લોક ચેલા કહે છે ! પહેલા તમારી પેઢી પર આવનારને તમારી રજા લેવી પડતી હતી અને આજે ? તમે પોતે ઉભા થઇને લેવા જાવ છો. અરે....! સગા મા-બાપને ય પાણી પીવડાવવા નહિ ઉઠનારો બદામવાળું દૂધ પીવરાવે છે કારણ બધા સમજે છે.

મૈત્રી એ રાગનો વિષય નથી પણ હિતનો વિષય છે. ખરેખર મૈત્રી ભાવના સમજે તેના હૈયામાં તો જગતના બધા જીવો માટે એક જ વિચાર હોય છે. કે—'આ બધા જીવો કયારે ભગવાનનું શાસન પામે, શાસન સમજે અને શાસનને આરાધી આ સંસારથી છૂટી વહેલામાં વહેલા મોક્ષે જાય ! આવી ભાવના હોય તેને પોતાના કુટુંબી પરિવાર પણ સન્માર્ગગામી બની રહે તે જ ચિંતા હોય કે બીજી ? મૈત્રીવાળો જીવ-માત્રના હિતનો ચિંતક હોય અને જે બધાના હિતનો ચિંતક હોય તે પોતાનું અહિત કરે ? રાગ-દ્વેષને આધીન થયેલો સાચી મૈત્રીભાવના ભાવે ખરો ?

તમારા રાગ-દ્વેષ તમારા કાબૂમાં છે કે કાબુ બહાર છે ? તમે રાગના કાબૂમાં છો કે રાગ તમારા કાબૂમાં છે ! દ્વેષ તો બીજાને બાળી શકે ત્યારે બાળે. બાકી પોતે તો બળે જ. માત્ર મૈત્રીની વાતો કરે ન ચાલે અવસર આવે કસોટીમાંથી પાર ઉતરે ત્યારે તે સાચો કહેવાય. સાધુ સેવા સાચા દિલથી-ભાવથી કરે પછી જ સાચા ભાવે મૈત્રી આવે. આટલું થઇ જાય પછી તૃષ્ણાના તમે કો કે તૃષ્ણા તમારી હોય ? **તૃષ્ણા તેનું નામ જે સઘળા દોષોને પેદા કરે અને સઘળા ગુણોનો ઘાત કરે.** તમા-રામાં તૃષ્ણા છે પણ શેની છે ? તૃષ્ણા એટલે તીવ્ર ઇચ્છા, ધર્મી તો તૃષ્ણાનો માલિક હોય પણ ગુલામ ન હોય.

ધર્મીની તૃષ્ણા તો જુદી જ હોય. તેને તો દેવ-ગુરૂ-ધર્મની સારામાં સારી સેવા ભક્તિ કરવાની તૃષ્ણા હોય. હજી જોઇએ તેવી દેવભક્તિ કે સાધુ સેવા કે ધર્મક્રિયા થતી નથી તેનું તેને દુઃખ હોય, ધર્મીને મોજશોખની, ઘર બારાદિની, પૈસા ટકાદિની ચિંતા હોય ? સાધુનું દર્શન જે રીતે કરવું જોઇએ તે રીતે ના કર્યું એટલે ના હોવી જોઇએ તેવી બધી તૃષ્ણા તમને છે.

તમે બધા અહીં આવ જા કરો છો તે ધર્મપ્રાપ્તિ માટે ને ? સાધુને માનનારા પણ સાધુપણાથી ગભરાનારા ઘણા છે. સાધુપણા ઉપર પ્રેમ નથી અને સાધુ પર પ્રેમ છે. વીતરાગતા ઉપર પ્રેમ નથી અને દેવ પર પ્રેમ છે, સર્વ વિરતિ ઉપર પ્રેમ નહિ અને ધર્મી કહેવરાવવું છે-આ બધાનો મેળ જામે ખરો ?

ધર્મ નામની જે ચીજ છે, તેની પ્રાપ્તિ નામનો આત્માનો જ અભિલાષ છે, તે અભિલાષ જેને જન્મે તેને આ બધા ઉપાયોની વાત ગમે અને સાંભળ્યા પછી કરવાનું મન થાય. આ જગતમાં અનાદિકાલથી અધર્મ ચાલે છે એટલે કે અધર્મની પ્રવૃત્તિ અને પરિણામ તે બંન્ને અનાદિકાલથી અખંડિત રીતે ચાલે છે. તેના પરિણામ પેદા કરનાર અવિરતિ અને કષાય બધામાં જીવતા છે તેથી પ્રવૃત્તિ પણ જોરદાર ચાલે છે. અવિરતિ એનું નામ કે જીવ માત્રને દુઃખ પર સદાનો અણગમો અને સુખ પર સદાનો ગમો છે તેથી કષાયો લીલા લહેર કરે છે. અધર્મ કરવાનું શીખવું નથી પડતું. તે તો બધા અનાદિના અભ્યાસને લઇને કરે છે. ધર્મ કરવાનું શીખવું પડે એમ છે. તે જ આત્માનો ગુણ છે, તે પ્રગટ કરવા ઘણો ભારે પુરુષાર્થ કરવો પડે.

જગતમાં જે કાંઇ સારૂં થાય તે ધર્મના પ્રભાવે જ થાય અને ખરાબ થાય તે અધર્મના પ્રતાપે જ થાય. આ વાતમાં તમે બધા પક્કા ખરા કે નહિ ? અમે બધા પણ જો અમારી વિદ્વત્તા બતાવવા, તમે સારા કહો તે માટે બોલતા હોઇએ તો અમારા જેવા પાપી કોઇ નથી અમે તો તમે બધા આવતા રહો ભગવાનનો ધર્મ સમજો અને આજ્ઞા મુજબ કરો તેવા ભાવથી જ કહીએ છીએ, તમારા પર અમારી કરૂણા હોય કે નહિ ? તમે ઘરે પાછા જાવ તે ગમે ખરૂં ! તમે જે રીતના વર્તન કરો તે પણ ગમે ખરું ? રોજ આવનારા પણ હતા તેવાને તેવા રહે તે ગમે ખરું ? ઘણા માણસો એવા છે જે ઘેર પાછા ન જાય તો પણ વાંધો નથી, ઘરના માણસો પણ રાજી થાય તેવા છે. પણ તમને જ મન ન થાય તો અમે શું કરીએ ? અમે તો સંથારા દીક્ષા પણ આપીએ. જે કહે કે, તમે જ અમારા ગુરુ. તમે જેનો નિષેધ કરો તે નહિ કરીએ અને જે કહો તે જ કરીશું તો તેવાને પણ દીક્ષા આપીએ. શ્રાવકના હૈયામાં દીક્ષિત થયા વગર મરવાનું મન ન હોય. દીક્ષિત ન થઈ શકે તે બને પણ ભાવના શું હોય ?

જગતમાં ધર્મ-અધર્મ બંન્ને ચાલે છે. બધા જીવોને કર્મનો ઉદય હોય છે, ક્ષયોપશમ ભાવ પણ વિદ્યમાન છે પણ તે લગભગ મેલા જેવો છે. આખું જગત ઉદય ભાવમાં અને મેલા ક્ષયોપશમ ભાવમાં વર્તે છે. તેથી ધર્મ કરવા છતાં પણ વાસ્તવિક ધર્મનો ખપ પડયો નથી. ધર્મ શા માટે કરે છે તેમ તમને પૂછવાનું કે નહિ ? ધર્મ સમજ્યાવિના કરે તો અધર્મ જેમ સંસારમાં રખડાવે તેમ ધર્મ પણ સંસારમાં રખડાવે.

આ સંસાર બહુ ખરાબ છે. સંસારમાં પાપ વિના તો ચાલે જ નહિ. અઢારે અઢાર પાપો યાદ કરો અને આત્માને પૂછો કે, આ બધા પાપ, પાપ લાગે છે ખરા કે

માત્ર પોપટની જેમ મોઢાથી બોલે છે ? હિંસા, ચોરી, જૂઠને પાપ માનનારા હજી મળશે પણ ચોથા અને પાંચમા પાપને પાપ માનનારા કેટલા મળે ? સારું-સારું ખાવું, પીવું, ઓઢવું પહેરવું, ઉંઘવું ફરવું મોજમજા કરવી, બધું સારું સારું મને મળે, હું મજેથી ભોગવું તો તે બધું મૈથુન નામના પાપમાં આવે તે ખબર છે ? દુનિયાનું સુખ અને તે સુખનાં સાધનો કયા પાપમાં આવે? જે વખતે જે મળે તેમાં મજેથી જીવવું તેવો નિર્ણય કરો તો તમારા જીવનમાંથી ઘણા પાપ ઓછા થઇ જાય ! માણસ જેવી જાત જૂઠું બોલે અને સાચામાં ખપાવવાની કોશિશ કરે તે બને ? જો તમે બધા આ પાપોને પાપ તરીકે માનતા થાવ અને કરવાં પડે તેનું ઊંડે ઊંડે દુઃખ થાય તો ય તમારું કલ્યાણ થઇ જાય, તમારું જીવન સુધરી જાય.

ભગવાને કહેલી વાતો મોટોભાગ યાદ રાખતો નથી. ભગવાને કહ્યું છે કે-આપણે બધા આત્મા છીએ, અનાદિના છીએ. જેમ હું આત્મા છું તેમ મારા જેવા બીજા અનંતા આત્માઓ છે. આત્માને કર્મ વળગ્યા છે તેને લઇને આત્માનો આ સંસાર પણ અનાદિકાળનો છે. તે સંસાર જન્મ મરણાદિ રૂપ બાહ્ય અને રાગાદિ રૂપ અભ્યંતર છે. આ વાત યાદ હોય તેવા કેટલા જીવો મળે ? હજીસામાયિક, પડિકમણું, પૂજા, પૌષધ કરનારા મળશે પણ આ વાત યાદ કરનારા કેટલા મળે ?

જન્મ્યા પછી મોટોભાગ જેમ તેમ જીવે છે. સુખ તેને ફાવતી ચીજ છે, દુઃખ તેને અણફાવતી ચીજ છે. સુખ મળે તો રાજી થાય છે, દુઃખ આવે તો કાયર બને છે, દુઃખથી બચવા ફાંફા મારે છે. તેમ કરતાં આ જીવન પૂરું કરે છે, અહીંથી મરે છે અને બીજે જન્મે છે. ત્યાં પણ આ ચકકર ચાલું રહે છે. આવા કેટલા ચકકર કર્યા ? રાગાદિના કારણે જ આ સંસાર છે તેમ યાદ આવે તો કામ થઇ જાય. ધર્મ તો ઠેઠ સુજબ મોટો ભાગ કરે છે પણ ધર્મ પામવા માટે ધર્મ કરનારા ઓછા છે.

જન્મ-મરણાદિ સંસાર અનાદિનો છે આ વાત સમજાઇ જાય તેને લાગે કે આ સંસાર એ મારું સ્વરૂપ નથી પણ વિરૂપ છે. સંસાર એ મારી સ્વભાવદશા નથી પણ વિભાવ દશા છે. અનાદિ કર્મ સંયોગવાળા સંસારને જ્ઞાનિઓએ ત્રણ વિશેષણો આપ્યા છે. આ સંસાર તે દુઃખ રૂપ છે, દુઃખફલક છે અને દુઃખાનુબંધી છે. ભગવાનની આ વાત હજી અમે માનતા નથી, પણ આ જ સાચું છે તેમ ઊંડે ઊંડે થયા કરે છે અને ભગવાનના કહ્યા મુજબ નથી કરી શકતા તેનું દુઃખ પણ છે તો તે સારી વાત છે. પણ આ વાત હૈયામાં ય ન હોય તો તમે ભગવાનની પૂજા કરવા છતાં ભગવા-

નને ઠગે છે.

આપણા બધા ભગવાન સાધુ થઈને મોક્ષે ગયા છે. બીજા આત્માઓ કદાચ સાધુ ન થયા હોય પણ ભાવથી સાધુપણું પામી મોક્ષે જાય પણ, શ્રી અરિહંત પરમાત્મા તો સાધુ થઈને જ મોક્ષે જાય. ભગવાનનો ઉપકાર શું ? જગતને મોક્ષમાર્ગ બતાવ્યો તે. મોક્ષમાં જવું હોય તો આ જ માર્ગ છે. આ માર્ગ ગમે તેને જ કરૂણા ગમે. મારો તો આક્ષેપ છે કે, ભગવાનની દયા પણ તમને નથી ગમતી. માટે જ તમે જેનો નિષેધ કર્યો તે મજેથી કરો છો ઘર માંડવા જેવું નથી તેમ કહ્યું પણ ઘર માંડવું નહિ તેમ નથી કહ્યું–કારણ તમને આજ્ઞાભંજક નથી બનાવવા તમે ઘર માંડયા પછી આ વાત સમજ્યા હો તો તમને થવું જોઇએ કે અમે ફસાઇ ગયા. મોહથી ઠગાઇ ગયા. હવે એવું કરવું છે કે જેથી ભવાંતરમાં આઠ વર્ષે ચારિત્ર ઉદયમાં આવે.

આજે દુઃખની વાત એ છે કે ધર્મ કરનારાઓને હજી આ સંસાર ભૂંડો લાગતો નથી. સંસાર ભૂંડો લાગતો નથી તેનું દુઃખ પણ નથી. તેથી આજના વિજ્ઞાનિકો જે વાત કરે તે સાચી લાગે છે અને આપણા સર્વજ્ઞ ભગવાને જે કહ્યું છે તે હજી બેઠતું નથી તેમાં વિશ્વાસ આવતો નથી. મરવાનું નક્કી છે પણ મર્યા પછી શું થશે ક્યાં જઇશ તેનો મોટાભાગને વિચાર નથી. આજના શિક્ષણમાં આ વાતે આવતી નથી. પરલોકની વાત કરનારા અમને બેવકૂફ માનો છો અને કહો છો કે, પહેલા આ લોક સુધારો પછી પરલોકની વાત કરો. પરલોકને આંખ સામે રાખ્યા વિના આ લોક સુધરે ખરો ?

આ લોક પણ સારો બનાવવો હોય તો તમે જે માટે ધર્મ કરી રહ્યા છો તે માટે ધર્મ નહિ કરાય. તમારે આ લોકમાં પણ સુખ જોઇએ છે તો તે સીધી રીતે મળે તો લેવું, વાંકી રીતે મળે તો નહિ જ તેમ નક્કી છે ? હજી મને સુખ વિના ચાલતું નથી તો તે સુખ અને સુખનું સાધન આયોગ્ય માર્ગે મળે તો જોઇએ જ નહિ. તેના વિના ચલાવી લઇશું–તે ત્રેવડ છે ? તમે મંદિરમાં કદાચ નહિ જાવ તો તે ચલાવીશું પણ અયોગ્ય રીતે મળેલું સુખ ન જ જોઇએ તેમ નક્કી કરો તો તમારું જીવન બદલાઇ જશે. આ વાત તમારામાં આવશે પછી તમને અમારી બરોબર જરૂર પડશે. બાકી મોટાભાગને અમારી જરૂર નથી. અમારી વાત કાને અડે છે પણ બુદ્ધિને અડતી નથી, કદાચ બુદ્ધિને અડે તો હૈયાને અડી ન જાય તેની સતત કાળજી રાખે છે. આ લોકની સુખ સામગ્રીની જેટલી ઇચ્છા છે તેટલી મારો પરલોક ન બગડે, મારૂ અહિત ન થાય અને હિત થાય તે ઇચ્છા જાગે તો તમને બરોબર ધર્મ પામવા અને પામેલો ધર્મ સાચવવા શું શું કરવું તે સમજાય. પછી અમારી પાસે ધર્મ પ્રાપ્તિના ઉપાયો સાંભળો તો તેમ જ કરવાનું મન થાય. પછી જે ધર્મ થાય તે ધર્મ જ બરોબર આત્મધર્મને પેદા કરનારો બને. જ્યાં આપણા ભગવાન ગયા ત્યાં આપણે પણ પહોંચી જઇએ. સૌ આવી દશાને પામે તે ભાવના સાથે પૂરું કરવામાં આવે છે.



સંસ્થા વળગવી એ સાધુ માટે કલંક છે.

તમે શું માનો છો ? આત્મનિંદાથી કેવળ આત્મશુદ્ધિ જ કરી શકાય કે બીજા પણ કામો થઇ શકે ?

મારો જવાબ છે—આત્મનિંદાથી આત્મ શુદ્ધિ તો થાય છે પણ તમે તમારી રીતે આ તત્વનો અલગ વિકાસ કરો તો બીજા તમારા અંગત પણ ઘણાં બધા કામો આશાનીથી કરી શકો.

શાસ્ત્રકારોએ દુષ્કૃતગર્હા દ્વારા પોતાના જીવનમાં થયેલ પાપકર્મોની મનોમન નિંદા અને ગુરુશાક્ષીએ ગર્હા કરવા દ્વારા એકમાત્ર આત્મશુદ્ધિ જ કરવાનું કહ્યું છે. આ માટે જ જો આત્મનિંદાનો ઉપયોગ થતો હોય તો તે શાસ્ત્રીય છે. પોતાના ક્ષુદ્ર સ્વાર્થની સિદ્ધિ માટે આત્મનિંદા જેવા અમોઘ સાધનને વાપરવું તે અશાસ્ત્રીય છે, તેનો ભયંકર દુરુપયોગ છે.

આત્મનિંદા આત્માને પાપથી હળવો બનાવે છે, તેનો દુરુપયોગ આત્માને પાપથી ભારે બનાવે છે. એનો એક દાખલો તાજેતરમાં જ જોવા મળ્યો.

એક સંસ્થાધારી મહાત્માએ સંસ્થાના બચાવ માટે મરણીયો પ્રયાસ કરતાં આત્મનિંદાના અમોઘ સાધનનો સફળ ઉપયોગ કર્યો છે. પોતાનું શેતાની, રાક્ષસી, અધમથી પણ અધમ સ્વરૂપ અને પોતાની ભીષણ, બિહામણી બિભત્સ આકૃતિને બેનકાબ કરી તેમણે લોકોના દિલ જીતી લીધા છે. પણ એ પછી જે પ્રગટ કર્યું છે તે વધુ બિભત્સ લાગે છે. તેમણે લખ્યું છે :

"શરીર તો જાણે બધાને વળગ્યું છે.

શિષ્યો કેટલાક પુણ્યવાનોને વળગેલા છે. મારા જેવા વિરલ લોકોને સંસ્થા વળગી છે"

(પોતાની જાતને વિરલ તરીકે ઓળખાવતા એમનું મોઢું જરૂર મલકાયું હશે ! પણ તેઓ વિરલ નથી. સંસ્થાઓ વળગાડીને ફરવાનું કામ તો જૂનાકાળથી ચાલ્યું આવે છે. પોતાના પુરોગામી સંસ્થાધારીની પેટભરીને ઝાટકણી કાઢવાનું કામ તેમણે ખંતથી કર્યું હતું. પણ આ બધું તેઓ ચાલાકીપૂર્વક ભૂલી ગયા છે.)

આ પછી તેમણે શરીરની અનિવાર્યતા, શિષ્યની અનિવાર્યતા સાથે સંસ્થાની અનિવાર્યતાનું પોતાની લાક્ષણિક ઢબે વર્ણન કર્યું છે. શરીર અને શિષ્યની વાત તો સંસ્થાની વાત કરવા માટે ઢાલ તરીકે જ લીધી છે. અને લખાણની શરૂઆત અને અંતમાં પણ આત્મનિંદાની જે વાત

લખી છે તે સંસ્થાની પુષ્ટિ માટે હોવાથી તેની પણ કોઇ કિંમત રહેતી નથી.

પહેલા આપણે શરીર, શિષ્ય અને સંસ્થાની વાત કરીએ પછી આત્મનિંદાની વાત. શિષ્યની વાત કરીએ. એટલે ગુરૂની વાત એમાં હોય જ. ગુરુ શિષ્ય વચ્ચે વળગવું ક્રિયાપદ કઠે તેવું છે. બંધબેસતુ નથી. તેમાંથી વિકૃત અર્થ પણ નીકળી શકે છે. ગુરુ શિષ્ય વચ્ચે તો નિસ્તારકબુદ્ધિ અને આત્મસમર્પણ ભાવનો સંબંધ છે. ગુરુ લાયક શિષ્યને કેવળ તેને સંસાર સાગર તારવાની બુદ્ધિથી જ શિષ્ય બનાવે અને શિષ્ય પણ સુગુરૂના ચરણે કેવળ આત્મસમર્પણ ભાવથી જ રહે. કેવળ સેવા લેવા માટે કે કેવળ શિષ્યોની સંખ્યા વધારવા માટે ગુરૂ થનારા અને કેવળ ગુરૂને સાચવવા માટે કે ગુરૂ ઉપર ઉપકાર કરવા માટે શિષ્ય થનારામાં ગુરૂ કે શિષ્ય થવાની કોઇ લાયકાત નથી. વળગવાની વાત બે ઘડી માની લઇએ તો પણ ગુરૂએ તો શિષ્યને વળગવાનું જ નથી. શિષ્ય સન્માર્ગે રહેલ ગુરુને પોતાના ઉદ્ધાર માટે વળગી રહે તે હજી બને.

શરીર અને સંસ્થામાં તો એક પણ વિકલ્પ માન્ય રહી શકે એમ નથી.

શરીર તમને વળગે તે પણ પાપનો ઉદય. કારણ કે પાપના ઉદય વિના શરીર વળગી શકે નહિ.

શરીરને તમે વળગો એ તો ચોકખું પાપ જ છે કારણ કે શરીરને વળગી રહેવાની બુદ્ધિ જ પાપબુદ્ધિ છે.

એ જ રીતે સાધુ સંસ્થાને વળગે તોય પાપ છે અને સંસ્થા સાધુને વળગે તેય પાપ છે.

સંસ્થા વળગી હોય તેમાં સાધુએ કુલ-ગુરૂભાઇ બનવાની જરૂર નથી. સંસ્થા સાધુને વળગે એ સાધુ માટે કલંક છે, શરમજનક ઘટના છે. શરમજનક કાર્યને ગૌરવાસ્પદ માનવામાં પંડિત-મૂર્ખતા મુખ્ય ભાગ ભજવે છે.

પૂર્વના મહાપુરૂષોના નામ વટાવી ખાવામાં આજના માણસો ખુબ ચાલાક બની ગયા છે. વગર લેવે દેવે શ્રી રત્નપ્રભસૂરિ મ. ને સંસ્થા જેવા ફ્રેાટક શબ્દ સાથે સંડોવ્યા છે. અનેક દૂષણોથી ખદબદતી સંસ્થાઓના બચાવમાં પૂજ્યપાદ શ્રી રત્નપ્રભસૂરિ મહારાજા જેવા ભવભીરૂ ગીતાર્થ મહાપુરુષનું નામ વટાવી ખાવું એ તેઓશ્રીમદ્દની ઘોર આશાતના છે. "પૂજ્ય રત્નપ્રભસૂરિજીએ 'મહાજન' સંસ્થાની (!) (નામની) શાસ્ત્રાધારિત સંસ્થા કયાં સ્થાપી નથી." આવો સવાલ ઉઠાવી પોતાની સંસ્થાને શાસ્ત્રાધારિત ઠરાવવાનો પ્રયાસ બાલિશ કહેવાય કે નહિ તે ગંભીરપણે વિચારવું જોઇએ.

આ મહાજન સંસ્થાવાળી વાત ઉપર એક સ્વતંત્ર જ લખાણ કરવું પડે તેમ છે. એ વિવરણને બાજુ પર રાખી હાલ તો એટલું જ વિચારવાનું રહે છે કે મહાજન સંસ્થા માટે પૂજ્યપાદ શ્રી રત્નપ્રભ-

સૂરિ મહારાજાએ–

(૧) કેટલા મકાનો બંધાવ્યા હતા ?
(૨) કેટલા ઢોરો વસાવ્યા હતા ?
(૩) કેટલા ઝાડો ઉગાડયા હતા ?
(૪) કેટલા માણસોનો સ્ટાફ ભાડે રાખ્યો હતો?
(૫) કેટલીવાર પૈસાનું ઉઘરાણું કરવા નીકળ્યા હતા ?
(૬) મહાજન સંસ્થાના બચાવ માટે કેટલા ખુલાસાઓ તેમને આપવા પડયા હતા ?

આ ફક્ત સેમ્પલ છે. રસ્તો બતાવી દીધો છે. તમારી બુદ્ધિ શકિત પ્રમાણે આગળ વધતા જાવ.

પૈસો પૈસાને ખેંચે છે કે નહિ તે વાત હજી વિવાદાસ્પદ હોય શકે પણ એક પાપ બીજા પાપને ખેંચી લાવે છે વાતમા કોઇ શંકા રહેતી નથી. એક ખોટા કામના બચાવ માટે કેટલા નાટક કરવા પડે છે ? આત્મનિંદા જેવા પરમકર્મનિર્જરક તત્વને પોતાની માન્યતા પુષ્ટ કરવાના સાધન તરીકે વાપરવા જેટલું સસ્તુ બનાવી દેવું તે આ મહાન તત્વનું અવમુલ્યન કરવા બરાબર છે. કર્મનિર્જરકતત્વ પણ કર્મબંધકતત્વ બની જાય છે.

લોકોએ હવે વધુ સમજદાર બનવું પડશે. કોઇના લાગણીભર્યા વચનોમાં તણાયા વિના તથ્યાતથ્યનો નિર્ણય કરવો પડશે. વાકયપ્રવાહમાં તણાય ગયા તો શોધ્યાય નહિ મળો. કોઈ માણસ પોતાની જાતની નિંદા કરે કે પોતાની બડાઇ હાંકે એની પરવા કર્યા વિના કે એના ઉપર ધ્યાન આપ્યા વિના તેઓ શું સિદ્ધ કરવા મથી રહ્યાં છે તેના ઉપર ધ્યાન આપવું વધુ આવશ્યક છે. અને તો જ તમારા હાથમાં સાચુ તત્વ આવશે.

ખરી આત્મનિંદા જોવી હોય તો પૂજ્યપાદ આચાર્ય ભગવંતશ્રી રત્નાકરસૂરિ મહારાજાએ રચેલી રત્નાકરપચ્ચીશી એકવાર વાંચી જવી. કોઇ પણ જાતના ક્ષુદ્ર સ્વાર્થ વિના શુદ્ધ હૃદયે પ્રગટ થયેલી એ પચ્ચીશ ગાથા બોલનારના આત્માને પણ નિર્મળ બનાવવાનું સામર્થ્ય ધરાવે છે. બની શકે તો એ પચ્ચીશીનો પાઠ કરવા દ્વારા એના આધારે સાચા અર્થમાં દુષ્કૃતગર્હા કરવાનું રાખશો. એ તમને પાપમુકિતના માર્ગે આગળ વધારશે એ વાતમાં કોઇ શંકા નથી.

: વનરાજી :

હે ભગવન્,

આત્મનિંદા કરવા દ્વારા જીવ શું પ્રાપ્ત કરે છે ?

હે આયુષ્મન્,

આત્મનિંદાથી જીવ પશ્ચાત્તાપને પામે છે.

પશ્ચાત્તાપથી પાપકર્મો પ્રત્યે તિરસ્કારભાવ પેદા થાય છે.

વૈરાગ્યભાવથી અનુક્રમે ગુણશ્રેણિને પ્રાપ્ત કરતો–

અણગાર મોહનીયકર્મનો નાશ કરે છે.

—ભગવાન શ્રી મહાવીર સ્વામી

(જેઠ સુદ ૨ તા. ૨૩–૫–૬૩)

'ઈષ્ટ ફલ સિદ્ધિ'

-શ્રી પ્રવિણચંદ્ર ગંભીરદાસ શેઠ રાધનપુરવાળા મલાડ

અનંત જ્ઞાની અરિહંત પરમાત્માઓએ ભવ્યજીવોના આ સંસારથી વહેલો નિસ્તાર થાય તે માટે ધર્મશાસન સ્થાપ્યું. સંસારમાં જીવો જન્મ જરા મરણના દુઃખથી રીબાય છે. તેને માટે અજન્મા બનવાનું જ વિધાન છે. ભવનિર્વેદ કેમ પમાય તે ઇષ્ટ છે, ઇષ્ટ ફલ છે. જયવિયરાય સૂત્રના રહસ્યને પામી હાર્દ સુધી પહોંચી ભવનિર્વેદ મોક્ષનું સતત રટણ હોય.

ત્રિલોકનાથ શ્રી તીર્થંકર પરમાત્માએ સંસારને અસાર કહ્યો શા માટે ? સંસાર પાપ છે ! અર્થ કામ, પાપ છે ? પૂ. મુનિરાજ શ્રી અભયશેખર વિજયજી મ. એ અર્થ કામ માટે શું કરવું ? ધર્મ જ તેની પ્રાપ્તિ માટે 'તત્ત્વાવલોકન સમીક્ષા' પુસ્તક લખી શાસ્ત્ર સિદ્ધાંતને દબાવી દીધાં છે. તેના પ્રકાશકોએ પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિ. રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા પ. પૂ. આચાર્યદેવ શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી વચ્ચે થયેલ ૨૦૪૩ 'ધર્મ' દેશકોને શાસ્ત્રા અનુસારી માર્ગદર્શન આ મુદ્દાઓ લઈ સં. ૨૦૪૭ના મલાડમાં પ. પૂ. આ.દેવ શ્રી જગદ્રચંદ્ર સૂરીશ્વરજી મ. તથા પ.પૂ. મુનિરાજ નયવર્ધન વિ. મ. વચ્ચે વિચાર વિનિમયને ઊંધુ ખતવી વિકૃતિનો આશ્રય લઈ આ ચોપડી બહાર પાડવાની શકયતા ઉભી થઈ તેમ જણાવે છે.

પ. પૂ. આ જગદ્રચંદ્ર સૂરીશ્વરજી મ.એ પ્રવચનમાં શું કહ્યું તે જણાવ્યા વગર પ. પૂ. નયવર્ધન વિજયએ પંદર મિનિટ પ્રવચન કર્યું. તેમાં શાસ્ત્ર સમાધાન પટ્ટક ઉપરવટ જઈને ચોકાવનારા પ્રતિપાદનો કર્યા. મોક્ષ અભિલાષા ન હોય તેને ઢેરાસરના પગથિયા ચઢવાનો પણ અધિકાર નથી મોક્ષના આશય વિનાની દ્રવ્ય ક્રિયાની કુટી કોડીની પણ કિંમત નથી. આ બોલવાનું પ્રયોજન શું ? પ. પૂ. આચાર્ય શ્રી શું બોલ્યા હતા તેના પૂર્વાપરના સંબંધ ! પૂ. મુનિરાજના પંદર મિનટના પ્રવચનના હાર્દને પામો ત્યારે ખબર પડે ત્યાર બાદ વિચાર મિનિમય થયો. તેમને જિનવચન નિરપેક્ષ પ્રતિપાદો નો લાગ્યા તેમને માર્ગદર્શક પરિપત્ર બતાવ્યો. પણ તેનો સાર મોક્ષ સુખ જ મુખ્ય છે. ધર્મ પણ મોક્ષ સુખ માટે. મુકિત સુખનો પવિત્ર આશય હૈયામાં રાખી ધર્મોપદેશકોએ જીવોના હૃદયમાં સંસાર સુખનો રાગ સર્વથા નષ્ટ થઈ મુકિતનો ઉત્કૃષ્ટ રાગ પ્રગટે તે રીતે કેવલી ભાષિત ધર્મની પ્રવૃત્તિ કરવાનો ઉપદેશ કરવાનો છે. આ પરિપત્રનો સાર છે.

પ. પૂ. મુનિરાજ નયવર્ધનવિજયજી મ. એ આ પરિપત્રથી વિપરીત કાંઇ જ કહ્યું નથી શાસ્ત્ર દૃષ્ટિ, સિદ્ધાંતોને લક્ષ સામે રાખીને જ આચાર્યશ્રીને અને તેઓએ

જે પ્રવચન કર્યું તેના પૂર્વાપર સંબંધોને અનુલક્ષીને કહ્યું પણ અવળો અર્થ કરવો હોય તેનું શું ?

પરિપત્રના હાર્દનો વિચાર કર્યા વગર પ્રકાશકોએ ઉપલકીઆ વિચારો લઇ પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી વિજયેન્દ્ર સૂરીશ્વરજી મહારાજને તથા "જૈન શાસન" જેવા કેટલાક સાપ્તાહિકો માસીકોને બદનામ કરવાની વાત કરી. તેઓ લખે છે આ પરિપત્ર જિનવાણી દિવ્ય દર્શનમાં મુકયો પણ તમારા તે સાપ્તાહિકો અને માસીકોને પ્રતીતિનો વિચાર કરેલ, શા માટે જિનવાણીમાં પ્રકાશિત નથયું ? તે સર્વને વિદિત છે, પ્રકાશકોએ પરિપત્રનો પૂર્વાપર સંબંધ–અર્થ કામ માટે શું કરવું ? ધર્મ જ. આ બધો તટસ્થપણે ધર્મને હૈયે રાખી ભૂત ભવિષ્યનો વિચાર કર્યો હોત તો આવું બુધ્ધિનું પ્રદર્શન કરત નહિ. 'જૈન શાસન' સાપ્તાહિક જે શાસન સેવાના ઉદ્દેશથી બહાર પડેલ છે. તેમાં પ. પૂ. ગચ્છાધિપતિના પ્રવચનોનો બોધ તેમના પ્રરૂપેલ અમૃત તુલ્ય વાકયો શાસ્ત્ર સિદ્ધાંતનું સાચું માર્ગદર્શન જ હોય છે.

પ. પૂ. ગચ્છાધિપતિએ આઠ આઠ દાયકા સુધી પ્રવચનોનો બોધ વર્ષાવ્યો તેમની પદ્ધતિ એકસરખી રહી, 'દીક્ષાનો માર્ગ ખુલ્લો કર્યો, બાલ દીક્ષા, દેવદ્રવ્ય રક્ષણ બોકડાનો વધ સામે અડીખમ રહી શાસનનો જયજયકાર કર્યો. પ પૂ. દાદાગુરૂ દાનસૂરીશ્વરજી મહારાજા પ. પૂ. ગુરુવર્ય આ દેવ પ્રેમસૂરીશ્વરજી મા. પણ તે આ. દેવેશશ્રીની દેશના પદ્ધતિના ભારોભાર વખાણ કરતા હતા આજના પ્રવચનકારો તેમની પધ્ધતિની ભૂલો કાઢતા થયા. પ્રવચનોમાં રાજકારણ વિગેરે વાતો કરવી જૈનોએ ચુંટાઈને લોકસભામાં વિધાનસભામાં જવું જોઇએ એવું કહેવું અને નવકાર મંત્ર એ જૈનને ગળથૂથીમાંથી અપાય તેને માટે કહેવું મારો વિષય નથી સ્યાદ્વાદ સિદ્ધાંતની વાતો કરવી એ પરિપત્રની કેટલી વફાદારી રાખી કે મજાક સિવાય શું કર્યું.

સ્યાદ્વાદ સિદ્ધાંત લાવી, અર્થ–કામ માટે શું કરવું ? ધર્મ જ વિષયસુખ શરીરસુખ ધન વૈભવ આદિ માટે ધર્મ કરવો એ મહા ભૂંડો છે. આવું જેઓ માને છે. તેઓના મને નીચે જણાવેલી જે બાબતો ફલીત થાય છે તેમાં શું તેઓ સંમત છે. ખરા ?

૧ બજાર પેઢી જામી જાય ૨ ઇંડા વગેરે કરતાં મગફળી ૩ જે પશુ માસ હોય તે પશુમાં રહેલ રોગો ! મહાત્મા પેઢી–અર્થ ઉપાર્જન એ પાપ છે ! ખાવું એ પણ પાપ છે., જે ન છુટકે કરવાનું છે જેના વિષયમાં શાસ્ત્રકારોએ નીતિ–અનીતિ ન્યાય–અન્યાય પાપ–પુન્ય કરમ–ધરમ સચિત્ત–અચિત્ત ભક્ષ–અભક્ષ પેય–અપેય આ શબ્દો શાસ્ત્રકારોએ બતાવેલ છે. અને આપને 'અનીતિ લેળસેળ લુંટફાટ, ઇંડા ખાવા, રોગીષ્ટ

પશુ માંસ ન ખાઇ ત્યાગ કરવવો આવી વાતો લખી આપ કેટલા નીચે ઉતરી ગયા આવી વાત કઇ પુષ્ટિ માટે લખી છે.

તીર્થંકર પરમાત્માઓએ મોક્ષ માર્ગની આરાધના માટે પંચાચારરૂપ શાશ્વત સનાતન ધર્મનો ઉપદેશ આપ્યો છે. તેમાં ગણધર ભગવંતો એ દ્વાદશાંગી આગમ શાસ્ત્રોની રચના કરી જેમાં મોક્ષ અનન્ય સાધનરૂપ પાંચ આચાર વિગેરેમય સામાયિક મુખ્ય વિષય પ્રતિપાદન કરેલ છે. તેમ સમ્યક ચારિત્ર પ્રધાન છે. મહાત્મન્, આ ચારિત્રધર છો. અર્થ-કામ એ પાપ છે. રૂપ-રૂપીયાએ અનેક અનર્થ સર્જ્યા છે. અર્થથી માનવી શું નથી મેળવી શકતો, કામાંધ મનુષ્ય કામથી ખુવાર થાય છે અને બીજાને કરે છે. કામાંધ માણસ કાંઇ દેખી શકતો નથી. આ જાણવા છતાં આપ 'આ પાપથી પાછા વળવા' ધર્મ કરવાનું કહેતા હોત તો તે વ્યાજબી હતું તમે તે તેને 'મેળવવા ધર્મ કરવાનું કીધું. શું સિદ્ધ કરવું છે આપને ? શ્રીપાળ મયણા-શ્રીકૃષ્ણ-સુલસા-મનોરમા આ બધાના મુળમાં ઊંડા ઉતરો. મયણાએ ધર્મ વિદાતો હતો ત્યારે ઉપાય પુછયો ? ત્યાં પણ આચાર્યદેવે શું કહ્યું. આ બધા દાખલામાં સમાધિ વગેરે હતા. તેમાં તે ઉત્પન્ન કરવાનું ન હતું આપે તો અર્થ-કામ માટે જ ધર્મ કરવા કહ્યું પાપ ઉત્પન્ન કરવા ?

પૂ. મુનિરાજ શ્રી 'મારા દિલની વાત' તેમાં આપે પ. પૂ. ગચ્છાધિપતિ માટે તેઓ શાસ્ત્ર વચનના આગ્રહી, સિદ્ધાંત રક્ષક, જરાય આંધળોડ નહિ. આ શબ્દો આપના માયાવી લાગે છે ? કારણ પ.પૂ. કીર્તિયશ વિ. મ. સા. 'તત્ત્વાલોકન' પ્રસ્તાવના લખે. તે શું પૂ. ગચ્છાધિપતિ જાણતા ન હતા ! આપની જેમ કુતર્ક લગાવી અર્થ તેમણે નહતા કર્યા. તેઓએ રહસ્ય સુધી પહોંચી હાર્દ નીચોવી જે લખ્યું હતું તેને અનુમોદન આપેલ. મહાત્મન્ ? આપના અર્થ કેવા ? નમો અરિહંતાણં' નો અર્થ નમુ છું દુશ્મનને હણનારને, અર્થ સાચો પરંતુ તે અનર્થ કરવાવાળો છે. તેના અર્થના હાર્દ સુધી પહોંચવું જોઇએ, એક શબ્દના અનેક અર્થો થઇ શકે છે ? આપે આપના લખાણમાં બંધ બેસતા, અર્થ કર્યો છે. આપને લાગતું નથી અર્થ-કામ ભુંડા છે ? સંસાર વધારના છે ? તેની આપે અનુમોદના કરી છે ? પ્રતિક્રમણ શા માટે પાપ થી પાછા વળવા માટે અર્થ-કામ પાપ છે. જ તેનાથી પાછા વળવા ધર્મ એ વાત બરાબર છે ?

પૂ. શ્રી કામમાં ક્રિયા જે થાય છે તેમ લીંગ-વેદાદિ મુખ્ય છે 'લીંગની પૂજા ઇતરે કરે છે' તેનો ઇતિહાસ જાણો ? આપ આપની વાતોથી આને અનુમોદન આપો છો. હજી પણ મહાત્મન્ ? આ બધા ઉત્સૂત્ર ભાષણરૂપી વિચારો પાછા લો ? હવે આપણે હેય-ઉપાદેય-આશ્રવ-સંવર, ચરમાવર્ત-અચરમાવર્ત પુનર્બંધક અવસ્થા ગરલ અનુષ્ઠાન અમૃત અનુષ્ઠાન એના ઉપર વિચાર માંગે કે મહાત્મન ! આપની વાત અર્થ કામ માટે શું કરવું ? ધર્મજ. હજી પણ આપ પાછા વળો આ મહા પાપ છે આપે તો તે છોડયું છે. આજે આપનો દાખલો લઇ જે પતિત સાધુ છે શું કહેશે તે વિચારજો એજ જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઇ લખાયું હોય તો ક્ષમા ! (ક્રમશ:)

મજા કરો સજા નહિ

—જૈનાચાર્ય શ્રી વારિષેણ સૂરિ.મ.

પ્રેષક : હેમરાજ સોની ટ્રસ્ટ હિંગોલી M.S.

રાજેશ લે, આ ૫૦૦ રૂપિયા. દિવાળી આવે છે મજા કરી આવ. મમ્મી હું રૂપિયા લઈને શું કરું ? ત્યાં તેનો દોસ્ત મહેશ આવ્યો. કહે ચાલ દોસ્ત આજે જરા મુડ આઉટ છે. હોટલમાં નાઇટ પ્રોગ્રામમાં મસ્ત બની આવીએ. રાજેશ કહે નહિ ભાઇ મારી મમ્મીએ મને ૫૦૦ રૂપિયા આપ્યા છે મજા કરવા પણ તે પાપની સજા આપે તેવી મજા મારે નથી કરવી. હું તો ઉપાશ્રયે કોઇ સાધુ સંતની સલાહ લઇને સન્માર્ગમાં વાપરીશ ને પૈસે પૈસો ઉગી નીકળે તેવા કાર્ય કરીશ.

મહેશ કહે અરે મુર્ખા ! તું કંઇ કોલેજમાં ભણે છે. કયાં જમાનામાં જીવે છે. એકવીશમી સદિના કોમ્પ્યુટર યુગમાં ફ્રિ સેકસ ને સેફ સેકસના સ્વતંત્રતાના શિક્ષણમાં તને કોને ભૂત લગાડયું. મંદિર મઠ ને ધર્મ ગુરૂઓનું છોડ બધું દિવાળીનો તહેવાર આવે છે. નવા નવા કપડાં મેચીંગ કરીને મેકપ કરીને રોજ મિષ્ટાનના ટેસ્ટફુલ ભોજન કરીને નવી નવી મોડર્ન યુવતીઓ સાથે મોઝમાનીએ. નાચ ડિસ્કોને ગરબા ખેલીએ. ફટાકડાની રોશની મચાવીએ. યાર ? ચાલને કોઠિ, કુલકર્ણી ને, એટમના ધડાકા ભડાકા કરીને શેરીને રાતના ગજાવીએ દોસ્ત ચાલ ૫૦૦ રૂ. એક કલાકમાં કેટલો બધો આનંદ આપશે સુખ મળશે.

રાજેશ કહે : જયારે ભૂકંપમાં લાખ માણસ મરણને શરણ થયા છે. અનેક બેઘર થયા છે. અનેકને પહેરવા વસ્ત્ર નથી. ત્રણ ત્રણ દિનથી ભૂખ્યા સુવે છે. ને તું તારા મનની મહેદીલ માનવા નીકળ્યો છે. પૈસાનો ધૂમાડો કરવા ફટાકડાની હોળી સળગાવવા માગે છે ફટાકડા એ જીવહિંસાનું મહાન સાધન છે ફટાકડા ફોડવાથી કાગળ સળગે છે. જેનાથી જ્ઞાનની આશાતના થાય છે. ભણવામાં બોલવામાં દિમાગફેલ થાય છે. ફટાકડા ઉડયા પછી નીચે પડતા જમીન પરના નાના મોટા જીવોને આગના દુઃખ પડે છે. ફટાકડા ના અવાજથી પક્ષાઓને અંધારામાં ઉડવું પડે છે ફટાકડાની દુર્ગંધ ભરી હવાથી પર્યાવરણ અશુદ્ધ થાય છે. ફટાકડાના સાઉન્ડથી હાર્ટના દર્દિના ધબકારા વધે છે કાનમાં બહેરાશ ઉત્પન્ન થાય છે. ફટાકડાથી પ્રદુષણ વધવાથી બીમારીઓ વધે છે. ફટાકડા ગરી-

બોને ત્રાસ આપે છે ઉંદર બગાડે છે. બને તો બીજાને સુખ આપો દુઃખ તો કદાપિ નહિ હું મારા ગુરૂવરની વાણી મુતાબિત ૫૦૦ રૂપિયા દીન દુઃખીને મિષ્ટાન આપીશ, નિવસ્ત્રને વસ્ત્રથી શરીર ઢાંકિશ દહીંઓને દવા ને ફ્રૂટ આપીશ બાળકોને ફિ આપીશ પુસ્તકોર્થ જ્ઞાનદાન આપીને ધર્મના કાર્યોમાં દાન આપીશ. ફટાકડા ન ફોડનારાનું સન્માન કરીશ એંગ્લોરની લબ્ધિ સૂરિ સ્કુલના બાળકો ૧૮૦૦ છે. તેની જેમ દિવાળીમાં પૈસાથી ફટાકડા ન ફોડતા ગરીબ બાળકોના આશિષ મેળવીશ, ને મારા બ્યારા બહુડા જેમના માતાપિતા ભૂકંપમાં ચાલ્યા ગયા છે. તેમના દુઃખમાં સુખની વસંત ખીલાવીશ. મહેશ યાદ તો કર. પ્રભુ મહાંવીરન. નિર્વાણ દિન દિવાળીએ વીરવાણી જીવો જીવાડીને મરીને પણ બીજાને જીવવાદોનો સિદ્ધાંત, આપના પૂજ્ય પિતાશ્રી મુનિ જે એક પક્ષીને બચાવવા પોતે મરણ સ્વીકાર્યું. અરે જરા જો પેલા ધર્મરૂચિ અણગારને જેઓ કિડિ મંકોડાના જીવ બચાવવા કડવું ઝેર શાક ખાઇ ગયા. પેલા કુમારપાળ રાજાએ મંકોડાને બચાવવા ચામડિ કાપી નાખી ગીતામેન રાંધીયાએ ૧૫ લાખ જીવોને બચાવી બલિદાન આપ્યુ અહિંસા પરમો ધર્મના નારા લગાવનારા આપને વીરના નિર્વાણ દિને હિંસાને તિલાંજલી આપીએ ફટાકડાનો બહિષ્કાર કરીએ પાપની દિવાળી બંધ કરી હવે પાપોને ફોડિને તપની દિવાળી પ્રગટાવી કેવલજ્ઞાનની રોશની ચમકાવીએ. બોલ મહેશ અહિંસાથી આબાદી તો, આબાદિ મેળવશું કે બરબાદિ હિંસાથી મેળવશું.

સમાચાર અંગે

જૈન શાસન વર્ષ ૬ અંક ૧૧ માં પાના ૩૬૫ ઉપર પૂ. સા. શ્રી હેમગુણાશ્રીજી મ. અંગે આજ્ઞા બહારના સમાચાર છપાયા છે આ સમાચાર અમને પાલીતાણાથી પોસ્ટમાં આવ્યા હતા તો બાબત પૂ.આ.શ્રી વિજય મહાબલ સૂ. મ. તરફથી તેમજ પૂ. સા. શ્રી હેમગુણાશ્રીજી મ. તરફથી અમને 'એ સમાચાર તદન ખોટા છે' એમ જણાવવામાં આવેલ છે સમાચારની ચિકિત્સા અમારે કરવી જોઇતી હતી. જે અમે કરી નહિ. અને છાપવા મોકલી દીધા આ અંગે પૂ. સાધ્વી મ.શ્રીને ઘણું દુઃખ થયું છે. જે માટે અમે દીલગીર છીએ અને એ સમાચાર કેન્સલ છે એમ જાણવું.

તા. ૨૮-૧૦-૯૩ સંપાદક-જૈન શાસન

મહારાષ્ટ્રમાં થયેલ ભુકંપનો આંખે દેખ્યો અહેવાલ

વર્ધમાન સંસ્કૃતિધામ, વિનિયોગ પરિવાર, અખિલ ભારતીય કૃષિ ગૌ સેવા સંઘ અને 'મહાજનમ્' ના ઉક્રમે શ્રી દિલીપ ઘો વાળા ના નેતૃત્વમાં પાંચ કાર્યકર્તા ભૂકંપગ્રસ્ત વિસ્તારની મુલાકાતે ગયા હતા. તેઓએ લગભગ ૧૭૫ કી. મી. ના વિસ્તારનું સર્વેક્ષણ કર્યું હતું તેમાં મુખ્ય ગામો તથા સંપૂર્ણપણે નાશ પામેલ ગામોનું સર્વે કરતાં જાણવા મળેલ કે સારતુર નામનાં ગામમાં અંદાજીત ૧૨,૦૦૦ની વસ્તી છે. ત્યાં ૮૦૦૦માણસો મૃત્યુ પામ્યાનો અંદાજ છે. આ ગામમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના કાર્યકર્તાઓ ખુબજ સારૂ કાર્ય કરી રહ્યા હતા તેઓએ ૨ દિવસમાં ૧૨૦૦ લાશ કાઢી હતી. આ ગામમાં ઘરે ઘરે શોકનું વાતાવરણ જોઈ ભલભલા કંપી ઉઠે એવું છે. આખુ વૃધ્ધ ગામ ખલાશ થઇ ગયેલ છે. પેઠ સાંગવી નામનું ગામ અંદાજીત ૧૦,૦૦૦ની વસ્તી છે. આ ગામ તો સપાટ મેદાનમાંથી ડુંગર બની ગયું છે. લગભગ ૨૦૦૦ વ્યકતીઓ જ બચ્યાં છે આ જ ગામ માંથી એક ૧૦ વર્ષનું બાળક ૨ દિવસ બાદ જીવંત મળ્યું હતુ તેના કુટુંબના ૯ જણ મૃત્યુ પામેલ છે. આ કુટુંબની ૮૦ એકર જમીન છે. આ છોકરાને અમારા કાર્યકર્તાઓએ દૂધ આપતાં તેણે પીવાની ના પાડી, એમણે તેઓને કહ્યું કે તારે શું જોઈએ છે તો તારૂ કહ્યું મને મારી 'માં' લાવી આપો. સારતુરમાં એક વયોવૃધ્ધ સાથે વાત કરતાં તેઓએ જણાવેલ કે મારૂ આખુ કુટુંબ ખલાસ થઇ ગયેલ છે.

આ ગામોનો વિસ્તાર મોટી માલીકીનો છે. તીજોરીની અંદર રૂા. ૨૪ લાખની મોટી મૂડી પડેલ છે. તે કઢાવી અને આ રકમ આ કાર્યમાં વાપરો એવું સુચન કર્યું હતું કીલ્લારી ગામ સંપૂર્ણ હરકરનાં તાબામાં છે. અન્ય કોઇને જવા દેવામાં આવતાં નથી. આ ગામમાં શ્રી મુંબઇ જૈન સંઘના આગેવાનોના માર્ગદર્શન અનુસાર આપણી સંસ્થાઓ અને લાતુર વેપારી મંડળનુ રસોડુ ચાલે છે. આજુ બાજુના ૨૨ ગામોની રમવાની જવાબદારી સંભાળી લેવામાં આવી છે. મંડાણુ ડેમની નજીક આવેલુ આ કમનસીબ ઢોળી ગામની મુલાકાત માં જાણવા મળ્યુ કે આ ગામની વસ્તી ૩૦૦૦ની હતી. કુદરતે જ આ ગામની 'ડોળી' કરી છે. ફકત ૩ જણ બચ્યા છે. આખા વિસ્તારના તમામ લોકો સરકારે બનાવેલ ડેમ પ્રત્યે નારાજી વ્યકત કરતાં હતાં.

તાવસી ગામની મુલાકાતમાં ત્યાંના સરપંચ પ્રમોદ કટટીએ જણાવેલુ કે આ ગામની વસ્તી ૩૦૦૦ ની છે. જેમાં ૭૦૦ જણ મૃત્યુ પામેલ છે.

રાજે અને રેલીચીચોલી નામનું ગામ ભારતના નકશા માંથી ભુસાઇ ગયેલ છે. આ ગામનો સંપૂર્ણ નાશ થયેલ છે.

નારંગવાડી, ચીચોલીકાટે, નાઇ ચાકુરા એકોડી આ ગામોની આશરે ૬૦ થી ૭૦ ટકા વસ્તી ખલાસ થઇ ગયેલ છે.

ધાનોરી, તોરડા, હરવી, ખેડા આ ગામોને ૩૫ ટકા નુકશાન થયેલ છે. ટોટલ ૮૦ ગામોને ભુકંપની અસર થયેલ એમાં ૫૪ ગામોને ખૂબજ ગંભીર અસર થયેલ છે.

જુવાર, બાજરીનુ ઘાસ પશુઓને ખવરાવવામાં આવી રહ્યું છે- પશુઓને કુદરતી સંકેત મળી જતાં મોટા ભાગના પશુઓ ખુલ્લા મેદાનમાં જતા રહ્યા હતા.

દરેક ધર્મના ભગવાનના ફોટા હતા તે બધી જ દિવાલો અડીખમ ઉભી છે. તે એક ચમત્કાર જ ગણાય, સાસ્તુરમાં ૫૪ વર્ષના વયોવૃધ્ધ દીગમ્બર જૈનના કુટુંબમાં ૩૫ જણાના કરૂણ મૃત્યુ થયા હતા. કમનસીબે તેઓ એકલા જ બચ્યા હતા. આ બધાનો અંતિમ સંસ્કાર કરીને છેવટે આ વૃધ્ધે આપઘાત કર્યો હતો આ વિસ્તારનો એકંદરે સર્વે કરતાં જણાવ્યું છે કે લોકોનું કહેવું થાય છે કે આ કુદરત કરતા સરકાર સર્જીત આફત છે.

પૂનાના વૈજ્ઞાનીકો આવીને કહી ગયા કે ઘરમાં સુવાનું શરૂ કરો હવે ધરતીકંપ થશે નહિ. પણ કમનસીબે છ માસમાં જ આવો કરૂણ બનાવ બન્યો હતો. બંધનો વિરોધ ગામ લોકો વર્ષોથી કરતા હતા છતાં સરકારે આ ડેમમાં પાણી ભરવાનું ચાલુ કર્યું અને તેના કારણેજ આ ધરતીકંપ થયો છે. તેવુ વૃધ્ધ આગેવાન રામસિંહ રાઉતે નિસાસા નાખીને કહ્યું હતું.

આમ આ કાર્યકર્તાઓએ અસરગ્રસ્તોને સ્થળનાં મુલાકાત લઇને સાંત્વન આપ્યું હતુ અને રાહત સામગ્રીની વ્યવસ્થા કરી હતી. અને વિવિધ યોજનાઓ બનાવી હતી

—: સૂચના :—

આ મહીનામાં પાંચ મંગળવાર હોવાથી તા. ૧૬–૧૧–૯૩ નો અંક બંધ રહેશે તેથી હવે પછીનો અંક નં. ૧૫ તા. ૨૩–૧૧–૯૩ ના પ્રગટ થશે.

પૂજ્ય કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

૦ મુક્તિ આપણી સામે જુ[ે], તેવી અનુભૂતિ થાય તેની ભક્તિ સાચી.
૦ ભગવાનના ભગતને મુક્તિ [વિ]ના કાંઇ જ ગમે નહિ. મુક્તિ અને મુક્તિના સાધન વિના બીજુ કાંઇ ગમે તે[ો] [તા]નો પાપોદય સમજે.
૦ સંસાર હૈયામાં હોય અ[ને] [તે]ની ખટક પણ ન હોય તેવા જીવની ભક્તિ, અસલમાં ભક્તિ જ નથી.
૦ ભગવાનને સાચાભાવે મા[ગે] એટલે સંસારનો ભાવ ઊઠે !
૦ સંસારની સારામાં સારી [વ]સ્તુથી જેને ત્રાસ પેદા થાય તેને જ ભગવાન ગમે.
૦ જ્યાં સુધી દુનિયાની સુખ[ની] નામચીના રાગની ઊલટી કરાવીએ નહિ ત્યાં સુધી હૈયામાં ભગવાન પેસી શકે નહિ.
૦ પાપથી મળતા લાભ સા[રા] દેખાય તો પણ સારા દેખાય તો પણ સંસાર રોગીએ અડવા જેવા નથી. સાકર [ગ]મે તેટલી મીઠી હોય તો પણ કફવાળાને નુકશાન જ કરે.
૦ ભગવાનની આજ્ઞાનો પ્રેમ [ન] થઇ જાય તેને માટે દુઃખ વેઠવું અને સુખ છોડવું તે સહેલું છે.
૦ આ સંસાર મિયાભાઇ [જે]વો છે, મારે પણ રોવા ન દે.

(ટાઇટલ ૨ નું ચાલુ)

ઉપરનો રાગ ઘટાડતા જવું [જો]ઇએ અને પોતાના જ પાપથી આવતાં દુઃખોનો મજેથી સહન કરતાં શીખવું જોઇએ [અ]ને જેમ બને તેમ નિસ્પૃહતા, સંતોષ, સદાચાર ક્ષમા-શીલતા આદિ ગુણોને મેળ[વ]વા પ્રયત્ન કરવો જોઇએ અને આ મનુષ્ય જન્મ એક માત્ર સાધુપણા માટે જ છે તે પ[ણ] આત્માની અનંત અક્ષય ગુણ લક્ષ્મીને મેળવવા માટે જ છે તે સાધુધર્મ કયારે મને [મ]ળે અને પરમાત્માની તારક આજ્ઞામુજબ અખિશુદ્ધ પાલન કરી સ્વયં [પ]રમાત્મા રૂપ બનું તે જ ભાવના ભાવવી જોઇએ. મળેલી નિર્મલ પ્રજ્ઞાનો ઉપયોગ ભ[વ]નનો માર્ગ સમજવા અને આત્મામાં સ્થિર કરવા પ્રયત્ન કરવો જોઇએ. તો આ જન્મ [સ]ાર્થકતા થાય.

સૌ પુણ્યાત્માઓ આ[ત્મ] ભાવનાથી ઓતપ્રોત થઇ જીવનને ઉજાળે અને શાસનવર્ષને આરાધનામય બનાવી આત[મા]માં મુક્તિ વધુને વધુ નજીક બનાવે તે જ નૂતનવર્ષના નવલા પ્રભાતની મંગલ કા[મ]ના. સૌ આવી પરમોચ્ચ દશાને પામો તેવો પુરૂષાર્થ કરી આ જીવનને અજન્માનું બી[જ] બનાવો.

—મૃગાંગ

- જેના વિષય–કષાય મંદ ન પડે તે ભગવાનના શાસનમાં આવી શકે નહિ.
- જૈન સંઘમાં આવેલા માટે ! સદ્‌ગતિ સુનિશ્ચિત, દુર્ગતિ હમેશ માટે બંધ !
- કર્મયોગે જેને પાપ કરવું પડે પણ પાપ કરવાનું મન ન હોય તે જીવ પાપ કરવા છતાં ય દુર્ગતિમાં ન જાય : પુણ્ય કરતાં ય હૈયાનાં પાપની વાસના–સેવે તે પુણ્ય કરતાં ય દુર્ગતિમાં જાય.
- ઉપકાર બુદ્ધિ વિના પરિવાર વધારવા દીક્ષા આપવી તે પણ પાપ છે.
- જેને મોક્ષની ખાત્રી ન હોય તે જૈન તો નથી પણ આર્ય પણ નથી.
- દુઃખમાં રિબાય તેય દુઃખી થાય, સુખમાં મજા કરે તેય દુઃખી થાય આ વાત જે સમજે તે ધર્મ સમજેલો કહેવાય.
- દુઃખ આપણાં પાપ વિના આવે જ નહિ. તમે શું દુઃખ ભોગવો છો ? નરકમાં પડેલાં જીવો જે દુઃખ ભોગવે તેનું વર્ણન થાય તેમ નથી. તે વર્ણન સાંભળ્યા પછી પણ જેને વૈરાગ્ય ન થાય તે આત્મા આત્મા નથી પણ જડ જેવો છે.
- કર્મ બાંધવાની ભગવાને મના કરી છે પણ તીર્થંકર નામ કર્મની આજ્ઞા કરી છે. તીર્થંકર નામ કર્મનાં બંધને ઈચ્છે તે માટે મહેનત કરે તોય નિર્જરા થાય.
- આપણને બધાને આવી સુંદર સામગ્રી મળી છે માટે ધર્મ કરીને આવ્યા છીએ. પણ હજી સંસારમાં જ મજા આવે છે, વિષય– કષાયમાં જ આનંદ આવે છે, સુખમાં મહાલો છો, દુઃખમાં રોવો છો તેથી લાગે છે કે મોટોભાગ/ધર્મ મેલો કરીને આવ્યો છે. તમે બધા અહીં ડાયા થાવ અને ધર્મ મેલો ન કરો તે માટે અમે તમને ચેતવીએ છીએ. અમારી વિદ્વત્તાનું પ્રદર્શન બતાવવા પાટ પર બેઠતા નથી.
- માન–[illegible]દિનો ભુખ્યો જીવ કયારે ભગવાનના ધર્મને કલંકિત કરે તે કહેવાય નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત [illegible] ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક– સુરેશ શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

2230

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

જ્ઞાન ગુણની મહત્તા–

पीयूषसमुद्रोत्थं, रसायनमनौषधम् ।
अनन्यापेक्षमैश्वर्यं, ज्ञानमाहुर्मनीषिणः ।

પંડિત પુરુષો, સમુદ્ર વિના ઉપન્ન થયેલા અમૃત રૂપ, ઔષધ વિના ઉત્પન્ન થયેલા જરા–મરણને નાશ કરનાર રસાયણ રૂપ અને સૈન્યાદિક અન્ય કોઇપણ વસ્તુની અપેક્ષા રહિત શક્ર–ચક્રી પણાના ઐશ્વર્ય-રૂપ–એવું જ્ઞાન કહે છે.

SHRI KAILASSAGARSURI GYAN
382009

વર્ષ ૬

અંક ૧૬

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

૦ દશ પ્રકારનું મિથ્યાત્વ :—

૧–ધમ્મે અધમ્મસન્ના, ૨–અધમ્મે ધમ્મસન્ના, ૩–ઉમગ્ગે મગ્ગસન્નો, ૪–મગ્ગે ઉમગ્ગસન્ના, ૫–સાહુસુ અસાહુસન્ના, ૬–અસાહુસુ સાહુસન્નો, ૭–જીવે અજીવસન્ના, ૮–અજીવે જીવસન્ના, ૯–મુત્તે અમુત્તસન્ના, ૧૦–અમુત્તે મુત્તસન્ના.

૧–ધર્મમાં અધર્મ બુદ્ધિ, ૨–અધર્મમાં ધર્મબુદ્ધિ, ૩–ઉન્માર્ગમાં માર્ગબુદ્ધિ, ૪–માર્ગમાં ઉન્માર્ગ બુદ્ધિ, ૫–સાધુમાં અસાધુની બુદ્ધિ, ૬–અસાધુમાં સાધુની બુદ્ધિ, ૭–જીવમાં અજીવબુદ્ધિ, ૮–અજીવમાં જીવબુદ્ધિ, ૯–મૂર્ત્તમાં અમૂર્ત્તબુદ્ધિ અને ૧૦ અમૂર્ત્તમાં મૂર્ત્તબુદ્ધિ.

૦ પાંચ કારણોથી જીવ ચિકણાં કર્મને બાંધે છે.

પંચહિં ઠાણેહિં જીવા દુલ્લહબોહિયત્તાએ કમ્મ પકરંતિ, તં જહા–અરહંતાણં-મવન્નં વદમાણે ૧, અરહંતપન્નત્તસ્સ ધમ્મસ્સ અવન્નં વદમાણે ૨, આયરિયઉવજ્ઝાયા-ણામવન્નં વદમાણે ૩, ચાઉવન્નસંઘસ્સ અવન્નં વદમાણે ૪, વિવિક્કતવબંભચેરાણં દેવાણં અવન્નં વદમાણે ૫ ।'

પાંચ સ્થાનો વડે જીવો દુર્લભ બોધિપણાના કર્મોને બાંધે છે. તે આ પ્રમાણે–૧ શ્રી અરિહંત પરમાત્માના અવર્ણવાદ બોલવા વડે, ૨–શ્રી અરિહંત પરમાત્માએ પ્રરૂપેલા ધર્મના અવર્ણવાદ બોલવા વડે, ૩–શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા મુજબ જીવતા શ્રી આચાર્ય ભગવંતો તથા શ્રી ઉપાધ્યાય ભગવંતોના (ઉપલક્ષણથી શ્રી સાધુ ભગવંતોના પણ) અવર્ણવાદ બોલવા વડે, ૪–ભગવાનની આજ્ઞા મુજબ જીવતાં સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા રૂપ ચારે પ્રકારના શ્રી સંઘના અવર્ણવાદ બોલવા વડે અને, ૫–પૂર્વ ભવમાં કરેલ વિવિધ પ્રકારના તપ અને ઉત્તમ બ્રહ્મચર્યના આચરણથી પ્રાપ્ત થયેલ દેવપણું એવા સમ્યગ્દૃષ્ટિ દેવોના અવર્ણવાદ બોલવા વડે જીવ દુર્લભબોધિપણાને પામે છે.

૦ શ્રી ઠાણાંગ સૂત્રમાં પાંચ પ્રકારના સંવરના દ્વાર કહ્યા છે.

'પંચ સંવરદારા પન્નત્તા તંજહા–સમ્મત્તં ૧, વિરઈ ૨, અપમાદો ૩, અક-સાયયા ૪, અયોગયા ૫'

પાંચ પ્રકારના સંવરના દ્વાર કહ્યા છે તે આ પ્રમાણે–

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાભાર્થ અને જીવદયાની રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદરા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (સાળંગપુર)
સુરેશચંદ્ર હીરચંદ શેઠ (પાલેજ)
પ્યારચંદ પદમશી ગુંદરા (પાલનપુર)

વર્ષ ૬] ૨૦૫૦ કારતક વદ-૧ મંગળવાર તા. ૩૦-૧૧-૯૩ [અંક ૧૬

-: મોક્ષના ઉપાયભૂત ધર્મ :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજ

પ્રવચન-પહેલું (ગતાંકથી ચાલુ)

સભા૦ :- આજે તો બોલી બોલાય તેમાં ય ચાલીસ અને સાઇઠ ટકા જેવું હોય છે.

ઉ. આ તમે કોને પૂછીને નક્કી કર્યું ? તમારે માથે કોઈ ગુરુ છે કે નહિ ?

આજે મોટે ભાગે તમારો પૈસો ખોટો છે. ખોટો પૈસો મેળવી, નામના માટે વાપરનારની ગતિ કઈ થાય ? બોલી પણ કેમ બોલો છો ? પૈસાનો સદુપયોગ કરવા કે નામના કરવા ? નામના કરવા જ બોલી બોલે તે કઇ ગતિમાં જાય ? ભગવાને ના પાડી છે કે-નામનાદિ માટે દાન થાય નહિ, લક્ષ્મીના મોહથી છૂટવા માટે દાન કરવાનું છે.

પ્ર૦ લક્ષ્મી તે દેવી છે કે ડાકણ ?

ઉ૦ ડાકણ. લક્ષ્મીને દેવી માનીને તેની પૂંઠે ફરી ફરીને તમે સત્યાનાશ કાઢયું છે. લક્ષ્મી હોય તે દેવ અને જેની પાસે લક્ષ્મી નહિ તે બિચ્ચારો, આવી તમારી માન્યતા છે. તો પુણીયા શ્રાવકને કેવો માનશો ? જે નિયમ કરે કે-હવે મારે મૂડી વધારવી નથી તો તેને શ્રાવક કહેશો કે શું કહેશો ?

સભા૦ પુણીયાનો તો એક જ દાખલો છે ને ?

ઉ૦ તેવા દાખલા થોડા હોય. છતાં પણ ભગવાનના સમયમાં ય બહોળા જૈનો હતા તે બધા લક્ષ્મીને ડાકણ માનતા હતા પણ સારી માનતા નહોતા. સંસારમાં રહેવું પડતું તેનું દુઃખ અનુભવતા હતા.

ભગવાનનો ભગત તે જ, જે આ સંસારમાં રહેવા જેવો ન માને, વહેલામાં વહેલો મોક્ષ જ મેળવવા જેવો છે તેમ માને અને મનુષ્ય જન્મમાં સાધુપણું જ લેવા જેવું છે તેમ માને.

સુખ દેવગતિમાં છે કે મનુષ્યગતિમાં ? તો પછી દેવલોકને દુર્લભ ન કહેતાં મનુષ્યજન્મને દુર્લભ કેમ કહ્યો ? મોક્ષ, મનુષ્ય જન્મ વિના મળે જ નહિ અને મોક્ષે જવા જે સાધુપણું જોઇએ તે પણ અહીં જ મળે, અને પળાય પણ અહીં જ માટે આ જન્મની કિંમત છે. જેને મોક્ષ ન જોઇએ તેને આ જન્મ દુર્ગતિમાં જવા જ મળે છે, કેમકે, પાપ પણ મનુષ્ય જેવાં કરે છે, તેવાં બીજા નથી કરતા. નારકી દુઃખમાં પડેલા છે, તિર્યંચોની શક્તિ નથી, દેવો સુખમાં મગ્ન છે, બાકી પાપ કરનારી જાત મનુષ્યોની છે. જે પાપ કરે નહિ, ધર્મવિના બીજું કાંઇ જ કરવાનું મન નહિ તેનો જ મનુષ્ય જન્મ સફળ છે. બાકીનાનો મનુષ્ય જન્મ દુર્ગતિમાં જવા માટે છે, આજે ઘણા જે રીતે જીવે છે તેથી લાગે છે કે, મોટોભાગ દુર્ગતિમાં જવાનો છે.

૬૦ ભૂતકાળના પુણ્યોદયથી સંસાર સારો છે, પરલોક અરાબ થશે તેમ લાગતું નથી.

૭૦ 'પાપ કરી પૈસો મેળવે, ખૂબ ખૂબ મોજમઝાદિ કરે અને ભૂંડું નહિ થવાનું'-- આમ જે બોલે તે ગાઢ મિથ્યાદૃષ્ટિ છે, ધર્મ પામવા નાલાયક છે, મંદિરમાં બેસવાય લાયક પણ નથી.

તમે બધા જે રીતે જીવો છો તેથી સદ્ગતિમાં જવાના કે દુર્ગતિમાં જવાના ? જે સાધુઓને આવા ગૃહસ્થો પણ સારા લાગે તો તે સાધુ પણ દુર્ગતિમાં જશે. સંસારના સુખ માટે, પૈસા-ટકાદી માટે, નામના-કીર્ત્તિ-ખ્યાતિ-પ્રતિષ્ઠા માટે. ધર્મ કરનારા દુર્ગતિમાં જવાના છે. તમે બધા શાસ્ત્ર ભણ્યા છો ? અમે શાસ્ત્રમાં લખ્યું હોય તે બોલીએ કે તમે બધા કહો તે ?

કયો ધર્મ મોક્ષ આપે ? જેમાં વિષયનો વિરાગ હોય, કષાય-નો ત્યાગ હોય. ગુણોનો અનુરાગ હોય અને ગુણ પેદા કરનારી ક્રિયાઓમાં અ પ્રમાદ હોય તે જ ધર્મ મોક્ષે લઇ જાય, બીજો નહિ.

આજે મોટો ભાગ વેપારમાં અનીતિ કરે છે. ચોપડા બે રાખે છે, જૂઠ બોલે છે-તે ડહાપણનું કામ છે ? જેનો પણ આવું કરતા હોય તો કેવા કહેવાય ? આજે બે ચોપડા નહિ રાખનારા કેટલા મળે ? તેથી કહેવું પડે છે કે-'આજે શાહ. તેટલા ચોર છે, શેઠ તેટલા શઠ છે અને સાહેબ તેટલા શેતાન , છે', આ વાત અમે જાહેર સભામાં કહીએ, અને રાજનો અધિકારી. બેઠો હોય તો તે કહી જાય કે-સાહેબ ! આપની વાત સાચી છે, પણ અમારે ખુરશી સાચવવી હોય તો બોટું કામ કર્યા વિના

ચાલે જ નહિ. આવો કાળ, આવી ગયો છે.

પ્ર૦ પહેલાં સાંરા વ્યવહારથી જગત ચાલતું હતું. આજે પૈસાથી વ્યવહાર ચાલે છે તો શું કરવું ?

ઉ૦ તો સાચા માર્ગે પાછા આવી જવું.

પૈસાનો લોભ એવો વળગ્યો છે. અને પૈસાને જ સારા માન્યા છે તેનું આ પરિણામ છે. પૈસો તો દુર્ગતિમાં જ લઈ જાય તેવો છે. આદમી સારો હોય તો હજી સદ્‌ગતિમાં જાય બાકી તો આજે પૈસા વધે છે. તેમ તેમ પાપ જ વધે છે. આજે વધારે મોટા મોટા પાપના ધંધા કોણ કરે છે ?

મારી તો ભલામણ છે કે, વ્યાખ્યાન સાંભળો છો તો તેની વાતો બરાબર સમજો. સમજી સમજીને અમલ કરશો તો ભલું થશે. દેખાવનો ધર્મ કામ નહિ આવે. મરતી વખતે સાચો ધર્મ જ રક્ષણ હઆપશે. બાકી તો નરકાદિ દુર્ગતિ બેઠી છે મરીને કયાં જવું છે ? મરવાનું તો છે ને ?

પ્ર૦ ખબર પડી જાય તો વહેલા સુધરી જઈએ.

ઉ૦ ભગવાન કહી ગયા છે કે, આમ આમ કરે તે નરકમાં જાય, આમ આમ કરે તે તિર્યંચમાં જાય, આમ આમ કરે તે દેવમાં જાય, આવું આવું કરે તે મનુષ્યમાં જાય અને આમ, કરે તે મોક્ષમાં જાય. પણ ભગવાનનું કહેલ સમજવું નથી તેની જ ઉપાધિ છે ને ? ભગવાન શું કહી ગયા છે, ભગવાનની, આજ્ઞા મુજબ ચાલતા સાધુઓ શું કહે છે અને ભગવાનનો ધર્મ પણ શું કહે છે–તેની ચિંતા કરો છો ?

ભગવાનનાં દર્શન–પૂજન કેમ કરો છો ? અમારે ભગવાન થવું છે માટે કરીએ છીએ, સાધુ પાસે કેમ જાવ છો ? સાધુ થવું છે માટે. સામાયિક કેમ કરો છો ? જીવનભરનું સામાયિક જીવવું છે માટે–આમ જ કહો ને ? ફેરિયાને પૂછો કે ફેરી કેમ કરે છે ? તો તે કહે કે, પૈસા કમાવા છે. નાની પેઢીવાળાને મોટી પેઢી ખોલવી છે તેમ સમજે છે. ધર્મ કરનારા કશું જ સમજતા નથી–તે કેમ ચાલે ? તમે બધા પૈસા મેળવવા શું શું કરો છો ? તેમ ધર્મ શા માટે કરો છો ?

પ્ર૦ સુખી થવા માટે.

ઉ૦ સંસારમાં કે સાચા સુખી થવા માટે ? સાચું સુખ જોઈએ છે કે બનાવટી સુખ જોઈએ છે ?

પ્ર૦ કલ્ચરનો ચળકાટ વધારે હોય છે,

ઉ૦ આટલી ખબર છે તો નકકી કરો કે ખોટી વસ્તુ માનવી નહિ.

પ્ર૦ અંજાઈ જવાય છે.

ઉ૦ તે આમી છે, ભૂલ છે. તે સુધરશે નહિ તો દુર્ગતિમાં જવું પડશે.

સાધુ સમજદાર ન હોય કે માન-પાનાદિનો અર્થી હોય તો ગપ્પાં જ મારે. ગૃહસ્થને પણ ઘણો ઘણા પૈસા જોઈએ તેથી અનીતિ કર્યા વિના ન રહે. 'આ કાળમાં તો અનીતિ વિના ન ચાલે' તેમ સાધુઓ બોલતા થઈ ગયા. બહુ ભયંકર પાપ થઈ રહ્યું છે.

આજના ધર્મકરનારના મોટાભાગમાં સમ્યગ્દર્શન નથી, જ્ઞાન પણ અજ્ઞાન છે, ચારિત્ર પણ બનાવટી છે. તમારા ઘણાનો ધર્મ બનાવટી થયો છે, તેમ અમારો ય થાય જો સાવચેત ન હોઈએ તો. સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ કઠીન છે. સાધુ કે શ્રાવક દુર્ગતિમાં ન જાય પણ સદ્ગતિની પરંપરા સાધી વહેલામાં વહેલા મોક્ષમાં જ જાય તેમ ભગવાન કહી ગયા છે. ભગવાને કોને માટે આ વાત કહી છે ? ભગવાનના સાચા સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકાને માટે કે ગમે તેને માટે ? તમને વિશ્વાસ છે ને કે-અમારી દુર્ગતિ નથી થવાની, સદ્ગતિ નક્કી જ છે. પાપ કરીએ તો પૈસો ન પણ મળે, સુખ પણ ન મળે. કદાચ મળે તો ભોગવાય પણ નહિ. પુણ્ય હોય તો જ પૈસો કે સુખ મળે અને ભોગવાય. પુણ્ય ન હોય તો સુખ કે પૈસો મળે પણ નહિ અને ભોગવાય પણ નહિ. મળ્યા પછી પણ વધારે પાપ કરીને દુર્ગતિમાં જ જવું પડે-આવી શ્રધ્ધા છે ?

પ્ર૦ ગરીબાઈ ટળે તો ધર્મની પ્રભાવના થાય ને ?

ઉ૦ તેમ કોણે કહ્યું ? ગરીબ શ્રીમંત થયા પછી ધર્મથી દૂર થયેલા મેં જોયા છે. ગરીબ શ્રાવકો હજી સારા છે. પણ પૈસાવાળા ભૂંડામાં ભૂંડા છે.

પ્ર૦ પૈસાવાળા ઉપર કેમ ગુસ્સો છે ?

ઉ૦ આજના પૈસાવાળા કેવા છે તે ખબર છે ? માતેલા સાંઢ જેવા છે. સાધુને નવરા માને છે. તેને અહીં આવવાની તો ફુરસદ નથી, સાચું સમજવાની પણ ઇચ્છા નથી તો બધા મજેથી રાતે ખાય છે, અભક્ષ્ય ખાય છે, ન કરવાનાં બધા કામ કરે છે. પૈસા માટે આમ-તેમ ભટકયા કરે છે, માંસાહારી, મદિરાપાની થઈ ગયા. કેટલાં અપલક્ષણ છે તે ખબર નથી ? પૈસા-ટકાદિ માટે ધર્મ કરવાનું કહે તે સાધુનું, સાધુપણું પણ જાય. તેવા પૈસાવાળાથી ધર્મની પ્રભાવના ન થાય પણ ધર્મનો નાશ થાય.

માટે સમજો કે, ધર્મ તો સમજુ આત્મા જ કરશે, અણસમજુ કદી નહિ કરી શકે. તમારે બધાએ સમજવું છે કે, જીવો તેમજ જીવવું છે ? સંસાર રહેવા જેવો નહિ ને ? મોક્ષ જ મેળવવા જેવો છે, બીજુ કશું નહિ ને ? ધર્મ મોક્ષ માટે જ થાય, મોક્ષના હેતુ વિના ધર્મ થાય નહિ. આ વાત સમજાવવી છે તે હવે પછી—



વૃદ્ધાશ્રમને વિદ્યાપીઠ સાથે શો સંબંધ છે, વારુ ?

જલતરંગથી નહિ પ્રસન્ન થનારા માણસો કદાચ મનોતરંગોથી પ્રસન્ન બની શકતા હશે ? આજે મનતરંગની વાત કરવી છે.

હમણાં એક વ્યક્તિના મનમાં તરંગ ઉઠયો : (એ વ્યક્તિનું નામ બકુલ ત્રિપાઠી નથી. તે બાબુ માટે)

"સાધ્વીઓ માટે વૃદ્ધાશ્રમ ની યોજના વિચારી પણ ન શકાય એ આદર્શ છે પણ હવે સાધ્વીઓ માટે વૃદ્ધાશ્રમ બનાવવા જોઇએ એ વાસ્તવિકતા છે, કર્તવ્ય છે. અલબત્ત, વિદ્યાપીઠ બનાવવાની યોજના સાથે હોય તો જ.". (હૃદયની તકલીફ-વાળા માણસોએ હવે પછીનું વાકય જરા હળવેથી વાંચવું)

આ તરંગ કોઇ ગોરી ચામડીવાળાએ પરદેશથી આયાત કરેલો નથી. ના, આ કોઇ દેશી ગોરા માણસનું આર્યવર્તની સંસ્કૃતિને નાશ કરવાનું ભેદી કાવતરું પણ નથી. આ તો આર્યસંસ્કૃતિના મહાન ઝંડા-ધારી એક માણસના મગજમાં પેદા થયેલો તરંગ માત્ર જ છે. તમે એને હળવાશથી પણ લઇ શકો છો.

સાધ્વીઓ માટેના વૃદ્ધાશ્રમ ઉપર જરા વિચાર કરવો પડશે. સાધ્વીજી ભગવંતો તેમના માટે રજુ થયેલી વૃદ્ધાશ્રમની યોજનાથી કેટલા ખુશ છે એની મને ખબર નથી પણ એ યોજના ખુશ થવા જેવી હોય તો હવે વૃદ્ધ સાધુ ભગવંતોએ પણ પોતાના માટે વૃદ્ધાશ્રમની માંગણી કરવી જોઇએ. માગણી બહેરા કાને અથડાય તો છેવટે આંદોલનનો માર્ગ પણ અપનાવી શકાય ! તેઓ શા કારણે આવી ખુશીઓથી વંચિત રહે ? જિન શાસનના બીજા નંબરના સંઘ માટે આટલી હિતચિંતા (!) થતી હોય તો પહેલા નંબરના સંઘ માટે આવો પંક્તિ-ભેદ શા માટે ?

જો ખરેખર આ વૃદ્ધાશ્રમની યોજનાનું કૃત્ય સુંદર જ હોય તો આ બધી વિચા-રણા કરવી પડે. પણ સાધુ તો શું, વિચારથી આર્ય માણસ પણ વૃદ્ધાશ્રમની યોજનામાં સહમત થઇ શકે નહિ. ખરેખર તો વૃદ્ધા-શ્રમનો ખ્યાલ, અને તે પણ વિદ્યાપીઠની સાથે જ, આ વિચારધારા શાસ્ત્રનીતિ પ્રત્યેની અભક્તિ અને વિદ્યાપીઠ પ્રત્યેની અંધભક્તિ (અહીં અતિભક્તિ શબ્દ વાપરી શકાય પણ તેથી કોકનો અંતરાત્મા દુભાશે માટે નથી વાપરતો.) ના કારણે ઉભી થઇ છે.

ભગવાનના શાસનની વ્યવસ્થા જ એવી છે કે વૃદ્ધાશ્રમનો વિચાર પણ કરવાની

જરૂર ન પડે. વ્યાખ્યાનની પાટ ઉપર બેસીને ધર્મ પામવાની લાયકાત મેળવવા માટે જરૂરી ગુણોની વાત કરતી વખતે દરેક મહાત્માઓ માતા-પિતાની ભક્તિ ઉપર અવશ્યમેવ ભાર મૂકે જ છે. આમાં આનુષંગિક રૂપે વૃધ્ધાશ્રમોની વાતને પણ વણી લેવામાં આવે છે. કોઇ જોશીલા વક્તા હશે તો હોશ ગુમાવીને માર-ફાડ ભાષામાં બેરહમ રીતે વૃધ્ધાશ્રમના ભૂકકા બોલાવી દેશે હોશમાં આવી ગયા પછી એમની સ્થિતિ કેવી હોય છે તેની મને ખબર નથી. પરંતુ આર્યસંસ્કૃતિના મહાન ઝંડાધારી જે માણસની હું વાત કરી રહ્યો છું તેમની હાલત કફોડી બની ગઇ છે, તેમણે હોશ ગુમાવીને ભૂતકાળમાં એવી રીતે વૃધ્ધાશ્રમની ઇંટો ખેરવી નાંખી હતી કે આજે વૃધ્ધાશ્રમની ઇંટો ફરી પાછી એકઠી કરતા તેમના નાકે દમ આવી જવાનો છે. ખરેખર તો તેમણે જ્યારે વૃધ્ધાશ્રમની ઇંટો ખેરવી નાખી ત્યારે હોશમાં હતા કે અત્યારે ફરી એ ઇંટોનું ચણતર કરવા તૈયાર થયા છે, ત્યારે હોશમાં છે ? એનો જવાબ આપવો એમના માટે ભારે છે.

સાધ્વીજી માટે વૃધ્ધાશ્રમ ઉભા કરવાની વાત કોઇ પણ રીતે યોગ્ય નથી. ઉપરથી જગતમાં જિન શાસનની ફજેતી કરવા માટેનું આ અપૂર્વ સાધન બને છે. કેવળ વૃધ્ધાશ્રમો ઉભા કરવાથી કહેવાતી કોઇ સમસ્યા હલ થવાની નથી. પરિસ્થિતિમાં કોઇ ફેર પડવાનો નથી. ઉપરથી નવી ઘણી અનિચ્છનીય સમસ્યાઓનો એ વૃધ્ધાશ્રમો અખાડો બનશે. એક જ ધર્મશાળામાં એક સરખા પૈસા આપીને ઉતરેલા યાત્રાળુઓને બધાને પણ એક સરખી ટ્રીટમેન્ટ મલતી નથી તો આ વૃધ્ધાશ્રમોની શી ગણતરી ?

અસલમાં વૃધ્ધાશ્રમની કલ્પના પાછળ વિદ્યાપીઠનું મૂળ પડયું છે. તેમના જ શબ્દોમાં જુઓ.....

"વૃધ્ધાશ્રમની સાથે જ વિદ્યાપીઠ પણ કરવી, જેમાં તે સાધ્વીઓની સેવા જુવાન સાધ્વીઓ કરે અને સાથોસાથ તે સાધ્વીઓ ભરપૂર સ્વાધ્યાય પણ કરે. દરેક વૃધ્ધ સાધ્વીની સાથે તેમના જ સમુદાયની ત્રણ સ્વાધ્યાયી સાધ્વીઓને રાખવી જોઇએ. આથી દરેક સમુદાયની તમામ વૃધ્ધ સાધ્વીઓની અપૂર્વ સેવા થાય અને તેમના સમાધિથી મૃત્યુ થાય."

કેટલો વિરોધાભાસ છે આ-લખાણમાં ! જો દરેક વૃધ્ધ સાધ્વીજીની સાથે તેમની સેવા માટે તેમના સમુદાયની ત્રણ સાધ્વીજીઓ રાખવાની છે તો વૃધ્ધાશ્રમની શી જરૂર છે ? વૃધ્ધ સાધ્વીજીને વૃધ્ધાશ્રમમાં રાખે તો જ ત્રણ જુવાન સાધ્વીઓ તેમની સેવા કરે એવું છે કંઇ ? સેવા કરવી જ હોય તો ઉપાશ્રયમાં રહીને પણ આરામથી થઇ શકે છે એમાં આ "ઘરડાઘર" નો ચીપીયો પધાડવાની કોઇ જરૂર નથી.

અને બીજી વાત-જો એ ત્રણે સાધ્વીઓ સ્વાધ્યાયી છે અને ભરપૂર સ્વાધ્યાય કરે છે તો વિદ્યાપીઠનું કામ શું છે ?

સાધ્વીઓ વિદ્યાપીઠમાં રહીને અભ્યાસ કરશે તો ઉપાશ્રયમાં બેસીને એને શું કરવાનું છે ? ઉપાશ્રયમાં રહીને કંઈ મંજીરા વગાડવાના નથી. ભગવાને દરરોજ સાધુ-સાધ્વીને પાંચ પાંચ પ્રહર સુધી સ્વાધ્યાય કરવાનો કહ્યો છે તે કંઈ વિદ્યાપીઠને એટલે બેસીને કરવાનો નથી કહ્યો. એ તો મકાનમાં હોય કે ઓડની નીચે હોય, સ્વાધ્યાય જ કરવો હોય તેમને કોઈ ફેર પડતો નથી.

જો વૈયાવચ્ચ કરવી જ છે તો વૃદ્ધાશ્રમ ખોલો તો જ થાય એવું કશું નથી. કરવાનું મન હોય તો જંગલમાં પણ યોગ્ય સેવા કરે અને મન ન જ હોય તો બધી સામગ્રી બાજુમાં હશે તોય નહિ કરે. ભણવાને માટે પણ આ જ નિયમ છે. જો માણસને ભણવાનું મન હોય જ તો ગમે તેટલી પ્રતિકૂળતા વચ્ચે પણ પ્રસન્ન મને ભણી શકે અને ભણવું જ ન હોય તો પંડિત સામે બેસીને પણ ઝોકાં ખાશે.

ભગવાને બતાવેલા માર્ગ ઉપર જે ચાલે તેને કદી સમસ્યા ઉભી થતી જ નથી. સર્વજ્ઞદર્શિત માર્ગમાં સમસ્યાને રહેવા માટે એક ઇંચની પણ જગ્યા ફાજલ પડી નથી. એ માર્ગથી આઘા-પાછા થનારને એક કહેતા સો સમસ્યા ઉભી થવાની અને એ સમસ્યાના ઉકેલો કે સમાધાનો વળી બીજી સંખ્યાબંધ સમસ્યાઓને જન્મ આપશે. આ "સંમૂર્ચ્છિમ" સમસ્યાઓનો કોઇ અંત નથી. માટે ઘરડાઘર કે ઘોડિયાઘરના લફરામાં પડયા વિના શાસ્ત્રદર્શિત માર્ગે ચાલવાનો યત્ન કરવો એ જ શ્રેયસ્કર માર્ગ છે.

વિદ્યાપીઠો ઉભા કરીને "પીઠાધીશ-પંડા" બનવા કરતાં ભગવાનના શાસનના "અણગાર" બનીને ચાલવાની જે દિવસે સદ્બુદ્ધિ જાગશે તે દિવસે સાચો મોક્ષમાર્ગ હાથમાં આવશે. બાકી તો દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહિએ. તમ તમારે ડુગ-ડુગી વગાડયા કરો. દુનિયા એના તાલે નાચવા તૈયાર જ છે પણ આમાં પોતાનું કે દુનિયાનું-કોઇનું કલ્યાણ નથી. એ હંમેશને માટે યાદ રહે.

: વનરાજી :

તે પુત્રા યે પિતુર્ભક્તા : ।
તે જ સાચા પુત્ર કહેવાય,
જે માતા-પિતાના ભકત હોય.

-ચાણુક્યનીતિશતક

[જેઠ સુદ ૨ તા. ૨૩-૫-૯૩]

ચાતુર્માસ સૂચી- સમગ્રજૈન ચાતુર્માસ ૧૯૯૩ ની સૂચી પ્રગટ થઇ ગઇ છે તેમાં દશ હજારથી વધારે સાધુ સાધ્વીજી ક્યારે ક્યિાં મલીને યાદી છે ૧૫ વર્ષથી પ્રગટ થાય છે પ્રાપ્તિ સ્થાન એ. બાબુલાલ જૈન ૧૦૫ તિરુપતી એપાર્ટમેન્ટ આકુર્લી ક્રોસ રોડ નં ૧ કાંદીવલી પૂર્વ મુંબઇ ૪૦૦૧૦૧ ફોન ૮૮૮૧૨૭૮

પ. પૂ. માલવદેશે સદ્ધર્મ સંરક્ષક પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ.નો પરમ ઉપકાર

ઉદેપુર (મેવાડ)–પ,પૂ.માલવદેશે સદ્ધર્મ સંરક્ષક પૂ.આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ.નો પરમ-ઉપકાર પરમ પૂજ્ય પરમોપકારી માલવદેશે સદ્ધર્મ સંરક્ષક બાલ જીવોનાં ધર્મદાતા પૂજ્ય આચાર્ય ભગવન્ત શ્રીમદ્ વિજય સુદર્શન સૂરીશ્વરજી મહારાજ સાહેબ મારા કાકા મહારાજ થાય. તેમનામાં વાત્સલ્યભાવ ખૂબ જ સારો છે. નાના બાળકોને પણ ખૂબ જ વાત્સલ્ય ભાવથી બોલાવે. એમના બધા સાધુ મહાત્માઓને પણ પ્રેમ અને વાત્સલ્ય ભાવથી રાખે છે ૬૧ વર્ષ દીક્ષા પર્યાય તેમજ વૃદ્ધાવસ્થા હોવા છતાં કાયમ અપ્રમત્તપણે બેઠેલા હોય. સંયમમાં પણ ચૂસ્તતા ખૂબજ. ગમે ત્યારે હાથમાં પુસ્તક જ હોય. આજે અમારા ઘરમાં કે કુટુંબમાં જે ધર્મના સંસ્કાર હોય તો પૂ. કાકા મ.ના હિસાબે. હું જ્યારે પણ કાકા મ ને વંદન કરવા આવું ત્યારે કાકા મ. કાયમ મને કહે કે ભાઇ આ સંસાર તો છોડવા જેવો છે સંસાર તો અનિતિનું ઘર છે. કદાચ સાધુ ન થઇ શકો તો દેશવિરતિ ધર્મપણ સારામાં સારો કરવો જોઇએ.

–જીવંતસિંહ બહેતા–ઉદયપુર (મેવાડ)

જૈન રામાયણના પ્રસંગો

પરસ્ત્રીને છાતી ના ધરાય-વિભિષણ...! —શ્રી ચંદ્રરાજ

"આજ સુધી આપણા કુળમાં થયેલા કોઇપણ પૂર્વજોએ સંગ્રામમાં શત્રુને પીઠ નથી બતાવી અને પરસ્ત્રીને હૃદય ધર્યું નથી, વિભીષણ ! તે આ શું કર્યું ?"

મધુકુમારને ચમરેન્દ્ર મળેલા પાસેથી શૂળ ત્રિશૂળના વૃત્તાંતથી વાકેફ થયેલા લંકારાજ દશકંધર દિગ્યાત્રાના વિજય માટે આગળ ચાલ્યા.

ત્રણખંડના વિજયની યાત્રા કરવા નિકળ્યાને રાવણને અઢાર વર્ષનો પસાર થઇ ચૂકયા હતા. મેરૂ પર્વતના જિનબિંબોની પૂજા કરવા ઉત્કંઠ બનેલા રાવણે મેરૂ પર્વત ઉપર જઇને ઉત્કંઠા પૂર્વક મહાન ઋષિ અને સંગીત પૂજાના ઉત્સાહ પૂર્વક જિનબિંબોની પૂજા-વંદના કરી.

આ બાજુ રાવણની આજ્ઞાથી કુંભકર્ણે, વિભીષણ વગેરે દુર્લંઘનગરના નલકૂબર નામના ઇન્દ્રના દિકૂપાલને જીતવા માટે ગયા. બીજી તરફ નલકૂબર રાજાએ 'આશાલીકા' નામની વિદ્યા વડે પોતાના નગરમાં એક સો યોજન સુધીના વિસ્તાર વાળો અગ્નિની જવાળાઓથી ભડકે ભડકા ઓકતો વહિનમય કિલ્લો બનાવી દીધો. આવા અગ્નિમય કિલ્લામાં નલકૂબર પોતાના સૈન્ય સાથે ક્રોધથી અગ્નિકુમારની જેમ ધમધમતો રહ્યો.

સૂતેલો માણસ જાગે અને ગ્રીષ્મઋતુના મધ્યાહ્નના પ્રચંડ પ્રતાપી સૂર્યને જોઇ ના શકે તેમ આવેલા કુંભકર્ણ વગેરે તે ભડકા ઓકતા નગરને જોઇ પણ ના શકયા. અને નગરને દુર્જેય સમજીને ત્યાંથી ભગ્ન ઉત્સાહવાળા પાછા ફર્યા. અને કેમે કરીને રાવણને જણાવ્યું

રાવણ પોતે તે તરફ આવ્યો. પણ ભડકા ઓકતા નગરને દુર્જેય જાણીને ભાઇઓ સાથે તે નગરને જીતવાના ઉપાયથી વિચારણા કરવા લાગ્યો.

અને... એટલામાં.... એ નગરની એક રાજરાણીની દાસી ત્યાં આવી પહોંચી. તેણે રાવણના પરાક્રમથી રાવણમાં આસકત બનેલી નલકૂબરની રાણી ઉપરંભાએ કહેલી વાત કરતાં કહ્યું કે– "સાક્ષાત્ જયલક્ષ્મીની જેમ ઉપરંભા તારી સાથે કામ-ભોગની ક્રીડા કરવા તડપે છે. તારા ગુણોથી તારામાં આસકત બનેલી તે મહેલમાં ચેતનાહિન મૂર્તિની જેમ જીવે છે. હે માનદ ! આ કિલ્લાનું રક્ષણ કરનારી. આશાલિકા નામની વિદ્યા તે રાણી તને અર્પણ કરશે. અને તે વિદ્યાના કારણે તું (મારા પતિ) નલકૂબર સહિત આ નગરને જીતી શકીશ.

અને તને અહીં શક્રેન્દ્રનું સુદર્શન ચક્ર સિદ્ધ થશે.”

દાસીના આ વચન સાંભળીને હાસ્ય સહિત રાવણ વિભીષણ તરફ જોયું અને વિભીષણે દાસીને કહ્યું–‘એમ હો.’ અને દાસીને વિસર્જન કરી.

વિભીષણના આ જવાબથી રોષાયમાન થઇ ગયેલા રાવણે કહ્યું–“ તેં આ કુળ-વિરૂદ્ધ વાતને શા માટે સ્વીકારી ? આજ સુધી આપણા કુળમાં થયેલા કોઇપણ પૂર્વજોએ સંગ્રામમાં શત્રુને પીઠ નથી ધરી અને પરસ્ત્રીને હૃદય નથી ધર્યું. અરે ! વિભીષણ !, વચનથી પણ તારા વડે આપણા કુળને નવું કલંક લગાડાયું છે. તારામાં બુદ્ધિ છે કે નહિ ? તું આવું બોલ્યો જ શું કરવા ?”

રોષાયમાન થઇ ગયેલા રાવણને શાંત પાડતાં વિભીષણે કહ્યું કે, “હે આર્ય ! પ્રસન્ન થાવ. વિશુદ્ધ મનના માણસોને વચન માત્ર કલંક કરનારૂં બનતું નથી. ઉપરંભા આવે તો તમારી પાસે તેને આવવા દો. તમને વિદ્યા આપે તેનાથી તે શત્રુ નલકૂબરને વશ કરી લેજો. અને ઉપરંભાને સેવતા નહિ અને વચનની યુક્તિથી તેનો ઇન્કાર કરી દેજો.

આ વાત ચાલતી હતી ત્યાંજ રાવણના કામ–ભોગમાં આસકત બનેલી લંપટ ઉપરંભા આવી પહોંચી. રાવણને આંશાલિકા વિદ્યા આપી. તેનાથી નગરમાં સૈન્ય સાથે પ્રવેશ કરીને યુદ્ધ માટે તૈયાર થયેલા નલકૂબરને વિભિષણે જીવતો જ પકડી લીધો.

અને ત્યાં જ રાવણને સુદર્શન ચક્ર પ્રાપ્ત થયું.

શરણે આવેલા નલકૂબરને રાવણે મુકત કર્યો. અને પોતાનામાં આસકત બનેલી ઉપરંભાને કહ્યું કે–‘ હે ભદ્રે ! તું તારા ભરતારને જ આધીન થા. પરસ્ત્રીઓ મારે તો માતા અને બેન તુલ્ય છે. જ્યારે તેં તો મને વિદ્યાનું દાન કર્યું. તેથી તું મારા માટે ગુરૂના સ્થાને છો. ઉભય કુળને કલંક કરનારૂં આવું કામ ના કરીશ. જા. તારા પતીની સેવા કર.” આમ કહીને રાવણે ઉપરંભાને જરા પણ દુષિત કર્યા વિના પિતાના ઘરેથી કન્યાને પતિઘરે મોકલાય તેમ નલકૂબર તરફ મોકલી દીધી.

રાવણે ઉપરંભાને કહેલું કે– **કુલદ્વય-વિરૂદ્ધાયાઃ કલંકો મા સ્મ ભૂત્તવ !”**

અત્યારે કુલદ્વયને વિરૂદ્ધ બનેલી તને શીયલ ભ્રષ્ટતાનું કલંક ન લાગી જાય.

શાસન સમાચાર

વાપી – અત્રે પૂ.પં. શ્રી હેમભૂષણ વિ. ગણિવરાદિની નિશ્રામાં સુંદર રીતે પર્યુષણ ઉજવાયા દેવદ્રવ્ય .ઉપજ આદિ સારી થઇ સ્વપ્ના, સ્વદ્રવ્ય પૂજા, દીવાનું ઘી વિ. માટે ભાવિકોએ સુંદર લાભ લીધો. કુલ નૈવેદ્ય દેરાસરના અપાય છે તે માટે દેવદ્રવ્યમાં રકમ આપનારા વિ. ભાવિકો તૈયાર થઇ ગયા.

મુ.શ્રી જિનદર્શન વિ. મ. આદિ અમ્છારી તથા મુ. શ્રી હિતદર્શન વિ. મ. આદિ દમણ પજુષણ કરાવવા પધારેલ.

છ આવશ્યકો અને જૈનોના કર્ત્તવ્યો.

-શાહ કાંતિલાલ ડાહ્યાલાલ-સુરેન્દ્રનગર

આવશ્યક એટલે અવશ્ય-કરવા યોગ્ય નિત્ય કર્મ, અથવા શ્રાવકની નિત્ય ક્રિયા એ છ છે :-

(૧) સામાયિક-બે ઘડી સુધી સ્થિર ચિત્તે સ્થિર આસન ઉપર સમતા રાખી શાંત જગ્યામાં, આત્મિક જાગૃતિ કરવી તે.

એમાં અભ્યાસ, તત્ત્વ ચિંતવન, ધ્યાન અને જાપ ઇત્યાદિ ક્રિયામાંથી પોતાની શક્તિ પ્રમાણે કર્ત્તવ્ય છે.

(૨) ચતુર્વિંશતિ જિન સ્તવન:-જગત ઉપર મહાન ઉપકાર કરનાર, મહાપ્રભાવક પરમાત્માની નામાદિરૂપે સ્તુતિ.

(૩) વંદન:-ગુરૂ વગેરે વડિલપુરુષોનું વંદન કરવું.

(૪) પ્રતિક્રમણ:-આખા દિવસ કે રાત્રિ સંબંધી, અગર પંદર દિવસ, ચાર માસ કે વર્ષ સંબંધી કાર્ય, ઉચ્ચાર કે ચિંતા વનથી થયેલ દોષો, કરમાવેલ કાર્યો અને અનુમોદેલ અપવર્તનો સંબંધી દોષો માટે અંત:કરણથી પશ્ચાત્તાપ, નહિ કરવા સંબધી વિચાર કરવા જોઈએ, તે ન કર્યો હોય તે સંબંધી વિચારણા એ સર્વથી વધારે ઉપયોગી આવશ્યક છે.

એનો હેતુ બતાવતાં શ્રાવક-પ્રતિક્રમણ સૂત્રમાં કહે છે કે નિષેધ કરેલાં કાર્ય કર્યાં હોય, આદેશ કરેલાં કાર્યો ન કર્યા હોય, જીવાદિક પદાર્થો પર શ્રદ્ધા ન કરી હોય અને ધર્મ વિરૂધ્ધ પ્રરૂપણા કરી હોય તે સર્વનું ક્ષમાયાચન કરવું એ પ્રતિ ક્રમ છે.

(૫) કાયોત્સર્ગ:-દેહનો ઉત્સર્ગ કરવો ત્યાગ કરવો એટલે તે સંબંધી બાહ્ય વ્યવસાય મંદ પાડી, અંતરથી આત્મ જાગૃતિ કરવી તે,

(૬) પચ્ચકખાણ:-સ્થુલપદાર્થોનો ભોગ અલ્પ કરવાં, તદ્દન બંધ કરવા અને બની શકે તેટલો ત્યાગ ભાવ કરવો તે.

આ છ આવશ્યકો સર્વે જૈનોએ અવશ્ય કરવાનાં છે, શાસ્ત્રપ્રણીત છે, પરમાત્માના મુખથી નિર્દિષ્ટ થયેલાં છે અને સ્વત: નિર્દોષ છે.

વળી એ પોતે નિર્દોષ છે એટલું જ નહિ પણ ભવરોગ મટાડવા માટે ઔષધ રૂપ છે.

ઔષધ ખાવાથી જ વ્યાધિનો નાશ થાય છે, માત્ર નામ જાણવાથી કામ થતું નથી, એવી જ રીતે આવશ્યક રૂપ ઔષધ ખાવાથીજ ભવરોગ મટે છે.

આવશ્યક ક્રિયાની બહુ જરૂર છે, તેનાથી આત્મા બહુ નિર્મળ રહે છે, જૂનાં પાપો અંશે અંશે છોડી દેતો જાય છે, નવીન ગ્રહણ કરતો નથી, તેથી તે ધર્મ સન્મુખ રહે છે અને તેની આંતર વૃતિ જાગ્રત રહે છે.

દેવપૂજા, ગુરૂસેવા, સ્વાધ્યાય સંયમ, તપ અને દાન એ ગૃહસ્થના છ કાર્યો દિવસે દિવસે કરવાના હોય છે. એમ શ્રી શ્રેયાંસનાથ જિનેશ્વરે શ્રી શત્રુંજય પર સમવસર્યા ત્યારે પ્રભુ ભવ્ય જીવોને પ્રતિબોધ કરવા માટે દેદી-

પ્યમાન વાણી વડે મજબુત પૂણ્યનો ઉપદેશ આપેલ.

પૂજા-પચ્ચકખાણ-પ્રતિક્રમણ, પૌષધ અને પરોપકાર આ પાંચ પ્રકારો જેના જીવનમાં છે, તેનું સંસાર ભ્રમણ હોતું નથી.

પ્રાસાદ, પ્રતિમા વગેરેના પૂણ્યથી મનુષ્યો વેગથી સ્વર્ગ મોક્ષ આદિ લક્ષ્મીને મેળવે છે.

કહ્યું છે કેઃ—જે ઋષભદેવથી માંડી શ્રી મહાવીર પ્રભુ સુધીના જિનેશ્વરોનું અંગુઠા પ્રમાણ પણ શ્રેષ્ઠ બિંબ ભરાવે છે. તે મોક્ષનો આશ્રય કરે છે.

જે મનુષ્યો અરિહંતના પ્રાસાદ અને બિંબને કરાવે છે તેઓને ધીર રાજાની સ્ત્રીની પેઠે સ્વર્ગ વગેરેના સુખો થાય છે. એમ શ્રી વાસુપૂજ્ય સ્વામીએ ભાગ્યશાળીના હિતમાં જણાવેલ છે.

વસ્તુપાળ પરમ શ્રાવક હોઈ ધર્મ આરાધના—પ્રભાવના અને રક્ષાના કાર્યોને પણ જીવનમાં અગ્રીમતા આપી હતી.

તેઓશ્રીએ શુભ હસ્તે જે જે શુભ કાર્યો કરેલા છે તેની નોંધ ગ્રંથોમાંથી મેળવી છે.

તેરસો શ્રી જિનપ્રાસાદ શિખર બંધ કર્યા. ત્રણ હજાર બસોને બે જિન પ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો, એક લાખને પાંચ હજાર નવીન જિન બિંબો ભરાવ્યા. નવસો ચોરાશી પૌષધ શાળા કરાવી, અઢાર ક્રોડ અને છન્નું લાખ દ્રવ્ય શત્રુંજય તીર્થમાં ખર્ચ્યું. અઢાર ક્રોડ ને ત્યાંસી લાખ દ્રવ્યનો શ્રી ગિરનાર તીર્થે સદ્વ્યય કર્યો બાર ક્રોડ ને ત્રેપન લાખ દ્રવ્ય શ્રી આબુ તીર્થે ખર્ચ્યું પાંચસો પાંચ સમવસરણ કરાવ્યા અને સાતસો ધર્મશાળા કરાવી આવા અનેક જૈન શાસનના કાર્યો વસ્તુપાળ તેજપાળે કરાવ્યાની ઇતિહાસ સાક્ષી પૂરે છે.

જીવનમાં બાર યાત્રા છ'રીપાળતા સંઘની સાથે શ્રી શત્રુંજયની કરી સંઘપતિ બન્યા. તેરમો સંઘ શ્રી શત્રુંજય લઇ જતા અંકેવાળિયા ગામમાં પધરામણી થઇ અને ત્યાં વિનશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગવાસી થયાં તે ગામને શાસ્ત્ર ગ્રંથોમાં અંકપાલી કહેલ છે. લીંબડીથી પશ્ચિમે બે ગાઉ અને વઢવાણથી પૂર્વ પાંચ ગાઉના અંતરે આ ગામ આવેલું છે, તેમ લીંબડીના જ્ઞાન ભંડારમાંથી માહિતી ઉપલબ્ધ થતાં તે ઐતિહાસિક સ્થળનો પુનરૂદ્ધાર અંગેની ભાવના તપાગચ્છાધિપતિ સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજીના પટધર પૂ. આ. ભ. સ્વ. શ્રી વિજય માનતુંગ સૂરીશ્વરજી મહારાજની અમૃતવાણીથી તેઓશ્રીના સદ્ઉપદેશથી એક ભવ્ય તીર્થ તથા વસ્તુપાળ સ્મારકનું નિર્માણ કાર્ય ચાલુ થયું છે.

જે ભારતભરમાં કયાંય નથી. અંકેવાળીયા સૌરાષ્ટ્ર દેશમાં સુરેન્દ્રનગર જિલ્લામાં લીંબડી તાલુકાનું ગામ છે.

હાલારદેશોદ્ધારક પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજના પટધર પ્રાચીન સાહિત્યના સંશોધક પૂ. આચાર્ય શ્રી વિ. જિનેન્દ્ર સૂરીશ્વરજીએ પ્રાચીન ગ્રંથોમાંથી આ જગ્યાએ મોટા આચાર્ય મહારાજ સાહેબની ચાતુર્માસ થયેલાં તેમ જાણી તેમના માર્ગ દર્શન મુજબ તથા પૂ.આ. શ્રી મુક્તિચંદ્ર સૂરીશ્વરજીના પટધર તપસ્વિ રત્ન પૂ. આચાર્ય શ્રી પ્રભાકર સૂરીશ્વરજીની નિશ્રામાં

(અનુ. પાન ૪૯૨ ઉપર)

પ્યારા ભૂલકાંઓ.....

આપણા નિર્મળ જીવનને મલિન કોણ બનાવે છે ? મારી દૃષ્ટિએ

(૧) સિનેમા, ટી.વી., વગેરે

(૨) ગંદી નવલકથાઓ અને

(૩) દુર્જન મિત્રોની સંગત

આપણા નિર્મળ જીવનને મલિન બનાવે છે. શું તમને સૌને આ પાપ ત્રિપુટી બરોબર લાગશે ખરા !

આ પાપ ત્રિપુટીને જીવનમાંથી હટાવી દીધાં પછી જ તમારા સૌનું જીવન સુંદર રીતે મહેંકી ઉઠશે. આ ત્રણે પાપો જે જીવનમાંથી દૂર થઇ જાય તો સદ્‌ગતિની મંઝિલ બહુ દૂર નથી.

તમને સૌને ઉત્કૃષ્ટ કક્ષાનું સંયમ જીવન પામવાની અથવા ધન્ય જ કક્ષાનું સુંદર મઝાનું શ્રાવક જીવન પામવાની તમન્ના હોય તો આ પાપ ત્રિપુટીને જીવનમાંથી તિલાંજલી આપવી દેજો. મહાપુણ્યે મળેલ આ મનુષ્ય જીવનને શા માટે બરબાદ કરવું જોઇએ. આ જીવનને આબાદ અને આઝાદ બનાવો.

આ ત્રણ પાપો જીવનમાંથી દૂર થઇ જાય તો આપણે પરમધામના પરમ યાત્રિકો બની જઇશું. જો મોક્ષમાર્ગના યાત્રિકો બનવું હોય તો આ ત્રિપુટીની કુટેવને વહેલામાં વહેલી તકે તગડી મુકો એજ મનો કામના.....

—રવિશિશુ

બાળ ગઝલ

વિચારોતો હૃદયમાં, આવશે ને ફરશે
જીવન જીવનારા પણ, અહીં આવીને મરશે
બધાએ સ્વાર્થ સાધ્યું, લોભિયા ડુબી જશે
કિન્તુ હશે ધર્મી મનુષ્યો, બધાં આધિમહીં
તરશે...

... ઇસીતા.

કથાનક

રામની રામાયણ તો સૌ કોઇએ સાંભળી હશે. ને કદાચ વાંચી પણ હશે ! અરે ! એ પણ સમય નહી મળ્યો હોય તો જોઇ તો હશે જ

આ રામાયણ સાંભળ્યા પછી, જોયા પછી કે વાંચ્યા પછી શ્રી રામ કેવા ગંભીર

હતા ? કેવા પ્રસન્ન ચિત્તવાળા હતા ? કેવા અતુલિત વિશાળતાવાળા હતા ? ઉદારતા અને સહનશીલતા તો કાંઇક ગજબ પ્રકારની હતી. સુખમાં તો આનંદીત હતા પરંતુ દુઃખમાં પ્રસન્નતાની પ્રમચ્ચર વેરનારા હતા.

ઉદારતા પૂર્વક દુઃખડાને પચાવી પ્રસન્નતાને પ્રગટ કરવાની ગજબ તાકાત શ્રી રામમાં હતી. માતા કૌશલ્યાના નયનની કીકી સમાન શ્રી રામ હતા. શ્રી રામ સૌના લાડકવાયા હતા પરંતુ ઔરમાન મા કૈકેયની આંખમાં કણીયાની માફક ખૂંચતા હતા. કૈકેયના કાળજાની કોરમાં એક દુવિચારનો કાદવ પેસી ગયો હતો. પ્રસરતા તે કાદવના કારણે કૈકેયીનું મગજ ચગડોળે ચઢયું હતું.

શ્રી રામ ! જો અયોધ્યાનો રાજા બનશે તો મારો ભાવ કોણ પૂછશે ? મારો દિકરો સર્વ વાતથી અજાણ રહેશે ?

બસ, અહં, ઘવાયો. કોઇપણ ભોગે મારા દિકરાને રાજ્યગાદી મળવી જ જોઇએ. મારા વાહલા સોયા પતિદેવે મને એક વચન આપ્યું છે. "માંગ, માંગ માગે તે આપું."

ખેર, આજ વચન આજે યાદ કરાવી દઉં. મારો પૂણ્યોદય ચોતરફ ખીલી ઉઠશે. એજ પળે કૈકેયી રાજા દશરથ પાસે પહોંચી ગયા. આપેલું વચન યાદ કરાવતા કૈકેયી બોલ્યા, હે રતામીનાથ ! ભરતને ગાદી આપો. "તથાસ્તુ" કહી રાજા દશરથે કૌટુંબિક પુરૂષને આજ્ઞા કરી જાવ જેષ્ઠપુત્ર રામને બોલાવી લાવો.

વિનમ્રપૂર્વક હાજર થતાં શ્રી રામની આગળ રાજા દશરથે હૈયું ઠાલવ્યું. વચન પાલનની વાત સાંભળતાં જ શ્રી રામનું હૈયું પુલકિત બની ગયું. આખા પ્રસંગનો રંગ અન્યતા લલકારી રહ્યો હતો ત્યારે શ્રી રામ વચનથી મુકત થતાં પિતાશ્રીનું મુખડું પ્રસન્નતા પૂર્વક નિહાળી રહ્યા હતા.

શ્રી રામ વનમાં ભમવા લાગ્યા. કુદરતી સૌંદર્યના સ્થાનો નિહાળતા શ્રી રામ બોલી ઉઠયા. માતા કૌશલ્ય કરતા માતા કૈકેયીનો ઉપકાર ભૂલી શકાય તેમ નથી. કૈકેયા માતાના ઉપકારના કારણે જ હું રાજ્ય બંધનમાંથી છૂટો રહ્યો છું. મુકત ગગનના પંખીઓની જેમ સ્વેચ્છાએ આજે હું વનમાં ભમી રહ્યો છું. ખરેખર માતા કૈકેયી તો મારા માટે ઉપકારી નીવડયા.

કાળજું ધમધમાવી દે તેવા ક્રોધના કાળમાં પણ શ્રી રામનું એક રૂંવાડું યે ઉંચુંનીચું થતું નથી. અંતરાત્મામાં સમતાનો સાગર ઘૂઘવાઇ રહ્યો છે. શ્રી રામનું હૃદય વહેતી સરિતા જેવું શાન્ત બની ગયું છે.

સ્થિર અને પ્રસન્નચિત્તવાળા શ્રી રામની પાસેથી ક્રોધને દમન કરવાનું કાર્ય આપણે શીખી લઇશું તો જીવન ધન્ય-ધન્ય બની જશે.

— પીન્ટુ. વી. શાહ

વિજેતાઓએ જવાબો તા. ૨૦-૧૨-૯૩ સુધી મોકલવા. "અમીષ"

શબ્દ લાલિત્ય–૩

વેલ્ટીચ મેટલ ઇન્ડસ્ટ્રીઝ,

૮૨–૮૪ કીકા સ્ટ્રીટ, ગુલાલવાડી, મુંબઇ–૪

અરા વિજેતાને ધન્યવાદ સાથે રૂા. ૫૧ વહેંચાશે.

ઉકેલ મોકલો : બાલ વાટિકા, જૈન શાસન, C/o. શ્રુતજ્ઞાન ભવન,

૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર.



આડી ચાવી

(૧) સિદ્ધાર્થ રાજાના પુત્રનું નામ (૫)

(૫) યોગીઓના ઇશ્વર (૪)

(૮) જંગલમાં હોય (૩)

(૯) લેણ કરવું, મિક્સ (૨)

(૧૦) અકકલ, સમજ (૨)

(૧૧) માપલ, મીટર, અંતર બતાવતું જુનું માપ (૨)

(૧૧) અત્યારે.....નો જમાનો છે. (૩)

(૧૩) સાત ભય માનું એક ભય (૫)

(૧૫) ... પવન વાતો હતો (૨)

(૧૬) નદીમાં આવે (૨)

(૧૭) સર્વ દુરિતને શાન્ત કરનાર એક બીજ (૧)

(૧૮) જ્યોતિષો કુંડળી જોતાં આનો પણ ખ્યાલ રાખે (૩)

(૧૯) જીવન...(૩) ભરણપોષણના અર્થમાં

(૨૦) એક ઉદ્ગાર (૨)

(૨૧) પામ (૪)

(૨૨) ત્યાગ કરવું (૪)

(૨૩) જમીન (૨)
(૨૪) સુરજ ચાંદો (૪)
(૨૬) ડ્રોઇંગરૂમ, બેઠકરૂમ, (૪)

ઉભી ચાવી

(૧) નેમિનાથ ભગવાનનો એક ગણધર (૪)
(૨) ...ક, પ્રકાશ (૨)
(૩) વાતોના...થાય (૨)
(૪) એક સ્તોત્ર (૭)
(૬) પત્નીનો પિતા (૩)
(૭) દુઃખ (૨)
(૧૧) કાકવ (૨)
(૧૨) કોશીશ (૩)
(૧૩) એક સતી (૫)
(૧૪) ..... મહાદેવ (૪)
(૧૬) માનદેવસૂરીનું બીજું નામ (૪)
(૧૯) પ્રામાણિક, ઇમાનદાર,...વાળો (૨)
(૨૦) જુલમ, કેર (૪)
(૨૧) પૈસાદાર (૪)
(૨૩) પૃથ્વી (૨)
[૨૪] પ્રભુની આગળ બોલાય [૨]

શબ્દ લાલિત્યના ઉકેલો-૨

આડી ચાવી	ઉભી ચાવી
૧ પં. વીરવિજયજી	૨ વીર
૫ દ્વેષ	૩ વિનય
૯ નમ	૪ જમનવાર
૮ નયન	૭ ઓસા
૧૦ પાપ	૮ નમન
૧૧ વામન	૯ માનતુંગસૂરી
૧૧ સુનકાર	૧૨ સુવાસીત
	૧૩ કાગ
૧૪ સ્થાન	૧૭ મમત
૧૫ હવા	૨૦ કેયુર
૧૬ ગમન	૨૧ દિપક
૧૮ સીતા	૨૩ મોક્ષ
૧૯ કુસુમ	૨૫ યમ
૨૦ કેતકી	
૨૨ રીત	
૨૪ જપ	
૨૫ યક્ષ	
૨૬ સન	
૨૭ રકમ	અભિષ શાહ.

(અનુ પેજ ૪૮૮ નું ચાલુ)

શિલાન્યાસ થયેલ છે. તેમના માર્ગદર્શન મુજબ નૂતન જિનાલય તથા ઉપાશ્રયનું બાંધકામ ચાલુ છે. પાલીતાણા ચોમાસુ કરેલ ત્યારે પૂ. ગચ્છાધિપતિ આચાર્ય વિજય રામચંદ્ર સૂરીશ્વરજીએ આશિર્વાદ આપેલ હતા. પ.પૂ. મહાતપસ્વી આ. ભ. શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મ. સા. તથા નૂતન ગચ્છાધિપતિ પૂ. આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા. એ આ સ્થળે પધારી શુભ આશીષ આપી વાસક્ષેપ નાંખ્યો હતો.

આવા મહાન કર્તવ્ય પાલક વસ્તુપાલ તેજપાલની જેમ જીવનમાં વ્રત આવશ્યક કર્તવ્યો આવે તો જીવન ધન્ય બની જાય.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલું)

૧–સમ્યકત્વ–સમકિતની કરણી, ૨–વિરતિ, ૩–અપ્રમાદીપણું, ૪–અકસાયીપણું અને ૫–અયોગીપણું.

૦ 'એકદમ નીચેના લોકાંતથી તે સાતમી નારકીના ઉપરના તળ પર્યંત એક 'રજ્જુ' થાય. એવી રીતે સાતે નારકીના ઉપર ઉપરના દરેક તળ સુધી ગણતાં સર્વ મળીને સાત 'રજ્જુ' થાય. રત્નપ્રભા નારકીના ઉપરનાં તળથી પહેલા બે દેવલોકના વિમાનો આવી રહે ત્યાં સુધી આઠમી રજ્જુ થાય. ત્યાંથી ચોથા માહેન્દ્ર દેવલોકનો અંત આવે ત્યાં સુધી નવમી રજ્જુ થાય. ત્યાંથી છઠ્ઠા લાંતક દેવલોકના અંત સુધી દશમી રજ્જુ થાય. ત્યાંથી આઠમા સહસ્રાર દેવલોકની સીમા સુધી અગિયારમી રજ્જુ થાય અને ત્યાંથી બારમા અચ્યુત દેવલોકની સીમા પૂરી થાય ત્યાં બારમી રજ્જુ પૂરી થાય. ત્યાંથી ગ્રૈવેયેકને છેડે તેરમી અને લોકને અંતે ચૌદમી રજ્જુ પૂર્ણ થાય.' આ અભિપ્રાય શ્રી આવશ્યક સૂત્રની નિર્યુક્તિ અને ચૂર્ણિ તથા સંગ્રહણી વગેરેનો છે.

જ્યારે શ્રી ભગવતી ત્ર વગેરેને અભિપ્રાયે ધર્મા નારકીની નીચે અસંખ્ય યોજન મૂકયા પછી લોકનો મધ્યભાગ આવે છે તેથી તે જગ્યાએ સાત રજ્જુ પૂર્ણ થાય છે.

વળી યોગશાસ્ત્રની વૃત્તિને અભિપ્રાયે તો સમભાગ પૃથ્વીતલથી તે સૌધર્મને ઇશાન દેવલોક સુધી દોઢ રજ્જુ, સનતકુમાર અને માહેન્દ્ર દેવલોક સુધીમાં અઢી રજ્જુ, બ્રહ્મ દેવલોક સુધીમાં સાડા ત્રણ રજ્જુ, અચ્યુત દેવલોક સુધીમાં પાંચ રજ્જુ, ગ્રૈવેયેક સુધીમાં છ રજ્જુ અને લોકાન્ત સુધીમાં સાત રજ્જુ થાય છે.

શ્રી જીવાભિગમ સૂત્રને વિષે પણ 'સૌધર્મ–ઇશાન આદિ સૂત્ર વ્યાખ્યાન'માં બહુ સમભૂભાગથી ઉપર ચંદ્ર–સૂર્ય–ગ્રહ–નક્ષત્ર અને તારાઓ મૂકી ઘણા ક્રોડ–અસંખ્યાત યોજન જઈએ ત્યારે દોઢ રજ્જુ થાય છે એમ કહ્યું છે.

શ્રી લોકનાલિ સ્તવમાં પણ સૌધર્મ દેવલોક સુધીમાં દોઢ, માહેન્દ્ર સુધીમાં અઢી, સહસ્રાર સુધીમાં ચાર, અચ્યુત સુધીમાં પાંચ અને લોકાન્તે સાત રજ્જુ થાય છે એમ કહ્યું છે.

※

—: જેવો ભાવ તેવો કર્મબંધ :—

जं जं समये जीवो, आविस्सइ जेण जेण भावेण ।
सो तंमि तंमि समये, सुहासुहं बंधए कम्मं ।।

જીવ જે જે સમયે જે જે ભાવ વડે આવેશમાં આવે છે, તે તે સમયે તે જીવ શુભાશુભ કર્મને બાંધે છે.

- આવું મનુષ્યપણું પામ્યા પછી પણ જો સંસારમાં મોજ શોખમાં જ મજા આવતી હોય, ધર્મમાં મજા ન આવતી હોય તો તે ભયંકર પાપીપણું છે. આવાની જેને દયા ન આવે તે નિર્દય કહેવાય કે દયાળુ કહેવાય ?
- આજે મોટાભાગને ભોગાવલીનો ઉદય નથી પણ ભોગની પાછળ ભોગવાઈ જવાનો ભયંકર પાપનો ઉદય છે.
- આપણને સામગ્રી સારી મળી છે પણ આપણે સારા લાગતા નથી તમને લાગે છે કે," આપણે બહુ ખરાબ છીએ. આવા સારા કુળમાં જૈન કુળમાં જન્મ થયા શ્રી વીતરાગદેવ મળ્યા, સુસાધુઓ મળ્યા, રોજ સાંભળીએ કે 'ધન ખરાબ. સુખ ખરાબ' છતાં હજી તે બેની પાછળ જ પડયા છીએ. આપણે જે પૈસા કમાઇએ છીએ, જે રીતે સુખ ભોગવીએ છીએ, તે માટે જે જે પાપ કરીએ છીએ માટે ઘણું ખરાબ છીએ. તેથી જ આ સામગ્રી ફળતી નથી." આવા વિચારો ન આવે તો સુધરવાનો કોઇ ઉપાય નથી. તેવી રીતે અમને–સાધુઓને પ્રમાદમાં, ખાવા–પીવાદિમાં મજા આવે તો તે અમે પ્રાપ કરીએ છીએ, ખરાબ છીએ, અમારો ય ભયંકર પાપોદય વર્ત્તી રહ્યો છે : આવું જો અમને ય ન લાગે તો અમારો ય બચવાનો કોઇ ઉપાય નથી.
- જેને મોક્ષ યાદ આવતો ન હોય, મોક્ષની ઇચ્છા જ ન થાય તે ભગવાનનો ભગત નથી, સાધુ હોય તોય અસાધુ છે, જ્ઞાની હોય તો ય અજ્ઞાની છે, તેને ભગવાનના વચન પર શ્રદ્ધા જાગે જ નહિ.
- જેના પ્રતાપે પરલોક ભયંકર થાય એવા જેટલાં કામો તે આલોકને બગાડનાર છે આલોક બગડે તેના જીવનમાં શાંતિ હોય નહિ.
- જ્યાં સુધી મોક્ષની ઇચ્છા પેદા ન થાય સંસાર સુખ ભૂંડું ન લાગે ત્યાં સુધી સાચાં સુખનો અનુભવ થાય નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક– સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

૫૨૩૭

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

સાપ્તાહિક

સવિ જીવ કરું શાસન રસી.

– તેજ ધર્મ છે

स धर्मो यो दयायुक्त :
सर्व प्राणिहितप्रद : ।
स एवोत्तारणे शक्तो भवाम्भोधे :
सुदुस्तरात् ॥

જે દયાયુકત, સર્વ પ્રાણિઓના હિતને આપનારો છે તે ધર્મ છે, તેજ ધર્મ, અત્યંત દુસ્તર એવા આ ભવ રૂપી સમુદ્રમાંથી તારવા માટે સમર્થ છે,

વર્ષ ૬

અંક ૧૭

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

卐 જ્ઞા ન ગુ ણુ–ગં ગા 卐

—પ્રજ્ઞાંગ

કોટી શિલાનું સ્વરૂપ—

ઉત્સેધ આંગુલ નિષ્પન્ન એક યોજન લાંબી, એક યોજન પહોળી, એક યોજન ઊંચી; કોટિશિલા નામની શિલા છે, તે શિલા ભરત ક્ષેત્રના મધ્યખંડમાં, દશાર્ણ પર્વત પાસે, કોટિ શિલાના નામથી પ્રસિદ્ધ થઇને રહેલી છે,

તે કોટિ શિલા ઉપર શ્રી શાન્તિનાથ સ્વામિ ભગવાન આદિ છ તીર્થંકર પરમાત્મા ઓના અનેક કોટિ મુનિવરો મોક્ષે ગયેલા છે.

૧– શ્રી શાન્તિનાથ સ્વામિ ભગવાનના ચક્રાયુધ નામના પ્રથમ ગણધર અનેક સાધુ ગણના પરિવાર સાથે સિધ્ધિ પદને પામેલા છે, ત્યારબાદ ૩૨ પાટપરંપરા સુધી સંખ્યાતા કોટિ મુનિ વરો, તે કોટિ શિલા ઉપર મોક્ષે ગયેલા છે.

૨– શ્રી કુન્થુનાથ સ્વામિ ભગવાનના તીર્થમાં ૨૮ પાટપરંપરા સુધી, સંખ્યાતા કોટિ મુનિવરો તે કોટિ શિલા ઉપર મોક્ષે ગયેલા છે.

૩– શ્રી અરનાથ સ્વામિ ભગવાનના તીર્થમાં ૨૪ પાટપરંપરા સુધી ૧૨ કોટિ મુનિવરો તે કોટિ શિલા ઉપર મોક્ષે ગયેલા છે.

૪– શ્રી મલ્લિનાથ સ્વામિ ભગવાનના તીર્થમાં, ૨૦ પાટપરંપરા સુધી ૯ કોટિ મુનિવરો તે કોટિ શિલા ઉપર મોક્ષે ગયેલા છે.

૫– શ્રી મુનિસુવ્રત સ્વામિ ભગવાનના તીર્થમાં ૩ કોટિ મુનિવરો તે કોટિ શિલા. ઉપર મોક્ષે ગયેલા છે.

૬– શ્રી નમિનાથ સ્વામિ ભગવાનના તીર્થમાં ૧ કોટિ મુનિવરો તે શિલા પર મુકિત ગયેલા છે.

બીજા પણ ઘણા મુનિવરો તે શિલા ઉપર મોક્ષે જવાથી તેનું સાન્વર્થ કોટિ શિલા એ પ્રમાણે નામ પડેલું છે,

તે કોટિ શિલાને આ અવસર્પિણી કાળમાં, ઉત્પન્ન થયેલા નવ વાસુ દેવોએ અનુક્રમે ઉપાડી હતી.

૧– ત્રિપૃષ્ઠ વાસુદેવે તે શિલાને ડાબે હાથે ઉપાડી મસ્તકની ઉપર છત્રની પેઠે ધારણ કરી હતી,

(અનુ ટાઈટલ ૩ ઉપર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયભૂપેન્દ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસ્ત્રના અર્થ સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પ્રભુ

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુદકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચુનીલાલ પદમશી ગુદકા (થરાદ)

વર્ષ ૬] ૨૦૫૦ કારતક વદ-૯ મંગળવાર તા. ૭-૧૨-૯૩ [અંક ૧૭

-: મોક્ષના ઉપાયભૂત ધર્મ :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા

પ્રવચન-બીજું (ગતાંકથી ચાલુ)

"જત્થ ય વિસયવિરાઓ કસાય ચાઓ ગુણેસુ અણુરાઓ.
કિરિયાસુ અપમાઓ સો ધમ્મો સિવસુહાવાઓ."

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા મહર્ષિ કયો ધર્મ શિવસુખનો ઉપાય બને છે તે વાત સમજાવી રહ્યા છે. તે માટે ખરેખરર ધર્મ શું છે તે સમજવું પડે કે સમજ્યા વિના પણ ચાલે ? જે જીવ ધર્મ સમજી જાય તો તેને ધર્મ ખાતર જે કરવું પડે તે બધું કરવા તૈયાર જ હોય. ધર્મ સમજ્યો હોય તેને ધર્મ ખાતર જે કાંઇ છોડવું પડે તે છોડવાની પણ હિંમત હોવી જોઈએ. શ્રી જૈન-ધર્મને પામેલો જીવ ધર્મની આરાધના માટે જેટલું છોડવું પડે તે છોડે કે ન છોડે ? તમારા મા-બાપ કહે કે, આ ધર્મ છોડ તો તમે માનો ખરા ?

પ્ર૦ ધર્મને નામે ક્લેશ થતો હોય તો ?

ઉ૦ ધર્મના રક્ષણ માટે ક્લેશ કરવો તે ધર્મ છે. ધર્મની બાબતમાં ખોટી સમતા રાખવી તે મોટામાં મોટો અધર્મ છે.

ભગવાનનો ધર્મ, આજ સુધી આપણા સુધી આવ્યો આવ્યો તેમાં પ્રતાપ કોનો છે ? માર્ગસ્થ ધર્મગુરુઓનો. જેઓએ ધર્મ સાચવવા બધું કરવાની તૈયારી બતાવી. તમારે તો ધર્મ થાય તો કરવો છે, નહિ તો નહિ; પણ સંસાર જ કરવા જેવો છે—આવી માન્યતા થઇ

છે માટે ધર્મ ન છૂટકે, દેખાવ માટે, સારા દેખાવા માટે કરો છો, અને સંસાર હૈયા-પૂર્વક કરો છો. આમ કરો તો ધર્મ નાશ પામે કે જીવતો રહે ? અવસર આવે તમે બધા ધર્મ સાથે ઊભા રહો કે બીજા સાથે ઊભા રહો ? અમારી ય સાથે ઊભા રહો કે સામે ? અવસર આવે ત્યારે જે સાચા સાધુ સાથે રહે તે જ વાસ્તવિક રીતે ધર્મ પામેલા કહેવાય. અવસર ન હોય ત્યાં સુધી તમે ઓળખાવ નહિ, નહિ તો આટલું કહેવું પડે ? બરાબર ધર્મને પામેલો જીવ તો ગમે તેવા પ્રસંગોમાં પણ ધર્મની સાથે રહે, પણ ધર્મથી આઘો પાછો થાય નહિ. તમારે સંસાર પહેલો કે ધર્મ ? મોક્ષમાં ધર્મ લઇ જાય કે સંસાર ? ધર્મને પામેલાને સંસારમાં રહેવાની ઇચ્છા હોય કે મોક્ષે જવાની ઇચ્છા હોય ? ધર્મ પામેલાને તો સંસાર તો ગમે જ નહિ. સંસારમાં રહેવું પડે તો ન છૂટકે રહે.

સમ્યગ્દૃષ્ટિ આત્માને સંસારમાં રહેવું પડે તો રહે પણ સંસાર ગમે નહિ, સંસારમાં રહેવા રાજી નહિ. તમે સંસારમાં બેઠા છો તે મજાથી કે નારાજીથી ? સંસાર છોડવા જેવો લાગે છે કે રહેવા જેવો ?

પ્ર૦ અમારો આત્મા મુશીબતોથી ઘેરાઇ ગયો છે તો ધર્મ કયાંથી કરીએ ?

ઉ૦ ધર્મ માટે કયું દુઃખ વેઠી નાખ્યું છે ? ધર્મ નથી પામ્યા માટે આપત્તિ આવે છે. ધર્મ પામેલાને આપત્તિ આવે નહિ, તે તો આપત્તિનેય સંપત્તિ માને.

જે ધર્મ મોક્ષ આપે તે શું ન આપે ? શ્રદ્ધા નથી માટે બધી ગરબડ થાય છે. ધર્મ શા માટે કરવાનો છે ?

પ્ર૦ જે આપે તે મેળવવા માટે.

ઉ૦ જે આપે તે મેળવવા નહિ પણ જે મળ્યું હોય તેને ય છોડવા માટે કરવાનો છે, કાં છોડવાની તાકાત આવે માટે કરવાનો છે.

ભગવાનના ધર્મને પામેલાને ઘર ગમે ? પૈસા-ટકાદિ ગમે ? સુખ-સાહ્યબી ગમે ? ધર્મ પામેલાને ગમે શું ? તમે બધા ધર્મ પામેલા છો ને ? અમે ઘર-બાર છોડયા, મા-બાપ છોડયા, સુખસંપત્તિ છોડી માટે અમને ઊંચે બેસાડો છો અને તમે નીચે બેઠા છો કેમ ? આ નાટક કરો છો ? જેને ગામમાં ઘર નહિ, બજારમાં પેઢી નહિ, જંગલમાં જમીન નહિ, પાસે કુટિ કોડી નહિ, પાણીનું ટીપું ય જોઇએ તો તમારે ઘેર આવવું પડે તેને ઊંચે કેમ બેસાડો છો ?

સભા૦ ધર્મ ઉપર પ્રેમ છે માટે.

ઉ૦ મને તો લાગે છે કે ઘણા તો દેખાવ કરે છે. બંગલાવાળાને જોઇ બંગલાવાળા

થવાનું મન થાય છે, શ્રીમંતને જોઈ પૈસા મેળવવાનું મન થાય છે તેમ સાધુને જોઇ સાધુ થવાનું મન થાય છે ખરું ? અમે જે આ સાધુપણું પામ્યા છીએ તે સારું છે કે ખરાબ છે ? મેળવવા જેવું મેળવ્યું છે કે ન મેળવવા જેવું મેળવ્યું છે ? આ સાધુપણું મનુષ્યભવમાં જ મળે છે, બીજા ભવમાં મળે નહિ.

આ ઘર–બારાદિ છોડયા તે ભૂલ કરી કે ડહાપણ કર્યું ? તમે ઘર–બારાદિ નથી છોડયા તે ડહાપણ છે ? રોજ ભગવાનના દર્શન–પૂજન કેમ કરો છો ? સાધુ પાસે કેમ જાવ છો ? વ્યાખ્યાન કેમ સાંભળો છો ? સામાયિક–પ્રતિક્રમણ કેમ કરો છો ? આમ પૂછે તો શો જવાબ આપો ? ખરેખર સાચા શ્રાવક હોય તો તે કહે કે– અમારે ભગવાન થવું છે માટે ભગવાનનાં દર્શન–પૂજન કરીએ છીએ. સાધુ થવું છે માટે સાધુ પાસે જઇએ છીએ. જીવનભરનું સામાયિક મળે માટે સામાયિકાદિ ધર્મક્રિયા કરીએ છીએ.

સભા૦ આપ એકલા જ આમ કહો છો.

ઉ૦ હું એકલો નહિ, શાસ્ત્ર આમ કહે છે. સાચા ધર્મગુરુ હોય તે આ જ બોલે. આમ ન બોલે તે ભગવાનના ધર્મગુરુ નહિ. સાચા શ્રાવકો તો તેવાને પાટે પણ બેસવા દે નહિ, વંદન પણ કરે નહિ.

હું એમ કહું કે–'શ્રાવકોએ મોટા મોટા વેપાર કરવા જોઇએ, ખૂબ ખૂબ પૈસા કમાવવા જોઇએ' તો મને સાંભળો ખરા ?

સભા૦ આપે હવે જમાનાને ઓળખ્યો તેમ લાગે.

ઉ૦ સંસારમાં રહેવાનું કહું તો કહે કે–મહારાજે સમયને ઓળખ્યો. તમે તેમાનાં છો ? તમે તેમાંના હશો તો ભગવાનનો સાધુ સાધુ નહિ રહે. તમારા કરતાં ય વધારે પાપી તે થશે. બહુ ગજબ થયો છે. આમ સાધુઓ પણ બોલતા થયા તે તમારા પાપે !

આજે હું દીક્ષાની કે સાધુપણાની વાત કરું તે ય ઘણાને ગાંડપણ ભરેલી લાગે છે. મહારાજને બીજું આવડતું નથી તેમ લાગે છે.

પ્ર૦ રૂપાંતર હોય તો રસ જમાવે ને ?

ઉ૦ શું રૂપાંતર કરું ?

આ જન્મમાં સાધુ જ થવા જેવું છે આમ જે ન માને તે શ્રાવક જ નહિ.

ભગવાનના શ્રી સંઘમાં કોણ આવે ? આ સંસાર છોડવા જેવો છે તેમ માને તે કાં સંસાર છોડવાની ઇચ્છા હોય તે સાધુ–સાધ્વી સંસાર છોડીને આવ્યા હોય. શ્રાવક–

શ્રાવિકા 'આ સંસાર કયારે છૂટે' 'કયારે છૂટે' તે ભાવનાવાળા હોય. વેપાર–ધંધાદિ ન છૂટકે કરે. ઘર–પેઢી પણ ન છુટકે ચલાવે. તમે સાધુ કેમ નથી થયા તેમ પૂછે તો શું કહે ? પાપનો ઉદય છે માટે. "મારે આ જન્મમાં સાધુ જ થવું છે પણ પાપના યોગે તેવી શક્તિ નથી માટે હજી થઇ શકતા નથી પણ સાધુ થવાની ભાવના પૂરી છે." આમ કહે તેનું નામ શ્રાવક !

પ્ર૦ આનંદાદિ શ્રાવકોએ કે શ્રીપાલ મહારાજાએ દીક્ષા નથી જ લીધી ને ?

ઉ૦ તે શું માનતા હતા કે–પાપનો ઉદય છે માટે લઇ શકતા નથી. પણ દીક્ષા લેવાની ભાવના આકંઠ હતી. સંસારમાં રહ્યા તે ડહાપણ કર્યું છે' તેમ કોઇએ કહ્યું છે ?

પણ આજે સાધુઓ મજેથી તમારી પુષ્ટિ કરતા થઇ ગયા છે. તે તમારા પાપે બોલતા થઇ ગયા છે.

આજે ઘણા મને કહી જાય છે કે–રોજ એકની એક વાત કેમ કરો છો ? આટલા દુઃખી છે તો ધર્મ કેમ શોભે ? પહેલાં આ લોકોને સુખી કરો. પછી ધર્મની વાત કરો. મેં તો કહ્યું કે–આવું બોલનારાઓનો તો દા'ડો ઊઠી ગયો છે. ધર્મ સમજ્યા જ નથી.

ભગવાને આખો સંસાર છોડવા જેવો કહ્યો છે. ચક્રવર્ત્તિઓને પણ સાધુ બનાવ્યા છે. છ ખંડના માલિકને છ ખંડ છોડાવ્યા છે. તમે બધા મજેથી ઘરમાં રહ્યા છો તે ડહાપણ છે કે ગાંડપણ છે ? તેને પાપોદય માનો છો કે પુણ્યોદય માનો છો ? તમે સાધુ નથી થઇ શકયા તે પાપોદયથી કે પુણ્યોદયથી ? શ્રીમંતપણું પુણ્યોદયથી મળે, ગરીબપણું પાપોદયથી મળે તેમ સાધુ પણ પુણ્યોદયરૂપી ક્ષયોપશમથી મળે અને ગૃહસ્થપણામાં રહેવું પડે તે પાપોદયથી. ગરીબને પૈસા નથી મળતા તો તે મેળવવા માટે ભાર ઉપાડીને પણ ફરે છે. જેમ શ્રીમંતને પૈસા જોઇએ તેમ ગરીબને પણ પૈસા જોઇએ છે. તેમ શ્રાવક માત્રને પણ સાધુ થવાની ભાવના હોય. હોય ને હોય જ. તે ભાવના ન હોય તે શ્રાવક જ નહિ. આ વાત ગોખી લો. નહિ સમજો તો આ જન્મ ફોગટ જવાનો અને દુર્ગતિમાં જવું પડશે. ભગવાનને હીરાના હાર ચઢાવે પણ આજ્ઞા ન માને તે શ્રાવક, શ્રાવક જ નહિ.

શાસ્ત્રે કહ્યું છે કે–'સમ્યગ્દર્શનપૂતાત્મા ન રમતે ભવો કદી." સમ્યગ્દર્શનથી જેનો આત્મા પવિત્ર બન્યો છે તેને સંસારમાં રહેવું પડે તો રહે પણ મજાથી ન રહે પણ દુઃખથી જ રહેતો હોય. સંસાર કયારે છૂટે તે જ ભાવના હોય. તમે કહો કે–અમને સાધુપણાનું મન થાય છે પણ પાપોદય ભારે છે માટે થઇ શકતા નથી. આમ માનો છો ખરા ? આમ ન માને તે ભગવાનના સાધુધર્મને માનતા નથી. માત્ર દેખાવ કરે છે, ધર્મ કરે તે પણ સુખ માટે કરે છે અને દુનિયાના સુખ માટે ધર્મ કરે તો તે દુર્ગતિમાં જ લઇ જાય તેમ કહ્યું છે.

(ક્રમશઃ)

જૈન રામાયણના પ્રસંગો

૧૫. ઇન્દ્ર અને રાવણનો સંગ્રામ — શ્રી ચંદ્રરાજ

"હું... આવા વધ કરવા લાયક હરામખોરોને મારી પુત્રી પરણાવું !! આ વેર અમારૂં આજકાલનું નથી, પિતાજી ! આ વેર તો વંશની પરંપરાથી ચાલ્યું આવેલું છે."

નલકૂબરને જીતીને અને પોતામાં કામભોગની સેવવાની આસક્તિ ધરાવતી ઉપરંભાને તેના ઉન્માર્ગથી પતિ પાસે મોકલવા દ્વારા સન્માર્ગમાં સ્થાપન કરીને રાવણ પોતાના બંધુજનો સાથે હવે રથનુપુર નગર તરફ આવ્યો.

રાવણને આવતો સાંભળીને સહસ્રાર નામના વિદ્યાધર પિતાએ પોતાના ઘમંડી પુત્ર વિદ્યાધરેશ્વર ઇન્દ્રને પુત્રસ્નેહથી કહ્યું કે–

"પ્રચંડ તાકાતથી તેં હે વત્સ ! અમારા વંશને અત્યંત ઉન્નત બનાવ્યો છે. એકલા પરાક્રમથી જ તેં આ કામ કર્યું છે. પરંતુ વત્સ ! અત્યારે નીતિને આધીન રહેવાનો સમય આવ્યો છે. એકલું પરાક્રમ કયારે ય પણ વિપતિ પેદા કરી શકે છે.

"વત્સ ! શૂરવીરથી પણ શૂરવીર રત્નને આ વસુંધરા પેદા કરે છે. માટે બધાં કરતાં હું જ ઓજસ્વી છું આવો અહંકાર કરવાની ભૂલ ભૂલે ચૂકેય ના કરીશ."

" અત્યારે સર્વે વીરોના વીરત્વને વધેરી નાંખનારો એક વીર પેદા થયો છે. જેણે રેવા નદીના કાંઠે સહસ્રાંશુને નિયંત્રણમાં કરી દીધો હતો. અષ્ટાપદ પર્વતને જેણે રમતમાં જ હાથ ઉપર ઉચકી લીધો હતો, મરૂત્ત રાજાના યજ્ઞને જેણે ભાંગી નાંખ્યો હતો, જંબૂદ્વીપના યક્ષેન્દ્રથી જે ધ્યાનમાંથી ડગ્યો ન હતો, અષ્ટાપદના અરિહંતની પાસે હાથની નસ ખેંચી કાઢીને જેણે વીણાના તારને સાંધીને સંગીત અખંડ રાખ્યું અને તેથી પ્રસન્ન થયેલા ધરણેન્દ્રએ જેને અમોઘ વિજ્યા નામની દૈવી શક્તિ આપી છે, તે લંકાનો ધણી રાજા રાવણ છે. તારા સેવક યમરાજ અને વૈશ્રવણને તેણે રમતમાં જ જીતી લીધા હતા. અને છેલ્લે હુજેંય નલકૂબરને પણ તેણે જીતી લીધો છે. અને અત્યારે પ્રલયકાળના અગ્નિ જેવો તે આપણી તરફ આવી રહ્યો છે.

આ રાવણને પ્રણામ કરવા વડે જ શાંત કરી શકાશે, વત્ ! અન્ય કોઇ રીતે તે શાંત થશે નહિ. અને રૂપવાન્ એવી વારી રૂપીણી નામની કન્યા આ રાવણને ભેટ ધર. જેથી તારે શ્રેષ્ઠ સંધિ તેની સાથે થશે."

અભિમાની માણસના લોહીને સળગાવી નાંખે એવા પિતાના શબ્દો સાંભળીને ઇન્દ્ર નામનો વિદ્યાધરેશ્વર ક્રોધથી ધમધમતો કહેવા લાગ્યો કે–"હું... આવા વધ કરવા

લાયક હરામખોરોને મારી પુત્રી પરણાવું?!!! આ વેર કંઈ આજકાલનું નથી, બાપુ! આ વેર તો વંશ પરંપરાથી ચાલ્યું આવેલું છે. આપણા વડિલ તાત વિજયસિંહને આ લોકોએ રણમાં વધેરી નાંખ્યા છે, તે યાદ કરો પિતાજી!"

"આ રાવણના કાકા માલિને મેં જે રીતે રણમાં રગદોળી નાંખ્યા છે, તેનું તેને ભાન નથી, તેના કાકા જેવી જ દશા આ દશાનનની કર્યા વિના હું રહેવાનો નથી. એ મારી સામે એકવાર આવે તો ખરો."

મારી ઉપરના પુત્ર-સ્નેહથી ભયભીત ન બનો, ધૈર્યને ધારણ કરો, શું તમારા પુત્રના નજરો નજર જોયેલા પરાક્રમને હે પિતા! તમે જાણતા નથી?

હજી તો આ વાતચીત ચાલતી હતી ત્યાં જ રથનુપુર નગરને ચારે બાજુથી સૈનિકોની ફોજે વડે રાવણે ઘેરી લીધું અને પછી રાવણે ઇન્દ્ર તરફ દૂતને રવાના કર્યો.

જઈને દૂતે રાવણનો સંદેશો સંભળાવતા કહ્યું કે-"અહીં જે કોઈ પણ રાજાઓ વિદ્યાના બળથી અને બાહુના બળથી ઘમંડી બન્યા હતા. તે દરેકે ભેટણાઓ લઈને રાવણની પૂજા કરી છે. આટલા સમય સુધી રાવણની વિસ્મૃતિના કારણે અને તારી સરળતા હોવાના કારણે તું રાવણની ભક્તિ કરવાથી વંચિત રહ્યો. ખેર... હજી પણ રાવણની ભક્તિ કરવાનો સમય અત્યારે તારા હાથમાં ઉપસ્થિત થયો છે. તેથી રાવણને તું તારી ભક્તિ બતાવ. અને ભક્તિ ના બતાવવી હોય તો તારી શક્તિને બતાવ. બાકી તો ભક્તિ કે શક્તિ વગરનો તું તારી જાતે જ નાશ પામી જઈશ.',

દૂતની વાણીનો જવાબ દેતા વિદ્યાધરેશ્વર ઇન્દ્ર બોલ્યા-'કે "બાયલા રાજાઓથી પૂજાયેલો મદોન્મત્ત થયેલો તે રાવણ, દુઃખની વાત છે કે-મારી પાસેથી પણ પૂજાની ઇચ્છા રાખે છે. જેમ તેમ કરીને રાવણનો આટલો સમય પસાર થયો તે તેના સુખ માટે હતો. પરંતુ હવે તો તે રાવણનો કાળ જેવો કાળ બકો થયો છે. હવે તેના દા'ડા ભરાઇ ગયા છે. તું જા દૂત, તું જઈને તારા માલિકની ભક્તિ કે શક્તિ મને બતાડ. નહિતર ભક્તિ કે શક્તિ વગરનો તે પોતે જ પોતાની જાતે એમને એમ વિનાશ પામશે."

દૂત દ્વારા ઇન્દ્રની વાત સાંભળીને ક્રોધાગ્નિ બની ગયેલો રાવણ સૈન્ય સહિત સંગ્રામ માટે સજ્જ થઇ ગયો. આ બાજુ ઇન્દ્ર પણ સંગ્રામ માટે સજ્જ બનીને રણક્ષેત્રમાં આવ્યો. શૂરવીરો કોઇના અહંકારને સાંખી શકતા નથી.

રથનૂપુરના રણ-સંગ્રામની ધરતી ઉપર ભીષણ-ખૂંખાર યુદ્ધ શરૂ થયું. સામન્તો સામન્તો સાથે, સૈનિકો સૈનિકો સાથે, સેનાપતિઓ સેનાપતિ સાથે, ભીષણ સંગ્રામ ખેડવા લાગ્યા. બન્ને પક્ષના શસ્ત્રોના અવિરત ઘર્ષણથી પ્રલયકાળના પુષ્કરાવર્તના મેઘના વાદળાના ગડગડાટ જેવો ભીષણ ગર્જારવ થવા લાગ્યો.

આ મચ્છર જેવા રાંકડા સૈનિકોને હણવાથી શું ? આમ બોલતો રાવણ ભુવનાલંકાર નામના હસ્તીરત્ન ઉપર આરૂઢ થયો. યુદ્ધ માટે ધનુષ ઉપર બાણ ચડાવીને શરસંધાન કરતો વિદ્યાધરેશ્વર ઇન્દ્ર પણ સજ્જ બનીને ઐરાવણ હાથી ઉપર ચડીને રાવણ સાથે સંગ્રામ ખેડવા આગળ આવ્યો.

બન્ને મહારથીના હાથીઓ સૂંઢથી એકબીજા સાથે યુદ્ધ કરવા લાગ્યા. એકબીજા દંતશૂળના ઘા કરી કરીને જાણે અગ્નિના તણખા ખેરવા લાગ્યા.

ઇન્દ્ર અને રાવણ પરસ્પર શસ્ત્રથી, બાણથી, મુદ્ગરથી એકબીજાને પ્રહાર કરવા લાગ્યા. બન્ને મહાવીર્યશાલી એકબીજાના શસ્ત્રોને તોડવા લાગ્યા. કોઇ કોઇને મચક આપતું નથી. મંત્રાસ્ત્રોના પ્રયોગો કરી કરીને બન્ને એકબીજાને હંફાવવા લાગ્યા. પણ કોઇ નમતું જોખતું નથી.

આખરે છળનો જાણકાર રાવણ કૂદીને સીધો જ ઐરાવણ હાથી ઉપર ચડી બેઠો. મહાવ્રતની હત્યા કરી નાંખીને ઇન્દ્રને હાથીની જેમ બાંધી લીધો. નીચેથી ઐરાવણ હાથીને ચારેબાજુથી સૈનિકોએ ઘેરી લીધો. ઐરાવણ સાથે જ ઇન્દ્રને રાવણ પોતાની છાવણીમાં લઇ ગયો. વિદ્યાધરોની ઉત્તર-દક્ષિણ બન્ને શ્રેણીના રાજા બનેલો રાવણ ઇન્દ્રને લંકામાં લાવીને પક્ષીની જેમ કારાવાસમાં પૂરી દીધો.

પુત્ર ઇન્દ્રને છોડાવવા પિતા સહસ્રાર લંકા આવ્યા. અને રાવણ પાસે પુત્રભિક્ષાની માંગણી કરી. ત્યારે રાવણે કહ્યું કે-ઇન્દ્રને હું છોડી દઇશ. પણ જો તે હું કહું તેમ હંમેશા કરશે તો. તેણે

"આ લંકા નગરીને તેણે પ્રત્યેક ક્ષણે તૃણ-કાષ્ટ વગરની શુધ્ધ કરવી પડશે. રોજ સવારે સુગંધિજળ વડે આખી નગરીને સિંચવી પડશે. માળીની જેમ જાતે જ પુષ્પો ભેગા કરીને અને ગૂંથીને દેવપૂજાદિ સમયે પહોંચાડવા પડશે."

આવું કામ કરે તો તારો પુત્ર ફરી તેનું રાજ્ય ગ્રહણ કરે અને મારી મહેરબાનીથી ખુશીથી જીવે."

સહસ્રારે પુત્રની મુક્તિ માટે પુત્ર આવી શરતોનું પાલન કરશે. તેમ સ્વીકારી લીધું અને રાવણે પોતાના બંધુની જેમ સત્કારીને ઇન્દ્રને કારાવાસમાંથી મુક્ત કર્યો.

મુક્ત થયેલો ઇન્દ્ર રથનુપુર નગરમાં સાવ ઉદાસ-ઉદાસ રહેવા લાગ્યો કારણ કે-

तेजस्विनां हि निस्तेजो मृत्युतोऽप्यति दुःसहम्" તેજસ્વીઓને તેજની હાની ખરેખર મૃત્યુ કરતાં પણ અતિ દુઃસહ થઇ પડે છે.

ચાલ્યા આવો !

એક વકીલે તેની ઓફિસ ઉપર એક બોર્ડ માર્યું હતું. તેમાં સુંદર મઝાનું લખાણ હતું.

"જ્યાં ઇચ્છા હોય ત્યાં રસ્તો છે,
જ્યાં રસ્તો હોય ત્યાં કાયદો છે,
જ્યાં કાયદો હોય ત્યાં છટકબારી છે
અને જ્યાં છટકબારી છે ત્યાં હું છું
તમે ચાલ્યા આવો ! તેમ દૃઢ વ્રતધારી પાપથી બચે. -રાજેશ ગુલાબવાડી

પાંચ 'સ' કારની દુર્લભતા

— પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા

સુકુલજન્મ-સદ્દ્રવ્ય-સિદ્ધક્ષેત્ર સમાધયઃ ।
સંઘશ્ચતુર્વિધઃ લોકે 'સ' કારા પંચ દુર્લભા ।।

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનમાં થઇ ગયેલા અનેક મહાપુરૂષોએ ભવ્યજીવોના કલ્યાણને માટે શાસ્ત્રાનુસારી વિવિધ પ્રકારની કલ્પનાઓ દ્વારા પણ ઉપદેશ આપવાનો સુપ્રયત્ન કર્યો છે.– તેઓનો આ ઉપદેશ સફળ તેને જ થાય કે જેઓ ભવલઘુ અને કર્મલઘુ બન્યા હોય. એમાંના એક મહાપુરૂષ ઉપદેશ આપતા ફરમાવે છે કે આ સંસારમાં જીવને પાંચ 'સ' કારની પ્રાપ્તિ દુર્લભ છે. તેમાંના ત્રણ 'સ' કાર જીવને પુણ્યના યોગે પ્રાપ્ત થાય છે. પુણ્યના યોગે પ્રાપ્ત થયેલા એ ત્રણ 'સ' કારના મહત્વને સમજે તેના પ્રત્યે રૂચી જાગે તો બાકીના બે 'સ' કાર પ્રયત્ન દ્વારા જીવ મેળવી શકે છે. એ રીતે પાંચે ય 'સ' કાર જે જીવને પ્રાપ્ત થાય છે. તેનો આ લોક સફળ બને છે, પરલોક સુધરી જાય છે, અને પરમપદ સુલભ બને છે.

પુણ્યના યોગે પ્રાપ્ત થનારા ત્રણ 'સ' કારનું વર્ણન કરતાં જ્ઞાનીઓ ફરમાવે છે કે–

(૧) સુકુળજન્મ :– જીવનો સુકુળમાં જન્મ થવો તે પહેલો 'સ' કાર છે. આપણે ગૌરવ લેવા જેવું છે કે આપણે સૌ ગમે તેવા પણ જૈનકુળમાં જન્મ પામ્યા છીએ. એ કુળના પ્રતાપે ભગવાન જિનેશ્વર દેવો, તેમના મંદિરો, અને તેમની સેવા–ભક્તિની તક આપણને સહેલાઇથી પ્રાપ્ત થઇ છે. હવે જો આપણે સારા ન બનીએ તો ખામી આપણી છે, આપણા પુણ્યની કે પુણ્યથી પ્રાપ્ત થનારી ચીજની ન ગણાય.

(૨) સિદ્ધક્ષેત્ર :– સિદ્ધક્ષેત્રની પ્રાપ્તિ થવી તે બીજો 'સ' કાર છે. આપણા પુણ્યોદયે આપણે એવા ક્ષેત્રમાં જન્મી ગયા છીએ કે જ્યાં તીર્થાધિરાજ શ્રી સિદ્ધક્ષેત્રની આપણને પ્રાપ્તિ થઇ ગઇ છે.

(૩) ચતુર્વિધ શ્રી સંઘ :– ચતુર્વિધ શ્રી સંઘનો સુયોગ થવો એ ત્રીજો 'સ' કાર છે. ચારેય પ્રકારનો સંઘ જ્યાં મોજુદ છે તેવા ક્ષેત્રમાં જન્મ થવો, એ પણ આપણા મહાપુણ્યનો ઉદય છે. આ ત્રણે ય 'સ' કારની પ્રાપ્તિ જીવને આ લોક સુધારવામાં, પરલોક સુધારવામાં, અને પરમપદને નજીક લાવવામાં સહાયક બને તેવી છે પણ તે કયારે બને ? બાકીના બે 'સ' કારને મેળવવાનો જીવ પ્રયત્ન કરે ત્યારે એ બે 'સ' કાર છે. (૪) સદ્દ્રવ્ય અને (૫) સમાધિ.

પુણ્યના યોગે ત્રણ 'સ' કાર તો આપણને મળી ગયા છે. એ ત્રણ 'સ' કારના મહત્વને સમજે તેને સિદ્ધિપદની ઇચ્છા જન્મ્યા વિના ન રહે. તેને સિદ્ધિપદ સિવાય

બીજી કોઇ ચીજનો ખપ ન હોય. એ ત્રણ 'સ' કાર પામ્યા પછી પણ જેને સિદ્ધિપદની ઇચ્છા સરખી ન જન્મે સિદ્ધિપદ મેળવવાનો ભાવ પેદા ન થાય. તો એવા જીવોને એ 'સ' કાર મળવા છતાં ન મળવા બરાબર છે. આ વાત તમારી બુદ્ધિમાં બેસે છે ?

આપણે બધા મોક્ષના અભિલાષી છીએ ને ? જો મોક્ષ આ ભવમાં મળતો હોય તો આ ભવમાં જોઇએ એમાં તમારા બધાની 'હા' ને ? સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાઓ ચતુર્વિધ સંઘને સિદ્ધિપદ સિવાય કાંઇ જોઇએ ? જો આ નક્કી થઇ જાય તો સદ્દ્રવ્ય અને સમાધિ એ બન્ને ચીજો આપણા માટે સુલભ થઇ જાય. જ્ઞાનીઓ કહે છે કે સદ્દ્રવ્યવાળાને સમાધિ સુલભ બને, જ્યારે સદ્દ્રવ્ય વિનાનાને સમાધિ માટે ખૂબ પ્રયત્ન કરવા પડે.

સાધુ–સાધ્વીને સંયમ જીવન જીવવા જે સામગ્રી જોઇએ તે સદ્દ્રવ્યમાં જાય છે. તમારે પણ સંયમ ન લઇ શકે ત્યાં સુધી સંસારમાં જીવવા માટે દ્રવ્યની જરૂર પડે છે. એ દ્રવ્ય સદ્દ્રવ્ય હોવું જોઇએ. સદ્દ્રવ્યવાળાનો લોભ માત્રામાં હોય છે. એ તેને નડતો ન હોય. તેના લોભાદિ તેનાથી ભાગવાની જ પેરવીમાં હોય. જેનો લોભ મર્યાદામાં હોય તે જ સદ્દ્રવ્યના સ્વામી બની શકે અને સદ્દ્રવ્યના સ્વામીને સમાધિ સુલભ બને છે. સારા કાળમાં પણ લોભી જીવો સદ્દ્રવ્યના સ્વામી નહતા બની શકતા. તમારે જે દ્રવ્યની જરૂર પડે તે સદ્દ્રવ્ય જ હોવું જોઇએ તેની તમને ખબર છે ?

સાધુ–સાધ્વીને સંયમ જીવન જીવવા જે જે સામગ્રી જોઇએ તે નિર્દોષ હોય તો સદ્દ્રવ્યમાં ગણાય છે. એવી નિર્દોષ સંયમની સામગ્રી મેળવીએ તો પછી સમાધિ અમારા બાપની છે. સમાધિ અમારી પાસેથી ખસે જ નહિ.

જ્ઞાનીઓ કહે છે કે સમાધિવાળાં જીવોને સુકુળ, સિદ્ધક્ષેત્ર અને ચતુર્વિધ સંઘનો સુયોગ ફળે છે. અસમાધિવાળાને તો એ ત્રણે ય સંસાર વધારનારા પણ બને. સિદ્ધક્ષેત્રમાં પણ એવા જીવો અનેક પાપો બાંધે તેમની યાત્રા પણ યાત્રા મટી આંટો બની જાય. અસમાધિમાં તરફડીને મરવાનો વખત આવે તેની હાલત બગડી જવાની છે. પુણ્યે આપણને સારી જગ્યાએ મૂકયા, હવે અહીં જો પુણ્યનો યોગ સુંદર રીતે સફળ ન કરીએ અને હારી ગયા તો પછી રક્ષણ કરનાર કોઇ નથી. આપણને દુઃખ કે તકલીફ આવે ત્યારે આપણે કહીએ છીએ કે ધર્મનું રક્ષણ કેમ મળતું નથી ? પણ જ્ઞાનીઓ કહે છે કે ધર્મ તેનું જ રક્ષણ કરે છે કે જે ધર્મને માટે મરવા તૈયાર હોય. ઇતરો પણ કહે છે કે 'ધર્મો રક્ષતિ રક્ષિત : । રક્ષણ કરેલો ધર્મ જ આપણું રક્ષણ કરે છે.

આપણને જે ત્રણ વસ્તુઓ ઉત્તમ મળી છે. તેને લક્ષને આપણને ધર્મ મળ્યો–ધર્મ મળ્યો એટલે હવે અસદ્દ્રવ્ય મેળવવાનું

આપણને જરા સરખું પણ મન ન હોય અને એથી આત્મા સમાધિમાં મગ્ન થવા માંડે. તમારે જીવવા માટે અને અમારે સંયમ માટે સામગ્રી જોઇએ પણ તે સદ્ હોવી જોઇએ, અસદ્ ન જોઇએ. તે વગર સમાધિ આવે નહિ. સમાધિવાળાને જીવવામાં ય મજા હોય અને મરવાનો વખત આવે ત્યારે વધુ મજા હોય. તમને જીવવામાં મજા કે મરવામાં ? સદ્દ્રવ્ય અને સમાધિવાળાનો પરલોક સુંદર છે અને પરમપદ તેની રાહ જુએ છે.

તમે બધા જૈનકુળમાં જન્મ્યા છો તેનો ખૂબ આનંદ છે ? જૈનકુળમાં જન્મ્યા એટલે ઘણી બધી જોખમદારી આવી ગઇ. મંદીરો સાચવવા, તીર્થો સાચવવા, ચતુર્વિધસંઘની રક્ષા કરવી, સંઘની સેવા–ભક્તિ કરવી આ બધી જોખમદારી ઉપાડવાની આપણી ત્રેવડ કયાં છે ? આપણને આ બધું પાલવે ? આ બધાએ તો ઉપાધિ કરી એવું માનો છોને ? જૈનકુળમાં જન્મ્યાનો સાચો આનંદ તો તેને હોય કે જેને એમ થાય કે–હું જૈનકુળમાં જન્મેલો. મને તો એવા એવાની સેવા–ભક્તિ કરવાની તક મળી છે કે મારા માટે હવે સંસાર સામું જોવા જેવો નથી. તેને આ કુળ મળ્યાનો અપૂર્વ આનંદ હોય. તમે રોજ એ વિચાર કરો છો કે જૈનકુળમાં જન્મેલા એવા મેં કરવા જોગુ શું શું કર્યું ? ન કરવા જોગુ શું શું ન કર્યું ? કરવા જોગુ શું શું ન કર્યું ? અને ન કરવા જોગુ શું શું કર્યું ? મારે હવે વહેલામાં વહેલું, આ સંસારથી છૂટી જઇ સિદ્ધિ પદે જવું છે. તે માટે બાર મહિને એકવાર ઓછામાં ઓછી સિદ્ધક્ષેત્રની યાત્રા જરૂર કરવાની. આપણે ત્યાં તો દર મહિને જનારા પણ છે. ઘણા સિદ્ધગીરીમાં વાસ માંગે છે. ગૃહસ્થોને સિદ્ધાચલજી પર વારંવાર જવાનું મન થાય ત્યાં જઇને રહેવાનું મન થાય. કેમકે તેને સિદ્ધશીલાએ જઇ વાસ કરવો છે. જ્યાં ચાર પ્રકારના સંઘનો યોગ હોય ત્યાં તેના આનંદનો પાર ન હોય.

ઉમાસ્વાતિ મહારાજે ઉત્તમપુરૂષ તેનેજ કહ્યો છે કે જેને મોક્ષ જ જોઇએ છે. બીજું તો તેને કર્મ મેળવવાની ફરજ પાડે અને મેળવવું પડે. આપણને બધાને મોક્ષ જ જોઇએ છે ને ? આપણે મજેથી ઘર ચલાવ્યા કરીએ, પેઢી ચલાવ્યા કરીએ, પૈસાને જ સાચવ્યા કરીએ, સગા–સબંધીઓના સંબંધ જ જાળવ્યા કરીએ તો 'મોક્ષ જ જોઇએ છે' એમ કહેવાય ? મોક્ષ જ જોઇએ તેને તો સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા, તીર્થ અને તીર્થના આધારભૂત સાધનો જોઇએ– તેની રક્ષા કર્યા કરવાનું મન તેને થયા જ કરે. આવું મન થાય એટલે સમાધિ તેની પોતાની થઇ જાય. તેને દુનિયાની કોઇ ચીજ મળી કે ન મળી, દુનિયાએ તેને માન આપ્યું કે ન આપ્યું તેની પડી જ ન હોય. દુનિયાની રિદ્ધિ–સિદ્ધિની તેને કોઇ પરવા નથી. પાપ કરીને દુનિયાની રિદ્ધિ–સિદ્ધિ મેળવવાનું તેને મન નથી. કદાચ પાસે

હોય અને જાય તો તેનું દુઃખ નથી કેમકે તેને એક મોક્ષ સિવાય કાંઇ જોઇતું નથી. આ વિચારવાળાં જીવને પાંચે પાંચ 'સ' કાર મળી ગયા કહેવાય.

સદ્દદ્રવ્ય ન હોય અને સમાધિ પ્રાપ્તિની વાત નીકળી જાય તો પુણ્યથી મળેલા બાકીના ત્રણ 'સ' કાર ન મળ્યા બરાબર છે. તમે બધા મહાભાગ્યશાળી છો, ભારે પુણ્ય કરીને આવ્યા છો. સુકુળ તમને મળી ગયું છે. ચારે ય પ્રકારના સંઘના દર્શનનો સુયોગ સદા માટે થાય એવા સ્થાને વાસ થઇ ગયો છે. અને સિધ્ધક્ષેત્રે જવાનું મન થયા કરે છે કેમકે વહેલામાં વહેલું મોક્ષે જવું છે. હવે દુનિયાના સાધન ઉંધે માર્ગે મેળવવાનું મન થાય ? ખરાબ રીતે આવેલ ચીજ પસંદ હોય ?

આપણે બધાએ એક જ વિચાર નિરંતર કરવાનો છે અમારે સંયમ જીવન જીવવા જે સાધનોનો ઉપયોગ કરવાનો છે તે અનંતજ્ઞાનીની આજ્ઞા મુજબ જ કરવાનો છે. નહિ તો તેના વગર ચલાવી લેવાનું છે. તમારે પણ જીવવા માટે દ્રવ્ય જોઇએ તેમાં નીતિ રાખવાની છે. તે ન જળવાય તો તેના વગર ચલાવી લેવાનું છે. આ વિચાર અમારો તમારો નક્કી થઇ જાય તો આપણા બધાની સમાધિ સ્થિર થઇ જાય. અશુભના ઉદયે વિપત્તિ આવે તે વખતે આનંદ થવો જોઇએ. સંપત્તિનો ખપ નથી એમ થઇ જવું જોઇએ. આ સમાધિનો સહેલામાં સહેલો ઉપાય છે. તમારે બધાને મરતી વખતે સમાધિ જોઇએ છે તો જીવતાં શું જોઇએ છે ? મરતી વખતે સમાધિમરણ માંગે તે સમાધિપૂર્વક જીવતો હોય એ માંગે કે બીજો માંગે ? સમાધિના જેને જ્ઞાન આવે તેની સમાધિની માંગણી સાચી કે ખોટી ? જે ચીજને જાણતા ન હોઇએ તે ચીજની ઇચ્છા થાય ? સમાધિમરણ કોણ માંગે ? સમાધિ જીવતો હોય તો અસમાધિવાળાને સમાધિની શી જરૂર ? મરણ એ ભયંકર દુઃખ છે. મરણની પીડા જ્ઞાનીઓએ અનંતગુણી કહી છે. સમાધિમાં જીવનારને તેનું બધું ચાલ્યું જાય તો કાંઇ ચિંતા નથી પણ તેને એક જ ચિંતા છે. કે મરતી વખતે ભલે જંગલમાં એકલો મરી જાઉં–મારી પાસે કોઇ નહોય તો પણ મારી સમાધિ ન ચાલી જાય–આવી સામગ્રી પામેલા જીવે તો જીવનમાં સમાધિ જીવવાની કળા શીખવી જોઇએ. તે કળા ધર્મ જ શીખવે.

જેને ધર્મ જીવવાનું મન ન હોય, ધર્મ સાચવવાનું મન ન હોય, ધર્મનું ગમે તે થાય પણ આપણે આપણી રીતે જ જીવવું જોઇએ એવું જે માનતો હોય તેને સમાધિ કયાંથી આવે ? મોટરમાં ફરતાં હોય, મોટા બંગલામાં મજેથી રહેતાં હોય, પ્લેનમાં ઉડતાં હોય તે બધા સમાધિવાળાં હોય તેમ નથી. સમાધિવાળાં તો તે છે કે જેને રાગના પ્રસંગો કે દ્વેષના પ્રસંગો જરાય અસર ન કરે. લાખો કે કરોડો પાસે હોય તેનો જરાય આનંદ ન હોય અને ગરીબાઇમાં હોય તો તે જરાય દીન ન હોય. એ બધા સમાધિવાળા છે. તમે તો જેને દુન્યવી બધી સામગ્રી મળી તે સમાધિવાળા છે અને

શાસન સમાચાર

બેંગ્લોર– અકકી પેઠમાં પૂ. આ. શ્રી વિજય સ્થૂલભદ્ર સૂ. મ. તથા પૂ.પં.શ્રી પદ્મ વિ. મ. આદિની નિશ્રામાં શ્રી વાસુપૂજ્યસ્વામી જિનમંદિરે પર્યુષણાદિ આરાધનાના અનુમોદનાર્થે ભા.સુ ૬થી૧૧ સિધ્ધચક્રપૂજન આદિ મહોત્સવ ઉજવાયેા હતેા.

સાયન (મુંબઇ) અત્રે પૂ. મુ. શ્રી નંદીશ્વર વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી કંદર્પ રત્ન વિ. મ.ની નિશ્રામાં ચાતુર્માસ તથા પર્વાધિરાજની આરાધનાની અનુમોદનાર્થે ભા.સુ. ૭થી સુ. ૧૪ સુધી શાંતિસ્નાત્રાદિ અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયેા હતેા.

અચ્છારી – પૂ. પં. શ્રી હેમભૂષણ વિજયજી ગણિવરની નિશ્રામાં શાહ રમણિકલાલ ખૂમચંદ તથા સ્વ. શાહ હીરાચંદ ખૂમચંદ પરિવાર તરફથી આસો વદ પથી વદ ૯ સુધી પૂ. વડિલેાના આત્મ શ્રેયાર્થે તથા સુકૃત અનુમોદનાર્થે વીશ સ્થાનક પૂજન, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સિદ્ધચક્ર પૂજન તથા શાંતિસ્નાત્રાદિ પંચાહ્નિકા મહેાત્સવ ભવ્ય રીતે ઉજવાયેા.

કલ્યાણ (મહારાષ્ટ્ર) અત્રે પૂ. દીર્ઘ સંયમી મુનિરાજ શ્રી પુણ્યેાદય વિજયજી મ.ની નિશ્રામાં ચાતુર્માસ પર્યુષણા આરાધનાની અનુમોદનાર્થે આસો સુદ ૯ થી સુદ ૧૫ સુધી સિધ્ધચક્ર મહાપૂજન આદિ ઉત્સવ ઠાઠથી ઉજવાયેા. ધર્મચક્ર સિધ્ધિતપ માસખમણ આદિ તપસ્યા સારી થઇ.

દાવણગિરિ (કર્ણાટક)– પૂ. આ. શ્રી વિજય અશેાકરત્ન સૂ. મ. તથા પૂ.આ. શ્રી

જેને એ બધી સામગ્રી નથી મળી તે અસમાધિવાળા છે એવું માનેા છેા.

ત્રણ 'સ' કાર મળી ગયા છે. તે ભાગ્યનેા યેાગ છે પણ એ ભાગ્યનેા યેાગ જેને સફળ કરવાની ઇચ્છા ન હેાય તેને એ ત્રણ નુકશાન કરી જાય. ઘણાને જૈનકુળના આચાર નથી ગમતાં. તેથી સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ તેને મન કાંઇ નથી. આજે સિધ્ધક્ષેત્રે જઇ ત્યાંનું વાતાવરણ બગાડનારા ઘણા છે. તરવાને સ્થાને જઇ પાપ બાંધીને ડૂબવાના ધંધા કરનારા ઘણા છે. આપણે તેનાથી સાવચેત રહેવાનું છે.

તમે આ બધી વાતેા સમજી હૈયામાં બરાબર ઉતારી તેનેા સદુઉપયેાગ કરવા માંડેા. શકિત મુજબનેા અમલ શરૂ કરેા દેા તેા મને લાગે છે કે આ લેાકમાં કેાઇ તકલીફ નથી, પરલેાક તેા આના કરતાં પણ સુંદર છે અને પરમપદ તેા જરૂર આપણી રાહ જુએ છે તેમ કહી શકાય. આપણે બધા સૌ આવી દશાને પામીએ એ જ અભિલાષા. (તા. ૨૮–૧૧–૭૪)

વિજય અભય રત્નસૂ. મ.ની નિશ્રામાં પૂ આ. શ્રી વિજય ભુવન તિલક સૂરીશ્વરજી મ.ની પાદુકાના અભિષેક તથા પૂ. અશોકરત્ન સૂ. મ.ની ૯૧મી ઓળી નિમિત્તે ચિંતામણિ પાર્શ્વનાથ પૂજન તથા સાધર્મિક ભક્તિ યોજાયા હતા.

લાલબાગ-ભુલેશ્વર મુંબઈ- પૂ. ગણિવર શ્રી નરવાહન વિ. મ.ની નિશ્રામાં વિવિધ આરાધનાના ઉદ્યાપન તથા પૂ આ. શ્રી વિજય જયંત શેખર સૂ. મ. પૂ. પં. શ્રી ચંદ્રકીર્તિ વિ. મ. તથા પૂ. પં શ્રી ભદ્રશીલ વિ. મ. તથા પૂ શ્રી પુણ્યસેન વિ. મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે આ. સુ. થી વદ ૧ સુધી શાંતિસ્નાત્ર આદિ આઠાઇ મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

સતારા – અત્રે શ્રી કુંથુનાથ સ્વામી આદિ જિનબિંબોના નગર પ્રવેશ તથા બિંબો ભરાવવાના ચડાવા આદિ નિમિત્તો આસો સુ. ૧૨ થી વદ ૧ પંચાહ્નિકા મહોત્સવ યોજાયો આ. સુ. ૧૪ ના ચડાવા બોલાયા હતા.

ઉવસગ્ગહર તીર્થ – પારસનગર નગપુરા દુર્ગ(મ.પ્ર.) અત્રે પૂ. ઉ. શ્રી મહોદય સાગરજી મ. આદિની નિશ્રામાં માગસર સુદ ૧૧ થી ઉપધાન અને આરાધના થશે.

વિજયવાડા (એ.પી.) – અત્રે પૂ. મુ. શ્રી કીર્તિરત્ન વિજયજી મ. આદિ ની નિશ્રામાં પૂ. આ. શ્રી વિજયભુવન ભાનુ સૂ. મ. ના સંયમ જીવનની અનુમોદનાર્થે તથા વિવિધ તપના ઉદ્યાપનાર્થે શાંતિસ્નાત્ર સહિત પંચાહ્નિકા મહોત્સવ આ. વદ ૧૩ થી સુદ ૨ સુધી ઉજવાયો.

અમદાવાદ શાંતિનગર પૂ. આ. શ્રી વિજયરામ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં વિવિધ તપસ્યાના અનુમોદનાર્થે દ્વિ. ભા. સુદ ૧૧ થી વદ ૩ સુધી અષ્ટોત્તરી સ્નાત્ર, ઋષિ મંડળ પૂજન આદિ અઠ્ઠાઇ મહોત્સવ સુંદર રીતે ઉજવાયો.

દાવણગિરિ – અત્રે પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય અભયરત્નસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પર્યુષણની ભવ્ય આરાધના થઇ. પારણા વરઘોડા ઉપજ સારી થઇ.

માલેગામ- અત્રે પૂ. મુ. શ્રી ભુવનરત્ન વિ. મ.ની નિશ્રામાં સુંદર આરાધના થઇ પૂ. ગચ્છાધિપતિ શ્રીજીની તિથિ નિમિત્તે ગુણાનુવાદ વરઘોડો સાધર્મિક ભક્તિ તથા ૩૬ હજાર રૂા. ની સુખડી અને હજારો કપડા બિહારમાં મોકલેલ.

પૂ. સા.શ્રી મોક્ષજ્ઞાશ્રીજી મ.ની ૪૯-૫૦ ઓળી નિમિત્તે ૧૦ પુન્યાત્માઓ તરફથી ૫૨ રૂા. નું સંઘપૂજન થયું પજુસણમાં પહેલા છેલ્લા દિવસે ૧૮૫ થી ૨૧૧ પોષધ થયા ૬૪ પહોરી ૬૪ થયા એક માસખમણ શ્રેણિતપ સિદ્ધિતપ વિ. થયેલા.

o

વીતરાગ દેવને સમર્પણ બનો

હે વીતરાગ દેવ, તારું શાસન જયવંતુ વર્તે છે. તેનું કારણ શું? ઘણા ભક્તો વડે તારી સેવા થાય છે માટે તારું શાસન જયવંતુ છે, ના રે ના, કહેવાતા અજ્ઞાની ભક્તોની બેલછાથી કાંઇ મારું શાસન જયવંતુ થતું નથી, પરંતુ મારું શાસન તો મારી આજ્ઞાને જાણનારા અને તે જ રીતે પાલન કરનારા ભક્તોથી જ જયવંતુ થાય છે. અજ્ઞાનીઓને આજ્ઞા ઉપર બહુમાન નથી હોતું, આજ્ઞા કરનાર પર બહુમાન નથી હોતું અને કદાચ ભક્તિ બહુમાન કરતા હોય તો પણ પોતાના સ્વાર્થ માટે જ કરતા હોય. ત્યારે આજ્ઞાને માનનારાઓને તો આજ્ઞા ઉપર અને આજ્ઞા કરનાર ઉપર અનહદ બહુમાન-પ્રેમ હોય જ, અને તેઓની ભક્તિ-બહુમાન પણ કપટ રહિત હોય.

આજે થોડીક ધર્મક્રિયાના ફલ રૂપે વિષ્યાદિકની વાસનાથી પૌદ્ગલિક પદાર્થની માગણી કરવા માટે કહેવાતા અજ્ઞાનીઓ ઉત્સુક બને છે. આ ઉત્સુકતાના કારણે તેઓ ભગવાનની આજ્ઞાને પણ નેવે મુકે છે. તારા શાસનમાં નિયાણાનો નિષેધ હોવા છતાં પણ કહેવાતા અજ્ઞાનીઓ જો નિયાણું કરતાં હોય અથવા કોઇક તેઓને મીઠો ઉપદેશ આપીને આવું નિયાણું કરાવતા હોય તો ચોકકસ કહેવું પડે કે-

તેઓને ભગવાનની આજ્ઞા ઉપર બહુમાન નથી અને આજ્ઞા કરનાર શ્રી તીર્થંકરો ઉપર પણ બહુમાન નથી.

હે દેવ, તું તુષ્ઠમાન થઇને આ આપ ને તે આપ' એ બધુ આ શાસનમાં નથી આ શાસનમાં તો સ્પષ્ટ કરી દીધું છે કે આવું (દુનિયાની સાહ્યબી ભર્યું) નિયાણું કરશો નહિ અને જો નિયાણું કરવું હોય તો આવું જ નિયાણું કરજો.

वारिज्जइ जइवि नियाणु बंधणं-
वीअराय तुह समए।
तहवि मम हुज सेवा, भवे, भवे,
तुम्ह चलणाणं. ॥

અર્થ :- હે વીતરાગ! તમારા આગમોમાં જો કે નિયાણું કરવાની ના પાડી છે. છતાં પણ હું અભિલાષા કરું છું કે "દરેક ભવમાં તમારાં ચરણોની સેવા કરવાનો યોગ મને પ્રાપ્ત થજો."

આ નિયાણાનો શ્રી તીર્થંકર દેવોએ નિર્ષેધ નથી કર્યો. આ માગણી કોઇ નિયાણા રૂપે જ નથી. આ માંગણીમાં કાંઇ પૌદ્ગલિક અભિલાષા પણ નથી. આ માંગણીમાં બધુ જ આવી જાય છે. શ્રી જિનેશ્વરદેવની સેવા માંગી એટલે આર્યકુળ, આર્યજાતિ, આર્યદેશ અને એમાં શ્રાવક કુળ પણ આવી જાય ને!

જો નિયાણું કરવું હોય તો આવું કરો, નહીતર કરશો નહિ. અન્ય માગણીઓ

કરીને શા માટે મુખ્ય બનો છો ? શ્રી જિનેશ્વરદેવની ચરણસેવા માંગી એટલે પરોક્ષિત બધું જ આવી ગયું.

પરંતુ સેવા એટલે શું તે પણ આપણે જાણી લેવું જોઇએ ને ?

સેવા એટલે માત્ર તિલક કરવાની નહિ પરંતુ આજ્ઞા પણ લેગી આવી જાય છે.

' સેવા કરનારો કહેવાતો ભકત વત્સલ ભગવાન તિલક મોટા કરે. વળી લાલઘૂમ કેસરથી કરે. અને શ્રી જિનેપ્રવરદેવોની પૂજા પણ આડંબર પૂર્વક કરે. લોકો તેમને ભગત-પૂજારી કહીને પૂકારે. કહેવાતા અજ્ઞાનીઓના કુલગુરુઓ પણ તેમની સેવા ભકિત-બહુમાન જોઇને આનંદ પામે. કોઇવાર સુંદર મઝાના વણો પણ તેમના મુખમાંથી સરી પડતા પણ હોય અરે ! કોઇવાર તેમની ભક્તિમાં પણ તેમના કુલગુરુઓ એવા તરબોળ થઇ જાય કે ભગવાનની આજ્ઞા શું છે તે પણ પ્રાયઃ ભૂલી જતા હોય. અરેખર ! કહેવાના અજ્ઞાનીઓ શું શ્રી તીર્થંકર દેવોના સાચા પૂજારી છે કે વસ્તુતઃ ઢોંગી છે.

ભકત વત્સલ કહેવડાવતા આવા અજ્ઞાનીઓને જરા પૂછવું જોઇએ કે તમને ભગવાનના વચન પર, કથન પર, હુકમ પર પ્યાર છે ? આવાઓને ભગવાનની આજ્ઞા પર પ્રેમ હોતો નથી. તે તો સેવાના નામે દુનિયા આખીને ઠગવા માંગે છે તેઓની મતિ કલ્પનાને ડગલે ને પગલે સ્થાન મળે છે. "હું અને મારાં" પણાના ચકડોળમાંથી તેઓ બહાર નીકળી શકતા નથી અરે ! પ્રભુ ચરણે જીવન પણ સમર્પિત કરી શકતા નથી ત્યારે,

ચરણસેવામાં આજ્ઞાની સેવા બેઠેલી છે તેવું સમજનારાઓના રોમેરોમમાં આજ્ઞાજ ઠસેલી છે. તેઓ તો નિશ્ચયથી માને જ છે કે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા તો કેવળ કલ્યાણને જ કરનારી છે. આ નિશ્ચયથી એમની મતિ કલ્પનાઓ પણ આપોઆપ ખરી પડે છે. તેમને મન આજ્ઞા જ પહેલી છે, પ્રધાન છે. શ્રી જિનેપ્રવરદેવની સેવા કરનારા એમની આજ્ઞા પાલન કરવા માટે પ્રાણ પાથરવા પણ તૈયાર હોય છે. જો કદાચ આજ્ઞા પાલન ન થાય તો તેઓની આંખમાંથી લોહીનાં આંસુઓ પણ સરી પડે છે.અર્થાત્ આજ્ઞા એ જ તેઓના જીવનનું સર્વસ્વ છે. આજ્ઞા વિરુદ્ધ કાંઇ થઇ જતું નથી ને તેની સતત તેઓ કાળજી રાખે છે. કદાચ વિરુદ્ધ જતું દેખાય તો તરત જ પસ્તાપ કરે અને ભૂલની માફી પણ માંગી લે. શ્રી જૈનશાસનની આજ્ઞા પાલન માટે આખું ય જીવન સમર્પિત કરી દેનારા કોઇ દિ' "હું અને મારાપણા" ને બાદ કરતા નથી. હું કાંઇક છું, અને મારાથી જે કાંઇ થાય છે તે બધામાં દેવ-ગુરુની પસાય જ છે. મને તો કાંઇ આવડતું નથી, મારાથી કાંઇ થઇ શકતું નથી હું તો ફકત તેમના ચરણોની સેવામાં જે આજ્ઞાની સેવા બેઠેલી છે. તેનું ચુસ્તપણે પાલન કરું છું.

સ્વીકાર અને સમા લોચના

ભાવના ભવનાશિની – વિવેચક– પૂ.પં. શ્રી કાંતિવિજયજી ગણિવર સં. પૂ. ઉ. શ્રી નરચંદ્ર વિજયજી ગણિવર પ્રકાશક છબીલદાસ સાકરચંદ શાહ પરિવાર મનોજ કુમાર છબીલદાસ શાહ ૫૮ મહેતા બિલ્ડીંગ લખમશી નપુ રોડ મુંબઈ–૧૬ માટુંગા (સી. આર.) ક્રા. ૧૬ પેજી ૧૬૬ પેજ મૂલ્ય રૂા. ૧૮, મૈત્રી પ્રમોદ કરૂણા મધ્યસ્થ. ભાવનાનું વિશદ વિવેચન છે. જે મનનીય અને ભાવનાના વિશદ અનુભવ માટે ઉપયોગી છે.

સમકિત્વમૂલબારવ્રત (આર્થરે વિકા સંવર પોષિકા ઉપધાન પોષધ માર્ગદર્શિકા) સંકલનકાર પૂ આ. શ્રી વિજય જિન પ્રભ સૂરીશ્વરજી મ. સંપાદિકા પૂ. સા. શ્રી હર્ષ પ્રભા શ્રીજી મ. પ્રકાશક જયંતિલાલ વીરચંદ શાહ ૪૦૩ એ. ચંદનબાળા એપાર્ટમેન્ટ રતિલાલ ઠક્કર માર્ગ વાલકેશ્વર મુંબઈ–૬ ક્રા. ૧૬ પેજી ૧૮૦, પેજ આ પુસ્તકમાં સમ્યકૃત્વ મૂળ બાર વ્રત તેમજ અથરોધ તથા સંવર પોષ તથા ઉપધાન તથા પૌષધની ખૂબ સુંદર છણાવટ કરી છે. ક્રિયાશીલ આત્માઓને માટે ખૂબ ઉપયોગી છે અને બીજાને પણ પૂર્ણ પ્રેરણા આપે તેમ છે.

આત્મવિમર્ષ – સં. પૂ. મુ. શ્રી કુલશીલ વિજયજી મ. શ્રી દશા પોરવાડ સોસાયટી જૈન સંઘ પાલડી અમદાવાદ–૭ કુલ રકેપ ૧૬ પેજી ૧૬૩ પેજ સ્વાધ્યાય માટે ઉપયોગી અધ્યાત્મસાર અને ઉપદેશમાલા મૂલ આપ્યા છે.

હેમ મંત્ર સરિતા – સં પૂ. સા. શ્રી રવિચંદ્રા શ્રીજી મ. પ્રકાશક એક ભાવિક નાઇરોબી પ્રાપ્તિ સ્થાન ઉષા સેલ્સ એજન્સી સોમચંદ રાવજી ગુઠકા ૧૪ એ રોડ બાર વેસ્ટ મુંબઈ–૫૨ નવ–સ્મરણ મંત્રી વિરાજ ઋષિમંડળ વિ. સ્તોત્રો તથા શ્રી ગૌતમસ્વામીરાસ વિજયજીનો સુંદર સંગ્રહ છે.

ચરણ સેવામાં સર્વસ્વ આવી જતું હોવાથી અન્ય નિયાણું શા માટે કરવું? અન્ય નિયાણું કરીને દુર્ગતિ નિશ્ચિત કરવી તેના કરતાં શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને લક્ષમાં રાખીને જે નિયાણાનો નિષેધ કર્યો છે તે નિયાણું ન કરવું વધારે સારું છે. અન્ય નિયાણાની જે કોઇ વાત કરતા હોય તો તેઓને હાથ જોડીને વિનંતિ કરજો કે હે ઉપકારી, આપશ્રીએ જે છોડયું તે મેળવવાની ભાવના શા માટે અમને! અરેરે, અમને સર્વસ્વ છોડીને આપના જેવા બનવાની પ્રેરણા કરો. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા અમને જચી જાય અને ચરણસેવામાં રહેલી આજ્ઞાની સેવાને અમે અખિશુધ્ધ પાળવા તૈયાર થઇ જઇએ તેવા આશીર્વાદ આપો.

–વિરાગ

પૂજયશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

- પાપનો ભય પેદા થાય તે ધર્મી ! પાપનો ભય નહિ તે ધર્મ કરે તો પણ ધર્મી નહિ.
- મોક્ષ પામવો સહેલો છે. હૈયું પલટાય એટલે જીવ મોક્ષે ચાલ્યો.
- આ સંસાર મિયાભાઇ જેવો છે, મારે પણ રોવા ન દે.
- દુઃખને મજેથી ભોગવવું તે દુઃખ મુકિતનો સાચો ઉપાય છે.
- જેનું મન રાગાદિને આધીન હોય તે માનસિક દુઃખી જ હોય.
- દુઃખની સામગ્રી વિના પણ ખરાબ મનવાળા હંમેશા દુઃખી જ હોય,
- મનના દુઃખીને સુખની સામગ્રી સુખી ન કરી શકે મુંઢર મનવાળાને દુઃખની સામગ્રી ય દુઃખી ન કરી શકે,
- ભગવાનની પૂંઠે પડવું એટલે દુઃખને મજેથી વેઠવાનું અને સુખ માત્રને લાત મારવાની, કદાચ સુખ સાથે રહેવું પડે તો સાચવી–સાંભળીને રહેવાનું,
- સુખી, સુખનો ત્યાગ કરે તે ધર્મ, દુઃખી દુઃખને મજેથી વેઠે તે ધર્મ.
- સારી રીતે મરવાની તૈયારી કરવી તેનું નામ જીવન છે.
- જે સાધુ થઈને નિર્લેપપણે જીવે તે થોડા કાળમાં મોક્ષે પહોંચી જાય.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

૨– દ્વિપૃષ્ઠ વાસુદેવે મસ્તક સુધી ઉપાડી હતી.
૩– સ્વયંભૂ વાસુદેવે ડોક સુધી ઊંચી કરી હતી.
૪– પુરુષોત્તમ વાસુદેવે, છાતી સુધી ઊંચી કરી હતી.
૫– પુરુષસિંહ વાસુદેવે, પેટ સુધી ઊંચી કરી હતી.
૬– પુરુષવર વાસુદેવે, કમ્મર સુધી ઊંચી કરી હતી.
૭– દત્ત વાસુદેવે, સાથળ સુધી ઊંચી કરી હતી.
૮– લક્ષ્મણ વાસુદેવે, ઢીંચણ સુધી ઊંચી કરી હતી.
૯– કૃષ્ણ વાસુદેવે ઢીંચણથી ચાર આંગળ નીચે સુધી ઊંચી કરી હતી.

આ કોટિ શિલા જંબૂદ્વીપમાં ૩૪, ધાતકીમાં ૬૮, પુષ્કરાર્ધમાં ૬૮ મલી અઢી દ્વીપમાં કુલ ૧૭૦ છે.

(વિવિધ વિષય વિચાર માંથી)

- તમે પુણ્યથી શ્રીમંત થાવ તો વાંધો નથી. તમારી શ્રીમંતાઈથી અમે બળતા નથી. પણ તમે અનીતિથી શ્રીમંત થાવ છો તે અમને ખરાબ લાગે છે. અને તમે ભયંકર દુર્ગતિમાં જશો તે જોઇ તમને જો અમે ચેતવીએ પણ નહિ તો અમે ભગવાનના સાચા સાધુ કહેવરાવવા પણ લાયક નથી.
- સાધુને આહાર હોય પણ આહાર સંજ્ઞા ન હોય.
- ખાવું પડે તો ખાય તે અધર્મ નથી પણ ખાવામાં સ્વાદ કરવો તે અધર્મ છે.
- આ સંસાર આત્માને ફસાવનારું કારખાનું છે.
- પાંચમો આરો એટલે ધર્મનો દુષ્કાળ. ધર્મ દેખાતો હોય તોય નામનો. તેમાં અધર્મ ઘણો !
- મંદિરમાં–ઉપાશ્રયમાં ઘરનો–સંસારનો વિચાર સરખોય ન કરાય.
- સંસાર સાગર તરવો તેના માટે મંદિર–ઉપાશ્રય છે, સંસાર જેને મીઠો લાગે તેના માટે નથી.
- આ સંસારમાં પુણ્યયોગે જેને વધારે સુખ મળ્યું હોય તે સારા સંસ્કાર લઇને જો ન આવ્યા હોય તો મહા પાપી જ બને. મહાપાપના ધંધા આજે મોટા–વધારે પૈસાવાળા જ કરે છે, તેમાં ગૌરવ લે છે અને ઉદ્યોગપતિનું બિરુદ ધરાવે છે.
- સુખની સામગ્રી આત્માના મનુષ્યપણાને નકામુ બનાવી દેવી જગ્યાએ ધકેલી આવે છે કે આ મનુષ્યપણું ઘણાં કાળ સુધી દુર્લભ જ થાય.
- આજે પાપની સજાથી બચવાની મહેનત કરે પણ પાપથી બચવાની મહેનત કોણ કરે છે ?
- ગરીબી એ કાંઇ ગુનો નથી પણ લુચ્ચાઈ એ ગુનો છે !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) ૦. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક–સુરેશ શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સોરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

4232

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

– બધું જ અસ્થિર છે

यौवनं नगनदास्पदोपमं,
शारदाम्बुदविलासि जीवितम् ।
स्वप्नलब्धधनविभ्रमं धनं,
स्थावरं किमपि नास्ति तत्त्वतः ।

યૌવન–પર્વત ઉપરથી વહેતી નદીના સ્થાનની ઉપમાવાળું અર્થાત્ ચંચળ છે, જીવિત શરદ ઋતુના મેઘના સમાન છે, ધન સ્વપ્નમાં પ્રાપ્ત ધનના વિભ્રમ સમાન છે તેથી તત્વથી આ (જગતમાં) કાંઈજ સ્થિર નથી.

વર્ષ ૬

અંક ૧૮

લવાજમ વાર્ષિક
દેશનાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

એક ચિંતણી

नास्ति विद्यासमं चक्षु र्नास्ति सत्यसमं तपः ।
नास्ति रागसमं दुःखं, नास्ति त्यागसमं सुखम् ॥

આ મનુષ્ય જીવનની સફળતા માટે એકાંતે હિતવત્સલ મહાપુરુષોએ સ્વાનુભવોના-નિચોડ રૂપ એવા એવા મૌલિક મુક્તકો આપણને આપ્યા છે કે, માનવ જો તેના ઉપર સામાન્ય પણ વિચાર કરે તો તેને આપ્તપુરુષો ઉપર હૈયાથી બહુમાન થયા વિના રહે નહિ, આપોઆપ મસ્તક ઝુકી પડે અને દિલ આફ્રીન પોકારી ઊઠે કે- અહો! મારા માટે જ આની રચના ન કરી હોય, તેવા જ એક મનોહર, દિલ દ્રાવક આ મૌક્તિકમાં કહેવાયું છે કે-"વિદ્યા સમાન કોઈ જ ચક્ષુ નથી, સત્ય સમાન તપ નથી, રાગ સમાન દુઃખ નથી અને ત્યાગ સમાન સુખ નથી."

શાંતચિત્તે વિચારનાર આદમીને આની સત્યતા પૂરવાર કરવા કોઈ જ પ્રયોગ કરવાની જરૂર પડતી નથી, સ્વાનુભવ જ કહે છે કે, આ વાત સત્ય જ છે, જીવન ઉન્નતિનું પગથિયું છે.

દુનિયાના પણ ડાહ્યા માણસો કહે છે કે, ચામડાની ચક્ષુની બહુ કિંમત નથી ખરેખર કિંમત તો હૈયાના વિવેક રૂપી ચક્ષુ ઉઘડયા તેની છે. વિવેકને પેદા કરનાર જ્ઞાન છે. જેને સમ્યક્જ્ઞાન પેદા થઈ જાય છે તેના સમાન જગતનો સાચો સમ્રાટ કોઈ જ નહિ બાહ્ય અમીરાત વિના પણ હૈયાની અમીરાતના સુખનો તેને જે અનુભવ થાય છે તેનું વર્ણન કરી શકાય તેમ નથી, ગમે તેવા હર્ષના કે વિષાદના પ્રસંગોમાં તે પોતાનામાં જ મસ્ત હોય છે, મોટામાં મોટો શહેનશા પણ તેને રંક લાગે છે. માટે સમ્યક્જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો તે જ હિતાવહ છે.

તે જ રીતના સત્ય સમાન તપ નથી. તપ આત્માની વિશુદ્ધિ કરનાર છે. પરન્તુ જો સત્યનું જ બલિદાન કરવામાં આવે તો તે તપની કૂડી કોડિની કિંમત નથી. સમ્યક્ તપનું બીજ જ 'સત્ય' છે. સત્યસિદ્ધાંતોની, વફાદારી તનું તેજ છે. સત્યના જ મૂળિયા ઉખેડવામાં રચ્યા-પચ્યા રહેનારા આત્માઓને સમ્યક્ તપની અનુભૂતિ થઈ શકતી નથી.

રાગ સમાન કોઈ જ દુઃખ નથી તેનો તો બધાને સારામાં સારો અનુભવ છે. પોતાને જે વસ્તુ કે વ્યક્તિ પર રાગ થઈ ગયો તો તેની પ્રાપ્તિ માટે, પ્રાપ્ત થયા પછી ચાલ્યું ન જાય માટે, તેનો સદાય સંયોગ બન્યો રહે અને વિયોગ ન થાય માટે-

(અનુ ટાઈટલ ૩ ઉપર)

આગમદિવાકર પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મેઘજી ગુંદા (અંજાર)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
ધનજીભાઈ પદમશી ગુંદા (થાણા-ગઢ)

વર્ષ ૬] ૨૦૫૦ માગસર સુદ-૧ મંગળવાર તા. ૧૪-૧૨-૯૩ [અંક ૧૮

-: મોક્ષના ઉપાયભૂત ધર્મ :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા

પ્રવચન-બીજું (ગતાંકથી ચાલુ)

પ્ર૦ ધર્મ થોડોય પકડી રાખ્યો છે તો ઉદ્ધાર થશે ને ?

ઉ૦ ધર્મ પકડી રાખ્યો કોને કહેવાય ? જે માને કે, આ જન્મમાં સાધુ જ થવા જેવું છે પણ શક્તિ નથી માટે થઇ શકતો નથી તેને.

જેટલા શ્રાવક હોય તે બધા સાધુ જ થાય તેમ નહિ પણ જે શ્રાવક હોય તેને સાધુ થવાનો વિચાર સરખો ય ન હોય તે ત્રણ કાળમાં બને નહિ. તેનું નામ જ ભગવાનનો ધર્મ પામેલો. તમે બધા દીક્ષાના મોટા મોટા વરઘોડા કાઢો, મહોત્સવો કરો પણ તમારે દીક્ષા જોઇએ નહિ તો તે નાટક કરો છો ને ? સંસારના સુખમાં જ મજા આવે તે મિથ્યાદૃષ્ટિ જ હોય કે સમ્યગ્દૃષ્ટિ હોય ? આ સંસારના સુખમાં મજા તો કરવા જેવી જ નથી તેમ લાગે છે ? જેમાં મજા ન આવે તે છોડવાનું મન થાય છે કે નહિ ? જે હકીકત છે તે કહું છું. તમે પણ એમ માનતા હો કે, સાધુ થવું હોય તે થાય, ન થવું હોય તે ન થાય તો તમારામાં પણ સમકિત નથી. 'બધાએ સાધુ જ થવું જોઇએ' તેમ પણ ન બોલાય. બોલે તો મહાપાપ લાગે. સાધુ થવાની ઇચ્છા ન હોય તેને તો શ્રાવકપણું પણ ન અપાય.

ધર્મ શું છે ? સાધુપણું તે જ ધર્મ છે. તે ધર્મ હાથમાં આવે તો હિંસા, ચોરી, જૂઠ, મૈથુન સેવન અને પરિગ્રહ એ પાંચે ય મહાપાપો છૂટી જાય છે. જ્યાં એકપણ

પાપ ન કરવું પડે તેવું જે જીવન તેનું નામ જ સાધુપણું છે. આ રીતે સમજાવ્યા પછી જે કહે કે– "આપની વાત સાચી છે પણ મારી લેવાની શક્તિ નથી. આવી શક્તિ આવે તેવો મારા જોગો ધર્મ આપો" તેને શ્રાવક ધર્મ આપીએ. જે કહે કે મારે સાધુધર્મ જોઇતો ય નથી અને તેની ભાવના પણ નથી તો તેને ય શ્રાવક ધર્મ આપીએ તો શાસ્ત્રે અમને ય ગુનેગાર કહ્યા છે. સાધુના પરિચયમાં હોય તે ય 'સાધુ જ થવા જેવું છે' તેમ ન માને તે શ્રાવક, શ્રાવક નથી, સાધુને ય માનતો નથી, ભગવાનને ય માનતો નથી અને ધર્મ પણ સાચી રીતે કરતો નથી.

શ્રી અરિહંત પરમાત્મા કેવા સુખી હતા ! છતાં પણ કોઇ પણ શ્રી અરિહંત પરમાત્મા સાધુ થયા વિના મોક્ષે ગયા છે ? આપણા માટે મોક્ષ માર્ગ સ્થાપીને અને બતાવીને ગયા છે ને ? શ્રી અરિહંત દેવોએ જે છોડ્યું તે બધું છોડવા જેવું જ છે ને ? 'સંસારનું સુખ, સંસારની સુખ-સાહ્યબી, રાજ-રિદ્ધિ આદિ બધું જ છોડવા જેવું છે' આમ જે માને નહિ તેનામાં સમકિત હોય પણ ખરું ? સમકિત વગરનો કોઈ શ્રાવક હોય ? તમારામાં સમકિત છે ? ઘર કેવું લાગે છે ? છોડવા જેવું લાગે છે કે રહેવા જેવું લાગે છે ? વેપારાદિ કરો છો તે ન છૂટકે કરો છો કે મજાથી કરો છો ? સંસાર પણ કરવો પડે તો તે દુઃખથી કરે કે મજાથી કરે ? મજા આવે ને ચલાવે તો તે મિથ્યાદૃષ્ટિ જ હોય, તેને સમકિત ન હોય નહિ.

પ્ર૦ સંસારમાં બેઠા છીએ તો મોં હસતું રાખવું પડે ને ?

ઉ૦ ગરીબ માણસ કહે કે– 'મારી પાસે પૈસો નથી ' તેમ મોં રોજ બગાડે કે કોકવાર બગાડે ? ઓછી આવક વાળા વેપારી પણ મોં રોજ બગાડે છે. તમે નથી બોલતા તે નવાઈ છે. તમે કહો કે– વર્ષો થયા, સાધુપણાનું મન થતું નથી. તેનું ભારે દુઃખ થાય છે.

સંસાર છોડવાનું મન ન હોય તે શ્રાવક બની શકે નહિ. સાધુપણાની શક્તિ આવે માટે શ્રાવકપણું છે. ભગવાને પહેલો સાધુધર્મ જ કહ્યો છે. તેની શક્તિ આવે માટે શ્રાવકધર્મ કહ્યો છે. તે ય ન બને તેના માટે સમકિત રૂપ ધર્મ કહ્યો છે. અને સમકિત પણ ભારે પડે તેના માટે માર્ગાનુસારિપણું કહ્યું છે. માર્ગાનુસારી જીવ મરી જાય પણ અનીતિ ન કરે. ભગવાનની પૂજા કરનારને ભગવાન થવાનું મન ન હોય, સાધુની સેવા કરનારને સાધુ થવાનું મન ન હોય, ધર્મ કરનારને ઊંચામાં ઊંચો ધર્મ પામવાનું મન ન હોય તો તે ભગવાનની પૂજા કેમ કરે છે? સાધુની સેવા કેમ કરે છે ? અને ધર્મ કેમ કરે છે ? તેમાં શંકા છે.

જે એમ કહે કે–અમારામાં લાંબી સમજ નથી. તો તેવું કેમ બન્યું ? સાધુઓએ જ ન આપી હોય તો બને ને ? સાધુ રોજ આ જ સમજ આપે કે–સાધુ જ થવા જેવું છે, જેને ઘર–બારદિ છોડવાનું મન પણ થાય નહિ તે મરતા સુધી ગમે તેટલો ધર્મ કરે તો પણ તેને સમકિત થાય નહિ.

પ્ર૦ શ્રેણીક રાજા રોજ સામાયિકાદિ ધર્મક્રિયા કરતાં હતા ?

ઉ૦ તે ન હતા કરતા તેમ કહી શકીએ નહિ. ભગવાન કયાં વિચરે છે તે સમાચાર રોજે રોજ મેળવતા હતા, તે દિશામાં જઈ હાથ જોડતા, પ્રાર્થના કરતા હતા. તમે બધા મંદિર પાસે હોય તો ય ભાવ ખરા ? રોજ સામયિક કરો ? ભગવાનનાં દર્શન–પૂજન કરો ?

શ્રી ઇન્દ્રાદિ દેવો ભગવાન જન્મે ત્યારે આનંદ પામે છે. શ્રી સર્વાર્થસિદ્ધ વિમાનમાં તો સમકિતી દેવો છે. ભગવાનની દીક્ષા થાય ત્યારે આનંદથી નાચી ઊઠે છે. તેઓ વિચારે છે કે–'અમારો કેવો પાપોદય છે કે, સાધુ થઈ શકતા નથી. ત્યાં જે સુખ છે તેમાં કહી મજા કરતા નથી. તત્ત્વની ચિંતામાં જ જિંદગી પસાર કરે છે. આ કેટલીવાર સાંભળ્યું છે ! તમારી શી ભાવના છે ! સાધુ થવું જ નથી તેવા વિચાર વાળાને સમકિત થાય ખરું !

ભગવાનનો સાધુ શેનો ઉપદેશ આપે, શી શી વાતો કરે તે તમને સમજાવવી પડે તેમ છે ! તમે જો સમજુ થાવ તો અમે કહી ન બગડીએ. જે સાધુઓ બગડયા છે તે તમારા પાપે ! શ્રાવકો જો સમજદાર હોય તો સાધુ કહી ન બગડે અને બગડેલા–સાધુ સુધર્યા વિના પણ ન રહે.

પ્ર૦ બધે એકતા નથી ને !

ઉ૦ બધે એકતા કેમ નથી ! દેશના ફરી ગઈ માટે ને ! જેઓ માર્ગથી ઊંધું બોલે તેની સાથે તો ન જ બેસીએ. જેઓ માર્ગસાપેક્ષ બોલે તેની સાથે બેસીએ.

પ્ર૦ શ્રાવકોમાં પણ એકતા નથી.

ઉ૦ સારા શ્રાવક હોય તે કોની પડખે હોય ! તમે સારા છો કે બનાવટી છો !

જો તમને સાધુ થવાનો ભાવ ન હોય તો અમને ભૂંડા જ લાગો છો. ખાલી સભા શોભાવો છો, માત્ર દેખાવ કરવા આવો છો. રોજ આવે તેને સાધુ થવાની ભાવના ય ન હોય તે બને ! પેઢી ખોલે અને કમાવાની ઇચ્છા નથી તેમ કોઇ બોલે ! રોજ ભગવાનની પૂજા કેમ કરો છો !

ભગવાન પાસે શું મંગાય અને શું ન મંગાય તે ખબર નથી ? ભગવાન પાસે તો મોક્ષ મંગાય, મોક્ષ માટે સાધુપણું જ મંગાય, તે વિના બીજું કાંઇ ન મંગાય, રોજ પ્રાર્થના સૂત્ર–શ્રી જયવીયરાય સૂત્ર બોલો છો ને ? તેમાં શું માગો છો ? પહેલી જ માગણી છે 'ભવનિવ્વેઓ', ભવનિર્વેદ એટલે શું ? સુખમય સંસારથી ભાગી છૂટવાની ભાવના તેનું નામ ભવનિર્વેદ ! તે સાચો છે કે બનાવટી છે ? તમે જે માગો છો તે ય તમારે જોઇતું નથી ને ? ભવનિર્વેદ માગે તે માર્ગાનુસારિતા માગે. માર્ગાનુસારી હોય તે અનીતિ કરે ? આજીવિકાનું સાધન હોય તે ધંધો કરે ? તેવો જીવ કદાચ ધંધો કરતો હોય તો માને કે– હું અકકરમી છું, લોભીયો છું, સંતોષ આવતો નથી માટે ધંધો કરું છું. બાકી આ કાળમાં તો ધંધો પણ કરવા જેવો નથી તેમ તે બોલે. આવા જીવને પૂછનારો પણ ધર્મ પામી જાય. આ બધું ન સમજાય તેવું નથી, પણ તમારે સમજવું જ નથી. ભગવાનની વાત ઉપર, ભગવાનનાં વચન ઉપર શ્રદ્ધા થઇ છે કે નથી થઇ ? સમકિત ગમે અને ભગવાનની આજ્ઞા સમજવાની કે માનવાની ઇચ્છા નથી થતી તેમ બોલે તે ચાલે ? આ બધા સમજવા આવતા હોત તો કયારના ય સમજી ગયા હોત ! પણ સમજવા નથી આવતા પણ હાજી...હાજી...કરવા આવે છે. આ બધા કહે કે– પાપના યોગે ઘરમાં રહ્યા છીએ તો મને આનંદ થાય!

પ્ર૦ નથી આવતા તેની ટીકા હોય કે અહીં આવે તેની ય ટીકા હોય ?

ઉ૦ પરીક્ષામાં નાપાસ થાય તેની ટીકા થાય કે સ્કૂલમાં જાય તેની ટીકા થાય ? જે સ્કૂલમાં જ ન જાય તેની ટીકા શું થાય ? જે અહીં નથી આવતા તેને તો ધર્મી જ માનતા નથી.

જે શ્રીમંતોને ધર્મ જ ગમતો નથી તે તો નામના જૈન છે. નવકારશીના હક ભોગવે તેનો દંડ ભોગવવો પડશે. ધર્મ ગમે નહિ અને જમવા જાય તે બને ? નવકારશી નવકાર ગણે તેને માટે છે. શ્રી નવકારમંત્ર ગણે તે શું માનતો હોય ?

શ્રી અરિહંત પરમાત્મા કોણ થાય ? બધાને મોક્ષે જ મોકલવાની ભાવના હોય તે શ્રી અરિહંત પરમાત્મા થાય. જેટલા શ્રી અરિહંત પરમાત્મા થયા તે બધા કહી ગયા છે કે–આ સંસાર દુઃખરૂપ છે, દુઃખફલક છે અને દુઃખાનુબંધી છે. તમારે જે સુખ જોઇએ છે તે આ સંસારમાં નથી પણ મોક્ષમાં જ છે. મોક્ષ કયારે મળે ? સાધુપણું લે અને તેનું બરાબર પાલન કરે તો. ધર્મ જ સાધુપણું છે. શ્રાવક. ધર્મ તે ધર્માધર્મ છે. તેમાં ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરુ જેટલો છે. સમકિતીનું મરણ તે બાલમરણ છે, દેશવિરતિધરનું મરણ તે બાલપંડિત મરણ છે અને સાધુનું મરણ તે પંડિત મરણ છે. તમે સાધુપણું ય નથી પામ્યા, શ્રાવકપણું

ય નથી પામ્યા અને સમ્યક્ત્વ પણ નથી ઉચ્ચર્યું તો તમારું થશે શું ? તમને અધર્મી કહેવાય નહિ અને ધર્મી છો નહિ !

ભગવાન ખુદ કહી ગયા છે કે-મારા શાસનમાં ઘણા મુંડો ગાઢ મિથ્યા દૃષ્ટિ પાકવાના છે. ગૃહસ્થો દુઃખી થશે પણ સાધુ થવાની ઇચ્છા નહિ થાય તેમ ભગવાન ખુદ કહી ગયા છે. તમને આમ થતું નથી માટે દુઃખ થતું નથી પણ આ થાય તે કરાવવા મહેનત કરીએ છીએ. તમે સમજુ બનો માટેની મહેનત છે. તમે મનેથી સંસારમાં રહો તે ગમતું નથી. સાધુપણાની, શ્રાવકપણાની કે સમકિતની પણ ઇચ્છા ન થાય તે બધા રખડતા છે તેમ કહું છું. તેવાને કશું ગમતું નથી.

સભા૦ નિરાશ ન કરો.

ઉ૦ નિરાસ કરું છું કે આશા પેદા કરાવું છું. તમે સમજુ થાવ તો આ બધું કરવાનું મન થાય જ.

આજે રાત્રિભોજન નહિ કરનારા કેટલા મળે ? રાત્રિભોજન કરતા હોય પણ હૈયાથી દુઃખી હોય તેવા કેટલા ? તેને ય સારા કહું. તમારો નંબર સમજુમાં ય આવી જાય તો સારું, તે માટે શું કરવું તે હવે પછી.....

卐

૦ ધર્મ જ સાચો મિત્ર છે.

એક એવ સુહૃદ્ધર્મો, મૃતમપ્યનુયાતિ યઃ ।
શરીરેણ સમં નાશં સર્વમન્યત્તુ ગચ્છતિ ।।

એક ધર્મ એ જ સાચો મિત્ર છે જે મરેલાની પણ પાછળ જાય છે (અર્થાત્ પરલોકમાં પણ આત્માની સાથે જ જાય છે) જ્યારે બીજું બધું શરીરની સાથે જ નાશ પામે છે.

सर्वधन प्रधानं विद्याधनं

– पू. आ. श्री पूर्णचन्द्र सूरीश्वरजी महाराज

विद्याधनं सर्वधनप्रधानं–विद्यानुं धन सौथी श्रेष्ठ धन छे. आ सुभाषितने बोली बतावबुं सहेलुं छे, पण एने जीवनमां जीवी बतावबुं, ओ तो आकरी एक साधना छे! जेने जगत साथे आओ संबंध न होय, जेना दिलना दरवाजामां देवी तरीके सरस्वतीना बेसणां होय अने ज्ञान तरफ जे अनेरुं मान धरावतो होय, ओ ज साधक आ आकरी साधनामां सफळता मेळवी शके? आवा विद्याधनी विद्वानो ज जयां जाय, त्यां पूजाय, एनी सामे लक्ष्मीना ढगला पण थाय, परंतु 'विद्याधनं सर्वधनप्रधान''नो जाप जपता ओ विद्वानो लक्ष्मीना ढगलाने ढेफानो ढगलो गणीने एनी नजर पण ठेरव्या विना पुनः पोतानी विद्यासाधनामां ओवाई जाय.

आवा विद्याधनीओनी वही चूकेली वधु आरमां नागेश भट्ट एक मोटुं नाम–काम छे. महाराष्ट्र देशना ओ महान सारस्वते सरस्वतीनी एवी तो उपासना करेली अने एना फळरूपे एवी तो सरस्वती कृपा एमणे प्राप्त करेली के, एमनी रात ज्ञानना चिंतनमां पसार थती अने एमनो दिवस ओ चिंतनने कागळ पर शब्दांकित करवामां वीती जतो. मूळवतन एमनुं महाराष्ट्र हतुं, पण केटलांय वर्षोथी एमणे विद्याधाम काशीने पोतानुं वतन बनाव्युं हतुं, त्यारनी आ घटना छे. काशीमां एक लब्धप्रतिष्ठ विद्वान तरीके नागेश भट्टने जे नामना–कामना मळी हती, एथी एनी कथा–गाथा एमना वतनमांथी गवाती हती अने महाराष्ट्रना महारथी बाजीराव पेशवा पण एने सांभळीने गौरव अनुभवता हता. आ कथा–गाथाना बीजाओ पासानो पण एमने ख्याल हतो के, सरस्वतीनी आटली बधी कृपा मेळवी जनारा नागेश भट्ट पर लक्ष्मीदेवनी महेरनजर ओछी हती, तो बाजीराव आ उणपनी पूर्ति करवानी तक गोतता रहेता हता. एमां एकवार अनायासे एमने काशी जवानुं थयुं. काशीमां पग मूकतानी साथे ज एमनी नजर समक्ष नागेश भट्टनी स्मृति खडी थई गई. एथी सोनामहोरोनी थैलीओ भरीने तेओ नागेश भट्ट पासे पहोंच्या.

गंगा नदीना शांत किनारे एक झुंपडीमां नागेश भट्टे विद्यासाधनानी धूणी धखावी हती. एमना अंतरमांथी वहेती शब्दोनी सरवाणी सतत प्रवाहित रहेती, ज्यारे शाही खूटती के कलम तूटती, त्यारे ओ सरवाणी थोडीक अटकती. पण थोडी ज पळोमां ओ प्रवाह पुनः चालु थई जतो. बाजीराव पेशवा ज्यारे ओ विद्वाननी झुंपडीना द्वारे ऊभा, त्यारे नागेश भट्ट

પોતાની જ્ઞાનસાધનામાં મસ્ત હતા. થોડીક પળો પછી એમની નજર સામે લંડાઈ, કોઈ વિશિષ્ટ-વ્યક્તિની ઉપસ્થિતિ કળી જઈને એમણે કલમને જરા બાજુ પર મૂકી અને કહ્યું : આ આસન પર બિરાજો. કયાંથી પધારો છો ?

ફાટેલા-તુટેલા આસન પર બેસતા બાજીરાવે સવિનય કહ્યું : આપનો જે દેશ છે, એ જ દેશમાંથી મારે આવવાનું થયું છે. આપના જેવા વિદ્વાનને વળી મારો ખપ કયાંથી પડે ? એથી આપનાથી મારું નામ પણ કયાંથી પરિચિત હોય ? લોકો મને બાજીરાવ પેશવાના નામે ઓળખે છે. આપની સેવાનો કંઈક લાભ લેવા હું અહીં આવ્યો છું, ફરમાવો, આપની કઈ સેવા હું કરી શકું એમ છું ?

બાજીરાવે પોતાની ભાવના વ્યકત કરીને મૌન સ્વીકાર્યું. નાગેશ ભટ્ટ બાજીરાવના નામ કામથી સારી રીતે પરિચિત હતા. એમના આંગણે લક્ષ્મીની જે મહેર હતી, એથી જ નહિ; પણ સરસ્વતીની પણ જે મહેર હતી. એથીય નાગેશ ભટ્ટ પરિચિત હતા. છતાં આજે એમનું પ્રત્યક્ષ દર્શન પહેલવહેલું જ મળી રહ્યું હતું. એથી પ્રસન્નતાને વેરતા ચહેરે એમણે કહ્યું :

'તમે મારી મદદે વહારે ધાવાના મનોરથ સેવો છો અને હું તમારા જેવા કોઈ મદદગારની જ શોધમાં છું. આજે સારો મેળ મળી ગયો !'

નાગેશ ભટ્ટની આ વાત સાંભળીને બાજીરાવ પેશવાના આનંદનો પાર ન રહ્યો. એમને થયું કે, મારી આ લક્ષ્મી આજે જરૂર કૃતાર્થ બની જશે. આવા વિદ્વાનના ઉપયોગમાં આવી લક્ષ્મી આવે, એ કંઈ મારા જેવા તેવા ભાગ્યોદય ન ગણાય ! હરખાતા હૈયે સોના મહોરોની એ થેલીઓનું નાગેશ ભટ્ટનાં ચરણે સમર્પણ કરતા બાજીરાવે કહ્યું :

'ફૂલ નહિ, પણ ફૂલની આ એક પાંખડી સ્વીકારીને મને ઉપકૃત કરશો. દિવસો-વર્ષોથી સેવેલા મારા મનોરથ આજે સફળ થઈ રહ્યા છે. એના આનંદને વ્યકત કરવા મારી પાસે આજે શબ્દો નથી ! આ થેલીઓ સુવર્ણ મુદ્રાઓથી ભરેલી છે.'

સામનું આગમન જે ભયનો સંચાર કરી જાય, એવા ભયને અનુભવતા નાગેશ ભટ્ટ બે કદમ પાછા હઠી જતા બોલ્યા : બાજીરાવ પેશવા ! મેં તમારી પાસે આવી મદદની આશા નહોતી રાખી ! વિદ્યાનું ધન જ સાચું ધન છે, અને એ તો મારા ખજાને મોટીમાત્રામાં સંચિત છે. જ્ઞાનનું એ ધન તો એવું છે કે, આપો એમ એ વધે, આપણે એની સામાન્ય રક્ષા કરીએ, તોય એ આપણી અસામાન્ય-રક્ષા કરે ! આવા ધનના ઢગલા આગળ સોનામહોરોનું આ ધન તો શી વિસાતમાં ગણાય ! વાપરીએ એમ આ ખૂટવા માંડે ! એની રક્ષા કરવા ઉજાગરા વેઠવા પડે અને જો સાવધ ન રહીએ, તો આ ધન જ આપણા જીવનને જોખમમાં મૂકવામાં પણ ભાગ ભજવી જાય ! માટે મારે આવી મદદની જરાય

જરૂર નથી. હું તો બીજી જ મદદ ઇચ્છું છું ! બોલો, એ મદદ માટે છો તૈયાર ?

બાજીરાવનો બધો જ આનંદ આશ્ચર્યમાં પલટાઈ ગયો. એમણે પૂછ્યું : આપ જે મદદ માટે આશા રાખતા હો, એ બોલો. આ ઝુંપડીની પરિસ્થિતિ જોનારને તો એમ જ થાય કે, આપને અત્યારે આવી મદદ કરવામાં પણ મોટું પુણ્ય છે. એથી જ સોનામહોરોનો આ ઢગલો કરવો મેં ઉચિત માન્યો !

નાગેશ ભટ્ટને થયું કે, આ તો બહુ મોટી ગેરસમજ ઊભી થઇ ગઇ ! મદદ તરીકે મારે જોઇતું શું હતું ? અને આ બાજીરાવે મને આપ્યું શું ? એથી ચોખવટ કરતા એમણે કહ્યું : બાજીરાવ ! ઘણા દિવસથી ન્યાયશાસ્ત્રની એક પંક્તિનો અર્થ સ્પષ્ટ થતો નથી. મને એમ કે, એ અર્થને સ્પષ્ટ કરવામાં આપ મદદગાર થશો ! માટે જ સહર્ષ હૈયે આપની મદદ મેં ઇચ્છી હતી. બોલો, હવે આ પંક્તિનો અર્થ બેસાડવા તમે મને મદદગાર બની શકો, એમ છો ખરા ? આ ધનની મદદને તો હું શું કરું ! એ તો મારા માથે પડે એમ છે. મને સાથ આપે એવી મદદ તો આ જ છે. વિદ્યાનું સર્વશ્રેષ્ઠ ધન જેને મળી ગયું હોય, એ લાલ-પીળા આ તુચ્છ ધનને શું કરે ?

નાગેશ ભટ્ટની આ નરપૃહતા અને વિદ્યાધનની ખુમારીને કઇ રીતે બિરદાવવી ? બાજીરાવ પેશવા માટે આ એક કોયડો બની ગયો. બાજીરાવ પેશવાને એમના મનોરથને સફળ નહિ થવા દેનાર હજી કોઇ મળ્યું નહોતું. એમના મનમાં એવી એક ધારણા હતી કે, વિદ્યાધન ગમે તેટલું પ્રધાન ધન હોય, પણ સુવર્ણના વર્ણની આગળ એનો વર્ણ ફિક્કો પડી જવાની સંભાવના છે. પણ આ ધારણાને નાગેશ ભટ્ટે એ દહાડે ધૂળમાં મેળવી દીધી. વિના ધનના ધારકની ખુમારી ગરીબીમાં પણ કેવી અજબ-ગજબની હોય છે. એનો ખ્યાલ મેળવીને નાગેશ ભટ્ટ પાસેથી બાજીરાવ પેશવાએ જ્યારે વિદાય લીધી, ત્યારે સુવર્ણ મુદ્રાઓની એ થેલીઓનો ભારે બોજો બાજીરાવને વેંઢારીને પાછો લઇ જવો પડ્યો.

"વિદ્યાધનં સર્વધન પ્રધાનં" આ વાક્યને કથની અને કરણી બંનેમાં ઉતારનાર નાગેશ ભટ્ટ જેવા વિદ્યાધનીઓ ભારતમાં થઇ ગયા, એ સારસ્વતોનો જ આ પ્રભાવ છે કે, અહીંના સાહિત્યની તોલે કોઇ દેશનું સાહિત્ય આવી શકવા સમર્થ નથી. બીજા દેશો બીજા બીજા વિષયમાં હજી ભારતથી આગળ હોવાનો દાવો ધરાવતા હોય, પણ જ્યાં સાહિત્ય અને સંસ્કૃતિનો પ્રશ્ન આવે, ત્યાં જ એ દાવેદારોના દાવા અને દેદાર ફિક્કા પડી જતા જોવાય છે, અને જે દેશ પાસે સાહિત્ય અને સંસ્કૃતિ ટક્યા છે, એની પાસે બધું જ ટક્યું છે, એમ છાતી ઠોકીને કહેવામાં જરાય અતિશયોક્તિ જેવું છે ખરું ?

પ્રભો ! વિશ્વકલ્યાણની મહાન પ્રવૃત્તિ પાછળ આપના લોકોત્તરે શાસનનું શું ?

– પં. શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

વર્તમાન શ્રમણ ભગવંતોના દિલમાં આપના શાસન પ્રત્યે સારામાં સારો પ્રેમ હોવામાં તો શંકા નથી. કેમકે તેની પાછળ તેઓ પોતાના જીવનનું સર્વસ્વ સમર્પી ચુકયા છે.

પરંતુ આપના શાસન પ્રત્યેની લગનનું ઝરણું તેમના દિલમાં સુકાતું જતું હોય એમ જણાય છે. નહીંતર જગતમાંથી જૈનશાસનને લુપ્ત કરવાના ભગીરથ પ્રયાસો ચાલી રહ્યા હોય, ત્યારે તેમનું રૂંવાડું ય ન ફરકે ?

ધર્માચરણ વધતું જતું જોઈ શકાય છે, પરંતુ શાસન, સંઘ, શાસ્ત્રાજ્ઞા સાપેક્ષતા અને દ્રવ્ય ભાવ રૂપ શાસનની સંપત્તિઓના રક્ષણ પ્રત્યેનો ઉપેક્ષા ભાવ વધતો જાય છે.

અરે ! કેટલાક શ્રમણ ભગવંતો તરફથી તો જૈનશાસનના પાયા ઉખેડનારી બહારથી ચાલતી ગૂઢ પ્રવૃત્તિઓમાં એક યા બીજી રીતે સીધો કે આડકતરો સહકાર અપાય છે.

વળી, પાયા ઉખેડનારી પ્રવૃત્તિઓ તરફ લક્ષ ન જવા દેવા માટે બાહ્ય બળો ધર્મની ઉન્નતિને વેગ આપવાની સગવડો પૂરી પાડી રહ્યા છે. તેનાથી પ્રભાવિત તથા રાજી થઈ શાસનનો અભ્યુદય માનવામાં આવે છે.

આ સ્થિતિમાં હે પ્રભુ ! આપના શાસનની જડ મજબુત બનાવવાનું શી રીતે શકય છે ? વિશ્વના હિતની દૃષ્ટિથી આ સામાન્ય ચિંતાનો વિષય નથી. અને છતાં તેની સક્રિય ચિંતાની ઝાંખી પણ ઘટતી જાય એટલો અસરકારક બહારથી ઘેરો છે. સૌ પોતપોતે ઉપાડેલી પ્રવૃતિમાં મશગુલ છે. શાસન કરતાં પોતપોતાની પ્રવૃત્તિનું મહત્ત્વ સૌને વધારે સમજાય છે. એ પ્રવૃત્તિઓને આધારે શાસન ટકશે ? કે શાસનને આધારે એ પ્રવૃત્તિઓ ટકશે એનો વિચાર કરવા પણ કોઈ થોભતું નથી.

આપનું શાસન જેટલું પ્રકાશમાન, તેટલું વિશ્વના પ્રાણીઓનું હિત સલામત. આપના શાસનની તેજસ્વિતા સાથે વિશ્વના પ્રાણીઓનું રક્ષણ જોડાયેલું છે, અને છતાં વર્તમાન શ્રમણ ભગવંતો આપના શાસનનું તેજ ઝળહળતું રાખવામાં અસાધારણ ઉપેક્ષા રાખી રહ્યા છે. ભારે દુઃખનો આ વિષય છે.

અફાટ સમુદ્રમાં આપનું શાસન બોટ સમાન છે. તેનું શરણ લઈને કેટલાય પ્રાણીઓ રક્ષણ મેળવી શકતા હોય છે. પણ તે બોટને સલામત રાખવાની જેમને જોખમદારી સોંપાયેલી છે, તેઓ અસાવધ રહે તો? કેટલા પ્રાણીઓનાં હિત જોખમાય?

(અનુ. પાના ૫૨૬ ઉપર ચાલુ)

જૈન રામાયણના પ્રસંગો

૧૬. રાવણે અભિગ્રહ લીધો કે.....' -શ્રી ચંદ્રરાજ

રથનુપુર નગરમાં આવ્યા પછી વિદ્યાધરેશ્વર ઇન્દ્ર રાવણથી થયેલા નાહેશીભર્યા પરાભવથી ઉદાસ-ઉદાસ રહેવા લાગ્યો. કારાવાસમાંથી મળેલી મુક્તિ પણ બિનશરતી ન હતી. રોજે લંકા નગરીના કચરાને દૂર કરવા આદિની શરતે મુક્તિ મળી હતી. એટલે સામાન્ય માણસને પણ આવું જીવવું મોત જેવું લાગે તો, આ તો વિદ્યાધરોનો ધણી ઇન્દ્રરાજા હતો. પિતાજીએ સાનમાં સમજી જવા ઘણું કહ્યું હતું પણ આખરે જે ખતરનાક પરિણામ આવ્યું તે બધું વારંવાર સાંભરી આવતાં ઇન્દ્રરાજાની જિંદગીના સુખ-ચેન હવે ચૂંથાઈ ગયા હતા.

એક દિવસ રથનુપુર નગરમાં પધારેલા નિર્વાણ સંગમ નામના જ્ઞાની ભગવંતને વંદના માટે ઇન્દ્ર ગયો. અને ગુરૂવરને પૂછ્યું કે-'કયા કર્મથી હું રાવણ દ્વારા આવો તિરસ્કાર પામ્યો !'

જ્ઞાની ભગવંતે પૂર્વ જન્મની યાદ અપાવતાં કહ્યું કે-'અહિલ્યા' નામની કોઇ વિદ્યાધરની પુત્રીના સ્વયંવરમાં આનંદમાલી અને તડિત્પ્રભ નામના બે વિદ્યાધરેશ્વરો આવ્યા. તું ત્યારે તડિત્પ્રભ હતો. (રાવણ આનંદમાલી હતો તેમ નથી.) અહલ્યા નામની તે રૂપસુંદર વિદ્યાધરપુત્રીએ તને નહીં પરંતુ આનંદમાલીને પસંદ

(અનુ. પાના ૫૨૭ પર)

(અનુ. પાના ૫૨૫ નુ ચાલુ)

જગતમાં જૈનશાસન અને તેનું સંચાલન કરનાર જોખમદાર જૈનાચાર્યો વિદ્યમાન ન હોય, અને વિશ્વના પ્રાણીઓ નિરાધાર બની જાય એ તો સમજી શકાય તેવી બાબત છે. પણ બન્નેયની વિદ્યમાનતામાં આ પરિસ્થિતિ ઉત્પન્ન થાય, તો તેને કેટલામું આશ્ચર્ય ગણવું ? ગીતાર્થ અને સંવિગ્ન મહાપુરૂષોનું પણ જીવંત લક્ષ આ બાબત તરફ કીરીતે દોરવું ?

કેટલાક ઉપાય પૂછે છે, પણ ઉપાય કોને બતાવાય ? જિજ્ઞાસુને કે બીજાને ? કેટલીકવાર ઉપાય પુછવાની પાછળ કાંઇ પણ ન કરવાની છટકબારી શોધવાનો આશય હોય છે, અને કહેનારનું મોઢું બંધ કરવા માટેની વૃત્તિ હોય છે. વળી ઉપાય જાહેરમાં બતાવાય પણ શી રીતે ?

હે પ્રભો ! આ સંયોગોમાં વિશ્વના પ્રાણીઓનું શરણ કોણ ?

(જૈન શાસન સંસ્થા)

કર્યો. અને ત્યારે તારો આ રીતે પરાભવ થયો.

"હું વિદ્યમાન હોવા છતાં આ આનંદમાલી અહિલ્યાને પરણી ગયો." આ રીતે તું ત્યારથી માંડીને આનંદમાલી ઉપર ઇર્ષ્યાભાવ રાખતો જ રહ્યો.

એક દિવસ આ સંસારથી નિર્વેદ= વૈરાગ્ય પામેલા આનંદમાલીએ સંયમવ્રત અંગીકાર કર્યું. અને તીવ્ર–કઠોર તપ તપતા તે મુનિઓ સાથે વિચરવા લાગ્યા. એક વાર વિહાર કરતાં તે રથાવર્તગિરિમાં આવેલા તારાથી જોવાયા. અને તને અહિલ્યાનો તે સ્વયંવર પ્રસંગ યાદ આવી ગયો.

ધ્યાનમાં આરૂઢ થયેલા તે મુનિવરને તેં બાંધીને અનેકવાર માર માર્યો. પરંતુ તે મુનિવર ધ્યાનથી જરા પણ ડગ્યા નહિ. પરંતુ આ જોઈને મુનિવરના 'કદયાણ–ગુણધર' નામના ભાઈએ તારા ઉપર વૃક્ષ ઉપર વીજળીની જેમ તેજોલેશ્યા છોડી. આ તેજોલેશ્યાના ભડભડ બળતાં ભડકા તને બાળીને ત્યાંને ત્યાં જ ભસ્મ કરી નાંખત, પરંતુ તારી સત્યશ્રી નામની પત્નીએ ભક્તિભર્યા વચનોથી ભ્રાતામુનિ વરને શાંત કર્યા. આથી તારા ઉપર છોડેલી તે તેજોલેશ્યાને તે મુનિવરે સંહરી (પાછી ખેંચી, લીધી અને તું બળી મરતો બચી ગયો.

મુનિ ભગવંતના આવા તિરસ્કારના બાંધેલા પાપથી તું કેટલાંક ભવો ભટકીને શુભ કર્મના યોગે સહસ્રારનો ઇન્દ્ર નામે પુત્ર થયો. તે બાંધેલા પાપના ઉદયથી અત્યારે રાવણે તારો ભૂંડામાં ભૂંડો પરાભવ કર્યો. છે. ઇન્દ્રથી માંડીને કીડા સુધીના દરેક જીવે બાંધેલા કર્મો ઉદયમાં અવશ્યમેવ આવે છે. સંસારની જ ઇન્દ્ર ! આવી સ્થિતિ છે."

આટલું સાંભળીને ઇન્દ્રજીતે કૃતવીર્ય નામના પોતાના પુત્રને રાજગાદી ઉપર સ્થાપન કરીને દીક્ષા ગ્રહણ કરી. કઠોરતમ તપશ્ચર્યાના તે આરાધક બની કાળ કરી મોક્ષે ગયા.

એક વખત આનંદવીર્ય નામના કેવલજ્ઞાન પામેલા મુનિ ભગવંતને વંદન કરવા રાવણ મેરૂ પર્વત ઉપર ગયો. તેમને વંદન કરીને યથાસ્થાને બેઠેલા રાવણે કર્ણને અમૃત સમાન દેશના સાંભળી. દેશનાને અંતે લંકેશ્વર રાવણે પ્રશ્ન કર્યો કે–"હે મહર્ષિ ! મારૂ મૃત્યુ કેવી રીતે થશે ?"

જવાબમાં જ્ઞાની ભગવંતે કહ્યું :–" હે દશાનન ! આવનારા સમયમાં વાસુદેવના હાથે પારદારકના દોષથી (પરસ્ત્રી લંપટતાના કારણે) પ્રતિ વિષ્ણુ એવા તારો વિનાશ થશે.'

આ સાંભળતા જ રાવણે (મોતને અટકાવવા નહિ, પરંતુ પારદારકના દોષને અટકાવવા માટે) જ્ઞાની ભગવંતની પાસે અભિગ્રહ લીધો કે–

"પરસ્ત્રિયમનિચ્છન્તીં રમાયષ્યામિ ન જાતુમ્ ।"

મને ન ઇચ્છતી પરસ્ત્રીને હું રમાડીશ (ભોગવીશ) નહીં."

અભિગ્રહ લઈને રાવણ લંકાનગરી તરફ પાછો ફર્યો.

સ્વીકાર અને સમાલોચના

પુણ્ય પરિચય – પૂ. શ્રી શાંતિભવન (સંઘ) આણુંદા બાવા ચકલા જામનગર ડેમી ૩૨ પેજી ૧૬ પેજ ૨૭ પૂ. પં. શ્રી ભદ્રશીલ વિ. મ.નો આછો પરિચય આપ્યો છે.

જીવન રંગોળીના રજકણ – સંપાદક પૂ. મુ. શ્રી જિનરક્ષિત વિજયજી મ. પ્રકાશક શ્રી મુક્તિચંદ્ર સૂરીશ્વરજી જૈન આરાધના ટ્રસ્ટ ઠે. દિલિપકુમાર રતનલાલ શાહ ભૈરવનાથ રોડ, યુ. કો. બેંકની બાજુમાં અમદાવાદ ૮ જીવનને ઉત્તમ બનાવનારા સુવાક્યોનો વિશદ સંગ્રહ છે. જે પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. દ્વારા સંકલન પામેલ છે.

યોગવિંશિકા – એક પરિશીલન-કર્તા પૂ. પં. શ્રી ચંદ્રગુપ્ત વિજયજી ગણી. પ્ર. શ્રી મોક્ષકલક્ષી પ્રકાશન ફા. ૧૬ પેજી ૧૧૮ પેજ પ્લાસ્ટીક રીંગ બાઇન્ડીંગ મૂલ્ય રૂા. ૨૫) પૂ. હરિભદ્ર સૂ. મ. પ્રણીત યોગવિંશિકાનું વિશદ વિવેચન કર્યું છે જે પૂ. મહો. યશો વિ. વિવેચનના આધારે આ મહાન ગ્રંથને સમજાવવાની ખૂબ પરિશ્રમ લીધેલ છે. મહાન ગ્રંથોને સમજવા આવા લખાણો ભૂમિકાનો સુંદર ભાગ ભજવે છે.

રાત્રિ ભોજન મહાપાપ (અંગ્રેજી)– લેખક પૂ. મુ. શ્રી ભવ્ય દર્શન વિ. મ. પ્ર. પૂ. પં. શ્રી પદ્મ વિ. ગ્રંથમાલા ટ્રસ્ટ ઠે. અશોકકુમાર હિંમતલાલ શાહ એચ. એ. માર્કેટ ૩જે માળે, કપાસીયા બજાર છાયાનગર રાત્રિભોજન મહાપાપ એ પુસ્તકનું અંગ્રેજીમાં સમજી શકાય તેવું ઉપયોગી આ પુસ્તક છે.

પૂ. રામચંદ્ર સૂ. મ. સંક્ષિપ્ત જીવન ઝાંખી – સં. પૂ. મુ. શ્રી મનમોહન વિ. મ. પ્રકાશન કાયપગોમ તુર પરિવાર કૈલાશનગર (સિરોહી) રાજસ્થાન. ફા. ૧૬ પેજી ૬૪ પેજ અનુ. નેનમલજી સુરાણા હિંદીમાં પુજ્યશ્રીનું જીવન સુંદર રીતે રજુ થયું છે.

નવપદ સાધના – નવપદ અનાનુપૂર્વ સં. વીરભાન જૈન દોહાના મંડે (હરિયાણા) બાળ બોધમાં નવપદ અનાનુપૂર્વી સર્વતોભદ્ર અનાનુપૂર્વી છે. જે ગણવામાં અનેરો લાભ છે.

જૈન શાસનના ચમકતા હીરા – (૧૦૦ જૈન ચરિત્ર કથાઓ) સં. પ્ર. વરજીવનદાસ વાડીલાલ શાહ મશીન ટુલ્સ ટ્રેડર્સ ૪૧ નરસિ મહારાજ રોડ, બેંગલોર ૫૬૦૦૦૨ ડેમી ૮ પેજી ૩૨૪ પેજ મૂલ્ય રૂા. ૬૦-૦૦ પ્રાચીન પુરુષોના ૧૦૮ જીવન ચરિત્રોનો મનનીય સંગ્રહ છે. સંક્ષેપમાં ઘણું જાણવા મળે તેવું છે.

સાધુ સેવા આપે મુક્તિ મેવા – લે. પૂ. આ. શ્રી વિજયરાજશેખર સૂ. મ. પ્ર. વેલજી ડેપાર હરણીયા જૈન ધાર્મિક ટ્રસ્ટ હા.જયેન્દ્રભાઇ વેલજી હરણીયા ૧૭ બી દિગ્વીજય પ્લોટ જામનગર ૩૬૧ ૦૦૫

ડેમી ૮ પેજી પેજ ૩૦૬ મૂલ્ય રૂા. ૫૫) આ પુસ્તકમાં સાધુ સેવા સુસાધુનું સ્વરૂપ ગુરૂ વંદન મહત્વ સાધુઓનો ઉપકાર વિ. નું બાલભોગ્ય છતાં વિશદ એવું વિવેચન કર્યું છે જે મનનીય છે.

તિવિહેણ વંદામિ – લે. રમણલાલ સી. શાહ પ્ર. મુંબઇ જૈન યુવક સંઘ ૩૮૫ સરદાર વી.પી. રોડ મુંબઇ-૪ ક્રા. ૧૬ પેજી બોર્ડ પટી બાઇન્ડીંગ પેજ ૧૦૪ મૂલ્ય રૂા. ૨૦) વર્તમાન આચાર્યદેવો આદિના સંક્ષિપ્ત ૧૯ જીવન છે.

પ્રભાવક સ્થવિરો –લેખક પ્રકાશક ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી બોર્ડ પટી બાઇન્ડીંગ પેજ ૧૫૦ મૂલ્ય રૂા. ૨૦) શ્રી વિજય ધર્મ સૂ. મ. તથા શ્રી સામવાનંદ સૂ. મ. નું જીવન ચરિત્ર છે.

દિવ્ય સંદેશ-યાવન સુરક્ષા વિશેષાંક- (હિંદી) સં. પૂ મુ. શ્રી રત્નસેન વિજયજી મ. પ્ર. દિવ્ય સંદેશ પ્રકાશન .જી.આર. ભંડારી ૩૦ મહાવીર કોલોની પુષ્કર રોડ અજમેર (રાજસ્થાન) ૩૦૫ ૦૦૧ ક્રા. ૮ પેજી ૧૩૨ પેજ મૂલ્ય રૂા. ૨૫) યુવાનીને સન્માર્ગમાં સ્થાપી વિકાર આદિથી બચવા માટેના પૂ. આચાર્યદેવો આદિના મનનીય લેખો છે જે (હિંદી)

આનંદ કી શોધ હિંદી લેખક ઉપર મુજબ પ્રકાશ સ્વાધ્યાય સંઘ ૬ ઇન્ડયન ટ્રોઇંગ એકવીપમેન્ટ ઇન્ડ. શેડ નં ૨ શીકો ઇન્ડસ્ટ્રીઝ એસ્ટેટ અંબાતુર મદ્રાસ ૬૦૦૦૯૮ ડેમી ૮ પેજી પેજ ૫૬ મૂલ્ય રૂા. ૧૨-૦૦ મુનિરાજ શ્રીએ રાજકોટ વર્ધમાન નગરમાં આપેલા મનનીય પ્રવચનોનો સંગ્રહ છે.

તારક જૈનશાસન – પ્રવચનકાર પૂ. આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. સં પૂ. મુનિરાજ શ્રી નયવર્ધન વિ. મ. પ્ર. પદ્મપરાગ પ્રકાશન બી-૨૧ સુધા કલશ ૪-જે મહેતા માર્ગ વાલકેશ્વર મુંબઇ ૬ ડેમી ૮ પેજી ૧૯ પેજ મૂલ્ય રૂા. ૭ જૈન શાસન જયવંતુ છે તે અંગે મનનીય આ પ્રવચન ખાસ ચિંતન કરવા યોગ્ય છે.

ચડીયે વત પગથાર – સં. પૂ. મુનિરાજ શ્રી જયવર્ધન વિ.મ. પ્રકાશક પદ્મ-પરાગ પ્રકાશન ડેમી ૮ પેજી પેજ ૪૪ મૂલ્ય રૂા. ૫) સમકીત મૂળ બાર વ્રતની સજ્જ તથા વ્રત સ્વીકારવામાં સાધક બાધક વિ. સ્વરૂપ આપેલું છે જે વ્રત લેનાર માટે ઘણું ઉપયોગી છે.

અજારાતીર્થની પ્રભવ ગાથા – સં. પૂ. પં. શ્રી પ્રદ્યુમન વિ. મ. અજાર પાર્શ્વનાથજી પંચતીર્થી કારખાના(જૈનપેઢી) વાંસા ચોક ઉના (૩૬૨ ૫૧૦) સૌરાષ્ટ્ર ક્રા. ૧૬ પેજી ૨૨ પેજ મૂલ્ય રૂા. ૫) તીર્થનો ઇતિહાસ અને વ્યવસ્થા આદિનું વર્ણન છે. જે યાત્રિકો માટે ઉપયોગી છે.

– ઉપમાઓ –

– પૂ. આ. શ્રી વિજયભિત્રાનંદ સૂરીશ્વરજી મ.

શ્રી જિનવાણીને વરેલી ઉપમાઓ :

૧) સુધાની, ૨) પ્રકાશની, ૩) પુષ્કરાવર્તમેઘની, ૪) કલ્પવેલીની, ૫) સાગરની, ૬) દીપકની, ૭) સિંહની, ૮) ચિંતામણિરત્નની, ૯) સૂર્યની, ૧૦) ગંગાનદીની, ૧૧) જહાજની, ૧૨) અમૃતકુંભની, ૧૩) સિંહનાદની ૧૪) દિવ્યઔષધની, ૧૫) ક્ષીર-દૂધની, ૧૬) મધની, ૧૭) ઘીની.....આવી આવી અનેક ઉપમાઓ શ્રી જિનવાણીને આપવામાં આવી છે.....

સંસારને વરેલી ઉપમાઓ :

૧) ઘોરભયંકર સાગરની, ૨) ભડભડતા અગ્નિની, ૩ ફાંસીના માંચડાની, ૪) ક્રૂરરાક્ષસની, ૫) ભયાનક અટવી-જંગલની, ૬) બિહામણા સ્મશાનની, ૭) વિષવૃક્ષની, ૮) પ્રચંડ ગ્રીષ્મઋતુની, ૯) રૌરવનરકની, ૧૦) કારાંવાસ-જેલની, ૧૧) મહામોહની સમરાંગણ ભૂમિની, ૧૨) ઊંડા કૂવાની, ૧૩) દાવાનળની... વગેરે અનેક ભયંકર ઉપમાઓ સંસારને, જ્ઞાનીઓએ આપી છે.

ઇન્દ્રિયોને વરેલી ઉપમાઓ :

૧) ચારિત્રરૂપી ધનને લુંટનાર ચોરોની ૨) દુર્ગતિના માર્ગ તરફ દોડનાર ચપળ અશ્વોની ૩) લલચાવી, ફોસલાવી, ભોળવી, જીવને જ્યાં એક ક્ષણ કાઢવી કોડો વર્ષ જેવી બને, એવા સ્થાનમાં લઈ જનાર ધૂર્તની-ઠગારાની ૪) હંમેશ વિષયોની ભીખ માગનાર ભીખારણની ૫) રાતદિવસ ખાવા છતાં ભૂખી રહેનાર બકરીની ૬) કયારાની ૭) ગેહરાજાને વફાદાર દાસીઓ... વગેરેની ઉપમાઓ આપવામાં આવી છે.

જ્ઞાનને વરેલી ઉપમાઓ :

૧) બીજા સૂર્યની ૨) ત્રીજાનેત્રની ૩) અમૂલ્યધનની ૪) પાણીની ૫) દૂધની, ૬) અમૃતની ૭) આભૂષણની ૮) પરબની ૯) સરોવરની ૧૦) સાગરની ૧૧) શરદપુનમના ચન્દ્રની ૧૨) પ્રકાશની ૧૩) વજ્રની ૧૪) રસાયણની ૧૫) ઐશ્વર્યની ૧૬) દીપકની ૧૭) ભવસાગરથી પાર કરાવનાર શ્રેષ્ઠ જહાજની...વગેરે અનેક ઉપમાઓ આપવામાં આવી છે.

ચંકિતકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

સૂત્તર–દોરના બંધન.

"સૂત્તર–દોર બાંધ્યા બન્ને કદમો બાર-બાર વર્ષ સુધી સંસારની ઝંઝાળી–ઝાળ-માંથી છૂટી શકવા નહિ."

શ્રીમતી સાથે લોચ લોળવતા લોચવતા એક પુત્ર થતાં રાજકુમાર આર્દ્રકે પ્રવ્રજ્યાના પંથે જવાની વાત કરી. પુત્રના દેખતાં જ શ્રીમતી રેંટિયો કાંતવા બેઠી. પુત્રે પૂછયું કે માતાં! ઇતરજન કરે તેવું આ તે શું માંડયું છે? માતાએ પુત્રને કહ્યું–બેટા! તારા પિતા પ્રવ્રજ્યા માટે જશે. હું પતિ વિન બનીશ. ત્યારે આ રેંટિયો જ મારૂ શરણું થશે. અને બાળકે તરત જ સૂત્તરના તાંતણાથી કરોળીયાની જેમ પિતા આર્દ્રકકુમારના બન્ને પગ વીંટી દીધા.

પુત્રના સૂત્તરના એક એક તાંતણે પિતા પાસે એક એક વર્ષના સંસારની માંગણી કરી લીધી. સૂત્તરના બાર તાંતણાં સંસા-રના બાર વર્ષની ભિક્ષા પામી તૃપ્ત થયા.

સૂત્તરના સ્નેહ–બંધને પિતાને બાર–બાર વર્ષ સુધી સંસારમાં જકડી રાખ્યા.

બાર–બાર વર્ષની સીમા–અવધિ પૂર્ણ થઈ.

એક રાતે... છેલ્લા પ્રહરે... આર્દ્રક-કુમાર વિચારે ચડયા. "સંસારના કૂવામાંથી નીકળવા આલંબન–રજ્જુ જેવું સંયમવ્રત હું પામ્યો, અને તજ્યું, પૂર્વજ–મર્મા મનથી જ મોહ વ્રતને મેં ભાંગ્યું અને હું અનાર્ય-પણું પામ્યો. હવે તો પ્રવ્રજ્યા છઠ્ઠ તપની આગમાં મારા આત્માને પવિત્ર કરૂં."

સવારે શ્રીમતીની અનુજ્ઞા મેળવી આર્દ્રકકુમાર ફરી યતિલિંગ સ્વીકારી ઘરેથી નીકળી ગયા.

આર્દ્રકકુમાર ઋષિ જઇ રહ્યા છે ત્યાં જ તેને તે ઝાડી કરડી હજાર–હજાર આંખો નજર સામે મળી.

તે પાંચસો સામંતોએ કહ્યું–"હે મહા-રમન્! આ સાગરથી અમ્બર (આકાશ) સુધી તમને શોધતી અમારી આંખો તમને શોધી ના શકી. અનાર્યદેશમાં તમને લીધા વિના ખાલી હાથે પાછા ફરવું અમારા માટે શરમજનક હતુ. તેથી અહીં જ ચૌર્યવૃત્તિથી જીવનનિર્વાહ કરીએ છીએ.

આર્દ્રકઋષિએ તે પાંચશોને પ્રતિબોધ પમાડી દીક્ષા આપી.

"નાના નાના માછલા–તેતર વિગેરે પશુને મારી નાંખીને જીવન ગુજારવામાં વધુ પાપી

હિંસા થાય છે. તેથી તો એક મોટા શરીરવાળા હાથીને મારી નાંખવો સારો કે જેથી ઘણાં દિવસો સુધી તેનું માંસ ભક્ષણ થઇ શકે. અને વધુ જીવહિંસા ન થાય.” આવી કાલ્પનિક દયાને ધર્મ માનનારા તાપસોના આશ્રમ તરફ આર્દ્રકમુનિ આવી રહ્યા છે. ત્યાં બંધાયલો હાથ મુનિને વંદન કરવા ઘણું ઇચ્છે છે પણ ‘બંધન-બંધાયો હું શું કરું?’ આવું વિચારે છે ત્યાં જ આર્દ્રક મુનિના દર્શનથી તેના લોઢાના બંધન તુટી ગયા. તરત જ હાથી મુનિવરને વંદન કરી જંગલમાં ચાલ્યો ગયો. આથી રોષે ભરાયેલા તાપસોને પણ પ્રતિબોધ પમાડી ભગવાન શ્રી વીરના સમવસરણ તરફ મોકલ્યા.

અભયકુમાર સાથે આવેલા શ્રેણીક રાજાને આર્દ્રક મુનિએ કહ્યું– હાથીને લોઢાની બેડીથી મોક્ષ એટલો દુષ્કર ન હતો જેટલો દુષ્કર સૂત્તર-તંતુના બંધનનો મોક્ષ હતો રાજન્!

પછી અભયકુમારનો ઉપકાર માનતાં મુનિવરે કહ્યું–

કિં કિં ત્વયા ન દત્તં મે
કિં કિં નોપકૃતં ननु ।
યેનાહમાર્હતે ધર્મે
કૃત્વોપાયં પ્રવર્તિતઃ ।।

તારા વડે મને શું શું નથી અપાયું? શું શું ઉપકાર નથી કરાયો? જેના વડે યુક્તિ કરીને હું આર્હત્ ધર્મમાં પ્રવર્તાયો. આખરે શ્રી વીર સ્વામી પાસે રહી કાળક્રમે આર્દ્રકઋષિ મોક્ષે ગયા.

બધું ઉપદ્રવભૂત છે–

વિગ્રહા ગાલુજંગમાલાયાઃ, સંગમા વિગમદોષદૂષિતઃ ।
સંપદોઽપિ વિપદા કટાક્ષિતા, નાસ્તિ કિંચિદનુપદ્રવં સ્ફુટમ્ ।।

શરીર એ રોગ રૂપી સર્પની માળાથી ઘેરાયેલું છે, સંગમો એ વિયોગના દોષથી દૂષિત છે, સંપત્તિ પણ વિપત્તિથી જોવાયેલી છે તેથી આ જગતમાં સ્પષ્ટપણ કાંઇપણ અનુપદ્રવરૂપ નથી અર્થાત્ બધું ઉપદ્રવભૂત છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે - - શ્રી ગુણદર્શી

- સહનશીલતા તે મોટો તપ છે, રોગને મઝેથી વેઠવો તે ય તપ છે, દુઃખને મઝેથી વેઠવું તે ય તપ છે.
- ધર્મીને દુનિયાનું સુખ મળે તેમાં નવાઇ નથી પણ તે સુખમાં ધર્મી ફસાય તે નવાઇ છે !
- ધર્મી જ ગમે તેને સંસારનું કામ કરવું પડે માટે કરે અને ધર્મનાં કામ ઊભા કરી કરીને મઝેથી કરે.
- દુનિયાના સુખ માટે આત્માને કષ્ટ આપવું એટલે વધારે દુઃખી થવાનો માર્ગ સ્વીકારવો.
- અપકારીનો પણ અપકાર ન કરે પણ ઉપકાર કરે સ મહાત્મા.
- દુઃખ પાપથી. પાપ અધર્મથી, કોઇને દુઃખ દેવાનો વિચાર કરવો, કોઇને દુઃખ થાય તેવું બોલવું અને કોઇને દુઃખ આપવું તે બધો અધર્મ.

[અનુ. ટાઇટલ ૨ નું ચાલું]

યું સંકલ્પો-વિકલ્પોનો ચકરાવો થયા કરે છે તે શીખવાની જરૂર નથી. રાગી તો સદૈવનો દુઃખી જીવ છે. સમાધિ–શાંતિનું સ્વપ્ન તો તેના માટે સેંકડો યોજન દૂર છે. રાગી જીવોને પ્રાપ્તિના આનંદ કરતા અ પ્રાપ્તિના અસંતોષનું દુઃખ સદૈવ પીડયા કરે છે. માટે દુઃખ માત્રને તિલાંજલિ આપવી હોય તો રાગને દૂર કરવા પ્રયત્ન કરવો તેજ સાચી પ્રજ્ઞાશીલતા છે.

ત્યાગ સમાન કોઇ જ સુખ નથી. સર્વત્યાગ કદાચ ન કરી શકે પણ જે થોડામાંથી પણ થોડું આપે છે, ત્યારે તેન હૈયામાં અકલાય આનંદની લહેરો ઉછળે છે. ખરેખર જરૂરિયાત વાળાને થોડું પણ આપવામાં આવે તે વખતે તેના મુખ ઉપરના ભાવોનો જો અભ્યાસ કરવામાં આવે તો આપનાર ને સ્વર્ગના સુખ પણ તૃણ સમાન લાગે. દુનિયામાં પણ ત્યાગીની પ્રશંસા કરાય છે રાગીની નહિ. ત્યાગ કરનારો પણ જો નિઃસ્વાર્થ ભાવે કરે તો તેનું કલ્યાણ છેટું નથી.

આ મૌક્તિકનું મનન-ચિંતન કરી, આત્મસાત્ કરી સૌ પુણ્યાત્માઓ આત્માની અનંતી ગુણ લક્ષ્મીના સ્વામિ બનો અને સંસારમાં પણ સાચી સદ્ગૃહસ્થાઇનો અનુભવ કરનારા બનો તે જ ભાવના.

—પ્રજ્ઞાંગ.



- સુખનો ભુખ્યો પૈસાનો લોભી બને. પૈસાનો લોભી બનેલ ત્યારે શું કરે તે કહેવાય નહિ.
- જે મૂડી છુપાવી રાખે તે શ્રીમંત કહેવાય કે લક્ષ્મીનો ચોર કહેવાય ?
- જેનામાં ખરાબી આવતી હોય અને ખરાબીની ખબર પણ ન પડે તેના જેવો અજ્ઞાન કોઇ છે ?
- મોક્ષની ઇચ્છા જવાથી, સંસાર સારો લાગવાથી એટલી ખરાબી થઇ રહી છે કે આ જનમનો ઉપયોગ નરક-તિર્યંચમાં જ જવા થઇ રહ્યો છે.
- આપણે આજ સુધી સંસારમાં કેમ ભટકયા ? આંતરશત્રુનું જોર ચાલે છે તેને હટાવવાનું બળ નથી માટે.
- જીવવું એટલે સારામાં સારી રીતે મરવાની તૈયારી કરવી તેનું નામ જીવવું !
- સંસારમાં જે જે પાપ કરવાં પડે છે તે તમને પાપ લાગ્યા હોત અને તેનું ફળ દુર્ગતિ જ છે એમ લાગ્યું હોત તો તમે કયારનાય કંપી ઊઠયા હોત !
- આજના મોટાભાગને ધર્મનો એક ગુણ જોઇતો નથી અને એક પાપ ખટકતું નથી. તેવા મરતાં સુધી સાંભળે તો ય લાભ થાય નહિ. જેને ગુણ ગમે અને તે મેળવવાનું મન થાય અને દોષ ખટકે તે કાઢવાનું મન થાય તેને લાભ થાય !
- ધર્મના ઉપદેશ જેવો ઉત્તમ ઉપકારક માર્ગ એક નથી. ભગવાનની આજ્ઞા મુજબ ઉપદેશ આપવાની જેનામાં શક્તિ હોય અને તે અનેકને ભગવાનના ઉપદેશ દ્વારા માર્ગે ચઢાવવા શક્તિસંપન્ન હોય તો તેને જિનકલ્પ સ્વીકારવાની પણ મના કરી છે.
- તમે સુખી થાવ તેમાં અમે રાજી નથી. તમે ડાહ્યા, જ્ઞાની, સંયમી થાવ તેમાં અમને આનંદ છે.
- તમારે ગમે તેમ સુખી થવું છે તે જૈનપણાનું લક્ષણ નથી, કલંક છે, ભૂષણ નથી દૂષણ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશકે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર) થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

2233

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૬	૧૮

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

卐

અજ્ઞાન જ મોટું કષ્ટ છે.

ક્રોધાદિ સર્વ પાપો કરતાં પણ અજ્ઞાન એજ મોટું કષ્ટ છે. જેના વડે-અજ્ઞાનવડે આવરાયેલો જીવ સત્યાર્થને હિતને કે અહિતને પણ જાણી શકતો નથી.

એક ચિંતન

धनैश्वर्याऽभिमानेन, प्रमादमदमोहिताः !
दुर्लभं प्राप्य मानुष्यं, हारयध्वं मधैव मा ॥.

"દુર્લભ એવા મનુષ્યપણાને પામીને, ધન–ઐશ્વર્યના અભિમાનથી, પ્રમાદ તથા મદથી મોહિત બનીને ફોગટ આ જન્મ હારી જાવ નહિ."

મહાપુરુષોએ આ મનુષ્યજન્મને દશ દશ દૃષ્ટાન્તે દુર્લભ કહ્યો છે, અનંતી અનંતી પુણ્યરાશિ ભેગી થાય ત્યારે જીવને સુદેવ–સુગુરૂ–સુ ધર્મની સામગ્રીથી સહિત એવો મનુષ્ય જન્મ પ્રાપ્ત થાયછે. આ મનુષ્ય જન્મ મોહ નામના પાપોદયથી થવા છતાં પણ આજ મનુષ્ય જન્મની દુર્લભતા મહાપુરૂષોએ વર્ણવિ છે તે એટલા માટે કે, આ જન્મમાં જ મોક્ષની પરિપૂર્ણ સાધના થઇ શકે છે અને સઘળાં જ પાપોથી વિરામ અને નિરવદ્ય ક્રિયાથી યુકત એવું સાધુપણું પણ આ જ જન્મમાં પામી શકાય છે.

છતાં પણ પૂર્વના પુણ્યોદયે સારી સામગ્રી સહિત મનુષ્ય જન્મ પામવા છતાં પણ મોટો ભાગ ધન અને ભોગની પાછળ જ આ મનુષ્ય જન્મને બરબાદ કરી નાખે છે.

જેઓને પુણ્ય યોગે ધાર્યું ધન મલી જાય છે, મોટાઇ મલી જાય છે તેઓ તો પછી આકાશમાં જ ઉડતા હોય છે, બીજાઓને તો તૃણ સમાન ગણતા હોય છે અને અમે જ કાંઇ છીએ' અમારા વડે જ બધું છે. આવા અભિમાનમાં રાચતા હોય છે અને પોતાના બળ–બુદ્ધિનો પણ તેમાં જ ઉપયોગ કરતાં હોય છે બધા જી હજૂરિયાઓ તેમના વખાણ કરે એટલે સાચું સાંભળવા જેટલી પણ ધીરજ ધરી શકતા નથી તેથી મદોન્મત્ત બની આ જીવનને કોડીનું બનાવી દે છે.

આવા જીવોના હિતને માટે મહાપુરૂષો કહે છે કે–ભાગ્યશા લી ! જીવનમાં મોટું અભિમાન કરવા જેવું નથી. અભિમાન તો રાજા રાવણનું પણ નથી ટકયું અને ચક્રવર્ત્તી આદિની ઋદ્ધિ પાસે આપણી પાસે છે પણ શું કે અભિમાનના નશામાં ચકચૂર બની જાવ છો.

મહાનુભાવ ! ધન કે મોટાઇ કાંઇ આપણી સાથે આવવાનું નથી. દુનિયાના બીજા

(અનુ. ટાઈટલ ૩ ઉપર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

સંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (પાલીતાણા)
ચાંદમલ પદમશી ગુંદકા (પાલનપુર)

વર્ષ ૬] ૨૦૫૦ માગસર સુદ-૮ મંગળવાર તા. ૨૧-૧૨-૯૩ [અંક ૧૬

–: મોક્ષના ઉપાયભૂત ધર્મ :–

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા

પ્રવચન–ત્રીજું (ગતાંકથી ચાલુ)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા મહાપુરુષો ઉપદેશ આપતા એક જ વાત કહે છે કે–આપણને આવી સારી સામગ્રી મલી છે તે શેના પ્રભાવે મલી છે ? તમે નજરે જૂઓ છો કે, ઘણાને રહેવાનું, બેસવાનું ખાવા-પીવાનું, પહેરવા–ઓઢવાનું ઠેકાણું નથી અને તમે તે બધી સારી સામગ્રી પામ્યા છો તે પ્રભાવ કોનો છે ? તમારી હોંશિયારીનો છે ? બુદ્ધિનો છે ? આજે તો બુદ્ધિશાલીને ય ભીખ માગતા મલતું નથી, દુઃખી દુઃખી છે. તમને સારી સામગ્રી મલી છે તે પ્રભાવ કોનો છે ? તમે બધા કહો કે–ભૂતકાળમાં અમારા હાથે થોડો–ઘણો ય ધર્મ થયો હશે, તેનાથી જે પુણ્ય બંધાયું તેનો જ આ પ્રભાવ છે. આ નક્કી થાય તો ધર્મ જ આધાર છે તેમ લાગ્યા વિના રહે નહિ. પછી ધર્મ જ સાચવવો જોઈએ, શક્ય ધર્મ આરાધવો જોઈએ. તેમ કરો તો પરભવ સુધરે આના કરતા પણ સારો ભવ મળે અને પરિણામે થોડા કાળમાં જ મોક્ષ થાય અને સદા માટે આપણો આત્મા સુખી થાય. 'ધર્મ વિના કશું જ કરવા જેવું નથી'–આ શ્રદ્ધા હોય તો જ ઠેકાણું પડે.

પણ આજે તો ઘણા, અમે આમારી બુદ્ધિથી–હોંશિયારીથી કમાયા છીએ તેમ માને છે, ધર્મને તો યાદ પણ કરતા નથી. જે કાળમાં બુધ્ધિશાળી પણ દુઃખી, દુઃખી છે તે કાળમાં મૂરખ શેઠ છે, ઓછું ભણેલા ઘણા સુખી છે તે પ્રભાવ કોનો છે ? ઘણા

સુખી છે પણ સદાના માંદા છે, ખાઇ-પી શકતા નથી તમને કાંઈ રીતે સારું છે-તે શાથી ? ધર્મથી ને ? ખરેખર ધર્મી આત્મા તો, વાત-વાતમાં ધર્મનો જ ઉપકાર માને જે ધર્મનો જ ઉપકાર માને તે ધર્મ માટે શું શું કરે ? જેને ધર્મની સાચી શ્રદ્ધા હોય તે શ્રદ્ધાના બળે અવસર આવે બધું જ છોડવું પડે તોય તેને દુઃખ ન થાય. દુઃખ તો લોક ધર્મની નિંદા કરે તેનું થાય. ધર્મ જ મને ઠેકાણે પાડશે તેવી તમને શ્રદ્ધા છે ? દુનિયાની સુખની સામગ્રી મલી તે પ્રતાપ બુધ્ધિનો છે કે ધર્મનો છે ? ધર્મ નથી આરાધ્યો તે ભણેલા-ગણેલા ય ભીખ માગે છે, કોઇ નોકરી ય આપતું નથી, ઠેકાણું ય પડતું નથી. ધર્મ ન હોય તો કશું જ નથી. ધર્મને સાચવવા બધું જ છોડવું જોઇએ. જેના પ્રતાપે પામ્યા બધું પામ્યા, તેના રક્ષણ માટે છોડવું પડે તો તે વાસ્તવિક છે કે નહિ ? જેને આપ્યું તેને સાચવવા ધર્મને મૂકી દઇએ તો આપણા જેવા કૃતઘ્ન કોણ ? શ્રી નવપદમાં તો આ બધું આવી જાય છે. તેની આરાધના સદાને માટે સુખ આપનારી છે.

ભૂતકાળમાં આડે હાથે ધર્મ થયો તેના પ્રતાપે જ સુખી છો તે વાત હૈયામાં છે ખરી ? આ સમજ્યા પછી જો અહીં ધર્મ ભૂલ્યા તો અહીં પણ દુઃખી થશો, પર-લોકમાં પણ દુઃખી થશો અને સદા કાળ સંસારમાં રખડવું પડશે. આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષે ગયા તેમની પાછળ બીજા અસંખ્યાત ગુણા આત્માઓ મોક્ષે ગયા છતાં પણ આપણે અહીં રહી ગયા, આપણો નંબર ન લાગ્યો તો શું શ્રી અરિહંત પરમાત્મા આપણને મલ્યા નહિ હોય ? કહો કે, શ્રી અરિહંત ભગ-વાન તો મલ્યા હશે પણ તેમનું કહેલું માન્યું નહિ માટે રખડયા અને હજી પણ જો તેમનું કહેલું માનીશું નહિ તો રખડવું પણ પડશે.

હૈયામાં આ શ્રદ્ધા છે કે-શ્રી અરિહંત પરમાત્માનું શાસન મલ્યું છે તો કશી જ ચિંતા કરવા જેવી નથી. શાસનની ચિંતા અમે કરીશું તો અમારી ચિંતા શાસન કરશે જ-આ શ્રધ્ધા છે ? આવી શ્રધ્ધા વિના શાસન કે ધર્મ સચવાશે નહિ. તેથી જ આજે ધર્મ કરનારો મોટો ભાગ દેખાવ ખાતર, ન છૂટકે ધર્મ કરે છે. અને સંસારના બધા પાપ મજાથી કરે છે. તમે બધા સંસારમાં રહ્યા છો તે દુઃખથી કે મજાથી રહ્યા છો ? ધંધા-ધાપા કરો છો તે ય દુઃખથી કે મજાથી ? જેઓને ધંધાદિ કરવાની જરૂર નથી છતાં પણ ધંધાના પાપ શું કામ કરે છે ? તો કહેવું પડે કે-સાચી શ્રધ્ધા જ નથી.

ધર્મ ઉપર શ્રધ્ધા જાગ્યા વિના કદિ ઠેકાણું પડશે જ નહિ. સંસારમાં રખડવું છે કે મોક્ષે જવું છે ? જેની મોક્ષે જવાની ઇચ્છા ન હોય તે ગમે તેટલો ધર્મ કરે તોય રખડી મરવાના છે. ગમે તેટલા પૈસા કે સુખ-સામગ્રી મલી હશે તે બધું મૂકીને

જવાનું છે, કોઈ જ સાથે આવવાનું નથી અને અહીંથી સીધા દુર્ગતિમાં જવું પડશે. આવી સામગ્રી કયારે મળે તે ભગવાન જાણે–આ શ્રદ્ધા છે ?

પ્ર૦ ઓઘે ઓઘે ય શ્રદ્ધા છે કે આ બધું ધર્મથી મલ્યું છે.

ઉ૦ ઓઘે ઓઘે ય શ્રદ્ધા હોય તે જીવ ધર્મ કેવી રીતે કરે ? સંસારમાં કેવી રીતે રહે ?

ધર્મ સમજેલાને ઘર નાશ પામે કે સળગી જાય, તો ય દુઃખ ન થાય. નાશ પામ્યું તે અધર્મનું ફળ હતું અને મલ્યું હતું તો ધર્મનો પ્રતાપ હતો તેમ માને. સુખમાં ફસી ન જાય અને દુઃખમાં મૂંઝાઈ ન જાય તેમનું નામ ધર્મની શ્રધ્ધા !

તમે બધા ધર્મી છો ને ? રોજ ત્રિકાળ પૂજા કરો છો ? ઉભયકાળ આવશ્યક કરો છો ? જીવાદિ તત્ત્વો સમજ્યા છો ? તત્ત્વ કેટલા છે ? નવ નવમાં મેળવવા જેવું તત્ત્વ કયું છે ? આ મનુષ્યભવ પામ્યા પછી મેળવવા જેવો મોક્ષ જ છે ને ? સંસાર છોડવા જેવો છે કે રહેવા જેવો છે ? હૈયાથી બોલશો. તમે કહો કે–આ સંસારમાં ગમે તેટલી અનુકૂળ સામગ્રી મલી હોય, રાજ રિધ્ધિ–સિધ્ધિ મલી હોય તો પણ આ સંસાર રહેવા જેવો નથી, છોડવા જેવો જ છે. આવી શ્રદ્ધા પેઢા થઇ છે ? ખાતા–પીતા, બેઠતા–ઉઠતા મોક્ષ યાદ આવે છે ?

પ્ર૦ આપ યાદ કરાવો તો આવે.

ઉ૦ યાદ કરાવું તો યાદ આવે કે સાંભળવું પડે છે ? જે ગમે તેની ઇચ્છા હોય કે નહિ ?

સંસાર ગમવો જ ન જોઇએ, મોક્ષ જ ગમવો જોઇએ–આ શ્રધ્ધા છે ? ધર્મી કહેવરાવીને અધર્મ કરવો નથી તેમ નક્કી કરજો. મોક્ષની ઇચ્છા નહિ તે કેવો કહેવાય ? ભારે કર્મી કહેવાય. શાસ્ત્રે કહ્યું છે કે–અભવ્યોને, દુર્ભવ્યોને કે ભારે કર્મી ભવ્ય જીવોને મોક્ષની ઇચ્છા થાય નહિ. અભવ્ય જીવોએ અને દુર્ભવ્ય જીવોએ સારામાં સારો ધર્મ કર્યો છે છતાં પણ ધર્મ કરી કરીને રખડયા છે. તમને જે સુખ મળ્યું તે વધારે દુઃખી થવા મળ્યું છે તેમ તમને શ્રધ્ધા છે ?

'આ સંસાર રહેવા જેવો નથી મોક્ષ જ મેળવવા જેવો છે'–આ વાત ખાતા–પીતા યાદ આવવી જોઇએ. મોક્ષ યાદ ન આવે તે જૈન નથી, ભગવાનનો ભગત નથી, હીરા-ના હાર ચઢાવે તો પણ સાધુના પાત્રા ભરે તો ય સાધુનો ભગત નથી. તે તો માત્ર દુનિયાના સુખનો અને પૈસાનો ભગત છે, દુનિયાનું સુખ મળે, પૈસા–ટકાદિ મળે, મોજમજા મળે માટે ધર્મ કરનારા ઘણા છે. તો પણ ન છૂટકે થોડો ઘણો કરે. તમારો નંબર શેમાં છે ? તમને સંસાર ગમે કે ન ગમે ? આ સંસાર તો ભૂંડામાં ભૂંડો છે.

કોઈપણ રીતે સારો નથી, રહેવા જેવો નથી. સંસારના સુખમાં ફુદાફુદ કરે અને દુઃખમાં રૂવે તે ધર્મીપણાનું લક્ષણ નથી. ધર્મ વિના તો ચાલે નહિ. ધર્મ જ કરવો જોઇએ, દુનિયાના સુખને સારું માને અને દુઃખને બરાબર માને તે ધર્મ કરી જ ન શકે.

પ્ર૦ અનુકૂળતા હોય તો ધર્મ વધારે થાય તેમ નહિ.

ઉ૦ આજે તો અનુકૂળતાવાળા ધર્મ જ કરતા નથી. આ બધા અનુકૂળતા જેટલો જ ધર્મ કરે છે ?

તમે બધા બરેબર સમજુ થઈ જાવ તો બગડેલા સાધુ પણ સુધરી જાય.

પ્ર૦ અમારામાં શ્રાવકના ગુણોનું ઠેકાણું ન હોય તો શું થાય ?

ઉ૦ તમે શ્રાવક બનવા તો અહીં આવો છો ને ? શ્રાવક બનવા ય આવતા હોત તો ય સમજુ બની ગયા હોત.

તમે બધા સમજુ હોત તો સાધુપણું જોઇને સાધુને વાંદત પણ ગમે તેને ન વાંદત. વેષધારીને પણ વાંદવા લાગ્યા ત્યારથી સત્યાનાશ નીકળી ગયું.

પ્ર૦ સંસારી કરતાં તો સારા ને ?

ઉ૦ તે તો ભૂંડામાં ભૂંડો ગણાય. મૂકયું છે ઓછું અને ભોગવે છે ઘણું.

તમે કે અમે અહીં સુધી આવ્યા તે ભૂતકાળના ધર્મનો પ્રભાવ છે. હવે સંસાર ગમે છે કે મોક્ષ ગમે છે ? ભગવાને મોક્ષ માર્ગ બતાવ્યો છે કે સંસાર માર્ગ બતાવ્યો છે? ભગવાનને નહિ માનનારા ઘણા છે અમારામાં પણ તેથી જ ભગવાન ખુદ કહી ગયા છે કે-પાંચમાં આરામાં ઘણા મુંડાઓ મહામિથ્યાદૃષ્ટિ પાકવાના છે. શ્રાવક પણ દુઃખી થશે, હેરાન થશે, પણ સંયમ લેવાનું મન નહિ થાય તેવા થવાના છે. તમારો નંબર શેમાં છે ? તમે બધા સંસારના પૂજારી છો કે ધર્મના પૂજારી છો ? સંસાર યાદ આવ્યા કરે છે કે મોક્ષ ?

પ્ર૦ આજે તો દીક્ષા લેનાર વધ્યા ને ?

ઉ૦ આજે ઘણાની પરીક્ષા નહિ કરો તો દીક્ષા લેનાર એવા આવશે કે ગુરુ હેરાન હેરાન થઈ જશે.

અમે દીક્ષાનો ઉપદેશ આપીએ પણ 'તું દીક્ષા લે' તેમ ન કહીએ. દીક્ષા ધર્મ બરાબર સમજાવીને, પરીક્ષા કરીને આપતા હોય તો વાંધો નથી પણ 'તું અહીં આવી જા કશો વાંધો નહિ આવે' તેમ કહી દીક્ષા આપે છે. તેથી તો ઘણું નુકશાન થયું છે.

દીક્ષા આપવાની ખરી પણ કોને ? જેને મોક્ષ જોઇએ તેને સંસારમાં દુઃખી હોય અને અહીં સુખી થવા આવે તેનેદીક્ષા અપાય નહિ.

ખરેખર ધર્મી પણ કોણ ? જેને મોક્ષ જ જોઇતો હોય, સંસારથી છૂટવું હોય તે ! સુખ ન ગમે અને દુઃખને મજેથી ભેટે તે ! દુનિયાના સુખોનો દ્વેષી અને દુઃખનો રાગી જીવ ધર્મ માટે લાયક છે. સાધુપણામાં કષ્ટ વેઠવા આવવાનું છે, લહેર કરવા નહિ. અનુકૂળતા ભોગવે તે સાધુપણું પાળી શકે નહિ. સાધુવેષમાં એવું જીવશે કે અનંતકાળ રખડવું પડશે.

પ્ર૦ ધર્મ ઘણો વધ્યો છે.

ઉ૦ મને લાગતો નથી. દેખાવનો વધ્યો છે. હૈયાનો વધ્યો નથી.

આજે સારું ઓછું દેખાય છે. આગળના જુના શ્રાવકો સારા હતા. તે અમારી ય ખબર લેતા. તેઓ કહેતા કે–દીક્ષા લીધા પછી, સાધુ થયા પછી તમે પણ જો ખોટું કામ કરશો તો શું થશે ? આજે તો તમે બધાને હા...હા... કરો છો, બધાને સારા કહો છો અને પાછળથી નિંદા કરો છો. તમને તો જે પૈસાદિના ઉપાય બતાવે તે ગમે તેવા હોય તો ય તેની પ્રશંસા કરો છો. શાસ્ત્રે તો કહ્યું છે કે–દુનિયાના સુખના લોભથી ધર્મ કરે તેની કથી કિંમત નથી. નામના–કીર્ત્તિ માટે ધર્મ કરે તેની પણ કિંમતી નથી. આત્માના નિસ્તાર માટે, વહેલા મોક્ષે જવા માટે જ ધર્મ કરે તે જ સાચા સાધુ છે અને સાચા શ્રાવક છે ! જેને મોક્ષ યાદ ન આવે, સંસારમાં જ મજા આવે તે ગમે તેટલો સારો ધર્મ કરતા હોય તોય ધર્મી નહિ. આજે ધર્મ કરનારામાં ધર્મી ઓછા !

પ્ર૦ મોક્ષ કેવી રીતે યાદ કરવો ?

ઉ૦ બધાજ શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષે ગયા છે. શ્રી અરિહંત પરમાત્માઓનો ઉપદેશ રૂચ્યો તેવા બીજા અનંતા આત્માઓ પણ મોક્ષે ગયા છે. આપણા ભગવાન જ્યાં ગયા તે જગ્યા સારી જ હોય ને ? ત્યાં જવાનું મન કોને ન થાય ? મોક્ષ તો વાતવાતમાં યાદ આવે તેવો છે. તમને કેમ યાદ નથી આવતો તે જ સમજાતું નથી.

સાધુ થાય તે ય મોક્ષ જવા માટે થાય. દર્શન કરે તે ય મોક્ષ માટે કરે, સુખ મેળવવા માટે નહિ. સંસારના સુખ માટે ધર્મ કરે તે ધર્મ નથી કરતો પણ અધર્મ કરે છે. શાસ્ત્રે કહ્યું છે કે–આ લોકના સુખ માટે ધર્મ કરે તો તે ધર્મ ઝેર જેવો છે, જે તત્કાળ મારે પરલોકના સુખ માટે ધર્મ કરે તો તે ધર્મને ગરળ જેવો કહ્યો છે, જે લાંબા ગાળે મારે. વાસુદેવ અને પ્રતિવાસુદેવને નિયમા નરકગામી કહ્યા છે કેમ ? ભાગીને તે ઋદ્ધિ મેળવી છે માટે ધર્મ વેચીને સુખ મેળવે તે નરકગામી જ હોય !

(ક્રમશઃ)

ધાર્મિક વહિવટ વિચાર અંગે શાસ્ત્રીય માર્ગદર્શન આપો.

નવેમ્બર ૧૯૯૩ 'મુકિત કૃત'માં પૂ.પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ.નું નિવેદન છે કે મારૂ લખાયેલુ પુસ્તક ધાર્મિક વહિવટ વિચાર મારી માન્યતા પ્રમાણે શાસ્ત્રાનુસાર છે પરંતુ તેમાંનું કેટલુંક લખાણ શાસ્ત્ર વિરુદ્ધ હોવા અંગેનો જે વિવાદ ઉભો થયેલ છે તેમાં જો શાસ્ત્રાધાર સહિત મને ખાત્રી થાય તે રીતે જણાવાશે તો તેની નવી આવૃત્તિમાં સુધારો કરવાની મારી તૈયારી છે.

આ નિવેદન અંગે વિદ્વાન પૂ. આ. દેવાદિને વિનંતિ છે કે તે પુસ્તક અંગે જે શાસ્ત્ર વિરુદ્ધ જણાય તે શાસ્ત્રના પાઠો અને યુકિતઓ સહિત મોકલે તો જૈન શાસનમાં સ્થાન અપાશે આક્ષેપ કે નિંદા રૂપે લખાણ ન મોકલવું.

વિશેષમાં સંમેલનના લખાણો અંગે ખુલાસા થઈ ગયા છે આ પુસ્તકમાં પણ સંમેલનની પ્રતિકાર થયેલી દેવ દ્રવ્ય ગુરુ દ્રવ્ય વિગતો પણ છે જેથી જો તે પૂર્વના પ્રતિકારોમાં શાસ્ત્રીય વિગતો અપાઇ છે તે ધ્યાનમાં લેવાઇ હોત તો આ પુસ્તક પ્રકાશન જરૂરી ન રહેત. પૂ. આ. શ્રી કૈલાસસાગર સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજયસોમચંદ્ર સૂરીશ્વરજી મ. પૂ. ઉ. શ્રી ધર્મસાગરજી મ- તરફથી ધાર્મિક વહીવટ વિચારણાની પુસ્તિકાઓ પ્રગટ થઈ જ છે. પૂ.પં. શ્રી હેમરત્ન વિજયજી મ.ની 'ચાલો જિન મંદિર જઇએ' પુસ્તકમાં તેમા ખાસ પ્રકરણ ધાર્મિક વહિવટ વિચારણા અંગે છે આ પુસ્તકની ૨ માસમાં ત્રણ આવૃત્તિ ઓની ૧૭ હજાર નકલો પણ પ્રાયઃ પ્રગટ થઇ છે. જેથી આ પ્રકાશનોમાં ધાર્મિક વહિવટના વિચાર છે જ છતાં પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી ગણિવરશ્રીએ ધાર્મિક વહિવટ વિચાર પુસ્તક પ્રગટ કરેલ છે. તેમાં આ ઉપરોકત વહિવટથી વિપરીત વકતુ હોય તો સા પ્રમાણ લખાણ થાય તો શ્રી સંઘને સાચું માર્ગદર્શન મળે. અને પૂ.પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ ને પણ સુધારો કરવાનો હશે તો કરી શકશે અને તે સુધારો ન થાય ત્યાં સુધી બીજી આવૃત્તિ પ્રકાશિત પણ કરશે નહિ.

જૈન શાસન

પરદેશ આજીવન લવાજમ

પરદેશમાં આજીવન સી મેઇલ બે હજાર તથા એર મેઇલ આજીવનના રૂા. ચાર હજાર છે

卐

પ. પૂ. આચાર્યદેવ શ્રી સમચન્દ્રસૂરીશ્વરજી મ. સા. ની પ્રવચન વાણી.

જેને વિતરાગ પરમાત્માની પૂજા મળી તેના પૂણ્યનુ વર્ણન થઇ શકે તેમ નથી. એવા પુણ્ય ને પામેલા કેટલા જીવો નીકળે કે અરિહંતને ઓળખે. એની આજ્ઞા સમજે અને સમજી ને પાળવી જોઇએ એવું હૈયામાં ઉઠે.

પૂજા આદિનો ધર્મ કરનારા પણ પાપ કરી. પુણ્ય ખપાવી. દુર્ગતિમાં આવ્યા જાય એ કેવી ભારે કમનસીબી. છે દુર્ગતિમાં ગયા તો કેટલો કાલ રખડવું પડશે ?

ધર્મ કરનારને મોક્ષ જોઇએ એનો વિચાર નથી સંસાર કરવા જેવો નથી. એ વિચાર નથી. અધર્મ મજેથી કરે છે એને દુર્ગતિમાં જવુ પડશે એનો ડર નથી.

ધર્મ કરનારા પોતે સમજે તો કામ થાય. બાકી કોઇ સમજાવી શકે તેમ નથી.

જીવને જ્યાં સુધી મોક્ષની રૂચી ન જાગે ત્યાં સુધી ધર્મ કરવામાં આનંદ નહી આવે અધર્મમાંજ આનંદ આવવાનો તપ કરો પણ આનંદ આવામાં આવે છે ને ? દાન કરો છો પણ આનંદ ધન કમાવવામાં જ આવે છે ને ?

માટે સમજુ બનવાની જરૂર છે સમજુ બનો તોજ શાસન પામવાના બાકી તો ભગવાન પણ શાસન પમાડી ન શકે ભગવાનમાં શાસન પમાડવાની શકિત હોવા છતાં.

આજે મોટે ભાગે ધર્મ કરનારા પણ શકિત પ્રમાણે ધર્મ નથી કરતા અને અધર્મ શક્તિથી વધારે કરે છે ધર્મ શક્તિ પ્રમાણે નથી થતો. થાય છે તે પણ દેખાવ પુરતો આવું કેમ બને છે ? સમજદાર જીવ બને તો તેને થાય કે મારે ધર્મ કરવો છે તો એ શકિત પ્રમાણે ધર્મ કરે અધર્મ નથી કરવો તો ન કરે. અને કરવો પડે તો રૂએ. જગતના મોટા ભાગના જીવો એવા છે કે અધર્મનું ફળ મળે ત્યારે રૂએ છે પણ અધર્મ તો મજેથી કરે છે. ધર્મનું ફળ બધાને જોઇએ છે પણ ધર્મ કરવાના વખતે બધા પાંગળા દેખાય છે

અધર્મનું ફળ કોઇને જોઇતુ નથી પણ અધર્મ કરવામાં જરા પણ પાછી પાની કરતા નથી મજેથી કરે છે માંદો પડયો હોય તો પણ માણસ લાકડીના ટેકે પેઢીએ જાય છે અને પાપ વ્યાપાર કરે છે

જેને મન થાય કે મોક્ષે જવું છે મોક્ષે જવું છે માટે જ્યાં સુધી મોક્ષે ન જવાય ત્યાં સુધી સદ્ગતિમાં જવું છે દુર્ગતિમાં નથી જવું. તે પણ ત્યાંના સુખ માટે સદ્ગતિમાં નથી જવું પણ ધર્મ વધારે થઇ શકે માટે જવું છે દુઃખ છે માટે

દુર્ગતિમાં નથી જવું એવું નથી પણ ત્યાં ધર્મ ની પ્રાપ્તિ અને પાલન અશકય અથવા દુર્લભ છે. માટે નથી જવું આવી માન્યતા વાળાજ ધર્મ બરોબર કરી શકે. સુખ-સંપત્તિ, આબાદિ વગેરે બધી સારી વસ્તુ મળે કોને ? જે ધર્મ કરે તેનેજ ને ? જીવો સારી વસ્તુ બધી ઇચ્છે પણ ધર્મ કરેજ નહીં એવું છે.

દેવને સુખ વળગ્યુ છે એ ધર્મ કરવા દેતુ નથી.

નારકીને દુઃખ વળગ્યું છે એ ધર્મ કરવા દેતું નથી

તિર્યંચોને અજ્ઞાન વળગ્યું છે એ ધર્મ કરવા દેતુ નથી.

ધર્મ સારી રીતે કરી શકે તે માનવ જ પણ સારી ચીજે ધર્મથી મળે છે એ જાણવા છતા ધર્મ કરતા નથી શ્રીમંતો પૈસા અને સુખ મેળવવાનો ધર્મ કરીને આવ્યા છે અને ધર્મ ન કરી શકે એવું પાપ બાંધીને આવ્યા છે એ બિચારા છતા મંદિરાદિ એ નરક યા તિર્યંચમાં જવાના છે પાપાનુંબંધી પુણ્યવાળા છે. તમારૂ પુણ્ય કેવુ છે એનો વિચાર કરવાનો છે તમને મંદિરાદિ પુણ્યથી મળ્યા છતા ધર્મ કરવાનું મન થતુ નથી ? આજે આઠમ છતા તપ નથી કર્યો ને ? આઠમ પર્વતિથિ. પર્વતીથિએ તપ કરવાનું વિધાન છે ને ? કરો છો ? સવારે કરવાનુ મન થાય. ચા પીતા પીતા પણ થાય કે આજે આઠમ છે આ શું કરે છે ? કે મજેથી ચા પીઓ? તપ કરવાની શકિત નથી કે છે ?

આખો દિવસ ફરે પણ પડિકકમણું કરતી વખતે ઉભા ઉભા કરવા શકિત નથી.

શકિત છતા ધર્મ નહિ કરો તો દુર્ગતિમાં જવાનું થશે કદાચ ધર્મ ક્રિયા કરતા સાથ પરિણામ. આવે ને આયુષ્ય બંધાય તો દેવલોકે જાય. પણ ત્યાં સુખમાં મજા કરી તિર્યંચમાં જવા માટે પાપ ભેગા કરવા.

ધર્મ કરીએ કયારે-અધર્મથી બચીએ કયારે ? અંદરથી ઉગેતો.

અનંત કાલ ભટકયો ભટકતા ભટકતા આટલી સામગ્રી મળી છે. અમને પણ એવી સામગ્રી મળી છે કે ધર્મ કરવા કોઇ અંતરાય ન કરે સીવાય મન. તમને તો ધર્મ કરવા અંતરાય ઘર-પેઢી-કુટુંબ પરિવાર વગેરે કરે. ધર્મ કોણ કરે ? જેને થાય કે મારે કરવોજ છે તેજ. અધર્મ નથી કરવો એ વિચારવાળોજ અધર્મથી બચી શકે. બાકી તો અધર્મ મજેથી કરે છે.

શરીરની બધીજ ક્રિયા અધર્મ છે આવાદિની ક્રિયા ધર્મ સારી રીતે કરાય તે માટે કરાય તો ધર્મ થઇ શકે (ધર્મ બની શકે) બાકી તો અધર્મજ છે.

કમાણી ન થાય તો દુઃખ થાય ને ? દાન. ન થાય તો દુઃખ થાય ખરૂ ? કમાણી અધર્મ દાન ધર્મ ને ? દાન વરસમાં એકવાર પણ ન થાય તો પણ દુઃખ ન થાય ને ? કમાવું ખાવું પીવું વગેરે

અધર્મ છે તે બેસે છે ?

આ બધું સમજાય. ને સાચુ લાગે તો અમલમાં મૂકયા વગર ન રહેવાય. થોડુ થોડુ પણ અમલમાં મૂકાય. માટે આઠમ યાદ કરી છે ખાઈને આવેલાને પણ આઠમ. યાદ આવી ? હજી યાદ આવે છે ?

આજે તો ઘણા કહે છે કે બે દહાડા થાયને તિથિ આવે છે આજે તો તારીખ યાદ રાખી તિથિ એને મોટા ભાગે ભૂલી ગયા છે. આજે કઇ તિથિ છે એમ પુછીએ તો આજે આ તીથિ છે એવો જવાબ આપનાર કેટલા મળે ?

પૈસા કિમ્મતિ કે માનવ ભવ. શુ સાચવવા જેવું છે ? પૈસા કે માનવભવ. ? પૈસાદિ માટે કરેલા પાપો કાન ખુટી પકડીને નરક કે તિર્યંચમાં લઈ જશે.

નરક કે તિર્યંચમાં કોણ જાય. ? જેને ધર્મ કરવામાં રસ ન આવે અને અધર્મ કરવામાં રસ આવે.

દાનમાં રસ ન આવે–કમાવામાં રસ આવે. શીલમાં રસ ન આવે–ભોગમાં રસ આવે તપમાં રસ ન આવે–ખાવામાં રસ આવે શાસ્ત્ર વાંચવા કે સાંભળવામાં રસ ન આવે વાતોમાં રસ આવે. તે.....

અકરમાત એ બધા દેવલોકમાં જાય તો સંસારમાં વધારે ભટકવા માટે પાપ ભેગા કરવા ખાવાદિનો રસીયો–ધર્મ ન ગમે અધર્મ જ ગમે તે તિર્યંચમાંથી આવ્યો છે અને તિર્યંચમાં જવાનો છે.

જ્ઞાનીઓ કહે છે અમારી વાત કોણ માને ? જેને માનવી હોય તે. બાપ પણ કહે કે મારી વાત કોણ માને જે છોકરાને માનવી હોય તે. નઠોર છોકરો નજ માને !

જ્ઞાનીઓની વાત–ખાવાદિનો રસ મારવા માટે તપાદિ કરવાની છે.

ઉપવાસ કરે તો ખાવાનો રસ મરે ! ખાવાનો રસ નથી મરતો એનુ દુઃખ કેટલાને થાય.

દાન કરનારાઓને કમાવાનો રસ મરે ? ન મરે તો દુઃખ કેટલાને થાય.

શીલ પાલનારા ઓને ભોગનો રસ મરે ? ન મરે તો દુઃખ થાય. ? આવુજ હોય તો નઠોર છોકરાને મા–બાપ ન સુધારી શકે તેમ. તમને અને અમને ગુરૂ ન સુધારી શકે અને ખુદ ભગવાન પણ ન સુધારી શકે.

મોક્ષ કયારે યાદ આવે. ? મંદિરમાં ભગવાન ના દર્શન કરતા મોક્ષ યાદ આવે ? સાધુએ ઘરબાર છોડયા. તો એને જોતા ઘરબાર છોડવાનુ યાદ આવે ? ધર્મીઓને ધર્મ કરતા જોઈને ધર્મ કરવાનું યાદ આવે ? ઘણા જીવોનું પુણ્ય એવું કે પાપ કરતા કોઇ અટકાવી ન શકે મજેથી ગોઠવી ગોઠવીને કરે છે.

ધર્મ થતો નથી. થાયતો મજા આવતી નથી અધર્મ મજેથી થાય છે એની ગતિ કઇ થાય. ?, નરક કે તિર્યંચ. આજે મોટા ભાગે ધર્મ કરનારની નરક ને તિર્યંચ ગતિ થવાની. સાધુ અને શ્રાવકની વૈમાનિક દેવલોકની ગતિ શાસ્ત્રમાં લખી છે. પણ

આવી રીતે (અધર્મ મજેથી કરનારા અને ધર્મ મજા વગર કરનારા) ધર્મ કરનારા નરક તિર્યંચમાં જનારા છે. અહિં ઠંડી ગરમી વેઠાતી નથી નરક-તિર્યંચમાં શું થશે ? મનુષ્યગતિ તો હજીએ સારી છે ખાવાં પીવા વગેરનુ મળી જાય છે નરક-તિર્યંચમાં તો એ મળવુ મુશ્કેલ છે ને ? તો નરક-તિર્યંચમાં ગયા તો શુ થશે એમ થાય છે ?

મંદિર-ઉપાશ્રયમાં જનારા અને ધર્મ કરનારા અધર્મથી ડરનારાજ હોય. અને ધર્મને ચાહનારાજ હોય અને એ ન હોય તો તે દુર્ગતિમાં જ જનારા છે.

કયાં જવું છે. ? મોક્ષમાં તો પુછવુ પડશે કે સંસાર ગમે છે કે નહી. ઘર-બાર પૈસો ટકો ગમે છે કે નહી. ? તમારો જવાબ ના માં હોય તો તમારે મોક્ષમાં જવુ છે એ વાત સાચી છે એમ હુ માનું ? સંસાર આદિ ગમતાંજ હોય તો "મોક્ષે જવું છે" એમ જે બોલો છો તે અમને રાજી કરવા અમને ઠગવા.

ભાવ ધર્મ-૧૨ ભાવનામાં રમણુતા, ભાવના ભાવવામાં રમણુતા આવે છે આજે તો મોટા ભાગે ૧૨ ભાવનાનુ જ્ઞાનજ નથી જેને એનુ જ્ઞાન છે અને ૧૨ ભાવના બોલે છે એને ભાવ ધર્મ જોઇતોજ નથી ૧૨ ભાવના માં રમણુતા આવે તો જીવનમાં વૈરાગ્ય અને ધર્મ આવ્યા વગર ન રહે જીવન ધર્મથી નવપલ્લવિત બની જાય.

દાન કરવા છતા દાન ધર્મ ઘણાને જોઇતો નથી. લોભીયો લોટે તો લેવા માટે જ. તેમ- દાન કરે તો પણ પૈસા મેળવવા માટે જ, દાન ધર્મ ધર્મ માટે નહી જ.

આપણા જ્ઞાની મહા પુરૂષોએ જગતના જીવો ને જોઇને નિદાન કર્યું છે "દેખાવના ધર્મી ઘણા છે સાચા ધર્મી થોડા છે"

શ્રેણિકે અભય કુમારને પુછયું ધર્મી ઘણા કે અધર્મી ? અભય કુમારે કહ્યું ધર્મી ઘણા અધર્મી થોડા છે. શ્રેણિક કહે છે શું વાત કરે છે ? એ બનેજ કઇ રીતે ? અભય કુમારે કહ્યું કર નકકી. ? શ્રેણિકે કહ્યું તું ખાતરી કરાવી આપ, શ્રેણિક મહારાજાની વાતનો સ્વીકાર કરી ધોલો અને કાલો એમ બે મહેલ બનાવરાવ્યા અને નગરમાં જાહેરાત કરાવી જે ધર્મી હોય તે ધોલા મહેલમાં અને અધર્મી હોય તે કાલા મહેલમાં હાજર થાય. ધોલા મહેલમાં ઘણા માણસો આવ્યા, કાલા મહેલમાં માત્ર બેજ માણસો.

ધોલા મહેલમાં આવેલા બધાને પુછયું શું ધર્મ કરો છો ? તેના જવાબમાં કોઇ કહે હું કુંટુંબને પાલવાનો ધર્મ કરૂ છુ પાડા કાપનારા કસાઇ કહે છે કે હું લોકોને માંસ પુરૂ પાડવાનો ધર્મ કરૂ છુ એહુતો વગેરે કહે છે કે અમો લોકોને અનાજ આદિ પુરૂ પાડવાનો ધર્મ કરીએ છીએ ધર્મી કહેવડાવવા બધા રાજી છે કાલા મહેલમાં રહેલા બે જણાને પુછયું ત્યારે તેમણે કહ્યું કે અમારાથી જરાક પાપ થઇ ગયું છે અતિચાર આદિ દોષ લાગી ગયા હશે.

મોક્ષે જવું છે ને ? કઇ રીતે મોક્ષે

જવું છે.? ભગવાન કઇ રીતે મોક્ષે ગયા. ? સંસાર છોડયો સાધુ બન્યા. તપ કર્યો કષ્ટ વેઠયા. ને કર્મ ખપાવી મોક્ષે ગયા તમારે એમને એમ મોક્ષે જવું છે મોક્ષે જવા માટે કાંઇ કરવું નથી એ કેમ ચાલે ? ધર્મ નહિ કરો અને અધર્મ મજેથી કરશો તો કર્મસત્તા કાન ખુટ્ટી પકડી ને દુર્ગતિમાં લઇ જશે અને ત્યાં બરાબરની ખબર લેશે કર્મસત્તાએ ભગવાન ને કહી રાખ્યું છે કે આપ ધર્મ જીવોને સમજાવો જે ધર્મ નહિ કરે એની હું બરાબર ખબર લઈશ.

વ્યાખ્યાનાદિ સારા નિમિત્તો પણ સારા માણસને અસર કરે ખરાબને ન કરે. ગધેડાને સાકર ખવડાવો તો તાવ આવે આપણે આપણી જાતને સારી બનાવવી પડશે સારી બનાવશું અને ધર્મ સારી રીતે કરશું તો સદ્ગતિમાં જવાનું થશે સદ્ગતિમાં જવું અને દુર્ગતિમાં ન જવું એ આપણા હાથની વાત છે ! (વિ.સૂ.)

જૈનોની ઔકત કેટલી. ?

જીવદયા એ સાધુનું જીવન છે. જૈનનું જીવન જીવીને જીવવાદાથી આગળ વધી ને જીવાડીને જીવો ? એ થીયેરી છે. જૈનો માંસાહાર ગીવધ વિ. નો વિરોધ કરે તેમાં આજના બુધ્ધીજીવી બક્ષીજી ? ને જૈનોની ઔકત ની કિંમત કરવાનું સુજ્યું. ઇતીહાસના પાનાં જુઓ. ? બક્ષીજી અડધો ટકો કે. બેટકા જૈનો જે કરી બતાવશે તે બીજાની તાકાત નથી. ?

જૈન સાધુ મહાત્મા કે જૈન એ માંસાહાર ને રોકવા જે તેના થી થાય તે પ્રમાણે કરે. તેમાં પણ તેને આંતરિક લાભ જ છે. જીવહત્યાના વિરોધમાં બગાવત પોકરવી જોઇએ. આપે ગાંધીજી બુદ્ધ રામચંદ્રજી માટે જે લખ્યું તે તમને મુબારક ! જૈન જગતથી જુદો છે. જૈનત્વ તેની ઔકત છે ? આપે મટનનેય જંતુનાશક કારખાના માટે લખ્યું પણ પાંચે આંગળીયો સરખી હોય છે. બાકીતો આજેમાત્ર બુદ્ધિ જીવીઓ દેશનું જે નુકશાન કરેલ છે તે તેમની ઔકત બહાર છે ! ભારતના અડધો ટકા જૈન જો ઇન્કમટેક્ષ ભરવાનું બંધ કરે ? એક મહિના માટે ધંધો ધાપો બંધ કરે તો પણ તેની ઔકીત માપ નીકળે ? આપને તેની ઔકાત કઇ રીતે જોવી છે ?

—પ્રવિણ જી. શાહ-મલાડ.

સ્વીકાર અને સમાલોચના

ભયંકર દુઃખો કી ખાન રાત્રિભોજન- સં. પૂ.મુ.શ્રી કમલરત્ન વિજયજી મ.પ્ર. ભાવિક કોરપોરેશન ૮૯-૯૧ જુની હનુમાન ગલી ધનજી મુળજી બિલ્ડીંગ ત્રીજે માળે રૂમ નં. ૩૭ મુંબઇ નં ૨-હિંદીમાં રાત્રિભોજન પાપનાં દોષો અને ફળનું વર્ણન કર્યું છે તે આજના કાળમાં ખાસ વાંચવા યોગ્ય છે.

શ્રી જિનશાસનની મોક્ષૈકલક્ષિતા- સં. પૂ.પં. શ્રી ચંદ્રગુપ્ત વિજયજી ગણી પ્રકાશક શ્રી મોક્ષૈકલક્ષી પ્રકાશન પ્રાપ્તિ સ્થાન શા. મુકુંદભાઇ આર. પ નવરત્ન ફ્લેટ નવા વિકાસ ગૃહ માર્ગ પાલડી અમદાવાદ-૭ ક્રા. ૧૬ પેજી રીંગ બાઇન્ડીંગ પેજ ૮૦ મૂલ્ય રૂા. ૧૫) જૈન શાસનનું લક્ષ મોક્ષ છે અને તે માટે ધર્મનું વિધાન છે તે હેતુ અને સ્વરૂપને સમજાવવા આ પુસ્તિકામાં વિશદ પ્રયત્ન કરવામાં આવ્યો છે. અને સરળ તથા સદ્ભાવવાળા આત્માઓ માટે આ પુસ્તક એક આત્મ કલ્યાણ માર્ગની દીવાદાંડી બની શકે તેમ છે.

Jainism And Glimpse

લે. પૂ. મુ. શ્રી પુન્યદર્શન વિજયજી મ. પ્ર. સન્માર્ગ પ્રકાશન આરાધના ભવન પાછીયા પોળ રિલીફ રોડ અમદાવાદ ૧ ડેમી ૮ પેજી પેજ ૪૮ મૂલ્ય રૂા. ૧૦) જૈનધર્મના ધરખર આત્મા કર્મવાદ જૈનત્વ, સ્યાદવાદ કેવલજ્ઞાન કેવલ દર્શનનું સરળ છતાં વિશદ વર્ણન કર્યું છે અંગ્રેજી ભાષાના અભ્યાસીઓ માટે આ પુસ્તક ઘણું ઉપયોગી બને તેમ છે.

નમસ્કાર મહામંત્ર- (હીંદી) લે પૂ. મુ. શ્રી જયાનંદ વિજયજી મ. પ્ર. ગુરુ રામચન્દ્ર પ્રકાશન સમિતિ, ભીનમાલ (જાલોર) રાજ. ક્રા. ૧૬ પેજી ૧૦૬ પેજ નવકાર મંત્રના પદો અંગે સ્વરૂપ તથા મહિમા વર્ણન છે.

જગત વિજેતા – લેખક પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી પેજ ૩૪ મોહના વિજય માટે ૨૧૪ ઉપદેશો આપ્યા છે.

રત્નાકર પચ્ચીસી સાર્થ (હિંદી) **તથા ગૌતમપૃચ્છા ભાવાર્થ-** ક્રા. ૧૬ પેજી ૪૨ પેજ બંને ગ્રંથોનો ભાવાર્થ આપેલ છે. જે આ. શ્રી વિજયયતીન્દ્ર સૂ. મ. એ લખેલ છે.

સમાધાન કી રાહ પર- લેખક પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી પેજ ૧૩૮ કેટલાક પ્રશ્નો અને તે આગમ અનુસાર સમાધાનો આપ્યા છે.

પ્રગતિકા પ્રથમ સોપાન – લેખક પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી ૮૮ પેજ આત્માના વિકાસ માટેના ક્રમનું વિવેચન છે.

કેવી રીતે વહોરાવવું- લેખક પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી ૧૪ પેજ-ગૃહસ્થોને સુપાત્રદાન કરવાનો વિધિ છે તે માટે તે દાન અંગેની તેની ફરજો વિધિ વિગેરે અત્રે સંક્ષેપમાં બતાવી છે.

શ્રીપાળ મયણાની કથા– સં. પૂ. મુ. શ્રી પુન્યધન વિજયજી મ. પ્ર. ભદ્ર આનંદ ગ્રંથમાળા અ.સૌ. ભાનુમતીબેન ચંદુલાલ જરીવાલા સી–બે ફ્લેટ"ગ બેપા–ર્ટમેન્ટ કાળુનું મેદાન ગોપીપુરા સુરત ડેમી ૩૫ પેજી ૬૨ પેજ શ્રીપાળ કથા સાથે નવપદનું કુંકમા વર્ણન તથા નવ–પદ તપની વિધિ આપેલ છે આ બુક નવ–પદ તપ કરનાર માટે ઘણું ઉપયોગી છે.

રાજેન્દ્ર વિદ્યા ભાગ સ્વાધ્યાય – સં પૂ. સા. શ્રી વસંતબાળા શ્રીજી મ. પ્ર. શ્રી આદિનાથ જૈન શ્વે. સંઘ ચિકપેઠ બેંગ્લોર ક્રા. ૧૬ પેજી પેજ ૨૨૪ મૂલ્ય રૂા. ૨૫) આ પુસ્તકમાં સ્વાધ્યાય મૂળ યોગશાસ્ત્ર ૧ થી ૧૨ પ્રકાર શાંતસુધારસ જ્ઞાનસાર પ્રશમરતિ સંબંધ સિત્તરી વૈરાગ્ય શતક ઈન્દ્રિય પરાજય શતક આપેલા છે સ્વાધ્યાય માટે ઉપયોગી છે. પૂ. સાધુ–સાધ્વીજીને સ્વાધ્યાય માટે ફ્રી છે.

અઠ્ઠાઇ વ્યાખ્યાન– સં. પૂ. મુ. શ્રી અકલંક વિજયજી મ. પ્રકાશક અકલંક ગ્રંથમાલા પ્રા. કે. જી શાહ ઉજમ ફઇ ધર્મશાળા વાઘણપોળ ઝવેરીવાડ અમદા–વાદ–૧ ક્રા. ૧૬ પેજી ૪૮ પેજ પર્યુષણ અઠ્ઠાઇ વ્યાખ્યાન છે.

યોગશાસ્ત્ર – પ્રકાશ ભાષાંતર સાથે સં. પ્ર. ઉપર મુજબ પેજ ૧૨૦

બૃહત્સંગ્રહણી સાથે – સં. પ્ર. ઉપર મુજબ પેજ ૧૩૪

ઉત્તરાધ્યય સૂત્રાર્થ ભાગ–૨ સં. પ્ર. ઉપર મુજબ અધ્યયન ૧૧ થી ૧૮ પેજ ૧૬૦

જૈન ઇતિહાસ – સં. પ્ર. ઉપર મુજબ પેજ ૧૨૮

ચોવીશ જિન જુહારીએ – સં. પૂ. આ. શ્રી વિજય મુકિત પ્રભ સૂરીશ્વરજી મ. પ્ર. વિજય મુકિતચંદ્ર સૂરિ. સ્મૃતિ ગ્રંથમાલા ૨૦૪ કુંદન એપાર્ટમેન્ટ સુભાષ ચોક ગોપીપુરા સુરત–૧ પેજ ૬૮ મૂલ્ય રૂા. ૬, વિધિ સહિત ચૈત્યવંદન તથા ૨૪ જિનના ચૈત્યવંદન સ્તવન સ્તુતિનો ઉપ–યોગી સંગ્રહ છે.

બે પ્રતિક્રમણ સૂત્ર – સં. પ્ર. ઉપર મુજબ પેજ ૬૨ મૂલ્ય ૬) બે પ્રતિ–ક્રમણ સૂત્રો છે.

પંચ પ્રતિક્રમણ સૂત્ર – સં. પ્ર. ઉપર મુજબ પેજ ૧૩૨ મૂલ્ય રૂા. ૧૩)

નવસ્મરણ – સં. પ્ર. ઉપર મુજબ પોકેટ સાઇઝ પેજ ૫૬ મૂલ્ય રૂા. ૪)

તપસ્વી આ. વિજય કુમુદચંદ્ર સૂરિ સ્મૃતિ ગ્રંથ–સં. પૂ. પં. શ્રી શીલચંદ્ર વિજયજી ગણી પ્ર. જૈન શ્વે. મૂ. પૂ. સંઘ ચિંતામણિ પાર્શ્વનાથ જૈન દેરાસર પેઢી મધુમતી નવસારી ક્રા. ૮ પેજી ૩૦૮ પેજ તપસ્વી પૂ. આ. દેવ શ્રીજીનું જીવન ચરિત્ર તેમના જીવન અંગે લેખો તથા જુદા જુદા વિષયોના લેખોનો તેમજ પ્રાસં–ગિક પ્રકૃતિઓનો સંગ્રહ છે. તપસ્વી જીવ–નની છાયા આ ગ્રંથમાં જોવા મળે છે.

卐 જ્ઞા ન ગુ ણ—ગં ગા 卐

—શ્રીપ્રજ્ઞાંશ

પૃથ્વી આદિનું પરિમાણ

૦ પૃથ્વી, જળ, અગ્નિ,, વાયુ, પ્રત્યેક વનસ્પતિ, બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, સંમૂર્ચ્છિમ મનુષ્યો, પંચેન્દ્રિય થલચર, જલચર, ખેચર, નારકી, ભવનપતિ, વ્યંતર, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, વૈમાનિક દેવો, સમુદ્ર, પંચેન્દ્રિય સંમૂર્ચ્છિમ તિર્યંચો—એ એકવીશ પ્રકારના અસંખ્યાતા જાણવા.

૦ લોકાકાશના પ્રદેશો, ધર્માસ્તિકાયના પ્રદેશો, અધર્માસ્તિકાયના પ્રદેશ, એક જીવના પ્રદેશ, સ્થિતિ બંધના અધ્યવસાય સ્થાન તથા નિગોદ શરીર એ છ પણ અસંખ્યાતા જાણવા.

૦ સિદ્ધ, નિગોદના જીવ, વનસ્પતિના જીવ, સમય, પુદ્ગલ, અભવ્ય જીવો, ભવ્ય જીવો, અલોક, પ્રતિપતિત—પડિવાઈ જીવો અને વનસ્પતિ કાયની સ્થિતિ એ દશ અનંતા જાણવા.

કડજુમ્માદિનું સ્વરૂપ :

કડ જુમ્મા, ત્રેતા જુમ્મા, દાવર જુમ્મા, કલિયુગ જુમ્મા એ ચાર જુમ્મા છે. તે આ રીતના સંભવે છે. જે સંખ્યામાંથી ચાર ચાર કાઢતાં બાકી ચાર રહે તે કડજુમ્મા, ત્રણ રહે તે ત્રેતા જુમ્મા, બે રહે તે દાવર જુમ્મા, અને એક રહે તે કલિયુગ જુમ્મા જાણવા.

જુમ્મા એટલે રાશિ—સમુદાય કહેવાય છે. કડ આદિ શબ્દો સાથે જુમ્મા શબ્દ જોડવાથી કડજુમ્મા આદિ ચારે જુમ્મા થાય છે.

કડજુમ્મા : એક જીવ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા લોકાકાશ તે દરેકના પ્રદેશો અસંખ્યાતા છે અને પરસ્પર તુલ્ય છે. તેની અસત્ કલ્પનાએ વીશની સંખ્યા સ્થાપી એ. તેમાંથી ચાર ચાર કાઢતાં બાકી ચાર જ રહે છે તેને આગમની પરિભાષામાં કડજુમ્મા કહેવાય છે.

ત્રેતા જુમ્મા : અસંખ્યાતી ઉત્સર્પિણી અને અવસર્પિણીને વિષે જેટલા સમયો છે તેટલા જ સૌધર્મ તથા ઇશાન કલ્પને વિષે દેવતાઓ છે તેની અસત્ કલ્પનાએ ત્રેવીશની સંખ્યા સ્થાપીએ, તેમાંથી ચાર ચાર લેતાં (ચારે ભાગતાં) બાકી ત્રણ જ રહે છે તેથી તે ત્રેતા જુમ્મા કહેવાય છે.

દાવર જુમ્મા : એક એક આકાશ પ્રદેશને અવગાહીને અનંતા પરમાણું સુધીના સ્કંધો

રહેલા છે. તેની અસત્ કલ્પનાએ બાવીશની સંખ્યા સ્થાપીએ અને તેમાંથી ચાર ચાર લેતાં (ચારે ભાગતાં) બે જ બાકી રહે છે. માટે તે દ્વાપર જુગ્મા કહેવાય છે.

કલિયુગ જુગ્મા : પર્યાપ્ત બાદર વનસ્પતિ, બાદર પર્યાપ્ત, અપર્યાપ્ત બાદર વનસ્પતિ, બાદર અપર્યાપ્ત, બાદર, સૂક્ષ્મ અપર્યાપ્ત વનસ્પતિ, સૂક્ષ્મ અપર્યાપ્ત, સૂક્ષ્મ પર્યાપ્ત વનસ્પતિ, સૂક્ષ્મ પર્યાપ્ત, સૂક્ષ્મ, ભવ્ય, નિગોદના જીવો, વનસ્પતિના જીવો, એકેંદ્રિય, તિર્યંચ મિથ્યાદૃષ્ટિ, અવિરતિ, સકષાયી, છદ્મસ્થ, સયોગી, સંસારી જીવો, સર્વજીવો–એ બાવીશ જીવરાશિઓ આઠે મે મધ્યમ અનંતા અનંતે છે. તો પણ અસત્ કલ્પનાએ પચ્ચીશની સંખ્યા સ્થાપીએ. તેમાંથી ચાર ચાર લેતાં (ચારે ભાગતાં) એક બાકી રહે માટે તે કલિયુગ જુગ્મા કહેવાય છે.

કાલના માપની ગણત્રી :

સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ દશ કોડા કોડી વડે છ આરા અવસર્પિણી.
,, ,, ,, ,, ઉત્સર્પિણી.
વીશ કોડાકોડી સાગરોપમે એક કાળ ચક્ર થાય.

કાળમાનની રીત :

મુંડિત કરેલા મસ્તક ઉપર એકથી સાત દિવસના પ્રરૂઢ થયેલા દેવકુરૂ કે, ઉત્તરકુરુ-ક્ષેત્રના જુગલીયાના વાળ વડે ઠાંસી ઠાંસીને ભરેલો, વાયુ, અગ્નિ અને પાણીના અવિષય-ભૂત–તેનાથી પણ વિનાશ કરવાને અશક્ય એવો, ઉત્સેધ અંગુલથી નિષ્પન્ન એક યોજન પ્રમાણનો પહોળો, લાંબો અને ઊંચો, પાલાની ઉપમાવાળો પ્યાલો સમજવો એમ વૃદ્ધવાદ છે.

પર્યાપ્ત બાદર પૃથ્વીકાયના જઘન્ય શરીર સરખા એવા અસંખ્યાતા કલ્પેલા કેશ-ખંડને અર્થાત્ દેવકુરુ કે ઉત્તરકુરુના યુગલીયાના એક એક વાલાગ્રને સો સો વર્ષે તે પ્યાલામાંથી બહાર કાઢવામાં આવે, તે રીતે જ્યારે તે પ્યાલો ખાલી થાય ત્યારે સૂક્ષ્મ અને બાદર અદ્ધા પલ્યોપમ થાય.

એક એક વાળના અસંખ્યાતા ખંડ કલ્પીને તેમાંથી એક એક ખંડ સો–સો વર્ષે કાઢવામાં આવે ત્યારે **સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ** થાય. તે નિર્લેપ કાળ પણ **અસંખ્યાત વર્ષનો** જ થાય.

વાલાગ્રને સો સો વર્ષે (અસંખ્યાત ખંડ કલ્પ્યા સિવાય) કાઢવામાં આવે ત્યારે **બાદર અદ્ધા પલ્યોપમ** થાય જે **સંખ્યાતા વર્ષ** પ્રમાણ જ થાય.

તે વાલાગ્રના અસંખ્યાતા કલ્પેલા ખંડને સમયે સમયે એક એક ખંડ કાઢવામાં આવે તો **સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ** કાળ થાય, જે **સંખ્યાતા વર્ષ** પ્રમાણે થાય.

અને અસંખ્યતા ખંડ કલ્પ્યા વિના તે વાલાગ્રને સમયે કાઢવામાં આવે તો **બાદર ઉદ્ધાર પલ્યોપમ** કાળ થાય. તે કાળ **સંખ્યતા સમય** પ્રમાણ જ થાય.

તે પ્યાલામાંથી અસંખ્યાત કલ્પેલા વાળાગ્રે સ્પર્શેલા આકાશ પ્રદેશોને સમયે સમયે અપહરણ કરવામાં આવે ને તે પ્યાલો ખાલી થાય તો તે **બાદર ક્ષેત્ર પલ્યોપમ** કાળ થાય. તે અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ થાય. અને તે વાળાગ્રે સ્પર્શેલા કે નહિ સ્પર્શેલા બધા આકાશપ્રદેશને સમયે સમયે કાઢવામાં આવે અને તે પ્યાલો ખાલી થાય ત્યારે **સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ** થાય. તે પણ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણી પ્રમાણ થાય. પરન્તુ બાદર કરતાં સૂક્ષ્મ કાળ પ્રમાણ વિશેષ જાણવું. દુઃકમાં–

સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનો કાળ અસંખ્યાત વર્ષનો.

સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનો કાળ સંખ્યાત વર્ષનો.

સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમનો કાળ અસંખ્યાત ઉત્સર્પિણી અવસર્પિણીનો.

બાદર અદ્ધા પલ્યોપમનો કાળ સંખ્યાતા વર્ષનો

બાદર ઉદ્ધાર પલ્યોપમનો કાળ અસંખ્યાત સમયનો.

બાદર ક્ષેત્ર પલ્યોપમનો કાળ અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણીનો.

બધે ઉપયોગમાં સૂક્ષ્મ પલ્યોપમ કે સૂક્ષ્મ સાગરોપમ જ લેવાય છે. બાદર તો માત્ર સૂક્ષ્મ સમજવા માટે જ બતાવેલ છે.

૦ અવસર્પિણી આદિ રૂપ કાળ, દેવ–મનુષ્ય તિર્યંચ અને નારકીના આયુષ્ય તથા ભવસ્થિત આદિ સૂક્ષ્મ **અદ્ધા પલ્યોપમે** મપાય.

૦ દ્વીપ, સમુદ્ર વગેરે સૂક્ષ્મ **ઉદ્ધાર પલ્યોપમે** મપાય.

૦ પૃથ્વી આદિ સૂક્ષ્મ **ક્ષેત્ર પલ્યોપમે** મપાય.

દશ કોટા કોટિ પલ્યોપમનો એક સાગરોપમ થાય.

શ્રી જિન શાસનનો સાર શું ?

જિન શાસનસ્ય સારો જીવદયા નિગ્રહઃ કષાયાણામ્ ।
સાધર્મિકવાત્સલ્યં ભક્તિશ્ચ તથા જિનેન્દ્રાણામ્ ॥

જીવદયા, કષાયોનો નિગ્રહ કરવો, સાધર્મિકોનું વાત્સલ્ય કરવું અને શ્રી જિનેશ્વર દેવોની ભક્તિ એ જ શ્રી જૈન શાસનનો સાર છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ જે જીવો જાતને ઓળખે નહિ, પોતે કેવા છે તે જોવે નહિ; તે બહિરાત્મ દશામાંથી બહાર નીકળી શકે નહિ અને અંતરાત્મા બની શકે નહિ.

૦ કોઇ ચીજની સહાય વિના જે સુખ મળે તે જ ખરેખરૂં આત્મસુખ છે.

૦ આજના વિજ્ઞાને સુખના જેટલા સાધન સર્જ્યા છે તે બધા દુઃખના સાધન છે, ધર્મનો નાશ કરનાર છે, અધર્મને સારી રીતે કરાવનાર છે. પણ સુખના ભિખારી અને દુઃખના અસહનશીલ જીવો આ વાત સમજવાના નથી.

૦ જે જીવ દુઃખથી ન ડરતા પાપથી ડરે, અને સંસારના સુખનો લોભ છોડે તે જીવ ધર્મ કરવા લાયક છે.

૦ દુઃખ વેઠવા જેવું છે અને સુખ છોડવા જેવું છે' તેમ જેને ન લાગે તે વીતરાગના ધર્મને પામ્યો જ નથી.

૦ પારકાની નિંદા અને સ્વપ્રશંસા એ ભવાભિનંદીનું લક્ષણ છે. આવો ભવાભિનંદી જીવ જ્યાં સુધી આત્માભિનંદી ન થાય ત્યાં સુધી ભગવાનનો ધર્મ પામે નહિ.

૦ પુણ્ય વગર દુનિયાનું સુખ નહિ, પાપ વગર દુઃખ નહિ અને ક્ષયોપશમભાવ વગર ધર્મ નહિ.

૦ 'અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડમ્' એટલે કે-વિધિનું ખૂબ લક્ષ રાખ્યું છે, અવિધિ ન થાય તેની પૂરતી કાળજી રાખી છે છતાં પણ જે અવિધિ-આશાતના થઇ હોય તેની માફી માંગુ છું.

[અનુ. ટાઇટલ ૨ નું ચાલું]

જીવોની વાત મૂકો પણ આપણા જ વડવા-પૂર્વજોનો વિચાર કર કે-બધા ધન સાથે લઇને ગયા કે મૂકીને ગયા ! ધનથી જે સારાં કામ કરી ગયા તેમની નામના આજે પણ ગવાય છે તે રીતના મોટાઇનો પણ લોકોના ભલા માટે ઉપયોગ કરી ગયા તેઓના નામ આજે પણ લોકજીભે રમે છે.

ધર્મકર્મમાં પ્રમાદ ન કર કે ખોટો મદ પણ ન કર અને મળેલ સામગ્રીનો શકય સદુપયોગ કરી આત્મ કલ્યાણની સાધના કરી લે અને આ મનુષ્ય જન્મને આબાદીના પંથે વાળી લે. શિવાસ્તે પંથાનઃ !

—પ્રજ્ઞાંગ

પ્રવચન પરિમલ

સ્વ પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરાજ[illegible]ચન્દ્રસૂરીશ્વરજીમહારાજ

- પૂજારી જે આશાતના કરે તેનું પાપ પણ આખા સં[illegible]ને લાગે.
- ટ્રસ્ટી પણ જે ગેરવહીવટ કરે તેનું પાપ પણ સંઘને [illegible]ાગે.
- અનુકંપા કે જીવદયાનો પૈસો ભગવાનની ભક્તિમાં પ[illegible] ન વપરાય.
- મોક્ષ માટે જ ધર્મ એ ભૂલાઇ જવાથી આજે ધર્મી [illegible]ણાતા પણ ધર્મી નથી.
- બુદ્ધિથી માને તે બેવકૂફ ! શ્રદ્ધાથી માને તે ડાહ્યો !
- ધર્મનો ઉપદેશ મોક્ષ માટે જ અપાય, સંસાર માટે [illegible]પાય જ નહિ.
- અચરમાવર્ત્તમાં ધર્મ થાય જ નહિ. ધર્મ કરે તો પ[illegible] તે અધર્મ રૂપે જ કરે. કેમ કે અચરમાવર્ત્તમાં કદિ મોક્ષની ઇચ્છા થતી જ નથી.
- ભગવાનના વચનથી, ભગવાનની આજ્ઞાથી કદિ વિરુદ્ધ બોલે નહિ, કોઇની પણ શરમમાં પડે નહિ, કોઇના પણ તેજમાં અંજાય નહિ તે જ ભગવાનના માર્ગનો સાચો ઉપદેશક !
- સંસારનું કોઇપણ કામ કરવા જેવું નથી આમ જેને લાગે તેના હૈયામાં જ ભગવાનનો વાસ થઇ શકે.
- લક્ષ્મી ડાકણ છે તે ડાકણ જેને વળગે તે ભાનમાં [illegible] ન હોય અને તેને 'દેવી' માને તેની તો હાલત જ ખરાબ હોય.
- શાસ્ત્રથી વિરુદ્ધ એક અક્ષર પણ બોલે તે મિથ્યાદૃષ્ટિ [illegible] કહેવાય.
- ગરીબની ઓછી કિંમત આંકે અને શ્રીમંતની વધારે કિંમત આંકે તે સાધુ ભગવાનનો સાધુ જ નથી.
- સંસાર લપસણી જગ્યા છે. તમારા માન-પણસન્માન [illegible]પમાવનાર છે. તેમાં અમે ખુશી થઇએ તો લપસીએ !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્ર[illegible]ન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગ[illegible]વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌ[illegible])થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

૧૮-૨૦ 6922

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૬	૨૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

卐

ધર્મ કેવો છે ?

धर्मो मङ्गलमुत्कृष्ट,
धर्मः स्वर्गापवर्गदः ।
धर्म संसार कान्ता,
रोल्लंघने मार्गदेशकः ।।

ધર્મ જ ઉત્કૃષ્ટ મંગલ છે. ધર્મ સ્વર્ગ અને અપવર્ગ–મોક્ષ આપનારો છે અને ધર્મ જ આ સંસાર રૂપી અટવીનું ઉલ્લંઘન કરવા માર્ગદેશક છે.

એક ચિંતન

धर्मतत्त्वंत्विदं ज्ञेयं, भुवनत्रय सम्मतम् ।
यद्दया सर्वभुतीषु त्रसेषु स्थावरेषु च ।।

"ત્રસ અને સ્થાવર સઘળા ય પ્રાણીઓને વિષે જે દયા–તે જ ત્રણે ભુવનમાં સંમત એવું ધર્મતત્ત્વ તમે જાણો."

સચરાચર આખું જગત જીવમય છે. જે એક જગ્યાએથી બીજી જગ્યાએ જઈ શકે, હલન–ચલન કરી શકે તે ત્રસ જીવો કહેવાય છે. ત્રસ નામકર્મના ઉદયથી જીવને ત્રસ પણું પ્રાપ્ત થાય છે. જ્યારે જેઓ એક જગ્યાએથી બીજી જગ્યાએ હાલી–ચાલી શકતા નથી. એક જ જગ્યાએ રહે છે તે સ્થાવર જીવો કહેવાય છે જે સ્થાવર નામકર્મના ઉદયથી જીવને સ્થાવરપણું પ્રાપ્ત થાય છે. આવા પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ–વનસ્પતિના જીવો હોય છે.

શ્રી જૈન શાસનમાં જેવું જીવનું સ્વરૂપ, જીવના ભેદ–પ્રભેદનું સ્વરૂપ વર્ણવામાં આવ્યું છે તેવું જગતમાં કયાંય પણ જોવા નહિ મલે. તેથી જ શ્રી જૈન શાસનની જીવ દયા ઊંચામાં ઊંચી કોટિની છે. કોઇપણ જીવને મારવાનો વિચાર કરવો તે પણ જીવની હિંસા જ છે ભલે તેને માર્યો પણ ન હોય. માટે જ લોકમાં પણ કહેવાય છે કે 'જૈનોની બધી વાતો બહુ ઝીણી બાપા !'

અમુક જ જીવની દયાની વાત જૈન શાસનમાં છે જ નહિ પણ લોકહેરીમાં તણાયેલા–લોકજુવાળમાં ફસાયેલા પણ જ્યારે શાસનના મૂળભૂત સિદ્ધાંતોને ભૂલી જાય છે. ત્યારે શિષ્ટપુરુષોને સખેદ દુઃખ થાય છે.

જીવના સ્વરૂપો, જીવ રક્ષણ કઇ રીતના થાય તેના સ્વરૂપનો, હિંસાના પણ સ્વરૂપથી અજાણ લોકો ગમે તેમ બોલે કે લખે કે હોય...હા... મચાવે તેથી સત્ય બદલાઈ જતું નથી.

શ્રી જૈન શાસનમાં જીવ માત્રના હિતના જ વિચારને પ્રધાનતા આપવામાં આવી છે. માત્ર ભૌતિક સુખની જ પાછળ દોડતા લોકોને આ બધી વાતો 'વેવલી' 'જમાનને અનનુરૂપ' લાગે તેમાં નવાઇ નથી. સુખ અને હિતમાં આભ–જમીનનું અંતર છે. સુખ તો પુણ્ય હોય તો જ મલે અને ભોગવાય, બાકી ન પણ મળે, જ્યારે આત્માના હિતને માટે પ્રયત્ન કરનારનું અવશ્ય મેવ હિત થાય. (અનુ. ટાઈટલ ૩ ઉપર)

મહારાજશ્રીના પ્રવચન સાંભળવા અને વિશેષ લાભ લેવા પધારવું પ્રભુ.

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીસ્થાને
પ્રેમચંદ મોહનજી ગુંદલા (મુંબઈ)
હરેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ મેઘ (વઢવાણ)
ચાંદમલ પૂનમચંદ મુંદડા (ચાંદા ગઢ)

વર્ષ ૬] ૨૦૫૦ માગસર સુદ-૧૫ મંગળવાર તા. ૨૮-૧૨-૯૩ [અંક ૨૦

-: મોક્ષના ઉપાયભૂત ધર્મ :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા

પ્રવચન-ત્રીજું (ગતાંકથી ચાલુ

પ્ર૦ સુખ મળે તેનો વાંધો નહિ પણ સુખ માગવું નહિ તેમને ?

ઉ૦ મોક્ષ માટે જે જીવ ધર્મ કરે તેને સુખ મળ્યા વિના રહેજ નહિ, તેને માગવું ન પડે. ધર્મી ભિખારી હોય ? માગણ હોય ? સ્ત્રી-પરિવાર, પૈસા-ટકાદિ માગે ?

આપણે ત્યાં તો ખાવું-પીવું તેને ય પાપ કહ્યું છે. શરીરથી ધર્મ થાય માટે ખાવું-પીવું પડે તો ખાવા-પીવાનું છે. આજે તમે ધર્મ માટે ખાવ છો કે સ્વાદ માટે ?

આ સંસારથી છૂટવાની અને મોક્ષે જવાની ઇચ્છા ન હોય તે ધર્મ પામેલો કહેવાય નહિ-આ વાત મનમાં ઘાલવી છે. પેસે તેમ છે ? ધર્મ પામેલો કોણ ? વાત-વાતમાં મોક્ષયાદ આવે તે. ત્યાં ખાવા-પીવાદિની ઉપાધિ જ નહિ. સદા જીવવાનું અને જીવવા માટે એક ચીજની જરૂર નહિ ! **મોક્ષની વાત ન કરે તે સાધુ પણ નહિ. મોક્ષની ઇચ્છા થાય નહિ તે શ્રાવક નહિ.** મોક્ષની ઇચ્છા એક પુદ્ગલ પરાવર્ત્તથી અધિક સંસાર બાકી ન હોય ત્યારે થાય. 'દુનિયાના સુખમાં વિરાગ અને દુઃખમાં સમાધિ' નો પરિણામ આવે તો અડધા પુદ્ગલ પરાવર્ત્તથી વધુ સંસાર બાકી નથી. સમ્યક્ ચારિત્રનો પરિણામ બરાબર ટકી રહે તો આઠમાં ભવમાં મોક્ષે જાય. ભગવાને તો મહોર છાપ મારી છે કે-મારો સાધુ, મારી સાધ્વી, મારો શ્રાવક કે મારી શ્રાવિકા કાં મુક્તિમાં જાય કાં વૈમાનિક દેવલોકમાં જાય. તેની બીજી કોઇ ગતિ જ ન થાય. અનુત્તર દેવલોકમાં

તો સમકિતી સાધુ જ જાય, મિથ્યાદૃષ્ટિ જીવ પણ નહિ. તેત્રીસ સાગરોપમનું લાંબું આયુષ્ય મોટી જેલ લાગે છે. નાટક ચાલે તેય જોવાની કુરસદ નથી હોતી, તત્ત્વ ચિંતામાં જ કાળ પસાર કરે છે. શ્રી તીર્થંકરાદિ મહાપુરૂષોને દીક્ષા લેતા જોઈ શૈય્યામાં નાથી ઊઠે છે. સાધુધર્મ ન પમાય તેનું દુઃખ હોય છે. જ્યારે તમને તો નવપ્રત્યક્ષગુણોવાળી સામગ્રી મલી છે પણ તે કરવાનું મન થતું નથી. રોજ તિથિ યાદ કરો ? જેટલો ધર્મ કરી શકો તેમ છો તેટલો ય ધર્મ કેમ કરતા નથી ? બહુ થોડો-નામનો, દેખાવ પૂરતો ધર્મ કરો છો અને અમે ધર્મી થઇ ગયા તેમ માનો છો. સાચો ધર્મ કરનારા તો કો'ક જ હશે ! આજે તો તમારા લીધે જૈનોની આબરૂ બગડી ગઇ કે-ચાંલ્લાવાળાનો વિશ્વાસ કરવો નહિ. આજે તો અમારે ય કહેવું પડે છે કે-આ સાધુવેષમાં પણ ઓળખ્યા વિના માનતા નહિ.

પ્ર૦ ઓળખવા કેવી રીતે ?

ઉ૦ સાધુને ઓળખવા સહેલું છે. ! સાધુ સંસારની પુષ્ટિ થાય તેવી વાત કરે જ નહિ. સુખીને આવો...આવો... તેમ ન કરે. દુઃખીને સાંભળે નહિ તેમ ન બને. તેને મન તો રાજા અને રંક બેય સરખા છે. બન્નેને સંસાર છોડવાનું જ કહે, મોક્ષે જવા જેવું કહે અને સાધુ થવા જેવું કહે.

પ્ર૦ વ્યવહારથી મોટા માણસને આગળ લાવવો પડે ને ?

ઉ૦ તમે તેને આગળ બેસાડો પણ અમે જો તેની શરમમાં આવીએ તો શું થાય ? મોટો શ્રીમંત આવે અને તેની અસર જો સાધુને થાય તો સાધુનું સાધુપણું પણ જાય !

ભગવાનના સાચા સાધુને મોટા શ્રીમંતની, તેના ધંધા-ધાપાદિની દયા આવે. ભગવાને કર્માદાનના ધંધાની ના પાડી છે તે ખબર છે ને ? આજે કર્માદાનના ધંધા કોણ કરે છે ? મોટા શ્રીમંત હોય તે. તે તમને સારા લાગે છે, તેના જેવા થવાનું મન થાય છે તો તમે ય શ્રાવક નહિ. તેય શ્રાવક નહિ.

જો તે ખરેખર ધર્મી હોત અને તેને કોઇ કહે કે-શેઠ ! તમે તો બહુ મોટા મીલમાલિક છો. તો તે કહેત કે-મારા આવા વખાણ ન કરો. હું તો મોટો લોભીયો છું. જો લોભ ન હોત તો આવા ધંધા કરત ! જે શ્રીમંત આવું માને તે હજી સારો છે ! જેની પાસે પૈસા ઘણા હોય તે ધંધો કરે ? જેની પાસે આજીવિકાનું સાધન ન હોય. તે શ્રાવક થઇને માગવું પડે, ધર્મ લાજે નહિ માટે હજી આજીવિકા માટે ધંધાદિ કરે તે ઠીક છે. પણ જેની પાસે આજીવિકાનું સાધન હોય તે શ્રાવક વેપાર કરે નહિ તેમ કહ્યું છે. તમારો નંબર શેમાં આવે છે ?

પ્ર૦ શાસનની પ્રભાવનાનાં કાર્યો થાય ને ?

ઉ૦ તેવા લોકો પ્રભાવના કરતા નથી પણ થાય તેટલી શાસનની વિભાવના કરે છે અને જાતની પ્રભાવના કરે છે. સાચું કહું તો આજના મોટાભાગના સુખી લોકો 'આખલા' જેવા છે.

આપણે ત્યાં તો એવા એવા ગર્ભશ્રીમંતો ચાલ્યા આવે છે કે જેઓ ધંધાદિ કરતાં ધર્મ ઝાઝો કરે છે અને કામ ચાલ્યા કરે છે. આજે તો ધંધાદિ કરે તે સારા શ્રાવક તેવી માન્યતા થઇ ગઇ છે તેથી ઘણું નુકશાન થયું છે. આગળના સુખી લોકો તો વેપાર પણ ન હતો કરતા ઉપાશ્રયમાં તેવા ઠગલાબંધ બેઠા હોય. સામાયિકાદિ ધર્મ ક્રિયા ચાલુ હોય.

આપણે મોક્ષે જવું છે ને ? વહેલા જવું છે કે જવાય ત્યારે જવું છે ? જેને મોક્ષે જવાની ઇચ્છા નહિ તે ભગવાનના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા પણ નહિ—તેમ લખ્યું છે તમે શ્રાવક છો, અમે સાધુ છીએ તો ઝટ મોક્ષે જવું છે ને ? આ સંસાર ગમતો નથી ને ? શ્રી નવકાર મહામંત્રને પંચપરમેષ્ઠી મંત્ર પણ કહેવાય છે. તેના પહેલા પાંચપદમાં શ્રી અરિહંતપરમાત્મા, શ્રી સિદ્ધપરમાત્મા. શ્રી આચાર્ય ભગવંત, શ્રી ઉપાધ્યાય ભગવંત અને શ્રી સાધુ ભગવંત આ પાંચને જ સ્થાન આપ્યું છે; કોઇ બીલમાલિકને રાખ્યો છે ? શ્રી નવકાર મહામંત્ર એ શાશ્વતો મંત્ર છે. તે ગણનાર તમને જો સાધુ થવાની ઇચ્છા ન હોય અને મોટા મોટા ધંધાદિની ઇચ્છા હોય તો તમે શ્રાવક હો ખરા ?

મારે તો તમને પહેલા નંબરે સાધુ બનાવવા છે, તેવી તાકાત ન હોય તો તેવી તાકાત આવે માટે સાચા શ્રાવક બનાવવા છે. તેના ય વ્રત ન લઇ શકો તેમ હોય તો સમકિતી તો બનાવવા છે. અને સમકિત પણ ભારે પડે તેમ હોય તો માર્ગાનુસારી ય બનાવવા છે. આ જન્મમાં કમમાં કમ પણ ધર્મ પામીને જાવ તેવી ઇચ્છા છે. તે માટેની આ બધી મહેનત છે. ધર્મ પામેલાને આ સંસાર ગમે જ નહિ, સંસારમાં રહેવું પડે તોય મનથી ન રહે, વહેલામાં વહેલા મોક્ષે જ જવાની ઇચ્છા હોય. ભગવાનનો ચતુર્વિધ શ્રી સંઘ મોક્ષે જ જવાની ઇચ્છાવાળો હોય. તેને મોક્ષનો જ મુસાફર કહ્યો છે. શ્રી સંઘમાં કોણ આવે ? જેને મોક્ષે જવું હોય તે. સંસારમાં રહેવું હોય તે ન આવે.

આ સુખમય સંસારથી ભાગી છૂટવાની ભાવના તેનું નામ નિર્વેદ છે. 'ભવનિવ્વેઓ' રોજ ભગવાન પાસે માગો છો ને ? શ્રી પ્રાર્થના સૂત્ર શ્રી જયવીયરાય સૂત્ર-બોલી જાવ પણ તેનો અર્થ સમજો છો ખરા ? જો તેનો અર્થ સમજ્યા હોત તો આટલી બધી

મહેનત કરવી ન પડત, તમે જ કહેત કે–સાહેબ ! અમે સમજીએ છીએ કે–આ સંસાર રહેવા જેવો જ નથી !

પણ આજે ધર્મ કરવાનું, ધર્મ સમજવાનું મન બહું ઓછાને છે. અને સમજીને ધર્મ કરનારા તો વિરલ જ છે. તમે બધા કમમાં કમ સાધુ કે શ્રાવક બનો તે વિના અમારી બીજી કોઇ ઇચ્છા ન હોય. દુઃખી પણ ધર્મ કરે તો તે સારો લાગે. સુખી પણ જો ધર્મ ન કરે તો તે ભૂંડામાં ભૂંડો લાગે. અમને તો ધર્મ કરનારા ગમે, મોક્ષનાજ અર્થી જીવો ગમે પણ સંસારના અર્થી તો ગમે નહિ. મોક્ષની ઇચ્છા જ નહિ તે સાધુ સાધ્વી ય નહિ. ખાતા–પીતા, બેઠતા–ઊઠતા મોક્ષનીજ ઇચ્છા હોય તે જ સાધુ–સાધ્વી ! શ્રી નવકાર મંત્રમાં તેને જ સ્થાન છે. તેમાં આવવાની ઇચ્છા તમને છે કે નહિ ? શ્રી નવકારમંત્ર એ શાશ્વતમંત્ર છે તેની ઇચ્છા કોને ન થાય ? સાધુપણાની ય ન હોય તે જૈન ધર્મી કહેવાય ? મોક્ષની ઇચ્છા ન હોય તેને જૈન પણ કહેવાય ? બધા જ મોક્ષે જવાની ઇચ્છાવાળા જોઇએ, મોક્ષને માટે જ મહેનત કરનારા જોઇએ. ધર્મ મોક્ષ માટે જ કરવાનો છે, દુનિયાની સુખ–સંપત્તિ માટે કરવાનો જ નથી. કરે કે કરાય તેમ કહેનારા ખોટા છે. આપણે સારા થવું છે. આપણી જાત સુધારવી છે. તે માટે શું કરવું તે હવે પછી! (ક્રમશઃ)

શ્રાવક પણાનો ધર્મ :

તિકકાલં જિણુવંદનં પઇદિણું પૂઆ જહાસત્તિઉ ।
સજ્ઝાઉ ગુરૂવંદનં ચ વિહિણા દાણું તહાવસ્સયં ।।
સત્તીએ વયપાલણું તહ તવો અપુવ્વનાણ ઉજ્જં ।
એસો સાવયપુંગવાણુભણિઉ ધમ્મો જિણુંદાગમે ।।

ત્રિકાળ શ્રી જિનવંદન, નિરંતર યથાશક્તિ જિન પૂજા, સ્વાધ્યાય, વિધિપૂર્વક ગુરૂવંદન, દાન, ઉભય કાળ આવશ્યક; શક્તિ પ્રમાણે વ્રતપાલન, વિવિધ તપશ્ચર્યા કરવી અપૂર્વ–નવા જ્ઞાનનું ઉપાર્જન કરવું–ભણવું, આ ઉત્તમ શ્રાવકનો ધર્મ શ્રી જિનેશ્વર દેવના આગમને વિષે કહેલો છે.



નીંદામણ પારાયણ : હું મારી સંસ્થા સંભાળું, તું તારો ઓઘો સંભાળ.

"સાધુ, આચારમાં (વિચારની આજે કોને પડી છે ?) બરાબર ન દેખાય એટલે એના કપડા ઉતારી દો. એવાઓનું જૈન-શાસનમાં કોઇ કામ નથી. તેઓ શાસનનું નામ બોળે છે. આવાઓને દૂર હટાવો. આ એક પરમ શાસનસેવાનું કાર્ય છે. આ પણ એક આરાધના જ છે." આ વાતની હાકલ ઝનૂની ભાષામાં કરવાથી શું પરિણામ આવે ? વિચારક માણસોને એવી હાકલોની કોઇ અસર થતી નથી પણ જેઓ જન્મ-જાત શૂરવીર સૈનિકો છે તેમના લોહીમાં એકદમ ઉશ્કેરાટ ફેલાય છે. પછી જે પરિણામ આવે છે તેને જાણવા માટે લગભગ પાંચેક વર્ષ પહેલાના સમયમાં જવું પડશે.

એક સાધુજીવનની મર્યાદામાં નહિ રહેનારા સાધુને વારંવારની ચેતવણી આપ્યા પછી શૂરવીર સૈનિકોએ એક એકાન્ત જગ્યામાં તેમને ભીડવ્યા. શૂરવીરોએ પોતાની શૂરવીરતા પૂરેપૂરી બતાવ્યા પછી જ વેષ ઉતાર્યો. તેમનો માલ સામાન જપ્ત કર્યો. પેલા સાધુને તો કપડા બદલાવીને રવાના કર્યા પણ એમના મળેલા સામાનમાંથી 'રફેટફે' (ધડાકાભેર ફાટીને માલ-મિલકતને નુકશાન કરે તેવા અર્થમાં નહિ, પણ માણસના મગજને હચમચાવી મૂકે તેવા અર્થમાં) સામગ્રી મળી. ચિઠ્ઠી-ચપાટીમાંથી નીકળેલો રેલો ઠેઠ હાકલ કરનારના પગ નીચે આવ્યો.

પેલા શૂરવીરો મારતે ઘોડે ત્યાં પહોંચ્યા અને પૂછયું "બોલો આ શું છે ? અમારે એમના પણ કપડા ઉતારવા પડશે. ન્યાય એટલે ન્યાય !"

પણ ન્યાય તો ન્યાયધીશે તોળવાનો હોય ને ? એટલે પેલા હાકલ કરનારા બની બેઠેલા ન્યાયધીશે જણાવ્યું : "જુઓ, તમે શાંત પડો. આમાં મારે તપાસ કરવી પડશે. જો ગંભીર ગૂનો કર્યો હશે તો એને સજા કરવામાં આવશે. હું તમારી સાથે જ છું. અને બીજી વાત-હજી એ છોકરું છે. શું સમજ્યા ? કયારેક ભૂલ કરી બેસે. એમાં આટલો હોબાળો કરવાનો ન હોય. એને સુધરવાની તક આપવી જોઇએ. જાવ, હમણાં ઘર ભેગા થઇ જાવ. પછી વાત" (છગન-મગન મારા સોનાના અને ગામના છોકરા ગારાના આ વાકય તમે સાંભળેલું છે ને ?) એ છોકરું છે, ભૂલ કરી બેસે, એને સુધરવાની તક આપવી જોઇએ. એ નિયમ કોને કોને લાગુ પડે ? બધાને આ નજરે જોવાના કે ખાસ પસંદના માણસોને જ ?

ઉપરની ઘટના એ સમયે એટલી પ્રસિદ્ધ બની હતી કે કહેવાય છે કે પેલા

હાકલ કરનારને ભૂગર્ભમાં ઉતરી જવું પડયું હતું. આ બનાવ ઉપર હાલ તો વર્ષોની ધૂળ જામી ગઇ છે. આપણે એના ઉપર વધારે ટિપ્પણી કરવાની જરૂર પણ નથી. આ તો ફકત બધાની યાદદાસ્ત કમ થઈ ગઇ છે એવું કોઇ માની ન લે અને બનૂની હાકલનું પરિણામ શું આવી શકે છે ? એ સમજવા માટે જ બનાવ યાદ કરવો પડયો.

એક પરિણામ આ છે તો બીજુ પરિણામ તો ઉકળતા લોહી ઉપર પણ ઠંડુ પાણી રેડી દે તેવું છે. જેને તમે અયોગ્ય સમજીને કપડા બદલાવી રવાના કર્યો. એ બીજે જઇને પાછો સાધુના કપડા પહેરીને ફરવા લાગે છે. તમ તમારે નીંદામણ(ખેતરમાં નકામું ઉગેલું ઘાસ ખેંચીને કાઢી નાંખવું–એની જેમ નકામા સાધુને કપડા બદલાવી રવાના કરવા) કરતા રહો. પેલા લોકો પોતાનો સીલસીલો અકબંધ ચાલુ રાખે છે. આનાથી શું પરિણામ મળવાનું હતું ?

ખરેખર આ સમસ્યાને જડમૂળથી ઉખેડવાના ઉપાય બીજા છે અને તરછોડીને ડાળી-પાંખડીઓ દૂર કરવાથી બીજા કેટલા અનિચ્છનીય અનિષ્ટો પેદા થાય છે એનો કોઇ વિચાર જ કરતુ નથી. જે શૂરવીરોને આ કામ માટે ઉશ્કેરવામાં આવે છે એમાંના મોટાભાગના અસલ બંદર છાપ હોય છે. એ લોકો માટે પેલું સંસ્કૃત સુભાષિત ફીટ બેસે છે. "અકંટસ્ય સુરાપાનં, તથા વૃશ્ચિકદંશનમ્ । તનમધ્યે ભૂતસંચારો, યદા તદા ભવિષ્યતિ ॥" એક તો વાંદરાની જાત, તેમાં વળી દારૂ પીવડાવ્યો, વધુમાં વીંછીએ ડંખ દીધો. આટલું ઓછું હોય તેમ એના શરીરમાં ભૂતે પ્રવેશ કર્યો, હવે શું થશે તે તમે કલ્પી ન શકો. તમારી કલ્પના બહારનું બધું તે કરી બતાવશે.

પેલા બંદર છાપો પણ આ સુભાષિતના નાયકના મિત્ર બનવા કેડ બાંધીને બેઠા હોય છે. તેઓ પેલા કમનસીબ સાધુની સાથે જંગલીની જેમ વર્તન કરે છે. એનું વિવરણ લખવા બેસીએ તો સુરુચિનો ભંગ થાય તેવું છે. એ લોકોના વર્તનના પ્રભાવે પણ સાધુએ કંઇક પુણ્ય લેગું કર્યું હોય તે દ્વૈપાયન બનવાનું જ નિર્માણ કરે. એકાદ આવું પરાક્રમ કર્યું હોય પછી તો એ લોકોના પગ ધરતી ઉપર રહેતા નથી. આ બંદરોને કોઇક સાધુ સાથે જરાક વાંકુ પડે એટલે તરત કહી દે : "વધારે ગરબડ કરશો નહિ, નહિ તો કપડા ઉતારી દઇશું" પછી પોતાના પરાક્રમથી એવી પ્રશસ્તિ ગાય કે કાચો પોચો સાધુ તો ડરી જ જાય.

અયોગ્યના હાથમાં યોગ્ય કામ સોંપ્યું હોય તો યોગ્ય કામ પણ અયોગ્ય બની જાય. તો પછી આ વેશ પરિવર્તનનું કામ હોય પછી વાત જ શી કરવી ? આ વિષયમાં વેશ્યાના ખભે હાથ મૂકીને ફરતા ચૈત્યવાસી સાધુને મંત્રીશ્વર શ્રી વસ્તુપાળે કેવી રીતે પાછા માર્ગે વળ્યા હતા તે બનાવ ફરી એકવાર ઇતિહાસના પાના ખોલીને વાંચી જવાની ખાસ જરૂર છે. હું અહીં લખતો નથી.

વિગત છેલ્લી કેટલીક શતાબ્દિઓમાં યતિયુગ પસાર થઇ ગયો. એ સમયે પણ શિથિલતાનું અનિષ્ટ જ વધુ નડતરભૂત હતું. પરંતુ તત્કાલીન પૂર્વપુરૂષોએ વેષ ઉતારવાનું અભિયાન શરૂ કર્યું ન હતું. જેમને માર્ગ રક્ષા કરવી હતી તેઓ મક્કમ માર્ગે ચાલતા રહ્યા. જે શ્રાવકોને પણ માર્ગ-પ્રેમ હતો, તેઓએ મક્કમ માર્ગે ચાલનારાઓને ગુરુ તરીકે સ્વીકાર્યા અને શક્ય બધી સહાયતા કરી. આ બન્ને રીતે તેઓએ માર્ગ પ્રચાર અને માર્ગ રક્ષા કરી હતી. બાકી રહેલા એની મેળે શિથિલ તરીકે ઓળખવા લાગ્યા. અને જેઓને સાધુની શિથિલતામાંથી સ્વાર્થ સધાતો હતો તેવા શ્રાવકો એ યતિઓની પડખે રહ્યા. બન્ને માર્ગ ચાલવા લાગ્યા. તેમાં સંવેગીમાર્ગની આસ્થાવાળા ઓછા જ હતા વધુ લોકો યતિપક્ષી હતા.

દુનિયાનો એ નિયમ જ છે કે હંમેશાં ચાલતાં–પૂજાં માણસો જ વધુ રહેવાના. વિચારક, સમજુ અને શ્રદ્ધાસંપન્ન લોકો અલ્પ સંખ્યક જ હોય. જો તમે ઉપરના બનાવનો વધુ ઉંડાણથી અભ્યાસ કરો તો તમને આમાંથી જ વર્તમાન પરિસ્થિતિને હલ કરવાનો માર્ગ મળી રહેશે.

વર્તમાન સાધુઓએ દીક્ષા આપતા પહેલા સારી કેળવણી આપી મુમુક્ષુઓને તૈયાર કરવા જોઇએ; અને દીક્ષા આપ્યા બાદ ગ્રહણશિક્ષા–આસેવન શિક્ષા સતત ચાલુ રખાય તો જેઓને પ્રેમથી સ્નેહરણ આપ્યું છે તેઓનું જ "નીંદામણ" કરવાનો અવસર ન આવે. ગુરુ દીક્ષા આપ્યા પહેલા અને પછીનું કર્તવ્ય ન બજાવે અને ગુરુ ચેલાને કહે "હું મારી સંસ્થા સંભાળુ છું. તું તારો ઓઘો સંભાળ." તો એ ન ચાલે.

આજની વાત જ અલગ બની ગઇ છે. ગુરુ પોતે ઉઠીને કરોડ રૂપિયાનું ઉઘરાણું કરવા નીકળે તો એને પરમ શાસનપ્રભાવના કહેવાય અને શિષ્ય જો એના જ પગલે ચાલવા માટે પચીશ–પચાશ હજાર રૂપિયા ઉઘરાવવા નીકળે તો એ શાસનની હિલના ગણાય ! અલબત્ત, શિષ્ય જો સમર્થ હોય (ગુરુ જેવો) તો એ પણ શાસન પ્રભાવના જ કહેવાય ! આ સ્થિતિમાં કોઈક શ્રાવક આકળો થઇને કહી દે કે "રહેવા દોને મહારાજ સાહેબ, નીંદામણની કયાં મેથી મારો છો." તો ઘા મર્મવેધી બની જાય.

હવે રહી વાત શ્રાવકની ! શ્રાવકો જો મુહપત્તીના પચાસ બોલમાંનો "સુદેવ–સુગુરુ-સુધર્મ આદરુ" આ બોલ સમજે અને સ્વીકારે તો નીંદામણ કરવા જેવા સાધુઓ સંઘમાં રહી જ ન શકે. દેવ અને ધર્મની જેમ ગુરૂ પણ પરીક્ષા કરીને સ્વીકારાતા હોય તો સંઘમાં આજના જેવી અરાજકતા ન હોત. જ્યાં સુધી શ્રાવકો "સુ" ના સંબંધે ગુરુ સાથે નહિ જોડાય અને કેવળ સ્વાર્થના સંબંધે જ જોડાતા રહેશે ત્યાં સુધી નીંદામણ કરવા યોગ્ય સાધુઓ પેદા થયા જ કરશે અને કોઇ માઇનો લાલ એમનું નીંદામણ કરી શકશે

નહિ. સ્વાર્થીઓનું અભેદ્ય–કવચ તેમની વિશ્વાસપૂર્ણ સુરક્ષા કર્યા જ કરશે.

આ અવસરે સાધુએ સાચા સાધુની ઓળખ આપવાનું કામ કરતા રહેવાનું છે. અને શ્રાવકોમાં જેટલા આત્મકલ્યાણના અર્થી હશે તેઓ સમજીને સત્ય માર્ગે રહેશે. બાકીના શાસન અને સાધુ સાથે પણ સ્વાર્થની જ રમત રમનારાઓ કદી સમજવાના નથી. કદી સુધરવાના નથી. તમે ઉપરથી નીચે પછડાવ તોય કશું થવાનું નથી. બધુ વ્યર્થ જશે. તે બિચારાઓ પ્રત્યે રખાય તો કરુણાભાવ રાખો નહિ તો માધ્યસ્થ ભાવના તો છેલ્લે છે જ.

: વનરાજી :

દ્રાવિમૌ પુરુષૌ લોકે,
શિરઃશૂલકરાવુભૌ ।
ગૃહસ્થશ્ચ નિરારંભો,
યતિશ્ચ સપરિગ્રહઃ ॥

ભાવાર્થ : આરંભ વિનાનો ઘરબારી
અને
પરિગ્રહધારી સાધુ
આ બન્ને જણા
દુનિયામાં
મોટા માથાના દુઃખાવા છે.

– એક સુભાષિત

[વિ.સં. ૨૦૪૯ વૈશાખ સુદ ૫]

સહકાર અને આભાર

૪૦૧] શ્રી સુનીલ બાબુલાલ પટણી પૂ. મુ. શ્રી અક્ષય વિજયજી મ. ની પ્રેરણાથી-નાશિક

૫૧] રા. સ્વ. પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મ. ના તથા પૂ.આ. શ્રી મહિમાશ્રીજી મ. (પૂ. શ્રી બાપજી મ. ના સમુદાયના) ના સંયમજીવનની તથા સ્વ. પૂ. માતુશ્રી વીરમતીબેને કરેલ વિવિધ ધર્મારાધનાની અનુમોદનાર્થે કા.વ. ૬ ના પૂ. આ. શ્રી રાજતિલક સૂ. મ. પૂ. આ. શ્રી મહોદય સૂ. મ. ની નિશ્રામાં ભણાવાયેલ શ્રી સિદ્ધચક્ર પૂજન પ્રસંગે શ્રી ચંપકલાલ છોટાલાલ ગાંધી પરિવાર-છાપરીયા શેરી, સુરત તરફથી

૫૧] રા. અ. સૌ. વસુમતીબેન આર. શાહના વરસીતપની અનુમોદના નિમિત્તે પૂ. મુનિ શ્રી પ્રશાંત દર્શન વિ. મ. ની પ્રેરણાથી ભેટ સુરત

૩૦૦] રા. પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ સ્વ. પૂ. દર્શનશ્રીજી મ. ના શિષ્યા પૂ સા. મ. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. ના સદુપદેશથી પાંથાવાડા નિવાસી (હાલ મુંબઈ વાલકેશ્વર) શાહ પ્રતાપચંદ લક્ષ્મીચંદજીના ૫ દિવસના જિનભક્તિ મહોત્સવ નિમિત્તે ભેટ. હસ્તે કોકીલાબેન.

૫૦૧] રા. શાહ મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા તરફથી ચિ. દિપકકુમાર ના લગ્ન નિમિત્તે ભેટ રાજકોટ

卐 જ્ઞા ન ગુ ણુ—ગં ગા 卐

—શ્રી પ્રજ્ઞાંગ

૦ તીર્થનેા વિચ્છેદ એટલે ચારે પ્રકારના શ્રી સંઘનેા વિચ્છેદ અર્થાત્ શ્રી અર્હત્ ધર્મની વાત પણ નાશ પામે.

તેવેા તીર્થનેા વિચ્છેદ શ્રી સુવિધિનાથસ્વામિ ભગવાનથી શ્રી શાંતિનાથસ્વામિ ભગવાન સુધીના શ્રી તીર્થંકર પરમાત્માના સાત આંતરામાં નીચેના કાલમાન પ્રમાણે તીર્થ વિચ્છેદ થયેા.

૧ શ્રી સુવિધિનાથસ્વામિ અને શ્રી શીતલનાથસ્વામિ ભગવાનના આંતરામાં ૧/૪ પલ્યેાપમ.

૨) શ્રી શીતલનાથ સ્વામિ ભગવાન અને શ્રી શ્રેયાંસનાથ સ્વામિ ભગવાનના આંતરામાં ૧/૪ પલ્યેાપમ.

૩) શ્રી શ્રેયાંસનાથ સ્વામિ ભગવાન અને શ્રી વાસુપૂજ્ય સ્વામિ ભગવાનના આંતરામાં ૩/૪ પલ્યેાપમ.

૪) શ્રી વાસુપૂજ્ય સ્વામિ ભગવાન અને શ્રી વિમલનાથ સ્વામિ ભગવાનના આંતરામાં ૧/૪ પલ્યેાપમ.

૫) શ્રી વિમલનાથ સ્વામિ ભગવાન અને શ્રી અનંતનાથ સ્વામિ ભગવાનના આંતરામાં ૩/૪ પલ્યેાપમ.

૬) શ્રી અનંતનાથ સ્વામિ ભગવાન અને શ્રી ધર્મનાથ સ્વામિ ભગવાનના આંતરામાં ૧/૪ પલ્યેાપમ.

૭) શ્રી ધર્મનાથ સ્વામિ ભગવાન અને શાંતિનાથ સ્વામિ ભગવાનના આંતરામાં ૧/૪ પલ્યેાપમ.

એટલે કુલ મળીને ૨/૩/૪ પલ્યેાપમ કાળમાન પ્રમાણ તીર્થવિચ્છેદ થયેા.

(પ્રવચન સારેાદ્ધાર દ્વારા—૩૬)

[ક્રમશ:]

卐



દશવૈકાલિક સૂત્રાર્થ :– સં. મુ. શ્રી અકલંક વિજયજી મ. પ્ર અકલંક ગ્રંથમાળા પાંચપોળ કલ્યાણનગર જૈન ઉપાશ્રય શાહપુર દરવાજા બહાર અમદાવાદ-૪ ક્રા. ૧૬ પેજી ૧૬૪ પેજ દશ વૈકાલિક સૂત્ર મૂળ અર્થ સાથે છે. સ્વાધ્યાય અર્થ માટે ઉપયોગી છે.

બૃહત્સંગ્રહણી સૂત્રાર્થ :- સં. પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી ૧૩૬ પેજ સૂત્ર અર્થ સાથે છે સ્વાધ્યાય માટે ઉપયોગી છે.

સ્વાધ્યાય સંગ્રહ :– સં. પ્ર. ઉપર મુજબ ક્રા. ૧૬ પેજી ૧૦૪ પેજ ઋષિમંડલ ચઉશરણ આઉર પચ્ચખાણ શત્રુંજય લઘુકલ્પ, દશ વૈકાલિક સૂત્ર તત્ત્વાર્થ સૂત્ર–બધા મૂળ આપેલ છે. કંઠસ્થ તથા સ્વાધ્યાય માટે ઉપયોગી છે.

ઉગમતે સવાર મોર કરે ટહુકાર રચયિતા પૂ. મુ. શ્રી કલ્પયશ વિજયજી મ. પ્ર. જૈન શ્વે. મૂ. મંદિર ટ્રસ્ટ ગાંધીનગર બેંગલોર ક્રા. ૧૬ પેજી ૩૬૪ પેજ બોર્ડ પટી બાઈન્ડીંગ મૂલ્ય રૂા. ૩૫) ગુરુ ગુણગીત, જિન ગુણ સ્તુતિ ચૈત્યાદિ સ્તવન સ્તુતિ જોડા તથા સજ્ઝાય આદિ પૂ. મુનિ શ્રીએ રચેલા છે તેનો સુંદર સંગ્રહ છે.

શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ સંભારણું :– પ્ર. વઢવાણ પાંજરાપોળ વઢવાણશહેર. ડેમી૪ પેજી ૪૮ પેજ પાંજરાપોળના, રિપોર્ટ હિસાબ વિ. છે. સાથે મનનીય લેખો પણ આપ્યા છે.

સ્યા દ્વાદ રહસ્ય (મધ્યમ)– કર્તા મહો. શ્રી યશો વિજયજી મહારાજ સંસ્કૃત હિંદી ટીકા પૂ મુ. શ્રી યશોવિજયજી પ્રકાશક દિવ્ય દર્શન ટ્રસ્ટ ૩૫ કલિકુંડ સોસાયટી ધોળકા પીન (૩૮૭ ૮૧૦) મ. ડેમી ૪ પેજી ૨૩૬ પેજ મૂ રૂા. ૧૫૦) શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજા રચેલ વીતરાગ સ્તોત્રના ૮ મા પ્રકાશમાં આવેલ સ્યાદ્વાદ રહસ્ય ઉપર પૂ. મહોપાધ્યાય શ્રી મહારાજાએજી આ ગ્રંથ રચ્યો છે. તેમનું નામ પ્રમાણે ગુણ છે. તેના ઉપર પૂ. શ્રીએ જયલતા ટીકા તથા હિંદી અનુવાદીય-ટીકા રચી છે જે ગ્રંથને સમજવા માટે ઘણી ઉપયોગી છે આ ગ્રંથનું સંશોધન પૂ. પં. શ્રી જયસુંદર વિજયજી ગણી તથા પુ. મુ. શ્રી પુણ્ય રત્ન વિજયજી મ. એ કરેલ છે. આ ગ્રંથ વાંચન-મનનથી જૈન સ્યાદ્વાદ રહસ્ય સમજવામાં સરળતા થાય તેમ છે.

ભવ્ય ભાવનાથી શોભતું પર્વ :— લે. પૂ. આ. શ્રી વિજય હિરણ્યપ્રભ સૂરીશ્વરજી મ. ક્રા. ૧૬ પેજી ૨૦ પેજ રંગીન ટાઈટલ મૂલ્ય રૂા. ૫) સ્તુતિ ભાવના ગીત વિ. નો સંગ્રહ છે.

ભક્તિ દીપ જ્યોત : રચયિતા પૂ. મુ. શ્રી કલ્પરત્ન વિ. મ. પ્ર. શાંતાકુઝ તપગચ્છ જૈન સંઘ ઈસ્ટ ડુઝ રોડ શાંતાકુઝ વેસ્ટ મુંબઈ ૫૪ ક્રા. ૧૬ પેજી ૮૪ પેજ ગીતો તથા સ્તુતિઓનો સુંદર સંગ્રહ છે.

o

શાસન સમાચાર

રતલામ :– અત્રે પૂ. આ. શ્રી. વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રીમતી લક્ષ્મીબેન શ્રાવિકા આરાધના ભવન નું ઉદ્‌ઘાટન કા. સુ. ૮ ના થયેલું આ પ્રસંગે મુંબઈ પુના આદિથી મહેમાનો પધાર્યા હતા.

ઉદ્‌ઘાટક શેઠ શ્રી કુમારપાળ બાબુભાઇ આદિ સપરિવાર પધારતા કા. સુ. ૭ ના સ્ટેશનથી દાનપ્રેમ હેમચંદ્રસૂરીશ્વર આરાધના ભવન સંઘે ભવ્ય સ્વાગત સ્ટેશન પર કર્યું અને ભવ્ય વરઘોડા સાથે સામૈયું કર્યું.

સુદ-૮ ના સવારે શ્રી સંઘ તેમને વાજતે ગાજતે લેવા ગયો અને પૂ. શ્રીને વિનંતિ કરવા આવ્યા હજારોની મેદની સાથે નગરમાં ફરી આરાધના ભવન આવતા ઘણા ઉત્સાહ સાથે ઉદ્‌ઘાટન થયું તથા માંગલિક થયું. બાદ હનુમાન ટુંડીમાં પધાર્યા ત્યાં પૂ. શ્રીનું મંગલ પ્રવચન થયું બાદ પૂ. શ્રીને કામળી વહોરાવવાની તથા ભાઇ શ્રી કુમારપાળભાઇ તથા શ્રીમતી અરુણાબેન કુમારપાળભાઇ (મુંબઈ) તથા મુખ્યદાતા શ્રી બાબુલાલભાઇ કટારીયા (પુના) તથા ઓંકારલાલજી શાંતિલાલજી (રતલામ) તથા રાજેન્દ્રભાઇ ધારવાળાનું બહુમાન કરવાની બોલીઓ સારી થઇ ઘણા ઉત્સાહ સાથે કાર્યક્રમ થયો. આરાધના ભવનમાં જરૂરીયાત જણાતા શ્રી કુમારપાળભાઇ બાબુભાઇ આદિ તેમજ મુંબઇ શ્રીપાળનગર તથા લાલબાગના દાનમાં વૃદ્ધિ કરીને રકમની પુરતી થોડીવારમાં કરવામાં આવી. આ કાર્ય માટે ભાઇ શ્રી રવજીભાઇ કલ્યાણજીભાઇ તથા ભાઇશ્રી હેમચંદ્ર છબીલદાસભાઇએ સારો રસ લઇ કાર્યને સફળ બનાવેલ. શ્રી સંઘ તરફથી હ. એક ભાવિક તરફથી સાધર્મિક વાત્સલ્ય યોજાયું હતું. કાર્યક્રમમાં બેક હજારની સંખ્યા હાજર રહી હતી.

રતલામ :– અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. ની નિશ્રામાં ચોમાસીની સુંદર આરાધના થઇ બીડવાળા લીલાધર રામજી તથા વિનોદકુમાર વિમલચંદ રતલામ તરફથી સંઘ પૂજન થયેલ. ચાતુર્માસ પરિવર્તન શ્રીમતી કનકબેન તેજરાજ મુંબઈવાળાને ત્યાં (ચૌમુખજી પૂર્ણ) થયું સવારે ૭ વાગ્યે પ્રયાણ થયું વચ્ચે શા. વિનોદકુમાર વિમલચંદજીને ત્યાં માંગલિક તથા સંઘપૂજન થયું. કનકબેનને ત્યાં મંડળમાં વિશાળ સંખ્યામાં હાજરીમાં પૂ. શ્રીનું કાર્તિક પૂર્ણિમા મહિમા અંગે પ્રવચન થયું ગુરૂપુજન કરી કામળી વહોરાવી બાદ પધારેલ સૌને નવકારશી કરાવી સંઘપૂજન કર્યું. વદ–૧ના પ્રવચનમાં નગીનદાસ ભાઇચંદ મુલુંડવાળા તરફથી સંઘપૂજન થયું.

હા વાગ્યે કરમદી તીર્થ ચૈત્યપરિપાટી માટે વાજતે ગાજતે નીકળ્યા ત્યાં શત્રુંજય યાત્રા જિન મંદિરોના દર્શનાદિ થયા શ્રી દાનપ્રેમ રામચંદ્ર સૂ. આરાધના ભવન તરફથી ભાતુ અપાયું.

વદ–૨ના પૂ. શ્રી વિહાર કરી અદકાપુરી પધાર્યા ત્યાં પ્રવચન બાદ રાજમલજી ઘેલડા તરફથી સંઘપૂજન થયું વદ–૩ ના સવારે શહેરમાં પધાર્યા શેઠ આણંદીલાલજી ગાંધી તરફથી તેમના ભાભીશ્રીના ૫૦૦ આંબેલ નિમિત્તે સ્વાગત શહેરમાં ફરી ગુજરાતી ધર્મશાળાના ચોગાનમા મંડપમાં પ્રવચન થયું ગુરુપુજન કરી કામળી વહોરાવી સંઘપૂજન કર્યું.

અમદાવાદ :– જ્ઞાનમંદિર ચાતુર્માસ બિરાજમાન પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. આદિ તથા પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ. તેમજ પૂ સાધ્વીજી મ. નુ ચાતુર્માસ પરિવર્તન ધનાસુથારની પોળમાં શાહ ચુનીલાલ જમનાદાસ ડાભળાવાળા તરફથી થયું મંગલ પ્રવચન સંઘ આદિ થયા.

રતલામ :– પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિ વદ–૪ રતલામથી પરસોડા પધાર્યા. ત્યાં સવારે તથા રાત્રે જાહેર પ્રવચન થયા મિશ્રીમલજી તથા બીજા ભાવિક તરફથી સંઘ પૂજન થયા ત્યાંથી વદ–૫ આરાધના ભવન પધાર્યા.

વદ–૬ રવિવારે શ્રી સેવારામજી સૌભાગ્યમલજી પારેખના પુત્રવધુ રતનબેનના ૫૦૦ એકાંતર આંબેલ નિમિત્તે કરમદી તીર્થ યાત્રા ચૈત્યપરિપાટી વિ. રખેલા સવારે ૮–૧૫ વાગ્યે તેમને ત્યાંથી સ્વાગત પૂ. શ્રીને તેડવા આવી વિનંતી કરી બજારમાં ફરી કરમદી તીર્થે પધાર્યા. ત્યાં ચૈત્યવંદનાદિ થયા પછી મંડપમાં પ્રવચન થયું મોટી સંખ્યામાં ભાવિકો આવ્યા પછી પ્રવચન બાદ બહેનોની સાધર્મિક સેવા માટે ભાવિકોએ સારી રકમ આપી. નવાણું પ્રકારી પૂજા ઠાઠથી ભણાવાઇ. આંબેલ ખાતામાં રકમો અપાઇ સાધર્મિક વાત્સલ્યમાં બે હજાર જેવી સંખ્યા થઇ ખૂબ ઉત્સાહથી કાર્ય થયુ.

પૂ. સાધુ સાધ્વીજીને વિનંતિ

અમૃતલાલ આર. રાજા (આર. રાજા એન્ડ સન્સ (નાઇરોબી કેન્યા)તરફથી વિનંતિ છે કે પૂ. સાધુ સાધ્વીજીમ. ને મસ્તક, કમર, પગ, પીંડી, હાથના દુઃખાવા માટે ઇલેકટ્રીક પટ્ટા તથા દિશા સૂચક હોકા યંત્ર તથા મોટાનો ખપ હોય તે સાઇઝ સહિત જણાવવા વિનંતી છે સરનામુ—

શ્રી હરકીશનદાસ સી. ઝાટકીયા
સી. ડી. કે. ફેબ્રિકસ ૬૪૮ હરિઓમ માર્કેટ ચોથા માળે, રેવડી બજાર,
અમદાવાદ–૨ (ગુજરાત)

અમદાવાદ :– લુણસાવાડે પૂ. મુ. શ્રી દર્શનરત્ન વિજયજી મ. ચોમાસી ચૌદશના પ્રવચન માટે પધારેલ. અતિચાર કરનાર બહેનો સંઘ ચાંદીની વાટકી આદિથી બહુમાન કરેલ. પૂ. આ. ભ. શ્રી વિજય સુદર્શન સૂ. મ. સા. ને પધારવા વિનંતી કરેલ છે.

પાલીતાણા :– શત્રુંજય પાછળ તળેટી માં શ્રી આદિપુરમાં શ્રી સિદ્ધાચલ શણગાર ટ્રસ્ટ તરફથી ભવ્ય જિનાલય તૈયાર થઇ ગયેલ છે તેમાં ૯૯ ઇંચના ભવ્ય શ્રી આદીશ્વર પ્રભુજીના પ્રતિમાની પૂ આ. શ્રી વિજય અરિહંત સિદ્ધસૂરીશ્વરજી મ. ની નિશ્રામાં અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહા સુદ ૧૦ ના મહોત્સવ સાથે ઉજવાશે.

બોરીવલી :– અત્રે પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રી વાડીલાલ લક્ષ્મીચંદ શાહ સુરેન્દ્રનગર વાળા તરફથી કા. સુ. ૮ના શ્રી સિદ્ધચક્ર-પૂજન ચંદાવરકર લેનમાં ઠાઠથી ભણાવાયું હતું. શ્રી લીલાવંતી ધીરજલાલ કપૂરચંદના ગૃહ મંદિરે કા. ૧૧–૧૨ ના સવારે પ્રભુજી નો પ્રવેશનો વરઘોડો જાંબલી ગલીથી તથા ૯–૩૦ પ્રવેશ પ્રતિષ્ઠા ૧૦–૩૦ વાગ્યે મહાર અભિષેક માતૃ આશીર્વાદ ખાતે ઉત્સાહથી થયેલ છે.

આસોતરા (રાજ.) અત્રે પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂ. મ. ના ૬૩ વર્ષના સંયમ પ્રવેશ અનુમોદનાર્થે તથા જિનબિંબ પ્રવેશ નિમિત્તે મા. વ. ૨-૩ પ્રવેશ સિદ્ધચક્ર-પૂજન પૂજા વિ કાર્યક્રમ સુંદર રીતે થયા.

બેંગલોર રાજાજીનગર :– અત્રે પૂ. આ. શ્રી વિજય સ્થૂલભદ્ર સૂરીશ્વરજી મ. ની. નિશ્રામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિન-મંદિરમાં ભવ્ય અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૨૫–૧૧–૯૩થી ૮–૧૨–૯૩ સુધી ભવ્ય રીતે ઉજવાયો. કા. વ–૪ના જિનબિંબ પ્રતિષ્ઠા થઇ. મૂલનાયક શ્રી મહેતા વનમાળીદાસ માધવજી નોંઘણવદર-વાળાએ તથા શિખરમાં મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથ કેશરબેન નાગરદાસ ખીમત પાલનપુરવાળાએ પધરાવ્યા.

મુંબઇ વાલકેશ્વર :– ચંદનબાળા ઉપાશ્રયમાં બિરાજમાન પૂ. મુ. શ્રી નય-વર્ધન વિજયજી મ. આદિનું ચાતુર્માસ પરિવર્તન તથા પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. આદિનું ચાતુર્માસ પરિવર્તન સ્વ. મહાલક્ષ્મીબેન અંબાલાલ બબલદાસને ત્યાં થયું પટદર્શન પ્રવચન વિ. સારી રીતે થયા.

અમદાવાદ :– આંબાવાડીથી પૂ. આ. શ્રી વિજયરામ સૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં શાહ સ્વ. કાંતિલાલ ત્રિકમલાલ હ. શ્રીમતી પ્રભાવતી કાંતિલાલ તરફથી શેરીશા તીર્થનો છ'રી પાલિત સંઘ નિમિત્તે કારતક વદ-૨ ના સામૈયું તથા ઋષિમંડલ પૂજન થયું વદ-૩ ના પ્રયાણ તથા વદ-૪ ના શેરીશા તીર્થમાં પ્રવેશ તથા માળારોપણ ઘણા ઉત્સાહથી થયા.

પુના :– અત્રે સદાશીવ પેઠમાં અ. સૌ. પુષ્પાબેન બાબુલાલ શાહ આરાધના ભવનનું ઉદ્‌ઘાટન પૂ. આ. શ્રી વિજય લલિશેખર સૂ. મ. ની નિશ્રામાં આસો સુદ-૧૩ ના થયું તે નિમિત્તે પ્રવચન તથા વર્ધમાનસ્વામી જૈન ચેરીટેબલ ટ્રસ્ટીઓ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું સુ-૧૫ના શ્રી શાંતિસ્નાત્ર ઠાઠથી ભણાવાયું.

સુરત-છાપરીયા શેરી

મુમુક્ષુ હીનાકુમારી બાબુલાલ મોરખીયાની દીક્ષા પ્રસંગે; પૂ. આ. શ્રી રાજતિલક સૂ. મ. તથા પૂ. આ. શ્રી મહોદય સૂ. મ. આદિ સપરિવાર છાપરીયા શેરી શ્રી સંઘ તથા આરાધકો તરફથી કરાયેલ ભવ્ય સામૈયા સહ કા. વ. ૨ ના છાપરીયા શેરી પધારેલ,

કા. વ. ૩ ના મુમુક્ષુની દીક્ષા થતાં સંયમના ઉપકરણોની બોલીની ઉપજ સારી થયેલ તથા દીક્ષાર્થીનું નૂતન નામ પૂ. સા. શ્રી હિરણ્યપ્રભાશ્રીજી પાઠી પૂ. આ. શ્રી અરૂણપ્રભાશ્રીજી ના શિષ્યા જાહેર કરાયેલ, બંન્ને દિવસ પ્રભાવના થયેલ.

કા. વ. ૪ ના શેઠ શ્રી મોહનલાલ ઘેલાભાઇ પરિવાર તરફથી ગોળ શેરીના શ્રી જિનાલયની ચૈત્યપરિપાટીનું આયોજન કરાયેલ અને તેમના ગૃહાંગણે બાંધેલ મંડપમાં માંગલિક તથા પ્રાસંગિક પ્રવચન અને તેમનાં તરફથી ૧૧-૧૧ રૂા. નું સંઘપૂજન કરાયેલ.

કા. વ. ૫ ના શેઠ શ્રી ચંપકલાલ છોટાલાલ ગાંધી પરિવાર તરફથી હરિપુરાના જિનાલયની તથા શ્રી સુપાર્શ્વનાથ ભગવાનના જિનાલયની ચૈત્યપરિપાટીનું આયોજન કરાયેલ. તેમના ગૃહાંગણે બાંધેલ મંડપમાં પ્રાસંગિક પ્રવચન તથા ૨ રૂા. નું તેમના તરફથી ને ૨ રૂા. નું શ્રી જીતેન્દ્રકુમાર બાબુલાલ પરિવાર તરફથી સંઘપૂજન કરાયેલ. બપોરના શ્રી પંચકલ્યાણકની પૂજા શ્રી આદિજિન સ્નાત્ર મંડિરા મંડળે ભણાવેલ.

કા. વ. ૬ ના છાપરીયા શેરીના મોટા ઉપાશ્રયમાં સ્વ. પૂ. આ. શ્રી રામચંદ્ર સૂ. મ. સ્વ. પૂ. આ. શ્રી મહિમા શ્રીજી મ. ના સંયમજીવનની તથા સ્વ. પૂ માતુશ્રી વીરમતિ બેને કરેલ ધર્મારાધનાની અનુમોદનાર્થે શ્રી ચંપકલાલ છોટાલાલ ગાંધી પરિવાર તરફથી શ્રી સિદ્ધચક્ર પૂજન કુમારપાળ નાનુભાઇ ઝવેરીએ ભણાવેલ. બંન્ને દિવસે ભવ્ય અંગરચના તથા રાત્રિના ભાવના ભણાવાયેલ.

ભગવાન મહાવીરસ્વામીના નિર્વાણ કલ્યાણક (દિવાળી) ના ભવ્ય વરઘોડો.

પ. પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્ય શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ના પ્રશિષ્ય પ. પૂ માલવદેશો દ્ધારક ધર્મ સંરક્ષક આ. શ્રી વિજય સુદર્શન સૂ. મ. આદિની પુણ્ય નિશ્રામાં દાનસૂરિ જૈન જ્ઞાન મંદિર (ગાલુપુર રોડ, અમદાવાદ) ની આસો સુ: ૩૦ શનિ ૨૩-૧૦-૯૩ ના સવારે ઠી ૯-૩૦ કલાકે ચઢયો હતો. બી.ડી. શાહનો ૨૦ વર્ષ થી આજે અભિગ્રહ પૂર્ણ થતાં બી.ડી. શાહના આનંદનો પાર ન્હોતો, એ વરઘોડામાં; ઘોડાં બગીયો, સાત ઘોડની બગી, મંડલ; રથ, પોલીસગાડી તથા ઇન્દ્ર મહારાજા આદિ હતાં, એકંદરે આ વરઘોડો દા. દાનસૂરિજી જૈન જ્ઞાન મંદિર તથા અમદાવાદના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાય એવો ભવ્ય હતો, વરઘોડામાં ચિત્તકાર ૨નમેદની હતી. સાધુ-સાધ્વી દૂર દૂર થી વિશાલ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. વરઘોડો ઉતર્યા પછી વ્યાખ્યાન

થયેલ, વ્યાખ્યાનમાં પણ વ્યાખ્યાન હોલ ચિક્કાર ભરાઇ ગયેા હતેા. વરઘેાડાના સમાચાર એક દિવસ અગાઉ ગુજરાત સમાચાર (દૈનિક) તથા સંદેશ (દૈનિક) માં પ્રગટ થયા હતા, કાર્તિક સુદ ૧ રવિ ૧૪-૧૧-૯૩ ની સવારે નવસ્મરણ ગૌતમ રાસ સંભલાવવામાં આવેલ. ત્યાર પછી દિવાલીના છટ્ઠ કરનાર ના જ્ઞાનમંદિરમાં પારણા કરાવવામાં આવેલ.

લુણસાવાડ મેાટીપેાળ (અમદાવાદ) માં માંગલિક

પ.પૂ. માલવદેશે સદ્ધર્મ સંરક્ષક આ. શ્રી વિજય સુદર્શન સૂ. મ. આજ્ઞાથી પૂ. મુનિરાજ શ્રી દર્શનરત્ન વિજયજી મ. સા. વિ. સં ૨૦૫૦ ના કાર્તિક સુદ ૧ રવિ. ૧૪-૧૧-૯૩ ના બેસતાં વર્ષના દિવસે લુણસાવાડ મેાટીપેાળ (અમદાવાદ) ના ઉપાશ્રયે માંગલિક સંભલાવવા પધારેલ-નવસ્મરણ, ગૌતમ સ્વામી રાસની પેાથીની છાબમણી બેાલી સંઘે ગુરૂ ભગવંત ને વધાવેલ. ચૌમાસી ચૌદશના દિવસે પણ વ્યાખ્યાન આપવા લુણસાવાડ (મેાટીપેાળ) ના ઉપાશ્રયે પધારેલ આ રીતે મુનિશ્રીનું આની ચૌમાસુ ઘણાં આનન્દથી લુણસાવાડ (મેાટીપેાળે) થયેલ.

વાપીમાં જૈન મુનિઓ . ચાતુર્માસ-પરિવર્તન મહેાત્સવ...

વાપીના જૈન ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત થાય એવું યશસ્વી-તેજસ્વી અને પ્રભાવક ચાતુર્માસ કરનાર જૈન શાસનના મહાન જ્યેાતિર્ધર આચાર્યદેવ શ્રીમદ્ વિજય-રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય રત્નેા જાણીતા મુનિવરેા પૂ. પન્યાસ પ્રવર શ્રી હેમભૂષણ વિજયજી ગણિવર અને પૂ. મુનિરાજ શ્રી દિવ્ય ભૂષણ વિજયજી મહારાજ ના સંસારી પિતાશ્રી જૈન આગેવાન શ્રી છગનલાલ ઉમેદચંદ શાહની આગ્રહભરી વિનંતિથી તેઓના નિવાસ સ્થળ દમણરેાડ પરના ડેાં મહેતાની ચાલમાં પૂ. મુનિવરેા ઠાઠ માઠથી ચાતુર્માસ પરિવર્તન કરશે. આ નિમિત્તે શાનદાર સ્વાગત સામૈયા સાથે ગૃહાંગણે પધરામણી, પાંચ સકાર વિષય પર જાહેર પ્રવચન, શ્રી સિદ્ધગિરિ પટ જુહારવેા, અને ત્યાર બાદ પધારેલ ભાવિકેાની ભક્તિ અને ૯૬ પ્રકારી પૂજા શ્રી અજિત જૈન સેવા મંડળ ભણાવશે.

પૂ. મુનિરાજ શ્રી હિરણ્યપ્રભ વિજય મહારાજ આદિઠાણા અને પૂ. સાધ્વીજી શ્રી ભવ્યરત્નાશ્રીજી મ. આદિ વિસાળ પરિવાર મણિબેન છગનલાલ શાહના નિવાસ સ્થળે રેાકાશે અને દેવ-ગુરૂની ભક્તિના અનેક કાર્યક્રમ યેાજાશે.

પ્રભાવક બનેલા આ ચાતુર્માસથી વાપીનેા શ્રીસંઘ ખૂબ આનંદની લાગણી અનુભવે છે.

મુલુંડ-મુંબઇ-અત્રે પૂ. આ. શ્રી વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં

અમુલખભાઇ પ્રાગજીભાઇ મહેતા ઘેાટીવાળા તરફથી ચિ. સુનીલકુમારની દીક્ષા નિમત્તે કા. સુ. ૧૨ થી વદ-૩ સુધી મહેાત્સવ ભવ્ય રીતે ઉજવાયેા તેમા કા. વ. ૩ ના દીક્ષાનેા કાર્યક્રમ યેાજાયેલ.

નવસારી——પૂ. મુ. શ્રી તત્ત્વરત્ન વિ. મ. પૂ. મુ. શ્રી હિતરત્ન વિ. મ. તથા પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિ શ્રીજી મ. આદિ પૂ. સા. શ્રી સ્નેહલતાશ્રીજી મ. આદિની નિશ્રામાં થયેલ. ચાતુર્માસ તથા પર્યુષણ આરાધના નિમિત્તે શાંતિસ્નાત્ર શ્રી સિદ્ધચક્ર પૂજન આદિ સહિત પંચાન્હિકા મહોત્સવ સુન્દર રીતે ઉજવાયેા.

રતલામ— અત્રે પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ. પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. પૂ મુ. શ્રી હેમેન્દ્રવિમ. આદિની નિશ્રામાં માગશર સુદ ૩ ના નાગેશ્વર તીર્થનેા છ'રી પાલિત સંઘ નીક- ળેલ છે. સુદ–૨ ના સંઘપતિ સ્થાપના થઇ. સંઘ તરફથી બહુમાન થયુ.

મુખ્ય સંઘપતિ શ્રીમતી સરલાબેન વિજયકુમાર હીરાભાઇ ગુજરાતી રતલામ-વાળા મુંબઇ તથા સંઘ પતિએા શ્રી લક્ષ્મીચંદજી પૂનમચંદજી મહેતા (રતલામ) શ્રી પ્રેમચંદજી કેશરીમલજી ભણશાળી (નામલી) શ્રી તખતમલજી ચાંદમલજી તાતેડ (રતલામ) શ્રીમતી વિમલાબેન માણેકલાલજી રતનલાલજી કટારીયા (રતલામ) છે. માગશર સુદ ૧૦ નાગેશ્વર પહોંચશે. માગશર સુદ ૧૧ ના માળારોપણ થશે.

સાતરસ્તા-મુંબઇ— શ્રી ગિરિરાજ વિહાર દર્શન સોસયટી જૈન સંઘ તરફથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ જિન બિંબોની પ્રતિષ્ઠા નિમિત્તે પૂ. આ. શ્રી વિ. જયઘોષસૂ. મ. ની નિશ્રામાં ફા. વ. ૪ થી ૧૦ સુધી વીશસ્નાથક પૂજન, સિદ્ધચક્ર પૂજન અષ્ટોત્તરી સ્નાત્ર આદિ પૂર્વક ભવ્ય મહોત્સવ ઉજવાયેા.

સુધારેા

શ્રી જૈન શાસન અંક ૧૯ તા ૨૧–૧૨–૯૩ માં લવાજમ ની જાહેરાત છે તે નીચે મુજબ સમજવી.

શ્રી જૈન શાસન

પરદેશ સીમેલ આજીવન રૂા ૩૦૦૦
પરદેશ એરમેલ આજીવન રૂા ૬૦૦૦

તેમજ શ્રી મહાવીર શાસન

પરદેશ સીમેલ આજીવન રૂા ૨૦૦૦
પરદેશ એરમેલ આજીવન રૂા ૪૦૦૦–૦૦

સમજવાના છે.

ઉપર મુજબ **સુધારેા કરી વાંચવાનુ છે.**

લી. સંપાદક
શ્રી જૈન શાસન
શ્રી મહાવીર શાસન

ચેવલા— અત્રે પૂ. મુ. શ્રી વિનોદ વિજયજી મ ની નિશ્રામાં ચાતુર્માસ પર્યુ-ષણ આરાધના તથા પૂ. આ. મ. શ્રી વિજય રામચંદ્ર સૂ. મ. ની સ્વર્ગતિથિ નિમિત્તે સિદ્ધચક્ર પૂજન અષ્ટોત્તરી શાંતિ સ્નાત્ર આદિ નવાન્હિક મહોત્સવ આસો સુ ૮ થી આસો સુ. ૧૫ સુધી ભવ્ય રીતે ઉજવાયેા.

સહકાર અને આભાર

૧૦૦૧ શાહ હરખચંદ જી. મારૂ તરફથી ભેટ. મુંબઇ

પૂ. મુનિરાજ શ્રી અક્ષય વિજયજી મ. ના ઉપદેશથી
નવ આજીવન સભ્યો

૧	સુયશ સ્વાધ્યાય-વર્તુલ હે. દર્શન સાડી સેન્ટર દહીપુલ	નાસિક
૨	શ્રી ચંદ્રકાન્ત ચિનુભાઈ શાહ	,,
૩	શાહ સુભાષચંદ્ર ભોગીલાલ	,,
૪	શાહ સેવંતિલાલ ચુનીલાલ	,,
૫	શાહ મોતીલાલ હરિચંદ	,,
૬	શ્રી પ્રવિણચંદ્ર વાલચંદ શાહ	,,
૭	,, અશોકકુમાર મણીલાલ	,,
૮	,, શાંતિલાલ મોતીલાલ શાહ	,,
૯	,, રાજેન્દ્રકુમાર રસીકલાલ શાહ	,,

[અનુ. ટાઇટલ ૨ નું ચાલું]

હિત અને સુખના યથાર્થ ભેદને સમજનારા આત્માઓ હંમેશા જીવમાત્રના હિતની જ પ્રવૃત્તિ કરતા આવ્યા છે, કરે છે અને કરવાના છે. પોતાની સઘળી ય શક્તિઓનો તેમાંજ સદુપયોગ કરી પોતાના પણ હિતને સાધે છે.

વળી અનુકંપાનો કયાંય નિષેધ કરવામાં આવ્યો નથી પણ તેમાં ય વિવેક તો રાખવાનો જ છે. કેમકે 'દાન પણ દૂધના હોય દારૂના નહિ.'

માટે આ ધર્મતત્ત્વને-'શ્રી જૈન શાસનની જીવદયા'ને યથાર્થ સમજી, લોકેષણાને ત્યાગી સૌ આત્મ કલ્યાણને સાધી લે તે જ ભાવના.

—પ્રજ્ઞાંગ

- આપણો પુણ્યોદય પાપોદયમાં ઢંકાઇ ગયો છે. એટલે પાપ જ કરવાનું મન થાય છે. તેથી હૈયાં એવા ચિઠ્ઠાં બની જાય છે કે ધર્મ કરવામાં મજા જ નથી આવતી, અધર્મમાં જ મજા આવે છે.
- મંદિર-ઉપાશ્રય ધર્મ માટે જ છે. સાધુનો બપ ઉપાશ્રય ઉઘાડો રાખવા માટે નથી પણ તત્વજ્ઞાન સમજવા માટે છે.
- આ મનુષ્યભવ કર્મ ખપાવવા માટે જ છે. તે માટે જ ભગવાને ધર્મક્રિયાઓ બતાવી છે.
- સંસારનું સુખ ઝેર કરતાં ય ભયંકર લાગે ત્યારે સંસાર ન ગમ્યો કહેવાય.
- આજે તમે પૈસા માટે ઘોર પાપ કરો છો, સદુપયોગમાં ખોટાં બહાના કાઢો છો અને દુરૂપયોગ ફાવે તેટલો કરો છો.
- અનીતિ ભૂંડી ન લાગે તેને સંસારનું સુખ ભૂંડું ન લાગે. સંસારનું સુખ ભૂંડું ન લાગે તેને પાપ ભૂંડું ન લાગે. પાપ ભૂંડું ન લાગે તે કદિ સાચી રીતે ધર્મ કરી શકે નહિ.
- સંસાર માટે ય ધર્મ કરે. તેને વખાણે તો તેને પાટ પર બેસવાનો અધિકાર નથી. તે ભગવાનની પાટને અભડાવનાર છે, પાટને કલંકિત કરનાર છે.
- માર્ગથી પતિત પણ જો શાસ્ત્રમુજબ નિરૂપણ કરે તો તે 'કલ્પતરૂ' છે. જ્ઞાની પણ જો શાસ્ત્ર વિરૂદ્ધ બોલે તો તે મિથ્યાદૃષ્ટિ છે.
- શ્રી વીતરાગ પરમાત્મા એવા શ્રી અરિહંત પરમાત્માને દેવ માનવા અને સંસારમાં સારો માનવો એ બેનો મેળ ખાય ? તમે સંસારને ભૂંડો નથી માનતા માટે માર્ગાનુસારી ય મટી ગયા.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું. ફોન : ૨૪૫૪૧

4250

21-2-21

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

આ. શ્રી કૈલાસસાગર જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.
પો. બો. નં.

卐

અઠવાડિક

વર્ષ	અંક
૬	૨૧

– શ્રી જૈનશાસન
જય પામે છે.

सर्वकल्याण कारणं,
सर्व श्रेयस्कसाधनम् ।
प्रशस्यं पुण्यकृत्यानां,
जयत्य र्हतशासनम् ।।

સર્વ કલ્યાણનું કારણ, સર્વ શ્રેયનું સાધન અને પુણ્ય કૃત્યો વડે પ્રશંસા કરવા લાયક એવું શ્રી જૈનશાસન જય પામે છે.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

પંડિતજી આવ્યા

- શ્રી ચંદ્રરાજ

શ્રેણિક કારાવાસમાં

"કુણિક ! તારા નામની પાછળ છૂપાયેલા ઇતિહાસની શાયદ તને ખબર નથી. એ ખબર હોત તો... ઇતિહાસના પૃષ્ટ ઉપર, તારા હંટરનારોજનાસેંકડો ફટકાના જખ્મોથી લોહીયાળ બનેલી શ્રેણિકની પૂંઠનું=પીઠનું લોહી નહિ પરંતુ શ્રેણિકના જ હાથે તારા કપાળમાં થયેલા રાજ્યાભિષેકના કંકુના અબીલ-ગુલાલના ખુશીભર્યા લાલ-ગુલાબી છાંટણા થયા હોત.

કદાચ તું જાણતો નથી કુણિક ! પણ... જે દિવસે તેં તારા મહા ઉપકારી પિતાને કારાવાસમાં કેદ કર્યા તેના થોડા સમય પહેલાં જ તારા પિતાએ તને જ રાજ્ય સોંપવાનો નિર્ધાર કરી લીધો હતો. પણ હવે શું થાય ?

જનમ જૂના વૈરનો દાવનળ તારા અંતરમાં ફાટી નીકળ્યો. બુઢ્ઢો થયો તોય બાપ વિષયમાં આંધળો બનીને સંસારમાં ચોંટી રહ્યો છે, સત્તાના સૂત્રો સંભાળવા સૂત્રધાર બનવાનો મારો સમય. હવે પાકી ચૂક્યો છે. આમ વિચારીને તેં તારા પિતાને જેલમાં તો પૂરી દીધા પણ રાજ્યના સુખમાં ઉછરેલા એક ઘરડા શરીરને ખાવા-પીવાનું દેવા જેટલી પણ તને દયા ના આવી.

હિચકારી પત્નિની હલકટ હદને ઉલ્લંઘીને તે ખાવા-પીવાનું તો ન જ આપ્યું રોજ સવારે અને સાંજે પીઠાનાં પાણીમાં ઝબોળી ઝબોળીને કાતિ બનાવેલા હંટરના સોળો કુરબંધ ફટકાઉપરા ઉપરી બાપાના ઘરડા ઘરડામાં તે વીંઝેજ રાખ્યા. વીંઝે જ રાખ્યા. હંટરના કુર ફટકાના જખમોથી જખ્મી બનેલા લોહીથી ખદબદતાં ઘરડાના ખૂનથી ખરડાયેલા હંટરને જોતાં તારી આંખોમા શાયદ આનંદ ઉભરાતો હશે.

લોહીથી ખદબદતાં, વેદનાથી કણસતા વાંસાને સહારનારૂ આજ અહીં કોઇ નથી. હા, એક માત્ર ચેલ્લણા રાણીને શ્રેણિક પાસે જવાની છૂટ છે. આ છૂટનો પૂરો લાભ પતિ ભક્ત ચેલ્લણાએ ઉઠાવ્યો છે. પાકા હંટરના સેંકડો પ્રહારોની બળતરાથી ધખધખત વાંસામાં ચેલ્લણાની પતિ ભક્તિ જળબિંદુની જેમ પલકમાં જ શોષાઇ જાય ને ? છતા શ્રેણિકને ચેલ્લણાની ભક્તિ થી રાહત છે.

એક દિવસ... કુણિક ! તું જમી રહ્યો છે. ઓળખાં રહેલા પુત્રનું મૂત્ર ભોજનમાં પડે છે. અને તે મૂત્રથી ખરડાયેલુ અન્ન ખુશીથી ખાતો ખાતો કુણિક માતા ચેલ્લણાને પૂછે છેકે- 'આવો મારી જેવો પુત્રનો પ્રેમી કોઇ હતો કે છે ખરો ?' ના !

અને આજ સુધી શ્રેણિકને કારાગારમાં સબડતા જોઈ જોઇને ધૂંધવાતી જ રહેતી તારી માતાએ તને કહ્યું.

તું શું તારા પિતાને કેટલો વહાલો હતો તે જાણે છે પાપી ! નરખાટકી ! કુલાંગાર ! હજી તું નથી જાણતો.

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસના અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુડકા (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરચંદ મેઘ (વઢવાણ)
ચાંદમલ ધરમશી ગુડકા (ચાંદગઢ)

વર્ષ ૬] ૨૦૫૦ માગસર વદ-૭ મંગળવાર તા. ૪-૧-૯૪ [અંક ૨૧]

—: મોક્ષના ઉપાયભૂત ધર્મ :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજ

પ્રવચન-ચોથું (ગતાંકથી ચાલુ)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ, આપણા ભલા માટે, જગતના સઘળા ય જીવો વહેલામાં વહેલા મોક્ષને પામે, દુઃખથી મૂકાઈ જાય અને સાચા સુખને પામે તે માટે ધર્મશાસનની સ્થાપના કરી છે. તે શ્રી અરિહંત પરમાત્માની આજ્ઞા માનનારા જેટલા જીવો હોય તેને ખબર છે-કે સંસારી જીવને રાત્રે ય પાપ કરવું પડે છે, દિવસે ય પાપ કરવું પડે છે. આ વાત ખરી છે ને? આ પાપથી બચવું હોય તો શું કરવું જોઇએ? તમે બધા ધર્મી છો ને? શ્રાવક છો? ભગવાને કહ્યું છે કે ઉભય-કાળ આવશ્યક કરવું જોઇએ. સવારના પ્રતિક્રમણથી રાતના પાપ ધોવાય છે, સાંજનાં પ્રતિક્રમણથી દિવસના પાપ ધોવાય છે. આ જાણવા છતાં પણ બે વાર પ્રતિક્રમણ કર-નારા કેટલાં નીકળે? સમય નથી માટે કે કરવું નથી માટે?

પ્ર૦-સંસારની પ્રવૃત્તિમાં પાપ લાગે છે તેવું જ્ઞાન જ નથી.

ઉ૦-સંસાર તો આખો પાપ છે સંસારમાં પાપ કરવું પડે તે ખબર નથી-તેમ કોઇ જૈન બોલી શકે ખરો?

પાપ ન કરવું હોય તો સંસાર છોડવો પડે. સંસારમાં કેમ રહ્યા છો? ભોગ કરવા છે, મજેથી ખાવું-પીવું છે માટે. વિષય ભોગવટો કરવો તે પાપ છે ને? અઢાર પાપ સ્થાનક બોલો છો ને? તે પાપોની માફી માગો છો ને? તે બધા પાપ છે ને? તે તમે કરો છો ને? અઢારમાંથી કયા કયા પાપ નથી કરતા તે કહો?

પ્ર૦–બધી પ્રવૃત્તિમાં પાપ છે તો કરવું શું ?

ઉ૦–સાધુ થવું.

પાપ કરો તો દુઃખી જ થવું પડે. ધર્મ કરો તો સુખી થવાય. ધર્મ બરાબર કરો તો મુક્તિ થાય. આ સમજી જાવ તો કલ્યાણ થશે. પાપ કરવું પડે તે સમજતા નથી તેમ કહે તે જૈન કહેવાય ? સાધુએ સંસાર કેમ છોડ્યો ?

સભા :– ધર્મ કરવા.

ઉ૦–સંસારમાં રહે રહે ધર્મ થતો નથી ને ?

શ્રાવક બે વાર પ્રતિક્રમણ કરે ને ? ત્રિકાળ પૂજા કરે ને ? વ્યાખ્યાન સાંભળે ને ? પાપ ન માને તો સંસારમાં રહેવામાં વાંધો નથી તેમ બોલાય ? અમે બધું છોડ્યું તે ભૂલ કરી ને ?

સભા :– સંસાર જ પાપ છે.

ઉ૦–હૈયાથી લાગે છે ? તો પછી સંસારમાં કેમ રહ્યા છો ?

પ્ર૦–મોક્ષે જવું છે તો ત્રીજો–ટુંકો રસ્તો બતાવો.

ઉ૦–ભગવાને જે માર્ગ કહ્યો તે ગમ્યો નહિ અને નવો બનાવો. જેનો ઢાંડો ઉઠ્યો હોય તે બનાવે.

સંસાર મજેથી સેવે તે કાં નરકમાં જાય કાં તિર્યંચમાં જાય. નરક–તિર્યંચમાં શું હોય ? તિર્યંચો બિચારા કેવી રીતે જીવે છે ? જ્યાં ત્યાં ભટકી ભટકીને પેટ ભરે છે ધર્મ કરે નહિ તે કયાં જાય ?

સભા :– દુર્ગતિમાં.

તમારે દુર્ગતિમાં જવું છે ? દુર્ગતિ બે છે. નરક અને તિર્યંચ.

સભા :– નથી જવાની ઇચ્છા.

ઉ૦–જવાની ઇચ્છા નથી છતાં ય પાપ કરો છો ને ? તેનું દુઃખ પણ થતું નથી ને ? મજેથી પાપ કરે અને દુર્ગતિમાં જવું નથી તેમ બોલે તે ચાલે ? ચોરી કરનારો પકડાય તો જેલમાં જવું પડે ને ?

સંસાર આખો પાપ છે તેમ સમજાય નહિ ત્યાં સુધી ભગવાનનો ધર્મ પમાય નહિ, ધર્મ સમજાય નહિ અને ભગવાનનાં વચન ઉપર શ્રદ્ધા પણ થાય નહિ. ભગવાન કહે છે કે–આખો સંસાર છોડવા જેવો છે, મોક્ષ જ મેળવવા જેવો છે. પરલોક ન બગડે તેવું જીવન જીવવું જોઇએ. ઊંચામાં ઊંચું જીવન સાધુ જીવન છે. બીજા નંબરે શ્રાવક જીવન છે.

પ્રતિક્રમણમાં બધાં પાપોની માફી માગવાનું આવે છે. ચોર્યાશી લાખ જીવયોનિની, અઢાર પાપોની માફી માગવાની છે. આવી ઉત્તમ ક્રિયા તમે કરતા નથી !!

પ્ર૦- શાસ્ત્રમાં કહ્યું છે કે- સંવત્સરી પ્રતિક્રમણ કરીએ તો બધા પાપ ધોવાઇ જાય !

ઉ૦- આવું કોને કહ્યું છે ? કહ્યું હોય તો એમ કહ્યું હોય કે-રોજ નથી કરતા તો એક તો કરો.

સંવત્સરી પ્રતિક્રમણ તો વિશિષ્ટ પ્રતિક્રમણ છે. રોજ પ્રતિક્રમણ કરે તે ચૌદશે પકખી, ચાર મહિને ચોમાસી અને બાર મહિને સંવત્સરી પ્રતિક્રમણ તો કરે. જે રોજ પાપ ના ધોવે તેના પાપ શી રીતે ધોવાય ?

તમે સંસારમાં પાપ કરો છો ખરા ? સંસાર પાપ વગર ચાલે ? તેમાં હિંસા કરવી પડે ? પરિગ્રહ રાખવો પડે ? વિષય ભોગ કરવો છે માટે સંસારમાં છો ને ? કદાચ તમે જૂઠ-ચોરી નહિ કરતા હો પણ હિંસા તો કરો છો, પરિગ્રહ પણ રાખો છો. આજે તો પરિગ્રહ માટે જૂઠ બોલે છે, ચોરી કરે છે. તેથી જાહેરમાં બોલાય છે કે, શાહ તેટલા ચોર છે, શેઠ તેટલા શઠ છે અને સાહેબ તેટલા શેતાન છે.

પ્ર૦- નાના જીવને બચાવે છે અને મોટા જીવને મારે છે.

ઉ૦ આવું લોકો શા ઉપરથી કહે છે ? તમારું જીવન બગડ્યું છે માટે ને ? આવું બોલનારા તો નિંદા કરવા બોલે છે. પણ આપણે નાના જીવને બચાવીએ અને મોટાને મારીએ છીએ ? જે નાના જીવની રક્ષા કરે તે મોટા જીવને મારે ?

આજના જૈનોએ તો આબરૂ બગાડી છે. તમે નાના જીવને બચાવો અને મોટો સમજુ ન હોય તો ઠગો. તમે અનીતિ કરો છો ? પેઢી ઉપર આવે તેને ઠગો છો ? વ્યાજથી ભાવે, માલ જેવો બતાવો તેવો આપો છો ? આજે તો ઘણા કહે છે કે- પરદેશમાં નીતિ છે અને અહીં અનીતિ છે. આ કાળમાં અનીતિ ન કરે તો જીવાય નહિ તેમ જે બોલે છે તે તદ્દન લુચ્ચા અને જુઠ્ઠા છે. આજે નીતિપૂર્વક જીવાય જ નહિ તેવું છે ?

સભા :- બહુ સંતોષી બનવું પડે.

ઉ૦- ત્યાં લોભી બનવું પડે તેનું શું ?

લોભી બનવામાં ગભરામણ થતી નથી અને સંતોષી બનવામાં ગભરામણ થાય છે. સુખી કોણ ? સંતોષી કે લોભી ?

પ્ર૦- આમ તો સંતોષી સુખી, પણ અનુભવ જુદો પડે છે.

ઉ૦- અનુભવ જુદો નથી પડતો પણ આમ તમારી લુચ્ચાઇ બોલાવે છે.

આજે ગરીબ છે પણ જે સંતોષી છે તે સારા છે. શ્રીમંતો અતિલોભી ખરાબ છે. ધર્મ ન સમજે તેને ખાતાં-પીતાય નથી આવડતું. સુખ ભોગવતા ય નથી આવડતું દુઃખ ભોગવતા ય નથી આવડતું તે બધા દુર્ગતિમાં જવાના છે. તમે દુર્ગતિમાં જાવ તે ગમતું નથી માટે સમજાવીએ છીએ.

તમે બે વાર ઉપયોગપૂર્વક પ્રતિક્રમણ કરતા હોય તો ખબર પડત કે ઘણા પાપી છીએ. બે વાર પ્રતિક્રમણ કરવું જોઇએ તેમ ત્રિકાળ પૂજા પણ કરવી જોઇએ-- તેમ ભગવાને કહ્યું છે. પ્રાતઃકાળની પૂજા વિના મોંમાં પાણી ન મૂકાય, મધ્યાહ્નની પૂજા વિના ઊની રસોઇ ન જમાય અને સાંજની પૂજા કર્યા વિના સૂઇ ન જવાય. ભગવાનની પૂજા તમારે તમારા દ્રવ્યથી કરવાની છે. દ્રવ્યપૂજા પણ લક્ષ્મીની મમતા ઉતારવા કરવાની છે. તમારો ખાવા-પીવાદિનો ખર્ચો કેટલો ? અને પૂજાનો ખર્ચો કેટલો ?

સભા :- પૂજા માટે વ્યવસ્થા હોય છે.

ઉ૦- 'અમારે ઘેર આવીને રોજ જમી જશો' તેમ કોઇ કહે તો તમે જાવ ખરા ?

આજે તો તમારા સગા ભાણીયા કે ભત્રીજા ભોજનના ટાઇમે તમારે ઘેર ના આવે. કદાચ આવે તો કહે કે-ખાવા માટે આવ્યો છે ! તમારે ઘેર આડતિયો આવે તો પ્રેમથી જમાડો અને સાધર્મિક આવે તો ? બહુજ વિચાર કરવાની જરૂર છે. આના ઉપરથી ખ્યાલ આવે કે તમને ધર્મ ગમે છે કે સંસાર ? તમારો ઢાળ ધર્મ ઉપર છે કે સંસાર ઉપર ?

આ સંસાર તો પાપ વગર ચાલે જ નહિ. સંસારમાં તો પાપ કરવું જ પડે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માના જે દશ મોટા શ્રાવકો થયા છે. તેમની વાત શાસ્ત્રમાં લખી છે. તે બધા પહેલા જૈન ન હતા. બધા મહા શ્રીમંત હતા. તેમની સ્ત્રીઓ પણ કરોડો સૌનૈયા લઇને આવી હતી. ભગવાનની એક જ દેશના સાંભળી અને ભગવાનને કહ્યું કે-"આપની વાત સાચી છે. આપ કહો છો તે જ અર્થ છે, તે જ પરમાર્થ છે બાકી બધું અનર્થ-ખોટું છે. સાધુ જ થવા જેવું છે. પણ હમણાં સાધુ થવાની શક્તિ નથી. તેવી શક્તિ આવે માટે બીજો ધર્મ બતાવો." તે પછી ભગવાને શ્રાવક ધર્મ સમજાવ્યો અને તે બધાએ લીધો. તે બધા જેવા સુખી હતા. જેવો પરિવાર હતો તેમાંનું કશું તમારી પાસે નથી. તેમને જે નિયમો લીધા તમારું માથું કામ ન કરે. તેમને તો સંસાર ખરાબ સમજાઇ ગયો તમને સમજાયો ? આ સંસાર ખરાબ જ છે. સંસારનું સુખ તે જ મોટામાં મોટો રોગ છે. ગમે તેટલું સુખ મળે તે ઓછું જ લાગે. તમને કેટલા પૈસા મળે તો શાંતિ થાય ? કેટલા પૈસા મળે તો વેપાર બંધ કરો ?

સભા :- અમારા કરતા બીજા પાસે વધારે ન હોય તો સંતોષ થાય.

ઉ૦- કોઇ દિવસ આ વાત બનવાની છે ?

ચક્રવર્તી નરકે ગયા છે. છ ખંડનો માલીક સંતોષી ન હોય, સુખ સાહ્યબી ન છોડે તો તેને ય નરકે જવું પડે ! ઇચ્છા બહુ જ ખરાબ ચીજ છે. એકવાર એક ખોટી ઇચ્છા થયા પછી શું શું થાય છે તે તમારા અનુભવમાં નથી ? સો માંથી, હજારની, હજારમાંથી લાખની, ક્રોડની, અબજોની ઇચ્છા થયા કરે. ઇચ્છા ઘટે નહિ. સમજુ અને સંતોષી બને તેની ઇચ્છા ઘટે. તમે જો ઇચ્છા ઘટાડવા માંડો તો કામ થઇ જાય. ભગવાનનો ધર્મ જો બરાબર કરતા હોત તો આજે મજામાં હોત. તમે જ કહેત કે અમારા જેવા સુખી કોઇ નથી ! અમને કશું દુઃખ નથી. સંતોષી એવા ગરીબ મજુરો પણ રોજ રાત્રે પોતાના ભગવાનનું ભજન કરે છે અને કહે છે કે-'ભગવાન ભજો ભગવાન થવા.' તમે કદી ભગવાનની પૂજા ભગવાન થવા કરી છે ?

સભા :- જીવવા એટલાં પાપ કરીએ છીએ કે ટેન્શન વધે છે.

ઉ૦- જીવવા માટે ઘણાં જ પાપ કરવાં પડે છે તેમ કોને કહ્યું છે ? આ સમજો છો તો પાપ ઓછાં કરી દો. જીવવા કશું પાપ કરવું પડતું નથી.

ભગવાને જે માર્ગ બતાવ્યો છે તે મુજબ જીવો તો આજે ય સુખી બની જાવ. જૈન દુઃખી હોય જ નહિ. ભગવાને કહ્યા મુજબ જીવે તો જીવન સુધરી જાય. પણ મોટાભાગમાંથી જૈનપણાની ક્રિયાઓ છૂટી ગઇ, જેમ તેમ જીવવા માંડયા તેથી જીવન પણ બગડવા માંડયું છે. જૈન તરીકે તેને જૂઠ બોલવાની-ચોરી કરવાની જરૂર નથી. આજે તો જાણી જૂઓને ઇરાદાપૂર્વક પાપ કરે છે. પેટ ભરવા માટે, આજીવિકા માટે પાપ કરવાની જરૂર નથી. ખરેખર જૈન હોય તે તો માથું ઊંચું રાખીને બોલે કે- અમે જૂઠ બોલતા નથી, ચોરી કરતા નથી. અમારા ચોપડામાં ન હોય તે અમારા ઘર-પેઢીમાં હોય તો લઇ જાવ ! તમે આમ કહી શકો તેમ છો ખરા ?

સભા :- આજે તો ચોપડા સાચા હોય તો ય સહી કરાવવા બક્ષીસ આપવી પડે છે.

ઉ૦- ખોટી વાત છે. તમે કેમ બક્ષીસ આપો છો ? ચોર છો માટે.

મેં મારા જીવનમાં જોયું છે કે-એક વેપારીના બધા ચોપડા સરકારે મંગાવ્યા અને કહ્યું કે-તમે પગાર ઓછો આપો છો અને લખાવો છો વધારે. તેની પેઢીના બધા નોકરોને વારંવાર પૂછયું તો ય એક જ જવાબ મળ્યો કે-અમારો શેઠ જે પગાર આપે છે તે જ લખાવે છે. બાર મહિને બધા ચોપડા પાછા આપવા પડયા અને માફી માગવી પડી. શાહુકારને કોઇ ખોટો કહી શકે ખરો ? શાહુકારને ભય હોય ? જેને ચોપડામાં ખોટું લખ્યું હોય તેને ભય હોય !

"પાપથી દુઃખ જ. ધર્મથી જ સુખ.' આ જાણવા છતાં મજેથી અધર્મ કરો અને ધર્મ કરો નહિ તો શું થાય ? અધર્મ કરવાની જરૂર છે નહિ. ચોરી કરવાની, ખોટું બોલવાની પણ જરૂર છે નહિ. પણ આજે બધાની માન્યતા ખોટી થઇ ગઇ છે. પણ જેઓ સારી રીતે જીવે છે તેને વાંધો જ નથી. કોઈ વ્યક્તિઓને ફસાવાનો ભય છે, સામાન્યને નથી.

સભા :- આભ ફાટયું છે.

ઉ૦- આભ ફાટયું નથી તમે ફાટયા છો. તમે બધા ડાહ્યા થઈ જાવ અને સુધરી જાવ તો કામ થઇ જાય.

જે ગામમાં સારા શાહુકાર અને શેઠ જીવતા હોય ત્યાં ખરાબ સરકાર ચાલી ન શકે. આજે તો મોટા શ્રીમંતો અને અધિકારીઓથી રાજ્ય ચાલે છે. પ્રધાનો માંડ તેટલા પૈસા તે શ્રીમંતો આપે છે અને લુંટના પરવાના મેળવી લે છે.

પ્ર૦- બધા જુઠ્ઠા અને ખરાબ પાકયા છે તો સારો માણસ ટકી શકે શી રીતે ?

ઉ૦- જે ખરેખર સારા અને સાચા છે તે મજા કરે છે.

પ્ર૦- ખોટાની બહુમતિ છે, એકની પિપુડી વાગતી નથી.

ઉ૦- તમે બધા ખોટા છો ?

તમે બધા કહો છો કે-અમે તો સારા છીએ. ખરાબ કામ કરતા નથી. મુશ્કેલી તો ખોટાને છે. સારા હોય તેને મુશ્કેલી આવતી નથી અને સારાને મુશ્કેલી આવે પણ નહિ. માટે ડાહ્યા થઇ જાવ.

ખરાબ કામ કરીને મરશું તો દુર્ગતિમાં જવું પડશે. દુર્ગતિમાં જવું પડે તે ચાલે ? મરીને કયાં જવું છે ? જે અધર્મ કરો છો તે કરતા કરતા મરશો તો કયાં જશો ? 'ધર્મથી સુખ, અધર્મથી દુઃખ'- તે માનો છો ને કે નથી માનતા ? કોઇ ન જાણે તે રીતે અધર્મ કરતા હશો તો દુર્ગતિમાં જ જવા છો. અને ધર્મ કરતા હશો અને કદાચ કોઇ ઓળખતું પણ નહિ હોય તો ય સદ્ગતિમાં જશો-આ શ્રદ્ધા છે ને ? આ શ્રદ્ધા આવે તો ય ઠેકાણું પડી જાય. ભગવાને કહેલ ક્રિયાઓ સારી રીતે કરે તે. તે દુર્ગતિમાં જાય નહિ અને સદ્ગતિમાં જ જાય. મોક્ષ માટે ધર્મ કરનારની દુર્ગતિ બંધ અને સદ્ગતિ ચાલુ. અને વહેલો મોક્ષે જાય. સાધુ ય મોક્ષે જાય, તેમ શ્રાવક પણ મોક્ષે જાય. 'આ સંસાર રહેવા જેવો નથી' તેમ માનનારા શ્રાવકને ઘરમાં ય ભાવચારિત્ર આવે અને કેવળજ્ઞાન પામી મોક્ષે જાય.

બે વાર પ્રતિક્રમણ, ત્રિકાળપૂજા, ધર્મનો અભ્યાસ કરતા થાવ તો બેડો પાર થઇ જાય. જે થઇ ગયું તે ગયું હવે આ પ્રમાણે કરતા થાવ. શ્રાવક ધર્મ કરવો છે? બજારમાં અનીતિ નથી કરવી, અધિક લોભ નથી રાખવો આ પ્રતિજ્ઞા કરો તો ય કામ થઇ જાય. અહીંથી મરીને કશે જવાનું છે તો કયાં જવું છે? જવાશે ત્યાં જઇશું તેમ માનો છો? પાપ કરવાથી દુર્ગતિ મળે તેમ માનતા નથી ને? 'પાપ કરવાથી દુર્ગતિ મળે'– તેમ મને તે પાપ કરે? 'ધર્મથી સદ્ગતિ મળે તેવી ખાત્રી હોય'–તે ધર્મ કર્યા વિના રહે? અનીતિ આદિ પાપ ન કરે અને સીધે માર્ગે ચાલે તો દુર્ગતિ મળે? ખોટે માર્ગે ચાલે તેને સદ્ગતિ મળે? આજે તમારાથી દેવ-ગુરુની ઘણી ટીકા થાય છે. આજના ઘણા ધર્મીએ ભગવાનની નિંદા કરાવી છે, સુસાધુની નિંદા કરાવી છે, ધર્મની નિંદા કરાવી છે.

મારે તમને ત્રિકાળ પૂજાની વાત સમજાવવી છે. પ્રાતઃકાળની પૂજા વિના મોંમાં પાણી ન મૂકે, મધ્યાહ્નની પૂજા વિના ઊની રસોઇ ન જમે, સાંજની પૂજા વિના સૂઇ ન જાય. સવારની પૂજા કરે તો રાતના પાપ જાય, મધ્યાહ્ન પૂજા કરે તો સાંજનું પાપ જાય અને સાંજની પૂજા કરે તો સાત ભવના પાપ સાફ થાય તેમ કહ્યું છે.

તમે બધા ઉભયકાળ આવશ્યક કરતા થાવ, પાપથી ડરતા થાવ, ત્રિકાળપૂજા કરતા થાવ તો પવિત્ર થાવ. પછી ધન ગમે તેના કરતાં જ્ઞાન વધારે ગમે, અનાચાર કરતાં આચાર વધારે ગમે, ખાવા-પિવાદિની મોજમજા કરતાં તપ વધારે ગમે અને આ સંસારમાં રહેવા જેવું નથી તેવો ભાવ આવી જાય તો કાલથી સુખી થઇ જાવ, કોઇ દુઃખી છે નહિ.

ભગવાન કહી ગયા છે કે, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા દુઃખી હોય નહિ. દુઃખ આવે તે દુઃખી ન થાય. દુનિયાનું સુખ વિરાગથી અને દુઃખ મજાથી ભોગવે તેને તકલીફ શું? ભગવાને કહ્યું છે કે-મારા સાધુ-સાધ્વી પાપ કરે જ નહિ. શ્રાવક-શ્રાવિકા ન કરવા યોગ્ય પાપ કરે જ નહિ. શકય તેટલો ધર્મ જ કરે. આવી મહોર છાપ મારી છે. તમારી શું ભાવના છે? ધર્મ જ જીવાડે, સુખપૂર્વક મરાય અને તેમ કરતાં મુકિત મળે. વહેલી મુકિત મળે તેવી સામગ્રી મળી છે તો તે સફળ કરવા તૈયાર થાવ તેટલી જહામણ છે.

(ક્રમશઃ)

વર્તમાન જૈનશાસનની ઉત્પત્તિ અને પ્રવાહ

—પંડિતવર્ય પ્રભુદાસ બેચરદાસ પારેખ

૧. પેટી બનાવનાર સુતાર પેટીનું સ્વરૂપ મનમાં કલ્પી રાખીને પ્રથમ તેના નાના મોટા અંગો તૈયાર કરે છે. પછી દરેક અવયવોને જોડી ને આખી પેટી બરાબર સાંગોપાંગ તૈયાર કરે છે. સાંકળ, નકુચા, મીજાગરા વગેરે જોડી રંગીને ગ્રાહક આગળ સુરેખ પેટી રજુ કરે છે.

તેમ શ્રી ઋષભદેવ પ્રભુ પ્રથમ અર્થ અને કામ પુરુષાર્થ, અને તેમાં બાહ્ય બળનું જરૂર પૂરતું નિયંત્રણ રાખી મર્યાદાઓ જળવાવનાર રાજ્યતંત્રને ધર્મપુરુષાર્થના વ્યવસ્થિત માર્ગાનુસારિ પ્રાથમિક અંગો તરીકે તૈયાર કરે છે. શિલ્પાદિક ધંધાઓ, કામ પુરુષાર્થમાં સદાચારનું રક્ષણ કરનાર વિવાહાદિક આચારની નિયામક સામાજિક વ્યવસ્થા વિગેરેની વ્યવસ્થા સ્થાપે છે.

અને મુનિપણે દિક્ષિત થયા બાદ મોક્ષના અનન્ય કારણરૂપ ધર્મપુરુષાર્થના પાંચેય અંગો રૂપ સંસ્કૃતિનો મુખ્ય આત્મા જોડી દઈ ચાર પુરુષાર્થની સંપૂર્ણ જીવન-વ્યવસ્થા લોકોમાં અમલમાં લાવી દે છે. તેના પેટામાં તમામ ધંધાઓ, કારીગરીઓ, પુરુષોની બહોંતેર અને સ્ત્રીઓની ચોસઠ કળાઓનું સાંગોપાંગ શિક્ષણ, ૧૮ લીપીઓ, ભાષાઓ વિવાહ વિગેરે જીવન ઘડતરના પ્રસંગો, રાજ્યના સર્વ અંગો વિગેરેનું શિક્ષણ આપે છે.

૨. આ સર્વ કરવામાં તેઓનું પૂર્વ ભવનું જ્ઞાન કામ આવે છે. સંસ્કૃતિબદ્ધ દેશમાં પૂર્વભવમાં જીવન જીવવાથી સર્વ પ્રકારનું અનુભવ જ્ઞાન તેમને મળેલું હતું. આત્મા અને તેના છ સ્થાનોનું તત્ત્વજ્ઞાન તેમના જ્ઞાનમાં હતું. કારણકે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અને અવધિજ્ઞાન એ ત્રણ જ્ઞાન તેમને પૂર્વભવથી સાથે જ આવેલા હોવાથી તેમને જન્મથી જ હતાં. એટલે જ તેઓ માનવ જીવન માટે એક સુરેખ જીવન-વ્યવસ્થા ઉપજાવી શકયા હતા.

૩. જો તેઓએ આમ ન કર્યું હોત, તો દિવસે દિવસે કથળતી જતી લોકોની નીતિ મહા અન્યાય અને મહા અનર્થ નિપજાવત. સુલેહ, શાંતિ, વ્યવસ્થા, મર્યાદાઓ વિગેરે રહી શકત જ નહીં. આ સ્થિતિમાંથી ઉગારી લેવા એ મહાત્મા પુરુષોનું કામ છે. તેઓ સિવાય આવડી મોટી ગોઠવણ કોણ કરી શકે ?

૪. જો કે સર્વ પ્રવૃત્તિઓમાં દેખીતી રીતે હિંસા આરંભ, ઉથલપાથલ વિગેરે જોડાયેલાં છે જ. છતાં તે વ્યવસ્થા કર્યા વિના જે મહા અવ્યવસ્થા, હિંસા, ચોરી, મારામારી, વ્યભિચાર, લૂંટ વિગેરે ભયંકર અવ્યવસ્થા હોત, અને તેમાં જે હિંસા વિગેરે પ્રવર્તત, તેની અપેક્ષાએ ઘણી જ ઓછી હિંસા અને આરંભ સમારંભ વિગેરે

આ વ્યવસ્થામાં રહે છે. માટે એટલે અંશે ધર્મ થાય છે.

કુળવ્યવસ્થા, ગ્રામ-નગર વિગેરેની વ્યવસ્થા વિગેરે પણ સ્થાપિત કરે છે. ચક્રવર્તીની રાજ્યવ્યવસ્થા તેમના પુત્ર ભરત ચક્રવર્તી કરે છે. જેથી બીજા દેશોના ત્રણ કાળમાં સ્થાયી છે. માટે તેનું નામ શાશ્વત-ધર્મ, સનાતન ધર્મ-જે નામ આપવું હોય તે આપી શકાય.

'ધમ્મો વડ્ઢઉ સાસઓ'-અર્થાત્ શાશ્વત ધર્મ વૃદ્ધિ પામો. પરંતુ આ શાશ્વત ધર્મ એક સિદ્ધાંતિક આદર્શરૂપ છે. ધર્મ એ વિશ્વમાં એક સ્વતંત્ર પદાર્થ રૂપે પણ રહી શકાય. તેમ એક વસ્તુરૂપે પણ છે. તેના ઉપદેશક, પ્રચારકના નામ ઉપરથી પણ તેના ધર્મ તરીકે તે પ્રસિદ્ધ થાય છે. ધર્મ એકાએક અમલમાં આવી શકતો નથી. તેથી તેને માટે વ્યવહારિક યોજનાઓની જરૂર પડે છે. તેના માટેની સંસ્થા, તેના સંચાલકો, તેના માર્ગદર્શક શાસ્ત્રો તથા ધર્મ સહાયક વિવિધ પ્રકારનાં બાહ્ય તથા અભ્યંતર સાધનો રૂપ સંપત્તિઓની જરૂર પડે છે.

જુદા જુદા તીર્થંકરો જૈનશાસન નામની [illegible]ધારણીય સંસ્થાને વખતોવખત સ્થાપિત [illegible] છે. અને તે મારફત શાશ્વતધર્મ હોકોને [illegible]ણ બને છે. તેમાંથી જુદા જુદા અનેક [illegible]ટા ધર્મશાસનો જગતમાં ફેલાયા [illegible] તે દરેક ઓછે વધતે અંશે શાશ્વત [illegible]ની જ કેટલાક સિદ્ધાંતો લઇને [illegible]માં આવતા હોય છે.

આવાં ધર્મશાસનો પ્રાગતિક નથી હોતાં પરંતુ તે સાંસ્કૃતિક આદર્શો ધરાવનારા હોય છે પરસ્પર ઘણી બાબતોમાં સમન્વય પણ ધરાવે છે. જે કાંઇ ભેદ છે તે સંજોગવશ તથા કાળાંતરે ફેલાયેલા થોડા ઘણા અજ્ઞાનને કારણે હોય છે. પણ તે દરેકમાં સદ્ગતત્વો જ્યાં હોય તે સર્વનો સમન્વય પણ છે. અને એ સમન્વય ભારતનાં ધર્મગુરૂ મહાજનો ચલાવી રહી સર્વને ધર્મમાર્ગમાં-સંસ્કૃતિના માર્ગમાં રાખી રહ્યા હોય છે.

અને તેના સ્થાનિક અનુયાયી આગેવાન મહાજનો પણ એજ કામ કરતા હોય છે. તેની સામે શ્વેત પ્રજા કોન્ગ્રેસ વિગેરે બહુમતવાદની સંસ્થાઓ સ્થાપીને પ્રાગતિક જીવનધોરણને પ્રચાર કરી વેગ અપાવી રહેલ છે હવે તેના પ્રાગતિક બળો ધર્મ-ગુરૂઓ-ધર્મસંસ્થાઓ ઉપર પોતાનો અધિકાર સ્થાપિત કરી વધુ છિન્નભિન્ન ભવિષ્યમાં કરવા માટે રાજ્યતંત્ર દ્વાર ગોઠવણ કરી રહયા છે.

હાલના ધાર્મિક ટ્રસ્ટ બીલો, યુનેસ્કો, ધાર્મિક કમિશનો નીમવા વિગેરેનો આજ ઉદ્દેશ છે. બીજો કોઇ પણ ઉદ્દેશ સાબિત કરી શકાય તેમ નથી. વિદેશીય સત્તાએ ધર્મપ્રધાન સંસ્કૃતિમાં છેલ્લા પાંચસો વર્ષોમાં અનેક ડખલો કરીને ધર્મને અનેક રીતે હાનિ પહોંચાડી છે. તે હાનિને મૂળ ભૂમિકા રૂપે રાખીને અને સામાન્ય પ્રશ્નની આગળ તે ખામીઓની જાહેરાત કરીને,

સામાન્ય પ્રજાને ધર્મ અને સંસ્કૃતિના આગેવાનો સામે ઉશ્કેરાયેલા રાખવામાં આવે છે. અને તેના આધારે રાજ્યતંત્ર ધર્મતંત્ર ઉપર ભરડો લેવાની તક લઇ શકે છે.

ખરી રીતે તો બહારના લોકોની ડખલથી કૃત્રિમ રીતે આવેલી બાબીઓને દૂર કરીને ધર્મતંત્રને સુવ્યવસ્થિત ચાલવા દેવાની, અને વિઘ્નો દૂર કરવાની માગણી થયે જરૂરી સહાય કરવાની રાજ્યની ફરજ હોય છે. તેને બદલે બાબીઓ આગળ કબજો કરી સીધે સીધો હસ્તક્ષેપ કરવામાં આવે છે, જે મહા અન્યાય રૂપ છે. તેને આડકતરા જુલ્મ શિવાય બીજું શું કહી શકાય ? તેમાં ન્યાયનો અંશ પણ શી રીતે સંભવી શકે ?

'આ જાતની આજની આંતરરાષ્ટ્રીય યોજનાઓ અને તેને પગલે ચાલી ભારતના વર્તમાન તંત્રની ગોઠવણ નથી' એમ પ્રમાણિકપણે સાચા પુરાવાથી કોઇ પણ સાબિત કરી શકે તેમ નથી. એટલું જ નહીં, પરંતુ પ્રમાણિક અને સાચા પુરાવાથી ઉપર જણાવ્યા પ્રમાણેનો તમામ ગોઠવણો છે તે પણ બરાબર સાબિત કરી શકાય તેમ છે.

જુદા જુદા નામે જગતના પ્રચલિત ધર્મો અને ધર્મશાસનો છે, ધર્મસંસ્થાઓ છે. શાશ્વત ધર્મમાંથી જુદા જુદા સિદ્ધાંતો અને જુદા જુદા આચારોમાંથી ક્રિયાઓ, ધાર્મિક આચારો, પ્રવૃત્તિઓ વિગેરે તેમાં લીધેલી હોય છે.

અને સ્યાદ્વાદમય જૈનધર્મ તે સર્વનો યોગ્ય સમ- । કરે છે કેમકે સર્વનું મૂળ કેન્દ્ર તે છે આ પક્ષપાત નથી, સાચી વસ્તુસ્થિતિ નિરૂપણ છે. સંસ્કૃતિના મૂળ કેન્દ્રમાં પ જૈનશાસન છે. ભલે તેના અનુયાયીઓ બહારથી થોડા દેખાતા હોય, પરંતુ ઇત ધર્મ માનનારા પણ અપેક્ષા વિશેષે તે જ અનુયોગ છે.

વર્તમ . રાજ્યતંત્રની રચના પ્રાગતિ આદર્શો ર થયેલ હોવાથી ધર્મક્ષેત્રને માટે તેનું તીથી વિપરિત પરિણામ એ આવશે કે ધર્મતંત્ર, ધર્મપ્રણેતા, ધર્મગુરૂ, ધર્મશાલી અને ધાર્મિક સંપત્તિઓ વિગે ઉપર સદા સેવક એવા રાજ્યતંત્રનો સર્વોપરિ માલિકી, કક તથા સર્વોપરિ સંપૂર્ણ સત્તા અને સર્વ કાર સ્થાપિત થશે.

જેમ ાગ્ય લાગે તેમ કમે કમે પ્રા- તિક પા વર્તનો ધર્મક્ષેત્રમાં રાજ્યતંત્ર કરતું જ જો કે તે સર્વ એકાએક બા- વાનું ન પરંતુ કમે કમે પરિસ્થિતિનો અભ્યાસ રીને પક્ષ બળ મેળવીને કાયદો કરતા જ તેની મર્યાદા બંધાતી રહેશે. જ્યાંસુધી નવા તબકકાનો કાયદો કરવાનો પ્રસંગ આવે ત્યાં સુધી થયેલી કાયદાની મર્યાદા ાળંગવામાં ન આવે.

પર તબકકો બદલાય એટલે આગળ ા તબકકાનો વ્યાપક કાયદો થાય અને ધા ઉપર વ રે આક્રમણ આવે એમ વખત વખત બદલા કરી આક્રમણ આગળ વધારવું જવાય. (ક્રમશઃ)

પ્યારા ભૂલકાંઓ.

વિશેષ જૈન શાસન બાલ વાટિકા વિભાગ માટે તમે સૌ મહેનત કરી નાની નાની વાર્તાઓ તથા ટૂંકા ટૂંકા લખાણો મોકલો છો. તે વાંચી આનંદ થાય છે. બોધદાયક ટૂંકા લખાણો તથા નાની વાર્તાઓ અવરનવર પ્રગટ થાય છે તમારા લખાણો પ્રગટ કરાવા હોય તો

૧) સારા અક્ષરે લખી મોકલશો.

૨) પોસ્ટ કાર્ડ ઉપર લખાણો લખી મોકશો નહિ.

૩) લખાણો હમેશાં કુલ સ્કેપ કાગળમાં લખી મોકલશે.

૪) કાગળની એક જ બાજુએ લખજો.

૫) લખાણો પાછાં મોકલવામાં આવતાં નથી.

૬) મોટા મોટા લખાણોથી સૌને સંતોષ આપી શકતો નથી.

માટે પ્રિય ભૂલકાંઓ; તમારી ડાયરીમાં મારું કાયમી સરનામું નોંધી રાખજો, રવિવારની રજાનો ઉપયોગ કરી નાની વાર્તાઓ, ટૂચકાઓ, હાસ્ય એ ઢરબાર આદિ મોકલવા વિનંતી.

—રવિશિશુ C/o. જૈન શાસન કાર્યાલય ૪૫/ દિગ્વીજય પ્લોટ, જામનગર.

કથાનક

એક વખત ઔરંગઝેબના શયનખંડમાં એક નોકર ભૂલથી દારૂગોળો ભરેલી પેટી મુકી ગયો. રાત્રે ઔરંગઝેબ શયન માટે આવ્યા. દારૂગોળો ભરેલી પેટી પર નજર પડતા જ નોકરને હાજર કરવા નો હુકમ કર્યો.

નમસ્કાર સાથે થરથર કાંપતો નોકર સેવામાં હાજર થયો. ભાઇ; "આ દારુગોળો, જ્યાં મુકવાનો હોય ત્યાં મુકી આવ. અહીંયા ન મુકાય, આવી ભૂલ ફરી ન થાય તેની કાળજી રાખજે."

મીઠાઈ. ઔરંગઝેબ પણ સમજતો હતો કે "ખોટો ગુસ્સો કરીને શા માટે મનની શક્તિ વેડફી નાખવી."

આજે ખોટી કે સાચી વાતમાં ઘણા પોતાના મગજનો કંટ્રોલ ગુમાવે છે. કામ બગડતાં મન બગડે છે અને નિરાશા પણ ઉત્પન્ન થાય છે કામ સુધરતાં મન પ્રફુલ્લિત રહે છે અને સ્વસ્થ પણ બને છે કામ સુધારવું કે બગાડવું તે મનનો વિષય છે. મનનો ખેલ જબરો છે. મન ખેલ કરાવે એના કરતાં આપણે મનને ખેલાવીએ તો વધુ મઝા આવશે. આપણા વિચારો અને આપણા દૃષ્ટિકોણો એવા હોવા જોઇએ કે આપણી ટૂંકી જીંદગી હરીયાળી બની

જાય. મનને કેળવો નહિતો મન રવાડે ચઢી જશે તો જીંદગી બરબાદ થઇ જશે. મન પર કાબુ રાખીને હરપળ પ્રફુલ્લિત બનાવો એજ...

—રશ્મિકા (નવા વાઠજ)

મગજમારી

(૧) એક પ્યાલામાં ચા ભરી છે. રમેશ તેમાં આંગળી અડાડે છે. છતાં તે ભીંજાતી નથી. આવું કેમ બની શકે ?

(૨) એ કયો ધંધો છે કે એને ત્યાં જનારાઓને એની પાસે માથું નમાવવું પડે છે ?

—નેહલ કિરીટ

ટૂંકી પ્રશ્નોત્તરી

(૧) આદરવા યોગ્ય શું ? ગુરૂની હિતશિક્ષા,
૨) તજવા યોગ્ય શું ? ન કરવાના કાર્ય
૩) ગુરૂ કોણ ? તત્ત્વજ્ઞ તેમજ પરહિત કરવા ઉજમાળ
૪) વિદ્વાનોએ શીઘ્ર શું કરવું ?
જન્મ મરણનો અંત.
૫) પરભવ જતાં ભાતું શું ?
ભાવ સાહિતદાન, શીલ અને તપ.
૬) આ લોકમાં પવિત્ર કોણ ?
જેનું મન પવિત્ર-નિર્મળ હોય તે.
૭) મોક્ષનો ઉપાય શું ?
સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સદ્વર્તનમાં પ્રવૃત્તિ
૮) પંડિત કોણ ? વિવેકવાન
૯) વિષ કયું ? અપમાન
૧૦) મનુષ્યપણાનો સ્વર શું ?
સ્વપર હિત કરવા સદા સાવધાનત્વ
૧૧) મદિરાના પેરે મૂર્છિત કરનાર કોણ ?
સ્નેહ-રાગ
૧૨) ભવને વધારનાર કોણ ? તૃષ્ણા.
૧૩) આત્મ ધન લૂટનારા ચોરો કોણ ?
શબ્દ, રૂપ, રસાદિ વિષયો
૧૪) જગતના જીવો શાથી બીહે છે ?
મરણથી.
૧૫) અહિતકારી દુશ્મન કોણ ? પ્રમાદ-
૧૬) જાતિ અંધથી આકરો કોણ ? રાગાન્ધ
૧૭) ખરો શૂરવીર કોણ ?
રાગાદિ શત્રુને હણે તે
૧૮) પીવા યોગ્ય શું ? સદ્ગુ ઉપદેશ રૂપ અમૃત.
૧૯) અતિ ગહન-ગૂઢ શું ? સ્ત્રી ચરિત્ર
૨૦) લઘુતા શેમાં. ? યાચના કરવામાં.

—સાધના આર. શાહ

—હીના. એમ શાહ

શબ્દ લાલિત્ય-૩ ઉકેલ.

આડી ચાવી	ઉભી ચાવી
૧ નંદીવર્ધન	૧ નંદિષેણ
૫ યોગીશ્વર	૨ દીપ
૮ દ્વિપડા	૩ વડા
૯ મિશ્ર	૪ નમિઉણ
૧૦ સુજ	૬ શ્વસુર
૧૧ ગાઉ	૭ રંજ
૧૨ પ્રચાર	૧૧ ગર

૧૩ મરણ ભય
૧૫ મંદ
૧૬ પૂર
૧૭ ર્હ્રીં
૧૮ નક્ષત્ર
૧૯ નિર્વાહ
૨૦ અરે !
૨૧ અતિચાર
૨૨ પ્રખ્યા ખાન
૨૩ ભૂમી
૨૪ રવિચંદ્ર
૨૬ પરશાળ
૨૭ યતિ

૧૨ પ્રયત્ન
૧૩ મદન રેખા
૧૪ હર હર
૧૬ પૂર્વાચાર્ય
૧૯ નિતિ
૨૦ અત્યાચાર
૨૧ અમિચંદ
૨૩ ભૂવિ
૨૫ સ્તુતિ

—અમિષ,

હાસ્ય એ દરબાર

શિક્ષકઃ- વિદ્યાર્થીઓ તમારામાંથી જે સૌથી વધારે આળસુ હોય તે આંગળી ઉંચી કરે ?

થોડીવાર થવા છતાં કોઇએ આંગળી ઉંચી કરી નહી આથી શિક્ષક બોલ્યા અલ્યા મગનીયા તું તો ખૂબ જ આળસુ છે છતાં આંગળી કેમ ઉંચી કરતો નથી ? મગનીયો—સાહેબજી, એમ છે ને મને તો આંગળી ઉંચી કરવાની પણ આળસ આવે છે. " ત્યજી દેજો આળસને ! "

—અમીષ સોરઠી

બાલવાટિકા જયવંતી રહો !

બાળકોને બાલવાટીકા ખુબ ગમે છે
લક્ષ્મી અને લલનાથી સાધુ દૂર રહે,
વાતોથી કોઇ પેટ ન ભરાય
ટિચકારી (મશ્કરી) કોઇની કરશો નહિ
કર્મ હમેશાં સારા કરો.

જગતમાં રહેલા સર્વ જીવોને હું ખમાવું છું
યદુવંશમાં શ્રી નેમિનાથ ભ નો જન્મ થયો હતો
વંદિતા સૂત્રને શ્રાવકો પ્રતિક્રમણમાં બોલે છે
તીર્થયાત્રાથી સમકિત નિર્મળ બને છે.
રથયાત્રાના વરઘોડા દ્વારા શાસન પ્રભાવના થાયછે.
હોળી કર્મ ની જ કરાય

—રમણલાલ. એમ. શાહ
(ખત્તરગલી)

માત્ર સાચું કે બોટું કહો.

૧ જીવ પૂણ્ય કરવાથી સુખ અનુંભવે છે
૨ શ્રાવકના ઘરમાં દશ ચંદરવા હોવા જોઇએ
૩ સાધુ ભગવંતો પંચમુષ્ટિ લોચ કરે છે
૪ શાલિભદ્રને ત્યાં દરરોજ જુદા જુદા પકવાનોની ૯૯ પેટીઓ આવતી હતી
૫ સિમંધર સ્વામી ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં પાટ પર બેસી વ્યાખ્યાન આપે છે
૬ વર્ષીતપમાં આઇસ્ક્રીમ ખવાય.
૭ વજ્ર સ્વામીના લગ્ન બોડીયામાં થયા હતા
૮ કૂવાગાવાળા મગ ખાવાથી જીવની હિંસા થતી નથી
૯ કુણા પાન પાંદડા ખાવાથી જીવની હિંસા થાય છે
૧૦ ઉપાશ્રયની બહાર જતાં તેમ જ દહેરાસર ની બહાર નીકળતાં આવસ્સહી બોલવી જોઇએ
૧૧ પૂજા કરતાં પહેલા અંગ શુધ્ધિ કરવી જોઇએ ફકત હાથ અને પગ ધોઇએ તો ચાલે.

—હિતેશ વી. શાહ (પુના)

શાસન સમાચાર

નડીયાદ :- અત્રે દેવચકલા મ. શ્રી અજિતનાથ મંદિર ૪૦૦ વર્ષ જુનુ છે. ઓગસ્ટમાં વરસાદથી છત પડી જતાં સંઘે મૂળ પાયાથી જીર્ણોદ્ધાર નકકી કર્યો. પૂ. પં. શ્રી પદ્મસેન વિજયજી મ. ની નિશ્રામાં તા. ૭-૧૨-૯૩ પ્રતિમાજી ઉત્થાન કરાવતા પ્રતિમાઓ તથા દિવાલોમાં અમીઝર્યા ૧૫-૨૦ મીનીટ સુધી થયું સંઘમાં આનંદ ફેલાયેા.

વાપી :- અત્રે પૂ. પં. શ્રી હેમભૂષણ વિજયજી ગણિવરની નિશ્રામાં માગ. શુદ ૧૪ તથા વદ ૧થી ઉપધાન શરૂ થયા છે. સુંદર આરાધના થાય છે માળ મહા સુદમાં આવશે ઠે. નહેરુ સ્ટ્રીટ.

સુરત :- અઠવા લાઇન્સમાં પૂ. પં. શ્રી જિનચંદ્ર સાગરજી મ. ની નિશ્રામાં સીતાબેન હિંમતભાઇ લેંકર હ: મહેન્દ્રભાઇ તરફથી ઉપધાન થયા માગશર સુદ ૫ ના માળ મેાહેાત્સવ ઠાઠથી થયેા સિદ્ધચક્રપૂજન ભવ્ય વરઘેાડેા વિ. થયા.

વઢવાણ શહેર :- અત્રે પૂ. આ. શ્રી વિજય નિત્યાનંદ સૂરીશ્વરજી મ. સા. આદિની નિશ્રામાં પેાતાના શ્રી વીશ સ્થાનક તપના ઉદ્યાપન નિમિત્તે ૩ છેાડના ઉદ્યાપન સાથે વીશ સ્થાનક પૂજન સહિત મા. સુ. ૧૨-૧૩-૧૪ ત્રણ દિવસનેા મહેાત્સવ રાજપુત શ્રી રામસંગભાઇ બનેસંગભાઇ લીંબડ તરફથી ઠાઠથી ઉજવવામાં આવ્યેા હતેા.

માલવદેશે સદ્ધર્મ સંરક્ષકનેા આચાર્ય દિવસ ઉજવાયેા :-

દાનસૂરિ જ્ઞાનમંદિર (કાલુપુર-અમદાવાદ) મધ્યે માગશર સુદ ૨ બુધવારના ૨૨મેા આચાર્યપદવીનેા દિવસ ઉજવાયેા. પ્રવચનમાં પૂ. ગચ્છાગ્રણી માલવદેશે સદ્ધર્મ સંરક્ષક આ. શ્રી સુદર્શન સૂરીશ્વરજી મ. સા. તથા પ્રવચન પ્રભાવક પૂ. મુનિરાજ શ્રી દર્શન રત્ન વિજયજી મ. સા એ આચાર્યપદનેા મહિમા બતાવ્યેા. પૂ. દર્શનરત્નવિજયજીએ ફરમાવેલ કે દાદાગુરૂ પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આ. શ્રી રામચન્દ્ર સૂ. મ. ના હાથે જ આચાર્યપદને પામી. અનેક ગુણગણના ધારક બનેલા પૂ. સુદર્શન સૂ. મ. પેાતાની યુગ પ્રવરતાને અખંડિત રાખી, અનેક ભવ્યાત્માઓને પ્રભુમાર્ગના સાચા મુસાફર બનાવી રહ્યાં છે. તેને ભગવાન મહાવીર સ્વામીની ૭૯મી પાટને શેાભાવી રહ્યાં છે. વ્યાખ્યાન પછી પાંચ સંઘપૂજન જુદા જુદા ભાગ્યશાલીઓ તરફથી થયા તથા ગુરૂપૂજન થયેલ મનસુખભાઇ ના ઘરના દેરાસરે ભવ્ય આંગી રચવામાં આવેલ. એકંદરે ઘણેા જ ઉત્સાહ ઉમંગ રહ્યો.

અંબાત :- અત્રે અમ[illegible] જૈન શાળામાં બિરાજમાન પૂ. મુ. શ્ર[illegible] દિવ્યકીર્તિ વિ મ. તથા પૂ.મુ. શ્રી પુણ્યર[illegible]ર્ત વિજયજી મ. ની નિશ્રામાં શાહ અંબાલ[illegible] છોટાલાલ પરિવાર તરફથી રામજ તીર્થ [illegible]યાત્રા સંઘ કા. વ.-૬ રવિવારના નીકળેલ. [illegible]ટી સંખ્યામાં ભાવિકો પધારેલ આમા[illegible]ાદ ભક્તિ તથા પંચ કલ્યાણક પૂજા સુંદ[illegible] રીતે થયા હતા.

વાપી :- પૂ. પં શ્રી હેમભૂષણ વિજયજી મ. ની નિશ્રામા શાહ ભણુભાઈ ગોવીંદજી પરિવાર તરફથી વ[illegible]ી બગવાડા ઉદવાડા તીર્થ છ'રીપાલીત સ[illegible] કા. વ.-૨ ના નીકળેલ કા. વ.-૪ના ઉ[illegible]ાળા માળા રોપણ ઉત્સાહથી થઇ. પૂ. શ્રી [illegible]ું ચાતુર્માસ પરિવર્તન શાહ છગનલા[illegible] ઉમેદચંદ તથા અ.સૌ. મણિબેન છગનલ[illegible] તરફથી ઠાઠથી થયું હતું.

સાલસગઢ (રાજ.) :- અત્રે પૂ. આ. શ્રી સૂર્યોદયસાગર સૂરીશ્વ[illegible]જી મ. ને ગચ્છાધિપતિ પદારોહણ પ્રસં[illegible] શ્રી સિદ્ધચક્રમહાપૂજન શાંતિસ્નાત્ર ૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત અષ્ટાન્હિકા મ[illegible]ત્સવ ઉજવાયો. તા. ૧૫-૧૨-૬૩ના પ[illegible]ંણુ તથા કુ. ઇન્દુ ગાંધીની દીક્ષા તથા [illegible]ન ઉપાશ્રય ઉદ્ઘાટન થયું.

ડુંગરપુર - અત્રે મુ. શ્રી [illegible]દ્ર વિ. મ. નું ૨૩ વર્ષે ચોમાસું થતાં સારી [illegible]રાધના થઇ ઉત્સવ ઉજવાયો.

બેંગલોર :- ચીકપેઠમાં [illegible]. લબ્ધિસૂરિ જૈન પાઠશાળાની વાર્ષિ[illegible] પુરસ્કાર સમારોહ તા. ૭-૧૧-૬૩ ના [illegible] આ. શ્રી હેમપ્રભ સૂ મ. ની નિશ્રામાં તા. ૭-૧૧-૬૩ના ભવ્ય રીતે ઉજવાયો. મુખ્ય શિક્ષક શ્રી સુરેન્દ્ર સી. શાહે સંચાલન કર્યું.

તારદેવ મુંબઇ :- અત્રે શ્રી હસમુખલાલ ચુનીલાલ મોદી ચેરીટેબલ ટ્રસ્ટ તથા કુમુદ મેન્સન ના આરાધકો તરફથી પૂ. સા. શ્રી પુણ્યપ્રભા શ્રીજી મ. ના ઉપદેશથી શ્રી અજિતનાથજી જિન મંદિરની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે ૬૯ છોડના ઉજમણા સાથે અર્હદ્ અભિષેક, શાંતિસ્નાત્ર-૧૦૮ પાર્શ્વનાથ પૂજન સહિત નવાન્હિકા મહોત્સવ પૂ. પ્રખર પ્રવચનકાર મુનિરાજ શ્રી નયવર્ધન વિજયજી મ. આદિની નિશ્રામાં માગશર સુદ ૩ થી ૧૦ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

થાનગઢ :- અત્રે તરણેતર રોડ પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભા શ્રીજી મ. ની નિશ્રામાં ચંદુલાલ મેઘજી શાહ પરિવાર તરફથી ધીરેન સિરેમીકના ઉદ્ઘાટન પ્રસંગે તા. ૫-૧૨-૬૩ના સવારે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઠાઠથી ભણાયું વિધિ માટે જામનગરથી સુરેશભાઈ શાહ પધારેલ તથા પૂજા ભક્તિ માટે સુરેન્દ્રનગરથી મંડળ પધારેલ. પૂજન બાદ સાધર્મિક ભક્તિ કરેલ હતી.

બેલ્લારી (કર્ણાટક) :- પૂ. આ. શ્રી ધનપાલ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં આરાધના તથા પૂ. ધનપાલ સૂ મ.ની ૫૦ વર્ષ સંયમ જીવન અનુમોદનાર્થે તથા મહારાષ્ટ્ર કેશરી પૂ. આ. શ્રી વિજય યશોદેવ સૂ. મ. ની ૨૩મી પુણ્યતિથિ નિમિત્તે ૭૫ છોડના ઉદ્યાપન સાથે ભક્તામર પૂજન સહિત એકદશદીની મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો.

નાગેશ્વરતીર્થ છ'રી પાલિત યાત્રા સંઘ

રતલામ– અત્રેથી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. તથા પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. પૂ. મુ શ્રી હેમેન્દ્ર વિ. મ. તથા પૂ. સા. શ્રી સ્વયં પ્રભાશ્રીજી મ. કૈવલ્ય પ્રભા શ્રીજી મ, પ્રશમ પ્રભાશ્રીજી મ. આદિ ની નિશ્રામાં રતલામથી નાગેશ્વર તીર્થનો સંઘ અંગે ભાવિકોની ભાવના થતા આયોજન થયું સુદ ૨ ના વ્યાખ્યાનમાં સંઘપતિઓની સ્થાપના કરવામાં આવી સંઘ તરફથી બહુમાન થયું.

સુદ ૩ ના સવારે પ્રયાણ થતાં મોટી મેદની વળાવવા આવી શ્રી સુમીરમલજી લુણીયાને ત્યાં મંગલિક તથા સંઘ પૂજન થયું મલ્લિનાથજી દેરાસર ચૈત્ય વંદન કરી મુખ્ય સંઘપતિ શ્રી વિજયકુમારજી હીરાભાઈ તથા સંઘપતિ માણેકલાલ ભાઈના ઘર પાસે મંગલિક થયું. ગુજરાત સ્વીટ્સ પાસે મંગલિક થયું તથા ગુજરાત સ્વીટ્સ તરફથી પેંડાની પ્રભાવના થઈ.

મુખ્ય સંઘપતિ શ્રીમતી સરલાબેન વિજયકુમાર હીરાભાઈ ગુજરાતી રતલામ વાળા હાલ મુંબઈ તથા સંઘપતિઓ (૧) શ્રી લક્ષ્મીચંદજી પુનમચંદજી મહેતા રતલામ) ૨) પ્રેમચંદજી કેશરીમલજી ભંસાલી(નામલી) ૩) તખતમલજી ચાંદમલજી તાતેડ રતલામ [૪] શ્રીમતી વિમલબેન માણેકલાલજી રતનલાલજી કટારીયા રતલામ) ૫) શ્રીમતી લીલાવંતીબેન મુંબઈ વાળા અમેરિકા] ૧] ઘોસવાસ ૨) સેમલીયા તીર્થ, નામલી, ૩) હસન પાલીયા ૪] જાવરા ૫) હાટ પીપલીયા ૬) તાલ–ભૂતિયા ૭] આલોટ ૮) નાગેશ્વરતીર્થ મુકામ થયા.

હસન પાલિયામાં દેરાસર જીર્ણોદ્ધાર તથા ઉપાશ્રયનું નવું થયું. ગામના ભાવિકોએ ૬૪, હજાર ઉપાશ્રય માટે ભેગા કર્યા. આરાધના ભવન રતલામથી ૩૧) હજાર દેરાસર માટે જાહેર થયા. તાલ તથા આલોટના સંઘોએ જોરદાર સામૈયું કર્યું નાગેશ્વર પહોંચતા તીર્થ પેઢી તરફથી સામૈયું થયું સકલ સંઘ નાગેશ્વર પાર્શ્વનાથજીની ભવ્ય મૂર્તિના દર્શન કરી ધન્ય બન્યો. ચૈત્યવંદના ભાવથી કર્યું.

સંઘની ટોળીઓ નીચે મુજબ ભાવિકો તરફથી થઇ હતી. ૧) ઘોસ–વાસ અનામી ભાવિકો રતલામ ૨) સેમલીઆ તીર્થ લક્ષ્મીચંદજી પુનમચંદ મહેતા રતલામ ૩) હસનપાલીયા–સેતાનમલજી રતનલાલજી પીતલીયા (બોરી) જાંબુઆ ૪) જાવરા–રતનલાલજી કનૈયાલાલજી ધારીવાલા રોજનાવાલા જાવરા ૫) આલોટ ખૂબચંદજી બગાની રતલામ ૬) શ્રી નાગેશ્વર તીર્થ (સુદ ૧૦) શેઠ રામજી કલ્યાણજી હા. લીલાધરભાઈ જોડીયાવાલા (બીડ મહારાષ્ટ્ર) તેમના તરફથી પૂજા પણ ભણાવાઈ ૬) નાગેશ્વર તીર્થ (સુદ ૧૧) વિજયકુમાર હીરાભાઈ ગુજરાતી સભામ્વાલા (મુંબઈ)

સુદ ૧૦ના રતલામ આદિથી ઘણા ભાવિકો આવી ગયા હતા. સુદ ૧૧ સવારે ૮–૩૦ વાગ્યે માળની વિધિ શરૂ થઇ ગુરૂપૂજન માળારોપણ તથા બહુમાનની બોલીઓ સારી થઇ હતી. માળ પહેરનાર પહેરાવનારની યાદી.

૧) શ્રી વિજયકુમાર ભાઇને ખેમચંદ [illegible] લીયા ઇન્દોર ૨) શ્રી સરલા-

બેનને ચંપકલાલ કેશવલાલ મુંબઈ ૩) શ્રી લક્ષ્મીચંદજીને કનક મલજી સમરથમલજી સંઘવી૪) શ્રીમતી લીલાબેન લક્ષ્મીચંદજીને બેમચંદજી ગુગલીઆ ઇંદોર (૫-૬) પ્રેમચંદજીભાઇ તથાશ્રીમતી નજરબેનને સજ્જનસિંહજી ઉમ્મેદસિંહજી કોઠારી(શીલાના)૭) તખતમલજીને કુંવરજી મોતીલાલજી ગાંધી રતલામ ૮) ગુલાબબેન તખતમલજીને શાંતા બેન બાઠીયા ઇંદોર ૯) માણેકલાલજીને લાલચંદજી રતનચંદજી કોલ્હાપુર ૧૦) વિમળાબેન ને સોહનબેન સુજાનમલજી ઘેલડા રતલામ ૧૧) લીલાબેન મુંબઇવાલા ને જ્યોત્સનાબેન પ્રમોદભાઇ મુંબઈ ૧૨) પ્રમોદભાઇને વીરેશકુમાર ચંપકલાલ કેશવલાલ મુંબઈ

૧) ગુરુપૂજન-બેમચંદજી રાજમલજી ગુગલીઆ ઇંદોર, ૨) આરાધના ભવન (રતલામ) સંઘ તરફથી સંઘપતિઓનું બહુમાન બેમચંદજી ગુગલીઆ ઇંદોર ૩) યાત્રિકો તરફથી સંઘપતિઓનું બહુમાન-મહેશકુમાર હીરાલાલ, ગુજરાતી રતલામ કાર્યકર્તાઓ આદિનું બહુમાન થયું. સંઘમાં ખૂબ ઉત્સાહ હતો અને સારી આરાધના થઇ.

પૂ. આચાર્યદેવ શ્રી આદિ ઉજ્જૈન થઈ હાસમપુરા અલૌકિક પાર્શ્વનાથ પોષ દશમી સામુદાયિક અઠ્ઠમ આદિ પ્રસંગે પધાર્યા છે ત્યાંથી ઇંદોર પધારશે.

બાંસવાડા (રાજ.) :- અત્રે વાગેડસમ્રાટ પૂ. આ. શ્રી સૂર્યસાગર સૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં પૂ. મુ. શ્રી ગુણરત્ન સાગરજી મ. ના શ્રેણી તપ તથા સંઘમાં તપસ્યા આદિ નિમિત્તો ૫૧ છોડના ઉદ્યાપન સાથે અઠ્ઠાઈ મહોત્સવ તા. ૧૮-૧૧ ૯૩ થી ૨૫-૧૧-૯૩ સુધી થયો તા. ૨૫ ના ભવ્ય રથયાત્રા તથા સાધર્મિક વાત્સલ્ય થયા.

માલગાંવ :- અત્રેથી પૂ. આ. શ્રી વિજય ગુણરત્ન સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં કા. વ. ૧૦ તા-૮-૧૨-૯૩ ના શ્રી સિદ્ધગિરિનો સંઘ સંઘવી ભેરૂમલજી હકમાજી વારૂણા પરિવાર તરફથી નીકળશે જીરાવલા વરમાણ ભીલડયાજી ચારૂ પાટણ શંખેશ્વર ઉપરીયાળાજી શિયાણી. વલભીપુર થઇ તા ૧૫-૧-૯૪ પાલિતાણા પહોંચશે ૧૭-૧-૯૪ ના માળ વિધિ થશે માલગાંવમાં મુમુક્ષુ સંગીતાકુમારી તથા અનીતાકુમારીની વદ ૮ ના દીક્ષા થશે.

દાવણગેરે :- પૂ. આ. શ્રી વિ. ભુવનતિલક સૂરીશ્વરજી મ. શિષ્ય પૂ. આ. શ્રી અશોક રત્ન સૂ. મ. ઠા. ૫ ની નિશ્રામા શા. વીરચંદજી અચલાજી તરફથી આયંબિલની ઓળી. પારણાં પાંચ દિવસનો મહોત્સવ આંગી રચના શ્રીફળની પ્રભાવના સ્વામી વાત્સલ્ય આદિ થયું હતું. દાદાવાડીમાં આ. વદ. ૪ ના પૂ. આ. શ્રી ભુવન તિલક સૂ. મ. ના ચરણ પાદુકાના અભિષેક અલ્પાહાર નાસ્તો પૂ. આ. શ્રી અશોક રત્ન સૂ. મ. ની વ. તપની ૯૧ મી ઓળીના પારણા નિમિતે રા. ૫ થી સંઘ પૂજન શા. દેવીચંદ કેશાજીને ત્યાં સંઘ સાથે પૂ. ગુરૂ મ. ની પધરામણી.

- દુઃખને-તકલીફને મજેથી ભોગવતાં શીખવનારી અને સુખનો ત્યાગ કરાવનારી સુખ સાથે કદાચ રહેવું પડે તો સાવચેતીથી રહેવા શીખવનારી ધર્મસામગ્રી છે.!
- જ્ઞાનીની દૃષ્ટિએ ધર્મસામગ્રીજ પ્રશંસાપાત્ર ગણાય છે. સંસારની સામગ્રી મળે પુણ્યથી પણ તેમાં ફસાવવા જેવું, રાજી થવા જેવું નથી.
- શ્રાવક કુટુંબનું પરિવર્તન કરે તે કેવળ અનુકંપાબુદ્ધિથી પણ મોહથી નહિ !
- જેમ વાળે તેમ વળે તેનું નામ કેળવણી !
- તમે મરજી મુજબ જીવો અને થોડો ધર્મ કરો તો તે સારું કર્યું છે એમ જો સાધુ કહે તો તે સાધુ ય તમારા બધા પાપના ભાગી થાય અને દુર્ગતિમાં જાય.
- જેના વિચાર, જેની વાણી અને જેનું વર્તન ભગવાનની આજ્ઞાને અનુસરનારું હોય પણ આજ્ઞાથી વિરૂદ્ધ કદિ હોય નહિ તે ભગવાનનો સાધુ.
- આજે અનીતિ કેમ વધી ગઇ ? ઉત્તમતા છે નહિ, પરલોકનો ડર નથી, આ લોકમાં આબરૂનો ખપ નથી, પૈસામાં આબરૂ આવી ગઇ છે તેવી માન્યતા છે માટે.
- સુખી પણ જો વિરાગી હોય તો જ સુખી છે. તે સુખની સામગ્રીવાળો જો રાગી હોય તો ય સુખી નથી.
- અનીતિને ભૂંડી ન માને, અમે અનીતિ કરીએ તે ખોટું કરીએ છીએ, અનીતિ કરવા જેવી નથી પણ પાપનો ઉદય છે અધિક લોભી છીએ માટે કરીએ છીએ ! આમ જો માનો તો ભગવાનનું શાસન હજી હૈયામાં પેસવાની જગ્યા છે. પણ આમ ન માનો તો ખુદ શ્રી તીર્થંકર પરમાત્મા તમારા પણ હૈયામાં શાસન ઘાલી શકે નહિ.
- ઘર છોડાવે તેનું નામ ગુરૂ ! ઘર માંડાવે તે ગોર !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

૧૯૬૨૨૨ ૪૨૪૮

નમો ચઉવ્વીસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

શ્રી વીર જૈન આરાધના કેન્દ્ર

—: સજ્જન અને દુર્જનનો વિશેષ :—

त्यजन्ति शूर्पवत् दोषान्,
गुणान् गृह्णन्ति साधवः ।
दोषग्राही गुणत्यागी
चालनीरिव दुर्जनः ॥

સજ્જન પુરૂષો સૂપડાની જેમ દોષો કાઢી નાખે છે અને ગુણોને ગ્રહણ કરે છે. જ્યારે દુર્જનો ચાળણીની જેમ દોષોને ગ્રહણ કરે છે અને ગુણોને બહાર ફેંકી દે છે.

વર્ષ ૬ અંક ૨૨

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ પરદેશમાં રૂા. ૪૦૦

6/1/8

332000

પંકિતકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

"ન જાણ્યું....."

તું ગર્ભમાં હતો ને જ તને ખતમ કરી નાંખવા તારી માતાએ ઘણા પ્રયત્નો કર્યા. તું ગર્ભમાં આવ્યો ત્યારથી જ તારી માતા ચેલ્લણાને તારા પિતા શ્રેણિકનું માંસ ખાવાની ઇચ્છા થવા લાગી. આથી તું "તારા પિતાના જાનનો દુશ્મન છે" તેમ સમજી પતિના કહ્યાનુ માટે ચેલ્લાણાએ તને ગર્ભમાં જ ગાળી નાંખવાના કૈંક પ્રયત્નો કર્યા.

પણ... આયુષ્ય બળવાન હોય છે ત્યારે ગર્ભમાં જનમેલા જણને કોઇ હણી શકતું નથી.

આખરે... તારો પ્રસવ થયો.

જનમતાંની સાથે 'તારૂં મોઢું ય જોવું પાપ છે.' એમ માનીને માતા ચેલ્લણાએ વિષ્ટાની જેમ તને અશોકવનમાં તજાવી દીધો.

તું નવજાત શિશુ હતો. સુકોમળ હતો. આથી જ કૂકડાના પીછાથી ત્યાં તારી આંગળી કુણાઇ (ચવાઇ) ગઇ. અને તે આંગળીમાં પરૂ અને કીડા પડયા. તારી વેદનાનો કોઇ પાર ન રહ્યો.

આ બાજુ તારા પિતા શ્રેણિકને ખબર પડી. તરત જ તને ત્યાંથી અત્યંત વહાલથી ઉઠાવી લીધો. તારી માતાને ઠપકો આપવા સાથે ચેતવણી પણ આપી કે હવે પછી આને તજી દઇશ તો તારા બીજા એક પણ પુત્રોને તું જીવતા જોઇ નહિ શકે.

કમને માતા ચેલ્લાણાએ સ્તનપાન કરાવી તારૂં પાલન કર્યું.

કૂકડાથી કૂટાઇ ગયેલી તારી આંગળીમાંથી બદબદતા પરૂ અને કીડાની પીડાથી રોઇરોઇને અડધા થઇ જતાં તારી પરૂથી અને કીડાથી બદબદતી આંગળી તને ખબર નથી કોણિક ! કે તારા પિતાએ તેમના મોંમાં નાંખી તારી પાર વિનાની પીડા શાંત થઇ ગઇ.

કુણિક ! તું તો તારા પુત્રનું મૂત્રાર જ જન્મ્યો છું. તારા પિતાએ તો તારા પરૂ અને કીડાની બદબદતી પીડાને ખાધી છે. કુટાઇ ગયેલી તારી આંગળીના કારણે તો તારૂં નામ કુણિક પડયું છે. કુણિક ! આ છે તારા નામ પાછળ છૂપાયેલો ઇતિહાસ.

વિષય-વાસનાનો આસકત બુઢ્ઢો સમજીને જેને તેં કારાવાસમાં પૂર્યા, ન ખાવા દીધુ, ન પીવા પણ દીધુ, કુરતાની કાંતિલ હદ વટાવી, રોજ સવારે ને સાંજે મીઠાણા પાણી પાયેલા કાતિલ હંટરોના પાંચ-દશ નહિ પણ સો-સો ફટકાઓ તે જેના ઘરડા બરડા ઉપર વીંઝાયે જ રાખ્યા, એ તારા પિતાએ હજી તો થોડા દિવસ પહેલાં જ તને અભયકુમારે દીક્ષા લઇ લીધી હોવાથી રાજ્યનો ભાર સોંપી દેવાનું નકિક કરી જ લીધું હતું. પણ ન જાણ્યુ ચેલ્લણા નાથે સવારે શું થવાનું છે ?

(અનુ. ટાઇટલ ૩ પર)



વર્ષ ૬] ૨૦૫૦ માગસર વદ-૩૦ મંગળવાર તા. ૧૧-૧-૯૪ [અંક ૨૨]

-: મોક્ષના ઉપાયભૂત ધર્મ :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા

પ્રવચન-પાંચમું (ગતાંકથી ચાલુ)

" જત્થ યં વિસય વિરાઓ કસાય ચાઓ ગુણેસુ આણુરાઓ કિરિયાસુ અપમાઓ સો ધમ્મો સિવસુહાવાઓ."

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ આ ધર્મશાસન સ્થાપીને મોક્ષમાર્ગ સ્થાપ્યો છે. જેને મોક્ષ જ ન જોઇતો હોય તેને આ ધર્મશાસન ગમે ? જેને મોક્ષ જ ન રૂચતો હોય, સંસારમાં જ મજા આવતી હોય તે ધર્મનો આરાધક કહેવાય ખરો ? આપણે બધા જૈન ધર્મી છીએ. ભગવાનના શ્રી સંઘમાં અમે સાધુ-સાધ્વી છીએ, તમે શ્રાવક-શ્રાવિકા છો. શ્રી સંઘને પણ જ્ઞાનિઓએ પચ્ચીશમો તીર્થંકર કહ્યો છે. શ્રી તીર્થંકર પરમાત્માઓએ જે કહ્યું તે જ કરવાની ઇચ્છા તેમની હોય પણ બીજી ઇચ્છા ન હોય તો જ તે પચ્ચીશમો તીર્થંકર છે.

ધર્મને પામેલા જીવને આ સંસાર કેવો લાગે ? ચક્રવર્તિપણું, ઇન્દ્રપણું પણ મળ્યું હોય તો ય આ સંસાર ગમે ખરો ? નવમા ગ્રૈવેયેક સુધી મિથ્યાદૃષ્ટિ જીવો જઇ શકે છે પણ પાંચ અનુત્તરમાં તો સમકિત વિના જવાતું નથી. સર્વાર્થસિદ્ધના દેવો તો નિયમા સમ્યગ્દૃષ્ટિ જ હોય. એકાવતારી હોય. તેઓ પોતાનો કાળ ધર્મ-ચિંતામાં જ પસાર કરે છે. ત્યાં સુખ ઉત્તમોત્તમ હોય છે પણ તે સુખ તેઓને જરાપણ ગમતું નથી. તેઓ માને કે-મને તેત્રીશ સાગરોપમની જેલ મલી છે. અહીં ભગવાનના કલ્યાણકાદિ મહોત્સવો ચાલતા હોય, ભગવાન દીક્ષા લેતા હોય તે જોઇ નાચી ઊઠે છે. તેને થાય કે-અમે રહી

ગયા. અહીં તો સાધુપણું કે શ્રાવકપણું પણ પમાય નહિ તેનું ભારોભાર દુઃખ હોય છે. તમને તેવું દુઃખ છે ?

આપણે બધા શ્રી અરિહંત પરમાત્માના ભગત કહીએ તો આ સંસાર ગમે છે ખરો ? ખૂબ ખૂબ સુખ-સાહ્યબી મલી હોય તો ય આ સંસાર કેવો લાગે ? સારો કે ભૂંડો ? ચક્રવર્ત્તી, ચક્રવર્ત્તિપણામાં જ લીન થાય તેમાં જ મરે તો કયાં જાય ? તમને જે સુખ-સંપત્તિ મલી છે, તે ભોગવતા ભોગવતા મરે તો કયાં જાવ ? જ્ઞાનિઓએ કહ્યું છે કે– સાચો જૈન તેનું ચાલે તો સંસારમાં રહે જ નહિ. કર્મયોગે સંસારમાં રહેવું પડે તો રહે પણ સંસારમાં તેને જરા પણ મજા હોય નહિ. આવે નહીં 'આ સંસાર કયારે છૂટે' 'આ સુખ-સંપત્તિ કયારે છૂટે' આવી જ જેની ભાવના હોય તે જ સાચો જૈન કહેવાય ! ભગવાનના શાસનમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા હોય બીજા નહિ. સાધુ-સાધ્વીએ સંસાર છોડયો છે, શ્રાવક-શ્રાવિકાને સંસારમાં રહેવું પડયું માટે રહ્યા છે પણ 'આ સંસાર કયારે છૂટે, કયારે છૂટે' આ ભાવના હૈયામાં બરાબર વસી ગઇ છે–આ વાત તમને મંજુર છે ? આ સંસાર રહેવા જેવો નથી, ઝટ સંસારથી છૂટી, સાધુ ધર્મ પામી, સુંદર રીતે આજ્ઞામુજબ આરાધી, વહેલામાં વહેલો મોક્ષ મેળવવાની ઇચ્છા જેના હૈયામાં હોય તે જ સાચો જૈન !

પ્ર૦ તો સંસારની બધી પ્રવૃત્તિ બંધ કરી દેવી પડે.

ઉ૦ જેને બંધ કરી તેજ મોક્ષે ગયા. સંસારની પ્રવૃત્તિ હૈયા પૂર્વક કરતાં કરતાં હજી કોઇ મોક્ષે ગયું નથી, જતું નથી કે જશે પણ નહિ. મોક્ષે જવું ન હોય તે જૈન હોય જ નહિ. ઇતર શાસનમાં પણ જે મોક્ષને માનનારા છે તે ય નિષ્કામ ધર્મ કરવાનું કહે છે. તમે બધા સંસારમાં મજાથી રહો અને શ્રી અરિહંત પરમાત્માના સેવક કહેવરાવો તે બને ? શ્રી અરિહંત પરમાત્માના સેવક બનવા કે જૈન પણું પામવા મોટામાં મોટી શરત એક જ છે કે–સંસારની સુખ-સંપત્તિ-સાહ્યબી-મોજમજાદિ જરાય ગમે નહિ. પાપના યોગે તે બધું કરવું પડે તો પણ બનને, દુઃખ-પૂર્વક કરે ! દુનિયાની સુખ-સંપત્તિ કોણ ભોગવે ?

સભા૦ પુણ્યોદય હોય તે.

ઉ૦ ના. જેને અવિરતિ નામનો પાપોદય હોય તે.

દુનિયાની સુખ-સંપત્તિ મળે તે પુણ્યથી. મજેથી ભોગવવાનું મન થાય તે અવિરતિ નામનો પાપોદય હોય તો. તેને હજી ખોટું માને તો તે સારા છે. પણ તેને સારું માને, તેમાં જ મજા માને તો તે મહામિથ્યાત્વનો ઉદય હોય તો બને.

પ્ર૦ આવું ભેગું કેમ થંકળાયેલું છે ?

ઉ૦ આવું ભેગું ન હોત તો સંસારમાં રખડત કોણ ?

ધર્મી કહેવરાવવું અને દુનિયાનું સુખ મજેથી ભોગવવું તે કદી બને નહિ !

પ્ર૦ આવું જ્ઞાન ન હોય તો ?

ઉ૦ તે માટે ધ્યાન ખેંચીએ છીએ. આ સુખમાં રાજી ન થાવ, સંસારમાં રખડી ન જાવ તે માટે ચેતવીએ છીએ

માટે સમજો કે–ધર્મ પામે તેને સંસાર ગમે નહિ, સંસારનું સુખ ગમે નહિ, સંસારની સંપત્તિ–સાહ્યબી ગમે નહિ, ઇન્દ્રપણું ગમે નહિ, ચક્રીપણું ગમે નહિ એક મત્ર મોક્ષજ ગમે. તે માટે સાધુપણું ગમે. તે સાધુપણું મનુષ્યપણા વિના બીજે કશે મળે નહિ માટે આ મનુષ્ય જન્મને દુર્લભ કહ્યો. સંસારમાં દેવજન્મ પણ દુર્લભ ન કહ્યો પણ મનુષ્ય જન્મ દુર્લભ કહ્યો. સમકિતી ઇન્દ્રાદિ દેવો પોતાને ક્રમનશીબ માને છે અને માને કે 'અમે ભગવાનની ભક્તિ ગમે તેટલી કરીએ પણ ભગવાનની સંસાર છોડવાની જે આજ્ઞા છે તે કરી શકીએ નહિ,' તે બધા દેવભવ કરતાં મનુષ્યભવ ઊંચો માને છે. તમને તે મળ્યો છે તો તેની કિંમત છે બરી ? સમ્યગ્દૃષ્ટિ દેવો તો ઇચ્છે છે કે–'ઝટ મનુષ્યપણું પમીએ, તેય શ્રાવકના કુળમાં પમીએ અને સાધુ થઇ મોક્ષે જઇએ.' તમે બધા શ્રાવકના કુળમાં આવ્યા છો, દુનિયાનું સુખ ભોગવવામાં આનંદ માનો છો, તે છોડવાની ઇચ્છા પણ થતી નથી તે જૈન તરીકે ઓળખાવવા માગો છો તો તે બને ?

ખરેખર જૈન તો વિરાગી જ હોય, કષાયનો વૈરી જ હોય, ગુણનો રાગી હોય, ગુણ મેળવવાની ક્રિયામાં ઉદ્યમશીલ હોય. મોક્ષવિના બીજું ધ્યેય હોય તે કદી જૈન બની શકે જ નહિ. સમજુ જૈનને કોઇ પૂછે કે–તારે શું જોઇએ ? તો તે કહે કે–મોક્ષ ન. સંસારમાં કેમ રહ્યા છો ? મારે પાપોદય છે માટે તેમ તે કહે. જેને હજી સંસાર છોડવાનું કે, મોજમજાદિ છોડવાનું મન પણ થતું નથી તેઓ હજી ધર્મ પામ્યા પણ નથી. ભગવાનનો ધર્મ હૈયામાં આવે તેને સંસાર ગમે નહિ. સંસાર ગમે છે તે અવિરતિનો ઉદય છે. તે સારો લાગે છે તે મિથ્યાત્વનો ઉદય છે. તમને અવિરતિનો ઉદય છે કે મિથ્યાત્વનો ઉદય છે ? શ્રાવકને હજી અવિરતિનો ઉદય હોય પણ મિથ્યાત્વનો ઉદય તો ન જ હોય. તમને મિથ્યાત્વનો ઉદય તો નથી ને ? સંસારમાં છો પણ સંસાર રહેવા જેવો લાગતો નથી ને ? સંસાર છોડવા જેવો લાગે છે ને ? તમે સંસારમાં બેઠા છો માટે ખરાબ છો તેમ નથી કહેવું. પણ સંસારમાં રહ્યા છો તે ખરાબ ન લાગે સંસાર છોડવા જેવો પણ ન લાગે તો તમે હજી જૈન ધર્મને પણ પામ્યા નથી–આ વાત હૈયામાં ઠસાવવી છે. આ વાત હૈયામાં ન બેસે ત્યાં સુધી શ્રી અરિહંત પરમાત્મા હૈયામાં ન પેસે, તેમની આજ્ઞા હૈયામાં ન પેસે. તે ન બેસે તો સંસારમાં જ રખડવું પડે. હજી પણ રખડવું છે ?

પ્ર૦ કર્મનો કાંઠલો ગળે વળગ્યો છે કે સમજ પડતી નથી.

ઉ૦ આ સીધી વાત પણ સમજાતી નથી માટે લાગે છે કે બહુ ભયંકર કર્મો વળગ્યા છે. તે કર્મો કાઢવા છે કે રાખવા છે ? જે કર્મો મોક્ષની ઇચ્છા પણ થવા દે નહિ તે કર્મો હજી ભયંકર લાગે છે કે સારા લાગે છે ?

શ્રી અરિહંત પરમાત્માને માને અને સંસાર ગમે તે તો કપાળે હાથ દે. તે તો માને કે-શ્રી અરિહંત પરમાત્મા જેવા દેવમળ્યા, સાચાસાધુ મળ્યા, સાચો ધર્મ મળ્યો છતાં પણ હજી સંસાર બૂંડો નથી લાગતો, સંસારનું સુખ બૂંડું નથી લાગતું, સંસારની સુખ-સંપત્તિ, મોજમજાદિ બૂંડી નથી લાગતી માટે મારો ભયંકર પાપોદય છે. તે બધું બૂંડું લગાડવા રોજ ભગવાનની પૂજા કરે, સુસાધુની સેવા કરે, વ્યાખ્યાન સાંભળે, સમજવા મહેનત કરે. રોજ સમજવા મહેનત કરે તો મિથ્યા-ત્વ ધીમે ધીમે મંદ પડે. પછી તેને થાય કે- મને સંસારમાં ભટકાવનાર, સંસારને ગમાડનાર આ મિથ્યાત્વ પાપકર્મ જ છે. મારે તેને મારી હઠાવવું જ છે અને સમકિત પામ્યા વિના તો રહેવું જ નથી. પછી તાકત આવે તો સાધુપણું જ પામવું છે, મોક્ષની આરાધના કરવી છે અને વહેલામા વહેલા મોક્ષે જવું છે- આવી જેની ભાવના હોય તે જ શ્રી અરિહંત પરમાત્માનો સાચો ભગત !

અમને પણ તમે માન-પાનાદિ આપો તે ગમી જાય તો અમે તમારા કરતાં ય બૂંડા છીએ. ભગવાનના સાચા સાધુને સુખ ગમી જાય તો હૈયામાં આઘાત થાય અને માને કે-હજી મારામાં સાધુપણું નથી આવ્યું. અહીં સુધી આવેલા મને ય હજી સુખ ગમે છે, માન-પાનાદિ ગમે છે, કોઈ પ્રશંસા કરે તે ગમે છે તો મારો દા'ડો ઊઠી જાય. આ બધું નિષ્ફળ જાય ! તેમ તમને સુખ-સંપત્તિ સારા લાગે તો તરત દુઃખ થવું જોઇએ. અમને કે તમને તેવું દુઃખ પણ જો ન થાય તો આપણે હજી ધર્મ પામ્યા નથી.

શ્રાવક-શ્રાવિકા સંસારમાં હોય. તે બધાને સંસાર કેવો લાગે ? સમકિતી દેવોને દેવલોક જેલ જેવો લાગે છે અને તમને આ તમારા બંગલા-બગીચાદિમાં મજા આવે છે તો તમને શું કહીએ ?

આજે તો બંગલામાં મોજમજાદિ કરનારા જૈનપણું પણ ભૂલી ગયા છે. કેમકે, તેઓને દીન-દુઃખીની દયા નથી આવતી, સાધર્મિકની ભક્તિ કરવાનું પણ મન થતું નથી. પાસે મંદિર હોય તો ય દર્શન-પૂજા કરવાનું મન થતું નથી. સુ સાધુનો યોગ હોય તો ય સાધુની સેવા કરવાનું, વ્યાખ્યાન સાંભળવાનું, સામાયિક-પડિકમણું કરવાનું મન થતું નથી. (ક્રમશઃ)

વર્તમાન જૈનશાસનની ઉત્પત્તિ અને પ્રવાહ

— પંડિત વર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

[ગતાંકથી ચાલુ]

આમ થવાથી જે ધર્મક્ષેત્ર, જે ધર્મ-સ્થાપકો, જે પરંપરા, જે ઇતિહાસ, જે બંધારણીય અધિકાર વિગેરે સાથે સંબંધ જોડાયેલો છે, તે સંબંધ તૂટતો જઈ, પ્રાગતિક વર્તમાન સાર્વભૌમ રાજ્ય સત્તા સાથે સંબંધ બંધાતો જશે. અને તેનો સંબંધ કોમનવેલ્થ, ચુનો દ્વારા બ્રિટિશ પાર્લામેન્ટ, અને તેના દ્વારા ઠેઠ પોપની સર્વોપરી ગણાતી વિશ્વસત્તા સાથે જોડાયેલો છે.

આમ પરોક્ષપણે પરંપરાએ ગુઢપણે જોડાયેલા નવા સંબંધો સાથે ભારતના ધર્મોના બંધારણીય રીતે સંબંધો બાંધવાથી પાછળની આખી સાંસ્કૃતિક પરંપરા સાથેના સંબંધો કપાઈ જશે.

અનાર્ય વિગેરે લોકો પણ સંસ્કૃતિનું યથાશક્ય પાલન કરે, અને તેની મર્યાદાઓનો ભંગ ન કરી શકે, તથા સાંસ્કૃતિક જીવનનું વ્યાપક રીતે સંચાલન થતું રહે.

૫. આ કાર્ય તીર્થંકર તરીકેનું પણ છે શ્રી હરિભદ્રસૂરિશ્વરજી મહારાજાએ કહ્યું કે 'તેઓનું તીર્થંકર નામકર્મ' આ રીતે સફળ થાય છે અને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ જ્યારે ધર્મશાસન સ્થાપે છે, ત્યારે તે સર્વશાસનો તેના પેટમાં સમાઈ જાય છે. ધર્મશાસનના અંગમાં સામાજિક શાસન, આર્થિક શાસન, રાજ્ય શાસન, વિગેરે સમાઈ જાય છે, અને તે સર્વ તીર્થંકર નામકર્મના ઉદય તરીકે થાય છે.

આ શિવાય વ્યવસ્થા કરવાનો બીજો કોઇ ઉપાય જ નહોતો. આ ચાર પુરૂષાર્થથી વ્યવસ્થા જ સાંગોપાંગ સારામાં સારો ઉપાય હતો. એમ કરીને વિશ્વ ઉપર તેઓએ મહાનમાં મહાન અનન્ય ઉપકાર સહાને માટે કરેલો છે તેમની રચના કૃત્રિમ નથી, પ્રાકૃતિક બળો સાથે બંધબેસતી છે. કષ, છેદ, તાપ અને તોડનને સહન કરનારી છે.

૬. ત્યાર પછીના તીર્થંકરોએ પણ મહા ધર્મશાસનો સ્થાપવા સાથે જ ચાર પુરૂષાર્થની સંસ્કૃતિને જ વ્યવસ્થિત કરી છે. કેમકે ધર્મ પુરૂષાર્થ વ્યવસ્થિત થાય એટલે બીજા પુરૂષાર્થો સહજ રીતે વ્યવસ્થિત જ થાય. જેથી ન્યાય, નીતિ, સદાચાર, અહિંસા, સત્ય વિગેરેગુણો પ્રવર્તે. હેત, પ્રેમ, સંતોષ, શાંતિ, પરોપકાર, વાત્સલ્ય, દીર્ઘાયુષ્યતા, સુલેહ, સુવ્યવસ્થા વિગેરે સહજ રીતે જ પ્રવર્તે છે.

૭. તીર્થંકરના પ્રભુઓને પગલે ચાલીને સંખ્યાતીત ત્યાગી તપસ્વી સંયમી સ્ત્રી પુરૂષ મહાત્માઓ એ સર્વને ટકાવી રાખવામાં જીંદગીભરના અસાધારણ ભોગો આપી પુરૂષાર્થ પાથરે છે. તીર્થંકરોની લોકોત્તર લોકોપકારિતાને વિનિયોગ આ રીતે વિશ્વભરમાં ફેલાય છે.

૮. જો તીર્થંકરોના ધર્મોપદેશમાંથી અનેક એકાંત અને એક તરફી ધર્મો તથા સંપ્રદાયો નીકળ્યા છે, તેથી જગતને નુકશાન થયુ છે. પરંતુ તેના સાથે જ શાસનની મૂળ શુદ્ધ પરંપરાનું અસ્તિત્વ પણ તેને લીધે જ છે. તેથી એ દોષો ઢંકાઈ જાય છે, અને જગતની સામે સન્માર્ગ ચમકતો રહે છે એ મોટામાં મોટો જગતને લાભ છે.

જો તીર્થંકરોએ મૌનનો આશ્રય લઇ ઉપદેશ જ ન આપ્યો હોત, તો જુદા જુદા સંપ્રદાયો કદાચ ન હોત, પરંતુ સાથે જ સન્માર્ગદર્શક શુદ્ધ શાસન પણ ન હોત.

૯. અહીં પ્રશ્ન થશે કે શ્રી ઋષભદેવ આદિ તીર્થંકર પ્રભુઓએ રચના કરી એ વાત જૈનો ભલે માને. પરંતુ બીજા ધર્મવાળાઓ એ વાત શી રીતે કબૂલ રાખે ?

આ પ્રશ્ન વિચારવા જેવો છે. પરંતુ બીજા ધર્મવાળાઓ પણ એક બીજી રીતે સમાજ વ્યવસ્થા ના આદિ વ્યવસ્થાપક તરીકે કોઇને સ્વીકારે જ છે. કોઇ પ્રજાપતિ નામ આપે છે. કોઇ શંકર નામ આપે છે. આધુનિક યુરોપિયનોએ લખેલા જગતના ઇતિહાસમાં બાવા આદમ અને ઇવથી માનવ વ્યવસ્થાની શરૂઆત લખી છે. ઇસ્લામ વિગેરે પણ પ્રાયઃ એ વાતનો સ્વીકાર કરે છે. કાળક્રમે જુદા જુદા દેશોની જુદી જુદી પ્રજાઓમાં અને જુદા જુદા ધર્મશાસ્ત્રોમાં જુદા જુદા નામે પણ એક જ વ્યકિત હોવાનું કેટલીક રીતે ઠરી શકે છે.

દા. ત.

અ. શ્રીમદ્ ભાગવત પુરાણમાં શ્રી ઋષભદેવ પ્રભુના નાભિરાજા અને મરૂદેવીના પુત્ર તરીકેના ચરિત્રમાં તેમણે કરેલી લોકવ્યવસ્થાનો સંક્ષેપમાં નિર્દેશ છે.

આ. પ્રજાપતિ નામ પણ તેમને ઘટી શકે છે.

ઇ. શંકર અને શ્રી ઋષભદેવ બન્નેનું ઋષભધ્વજ નામ સમાન છે. તથા બીજી પણ કેટલીક સમાનતાઓ છે.

ઇ. 'બાવા આદમ અને ઇવ'માં બાવા શબ્દ પ્રાકૃત 'અપ્પ બાપા શબ્દ ઉપરથી ઉતરી આવ્યો છે. બાપનો બાપ, બાવા, બાપા વિગેરે જુદી જુદી ભાષાઓમાં રૂપાંતર થયેલા છે.

આદમ શબ્દ આદિમ ઉપરથી ઉતરી આવ્યાનું માનવામાં મુશ્કેલી પડે તેમ નથી.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજના સમયમાં ભારત અને ગુજરાતમાં મુસલમાનોનું આવાગમન્ થયેલું હતું. તેથી તેઓ બાવા આદમ અને ઇવને આદિ કર્તા કે વ્યવસ્થાપક જણાવતા હશે. પરંતુ એ આદમ બાવાજી શ્રી ઋષભદેવ શિવાય બીજા કોઇ નથી એમ દૂર દૂરથી પણ સૂચિત કરવા માટે નીચેની સ્તુતિમાં આદિમ શબ્દની યોજના કરી હશે ?

આદિમં પૃથ્વીનાથં,
આદિમં નિષ્પરિગ્રહં ॥
આદિમં તીર્થનાથં ચ,
ઋષભસ્વામિનં સ્તુમઃ ॥

પહેલા રાજા, પહેલા મુનિ અને પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ સ્વામીની અમે સ્તુતિ કરીએ છીએ.'

આ શ્લોકમાં આદિમ શબ્દને બદલે પ્રથમ શબ્દ ત્રણેય ઠેકાણે આવી શકત. તેથી છંદ ભંગ થાય તેમ નથી. તેમજ ૫ ૨ અને થ અક્ષરોથી પ્રાસ પણ ઠીક મળત. કેમકે પહેલા પદોમાં ય, ઋ, અને થ છે. ત્રીજા પદોમાં ૨, થ, છે. છતાં પ્રથમ શબ્દ ન વાપરતાં આદિમ શબ્દ વાપર્યા છે.

ભારતની બહારના લોકો જેને બાવા આદમ તરીકે ઓળખાવે છે, એ આ બાવા આદિમ પહેલા રાજા, મુનિ અને તીર્થ-સ્થાપક શ્રી ઋષભદેવ પ્રભુ જ છે. એ સંકેત આદિમ શબ્દ વાપરવામાં કેમ સૂચિત ન કર્યો હોય !

આધુનિક સંશોધકો પ્રથમ માનવો જંગલી હાલતમાં હતા અને પછી ધીમે ધીમે સુધર્યા છે એમ બતાવે છે. પત્થર યુગ, લોક યુગ વિગેરે અને મળી આવેલ પ્રાચીન *કાળના સાધનો, માનવી હાડપિંજરો તથા* બીજા અવયવો ઉપરથી એમ સમજાય છે. તે ઉપરથી એટલું નક્કી થાય છે કે આજના કરતાં મોટાં માનવ શરીરો પ્રાચીન કાળમાં સંભવિત હતા. બીજા પ્રદેશોમાં જંગલી હાલતમાં માનવો હોય એ પણ સંભવિત માનવામાં હરકત નથી.

પરંતુ ભારતમાં તો પ્રાચીનકાળથી જ સંસ્કારી માનવો હોવાના પ્રમાણો જગત ભરના ધર્મશાસ્ત્રો અને સંશોધકોની નોંધપોથીઓમાં ભર્યા પડયા છે. આધુનિક લેખકો પ્રાચીન ઇતિહાસ વિગેરેની શરૂઆત ભારતથી ન કરતાં ગ્રીક અને બીજા પાશ્ચાત્ય પ્રદેશોથી કરે છે. એટલે સાચી વાત જ ન મળતાં દરેક બાબતમાં વિકૃત અને ભૂલ ભરેલી હકીકત ઉભી થાય છે. અને તે ફેલાય છે. ભારતના વ્યક્તિત્વને ભાવિ પ્રજાના માનસમાં જરા પણ સ્થાન ન પામવા દેવાનું મજબૂત વલણ તેઓને આ જાતના વિધનો કરવા તરફ કાયમ આકર્ષતું હોય છે.

પરંતુ ભારતના નેતૃત્વ નીચે ચાર પુરૂષાર્થની સંસ્કૃતિ ભારત અને બહારના લોકોના જીવનમાં વ્યવસ્થિત રીતે વણાયેલી ગુંથાયેલી આજે પણ વિદ્યમાન છે કોઇ પણ મહા દીર્ઘદ્રષ્ટિ એક વ્યકિતની રચના શિવાય બીજી રીતે એ સંભવિત નથી. અને દરેક ધર્મોના પ્રાચીન ધર્મશાસ્ત્રોમાંની નોંધો એમાં પૂરાવામાં આવે છે.

જૈન ધર્મ અને તેની વ્યવસ્થા વિગેરેને બાજુ રાખીને, તેને એક નજીવી ચીજ ગણીને, તેની ઉપેક્ષા કરીને આજના સંશોધકો *સ્વતંત્ર રીતે વિધાન કરતાં હોય છે.* તેથી સાચા જવાબો આવવાની શકયતા જ નથી. જે મુખ્ય અને મૂળ વસ્તુ છે તેને બાજુએ રાખવામાં જ ગંભીર ભૂલ થાય છે. તે ન સ્વીકારવામાં જ આધુનિક સંશોધકોનો દુરાગ્રહ અને અયોગ્ય ફટાટોપ બાલીશ અને ઉપેક્ષ્ય છે.

(ક્રમશ:)

ooo

卐 જ્ઞા ન ગુ ણુ–ગં ગા 卐

[ગતાંકથી ચાલુ]

–શ્રી પ્રજ્ઞાંગ

૬૩ શલાકા પુરુષોમાં કયા શ્રી જિનેશ્વર દેવના સમયમાં કે, આંતરામાં ચક્રવર્ત્તી, વાસુદેવ થયા તેમનું શરીર તથા આયુષ્ય પ્રમાણનું નોંધ (જ્યારે વાસુદેવ થાય ત્યારે બલદેવ અને પ્રતિવાસુદેવ હોય જ. એટલે ૨૪ શ્રી તીર્થંકર દેવો, ૧૨ ચક્રવર્ત્તી, ૯ વાસુદેવ, ૯ બળદેવ, ૯ પ્રતિ વાસુદેવ થઇ કુલ ૬૩ શલાકા પુરુષ થાય.

શ્રી તીર્થંકર દેવ	ચક્રવર્ત્તિ	વાસુદેવ	શરીર પ્રમાણ	આયુષ્ય
૧	૧	–	૫૦૦ ધનુષ્ય	૮૪ લાખ પૂર્વ
૨	૨	–	૪૫૦ ,,	૭૨ ,, ,,
૩	–	–	૪૦૦ ,,	૬૦ ,, ,,
૪	–	–	૩૫૦ ,,	૫૦ ,, ,,
૫	–	–	૩૦૦ ,,	૪૦ ,, ,,
૬	–	–	૨૫૦ ,,	૩૦ ,, ,,
૭	–	–	૨૦૦ ,,	૨૦ ,, ,,
૮	–	–	૧૫૦ ,,	૧૦ ,, ,,
૯	–	–	૧૦૦ ,,	૨ ,, ,,
૧૦	–	–	૯૦ ,,	૧ ,, ,,
૧૧	–	૧	૮૦ ,,	૮૪ લાખ વર્ષ
૧૨	–	૨	૭૦ ,,	૭૨ ,, ,,
૧૩	–	૩	૬૦ ,,	૬૦ ,, ,,
૧૪	–	૪	૫૦ ,,	૩૦ ,, ,,
૧૫	–	૫	૪૫ ,,	૧૦ ,, ,,
–	૩	–	૪૨॥ ,,	૫ ,, ,,
–	૪	–	૪૧॥ ,,	૩ ,, ,,
૧૬	૫	–	૪૦ ,,	૧ ,, ,,
૧૭	૬	–	૩૫ ,,	૬૫૦૦૦ વર્ષ
૧૮	૭	–	૩૦ ,,	૮૪૦૦૦ ,,
–	–	૬	૨૬ ,,	૬૫૦૦૦ ,,
–	૮	–	૨૮ ,,	૬૦૦૦૦ ,,

–	–	૭	૨૬ ,,	૫૬૦૦૦ ,,
૧૬	–	–	૨૫ ,,	૫૫૦૦૦ ,,
૨૦	૬	–	૨૦ ,,	૩૦૦૦૦ ,,
–	–	૮	૧૬ ,,	૧૨૦૦૦ ,,
૨૧	૧૦	–	૧૫ ,,	૧૦૦૦૦ ,,
–	૧૧	–	૧૨ ,,	૩૦૦૦ ,,
૨૨	–	૬	૧૦ ,,	૧૦૦૦ ,,
–	૧૨	–	૭ ,,	૭૦૦ ,,
૨૩	–	–	૬ હાથ	૧૦૦ ,,
૨૪	–	–	૭ ,,	૭૨ ,,

૦ એક કોટાકોટિ સાગરોપમ પ્રમાણ કાલમાન :

ચોથો આરો એક કોટા કોટિ સાગરોપમમાં ૪૨,૦૦૦ વર્ષ ન્યૂન છે. તેમાં આ અવસર્પિણી કાળમાં ચોવીશ શ્રી તીર્થંકર પરમાત્માઓ થયા. અને એક શ્રી તીર્થંકર ભગવાનના નિર્વાણથી બીજા પરમાત્મા સિદ્ધિપદને પામે તે તેમનું આંતરું કહેવાય છે. તેની ગણત્રી કરતાં આ એક કોટાકોટિ સાગર પૂર્ણ થાય છે. તે આ રીતે. ત્રીજા આરાના ૮૯ પખવાડીયા બાકી રહે ત્યારે આ અવસર્પિણીના પ્રથમ તીર્થંકર દેવનો મોક્ષ થાય અને ચોથા આરાના ૮૯ પખવાડીયા બાકી રહે ત્યારે ચોવીશમા તીર્થપતિ સિધ્ધ થાય.

૨૪ તીર્થંકર પણ આંતરા ત્રેવીશ થાય.

૧) શ્રી અજિતનાથ સ્વામિ ભગવાન		૫૦ લાખ ક્રોડ સાગરોપમ.
૨) શ્રી સંભવનાથ ,, ,,		૩૦ ,, ,, ,,
૩) શ્રી અભિનંદન ,, ,,		૧૦ ,, ,, ,,
૪) શ્રી સુમતિનાથ ,, ,,		૯ ,, ,, ,,
		૯૯ લાખ ક્રોડ સાગરોપમ.
૫) શ્રી પદ્મપ્રભ સ્વામિ ભગવાન		૯૦ હજાર ક્રરોડ સાગરોપમ.
૬) શ્રી સુપાર્શ્વનાથ ,, ,,		૯ ,, ,, ,,
		૯૯ હજાર ક્રોડ સાગરોપમ.

અહીં એક લાખ ક્રોડ પૂરા થવામાં એક હજાર ક્રોડ સાગરોપમ કાળ બાકી રહ્યો.

૭) શ્રી ચંદ્રપ્રભ સ્વામિ ભગવાન–૯૦૦ ક્રોડ સાગરોપમ.

હવે એક સો ક્રોડ સાગરોપમ બાકી રહ્યો.

૮) શ્રી સુવિધિનાથ સ્વામિ ભગવાન–૯૦ ક્રોડ સાગરોપમ.
૯) શ્રી શીતલનાથ ,, ,, – ૯ ,, ,,
૧૦) શ્રી શ્રેયાંસનાથ ,, ,, – ૧ ,, ,,
૧૦૦ ,, ,,

તે ઉપરના ૯૦૦ ક્રોડમાં ઉમેરતાં ૧૦૦૦ ક્રોડ સાગરોપમ થાય. તે ૯૯,૦૦૦ ક્રોડમાં ઉમેરતાં એક લાખ ક્રોડ સાગરોપમમાં થાય. તે ઉપરના ૯૯ લાખ ક્રોડ સાગરોપમમાં ઉમેરતાં એક ક્રોટા ક્રોટિ સાગરોપમ થાય.

પરન્તુ શ્રી શ્રેયાંસનાથ ભગવાનનો એક ક્રોડ સાગરોપમ કાળ કહેલો છે પણ તે પૂર્ણ નથી પરન્તુ એક ક્રોડ સાગરોપમમાં સો (૧૦૦) સાગરોપમ તથા છાસઠ લાખ છવ્વીસ હજાર (૬૬,૨૬,૦૦૦) વર્ષ ન્યૂન છે.

જે સો સાગરોપમ તથા ૬૬,૨૬,૦૦૦ વર્ષ કાળ બાકી રહે છે તે આ રીતના પૂર્ણ થાય છે.

૧૧ – શ્રી વાસુપૂજ્ય સ્વામિ ભગવાન – ૫૪ સાગરોપમ
૧૨ – શ્રી વિમલનાથ ,, ,, – ૩૦ ,,
૧૩ – શ્રી અનંતનાથ ,, ,, – ૯ ,,
૧૪ – શ્રી ધર્મનાથ ,, ,, – ૪ ,,
૧૫ – શ્રી શાંતિનાથ ,, ,, – ૩ ,,
૧૦૦ ,,

અહીં શ્રી શાંતિનાથ સ્વામિ ભગવાનના ત્રણ સાગરોપમ કહ્યા છે પરન્તુ તે પૂર્ણ નથી પરન્તુ ત્રણ સાગરોપમમાં પોણો (૦।।।) પલ્યોપમ ન્યૂન છે.

૧૬) શ્રી કુંથુનાથ સ્વામિ ભગવાન – અડધો (૦।।) પલ્યોપમ.
૧૭) શ્રી અરનાથ ,, ,, – પા (૦।) પલ્યોપમમાં હજાર ક્રોડ વર્ષ ન્યૂન
૧૮) શ્રી મલ્લિનાથ ,, ,, – હજાર ક્રોડ વર્ષ.

તેથી જે ત્રણ સાગરોપમમાં પોણો પલ્યોપમ ન્યૂન હતું તે આ રીતના (૦।। પલ્યો +૦। પલ્યો (હજાર ક્રોડ વર્ષ ન્યૂન) +હજાર ક્રોડ વર્ષ) પૂર્ણ થતાં ઉપરના સો સાગરોપમ બરાબર પૂરા થયા.

હવે જે ૬૬,૨૬,૦૦૦ વર્ષ બાકી રહ્યા છે તે આ રીતના પૂર્ણ થાય.

૧૯ – શ્રી મુનિસુવ્રત સ્વામિ ભગવાન – ૫૪ લાખ વર્ષ
૨૦ – શ્રી નમિનાથ ,, ,, – ૬ ,, ,,

૨૧ – શ્રી નેમિનાથ સ્વામિ ભગવાન ૫ લાખ વર્ષ

૬૫ લાખ વર્ષ થયા.

૨૨ શ્રી પાર્શ્વનાથ સ્વામિ ભગવાન ૮૩,૭૫૦ વર્ષ
૨૩ શ્રી મહાવીર „ „ ૨૫૦ „

૮૪,૦૦૦ વર્ષ

૨૧,૦૦૦ વર્ષ પાંચમાં આરાના
૨૧,૦૦૦ વર્ષ છઠ્ઠા આરાના

૧,૨૬,૦૦૦ વર્ષ થયા.

તે ૬૫,૦૦,૦૦૦
+ ૧,૨૬,૦૦૦

૬૬,૨૬,૦૦૦ વર્ષ પૂર્ણ થયા.

એટલે શ્રી શ્રેયાંસનાથ સ્વામિ ભગવાનના એક ક્રોડ સાગરોપમમાં સો સાગરોપમ, ૬૫ લાખ, છવ્વીસ હજાર વર્ષ ન્યૂન હતાં તે આ રીતના પૂર્ણ થતાં જે એક કોટાકોટિ સાગરોપમ કાળ માપ ચોથા-પાંચમાં-છઠ્ઠા આરાનું છે તે મલી જાય છે.

[પ્રવચન સારોદ્ધારમાંથી]

ભારત સરકારની હાફકીન ઇન્સ્ટીટ્યુટ [મુંબઇ]ની ચેતવણી

બચ્ચાને ઇંડા આપશો નહીં.

કારણ કે એ સેંકડો રોગોની જડ

ખાંસી, શરદી, ગળુ ખરાબ, પત્થરી, એલર્જી આંતરડામાં ખરાબી, હાર્ટ એટેક, બ્લડ પ્રેસર, પાચન શકિત મંદ, શારિરીક શકિત મંદ, સ્મરણ શકિત મંદ, આદિ રોગ પેદા થાય છે. ભૂલે ચૂકે બચ્ચાને ઇંડા આપશો નહિ. ઇંડાવાળી બીસ્કીટ, આઇસ્ક્રીમ, કેક આમલેટ આદિ બચ્ચાને આપશો નહિ. — રોગનું મૂળ છે અને પાપનું પણ મૂળ છે.

ઇ.સ. ૧૯૮૫માં નોબેલ પ્રાઇઝ ૨,૨૫,૦૦૦ [૨૮ લાખ] પ્રાપ્ત કરનાર અમેરીકન હૃદય રોગના વિશેષજ્ઞ

ડો. બ્રાઉન અને ડો. ગોલ્ડસ્ટીનની

નવી મેડીકલ શોધ

ઇંડાથી હાર્ટએટેક

ચર્મરોગ, એલર્જી, પિત્તાશય અને મૂત્રાશયમાં પત્થરી વિ. રોગો. બ્રેડ, બીસ્કીટ, કેક, આઇસ્ક્રીમમાં ઇંડાનો રસ ભેળવવામાં આવે છે કારણ કે તેને સ્વાદિષ્ટ મુલાયમ બનાવવા માટે વાપરે છે.

ઇંડા ખાવા એટલે મોત વહેલું અને દુર્ગતિમાં જવું.

卐 સુભાષિતોની સહેલગાહ 卐

—શબ્દયાત્રી

આજના શાકાહારનો પણ ભરોસો કરવા જેવો નથી.

(જૈન ધર્મની સમજણ ધરાવનાર આહાર–પાણીમાં બહુ ચોકકસ હોય જે ભક્ષ્ય અને અભક્ષ્યનો ઊંડો વિચાર જૈનોમાં જેટલો થાય છે તેટલો બીજે કયાંય નથી થતો. આજે શાકાહારના આગ્રહીઓ પણ થાપ ખાઇ જાય તેવી અવ્યવસ્થા બજારમાં આવી ગઇ છે આજની દવાઓ પણ કેવી વિચિત્ર હિંસક હાનીકારક તે પણ બતાવ્યુ છે. લેખ આ વિષય પર વિચારપ્રદ માહિતી રજૂ કરે છે. સ.)

ઝરૂખો જૂનાગઢ કે શહેરમાં જનારાએ સ્વામિનારાયણ ધર્મીને ખોરાકની બાબતમાં અનુસરવા જેવું છે. સ્વામિનારાયણના ચુસ્ત અનુયાયીઓ પોતાની સાથે ઘરમાં બનાવેલું ભાથું લઇ જાય છે. પરદેશમાં ગુજરાતીઓ બહુ જાય છે તેમણે રેસ્ટોરામાં મળતી કહેવાતી શાકાહારી વાનગીથી ચેતવા જેવું છે. બ્રિટનની વેજિટેરીયન સોસાયટીએ શાકાહારીઓને ચેતવણી આપી છે કે યુરોપ– અમેરિકાનો સુપર માર્કેટો કે મોટી બજારોમાં વેજીટેબલ સૂપ કે બિસ્કીટો વેચાય છે તે બિસ્કીટો કે સૂપ ખાઓ પીઓ એટલે તમે માંસાહાર જ કરતા હો છો. ઘણા વેજીટેબલ સૂપના ડબ્બામાં ચીકન સૂપ હોય છે અને બિસ્કીટોમાં ગાય કે બળદના માંસમાંથી બનાવેલી ચરબી વપરાઇ હોય છે. ગુજરાતી જૈનો પરદેશમાં જાય છે ત્યારે તેમને ખબર હોતી નથી કે ચ્યુઇંગમ કે આઇસ્ક્રીમ કે 'યોગર્ટ' તરીકે ઓળખાતું દહીં પણ તમને માંસભક્ષક બનાવી દે છે. આ વાતનો સ્ફોટ હમણાં જ બ્રિટિશ વેજિટેરીયન સોસાયટીના લેખક ડો. એસ્પેથ થોમ્સને લંડનના 'ટેલીગ્રાફ' નામનાં દૈનિકમાં પાડયો છે.

શાકાહારી બનતા અંગ્રેજો

બ્રિટનમાં આજકાલ લોકો માંસાહાર છોડતા જાય છે. ૧૯૯૦ માં ૨૪ લાખ બ્રિટીશરો શાકાહારી હતા તે વધીને ૧૯૯૧ ૯૨ માં ૩૧ લાખ થઇ ગયા છે. અંગ્રેજો શાકાહારી બને એટલે આપણા જૈનો કરતાં પણ વધુ ચુસ્ત બને છે. તેઓ દરેક સ્ટોરની શાકાહારી વાનગી ચકાસીને જ ખરીદે છે. ઘણા બ્રિટીશ સુપર સ્ટોરોમાં ખાવાની પેકડ ચીજો મળે છે તેના ઉપર લેબલ માર્યું હોય છે. 'સ્યુટેબલ ફોર વેજિટેરિયન્સ' અર્થાત શાકાહારી માટે ખાવા યોગ્ય. પરંતુ શાકાહાર અંગે બ્રિટીશ ખાદ્ય ઉદ્યોગ એટલો અજ્ઞાન છે કે ઘણી ચીજોમાં ચીકન ઇંડા, પ્રાણીની ચરબી જિલેટીન વગેરે વપરાયું હોય છે તે માંસાહારની ચીજો હોવા છતાં તેને શાકાહાર માટે સ્યુટેબલ જાહેર કરે છે ! ધારો કે તમે લંડન જાઓ અને સ્ટોરમાં જાઓ અને ઘૂઘરા કે કચોરી

જેવી ઇંગ્લીશ વાનગી-મીન્સ પાઇ ખરીદો અને તેના પર લખ્યું હોય કે 'વેજિટેરીયન' તો એ શાકાહારી ખોરાક ન થીજ નથી. બ્રિટીશ રેસ્ટોરા કે સ્ટોરમાં આવો શાકાહારી મીન્સ પાઇ કે વિલાયતી કચોરીને જે ચરબીમાં તળવામાં આવે છે તે ચરબી ઘેટા અને પ્રાણીની કીડનીમાંથી ખાસ બનાવી હોય છે. ઘણા લોકોને રાજીવ ગાંધીની માફક ચેરીનો આસ્ક્રીમ કે સ્ટ્રોબેરીઝનો આઇસ્ક્રીમ કે ઇંડ ભભરાવેલી 'ગ્રેસ ચેરીઝ' ભાવે છે. પરંતુ તે રંગથી ભભકતી ચેરીનો રંગ કે સ્ટ્રોબેરીઝનો ઇ-૧૨૨ નામના રસાયણનો હોય છે આ રંગનું રસાયણીક નામ કોચીનીલ છે અને તે ઇયળ અને વાંદાની ચામડીમાંથી બનાવેલ હોય છે !

હોટલનો ખોરાક ટાળો

દેશ-પરદેશમાં હોટલ કે રેસ્ટોરાનો ખોરાક ટાળવો જ જોઇએ. તમે શાકાહારી હો તો નીચેની ચીજોના લીસ્ટને તમે એક ગાઇડ તરીકે વાપરી શકો છો. તમને નવાઇ લાગશે કે નીચેની ચીજોમાં વળી માંસ કે બીજી અભક્ષ્ય ચીજો હોઇ શકે !

(૧) **એડિટીવ્ઝ** :- ભારત કે ભારત બહાર મળતા દરેક પ્રિઝર્વ્ડ ફૂડ અર્થાત લાંબો સમય ટકે એવા ખાદ્ય પદાર્થમાં ટકાઉ પણા માટે રસાયણો ઉમેરવા પડે છે. તેને એડિટિવ્ઝ કહે છે. દાખલા તરીકે તરકાળ તૈયાર થાય તેવા ફૂડનાં પેકેટ ઉપર ઇમલ્સીફાયસે લખ્યું હોય, ફેટી એસીડઝ લખ્યુ હોય કે ઇ-૪૭૧ નામનું રસાયણ વાપર્યાનું લખ્યું હોય તો તે બકામાં પ્રાણીની કે ગાયની ચરબી હોય છે. આમ છતાં પશ્ચિમનાં દેશોમાં એડિટીવ્ઝ-વાળા ખાદ્ય પદાર્થો ઉપર 'વેજિટેરીયન ફૂડ' એવું લેબલ ખોટી રીતે મરાય છે.

(૨) **આલ્કોલ-દારૂ-બિયર** :-ઘણા ગુજરાતીઓ દારૂ કે બિયર પીવે છે પણ બીજી રીતે ચુસ્ત શાકાહારી હોય છે. પણ તે લોકોને ખબર નથી કે બિયર કે કેટલાક વાઇન્સ (દ્રાક્ષના દારૂ) પીવાથી જાણ વગર જ માંસાહાર થઇ જાય છે. બિયર અને દારૂને રિફાઇન કરવા માટે સુકું લોહી (ડ્રાયડ બ્લડ) અગર તો માછલીમાંથી નીકળતો આઇસીંગ્લાસ નામનો પદાર્થ વપરાય છે. બે બિયરની બાટલી પીઓ ત્યારે તમારા પેટમાં ૨ ઔંસ જેટલું લોહી કે માછલીનું સત્વ જાય છે.

(૩) **બિસ્કીટ** :- પરદેશમાં બનતા ઘણી બ્રાન્ડના બિસ્કીટોમાં ગાયની ચરબી વપરાય છે. અગર તો 'વ્હે પાવડર' પણ વપરાય છે. આ ચીજો વાપરવાથી બિસ્કીટ કુરકુરા બને છે. વ્હે પાવડર નામનો પદાર્થ ચીઝ (પનીર) બનાવતી વખતે આડ પેદાશ તરીકે મળે છે. અને તે વ્હે પાવડરમાં બકરાનાં આંતરડાનો અર્ક હોય છે. ચીઝ બનાવતી વખતે બકરા કે વાછરડાનો ભાગ વાપરવો જ પડે છે. અંગ્રેજીમાં તેને રેનેટ કહે છે.

ચીઝ :- મોટાભાગની સખત ચીઝ[પનીર] જે મુંબઇની વાલકેશ્વરની ગૃહીણીઓ દાણચોરીની બજારમાંથી ખરીદે છે તેમાં

રેનેટ વપરાય છે. રેનેટ એટલે બકરા કે તાજા વીંયાએલા નાના વાછરડાના આંતરડામાંથી કાઢેલું એન્ઝાઇન નામનું સત્વ. ચીઝમાં ઘણી વખત પેપસીન પણ વપરાય છે. અને ખાસ પ્રકારનું પેપસીન ડુક્કરના પેટની ચરબીમાંથી બને છે. પેપૈયાનું પેપસીન ખૂબ મોંઘુ પડે છે તેથી ઓછુ વપરાય છે. ગુજરાતી શાકાહારી ગૃહણીઓએ પરદેશમાંથી ચીઝ લાવવાનો મોહ છોડવો જોઈએ. ઉપરાંત વિદેશ જતી વખતે વિમાનમાં રૂપાળા ચીઝના પેકેટ અપાય છે તેને સ્પર્શવું પણ ન જોઇએ–જો તમે ચુસ્ત શાકાહારી હો તો.

[૫] ચ્યુઇંગ ગમ :– કેટલાક ચ્યુઇંગ ગમમાં ગ્લીસરીન વપરાયુ હોય છે. જેઓ રીગ્લે WrigleY નામના પ્રખ્યાત બ્રાન્ડના ચ્યુઇંગ ગમમાંથી કંટાળીને અવનવા ચ્યુઇંગ-ગમ ખાવાના શોખીન છે તે સમજી લે કે આવા ચ્યુઇંગ ગમમાં જે ગ્લીસરીન વપરાય છે તે ગાય–બળદની ચરબીમાંથી બને છે. જો કે રીગ્લેના ચ્યુઇંગ ગમમાં પ્રાણીની ચરબી વપરાતી નથી.

[૬] ક્રિસ્પ : કરકરી નાસ્તાની ચીજો :–ચોખાનાં આટા કે મેંદામાંથી બનાવેલી કરકરી ચીજો જે ગુંચળાકારે વેચાય છે તેને ક્રિસ્પ કહે છે. આ ક્રિસ્પમાં 'વ્હે' નામની માંસાહારી ચીજ હોય છે. ચીઝ બનાવે ત્યારે આડ પેદાશ તરીકે વ્હે નીકળે છે અને તમે જાણો છો કે ચીઝ બનાવવા માટે તાજા વીંયાએલા વાછરડાના આત-

[૭] ફ્રીશ ઓઇલ : ઘણા બિસ્કીટો, કેઇક પેસ્ટ્રી અને માર્જરીનમાં માછલીનું સસ્તુ તેલ વપરાય છે. ઘણા લોકો શીંગમાંથી [મગફળી] માર્જરીન બને છે તેમ માનીને માર્જરીન [બ્રેડ પર ચોપડવા] વાપરે છે. પણ ઘણી વખત માર્જરીનમાં માછલીનું તેલ પણ વપરાય છે. માર્જરીન શીંગતેલમાં કે વનસ્પતિ તેલમાંથી જ બને છે પણ તેને મુલાયમ બનાવવા માછલીનું તેલ ઉમેરવું પડે છે.

[૮] જિલેટીન –: દવા ઉદ્યોગવાળા ભલે કહે પણ જિલેટીન મહદ અંશે ગાયના હાડકા અને ગાયના પગની ખરીમાંથી બને છે કેરળમાં જિલેટીન માટેના પાવડર બને છે તેમાં ગાયના હાડકા ટન બંધ વપરાય છે. જિલેટીનનો ઉપયોગ જેલીમાં, આઇસ્ક્રીમમાં, ચીઝ કેઇકમાં અને વિદેશની ઘણી સ્વીટસમાં અને મીન્ટમાં વપરાય છે. ઘણા આઇસ્ક્રીમોમાં જિલેટીન ઉપરાંત પ્રાણીની ચરબી તેમજ 'ઇ' નામનું માંસાહારી એડીટીવ [ઉમેરણ] વપરાય છે.

[૯] ઓર્ગેનીક પેદાશો :– કેટલાક ચોખલીયા ગુજરાતીઓ પરદેશમાં જઇને ઓર્ગેનીક શાકભાજી કે અનાજ વાપરવાનો આગ્રહ રાખે છે. ઓર્ગેનીક પેદાશોમાં રાસાયણીક ખાતર વપરાતું નથી. કુદરતી ખાતર વપરાય છે. પરંતુ વિદેશના શહેરોનાં સુપર સ્ટોરમાં જે કહેવાતી ઓર્ગેનીક-શાકભાજી વેચાતી હોય છે. તેને વેચવા મુકતા પહેલાં રસાયણમાં ધોવામાં આવે છે તે રસાયણમાં સુક્કુ લોહી [ડ્રાય બ્લડ]

હાડકા, કે પ્રાણીના પગની ખરીમાંથી બનાવેલો પદાર્થ કે માછલીનો ભુક્કો હોય છે !

[૧૦] **સૂપ અને સોસ** : રેસ્ટોરામાં કે વિદેશના સ્ટોરમાં વેજીટેરીયન સૂપ કે સોસ એ હંમેશા ખાતરી બંધ શાકાહારી હોતા નથી. ઘણી વખત તેમાં માછલી કે માસનો ઉપયોગ થાય છે. ઘણા યુરોપીયન ખાદ્ય પદાર્થો મશીનમાં બને છે. મશીનના પ્રથમ ચક્કરમાં ચીકનને કાતરવામાં આવે છે. પછી એ જ મશીનમાં શાકભાજી કે બીજી ચીજો કતરાય છે.

[૧૧] **સ્વીટ અને કનફેકશનરી** : તમને સપને પણ ખ્યાલ નહીં હોય કે કનફેકશનરી ખાવાથી શાકાહાર તૂટે છે. મુંબઇની દાણુચોરીની બજારમાં એક્સ્ટ્રા સ્ટોંગ 'પોલો' કે ટ્રેબોર બ્રાન્ડની પેપરમેન્ટ કે સ્વીટસ મળે છે. આ બધામાં જિલેટીન એટલે કે ગાયના હાડકામાંથી બનાવેલા ભુક્કાના અંશો હોય છે.

[૧૨] **ટેકીલા** :- અમેરિકામાં જાઓ એટલે શોખીન ગુજરાતીઓ તમને મેકસીન રેસ્ટોરામાં અચૂક લઇ જાય છે. અને પછી મેકસીકોનો ખાસ ટેકીલા (Tequila) નામનો દારૂ પાય છે. દરેક ટેકીલાની દારૂની બોટલમાં તળીયે ખાસ પ્રકારનાં જીવડા રાખ્યા હોય છે. આ જીવડા થકી ટેકીલા દારૂ વધુ ઉત્તેજક બને છે. એ જીવડાનો અર્ક દારૂ સાથે પેટમાં જાય છે.

[૧૩] **ટુથપેસ્ટ** :- વિદેશમાં જનારાઓ ત્યાંથી 'કેસ્ટ' અને બીજી બ્રાંડના ટુથપેસ્ટ તો લાવે જ છે આ ટુથપેસ્ટમાં જિલેટીન જ વપરાય જ છે સારૂં જિલેટીન ગાયના હાડકામાંથી બને છે.

[૧૪] **વિટામીનો** :- વિટામીન 'ડી' અને 'બી-૧૨' ની ટિકડીઓ કે તેનો પ્રવાહી દવાઓમાં પ્રાણીની ચરબી કે હાડકાનાં અંશો હોય છે. કેલ્સીયમની ટીકડીમાં પણ પ્રાણીના હાડકા હોય છે. વિટામીનો માટેની કેપસ્યુલ તો જિલેટીનમાંથી જ બને છે.

[૧૫] **યોગર્ટ** :- પરદેશ જનારા ગુજરાતી યોગર્ટ એટલે કે ગાયના દુધનું તૈયાર દહીં રૂપાળા રંગમાં કે રૂપાળા પેકીંગમાં મળે છે એટલે હોંશે હોંશે ખાય છે. આવા યોગર્ટમાં જિલેટીન વપરાયુ છે કે નહિ તે જોઇ લેજો. દહી ને ઘટ્ટ બનાવવા તેમાં જીલેટીન વપરાય જ છે. કારણ કે વિદેશમાં ગાયનું દુધ જ મળે છે. ગાયના દુધનું દહીં (યોગર્ટ) થોડું પતલું બને છે. તેને ઘટ્ટ બનાવવા જિલેટીન ઉમેરાય છે ! આ બધી માથાકૂટ ન કરવી હોય તે વિદેશ જાઓ ત્યારે બને ત્યાં સુધી રેસ્ટોરમાં ખાવું નહીં અને યજમાનને તાજી રસોઇ કરવાનો આગ્રહ નમ્રતાપૂર્વક કરવો છે.

બીમાર માણસો મરી ગયા પછી તેમના મડદામાંથી બનાવેલી દવા !

બ્રિટનમાં અત્યારે ૧૯૦૦ મા-બાપો તેમના બાળકોને અપાયેલી ઉંચાઇ વધારવાની દવાથી થયેલા નુકસાન બદલ અબજો રૂપીયાની નુકસાનીનો દાવોમાંડી રહ્યા છે.

(અનુ. પેજ ૬૧૨ ઉપર)

શાસન સમાચાર

સુરત :- પૂ. આ. શ્રી વિજય રાજ તિલક સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં તપસ્વી પૂ. મુ. શ્રી ગુણયશ વિજયજી મ. તથા વિદ્વાન વકતા પૂ. મુ. શ્રી કીર્તિયશ વિજયજી મ. ની ગણીપદવી અંગેનો ભવ્ય અઠ્ઠાઇ મહોત્સવ ઉજવાયો. કા. સુ. ૧૧ના ગણીપ્રદાન થયું. ૧૦૮ પાર્શ્વનાથ પૂજન શાંતિસ્નાત્ર બૃહત્શાંતિસ્નાત્ર વીશસ્થાન પૂજન ભવ્ય સ્નાત્ર મહોત્સવમા આગમ વરઘોડો સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય વિ. ભવ્ય કાર્યક્રમ થયો.

નાસિક :- અત્રે પૂ. મુનિરાજ શ્રી અક્ષય વિજયજી મ. ની નિશ્રામાં ૪ વાંચનાઓ ચાલતી હતી પર્યુષણમાં માસખમણ આદિ સારી તપસ્યાઓ થઇ ઉપજ બહુ સારી થઇ ચોસઠ પહોરી પોષધસાથે અઠ્ઠાઇ કરનાર શ્રેષ્ઠિવર્ય શ્રી બાબુભાઇ કોઠારીએ સુ. ૫ ના પારણા કરાવેલ શ્રી સંઘ માટે નવો તૈયાર થયેલ રથને સંપૂર્ણ ખર્ચ આપીને રથશ્રી સંઘને અર્પણ કર્યો સુ. ૫ ના ભવ્ય વરઘોડો તે રથ સાથે નીકળેલ સાજ સામગ્રી જોરદાર હતી વરઘોડા બાદ શ્રી બાબુભાઇ કોઠારી તરફથી સકલ સંઘનું સાધર્મિક વાત્સલ્ય થયું.

ઇંદોર :- તોપખાનામાં પૂ. સા. શ્રી સૂર્યોદયા વિજયજી મ. ની નિશ્રામાં પૂ. દર્શન સાગર સૂ. મ. ના સંયમ જીવન અનુમોદનાર્થે તથા પૂ. સા. શાસનજ્યોતિ શ્રીજી મ. ના સિદ્ધિતપ તથા પૂ. સાધ્વી કલ્પજ્યોતિ શ્રીજી મ. ની ૫૫ મી ઓળી નિમિત્તે સિદ્ધચક્રપૂજન શાંતિસ્નાત્ર આદિ ૧૧ દિવસનો મહોત્સવ આસો માસની ઓળીમાં ભવ્ય રીતે ઉજવાયો.

(અનુ. પેજ ૬૧૧નું ચાલુ)

હોસ્પીટલમાં બીમાર માણસો મરી ગયા પછી તેમના મડદાને પ્રોસેસ કરીને તેના પિચ્યુટરી ગ્લેંડ કાઢી લેવાય છે. આ પિચ્યુટરી ગ્લેંડમાંથી બાળકોની ઉંચાઇ વધારવાની દવા 'ગ્રોથ હોર્મોન બને છે.' માનવીના પિચ્યુટરી ગ્લેંડ અર્થાત આંતઃસ્ત્રાવી ગ્રંથીમાંથી બનાવેલી ઉંચાઇ વધારવાની દવાથી ઉંચાઇ તો વધે જ છે પણ પછી ૨૦ વર્ષે તે દવા ઉંધે જવાબ દે છે! લગભગ ૧૬૦૦ બાળકોને આ દવા પછી ૨૦મે વર્ષે મેડ-કાઉ ડીઝીઝ નામનો રોગ થવાથી તેમાંથી ઘણા મરી ગયા છે. બાળકો નીચા હોય તો ભલે નીચા રહેવા દો પણ પરદેશ કે દેશમાં તેને માટે હોર્મોનની ટ્રીટમેન્ટ ન કરાવો. ભવિષ્યમાં આ ટ્રીટમેન્ટથી ખતરો છે. વળી શાકાહારી લોકોએ તો મડદામાંથી બનાવેલા આ હોર્મોનથી દૂર જ રહેવાનું હોય છે.

(ગુજરાત સમાચાર ૨૩-૯-૯૩)

(અનુ. ટાઈટલ ૨ નું ચાલુ)

કર્મની અડચણે દીક્ષા લઇ નહિ શકવાની પારાવાર વેદનાથી અંતર પીડિત તારા પિતાને નહિ ઓળખીને આખરે તેં કારાવાસમાં કાળો કેર વર્તાવી સબડાવી માર્યા.

તારી માતાએ તને કહેલું કુણિક ! કે–

એવં યેનાસિ પિત્રા ત્વં
રે દુર્જ્ઞાતેત ! લાલિતઃ ।
કૃતે પ્રતિકૃતં તસ્યાઽકારિ.
કારાપ્રવેશનમ્ ।।

હે કપાતર ! જે પિતા વડે તું આ રીતે લાલન પાલન કરાયો, તેના ઉપકારના બદલા માટે તેં તેમને કારાગૃહમાં પૂરી દીધા.!!!

પ્રવચન પ્રશ્નોત્તર :– પ્રવચનકાર પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. પ્રકાશક પ્રાણલાલ છગનલાલ શેઠ અવની બીલ્ડીંગ પહેલે માળે દાદી શેઠ રોડ મલાડ વેસ્ટ મુંબઈ–૬૪ ફા. ૧૬ પેજી ૬૦ પેજ પૂજ્યશ્રીના વિવિધ પ્રવચનોમાં જે પ્રશ્નો થાય અને તેની છણાવટ પૂજ્યશ્રીએ જે વિશદ રીતે કરેલ છે તેવા પ્રશ્નોત્તરે અત્રે અપાયા છે જે ખાસ મનનીય અને અત્યંત માર્ગદર્શક છે.

અવનવું

: મહાન નદીઓના નામ :

૧) ગંગા	૯) મહેન્દ્રતનયા
૨) સિંધુ	૧૦) ચર્મણ્વતી
૩) સરસ્વતી	૧૧) વેદિકા
૪) યમુના	૧૨) ક્ષિપ્રા
૫) ગોદાવરી	૧૩) વેત્રવતી
૬) નર્મદા	૧૪) મહાસુર નતી
૭) કાવેરી	૧૫) જયા
૮) સરયૂ	૧૬) ગંડકી

પ્રેષક :— **પી. જે.**

હાસ્ય એ દરબાર

શેઠ – એય છોકરા, તું રોજ આવે છે ચોપડા, છાપા, ચોપાનિયાદિ ઉથલાવે છે પણ આજ સુધી તે કાંઇ લીધું છે ?

છોકરો – અરે વાહ શેઠ ! હું તો દરરોજ બે ત્રણ લઇ જાઉં છું. તમને ખબર ન પડે તો હું શું કરું ?

(જીવનમાં ચોરીની આદત બૂબજ ખરાબ છે. — **અતુલ (જામનગર)**

–: થાય છે :–

ધર્મનું પોષણ	પાપનું શોષણ
ઉપશમનું પોષણ	આવેશનું શોષણ
સંવરનું પોષણ	આશ્રવનું શોષણ
સમતાનું પોષણ	ક્રોધનું શોષણ
અપરિગ્રહનું પોષણ	લોભનું શોષણ
પ્રકાશનું પોષણ	અંધકારનું શોષણ
સત્જ્ઞાનનું પોષણ	અજ્ઞાનનું શોષણ
શીલનું પોષણ	અબ્રહ્મનું શોષણ

–પૂણ્યાનંદ શિશુ

- પૈસા-ટકા, ઘર-બાર, કુટુંબ-પરિવારાદિ સારાં છે અને મારા છે આવું માનનારા માટે દુર્ગતિ જ છે.
- સ્વાર્થી કદિ ધર્મી બને જ નહિ. તે ધર્મ ય કરતો હોય તો ય ઢોંગજ કરે છે.
- શ્રી અરિહંત પરમાત્માનાં ભગત મટી દેવ-દેવીના ભગત બનેલા સાધુઓએ જે દેવ-દેવીઓની મૂર્ત્તિ મંદિરમાં ન જોઇએ તે ઘાલી અને તમે લોકો તેને કલ્પતરૂ માનો ! પતન તો કેટલી હદ સુધી થયું છે. તેમને તે સાધુઓને અને તેમને સારાં માનનારાઓએ ભગવાનની ઘોર આશાતના કરી છે. જો તે દેવ-દેવી જાગતાં હોત તો તમને લાત મારીને કાઢી મૂકત અને કહેત કે- 'અમે તો ભગવાનના પટાવાળા પણ નથી. તેમના દાસના પણ દાસ છીએ.' સારું છે કે તે દેવ આવતા નથી.
- તમને જે સુખ સામગ્રી મળી છે તેના પર વિરાગ નહિ જન્મે તો તમારી દુર્ગતિ જ થવાની છે આ ભગવાનની વાત માન્ય હોય તો જ વિરાગ આવવાની શકયતા છે. બાકી તમે રાગમાં જ મરવાના છો.
- સુખમય સંસારથી ભાગી છૂટવાની ઈચ્છા તેનું નામ નિર્વેદ છે. ગાળ દે તે ન ગમે અને વખાણ કરે તે ગમે તો નિર્વેદ જાય. નિંદા કરનાર કરતાં ય પ્રશંસા કરનાર ભૂંડા. નિંદા તો હજી ય સહન થાય પણ પ્રશંસા તો પછાડે જ.
- દુઃખમાં ગભરાય નહિં અને સુખમાં લેપાય નહિ તે માણસ જ સારો હોય. તેનું ચાલે ત્યાં સુધી તે ખરાબ કામ કરે જ નહિ. મોક્ષાર્થીને જ આ 'સહેલું' લાગે. સંસારના પ્રેમીને તો આ ભૂંડું અને ખરાબ લાગે.
- નુકશાન કરનારી ચીજને નભાવવી પડે પણ તેના પર રાગ થાય તેવો અનુભવ છે ?
- શ્રાવકને સંસારના રાગી કહેવા તે શ્રાવકપણાની આશાતના છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

૪૨૬૯ ૧૮-૧૨-૨૩
આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા,

નમો ચઉવિસાए તિત્થયરાणं उसभाईं महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

૦ સમ્યગ્દૃષ્ટિની ભાવના

सव्वं विलवियं गीयं,
सव्वं नट्टं विडंबणा ।
सव्वे आभरणा भारा,
सव्वे कामादु हावहा ॥

સર્વ ગીતો વિલાપ સમાન છે, સર્વે નૃત્યો વિડંબણા રૂપ છે, સર્વે આભૂષણો ભાર રૂપ છે અને સઘળીય કામચેષ્ટાઓ દુઃખને આપનારી છે.

વર્ષ ૬ અંક ૨૩

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

14/11/12
આ. શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા.

જિજ્ઞાસા અને તૃપ્તિ

'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તકમાં આપેલા માર્ગદર્શન મુજબ ધાર્મિક દ્રવ્યોનો વહીવટ કરવો યોગ્ય છે ?.....ના.....કારણ ? વાંચો...આ જિજ્ઞાસા અને તૃપ્તિ...

જિજ્ઞાસા – પૂ. પં. શ્રી ચન્દ્રશેખર વિ. મ. એ લખેલ 'ધાર્મિક વહીવટ વિચાર' નામની એક ચોપડી કમલ પ્રકાશન ટ્રસ્ટે બહાર પાડી છે. તેમાં તેમણે આપેલા માર્ગદર્શન મુજબ ધાર્મિક વહીવટ કરવો યોગ્ય છે ?

તૃપ્તિ – પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. ની તે ચોપડીને અનુસરીને ધાર્મિક વહીવટ કરવાનો વિચાર સરખો પણ કરવો યોગ્ય નથી. તે ચોપડીમાં તેઓશ્રીએ શાસ્ત્રીય નિયમોની સાથે સાથે જ પોતાની સ્વતંત્ર કલ્પનાઓ તથા સંમેલનના અશાસ્ત્રીય અત્યંત વિવાદાસ્પદ ઠરાવોની અનુચિત ભેળસેળ કરી છે તેથી તે ચોપડીની પ્રમાણિકતા બિલકુલ રહી નથી.

જિજ્ઞાસા – 'સંમેલનના ઠરાવો તદ્દન શાસ્ત્રીય છે' એવું પન્યાસજી મ. એ તે વખતે અમદાવાદની જાહેર સભાઓમાં અનેક વખત, સંમેલનના અનેક આચાર્યોની હાજરીમાં જાહેર કરેલું અને તે અંગે, વિરોધ કરનારાઓમાંથી કોઈ પણ ચર્ચા કરવા આવે તો અમે તે ઠરાવોની શાસ્ત્રીયતા પુરવાર કરવા તૈયાર છીએ–એવો પડકાર પણ તેમણે અનેક વખત કરેલો પરંતુ ત્યારે ચર્ચા કરવા કોઈ આગળ આવ્યું નહી, એ વાત સાચી છે ?

તૃપ્તિ – પં. શ્રી ચંદ્રશેખર વિ. મ. એ તે વખતે અમદાવાદની સભાઓમાં પડકાર કરેલા એ વાત સાચી પરન્તુ સ્વ. ગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજા પોતાના વિશાળ પરિવાર સાથે અમદાવાદ પધાર્યા અને ત્યાં ઠીક ઠીક સમય રોકાયા ત્યારે પંન્યાસજી મહારાજ નજીકમાં જ કલિકુંડ ખાતે બિરાજમાન હોવા છતાં તેમણે અમદાવાદ પૂજ્યશ્રી પાસે આવવાનું ટાળ્યું હતું. પરન્તુ ત્યાર બાદ એક છ'રી પાલિત સંઘ સાથે પૂજ્યશ્રી પોતે કલિકુંડ પધાર્યા ત્યારે તેઓ પૂજ્યશ્રીને મલ્યા હતા તે વખતે પૂજ્યશ્રીએ તેમને બહુ સ્પષ્ટ શબ્દોમાં એવા મતલબનું જણાવેલ કે– "તમે બધાએ ભેગા થઇને સંમેલનમાં આવા અશાસ્ત્રીય ઠરાવો કેમ કર્યા ? અને તમે જ એટનીં જનરલ બનીને એ ઠરાવોની શાસ્ત્રીયતાની જોરશોરથી વકીલાત કરી છે તો હવ એ ઠરાવોની શાસ્ત્રીયતા અમને સમજાવી દો અથવા તો એ ઠરાવો, અશાસ્ત્રીય છે એવું અમારી પાસેથી સમજીલો." આમ કહીને તેઓશ્રીએ રાધુઓને શાસ્ત્રાધારો લઇને પંન્યાસજી મ સાથે બેસી જવાનો આદેશ કર્યો કે તરત પૂ. પંન્યાસજી મ. એવું કારણ દર્શાવીને

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયરત્નસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાઢ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી ગુઢકા (ચાંદગઢ)

વર્ષ ૬] ૨૦૫૦ પોષ સુ-૬ મંગળવાર તા. ૧૮-૧-૯૪ [અંક ૨૩]

—: મોક્ષના ઉપાયભૂત ધર્મ :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા

પ્રવચન-પાંચમું (ગતાંકથી ચાલુ)

શ્રાવકો કોણ કહેવાય ? ત્રિકાળ પૂજા કર્યા વિના રહે ? ઉભયકાળ આવશ્યક કર્યા વિના રહે ? પાંચ પ્રતિક્રમણ્યું, જીવ વિચાર, નવતત્ત્વ ન આવડે તે બને ? કર્મ શું છે, કેટલાં છે તે ન સમજતા હોય તેવા શ્રાવકો હોય ? સંસારમાં મજાથી રહે તેવો કોઇ શ્રાવક હોય ?

પ્ર૦ મજાથી રહેતો હોય તે ન હોય પણ મજા આવી જતી હોય તે ચોક્કસ હોય ?

ઉ૦ મજા આવી જાય છે તેનું દુઃખ થાય છે ? દારૂડિયો કહે મને દારૂમાં જ મજા આવે છે, માંસાહારી કહે મને માંસમાં મજા આવે છે તે ચાલે ?

સંસારની અનુકૂળતા ગમી જાય તો સમજવું કે—જે અવિરતિનો ઉદય હતો તે મિથ્યાત્વનો ઉદય થયો. તેવો જીવ કયારે ધર્મ મૂકી દે તે કહેવાય નહિ. ઘણાએ સુખ-સંપત્તિ મલ્યા પછી ધર્મ મૂકી દીધો છે.

સંસારનું સુખ ભોગવવાનું મન થાય અને મજેથી ભોગવે તો સમજી લેવું કે મિથ્યાત્વનો ઉદય થયો. સુખ ભોગવવામાં મજા આવે ને તરત થાય કે—આમાં મજા આવી તો દુર્ગતિમાં જવું પડશે તેનું નામ જૈન ! તેની દુર્ગતિ ન થાય. જેને આત્માનું સુખ જોઇએ તેને સંસારના સુખમાં મજા ન જ આવવી જોઇએ. આવે તો તરત જ દુઃખ થાય. તમે સંસારમાં કેમ બેઠા છો તે ન પૂછાય. તેમ પૂછે તે દાઝયા ઉપર ડામ

દે છે. પણ તમને સંસારમાં બહુ મજા આવે છે ? મજા આવે છે તો દુઃખ થાય છે કે નહિ ? દુઃખ નથી થતું તો જૈન નથી તેમ કહીએ. તેમ તમે સુખ ભોગવો તેથી જૈન નથી તેમ ન કહેવાય. પણ તે સુખમાં જ મજા આવે, તે સુખ છોડવાનું મન પણ ન થાય. મોક્ષ તો યાદ પણ ન આવે તો તેને મિથ્યાદૃષ્ટિ જ કહેવો પડે !

તમે અમારી ભક્તિ ઘણી કરો છો તે ગમી જાય તો અમને લાગે કે–સાધુપણાનો સ્વાદ હજી નથી આવ્યો. કપડાં જ પહેર્યાં છે. સાધુગુણનો સ્વાદ ન આવે તે અનંતી વાર સાધુવેષ પહેરે તોય તેનો મોક્ષ ન થાય તેને સંસારમાં જ ભટકવું પડે. અભવ્યો, દુર્ભવ્યો અનંતીવાર સાધુ થાય છે પણ તે સંસારમાં જ ભટકે છે. અભવ્યોને તો કયારે મોક્ષ મળવાનો નથી. દુર્ભવ્યોનું દુર્ભવ્યપણું જાય પછી ઠેકાણું પડે.

ધર્મ પામેલાને દુનિયાનું સુખ ન ગમે, મોજમજા ન ગમે. જેને દુનિયાનું સુખ ગમે, મોજમજાય ગમે અને ગમે તો દુઃખ પણ ન થાય તો ધર્મની પ્રાપ્તિ થાય નહિ. આ વાત ગમે-જચે તો વૈરાગ્ય આવે, કષાયો ઘટે, પાપોનો ડર પેદા થાય, ગુણનો પ્રેમ થાય, દોષનાશક અને ગુણપ્રાપક ધર્મક્રિયાઓ મજેથી કરવાનું મન થાય.

ખાવામાં મજા આવે તો પેટ ભૂલી જાવ છો ને ? સારા સ્વાદમાં શરીર બગડશે તે વાત ભૂલી જવાય છે ને ? આજે ઘણા માંદા પડે છે તે સ્વાદને લઈને. પેટ ભરવા ખાય તે મોટાભાગે માંદા પડે નહિ.

સંસારનું સુખ અવિરતિ નામના પાપના ઉદયથી ભોગવવું પડે. તેમાં મજા આવે તો જૈનપણું ચાલ્યું જાય–આ વાત સમજી જાવ તે ઇચ્છા છે. **સંસારમાં રહેલો પણ કયારે સંસાર છૂટે તે વિચારવાળો હોય તો સંસાર તરી જાય. સાધુપણામાં આવેલાને સારી સારી સામગ્રી ગમે તો તે ડૂબી જાય.** ભગવાને અનને ય છોડયા નથી.

પ્ર૦ એકદમ પરિવર્ત્તન ન આવે. પણ ધર્મ પકડી રાખ્યો તો લાંબે ગાળે ફાયદો થશે ને ?

ઉ૦ ધર્મ કેમ પકડી રાખ્યો છે ? પરિવર્ત્તન આવે માટે કે સંસારની મજા મળે માટે ? ધર્મને દુનિયાના સુખ માટે, સંપત્તિ માટે, રાજઋદ્ધિ માટે પકડી રાખે તે બધા મહામિથ્યાદૃષ્ટિ છે. ધર્મ દુર્ગતિથી બચાવી, મોક્ષે મોકલી આપે છે તે માટે ધર્મ પકડે તો કામનું છે. આ બધું સમજો. સમજ્યા વગર જેમ તેમ બોલો નહિ.

સંસાર જેને ગમે, તેમાં મજા આવે, તે મજાને ય મજા માને તે મિથ્યાદૃષ્ટિ હોય કે સમકિતી ? સમકિતી ચક્રવર્ત્તી ચક્રવર્ત્તીપણું ભોગવતો હોય તો ય તેમાં મજા

ન માને. તેથી જ તક આવે ચક્રીપણું છોડી દે. છ ખંડના માલિકો ચક્રવર્ત્તીપણું છોડી સાધુ થયા તો તમારી પાસે શું છે ? તમારું જીવતર આજે ઘરમાંય માનવંતુ નથી. તમારા ઘરમાં યે તમારી પ્રતિષ્ઠા નથી. તમારે ઘરમાં ઘણાનું માનવું પડે છે. આજે ઘણા શેઠીયાઓને નોકરની આજ્ઞા માનવી પડે છે. ભગવાન ગમે તેને સંસાર ગમે નહિ. સંસારમાં રહેવું પડે તોય પોતાના પાપનો ઉદય માને. તેનું નામ જ જૈન ! મોક્ષ માટે મહેનત નથી થતી તેનું દુઃખ હોય, મોક્ષ માટે જે મહેનત કરવાનું મન હોય તેનું નામ જૈન ! મોક્ષને માનનારા ઇતરદર્શનો પણ સંસારના કોઇ પદાર્થની ઇચ્છાથી ધર્મક્રિયા થાય નહિ તેમ માને છે. તેમને ત્યાં પણ 'નિષ્કામ ભક્તિ' કહી છે.

ધર્મ ઓછો-વધતો થાય તેની ચિંતા નહિ પણ ધર્મ નથી થતો તેનું દુઃખ હોય તેનેય સારો કહું. તપ નહિ કરનારા પણ તપસ્વીને હાથ જોડે છે. તપસ્વીને પારણા-ઉત્તર પારણા કરાવે છે. મોટા તપ કરનારનું બહુમાન પણ કરે છે.

જે વસ્તુ જેવી હોય તેવી માને તેનું નામ શ્રી અરિહંત પરમાત્માનો સેવક ! સંસાર રહેવા જેવો છે ખરો ? ભોગવવા જેવો છે ખરો ? સંસારની મજા ગમે છે કે નથી ગમતી ? ગમે તો દુઃખ થાય છે ? છોડવાનું મન ન હોય તેમ મનમાં ન હોય ? જૈનકુળમાં જન્મેલા તમે જૈન બની જાવ તો લંક લાગી જાય. જૈનોની વસતિ ઓછી હોય તો ય તે જે પ્રભાવના કરે તે બીજા ન કરી શકે. બધી બાજુનો વિચાર કરે તે શાણા છે, બુદ્ધિશાળી છે, મોક્ષે જવું હોય તો બધી સામગ્રી તૈયાર છે. ભલે આ કાળમાં અહીંથી મોક્ષે ન જઇ શકાય પણ મોક્ષમાર્ગની આરાધના કરો તો જલ્દી મોક્ષે જવાના. સંસારમાં રહેલા સઘળાય જૈનો, પછી તે સુખી હોય કે દુઃખી હોય પણ એક જ વાત હોય કે-"ઝટ મોક્ષે જવું છે. સંસાર છૂટતો નથી તે પાપનો ઉદય છે. સંસારમાંહજી મજા પણ આવી જાય છે પણ તે મજા આવે તે ગમતી નથી." આવી દશા થઇ જાય તો કામ થઇ જાય. આવી દશા પામવી નથી ? આ ભાવના જીવતી રહે તો સંસાર છૂટે અને મોક્ષ થાય.

શ્રાવક પણ વિષયનો વિરાગી હોય, કષાયો તેને ગમતા ન હોય, આત્મ[illegible] ગુણ ગમતા હોય, દોષ ગમતા ન હોય. ગુણપ્રાપક અને દોષનાશક ક્રિયા કરવા જ માને, ન થાય તેનું દુઃખ થાય તો તે આત્મા મોક્ષે જશે, ને જશે જ-આવો વિશ્વાસ અપાય. જૈનો તો મોક્ષે જવાના જ. લાંબો કાળ ભટકે નહિ. વધુમાં વધુ અડધો પુદ્ગલ પરાવર્ત્તકાળમાં તો મોક્ષે જાય જ. ચારિત્રનો પરિણામ આઠમીવાર આવે તે ય મોક્ષે જાય જ. જેને મોક્ષની ઇચ્છા થાય તેનો સંસાર એક પુદ્ગલ પરાવર્ત્તથી વધારે નહિ. મોક્ષ માટે જ ધર્મ કરનારો સંસારમાં ભટકે નહિ. શાસ્ત્રે આ બધાં વચનો આપ્યાં છે. મોક્ષ માટે ધર્મ કરનારાને સંસારમાં જે જે અનુકૂળતા જોઇએ તે બધી માગ્યા વગર

મળે ધર્મ કરવા જે જે અનુકૂળતા જોઇએ તે આપવા ધર્મ બંધાયેલો છે.મોક્ષ માટે ધર્મ કરે તેને મોક્ષસાધક બધી જ સામગ્રી મળે

તમારી શી ભાવના છે ? મરતા સુધી સંસારમાં જ રહેવું છે કે સંસાર છોડીને મરવું છે ? કદાચ સંસાર ન પણ છોડી શકો તો પણ મરવાનો વખત આવે તો રાજી હો. કેમકે, દુનિયાનું સુખ ખોટું લાગતું હતું; તે ગમી જાય તે ગમતું ન હતું. તો તેવા આત્માની દુર્ગતિ શું કામ થાય ? ભગવાન કહી આપે છે કે-જેને દુનિયાના સુખમાં મજા આવે તેય ગમે નહિ સુખ ગમી જાય તે ય ગમે નહિ. તેવો આત્મા દુર્ગતિમાં જાય નહિ. આ માર્ગ એવો છે કે; સમજે તે બધું આવડી જાય. અવિરતિના ઉદયે સંસારમાં લહેર આવે પણ તે સારું નથી-આવું મનમાં રાખો તો લહેર ઘટતી જાય, સમકિત પણ આવે અને તે સ્થિર થઇ જાય. જેને સાધુ થયેલા દેવલોકમાં જવાની ઇચ્છા રાખે તો તે માર્યા જાય. રિદ્ધિ-સિદ્ધિ મેળવવા જેવી છે કે છોડવા જેવી છે ? જે મૂકીને આવ્યા તે મેળવવા જેવું નથી જ ને ? ભલે નથી મૂકી શકતા પણ તે પાપ છે ને ? તેની ઇચ્છા થાય તેય પાપ છે ને ? આવું માને તે આત્મા ય ધીમે ધીમે પચી જાય. દુનિયામાં તમે પૈસા કમાવવા કેટલાં અપમાન વેઠો છો ? તિરસ્કાર વેઠો છો ? તો ધર્મ કરવો હોય તો તકલીફ ન આવે તે બને ? તકલીફ વેઠવાની ટેવ પાડો તો કામ થઇ જાય. તમે બધા આજને આજ સાધુ થાવ તેમ નથી કહેવું. તમારા જેવા સાધુપણું લેવા આવે તો એકદમ ન આપું પણ પરીક્ષા કરીને પછી આપું. શિષ્યનો લોભી હોય તે ગુરુ, ગુરુ નથી. દીક્ષા જ લેવા જેવી છે તેમ કહેવાય પણ તું મારો શિષ્ય થા તેમ કહેવાની મના છે.

દુનિયામાં તમારે તમારું કામ સાધવું હોય તો શું શું કરવું જોઇએ તે બધું સમજો છો. તેમ ધર્મ સાધવા કેટલું કેટલું સહન કરવું પડે તે સમજી જાવ તો ધર્મ થઇ શકે. બાકી દુઃખ મજેથી સહન કર્યા વિના, દુનિયાની મોજ-મજાને ખોટી માન્યા વિના ધર્મ થાય જ નહિ.

ધર્મ કરવા માટે વિષયનો વિરાગ જોઇએ, કષાયનો ત્યાગ જોઇએ, ગુણનો અનુરાગ જોઇએ અને મોક્ષસાધક ક્રિયાઓમાં અપ્રમાદ જોઇએ તો ધર્મ થાય. કમમાં કમ આ ગુણો મેળવવા પ્રયત્ન તો કરવો જ જોઇએ તો આ જન્મ સફળ થાય.

ગુણનો રાગ ન હોય અને દ્વેષનો રાગ હોય તે તો રખડી મરે. ભગવાને કહેલી ધર્મક્રિયાઓ કરવા જેવી નહિ કરે તો તું રખડી મરીશ-આમ રોજ આત્માને સમજાવવું પડે. અનાદિકાળાનો અભ્યાસ છે માટે સુખમાં મજા આવે છે-તે કર્યા કર એમ કહેનારા નરકમાં મોકલનારા છે. અહીં થોડા દુઃખમાં ગભરાવ છો ને નરકના દુઃખમાં ગભરાતા નથી તે ચાલે ? આ બધું સમજીને ધર્મ માટે સહન કરતા થાવ તો કામ થઇ જાય.

卐 'ધાર્મિક વહીવટ વિચાર' વિચારણા 卐

– પૂ. આ. શ્રી વિજય જિને-દ્રસૂરીશ્વરજી મહારાજ

લેખાંક ૧લો

પૂ પં. શ્રી ચંદ્રશેખર વિજયજી ગણિવરશ્રી દ્વારા લિખિત 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તક કમલ પ્રકાશન ટ્રસ્ટ જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન રીલીફ રોડ અમદાવાદથી સં. ૨૦૪૯માં પ્રગટ થયું છે.

આ પુસ્તકમાં ધાર્મિક વહીવટ અંગે વિચાર કર્યો છે પરંતુ તેમાં જે શાસ્ત્ર અને પ્રણાલિકા ચાલી રહી છે તેનું મહત્ત્વ અપાયું નથી.

૨૦૪૪નાં સંમેલને કરેલા દેવદ્રવ્યના ઠરાવમાં ખાસ કરીને 'ઠલિપત દ્રવ્ય' ની વ્યાખ્યાનમાં જે પૂજા, સ્વપ્ન આદિ બોલીઓને ગોઠવીને દેવદ્રવ્યના વિનાશનો માર્ગ ઉભો કરી દીધો. પરંતુ તે વાતનો દેવદ્રવ્યના ભક્ષણથી સાવધ શ્રી સંઘે કોઇ અમલ કર્યો નથી અને તે વિષયનો પ્રતિકાર પણ વિભાગવાર થયો છે તેને આજે પાંચ વર્ષ થયા છે એ પાંચ વર્ષનો કોઇ પણ અનુભવ આ પુસ્તકમાં લેવામાં આવ્યો નથી તે વખતે કે પછીથી લખાયેલા તેના તે લખાણો આ પુસ્તકમાં મૂકી દેવાયા છે. અને શાસ્ત્રની સાપેક્ષતાના અભાવે કોઇને તે અનુગતા ન લાગે તેમ પણ બને.

શ્રી વિજયધર્મસૂરિજી (કાંશીવાળા) એ આ દેવદ્રવ્ય, સામે જલદ જેહાદ જગાડેલી પણ આજ્ઞાબદ્ધ સંઘમાં તેમની કારી ફાવી ન હતી. તે વખતે સજ્જડ વિરોધ કરનારાઓના પરિવારના મુનિઓએ જ ૨૦૪૪માં સંમેલનમાં શ્રી ધર્મસૂ. મ. થી પણ ડગલા આગળ જઇને પ્રતિપાદન કર્યું છે તે ઘણા જ દુઃખની વાત છે. શાસનના માલિન્યની વાત છે.

સદ્ભાગ્ય એ છે કે તે પ્રતિપાદન કરનારાઓએ પણ તેનો આ અમલ કર્યો નથી. માત્ર રાજકીય ઠરાવ જેવી તેની સ્થિતિ છે.

છતાં આ સંમેલનના ઠરાવો અમે ઘડયા જેવું માનનારા કેટલાક મહાત્માઓએ તેવા લખાણો કરી સમર્થન કરવા પ્રયત્ન કર્યો તેમાં મોટા ભાગના તો શાંત થઇ ગયા છે પરંતુ પૂ. પં શ્રી ચંદ્રશેખર વિજયજી મ. જે ઘણા પ્રતિભા સંપન્ન અને વકતા છે અને તેમને હજી આ વાતની પ્રતીતિ થઇ નથી અને 'અપની ટોળી ઝીંદાબાદ' ના ન્યાયે આ ૨૦૪૪ પછી ૨૦૪૯ માં પુસ્તક પ્રગટ કર્યું. તેમાં ઘણો વિરોધ થયો જેથી તેમણે મુદ્રિત કૃતના નવેમ્બર અંકમાં જાહેરાત કરી છે. તે આ મુજબ છે.

ધાર્મિક વહીવટ વિચાર પુસ્તકના વિવાદ અંગે નિવેદન

મારૂં લખાયેલું પુસ્તક 'ધાર્મિક વહીવટ વિચાર' મારી માન્યતા પ્રમાણે શાસ્ત્રાનુસાર છે. પરંતુ તેમાંનું કેટલુંક લખાણ શાસ્ત્ર વિરુધ્ધ હોવા અંગેનો જે વિવાદ ઉભો થયો છે તેમાં જો શાસ્ત્રાધાર સહિત મને ખાત્રી થાય તે રીતે જણાવશે તો તેની નવી આવૃત્તિમાં સુધારો કરવાની મારી તૈયારી છે.

તા. ૨૩–૧૦–૬૩ સાબરમતી લિ. પં. ચંદ્રશેખર વિજયજી

આ નિવેદન નવેમ્બરના અંકમાં આવ્યુ પછી ડીસેમ્બરના અંકમાં મુકિતદૂતમાં નીચે મુજબ લખાણ તેમણે આપ્યું છે.

'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તક અંગે

ધાર્મિક વહીવટ વિચાર પુસ્તક અંગે ગત ઓકટોબરના અંકમાં મેં જણાવ્યું છે કે–તેમાં જો કોઇને શાસ્ત્રબાધિત કશું લાગતુ હોય તો તે અંગે શાસ્ત્ર પાઠ દ્વારા મને ખાત્રી કરાવતુ લખાણ મોકલી આપે જેથી હું નવી આવૃત્તિમાં તે સુધારો કરી શકું.

હજી સુધી કોઇએ કશું મોકલ્યું નથી હજી વધુ રહ જોઉ છું.

– પં. ચંદ્રશેખર વિજય

આ બે જાહેરાત બાદ કદાચ તેમને સીધું કોઈએ ન મોકલ્યું હોય તેમ બને છતાં આ કંઇ છોકરું ખોવાઈ ગયાની જાહેરાત નથી જેથી બીજે મહિને નીકાલ આવી જાય. આ બાબતમાં જેમણે વિરોધ કર્યો છે તે સ્પષ્ટ છે અને જે ગૃપમાં પૂ. પં. મ છે તે ગૃપના પણ પૂજ્યોએ ધાર્મિક વહીવટ અંગેના વિચારો અનેક પુસ્તકોમાં રજુ કર્યા છે જ અને તેથી આ પુસ્તકોમાંથી પણ તેઓ માર્ગદર્શન મેળવી અને સંશોધન કરી તેવી શકિત તેઓ ધરાવે છે જ.

છતાં તેઓશ્રીને તે બાબતમાં કોઇ પ્રયત્ન કર્યો હોય તેમ તેમના બીજા નિવેદનથી જણાતું નથી.

જો કે મેં ૨૦૪૪ના સંમેલનના એક અંક વિષયોનું સ્પષ્ટીકરણ કર્યું છે અને તેમાં તેમને ઘણું ખોટું પણ લાગ્યું હોય અને તેથી આ સ્પષ્ટીકરણોથી તેમને કંઇ જોવા જેવું લાગ્યું ન હોય. તેમ બીજા પણ પૂજ્યો આદિએ તે અંગે ઘણા ખૂલાસા કર્યા છે. મારા સ્પષ્ટ લખાણો છતાં સંમેલનના પ્રવર સમિતિના અધ્યક્ષ પૂજ્યશ્રી આદિ લગભગ બધા પૂજ્ય આચાર્યદેવો સાથે મારો પત્ર વ્યવહાર અને સંપર્ક રહ્યો કે તેમના તરફથી જે સદ્ભાવ અને સુધારણાની જે લાગણીઓ અનુભવી છે તેથી પણ સ્પષ્ટ લાગે છે કે સંમેલન થઇ ગયું પણ તે વાતની પકડ રાખવા જેવી નથી.

હવે પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. ના લખાણોની આખી નોંધ લખું તો પણ કેટલાય લેખાંકો થઈ જાય તેથી પ્રથમ દેવદ્રવ્ય, સાધારણ દ્રવ્ય, વિ. તથા ભક્તિપાત્ર સાત ક્ષેત્ર વિ. ની શાસ્ત્રીય પ્રણાલિકા પૂર્વકની ચાલી રહેલી વિગત રજુ કરું છું.

દેવ દ્રવ્ય

દેવ દ્રવ્ય માટે પૂજા દ્રવ્ય, નિર્માલ્ય દ્રવ્ય અને કલ્પિત દ્રવ્યના વિભાગો હતા. પૂજા દ્રવ્ય એટલે પૂજા માટે–

(૧) કેશર સુખડ આદિ આપી જાય તે પૂજા દ્રવ્ય હતું તેને માટે રકમ આપે તે પણ પૂજા દ્રવ્ય હતું. આજે કેસર સુખડ ખાતુ, કે તેની કાયમી તિથિઓ, તેવા ફંડો, તથા આંગી ખાતું આંગીની તિથિઓ તથા હાલમાં વર્ષ દરમ્યાન પૂજા દ્રવ્યો આપવાના ચડાવા બોલાય છે તે પૂજા દ્રવ્ય છે. અને તેવી રકમ દેરાસર સાધારણ ખાતાના નામે જમા થાય કે ગણાય છે.

(૨) નિર્માલ્ય દ્રવ્ય તે પૂજામાં ચડાવેલા દ્રવ્યો તે નિર્માલ્ય દ્રવ્ય છે તેમાં આંગીના વરખ, બાદલા, ફલ, નૈવેદ્ય, ચોખા, શ્રીફળના વિ. તે નિર્માલ્ય દ્રવ્ય છે તેની રકમ કરીને દેવ દ્રવ્ય ખાતે જમા કરાય છે. કોઇ જગ્યાએ દેરાસરના પૂજારી વિ.ને પણ અપાય છે. પૂજારીને પગાર શ્રાવકોએ આપવાનો છે. આ દેવ દ્રવ્ય છે જેથી તે અપાય નહિ તેથી ઘણી જગ્યાએ વ્યવસ્થા થઈ જતાં તેમાંથી બગડી જાય તેવા ફળ નૈવેદ્ય ન વેચાય તો પૂજારીને આપે બાકી ચોખા બદામ આદિ તો નાણા કરી દેવ દ્રવ્યમાં જમા થાય છે.

(૩) કલ્પિત દ્રવ્ય– જે દ્રવ્ય જિનમંદિરના નિભાવ માટે આપે, કોઇ રકમ, દુકાન, ખેતર મકાન વિ. આપે તો તે કલ્પિત દ્રવ્યમાંથી પૂજા દ્રવ્યથી માંડી રક્ષક સુધીના દરેકને પગાર વિ. અપાય છે. અને આજે તે દેરાસર સાધારણ ગણાય છે. કલ્પિત દેવ દ્રવ્યનું ખાતું આજે ત્યાં પણ નથી તેવી રીતે કોઈ રકમ મકાન વિ. સાધર્મિક વાત્સલ્ય, પૂજા ભણાવવા, એકાસણા આંબેલ વિ. માટે આપે તો તે દ્રવ્ય તે તે ખાતામાં રહે છે. અને તેના હેતુ માટે અમલ કરાય છે. આજે આ ત્રણ વિભાગમાંથી વહિવટમાં નથી. નિર્માલ્ય દ્રવ્ય દેવ દ્રવ્યમાં જાય છે.

દેવ દ્રવ્ય ખાતું

દેવદ્રવ્ય ખાતામાં બીજી આવકો દેરાસરના ભંડારો, તથા પહેલી પૂજા કરવા આદિની બોલીઓ, સ્વપ્ના ઉતારવાની બોલી, વરઘોડાની પ્રતિષ્ઠાની જિન મંદિર અંગેના ચડાવા, તીર્થમાળ, ઉપધાનની માળ વિ.ની બોલીઓ દેવ દ્રવ્યમાં જાય છે. શ્રાવકોને

તેમાંથી પૂજા આદિ કરવું કલ્પે નહિ. તેવી રીતે જ્ઞાનદ્રવ્યમપિ નૈવ કલ્પેતે શ્રદ્ધાનાં દેવદ્રવ્યવત્. દેવ દ્રવ્યની જેમ શ્રાવકોને જ્ઞાન દ્રવ્ય પણ કલ્પે નહિ.

સાધારણ દ્રવ્ય

જે શ્રાદ્ધવિધિકારે જણાવ્યા મુજબ ઋદ્ધિમાન શ્રાવકો વિ. સાધારણ માટે આપે તે સાધારણ દ્રવ્ય ગણાય છે. તે માટે સાધારણના ફંડ થાય છે, કોઇ મકાન આપે છે સાધારણની તિથિઓ લખાય છે કાયમી ફંડો વિ. થાય છે તે સાધારણ દ્રવ્ય છે તે સાધારણ દ્રવ્યમાંથી જિન મંદિર, ઉપાશ્રય, વેયાવચ્ચ, પાઠશાળા વિ. ચલાવાય છે.

તેમાંથી સામુદાયિક આંબેલ, એકાસણા અઠ્ઠમના પારણા વિ. કરાવાય નહિ જો તો કોઇ દાતા તૈયાર થાય તો કરાવાય. જો સામુદાયિક તપ આદિમાં આ દ્રવ્ય વાપરે તો તેની વ્યવસ્થા તૂટી જાય.

જ્ઞાન દ્રવ્ય

જ્ઞાન પૂજન, સૂત્રની બોલી વિ.ની આવક એ જ્ઞાન દ્રવ્ય છે તેમાંથી શાસ્ત્રો લખાવવા, છપાવવા, સાધુ સાધ્વીજીને ભણાવવા અજૈન પંડિતને પગાર અપાય છે. પંડિતને ઈનામ આ દ્રવ્યમાંથી ન અપાય. તે શ્રાવકો સાધારણ કે નવું એકત્રીત કરીને આપવું જોઇએ.

વેયાવચ્ચ દ્રવ્ય

સાત ક્ષેત્રમાં આપવા કાઢેલું દ્રવ્ય આમાં આપે તે વેયાવચ્ચ દ્રવ્ય છે. અગર તેનું ફંડ કર્યું હોય તો તે વેયાવચ્ચ દ્રવ્ય છે પરંતુ ગુરુપૂજન, કે ગુરુને કામળીની બોલી વિ. વેયાવચ્ચ દ્રવ્ય નથી તે ગુરુ પૂજનનું દ્રવ્ય છે અને ગુરુની ભકિત શ્રાવકોએ કરવાની છે તેથી ગુરુપૂજન વિ. દ્રવ્ય વેયાવચ્ચ દ્રવ્યમાં ન નંખાય. અને નાંખે તો તે દ્રવ્યમાંથી, દવા, મજુર, ગોચરી પાણી લાવે તો તે દવા વિ. વધ્યા હોય તો શ્રાવકો લે તો ગુરુપૂજનના દ્રવ્યનું ભક્ષણ લાગે તે દ્રવ્યથી માણસ રાખેલ હોય તો તેની પાસેથી પેઢી આદિનું કે સંઘનું પણ કાર્ય કરાવાય નહિ.

જેમ દેવ દ્રવ્યમાંથી પગાર અપાતો હોય તો તે માણસ પાસે સંઘ કાર્ય, કે સાધુનું કાર્ય કરાવાય નહિ. તેથી ભવભિરૂ શ્રાવક સાધારણમાંથી પગાર પુરો ન આપી શકે ત્યાં પણ અમુક રકમ પગારની સાધારણમાંથી આપીને તે માણસ પાસે સંઘનું જરૂર પુરતું કાર્ય કરાવે છે.

ગુરુપૂજનના દ્રવ્યથી ઉપાશ્રય વિ. પણ બંધાવાય નહિ તેમાં શ્રાવકો સામાયિક વિ. ન કરી શકે. અને સાધુ માટે બંધાવે તો શ્રાવકોનો આવવાના જ. વિહાર આદિમાં પણ તેવા સ્થળોમાં ભકિત વંદન કરવા પણ શ્રાવકો આવે જેથી ગુરુપૂજન આદિના

શુદ્ધ દ્રવ્યથી ઉપાશ્રય પણ ન બંધાવાય વૈયાવચ્ચમાં વપરાતાં સાધુનો નિઃશુકતા તથા શ્રાવકનો ભક્ષણદોષ લાગી જવાનો પુરો અવકાશ છે.

જીવદયા દ્રવ્ય

જીવ છોડાવવા આદિ માટે આવેલ તે જીવદયા દ્રવ્ય છે તે જીવદયા સિવાય વાપરી શકાય નહિ.

અનુકંપા દ્રવ્ય

નિરાધાર દુઃસ્થોને સહાય કરવા આ દ્રવ્ય છે તે ફંડ વિ. થી આવે અને તે પ્રસંગે સંઘ કે વ્યકિતઓ અનુકંપા કરે છે.

સિવાય પણ સંઘમાં તે તે ફંડો થાય છે. તે તે હેતુ માટેના ખાતા હોય છે. અને તે વાત કોઈ પણ સંઘના ચોપડામાંથી જોવાથી ખ્યાલ આવે છે.

આજે શ્રી સંઘમાં તે માટેની વ્યવસ્થા છે અને તે રીતે ચાલે છે. તેમાં કોઈ પોતાની મરજીથી ફેરફાર કરતા નથી કોઇ જગ્યાએ તેવી ગરબડો હતી ત્યાં પૂજ્ય આચાર્ય ભગવંતો આદિએ ઉપદેશ આપી શકય સુધારા કરાવ્યા છે.

સાત ક્ષેત્ર

જિન-મંદિર-જિન મંદિર બાંધવા માટે આપેલ દ્રવ્ય કે મંદિરના પૂર્વના સાધનો વિ. તેમજ દેવદ્રવ્યની રકમો મંદિરમાં વપરાય છે.

તે જિન મંદિર જિનેશ્વર દેવની ભકિતનું સાધન છે. તે જિન મંદિર ક્ષેત્ર છે. તેમાં વ્યકિત પોતાનું દ્રવ્ય આપી ભકિત કરે છે અને દેવ દ્રવ્ય પણ મંદિર બાંધવા તથા તેના કાયમી ભંડાર સિંહાસન ચાંદીની ખોળા વિ. આંગીમાં વપરાય છે.

જિનમૂર્તિ ક્ષેત્ર-આ મૂર્તિ ક્ષેત્ર છે. તેમાં વ્યકિત મૂર્તિ ભરાવવા પૂજા કરવા આંગી કરવા રૂપ ભકિત કરે છે તે જિન મૂર્તિ ક્ષેત્ર ભકિત માટે છે મૂર્તિ માટે આપેલું દ્રવ્ય વધે તો જિન મંદિર બાંધવા, આદિમાં જાય.

જેમ સાધુ સાધ્વી ક્ષેત્ર એક છે તેમ જિન મંદિર અને મૂર્તિ એક ક્ષેત્ર ગણવામાં વાંધો નથી દેવ દ્રવ્યથી મૂર્તિ ભરાવી શકાય નહિ મૂર્તિ તો કોઇ પણ વ્યકિતએ ભરાવવી જોઇએ ઉપાસક વિના મૂર્તિ ભરાવાય નહિ. દેવ દ્રવ્યથી મૂર્તિ ભૂલથી ભરાવવાથી પ્રાયશ્ચિત પણ લેવાયાનો ખ્યાલ છે. માતા પિતા વિના સંતાન ન જન્મે તમ ઉપાસક વિના મૂર્તિ ન ભરાવાય. મૂર્તિ દેવ દ્રવ્યથી ભરાવાય નહિ.

મૂર્તિને લેપ કરાવે તથા પરિકર બનાવે વિ. દેવદ્રવ્ય વપરાય.

જિન મંદિર મૂર્તિ આંગે પ્રથમ ક્ષેત્ર જિન મંદિર છે. બીજુ ક્ષેત્ર જિન મૂર્તિ છે. તે માટેના લખાણો ઘણા છે.

जिणभवणबिम्बपुत्थय संघसरूवाइ सत्त खित्तेसु ।
वविअं धणंणि जायइ शिवफलमहो अणंतगुणे ।

पुण्यधन कथा पेज १२

जैनप्रासाद बिम्बानि श्रीमान् जैनागमस्तथा ।
संघश्चातुर्विधश्चेति सप्तक्षेत्री जिना जगुः ॥
जिणभवणबिम्ब पुत्थय, संघसरूवसु सत्तखित्तेसु ।
वविअं धणंणि जायइ सिवफलमहो अणंतगुणे ॥

दानादिकुलक टीका पृ. ६३

जिणभवणं जिणबिम्बं जिनपूजा
जिनमतं च यः कुर्यात् ।
तस्य नरामरशिवसुख
फलानि करपल्लवानि ॥

धर्मरत्न प्रकरण टीका पृ. ६२

મૂર્તિ ભરાવવાની બોલી થઇ હોય ત્યારે મૂર્તિના ખર્ચ અંજન શલાકા ખર્ચ, લાવવાનો ખર્ચ બાદ કરતાં બાકી દેવ દ્રવ્યમાં જાય. નકરો નકી કરે ત્યારે મૂર્તિ ભરાવવાની તેમજ અંજન કરાવવાનો તથા તેની પૂજાના વિભાગ અગાઉથી નકી કરે તો જુદી વાત બાકી બોલી બોલ્યા પછી તેમાંથી પૂજાના કે તેના કાયમી ફંડમાં લઇ શકાય નહિ. મૂર્તિનો ખર્ચ થોડો હોય અને બોલી મોટી થાય તેમ અને તેથી તે મોટી રકમ પણ કાયમી પૂજા કે દેરાસર સાધારણમાં લઇ શકાય નહિ.

આગમ ક્ષેત્ર

જિન આગમ એ ત્રીજું ક્ષેત્ર છે. તેની ભક્તિ લખાવવા, છપાવવા આપેલ તથા પૂજન કરવા, સૂત્રની વંચાવવા બોલી બોલે પ્રતિક્રમણ સૂત્ર બોલી, દીક્ષાર્થીને નવકારવાળી પુસ્તક સાપડો વહોરાવવાની બોલી વિ. આ ક્ષેત્રમાં વપરાય છે.

આ દ્રવ્યને જ્ઞાન દ્રવ્ય કેવાય છે. તે આગમ ક્ષેત્રની ભક્તિમાં વપરાય, ભંડાર વિ. કરાવાય સાધુ સાધ્વીને ભણાવવા પગાર જૈન પંડિતને અપાય છે.

સાધુ સાધ્વી ક્ષેત્ર

આ ક્ષેત્રની ભક્તિ અન્ન પાન વસ્ત્ર પાત્ર, સ્થાન આપવા આદિ દ્વારા તથા સેવા ભક્તિ કરવા દ્વારા કરાય છે.

ગુરૂપૂજન કે ગહુલી કે રામળી વહોરાવવી તે આ ક્ષેત્રની ભક્તિ છે તે દ્રવ્ય સાધુને ખાવા પીવા, દવા, આદિનાં વપરાય નહિ તેમ કરતાં તેમાંથી શ્રાવકોને ઉપભોગ વિહાર આદિની વ્યવસ્થામાં પણ થઇ જાય. તેથી વૈયાવચ્ચ ખાતું જુદું છે જે પૂર્વ જણાવ્યું છે.

આ દ્રવ્યથી વૈયાવચ્ચ થાય તેવી માન્યતા જેઓ કરતા થાય છે તે દ્રવ્યજ બારોબાર જતું રહે છે અને પછી તો ગુરૂપૂજન તો શું પણ જ્ઞાન પૂજન પણ ઉપડી જાય છે સંઘના ચોપડે પણ આવતું નથી આવી ઉઠાવગીરી કરવામાં ગુરૂપૂજનથી વૈયાવચ્ચ થાય તેવો ઠરાવ કરીને સંમેલને સહાય કરી છે.

શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર

આ ક્ષેત્રની ભક્તિ કોઇ દ્રવ્યાદિથી કરે અગર તે માટે દ્રવ્ય આપે તે આ ક્ષેત્રમાં વપરાય પરંતુ સાધારણ ખાતાની આવકો તે શ્રાવક શ્રાવિકા ક્ષેત્રની ભક્તિ માટે નથી. સાત ક્ષેત્રની વ્યવસ્થા માટે સાધારણ દ્રવ્ય છે. સંઘને લાગે તો જૈન જિન મંદિર આદિની વ્યવસ્થામાં સાધારણ નામ આપી શકે તેમ સાધર્મિકને તકલીફ આદિમાં આપી શકે. પરંતુ તેમાંથી સંઘ જમણ એકાસણા અઠ્ઠમ, કે અઠાઇ મહોત્સવ વિ. પ્રાસંગિક કાર્યો કરાવાય નહિ.

શાલિભદ્ર બનવું કે કુમારપાળ બનવું તે જૈન શાસ્ત્ર વિરૂદ્ધ છે. કુંડલપુરકા રાજકુમાર, નેમકુમાર, રૂપકોશા વિ. દ્રિષ્ટાંતોનો વિરોધ આપણે કર્યો જ છે. શાલિભદ્ર કે કુમારપાળ બનવું તે તે મહાપુરૂષોની આશાતના છે. આપણા પિતા કે ગુરૂનો વેશ કોઇ બજવે તો શું લાગે? અંજનશલાકામાં પ્રભુ ભક્તિ રૂપે આસપાસનો આડંબર છે. જ્યારે સાધારણ ઉભું કરવા માટે શાલિભદ્ર આદિ બનવું તે શાલિભદ્રની અવજ્ઞા અને અશકરી છે. કુમારપાળની આરતીના નામે જે ચાલે છે તે તદ્દન અજુગતું છે અને કુમારપાળને નામે શાસનને કલંક લગાડવાનું થાય છે. આરતી એક ઉતારે તે કુમારપાળની જેમ ઉતારે પણ કુમારપાળ બનવું તે માત્ર ભક્તિને નામે આશાતના છે. આરતીને બહલે કોડીયા દેવડા લેગા કરે અને જ્યાં ત્યાં તે નાંખી દે તે બધી આશાતના અને જીવ વિરાધનામાં પરિણમે છે, તેથી તેવી પ્રવૃત્તિથી સાધારણ કે શ્રાવક શ્રાવિકા ક્ષેત્ર માટે દ્રવ્ય એકઠું કરવું તે માર્ગ વિરૂદ્ધ છે.

કોઇ પણ સંઘના ખાતાઓ ઉપર મુજબની શાસ્ત્રીય પ્રણાલિકા મુજબ ચાલતા હોય છે તે તેમની વહી કે પહોંચો જોવાથી ખ્યાલ આવી જશે.

આ પહેલાં લેખાંકમાં રાખી રહેલી દેવ દ્રવ્ય આદિની વ્યવસ્થા બતાવી બીજા લેખાંકમાં તે અંગેના મંતવ્યો અને પાઠો વિગેરે રજુ કરીશ. અને ત્રીજા લેખાંકમાં પૂ.

પં. શ્રી ચંદ્રશેખર વિજયજી ગણિવરશ્રીએ લખેલ પુસ્તકના અવતરણો અને તે સાથે શાસ્ત્ર પાઠો અને પ્રશ્નોત્તરિકાઓ દ્વારા તુલના જણાવીશ જેથી સત્યાસત્યનો વિવેક કરવા વાંચકો સમર્થ બની શકે.

૨૦૫૦ માગશર વદ ૧૧
તા. ૯-૧-૯૪
હાસમપુરા તીર્થ (ઉજ્જૈન)

જિનેન્દ્રસૂરિ

શાસન સમાચાર

દીક્ષાર્થીનું બહુમાન

માગશર સુદ ૧૧ દિ. ૨૪-૧૨-૯૩ના દિવસે પ. પૂ. માલવદેશે સદ્ધર્મસંરક્ષક, ગચ્છાગ્રણી આ. શ્રી વિજય સુદર્શન સૂરિ. મહારાજા તથા પ્રવચનકાર મુનિરાજ શ્રી દર્શન રત્ન વિજયજી મહારાજ ના પ્રવચન હાન-સૂરિ જ્ઞાન મંદિર (કાલુપુર-અમદાવાદ) માં થયેલ, એ દિવસે અત્રેના ટ્રસ્ટી રિખવચન્દ ભાઈ છોગાલાલભાઇ (જોધપુર ગઢસિવાના વાલા) તરફથી સંઘપૂજન-ગુરૂપૂજન થયેલ. ખાસ એ દિવસે રાજસ્થાન (લાસ-સિરોહી) નિવાસી દીક્ષાર્થી કુલચન્દજી ભીકમચન્દજી પોરાના પરિવાર સાથે અત્રે પધારેલ હોવાથી તેમનું બહુમાન કરવામાં આવેલ. કુલચન્દજી તેમના ધર્મપત્ની તથા સુપુત્રી આશાકુમારી ત્રણે મહાસુદ ૮ ગુરૂવાર દિ. ૩-૨-૯૪ના દિવસે પોતાના જ ભાઈ તપસ્વી મુનિરાજ શ્રી મહિલષેણ વિજયજી મ.ની નિશ્રામાં દીક્ષા ગ્રહણ કરશે તથા એ પ્રસંગે પૂજ્ય ઉપાધ્યાય શ્રી નરચન્દ્ર વિજય-જી મહારાજ પણ સાવરકુંડલાથી ઉગ્ર વિહાર કરી પધારશે.

લાંબેશ્વરની પોળમાં સુભદ્રાબેનના ૧૦૦+૫૧ વર્ધમાન તપની ઓળી પ્રસંગે માગસર વદ ૫ ના સત્કાગત પૂ. શ્રી પધારેલ અને જિનવાણી શ્રવણ કરાવેલ.

સિરોહી (રાજસ્થાન) ૧૨ ડીસેમ્બર પૂ. આ. વિજય ગુણરત્ન સૂરીશ્વરજી મહા-રાજ વગેરે બે દીક્ષા માટે જાલોરથી વિહાર કરતા જાલોરના કલેક્ટર શ્રી રઘુપાલસિંહજી ધારીવાલે વિહાર કરીને ધાર્મિકતાની આશ્ચર્યકારક લાગણી બતાવી હતી. પૂ. શ્રી ૨ા દિવસમાં ૮૫ કિલોમીટરનો ઉગ્ર વિહાર કરીને સિરોડી પધોર્યા હતા, ત્યાં મુમુક્ષુ હંજા બેન અને વંદના બેનનો દીક્ષા મહોત્સવ ધામધૂમથી થયો. બન્નેના નામ અનુક્રમે સા. હેમાંગરેખાશ્રીજી અને સા. ધર્મરેખાશ્રીજી મ. આપવામાં આવ્યા છે. અને સા. પુણ્યરેખાશ્રીજીના પ્રશિષ્યા બન્યા. અહીં વિહાર કરીને માલગાંવ પધાર્યા છે.

મહેસાણા – શ્રી સંઘમાં પૂ. મુ. શ્રી રવિશેખર વિજયજી મ. ની નિશ્રામાં કા. વદ ૧૦ થી ઉપધાન શરૂ થયા છે.

o

"ધાર્મિક વહીવટ વિચાર" પુસ્તક પર પ્રશ્નોત્તરી પ્રવચન

(વિ.સં. ૨૦૪૯ પ્રથમ ભાદરવા વદ ૪ ને રવિવાર તા. ૫-૯-૯૩ ના રોજ શ્રી દાનસૂરિ જ્ઞાનમંદિરમાં પૂ. મુનિશ્રીએ આપેલ પ્રશ્નોત્તરી પ્રવચનનું સારભૂત અવતરણ અત્રે આપવામાં આવ્યું છે. સૌ કોઇ વાંચી સત્ય માર્ગ સમજે તેવી અભિલાષા. સંપા૦)

પ્રશ્ન (૧) "ધાર્મિક વહીવટ વિચાર" પુસ્તક અનુસાર ધાર્મિક વહીવટ કરવામાં વાંધો નથીને ?

પ્રશ્ન (૨) પૂ. આ. ક રવિચન્દ્ર સૂરી. મ. ના નામે સ્વપ્ન દ્વ કલ્પિત દેવદ્રવ્યમાં જવાની વાત આ પુસ્તકમાં છે, તો સાચું શું છે ? !

ઉત્તર :– આજના પ્રશ્નોત્તરી–પ્રવચનનો મુખ્ય વિષય પૂ. પ શ્રી ચંદ્રશેખર વિ. મ. લિખિત "ધાર્મિક વહીવટ વિચાર" નામનું પુસ્તક છે. તેનો ઉત્તર આપતા પહેલા મને સહજરૂપે પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર રચિત શ્રી સીમંધર સ્વામી સ્તવનની એક ગાથા યાદ આવી જાય છે.

આલંબન કૂડાં દેખાડી, મુગ્ધ લોકને પાડે; આણાભંગ તિલક તે કાળું, થાપે આપ નિલાડે.....

ભગવાન શ્રી અરિહંત પરમાત્માના તારક શાસનમાં નિર્દંભ, પ્રશસ્તકોટિના આલંબનો દર્શાવીને મુગ્ધલોકથી માંડીને બુધજનો સુધીના આત્માને તારવાનો માર્ગ બતાવ્યો છે; આજ સદીમાં આપણા શાસનમાં એવા સંખ્યાબંધ મહાપુરૂષો થઇ ગયા છે કે જેઓએ આ જ માર્ગે અનેક આત્માઓને મોક્ષમાર્ગમાં સ્થાપન કર્યા છે. આજે પણ ભવભીરૂ, ગીતાર્થ ગુરૂભગવંતો પૂર્વાચાર્યોના પગલે ચાલતા રહી લોકોને આત્મકલ્યાણનો રાહ બતાવે છે. આમ છતાં ભૂતકાળમાં એવા પણ માર્ગદર્શકો (!) થઇ ગયા છે કે જેઓએ કૂડાં–તરકટી આલંબનો બતાવી મુગ્ધ લોકોને પાડવાનો ધંધો કર્યો છે. આવા માર્ગલોપકો અને પરિવર્તકોને નજર સમક્ષ રાખીને પૂ. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ ફરમાવ્યું છે કે "કૂડાં–તરકટી આલંબનો બતાવી–બતાવીને જે ઉપદેશકો મુગ્ધ જીવોને સન્માર્ગથી પતિત બનાવે છે તેઓ ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાનો ભંગ કરવા સ્વરૂપ કાળું તિલક પોતાના કપાળે ચોંટાડે છે." પોતાનો કોઇને કોઇ સ્વાર્થ કે મદને પોષવા માટે મુગ્ધ લોકોના આત્મા સાથે ચેડાં કરે છે, એવા ઉપદેશકોને જિનાજ્ઞાભંગનો ભય રહેતો નથી. તેથી પોતાના કપાળને શોભાવે તેવું તિલક થઇ રહ્યું છે કે કલંકિત બનાવે તેવું તિલક થઇ રહ્યું છે તેની દરકાર તેઓ રાખતા નથી.

મસ્તીથી તેઓ ઉન્માર્ગનું સંચાલન કરતા રહે છે.

જે પુસ્તક ઉપર આપણે વિચાર કરવાનો છે તે પુસ્તક પણ કૂડાં-તરકટી આલંબનોથી ખદબદે છે. મુગ્ધ જીવોને આમાં ભોગ લેવાઇ જવાનો છે. આ પુસ્તક સકળ શ્રી સંઘ સાથે ખતરનાક ભેદી ચાલ રમી રહ્યું છે. પુસ્તકના નામ ઉપરથી તો લોકો એમ સમજે છે કે આમાં ધાર્મિક વહીવટ અંગે વિચારણા કરવામાં આવી હશે ? પણ ના આમાં ધાર્મિક વહીવટનો વિચાર કરવા કરતા ધાર્મિક વહીવટને વટલાવવાનો હીન પ્રયાસ કરવામાં આવ્યો આ પુસ્તકનું ખરૂં નામ "ધાર્મિક વહીવટ વિચાર" નહિ, પણ "ધાર્મિક વહીવટ વટાળ" છે,

આજ સુધી શાસ્ત્ર અને શાસ્ત્રમાન્ય સુવિહિત પરંપરાને અનુસરીને ચાલતા ધાર્મિક વહીવટને ગનૂનપૂર્વક વટલાવવાના ભૂતપૂર્વ (ના, આ અભૂતપૂર્વ પ્રયાસ નથી.) પ્રયાસનું પુનરાવર્તન થઇ રહ્યું છે. પુનરાવર્તન કરનારા આ વિદ્વાનો એક સમયે એનો જ વિરોધ કરતા હતા. આજે તેઓ મતિભ્રમ કે ચિત્તભ્રમનો ભોગ બન્યા છે. ભ્રમિત અવસ્થાના કારણે તેઓ કઇ દિશામાં જઇ રહ્યાં છે તેની તેઓને ખબર નથી. કદાચ એ દિશા તેમને ઇષ્ટ પણ હોય ?

સંબોધપ્રકરણ નામના ગ્રન્થરત્નના નામે લેખકે અફલાતૂન ગપ્પાબાજી ચલાવી છે. આ પુસ્તકમાં એકનાં એક ગપ્પાને વારંવાર દોહરાવીને ગપ્પાને સાચુ બનાવવાનો તેમણે ભગીરથ પ્રયાસ કર્યો છે. મુગ્ધજીવોને છેતરવામાં કદાચ તેઓ સફળ બન્યા હશે ? પણ અફસોસ, બુધજીવોની બુદ્ધિભેદ કરવામાં તેઓ સરીયામ નિષ્ફળ બન્યા છે. મને પૂછતા હો તો હું કહીશ કે આ પુસ્તક ફકત મુગ્ધજીવોને ભ્રમમાં નાંખે તેવું છે. અમને કશો ભ્રમ પેદા થતો નથી.

પુસ્તક ખોલતાંની સાથે શરૂઆતમાં જ તમને એક શ્રેષ્ઠ ગપ્પું નજરે ચઢશે "જિનેશ્વરદેવના દેહની પૂજા માટે મળતુ જે દ્રવ્ય તે પૂજા દેવદ્રવ્ય કહેવાય. પરમાત્માની સામે જે ભંડાર રખાય છે તેમ આ હેતુથી ભકતજનો પૈસા નાંખતા હોય છે." દેશસરમાં દર્શનાર્થે કરવા જાવ ત્યારે તમારામાંના મોટાભાગના માણસો ભંડારમા પૈસા નાંખતા હશો. આ તમારા અંતર્યામી લેખકશ્રીએ તો તમારૂં અંતર વાંચીને કહી દીધું કે તમે લોકો ભગવાનની પ્રતિમાની પૂજા કેસર વગેરેથી થતી રહે માટે તમે ભંડારમાં પૈસા નાંખો છો ! પણ હું તમને જ પૂછું છું કે તમે કયા આશયથી ભંડારમાં પૈસા નાંખો છો ?

શું તમે લોકો ભગવાનની પૂજાના દ્રવ્યો લાવી શકાય તે માટે ભંડારમાં પૈસા નાંખો છો ? તમારા હૃદયના આશયને તો તમે જાણી શકો છો ને ? ભગવાનની સામે રાખવામાં આવતા ભંડારના પૈસાથી જો ભગવાનની પૂજાના દ્રવ્યો લાવી શકતા હોત તો પૂજાની સામગ્રી લાવવા માટે અલગ પૈસા ભેગા કરવાની જરૂર જ કયાં છે ?

પછી તો પૂજાના દ્રવ્યો લાવવાં માટેની સમસ્યા કોઇ દેરાસરને નડત જ નહી. દેરાસરના ભંડાર ઉપર નજર બગાડતા અમારા જેવા શ્રાવકો પણ ઘુજે છે. લેખકશ્રી બે વિષયમાં સંપૂર્ણ નિર્ભય લાગે છે. ભગવાનના પૂજન રૂપે ચઢાવેલાં કે ચઢાવવા માટેના પૈસા ભંડારમાં નાંખવામાં આવે છે આ વાત નિર્વિવાદ રીતે બધા માણસો સમજે છે અને એ મુજબ જ પ્રવૃત્તિ કરે છે. તેને કોઇપણ રીતે પૂજા દેવદ્રવ્યના પ્રકારમાં લઇ જઈ શકાય નહિ.

સભા૦ ભંડાર ઉપર "આ પૈસામાંથી પ્રભુ પૂજનની સામગ્રી લાવવામાં આવશે" એવું લખાવી દેવામાં આવે પછી વાંધો ખરો ?

પ્રવચનકાર૦ સાડી સત્તરવાર વાંધો છે- આવું લખી–લખીને ભંડારના પૈસે તમે તમારા દિકરા-દિકરીના લગન પણ કરશો. એકવાર નજર બગડયા પછી શું શું ન થાય તે કહેવાય નહિ. આવું કાંઇ પણ ચલાવી ન લેવાય. પ્રભુ પૂજનની સામગ્રી લાવવા માટે અલગ પૈસા નાંખવાનો ભંડાર કેટલાક દેરાસરોમાં જુદો એક જગ્યાએ રાખવામાં આવે જ છે. કેટલીક જગ્યાએ સાતક્ષેત્રની પેટી પણ અલગથી રાખવામાં આવે છે.

સભા૦ ભગવાનના પૈસા ભગવાનની ભક્તિમાં કામ ન આવે તો શું કામના ?

પ્રવચનકાર૦ ભગવાનના પૈસે "ભગવાનની ભક્તિ" કરનારો ભકત કહેવાય કે લબાડ કહેવાય ? ખોટી દલીલો ન કરો. ભગવાનની સામે રાખવામાં આવતાં ભંડારના પૈસા જિર્ણોધ્ધાર આદિમાં કામ લાગી શકે. ભગવાનની ભકિત માટેના દ્રવ્યો લાવવા માટે એ પૈસા લોકો ભંડારમાં નાંખતા નથી. એમાં તો પૂજનરૂપે સમર્પિત થયેલા પૈસા નાંખવામાં આવે છે. આ વાત એકદમ સ્પષ્ટ હોવા છતાં ભગવાનના ભકત જનોનાં નામે ખોટી વાતો ચલાવવી બરાબર નથી. જે માણસ તમારા નામે આસાનીથી ગપગોળા હાંકી શકે છે. તે માણસ શાસ્ત્ર અને શાસ્ત્રકારોના નામે તો કેવા અને કેટલા ગપ્પા ચલાવે તેનો તમે પોતે જ વિચાર કરી લો.

કલ્પિત દેવદ્રવ્યના વિષયમાં તો લેખકશ્રીએ હાટ વાળ્યો છે. કલ્પનાના ઘોડા દોડાવીને રેસ જીતવાના તેઓ સ્વપ્ના જૂએ છે. આ કલ્પનાઓ પણ તેમણે પં. શ્રી કલ્યાણ વિ.ગ. પાસેથી ઉધાર લીધી છે. તેમના વિચારો કેટલા જૈનશાનની નીતિથી વિરૂદ્ધ હતા તે આજે પણ તેમના વિધાનો વાંચવાથી સમજી શકાય છે. આ લેખકશ્રીના પૂર્વજો–ગુરુવર્યોને પં. શ્રી કલ્યાણ વિ. ગ. કેટલાક વિચારો શ્રદ્ધા હીન લાગ્યા હતા. આજે. તેમનાજ વારસદાર આ લેખકશ્રી ને એમનામાં સંશોધક સાધુ તરીકેનું દર્શન થઈ રહ્યું છે આ વિધિની વકતા નહિ તો બીજુ શું છે.

પં. શ્રી કલ્યાણ વિ. ગ. ની આંગળી ઝાલીને તેઓ બોલીના દ્રવ્યને કલ્પિત દેવદ્રવ્યમાં લઇ જવા મથી રહ્યા છે તેઓ તમને સમજાવી રહ્યાં છે; "છે ને તે

ચૈત્યવાસીઓના કાળમાં દેરાસરના નિભાવ માટેની રકમનો દુરૂપયોગ થવા માંડયો એટલે લોકોએ ધન આપવું બંધ કર્યું. એટલે પછી દેરાસર ચલાવવા માટે બોલીઓ બોલાવવાની શરૂઆત થઇ, સમજી ગયા ? તેથી બોલીની રકમથી દેરાસરનો નિભાવ કરો તો પાપ ન લાગે હોં કે. જાવ, હવે તમતમારે વહીવટ કરે રાખો.''

આ કલ્પનાનો મસાલો તેમણે જેમની પાસેથી ઉછીનો લીધો છે તે પં. શ્રી કલ્યાણ વિ ગ. નો એક લેખ પણ તેમણે પોતાની ચોપડીમાં ફટકારી દીધો છે. પાછળથી ગમે તે રીતે થોડો ગુરૂગમ મળી જતાં તેમણે શુદ્ધિપત્રકમાં (આ શુદ્ધિપત્રક પુસ્તકમાં એવી રીતે છપાયુ છે કે વાચકને ઝટ નજરે પડે તેવું નથી. તેમાં ફકરાનાં ફકરા તેમણે રદ કર્યા અને ઉમેર્યા છે. આવી મહત્વની ઘટના વિષે તેમણે પુસ્તકની શરૂઆતમાં ઉલ્લેખ માત્ર નથી કર્યા. આથી વાચક શુદ્ધિપત્રકની મદદ વિના જ ચોપડીનો માલ મગજમાં ભરી દે તેવી પૂરી શકયતાં છે) રમૂજી ખુલાસો કર્યો છે. આખા ફકરાને ત્રણ ભાગમાં વહેંચો તો બરાબર સમજાશે.

સૌથી પહેલાં ''બોલી ચડાવાની શરૂઆત કયારથી થઇ ? આ લેખનો વિચાર એ તેના લેખકનું (પં. શ્રી. કલ્યાણ વિ. ગ.) એક અનુમાન છે.'' આમ કહીને તેમણે છટકી જવાનો પ્રયાસ કર્યો છે. પણ ઉંડે ઉંડે પોતાને એ વાત ઉપર શ્રદ્ધા છે તે દર્શાવવા માટે આગળ લખે છે કે, ''ચિંતન કરતાં મને પણ એ વાત પ્રામાણિક લાગે છે.'' છેલ્લે કોઇ પોતાના ઉપર તૂટી ન પડે માટે તેમણે પૂર્ણાહુતિ કરતા લખ્યું; ''છતાં જો અન્ય ગીતાર્થ ભગવંતો અન્ય અભિપ્રાય ધરાવતા હોય અને તે તાત્ત્વિક રીતે યોગ્ય જ હોય તો તેનો જ સ્વીકાર કરવો જોઇએ.'' તમને આખો પેરેગ્રાફ બરાબર સમજાઇ ગયો ? એક મોટા વિવાદમાં સપડાઇ ગયા બાદ જુદી જુદી દિશાઓમાં મુખ રાખી, અલગ–અલગ અદાઓમાં ખુલાસો કરતાં રાજકારણી નેતાનું કાર્ટુન તમે જોયું હશે તો આ પેરેગ્રાફ સમજવામાં તમને વધુ અનુકૂળતા રહેશે.

સભા૦ આપના ગુરૂ મહારાજે પણ સ્વપ્ન બોલીને કલ્પિત દેવદ્રવ્યમા લઇ જવાનું તેમના પ્રશ્નોત્તરમાં જણાવ્યું જ છે. તેમનું વચન પણ આપને માન્ય નથી ?

પ્રવચનકાર ૦ તમારો સવાલ તો મારા હાથમાં પડયો. એનું સ્પષ્ટીકરણ કરવા માટે તો ખાસ જાહેરાત પૂર્વક આ પ્રશ્ન હાથમાં લીધો છે. મારા ગુરૂદેવ પૂ. આ. ભ. શ્રી. વિજય રવિચંદ્રસૂ. મ. લિખિત પ્રશ્નોત્તર કર્ણિકા વિભાગ (કલ્યાણ) માં આ પ્રશ્નોત્તર પ્રગટ થયો હતો. વિ. સં. ૨૦૪૧ ની સાલમાં તેઓશ્રીને જીવલેણ અકસ્માત નડયો. એ સમયે હાથ પણ જાતે ન હલાવી શકે એવી સ્થિતિમાં સમાધિ-સર્જક ગ્રન્થોના શ્રવણની સાથે સાથે તેઓશ્રીએ પ્રશ્નોત્તર કર્ણિકાના પ્રગટ અને અપ્રગટ મેટરને શુદ્ધ કરવાનું કામ પણ હાથ ધર્યું હતું. (ક્રમશઃ)

શાસ્ત્રીય વિચારણા કરવાની પોતાની અશક્તિ દર્શાવી કે–મારે તો પૂ. રામસૂરિ મ. ડહેલાવાળાની આજ્ઞા સિવાય શાસ્ત્રીય વિચારણા કરવા પણ બેસાય નહિ.' તેમની આવી વાત સાંભળીને ત્યાં તે વખતે હાજર રહેલા બધાને બહુ આશ્ચર્ય થયું, પરન્તુ તેઓ તો પોતાની તે વાતમાં મક્કમ જ રહ્યા અને શાસ્ત્ર દ્વારે વિચારણા કરવાનું ટાળ્યું હતું. અને આ રીતે આ ઠરાવોની શાસ્ત્રીયતા પૂરવાર કરવાની તક તેમણે જતી કરી હતી. આ વાત ત્યાં હાજર રહેલાઓ સૌ કોઇ સારી રીતે જાણે છે.

જિજ્ઞાસા – જો આમ જ હોય તો પ્રસ્તુત ચોપડીમાં પાછો તેમણે એ ઠરાવોનો હવાલો કેમ આપ્યો ?

તૃપ્તિ – જ્યારે સંમેલનમાં જોડાયેલા પણ અનેક આચાર્યોએ એ ઠરાવોને અમાન્ય જાહેર કર્યા છે, કેટલાક પૂ. આચાર્ય મહારાજાઓ એમાંથી બહાર નિકળી ગયા છે અને બાકીના પણ બધા આચાર્યો એ ઠરાવો વિષે તદ્દન મૌન જાળવે છે અને એ ઠરાવોનો અમલ તો મોટા ભાગે કર્યો નથી ત્યારે શ્રી ચંદ્રશેખર વિ. મ. એ ભૂલાઇ ગયેલા ઠરાવોને આગળ કર્યા છે તેની પાછળ તેમનો શું ભાવ હશે તે અંગે આજ સુધીની તેમની કાર્ય શૈલીના અનુભવી વાચકો સ્વયં વિચારે એ જ વધુ યોગ્ય ગણાશે. બાકી તે ઠરાવો કોઇ પણ રીતે શાસ્ત્રીય ઠરતા નથી તે વાત તો નિશ્ચિત જ છે.

(જિનવાણી તા. ૧૫-૧૦-૯૩)

શ્રી ધીરવીર

આપનો જૈન શાસન વર્ષ ૬ અંક ૧૫ નો લેખ ઇષ્ટફલ સિધ્ધિ વિશે વાંચ્યો તેના અનુસંધાનમા જણાવવાનું કે અમારા પૂજ્ય હિતસ્વી શ્રી ભુવનચંદ્ર વિજયજી મ. હાલનવાખત્ર છે તેમણે મને જણાવેલ કે તે વખતે પૂ. ભુવનભાનુ સૂ. મ. પૂ. ગચ્છાધિપતિ પૂ. રામચંદ્ર સૂ. મ. એક જ ગચ્છના ગણાતા હોવાથી અંદરો અંદરની પ્રરુપણાઓ તે અંગેના વિવાદથી બીજા લાભ ન ઉઠાવે તેથી તે સંબંધી વધુ ચર્ચા ન કરતાં સમેટી લીધું હતું ને તે સંબંધી કાંઇ જાહેરમા લખવું બોલવું નહીં કે જેથી શાસન (શાસનપક્ષ) ની અપભ્રાજના થાય તેથી જિનવાણી પાક્ષિકમાં કે જૈન શાસનમાં છપાયેલ નહી કે જેથી તેનો મનફાવેતો અર્થ કરી પાછો વિવાદ-વાદ ચકડોળે ચડાવાય નહિ તે હિસાબે ગચ્છાધિપતિ શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. મૌન રહ્યા. હોબાળાને ઉત્તેજન ન મળે તેથી તે આપને જાણ ખાતર જણાવ્યું છે.

૧૪ જૈન ભવન
૪૭ મહાત્મા ગાંધી રોડ
વિલેપાર્લે વેસ્ટ મુંબઇ-૫૭

હીરાલાલ શાહ

- ખાવા મળે-તો પણ ન ખાવું તેનું નામ તપ! સારું ખાવા તપ કરવો તે પેટ ભરવાનો ધંધો!
- શ્રાવક-શ્રાવિકા આગળ વિરાગના વર્ણન કરવા પડે અને રાગની ભયાનકતા સમજાવવી પડે. તે જૈનકુળમાં જનમવા છતાં ભારે પાપોદય છે.
- રાગ તે જ ઉપાધિ. રાગી કદિ સુખમાં-શાંતિમાં હોય જ નહિ. રાગી તો હંમેશનો દુઃખી.
- શ્રાવકને સંસારની કોઇ ચીજ પર, સંસારના કોઈ પદાર્થ પર રાગ ન હોય પણ દ્વેષ હોય. તેમ તે કોઇ પણ વ્યક્તિ પર દ્વેષી ન હોય. ભયંકર નુકશાન કરે તેના પર પણ દ્વેષ ન કરે. 'अपराधीशुं पण नवि चिंतवीओ प्रतिकूळ' આ જ ભાવના ભાવે અને વિચારે કે-'કેવા ભયંકર પાપ કરે છે! કયારે પાપ કરતો અટકે.'
- જે જીવ રાગની પીડા સમજે તેને જ વિરાગનો અપ પડે. રાગના પ્રતાપે ખરાબ ગતિમાં જ જવું પડે આ શ્રધ્ધા થાય તો જ વિરાગ આવે. 'હું આત્મા છું, પુણ્ય-પાપ છે, પુણ્ય કરે તો સારી ગતિ મળે, પાપ કરે તો ખરાબ ગતિ જ મળે' આમ ન થાય તો શ્રધ્ધા થાય નહિ.
- આ શરીર તે જ બંધન છે, ખરેખર સંસાર પણ તે જ છે, આત્માને ખરાબ કરનાર, આત્મા પાસે પાપ કરાવનાર પણ તે જ છે. આ શરીરને ભૂંડું માને તે જ શરીર પાસેથી કામ કાઢી શકે. બાકી આ શરીરને સારું માને તે શરીર માટે અનેક પાપ કરે. તેવો જીવ જો સાધુ થયો હોય, તો તમે જેવાં પાપ ન કરો તેના કરતાં અનેક પાપ શરીર માટે તે કરે. અને તમારા કરતાં ય ભયંકર ગતિ તેની થાય.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

૫૨૬૦

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૬	૨૪

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ
શ્રી મહાવીર જૈન આરાધના

–: તો જ વિપત્તિ ન આવે :–

चित्तरत्नमसंकिलष्टमान्तरं
धनमुच्यते ।
यस्य तेन्भुषितं दोषैस्तस्य
शिष्टा विपत्तयः ।।

રાગાદિ સંક્લેશોથી રહિત એવું ચિત્તરત્ન એ આંતરિક ધન કહેવાય છે, [રાગાદિ] દોષો વડે જેનું તે ધન ચોરાય છે તેને જ વિપત્તિઓ આવે છે.

卐 જ્ઞા ન ગુ ણુ–ગં ગા 卐

–શ્રી પ્રજ્ઞાંગ

–: શ્રી સિદ્ધ પ્રાભૃત ગ્ર-થમાં કહેલ સિદ્ધ જીવોના અલ્પ બહુત્વનો નિશેષ વિચાર :–

૧ વેદ દ્વાર :– નપુંસક સિદ્ધ–૧૦, તેથી સ્ત્રી સિદ્ધ સંખ્યાત ગુણ–૨૦ (સિદ્ધ પ્રાભૃતની પ્રાચીન ટીકાકારના મતે–૧૦), તેથી પુરુષ સિદ્ધ સંખ્યાત ગુણ–૧૦.

૨ નિરન્તર સમય દ્વાર :– આઠ સમય સુધી સિદ્ધ થયેલા અલ્પ, તેથી સપ્ત સામયિક સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી સામયિક સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી પંચ સામાયિક સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી ચતુઃ સામયિક સિદ્ધ સંખ્યાતગુણ, તેથી ત્રિસામયિક સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી દ્વિ સામયિક સિદ્ધ અનંતગુણ.

૩. એક સમય સિદ્ધિ સંખ્યા દ્વાર :– ૧૦૮ સિદ્ધ અલ્પ, ૧૦૭ સિદ્ધિ અનન્ત ગુણ યાવત્ ૫૦ સિદ્ધ અનંતગુણ, ત્યારબાદ ૪૯ સિદ્ધ અસંખ્ય ગુણ, તેથી ૪૮ સિદ્ધ અસંખ્ય ગુણ યાવત્ ૨૫ સિદ્ધ અસંખ્ય ગુણ, તેથી ૨૪ સિદ્ધ સંખ્યગુણ, તેથી ૨૩ સિદ્ધ સંખ્યગુણ યાવત્ ૧ સિદ્ધ સંખ્યગુણ.

૪. અનન્તરાગત સિદ્ધ સંખ્યા દ્વાર :– મનુષ્ય સ્ત્રીથી આવેલ અલ્પ, તેથી મનુષ્યથી આવેલ સંખ્યાત ગુણ, તેથી નારક સિદ્ધ સંખ્યગુણ, તેથી તિર્યંચી સિદ્ધ સંખ્યગુણ, તેથી તિર્યંચ સિદ્ધ સંખ્ય ગુણ, તેથી દેવી સિદ્ધ સંખ્ય ગુણ, તેથી દેવ સિદ્ધ સંખ્ય ગુણ.

૫. ઇન્દ્રિય દ્વાર :– એકેન્દ્રિયાગત સિદ્ધ અલ્પ, તેથી પંચેન્દ્રિયાગત સિદ્ધ સંખ્યાત ગુણ.

૬. કાય દ્વાર :– વનસ્પતિ સિદ્ધ અલ્પ, તેથી પૃથ્વી કાય સિદ્ધ સંખ્ય ગુણ તેથી અપૂકાય સિદ્ધ સંખ્ય ગુણ, તેથી ત્રસકાય સિદ્ધ સંખ્ય ગુણ.

(ક્રમશઃ)

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબ

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

-: તંત્રીઓ :-
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (પાલનપુર)
ચાંદમલ પદમશી મુઢકા (થરાદ)

વર્ષ ૬] ૨૦૫૦ પોષ સુદ-૧૩ મંગળવાર તા. ૨૫-૧-૯૪ [અંક ૨૪]

-: મોક્ષના ઉપાયભૂત ધર્મ :-

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા

પ્રવચન-છઠું (ગતાંકથી ચાલુ)

જત્થ ય વિસયવિરાઓ કસાયચાઓ ગુણેસુ અણુરાઓ.

કિરિયાસુ અપમાઓ સો ધમ્મો સિવસુહોવાએ.

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓ જેવા જગતમાં કોઇ ઉપકારી થયા નથી અને થશે નહિ. તેમની આજ્ઞા મુજબ જીવે તે બીજે નંબરે ઉપકાર કરી શકે. તે શ્રી અરિહંત પરમાત્માના માર્ગે ચાલનારા સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા હોય તે બધા મોક્ષમાર્ગના મુસાફર છે. સાધુ-સાધ્વી સંસારના ત્યાગી હોય, શ્રાવક-શ્રાવિકા સંસારમાં રહેલા હોય તો પણ તેમના હૈયામાં 'સંસાર કયારે છૂટે, કયારે છૂટે' તે ભાવના હોય તેથી તે ય મોક્ષમાર્ગના મુસાફર ગણાય. સાધુઓ વિષયના ત્યાગી છે. શ્રાવકો વિષયના વિરાગી છે. કષાયનો ત્યાગ કરવાની ભાવનાવાળા છે. ગુણમાત્રના રાગી છે અને ગુણપ્રાપક ક્રિયામાં અપ્રમત્ત જોઈએ. માટે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા હજી સંસારમાં હોય તો ય મોક્ષમાર્ગની મુસાફરી કરે છે તેમ કહેવાય.

તમે બધા મોક્ષમાર્ગની જ સાધના કરી રહ્યા છો તેમ કહું ને ? સંસાર માર્ગની સાધના કરતા નથી ને ? તમારાથી સાધુ થઈ શકાતું નથી માટે થતા નથી પણ સાધુ થવાની ભાવના છે તેમાં શંકા છે ખરી ? આ ભવમાં સાધુપણું ન પામી શકો તો જતી વખતે પરિવારને કહીને જવાના કે-'આ સંસારમાં ફસી ગયો. સંસાર ન છોડી શકયો. સંસાર છોડવા જેવો જ છે. સાધુ જ થવા જેવું છે. મારા જેવી ભૂલ તમે ન કરતા.' તેમ મરતા મરતા કુટુંબને કહીને જવાના ને ? ગૃહસ્થપણામાં મરવું [illegible] તેનું દુઃખ થશે ને ?

આવી સુંદર ધર્મ સામગ્રીવાળો મનુષ્યભવ મળ્યો. શ્રી અરિહંત પરમાત્મા જેવા દેવ મળ્યા, નિર્ગ્રન્થ ગુરુ મળ્યા. ભગવાનનો સર્વત્યાગમય ધર્મ મળ્યો, 'આ સંસાર રહેવા જેવો નથી, મોક્ષ જ મેળવવા જેવો છે તે માટે સાધુ જ થવા જેવું છે' આવું અનેકવાર સાંભળવા છતાં પણ આ સંસાર છૂટી શક્યો નહિ તેનું તમને મરતાં મરતાં પણ દુઃખ નહિ થાય ? આ સંસાર રહેવા જેવો નથી, ન છોડી શકાય તે જુદી વાત છે પણ છોડવાની ભાવના કેવી જ જોઈએ તેમાં શંકા નથી ને ? ભગવાનના શાસનમાં સાધુ-સાધ્વી જેમ મોક્ષમાર્ગની આરાધના કરે છે તેમ શ્રાવક-શ્રાવિકા પણ મોક્ષમાર્ગની આરાધના કરે છે. સાધુ ધર્મ જેમ મોક્ષ માટે છે તેમ શ્રાવક ધર્મ પણ મોક્ષ માટે જ છે ને ? મોક્ષમાર્ગને પામવા શ્રાવક ધર્મ છે ને ? અસલ મોક્ષમાર્ગ સાધુ ધર્મ જ છે. તેની શક્તિ નથી માટે તેવી શક્તિ મેળવવા માટે શ્રાવક ધર્મની આરાધના કરવાની છે માટે શ્રાવક ધર્મ પણ મોક્ષ માર્ગ છે.

પ્ર૦ મોક્ષમાર્ગની આરાધના દીક્ષા લીધા વિના કરી શકાય ?

ઉ૦ હા. સાધુ ધર્મ પાળવાની શક્તિ નથી પણ તે શક્તિ પેદા કરવા માટે શ્રાવક-ધર્મની આરાધના કરવાની છે.

જુઓ સાધુધર્મની પ્રાપ્તિ વિના કદી મોક્ષ મળે જ નહિ. ઘરમાં પણ જે જીવો કેવળજ્ઞાન પામ્યા તે ભાવથી પણ સાધુપણું પામીને. બધાને ઘર ગમતું નથી, પૈસા-ટકા ગમતા નથી પણ ન છૂટકે બધું કરો છો ને ? ધર્મીથી ભીખ માગીને ખવાય નહિ માટે પૈસા પણ જોઈએ. પણ તે નીતિમાર્ગે મેળવે, અનીતિ માર્ગેથી નહિ. આવી સમજ ન હોય તો તેને શ્રાવક પણ શી રીતે કહેવાય ?

પ્ર૦ શ્રેણિક મહારાજાએ દીક્ષા ન લીધી તો ય તીર્થંકર નામ કર્મ બાંધ્યું ને ?

ઉ૦ શ્રી તીર્થંકર નામ કર્મ બાંધવું તે જુદી વાત છે અને સાધુ ધર્મ જુદી વાત છે.

સમકિતી જીવ તીર્થંકર નામ કર્મ બાંધે. પણ સાધુ ધર્મ પામ્યા વિના વીતરાગતા આવે નહિ, કેવળજ્ઞાન થાય નહિ. તે પામવા ય શ્રાવક ધર્મની આરાધના છે. તમને બધાને સાધુધર્મ પામવાની ભાવના ખરી કે નહિ ?

તમે બધા શ્રી નવકાર મહામંત્ર ગણો છો. તેમાં પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરો છો. તે નમસ્કાર પણ સઘળા ય પાપના નાશને માટે કરવાનો છે. આ પાંચે ય પરમેષ્ઠી ભગવંતોને કરેલો નમસ્કાર સઘળાય પાપનો નાશ કરનાર છે. આમ જાણનારને મોક્ષની ઇચ્છા ય ન હોય તેવું બને ? સઘળાય પાપ નાશ કરવા છે ને ? સંસારમાં કોણ રહે ?

પાપનો ઉદય હોય તે. સઘળા ય પાપના નાશની ઇચ્છાથી શ્રી નવકાર મંત્ર ગણનારને સમકિત પણ આવે, દેશવિરતિ પણ આવે અને પછી સાધુપણું પામી, આજ્ઞામુજબ પાળી સઘળા ય પાપનો નાશ કરી ઠેકાણે પડી જાય. આ સમજે તે નવકાર કેમ ગણે ?

પ્ર૦ સાધુપણું લીધા પછી અવશ્ય મોક્ષ મળે જ ?

ઉ૦ સાધુપણું લીધા પછી સાધુપણું બરોબર આવ્યું હોય તો તો આઠમા ભવે તો મોક્ષ મળે જ.

મોક્ષની ઇચ્છા પણ થઇ જાય તો મોક્ષ મળવાનો જ છે તેમાં શંકા રાખવાને કારણ નથી. મોક્ષ મેળવવા જેમ પાપ કાઢવું પડે તેમ પુણ્ય પણ કાઢવું પડે. પુણ્ય-પાપનો સંપૂર્ણ ક્ષય થાય તો મોક્ષ મળે. આપણે હજી પુણ્ય પણ જોઇએ છે કેમ ? મોક્ષસાધક ધર્મસામગ્રી મળે માટે. સંસારની મોજમજાની સામગ્રી માટે પુણ્ય જોઇતું હોય તો તે બધા મિથ્યાદૃષ્ટિ જીવો છે. મોજમજાદિ માટે પુણ્ય જોઇએ તે શ્રાવક પણ નથી

પ્ર૦ ચોપડામાં તો લખીએ કે-ધન્ના શાલિભદ્રજીની રિદ્ધિ હોજો.

ઉ૦ તેમની રિદ્ધિ જ એવી હતી કે તે રિદ્ધિ જ વિરાગ પેદા કરે. જ્યારે તમારી તો રિદ્ધિ પણ એવી છે કે તમને વિરાગ પેદા થતો નથી.

તમારે પૈસા પણ શા માટે જોઇએ છે ? ધર્મ કરવા માટે પણ પૈસા કમાવાની ભગવાને મના કરી છે. ધર્મી ગણાતો ભીખ માગીને ખાય તો ધર્મની નિંદા થાય. માટે ધર્મી જીવ આજીવિકા માટે કમાવવું પડે તો નીતિપૂર્વક કમાય. તેનો હેતુ શું હોય કે -આજીવિકા ચાલુ રહે તો ધર્મની આરાધના સારી રીતે કરી શકું. તાકાત આવે તો સાધુ થઇ, વીતરાગ થઇ ઝટ મોક્ષે ચાલ્યો જાઉં.-આ ભાવના તમારામાં હોવી જોઇએ.

અમે અને તમે બધા મોક્ષમાર્ગના આરાધક જ છીએ. તમે સંસારના આરાધક છો કે મોક્ષના ? તમારે સંસાર વધારવો છે કે ઝટ મોક્ષે જવું છે ? સંસાર છૂટ્યા વિના મોક્ષ મળે નહિ. સાધુ પણ વીતરાગ ન થાય ત્યાં સુધી કેવળજ્ઞાન ન પામે. યોગનિરોધ ન કરે તો મોક્ષે ન જાય. સંસાર તો ચાલુ છે. ધર્મ બરાબર ચાલવો જોઇએ. ધર્મ બરાબર ન ચાલે, અને સંસાર બરાબર ચાલે, સંસારની સાધના બરાબર કરે તો તે મોટો શ્રીમંત પણ મહાપાપી છે. મહારંભ અને મહાપરિગ્રહ મોટા પાપ છે ને ? સંસારની સાધના ગમે તેને ધર્મની આરાધના ગમે નહિ. પાસે મંદિર હોય તો ય ન જાય અને પેઢી દૂર હોય તો રોજ જાય. સંસારના આરાધક કદી મોક્ષના આરાધક ન બને. શ્રાવક-શ્રાવિકા પણ સંસારના આરાધક નહિ પણ મોક્ષના જ આરાધક હોય.

સંસાર તમારા આત્માને કાંઇ નુકશાન ન કરી શકે તેમ કરવું હોય તો સંસાર ઉપર રાગ નહિ પણ સંસાર ઉપર દ્વેષ જોઇએ અને મુકિત ઉપર રાગ જોઇએ. આવી દશા આવે તો સંસાર કાંઇ નુકશાન ન કરી શકે. મુકિતનો રાગ હોય એટલે સંસાર ઘસાવા માંડે અને મુકિતની પ્રાપ્તિ થાય.

શ્રાવકો સંસારના વિરાગી અને મોક્ષના જ રાગી હોય. શકિત નથી માટે ઘરમાં રહ્યાં છે. શકિત આવશે એટલે સાધુ થશે. તે માટે જે કાંઇ ધર્મ કરે તે મોક્ષમાર્ગની આરાધના છે. સંસારમાં સુખી થવા, લહેર કરવા ધર્મ કરે તો તે સંસારના આરાધક છે.

આજે તમે બધા ધર્મ શા માટે કરો છો તે પૂછવું પડે તેમ છે. તમે મંદિરે કેમ જાવ છો ? ભગવાનની પૂજા કેમ કરો છો ? સાધુની સેવા કેમ કરો છો ? વ્યાખ્યાન કેમ સાંભળો છો ? આ બધામાં ટાઇમ બગાડો છો કેમ ? તો તમે કહો ને કે–અમે તે બધો ટાઇમ બગાડતા નથી પણ ટાઇમ સફળ કરીએ છીએ. કેમકે, અમારે પણ તે માર્ગે જવું છે. તેવો જ જવાબ આપો ને ? તમારી ઇચ્છા શી છે ? વહેલા મોક્ષે જવાની કે સંસારમાં મજા કરવાની ?

પ્ર૦ મોક્ષ ન મળે ત્યાં સુધી સંસાર સારો રહે તે ગમે ને ?

ઉ૦ સંસાર સારો એટલે શું ? પૈસા વધારે આવે તો શું કરવું છે ?

શાસ્ત્રે તો કહ્યું છે કે, સુખી ધર્માત્માને પહેલાં મંદિર બંધાવવાનું મન થાય, પછી મકાન બંધાવવાનું મન થાય. સો રૂપિયાની મૂડીવાળાના ઘરમાં ય ઘરમંદિર જોઇએ.

પ્ર૦ મંદિરો તો ઘણાં છે.

ઉ૦ ઘણા હોય તો ય મંદિર જોઇએ.

મંદિર ગમે તેટલાં હોય તો ય ઘર મંદિર જોઇએ. માંદો પડે તો ભગવાન ઘેર લાવવા પડે છે કાંઇ ખબર પડે છે ? શ્રાવક ના ઘરમાં મંદિર હોય તો માંદો માંદો પણ દર્શન–પૂજન વગર રહે નહિ.

પ્ર૦ ઘરમાં દેરાસર કરે તો આશાતના થાય ને ?

ઉ૦ તમને વધારે ભાન કે સુગુરુઓને ? શાસ્ત્રકારો એ ટું લખતા હશે ?

(ક્રમશઃ)

"ધાર્મિક વહીવટ વિચાર" પુસ્તક પર પ્રશ્નોત્તરી પ્રવચન

(ગતાંકથી ચાલુ)

એકનો એક પ્રશ્ન જરૂર પડે વારંવાર સાંભળીને પણ તેઓશ્રીએ સુધારા કરાવ્યા. પોતાના લખાણને કારણે કોઇ પણ માણસ સન્માર્ગથી ચલિત ન બને તે માટે અસહ્ય વેદના વચ્ચે પણ તેઓશ્રીએ આ કામ ખંતપૂર્વક કરાવ્યું હતું. એ બધુ જ મેટર મારી પાસે વ્યવસ્થિત પડયું છે. તેમાં આ પ્રશ્નનો સુધારો પણ કરાવ્યો હતો.

સભા ૦ છેક આટલા વર્ષે તમે ખુલાસો કરો છો ?

પ્રવચનકાર ૦ આ પુસ્તકમાં લખાયું ન હોત અને તમે પૂછયું ન હોત તો હજી વધારે વર્ષો નીકળી જાત. એમાં હું શું કરવાનો હતો ?

સભા ૦ આ વાત તો વર્ષો પહેલાં છાપામાં આવી ગઇ હતી. ત્યારે તમે કયાં ગયા હતા ?

પ્રવચનકાર ૦ કયાંય ગયો ન હતો. આ ધરતી ઉપર જ હતો. પણ તમે તે વખતે કયાં ગયા હતા ? ત્યારે જ તમે પૂછવા આવી ગયા હોત તો આ લેખકશ્રી ને પુસ્તકમાં આ મુદ્દો છાપવાનો અવસર જ ન આવત. ત્યારે જ સ્પષ્ટીકરણ થઇ ગયું હોત. તે વખતે કોઇએ મને છાપું કે તેનું કટીંગ પણ મોકલાવ્યું ન હતું. તમારી પાસે હજી પડયું હોય તો મને મોકલજો. મારે વાંચવું છે.

સભા ૦ તમે કહો એટલે અમારે માની લેવાનું કે તમારા ગુરુ મહારાજ સુધારા કરાવી ગયા છે ? એનો પુરાવો શું ? ખોટી ગપ્પાબાજી ન કરો.

પ્રવચનકાર ૦ હું કહું છું માટે માનવું એમ નહિ, એવું બન્યું હતુ માટે માનવાનું છે. તમારે ન માનવું હોય તો હું પરાણે મનાવવા બેઠો નથી. મુંબઇ હરકીશનદાસ હોસ્પિટલ અને શ્રીપાલનગર ના ઉપાશ્રયમાં શાતા પૂછવા આવનારા બધા જોતા હતા કે તેઓશ્રી પ્રશ્નોત્તર કર્ણિકાનું મેટર સુધરાવી રહ્યા છે, એકલા સાધુ જ નહિ, શ્રાવકો પણ જોઇ શકે તેવું ખુલ્લું આ કામ થતું હતું આથી વધુમાં તમને પુરાવો જોઇએ છે ? મારા ગુરૂદેવ-શ્રીનો કલ્યાણ-શ્રદ્ધાંજલી વિશેષાંક ફરી ઉથલાવી જજો. તેઓશ્રીએ અસહ્ય વેદના વચ્ચે પણ પ્રશ્નોત્તર-પરિમાર્જનનું કામ કર્યાનો એમાંના લેખોમાં ઉલ્લેખ છે કે નહિ ? તેની તમને ખબર પડી જશે. એ પણ મારા લેખમાં નહિ, બીજા સાધુના લેખમાં જોવા મળશે. આ અંક ૨૦૪૩ની સાલમાં બહાર પડેલો છે. તમારું સંમેલન તો ૨૦૪૪માં ભરાયું. મને જો ખબર હોત

કે ૨૦૪૪માં તમે લોકો આવું પરાક્રમ કરવાના છો તો આ પરિમાર્જિત થયેલ પ્રશ્ન શ્રદ્ધાંજલી અંકમાં બહાર મૂકી જ દીધો હોત. એ ગપ્પાબાજી વાળા, તમારા ઘરમાં ૨૦૪૪ પછી હું એ અંક સુધારવા નથી આવ્યો ને ?

પ્રશ્નોત્તર કર્ણિકાના મુદ્રિત અને અમુદ્રિત તેમજ ચાર્ચિક અને અચાર્ચિક ઘણાં બધા પ્રશ્નોત્તરોનું તેઓશ્રીએ પરિમાર્જન કરાવેલું છે. આથી હું જાહેર કરું છું કે "તે પ્રશ્નોત્તરો અંગે કોઇએ કશો પણ ઉહાપોહ મચાવવાનો વ્યર્થ શ્રમ લેવાની જરૂર નથી." આ લોકોને મારા ગુરૂદેવના કેટલા પ્રશ્નોત્તર માન્ય છે, તેઓશ્રી પ્રત્યે કેટલો અહોભાવ છે અને શા માટે આ પ્રશ્નોત્તરને માથે લઇને ફરે છે તેની મને ખબર છે. સ્વાર્થ પોષવા માટે કયારે, કોનું નામ, કેટલી માત્રામાં વટાવી ખાવું એનો તેઓને વર્ષોનો અનુભવ છે. આજે તો તેઓ આ વિષયમાં નિષ્ણાત બની ગયા છે. કેમ, હવે કાંઇ બાકી છે ?

સ્વપ્ન બોલીની ઉપજ દેરાસરના વહીવટમાં લઇ જવાની આ ચર્ચા કોઇ નવી ઉભી થયેલી ચર્ચા નથી. વર્ષો પહેલાં આજ વાત ઉભી થયેલી. ત્યારે પણ સામસામી ઘણી દલીલબાજી થઇ હતી. આજે તમે લોકો એમ સમજો છો કે અમને લડવાનો શોખ છે માટે વિવાદ ઉપાડયો છે. પણ યાદ રાખો અમને લડવાનો જરા પણ શોખ નથી. જ્યારે ભૂતકાળમાં વગાડીવગાડીને ઘસાઇ ગયેલી કેસેટને બાજુ કોઇ નવી અપૂર્વ શોધ કરી હોય તેવા ઉત્સાહપૂર્વક રજુ કરીને શ્રી સંઘને ગેરમાર્ગે દોરવામાં આવે છે ત્યારે અમારે પ્રતિકાર કરવો જ પડે. શાંત પાણીમાં પથરો કોણ નાંખે છે, ખોટી વાતો અને પ્રણાલિકાઓ ઉભી કરનારા કે તેનો પ્રતિકાર કરનારા ? એ તમે તમારી જાતે વિચારી લો.

મઝા તો જુઓ, પૂરી સુઝ-બુઝ ધરાવતા તેમના ગુરૂવર્યો વિ. સં. ૧૯૯૦ના સંમેલનમાં જે કાર્ય કરીને ગયા તેને અધૂરા ઠરાવીને વિ. સં. ૨૦૪૪માં પોતે કેવું ડહાપણ દર્શાવ્યું છે તેની પીપૂડી વગાડતા આ લેખકશ્રી થાકતા નથી. તેઓ કહે છે : પૂજા દેવદ્રવ્ય, નિર્માલ્ય દેવદ્રવ્ય અને કલ્પિત દેવદ્રવ્ય ની પણ જુદી કોથળી ન રાખવાના પરિણામે નિર્માલ્ય દેવદ્રવ્યમાંથી પણ જિનપૂજા થશે. જે બરાબર ન કહેવાય. ૧૯૯૦ ના સંમેલને આવા ત્રણ વિભાગ પાડયા વિના "અશકત સ્થળોમાં દેવદ્રવ્યમાંથી પણ જિનપૂજા કરાવવી પણ ભગવાન અપૂજ ન રાખવા" તેમ જણાવ્યું. ૨૦૪૪ ના સંમેલને નિર્માલ્ય દેવદ્રવ્યથી જિનપૂજા ન થાય તે માટે કલ્પિત દેવદ્રવ્યમાંથી જિનપૂજાદિ કરવાનું જણાવ્યું. આ તો શ્રી સંઘને યોગ્ય માર્ગદર્શન આપ્યું છે તેમાં આટલી હોહા શેની ?

આ અતિડાહ્યા [અતિડાહ્યા=ડાહ્યા કરતાં અડધી માત્રા આગળ] ઓને શું કહેવું ? અમારે તો દેવદ્રવ્યમાંથી જિનપૂજા કરાવવી જ નથી. અમે તો જિર્ણોદ્ધારો આદિમાં લઇ જવાનું કહીએ છીએ પછી અમારે

જુદી કોથળી રાખવાનું પ્રયોજન રહેતું જ નથી. જેને દેવદ્રવ્યમાંથી જિનપૂજા કરાવવી હોય તેની વાત તે જાણે. ૧૯૯૦ના સંમેલનનો ઠરાવ અને ૨૦૪૪નો ઠરાવ એકબીજાના પૂરક નથી પણ બન્ને એકબીજાથી ઊંધી દિશામાં જાય છે. ૧૯૯૦ના સંમેલનમાં અમારા ગુરૂવર્યોએ "ભગવાન અપૂજ રહેતા હોય તો દેવદ્રવ્યમાંથી પણ પૂજા કરાવવી જોઇએ પણ ભગવાન અપૂજ ન રાખવા" એવો ઠરાવ કર્યો હતો.

જ્યારે ૨૦૪૪ના સંમેલને શ્રાવકના દિકરાઓને દેવદ્રવ્યમાંથી જિનપૂજા કરાવવાનો ખોટો ચીલો પાડયો છે. વાસક્ષેપ પૂજાથી ચલાવી લેવું એવો ઠરાવ કર્યો એ તો પાછો લટકામાં ! પોતાના પૂર્વજ ગુરૂવર્યોના શુદ્ધમાર્ગે ચાલવાને બદલે પં. શ્રી કલ્યાણ વિ.ગ. ના માર્ગે પગલું માંડવા તૈયાર થયેલા માણસોને પોતાના ગુરૂવર્યોને નીચા પાડવામાં પણ ગૌરવનો અનુભવ થાય છે એ વિકૃત મનોદશાનું સૂચક લક્ષણ છે. ૨૦૪૪ના સંમેલનને ૧૯૯૦ના સંમેલનની પંગતમાં બેસવાની હજી વાર છે. એ માટે લક્ષણો સુધારવા પડશે. પૂર્વજોની ભૂલો સુધારતા પહેલા પોતે સુધરી જાય તો પૂર્વજોની ભૂલો સુધારવાની જરૂર રહેશે નહિ. ૧૯૯૦ના સંમેલન મુજબ ચાલનારાને તો દેવદ્રવ્યની રકમ જિર્ણોદ્ધાર વગેરેમાં જ વાપરવાની છે તેથી [illegible] દેવદ્રવ્ય તેમાં વપરાય જ જાય [illegible] અશકત સ્થળોમાં દેવદ્રવ્યથી [illegible] કરાવાય છે તેમાં નિર્માલ્ય દેવદ્રવ્ય વપરાવાની કોઇ વાત જ રહેતી નથી. દરેક દેરાસરમાં નિર્માલ્યની આવક કેટલી અને તે સિવાયની આવક કેટલી હોય છે તેની બધાને ખબર છે.

સ્વપ્ન દેવદ્રવ્યમાંથી જિનપૂજા કરાવવાની ધૂનમાં ને ધૂનમાં આ લોકોએ સ્વદ્રવ્યથી કરવાની જિનપૂજાનો બરડો ચીરી નાંખ્યો છે. ક્રુર કટાક્ષો કરીને તેની ખાળ ઉખેડી નાંખવામાં આવી છે. સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઇએ તેવો આગ્રહ શા માટે ? શું સંઘમાં તીર્થયાત્રાએ જનારા સ્વદ્રવ્યથી જાય છે ? તેઓ પાપ બાંધે છે ? પછી સાધર્મિક ભક્તિ પણ કરાવાય ? બીજાના પૈસે કરાવાતા ધર્માનુષ્ઠાનો ખોટા ? આવા કેટલાં કુતર્કો ઉભા કરવામાં આવે છે. તમારે આ લોકોને ઓળખી લેવા પડશે.

તમે એક સદ્‌ગૃહસ્થના નાતે એમ કહો કે અમો તો અમારા ઘરનું જ ખાઇએ છીએ. અને દરેક સદ્‌ગૃહસ્થે પોતાના ઘરનું જ ખાવું જોઇએ. તો આ લોકો તમારા ઉપર તૂટી પડશે "હરામખોર, લગ્નમાં જમવા જાય છે. કોઇને ત્યાં મહેમાન થઇને જમવા જાય છે. સાધર્મિક વાત્સલ્યમાં જમવા જાય છે અને કહે છે હું તો મારા ઘરનું જ ખાઉં છું. શું માંડયુ છે આ બધું ? ખબરદાર, જો એવી સલાહ કોઇને આપી છે તો ? પારકા ઘરનું પણ ખવાય, અરે મુરખ, ભીખ માંગીને પણ ખવાય, સમજ પડી ?" કોકના ઘરે આમંત્રણથી જમવા જનારા તમે, જમીને જતી વખતે ઘરના નાના બાળકના હાથમાં રૂપિયા

પકડાવતા જાવ છો. આ તમારી સહજ પ્રક્રિયા છે. જમવામાં તમારે અવિવેકી નથી દેખાવું અને જિનપૂજામાં અવિવેક ચાલે એવું છે ? આ લોકો તમને સ્વદ્રવ્યથી જ પૂજા કરવી જોઇએ એવું નથી. એમ ઠસાવવા મથી રહ્યા છે. જમીને પરબારો ચાલ્યો જાય તો તે માણસ તમને અવિવેકી લાગે. તો તમે સ્વદ્રવ્યથી પૂજા કરવા ન જાવ તો કેવા કહેવાઓ ? અને તમને પરદ્રવ્યથી, દેવદ્રવ્યથી પૂજા કરવાની સલાહ આપે તેને કેવા સમજવા ?

ઓટી વાંકળમાં ફસાતા નહિ. પેલા પંડિતજી બાર વરસે ન્યાય ભણીને ગામને પાદરે આવી પહોંચ્યા. રાજાનો પટ્ટહસ્તિ ગામમાં ઠાળો કેર વર્તાવીને ધસમસતો બહાર આવતો હતો. મહાવતે બુમ મારીને પંડિતને ચેતવ્યા : "આઘા ખસો. નહિ તો હાથી જાનથી મારી નાંખશે." પંડિતજી કહે "અલ્યા ગમાર, તને શું ખબર પડે ? બાર વરસ ચોટી બાંધીને હું ભણ્યો છું. મને જવાબ આપ. હાથી પોતાને અડેલા માણસોને મારે કે અડયા વિનાના માણસોને મારે ? મારું ન્યાયશાસ્ત્ર એમ કહે છે કે અડેલાને મારે તો પહેલા તને જ મારવો જોઇએ. પણ તું તો જીવતો છે. જો હાથી અડયા વિનાના માણસને મારે તો આખા ગામને મારી નાંખ્યુ હોત. પણ એમ બન્યુ નથી. માટે હાથી મને મારી શકે નહિ ઇતિ સિદ્ધમ્ !" પેલો હાથી ન્યાય ભણેલો ન હતો એટલે તેણે પંડિતજીનું જે કરવાનું હતું તે કરી દીધું. સ્વદ્રવ્યથી જ પૂજા કરવી જોઇએ એ વાતની સામે બુમરાણ મચાવનારાની વાત હવે તમને સમજાય છે ? સ્વદ્રવ્યથી જ ધર્મ કરવાનો હોય તો સંઘમાં તીર્થયાત્રાએ જવાય કેમ ? અને સંઘમાં યાત્રાએ જાવ તો સ્વદ્રવ્ય કયાં રહ્યું ? બોલો, છે ને પંડિતજીની કાર્બન કોપી ?

તમે હજી આ લેખકશ્રીને ઓળખ્યા નથી. 'મહાજન મારાં મા-બાપ, પણ મારી ખીલ્લી નહિ ખસે' જેવી અનાડી વૃત્તિથી આજ સુધીના એમના બધા વડિલોને એમણે થકવ્યા છે. આવેશમાં આવીને લખી નાંખવુ-બોલી નાંખવું અને પાછા વળીને કયારે ય જોવું નહિ. આવી એમની બેજવાબદારીની એમને કોઇ શરમ નથી. પોતાના લખાણોમાં શાસ્ત્રીય વિરોધની તો એમને ચિન્તા જ નથી. પણ પોતાનાં લખાણોમાં આવતા પૂર્વાપર વિરોધની ય એમને કશી જ પડી નથી. દા. ત. આ પુસ્તિકામાં, બેન્કોમાં રોકેલા પૈસા માછીમારીમાં જ જાય એવું ઠસાવીને બેન્કોનો વિરોધ કર્યો છે અને બીજે જ પાને દેરાસર-ઉપાશ્રયના પૈસા બેન્ક બંધાવવા આપવાની અને ઉપાશ્રયની જગ્યામાં ભાડૂઆત તરીકે બેન્કને પહેલી પસંદગી આપવાની વાત લખી છે ! આખી ચોપડી આવા છબરડાઓથી ભરેલી છે. મોટા ભાગના પ્રશ્નોના જવાબ દ્વિધા ભરેલા છે. પોતાને જ માર્ગનું જ્ઞાન ન હોય એવા જયારે માર્ગદર્શક બને ત્યારે આવી ચોપડીઓ લખાય. અજાણ્યો એકલો હોય તો પૂછતો પૂછતો ઠેકાણે પહોંચી જાય. પણ આવા લોભીયને ભરોસે નીકળેલો ભૂખ્યો તરસ્યો મરી જાય. અજ્ઞાની,

(અનુ. પેજ ૬૪૬ ઉપર)

પંકિતકી આવાજ

- શ્રી ચંદ્રરાજ

ધનશ્રી, દુર્ગંધા પટ્ટરાણી

"ઉકાળેલા પાણીથી સાધુઓ સ્નાન કરી લેતા હોય તો વાંધો શું આવે ?"

સાધુના દુર્ગંધ મારતાં મેલની આવી જુગુપ્સા કરવાના પાપે ધનશ્રીએ ખતનાક કર્મ ઉપાર્જન કર્યું. પાપનું પ્રાયશ્ચિત્ત નહિ કરીને તે મૃત્યુ પામીને ધનશ્રી રાજગૃહીની વેશ્યાના પેટમાં પેદા થઈ.

ધનશ્રીના કારણે પેટમાં ભયંકર પીડા ઉપડવાથી વેશ્યાએ તે ગર્ભનો પાત કરાવ્યો. પણ નિષ્ફળ, આખરે તે ગર્ભ પુત્રી રૂપે જન્મ્યો. પણ જનમતાની સાથે જ વેશ્યાએ તેને વિષ્ટાની જેમ તજી દીધી.

મુનિના મલિન મેલની દુર્ગંધની જુગુપ્સાના કર્મે તેના શરીરમાંથી માથુ ફાડી નાખે તેવી દુર્ગંધ માર્યા કરતી હતી.

ધનશ્રીના ભવમાં ધનશ્રી પોતાના લગ્ન સમયે આભૂષણ–અલંકારો–અને શૃંગારનો શણગાર સજીને તૈયાર થયેલી છે. સાજનના હસ્તનો મેળાપ કરી. જીવનનો સંગાથ પામવાના શમણા આંખોમાં ઉભરાઈ રહ્યા હોય તે સહજ છે.

શૃંગારના શણગાર ભરી સુંદરી ધનશ્રી ના ઘરદ્વારે ને ગ્રીષ્મ કાળમાં કેટલાંક અણગાર મુનિવરો આવી ચડયા. મુનિવરોને સુપાત્રદાન દેતાં દેતાં ધનશ્રીને મુનિવરોના મલિન ગાત્રની દુર્ગંધ હેરાન કરી ગઈ.

તેણે વિચાર્યું "અરિહંત પરમાત્માએ સઘળો ય અનવદ્ય (નિર્દોષ) ધર્મ પ્રરૂપેલો છે. (પણ) ઉકાળેલા પાણી થી સાધુઓ સ્નાન કરી લેતા હોય તો વાંધો શું આવે ?"

જુગુપ્સાથી જન્મેલા આ પાપે ધનશ્રી દુર્ગંધા બની. જનમતાની સાથે જ જનમ દેનારી જનેતાથી તરછોડાઈ ગયેલી દુર્ગંધાના શરીરમાંથી અસહ્ય દુર્ગંધ ફેલાયા કરે છે.

શરીરના શીલને ચૂંથાવી ચૂંથાવીને પ્રાણનો ગુજારો કરનારી. વારાંગના વેશ્યાનો ઉદરજાત અંશ નગરના રસ્તાની સડક ઉપર સળવળી રહ્યો છે,

એવે ટાણે મહારાજા શ્રેણીક ભગવાન શ્રી વીરને વંદન કરવા આડંબરથી જઇ રહ્યા છે. રાજા શ્રેણીક જેવા એક અપવાદને બાદ કરો તો એ રસ્તે પસાર થયેલું કોઇ એવું ન હતુ કે જેણે અસહ્ય દુર્ગંધના ત્રાસથી પોતાનું નાક ઢબાવ્યુ ન હોય.

સમવસરણમાં પહોંચી ગયેલા શ્રેણીકે પૂછેલા પ્રશ્નનો ઉત્તર દેતા અરિહંત શ્રી વીર પ્રભુએ કહ્યુ, 'આઠ વર્ષ સુધી આ જ દુર્ગંધા તારી પટ્ટરાણી રહેશે.' હે મગધનાથ ! અંતઃપુરમાં તારી પીઠ ઉપર બેસીને જે હંસલીલા કરે તેને તું આ દુર્ગન્ધા જાણજે."

બાળાદુર્ગંધાનો કર્મક્ષય થતાં દુર્ગંધ દૂર થયો. એક નિઃસંતાન ભરવાડણ તેને લઇ ગઇ. યુવાન થઇ. કોઇ ઉત્સવમાં ખુદ રાજાનો હાથ યુવતી દુર્ગંધાના પુષ્ટ ઉન્નત કોમળ સ્તન ઉપર લાગ્યો. રાજા વીંટીના

ચોરીના બહાને તેને પરણ્યો. અને ભગવાને કહ્યો હતો તેવો પ્રસંગ બન્યો પટ્ટરાણી રાજાની પીઠ ઉપર બેસી તેથી રાજા ખડખડાટ હસ્યો. રાણીએ હસવાનું કારણ કહ્યું. રાજાએ ભગવાને કહેલી ધનશ્રીથી દુર્ગંધા સુધની વાત કરી. અને ...

तच्छ्रुत्वा द्राग्विरज्ना सा नुज्ञाप्य
पतिमादरात् ।
श्री महावीर पादान्ते
परिव्रज्या मुपादद्दे ।

તે સાંભળીને જલ્દીથી વૈરાગ્ય પામેલી તેણે આદર પૂર્વક પતિની અનુજ્ઞા મેળવીને શ્રીમહાવીરસ્વામીપાસે દીક્ષા અંગીકાર કરી.

(અનુ. પેજ ૬૪૪ નું ચાલુ)

ગીતાર્થને પૂછી પૂછીને વહીવટ કરે તો તરી જાય. પણ આવી લખેલી ચોપડી પ્રમાણે વહીવટ કરી નાંખે તો ભવોભવ દુર્ગતિમાં રખડતો થઇ જાય.

આ પુસ્તકમાં ઘણી બધી લીટીઓને તો હું અડ્યો જ નથી. આ પુસ્તકના આધારે વહીવટ કરવાનું જોખમ કોઇના પણ ભરોસે કોઇએ ખેડવા જેવું નથી. આનો પૂરો પર્દાફાશ કરવા માટે સભાઓ ભરવાની જરૂર છે. એ પણ તમને જગાડવા માટે છે. આ બધી વાતો લેખકશ્રી ને સુધારવા માટે નથી કરી. કોઇને સુધારવાનો અમે ઠેકો લીધો નથી, જે વ્યક્તિમાં વિચારોની સ્થિરતા રહેતી જ નથી તેને સમજાવવાનો વ્યાયામ કરવો વ્યર્થ છે. છેલ્લે છેલ્લે ખાસ કહું છું કે એ લોકો તો સલાહ આપીને છેંડતા થશે. વહીવટ તમારે કરવાનો છે દુર્ગતિમાં ન જવું પડે તેનો બરાબર વિચાર કરીને પગલું ભરજો. આજે આટલી વાત ઉપર અટકીએ.

સહકાર અને આભાર

શાહ લાલજી પદમશી ગુઢકાની પ્રેરણાથી

૫ શુભેચ્છકો રૂા. ૧૦૦ વાલા

૧ શાહ અશ્વીન દેવરાજ
એચ ૪૦૧ વર્ધમાન નગર ચોથે માલે
બીબી રોડ, મુલુંડ (વેસ્ટ)
મુંબઇ ૮૦

૨ શાહ અમરતલાલ કાનજી હરીયા
૧૨ અમ્બે કૃપા
દેવી દયાલ રોડ
મુલુંડ (વેસ્ટ) મુંબઇ ૮૦

૩ શ્રી કાંતિલાલ સી-ઝવેરી
૫-સી. સંભવતિર્થ
૨-એ. ભુલાભાઇ દેશાઇ રોડ
મુંબઇ-૨૬

૪ શ્રી નવિનચંદ્ર છગનલાલ ઝવેરી
વિસરોલીયા એપાર્ટમેન્ટ ૩/૧૬
૭૯ શીવદાસ ચાંપશી માર્ગ
મઝગાંમ મુંબઇ ૧૦

૫ શાહ મનસુખલાલ હીરજી
શીરપ્રસાદ બિલ્ડીંગ
તિલકનગર. ડો-રાજેન્દ્રપ્રસાદ રોડ
ડોંબીવલી ઇસ્ટ-(થાણા)

સામયિક સ્ફુરણ

મૂર્તિ પૂજા જૈન આગમ માન્ય

તિથિ–તારીખ અને પ્રકાશકના નામ વિનાની આગમ નવનીત માલા પુષ્પ ૨૧–રૂપે 'મૂર્તિ પૂજા જૈન આગમ વિપરીત' (મુખવસ્ત્રિકા કા સહી નિર્ણય)–એ નામની પુસ્તિકા નવજ્ઞાન ગચ્છ પ્રમુખ આગમ મનીષી તિલોકમુનિ–તેના સંપાદક છે.

તેમાં મુખપૃષ્ટ ઉપર મૂર્તિ પૂજાના પ્રચાર અંગે તેમને અકળામણ થઇ છે અને તે સામે આ પુસ્તિકા લખી છે. તેમાં જણાવ્યા મુજબ બેનામ પત્રિકાઓ પ્રગટ કરાઇ હોય તો તે અજુગતું છે અને તે આદરણીય નથી.

પરંતુ તેમણે જૈન આગમમાં મૂર્તિપૂજા નથી અને મુખવસ્ત્રિકા મોઢે બાંધવાની વાતને મુખ્ય બતાવી છે તેમાં કલ્પસૂત્ર આદિ પ્રત્યે અનાદર બતાવ્યો છે વિ. વાત અંગે પછી ખુલાસો કરીશ.

પરંતુ જૈન આગમમાં મૂર્તિપૂજા છે તથા મુખવસ્ત્રિકા–મુહપત્તી મોઢે બાંધવાની નથી તે વાત અત્રે લખીશ. તે પૂર્વે તેમણે પૃષ્ઠ ૨ ઉપર લખ્યું છે કે–

૨૦૦૦ વર્ષ કે દરમ્યાન મંદિર મૂર્તિ પૂજા પ્રચાર બઢ ગયતા ૨૦૦ વર્ષ કે બીતનેપર ક્રાંતિકારી લોકાંશાહને પુનઃ ધર્મ ઉદ્ધાર કર ક્રાંતિ એવં ક્રિયોદ્ધાર કિયા જિન કે અનુસાર મેં સ્થાનકવાસી ધર્મ પ્રવર્તીત હુઆ–

આ લખાણથી લોંકાંશાહે સ્થાનકવાસી ધર્મ ચલાવ્યો તેમ લખ્યું છે પરંતુ લોકાંશાહ તો મૂર્તિ માનતા હતા. તો સ્થાનકવાસી કેમ માનતા નથી તે વિચારો. વળી લોકાંશાહ તો ગૃહસ્થ હતા તો સ્થાનકવાસી શું ગૃહસ્થની પરંપરામાં થયા છે ? કે ભગવાન મહાવીરના સાધુઓની પરંપરામાં થયા છે ?

લોકાંશાહે ૩૨ આગમ કેમ માન્યા, શ્રી જવાહરલાલજી મુનિના વ્યાખ્યાન સંગ્રહમાં છે કે લોકાંશાહ અમદાવાદ ગયા તેમના ભંડારમાં ૩૨ આગમ અખંડ નીકળ્યા બાકીનાને ઉધઈ ખાઇ ગઇ હતી તેથી અમાન્ય કર્યા.

મેં તે વખતે કહેલ કે લોકાંશાહના જન્મ પહેલાના લખેલા ૪૫ આગમ અને બીજા પણ પખ્ખીસૂત્રમાં આવતા ૪૫ આગમ ઉપરાંતના આગમો પણ મળે છે તે તે માનવા જોઇએ. પરંતુ પૂર્વગ્રહ તે માનવા દે નહિ.

શ્રી તિલોકમુનિએ ૩૨ આગમમાં જ્યાં મૂર્તિ પૂજા, મૂર્તિ વંદન, જિનમંદિરના લખાણો છે. તે તેમણે વાંચ્યા હોય તો મૂર્તિ પૂજા આગમ વિપરીત કહી શકત નહિ. અને મૂર્તિપૂજક માન્ય અને તેમને અમાન્ય એવા મહાનિશીથસૂત્ર કે કલ્પસૂત્રના હવાલા આપવાની જરૂર ન પડત.

મૂળવાત તો એ છે કે કટ્ટર સ્થાનકવાસી સાધુઓના કટ્ટર પ્રચાર છતાં સ્થાનકવાસી ભાઇ બહેનો મોટા પ્રમાણમાં જિનમંદિરમાં દર્શન કરવા જાય છે તીર્થયાત્રા કરવા જાય છે અને તીર્થોમાં પૂજા વિ. પણ કરે છે. તેથી તેઓ અકળાય છે અને મૂર્તિપૂજાને ભાંડે છે.

ખરેખરતો તેઓમાં જે સ્થાનકવાસી સમાજને મૂર્તિના દર્શન કરવાના નિયમો આપે છે તે પણ સ્થાનકવાસીઓ માનવા તૈયાર નથી વળી સ્થાનકવાસીભાઇઓ હનુમાન મંદિર, કે બીજા મંદિરોમાં જાય તેની સામે તેમની જેહાદ જેવી માત્ર જિન મંદિરમાં જાય તેની સામે તેમની આ જેહાદ છે. સ્થાનકવાસીભાઇઓ જે જિનમંદિરે જાય તેમને સ્થાનકવાસી સમાજમાંથી બહિષ્કૃત કરે તો ખબર પડે કે સ્થાનકવાસી પંથમાં કેટલા રહે છે ?

સ્થાનક પંથ પણ વિક્રમ સં. ૧૫૦૮માં નીકળ્યો છે. તે પહેલાંના હજારો જિનમંદિરો છે જ. તે વખતે કોઇ વિકૃતિ થઇ નથી પરંતુ પૂર્વગ્રહ તે જોવા દે નહિ તે બને.

પૃષ્ઠ ૪ ઉપર લખ્યું છે કે–અખૂટ સમભાવકી ઉપલબ્ધિ હોના હી ધર્મ સાધના કી સચ્ચી સફલતા હૈ.

જ્યારે તે જ પુસ્તિકામાં પેજ ૨ ઉપર લખ્યું છે કે–

ક્રિયાનિષ્ઠ આચાર્ય સમચંદ્રસૂરિ કે યત્કિંચિત કપૂત મંડલ યથા–ભુવનભાનુ સૂરિ કે અંતેવાસી–દક્ષિણ પ્રાંત મેં, ગુણસુંદર ભૂવન સુંદર–દક્ષિણ પ્રાંત મેં, ગુણરત્ન સૂરિ કે અંતેવાસી નવીન વિજય આદિ, જિતેન્દ્રસૂરિ કે અંતેવાસી,– ગુણરત્ન વિજય આદિ, શ્રાવક કપૂર એન્ડ કમ્પની–હિંડોન સીટી આદિ

આમ લખીને તેમણે કપૂત મંડળ જણાવવા દ્વારા પોતાની સમભાવની સાચી ઉપલબ્ધિને ગુમાવી છે. કોઇ નિંદા તિરસ્કાર કે તાડન કરે તો પણ મુનિ મુનિભાવ ન ગુમાવે તેમ ઉત્તરાધ્યયન સૂત્રમાં લખ્યું જ છે.

હવે આ લેખમાં આગમમાં મૂર્તિ, મૂર્તિ પૂજા, મૂર્તિ વંદન લખ્યા છે તે જણાવું છું અને અવસરે મુખવસ્ત્રિકાના પણ શાસ્ત્રોના પાઠો વિ. લખીશ. બીજી યુક્તિ પ્રયુક્તિઓ તો મૂર્તિ પૂજા અને મુખવસ્ત્રિકા માટે છેજ પરંતુ અત્રે માત્ર 'મૂર્તિ

પૂજા જૈનાગમ વિપરીત' તેવું લખ્યું છે તેથી તેજ વાત લખીશ અને મૂર્તિપૂજક કે સ્થાનકવાસી જે મૂર્તિના દર્શન વંદન પૂજન કરે છે તે ભાવ તેમના સ્થિર રહે અને ભગવાનની આજ્ઞાને સુસ્થિર બનીને પાળે એજ ભાવના છે.

(૧) **અનુયોગ દ્વાર સૂત્રમાં** ચાર નિક્ષેપા કહ્યા તેમાં જિનના સ્થાપના નિક્ષેપે જિનબિંબ છે તે સ્થાપના નિક્ષેપમાં દશ સ્થાપના કહી છે– ૧. કાષ્ઠ ૨. ચિત્ર ૩. પુસ્તક ૪. લેખકર્મ ૫. ગુંથન ૬. વેષ્ટન ૭. ધાતુના તાર સમા ૮. મણિઓમાં ૯. શુભ આકાર પાષાણમાં ૧૦) નાના શંખમાં

(૨) **ઠાણાંગ સૂત્રમાં** ૪થા અને દશમા ઠાણામાં સ્થાપના નિક્ષેપામાં જિનનો સ્થાપના નિક્ષેપો જિનબિંબ છે.

नाम जिणा जीणजीवा, ठवणजिणा पुण जिणिंद पडिमाओ ।
दव्वजिणा जिणजीवा, भावजिणा समवसणत्था ।।

ઠાણાંગ સૂત્રમાં શ્રાવકોને સાત ક્ષેત્ર કહ્યા છે તેમાં જિનપ્રતિમા તથા જિનમંદિર બતાવ્યા છે. ઠાણાંગસૂત્રમાં ચોથા ઠાણામાં નંદીશ્વરદ્વીપ પર દેવ દેવીઓની પૂજા ભક્તિનું વર્ણન છે.

(૩) **સમવાયાંગ સૂત્રમાં** ચારણ મુનિઓ નંદીશ્વર દ્વીપે ૧૭ હજાર જોજન ઉર્ધ્વગતિ કરીને ચૈત્યવંદન કરવા જાય છે.

(૪) **સમવાયાંગ સૂત્રમાં** આનંદ આદિ દશ શ્રાવકોના ચૈત્યો આદિનું વર્ણન છે.

(૫) **ભગવતી સૂત્રમાં** વીશમાં શતક નવમા ઉદ્દેશામાં ચારણ મુનિઓએ જિન મૂર્તિને વંદન કરવાનો પાઠ છે ભગવતી સૂત્રમાં તુંગીયા નગરીના શ્રાવકોએ કરેલ જિનભક્તિનું વર્ણન છે.

(૬) **ભગવતી સૂત્રના** દશમા શતકમાં છઠ્ઠા ઉદ્દેશમાં ઇન્દ્રની સુધર્મા સભામાં વીતરાગની દાઢાઓની આશાતનાથી બચવા કહ્યું છે.

(૭) **ભગવતી સૂત્રમાં** અસુરકુમાર સોધર્મદેવલોકમાં જાય ત્યારે અરિહંત, તેના ચૈત્ય તથા અણગાર એ ત્રણનું શરણ સ્વીકારે છે.

(૮) **જ્ઞાતા સૂત્રમાં** દ્રૌપદીએ જિનપ્રતિમાની પૂજા કરી તેનો વિસ્તૃત અધિકાર છે.

(૯) **જ્ઞાતા સૂત્રમાં** ભવનપતિ દેવીઓની જિનભક્તિની પ્રશંસા કરી છે.

(૧૦) **ઉપાસક દશા** સૂત્રમાં આનંદ શ્રાવકે અન્યતીર્થ તથા અન્ય દેવ દેવીની પ્રતિમાને વંદન નમસ્કાર નહિ કરવા પ્રતિજ્ઞા લીધી છે.

(૧૧) પ્રશ્ન વ્યાકરણ સૂત્રમાં મુનિને ચૈત્યની વેયાવચ્ચ કરવાની આજ્ઞા છે.

(૧૨) ઉવવાઇ સૂત્રમાં અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યોએ વીતરાગની પ્રતિમા છોડીને બીજી પ્રતિમાના નમસ્કાર નહિ કરવાની પ્રતિજ્ઞા કરી છે.

(૧૩) રાજ પ્રશ્નીય સૂત્રમાં સૂર્યાભદેવ જે સમકીતી, પરિત્ત સંસારી છે તેણે જિન પ્રતિમાની પૂજા કર્યાનો અધિકાર છે.

(૧૪) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિમાં જિનેશ્વર દેવની દાઢા અસ્થિ, દાંત આદિની દેવો દેવલોકમાં પૂજે છે તેમ વર્ણન છે તથા જિનેશ્વર દેવના અગ્નિ સંસ્કાર સ્થાન પર સ્તૂપ રચે છે.

(૧૫) મહાનિશીથ સૂત્રમાં જિન મંદિર કરાવનાર ૧૨માં દેવલોકમાં જાય છે તેમ જણાવેલ છે જિનપૂજા ફલ દાન આદિનું વર્ણન છે.

(૧૬) દ્વીપ સાગર પ્રજ્ઞપ્તિમાં સમુદ્રમાં જિનપ્રતિમાના આકારની માછલી થાય છે તેને જોઇને જાતિ સ્મરણ જ્ઞાન જીવો પામે છે.

(૧૭) રાજપ્રશ્નીય સૂત્ર, દશાશ્રુત સ્કંધ સૂત્ર, ઉવવાઇ સૂત્રમાં देवयं चेइयं पज्जुवासामि એમ જિન જિનમૂર્તિનું આરાધન બતાવ્યું છે.

(૧૮) કલ્પસૂત્રમાં સિધ્ધાર્થરાજા જિનપૂજા રચાવે છે વિ. વર્ણન છે.

(૧૯) સમવાયાંગ સૂત્ર દશાશ્રુત સ્કંધ સૂત્ર અને દશ વૈકાલિક સૂત્રમાં ગુરુના પાટ, પીઠ, સંથારા આદિને ઠોકર વાગે તો ગુરુની આશાતના જણાવી છે. તો જિન મૂર્તિની પણ આશાતના થાય.

(૨૦) બૃહત્કલ્પસૂત્રમાં से भयवं समणे वा माहणे वा चेइयघरेगच्छेज्जा ? हंता गोयमा !, दिणे दिणे गच्छेज्जा, વિ. કહી જિન મંદિર જવાનું સાધુ શ્રાવકો માટે વિધાન કર્યું છે. પોષધમાં જિનમંદિરે ન જાય તો પ્રાયશ્ચિત બતાવ્યું છે.

તુંગીયા નગરીના શ્રાવકો માટે चेइयसालासु तिसज्ज चंदणपुप्फधुवत्थाइहिं अच्चणं कुणमाणा जाव विहरंति से तेणदेणं गोयमा जो जिणपडिम न पुएइ सो मिच्छ-दिट्ठी जाणियव्वो વિગેરે કહી શ્રાવકોને જિનપૂજા વિ કરવા જણાવ્યું છે.

(૨૧) ભગવતી સૂત્ર, કલ્પ સૂત્ર, આચારાંગ સૂત્ર આદિ અનેક સૂત્રોમાં ण्हाया कय बलिकम्मा **'સ્નાન કરીને પૂજા કરે'** તે રીતે અનેક રાજા શ્રાવકોના અધિકારમાં પૂજાનું વિધાન આવે છે.

(૨૨) **નંદી સૂત્રમાં** બૃહત્કલ્પ સૂત્ર અને બીજા આગમો કહ્યા છે નંદી સૂત્રમાં માને અને તે આગમોને ન માને તો તે નંદીસૂત્રની પણ માન્યતા નથી તેમ થાય.

(૨૩) **વ્યવહાર સૂત્રમાં** ચૈત્યની સાક્ષીએ આલોચના કરવાનું કહ્યું છે.

(૨૪) **શ્રી કુલચંદજી મુનિએ** સુત્તાગમે (૩૨ આગમના સંગ્રહમાંથી ચૈત્ય ની જગ્યાએ જ્ઞાન શબ્દ મુકયો તેનો સ્થાનકવાસી **શ્રી** સંઘે જ વિરોધ કર્યો અને તેમને માફી માગવી પડી છે. પણ સ્થાનક સંપ્રદાયને માન્ય ૩૨ આગમમાં ચૈત્ય જિનમૂર્તિ જિનમંદિરના અધિકાર સૂચવે છે.

(૨૫) એ જ પુસ્તિકાને છેલ્લા પેજ ઉપર ૩૨ આગમનો હિંદીમાં સારાંશ પુસ્તકો-ની જાહેરાત છે. ચૌદપૂર્વધર શ્રીમાન ભદ્રબાહુ સ્વામીજી **શ્રી** જિનદાસ ગણી નવાંગી-ટીકાકાર **શ્રી** અભયદેવ સૂરીશ્વરજી **મ. શ્રી** મલયગિરિજી **મ. શ્રી** હરિભદ્રસૂરિજી **મ. શ્રી** મલધારી **શ્રી** હેમચંદ્ર સૂ. મ. આદિની નિર્યુક્તિ, ચૂર્ણિ તથા ટીકાઓ ઉપર વિશ્વાસ નથી અને સામાન્ય માણસોએ કરેલા હિંદી સારાંશ ઉપર વિશ્વાસ છે તે આગમ પ્રત્યેની પણ સદ્ભાવના સૂચક નથી.

(૨૬) તે પુસ્તિકાના પેજ ૮ ઉપર લખ્યું છે કે

'ઇન મંદિર માર્ગિયોંને ઇધર ઉધર સે જોડ તોડ કર એક કલ્પસૂત્ર બનાયા હૈ.''

આગમ મનીષી શ્રી તિલોકમુનિને એટલો પણ ખ્યાલ નથી કે કલ્પ સૂત્ર જોડ તોડ કર બન્યું નથી તેના પ્રણેતા ૧૪ પૂર્વધર શ્રુત કેવલી શ્રી ભદ્રબાહુ સ્વામી છે. અને તે છેદ સૂત્ર શ્રી દશાશ્રુત સ્કંધ જે પૂર્વોધૃત છે તેનું એક અધ્યયન છે. આવી જ્ઞાન શકિત બતાવે છે કે તેમનું આગમ અંગેનું જ્ઞાન કેટલું છે.

તેમણે આગમમાં મૂર્તિ પૂજા નથી તેવું વિધાન કરતાં આ રીતે માત્ર આગમોના આધારો જ આપીને મૂર્તિ પૂજા આગમોકત છે તે સ્પષ્ટ થાય છે તેઓ અને તેમના અનુયાયીઓ જો આગમની પ્રીતિવાળા હોય તો જરૂર આ બધા સ્થાનો જુઓ કોઇ સ્થાન ન સમજાય તો પણ પુષ્કળ સ્થાનો જિનમૂર્તિ અંગે ૩૨ આગમમાં છે તે બધા અહીં ઉતારાય તો મોટો ગ્રંથ બની જાય.

ભવભીરૂ કદાગ્રહ કે કલેશ છોડી આ વાંચે વિચારે એ જ અભિલાષા.

જિનેન્દ્રસૂરિ.

(૦૨૫૦ પોષ સુદપ્રથમ પંચમ)
રવિવાર તા. ૧૯-૧-૬૪
મક્ષી તીર્થ (જી. સાજાપુર) (M. P.)

શાસન સમાચાર

અંજીરણા–પ્રતિષ્ઠાઓ માલા-રોપણ

૦ કલકત્તા ભવાનીપુર મનમોહન પાર્શ્વ-નાથ મંદિરે પૂ. ગુરૂદેવ શ્રી પુણ્યાનંદ સૂરિ મ. ની કૃપા પ્રાપ્ત પૂ. વિશ્વવિક્રમી તપ સાધક આ. શ્રી વારિષેણ સૂરિજી મ. મુનિ વિનયસેન વિ. મ. મુનિ વજ્રસેન વિ. મ. મુનિ વલ્લભસેન વિ. મ. ઠા. ૪ની નિશ્રામાં સાધ્વી રવિન્દ્રપ્રભા શ્રીજી મ. ની પ્રેરણાથી ઉપધાન તપનો દશેરાથી પ્રારંભ થતા ભાવિકો આરાધનામાં લયલીન બન્યા નવપદ આરા-ધના પારણા સમુહ આયંબિલ ભકતામર પૂજન વિગેરે થયેલ માલારોપણ ઉત્સવ ૨૧ દિવસનો ૨૯–૧૧–૯૩થી પ્રારંભ થયેલ પ્રતિદિન પાર્શ્વ મહિલા મંડળ જિનભકિત મંડળની પૂજાઓ ભકિતભાવથી ભણાતી હતી રવિવારના પૂ. આ. શ્રીની ૯૩મી એક-દન્તી ઠામ ચૌવિહાર ઓળી નિમિત્ત ભકતા-મર પૂજન સંઘ જમણ શા. મનહરલાલ પ્રેમચંદ પરિવાર તરફથી પુત્રોના સ્વર્ગ દિને ભણાવાયેલ. અરિહંત મંડળ સંગીત રજુ કરેલ.

૦ ૯–૧૨–૯૩ રવિવારના શાસન પ્રભાવક આ. શ્રી વીરસેન સૂરિ મ. સ્મૃતિ ઉત્સવ નિમિત્તે ભકતામર પૂજન અલ્પાહાર સવારે તથા બપોરના સમુહ સ્નાત્ર ઉત્સવ અલ્પાહાર સાથે રાખવામાં આવેલ. દેવવંદન ચતુર્વિધ સંઘ સાથે થયેલ પૂજયોએ ગુણાનુ-વાદ સુંદર કરેલ હતા.

૦ પ્રભુ પ્રતિષ્ઠા અંજીરણા–તારણેન હરખચંદજી કાંકરીયા પરિવાર તરફથી નૂતન ગૃહમાં આકર્ષક જિન મંદિર નિર્માણ થતા તેનો પ્રતિષ્ઠા ઉત્સવ પૂ આ. શ્રી નિશ્રામાં મનોજકુમાર હરણની પ્રેરણાથી પ્રારંભ થયેલ રોજ પૂજા આંગી ૩–૧૨-૯૩ ના પાર્શ્વનાથ પ્રભુ પ્રતિષ્ઠા પદ્માવતી દેવી પ્રતિષ્ઠા ભાવ પૂર્વક થયેલ મનોજકુમારની મંડલીએ ભાવ ભકિત રજુ કરતા સર્વ સ્થળે અંજીરણા થયા હતા. બાદ સાધર્મીક ભકિત શાંતિ સ્નાત્ર તથા ચાંદીની વાટકિને સ્ટીલના ડબ્બાની પ્રભાવના કરેલ હતી.

૦ હાવડા માં બે પ્રતિષ્ઠા નરેન્દ્રકુમાર શેઠીયાને ત્યાં સ્વર્ગસ્થ માતાજીના આદેશ થી શ્રી પાર્શ્વનાથ પ્રભુનો ગૃહ ચૈત્યમાં પ્રવેશને પ્રતિષ્ઠાનો ઉત્સવ ૮–૧૨–૯૩ ના ધામધૂમથી મનાવાયેલ વિધિ નેમુભાઇ ભગતે કરાવેલ જિનભકિત મંડળે પંચ કલ્યાણક પૂજા ભણાવી હતી ભાવિકોએ લાભ સારો લીધો.

૦ પદ્માવતી પ્રતિષ્ઠા–શ્રી એપાર્ટમેન્ટમાં મનોજકુમાર હરણની પ્રેરણાથી ચાંદમલજી બરડિયા પરિવાર તરફથી સુંદર દેવ કુલીકા-માં પદ્માવતીની પ્રતિષ્ઠા ૧૦–૧૨–૯૩ના ધામધૂમથી થયેલ ૧૮ અભિષેક ઉત્સવ

નંદાવર્ત પૂજન ૧૦૮ પાર્શ્વનાથ પૂજન ભણાવાયેલ સંગીત ગોરધન પાર્ટી એ રજુ કરેલ. ભાતુ આપવામાં આવેલ. કાંકરીયા પરિવાર તરફથી ૫ચોર કિમતી છોડનું ઉજમણું કરેલ.

૦ માલારોપણ-પ્રથમ ઉપધાનના તપસ્વીઓનો માલાનો વરઘોડો ૧૨-૧૨-૯૩ ના સવારના કાઢવામાં આવેલ બગીઓ, કાર, રથ, ધ્વજાથી સુંદર શોભતો હતો બાદ માળાના ચઢાવા થયેલ રથયાત્રાના ચઢાવા સારા થયેલ. માળા વિધિ થયા બાદ આસનસોલમાં ૨-૩-૯૪ની પ્રતિષ્ઠાના ચઢાવો ઘણાજ સારા થયેલ. ૧૧ વાગે સંઘ જમણ ત્યાર બાદ પાર્શ્વ મહિલા મંડલ તરફથી શાંતિ સ્નાત્ર ઉત્સવ ઠાઠથી થયેલ વિધિ મનોજકુમાર હરણ તથા નવપદ મંડળે કરાવેલ હતી. ૧૧ છોડનું ઉજમણું ગોઠવાયેલ હતું ઉપધાન તપ ભવાનીપુર સંઘ ના ટ્રસ્ટી કમીટિ તથા આયંબિલ ટોળી પાર્શ્વ મંડળને નીવીનો નકરાથી લાભ મદનચંદજી પ્રકાશચંદજી બાંગાણી પરિવારે લીધેલ હતો.

૦ વિશ્વ વિક્રમી તપ પારણા-પૂ. આ. શ્રી ની ૯૩મી ચોવિહારી ઠત્તી ઓળીનું પારણું ૨૧-૧-૯૪ના પર્વત પુર બિહારમાં સરાક જૈન સંઘના ઉપક્રમે થનાર હોઇ તે પ્રસંગે ખુશાલચંદ વનેચંદ કલકત્તાવાળા તરફથી જિનમંદિરનું ખાતમુર્હત શીલા સ્થાપન સહ ભકતામર પૂજન સંઘ જમણ થશે અત્રે પં. સુયશ મુનિ મ. ની પ્રેરણાથી સરાક જાતિ જિનોદ્ધારનો પ્રયત્ન ચાલુ છે પૂ. આ. શ્રી પણ આ પ્રદેશમાં વિચરનાર છે.

૦ આસનસોલમાં નૂતન શિખરબધ્ધ જિનાલય પં. હેમરત્ન વિ. મ. ની પ્રેરણા થી તૈયાર થયેલ જેનો પ્રતિષ્ઠા ઉત્સવ ૨૦-૨-૯૪ થી ૨-૩-૯૪ સુધી ધામધૂમથી પૂ. આ. શ્રીની નિશ્રામાં મનાવવાનો નિર્ણય થતા નવ મહાપૂજન રાજસ્થાન અશોક બેન્ડ વીરમગામ શરણાઇ ગોરધન પાર્ટિ સાથે નૃત્યકાર રોજ સંઘ જમણોથી ઉજવવામાં આવશે. ચઢાવા સુંદર થયેલ છે.

રતલામથી નાગેશ્વર તીર્થ યાત્રા સંઘ

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિની નિશ્રામાં મા. સુ. ૩ના નાગેશ્વર તીર્થનો યાત્રા સંઘ નીકળ્યો સુદ ૧૦ના ત્યાં પહોંચ્યો. સુ-૧૧ના માળ થઇ ભાવિકો તરફથી ટોળીઓ થઇ માળની બોલીઓ સારી થઇ મુખ્ય સંઘપતિ શ્રીમતી સરલાબેન વિજયકુમારભાઇ તથા સંઘપતિઓ (૧) લક્ષ્મીચંદજી પુનમચંદજી મહેતા રતલામ (૨) પ્રેમચંદજી કેશરીમલજી ભંસાલી નામલી (૩) તખતમલજી ચાંદમલજી તાંતેડ રતલામ (૪) શ્રીમતી વિમળાબેન માણેકલાલજી કટારીયા રતલામ (૫) શ્રીમતી લીલાબેન મુંબઇ વાલા (અમેરિકા) હતા.

ગાંધીનગર બેંગ્લોર - પૂ. આ. શ્રી વિજય વિક્રમ સૂરિ. મ.ની સાતમી પુણ્ય તિથિ તથા પર્યુષણ તપસ્યા આદિના અનુમોદનાર્થે ૪૫ આગમના ભવ્ય વરઘોડા સાથે અઠ્ઠાઇ મહોત્સવ પૂ. આ. શ્રી વિજય સ્થૂલભદ્ર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં તા. ૭-૧૧-૯૩થી ૧૫-૧૧-૯૩ સુધી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન શાંતિ સ્નાત્ર સાથે ભવ્ય રીતે ઉજવાયો.

- બંધનમાં પડેલો છૂટવાની ઈચ્છાવાળો હોય, કાદવમાં ખૂંપેલો બહાર નીકળવાની ઈચ્છાવાળો હોય તેમ શ્રાવક સંસારથી છૂટવાની ઈચ્છાવાળો હોય.
- શ્રાવક વિરાગી જ હોય છતાં રાગ થઈ જવાની સંભાવના છે. તો પણ જ્યારે જ્યારે રાગ થાય ત્યારે રાગને કાઢી નાંખે અને વિરાગને સાચવે. પણ રાગને પોષવાની મહેનત ન કરે જેથી વિરાગ જીવતોને જાગતો રહે.
- શ્રાવક અને ગુણસંપન્ન હોય. માર્ગાનુસારીના– ધર્મોપદેશ સાંભળવાની લાયકાતના પાંત્રીશ ગુણ તો હોય જ. શ્રાવકપણાંના પણ એકવીશ ગુણ હોય. અને સાધુપણાંના પણ સોળ ગુણની તેના પર છાયા પડતી હોય કેમકે તે સાધુ થવા જ તરફડતો હોય.
- ધર્મનાં ફળ પરોક્ષ માને અને ધનનાં ફળ પ્રત્યક્ષ માને તેનું નામ નાસ્તિક.
- જેને હૈયે ધર્મ વસ્યો હોય તે દરિદ્રી હોય તો ય સુખી. અને જેને હૈયે ધર્મ ન હોય તે અબજોપતિ પણ દુઃખી !
- ધર્મનું ફળ તો પ્રત્યક્ષ જ છે ! કેમકે ધર્મ હૈયામાં આવ્યો એટલે આત્માને શાંતિ થઈ જાય જ્યારે ! પૈસો મળ્યા પછી પણ ભોગવી શકે કે નહિ તેમાં શંકા ! કેમકે પૈસો તો પુણ્ય હોય તો જ ભોગવાય.
- રોજ સાંભળનાર જો વિચાર ન કરે તો સમજ આવે નહિ. સમજ આવે નહિ તો શ્રદ્ધા થાય નહિ. શ્રદ્ધા થાય નહિ તો સારાં કામ કરી શકે નહિ. અને આ જનમ તો પૂરો થઈ જશે અને ઈચ્છા હોય કે ન હોય દુર્ગતિમાં જ જવું પડશે.
- ધર્મનું આરધન હૈયાના અધર્મને–પાપ વાસનાઓને કાઢી ધર્મને સ્થાપન કરવા/કરવાનું છે. તો જ આત્મધર્મ પેદા થાય.
- તમે દુઃખથી બચવા અને સુખ મેળવવા કરો છો, માટે તમને ધર્મ ફળતો નથી. ધર્મ તો આત્મ સ્વરૂપ પેદા કરવા કરવાનો છે. આત્મ સ્વરૂપ પેદા થયા પછી જે સુખ છે, તે સુખ પૈસામાં નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક– સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

૫૨૬૧

૦ સુપાત્ર કોણ!

क्षान्तो दान्तो मुक्तो
जितेन्द्रिय : सत्यवागभयदाता ।
प्रोक्तस्त्रिदण्ड विरतो
विधिग्रहीता भवति पात्रम् ।।

શાન્ત, દાંત, નિર્લોભી, જીતેન્દ્રિય, સત્યભાષી, અભયદાતા, મન-વચન-કાયાના ત્રણે દંડથી વિરામ પામેલો, વિધિપૂર્વક ગ્રહણ કરનારો જ (સુ) પાત્ર બને છે એમ કહ્યું છે.

અઠવાડિક

વર્ષ	અંક
૬	૨૫

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ચોવીશી સાર્થ–ભાવાર્થ

જૈન શાસનના ગગનાંગણમાં સત્તરમી સદીમાં જે મહાપુરૂષનું અનુપમ યોગદાન છે, તે ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે પરમાત્મા પ્રત્યેની અવિહડ ભક્તિથી ઓતપ્રોત બનીને આત્માનાં તારને પરમાત્મા સાથે સંલગ્ન કરીને નિકળેલા રણકારમાંથી ચોવીસે-ચોવીસ પરમાત્માનાં સ્તવનો બનાવ્યા. તેનું અનુભવી અને ભક્તિસભર હૈયાથી ઉપડેલી કલમ દ્વારા અર્થ અને ભાવાર્થ પરમ પૂજ્ય કલિકાલ કલ્પતરૂ, સ્વ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજનાં શિષ્યરત્ન આધ્યાત્મયોગી પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવરનાં કૃપાપાત્ર પરમ પૂજ્ય આચાર્ય દેવ શ્રીમદ્ વિજય કુંદકુંદ સૂરીશ્વરજી મહારાજે કર્યું છે.

આ ભાવાર્થ એટલા સરલ, સરસ અને સૌને સમજાય તેવા ભાવોથી કરવામાં આવ્યું છે, કે જે બાલ જીવોને ખુબજ ઉપકારક બન્યું અને તેથી જ પાઠશાળાઓની પરિક્ષાઓમાં આ શ્રી યશોવિજયજી મ. ચોવીશી (સાર્થ–ભાવાર્થ) ઉપયોગી બની

બે–બે આવૃત્તિઓ પૂર્ણ થતાં અને સતત માંગણી આવતાં ત્રીજી આવૃત્તિ રૂપે બહાર પડતી આ શ્રી યશોવિજયજી ચોવીશી આપ આજે જ મંગાવો ને પ્રભુભક્તિમાં મગ્ન બનો.

ક્રાઉન ૧૬ પેજી ૨૦ ફર્મા – કિંમત ૩૦–૦૦

પૂજ્યશ્રીનાં બોધદાયક ડ્રબ્ટાંરોની શ્રેણી (૬ પુસ્તકોનો સેટ) કિંમત ૬૬ રૂા. ખુબજ આકર્ષક ગેટઅપમાં પ્રકાશિત થઇ ગઇ છે.

પૂજ્ય પંન્યાસજી ભદ્રંકર વિજયજી ગણિવર્યશ્રીનાં નમસ્કાર મહામંત્રના મૌલિક ચિંતનોનાં સાત પુસ્તકોનું એક જ વોલ્યુમ છપાઇ રહ્યું છે. જે વૈશાખ સુદ–૧૪નાં પ્રગટ થશે.

પ્રાપ્તિ સ્થાનો :–

સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજન ગલી
ઝવેરી બજાર મુંબઇ–૨

સોમચંદ ડી. શાહ
જીવન નિવાસ સામે
પાલીતાણા

પાર્શ્વનાથ પુસ્તક ભંડાર
તળેટી રોડ
પાલીતાણા

સરસ્વતી પુસ્તક ભંડાર
રતન પોળ, હાથીખાના,
અમદાવાદ–૧

હાલારદેશોદ્ધારક પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વડોદરા)
ખાનચંદ પદમશી ગુઢકા (થાણા)

વર્ષ ૬] ૨૦૫૦ પોષ વદ-૫ મંગળવાર તા. ૧-૨-૯૪ [અંક ૨૫]

—: મોક્ષના ઉપાયભૂત ધર્મ :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજ

પ્રવચન-છઠું (ગતાંકથી ચાલુ)

શ્રી નવકારમંત્રને માનનારાને ય સંસારમાં રહેવું પાલવે નહિ. શ્રી નવકારમાં પાંચ જ પદ છે, છઠ્ઠા કોઈને લાવ્યા છે? શ્રી નવકારમંત્ર ગણનારો સાધુ જ થવાની ભાવનાવાળો હોય ને? શક્તિ આવે તો પહેલાં મંદિર-ઉપાશ્રય બાંધે. પછી જરૂર પડે તો બંગલો બાંધે. શ્રાવક મકાન બાંધતા માને કે આ પાપનું કારણ છે. તેને મંદિર-ઉપાશ્રય બાંધવામાં આનંદ હોય. ઘર બારાદિ બાંધવામાં આનંદ ન હોય.

સાધુ અને શ્રાવક, બધા મોક્ષમાર્ગના મુસાફર છે. અમે કહીએ કે, અમારે દેવ-લોક જોઇએ છે તો અમે સાધુ નહિ. તમે કહો કે, અમારે બંગલા-મોજમજાદિ જોઇએ તો તમે શ્રાવક પણ નહિ. આપણે શું જોઇએ છે? મોક્ષ માટે બારમા ગુણઠાણાનું સાધુપણું જોઇએ. તેના માટે આ સાધુપણું કે શ્રાવકપણું જોઇએ, સંસારની સુખ-સાહ્યબી, સંપત્તિ જોઇએ નહિ, મોક્ષ માટે ધર્મ કરે તો સુખ-સાહ્યબી તેની પૂંઠે ને પૂંઠે ફરે પણ તેને માગવી ન પડે. ખેતરમાં બીજ વાવે તો અનાજ પાકવાનું છે પણ તે પહેલાં ઘાસ થાય પછી અનાજ થાય. તેમ આ દુનિયાનું સુખ તે ઘાસ જેવું છે. જેનાથી મોક્ષ મળવાનો છે તેનાથી આ બધું મળવાનું જ છે, માગવાની જરૂર જ નથી. માગવું કોને પડે? ભિખારીને. ધર્મ કરનારો દુનિયાના સુખનો કે પૈસાનો ભિખારી હોય? મોટા મોટા શ્રીમંતો પણ ભિખારી છે, જેટલા પૈસા મળે તે ઓછા લાગે છે. જેને મોક્ષ જોઇએ નહિ તે ભગવાનના સાધુ-સાધ્વી કે શ્રાવક-શ્રાવિકા ય નહિ.

વિષયના વિરાગ વિના, કષાયના ત્યાગ વિના, ગુણના રાગ વિના, ગુણ પેદા કરનારી ક્રિયાઓમાં અપ્રમાદ આવ્યા વિના મોક્ષ સાધક ધર્મ સધાય જ નહિ. તમે બધા વિષયના વિરાગી છો કે રાગી છો ? વિષયો ભોગવો છો પણ તે વિષયો ભોગવવા ગમે છે કે છોડવા ગમે છે ?

પ્ર૦– વિષયના ભોગવટામાં સુખનો અનુભવ થાય છે માટે ભોગવવા ગમે છે.

ઉ૦– ધર્મ કરતાં દુઃખનો અનુભવ થાય છે માટે નથી કરતા ?

મોક્ષને માટે ધર્મ કરનારને જે સુખ હોય છે તે મોટા અબજોપતિને ય નથી હોતું ! ધર્મી જીવ સંતોષી-સારો હોય છે. જ્યારે આજના શ્રીમંતો તો મોટે ભાગે લુચ્ચા–પાપી–જુઠ્ઠા છે. જેમ જેમ પૈસાવાળો થાય તેમ તેમ અનિતિખોર બને, મહારંભી બને અને ઘણા ઘણા પાપો કરે. કાંઇ સમજાય છે કે ખાલી ફેંકાફેંક કરો છો ?

શ્રાવક ધંધાને ખરાબ માને, કરવા જેવો ન માને. છતે પૈસે ધંધો કરે તો માને કે–'લોભીયો છું, મહાપાપી છું.' ધર્મી માણસ સુખી હોય તો ઉપાશ્રયમાં વધારે આવે કે પેઢી ઉપર વધારે જાય ? 'શ્રાવકને પહેલો સંસાર પછી ધર્મ' તેમ જો સાધુ પણ કહે તો ધર્મની મહત્તા કોણ સમજાવશે ? ધર્મ કઇ રીતે સચવાશે ? તમને જેટલો પૈસાનો, મોજમજાનો ખપ છે તેટલો ધર્મનો ખપ નથી. ધર્મનો ખપ ન હોય તે લુચ્ચા-લફંગા હોય પણ સારા હોય નહિ. સંસારમાં રહેનારને સુખ-સંપત્તિની જરૂર પડે તો પણ તે નીતિમાર્ગે આવતી હોય તો લે. સંસારમાં રહેનારો ધર્મને માનનારો હોય તો તેનું ઠેકાણું પડે.

આગળના તો રાજાઓ પણ સારા હતા. બધામાં જે સારો દેખાય તેનું નામ રાજા. રાજા કદી ખોટાં કામ કરે નહિ. તેમાં જે ખરાબ હોય તેની વાત જુદી. તમે સારા રાજાઓને ઊઠાડયા, ગાળો દીધી. તે રાજાઓએ જે અનીતિ નથી કરી તેના કરતાં અનેકગણી અનીતિ તમે કરો છો. દેશી રાજાઓ તો સાધુઓ આગળ હાથ જોડીને ઊભા રહેતા હતા. સાધુઓને માથે રાખી ચાલતા હતા. સાધુઓનો ઉપદેશ પણ સાંભળતા હતા અને શક્તિ આવે તો અમલ પણ કરતા હતા. મેં નજરે જોયેલી વાત છે કે– પરમ શ્રધ્ધેય પૂ. આ. શ્રી. વિ. કમલસૂરીશ્વરજી મહારાજનું સામૈયું ચાલતું હતું. તે તળાવ પાસેથી જઇ રહ્યું હતું ત્યાં માછલા પકડાતા હતા. તે જ વખતે પૂ આચાર્યદેવે સામૈયું ઊભું રખાવીને ગામના ઠાકોરોને કહ્યું કે– તારા ગામમાં આવું ચાલે છે ? ઠાકોર કહે હવે આજથી પાટીયું લાગી જશે. આ કામ બંધ થઇ જશે આજે આવો રાજા મળે ? આજના રાજાઓ સાધુઓનું તો માનતા નથી પણ સાધુઓને સલાહ આપી જાય છે.

આજે તો અહિંસાની વાતો કરનારાઓએ હિંસા વધારી દીધી. ગાંધીના ભકતો નવાં નવાં કતલખાના ખોલે છે, પરદેશને માંસ પૂરું પાડે છે. આ વાત આ દેશમાં ચાલે ?

સાધુ-સાધ્વી, મોક્ષ માર્ગના મુસાફર છે. સાધુ-સાધ્વી જેમ મોક્ષના અર્થી છે તેમ તમે પણ મોક્ષના અર્થી છો. તમારે પણ સાધુપણું જ જોઇએ છે પણ તે શકિત નથી માટે સાધુ થયા નથી. તેવી શકિત આવે માટે રોજ ભગવાનની પૂજા કરો છો, સાધુની સેવા કરો છો, વ્યાખ્યાન સાંભળો છો, દાન આપ્યા વિના રહેતા નથી. શીલ પાળો છો, શકિત મુજબ તપ પણ કરો છો. સંસારમાં રહેવા છતાં પણ તમે વિષયના રાગી નથી. પણ વિરાગી છો, કષાયને સારા નથી માનતા પણ બૂંડા માનો છો, છોડવાની મહેનત કરો છો. ગુણ ગમે છે, ખરાબ કામ ગમતા નથી માટે એવી એવી ધર્મક્રિયાઓ કરો છો જેથી રાગ-દ્વેષાદિ ઘટતા જાય. તમારી શી હાલત છે ? આ ગુણો પામવા છે કે ખાવું-પીવું મોજમજાદિ કરવા છે અને ખૂબ ખૂબ પાપ કરવા છે ? અહીં સુધી આવેલા તમારી આવી દશા હોય તો તમે આ જન્મ હારી જશો અને અહીંથી એવી એવી દુર્ગતિમાં જશો કે વખતે અનંતકાળે ય ઠેકાણું નહિ પડે.

ભગવાનનો સંઘ હંમેશા તપસ્વી હોય. તમને ય તપસ્વી કહ્યા છે. કેમ ? સંસારમાં રહેવા છતાં ય, ખાવા-પીવા છતાંય 'આ પાપ કયારે છૂટે' તેની જ ચિંતામાં હોય. માટે શ્રાવકો ય ઉપવાસાદિ તપ કરે છે. ચારે પ્રકારનો સંઘ તપ કરે છે. કેમ ? ભગવાનના સંઘમાં આવેલાને તપ કરવો સહેલો છે કેમકે, તેને ઝટ મોક્ષે જવું છે. ઇતરો પણ જૈનશાસનના ઉપવાસાદિ તપને વખાણે છે. જેવો તપ જૈનોમાં છે તેવો દુનિયાભરમાં નથી. ઇતરો પણ કહે કે-જૈનધર્મ જેવો ધર્મ બીજો નથી. પણ તમે બધા આવો ઉત્તમધર્મ પામવા છતાંય ધર્મ ન છૂટકે કરતા હો તેમ દેખાય છે.

માટે મારી ભલામણ છે કે, ડાહ્યા થઇ જાવ. મોક્ષે જ જવું છે. સંસાર નથી જોઇતો. ભગવાન, સાધુ અને ધર્મના પહેલા બનો અને સંસારના પછી બનો એવો ઉદ્યમ કરો. મોક્ષનાં જ અર્થી બનો. આ બધા ગુણો મેળવી વહેલામાં વહેલા મોક્ષને પામો તેટલી ભલામણ સાથે પૂર્ણ કરવામાં આવે છે.

"ભારતીય અહિંસક સંસ્કૃતિ ધોવાણના માર્ગે"

– મનુભાઇ શાહ લોક ભારતી સણોસરા

ભારતીય ધર્મ પ્રધાન સંસ્કૃતિના સત્ય અને અહિંસા બે આધાર સ્થંભો છે. જેના પાયા પર જ સંસ્કૃતિનું ઘડતર અને ચણતર થયેલું છે. આ બન્ને પાયાના ઘડતરમાં અનેક ઋષિમુનિઓ, આચાર્ય ભગવંતો વિચારવંતો, તત્વ વિદોનું મોટું અને મહત્વનું યોગદાન રહ્યું છે. દેશને તેની સંસ્કૃતિ પર ટકવું હશે. સંસ્કૃતિને ટકાવી રાખવી હશે તો પાયાનાં આધાર સ્થંભોને અડચણ ન આવવી જોઇએ. તે માટે સમાજે જાગ્રત રહેવું પડશે.

ભોગ, મોહ, વૈભવ, અને સંપત્તિ પાછળ દોડ મૂકનાર દેશની સંસ્કૃતિના આધાર સ્થંભો હચમચવા લાગ્યા છે. સ્થંભોની ઈંટો પડવા લાગી છે.

આ દેશમાં બરસો પહેલાં વિદેશીઓનો પ્રવાહ શરૂ થયો. પોતાનો ૧૫૦ વરસ પગદંડો જમાવ્યો. આ સમયે વિદેશી સંસ્કૃતિનું આગમન થતું રહ્યું. રાજા રજવાડાનો અતિ વૈભવી ઠાઠ માઠ, રહેણીકરણી ખાણીપીણી તેમજ ગરીબ, અશિક્ષિત અને સંપત્તિવાન મોજશોખ ના હિસાબે આ દેશમાં વ્યસનો દારૂ, માંસાહાર વધવા લાગ્યા. આ સાથે લોકશાહી સરકાર દેશને માંસાહારી બનાવવાના અનેક માર્ગો સરળતાથી ખૂલ્લા કરવા લાગી.

તાજેતરમાં હૈદ્રાબાદમાં અહિંસા અંગેના સંમેલનમાં મુનિભગવંતોની હાજરીમાં આ દેશની સરકારની અબોલ પશુના કતલખાનાની આકરી ટીકા કરી હતી. તેમાં જણાવ્યું હતું કે સરકારે અમેરિકન કંપનીને દેશમાં માંસ વેચવા ૪૦૦ સ્ટોલની મંજૂરી આપી છે. દેશમાં સરકારની કુટનીતિ અને મીઠી નજરથી કાયદેસર અને બિનકાયદેસર ૨૮૦૦ કતલખાના ચાલે છે. નવા નવા કતલખાના ઉભા કરવા યોજના થતી રહી છે. પ્રજા ઊંઘતી પકડાય ન જાય તે પણ જોવાનું રહેશે. આ સરકાર માત્રસંપત્તિ પાછળ દેશની સંસ્કૃતિને પાયમાલ કરવા બેઠી છે. આધાર સ્થંભોના પાયાને જમીન દોસ્ત કરવાની પેરવી કરી રહી હોય તેવું સાધુ-સંતો મુનિભગવંતો, વિચારકોને લાગે છે. સાચા અને ધાર્મિક વિચારવંત લોકોને દેશની દયનીય સ્થિતિ જોતા રૂવાડા ઊભા થઇ જાય છે. આ સરકારે ઉદ્યોગીકરણ અને બહુરાષ્ટ્રીય કંપનીને વિશેષ મહત્વ આપી સંપત્તિનો વધારો કરવા પાછળ સમાજમાં સંસ્કારિતાની મોટી ઓટ આવવા લાગી છે. સમાજ વ્યસની, માંસાહારી અને અવગુણોની ભરતી તરફ જઇ રહ્યો છે તેનું દર્શન સતત થયા કરે છે.

આ દેશની સરકાર મચ્છીને સંપત્તિ ગણી તેનું વધારે ઉત્પાદન થાય અને તેનો ખોરાકમાં ઉપયોગ થાય તેમજ નિકાસ થાય તે માટે આધુનિક અને વૈજ્ઞાનિક સાધનો, તાલીમ વર્ગો, મચ્છીમારોને સાધન

સહાય વગેરેની યોજના કરતી રહી છે. નાના મોટા ડેમોમાં મચ્છીમાર નો વ્યવસાય વિકસે તે માટે અનેક સુવિધાઓ આપવામાં આવે છે. આ સરકારની મધ્યાહ્ન ભોજનમાં ઇંડા આપવાની યોજના હતી તેને માટે ખૂબજ ઉહાપોહ થયો એટલે આ યોજના હાલ પૂરતી બંધ રહી છે ભવિષ્યમાં આ યોજના અમલમાં નહીં આવે તેની કોઇ બાતરી શાણી પ્રજાને નથી. પ્રજાને આ સરકારમાં અણીબાર વિશ્વાસ રહ્યો નથી.

દેશમાં કતલખાનાને પરિણામે પશુઓનો નાશ થવા લાગ્યો છે. એક આંકડા મુજબ આ રીતે પશુની કતલ થતી રહેશે તો ૨૦૨૫ની સાલમાં આ દેશ પશુ વિનાનો બની રહેશે. કહેવાતા પર્યાવરણના હિમાયતી મેનકાબેન પશુકતલને કેમ સહન કરી રહ્યાં છે. શા માટે સરકાર સામે સત્યાગ્રહ કરતા નથી. તેવો પ્રજાને પ્રશ્ન થાય છે.

ભારતની અહિંસક સંસ્કૃતિ માને છે કે કીડીથી હાથી સુધી તમામ જીવોને જીવવાનો ઇશ્વરે હક આપ્યો છે. સજીવ સૃષ્ટિ માણસની સેવા લીધા વિના જીવી શકે છે. પણ માણસ પૂરો સ્વાર્થી, નિર્દયી, શોખીન, અધાર્મિક બનતો જતો હોવાથી સજીવસૃષ્ટિ નો અબોલ અને નિર્દોષ પશુ પંખીનાં હસતે મુખે ક્રુરતાથી કતલ કરતો રહ્યો છે. દેશ પતનના માર્ગે જઈ રહ્યો છે.

જે દેશ માંસાહાર તરફ વળે તે દેશમાં ધર્મ નાશ પામે છે. સંસ્કૃતિનો હ્રાસ થાય. સદ્‌ગુણો નાશ થાય. સંસ્કારિતાનું પતન થાય. આ ઉપરાંત માણસનું આરોગ્ય જળવાય નથી રહેતું. માણસ માનસિક રીતે નિર્દયી, તામસી ક્રોધી બની જતો હોય છે. અને તેમાંથી અનેક સમસ્યાઓ ઊભી થતી રહી છે. જે વ્યક્તિ કુટુંબ, સમાજ અને દેશને મૂંઝવનારી બની રહે છે. છેલ્લા ૧૨ વરસથી શ્રી વિનોબાજીની પ્રેરણાથી સર્વોદય કાર્યકર આ. અચ્યુત કાકા ના નેતૃત્વ તળે દેવનાર (મુંબઇ) કતલખાના પાસે હજારો ભાઇ, બહેનો, યુવકો કાર્યકરે.એ કરૂણાસભર, ભાવના અને દયાથી સત્યાગ્રહ કરતાં રહ્યાં છે. પણ કેન્દ્ર કે રાજ્ય સરકારનું રૂંવાટું એ ફરકતું નથી. લોકશાહી સરકારોના અત્યાર સુધીના અનુભવો એવા થયા છે કે સરકાર સામે જનતા જો આંખ લાલ કરે. નવ નિર્માણ જેવું આંદોલન કરે. સંપત્તિની ભાંગફોડ થાય ત્યારે સરકાર પારેઠના પગલાં ભરે. પીછે હઠ કરે. દેવનારના સત્યાગ્રહમાં સરકારને નુકશાન થતું નથી. જનતા માનતી થઇ છે કે સરકાર કાને બહેરી, આંખે આંધળી, હૃદયે નિર્દયી; દયા, ભાવના કરૂણા વિનાની જડ જેવી છે. આથી તો આ અચ્યુતકાકા સરકાર સામે ઉપવાસ ઉપર ઉતરવાનું ગંભીરતાથી વિચારી રહ્યાં છે.

દેશની આર્થિક સ્થિતિ સદ્ધર બને તે બહાના તળે ૪૦૦ સ્ટોલની મંજૂરી આપી એટલે દેશનાં પશુ વિશેષ કતલ થશે. દેશની સરકારને અને વિદેશી કંપનીઓનો ઘરાદો હશે કે સમાજ જીવનની

શૈલી બદલી કાઢવી. દેશની જનતાને માંસાહારી બનાવી મૂળ સંસ્કૃતિને રગદોળી કાઢવી.

આ દેશની સરકારનું સર્વરીતે સાનભાન ઠેકાણે લાવવા ત્રણ બળ અગત્યના છે. (૧) યુવા શકિત (૨) મહિલા શકિત (૩) સાધુસંતો (સાચા) મુનિભગવંતો

આ ત્રણ શકિત પાસે નૈતિકબળ, હૃદયની ભાવના, કરૂણા, જીવમાત્ર પ્રત્યે પ્રેમ દયાભાવ મનોબળ આત્મિક શકિત હોય છે. આ ત્રણ શકિત પ્રાણવાન બની અહિંસક લડત, સત્યાગ્રહ કરશે તો જ દેશને હિંસા, કતલ અને માંસાહારના માર્ગે જતા અટકાવી શકશે.

આ સરકારની મીઠી નજરથી દેશ અને રાજ્યમાં જાહેર અને ખાનગી કતલખાના ચાલી રહ્યા છે. બીજી બાજુ સરકાર અહિંસાની વાતો કરે છે. કાયદા ઘડવાની વાતા કરે છે પણ આચરણમાં શૂન્ય.

સરકાર ધારે તો વટહુકમ જાહેર પાડી શકે છે. પાડવો જોઈએ. ન્યાય વિદો પણ એજ વાત કરે છે.

કતલનો કાયદો ન થવાથી અહિંસાના પૂજારી હાથ માં માથું લઈ વરસોથી કતલખાને જતાં સવાલાખથી પણ વધુ પશુઓને બચાવનાર નારી નારાયણી એવી અહિંસાની દેવી સ્વ. ગીતાબેન શાહ પોતાની આજ કાર્યમાં આહુતિ આપી. ગુજરાત આખું સ્તબ્ધ બન્યું. પ્રજા જીવનમાં આક્રોશ ફેલાયો ગુજરાત આખું સ્વયંભુ બંધ રહ્યું. અહિંસાની કેટલી તાકાત.

ગાંધીની ગુજરાતની શાણી પ્રજાની સહનશીલતાની હદ આવી. આથી તો સાધુ ભગવંતો, મુનિવરો, સંતો જૈન અને જૈનેતર સમાજે વહેલી તકે વટહુકમ બહાર પાડી કતલખાના બંધ કરાવો. તેવી ચેતવણી આપી છે. અહિંસાના લેખધારી જ્યારે જાગે છે ત્યારે પ્રજામાં સત્ય અને અહિંસાનું બળ, જોમ આવતું હોય છે. પ્રજા જાગી છે એટલે મુખ્યમંત્રી શ્રી ચીમનભાઇ પટેલે વટહુકમ બહાર પાડી ગૌ–વંશ વધ બંધ કરવાનું પ્રશંસનીય પગલું ભર્યું છે.

"અહિંસા પરમો ધર્મ"

વિવિધ વાંચનના આધારે

પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

શ્રી સિધ્ધગિરિ ઉપર શાંતિનાથ ભગવાન ચોમાસુ રહ્યા. ત્યારે મુનિ અને ગૃહસ્થો મળીને ૧૭ ક્રોડ મનુષ્યો સિધ્ધ થયા હતાં. ને અજિતનાથ પ્રભુના હાથે દીક્ષિત ૬૬ હજાર સાધુઓ ચોમાસુ રહ્યા હતાં. તેમાંથી કાર્તિક પુનમે ૧૦ હજાર મુકિત પામ્યા. આસો સુદ પુનમે ૨૦ કરોડ સાથે પાંડવો સિધ્ધ પદને પામ્યા.

o

શ્રી વાસુદેવની ૭૨૦૦૦ સ્ત્રીઓમાંથી ૩૫૦૦૦ સ્ત્રીઓ સિદ્ધગિરિ ઉપર મોક્ષ પામી. ૩૭૦૦૦ જુદા જુદા સ્થળે મોક્ષ પામી.

o

ખોટું નો લગાડતા હો ને

– ભદ્રંભદ્ર

("રામ બાણ વગ્યા હોય તે જાણે." લગ્યું તો તીર નહિ તો તુક્કો.
નિશાના લેકર છોડે હુએ યે બાણોં નિશાન તક પહુંચકર નિશાના કો
ભેદ ડાલે યે હી તમન્ના – પ્રેષક)

પાસ વિના પ્રવેશ નહિ. ના-પાસ નો-પ્રવેશ.

હું મારી ૨૫–૩૦ વરસની જિંદગીમાં પહેલીવાર ખુફેનું જમણ જમવા ગયો. નવરંગપુરાના અભિનંદન ફ્લેટમાં મિત્રનો પ્રથમ પ્રવેશ મહોત્સવ હતો. ટાઇમસર પહોંચી જવાની બહુજ જહેમત ઉઠાવી પણ સાલો રસ્તો જરાયે પૂરો થાય જ નહિ ને. બપોરનો લગભગ સાડા એક વાગી ગયો હશે અને જમણ પૂરું થઇ ગયું હશે તો ? આવો ડર હતો. પણ હજી સાડા બે વાગ્યા નો'તા.

અને મને એમ કે સાધર્મિક ભક્તિ વખતે પાસ લઇ જવાય તેમ સમજીને હું પાસ લઇને આવ્યો હતો. થેલીમાંથી પાસને કાઢીને ખિસ્સા સુધી પહોંચાડી દીધો હતો. પ્રવેશ દ્વાર ઉપર જ મારો કારમો પરાજય થયો. કાળા ભીલ જેવા માણસે મને કીધું– 'ઓય, હટ્'. મેં કીધુ–'પણ પાસ લાવ્યો છું' "અબે શું પાસ–બાસ કરતા હૈ બોલતા હું આધા હટ્" હું "તુષ્યતુ દુર્જન=દુર્જન પણ એક ક્ષણ ખુશ થાય ભલેને." એવા જ શુદ્ધ આશયથી પીછે હટ કરી ગયો. પેલો ભીલ પાણીનો નળો કાઢતો હતો. અને પછી મને કીધું કે– "જો યે. અબ તેરે માટે જગ્યા કરી આપી હૈ. બૈઠ કે આયા કર.'

"પાસ વગર પ્રવેશ નહિ" એવું કૉલેજ કે સાધર્મિક ભક્તિનું સંકુચિત સૂત્ર અહીં નો'તુ. અંદર જઇને જોયું તો કેટલાંક ઉભા ઉભા, કેટલાંક ખુરશીમાં બેઠા બેઠા, કેટલાંક હાલતા–ચાલતા અને કેટલાંક તો વળી બીજી ખુરશી ઉપર ડીશ રાખીને ખુરશીમાં બેઠા બેઠાં જમતા'તા.

આમાં મને કયાં ય ઉકાળેલા પાણીવાળાની અલગ પાટલા પદ્ધતિ દેખાઈ નહિ. છેવટે મારા મિત્રના મને (બોચિયાને) પવિત્ર દુર્લભ દર્શન થયા. પણ મેં ઉકાળેલા પાણીનું પૂછતા તેણે કીધું–શું યાર, તું ય પાણી સાથે લેતા નો અવાય ! અહીં જૈન ઇડલી, ઢોંસા, પેટીસ, રગડો છે. પણ જૈન પાણી નથી યાર. પછી તો તેણે વ્યવસ્થા કરી બિચારાએ. પણ મારો મૂડ જતો રહ્યો હતો.

હું જાતે જ બધુ લઇને ખુરશીમાં બેઠો. ડીશને બન્ને પગના સાથળ ઉપર ગોઠવી. જોકે મિત્ર મને આગ્રહ કરવાનું માંડી વાળ્યું હશે. મને હતુ કે તે ચોકકસ

કંઈક પીરસવા તો આવશે જ. પણ પીરસવાનું હોત તો બુફે શું કામ રાખત? હવે આટલા બધા ઉભા ઉભા હાલતા ચાલતા ખાનારની વચ્ચે થાળી ધોઇને પીતા મને શરમ તો આવી. પણ શું થાય. તે લોકોની નજર સામે મારો થાળી પીવાનો નિયમ હારી ગયો.

ખરી મજા તો હવે હતી. મેં થાળી=ડીશ એંઠી ને એંઠી ઉઠાવી ત્યારે જ મને તો બ્રહ્મજ્ઞાન થયું કે ડીશ નીચે ચોંટેલો શીખંડ મારા નવા નકકોર તાજા જ સીવડાવેલા છીંકણી પેન્ટ ઉપર ચોંટી ગયો હતો. આંગળીથી લૂંછી લૂંછીને જેકે ચાંટી ગયો. પણ ડાઘા તો રહે જ ને? પછી ચુરશીમાંથી ઉભા થતાં જેવું પાછળ ખંખેર્યું કે તરત જ આખા હાથે શીખંડનો એક લોંદો ચોંટી ગયો. હું તો ડધાઇ ગયો. પછી તો હું આખા બુફે મંડલની ફેરે ફેરે જ પ્રદક્ષિણા દેતો હોઉ તેમ કોઈને કશી ખબર ના પડે તેમ ગંગાજળ પાસે પહોંચ્યો તો ખરો. પણ ત્યાં આવી ચડેલા એક ભાઇએ મને કીધું-'ભલા માણસ શીખંડ આવો તે કેવો ખાધો?' પણ આટલું જ ઉપદેશામૃત કહીને તે જતાં રહ્યા તે સારૂ થયુ. નહિતર કહેત કે ખીસ્સામાં તો નથી ભરી દીધો ને?

પછી તો કચ કચ્ચાવીને ગાંઠ વાળી કે હવે પછીથી કયારેય જવું પડે તો આવા પાસ વગરના પ્રવેશ આપતા બુફેમાં જ જવું પણ પાસવાળા સાધર્મિક વાત્સલ્યમાં પ્રવેશ ન કરવો. સ્વમાનભેર જવાય ને જમાય તો ખરૂ સાલુ. પહેલીવાર તો ભૂલ બધાની થાય. હવે તો અનુભવ થયો એટલે વાંધો નહિ આવે. ઉકાળેલુ પાણી સાથે લઇ જઇશુ. અથવા એ દિવસે ના પીઇએ તો ય શું? મારા હૃદય પરિવર્તનની જેમ બુફેવાળાનું ય થશે. એટલે પાણી ઉકાળેલું ઠેચકી-બે ઠેચકી રાખશે જ.

બુફેમાં કશી ધાંધલ-ધમાલ-પડાપડી જેવું તો ના ને.

પણ... સાલુ પ્રભાવના કે સંઘપૂજનમાં પણ બુફે જેવું જ રાખવું જોઇએ. હોં. પણ આ પોષાય એવું લાગતું નથી. આટલું તો હવે શાસ્ત્ર પ્રમાણે જ કરવું જોઇએ ને? શાસ્ત્રમાં યથાશકિત વિધિપૂર્વક જ કરવાનું કીધું છે ને?

(સ્વાર્થ પોષવા શાસ્ત્રને સંભારવા એ શાસ્ત્રનું હળહળતું અપમાન છે, ભલા.!)

બધાજ ધર્મોનો સંદેશ "જીવદયા"

જૈન ધર્મનો પ્રાણ-જીવદયા.

ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું કે કોઇ પણ પ્રાણીની હિંસા કરો નહિ, જગતમાં બધાને પોતાનો જીવ વ્હાલો છે. કોઇ મરવા માટે ઇચ્છતું નથી. આથી જીવદયા પાળો અને સુખી બનો.

બુદ્ધ ધર્મમાં પણ જીવદયા.

શ્રી ગૌતમ બુદ્ધે કહ્યું કે-

કોઇ પણ પ્રાણીની હિંસા કરશો નહિ.

ધાર્મિક વહીવટ વિચાર ? વિચારણા માટે પત્ર

તા. ૨૮-૮-૯૩ મુંબઇ

પરમ પૂજ્ય શાંત દાન્ત મહંત સાધુના સત્તાવીશ ગુણે અલંકૃત પ. પૂ. પંન્યાસ પ્રવર શ્રીમદ્ વિ. ચંદ્રશેખર વિજયજી મહારાજ તથા મુનિ ભગવંતોની સેવામાં અમદાવાદ

મુંબઇથી લી. આજ્ઞાકિંત સેવક પ્રવિણના ૧૦૦૮ વાર વંદના.

વિ. આપ પૂજ્ય સુખસાતામાં હશો. અત્રે પણ દેવ ગુરૂ ધર્મ પ્રતાપે સુખસાતા વર્તે છે. આપનો અને મારો પરિચય ઘણો ઓછો છે. ૨૫૦૦ ના વિરોધ વખતે મારા લેખો પેપરમાં, કલ્યાણ, મહાવીર શાસન, મુકતીદૂત વિ. માં આવ્યા હતા. હું તે વખતે અમલનેર ખાનદેશ વિ. મહારાષ્ટ્રમાં વિરોધ ઠરાવો કરાવ્યા હતા. મુંબઇ, ઈંદોર, પાવાપુરી રાજગ્રહી વિગેરે જગ્યાએ આપણા વિચારો જણાવવા તેમની સભાઓમાં ગયા હતા. જ્યાં આપણે શાસ્ત્રસિધ્ધાંતોનો જયનાદ ગજવ્યો હતો. હવે મારી ઓળખાણ આપને થઇ હશે.

વિ. આપનું પુસ્તક 'ધાર્મિક વહીવટ વિચાર' મારા વાંચવામાં આવ્યું ધર્મ સ્થાનોમાં ટ્રસ્ટી કોણ બની શકે ? આ માટેના આપના વિચારો ઉત્તમ છે. પરંતુ આ કાળને અનુરૂપ એ ઘણું જ કડક નિયમન છે. અત્યારે વર્તમાનમાં ટ્રસ્ટીઓનું જીવન સારૂં હોય તો પણ સારૂં કહેવાય. બીજુ દેવદ્રવ્યનો હાલમાં નવા મંદિરમાં થતાં ઉપયોગ, આજે બિલ્ડરો થોડી જગ્યાનું દાન દઇ દેવદ્રવ્યના નાણાંથી જ મંદિર ઉભું કરી બીલ્ડીંગના ભાવોમાં બેહદ વધારી સાધર્મિકોને લુંટવાનું કામ કરે છે. બીલ્ડર અને ટ્રસ્ટીઓની સાંઠગાંઠ આમાં સ્પષ્ટ તરી આવે છે. આ બાબતમાં આપે પ્રકાશ પાડેલ છે. દાતાએ પોતાની ભાવનાથી સ્વદ્રવ્યથી જ દેરાસર બનાવવું જોઇએ તેના નિભાવમાં સાધારણ દ્રવ્ય પણ મૂકવું જોઇએ. આપે દેરાસર બનાવાની ભાવના (માત્ર ભાવના) એ શબ્દ બરાબર નથી ભાવના દરેકને થાય. પરંતુ તે માત્ર ભાવના ? જ જ્યારે પુખ્ત વિચાર અંતે થતી ભાવના નાણાં વગરના ને સંભવિત જ નથી. નાણાવાળાને થતી ભાવના (માત્ર ભાવના) કહી શકાય જ નહી. તે રકમ ના હવાલા વિ. કરવું ઉચિત નથી. 'કલ્પિત દેવદ્રવ્ય' ચડાવવા વિગેરેથી મળેલું દ્રવ્ય તે કલ્પિત બની શકે જ નહિ આપ જ રાધનપુરમાં ૧૦+૬ આની ૬+સા જતું હતું ત્યારે ચોખ્ખો વહીવટ કરાવ્યો ૧૦+૬ આની ૨૫% સર ચાર્જ આ માટે પણ તે કાળમાં મહાત્માઓની સલાહ લેવાતી હતી સુધારક મહાત્માઓ એ વખતના ટ્રસ્ટીઓને તે સલાહ આપેલ, 'કલ્પિત દેવદ્રવ્ય' કલ્પનાથી પેદા થયેલ સ્વેચ્છા એ સાધારણ ખાતામાં આપેલ કોઇ યોજનારૂપ ઉપદેશરૂપ

તે જ કલ્પિત કહી શકાય. બાકી પરંપરાથી ચાલ્યું આવતું ઉછામણીરૂપ ચઢાવવા રૂપ દ્રવ્ય દેવદ્રવ્ય જ હોય. તે શાસ્ત્ર માન્ય કહી શકાય. કલ્પિત દ્રવ્ય માટે આપે તથા એકવીસ આચાર્યો મળી જે કરયું છે. તે વ્યાજબી નથી. 'વડોદરામાં પ્રતિષ્ઠા, પ્રભુજીને ગાદિ બેસવાની વિગેરે નકરમાંથી ૨૫% સાધારણમાં લઇ જવાના છે. જે તમારા સિધ્ધાંત વિરુધ્ધ છે. તમારા એકવીસ આચાર્યમાંના જ બે આચાર્યોની નિશ્રા છે.

બીજું મધરાતે મંદિર ખુલ્લા રહે માટે પત્થર-પ્રતિમા સિવાય કોઈ ચીજ ન રહે તેવું પ્રતિપાદન આપ કરો છો પરંતુ આપ ઘણા નિરાશ થાવ છો. હજી પૃથ્વી રસાતળ થઇ નથી.

ગુરુદ્રવ્ય માટેના આપના વિચારમાં તે રકમ સાધુ વૈયાવચ્ચમાં લઇ જવી પહેલા એકાદ સમુદાય લુંછન ક્રિયા દ્વારા જે આવક થતી તે સાધુ વૈયાવચ્ચમાં લઇ જતા હતા પણ તે પધ્ધતિ કોઇ પ્રચલિત ન હતી. તે લોકો એમ કહેતા કે આ બરાબર નથી. જ્યારે આપેતો આ માટે માર્ગ ખુલ્લો કરી આપ્યો. આનું ભાવિ પરિણામ શું આવશે. આજે એકાદ બે સમુદાયને બાદ કરતાં પૈસામાં ગુરુ કેવા પડી ગયા છે. એ વાત સુભાષ માલદેને પૂછશો તો ખબર પડશે. વૃધ્ધ આનેગ્લાન સાધ્વીજીને સ્થિરવાસ માટે ફ્લેટના ભય સામે આપે વૃધ્ધાશ્રમો ઉભા થવા માટે વિચાર કરેલ પણ જેને સ્વતંત્રતા જ જોઇતી હોય તેને પોતાના ફ્લેટ જ ઉભા કરવા હોય. તે પણ અમદાવાદ-મુંબઇ જેવા શહેરોમાં જ તેનો કોઇ જ ઉપાય જ નથી. બાકી જે આચાર્ય દેવની નિશ્રામાં હોય તેની આજ્ઞા મુજબ આજે મધ્યમ કક્ષાના શહેરોમાં ભોજનશાળા વિ. સગવડો હોય ત્યાં સારી રીતે રહી શકે જ છે. હજી શ્રાવક વર્ગમાં પૂજ્ય ભાવ છે જ.

આપને ત્રણ સંસ્થાઓનું દસ વર્ષ પછી ભાવિ ખરાબ દેખાય છે. પાંજરાપોળ માટે આપે નિષ્ણાંતોના અભિપ્રાય મુજબ ખેતીને ઉત્તેજન આપ્યું તે કોઇપણ રીતે ઉચીત્ત નથી. ખેતી એ મહાપાપ કર્મદાનનો ધંધો છે પહેલાંના જમાનામાં વીડોમાં પણ વાવણી નહોતી થતી. રાધનપુર ખોડાઢોર પાંજરાપોળ પાસે બે વીડ બીડ હતા ગોધાણા-રૂગનાથ પુરા તેમાં કોઇ દિવસ ખેતી થતી નહિ. કુદરતી રીતે ઘાસચારો થતો તેમાં ચાર મહીના ઢોરો ચરતા. બાકી આવકના સાધનો હતા વેપારીને ત્યાં ગામડામાંથી અનાજ ઘી વિગેરે વેચવા આવતું તેમાં ધર્માદો લેવાતો ટ્રસ્ટીઓએ ગામડાંમાં જઇ ટહેલ નાખતાં ઘાસ તથા દાણા મળી રહેતા. તે દરેક કોમ આપતી. પછી મુસ્લીમ હોય. કે B C. હોય. આજે જો કે 'રાજકરણે આમાં પીછે હઠ કરાવી છે બાકી ખેતીનો વિચાર મહાપાપ બંધવનાર નથી શું ? આની અનુમોદના ક્યાં લઇ જાય ? આગળ વધીને આપે ગોબર ગેસ પ્લાન્ટ માટે તે સફળ થાય અને પ્રાણીગણને અભય વચન મળે. પહેલાં તો ગોબર ગેસના પાપનો વિચાર જ કમકમાં ઉપજાવે છે. 'આપે એકવાર મલાડમાં [illegible]

કાર મંત્ર એ મારો વિષય નથી જે મંત્ર ગળથુંથીમાંથી આપવામાં આવે છે. તે માટે આપે કહ્યું મારો વિષય નથી. જૈન ને નવકાર મંત્ર આત્મસાત હોય આપ તો ગુરુવર્ય આપને નવકાર માટે આવું બોલો અને ખેતી, ગોબર ગેસ આપના વિષય થઇ ગયા ગોબર ગેસ માટે સુરેન્દ્રનગર જૈન સંઘ અને પાંજરાપોળે પુસ્તિકા બહાર પાડી છે કે આમાં કેટલું મહા ભયંકર પાપ છે. જે લોકો માંસાહારી છે તેને માસ જ જોઇએ છે. તેને પૈસા સાથે થોડી મતલબ છે. આપ પૂજ્યશ્રી વિચારશો.

પાઠશાળા માટે આપે લખ્યું. આજે અંગ્રેજી શિક્ષણનો મોહ ગામડા માંથી જૈનોની વસ્તી ઓછી થઇ મધ્યમ કક્ષના શહેરો પણ જૈન વસ્તી વગરના થઇ ગયા દા. ત પાટણ-રાધનપુર આજે જૈનોની વસ્તી રહી નથી. મોટા શહેરોમાં અંગ્રેજીનો મોહ ? આનું પરિણામ પાઠશાળા ઉપર આવે તે સહેજ છે. 'શ્રમણ સંઘ' આપે ટ્રસ્ટીઓની મીટીંગ ભાયખલા બોલાવી હતી ત્યારે આપે જે કહ્યું જે વેદના ઠાલવી એવી વેદના હું અને સુભાષ માલદે પ્રકાશ વિગેરે મળીએ ત્યારે ઠાલવીએ છીએ. આપે તો એકતા કરવા બધા સાથે મળી આ રીતે ઘણું જ ગુમાવ્યું છે. આજે એકતા ને નામે 'જૈન જાગૃતિ સેન્ટર, જૈન સોશ્યલ ગ્રુપ' વિગેરે જૈન સિધ્ધાંતનો ખાત્મો બોલાવે છે. આજે આની સામે આપે યોગ્ય માર્ગદર્શન આપી જૈન જગતને બચાવવું જોઇએ.

શ્રાવક-શ્રાવિકા સંઘની હાલતમાં અર્થ અને કામ તરફની આંધળી દોટ, દેશ વિરતી-માર્ગાનુસાર પણાનું નિકંદન આપને દેખાય છે, તે ખરેખર સાચું જ છે. પરંતુ આજે પૂ. મહાત્માઓ લખતાં બોલતાં થઇ ગયા છે કે 'અર્થ-કામ માટે જ ધર્મ થાય' અર્થ-કામ પાપ છે. પાપ માટે તેને પેદા કરવા ધર્મ ખરેજ આ બુદ્ધિનું દેવાળું નથી. અર્થ-કામથી પાછા વળવા ધર્મ જ થાય તે બરાબર છે. બાકી આ ભવિતવ્યના ઉપર છેડવા જેવું જ થઇ ગયું છે. બહુ રત્ન વસુંધરા કોઇ મહાપુરૂષ પાકશે. ત્યારે બધું ઘંના ઢાંમમાં ઘી પડી રહેશે.

આપને પાંજરાપોળ ખાતું ખાતું લાગે છે. પરંતુ પૂ. શ્રી દરેક ખાતા ખાતા જ હોય છે. તેને સધ્ધર કરવા તે આપના અને અમારા ઉપર અવલંબે છે. આપ પૂજ્યશ્રી વધુ પડતા નિરાશ થાઓ છો પણ એવું નથી. આજે પાંજરાપોળ માટે જૈનો મન મુકીને ધનનો ધોધ વરસાવે છે. આ તો મોંઘવારી ખાય જાય છે. ગોબર ગેસ ઇંધણ પેદા કરી વેચવા જશે. કારણ પાંજરાપોળોને ઈલેક્ટ્રીકની કોઇ જરૂરત નથી. તેને ગવાર બાફવા ગરમી જરૂરત છે તે લાકડાં અને છાણામાંથી મળી રહેશે. માટે આપ આ પાપના વ્યાપાર ને ઉપદેશ લખાણ કોઇ રીતે વ્યાજબી નથી.

આપ પૂ. શ્રી રાજકરણમાં જવાનું કહો છો પણ રાજકરણ કેવું ગંદુ છે. આપ મુત્સદ્દી છો. જીવાભાપાની મુત્સદ્દીમાં ગણના થતી હતી. તે લોકો કાયમ રાજકરણથી દૂર

રહેતા. આજે તો રાજકરણમાં હિંસા ડગલે-પગલે છે. બોટું કરવું અસત્ય બોલાવવું રાજકરણમાં પડયા પછી ધાર્મિકતાતો મુકી દેવાય છે. અમારી સામે ઘણાં જૈનો જોયા છે જે રાજકરણમાં જઇને કેવા થઈ ચુકયા છે. આપે આ ઉપદેશ આપ્યો એ પણ પાપ જ છે.

પૂ. શ્રી આપ જ લખો છો જિન મંદિરના બધાંય કાર્યોનો નિર્વાહમાટે કલ્પનાથી મેળવેલ તે 'કલ્પિતદ્રવ્ય' પૂર્વના કાળમાં રીઝર્વ ફંડ સ્વરૂપ નિર્વાહ ફંડ હતા. હાલમાં પણ આવા ફંડો થાય છે. જે ઘણું જ ઉચીત છે. સ્વપ્નાની ની બોલી થોડા સૌકાઓથી થઈ. તે ચડાવવા રૂપ બોલી જે મહાપુરુષે કરી તેની પાછળ નું કારણ જુઓ આજે કરોડો રૂપીયાની આવક આ સ્વપ્ન બોલીથી થાય છે. તો તેની ઉપર કલ્પિત દ્રવ્ય કરી સાધારણમાં ઉપયોગ કરવો તેનાથી ભાવિમાં જ્યારે જીર્ણોધ્ધારના પ્રશ્નો ઉભા થશે. ત્યારે શું તે ભાવિનો વિચાર કરવો જરૂરી નથી શું ? આજે જૈનોની વસ્તી શહેરો તરફ ઢસડાઇ રહી છે. શહેરની આસપાસ નાના પરાંઓનો વિકાસ થાય છે. ત્યાં જૈનોની વસ્તીને ધર્મસંસ્કારોના પોષણ માટે જિન મંદિર બનાવવું આવશ્યક હોય છે. તો દેવદ્રવ્યની જરૂરત ઊભી થાય છે. પહેલાં જયાં જૈનોની વસ્તી હતી. ત્યાં દેરાસરને ટકાવવા જીર્ણોધ્ધાર વિગેરે જરૂરત થશે. માટે આ મોંઘવારી આ દ્રવ્યની આવશ્યકતા કેટલી રહેશે. ?

પૂ શ્રી વિચારે, પૂજયશ્રી આ બધું લખાણ આપના ઉપરના ઋણાનુબંધને લખાયું છે. કોઇ જાતનો પૂર્વગ્રહ નથી. આપ ગુરૂવર્ય શ્રી વિચારશો. આત્માના અવાજને પોષણ કરશો આપની સંવેદન શકિત પણ જોઇ છે. આપ પ્રવચન બાદ પંદર મીનિટ સંવેદન દશામાં વિચારતા આ લખાણ ઉપર વિચાર કરી સંવેદન શકિતનો ઉપયોગ કરશો.

હમણાં મુનિ અભય શેખરજી એ કહ્યું 'ગુરૂપૂજન' એ શાસ્ત્રીય નથી. પરંપરાથી થાય છે. તો તેના દ્રવ્યનો મનફાવે ત્યાં ઉપયોગ કેમ ન થાય ? તે દ્રવ્ય ઉભું શા માટે કરવું જયવીયરાય સૂત્રમાં આવતું 'ગુરુજણપુઆ' કયાંથી આવ્યું આ માટે તેમનો જવાબ શો હશે ? આજે આપણા સમુદાય સિવાય દ્રવ્ય બાબતમાં ગુરૂઓ કેવા પડી ગયા છે. તે વિદીત છે ? ભાવિતવ્તા જે નિમિત્ત હશે તે જ થશે જિન આજ્ઞા વિરુધ્ધ કાંઇ લખાયું હોય આપના હૃદયને દુઃખ થાય તેવું કાંઇ લખાયું હોય તો પુનઃ પુનઃ ક્ષમા ચાહું છું.

એ જ લી. આજ્ઞાંકિત સેવક પ્રવિણના ૧૦૦૮ વાર વંદન

પ્રવિણચંદ્ર ગંભીરદાસ શેઠ. (રાધનપુરી)

તાકઃ પુજય શ્રી આપના પત્રની તા. ૩૦-૯-૯૩ સુધી રાહ જોઇ ન આવવાથી અનઇચ્છાએ દુઃખ સાથે જૈન જગતને સાચો રાહ મળે તે માટે આ પત્ર પ્રગટ કરૂ છું

(મલાડ મામલતદાર વાડી)

કરૂણાનું ફળ

– મોહનલાલ વેલજી

એક બાદશાહ હતો. તેનો નિયમ હતો કે જુમાને દિવસે (શુક્રવારે) સવારના બંદગી કર્યા પછી એક ફકીરને તથા એક બ્રાહ્મણને કંઇક દક્ષિણા આપતો. પછી જ પોતાના દરબારી રાજકારણ કરવા લાગતો. આ બાદશાહ ન્યાયી હતો. બધા ધર્મોને સ્વીકારતો એટલે તેને ફકીર બ્રાહ્મણમાં કશો તફાવત લાગતો ન હતો.

આ નિયમ પ્રમાણે તેમનો હજુરીઓ દર શુક્રવારે સવારના આઠ વાગે કોઇ નવા નવા ફકીર તથા બ્રાહ્મણને બોલાવી તૈયાર રાખતો. એક વખત એવું બન્યું કે બાદશાહને આગલી રાતે બરાબર ઉંઘ થઇ નહિ એટલે સવારના જાગતા મોડું થયું. આઠ વાગે તો બાદશાહ જાગ્યા. ત્યાર પછી નાહવા–ધોવાનું–બંદગી કરવાની તે બધું પતાવતાં દશ વાગી ગયા. એટલે દશ વાગ્યા પછી આ બેઉ જણા ફકીર તથા બ્રાહ્મણને દક્ષિણા આપી. કમનસીબે આજે બાદશાહને શું થયું કે માત્ર બબે આના જ દક્ષિણામાં આપ્યા.

આ બન્ને જણા મહેલ બહાર નીકળ્યા. ફકીર તો બબડતો ગયો કે સવારના ત્રણ કલાક બગાડી માત્ર બે આના જ બાદશાહ જેવો બાદશાહ આપે. તેને નવાઇ તો લાગી, પણ શું થાય. આ સાથે બ્રાહ્મણ શાંત સ્વભાવનો હતો. તેનો નિયમ હતો કે સવારે નાહીધોઇ પૂજાપાઠ વહેલેથી પતાવી સાત વાગે ઘેરઘેર નારાયણ હરિ કહી લોટ માગવા નીકળતો અને દશ વાગ્યા સુધી લોટ માગી લાવી ઘેર આવતો. આ લોટમાંથી તેની બૈરી બ્રાહ્મણી રોટલા બનાવી બાળકોને ખવરાવી શાળાએ મોકલે અને પછી જે કંઇ લોટ વધે તેમાંથી રોટલા બનાવી બેઉ જણા ખાય. આ તેનો રોજનો નિયમ એટલે આજે આ બ્રાહ્મણને થયું કે આજનો દિવસ બધો અપવાસ કરવો રહ્યો. બીચારા બાળકો માટે તેના હૃદયમાં લાગણી થઇ પણ શું થાય. જેવી ભગવાનની મરજી.

મહેલ બહાર આવ્યો ત્યાં એક પારધિ બે નિર્દોષ પક્ષીઓને વહેંચવા બેઠો હતો. મુસલમાન રાજ એટલે વસ્તી મુસલમાનોની વિશેષ. બધા માંસાહારી. બ્રાહ્મણને લાગ્યું કે કોઇ મુસલમાન બે પક્ષીઓને ખરીદશે. તો તેને મારી નાખી બાફીને ખાઇ જશે એટલે તેને દયાની દૃષ્ટિએ બે આના આપી આ બન્ને પક્ષીઓને ખરીદી પોતાને ઘેર લઇ આવ્યો. રસ્તામાં કોઇ દાણાવાળાની દુકાનેથી થોડી જાર માગી લાવ્યો. ઘેર આવી બ્રાહ્મણી પાસે બધી વાત કરી. પક્ષીઓને એક ખૂણામાં બેસાડી દીધા અને જે જાર લાવ્યો હતો તે તેમને ચણવા માટે પાથરી દીધી. બાળકો રોટલા માટે રાહ

જોતા હતા તે હવે પાણી પી નિશાળે ગયા. બ્રાહ્મણ તથા બ્રાહ્મણી પણ નિરાંતે શાંતિથી બેસી ભગવાન ભજન કરવા લાગી ગયા.

બીજે દિવસે સવાર પડી એટલે બેઉ પક્ષીઓને ઘર બહાર લાવી ઉડાવી દીધા પછી પોતે હંમેશ મુજબ લોટ માગવા નીકળી પડયો. બ્રાહ્મણી ઘરમાં ઝાડુ કાઢવા લાગી અને બીજુ ઘરનું સફાઇનું કામ કરવા લાગી ગઇ. ઝાડુ કાઢવા જ્યારે જ્યાં પક્ષીઓને બેસાડયા હતા ત્યાં જે થોડી જાર વધી હતી સાથે ચરક પણ હતી તે બધું ઠીક રીતે સાફ કરવા લાગી તો ત્યાં બે કાચ જેવા ટુકડા તેને દેખાયા. બાળકોને રમવા માટે આપ્યા. આ બીચારી બ્રાહ્મણી કે બ્રાહ્મણ આવા કાચના ટુકડા કદી જોયા હોય તો તેની કિંમતની સમજ પડે.

બ્રાહ્મણ દશેક વાગે લોટ માગી ઘેર આવ્યો અને બ્રાહ્મણીને કહ્યું કે જલ્દી જલ્દી રોટલા તૈયાર કર છોકરાંઓ ભૂખ્યા હશે અને આપણે પણ ભૂખ્યા થયા છીએ. બ્રાહ્મણી રોટલા ઘડવા બેઠી ત્યાં આ બાળકો રમતા હતા ત્યાં આ કાચના ટુકડાથી પણ રમવા લાગ્યા. તેમને રમવા માટે નવી વસ્તુ મળી. બ્રાહ્મણે જ્યારે આ કાચના ટુકડા જોયા ત્યારે તેને લાગ્યું કે આ ટુકડા કોઇ બીજા રમતા બાળકોને શા માટે ન આપવા એમ ધારી તેમાંથી એક ટુકડો પોતાની ઝોલીમાં મૂકી દીધો. બીજે દિવસે જ્યારે લોટ માગવા ગયો ત્યાં એક ઝવેરીને ઘેર આવ્યો ત્યાં બે બાળકો કજીઓ કરતા હતા એટલે તેમને શાંત કરવા આ કાચનો ટુકડો છોકરાઓને આપ્યો. તે વખતે ઝવેરી પોતે છોકરાઓને સમજાવવા આવ્યો હતો તેણે આ ટુકડો હાથમાં લીધો અને બ્રાહ્મણને કહ્યું કે આ તો ભારે કિંમતી હીરો છે. સાધારણ કાચનો ટુકડો નથી. તારી પાસે આ કયાંથી આવ્યો. બ્રાહ્મણે બધી વાત કરી અને બેઉ સમજ્યા કે પક્ષીઓને બચાવ્યા એટલે તેમણે આભાર-વશ થઇ હર્ષના આંસુ સાર્યા હશે. એ આંસુ ભગવદ્ કૃપાથી હીરા થઇ ગયા હશે.

ઝવેરીએ બ્રાહ્મણને કહ્યું કે હવે તું લોટ માગવાનું કામ છોડી દે. આમાંથી તો તારું સમગ્ર જીવન સુખમય બની જશે. પણ બ્રાહ્મણે કહ્યું કે આ ભગવદ્ કૃપાએ જે મળ્યા છે તેનો ઉપયોગ પક્ષીઓના કલ્યાણ માટે જ કાપરવા રહેશે. મારું તો લોટ માગવાનું કામ ચાલુ રહેશે. એમ કરવાથી સૌ સદ્‌ગૃહસ્થો સાથે મીઠો સંબંધ પણ રહેશે. હું લોટ માગતી વખતે કલ્યાણ-ભાવ દર્શાવું છું એટલે આપણો સામાજીક સંબંધ કેમ તૂટે. છેવટે બેઉ જણા વિચાર કરી ગામમાં એક ચબુતરો બાંધ્યો અને પક્ષીઓને ચણ નાખવાની વ્યવસ્થા કરી દીધી. ગામના અન્ય સજ્જનો પણ ત્યાં ચણ નાખતાં થઇ ગયા.

પક્ષીઓ પ્રત્યે કરૂણા બતાવી તેનો આ બદલો મળ્યો. પણ સ્વાર્થી થઇ પોતે ઉપ-ભોગ ન કરતાં પક્ષીઓના કલ્યાણ માટે જ ઉપયોગ કર્યો.

(મુ. સં. ૨૬-૧૨-૬૩)

સામાજીક સમાચાર

હાસમપુરા તીર્થ – અત્રે પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ. આદિની નિશ્રામાં પોષ દશમીની આરાધના થઇ વદ ૧૦ ના મેળો થતા ૫–૬ હજાર યાત્રીઓ આવેલ આખો દિવસ જિનપૂજા ભક્તિની મસ્તિ રહી. યાત્રિકોનું સાધર્મિક વાત્સલ્ય શ્રી ઇંદોર જૈન સંઘ તરફથી થયુ ંચ કલ્યાણક પૂજા અશોકકુમાર જૈન ઉજ્જૈન તરફથી મણાવાઇ પ્રતિમા પ્રાચીન છે અને નામ પ્રમાણે અલૌકિક છે. તીર્થના વિકાસની યોજના વિચારાય છે.

ઉજ્જૈનમાં વદ ૩૦ પૂ. શ્રી ફ્રીગંજ પધારતા શ્રી રાજકુમાર બાંઠીયાને ત્યાં પ્રવચન અને સંઘ પૂજન થયું ણદ સુરાણા પ્રવેશ શ્રી નરેન્દ્રભાઇ સુરાણા તરફથી બેંડવાજા સહિત ત્યાં પધાર્યા ત્યાં પ્રવચન થયું તથા સંઘ પૂજન અને પધારેલા સૌની સાધર્મિક ભક્તિ કરી. સુદ ૧ ના પણ પ્રવેશમાં પ્રવચન અને સંઘપૂજન તથા સર્વને ચા–પાણી કરાવ્યા.

સુદ ૪ મક્ષી પધારતાં બેંડવાજા સાથે સામૈયું તથા ગહુંલીઓ ખૂબ થઇ ત્યાં પ્રવચનો થયા. સુદ ૫ ના કનાસીયા દર્શન માટે પધારતા ઘણી ગહુંલીઓ વિ. થઇ સુદ ૬ ના ટોકખૂર્દ પધારતાં સામૈયું તથા પ્રવચન થયું પ્રવચનમાં છગનલાલ ખીમજી શુદક (નાઇરોબી) તથા રામજી લક્ષ્મણ માડ્ થાન તથા કલ્પેશભાઇ (ટોંક) તરફથી સંઘપૂજન થયા.

દેવાસ પધારતાં બેંડવાજા સાથે સાગૈયું પ્રવચન લાડુની પ્રભાવના થઇ બીજે દિવસે પ્રવચન અને ચમેલીબેન તરફથી સંઘ પૂજન થયું ઉજ્જૈન ટોંક દેવાસ વિ. ચોમાસા માટે ખૂબ વિનંતી કરી પૂ શ્રી પોષ સુદ ૧૩ ઇંદોર પધાર્યા છે.

પુના – ટીંબર માર્કેટ મધ્યે શ્રી મનમોહન પાર્શ્વનાથ દેરાસરે પૂ. તપોનિધિ આ. ભ. શ્રી વિજય લલિત શેખર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં શ્રીમાન ચુનીલાલજી હુકમાજી સંઘવીના શ્રેયાર્થે તથા શ્રીમતી રતનબેન હુકમાજીના સુકૃતના અનુમોદનાર્થે તેમના પરિવાર સંઘવી રામલાલ વીરચંદજી સંઘવી મણિલાલ ચુનીલાલજી સંઘવી હીરાલાલ ચુનીલાલજી સંઘવી છગનલાલ વીરચંદજી તરફથી પોષદશમી આરાધના, સાત છોડનું ઉજમણું તથા સિદ્ધચક્ર પૂજન, ૧૦૮ પાર્શ્વનાથ પૂજન બૃહત્શાંતિસ્નાત્ર સાથે અઠ્ઠાઇ મહોત્સવ માગ. વદ ૯ થી પોષ સુદ ૨ સુધી ઉજવાયો હતો. સુદ ૨ ના સાધર્મિક વાત્સલ્ય કર્યું હતું.

સોલાપુર – પૂ. આ. શ્રી વિજય કલાપૂર્ણ સૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ મુ. શ્રી પૂર્ણચંદ્રવિજયજી મ. આદિની નિશ્રામાં મોતીલાલજી ગુલાબચંદજી શાહના

સમાધિમય સ્વર્ગવાસ અને તેમના જીવનની શુભ કાર્યની અનુમોદનાર્થે માગશર વદ–૮થી પોષ સુદ–૨ સુધી શાંતિસ્નાત્ર સહિત અઠ્ઠાઈ મહોત્સવ સુંદર ઉજવાયો સુદ-૧ના સાધર્મિક વાત્સલ્ય કર્યું.

અમદાવાદમાં ઉગ્રતપસ્વી સુભદ્રાબેનની તપશ્ચર્યા પૂર્ણાહુતિ

પરમ પૂજ્ય માલવદેશે સદ્ધર્મસંરક્ષક આચાર્યદેવ શ્રી સુદર્શન સૂરીશ્વરજી મહારાજા વિશાલ પરિવાર સાથે વાજતે ગાજતે સંઘસહિત સુરેન્દ્રભાઇ ચિનુભાઇ શાહ (એડવોકેટ) જેઓ અહિંસા માટે સરકાર સામે જજૂમી રહ્યાં છે તેમની માતુશ્રી સુભદ્રાબેને ૧૦૦+૫૧ વર્ધમાનતપની ઉગ્ર તપશ્ચર્યા કરેલ. તેમની પૂર્ણાહુતિ પ્રસંગે માગશર વદ ૫ રવિવાર તા. ૨–૧–૬૪ સવારે ૭–૩૦ વાગે હાનસૂરિ જ્ઞાનમંદિર (કાલુપુર–અમદાવાદ)થી કેલીકોડોમ સામે (ટિલક રોડ) લાંબેશ્વરની પોળમાં તેમને ઘેર પધારેલ. આ પ્રસંગે પોતે આચાર્ય ભગવંતે અર્ધોકલાકથી વધારે પ્રવચન ફરમાવેલ. આ પ્રસંગે વાડલાવાલા સાધ્વીજી પૂ અરૂણશ્રીજી, અનુપમાશ્રીજી, અનંતશ્રીજી, સુયશાશ્રીજી પણ પધારેલ.

પંચ કલ્યાણુક પૂજા ભણાવામાં આવેલ

મનસુખભાઇની પોળ (કાલુપુર–અમદાવાદ)માં રહેતા વેલચન્દભાઇ જેઓ અત્યારે પ. પૂ. વિશ્વકીર્તિ વિ. મ. તરીકે સંયમજીવન જીવી રહ્યાં છે તેમના સંસારી પક્ષે ધર્મપત્ની રમ્ભાબેન માગશર વદ ૧૨+૧૩ રવિવાર તા. ૯–૧–૬૪ને સાંજે સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયા છે. તેમના સુપુત્ર કુમુદભાઇ વેલચન્દભાઇ આદિ પરિવારે પરમપૂજ્ય માલવ દેશે સદ્ધર્મસંરક્ષક આચાર્ય શ્રી સુદર્શન સૂરીશ્વરજી મ. સા. ની શુભ નિશ્રામાં જ્ઞાનમંદિરના વ્યાખ્યાન હોલમાં પોતાના માતુશ્રીના સમાધિમરણ નિમિત્તે માગશર વદ–૩૦ મંગળવાર તા. ૧૧–૧–૬૪ને પંચ કલ્યાણુક પૂજા રાખવામાં આવેલ. રોજ જ્ઞાનમંદિર (અમદાવાદ)માં પરમપૂજ્ય પ્રવચનકાર મુનિરાજ શ્રી દર્શનરત્ન વિજયજીના પ્રવચનોની ગંગા વહી રહી છે. માનતુંગ માનવતી આ પૂરી થતાં હવે મંગલ કલશ ની કથાના શ્રી ગણેશ થશે.

પાલીતાણા – અત્રે પૂ. આ. શ્રી વિજય રવિપ્રભ સૂ. મ. પૂ. શ્રી વિજય મહાબલ સૂ. મ. પૂ. આ. શ્રી વિજય પુન્યપાલ સૂ. મ. ની નિશ્રામાં મોહબતપુર (રાજ.) હાલ કોલ્હાપુર સંઘવી સુરતમલ હરજી પરિવાર તરફથી સિધ્ધગિરિ નવાણુ-યાત્રા થઇ રહી છે.

સાદડી –

શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરમાં પૂ મુનિરાજ શ્રી મલ્લિષેણ વિજયજી મ. ની નિશ્રામાં શા જુગરાજ કાલુરામજી બાફણા પરિવાર તરફથી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન, શ્રી સિદ્ધચક્રમહાપૂજન શ્રી શાંતિસ્નાત્ર મહાપૂજાદિ સાથે અષ્ટાહ્નિકા મહોત્સવ માગશર સુદ ૫ થી ૧૨ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

શ્રી બાહુબલી જીવનચરિત્ર આધારિત

સાહિત્ય–કૃતિઓ. (સંશોધન)

સંકલનકાર :- સૌ. રેણુકા રશિમકાન્ત ત્રિવેદી અંધેરી મુંબઈ

પ્રાચીન ભારતીય સાહિત્યમાં બાહુબલી અત્યંત લોકપ્રિય ચરિત્ર નાયક રહ્યાં છે.

સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ, કન્નડ, તમિલ, તેલેગૂ, હિંદી, ઇત્યાદિ ભાષાઓમાં એમનાં ચરિત્રને કેન્દ્રબિંદુ રાખી શતાધિક સાહિત્યિક કૃતિઓનું સર્જન થયું છે.

(૧) આ. કુંદકુંદ (પ્રથમ શતાબ્દી) ની શૌરસેની કૃતિ 'ભાવયાહુડ'માં બાહુબલી ચરિત્ર સર્વપ્રથમ. (૨) આ. વિમલસૂરિ (બીજી–ત્રીજી શતાબ્દી) કૃત 'પઉમચરિયમ્'ના ચતુર્થ પર્વમાં ભરત બાહુબલી સંઘર્ષકથા (૩) યતિવૃષભ (૫ કે ૬ઠ્ઠી શતાબ્દી) કૃત 'તિલોયપણ્ણતી' (શૌરસેની આગમ ગ્રંથ) માં ૨૪ કામદેવોમાં બાહુબલીનું એક કામદેવ તરીકે વર્ણન. (૪) સંઘદાસ ગણી (૬ ઠ્ઠી શતાબ્દી) કૃત 'વસુદેવ હિંડી'. (૫) ધર્મદાસ ગણી કૃત 'ઉપદેશમાલા' માં 'બાહુબલી દૃષ્ટાંત'. (૬) આ. રવિષેણ (૭મી શતાબ્દી) કૃત 'પદ્મપુરાણ' સંસ્કૃતના ૪થા પર્વમાં બાહુબલી કથા. (૭) આ. જિનસેન (શકે ૭૭૦) કૃત 'આદિપુરાણ' (સંસ્કૃતમાં) ભરત બાહુબલી કથા. (૮) ભટ્ટારક સકલકીર્તિ (વિ. સં. ૧૬ શતાબ્દી) કૃત 'વૃષભદેવચરિત્ર' (આદિપુરાણ)

(૯) અપભ્રંશ મહાકવિ પુષ્પદંત (૧૦મી શતાબ્દી)ના 'મહાપુરાણ'ના 'નાભેય-ચરિઉ'માં બાહુબલી ચરિત્રઅંકન (૧૦) જીનેશ્વરસૂરી કૃત 'કથાકોષ પ્રકાણ'માં 'ભરત-કથાનકમ્' (૧૦૦૮ ઈ. સ.) માં બાહુબલી ચરિત્રાંકન. (૧૧) આ. સોમપ્રભકૃત 'કુમાર-પાલ પ્રતિ બોધ' (ઈ. ૧૧૯૬)ના 'રાજર્પિંડે ભરતચક્રી–કથા' પ્રકરણમાં બાહુબલીની ૨૦ ગાથાઓ. (૧૨) રાસ પરંપરામાં 'ભરતેશ્વર બાહુબલી રાસ' (વિ. સં. ૧૨૪૧) કર્તા–શાલિભદ્ર સૂરી. (૧૩) ગુર્જરેશ્વર વીશલદેવ (વિક્રમની ૧૪ મી શતાબ્દી)ના રાજ્યસભા-ના પ્રતિષ્ઠિત કવિ અમચંદકૃત 'પદ્માનંદ'. (૧૪) કવિ ધનેશ્વર સૂરી (૧૩–૧૪ મા શતાબ્દી)ના 'શત્રુંજય મહાત્મ્ય'માં ભરત બાહુબલીના યુદ્ધનો ઉલ્લેખ. (૧૫) કવિ ધન-પાલ (વિક્રમ શતાબ્દી–૧૪–૧૫) કૃત 'બાહુબલિ દેવ ચરિઉ' (બીજું નામ 'કામચરિત') મહાકાવ્યાત્મક શૈલીમાં ૧૫ સંધિઓ (સંગ)માં વર્ણન. (૧૬) કન્નડ સાહિત્યમાં રત્નાકર વર્ણીકૃત 'ભરતેશ વૈભવ'. (૧૭) કન્નક કવિ ચંદ્રમ્ (૧૬મી શતાબ્દી) કૃત રાંગત્ય છંદમાં લખાયેલ 'કાર્કલ-ગોમ્મટેશ્વર ચરિતે'. (આમાં ઈ. ૧૪૩૨માં કાર્કલમાં રાજા વીર પાણ્ડુવ દ્વારા પ્રતિષ્ઠાપિત બાહુબલી પ્રતિમાના ઇતિવૃત્ત આપેલ છે. (૧૮) સંસ્કૃતમાં ૧૮ સર્ગોમાં અલંકૃત પુણ્યકુશલગણીકૃત (વિ. સં. ૧૬૪૧–૧૬૬૯) 'બાહુ-બલી મહાકાવ્યમ્'.



- મોહની મૂઢતા જાય તે દુઃખમાંય સુખી અને સુખમાં ય સુખી. કેમકે સુખમાં વિરાગ જીવતો હોય અને દુઃખમાં સમાધિ જીવતી હોય.
- મોહનું મારણ છે વિવેક. વિવેક આવ્યા વિના મોહ મરે નહિ અને મૂઢતા જાય નહિ. ખરેખર વિવેક તેનું નામ જ સમ્યક્‌ત્વ છે.
- ગમે તેવા અંધકારમાં બેટરી જેમ માર્ગ બતાવે છે તેમ વિવેકી બેટરી આવે એટલે આત્મ મોક્ષ સંમુખ ચાલ્યો.
- સંસારનું સુખ દેખાવમાં છે સારું પણ પરિણામે છે ભૂંડું કેમકે વિના પાપે મળતું નથી, વિના પાપે ભોગવાતું નથી અને તેને સાચવવા ઘણાં ઘણાં પાપ કરવા પડે છે.
- શ્રાવક તો ધર્મનો પ્રાણ છે. ધર્મજીવન શ્રવણ હોય તો જ ટકે.
- પુણ્ય સ્વાભાવિક પણ ફળે, કોઈને ઉદ્યમ કરવાથી ફળે અને કોઈને મહાપાપ કરવાથી જ ફળે.
- ધર્મમાં જ ઉદ્યમની જરૂર છે. સંસારમાં ઉદ્યમનો ઉપદેશ આપવાની જરૂર નથી તે તો ગળે પડયો જ છે. તેનો ઉપદેશ આપે તે બેવકૂફ છે.
- સંસારના સુખને જે સુખ માને તે અસલમાં ધર્મી નથી. જે મહાદુઃખનું કારણ છે, અહીં પણ દુઃખ આપનાર છે. અને પરંપરાએ પણ જેનાથી દુઃખ થવાનું છે તેને સુખ તો મૂરખ હોય તે જ માને !
- જેને ધર્મ સાથે સ્નાનસૂતક નથી તેવા માણસો ધર્મના આગેવાન બન્યા ત્યારથી ધર્મનું નિકંદન ગયું. ધર્મનો નાશ થવા લાગ્યો.
- સુખમાં મહાલનાર દુર્ગતિનો મહેમાન છે.
- અનુકંપા વિના એક પણ ધર્મ શોભે નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક–સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૬

૧૬-૮-૨૧

નમો चउविसाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

शासन અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

૫૨૬૩

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૬	૨૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

卐

ઉપવાશ એટલે શું ?

उपावृत्तस्य दोसेभ्यः,
सम्यग्वासो गुणैः सह।
उपवासः स विज्ञेयो,
न शरीर विशोषणम् ।।

દોષોથી પાછાવળવું અને ગુણોની સાથે સારી રીતે વાસ કરવો– ગુણ મેળવવા–તેનું નામ ઉપવાસ જાણવો પણ માત્ર શરીરને શોષવું અર્થાત્ લાંઘણ કરવું તે ઉપવાસ નથી.

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન
શ્રી મહાવીર જૈન આરાધના કે

卐 જ્ઞા ન ગુ ણુ–ગં ગા 卐

–શ્રી પ્રજ્ઞાંગ

(ગતાંકથી ચાલુ)

૭– નન્તર ગતિ દ્વાર :– ચતુર્થ પૃથ્વીસિદ્ધ અલ્પ, તેથી તૃતીય પૃથ્વીસિદ્ધ સંખ્યાત ણુ, તેથી દ્વિતીય પૃથ્વી સિદ્ધ સંખ્યગુણ, તેથી પ્રત્યેક બાદર પર્યાપ્ત વનસ્પતિ સિદ્ધ સ ાત ગુણ, તેથી બાદર પર્યાપ્ત પૃથ્વીકાય સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી બાદર પર્યાપ્ત ા ાય સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી ભવનપતિ દેવી સિદ્ધ સંખ્યાતગુણ, તેથી ભવનપતિ દિ સંખ્યાત ગુણ, તેથી વાણવ્યંતરી સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી વાણવ્યંતર સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી જ્યોતિષ દેવી સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી જ્યોતિષ સિદ્ધ સંખ્યાત ગુણ, તેથ માનુષી સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી મનુષ્ય સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી પ્રથમનારક સિ સંખ્યાત ગુણ, તેથી તિર્યંચી સિદ્ધ સંખ્યગુણ, તેથી તિર્યંચ સિદ્ધ સંખ્યાત ણુ, તેથી અનુત્તર સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી અધઃ અધઃ યાવત્ સનત્કુમાર સુધી સં ાત ગુણ, સંખ્યાત ગુણ તેથી ઇશાન દેવી સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી સૌ ધર્મ દેવી સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી ઇશાન દેવ સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી સૌ ધર્મ દેવ સિદ્ધ સંખ્યાત ણુ,

(કે દેવ કરતાં દેવીની સંખ્યા વધારે હોય છે. તો પણ પુરુષમાંથી આવી મોક્ષે જ સંખ્યા ઘણી હોવાથી અલ્પ બહુત્વ સંભવિત છે.)

૮ ક્ષેત્ર વિભાગ દ્વાર :– જંબુદ્વીપમાં, ભરત–ઐરાવતમાં સિદ્ધ થયા તે સર્વથી પ. તેથી મહાવિદેહ સિદ્ધ સંખ્યાતા ગુણ.

ત સંહરણની અપેક્ષાએ ચુલ્લ હિમવંત અને શિખરી પર્વત ઉપર સિદ્ધ થયા તે સર્વથ અલ્પ, તેથી હૈમવંત–હિરણ્યવંત ક્ષેત્ર સિદ્ધ સંખ્યાત ગુણા, તેથી મહાહિમવંત રુકમીગિરી સિદ્ધ સંખ્યાત ગુણા, તેથી દેવકુરુ–ઉત્તરકુરુ સિદ્ધ સંખ્યાત ગુણા તેથી હરિ –રમ્યકૂસિદ્ધ વિશેષાધિક તેથી નિષધ-નિલવંત સિદ્ધ સંખ્યાત ગુણ, ભરત–ઐરવત ધ સંખ્યાત ગુણ, તેથી મહાવિદેહ સિદ્ધ સંખ્યાત ગુણ. તથા ધાતકી ખંડને વિષે ચુલ્લ હિમવંત-શિખરી સિદ્ધ સર્વથી અલ્પ, તેથી મહાહિમવંત રુકમીસિદ્ધ સંખ્યાત ગુણ નિષધ–નીલવન્ત સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી હિમવંત–હિરણ્યવંત સિદ્ધ વિશેષાધિ. તેથી દેવકુરૂ–ઉત્તરકુરૂ સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી હરિવર્ષ–રમ્યકૂસિદ્ધ વિશેષાધિક, તેથી ભરત–ઐરવત સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી મહાવિદેહ સિદ્ધ સંખ્યાત ગુણ.

(અનુ. ટાઈટલ ૩ પર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

વર્ષ ૬] ૨૦૫૦ મહા સુદ-૫ મંગળવાર તા. ૧૫-૨-૯૪ [અંક ૨૭]

—: પાયાનું શિક્ષણ શું ? :—

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મહારાજા

(ગતાંકથી ચાલુ)

આજે તો વિદ્યાર્થીઓના તોફાનો સાંભળીને કમકમા આવે છે. તે જોઇને થાય કે આ બધા ભણવાને પણ લાયક જ નથી, કારણ સારી સારી પ્રણાલિકાઓ, મર્યાદાઓનો પરિત્યાગ કરાયો છે. શિસ્ત તો જાણે ગમતી જ નથી. બધાને સ્વતંત્ર રીતે જીવવું છે. તેથી સ્વચ્છંદતા વધી ગઇ. કોઇથી કોઇને કાંઇ કહેવાય નહિ. આવું ચાલશે તો શું થશે તેનો વિચાર કેટલાને ? આને પ્રગતિ કહેવાય કે અવગતિ કહેવાય ? આ દેશ આગળ વધી રહ્યો છે કે બરબાદ થઇ રહ્યો છે ? આજે દોડાદોડ વધી ગઇ. અજંપો વધી ગયો, દેખાદેખી વધી ગઇ, આડંબર પણ ઘણો વધી ગયો છે.

જ્યાં સુધી આત્મા, પુણ્ય-પાપ, પરલોક મોક્ષની વાતો શિક્ષણમાં નહિ આવે ત્યાં સુધી બધાનો અધઃપાત થવાનો છે. માત્ર નોકરી લક્ષી જ શિક્ષણ બની ગયું તેનું આ પરિણામ છે. જ્યારે આત્મા-પુણ્ય-પાપાદિની વાતો શિક્ષણમાં ચાલતી ત્યારે ઓછું ભણેલા પણ સારા હતા. અને આજે ઘણું ભણેલા પણ મા-બાપને મા-બાપ કહેવા રાજી નથી. જે શિક્ષણ દેવ-ગુરુ ધર્મને તો ભૂલાવે, પણ મા-બાપને પણ ભૂલાવે તે શિક્ષણ પણ કેવું કહેવાય ?

'સા વિદ્યા યા વિમુકતયે'– આ વાત માત્ર લખવામાં જ રહી છે. આચરણમાંતો મોટું મીંડું મૂકાયું છે. **આજના ભણેલાને નોકરી માટે અભણ મા બાપની** લાગવગ જોઇએ અને એ ભણેલો પાછો મા-બાપને માને નહિ કેટલો મોટો અનર્થ થયો કહેવાય ! આજના શિક્ષણે તો જુલમ કરી નાખ્યો છે જુલમ.

[illegible]ને બહારગામ રહી ભણતા છોકરા મા-બાપ પાસે પૈસા મંગાવે. મા-બાપ મોકલી [illegible] આપે. પણ તેમનાથી તે પૈસાનો હિસાબ મંગાય નહિ. જો આવું ચાલશે તો તમા[illegible] છોકરા બધા વ્યસનમાં પાવરધા થઇ જશે. ઘણાના થઇ પણ ગયા. પછી તે છોકરા [illegible]ને જૂતે મારશે. પણ ત્યારે ઘણું મોડું થઇ ગયું હશે.

તરત બધા શિક્ષકો જો સમજી થઇ જાવ તોય ઘણો સુધારો થઇ જાય. તમે બધા પણ પૈ[illegible] માટે જ ભણાવતા હો તો સુધારો કયાંથી થાય ? તેવાથી શિક્ષિત થયેલા નોકરી [illegible] શું કરે ? આજના નોકરી કરનારા પણ મોટે ભાગે ભ્રમચોર. જે એક માણસ [illegible] તે દશ પણ ન કરે અને પગાર એટલો કે વર્ણન ન થાય. પગાર વધારો માગ્યા [illegible] કરે, કારણ ખર્ચા વધુ. તમારા ખર્ચા સારા માણસને બતાવો અને આ બધો ખર્ચો [illegible] જબી છે તેમ તે મહોર છાપ મારે તો માનવું કે, આ ખર્ચા વ્યાજબી છે. ખોટા ખર્ચા વધારે અને તે મેળવવા ગમે તે કરવું પડે તે કરવા તૈયાર આ બધું ચલાવાય ખરું ? આ મનુષ્ય જીવન મોજ-મજા-વિલાસાદિ કરવા માટે નથી પણ સારા સજ્જન બનવા છે, ઋષિ-મહર્ષિ અને પરમર્ષિ બનવા માટે છે, પરમાત્મા થવા માટે છે.

જેના જીવનમાં ન્યાય-નીતિ-સદાચાર જીવતા હોય, જે કોઇનો વિશ્વાસઘાત ન કરે તે સજ્જન માણસ કહેવાય આવી સજ્જનતા તો બધાના જીવનમાં હોવી જોઇએ કે નહિ ? આ કયાં બને ? સારું હોય તો મન આપણું ગુલામ છે કે, મનના આપણે ગુલામ છીએ ? ઇન્દ્રિયો પર કાબૂ રાખે તો મન કાબૂમાં આવી જાય. સારો માણસ તો દેવાંગના જેવી સ્ત્રી સામે પણ ઊંચી આંખ કરીને ન જૂએ. આર્યદેશનો આ આચાર હતો. આજે તો તમારા સીનેમાએ આ બધા આચારોનું સત્યાનાશ કાઢયું. તમે તેને રૂડું રૂપાળું નામ આપ્યું મનોરંજનનું !

હિંસા, ચોરી, જૂઠ, મૈથુન અને પરિગ્રહ આ પાંચે ય ને, જગતના દરેકે દરેક આસ્તિક દર્શનકારોએ મહાપાપ કહ્યા છે. આ પાંચે ય પાપો જે મનથી, વચનથી કે કાયાથી સ્વયં કરે નહિ, બીજા પાસે કરાવે નહિ, કરતાને સારા માને નહિ તે બધા જીવો ઉત્તમ કહેવાય ને ? સાધુપણું કહો કે ઉત્તમતા કહો તે બે એક છે ને ? તમે બધા અમને હાથ જોડો, તમારાથી ઊંચા બેસાડો તે આ જ કારણે ને ? અમને હાથ જોડનારા અમને હૈયાથી પોતા કરતાં ઊંચા માનતા હોય, સારા માનતા હોય તો અમારા જેવા બનવાનું મન હોય ને ? ભગવાનના સાધુ એટલે જેમણે ગામમાં ઘર નહિ, બજારમાં પેઢી નહિ, જંગલમાં જમીન નહિ, પાસે કૂટી કોડી નહિ, સંયમ માટે જે ચીજોની જરૂર [illegible], તે ગૃહસ્થોને ત્યાંથી તેમને અપ્રીતિ ન થાય તે રીતના લાવી નિર્વાહ કરે તે. સાધુ તમે આપો તો ય ધર્મલાભ કહે, ન આપો તો ય ધર્મલાભ જ કહે ! આવી

સાધુતા એકદમ ન આવે, પણ તેનું લક્ષ રાખીને જીવે તો તે સદ્‌ગૃહસ્થ થયા વિના રહે નહિ. સદ્‌ગૃહસ્થ બનવા માટે જ આ શિક્ષણ છે ને? પછી શિક્ષકો પણ સારા પાકે અને વિદ્યાર્થી પણ સારા જ પાકે ને?

પૈસાથી જ સુખ મળે તે વાત ખોટી છે. અમારી પાસે પૈસા નથી છતાં અમે સુખી છીએ. **જે આત્માઓ સાધુ થઈને નિર્લેપપણે જીવે તે થોડા જ કાળમાં પરમાત્મા બની જાય!** મારે પણ વહેલામાં વહેલા પરમાત્મા બનવું છે. આ મનુષ્ય જન્મ પરમાત્મા થવા માટે જ છે–આ વાત જો તમારા બધાના હૈયામાં સમાઈ જાય તો ઘણું કામ થઈ જાય. પછી તો ઘરમાં ય કેમ જીવવું, બહારમાં કેમ રહેવું તે ય આવડી જાય. **ડીગ્રીવાળો સ્વેચ્છાચારે, સ્વછંદપણે જીવે તે મહા કલંક છે.** મારે તો આ–તે જોઈએ જ તે માણસ કહેવાય કે પશુ કહેવાય?

પ્ર– સત્ય બોલવાથી જગતમાં હાનિ થતી હોય તો મૌન ધારણ કરવું કે સત્ય બોલવું?

ઉ.– અમારે જૂઠું નહિ બોલવું તે નિયમ. જેટલું સાચું તે બધું જ બોલવું તેમ નહિ. કેમકે, કેટલાક સત્યો એવા હોય છે જે બોલવાથી અનેકને નુકશાન થાય તે બોલાય નહિ. પણ જે સાચું બોલવાથી કદાચ પોતાને નુકશાન થાય પણ અનેકને લાભ થાય તો તે સાચું અવશ્ય બોલવું જ જોઈએ. પણ તે માટે તાકાત જોઈએ, સત્ત્વ જોઈએ, માથું કપાવાની ત્રેવડ જોઈએ. તે વખતે જો મૂંઝાયા તો ભાવિ અંધકાર બને, આગામી જીવન પણ બગડે.

જીવન સારું બનાવવા લાલસાઓ ઉપર કાબૂ મેળવો, ખોટી લાલસાઓનો ત્યાગ કરો. કોઇને ઠગો નહિ. ઠગીને સારું સારું ખાનારા–પીનારા, પહેરનારા–ઓઢનારાનું જીવન કેવું છે? લોકો પણ તેને કેવી નજરે જૂએ છે? આ જન્મ થોડા કાળનો છે તો તેને સફળ કરવો છે કે વેડફી નાખવો છે? ખરાબ રીતે જીવનારાની આ લોકમાં પણ સારી આબરૂ નથી અને ભાવિ તો અંધકારમય જ છે. શું વિચાર છે? મનને કેળવો, મનને કેળવીને સારું બનાવો. મન કેળવવાનો અભ્યાસ કરે તે ભણેલો કહેવાય. મનને ન કેળવે તેણે ચોપડીઓ ફાડી કહેવાય. ચોપડીઓ ફાડવી છે કે ભણવી છે? **જેનાથી દુર્વિચાર નાશ પામે અને સદ્‌વિચાર પેદા થાય તેવું સાહિત્ય વાંચો.** જે જીવનને બગાડે, પશુ કરતાં ય બદતર જીવન બનાવે તેવા સાહિત્યની સામું પણ ન જૂઓ. તેવું સાહિત્ય તમારી સંસ્થાઓમાં ન ઘાલો. તેવું વાંચન તે માણસાઇનું લક્ષણ નથી પણ જનાવરનું છે. માણસાઇનું લીલામ છે.

'પાપનો ભય કેળવો, મરવાનો ભય કાઢી નાખો દુઃખ સહન કરતાં શીખવે અને પાપથી છેટા રહેતા શીખવે તેનું નામ શિક્ષણ.' આ ગુણ આવી જાય તેનું જીવન સુંદર બને, મરતી વખતે તેને આનંદ આવે. કેમકે, તેને વિશ્વાસ છે કે, સમજુ થયા પછી મેં જાણી બૂઝીને કોઇના ખોટામાં ભાગ લીધો નથી. અને શક્તિ મુજબ સારું જ કર્યું છે. તેથી મારો પરલોક પણ સારો થવાનો છે. શિક્ષણનો આ મૂળભૂત હેતુ સમજી જાવ અને અમલ કરવા માંડો તથા જે કોઇ પરિચયમાં આવે તે બધાને સમજાવવા માંડો તો યુગ પલટાઇ જાય. ભણેલા-ગણેલા સાચી વાત ન કરે તે કેમ ચાલે ?

માટે મારી ભલામણ છે કે, આજથી તમે આ ભણવા માંડો અને બીજાને ભણાવો. પાપનો ડર પેદા થાય, દુઃખનો ડર નીકળી જાય, મરણનો ભય નીકળી જાય, જીવવાનો લોભ ચાલ્યો જાય, સુખની પરવા ન રહે તો જીવન સુંદર બને. કદાચ સુખની જરૂર પડે અને ઉપયોગ કરવો પડે તો મદારી જેમ સાપને લે તેમ લો. મદારી ઝેર નીચોવેલા સાપ પાસે જ ખેલ કરાવે છતાં પણ જડીબુટ્ટી પાસે રાખે કેમકે, ગમે તેમ પણ સાપની જાત, ગમે તેટલું ઝેર કાઢી લીધું હોય તો ય ઝેરી જાતમાં ઝેર રહી જાય. તેમ સંસારના સુખની જરૂર ન પડે તેમ જીવો. કદાચ તે સુખની જરૂર પડે તો તેનું ઝેર ન ચડે તેમ જીવો. તે માટે સુશિક્ષિત બની આત્મામાંથી પરમાત્મા થાવ તે જ ભલામણ છે. (ક્રમશઃ)

: શ્રી જિન દ્રવ્યની વૃદ્ધિ અને ભક્ષણનું ફળ :

વડ્ઢંતો જિણુદવ્વં તિત્થયરત્તં લહઇ જીવો ।
ભક્ખન્તો જિણુદવ્વં અણંતસંસારિઓ ભણિઓ ॥

દેવદ્રવ્યની વૃદ્ધિને કરનારો જીવ શ્રી તીર્થંકરપણાને પણ પ્રાપ્ત કરે છે અને દેવ-દ્રવ્યનું અન્યયોગથી પણ ભક્ષણ કરનારો જીવ અનંત સંસારી કહ્યો છે.

: ભાવ વિશુદ્ધિથીજ આત્મવિશુદ્ધિ :

પૂઆઇ ભાવસુદ્ધી ભાવવિસુદ્ધીઇ સુકય સંપત્તી ।
સુકએણ હોઇ સુગઇ, સુગઇઇ પરંપરા મુક્ખો ॥

પૂજા ભાવની શુદ્ધિ-નિર્મળતા થાય છે, ભાવની નિર્મલતાથી સુકૃતની સંપત્તિ પ્રાપ્ત થાય સુકૃતના કારણે સદ્ગતિ મળે છે અને સદ્ગતિની પરંપરાને સાધતો આત્મા મુક્તિને પામે છે.

ચીંગ અને પીંગ

ચીન દેશની એક મજાની લોકકથા છે.

ચીંગ નામનો એક ભલો ખેડૂત હતો.

એક વાર એને સપનું આવ્યું કે એના પાડોશી પીંગના ખેતરમાં સોનામહોરનો ભંડાર છે.

ભલા ચીંગે આ વાત એના પાડોશી પીંગને કહી.

પીંગ લુચ્ચો હતો. એણે માન્યું કે ચીંગ એની મશ્કરી કરે છેએ ટલે એણે ચીંગને મજાકમાં કહ્યું.

'એમ ? પણ મને એવું સપનું આવ્યું કે તારા ઘરના છાપરામાં સોનામહોરનો ભંડાર છે...''

ચીંગ સાચું માની બેઠો ને રાજી થતો ઘેર ગયો.

આ બાજુ પીંગને થયું, "લાવને ખેતરમાં જઈને ખોદું તો ખરો ! કદાચ ચીંગ સાચું પણ કહેતો હોય...''

આમ વિચારી એણે પોતાનું ખેતર ખોદવા માંડયું.

થોડું ખોદ્યા પછી જમીનમાંથી એને એક મોટો ઘડો મળ્યો.

પીંગ રાજી રાજી થઇ ગયો.

પણ એણે ઘડાનું ઢાંકણું ખોલ્યું તો તરત જ અંદરથી એક સાપ નીકળ્યો.

પીંગ ગભરાયો. એણે તરત જ ઘડાનું ઢાંકણું બંધ કરી દીધું. બાપ રે આ તો સોનામહોરને બદલે સાપ !

એને ચીંગ પર ગુસ્સો આવ્યો. એને થયું :

"ખરેખર ચીંગે જ સાપનો ઘડો મારા ખેતરમાં સંતાડયો હશે પણ હવે હું ય એને પાઠ ભણાવીશ. આ સાપનો ઘડો એના છાપરામાં જ મૂકી આવીશ...''

આમ વિચારી એ જ રાત્રે ઘડો લઇને અંધારામાં એ ચીંગના ઘેર ગયો. કોઇને ખબર ન પડે એમ એ એના છાપરા પર ચઢયો. છાપરાના નળિયાં હટાવ્યાં અને એમાંથી પેલો સાપવાળો ઘડો સરકાવીને નીચે ફેંકયો.

ચીંગ ઘરમાં ખાટલામાં સુતો હતો.

ત્યાં ઉપરથી ઘડાના પડવાના અવાજ આવવાથી એ ઝબકીને જાગી ગયો.

જાગીને જોયું તો ઘડામાંથી એક સાપ નીકળ્યો અને સડસડાટ કરતો ઘરની બહાર ચાલ્યો ગયો.

ઉપરથી પીંગ આ જોઇને ખુશ થતો હતો. ચીંગને કેવો ગભરાવ્યો !

પણ ત્યાં તો !

ત્યાં તો એ ઘડામાંથી ખરેખર સોનામહોરો નીકળતી એને દેખાણી

નીચે ચીંગે પણ ઘડામાંથી સોનામહોરનો ઢગલો નીકળતો જોયો. એ ખુશ થઇ ગયો ને મોટેથી બોલ્યો.

"ખરેખર પાડોશી પીંગના સપનાની

(અનુ. પેજ ૭૦૬ પર

રામ વનવાસ

– પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય કનકચ-દ્રસૂરીશ્વરજી મહારાજા

રામાયણ એ તો રત્નમય સુવર્ણ પાત્રોની ખાણ છે. માનવતાનો સર્વશ્રેષ્ઠ આદર્શ જેવો રામાયણમાંથી આપણને જોવા-જાણવા મળે છે, તેવો અન્યત્ર ભાગ્યે જ મળશે !

શ્રી રામચંદ્રજીની અન્યય પિતૃનિષ્ઠા, લક્ષ્મણ તથા ભરતની પોતાના વડિલ બાંધવ પ્રત્યેની અદ્વિતીય ભક્તિ, આ બધું રામાયણમાંથી મળે છે.

તે કાલની સંસ્કૃતિ; સંયમ, સ્વાર્થ ત્યાગ કે સહિષ્ણુભાવ પર જ રચાએલી હતી, જે રામાયણના પ્રસંગો વાંચતાં-સાંભળતાં સ્હેજે જાણી શકાય છે. તેમાં યે રામચંદ્રજી જે રીતે સ્વયં વનવાસ જવા તૈયાર થાય છે, તે આખોયે પ્રસંગ અને તેની પૂર્વ ભૂમિકાનું વાતાવરણ તે પુણ્યપુરુષનાં જીવનનો તથા તે કાલના માનવોનો પવિત્રતમ આદર્શ આપણને સમજાવી જાય છે, ને જીવનમાં માનવતાનો મંગલ સંદેશ સુણાવી જાય છે !

✿

પ્રવેશ પહેલો

સ્થળ : ઇક્ષ્વાકુવંશના રાજાઓની રાજધાની અયોધ્યા નગરીમાં મહારાણી કૌશલ્યાદેવીનો મહેલ

પાત્રો :– મહારાજા દશરથ, મહારાણી કૌશલ્યાદેવી, દાસી પ્રિયંવદા, વૃદ્ધ કંચુકી.

[પરિચય : ઇક્ષ્વાકુ વંશના મહારાજા દશરથે રાજધાની અયોધ્યાનગરીમાં ધર્મ મહોત્સવ માંડયો છે. નગરીના જિનમંદિરોમાં સ્નાત્ર મહોત્સવ ઉજવાઇ રહ્યો છે. શાંતિસ્નાત્રનું પવિત્ર જળ મહારાજાએ અંતઃપુરની રાજરાણીઓને પહોંચાડવા માટે સેવકોને મોકલ્યા છે. અન્ય રાણીઓને સ્નાત્રજલ પહોંચી જાય છે. પટ્ટરાણી કૌશલ્યાદેવીને હજુ સ્નાત્રજલ પહોંચ્યું નથી. એટલે ગ્લાન મુખે-શોકવદને મહારાણી બેઠા છે. એટલામાં પ્રિયંવદા દાસી ત્યાં આવે છે.]

પ્રિયંવદા–બા, આજે આપ આમ ઉદાસીન કેમ છો ? આપનાં મુખ પર શોકની છાયા કેમ જણાય છે ?

કૌશલ્યા–હેન શું કહેવું ? કોને કહેવું ? આ સંસારમાં મારા જેવું નિર્ભાગી કોણ છે ? જોને ! રાજકુલમાં દરેકે દરેક આજે કેવો આનંદ માણે છે ? જ્યારે હું કેવી હીનભાગ્ય છું કે પ્રભુનું સ્નાત્રજળ પણ મારા ભાગ્યમાં નહિ.

પ્રિયંવદા– બા, આવું ન બોલો ! સમગ્ર સંસારમાં આપના જેવી પુણ્યાઇ

આજે કોને મળી છે ? શ્રી રામચંદ્રજી જેવા પુત્રરત્નના આપ જનેતા છો.

એ આપના જેવા માટે ઓછા ગૌરવની વસ્તુ નથી. મહારાજાએ આપના માટે સ્નાત્રજલ અવશ્ય મોકલ્યું હોવું જોઇએ. હું જઇને આ વિષે મહારાજાને ખબર આપું છું. આપ આમ આને અંગે ખેદ ન કરો !

(પ્રિયંવદા ત્યાંથી નીકળે છે, થોડી વારમાં દશરથ મહારાજા ત્યાં આવે છે, ચિંતાગ્રસ્ત કૌશલ્યાને જોઇને ખિન્ન થાય છે)

દશરથ– શું હજુ સુધી સ્નાનનું મંગળજળ અહિં આવ્યું નથી કે ? આમ કેમ બન્યું ? સહુથી પહેલાં અહિં મોકલવા કંચુકીને રવાના કર્યો છે, હજુ તે આવ્યો કેમ નહિ ?

કૌશલ્યા – સ્વામી ! એમાં મારા પુણ્યની ખામી છે. જ્યારે અંતઃપુરમાં દરેક રાણીઓને સ્નાત્રજલ મળ્યું છે. મારાં ભાગ્ય એટલાં મેળાં કે આપ સ્વામીનાથની કૃપા મારા પર ઓછી થઇ છે.

દશરથ– (કાંઈક અધીરતાથી) આમાં એવું કાંઇ જ નથી, તમારા જેવા સમજુ–વિચારશીલ સ્ત્રીરત્નને આવા વિકલ્પો ન છાજે. તમારા માટે પહેલાં જ આપણા જૂના કંચૂકીને મોકલ્યો છે. હું હમણાં તપાસ કરાવું છું કે, આમ શાથી બનવા પામ્યું ?

(એટલામાં વૃદ્ધ કંચુકી હાથમાં રત્ન-જડિત સુવર્ણપાત્રમાં સ્નાત્રજલ લઇ ત્યાં હાજર થાય છે.)

દશરથ– (કંચુકીને) કેમ આટલું બધું મોડું થયું ? તને સહુ પહેલાં અહિં આવવા માટે મોકલ્યો હતો અને હવે આવે છે ?

કંચુકી–(થડકતે હૈયે, કંપતે સ્વરે) મહારાજ ! આમાં મારો દોષ નથી. આ મારી કાયાની સામે નજર કરો ! હું શું કરું ? વૃધ્ધાવસ્થાથી જર્જરીત આ મારૂં શરીર હવે કામ આપતું નથી હું લાચાર છું. પહેલા જેવું હવે મારાથી ધાર્યું કાર્ય થતું નથી.

(મહારાજા દશરથની દૃષ્ટિ વૃધ્ધ કંચુકીના શરીર પર પડે છે. શરીર ધોળી પૂણી જેવું નિસ્તેજ, અંગોપાંગમાં કરચળીઓ પડેલી, કાયા નમી પડેલી. આંખમાંથી પાણી વહી રહ્યું છે. મસ્તક પરના ધોળાવાળ આંખોને ઢાંકી રહ્યા છે. નાક–મોંમાંથી લાળ પડયા કરે છે, કાયા કંપી રહી છે, પગ થર થર કંપી રહ્યા છે. કંચુકીના જરાથી જર્જરિત દેહને જોઇ દશરથ મહારાજા ક્ષણભર વિચારમગ્ન બની જાય છે.)

દશરથ– અહો ! ખરેખ શરીરની આ દશા ! વૃદ્ધાવસ્થા આવતાં શરીર કેટ–કેટલું દયાજનક બની જાય ? ખરેખર કાચી માટીના વાસણ જેવી નાજુકમાં નાશ પામી જાય તેવી આ કાયાની સ્થિતિ છે. અરે ! શરીરની ખાતર પ્રાણીઓ જીવનમાં કેટ–કેટલાં પાપો આચરે છે ! એ શરીરની છેવટે આ જ સ્થિતિને ? તો હવે આ શરીર કામ આપે છે ત્યાં સુધી મારે આત્મહિત સાધી લેવું જોઇએ.

કૌશલ્યા– સ્વામીનાથ! આપ આ બધા વિચારો શા માટે કરો છો? આપને આત્મ [illegible] સાધવું હોય તો ખુશીથી આપ સાધી [illegible]કો છો. પણ હજુ એ માટે ઉતાવળા [illegible]વાનું નથી, અવસરે આપ આત્મકલ્યાણના માર્ગે પ્રયાણ કરજો!

દશરથ– પ્રિયે! આત્મકલ્યાણના સમયને હવે કશીજ વાર નથી. આ શરીરનો વિશ્વાસ શો હોઇ શકે? સમુદ્રના તરંગ જેવા ચંચળ શરીર દ્વારા શ્રી જિનેશ્વર ભગવંતના સંયમમાર્ગની આરાધના કરી લેવી. એ જ હવે મારા માટે ઉચિત છે. રામનો અયોધ્યાના રાજ્ય સિંહાસન પર અભિષેક કરી, સંસારત્યાગ કરવાને હવે હું તૈયાર થઇશ. તમારા જેવાએ મને મારા માર્ગમાં સહાયક બનવું જોઇએ. આ સિવાય તમારાં તરફથી અન્ય કઇ અપેક્ષા હું રાખી શકું?

કૌશલ્યા–જેવી આપ સ્વામીનાથની ઇચ્છા

o

પ્રવેશ બીજો

સ્થળ : રાજ્યસભાનો આવાસ

પાત્રો : મહારાજ દશરથ મંત્રીમંડળ, રામ, ભરત, રાણી કૈકેયી

(દશરથ મહારાજનું મન સંસાર પરથી વિરક્ત બન્યું છે. શરીરની ક્ષણભંગુરતા નજરે નિહાળ્યા બાદ શ્રી પારમેશ્વરી પ્રવજ્યા સ્વીકારવાને તેઓ ઉત્સુક બન્યા છે. આ કારણે [illegible] રામચંદ્રજીનાં શિર પર અયોધ્યાનો રાજમુકુટ મૂકવાને તેઓ ઇચ્છે છે. રાજકુલ તથા અધિકારી મંડળને બોલાવી મહારાજા પોતાની ભાવના વ્યકત કરે છે.

દશરથ– મારું મન સંસાર પરથી હવે ઉઠી ગયું છે. ઇક્ષ્વાકુ વંશના મારા પૂર્વજોને માથા પર ધોળા વાળ દેખાય તે પહેલાં સંસાર ત્યજી સંયમ સ્વીકારતા. હું તો હજુ સુધી સંસારમાં પડયો રહ્યો છું. મારી ભાવના હવે જલ્દી સંયમ સ્વીકારવાની છે, માટે રામને અયોધ્યાના સિંહાસન પર બેસાડી હું દીક્ષા લેવા ઇચ્છું છું.

મંત્રીમંડળ– સ્વામીનાથ! આપ જ્યારે સંયમ સ્વીકારવા ઉત્સુક બન્યા છો, તો આપના કલ્યાણકર માર્ગમાં સહાયક થવા અમે આપની આજ્ઞાને શિરોધાર્ય કરીએ છીએ. ખરેખર યુવરાજ રામચંદ્ર આપના સ્થાનને દરેક રીતે શોભાવશે.

ભરત– પિતાજી! આપ જ્યારે સંસાર ત્યજી ત્યાગના પંથે વિચારવાની અભિલાષા રાખો છો તો હું આપની પાછળ આપના માર્ગે આવવાને ઇચ્છું છું. આપના વિના આ સંસાર મારે માટે શૂન્ય જેવો છે. આપના વિના આ સંસારમાં મારું કોણ?

કૈકેયી– સ્વામીનાથ! અમને મૂકીને આપ આમ ચાલ્યા જશો તો આ સંસારમાં અમારો આધાર કોણ? આપની પાછળ ભરત પણ પિતાના પગલે ચાલવા ઉત્સુક બન્યો છે. હવે અમારા માટે સંસાર એ ખરેખર સ્મશાન જેવો જ થઇ જશે.

દશરથ મહારાજા– (કૈકેયીને) તમારે આવો વિચાર કરવાનો હોય નહિ. રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન જેવા સુવિનીત

પુત્રો તમારા પડયા બોલને ઝીલી લેવા સદા સજ્જ છે. તમારે કોઇ પણ પ્રકારની ચિંતા કરવા જેવું નથી. આત્મ-હિતના માર્ગમાં તમારે સહાય કરવી જોઇએ જેથી નિર્વિઘ્ને હું મારું આત્મકલ્યાણ સાધી શકું (રામચંદ્રજી ત્યાં આવી રહ્યાં છે. અને બધી હકીકત જાણી લે છે.)

રામચંદ્રજી– પિતાજી ! જ્યારે આપની ભાવના સંસારને ત્યજી સંયમમાર્ગનો સ્વીકાર કરવા પ્રબલપણે જાગી છે, તો અમે આપના માર્ગનું કલ્યાણ ઇચ્છી રહ્યા છીએ, આપની ચરણરજ સમા મને આપનો કોઇ આદેશ હોય તે કૃપા કરી ફરમાવશો.

મહારાજા– પ્રિય રામ, સંસારભોગ એ પરિણામે રોગ રૂપ છે, એમ સમજીને આપણા પૂર્વજો યૌવનવયે સંસાર ત્યજી વિરકત બની સંયમના પંથે પ્રયાણ કરતા હતા. મારા પિતા અનરણ્ય–અજ મહા-રાજાએ બાલ્યવયના મારા વડિલ બંધુ અનંતરથની સાથે દીક્ષા ગ્રહણ કરી હતી. હું સંસારમાં મોહવશ બનીને આટલા કાળ સુધી રહ્યો. હવે પ્રભુના કલ્યાણકર ત્યાગ ધર્મને સ્વીકારવા મારો આત્મા ઉત્કંઠિત થયો છે. અયોધ્યાનો સમગ્ર રાજ્યભાર આજથી હું તને સોંપું છું. થોડા દિવસમાં રાજ્યમંત્રીઓ તને રાજ્યા-ભિષેકનું તિલક કરશે. ધર્મના પાલનપૂર્વક રાજ્યને તું સાચવજે. તારી માતાઓની સાથે ખૂબ જ સદ્ભાવપૂર્વક વર્તજે. તારા ભાઇ લક્ષ્મણ, ભરત, તથા શત્રુઘ્નને સન્માન-પૂર્વક રાખજે ! સહુના પ્રત્યે વિનય, વિવેક તથા ઔચિત્ય જાળવી રહેજે ! તારા જેવા વિવેકશીલ પુત્રને વધારે અન્ય કશું કહેવા જેવું નથી હું સમજુ છો, માટે તારા પ્રત્યે સ્નેહ વાત્સલ્ય તથા પ્રેમથી આ કહેવાય છે.

રામચંદ્ર– (ગદ્ ગદ્ સ્વરે) પિતાજી ! આપના જેવા શિરછત્રની ગેરવિહોણું રાજપાટ એ મારે મન તો ભારરૂપ છે. આપની સેવામાં રહીને જંગલમાં રહેવાનું હોય તો એ મારે માટે રાજમહેલ જેવું છે. આપનો આત્મા જ્યારે સંસારથી વિર-કત બન્યો છે, તો હવે સંસારમાં આપને રાખવાનો આગ્રહ અમે ન જ કરી શકીએ. આપની શિક્ષા અમારા હિતને માટે છે. તે અમે સદ્ભાવપૂર્વક શિરોધાર્ય કરીએ છીએ.

ભરત :– પિતાજી ! આપની સાથે જ સંયમ માર્ગ સ્વીકારવાને મારું મન તલ-પાપડ છે. આપના વિના સંસારમાં હું નહિ રહી શકું. સંસાર જ્યારે આપને ભયરૂપ લાગે છે, તો એ ભયરૂપ સંસારમાં મને નિરાધાર મૂકીને આપ કેમ ચાલ્યા જાવ છો.

મહારાજા :– પ્રિય ભરત ! આમ આગ્રહ ન કરીએ. તારી માતાને તારા વિના બધું આકરું લાગશે. મારી ગેર-હાજરીમાં માતાની સેવામાં રહેવાનો તારી ફરજ છે, માટે આ વિષે હવે બહુ આગ્રહ ન કરવો.

રામચંદ્ર :– ભાઇ ભરત પિતાજી જે કંઇ કહે છે તે બરાબર છે. માતા કૈકેયીને

તારા જવાથી કેટલો આઘાત લાગશે. એ તને ખ્યાલ છે ? સંયમના માર્ગે જવાની તારી ભાવના અત્યુત્તમ છે. પિતાજીના પગલે-પગલે એમની સેવા કરવા તું જાય, એમાં કહેવી એ અમારે માટે શરમરૂપ છે પણ માતાજીને કેટ-કેટલું દુઃખ થશે, એ તારી સમજ બહાર ઓછું છે ? એક બાજુ પિતાજી જાય, અને એક બાજુ તું ચાલ્યો જાય, આ સ્થિતિમાં માતાજીને માટે અને અમારા માટે તારો વિયોગ અસહ્ય બનશે.

ભરત :– વડીલ બંધુ ! આપના જેવા સુવિનીત પુત્રો બેઠા છે, ત્યાં મારા માતા કૈકેયીને ફરજ પણ ઓછું આવવાનું હોય જ શાનું ? મારા કરતાં માતાજીની સેવા આપ ખૂબ જ સદ્‌ભાવ, સ્નેહ તથા સમર્પિતપણે કરો છો. એટલે માતા કૈકેયીને આઘાત લાગવાનું કોઇ કારણ નથી. માટે પિતાજીના માર્ગે જવાની આપ મને સંમતિ આપો ! આપ જેવા બંધુને ત્યજીને જવા મન ના પાડે છે, પણ બીજી બાજુ પિતાજીની જેમ સંયમના કલ્યાણકર માર્ગે જવા હૃદય અતિ આતુર બન્યું છે.

લક્ષ્મણ :– ભાઇ ભરત ! માતા કૈકેયીને તારા જવાથી ખૂબ જ આઘાત લાગશે એનો તને ખ્યાલ છે ને ? તારા જેવા સુવિનીત પુત્રે માતાજીની લાગણી સમજવી જોઇએ. માતાજીની અનુજ્ઞા મેળવી એમની પ્રસન્નતા જળવાઇ રહે તેમ કરવું જોઇએ. પૂજ્ય પિતાજીનું મન સંસાર પરથી ઉઠી ગયું છે. એમનો આત્મા આજે સંયમ સ્વીકારવા તલપાપડ બન્યો છે. એમનું હૃદય વજ્ર જેવું દૃઢ છે. એઓ કોઇ રીતે રોકાઇ શકે તેમ નથી. પિતાજીના જવાથી અમારા પર જે ભાર તૂટી પડશે. તેને ઓછો કરવા તું અમારી સાથે રહે એવી અમારી ઇચ્છા છે. તારા વિરહથી અમને કેટ-કેટલો આઘાત લાગશે. તેનો તારે વિચાર કરવો જોઇએ.

(ક્રમશઃ)

(અનુ. પેજ ૭૦૧નું ચાલુ)

વાત સાચી નીકળી, મારા છાપરામાંથી ખરેખર સોનામહોરો પડી !"

હકીકતમાં પેલા ઘડામાં નીચે સોનામહોરો જ હતી તેની ઉપર સાપ બેઠો હતો. પીંગે ખેતરમાં સાપને જોઇને ગભરાઇને ઘડો બંધ કરી દીધો ન હોત તો એ સોનામહોરો એને જ મળી હોત.

પણ એની લુચ્ચાઇ એને જ નડી.

અને ભોળો ચીંગ ઘેર બેઠો તવંગર બની ગયો. (મું. સ.)

અહિંસક જીવનજ સાચું જીવન છે.

અમારી સંસ્કૃતિ – અહિંસક
અમારો દેશ – અહિંસક
અમારો ધર્મ – અહિંસક
અમારી ભાષા – અહિંસક
અમારું શહેર – અહિંસક
અમારું ગામ – અહિંસક
અમારી જનતા – અહિંસક
અમારા નેતા – અહિંસક

ખોટું નો લગાડતા હોને ? ”

—ભદ્રંભદ્ર

“પ્રભુ તારે મંદિરીયે આવીયા તને જોવાને”

તું ય ભગાના ભઇ જેવો જ છે ને ? નહિ તો. કાંઇક તો હમજ. હવે કાંઇ તું નાનો કીકો નથ રયો, તે તને વારે ઘડીએ વાતે વાતે ટોકવો પડે.

તને હત્તર વાર કીધું કે-“ટી.વી. માં આપણાં દેરાસર આવે, ભગવાન પ્રગટ થાય ને દર્શન દે, કોઇ સાધુના ઉપદેશામૃતો આવે” ઇ બધુ કલાક બે કલાકના ખેલ, બાપુ. એવા ખેલ ખુરશામાં બેઠા બેઠા, સોફાચટ્ટ ઉપર બેહીને બીડીના ભૂંગળા ગટ ગટાવતાં કે સમોસા–ચટણી ઝાપટતાં ઝાપટતાં જોવામાં પાપ બેસે. વળી કો'ક આભડછેટ નો પાળતી હોય એવી બાઇ જોવા આવી જાય તો તો પાર વિનાનું પાપ લાગે. એટલે ટી.વી. માં આવા કલાક બે કલાકના ખેલ માટે પૈસા વેરી દેવા કરતાં તો છાપખાને છપાય ઇ હારૂ. છાપું પરતીમાં નો જાય ત્યા સુધી તો છાપાના ભગવાનના દુરિત ધ્વંસ કરનારા દર્શન કરીને નવકારશી તો કરી શકાય. સૂર્યવંશી આપણા રાજકુળોમાં પોઢેલા રાજકુમારોને ઘેરે દર્શન કરવા જવાની. તકલીફ દેવા કરતાં તો ભગવાનને અને સાધુ માતમાને જ બધાને ઘેર મોકલી દેવા સારા. જૈનેતરોનેય અનાડી આર્દ્રક કુમારની જેમ ભગવાનના દર્શન થતાં જ કયાંક જાતિ સ્મરણ જ્ઞાન થઇ જાય તો તેનો બેડો પાર થઇ જાય. જૈન ગ્રંથો ઘેર–ઘેર ભગવાન હોવાનું કહે છે જ ને. ?

અભયકુમારે આર્દ્રક કુમારને મોકલી એવી પેટીમાં ઘેર–ઘેર ભગવાન મોકલવા મોંઘા પડે. અને ટી.વીના પેટામાં ય ભગવાનને મોકલીએ અને સમયસર ના આવે ને વેળા કવેળાએ આવે તો સો–સો વરસના નરકના આયુષ્યનો ભૂકકો બોલાવી દેનારી નવકારશી થઇ નો શકે. અને ટી.વી.નું બટન દબાવવાનું જ ભૂલી જઇએ તો ? અને બટન દબાવ્યા છતાં ટી.વી બગડી જાય તો ? ગરીબ જૈનોના ઘરે તો ટી.વી. હોકે હશે જ. પણ ભગવાન ટી.વી.માં સમયસર જ આવવાના હોય અને ભક્તને દર્શન દઇ નવકારશીનો લાભ કમાવવાના હોય આવા અત્યંત પરોપકારી ભગવાન ટી.વીનું બટન દબાવ્યા છતાં ઇલેક્ટ્રીસીટી રીસાઇ ને ચાલી ગઇ હોય તો શું થાય ?

એટલે ટી.વી. માં ભગવાન દર્શન દે તેનો તો બતાવ્યો તે કારણે વિરોધ કરવો જ જોઇએ. પણ છાપખાનેથી છપાઇને, ઉઠતાંની સાથે જ ભગવાન એક કે દોઢ રૂપિયામાં અમૂલ્ય કિંમતી દર્શન દે તેનો વિરોધ કરનારો જ વિરોધ કરવા લાયક છે.

આ વાત સાચી હોં ને વળી ટી.વી. કરતાં છાપા કે ચોપડા–ના ફૂંટ પાના ઉપર તો સસ્તુને સિદ્ધપુરની જાત્રા જેવું કે'વાય. હું તું હમજ્યો ખરો.

*

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ શ્રી જિનાજ્ઞાની આરાધના, એ અનન્તા ભગવાન શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાની આરાધના છે.

૦ સંસારના કોઇપણ સુખનો જેને ખપ નથી અને એક મોક્ષનો જેને ખપ છે, એવાઓને માટે જ દીક્ષાનો માર્ગ છે. પછી તે રાજા હોય કે રંક હોય !

૦ ભગવાનના દર્શન-પૂજન કરે પણ ભગવાન ઓળખવાનું મન થાય નહિ, ભગવાનની આજ્ઞા સમજવાનું પણ મન થાય નહિ તો સમજવું કે, હજી સંસારમાં ભટકવાનું ઘણું બાકી છે.

૦ ભગવાનનો સેવક બને તેને પુણ્યથી મલતી પણ સંસારની સારામાં સારી સામગ્રી આત્માનું ભૂંડું કરનારી જ લાગે.

૦ મોક્ષની વાત ન કરે તે સાધુ પણ નહિ અને મોક્ષની ઇચ્છા થાય નહિ તે શ્રાવક પણ નહિ.

૦ શ્રી જિનેશ્વર દેવની આજ્ઞાને માનવી તેનું નામ શ્રી જિન ભક્તિ ! તે માન્યતા મુજબ જીવન ઘડવાનો પ્રયત્ન કરવો તેનું નામ ભક્તિ ભાવ !

૦ જે જનમાં મહાપણું હોય તે મહાજન કહેવાય. મોટું ટોળું હોય પણ તેનામાં જો મહાપણું હોય નહિ, તો તે મહાજન કહેવાય નહિ. એકમાં પણ જો મહાપણું હોય તો તે મહાજન કહેવાય. માટે જ મહામહોપાધ્યાય શ્રી યશો વિજયજી મહારાજાએ કહ્યું કે-'**એકોડપિ શાસ્ત્રનીત્યા યઃ, વર્તતે સ મહાજન :**!' શાસ્ત્રોએ ફરમાવેલી જાતિ અનુસારે વર્તનારો એક પણ હોય, તોય તે મહાજન કહેવાય.

૦ ધર્મથી તો વિષયા સકિત ઘટે અને વિષય વિરાગ વધે !

૦ ધર્મથી સંસારનો રાગ ઘટે અને મોક્ષનો રાગ વધે.

૦ આજ્ઞા મુજબ ધર્મ કરનારને સંસારથી છોડાવીને મોક્ષને પમાડનારી ક્રિયાઓની આડે જે પ્રમાદ આવતો હોય તે પ્રમાદ તો દુશ્મન જેવો લાગે.

૦ ધર્મથી કષાયો ઘટે, આત્માના ગુણોને પ્રગટાવવાનું આકર્ષણ વધે.

૦ જેમ જેમ જરૂરિયાત ઘટે, તેમ તેમ પાપ કરવાની જરૂરિયાત પણ ઘટે. પછી 'જેની જીવવાને માટે જરૂર નહિ. તેમાં ખર્ચ કરવો નહિ'-આવો નિર્ણય કરો અને યથા શકય અમલ કરો તો ઘણો સંયમ આવી જાય. તમે બધા જો આવા સંયમી બની જાવ તો તમારાં ઘર કેવાં ચાલે.

શાસન સમાચાર

ચંદન બાળા-વાલકેશ્વર

પૂ. ગચ્છાધિપતિ આ. દે. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞાથી ચંદનબાળાના આંગણે પૂ. મુ. શ્રી નયવર્ધન વિ. મ. આદિ ઠાણા તથા પૂ સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. આદિ ઠાણા ૭૫ચાતુર્માસ પધાર્યા હતા. પૂજ્યોની પધરામણિ ચંદનબાળાની ચમક વધારનારી બની ગઇ...

જે. વ.૨થી ફા. વ. ૧૦ સુધીની પૂજ્યોની સ્થિરતા અનેકોમાં ધર્મ સ્થિરતા કરનારી/વધારનારી બની ગઇ. આનંદભર્યો વાતાવરણમાં ચાતુર્માસ પ્રવેશ, અ.સુ. ૬થી 'શ્રી મહાવીર ચરિત્ર' ગ્રંથના આધારે તાત્ત્વિક-પ્રવચનો, દર શનિવારે સવારે પ્રશ્નોત્તરી પ્રવચન અને બપોરે બાળ સામાયિક શ્રેણિનું સફળ આયોજન, દર રવિવારે સવારે માર્ગાનું સારીતા ૩૫ ગુણોનું વિશ્લેષણ અને બપોરે 'જૈન રામાયણ'ના રસમય વિષય પર વેધક પ્રકાશ... રોજ બપોરે ચતુ-સંઘમાં 'પંચાશક' ગ્રંથ-પર વાચના... રોજ રાત્રે ૯-થી ૧૦ નવ-તત્ત્વ વિષયક ફક્ત પુરૂષોમાં વાંચના આ બધા આયોજનથી સ્થાનિક ભાવિક વર્ગ ખૂબજ ભાવિત અને પ્લાવિત બની ગયો.

તપયજ્ઞમાં પણ સાંકળી અટ્ઠમ-સામૂહિક ધર્મચક્રતપ. સામૂહિક ખીરના એકાસણા તથા દીપક વ્રતના એકાસણા, વગેરે તપસ્યા-ઓમાં પણ નાના-મોટા સૌ કોઈ ઉલ્લાસ-ભેર જોડાયા... પર્યુષણા મહાપર્વની આરા-ધના પણ ઉલ્લાસ-ઉમંગ અને ભવ્યતા-ભર્યા વાતાવરણમાં થઇ... પર્યુષણમાં વણ્ર-વાએલા શ્રાવકના વાર્ષિક ૧૨ કર્તવ્યોના બોધને ઝીલી લઇને ભાવિકોએ ૧૨ કર્તવ્યો ઉજવવાનું નક્કી કરેલુ... તે ખૂબજ અનેરી ભવ્યતા અને દિવ્યતા સાથે કર્તવ્યોની ઉજ-વણી થએલી. એક અષ્ટાન્હિ શ્રી જિન ભક્તિ મહોત્સવ ખરા દબદબા પૂર્વક ભણા-વવામાં આવ્યો' તો કે જેમાં ભવ્યસ્નાત્ર મહોત્સવ, વીશસ્થા. પૂજન, લઘુ શાંતિ-સ્નાત્ર, સામૂહિક અષ્ટ પ્રકારી-પૂજા વગેરે વિશિષ્ટ અનુષ્ઠાનો સામેલ કરાયા હતા.

સ્નાત્ર મહો. તો એવા ઠાઠ-ઠઠથી ભણા-વાયો' તો કે. જાણે અંજનશલાકાનો કાર્ય-ક્રમ દેખાય. તે મુજબ છેલ્લા રવિવારે સામૂહિક અષ્ટ પ્રકારી પૂજાનું પણ આયો-જન ચંદન બાળામાં સૌ પ્રથમ કરાયું. જેમાં ૨૪ સિંહાસનો છત્રયુક્ત બનાવી તેમાં ભગ-વાન પધરાવવામાં આવ્યા હતા. દરેક પૂજાની ઉછામણિઓ પણ આશ્ચર્ય પમાડે તેવી બોલાતી હતી. છેલ્લે ભાવિકો મનમૂકીને નાચી ઉઠયાંતા. તે જ પ્રસંગે ગુરૂ ભગવંતની પ્રેરણા ઝીલીને ઘણા ભાવિકોએ જાતે ચઢા-વેલા ફળ-નૈવેદ્યના પૈસા દેવદ્રવ્ય ભંડારમાં ભરી દેવાની પ્રતિજ્ઞા કરી હતી. આ મહોત્સવના

પ્રસંગે જાજરમાન-જરીયન ૯૩ છોડનું ભવ્ય ઉજમણું કરવામાં આવ્યુ હતું. કે જે ચંદનબાળાના ઇતિહાસમાં સૌ પ્રથમ ઘટના હતી.

તેમ જ આગમના છોડો સાચી જરીના હતા. મોટા છોડામાં પણ ૨ સાચી જરીના હતા. ઉજમણાની ગોઠવણ એવી અનોખી ભાત પાડતી હતી કે જેના દર્શન દર્શકોનો પ્રવાહ અવિરત ચાલુ રહેતો હતો. ત્યારબાદ તરત બીજો એક ૫ દિવસનો અતિભવ્ય મહોત્સવ ઉજવાયો હતો કે જેના આયોજક શ્રી પ્રતાપચંદ હીરાચંદ શાહ હતા. મન મૂકીને લાભ લેવા ઉત્સુક એવા આ ભાગ્યવાનનો મહોત્સવ અનેક રીતે આદર્શભૂત બની ગયો.

તેમાં છેલ્લા દિવસે શાંતિસ્નાત્રનો ઠાઠ-માઠ જોતાં તો ભાવિકોના મુખમાંથી એજ શબ્દો સરી પડતાં તા. કે આવી ભક્તિ તો કયારેય જોઈ નથી. છેલ્લા દિવસની મહા આંગી પણ મહાપૂજાની ઝાંખી કરાવે તેવી હતી. ભાવિકોનો પ્રવાહ અવિરત ચાલુજ હતો. જીવદયાની ઝોળી પણ છલકાવી દેવામાં આવી હતી. તેમના તરફથી મહોત્સવની સાથે ૫ સાચી જરીના છોડનું ભવ્ય ઉજમણું પણ કરવામાં આવ્યું હતુ. આસો માસની ઓળીની સામૂહિક આરાધના કરવાનો લાભ પણ પ્રતાપભાઈએજ લીધો હતો. ઘણા ભાવિકો શ્રી નવપદજીની ઓળીમાં જોડાયા હતા. ઓળી દરમ્યાન આસો સુદ ૧૪ ના દિવસે 'બારવ્રતો ઉચ્ચ-રાવવાની' અતિ ભવ્ય ક્રિયા કરાવવામાં આવી હતી. પૂ ગુરૂભગવંતે વ્યાખ્યાનમાં શ્રાવકના બારવ્રતોનું મહત્ત્વ તથા બાર-વ્રતોની વગત શ્રોતાઓને એવી સવિગત સમજાવી હતી કે પરિણામે ચારે તરફ બારવ્રતોની વાત ગૂંજતી થઇ ગઇ હતી.

કયારેય નહિ આવનારા પણ આ ક્રિયામાં જોડાયા હતા અને અપૂર્વ ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં બાળકો યુવાનો. પ્રૌઢો બધા મળીને કુલ ૩૭૨ ભાઇ-બહેનોએ વ્રતો સ્વીકાર્યા હતા અને પુદ્ગલ વોસિરાવ-વાની ક્રિયા કરી હતી છતાંય ઘણાં ભાઇ-બહેનો નહિ જોડાઇ શકાવાથી તેઓને પણ અનુકૂળ દિવસે સાથે લઇને ફરીથી આસો વદ ૮ ના પણ વ્રતો ઉચ્ચરાવવાની ક્રિયા કરાવાઇ હતી જેમાં ૨૨૫ ભાઇ-બહેનો જોડાયા હતા.

દિવાળીના દિવસોમાં પૂજયશ્રીએ 'વીર વિભુની અંતિમ દેશના' વિષયપર પ્રબોધક પ્રવચન ફરમાવ્યા હતા. ચમકદાર ચોમાસુ પૂર્ણ થતાં ચાતુર્માસ પરિવર્તનો પ્રસંગ આવ્યો. ગુરૂભક્ત શ્રી મહેન્દ્રભાઇ અંબાલાલ શાહની અતિઆગ્રહભરી વિન-તિનો સ્વીકાર કરાએલો હતો. સવારે ચંદન-બાળા જિનાલયના પટાંગણમાં પટસમક્ષ ચૈત્યવંદનાદિ થએલ. બાદ ૮.૩૦ વાગે ભવ્ય સ્વાગત યાત્રા સાથે પ્રયાણ કરી પૂજયશ્રી પ્લેઝન્ટ પેલેસ પધાર્યા. ત્યાં વિશાળ સભીયાણામાં પ્રવચન કરી ત્યાં પણ પટ સમક્ષ ચૈત્યવંદનાદિ કરવામાં આવેલ. બધા ભાવિકોનું સંઘ પૂજન તથા લાડુની પ્રભા-વના થયેલ, પૂજયશ્રીએ આખો દિવસ

સ્ટારડસ્ટ મહેન્દ્રભાઇના ગૃહે સ્થિરતા કરેલ. પરિવર્તનની બીજી પણ વિનંતિ કરનારા વિપુલ. પ્રકાશ બિલ્ડીંગના ભાઇઓના અત્યાગ્રહથી વદ ૧ ના પૂજ્યશ્રી ત્યાં પધારેલ.

ત્યાં પણ સભીયાણામાં સ્વાગત ગીત, પ્રવચન, સંઘ પૂજન સાધર્મિક ભક્તિ આદિ થયેલ. ત્યાં એક દિવસની સ્થિરતા કરી પૂજ્યશ્રી વદ ૨ ના ચંદનબાળા પુનઃ પધાર્યા હતા. ફા.વ.૬. ના રવિવારે સંઘનું અધૂરૂ રહેલુ કાર્ય રથયાત્રાનો વરઘોડો અને સંઘ સાધર્મિક ભક્તિ બન્ને સારી રીતે ઉજવાયા હતા... અને છેલ્લે ફા.વ. ૧૦ ના દિવસે ૮. ૩૦ થી ૯.૩૦ ના કલાક 'શ્રી વીરજિનદીક્ષા કલ્યાણક'નું પ્રવચન ફરમાવી પૂજ્યશ્રીએ લાલબાગ પ્રતિ વિહાર આદર્યો હતો. વિશાળ સંખ્યામાં વળાવવા આવેલ ભાઇ-બહેનોને માંગલિક સંભળાવવામાં આવ્યુ હતુ અને ભાવિકોએ પણ સજળ નયને પૂજ્યશ્રીને વિદાય આપી હતી.

ચંદનબાળામાં બાળકો-યુવાનો-પ્રૌઢો અને વૃદ્ધો સૌને ભાવિત અને પાવિત કરનારૂ આ ચાતુર્માસ ચંદનબાળા સંઘને માટે અવિસ્મરણીય બની રહેશે...

નિઝામપુરા વડોદરા – અત્રે પૂ. પં શ્રી વિદ્યાનંદવિ. મ. ની નિશ્રામાં સામુદ.વિક અઠ્ઠમ આસો સુદ ૧૩-૧૪-૧૫ના સારા થયા. સૌરાષ્ટ્ર ગુજરાત મહારાષ્ટ્રમાંથી સારા તપસ્વીઓ પધારેલ. ચાંદીના તિલકાથી બહુમાન કર્યું. પૂ. આ. શ્રી વિ. ભુવનભાનુ સૂ. મ. ૭મી માસિકતિથિ નિમિત્તો પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો ફા. વ. ૧૦ થી ઉપધાન શરૂ થયા છે. પોષ સુદ-૧૪ ના માળારોપણ થશે.

-: વિવિધ વાંચનના આધારે :-
-પૂ.સા.મ. શ્રી હર્ષપૂર્ણાશ્રીજીમ.

૧૨ ચક્રવર્તિઓનાં નામો.

૧ ભરત ૨ સગર ૩ મઘવા ૪ સનત્ કુમાર ૫ શાંતિનાથ-૬ કુંથુનાથ ૭ અરનાથ ૮ સુભુમ ૯ મહાપદ્મ. ૧૦ મા હરિષેણ ૧૧ જય ૧૨ બ્રહ્મદત્ત.

૮ મા સુભૂમ ૧૨ મા બ્રહ્મદત્ત ૭ મી નરકે ગયા.

૩ જા મઘવા ને ૪ થા સનત્ કુમાર ત્રીજા દેવલોકમાં-બાકીના ૮ મોક્ષે ગયા.

૯ વાસુદેવોના નામે.

૧ ત્રિપૃષ્ઠ ૨ દ્વિપૃષ્ઠ-૩ સ્વયંભૂ ૪ પુરૂષોત્તમ-૫ પુરૂષસિંહ ૬ પુરૂષ પુંડરિક ૭ દત્ત ૮ લક્ષ્મણ-૯ શ્રી કૃષ્ણ.

૧ લા ત્રિપૃષ્ટ ૭ મી નરકે ગયા.

૨ જા ૩ જા ૪ થા ૫ મા દ્વિઠ્ઠા ચોથી નરકે ગયા.

૮ મા લક્ષ્મણ ચોથી નરકે ગયા.

૯ મા કૃષ્ણ ત્રીજી નરકે ગયા.

૭ મા દત્ત પાંચમી નરકે ગયા.

૯ બળદેવોના નામો.

૧ અચળ-૨ વિજય ૩ ભદ્ર ૪ સુપ્રભ વિ. ૫ સુદર્શન-૬ આનંદ ૭ નંદન ૮ પદ્મ ૯ રામ. (બળભદ્ર)

૮ બળદેવો મોક્ષમાં ગયા.

૯ મા બળદેવ ૫ મા દેવલોકમાં ગય

સુરત – અત્રે પૂ. આ. શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય મહેન્દ્ર સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિ. સોમસુંદર સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય યશકુંજર સૂરીશ્વરજીમ. આદિની પૂનીત નિશ્રામાં વાસરડા નિવાસી સંઘવી રીખવચંદ કાનજીભાઇના પરિવારમાંથી મિલનકુમાર ઉ.વ.–૧૧ ની દીક્ષા પોષ સુદ ૪ ના ઠાઠથી ઊજાઇ છે. ૧૧ વર્ષ પહેલા પૂ. મુ. શ્રી યુગચંદ્ર વિજયજી મ. એ આ પરિવારમાંથી દીક્ષા લીધી છે.

ભીલડી – માલગાંવથી નીકળેલ છ'રી પાલતો સંઘ પૂ. આ. શ્રી વિજયગુણરત્ન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં સિદ્ધગિરિ જઇ રહ્યા છે ૧૨૫ સાધુસાધ્વીજી, ૧૮૦૦ યાત્રિકો ૬૭૫ કાર્યકર સ્ટાફ, છ–હાથી રથ બેન્ડ સંગીત મંડળ તથા ૧૮ સજાવેલ ઉંટ ગાડીઓ વ્યસન મુક્તિ તથા અહિંસા પ્રદર્શની શત્રુંજય ઉદ્ધારક જાહડમંત્રી સમરાશા, કર્મા શાહ પ્રદર્શની વિ. છે જીરાવલામાં પૂ. આ. શ્રી પદ્મસાગર સૂ. મ. વરમાણમાં પૂ આ. શ્રી હેમપ્રભ સૂ. મ. મલ્યા ભીલડીમાં પૂ. આ. શ્રી અરવિંદ સૂ. મ. કલ્યાણવિજય સૂ. મ. રાધનપૂરથી જીરાવલા ૬૦૦) યાત્રિકો સાથે સંઘ લઇ જતા મલ્યા પૂ આ. શ્રી જગત્ચંદ્ર સૂ. મ. ભીલડી પધાર્યા ભીલડી તીર્થ કમિટિએ સ્વાગત કર્યું સંઘ આયોજન હેરૂમલજી તેમના પુત્રો તારાચંદભાઇ મોહનભાઇ લલિતભાઇ તરફથી શંખેશ્વર ૨૪–૨૫–૨૬ ના અઠ્ઠમ તપ બહુમાન તા. ૧૫–૧૨– પાલીતાણા સંઘમાળ સાથે પૂર્ણ થયો.

અમદાવાદ – જ્ઞાનમંદિરમાં પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ. મુ. શ્રી દર્શનરત્ન વિ. મ. કા. વદ–૪ થી માનતુંગ માનવતી ચરિત્ર ઉપર પ્રવચન આપે છે સારો રસ છે.

તખતગઢ – પૂ. તપસ્વી રત્ન મુ. શ્રી કમલરત્ન વિજયજી મ. ની નિશ્રામાં પૂ. સા. શ્રી કિરણપ્રભા શ્રી જી મ. ની સાતમી પુણ્યતિથિ તથા પિતાશ્રી જીવરાજજી તથા માતાજી અ. સૌ. સુંદરબાઇના ધર્મ આરાધનાના અનુમોદનાર્થે જીવીત મહોત્સવ બે મહાપૂજન સાધર્મિક વાત્સલ્ય સહિત પંચાહ્નિકા મહોત્સવ કા. સુ. ૧૨ થી ૧૫ સુધી ભવ્ય રીતે ઉજવાયો.

કાઠમંડુ (નેપાલ) – અત્રે નેપાલ જૈન પરિષદ ભગવાન મહાવીર જૈન નિકેતન દ્વારા મલ્લિનાથ તથા નમિનાથ પ્રભુજીની જન્મભૂમિ મિથિલાપુરી છે ત્યાં જનકસુતા મહાસતી સીતાનો પણ જન્મ છે હાલ તે જનકપુર ધામના નામથી પ્રસિદ્ધ છે ત્યાં જૈનતીર્થની પુનઃ સ્થાપના કરવા માટે નેપાળના મુખ્યમંત્રી મહેન્દ્રનારાયણ નિધિ તથા ન્યાય પ્રશાસન મંત્રી માહેશ્વર પ્રસાદ સ્વાસ્થય મંત્રી રામચરણ યાદવ આદિ તથા અધ્યક્ષ હુલાસચંદ ગોલ્છા આદિ તથા ભારતના પ્રવેતાંબર સમાજ દિલ્હીના શ્રી લલિત નાહટા વિ.ની હાજરીમાં મીટીંગ મલી. જમીન લેવાનું નકકી થયું જમીનની પસંદગી કરીને કાર્ય આગળ ધપાવશે.

તથા પુષ્કરાર્ધ દ્વીપમાં ચુલ્લહિમવંત-શિખરિસિદ્ધ સર્વથી અલ્પ, મહા હેમવંત-રુકિમ સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી નિષેધનિલવંત સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી હેમવંત-હિરણ્યવંત સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી દેવકુરૂ-ઉત્તરકુરૂ સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી હરિવર્ષ-રમ્યક્ સિદ્ધ વિશેષાધિક, તેથી ભરત-ઐરાવત સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી મહાવિદેહ સિદ્ધ સંખ્યાત ગુણ, (આ અઢીદ્વીપની સમુદિત વિચારણાએ અલ્પબહુત્વ કહ્યું)

અથવા શ્રેણિબદ્ધ અલ્પબહુત્વની અપેક્ષાએ જંબૂદ્વીપમાં ચુલ્લ હેમવંત-શિખરી સિદ્ધ સર્વથી અલ્પ, તેથી હિમવંત-હિરણ્યવંત સિદ્ધ સંખ્યાત ગુણા, તેથી મહાહિમવંત-રુકમી સિદ્ધ સંખ્યાત ગુણા, તેથી દેવકુરૂ-ઉત્તરકુરૂ સિદ્ધ સંખ્યાત ગુણા, તેથી હરિ વર્ષ રમ્યક્ સિદ્ધ વિશેષાધિક, તેથી નિષધ-નીલવંત સિદ્ધ સંખ્યાત ગુણા, તેથી ધાતકી ખંડના ચુલ્લહિમવંતશિખરિ સિદ્ધ વિશેષાધિક, તેથી ધાતકી ખંડના મહાહિમવંત રુકમી સિદ્ધ અને પુષ્કરાર્ધના ચુલ્લહિમવંત-શિખરી સિદ્ધ એ ચાર સંખ્યાત ગુણા છે, પરન્તુ પરસ્પર તુલ્ય છે, તેથી ધાતકી ખંડના નિષધ-નીલવંત સિદ્ધ અને પુષ્કરાર્ધના મહાહિમવંત-રૂકમી સિદ્ધ એ ચારે સંખ્યાત ગુણ, પરન્તુ પરસ્પર તુલ્ય, તેથી ધાતકી ખંડના હેમવંત-હિરણ્યવંત સિદ્ધ વિશેષાધિક, તેથી પુષ્કરાર્ધનાં નિષેધ-નીલવંત સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી ધાતકી ખંડના દેવકુરૂ-ઉત્તરકુરૂ સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી ધાતકી ખંડના હરિવર્ષ-રમ્યક્ સિદ્ધ વિશેષાધિક, તેથી પુષ્કરાર્ધના હિમવંત-હિરણ્યવંત સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી પુષ્કરાર્ધના દેવકુરૂ-ઉત્તરકુરૂ સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી પુષ્કરાર્ધના હરિ વર્ષ-રમ્યક્ સિદ્ધ વિશેષાધિક, તેથી જંબૂદ્વીપના ભરત-ઐરવત સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી ધાતકી ખંડના ભરત-ઐરવત સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી પુષ્કરાર્ધના ભરત-ઐરવત સિદ્ધ સંખ્યાત ગુણ, તેથી જંબૂદ્વીપના મહાવિદેહ સિદ્ધ સંખ્યાત ગુણા, તેથી ધાતકી ખંડના મહાવિદેહ સિદ્ધ સંખ્યાત ગુણા તેથી પુષ્કરાર્ધના મહાવિદેહ સિદ્ધ સંખ્યાત ગુણા.

૯. કાલથી અલ્પબહુત્વ :-

અવસર્પિણીમાં દુઃષમ-દુઃષમ આરામાં થયેલા સિદ્ધ સર્વથી અલ્પ, તેથી દુઃષમ આરામાં થયેલા સંખ્યાત ગુણ, તેથી સુષમ-દુષમ આરામાં થયેલ સિદ્ધ અસંખ્ય ગુણ, તેથી સુષમા આરક સિદ્ધ વિશેષાધિક, તેથી સુષમ-સુષમ આરાના સિદ્ધ વિશેષાધિક, તેથી દુષમ-સુષમ આરાના સિદ્ધ સંખ્યાત ગુણ (ઉત્સર્પિણીના ૬ આરાનું અલ્પબહુત્વ પણ એ પ્રમાણે જ જાણવું)

(ક્રમશઃ)

- સુખ છોડયા વિના અને દુઃખ વેઠયા વિના ધર્મ કરવા માંડે તે. માયકાંગલા કશું કરી શકે નહિ.
- જે ચીજ નુકશાનકારક હોય તો ય લાભદાયક માને તેનું નામ મૂઢતા.
- જેને આ દુનિયાનું પુણ્યથી મળતું સુખ સારૂં લાગે તે કદિ પણ મોક્ષે જાય નહિ.
- મરજી મુજબ જીવે તે ધર્મી નહિ. ધર્મ કરતો હોય તો ય અધર્મી !
- જે બીજાના અપમાન તિરસ્કાર કરે તેને હજારોના અપમાન તિરસ્કાર વેઠવા પડે. આજે તમારે જે કાંઇ ન ગમતું વેઠવું પડે છે તે બીજા પ્રત્યે કર્યું છે તેનું પરિણામ છે.
- સાધુ તો માત્ર વિવેક શીખે પણ કાંડું પકડીને ધર્મ ન આપે પણ સમજાવીને ધર્મ આપે. સમજે કોણ ? મૂઢ ન હોય તે. મોહથી મૂઢ ધર્મ સમજે જ નહિ.
- વિવેક શીખવાડે તેનું નામ વ્યાખ્યાન. વાતો કરતાં શીખવે તે વ્યાખ્યાન નહિ પણ લેકચર !
- શ્રી અરિહંત પરમાત્માનો ભગત જેને તેને માથું નમાવે કે જ્યાં ન નમવાનું ત્યાં પહાડની જેમ અકકડ રહે ?
- ઘર-બાર, પૈસા-ટકાદિના રાગથી એવા મૂઢ બની ગયા છો કે તે રાગના પ્રતાપે એવા એવા ક્રોધ-માન-માયા અને લોભ થાય છે જેનું વર્ણન ન થાય. અને તેથી એવા એવા પાપ થાય છે કે તમને જે કોઇ જાણે તે સારા ન કહે !
- સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકા મોહથી મૂઢ હોય નહિ અને મોહથી મૂઢ હોય તો તે સાધુ, સાધ્વી, શ્રાવક-શ્રાવિકા નથી.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું જૈન : ૨૪૫૪૧

૪૨૬૪ ૧૯૬૨-૨૯

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

આ.શ્રી. વિજયસમુદ્ર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

અજ્ઞાન જ મોટું કષ્ટ છે.

વર્ષ ૬

અંક ૨૮

અજ્ઞાનં ખલુ ભોઃ કષ્ટં,
ક્રોધાદિભ્યોઽપિ સર્વપાપેભ્યઃ ।
અર્થં હિતમ હિતં વા,
ન વેત્તિ યેનાવૃત્તો લોકઃ ।

અજ્ઞાન જ ક્રોધાદિ સર્વ પાપો કરતાં પણ વધારે મોટું કષ્ટ–પીડાકર છે. જેના વડે અવરાયેલો લોક, પોતાના હિતને કે અહિતને પણ જાણતો નથી.

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

શાસન સમાચાર

ઇંદોર – પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી આદિ અત્રે પો સુ-૧૩ ના પધાર્યા પદ્માવતી સોસાયટીમાં શાહ જેઠાલાલ દેવશી પરિવાર તરફથી સ્વાગત પ્રવચન પ્રભાવના તિલકનગર સ્વાગત પ્રવચન પૂજન તથા પાદ્દતીર્થ સોસાયટીમાં શાંતિસ્નાત્ર, પોષ સુદ ૧૫ પીપળી બજાર સ્વાગત ૪ દિવસ સ્થિરતા રોજ ચોમાસા માટે આગ્રહ અને વદ-૭ રવિવારે પૂ. શ્રી એ ઇંદોર પીપળી બજાર ચાતુર્માસની ભેરદાર વિનંતીને સ્વીકાર કરતાં જય ઘોષથી હોલ ગાજી ઉઠયો પૂ શ્રી શાંતિનગર, ગ્રીનપાર્ક, બાલુ, છાવની, ગુમાસ્તાનગર ઉષાનગર થઇ ચાણુકય સોસાયટી વિ. પધાર્યા પ્રવચનો પ્રભાવના આદિ થયા.

પૂ. શ્રીએ ઠુકવાડા (વાપી) પ્રતિષ્ઠા માટે વિહાર કર્યો છે તા. ૨૨–૨–૯૪ માંડવગઢ તીર્થ વર્ષગાંઠ છે બાદ ભોપાવર લક્ષ્મણી તીર્થો થઇ વાપી પધારશે.

મહોત્સવ–સંપન્ન

પ. પૂ. માલવદેશે સદ્ધર્મ સંરક્ષક આ. શ્રી વિજય સુદર્શન સૂ. મ.ની શુભનિશ્રામાં અમદાવાદ મધ્યે રંભાબેન વેલચન્દભાઇ (ઉ. ૮૦ વર્ષ) ના સ્વર્ગવાસ નિમિત્તે શાહ રાયચંદ કલ્યાણજી રાજપરવાલા સપરિવાર હ. શાહ કુમુચન્દ્રભાઇ વેલચન્દ્રભાઇ પરિવાર તરફથી પોષ સુદ–૯ને મહોત્સવનો પ્રારંભ થયેલ. પૂજામાં લીલા શ્રીફળની પ્રભાવના થયેલ. પોષ સુદ–૧૨ રવિવાર તા. ૨૩–૧–૯૪ ને સવારે સિધ્ધચક્ર મહાપૂજન થયેલ. ત્રણે દિવસ રાત્રે ભાવના થયેલ. એકંદરે મહોત્સવ ભવ્ય ઉજવાયો.

પૂ. આ. ને પો. વદ–૪+૫ના ૬૩ માં દીક્ષા વર્ષના પ્રવેશે નિમિત્તો સવારે મહાવીર સ્વામી મંદિરે ચૈત્ય પરિપાટી ૯–૩૦ શુભાનુવાદ. મંદિર અંગરચના થયા.

વડોદરા – મા. વદ–૧૦ શુક્રવારે (પોષ દશમી) પૂ. પા. ગુ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી આરાધના ભુવન ઘડીયાળી પોળ, પીપળા શેરીમાં. મા. વ.–૧૦ના દિવસે વિધિકારક શ્રી રજનીકાન્તભાઇ એ સામુહ–સ્નાત્ર ભાવવાહીરાતે ભણાવ્યું હતું. રોકડા રૂપિયા અને પેંડાની પ્રભાવના થયેલ.

પૂ. પા. શ્રી ગુરૂભગવંતની વિશાળ પ્રતિકૃતિને ડો. શીખરચંદ ઝવેરી રમાબેન ઝવેરીએ પુષ્પહાર ચઢાવેલ.

બપોરે શ્રી ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરમાંથી અઢાર અભિષેક મનસુખભાઇ દીપચંદ શાહ પરિવાર તરફથી ભણાવ્યા પછી આરાધના ભુવનમાં ત્રણસો આત્માઓની અલ્પાહારથી ભક્તિ થઇ હતી.

– જૈન શાસન સેવાગણ –વડોદરા–

– સૂચના :– માર્ચ મહિનામાં પાંચ મંગળવાર હોવાથી તા. ૧–૩–૯૪ નો અંક બંધ રહેશે. – ૨૯ તા. ૮–૩–૯૪ ના પ્રગટ થશે.

આચાર્યદેવશ્રીમદ્ વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાભાર્થ અર્થે સિદ્ધાન્તસાર રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ ભવાય ચ

વર્ષ ૬] ૨૦૫૦ મહા સુદ-૧૧ મંગળવાર તા. ૨૨-૨-૯૪ [અંક ૨૮

: હૈયું સુધારવાની ચાવી :

—પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા શાસ્ત્રકાર પરમર્ષિ કલિકાલ સર્વજ્ઞ પૂ. આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, શ્રી વીતરાગ પરમાત્માની સ્તવનાં કરતાં ફરમાવી રહ્યા છે કે-"હે વીતરાગ ! તારી સેવા કરતાં પણ તારી આજ્ઞાનું પાલન એ જ મોટામાં મોટી સેવા છે. કારણ કે આરાધેલી આજ્ઞા મોક્ષને માટે થાય છે અને વિરાધેલી આજ્ઞા સંસાર માટે થાય છે."

આપણે બધા શ્રી અરિહંત પરમાત્માની સેવા કરનારા છીએ. સેવા કરનારો જીવ આ વાત ન સમજે તો એની સેવા સંસારને વધારનારી થાય તેમાં દોષ કોને ? જે જીવ કશું ન સમજે તેની વાત જવા દો. પણ જે સમજદાર થઇને જેની સેવા-ભક્તિ કરે તેને ઓળખાવાનું મન ન થાય, તેની આજ્ઞા જાણવાનું મન ન થાય, આજ્ઞા મુજબ જીવવાના મનોરથ ન થાય તો સંસાર ઘટે ?

આ નહિ જાણવાનું મન થનાર કોઈ ચીજ હોય તો તે દુનિયાનું ધન જ છે. તે મળ્યા પછી માણસ ફુલાય છે, તેનું ઘમંડ વધી જાય છે. બધાં જ દૂષણો તેનામાં આવી જાય છે. તે પુણ્ય-પાપને માનતો નથી. દેવ-ગુરુ-ધર્મ જેવી ચીજ છે એમ માનતો નથી-બસ સુખમાં જ બધું સમાઇ જાય છે તેમ જીવે છે. તેવાને તો ખુદ ભગવાન પણ સમજાવી શકે નહિ. આ સુખ ખરાબ લાગે પછી જ ભગવાનને ઓળખવાનું મન થાય, આજ્ઞા જાણવાનું મન થાય અને આજ્ઞા મુજબ જીવવાનું મન થાય.

ભગવાને દાન-શીલ-તપ અને ભાવ એમ ચાર પ્રકારનો ધર્મ ફરમાવ્યો છે. અવસરે દાન કરનારા. તિથિઓના શીલ પાળનારા અને વાર તહેવારે તપ કરનારાઓને પૂછીએ કે, ચોવીશે કલાક કયા વિચારમાં તો શું જવાબ આવે ? ભાવ ધર્મ એવો છે કે, જીવ ધારે તો ચોવીશે કલાક ભાવધર્મને કરી શકે. ભગવાનનો સાચો સેવક વિચારથી, ચોવીશે ય કલાક સારો છે. રોજ સાંભળનારા, વિચારથી ચોવીશે ય કલાક સારા રહી શકે ને ? આરાધેલી આજ્ઞા મોક્ષ આપે અને વિરાધેલી આજ્ઞા સંસાર વધારે–તે સાંભળી 'સંસાર વધી જાય' તેનો આઘાત કેટલાને લાગે ?

આપણને બધાને સંસાર વળગ્યો છે તે વાત યાદ છે ? "હું આત્મા છું. અનાદિ કાલનો છું. અનાદિ કાળના કર્મ સંયોગના કારણે જન્મ-મરણાદિ રૂપ બાહ્ય સંસાર અને રાગાદિ રૂપ અભ્યંતર સંસાર અનાદિ કાલથી મને વળગ્યો છે.' આ વાત પોતાના નામની માફક સતત યાદ હોવી જોઇએ. તમને યાદ છે ? તે સંસાર દુઃખ રૂપ છે, દુઃખ ફલક છે અને દુઃખાનુબંધી છે.–આ સાંભળ્યા પછી સંસાર વધી જાય તેની ગભરામણ થાય કે ન થાય ? બધા જ શ્રી તીર્થંકર પરમાત્માઓએ આ છ વાત યાદ રાખવાની કહી છે. આ વાત યાદ ન હોય તે શા માટે સેવા-ભક્તિ કરે છે તેની ખબર પડતી નથી.

સંસાર વધી ન જાય તેનો ભય લાગે, તેને સંસાર શાથી વધે તે જાણવાનું મન થાય ને ? સંસાર શાથી વધે ? પરિણામની ખરાબીથી. તે પરિણામ કોના ? આપણા કે બીજાના ? પરિણામ હંમેશા સારા જ જોઇએ. કર્મયોગે ખરાબ કરવું પણ પડે તો ય પરિણામ તો સારા રાખી શકાય છે. ખરાબ પરિણામમાં આયુષ્ય બંધાય તો દુર્ગતિનું જ બંધાય આ જાણનારો કેટલો સાવધ હોય ! બીજાને મારવા માટે પણ પંપાળવાની ક્રિયા થાય ને ? ખરાબ પરિણામની ધારામાં, ખરાબ ધ્યાનમાં તો દુર્ગતિ જ થાય–તેમાં શંકા છે ?

આપણને આ મનુષ્યભવ પહેલીવાર મળ્યો છે ? આ મનુષ્ય ભવ પણ અનંતીવાર મળ્યો છે અને આવી ધર્મસામગ્રી પણ અનંતીવાર મળી છે. અને આપણે સંસારમાં ભટકીએ તેનું કારણ ? ભગવાનના ભગતને તો પોતાનો વહેલામાં વહેલો મોક્ષ થાય અને સંસાર ન વધે તેની ચિંતા હોય. તમને બધાને મુક્તિની ઇચ્છા કેવી છે ? નાની પેઢીમાંથી મોટી પેઢી કરવાની ઇચ્છા હોય ને ? પૈસા જેટલા મળે તેટલા ઓછા લાગે ને ? પૈસા તમને કેવા લાગે છે ? છોડવા જેવા કે મેળવવા જેવા ? લક્ષ્મી નામની જે ડાકણ વળગી છે તેનાથી છૂટવા માટે દાન ધર્મ છે–આમ વાત જો બધાને બરાબર સમજાઈ ગઇ હોત તો બધા કેવા હોત ! ત્રિકાળ પૂજા, ઉભયકાળ આવશ્યક કરતા હોત,

સમય મળે સામાયિક કરતા હોત, દાન પણ આપતા હોત. પણ 'મારે ઝટ મોક્ષમાં જવું છે'–આ જ્ઞાન આપણને સ્પર્શ્યું લાગતું નથી માટે તો ભાવનાનું નામનિશાન નીકળી ગયું છે.

'જેની મોક્ષની ઇચ્છા મરી ગઇ, સંસાર વધે તેનો ભય નથી' તેમ સાધુના હાથમાં માત્ર ઓઘા રહી ગયા. તે બધા ગામની પંચાતમાંથી પરવારતા નથી, તેના આત્માની તેને પડી નથી. કોણ આવ્યું અને કોણ ગયું, કોને હાથ જોડયા અને કોને ન જોડયા. તેની ચિંતામાં જ મરે છે. તેવાઓને કાંઇ કહી શકાય પણ નહિ. આવા આજે ઘણા બની ગયા છે જે સાધુ સંસ્થાને વગોવે છે. સારી પણ ક્રિયા સારા માણસને ફળે, બધાને નહિ. સારી પણ ઔષધિ અસાધ્ય દર્દી ન હોય તેને લાભ આપે, અસાધ્ય રોગીને નુકશાન પણ કરે.

આપણને શરીરના રોગોની ખબર છે પણ આત્માના રોગની ખબર છે ? સંસાર એ જ આત્માનો મોટામાં મોટો રોગ છે. વિષય કષાયની પરવશતા તેનું નામ જ સંસાર છે. તે સંસાર નામનો રોગ અનાદિ કાળથી આત્માને વળગેલો છે. આત્માનું સાચું આરોગ્ય તેનું નામ જ મોક્ષ. ધર્મની પ્રવૃત્તિ કરવી તેનું નામ પથ્યસેવન અને સંસારથી બધી પ્રવૃત્તિ તે કુપથ્ય સેવન જેવી છે. આ સંસાર રોગ કાઢવો છે તેવી ઇચ્છા પેદા થાય એટલે યોગ્ય મહેનત થાય. પછી ખપ પડે એટલે સાધુની શોધ કરે: જેમ જેમ સાચું સમજાય તેમ તેમ ખોટું કાઢતો જાય અને સાચું સ્વીકારતો જાય. તે જીવ પછી હંમેશા સારા વિચારમાં જ રમે. રાગાદિની પરવશતાથી મારા જન્મ–મરણ વધી જાય, સંસાર વધી જાય તો હૈયામાં કમકમા થાય ? મોક્ષ સાંભળતા મને કયારે મળે તેમ થાય ? 'મારું દુઃખ કયારે જાય અને બધા સુખ કયારે મળે'–આ વિચાર રોજનો કે કો'ક દી'નો ? જેનો તો મોક્ષ માટે તરફડતા હોવા જોઇએ. આપણને મોક્ષની શ્રદ્ધા તો હોય જ.

જે જીવ સમજુ બને એટલે ભાવધર્મ તો સાથે ને સાથે જ રહે. દરેક પ્રસંગે પ્રસંગે ભાવધર્મનો ખપ પડે. પૈસા મળે તો આનંદ ન થાય, પૈસા જાય તો દુઃખ ન થાય, પડી જાય–ઠોકર વાગે તો ય દુઃખ ન થાય, માન–પાનાદિમાં કુલાવા ન દેનાર કે અપમાન–તિરસ્કારાદિમાં દુઃખ ન થવા દેનાર હોય તો તે ભાવધર્મ જ છે. ઉપસર્ગો–પરિષહો વેઠાવનાર હોય તો ભાવધર્મ છે. હંમેશા સારા રાખનાર હોય તો ભાવધર્મ છે. સદા સારા વિચારમાં જ રહેવું હોય તો રાખનાર કોણ છે ? ભાવધર્મ જ. અમે બધા સંસારથી તો ગભરાયેલા જ છીએ તેમ કહેવામાં નાનમ કે કાયરતા નથી. અમે સંસારથી ગભરાયેલા છીએ અને મોક્ષની ઇચ્છાવાળા છીએ. તેમ કહેવામાં શરમ કોને આવે ?

ગાંડાને કે ડાહ્યાને ? ગાંડાને ગમે ત્યાં બેસાડો, પણ ગાંડપણ જ કરે. ગાંડો, ગળપણ પણ ગટર બનાવીને ખાય. ગધેડાને ખૂબ નવરાવો પણ રાખ મળે એટલે આળોટયા વિના રહે જ નહિ. આવું ગાંડપણ આપણને આઇ ન જાય તેની જે ચિંતા કરે તે સારો ખરો.

રોજ આત્માને પૂછો કે, 'સંસારથી ભય લાગ્યો છે ? મોક્ષની તાલાવેલી ખૂબ જ છે ?' સાચો જ્ઞાની પણ તે જ કહેવાય, જેને મોક્ષ હંમેશા યાદ આવ્યા જ કરે. મોક્ષ યાદ પણ ન આવે તો તેને જ્ઞાની કહેવાય ખરો ? ભગવાને પણ બધાની સાચી ચિંતા કરી છે. અમારે ચોવીશે ય કલાક ધર્મ જ કરવાનો અને તમારે પણ સારા વિચારમાં જ રહેવાનું અમારે મજેથી ખાવા-પીવાનું કે સૂવા-બેસવાનું નથી. સતત મોક્ષ યાદ ન આવે. ત્યાં સુધી સાધુપણાનો સ્વાદ પણ ન આવે. દેવલોકના સુખને પણ થુ...થુ...કરે તેનું નામ સાધુ ! જેને દુનિયાના સુખ માત્ર ઉપાધિરૂપ લાગે એક માત્ર મોક્ષના સુખને જ ઝંખે. સંસારના સુખ માત્ર દુઃખરૂપ જ છે તેવી પ્રતીતિ થઇ છે ? આત્માનો રોગ જ સંસાર. રોગીને રોગ કયારે યાદ ન આવે ? આરોગ્યની ઇચ્છા કયારે ન હોય ? જે રોગી કહે કે મારે નિરોગી થવું જ નથી તેવો કોઇ મળે ખરો ? રોગીને નિરોગી થવાની ઇચ્છા સતત હોય જ. રોગનો ખ્યાલ પણ હંમેશા હોય. દુનિયામાં કોઇ રોગી એવો ભાળ્યો છે જેને પોતાનો રોગ ખટકતો ન હોય ? નિરોગી થવા શું શું કરે ? તેમ તમારી મહેનત ચાલુ છે ? તેવી મહેનત ચાલુ હોય તે તો સાધુને શોધતા ફરે. આજે મોટાભાગમાં ધર્મની જિજ્ઞાસા પણ નથી. જે રોજ સારામાં સારી ધર્મ ક્રિયા કરે, સંસારની અસારતા અને મોક્ષની મનોહરતા સાંભળે છતાં પણ જો તેને મોક્ષની તાલાવેલી ન થાય તો સમજવું કે પત્થર કરતાં ય કઠોર છે ? સાધુ થયો અને મોક્ષ યાદ ન આવે તો તેણે વાંચ્યું શું ? કોઇ વેપારી એવો મળે કે જેને પૈસો યાદ ન હોય ! કોઇ સંસારી જીવ એવો મળે કે જે સુખને ઝંખતો ન હોય અને દુઃખથી ડરતો ન હોય ! તો 'મારે મોક્ષ જ જોઇએ અને સંસાર ન જ જોઇએ' તેવો ધર્મી કેમ ન હોય ? ધર્મ કરે તેને પૂછી પણ ન શકીએ કે, તું શા માટે ધર્મ કરે છે ? જેને મોક્ષ ન જોઇએ અને સંસારની સુખસામગ્રી જ ગમે તે તો ઉપદેશ માટે પણ યોગ્ય નથી.

સંસારની ગફલતમાં અને મોક્ષની તાલાવેલી જાગ્યા વિના કામ ચાલે નહિ. તે પેદા કરવા માટેની મારી મહેનત છે. ધર્મી માત્રને મન મોક્ષ અદ્ભૂત ચીજ છે. તે મેળવવા માટે જ તેનો બધો પ્રયત્ન હોય. તે માટે ભગવાનની આજ્ઞા સમજ્યા વિના ચાલે જ નહિ. જે જીવ આજ્ઞા સમજે તે ગમે ત્યાં હોય પણ સારો જ હોય. માટે મારી ભલામણ છે કે, તમે સૌ સમજી જાવ, વિચારતા થાવ અને સારા થાવ તો કામ થઇ જાય. સંસારની પ્રીતિ અને મોક્ષની પ્રીતિ કેળવો તેટલી અપેક્ષા સાથે પૂજ્ય કરવામાં આવે છે.

(અમદાવાદ ૨૦૨૮ પોષ વદ-૧૪ શનિવાર તા. ૧૫-૧-૧૯૭૨

પરદેશીની પ્રીત નકામી

જૈન સમાજમાં ઉત્સાહી, પ્રતિભાસંપન્ન, સંપત્તિસંપન્ન તથા કર્મનિષ્ઠ કાર્યકરોનો તોટો નથી. જૈન ધર્મનું નામ પડે તે સાથે આવા કેટલાય કાર્યકરો રાતદિવસ તનતોડ મહેનત કરવા બહાર પડે. ચીકાગોની વિશ્વધર્મ પરિષદ વખતે આવું જ બન્યું.

એકસો વર્ષ પહેલાં ભરાયેલી વિશ્વધર્મ પરિષદ વખતે સ્વામી વિવેકાનંદ તથા શ્રી વીરચંદ રાઘવજી ગાંધીએ પોતાનાં વિકતાભર્યા વકતવ્યો વડે અમેરિકાની જનતાને મંત્રમુગ્ધ બનાવી દીધી હતી. જેના પડઘા લાંબા સુધી પડયા કરતા હતા. આને કારણે આ વર્ષે વિશ્વધર્મ પરિષદનું નામ પડતાં ભારત, ઇગ્લાંડ વિ. સ્થળોએથી કાર્યકરોએ કાર્ય કરવાનું શરૂ કરી દીધું ડેલીગેટ તરીકે આવવા માટે ઉત્સાહી ભાઇબહેનોએ ત્રણસો ડોલર જેટલી માતબાર રકમ રૂા. તરીકે આપી દીધ

ઇગ્લેન્ડથી શ્રી નેમુ ચંદેરીયા તથા તેમની સાથે બીજા ભાઇબહેનો, ભારતથી દાનવીર શ્રી દીપચંદભાઇ ગાર્ડી, પોતાના પત્નીની નાદુરસ્ત તબીયત હોવા છતાં, તેમને મૂકીને પણ સમયસર આવી પહોંચ્યા. ડો. કુમારપાળ દેસાઇ પણ ઘણાં અગત્યનાં કામ મૂકી આવી ગયા. રાજગૃહીના વીરાયતનથી આચાર્યો શ્રી ચંદનાજી પણ તેમના સેવાનાં કાર્યો છોડીને આવ્યાં.

આર્હત સંપ્રદાયના આચાર્ય શ્રી સુશીલકુમારજી અને બંધુત્રિપુટિ પૈકી શ્રી જિનચંદ્રજી મહારાજ તથા શ્રી ચિત્રભાનુજી તો અત્રેજ હતા.

આ બધું હોવા છતાં આ વખતની વિશ્વધર્મ પરિષદ ભલે ગમે તેવા ઠરાવો કર્યાની જાહેરાત કરી રહી હોય, પણ સફળ બની શકી નહોતી એ હકીકત છે.

આવી પરિષદમાં દરેક ધર્મોના ટોચના નેતાઓ અથવા તેમના પ્રતિનિધિઓ હાજર હોવા જોઇએ. પરંતુ, એમાનું કાંઇ હતું નહિ. કોઇપણ ધર્મના પ્રથમ કક્ષાના તો શું પણ દ્વિતીય કક્ષાના કહેવાય એવા કોઇ નેતાઓ ત્યાં હાજર નહોતા.

દુનિયાભરમાં રોમન કેથોલિક સંપ્રદાયનો મોટો ભાગ કરોડોની સંખ્યા જેને માને છે તે ખ્રિસ્તિ સંપ્રદાયના નેતા પોપ જહોન પોલ બીજા કે તેમના કોઇ અધિકૃત નેતા ત્યાં નહોતા. મુસ્લીમના કોઇપણ ફિરકાના ટોચના નેતા હાજર નહોતા. વહોરાઓના વડા મુફ્લાજી કે તેમના કોઇ સત્તાવાર પ્રતિનિધિ હાજર નહોતા. હિન્દુઓ ચાર મઠો પૈકિ કોઇ શંકરાચાર્ય કે તેમના પ્રતિનિધિ નહોતા. વૈષ્ણવ ધર્મના પણ કોઇ ગણનાપાત્ર પ્રતિનિધિ નહોતા. એ શિવાય બીજા જે કોઇ હતા તેઓ પણ એવા હતા કે જેમનાં નામ પહેલાં કયારેય સાંભળવા મળ્યા નહોતાં.

આવી પરિષદ ગમે તેવા પ્રસ્તાવો પસાર કરે તેનો જગતભરમાં કેવો પ્રભાવ પડે ખરો ?

આમ છતાં જૈનોના કેટલાક નેતાઓને નિષ્ફળતાની વાત કરવી ખટકે છે! તેઓને એમ લાગે છે કે અમે કેટલાય વખતથી આ કાર્યની પાછળ મહેનત કરી છે. કેટલાય પૈસા ખર્ચ કર્યા છે અને જાહેરમાં એની નિષ્ફળતાની વાતો થાય તો અમારૂ સારૂ ન લાગે.

અત્રે રહેલા શ્રી હીંચભાઇ ગાંડાના ચિ. ડો. રશ્મિકાંત ગાંડાએ પણ આમાં ખૂબ મહેનત કરેલી અને ભાગ લીધેલો. જ્યારે પ્રથમ દિવસના સંમેલન વખતે સર્વધર્મની પ્રાર્થનાઓથી શરૂઆત થઇ ત્યારે તેમાં જૈન ધર્મની પ્રાર્થના રાખવામાં આવી નહોતી. આ વાત પર જ્યારે કેટલાક પ્રતિનિધિઓનું ધ્યાન ખેંચવામાં આવ્યું ત્યારે તેઓ કહે કે આવી વાત જાહેરમાં ન કરશો.

બીજે દિવસે જ્યારે શીકાગોના નવા બંધાયેલા જૈન સેન્ટર ખાતે ડેલીગેટોના સન્માનનો કાર્યક્રમ હતો તે વખતે બંધુ ત્રિપુટિવાળા શ્રી જિનચંદ્રજી મહારાજે આ વાતનો ઉલ્લેખ કરેલો. તે સિવાય બીજા કોઇએ આ વાતની કોઇ રજુઆત જ કરેલી નહિ. તેમને પણ પાછળથી કેટલાક નેતાઓએ કહેલું કે તમારે સભામાં આ પ્રમાણે બોલવું જોઇતું નહોતું. અમે મહિનાઓથી આની પાછળ મહેનત કરી છે અમે પૈસા ખરચ્યા છે એનો ખ્યાલ રાખવો જોઇતો હતો.

આવી પરિષદો ભરાવવાની હોય ત્યારે તેના એકાદ બે અગ્રણીઓ ભારત આવે છે. મોટી મોટી વાતો કરી જાય છે, અને એમના ઉપર વિશ્વાસ રાખી લોકોનું ધર્મનું કાર્ય સમજી તનતોડ મહેનત કરે છે.

વળી, પરદેશમાં વસીને ધર્મનું કાર્ય કરનારાઓ પ્રત્યે આપણને એક પ્રકારનો આદર હોય છે. પરંતુ, જ્યારે અનુભવ થાય ત્યારે જ આપણને સાચી વાતની પ્રતિતી થાય. કેટલાક વખત પહેલાં એક સંમેલનના કાર્ય અંગે મુંબઇમાં પત્રકાર પરિષદ બોલાવવામાં આવી હતી. હું તેમાં હાજર હતો. મેં એ ભાઇને કહ્યું કે એ અરસામાં હું અમેરિકામાં જ હોઇશ એટલે બનતા સુધી આવીશ. તો બધી સગવડ થઇ જશેને? પેલા ભાઇએ તુરત હા પાડી અને બીજી કેટલીય વાતો કરી.

અમેરિકા આવ્યા પછી આ પરિષદના સમયે એ ભાઇને ટેલીફોન કરવાનો પ્રયત્ન કર્યો તો એ ભાઇ ટેલીફોન પર મળે જ નહિ. પછી તેમને ફેકસ કર્યો. ત્યારે જવાબમાં તેના કાર્યકર્તાઓ તરફથી તેઓએ કઇ કઇ હોટલો અને મોટલોમાં વ્યવસ્થા રાખી છે અને તે કરેકનો કેટલો ખર્ચ થાય છે તેની યાદી મોકલી!

આ ભાઇઓ જ્યારે ભારત આવે ત્યારે મોટી મોટી વાતો કરી જાય છે. તેમની સંસ્થાની બડાશો હાંકતા હોય છે. પરંતુ, જ્યારે આપણે તેમના કહેવા મુજબ જ્યારે રૂબરૂ જઇએ ત્યારે આપણને "નામ મોટા અને દર્શન ખોટા" અથવા તો "પરદેશીની પ્રીત નકામી" જેવી કહેવતો સહેજે યાદ આવી જાય છે. (મું.સ.)

પ્રચારને નામે ઘણા ખોટા ઠાઠો ચાલે છે પરિણામે સ્વ પરનું આત્મશ્રેય અને ધર્મની લઘુતા થાય છે.

શંકા - સમાધાન

– શ્રી [illegible]

શંકા-૪ આજે જે સાધર્મિક ભક્તિમાં "બુફે" રાખવામાં આવે છે, તે ખરેખર ભગવાનની આજ્ઞા મુજબના છે કે નહિ ?

સમા-૪ સાધર્મિક ભક્તિ એ એક જૈન સંસ્કૃતિનું અત્યંત મૂલ્યવાન અનુષ્ઠાન છે. જૈનશાસ્ત્રો તો ત્યાં સુધી કહે છે કે-બુદ્ધિ રૂપી ત્રાજવાના બે પલ્લામાંથી એક પલ્લામાં જૈન ધર્મના કરેક અનુષ્ઠાનોને મૂકો. અને બીજા પલ્લામાં માત્ર એક સાધર્મિક ભક્તિને જ મૂકો, તો પણ બન્ને પલ્લા સરખા થશે. (અથવા સાધર્મિક ભક્તિનું પલ્લુ ભાર વધવાના કારણે નીચુ જશે.) આવી ઉત્કૃષ્ટ ક્રિયાનુષ્ઠાન રૂપ સાધર્મિક ભક્તિ વખતે બુફે રાખવું એ તૈયાર કરેલા મિષ્ટાન્નમાં ઝેરના બિંદુઓ ભેળવવા જેવું છે. વિષ ભેળવેલુ અનાજ ખાનારને ખતમ કરી નાંખે તેમ પશ્ચિમના દેશની કહેવાતી સંસ્કૃતિ જ્યારે આર્ય સંસ્કૃતિ કરતાં પણ ઉચ્ચ કોટિની જૈન સંસ્કૃતિમાં ભળે ત્યારે એવી ઝેર ભેળવેલી કહેવાતી જૈન સંસ્કૃતિ (=સાધર્મિક ભક્તિ) આત્માને પાપો બંધાવવા દ્વારા સંસારમાં ભટકાવી મારે. જે સ્થળે આવેલા સાધર્મિકોના યથાશક્તિ દૂધથી પગ ધોઈ તેમનું બહુમાન કરવા પૂર્વક હાથ જોડી જોડીને રસોઈ પીરસવાની હોય અને આમ થતા આવનારને જૈન ધર્મની બોધબીજની પ્રાપ્તિ, વૃદ્ધિ, નિર્મળતા વગેરે થાય, તેવા સ્થાનમાં [illegible]-ચંપલ પહેરીને સ્ટીલનીડીશ, વાટકા, કાગળના રૂમાલ લઈને જાતે ખાવાનું લેવા જવાનું અને તે લીધા પછી ઢોરની જેમ હાલતા ચાલતા ખાવાનું"

આમાં વીતરાગ પરમાત્માની આજ્ઞા ધોળે દા'ડે દીવો લઈને શોધવા જઈએ તો ક્યાં જડે ? બાલોઠ ઉપર બેસનારી સાધર્મિક ભક્તિ ધીમે ધીમે ખુરશી-ટેબલ ઉપર ગઈ અને ત્યાંથી ચાલીને હવે ઉભા ઉભા ખાવામાં ઉભી રહી છે. હવે તો ડર છે કે આ ઉભી રહેલી સાધર્મિક ભક્તિને પણ સારી કહેવડાવે એવી કોઈ નવી ક્રિયા આ સાધર્મિક ભક્તિને કોઈ નહિ કરાવે ને ? હે પ્રભુ ! આવી સાધર્મિક ભક્તિ જૈન શાસનની પ્રભાવના થાય માટે તેને કોઈ સડક ઉપર ચાલતી કે દોડતી અમારી આ આંખોથી અમારે નથી જોવી

બુફેમાં બેઠવાડ નથી થતો આ વાત તો તદ્દન ખોટી જ સાબિત થઈ છે. જોકે બેસાડીને જમાડવા કરતાં બુફેમાં બહુ ઓછા સમયમાં કામ પતી જાય છે. આ વાત સાચી છે. પણ ભલા વિચારો તો ખરાં કે જ્યાં બધાએ જાતે જ બધાનું લઈ લેવાનું હોય ત્યાં સમય ના બચે પણ સાથે એટલું પણ રાખવું કે-પ્રભાવના કે સંઘપૂજન વખતે બધાંને જાતે જ થઈ લેવા

દેવાનું રાખવું એટલે જલ્દી પતી જશે. ચાંદલો ય જાતે કરશે અને પૈસા કે લાડવા ય જાતે લઈ લેશે. બેસાડીને જમાડવામાં જે પૂરતા પીરસનાર માણસોને રાખવામાં આવે તો તે પણ સમયસર પતી જ શકે છે. ઉપરથી ત્યાં તો કોઇએ એવું મૂક્યું હોય તો તેને લોકોની નજર ચૂકવીને ઉભા થતાં થતાં તો નાકે દમ આવી જતો હોય છે. ક્યાંતો વાડકો ઢાંકી દેવો પડે છે.

(આથી એટલું તો ચોક્કસ કહી શકીએ કે–બુફેમાં (બુફેનું ફંક્શન હોય ત્યાં તેને ફેરવી નાંખીને સાધર્મિક ભક્તિ હજી રાખી શકાય. પણ સાધર્મિક ભક્તિમાં બુફે તો કયારે ય નહિ. ધંધો કરતાં કરતાં નવકાર મંત્ર ગણી શકાય પણ નવકાર મંત્ર ગણતા ગણતા તો ધંધો કયારેય ન કરાય.)

શંકા–૫–હમણાં હમણાં દેરાસરની પેટીઓ ઉપર ભગવાનના કે દેરાસરના સ્ટીકરો લગાડાય છે તે લગાડાય કે નહિ ?

સમા–૫–ન લગાડવા જોઇએ. કેમકે, વખત જતાં તે ફોટાને વસારો લાગવાથી કે ફાટી જવાથી આપણને તે ખંડિત કર્યાનો દોષ લાગે છે. વળી તે પેટી ઉપર થાળી વાટકી વિ. મૂકે તો આશાતના થાય આ જ રીતે છાપાઓમાં, ભગવાનના, દેરાસરના, કે સાધુ-સાધ્વીજી ભગવંતના ફોટા છપાય છે તે યોગ્ય નથી થતુ. કેમકે તે છાપાઓ લોકો–પાનના, મસાલાના દડ્યા મોઢામાં રાખીને વાંચતા હોય, એમ. સી. વાળા બેનો વાંચતા હોય, નાના છોકરાઓ પગ નીચે છાપાને કચડતા હોય, પડીકા, બાંધવા કોઇ તે ફોટા ફાટી જાય તે રીતે છાપીને ફાડતા હોય આવા દરેક પ્રસંગે આપણને તે તે વસ્તુની આશાતના તથા નાશ કરવાનું પાપ લાગે છે. ટપાલ ઉપર કોઇ માણસ કે પશુ-પંખીના ફોટા હોય તો તેને ફાડવાની ના પડાતી હોય ત્યારે આવા ફોટાઓ છાપા વિગેરેમાં છપાવાય જ શી રીતે ?

શંકા–૬ કોઇ સાધુ મહાત્મા ઉપાશ્રયમાં બિરાજમાન હોય અને ત્યારે બુફે રાખેલ હોય તો સાધુ મ. ને દોષ લાગે નહિ ?

સમા–૬–જો એમાં સાધુ ભગવંતની સંમતિ હોય તો દોષ લાગે. અને સંમતિ ન હોય તો તેમને દોષ ન લાગે, બુફે પધ્ધતિમાં સાધુ ભગવંતની જો કે સંમતિ હોય જ નહિ. અને જે સાધુ ભ. ની સંમતિ હોય તે સાધુ ભગવંતને દોષ લાગે. ઉપાશ્રયમાં સાધુ ભગવંત બિરાજમાન હોય અને તેમનામાં બુફે અટકાવવાની શકિત હોવા છતાં જો તેની ઉપેક્ષા કરે તો સાધુ ભગવંતને દોષ લાગે છે. અને કોઇ સુશ્રાવક પણ જો છતી શકિતએ આ બુફેની 'મારે શું ?' એમ માનીને ઉપેક્ષા કરે તો તે શ્રાવક પણ દોષનો ભાગીદાર બને છે.

– તો ગૌરવ વધે –

ધનનો સંચય કરવાથી ગૌરવ પ્રાપ્ત થતું નથી પરન્તુ દાન, આપવાથી ગૌરવ વધે છે, જેમકે, જળ આપનારા મેઘોની સ્થિતિ ઊંચે છે અને જળનો સંચય કરનાર સમુદ્ર નીચે રહે છે.

卐 'ધાર્મિક વહિવટ વિચાર' વિચારણા 卐

– પૂ. આ. શ્રી વિજય જિને-દ્રસૂરીશ્વરજી મહારાજ

–: લેખાંક ૨જો :–

જૈન શાસનમાં મોક્ષ માર્ગની સાધના માટે જે દ્રવ્યસ્તવ બતાવ્યો છે તેમાં જિન-ભક્તિ આવે છે તે ભક્તિ કરતાં જે દ્રવ્ય સંપન્ન થાય છે. તેનો વહિવટ વિધિથી થાય છે.

સંબોધ પ્રકરણમાં દેવ દ્રવ્યના ત્રણ પ્રકાર લખ્યાં છે તેમાં પૂજા દ્રવ્ય જે પૂજા માટે આવેલું હોય તે કેશર આદિ હોય છે તથા પૂજા માટે સ્વદ્રવ્યથી પૂજા કરાય છે. તેમજ મંદિરમાં પૂજાના દ્રવ્યો આદુ તેમજ પૂજારી આદિ માટે સાધારણ દ્રવ્ય એકત્ર કરીને જિનપૂજા ગુરુ વૈયાવચ્ચ તથા સંઘની વ્યવસ્થા તે સાધારણ દ્રવ્યથી થાય છે

શ્રાદ્ધ વિધિમાં ઋદ્ધિમાન શ્રાવકોએ એકત્રિત કરેલું ફાળા આદિ દ્વારા તે સાધારણ દ્રવ્ય જણાવાયું છે.

નિર્માલ્ય દ્રવ્ય પ્રભુજીને ચડાવેલું દ્રવ્ય તેમાંથી ચોખા શ્રીફળ બદામ સોપારી વિ. તો વેંચીને રકમ દેવદ્રવ્ય ખાતે જમા થાય છે અને લીલા ફળ તથા નૈવેદ્ય પણ વેંચીને દેવ દ્રવ્ય ખાતે જમા થાય છે જૈન પૂજારીઓ છે ત્યાં આ વ્યવસ્થા છે જ અને વિવેકી શ્રાવકો પણ તેમ કરે છે જ્યાં તેવી વ્યવસ્થા નથી ત્યાં પૂજારી લઇ જાય છે. પરંતુ દેરાસર બંધાવનાર કે વહિવટદારના નોકર આદિને એ લીલા ફળ નૈવેદ્ય અપાય નહિ. દેરાસરના કામમાં આવનાર સોની, સુતાર આદિને પણ અપાય છે.

કલ્પિત દ્રવ્ય–નો આજે રિવાજ નથી ઉદાયન રાજાએ જીવંત સ્વામીની પ્રતિમા માટે દશ હજાર ગામો આપ્યા હતા તે જ રીતે જમીનો વિ. અને મકાન દુકાનો ખેતર વિ. અપાયાના પ્રસંગો મળે છે આજે પણ ઘણા સંઘોમાં તેવા દાનો પડેલા છે તે કલ્પિત દ્રવ્ય ગણી શકાય અને તે કલ્પિત જે જે કલ્પના માટે આપ્યું હોય તે તે કલ્પના ગણાય, પૂજા, આંગી, પ્રભાવના, સાધર્મિક વાત્સલ્ય સાધારણ આદિ તિથિઓ વિ. કલ્પિત દ્રવ્ય છે.

કલ્પિત દ્રવ્ય નામનું ખાતું આજે કોઇ પણ સંઘમાં નથી. અને એ વ્યવસ્થા ઉપર મુજબના ખાતાઓમાં પરિણમી છે. આજે ઘણા સંઘો જેમાં સાધારણનું ફંડ થાય છે અને તેમાંથી સંઘની તમામ વ્યવસ્થા થાય છે.

જેનો બદલો લઇ લીધો છે તેને અર્થાત્ બોલી બોલાય તેને કલ્પિત દ્રવ્ય કહેવું

તે અનુચિત છે. જેમણે ભાવિકે આરતીની બોલી કરી તો તે દ્રવ્ય અપાઇ ગયું પછી તેને કલ્પિત કઇ રીતે કહી શકાય ? જે ભાઇએ ૨-૫ હજાર પૂજા આદિ માટે આપ્યા તો તે દ્રવ્યને કલ્પિત ગણાય નહિતર, સૂત્રની બોલી, ગુરુપૂજનની બોલી વિ. પણ કલ્પિત દ્રવ્ય ગણી કલ્પિત દેવ દ્રવ્ય લઇ જવાતું હોય.

દેવ દ્રવ્યની વૃદ્ધિ માટે તીર્થમાળ અન્ય માળ તથા ઉપધાન માળ આદિ શબ્દથી સ્વપ્ન બોલી, અને પૂજા આરતી વરઘોડા પ્રતિષ્ઠા અંજન શલાકાની બોલીઓ બધી દેવ દ્રવ્યમાં જાય છે તે શ્રાવકના ૧૧ કર્તવ્યમાંનું એક કર્તવ્ય છે આ કર્તવ્યની પ્રથા ક્યારે શરૂ થઇ નથી અને તેથી પૂર્વના કાળમાં પણ આ ૧૧ કર્તવ્યો હતા જેમાં દેવ દ્રવ્યની વૃદ્ધિ માટે માળ પરિધાન કરવા આદિનું જણાવેલ છે અને તેથી જ પૂ. હેમચંદ્રાચાર્ય મહારાજની છત્રછાયામાં શત્રુંજય મહાતીર્થનો સંઘ લાવનાર કુમારપાળ મહારાજાએ તીર્થ માટેની બોલી પૂ. શ્રીના ઉપદેશથી બોલી હતી. અને તે જ રીતે ગીરનાર અને પ્રભાસપાટણમાં બોલી કરી હતી અને ત્રણ જગ્યાએ માળની બોલી કરોડ કરોડ સોનૈયા થઇ હતી.

સંઘપતિ પેથડ શાહે ગીરનાર તીર્થને સ્વાધીન કરવા દિગંબર સંઘવી સામે ૫૬ ઘડી સુવર્ણ બોલીને તીર્થ સ્વાધીન કર્યું હતું.

દેવ દ્રવ્ય ખાતું આજે ચાલે છે તેમાં આ બોલીઓમા તથા ભંડારની રકમો જમા થાય છે તેમાંથી જિનમંદિર નિર્માણ જીર્ણોદ્ધાર, મંદિરના કાયમી સાધનો આંગી, સિંહાસન ભંડાર વિ. થાય છે પરંતુ તેમાંથી ફુલ, કેશર, પાણી, ઘી વિ. દ્રવ્યો લવાતા નથી અને જેથી ઘણી જગ્યાએ પૂજાના દ્રવ્યોના ચડાવા પણ થાય છે તેમાંથી જિન પૂજા આદિની વ્યવસ્થા થાય છે.

પૂજા દ્રવ્ય, નિર્માલ્ય દ્રવ્ય અને કલ્પિતદ્રવ્યના ખાતાનો વ્યવહાર હાલ નથી અને તેની વ્યવસ્થા દેવ દ્રવ્ય ખાતુ, સાધારણ દ્રવ્ય ખાતુ આંગી, કેશર, સુખડ ખાતુ દેરાસર સાધારણ ખાતુ વિ. ખાતાઓ દ્વારા ચાલુ છે.

શાસ્ત્રમાં પ્રતિક્રમણ વિધિ, પ્રતિક્રમણ સૂત્ર પદવૃત્તિમાં વિધિ તેમજ બીજા ગ્રંથમાં તે વિધિ જણાવી છે છતાં આજે જે વિધિ ચાલે છે તે જ વ્યવહાર છે. વ્યાપારમાં પણ દાદાની ચોપડાથી હિસાબ ચોખ્ખા થતા નથી પણ તે ચોપડાના આધારે ચાલુ ચોપડા તૈયાર થાય છે અને તે વ્યવહારમાં ચાલે છે. જેથી કેટલીક વિધિઓ લખેલ છે છતાં તે પ્રચલિત નથી અને તે અંગેની જે વિધિઓ પ્રચલિત છે તે જ વ્યવહારુ છે. અવિધિ કેમ ચાલતી હોય તો પણ વિધિની સ્થાપના ન થઇ શકે ત્યાં સુધી ચાલતી અવિધિ પણ ઉત્થાપન કરતાં વિધિ આવે નહિ અને ચાલુ વિધિ હોય તે ઉઠી જતાં અવ્યવસ્થા થાય છે.

વળી દેવદ્રવ્યથી કેશર પૂજા ન થાય તે માટે શ્રાદ્ધવિધિ આદિમાં પણ લખેલ છે કે દેવ દ્રવ્યની જેમ જ્ઞાન દ્રવ્ય પણ શ્રાવકોને કલ્પે નહિ અર્થાત્ જ્ઞાન ખાતાના દ્રવ્યમાં પાઠશાળામાં પુસ્તક પગાર વિ. ન અપાય તો તે રીતે દેવદ્રવ્યમાંથી કેશર આદિ તથા પૂજારીને પગાર આદિ ન અપાય.

ભગવાનને પૂજનાર ન હોય તો તેની પૂજા કરવા માટે દેવ દ્રવ્યમાંથી પણ પૂજા કરે પરંતુ તે કેશરથી બીજા ભાઇઓ આદિ ફરી પૂજા કરી શકે નહિ.

ભગવાન અપૂજ રહે તેવા સ્થાનો ઇતરના કબજામાં હોય તો ત્યાંથી પ્રતિમાજી પૂજા થાય તેવા સ્થાનોમાં લઇ જવાના વિધાનો છે. અને તે જૈનેત્તરોને ધૂપ આદિ કરીને પ્રતિમાજી ન લઇ જવાય ત્યાં સુધી વ્યવસ્થા કરવા બતાવ્યું છે.

જિનમંદિરમાં કે બહાર જિન ભક્તિ નિમિત્તે બોલી બોલાય તે દેવ દ્રવ્યમાં જાય છે. જૈન દીક્ષા વખતે, પદવી વખતે નવકારવાળી સાપડો પોથી વિ. આપવાની બોલી જ્ઞાન દ્રવ્યમાં જાય છે માટે સૂત્ર વહોરાવતી વખતે કે પ્રતિક્રમણ વખતે સૂત્રની બોલી બોલાય તે જ્ઞાન ખાતામાં જાય તેવું નહિ. પરંતુ ગમે ત્યારે સૂત્ર માળા સાપડો આપવાની બોલી બોલાય તે જ્ઞાન દ્રવ્યમાં જાય તેમ પ્રભુ ભક્તિ નિમિત્તે બોલી બોલાય તે દેવ દ્રવ્ય ખાતામાં જાય.

ખંભાતમાં વિ.સં. ૧૯૭૬માં ઉપદેશપદ, આવશ્યક વૃત્તિ, ષોડશક સંબોધ પ્રકરણ, શ્રાદ્ધ વિધિ, ધર્મસંગ્રહ, અષ્ટક વૃત્તિ, બૃહત્કલ્પ વ્યવહાર સૂત્ર નિશીથ ભાષ્ય વિ. ના આધારે ઠરાવ કરેલ છે તેમાં દેવદ્રવ્યની વૃધ્ધિ માટે માળ વિ. થી તથા રૂપીયા ચેક, કોરી, તેમજ તેલ ઘી વિ. બોલીને દેવદ્રવ્યની વૃદ્ધિ કરવા જણાવેલ છે.

આ સમજવા માટે પૂ. કમલ સૂ. મ. પૂ. આનંદ સાગર સૂ. મ. પૂ. દાન વિ. મ. પૂ. પ્રેમ સૂ. મ. પૂ. કુમુદ સૂ. મ. પૂ. લબ્ધિ સૂ. મ. પૂ. માણેકસાગર સૂ. પૂ. રામચંદ્ર સૂ. મ. આદિ પાસે આવીને સમજી જવા જણાવ્યું છે. આ ઠરાવમાં પ્રવર્તક પૂ. કાંતિ વિ. મ. પૂ. વલ્લભ સૂ. મ. પૂ. મેઘસૂ. મ. વિ.ની સહીઓ સંમતિ માટેની છે.

૧૯૯૦ ની સાલમાં પણ પ્રભુભક્તિની બોલી તેમજ તીર્થ માળ આદિની બોલી દેવ દ્રવ્યમાં લઇ જવા જણાવ્યું છે અને તેમાં પૂ. નેમિ સૂ. મ. પૂ. આનંદ સાગર સૂ. મ. પૂ નીતિ સૂ. મ. પૂ. જયસિંહ સૂ. મ. પૂ. વલ્લભ સૂ. મ. પૂ. મુનિ સાગરચંદ્રજી પૂ. સિધ્ધિ સૂ. મ. પૂ. દાન સૂ. મ. પૂ. ભૂપેન્દ્ર સૂ. મ. એ નવ જણાની સહી છે. આ સંમેલન સમસ્ત શ્વેતાંબર મૂર્તિપૂજકનું હતું તેથી સમસ્ત શ્વેતાંબર મૂર્તિ પૂજકમાં આ વ્યવસ્થા માન્ય છે બરતર ગચ્છ અચલગચ્છ કે ત્રણ સ્તુતિવાળાને પણ આ માન્ય છે. શ્રી ભૂપેન્દ્ર સૂ. મ. ત્રિસ્તુતિક હતાં અને તે ગચ્છોમાં માળ સ્વપનાની

બોલીઓ સાધારણમાં કે ઉપાશ્રય બંધાવવા લઇ જવાની વાત ચાલે છે તે તેમના ગુરુવર્યોનાં પણ વચનોને માન્ય નથી માટે આવી કોઇ રીતો કરવી તે શાસ્ત્ર અને ગુરુવચનને પ્રતિકૂળ છે.

સં. ૨૦૧૪માં શ્રી ડહેલાના ઉપાશ્રયે મળેલ શ્રમણ સંઘમાં ૧૯૯૦ના સંમેલનને સમર્થન આપવા સાથે દેવ દ્રવ્યની વ્યાખ્યા બતાવી છે કે પ્રભુના મંદિરમાં કે મંદિર બહાર ગમે તે ઠેકાણે પ્રભુના પાંચ કલ્યાણાદિ નિમિત્તો તથા માળા પરિધાનાદિ દેવ દ્રવ્ય વૃદ્ધિના કાર્યથી આવેલા તથા ગૃહસ્થોએ સ્વેચ્છાએ સમર્પણ કરેલ ઇત્યાદિ દેવ દ્રવ્ય કહેવાય.

આ સંમેલનમાં પણ ઘણા પૂ. આચાર્યો આદિ હતા અને રાજનગર સ્થિત સમસ્ત શ્રમણ સંઘ તરફથી વિજયહર્ષ સૂરિ એમ તેમાં સહી કરેલી છે. તે ઠરાવમાં પણ ૧૯૭૬ (ખંભાત) ૧૯૯૦ (રાજનગર) ના સંમેલનને અનુમોદન આપવા સાથે ઉપદેશપદ, સંબોધ પ્રકરણ, શ્રાદ્ધવિધિ દર્શન શુધ્ધિ દ્રવ્ય સપ્તતિકા વગેરે ગ્રંથોથી જાણી શકાય છે તેમ જણાવ્યું છે. આમાં પંચ કલ્યાણક લખ્યું છે. તેથી સ્વપ્નાની બોલી ચ્યવન કલ્યાણકની છે તથા જન્મ વાંચવાની વખતે પારણું બાંધવા આદિની બોલી જન્મ કલ્યાણક અંગેની છે.

શાસ્ત્રીય સંચાલન પધ્ધતિ નામની પુસ્તિકા જેનું સંશોધન પૂ. ઉ. શ્રી ધર્મ સાગરજી મ. ના શિષ્ય રત્ન પૂ. પં. શ્રી અભયસાગરજી મ. એ કરેલું છે તેમાં તેમજ શ્રી સીમંધર સ્વામી મંદિર પેઢી મહેસાણાથી પૂ. આ. શ્રી કૈલાસસાગર સૂ. મ. ની પ્રેરણાથી પ્રગટ થયેલ તેમજ પૂ. આ. શ્રી વિજય સોમચંદ્ર સૂ. મ. સંપાદિત પુસ્તિકામાં તથા પં. શ્રી હેમરત્ન વિ. મ. ની 'ચાલો જિન મંદિર જઇએ' પુસ્તકમાં આ દેવ દ્રવ્ય તેની વ્યવસ્થા વિગેરે અંગે વિચારણા કરીને સપ્રમાણ જણાવ્યું છે.

चेइय दव्व साधारणं च जो दूहइ मोहिय मईओ ।
धम्मं च सो न याणेइ अहवा बद्धाउओ नरए ।।

—દ્રવ્યસપ્તતિકા

ચૈત્ય દ્રવ્ય તથા સાધારણ દ્રવ્યનો મોહમતિવાળો દ્રોહ કરે છે તે ધર્મ જાણતો નથી અથવા નરકનું આયુષ્ય બાંધ્યું છે.

આથી સ્વપ્નાની બોલીમાંથી વિભાગ કરતા તે બંધ કરાયા છે અને સ્વપ્ન બોલી ઉપર સાધારણ ટેક્ષ નાખનારને તે બંધ કરાવાયા છે. દેવ દ્રવ્યમાં જતી આવકોને તોડીને બીજે લઇ જવી તે તે દેવ દ્રવ્યનો દ્રોહ છે.

भक्खणे देवदव्वस्स, परित्थिगमणेण य ।
सत्तमं नरयं जंति, सत्तवाराउ गोयमा ।।

દેવ દ્રવ્યના ભક્ષણથી અને પરસ્ત્રી ગમનથી હે ગૌતમ આત્માઓ સાતમી નરકમાં સાતવાર જાય છે.

આવા વિધાનો શાસ્ત્રમાં કર્યા છે.

ઉપાશ્રયોમાં દેવ દ્રવ્ય વપરાઇ ગયું હોય તે ઉપાશ્રયમાં મહાન આચાર્યો ઉતર્યા નથી તે દ્રવ્ય પાછું અપાવ્યુ છે. વિ. કર્યાના આજે પણ દૃષ્ટાંતો છે.

ગુરુપૂજન

ગુરુ પાસે થતી ગહુંલી, ગુરુપૂજન, ગુરુને કામળી વહોરાવવી વિ. બોલીઓ કે દ્રવ્ય તે ગુરુ દ્રવ્ય છે અને તે દ્રવ્ય જિનમંદિર જીર્ણોદ્ધારમાં વાપરવા જણાવ્યું છે.

પૂ. પં. શ્રી અભયસાગરજી મ. સં. પુસ્તિકામાં જણાવ્યું છે કે ગુરુ દ્રવ્ય–પંચ મહાવ્રતધારી સંયમી ત્યાગી મહાપુરુષોની ગહુંલી, અંગપૂજા, વખતે આવતુ દ્રવ્ય કે બોલીનું દ્રવ્ય તે જિન ચૈત્યના ઉદ્ધાર તથા નવીન ચૈત્ય નિર્માણમાં ખર્ચ કરવાનું દ્રવ્ય સમ્મતિકામાં જણાવ્યું છે. (પૃ. ૨૨)

શ્રાવક શ્રાવિકાએ પોતાના તરફથી ભક્તિ નિમિત્તે કાઢેલ દ્રવ્ય અને શ્રી સંઘમાંથી સાધુ સાધ્વી વેયાવચ્ચ નિમિત્તોની ટીપથી કરેલ દ્રવ્ય સાધુ સાધ્વીના વેયાવચ્ચમાં ખરચી શકાય. (પૃ. ૩૦)

પ્રશ્નોત્તર સમુચ્ચય, આચાર પ્રદીપ, આચાર દિનકર, શ્રાદ્ધ વિધિ આદિ ગ્રંથોમાં શ્રી જિન અને ગુરુની અંગ પૂજા તથા અગ્ર પૂજાનું વર્ણન મળે છે. (પૃ. ૨૨)

ગુરુ દ્રવ્ય (સાધુ સાધ્વી વેયાવચ્ચ) દ્વારા સાધુ સાધ્વીની વેયાવચ્ચ કરવાથી શ્રાવક શ્રાવિકાને વેયાવચ્ચ કરવાની પોતાની ફરજોને ધક્કો પહોંચે છે તથા તે પોતાના કર્તવ્યથી નીચે ઉતરે છે. (પૃ. ૪૫) (હિંદી અવતરણમાંથી)

સાધારણ દ્રવ્ય

સાધારણ દ્રવ્ય માટે સાત ક્ષેત્રની જરૂરી વ્યવસ્થા બતાવી છે તે સાથે તે સાધારણ દ્રવ્ય સુખી શ્રાવકોએ એકત્ર કરવાનું જણાવ્યું છે. સાધારણ દ્રવ્ય દ્વારા જિનમંદિર આદિની વ્યવસ્થા ભક્તિ કરવાની છે અને દેવ દ્રવ્ય તો ન છૂટકે વાપરવાનું હતું. જિનમંદિર પણ જાતે બંધાવે વિ. વિધાનો મળે છે. અને તે પ્રમાણેની શ્રદ્ધાની ખામીને કારણે દેવ દ્રવ્યથી સંઘના મંદિરો બંધાય છે. પણ વ્યવસ્થા ભક્તિ તો ભક્તિગત સ્વ દ્રવ્ય કે સાધારણ દ્રવ્યથી કરવાની છે તે અંગે સંવેગ રંગશાલામાં જણાવ્યું છે કે–

जिणभवणं १ जिणबिंबं २ तह जिण बिंबाण पुयणं तइयं ३ ।
जिणपवयणपडिबद्धाइ पोत्थयाणिय पसत्थाइं ४ ॥१॥
निव्वाणसाहग गुणाण साहगासाहुणो य ५ समणीओ ६ ।
सद्धम्म गुणाणुगया सुसावगा ७ सावियाओ तहा ८ ॥२॥
पोसहसाला ९ दंसण कज्जं वि तहा विहं भवे किंचि १० ।
एवं दस ठाणाइं साहारणदव्वविसओ त्ति ॥३॥

જિનમંદિર (૧) જિનબિંબ (૨) તથા ત્રીજુ જિન બિંબ પૂજા (૩) જિન પ્રવચનથી યુકત પ્રશસ્ત એવા શાસ્ત્રો (૪) નિર્વાણ સાધક ગુણવાળાને સાધનારા સાધુ (૫) તથા સાધ્વી (૬) સદ્ધર્મ રૂપ ગુણવાળા સુશ્રાવકો (૭) તથા શ્રાવિકાઓ (૮) પૌષધ-શાલા (૯) તથા દર્શન સંબંધી તેવું કંઇ કાર્ય હોય તે (૧૦) આ દશ સ્થાનોએ સાધારણ દ્રવ્યનો વિષય છે.

આ શાસ્ત્રોમાં સાધારણ દ્રવ્ય ને કયાં કયાં વાપરવું તે વિધાનો કરેલા છે.

આ બીજા લેખાંકમાં આ પ્રમાણો જણાવ્યાં છે તે તે સ્થાનેથી બધા જ પ્રમાણો રજુ કરાય તો મોટો ગ્રંથ થઇ જાય.

હવે ત્રીજા લેખાંકમાં પૂ. પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ. એ વિધાનો કર્યા છે તેની તુલના કરીશ તે સાથે તેમના જ લખાણોમાં પરસ્પર વિરોધ આવે છે તે પણ જણાવીશ જેથી તેમનું જ વચન કયું માનવું તે પ્રશ્ન થશે ? વિશ્વાસ બેસશે નહિ.

આપ ખૂબ અનુભવ મુજબ તેઓશ્રી ઘણાજ વિદ્વાન છે અને શાસન પ્રભાવક છે. પરંતુ ઘણા વિષયોમાં આગ્રહ થવાથી જેમ ખેંચાઇ જાય છે તેમ આ વિષયની જવાબદારી લઇને તેઓ ખેંચાઈ ગયા છે છતાં ઇચ્છીએ કે તેઓ ઊંડાણ વિચારણા કરશે અને શાસ્ત્રીય તથા પ્રચલિત અબાધિત માર્ગને આંચ ન આવે તેવું વિચારશે.

आग्रहीवत निनिषति युक्ति यत्र स्वस्व बुद्धेर्निवशः ।
पक्षपातरहितस्य तुयत्रयुक्तिस्तंत्र निंवशः ॥

ત્રીજો લેખાંક વાંચતાં પહેલાં આ બે લેખાંક ખાસ વાંચી લેવા જરૂરી છે જેથી વાંચકો સ્વયં તે અંગે વિમર્શ કરી અનુપ્રેક્ષા કરી તત્ત્વનું તારણ કરી શકે. બાકી તો વિષમ કાલે તુંડે તુંડે મતિર્ભિન્ના કોણ કયાં ખેંચી જાય તે કહી શકાય નહિ.

૨૦૫૦ મા સુદ ૨
ઉંટાવદ (ધાર)

જિનેન્દ્રસૂરિ

જૈન રામાયણના પ્રસંગો

૧૮. બાવીસ વર્ષને અંતે

-શ્રી ચંદ્રરાજ

"આખરે રાવણ છે કોણ ? તેને મારી આગળ શું ઉપજવાનું છે ? જા, તારા માલિકને જઈને કહેજે કે-હું ઇન્દ્ર નથી, વૈશ્રવણ નથી, નલકૂબર પણ નથી, સહસ્ત્રાંસુ પણ નથી, મરૂત્ત કે યમ પણ નથી. અને અષ્ટાપદ પર્વત પણ હું તો નથી. હું તો વરૂણ છું વરૂણ. તારા રાવણને ઘણાં વખતથી ઘમંડ ચડયું છે. એને આવવા દે અહીં. તેના ઘમંડનો ઘાણ કાઢી ન નાંખુ તો હું વરૂણ નહિ."

અંજનાસુંદરી સાથે મનમાં શલ્ય રાખીને પરણેલો પવનંજય આખરે પોતાની નગરીમાં આવ્યો. પ્રહલાદ રાજાએ પુત્રવધૂ અંજનાને રહેવા માટે સાતમાળનો ભવ્ય આલીશાન મહેલ આપ્યો.

પરંતુ અંજનાના દુર્ભાગ્યની શરૂઆત થઈ ચૂકી હતી. અભિમાની લોકો કોઇપણ રીતે પોતાના મનના શલ્યને ભૂલી શકતા નથી. તે ન્યાયે પવનંજયે અંજના સુંદરી સાથે વચનથી વાત સુદ્ધાં પણ ન કરી.

પરણ્યાની પહેલી જ પળથી પતિથી તરછોડાઈ ગયેલી અંજના સુંદરી ચંદ્ર વિનાની રાત્રિની જેમ પવનંજય વિના સતત રડવાના કારણે શ્યામ મુખવાળી થઈ જઈને અસ્વસ્થ બની ચૂકી હતી.

શય્યાના બન્ને પડખાને વારંવાર પછાડયા કરતી અંજનાની એક એક રાત એક એક વર્ષ જેવડી પસાર થતી હતી.

અંજનાને નહિ જોવાના કારણે લગ્નના ત્રણ-ત્રણ દિવસ સુધીના મિલનમાં જે પવનંજયની એક એક ઘડી એક એક દા'ડા જેવડી અને એક એક દિવસ એક એક મહિના જેવડો બનાવી દીધો હતો એ જ પવનંજય આજે પોતાની જ પાસે વસેલી અંજના સુંદરીની સામે જોવા પણ તૈયાર નથી થતો. એ મહેલમાં જવાની તો વાત જ ક્યાં રહી. અને...અને આજે આ અંજનાસુંદરીની એક એક પળ પવનંજયને ન જોવાથી વરસ જેવડી લાંબી બની ચૂકી હતી.

સંસારની ભાષામાં કહીએ તો એકપક્ષીય વિરહની વેદનાએ ન દીધા પિયુમિલન થવા દીધું હતું ન તો સ્વયમિલન થવા દીધું. અલબત્ત આનો આખરી જવાબ તો કર્મનો વિપાક જ આપશે.

પતિ પવનંજયથી તરછોડાયેલી અંજના પથારીના બન્ને પડખા પછાડી રાતોને પસાર કરી રહી છે. બન્ને ઢુંચણ વચ્ચે મુખ રાખીને અનન્યમના તે મરથારના ચિત્રો દોરી દોરીને જ દા'ડા પસાર કરે છે. સુખ-દુઃખની સંગાથી સખીઓ વડે વારંવાર મધુર વચનોથી બોલાવાતી છતાં

હેમન્ત ઋતુમાં કોયલની જેમ તે મૌનને છોડતી નથી. કોઇની સાથે કશી વાતચીત કરતી નથી.

પતિથી તરછોડાયા પછી વિલાપ, રૂદન, મૌન અને નિઃસાસા સિવાઇ કોઇ સહારો અત્યારે અંજનાની બેચેન જિંદગીને ચૈન આપી શકે તેમ નથી. બસ આ જ પરિસ્થિતિમાં દિવસો જ નહિ વરસોના વરસો વીતી ગયા.

એક-બે કે પાંચ-દશ નહિ પરંતુ બાવીશ બાવીશ વર્ષ સુધી આ રીતે અંજનાસુંદરી પિયુમિલનના વિરહથી વલોવાતી રહી. વિરહની વેદનાને વેઠતી રહી. પણ આખર પિયુમેળાપના વિરહના બાવીશમાં વર્ષનો છેલ્લો દિવસ ઉગ્યો.

હજી બાવીશ-બાવીશ વર્ષ સુધી તો પ્રિયતમ પવનંજય પોતાના ઘર આંગણે જ હતો. એટલે કદાચ મેળાપ કરવો હોય તો માત્ર સો-બસો કદમોનું જ છેટું હતુ. પણ હવે આજના દિવસથી તો પ્રિયતમ પવનંજયને રાવણે વરૂણ સામે માંડેલા સંગ્રામમાં રાવણને સહાય કરવા દેશ છોડી પરદેશ જવાનું હતુ. અને યુદ્ધ-સંગ્રામ એટલે જીવનનું કોઇ ઠેકાણું નહિ. આથી આજનો દિવસ તો અંજનાસુંદરી માટે દાજયા ઉપર ડામ લગાડવા જેવો હતો. સંગ્રામ ખેડવા જતા પ્રિયતમની સાથે હવે તો ૧૦૦-૨૦૦ જ કદમો નહિ, પણ સેંકડો યોજનોનું છેટું પડી જવાનું હતુ. અને સંગ્રામમાં તો જીવતું શરીર શબ બને તો જ મેળાપ થાય. નહિતર તો આ એક જનમનું પણ છેટું પડી જાય.

અંજના-પવનંજયના લગ્નથી માંડીને આજે બાવીશમાં વરસનો છેલ્લો દિવસ હતો. પ્રહલાદ રાજા રાજયસભામાં બિરાજમાન છે. અને ત્યાં થોડી જ વારમાં રાક્ષસરાજ લંકેશ્વર રાવણના દૂતે સભામાં પ્રવેશ કર્યો. અને પ્રહલાદ રાજાને કહેવા માંડયું કે-હે રાજન્! લંકેશ્વર રાવણ પ્રત્યે વરૂણરાજ આજ સુધી વૈર રાખતો આવ્યો છે. દુર્બુદ્ધિ એવો તે રાવણરાજાને પ્રણામ કરવામાં માનતો જ નથી. તે વરૂણની સભામાં જઈને જયારે તેને લંકેશ્વરને પ્રણામ કરવાનું કહેવામાં આવ્યું ત્યારે હે રાજન્! તે વરૂણરાજા પોતાની નજરોથી પોતાના બાહુદંડને જોવા લાગ્યાં અને ઉચ્છૃંખલ ભાષામાં બોલતા તેણે કહ્યું કે-"રાવણ આખરે છે કોણ? તેનું મારી આગળ શું ઉપજવાનું છે? જા, તારા માલિકને જઈને કહેજે કે-હું ઇન્દ્ર નથી, વૈશ્રવણ નથી, નલકૂબર પણ નથી, સહસ્ત્રાંશુ પણ નથી, મરૂત્ત કે યમ પણ નથી અને અષ્ટાપદ પર્વત પણ હું નથી. હું તો વરૂણ છું વરૂણ. તારા રાવણને ઘણાં વખતથી ઘમંડ ચડયું છે એ ઘમંડીને અહીં આવવા દે. લાંબા કાળથી તેણે સાચવી રાખેલા તે ઘમંડીના ઘમંડનો હું ઘાણ કાઢી નાખુ નહિ તો હું વરૂણ નહિ. દેવતાથી અધિષ્ઠિત થયેલા રત્નોનો સ્વામી બની ગયો હોવાથી તે ઘમંડી બની ગયો છે. પણ હવે તેના ઘમંડને ખેદાન-મેદાન કરી ના નાંખુ તો મારૂ નામ નહિ વરૂણ.

વરૂણના આવા આકરા શબ્દો સાંભળીને ક્રોધથી ધુંઆ-પુંઆ થઇ ગયેલો રાવણ

યુધ્ધ કરવા માટે વરૂણ તરફ આક્રમણ લઇને ગયેા છે. અને તેની નગરીને પર્વતને સમુદ્રની જેમ ચારેબાજુથી ઘેરી લીધી છે. લાલઘુમ થયેલી આંખેા વાળેા વરૂણ પણ રાજીવ-પુંડરિકાદિ પરાક્રમી પુત્રો સાથે લંકેશ્વરની સામે સંગ્રામ માટે સામી છાતીએ ટકરાયેા છે. રાવણ અને વરૂણના આ ભીષણ સંગ્રામમાં વરૂણના પરાક્રમી પુત્રો ખૂંખાર સંગ્રામ ખેડીને રાવણના પ્રચંડ પરાક્રમી ગણાતા ખર અને દૂષણ નામના અગ્રસુભટોને જીવતાને જીવતા બાંધીને પેાતાની છાવણીમાં લઇ ગયા છે. અને ત્યાર પછી રાવણની સંપૂર્ણ સેનાને છિન્ન-ભિન્ન કરી નાંખીને પેાતાને કૃતાર્થ માનતેા તે દારૂણ વરૂણ પેાતાની નગરીમાં પાછેા પ્રવેશી ગયેા છે. હે રાજન્! રાવણ ઉપર વરૂણ દ્વારા આવી પડેલા આ સંગ્રામના વિકટ સંકટમાંથી છૂટકારેા પામવા માટે રાવણે વિદ્યાધરેન્દ્રોને પેાતાની સહાય માટે બેાલાવી લાવવા માટે દૂતોને મેાકલ્યા છે. આજે હું તમારા તરફ રાવણને સહાય માટે રાવણ તરફથી મેાકલાયેા છું.”

લંકેશ્વર રાવણના માથે ભમતા વરૂણના મરણતોલ સંકટમાંથી રાવણને મુકત કરવા માટે સહાય કરવા અર્થે રાજા પ્રહલાદે પ્રયાણની તૈયારી કરી. પણ તે જ સમયે પ્રતાપી પુત્ર પવનંજય પ્રહલાદ રાજાને અટકાવીને કહ્યું કે- ‘હે પિતાજી! તમે અહીં જ રહેા. હું જ રાવણની ઇચ્છા પૂર્ણ કરીશ.’

આગ્રહ પૂર્વક આમ કહીને માતા-પિતાની સંમતિ મેળવીને દરેક સ્વજનેા સાથે ઉચિત સંભાષણ કરીને પવનંજયે પ્રયાણ કર્યું.

લેાકેાના મુખેથી પવનંજયની યુધ્ધ-યાત્રા પ્રયાણની વાત સાંભળીને આકાશમાંથી દેવીની જેમ મહેલમાંથી અંજનાસુંદરી પતિદેવને જોવા માટે નીચે ઉતરી આવી.

બાવીશ-બાવીશ વર્ષને અંતે આખરે પતિદેવના દર્શન કરવાનું આ એક નિમિત્ત ઉભુ થયુ હતુ.

देवीव व्योमशिखरात्
प्रासादाटवरुह्य च ।।

અંતરીક્ષના શિખરમાંથી દેવીની જેમ મહેલમાંથી ઉતરીને અંજના સુંદરી પતિના દર્શન કરવા આવી. (ક્રમશઃ)

-: વિવિધ વાંચનના આધારે :-

પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

કમલવન ઉપર હિમનેા ઠાર-પહેલવાન શરીરમાં રેાગ-વનમાં દાહ-બરબપેારે ઘેાર અંધકાર-સ્નેહાળ કુટુંબમાં કજીયા-

આ બધું ત્રાસરૂપ છે. તેમ કર્મના કેાઈ પણ અંશાનું આત્માના સંબંધમાં રહેવું એ આત્મા માટે ભયંકર ત્રાસરૂપ છે.

ત્રાસરૂપ કર્મોના બંધ સંબંધમાં રાચે સંસારી જીવેા.

૯ પ્રતિવાસુદેવોના નામેા

૧. અશ્વગ્રીવ ૨. તારક ૩. મેરક ૪. મધુ ૫. નિષ્કંભ ૬. બળી ૭. પ્રહલાદ ૮. રાવણ ૯. જરાસંધ.

૯ પ્રતિવાસુદેવ નરકે ગયા.

પ્રભુ વીર જય વીર

પ પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

- જે ભૂંડ છે તે ભૂંડુ ન માને તો મૂઢતા જાય નહિ. મૂઢતા જાય નહિ તો વિવેક પેદા થાય નહિ. વિવેક પેદા થાય નહિ તો જ્યાં રાગ કરવાનો ત્યાં રાગ થાય નહિ અને જ્યાંથી રાગ છોડવાનો ત્યાંનો રાગ છૂટે નહિ.
- કર્મસત્તાને આધીન જીવ ધર્મ પામવા લાયક નથી. માટે જ. એક પુદ્‌ગલ પરાવર્તથી અધિક સંસાર જેનો બાકી હોય તેને અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ ભેટે તો પણ કદિ લાભ ન થાય. શ્રી અરિહંત પરમાત્માના વચનની કદિ અસર ન થાય. જિનવાણી જગતમાં ઊંચામાં ઊંચી છે તે પણ તેને ગમે નહિ. તે જીવ કદિ સાધુ થાય અને નવપૂર્વ પણ ભણે તો પણ ભગવાન ન ગમે, મોક્ષ ગમે નહિ, રૂચે નહિ સંસારનું સુખ જ દેખાયા કરે અને તે કાળા માટે ધોળા ય કરે.
- પૈસાથી સાધ્ય ધર્મ અમારે કરવાનો જ નથી. પૈસાથી ધર્મ તમારે કરવાનો છે.
- વસ્તુ એકાન્ત ખરાબ નથી, વસ્તુ એકાન્તે સારી નથી. જીવ ભૂંડો તો તે ચીજ ભૂંડી, જીવ સારો તો તે ચીજ સારી. ધન વિરાગીને મળે તો સારૂં, પાપીને મળે તો ભૂંડું. માટે જ શ્રી તીર્થંકર દેવો રાજકુળમાં જ જન્મે, મહાપુણ્યશાલી જીવો શ્રીમંતાઇમાં જ જન્મે.
- ધર્મ પર રાગ આવે તોજ ધર્મ થાય, અધર્મ પર દ્વેષ આવે તો અધર્મ છૂટે. મારે તમને ધર્મ–ધર્મો પર રાગ કરાવવો છે. અધર્મ પર દ્વેષ કરાવવો છે પણ અધર્મી પર દયા કરવી છે અને ધર્મ નાશ કરતો હોય તો તેને સજા કરવી છે પણ તેનું ભૂંડું કદિ નથી ઇચ્છતો.
- જ્ઞાન તેનું નામ જે મોટું ગાંડપણ ન કરવા દે.
- સંસારનું સુખ એ જ મોટામાં મોટું ઝેર છે. જેને તે ચઢે તે બાહોશ પણ 'બેહોશ' બને અને ભાનવાળો પણ 'બેભાન' બને.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક–સુરેશ કે. શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

નમો ચઉવિસાए તિત્થયराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

卐

: શ્રાવકપણાનું લક્ષણ :

श्रवंति यस्य पापानि, पूर्वबद्धान्यनेकश : ।
आवृतश्च व्रतैर्नित्यं श्रावक : सोऽभिधीयते ।।

જેના પૂર્વે અનેક પ્રકારે બાંધેલાં પાપો શ્રવિ જાય છે–ચાલ્યા જાય છે. અને જે હંમેશા વ્રતોથી યુકત હોય છે તે શ્રાવક કહેવાય છે.

વર્ષ ૬૫

અંક ૨૯

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

એક ચિંતન

इहलोए परलोए हवन्ति दुक्खाइं जाइं चिरकालं ।
सव्वाइं ताइं जीवा इंदिअवसगा अणुहवन्ति ।।

"આલોક તથા પરલોકમાં જે દુઃખો છે, તે સઘળાં ય દુઃખોને, ઇન્દ્રિયોને પરવશ બનેલા જીવો લાંબો કાળ અનુભવે છે."

આ સંસારનું સર્જન ઇન્દ્રિયોની આધીનતામાં જ છે. કેમકે, ઇન્દ્રિયોને આધીન બનેલા જીવો માટે એવું એક કાર્ય નથી, જે અકાર્યરૂપ હોય ! પંચેન્દ્રિયપણું પુણ્ય યોગે પ્રાપ્ત થવા છતાં પણ જેઓ પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં નથી રાખી શકતા તેમના માટે ઇન્દ્રિયોને મોહની કૂતી કહી છે તે વાતને યથાર્થ બને છે. કેમકે કહ્યું છે કે– ત્રણે જગતમાં કર્મને જ પરવશ એવો કોઇ જીવ જોવામાં આવતો નથી કે જે, ઇન્દ્રિયોના વિકારથી મોહીત ન થયો હોય. તેથી જ ઉત્તમ મર્યાદાના નાશ પૂર્વક ત્રણે જગતને નાશ પમાડનાર હોય તો આ ઇન્દ્રિયોની આધીનતા જ છે.

દુનિયામાં પણ સજ્જન તરીકે તે જ પૂજાય છે જે પોતાની ઇન્દ્રિયોને સંયમમાં રાખે છે બાકી ઇન્દ્રિયોનો અસંયમ કરનારથી સૌ સો ગજના નમસ્કાર કરે છે. માટે જ જેમનું મન ઇન્દ્રિયોના વિકારોથી જરા પણ મોહિત થતું નથી. તેવા જ આત્માઓ દેવોઃ–અસુરો અને મનુષ્યોથી પૂજનીય બને છે.

જે આત્માઓ ઇન્દ્રિયોના માલિક બને છે તેઓ જ મુકિત સ્ત્રીના અધિકારી બને છે. કેમકે, આ પૃથ્વી પર સમય રૂપ ચોપાટ નામની રમતનું પાટીયું છે જેમાં દિવસ તથા રાત્રિ રૂપ સોગઠાં છે અને શુકલપક્ષ તથા કૃષ્ણપક્ષ રૂપ તે સોગઠાને ચલાવનારા ધરો છે. તેમાં સાચો બુદ્ધિશાળી આત્મા જ વશ કરેલ ઇન્દ્રિયોરૂપી પાશાઓથ. મોક્ષને મેળવે છે અર્થાત્ રમતમાં જય પામે છે અને બીજા મૂર્ખ લોકો તો ઇન્દ્રિયોને વશ બની પ્રાપ્ત થયેલા મોક્ષને પણ હારી જાય છે.

ઇન્દ્રિયોનો જય એ જ સદ્ગતિ–મુકિતનો રાજમાર્ગ છે અને ઇન્દ્રિયોથી જય એ દુર્ગતિ–સંસારનો માર્ગ છે.

માટે હે આત્મન્ ! તારે તારું એકાન્તે કલ્યાણ સાધવું તો ઇન્દ્રિયોને જીતવા માટે જ બધી મહેનત કર. તેમાં જ સાચી પ્રજ્ઞાશીલતા છે. શુભાસ્તે પન્થાન !

— શ્રી પ્રજ્ઞાંગ

કાલધર્મ પામેલા પ.પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાભાર્થ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોદાણી (મુંબઈ)
હરેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (રાજકોટ)
ચાંદમલ પદમશી મુહકમ (ચાલગઢ)

વર્ષ ૬ | ૨૦૫૦ મહા વદ-૧૧ મંગળવાર તા. ૮-૩-૬૪ [અંક ૨૯

❋ યાદગાર દિવસનું યાદગાર પ્રવચન ❋

– પ્રવચનકાર :– પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.

પ્રેષક :– પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મ.

[પૂજ્યપાદ સકલાગમરહસ્યવેદિ, શાસનમાન્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાન સૂરિ-શ્વરજી મહારાજા, વિ.સં. ૧૯૮૫માં મુંબઇ નિવાસીઓની અતી આગ્રહભરી વિનંતીથી, મુંબઈનું ચાતુર્માસ કરવાને પધાર્યા હતા : એ પ્રસંગે પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ પંન્યાસપ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણિવરની સચોટ હૃદયસ્પર્શિ આજ્ઞાનુસારિણી ધર્મદેશનાના પ્રતાપે અનેક આત્માઓ ધર્મ સન્મુખ બન્યા હતા અને જડવાદની આંધીના એ સમયમાં તે મહાત્માનાં ધર્મપ્રવચનોએ સંખ્યાબંધ માણસોને અધ્યાત્મવાદનાં અમી-પાન કરાવીને, જડવાદમાં ડૂબી જતાં બચાવ્યા હતા.

રાધનપુરના વતની શેઠ નરોત્તમદાસ મનસુખલાલ પણ એમાંના એક હતા. ધર્મ પામવાથી તેમના અંતરમાં લક્ષ્મીનો સદ્વ્યય કરવાની શુભભાવના પ્રગટી, એ ભાવનાને સફલ કરવા તેઓએ પોતાના આત્મા ઉપર અનુપમ ઉપકાર કરનાર પૂજ્ય ગુરૂદેવોને અઠ્ઠાઇ મહોત્સવ સહ ઉધાપન તથા નવપદજીની આરાધના કરાવવા અર્થે રાધનપુર પધારવ વિનંતી કરી..... ફાગણ વદી અગીયારસના દિવસે પૂજ્યપાદ સુવિશાલ મુનિમંડલ સહિત પધારતાં ભવ્ય સ્વાગત કર્યું..... આ પ્રસંગની સાથે રાધનપુરના અગ્રગણ્ય મસાલીયા કુટુંબના શ્રીયુત કાંતિલાલ મણીલાલ પણ ભાગવતી દીક્ષા સ્વીકારવાના છે, એવી જાહેરાત કરી.

આ બધા ધર્મ મહોત્સવો તો રાધનપુરમાં હતાજ.....તેમાં.....

એક અનુપમ અવસરે યાદગાર ઉમેરો કર્યો.....!

છેલ્લાં ઘણાં વર્ષોથી જે માટે પ્રયત્નો ચાલુ હતા, તે પ્રસંગ પણ ઉજવાઈ ગયો. પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ ઉપાધ્યાય શ્રીમદ્ પ્રેમવિજયજી ગણિવર્ય શ્રી આચાર્ય-પદ ઉપર આરૂઢ થવાની, નિઃસ્પૃહતાના યોગે ના પાડયા કરતા હતા, પરંતુ આખર પૂજ્ય આચાર્ય દેવની એવીજ આજ્ઞા થતાં એ પ્રસંગ ઉજવવાનું પણ રાધનપુરને મહોભાગ્ય પ્રાપ્ત થયું.

રાધનપુરમાં કોઇ ધન્ય ક્ષણે એ વાતની સ્મૃતિ થઇ : રાધનપુરના ધર્મનિષ્ઠ જૈનો, પૂજ્યપાદ સિદ્ધાંતમહોદધિ ઉપાધ્યય શ્રીમદ્ પ્રેમવિજયજી ગણિવરને રાધનપુર પધારવાની વિનંતિ કરવાને માટે પાટણ ગયા : પરંતુ તે વખતે પૂ. મુનિરાજ શ્રી જિનવિજયજીની નાદુરસ્ત તબીયતને કારણે, તેઓશ્રીએ પાટણથી વિહાર કરવાની સ્પષ્ટ ના કહી.....સદ્ભાગ્યે, ચૈત્ર સુદ ૧૦ના મુનિશ્રી જિનવીજયજીની તબીયતમાં સુધારો થતાં, ચૈત્ર સુદ ૧૧ ના સાંજના પૂજ્યશ્રીએ પાટણથી રાધનપુર તરફ વિહાર કર્યો, એ સમાચાર રાધનપુર મળતાં જ, તેજ દિવસે તરતથી તેઓશ્રીની આચાર્ય-પદપ્રદાનની થનારી ક્રિયાની જનતાને ખબર અપાઇ. વ્હેલી જાહેરાત ન થઇ શકવા છતાં પણ ચૈત્ર શુ. ૧૨-૧૩-૧૪ ના સેંકડો સ્ત્રીપુરૂષો આવી પહોંચ્યા.

ચૈત્ર શુદ્ધી ચૌદશને બુધવારના સવારના સાત વાગે વરઘોડો નીકળ્યો, તમામ બહાર ચાંદનીઓ બાંધી નાણ ગોઠવવામાં આવી હતી, ત્યાં ચારે દિશાએ પ્રભુને પધરાવાયા બાદ, પૂ. આચાર્યદેવે પોતાના વરદ હસ્તે પદ પ્રદાનની ક્રિયા શરૂ કરાવી. બરાબર ૮-૩૫ ૨૫ મીનીટે, પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ ઉપાધ્યાય શ્રીમત્ પ્રેમવિજયજી ગણિવરને શ્રી આચાર્ય પદ ઉપર આરૂઢ કરી, પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરિ મહારાજા તરીકે અને પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ પંન્યાસપ્રવ શ્રીમદ્ રામવિજયજી ગણિવરને શ્રી પાઠક પદ ઉપર આરૂઢ કરી પૂજ્યપાદ વ્યાખ્યાન વાચસ્પતિ પાઠક પ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણિવર તરીકે જાહેર કરવામાં આવ્યા. ચતુર્વિધ સંઘે આ પ્રસંગને વધાવી લીધા બાદ, પૂ. નૂતન આચાર્યશ્રીને પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાન સૂરિશ્વરજી મહારાજા આદિએ દ્વાદશાવર્ત વન્દન કર્યું. અને તે પછીથી, પૂ. આચાર્ય શ્રી વિજય પ્રેમસૂરિજી આદિએ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયદાન સૂરીશ્વરજી મહારાજાને દ્વાદશાવર્ત વન્દન કર્યું. અને તે પછીથી શ્રી સંઘે ત્રણે મહાપુરૂષોને વન્દન કર્યા. શ્રી જૈનશાસનની અને પૂ ગુરૂદેવોની જયઘોષણાથી વાતાવરણ ગુંજી રહ્યું આ આ પછીથી, શ્રીયુત કાંતિલાલ મણીલાલ મસાલીયાની દીક્ષાની ક્રિયા શરૂ થઇ, તે પૂર્ણ થયા બાદ પૂજ્યપાદ આચાર્ય દેવની આજ્ઞાથી, પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ પાઠક પ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણિવરે પ્રાસંગિક વિવેચન કર્યું હતું.....]

આ છે, એ યાદગાર ધર્મપ્રવચનનું સારભૂત અવતરણ..... ...

(રાધનપુર..... ચૈત્ર સુદ ૧૪..... વીર સં. ૨૪૬૧-૧૭ એપ્રિલ ૧૯૭૫ બુધવાર)

પૂજ્ય અને પ્રશંસાપાત્ર

અનન્ત ઉપકારી શ્રી જિનેશ્વરદેવોના શાસનમાં, તે શાસનને પામેલા મહાપુરૂષો, આ સંસારમાં તેજ રોગોને મહારોગો તરીકે ઓળખાવે છે, કે જે અજ્ઞાન આદિ રોગોએ, આત્માના સઘળીએ સંપત્તિને દબાવી દીધી છે. અને જે રોગોને કારણે, અનન્ત દર્શન, અનંત જ્ઞાન, અનંત ચારિત્ર અને અનંત સુખ આદિ અનંત લક્ષ્મીના માલીક આત્માઓ આ સંસારમાં એક રંક કરતા પણ ભૂંડી રીતિએ જીવે છે. જ્યાં સુધી આત્માની એ અનંત દર્શન, અનંતજ્ઞાન, અનંત ચારિત્ર અને અનંત સુખરૂપ લક્ષ્મીને પ્રગટ થવામાં અંતરાયરૂપ મહારોગો નાબુદ ન થાય ત્યાં સુધી કોઇપણ આત્માને સાચી, સંપૂર્ણ અને શાશ્વત શાન્તિ મળી નથી, કોઇપણ આત્માને એવી શાન્તિ મળતી નથી અને મળશે પણ નહિ. માટે અનન્ત ઉપકારી જિનેશ્વરદેવોએ સ્થાપેલા આ શાસનમાં, ધન્યવાદને પાત્ર પૂજવાને યોગ્ય, પ્રશંસાને પાત્ર તે આત્માઓનેજ ગણવામાં આવ્યા છે કે જે આત્માએ સંસારના દુઃખી આત્માઓનું રક્ષણ કરવામાં, સંસારના દુઃખી આત્માઓની દુઃખની જડને નાબુદ કરવામાં શકિતસંપન, એવા સમ્યગ્જ્ઞાન આદિ ગુણોને પામીને, સંસારર્થ ભયભીત બનેલા, સંસારથી ઉદ્વિગ્ન બનેલા, આત્માઓનું યથા શકિત રક્ષણ કરવામાં તત્પર રહે છે.

વિલંબનું કારણ

આજે રાધનપુરમાં એક પરમ નિઃસ્પૃહ મહર્ષિને, પરમ ગુરૂદેવે, પોતાના વરદ હસ્તે તે સ્થાનપર સ્થાપિત કર્યા છે. જે મહાપુરૂષને આજે આ રાધનપુરમાં પરમ ગુરૂદેવે સૂરિપદ ઉપર પ્રતિષ્ઠિત કર્યા છે. તે મહાપુરૂષને એ પદ ઉપર પ્રતિષ્ઠિત કરવામાં એટલો જે વિલંબ થયો, એ તે મહાપુરૂષની યોગ્યતાની ખામીને લીધે નહિ; પરંતુ તે મહાપુરૂષની નિઃસ્પૃહતાના યોગે જ આટલો વિલંબ થવા પામ્યો હતો. આ મહાપુરૂષ કોઇપણ રીતિએ આ પદ સ્વીકારવાને તૈયાર થતા નહિ હતા, એથીજ, આ મહાપુરૂષની યોગ્યતા ઉતમ છતાં પણ, આ પદ ઉપર તે મહા પુરૂષને પ્રતિષ્ઠિત કરવાનું કાર્ય અટકયું હતું.

ઉતમ લઘુતા

આ મહાપુરૂષમાં જ્ઞાનાદિ અનેક ગુણો સાથે લઘુતાનો જે ગુણ છે, આ મહા-પુરૂષમાં ઉતમ પ્રકારની જે નિઃસ્પૃહતા છે. તે આ મહાપુરૂષના પરિચયમાં આવેલ સૌ

કોઈને માલુમ છે. આ મહાપુરૂષની દિક્ષા પર્યાયમાં લઘુ અને આ મહાપુરૂષ પાસેજ જ્ઞાન પામેલા મહાત્માઓ પણ આજે કેટલાય વખતથી આચાર્ય–પદે આરૂઢ થયેલા વિધમાન છે. આ મહાપુરૂષ દિક્ષા પર્યાએ મોટા અને જ્ઞાનદાતા હોવા છતાં પણ, શ્રી આચાર્ય–પદે આરૂઢ થયેલા તે મહાત્માઓના ચરણમાં ભકિતભર્યા હૃદયે વિનય પૂર્વક, નમસ્કાર કરતાં કદી પણ અચકાયા નથી.

રાધનપુરનું અહોભાગ્ય

એ બધા મહાત્માઓનો અને બીજા પણ મહાપુરૂષોનો આગ્રહ હોવા છતાં, શ્રી આચાર્ય પદે આ મહાપુરૂષ બીરાજમાન થાય એ જોવાની પ્રબળ ઇચ્છા હોવા છતાં અને અનેક પુણ્યાત્માઓ તરફથી કંઈ કંઈ પ્રયત્નો કરવા છતાં પણ, આજ સુધી જે ન બની શકયું તે આજે અહિં બન્યું છે, એ રાધનપુરનું પણ અહોભાગ્ય છે. અહિં આવ્યા બાદ કોઇ એવી શુભ ક્ષણે એ વાતની સ્મૃતિ થઇ, કે જેથી વર્ષોથી જે બનતું નહિ હતું, તેનો આજે આ રાધનપુરમાં અમલ થવા પામ્યો છે. રાધનપુરના સંઘનો આ મહાપુણ્યનો ઉદય ગણાય કે–આવા નિઃસ્પૃહ શિરોમણિ મહાત્માને અને વર્ષોના પ્રયત્ન બાદ, પોતાના ગામમાં આજે પરમ ગુરૂદેવના વરદ હસ્તે શ્રી આચાર્ય પદ ઉપર પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે.

જોખમદારી

આ પદ, મૂખ્યત્વે એ એકજ જોખમદારીને રજૂ કરે છે કે...એ પદ ઉપર આરૂઢ થઈને સંસારથી ભય પામેલા, ભયભીત બનેલા આત્માઓનું, આત્માનં અનંત લક્ષ્મીને પ્રગટ થવામાં અંતરાયભૂત થતા મહારોગોથી રક્ષણ કરવાનો પ્રયત્ન કરવો. જોકે આજે આચાર્ય પદ ઉપર આરૂઢ થયેલા મહાપુરૂષે અત્યાર સુધીમાં અનેક આત્માઓના ઉપર, કદી ન ભૂલી શકાય એવો ઉપકાર કર્યો છે. આજે અહિં જે સાધુસમુદાય છે, પરમ ગુરૂદેવની આજ્ઞામાં જે સાધુ સમુદાય વિચરી રહ્યો છે, તેમાં મોટે ભાગે આ મહાપુરૂષનીજ પ્રસાદીનું પરિણામ છે. સંસારમાં મહારોગથી પીડાતો અને ભવના ભયથી ભીતીવાળો બનેલો કોઇપણ પ્રાણી સંસારમાં ભટકાવનાર રંગરાગથી છૂટો અને અનંત જ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલા માર્ગને પામો, એજ આ મહાપુરૂષની અહર્નિશ ઝંખના છે.

કૃપાનું પરિણામ

હું પણ જે કાંઇ પામી શકયો છું, જે કાંઇ આત્મકલ્યાણ સાધવા–સાધવામાં તત્પર બની શકયો છું, તે પણ આ મહાપુરૂષોના પ્રયત્નોનું સુ–પરિણામ છે હું જે કાંઇ

પ્રભુમાર્ગને અનુસરતું બોલી શકું છું. મારામાં જે કાંઇ અનંતજ્ઞાની શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા માર્ગને પ્રકાશિત કરવાની તાકાત આવી છે અને મારા જીવનમાં જે કાંઇ શ્રી વીતરાગ પરમાત્માની આજ્ઞાને અનુકૂળ જણાય છે, તે સર્વમાં પણ કારણ આ મહાપુરૂષની કૃપાજ છે. આથી, આજનો અવસર જેમ તમારે માટે અહોભાગ્યનો અવસર છે તેમ મારે માટે પણ અહો ભાગ્યનોજ અવસર છે. મારા પરમ તારક ગુરૂદેવને હું શ્રી આચાર્ય પદ ઉપર, પરમ ગુરૂદેવશ્રીના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલા નિહાળી નેત્રોને પવિત્ર કરી રહ્યો છું.

પ્રયત્ન યોગ્યતા મેળવવા માટે હોય

વસ્તુસ્થિતિ એ છે કે... આ સંસારમાં જન્મીને અમૂક વસ્તુઓ મેળવવાની હોય છે અને કેટલીક માગીને પણ મેળવવાની હોય છે, જ્યારે કેટલીક વસ્તુઓ અમુકના પ્રસાદર્થ મળે છે. ગુણ વિગેરે વસ્તુઓ આત્માને જાતે મેળવવાની હોય છે અને પદ આદિતો પૂજ્ય પરમગુરૂદેવના પ્રસાદથી પ્રાપ્ત થાય છે. પદ, એ જાતે મેળવવા યોગ્ય વસ્તુ નથી. પદ મેળવવાની અભિલાષા કરવી, પદ મેળવવા પ્રયત્ન કરવા, એ આત્માનો અધઃપતન કરનારી વસ્તુ છે. જરૂર, સૌને એવા સુયોગ્ય બનાવની ભાવના રાખવાનો અધિકાર છે : સૌએ એવા ગુણ સંપન બનવા માટે અવશ્ય પ્રયત્ન કરવો જોઇએ : શ્રી તીર્થંકર દેવો જેમ ચિન્તવે છે કે 'સવિ જીવ કરૂ શાસનરસી' તેમ જગતૂના ઉધ્ધારની ભાવના રાખવાનો સૌને અધિકાર છે : એવી તારક ભાવના રાખવાનો કોઇને અધિકાર નથી એમ નહિ; પરંતુ હું તીર્થંકર બનું અને એથી દેવતાઓ આવીને મારી સેવા કરે, સમવસરણ આદિની ઋધ્ધિ મને પ્રાપ્ત થાય એવી ભાવનાઓ રાખવી એ અધઃપતનની નીશાની છે, તેવી ભાવનાવાળા ઉધ્ધારક બની શકતા નથી ગુણ વિશિષ્ટ પદોની લાયકાત મેળવવાનો જરૂર પ્રયત્ન થાય, એવા ગુણો લાવવા માટે જરૂર વિનય-અભ્યાસ આદિ કરાય, પરંતુ એ પદની અભિલાષા મોટાઇની ભાવના પૂર્વક નહિજ હોવી જોઇએ. યોગ્ય ગુણો આવી જાય, પૂજ્ય ગુરૂદેવોને એવો યોગ્યતા દેખાય, તો પદવી એતો ગુરૂદેવની પ્રસાદી માત્ર છે. આ રીતીએ યોગ્યતા પ્રાપ્ત કર્યા બાદ અને પરમ ગુરૂદેવની પણ ઇચ્છા થતાં, આ મહાપુરૂષને માટે આ પ્રસંગ આવતાં વર્ષો વિતી ગયા : આજ એનું પરિણામ તમે જોઇ શકયા છો કે ગુણ સંપન આત્માને ગુરૂની પ્રસાદી રૂપ પદવી મળેજ છે. માટે દરેકનો પ્રયત્ન પદવી મેળવવા માટેનો નહિ હોવો જોઇએ, પરન્તુ પદવી અને પ્રતિષ્ઠાને આપોઆપ ઘસડી લાવનારી સ્વપર તારક યોગ્યતાને પ્રાપ્ત કરવાને માટે હોવો જોઇએ.

(ક્રમશઃ)

સુખ શેમાં ?

સુખ ! સુખ ! સુખ !

સુખનું રહસ્ય કયાં છે ?

સુખની ભાળ ન થવાથી વિદર્ભદેશનો રાજા આનંદવર્ધન ઘણોજ વ્યથિત હતો.

સુખના સાધનોની તુષામાં એ સદા અશાંત હતો.

સુખની તૃષ્ણાએ એના ચિત્તમાં અતૃપ્તિની આગ પ્રગટાવી હતી.

સુખને પ્રસન્ન કરવા રાજાએ ઘણા ઘણા ઉપાયો કર્યા હતાં.

પરન્તુ

સુખતો દૂર, દૂર વહી જતું હતું.

સુખને પ્રાપ્ત કરવાના સઘળા પ્રયત્નો વ્યર્થ જતા હતા.

અંતે, રાજા નિરાશ થઇ ગયો. મુઢ થઇ ઉદ્યાનના કિનારે બેસી રહેવા લાગ્યો. તેવામાં એક ચિન્તક તેમને ભેટી ગયો. ચિંતક આગળ પણ રાજાએ સુખની ભીખ માંગી.

સુખની ભીખ સાંભળી ચિંતકે એક અદ્‌ભુત ઉપાય સૂચવ્યો. જો, ખરેખર ! "સુખી થવું હોય તો આપશ્રી કોઇ સુખી હોય તેનું પહેરણ મંગાવી મને આપો તો હું આપને જરૂર સંપૂર્ણ સુખની પ્રાપ્તિ કરાવી દઉં."

આ સાંભળી રાજા આનંદીત થયો.

રાજાએ પોતાના અંગત સેવકોને સુખી માનવીની તપાસ કરવા માટે ચારેય દિશામાં રવાના કર્યા. ગામ, પરગામ તપાસ કરતાં કોઇ સુખી માનવી જડયો નહિ. તપાસ કરતાં કરતાં તેઓ ઘટાદાર વૃક્ષોના જંગલમાં ગયાં ત્યાં નદીને કિનારે એક આનંદમસ્ત માણસ મળી આવ્યો.

સુખી માણસની ભાળ થઇ તેવા સમાચાર જાણી રાજા રાજી રાજી થઇ ગયો. સુખની ધૂને ગાંડા થયેલા રાજાને થયું કે "આનું પહેરણ મળતા હું સાચા અર્થમાં આનન્દવર્ધન કહેવાઇશ લોકો મને સુખી સુખી કહેશે."

આસ, આરામદાયક વાહન દ્વારા રાજા સુખી માણસ પાસે પહોંચી ગયો. સુખી માણસને જોતા જ રાજા રથમાંથી ઉતરી ગયો અને તેને ભેટી પડયો. રાજાએ પોતાનો હાથ લાંબો કરી તે સુખી માણસ પાસે તેનું પહેરણ માંગ્યું:

ત્યારે,

આનંદના કુવારા છોડતું મદોમત્ત હાસ્ય કરી સુખી માણસ બોલ્યો અરે ! ભાઇ, "મે તો કદી પહેરણ જ પહેર્યું નથી.

ખરેખર ! આત્મા જ અનંતસુખનું ધામ છે. તેને કાંઇ સુખના વાઘા પહેરવાની જરૂર નથી.

— શ્રી વિસેના

ચલો શ્રી શંખેશ્વર નેમીશ્વર તીર્થ-ડોળીયા ચલો

શ્રી શંખેશ્વર નેમીશ્વર જિનેન્દ્રાય નમઃ

શ્રી શંખેશ્વરા પાશ્વર્વનાથ જિનેન્દ્રાય નમઃ

શ્રી સિદ્ધિ-રામચંદ્ર-કર્પૂરામૃત સૂરિભ્યો નમઃ

શ્રી શંખેશ્વર નેમીશ્વર તીર્થ (ડોળીયા) પ્રતિષ્ઠાની ચોથી વર્ષગાંઠ પ્રસંગે

* ભાવભર્યું આમંત્રણ *

સુજ્ઞ ધર્મબંધુ,

પ્રણામ સાથ જણાવવાનું જે પ. પૂ. હાલારદેશોદ્ધારક પૂ.આ. શ્રી વિ. અમૃત-સૂરીશ્વરજી મહારાજના પટ્ટધર પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. તથા પૂ. મુ શ્રી યોગીન્દ્ર વિજયજી મ.ના ઉપદેશથી સ્થાપાયેલ શ્રી શંખેશ્વર નેમીશ્વર તીર્થ ડોળીયાની અંજન પ્રતિષ્ઠા પૂ. વ્યા. વા. પરમ શાસન પ્રભાવક આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. આદિ પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ૨૦૪૬માં થઇ છે. તેની ચોથી વર્ષગાંઠ પ્રસંગે પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

સં. ૨૦૫૦ ફાગણ સુદ ૧૦ મંગળવાર તા. ૨૨-૩-૯૪

પૂ. આ. શ્રી વિજય અમૃતસૂરીશ્વરજી મહારાજની ૨૭મી સ્વર્ગતિથિના નિમિત્તે ભવ્ય આંગી તથા સ્નાત્ર.

૨૦૫૦ ફાગણ સુદ ૧૧ બુધવાર તા. ૨૩-૩-૯૪

સવારે ૮-૩૦ વાગ્યે ૧૮ અભિષેક બાદ ૧લી પૂજા.

સવારે ૧૦-૦૦ વાગ્યે ૧૭ ભેદી પૂજા-નવમી પૂજાએ ધજા ચડાવાશે.

સવારે ૧૨-૦૦ વાગ્યે શાહ મનસુખલાલ જીવરાજ ભાડલાવાળા રાજકોટ તથા શાહ દેવરાજ નરશી ઢીચડાવાળા મુલુંડ, શાહ ખેતશી વીરપાર નવાગામવાળા મુંલુંડ તરફથી સાધર્મિક ભક્તિ.

વિધિ માટે જામનગરથી નવીનચંદ્ર બાબુલાલ શાહ તથા પૂજા માટે સુરેન્દ્ર-નગરથી ભાવિક શ્રી વાસુપૂજ્ય મિત્ર મંડળ પધારશે. આ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

લિ. જૈન હિતવર્ધક મંડળ
નેશનલ હાઈવે નં. ૮,
ડોળીયા (જી. સુરેન્દ્રનગર)

પ.પૂ.આ. ભગવંતો તથા સાધુ-સંતો તથા સતીવૃંદ સાધ્વીજી, ભગવંતોની પ્રેરણાથી ચાલતું.
અહિંસા પરમો ધર્મ ॥ જીવદયા એજ પ્રભુસેવા ॥ રજીસ્ટર નં. ૨૭૪૫ રાજકોટ.

શ્રી વિંછીયા સાર્વજનિક સેવા ટ્રસ્ટ

માત્રા ગેઇટ, જય ભિખ્ખુ ચોક, વિંછીયા જી. રાજકોટ ૩૬૦૦૫૫ (સૌરાષ્ટ્ર)

કીડીથી કુંજર હાથી સુધીની સમગ્ર અબોલ મુંગા પશુ-પક્ષીની સૃષ્ટિને અભય દાન દેનાર જીવદયા પ્રેમીજનોને હાર્દીક અપીલ આત્મીય સ્વજન શ્રી;

સસ્નેહ..... સાદર પ્રણામ ! આપ જાણો છો આ વર્ષે ચોમાસું નબળુ અને નિષ્ફળ ગયું છે. વળી દુકાળમાં અધીક માસની જેમ માવઠું થયું. જેથ પશુ-પક્ષી માટે અતિશય વિકટ પરિસ્થીતી ઉદ્ભવી છે, અમારી સંસ્થામાં એકલાખ કરતા પણ વધુ પંખીઓ ચણવા માટે આવે છે. દરરોજની ૧૨૦ કિલો કબુતરને ચણ નાખવા મા આવે છે ૧૦ કીલો કુતરાને રોટલા પાણીની પરબો અવેડા-ઉપરાંત નિરાધાર ઢોર. માલ-ધારી કચ્છમાંથી લાઇને આવે. તેના માટે ઘાસચારો ગરીબ દર્દીઓને દવા કપડા અનાજ જીવન જરૂરીયાત મુજબ વસ્તુઓ પણ અપાવવા માં આવે છે. દરરોજનો ૧૫૦૦ જેવો ખર્ચ છે, હાલ અનાજ તથા અન્ય વસ્તુમા ભાવ પણ ઉંચા છે, આ વા કપરા-૬થી ૭ માસ વધુ ખેચવાના છે આપ દિલેર-દાનવીરોના સહકાર વિના પાર નથી. આપ દાતાઓ ઉદાર હાથે દાન આપી અપાવી અમારી ઝોળી છલકાવી દેશો. તેવી અમોને અતુટ આશા છે. ગરીબો માટે એક એમ્બ્યુલન્સની ખાસ જરૂર છે તો આ શુભ કાર્યમા આપનુ શુભ નામ લખાવી, આપવા વિનંતી

સાદ પડયો છે, જીવદયા પ્રેમી જનો જાગ જો રે ! વીર જાગજો રે, શુરા જાગજો રે,
જોજો. અબોલ જીવોની આતરડી ઠારવાનો આ અણમોલ. અવસર એળે ન જાય !

આ સંસ્થાને અપાતુ દાન ઇન્કમટેક્ષ એકટની કલમ ૮૦ (જી)(૫)મુજબ કરમુકત છે.

દાન મોકલવા તેમજ વધુ વિગત માટે સંપર્ક-

રંતીલાલ દેવચંદ શુઢકા લંડન) ૦૮૧ - ૯૦૪૯૮૫૧ (ઘર)
દીનેશકુમાર ચુનીલાલ માથુકીયા (મલાડ) ઓ. ૮૮૨૧૫૪૯ ઘર. ૮૪૦૬૫૪૫
રાજેશકુમાર લીલાધર શાહ (શાંતાકુઝ) ઘર. ૬૪૯૦૬૪૬ - ૬૪૯૧૭૭૫
હરેશકુમાર જયસુખલાલ શાહ (અમદાવાદ) ઓ. ૩૧૩૧૬૧-૩૧૩૧૬૨ ઘર. ૪૬૫૬૬૭
ચેતનકુમાર યશવંતરાય શાહ [કલકતા] ૭૪૭૨૦૮ ઘર.
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ [ભાડલાવાળા] રાજકોટ ૨૩૬૪૮
જરમીન કુલચંદભાઇ વોરા [બોરીવલી] ઓ. ૩૬૧૨૩૭૩ ઘર. ૮૦૧૭૨૫૮
મહેશભાઇ એમ. મારફતીયા [સુરત] ૮૬૩૫૦ અમીત ટ્રેડર્સ [સુરત]
હરીશચન્દ્ર ગો. ઉદેશી [મદ્રાસ] ઓ. ૫૫૨૪૮૧-૫૫૬૨૨૩
હેપી મેરેજ બ્યુરો રાજેશ શાહ [રાજકોટ] ઓ. ૨૮૭૭૧ ઘર. ૨૪૬૭૫

ચેક તથા ડ્રાફ્ટ રકમ **શ્રી** વિંછીયા સાર્વજનીક સેવા ટ્રસ્ટના નામે મોકલવ વિનંતી

ખોટું નો લગાડતા હો ને !"

– શ્રી ભદ્રંભદ્ર.

પારકે પૈસે પરમાનંદ

અમા । એક પરમ પવિત્ર પુન્ય પનોતા મિત્રરત્ન ।. એક દા'ડો એના પપ્પાએ એને એટલો બધો ઝુડી નાખ્યો એટલો બધો ઝુડી નાખ્યો ચાહા ! એટલો બધો કે વાત ન પૂછો. પછ મેં પૂછયુ ત્યારે વાતમાં કંઇ માલ નૈ હોં. અમારા મિત્રરત્નની ભૂલ એટલી જ કે એ ભાઇસાહેબ બાજુવાળાના ઘરે રીમે. કંટ્રોલર રંગીન ટી.વી. જોવા ગયો તો. અને એમના ઘરેથી એક-વાર વટાવાનું (શિયાળો છે ને એટલે) કોથમીર નાંખેલું શાક લઇ આવેલો. અને તેની સાથે ભણતા તેમના જ પુત્રરત્નની ચોપડી માંગી આવેલો. અને એકવાર પેન-પેન પણ.

બસ આટલી રીઢામાં રીઢી ભૂલો તો એ પરાક્રમી મિત્રરત્ને એક જ અઠવાડિયામાં કરી નાંખેલી. અને ખબર પડતાં જ પિતાજીનું કોર્ટમાં ચુકાદો આવ્યો કે–ખબરદાર ! તે હવે કોઇની વસ્તુઓ લેવા ગયે. છે તો ? અહીં ઘરમાં ઓછું બગ્યું છે તે બીજા પાસે માંગવા જાવ છો ? આટલું કહીને બે–ચાર લાફા તો જજ સાહેબ પિતાએ જ ફટકારી દીધા. પાછો ચુકાદો લંબાવ્યો કે–"ને ટી.વી. જોવા બેઠેલો તને જોયો કે સાંભળ્યો છે ને તો તારી બે નથી હા. બહુ ફાટયો છે નથી કે'તા એમ. બાજે કોઇ કેનાર જ નથી. ઉઠ. ઉભો થા. ચોપડી લઇને બેસ. (ગાલે મોટો ઢૈ ત ચૂટલો ભરતા ભરતા કીધુ) અત્યાર સુધી બહુ ફાટી ગ્યા'તા, હવે તમારી ખબર લઇ નાંખીશ."

આરોપી મિત્રરત્નને ઘરના રૂમની કેદમાં પૂર્યા વગર જ મુકત કરી દીધો. પણ માર્શલ લો જોરદાર હતો.

એકવાર અમારા મિત્રરત્ન કોઇ સાધુ ભગવાનના વ્યાખ્યાનમાં એવું સાંભળી આવ્યા કે–"શકિત મુજબ સ્વદ્રવ્યથી જ પૂજા કરવી." એટલે તેણે તો પપ્પાની જાણ બહાર બધી વસ્તુઓ વસાવવા માંડી. પછી તો પપ્પાને ખબર પડી ગઈ પણ કોઇ તકલીફ ન આવી.

પપ્પા વળી કોઇ બીજા સાધુ ભગવંત પાસેથી એમ સાંભળી આવ્યા કે–"પારકા દ્રવ્યથી પણ પૂજા કરવામાં વાંધો નહિ." એટલે આવીને તેણે છોકરા રતનને કહ્યું–'તને આવું કોણે ભરમાવ્યું કે પારકા પૈસે પૂજા ન કરાય ?"

"મેં તો વ્યાખ્યાનમાં સાંભળ્યું પપ્પા." તો મેં ય સાંભળ્યું કે–"પારકા પૈસે પૂજા કરાય." પછી મિત્રરત્ને કીધુ–પપ્પા બે મહારાજમાંથી કોણ સાચા કોણ ખોટા એ વાત જવા દો. તમે જ વિચારો ને કે હું પારકાની પેન–ચોપડી–શાક લાવેલો અને

એકવાર ટી વી. જોવા ગયેલો ત્યારે તમે મને કેવો મારેલો ? જો એ બધું પારકા પૈસે ના થાય તો ભગવાન જેવા ભગવાનની પૂજા પારકા પૈસે કરવાની પપ્પા ?

પપ્પાને થયું તો ખરું કે–"હા હોં ઇ વાત હાચી લાગે છે. પારકાની વસ્તુઓ નહિ વાપરવાના સંસ્કાર અમે નાનપણથી જ બાળકોને આપીએ છીએ. અને બાળકો અમારા આ સંસ્કારના વારસાને બરાબર છેક ભગવાનની પૂજા સુધી ય સાચવી રાખે છે. ને સંસ્કાર દેનારા અમે "પારકે પૈસે પરમાનંદ કરીએ છીએ."

પણ પપ્પા તાડૂકયા–"બહુ નાને મોઢે મોટી વાતો કરતા શીખ્યા છો નૈ ? બેસી જાવ એક બાજુ પૂજા-બૂજા કરવા નથી જવાનું કાલથી ઘરની બહાર ગયો છે તો તારો ટાંટિયો ભાંગી નાંખીશ હા."

પછી તો અત્યાર સુધી એક પણ અપીલ નો'તી કરી એવા મમ્મીએ પપ્પાનો ઉધડો લઇ નાંખ્યો. "પૂજા કરવાની ના શેની પાડો છો. તમે જ પારકી વસ્તુઓ લેવાની ના પાડી છે. અને તેથી તે નથી લેતો અને પૂજામાં ય એની ઘરની વસ્તુ લઇ જાય છે. તો તમારૂં શું બગડી ગયું ? હવે તો તમારે ય પારકે પૈસે પૂજા કરવાનું બંધ કરવું જોઇએ."

બાબો પૂજા કરવા જશે જ. અને એ ય પોતાના ઘરના પૈસાથી જ કરશે. બોલો કેવું છે કાંઇ ?

પપ્પા બોલ્યા–આ તો હું તેની પરીક્ષા કરતો હતો. પૂજા તે કંઇ બંધ કરાતી હશે. ને એ ય પારકે પૈસે તે હવે હું ય નહિ કરૂં. પેલા મહારાજે કેવ કે.... કંઇ નહિ જવા દો ને. આપણે મહારાજ સાહેબની નિંદા કરવાની જરૂર નથી.

ચાલો બેટા પરદ્રવ્યથી પૂજા ના કરાય ઇ હાંચુ. પણ તું આટલો બધો ટાઇમ પૂજામાં કાઢે છે તે તારે દીક્ષા–ભિક્ષાની ભાવના હોય તો પાછો મને રે'તવતો રે'જે હોં બેટા.

(તા.ક. બદામ જેવડા એટલે કે બદામી કેસર તિલક વાળા કોઇપણ ભાઇને જોઇને ચોકકસ માનજો કે તે ભદ્રંભદ્રના મિત્રરત્ન છે. સ્વદ્રવ્યથી પૂજા કરનારા બદામી જ તિલક કરે તેવું નથી. પણ બદામી તિલક કરનારા ૯૯ પોઇન્ટ ૯૯ ટકા સ્વદ્રવ્યથી જ પૂજા કરનારા હોય છે. ને માટે. હોં ભઇ)

૨૫૧૫ રા. શ્રી રમણલાલ ડગનલાલ આરાધના ભવન ટ્રસ્ટ તરફથી ભેટ. નવસારી પૂ. આ. શ્રી. વિ. રાજતિલક સૂ.મ. તથા પૂ. આ. શ્રી. વિ. મહોદય સૂ. મ.ના પ્રવેશ પ્રસંગે.

શાસન સમાચાર

નાસિક – અત્રે પૂ. વિદ્વાન મુનિરાજ શ્રી અક્ષય વિજયજી મ. આદિની નિશ્રામાં શ્રી મહાવીર સ્વામી જિનાલયની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે અતિ ભવ્ય મહોત્સવ ઉજવાયો.

મા.સુ. ૧૨ થી વદ–૫ સુધી વિવિધ પૂજનો ત્રિકાલિક સાધર્મિક વાત્સલ્ય જલયાત્રા વરઘોડો ભવ્ય ચૈત્ય પરિપાટી.

દેવ દ્રવ્ય સાધારણ દ્રવ્યાદિની ઉપજ પણ કલ્પનાતીત થઇ આ ઉત્સવ નાસિક શ્રી સંઘ માટે જીવન ભરના સંભારણા જેવો બન્યો પ્રભુ ભક્તિ માટેની ભવ્ય ઉદારતાના દર્શન થયા હતા.

અમદાવાદ – પાલડી પ્રીતમનગર પહેલો ઢાળ શેઠ કેશવલાલ પ્રેમચંદને બંગલે પૂ. પ્રશાંતમૂર્તિ સ્વ. સા. શ્રી ચરણ શ્રીજી મ ના શિષ્યા પૂ. સા. શ્રી ચંદ્રાનના શ્રીજી મ. ના ૫૦ વર્ષના સુદીર્ઘ સંયમ પર્યાયની અનુમોદના નિમિત્તે ૧૦૮ પાર્શ્વનાથ પૂજન શ્રી સિદ્ધચક્ર પૂજન સહિત ત્રિ દિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. પૂ. મુ. શ્રી પૂર્ણચંદ્ર વિજયજી મ. આદિ મુનિ મંડળની નિશ્રામાં મહા સુદ ૧૦ થી ૧૨ ઉજવાયો સિદ્ધચક્ર પૂજન પૂ. સાધ્વી મ. ના સંસારી સંબંધીઓ તરફથી ૧૦૮ પાર્શ્વનાથ પૂજન હળવદ નિવાસી શેઠશ્રી કમલશી લવજી તથા શેઠ શ્રી વખતચંદ માણેકચંદ પરિવાર તરફથી અને અષ્ટાપદજી પૂજા શેઠ શ્રી પ્રેમચંદ સુરચંદ પરિવાર તરફથી ભણાવાઇ સુરેશભાઇ પંડિત પાલનપુર વાળા શેઠ શ્રી રજનીકાંત કે. શાહ પૂજન માટે તથા શ્રી વાસુપૂજ્ય મિત્રમંડળ સુરેન્દ્રનગર પૂજા ભણાવવા પધારેલ.

આસોતરા નગર (રાજ)– અત્રે શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનમંદિરની પ્રતિષ્ઠા મહા સુ ૧૦ ના પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ભવ્ય અઠ્ઠાઇ મહોત્સવ સાથે ઠાઠથી થઇ.

હરિનગર – સુરત – અત્રે

પૂ. આ. શ્રી વિજયજયકુંજર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ધર્મ આરાધના ભવનનું ઉદઘાટન પોષ સુદ ૧૫ ના દાનવીર શેઠ શ્રી લક્ષ્મીચંદ નગીનભાઇ ઝવેરીનાં હસ્તે ઉદઘાટન થયું પ્રવચન તેમજ પંચ કલ્યાણક પૂજા ભણાવાઇ શાહ જીવરાજ માંગીલાલ તરફથી સાધર્મિક ભક્તિ થઇ.

સીસોદરા નવસારી – અત્રે પૂ. આ. શ્રી વિ. લલિતશેખર સૂરીશ્વરજી મહારાજ આદિની નિશ્રામાં પૂ. મુનિરાજ શ્રી હેત વિજયજી મ. ની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા તથા તે નિમિત્તે ઉજમણા સાથે શાંતિ સ્નાત્ર મહોત્સવ પૂર્વક પંચાહ્નિકા મહોત્સવ શાહ ખુમચંદ ગુલાબચંદ પરિવાર તરફથી શ્રી

કુંથુનાથ જિનમંદિરમાં મહા સુદ ૬ થી સુદ ૧૦ સુધી ઉત્સાહથી ઉજવાયેા.

પૂ. મુ. શ્રી હેત વિજયજી મ. તે શેઠ શ્રી ખૂમચંદભાઇ તેમણે ૨૦૧૯ કા. વ. ૬ના પૂ. આ. શ્રી વિજય જયંતશેખર સૂરીશ્વરજી મ. ના હસ્તે દીક્ષા લઇ પૂ. આ. શ્રી વિજય હીર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય બન્યા હતા સં ૨૦૨૮ના આસો સુદ-૧૪ ના પૂ. લલિત શેખર વિ. મ. આદિની સાથે સીસોદરામાં ચેામાસામાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા.

સુરત – નાનપુરા સિદ્ધશીલા એપાર્ટમેન્ટ મધ્યે પ. પૂ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મ. ની દીક્ષા તિથિની સ્મૃતિમાં પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં પેા. સુ. ૧૦ થી ૧૩ સુધી અષ્ટોત્તારી સ્નાત્ર આદિ પંચાહ્નિકા મહેાત્સવ ઉજવાયેા સુદ ૧૩ ના પૂ. શ્રીનું ગુણ સ્મરણ થયું.

અ. ભા. નિબંધ સ્પર્ધા

શ્રી મહાવીર જૈન મહિલા મંડળ, બેંગલેાર, દ્વારા અખિલ ભારતીય સ્તર પર નિબંધ સ્પર્ધાનું આયેાજન કરવામાં આવ્યું છે.

નિબંધનેા વિષય છે :-

"જૈન સંસ્કૃતિની રક્ષા અને વિકાસમાં નારીની ભૂમિકા"

નિબંધ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી કેાઇપણ એક ભાષામાં લખીને મેાકલી શકાશે. નિબંધ ઓછામાં ઓછા ૧૦૦૦ (હજારેક) અને વધુમાં વધુ ૧૫૦૦ (દેાઢ હજાર) શબ્દેાનેા (૨ારથી છ કુલ સ્કેપ પાનાં) હેાવા જોઇએ. પ્રતિસ્પર્ધી પેાતાનું નામ, સરનામું, પિતાનું નામ, ઉંમર, શૈક્ષણિક યેાગ્યતા, વિગેરે અવશ્ય લખે. કેાઇ પણ ઉંમરની વ્યકિત આ સ્પર્ધામાં ભાગ લઇ શકે છે. નિબંધ મેાકલવાની અંતિમ તિથિ વધારીને ૨૪ એપ્રિલ ૧૯૯૪ (મહાવીર જન્મ કલ્યાણુક) કરવામાં આવી છે.

વિજેતાઓને પુરસ્કાર :- પ્રથમ રૂા. ૧૧૧૧- બીજો રૂા. ૭૭૭-ત્રીજો રૂા. ૫૫૫- અને રૂા. ૧૦૧-ના પાંચ સાંત્વના પુરસ્કાર એ પ્રમાણે નકકી કરાયા છે.

વધુમાં વધુ સંખ્યામાં ધર્મપ્રેમી ભાઇ બહેનેા નિબંધ લખીને નીચેના સરનામા પર મેાકલી આપે. સરનામું અંગ્રેજીમાં કરવું.

The Convener (Essay Competition)
Shree MAHAVEER JAIN MAHILA MANDAL,
MAHAVEER JAIN BHAWAN
(Shoolay)
Polyar Koil Street, Ashok Nagar,
BANGALORE - 560025
(Karnataka).

અમદાવાદ – દાનસૂરિ જ્ઞાનમંદિર કાલુપુર (અમદાવાદ) મધ્યે પ. પૂ. માલવદેશે સદ્ધર્મ સંરક્ષક આચાર્ય શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ. સા. ની શુભ નિશ્રામાં સકલાગમરહસ્ય વેદી આચાર્ય શ્રી વિજય દાનસૂરીશ્વરજી મ. સા ની મહા સુદ ૨ ની સ્વર્ગતિથિ ૧૨-૨-૯૪ના દિવસે ઉજ-

વવામાં આવેલ. આચાર્યદેવ તથા પ્રવચનકાર મુનિરાજ શ્રી દર્શનરત્ન વિજયજી એ ગુણાનુવાદ પ્રવચન કરેલ. બે રૂપિયાનું સંઘપૂજન તથા ગુરૂપૂજન થયેલ. વ્યાખ્યાન પછી પૂજા ભણાવવામાં આવેલ. એકંદરે સારો પ્રસંગ ઉજવાયો.

વિર્લેપીમાં ભવ્ય જિનભક્તિ મહોત્સવ

હરિયાળી વિલેજ-વિર્લેપારલી (વેસ્ટ) મધ્યે શ્રી અજિતનાથ સ્વામી જિનપ્રાસાદ-ઉપાશ્રય મધ્યે અતવર્ષ સ્વ. પૂ. શાસન સાર્વભૌમ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પૂ. ગચ્છાધિપતિ આ. દે. શ્રી. વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા. ના આજ્ઞાવર્તિની પ્રવર્તિની પૂ સા. મ. શ્રી હંસશ્રીજી મ. ના પ્રશિષ્યા પૂ. સા. શ્રી સમ્યગ્દર્શનાશ્રીજી મ. આદિ ઠાણા ચાતુર્માસ પધાર્યા હતા. બહેનોમાં તાત્ત્વિક પ્રવચનો આપી તેઓએ નવી ચેતના આણી હતી. તેથી ચોમાસામાં થયેલી વિવિધ તપાદિ આરાધનાઓની અનુમોદન અર્થે એક સુંદર જિનભક્તિ મહોત્સવ ઉજવવામાં આવેલ.

તે પ્રસંગે પૂ પરમ ગુરૂદેવશ્રીના શિષ્યરત્ન પ્રખર પ્રવચનકાર પૂ મુનિરાજ શ્રી નયવર્ધન વિજયજી મ. આદિ ઠાણા ૯ તથા પૂ પ્રશમરસમૂર્તિ સા. શ્રી હંસાશ્રીજી મ. આદિ ઠાણા તથા પૂ વિદુષી સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. આદિ ઠાણા કુલ ૪૪ પધાર્યા હતા.

શ્રી લઘુશાંતિસ્નાત્ર સમેત પંચાહ્નિક મહોત્સવનું સુંદર આયોજન થયું હતું. પરમાત્માની સુંદર ભક્તિ કરવામાં આવતી હતી. મુનિશ્રીના પ્રભાવક પ્રવચનો દ્વારા ધર્મનું અદ્ભૂત વાતાવરણ સર્જાયું હતુ.

ભાગ. વદ ૫ ના અંતિમ દિવસે વેસ્ટના જિનાલયે સામૂહિક ચૈત્યપરિપાટી વાજતે ગાજતે ગઇ હતી. પાછા આવ્યા બાદ સંઘની સાધર્મિક ભક્તિ કરવામાં આવી હતી. છેલ્લા દિવસે રવિવારે પ્રશ્નોત્તરીનું પ્રવચન રાખવામાં આવેલ. જે ૯-૩૦થી ૧૨-૦૦ વાગ્યા સુધી ચાલ્યું હતુ. ઘણા લોકોએ ઘણી ઘણી વાતોનો મર્મ પિછાણ્યો હતો.

છેલ્લા દિવસે ભવ્ય મહાપૂજનું આયોજન કરાયું હતુ. જિનાલયનો પુષ્પ ઘર જેવો ભપકાદાર શણગાર, પરમાત્માની અંગરચના, આજુ-બાજુમાં સ્વર્ગીય વાતાવરણ પાર્લાના બેન્ડની સુમધુર સૂરાવલી. વગેરે વગેરે દ્વારા આ મહાપૂજાએ હજારો દર્શકોના દિલ આકર્ષિત કર્યા હતા.

૫૦ થી પણ અધિક પૂ સાધુ-સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં આવો. ભવ્ય શ્રી જિનભક્તિ મહોત્સવ અત્રે અંજનશલાકા બાદ પ્રથમવાર જ ઉજવાયો. એવા આનંદના ઉદ્ગારો લોકમુખમાંથી સરી પડતા હતા..

નવસારી

શ્રી રમણલાલ છગનલાલ શાહ આરાધના ભવન નવસારીના આંગણે પૂ. સ્વર્ગીય વ્યાખ્યાન વાચસ્પતિ સુવિશાળ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના દીક્ષા દિવસ પોસ સુદ ૧૩ની ભવ્યાતિ ભવ્ય

અનુમોદના-ઉજવણી થઇ. આ પ્રસંગે સુરત યશસ્વી તેજસ્વી ચાતુર્માસ પૂર્ણ કરી પૂજ્યપાદ વર્ધમાન તપોનિધિ આ. દેવ શ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજની તથા સુવિશાલ ગચ્છાધિપતિ આ. દેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજ પોતાના વિશાળ સાધુ-સાધ્વીજી પરિવાર સાથે પધાર્યા હતા. પૂજ્યોનું સામૈયું પોષ સુદ ૧૨ના સવારે ૯ કલાકે શ્રી ચિંતામણી પાર્શ્વનાથના મંદિરેથી ભવ્ય ઠાઠમાઠથી થયું હતું. જાણે ચાતુર્માસ પ્રવેશ ન હોય એવી ઠઠ જામી હતી.

પોષ સુદ ૧૩ ના સવારે ૯ કલાકે પૂજ્યશ્રીના ગુણાનુવાદની ભવ્ય સભા યોજાઇ. પૂજ્યોના માંગલિક બાદ પૂ. મુ. શ્રી તત્વરત્ન વિ. મ, પૂ. મુ. શ્રી હિતરુચિ વિ. મ., તથા પૂજ્ય પ્રખર પ્રવચનકાર શ્રી કીર્તિયશ વિજયજી ગણિવર્ય સચોટ ભાવવાહી ભાષામાં પૂજ્યશ્રીજીના જીવન પ્રસંગો વર્ણવી સભાને મંત્રમુગ્ધ કરેલ. શ્રાવકોમાં શ્રી ચિંતામણી સંઘના પ્રમુખ તેમજ ર. છ. શાહ આરાધના ભવનના ટ્રસ્ટી શ્રી નરેશભાઇએ અસ્ખલિત શબ્દોમાં પ્રાંજળ શ્રદ્ધાંજલી અર્પી ત્યારબાદ શ્રી અરવિંદભાઇ પરીવાર તરફથી સોનાની ગીનીથી તેમજ નરેશભાઇ પરીવાર તથા પ્રિયેશ, ભુપેન્દ્રભાઇ, મનુભાઇ-હેમંતભાઇ-સુનીલ આદિ તરફથી ભવ્ય ગુરૂપુજનનો ચડાવો લઇ ગુરૂપુજન તેમજ શ્રી સંઘ વરફથી રૂા. ૧૬-૧૬ નું સંઘપૂજન કરવામાં આવેલ તેમજ શ્રી અરવિંદભાઇ રમણલાલ શાહ તેમજ ડી. એન. આર. તરફથી સંઘ જમણ થયેલ હતું. સાંજે શ્રી આદિનાથ સ્વામી જિનાલયે ભવ્ય-દિવ્ય મહાપૂજા આયોજાઇ હતી. આખાય જિનમંદિરને પુષ્પો, દીવા દીપકો, હાંડીઓ, ઝુમરો, તોરણે આદિથી શણગારાયા હતા અને પ્રભુ પ્રતિમાજીને કેશરના વર્ખથી ભારે આંગી રચાઇ હતી. આઠે આઠ પ્રભુ પ્રતિમાજી ને ભારે આંગી હતી. પૂજ્યશ્રીની આબેહૂબ પ્રતિકૃતિ સામે એમણે જૈન જનતાને આપેલ ઉપદેશ વાકયોને દર્શાવતી રંગોળીઓની સજાવટ કરી હતી આખુય નવસારી શહેર રાતના ૧૧-૩૦ કલાક સુધી દર્શનાર્થે ઉમટયું હતું.

પોષ સુદ ૧૪ ના પરમ પૂજ્ય ગણિવર્યશ્રી ગુણયશ વિ. મ. તથા પૂજ્ય ગણિવર્ય શ્રી કિર્તિયશ વિજયજી મ. ના ૨૮ માં દીક્ષા વર્ષમાં પ્રવેશ નિમિત્તે રૂા. ૩ નું સંઘપૂજન તથા પ્રભુજીને ભવ્ય આંગી રચવામાં આવેલ.

૭ દિવસની આરાધના ભવનમાં સ્થિરતા દરમ્યાન પૂજ્ય ગણિવર્યશ્રીના 'ધર્મ શા માટે' વિષય પર ચાલતા પ્રવચનોએ જબરો રંગ જમાવી શ્રોતાઓને 'ધર્મ શા માટે' કરવો જોઇએ એ વાતની પ્રતીતિ કરાવી હતી રાત્રીના પ્રશ્નોતરી વ્યાખ્યાનો સાંભળવા ભાઇઓથી પ્રવચન મંડપ લગભગ ભરાઇ જતો હતો. પ્રશ્નોતરી એવી તો અજબગજબની ચાલતી હતી કે રાતના ૧૦-૩૦ કે ૧૧ વાગી જતા પરાણે સર્વ મંગલ કરવું પડતું હતું.

આમ એકંદરે ઉભય પૂજ્યોના પગલે સુંદર વાતાવરણ સર્જાયું. રમણલાલ છગન-

લાલ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી અરવિંદભાઇના માતુશ્રી શ્રીમતી લીલાવતીબેન પોષ સુદ ૧૩ ના દિવસે સમાધિપૂર્વક સ્વર્ગવાસી બનતા બેમના નિમિત્તે સિધ્ધચક્ર પૂજન પોષ વદ ૨ના દિવસે થયેલ તેમજ બેમના પરીવારે લીલાવતીબેન રમણલાલ શાહ આયંબીલ ભુવન' માંડે ૧૦૦૦ ફુટની જગ્યા 'રમણલાલ છગનલાલ શાહ આયંબીલ ભવનને' લેટ આપી તેમજ કાયમી આયંબીલ ખાતું ચાલુ કરવા માટે સારી બેવી રકમ સુપ્રત કરી હતી.

અમદાવાદ – દાન સૂરીશ્વરજી જ્ઞાનમંદિર ખાતે બિરાજમાન માલવદેશે સદ્ધર્મ સંરક્ષક ગચ્છાધિપતિ પૂ. આ.શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મ ની ઉદયપુર સંઘ ચોમાસા માટે વિનંતિ કરવા આવેલ બે દિવસ રોકાઇ ખૂબ આગ્રહ કર્યો કામળી વહોરાવી ૨-૨ રૂા. સંઘ પૂજન ૫-૫ રૂા. પ્રતિક્રમણમાં લાણી કરી ૪૩ વર્ષથી પૂ. શ્રી ત્યાં પધાર્યા નવી જન્મભૂમિ દેયાલીમાં રૂા. સુ. ૪ વર્ષગાંઠ છે તે પૂર્વ પધારવા અગ્રહ કર્યો હતો.

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

સવારના જેનું થાય સ્મરણ

તેના ન થાય ભવોભવ જીવનમરણ

જલ્દી નકલો નોંધાવો.....અપૂર્વ પ્રકાશન વસાવો

પુસ્તકનું નામ

પ્રાતઃ પાર્શ્વ પ્રણામ

પૂ સ્વ. કચ્છોટકકેસરી આચાર્ય ભગવંત શ્રી ભદ્રંકર સૂરીશ્વરજી મ. સા. ના દિવ્યાશીષ તથા પૂ. શાંતિમૂર્તિ આચાર્ય ભગવંત શ્રી પૂર્ણાનંદ સૂરીશ્વરજી મ. સા. ની પ્રેરણા દ્વારા પ્રકાશિત.....

પ્રકાશનમાં શું જોશો :- ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુના ફોર કલર, ઓફસેટ પ્રીન્ટીંગ આર્ટ પેપરમાં, પ્રભુના તથા તીર્થના નામ, પોકેટ સાઇઝમાં, તદ્દન નવા આકારમાં, પ્લાસ્ટિક પાઉચ સાથે પ્રસિધ્ધ થઇ રહ્યું છે. (પ્રભાવના માટે અતિ ઉપયોગી)

મૂલ્ય કીંમત ૨૭-૦૦ રૂપિયા

૧૦૦ નકલ નોંધાવનારને, ૧ નકલના ૨૦-૦૦ રૂા. લેખે ૨૦૦૦-૦૦ રૂપિયા

-: સંપર્ક સૂત્ર :-

જયેશભાઇ એન. શાહ – નેહજ એન્ટરપ્રાઇઝ, ૧૦૫-નારાયણ ધુવ સ્ટ્રીટ પહેલે માળે-મુંબઇ-૪૦૦૦૦૩ (M.S.)

ફોન દ્વારા નકલો નોંધાવી શકાશે :- ૮૬૩૩૭૨૪, ૮૭૨૧૬૩૬.

લબ્ધિ લીલા લહેર

– પૂ. કવિકુલકિરીટ આ. ભ. શ્રી વિજય લબ્ધિ સૂરીશ્વરજી મ.

શબ્દ કોષોમાં મીઠાં અને હિતાવહ શબ્દો થોકબંધ ભરેલા હોવા છતાં ય, જે દુર્જનો કડવા, કર્કશ અને દુઃખપ્રદ અપશબ્દોનો ઉપયોગ કરે છે તેઓ મંદુ અને સ્વાદુ ભોજન મેજુદ હોવા છતાંય કટુક અને નિરસ જમે છે અને જમાડે છે.

અણીપારના સંયોગોમાં પણ જો ઉદારતા ચૂકે તો કસોટી ઉપર ચડાવેલ બનાવટી ઇમીટેશન સોનાની જેમ દાનેશ્વરી ફેલ જાય છે.

લાલસાથી લેપાઇ, જેઓ અનીતિ કરીને ઉપાર્જન કરેલું દ્રવ્ય તિજોરીમાં ચૂપ-ચાપ ભરી લે છે તેઓ પોતાના પુણ્યને જ કેદમાં પૂરે છે.

આત્મ સંયમ અને સદાચાર એ એવા હંમેશા સહચારી મિત્રો છે કે, જ્યાં શોધો ત્યાં તેઓ હળીમળીને રહેતા હોય છે.

ચક્રવર્તિઓની સત્તા છ ખંડમાં પ્રવર્તે છે, પણ પુણ્યવાન પુરૂષોની નિરાભિમાનતા એ એવી જાદુઇ વિદ્યા છે કે, તેઓની સત્તાની હેઠળ ત્રણેય લોક વર્તે છે.

સાહસિક શૂર પુરૂષો અને સ્વયં વિજેતા તેઓ જ છે કે, જેઓ ઇન્દ્રિયજન્ય વિષયોના ગુલામ બનતા નથી. ત્રાસજનક હજારો યુધ્ધોને અવગણી ભડવીર થઇ લડ-નાર યોધ્ધો, સંસારમાં ભલે વિજેતા મનાય, પણ જો તે ઇન્દ્રિય જન્ય વિષયોનો ગુલામ બન્યો હોય તો તે હારેલો જ છે.

ભોગોની લાલસાઓ, રોગોને પેદા કરી શકે છે. તેવા રાજયક્ષ્મા (ક્ષય) જેવા રોગોને નિર્મૂલ કરવા સામર્થ્યવંત ત્યાગીઓજ સાચા ધન્વન્તરીઓ છે અને તેઓ જ સાચા માર્ગ બતાવનારા છે.

સંસારના અનિત્ય પદાર્થ જન્ય સુખો જૂઠા અને વિનશ્વર હોય છે. એ સુખોનો વિપાક પણ ભયંકર પીડામય હોય છે અને સુજ્ઞો તો ધર્મ જનિત સુખનેજ સુખ માને છે.

અનીતિના દ્રવ્યનો સંચય, ફણીધર મહાભુજંગનેજ સંગ્રહવા જેવો ભયંકર છે. અંગારાના સ્પર્શ કરતા પણ, એ દ્રવ્યનો સ્પર્શ કટુક વિપાક જનક છે.

સંપત્તિનો મદ, એ મદિરાના નાશથી અધિક છે. મદિરાના પાન બાદ હિત હિતનું કે કાર્યાકાર્યનું ભાન જેમ રહેતું નથી તેમ જૂઠા સંપત્તિના મદથી છકેલાઓ લજ્જા છોડી અપકૃત્યો કરે છે.

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુરુદર્શી

આત્મા શરીરમાં રહેલો છે. પણ શરીર એ આત્મા નથી. તો આપણને દયા આ શરીરની વધારે આવે કે આ શરીરમાં રહેલા આપણા આત્માની દયા વધારે આવે?

શ્રી સર્વજ્ઞ પરમાત્માની આજ્ઞાનું પાલન કરવું એ શ્રી સર્વજ્ઞ પરમાત્માની અરેબરી આરાધના છે.

જીવ માત્ર પ્રત્યેની દયાનું પાલન એ જેનો સાર છે એવો જે સાધુ ધર્મ, એ સાધુ ધર્મનું સમ્યક્ પ્રકારે આરાધન કરવું એ શ્રી સર્વજ્ઞ પરમાત્માની ભાવસ્તવ રૂપ જે આજ્ઞા છે, તે આજ્ઞાનું આરાધન છે.

'મારે મરતાં તો સર્વ સંગથી રહિત થઇને મરવું છે.' આ જાતની વિચારણા પણ મનમાં ન હોય તો ગમે તેટલા દ્રવ્યસ્તવથી પણ ભાવસ્તવ આવે શી રીતિએ? અને દ્રવ્યસ્તવ ઉત્તમ પ્રકારે શક્તિ મુજબ થાય પણ શી રીતિએ?

સંસારના કોઈપણ પ્રકારના સુખની ઇચ્છા પાપોદય વિના પેદા થતી નથી, અને પોતાના ઉદયે આવેલું દુઃખ સમભાવે વેઠવાને તૈયાર નહિ થનારા સંસારના સુખની ઇચ્છા તો બચી શકતા નથી.

કેવળ પૈસાનો જ જેમને લોભ છે, તે કાયદાના જ્ઞાનનો ઉપયોગ ગુનો નહિ કરવામાં કરે નહિ, પણ ગુનો સારી રીત એ કરવા છતાં એવી સીફતથી એ કરે કે-એ એનું ચાલે ત્યાં સુધી પકડાય નહિ.

ભગવાન ઉપર શ્રધ્ધા ય છે અને સંસારમાં મજા ય આવે છે, મજા આવે તેનું દુઃખ પણ નહિ તો તે બેનો મેળ જામે ખરો?

જગત ખરાબ લાગે તેને જૈનપણું ગમે.

જગત ગમે તેને અને જૈનપણાને તો લેવા-દેવા નથી.

જે શાસ્ત્ર વાંચનારને હું સંસારનો રોગી છું તેમ ન લાગે તો તેને પાટ ઉપર બેસવાનો અધિકાર નથી.

જેમ શરીરના રોગની ખબર છે તેમ આત્માના પણ રોગો છે તેની ખબર છે?

જેને સંસાર રોગ થાદ નહિ તે સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા પણ નહિ.

જેને પોતાના સંસાર નામના રોગનું ભાન થાય અને તે કાઢવા પ્રયત્ન કરે તે જ શ્રી જૈન સંઘમાં આવે.

જેને સંસાર રોગ જ ન લાગે તેનો તો જૈન શાસનમાં નંબર જ નથી.



- મોહથી મૂઢ બનેલાને જ્ઞાન પણ નુકશાન કરે. કેમકે તે કહ્યા મુજબ ન વર્તે પણ મરજી મુજબ વર્તે
- જે સુખ માટે પાપ કરવું પડે તે સુખ સારું કહેવાય ? જેના માટે આપણે બરાબ થવું પડે તે ચીજ સારી કહેવાય ?
- ચોરી કરીને, અનીતિ કરીને, મોજ મજા કરવી તે ય આત્માનો ડાઘ છે.
- જેને સુખ સારું લાગે છે અને દુઃખ ભૂંડુ લાગે છે તે આર્ત્ત અને રૌદ્ર ધ્યાનમાં જ મરવાના અને દુર્ગતિમાં જવાના છે. જેને સુખ ભૂંડુ લાગે અને દુઃખ વેઠવા જેવું લાગે તે જ બચી જાય.
- આરંભ-પરિગ્રહ ભૂંડા ન લાગે ત્યાં સુધી અનીતિ ભૂંડી ન લાગે.
- આજે બધાની બુદ્ધિને ક્ષય થયો છે કારણ કે પાપનો ભય નથી, સુખનો લોભ છે, દુઃખનો ડર છે અને ધર્મનો બ્રમ નથી.
- વિરાગી ભગવાનની સેવા કરે તો ફળે. રાગી રાગ માટે સેવા કરે તો તે ફૂટી ગોકળે.
- વિરાગના અભાવે આજે શ્રાવક-શ્રાવિકાની બરાબ હાલત છે. વિરાગ વગરના ત્યાગીની તમારા કરતાં ય ભારે દુર્દશા હોય.
- આ સંસાર આખો ઉપાધિમય છે. જેને ઉપાધિ ગમે તે આધિ અને વ્યાધિથી પીડાતો જ હોય. તે આધિ-વ્યાધીથી ગમે તેટલો ભાગે તો પણ બચી શકે નહિ. માનસિક ચિંતા તે આધિ છે અને તેમાંથી શારીરિક રોગ રૂપ વ્યાધિ પેદા થાય છે. માટે ઉપાધિ તે આધિ-વ્યાધિની જનેતા છે. આ-તે ન ચોઇએ આ-આ જોઇએ તે જ ઉપાધિ છે.
- જેટલું નિરૂપાધિકપણું તેટલો ધર્મ. જેટલું ઉપાધિપણું તેટલો અધર્મ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ)
C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

卐

મનુષ્યોની આશ્ચર્યકારી ચેષ્ટા

વર્ષ ૬

અંક ૩૦

चला विभूतिः क्षणभङ्गि यौवनम्,
कृतान्तदन्तान्तवर्ति जीवितम् ।
तथाप्यवज्ञा परलोकसाधने,
अहो ! नृणां विस्मयकारि चेष्टितम् ॥

ચપળ વિભૂતિ-સંપત્તિ, ક્ષણભંગી યૌવન, યમના મુખમાં રહેલ જીવિત આ બધું નજરે જોવા છતાં પણ પરલોકને વિષે જે અવજ્ઞા દેખાય છે તેથી લાગે છેકે મનુષ્યોનું ચેષ્ટિત ખરેખર આશ્ચર્ય કરનાર છે.

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

શંકા - સમાધાન

– શ્રી વિવેક

શંકા :– 'ધાર્મિક વહીવટ વિચાર' નામના પુસ્તકમાં જણાવેલી બાબતોથી જૈન સંઘનું હિત થશે કે અહિત ?

સમા૦ : આ પુસ્તકના આધારે ધાર્મિક વહીવટનો વિચાર કરનાર સંઘોએ સ્વ–પરના આત્માના હિતની આશા છોડી દેવાની પૂરતી તૈયારી રાખવી પડે. કેમ કે આ પુસ્તકમાં મુખ્યતયા ત્રણ વાતોને સિદ્ધ કરવા માટે પૂરેપૂરો પ્રયત્ન કરાયો છે. (૧) સ્વ-દ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઇએ' એવો જે એકાંત આગ્રહ છે તે અયોગ્ય છે. (૨) સ્વપ્ન દ્રવ્યાદિને કલ્પિત દેવદ્રવ્ય ગણાય (૩) ગુરૂપૂજનનું દ્રવ્ય સાધુ–સાધ્વીની વૈયા-વચ્ચમાં વાપરવામાં કશો બાધ નથી.' આ ત્રણ બાબતોને સિદ્ધ કરવા પ્રયત્ન પૂરેપૂરો કરાયો હોવા છતાં તે પુસ્તકમાં તેમણે જ બતાવેલા શાસ્ત્રપાઠો તેમણે નકકી કરેલી આ ત્રણેય બાબતોને સાચી પૂરવાર કરી શકતા નથી. આ ત્રણ સિવાયની પણ જે બાબતો છે, તે પણ તટસ્થપણે વિચારતાં પુસ્તકની અપ્રમાણુતાને સિદ્ધ કરવા કાફી છે. શ્રમણ સંમે-લન અને સમસ્ત જૈન સંઘ સંબંધિત આ પુસ્તક છે માટે જ તેનો આટલો વિરોધ કરવા પ્રેરણા થાય છે.

શંકા : ગુરૂદ્રવ્ય વૈયાવચ્ચ ખાતે જઈ શકે તેવો 'શ્રાધ્યજિત કલ્પ'માં પાઠ તો છે ?

સમા૦ : ગુરૂદ્રવ્ય પૂજાર્હ અને ભોગાર્હ એમ બે પ્રકારે છે. આમાં ભોગાર્હ ગુરૂદ્રવ્ય એટલે ગુરૂભગવંતના ઉપયોગમાં આવી શકે તેવું દ્રવ્ય. જેમ કે–વસ્ત્ર–પાત્ર–આહાર વગેરે અને પૂજાર્હ ગુરૂદ્રવ્ય એટલે ગુરૂ ભગવંતનું પૂજન થવા દ્વારા આવેલું દ્રવ્ય. આ દ્રવ્યમાં સુવર્ણ, રૂપુ, ધન, (અક્ષત, ફળ, નૈવેદ્ય ગુરૂની ગહુંલી ઉપર આવેલ) આવી શકે છે. આ બધું દ્રવ્ય જિર્ણોધ્ધાર કે દેવકુલિકાદિમાં વાપરી શકાય છે. આવા ગુરૂપૂજનના દ્રવ્યને જિર્ણોધ્ધારાદિમાં વાપરવા અંગેનો શાસ્ત્રપાઠ પણ છે. અને અનેક દૃષ્ટાંતો પણ છે. માટે આવું ગુરૂપૂજન તથા ગુરૂભગવંતને કામળી વહોરાવવાની ઉછા-મણીથી આવેલું ધન રૂપ ગુરૂદ્રવ્ય વૈયાવચ્ચ ખાતે જઈ શકે જ નહિ. 'શ્રાધ્યજિતકલ્પ' નામના ગ્રંથની જે પ્રાયશ્ચિત્તની ગાથાને આધારે ગુરૂદ્રવ્યને (ધન સ્વરૂપ ગુરૂદ્રવ્યને) વૈયાવચ્ચમાં લઇ જવાનું કહેવાય છે તે લોકોને ભ્રમણામાં નાંખવા જેવું છે. ધ્યાનમાં રાખો કે– ગુરૂપૂજન કે તેની ઉછામણીથી આવેલું ગુરૂદ્રવ્ય એ પૂજાર્હ ગુરૂદ્રવ્ય છે. અને વૈયાવચ્ચ ખાતે કે એમ જ (વચન દ્વારા) અર્પણ થયેલું ધન એ પૂજાર્હ ગુરૂદ્રવ્ય નથી.

હાલારોદ્ધારક પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

• તંત્રીઓ •
પ્રેમચંદ મેઘજી ગુંદા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ પદમશી ગુંદા (ભાનગઢ)

વર્ષ ૬ | ૨૦૫૦ ફાગણ સુદ-૩ મંગળવાર તા. ૧૫-૩-૯૪ [અંક ૩૦

* યાદગાર દિવસનું યાદગાર પ્રવચન *

પ્રવચનકાર :- પૂ. આ. ભ. શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.

પ્રેષક :- પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલસૂરીશ્વરજી મ.

(ગતાંથી ચાલુ)

પ્રાર્થના :

આ મહાપુરૂષને તો આપણે એ જ વિનવીએ કે-તે તારક આપણા સૌના ઉદ્ધાર માટે જે કરતા આવ્યા છે તે વિશેષ પ્રકારે કરે સંસારના મહારોગોથી પીડાતા આપણા જેવા સ્વજાય પ્રાણીઓને તારવાનો આ તારક જે પ્રયત્ન કરતા આવ્યા છે તે પ્રયત્ન વધુને વધુ કરે, એ જ આ પ્રસંગે આપણી આ તારકને પ્રાર્થના. જો-કે-દુનિયાન અજ્ઞાન જીવોને શારીરિક, વાચિક; માનસિક પીડાઓ જે રીતીએ પીડા રૂપ લાગે છે, એ રીતે અજ્ઞાન આદિ મહારોગો પીડારૂપ લાગતા નથી પરંતુ જે આત્માઓની ભાવચક્ષુ ઉઘડી છે તે આત્માઓતો સારાયે સંસારના જીવોને અજ્ઞાન આદિ મહારોગથી પીડાતા જૂએ છે અને પે તે ભાવ વૈદ્ય બનીને સંસારમાં પીડાતા સંસારથી ભયભીત બનેલા આત્માઓનો નિસ્તાર કરવામાં પ્રયત્નશીલ બનેજ છે.

આગણી સાથે ફરજ

અનંતજ્ઞાનીઓની આ પરમપદે બીરાજનારાઓને માટે એજ આજ્ઞા છે. સંસારના જીવોને અજ્ઞાનની પીડા દેખાતી નથી અજ્ઞાનથી પીડાતા બધા જીવો એ પીડાનો પોકાર-કતા નથી પરંતુ જ્ઞાન ચક્ષુઓને પામેલા આત્માઓને એ પરમ ધર્મ છે કે-જગતના જીવોઃ ઇચ્છે વા ન ઇચ્છે, તલસે યા ન તલસે તો પણ પીડાનું ભાન કરાવવાનો બચાવવાનો પ્રયત્ન

કરવો. આ મહાપુરૂષ વર્ષોથી એ પ્રયત્ન કરતા આવ્યા છે છતાં આપણી માંગણી-પ્રાર્થના એજ હોય કે...આપણા સૌના અજ્ઞાનાદિ ટાળો અને સૌને નિસ્તારનો ઉપાય દર્શાવો...!

ફરજ અદા કરવામાં રકતતા

અત્યાર સુધી એ બોજો પરમગુરૂદેવના શિરે હતો. શકિત અને અધિકાર જોઈને પરમ ગુરૂદેવે એ બોજો આ મહાપુરૂષને આપ્યો છે એ સામે જેઓમાં... તેવી આવડત નથી, આત્માની અનંત લક્ષ્મીને ઢબૂરનાર વ્યાધિને ઓળખતા નથી, વ્યાધીન ઔષધની ગમ નથી, રોગને વધારનારા કુપથ્યોનું જ્ઞાન ધરાવતા નથી, વ્યાધીનો નાશ કરવામાં સહાયક પથ્યોનું જ્ઞાન નથી તેઓને પોતાની મતિ એમાં ડોળવાનો કશોજ અધિકારનથી.

સંસારનો વ્યાધિ ટાળવાને માટે સર્વ વિરતિ, સર્વવિરતિ ન સ્વીકારી શકે તેમને માટે દેશવિરતિ, દેશવિરતી ન આદરી શકે તેમને માં સમ્યકત્વ અને પછીના માર્ગોનુસારી પણું બતાવીને અજ્ઞાન આદિ મહારોગથી પીડાતા પ્રાણીઓને તારવાનો પ્રયત્ન કરવો, એ અને યોગ્યવસ્તુ પામવાને માટે અંતરાયભૂત વિઘ્નો કયાં છે, કયાં ટાળી શકાય તેમ છે, કયાં સહી લેવા જેવા છે, કયાંથી બેદરકાર રહેવું જોઈએ એ બધું જોવાનું કામ તેઓનું છે : જેઓ અનધિકાર પણે, વર્તમાન વાયુમાં ઘસાડાઈને, મેળવવા યોગ્ય જ્ઞાન મેળવ્યા વિના, લાયકાત પ્રાપ્ત કર્યા વિના, માન્યતા, ભ્રમણાઓને આધીન થઈને, એમાં આડે આવવાનો પ્રયત્ન કરે છે તેઓ નાહકનું વિઘ્ન કરી પોતાના સંસારને વધારનારા છે. મુદ્દો એ છે કે શાસનને સ્થિર રાખવાના સર્વ અધિકાર આ મહાપુરૂષને પ્રાપ્ત થાય છે અને જગતના જીવોનો જે રીતે ઉધ્ધાર થઇ શકે, જે રીતે સંસારના જીવનો હિત સાધી શકાય અને જે રીતે સંસારમાં પીડાતા જીવોની ઉપર ઉપકાર કરી શકાય તે રીતે કરવા યોગ્ય સઘળું કરવું એ તેઓની ફરજ છે અને એ ફરજને અદા કરવામાં રકત હોઇ તેઓ લોકહેરી આદિથી પર હોય એ સહજ છે.

સાવચેતી રાખવાની જરૂર

મહાપુરૂષો માટે અનંત જ્ઞાનીઓની આજ્ઞા છે કે પોતાની ફરજ અદા કરતાં લોકહેરી આદિમાં નહીં તણાવું જોઇએ. આથી આવા મહાપુરૂષોને લોકના પોટા ઘોંઘાટની પરવા કરવાની હોય નહિં, લોકની વાહવાહ મેળવવાનો પ્રયત્ન કરવાનો હોય નહિં પણ એ બધાથી પર રહીને પોતાની ફરજ જ બજાવવાની હોય છે.

આ પદે બિરાજનારા મહાપુરૂષોની મુખ્ય ફરજ એ જ છે કે અનંતજ્ઞાની શ્રી અરિહંત દેવે જે મર્યાદા દર્શાવી છે, તે તારકે જે આજ્ઞા ફરમાવી છે તેને આધીન રહીને, તે તારકોએ દર્શાવેલા માર્ગને અવિચ્છન પણે, કશી પણ હાનિ થવ દીધા વિના ધપાવ્યે જવો. એમાં આડે આવતી અજ્ઞાન લોકોની ખોટી વાતો કશી અસર ન કરી

જાય એની સાવચેતી રાખવી જોઇએ અને તોજ ફરજ અદા થઇ શકે, પદ દીપી શકે અને માર્ગ પ્રવર્તાવી શકાય.

દ્રવ્ય-ક્ષેત્ર-ભાવ-કાળ જોવાય શા માટે ?

જેઓ આજે આજ્ઞાનુસારી તારક મહાપુરૂષોને માટે પણ એમ બોલે છે કે તેઓ દુનિયાની હવાને જોતા નથી, અને એમ કહીને જેઓ આવા મહાપુરૂષોને માટે પણ ચલ્લા તલ્લા બોલે છે, તેઓ નાહક આવા તારકોની આશાતના કરવાના પાપમાં પડે છે દુનિયાની રીતિ, દુનિયાની હવા, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ, જેને તમે દેશ-કાળ કહો છો તે જોવાની અને વિચારવાની આ મહાપુરૂષોની અનિવાર્ય ફરજ છે પરંતુ તે તો માર્ગ ટકે, વધે અને ફેલાય તે માટે નહિ કે, અજ્ઞાનોને રાજી રાખવા માટે કે પોતાની વાહ-વાહ બોલાવવા માટે. જેઓ અનંત જ્ઞાનીઓની મર્યાદા, આજ્ઞા જોઇને ચાલે છે. તેઓ પોતાના પદને દીપાવી શકે છે, સંસારના રોગથી પીડાતા અનેક આત્માઓનો સંસારથી નિસ્તાર કરી શકે છે અને આપણને એ તારકો તરફથી એવી જ આશા રહે, એમાં નવાઇ જેવું નથી. જેઓ એ તારકોની પાસેથી એવી આશા ન રાખે, એવી ઇચ્છા ન રાખે, તેઓ એ પદના કે મહાપુરૂષના પુજારી નથી, પરન્તુ કોઇ બીજીજ વસ્તુના પુજારી છે એમ કહેવું જોઇએ : માટે એ તારકોએ અનન્તજ્ઞાનીઓએ દર્શાવેલી મર્યાદામાં રહીને, અનંત જ્ઞાનીઓએ દર્શાવેલી આજ્ઞાઓનું પાલન કરીને માર્ગ ટકે વધે-ખીલે એ રીતિએ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવ જોઇને અને લોકહેરીથી પર રહીને માર્ગને અવિચ્છિન રાખવો તેમજ ભવ-ભીત જીવોનો ઉદ્ધાર કરવો, એ તે તારકોની પુણ્યફરજ છે. અને તે મહાપુરૂષોની તરફથી તેવી આશા રાખવી; એ શાસનના ઉપાસક તરીકે આપણી સૌની ફરજ છે.

અર્થિપણું જાગે ને માગે ત્યારે દીક્ષા અપાય છે.

આવ તારક મહાપુરૂષો સંસારના જીવોને માટે શરણભૂત છે, સંસારના જીવોને શરણ આપી તેમનું રક્ષણ કરનારા છે. પરન્તુ આ મહાપુરૂષો શરણ આપે કોને અને એ તારકોનું શરણ સ્વીકારે કોણ ? તે જ, કે જેમને ભવથી ભય ઉત્પન થયો હોય ! ભવથી ભય પામેલાને શરણ દેવું, એ એ તારકોનો ધર્મ છે પણ શરણ દેવાય તેને કે જે માગણી કરે. દુનિયામાં જેમ વૈદ્ય ગમે તેને ઔષધ આપતા નથી, પરંતુ જેઓ ઔષધ લેવાની ઇચ્છા છે તેને આપે છે, તે જ રીતિએ આ ભાવ વૈદ્યો પણ જે ભવથી ભય પામેલા આત્માઓ એ તારકોનું શરણ લેવા આવે છે, તેઓને જ શરણ અને રક્ષણ આપે છે. દીક્ષા કાંઇ વગર માંગ્યે અપાતી નથી. વ્યવહારમાં પણ કોઇને કોઇ વસ્તુ આપવી હોય તો પણ જ્યાં સુધી સામો માગે નહિ, હાથ ધરે નહિ, લેવાને તૈયાર થાય નહિ ત્યાં સુધી તે વસ્તુ આપી શકાતી નથી, તે જ રીતિએ આ દીક્ષા પણ લેનારમાં

અર્થિપણું આવ્યા વિના દઇ શકાતી નથી. અનાદિ કાળના રોગો ને કાઢનારી દીક્ષા જ્યારે લેનારમાં અર્થિપણું જાગૃત થાય, તે માગે, ત્યારે જ આપવામાં આવે છે : એ વિના એ આપી શકાય એવી સ્થિતિ જ નથી.

અનુપમ ઉત્તમતા

આજે પદપ્રદાનની સાથે એવો ઔષધ લેવાનો અને દેવાનો પ્રસંગ પણ ઉજવાયો છે. એક જ ઘરમાંથી આ ત્રીજી દીક્ષા થાય છે. આ દીક્ષિત થનાર વડીલભાઇ અને લઘુભાઇ પૂર્વે દીક્ષિત થઇ ચૂકયા છેઃ આજે ત્રીજા ભાઇ દીક્ષિત થયા છે, એક જ માતા, પોતાની અશક્તિના યોગે સર્વ વિરતી નહીં સ્વીકારી શકતી હોવાથી, પોતે એકાકી રહેવા છતાં પણ, ત્રણેને મહોત્સવ પૂર્વક અજ્ઞા આદિ રોગનું નિવારણ કરનાર ઔષધ રૂપ સર્વવિરતિ આપવાનું પુણ્યકાર્ય કરે છે એ પ્રતાપ કોનો ? એ પ્રતાપ, અનંત જ્ઞાની શ્રી જિનેશ્વર દેવના શાસનની સુવાસનો છે ! જેના અન્તરમાં શ્રી જિનેશ્વર દેવના શાસનની સુવાસ પ્રવેશ પામે છે. તેને માટે મોહને લાત મારવી, એ મુશ્કેલ નથી. સારું કુળ અને સારો પરિવાર ધરાવનારા બુઢ્ઢા બુઢ્ઢીઓએ, બાલક અને યુવાનો, સૌને મોકલી આપ્યા, ત્યાં કહે છે કે–શું કરીએ ? પરન્તુ ઘરનો જે આધાર ગણાતો હોય તેને, સ્વાર્થ તજીને, મોહ ઉપર અંકુશ મેળવીને, મમતાને કાપીને, શ્રી જિનેશ્વર દેવના માર્ગે મોકલી આપે, તેને શું કહેવાય ? અનુપમ ઉતમતા કારણકે–જાય ને આમ મોકલાય, એમાં ભેદ છે. શ્રી જિનેશ્વર દેવનું શાસન અંતરમાં પરિણમ્યા વિના, આ રીતિએ મમતા તજીને આધારરૂપ ગણાતા પુત્રને આ માર્ગે ઉત્સાહથી મોકલી શકાતો નથી.

આ ભાવના કયારે આવે ?

પરન્તુ આ ભાવના કયારે આવે ? સંસારના અજ્ઞાન, મોહ આદિ મહારોગો મહારોગ રૂપ લાગે, દુશ્મન જેવા લાગે તો ! જ્યાં સુધી સંસારના અજ્ઞાન, મોહ આદિ મહારોગો મહારોગ તરીકે ભાસે નહિ, ત્યાં સુધી એ ભાવના આવવી મુશ્કેલ છે. જ્યારે એ અજ્ઞાન મોહ આદિ મહારોગ સમ લાગે, ત્યારે જ ભવની ભીતિ ઉત્પન થાય એ વિના નહિ !

ઝળકે અને કંપે નહિ તો શું જાનવું ?

અહિં આ એક વધુ લાભ છે કે–ભવથી ભીતિ પામેલ એક આત્મા, અહીંનો જ રહીશ છે : એ પોતે ચાલી–ચલાવીને ઔષધ લેવાને આવે છે. માતા એને મુકવાને આવે છે : આવનાર ઔષધ માગે છે : મા ઔષધ આપવાનું કહે છે : ભાવ વૈદ્ય ઔષધ આપે છે : લેનાર એનું પાન શરૂ કરે છે : અને એ જોઇને માતા આનંદ પામે

છે : આવો અનુપમ સુયોગ છતાં, જોનારનો આત્માને ઝળકે નહિ, પોતાના રોગથી કંપે નહિ, તે શું માનવું ?

જાતે જ વિચારી લો !

અહીં પરમ ગુરૂદેવ રૂપ ભાવ વૈદ્ય પધાર્યા છે. ભાવ વૈદ્યની હાજરીમાં તેમના વરદ હસ્તે ઔષધ અપાય છે : સૌની હાજરીમાં એ ઔષધ અપાય છે : છતાં તે જોનારાઓને લેવાનું એ રહેજ મન પણ ન થાય. જે આત્માને પોતાના મહારોગની પીડાનો ખ્યાલ સરખોય ન આવે, આ ઔષધ લીધા વિના આ અજ્ઞાન, મોહ આદિ રોગો અસવાના નથી એમ પણ ન થાય અને પુણ્યવાન આંકે એમણે ઔષધ લીધું અને આપણે રહી ગયા, એવી પણ બુદ્ધિ ન જાગે, તો એવા આત્માઓ કેવી કોટિના આત્માઓ ગણાય ?, એ તમે જાતેજ વિચારી લો !

ઉર્મિ ન જાગે તો :

અહીં ઔષધની આવી ઉત્તમ પ્રકારની લેવડ–દેવડ જોઇને જેના અંતરમાં ઉર્મિ ન જાગે, તેણે માનવું જોઇએ કે–એમ થવાનું કારણ એજ છે કે-અનંતજ્ઞાનીઓએ જણાવેલા મહારોગો હજી મહારોગ રૂપ લાગ્યા નથી : હજુ આત્મસ્વરૂપનું વાસ્તવિક ભાન થયું નથી : સાચું સુખ કોને કહેવાય; એનો બરાબર ખ્યાલ આવ્યો નથી !

ભાગ્યહીનતા :

દુનિયાની સાહ્યબી, દુનિયાની રંગરાગ, દુનિયાની સામગ્રી એ બધું તો આજે છે ને કાલે નથી. એ બધું મૂકીને કંઇ ગયા અને ક્યાં ગયા, તેનું ભાન પણ નથી. દુનિયાની સાહ્યબી, દુનિયાના રંગરાગ, દુનિયાની સામગ્રી, એ બધામાં અટવાઇ રહેનારા અનંતા રૂલ્યા, રૂલે છે અને રૂલશે. જેને આ ઔષધ ન રૂચે એનો નંબર એમાં જ ગણાવાનો. એ રીતિએ સંસારની મુસાફરી અનંતોકાળ ચાલુ રહેવાની છતાં, આ ઔષધ વિના અંત આવવાનો નહિ. આવી ઉત્તમ સામગ્રી પામવા છતાં, ભાગ્યયોગે આવ ઉત્તમ સંજોગો મળી જવા છતાં પણ, જો એ મનુષ્ય ભવ આદિ ઉત્તમ સામગ્રીનો સદુપયોગ કરી લેવાની ઇચ્છા ન થાય, અભિલાષા ન પ્રગટે. ભાવના ન જાગે, તો એ સામાન્ય કોટિની કમનસીબી નથી : સામાન્ય કોટિની ભાગ્યહીનતા નથી !

પગરણ માંડનારી પ્રતિજ્ઞા :

આવ ઉત્તમ પ્રસંગો પામીને આત્માની ત્યાગવૃતિ ખીલવી જોઇએ. આવા પ્રસંગોએ છેવટે એવી એવી પ્રતિજ્ઞાઓ કરવી જોઇએ, કે જેથી આવો ઔષધ લેવાનો પ્રસંગ નજદિક આવે : આવો પ્રસંગ પામીને એવા નિયમો ગ્રહણ કરવા જોઇએ, કે જેથી

આત્માની અનંતલક્ષ્મીને પ્રગટ થવામાં અંતરાયભૂત થતા દોષો નાબૂદ થવાના પગરણ મંડાય.

જોવાનાં રસિયા-આચરવામાં પાંગળા :

આજે જેઓ સર્વવિરતિ લેવાને તૈયાર ન થઇ શકતા હોય, તેઓએ દેશ વિરતિ લેવાને તૈયાર થવું જોઇએ : જેઓ દેશવિરતીના બારવ્રત સ્વીકારવાને પણ અશકત હોય, તેઓએ સામાન્ય સામાન્ય વિરતિના નિયમો તો જરૂર લેવા જોઇએ, કે જે જૈનપણાને પામવાને માટે, જૈનપણાને ટકાવવાને માટે, જૈનપણાને વિકસાવવાને માટે અને જૈનપણાને સફળ કરવાને માટે જરૂરી છે. આવા અવસરે એવા પણ નિયમો અંગીકાર ન કરી શકે, એવી ભાવના પણ ન જાગે, તો દુનિયા પણ કહેશે કે–આ લોકો જોવાના રસિયા છે, પણ આચરવામાં પાંગળા છે.

નિયમ શકિત અને ભાવના મુજબ :

છેવટે આજે જેઓથી સંપૂર્ણ બ્રહ્મચર્ય–પાલનનો નિયમ ન લઇ શકાય તેમ હોય, તેઓએ પાંચ વર્ષનો, તે ન બને તેમ હોય તો વર્ષનો, એક વર્ષનો, છ મહિનાનો, ત્રણ મહીનાનો છેવટે એક મહિનાનો, પણ બ્રહ્મચર્ય પાલનનો નિયમ ગ્રહણ કરવો જોઇએ. આજે તો કેટલાક એવા છે કે–એમને ઉભા થાવ, હાથ જોડો એમ કોઇ કહે તો પ્રતિજ્ઞા લેવા ઉભા થાય : પરંતુ તેમ નહિ હોવું જોઇએ. દરેકે સ્વયં પોતાના આત્માને ઉલ્લસિત બનાવીને, અ પણાથી કંઇ નથી થતું માટે આટલું તો કરીએ એ ભાવના પૂર્વક, કયારે સંપૂર્ણ બ્રહ્મચારી બનાય એવા મનોરથ સેવવા સાથે પોતાની શકિત અને ભાવના મુજબ નિયમ કરવાને ઉભા થઇ જવું જોઇએ.

પ્રતિજ્ઞાથી પ્રસંગો યાદ રહે :

અહીંથી જાવ અને કોઇ પૂછે કે–'કયાં જઇ આવ્યા ? શું જોઇ આવ્યા ?' તો શું કહેશો ? 'ભવવૈદ્ય, એક ભવથી ભય પામેલા આત્માને ઔષધ આપતા હતા ત્યાં જઇ આવ્યા.'–એમ કહેશો, તો સામો પૂછશે કે–'તમે રોગી કે નરોગી ?' ત્યારે શો જવાબ દેશો ? જો રોગી, એમ કહેશો તો કહેશે કે–'તો તમે ઔષધ કેમ ન લીધું ?' ત્યારે તમે શું કહેશો ? 'અમારે જરૂર નહોતી'– એમ ? 'અમે એ લેવાને અશકત હતા !' એમ ? કે 'અમારે લેવું નહોતું માટે ન લીધું'–એમ ? શું કહેશો ? જો રોગ નથી, એમ કહો તો સમ્યકત્વ નથી, એમ કહેવાય : ત્યારે રોગી છતાં અને રોગનાશક ઔષધ આપનાર તૈયાર છતાં ન લઇ શકો, એ ખામી કોની ? તમારી જ ને ? એ ખામી કાઢવાને માટે જેનાથી સર્વવિરતિ, દેશવિરતિ આદિ ન લઇ શકાય, તેણે છેવટ અમુક સમયને માટે બ્રહ્મચર્ય–પાલનનો નિયમ પણ ગ્રહણ કરવો જોઇએ : જેથી એમ

કહી શકાય કે-'અમે રોગી તો છીએ જ, અમને રોગનું ભાન પણ છે, પરન્તુ સંપૂર્ણ નો ઉંચું ઔષધ ન લેવાયું એથી આટલું લીધું !' જોકે-એવું કહેવાને માટે એ લેવાનું નથી, પણ આત્મા એ દિશામાં આ રીતિએ પગરણ કરે અને એથી વિરતિની ભાવના હૈયામાં જીવતી અને જાગતી રહે એ માટે નિયમ લેવાવો જોઇએ : ઉદ્દેશ જે આટલો નિયમ ન ગ્રહણ કરી શકે તેને સરમાવવાનું હોય : અનાદિ કાળથી મોહમાં પટકાઇ પડેલાને ચઢાવવાનો આ માર્ગ છે : કોઇ સર્વ વિરતિ લે, તેનો પ્રસંગ છેવટે આ રીતિએ તમે પણ ઉજવો, તો તમને એ વધુ સારી રીતિએ ફળે અને કોઇ વખતે એના પણ આરાધક બની શકાય : એ નિમિત્તો આવા પ્રસંગો યાદ રહે વિરતિનો થોડો ઘણો પણ સ્વાદ પામી શકાય : માટે દરેકે પોતાની શક્તિ અને ભાવના મુજબ નિયમ ગ્રહણ કરવા તૈયાર થવું જોઇએ : વિરતિની આરાધનામાં જ આત્માનું શ્રેય છે, એમ અનંત ઉપકારીઓએ ફરમાવ્યું છે.

ઉપસંહાર

આજે જે મહાપુરષને પરમ ગુરૂદેવે શ્રી આચાર્યપદ ઉપર પ્રતિષ્ઠિત કર્યા છે, તે મહાપુરૂષ આજ સુધી જે રીતિએ અનંત ઉપકારી શ્રી જિનેશ્વરદેવના શાસનની સબળીય મર્યાદાઓ સાચવીને, શાસનની સબહીય આજ્ઞાઓને આધીન રહીને, સંસારના અજ્ઞાન મોહ આદિ મહારોગોથી પીડાતા અને ભવથી ભય પામેલા આત્માઓને શરણ આપીને તેમનું રક્ષણ કરતા આવ્યા છે, તે રીતિએ, તેથી પણ વધુ પ્રમાણમાં એ તારક મહાપુરૂષ દ્વારા આપણા ઉપર અને સૌ કોઇ અર્થે ઉપર ઉપકાર થાઓ, એમ આપણે આ પુણ્યપ્રસંગે આશા રાખીએ છીએ અને એ તારકની આજ્ઞાનુસાર વર્તવું, એ આપણી પણ ફરજ છે. આપણી એ ફરજના પાલનમાં રકત રહી પ્રભુશાસનની આરાધના દ્વારા આપણે શ્રેયના કાર્યમાં વધુમાં વધુ પ્રવર્તિ સંસારના અજ્ઞાન અને મોહ આદિ મહા રોગથી આપણે મુકત થઇએ, એ જ એક માંગલિક મનઃકામના !

તેઓ વિષય વિલાસને અસાર માને છે.

આયસહાવવિલાસી, આયાવિશુદ્ધોવિ યો નયે ધમ્મે ।
નરસુરવિસયવિલાસં, તુચ્છં નિસ્સાર મન્નંતિ ।।

જે આત્મા પોતાના આત્મ સ્વભાવ-સ્વરૂપમાં જ વિલાસી છે, જે આત્મા પોતાના ધર્મમાં જ વિશુદ્ધ છે તે આત્મા, મનુષ્ય તથા દેવના વિલાસના સુખને પણ તુચ્છ ને નિસાર માને છે

જિજ્ઞાસા તૃપ્તિ

જિ૦–'ધાર્મિક વહીવટ વિચાર' અંગે, પં. શ્રી ચંદ્રશેખર વિજયજી તેમના 'મુક્તિદૂત' માસિકના નવેમ્બર તથા ડીસેમ્બર ૧૯૯૩ના અંકોમાં લખે છે કે..

"મારૂં લખાયેલું પુસ્તક 'ધાર્મિક વહીવટ વિચાર' મારી દૃષ્ટિએ શાસ્ત્રાનુસાર છે. પરંતુ તેમાંનું કેટલુંક લખાણ શાસ્ત્રવિરૂધ્ધ હોવા અંગેનો જે વિવાદ ઉભો થયો છે, તેમાં જો શાસ્ત્રાધાર સહિત મને ખાત્રી થાય તે રીતે જણાવશો તો તેની આવૃત્તિમાં સુધારો કરવાની મારી તૈયારી છે."

૨૩-૧૦-૯૩, સાબરમતી. લિ. પં. ચન્દ્રશેખર વિજયજી

આ પછી લગભગ આવું જ નિવેદન તે પછીના અંકમાં આવ્યું અને તેમાં વધારામાં લખ્યું કે–

"...હજી સુધી કોઇએ કશું મોકલ્યું નથી. હજી રાહ જોઉં છું."

પંન્યાસજીના ઉપરોકત નિવેદનો વિષે સત્ય હકકીત પર પ્રકાશ પાડવા વિનંતિ.

તૃ૦–પં. શ્રી ચંદ્રશેખર વિજયજી મ.ના ઉપરોકત નિવેદનો આશ્ચર્યજનક છે. સંમેલનના વિવાદાસ્પદ ઠરાવો જાહેરમાં મુકાતાની સાથે જ શ્રી સંઘમાં તેની સામે વિરોધનો વંટોળ ઉભો થયો હતો. તે અરસામાં મજકુર ઠરાવોની અશાસ્ત્રીયતા પુરવાર કરતા અનેક શાસ્ત્રાધારો 'શ્રી જિનવાણી'ના એક ખાસ અંક દ્વારા અમોએ પ્રગટ કર્યા હતા. અને કલિકુંડમાં સ્વ. પૂ. ગચ્છાધિપતિજી તરફથી મજકુર શાસ્ત્રપાઠો અંગે વિચારણા કરવા કહેવામાં આવ્યું ત્યારે તેઓ બીજી બીજી વાતો અગળ ધરી તે વિષે વિચારણા કરવા તૈયાર થયા ન હતા. વધુમાં હમણા ચાલુ ચાતુર્માસ દરમ્યાન પણ અમદાવાદ સ્થિત એક પદસ્થ વિદ્વાન્ મહાત્માએ તેમની પુરિકા અંગે શાસ્ત્રપાઠો સાથે વિચારણા કરવા તૈયારી દર્શાવી પરન્તુ તેમણે તે વાતનો અસ્વીકાર કર્યો છે. તેમ છતાં તેઓ આવા નિવેદનો કર્યા કરે તો તેનું મૂલ્ય કેટલું તે વાચકોએ સ્વયં વિચારી લેવું. બાકી આ અંગે જો હજીય તેઓ શ્રી શાસ્ત્રપાઠો સાથે વિચારણા કરવા તૈયાર હોય તો પરસ્પરની અનુકુળતા મુજબ તે થઇ શકે તેવું અમે માનતા નથી.

જિ૦–'જિનવાણી'માં પ્રગટ થયેલા શાસ્ત્રપાઠો પન્યાસજી મ.ને ન મળ્યા હોય તેવું ન બને ?

તૃ૦–એવો સંભવ અમને બહુ ઓછો જણાય છે. તેમ છતાં તે અંગે તેઓ અમને જણાવશે તો પ્રસ્તુત 'જિનવાણી'ના અંકો અમે વિના વિલંબે તેમને મોકલી આપશું. બાકી તેમને આ રીતે નિવેદનો પ્રગટ કરવામાં જ રસ હોય તો અમે નિરૂપાય છીએ.

—મોક્ષ માર્ગ પ્રકાશન–સુરત (જિનવાણી તા. ૩૦–૧-૯૪)

જૈન રામાયણના પ્રસંગો

૧૯. પિયુ મિલન-પિયા મિલન -શ્રી ચંદ્રરાજ

અંતરીક્ષની અટારીમાંથી દેવી ઉતરે તેમ સાત માળના મહેલમાંથી અંજનાસુંદરી યુદ્ધ-સંગ્રામ માટે ચાલ્યા જતાં પ્રિયતમના દર્શન કરવા નીચે ઉતરી.

પરિણામ શું આવશે તેની અંજનાને ખબર નથી. માત્ર પતિનાથના દર્શન માટે આવેલી અંજનાસુંદરી બાવીશ-બાવીશ વર્ષના પતિ વિયોગના વિરહ-અનલમાં સંતપ્ત થઈને શરીરથી તો સાવ સૂકાઇ ગઇ છે. બાવીશમાં વર્ષનો આ છેલ્લો દા'ડો જિંદગીમાં સુખ લાવશે કે દુઃખ તે સુખ દુઃખની ઘટમાળને અંજના જાણી શકી નથી.

લગ્ન પછીના બાવીશમાં વર્ષે પહેલીવાર પિયુ દર્શનની મળી ગયેલી ઘડીને ઉત્સુકતા પૂર્વક વધાવી લેવા અંજના નીચે આવીને એક થાંભલાનો ટેકો લઇને ઉભી રહી. પતિને નિર્નિમેષ-અપલક નજરે જોતી રહી.

પ્રયાણ કરતાં પવનંજયની નજર જોગાનુજોગ અંજનાસુંદરી ઉપર પડી. દ્વારના થાંભલા આગળ બેસી ગયેલી, પડવાના ચંદ્રની જેમ કૃશ થઇ ગયેલી, વિખરાયેલા છૂટા વાળથી ઢંકાઇ ગયેલા કપાળવાળી, ચંદન-કસ્તૂરી આદિના વિલેપન કર્યા વગરની, નિતમ્બ ઉપર ધારી રાખેલા ઢીલા પડી ગયેલ બન્ને હાથવાળી, તાંબૂલના રંગ વિનાના હોઠવાળી, અશ્રુજળથી ધોયેલા મુખ કમળવાળી, આંખમાં અંજન વિનાની નજર સામે રહેલી અંજનાસુંદરીને પ્રયાણ કરતાં પવનંજયે જોઇ.

સેંથાનું સિંદુર અને ચૂડી-ચાંદલો અખંડ હોવા છતાં અંજનાના દરએક અંગો પતિવિયોગની કરૂણ કથની કહી રહ્યા હતા.

પતિ વિયોગની કરૂણ-કહાણી જેવી અંજનાસુંદરીને સગી આંખે જોયા છતાં પણ પવનંજયે વિચાર્યું કે- આ દુર્બુદ્ધિવાળી કેટલી શરમ વિનાની છે. એને જરા ય કોઇની બીક પણ છે ? કંઇ નહિ, આવું વિચારવાની મારે જરૂર નથી. આના દુષ્ટમનને તો હું લગ્ન થયા પહેલાથી જ જાણું છું વડીલની આજ્ઞાનોભંગ ન થઇ જાય એ બીકથી જ હું તો આને પરણ્યો છું.

હજી તો આમ પવનંજય વિચારે છે ત્યાં જ અંજના સુંદરી નજીક આવીને પતિનાથ પવનંજયના પગમાં પડી. અને હાથ જોડીને બોલી કે નાથ ! તમે બધાંની સાથે વાતચીત કરી. પણ મારી સાથે તો રહેજ પણ વાત ના કરી. તો પણ હે નાથ ! હું આપને વિંતિ કરું છું કે- જલ્દી પાછા ફરેલા તમે મને ભૂલી ના જશો, નાથ ! 'शिवास्ते पन्थानः सन्तु' તમારો માર્ગ કલ્યાણકારી બનો.

આ પ્રમાણે બોલતી દીન અને અખંડ ચારિત્રવાળી પણ તે અંજનાની અવગણના કરીને જ પવનંજય યુદ્ધ માટે આગળ પ્રયાણ કરી ગયો.

દુઃખનો સાગર વધુ હલોળાયો. હવે તો પતિની અવજ્ઞા પણ ઉમેરાઇ. વિરહ તો હતો જ. આથી પતિની અવજ્ઞા અને વિજોગના દુઃખથી દુઃખી થઇ ગયેલી અંજનાસુંદરી પોતાના આવાસમાં પહોંચતાં જ પાણીના પૂરથી નદીનો તટ તુટી પડે તેમ તે જમીન ઉપર ફસડાઇ પડી.

આ બાજુ પ્રવનંજય અત્યંત ત્વરાથી માનસ સરોવર ઉપર સૈન્ય સહિત પહોંચી ગયો. અને વિદ્યા બળથી આવાસોને વિકુર્વીને (બનાવીને) ત્યાં રાત્રિ રોકાણ કર્યું. દિવસ તો અંજનાને આ રીતે દુઃખ આપી ગયો પણ...

રાત્રિનો સમય થયો. પલંગ ઉપર આરૂઢ થયેલા પવનંજયની નજર માનસ સરોવરના કિનારા તરફ ગઇ. પ્રિય ચક્રવાકના વિયોગથી દુઃખી દુઃખી થઇ ગયેલી, પતિ વિના તરફડતી ચક્રવાકીને જોઇ. ગ્રહણ કરી હોવા છતાં મૃણાલની લતાને ન ખાતી, ઠંડુ પાણી હોવા છતાં પણ જાણે ઉકળી ગયેલા પાણીમાં પડીને સંતપ્ત થયા કરતી; ચંદ્રની શીતલ ચાંદનીમાં પણ વહ્નિના કણોથી જાણે દુભાતી, અને કરૂણમાં કરૂણ ક્રંદન કરતી વિયુવિજોગી ચક્રવાકીને જોઇને પવનંજયે આ પ્રમાણે વિચાર્યું કે–

"દિવસભર પતિની સાથે જ ચક્રવાકીઓ ક્રીડા કરે છે. અને છતાં એક રાત જેટલો જ સમય પતિના વિરહને સહન કરી નથી શકતી. તે લગ્નના દિવસથી માંડીને મારા વડે તરછોડાયેલી, કોઇપણ રીતે નહિ બોલાવાયેલી અને યુદ્ધના પ્રયાણ વખતે પરનારીની જેમ તિરસ્કારાયેલી દુઃખના ભારથી આક્રાન્ત થયેલી, મારા સંગના સુખને નહિ પામેલી હા! હા! તે અંજનાનું શું થયું હશે?

મને ધિક્કાર થાઓ. મારા અવિવેકથી તે બિચારી મરી જશે. અને તેની હત્યાના પાપથી હું કયા ભવમાં નહિ ભટકું?"

પોતાના દુઃખને કહેવાનું સ્થાન આ જગતમાં મિત્ર સિવાય કોઇ નથી. એથી પવનંજયે પોતાની મનની વાત પોતાના મિત્ર પ્રહસિતને કરી.

પ્રહસિતે કહ્યું–સારૂં થયું મિત્ર! કે આજે લાંબા સમયે પણ તું સાચું સમજી શક્યો. વિયોગથી સારસીની જેમ તે મૃત્યુ તરફ ઢળી રહી છે. હે સખા! હજી પણ સમય છે. જઇને તેને તું આશ્વાસન આપ. અને મધુર વાકયો વડે તેને પ્રસન્ન કરીને અને તેને જણાવીને તું તારા સંગ્રામના કામ માટે પાછો ફરજે.

હૃદયના ભાવને અનુસરતા મિત્રના વાકય વડે પ્રેરાયેલો મારૂત=પવનંજય મિત્ર સાથે ઉડીને અંજનાસુંદરીના આવાસમાં પહોંચ્યો.

(ક્રમશઃ)

ભ્રમ–બ્રહ્મને સમજાવનાર !

—શ્રી વિસેના

સરિતાને કિનારે એક પર્ણકુટિ હતી. મંદ મંદ પવનની શિતલતામાં ગુરુ શિષ્યને અભ્યાસ કરાવી રહ્યા હતા. ધીરે ધીરે સૂર્ય દેવતા પણ આથમણી દિશાએ ઢળી રહ્યા હતા. એટલે સંધ્યા નમી ગઇ હતી. હવે

પોથીમાંના અક્ષરો દેખી શકાય તેમ ન હતા. આથી ગુરુજીએ પોથી બંધ કરી.

વાત્સલ્યપૂર્વક શિષ્યને કહ્યું બેટા ! જા, અંદરના ખંડમાં સંભાળીને આ પોથી મુકી આવ !"

"જી" ગુરુદેવ ! વિનયી શિષ્યે મધુર ભાષામાં ઉત્તર આપ્યો.

પોથી લઇ શિષ્યજી તો ઉપડયા પર્ણકુટિના અંદરના ખંડ તરફ. અંદર ખંડમાં પગ મુકે તેની સાથે જ શિષ્યજી ભડકયા.

"દોડત બહાર આવ્યા. આવ્યા કેમ ! દોડતો બહાર આવ્યો ? કેમ ગભરાયેલો જણાય છે ?" ગુરુદેવ...ગુરુદેવ...ત્યાં...ત્યાં છે ને...કાળો સાપ પડયો છે.

એમ, બેટા ! ગભરાઇશ નહિ, જા લે, આ જાંગુલિમંત્ર. આના પ્રભાવથી ભલભલા વિષધર સાપ પણ છુમંતર થઇ જશે.

શિષ્યને હીંમત આવી. પગમાં જેમ આવ્યું ધરતી કંપાવતો એ ખંડ તરફ ચાલવા લાગ્યો. ખંડ પાસે પહોંચી મંત્રની યાદી કરી. પરંતુ સાપનું રૂવાડું ય હાલ્યું નહી. આ જોઇ શિષ્ય ઉતાવળે પગે પાછો ફર્યો.

કેમ, પોથી મુકી આવ્યો. નાજી, ગુરૂદેવ ! ગભરાતાં ગભરાતાં શિષ્યે ઉત્તર વાળ્યો. ફણીધર ત્યાં ને ત્યાં જ ચીટકીને બેઠો છે. ગુરૂજી ! મંત્ર ભણ્યો તો પણ સાપ જરા ઉંચાનીચે પણ થયો નહિં.

બેટા, તે મંત્ર શ્રધ્ધાથી નહિ ભણ્યો હોય, ગુરુજી બોલ્યા. જા, ફરીથી શ્રધ્ધાથી ભણજે સાપ હશે તો ચાલ્યો જશે.

શિષ્ય પોથી હલાવતો હલાવતો પાછો ફર્યો ગુરુદેવ ! "વિશ્વાસ પુરાવિશ્વાસથી શ્રદ્ધા સાથે જાપ કર્યો પણ સર્પ તો પોતાના સ્થાનથી એક તસુ ભાર પણ ખસતો નથી." એમ છે.

તો વત્સ ! હવે સાંભળ, મંત્ર–તંત્ર મુકી દે. હવે સામે મંદ પવનની લહેરમાં દીવાદાંડીની જેમ સ્થીર રહેલા દીવાના પ્રકાશને તું લઇ જા. દીવો જ તારું કામ પૂર્ણ કરશે.

"તહત્તિ" કહેલા શિષ્યે એક હાથમાં દીપક અને બીજા હાથમાં પોથી ઝાલી ડોલતો ડોલતો ઓરડા તરફ ચાલવા લાગ્યો.

ગાઢ અંધકારને ચીરી નાખતો પ્રકાશ ચારે તરફ ફેલાવા લાગ્યો. દીપકના ઝળહળતા

પ્રકાશે સાપને દોરડું બનાવી દીધો. દોરડાનું ગુંચળું જોઈ શિષ્ય ગ્લાનિ અનુભવવા લાગ્યો. પોથી ઠેકાણે મુકી દીધી.

નમ્ર પણે ગુરુદેવ પાસે આવી સત્ય હકીકત સંભળાવી.

ગુરુએ ગંભીરતાને ધારણ કરનારી, મધુર સ્મિતથી રંગાતી વાણીથી કહ્યું "જ્યાં જે નથી ત્યાં તે છે તેવી ભ્રમજાળ પ્રસરી હોય ત્યાં વસ્તુને પ્રત્યક્ષ કરવા વિધિ વિધાન નહિ, જ્ઞાન દિપકનો પ્રકાશ જ વધુ ઉપયોગી થાય છે. ભ્રમ અને બ્રહ્મની વિવેક દૃષ્ટિ વિધિ મંત્રોથી નહિ, પણ જ્ઞાનથી જ ખીલે છે.

માટે જ, શુધ્ધ જ્ઞાનની ઉપાસના કરવા જેવી છે.

❋

લબ્ધિ લીલા લહેર

—કવિકુલકિરીટ પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિ. લબ્ધિસૂરીશ્વરજી મ.

દશે પ્રાણથી પ્યારી લક્ષ્મીનો નાશ થવા છતાંય જે ઉદારતા રહી જાય, મહાલક્ષ્મીવંત બન્યા પછી દાન સમયે મીઠી વાણી અનુભવાય, અતુલબલી, પરિજનોની મદદ અને શૌર્ય હોવાની સાથ ક્ષમાની છાયા દેખાય, મદન–મદ પાશરહિત જ્ઞાનનો પ્રકાશ કળાય તો સમજવું કે, દૂધમાં સાકર ભળી છે. એનાથી વિપરીત અનુભવ થાય તો માનવું કે, નદી કિનારે રહ્યા છતાં તરસ્યો છે.

શ્રી તીર્થંકર દેવોના જિનાલયમાં જાઓ ત્યારે આત્માની મલિનતાને કાઢો ? અને શુધ્ધતાને ભરો ?

શ્રી વીતરાગ પરમાત્માની પ્રતિમાજી એ આત્માને લાગેલા રોગોની ઓળખવવાની પારાશીશી (થરમોમીટર) છે. ત્યાં તન્મયતા થઇ વિચારવું જોઇએ કે, 'હું રાગી છું, પ્રભુ વીતરાગી છે હું સદોષી કું, પ્રભુજી નિર્દોષી છે. હું અપૂર્ણ છું, પ્રભુજી સંપૂર્ણ છે હું મોહાદિથી લેપાયેલો છું, પ્રભુજી નિર્લેપી છે. હું કલંકિત છું, પ્રભુજી નિષ્કલંક છે. હું માયાવી છું, જ્યારે પ્રભુજી નિર્માયાવી છે.

મહામૂલા મોતીનો ભોગી રાજહંસ, જીવભક્ષણ નથી કરતો કારણ કે બાલ્યાવસ્થાથી જ એ મોતીનો ચારો ચરતો હોય છે. તેમ શ્રી જિનધર્મને બાલ્ય વસ્થાથી જ પાલનારા કહીયે અકૃત્ય કે અનાચાર આચરવા પ્રેરાતા નથી. તેઓ પાપના પ્રસંગમાં પણ કંપતા હૃદયે પોતાના તે કર્તવ્યને તિરસ્કારે છે.

સંસારની પરવશતામાં અનન્ત કાલ ગુમાવ્યો, હજી નહિ ચેતું તો રખડપટ્ટી વધશે. જાગું ચેતું અને તે ફાની મોહમોજની હટાવી, વિજય મેળવું.

રામ વનવાસ

– પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

પ્રવેશ ૩ જો

સ્થળ :– રાજમહેલ

(દશરથ મહારાજા દીક્ષા અંગીકાર કરવા ઉત્સુક બન્યા છે. ભરત પણ પિતાજીની રાહે તૈયાર થયા છે. પુત્રમોહના કારણે મહારાણી કૈકયી મૂંઝવણમાં મૂકાય છે પતિન સંસારત્યાગ પછી શૂન્ય બનતો સંસાર ભરત પરના રાગથી થોડો ઘણો ભર્યો રહેશે. એ કૈકયીની કલ્પના આજે ભાંગીને ભુક્કો થઈ ગઇ છે. કૈકયી કોઇપણ રીતે ભરતને સંસારમાં રાખવા પ્રયત્ન કરે છે.)

કૈકેયી–(સ્વગત) સ્વામીનાથ સંસાર ત્યજી જશે રાજપાટનાં સુખોને સાપ જેમ કાંચળીને ફૂંકે તેમ ફૂંકીને નીકળી જશે. અને ભરત પણ મને ફૂંકીને જશે, તો આ સંસારમાં મારું કોણ ! ભરત કોઇપણ રીતે જો મારી આંખ સામે રહે તો કેવું સારું ! જો ભરતને આગ્રહ કરી અયોધ્યાની રાજગાદી પર બેસાડવામાં આવે તો...તો જરૂર ભરત સંસારમાં રહે. મહારાજા પોતે જ જો એને રાજ્ય–સિંહાસન સોંપે તો કેવું સારું ! હા, હવે મને યાદ આવ્યું. એ બને તેમ છે. હું સ્વામીનાથની પાસે જાઉં અને છેલ્લે છેલ્લે મારી આ માંગણી મૂકું.'

(મહારાણી કૈકેયી મહારાજા દશરથના આવાસમાં તેઓની પાસે આવે છે. પોતાના હૃદયમાં જે વાત રમી રહી તે મૂકવા પ્રયત્ન કરે છે.)

કૈકેયી-સ્વામીનાથ ! આપ અમને આમ નિરાધાર મુકીને ચાલ્યા જશો. આપની પાછળ ભરત પણ સંયમ સ્વીકારવાને ઉત્સુક બન્યો છે. ખરેખર આ સંસારમાં મારા જેવી અભાગણી કોણ હશે ! જેના પતિ. તથા પુત્ર બન્ને ચાલ્યા જશે. પ્રિય પ્રાણનાથ ! આપની પાસે હું એક વચન માંગવા આવી છું. મારી આ એક છેલ્લી માંગણી આપ અવશ્ય સ્વીકારશો. નિધાનની જેમ અત્યાર સુધી આપની પાસે જાળવી રાખેલું મારૂં વરદાન આજે માંગી લેવાનો મારે માટે આ અવસર આવ્યો છે.

મહારાજા દશરથ–પ્રિયે ! તમારે જે કાંઇ મારી પાસે માંગવું હોય તે ખુશીથી વિના સંકોચે માંગો ! તમારી માંગણી ને હું જરૂર સ્વીકારીશ. તમને પૂર્વકાળમાં મેં જે વચન આપ્યું છે તેને પાળવા, તથા તે મુજબ તમારી માંગણીને સ્વીકારવા હું તૈયાર છું. પણ તમારા જેવા સુશીલ તથા સંસ્કાર સંપન્ન સ્ત્રીરત્ન પાસે એટલું તો હું જરૂર ઇચ્છું કે તમો પતિના કલ્યાણકર સંયમમાર્ગમાં વિઘ્નરૂપ બને એવું તો નહિ જ માંગો !

કૈકેયી–ના, સ્વામીનાથ! આપની પાસે હવે એ વાત કરી શકાય એવું કયાં રહ્યું છે? આપનું હૃદય આજે અમારા પરથી ઉતરી ગયું છે. સ્નેહ, મમતા કે રાગની ગાંઠ આપે ખરેખર તોડી નાંખી છે. હવે આજ્ઞા કે વિનંતિથી આપ સંસારમાં રહેશે. એ કોઇ રીતે બને તેવું કયાં છે? પણ કૃપાનાથ! મારી એક માંગણી આપની પાસે છે. એ કહેતાં જીભ ઉપડતી નથી. હ�ૃદય અપાર મૂંઝવણ અનુભવે, છતાં ભરત પ્રત્યેના મોહથી હું આપની પાસે માગું છું કે, 'આપ અયોધ્યાની રાજગાદી પર આપના શુભ હસ્તે ભરતનો રાજ્યાભિષેક કરીને સંયમના કલ્યાણકર માર્ગે પ્રયાણ કરો!' મારી આ એક અંતિમ માંગણીને આપ અવશ્યમાન્ય રાખશો. અત્યાર સુધી આપની પાસે મેં કાંઇ માંગ્યું નથી. હવે આપ જ્યારે અમને ત્યજીને નીકળો છો, તો મારી આ માંગણી આપની પાસે હું મુકું છું. આપ એ અવશ્ય સ્વીકારશો.

મહારાજા દશરથ–(કાંઇક વ્યથિત છતાં ધીરતાપૂર્વક) સારૂં તમારી ઇચ્છા પ્રમાણે હું કરીશ. મારે મન રામ અને ભરત બન્ને સરખા છે. મારો રામ, આ જાણશે તો કેટ–કેટલો એ આનંદ પામશે? ભરત દીક્ષા લેવા તૈયાર થયો છે, એ જાણ્યા પછી એને અતિશય દુઃખ થયું હતું. પણ હવે હું ભરતનો અયોધ્યાનાં રાજ્ય પર અભિષેક કરૂં છું. એ જાણીને રામ ખૂબ ખુશી થશે. તમારી ઇચ્છાને અનુરૂપ હું ભરતના રાજ્યાભિષેક માટે યોગ્ય વ્યવસ્થા કરીશ. મારે જલ્દી દીક્ષા ગ્રહણ કરવી છે, એટલે હું રામને બોલાવીને બધું નક્કી કરી દઉં.

(કૈકેયીરાણી કાંઇક સ્વસ્થ બને છે. મહારાજાની આજ્ઞા મેળવી તેઓ ત્યાંથી જાય છે. દશરથ રાજા, રામને બોલાવવા માટે સેવકને મોકલે છે.)

મહારાજા દશરથ–(સ્વગત) ખરેખર સંસારની સ્થિતિ કોઇ વિચિત્ર છે! મારી ભાવના જ્યારે દીક્ષા ગ્રહણ કરવાની થઇ, ત્યારે એક પછી એક નવા નવા વિઘ્નો ઉભાં થયા કરે છે. હું રામને અયોધ્યાનો રાજભાર સોંપીને નીકળવાની તૈયારી કરૂં છું, ત્યાં ભરતની માતા કૈકેયી આમ નવી માંગણી મૂકે છે. પોતાના એકના એક પુત્ર ભરત માટે માતા તરીકે કૈકેયીને મોહના કારણે વધુ આઘાત લાગે, સંભવિત છે. પણ ભરતને હું કયાં નથી ઓળખતો? પોતાના વડિલ બંધુ રામને મૂકી, અયોધ્યાના રાજસિંહાસનને એ કદિ સ્વીકારશે ખરો? એ ગમે તેમ થાય, પણ હવે હું વધુ સમય સુધી આમ સંસારમાં નહિ રહી શકું.

(એટલામાં પિતાજીના આદેશને પામી, રામચંદ્રજી મહારાજા દશરથની સેવામાં ઉપસ્થિત થાય છે. તેઓ મહારાજાનાં ચરણોમાં વંદન કરી, ઉભા રહે છે.)

રામચંદ્ર–પિતાજી! આપે સેવકને યાદ કર્યો તો કૃપયા જે કાંઇ આજ્ઞા હોય તે ફરમાવશો!

દશરથ–રામ ! આજે તને ખાસ કાર્યને અંગે મેં બોલાવ્યો છે. તને ખબર છે કે, મારો આત્મા સંસારથી વિરક્ત બન્યો છે. સંસારના આ બધાં સુખો હવે મને કોઇ રીતે ગમતાં નથી. રાજપાટ, ઋદ્ધિસિદ્ધિ આ બધું મને કારાગૃહ જેવું લાગે છે. ફક્ત મારા છેલ્લા કર્તવ્યની ખાતર હવે હું દિવસો ગાળું છું. તને અયોધ્યાના રાજ્ય પર સ્થાપીને દીક્ષા સ્વીકારવાની મારી પ્રબળ ભાવના છે, પણ આજે તારી માતા કૈકેયીએ એક નવી માંગણી મૂકી છે, તે એ કે 'અયોધ્યાના રાજ્ય સિંહાસન પર ભરતનો અભિષેક કરીને મારે દીક્ષા ગ્રહણ કરવી.' પ્રિય રામ ! તું જાણે છે કે, હું કૈકેયીની સાથે વચનથી બધ્ધ છું. એટલે મેં તારી માતા કૈકેયીના વચનને કબૂલ રાખ્યું છે. અને એ હકીકત જણાવવા માટે મેં તેને બોલાવ્યો છે.

રામચ દ્ર.–(સ્વસ્થતાપૂર્વક) પિતાજી ! એમાં મને કાંઇ જ કહેવાનું હોય જ નહિં. આપ જે કાંઇ કરો છો, તે અમારા હિત માટે છે. એની અમને પરિપૂર્ણ શ્રધ્ધા છે. માતા કૈકેયીને આ માંગણી કરવી પડી છે. તેનું કારણ હું જાણું છું. આપ અમને ત્યજીને જશે, આપની પાછળ ભરત પણ સંયમ સ્વીકારવા અધીર બન્યો છે. ભરત કોઇ રીતે સંસારમાં રહી જાય તો ઠીક, એ કારણે તેમણે આપની પાસે આ માંગણી મૂકી છે. પૂજ્ય પિતાજી ! આપના વચનનું સંપૂર્ણપણે પાલન થાય તે રીતે હું આજથી જ પ્રયત્નમાં રહીશ. આપ નિઃશંક રહેજો ! આપ આજે તો ભરતને રાજ્ય આપવા તૈયાર થયા છો, એમાં મને કશો જ રંજ નથી. ભરત તો મારો ભાઇ છે, પણ આવતી કાલે કદાચ અયોધ્યામાં બે પગે ચાલનાર કોઇ રંકને આ રાજ્ય આપવાને આપ ઇચ્છો, તો તે વેળા આપના વચનની ખાતર આપના ચરણની રજ હું રામ, એવા રંકની પણ તાબેદારી સ્વીકારવા તૈયાર છું. પિતાજી ! આ બાબતમાં આપે મને કાંઇ જણાવવાનું હોય નહિ. આપની આજ્ઞા એ જ મારે મન સર્વસ્વ છે.

દશરથ અહોરાત્રઃ–પ્રિય રામ ! તારો વિનયધર્મ કોઇ અજબ છે, એની મને પૂર્ણ ખાત્રી છે. એ બાબતમાં હું નિઃશંક છું. સંસારના સુખ–વૈભવોની ખાતર મારો રામ વડિલની આજ્ઞા લોપે, એવી મને સ્વપ્નેય પણ કલ્પના નથી જ. રામ અવસરે વડિલોની ખાતર રાજપાટ કે ઋધ્ધિસમૃધ્ધિને લાત મારી વનમાં વસવા માટે પણ તૈયાર રહે છે, એ હું સારી રીતે જાણું છું; માટે જ તે બાબતમાં મારે ગૌરવ લેવા જેવું છે, તારું સુવિનીતપણું અદ્‌ભૂત છે. ભાઇ રામ ! હવે મારી સંસારત્યાગની અભિલાષા સત્વર ફળે તે માટે તું તૈયારી કર !

(ક્રમશઃ)

卐

પૂજ્યશ્રી કહેતા હતા કે - શ્રી ગુણદર્શી

- સાધુપણું એ સંસાર રોગનું ઔષધ છે.
- સંસારના સુખની-અનુકુળતાની ઇચ્છા થાય. એટલે સાધુપણું જાય.
- દુનિયાના પદાર્થો ઉપર રાગ તેનું નામ સંસાર ! દુનિયાથી બચાવનાર તેનું નામ ધર્મ !
- આ સંસારનો સામનો કરનાર જો કોઇ ચીજ હોય તો એક માત્ર ભગવાનનો જ છે, જો તે આજ્ઞા મુજબ કરાય તો.
- અમે આ સંસારનું સુખ ભૂંડું કહીએ અને જે હસે તે બધા તો ધર્મ સાંભળવા ય લાયક નથી.
- આ દુનિયાનું સુખ ભૂંડું કહેવા-સમજાવવા માટે અમે ફરીએ છીએ. તે હૈયામાં ઉતરાવવું કઠીન છે પણ તે જ કામ અમારે કરવાનું છે. તેમાં અમે ચૂકીએ તો તમારા ગુરૂ થવા પણ લાયક નથી.
- સંસારરૂપી સાપનું ઝેર ન ચઢે તેના માટે જડિબુટ્ટી સમાન જિનમંદિર—ઉપા શ્રયાદિ છે.
- આ લોક અને પરલોકના સુખ માટે ધર્મ કરે તે બધા ઝેરીલા છે. તેય મરે અને 'તે માટે ય ધર્મ કરાય' કહી બીજાને ય મારે.
- કર્મથી પીડાતા જીવોને કર્મથી મુકત બનાવવા સાધુપણા જેવો બીજો એક ધર્મ નથી. તે માટે જ સાધુ બનાવવાના છે.
- સાચો શિષ્યભાવ કેળવ્યો હોય તે જ ગુરૂપણું દીપાવી શકે.
- શ્રી જૈન શાસનમાં દીક્ષાની નવાઇ નથી. પણ જૈન શાસનમાં જન્મેલા મરતા સુધી દીક્ષા ન લે તે નવાઇ ! મરતી વખતે 'દીક્ષા વગર હું મરી જાઉં છું' તેનું દુઃખ ન હોય તે નવાઇ !
- શાસન પોતાનું થયા વિના આત્માઓ નિસ્તાર નથી.
- જેને મન શાસન પ્રધાન નથી પણ પોતાની જાત જ પ્રધાન છે તે તો પોતાનું અને બીજાનું અહિત કરનારા છે. તે બધાં શાસનના થયા નથી અને થવાના પણ નથી. પણ શાસનના નામે ચરી ખાનારા છે.
- જે ભગવાને રાગાદિ શત્રુઓનો મૂળમાંથી નાશ કર્યો તેનો ભગત રાગાદિની પુષ્ટિ થાય તેવું કાંઇ પણ કરે ખરો ?

શાસન સમાચાર

સરાક જૈન જિર્ણોધ્ધાર

સાલકુંડા – પૂ. વિશ્વ વિક્રમી તપ સાધક ના. શ્રી વારિષેણ સૂરિજી મ. આદિ આસનશોલથી સરાક ના ગાળામાં વિહાર કરતા શોલકુન્ડામાં સ્વાગત, પ્રવચન, સાલકુંડામાં પાર્શ્વજન્મોત્સવ નિમીત્તે સમુહ એકાસણુ મનોરંજન સરાકે કરાવેલ અભિષેક પાર્શ્વનાથ પ્રભુના પૂજન ભકિત અખંડ જાપ પ્રવચનો થયેલ. જાપડા મોહોલમાં સારીચા પ્રવચનો પ્રભાવના વિ. થયેલ. પર્વતપુર પૂજયશ્રીની ૯૩મી ચૌવિહાર એકદત્તી ઓળી જીવનમાં ૭ હજાર આયંબિલ પૂર્ણાહુતિ નિમિત્તે ખુશાલચંદ વનેચંદ કલકત્તાવાળા તરફથી જિન મંદિર અનન શીલાસ્થ પન, ભકતામર પૂજન સ્વામિવાત્સલ્યો થયેલ સરાગ ભાવિકોએ ૯૩ આયંબિલ જાપ પૂજનમાં લાભ લીધેલ વરઘોડો ચઢેલ. સાંઘ પૂજનો અજિત સરાકે કરેલ. પ્રતિષ્ઠાત્રોા આસનશોલ તા. ૨–માર્ચ પર્વતપુર ૧૦ માર્ચ મહુડા ૧૧ માર્ચના ચાસ ૧–માર્ચના પૂજયશ્રીની નિશ્રામાં થનાર છે.

ચાસમાં સાલગિરિ લોઈ ૧૮ અભિષેક પૂજન સ્વામિવાત્સલ્ય ચઢાવા વરઘોડો સુંદર થયેલ ઝરિયામાં સામૈયું સમુહ આરતિ સંઘપૂજનો અખંડ જાપ વિગેરે ઉત્સાહર્ય થવા પામેલ. સરાક જાતિના ૨૦ ગામોમાં જિન મંદિર નિર્વાણ માટે સ્વ ખર્ચે બંધાવનાર શ્રાવકો મનોજકુમાર હરણની પ્રેરણાથી તૈયાર આસન સોલમાં ૨૧ માર્ચ સુધીનો ભવ્ય પ્રતિષ્ઠા ઉત્સવ ઉજવાશે પર્વતપુરમાં જિનમંદિર નિર્વાણ પ્રતિષ્ઠા તથા ઉત્સવનો સંપૂર્ણ લાભ ખુશાલચંદભાઇ વનેચંદ શાહ પરિવારે લીધેલ છે જેનો ઉત્સવ ૮-૯-૧૦ માર્ચના ઉજવાશે.

પૂજયશ્રી ગુજરાત પૂ. આ. શ્રી પુણ્યાનંદ સૂરિ મ. ની નિશ્રામાં પધારશે. પૂજય શ્રીને પાંચ હજાર આયંબિલ એકાતરા પારણે એકાસનથી ચાલુ છે. છાણી શતાબ્દી ઉત્સવ માટે સંઘ વિનંતીર્થે આવેલ છે.

વાપી – અત્રે પૂ આ. શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ઉપધાન માળારોપણ મહા સુદ–૪ ના ભવ્ય રીતે થયુ. ૭–થી ૧૨ વર્ષના બાલક બાલિકાઓ પણ સારી સંખ્યામાં ઉપધાનમાં હતા.

શેઠ કેશરીચંદ મોહનચંદ દમણવાળા તથા શેઠ ખીમચંદ મગનલાલ હ. ડો. નરેશભાઇ તરફથી ઉપધાન થયું ૧૪૬ આરાધકો જોડાયા હતા.

પથ પિંડ પથ પિંડ

સ્વ પ પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજીમહારાજ

- આપણે બધા પુણ્યશાલી ખરાં. પણ ખરાબ ધર્મ કરીને આવ્યા લાગે છે. આવી સુંદર સામગ્રી પામેલાંને પણ જો સંસાર જ ગમતો હોય, મોક્ષની ઇચ્છા જ થતી ન હોય; તે દુઃખથી ગભરાતા હોય, સુખ માટે ફાંફા મારતા હોય તે બધા પાપના ઉદયવાળાં જ છે. તે ધર્મ સારી રીતે ન કરે પણ પાપ જ સારી રીતે કરે
- વક્રિક કલા તેનું નામ માયા માટે જ વાલિયા કદિ ધર્મી થાય નહિ. વાલિયાપણું ભૂંડું લાગે. તો તે ધર્મ કરે.
- કોઇના ય રૂપને રાગથી જોવું તે ય વ્યભિચાર છે !
- જે ધર્મસ્થાનમાં સારી રીતે વર્તે અને બહાર ખરાબ વર્તે તે ધર્મની વગોવણી અને ભયંકર આશાતના કરનારો છે.
- 'આ આ ધર્મ કરો તો આવું આવું સુખ મળે' આવી લાલચથી ધર્મ કરાવનારા અને કરનારા બંન્નેની દુર્ગતિ જ થાય.
- પરમાત્માના દર્શન મોક્ષ માટે કરે તો પાપ જાય પણ સુખ માટે કરે તો પાપ જ બંધાય.
- પ્રમાદ–માનપાનાદિમાં મરતાં અમને અમે ખરાબ છીએ તેમ ન લાગે તો અમે પણ એવું પાપ બાંધીને આવ્યા છીએ કે, અહીં માન–પાનાદિમાં પડી, તમને રાજી કરવા તમારાં ખોટાં વખાણ કરી ભગવાનની આજ્ઞાથી વિરૂધ્ધ વર્તી દુર્ગતિમાં જ જવાના છીએ.
- આજે [redacted] કપડાંમાં સારા છે, હૈયાના સારા નથી.
- સુખમાં મહાલવું તે જ પાપ જો સુખમાં મહાલવું તે પાપ હોય તો તે સુખ ખરાબ હોય તો જ બને ને !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક– સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું. ફોન : ૨૪૫૪૧

૪૨૬૭

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

બધા જ દુર્લભ છે.

ધર્મસ્ય દુર્લભો જ્ઞાતા,
સમ્યગ્વક્તા તતોઽપિ ચ ।
શ્રોતા તતોઽપિ શ્રદ્ધાવાન,
કર્ત્તા કોઽપિ તતઃ સુધી ।।

ધર્મના સ્વરૂપને જાણનારા દુર્લભ છે. તે કરતાં પણ યથાવસ્થિત ધર્મના સ્વરૂપના વકત દુર્લભ છે. તે કરતાં પણ શ્રધ્ધાળુ શ્રોતા દુર્લભ છે અને આજ્ઞા મુજબ ધર્મ કરનારા તો તેથી પણ અતિ દુર્લભ છે.

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

અઠવાડિક

વર્ષ	અંક
૬	૩૧

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
જય, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

ચિંતન

रोगपात्रमिदं गात्रं न स्थिरे धनयौवने ।
संयोगाश्च वियोगान्ता: कर्त्तव्या सुकृतिरति: ।।

આ શરીર રોગનું ઘર છે, ધન અને યૌવન પણ અસ્થિર-નાશ પામવાના સ્વભાવવાળા છે, સંયોગો વિયોગને આપનારા છે માટે બુદ્ધિશાળી માણસે સત્કાર્યો કરવામાં જ રતિ કરવી તે હિતાવહ છે.' ખરેખર પ્રજ્ઞાશીલ પુરુષ તે જ કહેવાય જે પરિણામનો વિચાર કરીને જ પગલું ભરે.

આ સંસારની અસારતાને જ્ઞાનીઓએ ભિન્ન ભિન્ન પ્રકારે બતાવી છે. સંસારની નિર્ગુણતાનું જ્યાં સુધી વાસ્તવિક ભાન ન થાય ત્યાં સુધી સર્વગુણમય મોક્ષની રતિ થવી પણ સુદુર્લભ છે.

સંસારી જીવોને વધુમાં વધુ પ્રેમ જો કોઈપણ ચીજ વસ્તુ ઉપર હોય તો એક માત્ર પોતાના શરીર ઉપર જ હોય છે. સર્વસંગ ત્યાગ કરનાર આત્માઓ પણ શરીરને સાથે જ લઈને આવે છે પણ શરીર ઉપર જરાપણ મમત્વ ન થાય. તેની કાળજી રાખે છે અને શરીરના સદુપયોગ દ્વારા જ અશરીરી બને છે આશરીર ઉપર જેવો રાગ તેવો રાગ જો આત્મા ઉપર થઈ જાય તો કલ્યાણ સુનિશ્ચિત છે પણ શરીર ઉપરનો રાગ ત્યારે જ જાય કે, શરીર એજ સઘળાય રોગોનું ઘર ભાખે તો, શાંતિથી વિચારે તો શરીર રોગોનું ઘર લાગ્યા વિના રહે તેમ બને નહિ. કદાચ પુણ્યયોગે શરીર નિરોગી-નિરામય દેખાતું હોય તો પણ શરીરને જ સાચવવાનું મન તેજ મોટામાં મોટો આત્માનો રોગ છે. શરીરને સાચવવાની શરીરની આળ-પંપાળ કરવાની ઇચ્છા માત્ર રોગ રૂપ છે. જેને પોતે રોગી છે તેવું ભાન થાય તેને જ નિરોગી થવાનું મન થાય, બીજાને નહિ.

શરીરને સારુ રાખવા ધનની જરૂર પડે અને ધનને માટે જીવ શું શું નથી કરતો તે બધાના સ્વાનુભવમાં છે. પણ ધન કયારેય સ્થિર રહ્યું તેમ જાણ્યું કે સાંભળ્યું છે ખરું ? જીવતે જીવતે ય ધન ચાલ્યું જાય કાં ધનની હાજરીમાં ધનના લોકત ને ચાલ્યા જવું પડે.'

યૌવન પણ અસ્થિર છે, જવાનીને ચાર દિનની ચાંદની જેવી કહી છે યૌવનમાં વિવેક રૂપી અંકુશ ન હોય તો તેને ઉત્પથમાં ગમન કરતાં વાર લાગે નહિ. સદૈવ

(અનુ. ટાઈટલ ૩ ઉપર)

હાલારોદ્ધારક પૂ. આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની દોરવણી મુજબ શાસ્ત્રના અર્થો સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘાજી ગુંદા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મગનલાલ શાહ (મુંબઈ)
પુરુષોત્તમ ખીમચંદ મેઘ (મુંબઈ)
બાબાભાઈ પરમાણી મુળકુ (ખાન ગઢ)

વર્ષ ૬] ૨૦૫૦ ફાગણ સુદ-૧૦ મંગળવાર તા. ૨૨-૩-૯૪ [અંક ૩૧

— તો દર્શનમોહ મરે !

— પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા કલિકાલ સર્વજ્ઞ પૂ. આચાર્ય ભગવાન શ્રી હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા શ્રી અરિહંત પરમાત્માની સ્તવના કરતાં ફરમાવે છે કે–"હે વીતરાગ ! તારી સેવા કરતાં પણ તારી આજ્ઞાનું પાલન એ જ મોટામાં મોટી સેવા છે, કારણ કે આરાધેલી આજ્ઞા મોક્ષ માટે થાય છે અને વિરાધેલી આજ્ઞા સંસાર માટે થાય છે." આ વાત બેસે તો સેવા ફળી જાય. આ વાત ન બેસે તો અનંતીવાર કરેલ સેવા જેમ સંસારમાં ભટકાવનારી થઈ તેમ આ સેવા પણ સંસારમાં ભટકાવનારી થાય.

જેટલા ભગવાનના પૂજારી તે બધાને સંસારથી પાર પામવાનું મન કે સંસારમાં ફરવાનું મન ? આપણને ધર્મ સામગ્રી મલી છે પણ તેની કિંમત લાગતી નથી. તેજ સંસારથી પાર ઉતારનાર ચીજ છે તેમ લાગે છે ? સંસારથી પાર ઉતરવું છે ને ? આ સંસારની સુખ–સામગ્રી કેવી લાગે છે ? આ સંસારમાં ભટકવાનું કયારે મટી જાય ? દુનિયાની ચીજોની જરૂર બંધ થાય તો, સુખ–સામગ્રી સારી લાગતી બંધ થાય તો તમને બધાને રોજ વિચાર આવે કે–'રોજ ભગવાનને પૂજું છતાં હજી બંગલો, પૈસા–ટકા, પેઢી–પરિવાર સારા–લાગે છે. સારા લાગે છે તેનું દુઃખ પણ થતું નથી. મારો કેવો ઘોર પાપોદય છે.' પણ સંસારની સુખ સામગ્રી સારી લાગે, મજા આવે–તે પાપનો ઉદય છે–આ વાત કેટલા સમજે ? સંસારની પુણ્યથી મળતી પણ સુખ સામગ્રી સારી

લાગે, તેમાં મજા આવે, દુઃખ પણ ન થાય તે પાપનો ઉદય છે તેમ મોટો ભાગ માનતો નથી.

દેખા-દેખી-લાલચથી ભગવાનની સેવા થઈ જાય પણ તેમની આજ્ઞાનો વિચાર સરખો ન આવે તે ચાલે ? જેની સેવા કરીએ, તે શા માટે કરીએ, તેણે શું કહ્યું તેનો વિચાર પણ ન કરે તે દુનિયામાં પણ કેવો કહેવાય ? આજે લોભીયા બહુ વધી ગયા છે. તેમને તો મંદિરને પણ બજાર કરી નાંખ્યું. મંદિર બજાર છે ? લાખો રૂપિયા ખર્ચી પુણ્યવાનો મંદિર બંધાવે અને જો ખબર પડે કે-મારે ત્યાં ભિખારી આવે છે, પુણ્ય મેળવી નરકમાં જવાના છે-તો ડાહ્યો માણસ મંદિર બંધાવે ? સંસારની પુણ્યથી મલતી સુખ-સામગ્રી સારી લાગે, મજા આવે ત્યારે મારો ભયંકર પાપોદય છે તેમ લાગે તેને ભગવાનનાં દર્શન-પૂજન ફળ્યા કહેવાય. પાપાનુબંધી પુણ્યવાળા જીવો સંસારમ મજેથી રહે ?

તમારી પેઢી ઉપર રોજ આવે, માલ-સામાન ફેંદાવે અને ખરીદ કાંઇ ન કરે તો કેટલા વેપારી તેને પછી આવવા દે ? 'મશ્કરી કરવા આવે છે ? શું ધાર્યું છે ?' તેમ કહે કે નહિ ! સુખની સામગ્રી સારી લાગે તે પાપોદય ન લાગે, તેમાં મજા જ આવે તે મહા પાપોદય છે તેમ ન લાગે તેવા જીવો તો ધર્મ પામવા ય લાયક નથી, આજે તો બહુ જુલમ થઈ ગયો છે. સાધુ પણ કહે કે-'આ આ કરો તો આવું આવું મલશે' તો તે બધું મૂકીને શું કામ આવ્યા ? જે સુખને મૂકીને આવ્યા તે સુખને માટે જ ધર્મ કરવાનું કહે તો શ્રોતાઓ ધર્મ પામે ખરા ?

જગતમાં જેટલું સારું તે બધું પુણ્યથી મળે. તે પુણ્યધર્મથી થાય-આટલું કહી અટકી જાય તેને ઉન્માર્ગદેશક કહ્યો છે. જગતની સારામાં સારી સુખ સામગ્રી ધર્મથી જ મળે. ઊંચામાં ઊંચા દેવલોક ધર્માત્મા માટે જ રીઝર્વ છે પાપ તેના માટે ધર્મ કરાય જ નહિ-આ વાત ઉપદેશકે આવા કાળમાં તો ભારપૂર્વક સમજાવવી જ જોઇએ. ભગવાનની આજ્ઞા મુજબ ધર્મ કરે. તેને ઊંચુ પુણ્ય બંધાય અને તે પુણ્યના કાળમાં પણ તે સામગ્રી ઉપર રાગ ન થાય તેવી સમજ મલે.

આધ્યાત્મ પેદા થાય તેને આત્માના હિત માટે સારું કરવાનું મન થાય. તેને દરેક પ્રવૃત્તિમાં મારા આત્માનું અહિત ન થાય તે ચિંતા પ્રધાન હોય. જો હું ભૂલું તો મારે ફરી ભટકવું પડે તેમ થયા કરે. આજના ક્રિયા કરનારા ઈરાદાપૂર્વક ખોટી કરનારા છે, વિધિ જાણવાનો ખપ જ નથી. સામાયિક ઊભા ઊભા લેવું જોઇએ, તે માટે ચરવળો જોઇએ. પણ તમારે કટાસણા વગર ન ચાલે, ચરવળા વગર ચાલે-તેવો સિધ્ધાંત ખરો ને ? શાસ્ત્ર કહે છે કે, કટાસણા વગર ચાલે, ચરવાળા વગર ન ચાલે. તમારી બહુમતિ ખરી ને ? શાસ્ત્રની વાત બધા બોલતા નથી અને કો'ક બોલે તો તમે

સાંભળો પણ નહિ. આ બધું ચાલે છે તેનું કારણ દર્શન મોહ જોરદાર છે અને ચરિત્ર મોહની ચિંતા નથી.

પુણ્યથી મળતી સુખની સામગ્રી સારી લાગે, મજા આવે તે ચારિત્ર મોહનું કામ અને દુઃખ ન લાગે તે દર્શન મોહનું કામ! સંસારમાં તો બધું જ જોઈએ. આના વગર પણ ન ચાલે અને તેના વગર પણ ન ચાલે-આવું કરાવનાર તે મિથ્યાત્વ છે. મહારાજ તો બોલ્યા કરે. તેમને તો આગળ પેસે ઉલાળ નહિ પાછળ પેસે ધરાળ નહિ. આનંદ-કામદેવાદિ પાસે જે હતું તો અમારી પાસે શું છે કે લોભ ન થાય આવું આવું સમજાવીને ભોળા સાધુઓને ચૂપ કર્યા. શ્રી આનંદ-કામદેવાદિ પાસે ઘણું ઘણું હતું છતાં ય તેને ચમકિતી શ્રાવક કહેવાય તો અમને કેમ ન કહેવાય? તમે તો એવા છો કે, અમારું માણું જો ઠેકાણે ન હોય, અમે ચૂકીએ તો અમારા ય બાર વગાડો તેવા છો. 'શ્રાવકોએ આગળ વધવું જોઈએ' તેમ અમારી પાસે બોલાવવા માગો છો ને? ઘણા અમારામાંના બોલવા પણ માંડયા. તમારો ચેપ અમારા ઘણાને લગાડી દીધો. આજના રાજકાજમાં ધર્માત્માએ પણ ભાગ લેવો જોઈએ, તેમ તમે બધા માનો છો ને? તમારા ૮૮ એક નેતા લોકમાન્ય ટિલકે કહેલું કે-"ધર્મીઓએ રાજકારણથી આઘ રહેવું જોઈએ. આમાં તો લુચ્ચાઓનું કામ છે"

પુણ્યથી મલતી સામગ્રી સારી લાગે છે, તેમાં જ મજા આવે છે અને તેનું દુઃખ પણ થતું નથી તો મારામાં સારાપણું આવે નહિ-આ વાત તમારા મગજમાં પેસે તેવી છે? જેને પોતાની ખામી, ખામી લાગે, દુઃખ થાય, દૂર કરવાનું મન થાય તેનું મિથ્યાત્વ મંદ પડે.

તમે બધા ભગવાનના પૂજારી છો. પુણ્યથી મહત્વનું જે મળ્યું છે તેમાં સારામાં સારી સામગ્રી મલી છે તેની તકરાર નથી પણ તે સામગ્રી લાગે છે કેવી તે પૂછવું છે. પુણ્યનો વિચાર ધર્મ સામગ્રી માટે કરવો છે, ખાવા-પિવાદિ માટે નહિ. લાલચુઓની લાલચ કાઢવા માટે બોલીએ છીએ, લાલચુઓની લાલચ વધારવા પાટ ઉપર બેસતા નથી. જે લાલચુઓની લાલચ કાઢવાને બદલે લાલચ વધારે તો તે માર્ગ ભૂલેલો છે. અહીં આવનાર ઊંધુ ન લઈ જાય તેની કાળજી ઉપદેશકે રાખવાની છે. આજના ઘણા વકતાઓ છાપા, નોવેલો વાંચી કામ ચલાવે છે. ઘણું ગપ્પા મારે છે. તેને શાસ્ત્ર જોવાની વાંચવાની પણ કુરસદ છે નહિ. તમારા જેવા શ્રોતા હોય ત્યાં બધું ચાલ્યા કરે ને! તમને મન આગમમાં તો તત્ત્વ જ લાગતું નથી. અને આજના લેખકોને વખાણતા તેમની જીભ સૂકાતી નથી. તે બધા આજના દેશ-કાલના જાણ ગણાય!

આપણા બધા ભગવાન મોક્ષમાં ગયેલા. અને આપણને બધાને મોક્ષમાં આવવાનું કહીને ગયા છે. ભગવાનની આજ્ઞા મુજબ જીવનારા અને જે કોઇ યોગ્ય-અર્થી જીવો આવે તેને મોક્ષમાર્ગ કહેનારા ગુરુ છે. જેઓ પોતે ઘર-બારાદિ છોડીને આવ્યા છે તે ઉપદેશ આપે તો શું આપે ? તમારા જેવા પૂછે કે-'ઘર માંડવા જેવું છે ? પેઢી ખોલવા જેવી છે ? પૈસા કમાવવા જેવા છે ? તો શું કહે ? ના જ પાડે ને ? 'આ બધા ઘર ન માંડે, પેઢી ન ખોલે તો શું કરે ?'-તેમ અમારાથી બોલાય ? તમારી દયા કરવાની તો કઇ કરવાની ? તમે બધા ઘર-બાર છોડી દેવાના નથી, મરતા સુધી છૂટે તેવું પણ નથી તો પણ તમને દુઃખ છે કે નહિ ? ભગવાનની સેવા-ભક્તિ ય કરે, સંસારમાં જ મજા આવે, મજા આવે તેનું દુ:ખ પણ ન થાય તો તે જીવ સમકિત પામે ખરો ? સમકિત પામ્યા વિના મરો તે ય ગમતું નથી માટે તેને પમાડવાની મારી મહેનત છે.

શ્રી બપ્પભટ્ટસૂરિજી મહારાજા અને શ્રી આમ રાજાની વાત ઘણી વાર કહી છે. શ્રી આમરાજા તેમને જ ગુરુ માનતા, તેમનું કહ્યું બધું કરતા અને પ્રામાણિક પણે કહેતા કે-"આપની બધી વાત ગમે છે પણ હજી આપનો ધર્મ નથી ગમતો." તમે ય આવા પ્રામાણિક થાવ તો ય સારું. અમારા ઉપરના પ્રેમથી ગમે તેટલું કરો તો ય કલ્યાણ ના થાય.

તમારે માથે આવા કોઇ ગુરુ છે ખરા ? ગુરૂ વગર સાચું જ્ઞાન ન થાય તે ખબર છે ને ? ભાષા જ્ઞાન આવડે એટલે વાંચવા માત્રથી જ્ઞાન થાય ખરું ? દુનિયામાં તમે આ વાત મંજુર રાખો છો. સર્ટીફીકેટ વિના નોકરી નહિ. ડોકટર-વકીલ આદિ કઇ યુનીવર્સીટીના છે તે જૂઓ છો અને અહીં ? તમારે ધર્મનુ પુસ્તક પણ વાંચવું હોય તો ય ગુરૂને પૂછવું જોઇએ. હા પાડે તો જ વંચાય. આજે સાધુઓએ પણ પુસ્તકાદિ માટે પોતાનો ધર્મ વેચી નાખ્યો છે. માગણ જેવા થઇ ગયા છે. ઘણું તોફાન ચાલે છે. એવા પુસ્તકો લખાય છે. જે વાંચવા જેવા નથી. તમને ભણાવે નહિ અને પુસ્તક વાંચવા આપે તો શું વાંચે ? સમજશે નહિ અને પુસ્તક ઘણ ખાતું થશે. ગરબડ ઘણી ચાલુ છે. આવી રીતના જે કરે તે બધા ચોર કહેવાય ને ? તેને સહાય કરે તે ઘંટી ચોર કહેવાય ને ?

દુનિયાનું સુખ ઘણું મલે તેની ના નથી. ભોગવવું પડે તો ભોગવે પણ તે પાપોદય ન લાગે ત્યાં સુધી કામ ન થાય. અઢાર પાપના નામ જાણો છો ને ? જગતમાં જેટલાં આસ્તિક દર્શનો છે તે બધા હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહને અધર્મ

જ કહે છે અને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને ધર્મ જ કહે છે.

આજે ધર્મ કરનારા મોટાભાગનો દર્શન મોહ બહુ ભારે લાગે છે. તમારા પૈસામાં ધર્મનો હિસ્સો કેટલો ? સામગ્રી કાંઇ લાભ કરે નહિ. ભગવાનની સેવા-પૂજા-ભકિત કરનારને દુનિયાનું સુખ અને સુખની સામગ્રી ખરાબ લાગે તેનું નામ જ દર્શન મોહની ઢીલાશ અને ખરાબ ન લાગે તો દર્શન મોહ ગાઢ ! પણ દુનિયાનું સુખ ભૂંડું લાગવું તે સહેલું કામ છે ? દર્શન મોહ માંદો પડે તો જ લાગે. દુઃખ તો બધાને ભૂંડું લાગે પણ સુખ ! સુખ ભૂંડું લગાડવાનું કામ અમે કરીએ છીએ. તે ખોટું છે ? જે સુખ-સામગ્રી અમે છોડીને આવ્યા તેની જ લાલચ અમે આપીએ તો અમારા જેવા બેવકૂફ બીજા કોણ ? માટે મારે ભલામણ છે કે, તમે સૌ સસજી જાવ અને ભગવાનની આજ્ઞા સમજી તે પ્રમાણે જીવતા થાવ તો મોક્ષ દૂર નથી. સંસાર સાગર જેવો હોવા છતાં પડ્યુ તેના માટે ખાબોચિયું છે. સૌ આવી દશાને પામો તે જ ભાવના.

અમદાવાદ-૨૦૨૮ પો. વદ ૧૩ શુક્રવાર

તા. ૧૪-૧-૭૧

શીલ જ સર્વશ્રેષ્ટ આભૂષણ છે

ઐશ્વર્યસ્ય વિભૂષણં સુજનતા શૌર્યસ્ય વાકસંયમો,
જ્ઞાનસ્યોપશમઃ કુલસ્ય વિનયો વિત્તસ્ય પાત્રે વ્યયઃ ।
અક્રોધસ્તપસઃ ક્ષમા બલવતાં ધર્મસ્ય નિર્વ્યાજતા,
સર્વેષામપિ સર્વકારણમિદં શીલં પરં ભૂષણં ।।

સુજનતા એ ઐશ્વર્યનું ભૂષણ છે, વાણીનો સંયમ તે શૂરવીરપણાનું ભૂષણ છે, ઉપશમ તે જ્ઞાનનું ભૂષણ છે, વિનય તે સારા કુલનું ભૂષણ છે, સુપાત્ર દાન તે ધનનું ભૂષણ છે. ક્રોધ નહિ કરવો તે તપનું ભૂષણ છે, ક્ષમા તે બળવાનનું ભૂષણ છે, નિષ્કપટ-પણું તે ધર્મનું ભૂષણ છે. એ રીતે દરેકનું ભૂષણ છે પરંતુ શીલ તો બધાથી શ્રેષ્ઠ ભૂષણ છે

卐

સુખ મળે પણ પુણ્યમાં ખાડો પડે

* જાદુઈ પાવડી ભારે પડી *

એનું નામ મિકાડો હતું.

એ સાત વર્ષનો હતો ત્યારે એના પિતાનું અવસાન થયું. મિકાડો અને એની મા નિરાધાર થઇ ગયા.

મા મજૂરી કરીને કમાવા લાગી.

પણ પછી એક દિવસ મા બહું માંદી પડી.

માની દવા માટે બહું પૈસા ખરચ્યા છતાં માની માંદગી મટી નહીં.

એક દિવસ કોઇ મોટા ડૉક્ટર પાસે એને લઇ ગયા. એ ડૉક્ટરે કહ્યું. "એ મહિના દવા લેવી પડશે." મા-દીકરો ચિંતામાં પડયા.

દીકરો કહે : "મા તું ફીકર ન કર. હું કમાવા જઇશ. તારી બધી દવા કરીશ."

મીકાડો શહેર ભણી ઊપડયો. રસ્તામાં એને એક સાધુ મળ્યા. મિકાડો સાધુને પગે પડયો.

સાધુએ હસીને કહ્યું : "બેટા, તારી મુંઝવણ મને ખબર છે... તારી મા સાજી થઇ જશે. લે આ પાવડી. એ પાવડી પહેરીને તું કૂદકો મારીશ એટલે એમાંથી એક સોનામહોર નીકળશે. તારી માનો દવાનો ખર્ચ પણ નીકળશે અને ખાવાનો ખર્ચ પણ નીકળશે."

આમ કહી સાધુએ પોતાના પગમાંથી પાવડી કાઢીને મિકાડોને આપી. પછી કહ્યું :

"બેટા તું જેટલા કૂદકા મારીશ એટલી સોનામહોર તને મળશે. પણ જરૂર પ્રમાણે જ એનો ઉપયોગ કરજે."

મિકાડો ખુશ થયો. એણે પાવડી હાથમાં લીધી.

જતાં જતાં સાધુએ કહ્યું : "તું કૂદકો મારીશ એટલે તને સોનામહોર તો મળશે પણ તારી ઊંચાઇ ઓછી થઇ જશે જો કે થોડીજ વાર પછી એ ઊંચાઇ હતી. એટલી થઇ જશે. એટલે એક કૂદકો માર્યા પછી જરૂર વિના તરત બીજો કૂદકો ન મારતો..."

આટલું કહી સાધુ અદૃશ્ય થઇ ગયા.

મિકાડો રાજી થતો ઘેર ગયે. માને બધી વાત કરી. પછી પેલી પાવડ પગમાં પહેરી એણે કૂદકો માર્યો.

...અને વાહ ! તરત જ એમાંથી એક સોનામહોર નીકળી !

એ સોનામહોર લઇ મિકાડો બજારમાં ગયો અને મા માટે દવા લઇ આવ્યો.

પછી તો મિકાડો દરરોજ પાવડી પહેરી એક કૂદકો મારે ને સોનામહોર મેળવે.

ધીમે ધીમે દવાથી મા સાજી થઇ ગઇ.

સોનામહોર મળવા માંડી એટલે મિકાડો ગરીબ મટી પૈસાદાર થઇ ગયો.

આ જોઇ એનો પાડોશી નવાઇ પામ્યો.

આ છોકરો આમ આટલો પૈસાદાર કયાંથી થયો હશે ?

છેવટે એણે માહિતી મેળવી કે મિકાડો પાસે જાદુઈ પાવડી છે. અને પહેરીને ફૂદકા મારવાથી એમાંથી સોનામહોર નીકળે છે.

આ માહિતી મળતા જ એક દિવસ એ મિકાડોના ઘરમાં ગયો. કોઈને ખબર ન પડે એમ પેલી પાવડી ચોરી લાવ્યો.

પછી પોતાના ઘરમાં જઈ બારી બારણા બંધ કરીને એણે પગમાં પાવડી પહેરી લીધી.

પાવડી પહેરી એણે ફૂદકો માર્યો...

...અને તરત જ એમાંથી સોનામહોર પડી !

પાડોશી તો ખુશ ખુશ થઈ ગયો.

તરત જ એણે બીજો ફૂદકો માર્યો... તરત જ બીજી સોનામહોર એમાંથી નીકળી...

એટલે એ લોભી પાડોશી ઉપરાઉપરી ફૂદકા મારવા લાગ્યો !

દરેક વખતે પાવડીમાંથી સોનામહોર પડવા માંડે એટલે ખુશ થઈ સોનામહોરો એકઠી કરવા લાગ્યો.

દરેક ફૂદકે એની ઊંચાઈ ઓછી થવા લાગી હતી પણ પાડોશીને એની ખબર પડતી ન હતી.

એણે તો બસ ફૂદકા પર ફૂદકા મારવા માંડયા.

એકાદ કલાકમાં તો સેંકડો સોના-મહોરોનો ઢગલો એની સામે થઈ ગયો... પણ એની ઊંચાઈ એટલી ઘટી ગઈ કે એ વેંત જેવડો થઈ ગયો ! અને એની એને પોતાને ખબર પણ ન પડી !

છેવટે ફૂદકા થારી મારીને એ થાક્યો ત્યારે પગમાંથી પાવડી કાઢી એ સોનામહોરો ગણવા માંડયો.

સોનામહોરોનો ઢગલો એના પોતાના શરીર કરતા એને મોટો દેખાયો. એને નવાઈ લાગી. આટલો મોટો ઢગલો ?

પછી ધીરેથી બારણું ખોલવા ગયો.

પણ બારણાના આગળિયા સુધી એનો હાથ પહોંચ્યો જ નહીં !... ત્યારે એને ભાન થયું કે એ તો સાવ ઠીંગુજી થઈ ગયો છે !

પછી તો બારણું ખોલવા એણે બહુ ફાફા માર્યા પણ બારણું ઉઘડયું જ નહીં !

એટલે એણે બૂમાબૂમ કરી મૂકી...

"બચાવો... બચાવો..."

આ બૂમ સાંભળી બાજુમાંથી મિકાડો દોડી આવ્યો.

એણે બહારથી જોર કરી બારણાને ધક્કો મારીને તોડી નાખ્યું. અંદર જઈ જોયું તો સોનામહોરના ઢગલાની સામે સાવ વેતિયો પાડોશી ઊભો ઊભો રડતો હતો. મિકાડોની ચોરાયેલી પાવડી એની પાસે જ પડી હતી.

(એક જાપાની લોકકથા પરથી)

મુ. સ. તા. ૬–૬–૬૩

આપણા તરફી પેટ્રોલ નાખવાનું બંધ થાય તોય મહાશાન્તિ થઈ જાય

– પૂ. પં ચંદ્રશેખરવિજયજી

જ્યાં કષાય પણ સંક્લેશ અથવા સંઘર્ષ થતો હોય ત્યાં બન્ને પક્ષે ભૂલો હોય છે. કે.ઈ એક પક્ષ જો એવો દાવો કરે કે, "મારી કોઇ ભૂલ જ નથી." તો તે વાત પ્રાયઃ ખોટી છે.

કહેવત છે કે, "તાળી હંમેશા બે હાથે જ પડે છે."

જો આ સિદ્ધ હકીકત હોય અને જો સંક્લેશ કે સંઘર્ષનું નિવારણ થાય તેવી અન્તઃકરણની સાચી ભાવના હોય તો એક કામ કરવું જોઇએ કે આપણા પક્ષે જેટલી ભૂલો છે તે આપણે એકપક્ષી રીતે સામા પક્ષ પાસે કોઇ શરત કે અપેક્ષા રાખ્યા વિના–દૂર કરી દેવી જોઇએ. આપણા પક્ષે કોઇ દોષો જ નથી એવું તો કાં નિષ્ઠુર શેતાન કહી શકે કાં મૂર્ખ કે પાગલ માણસ કહી શકે. હા બુધ્ધિના જડને કે હૈયાના વક્રને પોતાના પક્ષે કોઇ દોષ ન દેખાય તો તે શક્ય છે.

વસ્તુતઃ જો સ્વદોષદર્શન કરવામાં આવે તો પરના દેખાયેલા દોષો કરતાં પોતાના જ દોષો ભયંકર લાગે, જાલિમ અને ઉગ્ર લાગે. દેવભક્તિ કે ગુરુકૃપા વિના સ્વદોષદર્શન શક્ય જ નથી. આ બેમાંથી એકેય જેઓ પામ્યા નથી તેમનામાં પર-દોષદર્શન નિશ્ચિતપણે હોય છે. આથી જ તેઓ સતત સંક્લેશમાં કે સંઘર્ષમાં જીવતા હોય છે અને મરતા પણ હોય છે.

જો આપણે સ્વદોષદર્શન કરીએ [જ્યાં લેશ પણ પરદોષદર્શન નથી તે જ સ્વ-દોષ દર્શન સાચું સમજવું.] અને જે સ્વદોષો પકડાયા તેને દૂર કરીને તદ્દન શાન્ત બની જઇએ તો 'ઝઘડો' મટી જતાં કલાકની પણ વાર નહિ લાગે,

આપણા તરફી પેટ્રોલનો ડબ્બો [પર-દોષદર્શન] સંઘર્ષની આગમાં નાખવાનું બંધ કરી દો. જુઓ તો ખરા. એકાદ વાર: કેવું અદ્ભુત પરિણામ આવે છે તે એક વાર તો અનુભવો.

જેવા આપણે સ્ટેટિક [શાન્ત] બની જશું કે તરત સામો પક્ષ જો શેતાનનો પક્ષ નહિ હોય તો તેનો પ્રતિસાદ ટૂંક સમયમાં જ મળવા લાગશે. એ પણ પોતે પેટ્રોલના ડબ્બા ઊંધે રાખવાનું બંધ કરી દેશે, ડાયનેમિક [આક્રમણ] મટી જશે.

આપણા તરફી જેટલા ટકા હોય તેટલા જ દૂર કરો. સામા તરફથી લેશ પણ અપેક્ષા ન રાખો.

જો સંક્લેશ [મંદ સંઘર્ષ] કે સંઘર્ષ [ઉગ્ર સંક્લેશ] ની આગમાં સતત તડપતા, બળતા, જળતા રહીને જીવતા સળગીને જીવનની રાખ કરી રહ્યા છો તો જરાક

ડાહ્યા થાઓ. બીજાઓને ગાળો દેવાથી કે તેમના દોષો જાહેર કરવાથી તમને કદી શાતા વળવાની નથી ઊલટી, અશાતા વધતી જશે.

હાય ! હાથે કરીને આત્મહત્યા ! જીવી જવાના છતે ઉપાયે ?

(માર્ચ, ૧૯૬૪ મુક્તિદૂત)

(પૂ. પં. મ. ની વાત સાચી છે તેઓ જે અપેક્ષા બીજા પાસે રાખે છે તે અપેક્ષા તેઓ પુરી પાડે તો 'ધાર્મિક વહીવટ વિચાર' પુસ્તક ઉભો કરેલ સંઘ બેસી જાય. તે રીતે તેમણે પ્રરૂપેલા કલેશો સંઘર્ષો જે લખ્યા છે તે પણ શાંત થઇ જાય. મુખમાં કોઇ ચીજ જાય તો જ ચાવવાનું થાય છે ખાલી મોઢે કોઇ ચાવતું નથી. એકાંતે બંને પક્ષે ભૂલ હોય છે તેવું નથી ખુદ રામાયણ અને મહાભારત પણ તેના દૃષ્ટાંતો છે માટે આટલી વાત સમજાય જાય તો પૂ. પાદ આ. ભ. શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજનો જ સમુદાય શાસનનો પ્રાણ બની જાય.)

-: જન્મ દિવસ આમ ઉજવાય તો :-

- સંસારમાં મા-બાપને મન નાના બાળકો, નાનપણમાં ખૂબજ લાડલા હોય છે, જેથી નાનપણમાં સંતાનોની દરેક ઇચ્છા મા-બાપ સંતોષતા જ હોય છે.
- આપણે ત્યાં નાના બાળકોનો જન્મદિવસ આવે એટલે બાળકની ઇચ્છા પ્રમાણે ઉજવીએ છીએ, ઘરને શણગારીએ, સારા કપડા પહેરાવીએ, સગાસંબંધીને બોલાવીએ, મીત્રોને આમંત્રણ આપીએ, હોટેલમાંથી મોંઘી આઇટમો મંગાવીએ, તેમજ બાળકને મોંઘી વસ્તુ ભેટ આપી ખૂબ ખર્ચ કરીએ છીએ.
- પરંતુ હાલ મહા શુદી-૩ને રવીવાર તા. ૧૩-૨-૬૪નાં રોજ ૧૦-૧૨ વર્ષની બેબીનો જન્મ દિવસ બહુજ અનેરી રીતે ઉજવાતા જોયો, આવું કંઇક આપણે કરીશું ખરા ?
- મહા શુદ ૩ ને રવીવારે શ્રી સીધ્ધાચલજી-શત્રુંજયગિરિની યાત્રા કરી પાછા ફરતા હતાં ત્યારે પહેલે હડે મા-બાપ કુટુંબીજનો સાથે ૧૦-૧૨ વર્ષની બાળા રૂા. ૨/- (બે) થી દરેક યાત્રિકો, ડોળીવાળા, વિ. નું સંઘ પૂજન કરતી હતી, તેના મુખ પર અનેરૂ હાસ્ય હતું, ન કલ્પી શકાય એવો આનંદ હતો.
- સગા સબંધીઓને પૂછતા જાણ થઇ કે આજે બેબીનો જન્મ દિવસ છે, જેથી યાત્રીકોનું સંઘ પૂજન કરીએ છીયે, આ સાંભળી ખૂબજ અનુમોદના થઇ કે ખરેખર જન્મ દિવસ આમ ઉજવીએ તો ?
- બાકી મા-બાપ કે વડિલે તો આ જન્મથી મોક્ષમાર્ગની સાધના થઇ જાય એ જ ભાવના કરવી કરાવવી જોઇએ.

લી. ભૂપતરાય કુંવરજી દોશી મુલુંડ

卐 તે સર્વે સંસારરતાઃ 卐

– ડૉ. રાજહંસ

તે સર્વે સંસારરતા :

કેવું મજેનું છતાં અર્થ ગંભીર સંસારની ભયંકરતાં સૂચવતું બોધ વચન,

તે સઘળાય જીવો સંસારમાં મગ્ન છે અર્થાત્ સર્વે માનવો કયાં તો સંસારનું સુખ ભોગવવામાં લયલીન છે. કયાં તો સંસારમાં આવી પડતું ત્રિવિધ દુ ખ ભોગવવામાં પડેલા છે.

અજ્ઞાન અવસ્થામાં ગત જન્મમાં બાંધેલ શુભા–શુભ કર્મ સુખ–દુઃખ રૂપે ઉદયમાં આવે છે અને એ આત્મામાં સુખાસક્તિ અને દુઃખની અકળામણ પેદા કરવી જીવોને આર્ત્તધ્યાનાદિમગ્ન બનાવી પાપ કરાવનાર અને દુઃખ આપનારા કર્મોને બંધ કરાવે જ છે. તેથીસ્તો અવિરત આ સંસારની ઘટમાળ ચાલ્યા કરે છે. અને જીવો ચાર-ગતિમય ચોરાશી લાખ યોનિઓમાં ભટકયાં કરે જ છે.

પણ બહુ અલ્પસંખ્યક લઘુકર્મી આત્માઓ શ્રી વીતરાગ પરમાત્માના શાસનને પામીને, શ્રી જિનવચન તત્વ શ્રવણદ્વારા સ્વ આત્માને એવી રીતે કેળવે છે કે સુખના ભોગવટામાં પણ આ સુખ કર્મે આવેલુ છે માટે આના ઉપર રાગ કરવાં જેવો નથી એમ માનીને સહજ સુખ વિરાગ' અપનાવીને રાગ' નું બળ તોડવાનું સહજ આત્મ સામર્થ્ય પ્રાપ્ત કરે છે. અને દુઃખ ના કાળમાં 'મેં કરેલા ભૂલના પરિણામે જ આ દુઃખ આવ્યું છે' એમ માનીને પ્રસન્નતા પૂર્વક સમાધિભાવે દુઃખ વેઠીને, શુભ અધ્યવસાયથી સુખ આપનારા કર્મનો બંધ કરતાં કરતાં મોહનું બળ ક્ષીણ કરવાનું સામર્થ્ય આત્મામાં પ્રગટ કરે છે.

હવે નજર કરીએ શ્રી પંચ પરમેષ્ઠિના પંચમ સ્થાનને શોભાવતાં સાધુ' ઉપર, તેઓ છે તો સંસારમાં પણ 'જલકમલવત્' સાંસારીક સુખના રાગ–દ્વેષથી અલિપ્ત રહેનારા.

શાસ્ત્રો તો સ્પષ્ટ કહે છે કે, શ્રાધ્ધાઃ વિષય વિરાગિણઃ, સાધુવરતુ વિષયત્યાગિન એવઃ એટલે કે શ્રાવકો તો વિષયવિરાગી, અને શ્રી વીતરાગના સાધુઓ વિષયના ત્યાગી જ હોય.

કેવી અટપટી આ વાત છતાંય મજેની, સમજવાં જેવી વિષયોનો રસપૂર્વકનો ભોગવટો દુઃખમાંજ પરિણમે આ ભવે કે આગામી ભવોમાં, અને એ દુઃખ ભોગવવાં શરીર જોઇએ નારકીનું કે રીબાઈ રીબાઇ કર્મોતે મરનાર જનાવરોનું કે જેમાં ચૌપગા, પંખીઓ અને જલમાં જન્મી મરનાર માછલા આદિનું, આ વાત તત્વપરિણત શ્રાવકના મગજમાં જડબેસલાક હોવાથી ભાવિ વિપાકને મનઃચક્ષુથ જીવે તેથી વિષયની ઉપભોગમાં રાગના સ્થાને વિરાગ અનુભવે એમાં શું આશ્ચર્ય ? જો આ

કથા શ્રાવકની હોય તો શ્રી વીતરાગના સાધુઓ પછી ભલે એ પદસ્થ હોય કે અપદસ્થ, વિષયના ત્યાગી હોય એમાં નવિનતા નથી જ કારણ કે, શ્રી સુસાધુઓ ઘાતીકર્મોને હટાવવાં અને વહેલી તકે 'અક્ષયપદ' ને મુક્તિપદ પામવા જ ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમ ભાવથી જ્ઞાન-ગર્ભિત વૈરાગ્ય પામીને સંયમજીવન આનંદ પૂર્વક સ્વીકારે છે. અને સંયમ જીવનને સમ્યગ્દર્શન પૂર્વકના જ્ઞાન સાધનામાં અને ચારિત્ર ધર્મની સાધનામાં એકાકાર બનાવે છે. ત્યાં કયાં ભીક્ષામાં મળતાં આહાર દ્રવ્યમાં અને ચારિત્રની રક્ષાર્થે વપરાતાં વસ્ત્ર-પાત્રાદિકમાં 'આ ઇન્દ્રિયોને અનુકુળ છે કે પ્રતિકુળ' એનો વિચાર કર્મી પોતાના ઉપયોગને ત્યાં જવાદે.

તેથી જ સ્તો 'શ્રી આનંદઘનજી મહારાજ શ્રી શ્રેયાંસનાથ ભ. ના સ્તવનમાં સાધુ મહારાજની ઓળખાણ આપે છે કે-

'સયલ સંસારી ઈન્દ્રીયરામી,
મુનિ ગુણ આતમ રામી રે;
મુખ્યપણે જે આતમ રામી,
તે કેવળ નિષ્કામી રે.

ભગવાનના સાધુઓતો આતમરામી જ હોય, અર્થાત આત્મામાં જ રહેલા, જ્ઞાન-દર્શન-ચારિત્ર ના પર્યાયમાં જ મસ્ત હોય.

આથી સમજાશે કે, ઉપર્યુક્ત શ્રાવકો અને સાધુઓ આજે અલ્પ સંખ્યામાં જ જોવા મળે, અરે ! ધોળે દિવસે સવા મણ તેલને દિવો લઇને શોધવા નીકળવું પડે.

બાકી તો આજે નજર નાંખીએ ત્યારે ચારે બાજુ, વિષય વિલાસી દુઃખે આર્ત્ત-ધ્યાની કહેવાતા શ્રાવકો ઠગલાબંધ, હોલ-સેલમાં જોવાં મળશે, તે જ રીતે મહોત્સવ પૂર્વક ધામધુમથી દીક્ષા લેનારા, મિથ્યાત્વના ઉદયે અજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવે ચતુરાઈને પામેલા એવા નામધારી કહેવાતા સાધુઓ, માન-પ્રતિષ્ઠા-સત્તા કીર્તિ ના ભિખારી બનીને સંસ્થા-આશ્રમો-શિબિરો ના રણકતાં ઘંટ બાંધીને ભદ્રિકપરિણામી-ઉદાર દાન રૂચિવાળાઓને ધર્મના નામે અધર્મનું વ્યવસ્થિત વાતાવરણ સર્જી રહ્યાં છે. અને એ ગળે બાંધેલો ઘંટ સતત રણકતો રહે માટે શાસ્ત્રસિદ્ધ ત્રિકાલા અબાધિત સિદ્ધાંતોમાં ઘાલમેલ કરીને યા તો 'આજના કાળમાં' શાસ્ત્રોની વાત નિરર્થક છે એવી સુફીયાની વાતો કરીને અનેકને ધર્મ ભ્રષ્ટ બનાવતાં નાટકલીલા મજેથી બિનધાસ્ત કરી રહ્યાં છે. આવા સાધુ વેષધારી જીવો પણ **'ते सर्वे संसाररताः'** કક્ષામાં જ આવી જાય છે.

સુકા ભવભીરૂ આત્માઓએ તો 'રાજ-હંસ' સમ આત્મામાં વિવેક ગુણને પ્રગટાવીને હેય-ઉપાદેય' તત્ત્વનું જ્ઞાન 'સુવિહત-સાધુ'ના પરિચયથી પામીને ઉપાદેય' ને જ જીવનમંત્ર બનાવી' વહેલીતકે શાશ્વત સુખના સ્વામી બનવાનું સામર્થ્ય આત્મામાં પ્રગટ કરે એજ એક મનોકામના-

પૂજયશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

૦ તમને બધાને રોજ વિચાર આવે કે–"રોજ ભગવાનને પૂજું છતાં ય હજી બંગલો, પૈસા–ટકા, પેઢી–પરિવાર, સુખ સામગ્રી આદિ સારા લાગે છે. સાર લાગે છે તેનું દુઃખ પણ થતું નથી. તે મારો ઘોર પાપોદય છે !"

૦ સંસારની પુણ્યથી મલતી એવી પણ સુખ સામગ્રો સારી લાગે તેમાં મજા આવે ત્યારે 'મારો ભયંકર પાપોદય છે' આવું લાગે તેને ભગવાનનાં દર્શન-પૂજન ફળ્યા કહેવાય.

૦ સંસારના લાલચુઓની લાલચ કાઢવા માટે અમે બોલીએ છીએ પણ પણ લાલચુ-ઓની લાલચ વધારવા પાટ ઉપર બેસતા નથી. જે અહીં સુધી આવીને પણ, લાલચુઓની લાલચ કાઢવાને બદલે લાલચ વધારે તો તે 'માર્ગ' ભૂલેલો છે.

૦ જે સુખ–સામગ્રી અમે છોડીને આવ્યા, તેની જ લાલચ અમે આપીએ તો અમારા જેવા બેવકૂફ બીજા કોણ ?

૦ દુનિયાની સુખ સામગ્રી ખરાબ લાગે તેનું નામ દર્શન મોહની ઢીલાશ અને ખરાબ ન લાગે તેનું નામ દર્શન મોહ ગાઢ !

૦ સાચો જ્ઞાની પણ તે જ કહેવાય કે જેને મોક્ષ હર પ્રવૃતિમાં યાદ આવ્યા જ કરે.

૦ દેવલોકના સુખને પણ થુ ..થુ... કરે તેનું નામ સાધુ ! દુનિયાના સુખ માત્ર ઉપાધિ રૂપ લાગે અને એક માત્ર મોક્ષને જ ઝંખે.

૦ કોઇ વેપારી એવો મળે કે જેને પૈસો યાદ ન હોય ! કોઇ સંસારી જીવ એવો મળે જે સુખને ઝંખતો ન હોય અને દુઃખથી ડરતો ન હોય. તો 'મારે મોક્ષ જ જોઈએ અને સંસાર ન જ જોઇએ' તેવો ધર્મી કેમ ન હોય !

૦ સાધુપણું એ સંસાર રોગનું ઔષધ છે.

૦ સંસારના સુખની–અનુકૂળતાની ઇચ્છા થાય એટલે સાધુપણું જાય.

૦ દુનિયાના પદાર્થો ઉપર રાગ તેનું નામ સંસાર ! દુનિયાથી બચાવનાર ઉપર રાગ તેનું નામ ધર્મ !

૦ આ સંસારનો સામનો કરનાર જો કોઇ ચીજ હોય તો એક માત્ર ભગવાનનો ધર્મ જ છે જો તે આજ્ઞા મુજબ કરાય તો.

૦ અમે આ સંસારનું સુખ ભૂંડું કહીએ અને જે હરો તે બધા તો ધર્મ સાંભળવા ય લાયક નથી.

ખોટું ન લગાડતા હો ને ?

—શ્રી ભદ્રંભદ્ર

"तुम उस महाभारत के दुर्योधन हो...

"મારી દૃષ્ટિએ તો હું સાચો છું. છતાં વિવાદ જાગ્યો છે તે દુઃખદ છે. શાસ્ત્રાધાર જો કોઇ એવું સાબિત કરી આપશે કે "મારૂં નામ ગીનીશ બુક (વિશ્વના ઉંચામાં ઉંચા રેકૉર્ડ નોંધતી રેજિંસ્ટ્રી ડાયરી)માં નથી" તો હું બીજી આવૃત્તિમાં કે ત્રીજી આવૃત્તિમાં એ અંગે સુધારો કરાવીશ. બસ, હવે તો રાજીને ?"

અરે ! યાર તમે આવી પીછેહઠ કરી. તમારી કૉપીમાં ભૂલ છે કયાં ય ? તે તમારે ચાલું લખવું પડયું.

"શું ... યાર તું ય બી. મારા બાપની કઇ આબરૂ લુંટાઇ ગઇ બોલ. હાંભળ, મારી કૉપી તો લગભગ બધે જ પહોંચી ગઇ છે. અને આ ખુલાસો તો મારે "જૈન શાસનમાં" છાપવાનો છે. મારી કૉપી જેની પાસે ગઇ છે એ બધાં કંઇ આ 'જૈન શાસન' નથી વાંચતા. એક તો મેં વિરોધ-પક્ષ ઉપર શાસ્ત્રાધાર સાથે જ વાત કરવાની ચોખ્ખેજ ફેંકી દીધી. અને એમની અંદર-અંદરની યાદવાસ્થળીથી મારી સામે કોઇ પણ વ્યકિત પડકાર કરવાની હવે હિંમત નહિ કરે તથા હુંતો છૂટથી બધાને કહી શકીશ કે – મેં ચોખ્ખેજ ફેંકી ત્યારે કોઇ આવ્યું ? બોલો તમે જ કહો હવે તે લોકો કોથળામ મોઢા સંતાડે છે કે નહિ ?"

હા, પણ તું બોટા ભ્રમમાં ના રહીશ. પેલા ગાડા નીચે ચાલતા કુતરાની જેમ, તે લોકોને તો ગમે ત્યારે, ગમે ત્યાં, ગમે તેને આવી શકવાની તેં છૂટ આપીને ગંભીર ભૂલ કરી છે. કોઇ ભણેલો ગણેલો શ્રાવક તારી સામે આવી જશે ને તો તારો શેખચલ્લીનો મહેલ જમીનદોસ કરી નાંખશે હા.

"અરે ! આવવા તો દે એકવાર પછી દેખા જાયેગા. જેવી પડશે એવી દેવાશે. હું તો બાલી 'ત્રિરંગા' પિચ્ચરમાં રાજકુમાર જેટલા જ "કમાન્ડોઝ" (સૈનિકો) શબ્દો વાપરીશને મારા બોડી ગાડો ચારે બાજુથી ધાણીની જેમ કૂટીને પેલા પ્રતિવાદીને ધીબેડી નાંખીને એના ચર્ચા કરવાના હોશ-કોશ જ ઉડાડી દેશે. પછી બીજીવાર એ કે એના સાગરીતો મારી સાથે ચર્ચા કરવા આવવાની કે મારી વાત બોટી કહેવાની બો ભૂલી જશે." કાં તો મારી વિજયયાત્રા નીકળશે કાંતો મારી સ્મશાનયાત્રા નીકળશે. અરે ! ના...ના... હમણાં લોકોપકાર માટે મારે જીવવું બહુ જ જરૂરી છે. માટે સ્મશાનયાત્રા મોકુફ છે. લોકમાં કહેવાય છે તોય લાક્ષાગૃહમાં પાંચે પાંડવો બળી ગયાના ભ્રમણા-ઘેનમાં રહીને આખરે દુર્યોધનની શું દશા થયેલી તે યાદ છે ને ?

(બુટ્ટેરાયજી મહારાજે પોતાને હરાવનાર આત્મારામજી મહારાજને સત્યમાર્ગે એકવાર આવવું પડશે તેવું કીધેલું. પણ તું આ દૃષ્ટાંતની ઉપમાને તો લાયક નથી જ પણ તારે તો તે મહાપુરૂષોના નામ સાંભળવાની પણ લાયકાત કેળવવાની જરૂર છે.)

અને એક દિવસ...

"આ ફલાણાભાઇ કયાં રહે છે?" કોઇ ભઈએ મારૂં જ સરનામું મને પૂછ્યું. (આમે ય મારા મિત્રની દુર્યોધનની વાત સાંભળીને થથરવા તો માંડયો જ હતો. ઠંડી પણ છે જ ને અત્યારે. પેલા ભાઇ તો બદામી ચાંદલેદાર ત્યોર શ્રાવકના પોષાકધર બીજા બે-ત્રણ શ્રાવકોને સાક્ષી રૂપે લઇને આવેલા. મને અર્જુન પિચ્ચરની (તમે કોઇ પિચ્ચર જોવા નો મંડતા પાછા મારી વાત જુદી છે) કહાની યાદ આવી તેમાં મુખ્ય અભિનેતા કોઇ રાજકારણીને કહે છે કે– "તુમ ઉસ મહાભારત કે દુર્યોધન હો જિનકા અર્જુન મૈં હું" છેવટે એ અર્જુન આ દુર્યોધનને મારી નાંખે છે. મારા મિત્રે મને આમેય દુર્યોધન તો બનાવી જ દીધેલો હતો. અને આ બદામી તિલકધર અર્જુન તો મારી સામે જ આવી ગયા હતા.

મહાભારતનું યુદ્ધ એક જ વાર ખેલાય છે. ભૂતકાળમાં હો, પણ અત્યારે તો મારૂં આંગણું કુરૂક્ષેત્રનું રણમેદાન બની ગયું.) મેં પેલા તિલકધરને કીધુ કે– એ ભઇ તો અહીં નહિ પણ બાજુની ગલીમાં રહે છે. એટલે તે બધાં ત્યાં ગયા. પણ મને ચોકકસ ખાત્રી હતી કે– અર્જુનને મારૂ આકર્ષણ છે એટલે ચોકકસ અહીં આવશે જ. એટલે હું તો ઝટપટ બાયણું બંધ કરી, સાકળ બરાબર પેક કરી ગોદડામાં મોઢું ઘાલીને હુઈ જ ગયો. મારા કમાન્ડોઝ પણ મને કામ નો લાગે એવું થયું.

ત્યાં તો...

"ફલાણાભઇ" એ ફલાણાભઇ' અરે! ફલાણાભઇ ઉઘાડો તો ખરા."

વેદનાથી વલોવાઇ ગયેલુ મુખકમળ કરીને હું માંડ-માંડ આંખો ઉંચી કરતો ભારે ભારે ઉષ્ણ નિઃશ્વાસા નાંખતો મજબૂર બનીને બારણું ખોલી બેઠો. (પાર્થને કહો ચડાવે બાણ, હવે તો યુધ્ધ એજ કલ્યાણ" આ ખૂનના ખુન્નસને ખળભળાટી મૂકતાં શ્રીકૃષ્ણના શબ્દો સાંભળીને) મને જાણે ગાંડીવ-ધનુષનો ગગનભેદી ટંકાર કરવા સજજ થઈને પાર્થાર્જુન સાથે પાર્થસારથિ પણ ખડા હતા.

પણ પેલા મહાભારતના અકલ દુર્યોધનની જેમ ભૂલ કરીને મારે મરવું નો'તુ મેં કીધુ 'શું કામ છે?'

આ તો ગીનીશ બુકમાં તમારૂ નામ લખાવવાનું છે ને? અમે એટલે આવ્યા છીએ.

"તો તો લખી જ લો. બાપુ ભગવાન તમારૂ ઘર ભર્યું ભર્યું રાખે.

ગીનીશ બુકમાં તમારૂ નામ નથી એની તમારા મોઢે જ સાબિતી થઇ ગઇ ને? નહિ તો તમે લખાવવા તૈયાર થાત? તમે એમ કેમ ના કીધું કે– મારૂ નામ તો લખાયેલુ જ છે. સાલુ સલવાઇ જવાયું. મેં સોયની અણિ જેટલી યે જમીન નહિ મળે આવું સંળાવી દીધું હોત તો. તાવનું ય બહાનું કયા નો'તુ કઢાતુ? મેં તો દુર્યોધનની પણ લાયકાત ગુમાવી દીધી. રામ... રામ... બીજી આવૃત્તિમાં સુધારી લઇશું.

શાસન સમાચાર

માંડવગઢ તીર્થ (ધાર) – અત્રે શ્રી સુપાર્શ્વનાથજી શ્રી શાંતિનાથજી તથા શ્રી સમૃદ્ધિ પાર્શ્વનાથજી એમ ત્રણે દેરાસરના મહા સુ. ૧૧ ના વર્ષગાંઠ નિમિત્તે શાંતિસ્નાત્રાદિ પંચાહ્નિકા મહોત્સવ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં રાખવામાં આવ્યો હતો. પૂ. શ્રી સુદ ૭ ના પધારતાં સારૂં થયું બહુ યાત્રિકો તે વખતે હાજર હતા. સુપાર્શ્વનાથજી જિનમંદિરની ધજાની બોલી થઇ શ્રી શાંતિનાથજીની ધજા રાજમલજી ખેમચંદજી ગુગલીયા (ધંદોર) તથા સમૃધ્ધિ પાર્શ્વનાથજીની ધજા શ્રી કુલચંદ ચીમનલાલ કરાણી સુરત વાલા (હાલે–જાપાન) તરફથી ચડાવાઈ– કીર્તિસ્થંભ તથા પં. શ્રી અભય સાગરજી મ. ગુરુમંદિરનું ભૂમિ પૂજન થયું શાંતિસ્નાત્ર વિધિ માટે રતલામથી શ્રી અમૃતભાઇ જેવની મંડળી આવી હતી જીવદયાની ટીપ સારી થઇ માંગલિક પ્રવચન બાદ પૂ શ્રી ને કામળી વહોરાવવાની ૪૫૦૦) રૂા. શેઠ ચંદુલાલ મણિલાલ બાંધણીવાળા અમદાવાદ તથા પૂ સાધ્વીજી મ. ને કામળી વહોરાવવાની રૂા. ૧૫૦૦) રાજમલજી ખીમચંદજી ગુગલીઆ (ધંદોર) તરફથી લાભ લેવાયો. ધજા ચડાવનાર તથા ભૂમિપૂજન કરનારનું શાલથી બહુમાન કરવામાં આવ્યું સાધર્મિક વાત્સલ્ય ૧૨ ભાવિકો તરફથી કાયમી ધોરણે થયું.

પૂ. શ્રી ફા. સુ ૬ વડોદરા પધારશે. ત્યા પાંચ દિવસ જુદા જુદા પરામા છે. ફા. સુ ૧૦ ઘડિયાળી પોળ પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજની ૨૭ મી સ્વર્ગતિથિ ઉજવાશે.

અર્ધશતાબ્દિ–મહોત્સવ– ઉજવાયો

પ. પૂ. માલવદેશે સદ્ધર્મ સંરક્ષક, ગચ્છાધિપતિ, આચાર્ય શ્રી વિજય સુદર્શન સૂરીશ્વરજી મહારાજની શુભનિશ્રામાં (પ્રીતમ નગર પહેલા ઢાળ સામે પાલડી) અમદાવાદ મધ્યે મહા સુદ ૮ શનિ ૧૯–૨–૬૪ના સા. અક્ષયરત્નાશ્રીજી ની વડી દીક્ષા થયેલ. મહા સુદ ૧૦ સોમ ૨૧–૨–૬૪થી પૂ. સાધ્વીરત્ના ચન્દ્રાનના શ્રીજી મ. ના ભક્ત વર્ગ તરફથી અર્ધ શતાબ્દિ મહોત્સવ ઉજવવામાં આવેલ. સાધ્વીજી ચન્દ્રાનના શ્રીજીને ૮૦ ઉપર શિષ્યા પ્રશિષ્યાઓ છે. આરાધક, ગુણિયલ આત્મા છે. સા. ચન્દ્રાનના શ્રીજીને દીક્ષાના ૫૧માં વર્ષમાં પ્રવેશ આજે થયેલ એ નિમિત્તે પૂજ્ય આચાર્ય દેવ આદિનું પ્રવચન તથા તેત્રીસ ૩૩) રૂપિયાનું સંઘપૂજન, ગુરૂપૂજન તથા ચાંદીની વાટકીની પ્રભાવના થયેલ. મુંબઇના અગ્રગણ્ય શ્રીમન્તો પણ પધારેલ આજે બપોરે શ્રી સિદ્ધ ચક્ર મહાપૂજન આદિ થયેલ. ત્રણે દિવસે આગન્તુકો માટે રસોડું ચાલેલ. માહ સુદ ૧૧ને સવારે પ્રવચન ૮૦ રૂપિ-

યાનું સંઘપૂજન, ગુરૂપૂજન, તથા બપોરે ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુનું પૂજન થયેલ. માહ સુદ ૧૨ને સવારે પ્રવચન, અષ્ટાપદજીની પૂજા, સંઘપૂજન, ગુરૂપૂજન તથા રાત્રે ભાવનાદિ થયેલ. ત્રણે દિવસે ચિકકાર જનમેદની હતી. બહારથી મંડલ બોલાવવામાં આવેલ. રંગ રાખ્યો મહોત્સવે.

અમદાવાદ – અત્રે ઝવેરીવાડમાં મુ. શ્રી અલંકાર વિજયજી મ. ને ૧૦૦ ઉપરાંત ૬૩ મી ઓળી પૂર્ણ થતા પ્રતિક્રમણ કરનારાઓ તરફથી સામુદાયિક સ્નાત્ર પૂજા સુપાર્શ્વનાથજીના દેરાસરે ભવ્ય આંગી રચાવેલી.

પાલીતાણા – અત્રે મેઇન રોડ કાપડ બજાર માંડવી ચોક પછી જુની આ. ક. પેઢી પાસે શ્રી આદિનાથજીનું પ્રાચીન ૪૦૦ વર્ષ નાના પ્રતિમા યુકત દેરાસર છે તેમજ સુખડીયા બજારમાં ગોડીજી પાર્શ્વનાથજી દેરાસર તથા શ્રી શાંતિનાથ દેરાસર કાપડ બજારમાં છે. આદિનાથ દેરાસર બંધાવનાર શેઠ શ્રી રૂપચંદ ભાવસિંહભાઇ એ સં૰ ૧૮૫૭ મહા સુદ ૨ના પ્રતિષ્ઠા કરેલ છે.

પાલીતાણા આવનારા સૌને આ જન મંદિરોમાં દર્શન કરવા વિનંતિ છે. ઇન્દ્રવદનભાઇ ધનજીભાઇ માંડવી ચોક પાલીતાણા

રાષ્ટ્રીય ઉજવણી પ્રતિક

૨૫૦૦ની રાષ્ટ્રીય ઉજવણીમાં પ્રતિક અને પચરંગી ધ્વજનો પ્રચાર થયો હતો. હજી પણ કેટલાક ભદ્રીક અજાણ તેમાં નહીં સમજનારા તે પ્રતિક અને ધ્વજનો ઉપયોગ કરે છે. આપણે ત્યાં આ પ્રતિક અને ધ્વજ હતા નહિ અને તેથી તેનો ઉપયોગ કરવો તે બરાબર નથી વળી આ ધ્વજ દિગંબરો મંદિરો ઉપર પણ લગાડાતા થયા છે તેમ જાણવા મળે છે જેથી આ રીતે સંકીર્ણ થતાં ભાવિમાં પણ કલેશ અને ભયનું વાતાવરણ સર્જાય માટે આ ધ્વજ અને પ્રતિકનો ઉપયોગ કરવો જોઇએ નહિં.

પૂજનો અશાસ્ત્રીય અને અનાદરણીય

આજે કેટલાકો સ્વાર્થ માટે અને સાધુઓ પણ ધુતવા માટે માણિભદ્રપૂજન, પદ્માવતી પૂજન વિ. કરાવે છે તે અશાસ્ત્રીય છે અને અનાદરણીય છે. આ લોકની ઇચ્છાથી કરતાં તે દ્રવ્યક્રિયા થઇ જાય છે અને તે લોકોત્તર દેવમત મિથ્યાત્વ બને છે.

સોજત સિટી પ.પૂ સિદ્ધાન્ત મહોદધિ આ. પ્રેમસૂરીશ્વરજી મ. ના સમુદાયના પ પૂ મહાતપસ્વી મુ શ્રી કમલરત્ન વિ. મ સોજત સિટી મધ્યે બિરાજમાન છે. પ. પૂ. ન્યાય વિશારદ મુ. શ્રી વિમલરત્ન વિ. મ. ની શાસ્ત્રાનુસારિણી પ્રભાવક વાણી, નિસ્પૃહતા, સ્વપર કલ્યાણ કામિનિવૃત્તિ તથા પ્રવૃત્તિ તેમજ નિશ્રાવર્તિ મુનિવરોની ઉત્કટ તપશ્ચર્યામય સંયમશીલતા ઇત્યાદિના યોગે સોજત સિટી (રાજસ્થાન) મ. ધર્મ વાતાવરણ ખિલી ઉઠયું છે. મહા સુદ ૮ નો ભવ્ય દીક્ષા મહોત્સવ, ભવ્ય ઉછામણી, જનમેદની અને છેલ્લાં પચાસ વર્ષમાં કદી નથી જોઇ, એમ સોજતસિટીમાં વસતા વૃદ્ધો કહે છે.

(અનુ. ટાઇટલ ૨નું ચાલુ)

યુવાવસ્થાને ચાહતા પણ યુવાન રહી શકયા નથી ! ક્ષયાકૃપ કરાવનારા પણ જુવાન રહ્યા હેમ નથી.

'એટલા સંયોગો જીવને પ્રાપ્ત થાય છે તે બધા વિયોગવાળા જ છે.' આ એક નકકર વાસ્તવિકતા હોવા છતાં પણ જીવો શા માટે સંયોગોને સોહામણા માનીને વિયોગની વેદના સહે છે તે સમજાતું નથી, પણ મોહદશા જ ભારી છે જે વિવેક દૃષ્ટિને ખુલવા દેતી નથી.

માટે જ હિતૈષીઓ વારંવાર પોકારે છે કે– ભાઇ લા ! સંસારની અવસ્થાને સમજ. આ બધાને જ આત્માના બંધનો માની તેનાથી મુકત થવા જ્ઞાની પુરુષોએ ફરમાવેલાં સત્કાર્યોમાં રતિ કર અને શકિત મુજબ તેનું આસેવન કર. તો તારું ભાવિ સુંદર છે. માટે હે પ્રજ્ઞાશીલ ! તું વિચાર પામ૨ મટી પરમપુરુષના પદને પામ.

—પ્રજ્ઞાંગ

卐

સાંસારિક કામનાથી ભકિત સોદો બની જાય છે

—પૂ. આ. શ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી

ભકિતમાં પ્રભુ પ્રત્યે પૂર્ણ પ્રતિબદ્ધતા અને સર્વસ્વ સમર્પણ કરી દેવાની તીવ્ર તાલાવેલી ઝળહળી ઉઠે ત્યારે શ્રીપાલ મયણા સુંદરી અને મીરા નરસિંહ મહેતા જેવા અમર પાત્રો સર્જાય છે. જ્યારે ભકતોની ભકિત આદર્શમય સર્જાય છે. જ્યારે ભકિતમાં સાંસારિક કામનાઓ, વળતરની વાતો આવે છે ત્યારે એ ભકિત મટીને સોદો બની જાય છે. એમ અમોદનગરમાં પ્રતિષ્ઠા પ્રસંગે પધારેલા જૈનાચાર્ય શ્રી સૂર્યોદય સૂરીશ્વરજી મહારાજે જૈન ભાવિકોના વિશાલ સમુદાયને સંબોધતા જણાવ્યું હતું.

(ગુજરાત સમાચાર તા. ૧૩–૩–૯૪ ભરૂચ પંચમહાલ આવૃત્તિ પૃ–૯)

卐

- સંસારનું સુખ જ કજીયાનું મૂળ છે અને દુઃખ નથી વેઠાતું તે જ સઘળી આપત્તિનું ઘર છે. તેથી આપણે રંકડા બની ગયા છીએ. તેથી આપણી ધર્મક્રિયાઓ રિબાય છે કે આ અકકરમી પાસે હું કયાંથી આવી ?
- વિવેક જન્મે એટલે સંસારની સારામાં સારી ચીજ આત્માને હાનિ કરનર લાગે.
- જેના વિષય–કષાય મંદ ન પડે તે ભગવાનના શાસનમાં આવી શકે નહિ.
- જૈન સંઘમાં આવેલા માટે સદ્ગતિ સુનિશ્ચિત, દુર્ગતિ હંમેશ માટે બંધ !
- કર્મયોગે જેને પાપ કરવું પડે પણ પાપ કરવાનું મન ન હોય તે જીવ પાપ કરવા છતાં ય દુર્ગતિમાં ન જાય. પુણ્ય કરતાંય હૈયામાં પાપની વાસના સેવે તે પુણ્ય કરતાં કરતાં ય દુર્ગતિમાં જાય.
- ઉપકાર બુધ્ધિ વિના પરિવાર વધારવા દીક્ષા આપવી તે પણ પાપ છે.
- જેને મોક્ષની ખાત્રી ન હોય તે જૈન તો નથી પણ આર્ય પણ નથી,
- દુઃખમાં રિબાય તે ય દુઃખી થાય, સુખમાં મજા કરે તેય દુઃખી થાય આ વાત જે સમજે તે ધર્મ સમજેલો કહેવાય.
- દુઃખ આપણાં પાપ વિના આવે જ નહિ. તમે શું દુઃખ ભોગવો છે ? નરકમાં પડેલાં જીવો જે દુઃખ ભોગવે તેનુ વર્ણન થાય તેમ નથી. તે વર્ણન સાંભળ્યા પછી પણ જેને વૈરાગ્ય ન થાય તે આત્મા આત્મા નથી પણ જડ જેવો છે.
- કર્મ બાંધવાની ભગવાને મના કરી છે પણ તીર્થંકર નામકર્મની આજ્ઞા કરી છે. [illegible] નામ કર્મનાં બંધને ઈચ્છે તે માટે મહેનત કરે તોય નિર્જરા થાય.
- માન–પાન, પ્રશંસાદિનો ભુખ્યો જીવ કયારે ભગવાનના ધર્મને કલંકિત કરે તે કહેવાય નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(રાખાભાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક–સુરેશ કે શેઠ સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

૪૨૬૮ ૧૯-૮-૩૨

નમો चउविभाए तित्थयराणं
उसभाइ-महावीर-पज्जवसाणाणं.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

ભાવ વિનાનો ધર્મ નકામો છે.

दानं तपस्तथाशीलं,
नृणां भावेन वर्जितम् ।
अर्थहानिः क्षुधापीडा,
कायक्लेशश्च केवलम् ।।

ભાવ વિનાના દાનથી દ્રવ્યની હાનિ થાય છે, ભાવ વિનાના તપથી માત્ર દેહને પીડા થાય છે, ભાવ વિનાના શીલથી તો માત્ર કાય કલેશ જથાય છે, અર્થાત ભાવ વિનાના ધર્મનું કાંઇ ફળ મળતું નથી.

અઠવાડિક

વર્ષ ૬ | અંક ૩૨

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

આ.શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર

ચેક ચિંતણી

अज्ञानं खलु भो : कष्टं, क्रोधाभ्योऽपि सर्व पापेभ्य : ।
अर्थं हितमहितं वा, न वेत्ति येनावृत्तो लोक : ।।

ક્રોધાદિ સઘળા ય પાપો કરતાં ખરેખર તો અજ્ઞાન એ જ મોટામાં મોટું પાપ છે જેના વડે વીંટળાયેલો લોક પોતાના હિત કે અહિતને પણ જાણી શકતો નથી.

સંસાર સર્જનનું એક માત્ર જો કોઇ બીજ હોય તો અજ્ઞાન જ છે. અજ્ઞાનનો કારમો પ્રભાવ છે કે, જીવ પોતાના વાસ્તવિક સ્વરૂપને સમજી શકતો નથી. અજ્ઞાનની સાથે જો અભિનિવેશપણું ભળે તો તે એવો અસાધ્ય રોગી બને છે કે ખુદ તીર્થંકર પરમાત્મા સમાન પરમોચ્ચ ધન્વંતરીને પણ હાથ ધોવા પડે છે. આ કાળમાં તો તેનું ચોમેર સામ્રાજ્ય એવું વ્યાપક બન્યું છે કે ભલભલા તેમાં અટવાઈ ગયા છે. તે બધા પાછા પોતાને જ સર્વગુણ સંપન્ન માને છે અને બીજા બધા તો દયાપાત્ર છે. અમે જ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવના જાણુ બીજા બધા અજાણુ! તેવા જીવો તો સાચી વાત પણ સાંભળવા જેટલી ધીરજ રાખી શકતા નથી, માટે તો જ્ઞાનિઓ કહે છે કે અજ્ઞાન અને અભિનીવેશની સાથે આવેશ-અધીરતા-અવિચારીપણું-આદિ આપોઆપ ખેંચાઇને આવે છે. તેવા બધા અશાસ્ત્રીયતાના પુરસ્કર્તા બનવા છતાં પણ શાસ્ત્રીયતાનો ઓળા ડોળ કરે છે કે જેનું વર્ણન ન થાય.

ક્રોધાદિ પાપો તો પ્રત્યક્ષ દેખાઇ આવે છે જ્યારે આ અજ્ઞાન તો એવું પાપ છે કે જ્ઞાનીના લેબાશમાં પણ ઘોર અજ્ઞાનનો આગેવાન હોઇ શકે છે. ભોળા ભદ્રિક જીવોને વાકચાતુરીથી કે લેખનકળા આદિથી એવા આંજી દે છે અને બધાની આંખમાં અજ્ઞાનનો સુરમો આંજી ઉન્માર્ગ ગમન પ્રવર્ત્તાવે છે. સન્માર્ગદર્શક હિતૈષીઓની સાચી વાત પણ રોગીને પથ્યપાલન જેવી કડવી લાગે છે. પોતાની સાથે અનેકના અહિતના હેતુ થા બનવાનું બિરૂદ ધરાવવામાં પોતાનું ગૌરવ માને છે. કુષ્ઠાદિ ચેપી રોગીને રોગ દૂર કરવા કરતાં તેને ચેપ લગાડવામાં જેવો આનંદ આવે છે તેનાથી કદાચ અધિક આનંદ અજ્ઞાન અટવીમાં અટવાતાને, બીજાને પોતાનો બનાવવામાં આવે છે. મોહે જગતના જીવોને અજ્ઞાન મદિરાનું એવું આકંઠપાન કરાવ્યું છે કે જીવ સ્વરૂપે ચેતન છતાં જડનો સગો ભાઈ બની ગયો છે.

અજ્ઞાનના નશામાંથી મુકત થવા જ્ઞાનિ પુરૂષોના ચરણોની નિષ્કામ ભાવે ઉપાસના

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

-: તંત્રીઓ :-
પ્રેમચંદ મેઘજી ગુડકા (મુલુન્ડ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (ગોડજીરા)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ (વઢવાણ)
ધનજીભાઈ લક્ષ્મશી ગુડકા (થાણા ગઢ)

વર્ષ ૬] ૨૦૫૦ ફાગણ વદ-૨/૩ મંગળવાર તા. ૨૯-૩-૯૪ [અંક ૩૨

—ધર્મ એજ આધાર :

– પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

(શ્રી જિનાજ્ઞા કે પ્રવચનકારશ્રીજીના આશય વિરુદ્ધ લખાયું તો ત્રિવિધે ક્ષમાપના, –અવ૦)

૨૦૨૮, મા. સુ. ૪, આરેજામાં આપેલ પ્રવચન.

અનંત ઉપકારી મહાપુરુષો ફરમાવે છે કે, આ જન્મ એ જ દુઃખનું મુળ છે કેમ કે, વિના પાપે જન્મ થતો નથી. જન્મ કોનો થાય ? મોહ નામનું પાપ જેનું જીવતું હોય તેનો. આ વાત બધાને સમજાતી નથી. આ જન્મ દુઃખમય કેટલાને લાગે.

મરવાનો ભય બધાને છે પણ જન્મનો ભય કેટલાને ? જન્મે તે બધા મરે છતાં અજ્ઞાન એવું વ્યાપ્યું છે કે બધાને મરણનો ભય લાગે છે. મરવું તે ભૂંડું કે જન્મવું તે ભૂંડું ? પાપનો ઉદય નહિ તેને જન્મવાનું નહિ. મોહ નામનું પાપ મરે તેને જનમવાનું નહિ. મોહ નામનું પાપ જીવતું માટે જન્મ થાય.

પાપના ઉદયથી જન્મ માલવા છતાં પણ આ મનુષ્યજન્મ વખાણ્યો કેમ ? આ જન્મથી જ મોક્ષ મળે, આ જન્મમાં જ મોક્ષની સાધના પૂરેપૂરી થઇ શકે, મોક્ષનું સાધન સાધુપણું પણ આ જન્મમાં જ મલી શકે માટે આ જન્મને વખાણ્યો છે. પણ જે આત્મા મરણથી ડર્યા કરે, જીવવાની ઝંઝટમાં પડે તેનો નિસ્તાર થાય ?

આજે જીવવા માટે શું શું કરો છો ? બધી મોજમજા કરવી છે, તે માટે પૈસો જોઈએ છે તો પૈસો મેળવવા શું શું કરો છો ? પૈસો મેળવવા જે કરવું પડે તે બધું મજેથી કરે તો તેના કેટલા જન્મ–મરણ વધી જાય ! જીવવા માટે પાપ કરવું પડે તે

પાપ નહિ ગણાતું હોય ? તેની સજા ખરી ? કોને ભોગવવાની ? આ બધો વિચાર કોણ કરે !

'દશ-દશ દૃષ્ટાન્તે દુર્લભ એવો મનુષ્ય જન્મ મળ્યો તો બારા જન્મ-મરણ ઘટે અને વહેલામાં વહેલો મોક્ષ થાય તેમ મારે જીવવું જોઇએ' આવો વિચાર પણ કેટલાને આવે ? આ વિચાર નથી માટે તમને બધાને સાધુ થવાનો પણ વિચાર નથી. સાધુપણું ખરાબ ચીજ છે ? જૈન અને સાધુ થવાની ભાવના વિનાનો-આ બોલવું અમને ય ગમતું નથી. તમારે માત્ર સાધુ જ થવું નથી પણ શેઠ-સાહેબ થવું છે, સાહ્યબીવાળા થવું છે અને અમને કહો કે, અમે તો ભગવાનને માનીએ છીએ. આપણા બધા ભગવાન સાધુ થઈ મોક્ષે ગયા અને તમારે સાધુ પણ થવું નથી અને ભગવાન પણ થવું નથી તો ભગવાનને માન્યા શું ? જેને ભગવાન થવું ન હોય તે ભગવાનને કેમ પૂજે તે શંકા છે ? સાધુ પણ થવું ન હોય તે સાધુ પાછળ કેમ દોડાદોડ કરે તે ય શંકા છે ?

આજનો ધર્મ કરનારો મોટો ભાગ સંસાર સુખમાં જ લીન છે. દેવ-ગુરુ અને ધર્મને પણ તેટલા માટે માને છે કે, આ બધું બરાબર બન્યું રહે. આજે તમારે સુખ પણ શું છે ? તમારે મજૂરી વધારે છે કે સુખ વધારે છે ! આગળના પુણ્યશાલીઓને તમારા જેવી મહેનત-મજૂરી કરવી પડતી ન હતી. મહાસુખમાં આળોટતા હતા. શ્રી શાલિભદ્રજીને તડકા-છાંયડાની ખબર ન હતી. સાતમા મજલેથી નીચે ઊતરતે ન હતો. દુનિયા કેમ ચાલે છે તેની ખબર ન હતી.

તમારી પાસે શું સુખ છે ? સુખ મેળવવા દુઃખનો પાર નથી. કેટલાં પાપ કરો છો તેનું તો વર્ણન થાય તેમ નથી. પાપની સજા ભોગવવી નથી. તમારા પર પુણ્યની છાયા છે માટે મોટાં કામ કરવા છતાં પણ કોઇ પકડી શકતું નથી. પણ તે બધા પાપની સજા તમારે ભોગવવાની છે તે ખબર છે ? જો આ વાત યાદ આવે તો પાપ કરતાં કંપારી આવે. આ નહિ સમજો ત્યાં સુધી ભગવાન ઓળખાશે નહિ. હૈયામાં આવશે નહિ.

આજે ધર્મ રૂઢિ મુજબ થાય છે. તમે કેમ ભગવાનના દર્શન-પૂજન કરો છો, મંદિરમાં જાવ છો-આમ પૂછો તો તમારી પાસે જવાબ નથી. પેઢી પર કેમ જાવ છો ? ઘરે કેમ જાવ છો ? તો તેનો જવાબ છે. આ ધર્મ અજ્ઞાનીઓનો છે કે જ્ઞાનીઓનો છે ? મોક્ષમાં જવાનું મન નથી, સંસારમાં સારી ફાવટ છે ત્યાં સુધી અજ્ઞાન જીવતું છે. અજ્ઞાન જીવતું રહે તો આ ધર્મથી ફાયદો શું થાય ? મંદિરમાં જનારથી આ-આ

ન થાય, આટલું–આટલું તો કરવું જ જોઇએ, આમ જો નકકી કરવામાં આવે મંદિરે જનારા કેટલા મળે ?

ભગવાનના મંદિરમાં જવું હોય તેનાથી વેપારમાં અનીતિ ન થાય, જૂઠ ન બોલાય, ચોરી ન કરાય, ખાવા–પીવાદિમાં કંદમૂળ, અભક્ષ્ય ન ખવાય, રાતે ન ખવાય–આવો નિયમ કરવામાં આવે તો મંદિર ખાલી રહે કે જનારા મલે ? આ બધું ચાલુ રહે અને મંદિરે જાય તો ફાયદો શું ? આ બધું કરવું પડે તેનું અરેખર દુઃખ હોય તેવા પણ કેટલા મલે ?મંદિર નકામી જગ્યા છે ? પાપ કરીને મંદિરમાં જાય તો સજા માફ થાય તેવું છે ? આજે કોઇનું કાંડું પકડાય તેવું નથી પણ તેવાઓથી જ મંદિર–ઉપાશ્રયાદિ ધર્મસ્થાનો જોખમમાં છે.

સાધુ પાસે પણ કેમ ? સાધુના આશીર્વાદ મલે અને લીલાલહેર થાય માટે. ધર્મ પણ કેમ કરે ? દુનિયામાં સારા દેખાઇએ, પછી જે કરવું તે મજેથી કરી શકાય માટે. પાપ કરીએ તો પાપની સજા થવાની છે તેમ મોટો ભાગ માનતું જ નથી. આવો અજ્ઞાન ધર્મ આજે ચાલુ છે. અમે ધ્યાન ખેંચીએ તો કહે કે, 'મહારાજ ! તમે નવા આવ્યા લાગે છો. અમારા બાપ–દાદાય આમ કરતા હતા.'

આ કાળ બહુ ખરાબ છે. પૈસાની લાલચમાં તમે શું ન કરો તે કહેવાય તેમ નથી. આ કાળમાં તો પૈસા આપી ધર્મનો બદલો કરાવે છે. ઘણાએ પોતાનો ધર્મ છોડી પણ દીધા. અમને પણ ઉપદેશ અપાય છે કે તમારે પણ આવા મીશન ચલાવવાના છે. દેવ–ગુરુ–ધર્મને કેમ માનવાના છે તે સમજે નહિ ત્યાં સુધી કેડાણું પડે નહિ. આજની ગરબડમાં તમે આવી ન જાવ, ફસાઇ ન જાવ માટે આ બધી વિચારણા છે.

પાપની સજા નજરે જોવાં છતાં તમે માનતા નથી. તેટલા બધા નઠોર થઇ ગયા છો. બીજા ઠેકાણાની વાત જવા દો પણ મનુષ્યોમાં ભૂખ લાગે તેને ખાવા નથી, તરસ લાગે તેને પીવા નથી, કામ કરવા છતાં ઉપરથી માર પડે છે. તમારી પાસે ખાવા–પીવા, પહેરવા–ઓઢવા છે તો શાથી છે ? આ જન્મ થોડા કાળનો છે. બહુ બહુ તો સો વર્ષ. પાપમાં જ સજા માનો, પાપને ઢાંકવા માટે દેવ–ગુરુ–ધર્મનો ઉપયોગ કરો તો તમારીય આવી હાલત થશે તો તમારું શું થશે ?

(ક્રમશઃ)

卐

જૈન રામાયણના પ્રસંગો

૧૯. પિયુ મિલન-પિયા મિલન

-શ્રી ચંદ્રરાજ

આજથી ૨૨-૨૨ વર્ષ પહેલાં માનસ-સરોવરથી જ ઉડીને મિત્ર સાથે પવનંજય અંજનાને જોવા ગયો હતો અને દુર્ભાગ્યથી મનમાં શલ્ય રાખીને પાછો ફર્યો હતો. આજે ૨૨-૨૨ વર્ષ પછી એ જ માનસ-સરોવરથી મિત્ર સાથે ઉડીને પવનંજય રાત્રિના સમયે અંજના સુંદરી પાસે જઇ પહોંચ્યો છે.

કોઇ અવળા દુર્ભાગ્યથી પિયુ મિલન અને પિયા મિલન વચ્ચે ૨૨-૨૨ વર્ષની એક દિવાર ઉભી થઇ ગઇ હતી. આજે એ દિવારની છેલ્લી ઇંટ પણ જાણે અંજના પવનંજયના મિલનની વચ્ચેથી હટી ગઇ હતી.

અંજનાસુંદરીના આવાસે પહોંચી જઇને પવનંજય બહાર કયાંક છૂપાઇ ગયો. અને પ્રહસિતે આવાસમાં પ્રવેશ કર્યો.

થોડા પાણીમાં તરફડાટ કરતી માછલી-ની જેમ પલંગ ઉપર આળોટયા કરતી, હિમ વડે કમલિનીની જેમ જ્યોત્સ્ના વડે પણ પીડા પામતી, હૃદયના સંતાપથી તૂટી ગયેલી મોતીની માળા વાળી, વારંવાર મુકાતાં દીર્ઘ નિઃશાસાથી હાલ્યા કરતાં વાળવાળી હાથમાં પહેરેલા ઢીલા પડી ગયેલા મણિ કંકણો વાળી, વસંતતિલકા વડે વારંવાર આશ્વાસન પમાડતી શૂન્ય-દૃષ્ટિ અને શૂન્ય મન વાળી કષ્ટના જેવી લાગતી અંજનાસુંદરીને પ્રવેશેલા પ્રહસિતે જોઇ.

અને આ રીતે અચાનક રાત્રિના સમયે જ પ્રવેશેલા પુરૂષને જોઇને અંજના સુંદરી ડરી ગઇ હોવા છતાં ધીરજપૂર્વક બોલવા લાગી કે-

તું અહીં કોણ આવ્યો છે ? અથવા તો પરપુરૂષ એવા તને ઓળખવાની મારે જરૂર નથી. હવે અહીં પરનારીના આ નિકેતનમાં તું એક ક્ષણ પણ ઉભો ના રહીશ. વસંતતિલકા ! આને હાથથી પક-ડીને બહાર કાઢી મુક. ચંદ્ર જેવી ઉજજ-વળ હું આવાને જોઇ પણ ના શકું. પવન-જયને છોડીને મારા આ મંદિરમાં પ્રવે-શવાનો કોઇને પણ અધિકાર નથી. વસંત-તિલકા ! તું જોઇ શું રહી છે ? (આને ઘરમાંથી કાઢી નાંખ)

આ સાંભળીને નમસ્કાર કરીને પ્રહસિતે કહ્યું-હે સ્વામિની તમે ભાગ્યથી વૃદ્ધિ પામો છો. ઉત્કંઠ બનેલો પવનંજય લાંબા કાળે પણ અહીં આવ્યો છે. હું તેનો પ્રહસિત નામનો મિત્ર છું. બસ હવે પવનંજયને અહીં હમણાં જ આવેલ જાણજો.

અંજનાએ પણ કહ્યું-વિધાતાથી હસા-યેલી મને હે પ્રહસિત ! તું હસીશ નહિ.

આ મશ્કરી કરવાનો સમય નથી. અથવા તો તારો કે ઇ દોષ નથી. મારા પૂર્વના કરેલા કર્મનો જ આ દોષ છે. નહિતર એવો કુલીન ભર્તા મને તજે જ શા માટે? લગ્નથી માંડીને તજાયેલી મને ૨૨-૨૨ વર્ષ વીતી ગયા છતાં હજી પણ હું પાપીણી જીવી રહી છું.

હવે તો અંજનાના શબ્દો સાંભળીને આ દર્દભર્યા દુઃખના ભારથી આક્રાન્ત થઈને દુઃખી દુઃખી થઈ ગયેલો છુપાઈને રહેલો પવનંજય જલ્દીથી ઘરમાં પ્રવેશીને ગદ્ ગદ્ કંઠે આ પ્રમાણે કહેવા લાગ્યો કે– "મારી જાતને કંઈક હોંશિયાર સમજનારા મેં નિર્દોષ એવી તારા ઉપર દોષનું આરોપણ કરીને લગ્નના દિવસથી માંડીને તારી આજ સુધી અવજ્ઞા જ કરી છે. મારા આ ભયાનક અપરાધના કારણે જ હે પ્રિયે! તું આવી દુઃસહ્ય દુર્દશાને પામી છે. મારા કંઈક જાગેલા ભાગ્યથી જ તું થોડા કાળને માટે મૃત્યુમુખથી બચી શકી છે. તને મોતના મોઢામાં ધકેલી દેવાનો અક્ષમ્ય અપરાધનો કરનારો હું જ છું." આ પ્રમાણે પ્રશ્ચાત્તાપપૂર્વક બોલતાં પોતાના પ્રાણનાથને ઓળખીને શરમથી નીચામુખવાળી અંજનાસુંદરી પલંગની ઇપનો ટેકો લઈને ઉભી રહી.

સૂંઢ વડે લતા-વેલડીને ગ્રહણ કરતાં હાથીની જેમ વાળેલા હાથ વડે અંજનાસુંદરીને પકડીને પવનંજય પલંગ ઉપર બેઠો.

ફરી પવનંજયે પશ્ચાત્તાપથી મૃદુ ભાષામાં કહ્યું–"અતિ ક્ષુદ્રબુદ્ધિવાળા મારા વડે નિરપરાધી એવી તું દુઃખી દુઃખી કરાઇ છે, હે પ્રિયે! મારા આ અક્ષમ્ય અપરાધની મને તું ક્ષમા કર.

અંજનાએ કહ્યું-હે નાથ! હવે પછી આવું ના બોલશો. હું તો હંમેશને માટે તમારી દાસી જ છું. તેથી મારી પાસે ક્ષમાપના કરવી અનુચિત છે.

આ અરસામાં પ્રહસિત અને વસંતતિલકા પણ બહાર નીકળી ગયા. એકાંતમ પતિ-પત્ની રહ્યા હોય ત્યારે ચતુર પુરૂષો તેમની પાસે રહેતા નથી.

આ રાત્રિ ઇચ્છા મુજબ અંજના-અને પવનંજયે ક્રીડાપૂર્વક પસાર કરી. અને એક પ્રહરની જેમ રાત્રિ પસાર થઇ ગઇ.

સવારે પવનંજયે કહ્યું–પ્રિયે! હવે હું વિજય માટે જઇશ. નહિતર વડીલોને આ વાતની જાણ થઇ જશે. [યુદ્ધમાં જનારો વીર સપુત કદિ પ્રિયાના પ્રેમથી ખેંચાઈને પાછો ફરતો નથી હોતો.] પણ હવે પછી તું કશો ખેદ ના કરીશ. સખીની સાથે સુખેથી રહેજે. ત્યાં સુધી હું રાવણનું કામ પતાવીને આવું છું.

અંજનાએ કહ્યું–તે કામ તો તમારે સિદ્ધ જ છે કૃતાર્થ થયેલા તમે જલ્દીથી પાછા ફરજો નાથ! જો તમે મને જીવતી જોવા ઇચ્છતા હો તો. અને બીજી વાત કે હું આજે જ ઋતુસ્નાતા બની છું. જો મને ગર્ભ રહેશે તો તમારી ગેરહાજરીમાં લોકો મારી તરફ જેમ તેમ બોલશે.'

પવનંજયે કહ્યું–હે માનીની હું જલ્દીથી કામ પૂર્ણ કરીને પાછો ફરીશ. અને

卐 શ્રીમાન્ ચંદ્રશેખરજીનો એક જુનો ઈન્ટરવ્યુ 卐

પ્રેષક પૂ. મુ. શ્રી ભુવનચંદ્ર વિજયજી મ.

'અભિયાન'ના તંત્રી શ્રી ક્રાન્તિ ભટ્ટે, ચારેક વર્ષ પહેલા, લીધેલો ઈન્ટરવ્યુ, ચંદ્રશેખરજીના અસલી રૂપને ખડું કરે છે. અત્યારે ખ્યાતિ અને વાહવાહના ચકકરમાં ઘેરાએલા છે. અને પૂ. પૂર્વાચાર્યોને અને ૪૫ આગમ પંચાગીને ઠોકરે ચઢાવવાના એમના ચાળા નવા નથી. એ ઇન્ટરવ્યુ સ્પષ્ટ કરી જાય છે.

પ્રશ્ન :- આ તપોવન સ્થાપવા પાછળ શું ઉદ્દેશ છે ? આપના ઉદ્દેશ પાર પડી રહ્યા છે ?

ચંદ્રશેખરજી :- છ વર્ષ પહેલા આ ગુરૂકુળ શરૂ થયું. અત્યારે અહીં ૪૦ જૈન સાધુઓ છે. પણ હંમેશા અહીં ૮-૧૦ સાધુઓ રહે છે. અમે અહીં બાળકોને તેમના ચાલુ શિક્ષણ સાથે જૈન ધર્મના સંસ્કાર આપવા માંગીએ છીએ. હવે બે વિદ્યાર્થીઓ તૈયાર કરીએ છીએ જે ઇન્દિરા ઓપન યુનીવર્સિટીમાં ભણીને ગ્રેજ્યુએટ થશે. મારે અહીં એવા રકોલરો તૈયાર કરવા છે જે આઇ.એ.એસ. બને, વકીલ બને અને પ્રોફેસર બને. પોતપોતાના ક્ષેત્રમાં નિષ્ણાંત બનીને, નિષ્ઠાપૂર્વક સંસ્કાર ફેલાવે. અહીં મેં એક સૂત્ર રાખ્યું છે. "અમે વૃક્ષો નહી, માણસ ઉગાડીએ છીએ"

પ્રશ્ન :- અહીં માત્ર જૈન બાળકોજ ભણે છે ?

ચંદ્રશેખરજી :- ના, અહીં બ્રહ્મણ, વાળંદ, ઘાંચી, અને મોચીના બાળકો પણ ભણે છે.

પ્રશ્ન :- (લોકો) ૨૦ વર્ષ પહેલા જે સમસ્યાઓ લઇને આવતા અને હવે આવે છે તેમાં શું તફાવત છે ?

ચંદ્રશેખરજી :- ઓહ, લોકોના દુઃખમાં ખૂબ વધારો થએલો દેખાય છે. વિકૃતિ વધી ગઇ છે. મહત્વકાંક્ષાએ માણસને વિકૃત બનાવ્યો છે. ૮૦ ટકા બાબતો સેકસને લગતી હોય છે...

પ્રશ્ન :- આ તો ગંભીર બાબત છે. ગર્ભપાત કરાવ્યાના એકરાર પણ કરે છે ?

ચંદ્રશેખરજી :- હા. યુવતીઓમાંથી ૪૦ ટકાએ ગર્ભપાત કરાવ્યો હોય છે..... (કુત્સિત વાતને વધુ જાહેરાતમાં ન મુકાયને ?)

મારી મહત્વકાંક્ષા છે કે :- આ તપોવનમાંથી જ ભારતના પ્રધાનો તૈયાર થાય. એકાદ વિદ્યાર્થી જિન પ્રધાન અને વડાપ્રધાન પણ બને તેવી ઇચ્છા છે.

[આ અભિયાનમાં આવેલ પૂ પં. શ્રી ચંદ્રશેખર વિ. મ.નો ઈન્ટરવ્યુ છે.]

[અનુ. પાના ૮૦૨ નું ચાલુ]

હું આવ્યા પછી તારા તરફ કોણ શું બોલી શકવાનું છે ? અથવા તે લે આ મારા નામથી અંકિત થયેલી વીંટી તું તારી પાસે રાખ. યોગ્ય સમયે તું તે બતાવી શકીશ. આમ કહીને

अर्पयित्वाऽङ्गुलीयं
स्वसुत्पत्य पवनञ्जयः ।
जगाम मानससरस्तीरस्थे
शिबिरे निजे ॥

પોતાની વીંટી આપીને, ઉડીને પવનંજય માનસ સરોવરના કિનારે રહેલી પોતાની છાવણીમાં ચાલ્યો ગયો.

રામ વનવાસ

- પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

પ્રવેશ ૪ થો

સ્થળ અયોધ્યાનો રાજમહેલ.

(રામચંદ્રજીને બદલે ભરતના શિરે અયોધ્યાનો રાજમુકુટ મૂકાવાનો છે, એ સમાચાર રાજધાનીમાં વહેતા થઇ ગયા. એના અનેક પ્રકારના વિધ-વિધ આઘાત-પ્રત્યાઘાતો પડવા લાગ્યા. રાજકુમાર લક્ષ્મણને જ્યારે આ ખબર મળી, એટલે રામચંદ્રજી પરના અપાર સ્નેહના કારણે તેમને ખૂબ આઘાત લાગ્યો. એ ઉતાવળા બની સીધા રામના આવાસમાં આવ્યા)

લક્ષ્મણ :- બંધુ! આ હું શું સાંભળું છું! રહી-રહીને માતા કૈકેયીને: આ શું સૂઝ્યું! એ કદિ બનવાનું નથી. જ્યાં સુધી રામનો સેવક તેનો નાનો ભાઇ લક્ષ્મણ અહિં બેઠો છે ત્યાં સુધી રામના બદલે અન્ય કોઇપણ-ભલે ભરત હોય કે કોઇપણ હોય, અયોધ્યાના રાજ-સિંહાસન પર નહિ જ આવી શકે.

રામચંદ્ર :- ભાઇ લક્ષ્મણ! આમ અકળાઇ જવાનું ન હોય. પૂજ્ય પિતાજીનાં વચનની ખાતર આ રામ જ્યારે માથું આપવા તૈયાર છે, તો પછી આ શું વિસાતમાં છે? પિતાજી જ્યારે આત્મકલ્યાણના પવિત્ર પંથે પ્રસ્થાન આદરી રહ્યા છે ત્યાં એઓશ્રીના પરમહિતકર માર્ગમાં રહેજ પણ વિક્ષેપ પડે એવું તારાથી ન થઇ જાય તે ધ્યાનમાં રાખજે!

લક્ષ્મણ :- ભાઇ! તમને આ બધાં સ્ત્રીચરિત્રની ખબર નથી; માટે જ આમ શાંત બનીને તમે બધું સહી લો છો. પણ મારાથી આ અન્યાય કોઇ રીતે સહન નહિં થાય. મારો આત્મા અંદરથી અકળાઇ ઉઠયો છે. કોઇપણ ભોગે કૈકેયીનું ધાર્યું હું નહિ જ થવા દઉં. આખી અયોધ્યા નગરી અને નગરીના શાણા પ્રજાજનો આજે ખળભળી ઉઠયા છે. આજે અયોધ્યાના રાજકુલમાં અન્યાય થઇ રહ્યો છે. એક સ્ત્રીના અવિચારી પગલાંથી ચૌમેર અશાંતિનો દાવાનળ ભડકે બળી રહ્યો છે.

રામચંદ્ર :- ભાઇ લક્ષ્મણ! આ બધું તું કોની આગળ બોલે છે? તને શું એ ખબર નથી કે, તારો વડિલ ભાઇ રામ, પિતાજી કે માતાજીની આજ્ઞાના પાલનને માટે પોતાનું સર્વસ્વ ફના કરવા એક જ પલમાં તૈયાર રહે છે. પૂજ્ય પિતાજીનું વચન એળે ન જાય એની ખાતર આ રામ અયોધ્યાનાં સિંહાસનને આજે સ્વેચ્છાએ ત્યજી દેવા તૈયાર થયો છે. તારા જેવા રામના સેવકે રામની શોભા, પિતાજીની પ્રતિષ્ઠા, તથા આપણા પૂર્વજોની ઉજ્જવળ કીર્તિ આ બધાયને રહેજ પણ ડાઘ લાગે, તેનો વિચાર કરીને બોલવું જોઇએ. માતા

કૈકેયી. એ તો આપણે મન પૂજ્ય માતાજીનાં સ્થાને છે. એમણે જે કાંઇ કર્યું છે. તે બરાબર છે. એ વિષે તારે એક શબ્દ પણ બોલવો ન જોઇએ. અને અયોધ્યાનાં પ્રજાજનની જે તું વાત કરે છે. તે માટે તું નિઃશંક રહેજે! રામના ગૌરવની ખાતર રામ જે કાંઇ કહે તેને સ્નેહપૂર્વક સ્વીકારી લેવા અયોધ્યાના શાણા પ્રજાજનો સદા તૈયાર છે. એની મને પૂર્ણ શ્રધ્ધા છે. માટે ભાઇ! ધીરો થા, શાંત બન! અને તારા વડિલ બંધુની ખાતર આ બધું સ્વસ્થાપૂર્વક મુંગો બની જોયા કર!

લક્ષ્મણ :- (કાંઇક આવેશ શમતાં) વડિલબંધુ પૂજ્ય રામ! આપ ખરેખર કોઇ અલૌકિક પુરુષ છો. સંસારના ઝંઝાવાતો આપના મેરુ જેવા આત્મ બલને સ્પર્શી શકતા નથી, તે મેં આજે નજરે જોયું. આપનું વ્યકિતત્વ સાચે જ અદ્‌ભૂત છે. આપનો ત્યાગ, આપનું આત્મ બલિદાન, આપનો સમર્પિત ભાવ કોઇ અપૂર્વ છે. શિરછત્ર પિતાજીનાં વચનનાં બહુમાન ખાતર આપ જે રીતે આજે આપનું સર્વસ્વ ત્યજી દેવા બેઠા છો, એ મારાથી કઇ રીતે જોયું જાય! લલે પિતાજીએ વચન આપ્યું, એટલે પિતાજી ઋણમુકત બન્યા, પણ આપનાં સ્થાને અયોધ્યાની રાજગાદી પર અન્ય કોઇ આવે એ હું સહન ન કરી શકું.

(આ બાજુ ભરતને આ સમાચાર મળે છે. અયોધ્યાના રાજકુલમાં જે કાંઇ હમણાં બની રહ્યું છે. તે વાતાવરણથી તેઓ પરિચિત બને છે. આ બધા અનર્થોનું કારણ પોતાની માતા છે, એ જાણીને તેઓ માતા કૈકેયીની પાસે આવે છે.)

ભરત :- (કાંઇક વ્યથિત સ્વરે) મા! તેં આ શું કર્યું? પિતાજી જ્યારે સંસાર સમસ્તને ત્યજીને નીકળી રહ્યા છે. ત્યારે એમની પાસે તને આવું માગવાનું કેમ સૂઝ્યું? તારો પુત્ર હું જ્યારે શિરછત્ર પિતાજીના પગલે દીક્ષા અંગીકાર કરવા તૈયાર થયો છું, ત્યારે તેં મારા માટે આ કેવી તુચ્છ માગણી કરી? વડિલ બંધુ રામચંદ્રજી, લક્ષ્મણજી, આ બધાયને મૂકીને શું હું અયોધ્યાની ગાદી પર બેસી જઈશ એમ તેં માન્યું? મા! શું મારા દીક્ષાને તેં આવો સ્વાર્થી અને એકલ પેટો ધાર્યો! મા! આથી મને અતિશય દુઃખ થયું છે. મારા મોહમાં ભાન ભૂલી તેં આ શું કર્યું? આપણા શાંત સ્વસ્થ તથા સુખી રાજકુલમાં તે અશાંતિ અને દુઃખની આ રીતે આગ કાં ચાંપી? તારા હાથે આ એક ભયંકર ભૂલ થઇ છે, જેનું પરિણામ સારું નહિ જ આવે?

કૈકેયી :- ભાઇ ભરત! આમ ઉતાવળો ન થા! થોડો શાંત થા. મારું હૃદય કેવું વિહ્વલ બન્યું હતું, તેનું તને ભાન કયાં છે? એક બાજુ તારા પિતા, અમારા શિરછત્ર માથાના મુકુટ, હૃદયના હાર, અમને અસહાય મૂકીને જ્યારે ચાલી જતા હોય, અને તું પણ જ્યારે મા મૂકીને પરિષહ અને ઉપસર્ગોના રાજમાર્ગ રૂપ સંયમ ગ્રહણ કરવા સજ્જ થતો હો, તે સ્થિતિમાં

માતા તરીકે હું અતિશય મૂંઝવણમાં મૂકાઈ જાઉં એ શું બનવા જોગ નથી ? અને મોહન આવેશમાં તને સંસારમાં રાખવા માટે તારા પિતાજી પાસે મારા હાથે આ માગણી મુકાઇ જાય એ સ્વાભાવિક છે. બાકીમારે મન રામ કે ભરત બંને સરખાછે. ગમે તેમ તો ય હું સ્ત્રી છું. હૃદયની નિર્બળતા અમારામાં ભારોભાર ભરેલી હોય, અને એથી જ તને સંસારમાં રાખવા માટે મેં આમ કર્યું છે.

ભરત :– પણ મા ! હું તારી આ ઇચ્છાને આધીન નહિ જ થાઉં ! મારે અયોધ્યાની રાજગાદી ન જોઇએ. જે પિતાના પુત્ર તરીકે રામચંદ્રજી જેવા અયોધ્યાના રાજ્યવૈભવને લાત મારવાનું આત્મસામર્થ્ય ધરાવે છે, તે જ પિતા–મહારાજા દશરથનો હું પુત્ર છું. મારે અયોધ્યાની રાજગાદી કદી જોઇતી નથી. વડિલબંધુ પૂજ્ય રામચંદ્રજી, અયોધ્યાના રાજસિંહાસનને માટે દરેક રીતે સુયોગ્ય છે. હું તો તેઓનાં ચરણની રજ બનીને સંસારમાં રહેવું પડશે તો રહીશ; માટે મા ! તારે એ વિષે હવે કોઇ પણ જાતનો આગ્રહ ન કરવો. તારા મોહના કારણે એક બાજુ પિતાજીની સાથે સંયમ સ્વીકારવાની મારી તૈયારી અટકી પડી છે. જ્યારે બીજી બાજુ તું રાજ્ય માટે મને આ રીતે આગ્રહ કરી રહી છે. પણ એ કદિ બને ખરૂં ? અયોધ્યાના સઘળા રાજ્યભારની ધરા વહન કરવાની લાયકાત, અધિકાર કે તે માટેનો હક્ક વડીલ બંધુ શ્રી રામચંદ્રજીનો જ છે અને રહેશે. અન્ય કોઇનો નહિ. એ તારે ભૂલવું જોઇતું નથી ! (ક્રમશઃ)

મુનિવર–શબ્દનો મહિમા સમજો

જય જિનેન્દ્ર તા. ૪–૧–૬૪માં મું.સ.માં લખે છે કે–'પૂ. બંધુ ત્રિપુટી મુનિવરોની પ્રેરણાથી તીથલ તથા આસપાસના કાંઠા વિસ્તારોના આદિવાસીજનોના લાભાર્થે વિવિધ રોગના નિદાન તથા યોગ્ય સારવાર માટે તા. ૯–૧–૬૪ને રવિવારે મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે.

આ અંગે અનુકંપા જીવદયાનું કાર્ય કોઈ પણ કરી શકે છે. પરંતુ મું.જ.સમાચારના 'જય જિનેન્દ્ર' વિભાગ 'પૂ. બંધુ ત્રિપુટી મુનિવરો" શબ્દ વાપરે છે. તે તેમની અજ્ઞાનતા છે. શ્રી ચિત્રભાનુ માટે 'ગુરૂદેવ' શબ્દ વાપરતા તેનો વિરોધ થયો અને તે બંધ થયો તેમ બંધુ ત્રિપુટી માટે પૂ. મુનિવરો શબ્દો વાપરવા તે શબ્દનો વ્યભિચાર–દુરુપયોગ છે તેઓ મુનિપણું પાળતા નથી. લીલા ઘાસમાં બેસે છે. ઓઘો રાખતા નથી પ્રતિક્રમણ કરતા નથી–થોડા વખત પહેલા ગયેલા ભાવિકો સાથે તે વાત કરતા હતા ત્યાંથી ઉઠીને કોઇ સાધ્વીજી હતા તેમની પાસે જઇને બેઠા ઘાસમાં જઇને બેઠા. આ જોઇ શ્રાવક તો ઠીક તેમના બાળકો પણ કહેવા લાગ્યા આ શું ?

'જય જિનેન્દ્ર' વિભાગ પણ તપાસ કરે અને સમજીને 'પૂ. મુનિવરો' શબ્દોનો પ્રયોગ તેમના માટે ન કરે તે ઇષ્ટ છે.

પ્યારા ભૂલકાંઓ,

મમતા પૂર્વક મોકલાવેલ તમારા લખાણો મળ્યા છે અને મળતા રહે છે. સાથે આ પ્રસંગે ખાસ જણાવવાનું કે–

૧. લખાણો ટુંકા અને ઉપયોગી.
૨. આબાલ વૃદ્ધોને ગમે તેવા.
૩. સારાં અને જલ્દીથી પચી જાય તેવા.
૪. સારી સાદી સ્વચ્છ શૈલીમાં.
૫. સ્વચ્છ અક્ષરે.
૬. કાગળની એક જ બાજુએ.

લખી મોકલશો તો જ તે સ્વીકારાશે. લખાણ મોકલો તો લખાણ નીચે તમારું શુભ નામ, ઠામ, વય, ગામ આદિ લખવું ચુકશો નહિ. તમારા લખાણો ક્રમશઃ પ્રગટ કરવા પ્રયત્ન શીલ બનીશ.

શબ્દ લાલિત્યમાં ઘણું ભૂલકાંઓ લાભ લે છે પરંતુ શાંતચિત્તે વિચારીને ઉત્તરો આપવામાં આવે તો ઘણા વિજેતાઓને ઇનામ મળી શકે માટે એકાગ્ર ચિત્તે શબ્દ લાલિત્ય ભરવા ભલામણ. બસ, વધુ અવસરે.

જૈન શાસન કાર્યાલય, જામનગર. —રવિશિશુ

લોભના કારણે

લોભના કારણે ડાહ્યા માનવીઓના મન ડોલ્યા કરે છે.

લોભના કારણે ડાહ્યા માનવીઓ દુર્ઘટ પંથ સંચરે છે.

લોભના કારણે ડાહ્યા માનવીઓ કોઇની મર્યાદા રાખતા નથી.

લોભના કારણે ડાહ્યા માનવીઓ ઘર મુકીને રણમાં મરે છે.

લોભના કારણે ડાહ્યા માનવીઓ ઉચ્ચ-નીચના ધંધા આચરે છે.

લોભના કારણે ડાહ્યા માનવીઓ પાપ ભણી પગલાં ભરે છે.

લોભના કારણે ડાહ્યા માનવીઓ ખરાબ કાર્ય કરતા ખચકાતાં નથી.

લોભના કારણે ડાહ્યા માનવીઓનું મનડું નિર્મળ રહેતું નથી.

લોભના કારણે ડાહ્યા માનવીઓ સગ-પણને પણ વેગળું મુકે છે.

લોભના કારણે પુત્ર પિતાને હણવા તૈયાર થાય છે.

લોભના કારણે ડાહ્યા માનવીઓ મરીને ફણિધર નાગ થાય છે.

લોભના કારણે ડાહ્યા માનવીઓનો કોઇ વિશ્વાસ કરતા નથી.

લોભના કારણે ડાહ્યા માનવીઓ મુર્ખો ગણાય છે.

રીન્કી પી. શાહ, લાડોલ

❀

કથાનક

(અનાડી કોર્ટમાં એક ભાઇને ઉભો કરવામાં આવ્યો.)

ન્યાયાધીશ : કેમ! હાજર કર્યો છે?

સિપાઇ : સાહેબ! (કાયદેસર મનાઇ હોવા છતાં) રેઢવે પાટા ઓળગતાં પકડાઇ ગયા છે.

ન્યાયાધીશ : (ભાઇની વાત સાંભળ્યા વગર જ) એમ! તારે રૂા. ૧૦૦ ભરવાના

પણ સાંભળ! મારો કાંઇ ગુનો!

(આ તો અનાડી કોર્ટ હતી. ત્યાં કોઇની દલીલ સાંભળવામાં આવતી નથી. વધુ દલીલ કરનારને વધુ દંડ ફટકારવામાં આવે છે.)

ન્યાયાધીશ : ૧૫૧ રૂ. દંડ ભરો.

પણ સાહેબ, મારી વાત તો સાંભળો.

રૂ. ૨૦૧ નો દંડ.

સાહેબ, હું ગરીબ છું, મારી પાસે આટલા પૈસા નથી મારી ઉપર દયા કરો.

રૂ. ૩૦૧નો દંડ.

આ સાંભળી એક સજ્જનથી ન રહેવાયું પેલાં ભાઇને સમજાવતાં બોલ્યા, ભાઇ! અહિં તો દયા-બયાની વાત ન હોય. જેમ બોલશો તેમ દંડ વધારે ને વધારે ભરવો પડશે. માટે ભલા થઇ ચૂપચાપ દંડ ભરી દો નહીંતર ઘરબાર વહેંચવા પડશે.

સાનમાં સમજેલા તે ભાઇએ ચૂપચાપ દંડ ભરી દીધો.

ભૂલકાંઓ, અનાડી કોર્ટની વાત વાંચી આ તો આ જગતની કોર્ટ છે, પણ કર્મની કોર્ટમાં તો આનાથી અનેરો ન્યાય છે. તમે કાંઇ સારું કે ખરાબ કાર્ય કરો તેનું ફળ તમારે ભોગવવાનું જ છે. અઢાર પાપ સ્થાનકોમાંથી કોઇપણ પાપ સ્થાનકનું સેવન કર્યા પછી એનું દુઃખ થવાને બદલે જો આનંદ થયો તો કર્મ વધુ મજબુત બનશે. અને તેનો આકરામાં આકરો દંડ ચૂકવવો પડશે. કદાચ આ ભવમાં દંડ ન ભોગવ્યો તો ભવાન્તરમાં તો ચોક્કસ ભોગવવો પડશે જ.

સારા સારા કાર્યો કરશો તો ફળ પણ સારા મળશે.

જેમ કે-જિનેશ્વરની પૂજા કરવાથી, જિનવાણી સાંભળાવી, શાસનની રક્ષા કરવાથી, સુગુરુઓનો સમાગમ કરવાથી નવું નવું સમ્યગ્ જ્ઞાન ભણવાથી સારાં સારાં કર્મો બંધાય છે. તેના ફળો પણ સારા જ મળે છે.

તમે સૌ સારાં ફળો ભોગવવા ભાગ્યશાળી બનશો ને! સારા કાર્યોમાં ઉદ્યમી બની પહોંચી જાવ સૌ સુખના ધામમાં!

-રશ્મિકા (નવા વાડજ)

❀

હાસ્ય હોજ

શિક્ષક : (વિદ્યાર્થીને) તને આટલું મારવા છતાં તું કેમ હસે છે ?

વિદ્યાર્થી : સાહેબ ! આપે જ હિત-શિક્ષા આપેલી કે, આફતમાં પણ હસીને કાર્ય કરવું.

(ભાવાર્થ સાચો સમજે :)

મગનભાઇ છગનભાઇને કહે છે કે તમારા સુપત્રને દિલ લગાવીને ભણુવાનું કહેો.

છગનભાઈ મગનભાઇને કહે છે કે ડોક-ટરે તેની આંખો દુઃખે છે માટે ચશ્મા લગાવીને ભણવાનું કહ્યું છે.

(અર્થ સમજી ઉત્તર આપો.)

હરેશભાઇ એચ. મહેતા, રાજકોટ.

કોણ શું કહે

૧. મુનિ ભગવંતો : હંમેશાં વર્તમાન જોગ કહે.

૨. વકિલ : હંમેશાં કેશ જીતવાની વાત કહે.

૩. ડોકટર : હંમેશાં સારું થઇ જ ગયું એમ કહે.

૪. દુકાનદાર : હંમેશાં આ ભાવમાં તમને કોઇ નહિ આપે.

૫. દરજી : હંમેશાં નકકી તમારા કપડાં વહેલા મળી જશે.

૬. શેઠ : હંમેશાં, હમણાં કમાણી કયાં છે ?

૭. મહેમાન : રહેવા દો, રહેવા દો, હમણાં જ જમીને ચાલ્યો આવું છું.

૮. ધસ્ત્રીવાળો : શેઠ, આજ રોકડા કાલ ઉધાર.

૯. ભૂલકાઓ : હંમેશાં બાલ વાટિકા આવે.

—તેજસ બીપીનકુમાર.

જલ્દી ભોગવે છે

જીવન નદીના પ્રવાહ જેવું છે.

યૌવન ઉગેલા ફૂલ જેવું છે.

સુખ હંમેશાં નાશ પામે તેવું છે.

માટે ડાહ્યા માણસો આ ત્રણેયને જલ્દી ભોગવે છે.

—રીન્કી પી. શાહ

બાળ ગઝલ

વિશ્વ-વત્સલ વીતરાગ દેવનાં ચરણોમાં એક વિનંતી...

વિશ્વ પ્રત્યે અપાર વાત્સલ્ય વર્ષાવ-નાર એ વિભૂ ! મારા ઉપર રહેમ કરો, ખાખ થઇ ચૂકેલા મારા જીવન-બાગને ફરી પલ્લવિત કરો.

એમાં કરુણાના કુસુમ ઉગાડો, માનવ-તાનો મોગરો ઉગાડો, પ્રેમનું સહજ દળ પુષ્પ ખીલવો, ગુણાનુરાગના ગુલાબ ઉગાડો, અને ન્યાય નીતિ અને વિરતિના રંગ-બેરંગી ચંપાના છોડ વાવો.

એ પ્રભુ, હે વિભુ ! મારા જીવનને ગુણોનું નન્દનવન બનાવો.

—ઇશીતા.

तत्त्वावलोकन समीक्षाकारना छभरडाओ

—श्री संयम

(आजथी केटलाक वर्ष पूर्वे शुद्धमार्ग प्ररूपक मुनि श्री कीर्तियश विजयजी म. सा. संपादित पुस्तक 'धर्म स्वरूप दर्शन'मां प्रस्तावना ते मुनिश्रीओ लखेल. जेने 'तत्त्वावलोकन' एवुं नाम आपेल. त्रणसो उपरांत पानामां लखेल ते प्रस्तावनामां 'संसार माटे पण धर्म ज करवो' ए वातनुं तर्कबद्ध रीते शास्त्रीय पुरावाओ सहित खंडन करेल. ते खंडननो आधार लई पू. मुनिश्री अभयशेखर विजयजी म. साहेबे 'तत्त्वावलोकन-समीक्षा' नामनुं पुस्तक लखी 'संसार माटे पण धर्म ज कराय' ए सिद्धांतनुं मंडन करवा प्रयत्न कर्यो छे. आ पुस्तकने उपर उपरथी जोतां केटलाक छभरडाओ आंखे उडीने वळगे तेवा होवाथी अत्रे जणावुं छुं.)

प्रस्तावनानुं पेज नं. ६ (लीटी-६)

१. [००० जेओना मनमां आवी मान्यता दृढ करी गई छे, तेओओ पण निष्कपटपणे पोतानुं आचरण तपासवानी जरूर छे के सांसारिक आपत्ति आववानी संभावना उभी थई जाय, त्यारे तेने टाळवा मांडे शुं तेओ नवकार गणवा मांडता नथी ? ०००]

आजना मोटा भागना लोको शुं करे छे ? ते जोईने तेना परथी सिध्धांत न बंधाय. एक बाजु जो सोदो करे तो लाभ रु. मळता होय अने बीजी बाजु एक व्याख्याना सांभळवानो लाभ मळतो होय ! तो आजना मोटा भागना जैनो व्याख्यान श्रवण नहि करे पण लाभ रु. मेळववा सोदे करवा जशे. तेटला मात्रथी 'व्याख्यान हेय अने धन कमावुं ते उपादेय' एवो सिध्धांत बांधशो ?

आपत्ति आवे त्यारे जेनामां सत्त्व छे, तेने तो एम ज लागे के कर्म खपावववानो महामूल्यो अवसर आव्यो. खंधक मुनि, गजसुकुमाल मुनि मेतारज मुनि आदिना दृष्टांतने विचारशो तो वात समजाई जशे. अत्यारे पण पण आपत्ति आववानी संभावना वखते जे साधको नवकार गणवा मांडे छे, तेओ आपत्तिमां समाधि राखवानुं बळ मेळववा नवकार गणे तेमां खोटुं शुं छे ? कदाच एम लागे के आपत्तिमां हुं टकी नहि शकुं, समाधि नहि राखी शकुं, तो आपत्ति टाळवा माटे पण नवकार गणे तेमां वांधो कयां छे ? अने तेटला मात्रथी 'संसार माटे पण धर्म ज कराय' ए शी रीते साबित थई शके ? कारण के नवकार गणवामां तेनुं ध्येय तो 'समाधि' टकाववानुं छे.

२. प्रस्तावना पेज नं. ७, लीटी-२२मी

[००० बाकी 'विषय सुख, शरीर सुख,

ધનવૈભવ આદિ માટે ધર્મ કરવો એ મહા-ભૂંડો છે.' એવું જેઓ માને છે, તેમના મતે નીચે જણાવેલી જે બાબતો ફલિત થાય છે, તેમાં શું તેઓ સંમત છે ખરા? ૦૦૦ (૨) 'ઇંડા વગેરે કરતાં મગફળી વગેરેમાં પ્રોટિન-કેલરી વગેરે વધારે છે તેથી જો મારે વધારે શારીરિક શક્તિ જોઇતી હોય તો ઇંડા ન ખાવા જોઇએ' આવા સંસારના સુખના વિચારથી ઇંડાનો ત્યાગ કરાય એ ભૂંડો, એના કરતાં તો ઇંડાનો ત્યાગ ન કરવો, ઇંડા ખાવા એ ઓછું ભૂંડું છે !! (કેમ કે આ ઇંડા ત્યાગ એ પણ શારીરિક શક્તિરૂપ ભૌતિક પદાર્થ માટે કરાયેલ એક ત્યાગધર્મ છે) વળી, આવી સમજ આપીને જેઓ લોકો પાસે ઇંડાનો ત્યાગ કરે-કરાવે છે તેઓ પણ લોકોનું ભૂંડું કરી રહ્યાં છે !! (!) ૦૦૦]

અહીં એક વાત સમજી લો કે 'વિષય સુખ, શરીર સુખાદિને માટે ધર્મ કરવો એ મહાભૂંડો છે' એમ જે કહેવાય છે, તે એટલા માટે કહેવાય છે, કારણ 'ધર્મ' એ તરવાનું સાધન છે અને તેનો જ ઉપયોગ ડૂબવામાં કરાય તે કેટલું ભયંકર કહેવાય? એક શેઠીયાના ઘરમાં લૂંટારાઓએ ધાડ પાડી અને ૧ લાખ રૂા. લૂંટી ગયા બીજી બાજુ તે જ શેઠના દીકરાએ પોતાની જ પેઢીમાં હાથ મારી દશ હજાર રૂા. ખેસવી લીધા. બન્નેમાં ભયંકર કયું કહેવાય? શેઠના છોકરાએ માત્ર દશ હજાર રૂા. જ ચોર્યા છે, અને લૂંટારાઓએ લાખ રૂા. લૂંટયા છે છતા શેઠને વધુ ચિંતાજનક બાબત દિકરા અંગેની થશે. કારણ જેને પેઢી સોંપી તે જ જો આવું કરશે, તો પેઢીને બચાવશે કોણ? ત્યાં આગળ લાખ રૂા. કે દશ હજાર રૂા.નું જેટલું મહત્વ નથી તેના કરતા કંઇકગણું મહત્વ' ચોરી કરનાર કોણ છે' તેનું છે.

અન્યસ્થાને કૃતં પાપં,તીર્થસ્થાને વિનશ્યતિ। તીર્થસ્થાને કૃતં પાપં, વજ્રલેપો ભવેષ્યતિ ॥

આ શાસ્ત્રીય વિધાનમાં પણ તમારા જેવો કુતર્ક થઇ શકે, અન્ય સ્થાને માંસાહાર, વ્યાભિચાર આદિ મહાપાપો કરો તે 'ભુંડું'. તીર્થ સ્થાનમાં જુઠ બોલો. ઠઠ્ઠા મશ્કરી કરો તે મહાભુંડું ! તમને આ વાત કબૂલ છે ?

૩. પેજ-૫ (લીટી-૧)

[૦૦૦ ઉપદેશમાળા-પુષ્પમાળા'માં જણાવ્યું છે કે, કિञ्च यदि विषय-तृप्त्यादीनि सुखानि वाञ्छसि तथापि धर्म एवोधर्मं कुर्वित्युपविशन्नाह- ૦૦૦

૧. અહીં અવતરણિકામાં 'विषयतृप्त्यादीनि' શબ્દ જે કહ્યો છે તેનો મુનિવર! તમે સાચી તૃપ્તિ=સંતોષ, અર્થ કર્યો છે. પણ એવો અર્થ કરીએ તો એ જ અવતરણિકામાં 'तथापि' શબ્દ જે રહ્યો છે, તે અસંગત બની જાય છે. શી રીતે? આ રીતે- ૦૦૦]

'સાચી તૃપ્તિ' એવો જે અર્થ તત્ત્વાવલોકનકારે કરેલ, તે પૌદ્ગલિક ભાવની તૃપ્તિ છે કે જે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે જ શકય છે. મોક્ષ એટલે તો સંપૂર્ણ

કર્મ નિર્જરા છે માટે સીધી રીતે જ સમ-સમજાય એવું છે કે 'જો તમે સંપૂર્ણ કર્મ નિર્જરા ઇચ્છતા હો તો ધર્મ કરો. જો તમે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયે જ મળતી એવી સાચી તૃપ્તિને ઇચ્છતા હો, તો પણ ધર્મ જ કરો.' એમાં કશું ખોટું નથી. પુણ્યાનુબંધી પુણ્ય અને કર્મનિર્જરા બન્નેને જેઓ સરખા માને છે, તેમને કદાચ ભલે ખોટું લાગે.

૪. પેજ-૧૬ લીટી-૨૦

[૦૦૦ પ્રશ્ન : "એ ઉપાય શક્ય નથી અને તેથી (શ્રેણિક મહારાજા, શ્રીકૃષ્ણ વાસુદેવ વગેરેનું) નરકવારણ પણ શક્ય નથી" એવું જાણતા હોવાથી ભગવાને એ ઉપાયોને તે ખાલી દેખાડવા ખાતર જ દેખાડયા હતા. ૦૦૦ જો એ ઉપાયો ખાલી દેખાડવાના જ ઉપાયરૂપ હોય અને વાસ્તવિક ઉપાયો રૂપ ન હોય તો ભગવાન એને ઉપાયો તરીકે કહે નહિ ૦૦૦]

પરમાત્મા ત્રિકાળજ્ઞાની હોય છે. તેમને પોતાના જ્ઞાનમાં દેખાઈ રહ્યું છે કે પુણિયો શ્રાવક સામાયિક વેચે નહિ, કપિલા સાચા ભાવે દાન દે નહિ અને કાલસૌકરિક ૫૦૦ પાડાની હિંસાથી અટકે નહિ. પછી તેમનો ઉપાય બતાવવાનો સવાલ જ કયાં રહ્યો? જેનું પરિણામ શું આવવાનું છે, તે નિશ્ચિતપણે જેઓ જાણે છે. તેઓ તે પરિણામને ફેરવવાનો ઉપાય બતાવે, તો તે ઉપાય ખાતર બતાવે કે મનના સમાધાન ખાતર? તે સમજી શકાય તેવી વસ્તુ છે.

તમારા સંતોષ ખાતર માની લો કે ઉપાય બતાવ્યો. ઉપાય તે કહેવાય કે જે કવચિત્ સફળ પણ નીવડે. ભગવાને બતાવેલો ઉપાય સફળ પણ નીવડયો. તો શું થાય? પરમાત્મા કેવચની છે એ સિદ્ધ થાય. કારણ તેમણે પોતાના જ્ઞાનમાં દેખીને જે કહ્યું, તેવું ન થયું પણ તેનાથી જુદું થયું. તો આ વસ્તુ શું તમને માન્ય છે?

વીતી ચૂકેલા ભૂતકાળ માટે જેમ આપણે કંઈ પણ કરી શકવા નિરૂપાય છીએ. તેવી જ રીતે જેમણે પોતાના જ્ઞાન દ્વારા ભવિષ્ય કાળને દેખી લીધો છે, તેમના માટે તે ભવિષ્યકાળ પણ જાણે વીતી ચૂકેલા ભૂતકાળ જેવો જ છે. અને તેમાં કશો પણ ફેરફાર તેઓ કરી શકતા નથી.

અહીં પરમાત્માએ જે ઉપાય બતાવ્યા છે, તે શ્રીકૃષ્ણના મનના સમાધાન ખાતર બતાવ્યા છે તેમ કલ્પી શકાય અથવા તો શ્રી કૃષ્ણને પોતાને ખાતરી થાય કે મારી નરકગતિ થવામાં કોઇ ફેરફાર થઇ શકે તેમ નથી, તે ખાતર બતાવ્યા હોય. શ્રીકૃષ્ણ ક્ષાયિક સમકિતી હોવાથી પરમાત્માના વચન પ્રત્યે પૂર્ણ શ્રધ્ધાવાળા હોય જ. છતા મોહનીય કર્મના ઉછળાને કારણે તેઓએ ઉપાય પૂછયો તેમાંય અજુગતું નથી. જેમ શ્રી ગૌતમ સ્વામીજીને મહાવીર ભગવંતે જણાવેલ કે તારી આ જ ભવમાં મુકિત છે. છતા ગૌતમ મહારાજા વારંવાર તે બાબત પૂછતા હતા.

શરીર અને આત્માનો મેળ=પાપ

એક વખત આત્મા અને શરીર બન્ને બાખડી પડ્યા. ચર્ચાનો વિષય હતો પાપ. પાપ પરની ચર્ચાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આવેશમાં આવેલું શરીર લાલ-ચોળ બની કંપવા લાગ્યું.

"હું તો માટીનો પિંડ છું. પંચભુતનો સમુહ છું, મોહ ઉત્પન્ન કરનાર વસ્તુઓનો હું કયાં સુમેળ કરી આપુ છું. મારાથી પાપ થાય જ કેમ ?" એ પ્રમાણે શરીરે વાગ્ તીર છોડ્યું.

આ ટંકાર સાંભળી કાંઇ આત્મા ચૂપ બેસી રહે ખરો ? જો ચૂપ બેસી રહે તો એ ચેતન શાનો ? આત્માએ પણ શાંતિથી યુકિત પૂર્વક ઉત્તર વાળ્યો.

"પાપ કરવાનું સાધન જ કયાં મારી પાસે છે ? મારે કયાં પાંચ પાંચ ઇન્દ્રિયો છે ? તોફાની ઇંદ્રિયો વિના પાપ કઇ રીતે થઇ શકે ? ખરેખર ! ઇંદ્રિયો દ્વારા જ તે તે કામનાઓ તૃપ્ત થાય છે. હું તો અરૂપી છું અરૂપી. અરૂપી એવો હું કઇ રીતે પાપ કરી શકું ? જરા વિચાર તો કર."

તડામાર ચાલેલી ચર્ચાને અંતે એકા-એક નિરવ શાંતિ પ્રસરી ગઇ. નિરવ શાંતિમાં કાંઇક દિવ્યવાણી સંભળાઈ.

"પાપનું સર્જન દ્વન્દ્વમાંથી થાય છે. પાપમાં તમે બંને સરખા ભાગીદાર છો. પંચભૂત શરીરમાં આત્મા પ્રવેશે તો જ એમાં પાપ કરવાનો વેગ આવે છે. બન્નેના સહકારથી જ પાપ જન્મે છે. આત્મા વિનાનું શરીર જડ છે. જડના સંગવાળો આત્મા પરમાત્મા છે.

માટે જ,

શરીર અને આત્માનો સંગ એ જ તો સંસાર છે. જો સંસારમાંથી બહાર નીકળવું હોય તો આ શરીરનો સંગ છોડી દેવો જોઈએ. શરીરનો સંગ કયારે છૂટે ? જયારે શુદ્ધ તત્ત્વની ઉપાસનામાં લાગી જઇએ ત્યારે જ સંસારનો સંગ છૂટી શકે છે.

– શ્રી વિસેના

[અનુ. ટાઇટલ ૨નું ચાલુ]

કરવાથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને જીવ પોતે જ પોતાના હિતાહિતનો વાસ્ત-વિક વિચાર કરી શકે છે અને અહિત-આત્મઘાતક પંથેથી પાછો ફરી હિત-આત્મો-ન્નતિના પંથે પગલાં માંડે છે.

માટે હે ભવ્યો ! તમો સૌ અજ્ઞાનના અંધકારમાંથી આત્માને બચાવવા સમ્ય-ગ્જ્ઞાનના પ્રકાશના માર્ગે ચાલી, લોકદેરીથી કે જમાનાવાદના ઝેરી પ્રચારોથી સાવધ રહી આત્મ કલ્યાણના પંથે પ્રયાણ કરનારા બનો તેજ મંગલકામના –**અજ્ઞાંગ**

'જૈન શાસન' અઠવાડિક – સાતમા વર્ષના પ્રારંભે

સં. ૨૦૫૦ શ્રાવણ વદ–૨

મંગળવાર તા. ૨૩–૮–૯૪

પ્રગટ થશે વિશેષાંક

જૈન રત્ન શ્રમણોપાસિકાઓ

દર વર્ષની જેમ ૭મા વર્ષના પ્રારંભે જૈનશાસનના પરમ આરાધક શ્રમણ ભગવંતો, શ્રમણી ભગવંતો તથા શ્રમણોપાસકો તથા શ્રમણોપાસિકાઓ છે. તેમાં **'જૈન રત્ન શ્રમણોપાસિકાઓ'** એ વિષય ઉપર વિશેષાંક પ્રગટ થશે. જૈન શાસ્ત્રોના આધારે આ વિષય ઉપર સં. ૨૦૫૦ શ્રાવણ સુદ ૧ સોમવાર તા. ૮–૮–૯૪ સુધીમાં લેખ મોકલવા પૂ. આચાર્યદેવાદિ, મુનિરાજો, પૂ. સાધ્વીજી મહારાજો તથા લેખકોને નમ્ર વિનંતિ છે.

શ્રી જૈન શાસનનું લવાજમ ૪૧) રૂા. છે ખર્ચ ૮૦) રૂા. લાગે છે તેથી ખર્ચને પહોંચી વળવા વિશેષાંકની યોજનામાં શુભેચ્છક આદિ બનાવાય છે તે કાયમી ધોરણે કરાય તેમ ઘણા ભાવિકો ઈચ્છે છે અને તેથી વિશેષાંકની કાયમી યોજના રજુ કરી છે. સૌ શાસન પ્રેમીઓ તેને વધાવી લેશે એવી ભાવના છે.

–: નૂતન વર્ષ વિશેષાંક કાયમી યોજના :–

રૂા. ૫૧) હજાર પ્રથમ પેજમાં બે લીટીમાં શુભેચ્છા

ટાઇટલ પેજ–૪	રૂા. ૪૧) હજાર
ટાઇટલ પેજ–૨	રૂા. ૩૧) હજાર
ટાઇટલ પેજ ૩	રૂા. ૨૧) હજાર
વિશેષાંક સૌજન્ય શુભેચ્છક	રૂા. ૧૧) હજાર
વિશેષાંક સહાયક શુભેચ્છક	રૂા. ૫) હજાર
વિશેષાંક શુભેચ્છક	રૂા ૧) હજાર

પાછળ જુઓ

આ કાયમી યોજનામાં જોડાનારની દર વર્ષે વિશેષાંકમાં ઉપદેશક તથા પ્રેરકના નામ સાથે શુભેચ્છા લેવામાં આવશે તથા આ કાયમી યોજનાવાળા શ્રી જૈન શાસનના કાયમી સભ્ય ગણાશે. તથા તેમને જૈન શાસન સો વર્ષ ચાલશે તો પણ કાયમી મળશે. પરદેશમાં રૂા. ૧૫ હજારવાળાને માત્ર એક વર્ષ એરથી જશે.

આ યોજના પુરી થતાં જાહેરખબર પણ લેવાની ભાવના નથી.

-: સાતમા વર્ષના નૂતન વિશેષાંકની સહાયક યોજના :-

ટાઈટલ-૪	રૂા. ૫૦૦૦	ટાઈટલ ૨-	રૂા. ૩૦૦૦
ટાઈટલ-૩	રૂા. ૨૦૦૦	શુભેચ્છક સૌજન્ય	રૂા. ૧૦૦૦
શુભેચ્છક સહાયક	રૂા. ૫૦૦	શુભેચ્છક	રૂા. ૧૦૦

જાહેરાત શુભેચ્છા

૧ પેજ	રૂા. ૫૦૦	અડધુ પેજ	રૂા. ૩૦૦
		૧/૪	રૂા. ૧૫૦

આજીવન સભ્ય રૂા. ૪૦૦

જૈન શાસનના પ્રેમીઓને યોગ્ય સહકાર આપવા તથા પ્રેરણા કરવા વિનંતિ છે **માનદ્ પ્રતિનિધિઓને** પત્રિકા તથા પહોંચબુકો મોકલી આપીશું. દરેક વખતે મોડું થાય છે તેમ ફરીયાદ હોય છે જેથી આ વખતે વહેલેથી તૈયારી કરી છે.

C/o. શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વજય પ્લોટ જામનગર
સૌરાષ્ટ્ર (ગુજરાત) INDIA

સંચાલકો —
શ્રી જૈન શાસન કાર્યાલય

જૈન શાસન સાતમા વર્ષના વિશેષાંક માટે સહકાર આપનાર

-: અમારા માનદ્ પ્રતિનિધિઓ :-

લંડન – ૧. રતિલાલ ડી. ગુઢકા-વેમ્બલી ૨. મોતીચંદ એસ. શાહ-કેન્ટન ૩. જયુભાઇ મોહનભાઇ વીસરીઆ-કેન્ટન હેરો ૪. જયાબેન પી. શાહ ફ્રેન્ચલી ૫. કાંતિલાલ જે. મહેતા-સરે ૬. હિંમતલાલ ડી. મહેતા-માન્ચેસ્ટર ૭. વેલજીભાઇ એમ. શાહ-પર્લમોટ ગ્રીન ૮. રંભાબેન રણમલ શાહ-લેસ્ટર

કેન્યા (આફ્રિકા) – ૧. મેઘજી વીરજી દોઢીયા, નાઇરોબી, ૨. દેવચંદભાઇ રાયમલ, નાઇરોબી ૩. છગનલાલ ખીમજી ગુઢકા નાઇરોબી ૪. વાઘજી વેલજી ગુઢકા–મોંબાસા ૫. શરદચંદ્ર પ્રેમચંદ વાઘજી ગુઢકા, મોંબાસા ૬. રતિલાલ એચ. શાહ, ધીકા ૭. રાજેશ પ્રેમચંદ નાંગપાલ, નકુરૂ ૮. જેઠાલાલ ભારમલ ગુઢકા–માંઝા ટાન્ઝાનીયા ૯. ગુલાબચંદ પુનમચંદ શાહ, દારેસલામ ટાન્ઝાનીયા ૧૦. શાંતિલાલ કાનજી, કીસી ૧૧. લલિતકુમાર ભારમાયા-મસકત.

મુંબઇ– ૧. પ્રેમચંદ મેઘજી ગુઢકા, પરેલ ૨. પ્રેમચંદ ભારમલ દોઢીયા, માટુંગા ૩. દિલીપભાઇ એચ. શાહ ઘી વાલા, માધુભાગ–લાલબાગ ૪. મહેન્દ્રકુમાર રાજસ્થાન મેડીકો. નાકા હનુમાન ગલી. ૫. વિપુલ મ્હીરજલાલ પોપટલાલ, જુની હનુમાન ગલી ૬. મૂળજીભાઇ ડાયા, વરલી ૭. મનસુખલાલ વીઠલજી શાહ, ગુલાબવાડી ૮. ડાયાલાલ મુલચંદ શાહ, ખેતવાડી ૯. મણિકાંત હરખચંદ શાહ, વી.પી. રોડ ૧૦. કૌશિક રીખવ-ચંદ શાહ, વી.પી. રોડ ૧૧ રવજીભાઇ કલ્યાણભાઇ શાહ, નેપીયન-સી રોડ ૧૨. ચંદુલાલ જેસંગભાઇ શાંતિનગર ૧૩. વેલજી હીરજી ગુઢકા, સાત રસ્તા ૧૪. ચીમનલાલ વેલજી-ભાઇ ગડા, માટુંગા–બીબી ૧૫. કેશવજી ગોવીંદજી વીસરીયા, માટુંગા બી.બી. ૧૬. જયંતભાઇ સી. શાહ, વરલી ૧૭. હેમચંદ્ર છબીલદાસ શાહ, કિંગ્સર્કલ ૧૮. જીતેન્દ્ર પદમશી લાલજી, દહીસર ૧૯. છનાલાલ બી શાહ, તારદેવ ૨૦. ગાંડાલાલ વીકમશી શાહ, શાંતાક્રુઝ ૨૧ દેવચંદ કચરા ગુઢકા, અંધેરી (ઇસ્ટ) ૨૨. શાહ ધનજી નથુભાઇ, ગોરગાંવ ૨૩. અશોકભાઇ કાંતિલાલ પટવા, મલાડ ઇસ્ટ ૨૪. પ્રવીણચંદ્ર ગંભીરદાસ શેઠ, મલાડ વેસ્ટ ૨૫. કલીચંદ લક્ષ્મીચંદ કોઠારી, ઘાટકોપર ૨૬. પાના-ચંદ વીરપાર નાગડા, અંધેરી ઇસ્ટ ૨૭. વેલજી પાનાચંદ ગલૈયા, ઘાટકોપર ૨૮. હરખચંદ ગોવીંદજી મારૂ, ઘાટકોપર તથા જુની હનુમાન ગલી ખોત્રવાલા બિલ્ડીંગ ૨૯. છગનલાલ નેમચંદ શાહ, મુલુંડ ૩૦. મગનલાલ લક્ષ્મણ મારૂ, થાણા

અમદાવાદ–૧. જયંતિલાલ ત્રિભોવનદાસ સંઘવી મહાવીર સ્ટોર, ગાંધી રોડ ૨. મુકુંદભાઇ રમણલાલ શાહ ધરતી ટેક્ષટાઇલ્સ, પાનકોર નાકા ૩. સુધીરભાઇ રાજા કોરપોરેશન કાળુપુર રોડ ૪. જે. વી. શાહ, પંચરત્ન, પાલડી.

આણંદ – અરવિંદ ભાઇ ધનજી બારભયા, સુભાષ રોડ.

કોલ્હાપુર ૧. સુરેન્દ્રલાલ સી. શાહ, શાહુપુરી ૨. ટેકચંદ ગુલાબચંદ શાહ,

કલકત્તા – શાહ છોટાલાલ દેવચંદ, ભવાનીપુર.

ખંભાત – રમણલાલ કેશવલાલ કાપડીઆ.

જામનગર – ૧. મહેતા મગનલાલ ચત્રભુજ, શાક માર્કેટ સામે ૨. શાહ કાનજી હીરજી, ૫, ગ્રેન માર્કેટ ૩. ભરતભાઇ હંશરાજ દોઢીયા, કામદાર કોલોની ૪. લલકેશ રમણિકલાલ શેઠીયા, શ્રુતજ્ઞાન ભવન ૪૫ દિ. પ્લોટ.

થાનગઢ – રતિલાલ પદમશી ગુઢકા.

દાંતરાઈ – શાહ હજારીમલજી અદીમજી તાતેડ.

પાંડુરના – કપૂરચંદ લાધાભાઇ ગુઢકા.

પાટણ – ગોકુળભાઇ પોપટભાઇ શાહ, આશીષ.

પુના – ૧. ભોગીલાલભાઇ ખેમચંદ દયાળજી શાહ, સાચાપીર સ્ટ્રીટ ૨. શાહ રમલાલ વીરચંદભાઇ, ટીંબર માર્કેટ ૩. કિશોરચંદ્ર ખુશાલદ.સ ભવાની પેઠ.

બેંગલોર – લાલજી પદમશી ગુઢકા, ગાંધીનગર તથા રાજાજીનગર.

બોટાદ – રમણિકલાલ હઠીચંદ વોરા.

બોરસદ – અંબાલાલ અમૃતલાલ સીરવાવાળા.

ભાવનગર – ભોગીલાલ કેશવજી વોરા કણબીવાડ.

ભીવંડી – ૧. મનસુખલાલ રાજાભાઇ ૨. છોટાલાલ નથુભાઇ ૩. કિશોરચંદ્ર પ્રેમચંદ.

મોરબી – રવિચંદ પ્રેમચંદ શેઠ.

યરવડા – ઉમેદલાલ પુનમચંદ.

રાજકોટ – ૧. હેમેન્દ્રકુમાર મનસુખલાલ ભાડલાવાળા વર્ધમાન નગર ૨. પ્રકાશકુમાર અમૃતલાલ દોશી જયરાજ પ્લોટ ૩. ભરતભાઇ ગેલેકસી પ્રિન્ટર્સ ઢેબર ચોક ૪. સુમનભાઇ કામદાર કાલાવાડ રોડ.

વડોદરા – ૧. કુમારપાળ ધનપાળ ધડિયાળી પોળ ૨. પ્રકાશભાઇ જયંતિલાલ ગાંધી સુલસા ટ્રાવેલ્સ ૩. શરદકુમાર મનસુખલાલ શાહ.

વઢવાણ – સુરેશ કે. શેઠ.

સુરેન્દ્રનગર – કાંતિલાલ ડાયાલાલ.

સુરત – ૧. રમેશભાઇ આર સંઘવી સુભાષચૌક ૨. ચંદ્રકાંત સોમચંદ શાહ, બહુચર સોસાયટી.

હૈદ્રાબાદ – છોટાલાલ ડી. નાગડા, રાજ મહેલ્લા.

હાલાર તીર્થ—આરાધના ધામ મધ્યે

નવપદજીની આયંબીલની ઓળી તા. ૧૭ એપ્રીલથી ૨૫ એપ્રીલ સુધી.

પૂજ્ય પંન્યાસ શ્રી વજ્રસેન વિજયજીની નીશ્રામાં

સિદ્ધચક્રના મહાન આરાધકો—બાબુભાઇ કડીવાળા દ્વારા "શ્રીપાળમયણા રાસ" પારાયણ કરશે. જે સાંભળવું જીવનનો એક લ્હાવો છે.

શશીકાંતભાઈ મહેતા—રાજકોટવાળા

"વિશ્વમાં શાંતિનો એક માત્ર ઉપાય" વિષય ઉપર સમજાવટ.

હીંમતભાઇ બેડાવાળા :

ગૈત્રી ભાવના એજ અત્યંત જરૂરી છે કેમ...? તે વિષય ઉપર ચર્ચા કરશે.

હીરાભાઇ અમદાવાદવાળા :

શ્રી સિદ્ધચક્ર એ સુખદાઇ કેમ છે ? તેના અત્યંત ગંભીર રહસ્યો બતાવશે.

આ પ્રસંગ શ્રેષ્ઠિ શ્રી મોહનલાલ દેવરાજ ખીમસીયા તથા લલિતાબેન નંદલાલ શાહ કેન્યા નાયરોબીવાળા તરફથી છે.

કેન્યા—લંડન—મુંબઇ—ભીવંડી—રાજસ્થાન—ગુજરાત—કચ્છ—પોરબંદર—ધોરાજી આદિ ચારે તરફથી માનવ મહેરામણ આ પ્રસંગે આવશે.

ચૈત્ર સુદ—૧૩નો વરઘોડો શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણકનો ખુબ જ ભવ્યતા પૂર્વક તા ૨૪-૪-૯૪ને રવિવારના ચડશે.

આ પ્રસંગે સૌને પધારવા તથા આયંબીલની ઓળીના તપમાં જોડાવવા માટે સબહુમાન આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

રાત્રે પ્રભુ ભક્તિ માટે જુદા જુદા સંગીતકારો તથા વડાલીયા સિંહણનું મંડળ તથા પોરબંદરનું મંડળ આવીને સૌને વિવિધ કાર્યક્રમો બતાવીને ભક્તિ-રસ તરબોળ કરશે.

- ઘર–બાર, પૈસા–ટકાદિ ન ગમે અને ભગવાનના મંદિર–ઉપાશ્રયાદિ ધર્મ સ્થાન ગમે તેનું નામ ક્ષયોપશમ.
- પુણ્યાનુબંધી પુણ્ય એટલે ક્ષયોપશમવાળુ પુણ્ય અને પાપાનુબંધી પુણ્ય એટલે ક્ષયોપશમ વગરનું પુણ્ય !
- સાચી વસ્તુનો રાગ હોય તેને કોઇ વસ્તુ કે વ્યક્તિ પર ખોટો દ્વેષ આવે નહિ.
- સુખ અને સુખની સામગ્રી જ જગતને રખડાવનાર છે તેને લઇને જ દુઃખ નથી ગમતું અને તેથી જ પાપ ચાલુ છે. તે કારણે જ સંસારમાં ભટકતા કદિ અંત આવતો નથી.
- પાપથી પાછા ફરવાની ઇચ્છા અને ઇચ્છાપૂર્વકનું પચ્ચક્ખાણ તેનું નામ વિરતિ.
- જગતથી જુદો તેનું નામ જૈન. જગત સંસાર માગે જૈન મોક્ષ માગે પાપનો ભય નહિ તે સદા પાપી.
- ધર્મી જીવ કર્મને ઓળખે છે એટલે કર્મ તરફ તેની લાલ આંખ હોય છે અને ધર્મ તરફ મીઠી આંખ હોય છે.
- ખાવું–પીવું, પહેરવું-ઓઢવું મોજમજા કરવી તે સંસારની પ્રવૃત્તિ કહેવાય ભગવાનનું શાસન પામ્યા પછી, સમજ્યા પછી પણ ખાવા–પીવા, પહેરવા–ઓઢવામાં મજા કરે, ભોગની સામગ્રી ખૂબ ખૂબ કરે તે બધા કેવા કહેવાય ? તે બધા પુણ્યથી મનુષ્ય ભવ પામ્યા છતાં છે પાપીને ? પાપીને પાપમાં જ મજા આવે. ને ઊઠે ત્યારથી પાપ કરે. માટે જ શાસ્ત્રે કહ્યું કે–અધર્મી ઊંઘતા સારા. અધર્મી જાગે તે ભૂંડા.
- આ [redacted]વ પામીને જનાવર કરતાં ખરાબ રીતે જીવે તેની દયા ન આવે તે ભગત[redacted] નથી પણ દુશ્મન છે.

આ.શ્રી. [redacted] જ્ઞાનમંદિર
શ્રી મહાવીર જૈન આરાધના [redacted]

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખ બાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક–સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું જૈન ૨૪૫૪૧

૪૨૬૯ ૧૯૯૨-૫૩

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

દાનનો મહિમા

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

दानेन सत्त्वानि वशीभवन्ति,
दानेन वैराण्यपि यान्ति नाशम् ।
परोऽपि बन्धुत्वमुपैति दानात्,
तस्माद्धि दानं सततं प्रदेयम् ॥

દાનનો મહિમા બતાવતાં મહાપુરુષો ફરમાવે છે કે– દાનથી બધા જ સત્ત્વો–પ્રાણીઓ વશ થાય છે, દાનથી પરંપરાથી ચાલ્યાં આવતાં વૈરો પણ નાશ પામે છે, દાનથી શત્રુ પણ બન્ધુપણાને પામે છે, માટે હે ભવ્ય જીવો! હંમેશા શક્તિ મુજબ દાન દેવા યોગ્ય છે.

વર્ષ ૬ અંક ૩૩

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

વર્તમાન યુગના માનવ સંબંધો

વૈજ્ઞાનિક શોધો જેમ જેમ વધતી ગઇ તેમ તેમ માનવીનું જીવન સરળતા અને સુગમતા ભર્યું બન્યુ જેમ જેમ શોધો વધી તેમ તેમ માનવીનું જીવન સુખમય તો બન્યુ જ પરંતુ તેના સાથે માનવ જીવનમાં બેહદ યાંત્રિકતાએ એડમિશન મેળવ્યું.

વર્તમાન યુગના માનવ સંબંધોમાં નિસ્વાર્થ પ્રેમ સરળતા લાગણીઓ બહુ ઓછી જ જોવા મળે છે માનવ-માનવ વચ્ચેના વ્યવહારમાં કૃત્રિમતા દંભ અને સ્વાર્થ જેવા તત્વોનું વર્ચસ્વ જોવા મળે છે. લોકો ખરેખર જે ન હોય એવા દેખાવાનો ડોળ કરે છે ગમે ત્યારે સંબધો તુટી જાય એવા બનાવટી વર્તન જ માનવ સંબંધોને ખલેલ પહોંચાડે છે. ઘણા પોતાની જરૂરીયાત પ્રમાણે સંબધો ગોઠવે છે અને એ પ્રમાણે બનાવટી ખોટી લાગણીઓનું પ્રદર્શન કરે છે તેના બોલેલા શબ્દ હાસ્ય વિદાય માન-પાન વગેરે પહેલેથી જ આયોજીત હોય છે.

આ વધતી જતી કૃત્રિમતા માનવ સંબંધોને બોદા બનાવતી જાય છે ઘણી વાર ઘણા સ્વાર્થીઓ ગાઢ મિત્રોના ડોળ કરે છે ને સ્વાર્થ પતી જાય પછી ? શું એ આપને ઓળખે છે ? પછી તો તુ કોણ અને હું કોણ !

જેમ જેમ વૈજ્ઞાનિક શોધખોળો વધી તેમ તેમ માનવીનું જીવન સંકુચિત બની ગયું અને માનવી આ પ્રકૃતિના તત્વોથી અને ઇશ્વરથી દૂર થતો ગયો ઘણીવાર અમુક લેવડ-દેવડને હિસાબે કે બીજા કોઇ કારણોસર માનવ સંબંધો તુટે છે. ગમે તેવી નજીવી વાત હોય કે કોઇ કારણોસર એકબીજા સામે બોલાચાલી થાય તો સંબંધોને આંચકો આવે છે અને અંદરો અંદર મન દુખ થાય છે આવા મનદુઃખોને કારણે માનવીઓ વચ્ચે એક કાંટાળી દિવાલ ઉદ્ભવે છે.

જીવનના ઉત્તમ મૂલ્યોને વહેરી નાખવા એ જીવનનો કોઇ અર્થ નથી બસ ઈશ્વરને છેલ્લી પ્રાર્થના કે વધતી જતી માનવ જીવનમાં યાંત્રિકતાને બ્રેક મારે અને માનવ જીવન પ્રેમાળ અને રસમય બને. માનવ સંબંધો સુધારે અને માનવ જીવનની સફળતા માટે વિરાગ વૈરાગ્ય અને શ્રધ્ધા સમકીતના બીજારોપણ વધે એજ અભિલાષા.

મોકલનાર : **રૂપેશ વીરચંદ પરબત**
(ડબાસંગ) જામનગર

સ્વીકાર સમાલોચના

અ.ભા. અહિંસા પ્રાણીરક્ષા સંમેલન પ્રેરક

પૂ. આ. શ્રી ઠલાપ્રભ સાગર સૂ. મ. આયોજક અ. ભા. અહિંસા પ્રચાર કેન્દ્ર હૈદ્રાબાદ પ્રકાશક અ. ભા. અહિંસા માતા સંઘ (શાળા) ૧૧૦બી કેશવજી નાયક રોડ મુંબઇ-૯.

હૈદ્રાબાદમાં તા. ૨૩-૨૪-૨૫-૭-૯૩ ભરાયેલા અહિંસા પ્રચાર માટેના સમેલનના ૨૦ ઠરાવો તથા કાર્યવાહી તથા પ્રશ્નોના ઉત્તરો વિગેરે સંગ્રહ છે જીવદયા પ્રેમીઓ માટે મનનીય છે.

પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ. શિવાય ચ મવાય ચ

વર્ષ ૬] ૨૦૫૦ ફાગણ વદ-૧૦ મંગળવાર તા. ૫-૪-૬૪ [અંક ૩૩

—ધર્મ એજ આધાર :

– પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

ઘણી સારામાં સારી સામગ્રી પામ્યા પછી અને થોડી-ઘણી સમજણ આવ્યા પછી પણ હજી દેવ નથી ગમતાં, ગુરુ નથી ગમતા, ધર્મ નથી ગમતો અને સંસાર જ ગમે છે તો તમારું થશે શું ? મંદિરો ઉભા રહેશે પણ મંદિરો બીજા ઉપયોગમાં લેશે તેવો વખત નજીક આવ્યો છે. તમે શક્તિ છતાં મંદિરો બાંધ્યા તો નથી. પરંતુ તમારા પૂર્વજોએ બાંધેલાં મંદિરો પણ સાચવી શકતા નથી. તમે બધા જો સમજુ નહિ બનો, સમજણનો ઉપયોગ નહિ કરો તો આપણું બધું જોખમમાં છે.

બધાના ઘર-પેઢી બરાબર ચાલે પણ મંદિર-ઉપાશ્રયના ખર્ચમાં વાંધા છે. બંગલા કેટલા બંધાવ્યા પણ મંદિર-ઉપાશ્રય જીર્ણ થાય. તો તેને માટે કાંઈ મલે નહિ. કારણ, દેવ-ગુરૂ-ધર્મ જોઈતા નથી.

ધર્મ સમજુ માણસોથી ચાલવાનો છે, અજ્ઞાનોથી નહિ. દેવ-ગુરૂ-ધર્મ મલ્યા તેનો ઘણો આનંદ છે કે ઘર-બાર, પૈસા-ટકાદિ મલ્યા તેનો આનંદ છે ? તમને ઉપદેશ શું આપવો તે સમજાતું નથી. એટલું બધું અજ્ઞાન ચાલી પડ્યું છે કે, સાચી વાત સાંભળનારા પણ નથી.

આજે તો આગેવાનો પોતાના ઘરનું બચાવવા, ધર્મનું લુંટી જાય તો જવા દે તેવા પાકયા છે. ધર્મમાં પણ સરકારના અંકુશો આવવાના છે. કોણ આગેવાન વિરોધ કરવા બહાર આવવાનો નથી. તમે તો તેમને તાબે છો એટલે અમારે પણ તેમને

તાબે થવાનું છે ને ? તમને સમજાય છે કે, ધર્મ જોખમમાં છે, ધર્મની ચિંતા કરનારા નથી.

'ધર્મ વગર નિસ્તાર જ નથી, સંસાર તો રહેવા જેવો નથી. બધા વગર ચાલે પણ ધર્મ વગર નહિ ચાલે માટે ધર્મતત્ત્વ સમજવું જોઈએ' આ વાત કેટલે તો જ ધર્મની વાત થાય, બાકી ન થાય. આજે તમારે ધર્મ જોઇતો ન હતો પણ અમે વળગાડી દીધો છે. અમારે પણ અનુકૂળતા જોઇએ છે, પ્રતિકૂળતા વેઠવી નથી પછી અમે ય સાચું કયાંથી કહી શકીએ ? તમે બધા ઘર–બાર, કુટુંબ–પરિવારાદિ માટે જેટલો ભોગ આપો છો તેટલો ધર્મ માટે આપો છો ખરા ? ઘર–પેઢી માટે લોહીનું પાણી કરનારા, 'ધર્મના નાશના પ્રસંગે' અમે શું કરીએ તેમ કહો છો ત્યારે તમારા ધર્મીપણામાં શંકા પડે છે.

તરવાનું સાધન ધર્મ જ છે પણ તમારે મન તો ઘર–પેઢી, કુટુંબ–પરિવાર છે પણ ધર્મ નહિ. તમારી આવકનો કેટલામો ભાગ ધર્મમાં ખર્ચો ? કરવું પડે ને કરો તે વાત જુદી. જો આવું ને આવું ચાલશે તો ધર્મ નાશ પામી જશે, આજે તો ચાલી પડયું છે કે, 'બહુમતિ જે ધર્મની હોય તે જ ધર્મ' તો સાચો ધર્મ નાશ પામી જાય ને ? તેવે વખતે તમે ધર્મ સાચવવાના કે જાતને સાચવવાના ?

આજે સાધુઓ પણ દેશ–કાળના નામે તમને ગમતું બોલતા થયા છે. કોઇનું મોઢું પકડવા જવાય નહિ. પણ જેને સાચું સમજવું હોય તો સમજાવવાની ત્રેવડ છે. મોક્ષાદિ હાથમાં લઇ બતાવાય તેવું નથી. આત્મધર્મને અનુસરો તો આનંદ થાય. પણ મુશ્કેલી એ છે કે, તમને દુનિયાના કામકાજમાં ધર્મનું તત્ત્વ સમજવાની કુરસદ નથી, બોલનાર બોલે તો તેની શ્રદ્ધા નથી. આજના ધર્મીઓથી ધર્મના નાશની પેરવી થઇ રહી છે. શાસ્ત્ર વંચાતા નથી, બહારનું બધું વંચાય છે, જે શાસ્ત્ર વાંચે તેને બધા નકામો કહે છે, ઝઘડાલુ કહે છે. સાધુઓમાંથી પણ આ બધું નાશ પામી રહ્યું છે.

મોક્ષની વાત નથી ઘરમાં થતી કે નથી ઉપાશ્રયમાં. મોક્ષ જ સાધવા લાયક તત્ત્વ છે તેની વાત કયારે થાય ? મોક્ષ હવે ભૂલાઇ રહ્યો છે. આપણા બધા ભગવાન મોક્ષમાં ગયા તે ખબર નથી ? તો આપણને મોક્ષમાં જવાનું મન ન થાય ? તેમણે મોક્ષ ગમ્યો માટે ગયા. આપણને સંસાર ગમે છે માટે જવું નથી. પછી મોક્ષની કે મોક્ષ માર્ગની વાત કયાંથી થાય ?

ગામમાં સાધુ આવ્યા ને ગયા. આપણે શું ? મોટા મહારાજ આવે તો વાજા વગડાવીએ અજે વ્યાખ્યાનાદિમાં આવી જઇએ. હાજી...હાજી... કરી જઇએ. પછી

લાગેવળગે ન હે. તમને અમે ગમીએ કે સાધુપણું ગમે ? અમે ગમીએ પણ સાધુપણું ન ગમે તો અમે શા માટે ગમીએ ? અમારા આશીર્વાદ ફળી જાય તો લીલાલહેર થઈ જાય માટે ને ? અમે, કામમાં હોઈએ અને કદાચ તમને ધર્મલાભ ન કહીએ તો તમે અમારી નિંદા કરો કે, મહારાજ બહુ ઘમંડી થઈ ગયા છે, અમને ધર્મલાભ પણ કહેતા નથી. તમે ધર્મલાભનો અર્થ સમજો છો ખરા ? ધર્મ એટલે સાધુપણું તેનો તમને લાભ થાવ.

તમે બાટલા ય સમજુ થઈ જાવ તો કામ થઈ જાય. તમે બધા ઘરે જઈને કુટુંબને સમજાવો કે, આ જન્મમાં સાધુ જ થવા જેવું છે. જેની તાકાત હશે ને લેવા તૈયાર હશે તેને વરઘોડો કાઢીને અપાવીશ. આ સંસારથી છૂટી, મોક્ષે જ જવાનું છે. આપણા બધા ભગવાન ત્યાં જ ગયા છે–જેમને આપણે 'નમો અરિહંતાણં' બોલી રોજ નમસ્કાર કરીએ છીએ. ધર્મ સાધુપણું જ છે. ધર્મ સમજવા સાધુની સેવા કરવાની છે. તમે અને ઘરના બધા સાધુપણાના જ અર્થી થઈ જાવ અને ધર્મ સમજવા સાધુઓ પાસે આવતા થાવ તો ચારે પ્રકારના સંઘમાં કાલથી સુધારો થઈ જાય.

જ્યાં તમે બધા અમને એમ કહો છો કે, સાહેબ ! મારા બધા છોકરા–છોકરી ઠેકાણે પડી ગયા ત્યારે મને તમારી દયા આવે છે. તમારી વાતમાં અમે ય સંમત થઈએ તો અમારી ડાક કપાઈ જાય બધાને સંસારમાં જ જોડયા... કોઈને ધર્મમાં નહિ.

આજે તો આ પાટે બેસનારે પણ બહુ જ સાવધ રહેવાનું છે. પાટે બેસવાનો મોહ કરવા જેવો નથી. ઘણા અમને ફેરવવા આવે છે, ઘણાને તમે ફેરવી પણ નાખ્યા. સાધુપણામાં ન થાય તેવી વાતો કરતાં કરી નાખ્યા, સમાજના ભલાની વાર્તા કરતાં કરી નાખ્યા અને શાસ્ત્ર બાજુએ મૂકાવી દીધા. હવે તો આ ઉપાશ્રયોને પણ સમાજના કામમાં વાપરવાની યોજના થઈ રહી છે. તમે સાવચેત નહિ રહો તો આપણી મિલકત ઉપર આપણું માલિકી નહિ રહે. મોક્ષની વાત ભૂલાઈ ગઈ, દેવ–ગુરૂ–ધર્મ ભૂલાઈ ગયા તેનું આ પરિણામ છે. મોક્ષને યાદ કરવા માંડો. દેવ–ગુરૂ–ધર્મને સમજવા માંડો અને આજની વાતોમાં તણાવ નહિ. સાવચેત થઈ જાવ તેટલી ભડામણ સાથે પૂર્ણ કરવામાં આવે છે.

(બારેજા ૨૦૨૮ મા. સુ. ૪ તા. ૨૩–૧૧–૭૧)

ઢોંગી સાધુ

— કનૈયાલાલ રામાનુજ

મોગલ સમયની વાત છે.

અકબર બધા ધર્મને માન આપતો. તેનો પ્રધાન અબ્દુલ રહીમ. પણ મોટો કવિ સંત હતો.

એક દિવસ રહીમ પોતાના મહેલમાં આરામ કરતો હતો. ત્યાં તેનાં દરવાજે એક સાધુએ ખટખટાવ્યો. દરવાને બારણું ખોલ્યું. જોયું તો એક સાધુ. "બોલો આપને કોનું કામ છે?!

સાધુ કહે, "મારે રહીમને મળવું છે!"

દરવાને જોયું તો લાંબી જટાધારી સાધુએ ગળામાં મોટી મોટી માળાઓના બેરખા પહેર્યા છે, કપાળમાં ટીલા-ટપકાં કર્યા છે. હાથમાં કમંડળું પકડયું છે.

"આપને શું કામ છે?!" દરવાને બીજો પ્રશ્ન કર્યો.

"હું લોખંડને સોનામાં રૂપાંતર કરી શકું છું. લોઢું અને સોનું મારે મન એક છે. ચમત્કારિક સાધુ છે. પ્રધાનને કહો, મને તરત જ મુલાકાત આપે." સાધુની વાણી ભલભલાને આંજી દે તેવી હતી.

દરવાન મહેલમાં ગયો. રહીમ આરામ કરતાં હતાં. તેમના બેગમ બાજુમાં બેઠા હતા, તેમને સાધુની વાત કહી. "આપને એક સાધુ મળવા માગે છે, પોતે ચમત્કારો જાણે છે અને લોઢામાંથી સોનું બનાવતા જાણે છે. એવું કહેવડાવ્યું છે."

રહીમ થોડીવાર વિચારમાં પડી ગયા. તેઓ દરવાન સામે તાકી રહ્યા. પછી ધીરેથી બોલ્યા. તે જરૂર લુચ્ચો અને કપટી હશે. તેને મહેલની બહાર કાઢી મૂકો.

રહીમ પાસે બેઠેલાં તેના પત્નીને નવાઈ ઉપજી... 'કેમ આમ બોલો છો, તમે એને બોલાવો, તેની વાત સાંભળો તો ખરાં, કોઈ મહાન યોગી પુરુષ હોય?! સિદ્ધ સાધુ પુરૂષ હશે તો?

રહીમ કહે, "જો તે પોતે સિદ્ધ પુરૂષ હોય તો અહીં મારી પાસે માગવા ન આવત, તેની કીર્તિ એટલી ફેલાઈ ગઈ હોત કે મારે તેની પાસે દોડતા જવું પડયું હોત! તે પોતે જ પૂજાતો હોત. તેથી આ સાધુ ઢોંગી, કપટી બાવા ધૂતારાઓથી દૂર રહેવું.

સાધુ પૈસા માટે ભટકે અને સિદ્ધ છે ચમત્કારી છે તે ઢંભી છે મા ભુભદ્ર-ઘંટાકર્ણ ભૈરવ આદિને નામે કૂટ કરનારા છે.

મું.સ. ૨૬-૧૨-૬૦

સહકાર અને આભાર

૫૦૧ રૂા. દીક્ષાતિથિ મહોત્સવ સમિતિ પૂ. આ. શ્રી વિજય સુદર્શન સૂ. મ. સા.ના ૬૩માં દિક્ષા દિન પ્રવેશ અંગે પૂ. મુ શ્રી પ્રમોદ વિજયજી મ. પૂ. મુ. શ્રી દર્શન રત્ન વિ. મ. ના ઉપદેશથી જ્ઞાનમંદિર અમદાવાદ

❋ મોટાનું કહ્યું માનીએ ! ❋

જોય નામનો એક છોકરો હતો.

જોય બારે જિદ્દી હતો.

માનું કહ્યું માને નહીં. કોઇનું કામ કરે નહીં.

દરેક કામ કરવાની ના જ કહે અને એક વખત 'ના' કહે તો પછી 'ના' ની 'હા' થાય નહીં.

એક દિવસ એની મમ્મીએ કહ્યું :

"જોય, બેટા બજારમાં જઈ શાક લઇ આવ ને."

જોય કહે : "હું નહીં જાઉં..."

મમ્મ કહે : બેટા જા ને... તારા પપ્પાની તબિયત સારી નથી. તું નહીં જાય તો હું રસોઇ કેવી રીતે કરીશ ? શાક વિન તમને જમાડીશ શું ?"

જોય બોલ્યો : "હું નહીં જાઉં..."

મમ્મ એ ફરીથી કહ્યું : "બેટા, ઘરમાં બેસી રહ્યા એના કરતાં મારું આટલું કામ કર ને.... શાક માર્કેટ કયાં દૂર છે...?"

પણ જોય તો નનૈયો કરવા લાગ્યો.

મમ્મ.ની ધીરજ ખૂટી.

"જાય છે કે નહીં...? નહીં તો શિક્ષા કરીશ."

પણ જોય તો બોલ્યો : હું નહીં જાઉં...નડું જાઉં...નહીં જાઉં..."

મમ્મ. ગુસ્સે થઇ ગઇ, એણે કહ્યું : "હું તને મારીશ."

ઘરના ખૂણામાં એક લાકડી પડી હતી. એણે લાકડીને કહ્યું :

"લાકડી, લાકડી... જોયને માર. જોય બજારમા જતો નથી ને મારી રસોઇ થતી નથી..."

લાકડી પણ આડી ચાલી.

એ કહે : "હું જોયને નહીં મારું..."

મમ્મીનો ગુસ્સો વધ્યો એ કહે : "તું જોયને નહીં મારે તો હું તને આગમાં સળગાવી દઇશ."

પછી એણે અગ્નિને કહ્યું :

અગ્નિ, અગ્નિ, આ લાકડીને સળગાવી દે. એ જોયને મારતી નથી એટલે જોય બજારમાં જતો નથી અને એટલે મારી રસોઇ થતી નથી."

અગ્નિએ પણ ન માન્યું. એ કહે : "હું લાકડીને શા માટે બાળું ? હું એને નહીં બાળું..."

માનો ગુસ્સો ઓર વધ્યો. એણે ધમકી આપી "તું લાકડીને નહીં બાળે તો હું તને ઓલવી નાખીશ...હું પાણીને કહીશ..."

તે ય અગ્નિએ માન્યું નહીં.

એટલે મમ્મીએ નદીએ જઇ પાણીને કહ્યું : "પાણી... પાણી, આ અગ્નિને ઓલવી નાખ. અગ્નિ લાકડી બાળતો નથી. લાકડી જોયને મારતી નથી. એટલે જોય બજારમાં જતો નથી અને મારી રસોઇ થતી નથી...

નદીએ પણ ના પાડી દીધી.

મમ્મીએ કહ્યું : "હું બળદને કહીશ. એ તારું બધું પાણી પી જશે અને તને સુકાવી નાખશે."

નદી તો ય ન માની.

એટલે મમ્મીએ બળદને જઈને કહ્યું :

"બળદભાઇ, આ નદીનું બધું પાણી પી જાઓ ને એને સૂકવી નાખો. એ મારૂં કહ્યું માનતી નથી. અગ્નિને ઠારતી નથી. અગ્નિ લાકડીને બાળતો નથી. લાકડી જોયને મારતી નથી. જોય બજારમાં જતો નથી ને મારી રસોઇ થતી નથી."

બળદભાઇએ બધું શાંતિથી સાંભળ્યું પણ પછી માથું હલાવીને 'ના' કહી દીધી !

મમ્મીએ બળદને ચેતવ્યો.

"મારું કહ્યું નહીં માને તો દોરડું તને બાંધી દેશે."

પણ બળદે ન માન્યું. એટલે મમ્મી દોરડા પાસે ગઇ ને બોલી :

'દોરડા, દોરડા, બળદને બાંધી દે, બળદ પાણી પીતો નથી. પાણી અગ્નિને ઓલવતું નથી. અગ્નિ લાકડીને બાળતો નથી. લાકડી જોયને મારતી નથી... જોય બજારમાં જતો નથી ને મારી રસોઇ પૂરી થતી નથી..."

દોરડું પણ જિદ્દી નીકળ્યું. એ કહે હું શું કામ બળદને બાંધુ ?"

માએ દોરડાને ચેતવ્યો :

"તો હું ઊંદરને કહીશ. ઊંદર તને કાતરી ખાશે..."

દોરડાએ ગણકાર્યું નહીં.

એટલે ગુસ્સે થઈને મમ્મી ઊંદર પાસે ગઇ ને બોલી :

ઊંદરમામા, ઊંદરમામા, આ દોરડાને કોતરીને ખાઇ જાવ. દોરડું બળદને બાંધશે નહીં. બળદ પાણી પીશે નહીં. પાણી અગ્નિને ઓલવશે નહીં. અગ્નિ લાકડીને બાળશે નહીં, લાકડી જોયને મારશે નહીં, જોય બજારે જશે નહીં, મારા માટે શાક લાવશે નહીં ને મારી રસોઇ થશે નહીં..."

પણ આજ તો ઊંદરમામા ય ઊંચા ચાલવા લાગ્યા. મ્હોં બગાડીને એ કહે :

"મને ફૂરસદ નથી. દોરડું કોતરવા મારી પાસે સમય નથી..."

મમ્મીનો ગુસ્સો હવે હાથથી ગયો. આજે બધા જ એને હેરાન કરવ નીકળ્યા હતા શું ?

મમ્મીએ નક્કી કર્યું કે આજે આ બધાયને હું સીધા કરી દઈશ... એ બધા સમજે છે શું ?

એ તો સડસડાટ ઊપડી બિલ્લીમાસી પાસે.

મમ્મી બિલ્લીમાસીને કહે :

"બિલ્લીમાસી, મારું એક કામ કરો ને..."

બિલ્લી બોલી : શું કામ છે બેન ?"

મમ્મી બોલી : "આ ઊંદરને ખાઇ જાવ... એ મારૂં કહ્યું માનતો નથી. દોરડાને કોતરતો નથી એટલે દોરડું બળદને બાંધાતું નથી. એટલે બળદ પાણી પીતો

નથી, એટલે પાણી અગ્નિને ઓલવતું નથી... એટલે અગ્નિ લાકડીને બાળતું નથી... એટલે લાકડી બેયને મારતી નથી એટલે બેય મારું કામ કરતો નથી અને મારી રસોઈ થતી નથી...”

બિલ્લીમાસીને ભાવતું હતું ને બેને કહ્યું અને માસી તો માનું માને જ ને? બન્ને બેન ન થાય?

એટલે બિલ્લીમાસી બોલી :

“બેન... તું જરાય મુંઝાઇશ નહીં... હું અબઘડી જાઉં છું ને ઊંદરને ખાઇ જાઉં છું... મને તો એ બહુ ગમશે...”

મમ્મીની અને બિલ્લીમાસીની આ વાત ઊંદ મામા સાંભળી ગયા અને એણે તરત જ મમ્મીની માફી માગી ને કહ્યું :

“હું ઊંદરડાને કોતરું છું... કોતરું છું. બિલ્લીને કહો મને મારે નહીં...”

ઊંદરમામાના આ શબ્દો સાંભળી દોરડું ગભરાયું. એ કહે... “હું બળદને બાંધુ છું...” બાંધુ છું...”

આ સાંભળી બળદ પણ ગભરાયો. એ બોલ્યો :

“મને બાંધશો નહીં. હું હમણાં જ નદીએ જાઉં છું અને બધું પાણી પી જાઉં છું.”

આ વાતની ખબર પડતાં નદી બોલી :

“હું રાબઘડી અગ્નિને ઓલવી નાખું છું, મારું પાણી સૂકવી ન નાખશો...”

નદીની આ ધમકીથી અગ્નિને ડર પેઠો. નદીનું પાણી મને ઓલવી નાખશે તો? એટલે એણે તરત જ જાહેર કર્યું :

“હું હમણાં જ લાકડીને બાળીને સખ કરી દઉં છું...”

અગ્નિની આ પ્રતિજ્ઞા સાંભળી લાકડીની હવા નીકળી ગઈ!

એ તરત જ તૈયાર થઇ ગઇ બેયને મારવા માટે... એણે કહ્યું : “હું હમણાં જ જઇને બેયને ફટકારું છું...”

અને આ શબ્દો સાંભળતા જ બેયની જિદ્દ જતી રહી!

એ મમ્મીને કહે : “મમ્મી... મમ્મી... હું હમણાં જ બજારમાં જાઉં છું ને શાક લઇ આવું છું... મમ્મી તું લાકડીને રોક...

આટલું બોલતા તો બેય ઢીલોઢફ થઇ ગયો!

એટલે મમ્મી હસીને બોલી :

“બેટા, પહેલેથી જ મારું કહ્યું માન્યું હોત તો? મોટાનું જે માને નહીં એને લાકડીનો માર પડે... એટલે બેટા... હવે આટલું યાદ રાખજે... મોટાનું કહ્યું માનજે.”

બેયની જિદ્દ ત્યારથી જતી રહી.

હવે એ મમ્મીનું કહ્યું માને છે.

(એક અમેરિકન લોકકથા પરથી)

(મું. સ. તા. ૬-૯-૬૩)

નમ્રતા એ ધર્મનું મૂળ છે.

છતી શક્તિએ સ્વદ્રવ્યથી પૂજા ન કરે તે અરિહંતની આશાતના

— શ્રી મુક્તિપંથ પથેક

"સમ્યકત્વસપ્તતિ" નામના ગ્રન્થરત્નની રચના યાકિની મહત્તરાસુનુ સૂરિપુરન્દર આચાર્ય ભગવન્ત શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી મ. કરી છે સુવિહિતશિરોમણિ આચાર્ય દેવ શ્રી સંઘ તિલકાચાર્ય ભગવન્તે એ ગ્રન્થના ભાવોને સુન્દર રીતે સમજાવવા માટે એના ઉપર અનુપમ કોટીની ટીકા રચી છે આ ગ્રન્થમાં સમ્યકત્વના સડસઠ પ્રકારોને મનોરમ શૈલીમાં સમજાવાયા છે.

સમ્યકત્વના સડસઠ પ્રકારોની આરાધના આત્માના પરિણામ સ્વરૂપ ચોથા ગુણસ્થાનકના ભાવ સમ્યકત્વને પ્રાપ્ત કરાવી આપે છે.

એ સડસઠ પ્રકારમાં ત્રીજો "વિનય" નામનો પ્રકાર છે એ વિનયના પ્રકારનું વર્ણન કરતા "(૧) ભક્તિ (૨) બહુમાન (૩) અરિહંતાદિની શ્લાઘા પ્રશંસા (૪) અરિહંતાદિનો અવર્ણવાદ-નિંદાનો ત્યાગ. (૫) આશાતનાનો પરિહાર" એ રીતે વિનયના પાંચ પ્રકારો બતાવ્યા.

એ પાંચ પ્રકારોમાંના આશાતના પરિહાર નામના પ્રકારનું વર્ણન કરતા અરિહંત પરમાત્માની જઘન્યથી દશ મધ્યમથી ૪૦ ઉત્કૃષ્ટથી ચોરાશી આશાતનાઓ બતાવી છે.

એમાં મધ્યમથી ૪૦ આશાતનાઓમાંની એક આશાતના "संति य इड्ढिधम्मि अपूया" નામની જણાવી છે એનો અર્થ એ છે કે શ્રાવક પોતાની પાસે ધનસંપત્તિ વિગેરેની રિદ્ધિ હોવા છતા જો પોતાની સંપત્તિથી (સ્વદ્રવ્યથી) પૂજા ન કરે તો તે શ્રાવક અરિહંત પરમાત્માની આશાતના કરનારો છે

અરિહંત પરમાત્માનો જગતના જીવોની માફક આપણા ઉપર પણ અનન્ય અને અવર્ણનીય ઉપકાર છે અરિહંતોએ સંસાર અને મોક્ષનું સ્વરૂપ બતાવ્યું છે કાંટા બીછાયો સંસારનો માર્ગ અને ફુલ બિછાયો મોક્ષનો માર્ગ બતાવ્યો છે ધર્મ અને અધર્મના સ્વરૂપને સમજાવ્યા છે જીવાદિ તત્વો અત્યન્ત સૂક્ષમતમ રીતે બતાવ્યા છે.

અરિહંત પરમાત્માએ બતાવેલા ધર્મની આરાધના ગત ભવોમાં જાણતા-અજાણતા પણ થઇ ગઇ છે એના પ્રભાવે આ ભવમાં માનવ જન્મની પ્રાપ્તિ થઇ તેમાં પણ જૈન કુલ આરોગ્ય દીર્ઘાયુ વગેરેની અનુકુલતાઓ મળી અને સાથે અરિહંત પરમાત્મા સદ્ગુરૂઓ જિનમંદિરાદિ ધર્મ સ્થાનો અને ધર્માનુષ્ઠાનો કરવા માટેની સઘળી સામગ્રીઓ મળી.

અને વર્તમાનમાં જે ધર્મારાધના કરી રહ્યા છીએ એ બધામાં આપણા પર અરિહંત ભગવન્તોનો ઉપકાર છે એ ઉપકારના રૂપે અરિહંત પરમાત્માની જેટલી ભક્તિ કરીએ એટલી ઓછી છે એ અરિહંત પરમાત્માની ભક્તિ આપણા આત્માને યાવત્ પરમપદની પ્રાપ્તિ કરાવી જન્મમરણાદિના સઘળા દુઃખોથી મુક્ત કરી શાશ્વત કાલના સુખને પ્રાપ્ત કરાવનાર છે. આવા પરોપકારી અરિહંત પરમાત્માની પોતાના દ્રવ્યથી રિદ્ધિના અનુસારે જે પૂજા કરે છે એ ખરેખર કૃતજ્ઞ છે એનો એ કૃતજ્ઞતાનો ગુણ વિકસ પામતા સિદ્ધિપદ પ્રાપ્ત કરાવી કૃતાર્થ બનાવનાર છે પરન્તુ જે આવા અરિહંત પરમાત્માના સર્વોચ્ચ કોટીના ઉપકારને ભૂલી જાય છે સદ્ગુરુઓ-શાસ્ત્રો એ ઉપકારને યાદ કરાવવા છતા આંખ આડા કાન કરી ઉપેક્ષા કરે છે અને સર્વોચ્ચોપકારી અરિહંતની પોતાની પાસે ધન સંપત્તિ આદિની રિદ્ધિ હોવા છતા પોતાના વૈભવના અનુસારે સ્વદ્રવ્યથી પૂજા નથી કરતો તે ખરેખર અરિહંત પરમાત્માની આશાતના કરનારો છે કૃતઘ્ન છે.

"संति य रिद्धिम्मि अपूया" આ સમ્યકત્વ સપ્તતિ નામના ગ્રન્થનો પાઠ ઋદ્ધિસમ્પન્ન શ્રાવકે સ્વદ્રવ્યથી જ પૂજા કરવી જોઇએ એ વાતનું સ્પષ્ટ વિધાન કરે છે માટે જ પોતાની ઋદ્ધિને અનુરૂપ પુણીયો શ્રાવક રોજ કુલપગર ભરી અરિહંત પ્રભુની અનુત્તમ અંગરચના કરવા દ્વારા પોતાના દ્રવ્યથી પૂજા કરતો હતો કુમારપાલ મહારાજાના આત્મા નરવીરે પૂર્વભવમાં પોતાની પાંચ કોડીના દ્રવ્યથી અઢાર કુલો દ્વારા અરિહંત પરમાત્માની ભક્તિ કરી હતી આવા સ્વદ્રવ્યથી પૂજા કરનારાના અનેક દૃષ્ટાન્તો શાસ્ત્રમાં ઉપલબ્ધ થાય છે તેમ ઋદ્ધિસમ્પન્ન કુમારપાળ-મહારાજા-વસ્તુપાલ-તેજપાલ પેથડશા વગેરે મહાનુભાવો પણ પોતાના વૈભવના અનુસારે સ્વદ્રવ્યથી શાસનની પ્રભાવના થાય. તે રીતની અનુપમ અરિહંત પરમાત્માની ભક્તિ પૂજા કરતા હતા આવા પુણ્યાત્માઓએ એ જ ભવમાં અથવા આગળના ભવોમાં સમ્યગ્દર્શનાદિના વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિ કરી અથવા કરનારા બનશે. યાવત્ મુક્તિ પદને પણ પ્રાપ્ત કરનારા બનશે.

"संति य रिद्धिम्मि अपूया" પોતાની પાસે ધનાદિની ઋદ્ધિ હોવા છતા જે પોતાની ઋદ્ધિના અનુસારે પોતાના દ્રવ્યથી પૂજા અરિહંત પરમાત્માની નથી કરતો તે અરિહંત પરમાત્માની આશાતનાનુ પાપ કરનારો છે પાપ બાંધનારો છે આ અને આવા અનેક પાઠોના આધારે સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઇએ એવું કહેતા પૂ. શ્રી તો એમાં શું સ્યાદ્વાદ ઘવાઇ જતો હતો ? કે જેથી અધકચરા વિદ્વાન ગણાતા સંમેલનવાદીઓએ પૂ. શ્રીને એકાન્તવાદી તરીકે કહેવાની ધૃષ્ટતા કરી.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. ની વાણી કોઇ નયથી અધૂરી ન હતી તેમ વ્યાખ્યાનવાચસ્પતિ આ. ભ. શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મ. ની વાણી પણ સ્યાદ્વાદથી

અધુરી ન હતી. સ્યાદ્વાદ શૈલીના પૂરા જાણકાર હતા અને શાસ્ત્રો ના રહસ્યો સમજી નિરૂપણ કરતા જયાં "જ" કાર મુકવાનો હોય ત્યાં "જ" મૂકીને વાત કરતા હતા અને જયાં અપેક્ષા સમજાવીને વાત કરવાની હોય ત્યાં અપેક્ષા એ પણ વાત કરતા હતા.

સ્યાદ્વાદ સભર પૂજ્યશ્રીની વાણી કોઇ અજ્ઞાનતા ને વશ ન સમજી શકે અથવા જાણી જોઇને અનધડો દ્વેષપૂર્ણ બુધ્ધિથી એકાન્તનાદમાં ખપાવે તો એમાં એઓશ્રીનો શો દોષ ? દોષ તો એ અજ્ઞાન અને અનધડોનો જ માનવો રહ્યો. સૂર્યના પ્રકાશમાં ઘુવડ ન જોઇ શકે એમાં સૂર્યનો દોષ થોડોજ કાઢી શકાય ? દુનિયા આખી ઘુવડનો જ દોષ કાઢે છે. તીર્થંકરોની વાણીમાં પણ પાખંડીઓ દોષ કાઢતા હતા એમાં કાંઇ તીર્થંકરોનો દોષ થોડો જ હતો ? પણ પાખંડીઓની મિથ્યાત્વવાસિત મતિ જ એમાં કામ કરતી હતી.

"જ" કાર પૂર્વકની વાત ન જ થાય એવું જૈન શાસનમાં કયાંએ નથી. શાસ્ત્રકારોએ પણ "જ" કાર પૂર્વક વાતો અનેક સ્થળે શાસ્ત્રોમાં કરી છે.

જયાં "જ" કાર પૂર્વક વાત કરવાની છે ત્યાં "જ" પૂર્વકની વાત ન કરે અને ત્યાં અપેક્ષા લડાવે તે તો સ્યાદ્વાદનું ખુન કરનારો છે કેમકે સ્યાદ્વાદ પણ એકાન્તે સ્યાદવાદ નથી એથી એ નિશ્ચિત થાય છે કે સ્વદ્રવ્યથીજ પૂજા શ્રાવકે કરવી જોઇએ આવી આ. ભ. શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ની વાત એકાન્ત વાદથી દુષિત નથી કેમકે એઓશ્રીએ એ વાત "સંતિ ય રિદ્ધિધમ્મિ અપૂયા" એ સમ્યકત્વ સપ્તતિ નામના ગ્રન્થના આધારે કરી છે.

વ્યવહારમાં પણ કોઇ માણસને પોતાના ઘરે સાધુ મહાત્માને મુફલ ગોચરી વહોરાવવાની ઇચ્છા નથી એને તો પોતાના ઘરના આહારાદિનો બચાવ કરવાની વૃત્તિ હોવાને કારણે પૂરી મૂર્છા છે મમતા છે. આવો માણસ સાધુ મહાત્મા ને કહે પધારો પાડોશના ઘરમાં એમ કહી સાધુ મહાત્માને સાથે પાડોશીના ઘરમાં આવી રોટલીની થપ્પીમાંથી દશ બાર રોટલી સાધુના પાત્રામાં વહોરાવે તો શું લાભ મળે ખરો ? નહિ જ એને ઉદાર કહેવાય કે લુચ્ચો કહેવાય ? પોતાના ઘરે એક રોટલી પણ વહોરાવવાની વૃત્તિ નથી અને બીજાના ઘરમાં ૧૦-૧૨-રોટલી સાધુને વહોરાવે એવાને સારા ભાવ આવે ખરા ? બુધ્ધિ કસીને મધ્યસ્થપણે વિચારાય તો ચોકકસ લાગ્યા વગર ન રહે કે પોતાના ઘરના આહારાદિ બચાવવાની મૂર્છા ગ્રસ્ત બુધ્ધિ હોવાના કારણે પારકા ઘરે ઉદારતાનો દેખાડો કરીને વિપુલ પ્રમાણમાં પારકી આહારાદિ વસ્તુઓ સાધુને વહોરાવે તો પાપ જ બાંધે કદાચ પુણ્યબાંધે તો પણ પાપાનુબંધી જ પુણ્ય બાંધે જેને શાસ્ત્રકારોએ પણ પાપ કહ્યું છે.

[ક્રમશઃ]

ખોટું ન લગાડતા હો ને ?

—શ્રી ભદ્રંભદ્ર

તમે ભગત છો કે ભડવીર !

"તુમ આગે બઢો હમ તુમ્હારે સાથ હૈ" આવું સિંહગર્જના કરીને હું વીર-પુરૂષોની છેક છેલ્લે છેલ્લે ચાલ્યો. ભાટ ચારણની જેમ કે મને કોઇએ જોખમદારી સોંપી ન હતી. પણ આવા કામોમાં આપણે વગર પૂછે કે કીધે સમર્પણ ભાવ પૂર્વક સહકાર આપી દેવાનો હોય. જૈન સંઘમાં આપણે સામ્ય હોઇએ અને તે હોકો કોઇ અંજન શલાકા, પ્રતિષ્ઠા, દીક્ષોત્સવ પદવી પ્રદાન મહોત્સવ, ઇત્યાદિ ઊજવવાના હોય ત્યારે આપણને કામ સોંપવાના જ હોય અને જે કામ માટેની ખરેખર આપણી જરા પણ (ઇચ્છા નહિ પરંતુ) લાયકાત ન હોય એવું જ, રોજે પૂજાના કપડાં પહેરીને મડાભગતની જેમ કલાકો સુધી સ્નાત્ર-પૂજામાં કે પૂજનમાં ઉભા રહેવાનું કામ સોંપે તો તે કેવું અજુગતુ કહેવાય. અપાત્રમાં પડેલી વિદ્યા ફળ દેનારી નથી બનતી તેમ મારી જેવા દુર્લાયક નરને આવું ઉત્તમ કાર્ય એ કાકકંઠે મોતીમાળા જેવું જરા અતડુ અતડુ કે'વાય.

હા, જો કોઇ મને કોઇના માટે પ્રાણ ન્યોચ્છાવર કરી દેવાની કે શહીદ બની જવાની વાત કરે તો હું એ જ સેકંડે મોતને મૂઠીમાં વાળીને યમરાજ સામે મોરચો માંડું. પણ આવા ભગત-સાધ્ય પૂજા-પૂજનોમાં એ ય પાછું પૂજાના કપડામાં ઉભુ રહેવાનું કે હાજર થવાનું મારા માટે વિચારવું પણ અસંગત લાગે. જો કે મેં એ પણ તપાસ કરી કે- આવું કેમ થાય છે ? વિચારીએ તો કંઇક રસ્તો મળે. એમ મને ઉકેલ મળ્યો કે- પૂજા-પૂજનોમાં નમ્ર બનીને હોકોમાં 'ભગતછાપ' નહિ ગણાઇ જવાની તીવ્રાતિતીવ્ર તમન્ના રહેલી હોય છે. અને કોઇની માટે પ્રાણ ન્યોચ્છાવર કરીને શહીદ બનવામાં તો આહા હા ! પાર વિનાની કીર્તિ યશની માન-સન્માનની આટલી ચે તમન્ના ન હોવા છતાં પણ કુરબાન થયાનો કિલ્લોલ સમાતો નથી હોતો.

આવી કુરબાની ધરી દેવાની ભાવના તો માત્ર ધર્મસ્થાને જ થાય છે હોં ભૈ. પણ કોઇ અનામતનું, કોમવાદનું કે મોંઘ-વારીનું તોફાન હોય ત્યારે તો કુરબાન થવાની વાતમાં આપણે બહુ ઉતાવળ કરી દેવાની જરૂર નહિ. બીજા હોકોને આના લાભથી વંચિત ના રહેવાની તીવ્રભાવનાને આપણે ઠેસ ના લગાડાય. તે શૂરવીર પુરૂ-ષોને સ્મારક કે ખાંભીની કશી જ પડી ભલે ના હોય, પણ મારે-અમારે તો એની નિસ્પૃહતાની કદર કરવી જોઇએ ને. કદર કરનાર તરીકે પણ મારૂ જીવતા રહેવું ઘણું જરૂરી બની જાય છે.

અને હું હાજર હોઉં તો એ સ્મારક કે ખાંભી કે પાળીયા સ્થળે

"દિન ખૂનકે હમારે યારો ન ભૂલ જાના,
સૂની હુઇ કબરપે આંસુ બહા ના જાના."
નંબર-એક

"શહીદોંકી ચિતાઓં પર લગેંગે
હર બરસ મેલે,
વતન પર મરને વાલોં કા યેહી બાકી
નિશાં હોગા" નંબર-બે.

"તુમ ન જાને કિસ જહાં મેં ખો ગયે,
હમ ભરી દુનિયામેં તન્હાં હો ગયે"
નંબર ત્રણ.

"ચલો આજ જી ભરકે આંસુ બહાં લેં,
યે યાદોં ભરે દિન આયે ન આયે."
નંબર ચાર.

"ખત લિખતા હું ખૂનસે
શાહી મત સમજના,
મરતા હું તેરી યાદ પે, જિંદા મત સમજના.
નંબર પાંચ."

આવી સ્તુતિ પંચકની શ્રદ્ધા-અંજલિ અર્પણ કરી ગદ્‌ગદ્ કંઠે, આંખમાંથી આંસુના શ્રાવણ-ભાદરવાને વરસાવતા વરસાવતા શહાદતોત્તર ક્રિયા કરીને મરનારના સ્વજનોના દુઃખના ભાગીદાર બની શકાય.

અમેરીકા જેવા રાક્ષસી દુશ્મનનો સામનો કરવા માટે જાપાનમાં જ્યારે પચ્ચીશ યુવાનોને છાતીએ બોંબ બાંધીને દરિયામાં કૂદી પડીને શત્રુનો સંહાર કરવાની જાહેરાત થતાં ધાર્યો કરતાં કૈં ગણી સંખ્યા તૈયાર થઇ અને ત્યારે જેમને આ કામ ના મળ્યું તે લોકો પોતાના કપાળ કૂટતા હતા. પણ તમે ખરેખર તપાસ કરજો આ પોતાને ભાગ્યહીન ગણતા નવલોહીયાઓને ભરપૂર સાંત્વન આપનાર આ ભદ્રંભદ્રને જ પૂર્વજન્માત્મા હાજર હશે.

એટલે આપણી વાત તો એ ચાલતી હતી કે "વીર પુરૂષો તુમ આગે બઢો હમ તુમારે સાથ હૈ" આવું બોલનારો બોલતો હું છેક છેલ્લે ચાલતો હતો. ડરી જઇને નહિ. પણ કોઇની શહીદ થવાની તીવ્ર તમન્નામાં આપણાંથી નકકામો અંતરાય ઉભો ના થઇ જાય એટલે. : આમે ય મારી પાસે જીવનભર તો શું છેલ્લા શ્વાસ સુધી પૂરા જ ન થાય એટલા કામોનો ખડકલો ભેગો થયેલો છે. એટલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જોઇને લાભાલાભ વિચારતાં મારો છેલ્લે રહેવાનો નિર્ણય તદ્દન તર્કસંગત હતો. અને એક ધારદાર દલીલ તો એવી હતી મારી પાસે કે– હું આગળ હોઉં ને, આ શેરીશૂરાને, પોળ પાંડેલવાનોને મહોલ્લા મલ્લોને, બાંચા ખૂંખારાને, ગલી ગેરીલાઓને, સામેથી કોઇ ઠેલાવાન એકસો વીશની ઝડપે દોડતી આવે ત્યારે ભાગી જવું હોય તો હું ભટકાયા કરૂ. અને એમાં કયાંક મને જ પોલિસ ઝડપી લે અને મારા આ સાગરીતોને દુઃખી થવું પડે એ કરતાં આપણે પાછળ જ હાશ. કેમ ?

પણ સાલુ મારૂ ધારેલું ના થયું. હું તો છેલ્લે હતો. હાથમાં પથ્થર જેવું ય કશું પકડયુ નો'તુ અરે ! વિશ્વના કોઇ

પણ ફેંકાયેલા પત્થર ઉપર જો ફોરેન્સિક લેબોરેટરી નિષ્ણાતો ફિંગરપ્રીન્ટોની ચકાસણી કરે તોય મારા ફિંગરપ્રીન્ટને એ લોકો સાબિત જ કરી ના શકે. ઠંડીમાં હાથે મોજા પહેર્યા હોય એટલે નહિ. પણ પત્થર ફેંકીને પેલા કવિ કલાપિની જેમ "રે ! પંપીની ઉપર પથરો ફેંકતા ફેંકી દીધો." આવો પસ્તાવો પોલિસ-ચકલા સામે પત્થર ફેંકયા પછી કરવો પડે એના કરતાં પત્થરને જ અડવાથી દૂર રહેવું શું ખોટું ? (જૈન ગ્રંથમાં કીધુ છે ને કે- "ધર્મ કરવા માટે જેને ધન મેળવવાની ઇચ્છા છે તેણે તો ધનની ઇચ્છા ન કરવી એ જ મોટો ધર્મ છે. અથવા તેણે તો ધર્મ કરવાની ઇચ્છા ના કરવી એ જ શ્રેષ્ઠ છે. કાદવવાળા કર્યા પછી હાથ ધોવા કરતાં તો કાદવને દૂર રહીને ન અડવું એજ શ્રેષ્ઠ છે.)

અમારા જવાંમર્દો પોળના નાકેથી જરાક જ દૂર જઈને પત્થરોનો જોરદાર મારો ચલાવતા હતા. જો કે સમ ખાવા જેટલો જ પત્થર પોલિસ પુરૂષને અડતો હોતો. છત પત્થરમારો કરવાનો આનંદ અનેરો લાગતો હતો. પણ જયારે યુદ્ધના નીતિ-નિયમોને તોડી-ફોડીને જમીન ઉપર માત્ર પત્થર કે લાકડી ધારિયા, ભાલા કે તલવાર લઈને કે એસિડના ને તેજાબના બહ્મો લઈને લડતાં જવાંમર્દો સામે પેલા ઝાળીની ઢાલ ધારી, બંદૂક અને ટીયર ગેસના ભડાકા ભડાકા કરતા અને રણગાડી ઉપર આરૂઢ થઈને પધણાવા જેવડા છોકરા-છોકરીઓના બાપ જેવડા પોલિસ અફસરો પરણવા જેવડા કે પરણ્યાને દશ-પંદર વરસ થયેલા જુવાનીયા ઉપર ત્રાટકતા ત્યારે જે દોડધામ મચતી અને કેટલાંક ગલોટિયા ખાઇને ગબડી પડતા તે વખતે જે કરૂણકથા સર્જાતી તે ગમગીન કરી દેતી, મને.

એકવાર તો હું પડ્યો નહિ ત્યાં સુધી દોડતો જ રહ્યો. પડવાની હું જો કે રાહ જ જોતો હતો. પણ પડી ગયેલા મને કોઇકે ઉભો કરી લાઠીચાર્જ કર્યો. મેં કીધુ, જો કે કહેતા પહેલાં વિચાર્યું કે- પેલા આવેલા બળદને જોઇને ઘરડાતિ-ઘરડા માજી નથી કહેતા કે- "અરે ! યમરાજ ! હું નહિ. હું તો સાજી છું પેલો ખાટલામાં મારા છોકરાનો છોકરો માંદો છે ત્યાં જાવ. તમે જગ્યા ભૂલી ગયા." પછી તે એમાંથી કોનું શું થયું ઇ તો મને ખબર નથી. પણ મેં તરત કીધુ-"સાહેબ ! હું નહિ. પેલા લોકો છે. હું તો અહીં બાજુએ ઉભો હતો. હું યુદ્ધ કરુ કે કરાવું નહિ અને કરતાને સારા માનુ ય નહિ સાહેબ છોડી દો. હું સાચુ કહું છું મને પકડવો ન્યાય વિરૂદ્ધ છે.

'તો ભાગ્યો તો કેમ ?' તમે કયાંક પોલિસમાં ભરતી કરી દો તો ? એટલે." આટલું કરગરવા છતાં મારી પોળના જવાંમર્દોની દેખતા જ મને 'તોફાની' ગણીને પોલીસ ઉઠાવી ગયા. પછી તો હું તોફાન જોવા જવાનીયે ખો ભૂલી ગયો.

શાસન સમાચાર

મુદેબિહાલ – પૂ. આચાર્યદેવ શ્રી વિજય ભુવન તિલક સૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ. આદિ ઠા. ૫ પૂ. સાધ્વીજી શ્રી શુભંકરા શ્રીજી આદિ ઠા. ૪ પૂ. સાધ્વીજી શ્રી સંજયશીલા શ્રીજી આદિ ઠા. ૪ નો પોષ વદ ૬ના સત્કારત પ્રવેશ. રોજ પૂ. આ. શ્રી અભયરત્ન સૂ મ. અને પૂ મુનિ શ્રી અમરસેન વિ. મ. ના પ્રવચનો થતાં. નૂતન ધર્મશાળાના ઉદ્‌ઘાટન પૂ. આ. શ્રી સુરશિમ-રત્ના શ્રીજી મ.ની વડી દીક્ષા અને પૂ. સા. શ્રી મલયકીર્તિ શ્રીજી મ.ના એકાંતરા ૧૦૦૮ આયંબિલના પારણાં પ્રસંગે મહોત્સવ યોજાતાં મહા શુદ ૧૦ થી મહોત્સની શરૂઆત મહા શુદ ૧૨ના સા. મ. ની વડી દીક્ષા સંઘ તરફથી અને સાધ્વીજી મ.ના સંસારી સંબંધી તરફથી પૂ. આ. મ. અને પૂ. સા. મ. ને કાંબલ વ્હોરાવી ઘર દીઠ ડીસની લ્હાણી કરી લાભ લીધો હતો. શુદ ૧૨ ના રાત્રે નૂતન ધર્મશાળાના ૩ હોલ અને ૬ રૂમના કલપના ધ્વજા ચડાવા થયાં હતાં. વદ ૧૪ના ધર્મશાળાનું ઉદ્‌ઘાટન પ્રભાવના શ્રી સંઘ તરફથી પૂ. આ. મ. આદિ પૂ. સા. મ. આદિને કાંબળ વ્હોરા-વામાં આવી હતી. બપોરના શાંતિસ્નાત્ર મહાપૂજા સવાર સાંજનું સ્વામિવાત્સલ્ય શુદ ૧૨ ના પાર્શ્વનાથ ભ. ના અભિષેક વિધાન થયું હતું. સા. મ. ના પારણા નિમિત્તે વરઘોડો ગુરુ સંઘ પૂજન સા. મ. ના સંસારી સંબંધી તરફથી ઘર દીઠ સ્ટીલના સ્કેન્ડની લ્હાણી થઈ હતી. પૂ. આ. મ. નાલતવાડ પ્રતિષ્ઠાની ગહા વદ ૫ ના સાલગિરિ પ્રસંગે પધારત. ધ્વજા ચડાવાયા બાદ સ્વામિવાત્સલ્ય શાંતિપૂજા નૂતન ધર્મશાળાનું ભૂમિ પૂજન થયું હતું. બાદ પૂ આ. મ. મુદેબિહાલ પધાર્યા હતા. શ્રી કુંભોજ ગિરિ પ્રતિષ્ઠીના ૧૦૫ વર્ષની ઉજવણી પ્રસંગે પધારવાની વિનતિ અંગે ટ્રસ્ટીઓ આવ્યા હતા વિનંતીનો સ્વીકાર કરી પૂ. આ. મ. ઓળી પછી લગભગ કુંભોજ પધારશે. આ. મ. ને વિનંતિ કરી છે પધારવાની સંભાવના છે.

પ્રતિષ્ઠા મહોત્સવ–પંન્યાસપદવી

અમદાવાદ દેવાસ મધ્યે–પ. પૂ. આ. દેવ શ્રી વિજય પ્રિયંકર સૂરીશ્વરજી મ., પ. પૂ આચાર્ય દેવ શ્રી વિજય જયચન્દ્ર સૂરીશ્વરજી મ. સા. ની શુભ નિશ્રામાં પ્રભુ પ્રવેશ અઢાર અભિષેક, પ્રતિષ્ઠા, શ તિસ્નાત્ર, સંઘજમણ તથા ૨૦ મણી શ્રી રત્નપ્રભ વિજયજી મ. ને મહા સુદ–૧૦ સોમવારે પંન્યાસ પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા હતા–નૂતન પંન્યાસ મહારાજનું ચાતુર્માસ પાલડી વીતરાગ સોસાયટી જૈન ઉપાશ્રયે નકકી થયેલ છે.

શ્રી માણિભદ્ર દેવને નામે મિથ્યાત્વ

હાલમાં કેટલાક ધર્મ કરનારાઓમાં સ્વાર્થવૃત્તિ વધતાં તેઓ અરિહંત પરમાત્માની ભક્તિ ભૂલીને દેવ દેવીઓનો મહિમા પ્રભાવ ચમત્કાર બતાવતા થયા છે તેમાં ૯૦ થી ૯૫ ટકાનો ધતીંગ છે.

વર્જ જૈન દેવ દેવીની માનતા કરવી તે લોકોત્તર દેવગત મિથ્યાત્વ છે. જેથી આ દેવ દેવીઓની બાધા માનતા કરવા પ્રેરણા આપે તે આ મિથ્યાત્વનો પ્રચાર છે.

માણિભદ્ર ઘંટાકર્ણ ભૈરવ પદ્માવતી આદિને નામે આવા મિથ્યાત્વના પ્રચાર ચાલે છે હવે તે દેવ દેવીઓના પૂજનો હવનો વિ. ઉભા કરી ને લોકોને સ્વાર્થ પૂર્તિ માટે કોણીએ ગોળ ચોટાડે છે આવા સ્વાર્થ લંપટ લોકો 'વર મરો કન્યા મરો પણ ગોરનું ભાણું ભરો' તેવા સ્વાર્થપણાથી ભ્રમ ફેલાવી લોકોને છેતરે છે.

માણિભદ્ર કે ઘંટાકર્ણ કે ભૈરવ કે પદ્માવતી આદિ દેવ દેવીઓ આ વિષમ કાલમાં કયાંય દેખાતા નથી અને હોય તો સૌ પ્રથમ તેમને નામે ચરી ખાનારા, લોકો ને ભરમાવનારા અને લોકોને લુંટનારા આ કહેવાતા નામધારી પ્રચારકોને જ સૌ પ્રથમ ઠેકાણે પાડે.

લોભીયાને ધુતારા મળે તેમ આજે ધન આદિના લાલચુ ભોળા ભદ્રીક જીવો આવાઓના ફંદામાં ફસાય છે માટે વિવેકી જીવોએ આ દેવ દેવીઓના ફંદામાં ન ફસાવું અને સર્વ હિતકર શ્રી અરિહંત પરમાત્માઓ અને તેમના ઉપદેશોને અનુસરવું એજ જરૂરી છે.

ગાંધીનગર શાહીબાગ (અમદાવાદ) વર્ધમાન તપોનિધિ પૂ. આ. શ્રીમદ્ વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પૂ. ઉપાધ્યાય શ્રી યશોભદ્ર વિ. મ. આદિ ચતુર્વિધસંઘની પાવન સાનિધ્યમાં મહા સુદ ૬ તા. ૧૬-૨ના પૂ. મુ.શ્રી ચંદ્રજિત વિ. મ. સા. પૂ. સા. શ્રી ઇન્દ્રજિત વિ.મ. પૂ. શ્રી નિપુણચંદ્ર વિ. મ. પૂ. સા. ભુવનસુંદર વિ.મ. પૂ. સા. શ્રી ગુણસુંદર વિ.મ. ને શ્રી ભગવતી સુત્રના યોગમાં મંગલ પ્રવેશ થયો આ મંગલ પ્રસંગે જીવદયાની ટીપ માટે પ્રેરણા થતાં સંઘ તરફથી ટપોટપ નામો આવવા લાગ્યા અને આંકડો ૬૫ હજારને આંબી ગયો

આ રકમ ઘાસચારા માટે મોકલી આપવાનું નક્કિ કરવામાં આવ્યું અંતે પાંચ રૂપિયાનું સંઘપૂજન થયું. શ્રી બલસાણા તીર્થોદ્ધારક પૂ. પં. શ્રી વિદ્યાનંદ વિ. મ. તથા પૂ. મુ. શ્રી ચંદ્રજીત વિ. મ. નું ચાતુ રાજકોટ માંડવીચોક જૈન ઉપાશ્રયે નક્કિ થયું છે રાજકોટ મુકામે પૂ. શ્રી ચંદ્રજીત વિ. મ. ને ગણિપદ પ્રદાન થશે.

'ધાર્મિક વહીવટ વિચાર'ની અશાસ્ત્રીયતા

– પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ.

(ધર્મદ્રવ્યવ્યવસ્થા ધર્મશાસ્ત્રાનુસાર જ થાય–એ જોવાની શ્રમણપ્રધાન શ્રી જૈન સંઘની ફરજ છે. પંન્યાસજી શ્રી ચંદ્રશેખર વિ.જી મહારાજે લખેલી 'ધાર્મિક વહીવટ વિચાર' નામની પુસ્તિકા ધર્મદ્રવ્યવ્યવસ્થાના શાસ્ત્રીય નિયમોનો લોપ કરનારી હોવાથી અનેક ગીતાર્થ ગુરૂદેવો અને શ્રદ્ધાલુ શ્રાવકોએ પંન્યાસજીનું એ તરફ ધ્યાન દોર્યું. પરન્તુ પંન્યાસજીએ વિરોધને સમજવાને બદલે પોતાની ખોટી માન્યતાને પકડી રાખવાનું જ પસંદ કર્યું. મારી સાથે આ અંગે રૂબરૂમાં શાસ્ત્રીય વિચારણા કરી લેવાના સૂચનને પણ એમણે "ચંદ્રગુપ્ત વિ. નો સ્વભાવ ઉગ્ર હોવાથી મારે એમની સાથે વાત કરવી નથી" જેવી અંગત અને અપ્રસ્તુત વાત આગળ ધરી ફગાવી દીધું. અને બીજી તરફ 'મુક્તિદૂત' માં, કોઇ શાસ્ત્રાધાર સાથે વાત કરે તો પોતે સુધારો કરવા તૈયાર હોવાની દંભી જાહેરાત કર્યે રાખી. આ સંયોગોમાં સિદ્ધાંતોની રક્ષા માટે શ્રી સંઘ સમક્ષ 'ધાર્મિક વહીવટ વિચાર'ની અશાસ્ત્રીયતા પ્રગટ કરવા સિવાય બીજો વિકલ્પ નહિ હોવાથી આ પુસ્તિકા લખાઇ છે. ધર્મદ્રવ્યવ્યવસ્થાને ડહોળી નાખવાના પંન્યાસજીના પ્રયત્નને નિષ્ફળ બનાવવાનું શેષ કર્ત્તવ્ય શ્રી સંઘ પૂરું કરે–એવી આશા રાખું છું.

–લેખક)

અનન્તોપકારી શ્રી અરિહન્ત પરમાત્માના પરમતારક શાસનની આરાધનામાં જ આપણા સૌનું હિત છે. એકાન્તે હિતકારિણી એ આરાધના માટે પ્રયત્નશીલ બનેલા આરાધક આત્માઓ એ યાદ રાખવું જોઈએ કે દેવાધિદેવ શ્રી અરિહન્ત પરમાત્માએ ઉપદેશેલી આરાધના તેઓશ્રીની પરમતારક આજ્ઞા મુજબની હોય તો જ તે હિતકારિણી છે. લોકોત્તર ધર્મના અર્થી બનીને પણ જે જીવો શ્રી અરિહન્ત પરમાત્માની આજ્ઞાનો ઉપયોગ રાખતા નથી તે જીવોને તેમની આરાધના કોઇપણ રીતે હિતકારિણી બનતી નથી. લોક–લોકોત્તર કોઇપણ ક્ષેત્રમાં તે તે આપ્તપુરૂષોની આજ્ઞાની જે મહત્તા છે તે લોકોત્તર ધર્મના આરાધકોને તો સમજાવવાની જરૂર જ નથી.

પરન્તુ વર્તમાનમાં શ્રી અરિહન્ત પરમાત્માની પરમતારક આજ્ઞાના નામે એ આજ્ઞાની જે રીતે અવહેલના થઇ રહી છે. કરાઇ રહી છે–એ ખૂબ જ ચિન્તાજનક છે. વિચિત્રતા તો એ છે કે ધર્મોથી મુમુક્ષુજનોને શ્રી વીતરાગ પરમાત્માની પરમતારક આજ્ઞાથી વાસિત બનાવવાની જવાબદારી જેમના શિરે છે, તે ધર્મોપદેશકોમાંના કેટલાક ધર્મોપદેશકો જ આજે દેવાધિદેવ શ્રી અરિહન્ત પરમાત્માની પરમતારક આજ્ઞાની અવહેલના કરી સકલ શ્રી સંઘને વાતે વાતે 'માર્ગદર્શન' કરાવી રહ્યા છે. એ માર્ગદર્શકોમાં

અગ્રગણ્ય એવા પંન્યાસ પ્રવર શ્રી ચંદ્રશેખર વિજયજી મહારાજે આજ સુધી એ માટે લગભગ ત્રણસોની આસપાસની સંખ્યામાં પુસ્તકો દ્વારા અને પોતાના દ્વારા પ્રકાશિત થતા 'મૃકૃતિદૂત' માસિક દ્વારા ખૂબ જ પરિશ્રમ લીધો છે. તેઓશ્રી દ્વારા આ રીતે વહેતી કરાયેલી 'વિચારધારા'માં શાસ્ત્રનો આધાર કેટલો છે એ વિચારવા માટે તેઓશ્રીના દરેક પુસ્તકોની સમીક્ષા કરવાની આવશ્યકતા છે, જે હાલના સંયોગોમાં શક્ય નથી. છતાં તાજેતરમાં તેઓ શ્રી દ્વારા પ્રકાશિત "ધાર્મિક વહીવટ વિચાર"-આ પુસ્તકમાંથી વિવાદાસ્પદ-અશાસ્ત્રીય વિચારધારાની અહીં સમીક્ષા કરવા છે.

આમ તો વિ. સં. ૨૦૪૪ના પરિમિત મુનિ સંમેલનના ઠરાવો માત્ર કાગળ ઉપર જ રહેવાથી અને સંમેલનના સૂત્રધારોમાંથી ક્રમશઃ એક એક વિદાય લઈ રહ્યા હોવાથી ઉપર જણાવ્યા મુજબની સમીક્ષા કરવાની ખાસ આવશ્યકતા નથી; પરંતુ સંમેલનની તદ્દન નિરર્થકતાથી જનમાનસમાંથી દૂર થઈ જવાના ભયે પ્રગટ કરાયેલા એ પુસ્તકની ઉપેક્ષા કરવાનું યોગ્ય ન જણાયાથી આ સમીક્ષા કરવાની આવશ્યકતા ઊભી થઇ છે. લોકોની વિસ્મરણશીલતા અને યોગ્ય જાણકારોની ઉદાસીનતાને દૂર કરવાનો જ આ એક અલ્પપ્રયાસ છે. સમસ્ત શાસ્ત્રના પરમાર્થને પામેલા પૂજ્યપાદ સ્વ. આ. ભગવન્ત શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાદિ અનેકાનેક પૂ. આચાર્ય ભગવન્તોએ અનેકવાર અશાસ્ત્રીયતા અંગે ધ્યાન દોરવા છતાં જેઓની અશાસ્ત્રીય આલેખનાદિની પ્રવૃત્તિમાં પરિવર્તન આવ્યું નથી, તેમને સુધારવાની અપેક્ષા તો રખાય જ નહિ.

(ક્રમશઃ)

FORM (IV)

રજીસ્ટર્ડ પેપર (સેન્ડ્રલ) રુલ્સ

૧૯૫૬ ના અન્વયે

"જૈન શાસન અઠવાડિક" માસિક અંગેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

પ્રસિદ્ધિ સ્થળ :- વઢવાણ શહેર. સૌરાષ્ટ્ર

પ્રસિદ્ધિનો ક્રમ :- દર મંગળવારે

મુદ્રકનું નામ :- સુરેશ કે. શેઠ

કઇ જ્ઞાતિના :- ભારતીય

ઠેકાણું :- સુરેશ પ્રિન્ટરી મેઇન રોડ, વઢવાણ

પ્રકાશક :- સુરેશ કે. શેઠ

તંત્રીનું નામ :- સુરેશ કે. શેઠ

ઠેકાણું :- સુરેશ પ્રિન્ટરી મેઇન રોડ, વઢવાણ

કઇ જ્ઞાતિના :- ભારતીય

માલિકનું નામ :- શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ

ઠેકાણું :- લાખાબાવળ (જામનગર)

આથી હું જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

સુરેશ કે. શેઠ

તા. ૬-૩-૧૯૯૪

- કર્મ જેનાથી ગભરાય તે ધર્મી. કર્મથી જે ગભરાય તે ધર્મી નહિ.
- જે સારી સામગ્રી આપણા પુણ્યે આપી છે તેની કિંમત ન સમજાય તે જ મોટો પાપોદય ! તેવા પાપોદયવાળાને પાપી કહેવામાં પાપ નથી પણ પુણ્યશાલી કહી વખાણવામાં પાપ છે.
- સાધુ માન-પાન પ્રતિષ્ઠાદિમાં પડે, દુનિયાની વાહવાહ માટે કામ કરે, પૈસા માટે તમારી દાઢીમાં હાથ ઘાલે તો તેનો ય ધર્મ જાય.
- સંસારનું સુખ અને સુખના સાધન પર જેને દ્વેષ જાગે અને વૈરાગ્ય પામ્યા હોય તેવાને પાપી કહે તે પાપી, તે વિનાનાને પુણ્યવાન પુણ્યવાન કહી વખાણે તે પાપી !
- કોઇ આપણું અસલમાં ભૂંડું કરતું નથી. આપણે જ આપણું ભૂંડું કરીએ છીએ.
- ઉપશમશ્રેણી તે મોહ સાથે બાંધછોડ છે. મોહને દબાવવાથી કામ ન થાય. તેને તો મારીને કાઢવો પડે. ખરાબ સાથે બાંધછોડ કરાય નહિ.
- ક્રોધની યોનિ માન છે. માની બહુ ક્રોધી હોય. કોઇ સામે ન જૂએ તો ય બળતરા થાય.
- જેને સ્વાભાવિક કે ઉપદેશથી આ દુનિયાનું સુખ ભૂંડુ ન લાગે, તે સુખ ભૂંડુ ય ન લાગે તેનું ય દુઃખ ન થાય, તે સુખ માટે પાપ કરતાં, પ્રપંચ-માયાદિ કરતાં હું ખોટું કરું છું તેમ પણ ન થાય તેને ભારેકર્મી જ કહેવા પડે !
- રોજ ભગવાનની વાણી સાંભળવા છતાં અસર ન થાય તો સમજવું કે મોહની મૂઢતા ભારે છે, મિથ્યાત્વ ગાઢ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું જૈન ૨૪૫૪૧

૪૨૧૦ ૧૧-૧૨-૬૭

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

સાપ્તાહિક

સવિ જીવ કરૂ શાસન રસી

Read 1/4/1967 પૂના

ભવવૃદ્ધિ–નાશનું કારણ

સુહિસયણમાઇયાણં ઉવયરણં,
ભવપબંધ વુડ્ઢિકરં ।
જિણધમ્મપવન્નણં તં ચિય ભવભંગમુવણેઇ ।।

સ્નેહી–સ્વજનાદિનું ઉપકરણ–સન્માનાદિ, ભવપ્રબંધ–ભવપરંપરાની વૃદ્ધિ કરનારું બને છે. જ્યારે શ્રી જિનધર્મને પામેલાઓનું સાધર્મિકપણાની બુદ્ધિથી કરેલું સન્માનાદિ ભવનાશનું કારણ બને છે.

વર્ષ ૬ અંક ૩૪

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦ | લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ હિંગળાજ પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN 361005

સમેતશિખરજી તીર્થ અને સ્વાપર્ણ માટે લલકાર!

એક બગીચો, નવા નવાં સુંદર ઝાડ એ ઝાડની કલમો સરસ થાય.

કલમ કરીને માળી શહેરમાં વેચે.

શહેરમાં રાજાના કુંવરનાં લગ્ન. કંઈ કેટલા રાજા મહારાજા આવેલા. હાથી-ઘોડા આવેલા. તંબૂ તણાયેલા વાજાં-ગાજાંનો ગજબ શોર.

સુંદર ફૂલવાડીમાં જાતજાતની વસ્તુઓ લટકાવેલી. એ ફૂલવાડી લૂંટાવાની.

બગીચાના માળીને મન થયું કે હું લગ્નનો ઉત્સવ જોવા જાઉં પણ બે ચાર દિવસ બગીચો સુનો રહે. ઉનાળામાં ઝાડને પાણી પાવા પડે.

પાસે એક ગામડું. ગામડિયા સાથે સારો સંબંધ માળીએ તેમને બગીચો બતાવ્યો અને કહ્યું

"જે છોડને જેટલું પાણી જોઈએ તેટલું પાજો. ન વધારે કે ન ઓછું પાજો. વળી ઉનાળો છે, વધુ બગાડ કરશો તો પાણી ખૂટી જશે. ગામડીયો કહે, 'ભલે'

માળી ગયો બગીચો બરાબર સચવાયો લલ્લુરામ સહુથી વડો ગામડીયો.

એક દિવસ એણે કહ્યું, "જુઓ દરેક ઝાડને જોઈતું પાણી પાવાનું કહ્યું છે પણ તેની અક્કર આપણને કેમ પડે? મારી ઇચ્છા છે કે દરેક ઝાડનાં મુળ એકવાર કાઢીને જોઈ લઈએ. જે ખૂબ ભીનાં હશે એને ઓછા પાણીની જરૂર સમજવાની. જે સામાન્ય ભીનાં હશે મધ્યમસરની ને સાવ સૂકાં સૂકાં હોય તેને વિશેષ પાણીની જરૂર સમજવાની.

બસ બધાંને વાત ગમી એક પછી એક છોડ ખેંચીને બહાર કાઢયા, મુળીયા તપાસી પાછા દાટી દીધા. માફકસર પાણી પાયું. માળી છઠ્ઠે દિવસે આવ્યો. જોયું તો તમામ બગીચો ઝાંખો પડી ગયેલો. લલ્લુરામે બધી વાત કરી અને માળી ખૂબ રડયો.

આ વાત અમને એટલા માટે યાદ આવી કે લલ્લુરામ જેવું કામ બિહારની લાલુ પ્રસાદ યાદવની સરકાર કરી રહી છે. બિહાર રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જેવું કશું રહ્યું નથી ત્યારે બિહાર સરકારે શ્રી સમેતશિખરજી તીર્થ લેવા અંગે એક વટ હુકમ બહાર પાડવાનું નક્કી કર્યું છે. ધાર્મિક બાબતોમાં ડખલગીરી નહીં પણ દાદાગીરી કરવાનો આ સરકારી પેંતરો છે. લલ્લુરામ જેવી મૂર્ખાઈ કરતાં લાલુ પ્રસાદે અટકી જવું જોઈએ. આમ નહિં થાય તો સમગ્ર સમાજ આ સરકારી ડખલગીરી સામે સહાદત કરવા કમર કસી રહ્યો છે. તીર્થોની અઢળક આવક પર સરકારનો ડોળો છે તે ભૂલવું ન જોઈએ. આવે સમયે સહુએ બુદ્ધિ, શકિત સમય અને સર્વસ્વ અર્પણ કરવાની તૈયારી રાખવી જોઈએ.

(ગુ સ.)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુંદરા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર માણેકલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચાંદમલ ચંદનમલ મુંદડા (ચાંદા ગઢ)

વર્ષ ૬] ૨૦૫૦ ચૈત્ર સુદ-દ્વિ-૧ મંગળવાર તા. ૧૨-૪-૯૪ [અંક ૩૪

卐 શ્રી જિન ભક્તિ 卐

પ્રવચનકાર : પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.

[સં. ૨૦૨૮માં ખેડા પ્રતિષ્ઠા સમયે આપેલા પ્રવચનોનું સારભૂત અવતરણ. શ્રી જિનાજ્ઞા કે પૂ. પ્રવચનકારશ્રીજીના આશય વિરુધ્ધ લખાયું હોય તો ત્રિવિધે ક્ષમાપના. અવ૦]

સં. ૨૦૨૮ કારતક વદ-૧૨ રવિવાર તા. ૧૪-૧૧-૧૯૭૧

(પ્રવચન ૧લું)

"જિને ભક્તિ જિને ભક્તિ-જિને ભક્તિ દિને દિને
સદા મેઽસ્તુ સદા મેઽસ્તુ સદા મેઽસ્તુ ભવે ભવે ॥

આજ સુધીમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ થઇ ગયા છે, વર્તમાનમાં વીશ શ્રી અરિહંત પરમાત્મા વિચરી રહ્યા છે અને ભવિષ્યમાં અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ થવાના છે. તેઓનો આ જગત ઉપર એવી જાતિનો ઉપકાર છે કે જેની સરખામણી કોઇની પણ સાથે થઇ શકે તેવી નથી. આ વાત સમજાય તો જ તેઓની સાચી ઓળખ થાય.

તે પરમ તારકોએ ફરમાવ્યું છે કે– અનાદિ કાલથી જીવો આ સંસારમાં પરિભ્રમણ કરી રહ્યા છે. કેમ કે, તેઓને હું આત્મા છું તેનું જ ભાન થયું નથી. "હું આત્મા છું. અનાદિકાલનો છું. અનાદિકાલીન કર્મસંયોગને લઇને મારો આ સંસાર છે. જન્મ-મરણાદિ રૂપ બાહ્ય સંસાર છે અને રાગાદિ રૂપ અભ્યંતર સંસાર છે. તેને લઇને જન્મ-

મરણનો પ્રવાહ ચાલુ છે'' આ વાત સમજાય તેને જ પોતાનો સંસાર નાશ કરવાનું મન થાય.

આ સંસારમાં જીવ જ્યાં સુધી સમજુ ન બને ત્યાં સુધી તેને કર્મના હુકમ મુજબ ચાલવું પડે. ઇચ્છા હોય કે ન હોય અહીંથી મરવું પડે અને જેવાં કર્મો કર્યાં હોય તેવી ગતિમાં જવું પડે. આવી રીતના અનંતાકાળથી આપણે સંસારમાં ભટકી રહ્યા છે.

જેને ભગવાન ઓળખાય, હૈયામાં સાચી સમજ પેદા થાય તેને થાય કે- 'મારે આ જન્મ-મરણની જંજાળમાંથી અટકી જવું છે. જ્યાં ગયા પછી મરવાનું નહિ, સદા જીવવાનું અને જીવવા માટે એક ચીજની જરૂર નહિ તેવા સ્થાને જવું છે.' તમને આવો વિચાર આવે છે? તમે તમારા સ્નેહી, સાથી, સંબંધી, પરિવારાદિ માટે આવો વિચાર કર્યો છે? વર્ષોથી ભગવાનના ભગત અને આવો વિચાર ન આવે તે બને? ભગવાનનો ભગત અને મોક્ષે પહોંચવાની ઇચ્છા વગરનો તે નવી વાત છે? આ નિર્ણય ન કર્યો તે ભગવાનનો ભગત કહેવાય?

શ્રી જિનની ભક્તિમાં મોક્ષે પહોંચાડવાની અદ્ભૂત શક્તિ છે. આવા જીવને શ્રી જિનેશ્વરદેવના દર્શન વિના ચેન પડે નહિ, પૂજા વિના શાંતિ પડે નહિ, પૂજા પણ પોતાની શક્તિ અનુસાર પોતાના પૈસે જ કરે. ભગવાનની આજ્ઞાના પાલન વિના બીજો વિચાર પણ નહિ, ભય માત્ર આજ્ઞાથી વિરુધ્ધ થઇ જાય તેનો જ હોય. આવી ભક્તિ ત્યારે જ આવે કે આ શરીરની પણ રતિ ઊઠે. શરીર પરનો રાગ ઊઠે તે. ઘર-બાર, પૈસા-ટકાદિની શી કિંમત છે?

આજે તમારી પાસે દુનિયાની જે કાંઇ થોડી-ઘણી પણ સાધન-સામગ્રી છે તે ભગવાનની આજ્ઞા મુજબ જાણતા કે અજાણતાં જે ધર્મ થયો હશે તેનાથી જે પુણ્ય બંધાયું હશે તેનો પ્રતાપ છે. માટે તમારી પાસે જે ચીજ-સામગ્રી છે તે બધું વાસ્તવિક કોનું કહેવાય? તમે બધા એકી અવાજે કહો કે- ભગવાનનું જ તો મને આનંદ થાય. તમે પણ કોના? ભગવાનના જ કે બીજાના? જ્યાં સુધી આવી રીતના ભગવાનની ભક્તિ હૈયામાં વસે નહિ ત્યાં સુધી મંદિર બંધાવવાં, જીર્ણોધ્ધાર કરાવવાં કે પ્રતિષ્ઠાદિ કરવામાં જેવો ઉલ્લાસ પેદા થવો જોઇએ તેવો થાય નહિ. તે બધી ચીજોની મમતા ઉતરે નહિ તેથી ભક્તિ એળે જાય. તેવી ભક્તિ જીવ અનંતીવાર કરે તે પણ મુક્તિ તેની સામે પણ જૂએ નહિ. **મુક્તિ આપણી સામે જૂએ છે તેવી અનુભૂતિ થાય તેની ભક્તિ સાચી!** આવી મુક્તિ આપણી સામે ન જૂએ તો મોક્ષ-માર્ગ સ્થાપી,

મેક્ષે ગયેલ ભગવાનના આપણે ભગત છીએ તેમ બોલાય શી રીતે ? તમને હવે મુક્તિ વિના બીજુ કાંઇ ગમતું નથી ને ? **ભગવાનના ભગતને મુક્તિ વિના કાંઇ ગમે જ નહિ. મુક્તિ અને મુક્તિના સાધન વિના બીજું કાંઇ ગમે તો પોતાનો પાપોદય સમજે !**

આપણે ભગવાનની જે ભક્તિ કરીએ તે નાટક કરીએ છીએ ? નાટક એટલે બહાર દેખાડવું પણ હૈયામાં ન હોવું તે ! આ મહોત્સવ કરનારાઓને, મહોત્સવમાં ભાગ લેનારાઓને મોક્ષ વિના બીજું કશું ગમવું જ ન જોઇએ. આવી ભાવનાવાળા જીવો પોતાની શક્તિ મુજબ લાભ લે તો તેમનું તો થોડા કાળમાં કામ થઇ જાય. તેમના માટે તો નરક-તિર્યંચ ગતિ બંધ અને જ્યાં સુધી તેનો મોક્ષ ન થાય ત્યાં સુધી દેવ-મનુષ્યગતિ પામે, તેના સુખો ય પામે. છતાં પણ તેને સુખ પ્રત્યે નફરત જ હોય, લાલ આંખ જ હોય કે જો આ સુખોથી સાવધ ન રહું તો પાછો રખડવા ચાલ્યો જાઉં.

ભગવાનને સાચા ભાવે માને એટલે સંસારનો ભાવ ઊઠે ! સંસાર હૈયામાં હોય અને તેની ખટક પણ ન હોય તેવા જીવની ભક્તિ, અસલમાં ભક્તિ જ નથી. જ્યાં સુધી સંસારના સુખ પ્રત્યે નફરત ન જાગે ત્યાં સુધી સાચી ભક્તિ આવવાની જ નથી. નફરત તો તમે સમજો છો. જેના પર નફરત જન્મે તેના માટે શું થાય છે ? 'દુનિયા ના બધા જ સુખ મને પાયમાલ કરનારા છે' આવું તમારા હૈયામાં લખાઇ ગયું છે ? તેના પર રાગ થાય તો આત્માને કહે, 'સાવચેત થા. તારે દુર્ગતિમાં નથી જવું તો દુર્ગતિમાં જવું પડશે. જે દુઃખોથી ભાગાભાગ કરે છે તે આવી-આવીને પડશે.' આ બધી ઇન્દ્રજાલોમાં ફસાવા જેવું નથી. આવું અંદરથી થાય છે ? તમે બધા કહી શકો કે- 'હવે અમે દુઃખથી ગભરાતા નથી, સુખની પરવા નથી !' જે આવું હૈયાથી કહે તેની મુક્તિ સુનિશ્ચિત છે. પૂર્વે દુર્ગતિનું આયુષ્ય બંધાયું હોય તો પણ ગભરાવવાની જરૂર નથી. કેમ કે, સાચા ભાવે શ્રી જિનેશ્વર દેવની ભક્તિ શરૂ થઇ ગઇ છે.

રાગાદિ આપણા શત્રુ છે કે મિત્ર છે ? ભગવાન ખુદ કહી ગયા છે કે, અમે પણ રાગાદિને શત્રુ તરીકે ઓળખ્યા નહિ તો સંસારમાં ઘણું ભટકયા, સદ્‌ગુરુ યોગ મળ્યો, તારક શાસન સમજાયું પછી ઠેકાણે પડયા, તેમાં પણ ભાન ભૂલ્યા તો પાછા નરકાદિ દુર્ગતિમાં ગયા. જેમના શાસનમાં આપણે છીએ તે શ્રમણ ભગવાન શ્રી મહાવીર પર-

માત્માનું જીવન સાંભળ્યું નથી ? પોતાના સગાબાપનું પણ જીવન ન જાણે તેવા જૈનો ઢગલાબંધ છે.

ભગવાન શ્રી મહાવીર પરમાત્મા ખુદ કહી ગયા છે કે– નયસારના ભવમાં મને સદ્‌ગુરુ મળ્યા, શાસન સમજાયું અને સમ્યક્‌ત્વ પામ્યો. પણ મરિચિના ભવમાં સાધુ થઇને પણ દુઃખથી ગભરાયો, સુખમાં લોભાયો તો સાધુપણું પણ હારી ગયો, ઊંધુ વચન બોલ્યો તો સમ્યકત્વ પણ ચાલી ગયું અને સંસારમાં ભટકવાનો કાળ વધી ગયો. બાર–બાર ભવ સુધી દેવ–મનુષ્યપણું પામવા છતાં પણ સમ્યકત્વનું દર્શન પણ ન થયું, ભવિતવ્યતા સારી માટે ઠેકાણે પડયો, સમજુ બન્યો ત્યાં સમ્યકત્વ પામ્યો પણ ત્યાં ય નિમિત્ત પામી ભૂલ્યો, ગાંડો બન્યો તો હારી ગયો. નરક–તિર્યંચમાં પણ જવું પડયું. અંતે ઠેકાણું પડયું.

દુઃખથી ગભરાય અને સંસારના સુખમાં જ મૂંઝાય તેના તો બાર વાગી જવાના છે. તમને દુઃખ પર જેટલો તિરસ્કાર છે તેના કરતાં કઈ ગુણો તિરસ્કાર સંસારના સુખ પર કરવાનો છે. દુઃખનું સ્વાગત કરવાનું છે. તો માર્ગ પમાશે.

દુનિયાની સામગ્રી જ સારી લાગે, ખૂબ ગમે, તેમાં જ મોજ–મજા અને લહેર કરે તેનાથી સાચી ભકિત થઇ શકે જ નહિ. તે જે કાંઇ ભકિત આદિ કરે તે, તે બધું બરાબર બની રહે માટે જ કરે તેથી તેની ભકિતથી દુર્ગતિ અટકે નહિ અને સદ્‌ગતિ થાય નહિ. કદાચ સદ્‌ગતિ થાય તે પણ લાંબા કાળની દુર્ગતિની ખરીદી માટે થાય.

ભગવાનના સાચા ભગત બનવું હશે તો મનનો પલટો કર્યા વિના ચાલશે નહિ. ભગવાનની આજ્ઞા પ્રત્યે સાચી પ્રીતિ થયા વિના સાચી ભકિત પણ આવશે નહિ. ભગવાનને ઘણીવાર ગાદીએ બેસાડયા હશે પણ હૈયે નથી બેસાડયા માટે ભટકવું પડે છે. આજ તો મોટા ભાગની હાલત પણ એવી છે કે, આ સંસાર હજી ભૂંડો પણ લાગતો નથી, દુઃખમાં લાગે તેની કિંમત પણ નથી. દુઃખ તો આશીર્વાદ રૂપ છે, આત્માની શુદ્ધિ કરનારું છે. કર્મને દુઃખ વેઠે તે ય કદાચ સ્વર્ગે જાય પણ સુખની લાલસા કરે તે વગર બાધે પીધે નરકે જાય તેટલું આ સુખ ભૂંડું છે તેમ હૈયામાં બેસે તો જ કાર્ય સિધ્ધિ થાય. આ રીતે ભગવાન હૈયામાં બેસી જાય તો આ પ્રસંગ લાભદાયી બની જાય. તે માટે શું કરવું તે વિશેષ હવે પછી.

卐

રામ વનવાસ

– પૂ. આચાર્યપ્રવર શ્રીમદ્ વિજય કનકચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

પ્રવેશ ૫ મો

દશરથ મહારાજાનો આવાસ

(મહારાજા દશરથ અયોધ્યાનું રાજ્ય, રાણી કૈકેયીનાં વચનથી ભરતને આપવા તૈયાર થાય છે. રાજ્યાભિષેકનું કાર્ય પતાવી તેઓ સંયમ સ્વીકારવા ઉત્સુક છે. ભરત પોતાના વડિલ ભાઇઓની મર્યાદાના પાલનની ખાતર સ્વયં રાજ્યથી નિઃસ્પૃહ રહ્યા છે. રાજ્યગાદી સ્વીકારવાની સ્પષ્ટ ના પાડે છે. દશરથ મહારાજાએ ભરતને રાજ્ય સ્વીકારવા માટે બોલાવેલ છે. ભરત દશરથ મહારાજાની પાસે આવે છે. વંદન કરીને ઉભા છે.)

મહારાજા દશરથ :– ભાઇ ભરત ! તારી માતની સાથે હું વચનથી બંધાએલો હતો આજે એ વચનઋણથી મુકત થતાં મને કેટ-કેટલો આનંદ થાય છે ! એનું વર્ણન હું તારી આગળ કઇ રીતે કરું ? માટે તારી માતાનાં સુખની ખાતર તથા મારા વચનપાલનની ખાતર તારે અયોધ્યાનું રાજ્યસિંહાસન સ્વીકારવું પડશે. તારા જેવા સુવિનીત પુત્રે પિતાનાં વચન પાલન માટે સજજ રહેવું જોઇએ.

ભરત :– પિતાજી ! આપ અમારા શિરછત્ર છો. આપની આજ્ઞાના પાલનને માટે આપનો દાસ ભરત પોતાનું માથું આપવા પણ સર્વદા તૈયાર છે. એ વિષે આપ નિઃશંક રહો, પણ પૂજ્ય પિતાજી ! કેવળ પુત્રમોહના કારણે અવિચારી બનીને મારી માતા કૈકેયીએ આપની પાસે મારા માટે રાજ્ય માંગ્યું, અને આપે આપનાં વચનને પાળવા માટે મારી માતાની માંગણીનો સ્વીકાર કર્યો. એટલે આપ વચનમુકત બન્યા છો. પણ મારા જેવા–વડિલ બંધુ રામની ચરણરજને–માટે, અયોધ્યાનો રાજમુકુટ સ્વીકારવો કોઇ રીતે ઉચિત નથી જ, માટે પૂજ્ય પિતાજી ! આપ ફરી મને એ વિષે આગ્રહ નહિ કરતા ! રાજ્ય સ્વીકારવા સિવાય આપશ્રીની સર્વ આજ્ઞાઓને માથે ચઢાવવા આપનો દાસાનુદાસ આ ભરત હંમેશા તૈયાર છે.

(એટલામાં રામચંદ્રજીત્યાં દશરથ મહારાજાની સેવામાં ઉપસ્થિત થાય છે. ભરત રાજ્ય સ્વીકારવાની ના પાડે છે. એ જાણ્યા પછી તેઓ ભરતને કહે છે)

રામ :– (ભરતને) ભાઇ ભરત ! તારા જેવા શાણા, શાંત તથા વિનીત ભાઇ પાસે હું જરૂર કંઇક આશા રાખી આજ્ઞા કરવાનો વડિલબંધુ તરીકે મને અધિકાર છે, એ તારે ભૂલવું જોઇતું નથી. ભાઇ ! એક બાજુ પિતાજી પ્રવ્રજ્યા ગ્રહણ કરવા અતિ ઉત્સુક બન્યા છે. તેઓએ સંસારને ત્યજવા માટે બધી તૈયારીઓ કરી દીધી છે. છેલ્લે છેલ્લે તેઓનું વચન પાળું

ઠેલાય. એ તું અને હું શિરછત્ર પિતાજીના સુવિનીત પુત્રો હોવા છતાં બને એ કોઇ રીતે ઉચિત નથી. મારે ભાઇ ભરત ! રાજ્ય સ્વીકારવામાં તને કોઇ પણ પ્રકારની સ્પૃહા નથી, એ હું સારી રીતે જાણું છું; છતાં આપણા ઉપકારી માતાપિતાના વચનની ખાતર તારે અયોધ્યાનું રાજ્ય સ્વીકારવું જ જોઇએ. હું તારા વડિલબંધુ તરીકે તને આ જાતની ફરજ પાડું છું. આ વિષે કોઇ પણ પ્રકારની આનાકાની કરવી એ તને કોઇ રીતે શોભે નહિ.

(વડિલબંધુ રામચંદ્રજીના આ આદેશને સાંભળી ભરતની છાતી ભરાઇ જાય છે. આંખમાંથી આંસુ ટપકી પડે છે. તેઓ રામચંદ્રજીના ચરણમાં નમી પડે છે.)

ભરત :– (ગદ્‌ગદ કંઠે વડિલબંધુ રામચંદ્રજીને) પ્રિયબંધુ ! આપ ખરેખર કોઇ મહાન પુરૂષ છો. અયોધ્યાની રાજગાદ્દી માટેનો આપનો અધિકાર કે હકક હોવા છતાં, સર્વ રીતે અયોધ્યાના રા ય સિંહાસન માટે આપ લાયક હોવા છતાં, પરમોપકારી પિતાજી તથા માતા કૈકેયીનાં વચનની ખાતર આ સઘળું તૃણની જેમ આપ આજે ત્યજી દેવા તૈયાર થયા છો. ભાઇ ! આપની મહત્તા કોઇ અજબ છે. આપનું વ્યકિતત્વ કોઇ અલૌકિક છે. ઇક્ષ્વાકુવંશના વારસોમાં જે પ્રકારનો અનુપમ ત્યાગ, અદ્‌ભૂત સ્વાર્થ બલિદાન તથા અનન્ય વિવેકિતા હોવા જોઇએ, તે તે બધા ગુણો આપનામાં આજે હું મૂર્તિમંત થયેલા જોઇ શકું છું. પ્રિયતમ બંધુ ! પૂજ્ય પિતાજીની પાછળ તેઓના ન્યાયમાર્ગે પ્રયાણ કરવાની મારી અભિલાષા પ્રથમથી જ હતી, તે આપ સારી રીતે જાણો છો. હાલ એ માર્ગે જવાની વાત તો જાણે વિસરાઇ ગઇ છે. માતા કૈકેયીના પુત્રમોહે રાજકુળમાં આજે નવું વાતાવરણ ઊભું કર્યું છે. એ આપ જોઇ શકો છો. પિતા દશરથ મહારાજાના પુત્ર તરીકે રાજ્યસિંહાસન ત્યજી દેતાં આપ જેવા ઇક્ષ્વાકુ વંશની કીર્તિ તથા શિરછત્ર મહારાજા દશરથ જેવા પિતાની પ્રતિષ્ઠા શોભાવી રહ્યા છો. તો બંધુ ! હું પણ તેજ પિતાનો પુત્ર છું. આપ જેવા વડિલ બંધુનો નાનો ભાઇ છું. રાજ્યસિંહાસનને પિતાનાં વચનની ખાતર ત્યજનાર વડિલબંધુ રામચંદ્રજીનો લઘુ બંધુ ભરત, માતાના મોહને વશ થઇ અયોધ્યાની રાજ્યગાદ્દી પર બેસી ઇક્ષ્વાકુવંશની ઉજવળકીર્તિ તથા પિત દશરથ મહારાજાની પ્રતિષ્ઠાને કલંક લગાડે એ શું આપને સારું લાગે છે ? ના, એ કદિ નહિ જ બને. ભાઇ ! દશરથ મહારાજના પુત્ર તથા તમારા લઘુ બંધુ તરીકે ભરતનું નામ સંસારમાં ગૌરવપૂર્વક રહે એ શું આપને ઇષ્ટ નથી ?

(ભરત રાજ્ય સ્વીકારવા તૈયાર નથી દશરથ મહારાજાએ કૈકેયીને આપેલું વચન આમ નિષ્ફળ બનતું જોઇ પિતાજીના વચનની પ્રતિષ્ઠા કોઇ પણ રીતે રહેવી જોઇએ એ વિચારથી મનમાં કાંઇક નિશ્ચય કરી રામચંદ્રજી પિતાજીને હાથ જોડી કહે છે.)

રામચંદ્રજી :- પિતાજી ! હું સમજું છું કે ભરત આજે વડિલબંધુ-મારી મર્યાદાનું પાલન કરવા ખાતર રાજ્ય સ્વીકારવાની સ્પષ્ટ ના પાડે છે. અને ભરત જ્યાં સુધી રાજ્ય ગ્રહણ નહિ કરે ત્યાં સુધી આપના વચનનું પરિપાલન નહિ થાય. ઇક્ષ્વાકુ-કુલના ક્ષત્રિય પુરુષશ્રેષ્ઠોનાં વચન એ પાષાણમાં કોતરેલી રેખા જેવાં છે. આપ આજે સંસાર ત્યજી આત્મકલ્યાણ સાધવા તૈયાર થયા છો. આપની કલ્યાણકર માર્ગ-સાધનામાં આજે આ બધાં વિઘ્નો ઉપસ્થિત થતાં જોઈ પૂજ્ય પિતાજી ! મારું હૃદય ક્ષોભાઈ જાય છે. જો કોઇ રીતે ભાઈ ભરત રાજ્ય ગ્રહણ કરવા તૈયાર થાય તો જ આપ આપના માર્ગે નિર્વિઘ્નપણે પ્રયાણ આચરી શકો. માતા કૈકેયીનાં હૃદયને તો જ શાંતવન મળે, અને તો જ આપનું વચન પ્રમાણ રહે; પણ જ્યાં સુધી હું અયોધ્યાના રાજ્યમાં હોઉં ત્યાં સુધી ભરત અયોધ્યાના રાજ્યને કોઇ રીતે ગ્રહણ નહિ કરે. માટે પિતાજી ! આપ મને આદેશ આપો ! હું આપના આશીર્વાદથી રાજ્યની હદ ત્યજીને દૂર દૂર જઇ સુખપૂર્વક રહું. આ કારણે અયોધ્યાના રાજ્યપ્રદેશને ત્યજી વનમાં જવાનો મેં દૃઢ નિશ્ચય કર્યો છે. મારા માર્ગનું કલ્યાણ હું આપની પાસે માંગુ છું. મને હૃદયના વાત્સલ્ય ભાવથી આપ આશીર્વાદ આપો !

વજ્ર જેવા દૃઢ નિશ્ચયી રામચંદ્રજીએ મક્કમ શબ્દોમાં વિનયપૂર્વક મહારાજા દશરથને પોતાનો નિશ્ચય જણાવ્યો. આ સાંભળતાં રામ જેવા સાત્વિકશિરોમણિ સુવિનીત પુત્ર પ્રત્યેના સ્નેહથી વાત્સલ્યઘેલું મહારાજા દશરથનું હૃદય વ્યગ્ર બન્યું, આઘાત લાગતાં તેઓ મૂર્છાવશ બનીને ધરતી પર ઢળી પડે છે. સેવકો ચંદન આદિના શીત પ્રયોગો કરવા મંડી પડયા, રામચંદ્રજી પિતાજીને પંખો વીંજી રહ્યા છે. કાંઇક સ્વસ્થ થતાં રામ ભણી સ્નેહ-દૃષ્ટિ કરતાં તેઓ બોલે છે.)

મહારાજા દશરથ :- પ્રિયરામ ! પિતાનાં વચન પાલન ખાતર તું આજે વનમાં જવા તૈયાર થયો છે. એ હકીકત ભલભલા પત્થર-હૈયાને પણ પીગળાવી નાંખે તેવી કરુણ છે. તારા જેવો શાંત વિવેકી તથા અજાતશત્રુ પ્રિય પુત્ર, રાજ્ય-મહેલોના વૈભવો, સંપત્તિના ઢગલાઓ તથા સત્તાનાં સૂત્રો ત્યજી આમ વનવગડાનાં દુઃખો સહવા સ્વેચ્છાએ પ્રસન્નચિત્તે તૈયાર થાય એ મારા જેવા તારા પિતાને અવશ્ય આઘાત ઉપજાવે, પણ ખરેખર આપણા કુલની પ્રણાલિ-મર્યાદા, તથા વચન માટે પ્રાણપર્ણ કરવાની એકનિષ્ઠતા; આ બધું જ્યારે મને યાદ આવે છે ત્યારે લાગે છે કે મારા પ્રિય રામને માટે આ વસ્તુ જ હોઇ શકે. વ્હાલા રામ ! તારા આ અનુપમ ઔચિત્યથી, તથા ઇક્ષ્વાકુ કુલની પ્રતિષ્ઠા ખાતર તેં કરેલા આ મહાન ત્યાગથી, અને પિતાનાં વચન પાલન માટે દીધેલા ભોગથી, મારો આત્મા આજે ગર્વ અનુભવે છે. ભાઇ ! તું વયમાં નાનો હોવા છતાં તારા આ અનુપમ બલિદાનથી સંસારમાં તારી મહત્તા ઘેર ઘેર ગવાતી રહેશે. પ્રિય રામ ! ક્ષોભ ઉપડતી નથી, શબ્દો મુખ દ્વારા બહાર આવતા નથી; છતાં છાતીને વજ્ર જેવી કરીને હું હસતે મોઢે તને વિદાય આપું છું. અને ઇચ્છું છું કે **શિવાસ્તે પન્થાનઃ** તારો માર્ગ કલ્યાણમય હો !

છતી શકિતએ સ્વદ્રવ્યથી પૂજા ન કરે તે અરિહંતની આશાતના

(ગતાંકથી ચાલુ)

— શ્રી મુકિતપંથ પથિક

તેવી રીતે પોતાના ધનાદિ દ્રવ્યને બચાવવાની મુર્છાબુદ્ધિ હૃદયમાં રાખીને પારકા દ્રવ્યથી પૂજા કરે તો પાપજ બંધાય અને પુણ્યબંધાય તો પણ પાપ રૂપ પાપાનુબંધી પુણ્ય બંધાય. તેમજ પોતાના દ્રવ્યથી પણ પોતાની સમ્પત્તિના અનુસારે (યથા શકિત) ન કરે તો પણ પાપ બંધાય. એમાં પણ કૃપણુતાની મુર્છા કામ કરે છે. જેટલી મુર્છા જોરદાર એટલો જ પુણ્ય બંધની સાથે પાપનો અનુબંધ જોરદાર પડે અને જેટલી મુર્છા ઓછી એટલો પાપનો અનુબંધ ઓછો પડે પણ મુર્છા પ્રત્યેક પાપનો બંધ તો થાય જ.

પોતાની ઋધ્ધિના અનુસારે સ્વદ્રવ્યથીજ શ્રાવકે પ્રભુ પૂજા કરવી જોઇએ અને પોતાના દ્રવ્યથી પૂજા ન કરનારને અરિહંત પરમાત્માની આશાતનાનું પાપ લાગે છે આજ જો શાસ્ત્રીય હકીકત છે તો પછી શકિત સમ્પન્ન (ધનવાન) અને પોતાના દ્રવ્યથી પૂજા કરવાની ભાવના વગરના શ્રાવકને સ્વપ્ન વગેરેની બોલી આદિ દ્વારા પ્રાપ્ત દેવદ્રવ્ય રૂપ પર દ્રવ્યથી પૂજા કરવાનું કહેનારા સમ્મેલન પંથીઓ ઉપરોકત શાસ્ત્રીય હકીકતથી કેવો વિરહ નિર્ણય અને પ્રરૂપણા કરનારા છે એ સુપેરે ખ્યાલમાં આવી જાય તેમ છે.

બોલી આદિ દ્વારા પ્રાપ્ત થયેલ દેવ દ્રવ્યાદિ શ્રાવક માટે દેવદ્રવ્ય છે એના ઉપર શ્રાવકોનો કોઇ અધિકાર નથી શ્રાવક પોતે એનો પૂજા આદિમાં ઉપયોગ ન કરી શકે તે શાસ્ત્ર વિધિ મુજબ દેવના મંદિર આદિમાં ઉપયોગમાં આવે પૂજામાં નહિ.

જેમ કોઇ ગ્રાહક માણસે કોઇ વ્યાપારીની દુકાનથી માલ પૈસા આપીને ખરીદી લીધો પછી માલના બદલામાં આવેલા પૈસા નો માલીક વ્યાપારી થયો એ વ્યાપારીના પૈસા ઉપર ગ્રાહકનો કોઇ અધિકાર નથી હોતો એ પૈસા વ્યાપારીના જ ઉપયોગમાં આવે ગ્રાહક જો એનો ઉપયોગ કરવા માગે તો તે પોતાના ઉપયોગમાં ન જ લઇ શકે વ્યાપારીને માલ ના બદલામાં મળેલા પૈસા ઉપર ગ્રાહકનો કોઇ હક કે માલિકી રહેતી નથી ગ્રાહક માટે એ સ્વદ્રવ્ય નથી પરદ્રવ્ય છે.

તેવી જ રીતે બોલી વગેરે બોલી જે લહાવો સૂપના ઝુલાવવા વગેરેનો કે પ્રથમ પૂજા આદિનો લીધો પછી એ બોલી વગેરેના પૈસા પર બોલી વગેરે દ્વારા લહાવો લેનાર કે અન્ય કોઇ વ્યકિતનો હક કે માલિકી રહેતી નથી એથી એ દ્રવ્ય એમના

માટે પરદ્રવ્ય છે એ દેવદ્રવ્યથી પણ શ્રાવક પૂજા ન કરી શકે અને કરે તો અરિહંત પરમાત્માની અશાતનાનું પાપ લાગે સુપનાદિના ચઢાવામાં આવેલ દ્રવ્ય કલ્પિત દેવ દ્રવ્ય છે એમાંથી શ્રાવક પૂજા કરી શકે છે આવુ સમ્મેલનવારો કહે છે તે વાત તદ્દન ખોટી છે સ્વપ્ન-પારણુ પરમાત્માની પ્રથમ પૂજા-અંજનશલાકા પ્રતિષ્ઠા વરઘોડો વગેરે વગેરે પ્રભુ નિમિત્તની બોલીની ઉપજમાં આવેલ દ્રવ્ય દેવદ્રવ્ય છે પણ કલ્પિત દેવદ્રવ્ય નથી.

૧૯૬૦ના સમ્મેલનના નિર્ણયમાં પણ એને દેવદ્રવ્ય તરીકે બતાવ્યું છે પણ કલ્પિત દેવદ્રવ્ય તરીકે નથી બતાવ્યું.

તે વખતના ગીતાર્થ મહાપુરૂષોએ કરેલ નિર્ણય નં. ૨ "પ્રભુના મંદિરમાં કે બહાર ગમે તે ઠિકાને પ્રભુના નિમિત્તો જે જે બોલીઓ બોલાય તે સઘળુ દેવદ્રવ્ય છે"

કલ્પિત દ્રવ્ય તેને જ કહેવાય કે અરિહંત ભગવન્તની ભકિત માટે કોઈ શ્રાવક વ્યકિતએ પોતાનુ દ્રવ્ય નિર્ધારિત કર્યું હોય કે સંઘે નિર્ધારિત કર્યું હોય એ કલ્પિત દેવ દ્રવ્યને પણ અરિહંત દેવની ભકિત માટે કલ્પેલું હોવાના કારણે એમાંથી શ્રાવક વ્યકિત કે સંઘ અરિહંત દેવાધિદેવની પૂજા-મહોત્સવ વિગેરેની ભકિત કરી શકે.

જેમ શ્રાવક સંઘને પૂજા કરવા માટે કેસર સુખડ વગેરેના વાર્ષિક ચઢાવા થાય છે તેમાં આવેલ દ્રવ્યને કલ્પિત દેવ દ્રવ્ય કહેવાય એમાંથી શ્રાવકો પૂજા કરી શકે છે.

પણ જેમાં અરિહંતની ભકિત માટે બોલી બોલીને લહાવો લેવાનો હોય છે તેવી બોલીની ઉપજમાં આવેલ દ્રવ્યને કલ્પિત દેવ દ્રવ્ય ન કહેવાય. એને તો કલ્પિત દેવદ્રવ્યથી અતિરિકત શુદ્ધ દેવ દ્રવ્ય કહેવાય એમાંથી પૂજા આદિ કરવાનો વ્યકિતગત શ્રાવક ને કે સંઘને કોઈ અધિકાર નથી અને એથી જ સુપનાદિના ચઢાવાના દેવદ્રવ્યથી જિનમંદિર નિર્માણ થઇ શકે તેમજ જિનમંદિરના રક્ષાદિના ઉપયોગમાં લઇ શકાય. પણ પ્રતિષ્ઠાદિના મહોત્સવ વગેરે કે પૂજાદિમાં તેનો ઉપયોગ ન થઇ શકે.

આવી વાત ૧૯૬૦ ના સમ્મેલનના અગ્રણી ગીતાર્થ આચાર્ય ભગવન્તો વગેરેના ધ્યાનમાં હોવાના કારણે એ ગીતાર્થ આચાર્યભગવન્તોએ સમ્મેલનના નિર્ણયમાં શ્રાવકને માટે સ્વદ્રવ્યથી પૂજા કરવાનું જણાવ્યું પણ શકિત વગરનાને કે શકિત હોવા છતા ભાવના વગરનાને (પોતાના દ્રવ્યથી પ્રભુ પૂજા કરવાની ભાવના વગરનાને) માટે આ દેવદ્રવ્યમાંથી પૂજા કરવાનું જણાવ્યું નથી

નિર્ણય નં. ૪-

શ્રાવકોએ પોતાના દ્રવ્યથી પ્રભુપૂજા વગેરેનો લાભ લેવો જ જોઇએ, પરન્તુ કોઇ સ્થલે સામગ્રીના અભાવે પ્રભુ પૂજાદિમાં વાંધો આવતો જણાય તો દેવદ્રવ્યમાંથી પણ પ્રભુ પૂજા આદિ તો જરૂર થવી જોઇએ

કહેવાનું તાત્પર્ય એ છે કે "પ્રભુ અપૂજ ન રહેવા જોઇએ." એવો ૧૯૭૭ના સમ્મેલનના અગ્રણી ગીતાર્થ આચાર્ય ભગવન્તાદિનો આશય છે.

આ રીતે "संति य रिद्धिम्मि अपूया" એ પાઠના આધારે એ નિશ્ચિત થાય છે કે શ્રાવકે સ્વદ્રવ્યથી જ પૂજા કરવી જોઇએ શકિત ન હોય તો જિન મંદિરના અન્ય કાર્યો કરીને અરિહંત પરમાત્માની ભકિત કર્યાનો આનંદ માનવો જોઇએ. એ પૂજા કરી શકે તે માટે સંઘ વ્યવસ્થાપક પર દ્રવ્યથી પૂજા ન થાય. છતી શકિતએ પર દ્રવ્યથી પૂજા કરવામાં અરિહંતની આશાતનાનું પાપ લાગે. સૂપનાદિની બોલી આદિથી પ્રાપ્ત દ્રવ્ય દેવદ્રવ્ય છે. કલ્પિત દેવદ્રવ્ય નથી. એ દ્રવ્ય શ્રાવકો માટે પર દ્રવ્ય છે. એનાથી શ્રાવકોને પૂજા વગેરે ન કરી શકાય. અને કરે તો અરિહંતની આશાતનાનું પાપ લાગે તેમજ દેવદ્રવ્યના વિનાશનું પણ પાપ લાગે સમ્મેલનકારો મધ્યસ્થ બની આવા શાસ્ત્ર પાઠોને ધ્યાનમાં લે તો ઉન્માર્ગમાંથી સન્માર્ગમાં આવી જાય. તેમજ અરિહંતની આશાતના અને દેવદ્રવ્યના વિનાશના પાપથી પોતે ય બચી જાય. અને અન્ય શ્રાવકો વગેરેને પણ બચાવી શકે. સહુ સન્માર્ગમાં આવે અને અરિહંતની આશાતના તથા દેવદ્રવ્યના વિનાશના પાપથી બચે.

શ્રી સંઘમાં હાલ કેશર ઘી અછિના ફંડો કે તિથિઓ છે. તેથી તે વ્યવસ્થાનો ઉપયોગ કરનારે પોતાની શકિત સંયોગ મુજબ તેમાં અર્પણ કરવું જોઇએ. શાંતિ સ્નાત્ર મહાપૂજનો વિ માં આમંત્રણ કરીને બોલાવાય છે તેમાં પૂજા કરવી તે સામી વ્યકિતની વિનંતિથી કરાય છે. તેમાં પોતાની શકિત છતાં કે પરદ્રવ્યથી પૂજા કરી તેમ કહેવાય નહિ. કેમકે જો તે પણ ન થાય તેમ કહીએ તો અઠ્ઠમ, પારણા, ભકિત, યાત્રા સંઘ, ઉપધાન વિ. પણ કરવામાં દોષનો સંભવ બને તેથી તે અંગે પરદ્રવ્ય કે છતી શકિતનો દોષ ગણાય નહિ. બાકી શકિતને ગોપવવી નહિ એ મુખ્ય આશય સમજીને સૌ સ્વદ્રવ્યથી પૂજાદિમાં ઉત્સાહવાળા બને એજ શુભકામના

પ્રતિક – બેલા અશોક શાહ
કબુતર શાંતિનું
કાગડો લૂચ્ચાઇનું
ગધેડો મૂર્ખાઇનું
કુતરો વફાદારીનું
બળદ મહેનતનું
મોર સુંદરતાનું
હરણ નિર્દોષતાનું
હાથી બળવાનનું
શીયાળ ચતુરાઇનું
સસલું ચપળતાનું
જૈનશાસન – સિધ્ધાંત રક્ષાનું

કે નું શું ? – જસ્મીન જે. શાહ
ભોગીનો મિત્ર રોગી
રોગીનો મિત્ર ક્રોધ
ક્રોધીનો મિત્ર કંકાસ
કંકાસનો મિત્ર ખટપટ
ખટપટનો મિત્ર સંકુચિતતા
સંકુચિતતાનો મિત્ર ચઢામણી
ચઢામણીનો મિત્ર પક્ષપાત
પક્ષપાતનો મિત્ર ખુશામત
(મિત્રતા સમજીને કરજો)

"ધાર્મિક વહીવટ વિચાર' ની અશાસ્ત્રીયતા

— પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ.

(ગતાંકથી ચાલુ)

'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તકની શરૂઆતમાં 'ધાર્મિક દ્રવ્યનો વહીવટ કરવાની યોગ્યતા' આ શીર્ષક નીચે પુસ્તકના લેખકશ્રીએ ટ્રસ્ટીગણની કે કાર્યકર્ત્તાઓની યોગ્યતાનું ખૂબ જ સ્પષ્ટપણે નિદર્શન કર્યું છે. એ મુજબની યોગ્યતા વિનાના ટ્રસ્ટીગણ કે કાર્યકર્ત્તાઓના વહીવટથી ધાર્મિક દ્રવ્યોની શી દશા થાય છે-તેનો અનુભવ લેખકશ્રીએ આજ સુધી અનેકવાર લીધો છે. પૂરેપૂરા પોતાના જ માર્ગદર્શન નીચે ચાલતી સંસ્થાઓના વહીવટદારો અંગે કડવો અનુભવ થયા પછી પણ એવી સંસ્થાઓ બંધ કરવાના બદલે બીજી નવી સંસ્થાઓના નિર્માણકાર્યમાં વ્યસ્ત લેખકશ્રી, સકલ શ્રી સંઘને ધાર્મિક દ્રવ્યના વહીવટ અંગે માર્ગદર્શન આપી રહ્યા છે. શાસ્ત્રમાં વર્ણવેલી એ યોગ્યતા જ્યારે ક્વચિત જ જોવા મળતી હોય ત્યારે વહીવટ કરનારાઓ પ્રત્યે કેટલું કડક વલણ રાખવું જોઇએ-એ સમજી લેવાનું ખૂબ જ આવશ્યક છે. અયોગ્ય વહીવટદારોના ચાલનથી ચાલતી ધાર્મિક પ્રવૃત્તિઓમાં આજે જે ઉન્માર્ગપોષણ થાય છે, એની સંપૂર્ણ જવાબદારી જે તે સંસ્થાના પ્રણેતાઓની છે. આ રીતે તો તેઓ દાતાઓના વિશ્વાસનો ઘાત કરી ધાર્મિક દ્રવ્યના વિનાશાદિ દ્વારા પાપન ભાજન બને છે. આજના ધાર્મિકદ્રવ્યનો વહીવટ કરનારા જે રીતે ધાર્મિકદ્રવ્યનો વહીવટ કરી રહ્યા છે-એ રીતે પોતાના દ્રવ્યનો વહીવટ કરે તો પરિણામ શું આવે તે તેઓ બરાબર જાણે છે. આવા બેજવાબદાર વહીવટકર્ત્તાઓના વિશ્વાસે સંસ્થાઓનું નિર્માણ કરી સંસ્થાઓના પ્રણેતા-માર્ગદર્શકો શું મેળવવા ઇચ્છે છે-તે તેમને પૂછવું જોઇએ. ધાર્મિક દ્રવ્યનો વહીવટ કરવાની યોગ્યતા પુસ્તકમાં બતાવવા સાથે, ધર્મિક દ્રવ્યના વહીવટ અંગે માર્ગદર્શન આપનારની પણ યોગ્યતા બતાવવાની આવશ્યકતા હતી. જેથી વાચકવર્ગને માર્ગદર્શન ક્યાંથી લેવું જોઇએ-તેનો ખ્યાલ આવત.

શ્રી જિનપ્રતિમા અને શ્રી જિનમંદિર-આ બે ક્ષેત્રો માટે પ્રાપ્ત થયેલી રકમ મુખ્યપણે 'દેવદ્રવ્ય' સંબંધી કહેવાય છે. અહીં સૌથી પહેલા એ સમજી લેવું જોઇએ કે 'દેવદ્રવ્ય' પદનો સામાન્યાર્થ 'દેવ સંબંધી દ્રવ્ય' આ પ્રમાણે છે. વર્ત્તમાનમાં આ શબ્દ, શ્રી જિનેશ્વર દેવની ભક્તિરૂપે ભંડારાદિમાં નાખેલા પૈસા કે શાસ્ત્રાનુસાર પૂ. ગીતાર્થ ભગવન્તોની પરંપરાથી ચાલી આવતી સ્વપ્ન, ઉપધાન કે સંઘની માલા, અષ્ટપ્રકારી પૂજાની અથવા પ્રતિષ્ઠાદિની ઉછામણી... વગેરે દ્વારા પ્રાપ્ત રકમ અંગે વપરાય છે. આ દ્રવ્ય શ્રી

જિનેશ્વર દેવની ભક્તિરૂપે અર્પિત થયું છે, શ્રી જિનેશ્વરદેવની ભક્તિ નિમિત્તો– ભક્તિ કરવા માટેનું દ્રવ્ય નથી. આ વસ્તુનો ખ્યાલ રાખીને જો વિચારવામાં આવે તો; વર્ત્તમાનમાં જે દ્રવ્ય ગણાય છે તે દ્રવ્યનો કલ્પિત દેવદ્રવ્ય કે પૂજાદ્રવ્ય આ વિભાગ નથી. **શાસ્ત્રમાં વર્ણવેલા પૂજાદ્રવ્ય, નિર્માલ્ય દ્રવ્ય અને કલ્પિતદ્રવ્ય-આ દેવદ્રવ્યના વિભાગ દેવસંબંધી દેવદ્રવ્ય અંગેના છે; પરંતુ ઉપર જણાવ્યા મુજબ વર્ત્તમાનમાં પ્રસિદ્ધ જે દેવદ્રવ્ય છે તેના તે વિભાગ નથી.** શાસ્ત્રકાર પરમર્ષીની અપેક્ષા સમજ્યા વગર તેમના શબ્દોના પ્રયોગમાત્રથી દેવદ્રવ્યના સ્વરૂપનું નિરૂપણ 'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તકમાં કરાયું છે, જે સાચું નથી. શાસ્ત્રમાં વર્ણવેલા એ દેવદ્રવ્યના ભેદોનું સ્વરૂપ અને વર્ત્તમાનમાં પ્રસિદ્ધ દેવદ્રવ્યનું સ્વરૂપ આ બન્નેનો વિચાર કરવાથી સમજી શકાશે કે લેખકશ્રીએ પુસ્તકમાં કેવી ભેળસેળ કરી છે. 'ધાર્મિક વહીવટ વિચાર'ના પે. નં. ૯૬માં 'સંબોધ પ્રકરણ'ની ગાથાના આધારે લેખકશ્રીએ પૂજાદિ દેવદ્રવ્યનું સ્વરૂપ જણાવતા અને પે. નં. ૪ અને ૫ ઉપર જે જણાવ્યું છે–એ વિચારવાથી શાસ્ત્રની સાથે સંકળાયેલી આ રમતનો સૌને ખ્યાલ આવી શકશે. ભાડા અંગે કે ભંડાર અંગે કોઇપણ જાતની સ્પષ્ટતા કર્યા વિના તેનાથી પ્રાપ્ત થયેલી આવકને પૂજાદ્રવ્ય સ્વરૂપ દેવદ્રવ્ય ગણાવવાનું ઉચિત નથી.

'સંબોધ પ્રકરણ'માં જેને પૂજા દેવદ્રવ્ય ગણાવ્યું છે, તે ભાડા આદિથી પ્રાપ્ત થયેલ દ્રવ્યસ્વરૂપ છે. પરન્તુ આ ભાડા આદિની આવક માટે જે ઉપાયો ઊભા કર્યા હોય, તે ઉપાયો વર્ત્તમાનમાં પ્રસિદ્ધ દેવદ્રવ્યમાંથી ઊભા કરાયેલા ન હોવા જોઇએ. એ દ્રવ્યથી ઊભા કરાયેલા ઉપાયો દ્વારા પ્રાપ્ત થયેલી એ રકમ વર્ત્તમાનમાં પ્રસિદ્ધ દેવદ્રવ્યની હોવાથી એનો ઉપયોગ પૂજામાં કરી શકાશે નહિ. હાલમાં દેરાસરમાં જે ભંડારો હોય છે કે જેમાં ચોખા વગેરે અને પૈસા નંખાય છે, તે ભંડારનું દ્રવ્ય પણ, પૂજારૂપે આવેલું દ્રવ્ય છે. પૂજા માટેનું તે દ્રવ્ય નથી. તે ભંડારમાં પૈસા નાખનારનો આશય 'એ પૈસાથી ભગવાનની પૂજા થાય'–એવો હોતો નથી. કેટલાક દેરાસરોમાં કેસરપૂજાદિ માટેની રકમ પ્રાપ્ત કરવા ઉપર જણાવેલા ભંડારથી અતિરિક્ત પેટી હોય છે, એમાંથી પ્રાપ્ત થયેલી રકમ 'પૂજા દ્રવ્ય' તરીકે ગણાય છે. અને એવી પેટીઓ શ્રી જિનેશ્વર ભગવંતની સમક્ષ નહિ, પણ તેમની દૃષ્ટિ ન પડે તે રીતે રાખવાનું સૂચન પણ ગીતાર્થ મહાપુરુષો કરતા હોય છે. જેથી બન્ને દ્રવ્યના ભિન્ન ઉપયોગ સ્પષ્ટ રહે. જ્યારે આપણા આ લેખકશ્રીએ તો ભંડારની 'ઝંઝટ'માંથી સૌને ઉગારી લીધા છે ! જમાનાવાના પૈસા ચાંદલામાંથી કાપી લેવાનું બહુમાન ભગવાનનું કરી નાંખ્યું છે.

વર્ત્તમાનમાં શ્રી જિનભક્તિ સાધારણ તરીકે જે દ્રવ્ય પ્રસિદ્ધ છે, એ શાસ્ત્રદૃષ્ટિએ 'પૂજા દેવદ્રવ્ય' છે. વર્ષ દરમ્યાન દેરાસરમાં વપરાતી અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી વગેરે માટે (અષ્ટપ્રકારી પૂજા કરવા માટેના નહિ)

ઉપદેશક કોણ

એક સંતની ધારદાર વાણી સાંભળીને એક માનવી તેમના રંગે રંગાઇ ગયો. તેમના શિષ્ય બનવાની મહેચ્છા જાગી. સંત થોડાક દિવસોમાં શિષ્યના ગુરુજી બની ગયા.

ખરેખર! ગુરુ બનવામાં મોટું જોખમ એ છે કે એ બીજાને જગાડવા માટે જ ઉપદેશ આપે છે પરંતુ પોતે તો ઉંઘે છે. (ઉંઘી ગયા છે.) ગુરુ માનતા હોય છે કે સહુને તારવાનો ઇજારો, બોજો મારે શીરે જ છે. હું કેટલો બોજો લઈને ફરું છું. મારે તો ઘણા કામ હોય છે. આ ધૂનમાંને-ધૂનમાં પોતાનું આન્તરિક નિરીક્ષણ કરવા માટે બીલકુલ સમય કાઢી જ શકતા નથી.

જો કોઈ ભકત વંદન ન કરે તો ય એમને ક્રોધ આવી જાય, જો કોઈ ન આવે તોય ક્રોધ આવી જાય, જો કોઈ ન બોલે તોય ક્રોધ આવી જાય. એ વિચારતાય નથી કે હું આખો દિવસ ભકતોને ક્રોધ ન કરવાનો ઉપદેશ આપુ છું અને હું કેમ ક્રોધ કરું છું? ક્રોધ મારી ચારે બાજુએ શા માટે વીંટળાયેલો છે? વંદન ન કરે તો ય મારે શું? ન બોલે તોય મારે શું? જો હું ક્રોધ કરીશ તો મારું જ ભવિષ્ય બગડશે.

જે ચઢાવા બોલાય છે; તેમજ તે અંગે જે ભેટ તરીકે અપાય છે–તેનાથી પ્રાપ્ત થયેલી જે રકમ છે તે 'પૂજા દેવદ્રવ્ય.' આ સિવાય ચૈત્યપરિપાટી કે પૂજા વગેરેના પ્રસંગે અથવા ઉદ્યાપનાદિના દર્શન સંબંધી ઉપકરણો દ્વારા પ્રાપ્ત થયેલી રકમ પણ પૂજા દેવદ્રવ્ય છે. આવી જ રીતે વર્ત્તમાનમાં કેટલાંક ગામોમાં "દેવકુ સાધારણ" નામના ખાતામાંથી અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી લાવીને તેનું વેચાણ કરવામાં આવે છે. તેથી પ્રાપ્ત થયેલી નફાની રકમ પણ 'પૂજા દેવદ્રવ્ય' છે. અહીં એ યાદ રાખવું જોઈએ કે દેવદ્રવ્ય તરીકે હાલમાં જે પ્રસિદ્ધ છે તે દ્રવ્યથી આ સામગ્રી લવાય નહિ અને લવાઇ હોય તો તેના વેચાણનો નફો પણ શુદ્ધ દેવદ્રવ્ય જ ગણાય. મૂળ (પડતર) કિંમત સહિત તે નફો દેવદ્રવ્યમાં જમે કરવો જોઈએ. તેમાંથી ફરી પ્રભુપૂજા થાય નહિ.

'ધાર્મિક વહીવટ વિચાર' પે. નં. ૪ માં 'પરમાત્માની સામે જે ભંડાર રખાય છે તેમાં આ હેતુથી (પૂજાહેતુથી) ભકતજનો પૈસા નાખતા હોય છે...' આ પ્રમાણે જણાવ્યું છે–તે વાસ્તવિક નથી. કારણકે પરમાત્માની સામે રખેલા ભંડારમાં એવા આશયહેતુથી ભકતજનો પૈસા નાંખતા નથી. પૂજાદેવદ્રવ્ય માટે આવો ભંડાર રાખવામાં આવતો નથી. ઉપર જણાવ્યા મુજબ આ ભંડારથી અતિરિકત પેટી વગેરે 'પૂજા દેવદ્રવ્ય' ના હેતુથી રાખવામાં આવ્યા હોય તો તેમાંથી પ્રાપ્ત થયેલી રકમ 'પૂજા દેવદ્રવ્ય'ની કહેવાય છે. (ક્રમશઃ)

માટે હું ક્રોધી ન બનું તેવો વિચાર કરવાની ફુરસદ મળે ખરી ?

જોરશોરથી ચાલી રહ્યા પ્રવચનમાં એક દિવસ ગુરૂજી બોલ્યા. "ભગવાનના નામથી સંસાર સાગર તરી જવાય છે." આ વાત એક નિર્દોષ ભરવાડને કાને અથડાઇ. તેના કાનમાંથી સીધી હૃદયમાં સોસરી ઉતરી ગઇ. આથી આ વાતને ભરવાડે શ્રધ્ધાપૂર્વક પકડી રાખી.

એક દિવસ મોરલાઓ ટહુકા કરવા લાગ્યા, ઘનઘોર આકાશમાં વિજળીના તડાકાભડાકા થવા લાગ્યા, મેઘરાજા મન મુકીને વર્ષી રહ્યા હતા. અને નદીઓ પણ ઉભરાવવા લાગી હતી. તે અવસરે આ નિર્દોષ ભરવાડ ગુરૂજીની વાણી સાંભળવા જઇ રહ્યો હતો.

માર્ગમાં નદી મન મુકીને નાચી રહી હતી. હવે જવું કેમ ? મનમાં મુંઝવણનો પાર ન હતો. તેવામાં એકાએક યાદ આવી ગયું કે ભગવાનના નામથી આખેઆખો સંસાર સાગર તરી જવાય તો આ નાનકડી સરિતા કેમ ન તરાય? બસ !

શ્રદ્ધાપૂર્વક ભગવાનના નામનું સ્મરણ કર્યું. સમજુ નદીએ પણ તેને માર્ગ કરી આપ્યો. તે પણ સુખેથી નદી પાર કરી પહોંચી ગયો ગુરૂજી પાસે.

ગુરૂદેવને સાષ્ટાંગ વંદન કરીને આશીર્વચન લેતો તે ભરવાડ ગુરૂજી સમક્ષ હાથ જોડી ઉભો રહ્યો.

આશ્ચર્ય પામતા ગુરૂજી બોલ્યા, અલ્યા એય ! આવા ભયંકર વરસાદમાં કેમ આવ્યો ? નદીમાં તો પુર આવ્યું છે છતાં પણ તું કેવી રીતે અહીંયા આવ્યો ?

સરલ સ્વભાવી ભરવાડે કહ્યું, બાપજી, આપશ્રીની વાણી સાંભળવા. હે કૃપાળુ ભગવાન !, આપશ્રીએ જ પહેલાં કહ્યું હતું કે "ભગવાનના નામે..."

આ સાંભળી ગુરૂજી હસી પડયા. અરે, "ભલા આદમી ! ભગવાનના નામે કાંઇ નદી તરાય ?"

કારણકે બીજાને શ્રદ્ધાળું બનાવવાની ધૂનમાં, ગુરૂજી કયારના શ્રદ્ધા વગરના બની ગયા હતા.

— શ્રી જીતસેન

કોણ શું કરે ?

સૂર્ય જગતના જીવોને પ્રકાશ આપે.
પૃથ્વી જગતના જીવોનો ભાર ઝીલે;
પાણી જગતના જીવોની તૃષા છીપાવે.
હવા જગતના જીવોને પ્રાણવાયુ આપે.
નદી જગતના જીવો માટે વહે છે.
વૃક્ષ જગતના જીવોને ફળ આપે છે.
દીપક બળીને જગતના જીવોને ઉજાસ આપે છે.
ધૂપસળી સળગીને જગતના જીવોને સુવાસ આપે છે.
ગાય ઘાસ ખાઇને જગતના જીવોને દૂધ આપે છે.
પરંતુ માનવી જગતના જીવોને શું આપે છે. તે મને જણાવશોને ?

— હર્ષીત એન. શાહ
૪. જૈનશાસન રવિશિશુ

જૈન મહાતીર્થના વિવાદની ભીતરમાં સંમેતશિખર માટે ખેલાયેલી મેલી રમત

મુંબઇ તા. ૩૧ શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા મહાતીર્થ સમેત શિખરજીનો વહિવટ ચાલે છે. તેને વટહુકમ દ્વારા સ્થપાયેલા સરકારી બોર્ડ હસ્તક લઇ લેવાની તમામ તૈયારીઓ ગયા રવિવારે ધૂળેટીના ઉત્સવ દરમ્યાન પડદા પાછળ ચાલી રહી છે.

દિલ્હીથી પ્રાપ્ત થતા નિર્દેશો દ્વારા જાણવા મળ્યું છે કે–સમેત શિખરજીને પર્યટન સ્થળ તરીકે વિકસાવવાના બહાને એક નવાજ વટહુકમ દ્વારા આ પવિત્ર તીર્થનો કબજો મેળવવાની જાણ સ્વેતાંબર અગ્રણીઓને સમયસર થઇ જતાં આ આખી ચાલ હાલ પુરતી મુલતવી રાખવામાં આવી છે.

ગૃહપ્રધાન શંકરલાલ ચવાણને અંધારામાં રાખીને કેન્દ્રના ગૃહ મંત્રાલયની લીલી ઝંડી બારોબાર મેળવીને આ અંગેનો વટહુકમ બહાર પાડવાની યોજના ઘડી કાઢવામાં આવી હતી બિહારની કેબિનેટની મંજૂરી પછી આ વટહુકમ ગૃહખાતામાં મંજૂરી માટે આવ્યો હતો અને સચિવ કક્ષાએ તે પસાર થયા પછી જ કાયદા ખાતાને મોકલવો તેમ નકકી કરવામાં આવ્યું હતું.

અગાઉની ગોઠવણી મુજબ ત્રણ જ કલાકમાં આ બધુ કામ પતાવીને ગૃહપ્રધાનને સત્તા માટે મોકલી અપાયો. અને ગૃહખાતામાં પણ રાજ્ય કક્ષાના ગૃહ પ્રધાન શ્રી રાજેશ પાયલોટની સહી કરાવી હતી. વટહુકમ રાષ્ટ્રપતિને મોકલી આપવામાં આવનાર હતો. કાયદાખાતાની અને ગૃહખાતાની મંજૂરી મળ્યા બાદ રાષ્ટ્રપતિની સહી તો માત્ર ઔપચારિક જ હોય છે. અને તેમની સહી પછી બિહારના રાજ્યપાલની સહી તાત્કાલિક થઇ જાય તે માટે તેમને પટણામાં રોકી રાખવામાં આવ્યા હતા.

બીજી બાજુ તીર્થનો કબજો મેળવવા માટેના અધિકારપત્રો પણ તૈયાર હતા. ટ્રસ્ટના બેંક એકાઉન્ટનો કબજો મેળવવા માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસની લેખિત પરવાનગી પણ અગાઉથી મેળવી લેવામાં આવી હતી આણંદજી કલ્યાણજીનું બેંક એકાઉન્ટ પણ ગેરકાયદે સ્થગિત કરી દેવામાં આવ્યું હતું.

ધૂળેટી પ્રસંગે મોટો મેળાવડો ભરાવાનો હતો તેમાં મુખ્ય પ્રધાન અને ગવર્નર હાજર રહેવાના હતા પરંતુ સ્વેતાંબર જૈનોએ આ પડદા પાછળની તમામ માહિતીથી શંકરરાવ ચૌહાણને વાકેફ કરતાં તેમણે આંચકો અનુભવ્યો. કોઇ પણ વટહુકમ ગૃહમંત્રાલય દ્વારા પસાર ન થાય તેવી સૂચના આપી અને સમગ્ર યોજના ધૂળમાં મળી ગઇ હતી.

(સંદેશ (સુરત) તા. ૧–૪–૯૪)

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- શાસન પોતાનું થયા વિના આત્માનો નિસ્તાર નથી.
- જેને મન શાસન પ્રધાન નથી પણ પોતાની જાત જ પ્રધાન છે તે તો પોતાનું અને બીજાનું અહિત કરનારા છે. તે બધા શાસનના થયા નથી અને થવાના પણ નથી. પણ શાસનના નામે ચરી ખાનારા છે.
- જે ભગવાને રાગાદિ શત્રુઓનો મૂળમાંથી નાશ કર્યો તેનો ભગત રાગાદિની પુષ્ટિ થાય તેવું કાંઈ પણ કરે ખરો ?
- ભગવાને સુખ છોડયું કે રાખ્યું ? દુઃખ વેઠયું કે કાઢયું ? ભગવાનનો ભગત સુખ મેળવવા અને દુઃખ કાઢવાજ મહેનત કરે તે ત્રણ કાળમાં બને ખરું ?
- વર્ષોથી વ્યાખ્યાન સાંભળવા છતાં-ધર્મક્રિયાઓ કરવા છતાં પણ મંદિરમાં મોક્ષ યાદ ન આવે, ઉપાશ્રયમાં ત્યાગ યાદ ન આવે, સામાયિક કરનારને રાગ-દ્વેષ ભૂંડા ન લાગે, પ્રતિક્રમણ કરનારને પાપ ભૂંડા ન લાગે નવકારશી કરનારને અણાહાર ભૂંડો ન લાગે તો તેણે કર્યું શું ? તેના ધર્મને કેવો કહેવાય ?
- જેણે દીક્ષા યાદ હોય તેને ઘડે-બારાદિ કેવા લાગે ?

આ લખાણથી સ્પષ્ટ થાય છે કે કેન્દ્ર સરકારને અને કેન્દ્રના ગ્રહપ્રધાનને અંધારામાં રાખી આ તીર્થનો કબજો લઇ લેવાની યોજના ઘડાઇ હતી. ખરેખર શ્વેતાંબરોના માલિકી અને વહીવટના આ તીર્થને આમ પચાવી પાડવાનું કોઇ જરૂરી પણ ન હતું. છતાં આવી મોટી યોજના ઘડાઇ ગઇ તેની પાછળ કોનું મગજ અને કેટલું ધન કર્યું હશે તે વિચારી લેવા જેવું છે રાજકીય ભ્રષ્ટાચાર પ્રસિદ્ધ છે. અને તેમાં સ્વાર્થ સાધનારા આવા કાર્યોમાં મગજ અને ધનની નદી વહેવડાવવી ગમે તેનો કબજો લેવડાવી શકે છે અને તેથી શ્વેતાંબરો અને બીજા વિપક્ષી જૈનોથી સદા સાવધ રહેવાની જરૂર છે. અત્યાર સુધી કલેશ ઘુસણખોરી કરીને અનેક તીર્થોમાં વીટંબણા ઉભી કરી છે અહિ ન ફાવવાથી આપત્તુ તીર્થ પડાવી લેવાની યોજના જણાવે છે બિહારના ભૂતપૂર્વ મુખ્ય.પ્રધાનો સેન અને સહાયના વગત આ તીર્થનો મામલો ખૂબ ચાલેલો અને પેઢી તથા શેઠશ્રી રમણલાલ કલસુખભાઇ શ્રોફના જાગૃતિ ભર્યા મહા પ્રયત્નથી આ તીર્થ બચવાઇ ગયું અને આ વખતે પણ શ્રી ગ્રહ પ્રધાનને વાત પહોંચતાં બચી ગયા છીએ. સમન્વય અને ભાઇ ભાઇ દેખાડવાના બની રહ્યા છે.

પૂ. આ. શ્રી વિજયરામચન્દ્રસૂરિભ્યો નમઃ પૂ. આ. શ્રી વિજયસિદ્ધિસૂરિભ્યો નમઃ
પૂ. આ. શ્રી વિજયામૃતસૂરિભ્યો નમઃ

ડુકવાડા (વાપી) અમારા બંધાવેલા શિખરબંધી નૂતન જિનમંદિરમાં
મૂલનાયક શ્રી મુનિસુવ્રત સ્વામી શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી શ્રેયાંસનાથજી
જિનબિંબો તથા ધ્વજ દંડ કલશ પ્રતિષ્ઠા
તે નિમિત્તે શાંતિસ્નાત્ર આદિ પંચાન્હિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ
તે પ્રસંગે પધારવા.

ભાવભર્યું આમંત્રણ

-: પાવન નિશ્રાદાતા :-

પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્રસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિ. લલિતશેખરસૂરીશ્વરજી મ.
પૂ. આ. શ્રી વિ. રાજશેખરસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિ. વીરશેખરસૂરીશ્વરજી મ.
પૂ. આ. શ્રી વિ. અમરગુપ્તસૂરીશ્વરજી મ. પૂ. આ. શ્રી વિ. ચંદ્રગુપ્તસૂરીશ્વરજી મ.
આદિ મુનિ મંડલ તથા પૂ. સાધ્વીજી વૃંદ.

મહોત્સવ પ્રારંભ : ચૈત્ર વદ ૩ને ગુરુવાર તા. ૨૮-૪-૯૪
જલયાત્રાનો વરઘોડો : ચૈત્ર વદ ૫ને શનિવાર તા. ૩૦-૪-૯૪
સવારે ૮-૩૦ વાગે

જિનબિંબ પ્રતિષ્ઠા : ચૈત્ર વદ ૬ને રવિવાર તા. ૧-૫-૯૪
સવારે શુભ મુહુર્તે.

શાંતિ સ્નાત્ર મહોત્સવ : ચૈત્ર વદ ૬ને રવિવાર તા. ૧-૫-૯૪
બપોરે ૧-૩૦ કલાકે

જિન મંદિર દ્વારોદ્‌ઘાટન : ચૈત્ર વદ ૭ને સોમવાર તા. ૨-૫-૯૪
સવારે ૬-૦૦ કલાકે

આપને સપરિવાર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

શુભ સ્થળ : : નિમંત્રક :

ડુકવાડા (વાપી), શાહ રાયશી રૂપાભાઈ સુમરીયા પરિવાર
નેશનલ હાઇવે નં. ૮, ડબાસંગ (હાલારવાળા) હસ્તે શાહ નેમચંદ રાયસી સુમરીયા
ફોન નં. ૫૬૮૩૧૮૬. ૨૪, રશ્મન એપાર્ટમેન્ટ, એ. લલવાણી રોડ,
મુલુંડ (વેસ્ટ) મુંબઇ-૪૦૦૦૮૦.



- આ શરીર તે જ મોટી જેલ છે. આ શરીરની જરાય દરકાર લેવા જેવ. નથી. તેની પાસે તો લેવાય તેટલું કામ લેવાનું છે અને કામ લેવા પુરતું તેમાં નાંખવાનું છે. તો જ આ વળગેલું ભૂત છૂટે તેમ છે.
- સંસાર સુખ ગમી જાય તે માણસ પડયા વિના રહે નહિ.
- તમો સુખી હો તો તે જોઇને અમને આનંદ આવે તો અમારો પણ નાશ થાય. શ્રાવક સંઘને સુખમાં ફસાયેલો જોઇ દયા આવે, ધર્મી જોઇને આનંદ થાય, સુખી જોઇને નહિ.
- ઘર-બાર, કુટુંબ-પરિવારાદિ શરણ આપનારી ચીજ નથી, રક્ષણ કરનારી ચીજ નથી પણ આત્માનો સંહાર કરનારી ચીજ છે. નુકશાન કરનારી ચીજ પર રાગ કોને થાય ?
- હિત શેનાથી થાય તેનો વિચાર ન કરે તેનું નામ મૂઢ !
- મારે દુઃખ ન જોઇએ અને સુખ જોઇએ તેનો વિચાર કરનારા છો કે મારું અહિત ન થવું જોઇએ અને હિત થવું જોઇએ તેની ચિંતા કરનારા છો ?
- આ જનમ ઓછાં ... વાળો બને, સારો બને, જીવવામાં આનંદ હોય, મરવામાં આનંદ હોય, જેથી પરલોક સારો બને અને મોક્ષ વહેલામાં વહેલો મળે તેવી જે ચિંતા તેનું નામ હિત !
- હિત સાથે સુખ જોડાયેલ છે. હિત હોય ત્યાં સુખ નિયમો હોય. સુખ હોય ત્યાં હિત હોય પણ ખરૂ અને ન પણ હોય પણ અહિત તો નિયમા જ હોય.
- કોઇ પણ વસ્તુ પર પ્રેમ થાય તેનું નામ રાગ. જેના પર પ્રેમ હોય તે જ મેળવવાની ઇચ્છા થાય, મળે તો આનંદ થાય !

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

૪૯-૧૨-૬૫ ૫૨૦૭

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

તેના સમાન કોઈ નથી

नान्यः कुतनयादाधिर्व्याधिनान्यः क्षयामयात ।
नान्यः सेवकतो दुःखी,
नान्यः कामुकतोऽन्धलः ।।

કુપુત્રથી વિશેષ કોઇ આધિ નથી, ક્ષય રોગથી બીજો કોઇ મહારોગ નથી. સેવક જેવો બીજો કોઇ દુઃખી નથી અને કામી પુરુષ જેવો બીજો કોઇ આંધળો નથી.

વર્ષ ૬

અંક ૩૫

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા. ૪૦૦

Regd. on 3/1/94

પરમ શાસન પ્રભાવક, સુવિશાલ ગચ્છાધિપતિ વ્યાખ્યાન વાચસ્પતિ, સ્વ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના દિવ્યાશિષથી, તથા તપસ્વી સમ્રાટ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપદ પ્રશાંતમૂર્તિ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે બગવાડા નગરે પૂ. પં. શ્રી ચંદ્રગુપ્ત વિજયજી ગણિવર તથા પૂ. પં. શ્રી હેમભૂષણ વિજયજી ગણિવરને આચાર્યપદ પ્રદાન તથા પાલિતાણા નગરે પૂ. ઉ. શ્રી નરચંદ્ર વિજયજી ગણિવરને આચાર્યપદ તથા પૂ પં. શ્રી અજીત વિજયજી ગણિવરને ઉપાધ્યાયપદ પ્રદાન પ્રસંગે.....

શ્રી નરચંદ્ર-ચંદ્રગુપ્ત-હેમભૂષણ વિજયજી

卐 સૂરીપદ પ્રદાને વંદના 卐

(મંદિર છો મુક્તિતણાં.....એ રાગ)

શ્રી વીર શાસન શત પચ્ચીસે, આજ જયવંતુ દિસે,
નકકર સમર્પિત સૂરીશ્વરોથી, અબાધિત રહે જગ વિષે ...૧
રક્ષા-પ્રભાવના કરે શાસનની, સ્વ-પર કલ્યાણ સાધતાં,
ચંદ્ર, ઇંદ્ર, રવિ ગિરિ ગુણે, ધર્મ પ્રભાવક શોભતા. ...૨
દ્રષ્ટિવાદ આગમ શિરોમણી, ચૌદે પૂરવ ભર્યા રસાળ,
ચંદન સમી છે જિનવાણી, શાતા આપે, કાપે જંજાળ. ...૩
દૃઢ જિનાજ્ઞા પાળી જીવ્યા, રામચન્દ્ર સૂરીશ્વરા
ગુરૂ પ્રેમસૂરિના પ્યારા પાટવી, નહીં ભૂલાય એ ગુરૂવરા ...૪
પ્રસ સમુદાય, સંઘે આજે, જયમંગલ વરતાય છે,
હેમ સમા જેના આજ્ઞાવર્તી કસોટીએ પરખાય છે. ...૫
મહોદયિ સૂરિજી ગચ્છપતિ વડિલ, રાજતિલક ગુરૂ સોહે,
ભૂમિ બગવાડા, દેવ-ગુરૂની નિશ્રા સહુના મન મોહે ...૬
ષટ દર્શનમાં નિપુણ શિષ્યગણ, અજબ સંયમ સાધના,
(ણ)અવસર પામી ગચ્છાધિપતિ, પ્રગટ કરે તસ ભાવના ...૭
વીર શાસનનું સુકાન લેવા, આજ્ઞા દેતાં હર્ષથી,
જયનાદે શ્રી તૃતીય પદનો, ઉત્સવ કરે સંઘ રંગથી. ...૮
યત્ન અને અભિલાષા આજે, પૂરણ સંઘની થાય છે,
જીવનમાં આવા પ્રસંગો મહાપુણ્યે પમાય છે ...૯
સૂરિપદને અર્પતા ગુરૂ, આશ ઉરની પાઠવે,
રીતિ નીતિ સુકાન કેરી, પદ પ્રદાને દાખવે ...૧૦

[અનુ. ટાઇટલ ૩ ઉપર]

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ લાભાર્થ અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા
(મુંબઇ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(વઢવાણ)
ધારાચંદ પદમશી ગુઢકા
(ધ્રાંગધ્રા)

વર્ષ ૬] ૨૦૫૦ ચૈત્ર સુદ-૮ મંગળવાર તા. ૧૯-૪-૬૪ [અંક ૩૫

卐 શ્રી જિન ભક્તિ 卐

પ્રવચનકાર પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.

(સં. ૨૦૨૮ કા. વ. ૧૩ સોમવાર તા. ૧૯-૧૧-૧૯૭૧)

(પ્રવચન ૨જું)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા મહાપુરુષો ભગવાનની સ્તવના કરતાં ફરમાવી રહ્યા છે કે, 'આ સંસારમાં હું જ્યાં સુધી રહું ત્યાં સુધી મને શ્રી જિનેશ્વર દેવની ભક્તિ મળ્યા કરો.' આ સંસાર એ આત્માનું સ્થાન નથી પણ મોક્ષ જ એ આત્માનું સ્થાન છે. અનાદિ કર્મ સંયોગથી આત્મા સંસારમાં ભટકી રહ્યો છે. હવે મારે ભટકવું નથી. આમ ન સમજાય ત્યાં સુધી ઠેકાણું પડે નહિ. કર્મને જ પરવશ પડેલા આત્માને સમજ ન આવે તે શક્ય છે. તે તો સ્વાર્થ હોય ત્યાં ગુલામી કરે પણ સુદેવ સુગુરુ-સુધર્મ જે આપણને તારનારા છે તેની ગુલામી ફાવે નહિ. આવી હાલત હોય ત્યાં સુધી જીવને સારામાં સારી ધર્મ સામગ્રી મળે તો પણ લાભ શું થાય ?

તમને બધાને પુણ્યયોગે દુનિયાની સારામાં સારી સામગ્રી મળી છે તેનો ભય લાગે છે ? તમને માન-સન્માન, ખ્યાતિ-પ્રતિષ્ઠાદિ મળે તો તે મારનારી છે તેવી પ્રતીતિ થાય છે ? પુણ્યથી મળેલી સામગ્રીનો ભય ન લાગે, તે મેળવવા જેની ગુલામી કરવી પડે તો તે ય મજેથી કરે, જે પાપ કરવા પડે તો પાપ પણ કરે, અને સાંભળે કે ધર્મથી આ બધું મળે તો થોડો-ઘણો ધર્મ પણ કરે તેવા જીવને કોણ સુધારી શકે ?

દુનિયાના જ સુખ પાછળ પડેલા અને તેને જ મેળવવા-ભોગવવા દોડધામ કરનારા જીવોની દયા ભગવાન શ્રી અરિહંત પરમાત્મા વિના કોઇને ય આવતી નથી.

દુનિયામાં સુખી થાય તેની દયા કરનારા હજી મળે પણ આત્માની ચિંતા કરનારા કેટલા મળે ? તમે બધા આજે જે રીતના જીવી રહ્યા છો–કરી રહ્યા છો, તેનું શું પરિણામ આવશે–તેવી ભગવાનના વચન ઉપર શ્રધ્ધા હોય તો તમે બધા ચેકી ઉઠો ! નિયાણુ કરીને આવેલા ચક્રવર્તિઓ પણ નરકે જાય છે અને વાસુદેવો–પ્રતિવાસુદેવો તો નિયમા નરકે જ જાય છે આ વાતની ખબર છે ? સંસારની સારામાં સારી સામગ્રીના ધણી પણ જો નરકે જાય તો તમારી પાસે શું સામગ્રી પડી છે ? **સંસારનું સારામાં સારી સામગ્રીથી જેને ત્રાસ પેદા થાય તેને જ ભગવાન ગમે.**

પુણ્યશાલીને જે મળે તેની તકરાર નથી પણ તેમાં જ મજા કરે અને તેની દયા પણ ન આવે તો જૈનપણું ટકે કયાંથી ? આ દુનિયાની સુખ–સામગ્રીનો ભય ન લાગે તે બધા માર્યા જવાના છે. જેને ભય લાગે તે સાવચેત થઇ જાય, પછી તેને આધાર ભગવાન જ લાગે, ભગવાને કહ્યા મુજબ જીવવાનું મન થાય

તમને બધાને દુનિયાની સુખ–સામગ્રીનો ભય લાગે છે ખરો ? દુનિયાની સુખ–સામગ્રી મેળવવા, ભોગવવા, સાચવવા તમે બધા આજે શું શું કરો છો તેનું વર્ણન થાય તેમ છે ખરું ? આજનો મોટોભાગ જેલમાં બેસવા લાયક છે તે બધા મહેલમાં બેસી મોજ–મજાદિ કરે તો તેમનું પુણ્ય વખણાય કે વખોડાય ? કર્મનું પરવશતા જીવની પાસે ન કરવાનું પણ કરાવે. છતાં પણ ન કરવાની ઇચ્છા હોવા છતાં ય કરવું પડે તેવા જીવ કેટલા મળે ? અને ગોઠવી ગોઠવીને મજેથી કરનારા કેટલા મળે ? તમારો નંબર પહેલી દશામાં આવે કે બીજી દશામાં ?

"દિવસે દિવસે શ્રી જિનની ભકિત હોજો અને જ્યાં સુધી હું સંસારમાં રહું ત્યાં સુધી સદાને માટે હોજો"–આ સંસારથી ખરેખર ત્રાસેલા જીવને ઉદ્‌ગાર છે, આપણે તો બીજાનું માત્ર મોંઢાથી બોલીએ છીએ. આપણને અડે છે ખરું ? શ્રી જિન કે શ્રી જિન ભકિત વિના કોઇ જ આધાર નથી તેમ લાગે છે ? ભાવપ્રાણ લેનારી સંસારની સુખ–સામગ્રીથી બચાવનાર પણ આ જ છે તેમ થાય છે ? અનુકૂળ સામગ્રી મળે તો બહુ મઝા આવે તો તે મજા મારે કે જીવાડે ? તમને સંસારમાં બચાવનાર તમારા સ્નેહી–કુટુંબી કોઇ જ નથી. તમારી વહાલામાં વહાલી સ્ત્રી પણ તમને બચાવનાર નથી, સાચા ધર્માત્મા હોય તેની વાત જુદી. બાકી બધા ફસાવનારા જ છે આમ પણ લાગે છે ? તે ફસામણમાંથી છટકવા હું મંદિર–ઉપાશ્રયે આવું છું તેમ પણ કહી શકો છો ખરા? ધર્મથી ધાર્યું સુખ મળે અને દુઃખ ટળે તેવું સાંભળ્યું છે માટે આટલી અહીં દોડાદોડ કરો છો તેથી ભગવાનને તમારા દર્શન થાય છે. મુશ્કેલી એ છે કે, આ ગાડી જ ઊંધે પાટે ચઢી છે તેને પાછી વાળવી મુશ્કેલ છે. કેમકે, અમને તો આ બધા દેશ–કાળના અજાણુ કહે છે.

અમને તમારી ખરેખર દયા આવે છે માટે જ આ પાટ પર બેસી ધર્મ સમજાવીએ છીએ. જો આ પાટ પર બેસી પૈસા-ટકા, સુખ સામગ્રી આદિનો ધર્મ સમજાવીએ તો તમારા પહેલા નંબરના શત્રુ છીએ. મારે તમારા સુખના રાગની પુષ્ટિ નથી કરવાની પણ તમારા સુખના રાગની ઉલટી કરાવવી છે. **જ્યાં સુધી દુનિયાના સુખના રાગની ઉલટી ન કરાવીએ ત્યાં સુધી હૈયામાં ભગવાન બેસી શકે નહિ.**

આજે અમે આ સંસાર અસાર છે તેમ કહીએ તે વાત ઘણાને ગમતી નથી. 'દુનિયામાં આગળ વધો' તેમ કહેનારા ગમે છે. તેથી આજે અમારામાંના ઘણા પણ તમને ગમે તેવું જ બોલતા થઈ ગયા છે. દુનિયામાં આગળ વધવા જેવું છે ખરું? દુનિયામાં આગળ વધ્યા તે તો આર્યમાંથી પણ ગયા તે તમારા અનુભવમાં નથી? તમે તેવા ના થયા તેનું દુઃખ છે કે હાશ! આપણે બચી ગયા તેનો આનંદ છે?

આ સંસાર તો ભયંકર ઝેરી છે અને સંસારનું સુખ તો તેના જ કરતાં ય વધારે ઝેરી છે. આજે જેની પાસે સુખ ઘણું તેના ધર્મમાં લગભગ મીંડું. 'સુખ જેમ જેમ વધે તેમ તેમ ધર્મ ઘટે'-તમે આ વાતનો વિરોધ કરો.

આજે તો બધા એમ જ માને છે કે, ધર્મ જ કજિયા કરાવે છે. દુનિયામાં ઝઘડા છે તે બધા ધર્મના જ છે ને? તમારું માથું જો ઠેકાણે નહિ રાખો તો તમે ય બરબાદ થઈ જશો. ધર્મ સાચું-ખોટું નહિ સમજાવે તો બીજું કોણ સમજાવશે? સાચું-ખોટું સમજાવવું તેને ઝઘડો કહેવાય કે સાચી સમજ આપી કહેવાય? સાચી વાત એ છે કે, આજે તો ધર્મ કરનારાઓને પણ સાચું-ખોટું સમજવું નથી. આ બધું નહિ સમજે તો ઠેકાણું પડશે નહિ અને આ જન્મ હારી જશો અને વખતે અનંતકાળે ય આવો જન્મ મલે તેવું પાપ બંધાઇ જશે.

'સાધુપણું' એ જ ધર્મ છે'-આ વાત તમારા હૈયામાં લખાયેલી છે? શ્રી ઋષભદેવસ્વામિ ભગવાન શ્રી અજિતનાથ સ્વામિ ભગવાન થયા ત્યાં સુધીમાં પચાસ (૫૦) લાખ કોડ સાગરોપમ કાળ ગયો. તેમાં એક રાજા એવો નહિ, જે સાધુ થઈ મોક્ષે ન ગયો હોય કે સર્વાર્થસિદ્ધમાં ન ગયો હોય! શ્રી ઋષભદેવ સ્વામિ ભગવાનને તમે 'દાદા' માનો છો ને? યાત્રા માટે શ્રી સિદ્ધગિરિજી પણ જાવ છો ને? આજે તો તમે જે રીતના યાત્રાએ જાવ છો તે પણ ત્રાસરૂપ છે તેથી તીર્થ પણ મહા આપત્તિમાં છે.

આજે તમને યાત્રાનો ખપ નથી પણ નવરાશનો સમય મળે એટલે ટેસ કરવા, મોજ-મજા, એશ-આરામ કરવા જાવ છો. હવે તો ઘણાને ત્યાંય સડક બનાવવી છે, એટલે છેક દાદાના દરબાર સુધી મોટર લઈ જવી છે. હવા ફેરનો રોગ લાગુ પડયો છે.

(ક્રમશઃ)

સ્વીકાર અને સમાલોચના

પર્યુષણ પર્વ પરાગ– લે. પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ. પ્ર. શ્રી. મુકિતચંદ્ર સૂરીશ્વરજી જૈન આરાધના ટ્રસ્ટ ઠે. દિલીપકુમાર ચીમનલાલ શાહ સસ્તા અનાજની દુકાન ભૈરવનાથ રોડ યુ.કો. બેંકની બાજુમાં અમદાવાદ ફા. ૧૬ પેજી ૯૬ પેજ મૂલ્ય ભેટ પર્યુષણ પર્વના દિવસોના વાંચનનું રહસ્ય સમજાવ્યું છે જે વાંચતા પર્યુષણની આરાધના ઉલ્લાસ વધે.

મુકિત માર્ગનો સરળ ઉપાય– પ્રેરક પ્રકાશક ઉપર મુજબ ફા. ૩૨ પેજી ૧૧૨ પેજ મૂલ્ય રૂા. ૭) ચૌદ નિયમ તેમજ પ્રાયશ્ચિત વિધિ વિ.ની ઉપયોગી નોંધ છે.

જૈનનું સાચું ઘરેણું–લેખક પ્રકાશક ઉપર મુજબ ફા. ૧૬ પેજી ૮૪ પેજ જીવનમાં વસાવવા યોગ્ય વ્રત નિયમો વિ. સમજણ અને નોંધ આપી છે. જે ઉપયોગી છે.

ભગવાને ભાખ્યા ભાવિના લેખ– પ્રવચનકાર–પૂ. આ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજ સં. પૂ. મુનિરાજ શ્રી કીર્તિયશવિજયજી ગણિવર પ્ર. સન્માર્ગ પ્રકાશન આરાધના ભવન પાછીયાપોળ રિલીફ રોડ અમદાવાદ–૧ ડેમી ૧૬ પેજી ૧૦૮ પેજ પૂ. પાદશ્રીજીએ ભગવાન મહાવીરની અંતિમ દેશના અંગે આપેલા પ્રવચનો છે ભાવિકાળના સૂચક, પુણ્યપાળ રાજાને આવેલા આઠ સ્વપ્નના આધારે સુંદર રીતે વર્ણવ્યા છે અને પાંચમાં આરાના ભાવિભાવ વર્ણવ્યા છે જે દરેક આત્માઓને જાગૃતિ માટે ઉપયોગી છે.

પરિચયના પુષ્પો–પ્રકાશક: શ્રી સુરત તપગચ્છ રત્નત્રયી આરાધક સંઘ સુરત ડેમી ૧૬ પેજી ૫૨ પેજ મહેતા નથુભઈન હરિલાલ તથા વોરા તારાચંદ મુલકચંદ પરિવાર તરફથી ભેટ. પૂ. પાદ આ. ભ. શ્રી વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ. તથા પૂ. ગણિવર્ય શ્રી ગુણયશ વિજયજી મ. પૂ ગણિવર્ય શ્રી કીર્તિયશ વિ. મ.ના પરિચયો ગણિપદ પ્રસંગ પ્રગટ કર્યા છે. જે આદર્શરૂપ છે.

બાલમિત્રો!

ફકત કેવળજ્ઞાન પામનારનું નામ જણાવો.

૧. પસ્તાવો કરતાં કરતાં.....
૨. ઉપસર્ગ સહન કરતાં કરતાં .....
૩. જમતાં જમતાં.....
૪. અરીસા ભુવનમાં શણગાર સજતાં.....
૫. શુભ ભાવનામાં ચઢતાં ચઢતાં.....
૬. ગોચરી પરઠવતાં પરઠવતાં.....
૭ હાથીની અંબાડી ઉપર.....
૮. અનશન કરતાં કરતાં.....
૯ પડિલેહણ કરતાં કરતાં.....
૧૦. દોરડા ઉપર નાચતાં નાચતાં.....

મોકલનાર – **એમ.જી. કોઠારી**–રાજકોટ.

(જવાબ આવતા અંકે)

સંસારના સુખ માટે ધર્મ કરવાની માન્યતા તપાગચ્છની કે ખરતરગચ્છની ?

થોડા સમય પહેલાં એક પુસ્તક વાંચવામાં આવ્યું. પુસ્તકનું નામ હતું : 'તપાખરતર ભેદ.' આ પુસ્તકમાં તપાગચ્છ અને ખરતરગચ્છ વચ્ચે કેટલી માન્યતાઓ જુદી પડે છે તેની જુની પદ્ધતિ મુજબ 'બોલ' તરીકે નોંધ કરવામાં આવી છે. શ્રી ચિરંતન મુનિમહત્તમરચિત જુની ગુજરાતી ભાષાના 'બોલ'ને પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમ સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. આચાર્ય દેવ શ્રીમદ્ વિજય જંબૂ સૂરીશ્વરજી મહારાજ સાહેબે ચાલુ ગુજરાતી ભાષામાં સરળ રીતે રજૂ કર્યો છે. વિ. સં. ૨૦૦૭ની સાલમાં આ પુસ્તક મુકતાબાઈ જ્ઞાનમંદિર-ડભોઈ તરફથી બહાર પડેલું છે. તેમાં ઘણી બાબતો નોંધપાત્ર છે. વર્તમાનમાં વિવાદ સ્વરૂપે રજૂ થવામાં આવેલો પ્રશ્ન, નામે– 'સંસારના સુખ માટે ધર્મ થાય કે નહિ ?' ખરેખર તો તપાગચ્છમાં ઉભો થયેલો પ્રશ્ન જ નથી. ખરતરગચ્છમાંથી પાછલા દરવાજેથી તપાગચ્છમાં ઘૂસાડેલો પ્રશ્ન છે, એમ આ પુસ્તકના કેટલાક 'બોલો' કહે છે. મૂળભૂત ખરતરગચ્છની માન્યતાને ટેકો આપવા માટે મરણીયા બનીને ઋજુમતા તપાગચ્છીયો નિદ્રામાં છે કે સ્વપ્નાવસ્થામાં છે તે નક્કી કરવાનું કામ વાચકો પોતાની જાતે કરી શકે તે માટે 'તપાખરતર ભેદ' પુસ્તકના કેટલાક આ વિષયને લગતા 'બોલો' જુની અને નવી ગુજરાતીમાં અત્રે રજુ કરું છું :

બોલ ૧૧૬ મો–ખર૦ પોસહિ સામાઇકમાંહે દેવગુરુધર્મયાનક ઉપાસરા દેહરાસરઇ વિષે જે ઇહલાકના મત ગુણણા ભણણા કરે. જે ગુરુરા કહ્યા ખીચડીરા ગુણણા ઘર ઘર દીઠે દેસ પરદેસ દેઈ મૂકાં, 'આંબલ પણિ ઘર ઘર દીઠ એતલા કરજ્યો, કાંઈ ? જેહ ભણી ઉપદ્રવ, સંકટ, દુકાલ, મરગી, ઇત્યાદિક હુસ્યઇ, તે તુમ્હે ઘર ઘર દીઠ એતલા આંબલ, એતલી ખીચડી ગુણેયો,' પછે લાક ઇમ કહે– ગુરુણા જાણંતિ ગુણા, ગુરે કાંઈ ઉપદ્રવ દીઠા છે તિણિ ઉપદ્રવ ઉપશમ નિમિત્તિ ગુણણાં કરાવઇ છે । ઇસા કહી ગુરુ આપણા ઘટાટોપ આપણા આડંબર વધારે, પરે જિણસાસણમાંહે એહવા અંધલોકસમાધીઆ, ગુણણા, ભણણા તે કહાંઈ કહ્યા નહીં । જે કરે તે એકાંતિ 'દુખખય કમ્મખય બોધિલાભ નિમિત્તઇ કાંઇ કરે; પરં નીયાણા આસંસા ન કરે, અને એહવા ગુણના ઇહલાક સમાધીયા પોસહ સામાઇકમાંહે કરણા પણિ નહિ । અનઇ શ્રી નવકાર ચઉદ પૂરવરા સાર મહામંત્ર પરમ ઇષ્ટ, અને શ્રી ઉવસગહરં તવનં શ્રી ભદ્રબાહુ સ્વામિ કૃતા, તિણ ત્રિહુના ચાઉલ મુગની ખીચડીરા નામ દેઈ ગુણના દેસ પરદેસ જેથિ પદીક જાવે છે તેથિ કરાવે છે ! સુ, ઇહવા માંનવા નવકાર ઉવસગહરંના કિહાંઈ કહ્યા નથી, જિણ કારણિ શ્રી ઠાણા અંગ ચઉથા ઠાણામાંહે પણિ ઇસા કહ્યા ચઉત્થે ઉદ્દેસે–

"चउव्विहा पव्वज्जा पन्नत्ता, तं जहा- इहलोक पडिबद्धा १ परलोग पडिबद्धा २ दुहलोग पडिबद्धा ३ अपडिबद्धा ४।"

एवं चारित्र लवे छे ते चिहुं भेदे लेवे, ते मध्ये भेद ३ संसारहेतु, भेद ४ अपडिबद्धा पव्वज्जा छइं, ते दुःखक्षय कंमक्षयनिमित्ते छे। जे मूढ मूरिख छे खेती चारि बोरि निमित्ति वाए, जे डाहा छे ते धाननिमित्त वाए छें, कदाचि धान नीपना नही तओ पणि चारि बोरि प्रसंगागत छे, पर वांछना धाननी करवी जे। इण पंचमे काले मोख नही होवे तो पणि इहलाकरा सुख तथा परलोक देवगति ए सरव प्रसंगाच र प्रायः छे। तपा इहलोक निमित्त गुणणा ईछणा मानइ नही।११६।

બોલ ૧૧૬મો : "ખરતર જ સામાયક પોષહમાં દેવ-ગુરૂ-ધર્મના સ્થાનક દેશ-ઉપાસરાને વિષે ઇહલોકના મત ગણુણાં ભણે છે, જે ગુરૂના કહેલ ખીચડીના ગણુણાં ઘર ઘર દીઠ દેશ-પરદેશ દઇ મૂકે છે. 'ઘર ઘર દીઠ આંબેલ પણ આટલા કરજો, કેમ ? કારણ-ઉપદ્રવ, સંકટ, દુકાળ, મરકી ઇત્યાદિક હશે, માટે તમે ઘર ઘર દીઠ આટલા આંબેલ, આટલી ખીચડી ગણુજો.' પછી લોક એમ કહે કે- 'ગુરુ ગુણને જાણે છે, ગુરુએ કોઇ ઉપદ્રવ દીઠા છે. તે શમાવવા માટે ગણુણાં કરાવે છે'! આમ કરી ગુરુ પોતાનો ઘટાટોપ આડંબર વધારે છે, પરંતુ જિનશાસનમાં આવા આંધળાં લોકસમાધી ગણુણાં ભણવાં તે કયાંય કહ્યાં નથી. જો કદાચ કોઈ કરે તો 'દુઃખક્ષય કર્મક્ષય બોધિલાભ' નિમિત્તે કરે, પરંતુ નિયાણાં આશંસા કરે નહિ. અને આવા ગણુણાં આલોક સમાધિ માટે પોસહ સામાયકમાં કરવા પણ નહિ. અને શ્રી નવકાર જે ચૌદ પૂર્વનો સાર મહામંત્ર પરમેષ્ટ છે. તથા શ્રી ઉવસગ્ગહર સ્તવન જે શ્રી ભદ્રબાહુ સ્વામીનું કરેલું છે, તે એના નામ દઇ ચોખા મગની ખીચડીનું ગણુણું જ્યારે પઢરય જાય છે ત્યારે દેશ-પરદેશ કરાવે છે! તે નવકાર-ઉવસગ્ગહરની આવ માનતા કયાંય કહી નથી, પણ એમનો ધર્મ આલોક નિમિત્ત છે, પરલોક મોક્ષ સાધવા નિમિત્ત કાંઇ દેખાતો નથી, જે કારણ શ્રી ઠાણાંગ ચોથા ઠાણમાં પણ ચોથા ઉદ્દેશે આમ કહ્યું છે-"ચાર પ્રકારની પ્રવજ્યા કહી છે, તે આ પ્રમાણે-૧ આલોક પ્રતિબદ્ધ ૨ પરલોકપ્રતિબદ્ધ ૩ ઉભયલોક પ્રતિબદ્ધ ૪ અપ્રતિબદ્ધ" આ પ્રમાણે જે ચારિત્ર લે છે તે ચાર પ્રકારે લેવાય છે, તેમાં ત્રણ ભેદ સંસાર હેતુ છે, ચોથો ભેદ અપ્રતિબદ્ધ પ્રવજ્યા છે, તે દુઃખક્ષય કર્મક્ષય માટે છે. જે મૂર્ખ ઐડુત હોય છે તે ઘાસઘુસ માટે વાવે છે, જે ડાહ્યા છે તે ધાન્ય માટે વાવે છે. કદાચિત્ ધાન્ય ન નીપજે તો પણ ઘાસઘુસ પ્રસંગાગત છે. છતાં ઇચ્છા ધાન્યની કરવી જોઇએ. આ પંચમકાલમાં મોક્ષ નથી થતો, તો પણ આલોકના તથા પરલોક દેવગતિનાં સુખ એ સર્વ પ્રસંગાગત છે. તપા ઇહલોકના દેક માટે ગણુણાં, ઇચ્છા, માનતા માટે નહિ." (ઇતિ બોલ ૧૧૬)

બોલ ૭૨મો–ખર૦ દેવગુરુના ઇછણા માંતણા સંસાર નિમિત્તાઇ કરઇ, તે કિઠે કહ્યા ? તપા તો મિથ્યાત કહે છે ખર૦ ઇમ પણિ કહે છે જે– 'બાહિરિલાનઇ માની જઇ તિણ થકી માંહિલાનઇં ઘણા કીધા રુઠા !' જુ સાસ્ત્રમાંહે ઇમ કહ્યા ? આવસગ બારહજારી માંહે 'જુ સંખેસરા થંભણા (દી) જિકે અહલાકરા ઇછણા માનણા કરઇ તે લોકોત્તર મિથ્યાત્વ ઇસડા કહ્યા છે, તે લોકિક મિથ્યાત્વથી ભારી છે ! વલી મેરુસુંદર ખરતરે ઉપાધ્યા છે, તિણે લોકિક–લોકોત્તર મિથ્યાતરા બોલ ૭૦ રા બાલાવબોધ કીધા છે, તિણ માહે પણિ 'ઇછણાં માનણાં લોકોત્તર મિથ્યાત્વ આખ્યા છઇ' જુ ! આજ તઉ ખરતર મિથ્યાત્વ નથી, કહતા, 'ઇછણાં માનણાં' ઘણા ઇણઇરે ગચ્છે કીજઇ છે, તપા નહી કરતા ।૭૨।

બોલ ૭૨ મો–"ખરતર સંસાર નિમિત્તો દેવ–ગુરુની ઇચ્છા માન્યતા કરે છે, તે કયા શાસ્ત્રમાં કહેલ છે ? તપા તો (તેને) મિથ્યાત્વ કહે છે. ખરતર એમ પણ કહે છે કે– 'બહારનાને માનવા તેના કરતાં ઘરનાને માનવા સારા', શું શાસ્ત્રમાં એમ કહ્યું છે ?

(વન મિનિટ લીપ્ઝ... પ્રિય વાચક, તે કાળે ખરતરે એવી દલીલો કરતાં કે બહારનાને માનવા કરતાં ઘરનાને માનવા સારા..! આજે કેટલાક તપ ગચ્છવાળા આ ખરતરો પાસેથી પ્રેરણા પામીને સંસારના સુખ માટે ધર્મ કરવાની પુષ્ટિનાં એવો પ્રશ્ન કરશે. 'સંસારના સુખ માટે ધર્મ નહિં, તો શું અધર્મ કરે ?'એ લોકોના આવા છબુકાથી જરાય ગભરાવાની જરૂર નથી ... હવે વાંચો આગળ...)

આવશ્યક બારહઝારીમાં– 'જે શાંખેશ્વર, સ્તંભનાજી આદિનું ઇહલોકાદિ સંબંધી ઇચ્છા માન્યતા કરે તે લોકોત્તર મિથ્યાત્વ,' એમ કહ્યું છે તે લૌકિક મિથ્યાત્વથી ભારે છે. વળી મેરૂસુંદર ખરતરગચ્છના ઉપાધ્યાય છે, તેમણે લૌકિક–લોકોત્તર મિથ્યાત્વના બોલ ૭૦નો બાલાવબોધ કર્યો છે, તેમાં પણ 'ઇચ્છા માન્યતા લોકોત્તર મિથ્યાત્વ કહી છે,' હવે આજે તો ખરતર મિથ્યાત્વ નથી કહેતા, તેમના ગચ્છમાં ઘણાં 'ઇચ્છા માન્યતા' કરે છે, તથા નહી કરતા." (ઇતિ બોલ ૭૨)

બોલ ૭૮ મો–ખર૦ દેવ–ગુરુના ઇછણા માતણા સંસાર નિમિત્તે કરઇ । તપા મિછાત કહઇ છઇ ।

બોલ ૭૮ મો–ખરતર દેવગુરુની બાધા માન્યતા સંસાર નિમિત્તે કરે, તપા મિથ્યાત્વ કહે છે. (ઇતિ બોલ ૭૮)

બોલ ૧૨૬ મો–સામાઇ પોષહ દેવ ગુરુ ધર્મથાનકમાહે અહલાક નિમિત્તે મંત્રાદિકના જુણણા નિષેધ્યા છે, તે ખર૦ અહલાક નિમિત્તે ગુણણા કરઇ તે કિમ ? પૂછિવા ।

બોલ ૧૨૬મો–સામાયક, પોષહ, દેવ, ગુરુ, ધર્મસ્થાનકમાં આલોક નિમિત્તે મંત્રાદિકનું ગણવું નિષેધ્યું છે, તે ખરતર આલોક નિમિત્તે ગુણણાં કરે, તે કેમ ? પૂછવું. (ઇતિ બોલ ૧૨૬)
(આજે આવા ઘણાં પ્રશ્નો ખરતરોનાભાઇબંધ બનેલા તપાગચ્છવાળાઓને પૂછવાનો સમય પાકી ગયો છે.)

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- આ દુનિયાનું સુખ ભૂંડું કહેવા-સમજાવવા માટે અમે ફરીએ છીએ. તે હૈયામાં ઉતરાવવું કઠીન છે પણ તે જ કામ અમારે કરવાનું છે. તેમાં અમે ન ફરીએ તો તમારા ગુરૂ થવા પણ લાયક નથી.
- સંસારરૂપી સાપનું ઝેર ન ચઢે તેના માટે જડિબુટ્ટી સમાન શ્રી જિનમંદિર-ઉપાશ્રયાદિ છે.
- આ લોક અને પરલોકના સુખ માટે ધર્મ કરે તે બધા ઝેરીલા છે. તે ય મરે અને 'તે માટે ય ધર્મ કરાય' કહી બીજાને ય મારે.
- કર્મથી પીડાતા જીવોને કર્મથી મુક્ત બનાવવા સાધુપણા જેવો બીજો એક ધર્મ નથી. તે માટે જ સાધુ બનાવવાના છે.
- સાચો શિષ્યભાવ કેળવ્યો હોય તેજ ગુરુપણું દીપાવી શકે.
- શ્રી જૈન શાસનમાં દીક્ષાની નવાઇ નથી. પણ શ્રી જૈન શાસનમાં જન્મેલા મરતા સુધી દીક્ષા ન લે તે નવાઇ! મરતી વખતે 'દીક્ષા વગર હું મરી જાઉં છું' તેનું દુઃખ ન હોય તે નવાઇ!

બોલ ૧૩૦ મો-तपा किरीआमाहें नीआणा वइजो दुखखय कम्म खय निर्जराहेति समाधि मरणा बोधबीज बोहिलाभ आरोगपणा मागे छइ, पणि अहलाक रे निमित्तो काइ न मागे। खर० इहलोक निमित्त करे छइ ।

બોલ ૧૩૦મો તપા ક્રિયામાં નિયાણા છોડી निर्जराहेतु દુઃખક્ષય, કર્મક્ષય, સમાધિમરણ, બોધિબીજ, બોધિલાભ (ભાવ) આરોગ્યપણું માગે છે, પણ આલોકના નિમિત્તે કાંઇ માંગતા નથી. ખરતર આલોક નિમિત્ત કરે છે. (ઇતિ બોલ ૧૩૦)

તાજાકલમ-ઉપર આપેલ 'તપાખરતર બોલ' પુસ્તકનો ઉતારો તપાગચ્છપ્રેમીઓની જાણ માટે આપેલ છે. આ પુસ્તક, વર્તમાનના સંસારના સુખ માટે ધર્મ કરવા પક્ષકારોએ જ્યારે વિવાદ ઉભો કર્યો તેના વર્ષો પહેલાં જ પ્રગટ થઇ ગયું હતુ આટલી માહિતી વાચકોની જાણ માટે.

: વ ન રા જી :

ખરતરોનો ધર્મ
આલોક નિમિત્ત છે,
પરલોક
મોક્ષ સાધવા નિમિત્ત
કાંઇ દેખાતો નથી.

—તપાખરતર બોલ

(મા. સુ. ૨ તા. ૧૫-૧૨-૯૩)

ડીગ્રીમાં તણાશો નહિ. ઉત્તમતાને હણશો નહિ.

પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મહારાજ

૧૫૦ વર્ષ પહેલાં હિન્દુસ્તાનની ધરતી ઉપર લોર્ડ મેકોલે નામના અંગ્રેજી પાદરીએ કલકત્તા, મુંબઇ, અને મદ્રાસમાં યુનિવર્સિટીની સ્થાપના કરી. તેના હૈયામાં મેલી મુરાદ હતી કે પ્રજાની બુદ્ધિમાં ગોટાળો ઉભો કરી હિન્દુસ્તાનના ઉત્તમ સંસ્કારોને મૂળમાંથી દૂર કરી પ્રજાને ધર્મભ્રષ્ટ બનાવવી. હિન્દુસ્તાનને ક્રિશ્ચીઅન લેન્ડ બનાવી દેવું. આ કરવામાં તે લગભગ સફળ થયો છે તે ચારે બાજુ પ્રત્યક્ષ દેખાય છે. આ ડીગ્રીને પ્રાપ્ત કરી તૈયાર થયેલાઓએ હિન્દુસ્તાનને આર્થિક, સામાજિક, વ્યવહારિક, લગભગ તમામ ક્ષેત્રે ભારે નુકશાન પહોંચાડયું છે. ઉત્તમકુળના ઉત્તમ આત્માઓને પણ વ્યસનો અને ફેશનની આગમાં લપેટી નાખ્યા છે. અગ્નિની આગને તો કંબાવાળા બુઝાવી શકે. પરંતુ દુરાચાર–અનાચાર–પાપાચારની આગ તો એવી ફેલાઈ છે કે જે આકાશે આંબી ગઇ છે. જે જોઇને ભલભલા સાત્વિક–પુણ્યશાળી પણ હિંમત હારી જાય નિરાશ થઇ જાય. ડીગ્રી મેળવવાની ઇચ્છા સંસારી આત્માઓને થઇ જાય પરંતુ જેને સર્વસંગ પરિત્યાગ કરી પંચમહાવ્રત સ્વીકાર્યા છે. દુનિયામાં ઊંચામાં ઊંચી પ્રકારનું જીવન જીવી શકાય તેવું ચારિત્રજીવન મલ્યું છે. તેવાને પણ કાળ બળે ડીગ્રીઓ લખાવવાનું ગમે છે. આ ભયંકર ભૂલ થઇ રહી હોય તેવું લાગે છે.

ત્યારે મુનિજીવન કેવી શ્રેષ્ઠ વસ્તુ છે તેનો અંગુલીનિર્દેશ આ લેખમાં કર્યો છે. મુનિજીવનમાં બધી ઉત્તમતાનો સમાવેશ થઇ જાય છે.

વાત્સલ્યનો વારિધિ, માનવ જાતિના શેઠ, નો ઉત્તમ શણગાર ભાષાના અનંત મીઠાશથી ભરેલા શબ્દ તેનો ભાવ અને તેનું સંવેદન માટે પી.એચ.ડી. કરવાની જરુર નથી.

માતાને પી.એચ.ડી. વગર માની જે ઉચ્ચ ડીગ્રી મળે છે તેમ સાધુ–સાધ્વીમાં સઘળી ડીગ્રી સમાએલી છે. તેને જગતની ડીગ્રી લખવાની જરૂર નથી. જેને સંસારી પોતાનું નામ ત્યાગ્યું તેને જગતની ડીગ્રી એ ઉપાધિ છે. માટે સાધુ સાધ્વીજીને કોઇ પરિક્ષા આપવાની હોતી નથી. સાધુ સાધ્વીજી ભગવંતે પોતાના ગુરુને સમર્પિત રહેવું ભગવાનની આજ્ઞા સાથે પોતાનું જીવનને જોડી દેવું તે સાચી ડીગ્રી છે. પંચાચારના પાલનમાં ચિત્તને જોડવું એ શ્રેષ્ઠ કર્તવ્ય છે.

તારાએ આકાશની કવિતા છે. ચંદ્ર એ સાગરની કવિતા છે. માતાએ પૃથ્વીની કવિતા છે. સાધુ પુરુષમાં એ બધાની ભદ્રિતા સમાએલી છે. માટે સાધુ ભગવંતના વિશેષણમાં ચંદ્ર જેવા શીતલ, સમુદ્ર જેવા ગંભીર, અને સૂર્ય જેવા તેજસ્વી લેખાય છે.

એક વખત એક જગ્યાએ B.A.L.L.B. શબ્દનો વ્યંગમાં વિસ્તાર કર્યો હતો. B એટલે બેવકૂફ, A એટલે અનાડિ, L એટલે લાંબુ-બીજો L એટલે લચ-અને B એટલે બોલનાર હવે પુરો અર્થ વિચારીએ બેવકૂફ અનાડિ લાંબુ લચ બોલનાર. ટુંકમાં આવી ડિગ્રીઓ સાધુ સાધ્વી પાછળ લખાય તે સાધુ પદની લઘુતા કરે છે. સૌએ સાવધ બની જવા જેવું છે.

સંસારમાં મરતા અને જન્મતા પહેલો શબ્દ માનવ બોલતો હોય તો મા છે. પૃથ્વીને માતા કહેવાય છે. પૃથ્વીનું સ્વર્ગ અને તીર્થ પણ માતા છે. હું જે કાંઇ છું તે માતાની પ્રસાદી છે.

માનવતા અને સાંસ્કૃતિનું મહા વિદ્યાલય માતા છે. એ માતાની પણ માતા ગુરૂ ભગવંત છે ગુરૂ ધર્મને એ ળખ વનાર છે. વિશ્વમાં ધર્મ શાસન ધબકતું રાખનાર ગુરૂમાતા છે.

તારક તીર્થંકર દેવોના લોકોત્તર શાસનનો હૈયામાં વસવાટ થયા પછી તો લૌકિક ડીગ્રીઓ પ્રત્યેની મમતા-મોહ આપણને પ્રભુ શાસનથી લાખો જોજન દૂર કરી દે છે આત્મામાં મોક્ષની લગની લગાડવાને બદલે મેહની પગચંપી કરાવે છે.

જેની પાસે દેહ અને આત્માની ભિન્નતાનો સચોટ બોધ છે. તેને મિથ્યા બોધના પ્રવાહમાં તણાવાની જરૂરિયાત નથી જેને પરમાત્મા બનવું છે તેને તકલાદિ પદવીઓ કેમ મુંઝવે ?

દુનિયાની ગમે તેવી ઉંચી ડીગ્રી [illegible] દેશ્યાપેક્ષ તે મહાદોષને માટે થાય છે.

અભિમાનને વધારનાર, પોષનાર, ખિલવનાર છે. જ્યારે સાધુતાની ખિલવણી નમ્રતા, વિનય, વિવેક લોકોત્તર ગુણ ગરિમાથી જીવનને સજ્જ બનાવનાર છે. ત્રણ ભુવનની રિદ્ધિ સિદ્ધિને તણખલું માનનારને ડીગ્રી નું શું કામ છે ?

તુચ્છ ડીગ્રીઓનાં લોભમાં તણાવાથી આત્મિક ગુણોનો વધ થાય છે. જ્યારે સાવધ થવાથી આત્મિક ગુણોની શુધ્ધિ-વૃદ્ધિ થાય છે. અને સિદ્ધપદ નજીક લાવી આપે છે. તેને કોઇ પ્રસિધ્ધિની જરૂર રહેતી નથી.

પૂર્વે થઇ ગયેલા જબરજસ્ત શાસન પ્રભાવક મહાપુરૂષોને સદા નજર સામે રાખીએ તો આપણને જાગૃત રહેવાનું બળ મળશે. જ્ઞાનના સાગરમાંથી અઢળક ખજાનો મેળવ્યા પછી એ મહાપુરૂષો કહે છે હજી તો મેં બિન્દુ પણ મેળવ્યું નથી. તેઓની જ્ઞાન ગરિમા, ગુણ ગરિમા, આરાધકતા, પ્રભાવકતાનો મારામાં અંશ પણ નથી તો વળી આવી ડીગ્રીઓના ભૂલદ મારે શું કામ છે ?

કોટિ કોટિ વંદન હો મહાપુરૂષોને.

મા મા જંપહ બહુયં
જે બદ્ધા ચિક્કણેહિં કમ્મેહિં ।
સવ્વેસિં તેસિં જાયઇ,
હિઓવએસો મહાદોસો ॥
– વૈરાગ્યશતક

જે ગાઢ કર્મથી બંધાયેલા છે તેમને બહુ કહો નહિ, કેમકે તે સર્વને હિતકારી ઉપદેશ આપે તે મહાદોષને માટે થાય છે.

શાસન સમાચાર

બગવાડામાં આચાર્ય પદપ્રદાન મહોત્સવ

બગવાડા એક તીર્થધામ તરીકે વિખ્યાત છે. કોલક/કંટોલા નદીના સંગમ-તટે અર્જુનગઢ તરીકે ઓળખાતી ટેકરીની ગોદમાં વસેલા, મુંબઈ-અમદાવાદ હાઈ-વે પર વાપી-ઉદવાડા વચ્ચે આવેલા બગવાડામાં તાજેતરમાં આચાર્ય પદ પ્રદાનનો એક મહોત્સવ એવી ભવ્યતાથી ઉજવાઈ ગયો કે, જેની સુવર્ણ-સ્મૃતિ અવિસ્મરણીય બની રહેવા પામશે. ગત ચાતુર્માસ દરમિયાન વાપીમાં અદ્‌ભુત ધર્મ જાગૃતિ આણનારા પૂ. પં. શ્રી હેમભૂષણ વિજયજી ગણિવરને પૂ તપોનિધિ આ. શ્રી રાજતિલક સૂરિજી મહારાજ તથા પૂ. ગચ્છાધિપતિ આ. શ્રી મહોદય સૂરિજી મહારાજે આચાર્ય પદે સ્થાપિત કરવાનો નિર્ણય લીધો અને એની જાણકારી બગવાડા પરગણા જૈન સંઘ સહિત અનેક સંઘોને મળતા, ઘણાએ આ પ્રસંગ પોતાના આંગણે ઉજવવાનો લાભ આપવા પૂજ્યોને વિનંતિ કરી, પણ એમાં બગવાડા પરગણાની વિનંતિ એટલી બધી ભાવનરી અને કાકલુદી-પૂર્ણ હતી કે, પૂજ્યોએ એને સ્વીકારી અને એથી બધે જ આનંદે હલ્લાનનું મોજું ફરી વળ્યું. એમાં વળી પૂ. પં. શ્રી ચંદ્રગુપ્ત વિજયજી ગણિવરનો આચાર્ય પદ પ્રદાન પ્રસંગનો લાભ મળતા એ આનંદ દ્વિગુણિત [illegible]

સંઘના પુણ્યે પૂ. તપોનિધિ અને પૂ. ગચ્છાધિપતિશ્રી ઉપરાંત પૂ. આ. શ્રી સોમસુંદર સૂરિજી મ., પૂ. આ. શ્રી જય-કુંજર સૂરિજી મ., પૂ આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂરિજી મ., પૂ આ. શ્રી મુક્તિપ્રભ સૂરિજી મ, પૂ. આ. શ્રી અમરગુપ્ત સૂરિજી મ. આદિ સુવિશાળ સાધુગણની તેમજ સાધ્વી સમુદાયોની ઉપસ્થિતિ એટલા બધા વિશાળ પ્રમાણમાં થવા પામી કે, જે સમગ્ર વલસાડ જિલ્લા માટે પહેલી વહેલી હોવાથી વાપી-બગવાડાના અનોખા પુણ્યોદયની પ્રતીક બની રહી. આચાર્ય પદ પ્રદાનનો દિવસ મહા સુદ-૮, શનિવાર, ૧૯-૨-૯૪ જાહેર થતાંજ મહોત્સવના પ્રારંભની સૌ પ્રતીક્ષા કરી રહ્યાં, પ્રતીક્ષા-મય આવા વાતાવરણ વચ્ચે મહા સુદ ૫ વસંત પંચમીના શુભ દિવસથી પંચાહ્નિક મહોત્સવનો પ્રારંભ થયો. એક એક દિવસ વીતતો ગયો એમ મહોત્સવના વાતાવરણમાં ભક્તિભાવની ભરતી આવવા લાગી.

બગવાડામાં જગાની વિશાળતા એટલી બધી સુંદર હતી કે, રામનગરમાં પ્રવેશ કરતાની સાથે જ મહોત્સવ આદિની મનોહરતા દર્શકની આંખે ઊડીને વળગ્યા વિના ન રહેતી. એક લાખ સ્કવેર ફુટની વિશાળતા ધરાવતો પૂજા-પ્રવચન માટેનો ભવ્ય [illegible] મંડપો, રંગોળીઓ અને

હાલતી-ચાલતી અનેક રચનાઓ, ત્રણે ટંકની અનુપમ સાધર્મિક ભક્તિ-નવકારશી, ખીમાણા રાજસ્થાનનું બેન્ડ, વિરમગામના શરણાઇ વાદકો, દીપકોની રોશનીથી શાંતિ-ભર્યો ઝગમગાટ ધરાવતું મંડપ મંદિરનું વાતાવરણ, મુંબઇ-વાપીના યુવકોનું ભક્તિ ભાવભર્યું અવનવું આયોજન : આદિ વિશેષતાઓ અખબારોની અટારીએથી પ્રસિદ્ધ થવા માંડી અને આગંતુકોની ભીડમાં અભિવૃદ્ધિ થવા માંડી. પદ પ્રદાનના દિવસે તો બહારગામથી દશથી બાર હજારનો માનવ મહેરામણ ઉભરાતા ગામે-ગામ, શહેરે શહેરના આગેવાનો-ભાવિકોનો મોટો મેળો બગવાડામાં જામ્યો. મહા સુદ ૭મની સાંજે મહાપૂજાના દર્શન માટે ઉમટેલી મેદની પદ પ્રદાનની વિધિ મહા સુદ ૮મે એક વાગ્યા સુધી ચાલી, ત્યાં સુધી ઉમટતી જ રહી. અનેરી સાજ સજાવટથી સુશોભિત વિશાળ મંડપમાં, જાણે સાક્ષાત પૂ. ગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી રામચન્દ્રસૂરિજી મહારાજા જ બિરાજમાન હોય, એવી પ્રતીતિ કરાવતી આબેહૂબ પ્રતિકૃતિ સહિત સાત સાત આચાર્ય દેવોની નિશ્રામાં પદ-પ્રદાનની ક્રિયા શરૂ થતા જ મંડપમાં અનેરી ગંભીરતા-શાંતિ છવાઇ ગઇ. આચાર્ય પદ પ્રદાન અંગેના ચડાવાઓમાં તો અનોખો રંગ જામ્યો. બગવાડા પરગણાના ગણાતા પૂ પં. શ્રી હેમભૂષણ વિ. મ. ની પદવી હોવાથી અને પરગણા ઉપરાંત વલસાડ જિલ્લા માટે આ પ્રસંગ પહેલવહેલો હોઇને એઓશ્રીને પટ આદિ અર્પણ કરવાના ચડાવા તો રેકર્ડ રૂપ બન્યા. પદ પ્રદાન થયા બાદ સાત-સાત આચાર્યોએ નૂતન આચાર્યદેવશ્રી ચન્દ્રગુપ્ત સૂરીશ્વરજી મ. તથા શ્રી હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજને પોતાના આસને બેસાડીને દ્વાદશાવર્ત-વંદના કરી, ત્યારનું વાતાવરણ જોતાં તો ભલભલાની આંખ હર્ષાશ્રુ વહાવી રહી.

બાલમુનિ શ્રી મુક્તિશ્રમણ વિજયજી મ. તથા સાધ્વીજી શ્રી હિરણ્યપ્રભાશ્રીજીની વડી દીક્ષા પણ આ પ્રસંગે થવા પામી હતી. આમ ઉદારતા, ઉલ્લાસ, આયોજન, ઉપજ, ગામેગામના આગેવાનની ઉપસ્થિતિ ટીપટોપ વ્યવસ્થા આદિ અનેકવિધ વિશેષતાઓથી આ આચાર્યપદ પ્રદાન મહોત્સવ એક ચિરંજીવ સંભારણું મૂકી ગયો.

પૂ. પં. શ્રી હેમભૂષણ વિ. ગણિવર, તથા તેમના લઘુભ્રાતા ઉપરાંત શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી દિવ્યભૂષણ વિજયજી મ. આદિએ જ્યારે વાપીના આંગણે ચાતુર્માસ પ્રવેશ કર્યો, ત્યારે સંસારી સંબંધે એઓશ્રીના પિતા શ્રી છગનભાઇ તેમજ માતુશ્રી મણિબેન ઉપરાંત સકળ સંઘે કોઇ અનેરી આનંદાનુભૂતિ કરી હતી, ત્યારે તો એમને કલ્પનાય ન હતી કે, વાપીના કુલદીપકની આચાર્ય-પદવીનો પ્રસંગ પણ ઉપસ્થિત થશે અને એની ઉજવણીનો લાભ પણ આ રીતે પરગણાને જ પ્રાપ્ત થશે.

વડોદરા - પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. આદિ ફા સુ. ૫ ના અંકુર સોસાયટી પધારતા ત્યાં પ્રવચન થયું

સુદ ૬ ના સવારે ઘડિયાળી પોળ શ્રી રામચન્દ્ર સૂરીશ્વર આરાધના ભવન પ્રવેશ નિમિત્તે ભવ્ય સામૈયું થયું મુ. શ્રી ભુવનચંદ્ર વિજયજી મ નાદુરસ્ત અને મરણાંત રોગ પછી વડોદરા પધાર્યા હતા તે સાથે આવ્યા–આરાધના ભવનમાં માંગલિક સંભળાવી બાહર મંડપમાં પધાર્યા. તપસ્વી અને કાર્યકરોનું સન્માન આદિ થયા. પૂ. રામચન્દ્ર સૂ પૂ. જિનેન્દ્ર સૂ. નું નવાંગી પૂજનનું બી બોલાતાં સુલસા ટ્રાવેલવાળા શ્રી જયંતિલાલ ગાંધી પરિવારે લાભ લીધો. કામળી વહોરાવવાની બોલી શાહ ડાયાભાઇ હિંમતલાલભાઇએ બોલીને વહોરાવી. તાત્વિક પ્રવચનમાં બાર વાગ્યા છતાં સૌ બેસી રહ્યા બાદ મુ. શ્રી ભુવનચંદ્ર વિજયજી મ. એ ટુંક પ્રવચન આપ્યું.

આરાધના ભવનનો લાભ ભાવનગર વાળા ભાઈશ્રી વેરજીભાઇ દેપારભાઇ હરણીયા પરિવાર હા. શ્રી જયેન્દ્રભાઇ હરણીયાએ લાભ લીધો. ત્રણ ત્રણ રા. નું સંઘપૂજન તથા લાડુની પ્રભાવના થઇ.

નિઝામપુરા તથા સુભાનપુરા પ્રવચનો થયા સુભાનપુરામાં ચિક્કાર હોલ ભરાયો. શાહ મોહનલાલ તથા મનસુખલાલ રાયશી ચેલાવાળા તરફથી સંઘપૂજન થયું સુદ–૯ હરણી રોડ શાહ પ્રવીણચંદ્ર નાથાલાલને ત્યાં મહાવીરધામ પ્રવચન થયું બાદ તેમના તરફથી સંઘ પૂજન થયું.

ફા. સુ ૧૦ પૂ. હાલારદેશોદ્ધારક આ. ભ. શ્રી વિજયઅમૃત સૂરીશ્વરજી મહારાજની ૨૭મી સ્વર્ગતિથિ નિમિત્તે પ્રવીણચંદ્ર નાથાલાલ તરફથી વરઘોડો ગુણાનુવાદ તથા સાધર્મિક વાત્સલ્ય તથા પૂજા રાત્રે ભાવના કાર્યક્રમ હતો.

તેમને ઘેરથી પ્રભુજીનો તથા પૂ. રામચન્દ્ર સૂ મ પૂ. અમૃત મ. ના ફોટા સાથે વરઘોડો ચડયો માંગલ્ય ભુવનમાં ઉતર્યો ત્યાં પ્રભુજી તથા ગુરૂદેવોના નવાંગે પૂજનની બોલી સારી થઇ લાભ ચંદ્રકાંતભાઇ અમૃતલાલભાઇએ લીધો. કામળી વહોરાવવાની સારી બોલી થઇ. શાહ વેલજી પાનાચંદ ગહોયા (લાખાબાવળ) હાલ ઘાટકોપરવાળાએ લાભ લીધો. તેમના તરફથી સંઘપૂજન પણ થયું. બાદ ગુણાનુવાદ પ્રવચન અને પૂ. અમૃત સૂ મ. ના જીવન તથા સાધુતા અને શાસનરક્ષાદિ અંગે થયું. શ્રી કુમારભાઇ ધનપાલભાઇએ ટુંક ગુણાનુવાદ કર્યા મુ. શ્રી ભુવનચન્દ્ર વિ. મ. ન આવી શકતાં સંદેશ મોકલ્યો. તે ગુણાનુવાદ શ્રી શરદભાઇ મનસુખભાઇએ વાંચી સંભળાવ્યો. પ્રવચન બાદ સંઘજમણ બપોરે પૂજા રાત્રે ભાવના થયા પૂજા ભાવનામાં સંગીતકારો આવ્યા હતા.

અમદાવાદ – પૂ. આ. શ્રી વિજય ચિદાનંદ સૂરીશ્વરજી મ. ને પાદરા નજીક અકસ્માત થતા અમદાવાદ રાજસ્થાન હોસ્પીટલમાં દાખલ કરેલ હવે સારૂં થતું જાય છે પૂ પં શ્રી કીર્તિમુનિજી મ. આદિ અને ભકતો સારી સેવા બજાવે છે. હાલ અમદાવાદ આસપાસ સ્થિરતા છે પછી દીક્ષા માટે આહોર પધારશે સંપર્ક–મનસુખલાલ બી. ચાંપાનેરી જયશ્રી પ્રિન્ટર્સ

૧૦૫૧–જૈન દેરાસર સામે નવી પોળ શાહપુર અમદાવાદ ટે. ઓ. ૨૪૭૦૧ ઘર. ૨૩૩૫૫

રાજસ્થાન જૈન સંઘ—થાણા [મહારાષ્ટ્ર] ની આગ્રહભરી વિનંતિનો સ્વીકાર કરી પરમ પૂજ્ય ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય મહોદય સૂરીશ્વરજી મ. સા. ની આજ્ઞા અને શુભાશીર્વાદથી પ. પૂ. આધ્યાત્મયોગી પંન્યાસ પ્રવર શ્રી ભદ્રંકર વિજયજી ગણિવર્યના શિષ્ય પ્રશિષ્ય પરમ પૂજ્ય તપસ્વી મુનિરાજ શ્રી જિનસેન વિજયજી મ. સા તથા પ્રવચનકાર મુનિ શ્રી રત્નસેન વિજયજી મ. સા. નું આગામી ચાતુર્માસ થાણા [મહા] નક્કી થયેલ છે ઉભય પૂજ્યો આરાધનાધામથી વિહાર કરી રાજકોટ લિંબડી સુરત થઇ ચૈત્રી પૂનમ લગભગ વાપી પધારશે.

કૈલાસનગર (સિરોહી) — અત્રે પૂ. પં. શ્રી મહાયશ વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી ધુરંધર વિજયજી મ. ની નિશ્રામાં પૂ મુનિરાજશ્રી મલિષેણ વિજયજી મ. ના સંસારી વડિલ બંધુ શ્રી કુલચંદજી તથા તેમના ધર્મપત્ની અને પુત્રીની દીક્ષા મહા સુદ ૮ના ઠાઠમાઠથી થઇ ૭ મુનિરાજો તથા પૂ સા. શ્રી હેમપ્રભાશ્રીજી મ. આદિ ૨૨ સાધ્વીજી મ. હતા. કુલચંદભાઇને પૂ પં શ્રી વજ્રસેન વિજયજી ગણિવરના શિષ્ય તરીકે પૂ. શ્રી ધન્યસેન વિજયજી જાહેર કર્યા હતા તથા શ્રીમતી બદામીબેન તેમના સંસારી કાકી પૂ. સા. શ્રી મુકિતદર્શિતા શ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી વિનીત દર્શિતાશ્રીજી તથા કુમારી આશા બેનને પૂ. સા. શ્રી વિનીત દર્શિતા શ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી અનુપમ દર્શિતાશ્રીજી જાહેર કર્યા હતા ઉપજ સારી થયેલ મહા વદ ૧૩ ના વડી દીક્ષા કરી પૂ. પં. મ. ડીસા તરફ વિહાર કર્યો હતો પૂ. મુ. શ્રી મલિષેણ વિ. મ. ની નિશ્રામાં કોલર તીર્થમાં હુબલી આયંબિલ ટ્રસ્ટ તરફથી ઓળી થશે પછી કુગણ તક પોસલીયા બેડા ચામુંડેરી ગામોમાં ઉત્સવો પ્રસંગે પધારશે.

અમદાવાદ– મંગલપાર્ક સોસાયટીમાં નેમચંદભાઇ ન્યાલચંદભાઇ તનમન તથા રતિલાલ ન્યાલચંદભાઇ તનમન તરફથી પૂ. આ. શ્રી વિજય જયશેખર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં મુ. શ્રી ભદ્રંકરવર વિ. મ. ના ૨૫ વર્ષના સંયમ પર્યાયની અનુમોદનાર્થે ફા. સુ. ૭થી ૧૧ રૂ.ધી શાંતિસ્નાત્ર અઠ્ઠિ પંચાહ્નિકા મહોત્સવ ઉત્સાહથી ઉજવાયો.

મુલુંડ [મુંબઇ] – અત્રે પૂ. આ. શ્રી વિજય પ્રભાકર સૂરીશ્વરજી મ.ની નિશ્રામાં શ્રી વાસુપૂજ્ય સ્વામી પ્રભુજીની ૪૨મી સાલગિરિ નિમિત્તે ફા. સુ.૧ થી ૫ સુધી પંચાહ્નિકા મહોત્સવ ઉત્સાહથી ઉજવાયો.

નાસિક - અત્રેથી ટાકેદ સર્વોદયતીર્થનો છરી પાલક સંઘ પૂ. આ શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં ફા. સુ. ૨ થી ૭ સુધી યોજાયો સ્વ. શેઠ હરિચંદ લખમીચંદ પરિવાર

૦ ૦ ૦

ધાર્મિક વહીવટ વિચાર : એક વાર્તાલાપ

– પ્રેષક : કિશોર ખંભાતી

વિ. સં. ૨૦૫૦ મહા વદ ૪ મંગળવાર તા. ૧–૩–'૯૪ સવારે ૯ ૨૫ કલાકે. પાલીતાણા –મહારાષ્ટ્ર ભુવન, રૂમ નં. ૪૫

પંન્યાસજીશ્રી ચંદ્રશેખર વિજયજી : જયદર્શન વિજયજી નથી ? (તેમને બોલાવો) [જયદર્શન વિજયજી આવ્યા પછી પંન્યાસજીએ; કાશીરામ રાણા વગેરે રાજકારણી નેતાઓની ચઢવણીથી પછાતોનું આક્રમણ, તીર્થ જોખમમાં હોવાનું અને તેથી દિગંબરો સાથે પણ સમાધાન જરૂરી હોવાનું પોતાનું મન્તવ્ય રજૂ કર્યું આના જ અનુસંધાનમાં આગળ બોલતાં તેમણે કહ્યું કે આપણા આપસના ઝઘડામાં આપણી શક્તિ વેડફાવી ન જોઈએ. પછી વધુ વાત નીચે મુજબ થઈ :–]

પં૦ : જયદર્શન વિજયજી, હું તમને પણ કહું છું કે જાહેરમાં લખવાનું બંધ કરો. હું પણ છદ્મસ્થ છું, મારી પણ ભૂલ થાય. આપણે અંદરો–અંદર વાતો કરી લેવી જોઈએ. જાહેર છાપામાં "સકળ સંઘો સાવધાન"ની જાહેરાતો આપી વાતાવરણ ઉગ્ર બનાવવાથી નાહક કલેશ વધે છે. તમે છાપામાં લખો તેથી મને તો કાંઇ થતું નથી, પણ બીજા બધાને ઉદ્વેગ થાય છે. આપણે સ્નેહભાવ વધારવો જોઈએ.

જય૦ : મેં જાહેર છાપામાં કાંઇ લખ્યું નથી.

પં૦ : "જૈન શાસન" માં લખ્યું ને ? તેની ૩૦૦૦ કોપી નીકળતી જ હશે.

જય૦ : આપના "ધાર્મિક વહીવટ વિચાર"ની કોપી પણ ૨૦૦૦ છે.

પં૦ : હું તો સ્નેહભાવ વધારવાની વાત કરું છું. મારી ભૂલ થતી હોય તો મને જણાવવું જોઈએ. સામસામે લખવાથી તો સ્નેહભાવ ખતમ થઈ જશે.

જય૦ : આ વાત તો આપે પુસ્તક લખતાં પહેલાં વિચારવાની હતી. એ પુસ્તક આપે સ્નેહભાવ વધારવા લખ્યું છે ? આપ જાહેરમાં પુસ્તક લખો. અને તેની વાત મારે આપની ખાનગીમાં કરવી ?

પં૦ : મને કલ્પના જ ન હતી કે આ પુસ્તક માટે આટલો ઉહાપોહ થશે.

જય૦ : ૨૦૪૪ના નિર્ણયો [સંમેલન] સામે પ્રચંડ વિરોધ ઉભો થયો હતો. એ જાણવા છતાં એની પુષ્ટિ કરનારું પુસ્તક લખો અને એની સામે વિરોધ જાગશે એવી કલ્પના ન હતી. એમ કહો છો ?

પં૦ : ખરું કહું ? વીર સૈનિકો ગામે ગામ પર્યુષણ કરાવવા જાય છે ત્યારે વહીવટ અંગે તેમની સામે ઘણા ઘણા સવાલો આવે છે. તેથી તે લોકોની વિનંતીથી આ પુસ્તક લખાયું છે.

જય૦ : વહીવટ જ્ઞાન માટે ઘણાં પુસ્તકો બહાર પડેલાં જ છે. નવું પુસ્તક લખવાની જરૂર ન હતી. છતાં લખવું જ હતું તો સંમેલનની વાત લાવ્યા વિના લખવું હતું. આવું પુસ્તક લખ્યું તે કયા સ્નેહ ભાવથી લખ્યું છે ?

પં૦ : આવો વિરોધ જાગશે એની કયાં મને ખબર હતી ? હું તો કહું છું કે સુધારો કરવાની મારી તૈયારી છે. મને શાસ્ત્રપાઠ આપો.

જય૦ : આપને આ અંગે શાસ્ત્રાધારે ચર્ચા કરી લેવા માટે નામ તો સૂચવવામાં આવ્યું હતું. આપે કેમ એમની સાથે ચર્ચા કરી નહિ ?

પં૦ : સુરતથી પં. ચંદ્રગુપ્ત વિ. નું નામ સૂચવાયેલું, તો સામે મેં અભયશેખર વિ. નું નામ સૂચવેલું. તમે એમની સાથે ચર્ચા કરી લો. મને તે મંજૂર છે.

જય૦ : પુસ્તક આપે લખ્યું, અને ચર્ચા બીજા સાથે કરવાની ?

પં૦ : પુસ્તકમાં અડધો ભાગ તેનો છે.

જય૦ : પુસ્તકમાં આપનાં પાનાં વધારે છે. અને અભયશેખર વિ. નો જવાબ જોઇતો હશે તે તેમને પૂછાશે. આપના લખાણનો જવાબ તો આપે જ આપવો જોઇએ. તેમાં બીજું નામ ન ચાલે.

પં૦ : તમે બીજાનું નામ સૂચવી શકો તો મને પણ બીજાનું નામ સૂચવવાનો અધિકાર છે. ન્યાયની વાત છે. હા, કીર્તિયશ વિ. કે હેમભૂષણ વિ. વાત કરવા ના હોય તો મારે જ બેસવું પડે.

મને શાસ્ત્રપાઠ આપો તો મારી ખુલાસો કરવાની તૈયારી છે, છતાં બધા મને ઉત્સૂત્રભાષી કહે છે, તો મને લાગી ન આવે ? તમારે જે લખવું હોય તે લખો.

જય૦ : આપને કોઇ ઉત્સૂત્રભાષી કહે તો આપને લાગી આવે છે. તો આપ અમારા સાહેબજીને દુરાગ્રહી–કદાગ્રહી વગેરે તરીકે ચીતરો અને તેનું અમારે કાંઇ નહિ લગાડવાનું ? આપની સ્નેહભાવની વાત દંભી છે.

પં૦ : કીર્તિયશ વિ. સાથે મારે ઉત્તમભાઇ કીમવાળા દ્વારા સમાધાન થઇ ગયું હતું. મારે પુસ્તકની નવી આવૃત્તિ બહાર પાડવી નહિ. અને તમારા પક્ષ તરફથી કોઇએ મારી [પુસ્તકની] વિરૂદ્ધમાં કાંઇ લખવું નહિ. આવી વાત હતી. પણ તમારાં લખાણો શરૂ થઇ ગયાં અને તેથી શરતનો ભંગ થયો છે.

જય૦ : કીર્તિયશ વિ. મ. તરફથી મારી ઉપર આવા કોઇ સત્તાવાર સમાચાર આવ્યા નથી. અને આપનું પુસ્તક બધે છૂટથી ફરતું રહે છતાં અમારે કોઇએ તેનો વિરોધ કરવો નહિ. આ કેવું સમાધાન ? આપના એ પુસ્તકમાં સ્નેહભાવ કયાંય છે ?

પં૦ : જુઓ ભાઈ, હું તો સ્નેહભાવ વધે એવા પ્રયત્ન કરવા આવ્યો છું છતાં તમારે ખખાણો કરવાં જ હોય તો મને એનો કોઈ વાંધો નથી. હું એના જવાબ આપવાનો નથી.

જય૦ : આપને પણ જેટલાં પુસ્તકો અને જેટલી આવૃત્તિઓ બહાર પાડવી હોય તેટલી પાડી શકો છો. અમને ય કોઇ વાંધો નથી.

(અટલી વાત થઇ ત્યાં તો મહાબળ. સૂ. મ. ઉશ્કેરાયા અને જયદર્શન વિ.ને ઉદ્દેશીને બોલ્યા : "એક મુનિ થઇને પંન્યાસજી સાથે આ રીતે વાત કરો છો? પંન્યાસજી તો આપણે ત્યાં મહેમાન તરીકે આવ્યા છે, અને તમારામાં જરા ય વિનય નથી. અભિમાનથી વાત કરો છો. તેઓ સ્નેહભાવની વાત કરે છે અને તમે આડું બોલો છો. શું તમારા આવા લખાણથી જ શાસનની રક્ષા થઇ જવાની છે? આમાં તો શાસનને નુકશાન થાય છે. તમારે કોઇની નિશ્રામાં રહેવાની જરૂર છે, સુમતિભાઇ, (સુમતિલાલ ચકુલાલ નાસિકવાળા), તમે આ બધું ગચ્છાધિપતિને જઈને કહેજો. તમને અહીં એટલા માટે જ બેસાડયા છે.

જય૦ : સુમતિભાઇ, બધું બરાબર યાદ રાખીને કહેજો, અડધી વાત ન થાય. મારે અહીં આવીને બધું સાંભળવાનું જ હોત તો હું એક અક્ષર પણ ન બોલત. આ તો પંન્યાસજી મહારાજે મારી સાથે વાત શરૂ કરી તેથી તો આ બધી વાત કરી.

પં૦ : બરાબર છે, વાત કર્યા વિના ખુલાસા કયાંથી થાય?

[નોંધ : પંન્યાસજી શ્રી ચંદ્રશેખર વિ. મ. અને મુનિરાજ જયદર્શન વિ. મ. વચ્ચે, અનેક આચાર્ય ભગવંતો વગેરેની ઉપસ્થિતિમાં થયેલી વાતચીતનું આ અવતરણ છે, પંન્યાસજી મહારાજ, તેમનો વિરોધ કરનારા, તેમનું સમર્થન કરનારા અને સમર્થન કે વિરોધ : બંન્ને એક સાથે કરવા જતાં બે માંથી એકેય વ્યવસ્થિત નહિ કરી શકનારા : આ સહુની મનોદશા આ અવતરણમાં વાંચતા સ્વયં સ્પષ્ટ બને છે. તેથી વધુ વિવેચનની જરૂર નથી. શાસ્ત્ર, શાસન અને સમુદાયની વફાદારી અંગે બેવડા ધોરણ ધરાવનારા 'સમભાવી તટસ્થો' ફરી વિચારે એવી અપેક્ષા.)

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

પડિમાં વહીને તપક્રિયા કરજો, ભાવો ભાવના બારને,
દર્શન વંદન સહુના ઝીલતાં, દિપાવજો આચારને ...૧૧
પ્રત્યેક સ્થાપ્યા સૂરિપદે, પાઠક નરચંદ્ર તપશૂરા,
ગતા ધર્મના ચંદ્રગુપ્ત ને, હેમભૂષણને ધારે ધૂરા, ...૧૨
ને અજીત વિજય ઉપાધ્યાય પદે, સમુદાયમાં શોભે આજ,
વંદના હો આ સૂરિ-પાઠકને, થયા શાસનના શિરતાજ ...૧૩
થયા નિધિ ઉદ્ધાર કરજો, સંઘ વિનંતિ કરો સ્વીકાર,
નાવિક થઇ 'ધર્મ રસિક સુત' ને, ઉતારો ભવજલથી પાર. ...૧૪

સં. ૨૦૧૦ માહ સુદ-૮ શનિવાર, રચયિતા,
તા. ૧૯-૨-૬૪ બગવાડા [વાપી] મહેન્દ્ર રસિકલાલ શાહ અમદાવાદ.



- રાગને લઈને જે પ્રેમ થાય. તેનાથી સારી ચીજ પર પ્રેમ થાય તો હિત થાય અને ખરાબ ચીજ પર પ્રેમ થાય તો અહિત થાય.
- રાગથી પ્રેમ જન્મે. રાગ એ કારણ છે અને પ્રેમ એ કાર્ય છે. રાગ મોહનીયના ઉદયથી પ્રેમ જન્મે. પ્રેમવાળી વસ્તુ મળે તો રતિ જન્મે અને પ્રેમ વગરની વસ્તુ મળે તો અરતિ જન્મે. રતિ મોહનીય અને અરતી મોહનીય તે પાપ છે.
- શરીર પર જેને પ્રેમ હોય તે મોહથી મૂઢ છે. સમજણ વગરનો છે, તેને હિતા-હિતની ખબર નથી તેથી તેની બધી પ્રવૃત્તિ દુઃખ માટે જ થાય.
- દુનિયાદારીના સુખનો અર્થી તે હિતનો વૈરી !
- દુનિયાદારીના રાગના કારણે જ મોટો ભાગ મંદિરમાં જાય છે, પૂજાદિ કરે છે કેમ કે તેને સાંભળ્યું છે કે, આ-આ કરીએ તો સુખ મળે. તેથી અસલમાં તેને રાગ ભૂંડો નથી લાગ્યો.
- મોહની મૂઢતા ખરાબ વસ્તુ પર રાગ કરાવે. મોહની મૂઢતા ટળે અને વિવેક પેદા થાય તો તે સારી ચીજ પર રાગ કરાવે. મોહની મૂઢતા ગાઢ મિથ્યાત્વના ઉદયથી થાય. વિવેકનાં પ્રાપ્તિ તે ગાઢ મિથ્યાત્વના ક્ષયોપશમથી થાય !
- તમને કોના કોના પર રાગ-દ્વેષ આદિ છે તેના પરથી સમજાય કે રાગ મોહનીય દ્વેષ મોહનીય આદિનો તમે સદુપયોગ કરો છો કે દુરૂપયોગ કરો છો ?
- તમને [illegible] સામગ્રી ગમતી હોય, ધર્મની સામગ્રી ન ગમતી હોય સંસાર સાચવવાનું મન હોય, ધર્મ સાચવવાનું મન ન હોય તો સમજી લેવું કે તમે મોહથી મૂઢ છો.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ૬૨૮(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું. ફોન : ૨૪૫૪૧

9-6-34 4262

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

અઠવાડિક

વર્ષ	અંક
૬	૩૬

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મં
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

નવ નિધિભૂત ગુણો

Recd- 4/3/94

सौजन्यं लज्जा मर्यादा,
गाम्भीर्यं धैर्यमार्जवम् ।
दया दक्षत्वमौदार्यं,
निधीयन्ते गुणा नव ।।

સૌજન્ય, લજ્જા, મર્યાદા, ગાંભીર્ય, ધૈર્ય, સરળતા, દયા, દક્ષપણું અને ઉદારતા આ નવ ગુણો નવનિધિ જેવા છે.

卐



શ્રી જીવદયા મંડળ સંચાલીત રાપર કચ્છ પાંજરાપોળ. માટે મદદની અપીલ

ફાગણ માસ તો હજુ અડધો પસાર થયો છે, પરંતુ બપોરના (મધ્યાન) સમયે સૂર્ય એટલો બધો પ્રદીપ્તમાન બને છે. કે વાતાવરણ ખૂબજ અકળાવનારૂ બની રહે છે. આવીજ સ્થીતી દુષ્કાળને લઇ અમારા વિસ્તારની છે. જેમ તેમ કરી શિયાળો તો પસાર કર્યો પરંતુ હવે પછીના સમય માટે દુષ્કાળ પાર કેમ ઉતરવો તેની કલ્પના અકળાવી જાય છે.

દિવસો દિવસ ઘાસ મળવું દુર્લભ બનતું જાએ છે. જયાં જયાં ઘાસ ઉપલબ્ધ હતું ત્યાં ત્યાં દોડીને મેળવ્યુ પરંતુ હવે પરિસ્થિત અત્યંત કપરી બનતી જાએ છે. ઘાસ કયાંય મળતું નથી, નીલા ઘાસચારાની સ્થિતી પણ ખૂબજ મુશ્કેલી ભરેલ છે. આ સ્થિતીમાં ઢોર નિભાવવાનું કામ અત્યંત મુશ્કેલી ભર્યું બનેલ છે.

હાલ અમારી આ સંસ્થામાં એટલે કે **"શ્રીજીવદયા મંડળ સંચાલિત રાપર પાંજરાપોળમાં"** ૩૦૦૦, ઢોર આશ્રય લઇ રહેલ છે. ઘાસની તીવ્ર અછત પાણીની મુશ્કેલી સાથે ઘાસના ખૂબજ ઉંચા ભાવને લઇ આ સંસ્થા કપરી કસોટીએ ચડેલ છે, અધુરામાં પુરૂ સરકારશ્રી તરફથી સબસીડીની જાહેરાત થયેલ છે. પરંતુ હજી સુધી મળેલ નથી. આમ આ સંસ્થા ચારેબાજુથી આર્થિક ભીસમાં આવી પડેલ છે.

અગાઉ ચાર ચાર દુષ્કાળમાં આ સંસ્થા સહજ રીતે પાર ઉતરેલ પરંતુ આ વખતનો એક દુષ્કાળ કેમ પાર ઉતરવો તે ખૂબજ ચિંતાનો વિષય બનેલ છે. કારણકે વખતો વખતના દુષ્કાળના પરીણામે ઘાસના ભંડાર સમો વિસ્તાર ખાલી થઈ જવા પામેલ છે.

આવા કપરા સમયે અબોલ જીવોને શકય, સુયોગ્ય રીતે દુષ્કાળ પાર ઉતારવો એ સૌની ફરજ બની રહે છે. પરંતુ આ કાર્ય સૌના સહયોગ વગર શકય નથી. આથી સૌ ધર્મપ્રેમી ભાઈઓ, **સેવાભાવી સંસ્થાઓ, શ્રી સંઘો** ને નમ્ર વિનંતિ. આ સંસ્થાને શકય વધુ મદદ કરી અબોલ જીવની આહ આંસુ. તથા અને વેદના હળવી કરવાના દિવ્ય કર્તવ્યમાં ઉમદા સહયોગ આપો. પરિસ્થિતી ખૂબજ વિકટ છે. છતાં હિમતભેર સામનો એજ એનો ઉકેલ છે. ઉદાર હાથે મદદ મોકલી જીવદયાના કાર્યમાં વેગ આપવા નમ્ર વિનંતી.

લી. ટ્રસ્ટી મંડળ તથા કાર્ય કમિટી

શ્રી જીવદયા મંડળ—રાપર

સંકલ્પ અમારો.....સહકાર આપનો

—: મદદ મોકલવાનું સ્થળ :—

શ્રી જીવદયા મંડળ, રાપર

રાપર (વાગડ) કચ્છ ૩૭૦૧૬૫

તા.ક. શકય હોય તો સંસ્થાની રૂબરૂ મુલાકાત લેવા નમ્ર વિનંતી છે.



વર્ષ ૬] ૨૦૫૦ ચૈત્ર વદ-૧ મંગળવાર તા. ૨૬-૪-૬૪ [અંક ૩૬

卐 શ્રી જિન ભક્તિ 卐

પ્રવચનકાર : પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.

(સં. ૨૦૨૮ કા. વ. ૧૩ સોમવાર તા. ૧૯-૧૧-૧૯૭૧)

(પ્રવચન ૨જું) (ગતાંકથી ચાલુ)

તમે નહિ સમજો તો શું નહિ થાય તે કહેવાય નહિ. વારંવાર, દર વર્ષે એક વાર તો અરૂક શ્રી સિદ્ધગિરિજી આવ છો. તે મોક્ષમાં જવાની ઉતાવળ છે માટે? સાધુપણું ઝટ પમાય માટે? આજે તો તમને સાધુ નકામા વધી રહ્યા છે તેમ થાય છે. સાધુ તમને શું કામમાં આવે? સાધુ સમાજને ઉપયોગી છે? સાધુ સમાજનું ખાય અને સમાજને ઉપયોગી ન બને તે ન ચાલે, સમાજને ઉપયોગી થવું જોઇએ-આવો વાયરો વાઇ રહ્યો છે. સાધુઓ સાવચેત નહિ રહે તો તમે તમારું કામ કરાવતા થઇ જવાના છો. અમે તમારી સેવા કરવા સાધુ થયા છીએ ને? ધર્મ કરનારને પણ ધર્મ સાથે નિસ્બત નથી. હું અનાદિથી રાગાદિને પરવશ છું તેને લઇને એવો બેભાન બનેલો છું કે, મારા આજ સુધીમાં અનંતા જન્મ-મરણ થયા છતાં પણ મને સાચું ભાન ન આવ્યું.' હવે મારી કાંઇક ચેતના જાગી છે, રાગાદિ મારા શત્રુ લાગ્યા છે, આ વિચાર રોજ કરો તો કામ થાય. જો આ વાત આત્માને ન અડે તો કાંઇ કામ ન થાય. આપણા બધાના અનંતા જન્મ-મરણ થયા છે તે વાત રોજ યાદ આવે છે? હવે મારે મારા જન્મ-મરણ વધે તેમ કરવું નથી તેમ થાય છે. તે માટે ભગવાનને ઓળખવા પડે, તેમની આજ્ઞા જાણવી પડે. રોજ સુસાધુના પરિચયમાં રહેવું પડે, તેમના કહ્યા મુજબ જીવવું જોઇએ. આ વાત તમે તમારા આત્મા સાથે કરી છે? તમારા

શ્રી કૈલાસ... જ્ઞાનમન્દિર

ઘરમાં દરેકને કરી છે કે–'મારું નહિ માનો તો ચાલશે, પણ સુદેવ–સુગુરૂ અને સુધર્મનું નહિ માનો તે નહિ ચાલે.' જો તમારા બધામાં આટલું પરિવર્તન થાય તો ઘણું કામ થઇ જાય. પછી તો તમને મળેલી બધી સામગ્રી સફળ થઇ જાય !

તમારી પાસે એવું શું છે કે, આટલા અક્કડ થઇને ફરો છો ? ચક્રવર્તી અદ્ધિ પાસે જે હતું તેવું તમારી પાસે શું છે ? તમારે કેટલાના મોઢા રાખવા પડે છે... કેટલાનું સાંભળવું પડે છે... આજે તો રાજયનો માણસ ગમે ત્યારે તમારા ઘરમાં આવી તપાસ કરે તો તમે બોલી શકો તેમ છો ? તેને રોકી શકો તેમ છો ? તો પછી બધી શેખી અહીંજ કેમ કરો છો ? દેવ–ગુરૂ–ધર્મનું નહિ માનો તો દુર્ગતિ તૈયારી થશે, અમારૂં કાંઇ બગડવાનું નથી. આટલી સારી સામગ્રી પામેલા, છેક અહીં સુધી આવેલા તમે દુર્ગતિમાં ન જાવ માટે આટલી રાડો પાડીને તમને સમજાવીએ છીએ.

'દુઃખ પાપથી જ' ભગવાનની આ વાત યાદ હોય તો આજે તમે બધા મોટા ધર્માત્મા હોત. પાપ તો તમારા જીવનમાંથી ચાલ્યા ગયા હોત ! અનીતિ–અન્યાયાદિ પાપો તો જીવનમાં હોત જ નહિં. પાપથી દૂર રહે તેનું નામ આર્ય ! હજી હું આરંભ–સમારંભ રૂપ પાપની વાત નથી કરતો તે તો જૈન જ સમજે, પણ આજે ઘણા જૈનો પણ તે બેને પાપ જ માનતા નથી. આજે તો જેનું મોટું કારખાનું તે મોટો પુણ્યશાલી તેમ તમે માનો છો. તમને પણ થાય ને કે, મારું પણ આવું કારખાનું કયારે હોય ? એક કાળે મોટું કારખાનું કે મીલ ખોલનારને શિષ્ટ સમાજમાં ફરવું ભારે પડતું તેને પુછનાર મલતા કે, આપને આવું મન થયું છે ! તેવો યુગ અમે જોયો છે મને આજે તો મોટાં મોટાં કારખાના અને મીલો ખોલનારાને અભિનંદન આપનારા ઘણા છે. માટે આરંભ–સમારંભ તે પાપ છે તેમ હજી બુદ્ધિમાં બેસે તેમ નથી ને ?

તે સિવાયના પણ પાપ ચાલુ છે ? અસત્ય, ચોરી તે પાપ છે ને ! ન છૂટકે, કમને કરો છો કે મજેથી કરો છો ? પાપથી દુઃખ તે વાત કયાં રહી ? આજે આર્ય દેશ–આર્યજાતિ આર્યકુળમાં જન્મેલા સ્વભાવે અનાર્ય થતા જાય છે.

પાપથી મળતા લાભ સારા દેખાય પણ સંસાર રોગીએ અડવા જેવા નથી. સાકર મીઠી લાગે પણ કફવાળાને નુકશાન જ કરે. પાપ કરો ત્યારે આંચકો આવે છે ? મરું પુણ્ય ખતમ થાય છે તેમ લાગે છે ? પાપની સજા મારે એકલાએ જ ભોગવવાની છે, માફ થાય તેવી નથી તેમ પણ થાય છે ? પ્રતિસમય સાત કર્મ ચોંટયા જ કરે છે. કર્મસત્તા કોઇનેય છોડતી નથી. પુણ્ય પુરું થાય તો કોટિપતિને ય કંગાલ બનાવી દે, સ્વજન-પરિવાર વાળાને ય એકલો બનાવી દે, પૈસાથી ય ખુવાર કરે તેમ શરીરથી પણ ખુવાર કરે. કર્મસત્તાએ બનાવેલા દુઃખી જીવો જોયા નથી ?

'દુઃખ પાપથી જ' આ વાત હૈયામાં ન બેસે તો ભગવાન કયાંથી બેસે? ભગવાન તે ગાદી ઉપર બેસી જશે પણ હૈયામાં ન બેસે તો શું થાય? ભગવાન ગાદી ઉપર બેસે તે પહેલાં હૈયામાં બેસી જવા જોઇએ. ભગવાન હૈયામાં બેસાડવા હશે તો આજે જે રીતના જીવો છો તે રીતના જીવાશે નહિ. માનસિક પરિવર્ત્તન કરવું જ પડશે ભગવાનને હૈયમાં બેસાડવાનું મન છે ને? આ ઉત્સવ તો પૂરો થઇ જશે અને તમે હતા તેવાને તેવા જ રહેશો. **ભગવાન જેના હૈયામાં બેસે તે જ સાચો જૈન!** ભગવાનને હૈયામાં બેસાડવા માનસિક સ્નાન કરવું પડે. તે હું કરાવી રહ્યો છું પણ તમે ઝીલતા નથી તેનું શું? જૈન જાતિ-કુળની પ્રશંસા કરવામાં આવે છે તેનું કારણ આ જ છે. કે, મુક્તિ તેની રાહ જૂએ છે. **ભગવાનનો ભગત મુક્તિ માટે તરફડતો હોય.** દુનિયાના સુખો તેની પાછળ ફરતા રહે છતાં પણ તેને તો સુખોની નફરત હોય. વર્તમાનમાં જે સુખ સામગ્રી મલી છે તેની નફરત છે આમ કહો તો ભગવાન હૈયામાં આવે.

પુણ્યશાલીને સુખ મળે, સુખ ધર્મીને ન મળે તો કોને મળે? ઊંચામાં ઊંચા સુખો ધર્મી માટે જ રીઝર્વ્ડ છે. તમારા સુખનાં અમારી આંખ બગડતી નથી. પણ તે સુખથી તમે સાવધ છો કે નહિ તે જાણવું છે. પુણ્યથી મળતાં સુખથી જે સાવધ રહે તેનું નામ વિરાગી! આમાં સુખ છોડવાની વાત નથી આવતી છતાં પણ હૈયાથી બધા એકી અવાજે કહો કે, પુણ્યથી જે સુખ સામગ્રી મલી તેનાથી અમે સાવધ છીએ, કેમકે તે સુખ સામગ્રી જ સાવધ ન રહીએ તો અમારું ભારેમાં ભારે નુકશાની કરનારી છે તે વાત હૈયામાં લખાઇ ગઇ છે-તો અમને આનંદ થાય. આગળના જીવો આ જ કારણથી માથું ઊંચું રાખીને ફરતા કે, આંગળી ચીંધનાર કોઇ જન્મ્યો નથી. દરિદ્રી હોઇએ તે બને પણ ખરાબ કરીને જીવીએ તે ત્રણ કાળમાં બને નહિ. ભૂખે મરીએ પણ અનીતિ ન કરીએ. આ દેશમાં આર્યોને હજી હેય-છોડવા જેવો ન હતો લાગતો પણ અનીતિ-અન્યાયનો પૈસો તો અડવા જેવો પણ ન હતો લાગતો. પૈસો હેય લગાડવા પણ જૈનત્વ જોઇએ. અન્યાયનો પૈસો સારો લાગે તે તો આર્યપણામાંથી પણ મટી જાય છે. પૈસો તમને કેવો લાગે છે? પૈસા હેય ત્યાં સુધી તમે મરવાના જ નહિ-તેવું છે? પૈસા મૂકીને જવું છે કે તેનો સદુપયોગ કરીને જવું છે?

શ્રી પર્યુષણા પર્વમાં વિવેકી-શકિત સંપન્ન શ્રાવકે, વર્ષમાં ઓછામાં ઓછા એકવાર તો અવશ્ય કરવાના અગિયાર કામો તમે કેટલીવાર સાંભળ્યા છે? તેમાંના દશ તો પૈસાથી સાધ્ય છે ને? સુખી માણસો જો તે કામ કરતા હોત તો આજે ય જગતમાં જૈનોની જ વાહ વાહ બોલાતી હોત! કોઇ તેની સામે આંગળી ન ચીંધત, બધા જ કહેત કે, પૈસો મળે તો આવાના ઘેર જ મળજો! ભગવાન હૈયામાં પેસ્યા વિના કામ થાય તેમ નથી. આજ સુધી ઘણું ભટકયો હવે ભટકવું નથી, આટલો નિર્ણય કરો તો કાર્ય સિધ્ધ થઇ જાય વિશેષ હવે પછી. [ક્રમશઃ]

કાયમી વિશેષાંક યોજનામાં જોડાવ

'જૈન શાસન' અઠવાડિક – સાતમા વર્ષના પ્રારંભે

સં. ૨૦૫૦ શ્રાવણ વદ–૨ મંગળવાર તા. ૨૩–૮–૯૪

પ્રગટ થશે વિશેષાંક જૈનરત્ન શ્રમણોપાસિકાઓ

દર વર્ષની જેમ ૭મા વર્ષના પ્રારંભે જૈનશાસનના પરમ આરાધક શ્રમણ ભગવંતો, શ્રમણી ભગવંતો તથા શ્રમણોપાસકો તથા શ્રમણોપાસિકાઓ છે. તેમાં 'જૈન રત્ન શ્રમણોપાસિકાઓ' એ વિષય ઉપર વિશેષાંક પ્રગટ થશે. જૈન શાસ્ત્રોના આધારે આ વિષય ઉપર સં. ૨૦૫૦ શ્રાવણ સુદ ૧ સોમવાર તા. ૮–૮–૯૪ સુધીમાં લેખ મોકલવા પૂ. આચાર્યદેવાદિ, મુનિરાજો, પૂ. સાધ્વીજી મહારાજો તથા લેખકોને નમ્ર વિનંતિ છે.

શ્રી જૈન શાસનનું લવાજમ ૪૫ રૂા. છે ખર્ચ ૮૦ રૂા. લાગે છે તેથી ખર્ચને પહોંચી વળવા વિશેષાંકની યોજનામાં શુભેચ્છક આદિ બનાવાય છે તે કાયમી ધોરણે કરાય તેમ ઘણા ભાવિકો ઇચ્છે છે અને તેથી વિશેષાંકની કાયમી યોજના રજુ કરી છે. સૌ શાસન પ્રેમીઓ તેને વધાવી લેશે એવી ભાવના છે.

–: નૂતન વર્ષ વિશેષાંક કાયમીયોજના :–

રૂા. ૫૧ હજાર પ્રથમ પેજમાં બે લીટીમાં શુભેચ્છા

ટાઇટલ પેજ–૪ રૂા. ૪૧ હજાર ટાઇટલ પેજ–૨ રૂા. ૩૧ હજાર

ટાઇટલ પેજ ૩ રૂા. ૨૧ હજાર વિશેષાંક સૌજન્ય શુભેચ્છક રૂા ૧૧ હજાર

વિશેષાંક સહાયક શુભેચ્છક રૂા. ૫૧ હજાર વિશેષાંક શુભેચ્છક રૂા ૧૫ હજાર

આ કાયમી યોજનામાં જોડાનારની દર વર્ષે વિશેષાંકમાં ઉપદેશક તથા પ્રેરકના નામ સાથે શુભેચ્છા લેવામાં આવશે તથા આ કાયમી યોજનાવાળા શ્રી જૈન શાસનના કાયમી સભ્ય ગણાશે. તથા તેમને જૈન શાસન સો વર્ષ ચાલશે તો પણ કાયમી મળશે. પરદેશમાં રૂા. ૧૫ હજારવાળાને માત્ર એક વર્ષ ઓછું જશે.

આ યોજના પુરી થતાં જાહેરાત. પણ લેવાની ભાવના નથી.

શ્રી જૈન શાસન કાર્યાલય
C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વજય પ્લોટ જામનગર સૌરાષ્ટ્ર (ગુજરાત) INDIA

દિવાળીનો પ્રકાશ

—લક્ષ્મીકાંત ઠક્કર

સુરેશ શ્રીમંતનો નબીરો હતો. સુખ સાહ્યબીમાં ઉછરેલો. જીવ એટલે દુનિયાદારીની કયાં ફિકર હોય જ ?

મોજ-મઝા ભરી એની જિંદગી એટલે મિત્રોની ટોળી એની સાથે હોય. ટોળીમાં હોંશિયાર, ટીખળી, ગરીબ, અમીર બધાં જ મિત્રોની હાજરી હોય !

નવરાત્રીનો નવલી રાત્રીનો ઉત્સવ સૌ મિત્રોએ ઉમંગથી ઉજવ્યો અને પછી દિવાળીનો રંગીન તહેવાર આવ્યો. સુરેશ દર વર્ષની જેમ આ વર્ષે પણ સુંદર રીતે ઉત્સવ ઉજવવા માગતો હતો. મિત્રમંડળીને પોતાના કાર્યક્રમ વિશે વાત કરી. સૌને આમંત્રણ આપ્યું. સાંજે પોતાના બંગલાનાં ગાર્ડનમાં સુંદર ભોજન સમારંભનો પ્રોગ્રામ નકકી કર્યો અને રાત્રે સુંદર સંગીત સંધ્યાનો પ્રોગ્રામ નકકી કર્યો.

દિવાળીનો દિવસ આવ્યો. સુરેશ આજે સવારથી તૈયારીમાં હતો. સાંજે સંગીત સંધ્યા માટે મોટા કલાકારને આમંત્રણ આપ્યાં. રંગીન રોશનીની પણ તૈયારી થઇ ગઇ.

સાંજનો સમય થયો. સુરેશ મુખ્ય મહેમાનને લેવા ઝડપથી કારમાં જઇ રહ્યો હતો, પણ અચાનક એક બાળક અડફેટમાં આવી ગયુ. કારની ઝડપ વધારી સુરેશ આગળ નીકળી ગયો. બાળક ગરીબ હતું. જોરથી રડવા લાગ્યું. રસ્તામાં ટોળું જમા થઈ ગયું, પણ કાર આગળ નીકળી જતા કોણ પકડાય ? ત્યાં બાજુમાં રહેતા મહેશનું ધ્યાન ગયું. મહેશ મધ્યમવર્ગનો પણ માયાળુ હતો. તેના મનમાં માણસાઇ જાગી. તેણે બાલકને તેડી લીધું. બાજુમાં રહેતા પોતાના ડોકટરને ત્યાં લઇ ગયો.

બાળક ખૂબ જ રડતું હતું. પગમાં સખત દુખાવો હતો. ડોકટરે મહેશને એક્ષરે માટે વાત કરી. મહેશ બાળકને લઇ એક્ષરે કઢાવી લાવ્યો. બાળકને પગમાં ફેકચર થયું હતું. પછી બીજા ડોકટર પાસે લઇ ગયો. પગમાં ફેકચરનો પટો લગાવ્યો. ગરીબ બાળકની આંખમાં આંસુ જોઇ મહેશનું દિલ ભરાઇ આવ્યું. એ મનમાં બોલ્યો માણસ કેવી બેદરકારીથી કાર ચલાવે છે !

...પણ મહેશને કયાં ખબર હતી કે તેનો મિત્ર સુરેશ જ અકસ્માત કરીને ચાલ્યો ગયો હતો !

અહીં ગરીબ બાળકની મા ઘરે બાળકની રાહ જોઇને રડતી હતી. અંધકાર થયો એટલે માતાની ચિંતા ઓર વધી ગઇ હતી.

સાંજ પડી ગઇ. અહીં સુરેશનો બંગલો

રંગીન રોશનીથી ઝગમગવા લાગ્યો સૌ મિત્રો સુરેશને સ્મિત કરી દિવાળીના અભિનંદન આપતા હતાં. થોડી વારમાં ભોજન સમારંભ શરૂ થયો.

એક બાજુ રંગીન રોશનીમાં સૌ મીઠા ભોજનની મઝા માણી રહ્યા હતા... જ્યારે બીજી બાજુ અંધકારમાં ગરીબ બાળકની મા પુત્રની શોધમાં આંસુ સારી રહી હતી.

અહીં સુરેશને પોતાના મિત્રમંડળમાં મહેશની ગેરહાજરી સાલતી હતી. મહેશ કેમ આવ્યો નહિ ? મહેશે સાંજે વહેલા આવી મદદ કરવાનું વચન આપ્યું હતું.

સુરેશે તરત જ ડ્રાઈવરને કાર લઇ મહેશને ઘેર જવાનું કહ્યું. ડ્રાઈવર કાર લઇને મહેશને ઘેર પહોંચ્યો.

મહેશના ઘરે તપાસ કરતાં જાણવા મળ્યું કે મહેશ તો ઘરેથી વહેલો નીકળી ગયો છે. ડ્રાઈવર પાછો આવ્યો અને સુરેશને ખબર આપ્યા. સુરેશ ચિંતા કરવા લાગ્યો. મહેશની ગેરહાજરીમાં પોતે પણ જમ્યો નહીં.

સંગીત સંધ્યાનો કાર્યક્રમ શરૂ થયો, પણ સુરેશ ઉદાસ દિલથી મહેશને મનમાં યાદ કરતો હતો. મહેશ વગર મહેફિલ ફીકી લાગતી હતી.

આ બાજુ મહેશ બાળકને લઇ તેની માતા પાસે ગયો. થોડા ફટાકડાં અને મિઠાઇ પણ બાળકને લઇ દીધાં. બાળકને ખુશ થતું જોઇ મહેશને મનમાં સંતોષ થયો... અને મા બાળકને જોઇ ખુશ થઇ... પણ પગ જોઇને ચિંતા કરવા લાગી.

મહેશે એમને સાંત્વન આપ્યું પોતાની પાસે પૈસા હતા તે એમના હાથમાં મૂકયા અને કહ્યું : "ચિંતા કરશો નહિ હું તમારો પણ દીકરો છું. બધું સારું થશે. હું રોજ તમારી પાસે આવીશ." પછી મહેશે રજા લીધી.

ગુલાબનો ગુચ્છો લઇ મહેશ સુરેશના બંગલે પહોંચ્યો.

સંગીત સંધ્યામાં સુરેશ ઉદાસ મનથી મહેશને યાદ કરતો હતો. મહેશને જોઇ સુરેશ તરત જ ઊભો થયો. મહેશે ગુલાબનો ગુચ્છો સુરેશના હાથમાં આપી દિવાળીની શુભેચ્છા પાઠવી.

મહેશ મોડો કેમ આવ્યો એ વાત સાંભળી સુરેશનું દિલ રડી પડયું ! બોલ્યો : આ ગુનો કરી મેં મનમાં વાત છુપાવી. મારું મન અંધકારમય બની ગયું છે.

...અને મહેશ મનમાં વાત સમજી ગયો.

એક બાજુ શ્રીમંત સુરેશના બંગલા ઉપર રોશનીનો પ્રકાશ હતો...જ્યારે બીજી બાજુ ગરીબીના અંધકાર વચ્ચે માનવતાની જ્યોત જગાવી માયાળુ મહેશ મનમાં દિવાળીનો આનંદ માણી રહ્યો હતો !

(જન્મભૂમિ રવિવાર તા. ૭-૧૧-૯૩માંથી)

"ધાર્મિક વહીવટ વિચાર' ની અશાસ્ત્રીયતા

— પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ.

(ગતાંકથી ચાલુ)

'સંબોધ પ્રકરણ'માં 'નિર્માલ્યદેવદ્રવ્ય' નું સ્વરૂપ વર્ણવતાં ફરમાવ્યું છે કે– પ્રભુજીની આગળ ચઢાવેલાં અક્ષત, ફળ નૈવેદ્ય અને વસ્ત્રાદિના વેચાણથી પ્રાપ્ત થયેલી રકમને 'નિર્માલ્ય દેવદ્રવ્ય' કહેવાય છે. તેમજ પ્રભુજીની પૂજા વગેરેમાં વપરાયેલ વરખ આદિના ઉતારના વેચાણમાંથી પ્રાપ્ત થયેલી રકમ પણ 'નિર્માલ્ય દેવદ્રવ્ય' કહેવાય છે. આમાં અક્ષતાદિ અવિગન્ધી (જે ખરાબ ન થાય તે) દ્રવ્યો છે અને વરખ આદિ વિગન્ધી દ્રવ્યો છે. નિર્માલ્ય દેવદ્રવ્યની રકમમાંથી શ્રી જિનાલયનો જીર્ણોદ્ધાર વગેરે અને પ્રભુજીના મુકુટ વગેરે અલંકારો કરાવી શકાય છે. પરંતુ શ્રી જિનપૂજા (અષ્ટપ્રકારી વગેરે પૂજા) માટે આ નિર્માલ્યદ્રવ્યનો ઉપયોગ ન થાય. 'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તકમાં પે.નં. ૫ ઉપર છેલ્લા બે પરિચ્છેદમાં લેખક શ્રી જણાવે છે કે–

"જો કે હાલમાં દેવદ્રવ્યની આવી ત્રણ કોથળી (પૂજાનિર્માલ્ય–કલ્પિત દેવદ્રવ્યની આવી ત્રણ કોથળી) કયાંય રાખવામાં આવેલી જાણવા મળતી નથી. હાલ તો દેવ દ્રવ્યની એક જ કોથળી રાખીને ભૂતકાળના ઇ.સ. [ખોટું છે, વિ.સં. જોઇએ] ૧૯૯૦ વગેરેની સાલના સંમેલનોમાં જૈનાચાર્યોએ એવો ઠરાવ પસાર કરેલ છે કે, 'જયાં પ્રભુજીની પૂજા કરનારો કોઇ શ્રાવક ન હોય ત્યાં દેવદ્રવ્યમાંથી પૂજારીને પગાર આપીને અને જિનપૂજાની સામગ્રી લાવીને જિનપૂજા કાયમ કરાવવી અર્થાત્ પૂજા બંધ રહે તેમ થવા દેવું નહિ."

"ખેર આથી તો નિર્માલ્ય દેવદ્રવ્યની રકમમાંથી પણ જિનપૂજા થવાનો સંભવ રહે; જેનો શાસ્ત્રકારોએ નિષેધ કર્યો છે. એટલે આવી ત્રણ કોથળીઓ કરાય અને કલ્પિત દેવદ્રવ્યમાંથી પૂજારીને પગારાદિ અપાય તે શાસ્ત્રવ્યવસ્થા બરોબર જળવાઇ રહે."

આ અંગે જણાવવાનું કે વર્ત્તમાનમાં સુવિહિત પૂ. આચાર્ય ભગવન્તાદિ મુનિભગવન્તો પ્રસિદ્ધ દેવદ્રવ્યમાંથી પૂજા વગેરે કરવાનું ઉચિત માનતા જ ન હોવાથી નિર્માલ્ય દેવદ્રવ્યમાંથી પૂજા વગેરેનો પ્રસંગ આવતો નથી અને તેથી દેવદ્રવ્યની ઉપર જણાવ્યા મુજબ ત્રણ કોથળીઓ રાખવાની આવશ્યકતા પણ નથી. વિ.સં. ૧૯૯૦ના સંમેલનમાં થયેલ ઠરાવ આપવાદિક હોવાથી એ અંગે કોઇજ વિવાદ નથી. વિ. સં. ૨૦૪૪ના સંમેલનના સૂત્રધારોએ વિ. સં. ૧૯૯૦ના સંમેલનના ઠરાવોનો નિષ્ઠાથી અમલ કરવાનું રાખ્યું હોત તો આજે 'ધાર્મિક વહીવટ વિચાર'નું પ્રકાશન કરવાની આવશ્યકતા ઉભી થાત નહિ. સુવિહિત પૂ. આચાર્ય ભગવન્તાદિ મહાત્માઓ

વર્ત્તમાનમાં પ્રસિદ્ધ દેવદ્રવ્યમાંથી પૂજા વગેરે કરવાનું ઉચિત માનતા ન હોવાથી જ વિ.સં. ૧૯૯૦માં ઉપર જણાવ્યા મુજબનો અપવાદિક ઠરાવ તેઓશ્રીએ પસાર કર્યો હતો. એ ઠરાવ જોવાથી જ સુજ્ઞ પુરુષો સારી રીતે સમજી શકે છે કે દેવદ્રવ્યની રકમથી પૂજાદિ કરવાનું શાસ્ત્રવિહિત નથી. સંયોગવશ પૂ. ગીતાર્થ સંવિગ્નપુરૂષો અપવાદપદે જે ઠરાવો કરે છે, તેનો અમલ એવા અપવાદના સંયોગ સિવાય કરવાનું ઉચિત નથી. વિ.સં. ૧૯૯૦ વગેરેની સાલના સંમેલનોમાં જૈનાચાર્યોએ ઠરાવ પસાર કર્યાનું લે. શ્રીએ જે જણાવ્યું છે, એમાં લેખકશ્રીએ એ ભૂલવું તો ન જોઇએ કે એ જૈનાચાર્યોમાં પોતાના સ્વ. પરમતારક ગુરૂદેવશ્રીના પરમતારક ગુરૂદેવશ્રી હતા. જેઓશ્રીની ગીતાર્થતા માટે કોઇને પણ વિવાદ ન હતો. એવા પોતાના સ્વ. પરમતારક ગુરૂદેવશ્રીના પરમતારક ગુરૂદેવશ્રી માટે માત્ર 'જૈનાચાર્ય' શબ્દનો પ્રયોગ–કોઇ જૈનેતર વાપરે એવો શબ્દ પ્રયોગ પંન્યાસજી વાપરે એ તેમને શોભતું નથી.

'સંબોધ પ્રકરણ'માં 'કલ્પિત દેવદ્રવ્ય' નું સ્વરૂપ વર્ણવતા જે ફરમાવ્યું છે, તેને જણાવવા માટે 'ધાર્મિક વહીવટ વિચાર' ના પે. નં. ૯૭માં લેખકશ્રી જણાવે છે કે– **"ધનવાન શ્રાવકોએ અથવા રાજમાન્ય શ્રાવકોએ કે જેણે સ્વદ્રવ્યથી જિનાલય બંધાવ્યું છે-તે શ્રાવકોએ જિનભક્તિનો નિર્વાહ થાય તે માટે કલ્પીને કોશ [સ્થાયી ફંડ] રૂપે જે રકમ મૂકી હોય તે કલ્પિત (રચિત) દેવદ્રવ્ય કહેવાય છે. આ કલ્પિત દેવદ્રવ્ય દેરાસરજી અંગેના કોઇપણ [સર્વ] કાર્યોમાં ઉપયોગી બની શકે છે."**

આ પ્રમાણે કલ્પિત દેવદ્રવ્યનું વાસ્તવિક સ્વરૂપ જણાવ્યા પછી લેખકશ્રીએ 'વિશેષ વિચાર' પરિચ્છેદમાં તથા સમગ્ર પુસ્તકમાં પ્રસંગે પ્રસંગે કરેલું કલ્પિત દેવદ્રવ્યનું નિરૂપણ તેમની પોતાની મતિકલ્પનાથી કલ્પિત છે. પે. નં ૬૫ પરિશિષ્ટ–૧માં લેખકશ્રી જણાવે છે કે–

"કલ્પિત દેવદ્રવ્ય :– જુદા જુદા કાળે જરૂરિયાત વગેરે વિચારી ગીતાર્થોએ ચડાવાની (બોલીની) શરૂઆત કરી, તે બોલી આદિથી આવેલું દ્રવ્ય તે કલ્પિત દ્રવ્ય. જેમકે પૂજાના ચડાવા, સ્વપ્ન વગેરેની બોલી, પાંચ કલ્યાણકોની બોલી, ઉપધાનની માળના ચડાવા તેમજ સમર્પિત કરેલ વગેરે વગેરે....."

વિ.સં. ૨૦૪૪ના સંમેલનના ઠરાવ મુજબ કલ્પિત દેવદ્રવ્યનું આ વર્ણન અને ઉપર જણાવ્યા મુજબનું સંબોધ પ્રકરણના આધારે પોતે જ કરેલું કલ્પિત દેવદ્રવ્યનું વર્ણન –એ બેમાં અમને કોઇ જ વિરોધ દેખાતો નથી. બોલી આદિથી પ્રાપ્ત કરાયેલા એ દ્રવ્યને કોઇ પણ શાસ્ત્રકાર પરમર્ષિએ કલ્પિત દેવદ્રવ્ય તરીકે જણાવ્યું ન હોવા છતાં એને કલ્પિત દેવદ્રવ્ય તરીકે વર્ણવવાનું વિ. સં. ૨૦૪૪ના સંમેલનનું અને લેખકશ્રીનું ગજબ સાહસ છે. આ સાહસમાં

પોતાના વડીલોને પણ લપેટમાં લેવાનું તેઓ ભૂલતા નથી. પુસ્તકના પરિશિષ્ટ-૧, પે.નં. ૬૧માં તેઓશ્રી જણાવે છે કે–

'ખરેખર તો આવા પ્રકારનો વિચાર પૂર્વે પણ ગીતાર્થ મહાપુરૂષોએ તે સમયના વિષમ બનેલા દેશકાળાદિના કારણે કર્યો જ હતો. પૂજ્યપાદ આગમોદ્ધારક આ. દેવ શ્રીમદ્ સાગરાનંદ સૂરીશ્વરજી મ. સાહેબ તથા પૂજ્યપાદ સિદ્ધાંત મહોદધિ આ. દેવ શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મ. સાહેબ (પૂ. પાદ વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. આ. દેવ શ્રીમદ્ રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સાહેબના ગુરુદેવશ્રી) મુખ્ય હતા...."

સ્વ. પૂ. આ. ભ શ્રી. વિ. પ્રેમસૂરીશ્વરજી મ.સા. કે જેઓશ્રીને સ્વ. પૂ.આ.ભ. શ્રી.વિ. રામચન્દ્ર સૂરીશ્વરજી મ. સાહેબના ગુરૂદેવ શ્રી તરીકે તેઓશ્રી ઓળખાવે છે; (લેખકશ્રીના પોતાના પણ એ જ મહાપુરૂષ ગુરૂદેવશ્રી હોવા છતાં) તેની પાછળનો તેઓશ્રીનો આશય ખૂબ જ સ્પષ્ટ છે– એટલે એ પ્રગટ કરવાની જરૂર નથી. સ્વ. પૂ. આ. ભ. શ્રી. વિ. પ્રેમસૂરીશ્વરજી મ. સા. ના વિચારો જે પં. શ્રી ચંદ્રશેખર વિ. ગ. મ. સા.ના જણાવ્યા મુજબ સ્વપ્ન વગેરે ચઢાવાની બોલીને કલ્પિત દેવદ્રવ્યમાં લઈ જવાના હતા તો; વિ.સં. ૨૦૨૦ માં સ્વ. પૂ. આ. ભ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ. સાહેબે સ્વપ્ન વગેરે બોલીની રકમ કલ્પિત દેવદ્રવ્યમાં ન જાય એ માટે બૃહદ્ મુંબઈમાં જે પ્રયત્ન કર્યો હતો અને વિ.સં. ૨૦૨૨ની સાલમાં રાધનપુરમાં સ્વ. પૂ. આ. ભ. શ્રી વિ કનકચંદ્ર સૂ. મ. (તે વખતે પંન્યાસ) સાહેબે જે પ્રયત્ન કર્યો હતે, તેને અટકાવવાનું કાર્ય સ્વ. પૂ. આ. ભ. શ્રી. વિ પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ કયા કારણે કર્યું હતું–એ પં. શ્રી ચંદ્રશેખર વિ. ગ. મ. સાહેબને પૂછવું જોઇએ.

આ બધા ઇતિહાસના પૃષ્ઠો ઉઘાડવાનો અર્થ નથી. જેમને પોતાના બોલેલા કે લખેલા વચનોનું પણ કોઇ મૂલ્ય નથી, એવા લોકોને એ યાદ કરાવવાનું ખરેખર જ અર્થહીન છે. જિજ્ઞાસુવર્ગે 'સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે' (પ્રકાશક વિશ્વમંગલ પ્રકાશન મંદિર-પાટણ (ગુજ.)] આ પુસ્તક જોઇ લેવું. એ પુસ્તકમાં સ્વપ્નદ્રવ્યને દેવદ્રવ્યમાં (કલ્પિત દેવદ્રવ્યમાં નહિ) લઇ જવા અંગે પૂ આચાર્ય ભગવન્તાદિના જે પત્રો છપાયા છે–એ જોવાથી પણ એ વખતની સાચી પરિસ્થિતિનો સાચો ખ્યાલ આવશે.

'ધાર્મિક વહીવટ વિચાર' ના પે.નં. ૫ અને ૬ ઉપર જણાવેલી વિગત અંગે લેખકશ્રીને પૂછવું જોઇએ કે–'શાસ્ત્રમાં પૂજા દેવદ્રવ્ય અને કલ્પિત દેવદ્રવ્ય આ બંને ભેદ પાડયા છે માટે જ શ્રાવકને તે દ્રવ્યથી (સ્વદ્રવ્ય વિના) પૂજા કરવામાં પાપ લાગતું નથી'–એ ખરેખર સાચું છે? શક્તિસંપન્ન શ્રાવકો સ્વદ્રવ્યથી પૂજા ન કરે અને તે દ્રવ્યથી પૂજા કરે તો તેમને કૃપણતાદિ દોષ લાગે કે નહિ? વીર્યાન્તરાય બંધાય કે નહિ? બહારગામથી આવનાર જૈનોને પૂજાની સામગ્રી મળી રહે એ માટે

શ્રાવકો પોતાના દ્રવ્યથી વ્યવસ્થા કેમ ન કરે ? એવી વ્યવસ્થાનો પણ વિના કારણ સ્વીકાર કરવાનું ભગવાનના ભક્તને ગમે ખરું ? શાસ્ત્રમાં સ્વદ્રવ્યથી પૂજા કરવાની શક્તિ ન હોય તો શ્રાવકને મંદિરનાં કાર્ય (જેમકે કચરો કાઢવો, પાણી ભરવું, વાસણ માંજવા...વગેરે) તેમજ આંગી વગેરે કાર્યમાં મદદ કરવી... ઇત્યાદિનું વિધાન શા માટે કર્યું છે ? પૂજા દેવદ્રવ્ય કે કલ્પિતદેવદ્રવ્યનો અભાવ હતો માટે એ વિધાન કર્યું છે ? શ્રી અભયંકર શ્રેષ્ઠીના નોકરોનું ઉદાહરણ લેખકશ્રીને ભયંકર લાગે–એમાં આશ્ચર્ય નથી. કારણકે કથાથી તેમની કલ્પના, કલ્પના જ સાબીત થાય છે.

શ્રી 'દ્રવ્ય સપ્તતિકા' ગ્રન્થની બારમી ગાથાની ટીકામાં 'देवगृहे देवपूजोऽपि स्वद्रव्येणैव यथाशक्ति कार्या' આવો પાઠ હોવા છતાં લેખકશ્રી પોતાના પુસ્તકમાં પે.નં. ૬માં જણાવે છે કે–"શ્રાવકોએ સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઇએ, એમ જે કહ્યું છે, તે ઘર દેરાસરના માલિક શ્રાવક માટે કહેલું છે. ત્યાં તેનો જ વિષય આવે છે..." આ રીતે ગ્રન્થકારશ્રીના આશયને વિકૃતરૂપે જણાવવા પાછળ લેખકશ્રીનો જે કદાગ્રહ છે, તેને સમજી લેવો જોઇએ. ગૃહ મંદિરના માલિક શ્રાવકે પોતાના મંદિરમાં સ્વદ્રવ્યથી પૂજા કરી હોવા છતાં ફરી શ્રી સંઘ મંદિરમાં દેવપૂજા પણ સ્વદ્રવ્યથી જ કરવી જોઇએ; પોતાનાં ગૃહ મંદિરમાં મૂકેલા ચોખા વગેરેથી નહિ કરવી જોઇએ. તેમ કરવાથી લોકો તરફથી માન મળવા વગેરે દોષોની સંભાવના છે. શ્રી દ્રવ્ય સપ્તતિકા ગ્રંથની બારમી ગાથાની અવચૂરિમાં 'મુધાજનપ્રશંસા અવજ્ઞા અને અનાદર વગેરે દોષોનું સ્પષ્ટ નિરૂપણ કર્યું છે.

એ જોવાથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે ઘર–મંદિરના માલિક શ્રાવક માટે પોતાના ગૃહમંદિરે સ્વદ્રવ્યથી એક વાર પૂજા કરી હોવા છતાં શ્રી સંઘમંદિરે બીજી વાર પણ સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવાનું વિધાન છે; તો જે ઘર–મંદિરના માલિક નથી એવા શક્તિમાન શ્રાવકોએ તો સંઘમંદિરે સ્વદ્રવ્યથી જ જિનપૂજા કરવી જોઇએ. શક્તિ સમ્પન્ન ન હોય એવા શ્રાવકોએ તો ઉપર જણાવ્યા મુજબ પરમતારક શ્રી જિનાલયના કાર્ય વગેરેમાં પ્રયત્નશીલ બનવું જોઇએ.

ગૃહમંદિરના માલિક શ્રાવકો શ્રી સંઘમંદિરે સ્વદ્રવ્યથી પૂજા ન કરે અને પોતાના ગૃહમંદિરે મૂકેલા ચોખા વગેરેથી પૂજા કરે તો 'દેવદ્રવ્યથી પૂજા કરવાનો દોષ લાગવાની તો વાત દ્રવ્યસપ્તતિકામાં કરી જ નથી.' આ પ્રમાણે પે.નં. ૬માં લેખકશ્રી જણાવે છે, તે અંગે લેખકશ્રી પોતે શી વાત કરે છે ? સકલ શ્રી સંઘને ધાર્મિક વહીવટ અંગે માર્ગદર્શન આપવા નીકળ્યા છે, તો તેઓશ્રી આ વિષયમાં સ્પષ્ટ જણાવે કે પોતાના ગૃહમંદિરમાંનાં અક્ષત વગેરેથી પૂજા કરનારને દેવદ્રવ્યથી પૂજા કરવાનો દોષ લાગે છે કે નહિ ? સાચી વાત તો એ છે કે દ્રવ્યસપ્તતિકામાં ઉપર જણાવ્યા મુજબ મુધાજનપ્રશંસા, અવજ્ઞા અને અનાદરાદિ દોષોના વાદળથી દેવ-

દ્રવ્યથી પૂજા કરવાના દોષનું પણ વર્ણન 'આદિ' પદથી આવી જાય છે. એવા વખતે શ્રાવકને સૌથી પ્રથમ લોકોની નજરે ચઢે એવો દોષ મુધાજનપ્રશંસા હોવાથી તેનો ઉલ્લેખ કરી અન્ય અવજ્ઞાદિ દોષો 'આદિ' પદથી દર્શાવ્યા છે. કદાગ્રહથી મુકત બન્યા વિના શાસ્ત્રના પરમાર્થ સુધી પહોંચવાનું શકય નથી.

પોતાના ગૃહમંદિરમાંના અક્ષતાદિથી શ્રી સંઘમંદિરે પૂજા કરવાથી, પંન્યાસજીના મતે જો દેવદ્રવ્યથી પૂજા કરવાનો દોષ ન લાગતો હોય, [લોકો ખોટી પ્રશંસા કરે એટલો જ દોષ લાગતો હોય] તો એ અક્ષતાદિ પોતાના ખાવામાં વાપરે તો તેને કયો દોષ લાગે ? પંન્યાસજીના મતે તો માત્ર અદત્તાદાનનો [ચોરીનું ખાવાનો] જ દોષ લાગે. દેવદ્રવ્યભક્ષણનો દોષ તો લાગે જ નહિ ને ? આનો જવાબ આપતાં પહેલાં પંન્યાસજી ધ્યાનમાં રાખે કે એમના સ્વ. વડિલો અને વર્ત્તમાનમાં વિદ્યમાન ગીતાર્થો, આવા પ્રસંગે દેવદ્રવ્યભક્ષણનું જ પાપ ગણીને, તે મુજબની જ આલોચના આપતા આવ્યા છે. એક ઉત્સૂત્રને શાસ્ત્રાનુસાર સાબીત કરવા જતાં પંન્યાસજી કેવી ઘોર ઉત્સૂત્રપ્રરૂપણાની પરંપરા ઉભી કરી રહ્યા છે તેનો તેમને ખ્યાલ નથી. પંન્યાસજી સ્વયં ગીતાર્થ નથી, અને અન્ય ગીતાર્થોની નિશ્રા એમને ખપતી નથી. આવા 'માર્ગદર્શક' અને એમના દોરવ્યા દોરવાઇ જનારાના ભાવિનો વિચાર કરતાં ય કંપારી છૂટે છે.

લેખકશ્રીના શાસ્ત્રજ્ઞ નનો આ રીતે સામાન્યથી પરિચય થયો હોય તો તેમની તાર્કિક શકિતનો પણ થોડો પરિચય કરી લઇએ. તેઓશ્રી પુસ્તકમાં જણાવે છે કે– "પરદ્રવ્યથી નીકળતા સંઘો, સાધર્મિક વાત્સલ્યો, આયંબિલ ખાતાના નિર્માણોમાં તે તે ધર્મસેવન થઈ શકે તો સ્વદ્રવ્યથી જ જિનપૂજાનો આગ્રહ એકાન્તે શી રીતે કરી શકાય ?"– અહીં લેખકશ્રી જાણી જોઇને સાચી વસ્તુને છૂપાવી રહ્યા છે. **સ્વદ્રવ્યથી જ પૂજા કરવાનો આગ્રહ સેવનારા દેવદ્રવ્યમાંથી પૂજા કરવાનો વિરોધ કરે છે. પરદ્રવ્ય માત્રથી પૂજા કરવાનો વિરોધ કરી રહ્યા નથી. દેવકું સાધારણ દ્રવ્ય કે સર્વ સાધારણ દ્રવ્યથી પૂજા કરવાનો વિરોધ કરતા નથી. જે કોઇ વિવાદ છે તે ધાર્મિક દ્રવ્યના સ્વરૂપના નિર્ણય અને તેના ઉપયોગના વિષયમાં છે.** જો કોઇ પણ શ્રાવક સ્વદ્રવ્યથી તીર્થયાત્રાદિ કરવા માટે શકિતસંપન્ન ન હોય અને તીર્થયાત્રાદિ માટે બીજાનાં સાથે જાય તો તેમાં તેના પરિણામ મુજબ લાભ થવાનો છે. પૂજા અને તીર્થયાત્રાદિ કે જિનમંદિર નિર્માણાદિ આ બધાની શકિતને સમાન માનવી એ એક મૂર્ખતા છે અને એ મૂર્ખતાનું કારણ લેખકશ્રીનું અજ્ઞાન નહિ, કદાગ્રહ છે. **સ્વદ્રવ્યથી જ પૂજા કરવાના આગ્રહરૂપે સ્વયં લેખકશ્રીએ જ પૂજાની સામગ્રીની પેટીઓ હજારોની સંખ્યામાં બનાવરાવી હતી.** હવે

અને તેઓ એકાન્તે આગ્રહ ગણુતા હોય તો તે વિષયમાં કશું જણાવવાનો અર્થ નથી. આજ સુધીની તેઓશ્રીની પ્રવૃત્તિમાં 'સ્થિર-વિચારણા' નો અભાવ એ તેમની ખાસ લાક્ષણિકતા છે.

'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તક તેઓશ્રીએ પાંચ-પાંચ ગીતાર્થોની સંમતિથી પ્રકાશિત કર્યું છે. પાંચ ગીતાર્થોની સંમતિથી જો આવું પુસ્તક તૈયાર થતું હોય તો આવા 'ગીતાર્થો' શ્રી સંઘને પ્રભુ બચાવે !

પુસ્તકના દરેક પેજની સમીક્ષા કરતા સમય ઘણો વીતે, તેથી અહીં મુખ્ય મુખ્ય મુદ્દાઓની જ વિચારણા કરી છે. પુસ્તકમાં જ્યાં જ્યાં 'કલ્પિત દેવદ્રવ્ય'નું સ્વરૂપ વર્ણવ્યું છે, ત્યાં બધે જ પોતાની કલ્પના મુજબ કલ્પિત દેવદ્રવ્યની વ્યાખ્યાઓ કરી છે. ઉપર જણાવ્યા મુજબ 'સંબોધ પ્રકરણ' માં વર્ણવેલા કલ્પિત દેવદ્રવ્યની વ્યાખ્યામાં એ વ્યાખ્યા કોઇપણ રીતે સમાતી નથી પે. નં. ૫-૨૬-૨૭-૪૮-૬૫-૬૮-૧૦૦-૧૦૭-૧૦૮ ઉપર પં. ચંદ્રશેખર વિ. ગ.મ. સાહેબે ખૂબ જ સચોટ રીતે (અલબત્ત, તેઓશ્રીની પોતાની અપેક્ષાએ)'કલ્પિત દેવદ્રવ્ય' નું સ્વરૂપ વર્ણવ્યું છે. એ માટે સ્વ. પૂ. આ. ભ. શ્રી વિ. પ્રેમ સૂ. મ. સા., સ્વ. આ. ભ. શ્રી સાગરાનંદ સૂ. મ. સા. તથા સ્વ. પૂ. આ. ભ. શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મ. સા. આદિની સમ્મતિનો પણ ઉલ્લેખ કર્યો છે. સ્વ. પૂ. આ. ભ. શ્રી. વિ. પ્રેમ સૂ. મ. સાહેબે મુંબઈથી લખાવેલ પત્ર ('સ્વપ્નદ્રવ્ય દેવદ્રવ્ય જ છે' આ પુસ્તકમાં પૃષ્ઠ નં. ૯-૧૦ ઉપર છપાયો છે તે) વાંચવાથી સમજી શકાશે કે સ્વ. પૂ. આ. ભ. શ્રી વિ. પ્રેમ સૂ. મ. સા. ના પુણ્યનામે તેઓશ્રી કેવાં ગપ્પાં મારે છે. પત્ર નીચે મુજબ છે.

ભા વ. ૧૪ મુંબઇ, લાલબાગ

પ. પૂ. પાદ આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ. તરફથી શાન્તાકૃઝ મધ્યે દેવ-ગુરુભક્તિકારક સુશ્રાવક 'ઝમના દાસભાઇ યોગ્ય ધર્મલાભ. તમારો પત્ર મલ્યો. વાંચી હકીકત જાણી.

સુરત, ભરૂચ, અમદાવાદ, મહેસાણા અને પાટણમાં મારી જાણ મુજબ કોઇ અપવાદ સિવાય સુપનની આવક દેવદ્રવ્યમાં જાય છે.

વડોદરામાં પહેલા હંસવિજયજી લાયબ્રેરીમાં લઇ જવાનો ઠરાવ કરેલો હતો પાછળથી ફેરવીને દેવદ્રવ્યમાં લઇ જવાની શરૂઅત થઇ હતી.

ખંભાતમાં અમરચંદ શાળામાં દેવદ્રવ્યમાં જ જાય છે. ચાણસ્મામાં દેવદ્રવ્યમાં જાય છે. ભાવનગરની ચોકકસ માહિતી નથી.

અમદાવાદમાં સાધારણ ખાતા માટે ઘર દીઠ દરસાલ અમુક રકમ લેવાનો રીવાજ છે. જેથી કેશર, સુખડ, પોતીયા વિગેરેનો ખર્ચ થઇ શકે છે. એવી યોજના અથવા દરસાલ ટીપની યોજના કાયમ ચાલે તેવી રીતે શકિત પ્રમાણે થઇ જાય તો સાધારણમાં વાંધો આવે નહિ.

[અનુ. ટાઇટલ ૩ ઉપર]

સાંપ્રતિક સ્ફુરણ—

સમેત શિખરજી અંગે સાવધાન

જો જો બીજું અંતરીક્ષજી કે કેશરીયાજી ન બને

તત્ત્વ અને સત્ત્વની જરૂર છે

હાલમાં શ્રી સમેત શિખરજી મહાતીર્થ અંગે બિહારની સરકારે વટહુકમ તૈયાર કર્યો અને તેની કેન્દ્રીય ગૃહપ્રધાનને પણ ખબર ન પડી. જ્યારે શ્વે. જૈન સંઘના આગેવાનોએ તેની રજુઆત કેન્દ્રીય ગૃહપ્રધાન શ્રી શંકરરાવ ચૌહાણ પાસે કરી ત્યારે તેમને આશ્ચર્ય થયું અને જૈન આગેવાનોની લાગણી જોઇ તે વટહુકમ પાસ ન થવાની વાત કરી અને સાંત્વન આપ્યું.

કેન્દ્ર સરકાર અંધારામાં રહે તેવી રીતે આ મનસ્વી કાર્ય એ કંઇ બિહાર સરકારનું ન કોઈ શકે. આ કાર્યમાં ધન અને જોજુ બીજાનું જ કામ કરે છે અને તેવા પ્રસંગો સમેત શિખરજીએ પૂર્વના મુખ્ય પ્રધાનો વખતે પણ બનેલા છે.

પરંતુ શ્વે. સંઘના આગેવાનો તથા શેઠશ્રી આણંદજી કલ્યાણજી પેઢીની દૃઢ કાર્યવાહીએ પાછા પડવા દીધા નથી.

અંતરીક્ષજીનો ઇતિહાસ છે કે નજીકના દિગંબર મંદિરમાં ધાડ પડી અને મૂર્તિઓ સહિસલામત ન લાગતાં અંતરીક્ષજીમાં મુકવાની શ્વે. કાર્યકર્તાઓએ હા પાડી ત્યારથી દિગંબરોનું આવાગમન વધ્યું અને છેવટે મૂર્તિ અને મંદિરની માલિકીના ઝઘડા થયા. દરેક કેશ શ્વેતાંબરો જીતવા છતાં ત્યાંથી દિગંબરો હઠવા તૈયાર નથી અને વધુ પ્રચાર પ્રેસ અને પ્લેટફોર્મથી હાલ શ્રી અન્તરીક્ષજી પાર્શ્વનાથજી કેદમાં છે.

મક્ષંજી તીર્થમાં પણ વિવાદ થયો સરકારે તે વખતે દિગંબરોને આ મંદિરમાં પૂજા કરવાનો તે સાથે દિગંબરોના મંદિરમાં પણ ચક્ષુ ચોડીને શ્વેતાંબરો પૂજા કરી શકે તેવી ગરસપરસની વાત હતી. જેમાં દિગંબરોનો કોઇ યાત્રિક ન હોય તો પૂજારી આવીને પાટલા પુસ્તક મુકીને પ્રભુજીને પાણીના લોટા રેડવાનું ચાલુ કરી દે છે પણ શ્વેતાંબરો ત્યાં જઇને કાયદાનો લાભ ઉઠાવતા નથી પરંતુ તેનું પરિણામ એ આવ્યું કે દિગંબરોને પૂજા હકક મલ્યો તો તેમણે મૂર્તિનો હકક માગ્યો અને કોર્ટમાં કેશ થયો તે હારી ગયા પરંતુ પૂજાનો હકક છોડવા તૈયાર નથી.

આ ઉપરથી સમજી શકાશે કે માત્ર પ્રેસ પ્લેટ ફોર્મ કે તેવા ઉહાપોહ જ માત્ર

તીર્થ રક્ષા કરી શકે નહિ. આ માટે તત્ત્વ પણ જોઈએ અને સત્ત્વ પણ જોઈએ. આજે શ્વેતાંબરોમાં જમાનાવાદ, કેળવણી અને તત્ત્વને બદલે મહત્ત્વને પોસવાની એટલી બધી વૃત્તિ વધતી જાય છે કે જેથી એક મરણીયો સોને મારે તે સ્થિતિ તો દૂર રહી પણ એક કાયર સોને ભગાડે એ સ્થિતિ ઉભી થઇ રહી છે. અમને રસ નથી અમને કુરસદ નથી જેવા પ્રયોગો થાય છે અને તેથી વરઘોડા સામૈયામાં આવવાની વાત તો દૂર રહી પણ અનાદર થાય છે. તે વખતે બહુ તો બારણું આડું કરે કે દુકાન. ઉપર ઉભા ઉભા હાથ જોડે કે સામે પણ જુએ. તેથી તો મોટાભાગના સંઘમાં વરઘોડા સામૈયાના કાર્યક્રમો જ થતા નથી અને તેથી કહે છે શું કરીએ બેડાવાળા ૧૫ હોય પણ શ્રાવકો ૧૨ પણ ન હોય. પાઠશાળા મોકલવાની કુરસદ ન હોય અને S.G. કે સ્કુલો કોલેજો માટે બધી તૈયારી હોય. વકતા આવ્યા ભોજનની વ્યવસ્થા થઇ ૩-૪ કલાક કાર્યક્રમ પછી વિદાય તેમ ઘણા કાર્યક્રમો થઇ જાય. વકતાઓના પુસ્તકોની સ્ટોલો લાગી જાય દશ હજાર લાખના પુસ્તક ખપી જાય. પરંતુ પછી ન તો પુજામાં કે ન તો સામયિકમાં કે ન તો પ્રવચન પ્રતિક્રમણમાં સંખ્યા વૃદ્ધિ થાય.

આવી સત્ત્વ વિનાની સ્થિતિમાં ખૂબ સુધારો કરવાની જરૂર છે નહિંતર છાપાઓમાં સમાચારો કે ફોટાઓ જોઈને રાજી થનારાની હાલત તો માત્ર દેખાવની બની રહે છે છાપાઓ પણ પ્રાદેશિક કયાં પણ છે. એક જીલ્લાની આવૃત્તિમાં પાનું ભરાઇને આવે તે જ છાપાની બીજા જીલ્લાની આવૃત્તિમાં આઠ લીટી પણ ન હોય.

દિગંબરોની વગના છાપાઓ તો સરકારના પ્રચારના માધ્યમો છે અને તે પુરી સગવડ આપે છે અને સહકાર આપે છે. તો સરકારને પણ તેની સામે ઝુકવું પડે છે. ખાય તો નીચે જોવું પડે તેવું છે.

અત્યાર સુધીનો તીર્થ રક્ષાનો અનુભવ છે કે તે માટે ભોગ આપનારા અને સત્ત્વશીલ પુણ્યાત્માઓએ કાર્ય કર્યું છે તેને શ્રી સંઘનું પીઠ બળ છે. શ્રી સમેતશિખરજી માટે શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી શ્રી કસ્તુરભાઇ શેઠ તથા શ્રી જૈનરત્ન રમણલાલ દલસુખભાઇ શ્રોફ જેવાએ પ્રાણ રેડીને તીર્થ રક્ષા કરી છે અને મહાત્માઓનું અને સંઘનું પીઠબળ હતું. આજે મહાત્માઓ મહત્વ સ્થાપવામાં અને સંઘો ઉપેક્ષા કરવામાં ઉદ્યત છે તેમાં આ કાર્ય ઘણું કપરૂં બની જશે.

એકે એક જૈન આ કેશોનું મહત્વ ઇતિહાસ સમજે તેની ભૂમિકા સમજે અને મનોબળ દૃઢ કરે તો જ આ કાર્યમાં પ્રાણ આવે. સદ્દામ હુસને મોટા રાષ્ટ્રોની સામે લાંબી ટક્કર ઝીલી માર ખાધો તો પણ સત્ત્વ કેટલું ટકાવી કાઢ્યું ? આમ સત્ત્વ હોય તો મહત્વ ટકી રહે. શેઠશ્રી આણંદજી કલ્યાણજીપેઢી પાસે પૂર્વના કોઇના વિજયોના પુરાવા છે છતા સરકાર

કહે તમે શ્વેતાંબરો દિગંબરો સમજુતી કરીને આવો. જો સમજુતી કરવી હોય તો કેશ ઉભા થાત જ નહિ.

આજે દિગંબરોના સેંકડો મંદિરો છે જે એમજ પડયા છે પરંતુ શ્વેતાંબરોનો મંદિરમાં પગ પેસારો કરવાનો મળે તો ચૂકતા નથી.

દિગંબરોના આગેવાનો સાથે અનેકવાર મીટીંગો શ્વેતાંબરોએ કરી છે પણ ફળ શૂન્ય આવ્યું છે. શ્વેતાંબરોને દિગંબરોના કોઇ તીર્થ પચાવી પાડવા નથી. આજે દિગંબરોના મંદિરોમાં શ્વેતાંબર મૂર્તિઓ હોવા છતાં તેનો કબજો કે મંદિરનો કબજો લેવાનો વિચાર પણ કરવામાં આવ્યો નથી જ્યારે દિગંબરો દ્વારા અનેક સ્થળે થયેલા દબાણો સામે કોર્ટમાં હાઇકોર્ટ સુપ્રીમકોર્ટ અને પ્રીવી કાઉન્સીલમાં ચુકાદા આવ્યા અને દિગંબરો હાર્યા છતાં તે મંદિરમાં બેસવા તૈયાર નથી પ્રતિમા અપૂજ રહે તે મંજુર છે પણ બેસવા તૈયાર નથી.

આ નીતિને જાણી લેવાય તો પ્રયત્નમાં તત્વની જાગૃપણું અને સત્વનું સ્થિરપણું કેળવવાની નીતિ અપનાવાય. દિગંબરોની રીતિ હાથ ખાલે તો કંઇક મળે છાણ પડે તો ધૂળ ઉપાડે અને તેથી તેઓને દિગંબર મતમાં પૂર્વના કોઈ મંદિર નથી છતાં છેલ્લા બે સેંકડામાં અનેક જગ્યાએ વિવાદ ઉભા કરી દીધા છે. એક પટેલ હતા. ગાડુ લઇને જતા હતા. પટલાણી સાથે હતા. જંગલમાં એક સુરદાસ મલ્યા. ગાડાનો અવાજ સાંભળી કહે છે હું ભૂલો પડયો છું મને લઇ જાવો પટેલે વિચાર કર્યો કે આ સુરદાસ આ જંગલમાં આવ્યો કયાંથી ? તેણે સુરદાસને ગાડે ન બેસાડયે પરંતુ પટલાણીને દયા આવી અને હઠ કરી પટેલની ના છતાં બેસાડયો. ગામ આવ્યું પટેલ કે ઉતરો સુરદાસ ? ગામ આવ્યું. સુરદાસ ઉતર્યા પછી કહે મારી બૈરીને ઉતારો. પટેલ કહે–કયાં છે ? આ પટલાણી તો મારી બૈરી છે, સુરદાસ કહે–તમારે મારી બૈરીને ઉપાડી જવી છે ? ત્યાં પટલાણી વચ્ચે બોલ્યા, સુરદાસ મેં તમોને ગાડે ચડાવ્યા હું તો પટેલની બૈરી છું ત્યાં સુરદાસ કહે મને આંધળાને પાળવો પડે માટે મૂકીને પટેલ સાથે ભાગી જવું છે ? તમાસાને તેડુ ન હોય ગામ ભેગું થઈ ગયું. ત્યાં એક દરબાર આવ્યા ઘેર લઇ ગયા ગાડુ છોડાવ્યું જમાડયા પછી ત્રણેને એક એક ઓરડામાં પૂર્યા અને બે કલાક પછી આવું છું તેમ કહી ગયા. તરત પાછા આવી પટેલના ઓરડા પાસે ઉભા. પટેલ બોલે છે બૈરાની જાત ન માની અને રસ્તામાં રખડતા રહ્યા. દરબાર પટલાણી રૂમ પાસે ગયા તે બોલી રહી છે. ધણીનું ન માન્યું રસ્તામાં રહ્યા. દયા ડાકણને ખાય તેવું આ સુરદાસે કર્યું દરબાર સુરદારના ખંડ પાસે ગયા તે તાનમાં હતો તે બોલે છે' કે, રામ ધૂન લાગી ગોપાલ ધૂન લાગી, લાગી તો લાગી નહીંતર ભાગી. દરબાર સમજી ગયાં ત્રણેને બહાર કાઢયા. હંટર લઇ સુરદાસને

લગાવવા શરૂ કર્યા પ્રથમ તો ન માન્યો પણ છેવટે કબૂલ કર્યું અનેપટેલને પણ ગીબા-મણ આપી વિદાય કર્યો.

વાત એ છે કે દિગંબરની નીતિ આ સુરદાસ જેવી છે અને પછી સાપે છછુંદર જેવી સ્થિતિ થાય છે દિગંબરને કયાં ન્હાવા નીચોવાનું છે. આ કારણે તો દક્ષિણના અનેક મંદિરો આપણે લેતા નથી. જમીન સાથેના છે જો લઇએ તો દિગંબરો આવે અને કલેશના બી રોપાય.

શેરો અને સાપ લડે તેમાં સાપ પાસે ફણા ઝેર કુંફાડા છે શેરા પાસે તો નથી પણ તેના શરીરે કાંટા હોય છે તે સાપની પૂંછડી પકડીને બેસી જાય છે સાપ છછેડાય છે કુંફાડા મારે છે અને ફેણ પછાડે છે તે ફેણ કાંટાથી બંધાય જાય છે સાપ ઘાયલ થાય છે. આમ દિગંબરો સાથે ઝેર કુંફાડા કે ફણાથી કામ લેવા જેવું નથી પરંતુ કાયદો, દસ્તાવેજો, પુરાવા, ઇતિહાસ આ બધી સામગ્રી આપણી તરફેણમાં છે અને તે પકડીને લડત અપાય તો જીત સત્યની છે છતાં આજની સરકાર કે અધિકારીઓ અમલ ના કરે તો પણ આપણો પ્રયત્ન તેજ રહેવો જોઇએ.

સરકારી ખાતાઓમાં કાઢી નાંખેલા અધિકારીઓ આદિ વર્ષો સુધી લડે છે. અને જીતે છે તો સરકારને બેઠનો પગાર પણ ખર્ચ સાથે આપવો પડે છે.

દિગંબરની આ રીતિ સાથે બીજી અનેક રીતિઓ છે પરંતુ સત્ત્વ વિના તે અમલમાં આવી શકે નહિ તે તેથી તે જાહેરમાં બોલવા લખવા જેવી પણ નથી. સત્ત્વ હીન જો તે નીતિ અજમાવે તો, 'લેને ગઇ પુત ઔર ખો આઇ ખસમ,' ઓઢણી લેવા ગઇ અને ચણીયો મૂકીને આવી તેના જેવી સ્થિતિ થાય.

આથી શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીએ બધા પુરા, કોર્ટના ચુકાદા અને તે અંગેની વિગતો જે બહાર આવી છે તે છપાવી પ્રગટ કરવી જોઇએ. જૈનોને દરેક પત્રોએ તેને મહત્ત્વ આપવું જોઇએ અને સભા કે ભાષણોમાં માત્ર બાંયો વાતો ન કરતાં ન્યાય, હકક અને સત્ત્વની વાત થવી જોઇએ તો એ સત્ત્વ સિદ્ધિ અપાવે.

શ્રી મોરારજી દેશાઇએ પાકિસ્તાન સાથે યુધ્ધ ચાલતું હતું ત્યારે કહ્યુ કે યુદ્ધ કે તેની વાતોમાં ધિક્કાર ન ફેલાવો જો ધિક્કાર ફેલાવશો તો યુદ્ધ ખતમ થયા પછી આ ધિક્કાર અંદરો અંદર ફેલાવશે.

સરકાર કે દિગંબરો સાથે રોષ કે ધિક્કાર કે હોહા કરવાનો અર્થ નથી રેલીઓ૫-૧૫ લાખ લોકોની પણ નીકળે છે અનામત અને એવા અનેક દાખલા છે સૌરાષ્ટ્રમાં ૬૭ દિવસની હડતાલ વેચાણવેરા સામે પડી હતી છતાં સરકાર ડગી ન હતી. દેશમાં પાકિસ્તાન સામે રોષ ફેલાવવાથી તે દેશ ડરી ન જાય પણ સાવધ બને. તેમ સરકાર કે દિગંબરે સામે

રોષ ફેલાવવાથી તે ડરી જશે તેવું માનવાની જરૂર નથી. દિગંબરોની પણ દેશ વ્યાપી છાપાઓ છે તેમને પણ એવા ઘણા સ્થાનો છે કે હજારોની સંખ્યામાં રેલીઓ કાઢી શકે અને ધાં તો જ્યાં ત્રવે. વસ્તુ ઓછી છે ત્યાં ધમાલ પણ મચાવી શકે. આજે સેંકડો મસ્જીદો અને અનેક વિષ્ણુ આદિ મંદિરો પ્રગટ જૈનોના છે છતાં ત્યાં આપણે દંગલ મચાવતા નથી.

કવેતાંબરોએ દિગંબરો પ્રત્યે કદી નથી અન્યાય કર્યો નથી તેમને હકક, દસ્તાવેજો અને ઇતિહાસ કોર્ટોના ચુકાદાની મૂડી છે તે મૂડી ઉપર જ લડવાનું છે અને તે મૂડીને જ સ્પષ્ટ રૂપે પ્રચારવાની સમજાવવાની અને માત્ર હકક શ્રદ્ધા આરાધના અને સંરક્ષણનું જ તેમાં આશ્રય છે, તે દ્વારા અત્યાર સુધી સફળતા મળી છે અને ભાવિમાં પણ સફળતા મળશે. બાકી નાગાથી પાદશાહ આધા તેમ ગુંડાગીરી સામે તો બધી જગ્યાએ ટકી પણ ન શકાય છતાં બૂરા બૂરાઇ ન છોડે, ભલા ભલાઇ ન છોડે–તેમ આપણા પરમાત્મા, મહાત્મા અને શાસ્ત્રોએ જે બોધ આપ્યો છે તે જ પ્રાણ બની રહે એ ૪ અભિલાષા

૨૦૫૦ ચૈત્ર સુદ-૭
વલસાડ (ગુજરાત)

જિનેન્દ્રસૂરિ

(અનુ. ૮૯૨ નું ચાલુ)

પણ સુપનની ઉપજ લઇ જવી એ કોઇ રીતે ઉચિત લાગતું નથી. તીર્થંકરદેવને ઉદ્દેશીને જ સ્વપ્ના છે અને તેથી તે નિમિત્તનુ દેવદ્રવ્યમાં જવું જોઇએ.

"ગ પ દીપિકા સમીર" નામની ચોપડીમાં પ્રશ્નોત્તરમાં પૂજય સ્વ. આચાર્યદેવ શ્રી વિજયાનંદસૂરિજીનો પણ એવો જ અભિપ્રાય છપાયેલો છે.

સર્વે ને ધર્મલાભ જણાવશો.

એજ ઃ હેમંત વિજયના
ધર્મલાભ

વિ.સં. ૧૯૯૪ની સાલમાં આ પત્ર લખાયો હતો. આ પત્ર ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે સ્વ. પૂ. આ. શ્રી. પ્રેમ. સૂ. મ. સા. સ્વપ્નની બોલીની રકમ (વર્તમાનમાં પ્રસિદ્ધ) દેવદ્રવ્યમાં જ લઇ જવાનું જણાવતા હતા. અને એ રકમ, જિનપૂજાની સામગ્રી (કેસર, સુખડ) વગેરેમાં વાપરવાનો નિષેધ કરતા હતા અને છતાં તેઓશ્રીના પુણ્યનામે પં. શ્રી ચંદ્રશેખર વિ. ગ. મ. સ્વપ્નદ્રવ્યને કલ્પિતદેવદ્રવ્ય ખાતે લઇ જવાનું અને તેનાથી શ્રી જિનપૂજા કરવાનું જણાવી રહ્યા છે. પોતાની શાસ્ત્રબાહ્ય પ્રવૃત્તિમાં પોતાના જ સ્વર્ગસ્થ ગુરૂદેવશ્રીને 'ભાગીદાર' બનાવવાનું તેમનું સાહસ આઘાતજનક છે.

(ક્રમશઃ)



- તમને ઘર-બાર, પૈસા-ટકાદિ પર જ પ્રેમ હોય તો તમે મોહથી જ મૂઢ જ છો, મંદિરાદિમાં એટલા માટે જ જાવ છો કે સંસાર વધે. તેવી જ રીતે અમને ય શરીર પર, માન-પાન, ખ્યાતિ-પ્રતિષ્ઠાદિ પર પ્રેમ હોય તો અમે ય મોહથી મૂઢ છીએ. અને એટલા માટે સાધુ થયા છીએ કે અનંતો સંસાર વધે.
- મોહની મૂઢતાએ રાગ-દ્વેષ, ક્રોધ-માન-માયા-લોભને ધીકતા બનાવ્યા છે તેથી એટલાં પાપ થાય છે જેનું વર્ણન નહિ.
- જે આત્માના દોષનો વિચાર ન કરે અને શરીરનો જ વિચાર કર્યા કરે તે બધા મોહથી મૂઢ છે.
- મોહે જગતના જીવોને મૂઢ બનાવી રાગાદિ શત્રુના હાથમાં સોંપી દીધા છે. તે શત્રુઓ જીવ પાસે ઘોર પાપ કરાવે છે અને ધર્મ કરવા દેતા નથી. રા। બધાનું નિકંદન કાઢી રહ્યો છે, પકડીને એવી જગ્યાએ મૂકી આવશે કે આવી સામગ્રી ફરી સંખ્યાત-અસંખ્યાત કે અનંત કાળ સુધી મળે જ નહિ.
- તમે ઘર-બારાદિને જ સંભાળ્યા કરો તો તે તમારો ભારેમાં ભારે પાપોદય છે. તેમ અહીં આવી કેવલ શરીરને જ સંભાળ્યા કરે તો તે તે સાધુનો ય ભયંકર પાપોદય છે. કેમકે ધર્મ કરવાની સામગ્રી હોય તો પણ ધર્મ ન કરે તો તે પાપોદય જ કહેવાય ને ?
- ગુણનો લોભ સારો તેમ દોષનો દ્વેષ પણ સારો. ગુણનો લોભ થાય અને દોષનો દ્વેષ થાય તો જ ગુણ આવે અને દોષ ટળે.
- આજે સંયમના પ્રેમી સાધુ થોડા છે. ધર્મના પ્રેમી શ્રાવક થોડા છે. તે થોડાથી શાસન ચાલે છે પણ ટોળાથી નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લા.માળાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક-સુરેશ શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું હોન. : : ૪।

૪૨૭૩ ૧૯-૧૨-૩૭

નમો चउविसाए तित्थयराणं
ઉસભાદ્રિ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

ત્યાં સુધી જ છે.

तावन्महत्त्वं पांडित्यं,
कुलीनत्वं विवेकिता ।
यावज्जलति चित्तान्तर्न,
पाप : कामपावक : ।।

જયાં સુધી મનુષ્યના ચિત્તમાં દુષ્ટ-પાપી કામ રૂપી અગ્નિ પ્રજ-વલિત થતો નથી ત્યાં સુધી તેની મહત્તા, પંડિતાઇ, કુલીનતા અને વિવેકીપણું છે.

અઠવાડિક

વર્ષ	અંક
૬	૩૭

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

જૈન રામાયણના પ્રસંગો

૨૦. અંજનાને દેશવટો — શ્રી ચંદ્રરાજ

અંજનાને પોતાના રાત્રિ સમાગમની સૂચક વીંટી આપીને પવનંજય સવારે પોતાની છાવણીમાં પહોંચી ગયો. ત્યાંથી દેવની જેમ આકાશમાર્ગે સૈન્ય સાથે લંકા નગરીમાં જઈને રાવણને પ્રણામ કર્યા. રાવણ પણ સૈન્ય સહિત પાતાલમાં પ્રવેશીને વરુણ તરફ આક્રમણ લઈને ચાલ્યો.

આ બાજુ "સુખ છે થોડું ને દુઃખ છે ઝાઝું એવો આ સંસાર." આ પંક્તિને સાચી પાડે તેવો કરુણ બનાવ બન્યો.

પ્રાણનાથ પવનંજય સાથેના સમાગમના સમયે જ અંજનાએ ગર્ભને ધારણ કર્યો. આથી તેના શરીરના અવયવો વિશેષ સુંદર બન્યા. અંજનાના શરીરમાં ગર્ભના ચિન્હો જણાવા લાગ્યા.

અંજનાનું આવું શરીર જોઈને તેની સાસુ કેતુમતી આક્ષેપ કરવા પૂર્વક બોલવા માંડી. કે-"હે પાપીણી ! તારો પતિ પરદેશ ગયો એટલે આવું બન્નેના કુળને કલંક લગાડનારૂ આ પાપ તે કેમ આચર્યું કે જેથી તું પેટ વધારનારી (ગર્ભિણી) બની.

અત્યાર સુધી તારી અવજ્ઞા કરનારા પુત્રનો જ હું વાંક સમજતી હતી પણ આટલા લાંબા સમય સુધી અમે તને ઓળખી ના શકયા કે તું વ્યભિચારિણી છે, કુલટા છે."

આ પ્રમાણે સાસુથી આકરા શબ્દોથી તિરસ્કાર પામેલી અશ્રુ સારતી અંજના સુંદરીએ પતિના આગમનની નિશાની રૂપ પવનંજયના નામવાળી વીંટી સાસુને બતાવી. પણ આથી તો બળતામાં ઘી હોમાયું.

લજ્જાથી નીચા મુખવાળી અંજનાસુંદરીને સાસુએ ફરી તિરસ્કાર પૂર્વક કહ્યું કે-"જે તારૂં નામ પણ લેતે ન હતો. તેની સાથે તારો સંગ થયો જ કયાંથી હોય ? તું વીંટી બતાવવા માત્રથી અમને છેતરવાનું બંધ કર, લોકોને છેતરવાના ઘણા રસ્તાઓ તારી જેવી કુલટાઓ જાણતી હોય છે. સ્વચ્છંદ રીતે ભટકનારી તું આજેને આજે જ મારા ઘરમાંથી નીકળી જા અને જા તારા બાપને ઘેર. હવે પછી અહીં એક ક્ષણ પણ ના રહીશ. આ સ્થાન તારી જેવી વ્યભિચારીણીઓને રહેવા માટે નથી."

આ રીતે અંજનાની હકીકત વિનાના આકરા વચનો વડે તર્જના-તિરસ્કાર કરીને અંજનાને તેના પિતાના ઘરે મૂકી આવવા માટે રાક્ષસી જેવી દયાહીન નિર્દય તે સાસુએ આરક્ષકોને આદેશ કર્યો

પેટ ખાતર રાજ્યની દરેકે દરેક આજ્ઞાઓને મને કે કમને કરવા મજબૂર બનેલા આરક્ષકો વસંતતિલકા સહિત. અંજના

(જુઓ ટાઈટલ ૩જું)

કૃપાળુદેવ પરમ પૂ. આચાર્યશ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મોદાણી ગુરુજી (ભુજવાળા)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (અમલનેર)
સુરેશચંદ્ર વીરચંદ મેઢ (વડોદરા)
ધનવંતરાય પદમશી ગુરુજી (થાનગઢ)

વર્ષ ૬ | ૨૦૫૦ ચૈત્ર વદ-૮ મંગળવાર તા. ૩-૫-૯૪ [અંક ૩૭

卐 શ્રી જિન ભક્તિ 卐

પ્રવચનકાર : પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.

(સં. ૨૦૨૮ કા. વ. ૧૩ મંગળવાર તા. ૧૬-૧૧-૧૯૭૧) ખેડા

(પ્રવચન ત્રીજું)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા મહાપુરૂષો ફરમાવી રહ્યા છે કે–"આ સંસારમાં હું જ્યાં સુધી રહું ત્યાં સુધી શ્રી જિન ભક્તિ સદાને માટે હોજો."

ભગવાન શ્રી જિનેશ્વર દેવોનાં પરમતારક બિંબોને ગાદીનશીન કરવાનો ઉત્સવ ચાલી રહ્યો છે ભગવાનને ગાદીએ બેસાડવા પૂર્વે, હૈયામાં બેસાડવા જોઈએ. તે માટે આપણે વાત કરી રહ્યા છે કે, આ સંસાર દુઃખમય છે, કેમકે, પાપમય છે. દુઃખ પાપથી જ આવે. સંસારમાં રહેવું અને દુઃખથી ડરવું તે બેનો મેળ ન જામે. પાણીમાં રહેવું અને મગરમચ્છથી ડરવું તે ચાલે ? સંસારમાં તો દુઃખ આવે, આવે ને આવે જ, ન આવે તે નવાઈ. દુઃખથી બચવું હોય તો પાપથી આઘા રહેવું પડે. પાપ, સંસારની સુખ સામગ્રી માટે કરાય છે માટે તેનાથી દૂર રહેવું જોઈએ.

આ મુંજગત દુઃખથી ભાગાભાગ કરે છે. પણ દુઃખ શાથી આવે છે તેનો વિચાર કેટલા કરે છે ? દુઃખ પાપથી જ આવે છે તો કયા કયા પાપ છે તે પણ જાણવું પડે છે ? રાગાદિ જ મોટામાં મોટા પાપ છે આ વાત કેટલા માને ? હિંસા-જૂઠ-ચોરી પાપ ખરા પણ તે રાગાદિને આભારી છે રાગાદિ ના હોય તો હિંસા-જૂઠ-ચોરી કર-

વાની જરૂર પડે ખરી ? જગતના સારામાં સારા પદાર્થો ઉપર રાગ તે જ પાપ ! આ વાત તમારા મગજમાં ઉતરવી સહેલી છે ? બુધ્ધિમાં બેસે તેવી છે ? હૈયાને અડે તો જ કામ થાય.

રાગ હોય એટલે દ્વેષ આવે. પછી ક્રોધ-માન-માયા-લોભ આવ્યા વિના રહે નહિ. પછી હિંસા-જૂઠ-ચોરી અને બદમાશી અને પરિગ્રહ વિના ચાલે નહિ. પછી કલહ પણ કરે, કોઇને ખોટું આળ પણ આપે, ચાડી ચૂગલી પણ કરે, જરાક અનુકુળતા મળે તો રાજી રાજી થઇ જાય અને પ્રતિકૂળતા આવે તો દુઃખી દુ ખી થઇ જાય બીજાની નિંદા કર્યા વિના તો રહે નહિ. આજે તો સફાઇપૂર્વક જૂઠ ન બોલે તેવા કેટલા ? બધાનો બાપ મિથ્યાત્વ લહેરમાં હોય ત્યાં સુધી કોઇની દેન છે કે આ બધાને પાપ લાગવા દે ! દુઃખથી આખી દુનિયા ગભરાય છે પણ પાપની ગભરામણનું નામ નથી. **પાપની ગભરામણ ન થાય ત્યાં સુધી ભગવાન, ભગવાન તરીકે ઓળખાવા કઠીન.** તમારે ભગવાન પણ કેવા જોઇએ ? ગમે તેટલું પાપ કરીએ પણ દુઃખ ન આપે તેવા અને બધાં ધાર્યા સુખ આપે તેવા. દુઃખથી બચવા અને સુખ મેળવવા વારંવાર ભગવાનનું નામ દે તેને આપણા ભગવાન સાથે મેળ જામે ખરો ?

આપણા ભગવાન વીતરાગ છે. તો વીતરાગ પાસે દુઃખથી બચવા અને સુખ મેળવવા જવાય ? કે દુઃખને મજેથી સહન કરવાનો અને સુખથી બચવાનો માર્ગ મેળવવા જવાય ? પાપ કરવું છે અને દુઃખ જોઇતું નથી. તેમ કહો તે ચાલે ? 'પાપની બુદ્ધિ નાશ પામો' તેવું ભગવાન પાસે માગનારા કેટલા ? પાપરહિત જીવન જીવવું તો આજે પણ જીવી શકાય છે ને ? તેવું જીવન જીવનારા જીવો છે ને ? તમને તેવું જીવન જીવવાનું મન થાય છે ખરું ? **સાચું માનવજીવન જ તે જે એક પાપ કરે નહિ !**

પાપ મજેથી કરવા છતાં પાપની સજા દુ ખ જોઇએ નહિ. તે માટે દેવની મહેરબાની માગે, ગુરૂના આશીર્વાદ માગે અને ધર્મને ઢાલ બનાવે તેના હૈયામાં ભગવાન પેસે ખરા ? તેવા આત્માઓ મોટી મોટી બોલીઓ બોલી ભગવાનને બેસાડે તો પણ સાચો લાભ થાય ખરો ? ભગવાન જેના હૈયામાં વસે તેને તો 'દુઃખ માત્ર આશીર્વાદ લાગે અને જાય દુનિયાના બધા સુખોનો લાગે' આત્માના પરિપૂર્ણ ધર્મને પ્રગટ કરવાનો આ જ રાજમાર્ગ છે. આ રાજમાર્ગે ચાલે તેને પાપ કરવાનું મન થાય જ નહિ. કદાચ કયારેક પાપ કરવું પડે તો દુઃખી હૈયે, કમને જ કરે.

ગમે તેવા સંયોગો આવે પણ 'હું પાપ ન જ કરું' આવો નિર્ણય કેટલાને છે ?

આવો નિર્ણય ન હોય તેના ઉપર વિશ્વાસ રાખવો હોય તો રખાય ? યોગંદવિધિ સમજો છો ને ? આ શ્રી જૈનશાસનની યોગંદવિધિ સમજાવી રહ્યો છું. 'પાપ મરી જાઉં પણ, ન કરું. સ્વાર્થ હોય તો ય ન કરું. પાપ કરીને સ્વાર્થ સાધવો નથી, જીવવા ખોટું કરવું જ નથી. જે મળે તેમાં મજેથી જીવીશ પણ ખોટું તો નહિ જ કરું" આવા નિર્ણય વાળા કેટલા મળે ?

આજે તમે સ્વાર્થ-પરમાર્થના નામે પણ ઘણું ખોટું કરો છો. સ્વાર્થ-પરમાર્થ પણ સમજતા લાગતા નથી, આજના પરોપકારમાં ય ઊંડે ઊંડે સ્વાર્થ વિના કશું દેખાતું નથી. આવી સ્થિતિ બદલાયા વિના હૈયામાં ભગવાન કયાંથી આવે ? પછી ભગવાન મંદિરમાં રહે, ગુરૂ ઉપાશ્રયમાં રહે અને ધર્મ પુસ્તકમાં રહે પણ હૈયામાં કાંઇ ન આવે ? હૈયાનો કચરો સાફ થયા પછી વાત. **પાપ કરવું અને સજા જોઇએ નહિ એ વૃત્તિવાળાનું હૈયું જ ખરાબ.** ગુનો કરવો અને સજાથી ભાગવું તે કોનું કામ ? ડાકુનું કે સજ્જનનું ? પાપ મજેથી કરવા અને સજાથી ભાગતા ફરવું, સજાથી બચવા ભગવાનનો, સાધુનો અને ધર્મનો આશ્રય કરવો તે કેવી ઠગવિદ્યા કહેવાય ?

તમે તમારી જાતને ય ઓળખો છો ખરા ? ખરાબ કામ જાણો છો ને ? છતાં પણ મજેથી ગોઠવી ગોઠવીને કરો છો અને સારાં કામ શક્તિ છતાં પણ કરતા નથી, સારા કામને ય ધક્કે ચઢાવો છો અને સારાં કામ લાવનારને પણ ધક્કે ચઢાવો છો. કદાચ કોઇ વળગાડવા આવે તો લઢીને ઊભા થઇ જાઓ ને ? મારી હાલત આવી છે છે તેમ લાગે છે ? આવા જીવ કહે કે, મારે દુઃખ તો ન જ જોઇએ, દુઃખથી ભાગ-ભાગ કરે તો તેને કેવો કહેવાય ? બીજા આવા-તેવા છે તેમ કહો છો તો તમારી જાત કેવી છે તેનો વિચાર કરો છો ખરા ?

આયુષ્ય ટુંકું છે જવાનું નકકી છે. મુકિત ન થાય ત્યાં સુધી ચાર ગતિમાં જવાનું છે. જનાવર અને મનુષ્ય ગતિ તો નજરે દેખાય છે. મારે મરીને દુર્ગતિમાં જવું નથી અને સદ્ગતિમાં જવું છે. માટે દુર્ગતિમાં જવાય તેવાં કામ કરવા નથી અને સદ્ગતિમાં જવાય તેવાં કામ કરવા છે. જો આવો નિર્ણય બધા જ કરી લે તો પાપ ગોઠવીને મજેથી કરાય ? સારા કામ નહિ કરવાની યોજના પણ ઘડાય ?

આજે આસ્તિકના વેષમાં નાસ્તિક ઘણા છે. પરલોક ન બગડે તેનો વિચાર પણ ન કરે તે બધા કેવા કહેવાય ? આપણે આત્મા છીએ. સારું થયું માટે કોંક જગ્યાએથી અહીં આવ્યા છીએ. અહીંથી જવાનું પણ નકકી છે જો ખરાબ કરીશ તો ખરાબગતિમાં

જ જવું પડશે–આ વાત બુદ્ધિને અડે છે ? તમે બધા તો કહો કે, આવો વિચાર આવ્યો નથી અને કરવાની તૈયારી પણ નથી. આજના ભણતરમાં આ વાત આવતી નથી અને ઘરમાં પણ આ વાત થતી નથી. બાપ–દીકરો, મા–દીકરી, શેઠ–નોકર, પર-સ્પર આ વાત કરે ખરા ? આટલી સારી જગ્યાએ આવેલાને આ વિચાર પણ ન આવે, તે ભણતર પણ કેવું કહેવાય ?

આજના મોટાભાગને સુદેવ–સુગુરુ અને સુધર્મ ફાવતા નથી. તમારે તો બધું ફાવતું જોઇએ છે. પાપ કરવા છતાં પણ દુઃખ ન આપે તેવા દેવ જોઇએ છે. આપણી બધી વાતમાં હાએ હા કરે તેવા સાધુ જોઇએ છે અને આપણે ગમે તેમ ઘાલીએ પણ અમે તો સારા છીએ તેમ કહે તે ધર્મ ગમે છે. પછી અમારો અને તમારો મેળ ખાય ખરો ? અમે તો તમને ટક ટક કરનારા જ લાગીએ ને ? તમારે કાંઇ વિચાર કરવો છે કે જેમ ચાલે તેમ ચાલવા દેવું છે.

જો અહીં ભૂલ્યા તો ઘણું ભટકવું પડશે, માત્ર ભણવાથી કામ નહિ ભણવાનું પણ શાને માટે છે ? સાચું–ખોટું સમજવા ભણ્યા છો ? સંતાનોને ભણાવો છો ? આજે શિક્ષણનો વાયરો વાયો છે તે શા માટે ? સાચું–ખોટું સમજવ, સાચું–ખોટું સમજીને સાચું કરવા અને મરી જાય પણ ખોટું ન કરે તે માટે કે પેટ માટે ? વિદ્યા પણ પેટ માટે ભણાય ? 'सा विद्या या विमुक्तये' આવા બોર્ડ લગાવો તે ગપ્પું છે ને ? તમે સંતાનોને શા માટે ભણાવો છો ? આ ભણીને હોંશિયાર થાય, મારાથી સવાયો પાકે, ઘણા પૈસા કમાય અને મોજમજા કરે તે જ હેતુ છે કે બીજો ? આ જ હેતુ હોય તો શિક્ષણ લાભદાયી કઇ રીતે બને ? તેવા શિક્ષણના વખાણ અમારાથી થાય ? તેવી શિક્ષણ સંસ્થાઓમાં અમારી સંમતિ હોય ?

આ મનુષ્ય જન્મ શા માટે છે ? એકલો ધર્મ કરવા માટે જ છે તે વાત કેટલી વાર સાંભળી છે ? પણ આજે આ મનુષ્ય જન્મ ધર્મ માટે ગયો અને ભોગ માટે થયો છે. ભોગ પણ પૈસા વિના મળે નહિ ખરા ? પૈસા પણ સીધી રીતે મેળવો કે જે રીતે મળે તે રીતે મેળવો ? ભોગ પણ સીધી રીતના મળે તેટલા જ જોઇએ કે વધારે મેળ-વવા જે કરવું પડે તે બધું કરો ? પૈસા અને ભોગ પાછળ આ જન્મ પૂરો થઇ જાય તો ધર્મ ક્યારે કરવાનો ?

(ક્રમશઃ)

卐

'ધાર્મિક વહીવટ વિચાર' ની અશાસ્ત્રીયતા

— પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ.

(ગતાંકથી ચાલુ)

સ્વ. પૂજ્યપાદ આ. ભ. શ્રી. વિ. રામચન્દ્ર સૂ. મ. સા. નું કલ્પિત દેવદ્રવ્ય અંગેનું મંતવ્ય અને સ્વપ્નાની બોલી વગેરે દ્રવ્ય અંગેનું મંતવ્ય આપણે સૌ જાણીએ છીએ. એટલે એ અંગે જણાવવાનું રહેતું નથી. વિ. સં. ૨૦૪૪ના સંમેલનના સૂત્રધારોએ તેઓશ્રીને સંમેલનથી દૂર રાખી સ્વ. પૂજ્યશ્રીના વિચારોનું પરોક્ષ રીતે તો અનુમોદન જ કર્યું છે.

'કલ્પિત દ્રવ્ય'ની શાસ્ત્રવિરુદ્ધ વ્યાખ્યા કરવાથી પં. શ્રી ચંદ્રશેખર વિ.ગ.મ. ને પુસ્તકમાં અનેક છબરડા વાળવા પડયા છે. **સ્વ. પૂ.આ.ભ શ્રી.વિ. રામચન્દ્ર સૂ.મ. સાહેબે પૂજાદિ માટે દેવદ્રવ્યની વૃધ્ધિ કરવાનું જ્યાં જ્યાં ફરમાવ્યું છે, ત્યાં ત્યાં તે દેવદ્રવ્યની દેવપૂજાદિ માટેના દ્રવ્યરૂપે સમજવાના બદલે પોતાની દુષ્ટ વાસનાથી વાસિત બની પોતાની માન્યતા મુજબના (શાસ્ત્રાનુસારે નહિ) કલ્પિત દેવદ્રવ્ય રૂપે તેઓશ્રી વર્ણવી રહ્યા છે.** તેઓશ્રીની આ નિરૂપણશૈલીને ખરેખર ધન્યવાદ આપવા જોઇએ. સ્વ. પૂજ્ય પરમારાધ્યપાદશ્રીના પુણ્યનામે પોતાનું ધાર્યું કરવાની વૃત્તિ; એ એક જાતની માયા છે. સ્વ. પૂજ્ય પરમારાધ્યપાદશ્રીનાં શાસ્ત્રીય મંતવ્યની સાથે તેઓ સમ્મત નથી તો સ્વ. પૂજ્ય પરમારાધ્યપાદશ્રીના પુણ્યનામનો ઉલ્લેખ કરવાથી દૂર રહેવાની પ્રામાણિકતા તેઓશ્રીએ રાખવી જોઇએ. પોતાના પુસ્તકમાં સ્વ. પૂ. પરમારાધ્યપાદશ્રીનાં મંતવ્યોને વિરોધાભાસી ગણાવવાં અને છતાં તેઓશ્રીની સંમતિ શોધવા નીકળવું —એ કેટલું વિચિત્ર છે? આવી અપ્રામાણિકતા વર્ષોના અભ્યાસે એમને તો કોઠે પડી ગઇ છે, પણ આપણાથી એ જીરવાતી નથી.

વર્તમાનમાં 'દેવદ્રવ્ય' તરીકે પ્રસિદ્ધ દ્રવ્ય નીચે જણાવ્યા મુજબ છે. પ્રભુજીની સામે અક્ષતાદિ નાખવા માટે મુકાયેલ ભંડારમાંથી પ્રાપ્ત થયેલ દ્રવ્ય; પ્રભુજી સામે ધરાએલ અક્ષત, ફળ નૈવેદ્ય વગેરેના વેચાણથી પ્રાપ્ત થયેલ દ્રવ્ય; પ્રભુજીની પૂજા આંગી વગેરે માટે વપરાયેલ સામગ્રીના વેચાણથી પ્રાપ્ત થયેલ દ્રવ્ય, સ્વપ્ના વગેરેની બોલી, ઉપધાન અને સંઘમાળા અંગેની બોલી, અષ્ટપ્રકારી પૂજા, આરતિ, મંગલદીવો, શાંતિકલશ વગેરેની બોલી; રથયાત્રા સંબંધી બોલી, પ્રતિષ્ઠા, અંજનશલાકા, શિલાસ્થાપન, ખનન, દ્વારોદ્ઘાટન વગેરેની બોલી, ઉપધાનાદિના નકરા, પૂ. ગુરૂદેવશ્રીના પૂજનની અને તેઓશ્રીને કામળી વહોરાવવા માટેની બોલીની પ્રાપ્ત દ્રવ્ય; પૂ. ગુરૂદેવશ્રીની આગળ કરાયેલી ગહુંલી તેમજ તેઓશ્રીના પૂજન [illegible]

દીક્ષિતનું નામ જાહેર કરવાની ઉછામણીનું દ્રવ્યઃ આ બધું દેવદ્રવ્ય ખાતે જમા કરવામાં આવે છે. તદુપરાંત ઉપર જણાવેલ દેવદ્રવ્યનું વ્યાજ કે ભાડા વગેરેની રકમ પણ દેવદ્રવ્યમાં જમા કરવામાં આવે છે. આ રકમનો ઉપયોગ જીર્ણોદ્ધાર માટે કે શ્રી જિનાલયના નિર્માણાદિ કાર્ય માટે કરાય છે. જૈનેતર પૂજારી કે મહેતાજી વગેરે માત્ર શ્રી જિનાલયનું જ કાર્ય કરતા હોય તો તેમનો પગાર સાધારણ અશકય હોય તો આ દેવદ્રવ્યમાંથી અપાય છે, જે વસ્તુતઃ એક અપવાદ છે. રથયાત્રાની બોલીની રકમ આ દેવદ્રવ્ય ખાતે જમા કરવી જોઇએ. આ રકમમાંથી સાંભેલા વગેરેનો ખર્ચ કાપી લેવાની પ્રવૃત્તિ યોગ્ય નથી. કોઇપણ સ્થાન સાથે પૂજ્ય આચાર્ય ભગવન્તોના નામ જોડવાથી તે તે સ્થાને ચાલતી પ્રવૃત્તિ શાસ્ત્રીય બની જતી નથી– એ યાદ રાખવું જોઇએ.

આથી સમજી શકશો કે શાસ્ત્રમાં જણાવેલ પૂજાદ્રવ્ય અને કલ્પિત દ્રવ્ય (સંબોધ પ્રકરણમાં જણાવ્યા મુજબનું; 'ધાર્મિક વહીવટ વિચાર'માં પં. શ્રી ચંદ્રશેખર વિ. ગ. મહારાજે જણાવ્યા મુજબનું નહિ) : આ બંન્ને દેવદ્રવ્યના ભેદ વર્ત્તમાનમાં પ્રસિધ્ધ દેવદ્રવ્યના પ્રકાર નથી. નિર્માલ્ય દ્રવ્ય સ્વરૂપ દેવદ્રવ્ય ઉપર જણાવેલ દેવદ્રવ્યમાં સમાતું હોવા છતાં ઉપર જણાવેલ વર્ત્તમાનપ્રસિધ્ધ દેવદ્રવ્યનો ઉપયોગ; પૂજા વગેરેમાં કરવાનો ન હોવાથી પુસ્તકમાં પં. શ્રી ચંદ્રશેખર વિ.ગ. મહારાજે નિર્માલ્ય દેવદ્રવ્યમાંથી પૂજા થવાનો જે ભય દર્શાવ્યો છે, તે તદ્દન કાલ્પનિક છે. ઉપર જણાવેલ દેવદ્રવ્યની રકમમાં નિર્માલ્ય દેવદ્રવ્યનો અંશ ખૂબ જ અલ્પ છે અને એ દ્રવ્યમાંથી મુકુટાદિ આભૂષણો તો બનાવાય જ છે. આ વસ્તુને ધ્યાનમાં લીધા વિના કાલ્પનિક વાતો કરી પોતાની શાસ્ત્રનિષ્ઠા બતાવવાનો તેમનો પ્રયાસ અર્થહીન છે.

વર્ત્તમાનમાં ઘણા સ્થળે શ્રી જિનાલયના ખર્ચ માટે સાધારણની તિથિઓ, વાર્ષિક લવાજમ અથવા સાધારણ ખાતે ભેટ વગેરેમાં રકમ આવતી હોય છે. આ રકમમાંથી પૂજા વગેરેનો દેરાસર સંબંધી ખર્ચ કરી શકાય છે. આ ઉપરાંત વધ ઘરમ્યાન વાપરવા માટે અપેક્ષિત અષ્ટપ્રકારી પૂજાની સામગ્રીની બોલીની રકમ પણ ઘણા સ્થળે આવે છે–એમાંથી અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી માટે ખર્ચ કરી શકાય છે અને તેનાથી શ્રેષ્ઠ એવા જીર્ણોધ્ધારાદિના કાર્ય માટે તેનો ઉપયોગ કરાય છે. પરન્તુ આ રકમથી પૂજારી વગેરેને પગાર આપી શકાય નહિ. અષ્ટપ્રકારી પૂજાના ચઢાવામાં એક સામગ્રીની રકમ બીજી સામગ્રીમાં વાપરી શકાય. જેમ કે દીપકપૂજાના ચઢાવાની આવક કરતાં, દીપક માટેના ઘીનો ખર્ચ વધી જાય તો તે કેસરપૂજાની ચઢાવાની રકમમાંથી લઇ શકાય. ચઢાવા બોલતી વખતે જ આવી ચોખવટ કરી લેવી જોઇએ.

'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તકમાં લેખકશ્રીએ પોતાની વિચારધારામાં શ્રી કલ્યાણ વિ.મ. ની પણ સંમતિ દર્શાવી છે. પરન્તુ સ્વ. શ્રી કલ્યાણ વિ મ. ની

'ગીતાર્થતા', એમની 'શાસ્ત્રનિષ્ઠા' અને 'ગુરુપરતંત્રતા' વગેરેથી પં. શ્રી ચંદ્રશેખર વિ.ગ.મ. સહિત તે વખતનો બધો શ્રદ્ધાલુ શ્રીસંઘ પરિચિત છે. છતાં તેઓશ્રી તેમનો ઉપયોગ કરી રહ્યા છે–એથી પણ પં. શ્રી ચંદ્રશેખર વિ.ગ.મ.ની 'ગીતાર્થતા', 'શાસ્ત્રનિષ્ઠ' અને 'ગુરુપરતંત્રતા' સ્પષ્ટ થાય છે.

છેલ્લે પુસ્તકમાં વિ.સં. ૧૯૯૦ના સંમેલનની અપેક્ષાએ, પોતે જેના એક સૂત્રધાર હતા, તે વિ.સં. ૨૦૪૪ના સંમેલનની શ્રેષ્ઠતા વર્ણવી છે. વિ.સં. ૧૯૯૦ના સંમેલને દેવદ્રવ્યની કોઈપણ જાતની ભેળ-સેળ કર્યા વિના અપવાદરૂપે દેવદ્રવ્યમાંથી પ્રભુજીની પૂજા કરવા જણાવ્યું હતું. જ્યારે વિ.સં. ૨૦૪૪ના સંમેલને વાસ્તવિક દેવદ્રવ્યને કલ્પિત દેવદ્રવ્ય ગણાવી, એ દેવદ્રવ્યમાંથી પૂજા કરવાનું જણાવ્યું છે.

દેવદ્રવ્યને દેવદ્રવ્ય તરીકે જ ઓળખાવી તેનો આપવાદિક ઉપયોગ બતાવવો : અને દેવદ્રવ્યને દેવદ્રવ્ય મટાડી કલ્પિત દ્રવ્ય' (દેવકુ સાધારણ) બનાવી દઈ તેનો ઉપયોગ બતાવવો : આ બેમાં જે તાત્ત્વિક ભેદ છે, તે પંન્યાસજી સમજતા ન હોય તો તેઓ અગીતાર્થ છે; અને સમજતા હોય તો તેઓ શ્રીસંઘને છેતરી રહ્યા છે. વિ.સં. ૧૯૯૦ના સંમેલને શક્તિના અભાવમાં છૂટ આપી. વિ.સં. ૨૦૪૪ના સંમેલને ભક્તિના અભાવમાં છૂટ આપી. શક્તિનો અભાવ અને ભક્તિનો અભાવ : આ બે વચ્ચેનો ફેર પણ ગીતાર્થ સમજી શકે છે. અને તે ગીતાર્થ 'શઠ' ન હોય તો અન્યને સમજાવી શકે છે. શક્તિનો અભાવ પાપોદય છે. ભક્તિનો અભાવ પોતે જ પાપ છે. સાદી ભાષામાં સમજાવીએ તો ગરીબ અને ગુનેગાર : વચ્ચેના ફેર જેવા ફેર છે. ગરીબનો ગુનો માફ થાય, ગુનેગારનો ગુનો માફ ન કરાય.

'ધાર્મિક વહીવટ વિચાર'માં આવી તો અનેક શાસ્ત્ર અને શાસ્ત્ર માન્ય પરંપરાથી નિરપેક્ષ વિચારધારા પં. શ્રી ચંદ્રશેખર વિ.ગ.મ. સાહેબે વર્ણવી છે. મુ. શ્રી અભયશેખર વિ. મહારાજે તૈયાર કરેલું પરિશિષ્ટ–૨ પણ એમાં સમાવ્યું છે. પં. શ્રી ચંદ્રશેખર વિ.ગ. મહારાજે મારી ધારણા મુજબ એ પરિશિષ્ટ કાં તો વાંચ્યા વિના અથવા તો સમજ્યા વિના જ છપાવરાવ્યું છે. એ પરિશિષ્ટમાં ૧૩૨માં પેજ ઉપર છેલ્લા પરિચ્છેદમાં 'નિર્માલ્ય દેવદ્રવ્ય' થી પૂજા કરવાનું શાસ્ત્રસિદ્ધ છે. એમ મુનિશ્રી જણાવે છે. જ્યારે પં. શ્રી ચંદ્રશેખર વિ.ગ. મહારાજે પુસ્તકમાં અનેકવાર એ અંગે સ્પષ્ટ નિષેધ કર્યો છે. આ એક જ નમૂનો આપું છું. આવા તો અનેક નમૂના છે. 'સ્વદ્રવ્યથી પૂજા કરવી જોઈએ' એ વિધાનને કદાગ્રહ ગણાવવાની ધૂનમાં ને ધૂનમાં મુનિશ્રીએ જે છબરડા વાળ્યા છે–એ સમજવા માટે સમગ્ર પુસ્તકની સાથે એ પરિશિષ્ટ-૨ નું અનેકવાર ખૂબ જ

સ્વસ્થતાથી વાંચન કરવું પડશે. પરિશિષ્ટ –૨ માં પે. નં. ૧૩૭ ઉપર મુનિશ્રી જણાવે છે કે–

"ઇન્દ્રે મંગાવેલ ક્ષીરસમુદ્રનું પાણી વગેરે સામગ્રીથી બધા દેવો વગેરે પ્રભુજીને અભિષેક કરે છે. આ સામગ્રી તે તે દેવાદિને સ્વદ્રવ્યરૂપ નથી. શું એટલા માત્રથી તેઓને માટે એમ કહી શકાય કે 'પરદ્રવ્યથી અભિષેક કર્યો એમાં ભક્તિ શું કરી ?"

આ અંગે મુનિશ્રીને પૂછવું જોઇએ કે આ પરદ્રવ્ય હતું તો કોનું હતું ? કલ્પિત દેવદ્રવ્યમાંથી લાવેલા ? લાવનારને કેટલો અને કયા ખાતામાંથી પગાર આપેલો ? પોતાની તાર્કિકતાનું 'પ્રદર્શન' ખૂબ જ સરસ રીતે અહીં કર્યું છે. "કોઇ સંઘ કાઢે, ઉપધાન કરાવે અને સાધર્મિક ભક્તિ કરે; તો સંઘમાં જવાય, ઉપધાન કરાય અને જમવા પણ જવાય, પણ પૂજા પરદ્રવ્યથી ન કરાય-આ કેવો આગ્રહ ?" આવી પણ દલીલો લેખકશ્રીએ કરેલી છે. એ અંગે જણાવવાનું કે સંઘ કાઢવા વગેરેની પ્રવૃત્તિ આપણે જેમ સ્વદ્રવ્યથી કરીએ છીએ, તેમ પૂજા પણ સ્વદ્રવ્યથી કરવી. આપણા દ્રવ્યથી પૂજા કરાવવાનો કોઇ નિષેધ કરતું નથી. પારકા દ્રવ્યની પૂજા કરવાનોય એકાન્તે નિષેધ નથી, નિષેધ દેવદ્રવ્યથી થતી પૂજાનો છે.

શ્રી જિનાગમાદિ ધર્મગ્રન્થોના લેખન રક્ષણ આદિ કાર્યોમાં ઉપયોગ કરવાનું 'જ્ઞાનદ્રવ્ય' વર્ત્તમાનમાં નીચે જણાવ્યા મુજબ અનેક રીતે પ્રાપ્ત થતું હોય છે. જ્ઞાનપૂજન, શ્રી કલ્પસૂત્રાદિ અંગેની ઉછામણી,–જ્ઞાનની પૂજા જ્ઞાનની અષ્ટપ્રકારી પૂજા વગેરેની ઉછામણી, પ્રતિક્રમણાદિમાં સૂત્રો બોલવા અંગેની બોલી, અને દીક્ષાદિ પ્રસંગે નવકારવાલી કે પટ વગેરે વહોરાવવા અંગેની બોલી વગેરે દ્વારા પ્રાપ્ત થયેલી રકમ જ્ઞાનદ્રવ્ય છે. શ્રી જિનાગમાદિ ધાર્મિક ગ્રન્થોના લેખનાદિમાં, પૂ. સાધુ–સાધ્વી ભગવન્તોને ભણાવનાર જૈનેતર વિદ્વાનોને પગાર આપવામાં, પુસ્તકો મૂકવા માટે કબાટ આદિ લાવવામાં અને જ્ઞાનભંડાર બનાવવા વગેરે કાર્યમાં આ જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ કરી શકાય છે. અહીં એ યાદ રાખવું જોઇએ કે કોઇ ગૃહસ્થ સાતક્ષેત્રાન્તર્ગત આ જ્ઞાન માટે અમુક રકમ આપે, તે રકમ, ઉપર જણાવેલા જ્ઞાનદ્રવ્યની નથી, માત્ર જ્ઞાન માટેની છે. આ રકમથી ખરીદાયેલા કે લખાવેલા પુસ્તકો આદિનો ઉપયોગ શ્રાવક-શ્રાવિકા પણ કરી શકે છે, પરંતુ ઉપર જણાવેલા જ્ઞાનપૂજન આદિ પ્રકારોથી પ્રાપ્ત થયેલી જ્ઞાનદ્રવ્યની રકમથી ખરીદાયેલા પુસ્તકાદિનો ઉપયોગ શ્રાવક–શ્રાવિકા વર્ગથી કરાય નહિ માત્ર સાધુ–સાધ્વીજી ભગવન્તો જ તેનો ઉપયોગ કરી શકે છે. શ્રાવક–શ્રાવિકા તેનો ઉપયોગ કરે તો તેનો ઉચિત નકરો જ્ઞાન ખાતે આપવો જોઇએ. કેટલાક સ્થળે ઉપર જણાવ્યા મુજબ સૂત્રની બોલીથી પ્રાપ્ત થયેલો રકમ

દેરાસરમાં ઘી વગેરે લાવવા માટે વપરાય છે એ વ્યાજબી નથી. આ જ્ઞાન ખાતાની રકમના વ્યયથી કયા પુસ્તકો છપાવાય, લખાવાય કે ખરીદાય–એનો નિર્ણય યોગ્ય ગીતાર્થ પૂ આચાર્ય ભગવન્તો વગેરેને પૂછીને કરવો જોઇએ. વર્તમાનમાં આ જ્ઞાનદ્રવ્યની રકમના ઉપયોગથી જે સાહિત્ય છપાય છે કે ખરીદાય છે, એ બધું જ બરાબર છે–એવું માની શકાય એવું નથી.

સાતક્ષેત્રમાં ચોથું અને પાંચમું ક્ષેત્ર–સાધુ અને સાધ્વી છે. તેઓની વૈયાવચ્ચ માટે વાપરવા યોગ્ય દ્રવ્યને વૈયાવચ્ચ ખાતાનું દ્રવ્ય કહેવાય છે. આ વિષયમાં 'ધાર્મિક વહીવટ વિચાર'માં લેખકશ્રીએ જે વર્ણવ્યું છે. તેનો વિચાર કરવાની જરૂર છે. શાસ્ત્રકાર પરમર્ષિઓની અપેક્ષાનો વિચાર કર્યા વિના જ વિ. સં. ૨૦૪૪ના સંમેલને વૈયાવચ્ચ ખાતાને સદ્ધર કરવા શાસ્ત્રને અદ્ધર કરી દીધાં છે.

આજ સુધી વૈયાવચ્ચ ખાતે જે કોઇ રકમ લેખમાં આવતી હતી તે, અને દીક્ષા વખતે (પુસ્તક અને નવકારવાળી સિવાયનાં) ઉપકરણ વહોરાવવાની બોલીની જે રકમ હતી, તે બે જ રકમ વૈયાવચ્ચ ખાતે આવતી હતી. પરન્તુ વિ. સં. ૨૦૪૪ના સંમેલને ગુરૂપૂજનનું દ્રવ્ય; ગુરૂપૂજનની ઉછામણીનું દ્રવ્ય; ગુરૂ ભગવન્તને કામળી વગેરે વહોરાવવાની બોલીનું દ્રવ્ય પણ વૈયાવચ્ચમાં લઇ જવાનું જણાવ્યું છે. આ અનુચિત પ્રવૃત્તિ માટે કોઇજ શાસ્ત્રનો આધાર નથી. 'ધાર્મિક વહીવટ વિચાર'માં લેખકશ્રીએ અનુચિત પ્રવૃત્તિને પોતાની રીતે શાસ્ત્રના આધારો આપી ઉચિત જણાવવાનો પુષ્કળ પ્રયાસ કર્યો છે. એ પ્રયાસની નિરર્થકતા સમજવા માટે પ્રથમ તો 'ગુરૂ દ્રવ્યનું સ્વરૂપ સમજી લેવું જોઇએ.

ગુરૂની પૂજા માટેનું દ્રવ્ય, ગુરૂની વૈયાવચ્ચ માટેનું દ્રવ્ય કે ગુરૂના નિમિત્તે અર્થાત્ ગુરુના આલંબનને પામી ખર્ચવા માટેનું દ્રવ્ય... વગેરે 'ગુરૂ દ્રવ્ય' કહેવાય છે. આવી કોઇ પણ જાતની વિચારણા કર્યા વિના સામાન્યપણે 'ગુરુ દ્રવ્ય'ને એક ગણી તેનાથી પૂ. સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ થઇ શકે–એ કહેવું સાચું નથી. શાસ્ત્રમાં જેને પૂજાર્હદ્રવ્ય કહેવાય છે. તે પૂજાર્હદ્રવ્ય પણ બે પ્રકારનું છે. પૂ. ગુરૂદેવશ્રીનું પૂજન કરી જે સુવર્ણગીની વગેરે નાણું મૂકાય છે, તે પૂજાર્હદ્રવ્ય છે. અને

"धर्मलाभ इति प्रोक्ते दूरादुच्छ्रितपाणये ।
सूरये सिद्धसेनाय ददौ कोटिं नराधिपः ।।"

અર્થ : જ્યારે પૂ.આ.ભ.શ્રી સિદ્ધસેનસૂરિજીએ દૂરથી જ હાથ ઊંચો કરીને 'ધર્મલાભ' એ પ્રમાણે કહ્યું ત્યારે રાજાએ (વિક્રમ રાજાએ) આચાર્ય ભગવન્તને એક કરોડ સુવર્ણમુદ્રા આપી.

આવી કોઇ પણ રીતે પૂ. ગુરૂ ભગવન્તને આપેલું જે દ્રવ્ય છે તે પણ પૂજાર્હ દ્રવ્ય છે. એમાં પ્રથમ પ્રકારના પૂજાર્હ-

દ્રવ્ય (ગુરુ દ્રવ્યમાં, કામળી વહોરાવવા અંગેની કે પૂ. ગુરુદેવશ્રીને પૂજન કરવા અંગેની બોલીનું દ્રવ્ય પણ સમાવાયેલું છે. આ પ્રથમ પ્રકારના પૂજાર્હ દ્રવ્યનો ઉપયોગ શ્રી જિનાલયના જીર્ણોદ્ધારાદિમાં જ કરાય છે. પરન્તુ કોઈ પણ સંયોગોમાં પૂ સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચમાં એનો ઉપયોગ કરાતો નથી. 'ધાર્મિક વહીવટ વિચાર'માં અનેકસ્થાને લેખકશ્રીએ આ ગુરુપૂજનના દ્રવ્યનો ઉપયોગ વૈયાવચ્ચ આદિમાં કરવાનું જણાવ્યું છે-તે સર્વથા અનુચિત છે. સ્થૂલદૃષ્ટિએ વિચારવાથી પણ સમજી શકાશે કે આ રીતે સુવર્ણગીની વગેરેથી પણ (માત્ર હજાર, પાંચસો, સો વગેરે રૂપિયાથી નહિ) પૂ. ગુરુ ભગવન્તનું પૂજન કરનારનો આશય પૂ સાધુ-સાધ્વીજીની એ દ્રવ્યથી વૈયાવચ્ચ કરાવવાનો હોતો નથી. એવા શ્રદ્ધવર્યો આ રીતે પૂજન કર્યા પછી પણ વૈયાવચ્ચાદિ કાર્ય માટે હજારોની રકમ પૂ. સાધુ ભગવન્તોની સૂચના મુજબ યથાસ્થાને આપતા હોય છે. પૂજન માટેની સુવર્ણગીની વગેરેથી પણ જો વૈયાવચ્ચ કરાવવાનો તેઓનો આશય હોય તો તેઓ સીધી રીતે તે રકમ વૈયાવચ્ચ માટે યથાસ્થાને શા માટે ન આપે ? પૂજન અને વૈયાવચ્ચ : આવા બેવડા લાભ લેવાની માયાથી આરાધક વર્ગે દૂર રહેવું જોઇએ અને ઉપદેશકોએ એ માટે ધ્યાન દોરવું જોઇએ. એના બદલે આવી પ્રવૃત્તિને ઉત્તેજન આપનારા લેખકશ્રી અને વિ.સં. ૨૦૪૪ના સંમેલનના અન્ય સૂત્રધારો સ્વયં માર્ગભ્રષ્ટ બની બીજાઓને માર્ગભ્રષ્ટ બનાવી રહ્યા છે.

ઉપર જણાવેલા બીજા પ્રકારના પૂજાર્હ ગુરુદ્રવ્યનો ઉપયોગ; તે દ્રવ્ય જેમણે અર્પણ કરાયું હોય એ પૂ ગુરુ ભગવન્તની સૂચના મુજબ જીર્ણોદ્ધારાદિ કાર્યમાં કરી શકાય છે. આ બીજા પ્રકારના પૂજાર્હ ગુરુદ્રવ્યમાં પૂ. ગુરુ ભગવન્તને ઉદ્દેશીને વાપરવા કાઢેલી રકમનો પણ સમાવેશ થાય છે. એ દ્રવ્ય વસ્તુતઃ પોતાનું જ છે, પૂજાદિ દ્વારા સમર્પિત નથી. પરન્તુ પૂ. ગુરુ ભગવન્તનો એમાં ઉદ્દેશ હોવાથી જ તે પૂજાર્હ ગુરુદ્રવ્ય છે, જેનો ઉપયોગ આવશ્યકતા મુજબ જીર્ણોદ્ધારાદિ કાર્ય માટે કે વૈયાવચ્ચાદિ કાર્ય માટે કરી શકાય છે.

આથી સમજી શકાય છે કે પૂ સાધુ-સાધ્વીજીના સાક્ષાત્ ઉપયોગમાં આવતા વસ્ત્રપાત્રાદિ કે કારણ પ્રસંગે ઉપયોગમાં આવતા ધાબળા વગેરેની જેમ સુવર્ણાદિ દ્રવ્ય; ભોગાર્હ નથી પરન્તુ ઉપર જણાવ્યા મુજબના બે પ્રકારવાળુ પૂજાર્હ ગુરુદ્રવ્ય છે. આ વાત 'દ્રવ્ય સપ્તતિકા' ગ્રન્થની બારમી ગાથાની ટીકામાં સ્પષ્ટ પણે જણાવી છે. પરન્તુ શાસ્ત્રના નામે ગપ્પાં મારવાનું જેમણે નક્કી કર્યું છે, તેમને કોણ રોકે ? આવા લોકોની અડફેટમાં આવી ન જવાય એટલું આપણે સાચવવાનું છે.

'દ્રવ્ય સપ્તતિકા' ગ્રન્થની ગાથા નં. ૧૨ ની ટીકામાં 'પ્રશ્નોત્તર સમુચ્ચય' 'આચારપ્રદીપ' 'આચારદિનકર' અને 'શ્રાદ્ધ-

વિધિ' વગેરે ગ્રન્થના આધારે ગુરૂપૂજન સિધ્ધ છે--એવું જણાવ્યું હોવા છતાં 'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તકમાં પે. નં. ૧૧૬માં લેખકશ્રી જણાવે છે કે- "ખરી રીતે ગુરૂપૂજા કોઇપણ શાસ્ત્રથી વિહિત હતી નહિ...!"

પુસ્તક ૧ પે. નં. ૬માં લેખકશ્રી જણાવે છે કે ગુરૂદ્રવ્ય એટલે વૈયાવચ્ચ ખાતું. એમની આ માન્યતા માટે તેમણે શ્રાધ્ધજીતકલ્પની ગાથા ૬૮મીનો ઉલ્લેખ કર્યો છે. પણ ગાથાના અર્થનું નિદર્શન લેખકશ્રીએ પે. નં. ૧૧૬માં કરાવ્યું છે અને પરિશિષ્ટ-૩ પે. નં. ૧૪૨ માં ખૂબ જ વિસ્તારથી મુ. શ્રી અભયશેખર વિ. મ. એ કરાવ્યું છે. એ બન્નેનો મેળ કઇ રીતે મળે તે સમજાતું નથી. આટલા વર્ષ સુધી શ્રાધ્ધજીતકલ્પની એ ગાથાનું અધ્યયન લેખકશ્રીએ, પરિશિષ્ટકારે કે તેમના વડિલોએ પણ કર્યું નહિ હોય એમ આપણે માનવું રહ્યું. શાસ્ત્રના અર્થને પોતાના ઇષ્ટ અર્થની સાથે સંગત બનાવવા માટેની તેમની નિરૂપણશૈલી તેમને શોભે એવી જ જ છે. તેમની એક એક યુક્તિ ભવિષ્યમાં પૂજ્યપાદ ગ્રન્થકાર પરમર્ષિઓનો ઉપહાસ કરાવનારી બનવાની છે. સ્વ-પરદર્શનના પરમાર્થને પામેલા તે તે સ્વ. પૂજ્યપાદ ગ્રન્થકારશ્રીની પ્રતિભાથી સર્જાયેલા અર્થ-ગંભીર સૂત્રોના અર્થને સમજવા કે સમજાવવા જેટલી બુધ્ધિ ન હોય તો એવી બુધ્ધિવાળાની નિશ્રા સ્વીકારી સમર્પિત બની જવુ જોઇએ. સમજ્યા વગર સમજાવવા નીકળી પડવાની ધગશથી વિષમ સ્થિતિ સર્જાય છે પાંચ પાંચ ગીતાર્થોની સંમતિથી પ્રકાશિત 'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તક એ ગીતાર્થોની ગીતાર્થતામાં શંકા ઉપજાવે છે. પુસ્તકમાં ઘણા સ્થાને વિ.સં. ૧૯૯૦ના સંમેલનનું અનુકરણ કર્યાનું પં. શ્રી ચંદ્રશેખર વિ.ગ.મ. સાહેબ જણાવે છે અને તે સાચું નથી- એમ પણ તેઓ જાણે છે. નહિ તો તેમને સંમેલનના સમર્થનમાં આવી ચોપડી લખવાની જરૂર જ પડી ન હોત.

પૃ નં. ૧૧૬માં તેઓશ્રીએ ગૌરવાર્હ પદનો જે અર્થ જણાવ્યો છે, એ અંગે તેમને પૂછવુ જોઇએ કે ગૌરવાર્હ સ્થાન કોની અપેક્ષાએ ગણવું ? માત્ર સામાન્યથી "ગૌરવાર્હ" શબ્દનો પ્રયોગ હોય તો શ્રી સંઘ આખો ય "ગૌરવાર્હ" જ છે. ગુરૂપૂજનનું દ્રવ્ય સામાન્યથી ગૌરવાર્હ સ્થાનોમાં વાપરવાની હિમાયત કરનારા સંમેલનવાદી મુનિઓએ સાવચેત થવા જેવું છે. ગુરૂપૂજનની આવક દેવદ્રવ્યને બદલે વૈયાવચ્ચમાં લઇ જવા માટેનો આ તર્ક તો ગુરૂપૂજનની આવક શ્રાવક-શ્રાવિકા ખાતે લઇ જવા ય કામ લાગે તેવો છે. "શું સાધુ-સાધ્વી ગૌરવાર્હ નથી ?" આવા લાલચુ પ્રશ્નની સામે શ્રાવક-શ્રાવિકા ય સવાલ પૂછી શકે એમ છે : "આખો સંઘ ગૌરવાર્હ છે, અમેય તે સંઘના જ એક અંગરૂપ છીએ તો અમે ગૌરવાર્હ નહિ ? આ દ્રવ્ય ઉપર અમારો ય અધિકાર છે." (ક્રમશઃ)

શાસન સમાચાર

સુરત – પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર-સૂરીશ્વરજી મ. આદિ ફા. વ. ૮ કતારગામ શ્રી ચંદ્રકાંત સેમચંદભાઈ ગઢડાવાળાની વિનંતિથી પધારતાં માંગલિક સંઘપૂજન થયા, ૯ વાગ્યે શ્રી રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભવન તરફથી સાગેયું ફરી થયું ને આરાધના ભવન પ્રવચન બાદ સંઘ તરફથી ૨–૨ રૂા. ની પ્રભાવના થઈ વદ ૧૨ છાપરીયા શેરી પ્રવચન અને ભેજણા તરફથી ૧–૧ રૂા. નું સંઘપૂજન થયુ વદ ૧૩ કૈલાસનગર સ્વસ્તિકમાં શાહ વિનોદરાય સેમચંદ ભાડલાવાળાને ત્યાં માંગલિક તથા તેમના તરફથી શ્રીફળની પ્રભાવના થઈ. બાદ મશર રોડ ઉપર સાગેયું થયું તથા સંઘ તથા શાહ રાય-ચંદ કાનજી હરેતાલુંશવાળા તરફથી પ્રભા-વના થઈ અત્રે હાલારી વીશા ઓસવાળ ભાઈઓનો વસવાટ છે વદ ૧૪ શ્રી રામ-ચંદ્ર સૂ આરાધના ભવન પ્રવચન આદિ થયા. વદ ૦)) શાસ્ત્રીનગર શ્રી સંઘ તર-ફથી સાગેયું મંડપમાં પ્રવચન તથા પાંચ ભાવિકો તરફથી ૧–૧ રૂા. નું સંઘપૂજન થયું ત્યાંથી ભકિતનગર સાંજે પધારતાં બારિકોએ લાભ લીધો.

ખંભાત – અત્રે જૈનશાળામાં પૂ મુ. શ્રી મેરૂવિજયજી મ. આદિની નિશ્રામાં શેઠશ્રી બાબુભાઈ છગનલાલ શ્રોફ તથા શેઠશ્રી કાંતિલાલ કેશવલાલ કાપડીઆ તર-ફથી ચૌત્રી ઓળી કરાવવામ આવી ૬૦ ઓળી થઈ હતી ઉત્સાહ સારો હતો.

ભીવંડી – અશોકનગર ખાતે પૂ. આ. શ્રી વિજય લલિતશેખર સૂરીશ્વરજી મ. આદિની શુભ નિશ્રામાં સ્વ શાહ તેજશી રાયશી ગુઢકાના શ્રેયાર્થે તથા ગં. સ્વ. શ્રી પાંચીબેન તેજશીના જીવન જીવીત મહોત્સવ તથા ૫૦૦ આયંબિલ તપસ્યા પૂર્ણાહુતિ નિમિત્તે તથા અનેક તપોના ઉદ્યાપનાર્થે ચૈત્ર વદ ૧૦ના સિદ્ધચક્ર મહા-પૂજન ભણાવાશે વિધિ માટે શ્રી પાનાચંદ વીરપાળભાઈ અંધેરીથી તથા મનુભાઈ એચ. પાટણવાળા પધારશે.

કોલરગઢ તીર્થ (સિરોહી) – પૂ મુનિરાજ શ્રી મલ્લિષેણ વિ. મ. આદિની નિશ્રામાં અત્રે હુબલી વર્ધમાન આયંબિલ તપ સમિતિ તરફથી નવપદજીની સામુદા-દાયિક ઓળીની આરાધના સુંદર થઈ સુદ ૧૫ શ્રીસિદ્ધમહા પૂજનનું આયોજન થયું હતું.

પૂ. પં શ્રી ચંદ્રશેખર વિ. મ. વાંચવુ

વર્ષ ૬ અંક ૩૨માં પૂ. શ્રીનો ઇન્ટરવ્યુ છપાયો છે તેમાં લેખક કે ઇન્ટરવ્યુ લેનારનું હેડીંગ અમે સુધાર્યું નથી તે માટે અંધેરીના અમારા અંકના વિવેકી વાચકે ધ્યાન દોર્યું છે તે માટે તેમનો આભાર માનવા સાથે હેડીંગમાં પૂ. પં. શ્રી ચંદ્ર-શેખર વિજયજી મ. વાંચવું –સં)

હાલારના હિરલા પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય કુંદકુંદસૂરિજીની ૧૧મી પૂણ્યતિથિની ભક્તિ મંડળ દ્વારા લંડનમાં ઉજવણી

ગુરૂમહારાજને અમારા કોટિ કોટિ વંદન.

આજે આ મહોત્સવ અંગેની રૂપરેખા લખતા દિલમાં અતિ આનંદ થાય છે.

શ્રી જિન-શાસન પ્રભાવે અને પૂજ્ય તીર્થંકર ભગવંતોની અમીદૃષ્ટિના પ્રતાપે અને પૂજ્ય ગુરૂમહારાજની શુભ પ્રેરણાથી છેલ્લા અગીયાર વર્ષ થયા અમારું ભક્તિ મંડળ દર શુક્રવારે રાત્રે બે કલાક પ્રભુભક્તિ (સતસંગ) કરે છે. તે ઉપરાંત યોગ્યતા મુજબ રવિવારના પૂજાઓ પણ ભણાવીએ છીએ. આ બધું કાર્ય સિદ્ધ કરવા અમો આ ગુરુદેવના આભારી છીએ, એમનું ઋણ અમારા ઉપર બહુ જ છે અને તેમના જ આશીર્વાદથી કોઇ પણ શુક્રવાર અમારી ભક્તિ બંધ નથી રહી અને એમની પ્રેરણાથી છેલ્લા અગીયાર વર્ષ થયા શાસનની પ્રભાવના કરવાનો અણમોલ અવસર અમોને પ્રાપ્ત થયેલ છે.

અમોને જણાવતા હર્ષ થાય છે કે આ ગુરૂદેવની પૂણ્યતીતિથિ કોઇ વર્ષ ઉજવવાનું અમો ચુકયા નથી અને આ વર્ષ પણ તેમની અગીયારમી પૂણ્યતિથિ ધામધૂમથી પૂજા ભણાવી ઉજવેલ છે જેની વિગત આ પ્રમાણે છે.

ફાગણ સુદ ૪ ના રોજ અનુકુળતા ન હોવાથી અમોએ રવિવાર તા. ૨૭-૩-૬૪ના રોજ એલમેન્ટ હોલમાં ભાવિકોને નિમંત્રણ આપી આ અવશર ઉજવેલ હતો.

સવારના ૧૦-૪૫ વાગ્યે મંડળના ભાવિકો હોલમાં હાજર થઇ ગયા હતા. અને દરેકે પોતાની જવાબદારીનુ પાલન યોગ્ય રીતે કરેલ. બહેનો હોંશે હોંશે મલકાતા મલકાતા કેશર ચંદન ઘુંટતા, કોઇ સાથીઆ ઘઉંળી કરતા, કોઇ નૈવેદ્યના થાળ તૈયાર કરતા, કોઇ ભાઇઓ ત્રીગડુ ગોઠવતા, કોઇ માઇક ગોઠવતા, તો કોઇ પાથરણા ગોઠવતા, કોઇ સંગીતકારો સાથે ગોઠવણી કરતા. એટલે ટુંકમાં બધાએ પોતપોતાની જવાબદારીનો અમલ કરેલ.

બરાબર ૧૨૦૦ કલાકે પૂણ્યાહમ પૂણ્યાહમની ધૂન બોલાવાનું શરૂ થયેલ અને સ્નાતીઓ પ્રભુજીને સિંહાસન ઉપર બિરાજમાન કરી રહ્યા હતા. ભકતજનો હોલમાં પધારી રહ્યા હતા અને થોડીવારમાં સારી સંખ્યા થઇ ગઇ હતી. ગુરૂમહારાજનો ફોટો રાખવામાં આવેલ અને શરૂઆતમાં પધારેલા એ મહાનુભાવોએ બે ખમાસણા દઇ ગુરૂવંદન કર્યા અને પ્રભુના ગુણગાવાની સ્તુતિની શરૂઆત થઇ જેના શબ્દો હતા.

વંદન કરીએ વિભુવર તમને શીશ નમાવી દરેક ભક્તજનો બહુજ ભાવથી આ ગાઈ રહ્યા હતા અને હોલમાં આનંદનું વાતાવરણ પ્રસરી રહેલ.

ત્યારબાદ નવકાર મંત્ર બોલી સ્નાત્રપૂજાની શરૂઆત કરવામાં આવેલ જે મંડળના ભાવિકો ખૂબજ ઉમળકાથી આ પૂજા ભણાવી રહ્યા હતા.

હારમોનીયમ વગાડનાર શ્રીયુત અંબારામભાઇ સારૂ સંગીત આપી રહ્યા હતા અને તેમનો ૬ વર્ષનો પૌત્ર ચિ. વીરેન તબલાની એવી રમઝટ કરેલ કે સૌનો આનંદ ઘણોજ ઉભરાઇ ગયો હતો પછી શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજાની શરૂઆત થઇ અને આ પ્રસંગે પૂજાનો દોર બહુજ અદ્‌ભૂત હતો, હોલમાં ચારે બાજુ દૃષ્ટિ કરીએ તો એમજ લાગે કે બધા દાદાના દરબારમાં કેટલા ભાવથી ભકિત કરી રહ્યા છે નેમ–રાજુલનુ સ્તવન ગવડાવેલ તેમજ અન્ય બીજા સુંદર સ્તવનની રજુઆત થયેલ. હકિકતમાં સાડા ચાર કલાકની પૂજામાં કોઇને ઉઠવાનુ મન ન થયું અને બધા ભકિતના રસીયા ભકિતમાં જ મિંજાયેલા હતા.

પંચકલ્યાણક પૂજા બાદ આરતી-મંગલદીવો-શાંતિકલશ કરવામાં આવેલ જેની ઉછામણીના લાભ લેનાર પૂન્યશાળીઓના નામ આ પ્રમાણે છે.

૧. આરતી – શ્રીમતી અંજુબેન હમેશ મેતીચંદ શાહ ઓકસફર્ડ
૨. મંગલદિવો – શ્રીમતી મુકતાબેન ભારમલ નરશી શાહ વેમ્બલી
૩. શાંતિકલશ – શ્રીમતી કુમુદબેન અમૃતલાલ કચરા શાહ સ્ટેનમેર

ગુરૂમહારાજના ઉપકારનું ગીત ગાવામાં આવ્યું હતું ભુલું ભુલું ઉપકાર કેમ તમારો રે ગુરૂની તમે સફલ કર્યો જન્મારો રે. શ્રી સેમચંદ લાધાભાઇએ ગુરૂમહારાજના જીવનની ઝરમર સંભળાવી હતી

આ પ્રસંગે શ્રીમદ્‌ કુંદકુંદસૂરિજી મહારાજ તેમજ શ્રી મહાસેન વિજયજી મ. ની વાત યાદ આવી જતી, તેઓ તેમના દરેક વ્યાખ્યાનમાળામાં 'જીવદયા'ની વાતો અચૂક કરતા. જીવદયા તેમનો મુખ્ય વિષય હતો, તેમનો એક જ આદેશ કે કોઇ પણ જીવ દુખી ન હોવો જોઈએ. આ વખતે જીવદયા સંદેશો પં. પ્રવર શ્રી વજ્રસેન વિજયજી મ. પાસેથી આવ્યો હતો અને તેમણે જણાવેલ કે હાલારમાં ફરી દુષ્કાળની શરૂઆત થયેલ છે અને આપણા સહુની ફરજ છે કે આ બિચારા અબોલ જીવોને બચાવી લેવાના, આ ગુરૂમહારાજની વાતનો સૌએ સ્વીકાર કર્યો અને જીવદયાની ટીપ શરૂ કરવાનો નિર્ણય લેવાયો અને આ મહોત્સવ પૂરો થતાની સાથ સારૂ એવુ જીવદયા ભંડોળ એકઠુ થયેલ. છેલ્લે સમૂહમાં ચૈત્યવંદન કરી સહુ સ્વામીવાત્સલ્યનો લાભ આપી ગયા. અને આ લાભ આપનાર અનામી વ્યકિત હતા. આ કાર્યક્રમ પૂરો થતા સહુના મુખે એક જ વાત હતી કે ખરેખર ભકિતમાં મઝા પડી. અંતમાં પ્રભુ પાસે એક જ પ્રાર્થના કરીએ કે અમોને આવા શાસનના કાર્ય કરવાની શકિત અર્પે અને ગુરૂમહારાજાઓને વંદન કરો કહીએ કે અમને હરહંમેશ આવીજ પ્રેરણા આપો કે આવા ભકિતના કાર્ય કરવામાં અમારી ભાવના વધતી જાય. સૌને પ્રણામ–

લી. જયુ મોહનલાલ વેરશી વીસરીયા ભકિત મંડળ, લંડન

ખોટું ન લગાડતા હોં ને !

—શ્રી ભદ્રંભદ્ર

ત્રિસ્તુ-તક યય (સાસુ-છાસનો ન્યાય)

એક વખત સાસુજી મંદિર દર્શન કરવા ગયા ઘરમાં વહુરાણી એકલા હતા. પાડોશમાં રહેતા કાશીબાને થોડી છાસની જરૂર પડી. એટલે પેલા વહુરાણીના ઘરે ગયા. અને પૂછયું કે–'રાણી બા ! તમારા સાસુમાં ક્યાં ગયા ?

વહુરાણી બોલ્યા કે–'મંદિરે ગયા છે, બા ! આવો ને. કંઇ કામ હતુ. બા.'

હા. સ્લીપર વહુ ! (ઓહો... બા મારૂં નામ સીમ્પલ છે. સ્લીપર નહિ.' અરે ! વહુ હું તો ભૂલી ગઇ હોં બળ્યુ તારૂ નામ કેટલું પવિત્ર છે કે મારી આ પંચાણુ વરસની અભાગણી ઘરડી જીભ ઉપર નથી ચડતુ. લે હું પાછુ ભૂલી ગઇ શું તારૂં નામ ?

સીમ્પલ.

હેં સીમ્પલ. હેં સીમ્પલ. હે.

અરે બા સીમ્પલ.

હા હવે હમજાણું હોં હવે તને સ્લીપર વહુ જ કહીને બોલાવીશ હોંને વહુબેટા ! વહુરાણી પાછા હસી પડયા.) પછી પ્રેમથી પૂછયુ બા તમારે કામ શું હતું ?

બેટા ! થોડી છાસ હોય તો જોઇતી તી. આ ચિયાળામાં રોટલા હારે મેથીની ભાજીનું શાક કર્યું છે. તે પાણીની જેમ છાસે ય હારેહાર ઉકાળી લઉં પેટ ભરાય ને કમળો નો થાય. બેટા !

પણ બા ! આજે છાસ તો નથી. હવે ?

કાંઇ વાંધો નહિ બેટા ! એમાં શું ? હું પોળના નાકે તપાસ કરાવી લઉ છું. એમ કહીને પિત્તળનું ગઢીયા જમાનાનું ડોલચું પકડીને કાશી બા પોળે પહોંચ્યા. ત્યાંજ સ્લીપર વહુના સાસુબા ભેટી ગયા. પૂછયું કે–આમ ક્યાં ઉપડયા ? છાસ લેવા. તમારે ઘેર તમારી સ્લીપર વહુને પૂછયુ તો કીધું કે–'આજે છાસ તો નથી. બા. હવે ?' એટલે હું આમ નીકળી.

શું કીધું ? મારી વહુએ છાસની ના પાડી. ના હોય ? ચાલો પાછા મારા ઘેર. બે ય ડોશીમા ઘરે આવ્યા. પછી સાસુબાએ કાશીબાને પૂછયું–તમારે શું જોઇએ છે ? છાસ જોઇએ છે. છાસ તો નથી કાશી બા.

"ઇ તો તારી વહુએ ય કીધેલુ. મને ઘરડીને હેરાન કરી ને ?" એવું નથી. બા. વાત જાણે એમ છે ને કે–છાસ નથી જ એની તો મને ખબર હતી જ. તમને પોળે જ કહી શકતી હતી. પણ હું હજી જીવતી છું ત્યાં સુધી મારી વહુ તમને છાસની ના શેની પાડી શકે ? વહુ સાચુ જ બોલી છે. પણ હું હોઉં ત્યાં સુધી તો મારી આમન્યા પાળવાની કે નહિ ?

તમારે ય છાસની ના જ પાડવાની હતી તો મને ડોશીને આટલી બધી હેરાન શું કરવા કરી ?

કાશી બા ખાલી એક ધક્કો વધારે થયો એ જ ને પણ તમને ય એક આ ઉંમરે ય નવો સિદ્ધાંત જાણવા મળ્યો ને કે–સાસુ હયાત હોય ત્યાં સુધી વહુરાણી સાચી પણ વાત બોલી શેની શકે ? નહિ તો પછી સાસુની કિંમત શું રે ?

તમારો સિંધ્ધાથ (સિધ્ધાંતને બદલે સિદ્ધાથ બોલ્યા) ગ્યો જનમની્ ખાડીમાં. હું તો હેરાન થઇ ને પાછી છાસ વનાની રઇ. તમારા મોટપણના મમતમાં બીજાની હેરાનગતિ નઇ જોવાની. રામ...રામ... આવું ઘડપણે હજી કેટલીવાર જોવાનું બાકી હશે. એક છાસ જેવી વાતમાં ય સાસુબાનું જાણે હું ય માન ઘસાઇ ગયું તે મને ઠેઠ અહીં સુધી પાછી બોલાવી અને પાછી હા તો પાડી જ નઇ. એ ય પાછા સાસુબા ઘરમાં નો'તા એટલે જ બિચારી વહુએ તો કીધેલું. ઠીક છે. લો વહુબેટા ! એક પાલો પાણી પાઇ દો.

વહુ પાણીનો પાલો લઇ આવ્યા.

પછી કાશીબાએ ધડાકો કર્યો–વહુબેટા ! તમારા સાસુબાને પૂછીને આ પાણી લાવ્યા છો ને ? આ સાંભળતા સાસુબાને કાયો તો લોહી ના નીકળે એવી દશા થઇ ગઇ.

(છાશ કે) પાણી પણ સાસુને પૂછ્યા વગર જે ઘરની વહુ તરસ્યાને પાવાની ઇચ્છા હોવા છતાં પાઇ નો શકે એ ઘરની ફૂલ જેવી કુમળી વહુની શી દશા થતી હશે ? એને તો ઉગ્યા પછી એમને એમ જ કરમાઇ જવાનું ને ? રામ...રામ... ઠીક વહુ બેટા ! લો હવે હું જઉં.

વહુ બોલ્યા–'આ વળે કાશી બા.' કાશી બા થોડી વાર આવજો સાંભળીને વહુ હામે જોઇ રહ્યા. પણ પછી વાતનો ઘુંટડો ગળે જ ઉતારીને ઓટલેથી ડાકડીના ટેકે ઉતરવા માંડયા.

[તાક :– કાશીબા – શ્રોતા, પ્રતિવાદી, વગેરે વગેરે.

સાસુબા – વડીલ

વહુરાણી – નિશ્ચિત, આજ્ઞાંકિત, વાદી વિગેરે, વિગેરે

એવું જ માની લેવાની ભૂલ નો કરો તો સારૂ પછી તો જેવી તમારી મરજી]

સહકાર અને આભાર

આજીવન સભ્ય

રૂપિયા

૪૦૦] રમેશકુમાર દલપતભાઇ શાહ સુરત

૪૦૦] બાબુભાઇ લક્ષ્મણભાઇ પટેલ ,,

સહાયક શુભેચ્છક રૂ૦।

૫૦૦] પ્રકાશચંદ્ર મણીલાલ શાહ છાપરીયા શેરી મહીધરપુર સુરત–૩

૧૦૦] સાયન જૈન સંઘ પૂ મુ. શ્રી નંદીશ્વર વિ. મ. ના ઉપદેશથી મુંબઇ

૧૨૫] બગવાડા જૈન સંઘ પૂ. પં. શ્રી હેમભૂષણ વિ. ગણિવરના આચાર્ય પદ પ્રસંગે બગવાડા

વડોદરા

[ટાઈટલ રનું ચાલુ]

સુંદરીને રથમાં બેસાડીને લઇ ગયા. અને અંજનાના પિતાના નગરની નજીક આવીને રથ ઉભો રાખ્યો. રડતી આંખે માતાની જેમ અંજનાને નમસ્કાર કરીને ગમગીન હૈયે આરક્ષકોએ અંજના અને વસંતતિલકાને મૂકીને રથ પાછો વળ્યો.

અંજના સુંદરીના દુઃખથી દુઃખી થયેલો સૂરજ પણ ત્યારે અસ્ત થઇ ગયો. રાત્રિના સમયે અંજના પિતૃગૃહે ન જતાં ત્યાં જ કોઇ વૃક્ષના સહારે બેસી રહી.

રાતનો અંધકાર સતત આકાશમાંથી જાણે પૃથ્વી ઉપર ઉતરી રહ્યો હતો. અને વાતાવરણ ભેંકાર બનતું ચાલ્યું હતું. બે અબળા હૃદય ભેંકાર વાતાવરણમાં ફસાઇ ગઇ હતી. રાત થોડી વધુ આગળ વધી અને ત્યાં તો કાનને ફાડી નાંખે તેવા ઘુવડોના ઘોર ધુત્કારો, શિયાલણોના ફેત્કારો, વરૂના સમૂહના રૂદનો, શાહુડીના ભિન્ન-ભિન્ન અવાજો, નોળીયાઓના તુમુલો વડે ભયભીત બની ચૂકેલી અંજનાએ (ગર્ભ ભરેલા શરીરમાં થાકનો કોઇ પાર ન હોવા છતાં) તે રાત્રિને કષ્ટપૂર્વક જાગતાં રહીને જ પસાર કરી.

બાવીશમાં વર્ષની એ રાતના સુખના એક બિંદુ પાછળ દુઃખનો કેવો સિંધુ ઘૂઘવાટ કરતો હતો તેની અંજનાને કયાં ખબર હતી. પતિઘરે ૨૨-૨૨ વર્ષ સુધી પતિનો વિરહ હોવા છતાં જે દુઃખ અંજનાએ જોયું ન હતું તે દુઃખ પતિના મિલન પછી વેઠવાનો અંજનાને વારો આવ્યો.

લગ્ન પછી તરત જ પતિએ તરછોડી હતી તે અંજનાના દિલમાં વિદ્યુતપ્રભ તરફ પ્રેમ હોવાનો આરોપ પોતાના મનથી કલ્પીને આ વાત કહ્યા વિના તરછોડી હતી. જ્યારે રાક્ષસી જેવી સાસુએ તો સૌના સાંભળતાં અંજના ઉપર કુલટાનો આક્ષેપ કરીને જ તજી હતી. પતિ અને સાસુ બન્ને વિવેકહીન બની ગયા હતા.

પતિ શત્રુની સામે સંગ્રામ ખેડવા પરદેશ ચાલ્યો ગયો હતો, સાસુએ ભિભત્સ શબ્દો સંભળાવીને અંજનાને પતિનું ઘર છોડાવી દીધુ હતુ. નગરમાંથી કાઢી મૂકી હતી. સાસરેથી કાઢી મૂકાયેલી કન્યાને આખરે છેલ્લો આધાર તો પિતાનું ઘર કહેવાય છે.

આશરો-સહારો અને દુઃખને રડી રડીને હૈયું હળવું કરવાના સ્થાન સમા પિતાના ઘર તરફ સવાર થતાં સખી સાથે અંજનાએ ચાલવા માંડયું. શરમની મારી ધીમે ધીમે ચાલતી પરિવાર વગરની દીન બની ગયેલી અંજના આખરે પિતાના ઘર દ્વારે આવી પહોંચી.

પ્રતીહારી દ્વારા વસંતતિલકાએ અંજનાના સમાચાર રાજાને જણાવ્યા.

અંજનાસુંદર છેક પોતાના ઘર-દ્વાર સુધી આવી પહોંચ્યાના સમાચાર જાણીને લજ્જાથી કાળા મુખવાળા બનેલા પિતા રાજાએ પણ એ પ્રમાણે વિચાર્યું કે- સ્ત્રીઓનુ ચરિત્ર વિધિના વિપાકની જેમ અચિન્ત્ય હોય છે. આ આવેલી કુલટા અંજના કુલને કલંક લગાડનારી છે. પવિત્ર વસ્ત્રને જેમ અંજનાનો અંશ પણ અપવિત્ર કરે છે. (વધુ આવતા અંકે)

- ધર્મનું ફળ પરોક્ષ નથી પણ પ્રત્યક્ષ જ છે. ધર્મ આત્મામાં આવી જાય તો સુખ તેને દુઃખરૂપ લાગે છે અને દુઃખ તેને દુઃખ નથી લાગતું.
- સુખ અને સુખની સામગ્રીના રાગી અને તેને માટે ઘોર પાપ કરનારાને દુઃખ ન આવે તો કોને આવે ?
- પુણ્યના પ્રતાપે જ મોક્ષની પ્રતીતિ થાય નહિ. પુણ્યની સાથે સુંદર ન્યોપશમ ભાવ હોય તો જ મોક્ષની પ્રતીતિ થાય.
- આપણે શરીરના પ્રેમી કે આત્માના પ્રેમી ? ગુણના પ્રેમી કે દોષના પ્રેમી ? તપના પ્રેમી કે ખાવાના પ્રેમી ?
- મોહની મૂઢતા વાળાનો ધર્મ શિથિલ જ હોય, સીદાતો જ હોય માંદો જ હોય. તે સારી રીતે ધર્મ કરે જ નહિ.
- આપણે પાપના દ્વેષી થવું છે પણ દુઃખના દ્વેષી નથી થવું. પાપ પર જ દ્વેષ કરવો છે પણ વ્યકિત પર નહિ. કદાચ કોઇ વ્યકિત પર દ્વેષ આવે તો તે તેના હિત માટે પણ તેને ખરાબ કરવા નહિ.
- શરીરના પ્રેમીના રાગાદિ ખીલે એટલે તે મોહથી મૂઢ જ હોય.
- જેટલા બહિરાત્મા હોય તે બધા શરીરના જ પ્રેમી હોય પણ આત્માના નહિ એટલે તે મોહથી મૂઢ જ હોય.
- પૈસા–ભોગ અને મોજમજાના અર્થી સારા હોય જ નહિ પણ ખરાબ જ હોય.
- માણસ કોનું નામ ? પોતાને જે ખોટું લાગે તે ન કરે અને જે સારૂ લાગે તે કર્યા વિના ન રહે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખામાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

21-6-36

નમો ચઉવિસાએ તિત્થયરાણં
ઉસભાઇ-મહાવીર-પજ્જવસાણાણં.

શાસન અને સિદ્ધાન્ત
રક્ષા તથા પ્રચારનું પત્ર-

જૈન શાસન

૫૨૫૪

ભાગ્ય પ્રમાણે જ પ્રાપ્ત થાય છે.

જ ચિય વિહિણા લિહિ યં,
તં ચિય પરિણમઇ સયલલોયસ્સ ।
ઇય જાણે વિ ધીરા,
વિહુરે વિ ન કાયરા હુંતિ ।।

આ આખા લોકમાં, ભાગ્યમાં જે લખાયેલું હોય છે તે જ પ્રાપ્ત થાય છે, આ પ્રમાણે જાણીને ધીરપુરૂષો સંકટમાં પણ કાયર થતા નથી.

અઠવાડિક

વર્ષ	અંક
૬	૩૮

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ,
જામનગર (સૌરાષ્ટ્ર) INDIA
PIN- 361005

હંસ દૃષ્ટિ

— શ્રી રાજહંસ

કસબી કલમે લખાયેલ 'ધાર્મિક વહિવટ વિચાર' પુસ્તક અચાનક દૃષ્ટિગોચર બન્યું જેનું નામ જ પોકારીને કહે છે કે, સાવધાન, ! આ શાસ્ત્રીય મન્તવ્ય અનુસાર પુસ્તક નથી જ, પણ માત્ર ચતુરાઈ ભર્યા મગજની અલૌકિક નિપજ છે.

જે કે સુધારકોને ગમતી, શાસ્ત્રવચનોના અનભિજ્ઞ આત્માઓને ફસાવનારી અને શાસ્ત્ર સાપેક્ષ વિચાર ધરાવનાર શ્રધ્ધાવંતને ચિંતા ઉપજાવનારી અને જૈનેતરોને તમાશા, ખેલ પૂરૂ પાડનારી આ બુક શ્રી વીતરાગ શાસન માટે' ભયંકર વા' વંટોળ પેદા કરાવનારી આ બુક છે.

આ બુકમાં કેવી મજેની સુફીયાની વાતો મુકી છે. એના એક બે નમુના જ લઈએ.

સ્વપ્નદ્રવ્ય એ શુદ્ધ દેવદ્રવ્ય જ છે આ વાત દ્રવ્ય સપ્તતિકા આદિ ગ્રન્થોમાં સ્પષ્ટ હોવા છતાં અને પૂર્વ વડિલ તે–તે સમુદાયના ભવભીરૂ–જહાગીતાર્થ મહાત્માએએ કરેલા ઠરાવો મોજુદ હોવા છતાંય જૈન સંઘના પ્રભુભક્તોને સ્વદ્રવ્યનો પ્રભુ ભક્તિ આદિમાં ઉપયોગ કરવાનું શાસ્ત્રીય વચન શાસ્ત્રમાંથી ફેંકાઈ જાય એ માટે એને **કલ્પિત દ્રવ્યની મોહર છાપ લગાવી દીધી...** છે ને કલિકાલનો જીવતો જાગતો પ્રભાવ ?

શાસ્ત્રમાં તો સ્પષ્ટ વચન છે કે, કોઇ પુન્યશાળીએ બિમારી આદિ અવસ્થામાં સંકલ્પ કર્યો હોય કે અમુક દ્રવ્ય' અર્થાત્ આટલું ધન મન્દિરાદિના સંરક્ષણ–સંભાળ માટે વાપરવું. એ દ્રવ્ય સંકલ્પિત દ્રવ્ય કહેવાય.

જ્યારે સ્વપ્નો–માળારોપણ–પરમાત્માની જલાભિષેક, ચંદન–પુષ્પાદિની પૂજામાં બોલાતી બોલી એ સમર્પિત દ્રવ્ય અર્થાત્ પરમાત્મ ભક્તિ નિમિત્તે બોલેલુ દ્રવ્ય એ શુધ્ધ દેવદ્રવ્યજ બને છે. જેનો ઉપયોગ જિર્ણોધ્ધારાદિમાંજ થાય છતાંય પૂજાદિના કેશરાદિ દ્રવ્ય પૂજારી પગારમાં વપરાય કારણ પોતાના મગજમાંથી પેદા થયેલી નિપજ એને સંકલ્પિત દેવ દ્રવ્ય કહેવાનું કહે કલમ પકડાવી લખાવે એતો સુધારકો આદિને ફાવતી વાત તે બને જ સાથે પોતે ઉભા કરાવેલ આશ્રીત આદિના દેશસરોના ખર્ચમાં મૂરકેલી ન પડે એની વ્યવસ્થિત કર્મરાજાએ કરાવેલી યોજના છે.

કેશરાદિ દ્રવ્યો અને પૂજારી આદિનો પગાર આ સમર્પિત શુદ્ધ દેવદ્રવ્યમાંથી થાય અને એને કલિકાલના કર્મને પુષ્ટ બનાવનાર આને સંકલ્પિત દેવદ્રવ્ય કહે એમાં શું આશ્ચર્ય ?

દેવદ્રવ્યના ભક્ષણથી પાપથી બચવું હોય તો શુદ્ધ દેવદ્રવ્યની રક્ષા સાથે પરમાત્મ ભક્તિ–દેશસર સંભાળ માટે પાપ સ્વરૂપ પરિગ્રહ'ને ધર્મસ્વરૂપ બનાવવ મળેલી

(જુઓ ટાઈટલ ૩જું)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુદ્દકા (જામનગર)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ મેઘ (વઢવાણ)
ધનજીભાઈ પદમશી ગુદ્દકા (થાનગઢ)

વર્ષ ૬] : ૦૫૦ ચૈત્ર વદ-૦)) મંગળવાર તા. ૧૦-૫-૬૪ [અંક ૩૮

શ્રી જિન ભક્તિ

પ્રવચનકાર : પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.
(સં. ૨૦૨૮ કા. વ. ૧૩ મંગળવાર તા. ૧૬-૧૧-૧૯૭૧) ખેડા

(પ્રવચન ત્રીજું) [ગતાંકથી ચાલુ]

તમારું પુણ્ય તો ઘણું સારું છે પણ તમે સારા લાગતા નથી. પુણ્યયોગે તમને સારામાં સારી સામગ્રી મલી છે તેમ સંસારની સામગ્રી પણ મલી છે. પણ તમે બધા તો માનો છો કે પૈસા-ટકાદિ અમારી હોંશિયારીથી મળ્યા છે ! પુણ્યથી મળ્યા માનનારા બહુ ઓછા મળે. તમારા કરતાં પણ વધુ હોંશિયારને રહેવા જગ્યા નથી, નોકરીના ઠેકાણા નથી અને તમારી પાસે બધું જ છે તેનું કારણ શું ? દુનિયાની જે કાંઈ સુખ-સામગ્રી માંગો તે પુણ્યથી જ મળે આ વાત બુદ્ધિગમ્ય હોવા છતાં કેમ બુદ્ધિમાં બેસતું નથી ! દુનિયાની સારામાં સારી સામગ્રી પુણ્યથી જ મળે, પુણ્ય કહે, તે રીતે ઉપયોગ ન કરે ઊંધો કરે તો ભયંકર સજા થવાની છે. પુણ્યની સાથે જ પાપ છે. જરાક આરા ચાલ્યા તો પાપ ચોંટી જ જવાનું છે, પુણ્યને ખસવું પણ પડે આ બધું પુણ્યે આપ્યું છે તે વાત હૈયે અડે છે ? દુનિયા નથી માનતી, તે તો હોંશિયારીથી માને છે તેથી આપત્તિનું ચક્કર ફરી વળ્યું છે. પુણ્યથી મલ્યું તેનું ભાન નથી, મેં મેળવ્યું તેનું ભાન છે, તેથી પાગલની જેમ વર્તો છે. ધર્મ કરનારા પણ આ બધું પુણ્યથી મળ્યું તેમ માનતા નથી. તમે જમવા બેસો ત્યારે થાય કે, હું જે જમું છું તેવું ય ઘણાને મલતું નથી ભણેલાને પણ તેવું ખાવા મલતું નથી આપણા બધાનો પુણ્યોદય છે માટે આપણને આવું ય ખાવા મલે છે—આવી વાત કુટુંબમાં થાય ખરી ? દિલની વાત કુટુંબમાં ન થાય તો બીજે ક્યાં થાય ? પણ આજે બધું ફરી ગયું છે

આ મનુષ્ય જન્મ કાયમ જ રહેવાનો હોત તો ભાંજગડ જ ન હતી. થોડા ટાઇમ પછી અહીંથી મારે-તમારે-બધાને જવું પડશે, ઇચ્છા હોય કે ન પણ હોય તો ય. જેવું કર્યું હશે તેવી ગતિ થવાની છે, તેમાં મારું-તમારું કોઈનું ચાલવાનું નથી. જ્ઞાનિઓએ બતાવેલા સિધ્ધાંત રમત માટે નથી પણ સમજવા માટે છે. જે સમજશે તેનું ભલું થશે, નહિ સમજે અને ટાયલ્લા કરશે તેનું ભૂંડું જ થશે. માટે બધા એકી અવાજે બોલો કે- દુનિયાનું જે કાંઇ સારું મળે તે પુણ્યથી જ. કોટિપતિને ઘેર જન્મેલો પાશેર દૂધ પણ નથી પી શકતો અને જેને ઘેર ખાવા-પીવાના ઠેકાણા નથી તેને તો જેટલું આપે તેટલું ઓછું લાગે છે-આ તમારા અનુભવમાં નથી ?

પુણ્યથી મળેલી સારી સામગ્રીનો સદુપયોગ નહિ કરો તો અહીંથી એવી જગ્યાએ જવું પડશે કે ઘણા કાળ સુધી આવી સામગ્રી પણ નહિ મળે. સારાં કામ પણ આત્માના હિત માટે કરવા છે. પારકાનું ભલું પણ નામનાદિ માટે ન કરાય. અહીં કરેલા પાપની સજા અહીં નહિ થાય તો પરલોકમાં થવાની જ છે. પરલોકમાં બૂરા હાલ થશે. પરલોક માનો છો ને ? અહીં ગુના કર્યા, ન કરવાના કામ કર્યા, સજા ન થઇ કેમ કે, પુણ્યોદય જીવતો હતો પણ મર્યા પછી તે બધાની સજા પરલોકમાં થવાની છે-આ વાત માથામાં બેસે છે ?

એક માણસે ખૂન કર્યું. પકડાયો પણ હોંશિયાર અને સાધન સામગ્રીવાળો હતો તેથી બધી કોર્ટમાંથી, છેક પ્રીવી કાઉન્સિલમાંથી પણ નિર્દોષ છૂટી ગયો. લોકમાં પણ સારા તરીકે ઓળખાયો પણ તે પરલોકને માનનારો આસ્તિક જીવ હતો. તેની ઊંઘ હરામ થઇ ગઇ. તેને એમ જ થવા લાગ્યું કે-પૈસા, બુધ્ધિ અને હોંશિયારીએ કામ કર્યું, બધેથી છૂટી ગયો પણ મેં જ ગુનો કર્યો છે તેનું શું ? તેના બચાવમાં બીજા હજારો ગુના-પાપ કર્યા, મારું થશે શું ? અંતે સુસાધુ પાસે જઇ પોતાની બધી વાત કરી કે- દુનિયામાં નિર્દોષ છૂટયો પણ ખરો દોષિત હું જ છું. પરલોકમાં મારું થશે શું તેની જ ચિંતામાં છું. મારા પાપનું પ્રાયશ્ચિત આપો. આવો આદમી પાપને ધોઈ પણ શકે. પ્રાયશ્ચિત લીધા પછી તેને શાંતિ વળી

આપણે અહીં પાપ કરીએ અને બચી પણ જઇ તો પણ ભવાંતરમાં તેની સજા પણ થવાની જ છે આ વાતની શ્રધ્ધા છે ? પુણ્યનો ઉપયોગ પાપને છાવરવામાં જ કરીએ તો નુકશાન અહીં નહિ તો પરલોકમાં થવાનું જ છે આ વાત તમારી છાતીમાં ચોખાઇ ગઇ છે ? પરલોકની શ્રધ્ધા થાય પછી પરમાત્મા હૈયામાં આવે. અહીં પણ ઘણા મનુષ્યો એવા છે કે તરસ્યા હોવા છતાં પણ પાણી પાનાર નથી, પીડાનો

પાર નહિ છતાં ખબર અંતર પૂછનાર કોઇ નથી, ઉપરથી માર પડે છે. આવી દશા જો તમારી થાય તો શું થાય તેનો વિચાર તો કરો ! ધર્માત્માઓ જરા જાગો.

પુણ્ય-પ પ માનો પુણ્ય-પાપનાં ફળ માનો. પરલોક માનો. પરલોક ન બગડે તેમ જીવો. આ લોક પણ સારો એટલા માટે જીવવો છે કે પરલોક સારો થાય. પછી ભગવાનની વાત ગમશે. ભગવાનની સાચી ભક્તિ કરવાનું મન થશે. તેવે વખતે હૈયામાં જે આનંદ આવશે તેનું વર્ણન નહિ થાય. આવા પ્રસંગો કેટલા આવ્યા અને તેમાં કેટલું ખર્ચ્યું તેના કરતાં કેવા ભાવે ખર્ચ્યું તે વિચારો. ચારની વચ્ચે બેઠા માટે ખર્ચો તેની કિંમત નથી પણ પુણ્યથી મળેલ પૈસાનો આમાં જ ઉપયોગ કરવો તે જ તેની સાચી સાર્થકતા છે, સાચો સદુપયોગ છે-સમ માનીને ખર્ચો તેની કિંમત છે. કુટુંબ-પરિવાર માટે નહિ ખર્ચો તો તમારી છાતી પર ચઢી ખર્ચાવે તેવા છે. ભગવાનની આજ્ઞા મુજબ પૈસાનો સદુપયોગ કરે તે ઊંચી કક્ષાનો જીવ છે. તેવે વખતે હૈયામાં એવું બીજ પડે કે તેનું વર્ણન ન થાય. આવા પ્રસંગોએ જો આત્મામાં આવું બીજ પડી જાય તો તે આત્મા ખુદ પરમાત્મા બની જાય.

આપણે બધાને પરમાત્મા થવું છે ને ? પરમાત્મા થવા માટે પરમાત્મા ઓળખવા પડે ને ? પરમાત્મા કેવી રીતે થવાય તે સમજવું પડે ને ? તે માટેની જ આ બધી મારી મહેનત છે. આજ સુધી પરમાત્મા નથી ઓળખાયા તે બુદ્ધિ ન હતી માટે કે ઓળખવાનું મન જ ન હતું માટે ? આ અવસર્પિણીમાં થયેલા ચોવીશેય શ્રી તીર્થંકર પરમાત્માઓને ઓળખો ખરા ?

જે આત્મા બોલી બોલી ભગવાનને ગાદીનશીન કરે તેને થાય કે-જે ભગવાનને હું ગાદીએ બેસાડું છું તે ભગવાનનો આત્મા પણ એક વાર મારી જેમ આ સંસારમાં ભટકતો હતો. **શ્રાવક ભગવાનને ન ઓળખે, સાધુને ન ઓળખે, ધર્મને ન સમજે તો તેના જેવું દેખાવું બાંજું કયું કહેવાય !**

જેમના શાસનમાં છીએ તે ભગવાન શ્રી મહાવીરદેવને પણ ઓળખો છો ? દરેકે દરેક શ્રી તીર્થંકર પરમાત્માના ભવની ગણત્રી સમ્યક્ત્વ પામે ત્યારથી ગણાય, તે સિવાયના અનંતા ભવ નકામા, તેની ગણત્રી નહિ. આપણે આપણો વર્તમાન ભવ ગણત્રીમાં લેવો છે ને ? સમ્યક્ત્વ પામવું છે ને ? સમ્યક્ત્વ શું ચીજ છે તે સમજવું છે ને ? આજે જૈનોમાંથી પણ અભ્યાસ નીકળી ગયો છે. બધાને ભગવાનના ભગત ગણાવું છે પણ ભગત બનવા મહેનત કરવી નથી. જીવનમાં પરિવર્તન લાવવું નથી. તે ન આવે તો સારી કારવાઇ કરે તો પણ જોઇએ તેવો લાભ ન મળે. વ્યવહારમાં તમે

બધી વાત જાણી સમજી પછી પગલું ભરો છો તો અહીં પણ તેવું કરો તો તમે બધા લંક લગાડી લો તેવા છો.

જેટલા ભગવાન થયા, જે ભગવાનને પધરાવો તે બધા ભગવાન કયાં ગયા છે? મોક્ષે ને? આ અવસર્પિણીના અહીંના ય ચોવીશે ય ભગવાન મોક્ષમાં ગયા છે ને? આપણે પણ કયાં જવું છે? મોક્ષમાં ને? તે માટે અહીં આવ્યા છો ને? મોક્ષે જવાનું જેને મન થાય તે બધા જઈ શકે. મોક્ષની ઇચ્છા સાચા ભાવે થાય તે જરૂર મોક્ષે જવાનો જ. જેની ઇચ્છા સાચી થાય તે મેળવવાનું મન થાય. જે તે મેળવવા જે કરવું પડે તે બધું કરે જ. આ તમારા અનુભવની વાત છે. **ભગવાન જ્યાં ગયા તે જગ્યા સારી જ હોય. અમારે પણ ત્યાં જ જવું છે.** આવો નિર્ણય પ્રતિષ્ઠા કરાવનારાઓને થઈ જાય તો બધાનું કામ થઈ જાય. અહીં આવ્યા તે ફેરો સફળ.

મોક્ષની ઇચ્છા સાચી થવી જોઈએ. અનંતાનંત આત્માઓ ગયા છે. તેટલા જાય તો ય વાંધો આવવાનો નથી. જેટલા જાય તે બધા સમાય તેમ છે. દુનિયામાં જેટલા અપમાન-તિરસ્કાર વેઠો છો, સહન કરો છો તેવું અહીં કરો તો બેડો પાર! તમે જેટલા અપમાન-તિરસ્કાર વેઠો છો, સહન કરો છો તેટલું તો અમે પણ નથી કરતા. દુનિયામાં તમે બધા ઉદ્યમી છો તેવા અહીં થઈ જાવ તો કામ થાય.

મોક્ષમાં જવું છે તો એમને એમ જવાય કે સાધુ થઈને જવાય? સાધુ થવાનું મન છે? સાધુ થવા સારા ગૃહસ્થ થવાનું મન છે? સારો ગૃહસ્થ કોણ? ખરાબ કામથી આઘો રહે અને સારાં કામ કરવા હંમેશા તૈયાર, આ ભાવના આવે તો તે આત્મા મોક્ષે જવાનો જ. આ ભાવના પેદા કરવા પ્રયત્ન કરવાનો. તે માટેનો પ્રયત્ન કરવા માંડો. તો તમે બધા તો અમારા કરતાં પણ વધુ ઉદ્યમ કરો તેવા છો. ઇચ્છા જાગે તો કામ થઈ જાય. ઇચ્છા પેદા કરી ઉદ્યમ કરતાં થાવ તેટલી ભલામણ. વિશેષ હવે પછી.

(ક્રમશઃ)

श्रीधर्म भूमिधर राजधानी, दुष्कर्मयाथोजवनी हिमानी ।
सन्देहसन्दोहलताकृपाणी, श्रेयांसि पुष्णात् जिनेन्द्रवाणी ।।

શ્રી ધર્મરાજાની રાજધાની તથા દુષ્કર્મ રૂપી રૂપ વન માટે હિમ તથા શંકાના સમૂહ રૂપ લતા માટે કૃપાણી સમાન શ્રી જિનવાણી કલ્યાણને પુષ્ટ કરો.

"ધાર્મિક વહીવટ વિચાર' ની અશાસ્ત્રીયતા

— પૂ. આ. શ્રી વિજય ચંદ્રગુપ્ત સૂરીશ્વરજી મ.

(ગતાંકથી ચાલુ)

ખરી વાત એ છે કે ગુરૂપૂજનનું દ્રવ્ય "ગૌરવાર્હ" સ્થાનમાં વાપરવાનો આદેશ, શાસ્ત્રકારોનો, ગુરૂની અપેક્ષાએ ગૌરવાર્હ-ગુરૂતત્ત્વ કરતાં ઊંચા તત્ત્વ-દેવતત્ત્વના કાર્યમાં વાપરવાની અપેક્ષાએ વાપર્યો છે. વર્તમાનમાં લેખક-પરિશિષ્ટકારની જેટી ભલે પોતાને 'ગૌરવાર્હ' માને, પણ શાસ્ત્રકાર મહાત્માઓ, પોતાની પૂજા તરીકે મુકાયેલ દ્રવ્યના વપરાશ માટે પોતાને જ ગૌરવાર્હ ગણે-એવા તુચ્છ હોય નહિ. વ્યવહારમાં ય કોઇ સમાજસેવક, લોકસેવક, કલાકાર વગેરેને અપાતી થેલીનો ઉપયોગ, થેલી લેનાર વ્યક્તિના અંગત વપરાશ માટે નહિ, પણ જે તે ક્ષેત્રની સંસ્થા વગેરેના ઉત્કર્ષ માટે થતો હોય છે. લેખક પરિશિષ્ટકાર જેવા તર્ક ચલાવી કેટલાક 'જાતસેવકો' એવી રકમ ઓળવી ય લેતા હોય છે, પણ એવા 'સેવકો' ને લોકો પછી સ્વીકારતા નથી. સ્વાર્થ ખાતર જ ચાલતા અને સ્વાર્થ ઉપર જ નભતા-ટકતા લોક વ્યવહારમાં ય જો આટલા સંસ્કારની અપેક્ષા રખાતી હોય તો પંચમહાવ્રતધારી મહાત્માઓના વાક્યોનું આવું હલકું અર્થઘટન કરનારા લેખક-પરિશિષ્ટકારની મનોદશા કેવી ગણાય? આવી મનોદશાના બચાવમાં લેખકશ્રી કેટલી નીચી કક્ષાએ ઉતરી ગયા છે-તે શિથિલાચારનાં કારણો અંગેના તેમના 'સંશોધન'થી સ્પષ્ટ થાય છે. ગુરૂપૂજનના દ્રવ્યનો ઉપયોગ કરવાથી શિથિલાચારની સંભાવના બતાવનાર સામે તેઓ 'ખાનદાન કુળના શ્રમણ આત્માઓ માટે અનુચિત કલ્પના' કરવાનો આક્ષેપ મૂકે છે, અને એ જ પાને પોતે ઉપધાન, સંઘના રસોડા અને એવી બીજી વાતો આગળ કરી ગંદા ઇશારા કરી રહ્યા છે. ગુરૂદ્રવ્યનો ઉપયોગ કરનારા શ્રમણો ખાનદાન કુળમાંથી આવતા હશે, તો આવા રસોડા માંથી ગોચરી લાવનારા મહાત્માઓ હલકટ કુળોમાંથી આવતા હશે! "આવી વાતોને આપણે આમ દબાવી ન દઇએ" આવો ખોંખારો ખાતા પહેલાં પંન્યાસજીએ પોતાના ઘરમાં નજર ફેરવી લેવી જોઇએ. પંન્યાસજીની પોતાની નિશ્રામાં આવાં 'શિથિલાચાર પોષક અનુષ્ઠાનો તો થતાં જ નહિ હોય, છતાં એમના પરિવારમાં...

બસ, જવા દો, વાત પૂરી કરતાં ય ચીતરી ચઢે એવું છે. પંન્યાસજીને એમની કક્ષા પ્રમાણે ભલે આવી ચર્ચા કરવાના શોખ થતા હોય, અમારા સંસ્કાર અમને રોકે

છે. પારકી ગંદકી ચૂંથનારાઓ સાથે વાત કરતાં ય ઊબકા આવે એમ છે. સપ્તક્ષેત્ર વ્યવસ્થા જેવા તાત્ત્વિક પ્રશ્નની વિચારણા કરતાં કરતાં, દુષ્ટ સોબતના કારણે આપણે આવી બધી વાતો સુધી ખેંચાઇ આવ્યા. હવે પાછા ફરીએ.

જ્ઞાનદ્રવ્ય, પૂ. સાધુ-સાધ્વીજીના અધ્યયનાદિ માટે વપરાતું હોય છે. તેથી ગુરુદ્રવ્યની અપેક્ષાએ એ ગૌરવાર્હ ન ગણાય જે ખાતાનું દ્રવ્ય આપણે ઉપયોગમાં લેતા ન હોઇએ અને જે આપણાથી શ્રેષ્ઠ હોય તેને 'ગૌરવાર્હ' સ્થાન કહેવાય છે. દેવદ્રવ્યની રકમ પૂ. સાધુ-સાધ્વીજીની વૈયાવચ્ચ માટે વપરાતી નથી અને દેવતત્ત્વ પૂ. ગુરુભગવંતની અપેક્ષાએ શ્રેષ્ઠ છે. માટે દેવતત્ત્વ પૂ. સાધુ-સાધ્વીજીની અપેક્ષાએ ગૌરવાર્હ છે. તેથી જ શ્રી દ્રવ્ય સપ્તતિકા વગેરે ગ્રન્થોના આધારે ઉપર જણાવ્યા મુજબનું પ્રથમ પ્રકારનું પૂજાર્હ ગુરુદ્રવ્ય જીર્ણોદ્ધારાદિ કાર્યમાં વપરાય છે. અહીં 'આદિ' પદથી વૈયાવચ્ચનો સંગ્રહ કરવો-એ કોઇ પણ રીતે યોગ્ય નથી. શ્રાવક-શ્રાવિકા ખાતાની રકમ જીર્ણોદ્ધારાદિમાં વાપરી શકાતી હોવા છતાં 'શ્રાવક શ્રાવિકા દ્રવ્ય જીર્ણોદ્ધારાદિમાં વપરાય' એવું કોઇ પણ સ્થાને લખ્યું નથી. **શ્રાવક-શ્રાવિકા દ્રવ્ય જેમ શ્રાવક-શ્રાવિકા માટેનું છે, તેમ ગુરુદ્રવ્ય પણ સાધુ-સાધ્વી માટેનું હોય તો તેનો ઉપયોગ "જીર્ણોદ્ધારાદિમાં થાય" એમ લખવાને બદલે "વૈયાવચ્ચાદિમાં થાય" એવું લખ્યું હોત. 'જીર્ણોદ્ધારાદિ' ના આદિ પદથી વૈયાવચ્ચાદિ લેવાને બદલે વૈયાવચ્ચાદિ'ના આદિ પદથી જીર્ણોદ્ધારાદિ લેવાનું શા માટે પસંદ કર્યું નથી-એ લેખકશ્રીએ વિચારવાની જરૂર હતી.** પૂર્વે જણાવ્યા મુજબનું બીજા પ્રકારનું પૂજાર્હ ગુરુદ્રવ્ય, પૂ. ગુરુદેવશ્રીના માર્ગદર્શન મુજબ જીર્ણોદ્ધારાદિ કાર્યમાં વપરાય છે-તેથી જીર્ણોદ્ધારાદિ અહીં 'આદિ' પદનું ઉપાદાન છે. સર્વ સામાન્ય ગુરુદ્રવ્ય વૈયાવચ્ચાદિ કાર્યમાં વાપરવાનું જણાવવા માટે જ 'આદિ' પદ નથી. આથી સમજી શકાશે કે 'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તકના પે. નં. ૧૨૦ ઉપર લેખકશ્રીએ અધકચરું સંદર્ભહીન નિરૂપણ કર્યું છે.

પૃ. નં. ૧૨૨ ઉપર લેખકશ્રી પૂ. સાધુ-સાધ્વીજી, વિહાર દરમ્યાન દેવદ્રવ્યના અજાણપણે લોકતા ન બને-એ માટે દેવદ્રવ્ય સ્વરૂપે વર્ણવેલા ગુરુદ્રવ્યને વૈયાવચ્ચ ખાતે વાપરવાનું જણાવી રહ્યા છે. એ પણ શાસ્ત્રના આધારે ! બાટલીનાં લેબલ બદલીને દવાખાનાં ચલાવતા આવા 'લેભાગુ'ઓની સારવાર લેવાથી શું થાય એવો સવાલ પૂછવાનો હોય જ નહિ ને ?

'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તકમાં ગુરુદ્રવ્યમાત્રને સામાન્યથી પૂ. સાધુ-સાધ્વીજી મ. ની વૈયાવચ્ચ માટે વાપરવાનું જણાવવા માટે લેખકશ્રીએ ખાસ તે 'શ્રાદ્ધજીત કલ્પ'ની ૬૮ મી ગાથાનો આધાર લીધો છે. સંમેલનના [વિ.સં. ૨૦૪૪ના]

ઠરાવ નં. ૧૬નું ચિંતન કરતી વખતે પોતાની માન્યતા સમજાવવા માટે આ ગાથાનો અર્થ ખૂબ જ વિસ્તારથી કરવાનો પ્રયત્ન કર્યો છે. એ માટે જ મુનિશ્રી અભયશેખર વિ. મહારાજે પણ એ પાઠ ઉપર પરિશિષ્ટ-૩માં વિદ્વત્તાપૂર્ણ [મારા જેવાને ન સમજાય તેવી] વિચારણા કરી છે. પૃ. નં. ૧૧૫ થી ૧૨૨ સુધીનું લખાણ અને પૃ. નં. ૧૪૨થી ૧૫૦ સુધીનું લખાણ એ બંનેમાં જે વિરોધ છે, એને દૂર કરવાનું જ નહિ, સમજવાનું કામ પણ કપરું છે. માત્ર પૃ. નં. ૧૪૪ ઉપર થોડી નજર ફેરવવાથી પરિશિષ્ટકારની ઊંચી(!) વિદ્વત્તાનો આછો ખ્યાલ આવી જશે. પં. શ્રી ચંદ્રશેખર વિ.ગ.મ.સા. ની નજરે એ ચઢ્યું ન હોય–એ માનવું ભૂલભરેલું છે. 'ગરજવાનને અકકલ હોતી નથી' એ કહેવતમાં થોડો સુધારો કરી 'અકકલ હોય તો વપરાતી નથી' એ માનવું વધારે સારું છે.

'શ્રાદ્ધજીતકલ્પ'માં સ્પષ્ટપણે 'યતિસત્ક' દ્રવ્યનો ઉલ્લેખ છે. તદુપરાંત એ દ્રવ્ય કઇ રીતે પ્રાપ્ત થાય એ માટે પૂ આ. ભ. શ્રી સિદ્ધસેન સૂ. મ. અને વિક્રમરાજાનો પ્રસંગ દર્શાવ્યો છે. આ દ્રવ્ય ગુરૂપૂજનમાં મૂકેલું કે ગુરૂપૂજાદિની બોલીનું ન હોવાથી પૂર્વે જણાવેલા 'પૂજાર્હ' ગુરૂદ્રવ્યના પ્રથમ પ્રકારનું નથી. પરન્તુ પૂ ગુરૂભગવંતને ઉદ્દેશીને અપાયું કરાયેલ હોવાથી 'યતિસત્ક' એટલે કે ગુરૂસંબંધી દ્રવ્ય છે. જેનો ઉપયોગ પૂ ગુરૂદેવશ્રીના માર્ગદર્શન મુજબ જીર્ણોદ્ધારાદિ કે વૈયાવચ્ચાદિ કાર્ય માટે કરી શકાય છે. અનુપયોગાદિના કારણે ગૃહસ્થથી આ દ્રવ્યનો ઉપયોગ થઇ જાય તો તે અંગે છઠ્ઠ વગેરે પ્રાયશ્ચિત્ત એ ગાથામાં [શ્રાદ્ધજીતકલ્પની ૬૮મી ગાથામાં] જણાવ્યું છે. દેવદ્રવ્યમાં સમાવેશ પામતું ઉપર જણાવ્યા મુજબનું ગુરૂપૂજાદિનું દ્રવ્ય જો કોઇપણ રીતે ગૃહસ્થથી પોતાના ઉપયોગમાં લેવાયું હોય તો તે અંગેનું પ્રાયશ્ચિત્ત તે જ ગ્રંથમાં, દેવદ્રવ્યના ઉપયોગ અંગેના પ્રાયશ્ચિત્તની જેમ જણાવ્યું છે.

આ બધું વિચારવાને બદલે 'શ્રાદ્ધજીતકલ્પ'ની એ ગાથાના અર્થનું નિરૂપણ પોતાની ઇચ્છા મુજબ કરનારની વિચિત્રતા તો એ છે કે એ વખતે ગુરૂપૂજન કે ગુરૂપૂજનાદિની ઉછામણી હતી નહિ, એમ માનનારી લેખક-પરિશિષ્ટકારની જોડી ગુરૂપૂજનના દ્રવ્યને પૂ સાધુ-સાધ્વીજી મ. ની વૈયાવચ્ચમાં લઇ જવાનું એ પાઠથી સાબીત કરવા મથી રહી છે. ગુરૂપૂજનાદિ પાછળથી શરૂ થયાનું માનનારા લેખકશ્રીએ તે શરૂ થયું ત્યારે અથવા ત્યારપછીના કાલમાં જે ગ્રન્થો લખાયા હોય તેના આધારે; 'તે દ્રવ્ય ક્યાં વાપરવું'–એનો નિર્ણય કરવો જોઇએ. ગુરૂપૂજન શાસ્ત્રથી અને પરંપરાથી વિહિત એવું અનુષ્ઠાન હોવા છતાં અંગત દ્વેષ અને દુર્ભાવથી પીડાતી લેખક-પરિશિષ્ટકારની જોડીએ પોતાની વિકૃતિનો પરિચય આપવામાં પાછું વાળીને જોયું નથી. ગુરૂપૂજન માટે આવી 'અરુચિ' ધરાવનારા એના દ્રવ્યની વ્યવસ્થામાં પાછા ભારે 'રુચિ' દર્શાવી રહ્યા છે !

'ધાર્મિક વહીવટ વિચાર' પે. નં. ૧૪૨ ઉપર પરિશિષ્ટ ૩માં મુનિ શ્રી અભયશેખર વિજયજીએ 'શ્રાદ્ધજીતકલ્પ' ની ૬૮મી ગાથા ઉપર ખૂબ જ વિસ્તારથી પોતાની લાક્ષણિક દાર્શનિક શૈલીથી વિચારણા કરી છે. તે સુદીર્ઘ વિચારણાના વિમર્શથી સમજી શકાશે કે એ ગાથામાં જે નથી જણાવ્યું-એની પણ વિચારણા વિચારકશ્રીએ કરી છે. પરિશિષ્ટનો સાર એ છે કે-

"શ્રાદ્ધજીતકલ્પ ગાથા ૬૮ની ટીકામાં જે **'વસ્ત્રાદૌ કનકાદૌ ચ'** આ પાઠ છે તે પાઠ; વસ્ત્રાદિના ઔત્સર્ગિકતાને અને સુવર્ણાદિની આપવાદિકતાને જણાવે છે. પૂ સાધુ-સાધ્વીજી ઉત્સર્ગ માર્ગે જેમ વસ્ત્રાદિ રાખે છે તેમ અપવાદપદે સુવર્ણાદિ પણ પોતાની નિશ્રાએ રાખ્યા વિના બીજાની પાસે રખાવી શકે છે. પૂ. સાધુ-સાધ્વીજીએ સુવર્ણાદિ પોતાની પાસે રાખવું નહિ. પરિગ્રહનો ત્યાગ માત્ર ભાવથી કરાય છે. સુવર્ણ દ્રવ્યાદિનો ત્યાગ માત્ર તેની મમતાના ત્યાગરૂપે જ કરાય છે. જો સુવર્ણ દ્રવ્યાદિનો ત્યાગ દ્રવ્યાદિરૂપે પણ કરાય તો વસ્ત્રાદિ ઉપકરણો પણ રખાય નહિ. અને તેથી દિગંબર થવું પડે, આવું અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથના પ્રકાશમાં સ્પષ્ટ થાય છે. સુવર્ણાદિ દ્રવ્ય અપવાદરૂપે રખાવવાનું કારણ પણ રાજાદિની મુગ્ધતા છે. ન્યુંછણારૂપે પૂજનના સુવર્ણાદિ દ્રવ્યનો પરિભોગ કરતાં પરિગ્રહની વિરતિમાં વાંધો નથી આવતો, તો અપવાદપદે રખાવેલા એ દ્રવ્યનો પરિભોગ કરતાં કઇ રીતે વાંધો આવે ? અર્થાદ્ એમાં કશો જ દોષ નથી. વસ્ત્રાદિ ઉત્સર્ગથી ભોગાર્હ છે અને સુવર્ણાદિ દ્રવ્ય અપવાદથી ભોગાર્હ છે. સુવર્ણાદિથી ગુરૂપૂજન કરવાનું શાસ્ત્રવિહિત છે. એમ શ્રાદ્ધજીતકલ્પની ટીકા કરનારા માનતા નથી..."

પરિશિષ્ટ ૩માં મુનિશ્રીએ કરેલી દીર્ઘસૂત્રી વિચારણાનો આ સાર છે.

પોતાના માનેલા ભાવની સાથે શાસ્ત્રકારના ભાવને પરાણે સંવાદી બનાવવાનો મુનીશ્રીનો નિંદ્ય પ્રયાસ છે એમણે જણાવેલી ઉત્સર્ગ-અપવાદની વ્યાખ્યા અને રાજાદિની મુગ્ધતાના કારણે સેવાતા અપવાદનું સ્વરૂપ તેમના આ 'શાસ્ત્ર' સિવાય બીજા કોઈ શાસ્ત્રમાં નહિ મળે સંયમની સાધનાની રક્ષા માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાલ દ્વિ-પુષ્ટ આલંબને અપવાદનું વિધાન શાસ્ત્રકાર પરમર્ષિઓ કરે છે. પરિશિષ્ટ-૩માં પોતાની વાતને યોગ્ય જણાવવા મુનિશ્રીએ 'અધ્યાત્મમત પરીક્ષા'નો આધાર લીધો છે. દિગંબરોની વસ્ત્ર પાત્ર નહિ રાખવાની માન્યતાનું નિરાકરણ કરતી વખતે જણાવાયેલી એ વાતને; અપવાદે સુવર્ણાદિ દ્રવ્ય રખાવવાની પોતાની માન્યતા માટે ઉપાડી લાવનારની વિદ્વત્તા માટે 'માન' જાગે છે.

"સાધુ ભગવન્તોએ દ્રવ્ય ઉપરની મૂર્છાનો ત્યાગ કરવાની પ્રતિજ્ઞા લીધી છે. દ્રવ્યનો ત્યાગ કરવાની પણ તેઓ પ્રતિજ્ઞા લે તો તેમને દિગંબર થવું પડે" આવું જણાવનારા [જુઓ 'ધાર્મિક વહીવટ

વિચાર' પૃ. નં. ૧૪૬) એ મુનીશ્રીને પૂછવું જોઇએ કે સંયમની સાધના માટે શ્રી વીતરાગ પરમાત્માએ જે વસ્ત્રાદિ રાખવાનું ફરમાવ્યું છે, તે સિવાયનાં બીજા ઉપકરણો નહિ રાખવાની પ્રતિજ્ઞા સાધુ ભગવંતોએ લીધી છે કે નહિ ? કે પછી એ ઉપકરણોની મૂર્છા જ નહિ રાખવાની પ્રતિજ્ઞા લીધી છે ? શ્રી વીતરાગ પરમાત્માએ ઉપદેશેલાં એ વસ્ત્રાદિને આજ્ઞા મુજબ રાખતા છતાં તેની ઉપરની મૂર્છાનો ત્યાગ કરવાનું વિધાન છે. 'મૂર્છા વગર' ગમે તે ઉપકરણ રાખવા માટે વિધાન નથી. દિગંબરોએ તો સંયમસાધક કોઇ પણ વસ્ત્ર વગેરે રાખવાનું ઉચિત માન્યું નથી. મુનિશ્રી મૂર્છા વિના બધું જ રાખવાનું ઉચિત માને છે.

શાસ્ત્રકારોએ, દિગંબરોને મૂર્છા ન રાખતાં વસ્ત્ર વગેરે વાપરવાનો ઉપદેશ આપ્યો. મુનિશ્રી મૂર્છા વગર સુવર્ણાદિ રાખવાની રજા આપી રહ્યા છે. ધન્ય છે !

વાસ્તવમાં શ્રી 'શ્રાદ્ધજીતકલ્પ' જેવા પ્રાયશ્ચિતના ગંભીર શાસ્ત્રની ચર્ચા કરવાની મુનિશ્રીની કોઇ પાત્રતા જ નથી અને છતાં તેઓ જાહેરમાં આવી ચર્ચા કરી રહ્યા છે. છેદસૂત્રો વગેરેનો પરમાર્થ સમજવા જે યોગ્ય ગુરુગમ જોઇએ તેના અભાવે મુનિશ્રી પોતાના ન્યાય-વ્યાકરણ વાપરી રહ્યા છે. વર્ષો પૂર્વે આવા જ અનાડી વિદ્વાનોએ 'ભગવાન મહાવીર અને એમના સાધુઓ માંસાહાર કરતા હતા" આવો નિષ્કર્ષ આગમગ્રન્થોમાંથી કાઢી બતાવ્યો હતો. માત્ર ન્યાય-વ્યાકરણનું પાંડિત્ય, આપણાં શાસ્ત્રોના પરમાર્થ પામવા માટે પૂરતું નથી. પોતાના ક્ષેત્રમાં દિગ્ગજ ગણાતા પંડિતો પણ, આપણા શાસ્ત્રના પ્રાથમિક સિદ્ધાંતો સમજવા-સમજાવવામાં કેવા છબરડા વાળતા હોય છે એનો ખ્યાલ અનુભવીઓને જ આવે. શાસ્ત્રીય પરિભાષાના આવા અજ્ઞાનની સાથે કદાગ્રહ અને આવેશ પણ ભળે તો શું થાય તે આ મુનિશ્રીનું લખાણ વાંચવાથી સ્પષ્ટ સમજાય છે. બાવીસ શ્રી તીર્થંકરદેવના શાસનમાંના સાધુ મહાત્માઓને રંગીન વસ્ત્રો વાપરવાની છૂટ હોય છે. પણ પહેલા અને છેલ્લા શ્રી તીર્થંકરદેવોના શાસનમાંના સાધુ મહાત્માઓને એવી છૂટ નથી હોતી-આ એક વાત યાદ કરાય તો "મૂર્છા વગર બધું રખાય" આવા ભાવની મુનિશ્રીની આખી રજૂઆત તૂટી પડે છે. પોતાની અશાસ્ત્રીય, અતાર્કિક અને અવ્યવહારૂ માન્યતાના સમર્થનમાં મુનિશ્રીએ જે જે શાસ્ત્રકારોને અડફેટે લીધા છે તેમાંના હાલ કોઈ વિદ્યમાન નથી. તેથી મુનિશ્રીને મઝા પડી છે. ગુરૂપૂજન અને સ્વદ્રવ્યથી જિનપૂજા: આ બે શાસ્ત્રીય વિધાનો સામે મુનિશ્રીએ જે ગપ્પાં હાંકયાં છે-તેની વિગતવાર સમીક્ષા કરવાનો આ અવસર નથી, પણ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાનું એક વિધાન યાદ કરીને આગળ વધીએ, કે "મધ્યસ્થનું મન યુકિતરૂપી ગાયની પાછળ વાછરડાની જેમ દોડે છે અને કદાગ્રહીનું મન તે યુકિતરૂપી ગાયને વાંદરાની જેમ પૂંછડેથી ખેંચે છે."

સાતક્ષેત્રમાં છઠ્ઠું સાતમું ક્ષેત્ર શ્રાવક-શ્રાવિકાનું છે. આ ખાતા માટે મોટે ભાગે ટીપ વગેરે કરવામાં આવે છે, જે વસ્તુતઃ ઉચિત નથી. શ્રાવક-શ્રાવિકાને સહાયભૂત થનારે, કોઇપણ એને જાણે નહિ-એનું ધ્યાન રાખવું જોઇએ. સુખી ગણાતો વર્ગ આ અંગે પ્રયત્નશીલ બને તો આ ખાતા માટે કોઇપણ જાતનું ફંડ રાખવાની જરૂર ન રહે ! ફંડ રાખ્યા પછી એનો વિનિયોગ કઇ રીતે થાય છે-એ કહેવાની જરૂર નથી. સાચા સાધર્મિકને પણ એમાંથી સહાય આપતી વખતે જે વિધિ કરવામાં આવે છે-એ વિધિ પછી કોઇ પણ સાચા સાધર્મિકનું ગૌરવ રહે, એ વાતમાં બહુ દમ નથી. થોડા વરસ પહેલા એક શહેરમાં એક આચાર્ય ભગવન્તની નિશ્રામાં સાધર્મિક ભક્તિનું આયોજન થયું હતું. માંડ પંદર-વીસ દિવસ ચાલે એટલી સહાય માટે પણ સાધર્મિકોને સકલ શ્રી સંઘની વચ્ચે ઉપસ્થિત કરી આચાર્યદેવશ્રીએ તેમને હિતશિક્ષા પણ આપેલી. અવું તો હવે લોકોને માફક આવી ગયું છે-એ એક જુદી વાત છે. અહીં એ વિચારવાનું છે કે "ધાર્મિક વહીવટ વિચાર' ના પે. નં. ૩૨માં આ શ્રાવક-શ્રાવિકા માટે રકમ ઊભી કરવા માટે જે ઉપાયો દર્શાવ્યા છે, તે કેટલા યોગ્ય છે ?

ખાસ તો શ્રી શાલિભદ્ર વગેરે મહાત્માઓ બનવા માટેની ઉછામણી બોલવાની જે વાત અહીં જણાવી છે-એ સર્વથા અનુચિત છે. આજે કુમારપાળ મહારાજાદિ થવાની જે બોલી બોલવામાં આવે છે-એ ઉચિત નથી. એવા પુણ્યનામધેય પુરૂષોનું અનુકરણ કરવાનું હોય નહિ. શક્તિ અનુસાર એ મહાત્માઓના અનુસરણમાં જ આપણું હિત છે. એવી શક્તિના અભાવમાં એવા મહાપુરૂષો બનીને તેમની અવહેલના કરવાનું ઉચિત નથી. અહીં દલીલો તો ઘણી કરી શકાશે. અંજન શલાકાદિને આદર્શ બનાવી વિહિત-અવિહિતનો ભેદ પણ ભૂંસી શકાશે. પરન્તુ મહાપુરૂષોની અવજ્ઞાના પાપથી નહિ બચાય. આ વાત લોકોના હૈયે જ નહિ, વર્તમાન આચાર્યદેવાદિ મુનિઓના હૈયે પણ ઊતારવી અઘરી છે.

એક ગામમાં અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકકદળના ભાઇઓ શ્રી પર્યુષણા પર્વની આરાધના કરવા-કરાવવા ગયેલા. ત્યાં વરઘોડામાં બે ભાઇઓએ સાધુ થવાની ઉછામણી લીધેલી. એ મુજબ વરઘોડામાં સાધુ બની ફરીને પાછા કપડાં ઉતારી તેઓ ઘેર ગયેલા. ઉછામણીની આવક કયાં લઇ ગયેલા એની ખબર નથી. પૈસા ભેગા કરવા માટે વર્તમાનમાં જે રીતો અજમાવાય છે-એ ખૂબ જ અયોગ્ય છે. "નામ વગર કામ નહિ અને માન વિના દાન નહિ" આ રીત આજે મોટા ભાગે વ્યાપક બની છે. ગૃહસ્થ વર્ગને પારમાર્થિક ધર્મથી વાસિત બનાવવાને બદલે ગમે તે રીતે ધર્મ કરનારા બનાવવાનું કાર્ય

આજે ખૂબ જ ઝડપથી વિકાસ પામી રહ્યું છે. એમાં કેટલાક સાધુ ભગવંતોના ફાળો ઘણો છે. પોતાના મહત્ત્વકાંક્ષી આયોજનને પૂર્ણ કરવા માટે ગમે તે રીતે પૈસા ભેગા કરવાની વૃત્તિએ આજે ધર્મ સ્થાનોની અવદશા તોંતરી છે.

શ્રી શાલીભદ્ર, પરમાર્હત્ શ્રી કુમારપાળ મહારાજા કે શ્રી શ્રેણિક મહારાજા વગેરે ધર્માત્માઓનું પાત્ર ભજવીને સાધારણ ખાતા માટેની આવક ઊભી કરવા કરતાં એવાં સંસ્થાઓ બંધ કરી દેવામાં વધુ લાભ છે. શ્રી સંઘનો સુખી ગણાતો વર્ગ ઔદાર્યપૂર્ણ સહકાર આપે તો આજે ધર્મ-સ્થાનોમાં કોઇપણ ફંડની આવશ્યકતા ન રહે. જેથી શ્રી સંઘના ધાર્મિક દ્રવ્યોના રોકાણનો કોઇ જ પ્રશ્ન ના રહે આ માટે જરૂરી સૂચના કે માર્ગદર્શન આપવાની જવાબદારી પૂ. આચાર્યદેવાદિની છે. આ અંગે સેવાતી ઉપેક્ષા ખૂબ જ અહિત-કારિણી બનવાની છે.

આજે સાંભળવા પ્રમાણે નેવું (૯૦) સ્થાને; 'ગુરુપૂજન' નું દ્રવ્ય કે જે શાસ્ત્રીય-દૃષ્ટિએ માત્ર શ્રી જિનાલયના જીર્ણોદ્ધારા-દિના જ કાર્ય માટે દેવદ્રવ્ય તરીકે વપ-રાય છે તે, ગુરુભગવંતની વૈયાવચ્ચમાં વાપરવા માટે આચાર્યદેવાદિની સૂચનાથી પહોંચી ગયું છે. આત્માર્થી પૂ. સાધુ-સાધ્વીજી મ. એ ખૂબ જ ઝીણવટભરી તપાસ કરીને જ સંસ્થાઓ તરફથી થતી વૈયાવચ્ચનો સ્વીકાર કરવો જોઇએ. સમય ઘણો જ ખરાબ આવી રહ્યો છે. અમુક વિહારના માર્ગો તો હવે કાયમ માટે બંધ કરવા પડશે. ૨૦૪૪ના સંમેલનના સૂત્રધારોએ આ વિહારના માર્ગોને સુગમ વસ્તુતઃ અગમ્ય બનવાનું શરૂ કર્યું છે.

'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તકની એ પણ એક વિશેષતા છે કે અન્યત્ર કોઇ પુસ્તકમાં જોવા નહિ મળે એવું એમાં સુદીર્ઘ શુદ્ધિપત્રક છે. જેમાં પુસ્તકમાંની કેટ-લીક લીટીઓ; કેટલાક પરિચ્છેદ [ફકરાઓ] કાઢી નાંખવાનું જણાવ્યું છે. અને કેટલુંક એટલે લગભગ ત્રણ પેજ જેટલું મેટર ઉમેરવાનું જણાવ્યું છે. એ લખાણ આમ તો ખૂબ જ સ્વસ્થતાપૂર્વક કરાવ્યું હશે ! [કારણકે શુદ્ધિપત્રક કોઇ અસ્વસ્થ પણે તૈયાર ન કરે] પરંતુ એનાથી લેખક-શ્રીની અસ્વસ્થતા ખૂબ જ સ્પષ્ટ પણે જણાઇ આવે છે. પૃ. નં. ૧૫૩-૫૪ના એ લખાણમાં પણ શાસ્ત્રકાર પરમર્ષિઓના આશયનો નાશ કરવાનું ખૂબ જ સીફતથી કર્યું છે. શ્રી જિનપૂજાદિ અનુષ્ઠાનો સમ્યગ્દર્શન આચારરૂપે વિહિત છે-એમાં કોઇ વિવાદ નથી. એ અનુષ્ઠાનો દેવદ્રવ્યથી કરાય કે નહિ એનો વિવાદ છે. ધનની મૂર્છા ઊતારનારા અનુષ્ઠાનો સમ્યગ્દર્શના-દિનાં કારણ તો બને જ છે, વધુમાં ચારિત્ર મોહનીયને નબળું પાડે છે-એ વિશેષ લાભ છે. એ લાભને છતી શક્તિએ જતો કરવાની અનુકૂળતા સંમેલનના સમ-ર્થકોએ કરી આપી છે. તેથી વિરોધ કરવો પડે છે. દેવદ્રવ્યથી પૂજા કરનારને શું સમ્યગ્દર્શનની એટલી બધી શુદ્ધિ થઇ

જાય છે કે જેથી સ્વદ્રવ્યથી પૂજા કરવાની વિધિને સંમેલનવાદીઓ તદ્દન ગૌણ બનાવી દે છે ?

વિરોધ કરનારા વર્ગની માન્યતા સમજવા જેટલી પણ બુધ્ધિ ના હોય તો 'ધાર્મિક વહીવટ વિચાર' લખવાના બદલે સંમેલનનો વિરોધ કરનારા પૂ. ગીતાર્થ ભગવન્તો પાસે અધ્યયન કરવું જોઈએ. સ્વદ્રવ્યથી જ પૂજા કરવાનું જણાવનારાઓના આગ્રહને 'કદાગ્રહ' જણાવનારાઓએ પોતાની મનોદશા તપાસી લેવી જોઈએ.

'ધાર્મિક વહીવટ વિચાર' આ પુસ્તકમાં લેખકશ્રીએ જે પ્રશ્નોત્તરી છાપી છે–એની સમીક્ષા હવે પછી કરવાનો વિચાર છે. પુસ્તકના દરેકે દરેક પેજની સમીક્ષા કરવાની જરૂર હોવા છતાં અહીં સંક્ષિપ્તપણે જ સમીક્ષા કરી છે. જે મુદ્દાઓની અહીં સમીક્ષા કરી નથી, તે બધા જ મુદ્દાઓ બરાબર છે–એવું માની લેવાની જરૂર નથી. સંયોગવશ એ મુદ્દાઓની વિચારણા અહીં કરી નથી, અવસરે કરીશ.

વિ.સં. ૨૦૪૪ના સંમેલનના બધા સૂત્રધારો ગીતાર્થ હતા અને સંમેલનના ઠરાવોનો વિરોધ કરનારા બધા અગીતાર્થ છે–એવું માનતા–મનાવતા પૂર્વે પોતાની ગીતાર્થતા ઉપર સંમેલનવાદીઓ થોડી નજર રાખે. એક સંસ્કૃત સુભાષિત છે.

"न जरजातस्य ललाटशृंगं,
कुलप्रसूतस्य ललाटशोभा;
यदा यदा मुंचति वाक्यबाणं,
तदा तदा जातिकुलप्रमाणम्."

(હલકા કુલમાં જન્મેલાના કપાળે શીંગડા નથી હોતાં અને કુલીન [ખાનદાન] ના કપાળ ઉપર કોઈ શણગાર નથી હોતા. પણ જ્યારે એ બે [કુલીન અને કજાત] બોલે ત્યારે એમની વાણી ઉપરથી એમનાં જાતિ-કુલનું પ્રમાણ મળી જાય છે.)

ગીતાર્થ અને અગીતાર્થમાં પણ આવું જ છે. કોઈના કપાલે ગીતાર્થ અને અગીતાર્થની પટ્ટી મારેલી નથી હોતી. તેમની પ્રરૂપણા ઉપરથી જ સમજુ માણસો એમની ગીતાર્થતા અને અગીતાર્થતાનું માપ જાણી લેતા હોય છે.

સંમેલનનો વિરોધ કરનારા મહાત્માઓ માટે શોધી-શોધીને અપશબ્દો ["પવન પાવડીની જેમ વિહાર કરનારા" વગેરે] વાપરતાં પહેલાં સંમેલનવાદીઓ પોતાના આચારો ઉપર એક નજર ફેરવે. સંમેલનવાદીઓમાં એક આચાર્યશ્રી પોતાના રસાલા સાથે એક નાના ગામમાં વિહાર કરતાં પધારેલા. ત્યાં એમની ચાર પૈડાંવાળી હાથલારીનાં પૈડાંની ટરૂઓ નકામી થઈ ગયેલી. ગામડાના સંઘની શક્તિ [કે ભક્તિ] નહિ હોવા છતાં એ સમારવી તો પડેલાં જ. એ ગામમાં વૈયાવચ્ચ ખાતાની રકમ હતી નહિ, 'દેવકુ સાધારણ' જ 'સાધારણ' ગણીને તેમાંથી વૈયાવચ્ચનો ખર્ચ થતો (એ સંઘને આવું માર્ગદર્શન આપનારા બીજા એક આચાર્યશ્રી પાછા તે વખતે મોટા ગીતાર્થ ગણાતા. પંન્યાસજીના આ (ધા. વ. વિ) પુસ્તકમાં બંને આચાર્યશ્રીનો "ગામે-ગામના હિસાબનાં ચોપડા જોઈ યોગ્ય સૂચનો કરી ચોપડા ચોખ્ખા

કરનારા" તરીકે ઉલ્લેખ પણ છે) સાધ્વાચારને અનુરૂપ નહિ એવાં સાધન વાપરવાં અને એના ખર્ચ કયા ખાતામાંથી થાય છે, તેની દરકારે ય નહિ રાખવી –આ ગીતાર્થના લક્ષણ છે? આવા ગીતાર્થોની નિશ્રામાં સંમેલન ભરાય અને આપણા આ લેખક-પંન્યાસજી તેના સંચાલક અને પ્રવકતા બને ત્યારે શાસ્ત્રો તો પસ્તીમાં જ ફેરવાઇ જાય ને?

તીર્થયાત્રાના સંઘો, ઉપધાન વગેરે શાસ્ત્રીય અનુષ્ઠાનો તરફ ગંદા ઇશારા કરતાં પાંડેલાં, લેખકશ્રી પોતાના પરિવાર અને પોતાની સંસ્થાઓ તરફ ધ્યાન આપે. "આવી વાતોને આપણે આમ દબાવી ન દઇએ" ના પડકાર કરી પારકા શિથિલાચારોની ચર્ચા કરવાનો રસ પોષવાનું ભારે પડી જશે શાસ્ત્રીય અનુષ્ઠાનો દરમ્યાન, કોઇ અયોગ્ય જીવની પ્રવૃત્તિથી કયારેક કશુંક અપ્રીતિકર બની જાય તેનો આવો ઊહાપોહ કરનારાનાં અને એમાં રસ લેનારાંના માનસ વિકૃત હોવાનું કોઇ પણ તંદુરસ્ત મનોદશા ધરાવતો વિવેકી સમજી શકે એમ છે. પંન્યાસજીની સંસ્થાઓ ભ્રષ્ટાચાર, શિથિલાચાર અને અનાચારની કેવી વિકૃતિઓથી પીડાઇ રહી છે અને એ વિકૃતિઓ જાહેર થઇ જતાં બધું દબાવી દેવા કેવાં માયામૃષાવાદ સેવવાં પડયાં છે– એ જાણીને ઘૃણા થાય એવું છે. સાચા ગીતાર્થોએ પંન્યાસજીને આવી પ્રવૃત્તિઓથી દૂર રહેવાનું શરૂથી જ જણાવ્યું હતું. પણ મહત્વાકાંક્ષાનો રોગ પંન્યાસજીને એવો તો પીડી રહ્યો હતો કે કડવા ઔષધ જેવી આ સલાહ તેમણે ધૂંકી દીધી અને મધુર અપચય ચટાડનારાનું શરણ સ્વીકારી લઈ પોતાના ભાવ આરોગ્યની પંન્યાસજીએ ઘોર ઓદી નાંખી. પંન્યાસજીની આ ભાવરુગ્ણ મનોદશા જ, આજે પંન્યાસજીને શાસ્ત્રીય તરફ સૂગ અને અશાસ્ત્રીય તરફ આદર કરાવી રહી છે. પંન્યાસજીની પુસ્તિકા સામેનું આ લખાણ, પંન્યાસજીના આરોગ્યની આશા કરતાં વધુ તો, પંન્યાસજીના ચેપથી બીજા માંદા ન પડે એવી આશાથી લખાયું છે.

આ પુસ્તકના વાંચન-મનનથી ધાર્મિકદ્રવ્યનો વહીવટ સૌ કોઇ પૂ. ગીતાર્થ ભગવન્તોના માર્ગદર્શન મુજબ કરવા પ્રયત્નશીલ બને અને 'ધાર્મિક વહીવટ વિચાર' નામના અવિચારી પુસ્તકનું અનુસરણ કરે નહિ–એ જ એક શુભાભિલાષા.....

ધર્મ જ આધાર છે.

જે ત્રણે લોકનો આધાર છે, સમુદ્ર–મેઘ–સૂર્ય અને ચંદ્ર પણ જેને વશ છે, જેની કૃપાથી અસુરો–સુરેન્દ્રો અને નરેશ્વરો વડે સંપત્તિઓ પણ ભોગવાય છે. અને ચિંતામણિ–કામધેનુ–કલ્પવૃક્ષ આદિ પણ જેને આધિન છે. તે શ્રી જૈન ધર્મ સૌને શાશ્વતી એવી મોક્ષ લક્ષ્મીને આપનારો બનો!

જૈન પત્રના તંત્રીની માફી અને સમાધાન

સ્વર્ગીય આચાર્ય ભગવંત પૂ. રામચંદ્રસૂરીશ્વરજીનાં સિધ્ધાંતોની પરંપરા બાબત જૈન પેપરના તંત્રી શ્રી મહેન્દ્ર ગુલાબચંદ શેઠે તેમનાં જૈન અંક નં. માં ગેરવ્યાજબી લખાણ આપેલ તેની સામે શેઠશ્રી હમીરચંદ માણેકમલ જૈને બોરીવલી કોર્ટમાં કેસ કરેલ તે બાબતની બોરીવલી કોર્ટમાં શ્રી મહેન્દ્ર શેઠે માફી માંગતા શ્રી હમીરમલજીએ તા. ૧૭-૬-૯૨ના દિવસનું માફી પત્રનું લખાણ જેમાં તિથિ વિષયક બાબત પુનાના પંડિત ડો. વૈદ્યનો ચુકાદો સ્વ. આ. ભ. વિજય રામચંદ્રસૂરીશ્વરજીના તરફેણમાં હતો. તે મુખ્ય લખાણ મુંબઇ સમાચાર તથા ગુજરાત સમાચાર તા. ૫-૮-૯૨ અને તા. ૭-૮-૯૨માં જાહેર કરતાં તેના પડકાર રૂપે ફરીથી શ્રી મહેન્દ્ર શેઠે ગુજરાત સમાચાર તા. ૨૨-૬-૯૨માં આક્ષેપાત્મક ગેર લખાણ તથા માફી પત્રની નકલને મે આપી જ નથી એ બાબતની જાહેરાત આપતા શ્રી મહેન્દ્ર શેઠ ઉપર બોરીવલી કોર્ટમાં ફરીથી શેઠ શ્રી હમીરમલ માણેકચંદ જૈને કેસ નં. ૨૧૧-વોરંટ ૧૯૯૨ તથા બીજો કેસનં. ૫૨-સમન્સ-૧૯૯૩થી દાખલ કરેલ તેનું શ્રી મહેન્દ્ર શેઠ તરફથી ક્ષમાયુકત સમાધાન કરેલ છે.

સમાધાન તા. ૨૪-૧-૧૯૯૪

જૈન પત્રકાર શ્રી મહેન્દ્ર ગુલાબચંદ શેઠ ઉપર શ્રી હમીરમલ માણેકચંદ જૈને બોરીવલી કોર્ટમાં બીજીવાર બે કેસ દાખલ કર્યા એનો શ્રી મહેન્દ્ર શેઠ તરફથી ખુલાસો તથા કબુલાત.

૧. મુંબઇ સમાચાર તા. ૫-૮-૯૨ તથા ગુજરાત સમાચાર તા. ૭-૮-૯૨ ના દિવસે શ્રી હમીરમલ માણેકચંદ જૈને આપેલ જાહેરાત વ્યાજબી હતી. તેમજ "જૈન પત્રમાં" સમાધાન અંગેની છાપેલ ૨૦૦ કોપીઓ મેં (શ્રી મહેન્દ્ર ગુલાબચંદ શેઠે) શ્રી હમીરમલ માણેકચંદ જૈનને આપી હતી.

૨. ગુજરાત સમાચાર તા. ૨૨-૬-૯૨માં મારા ગેર લખાણ અહેવાલ અંગે વિચાર ભેદ અંગે હું "મિચ્છામિ દુક્કડમ્" માંગુ છું. કોર્ટનું અપમાન શ્રી હમીરમલ માણેકચંદ જૈને કરેલ નથી.

૩. પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.નાં પટ્ટાલંકાર પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા. અંગેના ગેર લખાણ માટે પણ હું ક્ષમા માંગુ છું.

૪. જૈન ધર્મ ક્ષમાપના પ્રધાન ધર્મ છે. નિષ્પક્ષપાતથી વિચારી અમે

બન્ને વાદી તથા પ્રતિવાદીએ ઉપરોકત સમાધાન કરેલ હોઇ શ્રી હમીરમલ માણેકચંદ જૈને બોરીવલી કોર્ટના બન્ને કેસો રાજીખુશીથી પાછા ખેંચી લેવાની સંમતિ દર્શાવેલ છે. તે પ્રમાણે મારા ઉપર કરેલા બન્ને કેસો પાછા ખેંચી લેશેાજી. આથી વિશેષ શ્રી હમીરમલ માણેકચંદ જૈનને જે કંઇ મન દુઃખ થયેલ હોય તેની હું ક્ષમા માગું છું.

સાક્ષી :-

જવાહરલાલ મોતીલાલ શાહ
નગીનદાસ વાવડીકર

વાદી

હમીરમલ માણેકચંદ જૈન

પ્રતિવાદી

મહેન્દ્ર જી. શેઠ (જૈનતંત્રી)

સાક્ષી :-

૧. પ્રાણલાલ છગનલાલ શેઠ (એસ.ઈ.એમ.)
૨. કાનજી ભારમલ
૩. અશોક પટવા.
૪. પ્રવિણભાઇ ગંભીરદાસ શાહ

તા. ૧૪-૧૨-૧૯૬૩

શ્રી મહાવીર શાસન – શ્રી જૈન શાસન લવાજમ વધ્યે છે.

શ્રી મહાવીર શાસન માસિકમાં દિવાળીથી સફેદ કાગળ વાપરવાના શરૂ કર્યો છે. અને તેથી તેના ખર્ચની રાહત માટે લવાજમ ૨૫) રૂા. માંથી ૩૫) રૂા. કર્યા છે.

એક વર્ષ રૂા. ૩૫) પાંચ વર્ષ રૂા. ૧૫૫)
બે વર્ષ રૂા. ૬૫) આજીવન રૂા. ૪૦૦)

શ્રી જૈન શાસન અઠવાડિકનો ખર્ચ વધુ આવે છે તેની ચેાજના વિશેષાંક દ્વારા મુકી છે અને તેમાં પણ નવા વર્ષથી રૂા. ૪૫)ને બદલે રૂા. ૫૫) લવાજમ કરવામાં આવે છે અત્યારે *લવાજમ મરનારે ચાલુ વર્ષના બાકી અંકોના રૂા. ૧૦) અને નવા વર્ષના રૂા. ૫૫) ભરવા.*

એક વર્ષના રૂા. ૫૫) પાંચ વર્ષના રૂા. ૨૫૫)
બે વર્ષના રૂા. ૧૦૫) આજીવન રૂા. ૫૦૫)

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુતજ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ જામનગર.

શ્રી મહાવીર શાસન કાર્યાલય
શાક માર્કેટ સામે
જામનગર.

શાસન સમાચાર

લંડન – શ્રીમતી અ.સૌ. લક્ષ્મીબેન કેશવલાલ હેમરાજ તથા શ્રીમતી અ.સૌ. રમાબેન હરખચંદ લખમશીના વરસીતપના પારણા વૈ. સુ.૩ના સવારે ૧૦ વાગ્યે થશે. બપોરે ૧ વાગ્યે મોટીપૂજા ભણાવાશે. તથા સાંજે સાધર્મિક વાત્સલ્ય જમણ થશે. સ્થળ. કડવા પાટીદાર સેન્ટર ઠે એલમગ્રોવ સ્કુલ સામે કેન્મેર એવન્યુ હેરો. નિમંત્રક કેશવલાલ હેમરાજ તથા હરખચંદ લખમશી [લંડન]

હાલાર તીર્થ – (વડાલીઆ સિંહણ અત્રે પૂ. પં શ્રી વજ્રસેન વિજયજી ગણિવર્યશ્રીની નિશ્રામાં વૈ. સુદ–૫ ના પાટણ નિવાસી શાહ ચંદ્રકાંતભાઇ હિંમતલાલની દીક્ષા થશે વરસીદાનનો વરઘોડો વૈ સુ. ૪ (બીજી) સવારે ૮–૩૦ વાગ્યે નીકળશે.

સમય જૈન ચાતુર્માસ સૂચી – તે અંગે સાધુ સાધ્વી ઠાણા નામ સરનામા સમુદાય મોકલવા વિનંતિ થઇ છે સરનામુ બાબુભાઇ જૈન ૧૦૫ વિરુમતી એપાર્ટમેન્ટ આકુર્લી ક્રોસ રોડ નં. ૧ કાંદિવલી પૂર્વ મુંબઇ ૧૦૧

શુ. સ. તા. ૨૩–૪–૯૪

બૃહદ મુંબઇ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ મહામંડળ–મુંબઇ દ્વારા શ્રી સમેત શિખરજી તીર્થ રક્ષા અભિયાન કાર્યક્રમમાં અઠ્ઠમ ઉપવાસ આયંબિલ જાપ ત્યાંગી વિ. કાર્યક્રમની વિનંતી કરી છે. આ જરૂરી છે. પરંતુ તે કાર્યક્રમમાં વિવાદાસ્પદ દિવસ ચૈત્ર સુદ ૧૪ રવિવાર એમ રાખવાની શી જરૂર હતી. રવિવાર કોઇતો હોય તો બીજો પણ મલી શકે. આગલે દિવસે આવી જાહેરાત આપી છે તો ભૂમિકા સર્જી શકે નહિ. અઠ્ઠમ કરવા હોય તો કયા દિવસે માં કરવા તે જણાવી શકાયા નથી. આથી થોડો વિવેક વાપરીને સ્પષ્ટ રીતે ભાવ જાગે અને ભાવ જાગે તેવા દિવસો લઇ સ્પષ્ટ જાહેરાત કરવી જોઇએ જેથી તીર્થ રક્ષા અભિયાનથી જાગૃતિ આવે.

વડોદરા – પૂ મુ. શ્રી યોગીન્દ્ર વિ. મ. નું ભગંદરનું ઓપરેશન સયાજી હોસ્પીટલમાં થયા બાદ કોઠી પોળ પછી નિશ્રામપુરા ઓળી કરાવી પૂ.મુ.શ્રી. દિવ્યાનંદ વિ.મ. ના ૧૮ દિવસ પ્રવચનો સારી રીતે થતા ફાગણ વદ ૧૪ના પધારતા આર.ટી. શાહ તરફથી સંઘ પૂજન થયુ હતુ ભાવિકો તરફથી પ્રભાવના થતી સમેત શિખરજી તીર્થ રક્ષા માટે સુદ ૮ના સામુદાયિક આયંબિલ થયા તેમજ જે. બી. પરીખ તરફથી ૫–૫ રૂા. નું બહુમાન કર્યું ચૈત્ર વદ માં વિહાર કરી કાવી ગંધાર થઇ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. ને જગડિયાજી તીર્થ ભેગા થવા ભાવના રાખી છે.

[ટાઈટલ રનું ચાલુ]

લક્ષ્મીનો સદુપયોગ કરો. અને સ્વપરનું સંસારભ્રમણ વધારવાં સાથે બોધિ દુર્લભ બનવું હોય તો શુદ્ધ દેવદ્રવ્યને સંકલિત દેવદ્રવ્યને આરોપ કરી લેખકના અદના સેવક બની જાવ !

તરવાનો-ડુબવાનો બન્ને રસ્તા તમારી સામેજ છે. કયાં માર્ગે ડગ માંડવા એ તમો ગંભીરતાથી વિચારજો-અન્યથા ભારે પસ્તાવો થશે.

એવી જ બીજી વાત જોઈએ.

ગુરૂ પૂજનનું દ્રવ્ય ગુરૂ નિષ્પરિગ્રહ હોવાથી દેવદ્રવ્યમાં જ જાય આ સત્ય નાનકડો જૈન બચ્ચો જાણતો હોવા છતાંય ગુરૂ વૈયા વચ્ચમાં લઈ જવાનું સાહસ આ લેખક મહાનુભાવે શીના પ્યારા બનવા કેવું મજેથી કર્યું છે, આનાથી તો સાધુઓ માટે નવા પતનના-શિથીલાચારના રસ્તા તૈયાર થશે. તેવાઓ ગુરૂપૂજન તો શું પણ જ્ઞાનપૂજન પણ ઉઠાવી જતા થયા. હવે સાધુમો સંઘ આગળ નિર્ભયતાથી કહેશે કે, ગુરૂપૂજનના દ્રવ્ય ઉપર અમારો અધિકાર છે અમને જેમ ઠીક લાગશે તેમ અમો ઉપધિ દવા આદિમાં કરીશું. સંઘનો આના ઉપર કોઇ અધિકાર નથી. છેને જિનજ્ઞા ભંજકે પેદા કરેલું રંગી-બેરંગી નાટક ! અરે ! હવે તો ગામના આજુબાજુના ગામોમાં જૈનોની વસ્તી ન હોય તો ગુરૂપૂજન-કામળી આદિ વહોરાવવાની બોલીનો ઉપયોગ સાધુઓ માટે રસોડા કરવામાં કાર-રીક્ષાદિના ફાડામાં વિના સંકોચે થશે. ગોચરી વોહરાવવાં ગયેલા ભકતો પણ એ રસોડાનું મજેથી જમીને જે ગુરૂપૂજનાદિનું દેવદ્રવ્ય છે. એથી સાધુઓ સાથે પોતે પણ દેવદ્રવ્યથી બનેલી રસોઇ વાપરવાદિનો ઉપયોગ કરી નિઃસંકોચ દેવદ્રવ્યના ભક્ષક બની સ્વ-પરનો સંસાર વધારવાં સાથે અનેકને બોધિ દુર્લભ બનાવી, બોધિદુર્લભતાને પેઢી-દર-પેઢી ભાવી વંશોમાં સતત ચાલુ રાખવાનું નવિનતરભર્યું શાસ્ત્રવચન લોપકની પાપ-ગંગા વહેતી રાખશે.

ભાઇ ! સાધુ-સાધ્વીની સેવા વૈયાવચ્ચ કરવી એ તો શ્રાવકનું મૂખ્ય કર્ત્તવ્ય છે, શુભ ભાવથી કરે તો તીર્થંકરનામકર્મ' નો બંધ કરાવે-આ કર્ત્તવ્ય જો બાજુમાં મૂકો તો અસંખ્ય કાલીન કે અનંતકાલીન સંસાર વધ્યા વિના નહી જ રહે આ વાત સારી રીતે સમજો અને ભવભ્રમણ અલ્પ કરી મુકિતપદને વહેલી તકે પ્રાપ્ત કરવા શાસ્ત્રવચન ઉપર દૃઢ શ્રધ્ધાવન્ત બની આવા લેખકોથી જાતને બચાવો-અને એમાંજ શાસનની ભકિત-રક્ષા અને પ્રભાવકતા છે.

જિન વચનદ્રોહિણોઽનન્ત સંસારિણઃ આ આગમ વચન સતત નજર સામે રાખી શુધ્ધ ધર્મમાર્ગે પુરૂષાર્થ કરવાં દ્વારા શાશ્વત શીવસુખના સ્વામી બનો એજ એક મનોકામના.

આ બુકની રસપ્રદ વાતો હવે પછી જોઇશું.

*



- સાચાની રક્ષા માટે કલેશ અવશ્ય કરવાનો. પૈસા માટે કજીયા કરનારા ગમે ધર્મ માટે સાચી વાત કહે તેને કજીયા કરનારા કહે તે મહાપાપી લોકો છે.
- આ સંસારનું સુખ વેળવવા જેવું નથી, ઇચ્છવા જેવું નથી, ભોગવવા જેવું નથી આમ જે ન સમજે તેને જૈન કોણ કહે ?
- શરીરનો સેવક, ઇન્દ્રિયોનો ગુલામ, કષાયને આધીન બનેલાને ધર્મ ફાવે જ નહિ, ધર્મમાં મજા પણ આવે નહિ.
- દેવ-ગુરૂ અને ધર્મની સામગ્રી વિના દુનિયામાં એવી કોઇ ચીજ છે જેના પરના રાગથી આત્માનું ભલું થાય ?
- ધર્મના પ્રેમીને સંસાર જેલખાનું લાગે, વિષય-કષાય વૈરી જ લાગે.
- આત્મા જ સંસાર છે. આત્મા જ મોક્ષ છે. વિષય કષાયથી જીતાયેલો આત્મા તેનું નામ સંસાર. વિષય-કષાયને જીતેલો આત્મા તેનું નામ મોક્ષ.
- દુનિયાદારીની કોઇપણ ચીજ પર અમને રાગ થાય તો અતિચાર લાગે, રાગ થાય તેનું દુઃખ પણ ન થાય તો આત્મા ધીમે ધીમે બગડવા લાગે અને પછી પતન પામે !
- જે જીવ રાગને કાબૂમાં લે, સન્માર્ગે વાળે તે દ્વેષાદિ શત્રુઓ તેના ગુલામ છે.
- વર્ત્તનમાં ફેરફાર થાય પણ સમજણ તો ચોવીશે ય કલાક સાથેને સાથે જ રહે. અગ્નિ સળગાવવો પડે તો પણ અગ્નિ બાળનાર છે તે સમજણ સાથેને સાથે જ હોય છે ને ? તેનાથી સાવધ રહીને તેનો ઉપયોગ કરો ને ? તેમ ઘર-બાર પૈસા-ટકાદિ આત્માને ખરાબ કરનારા છે તે ભૂલાય તેમ છે કે યાદ રહે તેમ છે ? જેની સાથે રોજ કામ કરવું પડે તે નુકશાન કરનારી હોય તો ભૂલાય ખરી ?

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(ભાવનગર) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૧૪૧

9(-2-20

नमो चउविसाए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

शासन अने सिद्धान्त रक्षा तथा प्रचारनं यंत्र.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

૫૨૦૫

વર્ષ ૬

અંક ૪૦

સાત સુખદાયી 'સ' કારો

सम्यक्त्व–समता–सत्य–सत्त्व–संतोष–संयमाः ।
समाधिश्चेति साधूनां सकाराः सप्त सौख्यदाः ।।

સમ્યક્ત્વ, સમતા, સત્ય, સત્વશીલતા, સંતોષ, સંયમ અને સમાધિ આ સાત 'સ'કાર સાધુપુરૂષોને સુખદાયી છે.

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA PIN-361005

લવાજમ આજીવન
દેશમાં રૂા.૪૦૦

આ.શ્રી ... સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

ઘણું મેળવવા થોડું છોડો ! — શ્રી વિરાગ

થોડાને માટે ઘણું છોડવું છે કે ઘણાને માટે થોડું છોડવું છે ? કેમ ભાઇ, મારા બોલાયેલા શબ્દોમાં સમજણ ના પડી. ના, ગુરૂદેવ. હું કાંઇ સમજી શકયો નહિ.

અરે ! આવા સરળ શબ્દોમાં અને શુધ્ધ ગુજરાતીમાં હું બોલું છું.

"તમારે ઘણાને માટે થોડું છોડવું છે કે થોડા માટે ઘણું છોડવું છે. ગુરૂદેવ, બોલાયેલા વર્ણોનો ભાવાર્થ સમજાય છે પરંતુ ગુઢાર્થ સમજાતો નથી.

ઘણું મેળવવા માટે અમે અમારા આચાર-વિચાર અને અમારી માન્યતા પણ ફેરવી નાખી, છોડી દીધી છતાં પણ સરવાળે.....

મેળવવાની ભાવના ઘણી, મહેનત પણ ઘણી, પણ હાથમાં ચપણીયું પણ ન રહ્યું મેળવેલી પ્રતિષ્ઠા-આબરૂ ગુમાવવાનો અવશર હવે આવી લાગ્યો છે. વાહ ભાઇ વાહ, તમે તો ખૂબ ત્યાગી તમારો ત્યાગ ઘણો મોટો. અરે ગુરૂદેવ, આપશ્રીના ત્યાગ આગળ તો અમારો ત્યાગ નહી જેવો છે. ત્યાગી કહીને અમને શા માટે ઉંચે ચઢાવો છો ?

આપશ્રીને ધન્ય છે. આપશ્રીના સંયમને ધન્ય છે. આપશ્રીની તપશ્ચર્યા અને ત્યાગને ધન્ય છે. આપશ્રીએ કેટલો બધો ત્યાગ કર્યો છે ? ઘર છોડયું, પરિવાર છોડયો, સઘળી સંપત્તિને ઠોકર મારી, આપ કેટલા મહાન છો. રહેવા માટે સુંદર મજાના મકાનો મળે છે છતાં પણ મઠધારી બનાતા નથી. બસ કર, ભાઇ બસ, ઘણી સ્તુતી કરી. ફોગટ વખાણ ન કર. બિરદાવલી ગાઇને અમને કુલાવ નહી. કદાચ વખાણેલી ખીચડી દાંતે વળગી જશે. ભાઇ, હજી પણ કહું છું, તમે ત્યાગી છો. મોટા ત્યાગી છો. મારૂં કહેવું સાચું માનો. નવાઇ પમાડે તેવું મુખડું કરતા બોલ્યો, ગુરૂદેવ ! હું કેવી રીતે ત્યાગી ? આપશ્રીની વાતનો ગુઢાર્થ હું સમજી શકતો નથી. આટલો વૈભવ, આટલું સંપત્તિ, આટઆટલું રાચરચીલું, પાણી માંગતા જ્યાં કેસરીયા દૂધ મળે, સુખ-સાહ્યબીનો પાર નહી ભોગ વિલાસમાં-જ હું બેઠો છું. નિરંતર સુખો ભોગવી રહ્યો છું. આપશ્રી પણ નિહાળી રહ્યા છો છતાં મને ત્યાગી કહો છો. મારો ત્યાગ કેવી રીતે ? ભાઇ, તમારી વાત નગ્ન સત્ય છે તમારો ત્યાગ મારા ત્યાગથી ઘણો મોટો છે તેનું કારણ તમે સાંભળો. જુઓ, મારી સામે મોક્ષનું સુખ છે. મારી સામે પરમાત્માનું પરમ સુખ છે. એટલું મોટું સુખ છે કે તેની કલ્પના કરવી મુશ્કેલ છે સૌથી મહાન આ સુખ છે. એ સુખની પ્રાપ્તિ માટે મેં ધનનું સુખ, પરિવાર, રાચરચીલું, સંપત્તિનું સુખ, થોડો ખાવા-પીવાનો ત્યાગ વગેરે છોડયું. પરંતુ આપશ્રી તો મહાન ત્યાગી છો. એ મહાન મોક્ષના સુખને અને પરમાત્માના વિશાળ સુખને છોડીને ધનના ટબુકડા સુખમાં ફસાયા છો.

બોલો હવે, મોટા સુખને તમે છોડયું કે મેં. બતાવો મને, મહાન ત્યાગી તમે કે હું ? ગુરૂદેવ આપશ્રીનો ગુઢાર્થ સમજી ગયો. મેળવવા જેવું છે તેને છોડીને અમારો પુરૂષાર્થ અવળી દિશામાં છે. અમારા આચાર-વિચાર અને અમારી માન્યતાને ફેરવીને અમે ઘણી મોટી ભૂલ કરી છે. આપશ્રીએ અમને સાચું સમજાવ્યું ન હોત તો અમે થોડાને માટે ઘણું છોડી દીધું હોત. ખરેખર આપશ્રીના ઉપદેશને ધન્ય છે.

"ઘણું મેળવવા થોડું છોડી દો."

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘાજી ગુંદરા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચાંદાચંદ પદમશી ગુંદરા (થાણા ગઢ)

વર્ષ ૬] ૨૦૫૦ વૈશાખ સુદ-૧૪ મંગળવાર તા. ૨૪-૫-૬૪ [અંક ૪૦

શ્રી જિન ભક્તિ

પ્રવચનકાર : પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.

(સં. ૨૦૨૮ કા. વ. ૧૪ બુધવાર તા. ૧૭-૧૧-૧૯૭૧) ખેડા

(પ્રવચન ચોથું) (ગતાંકથી ચાલુ)

જે જીવ શ્રી જિનનો ભક્ત બને તેને શું શું કરવાનું મન થાય તે ખબર છે ? શ્રી સંપ્રતિ રાજા બની માના પગમાં પડે છે, ત્યારે તેની માતા રાજીપો નહિ પણ ઉદાસીનતા બતાવે છે, આનંદ નથી પામતી. તેથી તે પૂછે છે કે-"માતાજી ! હર્ષના સ્થાને વિષાદ કેમ ?" ત્યારે તેની માતા કહે કે-"દીકરા ! રાજ્ય તો નરકમાં લઇ જનારું છે. રાજ્યમાં જ આસકત બની જાય તો તારું શું થાય ? જો તું આ રાજ્યની સામગ્રીથી બારામાં સારા ધર્મનાં કામ કરે તો મને આનંદ થાય. તે જ વખતે શ્રી સંપ્રતિ રાજાએ કહ્યું કે-"માતાજી ! રોજ એક શ્રી જિનમંદિરના બાત મુહૂર્તના સમાચાર ન આવે ત્યાં સુધી મોઢામાં પાણી મૂકવું નહિ." તે માતા કેવી હશે ! દીકરો પણ કેવો હશે !

આ સંસાર પાપ વિના ચાલે જ નહિ માટે સંસારનો ત્યાગ કરવો તે જ ધર્મ ! સંસારનો ત્યાગ કરવાની તાકાત આવે માટે ભગવાનના દર્શન-પૂજન-દાન-શીલ-તપ આદિ ધર્મો બતાવ્યા છે. સંસારનો ત્યાગ પણ મોક્ષ મેળવવા માટે જ કરવાનો છે નહિ કે અહીં કરતાં વધુ સારા સુખો મળે માટે. જો આ લક્ષ્ય ન હોય તો આ બધી તમારી ક્રિયા તે બહુ બહુ તો પુણ્યક્રિયા બને પણ સાચી ધર્મક્રિયા બને નહિ. ધર્મક્રિયા કરવી છે કે પુણ્યક્રિયા કરવી છે ? ધર્મક્રિયામાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિનો ભાવ

આવે, પુણ્યક્રિયામાં તો અભાવ પણ હોઇ શકે. આજ સુધી પુણ્યક્રિયા કરેલી પણ ધર્મક્રિયા નહિ. ધર્મક્રિયા પાછળ પુણ્યક્રિયા તો બંધાયેલી છે પણ પુણ્યક્રિયા પાછળ ધર્મક્રિયા બંધાયેલી નથી.

આજે તમારા ઘરોમાંથી પણ જયણા કેમ નીકળી ગઇ? જેમ જેમ સગવડ મલતી ગઇ તેમ લોક ગાંડું બનતું ગયું અને સગવડ અપનાવતું ગયું. જેમ સગવડ વધારે તેમ ધર્મનો અભાવ. ઘરમાં રહીને હિંસા કરો તો વાંધો નહિ ને? તેનાથી પાપ ન બંધાય? સગવડ માટે પાપ કરો તો તેની સજા નહિ હોય? આ નાસ્તિકતા કાઢયા વગર આસ્તિકતા શી રીતે પેસે? બહુ જુલમ થયો છે. સગવડ માટે આરંભ ઘણો કરવો પડે. જેમ જેમ સગવડ મલે તેમ તેમ આનંદ પામો તો પાપ ન બંધાય ને? તે વખતે ય મનમાં થાય કે, મારા આત્મા પર જુલમ કરી રહ્યો છું. તેની સજા મારા આત્માને જ ભોગવવાની છે. 'પાપથી દુઃખ' આ શ્રદ્ધા પહેલા પેદ કરવાની છે. આપણા સુખ માટે બધા જીવોને દુઃખ આપીએ તો પાપ લાગે ને? તેથી દુઃખ આવે ને? તો તે દુઃખની ફરિયાદ કરાય કે તેને મજેથી વેઠાય?

શ્રી જૈનશાસનને સમજેલો આત્મા, ગૃહસ્થપણું મજેથી જીવતો નથી. ગૃહસ્થપણું જીવવું પડે તેનો તેને ત્રાસ-દુઃખ હોય છે. શ્રાવકપણું હોવું એટલે મજેથી ઘરમાં રહેવાની છૂટ મલી-આવી જેની માન્યતા હોય તેના વ્રત-પચ્ચક્ખાણ, તપ-જપ બધું નકામું છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આવવાને અવકાશ જ નથી. આ વાત બહુ ભારે છે પણ સમજ્યા વિના ઠેકાણું પડવાનું નથી.

માટે સમજાવી રહ્યો છું કે, સાચા ભાવે શ્રી જિનની ભક્તિ કરાયામાં આવી જાય તો પાપ કરવાનું દિલ થાય નહિ. કદાચ પાપ કરવું પડે તો કમને જ કરે. કેમકે, તેના હૈયામાં લખાઇ ગયું છે કે, પાપથી દુઃખ આવે, આવે ને આવે જ. પાપ કરવું પડે ત્યારે પણ જો સાવધ ન રહું, તેનો ભય પણ ન લાગે, તેમાં આનંદ માનું તો મારા તો બાર જ વાગી જવાના છે. માટે મહાપુરૂષો ફરમાવે છે કે, દુઃખ મજેથી વેઠવાથી ઘણાં કર્મો ખપે અને સુખ મજેથી ભોગવવાથી કે ભોગવવાની ઇચ્છા માત્રથી પણ ઘણાં કર્મો બંધાય. આ વાત કેવી છે?

આ સંસાર તો મિયાભાઇ જેવો છે, મારે પણ રોવા ન દે. દુઃખ ન વેઠે તો ય પંચાત, સુખ ભોગવે તો ય પંચાત. આજે ય કેટલાય જીવો દુઃખી છે? આજે તો જનાવરને મારવામાં વાંધો નહિ તેમ સારા સારા લોકો પણ બોલે છે ને? આગળ તો જનાવરોને સાચવતા. આજે તો કતલખાના છે. નકામાને મારે તેમાં વાંધો

નહિ ને ? તે બધા જીવ નહિ હોય ? મનુષ્યોમાં પણ કેટલા દુઃખી છે ? ઘર-બાર વગરના પણ કેટલા છે ? પરદેશથી ભાગીને આવેલા પણ છે ને ? કેમ ભાગી છૂટયા ? દુઃખ કેમ આવ્યું ? અનેકને દુઃખ આપે તેને દુઃખ આવે જ. પાપ કરે તેને દુઃખ આવે જ. દુઃખ ન જોઇએ તેને પાપ કરવું ન જોઇએ. દુઃખ મજેથી વેઠતા થાવ તો તમારા ઘર પણ સારા થાશે. ઘરમાંથી કજિયા-કંકાશ મટી જાય. ભગવાનની ભક્તિ આવી જાય તો આ ગુણ આવી જ જાય. પછી તેને સંસારમાં રહેવું ન ગમે પણ વહેલામાં વહેલા મોક્ષે જવાની જ ઇચ્છા થાય.

તમારે સંસારમાં રહેવું છે કે મોક્ષમાં જવું છે ? મોક્ષમાં જ જવું છે તો વહેલા જવું છે કે જવાય ત્યારે જવું છે ? ભગવાનનો ભગત ઝટ મોક્ષે જવાની ઉતાવળ વાળો ન હોય ! આપણા બધા ભગવાન મોક્ષે ગયા તો આપણે નથી જવું ? આજે મોટા ભાગને ગમે તેટલું દુઃખ હોય તો ય સંસારમાં મજા આવે છે. દુઃખીને પૂછો તો તે સુખી થવાની આશામાં છે. શ્રીમંતોને પણ ધર્મી દેખાવું છે પણ ધર્મમાં ઘસાવું નથી.

આપણા ભગવાનને પૂજાવાનો લોભ નથી તેમ ગાદીએ બેસવાનો પણ લોભ નથી. પૂજારી પણ ભગવાન કરતાં તમારાં કામ વધારે કરે છે. અને પગાર ભંડારમાંથી આપો છો. તમારી જોખમદારી વધી રહી છે. વર્ત્તમાનકાળમાં દેવદ્રવ્ય રાખવા જેવું નથી. વધી જાય તો આજુ-બાજુના, ગામ-પરગામના મંદિર વ્યવસ્થિત કરી લો. આપણે આ બધું નાટક નથી કરતા, આપણે ભાવથી ભક્તિ કરવી છે. ભગવાન હૈયામાં આવે તો જ આ બધી વાતો સમજાશે. ભક્તિ આવે એટલે આજ્ઞાનો પ્રેમ થાય, દુઃખને વેઠવાની કળા આવડી જાય, સુખની સાથે રહેવું પડે તો સાવચેતી આવી જાય. આવી દશા આવે તો મનવું કે જંગ જીતી ગયા. દુઃખ વેઠવા તૈયાર, સુખ જ ઉપાધિ રૂપ છે, આવી સ્થિતિ થાય તો શ્રી જિનભક્તિનો મર્મ હાથમાં આવે. વિશેષ હવે પછી.

[ક્રમશઃ]

તેઓ ચારે ગતિ રૂપ સંસારમાં ભમે છે.

જે પરભવે રત્તા, મત્તા વિસએસુ પાવબહુલેસુ ।
આસાપાસનિબદ્ધા, ભમંતિ ચઉગઇમહારન્ને ॥

જેઓ પરભવમાં રકત છે, જેઓ ઘણા પાપવાળા ઇન્દ્રિયોના વિષયોમાં મત્ત છે, જેઓ આશાના પાશામાં બંધાયેલા છે તેઓ ચારગતિ રૂપ મહાઅરણ્યમાં-જંગલમાં ભમ્યા કરે છે.

— સામયિક સ્ફુરણ —

જૈનો જૈન બને તો ચમત્કાર સર્જાય

મું. સ. જય જિનેન્દ્ર તા. ૫-૪-૬૪માં કુંદનલાલ એન. શાહ 'જોઇએ જૈન કોલેજ' એ હેડીંગ નીચે લખે છે કે–

જૈન ધર્મ એક મહાન ધર્મ છે. તેણે અહિંસા, અપરિગ્રહ અને અનેકાંત. આ ત્રણ સિદ્ધાંતો આપ્યા છે. આપણે મૂળભૂત સિદ્ધાંતો ભૂલી ગયા છીએ. ધર્મમાં સાધુ, સાધ્વી, શ્રાવક શ્રાવિકાનો પહેલાં વિચાર કરવો જોઇએ. આપણે જો જૈન ધર્મને વિશ્વ-ધર્મ બનાવવો હોય તો કેળવણીનો પાયો મજબૂત કરવો જોઈએ. કેળવણી માટે આપણે સ્કુલો અને કોલેજો સ્થાપવી જોઇએ. અને સર્વપ્રથમ કોલેજ પાલીતાણામાં સ્થાપવી જોઇએ. આવી કોલેજમાં આર્ટસ, સાયન્સ, કોમર્સના કોર્સ હોય. તેમાં જૈનો તેમજ જૈનેતરો દરેકને લાભ મળે અને જૈન ધર્મ શું છે, તેના આચાર તથા વિચાર કેવા છે તેનો અન્ય ધર્મીઓને ખ્યાલ આપવા માટે પ્રયત્ન થવો જોઇએ.

આવી કોલેજોમાં જૈન–જ્યોતિષ, જૈન–ભૂગોળ, જૈન–ખગોળ આદિ વિષયોનું જ્ઞાન આપવા પ્રયત્ન કરવો જોઇએ. તેમજ અભ્યાસની સાથે સાથે સામાયિક, પ્રતિક્રમણ, પૂજા, યાત્રા વગેરે વિષયોની સમજણ આપવી જોઇએ. વળી ત્યાં મોટા વિદ્વાન આચાર્ય કે સાધુ ભગવંતો આવે તેમના પ્રવચનો પણ રાખવાં જોઇએ. પહેલાં એકાદ કોલેજ સ્થાપી અખતરા રૂપે કેળવણી આપવામાં આવે અને પછી તેના અનુભવના આધારે બીજી સંસ્થાઓ ઉભી કરી શકાય.

આપણે મંદિરો પાછળ કરોડો રૂા. ખર્ચી નાંખીએ છીએ. એમાંથી માત્ર દસેક ટકા જેટલી રકમ પણ જો કેળવણી–મંદિરોમાં ખર્ચ કરીએ અને આપણાં બાળકોને ધાર્મિક શિક્ષણ આપીએ. જો આમ કરીએ તો એમાંથી તેજસ્વી બાળકો તૈયાર થઇ પરદેશમાં પણ ધર્મ પ્રચારાર્થે મોકલી શકાય.

ખ્રિસ્તી ધર્મનાં દેવળોની સાથે સ્કુલો, કોલેજો અને દવાખાના હોય છે અને તે ધર્મના પ્રચારમાં મહત્વનો ભાગ ભજવે છે. આપણે તેમાંથી બોધપાઠ લઇ કાંઇક કરવું જોઇએ.

માત્ર મંદિરો પાછળ પડવા કરતાં, એ મંદિરોમાં જનારા અને એ મંદિરોને ટકાવવાવાળા અને જાળવવાવાળા ઉભા કરવા એ વધુ જરૂરી છે, એમ નથી લાગતું ?

આપણે ઘણા કામો કરવાના છે. જેમ કે, જૈનો માટે રહેઠાણો બનાવવાં. આજે

રહેઠાણનો પ્રશ્ન ખૂબજ અગત્યનો છે. નવા મકાનોમાં ભાડા અને જુનાં મકાનોમાં પાઘડીમાં વધારો થઇ ગયો છે કે સામાન્ય માણસને પરવડી શકે નહિ.

પછી બાળકોના શિક્ષણનો પ્રશ્ન આવે. આજે મોટા ભાગનાઓને પોતાના બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાં હોય છે, ત્યાં ડોનેશન એટલું બધું માંગવામાં આવે છે કે સામાન્ય માણસનું ગજું નહિં અને, જો એમ ન ભણાવે તો સમાજ પ્રતિષ્ઠાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે એટલે તે બાળક મોટું થતાં વરાવવાની તકલીફ થાય.

પછી શારીરિક આરોગ્ય માટે દવાખાનાં અને હોસ્પીટલોની પણ એટલી જ જરૂર છે. આજે દર્દો વધ્યાં છે. દવાઓ વધી છે, ડોકટરો પણ વધ્યાં છે તેની સાથે-સાથ આ બધાના દામ પણ વધ્યાં છે, એટલે સામાન્ય માણસ સારી અને પૂરતી સારવાર મેળવી શકે એની પણ વ્યવસ્થા થવી જોઇએ.

પાલીતાણામાં મંદિરો છે જ. એટલે તેનો લાભ લઇ શકાય.

તેમ જ રીતે ત્યાં બાલાશ્રમ, મહિલાશ્રમ, ગુરુકુલ વગેરે છે તેવી જ રીતે ત્યાં કોલેજ થાય અને યાત્રાળુઓ તેમાં દાન આપતાં જાય તો તેને ચલાવવામાં વાંધો ન આવે.

– કુન્દનલાલ એન. શાહ

આ ભાઇને જૈનો પ્રત્યેની સદ્‌ભાવનાથી લખાણ લખવાનું મન થયું છે પરંતુ સુખી જૈનો કરોડો અને લાખો રૂપીયા કોલેજો હોસ્પીટલો વિ. માં આપે જ છે તે જગ જાહેર છે તેઓને જૈનપણાનો ખ્યાલ નથી અને પોતે પણ માત્ર નામથી જૈન છે એટલું જ નહિ પરંતુ દાન આપે છે તેમાં પણ કીર્તિની કામના દેખાય છે જો અશક્તને ભણાવવાનું નિરાધારને દવા આપવાનું અને અસહાયને સહાય કરવાનું જ્ઞાન પણ હોત તો તેઓ જરૂર જૈનો માટે કંઇક વિચાર કરી શકત.

કોલેજો હોસ્પીટલો તો ઠગલાબંધ છે અને તે સરકાર સિવાય ચલાવી પણ કોણ શકે. સરકારની ગ્રાન્ટ અને લોકોના દાનથી આ ઉભુ થાય છે તેમાં જૈનના દાન હોય તો પણ કોઇ સ્થાન નથી તેવું લગભગ દેખાય છે. કદાચ થોડું સ્થાન દેખાય તો પણ તે જૈનોના દાનને ખેંચવા માટે છે આજના શિક્ષણ દ્વારા હોંશિયારી આવી હોય તેમ બને જોકે તેમાં પણ શંકા છે. પરંતુ માનવતા કે કરૂણા અને નીતિ સત્યનિષ્ઠા તો તે પેદા કરી શકયા નથી.

જો કરોડો લાખોનું દાન દેનારા જૈન બની જાય તો જૈન શાસનનું તત્ત્વજ્ઞાન, આચાર, વિચાર અને ગુણ વૈભવ પ્રગટ જોઇ શકાત અને તેના દ્વારા જૈન ધર્મ વિશ્વ શ્રેષ્ઠ ધર્મ છે છતાં દેખાતો નથી તે દેખાવા મંડત.

આ ભાઇને કૉલેજના શિક્ષણ અને હૉસ્પીટલના ઉપાયોની વાત બેહદ છે પરંતુ તે તો દુનિયામાં ચાલે જ. છે તે તેના પ્રયત્નની વાત આદરણીય નથી જેમ સંસ્કાર અને શ્રદ્ધા અને વૈરાગ્યની વાત મહત્ત્વની છે આ જૈનો જો જૈન બને તો પૂર્વના મહાન જૈનોએ જૈન જૈનેત્તરમાં સંસ્કાર, માનવતા અને જૈનત્વની સ્થાપના કરી છે તેના દર્શન થાય પરંતુ આ સુખી જૈનો જૈનત્વને બદલે કીર્તિ પાછળ પડેલા હોય ત્યાં શું થાય? અને તેવાઓની રકમ-દાન લેવા માટે તેમના વખાણ, પ્રશંસા અને બહુમાન મહત્વ વધારીને દાન પડાવી લેવાની પ્રવૃત્તિ પણ વિકાસ ન પામત.

આ ભાઇને જૈન મંદિરોમાં વપરાતા દ્રવ્ય આદિની ચિંતા થઇ છે તે તેમનું ભોળપણ છે. મોટાભાગના જિન મંદિરો દેવદ્રવ્યથી બંધાય છે. કોઇક વ્યકિત પોતે બંધાવતી હશે. વળી તે દ્રવ્ય આમ આડા માર્ગે વાળવાની વૃત્તિ પણ બરાબર નથી જિનેશ્વર દેવ અને તેમના માર્ગ પ્રત્યેની ઇર્ષ્યા કરવા જેવું બની જાય છે દ્રવ્ય સંસ્કાર અને સમર્પણ માટે આવી ઇર્ષ્યા કે ભેળસેળ વૃત્તિ બરાબર નથી.

મંદિરો પાછળ જૈનો કરોડો ખર્ચે છે કે મકાનો બંગલાઓ, ઉદ્યોગો, દુકાનો વિ. પાછળ ખર્ચે છે તેનો આ ભાઇ પણ અભ્યાસ કરે તો મંદિરો પાછળ કરોડો ખર્ચાવાનો તેમનો ભાવ પણ બેસી જશે.

ખ્રિસ્તીઓ કે પારસીઓના નામ લઇને તેનું અનુકરણ કરવાની વાત પણ આપણે જૈન નથી જૈનત્વ સમજ્યા નથી માટે કરવાની થાય છે મંદિરો પાછળ કેટલું પડયું છે તે ખ્યાલ નથી તેમ તેમને સમજાયું પણ નથી જ્યાં મંદિર ન હોય ત્યાં મંદિર બંધાય છે. દેવદ્રવ્ય માટે અરજીઓ કરાય છે તેમાં અને બીજા આયોજન દ્વારા તે રકમ એકત્ર થાય છે બાકી તો જે ગામમાં મંદિર બાંધવું હોય ત્યાંજ કરોડોના અને લાખોના વૈભવોવાળાનો પણ શું ભોગ છે તે તપાસો તો ખ્યાલ આવે. જેથી 'મંદિરો પાછળ પડવા કરતાં' એવા શબ્દો લખાય છે તે બરાબર નથી. ધર્મનું એક અંગ તોડવાની બુધ્ધિ રાખીને બીજા અંગે સાંધવાની પુષ્ટિ કરવી તે જૈન તત્ત્વથી વિપરીત છે જરૂર જણાય ત્યારે સીદાતા અંગની કાળજી રાખવી તે જૈનત્વનું લક્ષણ છે. આજે તે લક્ષણ નબળું છે તેથી જ્યાં આપવું છે ત્યાં અપાતું નથી અને નથી આપવું તે અપાય છે તે દૂષણ છે.

'પાલીતાણા મંદિરો છે જ એટલે તેનો બહુ લાભ લઇ શકાય' આવું લખ્યું છે તે પણ ટુંકી બુધ્ધિથી લખાયું છે એવા તો લાખો જૈનો છે જેમણે પાલીતાણા જોયું પણ નથી. જેથી જૈન મંદિરો પ્રત્યેની અરૂચિપણ આ લેખકે કે આવા વિચારવાળાઓએ દૂર કરવાની જરૂર છે.

જૈનો જૈન બને તો હોસ્પિટલો ન બંધાવે પણ દરદીને લાખોના ખર્ચે પણ દવા કરાવે, કૉલેજો આદિ ન બંધાવે પણ અશકતને સંસ્કાર શિક્ષણ માટે એક એક

વ્યક્તિ પાછળ પણ લાખો ખર્ચો અને તેમ થાય તો તેવા રોગીઓ અને શિક્ષણ સંસ્કાર લેનારા જૈનત્વની સદ્ભાવના પામે. તેમ નથી તેથી સાધર્મિકને સહાય કરીને શિખામણ આપો તો સામે ન કહે પણ પાછળથી પણ કહે 'તેના બાપનું હતું' સમજતું છે તેને કહેવાનો શું હકક છે વિગેરે

જ્યારે જાતે જ જેમને સહાય સગવડ કરી આપે તો તેની શરમ રહે, ભાવના રહે અને અનીતિ, વ્યસન, અનાચારથી દૂર રહે સંસ્કાર શ્રદ્ધાથી નજીક આવે.

આજના યુગની થીયરી અને જૈનત્વના જીવનની થીયરી પૂર્વ પશ્ચિમ છે તેવું જો જૈનો સમજે તો તે જૈનત્વની થીયરી દ્વારા જૈન સંઘ અને પછી ઇત્તર સમાજને પણ માનવતા, સંસ્કાર, શ્રદ્ધા અને જૈનત્વના પાઠ શીખવી શકે.

આજે તેવું ચોખાતું નથી પરંતુ તેવા દર્શન પ્રાપ્ત થાય તેવી સૌને અભિલાષા રહે અને તેજ રીતે જૈનશાસન ઉજ્જવળ બને અને મળેલ આ માનવભવ વેડફાઈ ન જાય તથા જિનેશ્વરદેવના માર્ગને પામી સંસ્કાર સદ્ગતિનો અનુબંધ પામી શિવસુખના માર્ગે સૌ આગળ વધે એવી મનોકામના.

૨૦૫૦ વૈ સુ. ૧
સરભાણ [બારડોલી]

જિનેન્દ્રસૂરિ

શ્રી મહાવીર શાસન – શ્રી જૈન શાસન લવાજમ વધે છે.

શ્રી મહાવીર શાસન માસિકમાં દિવાળીથી સફેદ કાગળ વાપરવાના શરૂ કર્યા છે. અને તેથી તેના ખર્ચની રાહત માટે લવાજમ ૨૧) રૂા. માંથી ૩૧) રૂા. કર્યા છે.

એક વર્ષ રૂા. ૩૧) પાંચ વર્ષ રૂા. ૧૫૧)
બે વર્ષ રૂા. ૬૧) આજીવન રૂા. ૪૦૦)

શ્રી જૈન શાસન અઠવાડિકનો ખર્ચ વધુ આવે છે તેની ચોજના વિશેષાંક દ્વારા મુકી છે અને તેમાં પણ નવા વર્ષથી રૂા. ૪૧)ને બદલે રૂા. ૫૧) લવાજમ કરવામાં આવે છે અત્યારે લવાજમ ભરનારે ચાલુ વર્ષના બાકી અંકોના રૂા. ૧૦) અને નવા વર્ષના રૂા. ૫૧) ભરવા.

એક વર્ષના રૂા. ૫૧) પાંચ વર્ષના રૂા. ૨૫૧)
બે વર્ષના રૂા. ૧૦૧) આજીવન રૂા. ૫૦૧)

શ્રી જૈન શાસન કાર્યાલય
C/o શ્રુતજ્ઞાન ભવન
૪૫, દિગ્વિજય પ્લોટ જામનગર.

શ્રી મહાવીર શાસન કાર્યાલય
શાક માર્કેટ સામે
જામનગર.

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- ભગવાનના સાચા સેવકને તો સંસારની સામગ્રી ઉપાધી લાગે અને ધર્મની સામગ્રી સંપત્તિ લાગે.
- જેને પોતાનું અજ્ઞાન કાઢવાનું અને જ્ઞાન મેળવવાનું મન નહિ તેવાને સાધુનો સાચો અપ પડે નહિ.
- ભગવાન શ્રી જિનેશ્વરદેવનો શ્રી સંઘ તો ધર્મ આરાધકને ધર્મની આરાધનામાં સહાયક થાય.
- શ્રી સંઘ તે પચ્ચીશમો તીર્થંકર કહેવાય છે. કયો ? આજ્ઞા મુજબ ચાલે તે ! આજ્ઞા પાળવામાં તત્પર હોય તે ! આજ્ઞા પાળવા ઇચ્છે તેને સહાય કરવા તત્પર હોય તે !
- અધર્મ કરવાનું જે કહે તેની સાથે મૈત્રી પણ ન થાય. તેને ના પાડવામાં પાપ નહિ, હા, પાડવામાં પાપ !
- પ્રયત્ન એવા કરવા જોઇએ જે પરિણામે સ્વતંત્ર બનાવે.
- કર્મના સંગ્રામમાં નિડરતા રાખવાનું શ્રી જિનેશ્વરદેવે કહ્યું છે પણ પાપથી નહિ ડરવાનું તો શ્રી જિનેશ્વરદેવોએ કયાંય પણ કહ્યું નથી.
- અનંતકાળે આ મનુષ્યભવ મળ્યો છે ત્યાં ધર્મસહાય વિના બીજું માંગાય પણ કેમ ? બીજું-ત્રીજું માગવાની ઇચ્છા એ ભયંકર તુચ્છ મનોવૃત્તિનું દ્યોતક છે.
- જે આત્માઓને સંસારમાં જ રસ છે, મોક્ષની ઇચ્છા પેદા થતી નથી. સંસારનું સુખ અને સંપત્તિ વિના તો ચાલે જ નહિ આવી માન્યતા જેની હોય તે પોતે તો ધર્મ કરે નહિ પન બીજા જે ધર્મ કરતાં હોય તેમને અંતરાય કર્યા વિના પણ રહે નહિ.
- જેને દુર્ગતિમાં ન જવું હોય તેને ધર્મશીલ બનવું જોઇએ અને પરિવારને પણ ધર્મશીલ બનાવવો જોઇએ. બને તો સાધુધર્મ પમાડવો જોઇએ. તે ન બને તો સાધુ ધર્મ પામવાની શકિત આવે તેવો ધર્મ પમાડવો જોઇએ.
- જેને મોક્ષ ગમે તેને ધર્મ ગમે. જેને સંસાર ગમે તેને પાપ-અધર્મ ગમે.
- જે સાધુને માન-પાનાદિ જ ગમે. તે માટે બધા પ્રયત્ન કરે તેની તો તમારા કરતાં પણ વધારે ખરાબ હાલત થવાની છે.
- સંસારનો પ્રેમી અને માન-પાનાદિનો ભૂખ્યો બનેલો જીવ કયારે શું ન કરે તે કહેવાય નહિ.

આપને પ્રભુનું શાસન ગમે છે ? ખરેખર હૈયાથી ગમે છે ? તો આ જરૂર વાંચો. શકય અમલ શરૂ કરો.

— લે. શ્રી ધર્મપ્રેમી

શ્રી જિનેશ્વરદેવનું અનંત કલ્યાણકારી શાસન વિશ્વના જીવો ઉપર એકાંતે ઉપકાર કરી રહ્યું છે. તેના ઉપકારોને લખવા ગાવા માટે લાખો વર્ષનું પણ આયુષ્ય હોય તો પૂર્ણ ન થઇ શકે.

આજે ઘણું બધું સાહિત્ય ઝડપભેર પ્રકાશિત થઇ રહ્યું છે. ભૂતકાળમાં ઘણું થયું છે. ભવિષ્યમાં થતું રહેશે. ઉત્તમ આત્માઓ આવા સાહિત્યનું વાંચન-મનન-મંથન કરી પોતાના જીવનમાંથી દોષો, દુર્ગુણો, કુટેવો, કુસંસ્કારો દૂર કરે છે. આરાધનામાં આગળ વધી પોતાના જીવનને ધન્ય બનાવી રહ્યા છે.

ભારતભરમાં તેમજ દેશ વિદેશમાં જૈન સંઘો પથરાએલા છે. દરેક સંઘોમાં જેની જે રુચિ હોય છે તેમાં સૌ રસ લેતા હોય છે. કોઇકને જિનભક્તિ ભાવના, કોઇકને જિનવાણી શ્રવણ, કોઇકને દેવવંદન, પ્રતિક્રમણ, જાપ, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, સાધર્મિક ભક્તિ, વિવિધ તીર્થ યાત્રાઓ વિગેરે કરે છે તે બધું ખુબ સારું છે.

પરંતુ દરેક સંઘોમાં થોડાંક ભાઇ-બેનો એવા સેવાભાવી તૈયાર થાય તે નીચે મુજબના કાર્યો માટે વિચારી આગળ સુંદર કાર્ય કરે તે જરૂરી છે.

ઘણાંન. ઘરમાં ધાર્મિક સાહિત્ય પડયું હોય છે. બિનજરૂરી લાગતા તેઓ દેરાસર ઉપાશ્રયમાં મુકી જતાં હોય છે. આ બધું ધૂળમાં રમતું જોવા મળે છે. તે જોઇ ખુબ દુઃખ થાય છે. તેમાં સુંદર અંકો પુસ્તકો ઉત્તમ સાહિત્ય હોય છે. તેને વ્યવસ્થિત ભેગુ કરી સારી રીતે પુંઠા ચઢાવી બંડલો બંધાવી રાખવું જોઇએ. આ બધું સર્જન કરવા પાછળ ખુબ પૈસો, સમય અને માનવ શકિત કામે લાગેલી હોય છે. જો થોડા ભાઇ-બેનો સક્રિય બને દર મહિને એકાદ કલાક ભેગા થઇ આવું કામ કરે. તો કોડો રૂપિયાનું જ્ઞાનનું સાહિત્ય નાશ પામતું અટકી જાય. નકામા-ફાટી ગયેલા બિન ઉપયોગી પુસ્તકો પરઠવી દેવા જોઇએ. બાકી ઉત્તમ સાહિત્યનું રક્ષણ સંવર્ધન સારી રીતે કરવું જોઇએ. જેઓએ આ વાંચી કાર્યનો પ્રારંભ કર્યો હોય તે જણાવે તો તેમાંથી બીજા પ્રેરણા મેળવી શકે. અનુમોદના કરે. આ કાર્ય આગળ વધે તે માટે લખવા આમંત્રણ છે.

આવાં સાહિત્યના રક્ષણથી કેવો આનંદ મળે છે. કેવો લાભ થાય છે. તે જોઇએ.

એક વખત એક સુશ્રાવક સ્વર્ગવાસ પામ્યા તેમને વાંચનનો ખુબ રસ હતો. ખુબ સારા પુસ્તકો ઘરમાં વસાવેલા ધનની

તિજોરી કરતાં તે પુસ્તકોની ખૂબ સંભાળ લેતા. સ્વ પં વાંચતા અનેકોને વંચાવતા. કોઇ માંદુ હોય તો પુસ્તક વાંચતા જાય અને માંદગીમાં તે આત્માને ધર્મ શ્રવણ કરાવી સુંદર ધર્મ ભાવનામાં ચઢાવતા. આયુષ્યની દોરી તૂટે સહુને જવું જ પડે. આ ભાઇ પણ સુંદર સમાધિ પૂર્વક ચાલી ગયા. હવે ઘર નાનું ઘરમાં પરિવારને થયું પુસ્તકોનું શું કરવું ? કોઇ લેવા તૈયાર નથી. પરતીવાળાને બોલાવ્યો કિલોના ભાવે આપી દેવાનું નક્કી થયું. વજન ચાલુ થયું. પાઠશાળામાં ભણતો વિદ્યાર્થી આવ્યો. મને કહેવા લાગ્યો લારી ભરીને ધર્મના પુસ્તકો વેચાઇ રહ્યા છે તમે કાંઇ કરો. હું ગયો પરતીના પૈસા હું આપી દઉં મને પુસ્તકો આપી દો. પેલા ભાઇએ કહ્યું મારે પૈસા નથી જોઇતા તમે મફત લઇ જાવ. મને ખબર છે ૩૦૦થી વધુ પુસ્તક હતા. હું લાવ્યો તેમાંથી એક ૭૦ વર્ષના બ્રાહ્મણે મોટા ભાગના પુસ્તકો વાંચ્યાં તેમાં સુંદર અક્ષરે તેમને ઠેર ઠેર લખ્યું હતું. Very Nice, Very IMP, Most imp, Read This Again & Again, ઘણી જગ્યાએ ગ્રામરની ભૂલો હતી તો સુધારી હતી. વાંચન કરતાં કરતાં એમની જૈન ધર્મ પ્રત્યે અપાર શ્રધ્ધા વધી ગઇ હતી. નવકાર મહામંત્રનો જાપ નિયમિત કરતા થયા હતા. કંદમૂળ સંપૂર્ણ બંધ કર્યું હતું. રાત્રિભોજન સંપૂર્ણ બંધ કર્યું હતું. દ્વિદળ જરાપણ ઘરમાં ન થાય તે માટે સાવધાન થઇ ગયા હતા તે બોલ્યા નાનો હતો ત્યારે આ બધું મલ્યું હોત તો બહુ લાભ થાત. ત્રણ દિવસ અગાઉથી પોતાને સંકેત થઇ ગયો હતો કે મારે દુનિયા છોડીને જવાનું છે. ત્યારે પોતાની ધર્મ પત્નીને કહ્યું 'આ કાયા રૂપી પિંજર છોડીને હું ત્રણ દિવસ પછી મોક્ષમાર્ગની યાત્રામાં આગળ ચાલવા ચાલ્યો જવાનો છું. તું જરાય કલ્પાંત કરીશ નહિ. ખુબ ધર્મ ધ્યાનમાં આગળ વધજે અને તું પણ મોક્ષપદ પામ.

બીજો અનુભવ

જૈન પ્રવચન કાર્યાલયનું સંચાલન સુશ્રાવક વજુભાઇ કરતાં હતા. ઘણાં સમય સુધી તે બધું સંભાળતા. વૃધ્ધાવસ્થાએ પહોંચ્યા હું રોડ ઉપરથી પસાર થઇ રહ્યો હતો વજુભાઇએ કહ્યું આ 'જૈનપ્રવચન'ના અંકો અને પુસ્તકો વધારવાના છે. આ એવું સાહિત્ય છે જેને જગતની નાશવંત સંપત્તિ સાથે તોલી ન શકાય. મને કોઇ સંભાળનાર દેખાતું નથી. તમે કાંઇ વ્યવસ્થા થાય તો કરો. મેં કહ્યું મને આપો હું સદુપયોગ કરાવીશ. બાઇન્ડરોને બોલાવી બરાબર સમજાવી દીધું. ૪૦૦થી વધુ ફાઇલો બની ગઇ. કંઇક પુણ્યવાનોએ તે વસાવી વાંચી જીવન ધન્ય બનાવ્યું. જેઓએ વાંચ્યું તેઓને શાસનની ઊંડી સમજ મળી.

ત્રીજો પ્રસંગ

એક ઉપાશ્રયમાં જવાનું થયું કબાટો ખુલ્લા પુસ્તકો પ્રતો વેરણ છેરણ જોઇ. ટ્રસ્ટીને વાત કરી કહે તો બધુ UP To Date બનાવી દઉં. તેમણે હા

પાડી બે યુવનો સાથે લઈ પુંઠા ચઢાવ્યા-પોથીઓના કવર ચઢાવી દીધા. ઢગલાબંધ પુસ્તકો ધૂળ ખાતા બંધ થઈ ગયા.

આવા જ્ઞાનભંડારમાં સેવા આપવા માંગતા પુણ્યવાનોની માહિતી પણ પ્રગટ થવી જોઇએ. જ્ઞાનભંડારને કેવી રીતે વધુ સુંદર સુરક્ષિત રાખી શકાય તેના વિચારો પણ પ્રગટ થવા જોઇએ.

ઘણી વખતે ઘણાંને અમુક સાહિત્ય વાંચવાની ભાવના હોય મળતું નથી. આવા સંજોગોમાં જેને વાંચનની રુચિ હોય તેને મળી રહે તે માટે સુંદર આયોજન થવું જોઇએ.

ભારતભરમાં ઠેર ઠેર દાનવીરો છે. ધર્મ પ્રેમીઓ છે. ગામડાઓમાં શહેરોમાં મકાનો ધૂળ ખાતા પડયા હોય છે આવા સાહિત્યની સુરક્ષા માટે આપના મકાનો દાન કરો. સારા-હોંશિયાર નિવૃત્ત માણસોને માર્ગદર્શન આપી તૈયાર કરાય તો ખુબ કામ થાય. સમ્યગ્જ્ઞાનની ખુબ ભક્તિ થશે. જ્ઞાનાવરણીય કર્મનાશ પામશે.

એક બાજું આવું સાહિત્ય આવે તે લેવું કરી Shorting કરી વ્યવસ્થિત કરવું જોઇએ. બીજી બાજું જેઓને વાંચન મળી શકે તે માટે કયા પુસ્તકો છે. તેમાં શું આવે છે વિગેરે Short & Sweet રજુ કરવું જોઇએ. આમ થવાથી લાખો રૂપિયાનું સાહિત્ય બચી જશે. નવા વાંચન કરનારો વર્ગ વધશે. જેઓને આ કાર્યમાં રસ હોય તેવી એક ટુકડી વ્યવસ્થિત બનાવવી જોઇએ પછી સમય મળે તેમ તેમ થોડું થોડું કામ આગળ વધારવું જોઇએ. ખુબ લાભ થવાની શકયતા છે.

ધર્મ પ્રેમીઓ જરૂર વિચારી, નકકર આયોજન કરો. મુંબઈમાં એક નિવૃત્ત કાકા છેલ્લાં ઘણાં વર્ષોથી આવી સેવા આપે છે. ઘણાં બાળકો ભાઇ-બેનો પુસ્તકો વાંચી આનંદ આનંદ પામી જાય છે.

જેની પાસે વધારાના પુસ્તકો હોય આવવાના હોય તેના List પણ વારંવાર પ્રગટ થવા જોઇએ.

જ્યાં કબાટો બિનજરૂરી પડયા હોય તેમણે સામેથી જાહેરાત કરવી જોઇએ જેથી જ્યાં જરૂર હોય ત્યાં ગોઠવાઇ જાય.

જ્ઞાનભંડારોમાં ઘરોમાં એવા સુંદર પુસ્તકો હોય છે. કેટલી કિંમત આપવા છતાં ન મળે. ઘણાં ગામોમાં તો વર્ષો સુધી એમની એમ પ્રતો પુસ્તકો બધું એમની એમ પડેલું જોવા મળે છે. આ બધું બહાર કાઢી પાછું અંદર ગોઠવાઇ જાય. તાળા-ચાવી વ્યવસ્થિત બનાવી દેવાય તે જરૂરી લાગે છે. ઘણીવાર અંદર પાણી પડતા હોય છે. બારી બારણાના કાચ તૂટી ગયા હોવાને કારણે ધૂળ ભરાતી હોય છે. ચકલા બધું બગાડતા હોય છે.

આપણા મહાનપુરૂષોએ અને પૂર્વજોએ અથાગ મહેનત કરી આ બધું સાચવ્યું તે આપણાં જીવન કાળ દરમ્યાન વધુ સારી સેવા આપી સાચવી ભાવિ પેઢીના હાથમાં પહોંચાડીએ જ્યાં સંઘો હોય જ્ઞાન ભંડારો હોય ત્યાં દેરાસરની બહાર બોર્ડ લગાવવું જોઇએ.

જ્ઞાન ભંડારનો લાભ લો

શ્રી સંઘમાં ઉત્તમ સાહિત્ય છે તે નીચેના સમયે મળી શકે છે. ભાવિકો લાભ લઇ જીવન ધન્ય બનાવો.

આવું નિમિત્ત પણ વાંચનનો રસ જગાડી શકે છે.

તત્ત્વાવલોકન સમીક્ષાકારના છબરડાઓ (૨)

— શ્રી સંયમ

તત્ત્વાવલોકન-સમીક્ષા (લે. પૂ. મુ. શ્રી અભયશેખર વિ.મ.) પુસ્તકનું પેજ નં. ૬૧ ઉપરનું પ્રકરણ 'દ્વારિકાના દાહનો વૃત્તાંત'

[લીટી-૧૧..... સુવિહિત ગીતાર્થ આચાર્ય ભગવંતોને પૂછો કે 'નેમિનાથ પ્રભુએ દ્વારિકાનો દાહ અટકાવવા આયંબિલાદિ તપશ્ચર્યા વગેરે ધર્મ વધારવાનો ઉપદેશ આપ્યો હતો' એવો સંપ્રદાય (આમ્નાય) તેઓને મળ્યો છે કે નહિ ? ...]

મુનિવર શ્રી ! આમ્નાય કોને કહેવાય તે સમજી લો. જેમાં નીચેના ચાર લક્ષણ ઘટતા હોય તે આમ્નાય કહેવાય (૧) આમ્નાય પ્રવર્તાવનાર સંવિજ્ઞ ગીતાર્થ હોવા જોઇએ. (૨) તેવા પ્રકારનું પુષ્ટ અવલંબન સ્વરૂપ કારણ પ્રાપ્ત થયું હોવું જોઇએ (૩) તેને તત્કાલવર્તી ગીતાર્થોએ નિષેધ્યું ન હોય અને (૪) શાસ્ત્રથી જે બાધિત ન હોય.

હવે તમે કહો છો કે 'નેમિનાથ પ્રભુએ દાહ અટકાવવા આયંબિલાદિ તપશ્ચર્યા વગેરે ધર્મ વધારવાનો ઉપદેશ આપ્યો હતો એવો આમ્નાય છે તો પ્રશ્ન એ ઉભો થાય કે જે વસ્તુ દૃષ્ટાંતમાં છે જ નહિ, તેવી વાત પ્રવર્ત્તાવની ગીતાર્થ આચાર્ય ભ. ને જરૂર કેમ પડી ? વળી દાહ અટકાવવા માટે જે આયંબિલાદિ કર્યા તે 'વિષાનુષ્ઠાન' હોવાનું સ્પષ્ટ છે. શું ભગવાન વિષાનુષ્ઠાનને આચરવાનો ઉપદેશ આપે ખરા ? એટલે એ કલ્પિત આમ્નાય બાધિત પણ છે.

પ્રશ્ન :- પણ અમે પૃ.-૬૫ ઉપર ટિપ્પણીમાં શ્લોક આપ્યો છે, તેમાં તો સ્પષ્ટ લખ્યું છે કે 'સ્વભાવથી, મારા (કૃષ્ણના) આદેશથી તથા ભગવાનના ઉપદેશથી પણ દ્વારિકાના લોકો ધર્મ કરણીમાં સજ્જ બન્યા. તેનો તમારે પાસે શું જવાબ છે ?

ઉત્તર :- જૂઓ મહાત્મન્ ! પ્રભુ તો હર હંમેશ ધર્મકરણીમાં સજ્જ થવાનો જ ઉપદેશ આપવાના. જે આત્માઓ યોગ્ય હશે તે પરમાત્માના ઉપદેશને ગ્રહણ કરીને આત્મકલ્યાણ સાધવાના. અયોગ્ય આત્માઓ તો પરમાત્માના ઉપદેશને પણ ડૂબવાનું સાધન બનાવવાના.

ભગવાને ધર્મકાર્યમાં સજ્જ થવાનો ઉપદેશ આપ્યો. લોકો ધર્મકાર્યમાં સજ્જ પણ થયા. પણ મનમાં આશય જુદો જ રાખ્યો, જેથી તે અનુષ્ઠાન વિષાનુષ્ઠાનમાં પરિણમ્યું. આ વાતનો આધાર લઈ તમે ભગવાનના નામે ઠોકી બેસાડો છો કે 'ભગવાને તમને તેવા પ્રકારનું (અર્થાત્ મલિન) અનુષ્ઠાન આચરવાનો ઉપદેશ આપ્યો હતો' તે શું યોગ્ય છે ? ભગવાને તો ધર્મ કાર્યમાં ઉદ્યત બનવાનું જ માત્ર કહ્યું છે, અને ભગવાન તો ત્રણે કાળમાં એ જ કહેવાના. ભગવાને કયાંય એવું નથી કહ્યું કે 'તમારે

દ્વારિકાનું દાહ અટકાવવો હોય તો આયંબિલાદિ તપ કરો.

પ્રશ્ન :- પેજ ૬૪ ઉપરની આપેલ ટિપ્પણીમાં તો એ વાત સ્પષ્ટ થાય છે ને કે 'જરાનું નિવારણ કરવા અઠ્ઠમ કરવાનો અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુનું સ્નાત્ર કરવાનો ઉપદેશ' શ્રી નેમનાથ ભગવાને આપ્યો હતો ?

ઉત્તર :- તમે તે શ્લોકો પણ ઉતાવળથી વાંચ્યા હોય તેવું અનુમાન અમે કરી શકીએ છીએ ? કારણ તે શ્લોકમાં શ્રી નેમનાથ ભગવાને શ્રી કૃષ્ણને 'શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિને કઇ રીતે પ્રગટ કરવી-પ્રાપ્ત કરવી ?' તેના ઉપાય રૂપે અઠ્ઠમ તપ કરવાનું કહ્યું છે. પણ ભગવાને ક્યાંય એવું નથી ઉપદેશ્યું કે 'તું અઠ્ઠમ કરીને મૂર્તિ પ્રાપ્ત કર. તેનું સ્નાત્ર કર અને તેનું જળ તું તારા સૈન્ય ઉપર છાંટ, કે જેથી જરાસંધની વિદ્યાથી મૂર્છિત થયેલું તારું સૈન્ય જાગૃત થાય !'... શ્લોકમાં આવું કંઇ ન હોવા છતા તમે એવો ભાવ ઉપજાવવાનો વ્યર્થ પ્રયત્ન કર્યો છે.

પ્રશ્ન – તત્ત્વાવલોકનકારે (પૂ.મુ. શ્રી કીર્તિયશ વિ. મ. સા.) 'ધર્મ સ્વરૂપ દર્શન' પુસ્તકના પેજ નં. ૧૩૨ ઉપર જે લખ્યું છે કે "જો આ જીવોનું તપાદિ અનુષ્ઠાન વિષાનુષ્ઠાનરૂપ ન બન્યું હોત તો, તેમના સચ્ચિત્તનો નાશ ન થયો હોત. ઉપરથી ૧૦-૧૨ વર્ષના તપથી તો અચ્ચિત્ત ઘણું જ પુષ્ટ બન્યું હોત"—આવું લખીને તત્ત્વાવલોકનકારે દ્વારિકાના લોકોના સચ્ચિત્તનો નાશ થઇ ગયો હતો એવું સિધ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે. તેના જવાબ રૂપે **'તત્ત્વા. સમીક્ષા'** માં પેજ ૬૩ (લીટી-૧૩) ઉપર આજે જે બિના લખી છે, તે જૂઓ–

"ત્યારે કૃષ્ણ રાજાની સોળહજાર પત્નીઓ વડે સમભાવથી અનશન કરાયું તથા અગ્નિથી બીધેલી યદુઓની બધી ધર્મોન્નત સ્ત્રીઓનું અનશન થયું" (કુમારપાળ પ્રતિબોધ ગ્રન્થ)

તત્ત્વાવલોકનકારના કહેવા મુજબ જો આ સ્ત્રીઓનું સચ્ચિત્ત નાશ પામી ગયું હોત તો, અગ્નિમાં બળી મરવાના પ્રસંગે તેઓ આર્ત્ત-રૌદ્ર ધ્યાન ગ્રસ્ત ન બની ગઇ હોત ? અને અનશન કરવાનું તેઓને સૂઝત ખરા ?

ઉત્તર :- તત્ત્વાવલોકનકારે જે લખ્યું છે કે '૧૨-૧૨ વર્ષના તપને અંતે તેમનું સચ્ચિત્ત ઘણું જ પુષ્ટ બન્યું હોત' તે યુકત જ છે. તે વાત 'શત્રુંજય મહાત્મ્ય' ગ્રન્થ (સર્ગ-૧૩-શ્લોક-૭૦) ઉપરથી સ્પષ્ટ થાય છે. તે શ્લોકમાં લખ્યું છે કે "૧૨ વર્ષને અંતે સકલ લોક તપને વિશે ઉદ્વિગ્ન બન્યો, મદ્યમાંસ ખાનાર બન્યો અને સ્વેચ્છાચારી બન્યો."

વિચાર કરો કે ૧૨-૧૨ વર્ષ સુધી આયંબિલ જેવો ઉગ્ર તપ કરનારા છેવટે સાવ કંટાળી જાય અને માંસાહાર-મદિરાપાન કરતા થઇ જાય, તે કયારે બને ? પરાણે તપ કર્યો હોય ત્યારે જ ને ? જો તેમનો તપ ઉલ્લાસપૂર્વકનો હોત નિરાશંસ

ભાવનો હોત તો સચિત્ત એટલું પુષ્ટ બન્યું હોત કે તેમની આ હાલત તો ન થાત, પણ ઘણી ઉચ્ચ કક્ષાને તેઓ પામ્યા હોત. આહાર પ્રત્યેની આસક્તિ તૂટી ગઇ હોત. આવું બનવાને બદલે ઉલટા તેઓ માંસાહારી બન્યા. તે જ બતાવે છે કે તપ વિષાનુષ્ઠાન રૂપ હતું.

પ્રશ્ન :- એમ તો ઉપધાન તપ કરનાર પરણેલો શ્રાવક ઉપધાન પૂર્ણ થયા પછી અબ્રહ્મ સેવન કરવા માંડે, એટલા માત્રથી શું એ ઉપધાનનું અનુષ્ઠાન વિષાનુષ્ઠાન બની જાય ?

ઉત્તર :- ના. ન બને. પણ ઉપધાન કરનારો કોઇ વિપરિત આશયથી ઉપધાન કરે. વળી ઉપધાન તપના દિવસો માંડ માંડ પૂરા કરે, અને માળના બીજા જ દિવસથી છાકટો બનીને સ્વસ્ત્રી અને પરસ્ત્રીગમનમાં મર્યાદા વિનાનો બને તો કહેવું જ પડે કે તેનું કરેલું ઉપધાન તપ તેને ડુબાડનારૂં થયું.

દ્વારિકાના લોક માટે પણ કંઇક આવું જ બન્યું. ૧૨ વર્ષ માંડ કાઢયા. છેલ્લે કંટાળીને તપ મૂકયો. વળી શાસ્ત્રકારોએ વિશેષપણે ઉલ્લેખ કર્યો છે કે 'તેઓ માંસાહારી અને મદ્યપાન કરનારા બન્યા, તેમજ સ્વેચ્છાચારી બન્યા.' જો કે દ્વારિકાના લોકો મદ્યમાંસ પહેલેથી પણ ખાતા હશે. પણ ઉપર શ્લોકમાં વિશેષપણે તેનો જે રીતે ઉલ્લેખ કર્યો છે તે જ બતાવે છે કે લોકો મદ્યમાંસ અશનમાં નિર્મર્યાદ બન્યા હતા. જો કુલપરંપરા મુજબ જ મદ્યમાંસને ખાનારા તેઓ બન્યા હોત. તો તેનો શાસ્ત્રકારોએ આ ઉલ્લેખ ન કરતા 'દ્વારિકાના લોકો પૂર્વવત્ જીવન જીવવા લાગ્યા' આવા ભાવનું લખત. જ્યારે અહીં તો તેમને વિશેષપણે મદ્યમાંસ ખાનારા તેમજ સ્વેચ્છાચારી બનેલાં બતાવ્યા છે.

પ્રશ્ન :- પણ કૃષ્ણની ૧૬,૦૦૦ પત્ની વગેરેએ અનસન કર્યું, તે કેવી રીતે શકય બન્યું ?

ઉત્તર :- 'સકલ જન બાર વર્ષને અંતે તપથી ઉદ્વિગ્ન બન્યો. તથા મદ્યમાંસ ખાનાર અને સ્વેચ્છાવિહારી બન્યો' આ વાત લખી છે, તે દ્વારિકાના મોટાભાગના લોકોને ઉદ્દેશીને લખી છે. 'સકલ જન' થી 'બધે બધા લોકો' એમ નહિ. પણ 'મોટા ભાગના લોકો' એમ સમજવાનું છે.

દા.ત. 'આ વખતે ગુજરાતમાં બધે બહુ સારો વરસાદ થયો' એવું બોલાય, ત્યારે ગુજરાત રાજ્યના મોટાભાગના પ્રદેશને ઉદ્દેશીને બોલાય છે. ૨-૪ ગામ એવા હોઇ શકે કે જ્યાં અતિ અલ્પ વરસાદ પડયો હોય. પણ તેટલા માત્રથી ઉપરોકત વિધાનને અસત્ય ન ઠેરવાય. વ્યવહાર ભાષા પણ માન્ય રાખવી પડે. તે વખતે પેલા ૨-૪ ગામને આગળ કરીને ઉપરોકત વાતને અસત્ય સાબિત કરવા જનારા મૂર્ખામાં જ ખપે.

'આ વખતે અમારા ચાતુર્માસથી XYZ ગામના બધા લોકો ખૂબ રાજી થયા' આ વિધાનમાં 'બધા લોકો' એટલે 'મોટાભાગના લોકો' સમજવાના. ૫-૨૫ એવા પણ હોય આગળ કરીને ન બોલાય.

શ્રી સંમેત શિખરજી તીર્થ રક્ષા માટે શેઠ આણંદજી કલ્યાણજી પેઢીને
જોરદાર સહકાર આપો.

સૌ જાણે છે કે હાલમાં સમેત શિખરજી તીર્થ અંગે જે તીર્થ રક્ષાનો પ્રશ્ન ઉભો થયો છે તેની સામે શ્રી સમસ્ત શ્રી શ્વે. સંઘનો સખત વિરોધ છે અને તે તીર્થનો વહીવટ શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી કરી રહી છે. તે માટે શેઠ શ્રી શ્રેણિકભાઇ કસ્તુરભાઇ શેઠ શ્રી દીપચંદભાઇ ગાર્ડી આદિ જૈન સંઘના આગેવાનો અને તે માટે જરૂરી કાર્યકર્તાઓ, વકીલો, મેનેજરો વિગેરે પણ દોડધામ કરતા હોય છે.

સૌ જાણે છે બધ આંગણે પણ આ કાર્ય કઠીન છે તો પછી દેશ દિલ્હી અને પટણા (બિહાર) વગેરેમાં આ કાર્યવાહીને સતત જાગૃત્તિવાળી રાખવી કેટલી કઠીન છે. તે માટે ધન રાશિની પણ કેટલી જરૂર પડે ? આ અંગે શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી કોઈ અપીલ કરે નહિ પરંતુ શ્રી સંઘના સૌ શાણા શ્રાવક-શ્રાવિકા યુકત શ્રી સંઘો જાગૃત બનીને પેઢીને આ ખર્ચને પહોંચી વળવા માટે 'સર્વ સાધારણ ફંડ' રૂપે રકમ મોકલીને પોતાની ફરજ બજાવે આ એટલું મોટું કાર્ય છે કે હજાર બે હજારથી કંઇ થઇ શકે નહિ જેથી દરેક જાગૃત સંઘો પોતાના સંઘમાં તીર્થ રક્ષા સભા બોલાવે અને આ યોજના મુજબ જે સહકાર મળે તે ડ્રાફ્ટ પેઢી ઉપર મોકલી શકે. સરનામું **શેઠ શ્રી આણંદજી કલ્યાણજી પેઢી** ઝવેરી વાડ, પટણીની ખડકી, અમદાવાદ-૧ (પીન-૩૮૦૦૦૧) આ અપીલ દ્વારા લાખો નહિ પણ કરોડ જેવી રકમ થઇ જાય તેવો સૌ ઉત્સાહ બતાવે એવો સૌને ખાસ ભલામણ છે.

૨૦૫૦ વૈ.સુ. ૨ બારડોલી

– જિનેન્દ્રસૂરિ

નોંધ :– ઉપરોકત સહયોગ આપનારા અમને જણાવશે તો બીજાને પ્રેરણા માટે શ્રી મહાવીર શાસન તથા જૈનશાસનમાં તેની નોંધ લેશું –તંત્રીઓ

---

૫૬ કરોડ જાદવોથી ભરેલી દ્વારિકા-નગરીમાં કૃષ્ણની ૧૬,૦૦૦ પત્ની અને યાદવોની ધર્મોદ્યત એવી સ્ત્રીઓને આગળ કરીને તમે વિષાનુષ્ઠાનને સફલેતુ અનુષ્ઠાનમાં ફેરવવા માંગો એ પરિસ્થિતિ ખરેખર વિદ્વજ-જનો માટે હાસ્યાસ્પદ છે. કેટલીક સ્ત્રીઓ મલિન ભાવના ત્યાગપૂર્વક તપમાં અને સાચા અર્થમાં ધર્મમાં ઉદ્યત બની હોય, તે વાતમાં અમારી 'ના' નથી જ. અને તેવું હોવાથી છેલ્લે છેલ્લે તેઓ સમભાવથી અનશન કરી શકી છે. તેઓનો શુદ્ધ આશય તેમના સચિત્તની પુષ્ટિમાં કારણ-રૂપ બન્યો છે. બાકી મોટું કરનારા ઘણા લોકોમાં કોઇ એકાદ સારો પણ હોઇ શકે.

શ્રી સમેતશિખરજી તીર્થ અને અમીચંદોનું ષડયંત્ર

બીરબલે એકવાર બાદશાહને કહ્યું : 'હજૂર ! બનિયાની જાત બડી પકડી હોય છે, ધારે તો બાદશાહને પણ બનાવી જાય.'

બાદશાહ કહે, 'બીરબલ ! ઢીલી દાળ ખાનાર બનિયા બાદશાહ પાસે કયા ચીજ હૈ ?''

બીરબલ કહે, 'તો હજૂર ! વખતે વાત.' વખત વીતી ગયો.'

બાદશાહ તો વાણિયો મળે ત્યાં છોડે નહિ. ટેકચંદ નામનો વાણિયો બાદશાહના ઝપાટામાં આવી ગયો.

બાદશાહ કહે, 'બનિયા ! તુઝે કિસ બાતકા ગર્વ હૈ ?''

બનિયો કહે, 'હજૂર ! મને મારી દાઢીનો ગર્વ છે.'

બાદશાહ કહે, 'તારી દાઢીની કિંમત કેટલી ?'

બનિયો ટેકચંદ કહે, 'હજૂર ! દરેક વાળની કિંમત હોતી નથી.'

બાદશાહે હઠ લીધી. ને કહ્યું, 'નહિ, તારી દાઢીની કિંમત કહે.'

બનિયો કહે, હજૂર ! સાત ફરજંદ (સંતાન) આ દાઢીથી પરણાવ્યાં એક ફરજંદની શાદીમાં પાંચ હજાર ખર્ચ થયું. પાંત્રીસ હજારની દાઢી ગણાય.'

બાદશાહ કહે, અચ્છા, તને પાંત્રીસ હજાર રૂપિયા મળશે. દાઢી કાઢી નાંખ.'

વાણિયો તો ડોકું ધુણાવીને ગયો. રૂપિયા પણ લઇ ગયો. પણ દાઢી કરાવે નહિ.

એકવાર બાદશાહે બોલાવ્યો ને કહ્યું, 'અલ્યા ! રૂપિયા લઇ ગયો, ને દાઢી કેમ મુંડાવતો નથી ?'

'હજૂર ! કાબૂલમાં દાઢીના ભાવ ઊંચા બોલાય છે.'

બાદશાહે ગુસ્સે થઇને કહ્યું, 'નહિ સોદો થઇ ગયો હવે દાઢી હમારી છે.'

બનિયા કહે, 'અચ્છા હજૂર ! આવતી કાલે આપની દાઢી, આપની હજુરમાં.'

ને બનિયાએ રાતોરાત ઢોલ પીટ્યો કે આવતી કાલે સવારે બાદશાહની દાઢી બનિયા ઉતરાવશે. દાઢીમૂંડન વિધિ જોવાના રૂપિયા પાંચ બેસશે.

આખા ગામમાંથી એક લાખ રૂપિયા એકઠા થઇ ગયા. બાદશાહના કાને વાત ગઇ. અને અચરજ થયું કે મારી દાઢી ઉતરાવનાર આ બનિયો કોણ ''

બીરબલને તાબડતોબ બોલાવ્યા. કહ્યું, કે, જા, તપાસ કર.

બીરબલ બધું જાણતો હતો તેણે કહ્યું, હજૂર ! આ બનિયો પેલો ટેકચંદ છે.'

'તે શું હીંગતોળ બનિયો મારી દાઢી ઉતરાવશે ! ગોળી મારું એને.'

'હજૂર ! ગોળી મારશો તો આપનો ઇન્સાફ આંધો પડશે. એની દાઢી આપને રૂપિયા પાંત્રીસ હજારમાં વેચી છે. હવે આપને વેચેલી દાઢી ઉતરાવે છે, તે આપની કહેવાય કે નહીં ?'

બાદશાહ કહે, 'કમાલ હૈ બનિયા,'

– આ વાત અમને એટલા માટે યાદ આવી કે અકબર બાદશાહ જેવા પણ જેની બુદ્ધિને 'કમાલ' માનતા હતા. એ કુશાગ્ર અને વિચક્ષણ પ્રજાનો એક ભાગ સરકારી કુરનિશ બજાવે છે.

અત્યંત પાવન એવા શ્રી સમેતશિખર તીર્થનો વહીવટ જૈન સમાજનાં અત્યંત પ્રમાણિક અને ગૌરવવંતી શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી ચલાવતી હતી. તે વહીવટ કેટલાક પેટ બળ્યા લોકો સરકારને આપવા માંગે છે.

સરકારે બેંકો લીધી તો એની હાલત શું થઇ તે આપણે જાણીએ છીએ. તે તીર્થનો વહીવટ લે તો કેવી અવ્યવસ્થા અને તુમારશાહી આવશે તેનો ખ્યાલ કરવો જોઇએ.

ધર્મ અને ધર્મસ્થળોને સરકારીથી અલિપ્ત રાખવા જોઇએ. તેને બદલે સરકારને આવકારવા નીકળેલા અભીચંદો વિશે શું કહેવું ?

(ગુ. સ. તા. ૧૪-૪-૬૪)

શાસન સમાચાર

નાકોડાજી મહાતીર્થ – શંખેશ્વર મહાતીર્થથી પૂ. આ. શ્રી નિત્યોદયસાગર સૂરીશ્વરજી મ. તથા પૂ. પં શ્રી ચંદ્રાનનસાગરજી મ. ની નિશ્રામાં છ'રી પાલીત યાત્રા સંઘ ત. ૨૪-૨-૬૪ના નીકળ્યો અને ચૈત્ર સુદ ૭ તા. ૧૮-૪-૬૪ શ્રી નાકોડા તીર્થ પહોંચ્યો ૮૦ સાધુ સાધ્વીજી તથા ૪૫૦ યાત્રિકો સંઘમા હતા ચૈત્ર સુદ ૬ના ભવ્ય ઉત્સવ સાથે તીર્થ માળ થઇ સંઘમાં ખૂબ ઉત્સાહ અને વ્યવસ્થા હતી.

માળને દિવસે આરતી માટે કુમારરાજા બનવાનો ચડાવો તે અવિધિ છે આરતીનું ઘર બોલીને ગમે તે લાભ લઇ શકે છે પ્રથમ સંઘ તો ભરત મહારાજાએ કાઢયો હતો. વળી આવા ભવ્ય પ્રસંગોમાં પદ્માવતી પૂજન રાખવું તે પણ બરાબર ન લાગ્યું. મહાન પૂજ્ય આચાર્યોને સંઘને શાસનની મહત્તા અને મર્યાદામાં રાખવાની જવાબદારી છે.

પૂ. આચાર્યદેવ શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મ.નો વિહાર

તેઓશ્રીજીની નિશ્રામાં ડુકવાડા શ્રી જિનમંદિરની પ્રતિષ્ઠા ચૈત્ર વદ ૬ ઉત્સાહથી થઇ બાદ વિહાર કરીને નવસારી, બારડોલી પધાર્યા ઝઘડીયાજી વૈશાખ સુદ ૧૦ લગભગ વૈશાખ વદ ૫ છોટાઉદેપુર અને જેઠ સુદ ૫ ધાર થઇ ઇન્દોર ચાતુર્માસ પધારશે. પત્ર વ્યવહારનું સરનામું

ઠે. મહેન્દ્રકુમાર ગુગલીઆ
૧૭, બડા સરાફા ઇંદોર (એમ. પી.)
પીન ૪૫૨૦૦૧ ફોન–૨૨૫૭૯

સૂચના :– આ મહિનામાં પાંચ મંગળવાર હોવાથી તા. ૨૪-૫-૬૪નો અંક બંધ રાખેલ તેથી હવે પછીનો અંક નં.૪૦ તા. ૩૧-૫-૬૪ના પ્રકટ થાય છે.

- સુખનો વૈરી અને દુ:ખનો મિત્ર તે જૈન !
- દીક્ષા કષ્ટ માટે જ છે. જે કષ્ટ વેઠે તે જ ભગવાનની આજ્ઞાનું પાલન કરે. જે કષ્ટ ન વેઠે તે ભગવાનની આજ્ઞા પર અગ્નિનો પૂળો મૂકે છે.
- મિથ્યાત્વ મોહની સત્તા ઊઠે તો જ અધ્યાત્મભાવ આવે. તો જ આત્મા માટે ધર્મ કરવાની વાત આવે. નહિ તો ધર્મ પૈસા માટે જ, મોજમજા માટે જ થાય
- શાસ્ત્રનો અભિપ્રાય તે અમારો અભિપ્રાય ! મારો પોતાનો અભિપ્રાય આ છે તેમ જે કહે તે સાધુ જ નથી !
- મોહ, રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા અને લોભ કરવા તે આત્માના રોગ છે તમે બધા શરીર માટે ડોકટર પાસે જાવ છો તો આત્માના રોગ માટે કોઇ ડોકટર પાસે જાવ છો ? શરીર માટે ફેમીલી ડોકટર રાખો છો તેમ કોઈ ફેમીલી ગુરૂ રાખ્યો છે ?
- ધર્મ જેનાથી પ્રાપ્ત થયો હોય તેનો ઉપકાર કદિ ભૂલાય નહિ. તેને ગુરૂ માનો તો તે દૃષ્ટિરાગ ન કહેવાય. સ્ત્રીથી ય ધર્મ પમાયો હોય તો તેના ય ઉપકારને ન ભૂલાય.
- શાસ્ત્ર અનંતજ્ઞાનીઓના કહેલા છે. તેમાંથી જે અર્થ કાઢવો હોય તે ના નીકળે. ગમે તે અર્થ કાઢો તો શાસ્ત્રના જાણ પંડિતો કદિ માને નહિ. અનેકાંતવાદ તે કુતર્કીવાદ છે ? અનેકાંતવાદ જેવો નિશ્ચયવાદ એક નથી. અનેકાન્તવાદને જે જાણે તે જ ખરેખર જૈન છે. જે ન જાણે તે સુગુરૂને પૂછીપૂછીને કરે પણ મરજીમુજબ ન કરે. જે વસ્તુ જે અપેક્ષાએ સાચી તે અપેક્ષાએ સાચી અને જે અપેક્ષાએ ખોટી તે અપેક્ષાએ ખોટી તેનું નામ સ્યાત્ છે.
- શરીરનો સેવક, ઇન્દ્રિયોનો ગુલામ, કષાયોને આધીન બનેલાને ધર્મ ફાવે ૪ નહિ, ધર્મમાં મજા પણ આવે નહિ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ)
C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે. શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું જૈન ! ૨૪૫૪૧

૫૨૫૬ 15/6/92

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

: મૂર્ખપણાથી બચો :

रजांसि दशना यत्रा–ऽधरो ठठिक्करी द्वयम् ।
मर्खरस्ना परापवादगूथं समुद्धरेत् ॥

જ્યાં દાંત રૂપી માટી છે અને હોઠ રૂપી બે ઠીબડીઓ છે. એવી મૂર્ખ માણસની જીભ પારકાની નિંદાનો ભાર ઉપાડયા કરે છે.

વર્ષ ૬

અંક ૪૧

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

પ.પૂ. કેસરસૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

ફ્રેશ ચિંતન

'शरीरमाद्यं खलु धर्मसाधनम् ।'

આ શરીર એ જ ધર્મનું પહેલું સાધન છે–આ નીતિવાકયનો આજના ઘણા લોકોને પોતાનો ફાવતો ઉપયોગ કરે છે. આ કાળની એ પણ એક અજાયબી છે કે શાસ્ત્ર વચનોનાં પરમાર્થને પામ્યા વિના કાં જાણવા છતાં પણ ફાવતું કરવા–કરાવવા માટે આવાં શાસ્ત્ર વચનોનો વાત–વાતમાં ઉપયોગ કરી પોતાનું કામ સાધનારા ઘણા લેભાગુ જેવા કુટી નીકળ્યા છે. અને શાસ્ત્રનાં નામે એવાં એવા ગપગોળાઓ ચલાવે છે કે જાણે અમે જ શાસ્ત્રનાં ખાં ! દરેક કાળમાં આવા જીવો તો રહેવાના પણ આ કાળમાં તો તેમાં ય હરિફાઇ ચાલી પડી છે. અસ્તુ.

આપણી મૂળ વાત એ છે કે શરીરથી જ ધર્મ સારામાં સારી રીતના કરી શકાય છે માટે ધર્મની આરાધના કરવા માટે કદાચ શરીર સાચવવું પડે તો સાચવી જાણવું. પણ ભોજનાદિ માટે જ શરીરની સાર સંભાળ રાખનારો મોટો વર્ગ પણ આ જ દલીલ કરી પોતાની ઐષણાને પુષ્ટ કરે છે ત્યારે તેમની તે મતિ માટે દયા આવે છે. તે તેમની શરીર ઉપરની મમતા આવું બોલાવે છે. આયુષ્યની દોરી ગમે ત્યારે તૂટી જવાની છે છતાં પણ શરીરની આળ પંપાળમાંથી મુકત વિરલ આત્માઓ જ રહી શકે છે.

શરીર એ ધર્મનું સાધન છે તો તે સાધનથી શું પ્રાપ્ત કરવું જોઇએ તે નકકી કરવાની તાતી જરૂર છે. કોઇ પણ સાધનનો મહિમા તેના સદુપયોગમાં છે કે દુ.પયોગમાં જો સારામાં સારા સાધનનો અણછાજતો ઉપયોગ કરવામાં આવે તો લાભને બદલે નુકશાન જ થાય. સોનાની પણ છરી પેટમાં ન ખોસાય !

સાધનના સદુપયોગની વાતને એક દૃષ્ટાન્તથી વિચારવી છે. એક રાજા જંગલમાં ભૂલો પડયો અને તૃષાથી આકુલ–વ્યાકુલ થઇ ગયો. તે વખતે એક કઠિયારાએ ઠંડુ પાણી પીવરાવી રાજાને આનંદિત કર્યો. રાજાએ ખુશ થઇને વિચાર્યું કે આ લાકડા કાપી તેના કોલસા બનાવીને આજીવિકા મેળવે છે તો હું તેની દરિદ્રતા દૂર થાય માટે ચંદનનું વન આપી દઉં જેથી ચંદનને વેચી શ્રીમંત બની જશે. રાજાએ નગરમાં આવી તેવો આજ્ઞાપત્ર તેને મોકલી આપ્યો. કઠિયારાને મન ચંદન પણ લાકડ સમાન હતું તેથી લાકડાની જેમ ચંદનને બાળી તેના કોલસા કરી આજીવિકા મેળવતો હતો.

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

ઠા. ... પ.પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધના ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુલાબ (અંજાર)
હેમેન્દ્રકુમાર મણિલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ (વઢવાણ)
ચંદ્રકાંત ચત્રભુજ ગુજ્જર (અમદાવાદ)

વર્ષ ૬ | ૨૦૫૦ વૈશાખ વદ-૧૩ મંગળવાર તા. ૭-૬-૯૪ [અંક ૪૧

શ્રી જિન ભક્તિ

પ્રવચનકાર : પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.

(સં. ૨૦૨૮ કા. વ. ૦)) ગુરૂવાર તા. ૧૮-૧૧-૧૯૭૧) ખેડા (પ્રવચન-પાંચમું)

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા પરમર્ષિ ફરમાવી રહ્યા છે કે-"આ સંસારમાં હું જ્યાં સુધી રહું ત્યાં સુધી સદા માટે મારે શ્રીજિન ભક્તિ હો." તેના પરથી આપણે જોઇ-વિચારી આવ્યા કે, જેના હૈયામાં શ્રી જિનેશ્વર દેવની આજ્ઞા રૂપી ભક્તિ વસેલી હોય છે તે જ આત્મા આ સંસારમાં સુખી છે. ભગવાનની આજ્ઞા અદ્ભૂત કોટિની છે. જે જીવોને આજ્ઞા સમજાઈ જાય, આજ્ઞા મુજબ કરવાનું મન થાય તો બધા તો આ સંસારના સ્હેમાન બની જાય. મુક્તિ તેમની રાહ જૂએ. તેમનું જીવન પણ સુંદર હોય, મરણ મહોત્સવ રૂપ બને, દુર્ગતિના દરવાજા બંધ, સદ્ગતિ તેમની રાહ જૂએ. સદ્ગતિના સુખોથી તે ભેદરકાર હોય. સારી સામગ્રીનો સદુપયોગ કરે, જીવનમાં ધર્મ જીવાય તેવો પ્રયત્ન કરે. ભગવાનની આજ્ઞા આગળ પ્રેમ જાગે એટલે ઠેકાણું પડવા લાગે.

આ સંસાર દુઃખમય છે, કેમકે, પાપમય છે. વિના પાપે સંસારમાં જીવાય જ નહિ. આરંભ-સમારંભ પણ પાપ છે તે વાત જૈનો વિના બીજાને સમજાય તેવી નથી. જે આત્માઓ દુઃખમાં ગભરાય અને નાશવંતા સુખમાં મલકાય તે બધાને ભગવાનની આજ્ઞા સમજાઈ નથી. ભગવાનને માનનારા કે ભગવાનની ભક્તિ કરનારા એકલા મનુષ્યો હોય તેવું નથી. ચારે ગતિમાં ભગવાનની ભક્તિ કરનારા જીવો હોય. જેનામાં સાચી સમજ પેદા થાય તે ભગવાનનો ભગત ! દુઃખમાં મૂંઝાય, સુખમાં આનંદ પામે ત્યાં સુધી સાચી સમજ પેદા ન થાય. આપણો નંબર શેમાં છે ?

સંસારમાં તો દુઃખ આવે જ. દુઃખમાં મૂંઝાય તો કામ ન ચાલે. દુઃખીને સુખી કોણ બનાવે ? ધર્મની સમજ. જેટલા અસંતોષી હોય તેને કોઇ પણ ઉદ્ધાર, સુખી બનાવી શકે ખરો ? પેલો તો કહે કે, મારે તો દારૂ પીવો છે તો ઉદ્ધાર આદમી શું કરે ? દારૂ પીવરાવે ? મારે તો આવું-આવું જોઇએ છે તેમ કહે તેને ઉદ્ધાર પહોંચે ? સાચી સમજ વિનાના દુઃખી પણ દુઃખી છે અને સુખી પણ દુઃખી છે. 'મારી પાસે આ આ નથી' તેવું દુઃખ કેટલાને છે ? આજે તો બધું જ બગડી ગયું છે. લોકોને સુખની ભૂખ જગાડી અને વધારે દુઃખી કર્યા.

આજથી વર્ષો પહેલા સામાન્ય જીવો પણ સુખી હતા. એકવાર ખાઈને પણ આનંદમાં રહેતા. તેમની સ્થિતિ જાણનારા પૂછે કે, આનંદ કેમ ? તો તે કહેતા કે, પુણ્ય પ્રમાણે જે મળે તેમાં જીવીએ છીએ, તેનો જ આનંદ છે. આવાને કોઇ દુઃખી કરી શકે ? 'પુણ્યપ્રમાણે જે મળે તેમાં મજેથી જીવવું' આ ગુણ જો આવી જાય તો તમે બધા સુખી થઈ જાવ બધા દુઃખ ભાગી જાય. તમારા બાપ-દાદા કરતાં તમારા પગાર ઘોરણ સારા છે છતાં પણ તેઓ ઓછા પગાર ઘોરણમાં જેટલા સુખી હતા, તેટલા તમે વધુ પગાર ઘોરણમાં પણ નથી. તેનું એક જ કારણ છે કે, ભગવાનની આજ્ઞા જ સમજાઈ નથી.

આપણે ધર્મ થોડો થાય તેનો વાંધો નથી પણ ભગવાનની આજ્ઞાને ટક્કર ન લાગે તેવો ધર્મ કરવો છે. **ધર્મ તો આજ્ઞા મુજબ જ થાય**-આ વાત તમારા બધાની છાતીમાં કોતરાઈ જવી જોઇએ. જેની નોકરી કરો, તેના કહ્યા મુજબ કરો તો પગાર મલે ને ? મરજી મુજબ કરવા જાવ તો કાઢી મૂકે ને ? એવો લાલ શેરો લગાવે કે કોઇ નોકરીએ પણ ન રાખે. શેઠ કે માલીકના કહ્યા મુજબ જીવનારા સુખી હતા. ભૂતકાળનો ઇતિહાસ સમજવાનો નાશ પામ્યો. ભણતર વધ્યું પણ સાચું વિચારવાની શક્તિ ન વધી.

રોજ 'નમો અરિહંતાણં' અને 'નમો સિદ્ધાણં' બોલે તેને યાદ ન આવે કે, મારા અનંતા શ્રી અરિહંત પરમાત્માઓ મોક્ષમાં ગયા. તેમની આજ્ઞા મુજબ જીવનારા બીજા પણ અનંતા આત્માઓ મોક્ષમાં ગયા, પણ હજુ મારો નંબર કેમ ન લાગ્યો ? તમને આવી ચિંતા થઇ છે ? શ્રી નવકાર મહામંત્રમાં પાંચ જ પદ મૂકયા તેમાં તમારો નંબર ન ઘાલ્યો. જગતમાં પૂજનીક આ પાંચ જ, મારે પણ તેવા જ બનવાનું -આ વાત ન બેસે તે લાખો નવકાર ગણે તો પણ શું લાભ થાય ? શ્રી નવકાર મહામંત્ર ગણનારને પણ તેમાં શું આવે તેની ખબર નથી, ખબર આપે તો સાંભળવું નથી -સમજવું નથી. શ્રી નવકાર મહામંત્ર ગણનારને દુઃખ ન આવે તેમ નહિ પણ તે

દુઃખી ન હોય ! જ્યારે આજે ઘણા એવું લઈ બેઠા કે, નવકાર ગણનારને દુઃખ ન આવે અને અમારામાંના પણ ઘણા તેમની વાતમાં હા એ હા કરવા લાગ્યા.

આપણા ભગવાન દુઃખ વેઠીને ભગવાન થયા તો આપણને દુઃખ આવે તેમાં વાંધો શો ? 'મને દુઃખ ન આવે માટે નવકાર ગણું' આમ કહેવું તે અજ્ઞાન છે. નવકાર ગણવા છતાં દુઃખ આવે તો ભલે આવે. મને તો વિશ્વાસ છે કે, પાપ ન કરું તો દુઃખ ન જ આવે. દુઃખ આવ્યું તે મારા પાપની સજા છે. મારા પાપની સજા ભોગવવી તે મારો ધર્મ છે.

ખરેખર ધર્માત્મા તો કહે કે, દુઃખ કાલે આવતું હોય તો હમણાં ભલે આવે. દુઃખ વેઠવા હું તૈયાર છું. આજે અસાધ્ય દર્દોમાં બધા ડોકટરો પણ હાથ ખંખેરે ત્યારે શું કહે છે ? કે, તમારા ઇષ્ટને યાદ કરો આ દુઃખ વેઠો. તો પહેલેથી જ દુઃખ કેમ ન વેઠવું ?

આ વાત બધાએ સમજી લેવા જેવી છે કે, પાપ કરે તેને દુઃખ આવે જ. આ જન્મમાં પાપ કર્યું કે ભવાંતરમાં કર્યું તેની સજા રૂપે દુઃખ આવ્યું તે મારે વેઠવું જ જોઇએ. પાપ ન કરે તેને દુઃખ ન જ આવે આ શ્રદ્ધા થાય તેને ભગવાનની આજ્ઞા પર પ્રેમ થાય. પછી ભગવાનને યાદ કરે તો મજા આવે. બાકી ભગવાનને જુદા હેતુથી યાદ કરનારા પણ ઘણા છે. તે બધાને ભગવાનની આજ્ઞા પર પ્રેમ નથી પછી પાળવાનું મન તો કયાંથી થાય ? ભગવાનને ઓળખવાની બુધ્ધિ, ભગવાનની આજ્ઞા સમજવાનું મન, આજ્ઞા પર પ્રેમ કેળવવાનું મન, જિનભકિત પેદા વિના થાય જ નહિ. 'વિના પાપે દુઃખ આવે જ નહિ.'' કોઈ પણ જીવને પાપ વિના, ઇન્દ્ર પણ માથાનો વાળ પણ વાંકો કરી શકે નહિ'—આ શ્રદ્ધા પાકી ને ? જ્યારે દુઃખ આવે ત્યારે યાદ આવે કે —પાપ કર્યું માટે જ દુઃખ આવ્યું. આ યાદ આવે તો દુઃખ ભોગવવામાં મજા કે દુઃખથી ભાગવામાં મજા ? **દુઃખને મજેથી ભોગવવું તે જ દુઃખ મુકિતનો સાચો ઉપાય છે.**

હવે સમજી ગયા ને કે, નવકાર ગણનારને દુઃખ ન આવે તેમ નહિ પણ નવકાર ગણનાર દુઃખી ન હોય. નવકારમાં જેને નમસ્કાર કરો તેમણે કેટલાં દુઃખો વેઠયા ? શ્રી મહાવીર સ્વામી ભગવાને પણ કેટલા દુઃખો વેઠયા ? નબળા હશે માટે ? રસ્તે ચાલનારા પણ ગાળ દે, અપમાન વેઠે, તિરસ્કાર કરે તો તેમનામાં શકિત નહિ હોય ? મજેથી બધાં દુઃખો વેઠયા તો આપણે તેમના કરતા મોટા માણસ છીએ ? દુઃખનું નામ સાંભળતાં ગભરાટ કેમ થાય છે ? ભગવાનને શારીરિક દુઃખ હોય નહિ, માનસિક દુઃખ પણ થાય નહિ, રોગાદિ આવે નહિ.

માનસિક દુઃખ કોને આવે ? જેનું મન રાગાદિને આધીન થાય તેને-આત્મા સાથે શાંતિથી વિચાર કરો કે, આપણું મન રાગાદિને આધિન નથી ને ? બોલાય તેવું નથી ને ? **જેનું મન રાગાદિને આધીન હોય તે માનસિક દુઃખી જ હોય !** તમને જેના પર રાગ થાય તે મલે જ ? ન મલે તો માનસિક પીડાનો પાર નહિ ને ? જેના પર દ્વેષ થાય તેનું ય બગાડવાની તાકાત ખરી ? ન બગાડી શકો માટે રિબાયા જ કરો ને ? મનથી દુઃખી છો કે સુખી છો ? **દુઃખની સામગ્રી વિના પણ ખરાબ મનવાળા હંમેશા દુઃખી જ હોય.** મોટા બંગલામાં પણ રિબાતા હોય, સારું ખાવા પીવા છતાં ય દુઃખી હોય, માન આપો તો ય દુઃખી હોય. **મનના દુઃખીને સુખની સામગ્રી સુખી ન કરી શકે. સુંદર મનવાળાને દુઃખની સામગ્રી ય દુઃખી ન કરી શકે.**

આ સમજીને નવકાર ગણે તો તેનું મન નિર્મલ થાય. આ અનુભૂતિ ન થાય તો દોષ કોનો ? બીજનો કે આપણી આમીનો ? શ્રી નવકાર ગણકારને રાગ કેવો લાગે ? ભૂંડો કે સારો ? દુનિયાની ચીજ-વસ્તુ પરનો રાગ ભૂંડો જ ! દુનિયાની સારામાં સારી ચીજ-વસ્તુ પરનો રાગ ભૂંડો જ છે-તે સમજ આપણામાં છે ? આપણા બધા ભગવાન, જેમને ગાદીએ બેસાડવાના છે તે બધા પણ રાગ વગરના થયા, વીતરાગ થયા. આપણે પણ રાગ વગરના-વીતરાગ-થવું છે ને ? રાગ ભૂંડો લાગે પછી જાય. તે માટે ભગવાન ઉપર રાગ કરવો છે.

આપણે બધાએ ભગવાન ઉપર રાગ કરવો છે. શું કામ ? દુનિયાના બધા પદાર્થો ઉપરનો રાગ ભૂંડો લાગે માટે. તે બધો રાગ નાશ પામે માટે અનાદિકાળથી દુન્યવી ચીજો ઉપર રાગ થાય છે. તે કાઢવા માટે સુદેવ-સુગુરુ અને સુધર્મ ઉપર રાગ કરવાનો છે જેથી દુનિયાની ચીજો પરનો રાગ નીકળી જાય. દુન્યવી પદાર્થો ઉપરનો રાગ ભૂંડો લાગે ત્યારે સાચા સુખની અનુભૂતિ થાય, તેમ ખરાબ ચીજો પરનો દ્વેષ ભૂંડો લાગે ત્યારે પણ સુખનો અનુભવ થાય.

નવકાર ગણનારને દુઃખ ન આવે તેમ નહિ. પણ તે દુઃખી ન હોય. તેમ સુખ તેની પૂંઠે ફરે તો પણ તેને સુખની કરકાર ન હોય-આ વાત સમજી જાય તેને 'નમો અરિહંતાણં' 'નમો સિદ્ધાણં' બોલતા આનંદ થાય. તેને ય દેવતત્ત્વમાં પ્રવેશ કરવાનું મન થાય, શ્રી અરિહંત પરમાત્મા એ વિચરતા દેવ છે, શ્રી સિદ્ધ પરમાત્મા એ મોક્ષે ગયેલા દેવ છે, દેવતત્ત્વમાં પ્રવેશ કરવા માટે ગુરૂતત્ત્વ પામવાનું મન થાય, તે માટે ધર્મતત્ત્વ સમજ્યા વિના રહે નહિ. (ક્રમશઃ)

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ

ઇતિહાસ જાણો અને તીર્થ રક્ષા માટે જાગૃત બનો

(પ્રકરણ-૧)

(શ્રુત પબ્લીકેશન તરફથી 'સુણજો રે ભાઇ તીર્થ રક્ષાનો સાદ' એ શ્રી સંજય વોરા લિખિત પુસ્તિકા પ્રગટ થઇ છે તે શ્રી સમ્મેત શિખરજી નો ઇતિહાસ, માલિકી હકક, અદાલતી જંગ, શાસ્ત્રીય વિગતો અને રક્ષાના સાદને સમજાવે છે તે અત્રે ક્રમશઃ આપવામાં આવે છે. શ્વેતાંબર જૈનોએ જાણીને તીર્થ રક્ષા માટે જાગૃત થવાનું છે. વિરોધ, ઠરાવ, તાર વિ. તો કરવા જરૂરી છે તે સાથે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી (ઝવેરીવાડ પટણીની ખડકી-અમદાવાદને પણ ચેક, ડ્રાફ્ટ મોકલીને તેમને આ કાર્ય કરવા હાથ મજબૂત કરવા પણ જાગૃત બનશો. અને આ લેખ વાંચવા સાથે પેઢીને રકમ મોકલવાનું ગજા ભરીને વિરોધ ઠરાવ કરે તે સાથે આ કાર્ય પણ ચાલુ કરશો એજ શ્રી શ્વેતાંબર શ્રી સંઘ અને સંઘના સભ્યો પાસે આશા રાખીશું. -સં૦)

તીર્થરક્ષા માટે તનમનધન કુરબાન કરવાં પડશે

નથી જાણ્યું માથે શી આફત ખડી છે
ખબર છે એટલી કે તીર્થ રક્ષાની હાકલ પડી છે.

સમ્મેતશિખરજી તીર્થ આજે વિશ્વના જૈનોની શ્રદ્ધાનું ઝળહળતું કેન્દ્ર છે, પણ આપણે હવે જો બેદરકાર રહીશું તો કલમના એકઝાટકે આ તીર્થ એક સરકારી સંસ્થાન જેવું બની જશે. ભગવાન ઋષભદેવે પણ જે તીર્થની સ્તુતિ કરી હતી તેની ઉપર કેટલાંક અમંગળ તત્ત્વોની એવી ભૂરી છાયા પડી છે કે આ તીર્થની યાત્રા કરવા માટે શ્રધ્ધાળુઓએ હવે ટેકસ ચૂકવવો પડશે અને સરકારી અધિકારીને પૂજા માટે ટેકસ નહિ ચૂકવનાર શ્રાવકશ્રાવિકાને છ મહિના માટે જેલમાં ધકેલી દેવામાં આવશે. સમ્મેતશિખરજી તીર્થમાં થતી દેવદ્રવ્યની આવક ઉપર બિહાર સરકારની અપશુકનિયાળ નજર પડી છે અને લલ્લુ પ્રસાદ યાદવની સરકાર એક વટહુકમ દ્વારા આ તીર્થ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘની પ્રતિનિધિ રૂપ સંસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હાથમાંથી પડાવી લેવા ધમપછાડા કરી રહી છે. સૌ ધર્મપ્રેમીઓએ તીર્થરક્ષા માટે તનમનધન કુરબાન કરવાની ઘડી આવી પહોંચી છે.

સમ્મેતશિખરજી તીર્થનાં માલિકી અને વહીવટ પરાપૂર્વથી શ્વેતાંબર જૈન સંઘના હાથમાં જ છે. અકબર બાદશાહે આજથી ૫૦૦ વર્ષ અગાઉ એક ફરમાન દ્વારા આ અધિકાર માન્ય રાખ્યા હતા. બ્રિટીશ કાળમાં લંડનની સર્વોચ્ચ પ્રિવી કાઉન્સિલે

શ્વેતાંબરોના માલિકી, વહીવટ, નિયંત્રણ અને કબજા બાબતના સર્વાંગીણ અધિકારો પર મંજૂરીની મહોર મારી હતી. સ્વતંત્રતા પછી બિહાર સરકારે ૧૯૬૫ની સાલમાં શ્વેતાંબરો સાથે એક દ્વિપક્ષી કરાર કરી આ તીર્થક્ષેત્રમાં અગાઉની અદાલતોએ આપેલા તમામ અધિકારોનું ફરીથી સમર્થન કર્યું હતું. છેક ૧૯૬૯ની સાલમાં ગિરિડિહની કોર્ટે ચુકાદો આપી આ દ્વિપક્ષી કરારને માન્ય રાખ્યો હતો. આ તીર્થમાં દિગંબરોના માત્ર પૂજા કરવા સિવાયના તમામ અધિકારો ભારપૂર્વક નકારી કાઢયા હતા. છતાં પણ મમતે ચડેલી દિગંબર નેતાગીરીએ યેનકેન પ્રકારેણ આ તીર્થનો કબજો હાથમાં લેવા માટે શેતાન જેવી બિહાર સરકાર સાથે વાણ કરવાની તૈયારી દર્શાવી છે. બિહાર સરકારના ટોચના અધિકારીઓને ફોડી દિગંબર અગ્રણીઓએ એક એવા વટહુકમનો મુસદ્દો તૈયાર કરાવ્યો છે, જેમાં તીર્થની તમામ સ્થાવર જંગમ મિલકતો આણંદજી કલ્યાણજીની પેઢી પાસેથી આંચકી લેવામાં આવશે અને તેનો વિરોધ કરનારને એક વર્ષ માટે જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવશે.

સમ્મેતશિખરજી તીર્થ અથવા તો કોઇ પણ ધર્મતીર્થની બાબતમાં એક વસ્તુ કાયમી સમજી લેવી જોઇએ કે તેની માલિકી કયારેય સરકારની કે કોઇ વ્યકિતની હોઇ શકે જ નહીં. ધર્મતીર્થનો સાચો માલિક ધર્મસંઘ જ હોય છે. વર્તમાનની બિહાર સરકાર કે ભારત સરકાર અથવા તો અગાઉની બ્રિટીશ સરકાર કે મોગલ સલ્તનતનો જન્મ પણ નહોતો થયો તે અગાઉ ધર્મશાસનની સ્થાપના થઇ હતી અને તે અપ્રતિહત રીતે અખંડિત ચાલ્યું આવે છે. ભારતના બંધારણની ૨૫મી અને ૨૬મી કલમમાં પણ ધર્મશાસનના આ સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે અને તેમાં કોઇ પણ સરકાર દ્વારા અનિચ્છનીય દખલ કરવામાં નહિ આવે એવી બાંયધરી આપવામાં આવી છે. સમ્મેતશિખરજી તીર્થની વાત કરીએ તો તેની સ્થાપના છેક ઋષભદેવ ભગવાનના કાળમાં થઇ હતી, એવાં આધારભૂત પ્રમાણો જૈન શાસ્ત્રગ્રંથોના વાચનમાંથી પ્રાપ્ત થાય છે. શત્રુંજય માહત્મ્ય ગ્રંથમાં વર્ણવ્યા પ્રમાણે ભરત ચક્રવર્તી સિદ્ધાચલજીની યાત્રા કરવા સંઘ સાથે ગયા હતા. પાછા ફરતી વખતે ભરત મહારાજાએ સમ્મેતગિરિ ઉપર અટ્ઠાઇ ઉત્સવની ઉજવણી કરી હતી અને વાર્ધકિરત્ન નામના રાજ્યના વડા શિલ્પીને એ પહાડ ઉપર દહેરાસરો બાંધવાનો આદેશ કર્યો હતો.

ભરત મહારાજાએ સમ્મેતશિખરજી તીર્થ ઉપર દહેરાસરો બનાવડાવ્યાં ત્યારથી આ પહાડ શ્રી જૈન શાસનની સંપત્તિ બન્યો અને તેનો વહીવટ ચતુર્વિધ શ્રી જૈન સંઘના હાથમાં આવ્યો. અનેક રાજાઓ આવ્યા અને ગયા, સલ્તનતોની સલ્તનતો બદલાઇ ગઇ, પણ આ તીર્થની માલિકી તો શ્રી જૈન સંઘના હાથમાં જ છે. દુનિયાની કોઇ સરકારને કે ગમે તેટલા મહાન રાજવીને પણ આ મિલકત આંચકી લેવાનો

અધિકાર નથી. મોગલ શહેનશાહ અકબરે ઇ.સ. ૧૫૯૩ની સાલમાં જે ફરમાન દ્વારા આ તીર્થભૂમિ જગદ્ગુરૂ શ્રી હીરસૂરીશ્વરજીને સોંપી તેમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ છે કે પ્રાચીન કાળથી આ તીર્થ શ્વેતાંબર જૈનોની માલિકીનું છે. અકબર બાદશાહે આ રીતે તીર્થની ભૂમિ કંઈ શ્વેતાંબર સંઘને ભેટ નથી આપી. પણ આ ભૂમિ ઉપરના તેમના પરાપૂર્વથી ચાલતા માલિકીહકકોનું સમર્થન કર્યું છે. આવી જ રીતે અહમદશાહે પણ ઇ.સ. ૧૭૫૩માં મુર્શિદાબાદના જગત્ શેઠ મહેતાબરાયને આ પહાડ ભેટ આપ્યો હતો, તેનો અર્થ એટલો જ સમજવાનો કે તેમણે પરાપૂર્વથી ચાલતા આવેલા શ્વેતાંબરોના માલિકી-હકકોને માન્ય રાખ્યા હતા. ઇ.સ. ૧૯૧૮માં પાલગંજના રાજા પાસેથી અઢી લાખ રૂપિયામાં આ બધો પહાડ ખરીદી લેવાનું કારણ પણ એક જ હતું કે શ્વેતાંબરો રાજા સાથે માલિકીની બાબતમાં કોઇ પણ જાતનો નાહકનો ઝઘડો ટાળવા માગતા હતા.

ઇ.સ. ૧૯૫૩માં બિહાર સરકારે જમીન સુધારણા કાયદા અન્વયે એક નોટિ-ફિકેશન બહાર પાડી સમ્મેતશિખરજીનો કબજો પોતાના હાથમાં લેવાનો પ્રયાસ કર્યો તે પણ એક અનૈતિક અને ગેરબંધારણીય પગલું હતું. પહેલી વાત તો એ કે જમીન-સુધારણાનો કાયદો જમીનદારો દ્વારા ગરીબ ખેતમજૂરોના થતા શોષણને અટકાવવા માટે થયો હતો. સમ્મેતશિખરજી તીર્થ એ કોઇ જમીનદારી નહોતી કે તેમાં કોઇનું શોષણ થતું નહોતું. સમ્મેતશિખરજી એ એક ધાર્મિક સંસ્થાન હતું અને આજે પણ છે. જમીન સુધારણાનો કાયદો કોઈ ધર્મસંસ્થાને લાગુ પડી શકે નહિ, છતાં બિહાર સરકારે તેના અન્વયે તીર્થનો કબજો લેવા ધાર્યો એ એક અન્યાયી પગલું હતું. શ્વેતાં-બરોની વારંવારની મકકમ રજૂઆતોને કારણે બિહાર સરકારને પોતાની ભૂલનો બરા-બર ખ્યાલ આવી ગયો હતો અને એટલે જ તેણે દશ વર્ષ સુધી આ નોટિફિકેશનનો અમલ કર્યો નહોતો. બિહાર સરકારે જમીન સુધારણા કાયદા અન્વયે મહાપવિત્ર તીર્થ સમ્મેત શિખરજીનો કબજો લઇ લેવા ધાર્યો, ત્યારે પણ દિગંબરોએ ખૂબ ભૂંડી ભૂમિકા ભજવી હતી. આ કાયદાના વિરોધમાં શ્વેતાંબરોને સાથ આપવાને બદલે તેમણે બિહાર સરકારના હાથ મજબૂત કર્યા હતા અને જમીન સુધારણા કાયદા નીચેના નોટિફિકેશનને ટેકો આપ્યો હતો. દિગંબરોના મનની મેલી મુરાદ એ વખતે પણ એવી જ હતી કે એક વાર બિહાર સરકાર આ તીર્થનો કબજો પોતાના હાથમાં લઇ લે, તે પછી તે કબજો દિગંબરોના પોતાના હાથમાં આવતાં જરાય વાર લાગવાની નથી. પરંતુ શ્વેતાં-બરોના ઉગ્ર વિરોધને કારણે સરકારની અને દિગંબરોની આ મેલી મુરાદ બર આવી ન શકી, સરકાર નોટિફિકેશનનો અમલ તો ન કરી શકી, પણ તેણે વાસ્તવિક પરિસ્થિતિનો સ્વીકાર કરી ૧૯૬૫ની સાલમાં શ્વેતાંબર સંઘના પ્રતિનિધિઓ સાથે એક દ્વિપક્ષી કરાર કરી શ્વેતાંબરોના માલિકી, વહીવટ, નિયંત્રણ, કબજો વગેરે તમામ પરંપરાગત અધિકારો માન્ય રાખ્યા.

૧૯૫૩માં જે પરિસ્થિતિ પેદા થઇ હતી અને શ્વેતાંબર સંઘના અગ્રણીઓએ જાગરૂકતા બતાવી જેનું નિરાકરણ કર્યું હતું, બરાબર તેવી જ પરિસ્થિતિ આજે ૪૦ વર્ષ પછી પેદા થઇ છે. બિહાર સરકાર સૂચિત વટહુકમ દ્વારા આખ પહાડનો કબજો શ્વેતાંબર મૂર્તિપૂજક વહીવટદારોના હાથોમાંથી લઇ, દિગંબરોના એજન્ટની ભૂમિકામાં, દિગંબરોની ૨૫૬૮ બહુમતી ધરાવતા સરકારી બોર્ડના હાથમાં સોંપી દેવા માંગે છે. શ્વેતાંબર સંઘના તમામ સભ્યોએ આ ખતરનાક ચાલનો પોતાની તમામ તાકાતથી વિરોધ કરવો જોઇએ, અન્યથા આ પવિત્ર તીર્થ આપણે કાયમ માટે ગુમાવી બેસીશું એ વાતમાં કોઇ શંકાને સ્થાન નથી.

દિગંબરો દ્વારા એવી એક દલીલ કરવામાં આવે છે કે અમે પણ જૈન ધર્મના અનુયાયીઓ છીએ, માટે તમામ જૈન તીર્થોના વહીવટમાં અમને અડધોઅડધ હિસ્સો મળવો જોઇએ, તેને પણ ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં તપાસવી જોઇએ. ભગવાન મહાવીરના નિર્વાણ પછી આશરે ૬૦૦ વર્ષે શ્રી જિનશાસનની મૂળ પરંપરામાંથી દિગંબરો છૂટા પડયા. ત્યારે અસલ પરંપરા શ્વેતાંબરોના હાથમાં રહી હતી. આજે પણ જે શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ છે, તેની પાસે ભગવાન મહાવીરના શાસનની આ પરંપરાનો વારસો અખંડિતપણે ચાલ્યો આવે છે. દિગંબર સંપ્રદાય અસલની જૈન પરંપરામાંથી સ્વેચ્છાએ છૂટો થયો એટલે તે સમયે જૈનશાસનની જે કંઇ સ્થાવર, જંગમ વગેરે સંપત્તિઓ હતી એ શ્વેતાંબરોના હાથમાં રહી. આ સંપત્તિઓમા તીર્થોનો અને આગમોનો પણ સમાવેશ થતો હતો. કોઇ પણ સંસ્થામાંથી અમુક જૂથ મતભેદોને કારણે અલગ થાય તો મૂળ પિતૃસંસ્થાની મિલકતો ઉપર તેમનો કોઇ અધિકાર રહેતો નથી. ખ્રિસ્તી ધર્મમાં પણ રોમન કેથોલિક પરંપરામાંથી પ્રોટેસ્ટન્ટો અલગ પડયા. ત્યારે તેમના ભાગે કોઇ ચર્ચો આવ્યાં નહોતાં. તેમણે જુદા થયા પછી પોતાની અલગ મિલકતો ઊભી કરી હતી. જૈન ધર્મમાં પણ મૂળ પરંપરાથી અલગ થયા પછી દિગંબર સંપ્રદાયે પોતાનાં અલગ, સ્વતંત્ર તીર્થો વિકસાવ્યાં તેમાં શ્વેતાંબરો કયારેય પોતાનો અધિકાર માંગવા ગયા નથી. અને શ્વેતાંબરોની મૂળ પરંપરા પાસે જે ૪૫ આગમો હતા તેના ઉપરનો અધિકાર પણ જતો કરી દિગંબરોએ પોતાના અલગ આગમો વિકસાવ્યા, આવી જ રીતે દિગંબરોએ જે પરંપરા સાથે પોતાનો છેડો ફાડી નાખ્યો છે, તેની સંપત્તિમાં ભાગ માગવાનો તેમનો કોઇ નૈતિક અધિકાર રહેતો નથી. આમ છતાં દિગંબરોની ધાર્મિક લાગણીઓને માન આપી શ્વેતાંબરોએ પોતાના વહીવટ હેઠળના કેટલાંક તીર્થોમાં પણ દિગંબર સંપ્રદાયના દર્શનપૂજન ઇત્યાદિ અધિકારોને માન્ય રાખ્યા છે અને તેમાં કયારેય અડચણો ઊભી કરી નથી. સમ્મેતશિખરજી ઉપરાંત અંતરીક્ષજી, મક્ષીજી, કુંભોજગિરિ આદિ તીર્થોમાં ચાલતા જગડાઓનો જે અંત આણવો હોય તો દિગંબરોએ

પોતાની ગેરવ જળી માગણી પડતી મૂકવી જોઇએ. આ સત્ય હકીકતનો ખેલદિલીપૂર્વક સ્વીકાર કરવાને બદલે તેઓ અમીચંદની ભૂમિકા ભજવી બે ભાઇઓના ઝઘડામાં ધાર્મિક બાબતોમાં હસ્તક્ષેપ કરનારી બિહાર સરકારને વચ્ચે લાવી પોતાનું પલ્લું નમાવવા માગે છે. આ ખૂબ ખતરનાક ચાલ છે અને તેનો ફાયદો સરકારી ભ્રષ્ટ અમલદારો સિવાય કોઇનેય નથી થવાનો એ વાત સૌ કોઇ ડાહ્યા જૈનોએ કાયમ માટે સમજી રાખવી જોઇએ.

સમ્મેતશિખરજીની રક્ષા માટે તમે શું કરી શકો ?

૦ સમ્મેતશિખરજીની યાત્રાએ જતી બસો, સ્પેશ્યલ ટ્રેનો વગેરેના આયોજકોએ પોતાના રૂટમાં પટનાનો અચૂક સમાવેશ કરવો અને બિહારના મુખ્ય પ્રધાન તેમજ ગવર્નરને મળી આવેદનપત્રો સુપ્રત કરવાં.

૦ ગિરિડિહમાં જિલ્લા કમિશનરને સમૂહમાં મળી પવિત્ર તીર્થમાં સરકારના કોઇ પણ જાતના હસ્તક્ષેપ સામે વિરોધ નોંધાવતું આવેદનપત્ર સુપરત કરવું.

૦ સ્થાનિક શ્રી સંઘની મિટિંગ બોલાવી તેમાં આ પુસ્તિકાનું વાંચન કરવું અને પવિત્ર તીર્થ ઉપર આવેલી આપત્તિથી શ્રી સંઘના સભ્યોને માહિતગાર કરવા. મિટિંગને અંતે એક આવેદનપત્ર તૈયાર કરી તેની એક નકલ રાષ્ટ્રપતિને, વડાપ્રધાનને, બિહારના ગવર્નરને, બિહારના મુખ્યપ્રધાનને તેમજ અનુકારી માટે અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને મોકલી આપવી.

૦ સૂક્ષ્મનાં બળોને જાગૃત કરવા શ્રી સંઘમાં વધુ સંખ્યામાં આયંબિલ, ઉપવાસ, અઠ્ઠમ વગેરે થાય તે માટે પ્રેરણા કરવી તેમજ જાપ કરાવવા.

૦ સ્થાનિક અખબારોના પ્રતિનિધિઓને મળી તેમને સમ્મેતશિખરજી વિશે પૂરેપૂરી માહિતી આપવી અને આપણું દૃષ્ટિબિંદુ સમજાવવું.

૦ દિગંબરો જૈન ધર્મબંધુઓ કહેવાય છે, પણ નેતાગીરીની અયોગ્ય દોરવણીને કારણે તેઓ તીર્થની બાબતમાં સરકારને હસ્તક્ષેપ કરવા પ્રેરી રહ્યા છે, આ હકીકતને લક્ષ્યમાં રાખી દિગંબરો પ્રત્યે આપણાં ઉચ્ચારણો દ્વારા કે વર્તન દ્વારા લેશ પણ દ્વેષભાવ પેદા ન થાય તેની કાળજી રાખવી. તેમ જે કોઇ દિગંબર શ્રાવકશ્રાવિકાઓના સંપર્કમાં હો તેમને પ્રેમથી આ પુસ્તિકા વંચાવવી અને સત્ય વસ્તુસ્થિતિથી માહિતગાર કરવા.

૦ સરકારી અધિકારીઓની નજર આપણાં તીર્થો ઉપર અને દેવદ્રવ્ય વગેરેની આપણી સંપત્તિ ઉપર છે એ જોતાં કોઇ ટ્રસ્ટે વધુ પડતી રકમ ભેગી ન કરવી, પણ તેનો ઉચિત ઉપયોગ સાત ક્ષેત્રની શાસ્ત્રીય મર્યાદા મુજબ કરવો, જેથી બેન્કમાં મૂકેલી થાપણોનો હિંસક ધંધાઓ વગેરે માટે ધિરાણ આપવામાં ઉપયોગ ન થાય અને આપણને હિંસાનો દોષ પણ ન લાગે. (ક્રમશઃ)

સમ્મેત શિખરના વિવાદ અંગે રાવને લખાયેલો પત્ર

જૈનોના અધિકાર ઉપર હિચકારો હુમલો

જૈનોના સૌથી પવિત્ર ગણાતા બિહાર રાજ્યના સમ્મેત શિખરજી તીર્થનો વહીવટ શ્વેતાંબર જૈન પાસેથી આંચકી લેવા બિહાર સરકાર ચુપચાપ વટહુકમ બહાર પાડવાનો લોકશાહીને લાંછનરૂપ પ્રયત્ન કર્યો તેની જાણ થતાં જ, ભારતમાં તમામ શ્વેતાંબર જૈન તીર્થોનું પ્રતિનિધિત્વ કરતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શ્રી શ્રેણીકભાઇ કસ્તુરભાઇ લાલભાઇએ વડાપ્રધાન શ્રી નરસિંહરાવને ખાસ પ્રતિનિધિ દ્વારા હાથોહાથ પત્ર પહોંચાડયો એ નાજૂક પરિસ્થિતિની ગંભીરતા બતાવી.

વડાપ્રધાને પત્ર વાંચીને તરત જ ગૃહપ્રધાન શ્રી શંકરરાવ ચવ્હાણને તાત્કાલિક જૈનોના પ્રતિનિધિ મંડળને મળવાની સૂચના આપી અને એ રીતે ગૃહપ્રધાન જૈનોના પ્રતિનિધિ મંડળને તરત જ મળ્યા.

ભારતભરના જૈનોએ ભારે ખળભળાટ મચાવી દેનાર સમ્મેત શિખરજી તીર્થના વિવાદનો સંપૂર્ણ ખ્યાલ આપતો શ્રેષ્ઠીવર્ય શ્રેણીકભાઇનો વડાપ્રધાનને લખેલો પત્ર અહીં જેમનો તેમ પ્રસ્તુત છે.

સૌ પ્રથમ ભારતના ૫૦ લાખ શ્વેતાંબર જૈન કોમ વતી કે જેમના વતી અમે આપને અભિનંદન પાઠવીએ છીએ. બોલીએ છીએ એમના વતી અમે અમારા ધ્યાનમાં આવ્યું છે કે બિહાર સરકારે સમ્મેત શિખરજી તીર્થના વહિવટને લગતો એક વટહુકમ બહાર પાડેલ છે અથવા બહાર પાડવાની તૈયારીમાં છે.

અમે નીચે ટુંકો ઇતિહાસ અને મુદ્દાઓનો સારાંશ આપીએ છીએ.

ટુંકો ઇતિહાસ

સમ્મેત શિખરજી (૨૦ પારસનાથ હિલ્સ તરીકે પણ ઓળખાય છે) એ જૈનોના સૌથી પવિત્ર તીર્થોમાંનું એક છે. તે બિહાર રાજ્યમાં આવેલું છે.

યાદ ન કરી શકાય એટલા સમયથી, આ તીર્થની માલિકી, નિયંત્રણ, કબજો અને વહિવટ શ્વેતાંબર જૈનોનો રહેલ છે.

ઇ.સ. ૧૫૯૩માં અકબર બાદશાહે, તેના ફરમાન વડે આ તીર્થની સનદ શ્વેતાંબર જૈનોએ આપેલ (ફરમાનની કોપી જોડી છે.)

આનું પુનરાવર્તન ઇ.સ. ૧૭૬૦માં બાદશાહ અહમદશાહ દ્વારા થયું.

૧૯૧૮માં, ભારત સરકારે રજીસ્ટર્ડ કન્વેયન્સ દ્વારા ઉપરના (અધિકારને) ભારતમાં સમગ્ર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન કોમનું પ્રતિનિધિત્વ કરતા શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટને વેચીને ફાઇનલ કન્ફર્મ કરેલ.

ફરી બીજા શ્રેણીબદ્ધ દાવાઓમાં,

પ્રીવી કાઉન્સીલે ૧૨-૫-૧૯૩૩ના ચુકાદામાં, કબ્જો અને વહીવટના શ્વેતાંબરોના અધિકારને ફરી કન્ફર્મ કર્યો.

આઝાદી પછી, બિહાર સરકારે ૫-૨-૧૯૬૫ના રોજ શેઠ આણંદજી કલ્યાણજી ટ્રસ્ટ સાથે કરાર કરીને શ્વેતાંબરોના અધિકારને, માલિકીને અને વહિવટને માન્ય રાખેલ.

આમ છતાંય શ્વેતાંબરો સિવાય, જૈનોમાં દિગમ્બર કરીને એક બીજો સમુદાય છે. તેઓએ ઉપરના ચુકાદાઓને પડકારવાનું ચાલુ રાખ્યું છે અને વહીવટનો કબ્જો લેવા અદાલતના હુકમોને પણ ગણકાર્યા નથી. શ્વેતાંબરો દ્વારા તેઓને પૂજા કરવાની સવડતા રાજીખુશીથી અપાય છે તેનાથી તેઓને સંતોષ છે.

દિગમ્બરોએ સુટ નં. ૨-૬૮ દ્વારા અગ્રીમેન્ટને પડકાર કર્યો અને બિહારની અદાલતે ૩-૩-૧૯૬૦ના રોજ ચુકાદામાં ૫-૨-૧૯૬૫ના અગ્રીમેન્ટને પડકારવાના દિગમ્બરોના અધિકારને ઉડાવી દીધો અને ફરી માન્ય કર્યું કે માલિકી કબ્જો, નિયંત્રણ અને વહિવટ શેઠ એ કે. ટ્રસ્ટનાં રહે છે. એ ઉપરાંત તેઓને શ્વેતાંબરોની માલિકી, કબ્જો, નિયંત્રણ અને વહિવટ હેઠળના પારસનાથ હીલના ભાગ ઉપર બિલ્ડીંગ બાંધતા અટકાવ્યા. હાલ આ ચુકાદાના વિવિધ ભાગો સામે ત્રણેય પક્ષો દ્વારા જુદા જુદા પાયા પર અપીલો થયેલી છે.

જ્યારે શ્વેતાંબરોની જાણમાં આવ્યું કે કાનૂની પ્રક્રિયાને વિંધવા બિહાર સરકાર કદાચ વટહુકમ બહાર પાડશે, ત્યારે શ્વેતાંબરો રટે (મનાઈહુકમ) માટે અદાલતમાં ગયા. બિહાર સરકારે ૧૨-૭-૧૯૯૩ના રોજ અદાલતમાં એફીડેવીટ (સોગંદનામું) રજુ કરીને માન્ય કર્યું કે તીર્થની માલિકી, કબ્જો, નિયંત્રણ અને વહિવટને લાગતા ચુકાદાના ભાગને તેઓ રદ કરશે નહીં અને બિહાર રાજ્યના ઓફિસરો, દિગમ્બરો અને શ્વેતાંબરોના બનેલા ત્રીજા બોર્ડની રચનાનો સવાલ ઊભો થતો નથી.

કાયદાની અદાલતમાં, તેઓના પોતાના સોગંદનામા છતાંય, છેક જુલાઇ ૧૯૯૩માં બિહાર સરકારે એવી પરિસ્થિતિ સર્જવાની સતત કોશિષ કરી કે જેનું પરિણામ બે પક્ષોના કાનૂની ઝઘડામાં એક પક્ષની તરફેણ કરવામાં આવે, આ બાબત અદાલત સમક્ષ લેવાની દરકાર કર્યા વગર (એફીડેવીટની કોપી જોડી છે.

ગુ.સ. મુંબઈ તા. ૨૨-૩-૯૪

પ્રોપર મુંબઇમાં

જૈન શાસન–શ્રી મહાવીર શાસન તથા હર્ષપુષ્પામૃત જૈન ગ્રંથમાલા અંગે

રકમ ભરવાનું સ્થળ

શ્રી હરખચંદ ગોવિંદજી મારૂ

આશીષ કોરપોરેશન૨૩-૩૧ બોટાવાલા બિલ્ડીંગ જુની હનુમાન ગલી, મુંબઇ-૨

ફોન :– ૨૦૬૧૫૮૫ : ૨૦૫૪૮૨૯

,, ઘર :– ૫૧૩૨૨૨૩

(સવારે ૯ થી સાંજે ૮ વાગ્યા સુધી)

તીર્થ રક્ષા અંગે સાચી સમજણ

ભગવાનના શાસનના સત્ય સિદ્ધાંતોના રક્ષણ માટે લોકના વિરોધની પરવા કર્યા વિના, જે સત્યસિદ્ધાંતોનું રાજસભામાં પ્રરૂપણ કર્યું. તેના અમલના પ્રસંગે તેણીના મુખ કમળ ઉપર જે પ્રસન્નતા હતી તે શાથી ? કહેવું જ પડે કે ભગવાનનું શાસન રોમ રોમ પરિણામ પામેલ. માટે જે કરવું પડે તે બધું કરવા તૈયાર થઇ આ પ્રસંગનો બોધપાઠ એ લેવાનો છે કે-ધર્મના રક્ષણના પ્રસંગે તીર્થની આપત્તિના પ્રસંગે આવી દૃઢતા, આવી સહનશીલતા અને આવી ધૈર્યતા દરેકે દરેક ધર્માત્માને મન ઉપાદેય જ છે. આ આવ્યા વિના માત્ર લોકોની વાહવાહમાં અંજાઇ જાય, માન-પાનાદિમાં લેપાઈ જાય તે બધા તર્કસાધુઓ-સિદ્ધાંત વિલોણો કયારે સદ્ધર્મથી ચ્યુત થાય તે કહેવાય નહિ.

વર્ત્તમાનમાં સમેત શિખરજીનો વિવાદ છાપાના ચગડોળે ચઢયો છે. આપણે ત્યાં સંસાર સાગરથી તારે તેને તીર્થ કહ્યું છે. ભવયાત્રાનો અંત લાવવાની ભાવના વિના માત્ર હરવા-ફરવા અને મોજમજાદિ માટે તીર્થયાત્રાએ જનારા તીર્થભૂમિના પવિત્ર વાતાવરણનો નાશ કરે છે. સગવડતાના જ અર્થી બનેલા તીર્થોને પણ જોખમમાં મૂકે છે અને તેઓ ભવયાત્રાના ફેરાને વધારનારા બને છે. તીર્થની પવિત્રતા જેમના હૈયામાં વસી છે તે આત્માઓ તારક તીર્થના રક્ષણ માટે શું શું ન કરે ? આ ભાવના પણ સાચા ભાવે કોના હૈયામાં પેદા થાય ? જે આત્માઓને ધન અને ભોગ ભૂંડામાં ભૂંડા લાગે, અનર્થકારી લાગે તે સાથે રહેવું પડે તો સાચવી-સંભાળીને નકે તેમના બાકીના તો માત્ર વાતો જ કરે અને અણીના અવસરે ખસી પણ જાય કે મોટ ઇમાં પડી પામેલા ધર્મને હારી પણ જાય.

આ પ્રસંગે આપણે ખાસ યાદ રાખવું જોઇએ કે આજની સરકાર વિલક્ષણ છે તેની સામે જંગે ચઢવાનું છે માટે આપણે આપણા લોકોત્તર શાસનની જે ઉચિત મર્યાદાઓ છે તે પ્રમાણે જ વિરોધ કરવો જોઇએ બાકી આજના રાજકીય પક્ષોની જેમ ખોટો હોબાળો કે ખોટો દેખાડો કરવાની જરૂર નથી. તેવા માર્ગો અપનાવાથી પરિણામે નુકશાન જ થાય છે. કાયદા ની અંદર રહીને જ કાયદેસર લડત આપવાની છે. આપણી પાસે તો ઐતિહાસિક પૂરાવા, દસ્તાવેજો, કોર્ટના ચુકાદાઓ પણ આપણી તરફેણમાં છે. પણ તમો બધા જે ખુમારી આ મયણાએ રાખી છે તે હજી પેદા કરી નથી તેથી જ વખત આવે પારોઠના પગલાં ભરો છો. આપણે પ્રામાણિક વિરોધ નોંધાવવો છે લાખોની સંખ્યામાં નહી-તારો કરવા જોઇએ. એટલું જ નહિ પણ તમે વિચારો કે આજ સરકારને ઇન્કમટેક્ષ વધુમાં વધુ કોણ ભરે છે દરેકે દરેક રાજ્યનો સર્વે કરવામાં આવે તો કહેવું પડે કે જૈનો જ ભરે છે. અમારા પરમ તારક પૂ. ગુરૂદેવ તો કહેતા હતા કે-આવા તીર્થરક્ષાના પ્રસંગે માત્ર વાતોના વડા કરે

ન ચાલે. પણ દરેકે દરેક જૈન વેપારી કે આદમીએ વખત આવે પોતાની દુકાનો પણ બંધ કરવી એટલું જ નહિ વેપાર-ધંધાદિ પણ બંધ કરવા એક પણ ટેક્ષનો પૈસો આપવો નહિ અને સરકારને લખી જણાવવું કે અમારા પવિત્ર તીર્થની અંદર બીનજરૂરી બોટો હસ્તક્ષેપ કરવાનો તમને જરાપણ અધિકાર નથી જ અમે અમારી શાસ્ત્રીય મર્યાદાઓ પ્રમાણે તેનો વહીવટ કરીએ જ છીએ અને કરવાના છીએ. જો તમે આ હસ્તક્ષેપ પાછો નહિ ખેંચો તો અમે એક પણ જૈન ઈન્કમટેક્ષ ભરીશું નહિ. તમારે કાલે પકડવા હોય તો આજે પકડી જાવ-તે માટે અમે તૈયાર છીએ-બોલો છે આવી તૈયારી ? બાકી તમને ખબર હશે કે અંતરિક્ષજી વખતે "વિજયયાત્રા નહિ તો શમશાન યાત્રા" અને લોકોના લોહીથી કરાવેલી સહીનો લાલ રંગ કયાંય ઝાંખો થઈ ગયો ખબર નથી મળે આવા ખોટા આવેશમાં કે ખોટા બરાડા પાડવાની જરૂર નથી પણ સાચો માર્ગ તો ઈન્કમ ટેક્ષ નહિ ભરવો ને જે પરિણામ આવે તે ભોગવવું. બાકી અમે જૈનો નામર્દ-કાયર નથી. અમારા તારક તીર્થ માટે બધું જ કરવા તૈયાર છીએ. તમારી વહાલી પુત્રી કે પ્રાણપ્રિય પત્નીને કોઈ માગે તો તમે આપો ખરા ? લો લઈ જાવ તેના રક્ષણ માટે જેમ કરો તેમ આતો સંસાર તારક તીર્થ છે માટે તેના રક્ષણ માટે જે કરવું પડે તે કરવા તૈયાર જ છીએ. તો જ આ મથણા સુંદરીનો આ પ્રસંગ સાંભળ્યો તે લેખે લાગે. આવી દૃઢતા-આવી ખુમારી વિના કયારેય ધર્મ સાચા ભાવે આરાધાય નહિ કે રક્ષાય નહિ."

(દાદર જ્ઞાન મંદિર પૂ મુ.શ્રી પ્રશાંતદર્શન વિ. મ.ના પ્રવચનમાંથી પ્રાસંગિક.)

સ્નેહ કથા

એક દાદાજી, વારે તહેવારે ગામના શેઠીયાઓની પાસેથી ૫૦૦-૫૦૦ રૂા. પડાવતા એક વાર શેઠીયાઓની સભામાં એન્ટ્રી મારી. શેઠીયાઓતો તેમને જોઇ ચમકી ગયા. દાદાજીએ મારી પલટી,- શેઠીયાઓને કહ્યું "હું તો આપ સર્વ સાથે સ્નેહભાવ વધારવા માટે જ આવ્યો છું."

શેઠીયાઓ રાજીના રેડ, ખુશ-ખુશ. અને કહે "દાદાજી આપની શી સેવા કરીએ"

દાદાજી કહે "૧૦૦૦-૧૦૦૦" ચાલશે.

દિપક એસ. શાહ પાલડી, (અમદાવાદ)

'માથાથી છેતરવાની કળા એ આત્માને તો શિક્ષા છે'

શાસન સમાચાર

બોરીવલી ચંદાવરકર લેનના આંગણે સૌ પ્રથમ વાર પધરામણી.....

ફાગણ વદ ૫ ગુરૂવાર

વર્ધમાન તપોનિધિ ૧૦૦+૧૦૮+૭૯ ઓળીના મહાન તપસ્વી રત્ન, પ. પૂ. આચાર્ય ભગવંત રાજતિલક સૂરીશ્વરજી મહારાજા, તથા શાંતમૂર્તિ પ. પૂ. આ. ભ. મહોદય સૂરીશ્વરજી મહારાજા, પ. પૂ. આ. ભગવંત પ્રભાકર સૂરીશ્વરજી મહારાજા. પ. પૂ. આચાર્ય ભગવંત સોમસુંદર સૂરીશ્વરજી મહારાજા, પ. પૂ. આચાર્ય ભગવંત પૂર્ણચંદ્ર સૂરીશ્વરજી મહારાજા, પ. પૂ. આ. ભગવંત હેમભૂષણ સૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણા ૮૦ તથા પ. પૂ. સા. હર્ષપૂર્ણાશ્રીજી મ. સા. પ. પૂ. સા. હંસશ્રીજી મ. સા. પ. પૂ. સા. પુન્યપ્રભાશ્રીજી મ. સા. આદિ ઠાણાં ૧૫૦ અત્રે બોરીવલીના આંગણે પધારતા સંઘમાં આનંદનો અવધિ ઉભરાયો હતો.

પ. પૂ. આ. ભ. રાજતિલક સૂરીશ્વરજી મહારાજા તથા પ. પૂ. આ. ભ. મહોદય સૂરીશ્વરજી મહારાજા આદિ ઠાણાં શેઠ શ્રી સંઘવી કાંતીલાલ ગીરધરલાલ વોરા (રાધનપુર) ની આગ્રહભરી વિનંતી સ્વીકારતા તેમના નિવાસ સ્થાને [જવાન–નગર]માં સામૈયા સહિત પધારેલ ત્યારબાદ ત્યાં મંગલાચરણ થયેલ, ત્યાર બાદ લાડવાની પ્રભાવના થયેલ. ૯–૦૦ કલાકે ભવ્યાતિ ભવ્ય સામૈયુ થયેલ. જાંબલી ગલીના નાકેથી–બે–ગજરાજો–નોબતખાનું ઇન્દ્ર ધજા–ઘોડેસ્વારો– ઊંટ સવારીઓ, પાઠશાળાના બાળકો, બેઠાવાળા બેનો, મધુર ધ્વનિ સંભળાવતાં ૩–૩ બેંડો, મોટર ઉપર કમળની રચના, બે બગીવાળી ગાડીમાં પૂજ્યશ્રીનો આબેહુબ ફોટો. પ. પૂ. આ. ભગવંતો, શ્રાવકો, સાધ્વીજી ભગવંતો શ્રાવિકાઓ ત્યાર બાદ અનુકંપાની ગાડી વગેરેથી શુશોભિત થઇ રાજમાર્ગથી ફરી રીટા પેલેસના કંપાઉન્ડમાં બાંધેલા ભવ્ય મંડપમાં ચતુર્વિધ સંઘ પધારેલ.

સૌ પ્રથમ પૂજ્યશ્રીએ મંગલા ચરણ કરેલ, ત્યાર બાદ ગુરૂગીત ગવાયેલ, પછી ગુરૂપૂજનનો ચઢાવો થયેલ તેનો લાભ શેઠ શ્રી કુમારપાળ બાબુભાઇ ઝવેરીએ લીધેલ કામળીનો ચઢાવો શેઠશ્રી લોરા તીર્થ નિવાસી શાંતીલાલ નરીલાલ મહેતા પરિવારે લીધેલ. ત્યાર બાદ પ. પૂ. ગણિવર્ય શ્રી કિર્તિયશ મ. સા. એ પ્રવચન ફરમાવેલ તેમાં અત્યારે સમેત શીખરજી તીર્થ જોખમમાં છે તે બાબત અંગે સખત વિરોધ કર્યો હતો. તેની ભૂમિકા સમજાવી હતી. ત્યારબાદ ત્યાંના સંઘમાંથી ૨૬ રૂ. નું સંઘપૂજન જુદા જુદા પુન્યશાળીઓ તરફથી થયેલ અને લાડવાની પ્રભાવના થયેલ બહાર ગામથી આવેલ ભાગ્યશાળી-

ઓની સાધર્મિક ભક્તિ રખાયેલ. બપોરે પૂજા રાખેલ. તથા પ્રભુજીને સુંદર અંગ રચના થયેલ. પૂજ્યશ્રીના ચાતુર્માસ માટે બૃહદ મુંબઇના અનેક સંઘો પધારેલ. તેમાં સૌથી પહેલા પૂજ્ય શ્રી લાલબાગ, શ્રીપાળ નગર, ને ચંદનબાળામાં પધારશે.

ફાગણ વદ ૬ ના દિવસે સવારે પૂ. શ્રી પ્રવચન મંડપમાં પધારશે. પ. પૂ. ગ. કિર્તિયશ વિ. મ. સા. એ સુંદર પ્રવચન કરેલ ત્યાર બાદ ૬ ભાગ્યશાળીઓ તરફથી ગુરૂપૂજન–તથા સંઘ પૂજન થયેલ.

ફા. વ. ૭ પૂજ્યશ્રી મંડપમાં પધારેલ. સુંદર પ્રવચન થયેલ ત્યારબાદ ૬ પુન્યશાળીઓ તરફથી ગુરૂપૂજન–સંઘપૂજન થયેલ.

ભાવિકો પણ બહારગામથી સારી સંખ્યામાં પધારતા. રાત્રે પણ ફકત પુરૂષો માટે પૂજ્યશ્રી પ્રવચન રખાયેલ.

સ્વ પ. પૂ પુન્ય પ્રભાશ્રીજીના સંયમ જીવનની અનુમોદનાર્થે ફા. વ. ૨ થી ફા. વ. ૭ સુધી ઓચ્છવમાં પૂજા પૂજનો વગેરે રખાયેલ અને સુંદર પ્રભુજીની અંગરચનાઓ–દિવાની રોશનીઓ કાયમ માટે રહે છે દર્શન કરતા એમજ થાય કે જાણે કાંઇ તીર્થમાં બેઠા હોય તેવું લાગતું.

તા. ક. પ. પૂ આચાર્ય ભગવંતો શાશ્વતી ચૈત્રી ઓળી કરાવવા માટે બોરીવલી ચંદાવરકરલેનમાં પધારશે.

ચેલા [હાલાર] અત્રે પૂ. મુનિરાજ શ્રી કમલસેન વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી વીરસેન વિજયજી મ. ની શુભ નિશ્રામાં ચૈત્ર માસની શાશ્વતી ઓળીની આરાધના પ્રેમચંદ પરબત આહા ગાંધી પરિવાર રોલવાળા [હોલ લંડન] હ: રમણીકલાલ પ્રેમચંદ તથા તેમના ધર્મ પત્ની મોતીબેન રમણીકલાલ તરફથી થયેલ છે. દરરોજ વ્યાખ્યાન પ્રભાવના અંગી વગેરે સુંદર રીતે થયેલ ચૈત્ર સુદ ૧૪ ને સોમવારના રોજ શ્રી બૃહદ સિદ્ધચક્ર મહાપૂજન હાઠથી ભણાવાયેલ પૂજન બાદ શ્રીફળની પ્રભાવના થયેલ. જીવદયાની ટીપ ખુબ સુંદર થવા પામી હતી વિધિ વિધાન જામનગર વાળા શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહની મંડળીએ ખુબ સુંદર રીતે કરાવેલ સંગીતમાં શ્રી જામનગર શ્રી વિમલનાથ જિનેન્દ્ર સંગીત મંડળ આવતા જમાવટ સારી થઇ હતી. ચૈત્ર વદી ૧ ના પારણાના દિવસે તેમના તરફથી ગામ જમણ થયેલ તથા ઓળીના આરાધકોને પ્રભાવના તેમજ બહુમાન થયેલ ઓળીની સંખ્યા–૪૮ આરાધકોની હતી.

બોરીવલી – અત્રે ચંદાવરકર લેનમાં પૂ. આ. શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. આદિની નિશ્રામાં કચ્છ હમલા મંજલ હાલ ગઢસીસાવાળા બોરીવલી નિવાસી શાહ પુંજાભાઇ માણેક પરિવાર તરફથી ચિ. ધીરેન્દ્રકુમાર શાંતિલાલ તથા ચિ. કુમારી પ્રતિકુમારીની દીક્ષા વૈ. સુ. ૧૩ના થશે તે નિમિત્તે વૈ. સુ. ૯ થી ૧૩ શાંતિસ્નાત્ર મહોત્સવ સાધર્મિક વાત્સલ્ય આદિ પંચાહ્નિકા મહોત્સવ ચોજેલ છે.

મુંબઇ – કાંતિનગર અંધેરી ઇસ્ટ –શ્રી મુનિસુવ્રત સ્વામી મંદિરે પ્રવર્તક પૂ. મુ. શ્રી સુબોધ વિજયજી મ. ની ૫૧માં વર્ષમાં દીક્ષા પ્રવેશ નિમિત્તે પંચાહ્નિકા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો ફા. વ. ૮ના શ્રી ભક્તામર પૂજન ૯ઠથી ભણાવાયું પૂજન માટે પં. શ્રી અશોકભાઇ તથા ભક્તિ માટે સંગીતકાર શ્રી ધરમી પધાર્યા હતા.

જામનગર – અત્રે સમસ્ત જૈન સંઘો તરફથી સમેત શિખરજી તીર્થ અંગે બિહાર સરકારની દખલગીરી અંગે પ્રચંડ વિરોધ થયો. તે અંગેની જંગી રેલી સભામાં જોરદાર વિરોધ પ્રવચન થયા અને કલેકટરને આવેદન પત્ર અપાયા જે રાષ્ટ્રપતિને સરકાર દ્વારા પહોંચાડાશે.

વઢવાણ શહેર – અત્રે શ્રી સંઘ તરફથી સંમેત શિખરજી મહાતીર્થ અંગે બિહાર સરકારના વટહુકમના વિચાર સામે વિરોધ સભા પૂ. આ. શ્રી વિજય નરચંદ્ર સૂરીશ્વરજી મ. સા. ની નિશ્રામાં તા. ૧૪–૪–૬૪ના જૈન વાડીમાં મળી હતી પૂ. શ્રીએ તથા જૈન આગેવાનો આદિએ વિરોધ કરેલ સભામાં બે હજારની હાજરી હતી તા. ૧૭–૪–૬૪ના વિરોધ કરવા સરઘસ નીકળેલ તેમાં શ્રી સંઘ ઉપરાંત સ્થાનકવાસી દિગંબર તથા સુરેન્દ્રનગર સંઘના ભાવિકો જોડાયા હતા. પાંચ હજારની સંખ્યા થઇ હતી મામલતદારને વિરોધ નિવેદન આપેલ તથા રાષ્ટ્રપતિશ્રી તથા બિહાર ગવર્નર શ્રીને ૧૫૦ ઉપરાંત તાર કરીને વટહુકમ પડતો મુકવા રજુઆત કરી હતી.

ચૈત્ર સુદ ૮ના વઢવાણ સુરેન્દ્રનગર રતનપુર જોરાવરનગરમાં મળીને એક હજાર ઉપરાંત આંબેલ તીર્થ રક્ષા માટે કરવામાં આવેલ હતા.

ઉજવણી જે તિથિ હોય ને તિથિ સાથે કરવી જોઇએ

હાલમાં લંડનમાં પૂ. ગુરૂદેવની તિથિ ચૈત્રી પુનમ અંગેની ઉજવણી તે દિવસે છોડીને બીજા રવિવારે કે રજાના દિવસે કરવામાં આવી તે બરાબર નહિ. જે દિવસે પર્વ હોય તે દિવસે તેની ઉજવણી કરવી જોઇએ.

ચૈત્ર સુદ ૧૩+૧૪ રવિવારે હતી છતા કોઇએ તે ૧૨+૧૩ શનિવારે કરીને ઉજવણી કરી ત્યાં શનિવાર હોવા છતાં ન લીધો તો આ રીતે ધર્મપ્રેમી ભાવિક જીવોને તો જે બતાવે તે કરે. પરંતુ જેમની જવાબદારી છે અગર જે માર્ગદર્શન આપે છે તેમણે આ બાબતમાં રપ૬૨ જાણકારી મેળવી લેવી જરૂરી છે જેથી આરાધનાને બદલે વિરાધના ન થઇ જાય.

સમગ્ર જૈન

ચાતુર્માસ સૂચિ

તે અંગે સાધુ સાધ્વી ઠાણા નામ સરનામા સમુદાય મોકલવા વિનંતિ થઇ છે સરનામુ બાબુભાઇ જૈન ૧૦૫ વિરુમતી એપાર્ટમેન્ટ આકુર્લી ક્રોસ રોડ નં. ૧ કાંદિવલી પૂર્વ મુંબઇ ૧૦૧

૦

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- શ્રાવક-શ્રાવિકાને સંસાર ન ગમે. સુખ ન ગમે, સંપત્તિ-સાહ્યબી ન ગમે, આ જ તેમની ઓળખ છે.
- જેનો સંસારનો જ પ્રેમ જીવતો-જાગતો હોય, જે માન-પાનાદિનો જ ભુખ્યો હોય તેની તો વધુ ભયંકર દુર્ગતિ થવાની છે.
- સંસારના જ પ્રેમી અધર્મ મજેથી કરે અને ધર્મને જાણી-જોઇને ધક્કો મારે.
- જે જીવનો સંસારનો રસ ઉઠવા માંડે અને મોક્ષનો જ રસ પેદા થવા લાગે તેનામાં ધર્મપણું આવે !
- તમે બધા જો સુખ-સંપત્તિ ભૂંડી લગાડવા અહીં (વ્યાખ્યાન સાંભળવા) આવતા હોત તો અનીતિ કરતા જ ન હોત. તમે જ કહત કે, અનીતિ તો કરવા જેવી જ નથી !
- હજી શરીરની ચિંતા કરનારા મલશે પણ આત્માની ચિંતા કરનારા કેટલા મળે ?
- જે આત્મા પોતાના આત્માના હિતની ચિંતા ન કરે, તે આત્મા સાચા ભાવે ધર્મ ન કરી શકે, મોક્ષ સાધક ધર્મ તો આરાધી પણ ન શકે.
- ખોટી કુટેવો કેમ પડી ? ભગવાને જેને પાપ કહ્યું તેને પાપ માન્યું નહિ માટે ને ?

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

તેમ કરી ઘણા ચંદનના વૃક્ષો કાપી નાખ્યા. એકવાર રાજાને આ વૃત્તાંતની ખબર પડી તો ખિન્ન થઇને તેની પાસેથી ઇજારો પાછો લઇ લીધો.

કઠિયારાને જેમ ચંદનનો બગીચો મલ્યો છે તેમ આપણને આ મનુષ્યભવની પ્રાપ્તિ થઇ છે. કઠિયારો ચંદનના બગીચાને પામીને તેનો સાચો લાભ ન લઇ શકયો તેમ આ ઉત્તમ મનુષ્ય દેહને પામીને આપણે આ શરીરથી સદ્ધર્મ ન સાધી શકીએ તો આપણામાં અને કઠિયારામાં કાંઇ વિશેષતા કહેવાય ખરી ?

માટે જ્ઞાનિઓ ફરમાવે છે કે-આ શરીર એ ધર્મનું આદ્ય સાધન જરૂર છે પણ તેનો રાજાની આજ્ઞા મુજબ સદુપયોગ કરાય તો. તે મુજબ કરનારો પરમપદને પામી શકે છે. આ જીવન ગુમાય જાય તે પૂર્વે આ વાત સમજી શરીરનો સાચો ઉપયોગ કરી સાધ્યની સિદ્ધિ સાધીએ તેમાં જ સાચી પ્રજ્ઞાશીલતા છે. સૌ તેવી અવસ્થાને પામો તે જ શુભેચ્છા.

– પ્રજ્ઞાંગ

પૂ.આ.શ્રી કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

પ્રભુ વીર વર્તે જ્ઞાન

સ્વ પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજીમહારાજ

- શાસ્ત્રે સારા માણસના હૈયામાં જે હોય તે જ લખ્યું છે. આત્મામાં જે કાંઇ સારાપણું છે તેનું પ્રતિબિંબ એટલે શાસ્ત્ર.
- જે ઇચ્છામુજબ જીવે તેને ખોટું કરવું જ પડે.
- પોતાની જાતને ઓળખવા ઉપદેશ સાંભળવાનો છે.
- જેને સંસારનું સુખ ગમે તે ડાહ્યો કયારે બેવકૂફ બને તે કહેવાય નહિ.
- સુખી થવાની ઇચ્છા તે મોહની મૂઢતા છે. સારા થવાની ઇચ્છા તે આત્માની લાયકાત છે.
- પોતાની જાતને નહિ જોનારા અને બીજાની વાતો કરનારા કદિ ધર્મ પામે નહિ!
- જે પૈસાનો અને સુખનો ભુખ્યો થયો અને તેને સારું માને તે ઊંધે માર્ગે ચાલ્યો સમજો.
- કર્મ કદિ કોઇના પર ઉપકાર કરતું નથી. તે તો બધા પાસે પાપ જ કરાવે છે. કર્મ તો અપકારક જ છે. તે ઉપકારક હોઇ શકે નહિ. ધર્મનો વૈરી તે કર્મ. ધર્મ પામવા–પાળવા નહિ દેનાર તે કર્મ. કર્મ તો દેવ–ગુરુ–ધર્મને પણ માનવા દે નહિ. આવા કર્મ પર વિશ્વાસ રખાય?
- આત્મા અને શરીરને એક માને તે મહામિથ્યાદૃષ્ટિ છે.
- સંસારના રસિયા સંજ્ઞી હોવા છતાં અસંજ્ઞી છે કેમકે સારા વિચાર કરવાની તાકાત નથી.
- સુખની ઇચ્છા જ સઘળાં ય પાપોને આમંત્રણ દે છે. ખાવા–પીવા, મોજ–મજાદિના લોભી કયા કયા પાપ ન કરે?
- આપણે ત્યાં ભગવતર ઓછું હોય. સમજણ ઓછી હોય તે ચાલે પણ ખોટી પકડ ન ચાલે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ)
C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

૪૨૬૬ 16-2-82

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઈ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

ભવની-સંસારની નિર્ગુણતા :

રङ्को राजा नृपो रङ्क,
स्वसा जाया जनी स्वसा ।
दुःखी सुखी सुखी दुःखी,
यात्रा सौ निगुणो भवः ॥

જેમાં રંક-રાજા થાય, રાજા-રંક-થાય, બહેન પત્ની બને, માતા બેન બને, દુઃખી સુખી થાય, સુખી દુઃખી થાય તેવો આ નિર્ગુણ ભવ-સંસાર છે. (માટે તેનાથી મુકત થવાનો વિચાર કરવો તે જ સાચી બુદ્ધિમત્તા છે.)

વર્ષ ૬ અંક ૪૨

-: જૈન શાસન લવાજમ :- (નવા દર)

૧ વર્ષ રૂા. ૫૧) પાંચ વર્ષ રૂા. ૨૫૧)
૨ વર્ષ રૂા. ૧૦૧) આજીવન રૂા. ૫૦૧)

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

અનુભૂતિ અને વાસ્તવિક અભિવ્યક્તિ

મારા તારાનાં સીમાડાઓ જ્યાં તુટી ગયા છે, સમાનતાનો સમીર હંમેશા અંતરનાં દ્વારે લહેરાઇ રહ્યો છે. સળગતી સમસ્યાઓનાં ભડકાનાં ઉકેલની જલધાર જેઓનાં શાસ્ત્રચક્ષુની પેલેપાર વહી રહેલ ઘૂમીલી સેરોમાં છે, જેઓનાં મનનું પર્યાવરણ હંમેશા હરીયાળુ જોવા મલી રહે છે તેવા સહીષ્ણુતાની મૂર્તિ પૂ. ચન્દ્રાનનાશ્રીજી મ. સાહેબનો રાજનગર મધ્યે મહાસુદ દશમ ૨૧-૨-૯૪ સોમવારનાં માલવોદ્ધારક પૂ. આ. સુદર્શન સૂરીશ્વર મ.ની નિશ્રામાં સુદીર્ઘ સંયમ જીવનમાં સાફલ્યને પ્રાપ્ત કરનાર સાધ્વીજી મ. સાહેબનો ત્રીદિવસીય મહોત્સવની અનુભૂતિની વાસ્તવિક અભિ-વ્યકિત રજુ કરતા ગૌરવની લાગણી અનુ-ભવું છું.

જૈન દર્શનમાં પરમાત્મભકિતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે આજ વસ્તુને લક્ષમાં રાખી શાસ્ત્રોકતવિધિ અનુસાર પરમાત્મ-ભકિત-જિનવાણી શ્રવણ ત્રણે દિવસ યોજ-વામાં આવેલ પૂ આચાર્ય ભગવંતે સુદીર્ઘ સંયમ પર્યાયનાં નિચોડ સ્વરૂપ રત્નત્રયીનો સુસ્વાદ સહુને ચખાડયો. જિનવાણીની પૂર્ણા-હુતિ દરમ્યાન પરમાત્મભકિતના સાધનરૂપ ચાંદીની વાટકી અને રૂા. ૩૩ દ્વારા સમસ્ત ઉપસ્થિત ૭૦૦-૮૦૦ આરાધક ભાઇબ્હેનનું સંઘપૂજન કરવામાં આવ્યું.

વિજય મૂહુંતે શ્રી સિદ્ધચકપૂજન પણ ઠાઠમાઠથી શરૂ થયું જેમાં વિવિધપ્રકારી માંડલુ-ફળનૈવેદ્યની ગોઠવણી-સારીકાજોને કરેલ વિવિધ રંગેબેરંગી અષ્ટમંગલની રચનાઓ જોઇ પૂજનમાં પધારેલ દરેક મહાનુભાવોની પરમાત્મભકિતનો ઉલ્લાસ અને ઉત્સાહમાં ઉમેરો કરતાં જોઇ જિનશાસન જયવંતુ લાગ્યું.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન પૂ. ચન્દ્રાનના શ્રી મ.ની શાસ્ત્રોકત પદ્ધતિ અને ઔચિત્ય પૂર્વ વ્યવહાર દૃષ્ટિ ગોચર થતી હતી. વ્યાખ્યાન સમયે જ અમદાવાદનાં શ્રી નરેશભાઇએ ૨૦ મીનીટ પૂ ચન્દ્રાનના શ્રી મ.નો પરિચય આપ્યો હતો તેમનાં કહેવા મુજબ કલિકાલનાં સાધ્વી રત્નોમાં પૂ. ચન્દ્રાનના શ્રી મ. જ્ઞાની તરીકે ખૂબ જ આગળ છે ઉપરાંત ૨૦-૪-૯૩નાં રોજ તેઓશ્રીનું જે ઓપરેશન થયેલ તે સમયની સહિષ્ણુતાને બિરદાવતા કહ્યું હતું કે પૂ. ચન્દ્રાનના શ્રી મ. સાહેબે ઓપરેશનને મહોત્વરૂપ બનાવ્યું હતું તેઓએ ડો. લલીતભાઇ ચોકસીનો અભિપ્રાય. ઉમેરતા કહ્યું હતું કે આવો સહિષ્ણુ પેશન્ટ મને આજસુધીમાં પ્રાપ્ત થયો નથી.

દશમની સવારે પૂ. ચન્દ્રાનના શ્રી મ. સૌએ કહ્યું હતું કે-

चंदनम शीतलम् लोके चंदनादपि चंद्रमा
चंदन चंद्रम्योर्धिकम् शीतलः साधु संगमः

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

હાલારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયામૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષક
પ્રેમચંદ મોહનજી ગુંદા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ
(વડોદરા)
ચાંદમલ પદમશી ગુંદા
(બાલગઢ)

વર્ષ ૬ | ૨૦૫૦ જેઠ સુદ-૫ મંગળવાર તા. ૧૪-૬-૯૪ [અંક ૪૨

શ્રી જિન ભક્તિ

પ્રવચનકાર : પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.

(રૂ. ૨૦૨૮ કા. વ. ૦)) ગુરૂવાર તા. ૧૮-૧૧-૧૯૭૧) ખેડા (પ્રવચન-પાંચમું)

(ગતાંકથી ચાલુ)

તમારે દુઃખ નથી જોઈતું તો કેમ આવે છે ? આજે તમે જે પાપ કરો છો તે કર્યા વિના થાકે તેમ જ નથી તેમ પૂરવાર કરી શકો છો ? આરંભ-સમારંભ પાપ ગૃહસ્થને કર્યા વિના છૂટકો નથી પણ જૂઠ-ચોરી આદિ પાપ કરવા જ પડે તેવું છે ? માટે શાસ્ત્રે કહ્યું કે, ધર્મ સાધુપણામાં જ, ગૃહસ્થપણામાં તો ધર્માધર્મ. ગમે તેટલા પાપ કરે તો સુખ જ મળે તેવો નિયમ છે ખરો ? પાપ કરવાથી દુઃખ જતા હોય અને સુખ મળતા હોય તો તેનો ઉપદેશ દઈએ. હિંસાદિથી, રાગાદિથી, ક્રોધાદિથી, કલંક દેવાથી, કોઇની ચાડી-ચૂગલી કરવાથી, સુખમાં આનંદ કરવાથી દુઃખમાં રોવાથી, પારકાની નિંદા કરવાથી, સફાઇબંધ જૂઠ બોલવાથી જો દુઃખ નાશ જ પામે, સુખ બધા જ મળે, મજેથી ભોગવી શકાય અને આનંદમાં રહેવાય તો કાલથી તેનો ઉપદેશ શરૂ કરીએ, શીખવવાના ક્લાસ કરીએ. પણ તેવું બને તેમ છે ખરું ? તમારો અનુભવ બોલો. આ બધા જ પાપ મજેથી કરવા છતાં ય તમે સુખી છો કે દુઃખી છો ?

દુઃખ તો પાપ કરનાર બધાને આવે. પણ તે દુઃખી ન હોય તે બને. ભૂખ લાગે અને પેટમાં નાખવાનું ન હોય, પીવા પાણી ન મળે ને ફરિયાદ કરે તે ઠીક છે. પણ તમને સુખી કરવા માગે તો સારા સારાને હાથ જોડવા પડે, કહેવું પડે કે-મહેરબાની રાખ. દુઃખની ફરિયાદ કરો તો કેવી કરો. આજે મધ્યમ વર્ગ દુઃખી છે તે બોલવાજોગ. દુઃખી છે, બાકી તે દુઃખી છે જ નહિ.

આવક જોઇને ખર્ચો નક્કી કરવો. આ તમને મંજુર છે? ફલાણા પાસે આવું અને તેવું તે જોવાનું નહિ. પુણ્ય કરીને આવ્યા તેની સામે લાલ આંખ કરાય નહિ. કોઇ પુણ્યયોગે સુખી તેમાં આપણા બાપનું શું જાય? બીજાને સુખી જોઇ તમને શું થાય છે? તેના પુણ્ય પ્રમાણે તે ભોગવે તેમાં આપણે શું? મારે તો મારી આવક મુજબ જ જીવવું છે તે નક્કી કરો તો દુઃખ રહે કે જાય? બધી આવક ખાઇ જવી તે તો મૂરખનું લક્ષણ છે. જે આવક છે તે કાયમ જ રહે તેવી ખાત્રી છે? ન રહે તે દિ શું થાય? અને પોતાની પાસે જે ધન હોય તેનો સ્થાને ઉપયોગ કરવો પણ અસ્થાને નહિ. નીતિના આ બે નિયમ નક્કી કરો તો બધા મહાસુખી છે, કોઇ દુઃખી છે નહિ. કોઇનું સુખ જોઇ બળવું નહિ. બીજાના સુખે આપણે દુઃખી થવું નહિ. પોતાને સુખ જોઇએ, બીજાનું ખમાય નહિ–આ અંધાપો કઇ જાતનો? આવાને કોઇ સુખી કરી શકે?

મારે તમને શ્રી જિનભક્તિની વાત સમજાવવી છે પણ જોઇએ તેવા પાત્ર વર્તમાનમાં મળતા નથી. મોટોભાગ આવનારો એમ કહે છે કે–'અમને દુઃખથી બચાવો, સુખી બનાવો અને પછી ધર્મની વાત કરો.' તો તે બની શકે તેમ છે ખરું? અમે અમારા મા–બાપ, સ્નેહી સંબંધી આદિ છોડી કાંઇ તમારી ખાતર નીકળ્યા નથી. તમારું દુઃખ ટાળવા અને તમને સુખી કરવા ગયા તો અમારો ય પત્તો નહિ લાગે. અમે તો તમને સાચો માર્ગ સમજાવીએ પણ તમારા માટે ભીખ માગવા ન નીકળીએ.

આજની જ વાત જૂઓ. જગતને–દેશને સુખી કરવા નીકળેલા નેતાઓ આજે ક્યાં છે? છેક ૧૯૧૭ની સાલથી હું કહેતો આવ્યો છું કે, તમારા નેતાઓ ગેરંટી ગુમાવી છે. અહિંસાનો ઉપયોગ સ્વરાજ મેળવવા કરાય નહિ. ત્યારે અમે ગાંડા લાગતા હતા, દેશ–કાળના અજાણ લાગતા હતા. જેની તમે જે બોલાવતા તેની આજે હાયવોય કરો છો. તમારા નેતાઓએ તમને ખોટા રવાડે ચઢાવી તમારૂં સત્યાનાશ કાઢયું. આજથી વર્ષો પહેલા કાળુંબજાર સાંભળ્યું હતું? એક નંબર અને બે નંબરના પૈસા જેવું હતું? બજાર પણ કાળું... પૈસાના નંબર પણ એક... બે... તે કાળ સારો કહેવાય? બધા જ અનાડિ પાકયા. અપવાદે સારા હોય તેની ના નથી. બધી રેખાઇ તમે અહીં જ કરો છો. અહિંસાથી સ્વરાજ મેળવનારા આજે ઘોર ઘાતકી થયા છે. સત્યની વાતો કરનારા, આજે અસત્ય ગળથૂથીમાંથી શીખવે છે. ચોરી અને તે પણ કાયદેસરની તેનું શિક્ષણ ધમધોકાર ચાલે છે. આજે તમે બધા મરો કે જીવો, તેની કોને પડી છે! એકસીડન્ટો કેટલા થાય છે. તે પણ હમણા હમણાથી સંભળાય છે. આને પાછો માનવ કલ્યાણનો યુગ કહેવાય!! તમે બધા ભણેલા છો કે અભણ તેની જ

મને ખબર પડતી નથી. જે બધું બન્યું, ચાલી રહ્યું છે-તેનો અભ્યાસ કરો છો કે નહિ ? જેની પૂંઠે પડવાનું છે તેની પૂંઠે પડતા નથી અને જેની પૂંઠે પડવા જેવું નથી તેની પૂંઠે પડો છો તમારા તો બાર વાગી જવાના છે.

ભગવાનની પૂંઠે જ પડવા જેવું છે. **ભગવાનની પૂંઠે પડવું એટલે દુઃખને મજેથી વેઠવાનું અને સુખ માત્રને લાત મારવાની. કદાચ સુખ સાથે રહેવું પડે તો સાચવી સંભાળીને રહેવાનું.** 'મારે હવે ભગવાન જ બનવું છે. ભગવાન ન થાઉં ત્યાં સુધી ભગવાન છોડું નહિ' આ રીતે ભગવાનની પૂંઠે પડે તે જીવ જ દુઃખને મજેથી વેઠે અને સુખને છોડે. તમારે બધાને ભગવાન થવું છે કે સુખી થવું છે ? બધા એકી અવાજે બોલો કે અમારે ભગવાન થવું છે તો અહીં આવ્યા તે ફેરા સફળ. **ભગવાન ન થાય ત્યાં સુધી સુખી થાય જ નહિ. જે ભગવાન બને તે કાયમ સુખી, અને ભગવાન બનવા દુઃખ વેઠે અને સુખને લાત મારે તે ય સુખી. બાકી બધા દુઃખી દુઃખી ને દુઃખી જ.**

આ ઉત્સવ ભગવાન થવા માટેનો છે, તમારા પૈસાનું પ્રદર્શન નથી પણ આ તો પૈસાના સદુપયોગનું કામ છે. જગતમાં રહેવાનું અને ભગવાન થવા મથવાનું છે, તેને જગત સાથે ફાવે જ નહિ. તેવો જીવ સુખમાં ય ધર્મી હોય અને દુઃખમાં ય ધર્મી હોય. આપણે ત્યાં સુખીનો ધર્મ જુદો છે. દુઃખીનો ધર્મ જુદો છે. **સુખી સુખનો ત્યાગ કરે તે ધર્મ. દુઃખી દુઃખને મજેથી સહન કરે તે ધર્મ.** આ પૈસાના ત્યાગનો પ્રસંગ છે. જે બોલી બોલી પૈસાનો ત્યાગ કરે અને જે ત્યાગ ન કરી શકે તે પોતાની ખામી માને, પોતાને લોભી માને અને શક્તિ વગરના તેમની અનુમોદના કરે કે-'કેવા ભાગ્યશાળી જીવો છે ! કેવો સુંદર ઉપયોગ કરે છે' તો તે બધા સરખું ફળ પામે. કરવું, કરાવવું અને અનુમોદવું તે ત્રણે સમાન ફળ પામે તે વાત સાંભળી છે ને ? જે વાત ઉપર હું ભાર મૂકી રહ્યો છું કે-હૈયું પલટાઇ જાય તો બધું આવી જાય. (ક્રમશઃ)

પ્રકાશમય શ્રી જિનાગમ રૂપી દીપક :

અંધયારે મહાઘોરે, દીવો તાણં સરીરિણં ।
એવમન્નાણતામિસ્સે મીસણમ્મિ જિણાગમો ।।

મહા ભયંકર અંધકારમાં દીપક-દીવો પ્રાણીઓનું રક્ષણ કરનાર-માર્ગ બતાવનાર -છે તેમ અજ્ઞાન રૂપી ગાઢ અંધકારથી વ્યાપ્ત એવા આ સંસારને વિષે શ્રી જિનાગમ જ સાચો માર્ગ બતાવનાર છે.

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) સંચાલિત
'જૈન શાસન' અઠવાડિક – સાતમા વર્ષના પ્રારંભે સં. ૨૦૫૦ શ્રાવણ વદ-૨
મંગળવાર તા ૨૩-૮-૯૪ના પ્રગટ થશે.

'જૈન રત્ન શ્રમણોપાસિકાઓ' વિશેષાંક

૬૨ વર્ષની જેમ ૭મા વર્ષના પ્રારંભે જૈનશાસનના પરમ આરાધક શ્રમણ ભગવંતો, શ્રમણી ભગવંતો તથા શ્રમણોપાસકો તથા શ્રમણોપાસિકાઓ છે. તેમાં "જૈન રત્ન શ્રમણોપાસિકાઓ' એ વિષય ઉપર વિશેષાંક પ્રગટ થશે.

શ્રી જૈન શાસનનું લવાજમ ૪૧) રૂ. છે. ખર્ચ ૮૦ રૂા. લાગે છે તેથી ખર્ચને પહોંચી વળવા વિશેષાંકની યોજનામાં શુભેચ્છક આદિ બનાવાય છે તે કાયમી ધોરણે કરાય તેમ ઘણા ભાવિકો ઇચ્છે છે અને તેથી વિશેષાંકની કાયમી યોજના રજુ કરી છે. સૌ શાસન પ્રેમીઓ તેને વધાવી લેશે એવી ભાવના છે.

–: નૂતન વર્ષ વિશેષાંક કાયમી યોજના :–

રૂા. ૫૧) હજાર પ્રથમ પેજમાં બે લીટીમાં શુભેચ્છા

ટાઇટલ પેજ–૪ રૂા. ૪૧) હજાર ટાઇટલ પેજ–૨ રૂા. ૩૧) હજાર ટાઇટલ પેજ-૩ રૂા. ૨૧) હજાર વિશેષાંક સૌજન્ય શુભેચ્છક રૂા. ૧૧) હજાર વિશેષાંક સહાયક શુભેચ્છક રૂા. ૫) હજાર વિશેષાંક શુભેચ્છક રૂા. ૧) હજાર

આ યોજના એટલે હરતી ફરતી જ્ઞાન પ્રચારની યોજના છે. પછી દર વર્ષે શુભેચ્છક આદિ માટે દેવાદુ રહેતું નથી.

દેવાનું એકવાર–લાભ કાયમનો

આપનું નામ અવશ્ય મોકલી આપો

આ કાયમી યોજનામાં જોડાનારની દર વર્ષે વિશેષાંકમાં ઉપદેશક તથા પ્રેરકના નામ સાથે શુભેચ્છા લેવામાં આવશે તથા આ કાયમી યોજનાવાળા શ્રી જૈન
ણે જૈન શાસન સો વર્ષ ચાલશે તો પણ
કાયમી મળશે. પરદેશમાં રૂા. ૧) હજારવ ળાને માત્ર એક વર્ષ એરથી જશે.

આ યોજના પુરી થતાં જાહેરખબર પણ લેવાની ભાવના નથી

શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ

ઇતિહાસ જાણો અને તીર્થ રક્ષા માટે જાગૃત બનો

(પ્રકરણ-૨)

દિગંબરોના દાવાઓમાં વજૂદ નથી: સત્ય શ્વેતાંબરોના પક્ષમાં છે

બિહાર સરકાર વટહુકમ દ્વારા કે કાયદા દ્વારા આખું સમ્મેતશિખર તીર્થ તેના એકમેવ માલિક અને વહીવટકર્તા શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શાસનની પ્રતિનિધિરૂપ સંસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હાથમાંથી ખૂંચવી લે તે માટે દિગંબર જૈન બંધુઓ છેલ્લા એક વર્ષથી બિહારના મુખ્ય પ્રધાન લલ્લુ પ્રસાદ યાદવની કાન-ભંભેરણી કરી રહ્યા છે અને શ્વેતાંબરો વિરૂદ્ધ ગલત ઢંગનો પ્રચાર કરી રહ્યા છે.

મુંબઇ ખાતે યોજાયેલી એક પત્રકાર પરિષદમાં દિગંબરોના આગેવાન અને ટાઇમ્સ ગ્રૂપ ઑફ ઇન્ડિયા જૂથના અધ્યક્ષ અશોકકુમાર જૈને એવો આક્ષેપ કર્યો હતો કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા સમ્મેતશિખરજીમાં થતી આવકની રકમની ગોલ-માલ કરવામાં આવે છે, ત્યારે એક પત્રકારે તરત જ પ્રશ્ન કર્યો કે તે માટે તમારી પાસે કોઇ દસ્તાવેજી પુરાવા છે ખરા? તેના પ્રત્યુત્તરમાં અશોક જૈને પોતાનો આક્ષેપ પાછો ખેંચી નિવેદન સુધારતાં કહ્યું કે મારો કહેવાનો મતલબ એવો હતો કે શ્વેતાં-બરો આ તીર્થની આવક બીજાં તીર્થોમાં ખર્ચી નાખે છે. આ રીતે નિરાધાર આક્ષેપ કરતાં પકડાઇ ગયા પછી અશોક જૈને નવી દિલ્હી ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં એ જ જૂઠો આક્ષેપ ફરીથી દોહરાવ્યો હતો. સમ્મેતશિખરજી તીર્થ બાબતમાં દિગં-બરોનાં અને બિહારના મુખ્ય પ્રધાનનાં નિવેદનો વચ્ચે એટલું બધું સામ્ય છે કે તેમણે બંનેએ રાંપીને શ્વેતાંબરોના અધિકારો આંચકી લેવાનું કાવતરું ઘડયું હોય તેમ લાગ્યા વિના રહેતું નથી. સમ્મેતશિખરજીનો વહીવટ વટહુકમ દ્વારા શ્વેતાંબરોના હાથમાંથી આંચકી બિહારના મુખ્યપ્રધાન તે દિગંબરોને ભેટ ધરી દેવા માગે છે. તે માટે અલગ બોર્ડ બનાવવાનું અને શ્વેતાંબર પ્રતિનિધિઓને તેમાં સમાન હિસ્સો આપવાનું તો માત્ર નાટક જ ઊભું કરવામાં આવ્યું છે. આ બોર્ડનું બંધારણ જ એમ સૂચવે છે કે તેમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના પ્રતિનિધિઓ તદ્દન લઘુમતીમાં હશે, દિગંબરો બહુમતીમાં રહેશે અને ખરી સત્તા સરકારી અમલદારોના હાથમાં સરકી જશે. જોકે શ્વેતાંબર સંઘ આ રમતને બરાબર પારખી ગયો છે. પરંપરા દ્વારા, અગાઉની સરકારો દ્વારા અદાલતો દ્વારા તેમના જે કોઇ અધિકારો માન્ય થયા છે, તેના

જતન માટે જીવસટોસટની લડાઈ લડી લેવા તેઓ કટિબદ્ધ છે. અહીં દિગંબરોના એક પછી એક જૂઠા દાવાઓની સત્ય હકીકતો, માહિતીઓ અને દસ્તાવેજી પુરાવાઓ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે.

સમ્મેતશિખરજી તીર્થમાં યાત્રિકોની સવલત માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દ્વારા કંઈ પગલાં લેવામાં આવતાં નથી, એવો આક્ષેપ દિગંબરો તરફથી વારંવાર કરવામાં આવે છે. બિહારના મુખ્ય પ્રધાન લલ્લુ પ્રસાદ યાદવે પણ એવું નિવેદન કર્યું છે કે શ્વેતાંબરોના વહીવટને કારણે આ તીર્થનો વિકાસ રૂંધાઈ ગયો છે. સાચી વસ્તુસ્થિતિ એ છે કે શ્વેતાંબર પેઢીઓ જ્યારે જ્યારે આ તીર્થમાં સમારકામના કે સવલતો ઊભી કરવાના પ્રયાસો કર્યા છે, ત્યારે દિગંબરોએ તેમાં અંતરાયો ઊભા કર્યા છે. છેક ૧૯૨૬ની સાલમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ તીર્થમાં યાત્રિકોને સુવિધા મળી રહે તે માટે ધર્મશાળાનું બાંધકામ શરૂ કર્યું ત્યારે દિગંબરોએ અદાલતમાં એવી ફરિયાદ કરી કે સમ્મેતશિખરજી તીર્થ એટલું પવિત્ર છે કે તેની ટોચ ઉપર ધર્મશાળા પણ બાંધી ન શકાય. હાઈ કોર્ટનો ચુકાદો શ્વેતાંબરોની તરફેણમાં આવતાં દિગંબરોએ તેની સામે છેક લંડનની પ્રિવી કાઉન્સિલમાં અપીલ કરી હતી. પ્રિવી કાઉન્સિલે પણ શ્વેતાંબરોની તરફેણમાં જ ચુકાદો આપ્યો. ત્યાર પછી જ પહાડ ઉપર ધર્મશાળા બાંધી શકાઈ હતી.

શ્વેતાંબર સંઘ વતી શેઠ આણંદજી કલ્યાણજી પેઢીએ દિગંબરો સામે ગિરિડિહની કોર્ટમાં ૧૦-૬૭ નો દાવો કર્યો હતો. આ દાવા અન્વયે વડી અદાલતે તા. ૨૧-૧૧-૧૯૬૭ના રોજ એવી સૂચના આપી હતી કે ગિરિડિહની કોર્ટમાં કેસનો નિકાલ ન આવે ત્યાં સુધી શ્વેતાંબર સંઘ કે દિગંબર સંપ્રદાય સમ્મેતશિખરજી ઉપર કોઈ નવું બાંધકામ ન કરી શકે. જો કોઈ સમારકામ કરવાની જરૂરિયાત ઊભી થાય તો તે માત્ર શ્વેતાંબરો જ કરાવી શકે, પણ તે માટે તેમણે નીચલી અદાલતની પરવાનગી લેવી જોઇએ. આ સૂચનાના અનુસંધાનમાં આણંદજી કલ્યાણજી પેઢીએ તા. ૧૪-૨-૧૯૬૯ના રોજ નીચલી અદાલતમાં એક અરજી કરી બિસમાર હાલતમાં મુકાઈ ગયેલાં અમુક ટૂંકો, મંદિરો અને ધર્મશાળાઓનું સમારકામ કરવાની પરવાનગી માગી. આ સમારકામ માત્ર શ્વેતાંબર જ નહિ, દિગંબર યાત્રિકોને પણ પડતી તકલીફોના નિવારણ માટે જરૂરી હતું. આ સામે દિગંબરોએ વાંધો ઉઠાવ્યો. તો પણ અદાલતે રૂબરૂ તપાસ પછી શ્વેતાંબરોને સમારકામ માટે પરવાનગી તા. ૧૧-૮-૧૯૬૯ના રોજ આપી. સમારકામમાં અડચણરૂપ બનવાની દિગંબરોની ઇચ્છા પૂરી ન થઇ એટલે દિગંબરોએ ફોજદારી ધારા નીચે ફરિયાદ કરી (સી. આર. નં. ૬૭૬-૬૯) તા. ૪-૧૦-૧૯૬૯ના રોજ સમારકામ અટકાવવાની કોશીશ કરી.

દિગંબરો હંમેશાં સરકાર સમક્ષ એવી ફરિયાદો કરતા કહે છે કે શ્વેતાંબર વહીવટદારે આ તીર્થમાં કંઇ સમારકામ કરાવતા નથી અને યાત્રિકોને સવલતો આપતા નથી. બીજી બાજુ શ્વેતાંબર સંઘ જ્યારે જ્યારે સમારકામની અને સુવિધાઓ આપવાની યોજનાઓ બનાવે છે, ત્યારે દિગંબરો તેનો વિરોધ કર્યા કરે છે. ૧૯૭૦ની સાલમાં વીજળી પડવાને કારણે અનંતનાથ ભગવાનની ટૂંક ઉપર આવેલા પગલાંઓને નુકશાન થયું. શ્વેતાંબર પેઢીએ તા. ૨૫-૧-૧૯૭૧ના રોજ આ તોડફોડના સમારકામ માટે ગિરિડિહની અદાલતમાં અરજી કરી ત્યારે પણ દિગંબરોએ તેની સામે વાંધાઓ ઉઠાવ્યા. ૧૯૮૮ની સાલમાં સમ્મેતશિખરજી તીર્થમાં અમુક પગથિયાઓનું સમારકામ કરાવવાની જરૂર છે, એવો અભિપ્રાય દિગંબરોના ત્યારના આગેવાન શ્રેયાંસપ્રસાદ જૈને આપતાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ તા. ૩૦-૬-૧૯૮૮ના રોજ કોર્ટની પરવાનગી માંગી. આ સામે પણ દિગંબરોએ તા. ૨૨-૭-૧૯૮૬ના રોજ કોર્ટમાં એક રિજોઈન્ડર દાખલ કરી પગથિયાંઓના સમારકામનો વિરોધ કર્યો. અદાલતે આ વિરોધને ધ્યાનમાં લઇ શ્વેતાંબરોને સમારકામની મંજૂરી ન આપી. આ કારણે પેઢી તરફથી આજ દિન સુધી પગથિયાંઓનું સમારકામ થઇ શકતું નથી. યાત્રિકોને પડતી આ પારાવાર હાડમારીઓ માટે આ રીતે દિગંબરોની વિઘ્નસંતોષની નીતિરીતિઓ જ જવાબદાર છે. દિગંબરોના ચાવવાના અને બતાવવાના દાંત અલગ હોય છે.

ગિરિડિહની કોર્ટમાં કેસ નંબર ૧૮-૬૭ નો ચુકાદો તા. ૩ માર્ચ, ૧૯૬૦ના રોજ આવ્યો, એટલે શ્વેતાંબરોએ તરત જ પર્વત ઉપર પગથિયાં બનાવવાનું કામ હાથ ધર્યું. આ વખતે પણ દિગંબરો હાઇકોર્ટમાં ગયા અને શ્વેતાંબરો સામે અદાલતના તિરસ્કારની અરજી કરવા માટે તેમણે માગણી કરી બાંધકામને અટકાવવાનો પ્રયાસ કર્યો જે સફળ થયો છે.

ઇ.સ. ૧૯૬૦ની સાલમાં ગિરિડિહની અદાલતમાં જે ચુકાદો આવ્યો, તેમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે સમ્મેતશિખરજી તીર્થના વહીવટ, અંકુશ અને કબજાના તમામ અધિકારો માત્ર આણંદજી કલ્યાણજી પેઢીના હાથમાં છે અને તેમની મંજૂરી વગર પહાડ પર કોઈ પણ સ્થળે બાંધકામ થઇ શકે નહિ. અદાલતે સ્પષ્ટ ફરમાવ્યું કે દિગંબરોને માત્ર પૂજા કરવાનો જ અધિકાર છે, પણ તેઓ આ અધિકારનો બરાબર ભોગવટો કરી શકે તે માટે પહાડની ટોચ ઉપર તેમને ધર્મશાળાની વાજબી રીતે જરૂર છે. તો પણ શ્વેતાંબર વહીવટદારોની પરવાનગી તો તેમણે માગવી જ જોઇએ. હવે દિગંબર અગ્રણીઓએ આ મુદ્દાને પણ પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવ્યો છે. તેઓ કહે છે કે અમે પરવાનગી તો ન જ માગીએ. જો તે પરવાનગી માગે તો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આવી રજા આપવામાં કોઇ વાંધો નથી. દિગંબર આગેવાનો

હકીકતમાં પરવાનગી ન માગવાની મૂર્ખામીભરી જીદ લઇને બેઠા છે, એટલે જ ધર્મશાળા બંધાતી નથી. આ રીતે દિગંબર યાત્રિકોને સગવડ મળતી નથી, આ રીતે દિગંબર યાત્રિકોને અગવડ ભોગવવી પડે છે, તેના માટે શ્વેતાંબર વહીવટદારો નહિ પણ દિગંબર અગ્રણીઓનું મિથ્યાભિમાન જ જવાબદાર છે.

દિગંબરોની બીજી ફરિયાદ એ છે કે શ્વેતાંબર પેઢી તરફથી પાણીની પાઇપલાઇન નાંખવાના કામમાં અને રોડના બાંધકામના કાર્યમાં પણ રુકાવટ પેદા કરવામાં આવે છે. આ દાવાઓ પણ ભૂલભરેલા અને ગેર રસ્તે દોરનારા છે. સમ્મેતશિખરજી તરફ લઇ જતા એપ્રોચ રસ્તાનું સમારકામ શ્વેતાંબરો દ્વારા જ સમયાંતરે થતું રહ્યું છે. પહાડની તળેટીથી પારસનાથની ટૂંક સુધી જતા ૧૮ કિલોમીટર લાંબા રોડના બાંધકામ માટે આણંદજી કલ્યાણજીની પેઢીએ જંગલ ખાતાને પાંચ લાખ રૂપિયાનું યોગદાન આપ્યું હતું. ૧૯૯૨માં ફોરેસ્ટ એડવાઇઝરી કમિટીની બેઠક મળી તેમાં પણ શ્વેતાંબરોએ આ રોડના સમારકામ માટે મોટી રકમ દાનમાં આપવાનો ઇરાદો પ્રદર્શિત કર્યો છે. બિહાર સરકારના પબ્લિક હેલ્થ ડિપાર્ટમેન્ટ દ્વારા ૧૯૮૭ની સાલમાં પાણીની પાઇપલાઇન મધુવન સુધી નાખવાની યોજના બનાવાઇ ત્યારે આણંદજી કલ્યાણજીની પેઢીએ સંબંધિત અધિકારીઓનું ધ્યાન ખેંચ્યું હતું કે જો અમારી જમીનમાંથી પાઇપલાઇન જતી હોય તો અમારો અભિપ્રાય જરૂરી છે. પરંતુ ટ્રસ્ટને જ્યારે ખબર પડી કે આ પાઇપલાઇન તેમની માલિકીની જમીનમાંથી પસાર નથી થતી. ત્યાર પછી આ પાઇપલાઇન નખાઇ ગઇ છે અને મધુવનને પાણીની સગવડ પણ મળતી થઇ ગઇ છે.

દરેક બાબતોમાં શ્વેતાંબરોનો વિરોધ કરવાની જનૂની દિગંબરી નીતિરીતિને કારણે કયારેક દિગંબરો વિવેકભાન પણ ભૂલી જાય છે અને ઘણી વખત તો તેમણે પોતાનાં જ ભૂતકાળનાં નિવેદનોથી વિપરીત નિવેદનો કરવાં પડે છે. શ્વેતાંબરોએ ૧૯૨૬ની સાલમાં સમ્મેતશિખરજી પહાડ ઉપર ચોકીદારોને રહેવા માટે, ઓરડીઓ, પૂજારીઓ તેમજ મંદિરના નોકરો માટે ક્વાર્ટર્સ અને યાત્રિકોની સુવિધા માટે ધર્મશાળા બાંધવાનો નિર્ણય કર્યો ત્યારે દિગંબરોએ તેનો વિરોધ કરતાં એવી દલીલ કરી હતી કે આ પહાડ એટલો પવિત્ર છે કે તેની ઉપર થૂંકી ન શકાય અને કુદરતી હાજતે પણ જઇ શકાય નહિ. આ કારણે ત્યાં માનવવસવાટ માટેની કાયમી કે કામચલાઉ સગવડો ઊભી જ ન કરવી જોઇએ, એવો દિગંબરોનો મત હતો. હવે દિગંબરો એમ કહે છે કે અમારા યાત્રિકોને તીર્થયાત્રામાં ખૂબ તકલીફો પડે છે એટલે અમે ધર્મશાળા બાંધવા માગીએ છીએ, પણ તે શ્વેતાંબરો બાંધવા નથી દેતા જે તીર્થની યાત્રા ઉપવાસ કરીને જ ઉઘાડે પગે કરવી જોઇએ એમ કહેતા દિગંબરો બાંધકામનાળા પાસે પોતાના યાત્રિકોને ભાતુ આપે છે અને પવિત્ર પહાડ પર થૂંકવાથી તેની અશાતના થાય એમ કહેનાર દિગંબરો

જ્યારે આ પર્વત ઉપર કતલખાનું શરૂ થયું ત્યારે પણ ચૂપ રહ્યા હતા. ફક્ત શ્વેતાંબરોએ જ તેનો વિરોધ કરી ડુક્કરનું કતલખાનું બંધ કરાવ્યું હતું. બિહાર સરકારના સૂચિત વટહુકમની ૧૫(જી)(૨) કલમમાં એવી જોગવાઇ છે કે સમ્મેતશિખરજી પહાડ ઉપર શૌચાલયનું બાંધકામ કરવામાં આવશે. આ વટહુકમનું દિગંબરો દ્વારા સ્વાગત કરવામાં આવે છે અને તેનો મુસદ્દો ઘડનાર લલ્લુ પ્રસાદ યાદવનું તેઓ જાહેરમાં અભિવાદન કરે છે, એ પણ સમયની બલિહારી છે.

સમ્મેતશિખરજી તીર્થમાં કુલ ૩૨ ટૂંકો છે, જે પૈકી ૨૦ તીર્થંકરોની અને ગૌતમ સ્વામીની ચરણપાદુકા અત્યંત પ્રાચીન છે. આ એકવીસ ટૂંકોની પૂજા શ્વેતાંબરો તેમજ દિગંબરો બંને કરે છે. આ સિવાય જે ચાર તીર્થંકરોનાં નિર્વાણ અન્યત્ર થયાં તેમની તથા ચાર શાશ્વતા તીર્થંકરોની ચરણપાદુકાઓની પણ અહીં ઇ. સ. ૧૮૬૮માં સ્થાપના કરવામાં આવી છે. દિગંબરોનો દાવો એવો છે કે ૨૦ તીર્થંકરોની અને એક ગૌતમસ્વામીની જે ચરણપાદુકા છે, તેની રચના દિગંબર પદ્ધતિ પ્રમાણે છે. આ પણ હકીકતમાં એક ગેરમાર્ગે દોરતું જુઠાણું છે. એકવીસ ચરણપાદુકા અને બાકીની આઠ ચરણપાદુકા વચ્ચે જો કોઇ તફાવત હોય તો તે પ્રાચીનતા-અર્વાચીનતાનો જ છે. સમ્મેતશિખરજી તીર્થના પ્રમાણભૂત ઇતિહાસમાં એમ નોંધવામાં આવ્યું છે કે પ્રાચીન ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા જગત શેઠ ખુશાલચંદ દ્વારા શ્વેતાંબર જૈનાચાર્ય વિજયધર્મસૂરીશ્વરજીને વરદ હસ્તે ઇ. સ. ૧૭૬૯માં કરવામાં આવી હતી. આ રીતે પ્રાચીન પગલાંઓ દિગંબર સંપ્રદાયની માન્યતા મુજબનાં છે, એવા દાવાઓનું ખંડન થાય છે.

દિગંબરો એક એવો ગેરમાર્ગે દોરનારો પ્રચાર કરી રહ્યા છે કે શ્વેતાંબરો દ્વારા ભગવાનનાં પગલાંની છાપની પૂજા નથી કરાતી, પણ માત્ર ચરણની જ પૂજા થાય છે. આ માન્યતાના પાયા ઉપર તેઓ એવી દલીલ કરે છે કે સમ્મેતશિખરેજીમાં જે પ્રાચીન ૨૧ ટૂંકો (વીસ તીર્થંકર વત્તા ગૌતમ સ્વામીજીની ટૂંક) છે, તેમાં ભગવાનનાં ચરણ નથી પણ માત્ર પગલાની છાપ છે, માટે તે દિગંબર સંપ્રદાયની માન્યતા મુજબનાં છે. આ વાત મૂળમાંથી જ ખોટી છે. શ્વેતાંબરો આજે પણ શત્રુંજય તીર્થમાં જે સોયણ પગલાંની પૂજા કરે છે, તે આદિનાથ ભગવાનનાં પગલાંની છાપ છે, તેમનાં ચરણ નથી. શ્વેતાંબરો દ્વારા પગલાંની છાપ અને ચરણ એમ બન્નેની પૂજા કરાય છે. ઇ. સ. ૧૯૧૨માં હજારીબાગની કોર્ટમાં થયેલા એક કેસ (નંબર ૨૮૮)નો તા. ૩૧-૧૦-૧૯૧૬ના રોજ ચુકાદો આપતાં સબ જજે જણાવ્યું છે કે પારસનાથ પહાડ ઉપર તમામ પ્રાચીન ટૂંકો અને મંદિરો શ્વેતાંબરોએ જ બંધાવ્યાં છે. અદાલતે આ કેસમાં એમ પણ ઠરાવ્યું છે કે પગલાં ઉપર જે લેખ કોતરવામાં આવ્યા છે તે પણ શ્વેતાંબરોના જ છે.

૧૯૦૨ની સાલમાં દિગંબરોએ ચરણ બાબતમાં કોર્ટમાં એક કેસ કર્યો હતો, જેનો

ચુકાદો આપતાં વિદ્વાન ન્યાયમૂર્તિએ નીચે મુજબની ટિપ્પણી કરી હતી: "આ બધા પરથી સ્પષ્ટ રીતે જણાય છે કે જે ચરણોને કારણે વિવાદ થયો હતો તે શ્વેતાંબરો દ્વારા જ પર્વતના શિખર ઉપર સ્થાપવામાં આવ્યાં છે. દિગંબરોને આ મૂળ ચરણ સાથે કોઈ નિસબત નથી. હકીકતમાં પહાડ ઉપરની ઢેરીઓને જ્યારે પણ વીજળી અથવા વરસાદને કારણે નુકશાન થયું છે. ત્યારે તેનું સમારકામ શ્વેતાંબર સંઘે જ કરાવ્યું છે. દિગંબરોએ આ તીર્થનાં કોઇ મંદિર, ચરણ કે મૂર્તિ ઉપર પોતાના માલિકી હકકોનો કયારેય ભોગવટો કર્યો હોય તેવું જાણમાં નથી.

સમ્મેતશિખરજી તીર્થની માલિકી શ્વેતાંબરોની નથી, પણ બિહાર સરકારની છે, એવો પ્રચાર દિગંબરો દ્વારા થઇ રહ્યો છે. આ પ્રચારના સમર્થનમાં તેઓ એવી દલીલ કરે છે કે બિહાર સરકારે ૧૯૫૦ના જમીન સુધારણા કાયદાની કલમ ૪(૧) અન્વયે ૧૯૫૩માં જે નોટિફિકેશન કાઢયું તેના દ્વારા બિહાર સરકાર આ પહાડની માલિક બની જાય છે. દિગંબરો એ વાત ભૂલી જાય છે કે ખુદ બિહાર સરકારે ૧૯૬૫ની પાંચમી ફેબ્રુઆરીએ શ્વેતાંબરો સાથે જે દ્વિપક્ષી કરાર કર્યા તેની બીજી કલમમાં એવું સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કે ૧૯૫૩નું નોટિફિકેશન સમ્મેતશિખરજી પહાડ પરનાં મંદિરો, ધર્મશાળાઓ વગેરેને લાગુ પડતું નથી અને શ્વેતાંબરો તેમના મંદિરો મૂર્તિઓ, મંદિરો, ટૂંકો, ટેકરીઓ અને તમામ ધાર્મિક સ્થળો ઉપર પુરેપુરો કાબૂ ધરાવશે. હકીકતમાં શ્વેતાંબરોની ધાર્મિક લાગણીઓનું માન રાખીને બિહારની સરકારે કયારેય ૧૯૫૩ના નોટિફિકેશનનો અમલ કર્યો નથી. આ બાબતે એક નિવેદન પણ સરકારે કોર્ટમાં કર્યું છે. ૧૯૬૫માં જે દ્વિપક્ષી કરાર થયા તેની મિનિટ્સમાં પણ એવું નોંધવામાં આવ્યું છે કે આ પર્વતની માલિકી શ્વેતાંબરોની જ રહે છે. બિહાર સરકારે ગિરિડિહની કોર્ટમાં તા. ૭ જુલાઇ ૧૯૯૩ના રોજ એક એફિડેવિટ કરી છે, જેમાં સમ્મેતશિખરજી પહાડ પરના માલિકી, વહીવટ, કબજો અને અંકુશના શ્વેતાંબરોના અધિકારોને પડકારવાનો અમારો કોઇ ઇરાદો નથી, તેમ તેઓ કહે છે. ૧૯૬૫માં જે દ્વિપક્ષી કરાર કરવામાં આવ્યા તેની પહેલી કલમમાં એમ કહેવામાં આવ્યું છે કે ફોર્ટ વિલિયમના કેસમાં અને ત્યાર પછી શ્વેતાંબરોએ જે અધિકારો પ્રાપ્ત કર્યા છે, તે સરકાર દ્વારા માન્ય રાખવામાં આવે છે. ફોર્ટ વિલિયમનો કેસ ઈ. સ. ૧૮૯૭માં લડાયો હતો. પણ ત્યાર બાદ શ્વેતાંબરોએ પાલગંજના રાજા સાથે ઝઘડો ટાળવા આખો પારસનાથ પહાડ તેમની પાસેથી ખરીદી, તેના માલિકીહકકો પણ પ્રાપ્ત કરી લીધા હતા, જેને બિહાર સરકારે ૧૯૬૫ના કરારમાં માન્યતા આપેલી છે. આ કરારને દિગંબરોએ ગિરિડિહની અદાલતમાં પડકાર્યો હતો, પણ કોર્ટે તા. ૩-૩-૧૯૯૦ના રોજ જે ચુકાદો આપ્યો તેમાં સ્પષ્ટ ફરમાવ્યું છે કે આ કરાર તદ્દન વાજબી છે અને તેને પડકારવાનો દિગંબરોને કોઇ હકક નથી. ખુદ લલ્લુ પ્રસાદ યાદવની બિહાર સરકાર પણ

આ કચરને ફોક કરી શકે તેમ નથી, કારણકે તે દ્વિપક્ષી કચર છે. અગાઉ તેણે આવો પ્રયાસ કર્યો હતો, પણ અદાલતે તેને વિફળ બનાવ્યો હતો. આ રીતે સમ્મેત-શિખરજી તીર્થની માલિકી નિર્વિવાદપણે શ્વેતાંબર જૈન સંઘ વતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની જ છે, એવું સિદ્ધ થાય છે

સમ્મેતશિખરજી તીર્થ બિહારના જે ગિરિડિહ પ્રાંતમાં આવેલું છે તેમાં આદિ-વાસીઓની અને વનવાસીઓની મોટી જનસંખ્યા છે. શ્વેતાંબરો દ્વારા માત્ર મંદિરો અને મહોત્સવો પાછળ જ ખર્ચાઓ કરવામાં આવે છે, સ્થાનિક પ્રજાના કલ્યાણ માટે કોઇ પ્રવૃત્તિઓ કરવામાં નથી આવતી એવો પ્રચાર કરી દિગંબરો શ્વેતાંબર સંઘને બદનામ કરી રહ્યા છે. આ પ્રચારમાં કોઇ વજૂદ નથી, જેનો ખ્યાલ નીચેની હકીકતો ઉપરથી આવશે. સમ્મેતશિખરજીની તળેટી ગણાતા મધુવનમાં વર્ષોથી ગરીબ દર્દીઓ માટે ચિકિત્સાલય ચાલે છે, જેમાં દરરોજ આશરે ૨૦૦ દર્દીઓને મફત દવા, ફળ વગેરે આપવામાં આવે છે, શ્વેતાંબર સંઘ તરફથી મધુવન તેમજ આસપાસનાં ક્ષેત્રોમાં વર્ષે ત્રણથી ચાર નેત્રયજ્ઞ યોજવામાં આવે છે, જેમાં આંખના દર્દીઓનાં મફત ઓપરેશન કરી તેમને ચશ્મા, ગ્લૅન્કેટ વગેરે આપવામાં આવે છે. મધુવનમાં આ વર્ષે શ્વેતાંબરો તરફથી અપંગો માટે જયપુર ફૂટનો કેમ્પ રાખવામાં આવ્યો હતો, જેની પાછળ અઢી લાખ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. આ પ્રકારના કેમ્પ દર વર્ષે યોજી હજારો અપંગોને નવજીવન આપવાની શ્વેતાંબરોની યોજના છે. ગયા વર્ષની બીજી ઓકટોબરે શ્વેતાંબરો તરફથી ગાંધી જયંતી નિમિત્તે આદિવાસી વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પુસ્તકો, તેલ, સાબુ, મીઠાઇ વગેરે વિનામૂલ્યે આપવામાં આવ્યા હતાં. મધુવન વિસ્તારમાં તમામ ગર્ભવતી મહિલાઓને પૌષ્ટિક ખોરાક તરીકે નિયમિત સોયાબીનની બરફી વગેરે આપ-વામાં આવે છે. શ્વેતાંબર યાત્રિકો તીર્થયાત્રાએ આવે ત્યારે ગરીબ આદિવાસીઓને પણ ભૂલતા નથી. દર વર્ષે તેમના તરફથી મધુવનમાં આશરે વીસ લાખ રૂપિયાની કિંમતનાં અનાજ, વસ્ત્રો, દવાઓ, મીઠાઇ, ફળફળાદિ વિગેરેનું વિતરણ કરવામાં આવે છે. સમ્મેતશિખરજીની તળેટીમાં વર્ષોથી શ્વેતાંબર સંઘ દ્વારા એક ગુરૂકુળ ચલાવવામાં આવે છે, જેમાં આદિવાસી તેમ જ હરિજન વિદ્યાર્થીઓને રહેઠાણ, શિક્ષણ, ભોજન વગેરેની મફત સુવિધા આપવામાં આવે છે. મધુવનની આજુબાજુના વીસ ગામોમાં અપંગ વ્યકિતઓ માટે દર વર્ષે ઘઉં, ચોખા, તેલ વગેરે ચીજોનું મફત વિતરણ કર-વામાં આવે છે.

શ્વેતાંબર સંઘ વતી સમ્મેતશિખરજી મહાતીર્થનો વહીવટ કરતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ૧૯૫૫-૧૯૬૪ વચ્ચે તીર્થના જીર્ણોદ્ધાર માટે આશરે ૫૦ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો છે. ૧૯૬૭માં દુષ્કાળના વર્ષમાં તળેટીથી લઇ પાર્શ્વનાથની ટૂંક

પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજના સંપાદન નીચે પ્રકાશન યોજના ચાલે છે તેમાં ચાલુ સાલમાં મોકલાયેલા ગ્રંથો નીચે મુજબ છે.

શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા (લાખાબાવળ)

C/o. શ્રુત જ્ઞાન ભવન, ૪૫, દિગ્વિજય પ્લોટ, જામનગર (સૌરાષ્ટ્ર) INDIA

પ્રાચીન સાહિત્ય પ્રકાશન યોજના

વિ. સં. ૨૦૪૭-૨૦૪૮-૨૦૪૯ના ગ્રંથો, ગ્રંથકર્તા, ગ્રંથો પ્રકાશનના ઉપદેશક તથા દાતાઓની યાદી

---

૧. ઉપદેશ પદ ટીકા ભાગ ૨-કર્ત્તા પૂ. હરિભદ્ર સૂ. મ., ટીકા-પૂ. મુનિચન્દ્ર સૂ મ. પ્રેરક-પૂ. કમલરત્ન વિ. મ., દાતા-પૂ. આ. શ્રી દાન—પ્રેમ—રામચન્દ્ર સૂ મ. આરાધના ભવનની શ્રાવિકા બેનો જ્ઞાન ખાતેથી રતલામ.

૨. પાર્શ્વનાથ ચરિત્ર ગદ્ય-કર્ત્તા-ઉદયવીર ગણી, પ્રેરક-પૂ. મુ. શ્રી રત્નસેન વિ. મ., દાતા-૧. કુંથુનાથ જૈન મન્દિર જિનકુશલ દાદાવાડી ઉમેદાબાદ ૨. વાંકડી જૈન સંઘ.

૩. પુણ્યધન કથા-કર્ત્તા-પૂ. શુભશીલ ગણિ, પ્રેરક-૧. પૂ. મુ શ્રી દર્શન રત્ન વિ. મ. ૨. પૂ સા. શ્રી ભદ્રપૂર્ણાશ્રીજી મ., દાતા ૧. શ્રી રંગસાગર ભાવવર્ધક સુપાર્શ્વનાથ જૈન સંઘ અમદાવાદ ૨. સિદ્ધક્ષેત્ર ચાતુર્માસ આરાધક વર્ગ, પાલિતાણા.

૪. કર્પૂર પ્રકર (ભાષાંતર સાથે)-કર્ત્તા - કવીશ્વર હરિ, પ્રેરક-૧ પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. ૨. પૂ. સા. શ્રી જયાશ્રીજી મ. ૩. પૂ. સા શ્રી સૂર્યમાલાશ્રીજી મ. ૪. પૂ. આ. શ્રી અમિતગુણા શ્રીજી મ. ૫. પૂ. સા. શ્રી રવીન્દ્ર પ્રભાશ્રીજી મ,, દાતા-૧. નાનુબા ઉપાશ્રય પૂના ૨. શ્રાવિકા બેનો ઇચલકરંજી ૩. આરાધક બેનો પાલીતાણા ૪. શ્વે. મૂ. જૈન સંઘ, બીડ ૫. સુપાર્શ્વનાથ સંઘ ઉપાશ્રય વાલકેશ્વર ૬. જૈન સંઘ અમરાવતી.

૫. દ્વાદશ વ્રત કથા-કર્ત્તા અજિતપ્રભ સૂ. મ, દાતા-૧ ભરુચ જૈન ધર્મ પેઢી ૨. શ્રી જવેરચન્દ પ્રતાપચન્દ સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રય, વાલકેશ્વર મુંબઇ.

૬. દ્વાત્રિંશિકાત્રયી દાનષટ્ત્રિંશિક-અવચૂરિ-કર્ત્તા પૂ. રાજશેખર સૂ મ. પ્રેરક-પૂ. સા. શ્રી વિશ્વપ્રભા શ્રીજી મ, દાતા-શ્વે. મૂ જૈન સંઘ નાર (પેટલાદ).

૭. જયાનંદ કેવલી ચરિત્ર-કર્ત્તા-પૂ. મુનિસુન્દર સૂ મ., પ્રેરક-૧. પૂ. આ. શ્રી રાજતિલક સૂ. મ. ૨. પૂ. મુ. શ્રી પુણ્યોદય વિ. મ. દાતા-૧ શ્રી આદિનાથ શ્વે. મુ જૈન સંઘ નારણપુરા અમદાવાદ ૨. શ્રી પંચ પોરવાલ આદીશ્વર ભગવાન જૈન પેઢી, શિવગંજ.

૮ ધર્મ બિન્દુ (ભાષાંતર) ગ્રંથ-કર્ત્તા-પૂ હરિભદ્ર સૂ. મ., પ્રેરક-પૂ સા. શ્રી પૂર્ણભદ્રા શ્રીજી મ., દાતા-શ્રી પંચ પોરવાડ આદીશ્વર ભગવાનની પેઢી, શિવગંજ.

૯. સારસ્વત વિભ્રમ—કર્ત્તા-ચારિત્રસિંહ, પ્રેરક પૂ. મુ. શ્રી જયદર્શન વિ. મ. દાતા-શેઠ શ્રી રમણલાલ છગનલાલ આરાધના ભવન, નવસારી.

૧૦. પ્રશમરતિ પ્રકરણ ટીકા-કર્ત્તા પૂ ઉમાસ્વાતિજી મ. પ્રેરક-પૂ મુ. યુગપ્રભ વિ. મ, હીંકાર પ્રભ વિ. મ., દાતા-શ્વે. મુ. જૈન સંઘ ચાંજપુર (ડીસા)

૧૧. ઉપદેશ સપ્તતિકા નવ્યા ટીકા-કર્ત્તા-શ્રી ક્ષેમરાજ મુ., પ્રેરક-પૂ. મુ. શ્રી દેવચન્દ્ર વિજયજી મ., દાતા-શ્વે. મૂ જૈન સંઘ સાચોર.

૧૨. ઉપદેશ કલ્પવલ્લી-કર્ત્તા-મહો. ધર્મસાગણી, પ્રેરક-પ. પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ મ. ૨. પૂ પં. શ્રી ભદ્રશીલ વિજયજી ગણિવર, દાતા-૧. શ્રી હા. વી. ઓ. તપા. ગચ્છ ઉપાશ્રય અને ધર્મ સ્થાનક ટ્રસ્ટ પ્લોટ, જામનગર ૨. શ્રીપાલ નગર શ્રી શ્વે. મુ. જૈન દેરાસર ટ્રસ્ટ, મુંબઇ.

૧૩. અલ્પબહુત્વગર્ભિત સ્તવનો [અવચૂરિયુક્તો]-કર્ત્તા ૧. સમયસુંદર ગણિ ૨. પૂર્વાચાર્ય, પ્રેરક-પૂ મુ. શ્રી નયભદ્ર વિ. મ., દાતા-શ્રી શ્વે. મૂ. જૈન સંઘ કાશી-પુરા બોરસદ.

૧૪. અષ્ટક પ્રકરણ સટીક-કર્ત્તા-પૂ હરિભદ્ર સૂ. મ., પ્રેરક-પૂ ઉપાધ્યાય શ્રી નરચન્દ્ર વિજયજી મ, દાતા-શ્રી સહસ્ત્રફણા ચિંતામણી પાર્શ્વનાથ પેઢી આશીષ સોસા-યટી પાટણ.

૧૫. નૈષધિયં ચરિતમ્ મૂલ-૧ સર્ગ ટીકા-પ્રેરક પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ., દાતા-શ્રી જૈન હિતવર્ધક મંડલ ડોલીયા [ભેટ]

૧૬. શિશુપાલ વધ મૂલ બે સર્ગ ટીકા તથા સાર સમુચ્ચય પ્રેરક-પૂ. જિનેન્દ્ર રૂ. મ., દાતા-શ્રી ઓસવાલ યાત્રિક ગૃહ પાલીતાણા [ભેટ]

૧૭. રઘુવંશ કુમાર સંભવ કિરાતાર્જુનીય શિશુપાલ વધ નૈષધિય મેઘ-દૂતાત્મક કાવ્યષટ્કં-મૂલં-કર્ત્તા-મહાકવિ કાલિદાસ આદિ ઉપ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર રૂ. મ., દાતા શ્રી હાલારી દશા ઓસવાલ તપગચ્છ ઉપાશ્રય અને ધર્મ સ્થાનક ટ્રસ્ટ ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર તથા શ્રીમતી ચન્દ્રવતી બાબુભાઇ ખીમચંદ ઝવેરી ટ્રસ્ટ રત્નપુરી મલાડ ઇસ્ટ.

૧૮. મેઘદૂત મૂલ [પૂર્વ મેઘ ટીકા]-કર્ત્તા-મહાકવિ કાલિદાસ ઉપ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ મ., દાતા-લંડન બાઉન્સ ગ્રીન સત્સંગ મંડલ.

૧૯. ધર્મ વિધિ પ્રકરણ [ટીકા]-કર્ત્તા-શ્રી શ્રીપ્રભ સૂ. મ., ટીકા-શ્રી ઉદયસિંય

સૂ. મ., દાતા–૧. શ્રી શ્રાવિકા સંઘ હ. શિક્ષક કનુભાઇ સોલાપુર, ૨. ઘાટકોપર નવરોજ લેન શ્રી શ્વે. મૂ જૈન સંઘ, ૩. પૂ. મુ. શ્રી નયભદ્ર વિ. મ.ના ઉપદેશથી સતલાસણા જૈન સંઘ (મહેસાણા)

૨૦. **પ્રાસ્તાવિક દૂહા સંગ્રહ**–ઉપ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ મ, દાતા–કે-૮૬ (મુ. કે.) આરાધક ભાઇ બેહનો હ. મોતીચંદભાઇ તથા રતિલાલ ભાઇ.

૨૧. **નવપદ પ્રકરણ સ્વોપજ્ઞ વૃત્તિ**–કર્ત્તા પૂ દેવગુપ્ત સૂ મ., ઉ૨.–પૂ. આ. શ્રી મિત્રાનંદ સૂ. મ.ના ઉપદેશથી શ્રીપાલ નગર જૈન શ્વે. મૂ દેરાસર ટ્રસ્ટ મુંબઇ તથા પૂ. આ. શ્રી વિજય અશોક રત્ન સૂ. મ., પૂ આ. શ્રી વિજય અભયરત્ન સૂ. મ.ના ઉપદેશથી કરનૂલ (આંધ્ર) જૈન શ્વે. મૂ. સંઘ.

૨૨. **ધનાશાલિભદ્ર રાસ**–કર્ત્તા–પં. જિન વિ. ગણિ, ઉપ—પૂ. આ શ્રી વિજય જિનેન્દ્ર સૂ મ., દાતા–શ્રી હિતવર્ધક મંડળ શ્રી શંખેશ્વર નેમીશ્વરા તીર્થ ડોળિયા.

૨૩. **યોગશાસ્ત્ર ભાષાન્તર**–કર્ત્તા–પૂ. આ. શ્રી હેમચન્દ્ર સૂ મ. સા, ઉપ. પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ., દાતા–શ્રી લંડન બાઉન્સ ગ્રીન સત્સંગ મંડળ.

૨૪. **ભાષ્ય ત્રય અવચૂરિ**–કર્ત્તા પૂ આ. શ્રી દેવેન્દ્ર સૂ મ., અવચૂરિ–પૂ. આ. શ્રી સોમસુન્દર સૂ મ., ઉપદેશ–પૂ. આ. શ્રી વિજય મહોદય સૂ. મ; દાતા–શ્રી નાસિક ચિંતામણિ પાર્શ્વનાથ જૈન મન્દિર તથા શ્રી શ્વે મૂ. જૈન સંઘ.

૨૫. **ગૌતમીય કાવ્યમ્ સટીકમ્**–કર્ત્તા–પાઠક રુપાનન્દ ગણિ ઉપ. પૂ. આ. શ્રી વિ. જિનેન્દ્ર સૂ. મ., દાતા–સુભાનપુરા વડોદરા જૈન ધાર્મિક અને ધર્માદા ટ્રસ્ટ ૨૪ પરિશ્રમ સોસાયટી.

૨૬. **સિત્તરી (ભાષ્ય યુતા) ચૂર્ણિ**–કર્ત્તા–પ્રાચીન આચાર્ય દાતા–૧. શેઠ આણંદજી કલ્યાણજી પેઢી અમદાવાદ, ૨. ઉપ.–પૂ આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ. શ્રી સુભાનપુરા વડોદરા જૈન ધાર્મિક ટ્રસ્ટ, ૩. ઉપ.–પૂ. મુ. શ્રી શ્રીનયવર્ધન વિ. મુંબઇ નિવાસી રતિલાલ ઉજમશી.

૨૭. **સુસઢ ચરિત્રં**–કર્ત્તા–પૂ. ભદ્રબાહુસ્વામી, દાતા–૧. વડોદરા માંડવાની પોળ શ્વે. મૂ. જૈન સંઘ, ૨ શાહ નગીનદાસ અંબાલાલ ખંભાત, ૩. અ. સૌ. પ્રભાબેન નગીનદાસ અંબાલાલ ખંભાત ૪. શાહ કાંતિલાલ મણિલાલ બીડીવાળા ખંભાત.

૨૮. **શ્રીપાલ રાસ સાધુવન્દના રાસ**–કર્ત્તા–૧. જિનહર્ષ ગણિ. ૨. જ્ઞાનવિમલ સૂ, ઉપ. ૧. પૂ. આ. વિજય મહોદય સૂ. મ.ના ઉપદેશથી શ્રી સામલા આદિનાથ દેરાસર ટ્રસ્ટ સુરત ૨. પૂ. સા. શ્રી સૂર્યમાલા શ્રીજી મ.ના ઉપદેશથી ગોંગલોર આરાધક બહેનો, ૩. પૂ. સા. શ્રી પુણ્ય પ્રભાશ્રીજી મ.ના ઉપદેશથી કુમુદમેંશન બેનો મુંબઇ તારદેવ ફોરનટપાલ સ્ટ્રીટ.

૨૯. ધર્મસર્વસ્વાધિકાર ભાષાન્તર–કર્ત્તા–શ્રી જયશેખર સૂ. મ., ઉપ.—૧. પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ., દાતા–શ્રી હા. વી. ઓ. તપા. જૈન ઉપાશ્રય ધર્મ સ્થાનક ટ્રસ્ટ ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર, ૨. ઉપ. પૂ. સા. શ્રી મોક્ષજ્ઞાશ્રીજી મ. પાટણ ચંચલબેન પૌષધશાળા હ. સુલક્ષાબેન.

૩૦. શતક ત્રય (નીતિ–શૃંગાર–વૈરાગ્ય શતક) સટીકં–કર્ત્તા–શ્રી ભર્તૃહરિ, ટીકા–કૃષ્ણ સૂરિ ઉપ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ., દાતા–શ્રી હા. વી. ઓ. તપગચ્છ જૈન ઉપાશ્રય અને ધર્મ સ્થાન ટ્રસ્ટ ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર.

૩૧. લોકનાલિકાદિ ષટ્ પ્રકરણાનિ–કર્ત્તા–પૂ. ધર્મઘોષ સૂ. મ. આદિ ૧. ઉપ. પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ., દાતા–શ્રી હા. વી ઓ. તપા. જૈન ઉપાશ્રય અને ધર્મ સ્થાનક ટ્રસ્ટ ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર, ૨. ઉપ. પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. સા. શ્રી હા. વી. ઓ. તપા. જૈન સંઘ થાનગઢ.

૩૨. પ્રશ્ન દ્વાત્રિંશદ્કા સ્તોત—શ્રી પાક્ષિક પર્વસાર વિચાર કર્ત્તા–શ્રી નય-વિમલ ગણિ ઉપ પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ. દાતા–શ્રી સુભાનપુરા મેહુલ સોસાયટી આરાધક બહેનો.

૩૩. સમાચારી પ્રકરણું સુબોધા સમાચારી ચ–કર્ત્તા–૧. શ્રી પ્રાચીનાચાર્ય, ૨. શ્રી શ્રીચંદ્ર સૂ. મ. ૧ ઉપ. પૂ. આ. શ્રી જિનેન્દ્ર સૂ. મ; દાતા-શ્રી હા. વી. ઓ. તપા. જૈન. ઉપાશ્રય અને ધર્મસ્થાનક ટ્રસ્ટ ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર ૨. ઉપ. પૂ. ગણિવર્ય શ્રેયાંસ પ્રભ વિ. મ. શ્રી અભિનંદન સ્વામી શ્વે. મૂ. જૈન સંઘ ગિરધરનગર અમદાવાદ.

૩૪. ગચ્છાચાર પ્રકીર્ણક (છાયાયુત)–કર્ત્તા–ઉપ. પૂ. મુ. શ્રી હેમેન્દ્ર વિ. મ; દાતા–શ્રી વિમલનાથ શ્વે. મૂ જૈન સંઘ હ. લીલાધર રામજી શેઠ–બીડ (મહા.).

૩૫. નિહ્નવ વક્તવ્યતા (ઉત્તરાધ્યયનમાંથી ઉદ્ધૃત) કર્ત્તા—પૂ ઉ. શ્રી ભાવ વિ. મ; ઉપ. પૂ. મુ. શ્રી કમલરત્ન વિ. મ. તથા પૂ. સા. શ્રી હર્ષિત પ્રભાશ્રીજી મ. દાતા–શ્રી રતલામ આરધના ભવન બહેનો તથા શ્રી પાલીતાણા આરાધક બહેનો.

૩૬. ત્રિકાલ દેવવંદન–સ. ઉપ. પૂ આ. શ્રી વિજયજિનેન્દ્ર સૂ. મ., દાતા શ્રી હા. વી. ઓ. જૈન શિક્ષણ સંઘ જામનગર.

૩૭. સજ્ઝાયમાલા સ. ઉપ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. દાતા ૧. શ્રીમતી અમૃતબેન જવેરચંદ લંડન ૨. શ્રી હર્ષપુષ્પામૃત જૈન જ્ઞાન ભંડાર લાખાબાવલ.

૩૮. જિનેન્દ્ર સ્તવનામૃત સંચય દાતા સ. ઉપ. પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ. દાતા ૧. શ્રી કેન્ટન હેરેા આરાધક ભાઇ–બહેનો ૨. શ્રી હા. વી. ઓ. તપ.

ઉપાશ્રય તથા ધર્મસ્થાનક ટ્રસ્ટ ૪૫ દિગ્વિજય પ્લોટ જામનગર ૩. પૂ. સા. શ્રી લક્ષ્મણ શ્રીજી મ. (પાલીતાણા)ના ઉપદેશથી હસ્તે ભાઇ હંસરાજ ઘેલજી દોઢિયા જામનગર.

૩૯. **અલભદ્ર મુણી ચરિયં**–કર્ત્તા પૂ. આ. શ્રી નેમિચન્દ્ર સૂ મ. ઉપ. ૧. પૂ મુ શ્રી પ્રશાંતદર્શન વિ. મ. ના ઉપદેશથી અમદાવાદ જહાપનાહની પોળ શ્રાવિકા બેના ૨. પૂ. સા. શ્રી સુમંગલા શ્રીજી મ.ના ઉપદેશથી શ્રી હીરા મોતી જૈન ઉપાશ્રય સાબર· મતી ૩. શ્રી જૈન સોસાયટી સંઘ એલીસબ્રીજ અમદાવાદ.

૪૦ **શ્રી રામચન્દ્ર ચારિત્ર**–**ચરિત્ર** કર્ત્તા ઉ. કમલસંયમ ઉપ. ૧. પૂ મુ. શ્રી નયભદ્ર વિ. મ. ના ઉપદેશથી માલેગામ શ્વે. મૂ જૈન સંઘ ૨. મરીન ડ્રાઈવ જૈન આરાધક ટ્રસ્ટ દાદાસુ જૈન મહામંડલ ૩. પૂ સા. શ્રી ફાલ્ગુનચન્દ્રાશ્રીજી મ ના ઉપદેશ· થી પાલીતાણા બહેનો ૪. કનકબેન મનસુખલાલ રાયશી ભુવા લંડન ૫. થાણા શ્રી હા. વિ. ઓ. તપા. સંઘ હ. મગનલાલ લક્ષ્મણ.

૪૧. **ચૌલ્લગાદિ દશ દૃષ્ટાન્ત સંગ્રહ**:– કર્તા–ઉ. શ્રી કમલ સયંમ-ઉપ ૧. પૂ. સા. શ્રી ચન્દ્રમાલાશ્રીજીના ઉપદેશથી શ્રી શ્વે. મૂ જૈન સંઘ તખતગઢ. ૨. સૂરત સગરામપુરા શ્વે. મૂ. જૈન સંઘ ૩. શેઠ જવેરચન્દ્ર પ્રતાપચન્દ્ર શ્રી સુપાર્શ્વનાથ જૈન સંઘ ઉપાશ્રય ઇન્દ્ર ભવન વાલકેશ્વર મુંબઇ.

આપશ્રી આ પ્રાચીન સાહિત્ય પ્રકાશક યોજનામાં અવશ્ય લાભ લેશો. તેવી વિનંતિ છે. આપનો હિસ્સો જરૂરી છે.

ડ્રાફ્ટ રકમ શ્રી હર્ષ પુષ્પામૃત જૈન ગ્રંથમાલા જામનગર એ નામથી ઉપરના સરનામે મોકલી શકાશે.

(અનુ. પેજ ૧૦૧૧નું ચાલુ)

સુધીનો પાકો રસ્તો આણંદજી કલ્યાણજીની પેઢીએ પોતાના ખર્ચે બંધાવ્યો હતો. પર્વતની તળેટીથી લઇ ટોચ સુધી પગથિયાં બંધાવવા પાછળ પેઢી ૧૫-૨૦ લાખ રૂપિયા ખર્ચવા ધારે છે, પણ દિગંબરોની આડોડાઈને કારણે આ યોજના ખોરંભે પડી ગઈ છે.

સમ્મેતશિખરજી તીર્થની બાબતમાં દિગંબરો એવો દાવો કરતા આવ્યા છે કે તમને તમામ બાબતોમાં સરખો હિસ્સો મળવો જોઇએ. આ દાવા બાબતમાં ગિરિડિહની કોર્ટના ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રસેન ચૌબેએ ૧૯-૬૭ અને ૨૩-૬૮ના કેસમાં જે ચુકાદો આપ્યો છે, તેમાંથી એક પરિચ્છેદ ટાંકવા જેવો છે: 'દિગંબર પ્રતિવાદીઓ એવી દલીલ કરે છે કે બિહાર સરકારે ૫-૨-૧૯૬૫ના રોજ શ્વેતાંબરો સાથે જે એગ્રીમેન્ટ કર્યું તે બંધારણની ૧૪મી કલ· મનો ભંગ કરી જૈન ધર્મના બે ફિરકાઓ વચ્ચે ભેદભાવ ઊભો કરે છે. પરંતુ દિગંબરોનો આ દાવો ટકી શકે એમ નથી, કારણ કે આપણે અગાઉની ચર્ચામાં જોયું છે કે પારસ· નાથ પહાડ ઉપરના અધિકારો બાબતમાં શ્વેતાંબરો અને દિગંબરો કયારેય એક કક્ષાએ નહોતા. શ્વેતાંબરો પાસે આ પહાડો ઉપર આવેલાં મંદિરો, ટૂંકો, ધર્મશાળાઓ અને મૂર્તિઓનાં વહીવટ અને માલિકી પરાપૂર્વથી હતાં, દિગંબરોને આ તીર્થમાં માત્ર પૂજા કરવાનો જ અધિકાર હતો, જે તેમને વિવિધ અદાલતોના ચુકાદાઓ દ્વારા મળ્યો હતો.

(અનુ ાઇટલ ૨ નું ચાલુ)

વિશ્વમાં માનવમાત્રને શાંતિની ઝંખના છે. આ શાંતિ જૈન દર્શનનાં સાધુ મહાત્મા પાસેથી જ પ્રાપ્ત થઇ શકે સાધુનો સંગ કલ્યાણકર છે, સંત મહાત્માનાં સમાગમથી જ પરમાત્મા ભક્તિમાં ઓતપ્રોત થવાશે પ્રભુ સાથે ઓતપ્રોત થવું એજ મારી દૃષ્ટિએ બૌદ્ધિકતા છે, માનવીની બુદ્ધિ વધુને વધુ પારલૌકિક બનતી જાય ત્યારે જ તે સાચો બુદ્ધિજીવી ગણાય જેમ જેમ સનાતન તત્વોની નિકટ જતો જાય તેમ તેમ વધુ બૌદ્ધિક બનતો જણાય માહિતીનો પથારો સ્મરણ શક્તિને આધારે પાથરી શકાય છે પછી શાસ્ત્રનું જ્ઞાન અને તેનું પરિભાવન જ મોટામાં મોટી બૌદ્ધિકતા છે. જ્ઞાનનાં આધારે જ પ્રત્યેક શ્રાવક પોતાની મંઝીલ સુધી પહોંચી શકવા શક્તિમાન બને છે.

પ્રત્યેક સાધકે બીજાનાં ગુણોને જોતા શીખવું જોઇએ અન્યનાં દોષો બતાવતી વખતે પણ તેને ભાવથી ભીંજવી દેવો જોઇએ માત્ર માનવ પાસે જ એવી શક્તિ છે કે જે પોતાનાં સ્વભાવથી પર જઇ શકે છે અને આધ્યત્મનાં ઉતુંગ શિખરોને સર કરી શકે છે.

પ્રાપ્ત થએલ મનુષ્યભવની સાર્થકતા રત્નત્રયીની આરાધનામાં જ છે જે વ્યક્તિ સંસાર સાગરમાંથી કર્મવશાત બહાર ન નીકળી શકે તો તેને બહાર નીકળવા માટેનો તરફડાટ તો અચૂક હોવો જ જોઇએ, સંસારમાં રહેવા છતાં તેને શ્રાવકને અનુરૂપ જીવન જીવતા શીખવું જોઇએ પોતે સંયમ-જીવનની જે સફળ સાધના કરી રહ્યા છે તેનો મુખ્ય આધાર પૂ. ચરણશ્રી મ.ની કૃપાને જણાવી હતી.

દરેકને મારા અંતરની શુભેચ્છા છે કે સહુ કોઇ વહેલા મોડા રત્નત્રયીની આરાધનામાં ઉજમવળ બનો.

૧૧ને દિવસે પાર્શ્વનાથ પૂજન ખૂબ દબદબાપૂર્વક ભણાવેલ ત્રીજે દિવસે અષ્ટાપદજીની પૂજા.

દરેક અનુષ્ઠાન ઉત્તમ ફળ નૈવેદ્ય સાથે પરમાત્મભક્તિ કરવામાં આવેલી ભવ્ય નયનરમ્ય સમ્યકત્વનું કારણ બને તેવી અંગરચના પ્રકાશભાઇ સેવંતીભાઇ વિગેરે બનાવેલ. સાધર્મિક ભક્તિ પણ શ્રી બાબુભાઇ–શ્રી નાનુભાઇએ ઉત્તમ પકવાનથી કરેલ.

આમંત્રિત મહેમાનો તથા ઉપસ્થિત ડો. લલીતભાઇ ચોકસી ડો. પંકજભાઇ શાહ ડો. રતીભાઇ, ડો. મહેશભાઇ કામદાર, ડો. મીનાબેન ચોકસી દરેકે પૂ. ચન્દ્રાનના શ્રી મ.નાં અંતર વૈભવને દર્શાવતા જીવન ચરિત્રનાં ચાર્ટથી પ્રભાવિત થયા અને જૈન શાસને પ્રાપ્ત થએલ ઉત્તમ સાધ્વીરત્નની અનુમોદના અને ગૌરવ અનુભવતા શ્રીફળ સાથે વિદાય થયા હતા,

ગયા વર્ષો અને રહ્યા વર્ષોને અનુમોદવા પુનઃ સ્વસ્થાને પાછો ફરેલ.

ચુનીલાલ કમળશીભાઇ પરિવાર
વતી.
રેખાબેન ખીમચંદભાઇ

પ્રભુ વીરનું શાસન જયવંતુ વર્તે

પ.પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

- ધર્મ માટે પુરૂષાર્થ પ્રધાન છે. ત્યાં કર્મનો દોષ કાઢે તે બેવકૂફ છે. પુરૂષાર્થ કર્યા પછી સફળતા ન મળે તો તે કહે કે, કર્મ બળવાન લાગે છે. માટે જ સમકિતી જીવનો જ્ઞાની બચાવ કરે છે કે, નિકાચિત કર્મના યોગે જ તેને સંસારમાં રહેવું પડયું છે નહિ તો સંસાર છોડી સાધુ જ થાય. કેદી કેદમાં કેમ રહે છે ? તેમ આખા સંસારને કારાગાર માનનારો સમકિતી સાધુ થયા વિના ન રહે ?
- સંસારમાં ધર્મ–અધર્મ બે છે. અધર્મ સંસાર માટે છે ધર્મ મોક્ષ માટે છે. તો ધર્મને સંસાર માટે કરે તેને કેવા કહેવાય ? તેનો તો નાશ જ થવાનો છે. ધર્મ મોક્ષ માટે કરે તો કામ સાધી જાય. માટે ધર્મી જીવ અધર્મ કરે નહિ અને કરે તો ધર્મ માટે જ કરે. તેમ અધર્મી ધર્મ કરે નહિ, કરે તો પોતા માટે જ કરે.
- સંસારી જીવો દુઃખ કમને વેઠે છે તેમ સમકિતી જીવો સુખ કમને વેઠે છે.
- પૈસો મળ્યો તે ધર્મ ફળ્યો એમ માનનારનો ધર્મ ગયો સમજો.
- જે લોકો શક્તિ મુજબ ધર્મ કરતા નથી અને મજેથી અધર્મ કરે છે તેમનામાં સમકિતીનો છાંટો નથી.
- જૈનશાસનની કથા પણ ગીતાર્થ બોલે તો સારી બાકી મૂરખાઓ ધર્મકથાને ય પાપકથા બનાવે. જ્યારે ગીતાર્થ પાપકથાને ય ધર્મ કથા બનાવે.
- ધર્મથી સુખ મળે સાથે વિરાગ ન રહે તો તે ધર્મ કુટયો કહેવાય
- સંસારની સાધનાને ભૂંડી માને તે જીવ જ નવપદની સાચી આરાધના કરી શકે.
- મોક્ષ માનનારને મોક્ષની ઇચ્છા ન થાય તો તે મોક્ષને માનનારો કહેવાય ?
- મિથ્યાદૃષ્ટિ પણ માર્ગાનુસારી તેને સુખની અને પૈસાની ઇચ્છા હોય પણ તે બે માટે અનીતિ કરવાની વાત આવે તો તેને પસંદ નહિ.
- મહાપાપમાં જ મજા કરનારા મરીને નરકે ન જાય તો જાય ક્યાં ?

જૈન શાસન અઠવાડિક : પ્રકાશક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(ભાખાભાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૬૪૬

૪૨૭૮ ૨૮-૮-૭૩

નમો ચઉવિસાए તિત્થયराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

શ્રી જિન ધર્મ રૂપી દ્વીપ

દીવો તાणं सरीरीणं समुद्दे दुत्तरे जहा ।
धम्मो जिविंद पन्नत्तो, तहा संसार सागरे ।।

દુસ્તર એવા સમુદ્રમાં જેમ દ્વીપ-બેટ પ્રાણી-ઓનું રક્ષણ કરનાર છે તેમ આ સંસાર સાગરમાં શ્રી જિનેશ્વર દેવોએ પ્રરૂપેલો ધર્મ જ રક્ષણહાર છે.

વર્ષ ૬

અંક ૪૩

-: જૈન શાસન લવાજમ :- (નવા દર)

૧ વર્ષ રૂા. ૫૧) પાંચ વર્ષ રૂા. ૨૫૧)

૨ વર્ષ રૂા. ૧૦૧) આજીવન રૂા. ૫૦૧)

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. ૪૦

શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ

જામનગર

(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં રૂા. ૪૦૦

એક ચિંતન

"વપુ વિનાશી તું અવિનાશી, અબ હે ધનકું વિલાસી,
વપુ સંગ જબ દૂર નિકાસી, તબ તુમ શિવકા વાસી."

આત્માના સંસારનું કારણ અને મોક્ષનું કારણ મહાપુરૂષે આ પદમાં બહુ જ સુંદર રીતે સમજાવ્યું છે. એટલી સચોટ ચોટ મારી છે કે વિનાશીપણાનો પ્રેમ એ જ સંસારનું સર્જન છે, અવિનાશીપણાનો પ્રેમ એ જ આત્માની અમરતા છે.

આ શરીર પળેપળે નાશ પામવાના સ્વભાવ વળું છે જ્યારે હે આત્મન્! તું તો અવિનાશી–સદા માટે રહેવાના સ્વભાવવાળો છે. પરન્તુ આ વિનાશી એવા શરીરની અળપંપાળમાં તું તારા મૂળ સ્વભાવને ભૂલી ગયો છે અને શરીરના વિલાસોમાં જ મસ્ત બની ગયો છે તો આ શરીરનો સંગ તારો કયાંથી છૂટે? જે દિવસે તું આ શરીરના સંગથી સર્વથા દૂર થઇ જઇશ અર્થાત્ આ શરીરને પેદા કરનારા સઘળાં ય કર્મોનાં બંધનો મૂળમાંથી ફગાવી દઇશ તે દિવસે તું શિવસુખને પ્રાપ્ત કરી તારી સાચી સ્વતંત્રતા રૂપ અમરતાને પામીશ.

જ્યાં સુધી આ કાયાની માયા–મમતા જીવતી રહે ત્યાં સુધી શરીરનો સંગ સ્વપ્ને પણ છૂટવાનો અવકાશ નથી. આ શરીરને જ અમરતાનો પટ્ટો લખાવેલ માનીને જીવ શરીરની ખાતર સંપત્તિ, સત્તા, કીર્ત્તિ–ઐશ્વર્ય–મોટાઇ–માન–પાનાદિને મેળવવા જે ધમપછાડા કરે છે તે કોનાથી અજાણ છે! આ શરીર નાશ પામવાનું છે, આ સંપત્તિ આદિ પણ મૂકીને જવાનું છે–આ નગ્ન સત્ય જાણવા છતાં પણ જીવનની અંતિમ ઘડીઓ સુધી આ મારૂં–તારૂંનું બેસુરૂં સંગીત ગાનારો માણસ શરીરની માયાને કઇ રીતના મૂકે? જીવ જો તે જો બહુ જ શાંતિથી વિચારે તો તેને સારી રીતના સમજાઈ જાય કે, જેના પર માલિકીની ભાવના નથી હોતી તે ચીજ–વસ્તુ કે વ્યકિતને છોડતા જરા પણ દુઃખ થતું નથી. જેમકે, મ્યુઝીયમ આદિમાં જોવા જનારા જીવો સારામાં સારી પ્રદર્શનીય ચીજોને જોઇને પાછા વળે છે ત્યારે મનમાં તે ન પામી શકે તેનું દુઃખ કદાચ બને પણ માલિકીની ભાવના ન હોવાથી બીજું દુઃખ થતું નથી. તે જ રીતે જીવ જો સત્ત–સંપત્તિ, માન–પાનાદિની લાલસા છોડી દે તો આ શરીરની માયા આપોઆપ છૂટવા માંડે અને પછી આ શરીરનો સંગ છોડવાનું સાચું મન થાય.

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંત્રીઓ
પ્રેમચંદ મેલાજી ગુડા
(મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ શેઠ
(વઢવાણ)
પ્રાણલાલ પદમશી ગુડકા
(થાણા ગઢ)

વર્ષ ૬ ૨૦૫૦ જેઠ સુદ-૧૩ મંગળવાર તા. ૨૧-૬-૯૪ [અંક ૪૩

શ્રી જિન ભક્તિ

પ્રવચનકાર : પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચન્દ્ર સૂરીશ્વરજી મ.

(સં. ૨૦૨૮ કા. વ. ૦)) ગુરૂવાર તા. ૧૮-૧૧-૧૯૭૧) બેડા (પ્રવચન-પાંચમું)

(ગતાંકથી ચાલુ)

કારી જૈનશાસનમાં બોલી, બોલીને તરત જ પૈસા આપી દેવા તેને પહેલા નંબરની શાહુકારી કહે છે. દુનિયામાં પણ કહેવાય છે કે, તરત દાન ને મહાપુણ્ય. શ્રી ગિરનારજી તીર્થમાં તીર્થમાળ પહેરવાના પ્રસંગની વાત કરવી છે. શ્રી પેથડશા મંત્રી પણ સંઘ લઈને આવેલા. બીજા પણ ભાગ્યશાલી સંઘ લઈને આવેલા. તીર્થમાળ કોણ પહેરે ? ડાહ્યા પુરુષોએ કહ્યું કે, જે વધુ બોલી બોલે તે તીર્થમાળ પહેરે. શ્રી પેથડશા મંત્રી પાંચમાં આશમાં થયા છે ને ? ધનવાન ધન ખર્ચીને ધર્મ કરે તેમાં ગરીબ રોવે કે આ બધું અમને આપો તો તે કેવા કહેવાય ! આજે તો તેવા ભિખારી પાકયા છે. જો તમે બધા ડાહ્યા-સમજુ નહિ બનો તો એવો પણ વખત આવશે કે, ગરીબો બોલી બોલી શકે નહિ માટે ધનવાનોએ પણ બોલી બોલવી નહિ. ત્યારે તમે બધા રાજી થશો ને ? આખી પરિસ્થિતિ બદલાઇ ગઈ-રહી છે. સોનાની ઘડીએ બોલાવા માંડી. ઘડી તે, તે કાળનું ચલણ. એક, બે કરતાં પેથડશા ચૌદ ઘડી સોનું બોલ્યા. સામેવાળાએ પોતાના સંઘમાં બધા પાસેથી સોનું ઉતરાવ્યું અને અઠ્ઠાવીસ (૨૮) ઘડી પ્રમાણ થયું એટલે તે અઠ્ઠાવીસ ઘડી બોલ્યા. શાહુકારનો કાયદો જુદો અને આજનો જુદો. તે વખતે તો જે બોલ્યા તે તરત જ આપવાનું. 'તરત દાન ને મહાપુણ્ય' માનતા. બોલવું સહેલું છે પણ... આજે આ યુગમાં એવા બોલનારા પાકયા છે કે, વર્ષોથી પૈસા નથી આપતા. અને માગવા જાય તો સંભળાવે કે, શું મારા ઘેર મૂકી ગયા છો ? તેવા

માથાભારે પાકયા છે. જાણે પોતે જ બાદશાહ થઈ ગયા. આ પાછો 'એજ્યુકેટેડ યુગ' કહેવાય. તમારા બાપ-દાદાનો યુગ તે 'મુરખયુગ' માનો ને ? થોડું ભાંગેલા પણ સાચું ભણેલા-ગણેલા, પાપથી ગભરાનારા હતા. માથે દેવું હોય તો ધાનમાં ધૂળ નાખી ખાતા ને માનતા કે ધાન નથી ખાતો પણ ધૂળ ખાઉં છું. આ સમજવા જેવું હૈયું પણ છે ?

તેની સામે શ્રી પેથડશા મંત્રી છપ્પન (૫૬) ઘડી બોલ્યા. રત્ન મલી કે તીર્થમાળ ખુશીથી પહેરો. તરત જ ઊંટડીઓ રવાના કરી અને પ્રતિજ્ઞા કરી કે, છપ્પન ઘડી સોનું આપું નહિ ત્યાં સુધી મોઢામાં પાણી ન મુકું. એક ઘડી એટલે વીશ મણ સોનું થાય. બીજા દિવસે સાંજના સૂર્યાસ્ત સમયે સાંઢણીઓ આવી. સાચો શ્રાવક સૂર્યાસ્તના બે ઘડી પહેલા જ આવા-પીવાનું પતાવી દે. તેમને ય ચોવિહારો છઠ્ઠ થયો અને બીજા ઘણા ભાગ્યશાલિઓએ પણ તેમની સાથે છઠ્ઠ કર્યા. આવા સંઘપતિ હતા કે બોલી બોલ્યા પછી આપ્યા પછી જ મોઢામાં પાણી મુકવું. મહામંત્રી છે, જેવો તેવો માણસ પણ નથી. પણ કિંમત પૈસાની કે ધર્મની ? આ બધું તમને સમજાય છે ! પૈસાનો ત્યાગનો ઉત્સવ ચાલે છે માટે બોલેલા પૈસા તરત જ આપી દેવા જોઇએ. મંદિર પૈસાથી ચાલે અને ઉત્સવ પૈસાના ત્યાગનો ! ત્યાગ પણ આનંદથી કરવાનો છે. દેખાદેખીથી કે નાક માટે નહિ. ત્યાગ તે જ ધર્મ ! આજે આટલો ત્યાગ કર્યો તેમ કરતાં આખા સંસારનો ત્યાગ થઇ જાય તો તેના જેવો દા'ડો એક નહિ ! કદાચ જીવતા ત્યાગ ન થઇ શકે તો પણ મરતી વખતે તો હૈયામાંથી બધું મુકીને જ મરવું છે-આવું પણ થાય છે ? તમે બધું ધર્મમાં ખર્ચો તેમાંના નથી તેની મને ખબર છે. પણ જે ખર્ચો તે હૈયાપૂર્વક-આનંદથી ખર્ચો તો જે ત્યાગ કર્યો તે લેખે લાગે. મરવાનો વખત આવે ત્યારે તો બધું મુકીને જવાનું છે પણ હૈયાપૂર્વક ત્યાગ કર્યો હશે તો મરતી વખતે બધાનો ત્યાગ-કરીને જવાનું મન થશે. તમે મરતી વખતે બધું હૈયાથી મુકીને જવાના ? તમને ઉપાડીને જંગલમાં મુકી આવે તો ય મજામાં હોવ ને ? ત્યારે માનો ને કે-મારું સુખ કાયમનું રહેવાનું નથી, જીવતા ય ચાલ્યું જાય. આમ ન મુકત. ચાલો સારું થયું આ રીતના પણ મુકાવ્યું તે સારું થયું. આ બધી ચીજ-વસ્તુઓનો સાથ સંયોગ કયાં સુધી હોય ? પુણ્ય હોય ત્યાં સુધી. પુણ્ય પૂરું થાય તો આજે ય ચાલ્યું જાય તો તેમાં રોવા જેવું શું છે ?

તમે બધા અહીં પૈસાનો ત્યાગ કરી રહ્યા છો તે કેવા ભાવે કરી રહ્યા છો ? અશુભોદય આવે તો આજે ય બધા પૈસા ચાલ્યા જાય તો રોવો તેમાંની જાતના છો કે ન રોવો તેમાંની જાતના છો ? જે ન રોવે તેના મારે દર્શન કરવા છે. તેવો જ આત્મા, ખરેખર ધર્મ સમજ્યો કહેવાય. તેને તો પૈસા ખરચવાનો સમય આવે અને પોતે કદાચ ન ખર્ચે તો પશ્ચાત્તાપ થાય, દુઃખ થાય કે આવા દિવસ જોવા પડયા.

પૈસા ગયાનું દુઃખ ન હોય પણ સારા કામમાં પૈસા ન ખર્ચી શકયો તેનું દુઃખ હોય. જ્યારે તમારું કામ તો ઊંધુ છે. ચારની વચમાં બેઠા માટે પૈસા ખરચવા પડયા તેનું દુઃખ છે. તમે તો ભગવાન તોબા લોક છો!

જનારા પૈસા જાય તે તો સ્વાભાવિક છે. જનારા પૈસાનો સારામાં સારો સદુપયોગ થાય માટે ધર્મના મહોત્સવો છે, દાન ધર્મ છે જેને આ વાત ન સમજાય તેના માટે તો આ ઉત્સવ મહાપાપનું કારણ બને. રોજ તેને ગભરામણ થાય કે વખતે મારે આપવું ન પડે. ઉત્સવ સુધી તે બિચારો દુઃખી, દુઃખી હોય. ત્યાગ કરે તે સારા છે પણ તેનું માનસ બદલાવું જોઇએ. પછી તો તે બધા લંક લગાડી દે. ઉત્સવ જોઇને કોઇની આંખ ન બળે, પણ આજુ-બાજુવાળા બધા કહે કે-'આવા ઉત્સવો તો રોજ હોજો.'

'આ પૈસો મારી પાસે કાયમ રહે તેવો નથી. આજે છે ને કાલે ય ચાલ્યો જાય. કદાચ તે ન જાય તો મારે તેને મૂકીને જવો પડે. હું સાથે લઇ જવા માંગું તો ય સાથે આવે તેવો નથી. માટે મારે મારા હાથે જ આવા સારાં કામોમાં તેનો સદુપયોગ કરવો જોઇએ.' જો બધા શ્રીમંતો આ વિચારવાળા થઇ જાય તો શ્રી જૈનશાસનમાં નિત્ય દિવાળી થાય.

બોલી બોલનારાએ તુરત જ પૈસા આપી દેવા જોઇએ. આ જમાનામાં તો ધર્મનો પૈસો રાખવા જેવો નથી. ટ્રસ્ટીઓએ પણ ધર્મના પૈસા બધા જ યોગ્ય કામોમાં ખરચી નાખવા જેવા છે. કેમકે, આ દેશ-કાળ પૈસાનો ભૂખ્યો છે, તમારા નેતાઓની નજર હવે ધર્માદા પૈસા તરફ છે. પોતાનું બચાવવા તમારા આગેવાનો કયારે સરકારને બધું આપી આવશે આપણને ખબર પણ નહિ પડે. આજે શાહુકારની લુંટ આવે છે, આગળ લુંટારાની આવતી. આજના તો લુંટારાઓને પણ વટલાવે તેવા પાકયા છે. આજના પૈસાવાળાની આબરૂ સારી નથી. લોક પણ કહે છે કે, નામ દેવા જેવો નથી. માટે તમારે બધાએ સાવચેત થવા જેવું અને ધર્માદાદ્રવ્યની આપણી મર્યાદા મુજબ વ્યવસ્થા કરવા ભલામણ છે.

ઘણા પૈસા હોય તેનું જીવન ઉદાર હોવું જોઇએ. જાનવર પણ તરસ્યું થાય તો તળાવ હોય ત્યાં જાય કે રણ હોય ત્યાં? પૈસાવાળા તળાવ જેવા છે. ગામના દુઃખી તેની પાસે ન જાય તો બીજે કયાં જાય? તેના ઘેર બધાને આવકાર હોય ને? જરૂરિયાત યોગ્ય હોય તો પ્રેમથી આપે ને? સુખીનું જીવન દાનમય હોવું જોઇએ. દાનમય જીવનવાળા સુખીને જ અમે સુખી કહીએ.

પરમાત્મા થવાની ભાવનાવાળા જીવો આવા જ હોય. તેમને તો આવા ઉત્સવો ખૂબ જ ગમે. શ્રી જૈનશાસનમાં તો આવા ઉત્સવો હરહંમેશ થતા હોય. દર વર્ષે કરવાના અગિયારમાંના દશ કામો સુખી માણસો જો કરવા લાગે તો ઉત્સવ વિનાના દહાડા ઓછા મળે. સુખી એટલે દુઃખ મજેથી વેઠે અને સુખમાં સાવચેતથી રહે તેવો આવી દશાને પામો તો આ ઉત્સવમાં ભાગ લીધો તે સફળ થાય. વિશેષ હવે પછી.

ભારત મહામંડળ પાણીમાં !

સંમેત શિખરજી તીર્થ રક્ષા માટે શનિવાર તા. ૨૩–૪–૬૪ના મળેલ શ્રી ગોડીજી ઉપાશ્રયની ધર્મ સભામાં શ્રી નગીનદાસ વાવડીકરે શ્રી દીપચંદભાઈ ગાડીના સંદેશો પ્રસ્તુત કરતાં જણાવેલ શ્રમણ ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની ઉજવણી ચારેય ફિરકાઓ શ્વેતાંબર દિગમ્બર સ્થાનકવાસી તેરાપંથી સંયુકત રીતે વર્ષોથી કરતા હતા પરંતુ સમ્મેત શિખરજી તીર્થમાં દિગમ્બરોએ ઉભી કરેલી આજની પરિસ્થિતિમાં વધુ કટુતા સર્જાય જેથી આરાધનાને બદલે વિરાધના થાય તેવી શકયતા હોઇ ઓલ ઇન્ડિયા જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, અને ગોડીજી જૈન સંઘ અને મુંબઈના ૩૫ ઉપરાંત જૈન સંઘો સંસ્થાઓના ઉપક્રમે સ્વતંત્ર રીતે ભગવાનના જન્મ કલ્યાણક દિવસ શનિવાર તા. ૨૩–૪–૬૪ના ભાત બજારથી ભવ્ય રથયાત્રા રાજમાર્ગો ઉપર નીકળી હતી એ પછી ૧૦ વાગે ગોડીજી ઉપાશ્રયમાં જાહેર સભા રાખેલ હતી (ભૂમિ. તા. ૨૭–૪–૬૪)

આ સભામાં ભારત મહામંડળના પ્રમુખ ઉપપ્રમુખ આદિ હતા દિગંબર સામેલ ન થાય તો પણ ભારત મહામંડળે ચૈત્ર સુદ ૧૩+૧૪ રવિવાર તા. ૧૪–૪–૬૪ના શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક જાહેર કરેલ છે તે દિવસે ઉજવણી કરી શકત કટુતા તો આ સભા બોલાવી અને વટહુકમનો વિરોધ કર્યો તેથી પણ દિગંબરમાં થઇ હોય આ તો વા ફરે તેમ ફરે તેવી ભારત મહામંડળની તકલાદી નીતિ ગણાય કે શું ? જન્મ કલ્યાણક અંગે આ સભામાં જાહેરાત કરવી તે રવિવારે ઉજવણી કરનારાઓ આ સભામાં આવ્યા હતા તેમનો અનાદર જ તીર્થ રક્ષા સભામાં કર્યો ગણાય ખરો કે નહિ ?

શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ

ઇતિહાસ જાણો અને તીર્થ રક્ષા માટે જાગૃત બનો

(પ્રકરણ-૩)

સમ્મેતશિખરજી મહાતીર્થની રક્ષા માટે અદાલતી મહાજંગ

સમ્મેતશિખરજી તીર્થની રક્ષા માટે આપણા વડવાઓએ છેક ૧૮૬૪ની સાલથી રાજાઓ સામે, બ્રિટિશરો સામે, બિહાર સરકાર સામે અને દિગંબર સંપ્રદાય સામે અનેક કાનૂની યુદ્ધો લડવાં પડયાં છે અને પરિણામે આ તીર્થની હિફાજત થઇ શકી છે આ તીર્થ ઉપર શ્વેતાંબર મૂર્તિપૂજક સમુદાયનો પરંપરાગત અંકુશ કાયમી રહે તે માટે હઝારીબાગની જિલ્લા અદાલતથી લઇ હાઇ કોર્ટ, સુપ્રીમ કોર્ટ અને લંડનની પ્રિવી કાઉન્સિલ સુધી અનેક કેસો આપણે લડયા છીએ. આ તમામ કેસો દ્વારા એક વાત નિર્વિવાદ સાબિત થઇ ચૂકી છે કે આ તીર્થના વહીવટ, અંકુશ, કબજા અને સંચાલનના એકમેવ અધિકાર શ્વેતાંબરોના હાથમાં જ છે. આ તમામ અંતરાયો વટાવી દીધા પછી પણ લલ્લુ પ્રસાદ યાદવની સરકાર જે એકતરફી, પક્ષપાતી, ગેરકાયદે અને ગેરબંધારણીય વટહુકમ બહાર પાડી સમ્મેતશિખરજીનો વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હાથમાંથી ઝુંટવી લઇ સરકારી અધિકારીના હાથમાં આપીને છેવટે દિગંબરોના હાથમાં સોંપવા માગે છે, તેનો પ્રતિકાર કરવા અને ધાર્મિક સ્વાતંત્ર્યના અધિકારની રક્ષા કરવા હજી વધુ લાંબા કાનૂની યુદ્ધની તૈયારી આપણે રાખવી પડશે.

સમ્મેતશિખરજી મહાતીર્થની પવિત્રતાની રક્ષા માટે શ્વેતાંબરોએ ભૂતપૂર્વ રજવાડાંઓ, બ્રિટિશ સલ્તનત અને રાજય સરકાર સામે પણ વારંવાર સંઘર્ષ છેડવો પડયો છે. બ્રિટિશ કાળમાં પારસનાથ પહાડની માલિકી પાલગંજના રાજા સુબરામ સિંહના નામે ચડાવી દેવામાં આવી હતી. ચેપમેન નામના ભારતના સર્વપ્રથમ બ્રિટિશ મુલકી અધિકારીએ કેપ્ટન બ્રાઉનનું શાસન ખતમ થતાં પાલગંજના રાજાની જમીનદારીની સનદ પૂનર્જીવિત કરી, તેમને અન્યાયી રીતે સમ્મેતશિખરજીના માલિક ઠરાવી દીધા. પાલગંજના રાજવીઓ દ્વારા ૮૦ વર્ષ સુધી તો સમ્મેત શિખરજીનો વહીવટ બરાબર ચાલ્યો, પણ ઇ.સ. ૧૮૫૯માં રાજાએ આ પવિત્ર પહાડ પર એક મિલિટરી સેનેટોરિયમ બનાવવાનો નિર્ણય કર્યો, જેને કારણે શ્વેતાંબરો દુભાયા. ઇ.સ. ૧૮૬૦માં બંગાળના લેફ્ટનન્ટ ગવર્નર સર પીટર ગ્રાન્ટે સેનેટોરિયમ માટે યોગ્ય સ્થળ શોધવા સમ્મેતશિખરજીની મુલાકાત લીધી ત્યારે હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુ જૈનોએ ત્યાં હાજર રહી આ યોજનાનો વિરોધ કર્યો. આ કારણે સેનેટોરિયમનું સ્થળ પશ્ચિમની

ટેકરીઓ વચ્ચે પસંદ કરવામાં આવ્યું હતું, જે મુખ્ય ટૂંકો અને મંદિરોથી ઘણું દૂર હતું. વખત જતાં ઇ.સ. ૧૮૬૪માં આ સેનેટોરિયમ તૈયાર થઇ ગયું, પણ તેનો ઉપયોગ માત્ર ચાર વર્ષ માટે જ થઇ શકયો. પોતાના ધર્મની ભાવનાથી વિરૂધ્ધના રાજાના આ વર્તનથી ઉશ્કેરાયેલા શ્વેતાંબર જૈનોએ રાજાના કુટુંબ સાથેના તમામ સંબંધો તોડી નાખ્યા. એટલે સુધી કે પાલગંજના રાજાને મંદિરમાં પગ મુકવાની પણ મનાઇ ફરમાવવામાં આવી. તમામ મંદિરો ટૂંકો, પગલાંઓ અને ધર્મશાળાઓનો પોતાનો અસલનો વહીવટ શ્વેતાંબરોએ ફરી પોતાના હાથમાં લઇ લીધો. જોકે જે મિલિટરી સેનેટોરિયમના બાંધકામના પ્રશ્ને આ વિવાદ થયો તે સેનેટોરિયમ તો માત્ર ચાર જ વર્ષમાં ઉપયોગી નહિ જણાતાં ત્યજી દેવાયું.

પાલગંજના રાજાએ પારસનાથ પહાડ ઉપર લશ્કરી સેનેટોરિયમ બાંધવાની પરવાનગી આપી તેનો ઝઘડો શાંત પડયો ત્યાં જ ચઢાવાનું ધન કોના અધિકારક્ષેત્રમાં આવે એ બાબતમાં શ્વેતાંબર વહીવટદારો રાજા સાથે કાનૂની યુધ્ધમાં ઊતર્યા. ગુજરાતથી સમ્મેતશિખરજીની યાત્રા માટે આવેલાં હરકુંવર શેઠાણીએ ભગવાન સમક્ષ કેટલીક મુલ્યવાન ભેટસોગાદો ચડાવી હતી, જે રાજાના સેવકોએ ઝુંટવી લીધી. દેવદ્રવ્ય ઉપર રાજાનો અધિકાર ન હોવા છતાં તેણે અનધિકૃત ચેષ્ટા કરી ત્યારે કરી ત્યારે શ્વેતાંબર કોઠીના મેનેજર પુરણચંદ માલીચાએ ગોવિંદપુરના આસિસ્ટન્ટ કમિશનર સમક્ષ ફરિયાદ કરવી પડી. ગોવિંદપુરના આસિસ્ટન્ટ કામશનરે આ ફરિયાદ કાઢી નાખી એટલે શ્વેતાંબરોએ આસિસ્ટન્ટ કમિશનર બારહીની કોર્ટમાં દીવાની દાવો (૨૧ ઓફ ૧૮૬૪) દાખલ કર્યો. આસિસ્ટન્ટ કમિશનરે આ દાવો નામંજૂર કર્યો, પણ શ્વેતાંબરો અપીલમાં ગયા ત્યારે જયુડિશિયલ કમિશનર કર્નલ ડેવિસે ચઢાવાની રકમ શ્વેતાંબરોને મળે તેવો ચુકાદો આપ્યો. ત્યાર બાદ રાજાએ પારસનાથ પહાડના પોતાના માલિકીહકકો જાહેર કરાવવા હઝારીબાગની કોર્ટમાં કેસ કર્યો. હઝારીબાગના ડેપ્યુટી કમિશનર કર્નલ બોડ્રેમે તેનો ચુકાદો રાજાની તરફેણમાં આપ્યો, એટલે શ્વેતાંબરો હાઇ કોર્ટમાં ગયા, જેમાં નીચલી કોર્ટના ચુકાદાને રદ કરવામાં આવ્યો.

શ્વેતાંબરો અને પાલગંજના રાજા વચ્ચે પારસનાથ પહાડના વહીવટ તેમ જ માલિકી બાબતમાં લાંબો જંગ ચાલ્યો, જેમાં પુષ્કળ પોલીસ ફરિયાદો થઇ અને ફોજદારી કેસો પણ થયા. આખરે સતત પ્રતિકારને પરિણામે રાજાએ ઇ.સ. ૧૮૭૨માં શ્વેતાંબર વહીવટદારો સાથે એક કરાર કર્યો, જે મુજબ ઝઘડો ટાળવા ચઢાવાની રકમમાં અમુક હિસ્સો રાજાને આપવો પડયો. ઇ.સ. ૧૮૭૬માં રાજા અને શ્વેતાંબરો વચ્ચે એક બીજો કરાર થયો, જે મુજબ શ્વેતાંબરોએ ચઢાવાની આવકમાંથી દર વર્ષે ૧૫૦૦ રૂપિયા રાજાને આપવાનું ઠરાવ્યું બાકીની તમામ આવક પર શ્વેતાંબરોનો અધિકાર રાજાએ માન્ય રાખ્યો હતો.

સમ્મેતશિખરજીના પવિત્ર તીર્થક્ષેત્રમાં ડુકકરની કતલ કરવા માટેનું એક કતલખાનું ઊભું કરવાની યોજના પણ કેટલાક અંગ્રેજોએ બનાવી હતી, જેની સામે એક લાંબું કાનૂની યુદ્ધ છેડી શ્વેતાંબર અગ્રણીઓએ તીર્થની પવિત્રતાને અકબંધ જાળવી રાખી હતી. તે સમયે આશ્ચર્યજનક રીતે દિગંબર ભાઇઓ ચૂપ હતા. ઇ.સ. ૧૮૭૬માં પાલગંજના રાજાએ પારસનાથ પહાડ ઉપર વગર અધિકારે આશરે ૨૦૦૦ એકર જેટલી જમીન એડોમ નામના અંગ્રેજને ચાના બગીચા માટે લીઝ ઉપર આપી દીધી. અંગ્રેજે એ જમીન ઉપર ડુકકર મારવાનું એક કતલખાનું ખોલી નાખ્યું. પવિત્ર તીર્થધામની અશાતનાથી અકળાઇ ગયેલા શ્વેતાંબર જૈનો વતી ધનપતસિંહ બહાદુરે ઇ.સ. ૧૮૮૮માં આલીપોરની ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં કેસ કર્યો. ડિસ્ટ્રિક્ટ જજે આ કેસ કાઢી નાખ્યો એટલે બાબુ ધનપતસિંહ કોર્ટ વિલિયમની હાઇ કોર્ટમાં ગયા. હાઇ કોર્ટે ઠરાવ્યું કે આ પવિત્ર પહાડ ઉપર ડુકકરની કતલ કરી શકાય નહિ, કારણ કે તેનાથી જૈનોની ધાર્મિક લાગણીઓ દુભાય છે. વળી પાલગંજના રાજાએ શ્વેતાંબરો સાથે ઇ.સ. ૧૮૭૨ અને ૧૮૭૬માં જે બે કરારો કર્યા છે, તેની ભાવનાનો પણ કતલખાનાને કારણે ભંગ થાય છે. હાઇ કોર્ટે એવી નુકતેચીની કરી કે એડોમ નામના અંગ્રેજે આ જમીન લીઝ ઉપર લીધી ત્યારે તેમને ખ્યાલ હતો કે અહીં જૈનોનું તીર્થસ્થળ છે. આ રીતે કોર્ટે કતલખાનું બંધ કરવાનો આદેશ ફરમાવતાં શ્વેતાંબરોનો વિજય થયો. આ કેસમાં અદાલતે સમ્મેતશિખરજી તીર્થના વહીવટ, અંકુશ અને કબજા વિશેના શ્વેતાંબરોના અધિકારો માન્ય રાખ્યા, પણ સાથે સાથે તદ્દન અન્યાયી રીતે એવું ઠરાવ્યું કે આ પહાડની માલિકી જૈનોની નથી પણ રાજાની છે. આ અન્યાય ભર્યા ચુકાદાને કારણે ઇ.સ. ૧૯૧૮માં શ્વેતાંબર સંઘે આશરે અઢી લાખ રૂપિયા રોકડા ચૂકવી વાસ્તવિક રીતે શ્વેતાંબર જૈન સંઘની માલિકીને આ આખો પહાડ રાજા પાસેથી ખરીદવો પડયો. ત્યાં સુધી પાલગંજના રાજા તેના માલિક રહ્યા. જોકે અન્યાયી રીતે માલિકી રાજાની ઠરાવવામાં આવી હતી ત્યારે પણ વહીવટ તો શ્વેતાંબરોનો જ હતો, એ બાબતમાં કોઇ બેમત નથી.

સમ્મેતશિખરજી તીર્થમાં પારસનાથ ટૂંક ઉપર ઇ.સ. ૧૯૦૦ની આસપાસ આરસપહાણનું નવું મંદિર બનાવવાની શ્વેતાંબરોએ યોજના બનાવી ત્યારે દિગંબરોએ તેમાં આડખીલો ઊભી કરવાનો પ્રયાસ કર્યો. તીર્થનો વહીવટ જૈન ધર્મના સિદ્ધાંતો અનુસાર ચાલે અને તેની પવિત્રતા અકબંધ જળવાઇ રહે તે માટે ઇ.સ. ૧૮૫૯થી શ્વેતાંબરો જે અવિરત સંઘર્ષ કરી રહ્યા હતા, તેને ટેકો આપવાની વાત તો બાજુએ રહી, પરંતુ શ્વેતાંબરો જ્યારે મંદિરનો જીર્ણોદ્ધાર કરી રહ્યા હતા ત્યારે તેમને રોકવા માટે દિગંબરોએ તેમને કોર્ટમાં ઘસડી જવાની કુચેષ્ટા કરી. દિગંબરોએ હઝારીબાગની ડિસ્ટ્રીક્ટ કોર્ટમાં એવો કેસ કર્યો કે સમ્મેતશિખરજી તીર્થ જૈન ધર્મના બંને સંપ્રદાયની

શ્રદ્ધાનું કેન્દ્ર છે, એટલે શ્વેતાંબરો તેમાં પોતાની પરંપરા મુજબ મંદિર બંધાવી ન શકે અને તેમાં શ્વેતાંબર મૂર્તિની પ્રતિષ્ઠા કરાવી ન શકે.

આ કેસમાં શ્વેતાંબરોએ એવી દલીલ કરી કે પ્રાચીન ચરણ દૂર કરી અમારો બસદો નવી મૂર્તિની પ્રતિષ્ઠા કરાવવાનો નથી, પણ અમે નવા મંદિરમાં પ્રાચીન ચરણની જ પ્રતિષ્ઠા કરવાના છીએ. દિગંબરોએ ખુલાસા પછી પોતાનો કેસ પાછો ખેંચી લીધો અને પારસનાથ ટૂંક ઉપર નવું ભવ્ય, શિખરબંધી મંદિર શ્વેતાંબરોએ બંધાવ્યું. ઇ.સ. ૧૯૦૭માં બ્રિટિશ સરકાર સમ્મેતશિખરજી ઉપર એક ગેસ્ટ હાઉસ બાંધવા માગતી હતી ત્યારે શ્વેતાંબર અને દિગંબર આગેવાનોએ ભેગા મળીને તેનો ઉગ્ર વિરોધ બંગાળના ત્યારના લેફ્ટનન્ટ ગવર્નર સર એન્ડ્રુ ફ્રેઝર સમક્ષ નોંધાવ્યો હતો. આ વિરોધને કારણે ગેસ્ટ હાઉસ બાંધવાની પાલગંજના રાજાની અને બ્રિટિશ સરકારની યોજના રદ થઈ ગઇ હતી.

પાલગંજના રાજા પાસેથી સમ્મેતશિખરજી તીર્થની જમીનદારીના હકકે ખરીદી લેવા દિગંબર જૈનોએ ઇ.સ. ૧૯૧૦માં ગંભીર પ્રયાસો કર્યા હતા, પણ તે સરિયામ નિષ્ફળતાને વર્યા હતા. તેમના પ્રયાસોને અદાલતે નાકામિયાબ બનાવ્યા હતા. આ પછી શ્વેતાંબરોએ ૧૯૧૮ની સાલમાં એક કરાર કરી પાલગંજના રાજા પાસેથી આ આખો પહાડ શ્વેતાંબરોની માલિકીનો હોવા છતાં ખરીદી લેવો પડયો, જે વેચાણખતને બ્રિટિશ સરકારે પણ માન્ય રાખ્યું. આ રીતે પણ શ્વેતાંબરો સમ્મેતશિખરજી તીર્થના એકમાત્ર માલિક અને વહીવટદાર ઠર્યા.

સમ્મેતશિખરજી તીર્થમાં શ્વેતાંબરોના માલિકી તેમજ વહીવટના અધિકારોને દિગંબરોએ અગાઉ પણ પડકાર્યા હતા, જે મામલો લંડનની પ્રિવી કાઉન્સિલ સુધી ગયો હતો. પ્રિવી કાઉન્સિલે પણ ૧૯૩૩ની સાલમાં એક ઐતિહાસિક ચુકાદો આપી શ્વેતાંબરોના માલિકી, વહીવટ, કબજો અને અંકુશના તમામ હકકો માન્ય રાખ્યા હતા, જ્યારે દિગંબરોને માત્ર પૂજા કરવાનો જ અધિકાર આપ્યો હતો. ઇ.સ. ૧૯૧૮ની સાલમાં શ્વેતાંબરોએ પાલગંજના રાજા સાથે વેચાણખત બનાવી આખો પારસનાથ પહાડ મૂળમાં પોતાનો હોવા છતાં પણ ઝઘડો ટાળવા આશરે અઢી લાખ રૂપિયા રોકડા ચૂકવી ખરીદી લીધો. નવાગઢના રાજાનો એવો દાવો હતો કે પારસનાથ પહાડનો અમુક હિસ્સો તેમની માલિકીનો છે, એટલે શ્વેતાંબરોએ તેમને પણ એક લાખ રૂપિયા સલામીના ચૂકવી તેમની પાસેથી લીઝના કાયમી અધિકારો મેળવી લીધા.

(ક્રમશઃ)

સામયિક સ્ફૂરણ

* વિવાહની વરસી ન થાય *

જૈન શાસન એ પરમ વિવેકનું શાસન છે તે જૈન શાસન માનનારા સાત ક્ષેત્રને માને છે તેમાં જિનમંદિર જિન મૂર્તિ જિન આગમ, સાધુ સાધ્વી શ્રાવક શ્રાવિકા. આ સાત ક્ષેત્રમાં પણ જે ક્ષેત્ર સીદાતું હોય તેને પ્રથમ સંભાળવું જોઇએ. અને તેવી તાત્વિક બુદ્ધિવાળાઓ જે સાચા અર્થમાં ધર્મ સાધી શકે છે. જિનમંદિર જિન-મૂર્તિ ક્ષેત્રો તો સ્વાભાવિક જ ચાલે છે પરમાત્માના પરમ ગુણો અને પરમ ઉપકારીને માનનારાઓ અથવા બીજી રીતે ઉત્સાહ પામેલાઓ બોલી બોલે છે અને જિન મંદિરો બંધાય છે અને જિર્ણોદ્ધારો થાય છે. બાકી જિનમંદિર બાંધવામાં અને જિર્ણોદ્ધારમા પોતાની અંગત મૂડી લગાડનાર કે દરેક મંદિર કે જિર્ણોદ્ધારાદિમાં ફંડ આપનારા તો વિરલાજ છે.

જૈન આગમ ક્ષેત્ર પણ જ્ઞાન ખાતાની સૂત્ર આદિની બોલી કે જ્ઞાનપૂજનની આવકથી ચાલે છે. પરંતુ પોતાની રકમ જૈન આગમમાં લગાડનારા વિરલા જ છે.

સાધુ સાધ્વીજીની વેયાવચ્ચ ભક્તિ માટે સાધારણ ફંડ કે વ્યક્તિગત ભક્તિ કરનારા છે. પરંતુ માત્ર બહારથી સૂચના કે વિવેચનો કરનારા તો તેમાંથી પણ બકાત છે અને ક્યાં તો દેવદ્રવ્યમાં લઇ જવાતી ગુરૂપૂજન કે ગુરૂપૂજનની બોલી કે કામળી વહોરાવવાની બોલીઓ દ્વારા સાધુ સાધ્વીજીને વેયાવચ્ચનો પ્રચાર કરે છે.

પ્રભુજીની પહેલી પૂજાની બોલી દેવ દ્રવ્યમાં અને મુગટ ચઢાવવાની બોલી બીજે લઇ જવાય તેવી વાત કરનારા જુઠા લાગે તેમ ગુરૂ પૂજનની બોલી દેવદ્રવ્યમાં જાય અને કામળી વહોરાવવાની બોલી વેયાવચ્ચમાં તે વાત પણ અજુગતી લાગે તે સહજ વાત પણ આવા ભેદ કરનારને સમજાતી નથી.

આમ ઉપરના પાંચ ક્ષેત્ર જૈન શાસનની વિધિથી સચવાય છે પણ ઘટતી રકમો તેમાં લગાડનારા વિરલા છે.

હવે શ્રાવક શ્રાવિકા ક્ષેત્રમાં જ્યાં ભક્તિની જરૂર છે ત્યાં શ્રધ્ધા નહિ પામેલાઓ ઉપરના જિનમંદિર આદિની આવકને શ્રાવક શ્રાવિકાની ભક્તિમાં લગાડવાની વાત કરે છે હવે દેવદ્રવ્યની જરૂર નથી, તે દ્રવ્ય સાધર્મિકને આપવું જોઇએ તેવો બકવાદ કરે છે પરંતુ–

કરોડના બંગલા અને ૨૫–૨૫ લાખના ફ્લેટો જૈનો બનાવે છે ૧–૨–૫ કરોડના ઉદ્યોગ ઉભા કરે છે અને કરોડોની આવક ધરાવે છે તેની જરૂર નથી તેમ આ બિચારા

બોલી પણ શકતા નથી અને જ્યારે તક મળે ત્યારે આવા વિસંવાદ ભર્યા અને જૈન શાસ્ત્રથી નિરપેક્ષ વિચારો રજુ કરીને સંઘમાં બાળકો અથવા યુવાન કે અભણ ભાવિકોના હૃદયમાં અશ્રદ્ધા અણગમો કે દ્વેષ પણ પેદા કરાવે છે.

આવો જ એક લેખ 'મુંબઇ સમાચાર' 'જય જિનેન્દ્ર' વિભાગમાં તેના સંપાદક ધર્મપ્રિયે 'ઢાલની બીજી બાજુ' એ હેડીંગથી રજુ કર્યો છે.

પરંતુ ઢાલની પહેલી બાજુ જ નહિ સમજેલા આ ધર્મપ્રિય બીજી બાજુ રજુ કરે તે જ અસંગત છે. આ લેખ નીચે મુજબ છે.

"જૈનો ધર્મકાર્યોમાં સંપત્તિનો સદુપયોગ કરે છે. એ જોઇને ઘણુને એમ લાગે છે કે આ કોમ શ્રીમંતોની કોમ છે. પરંતુ દરેક વસ્તુની કૃષ્ણ અને ધવલ એમ બન્ને બાજુઓ હોય છે.

એક વ્યકિત એકી સાથે લાખ્ખો રૂપિયાની બોલી બોલી શકે છે; તો બીજી વ્યકિતને બે વખત પેટ પૂરતું ખાવાનું પણ મળવાનું મુશ્કેલ હોય છે.

તાજેતરમાં એક કહેરાસરની ત્રણસોમી વર્ષગાંઠ નિમિત્તે મોટી ધામધૂમપૂર્વક ઉજવણી કરવાનો ત્યાંનાં સંઘે નિર્ણય કર્યો. મુંબઇથી પણ ત્યાંના રહેવાસીઓ ત્યાં ગયા અને સર્વના આનંદની વૃદ્ધિ થઇ. ત્યાંનું આયોજન ખૂબજ સુંદર હતું. નવેનવ દિવસ, સંઘના બધા જ કુટુંબોએ એકજ રસોડે જમવાનું. બહારગામથી આવેલ મહેમાનો પણ ત્યાંજ. તેમની બધી સગવડ ત્યાંના સંઘે સાચવેલી. સવારના પ્રભાતીયાં, ત્યાર પછી સેવા પૂજા, ત્યાર બાદ સવારનો નાસ્તો. તે પછી વ્યાખ્યાન શ્રવણ. તે પછી સમુહભોજન. તે પછી કહેરાસરમાં મોટું પૂજન. સાંજના ફરીથી જમવાનું. પછી ભાવના અને રાતના ગરબા. આમ ભરચક કાર્યક્રમ ગોઠવાયેલો. મુંબઇથી એક ભાઇ આ ઉત્સવમાં ભાગ લેવા સહકુટુંબ ત્યાં ગયેલા. તેમણે આ અંગે મને એક પત્ર લખ્યો છે, જેનો કેટલોક ભાગ આ પ્રમાણે છે.

હું ત્યાં પહોંચ્યો તેના ત્રીજા દિવસે બપોરના એક બહેન મને મળવા આવ્યાં. તેમણે કહ્યું કે–'તમારો આ પ્રસંગ ખૂબ જ સરસ અને સુંદર રીતે ઉજવાઇ જશે એમ લાગે છે.' મેં કહ્યું, 'બરાબર. આવો ઉત્સાહ મેં કયારેય અહીંયા કે મુંબઇમાં જોયો નથી!'

તેમણે કહ્યું કે 'અહીં ખૂબ ઘી બોલાશે. દરેક પ્રસંગની ઉછામણી બોલાશે એટલે દેવદ્રવ્યની આવક પણ ઘણી થશે.' મેં કહ્યું: 'બરાબર

'ભગવાન પણ ખૂબ ખૂશ થશે.'

'બરાબર'

'જીવદયામાં પણ સારી એવી રકમ સવાર સાંજ બોલાશે. પૂજ્ય આચાર્ય ભગવંતો પણ આ માટે ટહેલ નાખશે એટલે એની રકમ પણ સારી એવી લેખી થશે ને મુંગા જીવોના રહેાં પણ મીઠાં થશે.'

'બરાબર.'

'આવેલા મહેમાનોને નવે દિવસ સવાર-સાંજ ચહા પાણી અને જમવાનું એટલે એમને જલસા સંઘના લોકોને વેર રસોઇ નહિં કરવાની એટલે એમને પણ જલસા.

'બરાબર. આ બહેનની બધી વાત હું સાંભળતો હતો. વાત બધી સાચી, સારી, વ્યવસ્થિત અને વ્યવહારિક હતી. પરંતુ, એ શું કહેવા માંગતા હતા એ હજુ મને સમજાતું ન હતું. એટલે મેં તેમને કહ્યું બહેન ! તમે શું કહેવા માગેા છેા એ મને સમજાતું નથી. અને એમની આંખમાંથી અશ્રુનેા પ્રવાહ માંડયેા. હું જોયા કરતેા હતેા. અંતે મેં પૂછયું, બહેન શી હકીકત છે ?"

તેમણે કહ્યું-'આ પ્રસંગે જેમણે લાખેા રૂપિયા ખર્ચી આયેાજન કર્યું તેઓ ખૂશ. સુંદર રીતે બધું ગેાઠવાયું છે એટલે સંઘ અને સંઘના કાર્યકર્તાઓ ખૂશ. ભગવાનને ઘીની બેાલી દ્વારા અઢળક પૈસેા મળે (જેની અત્યારના સંજોગેામાં કેાઇ જરૂર નથી) એથી ભગવાન પણ ખૂશ. મૂંગા ઢોરનું રહેાં મીઠું થશે જીવદયાના પૈસા દ્વારા એટલે એ પણ ખૂશ. મહેમાનોને બધી સગવડ મળે એથી એ પણ ખુશ. પણ ભાઇ ! અમારૂં શું ? અમારા જેવા, જેમની પાસે પૈસા નથી, આવકનું કેાઇ સાધન નથી અને જેમની હાલત ત્રણ સાંધે ત્યાં તેર તૂટે તેવી છે. સવારે જમવાનું મળે તેા સાંજની ફિકર અને સાંજે જમવાનું મળે તેા સવારની ફિકર. તેમાં વળી ઉચ્ચ વર્ગના ગણાતા હેાવાના નાતે કેાઇની પાસે હાથ લાંબેા થાય નહિ. કહેવાય પણ નહિ અને સહેવાય પણ નહિ.

આ પ્રસંગને કારણે મુંબઇ તેમજ અમદાવાદથી મહેમાનેા આવશે. ત્યારે, એમને અમારે ચહા પાણી ને નાસ્તા માટે વિવેક તેા કરવેા જ પડશે ને ? આ માટે અમે પૈસા કયાંથી લાવીશું ? અમારે ત્યાં ખાંડ કે ચહાનાં વાસણેા પણ નથી ! એટલે આ પ્રસંગને કારણે અમારી ઇજ્જતના ધજાગરા ફરકશે. એનેા કેાઇએ વિચાર કર્યેા છે ?

હું આ કેાઇ ફરિયાદ કરવા નથી આવી. પરંતુ, આ પ્રસંગનું બીજુ પણ એક પાસું છે જે ખૂબ જ કરૂણ છે એ કહેવા આવી છું. તેમજ આ માટે જો કાંઇ થઇ શકતું હેાય તેા કરવા માટે વિનંતી કરવા આવી છું.'

જે કરૂણ સ્વરે તેમણે વાતની રજુઆત કરી અને તે સાથે તેમની વહેતી અશ્રુ-

ધારા જોઈ મારી આંખમાં આંસુ આવી ગયાં. મને પણ એમની વાતની સત્યતા યાને પ્રસંગના બીજાં પાસાંની પ્રતિતિ થઇ.

પછી, તે બહેને કહ્યું–'ભાઇ! હું જાણું છું કે તમે દર વર્ષે ગુપ્તદાનમાં સારી એવી રકમ ખર્ચો છો. એને કારણે સમયસર મદદ મળી રહેવાથી ઘણા લોકોની લાજ જળવાઇ જાય છે તો ભાઈ! આ પ્રસંગે તમને કેમ ખ્યાલ ન આવ્યો કે આવા પ્રસંગે જ્યારે મોટી સંખ્યામાં મહેમાનો આવવાના હોય ત્યારે, અમારા જેવાની આબરૂ જળવાય એ માટેનું પણ કોઇ આયોજન કરવું? જેથી અમારા જેવાઓ પણ આવો પ્રસંગ આનંદ અને ઉત્સાહથી માણી શકે?

મેં કહ્યું, બહેન! તમે ખૂબજ સમયસર આવ્યાં છો. હવે તમે જરા પણ ચિંતા કરશો નહિ. આ પ્રસંગે કોઇને કોઇ પ્રકારની તકલીફ નહિ પડવા દઉં એની તમને ખાત્રી આપું છું. તમે મને આ એક નવી દૃષ્ટિ આપી એ માટે તમારો આભાર માનું છું."

આ બહેનને વિદાય કરી મેં ત્યાંના બીજા પ્રતિષ્ઠિત કાર્યકરને બોલાવ્યા અને સંઘના આર્થિક રીતે નબળા સભ્યોની યાદી તેમની પાસે હોય છે તે ઉપરથી દરેક ઘરદીઠ કેટલી રકમ આપવી તે નક્કી કરી તેનાં કવર બનાવી લગભગ એકાવન હજાર રૂપિયા જેટલી રકમ જરૂરિયાતમંદોને તેજ ક્ષણે પહોંચતી કરી; અને મનોમન ભગવાનને પ્રાર્થના કરી કે અમારા આ પ્રસંગમાં કોઇને કોઇપણ પ્રકારની આર્થિક, સામાજીક કે શારીરિક તકલીફ ન પડે તે જોજો.'

આવા ઉત્સવોમાં કહેવાસરોમાં અલગ અલગ પ્રસંગની ઘીની બોલી બોલાય છે. લોકો ભક્તિભાવે ભરપૂર પૈસા આપે છે જે દેવદ્રવ્યમાં જાય છે. દેવદ્રવ્યમાં હાલ પૂરતી નવા દ્રવ્યની જરૂર નથી એમ મને લાગે છે. આથી જે દ્રવ્ય આવે તે માત્ર દેવદ્રવ્ય તરીકે જ ન રાખતાં, ગુપ્તદાનથી સાધર્મિક ભક્તિમાં વપરાય એવું થવું જોઇએ. જો આમ થાય તો કેટલાંય મધ્યમ સ્થિતિના લોકોને લાભ થાય.

આ માટે શ્રાવકોએ આગળ આવવું જોઇએ અને પૂજ્ય આચાર્ય ભગવંતોએજ આ માટે ઉપદેશ આપવાની પહેલ કરવી જોઇએ જૈન સમાજના દુઃખી દારિદ્રથી પીડાતા લોકોને ગુપ્ત રીતે સાધર્મિક સહાય કરવામાં આવે તો કેટલા બધાની આંતરડી ઠરે!

આ વાત મને ખૂબ જ સ્પર્શી ગઇ. મેં મનોમન નક્કી કર્યું કે હવે પછી હું ઘીની બોલીમાં, જીવદયાને નામે થતા ફાળામાં કે કહેવાતા ધાર્મિક

અનુષ્ઠાનોમાં ઉજવણી કરવા માટે પૈસા નહિ આપું તેમજ મારાં સંતાનોને પણ એવી વાતોમાં પૈસા ખર્ચ ન કરવા સલાહ આપીશ. તેને બદલે ગુપ્ત-દાનમાં, યોગ્ય વ્યકિતઓને શોધી કાઢી એ પૈસાનો લાભ આપીશ.

આ પત્ર લખનાર અને પ્રસંગાલેખન કરનાર ભાઇ મારા એક અંગત મિત્ર જેવા છે. તેઓ દરેક વર્ષે ને દરેક પ્રસંગે સારો એવો નાણાંનો સદ્વ્યય કરે છે. કોઇને ભોંઠા-મણ જેવું ન લાગે એ માટે એમના તથા એમના સહકાર્યકરો અને સંઘના આગેવાનોનાં નામ ઇરાદાપૂર્વક અત્રે પ્રગટ નથી કર્યાં. તેમના બીજા અનુભવો હવે પછી વર્ણવીશું.

પણ, આ ઉપરથી બોધ લેવા જેવી વાત એ છે કે દેવદ્રવ્ય અંગે ધર્મમાં અટલ શ્રધ્ધા અને લાગણી ધરાવનારા અને તેમાં સારાં એવાં નાણાં ખર્ચ-નારાઓ પણ હવે વસ્તુને નવી રીતે વિચારતા થયા છે. આમાં સુધારાવાદની કોઇ વાત નથી. પરંતુ, ધીમે ધીમે સમાજમાં વૈચારિક ક્રાંતિ થતી જાય છે તે નિશ્ચિત છે અને તે પ્રત્યે દુર્લક્ષ સેવવું પરવડી શકે એમ નથી. જેવી રીતે તપ અને ત્યાગ વધતાં જતાં જોવામાં આવે છે, તેવી રીતે યુવાન માનસમાં વિચારધારાનો પણ વિકાસ થતો જાય છે એ આપણે સમજવું પડશે અને આ અંગે નક્કર પગલાં લેવાં પડશે. પૂજ્ય આચાર્ય ભગવંતો જેઓ ભગવાન મહા-વીરની પાટ ઉપર બિરાજે છે અને તીર્થંકર ભગવંતની અનુપસ્થિતિમાં, તેમની આફ્રક જ લોકોને ધર્મના માર્ગે દોરવાની સત્તા ધરાવે છે, તેમણે જ આગળ આવીને આ અંગે યોગ્ય માર્ગદર્શન આપવું જોઇએ એ જરૂરી છે. એવું નમ્રભાવે સૂચન કરવાની આ તક લઇએ છીએ."

આ લેખ દ્વારા ધર્મપ્રિયે જે ભાઇ દ્વારા જિનમંદિર કે જીવદયા કે ધાર્મિક પ્રસંગોમાં ન આપવાનો અને પરિવારને ના પાડવાનો વિચાર રજુ કર્યો છે પરંતુ વૈભવશીલ જીવન મોટી મહોલાતો અને વ્યસનો સ્વચ્છંદ આચારો બંધ કરવાનો કોઇ નિર્દેષ કર્યો નથી તે સૂચક છે.

સાધર્મિક ભકિત માટે તો દરેક સાધુ પર્યુંષણમાં જોરદાર ઉપદેશ આપે છે. અને એક બાજુ સઘળા ધર્મો એક બાજુ સાધર્મિક ભકિત-સમાન કે અધિક સમજાવે છે તેના દૃષ્ટાંતો પણ વર્ણવે છે. આ ઉપદેશ સાંભળનારા નથી કે સાંભળે તેઓને મગજનાં બેસતું નથી બાકી દેવદ્રવ્યની જરૂર નથી વિગેરે વાયડી વાતો તે ક્રાંતિ નથી. પણ ભ્રાંતિ છે. યુવાનોનું માનસ પરિવર્તન આવ્યું છે. તે ભ્રમ છે કેમકે જે યુવાનો સમજુ છે તે ભકિત પણ કરે છે અને સાધર્મિક ભકિત કરે છે અને વ્યસનથી દૂર પણ રહે છે. જે અણસમજુ છે તે આ ધર્મપ્રિયના લેખથી કદાચ ઉલગી જાય અને જિન-

ભક્તિથી દૂર રહે તેમ બને પણ મોજશોખ અને વ્યસન છોડી દે તેમ બને નહિ માટે આત્માને અહિતકારી એવી ધર્મપ્રિયની ક્રાંતિની વાત અયોગ્ય છે.

આજે કરોડોની આવક વાળાઓ જો સાધર્મિકની સંભાળ રાખે પોતાના સ્વજનોની સંભાળ રાખે તો ૮૦ ટકા પ્રશ્નો તો ત્યાંજ પતી જાય છે બાકી ઘણા સાધર્મિકો પોતાના પુણ્ય પ્રમાણે જીવવા માગે છે પારકે પૈસે શુકવાર કરવામાં પણ માનતા નથી.

૨૫ વર્ષ પહેલાં એક ભાઇ ૧૦૦૦ રૂા. જેવી ટુંકી આવકમાં ચલાવતા તેમના સબંધીએ મોટી ફેકટરીમાં તેમનું નામ લખી વાર્ષિક ૨૫૦૦૦ મોકલીશ તમારે કાગળો મોકલું તેમાં સહી કરી દેવી. તે ભાઇએ કહ્યું મારે છે તે બરાબર છે આવા મોટા આરંભ સમારંભમાં સહી કરીને પૈસા નથી જોતા.

એક ભાઇની તાજી વાત છે પુત્રે પિતાને નામે જમીન લીધી બાંધકામની યોજના મૂકી. પિતા કહે મારા નામે કંઇ કરતો નહિ મારે આવા આરંભ છેલ્લી વયમાં કરવા નથી કરાવવા નથી અને તું પણ વધુ બાંધકામમાં પડ નહિ.

કહેવાનો આશય એ છે સાચા સાધર્મિક ન છૂટકે જ સહકાર લે છે અને તે દર્શન પૂજન સામયિક પ્રતિક્રમણ, વ્રત પચ્ચક્ખાણ સ્વાધ્યાય વ્યાખ્યાન, સેવા ભક્તિમાં સદા સંયોગ મુજબ ઉજમાળ રહે છે જ્યારે સહાય લેવા તત્પર રહેનારા સીનેમા બીડી ચા વ્યસન હોટલો જ્યાં ત્યાં રખડવું વિ. કરે છે તે સમજણની ખામી છે. પરંતુ શ્રાવકો પોતે જ પોતાના હાથે સગા સબંધી સાધર્મિક તો તેની શરમ પડે, અયોગ્ય માર્ગે ન જાય અને ફરી ફરી તેવાની ભક્તિ પણ કરવાનું મન થાય.

મુંબઇના એક શેઠ આવેલાને કહેતા ફરી મારૂં બારણું ચડવું ન પડે તેવો કસબ ધંધો કર અને માગે તેથી અધિક આપતા. આજે તેવા કેટલા ? કરોડ પતિઓ કે મોટી આવક વાળા પોતે વિશ્વાસ હોય તેવાને પણ સહાય કે લોન આપીને ટેકો આપે તો આ પ્રશ્ન ચપટી વગાડતા પતી જાય છે થરાદમાં આણુ શેઠે એકલાએજ ૩૬૦ લખપતિ બનાવ્યા હતા. વગર વ્યાજે લોન ૭૫૦ હજાર જેવી એક જ્ઞાતિમાં અપાય છે કદાચ ૫-૧૦ ટકા ખોટા નીકળે પણ ૮૦-૯૦ ટકા સારા નીકળે તે બીજા અનેકનો ઉદ્ધાર કરે. પરંતુ માત્ર બોલનારા અને શીખામણ દેનારા હોય પણ જીવનમાં ઉતારનારા ન હોય ત્યાં સુધી સાધર્મિક ભક્તિની લૂખી વાતો ચાલ્યા જ કરવાની અને ધર્મપ્રિય જેવા તે લાવીને જિનભક્તિ આદિને ઉડાડવાની વાતો લખ્યા જ કરવાના. એ ગમે તેમ કરે પરંતુ જિન ભક્તોએ પોતાના કર્તવ્યમાં કટિબદ્ધ બનવું એ જરૂરી છે.

૨૦૫૦ વૈશાખ સુદ-૩ બારડોલી (ગુજરાત) જિનેન્દ્રસૂરિ

શાસન સમાચાર

તખ્તગઢ – અત્રે પૂ. આ. શ્રી ચિદાનંદ સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં શ્રી આદિનાથ જૈન મંદિરમાં શા. માણેકચંદ ચેલરામજીના બે ઉપધાન તથા શ્રીમતી હંસાબેન માણેકચંદજી ના ત્રણ ઉપધાન વરસીતપ વીશ સ્થાનક નવ્વાણું યાત્રા તથા શ્રી સમેતશિખરજી આદિ તીર્થ યાત્રાના અનુમોદનાર્થે તેમના પરિવાર તરફથી જીવીત મહોત્સવ પાંચ છોડના ઉજમણા સહિત વૈ. વદ–૫ થી વદ–૯ સુધી પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો છેલ્લે દિવસે સ્વામી વાત્સલ્ય કર્યું.

મુંબઇ-બોરીવલી– અત્રે ચંદાવરકર લેનમાં શ્રી મહાવીર સ્વામી જિનમંદિરે પ. પૂ. આ. ભ. શ્રી વિજય રાજતિલક સૂ. મ. તથ પૂ. આ. ભ. શ્રી વિજય મહોદય સૂરીશ્વરજી મ. ની નિશ્રામાં પૂ આ. શ્રી વિજય રાજતિલક સૂરીશ્વરજી મહારાજની ૧૦૦+૧૦૦+૭૯ મી વર્ધમાન તપની ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે વૈ. સુ. ૧૧ થી ૧૩ સુધી શ્રી શાંતિસ્નાત્ર શ્રી અષ્ટાહ્નિક અભિષેક સહિત ત્રણ દિવસનો જિને-દ્રભક્તિ મહોત્સવ શ્રી તપગચ્છ ઉદય કલ્યાણ મૂર્તિપૂજક જૈન ટ્રસ્ટ દ્વારા ભવ્ય રીતે આયોજન કર્યું. વૈ. સુ. ૧૨ ના બે દીક્ષાર્થીનો વરસીદાનનો વરઘોડો તથા સુદ ૧૩ ની દીક્ષા અને તે દિવસે સકલ શ્રી સંઘનું સાધર્મિક વાત્સલ્ય થયું હતું.

કોલ્હાપુર – અત્રે શા. ગુલાબચંદ જશાજી રાઠોડના સુપુત્ર શા ટેકચંદજીની સુપુત્રીઓ કુમારી રેખાકુમારી તથા કુમારી લતાકુમારીની દીક્ષા નિમિત્તે પૂ. આ. શ્રી વિજય જયકુંજર સૂરીશ્વરજી મ. તથા પૂ. આ. શ્રી વિજય મુકિતપ્રભ સૂરીશ્વરજી મ. તથા પૂ. ગણિવર્ય શ્રેયાંસપ્રભ વિ. મ. ની નિશ્રામાં વૈશાખ સુદ–૫ થી ૧૩ સુધી શાંતિસ્નાત્ર આદિ અઠ્ઠાઈ મહોત્સવનું ભવ્ય આયોજન થયું. વરસીદાનના વરઘોડા માટે ભવ્યાતિભવ્ય આયોજન તથા સાજ મંગાવવામાં આવ્યું હતું.

અમદાવાદ – અત્રે નવરંગપુરામાં પૂ. આ. શ્રી. વિજય મિત્રાનંદ સૂ. મ. સા. તથા પૂ. મુ. શ્રી ભવ્યદર્શન વિ. મ. ની નિશ્રામાં વૈ. સુ–૪ રવિવારથી ચાર રવિવાર સુધી બાર વ્રત સમજાવવા માટે જાહેર વાંચના રાખવામાં આવી છે પ્રવચન બાદ અલ્પાહારથી ભક્તિ થાય છે.

લીંબડી – અત્રે શ્રી હસમુખલાલ ચીમનલાલ દોશીના ધર્મપત્ની અ. સૌ. ચંદ્રાબેનના વરસીતપના પારણા વૈ. સુ–૩ સવારે ૯–૧૫ કલાકે ઉત્સાહથી થયા હતા. આ પ્રસંગ પૂ. આ. શ્રી વિજય પુણ્યપાલ સૂરીશ્વરજી મ. ની આજ્ઞાથી પૂ. મુ. શ્રી કમલરત્ન વિ. મ. ના શિષ્ય પૂ. મુ. શ્રી દર્શન વિજયજી મ. ચુડાથી પધાર્યા હતા.

પ્રવચન થયેલ બાદ પારણા થયેલ પૂ શ્રી હસમુખભાઇને ત્યાં પ્રવચન ગુરૂપૂજન આદિ થયા બીજે પણ બે પુન્યશાળીઓને ત્યાં પ્રવચન ગુરૂપૂજન આદિ થયા પ્રસંગ સુંદર ઉજવાયેા.

અત્રે સમેતશિખર તીર્થ અંગે વટ-હુકમનેા વિરેાધ કરવામાં આવેલ તથા તારેા કરવામાં આવ્યા.

૮૫ વર્ષની ઉંમરે તપસ્વી પૂ. સા. શ્રી મહેન્દ્રપ્રભાશ્રીજી મ. નેા કાળધર્મ

જામનગર – દિગ્વીજય પ્લેાટ શાંતિ-ભવન ઉપાશ્રય ખાતે હાલારદેશેાદ્ધારક પૂ. આ. શ્રી વિજય અમૃત સૂરીશ્વરજી મ. ના સમુદાયવર્તી વયેવૃધ્ધ તપસ્વી પૂ. સા. શ્રી મહેન્દ્રપ્રભા શ્રીજી મ. નેા ૮૫ વર્ષની ઉંમરે વૈશાખ સુદ બીજી બેાથના રાત્રે ૧૨॥ વાગ્યે નવકાર મંત્રના શ્રવણ પૂર્વક કાળધર્મ થયેા છે.

રાત્રે ૧૦ા સુધી માળા ગણતા ઉંઘયા પછી ૧૧ા ઉઠયા વાંસામાં દુઃખાવેા થતાં સા. શ્રી સુરેન્દ્રપ્રભાશ્રીજી મ. ને દબાવવાનું કીધું પછી કહે હવે સંથારમાં નહી ફુરશી ઉપર બેઆડ બેસાડયા નવકાર મંત્ર બેાલવા તથા સાંભળવા લાગ્યા અને ૧૨ા વાગ્યે તેમના સંસારી પુત્રી સા. શ્રી સુરેન્દ્રપ્રભા શ્રીજી ના હાથમાં મસ્તક મુકી ઢળી ગયા અને અંતિમ સમય સાધી ગયા.

બપેાર ૩ાા વાગ્યે પાલખી નીકળી તેમના પૌત્રો વિનેાદકુમાર તથા બિજલ-કુમાર વેલજી મુંબઇથી પ્લેનમાં આવી ગયા બધા લાભ લીધેા અગ્નિ સંસ્કાર કર્યો જીવદયાની ૧૫૧ હજારની ટીપ થઇ. સાધ્વીજી મ. એ ૨૦૧૦માં ફા. સુ-૩ ધેારાજીમાં પૂ. આ. ભ. શ્રીના હસ્તે પુત્રી સાથે દીક્ષા લીધી હતી ૧૭ વર્ષીતપ તેમાં ૧૫ વર્ષ તેા લાગલગાટ કરેલ માસક્ષમણ શ્રેણિતપ ૬૦ અટ્ઠાઇઓ વિ. તપ ૩૫ અને સ્વાધ્યાય મય જ જીવન હતું.

પુના – અત્રે ગુલ ટેકરી શ્રી વાસુ-પૂજ્ય સ્વામી જૈન સંઘમાં શા. વાલચંદ શંકરજી જૈન તરફથી તેમના સંસારી પુત્રી પૂ. સા. શ્રી ધર્મશીલા શ્રીજી મ. તથા સંસારી ભાણેજ પૂ. સા. શ્રી ચારિત્રપૂર્ણા શ્રીજી મ. ના ઉપદેશથી જમીન દાન સાથે શ્રી જિનમંદિર બંધાવી શ્રી સંભવનાથજી આદિ જિનબિંબેાની પ્રતિષ્ઠાનેા અદ્ભુત મહેાત્સવ પૂ. આ. શ્રી વિજય વિચક્ષણ, સૂ. મ. પૂ. આ. શ્રી વિજય રાજશેખર સૂ. મ. પૂ આ. શ્રી વિજય વીરશેખર સૂ. મ. આદિની નિશ્રામાં અષ્ટોત્તરી સ્નાત્ર સાથે મહા સુદ-૧૩ પ્રતિષ્ઠા સાથે ભવ્ય રીતે ઉજવાયેા.

અત્રે શા. ધર્મીજી ખુશાલજી કાંગટાણી પરિવાર તરફથી ચિ. પુત્રી શિલાકુમારીની મહા સુદ-૮ ના ઉપર મુજબ પૂજ્યો ની નિશ્રામાં ભવ્ય વરસીદાનના ભવ્ય વરઘેાડા આદિ સાથે ઠાઠથી થઇ હતી,

રાણી – અત્રે પૂ. આ. શ્રી વિજય સુશીલ સૂ. મ. ની નિશ્રામા થયુ અષ્ટા-પદ જૈન તીર્થ-સુશીલ વિહારનું ખનન વૈ. સુ-૧૦ અને શીલાસ્થાપન ૧૦-૭-૬૪ ના થશે.

(અનુ. ટાઇટલ ૨ નું ચાલુ)

માટે જે પરમોપકારી પરમર્ષિઓ તે જ વાતને ભારપૂર્વક સમજાવતા કહે છે કે–"ભાઈઓ ! આ શરીરનો રાગ કરીકરીને, શરીરની માયા–મમતામાં મસ્ત બનીને ઘણું રખડયા. જો આ ભવભ્રમણની રખડપટ્ટીનો અંત લાવવો હોય તો આ શરીર ઉપરથી માલિકીનો–મારાપણાનો ભાવ દૂર કરો, આસકિત–લાલસાને નેસ્ત નાબૂદ કરો તો જ આ વિનાશી શરીરથી અવિનાશી પણાને પામી શકશો. આ શરીરનો સર્વથા સંગ છૂટી જશે અને નિઃસંગપણાને પામી નિજાનંદની મસ્તીમાં મસ્ત બની જશો" પુણ્ય યોગે પ્રાપ્ત પ્રજ્ઞાનો આમાં જ ઉપયોગ કરવો તે જ હિતાવહ છે. તો મહાપુરૂષોની આર્ષ-વાણીનો સાક્ષાત્કાર કરવા શરીરનો સંગ છોડવા આજથી જ ઉજવાળ બની આત્માની અવિનાશી અવસ્થાને પામો તે જ શુભ ભાવના

– પ્રજ્ઞાંગ

ઉપદેશક કે પક્ષકાર

જૈન રોશ્યલ ગ્રુપ બોરીવલીએ શ્રી મહાવીર જન્મ કલ્યાણક ને બદલે જયંતિ ઉજવવા માટે ગુજરાત સમાચાર તા. ૨૨–૪–૯૪ મોટી જાહેરાત આપી છે અને સાથેસાથે મહાવીર જન્મ કલ્યાણકનો વિવાદ ન કરવા તથા લાલુ પ્રસાદના ઢીંગલા ઢીંગલી ન બનવા વિ. પ્રેરણા લખી છે.

ખરેખર આ યુવાન ગ્રુપ મુર્ખ તો નથી જ છતા ઉપદેશક બનીને ઉજવણી તો પક્ષાપાત ભરી યોજી છે ઊંડા ઉતરવાનું નહી અને દેખાવ યોજવાની આજની ફેશનનો જ આ પ્રેગર બની રહે છે.

વળી તે દિવસે જિન ભકિત કે ગુણગાનને બદલે જૈન ડાયરો રાખ્યો છે અને બીજે દિવસે બંધુ ત્રિપુટીનું પ્રવચન રાખ્યું છે. આમ પોતે જ વિવાદાસ્પદ આયોજન શકે છે તો તેમના ઉપદેશની મહત્તા નથી જરા ઊંડા ઉતરો તો ચારે ફિરકાનું હિત થાય તેવું જરૂર કરી શકશો.

સુધારો

શબ્દ લાલિત્ય ૪

આડીચાવી નં. ૧૫ કાર્યમાં વ્યસ્ત (૨)
ઉભીચાવી નં. ૧ તકરાર (૫)
આડીચાવી નં. ૩૪ સત્પુરૂષ (૨)

આ શબ્દ લાલીત્યના જવાબો તા. ૧૭–૬–૯૪ સુધીમાં મોકલવાના હતા પણ સુધારો હોવાથી હવે તેના જવાબો તા. ૨૮–૬–૯૪ સુધીમાં મોકલવા

સહકાર આભાર

૪૦૦) શ્રી હરીશભાઇ એમ. વૈદ્ય શ્રી કુમારપાળ ધનપાળ કાપડીયાની પ્રેરણાથી વડોદરા

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

પ્રવચન પરિક્રમા

સ્વ પ પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજીમહારાજ

- મોક્ષ જોઇતો હોય તો મોક્ષ કઠીન નથી. ન જોઇતો હોય. તેને મોક્ષ કદિ ન મળે.
- સાધુને કોઇ અધર્મ કરવાની જરૂર નથી. તમારે અધર્મ કર્યા વિના ચાલે તેમ નથી. માટે જ ધર્મ સમજેલાંને ગૃહસ્થપણું ગમે જ નહિ. સાધુપણું જ ગમે.
- આ મનુષ્યપણું પામ્યા પછી, આટલી સામગ્રી પામ્યા પછી પણ ગૃહસ્થપણું જ ગમે છે તે સૂચવે છે કે ધર્મ સમજાયો નથી.
- દેવ–ગુરૂ–ધર્મ–ધર્મી અને ધર્મની સામગ્રી ધર્મક કરાવનાર છે અને અધર્મથી બચાવનાર છે.
- આજે મોટોભાગ ધર્મની સામગ્રી વસાવવા 'ભિખારી' છે. સંસારની–પાપની સામગ્રી વસાવવા 'શ્રીમંત' છે
- સંસારમાં જ મજા આવે અને મોક્ષનો જેને ખપ નહિ તે બધા પાપી.
- આજનું બજાર એટલે પાપ કરવાનું ખુલ્લું મેદાન. બજારમાં પાપ કરવા જવું જાય. ધંધો પાપ તો ઠીક પણ ધંધામાં ય પાપ કરે. વધારે પૈસાવાળા વધારે પાપ કરે.
- સુખ જેને ખરાબ લાગે તે ડાહ્યો ગણાય. સુખ જેને સારા લાગે તેવો આદમી ગમે તેટલું ભણે–ગણે તો ય પાગલ ગણાય.
- સાધુપણું મૂળમાં સારું છે. ગૃહસ્થપણું મૂળમાં ખરાબ છે.
- તમે કર્મના મિત્ર છો, ધર્મના શત્રુ છો.
- ધનવાનો જ્યારે ભિખારી જેવા પાકે ત્યારે ભિખારી પણ ચોર જેવા પાકે.
- સંસાર સારો લાગવો–માનવો તે મિથ્યાત્વ. આ–આ બધું મને મળો તેનું નામ અવિરતિ. તેના ક્રોધ–માન–માયા–લોભ ખીલેલા જ હોય. તેને લઇને તે ન કરવાના કામ કરી કરીને સંસારમાં રખડે.
- જીવને ખરાબ કરનાર પ્રમાદ છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ) C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

૫૨૫૯ ૧૯-૧૨-૨૨

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

–સંતોષ એ જ સાચું ધન છે–

संतोषामृततृप्तानां, यत्सुखं शान्तचेतसाम् ।
कुतस्तद्धन लुब्धनामितश्चेतश्च धावताम् ? ।।

વર્ષ ૬

અંક ૪૪

પ્રશાન્ત ચિત્તવાળા અને સંતોષ રૂપી અમૃતથી તૃપ્ત એવા જીવોને જે સુખ છે તે ધનના લોભી અને તે માટે આમ તેમ દોડતા ભટકતા જીવોને કયાંથી હોય ?

–: જૈન શાસન લવાજમ :– (નવા દર)

૧ વર્ષ રૂા. ૫૧/ પાંચ વર્ષ રૂા. ૨૫૧/
૨ વર્ષ રૂા. ૧૦૧/ આજીવન રૂા. ૫૦૧/

લવાજમ વાર્ષિક દેશમાં રૂા.

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં

❋ ખોટું ન લગાડતા હો ને ! ❋

– શ્રી ભદ્રંભદ્ર

અંતકડની વિરાધના નવિ કરીએ.

(જરા ગાઈને વાંચજો) રાગ–ગધેડા સૂર)

'ડબલા વાગે, બબલા વાગે, તબલા વાગે સઈ
અંતકડી જેને રમવી હોય તે, ગરબડ કરશો નહિ.'
'હુ' આવ્યો બોલો ભઈ 'હ' ઉપર
'હે રામચંદ્રજી ! કહ ગયે સિંહાસે ઐસા કલીયુગ આયેગા
હંસ ગાયેગા કા કા કૌઆ કૌઆ મોતી ખાયેગા' બોલો તમને 'ગ' આવ્યો.
'ગૈયા ગૈયા થા થૈ. થૈયા થૈયા થા શૈ' આવું એક ભઇ બોલ્યા. એટલે વિરોધ પક્ષની ધલેવને કીધુ કે–'ઇ યે બા. અવું કયા પીક્ચરમાં આવે છે, બોલો તો ભઇ.'

એવું થોડું છે કે કયાં ય આવતુ હોય ઇ જ બોલાય. ?

હસ્તો કંઇ જાતે જોડી નાંખેલું ના ચાલે.

શેનું ના ચાલે ? આ તે કંઇ સાચુકલુ થોડુ રમીએ છીએ. તે હ થે બનાવેલું ના ચાલે, હા હજી ટેરાસરમાં કે પડિકમણમાં ના બોલીએ પણ આ તો બે ઘડીની ગમ્મત એમાં કંઇ આવા નિયમો ના લગાડાય.

ના ચાલે એટલે ના ચાલે. જોડી કાઢેલા ગવાતા હોય તો તો કેઇ કયારે ય જીતી ના શકે. બોલો આ ગીત કયા પિચ્ચરનું છે ? કે કયાં ધોરણની કવિતા છે ?

ઓત્તારી અહીં પણ શાસ્ત્રાધાર આપવાનો ? આય ખરૂં હો !

બોલ ભઇ તારે રમવું હોય તો ગીતો થોડી ઘરની ને થોડી પિચ્ચરની લીટીઓ જોડેલા નહિ ચાલે, બોલ. આ તો મન ફાવે ત્યારે ઘરનું કાવ્ય શાસ્ત્ર લઇ આવે, ને મન ફાવે ત્યારે પિચ્ચરનું લાવે, ને કયારેક ઘરનું ને પિચ્ચર નિશાળની ચોપડીનું કાવ્યશાસ્ત્ર ભેગુ કરીને બોલે આ તે કંઇ રીત છે. ? કોઇ મર્યાદા–નીતિ–નિયમો તો હોવા જોઇએ કે નહિ ?

અચ્છા મને હવે સમજાયુ. આવું શાસ્ત્ર પાઠ–(કાવ્યપાઠ કે પિચ્ચર ગીત પાઠ) પ્રમાણે જ બોલવાના સંસ્કારો તો આપણે નાના હતા ત્યારથી જ પાડયા છે કેમ ? તો તો આપણે જે સાધુ–મહાત્માઓ 'શાસ્ત્ર પ્રમાણે જ–જિનાજ્ઞા પ્રમાણેજ વર્તવાનુ' કહે છે તે ખોટું ન જ કહેવાય. મેં તો એવા મહાપુરૂષોને શાસ્ત્રનું ગદ્ધાપૂચ્છ પકડી રાખનારા ગણીને મોટી અવહેલના કરી હોં. એ મહાપુરૂષોની નિંદામાં જ મેં તો માનવ જનમ વેડફી નાંખ્યો.

અંતકડીએ અંતે કેડીની કડી બતાવી ખરી હોં. બોલો અંતકડીકી જય.

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર

જૈન શાસન

• અઠવાડિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુલુંડ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરચંદ શેઠ (વઢવાણ)
ચંદ્રશેખર પ્રેમજી ગુઢકા (થાણા ગઢ)

વર્ષ ૬ | ૨૦૫૦ જેઠ વદ-૫ મંગળવાર તા. ૨૮-૬-૯૪ [અંક ૪૪

શ્રી જિન ભક્તિ

પ્રવચન-છઠું

૨૦૨૮, મ.ગશર સુદ-૧ શુક્રવાર, તા. ૧૯-૧૧-૧૯૭૧ ખેડા

– પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના પરમાર્થને પામેલા પરમર્ષિને જે અનુભૂતિ થઇ છે તે પ્રગટ કરતાં કહે છે કે–"હું આ સંસારમાં જ્યાં સુધી રહું ત્યાં સુધી સદાને માટે મને શ્રી જિનભક્તિ હોજો." આ સંસાર દુઃખમય છે, કેમકે, પાપમય છે માટે. આ સંસારમાં વાસ્તવિક સુખની અનુભૂતિ તે જ આત્માને થાય કે જેના હૈયામાં સાચા ભાવે શ્રી જિનભક્તિ પેદા થાય. બીજાને થાય નહિ. ભગવાનની આજ્ઞાનો અમલ કરવાનું મન થાય તો આવી ભક્તિ પેદા થાય.

આ દુઃખમય સંસારમાં દુઃખ આવે તે નવાઇ કે, ન આવે તે ? ભગવાનની આજ્ઞાના મર્મને સમજેલો આત્મા દુઃખથી ગભરાય કે દુઃખનું સ્વાગત કરે ? ભગવાનને ભજનારને દુઃખ ન હોય કે તે દુઃખી ન હોય ? **દુઃખ હોવું તે સંસારનો સ્વભાવ. દુઃખી ન થવું તે આત્માનો સ્વભાવ.** આ વાત સમજાય તેને ભગવાનને ઓળખવાનું મન થાય. ભગવાનની સેવા–ભક્તિ કરવા છતાં પણ આપણે ભગવાનને ઓળખીએ ખરા ?

આજના ભક્તો જુદી જાતના છે. જેની સેવા–ભક્તિ કરે તેને ઓળખે પણ નહિ તે ચાલે ! તમે જે ભક્તિ કરો તે શક્તિ મુજબ કરો ? શક્તિમુજબ નથી કરતા તેનું દુઃખ પણ છે ? આ ઉત્સવ તો પૂરો થઇ જશે પણ તમે હતા તેવાને તેવા જ રહેશો.

પાયાની વાત નક્કી કરી લો કે, આ સંસારમાં દુઃખ હોય તેમાં નવાઈ નહિ પણ તે દુઃખમાં દુઃખી થાય, ગભરાય તે બધા તો દુઃખી થવા જ સર્જાયા છે. 'દુઃખ મારાથી કેમ વેઠાય ?' આમ કહેનારને જ્ઞાનિઓ કહે છે કે, દુઃખ કાયમ વેઠવું જ પડશે, દુઃખથી મુક્તિ મેળવવી હોય તો દુઃખ વેઠવા શીખવું જોઈએ. દુઃખ નથી વેઠવું, દુઃખ ન વેઠાય–આ વાત કરવાની જ નહિ. આવું જે સમજે તે કદાચ ભગવાનને ન ઓળખતો હોય તો ય ભગવાનનો ભગત છે. સંસારમાં દુઃખ હોય જ. શરીર વળગ્યું ત્યાં દુઃખ હોવાનું જ. **સંસારના સુખમાં લહેર કરે તે દુઃખનો મહેમાન થવાનો,** દુઃખની ગભરામણ થાય, ન જોઈએ, વેઠાય નહિ-આ વિચારણા **અજ્ઞાનીની હોય કે જ્ઞાનીની ?**

દુઃખ આવે છતાં દુઃખી કોણ ન હોય ? ભગવાનને ઓળખે તે, ભગવાનની આજ્ઞાને સમજે તે. ભગવાનનો સાચો ભગત તે જ કહેવાય જે ભગવાનની આજ્ઞાને જીવનમાં યથા શક્તિ જીવવાની ઇચ્છાવાળો હોય, સંસારથી છૂટવાની મનોનતમાં હોય, દુઃખને મજેથી ભોગવવા તૈયાર હોય, સુખને લાત મારવા તૈયાર હોય, સુખને લાત ન મારી શકે ત્યાં સુધી સાવધાનીથી જીવે. આ સંસારમાં પાપના યોગે ગમે તેટલું દુઃખ આવે પણ જેનું હૈયું દુઃખી ન થાય તે ધર્માત્મા. આવી શક્તિ ન આવે ત્યાં સુધી સંસાર છૂટે નહિ અને પરમપદ મળે નહિ.

શ્રી જિનભક્તિનું સ્વરૂપ જ આ છે કે, દુઃખમય સંસારમાં દુઃખ આવે જ. ધર્મીને દુઃખ ન આવે તેમ નહિ પણ ધર્મી દુઃખી ન હોય. ધર્મી દુઃખને ધાડ નહિ પણ આશિર્વાદ સમજે છે. આ ભયંકર સંસારમાં દુઃખ ન આવે અને સુખ કાયમ બન્યું રહે તેમ ત્રણ કાળમાં બન્યું છે ? બને ? જન્મ-મરણ અને ગર્ભના દુઃખો વેઠવા પડે કે નહિ ? જ્યાં સુધી દુઃખની ગભરામણ ચાલુ રહે અને સુખની પૂંઠે પડો ત્યાં સુધી ભગવાન ઓળખાવાના નથી. તેને ભગવાનની આજ્ઞા ગમે નહિ અમારી સાથે મેળ જામે નહિ, અમે બધા તેને પાગલ લાગીએ.

જેને આજ્ઞાનો પ્રેમ થાય તેનામાં ભક્તિનો ઉલ્લાસ જન્મે. પછી તેને લાગે કે, દુઃખ સહન ન થાય તે મારી કુટેવ છે. આ-તે સુખ તો જોઈએ જ, દુઃખ વગર તો ચાલે જ નહિ-તે પણ મારી કુટેવ છે. આ કુટેવથી બચવા મારે દુઃખ વેઠવાની તૈયારી કરવી જ જોઈએ. સુખ મળે તો પણ નહિ લેવાની તૈયારી કરવી જોઈએ.

મદારી જોર નીચોવેલા સાપને પણ કરંડિયામાં જ રાખે. જ્યારે ખેલ કરે ત્યારે તેમાંથી બહાર કાઢે પણ જાત તો સાપની છે માટે જડીબુટ્ટી પાસે જ રાખે. સાપ બચકું ભરે તો તરત જ જડીબુટ્ટી ઘસી લે. આવી સાવધાની જેનાથી સુખ છૂટી

ન જ થકે અને સુખની સાથે રહેવું પડે તેને રાખવી જોઇએ. સુખનો ઘમંડ ન જોઇએ. સુખનો ભોગવટો કરે તો તે બચકું ન ભરે તેની કાળજી રાખવાની. ખાવા-પીવામાં ટેસ આવે તે બચકું કહેવાય. આવી સાવધાની ગૃહસ્થપણામાં હોવી જોઇએ. પછી તેવો હાલ ભગવાનની જે ભક્તિ કરે તે અપૂર્વ કોટિની હોય.

ભગવાનને સમજેલાને દુઃખની પરવા ન હોય, સુખની લાલચ ન હોય. સુખ મળે તો સાવચેતીથી ઉપયોગ કરે નહિ તો ચલાવે. આજ્ઞા પર પૂરો પ્રેમ થઇ જાય એટલે તે ચાકરો સમજે, દુઃખની ગભરામણ છે માટે દુઃખ નહિ વેઠવા કેટલા પાપ કરો છો ? સુખ બધા જોઇએ તે લાલચમાંય કેટલા પાપ કરો છો? આ રીતે પાપ કરનારા ભગવાનની સાચી ભક્તિ રે, સાધુની સેવા કરે અને ધર્મ કરે તે બન્યું નથી, બનતું નથી કે બનશે નહિ. પણ ભગવાનની ભક્તિનો ઉત્સવ માંડયો છે તો ભગવાનની આજ્ઞા માનવી પડે ને ? તમે બધા, દુઃખો ભોગવતા નહિ અને સુખ મેળવવા જે કરવું પડે તે કરજો, મજેથી ભોગવજો એમ કહેલું છે ? તે માટે જ દોડાદોડી કરનારા અને તેમાં જ પોતાની હોંશિયારી માનનારા કેવા કહેવાય ? સમજુ કે અણસમજુ ? ભગવાનના સેવકને દુનિયાનું સારામાં સારું સુખ મળે તેની સામે વાંધો નથી પણ 'મારે તો આ જોઇએ જ'-તેની સામે વાંધો છે. તો તે કહે કે, મને દુઃખનો ડર નથી, સુખની પરવા નથી.

તમે સુખ માટે દોડાદોડ કરતા હો તો મારે તમારી લગામ ખેંચવી છે. શ્રોતાના મોંઢાની લગામ વકતાના હાથમાં હોય. ખરાબ રીતે દોડાદોડ કરો તો પાછા ખેંચું. જે અહીં સાંભળવા આવે તે સુદેવ-ગુરૂ-ધર્મનો થઇને આવે ને ? ભગવાનની આજ્ઞાથી આડા ચાલો તો પાછા ખેંચવા માંડુ ને ? દુઃખની ગભરામણ શ્રી અરિહંત પરમાત્માના સેવકને હોય નહિ, તે કાઢવાની મહેનત ચાલુ હોય.

આ સંસારમાં દુઃખ હેરાન કરે, સુખ પાગલ કરે. તે હેરાનગતિમાં અને પાગલપણામાં પડી હું અનાદિથી રખડયો. આ બે દુર્ગુણ ન ટળે તે અનંતકાળ પણ રખડે. તમે બધા કહો કે, હવે અમારે તો વહેલા મોક્ષે જ જવું છે. શ્રી જિનેશ્વર દેવની ભક્તિમાં આલંબન ન હોય તો બાર જ વાગી જવાના છે. જેના હૈયામાં આવી ભક્તિ આવી નથી તે કયારે પાયમાલ થશે તે કહેવાય નહિ. આજનો મોટોભાગ સુખથી પાગલ છે, દુઃખથી દીન દેખાય છે. આવા પાગલો અને દીનો ભગવાનનું નામ લેવાને પણ લાયક નથી. દુઃખમાં દીન અને સુખમાં પાગલ જીવો સાચી ભક્તિ કરી શકે જ નહિ. દુઃખમાં દીન ન બને અને સુખમાં લીન ન બને-આ બે ગુણો આવે તો જ ભગવાન ઓળખાય, સાચા ભાવે ભક્તિ થાય. આવી દશાને સૌ પામો તે જ ભાવના. વિશેષ અવસરે.

જૈન શાસન માટે આ છેલ્લાં યોજના
કાયમી યોજનામાં નામ લખાવવું રહે ચૂકતા
શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) સંચાલિત
'જૈન શાસન' અઠવાડિક-સાતમા વર્ષના પ્રારંભે સં. ૨૦૫૦ શ્રાવણ વદ-૬
મંગળવાર તા. ૨૩-૮-૯૪ ના પ્રગટ થશે.

વિશેષાંક જૈન રત્ન શ્રમણોપાસિકાઓ

દર વર્ષની જેમ ૭મા વર્ષના પ્રારંભે જૈનશાસનના પરમ આરાધક શ્રમણ ભગવંતો, શ્રમણી ભગવંતો તથા શ્રમણોપાસકો તથા શ્રમણોપાસિકાઓ છે. તેમાં "જૈન રત્ન શ્રમણોપાસિકાઓ' એ વિષય ઉપર વિશેષાંક પ્રગટ થશે.

શ્રી જૈન શાસનનું લવાજમ ૫૧) રૂા. છે. ખર્ચ ૮૦ રૂા. લાગે છે તેથી ખર્ચને પહોંચી વળવા વિશેષાંકની યોજનામાં શુભેચ્છક આદિ બનાવાય છે તે કાયમી થઈ શું કરાય તેમ ઘણા ભાવિકો ઇચ્છે છે અને તેથી વિશેષાંકની કાયમી યોજના રજુ કરી છે. સૌ શાસન પ્રેમીઓ તેને વધાવી લેશે. એવી ભાવના છે.

-: નૂતન વર્ષ વિશેષાંક કાયમી યોજના :-

રૂા. ૫૧) હજાર પ્રથમ પેજમાં બે લીટીમાં શુભેચ્છા
ટાઇટલ પેજ-૪ રૂા. ૪૧) હજાર ટાઇટલ પેજ-૨ રૂા. ૩૧) હજાર (આવી ગયું)
ટાઇટલ પેજ-૩ રૂા. ૨૧) હજાર (આવી ગયું)
વિશેષાંક સૌજન્ય શુભેચ્છક રૂા. ૧૧) હજાર વિશેષાંક સહાયક શુભેચ્છક રૂા. ૫) હજાર
વિશેષાંક શુભેચ્છક રૂા. ૧) હજાર

આ કાયમી યોજનામાં જોડાનારની દર વર્ષે વિશેષાંકમાં ઉપદેશક તથા પ્રેરકના નામ સાથે શુભેચ્છા લેવામાં આવશે તથા આ કાયમી યોજનાવાળા શ્રી જૈન શાસનના કાયમી સભ્ય ગણાશે. તથા તેમને જૈન શાસન સો વર્ષ ચાલશે તો પણ કાયમી મળશે. પરદેશમાં રૂા. ૧ હજારવાળાને માત્ર એક વર્ષ એરથી જશે.

આ યોજના પુરી થતાં ભારોભાર પણ લેવાની ભાવના નથી.

આજીવન સભ્ય રૂા. ૫૦૬)

જૈનશાસનના પ્રેમીઓને અવશ્ય યોગ્ય સહકાર આપવા તથા પ્રેરણા કરવા વિનંતિ છે.

C/O. શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વીજય પ્લોટ જામનગર
સૌરાષ્ટ્ર (ગુજરાત) INDIA

સંચાલકો—
શ્રી જૈન શાસન કાર્યાલય

શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ

ઇતિહાસ જાણો અને તીર્થ રક્ષા માટે જાગૃત બનો

(પ્રકરણ-૩) (ગતાંકથી ચાલું)

આ ઝઘડો ટળ્યા પછી શ્વેતાંબર વહીવટદારોને પહાડની ટોચ ઉપર રાત્રે સંરક્ષણ માટે ચોકીદારોને રહેવા ખોલીઓ અને યાત્રાળુઓની સગવડ માટે ધર્મશાળા ઊભી કરવાની જરૂર જણાઇ. શ્વેતાંબરોએ જેવું આ બાંધકામ શરૂ કર્યું કે દિગંબરોએ હઝારીબાગની ડિસ્ટ્રિકટ કોર્ટમાં એક કેસ કરી આ પ્રકારની યાત્રાળુઓની સગવડનો વિરોધ કર્યો. દિગંબરોની દલીલ એવી હતી કે આ આખો પહાડ અને તેનો દરેક પથ્થર પવિત્ર છે. જૈન સમાજના બંને ફિરકાઓ દ્વારા તેને પૂજવામાં આવે છે. તેની પવિત્રતા એટલી બધી છે કે પહાડ પર કયાંય કુદરતી હાજતે જવાય નહિ અને થૂંકી પણ શકાય નહિ. દિગંબરોની દલીલ એવી હતી કે આ કારણે પહાડ પર કયાંય માનવવસવાટ માટેનાં મકાનો બનાવી શકાય નહિ. વળી દિગંબરોની દલીલ એવી હતી કે આ તીર્થમાં દિગંબરોનો પણ અધિકાર હોવાને કારણે શ્વેતાંબરોને ત્યાં ધર્મશાળા કે સ્ટાફ કવાર્ટર્સ બાંધવાનો કોઇ અધિકાર નથી. વળી, શ્વેતાંબરો પર્વતની ટોચ ઉપર જે પ્રવેશદ્વાર બનાવવા માગતા હતા તેનો પણ વિરોધ કરતાં દિગંબરોએ એવી દલીલ કરી કે તેનાથી અમારા પૂજા કરવાના અધિકાર ઉપર તરાપ આવશે. હઝારીબાગની ડિસ્ટ્રિકટ કોર્ટમાંથી આ કેસ રાંચીના સબ-ઓર્ડિનેટ જજની અદાલતમાં ગયો. રાંચીની કોર્ટે એવો ચૂકાદો આપ્યો કે આ તીર્થની માલિકી સમ્મેતશિખરજી તીર્થની મૂર્તિઓની છે. એટલે દિગંબરોને પણ પોતાના ભગવાનની મિલકતની પવિત્રતાની રક્ષા કરવાનો અધિકાર છે. આ કારણે કોર્ટે શ્વેતાંબરોને ચોકીદારો માટે આવાસગૃહ, ધર્મશાળા, કરવાળે વગેરે બાંધતા અટકાવવા માટે મનાઇહુકમ ફરમાવ્યો. શ્વેતાંબરોએ આ ચુકાદા સામે હાઇ કોર્ટમાં અપીલ કરી

હાઇ કોર્ટમાં શ્વેતાંબરોએ જે અપીલ કરી તેનો ચૂકાદો સંપૂર્ણપણે દિગંબરોની વિરૂધ્ધમાં આવ્યો. નીચલી કોર્ટના ચુકાદાને ઊલટાવી નાખતાં હાઇકોર્ટે ઠરાવ્યું કે સમ્મેતશિખરજી તીર્થની માલિકી માત્ર શ્વેતાંબરોની જ છે. પટના હાઇકોર્ટના જજે આ ચુકાદામાં જણાવ્યું કે શ્વેતાંબરો જે બાંધકામ કરી રહ્યા છે તેના દ્વારા દિગંબરોના પૂજા કરવાના અધિકાર પર કોઇ તરાપ આવતી નથી. આ ચુકાદાથી અસંતુષ્ટ થયેલા દિગંબરો પ્રિવી કાઉન્સિલમાં ગયા, પણ ત્યાં પણ તેમનો પરાજય થયો.

સમ્મેતશિખરજીની માલિકી બાબતમાં શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચે ચાલતા ઝઘડાનો ઉલ્લેખ કરી પ્રિવી કાઉન્સિલે ફરમાવ્યું કે રાજાએ આખો પહાડ શ્વેતાંબરોને વેંચી દીધો હોવાથી શ્વેતાંબરો પાસે આ તીર્થના માલિકીહકક છે, તે પડકારી ન શકાય તેવા પ્રિવી કાઉન્સિલે પોતાના ચુકાદામાં કહ્યું કે યાત્રાળુઓની સંખ્યા વધવાને કારણે પૂજારીઓ તેમ જ મંદિરનું કામ કરતા બીજા નોકરોને ત્યાં દૈનિક ધોરણે સેવામાં રાખવામાં આવ્યા છે. આ સામે દિગંબરોએ વાંધો ઉઠાવ્યો નથી. આ પૂજારીઓ અને નોકરો પહાડ ઉપર રાત્રિમુકામ કરતા હતા તેનો હવે પહાડ ઉપર પણ વિવાદ નથી. આ પૂજારીઓને રહેવા માટે આવાસ યાત્રાળુઓની સગવડ માટે ધર્મશાળા અને ચોકીદારો માટે ઓરડીઓ બાંધવાની જરૂર ઉભી થઇ છે. પ્રિવી કાઉન્સિલે આ બાબતમાં કહ્યું કે સૂચિત બાંધકામને કારણે દિગંબરોના પૂજા કરવાના અધિકાર ઉપર કોઇ તરાપ આવે તેવી શકયતા નથી. વળી, સૂચિત પ્રવેશદ્વાર વડે દિગંબરોને પૂજા કરતા રોકવામાં આવશે, તેમ પણ માની લેવાની જરૂર નથી. શ્વેતાંબરોના માલિકીહક્કનો પ્રિવી કાઉન્સિલે સ્વીકાર કર્યો એટલે દિગંબરોના હાથ હેઠા પડ્યા અને તેમણે આ પરિસ્થિતિ સ્વીકારી લીધી બીજી બાજુ, શ્વેતાંબરોએ યાત્રાળુઓની સુવિધા માટે ધર્મશાળા, પ્રવેશદ્વાર પૂજારીઓ માટે ઓરડીઓ વગેરેનું બાંધકામ કરી લીધું. ત્યાર પછીનાં વીસ વર્ષ ખૂબ જ શાંતિનાં રહ્યાં. શ્વેતાંબરો તીર્થનો વહીવટ કરતા અને દિગંબર યાત્રાળુઓ પોતાની પદ્ધતિથી પૂજા કરતા. શ્વેતાંબરો તરફથી તેમને કોઇ અડચણ પડતી નહિ. દિગંબરોએ ઇ. સ. ૧૯૩૩થી લઇ ૧૯૬૫ સુધી શ્વેતાંબરોના તમામ હકકો માન્ય રાખ્યા અને કોઇ વાંધો વચકો કાઢયો નહિ. ઇ.સ. ૧૯૫૩માં બિહાર સરકારે એક નોટિફિકેશન દ્વારા શાંત પાણીમાં એક પથરો નાખ્યો અને સમ્મેતશિખરજીમાં ફરીથી અશાંતિ પેદા કરી.

ઇ. સ. ૧૯૧૮ની સાલથી લઇ ઇ. સ. ૧૯૫૩ સુધી પારસનાથ પહાડની માલિકી શ્વેતાંબરોની હોવા વિશે વિવાદ ન હતો અને સ્વતંત્રતા પછી આવેલી વિવિધ સરકારોએ પણ શ્વેતાંબરોના આ અધિકારને કયારેય નકાર્યો નહોતો. બિહાર સરકારે જમીનદારીની પ્રથા નાબૂદ કરવા માટે ૧૯૫૦માં બિહાર લેન્ડ રિફોર્મ્સ એકટ નામનો કાયદો પસાર કર્યો. આ કાયદા અન્વયે ૧૯૫૩ની બીજી મેના રોજ એક નોટિફિકેશન (નંબર ૯૫૫–એલઆર–જેડએએન) બહાર પાડવામાં આવ્યું. જેમાં જણાવવામાં આવ્યું કે પારસનાથ પહાડ (તૌજી નંબર ૨૦–૧)ની માલિકી હવે બિહાર સરકાર પોતાના હાથમાં લઇ રહી છે. શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘે આ નોટિફિકેશનનો જોરદાર વિરોધ કર્યો અને તે પાછું ખેંચી લેવા સરકાર સમક્ષ વારંવાર રજુઆતો કરી. આ બધી ચર્ચાઓ, મિટિંગો, પત્રવ્યવહાર વગેરેમાં દસ વર્ષ નીકળી ગયાં. શ્વેતાંબરોની રજૂઆતને કારણે બિહાર સરકારે દસ વર્ષ સુધી આ નોટિફિકેશનનો અમલ ન કર્યો. આખરે બિહારના

ત્યારના મુખ્ય પ્રધાને ૧૯૬૪ની પહેલી એપ્રિલે શ્વેતાંબરોની વિનવણી ફુકરાવી દીધી અને નોટિફિકેશનનો અમલ કરવાનો હુંકમ કર્યો. બીજી એપ્રિલે બિહાર સરકારે આખા પહાડનો કબ્જો માત્ર કાગળ ઉપર લઇ લીધો અને ઢોલનગારાં પીટી આ ફેરફારની જાહેરાત પણ કરી દીધી.

શ્વેતાંબર જૈનોના બંધારણે બક્ષેલા ધાર્મિક સ્વાતંત્ર્યના મૂળભૂત અધિકારોનો પણ બિહાર સરકાર દ્વારા ભંગ થતાં શ્વેતાંબર મૂર્તિપૂજકોએ સર્વોચ્ચ અદાલતમાં એક રિટ અરજી) નંબર ૫૮ ઓફ ૧૯૬૪) કરી કહ્યું કે બિહારના લેન્ડ રિફોર્મ્સ એક્ટ (૧૯૫૦) ની કલમ ૪ (૧) દ્વારા અને ૨ એપ્રિલ, ૧૯૬૪ના ઢંઢેરા દ્વારા અમારા મૂળભૂત અધિકારોનો પણ ભંગ થાય છે. આ તબક્કે બિહાર સરકારે એવું વચન આપ્યું કે શ્વેતાંબર જૈનોની ધાર્મિક લાગણી ન દુભાય એવો કોઇ રસ્તો તે કાઢશે, ત્યારે શ્વેતાંબરોએ રિટ અરજી પાછી ખેંચી લીધી. બિહાર સરકાર સાથે અનેક વાટાઘાટો પછી મૂર્તિપૂજક શ્વેતાંબરોએ એક દ્વિપક્ષી કરારનો મુસદ્દો ઘડી કાઢયો, જેને પરિણામે તા. ૨ મે, ૧૯૬૫ના રોજ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી અને બિહાર સરકાર વચ્ચે એક કરાર કરવામાં આવ્યો અને તેને રજિસ્ટર પણ કરાવવામાં આવ્યો. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ત્યારના અધ્યક્ષ કસ્તુરભાઇ લાલભાઇએ આ કરારમાં સમગ્ર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના પ્રતિનિધિ તરીકે સહી કરી. બિહાર સરકારે આ તીર્થસ્થળ ઉપર મુર્તિપૂજક શ્વેતાંબર જૈનોના માલિકી, વહીવટ વગેરેના અધિકારો માન્ય રાખ્યા. આ કરારની વિગત નીચે મુજબ છે.

(૧) બંગાળમાં ફોર્ટ વિલિયમની હાઇ કોર્ટમાં ચાલેલા કેસ દરમિયાન અદાલતે શ્વેતાંબરોના જે તમામ અધિકારો ગણાવ્યા હતા તે અને ત્યાર બાદ શ્વેતાંબરોએ પ્રાપ્ત કરેલા અધિકારો બિહાર સરકારે માન્ય રાખ્યા અને એવું વચન આપ્યું કે સરકાર તેમાં કોઇ જાતની દખલ નહિ કરે અથવા તો તેનો ભંગ થાય તેમ કરવાની કોઇને રજા આપવામાં નહિ આ.વે. (શ્વેતાંબરો દ્વારા પ્રાપ્ત કરેલા અધિકારોમાં ૧૯૧૮માં ઝઘડો ટાળવા માટે પાલગંજના રાજા પાસેથી મેળવેલા માલિકીહકકોનો પણ સમાવેશ થાય છે.)

(૨ બિહાર સરકારે જાહેર કર્યું કે ૨ મે, ૧૯૫૩ના રોજ જે પરિપત્ર બહાર પાડવામાં આવ્યો તેમાં પારસનાથ પહાડ ઉપર આવેલાં મંદિર, ધર્મશાળા વગેરેનો સમાવેશ કરવામાં આવતો નથી. આ પહાડ પર જેટલા મંદિરો, મુર્તિઓ, ટેકરીઓ, ટૂંકો અને ધાર્મિક સ્થળો આવેલાં છે, એ તમામનો અંકુશ અગાઉ મુજબ શ્વેતાંબરોના હાથમાં રહેશે. શ્વેતાંબરો અગાઉ મુજબ જ તીર્થક્ષેત્રમાં પૂજા વગેરે કરી શકશે અને તેમાં સરકાર કોઇ દખલ કરશે નહિ.

(૩) સમ્મેતશિખરજી તીર્થના વિસ્તારમાં જે જંગલ આવેલું છે તેનો વહીવટ બિહાર સરકારનું જંગલ ખાતું કરશે, પણ તેઓ શ્વેતાંબરોને તેમની ધાર્મિક વિધિ ઉત્સવોની ઉજવણી વગેરેમાં કયાંય બાધારૂપ નહિ બને. જંગલની પેદાશોના વેચાણમાંથી જે ચોખ્ખો નફો થાય તેમાંથી ૬૦ ટકા રકમ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને મળે અને બાકીનો ૪૦ ટકા હિસ્સો જંગલ ખાતાને મળે, એવું પણ આ કરારમાં નકકી કરવામાં આવ્યું.

(૪) બિહાર સરકારે શ્વેતાંબરોના અધિકારોનો સ્વીકાર કર્યો હોવાથી ૧૯૫૦ના બિહારના જમીન સુધારણા કાયદા મુજબ કોઇ વળતર સરકારે શ્વેતાંબરોને ચૂકવવું નહિ, એવું પણ નકકી કરાયું.

(૫) જંગલના વિકાસ અને વહીવટ બાબતમાં બિહાર સરકારને સલાહસુચન આપવા એક સલાહકાર મંડળની રચના કરવી, જેમાં શ્વેતાંબર મુર્તિપૂજક સંઘના બે અને બિહાર સરકારના બે, એમ કુલ ચાર પ્રતિનિધિઓ હોય. આ કમિટીના ચેરમેન ના નામ માટે શ્વેતાંબરો તરફથી ત્રણ સભ્યોની પેનલ સૂચવવામાં આવે, જેમાંથી બિહાર સરકાર એક નામની પસંદગી કરે.

(૬) પહાડની ટોચ પરથી અડધા માઇલની ત્રિજ્યા ધરાવતો વિસ્તાર જંગલ ખાતાના વહીવટથી મુકત રાખવામાં આવે. જંગલ ખાતાના વહીવટમાં જે જમીન રહે તેમાં મુર્તિપૂજક શ્વેતાંબરો કોઇ ધાર્મિક હેતુઓ માટે કે યાત્રિકોની સુવિધા માટે બાંધકામ કરવા માગે તો જંગલ ખાતા તરફથી કે રાજય સરકાર તરફથી કોઇ વાંધો ઉઠાવવામાં આવશે નહિ.

(૭) પારસનાથ પહાડ ઉપર શિકાર, મચ્છીમારી, પશુપંખીની કતલ તેમ જ માંસાહાર ઉપર પ્રતિબંધ કાયમ રહેશે.

(૮) જંગલની જાળવણી માટે જે કોઇ જંતુનાશક દવાઓ વાપરવામાં આવે તે જૈન ધર્મના અહિંસાના સિધ્ધાંતથી વિરૂધ્ધ ન હોય તેની કાળજી રાખવામાં આવશે.

(૯) સરકારી ફોરેસ્ટ ઓફીસર અને તેમના કર્મચારીઓ જૈન સંઘની ધાર્મિક લાગણીઓની પૂરેપૂરી કાળજી રાખશે અને યાત્રાળુઓ પૂજા તેમજ ઉત્સવની ઉજવણી માટે પહાડ ઉપર જશે ત્યારે તેમને કોઇ અંતરાય પહોંચાડવામાં આવશે નહિ.

(૧૦) શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ધાર્મિક હેતુઓ માટે જંગલના લાકડાંની કે અન્ય પેદાશની જરૂર પડે તો તે જંગલમાંથી પ્રાપ્ત કરવાની પૂરેપૂરી સ્વતંત્રતા તેમને રહેશે.

આ રીતે બિહાર સરકારે ૧૯૫૩ના નોટિફિકેશન દ્વારા શ્વેતાંબર જૈન વહીવટ-દ્વારા પાસેથી જે કંઈ ઝુંટવી લીધું હતું તે ૧૯૬૫ના કરાર દ્વારા તેમને પાછું આપ્યું. શ્વેતાંબરોને ધરપત થઇ, પણ દિગંબરોના પેટમાં તેલ રેડાયું અને તેમણે આ કરાર રદ કરાવવા ઝુંબેશ શરૂ કરી. આ ઝુંબેશને પરિણામે બિહાર સરકારે દિગંબરો સાથે એક અલગ કરાર ઉપર ૧૯૬૯ની સાલમાં સહીસિક્કા કર્યા. આ કરારમાં દિગંબરોને તીર્થની મલિકી, વહીવટ, અંકુશ, કબજા વગેરેના કોઇ અધિકારો ન મળ્યા, પણ અગા-ઉના કોર્ટના ચુકાદાઓ દ્વારા મળેલા પૂજાના અધિકારને સરકારે માન્ય રાખ્યો. જંગલના વહીવટ માટે રચાનારી સલાહકાર સમિતિમાં જૈનોના જે બે પ્રતિનિધિઓ લેવાની વાત હતી, તેમાં એક પ્રતિનિધિ કાયમ દિગંબર સંપ્રદાયનો જ હોય, એમ પણ ઠરાવવામાં આવ્યું.

જો કે ૧૯૬૯ના કરારમાં એક મહત્વની શરત એ હતી કે તેની કોઇ પણ કલમ દ્વારા શ્વેતાંબરોના અથવા દિગંબરોના જે કોઇ અધિકારો આ તીર્થ પર પરાપૂર્વથી સ્થાપિત થયેલા છે, તેનો ભંગ કરવામાં નહિ આવે કે તેમાં ફેરફાર કરવામાં નહિ આવે. દિગંબરોએ આ કરારનો અર્થ એવો કર્યો કે તેમને પારસનાથ પહાડ ઉપર ગમે ત્યાં, ગમે તે પ્રકારે બાંધકામ કરવાની છૂટ મળી ગઇ છે. હકીકતમાં, તેમણે ખેવટ નં. ૧ ખાતા નં. ૨૫, પ્લોટ નં. ૬૭ની જમીન ઉપર ૨૦ ફુટ બાય ૧૨ ફુટની સાઇઝનો એક પતરાનો શેડ અને ૬ ફુટ બાય ૬ ફુટની સાઇઝનો એક તંબુ પણ ઊભા કરી દીધા. શ્વેતાંબરોએ આ અતિક્રમણ સામે વાંધો ઉઠાવ્યો અને તેમાંથી અક લાંબા કાનૂની યુદ્ધનો નવેસરથી પ્રારંભ થયો.

દિગંબરો દ્વારા સમ્મેતશિખરજી ઉપર થતા ગેરકાયદે બાંધકામને અટકાવવા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ ગિરિડિહની જિલ્લા અદાલતમાં દિગંબરો સામે કેસ (નંબર ૧૮ ઓફ ૧૯૬૭)દાખલ કર્યો. શ્વેતાંબરોની દલીલ એવી હતી કે દિગંબર સંપ્રદાયના કોઇ પ્રતિનિધિને પારસનાથ પહાડ ઉપર આવું બાંધકામ કરવાનો અધિકાર નથી. શ્વેતાંબરોએ એવી પણ માગણી કરી કે દિગંબરો સામે ભવિષ્યમાં પણ આવું કોઇ પણ પ્રકારનું બાંધકામ કરવા સામે કાયમી મનાઇહુકમ આપવામાં આવે. શ્વેતાંબરોએ એવી પણ વિનંતી અદાલતને કરી કે દિગંબરોને આદેશ કરી તેમણે જે કંઇ મકાન બાંધ્યાં હોય તે હટાવી લેવાનું ફરમાવવામાં આવે અને મકાનના બાંધકામ માટે તેઓ જે માલ-સામાન વગેરે પહાડ પર લાવ્યા હોય, તે પણ તેઓ હટાવી લે.

શ્વેતાંબરોના કેસ પછી દિગંબરોએ પણ ગિરિડિહની કોર્ટમાં એક કેસ (નંબર ૨૩ ઓફ ૧૯૬૮) શ્વેતાંબરો અને બિહાર સરકાર સામે દાખલ કરી તા. ૫-૨-૧૯૬૫નું એગ્રિમેન્ટ રદ કરવાની પ્રાર્થના કરી અને એવી માગણી કરી કે શ્વેતાંબરો અથવા તેમના

નોકરો દિગંબરોના બાંધકામનો તોડી ન પાડે તે માટે તેમની સામે કાયમી મનાઇહુકમ આપવામાં આવે. દિગંબરોએ એવી પણ પ્રાર્થના કરી કે શ્વેતાંબરોને પર્વત પર કયાંય પણ ધર્મશાળા કે બીજું બાંધકામ કરવાની પરવાનગી આપવામાં ન આવે અને દિગંબરો જો પહાડ ઉપર તેવું બાંધકામ કરે તો તેમને રોકવાનો શ્વેતાંબરોનો કોઇ અધિકાર નથી, એવું પણ જાહેર કરવામાં આવે.

ગિરિડિહની ડિસ્ટ્રિકટ કોર્ટે ઉપરના બંને કેસ (એટલે કે ૧૦ ઓફ ૧૯૬૭ અને ૨૩ ઓફ ૧૯૬૮) એકસાથે ચલાવવાનું નકકી કર્યું. આશરે ૨૩ વર્ષ સુધી ગિરિડિહની અદાલતમાં આ કેસ ચાલ્યો. તે પછી ૩ માર્ચ, ૧૯૯૦ના રોજ તેનો ચુકાદો આવ્યો. આ ચુકાદામાં વિદ્વાન ન્યાયમૂર્તિ ચંદ્રસેન ચૌબેએ ઠરાવ્યું કે પારસનાથ પહાડની માલિકી બિહાર સરકારની છે, પણ તેનો વહીવટ, કબજો તેમ જ અંકુશ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના હાથમાં હોવાથી તેઓ દિગંબરોને કે અન્યોને બાંધકામ કરતાં અટકાવી શકે છે. દિગંબરો સામે આવું કોઇ પણ બાંધકામ કરવા માટે કાયમી મનાઇહુકમ ફરમાવવામાં આવે છે. ઇ. સ. ૧૯૬૫માં સરકારે શ્વેતાંબરો સાથે જે કરાર કર્યો તે યોગ્ય છે અને દિગંબરો તેને પડકારી શકે નહિ. વળી, જો દિગંબરો પહાડ ઉપર ધર્મશાળા બાંધવા માંગે તો તેમણે શ્વેતાંબર વહીવટદારોની લેખિત પરવાનગી મેળવવી જોઇએ.

ગિરિડિહ કોર્ટના આ ચુકાદાને કારણે તીર્થના વહીવટ, કબજા, અંકુશ અને સંચાલનના તમામ હકકો માત્ર શ્વેતાંબરોના જ કાયમી ઠર્યા એટલે દિગંબરોના હાથ હેઠા પડયા. અદાલતી યુદ્ધમાં સત્યનો વિજય થયો અને દિગંબરોના જૂઠા દાવાઓ ન ચાલ્યા એટલે દિગંબર અગ્રણીઓએ મુખ્ય પ્રધાન લલ્લુપ્રસાદ યાદવને પોતાના પક્ષમાં લીધા અને તેમની પાસે એક વટહુકમનો મુસદ્દો તૈયાર કરાવ્યો. શ્વેતાંબર અગ્રણીઓને આ વાતની ગંધ આવી જતાં તેમણે ફરી કોર્ટમા ધા નાખી અને એવી પ્રાર્થના કરી કે બિહાર સરકારનો આવો વટહુકમ બહાર પાડતાં રોકવામાં આવે. આ કેસની સુનાવણી ચાલતી હતી એટલામાં તા. ૧૨-૭-૯૩ના રોજ બિહાર સરકારે અદાલતમાં એક સોગંદનામું આપી જણાવ્યું કે સરકારનો ઇરાદો શ્વેતાંબરોના વહીવટ, કબજા અને અંકુશને પડકારવાનો નથી અને તીર્થના વહીવટ માટે ત્રીજું બોર્ડ બનાવવાનો સરકારનો કોઇ ઇરાદો નથી.

ગિરિડિહની અદાલતે સમ્મેતશિખરજી તીર્થભૂમિ ઉપર કોઇ પણ જાતનું બાંધકામ કરવા સામે દિગંબરોને કાયમી મનાઇહુકમ આપ્યો હોવા છતાં દિગંબરોએ ૧૯૯૧ ના ઓકટોબરમાં શ્રી દિગંબર જૈન સમ્મેદાંચલ વિકાસ સમિતિ બનાવી ચોપરા કુંડ નજીક કેટલુંક બાંધકામ કરવા માંડયું. આ વાત શ્વેતાંબર વહીવટદારોના ધ્યાનમાં આવી એટલે

તેમણે રાંચીની હાઇ કોર્ટમાં અપીલ કરી. વડી અદાલતે ૩૧-૧૦-૧૯૬૧ના રોજ એક આદેશ દ્વારા આ બાંધકામ રોકવા જણાવ્યું, પણ દિગંબરોએ અદાલતી આદેશની અવગણના કરતાં શ્વેતાંબરોએ રાંચીની કોર્ટમાં કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટનો કેસ દાખલ કર્યો છે, જેનો ચુકાદો આવવાનો હજી બાકી છે.

ગિરિડિહની કોર્ટે ૧૯૬૦ના માર્ચમાં જે ચુકાદો આપ્યો તેની સામે શ્વેતાંબરોએ, દિગંબરોએ અને બિહાર સરકારે એમ ત્રણેય વિવિધ કારણોસર હાઇ કોર્ટમાં અપીલ કરી છે. આ અપીલનો હજી ચુકાદો આવ્યો નથી. (ક્રમશઃ)

રઝળતાં દસ કરોડ બાળકો કેફી પદાર્થો–દારૂના-બંધાણી

જીનીવા, તા. ૨૨મી એપ્રિલ. (એ.એફ.પી.)

ગરીબીના ગમને ભૂલવા માટે વિશ્વભરમાં શેરીમાં રઝળતા લગભગ દસ કરોડ જેટલા બાળકો કેફી પદાર્થો–દારૂ અથવા તો બીજા કોઇ વ્યસનોના બંધાણી બની ગયા હોવાનું યુનોનું આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું.

મોટા થઇ રહેલા આ બાળકોને ઔષધો વગેરે પદાર્થોની લત લાગી ગઇ હોવાનું વિશ્વ આરોગ્ય સંસ્થા (હુ)ના એડીક્શન પ્રોજેકટના વડા એન્ડુ બેલે જણાવ્યું હતું.

સામાન્ય પણે આ લતની શરૂઆત કેફી પદાર્થોના સેવનથી થતી હોય છે એમ બેલે ગઇકાલે જણાવ્યું હતું. શેરીમાં રઝળતા બાળકો માટેના પ્રોજેકટ પર તેઓ કામ કરી રહ્યા છે.

પછી આની યંત્રવત આદત પડી જતી હોય છે, કયારેક કામ કરવા માટે જાગવા, અથવા તો હિંસાના ભયથી સાવધ રહેવા, શારિરીક અને માનસિક યાતના ઘટાડવા અને કયારેક એનાથી જ પેટ ભરી લેવાની નિસહાયતાને લીધે શેરીમાના આવા બાળકો એક યા બીજા પદાર્થના સેવનના બંધાણી બની જતા હોય છે, એમ બેલે જણાવ્યું હતું.

ગ્વાટેમાલામાં દશમાંથી નવ જેટલા શેરીમાના બાળકો રંગના ઉત્પાદનમાં વપરાતા દ્રાવણ ગટગટાવી જતા હોય છે. ઉપરાંત હલકા પ્રકારના ગુંદર અને એના જેવાજ બીજા જલદ પદાર્થોના તેઓ બંધાણી હોય છે.

આને લીધે અપોષણ, વેશ્યાગીરી અને એઇડ્ઝ તરફ આવા બાળકો વળી શકે છે એવી ચેતવણી બેલે આપી હતી.

૧૯૯૩ની સાલમાં આ કાર્યક્રમ બ્રાઝિલ, ઇજિપ્ત, હોન્ડુરાસ, ભારત, મેકિસકો, ફિલિપાઇન્સ અને ઝાંબિયાના શહેરો માટે શરૂ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ હવે બીજા વીસ રાષ્ટ્રો માટે લંબાવવામાં આવ્યો છે. (મુ. સ.)

સત્તા અને વૈભવના વ્યસનીઓને આ વાત કયાંથી સમજાય.

જૈન રામાયણના પ્રસંગો

૨૧. અંજનાનો પૂર્વભવ

– શ્રી ચંદ્રરાજ

ગિરીની ગુફામાં ધ્યાનસ્થ અમિતગતિ મુનિને જોતાં અંજના અને વસંતતિલકાએ વંદન કર્યા. અને તે મુનિવરે ધ્યાન પારીને જમણો હાથ ઊંચો કરીને તેમને મનમાં ચિંતવેલા કલ્યાણ રૂપ બગીચાની નહેર સમાન ધર્મલાભના આશીષ આપ્યા.

ફરીથી નમસ્કાર કરીને વસંતતિલકાએ મુનિવરને અંજનાનું પહેલેથી છેક સુધીનું દુઃખ કહી સંભળાવ્યું. અને પૂછયું કે– "હે ગુરૂદેવ! આ અંજનાના ગર્ભમાં કોણ છે? અને કયા કર્મના ઉદયથી તેની આવી દુર્દશા થઇ છે!'

મુનિવરે કહ્યું–આજથી છઠ્ઠા ભવે મંદર નામના નગરમાં દમયંત નામનો વણિક પુત્ર હતો. તે વખતે તેણે મુનિવર પાસેથી ધર્મ સાંભળીને દાન–તપાદિ અનુષ્ઠાન કરવાનું શરૂ કર્યું. મૃત્યુ પામીને તે બીજા દેવલોકમાં ગયો. ત્યાંથી ચ્યવીને સિંહચંદ્ર નામનો રાજપુત્ર થયો. ત્યાંથી મૃત્યુ પામીને તે દેવલોકમાં ગયો. ત્યાંથી આવીને સિંહવાહન નામે રાજપુત્ર થયો. દીક્ષા લઇ દુસ્તપ તપ તપીને લાંતક નામના દેવલોકમાં ગયો. અને ત્યાંથી ચ્યવીને તે તારી સખિના ઉદરમાં આવ્યો છે. ગુણોના સ્થાનભૂત તે પ્રચંડ શકિતશાળી વિદ્યાધરેશ્વર થશે. અને આજ ભવમાં ચરમશરીરી તે મોક્ષ પામશે.

હવે અંજનાસુંદરીનો પૂર્વભવ કહેતાં મુનિવર કહે છે કે–આ ભવથી ત્રીજા ભવે કનકપુર નગરના કનકરથ રાજાની કનકોદરી અને લક્ષ્મીવતી એમ બે રાણીઓ હતી. લક્ષ્મીવતી ચુસ્ત શ્રાવિકા હતી. ગૃહચૈત્યમાં રત્નમય જિનબિંબ ભરાવીને તે નિત્યમેવ ભગવાનની ઉભયકાળ પૂજા–વંદનાદિ કરતી હતી. ઇર્ષ્યાથી બળેલી કનકોદરીએ એક વખત તે પ્રભુ–પ્રતિમાને ગૃહચૈત્યમાંથી ઉઠાવી લઇને અપવિત્ર એવા ગંધાતા ઉકરડાની અંદર નાંખી દીધા. આ જ સમયે ત્યાંથી પસાર થતાં જયશ્રી નામના સાધ્વીજી ભગવંતે તે જોઇને કહ્યું–"અરે બા!! તેં આ શું કર્યું? ભગવાનની પ્રતિમા ને અહીં અપવિત્ર–ગંધાતા ઉકરડામાં નાંખતા તારા વડે તારો આત્મા અનેક ભવમ દુઃખ પામનારો બનાવાયો."

આ સાંભળીને અનુતાપવાળી તેણે તે પ્રતિમાને ત્યાંથી ગ્રહણ કરીને સ્વચ્છ કરીને અને અપરાધની ક્ષમા માંગીને યોગ્યસ્થાને સ્થાપન કરાવ્યા. ત્યારથી માંડીને સમ્યકૂત્વને ધરનારી તે જૈનધર્મનું પાલન કરતી કરતી મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં દેવ થઇ. અને ત્યાંથી આવીને તે મહેન્દ્ર રાજાની પુત્રી અંજના બની અત્યારે આની જે ભયંકર કરૂણ દુર્દશા થઇ છે તે અરિહંત પરમાત્માની પ્રતિમાને ઉકરડામાં

ફેંકી દીધા હતા તે કર્મના વિપાકના કારણે થઇ છે. અને તું આ અંજનાની પૂર્વભવમાં બહેન હતી અને કનકોદરી એ ઉકરડામાં પ્રતિમાને ફેંકી દીધેલા તે દુષ્કાર્યની અનુમોદના કરનારી હતી. તેથી અંજનાની સાથે સાથે તું પણ તે વિપાકને ભોગવી રહી છે. જો કે હવે પૂર્વભવનું તે કર્મ લગભગ ભોળવાઇ ગયુ છે. ભવોભવ શુભ ઉદય કરવનારા જૈનધર્મને તમે ગ્રહણ કરો.

અચાનક જ અહીં અંજનાના મામા આવી ચડશે. અને તે તમને તેના ઘરે લઇ જશે. અને નજીકના સમયમાં જ અંજનાનો તેના પતિ સાથે મેળાપ થશે."

આમ કહીને તે મુનિવર આ બન્નેને અરિહંતનાં ધર્મમાં સ્થિર કરીને આકાશ માર્ગે ઉડી ગયા.

આ બાજુ મુનિવર ઉડી ગયા પછી થોડી જ વારમાં એક ભયંકર-વિકરાળ રૌદ્ર સ્વરૂપવાળો યુવાન સિંહ ભયંકર ગર્જનાઓ કરતો કરતો પોતાની તરફ આવી રહેલો સિંહ અંજના અને વસંતતિલકાએ જોયો. અને જોતાં જ અબળા હૈયાની બન્ને ભયથી આખા શરીરે થરથર ધ્રુજવા લાગી. મોત મોઢું ફાડીને જ જ સિંહના રૂપે તદ્દન વધુને વધુ નજીક આવી રહ્યું હતુ. વિકરાળ સિંહની નજર ચૂકવીને અહીંથી ભાગીને કયાં ય જઇ શકાય તેવી કોઇ શકયતા નથી. ભયથી ધ્રુજતી હરણીઓની જેમ બન્ને સખિઓ કિંકર્તવ્ય મૂઢ બનીને નિકટને નિકટ આવી રહેલા મોતને સગી આંખે જોઇ રહી છે. પરંતુ... તે ગુફાના મણિચૂલ નામના અધિષ્ઠાયક દેવે અષ્ટાપદ પ્રાણીનું (સિંહને હણી નાંખનાર પ્રાણી અષ્ટાપદ છે.) રૂપ વિકુર્વ્યું. અને તે રૂપને જોતાં જ સિંહ ત્યાંથી જીવ લઇને ભાગી છૂટયો. પછી પોતાના મૂળ રૂપમાં આવીને તે અધિષ્ઠાયક દેવે બન્ને સખિના પ્રમોદને માટે પ્રિયા સાથે શ્રી અરિહંત પરમાત્માની સ્તુતિ કરી.તે ગુફામાંસ્વસ્થતા પૂર્વક રહેતી બન્ને સખિઓ શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિમાને સ્થાપન કરીને પૂજવા લાગી.

સમય જતાં એક દિવસ અંજનાએ વજ્ર, અંકુશ, અને ચક્રના ચિન્હ યુકત પગપાળા પુત્રને (સિંહને સિંહણની જેમ) જન્મ આપ્યો.

વસંતતિલકાએ બધું જ સૂતિ કર્મ અતિ ઉલ્લાસ પૂર્વક કર્યું.

ખોળામાં પુત્રને ધારણ કરીને દુઃખી થયેલી અંજના સુંદરી ગુફાને રડાવતી હોય તેમ ચોધાર આંસુડે રડી પડી. અને હૈયાવરાળ કાઢતી કાઢતી પુત્રને કહેવા લાગી કે-'હે વત્સ ! આ જંગલમાં જન્મેલા તારો પુણ્ય વિનાની અભાગણી હું જન્મોત્સવ અરે રે ! શી રીતે ઉજવું ?

આ રીતે રડતી તે અંજનાને જોઇને ત્યાં આવીને પ્રતિસૂર્ય નામના ખેચરે અંજનાને મધુર વાણીથી રૂદનનું કારણ પૂછ્યું .રડતી સખી વસંતતિલકાએ બધું જ વિગતથી કહી સંભળાવ્યું. સાંભળતાં જ પ્રતિસૂર્ય વિદ્યાધરે પોતાની અંજનાને મામા તરીકેની ઓળખ આપી. આથી તો અંજના સુંદરી વધુને વધુ રડવા લગી.

કારણ કે-**પુનર્નવીભવેત્પ્રાયો દુઃખમીષ્ટાવલોકનાત્** । ઇષ્ટ વ્યકિતને (સ્વજનને જોતાં વિસરાયેલું દુઃખ ફરી યાદ આવે છે.

ડોમ્બીવલી (પૂર્વ)માં શાંતિનગર મધ્યે નૂતન જિનાલય તથા
આરાધના ભવન—ઉપાશ્રય નિર્માણમાં તથા ભૂમિદાનમાં

લાભ લેવા નમ્ર વિજ્ઞપ્તિ

નૂતન આરાધનાભવન નિર્માણમાં તથા ભૂમિદાન સાથે સાધારણ ખાતાની યોજના

વિષય	નકરો રૂપિયા
૧ શ્રી દેરાસર તથા ઉપાશ્રયની જમીન દાતા તરીકે	૭,૧૧,૧૧૧
૨ ઉપાશ્રય બહારમાં નામકરણનો આદેશ અપાઇ ગયેલ છે	૪,૧૧,૧૧૧
૩ ઉપાશ્રય ગેલેરી હાલનો આદેશ અપાઇ ગયેલ છે	૨,૦૧,૧૧૧
૪ ઉપાશ્રય પ્રવચન હોલ	૨,૫૧,૧૧૧
૫ ઉપાશ્રય અંદર ગ્રાઉન્ડ હોલનો (૩૦X૪૦)	૨,૦૧,૧૧૧
૬ કેસર સુખડની રૂમનો નકરો	૫૧,૧૧૧
૭ દેરાસર–ઉપાશ્રય પેઢી–ઓફીસનો નકરો	૫૧,૧૧૧
૮ ભૂમિદાન સાથે સાધારણ ખાતાની બોન્ડ યોજનામાં	૧,૧૧૧

(તે તે સ્થાન ઉપર આરસની તકતી મુકવામાં આવશે.)

નૂતન જિનાલયના નિર્માણમાં લાભ લેવાની યોજના

વિષય	લાભ લેનાર	નકરો રૂપિયા
૧ મુળ નાયકનો ગભારો–શ્રી અગાશી જૈન તીર્થ, મુનિસુવ્રત સ્વામી જૈનદેરા.		૧,૧૧,૧૧૧
૨ મુળ નાયકની જમણી બાજુનો ગભારો આદેશ અપાઇ ગયેલ છે.		૬૧,૧૧૧
૩ મુળ નાયકની ડાબી બાજુનો ગભારો		૬૧,૧૧૧
૪ મુળ નાયકજી ઉપરનું શિખર		૩૧૧,૧૧૧
૫ જમણી બાજુ શિખર		૧,૧૧,૧૧૧
૬ ડાબી બાજુ શિખર		૧,૧૧,૧૧૧
૭ દેરાસરજીનું મુખ્ય દ્વાર આદેશ અપાઇ ગયેલ છે		૪૧,૧૧૧
૮ દેરાસરજીનું જમણી બાજુનું દ્વાર		૩૫,૧૧૧
૯ દેરાસરજીનું ડાબી બાજુનું દ્વાર		૩૫,૧૧૧
૧૦ કોરી મંડપનો નકરો		૫૧,૧૧૧
૧૧ સન્મુખ શણગાર ચોકીનો નકરો		૭૧,૧૨૧
૧૨ મંડપ ચોકીનો જમણો દરવાજા		૨૫,૧૧૧
૧૩ મંડપ ચોકીનો ડાબો દરવાજો		૨૫,૧૧૧
૧૪ રંગ મંડપ		૫,૫૧,૧૧૧
૧૫ ઘુમ્મટ		૧,૫૧,૧૧૧

(અનુ. ટાઇટલ ૩ પર)

શાસન સમાચાર

"ઢુકવાડા વાપીમાં પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્યતાથી સંપન્ન"

શ્રી ઓશવાળ ચેરીટેબલ ફાઉન્ડેશન મુંબઇ સંચાલિત શ્રી હાલારી વિશા ઓસવાલ શાંતિધામમાં નવનિર્મિત જિનાલયમાં શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી પાર્શ્વનાથજી, શ્રી શ્રેયાંસનાથજી ભગવાનને ગાદીનશીન કરવાનો પ્રતિષ્ઠા મહોત્સવ પાંચ દિવસીય, વિવિધ, અનુષ્ઠાનો સાથે ભવ્યતા પુર્વક પ્રાચિન સાહિત્યોધ્ધારક આચાર્ય ભગવંત પ. પૂ. શ્રી જિનેન્દ્ર સૂરીશ્વરજી મ. તથા તપોમૂર્તિ આ. ભ. શ્રી અમરગુપ્ત સૂરીશ્વરજી મ. સાં. આદિ મુનિગણની મંગલ નિશ્રા અને પૂ. સાધ્વીજીઓ શ્રી મણિપ્રભાશ્રીજી શ્રી અનંતપ્રભાશ્રીજી શ્રી સ્વયંપ્રભાશ્રીજી આદિ ઠાણાઓનાં સાનિધ્યમાં લંડન, કેનીયા, મુંબઇ, ભીવંડી હાલાર, જામનગર, વિગેરે સ્થળોથી પધારેલા હજારો યાત્રિકોની હાજરીમાં ઉજવાયેલ છે. દેરાસર બંધાવનાર તથા મહોત્સવનાં આયોજકભાઇ શ્રી નેમચંદભાઇ રાયસી રૂપા સુમરીયા પરિવાર ડબાસંગ વાળા–મુલુન્ડ તથા ફાઉન્ડેશનનાં ચેરમેન શ્રી કપુરચંદ રાયસીભાઇ શાહે સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું.

તા. ૧–૫–૯૪ રવિવાર સવારે ૧૧–૧૦ મિનિટે પ્રભુજીને પધરાવ્યા ત્યારે ભાવિકો આનંદો ઉલ્લાસથી ઝુમી ઉઠયા હતા. અને સર્વત્ર ગગનભેદી જયનાદ ગુંજયા હતા, ધર્મપ્રિય શ્રી હીરજી પેથરાજ ધરમસી હરણીયા પરિવાર ડબાસંગ લંડન તરફથી દાન મળેલ વિશાળ જમીનમાં બંધાયેલ ઓશવાળ હોલીડે હોમમાં દહેરાસરની પ્રતિષ્ઠા સાથે ભોજનશાળાનું ખાતમુહૂર્ત દાતા શ્રી હીરજી પેથરાજ તથા શ્રીમતી કસ્તુરીબેન વતી શ્રી અમૃતલાલભાઇ, દવાખાનાનું ખાતમુહૂર્ત દાતા શ્રી કેશવજી ભારમલ સુમરીયા ગોઇન્જવાળા મુલુન્ડનાં શુભ હસ્તે તેમજ ઉપાશ્રય આરાધના ભવન નંબર–૧–નું ઉદ્‌ઘાટન દાતા શ્રી રણમલ રામજી ગુઢકા ગાગવાવાળા–સાયન તથા નંબર–૨ નું ઉદ્‌ઘાટન દાતા શ્રી મુળચંદ ભોજભાઇ ગોસરાણી લાખાબાવળવાળાનાં વરદ હસ્તે કરવામાં આવ્યું. ત્રણ પ્રતિમાજી પધરાવવાનો લાભ શ્રી નેમચંદ રાયસીભાઇ સુમરીયા ડબાસંગવાળા. શ્રી ખેતસી ભારમલ સુમરીયા ગોંધંજવાળા તથા શ્રી ઝવેરચંદ વિરપાર નગરીયા જખરવાળા તરફથી લેવાયેલ તેથી તેમનું તથા પંચાન્હિકા મહોત્સવમાં નવકારવી અને જમણના અને શ્રી સાધારણ, જીવદયા ફંડનાં દાતાઓ તથા મહોત્સવની સફળતા માટે રાત દિવસ જોયા વિના તનતોડ પુરૂષાર્થ કરનાર સેવાભાવી વડીલો અને નવ યુવાનોનું આ પ્રસંગે વિશિષ્ટ બહુમાન સંસ્થાનાં ટ્રસ્ટી શ્રી મગનભાઇ માડ્રનાં પ્રમુખ સ્થાને કરવામાં આવેલ.

ઉનાળાની રજાઓનાં ઉપયોગ માટે પ. પૂ. શ્રી જિનેન્દ્ર સૂરીજી મ. સા. ની પ્રેરણાથી જ્ઞાન પ્રચારક શ્રી નરેન્દ્ર કામદાર ગઢડાવાલા દ્વારા જ્ઞાન સંસ્કાર સત્રનાં આયોજનમાં બાલ બાલિકાઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. તેઓને ઇનામો પ્રભાવનાં અપાયેલ સુપ્રસિદ્ધ વિધિકાર શ્રી નવિનચંદ્ર બાબુલાલ શાહે વિધિ વિધાન અને પૂજા ભાવનામાં શ્રી વિમલ જિનેન્દ્ર સંગિત મંડળ જામનગરે રંગ જમાવ્યો હતો. જલયાત્રાનાં ભવ્ય વરઘોડાનું આયોજન થયેલ ટુકવાડા ગ્રામ પંચાયતનાં સરપંચ શ્રી જયંતીભાઇ ફેસાઇ સહિત ગ્રામ્ય જનતાએ અને શ્રી હાલારી વિશા ઓસવાલ સમાજ વાપી–મુંબઇ–ભીવંડી–અને જામનગર તથા હાલારના ગ્રામ્ય યુવાનો તથા ફાઉન્ડેશનનાં ટ્રસ્ટી મંડળે તન મન અને ધન વડે પુરૂષાર્થ કરી આ મહોત્સવને યશસ્વી રીતે સફળ બનાવ્યો.

શ્રી મહાવીર સ્વામી ભગવંત જન્મ કલ્યાણક તથા શ્રી ૨૦ વિહરમાન જિનેશ્વર કેવલજ્ઞાન કલ્યાણક ઉજવણી : ચૈત્ર સુદ ૧૩+૧૪ તા. ૨૪-૪-૯૪ રવિવાર

વડોદરા : શ્રી રામચંદ્ર સૂરીશ્વરજી આરાધના ભુવન પીપળાશેરી વડોદરા ખાતે જૈન શાસન સેવા ગ્રુપ વડોદરાના ઉપક્રમે શ્રી મહાવીર સ્વામી જન્મ કલ્યાણક તથા ૨૦ વિહરમાન જિન કેવલજ્ઞાન કલ્યાણક ઉજવણી પરમ શાસન પ્રભાવક સુસમર્થ અધ્યાત્મયોગી પ. પૂજ્ય આ. શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પ. પૂ મુ. શ્રી ભુવનચંદ્ર વિજય મ. સા., પ. પૂ. મુક્તિધન વિ. મ. સા. તથા પ. પૂ. પુણ્યધન વિ. મ. સા. ની નિશ્રામાં ભવ્યતા પૂર્વક થઇ.

સવારે ૯ કલાકે રથયાત્રા વરઘોડો. શહનાઇ વાદકો, ગજરાજ પરથી ચાંદીની લગડીઓ સહિત વર્ષીદાન આપતા મહેશભાઇ મનસુખભાઇ શાહ, બે ઘોડાની બગ્ગીમાં ભગવાન મહાવીર પ્રભુનો સુંદર ફોટો લઇ પ્રવિણચંદ્ર નાથાલાલ દલાલ પરિવાર બેઠેલ. નયનરમ્ય ચિત્તાકર્ષક ગોઠવણીમાં શણગારેલ બળદગાડામાં ભગવાનનું પારણું, ચૌદ સુપનો, અને પ્રભુજીના ફોટા લઇ કુમારપાળ કાપડીયા બેઠેલ ચાંદીના રથમાં પરમાત્મા મહાવીર પ્રભુની સુંદર પ્રતિમા લઇ પ્રકાશભાઇ ગાંધી પરિવાર બેઠેલ. પૂજ્ય ગુરૂદેવોની નિશ્રામાં રથયાત્રા જેમ જેમ રાજમાર્ગ પરથી પસાર થતી તેમ ભાવિક શ્રાવક–શ્રાવિકાની સંખ્યા વધતી ગઇ. રથયાત્રા કમુબાળા હોલ પર આવી. સભાના રૂપમાં ફેરવાઇ. ભગવંત મહાવીરની વાસક્ષેપ પૂજા નવ અંગે શ્રી દિપકભાઇ અરવિંદભાઇ ગાંધી પરિવારે ઉછામણી બોલી કરેલ. પૂ. ગુરૂદેવોનું ગુરૂપૂજન ઉછામણી બોલી પ્રવિણચંદ્ર નાથાલાલ દલાલે કરેલ. પ્રભુ મહાવીરનો જીવન સંદેશ એ વિષય ઉપર પૂજ્યશ્રીના પ્રવચન બાદ પધરેલ સર્વેને બુંદી લાડુ અને સેવના ભાથાના પેકેટોની પ્રભાવના થયેલ. શ્રી જયેન્દ્રભાઇ વેલજીભાઇ હરણિયા તરફથી રૂા. ૧) નું સંઘપૂજન થયેલ.

બપોરે ૩ થી ૪ સમુહ સામાયિક થયેલ જેમાં ૩૦૦-ની પ્રભાવના થયેલ.

રાત્રે પીપળાશેરી દેરાસર શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી તથા શ્રી મહાવીર સ્વામીજીને ઝવેરાતની લાખેણી અંગ રચના તેમજ રત્નાકર પચ્ચીશીની સમુહ-સ્તુતિ થયેલ ભાવનામાં શ્રી રાજેશભાઇ અને રાજેન્દ્રભાઇ મંડેતા પાદરાવાળાએ પ્રભુભક્તિની રમઝટ બોલાવેલ.

આ દિવસે સમસ્ત વડોદરા શહેરમાં ૩૬ જિનાલયોમાં પ્રભુજીને આંગી રચાયેલ. પારેવાને જુવાર, ઢોરને ગોળ ખવડાવવામાં આવેલ.

આમ પ્રભુજીના કલ્યાણકની ઉજવણી શાશ્વતી અયંબીલની ઓળીની આરાધના સાથે સૌ પ્રથમ વખત શ્રી રામચંદ્રસૂરીશ્વરજી આરાધના ભુવન ઘડીયાળી પોળ પીપળા શેરી ખાતે જૈનશાસન સેવા ગણ વડોદરાના ઉપક્રમે ભવ્યતાથી થઇ. સુંદર શાસન પ્રભાવના થઇ.

સુરત-છાપરીયા શેરી મધ્યે પ. પૂ.આ.શ્રી વિજય અમરગુપ્તસૂરીશ્વરજી મ.ના વરદ હસ્તે નટવરલાલ લક્ષ્મીચંદ સંઘવીના સુપુત્ર નીલેશભાઇની દીક્ષા જેઠ વદ-૩ના થયેલ તે પ્રસંગ ત્રણ દિવસનો મહોત્સવ તેમના તરફથી ઉજવાયેલ.

સૂચના : જૈનશાસનનો હવે પછીનો અંક નં. ૪૫-૪૬ સંયુક્ત અંક તરીકે તા ૧૨-૭-૬૪ના પ્રકટ થશે.

(અનુ. પાન ૧૦૫૪ નું ચાલુ)

૧૬ કોરી મંડપનો જમણી બાજુનો ગોખલો	૨૧,૧૧૬
૧૭ કોરી મંડપનો ડાબી બાજુનો ગોખલો	૨૧,૧૧૬
૧૮ દેરાસરજી સંકુલનો મુખ્ય દરવાજો	૧,૫૧,૧૧૬
૧૯ રંગ મંડપનો જમણી બાજુનો ગોખલો	૨૧,૧૧૬
૨૦ રંગ મંડપનો ડાબી બાજુનો ગોખલો	૨૧,૧૧૬

પત્ર વ્યવહાર તથા માહિતી માટે :-(૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે. મૂ. પૂ. તપા. જૈન સંઘ, જૈન મંદિર, સાઇસદન, પાંડુરંગવાડી, શાંતિનગર, ડોમ્બીવલી (ઇસ્ટ). પીન-૪૨૧ ૨૦૧, તથ (૨) ચીમનલાલ અમીચંદ દોશી, દોશી સ્ટીલ સીન્ડીકેટ, ૪૧, કાપડીયા ચેમ્બર, પ૬ દેવજી રતનશીમાર્ગ, કર્યોક બંદર, મુંબઇ-૪૦૦ ૦૦૯. ફોન :-ઓ. : ૩૭૨ ૨૦ ૭૮, ઘર : ૫૧૨ ૬૫ ૬૮.

ઉપરના આદેશ લેનાર ભાગ્યશાળીના-સંઘના નામો આરસની તકતીમાં લખવામાં આવશે.



- સંસારનું સુખ મજાથી ભોગવવું, અને પુણ્યથી મળેલું પણ સુખ ખરાબ ન લાગવું તે પણ અવિવેકનું લક્ષણ છે !
- પુણ્યથી મળેલ સુખ ગમી જાય તે અવિવેક પણ ગમી જાય અને તરત જ દુઃખ થાય કે આ ન ગમવા જેવી ચીજ કેમ ગમે છે તે વિવેક કહેવાય !
- વિવેકી આત્માના રાગ-દ્વેષ-ક્રોધ—માન—માયા—લોભ અને મોહ તેના નોકર છે. જ્યારે અવિવેકી આત્મા માટે તે બધા તેના સગા બાપ જેવા છે, તેમનું ધાર્યું તેની પાસે કરાવનાર છે અને નરકાદિમાં ભટકાવનાર છે.
- સંસાર તો પુણ્ય પાપનું નાટક છે. તેમાં ખરાબ આદમી પણ સારા તરીકે પૂજાય અને સારા આદમી ખરાબ તરીકે પૂજાય. સારા આત્મા સારું કામ કરે અને ખોટા નિંદા કરે તો સારાં કામ મૂકી દેવાય કે સારા તરીકે મજબુત રહેવાય ? આજે તો નાગાઓ ફાવે છે તે તમારે તેવા થવું છે ? ધર્મની નિંદા કરનારા ઘણુ છે તો ધર્મ મૂકી દેવો છે ?
- ધર્મ તો કરવા ધારે તે જ કરી શકે જ્યારે પાપ તો બધા જ કરે.
- ધર્મ પુરુષાર્થ કરીએ તો જ થાય. ધર્મ માટે પુરુષાર્થની જ પ્રધાનતા. સુખ દુઃખમાં જ કર્મ માનવાનું કર્મે આપેલા દુઃખને સુખ માનવાનું. કર્મે આપેલા સુખને દુઃખ માનવાનું દુઃખ ભોગવતાં આવડે તો સુખ જ થાય. સુખ ભોગવતાં ન આવડે તો દુઃખ જ આવે.
- અચરમાવર્તકાળમાં કર્મ બળવાન. ચરમાવર્તકાળમાં આવ્યા પછી જીવ ઉદ્યમ કરે તો જીવ બળવાન. ત્યાં કર્મ હારી જવાનું.
- ભાવ ન આવ્યો તો ધર્મ નહિ કરવાનો તેમ નહિ પણ ભાવ લાવવા ય ધર્મ કરવાનો અને ભાવ આવ્યો તો તેને ખીલવવા ય ધર્મ કરવાનો.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ)
C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક પ્રકાશક સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું જૈન : ૨૪૫૪૧

૪૨૦ ૧૧-૨-૪૫-૪૬

નમો ચઉવિસાએ તિત્થયરાણં ઉસભાઇ-મહાવીર પજ્જવસાણાણં

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરૂં શાસન રસી.

૦ તે જ સાચો બંધુ છે.

भतगिहमज्झंमि पमायजलणजलियंमि मोहनिद्दाए ।
उट्ठवइ जो सुयंतं सो तस्स जणो परमबंधू ।।

પ્રમાદ રૂપી અગ્નિથી બળતા એવા ભવ રૂપી ગૃહની મધ્યમાં, મોહની નિદ્રાથી સૂઇ રહેલાને જે ઊઠાડે છે, તે જ મનુષ્ય તેનો સાચો બંધુ છે.

વર્ષ ૬

અંક ૪૫ + ૪૬

પ.પૂ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર

-: જૈન શાસન લવાજમ :- (નવા દર)

૧ વર્ષ રૂા. ૫૧) પાંચ વર્ષ રૂા. ૨૫૧)
૨ વર્ષ રૂા. ૧૦૧) આજીવન રૂા. ૫૦૧)

લવાજમ વાર્ષિક દેશમાં રૂા. [illegible]

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન દેશમાં [illegible]

જૈન શાસન માટે આ છેલ્લી ટહેલ છે

શાસન પ્રેમીઓ જરૂર વધાવી લેશે.

શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ (લાખાબાવળ) સંચાલિત 'જૈન શાસન' અઠવાડિક–સાતમા વર્ષના પ્રારંભે સં. ૨૦૫૦ શ્રાવણ વદ–૩ મંગળવાર તા. ૨૩–૮–૯૪ ના પ્રગટ થશે.

વિશેષાંક જૈન રત્ન શ્રમણોપાસિકાઓ

દર વર્ષની જેમ આ છમા વર્ષના પ્રારંભે જૈનશાસનના પરમ આરાધક શ્રમણ ભગવંતો, શ્રમણી ભગવંતો અને શ્રમણોપાસકો તથા **શ્રમણોપાસિકાઓ** છે. તેમાં **"જૈન રત્ન શ્રમણોપાસિકાઓ'** વિષય ઉપર વિશેષાંક પ્રગટ થશે.

શ્રી જૈન શાસનનું લવાજમ ૫૧) રૂા. છે. ખર્ચ ૮૦ રૂા. લાગે છે તેથી ખર્ચને પહોંચી વળવા વિશેષાંકની યોજનામાં શુભેચ્છક આદિ બનાવાય છે તે કાયમી ધોરણે કરાય તેમ ઘણા ભાવિકો ઇચ્છે છે અને તેથી વિશેષાંકની કાયમી યોજના રજુ કરી છે સૌ શાસન પ્રેમીઓ તેને વધાવી લેશે. એવી ભાવના છે.

–: નૂતન વર્ષ વિશેષાંક કાયમી યોજના :–

રૂા. ૫૧) હજાર પ્રથમ પેજમાં બે લીટીમાં શુભેચ્છા (આવી ગયું)

ટાઇટલ પેજ–૪ રૂા. ૪૧) હજાર બાકી ટાઇટલ પેજ–૨ રૂા. ૩૧) હજાર (આવી ગયું)

ટાઇટલ પેજ–૩ રૂા. ૨૧) હજાર (આવી ગયું)

વિશેષાંક સૌજન્ય શુભેચ્છક રૂા. ૧૧) હજાર વિશેષાંક સહાયક શુભેચ્છક રૂા. ૫) હજાર વિશેષાંક શુભેચ્છક રૂા. ૧) હજાર

આ કાયમી યોજનામાં જોડાનારની દર વર્ષે વિશેષાંકમાં **ઉપદેશક** તથા **પ્રેરકના નામ સાથે શુભેચ્છા** લેવામાં આવશે તથા **આ કાયમી યોજનાવાળા શ્રી જૈન** શાસનના કાયમી સભ્ય ગણાશે. તથા તેમને જૈન શાસન સો વર્ષ ચાલશે તો પણ કાયમી મળશે. પરદેશમાં રૂા. ૧ હજારવાળાને ફકત માત્ર એક વર્ષ એરમા જશે.

આ યોજના પુરી થતાં બારખ પણ લેવાની ભાવના નથી.

આજીવન સભ્ય રૂા. ૫૦૦)

જૈન શાસનના પ્રેમીઓને અવશ્ય યોગ્ય સહકાર આપવા તથા પ્રેરણા કરવા વિનંતિ છે.

C/O. શ્રુત જ્ઞાન ભવન
૪૫, દિગ્વીજય પ્લોટ **જામનગર**
સૌરાષ્ટ્ર (ગુજરાત) INDIA

સંચાલકો—
શ્રી જૈન શાસન કાર્યાલય

હજારદેશોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાધ્યા વિરાધ્યા ચ, શિવાય ચ ભવાય ચ

સંરક્ષકો
પ્રેમચંદ મેઘજી ગુઢકા (મુંબઈ)
હેમેન્દ્રકુમાર મનસુખલાલ શાહ (રાજકોટ)
સુરેશચંદ્ર હીરાચંદ મેઢ (પાલડીયા)
પાલાચંદ પદમશી ગુઢકા (પાલગઢ)

વર્ષ ૬ | ૨૦૫૦ અષાઢ સુદ-૪ મંગળવાર તા. ૧૨-૭-૯૪ [અંક ૪૫-૪૬

શ્રી જિન ભક્તિ

પ્રવચન-સાતમું

૨૦૨૮, માગશર સુદ-૨ શનિવાર, તા. ૨૦-૧૧-૧૯૭૧ બેડા

– પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા !

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માના શાસનના મર્મને પામેલા જીવોને અનુભુતિ થઇ છે કે, દુઃખમય સંસારમાં દુઃખ હોય ત્યારે મજામાં રહેવું અને પુણ્યયોગે સુખ મળે તો તેમાં પાગલ ન થવું. તેવા આત્મામાં શ્રી જિનભક્તિ સ્થિર થયા વિના ન રહે, તેવા જ એક મહાપુરૂષ પોતાની મનોભાવના વ્યકત કરતાં કહે છે કે-'મારા હૈયામાં શ્રી જિનની ભક્તિ સદાને માટે હો. જ્યાં સુધી હું આ સંસારમાં રહું ત્યાં સુધી.'

આના ઉપરથી આપણે જોઈ આવ્યા કે, આપણું શું મન છે. મોક્ષમાં જવાનું મન છે કે સંસારમાં રહેવાનું ? જ્યાં સુધી જીવને મોક્ષની તાલાવેલી ન જાગે ત્યાં સુધી સાચા ભાવે શ્રી જિનભક્તિ આવે નહિ, તે ગમે તેટલી ભક્તિ કરે તો પણ તેમાં સ્વાદ આવે નહિ. ભગવાનની ભક્તિનો સ્વાદ આવવો જોઈએ. આપણે ગાંડા છીએ કે, આટલા પૈસા ઉડાડીએ ? ભગવાનની ભક્તિમાં પૈસા ઉડાડનારા તો સમજે છે કે, પુણ્ય યોગે જે સારી સામગ્રી મળી છે તે બધી ભગવાનની સેવા-ભક્તિમાં જાય તે જ સફળ છે, બાકી તો અમે સાવધ ન રહીએ તો પાયમાલ કરનારી છે, નુકશાન કરનારી છે.

ભગવાન જગતમાં જ દુઃખ વેઠવાની અને સુખ છોડવાની તાકાત આવે. દુઃખ, તે મારા જ પાપનુ ફળ છે તેમ માની દુઃખ મજેથી વેઠે તો તે ભગવાનનો સેવક જ છે.

નરકમાં ભગવાનનું મંદિર નથી, દર્શન-પૂજનની સામગ્રી નથી છતાં પણ ઘણા નારકીઓ ભગવાનના સેવક છે. કંઈ રીતે? દુઃખ મજેથી વેઠે છે. તમને ભક્તિની સારામાં સારી સાધન સામગ્રી મલી છે પણ તેની કિંમત નથી.

તમે તો દર્શને પણ તમારી કુરસદે જાવ ને? ભગવાનની ભક્તિમાં રાતી પાઈ ન ખરચવી પડે તો આનંદ થાય ને? અષ્ટપ્રકારી પૂજાની બધી જ સામગ્રી મંદિરમાં રાખવામાં આવે તો તમે મોટામાં મોટા સાથીયા કરો ને? સારામાં સારા ફળ-નૈવેદ્ય શોધી શોધીને મૂકો ને? તમને સારું શું તેની ખબર નથી કે છે? ભગવાનની ભક્તિમાં બધી જ ચીજ-વસ્તુ મારી પોતાની જ હોવી જોઇએ—આવું મન કેટલાને થાયુ? તમારો પુણ્યનો યોગ નથી! પાપનો યોગ છે? તમારી પાસે સારી સામગ્રી નથી? ભગવાનને ભક્તિ જોઈતી નથી. ભગવાનને પૂજાવાનો મોહ નથી **આપણે આપણા આત્માના ઉદ્ધાર માટે ભક્તિ કરવાની છે.**

દુઃખ મજેથી વેઠે તે સદ્ગતિમાં જાય, સુખ મજેથી ભોગવે તે નરકાદિ દુર્ગતિમાં જાય. આ વાત હ�ૈયામાં નિશ્ચિત ન થાય તો કામ ન થાય. આ વાત નક્કી ન થાય તો દુઃખી પણ રિબાય અને સુખી પણ રિબાય. દુઃખી, આનંદમાં હોય, આનંદથી જીવી શકે તેની ઘણાને ખબર નથી, ઘણા માનતા પણ નથી. ભગવાનના સાધુને જોયા પછી પણ દુઃખ મજેથી વેઠી શકાય છે, સુખનો ત્યાગ પણ મજેથી કરી શકાય છે, તે નિર્ણય ન થાય તે નવાઇ! સાધુ કોણ થાય? ઘર-બાર, કુટુંબ-પરિવાર. પૈસા-ટકા, સ્નેહી સંબંધી બધું છોડે. પાસે નહિ રાખવાનો નિર્ણય કરે તે. સંયમ નિર્વાહ માટે જરૂરી ચીજ વસ્તુ તમારી પાસેથી મેળવે. આપો તો ય ધર્મલાભ કહે, ન આપો તો ય ધર્મલાભ કહે. આ સંસારમાં સાધન-સામગ્રી વિનાના જીવ પણ સુખી હોય છે તે વાતની ખબર પડે છે? **જેને ભગવાનનો ધર્મ સમજાઇ જાય તે, દુઃખી પણ સુખી. જેને ભગવાનનો ધર્મ ન સમજાય તે સુખી પણ દુઃખી.**

ભગવાનનું નામ લેનારા પણ ભગવાનને ઓળખે છે ખરા? સારા માટે નામ લે તેવું નથી, મોટોભાગ સ્વાર્થ માટે નામ લેનારો છે. ખરાબ કામ કરે, આપત્તિ આવે તો આપત્તિથી બચવા ભગવાનનું નામ લે. અમે કહીએ કે ભાઇ! આવું ન થાય. તો અમને ય કહે કે, 'તમે ન સમજો. સંસારમાં રહે તેને ખબર પડે.' આવા રોકેાને કોણ સમજાવે? ભગવાનને મૂરખ સમજે છે ને? આપણા ભગવાન વીતરાગ છે માટે કોઇ ભક્તિ કરે તો ય રાજી થવાના નથી અને ગાળ દે તો નારાજ થવાના નથી. ભગવાને તો માર્ગ બતાવ્યો છે, પ્રકાશ ફેલાવ્યો છે, તે માર્ગે ચાલે તે બચે, બીજા ડુબે તેમાં

ભગવાનને કાંઇ લાગે-વળગે નહિ. સારામાં સારો ડોકટર પણ અસાધ્ય દર્દ આગળ શું કરે ? તેમ અયોગ્ય જીવો આગળ ભગવાન પણ નિષ્ફળ જાય.

ભગવાને કહેલ સન્માર્ગ જે સમજે, અને જીવનમાં ઉતારે તો તેનું કલ્યાણ થાય. ધન વિના પણ તન અને મનથી ધર્મ થઇ શકે પણ તે સાધુઓ કરી શકે. તમારે તો ધન-સાધ્ય ધર્મ પહેલા કરવાનો છે. ઊંચામાં ઊંચો ધર્મ મનથી જ થાય **શરીરની ગુલામી છોડી, શરીર પાસે ગુલામી કરાવવી તો જ ઊંચામાં ઊંચો ધર્મ થાય !** શરીરને આપવાનું થોડું અને કામ લેવાનું ઘણું. ભગવાનની આજ્ઞા મુજબ જેનું મન સુંદર બન્યું હોય તે શરીર પાસે કામ લીધા વિના રહે નહિ.

આ મનુષ્ય શરીર વિના મોક્ષ થાય નહિ. મોક્ષની પૂરેપૂરી સાધના મનુષ્ય જન્મમાં જ થઇ શકે માટે આ જન્મ દુર્લભ છે. કોણ કરે ? ભગવાનની આજ્ઞા મુજબ ઘર-બારાદિ છોડી સાધુ થાય તે. જૈનશાસનમાં સાધુપણું શું છે ? જેને ગામમાં ઘર નહિ, બજારમાં પેઢી નહિ, જંગલમાં જમીન નહિ, પાસે કુટી કોડી નહિ અને કોઇની પાસે કોડિની આશા નહિ, પાણીનું ટીપું જોઇએ તો ય તમારે ઘેર લેવા આવે. આટલું જાણ્યા પછી, આવા જીવો જોયા પછી પણ તેવા થઇને જ મારે મરવું છે આ વાત મનમાં પણ નહિ ! આ વાત મનમાં નહિ તે મોટે ભાગે લોભી હોય, માની હોય, માયાવી હોય, ક્રોધી હોય, સંસારના સુખના જ રસિયા હોય. તેની પાસે ભક્તિ કરાવવી એટલે નવ નેજે પાણી ઉતરે, પોતાની ચીજ તો ભક્તિમાં ખરચવાનું મન નહિ. તેવા જીવો નાક માટે કદાચ રાંકાલી બોલે તો રાજી થઇએ તેવું નથી. બોલી તો હૈયાના ઉલ્લાસથી, એકપણ સ્વાર્થવૃત્તિ વિના, આમાં જેટલું ખરચીએ તે જ સફળ તેમ માની બોલે તો તેને લાભ થાય. બાકી આજે બોલી કેમ બોલાય છે તે નાટક અમે જોઇએ છીએ. દેખા-દેખી માટે, મારા દેખાવા, નાક માટે બોલી બોલનારાને તો અમે કોટ-પાઘડી પહેરી, ધોતીયું પહેરી વિના ઘોડા ઉપર ચઢે તેવા કહીએ. તેવાને તમે કેવો તહો ? ગાંડો કે ડાહ્યો ?

(ક્રમશ:)

સૂચના :- જૈનશાસનનો હવે પછીનો અંક નં. ૪૭-૪૮ સંયુકત અંક તરીકે તારીખ ૨૬-૭-૬૪ ના પ્રકટ થશે.

શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ

ઇતિહાસ જાણો અને તીર્થ રક્ષા માટે જાગૃત બનો

(પ્રકરણ-૪)

ઇતિહાસની અણિશુદ્ધ ગવાહી : સમ્મેતશિખરજી તીર્થ માત્ર શ્વેતાંબર જૈનોની માલિકીનું છે

સમ્મેતશિખરજી તીર્થનો ઉલ્લેખ જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાને પોતાના પુત્ર ભરત ચક્રવર્તી સમક્ષ કરતાં કહ્યું હતું કે મારા પછી નિર્વાણ પામનારા ૨૩ તીર્થંકરો પૈકી ૨૦ તીર્થંકરો આ પવિત્ર તીર્થસ્થાન ઉપર મોક્ષે જવાના છે. જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાન અષ્ટાપદ ગિરિ ઉપર નિર્વાણ પામ્યા, બારમા વાસુપૂજ્ય સ્વામી ચંપાપુરીમાં નિર્વાણ પામ્યા, બાવીસમા નેમિનાથ ભગવાન નેમિનાથ ભગવાન ગિરનાર પર્વત ઉપર નિર્વાણ પામ્યા અને ચોવીસમા મહાવીર સ્વામી ભગવાન પાવાપુરીમાં નિર્વાણ પામ્યા. એ સિવાયના વિસેય તીર્થંકરોનાં નિર્વાણ સમ્મેતશિખરજી તીર્થની ભૂમિ ઉપર થયાં છે, એટલે આ તીર્થને અત્યંત પવિત્ર ગણવામાં આવે છે. આજથી આશરે બે હજાર વર્ષ અગાઉ જૈન ધર્મની મૂળ પરંપરાથી દિગંબર સંપ્રદાય નીકળ્યો. ત્યારથી આ તીર્થનો કબજો શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોના નામે ઓળખાતી જૈન ધર્મની મૂળ પરંપરાના હાથમાં જ રહ્યો છે. જેનાં અનેક પ્રમાણે ઉપલબ્ધ છે. આ વસ્તુ પુરવાર કરવા માટે આપણે તીર્થના ઇતિહાસમાં ઊંડા ઊતરવું પડશે.

વનવાસી ગચ્છના આચાર્યશ્રી પદ્યુમ્નસૂરિજીએ નવમી સદીના મધ્યભાગમાં સમ્મેતશિખરજીની સાત વાર યાત્રા કરી હતી તેવો ઉલ્લેખ જૈન પરંપરાનો ઇતિહાસ ગ્રંથના પ્રકરણ–૩૨માં આવે છે. આચાર્ય પદ્યુમ્નસૂરીશ્વરજીના ઉપદેશાનુસાર સમ્મેતશિખર મહાતીર્થ ઉપર જુદાં જુદાં વીસ સ્થાને નિર્વાણ સ્તૂપો બન્યાં હતાં તેવો પણ ઉલ્લેખ આ ગ્રંથમાં મળે છે. ઇ.સ ૧૫૨૬માં આગ્રાના કુરપાલ સોનપાલ લોઢા નામના શ્વેતાંબર શ્રેષ્ઠીએ સમ્મેતશિખરજીનાં જિનાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, એવો ઉલ્લેખ જૈન પરંપરાનો ઇતિહાસ ગ્રંથમાં છે. સમ્મેતશિખરજી તીર્થની માલિકીના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોના હકકો મોગલ બાદશાહ, અકબર, જહાંગીર, શાહજહાં, મુરાદબક્ષ અને ઔરંગઝેબે શ્વેતાંબર જૈનોને વિવિધ ફરમાનો દ્વારા માન્ય રાખ્યા હતા. ફારસી ભાષામાં લખવામાં આવેલાં આ મૂળ ફરમાનો આજે પણ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કબજામાં છે. જલાલુદ્દીન મોહંમદ અકબર બાદશાહે ઇ.સ. ૧૫૯૩ ની સાલમાં જે ફરમાન આપ્યું તેનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે.

જલાલુદ્દીન મોહંમદ અકબર બાદશાહે ગાળીનો ફરમાન

જલાલુદ્દીન અકબર બાદશાહ હુમાયુ બાદશાહનો દીકરો
અકબર બાદશાહનો દીકરો ઉમરશેખ મીરજાનો દીકરો
સુલતાન અબુસઇદનો દીકરો સુલતાન મોહમ્મદશાહનો દીકરો
મીરશાહનો દીકરો અમીર તૈમુર સાહેબ કિરાનનો દીકરો.

ડાલના તેમ જ ભવિષ્યના માલવા, અકબરાબાદ (આગ્રા), લાહોર, મુલતાન, અમદાવાદ, અજમેર, મિરઠ, ગુજરાત અને બંગાળ તથા અમારાં રાજ્યોના અન્ય પ્રાંતોના સૂબેદારો, જાગીરદારો, કરોડીઓ, વગેરેને જાણ થાય કે જે ખરું જોતા પરમ-કૃપાળુ ખુદાની નવાઇ પમાડે એવી અમાનત છે, એવી સમગ્રપ્રજા અને સૃષ્ટિપટ પર અસ્તિત્વ ધરાવતી દરેક વ્યકિતને સંતોષ થાય એ અમારા ઉચ્ચ વિચારોનો લક્ષ્યાંક છે, ખાસ કરીને શુદ્ધ મન અને નિર્મળ વિચારો ધરાવતા મનુષ્યોનાં હૃદયને સંતુષ્ટ રાખવાં, પરલોકનું નિરીક્ષણ કરતી અમારી દૃષ્ટિનો લક્ષ્યાંક છે.

જેથી જ્યારે પણ અમારા કાન ઉપર કોઇ પણ ધર્મ, પંથ કે કોમના એવા લોકોની વાત આવે છે કે જેઓના દિલમાં ખુદાનું સ્મરણ ભારોભાર હોય છે અને જેઓ સતત મનનશીલ હોય છે, ત્યારે અમો દરેકના–પછી તે ગમે તે ધર્મના હોય–મૂળ સિદ્ધાંતો જાણવા ઉત્સુક હોવાથી એવા લોકોને આદરપૂર્વક દૂરદૂરથી તેડાવી એમના સત્સંગનો લાભ લઇએ છીએ.

ગુજરાતના બંદરના શ્વેતાંબર પંથના હીરવિજય સૂરિની પાપભીરૂતા અને સાધના અંગે સાંભળીને અમે એમને તેડાવ્યા, મુલાકાતથી અમોને ઘણો આનંદ થયો. પોતાના રહેઠાણ તરફ પાછા ફરતી વખતે તેમણે વિનંતિ કરી કે આકાશને સ્પર્શતો સિદ્ધાચલજી, ગિરનારજી, તારંગાજી, કેસરિયાનાથજી, આબુજી, જે ગુજરાતમાં આવેલા છે અને રાજગૃહીના પાંચ પર્વત, સમ્મેતાશેખરજી એટલે કે પારસનાથજી જે બંગાળમાં આવેલ છે. અને પર્વતની તળેટીમાં આવેલાં બધાં જ મંદિરોની કોઠીઓ અને અમારાં રાજ્યમાંનો દરેક જગ્યાનાં જૈન શ્વેતાંબરોનાં સર્વ દેવસ્થાનો અને દર્શનસ્થળો વગેરે એમના કબજામાં સોંપી દેવામાં આવે અને કોઇને એ પર્વત ઉપર કે મંદિરોની આસ-પાસ કે નીચે પશુઓની કતલ કરવા દેવામાં ન આવે.

એ દૂરથી પધારેલા હતા અને એમની વિનંતી ઇસ્લામી શહરીઅતથી વિરૂદ્ધ પણ ન હતી, કારણ કે, તેનો સિદ્ધાંત એ છે કે દરેક ધર્મને એની રીતે રહેવાનો અધિકાર છે. તપાસ કર્યા પછી અમને જાણવા મળ્યું કે હકીકત પણ એમ જ છે કે જે

પર્વતો અને દર્શનસ્થળો પ્રાચીન કાળથી જૈન શ્વેતાંબરોના જ છે, તેથી અમે એમની વિનંતીને માન્ય રાખી.

તેથી જૈન શ્વેતાંબર પંથના હીરવિજયસૂરિને અમે સિદ્ધાચલ પર્વત, ગિરનાર પર્વત, તારંગા પર્વત, કેસરિયાજી પર્વત (આ તીર્થ ઉપરનું નહિ પણ ધરતી ઉપરનું છે) અને ગુજરાતમાં આવેલ આબુ, રાજગૃહીના પાંચ પર્વતો અને ગંગાળનો પારસનાથના નામે ઓળખાતો સમ્મેતશિખરજી અને અમારી સલ્તનતમાં ગમે ત્યાં હોય એવાં તેમ જ તે પર્વતોની નીચે આવેલ દેવસ્થાનો અને દર્શન સ્થળો આપીએ છીએ. તેમણે ત્યાં નિશ્ચિંત બની પ્રાર્થના કરવી.

એક વાત સ્પષ્ટ થઇ જવી જોઇએ કે જૈન શ્વેતાંબરનાં પર્વતો, દેવસ્થાનો અને દર્શનસ્થળો આટલાં હીરવિજયસૂરિને છે છતાં ખરેખર તો એ બધાં જૈન શ્વેતાંબર પંથનાં છે.

જ્યાં સુધી સૂરજ પ્રકાશે અને ચંદ્રમાં રાત્રિએ ઉજવાળે ત્યાં સુધી આ ફરમાન જૈન શ્વેતાંબર પંથીઓમાં સૂરજ અને ચંદ્રની જેમ દિવ્યમાન રહેજો.

કોઇએ આ પર્વતો, દેવસ્થાન અને દર્શનસ્થળોની આસપાસ કે તેમની ઉપર, નીચે પશુઓની કતલ કરવી નહિ. આ ભવ્ય આજ્ઞા પ્રમાણે ચુસ્તપણે વર્તવું અને તેનો અનાદર કરવો નહિ અને નવી સનદ માગવી નહિ.

તા. સાત માહે ઉર્દી બહિસ્ત

માહે રબીઉલ, અવલ, રાજ્યાભિષેકનું ૩૭મું વર્ષ (ઇ. સ. ૧૫૯૩)

દિલ્હીના અઠારમાં બાદશાહ અહમદશાહે મુર્શીદાબાદના શેઠ મહેતાબરાયને ઇ. સ. ૧૭૪૯માં જગત શેઠનું પદ આપ્યું હતું. ઇ. સ. ૧૭૫૩માં તેમણે જગત શેઠને સમ્મેતશિખરજી તીર્થમાં આવેલા મધુવન, કોઠી, જયપાર નાળું, પ્રાચીન નાળું, જલહરી કુંડ, પારસનાથ તળેટી વચ્ચેની ૩૦૧ વીઘા જમીન અને આખો પારસનાથ પહાડ ભેટ આપ્યાં હતાં. ત્યાર બાદ બીજા આલમશાહે ઇ. સ. ૧૭૫૬માં પારસનાથ પહાડને કરમુકત જાહેર કર્યો હતો, એટલે ત્યાં વેઠ, વેરો, લાગત, જકાત, મુંડકાવેરો, રખોપો વગેરે માફ કર્યા હતા. જગત શેઠ મહેતાબરાયની ભાવના હતી કે સમ્મેતશિખરજી મહાતીર્થનો મોટો ઉદ્ધાર કરવો, મોટી પ્રતિષ્ઠા કરવી. આથી તેમણે પહેલેથી જ કરમુકિત જાહેર કરાવી દીધી. જીર્ણોદ્ધાર કરાવતી વખતે જગત શેઠને એક દ્વિધા હતી કે સ્તૂપ કયા તીર્થંકરનો છે તે કઇ રીતે સ્પષ્ટ થાય ? આ સ્પષ્ટીકરણ કર્યા પછી જ દરેક ચરણપાદુકા ઉપર તીર્થંકરોના નામ લખવાની અને દરેક સ્તૂપ ઉપર દેરીઓ બાંધવાની

મહેતાબરાયના ભાવના હતી. આ જીર્ણોદ્ધાર શહેનશાહ અકબર પાસેથી સમ્મેતશિખરજીની સનદ મેળવનાર શ્વેતાંબરાચાર્ય જગદ્‌ગુરુશ્રી હીરસૂરીશ્વરજીની પાટપરંપરામાં આવેલા આચાર્યને હાથે જ થાય એવી પણ જગત શેઠની ભાવના હતી. જગદ્‌ગુરુશ્રી હીરસૂરીશ્વરજી મહારાજ ભગવાન મહાવીરની ૫૮ મી પાટે આવ્યા હતા.

જગત શેઠ મહેતાબરાયના કાળમાં ભગવાન મહાવીરની ૬૬મી પાટ શોભાવતા આચાર્યશ્રી વિજય ધર્મસૂરીશ્વરજી વિદ્યમાન હતા. એ સમયે તપાગચ્છના પં. દેવવિજયજી ગણિ સમ્મેતશિખરજી તીર્થની યાત્રાએ પધાર્યા. તેમના ઉપદેશને કારણે જગત શેઠે તીર્થનો મોટો ઉદ્ધાર કરવાનો સંકલ્પ કર્યો. શેઠે આ કામ પોતાના પુત્ર સુગાળચંદને સોંપ્યું અને કામનો આરંભ થયો. સુગાળચંદના મોટા ભાઈનું નામ ખુશાલચંદ હતું. જેઓ પણ જીર્ણોદ્ધારમાં રસ લેવા લાગ્યા. તેમની ભાવના એવી હતી કે વીસ તીર્થંકરોની નિર્વાણભૂમિની પાકી જાણ મેળવવી અને તે જગ્યાએ જ દરેક ભગવાનની દેરીઓ બંધાવવી. આ નિર્ણય કરવા માટે ખુશાલચંદ શેઠ અવારનવાર હાથી ઉપર બેસી મુર્શીદાબાદથી સમ્મેતશિખરજી જતા, પણ કંઈ નિર્ણય કરી શકતા નહિ.

પં. દેવવિજયજી ગણિએ ખુશાલચંદ શેઠને અઠ્ઠમનું તપ કરવાની અને પદ્મા-વતી દેવીનો જાપ કરવાની પ્રેરણા કરી. દેવીએ સ્વપ્નમાં આવીને શેઠને જણાવ્યું કે પર્વત ઉપર જે સ્થાને કેશરનો સાથિયો હોય ત્યાં તીર્થંકર ભગવાનની અસલ નિર્વાણભૂમિ સમજવી અને સાથિયાની સંખ્યા ઉપરથી કયા તીર્થંકરની નિર્વાણભૂમિ છે, તેનો ખ્યાલ આવશે. શેઠ ખુશાલચંદે આ દેવી સંકેત મુજબ પહાડ ઉપર વીસ તીર્થંકરોનાં વીસ નિર્વાણસ્થાન નક્કી કર્યા, ત્યાં ચોતરા બનાવ્યા, ચરણપાદુકાઓ બનાવી અને ઉપર નાની નાની દેરીઓ બનાવી.

પહાડ ઉપર જ્યાં જળનું સ્થાન હતું ત્યાં પાસે જ જળમંદિર નામે ભવ્ય જિનાલય બનાવ્યું અને નવી જિનપ્રતિમાઓ ભરાવી તેમાં બેસાડી. જગત શેઠ ખુશાલચંદ તેમજ તેમના નાનાભાઇ સુગાળચંદે ઇ.સ. ૧૭૬૯ (વિ. સં. ૧૮૨૫)માં શ્વેતાંબર તપાગચ્છના આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીના વરદ હસ્તે તમામ દેરીઓની તેમજ પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા કરાવી. આ સાથે તેમણે મધુવનમાં શામળિયા પાર્શ્વનાથ ભગવાનની પણ પ્રતિષ્ઠા કરાવી. સમ્મેતશિખરજી તીર્થનો આ એકવીસમો જીર્ણોદ્ધાર ગણાય છે. રૂપગાઉના વીસ ઉદ્ધાર વીસ તીર્થંકરોના કાળમાં થયા હતા.

જગત શેઠબંધુઓએ મધુવનમાં શ્વેતાંબર કોઠી બનાવી હતી. ધર્મશાળા બનાવી તેમણે એક કિલ્લામાં સાત ભાઇઓનાં સાત મંદિરો બનાવ્યાં હતાં. કોઠીની બહાર ખુશાલચંદ શેઠે જ સમ્મેતશિખરજી મહાતીર્થની સ્થાપનારૂપ ભોમિયાજીનું મંદિર બનાવ્યું હતું. આ રીતે પહાડ ઉપરની તમામ દેરીઓ, તેનાં પગલાંજીનું અને

તળેટીનાં મંદિરોનું બાંધકામ શ્વેતાંબર જૈનો દ્વારા જ થયું છે, એ નિર્વિવાદ બાબત છે.

ખુશાલચંદ શેઠના વારસદાર હરખચંદ શેઠ પાસે પારસનાથ પહાડની જ માલિકી હતી તે તરફ તેમણે જોઇએ તેટલું ધ્યાન ન આપ્યું એટલે તેમની ઉપેક્ષાનો લાભ ઉઠાવવા પાલગંજના રાજાએ પહાડને પોતાના રાજ્યમાં દાખલ કરી લીધો. ઇ.સ. ૧૭૬૯ માં સમ્મેતશિખરજી તીર્થમાં ચરણસ્થાનો નકકી થયાં, મોટી પ્રતિષ્ઠા થઇ અને લોમિયાજીની સ્થાપના થઇ તે પછી તો આ તીર્થનું માહાત્મ્ય ખૂબ જ વધવા લાગ્યું અને યાત્રાળુઓની સંખ્યા પણ વધતી ગઇ.

ટૂંકો ઉપર સ્તૂપોની દેરીઓ ખુલ્લી જમીનમાં હોઇ અને સખત ઠંડી, અસહ્ય ગરમી, ભયંકર વાવાઝોડું અને ધોધમાર વરસાદની મોટી મુશ્કેલી હતી. સમ્મેતશિખરજી પહાડ ઉપર વાંદરાઓ પણ ચરણપાદુકાઓ ઉખાડી દૂર હટાવી દેતા. ઘણી દેરીઓની ચરણપાદુકાઓ ખસી ગઇ હતી. એટલે હવે નવા જીર્ણોદ્ધારની આવશ્યકતા હતી. આ વખતે મુર્શીદાબાદ, કલકત્તા, અજીમગંજ અને અમદાવાદના સંઘોએ મળીને ઇ.સ. ૧૮૬૮ની સાલમાં અન્યત્ર નિર્વાણ પામનારા ચાર તીર્થંકરો અને ચાર શાશ્વતા તીર્થંકરોની ચરણપાદુકા પણ સ્થાપિત કરી નવી દેરીઓ બનાવી.

ઇ.સ. ૧૯૦૮માં અંગ્રેજ વાઇસરોય વોરન હેસ્ટિંગ્સે સમ્મેતશિખરજી પહાડ ઉપર ડાક બંગલો બનાવવાનું નકકી કર્યું. ત્યારે આગમોદ્ધારક આચાર્યશ્રી આનંદસાગરજીએ તેનો ભારે વિરોધ કર્યો હતો.

જગત શેઠ ખુશાલચંદના વારસદારના સમયમાં પૂર્વે જણાવ્યું તેમ સમ્મેતશિખરજી તીર્થની માલિકી પાલગંજના રાજાના હાથમાં જતી રહી હતી. ઇ.સ ૧૯૦૫થી ૧૯૧૦ દરમિયાન અવિચારી ખર્ચને કારણે પાલગંજનો રાજા ભારે આર્થિક સંકડામણમાં આવી પડયો. તેને વિચાર આવ્યો કે ધનવાન જૈન કોમને આ પહાડ પટ્ટે આપી દઉ અથવા વેચી દઉ તો મને ખૂબ ધન મળશે. એ વખતે કલકત્તામાં શેઠ મદ્રીદાસજી મુકીમ નામના શ્વેતાંબર શ્રેષ્ઠી રહેતા હતા. તેઓ વાઇસરોયના ઝવેરી હતા અને ખૂબ ધનાઢય હતા. કલકત્તામાં કાચના મંદિર તરીકે વિખ્યાત ભગવાન શીતલનાથનું જિનાલય આ શેઠ શ્રી મદ્રીદાસજીએ બનાવ્યું હતું. મદ્રીદાસજીએ પાલગંજના રાજાની નાણાભીડની વાત જાણી એટલે તેમણે અમદાવાદની શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને આ પહાડ ખરીદી લેવા લખ્યું. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ એ વખતે શેઠ કસ્તુરભાઇ મણિભાઇ હતા. તેમણે સમય પહાડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન શાસનની

(અનુ. ટાઇટલ ૩ ઉપર)

પૂ. આ. શ્રી હિમાંશુ સૂરિજી મહારાજને વિનમ્ર વિનંતિ

થોડા સમય પૂર્વે યોજાએલા મીની સંમેલનમાં ઠીકઠીક મહત્વનો ભાગ ભજવનારા પૂ આ. શ્રી હિમાંશુસૂરિજી મ. પૂ. આચાર્યભગવંત શ્રીમદ્ વિજયરામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાના શિષ્ય હોવા છતાં ગમે તે કારણસર એમણે સંમેલનને સમર્થન અને સહી આપેલ. પણ સંમેલન જે રીતે યોજાયું, એ જોતા એનું ભાવિ ધૂંધળુ જ જણાતું હતું અને એ કહેવાતી એકતાનો, શાસ્ત્રીયતાના થાંભલા વિનાનો મહેલ તુટી જ પડવાનો હતો, જે અંતે તુટીને જ રહ્યો અને સંમેલનના સમર્થક શ્રી હિમાંશુસૂરિજી મહારાજને પણ અંતે રહી પાછી ખેંચી લેવાનો વારો આવ્યો. પોતાના ગુરૂદેવની સાચી માન્યતાનો એમણે થોડાઘણા અંશે સ્વીકાર વિ. સં. ૨૦૪૯ના સંવત્સરીના દિવસે એક લેખિત-નિવેદન દ્વારા કર્યો. એ મુજબ આ વર્ષે સાંભળવા મુજબ એમણે શ્રી મહાવીર પ્રભુના જન્મ કલ્યાણકની આરાધના અને ઉજવણી શ્રી રામચન્દ્રસૂરિજી મહારાજની સાચી માન્યતા મુજબ ચૈત્ર સુદ ૧૩-૧૪ રવિવારના દિવસે કરી. ગતવર્ષે એમણે જાહેર કરેલ નિવેદન 'મિચ્છામિ દુક્કડં'ના પત્ર રૂપે હોવા છતાં, એમાંથી ઘણી બાબતો પર પ્રકાશ પડતો હોવાથી નીચે અક્ષરશઃ રજૂ કરાય છે.

શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ — દ્વિ.ભા.સુ-૪ સં. ૨૦૪૯
પ. પૂ. આ. દાનસૂરિશ્વરેભ્યો નમઃ — વાસણા, અમદાવાદ

આ. હિમાંશુસૂરિ તરફથી... મિચ્છામિ દુક્કડં

સંવત-૨૦૨૦ ફાગણવદ-૨ ના રોજ પાટણ મુકામે પૂજ્યપાદ સ્વ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મ. સા. એ પોતાના સમુદાયવર્તી સાધુઓ માટે એક અંતિમ આજ્ઞાપત્ર તૈયાર કરી તેમની હયાતીબાદ તેઓશ્રીના આજ્ઞાવર્તી દરેકને તે આજ્ઞાપત્ર મુજબ પાલન કરવા-કરાવવાનું સુચન કરીને જુદી જુદી વ્યક્તિઓને તે આજ્ઞાપત્ર સોંપેલ હતું. પરંતુ સંજોગવશાત્ હું તેનું પાલન કરી શકયો નથી માટે મન-વચન-કાયાથી મિચ્છામિ દુક્કડં આપું છું. તેમજ...

સંવત-૨૦૪૨ માં ઘણાખરા આચાર્ય ભગવંતોની સંમતિપૂર્વક તિથિ વિષયક એક પટ્ટક શ્રી સંઘે તૈયાર કરેલો પરંતુ પાછળથી તેમાંથી કેટલાક આચાર્યભગવંતોએ પોતાની

સહી પાછી ખેંચવી એટલે બાકીના કેટલાક આચાર્યભગવંતોએ ભેગા મળી વિચારણા કરવા નકી કરેલ. પરંતુ કેટલાક આચાર્યભગવંતો વિગેરે તરફથી સંવત્સરી પ્રકરણને નહિ બોલવાની શરતે શાસનઅંગે વિચારણા કરવાની માગણી આવવાથી લગભગ દરેક સમુદાયના આચાર્યભગવંતાદિનું એક મિની સંમેલન સં-૨૦૪૪માં કરવામાં આવેલું તેમાં શાસનના હિતને અનુલક્ષી કેટલાક ઠરાવો કરેલા. તે દરમ્યાન કેટલાક આચાર્ય ભગવંતોને જણાયું કે સંઘમાં જે એક ગંભીર પ્રશ્ન સંવત્સરીનો વર્ષોથી ઉદ્ભવિત રહ્યો છે તેના ઉકેલ સિવાય આ બધા પ્રશ્નોના ઉકેલનો અર્થ નથી. એટલે તે વિષય પણ ચર્ચાયેલ હતો તેમાં જ્યારે સંવત્સરી અંગે પાંચમની ક્ષય-વૃદ્ધિમાં ત્રીજની ક્ષય-વૃદ્ધિ કરવી કે છઠ્ઠની ક્ષય-વૃદ્ધિ કરવી તે બાબત વિચારાયેલ અને તેમાં મતભેદ પડે તો ચિઠ્ઠી મુકવી આ રીતે મને પણ પૂછવામાં આવ્યું અને આ વાત અમુક આચાર્યને પૂછાવવાની બાકી છે તેમ મને કહ્યું ત્યારે મેં જણાવેલું કે સકળસંઘના સંગઠનનો સરળ ઉપાય, નિર્દોષ શાસ્ત્રને બાધ ન આવે તેવો છે. તેમજ કોઇના પક્ષને માનહાનિનો પણ પ્રસંગ ન આવે અને પૂ. કાલિકસૂરિ. મહારાજ જે એક રાજાની આરાધનાને લક્ષમાં લઇ અપર્વમાં પણ પર્વ કરેલ છે તો સકળસંઘના હિતમાં પાછા પાંચમમાં જવાય તો અસલ સ્થાનમાં જવાય છે. અને શાસ્ત્રીયવિધિ મુજબ પંચમીનું ઉલ્લંઘન થતું નથી માટે આ મારો ત્રીજો વિકલ્પ પણ પૂછાવી જુઓ ત્યારે મને જણાવવામાં આવેલું કે બંજા તૈયાર છે પણ તમારા ગુરૂજી માનતા નથી અને તમારૂં પારણું થતું નથી ત્યારે મેં પણ જણાવેલું કે મારા પારણાની ચિંતા ન કરો પણ શાસનના હિતને લક્ષમાં રાખો. છતાં તેની ઉપેક્ષા કરીને માત્ર **પાંચમના ક્ષય-વૃદ્ધિનો જવાબ મેળવીને તે મુજબનો નિર્ણય લેવાયો તે મને બરોબર નહિં જણાતા મેં વિરોધ કરેલો અને ત્રણ દિવસ હું સંમેલનમાં ગયો નહિં**, છેવટે વૈશાખ સુદ-૧ના સંઘ વચ્ચે જાહેરાત કરવાનું નકકી થવાથી છેલ્લા દિવસે સંઘના સંગઠનને લક્ષમાં રાખી છેવટે અમારા ગુરૂજી પ. પૂ. આ. રામચંદ્ર સૂરિ મ. સા. પંચમી સ્વીકારે તો દરેક પાંચમ સ્વીકારવી એટલું ઠરાવમાં નકકી કરો અને તે શરતે મેં સહી કરેલી પણ ઉતાવળમાં લખાણ થયેલું નહિં છતાં મેં પ્રવર સમિતિના પ્રમુખશ્રીને તથા શેઠશ્રી શ્રેણીકભાઇ વિગેરેને પત્ર લખી મોકલાવેલ તેમાં પણ જણાવેલ છે. હાલમાં તો તેમાંથી ઘણા આચાર્ય ભગવંતો છૂટા થયા છે અને સંગઠન જેવું કંઇ જણાતું નથી એટલે જો બધાને પોતપોતાના ગુરૂજીની જ આચરણા કરવાની હોય અને પોતાની સહીઓ પાછી ખેંચવાની હોય તો સંગઠન ટકી શકે નહિં, અને **અમે પણ અમારી માન્યતા મુજબની સાચી આરાધનાથી વંચિત રહી જઇએ એટલે જ્યાં સુધી સકળસંઘ મળીને એક નિર્ણય ન કરે ત્યાંસુધી અમે પણ અમારા ગુરૂજીની આચરણા મુજબ કરીશું.**

આ વિષયમાં કોઇના પણ મનને દુઃખ થતું હોય અથવા માર્ગ વિરૂદ્ધ થતું હોય તો મિચ્છામિ દુક્કડં અને ગતવર્ષ દરમ્યાન મારા નિમિત્તે કોઇને પણ મનદુઃખ થયું હોય તો મન-વચન-કાયાએ કરી મિચ્છામિ દુક્કડં.

તા. ક.-અમે સંગઠ્ઠનને ઇચ્છીએ છીએ. સકળસંઘના સંગઠ્ઠનને લક્ષમાં લઈને અમે પણ સહી કરેલ છે. છતાં જો સૌને સંગઠ્ઠન ઇષ્ટ ન હોય અને પોતપોતાના ગુરૂ કરે તે કરવાનું હોય તો **અમે પણ અમારી સાચી માન્યતા છોડવા ઇચ્છતા નથી** માટે સકળ સંઘ મળી એક નિર્ણય ન કરે ત્યાં સુધી અમે અમારા ગુરૂજીની માન્યતા મુજબ કરીશું એમ જણાવીએ છીએ. ક્ષમાપના પત્ર મળ્યો, અમારી પણ ક્ષમાપના જાણશો. —હિમાંશુ-સૂ.

આ નિવેદનના ફલિતાર્થો સ્પષ્ટ જ છે. છતાં એની તારવણી રૂપે કહી શકાય કે,

-સંમેલનમાં સૌને સાંભળવા સંતોષવામાં આવતા હતા, એવી રજૂ થયેલી વાતો વજૂદ વિનાની હતી, કેમકે અસંતોષના કારણે પૂ. હિમાંશુ સૂરિજી મ. જેવાને ૩ દિવસ સંમેલનમાં જવાનું ટાળવા સુધીનું કડક પગલું ઉઠાવવું પડયું હોય, ત્યાં બીજા સાધુ-ઓને સંતોષ્યા હોય, એવું કયાંથી માની શકાય ?

-તિથિ અંગે પૂ. આ. શ્રીમદ્‌વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજે સ્વીકારેલી શાસ્ત્ર સમર્થિત માન્યતા સો ટકા સાચી હતી, એ પત્રમાં નિવેદનમાં બે વાર વપરાયેલા 'સાચી' શબ્દ ઉપરથી આપોઆપ સાબિત થઇ જાય છે.

-શ્રી હિમાંશુ સૂરિજી મહારાજને વિનંતિ: પંચમીનું ઉલ્લંઘન ન કરી શકાય, એવું વિધાન શ્રી કાલિકસૂરિજી મહારાજાએ એ માટે જ કહેલ હતું કે, ત્યારે સાંવત્સરીક અવધિ પંચમીની હતી. તિથિ તરીકે પંચમીનું ઉલ્લંઘન ન થઇ શકે, એમ નહિ. પણ સંવત્સરી પંચમીની હતી, એથી પંચમીનું ઉલ્લંઘન ન થઇ શકે. એ આ વિધા-નનો ભાવ છે. પરંતુ સંવત્સરી ચોથે પ્રવર્તી. એથી પછી ચોથનું ઉલ્લંઘન ન થઇ શકે. સંવત્સરીની અવધિ ભા. સુ ૪ની થયા બાદ હવે ચોથનું ઉલ્લંઘન ન થઇ શકે. એથી હવે તો કોઇ પણ હિસાબે પાંચમના દિવસે સંવત્સરીની આરાધના કરવાનો વિચાર પણ કરી ન શકાય. આપશ્રીએ સહી પાછી ખેંચી લઇને આપના ગુરૂદેવની શાસ્ત્રસિધ્ધ માન્યતા મુજબ આરાધના કરવાનું સ્વીકાર્યું, એ આનંદની વાત છે. છતાં ૨૦૨૦ ના પટ્ટકની આપવાદિક-આચરણાનો ત્યાગ કરીને વિ. સં. ૨૦૪૭ની સાલથી આપના ગુરૂદેવે 'જન્મભૂમિ' પંચાંગ મુજબ જ પૂનમ-અમાસની ક્ષયવૃધ્ધિ માન્ય રાખીને તિથિઆરાધના કરવાનો મૂળ-માર્ગ સ્વીકાર્યો હતો, તો આપશ્રીએ પણ હવે પૂનમ અમાસની ક્ષયવૃધ્ધિએ તેરસની ક્ષયવૃદ્ધિ કરવાની અશાસ્ત્રીય માન્યતા પડતી મૂકીને સંપૂર્ણ સત્યનો સ્વીકાર

લક્ષ્મીની સફળતા–સદુપયોગ

આજે શું નવું સંભાળવશો ?

આજે કઇ નવી રચના બનાવી લાવ્યા છો ?

આજે શું નવું જણાવો છો ?

આજે કઇ પંક્તિઓ બનાવી લાવ્યા છો?

બોલો, બોલો પંડિતો તમારી નવી નવી રચનાઓ અને નવી નવી પંક્તિઓ સાંભળીને મારું માથું ડોલી ઉઠે છે.

નવું નવું જાણવાથી મારું મન પ્રફુલિત થઇ જાય છે.

આવું જાણવાથી અને આવું સાંભળવાની ઇચ્છા કોને હતી ?

આવી મહેચ્છા રાજા ભોજને હતી.

આનું કારણ એ જ હતું–મારા નગરનો કોઇપણ પ્રજાજન મૂર્ખ ન રહે. મહેચ્છા હતી કે નગરનો પ્રત્યેક માનવી વિદ્વાન થાએ. બ્રાહ્મણો જેમ વિદ્યારહિત ન રહે તેમ કોઇ પણ વર્ણના ભણેલા માનવીઓને આ નગરમાં આશ્રય મળે. અને આજીવિકા ચાલે.

રાજા ભોજ વિદ્વાના પ્રખર પુરસ્કર્તા હતા.

નવી નવી રચના બનાવી લાવનારને ઉદારતા પૂર્વક તેઓ દાન આપતા હતા. રાજા ભોજે લક્ષ્મીદેવીનો અખૂટ ખજાનો વિદ્વાના વિકાસ માટે સદાય ખૂલ્લો રાખ્યો હતો.

પુરસ્કાર આપતા રાજાને જોઈને કોષાધ્યક્ષના પેટમાં તેલ રેડાતું હતું. તેઓ સતત વિચારતા હતા કે જો આ રીતે રાજા દાન આપ્યા કરશે તો એક દિવસ આ સમુદ્ર ખજાનો ખાલી થઇ જશે. એક વખત તળીયા ઝાટક થઇ જઇશું. સંપત્તિ વગર રાજ્યની વ્યવસ્થા કઇ રીતે ચાલશે ?

ખરેખર, લક્ષ્મીદેવીનો ઉપયોગ જો વિવેકપૂર્વક ન કરવામાં આવે તો લક્ષ્મીદેવી પણ રૂઠી જાય છે.

પરંતુ રાજા ભોજને આ વાત કહેવી કઇ રીતે ? આ તો રાજા વાજા ને વાંદરા. કહેવા જો સીંધુ કહેવા જઇએ ને જો ઊંધુ વેતરી લે તો આપણા બાર વાગી જાય. કયારે શું કરી બેસે તે તો જ્ઞાની જ જાણે. ઘણી ઘણી રીતે વજીરે વિચાર્યું કોઇ દાવ હાથમાં નથી લાગતો. છેવટે એક તુક્કો

કરવા તત્પર બનવું જોઇએ. જેથી તિથિ પ્રશ્ને આજે જે એક તિથિ બે તિથિ પક્ષ જ હયાતી ધરાવે છે, એમાં આપના નિમિત્તે ત્રીજો પક્ષ ઉભો થવા પામે નહિ !

આટલી અપેક્ષા રાખવી વધુ પડતી નથી નજીકના કાળમાં સકળ સંઘ ભેગો થઇને કોઇ શાસ્ત્રીય–નિર્ણય પર આવે, એવી કોઈ જ શકયતા જયારે દેખાતી નથી, ત્યારે શા માટે આટલી પણ ખોટી તિથિ–આરાધના કરવી ? માટે આપશ્રીને આપશ્રીની માન્યતા મુજબના સંપૂર્ણ સત્યનો સ્વીકાર કરવા વિનમ્ર વિનંતિ છે.

મનમાં ઉભરાયો. રાજા જે બાગમાં ફરવા જાય છે તે બાગની મુખ્ય ભીંત ઉપર એક શુભાશિષ લખી દઉં. આ સોગઠી લાગી જાય તો કામ થઇ જાય આ વાંચીને રાજાની સાન ઠેકાણે આવી જાય તો સારૂં.

બસ. ઉપાય સરસ લાગ્યો. વજીરજી ઉપડ્યા વૃંદાવનમાં ત્યાં પહોંચી એક સંસ્કૃત પદ લખ્યું.

'આડતકાળમાં કામ આવે તે માટે લક્ષ્મીનું જતન કરવું જોઇએ.'

રાજ્યનું કાર્ય પતાવી રાજા ભોજની સવારી વૃંદાવન તરફ ચાલવા લાગી. વૃંદાવનમાં ફરતા ચતુર અને વિવેકી રાજાની દ્રષ્ટિએ એક સંસ્કૃત પદ વાંચ્યું. તેઓ સમજી ગયા આ પદ પોતાને ઉદ્દેશીને લખાયું છે. વિદ્વાન રાજા ભોજે પેલી પંક્તિની નીચે એક પંક્તિ લખી.

'લક્ષ્મીનો સદ્વ્યય કરનાર સજ્જન કયારે પણ આફતમાં આવતો નથી.'

અન્ય દિવસે કોષાધ્યક્ષે તે જોયું. તેની નીચે તેમાંથી ત્રીજી પંક્તિ લખી.

'લક્ષ્મી ચંચળ છે. ગમે ત્યારે એ નાશ પામી શકે છે. સમયે સંગ્રહ કરેલી લક્ષ્મી જ ઉપયોગમાં આવે છે.

રોજના સમયે રાજા વૃંદાવનમાં આવી પહોંચ્યો. ભીંત ઉપરના શબ્દો વાંચતાં તેઓ વિચારવા લાગ્યા કે ખરેખર!' લખનાર લક્ષ્મીનો દાસ લાગે છે. તેને ખબર છે કે લક્ષ્મી ચંચળ છે. છતાં પણ સંગ્રહ કરવાની સલાહ આપે છે જો લક્ષ્મી જતી રહેવાની હોય તો શા માટે તેનો સંગ્રહ કરવો જોઇએ ?

બસ, આજ લખી દઉં તેથી તેની આંખ ખૂલે અને શાન ઠેકાણે આવે.

'જો લક્ષ્મી ચંચળ જ હોય તો જતી રહેવાની હોય તો પછી સંગ્રહ કરેલી લક્ષ્મી પણ શી રીતે ટકી શકશે ?'

ખુશબુ ભર્યા વૃંદાવનમાં આનંદ કલ્લોલ કરતા રાજાએ લગભગ એક પ્રહર પસાર કર્યો. વજીરને ચટપટી થવા લાગી. કયારે રાજા બગીચાની બહાર નીકળે ને હું ભીંત ઉપરનું લખાણ વાંચું. રાજાએ મારી વાતનો સ્વીકાર કર્યો કે નહી ?

રાજાની સવારી બગીચામાંથી બહાર નીકળીને વજીરે ચૂપકીથી પ્રવેશ કર્યો. ભીંત ઉપરનો પ્રેમાળ જવાબ વાંચતાં જ ઠંડા પડી ગયા.

ખરેખર, મારી વામણી બુદ્ધિએ ખોટા વિચાર કર્યા. તર્કવિતર્ક કરીને મેં મારી શકિત વેડફી. મેં રાજાના સ્વાર્થનો વિચાર કર્યો ત્યારે રાજાએ પ્રજાના પરમાર્થનો વિચાર કર્યો. તેઓના વિચાર-વિનિમયને ધન્ય છે. તેઓની વાત તદ્દન સાચી છે. બસ ! કદાગ્રહ છોડીને પહોંચી જાવ રાજા ભોજની પાસે.

તરત જ, વજીર સાહેબ પહોંચી ગયા રાજા ભોજ પાસે વંદન-નમસ્કાર કરતા વજીરજી બોલ્યા, મહારાજા ! ખરેખર, આપ જ્ઞાની છો. આજ દિન સુધી હું એમ સમજતોહતો કે લક્ષ્મીનો સંગ્રહ અનિવાર્ય છે.

પરંતુ હવે લાગે છે કે તેનો પરિગ્રહ કરવા જેવો નથી. પરિગ્રહ કરવાથી માનવીમાં પામરતા પ્રગટે છે, નથી તે ભોગવી શકતો કે નથી તે સદ્વ્યય કરી શકતો.

ખરેખર લક્ષ્મીની શોભા તો સદ્વ્યયમાં જ રહેલી છે. લક્ષ્મીનો સ્વામી બનવાની કે તેને એકઠી કરવાની વામણી લાલસાઓ કેવા ભયંકર પાપો નથી કરાવતી? માનવી કેવો ગુલામ બને છે તે લખવાની જરૂર છે?

જે લક્ષ્મીનો સદ્વ્યય નથી કરતો તે ધનપતિ નથી, પણ ધનનો ગુલામ છે એ દયા પાત્ર છે...!

ચાલો આપણે આપણી જાતને દયાપાત્ર બનતી અટકાવીએ...

—વિરાગ

શ્રી સમ્મેતશિખર તીર્થરક્ષા

આ અને શેઠ આણંદજી કલ્યાણજી પેઢી દ્વારા થતા કાર્યો માટે સર્વ સાધારણ ફંડ માટે ઉપદેશ નિવેદન પૂ આ. ભ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજે આપેલ હતું અને પેઢીને તે માટે સારો સહકાર મળ્યો છે.

શેઠ શ્રી સૌભાગ્યચંદ તલકચંદ વસા રાજકોટ દ્વારા પેઢીને સારી રકમનો ડ્રાફ્ટ મોકલાવ્યો છે તે વિગતની અનુમોદના કરીએ છીએ.

સ્વીકાર સમાલોચના

સૌ ચાલો સિદ્ધગિરિ જઇએ--

લે.પૂ.આ.શ્રી વિજયગુણરત્નસૂરીશ્વરજી મ. પ્ર. આધ્યાત્મિક શિક્ષણ કેન્દ્ર હે. કુમાર એજન્સીજ ૪૪ ખાડીલકર રોડ, કાંદાવાડી મુંબઇ-૪ ડેમી ૧૬ પેજી ૧૪૪ પેજ મૂલ્ય રૂા. ૨૦) પ્રચાર હેતુ રૂા. ૧૦) શ્રી શત્રુંજય માહાતીર્થની યાત્રા નીચેથી ઉપર સુધી કરવાનો ક્રમ હેતુ અને સ્વરૂપ બતાવ્યું છે

વિસર્યા તે કેમ વિસરાય—રચયિતા

પૂ. મુ. શ્રી મોક્ષરતિવિજયજી મ. પૂ. મુ.શ્રી પ્રશમરતિવિજયજી મ. સં. પૂ. મુ. શ્રી તત્વદર્શન વિજયજી મ. પ્રકાશક પરમ પદ પ્રકાશન શ્રી પુખરાજ રાયચંદજી મેડાવાળા પરિવાર પાંચબંગલા સાબરમતી અમદાવાદ ડેમી ૧૬ પેજી પેજ ૧૮ પૂ આ ભ. શ્રી વિજયરામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના વિરહના ભાવવાહી ગીતોનો સંગ્રહ છે.

ચાલો પાઠશાળા જઇએ

આ પુસ્તક પૂ. મુ. શ્રીએ બે વર્ષની મહેનતથી તૈયાર કરેલ છે. પાઠશાળા સંચાલન સંસ્કાર અને અધ્યયન શુદ્ધિ શીખવનાર છે ૧૪ કથા ૨૪ ચિત્રો ૯ કલર ફોટા પેજ ૩૬૦ મૂલ્ય રૂા. ૬૦) છે વોરા બ્રધર્સ હાજા પટેલની પોળના નાકે કાલુપુર અમદાવાદ સંપર્ક કરવો.

જૈન રામાયણના પ્રસંગો

– શ્રી ચંદ્રરાજ

૨૬. અંજનાની શોધમાં

હનુપુરના રાજા વિદ્યાધરેશ્વર પ્રતિસૂર્ય મામાની સાથે અંજના મામાના ઘર તરફ ચાલી. વિમાનમાં બેઠેલી અંજના સુંદરીના ખોળામાં નનકડો જન્મજાત શિશુ ગેલ કરી રહ્યો છે. વિમાનમાં લટકાવેલી ઘુઘરીઓની લટકતી શ્રેણિને પકડવા માટે બાળકે જરાક ઉછાળો માર્યો અને તે જ ક્ષણે ઉછાળની સાથે જ તે બાળક વિમાનમાંથી નીચે પટકાયો. અને ઉપરથી પડતો તે બાળક બરાબર પર્વતના શિખર ઉપર પછડાયો.

બાળક હાથમાંથી છટકી જતાં ચીસાચીસ કરી મૂકતી અંજનાએ છાતીફાટ રૂદન કરવા માંડયું. અને તરત જ પ્રતિસૂર્ય વિદ્યાધર વિમાનને અટકાવીને તરત જ પુત્રને લઇ આવવા નીચે ઉતર્યો. અહીં આવીને જોયું તો ઉપર વિમાનમાંથી પટકાઇ પડેલા પુત્રના પડવાથી પર્વતના ચૂરેચૂરા થઇ ગયા હતા. અને બાળકને કશી ઇજા થઇ ન હતી. અક્ષત શરીરવાળા પુત્રને મામાએ અંજનાને સોંપ્યો. અને કોઇ પણ ઇજા વગરના પુત્રને હાથમાં લેતાં જ અંજનાએ તેને એકદમ છાતીએ વળગાડી જ દીધો. પડેલાં આંસુથી છલકાયેલી આંખો હવે ફરી હસવા માંડી હતી. અને બધાં હનુપુર નગરે પહોંચ્યા.

જન્મતાની સાથે જ જેના વિમાનમાંથી પટકાઇ જવાના કારણે પર્વતના ભૂકકે ભૂકકા ઉડી ગયા હતા તે કારણથી તે બાળકનું 'શ્રીશૈલ' નામ પાડવામાં આવ્યું. અને જન્મતાં તરતના સમયમાં હનુપુર નગરમાં આવ્યો તેથી તેનું નામ હનુમાન પાડવામાં આવ્યું.

મામાના ઘરે અંજના પહોંચી ગઇ છે. પહેલા જેવી દુઃખદ અવસ્થા હવે તો નથી જ. પુત્ર પણ ધીરે ધીરે મોટો થઇ રહ્યો છે પરંતુ...અંજનાને એક વાત સતત સતાવ્યા કરે છે કે–સાસુથી ચડાવેલું આળ શી રીતે દૂર થશે ? (સાસુએ હડધૂત કરાઇને હલકટમાં હલકટ કલંક ચડાવીને જે રીતે અંજનાને પતિઘરેથી કાઢી મૂકવામાં આવેલી પિતૃઘરેથી જે નિર્દયપણે જાકારો મળ્યો હતો આ બધી ઘટનાઓમાં અંજનાને માથે કુલટાનું ચડાવાયેલું કલંક રાત–દા'ડો હેરાન હેરાન કરી રહ્યું છે.)

હવે આ તરફ પ્રચંડ શક્તિના સ્વામી વરૂણરાજ સાથે (સંગ્રામથી તેને જીવતો શકય ન જણાતાં તેની સાથે) પવનંજયે રાવણની સંધિ કરાવી દઇને વરૂણરાજા પાસેથી ખર અને દુષણની મુક્તિ કરાવીને રાવણને ખુશ કરી દીધો. ત્યાર પછી રાવણ પરિવાર સહિત લંકા તરફ આવ્યો. પવનંજય પણ રાવણની રજા મેળવીને પોતાની નગરી તરફ આવ્યો.

નગરીમાં આવીને માતા–પિતાને નમ-

સ્કાર કરીને સીધો જ પવનંજય અંજનાના આવાસ ઉપર ગયો. અંજના વગર નિસ્તેજ બનેલા આવાસને જોઈને ત્યાં રહેલી એક સ્ત્રીને પૂછયુ કે-'અંજના ક્યાં છે ?'

તે સ્ત્રીએ કહ્યું-વિજયયાત્રામાં તમે ગયા પછી કેટલાક દિવસ ગયે છતે ગર્ભોત્પત્તિના દોષથી કેતુમતીએ તેને કાઢી મૂકી છે. મહેન્દ્ર રાજાના નગરની નજીકમાં લઈ જઈને પેટ માટે આવું અકાર્ય કરનારા પાપી આરક્ષકો વડે ભયથી આકુળ હરણીની જેમ જંગલમાં તજી દેવાઈ છે.

આટલું સાંભળતાની સાથે જ પવનંજય પવનના વેગથી પારેવાની જેમ જલ્દીથી સસરાના નગરમાં આવ્યો.

પણ જેની મળવાની આશાથી પવનંજય અહીં આવ્યો હતો તે અંજના અહીં પણ જોવા ન મળતાં પવનંજયની હતાશાનો કોઈ સુમાર ન રહ્યા તેણે એક સ્ત્રીને પૂછયું 'શું અહીં મારી પ્રેયસી અંજના આવી હતી કે નહિ ?'

તે સ્ત્રીએ પણ કહ્યું કે-'સખિ વસંતતિલકની સાથે અહીં અંજના (પિતાના ઘેર આશરો મળવાની આશાથી) આવી હતી પરંતુ ગર્ભના કારણે પુત્રીને દુઃશીલ દુરાચારીણી સમજીને માતા-પિતાએ તેને (તેનું મોઢું પણ જોયા વિના) કાઢી મૂકી હતી.''

આ વચન સાંભળીને વજ્રથી હણાયો હોય તેમ દુઃખી દુઃખો થઈ ગયેલો પવનંજય પ્રિયાની શોધમાં વન-જંગલોમાં રાન રાન ભટકવા લાગ્યો. પરંતુ ક્યાંય પણ અંજનાનો અણસાર ન મળતાં ખેદ-વિષાદથી ભરાઈ ગયેલા પવનંજયે આખરે પોતાના મિત્ર પ્રહસિતને કહ્યું-'હે સખા! જઈએ તું પિતાને જણાવ કે શત દિવસ આ પૃથ્વિમાં ભમતાં ભમતાં મેં સર્વત્ર અંજના સુંદરીની કરી શોધ પણ તે ક્યાંયમળતી નથી હજી પણ આ જંગલમાં હું તેની શોધ કરીશ. અનેજો શોધતાં શોધતાં તે મળી જાય તો તો ઠીક છે. અને નહિ મળે તો હું અગ્નિમાંપ્રવેશ કરીશ.'

પવનંજયનો સંદેશો લઈને જલ્દીથી પ્રહસિતે નગરમાં જઈને પ્રહલાદ રાજા અને કેતુમતી રાણીને આ સંદેશો કહી સંભળાવ્યો.' અને સાંભળતાની સાથે જ કેતુમતી મૂર્છા ખાઈને ધરતી ઉપર ઢળી પડી. અને ભાનમાં આવ્યા પછી કહેવા લાગી કે—'હે પ્રહસિત ! મોતને નિશ્ચય કરી ચૂકેલા દૃઢ નિશ્ચયવાળા પ્રિયમિત્રને વનમાં એકલો મૂકીને તું શા માટે આવ્યો? અથવા તો વિચાર્યા વિનાનું કરનારી પાપીણી એવી મેં નિર્દોષ અંજનાને અરે રે ! શા માટે કાઢી મૂકી ? નિર્દોષ એક સતિ સ્ત્રી ઉપર અજુગતુ કલંક ચડાવવાનું ફળ તો આજે જ મને અત્યારે મળી ગયુ છે. અતિ ઉગ્ર પાપ કે પુન્યનું ફળ આ જ જનમમાં મળી જાય છે. (એક સતિને કલંક ચડાવવાના મારા ઉગ્રપાપનું ફળ મને અત્યારે જ મળ ગયું છે. સતિ જેવી પુત્રવધુ અને પ્રાણપ્યારો પુત્ર આ બન્ને વિનાની હું થઈ ગઈ છું.) આ રીતે કરૂણ વિલાપ કરતી કેતુમતીને પ્રહલાદ રાજાએ કેમ કરીને શાંત કરીને સૈન્ય સહિત તે પુત્ર તથા પુત્રવધૂની શોધમાં ચાલી નીકળ્યા. અને દરેક સ્વજનોના નગર તરફ પોતાના માણસો અંજના-પવનંજયની શોધ માટે મોકલ્યા, પુત્ર અને પુત્રવધુને શોધતાં શોધતાં પ્રહલાદ રાજા ભૂતવનમાં આવી ગયા. (ક્રમશઃ)

પ્રાસંગિક સ્ફુરણ

* આચાર વિચાર ઉપર અવિશ્વાસ ઉભો ન કરો *

એક બાળક હતું તેની માતા મરી ગઈ અને નવી માતા ઘરમાં આવી પછી આ બાળક જમવામાં મોડો થાય તો તેની નવી માતા કહે સમયસર આવી જજે નહીંતર ખાવાનું નહી મળે. આ બાળકને તેની જુની માતા પણ તેમ કહેતી પછી તે મોડો આવે તો ઠપકો આપી ખાવાનું આપતી પરંતુ આ નવી માતા ન આપતી. તેથી બાળક સૂકાવા લાગ્યો. તેના પિતાએ પૂછયું કેમ સૂકાઈ જાય છે ? તે કહે મારી જુની માતા જુઠા બોલી હતી આ નવી માતા સત્યવાદિની છે. જુની માતા ખાવા નહિ આપું એમ કહેતી પણ પછી આપતી. આ નવી માતા મોડો થઈશ તો ખાવા નહિ આપું અને ખરેખર હું મોડો જાઉં તો ખાવા આપતી નથી. તેથી હું સુકાતો જાઉં છું.

પછી તે બાળકને બુદ્ધિ સૂઝી. અધીં રાગે તે જાગી ગયો અને એ પુરૂષ જાય જાય અ જાય' તેમ બોલ્યો તેના પિતાજી જાગી ગયા કહે – શું છે ? તે કહે–અંદરથી એક પુરૂષ નીકળ્યો આ જાય ને ગયો.

બાળકની આ વાતથી તેના પિતાને પોતાની પત્નીના શીયળ ઉપર શંકા ગઈ અને પ્રેમ મંદ પડી ગયો.

આ વાત એટલા માટે લખી છે કે આ બાળકે જેમ તેની માતા ઉપરનો પ્રેમ તોડાવી નંખાવ્યો તેમ મુંબઈ સમાચાર ના જય જિનેન્દ્ર વિભાગમાં આવતાં ઘણા લેખોમાં આવી જ લુચ્ચાઈ દેખાય છે અને તે તેના સંપાદકજી કુબુદ્ધિનું અને જૈન આચાર અને સિદ્ધાંતના અજાણપણાનું દૂષણ છે. અને આવા લખાણો દ્વારા તે જૈનોમાં જે આચાર વિચાર અને સિદ્ધાંતનું સંકલન છે તેને તોડવા માગે છે.

તા. ૩૦–૪–૬૪ મું. સ. જય જિનેન્દ્રમા 'પ્રાસંગિક વિચાર સ્ફુરણ' ના હેડીંગ નીચે લખે છે તે લખાણ અગે આપું છું જેથી પૂર્વગ્રહ વિ.ના સૌ વિચારી શકે.

જૈનોમાં કેટલાક રીતરિવાજો જાણે જીવનમાં વણાઈ ગયા હોય એમ ઘર કરી બેઠા છે પરંતુ, તેનું મૂળ કયાં છે ? શા માટે છે ? આજના સમયમાં એ ઉપયોગી છે કે કેમ ' એ બધી બાબતોનો વિચાર કરવાની તસ્દી લેનાર બહુ ઓછા છે.

જયારે કોઇ સાધુ–સાધ્વી કાળધર્મ પામે ત્યારે, શ્રાવક–શ્રાવિકાઓને જાણે કે એક મજાનો, લગ્ન જેવો આનંદનો પ્રસંગ આવ્યો હોય, એવું લાગે છે.

આ પ્રસંગે બેંડવાજા વાગે, ઘંટ વગાડાય, ચોખાને પરચુરણ તથા બદામ વગેરે

ફેંકાય, અબીલ-ગુલાલની ફેંકાફેંક થાય. પાલખી કે નનામી ઉપર જરીવાળુ કપડું વીંટાળવામાં આવે અને સ્મશાને પહોંચ્યા પછી, સાધુ કે સાધ્વીના દેહને અગ્નિદાહ દેવાય ત્યારબાદ એ જરીવાળા કપડાના ટુકડા કરી વહેંચવામાં આવે. એ લેવા માટે કેટલી લૂંટાલૂંટ !

આ બધાની પાછળ કદાચ ગ્રંથોમાં તીર્થંકર ભગવંતોના દેહની અંતિમ વિધીની વાતો આવે છે. તેનું અનુકરણ કરવાની વૃત્તિ કદાચ હોઇ શકે તેમજ સુકૃત્યોના પ્રભાવે જીવ દેવલોકમાં જાય અને ત્યાં 'જય જય નંદા' 'જય જય ભદ્રા' કરીને એને જન્મ ધારણ કરતાં જ આવકાર આપવામાં આવે કે તમે અમારા નાથ થયા તમારો જય હો એમ કહેવામાં આવે. એના અનુકરણ રૂપે સાધુ સાધ્વીની સ્મશાનયાત્રા વખતે 'જય જય નંદા' 'જય જય ભદ્રા' એમ બોલતા બોલતા જવાનો રીવાજ પડયો હશે એમ અનુમાન થઇ શકે છે.

પણ એક માનવી જાય, ભગવાન મહાવીરના માર્ગે ચાલનાર અને અન્યોને એ માર્ગે ચલાવનાર, એક સર્વવિરતિ ધર્મના ઉપાસકની ખોટનો કોઇ શોક કોઇના મ્હોં ઉપર દેખાતો નથી ! કોઇ એમ કહેશે કે એ તો પોતાનું કલ્યાણ સાધી ગયા, એમાં શોક શા માટે કરવો ?

આ સાથે એક વાત સમજવા જેવી છે કે આ સાધુ સાધ્વીઓ તો શુભ અધ્યવસાયમાં કાળધર્મ પામીને સ્વર્ગમાં જાય છે. પણ ભગવાન તીર્થંકર દેવ તો સર્વ કાર્ય સિધ્ધ થઇ, સર્વ કર્મનો ક્ષય કરી, જન્મ મરણના ફેરા ટાળી, લોકના અગ્રભાગે જઇ. અશરીરીતા પ્રાપ્ત કરી સિધ્ધ થઇને બિરાજે છે. તેવા ભગવાન મહાવીરને માટે પણ અઢાર રાજાઓને શોક થયો હતો, ભગવાન મહાવીરના મોટાભાઇ નંદીવર્ધનને પણ ખૂબ જ શોક થયો હતો. અને એથી તો તેમની બહેને એ શોક ભૂલાવવા માટે બીજને દિવસે ભાઇને જમવા માટે બોલાવ્યા હતા જે ઉપરથી તો ભાઇબીજનો તહેવાર બન્યો છે.

વળી, ભગવાન મહાવીરના પ્રથમ શિષ્ય અને ગણધર, શ્રી ઇન્દ્રભૂતિ ગૌતમને કેટલો શોક થયો હતો ? આપ સર્વેને વિદિત છે, અને તે ભગવાનના વિરહના પ્રસંગ ઉપર કેટલાય કવિઓએ 'ગૌતમ વિલાપ' ઉપર છંદો, દોહરા અને કાવ્યો રચ્યાં છે.

મતલબ કે કોઇનો પણ દેહ છોડીને જવાનો પ્રસંગ એ આનંદ કે ઉત્સવનો પ્રસંગ નથી કારણ કે આપણને તો એ વ્યકિતની ખોટ પડે છે.

આવા પ્રસંગે આનંદ અને ઉલ્લાસપૂર્વક અબીલ અને ગુલાલ ફેંકનારને કોઇ કાંઇ કહી પણ શકતું નથી કે ભાઇ વિવેક જાળવો. કોઇ કહેવા જાય તો તેનાં પણ કપડાં આ ઉત્સાહિતો વધારે ઉત્સાહપૂર્વક બગાડે !

આ ઉજવણીના ભાગીદારોને એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે, ભાઇ! આપના પોતાના માતુશ્રી કે પિતાશ્રી સો વર્ષના થઇને પણ અવસાન પામે તો તમને કેવી લાગણી થશે? તે વખતે તો આપ કદાચ એમ પણ કહેશો કે શું કરીએ? સો સો વાંસ ય સોય ભાંગે તો પણ લાગે તો ઝટકો ને?

બીજું જ્યારે જ્યારે તપસ્વીઓના કે અન્ય કોઇ વરઘોડા હોય ત્યારે ત્યારે, આપણી બહેનો અને દિકરીઓ રસ્તામાં વરઘોડો ઉભો રહે, ત્યાં સિનેમાની ઢબે નૃત્ય કરે છે અને ફાંડિયા લે છે. આમાં કેટલીક વખત તો તેઓના કપડાં પણ અસ્તવ્યસ્ત બની જાય છે. આ પ્રથા હમણાં થોડા વખતથી ખૂબજ જોરશોરથી ચાલી છે અને દિન પ્રતિદિન વધતી જાય છે. આ કેટલે અંશે યોગ્ય છે? શું આથી ભગવાનની ભક્તિમાં ભાવોલ્લાસ વધે છે? આ બધું યોગ્ય નથી.

વળી, પર્યુષણના દિવસોમાં જ્યારે, ભગવાનનું પારણું બોલી બોલી વેર લઇ જાય છે અને રાત્રિ જાગરણ કરવામાં આવે છે. આ વખતે મોડી રાત સુધી જાત જાતનાં વાજિંત્રો સહિત, મોટેથી અને ઘણી વખત તો લાઉડસ્પીકરથી મોટા અવાજે ગાયનો ગવાતાં હોય છે. એટલું જ પૂરતું ન હોય તેમ મોડી રાતના ચહાપાણીના જલસા થતાં જોવામાં આવે છે ત્યારે એમ થાય છે કે આ બધું શું ચાલી રહ્યું છે? જૈનોને ત્યાં સામાન્ય રીતે દિવસ આથમતાં પહેલાં તો રસોડું ઉકલી ગયું હોય છે. તેને બદલે પર્યુષણ જેવા પરમ પવિત્ર પર્વના દિવસોમાં રાતના તો ચઉવિહાર હોવો જોઇએ. તેને બદલે આ જાતનો વ્યવહાર ઉચિત છે?

પહેલાંના વખતમાં આપણી બહેનો સવારમાં કોઇ કામ કરતી તો પરોઢિયે જરાપણ અવાજ ન થાય તે રીતે કરતી. જેથી કોઇ આડોશ-પાડોશવાળા જાગી જઇને પાપકારી પ્રવૃત્તિમાં પ્રવૃત્ત ન થાય અને દોષના ભાગી થવું ન પડે. તેને બદલે મોડી રાત સુધી લોકોને જાગતા રહેવું પડે એ પ્રકારની રાત્રિ જાગરિકા અંગે વિચાર કરવાનો સમય હવે પાકી ગયો છે."

(૧) પહેલી વાત સાધુ સાધ્વીજીના સ્વર્ગવાસ પછીની છે. સાધુ સાધ્વીજીના જવાથી કોઇ નાક નથી હોતો તે તેમનો ભ્રમ છે. પરંતુ સ્વર્ગવાસ પામનાર સાધુ સાધ્વીજીના ઉત્તમ જીવન અને સમાધિમરણનું અનુમોદન કરવાની રીત હોય છે. તેને બે આનંદ મનાવે છે તે તેમનો ભ્રમ છે.

જરૂર 'જય જિનેન્દ્ર'વાળાને વિવેક હોત તો આમાં કેટલું'ક અજુગતું બને છે તે સૂચનો કરી શકત. દા.ત. સાધુને કાળધર્મ પામ્યા પછી તીર્થોમાં કે જિનમંદિરો પાસે લઇ જઇને અને તે પણ મોટર પ્લેન કે ડોળીઓમાં લઇ જઇને અગ્નિ સંસ્કાર

કરે છે તે બરાબર નથી વળી સ્વર્ગભૂમિને બદલે અગ્નિ સંસ્કારની ભૂમિનું જ મહત્ત્વ સ્થાપે છે તે બરાબર નથી, વળી તેમના આચારો વિચારોને અમલમાં મુકવાને બદલે એ સ્થાનને જ વિકસાવવાની જ પ્રવૃત્તિમાં પડી જાય છે. તે બરાબર નથી. આવું તે સૂચવી શકત પરંતુ મૂળમાં જૈન શાસ્ત્ર આચાર પરંપરાના જ્ઞાનના અભાવે તેમણે અશ્રદ્ધા પેદા થાય તેવું લખાણ કરીને જૈનોમાં ભ્રમ ફેલાવવાનો પ્રયત્ન કર્યો છે.

(૨) તપસ્વીઓના પારણા કે ઉત્સવમાં વરઘોડામાં બહેનો દીકરીઓ નાચે છે. તે તદ્દન અયોગ્ય છે અને તેવું સાધુઓ કે સંઘોએ ચલાવી ન લેવું જોઇએ તે હકિકત છે.

(૩) રાત્રિ જાગરણ તે શ્રાવકના વાર્ષિક કર્તવ્યમાંનું એક કર્તવ્ય છે પરંતુ તેમાં 'જિનરાજસંસ્તવેન' એ શબ્દથી જિનેશ્વર દેવના ગુણ ગાવાનું લખ્યું છે તેમાં મોડી રાત સુધી ઘોંઘાટ કરવાનું કે રાત્રે નાસ્તા કરવાનું લખ્યું નથી. પરંતુ તેવું થતું હોય તો અટકાવવું જોઇએ માન અને મોટાઇ માટે આ કાર્યક્રમ કરનારાને તો પોતાની મહત્તા વધે તેમ કરવાનું મન થાય છે માત્ર પ્રભાવના કરે અને કદાચ જોઇએ તો પાણી પીવા આવે. તે વખતે ઘરે પીધા ન જઇ શકે. બાકી ભકિત સિવાય કંઇ કરવાનું નથી હોતું તે શાસ્ત્રીય વાત છે જ.

૨૦૫૦ વૈશાખ વદ ૦)) જિનેન્દ્રસૂરિ

બાગ (ધાર M.P.

શ્રી જિનદર્શનનું ફળ

દિટ્ઠે તુહ મુહકમલે, તિન્નિવિણટ્ઠાઇં નિરવસેસાઇં ।
દારિદ્દં દોહગ્ગં, જમ્મંતરસંચિયં પાવં ॥

હે દેવાધિદેવ ! આપનાં મુખ કમલનું દર્શન થયે છતે, ત્રણ વસ્તુઓ સંપૂર્ણ રીતે નાશ પામે છે, દારિદ્ર્ય દૌર્ભાગ્ય અને જન્મ-જન્માંતરનાં પાપો.

પુણ્ય પાથેયને આચરી લે !

રોગ પાત્રમિદં ગાત્રં, ન સ્થિરે ધનયૌવને ।
સંયોગાશ્ચ વિયોગા-ન્તા-ઽકૃત્યા સુકૃતિરતિઃ ॥

આ શરીર રોગનું ઘર છે, ધન અને યૌવન આજે છે ને કાલે નથી, સંયોગો વિયોગના અંતવાળા છે માટે પુણ્યકાર્યોમાં જ રતિ-આદર કરવો જોઇએ.

❋ ખોટું ન લગાડતા હો ને ! ❋

– શ્રી ભદ્રંભદ્ર

ધૂમ્રપુરાણેભ્યો નમ : ।

એક વખત ભદ્રંભદ્રને (આ કૌલમના લેખક નહિ પણ રમણભાઇ નીલકંઠે લખેલા ભદ્રંભદ્ર પુસ્તકના એક કાલ્પનિક પાત્ર એવા ભદ્રંભદ્રને) મુંબઇ માધવ બાગમાં જ આર્ય-ધર્મની પરિષદમાં આર્યધર્મ વિષે ભાષણ આપવા જવાનું હતું.

અંગ્રેજી ભાષાના પ્રખર વિરોધી આ ભદ્રંભદ્ર સંસ્કૃતમાં બોલ્યા કે "મોહ-મહી નગર્યાં ક્વે મૂલ્યપત્રિકે દીયતામ્" (મુંબઇનું બે ટીકીટ આપો.) ટીકીટબારી ઉપર પારસી બેઠેલો. ઇ કાંઇ આ ભાષા હમજે નઇ. એટલે તેણે તેના મિત્રને પૂછ્યું કે "આ શું બકે ચ." પેલા મિત્રે તેને સમજ પાડી. એટલે બે મુંબઇની ટીકીટ તે આપી પણ એક ફેંટ કચ્ચીને ભદ્રંભદ્રના બારીમાંથી ટીકીટ કાર્યાલયની અંદર ઘુસી આવેલા નાક ઉપર મારી. એટલે ભદ્રંભદ્ર બોલ્યા–રે યવન ! તારો અસ્પૃશ્ય સ્પર્શ મને કરાવ્યો. મારે હવે સ્નાન કરવું પડશે.

પછી સ્નાન કરીને ભદ્રંભદ્ર રેલ્વેના ડબ્બામાં ચડ્યા. જગ્યા તો તેમને હલ્લ ટકા મળી ગયેલી. તેમની તદ્દન નજીક એક કોઇ જમાનાના ખાધેલા ભાઇ બેઠા હતા. તેમણે ભદ્રંભદ્ર સાથે ધર્મની ચર્ચા શરૂ કરી. એટલે ભદ્રંભદ્રને સમય પસાર કરવાની જે ગંભીર ચિંતા હતી તે દૂર થઇ ગઇ.

થોડીવાર પછી પેલા કોટધારીએ કોટના ખિસ્સામાંથી સિગારેટનું પાકીટ કાઢીને સીગારેટ સળગાવી. એટલે ભદ્રંભદ્ર બોલ્યા –અરે ! અરે ! તમારી જેવા સજ્જન માણસ ધૂમ્રપાન કરે ? તદ્દન ઠંડે કલેજે પેલા સજ્જને ભદ્રંભદ્રને કીધું કે–ધૂમ્રપુરાણમાં ધૂમ્રપાનનું ઘણું પુણ્ય કહ્યું છે. તેમાં એક શ્લોક આવે છે કે–"ધૂમ્રપાનં મહાપુન્યં ગોટે ગોટે ગૌદાનં" એટલે કે ધૂમ્રપાન કરવું એ તો મહાપુન્ય છે. અને તેના ગોટે ગોટામાં ગૌદાનનું પુન્ય છે.

ભદ્રંભદ્ર કહે–શું વાત છે ? તમે આ શ્લોક સંસ્કૃતમાં બોલ્યા ને એટલે ચોક્કસ એ વેદવાક્ય લાગે છે. લાવો હું ઉતારી લઉં અને ખરેખર ભદ્રંભદ્રે ધૂમ્રપુરાણ નામના શાસ્ત્રના નામ સહિત એ શ્લોક ઉતારી લીધો.

આટલી ભદ્રંભદ્ર–સપ્તાહ મારા મિત્રે મને જ સંભળાવી, એટલે મેં પૂછ્યું કે–પણ આ કથા મને શું કામ સંભળાવી ? તેણે કીધું કે તમે પણ સંસ્કૃતના હીમાયતી છો ને એટલે.

મેં કીધું–ભગાના ભઇ. હું કંઇ સાચુકડો ભદ્રંભદ્ર નથી, મારૂં આ નામ તો બનાવટી છે.

પણ કામ તો પેલા ભદ્રંભદ્ર જેવું જ કરો છો ને ?

હવે થોડાંક સંસ્કારો તો નામ પ્રમાણે વારસાગત સાચવવા જોઇએ ને, પણ મેં પેલા ભદ્રંભદ્ર જેવું શું કર્યું ઇ તો કહો.

ધૂમ્રપુરાણ જેવું જ કર્યું છે તમે તો. તમને કોઇ સાધુવેશ ધારીએ દેવદ્રવ્યપુરાણ, ગુરૂદ્રવ્યપુરાણ, સ્વપ્નદ્રવ્યપુરાણ, ભંડારદ્રવ્યપુરાણ, આવું બધું કૈંક પુરાણ–ભાગવત સપ્તાહ સંભળાવ્યું છે અને તમને તે બધાં પુરાણો સાચા લાગ્યા એટલે આવા બધા પુરાણોનો જેમાં શંભુમેળો ભેગો કરાયો છે એવા જ એક "સપ્તક્ષેત્ર પુરાણ સંદોહ" નામના શાસ્ત્રને ખરીદી લાવ્યા. આ શાસ્ત્ર તો સ્વદ્રવ્યથી જ ખરીદ્યુ છે ને કે પછી જ્ઞાનદ્રવ્યથી. જ્ઞાનદ્રવ્યથી કઇ નિશાળની ચોપડીઓ કે લવરદેરીઓ ના ખરીદાય પણ આવા પુરાણ સંદોહ જેવા શાસ્ત્રને ખરીદવામાં શું વાંધો છે ?

પણ ભલા મેં મારા પૈસેથી આ સપ્તક્ષેત્ર પુરાણ સંદોહ ખરીદ્યું છે એમાં તમને આટલું બધું પેટમાં શેનું દુઃખે છે ? હું ભદ્રંભદ્ર તો ખરેખર હવે હદ થતાં કાળૂ બહારનો ગુસ્સો કરી બેઠો. મેં ગુસ્સામાં જ મારા મિત્રની મિત્રતા સામે જોખમ ઉભુ કરીને જ પૂછ્યું (આપણે નથી બોલતાં એમ એમ એ બહુ ફાટયો છે પણ એણે હજી આ ભદ્રંભદ્રને ઓળખ્યો નહિ હોય. અને આજે તો નિર્ણય કરી લીધો કે જે થાય તે ખરૂ. સાલાને એકવાર ભદ્રંભદ્રનો મિજાજ બતાડી દેવો પડશે) તારૂં શું બગડી ગયું ?

મેં પૂછ્યું એટલે મારો દુશ્મના વચ્છિન્ન ભઇબંધ મારી સામે જ કતરાતો કતરાતો જોવા લાગ્યો. પણ એ મારાથી થથરી ગયેલો. એટલે મારી સામે ચું કે ચા કરી નહિ. પછી મારી નજીક આવીને તે હરામખોરે મારા ઝભ્ભાના ખિસ્સામાં ગરોળી નાંખી દીધી. હું કૂદ કૂદ કરવા લાગ્યો. પેલી ગરોળી પણ જાણે કૂદતી હતી. હું ઝભ્ભો કાઢવા ગયો પણ ગરોળીના ભયથી કાઢી ના શકયો અને એક શાસ્ત્ર પંકિત પણ બહુ જ ઝપાટાબંધ યાદ આવીને જતી રહી કે–માથામાં જૂ પડે તો ઝુ દૂર કરાય માથુ વાઢી ના નંખાય. હું આ ન્યાયે ઝભ્ભો કાઢતો જ અટકી ગયો. પેલા ખિસ્સા તરફ તો હાથ જ નંખાય તેમ ન હતુ હું મુશ્કેલીમાં મૂકાઇ ગયો. મારા શરીરે પરસેવો–પરસેવો થઇ ગયો. પછી થોડીક વારે પેલાએ તો ગરોળીને હાથમાં પકડીને મારા ખિસ્સામાંથી બહાર કાઢી પછી મારી ઉપર ફેંકી. હું ચીસ પાડી ઉઠયો. પછી મારો તે દુશ્મન કહે કે –આ તો હજી રમકડાની જ સાચી લાગે તેવી બનાવટી જ ગરોળી છે. સાચી ગરોળી હોત તો શું થાત ?

પછી હું શાંત પડયો. મને મારા મિત્રે કહ્યું શું યાર તું ય બી. કોઇના રવાડે ચડી ગયો. ઉત્સૂત્રનું ભાષણ તેં કીધું તે શાસ્ત્રમાં છે.

પાછો મારો ગરમીનો પારો ધીમે ધીમે ચડવા લાગ્યો મેં કીધું આમ જાત, જાતના શાસ્ત્રોના નામથી કહ્યું છે કે–"દેવદ્રવ્ય હોય તો રોજે ભગવાનનું પૂજા,

સ્નાત્રાદિ થઈ શકે.” તો આવા વાકયથી દેવદ્રવ્યથી પૂજા કરવાની ના કોણ પાડી શકવાનું છે? મારી આ હલીલથી મને ચોકકસ પણે લાગ્યું કે મારો મિત્ર કશું બોલી જ નહિ શકે. પણ પણ એણે તો ધડાકો જ કર્યો.

તેણે મને કીધું કે–જુઓ ભદ્રંભદ્રજી. તમે જે વાત કરીને તે તો અપવાદના સમયે જો દેવદ્રવ્ય હોય તો તેનાથી ભગવાનની તો અપૂજ ન રહી જાય માટે રોજે પૂજા કરી શકાય તે માટે દેવદ્રવ્યની વૃદ્ધિ કરવાની જ વાત કરી છે. પણ અપવાદ ન હોય ત્યારે પણ દેવદ્રવ્ય દેવની પૂજામાં વાપરી નાંખીને તે કંઈ સફાચટ કરી નાંખવા માટે તે શાસ્ત્રપાઠ નથી.

શું વાત છે? મને તો એમ જ કે...

હું તમને કયારનો તમે આટલું ખિજાયા તો ય તમારા આત્માના હિત ખાતર આ જ સમજાવવા ઇચ્છતો હતો.

તો આ શાસ્ત્રમાં ધૂમ્રપુરાણ જેવી બીજી યે ઘણી વાતો હશે કેમ?

હા. હા. એમાં પૂછવાનું જ શું? હવે તમારી જિજ્ઞાસા જાગી છે તો હું તેની તૃપ્તિ કરી દઉં. અને એ, છે ને, કોઈ પણ દિવસ શંકાને સમાધાન વગરની રહેવા નો દેવી હમજી ગયા ને, આટલામાં. આજકાલ સમય બહુ ખરાબ છે. ઘડીયાળ બગડી હોય તો ય ઘડીયાળવાળા પણ એમ જ કહે છે કે સમય જ બગડી ગયો છે એમાં અમે શું કરીએ? અને “શંકા” અને “જિજ્ઞાસા” એ તો છોકરીની જાત કે'વાય. અને તેટલું જલ્દીથી એનું સમાધાન જો કે ગોઠવી જ દેવું. કયાંક કુંવારી રહી જાય ને કંઈ થાય તો આપણી આબરૂના ધજાગરા થાય. ખોટું નો લગાડતા હો ને, ભદ્રંભદ્ર! (ધૂમ્રપુરાણ જેવી બીજી વાતો હવે પછી.....)

વિવિધ વાંચનમાંથી....

– પૂ. સા. શ્રી હર્ષપૂર્ણાશ્રીજી મ.

સુખ કયાં છે?

કાંઇ પણ ઉદર પૂર્ણાતિ કે દ્રવ્ય પ્રાપ્તિ વગેરે કારણ વિના ફોગટ નિરંતર ઇન્દ્રની સેવા કરવી, વધારે શકિતવાળા દેવતાઓથી પરાજય પામવો, બીજાને વધારે ઋધ્ધિમાન અને સુખી જોઇને ઇર્ષ્યા આવવી, આગામી ભવમાં ગર્ભમાં સ્થિતિ થવાની જોઇને તેમજ દુર્ગતિ થવાની જોઇને તેથી ભય પામવું વગેરે દેવગતિમાં પણ નિરંતર દુઃખો રહેલા છે. તેથી તે સુખોથી શું કે–જેમાં પરિણામે દુઃખ રહેલું છે.

૦

ધર્મનું દૂષણ દંભ, મનુષ્યનું દૂષણ સ્વાર્થ. ધનનું દૂષણ અવિવેક. સ્ત્રીનું દૂષણ દુરાચાર. તનનું દૂષણ ક્રોધ. ક્રિયાનું દૂષણ પરનિંદા. તનનું દૂષણ પરપીડા, વચનનું દૂષણ ખુશામત. મનનું દૂષણ ઇર્ષ્યા.

૦

શાસન સમાચાર

કોલ્હાપુર-લક્ષ્મીપુરી સંઘના ઉપક્રમે
મુમુક્ષુ રેખાબેન તથા મુમુક્ષુ લતાબેનનો ઉજવાયેલ
ભવ્યાતિભવ્ય દીક્ષામહોત્સવ

સુવિશાળગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજ ની આજ્ઞા-આશીર્વાદથી શાસનપ્રભાવક પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજયજયકુંજરસૂરીશ્વરજી મહારાજા તથા પ્રભાવક પ્રવચનકાર પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય મુક્તિપ્રભસૂરીશ્વરજી મહારાજા તથા પ્રવચનકાર પૂ. મુનિપ્રવર શ્રી શ્રેયાંસપ્રભવિજયજી ગણિવર આદિ ઠાણા. ૧૫ની પાવન નિશ્રામાં કોલ્હાપુર નિવાસી શા. ગુલાબચંદ જેસાજી રાઠોડ પરિવાર આયોજીત મુમુક્ષુ રેખાબેન તથા મુમુક્ષુ લતાબેનનો દીક્ષા મહોત્સવનો પ્રસંગ કોલ્હાપુર ખાતે ઐતિહાસિક ઉજવાયો.

દીક્ષા મહોત્સવ નિમિત્તે અષ્ટાન્હિક પરમાત્મભક્તિ મહોત્સવનું આયોજન થયેલ જેનો પ્રારંભ વૈ.સુ.૫ ના થયેલ. વૈ.સુ. ૬ ના સુવિશાળગચ્છાધિપતિ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનો આચાર્યપ્રદાન દિન હોઇ તે નિમિત્ત ૨વ. પૂજ્યશ્રીના ગુણાનુવાદ થયેલ. પૂ. આ. શ્રી મુક્તિપ્રભ સૂ. મ, પૂ. મુ. શ્રી શ્રેયાંસપ્રભ વિ. ગણી તથા પૂ.મુ.શ્રી પુણ્યરક્ષિત વિ. મ. એ પૂજ્યશ્રીના ગુણાનુવાદ કરેલ. જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૬નું સંઘપૂજન થયેલ. વૈ. સુ. ૭-૮ના પૂ. આ. શ્રી જયકુંજર સૂ મ., પૂ. આ. શ્રી પૂર્ણચન્દ્ર સૂ મ., પૂ આ. શ્રી મુક્તિપ્રભ સૂ. મ નો દીક્ષાદિન હોઇ તે નિમિત્તે પૂ.મુ.શ્રી શ્રેયાંસપ્રભવિ. ગણીએ ત્રણેય પૂજ્યોના ગુણાનુવાદ કરેલ. તેમજ પૂજ્યશ્રીના સંસારી માતુશ્રી શાંતાબેન બાબુલાલ નાસિકવાળા તરફથી સંઘપૂજન-ગુરૂપૂજનાદિ થયેલ. વૈ.સુ.૯-૧૦ ૧૧ ત્રણે દિવસે ફળ-ફુટ-દીવા-રોશની ઝુમ્મર આદિની જુદી જુદી વિશિષ્ઠ રચનાપૂર્વક પૂજા પૂજનો-શ્રી શાંતિસ્નાત્ર ખૂબ જ ઠાઠમાઠથી ભણાવાયેલ. વૈ.સુ. ૧૨ ના સવારે ૯-૦૦ વાગે દીક્ષાર્થી પરિવારના ઘર આંગણેથી વરસીદાનનો વરઘોડો ખૂબ જ ઠાઠમાઠથી નીકળેલ, જે વરઘોડામાં મુંબઇ-પાર્લાનું બેન્ડ-વીરમગામના શરણાઇવાળા જહાજ આકારની સુશોભિત મોટરકારમાં વરસીદાન આપતા દીક્ષાર્થી બહેનો પરમાત્માનો શણગારયુકત રથ-આદિ અનેકવિધ સામગ્રીઓ હતી જે વરઘોડો કોલ્હાપુરના મુખ્ય રાજમાર્ગો ઉપર ફરીને ૧૨-૦૦ વાગે પ્રાઇવેટ હાઇસ્કુલ કમ્પાઉન્ડ-મુક્તિનગરમાં ઉતરેલ. સાંજે ૬-૩૦ વાગે જિનમંદિરમાં ભવ્ય મહાપૂજાનું આયોજન થયેલ. સેંકડો દીપકોની રોશની થયેલ. પરમાત્માની લાખેણી અંગરચનાદિ થયેલ.

વૈ. સુ. ૧૩ ના સવારે ૯-૩૦ વાગે મુક્તિનગર મંડપમાં દિક્ષાવિધિનો મંગલ-પ્રારંભ થયેલ. સૌ પ્રથમ દીક્ષાર્થીઓને વિદાયતિલકનો ચઢાવો લેનાર પુણ્યાત્મા-ઓએ મુમુક્ષુઓને વિદાયતિલક કરેલ,પૂજ્ય-શ્રીના શુભ હસ્તે મુમુક્ષુ આત્માઓને 'રજોહરણ' અર્પણ થતાં વાતાવરણ બેન્ડના સુરીલા નાદથી ગુંજી ઉઠેલ. દીક્ષાર્થીઓના સંયમના ઉપકરણો પૂજ્યશ્રીને અર્પણ કર-વાની બોલી પણ રેકર્ડરૂપ થયેલ. નૂતન દીક્ષિતના નામ જાહેર કરવાની બોલી પણ રેકર્ડરૂપ થવા પામી હતી. પૂજ્ય ગચ્છાધિ-પતિશ્રીજીના સમુદાયવર્તી પ્રવર્તિની પૂ. સાધ્વીજી શ્રી જયાશ્રીજી મા. સા. ના પરિ-વારના પૂ. સાધ્વીજી શ્રી ઉત્તમગુણાશ્રીજી મ. ના વિનેયા પ્રશિષ્યા તરીકે મુમુક્ષુ રેખા-કુમારી-પૂ. સા. શ્રી તત્ત્વપ્રિયાશ્રીજી તથા મુમુક્ષુ લતાબેન પૂ. સા. શ્રી આગમપ્રિયા-શ્રીજી તરીકે જાહેર થયેલ.

વૈ. સુ. ૧૩ ના આજના મંગલમય દિવસે પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય જયકુંજર સૂ. મ. ને આદિના ચાતુર્માસ માટે કોલ્હાપુર કરાડ-ગોકાક આદિ સંઘોની આગ્રહભરી વિનંતિ થઇ હતી. પૂજ્યપાદ ગચ્છાધિપતિ-શ્રીજીની આજ્ઞાથી પૂજ્યશ્રીના ચાતુર્માસ માટે 'કરાડ'ની જય બોલાઇ હતી. દીક્ષા પ્રસંગ નિમિત્તે આજના મંગલમય દિવસે જુદા જુદા ભાગ્યશાળીઓ તરફથી રૂા. ૧૦ નું સંઘપૂજન થયેલ તેમજ દીક્ષાર્થી પરિ-વાર તરફથી સમગ્ર કોલ્હાપુર સંઘની નવ-કારશી થઇ હતી લગભગ ૫ હજાર ભાગ્ય-શાળીઓની દીક્ષા પ્રસંગે ઉપસ્થિતિ હતી. આ પ્રસંગે પૂ. સા. શ્રી જિનદર્શિતાશ્રીજી તથા પૂ. સા. શ્રી અધ્યાત્મશ્રીજીની વડીદીક્ષા પણ થયેલ.

દીક્ષા મહોત્સવ મંડપની રચના એવી વિશિષ્ઠ પ્રકારની હતી કે મંડપમાં બેસ-નારને એમ જ લાગે કે પોતે બાંધેલા મકાનમાં બેઠા છે. એવા પ્રકારનું મંડપમાં ડેકોરેશન થવા પામ્યું હતું-આ દીક્ષા મહોત્સવ પ્રસંગે પૂ. સા. શ્રી મેરૂકીર્તિશ્રીજી મ. પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. પૂ. સા. શ્રી ઉત્તમગુણાશ્રીજી. પૂ સા. શ્રી ભદ્રજ્ઞાશ્રીજી મ. આદિ ઠા. ૧૭ની પણ પાવન નિશ્રા પ્રાપ્ત થવા પામી હતી.

દીક્ષા મહોત્સવના આયોજનમાં અમદા-વાદ—નવરંગપુરા નિવાસી શા. ચંપાલાલ જિતમલજી તથા મુંબઇથી પધારેલ પ્રદીપ મોહનલાલ રાઠોડ તેમજ મુંબઇ-લાલબાગના કાર્યકરો તેમજ કોલ્હાપુર સ્થાનિક સંઘના કાર્યકર્તાઓ-મહિલા મંડળો આદિ એ ખૂબ જ જહેમત ઉઠાવી દીક્ષા મહોત્સવના આ પ્રસંગને ખૂબજ દીપાવેલ.

એકંદરે, પૂજ્યશ્રીની કોલ્હાપુરમાં પાવન પધરામણી થતાં અભૂતપૂર્વ શાસનપ્રભાવના થવા પામી, કોલ્હાપુર ખાતે આ દીક્ષા મહોત્સવ ઐતિહાસિક ઉજવાયો.

ઉવસગ્ગહરં તીર્થ-નગપુરા (એમ.પી.) અત્રે તીર્થની પ્રતિષ્ઠા ૫-૨-૬૪ ના પૂ. આ. શ્રી વિજય રાજયશસૂરીશ્વરજી મ.ની નિશ્રામા નકી થઇ હતી.

વિજયદાનસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર અમદાવાદ–સુવિશાલ ગચ્છાગ્રણી માલવા-દેશે સદ્ધર્મ સંરક્ષક પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય સુદર્શનસૂરીશ્વરજી મહારાજા તથા વર્ધમાન તપોનિધિ પૂજ્યપાદ મુનિવર્ય શ્રી પૂર્ણાનંદવિજયજી મ. સા. આદિ મુનિ ભગવંતોની પાવન નિશ્રામાં ચૈત્ર માસની શાશ્વતી ઓળીની અત્રે સુંદર આરાધના થયેલ.

નવે દિવસ પૂજ્યપાદ આચાર્ય ભગવંત જોશીલી વાણીવડે શ્રીપાલ ચરિત્ર ઉપર મનનીય પ્રવચન ફરમાવતા હતા. ઉત્સાહ-ભર્યા વાતાવરણથી પ્રતિદિન ગુરુપૂજન અને સંઘપૂજનો ૧–૨–૫ રૂા. સુધીના થતા હતા.

ચરમ તીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી પરમાત્માના જન્મ કલ્યાણકની ભવ્યાતિભવ્ય ઉજવણીરૂપે ચૈત્ર સુદ ૧૩–૧૪ રવિવારના ભવ્ય વરઘોડો જ્ઞાનમંદિરેથી ચઢેલ. એ અંગે પત્રિકા આદિ પ્રગટ થયેલ ઇન્દ્રધ્વજ નોબતખાનું ઘોડાઓ–મહિલા મંડળો ૮ બગીઓ રાજસિંહાસનવાળી ભવ્ય ૪ બગીઓ–૫૧ માણસોનું ભવ્ય ડ્રેસ યુકત અમદાવાદનું પ્રસિધ્ધ મિલન બેન્ડ પૂ. આચાર્યદેવાદિ સુવિશાલ મુનિગણ–સાજન માજન–પ્રભુજીનો ભવ્ય રથ–સાધ્વીજી ભગવંતો બહેનો અનુકંપાદાન આદિથી યુકત હતો. જે શહેરના વિશાળ રાજમાર્ગો પર ફરી ફતાસા પોળ શ્રી મહાવીરસ્વામી દેરાસરે દર્શનાદિપુરી જ્ઞાનમંદિરે વિશાળ સભાના રૂપમાં ફેરવાયેલ, પૂ. શ્રીના મંગલાચરણ બાદ અન્ય મહાત્માઓએ તેમજ પૂ. શ્રીએ જન્મ કલ્યાણકને અનુલક્ષીને પ્રવચન ફરમાવેલ, છેલ્લે સંઘપૂજન અને શ્રીફળ (નાળીયેર)ની પ્રભાવના થઈ હતી.

રાજનગરના સુવિહિત આરાધક વર્ગે આ આયોજનને સફળ બનાવવા ખૂબ જ ઉત્સાહ દાખવ્યો હતો. વરઘોડાના દર્શન કરવા ચારે બાજુ માનવમેદની ખૂબ જ જામેલી હતી ભવ્ય વરઘોડાની અગ્રતામાં પરમાત્માના જન્મ વિષયક માહિતી લોકોને આપવામાં આવતી હતી.

ફતાસાપોળ શ્રી મહાવીરસ્વામી આદિ પાંચ જિનમંદિરોએ ભવ્ય આંગીરચનાદિ થયેલ. રાત્રે ત્યાં શ્રી એલિસબ્રીજ યુવક મંડળે ભાવના ભણાવેલ.

ઇંદોર—અત્રે પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્રસૂરીશ્વરજી મ. આદિ ઠા. ૩ તથા પૂ. સા. શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ. પૂ. સા. શ્રી ઇન્દ્રપ્રભાશ્રીજી મ. આદિ ઠા. ૭ ચાતુર્માસ પધારે છે. તેમનો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ ૨ રવિવાર તા. ૧૦–૭–૬૪ના સવારે ૯ વાગ્યે અર્બુદગિરિ જૈન ઉપાશ્રય, પર મહાવીરમાર્ગ. પૂ. આચાર્યદેવશ્રીનો જમણી આંખનો મોતીઓ અષાડ સુદ ૩ સોમવાર તા. ૧૧–૭–૬૪ના ઉતારવાનું રા. પાસે નકી થયુ છે.

આરાધના ધામ–અત્રે પૂ પાદ પં. શ્રી વજ્રસેન વિ. મ.ની નિશ્રામાં સમાધિપૂર્વક વર્ધમાનતપના મહાતપસ્વી મુનિરાજ પૂ મુ. શ્રી ચંદ્રયશવિજયજી મ. તથા પૂ. મુ શ્રી ચંદ્રાંશુવિ.જી મ. સમાધિપૂવક કાલધર્મ પામ્યા છે.

અમદાવાદ–શેઠ કેશવલાલ પ્રેમચંદને બંગલે પૂ.સા.શ્રી ચરણશ્રીજી મ.ની ૧૫મી સ્વર્ગતિથિ વૈ. સુ. ૧૪ના હોંશઉલ્લાસપૂર્વક ઉજવણી થઇ સુદ ૧૩ના મોટી સંખ્યામાં બહેનોએ સામાયિક કર્યા અને સાધ્વીજી મ. એ ગુણાનુવાદ કર્યા ૨૧) રૂ.ની પ્રભાવના થઇ.

સુ. ૧૪ના પૂ. આ. ભ. શ્રી વિજય મિત્રાનંદ સૂરીશ્વરજી મ. આદિ સપરિવાર નવરંગપુરાથી દશા પો. સો. પધારેલ ત્યાં સર્વવિરતિના યશોગાન ગાયા.

અને સાધ્વીજીમ.ના ગુણ,વૈભવને વર્ણવતા. 'ચરણ સુવાસનું' વિમોચન થયુ અને રૂા. ૧૧નું સંઘ પૂજન થયું. દેશસરે ભવ્ય આંગી તથા બંગલામાં બહેનોએ પંચકલ્યાણકપૂજા ભણાવી પૂજામાં બહેનોને ચાંદીની વાટકી તથા પૂજામાં ૫) રૂા. તથા શ્રીફળની પ્રભાવના થઇ તમામ પ્રસંગે સ્વ. પૂ.સા.શ્રીજીના સંસારી સ્વજનોની હાજરી અને ઉલ્લાસ ખૂબ હતા.

દાદણગિરિ–પૂ. આચાર્યદેવેશ શ્રી વિ. પુણ્યાનંદ સૂરીશ્વરજી મ.ના આજ્ઞાવર્તિની પૂ. સાધ્વીજી શ્રી સુવ્રતાશ્રીજી મ.ના શિષ્યરત્ના પૂ. સાધ્વીજીશ્રી જિતેન્દ્રશ્રીજી મ. આદિ ઠા. ૮ નો વૈશાખ સુદ ૮ ના ચાતુર્માસાર્થે સ્વાગત પ્રવેશ મંગલાચરણ બાદ પ્રભાવના શ્રાવિકા સંઘના વ્યાખ્યાન ૧૦ થી ૧૧ સાધ્વીજી સમુદાયમાં વર્ષીતપ વીશ સ્થાનક તપ વર્ધમાનતપની આરાધના અને અધ્યયન ચાલુ છે પૂ. સાધ્વીજી મ. ના પરિવારથી સંઘમાં આનંદ છે અને શ્રાવિકા સંઘમાં જાગૃતિ સારી થઇ છે. શિરનામું– પૂ. સાધ્વીજી શ્રી જિતેન્દ્રશ્રીજીમ. ઠે. પાર્શ્વનાથ જૈન ટેમ્પલ ચોકીપેઠ દાદણગિરિ

પાલીતાણા–પૂ. પં.શ્રી અશોકસાગરજી મ. ને. ચાતુર્માસ પ્રવેશ જંબૂદ્વીપ પેઢી તરફથી અષાડ સુદ ૯ના થશે.

પાટણ–(ઉ.ગુ.) અત્રે પૂ. સા. શ્રી ત્રિલોચનાશ્રીજી મ.ના શિષ્યા તપસ્વી પૂ. સા. શ્રી વિશ્વપ્રજ્ઞાશ્રીજી મ. ની વર્ધમાન તપની ૧૦૦ ઓળીની પૂર્ણાહુતિ નિમિત્તે તથા તેમની વિવિધ તપસ્યાની અનુમોદનાર્થે પંચાન્હિકા મહોત્સવ પૂ. મુ. શ્રી જયધ્વજ વિજયજી મ.સા.ની નિશ્રામાં સાવરકુંડલા નિવાસી દોશી દલીચંદ પ્રેમચંદ પરિવાર તરફથી નગીનદાસ પૌષધશાળામાં વૈ.વદ ૮ થી વદ ૧૨ સુધી યોજાયો. જેમાં સિદ્ધચક્ર-પૂજન, શાંતિસ્નાત્ર વીશસ્થાનક પૂજન વિ. થયા આ પ્રસંગે ભાવિકો તરફથી નવ છોડનું ઉજમણું પણ થયું.

મુંબઇ–લાલબાગ–અત્રે પૂ. આ. ભ. શ્રી વિજય રાજતિલકસૂરીશ્વરજી મ. તથા પૂ. આ. ભ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મ. ની નિશ્રામા પૂ મુનિરાજ શ્રી જિનસેન વિજયજી મ. ની ૧૦૦–૭૦ મી વર્ધમાન તપની ઓળીની પૂર્ણાહુતિ પ્રસંગે કસ્તુરચંદ વર્ધાજી (કલ્યાણ થાણા)તરફથી જેઠ સુદ ૧૩–૧૪–૧૫ના ૧૦૮ પાર્શ્વનાથ મહાપૂજન આદિ ત્રણ દિવસો ભવ્ય મહોત્સવ ઉજવાયો.

મહુવા બંદર – અત્રે શ્રી ગુજરાત સોસાયટી મધ્યે શાસન સમ્રાટ સમુદાયના પૂ આચાર્યદેવ શ્રી ચંદ્રોદય સૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. દે. શ્રી અશોકચંદ્ર સૂરીશ્વરજી મ. સા. તથા. પૂ. પં. શ્રી દાન વિજયજી ગણીવર્યની શુભ નિશ્રામાં દોશી વનમાળીદાસ ભવાનજી પરીવાર તરફથી ચૈત્ર વદી ૧૦ થી વૈશાખ સુદ ૬ સુધી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિ જિન બીંબોની અંજન શલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પંચકલ્યાણકની ઉજવણી પુર્વક ખૂબજ ભવ્યાતિભવ્ય રીતે ઉજવાયેલ દરરોજ સંઘ જમણ પણ થયેલ વૈશાખ સુદ ૩ના પરમાત્માના દીક્ષા કલ્યાણકનો વરઘોડો ઐતિહાસિક રીતે નીકળેલ વરઘોડામાં ઇન્દ્રધ્વજા શરણાઇવાદન ગજરાજ, ૩૬, શણગારેલા ગાડા ઘોડેસ્વાર ચાર બેન્ડ પદ દિકકુમારીકા બેનો રથ ચતુર્વિધ શ્રી સંઘ આદિ સુંદર સામગ્રી હતી રાત્રે અધિ વાચના તથા અંજન થયેલ સુદ પના સવારે શુભ મુહુર્તે પ્રતિષ્ઠા થયેલ બાદ એક ભાઇ તથા બે બેનોના ભગવતી દીક્ષા ધામધુમ પૂર્વક થઇ હતી બપોરે અષ્ટોતરી સ્નાત્ર ઠાઠથી ભણાવાયેલ જીવદયાની ટીપ ખુબ સુંદર રીતે થયેલ વિધિવિધાન જામનગરના શ્રી નવીનચંદ્ર બાબુલાલ શાહે સુંદર રીતે કરાવેલ સંગીતમાં મુંબઇના જયેશકુમાર સાહીએ સારી જમાવટ કરી હતી સ્ટેજ પ્રેગ્રામ તથા વરઘોડાનું આયોજન મુંબઇના શ્રી દિલીપભાઇ ઘી વાળાએ સુંદર રીતે કરેલું પૂ. આચાર્ય મ. સા. આદી સુદ ૬ના અત્રેથી વિહાર કરી ભાવનગર આનંદનગર સોસાયટી અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પધારી ગયા છે.

સચીન (સુરત) – અત્રે ભીવંડી ગૃપ ઉદ્યોગનગર જી.આઇ.ડી.સી. ન હાલારી વીશા ઓસવાળ સમાજની વિનંતિથી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ આદિ ચૈત્ર સુદ પ્રથમ એકમના પધારતા બે કિ. મી.થી બેંડ સાથે સ્વાગત કર્યું. હા વાગ્યે પ્રવચન થયું બાદ પ્રભાવના તથા સાધર્મિક વાત્સલ્ય થયુ બસો ઉપર ભાવિકો આ પ્રસંગે સુરત, સચીન અંકલેશ્વર મુંબઇ ભીવંડી આદિથી ઉપસ્થિત રહ્યા હતા. રાત્રે ભાવના થતા સચીન મંડળ પધારેલ અને સારો ભકિત રસ જામ્યો હતો પૂ. શ્રી અત્રે પધારતાં ઓસવાળ ભાઇઓમાં ખૂબ ઉત્સવ પ્રગટયો હતો.

લંડન – અત્રે શ્રીમતી લક્ષ્મીબેન કેશવલાલ હેમરાજ તથા શ્રીમતી રમાબેન હરખચંદ લખમશીના વરસીતપના પારણા તા. ૧૩–૫–૯૪ ના વે. સુ.–૧૩ના ભવ્ય ઉત્સાહ અને ઉત્સવ સાથે થયા તેમણે હોલ રાખેલ. સવારે પક્ષાલ પૂજા કરીને હોલમાં આવી જાતા શ્રી રતિલાલ દેવચંદ ગુઢકાએ વરસી તપનો મહિમા સમજાવેલ અને બાદ ઉત્સાહથી પારણા થયા. બપોરે શ્રી પંચકલ્યાણક પૂજા ઠાઠથી ભણાવવા શ્રા બાઉન્સગ્રીન સત્સંગ મંડળ આવે ો સ થે લંડનના ભાવિક મંડળો શ્રી કેન્ટન હેરો સત્સંગ મંડળ, નોર્થ ફ્રીન્ચલી સત્સંગ

મંડળ શ્રી ભક્તિ મંડળ શ્રી સાઉથ સત્સંગ મંડળોને આમંત્રણ આપીને બોલાવ્યા હતા. તા કલાક ભક્તિની ધૂન ચાલી હતી રતિલાલ ભાઇએ પૂજામાં ઘણો રસ જમાવ્યો હતો. પૂજા પછી હાર્દિક સ્વાગત કરીને આ પધારેલ સૌ ભાઇ બહેનોનું સાધર્મિક વાત્સલ્ય કર્યું હતુ. ખૂબ ઉદારતા તથા આનંદથી સારોય પ્રસંગ ઉજવાયો હતો.

રાજકોટ ઇસ્ટ – અત્રે પૂ. મુ. શ્રી ઉદયરત્ન સાગરજી મ.ની નિશ્રામાં તા. ૨૮ રવિ ઋષિ મંડળ પૂજન થયું તા. ૨૯ સુમતિ ભગવાનની ચલ પ્રતિષ્ઠા થઇ પ્રતિમાના અંજનનો લાભ અ. સૌ. ચંચલબેન ખેતશી જોદા મેરાઉવાળાએ તથા ભરાવવાનો લાભ ન સૌ. સોનબાઇ વીશનજી ઢેઢીઆ વાળાએ લીધો બંને તરફથી સાધર્મિક ભક્તિ થઇ.

જામખંડી – શ્રી કુંભોજ તીર્થમાં પૂ. આચાર્યદેવેશ શ્રી વિજય ભુવન તિલક સૂરીશ્વરજી મ. ના શિષ્ય પૂ. આ. શ્રી વિજય અશોકરત્ન સૂ. મ. ઠા. ૫ ની નિશ્રામ શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ ભગવાનના પ્રતિષ્ઠાના ૧૨૫ વર્ષ નિમિતે સપાદ શતાબ્દિ મહોત્સવ ઉજવાયા પછી પૂ આ. મ. આદિ અત્રે વૈશાખ સુદ ૧૨ના સસ્વાગત પધાર્યા હતા. પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ. ની ચોથી વાર સૂરિ મંત્રની ૫ મી પીઠિકાની આરાધના નિમિતે ગુરૂ સંઘ પૂજન શ્રીફળની પ્રભાવના વરઘોડો રાત્રપાહાર નાસ્તો. જેઠ શુદ ૨ ના પૂ. આ. શ્રી ભુવનતિલક સૂરીશ્વરજી મ.ની ૨૨મી પુણ્યતિથિ નિમિત્તે વ્યાખ્યાનમાં પૂ. આ. શ્રી અભયરત્ન સૂ.મ. અને પૂ. મુનિ શ્રી અમરસેન વિ. મ. એ ગુણાનુવાદ કર્યા હતા. શ્રી સંઘ તરફથી જેઠ સુદ ૫ થી પાંચ દિવસનો મહોત્સવ થતાં શ્રી જિનેશ્વર ભગવંતના ૧૮ અભિષેક શ્રી કુંભસ્થાપનાદિ શ્રી નવગ્રહ આદિ પૂજન બે સાધર્મિક વાત્સલ્ય અને શ્રી શાન્તિસ્નાત્ર સાથે મહોત્સવ ઉજવાયો હતો. વિધાન માટે ઇચલ કરંજીથી ધાર્મિક માસ્તર શ્રી અરવિંદભાઇ કે. મહેતા અને પૂજા ભાવના માટે આકોલાથી સંગીતકાર શ્રી અશોકભાઇ જૈન પાર્ટી સાથ પધાર્યા હતા. પૂ. આચાર્ય મ. આદિ ગદગ ચાતુર્માસાર્થે અષાઢ શુદ ૨ના પ્રવેશ કરશે.

સરનામું – પૂ. આ. શ્રી અશોકરત્ન સૂ. મ. સા. જૈન પ્રવે. મંદિર સ્ટેશન રોડ ગદગ–૫૮૨૧૯૧

સુરેન્દ્રનગર – અત્રે આરાધના ભવન શ્રી મહાવીરસ્વામી પ્રાસાદમાં પૂ. આ. શ્રી વિજય નિત્યાનન્દ સૂરીશ્વરજી મ. આદિ ની નિશ્રામાં સ્વ. શ્રી રતિલાલ અમુલખભાઇના શ્રેયાર્થે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન વૈ. વદ ૫. ૧૨ ના સવારે રાખેલ મુકેશભાઇ વિધિ માટે અને રાજુભાઇની મંડળી આવેલ આ પ્રસંગે પાઠશાળાના અભ્યાસકે નું જમણ રાખેલ.

થાન – અત્રે પૂ. પં. શ્રી ભદ્રશીલ વિ. મ. ની પ્રથમ વાર્ષિક તિથિ નિમિત્તે પૂ. પં. શ્રી ગુણશીલ વિ. મ. ની નિશ્રામાં શ્રી સંઘ તરફથી જેઠ સુદ ૧૦+૧૧ થી સુદ ૧૫ સુધી શાંતિસ્નાત્ર સિદ્ધચક્ર મહા પૂજન આદિ પંચાહ્નિકા જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ ઠાઠથી ઉજવાયો હતો.

અમદાવાદ — નારણપુરામાં પૂ. મુનિરાજ શ્રી ચરણપ્રભ વિજયજી મ. ની નિશ્રામાં સ્વ. કાંતિલાલ કલસુખરામ મારફતીયા તથા સ્વ. શ્રીમતી કંચનબેન કાંતિલાલના આત્મ શ્રેયાર્થે તેમના પરિવાર તરફથી જેઠ સુદ ૧ થી ૩ સુધી શંખેશ્વર પાર્શ્વનાથ અભિષેક મહાપૂજન સહિત મહોત્સવ ઉજવાયો.

પેડલી કોંકણ નગર – અત્રે પૂ. મુ. શ્રી અનંતરત્ન સાગરજી મ. ની નિશ્રામાં ૧૬–૫–૬૪થી અઠ્ઠાઇ મહોત્સવ વિવિધ પૂજનો સાથે ઉજવાયો શ્રી સીમંધર સ્વામીજીની મૂર્તિ પ્રતિષ્ઠા નિમિત્તે ઉજવાયો.

દિલ્હી – પૂ. આ. શ્રી પદ્મ સાગર સૂ. મ. ઠા. ૧૦ તા. ૧૬–જુલાઇ ચાતુર્માસ પ્રવેશ કરશે ૨૦૪૯ કિનારી બજાર દિલ્હી–૬

થાણા – કચ્છી જૈન સંઘના ઉપક્રમે વરસીતપના પારણા પૂ. મુ શ્રી ઉદયરત્ન સાગરજી મ. ની નિશ્રામાં ભકતામર પૂજન આદિ તા. ૮–૫–૬૪ થી પંચાન્હિકા મહોત્સવ સાથે ઉજવાયો.

ધાનેરા – પૂ. મુ. શ્રી જયાનંદ વિ. મ. અનેક ઉત્સવો આદિના કાર્યક્રમો બાદ ગિવાના જેઠ સુદ-૩ અરુણા કુમારીની દીક્ષા કરી ધાનેરા ચાતુર્માસ અષાડ સુદમાં પધારશે.

જાલોર – અત્રે રાજીકા વાસમાં પૂ. આ. શ્રી ગુણરત્ન સૂ. મ. નિશ્રામાં શાંતિનાથ પ્રભુજી ની પ્રતિષ્ઠા ધામધુમથી થઇ.

દહાણુરોડ – અત્રે પૂ પં શ્રી વિમલસેન વિ. પૂ. મુ શ્રી દેવસુંદર વિ. મ. પૂ. પં. શ્રી રત્નસુંદર વિજયજી મ. આદિની નિશ્રામાં બંભાત હાલ મુંબઇ શ્રી હેમંતકુમાર ભદ્રીકભાઇની તથા બહેન કુમારી સોનલબેન નવીનચંદ્ર શાહની દીક્ષા ઠાઠથી થઇ હતી બહારથી ઘણા ભાવિકો પધાર્યા હતા.

ચંદાવરકરલેનના આંગણે સો પ્રથમવાર પૂજ્યોની પધરામણી તથા ભાગવતી દીક્ષા પ્રસંગ...

વૈશાખ સુદ ૧૧ ના રોજ પ. પૂ. તપસ્વી સમ્રાટ વર્ધમાન તપોનિધિ આ. દેવેશ શ્રીમદ્ વિ. રાજતિલક સૂરીશ્વરજી મહારાજા તથા પ. પૂ. ગ. આ. ભ. મહોદય સૂ. મ. સા. તથા પ. પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય હેમભૂષણ સૂ. મહારાજા આદિ વિશાલ મુનિવૃંદ તથા પ. પૂ. સા. હર્ષપૂર્ણાશ્રીજી પ. પૂ સા. હંસશ્રીજી મ. આદિ ઠાણાની નિશ્રામાં પાંચ દિવસનો મહોત્સવ ઉજવાઇ ગયો.

વૈ. સુ. દિ. ૧૫ ના રોજ પૂજ્યોનું ભવ્ય સામૈયું રાજમાર્ગ પરથી પસાર થઇ દેરાસરની બાજુમાં બાંધેલા ભવ્ય મંડપમાં પધારેલ. પૂજ્યશ્રીએ સુંદર પ્રવચન ફરમાવેલ ત્યાર બાદ ગુરૂપૂજન તથા સંઘ પૂજન થયેલ.

વૈ. સુદ ૧૨ ના રોજ પૂજ્યો સાથે દીક્ષાર્થી ધીરેનભાઇ તથા પ્રીતીબેનના દીક્ષાનો વર્ષીદાનનો ભવ્ય વરઘોડો નીકળેલ રાજમાર્ગ પર ફરી દીક્ષા મંડપ (રામ નગરીમાં) પધારેલ. આજ રોજ પ. પૂ.

આ ૬ા રાજતિલક સૂ. મ.ને આજ રોજ ૨૭૬૭ ઓળીનો પારણાંનો શુભ દિવસ હે.વાથા ગુરૂપૂજનની ઉછામણી બોલાવેલ. ૨૧ હજાર થયેલ શાંતિલાલ વાડીલાલ ભાભરવાળાએ લીધેલ ત્યારબાદ પ પૂ કીર્તીયશ મ. સ. સુંદર પ્રવચન ફરમાવેલ. તપસ્વી સમ્રાટના સુંદર ગુણાનુંવાદ કર્યા હતા. ગુરૂપૂજન તથા સંઘપૂજન થયેલ. ત્યાર બાદ સ્વામી વાત્સલ્ય રખાયું હતું તેમાં ૪ થી ૫ હજાર પુન્યશાળીઓને રસપુરીનું જમણ થયું. તપસ્વી સમ્રાટના પારણા નિમિત્તે જીવદયાની ટીપ થયેલ.

લગભગ ૧ લાખ જેટલી થયેલ. આ દિવસે ભવ્ય સુંદર અંગરચના પ્રભુજીને થયેલ સુંદર દિવાઓની રોશની કરાયેલ.

તે.સુ. ૧૩-ના રોજ સવારે દીક્ષાર્થી ભાઇ-બહેન તેમના નિવાસસ્થાનેથી વર્ષીદાન દેતા દીક્ષા મંડપમાં પધારેલ. પૂજ્યોની નિશ્રામાં ૯ વાગે દીક્ષાની શુભ ક્રિયાનો પ્રારંભ થયેલ હતો. દીક્ષાર્થીને છેલ્લુ વિદાય તિલકની ઉછામણી ૧૫ હજાર થયેલ.પૂજ્યોનું ગુરૂપૂજનની ઉછામણી ૩૬ હજાર થયેલ. શૈલેષકુમાર મોમાયા (રાધનપુરવાળા) એ લીધેલ કામળી વહોરાવાનો ચઢાવો. ૨૧ હજારમાં થયેલ.

દીક્ષાર્થી બીજા ઉપાઠરણની ઉછામણી સારી થયેલ. ત્યારબાદ ગુરૂપૂજન તથા સંઘપૂજન થયેલ ત્યારબાદ એક સદ્‌ગૃહસ્થ તરફથી રસ પુરીનું સ્વામી વાત્સલ્ય રાખેલ. સુંદર રીતે વ્યવસ્થા રખાયેલ. આ દિવસે પણ પ્રભુજીને સુંદર રીતે અંગરચના થયેલ.

અર્હદ્ અભિષેક મહાપૂજન તથા લઘુશાંતિસ્નાત્ર વગેરે પૂજનો ભણાવેલ. તેમાં વિધિકાર રમણીકભાઇ પંડિતજી પધારેલ. ચાલું સાલના ચાતુર્માસનો નિર્ણય પણ આજરોજ થયો હતો. પ. પૂ. અક્ષય વિ. મ.સા. આદિઠાણા ચંદાવરકર લેનમાં થશે.

મુંબઇ-શેઠ શ્રી મોતીશા લાલબાગ જૈન ઉપાશ્રય-ભુલેશ્વર મધ્યે ઝવેરી લાલભાઇ ચંદુલાલ પરિવાર તરફથી તપસ્વી શ્રી કનુભાઇ લાલભાઇ ઝવેરીની વર્ધમાન તપની૧૮૦ ઓળી.પૂર્ણાહુત્તિ નિમિત્તે તથા મુમુક્ષુ અમરકુમાર સૂર્યકાંતભાઇ ઝવેરીની ભાગવતી દીક્ષા ગ્રહણ નિમિત્તે તથા શ્રી કનુભાઇ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી નીલાબેન કનુભાઇના જીવિત મહોત્સવ નિમિત્તે પૂ. આ. ભ. વિજય રાજતિલક સૂરીશ્વરજી મ. પૂ. આ. ભ. શ્રી વિજય મહોદયસૂરીશ્વરજી મહારાજની પુનીતિ નિશ્રામાં વૈ સુદ ૨૩ થી નવાહિનકા મહોત્સવનું આયોજન થયેલ. વદ ૬ ની અમરકુમારની દીક્ષા પૂ. આ. ભ.શ્રી વિજય લલિતશેખર સૂરીશ્વરજી મ. પાસે થયેલ. અને વદ ૭ શ્રી કનુભાઇનું પારણું થયેલ.

ભલાડ ઇસ્ટ—શ્રી હરિસૂ. ઉપાશ્રયમાં પૂ. મુ. શ્રી નંદીશ્વર વિજયજી મ. તથા પૂ. મુ. શ્રી કલ્પરત્ન વિ. મ.નો ચાતુર્માસ પ્રવેશ અષાડ સુદ બીજ રવિવારે થશે.

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી
ઇંદોરમાં શ્રી વર્ધમાનસ્વામી વર્તમાન ચોવીશી તીર્થ

ભૂમિપૂજન, ખનન અને શિલાસ્થાપન મહોત્સવ

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશ અને માર્ગદર્શન મુજબ ઇંદોર પશ્ચિમ ક્ષેત્રમાં પ્રિકાંકો કોલોની અનપૂર્ણા રોડ ઉપર શ્રી વર્ધમાન સ્વામી વર્તમાન ચોવીશી તીર્થનું આયોજન થયું છે આ અંગે શ્રી શ્વેતાંબર જૈન સ્વાધ્યાય સંઘ તરફથી એક વિશાળ ભૂમિ આ ટ્રસ્ટને મળી છે તેમાં ચોવીશ જિનાલય ઉપાશ્રયો ધર્મશાળા ભોજનશાળા આદિનું આયોજન નક્કી થયું છે. ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શાંતિલાલજી બમ અને અધ્યક્ષ શ્રી તેજકુમાર ડોશી આદિએ આ માટે સતત પૂ શ્રીનું માર્ગદર્શન લઇ આયોજન કર્યું છે.

જેઠ વદ ૩ રવિવાર તા. ૨૬-૬-૬૪ના બપોરે ખનન મુહુર્ત્ત શેઠ શ્રી શ્રી વિમલચંદજી સુરાણા હસ્તક રાખેલ બપોરે ૩ વાગ્યે પ્રવચન થયા બાદ વિગતો રજુ થઇ અને ઘણા ઉત્સાહથી ભૂમિ પૂજન તથા ખનનવિધિ થઇ શ્રી તેજકુમારજી ડોશી તરફથી શ્રીફળની તથા ટ્રસ્ટી શ્રી વિરેન્દ્રકુમારજી નાહર તરફથી લાડુની અને શ્રી શાંતિલાલ બમ તરફથી સેવના પડિકાની લાણી થઇ. ૫૦૦ જેટલી સંખ્યા હાજર રહી હતી.

જેઠ વદ ૧૦ના સવારે ૧૧-૩૦ કલાકે શિલાસ્થાપન હતું ૯ વાગે સ્નાત્ર નવગ્રહાદિપૂજન શિલાપૂજન થયું પૂજ્યશ્રીનું પ્રવચન થયું અને ભાવિકો એ પોતાના ઉલ્લાસથી આ કાર્યમાં તેમજ સર્વસાધારણમાં ફંડનો વરસાદ વરસાવ્યો અને સાત જિનાલયના નકરા અને દાન મળીને ૧૪-૧૫ લાખ જેટલી રકમો જાહેર થઇ હતી.

મુખ્ય શિલાપૂજન સ્થાપન દેવરા નિવાસી શેઠ શ્રી નંદલાલજી નાથુલાલજી ચોધરીએ કર્યું હતું.

બીજી શીલાઓનું પૂજન સ્થાપન (૨) શ્રી પી. સ. જૈન ઇંદોર (૩) શ્રી છગનલાલજી માનમલજી જૈન ઇંદોર (૪) શ્રી શ્રી રાજમલજી જિનેન્દ્રકુમારજી ગુગલીયા ઇંદોર (૫) શ્રી રાજમલજી પારસમલજી વયા ઇંદોર (૬) શ્રી અમીતકુમારજી સોહનલાલજી જૈન ભોપાલ (૭) શ્રી નેમિચંદજી માનમલજી બમ ઇંદોર (૮) શ્રી બાપુલાલજી તેજકુમારજી ડોસી ઇંદોર (૯) શ્રી મોતીચંદ કચરાભાઇ ઇંદોર.

વિધિવિધાન શ્રી વેલજીભાઇ લીલાધર શાહે કરાવ્યા હતા, મહિધર પ્રાસાદ ૪ ચાને શેષ જિનાલયના ૨ણ એમ કુલ સાત જિનમંદિરોની જાહેરાત થઇ તે મહિધર પ્રાસાદના નામ ૧ શ્રી છગનલાલ જૈન ઇંદોર ૨ રાજમલજી ગુગલીયા ઇંદોર ૩ શ્રી ચંદ્રાવતી બાબુભાઇ જવેરી ટ્રસ્ટ રત્નપુરી મલાડ ૪ શ્રી નાથુલાલજી સકલેચા, શેષ જિનાલયના નામ ૧. શ્રી શાંતિલાલજી બમ ૨. શ્રી બાપુલાલજી તેજરાજજી ડોસી ૩. શ્રી જ્ઞાનચંદજી તારાચંદજી કુટુંબ હસ્તી, વિશાળ મંડપમાં ૨૫૦૦ ઉપર જનસંખ્યાની વચ્ચે મંત્રોચ્ચાર પૂર્વક નવે શિલાઓનું

સ્થાપન પૂ. આ. ભ. ની નિશ્રામાં થયું હતું. ઉત્સાહ અનેરો હતો. ઇંદોર માટે આ ભવ્ય પ્રસંગ અપૂર્વ હતો. મુરબ્બીઓ શ્રી નગીનદાસ કોઠારી, શ્રી શિખરચંદજી નાગોરી શ્રી માનમલજી તાતેડ શ્રી નાથુલાલજી સકલેચા વિ. નું ટ્રસ્ટ તરફથી સન્માન થયું હતું. ટ્રસ્ટીઓ કાર્યકરો યુવાનોનો પરિશ્રમ જોરદાર હતો દરેક કાર્ય વ્યવસ્થિત અને સમયસર થયા હતા. શ્રી શાંતિકુમારજી બમ તથા શ્રી તેજકુમારજી ડોશી તરફથી વિશાળ સમુદાયનું સાધર્મિક વાત્સલ્ય હતું. ઇંદોર માટે જ નહિ પરંતુ માળવા દેશ માટે આ એક ભવ્ય તીર્થ આકાર લઇ રહ્યું છે તેનો સૌને મન ખૂબ આનંદ અને પ્રસન્નતા હતી.

(પેજ ૧૦૬૮નું ચાલુ)

જ માલિકીનો હોવા છતાં ઝઘડો ટાળવા માટે તરત જ પાલગંજના રાજા પાસે પહાડ ખરીદી લેવાની માગણી મૂકી. પાલગંજના રાજાએ ૧૯૧૮ના માર્ચમાં આ પહાડ નગરશેઠને રૂ ૪૨ લાખ રૂપિયામાં વેચ્યો અને બ્રિટિશ સરકારે પણ આ વેચાણખતને માન્ય રાખ્યું. આગમોદ્ધારક પૂજ્ય સાગરાનંદજી મહારાજ પોતાના શિષ્યપરિવાર સાથે ઈ.સ. ૧૯૨૫માં સમ્મેતશિખરજીની યાત્રાએ પધાર્યા હતા. તેમની ભાવના હતી કે આ તીર્થનો મોટો જીર્ણોદ્ધાર થાય. તેમનાં આજ્ઞાવર્તિની સાધ્વીજી રંજનશ્રીજી મ. સા. ના ત્યાંના વિહાર દરમિયાન તેમના ઉપદેશથી ઈ.સ. ૧૯૬૧માં તમામ ટૂંકોનો જીર્ણોધ્ધાર થયો. જીર્ણોધ્ધારનું કામ ખૂબ વિકટ હતું. લગભગ દરેક ટૂંકમાં કંઇને કંઈ સમારકામ કરાવવાનું હતું. ખુલ્લી જગ્યામાં રહેલી ચરણપાદુકાઓ ઉપર રંગ મંડપ બાંધવાની જરૂર હતી. વળી જળમંદિરનો ઉદ્ધાર તેમજ વિસ્તરણ કરવાની પણ જરૂર હતી. ઉપરાંત ગૌતમસ્વામીની ધર્મશાળા, ગાંધર્વનાળાની દેરી, ભૈરવની બંને દેરીઓ, સીતાનાળા ઉપરનો બંગલો, ક્ષેત્રપાલ ઘાટ તથા ચોપડાકુંડ પણ કેટલીક મરામત માંગતાં હતાં. બે વર્ષના ગાળામાં ૨૯ ટૂંકોનો જીર્ણોધ્ધાર પૂરો થયો. ત્યારબાદ જળમંદિરનું જીર્ણોદ્ધારકાર્ય હાથ ધરવામાં આવ્યું. આ કામ પાંચથી છ વર્ષે પૂર્ણ થયું. મંદિરમાં વીસ તીર્થંકરોના વીસ ગોખલાઓ કોતરવામાં આવ્યા. આ રીતે શ્રી સમ્મેતશિખરજી ગિરિરાજનો બાવીસમો અને અંતિમ જીર્ણોદ્ધાર પૂરો થયો. અત્યારે તીર્થભૂમિ ઉપર જે તમામ દેરીઓ છે, તે શ્વેતાંબરોએ જ બનાવી હોવાનું આ રીતે સાબિત થાય છે.

દિગંબરોએ અત્યાર સુધી ન તો કોઇ ફાળો આપેલો કે ન તો કોઇ ધ્યાન આપેલું. તેનું કારણ સ્પષ્ટપણે એ જણાય છે કે ભગવાન મહાવીરના નિર્વાણ પછી આશરે ૬૦૦ વર્ષે જ્યારે દુકાળ વગેરે કારણે દિગંબરો હિજરત કરીને દક્ષિણના કર્ણાટકમાં ચાલ્યા ગયા, ત્યાર બાદ તેઓએ ઉત્તર ભારતનાં તીર્થો પ્રત્યે લગભગ કોઇ લગાવ રાખ્યો ન હતો. સ્વતંત્રતાને તેઓએ દક્ષિણમાં જ પોતાનાં શ્રવણ બેલગોલા જેવાં તીર્થો વિકસાવ્યાં હતાં. તેથી ઉત્તર ભારતનાં શ્રી સમ્મેતશિખરજી, પાવાપુરી, રાજગૃહી, ક્ષત્રિયકુંડ વગેરે તમામ તીર્થોની રક્ષા, પ્રબંધ વગેરેનાં તમામ કાર્યો શ્વેતાંબરોએ જ પોતાનાં તનમનધનનો ભોગ આપીને, ઘસારો વેઠીને જાળવી રાખ્યાં જણાય છે. (ક્રમશઃ)

પ્રવચન પરિમલ

પ.પૂ આચાર્યદેવેશ શ્રીમદ્‌વિજયરામચંદ્રસૂરીશ્વરજીમહારાજ

- પ્રમાદ સામે આંખ લાલ ન થાય તો ધર્મ સામે મીઠી આંખ થાય નહિ
- વિષય-કષાય જેને સાચા લાગે તે સમજદાર ગણાય કે મૂરખ ગણાય ? કેમકે પ્રમાદ ન છૂટે તો ધર્મ સારી રીતે થાય નહિ.
- સંસાર તે પાપનું ઘર છે કેમકે પાપ કર્યા વિના ચાલતો નથી.
- આરંભ અને પરિગ્રહ દુર્ગતિના કારણ છે. તે બે વિના સંસાર ચાલતો નથી તો પછી સંસારને સારો કેમ કહેવાય ?
- સારા થવાની-ગુણ પામવાની જેની ઇચ્છા હોય તેનું જ જીવન ધીમે ધીમે સુધરતું જાય. આવી જેની ઇચ્છા ન હોય તેનું જીવન બગડતું જ જાય.
- સારી ચીજની અવગણના કરવી તો તે સારી ચીજ ઘણા કાળ સુધી મળે નહિ તેવું પાપ બંધાય !
- આગળ ચોરટા ચોરી કરતા હતા, આજે મોટા શાહુકારો ચોર છે. એટલું જ નહિ ચોરીના ન્યાય કરનાર ચોર છે. તે શાહુકારને પજવે છે અને ચોરટા ને પોષે છે. આને ધંધો કહે તેના જેવો ગમાર એક નથી. ભયંકર અનાચાર કરનારને ધંધો કહેવાય ?
- આજે તમે પાપથી 'નિર્ભય' છો, પાપની સજા નથી. તેમ માનો છો એટલું જ નહિ પરલોક પણ માનતા નથી તેથી તમારા હૈયા ધિઠ્ઠાં અને નઠોર બની ગયા છે.
- સારી રીતે જીવવું તો સાધુ જ થવું પડે. દોષ વિના પાપ વિના સાધુપણામાં જ જીવાય માટે સર્વવિરતિ તે જ ધર્મ દેશવિરતિ તે ધર્માધર્મ ત્યાં ધર્મ સરસવ જેટલો અને અધર્મ મેરૂ જેટલો.
- ધર્મ તો મહેનત વગર મળે જ નહિ જ્યારે પૈસો મહેનતથી મળે તેવો ય નિયમ નહિ. તે માટે તો પુણ્યોદય જોઇએ.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ)
C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ-જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧

૪૨૮૭ 1055 ૧૯૮૭-૭૭-૭૮

નમો ચઉવિસાए तित्थयराणं उसभाई-महावीर पज्जवसाणाणं

શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારનું પત્ર.

જૈન શાસન

અઠવાડિક

સવિ જીવ કરું શાસન રસી.

1994

૦ સમ્યક્ત્વ જ દુર્લભ છે.

लब्भइ सुरसामित्तं, लब्भइ य पहुत्तणं न संदेहो ।
एगं नवरि न लब्भइ दुल्लहरयणं व सम्मत्तं ।।

દેવોનું સ્વામિત્વ અને મનુષ્યોનું પ્રભુ-સ્વામિ પણું પણ મેળવી શકાય છે એમાં સંદેહ નથી. પરન્તુ ચિંતા-મણિરત્ન સમાન દુર્લભ એવું સમ્યક્ત્વ પામી શકાતું નથી.

આ.શ્રી. કૈલાસસાગર સૂરિ જ્ઞાન મંદિર
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા

પૂ. આ. શ્રી વિ. રામચન્દ્ર સૂ. મ.
તૃતીય પુણ્યતિથિ
વિશેષાંક

વર્ષ ૬

અંક ૪૭ + ૪૮

લવાજમ વાર્ષિક
દેશમાં રૂા. ૨૦

શ્રી જૈન શાસન કાર્યાલય
શ્રુત જ્ઞાન ભવન, ૪૫ દિગ્વિજય પ્લોટ
જામનગર
(સૌરાષ્ટ્ર) INDIA-PIN-361005

લવાજમ આજીવન
દેશમાં ૨૫૦

✓ લવાજમ

પૂજ્યશ્રી કહેતા હતા કે -

- શ્રી ગુણદર્શી

- અર્થ અને કામ એ સંસાર રોગથી પીડાતા આત્મા માટે વિહિત કરાયેલા ધર્મરૂપી ઔષધની ખાનાખરાબી કરનાર, ભયંકર કુપથ્યો છે. જેને અર્થ અને કામ, એ એની અભિરૂચિ બને અહીં આવીને વધે, એના ઈરાદે અહીં અવાય, અહીં ન મળે તો નારાજી થાય, છોડવાની વાતોથી ગભરામણ થાય તો એ ધર્મને સાંભળે શી રીતે!
- ત્યાગીનો ધર્મ ત્યાગની રૂચિ વિના સંભળાયે નહિ અને સમજાયે નહિ.
- નાનામાં નાની ધર્મકથાએ સાંભળવી શા માટે? તમે કહો કે, અમારો આત્મા અર્થ કામની લાલસામાં જે ફસ્યો છે તે છૂટી જાય તે માટે, અનાદિકાલની અમારી પાપ વાસનાઓ ઘટે, વિષયલાલસાઓ તૂટે અને અસાર એવા આ સંસારનો પ્રેમ સર્વથા છૂટી જાય એ જ એક અમારો ઈરાદો છે.
- સદ્‌ગુણ તે કહેવાય જે પરિણામે સુંદર હોય.
- એક એક અક્ષર વાંચવા કે ભણવા માંડીયે કે તેમાંથી વિરતિના ફુવારા ઊડે એ સમ્યક્‌જ્ઞાન અને જે વાંચવાથી કે ભણવાથી વિરતિથી કંટાળો આવે, વિરતિના અધ્યવસાયથી આત્મા પાછો પડે એ અજ્ઞાન, મિથ્યાજ્ઞાન.
- તજવા જેવી ચીજ પણ ત્યાગને માટે કરવી પડે તો કરવાની આજ્ઞા. પણ રાગ માટે એ તજાય તો ખોટી આત્માની વિટંબણા કરે છે.
- અનાદિકાલથી વળગેલા પૌદ્‌ગલિક સંયોગોને મૂકીયે એ ધર્મ. પૂરું મૂકીએ તે પૂરો ધર્મ અને અધુરૂં મૂકીએ એ અધૂરો ધર્મ. મૂકાય તે ધર્મ કે વળગાય તે ધર્મ!
- શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરુદ્ધ મન, વચન, કાયાની પ્રવૃત્તિ એ બધોય પ્રમાદ! આજ્ઞાને અનુસરતી પ્રવૃત્તિ એ અપ્રમાદ.
- અવિહિત વસ્તુમાં પ્રવૃત્તિ એ પ્રમાદ! શ્રી જિનેશ્વર દેવે જે વસ્તુનું વિધાન પણ નથી કર્યું અને નિષેધ પણ નથી કર્યો એમાં પ્રવૃત્તિ એ પણ પ્રમાદ.
- ભગવાન મહાવીરનો એ મૌલિક સિદ્ધાંત છે કે, છતી વસ્તુનો સદુપયોગ કરવો એ ધર્મ, પણ સદુપયોગ માટે વસ્તુ પેદા કરવી એ પાપ!
- અમને પણ શાસ્ત્રકાર કહે છે, ઘર મૂકીને ઉપકાર કરવા ન જજો, મર્યાદા મૂકી ઉપદેશ ન આપજો. અમને મુધાદાયી, મુધાજીવી કહ્યા છે. તમારા અન્નપાણી આદિ માટે અમારે ઉપદેશ દેવો, એમ? જો આ ભાવના આવી તો અમારા માટે ખાડો તૈયાર છે!

હાલા દેહોદ્ધારક પૂ.આ.શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની
પ્રેરણા મુજબ શાસન અને સિદ્ધાન્ત રક્ષા તથા પ્રચારાર્થ પત્ર.

જૈન શાસન

• સાપ્તાહિક •

આજ્ઞારાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ

તંત્રીઓ
પ્રેમચંદ મેઘજી ગુઢકા
(અંજાર)
હેમેન્દ્રકુમાર મણસુખલાલ શાહ
(રાજકોટ)
સુરેશચંદ્ર વીરચંદ શેઠ
(વઢવાણ)
ચાંદમલ પદમશી ગુઢકા
(ચાંદગઢ)

વર્ષ ૬ | ૨૦૫૦ અષાઢ વદ-૧૦ મંગળવાર તા. ૨-૮-૯૪ [અંક ૪૭-૪૮

શ્રી જિન ભક્તિ

પ્રવચન-સાતમું

૨૦૨૮, માગશર સુદ-૨ શનિવાર, તા. ૨૦-૧૧-૧૯૭૧ બેઠા

– પૂ. આ. શ્રી. વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

(ગતાંકથી ચાલુ)

ભગવાનનો ધર્મ દુઃખ વેઠવા અને સુખનો ત્યાગ કરવા માટે છે. જેનામાં હજી દુઃખ વેઠવાની અને સુખ છોડવાની તાકાત નથી પણ તેવી તાકાત આવે માટે શ્રાવક-શ્રાવિકા થાય છે. તેવા જીવોને ભગવાનની ભક્તિનો પ્રસંગ આવે તો પોતાના પૈસાનો સદુપયોગ કરવાનું મન થયા વિના ન જ રહે. પુણ્યયોગે સારામાં સારી સુખ-સામગ્રી હોય તે પોતે જ મંદિર બાંધે, જિર્ણોદ્ધાર કરાવે, પ્રતિષ્ઠા કરાવે. આજે શક્તિ છતાં મંદિરો કે બાંધનારા કેટલા મળે ? કદાચ માનો કે, સંઘવાળા ભેગા થઈને કરે તો પણ બોલીને લાભ લેવા પડાપડી કરે ને ? પૈસા માટે ગામ છોડે તે સારા કહેવાય ? ગામમાં દાલ-રોટી મળે તો શું કામ જાય ? ધર્મની સામગ્રી ન હોય માટે ગામ છોડતા હોય તેવા કેટલા મળે ?

આર્યદેશમાં જન્મેલા આર્યોને અર્થ અને કામ હજી હેય લાગતા નથી. અર્થ મેળવવા અને કામ ભોગવવા પ્રયત્ન કરે પણ અન્યાય-અનીતિથી મળતા અર્થ અને કામને તો તે હેય જ માને છે. આવા માર્ગાનુસારી જીવો પોતાની મૂડીના બે ભાગ કરે. તેમાં અડધો ભાગ ધર્મ ખાતે રાખે. બાકીના અર્ધા ભાગના ત્રણ ભાગ કરે. એક આજીવિકા માટે, એક વેપારાદિ માટે અને એક નિધાન રૂપ રાખે, આસમાની સુલતાની થાય

તો કામ લાગે. આ માર્ગાનુસારી જીવોની વાત કરૂં છું, તમે તો બધા મોટા મહાત્મા છો તો તમારી મૂડીનો કેટલામો ભાગ ધર્મ ખાતે છે. આજે તમે બધા તમારી મૂડીનો અર્ધો ભાગ તો કાઢવાના નથી તેની ખબર છે. પણ જો તમે બધા નક્કી કરો કે હું જ્યાં રહેતો હોઉં ત્યાં ૫-૧૦ કે ૧૫% જેટલી રકમ મંદિર, ઉપાશ્રય, સાધર્મિક ભક્તિ આદિ માટે જુદી કાઢીશ અને જ્યાં ખરેખર જરૂર હોય ત્યાં જાત તપાસ કરી મારી જાતે જ મોકલી આપીશ. તો સાતેક્ષેત્ર સાધારણ આદિ તરબોળ થઇ જાય ને? આજે **સાધારણનો તોટો તે સુખી લોકોની માનસિક દુઃખનું ગરીબાઇનું પ્રદર્શન છે.**

ભગવાનની ભક્તિ આપણે આપણા સંસારનો નિસ્તાર કરવા કરવાની છે આપણા આત્માના કલ્યાણ માટે કરવાની છે. ભગવાનને પૂજા જોઇતી નથી, આપણે જોઇએ છે. પૂજારી આપણી કમજોરીથી રાખીએ છીએ. તેને પગાર કોણ આપે? પૂજારીનો પગાર, કેસર, સુખડ આદિ બધી સામગ્રી પોતાની હોવી જોઇએ.

ભગવાનનો ધર્મ પામવા સુંદર મન જોઇએ. આ શરીરની ગુલામી કરવાની નથી, શરીર પાસે ગુલામી કરાવવાની છે. શક્તિ મુજબ ધર્મમાં વ્યય કરવો જોઇએ. દુઃખને મજેથી વેઠતા શીખવું જોઇએ. સુખ સ્પર્શે નહિ તેની સાવધગિરિ રાખવી જેથી એવી તાકાત આવે કે, દુઃખ વેઠાય અને સુખ છોડાય. આ વાત સમજે તેવા આત્મા માટે આ સંસાર એ સાગર નથી પણ ખાબોચીયું છે. તે આત્મા ચાલ્યો. થોડા જ કાળમાં મોક્ષે પહોંચી જવાનો. સૌ આવી દશાને પામો તે જ ભાવના. વિશેષ હવે પછી

—: અધમ અને ઉત્તમનું લક્ષણ :—

ઉત્તમ અહમ વિયારે વીમંસહ કિં મુહા મુહા તુબ્ભે ।
અહમો ન કાયગ્ઘાઓ કયન્નુણો ઉત્તમો ન ન્નો ॥

હે પંડિતો! તમો ઉત્તમ અને અધમના વિચાર કરવા શા માટે તર્ક-વિતર્ક કરો છો? કારણ કે કૃતઘ્ન કરતાં બીજો કોઇ અધમ નથી અને કૃતજ્ઞથી બીજો કોઇ ઉત્તમ નથી.

શાસન સંરક્ષક ધર્મધુરંધર પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્
વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજની તૃતીય પુણ્યતિથિએ

–: ભાવભરી વંદના :–

વર્તમાનમાં જૈન શાસનને સમુજ્જવલ બનાવીને દિવંગત થનારા શાસનના પ્રાણ ત્રાણ પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજના સ્વર્ગારોહણને અષાડ વદ ૧૪ના ત્રણ વર્ષ પૂર્ણ થાય છે.

તેઓશ્રીએ જૈન શાસન પ્રત્યેની મહાન ભક્તિને કારણે જીવોને શાસન અમૃતનું પાન કરાવીને ૭૯ વર્ષ સુધી ઉપદેશ સુધા વર્ષાવીને સર્વ શ્રેષ્ઠ પ્રદાન કર્યું છે જે અજોડ છે.

આ તૃતીય પુણ્યતિથિ પ્રસંગે શ્રી જૈન શાસન અઠવાડિકનો આ ખાસ અંક તેઓશ્રીના જીવન આદર્શને રજુ કરવા માટે પ્રગટ કરવા સાથે તેઓશ્રીજીને કોટિ કોટિ વંદના કરીએ છીએ. તેઓશ્રીના ગુણ વૈભવ અને ઉપદેશ ભંડારનો ખજાનો ખૂટે તેમ નથી. જૈન શાસનમાં તે માટે ઘણા લેખો ઉપદેશ અને વિવેચનો લખાયા છે. ત્રણ ત્રણ ભવ્ય દળદાર વિશેષાંકો પ્રગટ થયા છે. અને પુણ્યતિથિએ પણ જીવન સૌરભ રજુ કરવા રૂપ ખાસ અંકો પ્રગટ થયા છે આમ છતાં તેઓશ્રીના મહાન ઉપકારોનું ઋણ કોઈ વાળી શકે નહિ પરંતુ તેઓશ્રીના ગુણોના આકર્ષણથી જેટલા ગુણાનુવાદ કરીએ તેટલા ઓછા છે.

ફરીથી તેઓશ્રીજીના પુનીત ચરણોમાં તૃતીય પુણ્યતિથિએ વંદનાવલી અર્પીને કૃતાર્થ બનીએ છીએ.

— જૈન શાસનના સંચાલકો

જૈન શાસન અઠવાડિક છઠ્ઠા વર્ષની સંધ્યાએ

શ્રી જૈન શાસનને શાસન સેવા રક્ષા અને પ્રચારના લક્ષ્યની સિદ્ધિના છ વર્ષ પુરા થાય છે.

પરમ કરૂણાનિધિ નિસ્પૃહી શિરોમણિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય અમૃત સૂરીશ્વરજી મહારાજ કે જેઓને શાસન રક્ષા પ્રાણ હતા. તેમણે શ્રી વીર શાસન પંથ થતાં શાસન રક્ષા માટે એક અઠવાડિક શરૂ કરવા તે વખતે શાહ ખેતશી વાઘજી ગુઢકા (હાલ પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂ. મ) ના તંત્રી પદેથી શ્રી મહાવીર શાસન અઠવાડિકને બદલે પખવાડિક શરૂ કર્યું અને સંજોગવશ તે માસિક બન્યું તેથી પૂજ્ય પાદ શ્રીજીના હૈયામાં તે વાત ખટકતી રહી.

વર્ષો પછી પૂ. આ. શ્રી વિજય જિનેન્દ્ર સૂરીશ્વરજી મહારાજ અને પૂ. મુ. શ્રી યોગીન્દ્ર વિજયજી મ. એ પૂ. શ્રીજીની એ વાતને સાકાર કરીને શ્રી જૈન શાસન અઠવાડિક શરૂ કર્યું.

આ કાર્ય ઘણું ગંભીર અને તેમાં શાસન રક્ષાનું કાર્ય જેથી બહાર અને અંદરથી પણ તેની ગતિને સ્ખલના થાય તે સહજ છતાં આજે એક ધારી પ્રગતિ કરતાં છ વર્ષ પૂર્ણ થાય છે.

આ માટે પરમ શાસન પ્રભાવક શાસન સંરક્ષક પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મહારાજનો ઉપકાર અને પરમ કૃપા કદી ભૂલી શકાશે નહિ તે સહજ છે.

દર વર્ષે અઠવાડિકના ખર્ચને પહોંચી વળવા નૂતન વર્ષારંભના વિશેષાંક દ્વારા તે અંગે શુભેચ્છક આદિની યોજના કરી પૂર્ણ કરવા પ્રયત્ન થાય છે. તેમ છતાં દર વર્ષે તે પ્રવૃત્તિમાં સમય અને શક્તિનો વ્યય થાય સહકાર પણ મળે કોઇ વાર ન મળે સહકાર આપનારને મામુલી સહકાર આપવાનો હોય તો પણ એક સરખો ભાવ ન પણ ટકે જેથી આ વખતે કાયમી વિશેષાંક યોજના કરી છે.

જેમાં ટાઇટલ ૧ ના ૫૧) ટાઇટલ ૨ ના ૩૧) ટાઇટલ ૩ ના ૨૧) અને ટાઇટલ ૪ ના ૪૧) હજાર નકી કર્યા છે જે ભાગ્યશાળીઓ દ્વારા પ્રાપ્ત થયા છે.

આકીની યેાજનામાં –

૧૧) હજાર કાયમી વિશેષાંક સૌજન્ય સહાયક

૫) હજાર ,, ,, ,, ,,

૧) હજાર ,, ,, શુભેચ્છક

આ ત્રણ યેાજના છે. તેમાં સૌ ભાવિકેા અને શાસન પ્રેમીઓ લાભ લઇને આ કાર્ય પૂર્ણ કરે એ અભિલાષા છે અને પછી દર વર્ષના શુભેચ્છકની યેાજના કરવાની નથી જેમણે એક વાર કાયમી યેાજનામાં લાભ લીધેા તેમને ફરી લાભ લેવાની જરૂર રહેતી નથી.

આપ સૌ શાસન પ્રેમીઓ તથા સુજ્ઞ વાંચકેા અને જૈન શાસન હિતેચ્છુઓ આ કાર્ય માટે અરસપરસ પ્રેરણાના સ્રોત વહાવી આ કાર્યને સફળ કરવામાં સહકાર આપશેા. એ જ નમ્ર વિનંતિ.

— જૈન શાસનના સંચાલકેા

–: અહિંસાના ગુણગાન :–

ક્રીડાભૂઃ સુકૃતસ્ય દુષ્કૃતરજઃ સંહારવાત્યા ભવોદન્વન્નૌર્વ્યસનાગ્નિમેઘપટલી સંકેત દૂતી શ્રિયા : ।
નિઃશ્રેણિસ્ત્રિદિવૌકસઃ પ્રિયસખી મુક્તેઃ કુગત્યર્ગલા, સત્ત્વેષુ ક્રિયતાં કૃપૈવ ભવતુ કલેશૈરશેષૈઃ પરૈઃ ।।

પુણ્યને ક્રીડા કરવાની ભૂમિ, પાપ રૂપ રજનો નાશ કરવામાં વાયુ સમાન, સંસાર રૂપ સમુદ્રને તરવા નૌકા સમાન, સંકટરૂપી અગ્નિને શાંત કરવામાં મેઘ મંડળ સમાન, લક્ષ્મીની સંકેત દૂતી સમાન સ્વર્ગમાં ચઢવાની નિસરણી સમાન, મુક્તિ રૂપી સ્ત્રીની વહાલી સખી અને કુગતિને અટકાવવા અર્ગલા સમાન એવી કૃપા–દયા દરેક પ્રાણી ઉપર કરેા, બીજા બધા કલેશેાથી સર્યું.

– સમ્યકૃત્વ સપ્તતિકા

卐

શ્રી સમ્મેત શિખરજી મહાતીર્થ

ઇતિહાસ જાણો અને તીર્થ રક્ષા માટે જાગૃત બનો

(પ્રકરણ-૫)

આગમ ગ્રંથો અને તીર્થમાળાઓમાં સમ્મેતશિખરજીનો અભૂતપૂર્વ મહિમા

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનું જ્યાં નિર્વાણ થયું એ અષ્ટાપદ તીર્થ આજે લુપ્ત થયું છે. બીજા તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાનથી લઇ ત્રેવીસમાં શ્રી પાર્શ્વનાથ ભગવાન સુધીના બાવીસમાંના કુલ વીસ તીર્થંકર ભગવંતો જ્યાં નિર્વાણ પામ્યા એ સમ્મેતશિખરજીનો ઉલ્લેખ આગમ ગ્રંથોમાં, પ્રાચીન તીર્થમાળાઓમાં, સ્તોત્રોમાં, ચૈત્યવંદનોમાં અને સ્તુતિઓમાં સતત થતો રહ્યો છે. જૈન ધર્મની મૂળ પરંપરાથી દિગંબરો અલગ થયા ત્યાર પછી મૂર્તિપૂજક શ્વેતાંબર આચાર્યો અને મુનિઓ દ્વારા રચાયેલાં ભક્તિ કાવ્યોમાં અને સ્તુતિઓમાં પણ સમ્મેતશિખરજીનો ઉલ્લેખ કાયમ જબરદસ્ત અહોભાવ સાથે થતો આવ્યો છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યથી લઇ અર્વાચીન ભક્ત કવિઓએ તેનાં ગુણગાન ગાયાં છે. આ બધું સાહિત્ય એ બાબતની ગવાહી પૂરે છે કે શ્વેતાંબરોની મૂળ પરંપરા પાસે જ અગણિત વર્ષોથી આ તીર્થની માલિકી છે અને તેઓ પોતાની વિધિ પ્રમાણે જ તીર્થયાત્રા અને પૂજાસેવા તેમ જ વહીવટ કરતા આવ્યા છે.

સમ્મેતશિખરજી તીર્થનું નામકરણ કેવી રીતે થયું એ જાણવું પણ ખૂબ રસપ્રદ છે. જિનાગમ શ્રી જ્ઞાતાધર્મકથા સૂત્રમાં શ્રી મલ્લિજિનના અધ્યયનમાં 'સમ્મેયપવ્વએ' તથા 'સમ્મેયસેલસિહરે' એવા શબ્દો વપરાયેલા છે. કલ્પસૂત્રના પર્યુષણાકલ્પમાં શ્રી પાર્શ્વજિન અધિકારમાં સમ્મેયસેલસિહરંમિ એવો શબ્દ પ્રયોગ થયેલો છે. વસુદેવહિંડી નામના પ્રાચીન ગ્રંથમાં 'સમ્મેય પવ્વએ' એવા શબ્દો જોવામાં આવે છે, એટલે આ ગિરિરાજનું મૂળ નામ સમ્મેત છે.

સમ્મેત શબ્દ બે પદોનો બનેલો છેઃ સમ્મઙ ઇત. એટલે તેનો અર્થ સમ્યકભાવને પામેલો, સુંદર, પ્રશસ્ત એવો થાય છે, અને તે ખરેખર એવો જ છે.

સમ્મેતને પર્વતના પર્યાય શબ્દો લાગતાં સમ્મેતશૈલ, સમ્મેતાચલ, સમ્મેતગિરિ, સમ્મેતાશિખરિન્ વગેરે શબ્દો પ્રચારમાં આવ્યા અને શૌરસેની સંસ્કાર પામીને સમ્મેદશૈલ, સમ્મેદાચલ, સમ્મેદગિરિ, સમ્મેદશિખરી વગેરે 'દ'વાળા શબ્દો બન્યા. દિગંબર સાહિત્યમાં મુખ્યત્વે આ જ શબ્દો વપરાયેલા છે. સમ્મેદગિરિ ઉપરથી મધ્યકાલીન સાહિત્યમાં તેનો ઉલ્લેખ સમિદગિરિ અથવા સમાધિગિરિ તરીકે પણ કરવામાં આવ્યો છે.

સમ્મેતશિખરિન શબ્દ અપભ્રંશ થતાં સમ્મેતશિખરિ શબ્દ બોલાવા લાગ્યો અને તેનો અપભ્રંશ થતાં સમ્મેતશિખરજી શબ્દ પ્રચારમાં આવ્યો. શ્વેતાંબર જૈન સંઘમાં તો ખાસ કરીને આ જ શબ્દ વધુ પ્રચલિત છે. વળી લોકરુચિ હંમેશા નામોને ટૂંકાં કરવાની હોય છે એટલે સમ્મેતશિખરજીના સ્થાને માત્ર શિખરજી પણ બોલાય છે અને તેનો લેખનમાં પણ વ્યવહાર થાય છે.

આ ગિરિરાજ ઉપર વીસ તીર્થંકરો નિર્વાણ પામ્યા પણ તેનો સંબંધ શ્રી પાર્શ્વનાથ ભગવાન સાથે વિશેષ રહ્યો હશે તેમ લાગે છે. પાર્શ્વનાથ પ્રભુએ અર્હત્પદની પ્રાપ્તિ કર્યા પછી આ પ્રદેશના લોકોને ભવ્ય ધર્મોપદેશ કર્યો, જેની લોકમાનસ ઉપર ઊંડી અસર પડી હતી. તેથી જ આજે પણ આ પ્રદેશના આદિવાસી લોકો પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે શ્રદ્ધાભક્તિ ધરાવે છે. તેઓ ભગવાનને પારસનાથ મહાદેવ પારસનાથ બાબા વગેરે નામે નિત્ય સંભારે છે અને ભક્તિથી વંદે છે. પાર્શ્વનાથ પ્રભુનો પ્રભાવ આ પ્રદેશમાં ખૂબ વ્યાપક હતો તેનું એક વિશેષ પ્રમાણ એ છે કે અહીં દર વર્ષે પાર્શ્વનાથ પ્રભુના જન્મકલ્યાણક દિને પોષ દશમીએ (ગુજરાતી તિથિ માગસર વદી દસમ) મોટો મેળો ભરાય છે, જેમાં જૈનેતરો પણ મોટી સંખ્યામાં આવે છે.

ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીજી પાવાપુરીમાં મોક્ષે ગયા છે, પણ તેઓ છદ્મસ્થ અવસ્થામાં શિખરજી તીર્થે પધાર્યા હોય તેમ લાગે છે. ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન સમ્મેતશિખરજી પહાડની પાસે ઋજુવાલુકા નદીને કાંઠે જૂંભિકગ્રામ પાસે થયું હતું. આ નદીના કિનારે શાલ નામના મોટાં વૃક્ષો છે. આ નદીનું અસલી નામ ઋજુવાલુકા હતું પણ સરકારે રેલવેલાઈન કાઢી ત્યારે નદી ઉપર જે પુલ બાંધ્યો તે બ્રાકર ગ્રામની નજીક હોવાથી આ નદીનું નામ બ્રાકર પડી ગયું. આ સ્થળથી પાવાપુરી ૬૬ માઇલ થાય છે. આથી સંભવ છે કે ભગવાન મહાવીર સ્વામીજી પણ સમ્મેતશિખરજી પધાર્યા હોય. ઋજુવાલુકા નદીને કિનારે આવેલા મંદિરનો રાયબહાદુર ધનપતસિંહે ઈ. સ. ૧૮૭૪માં જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. અહીંનું મૂળ મંદિર જગત શેઠે ઓગણીસમી સદીમાં શિખરજીમાં ભોમિયાજીનું મંદિર બનાવ્યું ત્યારે જ બન્યું હોય તેમ જણાય છે. આ સ્થાન ગિરિડિહથી દસ માઇલ દૂર આવેલું છે. ભગવાન મહાવીરે અહીં શાલ વૃક્ષની નીચે, ચઉવ્વિહાર છઠ્ઠની તપશ્ચર્યાપૂર્વક, ઉત્કટિક આસને, વૈશાખ સુદી દસમને દિવસે, તૃતીય પ્રહરે કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરી હતી.

સમ્મેતશિખરજી તીર્થમાં ઈ. સ. ૧૮૬૮ની સાલમાં ભગવાન મહાવીરની ચરણપાદુકા પધરાવી તેની ઉપર દેરીનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

કલિકાલસર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ સકલાર્હત સ્તોત્રમાં સમ્મેતશિખરજીનો મહિમા નીચેના શબ્દોમાં કર્યો છે.

ખ્યાતોઽષ્ટાપદપર્વતો ગજપદઃ સમ્મેતશૈલાભિધઃ
શ્રીમાન્ રૈવતકઃ પ્રસિધ્ધમહિમા શત્રુંજયો મંડપઃ

આ પંક્તિ એમ સૂચવે છે કે આજથી સવા આઠસો વર્ષ અગાઉ પણ શ્વેતાંબર જૈનો સમ્મેતશિખરજી તીર્થને ગિરનાર અને શત્રુંજયની સાથે સાથે અગ્રિમ હરોળમાં મૂકતા હતા.

વિક્રમની તેરમી સદીમાં રચાયેલા શ્રી પ્રવચનસારોધ્ધારવૃત્તિમાં શ્રી સિધ્ધસેન સૂરિજીએ તીર્થસ્થાનોની ગણના આ ક્રમે કરાવી છે:

ભવનપતિ–વ્યંતર–જ્યોતિષક–વૈમાનિક–નંદીશ્વર–મંદર–કુલાચલાષ્ટાપદ–સમ્મેતશિખરજી–શત્રુંજયોજ્જયન્તાદિસર્વલોકસ્થિત...તાત્પર્ય એ કે તેઓ ભૂમંડલ પરનાં ભારતનાં સર્વ વિદ્યમાન તીર્થોમાં સમ્મેતશિખરજીને અગ્રસ્થાને મૂકે છે.

સત્તરમી સદીના કવિ પં. જયવિજયજીએ સમ્મેતશિખરજી તીર્થમાળામાં સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે:

સમેતાચલ શત્રુંજય તોલઇ, સીમંધર જીવવર એમ બોલઇ એહ. વચન નવ ડોલઇ

સત્તરમા સૈકામાં શ્રાવકવિ ઋષભદાસ થયા, તેમણે વિવિધ તીર્થો સંબંધી નીચેનું ચૈત્યવંદન રચ્યું છે.

આજ દિન અરિહંત નમું સમરૂં તોરૂં નામ
જ્યાં જ્યાં પ્રતિમા જિન તણી ત્યાં ત્યાં કરૂં પ્રણામ... (૧)

આ ચૈત્યવંદનની ચોથી કડીમાં તેઓ કહે છે:

સમ્મેતશિખર તીરથ વડું, જ્યાં વીશે જિન પાય
વૈભાર ગિરિવર ઉપરે શ્રી વિર જિનેશ્વરરાય...(૪)

આ ચૈત્યવંદનમાં તેમણે સમ્મેતશિખરજીને વડું વિશેષણ લગાડી તેની અગ્રગણ્યતા પ્રદર્શિત કરી છે.

અઢારમા સૈકામાં શ્રી જીવવિજયજી મહારાજે સકલતીર્થવંદના રચી, જે પ્રાતઃકાલમાં પ્રતિક્રમણ દરમિયાન સકલસંઘ ભક્તિભાવથી બોલે છે. તેમાં પણ સમ્મેતશિખરજીનો આ રીતે ઉલ્લેખ છે:

સમેતશિખર વંદુ જિન વીશ, અષ્ટાપદ વંદું ચોવીશ,
વિમલાચલને ગઢ ગિરનાર, આબુ ઉપર જિનવર જુહાર (૧૧)

સમ્મેતશિખરજી સાથેના પાર્શ્વનાથ ભગવાનના આ વિશિષ્ટ સંબંધને કારણે આ ગિરિરાજને છેલ્લાં કેટલાંક વર્ષોથી સ્થાનિક લોકો પારસનાથ પહાડ તરીકે ઓળખાવા લાગ્યા. (ક્રમશઃ

સમાધિ સર્જકનું જીવનદર્શન

- શ્રી ગુણદર્શી

: આમુખ :

અનંત ઉપકારી શ્રી અરિહંત પરમાત્માઓએ, જગતના ભવ્ય જીવોનાં કલ્યાણને માટે સ્થાપેલ મોક્ષમાર્ગ સ્વરૂપ શ્રી જૈનશાસન જગતમાં જયવંતુ વર્તે છે. તે પરમ તારક શાસનને પામીને, આજ્ઞા મુજબ તેની આરાધના કરીને આજ સુધીમાં અનંતા આત્માઓ મોક્ષમાં ગયા છે, વર્તમાનમાં સંખ્યાતા આત્માઓ મોક્ષમાં જઈ રહ્યા છે અને ભવિષ્યમાં અનંતા આત્માઓ મોક્ષમાં જવાના છે.

આ કાળમાં આ ભારતક્ષેત્રમાંથી સીધા મોક્ષમાં જવાતું નથી પરંતુ મોક્ષમાર્ગની આરાધના કરીને આત્મા અલ્પ ભવમાં મોક્ષમાં જઈ શકે છે અર્થાત્ આ કાળમાં પણ મોક્ષમાર્ગની આરાધના ચાલુ જ છે.

શાસ્ત્રે ફરમાવ્યું છે કે–"**સમ્યગ્દર્શન જ્ઞાન-ચારિત્રાણિમોક્ષમાર્ગ.**"

સમ્યગ્દર્શનથી વિશુદ્ધ એવું જે સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ જ મોક્ષમાર્ગ છે.

આ હુંડા અવસર્પિણી ના ભના પાંચમાં આરામાં આ મોક્ષમાર્ગને યથાર્થપણે સમજાવનારાઓ માં પૂજ્યપાદ પરમારાધ્યપાદ પરમશ્રદ્ધેય પ્રાતઃસ્મરણીય અનંતોપકારી પરમતારક પરમગુરૂદેવેશ શ્રીમદ્ વિજય **રામચન્દ્ર સૂરીશ્વરજી મહારાજાધિરાજ** અગ્રેસર છે. પણ તેઓ **શ્રીજી** ૨૦૪૭ના અષાડ વદિ-૧૪ના સમાધિપૂર્વક સ્વર્ગવાસી બન્યા. આપણે સૌ નોંધારા બન્યા, પણ તેઓશ્રીજીનું પુણ્ય નામસ્મરણ પણ અપૂર્વ ઉલ્લાસ–ભક્તિ જગાવે છે.

તે યુગ પુરૂષના પુણ્ય પરિચયની ઝાંખીથી જીવનને પણ કૃતાર્થ કરીએ.

તે પુણ્ય પુરૂષના સંપૂર્ણ સાંગોપાંગ ન્યાયપૂર્ણ જીવનને આલેખવું તે તો કોઇનાય ગજા બહારની વાત છે છતાં પણ ગુરુ ભક્તિથી પ્રેરાઈને તે યુગપુરુષના મુખ્ય મુખ્ય જીવન પ્રસંગો તથા શાસન રક્ષા–આરાધના પ્રભાવનાના પ્રસંગોને આવરવાનો એક ટુંકો અને નમ્ર પ્રયાસ કર્યો છે. તે પ્રસંગોમાં મતિદોષ કે છદ્મસ્થાવસ્થાને કારણે ભૂલભાલ થઇ જવા પામી હોય તો સુધારવા અને ધ્યાન દોરવા જાણકારોને વિનંતી છે.

આનાં વર્ણવેલ એકાદ ગુણ પણ જીવનમાં આવી જાય કે તે મેળવવાનો પ્રયાસ

પણ કરાય કે તે ગુણની હૈયાની સાચી અનુમોદના થાય તો ય આ કૃતિ આલેખનનો પ્રયાસ સફળ ગણાશે.

હંમેશા યોગ્ય અને અર્થી જીવો જ સાચી રીતે વાચન કે શ્રવણના અધિકારી ગણાય છે. તેવી પણ યોગ્યતા પ્રગટાવવા મહેનત કરી, સૌ કોઇ પુણ્યાત્માઓ ભગવાનના શાસનના સાચા આરાધક બની વહેલામાં વહેલા પોતાની પ્રજ્ઞાના પ્રકાશને સન્માર્ગે વાળી, આત્માના અનંત–અક્ષય ગુણના સ્વામી બનો તેજ હૈયાની હાર્દિક મંગલ કામના.

(૧) પુત્રના લક્ષણ પારણામાંથી

જૈન ધર્મની જાહોજલાલીથી જગતભરમાં વિખ્યાત બનેલી, ખમીર-ખુમારીવંતા નરબંકાઓથી શોભતી, કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રી વિ. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના પાદારવિંદોથી પુણ્યવંતી બનેલી, પરમાર્હત્ શ્રી કુમારપાળ મહારાજા, મંત્રીશ્વર શ્રી ઉદયન, મંત્રીશ્વર શ્રી વસ્તુપાલ–તેજપાલ આદિ ધર્માત્મા સુશ્રાવકોથી ઇતિહાસમાં અમર બનેલી, દેવવિમાન સદૃશ અનેક ભવજલતારક, ઔષધિજીવાયક શ્રી જિનમંદિરોથી શોભતી ત્રંબાવતી નગરી તે જ આજનું ખંભાત શહેર છે ! જે શ્રી સ્તંભનતીર્થ તરીકે પણ પ્રસિદ્ધ છે.

તે ખંભાત નગરથી થોડે દૂર 'હડેવાણ' નામનું એક ગામ છે. તે હડેવાણ ગામમાં, પાદરાના ધર્મશ્રેષ્ઠી છોટાલાલભાઇની ધર્મપત્ની સુશ્રાવિકા સમરથબહેનની કુક્ષિથી સં. ૧૯૫૨ના ફાગણ વદિ–ચોથના તારીખ ૩-૩-૧૮૯૬ ના પાર્શ્વનાથ સ્વામિ ભગવંતના ચ્યવન અને કેવલજ્ઞાન કલ્યાણકના શુભ દિવસે એક દિવ્ય પુત્રરત્નનો જન્મ થયો.

આ સંસારમાં જન્મ–મરણની ઘટમાળ ચાલુ છે. ઘણા આત્માઓ કયારે જન્મ્યા અને કયારે મર્યા તેને મોટો ભાગ યાદ રખાતું નથી. માત્ર ધર્માત્માઓ પોતાના ધર્મની સુવાસ રેલાવી 'નામાંકિત'ની હરોળમાં આવી જીવનને કૃતાર્થ બનાવી જાય છે. 'અભિજાત' થવા સર્જાયેલ આ પુત્રરત્ને પોતાના કુળને જે અજવાળ્યું તેનો જોટો જડે તેમ નથી. જન્મ્યા પછી માત્ર સાત દિવસમાં આ પુત્ર કદાચ પિતાની મુખાકૃતિના દર્શનથી પણ વંચિત રહ્યા હશે–પોતાના પુણ્યવંતા પિતાની છત્રછાયા ગુમાવી.

શ્રી જૈનશાસનના અદ્વિતીય સ્તંભ થવાની સાથે, ત્રણે ભુવનમાં જેના યશ કલગીની ગુણ ગાથાઓ, જેનાગીતોના ગુંજારવો ગાજતા થવાની એંધાણી ન આવી હોય તેમ આ પુત્રનું 'ત્રિભુવન' યથાર્થ નામ પાડવામાં આવ્યું.

ઝવેરી જ રત્નને પારખી શકે તેમ જૈનશાસનના આ ભાવિ અણમોલ રત્નનું જતન કરવાની જવાબદારી, તેમના પિતાના પિતાની હાલીમા રતનબાને શિરે આવી. એક માતા સો શિક્ષકની ગરજ સારે' તે જનોકિતને આ રતનબાએ યથાર્થ ઠેરવી. એક

એક જ રસે ડે જમતા ઢેઢસો માણસના કુટુંબમાં માત્ર બાકી રહેલ આ રત્નભૂત એક વારસદારને સ્વાવલંબન અને સ્વાશ્રયી જીવનના સુસંસ્કારોથી સીંચીત કર્યો જેના કારણે તેમની સિંહ સમી સત્વિકતા અનેક ગણી ખીલી ઊઠી. સંયમ-ત્યાગ-વૈરાગ્યના એવાં હાલરડાનું ગાન સુણાવ્યું કે જેથી શ્રી વજ્રસ્વામિ મહારાજની જેમ, બાલ્ય વયથી સંયમરસી બન્યા અને 'સંયમ કબ હી મીલે'ની ભાવનાથી ઓતપ્રોત બન્યા.

આ રતનબા પાદરાગામના માનનીય-આદરણીય વ્યક્તિ હતા. તેમનું ભણતર ઓછું હશે પણ ગણતર અને કોઠાસૂઝ એવી અજોડ હતી કે જેના કારણે એક વડલા સમાન અનેક નોંધારાનાં વિશ્રામભૂત હતા. અનેકના માટે આશ્રયભૂત હતાં, અનેકનાં જીવ નના સાચા માર્ગદર્શક હતા. તેઓ જ્યારે જ્યારે બજારમાંથી પસાર થતા ત્યારે લોકો અનેરો આદર-સત્કાર આપતા, હાથ જોડતાં હૈયાનો ભક્તિભાવ બતાવતા. આવી સદ્ધર્મશીલા રત્નારીના હાથે ઘડતર પામેલ 'રતન' સ્વયંભૂ પ્રકાશી ઉઠે તેમાં લેશ પણ નવાઇ નથી.

શાસ્ત્રકાર પરમર્ષિઓએ જૈનકુલ-જૈન-જાતિની મહત્તા અમસ્તી નથી આંકી. અનંતી અનંતી પુણ્યરાશિનો સ્વામી આત્મા જ જૈનકુલ-જૈનજાતિમાં જન્મે. તેના તે સુસંસ્કારોનું ઉદ્દીપન આ કુળમાં જ થવું સહજ તથા શક્ય બને છે પણ કયારે ? ઉદ્દીપક વસ્તુની પ્રાપ્તિ થાય તો પુણ્યશાલી આત્માઓને બધી જ સામગ્રી અનુકુળ મળે છે.

જૈનકુલમાં ત્રિકાળપૂજા ઉભયટંક આવશ્યક-સામાયિક સ્વાધ્યાય આદિ ધર્મકરણી સાહજિકતાથી ચાલુ જ હોય છે. આ બાળક 'ત્રિભુવન' ચાર વર્ષની વયના હતા ત્યારથી જ આ રતનબા પોતાની આંખની કીકી સમાન આ રતનને રોજ સવારના પોતાની સાથે ઉઠાડી પ્રતિક્રમણ કરાવતા. બાલ્યવયના કારણે કદાચ કટાસણા ઉપર સૂઈ જાય તો સૂઈ જવા દેતા. ભાગ્યવાનો ! વિચારો આ જાતિના સંસ્કાર શું કામ કરે છે. આજે તો કોઈ આવું કરે તો તે 'નિર્દય' કોટિમાં ગણાય તેવો આ કાળ છે. નહિ કરનારા બધા 'દયાળુ' ! સાચું હિત શેમાં તે વાત ભૂલાઇ જવાથી સમાજનું પણ કેટલું-કેવું અધઃપતન થયું છે, તેના વિચારમાત્રથી દુઃખ ઉપજે તેમ છે.

બાલ્યવયથી વિરાગી એવા ત્રિભુવનની માતા શ્રીમતી સમરથબેન પણ તેમની છ વર્ષની ઉંમરે સ્વર્ગવાસી બન્યા. તેઓ દેવ થયેલા તેનો અનુભવ ત્રિભુવનને પણ થયો હતો.

એકવાર ત્રિભુવનની આંખને સખત-અસહ્ય પીડા થઈ હતી એક પણ ઉપાય કારગત ન નીવડ્યો. તે પીડાને મજેથી સહી રહ્યા હતા. એક રાત્રિમાં દેવ થયેલા તેમના માતુશ્રી સદેહે માતાના સ્વરૂપે આવી આંખ ઉપર વાત્સલ્ય હાથ ફેરવી ગયા, તેથી પીડા તો દૂર થઇ ગઇ. પણ બાલ્યવયના કારણે બાળકથી ચીસ પડાઇ ગઇ તેથી વાતચીતનો પ્રસંગ ન બન્યો.

(૨) સંયમાભિમુખતા.

શ્રાવક કુળમાં જન્મેલા આત્માઓને શ્રાવકધર્મને જીવનારા માતા-પિતા ભાષા જ્ઞાનાદિ વ્યવહારિક શિક્ષણ આપે તેની સાથે ધાર્મિક શિક્ષણ તો પ્રધાનપણે જ આપે. સારાં મા-બાપ સંતાનને દુનિયાદારીનું ભણાવે તેનો પણ તે જ હેતુ રહેતો કે-'મારૂં સંતાન સાચું-બોટું સમજે. તે સમજ્યા પછી પોતાની શકિત અનુસાર સાચું-સારૂં કર્યા વિના ન રહે અને મરી જાય તો પણ બોટું તો હરગીજ ન કરે અને બોટામાં ભાગ પણ ન લે.' પરંતુ 'ભણશે નહિ તો ખાશે શું ?' તેમ માની ભણાવતા ન હતા.

ત્રિભુવને પણ વ્યવહારિક અભ્યાસ ગુજરાતી ૭ ચોપડીનો કરેલો. તે વખતના વડિલો દુનિયાનું ભણાવવા છતાં પણ મનમાં બોટું ઘર ન કરી જાય તેની પૂરી કાળજી રાખતા. તે વાત ઉત્તરાવસ્થામાં તેઓશ્રીજી સ્વમુખે કહેતા કે-'અમારા વખતમાં અમારા ઘરના વડિલો અમે નિશાળેથી ભણીને આવીએ તો 'માનસિક સ્નાન' કરાવી પછી ઘરમાં પેસવા દેતા. તે વખતે ગુજરાતીમાં કવિતા આવતી કે-'એ ! ઇશ્વર ભજીએ તને, તું છે જગ સર્જનહાર.' ત્યારે આ રતનબા કહેતા કે-'બેટા ! આ કવિતા ભણવી પડે માટે ભણવાની. બોખવી પડે તો બોઢે કરવાની પણ તે વાત માનવાની નહિ. ઇશ્વર જાતનો કર્ત્તા હોય નહિ.' આ રીતના કુમળા કુલનો ઉછેર-વિકાસ કરવામાં આવે તો તે ત્રિભુવનના મસ્તકે શોભે-તેમાં લેશ પણ નવાઈ છે ? શાસ્ત્રોમાં વાત આવે છે કે-જે માતા ખરેખર સાચી શ્રાવિકા બનેલી હોય તેની સંસારની ક્રિયાઓ જોઈને નાનું બચ્ચું જીવ વિચાર અને નવતત્ત્વનું જાણકાર બની ગયું હોય ! શ્રાવિકા ચુલો આદિ સળગાવતી વખતે, લાકડામાં કયાંય જીવજંતુ ભાયો નથીને ? તે કાળજીપૂર્વક જોઈ લે. કોઇ પણ ચીજ-વસ્તુ લેતા કે મુકતા, પૂંજી પ્રમાજીને જયણાપૂર્વક લે અને મૂકે, તો જિજ્ઞાસુ નાનું બચ્ચું પૂછે કે-આમ કેમ ? તો સમજાવે ને કે-આવા આવા ઝીણાં જીવો મરી ન જાય માટે× આ જ ખરેખર જીવન જીવવાની સાચી કલા છે !

વ્યાવહારિક અભ્યાસની સાથે બાલ્યવયથી જ તેમને ધાર્મિક અભ્યાસ કરવાનું શરૂ કરેલ...નવ વર્ષની ઉંમર સુધીમાં તો પાંચ પ્રતિક્રમણ, જીવવિચારાદિનો અભ્યાસ કરી લીધેલ એટલું જ નહિ નવ વર્ષની વયથી તો બે ય ટાઇમના પ્રતિક્રમણ અંગે ઉકાળેલું પાણી પણ શરૂ કરેલ* તેમને ધાર્મિક અભ્યાસ કરાવનાર શિક્ષક શ્રી ઉજમશીભાઇ પણ સારા શ્રદ્ધાળુ-જ્ઞાની મળેલ. જેમણે ÷સમ્યકૃત્વની સજ્ઝાય અને તેના અર્થ એવા સમજાવેલ

× જીવવિચારનું આ પ્રેકટીકલ તો એજ છે.

* નવમું વર્ષ બેઠા પછી તો એમનો એકેય દિવસ એવો ઉગ્યો નથી કે જે દિવસ તેમણે પ્રતિક્રમણ ન કર્યું હોય અથવા સચિત્ત પાણી વાપર્યું હોય.

÷ ઉપા. શ્રી યશો. વિ. વિરચિત સમ્યકૃત્વની ૬૭ બોલની સજ્ઝાય.

કે જેના કારણે પાઠશાળાની પરીક્ષામાં તેઓશ્રીએ તેમાં પ્રથમ નંબર પણ મેળવેલ. તે જ ઉજમબીબાઇએ પણ અંતે પૂ. આ. શ્રી નીતિ સૂ. મ. ના સમુદાયમાં દીક્ષા લીધી હતી અને પૂ. આ. શ્રી ઉદયસૂરિજી મ.ના નામે સુંદર આરાધના કરીને સ્વર્ગવાસી થયેલ.

બાલ્યવયથી બુદ્ધિના ચમકારા.

રતનબાએ આ મનુષ્ય જન્મનું સાચું ફળ દીક્ષા લેવી તે જ છે તે વાત ત્રિભુવનના હૈયામાં ઊંડે રીતે ઠસાવી અને તેમના રોમેરોમમાં તે જ ભાવના વસી ગઇ તેથી દીક્ષા લેવાની ત્વરિત ઉત્કંઠા જોઇ સંસારી સંબંધીઓ પણ ચોંકી ઉઠયા, બધા જ માનતા કે આ કયારે દીક્ષા લેશે તે કહેવાય નહિ. તેથી તેઓ દીક્ષા ન લે માટે જે જે પ્રલોભનાદિ બતાવો રોકવા પ્રયત્ન કર્યો. બાલ્યવયથી જ તેમની બુદ્ધિની પ્રતિભાથી સૌ અંજાઈ ગયા. તેમાંના કેટલાક પ્રસંગોનું વિહંગાવલોકન કરીએ.

૦ તેમના મામાએ કહ્યું કે–તને પહેરવા માટે જેટલાં કપડાં સીવડાવી આપ્યાં છે તે ફાટી જાય પછી દીક્ષા લે જે.

ત્યારે ત્રિભુવને તુરત જ કાતર લીધી અને તે બધાં કપડાં ફાડવાની તૈયારી કરી.

મામા-આ શું કરે છે ?

ત્રિભુવન–આપે કહ્યું ને કે, આ કપડાં ફાટી જાય પછી દીક્ષા લેજે. એટલે કપડાં ફાડી રહ્યો છું.

ભાગ્યવાનો ! વિચારો કે, સમ્યક્ ધર્મનો પરિણામ આત્મામાં પેદા થઇ જાય પછી આપો-આપ સાહજિક રીતે કેવી ન્યાયી આશ્ચર્યકારી પ્રજ્ઞાની પ્રગલ્ભતા આત્મામાં પેદા થાય છે.

૦ તેમના તારાચંદ કાકાએ કહ્યું કે–મારી ધીકતી પેઢીનો વારસદાર તને જ બનાવી દઉં. જો તું આ ખોટી રઢેથી પાછો આવી જાય તો (સંસારી જીવોને સદાગ્રહ પણ કદાગ્રહ લાગે તેમાં આશ્ચર્ય નથી.)

ત્રિભુવન–આ પાપની પેઢીનો વારસો આપવો છે તેના કરતાં ધર્મની પેઢી ચલાવવાની અનુમતિ આપો ને ?

ખરેખર વણિક બુદ્ધિ પણ તેને કહેવાય જે હંમેશા નફા-તોટાનો વિચાર કરી પગલું ભરે સાચો લાભ શેમાં છે અને નુકશાન પણ શેમાં છે તે સુજ્ઞ વાચકો વિચારી સમજી શકે છે.

૦ દીક્ષા માટે ઉત્કંઠિત બનેલા ત્રિભુવનને સમજાવવા માટે તેમના કાકા એક પારસી જજ પાસે લઇ ગયા. ઘણું સમજાવ્યા પછી તે પારસી જજ કહે–'ઘરમાં રહ્યો ધર્મ ન થાય ?' ત્રિભુવને પૂછયું–'ઘરમાં રહ્યો આપ કેટલો ધર્મ [illegible] છો ?' આ હાજર-

જવાબીથી પ્રભાવિત થયેલા જજ સાહેબે પણ સર્ટીફીકેટ આપ્યું કે–આ છોકરો ખરેખર સાધુ થવા માટે જ સર્જાયેલો છે.

ખરેખર ધર્માત્મા શ્રાવક તો વિચારે કે–મારા ઘરમાં કોઈને પણ વિરાગ ન થાય, સાધુ થવાનું મન ન થાય તો મારૂં ઘર સ્મશાનભૂમિ છે. મારા ઘરમાં કોઇ ચેતન નથી વસતા પણ બધાં મડદાં વસે છે.

• રતનબાઈએ જે અમૃતપાન કરાયેલ કે, આ જન્મમાં દીક્ષા જ લેવા જેવી. દીક્ષા તો દેવોને પણ દુર્લભ છે. પણ મારા જીવતાં નહિ. તે વાત પુત્ર પ્રેમના મોહની હતી. ત્રિભુવને પણ નક્કી કરેલ કે–બાની તે વાત સાચી છે.

પણ પૂ મુ. શ્રી જ્ઞાનવિજયજી મ., પૂ. મુ. શ્રી પ્રેમવિજયજી મ. ના સત્સંગના યોગે જાણ્યું કે-કોણ પહેલું મરે તે નક્કી ખબર છે ?

તેથી ઉપકારી એવા રતનબાને પણ અવસર પામીને ત્રિભુવને વિનયપૂર્વક કહ્યું કે–આપણા બેમાંથી કોણ પહેલું મરે તે ખબર છે ? કદાચ હું ય વહેલો જાઉં તો દીક્ષા વિના રહી જાવું ને ? માટે મને સંયમ માર્ગે જવાની અનુમતિ દો !

• ધર્મોન્મુખ બનેલા આત્માને ધર્મ વિના ચેન જ ન પડે ધર્મ એજ પ્રાણ લાગે, આધાર લાગે. આવો આત્મા ભગવાનની આજ્ઞા શું તે પણ ન જાણે તે હરગીજ ન બને.

વયે બાલ પણ બુદ્ધિએ પાકટ વયના ભલભલાને પણ ભૂ પીવડાવે તેવા આ ત્રિભુવન ગામમાં પણ સૌને આદરણીય–સન્માનીય બન્યા. તેઓ ધર્મના રંગથી પૂર્ણ રંગાયા પછી ઘરને જેલ માની, ઉપાશ્રયને મહેલ માની આખો દિવસ ઉપાશ્રયમાં જ રહેતા, રાત્રિના પણ ત્યાં જ શયનાદિ કરતા અને આરાધનામાં મસ્ત બનતા, ગામમ. આવતા સાધુ મહારાજાદિની સેવા–ભક્તિ કરવા પૂર્વક પોતાના ચારિત્ર મોહનીય કર્મને ક્ષીણ કરી રહ્યા હતા, ત્યાંના સ્થાનિક ભંડારમાં જેટલા ગુજરાતી ભાષાના ધાર્મિક પુસ્તકો હતા તે બધા કુશાગ્ર બુધ્ધિનિધાન આ બાળકે વાંચી લીધા હતા. પોતાની મતિ અતિ પરિકર્મિત કરી હતી.

એકવાર એક આચાર્યે–જેમનું તે પ્રદેશમાં સ્થાનમાન પણ હતું. તેમણે કહ્યું કે–મારી દીક્ષા લઈશ તો આ સ્થાનને (તૃતીય પદને) ઝટ પામી શકીશ.

લઘુ વયના બાળકે તુરત જ ચોપડાવી કે-મારે કલ્યાણ કયાં કરવું તે મારી રીતે જાણું છું આપની પાસે કલ્યાણ તો ન જ થાય. 'મુઠ કુરુ' બંને સમજી ગયા. પેલા આચાર્યે પણ મૌનનો આશ્રય લીધો.

એકવાર ઉપાશ્રયમાં નહિ ઉતરવા લાયક એવા સાધુઓને આમણે ઉતારો આપ્યો,

ગામના સુશ્રાવકોએ કહ્યું આ શું કર્યું ! આમને અહીં ન ઉતારાય. ત્રિભુવન કહે–કાંઇ નહિ. સાંજના વિહાર કરાવીં દઇશ.

ગોચરી–પાણી આદિ થઇ ગયા બાદ ત્રિભુવને તે સાધુઓને એવા ભાવનું સમજાવ્યું કે–આ ગામના શ્રાવકો આવા આવા વિચારવાળા છે. તમને બહુ અનુકુળ નહિ આવે. તેથી તે સાધુઓ પણ સમજી ગયા અને તુરત જ સાંજે વિહાર કરી ગયા.

તે જોઇ આગેવાનો પણ આશ્ચર્ય સહ આનંદ પામ્યા.

સુસાધુને વંદન એ ભવનિસ્તારક બને છે અને કુસાધુને વંદન ભવવર્ધક બને છે. તેથી ગામમાં એકલ દોકલ સાધુ આવે તો વિવેકવંત આ બાળક ગોચરી–પાણી આદિની ભકિત કરે પણ વંદન તો ન જ કરે. અને જ્યારે સાચી હકીકતની ખબર પડે કે, આ તો સુવિહિત છે અને કારણ વશાત્ એકલા થઇ ગયા છે તો વંદન કરે. તે વાતનો પૂજ્યશ્રીજીના શબ્દોમાં જોઇએ તો–'તે સાધુ કહેતા કે–બચ્ચા ઐસા હિ બનના ! આ માથું તે દશશેરીયો નથી કે જેને તેને નમાવાય. આ તો ઉત્તમાંગ છે. તે જ્યાં ત્યાં જેને તેને નમાવાય નહિ. ખરેખર જેના હૈયામાં સાચી સાધનાની લગની લાગી હોય અને પ્રીતિ જન્મી હોય તેના હૈયામાં આવી વિવેક પૂર્વકની હંસ દૃષ્ટિ સહજ જ જન્મે.

(૩) સંસાર મુકિત

જે આત્માને ધર્મની મહત્તા અને તારકતા સમજાઇ જાય પછી તે મેળવવા એક-પણ પ્રયત્ન કરવામાં જરા પણ પાછી પાની ન કરે. કદાચ એકાદવાર નિષ્ફળતા પણ મળે તોય તેથી હતાશાને તો હૈયામાં પેસવા પણ ન દે.

સર્વવિરતિદેવીના સ્વયંવરેચ્છુ આ બાળકે એકવાર ઘરમાંથી ભાગીને તેને વારવાનો પ્રયત્ન કર્યો. પણ સંસારી સંબંધીઓ પાછળ પડી તેમને પાછા લઇ આવ્યા. તે વખતે તેમના તારાચંદ કાકાએ તો ત્યારના એક અમગણ્ય દૈનિક પેપરમાં જાહેરાત આપી–'આ બાળકે ત્રિભુવનને જે કોઇ દિક્ષા આપશે તે ગુનેગાર ગણાશે અને તેના ઉપર કાયદેસર પગલા પણ લેવાશે.'

સંયમના જ અમૃત પાનથી ઉછરેલ, સાત્વિક શિરોમણિ, સિંહના પણ શૌર્યને ભૂલાવી દે તેવા આ શૂરવીરને આવી બધી વાતોની અસર થાય ખરી ?

કરોળિયો પોતાના કાર્યમાં નિષ્ફળ જવા છતાં પથ નિરુદ્યમી બનતો નથી. તેની જેમ આ પુણ્યાત્માએ પણ પોતાના કાર્યની સિદ્ધિ માટે પુનઃ પ્રારંભ કર્યો. જે કાળમાં દીક્ષા લેવી જ અતિ દુર્લભ હતી તે કાળમાં દીક્ષા લેનારને સહાય કરનાર તો કોક વિરલ જ જરે !

મુકિતના જ ગાનમાં આરામ માનનાર આ પુણ્યાત્મા ત્રિભુવને, 'કાર્યં સાધયામિ'

નો સુનિર્ધાર કરી, પાદરાની ભૂમિને રામરામ કરી, વડોદરામાં બિરાજમાન પૂ. પં. શ્રી હાન વિ. ગણિ.ના ચરણમાં આવી પહોંચ્યા અને ગમે તે ભોગે મને મુક્તિનું મંગલ દર્શન કરાવનારી દીક્ષા આપોની માંગણી કરી. રત્નપારખુ ઝવેરી તો આના પરિચિત હતા તેથી મંગલ મુહૂર્ત્ત ફરમાવી, કોઠારી કુટુંબની સહાય લેવરાવી આમને જંબુસરમાં બિરાજમાન વચનસિદ્ધ પૂ. પાઠક પ્રવર શ્રી વીરવિજયજી મહારાજ પાસે રાતોરાત મોકલ્યા. કોઈ ઓળખીતું પારખી ન જાય માટે ગાડીમાં પાટીયા નીચે પાદરા ગામને પસાર કર્યું. રાતના જંબુસર પહોંચ્યા. પત્ર આપ્યો. પૂ. ઉપા. મ. સવારના જંબુસરથી વિહાર લંબાવી આમોદ ગયા. ત્યાં દૂરના પરિચિત બહેને ઓળખ્યો પણ હાજરજવાબીથી તેને સંતોષી, પણ પૂ. ઉપાધ્યાયજી મ. ગહન વિચારમાં પડયા કે શું કરવું ! મુહૂર્ત્તની તો હવે મંગલ ઘડીઓ ગણાઈ રહી છે, ગણત્રીના કલાક બાકી છે. ત્રિભુવન પચુ વહેમાયા કે–યું ફત્તેહ નહિ મળે ? સિદ્ધિ સાતતાલી આપો હાથમાંથી સરી જશે ?

ત્યારે પૂ. મુનિરાજ શ્રી મંગલ વિજયજી મ. મંગલવાણી ઉચ્ચારી કે–'હે ભગવંત ! આપની અનુજ્ઞા હોય તો અહીંથી કાલે ગંધાર જઈને ફરમાવેલ મુહૂર્ત્તે આનું કામ પતાવી આવીએ' તેથી સૌના હૈયે ટાઢક વળી અને ત્રિભુવનના અંગેઅંગમાં જે આનંદ વ્યાપ્યો હશે તેની કલ્પના કવિઓની શકિત બહાર જ હશે 'મુક્તિના મુકત ગાનનો અનુભવ સંસારના રોદણા રોનારાને સ્વપ્નેય પણ કયાંથી થાય ?

બીજે દિવસે વચનસિદ્ધ મહામહોપાધ્યાયના આશીર્વાદ મેળવી પૂ. મુનિરાજ શ્રી મંગલવિજયજી મ. આદિ બે મુનિ ભગવંતો અને ત્રિભુવન વિહાર કરીને જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજના ચરણારવિંદોથી ચારે દિશાઓમાં યશકલગીને પામેલું અને સમયની અરતિમાં માત્ર અવશેષ રૂપે રહેલા ગંધાર બંદરે સૌ પહોંચ્યા.

દીક્ષાની મંગલ ક્રિયા શરૂ થઈ. દરિયાઈ સુસવાટા સાથેનો ઝંઝાવાતી પવન સામે પણ બૂઝ બૂઝ થતો દિપક અણનમ ઝીંક ઝીલી રહ્યો હતો. તે જોઈને દીક્ષાદાતા પૂ મુનિરાજ શ્રી મંગલ વિજયજી મહારાજે મંગલવાણી ઉચ્ચારી કે–'આના જીવનમાં ઘણા ઝંઝાવાત ને સંઘર્ષો આવશે પણ બધાનો મકકમતાથી સામનો કરી પાર ઉતરશે.' આ આશીર્વાણીનો અનુભવ તેઓશ્રીજીના જીવનમાં સૌને થયો કે–'ઝંઝાવાતમાં જન્મ્યા, ઝંઝાવાતમાં ઉછર્યા, ઝંઝાવાતોની ઝડીઓ વચ્ચે પણ અડીખમ રહીને શાસ્ત્રનો માર્ગ અણનમ–અજેય–અપરાજેય રાખ્યો.'

'ઝંઝાવાતે વીર ઝઝુમે એકીલો રે લોલ, ડગે મેરુ ન ડગે ટેકીલો રે લોલ,
એવા ગુરુ શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી વંદાયે લોલ'

તે વખતે મુંડન માટે હજામ પણ સમયસર ન આવી શકયો તો પૂ. દીક્ષા

દાતાએ જાતે જ મુંડન વિધિ કરી હતી અને શ્રી પાર્શ્વનાથ પ્રભુના સાંનિધ્યમાં દીક્ષાની મંગલ વિધિ કરાયા બાદ તેઓશ્રીજીને દિગ્બંધન વખતે પૂ. મુનિરાજ શ્રી પ્રેમવિજયજી મ. ના શિષ્ય જાહેર કર્યા. અને તે દિવસથી ત્રિભુવન મુનિરાજ શ્રી રામવિજયજી મ. નામથી જગતમાં વિખ્યાતિને વર્યા.

તે પવિત્ર દિવસ હતો. સં. ૧૯૬૯નો પોષ સુદિ-૧૩ નો !

ત્યારથી જ તેમના સાચા જીવનનો પ્રારંભ થયો.

(૪) પ્રારંભથી જ સોળે કળાએ ખીલેલી મહાન શક્તિ !

ઉપમિતિકાર ફરમાવે છે કે-વિવેકરુપી પહાડ ઉપર ચઢી એક આત્મા ચારિત્ર રાજાના શરણું આવે છે ત્યારે મોહરાજાને ત્યાં મોટો કોલાહલ મચી જાય છે. મોહ ભિન્ન ભિન્ન રુપે તે આત્માને પાછો પોતાને ત્યાં લાવવા ઘણાં ઘણાં પ્રલોભનો બતાવે છે. તે જ રીતે ત્રિભુવને, સંસારના સઘળા ય બંધનોને, સાપની કાંચળીની જેમ ફગાવી દઈ, અનંતા શ્રી તીર્થંકર પરમાત્માઓએ પોતાના જીવનમાં આચરેલી અને મોક્ષના રાજમાર્ગ તરીકે વર્ણવેલી પારમેશ્વરી ભાગવતી પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો તે સમાચાર જાણ્યા પછી તેમના સંસારી સંબંધીઓ આકુલ-વ્યાકુલ થઈ ગયા અને તેમને પાછા લાવવા તેઓશ્રી જ્યાં પોતાના ગુર્વાદિ વડિલોની સાથે બિરાજમાન હતા ત્યાં આવ્યા. તે વખતે મોહના કારણે ક્ષણભર આઘાત પામનાર પણ તરત જ કળ અને સૂઝને પામેલ રતનબાએ પોતાના અંગત અને વિશ્વાસુ માણસોને પણ સાથે મોકલ્યા અને કહ્યું કે-'તેઓશ્રીનું મન જો કદાચ ઢીલું પડી જાય તો મારા નામથી કહેજો કે, કલ્યાણનો જે માર્ગ ગ્રહણ કર્યો છે તેનું જ વફાદારીપૂર્વક જીવની જેમ જતન કરજો પરન્તુ જેઓના હૈયામાં વિરાગની જ્યોત ઝળહળતી હોય તેઓને રાગીઓની જવાળા દઝાડી શકે ખરી ? નૂતન મુનિશ્રીએ સઘળા ય સંસારી સંબંધીઓને સમજાવી શાંત પાડી પાછા મોકલ્યા.

નૂતન મુનીશ્રી ગુર્વાદિ વડીલો સાથે વિચરતા વિચરતા પાદરા ગામમાં પધાર્યા. તે વખતે રતનબા તેઓશ્રીને વહોરાવવા પોતાના ઘરે લઈ ગયા. વહોરાવ્યા બાદ ઘરના બારણા બંધ કર્યા અને કહ્યું કે-'ભલે સાધુવેષમાં પણ હું છું ત્યાં સુધી આ ઘરમાં રહો.' તે વખતે જરાપણ થડકાટ અનુભવ્યા વિના નુતન મુનિશ્રીએ બેધડક કહ્યું કે-'સાધુથી આ રીતે એક જ ઘરમાં-સ્થાનમાં રહેવાય ખરું ?' આ ઉત્તરથી મોહનો ઉછાળો દૂર થયો અને રતનબાએ અંતરના આશિષ આપ્યા કે-'તારો સંયમપથ ઉજાળ. મારી આંખોનું રતન અને મારા ઘડપણનો સહારો, ભગવાનનાં શાસનનું અણમોલ-અમૂલ્ય રત્ન બને છે, સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત અનેક જીવોને માટે સાચો આધાર બને છે. તેનો મને આનંદ છે.

ગુરુકુલવાસ અને સ્વાધ્યાય એ સાધુ જીવનનો પ્રાણ છે, શ્રમણગુણને આધાર છે. 'सज्झाय समो तवो नत्थि' આ શાસ્ત્રોક્તિને તેઓશ્રીજીએ જીવનની છેલ્લી ક્ષણ સુધી આત્મસાત કરી. ગુર્વાદિ વડિલોની સેવા-ભક્તિ, વિનય-વૈયાવચ્ચાદિથી તે સર્વેની વાત્સલ્યમય કૃપાને પામવા-ઝીલવા તેઓશ્રી બડભાગી બન્યા, આઠ માતા-પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ સ્વરૂપના લાડકવાયા બન્યા. તે માતાઓને જરાપણ દુઃખ ન થાય માટે અપ્રમત્ત રીતે સઘળી ય સાધુપણાની ક્રિયાઓમાં ઉજમાળ બન્યા. ગુર્વાદિ વડિલોના આ ભવ પ્રીતિપાત્ર બની, પૂર્વની સુંદર આરાધના, જ્ઞાનાવરણીયનો તીવ્ર ક્ષયોપશમ, તીક્ષ્ણ પ્રજ્ઞાનો પ્રકર્ષ, સ્વાધ્યાયનો પ્રેમ કેળવી, અલ્પ સમયમાં આગમના ગહન-અતિગહન વિષયોનું તલસ્પર્શી જ્ઞાન સંપાદન કર્યું' ન્યાય અને જૈનેતર દર્શન શાસ્ત્રોનું પણ અધ્યયન કર્યું'.

પ્રકાણ્ડ પાંડિત્ય, વડિલોની અસાધારણ કૃપા, અનુપમ વિદ્વત્તા, અપૂર્વ હાજર જવાબીપણું, સચોટ તર્કશક્તિ, ભલભલા મૂર્ધન્ય વિદ્વાનોના મસ્તકોને પણ ડોલાવતી વકતૃત્વ શક્તિ, દરેક શ્રોતાજનોને ચમત્કૃત કરતી હૈયા ડોલાવતી વેધક વાણી, સરળ સુબોધ અને હૈયામાં સોંસરી ઉતરી જાય તે રીતની સમજાવવાની અદ્‌ભુત છટાથી આનંદિત થયેલા વડિલોએ તેઓને અધિકૃત રીતે 'व्याख्यान वाचस्पति' બિરૂદથી અલંકૃત કર્યા.

સીનોર ગામમાં એક વાર પૂ આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મ. (ત્યારના પૂ. પં. શ્રી દાનવિજયજી ગ.)ને દાઢનો સખત દુઃખાવો હતો, વ્યાખ્યાન કોણ વાંચશે ? પાઠક પ્રવર ઉપા. શ્રી વીરવિજયજી મ.એ રામવિજયજીને કહ્યું કે, કાલે તારે વ્યાખ્યાન વાંચવાનું છે. નુતન મુનિશ્રીએ તે વાતને માત્ર વિનોદમાં ગણી. પણ બીજે દિવસે શ્રોતાઓને પૂ. ઉપાધ્યાયજી મ. કહ્યું કે-'રામવિજયજીને લઇ જાઓ.' તેઓશ્રી તો સ્વાધ્યાયમાં મગ્ન હતા. પણ વચનસિધ્ધ મહોપાધ્યાયના આશીર્વાદથી સમ્યક્ત્વના ૬૭ બોલ ઉપર જે વ્યાખ્યાન આપ્યું ત્યારથી શ્રોતાઓ આ સરસ્વતી પુત્ર ઉપર વારી ગયા. તેમના, જ ઓવરણાં લેવા લાગ્યા. તે વખતે પૂ ઉપાધ્યાયજી મ. આખું વ્યાખ્યાન બેઠેરીમાં બેસી સાંભળ્યું. વ્યાખ્યાન બાદ કહ્યું કે-'બીજા ! હતના જલ્દી નહિ બોલના થોડા ધીમે બોલના બહોત અચ્છા પ્રભાવક વકતા હોગા !' વડિલના હૈયાના આશીર્વાદ ફળ્યા. જૈન શાસનને વર્ષો બાદ દેખા દેતી એક દિવ્ય વિરલ વિભુતિની પ્રાપ્તિ થઇ. ત્યારથી પ્રારંભાયેલી અને સાત -સાત દાયકા સુધી અખંડિત રહેલી તે સમ્યગ્દર્શનની જ્યોતે અનેકના જીવનને અજવાળ્યા, અનેક જીવનમાં પ્રજ્ઞજ્યોનો પ્રકાશ પાથર્યો, અનેકની પ્રજ્ઞાના પ્રકર્ષને પુષ્ટ કર્યો. અનેકના જીવન પથની માર્ગદર્શિકા બની. પોતાના હૈયાના તે ગુણની નિર્મલતા સાધી, સંસારથી સંતપ્ત અનેક જીવોને શીતલતા બક્ષવા દ્વારા સાંત્વન આપ્યું.

પુષ્પોની સુગંધ માટે ભ્રમરાઓ ભમ્યા કરે છે તેમ તેઓશ્રીની અનુપમ વ્યા-

ખ્યાન શકિતથી ધર્મરસિક જીવો સ્વયંભૂ ખેંચાવા આકર્ષાવા લાગ્યા તો સંસારરસિક જીવો તેથી અકળાવા લાગ્યા. ભવાભિનંદી જીવોની એજ ખુબી છે કે કોઇનું સારુ પણ જોઇ શકે નહિ. શ્રી જિનાજ્ઞાનું અભય કવચ જેના હૈયે હોય તે આવા મગતરાઓથી કયારે ય ડરે ખરા ? વ્યસનો એ જ બરબાદીનો માર્ગ છે અને વ્યસન મુકિત એ આબાદીનો રસ્તો છે. સદ્‌ગૃહસ્થાઇ, સાચી માણસાઇ પણ તો જ પેદા થાય. લોકોત્તર ધર્મ પામવા માટે પાયાની વાતોની મહત્તા તેઓશ્રીએ જે રીતે સમજાવી તેથી લોકોને પોતાની ભૂલોને સુધારવાનું મન થયું તે વખતે તેમની વાણીથી લોકો સન્માર્ગગામી બન્યા અને કહેવાય છે કે, અમદાવાદની ત્યારની પ્રસિદ્ધ ચંદ્રવિલાસ આદિ હોટલમાં રોજનું ૧૮-૨૦ મણ દૂધ, ચા આદિ માટે વપરાતું તે ઘટીને ૧-૨ મણ થઇ ગયું.

'અહિંસા પરમો ધર્મ' ના નારા ગજાવનારી અહિંસાપુરી. આવી આ રાજનગરી -અમદાવાદ-માં હિંસાદેવી પણ કુલે ફાલે તે કોઇપણ ધર્મી માટે કલંક સમાન ગણાય. દર દશેરાએ ભદ્રકાલી માતાના મંદિરમાં થતા બોકડાના વધ સામે, અહિંસાના પયગંબર આપણે અહિંસાની એવી અહાલેક જગાવી કે તે વધ પણ બંધ થઇ ગયો. કહેવાય છે કે તે વખતે માણેકચોકમાં પચાસ-પચાસ હજારની માનવમેદની આમને સાંભળવા એકઠી થતી હતી. આજના બે-પાંચ હજારના ટોળા જોઇ રાજી થનારા અને છાતી ફુલાવનારાઓ આમાંથી બોધપાઠ લે તો ય સારું ! તે વખતે આ અહિંસાની સાક્ષાત મૂર્તિ સમાન આ પુણ્ય પુરૂષની અદ્‌ભુત શકિત જોઇ મહાત્મા કહેવાતાં મો. ક. ગાંધી જેવા પણ આફરીન થઇ ગયેલ અને પોતાના અંગત સેક્રેટરી શ્રી મહાદેવભાઇ દેસાઇને રોજ આમના પ્રવચનોમાં મોકલતા, અને એકવાર તો કહેવરાવ્યું પણ ખરું કે-દારૂબંધીના કામમાં અમને સાથ આપો. ત્યારે આ વીર પુરૂષે જવાબ આપ્યો કે-એકલી દારૂબંધી જ શા માટે, માંસાહાર ત્યાગ પણ કેમ નહિ ? બન્નેને દેશવટો દેવો હોય તો સાથે છું, બાકી અમારૂં કામ સાતે વ્યસનોના વિપાકોને સમજાવીને, દૂર કરાવવાનું ચાલુ જ છે ! સજ્જનો ! વિચારો કેવી નિર્ભય છાતી અને પોલાદી મન હશે ! !

આમનું દૂરંદેશીપણું અને અનુપમ પરીક્ષણ શકિત નિહાળી, સદ્ધર્મ સરંક્ષક પૂ. આ. શ્રી વિ. કમલસૂરીશ્વરજી મહારાજ કે જેઓ ન્યાયાંભોનિધિ, વિશ્વવંદ્ય, પંજાબ દેશોદ્ધારક પૂ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજા (અપર નામ પૂ. આ. શ્રી આત્મારામજી મ.)ની પાટે આવેલ હતા તેમણે, ૧૯૭૬ માં મુનિસંમેલનની કમિટિમાં નીમ્યા હતા, ત્યારે આમનો દીક્ષા પર્યાય માત્ર સાત વર્ષનો હતો.

સુધારક વાદમાં ખેંચાયેલા કેટલાક સાધુઓએ ત્યારે ભગવાનની કેસર પૂજાનો બનાવટી કેશરના નામે નિષેધ કરી પોતાને આધુનિક મનાવવા લાગ્યા હતા. ત્યારે આ પૂ. નુતન મુનિશ્રીએ પોતાની આગવી શૈલીથી શાસ્ત્રોકત ભગવાનની કેસર પૂજાના વિધા-

નનું સુંદર પ્રતિપાદન કર્યું હતું. જે લેખો ત્યારના 'વીર શાસન' માં પ્રગટ થયા હતા. એટલું જ નહિ પણ સન્મિત્ર મુ. શ્રી કર્પૂરવિજયજીને જાહેરમાં આહવાન પણ આપ્યું હતું કે-કેસર પૂજા તે શાસ્ત્રવિહિત છે!

(૫) કસોટીની એરણ પરથી ઝળકી ઊઠેલું સો ટચનું સુવર્ણ

શાસ્ત્રીય સત્ય-સિદ્ધાન્તોનું પ્રતિપાદન-સંરક્ષણ કરતી, ઠંભીઓન ઠંભના લીરે લીરા ઉડાડતી, ઉન્માર્ગગામીઓને ખુલ્લા પાડતી, સન્માર્ગગામીઓને સન્માર્ગમાં મજબૂત બનાવતી, આરાધના માર્ગની જયપતાકા લહેરાવતી, સંસારના રાગીઓના હૈયામાં વિરાગના અંકુશ પ્રગટાવતી, વૈરાગ્યની જ્યોતિને વધુ દીપ્તિમંત કરતી, સંયમાભિમુખ બનાવતી, વિરોધીઓના વૈરાગ્નિનું ઉપશમન કરતી, એવી તેઓશ્રીજીના શ્રીમુખેથી પ્રગટ થતી શ્રી જિનવાણીનું શ્રવણ કરી શાસન પ્રેમી આત્માઓ આહ્લાદ અનુભવવા લાગ્યા અને સુધારકોના પક્ષે ચઢી શાસનના વિરોધી બનેલાઓ બળવા લાગ્યા. તો પણ તેઓશ્રીજીની પાસે તેઓશ્રીજીના ચરણોમાં જીવન ન્યોછાવર કરનારા આત્માઓ પોતાની જાતને ધન્ય માનવા લાગ્યા.

તેઓશ્રીજીની અનુપમ-પ્રભાવક વ્યાખ્યાન શક્તિ જોઈને, શાસનના મહારથી એવા સંઘ સ્થવિર પૂ. શ્રી બાપજી મહારાજાના નામથી પ્રસિદ્ધ પૂ. આ. શ્રી વિ. સિદ્ધિ સૂરીશ્વરજી મહારાજાએ પણ વિદ્યાશાળાની વ્યાખ્યાન પાટ ઉપર તેઓશ્રીજીને આરૂઢ કર્યા. તે વખતના નિત્ય શ્રોતાઓના મન પણ શંકિત બનેલા કે-'આ શું વ્યાખ્યાન વાંચશે?' પણ શ્રી જિનવાણીના જગમશહૂર જાદુગરના શ્રીમુખેથી જિનવાણીનું અમીપાન કર્યા પછી પૂ. શ્રી બાપજી મ. પાસે તેઓશ્રી માટે જ માગણી કરવા લાગ્યા તેવી ચાહના એક જ વ્યાખ્યાનમાં પૂજ્યશ્રીએ પ્રાપ્ત કરી. પૂજ્યશ્રીજી સ્વયં કહેતા કે-તે વખતનો શ્રોતાવર્ગ સાચા અર્થમાં શ્રોતા હતો. જે સભાઓ થતી, પાઘડી-દુપટ્ટાવાળા મોટા મોટા માથાઓ-આગેવાન ગણાતા શ્રાવકો સામે બેઠા હોય તે વખતે વ્યાખ્યાનમાં ગમે તેમ બોલાય જ નહિ એવા બહુશ્રુત શ્રોતાઓ હતા. તેવા બહુશ્રુત શ્રોતાઓના દિલને જેઓએ જીતી લીધા તે જ વાસ્તવિક રીતે સરસ્વતીના કૃપાપાત્ર કહેવાય તેમાં લેશ પણ અતિશયોક્તિ નથી.

પૂ. શ્રી બાપજી મ.ના પટ્ટધર ગાંભીર્યાદિ ગુણગણનિધિ પૂ. આ. શ્રી વિ. મૈત્રસૂરીશ્વરજી મ.એ આગમોના અર્કનું રહસ્યનું અમીપાન પૂ.શ્રીજીને કરાવ્યું. પૂ.શ્રીજી પોતે કહેતા કે-વ્યાખ્યાન બોલતો થયો તે તેઓશ્રીજીને આભારી છે!' પ્રકાંડ પાંડિત્ય છતાં પણ કેટલી લઘુતા, ગુણગ્રાહિતા, અને કૃતજ્ઞતા! વિનીત એવો જ્ઞાની આ કલિકાળમાં કલ્પતરુ ગણાય છે તેનો સાક્ષાત્કાર કરાવ્યો. આજે મોટાભાગના હૈયા છીછરા જ્ઞાનથી અધૂરા ઘડાની જેમ છલકી ઊઠે છે. ગુરુગમ અને ગુરુકૃપા વિના આગમ રહસ્યોને પામવાની ચાવી હાથ આવે જ નહિ. પૂ.શ્રીજી ઉપર તો વડિલોનું પૂર્ણ વાત્સલ્ય હતું તો ગુરુઓની સંપૂર્ણ કૃપા હતી. તેમાં આરાધકતા, અને પ્રભાવકતા ખીલી ઊઠે તો શી નવાઇ!

તે વખતે અમદાવાદના ગર્ભશ્રીમંત કુટુંબના નબીરા, શાહ સોદાગર શ્રી જેશીંગભાઇની જે દીક્ષા થઇ. લોક કહેતું કે–સાચા અર્થમાં શાલીભદ્રજીની દીક્ષા થઇ છે. તેમની સાથે બાલ્યવયના શ્રી ચીનુભાઇની (ઉં. વ. ૧૩) દીક્ષા થઇ. ઉભય પૂ શ્રીજીના શિષ્યો તરીકે પૂ. મુ. શ્રી જશવિજયજી મ. અને પૂ. મુ શ્રી ચારિત્ર વિજયજી મ.ના નામથી પ્રખ્યાત થયા.

બાલદીક્ષાઓ થવાથી શાસનનો સૂર્ય સોળે કલાએ ખીલી ઊઠયો. આરાધક વર્ગ આનંદમાં આવી ગયો. જ્યારે દ્વેષીવર્ગ તેજોદ્વેષથી બળવા લાગ્યો. ઘુવડ સૂર્યના દર્શન ન કરી શકે તેમાં સૂર્યનો ઓછે દોષ છે ?

વડીલોની છત્રછાયામાં રહેલા પૂ.શ્રીજીની પુણ્ય પ્રભાવકતાને નહિ ખમી શકનારા વિરોધી વર્ગે પોતાની ચાલ બદલી સૂરજ સામે ધૂળ ઊડાડવાથી પોતાની આંખમાં જ પડે છે તેમ સામની સામે કોઇ પણ રીતની ફાવટ આવવાની જ નથી માટે બાલદીક્ષાને રાજ્યાશ્રયનું રક્ષણ લઇ રોકવા પ્રયત્ન કરવો. વટલાયેલી બ્રાહ્મણી તરકડી કરતાં પણ ભૂંડી તે ન્યાયે, પોતાના મનની મેલી મુરાદોને પાર પમાડવા કેટલી હદ સુધી આત્માનું અધઃપતન થાય છે તેનો આ ઉત્કૃષ્ટ નાદર નમૂનો છે. શાસનના મૂળમાં જ કુઠારાઘાત સમાન આવી પ્રવૃત્તિ કોણ કરે ? કે તેમાં સાથ પણ કોણ આપે ! સામાન્ય ધર્મી પણ આવો વિચાર ન કરે ત્યારે માન પાનાદિ લોકષણાઓમાં પડી ગયેલા ભગવાનના વેષધારીઓ તેમાં જોડાયા તે આ કાગળનું દુર્ભાગ્ય જ કહેવાયને ?

(૧) સાત્વિકતાના સ્વામી પાસે સુધારકોનું સૂરસૂરીયું :

પૂ શ્રીજીનું મુંબઇ ગમન નિર્ધારિત થયું. તે વખતે મુંબઇનું વાતાવરણ ઘણું જ વિષમ અને સક્ષુબ્ધ હતું. શાસ્ત્રના નામે જ મુંબઇ જાણે શાસ્ત્રવિરૂદ્ધ પ્રવૃત્તિઓનું કેન્દ્ર બની ગયું હતું. ત્યારે મુંબઇનો ધર્મીવર્ગ જે વિભૂતિને ઝંખતો હતો. તે દિવ્યવિભૂતિ મુંબઇ પધારી રહી છે જેના સમાચારથી શાસનપ્રેમી વર્ગ આનંદમાં આવી ગયો અને શાસન વિરોધી વર્ગે પોતાની જાત બતાવવાના પ્રયત્નો શરૂ કર્યા. પૂ શ્રીજી પોતાના પરમગુરૂદેવેશશ્રીજી સાથે જેમ જેમ મુંબઇની નિકટમાં આવતા ગયા તેમ તેમ વિરોધીવર્ગે એવું તો ઉગ્ર વાતાવરણ સર્જયું જેથી શાસન હિતચિંતક પૂ. આચાર્યાદિને પણ લાગ્યું કે–આ મુંબઇ ન જાય તો સારૂં. છેક અંધેરી સુધી આવી ગયા ત્યારે તો લાલબાગનાં શ્રી સંઘને પણ લાગ્યું કે હવે આગળ ન પધારે તો સારૂં. તેથી નિરુત્સાહી બનેલો શ્રી સંઘ પૂ શ્રીજીને ત્યાં જ રોકવા વિનંતી કરવા ગયો પણ મક્કમ મનોબળના સ્વામીએ જે જવાબ આપ્યો તેથી દરેકનું શેર લોહી વધી ગયું અને ઉત્સાહથી થનથની નવયુવાન જેવા બનેલા સૌ પાછા આવ્યા અને પૂ શ્રીજીના અપૂર્વ પ્રવેશની તૈયારી કરવા લાગ્યા. પૂ શ્રીજીના પ્રવેશ પ્રસંગે પણ વિરોધીવર્ગે બગાડ કરવાની એક પણ તક બાકી ન રાખી, કાળાં વાવટા સન્મુખ લાવ્યા, માર્ગમાં કાચ પણ વેર્યા અને પોતાની આખી જાતિ–મનો-

વૃત્તિ ખુલ્લી પાડી દીધી. પણ આગમના અભય કવચને જે વરેલા હતા અને બાદશાહી સન્માનોમાં પણ જે લેપાયા ન હતા તે આવા વિરોધથી કેમ મૂંઝાય ? માન અને અપમાનમાં સમવૃત્તિને ધારણ કરનારા પૂર્વ મહર્ષિ–પરમર્ષિઓની સાક્ષાત્ ઝાંખી ત્યારે લોકોને કરાવી.

'પહેલો ઘા રાણાનો' એ ન્યાયે પહેલા જ મુકાબલે વિરોધીઓના હાથ હેઠા પાડી દીધા. પછી તો જે જોમવંતી, મડદામાં પણ પ્રાણ પૂરે એવી જોમવંતી વાણીનો એવો અસ્ખલિત પ્રવાહ વહેતો થયો કે વિરોધ કરવા આવનારા જે સમજુ હતા તે પણ પોતાની ભૂલ સુધારી પૂ.શ્રીજીના પ્રશંસક બન્યા એટલું જ નહિ પણ સચ્ચા અર્થમાં ઉપાસક અને ભક્ત પણ બન્યા. સિંહનાદ સમી શાસ્ત્રાનુસારિણી વાણીથી, વિરોધીઓના દંભનાં પડલો ચીરાવા લાગ્યાં. તેથી તેઓ વધુને વધુ ઉશ્કેરાવા લાગ્યા, અકળાવા લાગ્યા. તે વખતે પૂ.શ્રીજી ઉપર મરણાંત આપત્તિએ આપવામાં બાકી ન રાખી. સલામતી માટે દરરોજ પૂ.શ્રીજીના સંથારાનું સ્થાન સતના ૫–૭ વાર બદલાવામાં આવતું વિરોધીઓના બધાં શસ્ત્રો બુઠ્ઠાં બન્યાં, નાકા મેયાબ બન્યાં અને હેઠાં પડયા. છેલ્લે વિચાર્યું કે, આમને જો બોલતા બંધ કરવામાં આવે તો આપણી પીપુડી કાંઇક વાગે. તેથી તેમણે ગોઠવેલા છટકામાં. સારા આગેવાનો પણ પડાઈ ગયા. એક જ વાત ફેલાવી કે, આ વ્યાખ્યાનવાણીના કારણે જ વાતાવરણ વધુને વધુ ડહોળાતું જાય છે તો બધે વ્યાખ્યાન બંધ રાખવામાં આવે તો શાંતિનું વાતાવરણ સર્જાય. જેમણે પોતાની બુદ્ધિથી સમજી ન શકવાના કારણે તે વાત લઈને આવ્યા કહેવાતા 'શાંતિ દૂતો' ને આ વાત ફાવતી આવે. તેમાં નવાઇ નથી.

તે બધા ભેગા થઇ પૂ.આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજ પાસે ગયા અને ઉપરોક્ત વાત કરી ત્યારે સુવિહિત શિરોમણિ તે પૂ. આચાર્ય ભગવંતે ઉત્તર આપ્યો કે–'રામ-વિજયજીને મળો.' વિચારો ! કેવી અદ્ભુત શક્તિ જોમ હશે તે મડદ પુરૂષે આ ઉદય પામતી મહાપ્રતિભામાં ! બધા પૂ. મુનિશ્રી પાસે ગયા. બધી વાત કરી, તેઓએ શાંતિથી વાત સાંભળી અને તેના ઉત્તરમાં પૂ. મુનિશ્રીનો પુણ્યપ્રકોપ જોઇ તે બધા ડઘાઇ ગયા, તેમાંથી સારા આગેવાનના મોંઢામાંથી નીકળી ગયું કે 'તો તમારા રક્ષણની જવાબદારી અમારી રહેતી નથી.' ત્યારે પૂ.શ્રીજીનું પુણ્યતેજ તે બધા ખમી પણ ન શકયા. પૂ.શ્રીજીએ જવાબ આપ્યો કે–તમારા ઉપર અમે દીક્ષા લીધી નથી. ભગવાનનું તારક શાસન પામ્યા છીએ અને તારક ગુરૂની છત્રછાયા મલી છે. પછી કોઇના ય રક્ષણની અમને જરૂર નથી. ભગવાનની વાણી બંધ નહિ જ થાય. તમે નહિ આવો તો મારા સાધુઓને સમજાવીશ. પૂ.શ્રીજીની સચોટ દલીલો તેમના ગળે ઊતરી ગઇ, પોતાની ભૂલ સમજાઇ અને માફી માગી, લાવેલો પ્રસ્તાવ એમ જ લઇને પાછા ગયા.

તે પછી તો પૂ.શ્રીજીને જે સફળ આવકાર મળ્યો તેથી છંછેડાયેલા નાગ જેવા

વિરોધીવર્ગે અંગત આક્ષેપોનો મારો ચલાવ્યો તો પણ તેમની બધી જ હવા નીકળી ગઇ. તેમાં પગ ન ફાવ્યા, 'મોર કળા કરે તો પાછળ કેવો દેખાય' તેવી હાલત તે લોકોની થઇ.

પૂ.શ્રીજીની આ વાણીનો લાભ દૂર સુદૂર રહેલા લોકોને પણ મળે તે હેતુથી 'જૈન પ્રવચન' સાપ્તાહિકનો ઉદ્ભવ થયો. જેનું વાંચન વિરોધીવર્ગ પણ ઉલ્લાસભેર કરવા લાગ્યો. તેમાંથી દૂધમાંથી પોરાની જેમ ભૂલો જોવા વિરોધીઓએ તો ઠીક પણ તેજોદ્વેષ અને ઇર્ષ્યાથી પીડાતા પોતાના જ વર્ગે પ્રયત્ન કરેલો અને બોલતા કે-'આ જરાપણ પકડાય તેવા નથી !' આ વાતથી આનંદની સાથે ઘણું જ દુઃખ પણ થાય છે, કેમ કે તે બધા આને વફાદારીના વાઘા સમજવે છે.

આના માટે એક જ દાખલો પર્યાપ્ત છે કે-'જૈનોના ઘેર પણ દારૂના શીશા અને ઈંડા ચટણીની જેમ ખવાય છે.' પૂર્વાપરના અનુસંધાન વિના માત્ર આ એક જ વાકય ઉપાડીને જે મોટો ઉહાપોહ મચાવવામાં આવેલો. ત્યારે તે વખતના જૈનેતર સાક્ષરો, વકીલો, બેરીસ્ટરોએ પણ તે અંક વાંચ્યા પછી સ્પષ્ટ અભિપ્રાય આપેલો કે-'આ વાકય આખી જૈનકોમ માટે નથી પણ જે આવું કરતા હોય તેના માટે છે.' ખુદ ગાંધીજીએ પણ આ અંગે અભિપ્રાય આપતા કહેલું કે-'એક ધર્મગુરૂ આજ રીતના સમાજને સાચું સમજાવી ખોટે બદીઓથી વ્યસનોથી બચાવે.'

(૭) ન્યાય મંદિરમાં પણ નિર્દોષતા.

વિરોધી વર્ગની બધી હવાઇઓનું સૂરસૂરીયું થઇ ગયું બાલદીક્ષા વિરોધી બીલમાં પણ ન ફાવ્યા તો પછી ખોટી ખોટી રીતે સંડોવી પૂજ્યશ્રીજીને કોર્ટમાં ઘસડી લાવ્યા તો જેટલી જેટલી વાર પૂજ્યશ્રીજીને કોર્ટમાં લઇ ગયા તો દરેકે દરેક વખતે પૂ.શ્રીજી નિર્દોષ છૂટયા અને વિજયની વરમાળા વરીને, સો-ટચના સુવર્ણની જેમ વિશુદ્ધ બનીને. બહાર નીકળ્યા.

તે અંગે તે વખતના જજોએ આપેલ જજમેન્ટો ઉપર સામાન્ય દૃષ્ટિપાત કરીએ.

આજે અવા કલ્યાણકર ઉપદેશ સામે પણ જેઓ વિરોધ ઉઠાવી રહ્યા છેઃ એટલું જ નહિ પણ તેઓ સીધી રીતે દલીલોમાં નહિ ફાવવાથી, વિશ્વમાત્રના આત્મિક કલ્યાણને ઇચ્છતા આ મહાપુરૂષને 'હલકા' પાડવાના 'આશય'થી જૈન અને જૈનેતર જગતમાં આ 'તકંટી' બાબતો ફેલાવવાની 'દુશ્ચેષ્ટા' કરી રહ્યા છે. એવાઓ જ આ મહાત્માને 'ધર્મ-ઝનૂની' મનાવવા મિથ્યા પ્રયાસો કરે છે.

એ માટે પ્રમાણ તરીકે અમદાવાદના શ્રીમંત મીલમાલિક અંબાલાલ સારાભાઇએ સંવત્સરી જેવા પરમ પવિત્ર દિને કુતરાંઓ ઉપર કરાવેલા ગોળીબારના સંબંધે 'વીર-શાસન'ના તંત્રી અને પ્રકાશક સામે ચાલેલા કેસમાં, મેજીસ્ટ્રેટે 'તે મુનિ રામવિજયજી એક 'ધર્મ ઝનૂની' સાધુ છે' એવા જજમેન્ટમાં લખેલા શબ્દો ટાંકે છે. પરંતુ એ કેસની

અપીલના જજમેન્ટમાં વિદ્વાન ન્યાયાધીશ મી. ડેવીસે પહેલાંના જજમેન્ટમાં જે 'અનેક સુધારા' કર્યા હતા, તેમાં એ પણ 'સુધારો' કર્યો હતો કે-'તે **મુનિ રામવિજયજી એક 'ધર્મ શ્રદ્ધાળુ' સાધુ છે'—ધર્મઝનૂની નહિ !'**

વધુમાં બાઇ રતને કરેલા કેસના સંબંધમાં પણ જેમની જુબાની વિશ્વાસપાત્ર ગણવામાં આવી હતી, તે અમદાવાદની રમોલ કોર્ટ કોર્ટના જજ રા. **સૂરચંદ પી. બદામીએ** જુબાનીમાં પૂ.શ્રી માટે જણાવ્યું હતું કે—

'હું રામવિજયજીને ઓળખું છું. તેઓ જૈન ધર્મના સાધુ છે. હું તેમને ગુરૂ તરીકે માનું છું. રામવિજયજીનો ઉપદેશ મેં સાંભળ્યો છે. તેમના આચાર-વિચાર જૈન-ધર્મને તદ્દન અનુસરતા છે. આ બંને (પૂ. રામવિજયજી અને તેઓ શ્રીમદ્દના ગુરૂ સિદ્ધાંત મહોદધિ **શ્રી પ્રેમવિજયજી** મહોપાધ્યાય) સાધુઓના ચરિત્ર વિ૰ મને ઉંચો અભિપ્રાય છે. અને તેઓ બંને ઊંચી કોટિના સાધુ છે. જ્યારે મેં રામવિજયજીને પાનસરમાં પહેલી જ વાર સાંભળ્યા ત્યારે મને લાગ્યું કે-**એ પ્રોફીજી (અસાધારણ) થશે** અને તેમના ગુરૂ આત્મારામજીનું[1] નામ રાખશે. અને તે પછીના અનુભવથી મારો તે અભિપ્રાય હજુ બદલાયો નથી.'

[૮] શાસનવિરોધીઓના હાથ હેઠા પડયા.

મુંબઇમાં જ્યારે વિરોધીઓ એક પણ બાબતમાં ફાવ્યા નહિ ત્યારે ચાલુ રાજકીય ચળવળની ઓથ શોધીને તદ્દન જુઠાણાભરી બાબતો પૂ.શ્રી માટે પ્રસરાવી કે-'પૂ.શ્રીજી યંત્રવાદને પોષે છે, સ્વદેશીને નિંદે છે, તકલી ફેરવવામાં મીલના સંચા કરતાંય વધારે પાપ કહે છે અને ગાંધીજીને મીઠાચોર કહીને મીઠાના કાયદાના ભંગની પ્રવૃત્તિને નિંદે છે.

તેનો ખુલાસો કરતાં તા. ૨૬-૩-૧૯૩૦ ના વ્યાખ્યાન બાદ પૂ.શ્રીજીએ કહ્યું હતું કે-

'નિરંતર વ્યાખ્યાનમાં આવતા તમે તો જાણો જ છો કે-વર્ત્તમાન રાજદ્વારી હીલચાલના સંબંધમાં તે હીલચાલમાં પ્રકટ થયેલી આપણને હિતકારી એવી-બે બાબતો સિવાય, કોઇપણ દિવસ આપણે કશું બોલ્યા નથી. વિરોધ કરનારાઓએ આજ સુધી અનેક રીતિએ વિરોધ કર્યો, પણ તેઓ તદ્દન ઉન્માર્ગે હોવાથી જરાપણ ફાવી શકયા નથી. એકાંત હિત બુદ્ધિથી કહેવાયેલા એક વાકયને ઉપાડી ઠામ ઠામ દોડાદોડ કરી

૧-પૂ. આત્મારામજીના પટ્ટધર વિજય કમલસૂરિજી તેમના પટ્ટધર વિજય દાનસૂરિજી તેમના મુખ્ય શિષ્ય પ્રેમવિજયજી અને તેઓશ્રીના શિષ્ય આ મહાત્મા. (મુનિ રામવિજયજી). પરંતુ આ સાધુસમૂહ શ્રી આત્મારામજીના સંઘાડા તરીકે ઓળખાતો હોઇને, શ્રી બદામીએ પૂ.શ્રીને તેમના શિષ્ય કહેલ છે. પૂ. આત્મારામજી મહારાજ વીસમી સદીના એક પરમ પ્રભાવક હતા.

અને વસ્તુસ્થિતિથી અજ્ઞાન લોકોને ભેળા કરી ઠરાવો કર્યા અને કાળના ધોડે તે ઠરાવોને દોડાવ્યા. પણ તેમાંયે તેઓએ ભયંકર નિષ્ફળતા મેળવી.'

'હું તે રોજ કહું છું કે-દુનિયાની કાર્યવાહી સાથે સાધુઓને કશું જ લાગતું વળગતું નથી સાધુ તો સારાય સંસારને એટલે કે રાજ્ય, ઋદ્ધિ, સિદ્ધિ અને સાહ્યબી વિગેરે તમામને અસાર માને છે. કેવલ એક મોક્ષને જ વાસ્તવિક રીતિએ સારભૂત માને છે. શ્રી જિનેશ્વર દેવે એજ કહ્યું છે અને અમે પણ એજ માનીએ છીએ અને અહીં આવે એને રોજ એ જ સંભળાવીએ છીએ. દર્શન, જ્ઞાન અને ચારિત્ર સિવાય બીજી કોઇ વસ્તુની વાત આપણે કરતા નથી. માત્ર એ રત્નત્રયીનું જ મંડન કરીએ છીએ'

'જે સમયે રાજકીય પ્રવૃત્તિમાં પણ અહિંસક રહેવાની ઉદ્‌ઘોષણાઓ થાય છે, તે સમયે વિદ્યાભ્યાસમાં પણ હિંસાનું સમર્થન કરનારા આ લોકો જ છે. કોર્ટમાં ગયા વિના એક દિવસ પણ રહી શકતા નથી, રાજ્યનાં ખાતાઓને એ નિભાવે છે કારખાનાંઓ ખોલાવે છે અને વળી દેશભક્તિના દાવાઓ પણ એઓ જ કરે છે. દેશ હિતથી વિપરીત વર્તન કરનારા આ ડીગ્રીધરો છે કે જૈન સાધુઓ છે-તે જગતથી અજાણ્યું નથી. તેમાંના કેટલાયે વકીલાત છોડી ? કેટલા ઘર છોડી ગયાં ? કેટલા જેલમાં જવા તૈયાર થયાં ? હું તો કહું છું કે-દેશનાં સુલેહ થાય ત્યારે દેશદ્રોહી તરીકેના પ્રથમ ચાંદને લાયક આવાઓ જ ઠરશે.

આપણે તો કહી શકીએ તેમ છીએ કે-'અમે ધર્મક્રિયાઓમાં રકત હતા, દર-પંદર દિવસે દેશનો, દેશનાયકોની, પુરજનોની અને જગદ્‌ભરની શાંતિ માટે 'શાંતિર્ભવતુ'ના પાઠથી શાંતિ ઇચ્છતા હતા, દુનિયાભરની શાંતિ માટે અમારી પ્રાર્થના ચાલુ જ હતી.' એટલે દેશ તથા દુનિયા માટે આપણી પ્રવૃત્તિ તો ઉપકારક છે. યંત્ર, મીલો, કારખાનાં-એ બધાને જૈન-શાસનમાં પાપ માનેલ છે. જૈનધર્મની દૃષ્ટિએ પંદર કર્માદાન (હિંસક વ્યાપારો) ના આપણે સખત વિરોધી છીએ. વર્ત્તમાનમાં આરંભ-સમારંભને વધારવાનું જે શિક્ષણ દુનિયમાં અપાઇ રહ્યું છે, તેની તો જૈન સાધુઓ ના જ પાડતા આવ્યા છે. આજે દેશને નામે વાતો કરનારા એ કુશિક્ષણ છોડી શકતા નથી, એનું શું કારણ છે ?

શું તમને એમ નથી લાગતું કે-આ વાતો કરનારાઓને કાંઇ પણ અમલ નથી કરવો અને માત્ર ધર્મ પ્રત્યે જ વૈર કેળવવું છે ? મારી તો તમને સલાહ છે કે-એવાઓને ઝપાટે ચઢી ધર્મને ન ભૂલશો. ધર્મ ભૂલ્યા તો બધું બરબાદ ! ધર્મ ભૂલીને દેશની કે કશાની આબાદી કોઇ કરી શકયું નથી-કરી શકતું નથી-અને કરી શકશે પણ નહિ. દેવ-ગુરૂ-ધર્મને આઘા મૂકયા તો બરબાદ થશો અને ગાંડામાં ખપશો. પરમતારક શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું પાલન થાય એવી

બધી જ પ્રવૃત્તિ કરો અને એ આજ્ઞાનો ઘાત થાય એવી બધી પ્રવૃત્તિ છોડી દો ! પરમ તારકની આજ્ઞાના સેવનમાં જ સ્વનું, પરનું અને સમસ્ત વિશ્વનું કલ્યાણ સમાયેલું છે.'

આ રીતે રાજકીય ચળવળના ઓઠા હેઠળ તેઓ ન ફાવ્યા તો પૂજ્યશ્રીજી 'ગાંધીજીની નિંદા કરે છે' એવો અસત્ય આરોપ પ્રચાર્યો.

ગાંધીજીએ કરેલી અહિંસાની વ્યાખ્યા જૈનધર્મની અહિંસાને બંધ બેસતી નથી અને તેથી જ કુતરાં ઉપરના ગોળીબાર પ્રસંગે, વાછરડાના કરવામાં આવેલા ઘાતના પ્રસંગે, વાંદરાઓને સત્યાગ્રહ આશ્રયનાં શાક બચાવવા માટે મારવાના પ્રસંગે, તેમજ બીજા ઘણા પ્રસંગોએ, ગાંધીજીએ જૈન ધર્મની અહિંસાને નિષ્કારણ સંડોવીને ગેરસમજ ઉભી કરી હતી.

આવા પ્રસંગે ધર્મ ધ્વંસને નહિ ઇચ્છતા પૂજ્યશ્રીજી એ વિષયમાં યોગ્ય ખુલાસા કરે તો એ કાંઇ ગાંધીજીની નિન્દા નથી અને જો એને જ નિન્દા કહેવાય તો પરિણામે ગાંધીજી ખુદ પણ નિન્દા કરનારા ઠરે તેમ છે. **પરંતુ કોઇનાય અધાર્મિક વિચારોના પ્રચારથી ભદ્રજનો જો ઉન્માર્ગે દોરવાઇ જાય તેમ હોય, તો ઉપકારી મહાપુરૂષ અવશ્યમેવ તેનો પ્રતિકાર કરે જ.**

: (૯) સન્માર્ગ રક્ષા :

સં. ૧૯૯૦ માં અમદાવાદમાં સકલ શ્રમણ સમુદાયનું એક સંમેલન ભરાયું હતું. તે વખતે પૂજ્યશ્રીજી જે જે પ્રતિપાદન કરતા હતા તે સાંભળનાર સચોટ પ્રતિપાદન સાંભળી ડોલી ઊઠતા અને વૃદ્ધ સન્માન્ય પુરુષો પણ કહેતા કે **'રામવિજયજી બોલે છે અને મોતી ઝરે છે.'** ત્યારે પૂજ્યશ્રીજી તેવી પ્રશંસામાં રહ્યુ જરા પણ મૂંઝાયા વિના શાસ્ત્રોને પોથા કહેનાર માટે કહેતા કે **'મુ. શ્રી વિદ્યાવિજયજી શાસ્ત્રોને 'પોથા' કહે છે અને મારી છાતીમાં ખંજર ભોંકાય છે'** આ હતો પૂ.શ્રીજીનો શાસ્ત્રો ઉપરનો અવિહડ રાગ...!

તે વખતે શ્રી સંઘમાં તિથિપ્રશ્ને જે વિવાદ-વિખવાદે ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું હતું તે પ્રશ્નનો નિવેડો લાવવા પૂ.શ્રીજી આદિએ ઘણા પ્રયત્નો કરેલા પણ તે વખતે ય, આજે જેમ ઘણાને પ્રશ્નોને ગૂચવવામાં જ રસ હોય છે પણ તેના નિરાકરણમાં નહિ તેની જેમ એક જ જવાબ મળેલ કે તિથિનો પ્રશ્ન તપાગચ્છનો છે, અહીં તો બધા ગચ્છોનું સંમેલન છે. ત્યારે પૂજ્યશ્રીજીએ કહેલું કે, અહીં તપાગચ્છના પ્રમુખ બધા આચાર્યો ભેગા થયા છે, તો તપાગચ્છવાળા જુદા બેસીએ અને શાસ્ત્રાધારે તેનો નિવેડો

લાવીએ' પણ તેથી જ બલવત્તર ભવિતવ્યતાના કારણે આ સોનેરી સૂચન પણ સર્વ-માન્ય ગ્રાહ્ય ન થઇ શકયું !

તે તિથિ અંગે પૂજયશ્રીજીના શબ્દોમાં જોઇએ–

'તિથિની બાબતમાં તો હું અજ્ઞાન હતો વિ. સં. ૧૯૮૯માં તિથિનો ઝઘડો હતો. આપણે ય બેટું કરતા હતા. ભા. સુ. ૫ ના ક્ષયે ભા. સુ. ૬ ને ક્ષય કરી, ચોથ સાચવતા. અમે ખંભાતથી પૂ. શ્રી બાપજી મ. ને વંદન કરવા આવ્યા તો તેમણે પૂછયું કે–'દાનસૂરિ ! આ શું માંડયું છે ? છઠના ક્ષય કરો છો ? **પૂ. આત્મારામજી મહારાજા પણ ચોથ-પાંચમ ભેગા કરતા હતા. હું પણ ૧૯૫૨થી આજ (ચોથ-પાંચમ ભેગા) કરતો આવ્યો છું. તમને શું સૂઝયું છે ?'** ત્યારે મારા પરમોપકારી દાદા ગુરુદેવે કહ્યું કે 'સાહેબ ! ભૂલ થઇ ગઇ. હવે આપની સાથે જ રહીશું.'

વિ. સં. ૧૯૯૦ માં સાધુ સંમેલન હતું. તે વખતે પૂ. શ્રી બાપજી મહારાજાએ અમને કહ્યું કે–૧૯૯૨માં તિથિનો ફેર આવે છે. સંમેલનમાં આપણે તિથિની વાત કરવાની છે. નિર્ણય થાય તો ઝઘડો મટે વિ. સં. ૧૯૯૦ ના સંમેલનમાં તિથિની વાત મુકી પણ કોઇએ વિચારી નહિ. 'બધા ગચ્છનું સંમેલન છે માટે આ ચર્ચા ન થાય' એમ કહ્યું આપણે કહેલ કે-**તપાગચ્છના બધા પ્રધાન આચાર્યો હાજર છે. આપણે એકલા બેસી શાસ્ત્રાધારે ચર્ચા-વિચારણા કરીએ ત્રણ ત્રણ દિવસ સુધી સમજાવવા પ્રયત્નો કર્યા. પણ કહે કે-તે વાત કરવી જ નથી.**

તિથિનો ઝઘડો વિ. સં. ૧૯૯૨ થી છે તેમ નથી. પણ છેક વિ. સં. ૧૯૫૨ થી છે. સંમેલન ઘણી ધમાલ વચ્ચે પૂરું થયું. ત્યાર પછી વિ. સં. ૧૯૯૧નું ચોમાસું અમે રાધનપુરમાં કર્યું. આપણાં પંચાંગ સકલાગમરહસ્યવેદી પ. પૂ. આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજાના માર્ગદર્શન મુજબ બહાર પડતાં હતાં. તે વખતે પૂ. શ્રી બાપજી મહારાજાની ટપાલ આવી કે–'હમણાં પંચાંગ બહાર ના પાડતા કેમકે સાગરજી મહારાજ પલટો કરવાની વાત ચાલે છે.

પછી મારા પરમોપકારી દાદા ગુરુદેવે મને કહ્યું કે–'તું તિથિ અંગે સમજી લે' મેં કહ્યું કે–'આપ બેઠા છો ને ! મને કહે કે–'હું કયાં સુધી ?' ચાર-પાંચ દિવસ સુધી મને બધું સમજાવ્યું ત્યારથી હું સમજયો. મને કહે કે–**'આજ સુધી આપણે બોટું એટલા માટે કરતા હતા કે શ્રી સંઘ વિચાર કરે તો સારું શ્રી સંઘ ભેગો થઇ ગયો. કોઇ સાંભળવા કે વિચારવા ય તૈયાર નથી. માટે આપણે હવે સાચા માર્ગે જવાનું છે.''**

મેં કહ્યું કે–'મારા પૂ. ગુરુ મહારાજને વાત કરીશ.' ભવિતવ્યતાએ તેઓશ્રી ૧૯૯૨ માં નવા મહિને સ્વર્ગવાસી થયા. અને તિથિમાં ફેર આવ્યો સાગરજી મ. પણ

માન્યા નહિ. ઝઘડો પરાકાષ્ઠાએ પહોંચ્યો. તે વખતે અમે મુંબઈ ચોમાસું હતા. મે. મારા પૂ. ગુરુદેવશ્રીને વાત કરી કે-'પૂ. મહારાજ આમ કહી ગયા છે' ત્યારે મારા પૂ ગુરુદેવશ્રીએ પણ કહ્યું કે-'આપણે પણ તેમ જ કરવાનું છે.' તે પછી આપણા પક્ષના માન્યતાના બધા વડીલો સાથે પત્રવ્યવહારાદિથી વિચાર-વિનિમય કરી આપણે મુળ માર્ગે પાછા આવ્યા. સાચી, શાસ્ત્રસિદ્ધ આરાધનાની શરૂઆત કરી.

એકવાર હું ખંભાત જતો હતો.* ત્યારે પૂ. શ્રી બાપજી મહારાજાએ મને કહ્યું કે-'હું લાકડાની તલવારથી લડું છું કે સાચી તલવારથી ? તું સમાધાન કરવા જાય છે?' મેં કહ્યું કે-'હું તો વંદન કરવા જાઉં છું. મારે તો આપ કહો તે જ કરવાનું છે.'

વિ. સં. ૨૦૧૪ ના સંમેલન વખતે પણ તિથિના ફેર ફારની વાત ચાલી તો પૂ. શ્રી બાપજી મહારાજાએ કહેલ કે-'તમે બધા આડા ચાલ્યા તો એકલો રહીને પણ સાચું કરીશ.

બધા માને માટે ખોટું કરવું પડયું તે જુદી વાત પણ સાચુ તો આ જ છે. શાસનના સિદ્ધાંત પ્રેમી કદી કજીયો કરતા નથી. આવે તો વેઠવો પડે તે વાત જુદી, નવું પણ કરતા નથી. આપણે નવું પ્રતિપાદન કશું કર્યું નથી. જે કર્યું છે તે જૂનાનો-સાચાનો ઉદ્ધાર કર્યો છે.

જગદ્‌ગુરુ પૂ શ્રી હીરસૂરીશ્વરજી મહારાજા તથા પ. પૂ. આ. શ્રી વિ. સેનસૂરીશ્વરજી મહારાજા પણ આ જ કરતા હતા, જે વાત તેમના ગ્રન્થો (હીરપ્રશ્ન, સેનપ્રશ્ન આજે પણ સાક્ષી પૂરે છે તે બે મહાપુરુષોને માર્ગે ચાલતા પૂ. આ. શ્રી વિ. દેવસૂરીશ્વરજી મહારાજાને નવું કરવાનું કોઈ જ કારણ નથી. તેવો કોઈ પ્રામાણિક ગ્રન્થ પણ મળતો નથી. તેમના નામના જે પાનાં આપ્યાં તે પણ ખોટાં પૂરવાર થઈ ગયા છે.

જે કાંઈ ફેરફાર થયો કે ગોટાળા થયા તે બધા જતિઓના કાળમાં થયા છે. સારા જતિઓ સન્માર્ગગામી હતા. તેમણે પણ માર્ગ સાચવ્યો છે પણ જે માનપાનાદિના અર્થી થયા તેમને બધો ગોટાળો કર્યો છે !

શ્રી જિનેશ્વરદેવોએ જે કહ્યું છે, તે જ સાચું અને શંકા વિનાનું છે. તે ખાતર બધું વેઠવા તૈયાર રહેવું જોઈએ સત્યમાં બાંધછોડ હોય નહિ. સત્યને જીવતું રહેવા દેવું હોય તો બધો જ ભોગ આપવાની તૈયારી જોઈએ. સત્યને જીવતું રાખવા સમર્થ આચાર્યોએ જે ઊંધા પાકયા તેમને આઘા કર્યા, તેમનાથી છૂટા પડીને રહ્યા. માટે જ મહામહોપાધ્યાય શ્રી યશો વિજયજી ગણિવર્યે ભારપૂર્વક કહ્યું કે-'તપાગચ્છ એ જ

*પૂ. શ્રી લબ્ધિ સૂ મ. ને વંદના કરવા. પૂ. શ્રી નેમિ સૂ.મ. પાસુ ત્યાં જ હતાં બન્નેએ મળીને સમાધાન કરી લીધું છે એવા વાવડ હતાં તેના અનુસંધાનમાં

આચો ગચ્છ છે. તેની પરંપરા આજ સુધી અખંડિત ચાલી આવી છે, જેમાં કોઇ ફેરફાર થયો નથી.

માટે મારી ભલામણ છે કે-આ કાળમાં પણ જે બની જાય તેની ચિંતા ન કરવી, ઓછા રહે તેની ચિંતા ન કરવી, ઓછામાં જ શાસન છે. સિદ્ધાન્તની વાતમાં બહુમતિ જુઠ્ઠી હોય છે. આપણે સર્વાનુમતિ પણ નથી માનતા. શાસ્ત્રામતિમાં જ માનીએ છીએ. શાસ્ત્ર વિદ્યમાન હોય ત્યારે પરંપરા ન જોવાય.'

તિથિ અંગે સત્ય શું છે, પૂજ્યશ્રીજીની હૈયાની ભાવના પણ શું છે, તે આના પરથી સ્પષ્ટ થાય છે અને વાચકો સ્વયં તે સમજી શકશે તેવી આશા અસ્થાને નહિ ગણાય.

(૧૭) : નમો સૂરિરાજા સદા તત્ત્વભાજા :

શ્રી જિનેશ્વર દેવોના શાસનમાં યોગ્ય આત્માને યોગ્ય પદ ઉપર સ્થાપન કરવામાં ન આવે તો તે આચાર્ય પણ પ્રાયશ્ચિત્તના ભાગીદાર બને છે. તે જ રીતે જો અયોગ્યને પણ પદપ્રદાન કરવામાં આવે તો તે પણ તેવા જ દોષથી દોષિત બને છે. શાસ્ત્ર પ્રસિદ્ધ વાત છે કે-કલિકાલ સર્વજ્ઞ પૂ. આ. શ્રી વિ. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાની તારક આજ્ઞાનુ પાલન કરવા પોતાના પ્રાણની આહુતિ હસતે મુખે આપીને પણ તેઓશ્રીજીના અંતેવાસી પૂ આ. શ્રી વિ. રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ, રાજા અજયપાલના કહેવાથી પણ બાલચન્દ્રને પદ ઉપર આરુઢ ન કર્યા. આવી ઉત્તમ પરંપરાને ધારણ કરનારા અને તેનું ગૌરવ ગાનારા મહાપુરુષો યોગ્ય આત્માઓને યોગ્ય પદ ઉપર સ્થાપન કરે જ.

તદનુસાર પૂજ્યશ્રીજીમાં યોગ્યતા નિહાળી ગુર્વાદિ વડીલોએ ક્રમશઃ સં. ૧૯૮૭ના કારતક વદિ. ૩ના મુંબઇ મુકામે ગણિ પંન્યાસપદ ઉપર, સં. ૧૯૯૧ ના ચૈત્ર સુદી ૧૪ ના રાધનપુર મુકામે ઉપાધ્યાયપદ ઉપર આરૂઢ કર્યા હતા અને સં. ૧૯૯૨ના વૈશાખ સુદ ૬ ના મહામંગલકારી દિવસે મુંબઇ લાલબાગ મુકામે, પિસ્તાલીશ દિવસના ઉજવાયેલ ભવ્યાતિભવ્ય મહોત્સવ પૂર્વક, શ્રી જૈન શાસનના 'રાજા' સમાન અને શ્રી નવકાર મહામંત્રના તૃતીયપદ ઉપર આરૂઢ કરાયેલ અને તે પદ ઉપર બિરાજી ૫૬-૫૬ વર્ષો સુધી સકલ શ્રી સંઘના યોગ-ક્ષેમપૂર્વક વડીલોની વફાદારી જાળવીને પોતાની જવાબદારીને યથાર્થ વહન કરી ભાવિ આચાર્યોને અનોખો આદર્શ આપી ગયેલ છે.

એ તૃતીયપદની જોખમદારી પૂજ્યશ્રીજીના શબ્દોમાં જ જોઇએ.

'મારી ઉપર મારા પૂ. ગુરૂ મ. અને તેઓના પણ પૂ. ગુરૂ મ. નો ઘણો ઉપકાર

છે. મારા પરમગુરૂદેવેશના પૂ. ગુરૂદેવ પરમારાધ્યપાદ આ. શ્રી વિ. દાનસૂરીશ્વરજી મહારાજાએ નિર્ણય કર્યો કે-'આને આચાર્યપદવી આપવી' પરન્તુ તેઓ પૂજ્યશ્રી અકસ્માત કાળ પામી ગયા. તે પછી મારા પૂ. ગુરૂ મહારાજે મને કહ્યું કે-'પૂ. મહારાજ કાળ ગયા છે માટે આ કામ કરવાનું છે' વડીલોએ જે આ સ્થાન ઉપર મને બેસાડયો તેની ફરજ બજાવી રહ્યા છું. અને જે ફરજ બજાવી શકયો તેનો આનંદ છે. આ પદનું જોખમ મોટું છે. **આ પદ પામી ભગવાનની આજ્ઞાથી ઊલટું બોલે તો અનંતો સંસાર વધી જાય.** શ્રી જૈન શાસનમાં પદની-તેમાંય આ પદની-જોખમ-દારી ઘણી છે. શ્રી જૈન શાસનમાં આચાર્યોને 'રાજા'ના સ્થાને ગણવામાં આવ્યા છે.

શાસનમાં જે કાંઇ ખોટું હોય તેને ખોટાં તરીકે જાહેર કરવું જોઇએ અને સાચાને સાચા તરીકે જાહેર કરવું જ જોઇએ. તેમ ન કરે અને ઊંધી ઊંધી વાતો કરે તો પોતે ય સંસારમાં રખડે અને બીજાઓને પણ સંસારમાં રખડાવે.

આવું પાપ મારાથી થયું નથી તેનો આનંદ છે અને મારી ઉપર મૂકેલ વિશ્વવાસને ય સફલ કરી શકયો તેનો ય આનંદ છે અને તેટલી શકિત પણ જાળવી શકીશ.

તમો સૌ સાધુપણા માટે તરફડતા થાવ અને સાધુપણું પામી વહેલામાં વહેલા મોક્ષે જાવ તેજ આજના પ્રસંગે ઇચ્છા છે.

(સં. ૨૦૪૬, વૈ. સુ. ૬ સોમવાર તા. ૩૦-૪-૯૦ના આચાર્યપર્યાયના ૫૫ મા વર્ષમા પ્રવેશ પ્રસંગે, શેઠ શ્રી પુખરાજજી રાયચંદ ભવનમાં આપેલ પ્રાસંગિક પ્રવચન માંથી) —o—

o ખંભાતમાં પૂ. મુ શ્રી કાન્તિ વિ. મ.ના દીક્ષા પ્રસંગે જે ભયંકર તોફાન થયું વાતાવરણ હાથ ન રહ્યું ત્યારે શાંતિ માટે ત્યારના દિવાને શેઠ શ્રી કસ્તુરભાઇ અમરચંદને કહ્યું હતુ કે-'આ સાધુને વિહાર કરાવી દો તો વાતાવરણ કાંઇક શાંત થાય.' તે સુશ્રાવકે કહ્યું કે-'વિનંતિ કરીને લાવ્યા છીએ. અમારા મડદા ઉપર. જવું હોય તો ભલે જાય.' આજના શ્રાવકોને આમાંથી બોધપાઠ શીખવાની જરૂર છે.

તે દિવાને પૂજ્યશ્રીજીની જે રીતના ઉલટ તપાસ માટે પ્રશ્નો પૂછયા અને પૂજ્ય શ્રીજીએ જે તાર્કિક બૌદ્ધિક ઉતરો આપ્યા તે સાંભળી દિવાને શેઠને કહ્યું કે-તમારા સાધુ બહુ હોંશિયાર છે.' ત્યારે શ્રી કસ્તુરભાઇ એ કહ્યું કે-'**ચોર તો નથી ને ?**' શાસનસમર્પિત આત્માઓ કેવા હોય તે આ પ્રસંગ ઉપરથી સારી રીતે સમજાય છે ને ?

તે પૂ મુ. શ્રી કાંતિવિજયજી મ. ના અદાલતી ચૂકાદા અંગેનું લખાણ, દીક્ષા ધર્મ અંગે વેધક પ્રકાશ પાડતું હોવાથી 'જૈન પ્રવચન' માંથી ઉધ્ધૃત કરી અત્રે પ્રગટ કરવું તે અસ્થાને નહિ ગણાય;

(૧૧) : દીક્ષા ધર્મનો જયજય કાર :

અદાલતી જંગ

મુનિશ્રી કાંતિવિજયજીના એડવોકેટે મુંબઇની નામદાર હાઇકોર્ટમાં કરેલી અરજી.

મુનિશ્રી કાંતિવિજયજી રે. હાલ અમદાવાદ, મુળ તહોમતદાર.

વિરૂદ્ધ–બાઈ લીલાવતી. તે દોલાભાઇ નગીનદાસની દીકરી રે. અમદાવાદ, નાગજી ભુદરની પોળ, સામાવાલી ફરીઆદિ.

અમો મુળ તહોમતદારના વકીલની નમ્રતાપૂર્વક અરજ એ છે કે:—

૧. અમારા અસીલ જૈન સાધુ છે અને સંસાનો સંબંધ છોડીને ત્રણ વરસ પહેલાં દીક્ષા લીધેલી છે. તેમના સાધુ થયા પહેલાં આ સામાવાલી તેમની ઔરત હતી.

૨. આ સામાવાલીએ તેમના સામે અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટની કોર્ટમાં ફી. ક્રે. કે. કલમ ૪૮૮ મુજબ ખોરાકીની ફરીયાદ માંડેલી.

૩. તેમનો બચાવ એવો હતો કે તે જૈન સાધુ થએલા હોવાથી અને તેમને સંસાર ત્યાગ કરેલો હોવાથી તેઓ જાતે તેણીની ખોરાકી માટે જવાબદાર નથી. તેમની દીક્ષા એટલે સંસારમાંથી મરણ તુલ્ય ગણાય અને જો કે સામાવાલીની ખોરાકી તથા રહેવાના માટે પ્રથમ અવસ્થાની મિલ્કત જવાબદાર છે, છતાં પણ તેને માટે તે જવાબદાર નથી.

૪. છતાં પણ વિદ્વાન મેજીસ્ટ્રેટે આ સાથેના જજમેન્ટમાં જણાવ્યા મુજબ એવો ઠરાવ કરેલો કે જો કે તે સાધુ થયા છે અને તેમની પાસે મિલ્કત નથી. છતાં તેના ગુજરાન માટે તેમની પાસે પુરતું સાધન છે અને તેનું ભરણ પોષણ કરવામાં તેમણે બેદરકારી કરી છે, તેથી સામાવાલીને માસિક રૂા. ૨૫) આપવાનો કોર્ટે તેમની પાસેથી ઠરાવ કરેલો છે.

૫. તે ઠરાવથી નારાજ થઇને આપને રીવીઝન અરજી કરી વિનંતિ કરૂં છું કે આ નીચેની કોર્ટમાંથી રેકર્ડ મંગાવીને તે ઠરાવ રદ કરશો તેનાં કારણો નીચે મુજબ છે.

૧. તેમની પાસે પુરતું સાધન છે. છતાં સામાવાલીનું ભરણપોષણ કરવામાં તેમણે બેદરકારી કરી છે તેમ ઠરાવવામાં નીચેની કોર્ટની ભૂલ છે.

૨. તેમના રીવાજ મુજબ તેમના સાધુ થયા બાદ તેમનું સામાવાલી સાથેનું લગ્ન

બંધ થઇ ગયું છે અને તેથી તેણીની ખોરાકીને માટે બીલકુલ જવાબદાર નથી. એવો નીચેની કોર્ટે ઠરાવ કરવો જોઇતો હતો.

૩. નીચેની કોર્ટે બન્નીઝ બુધ્ધના કાયદા જણાવ્યા; પણ તેની હકીકત અને કાનુન જુદા હોવાથી તે આ કેસને લાગુ પડતા નથી.

૪. જૈન સાધુની કાયદેસર સ્થિતિને લક્ષમાં નહિ લેવામાં અને તેને જણાવવાની જરૂર નથી તેમ કહેવામાં કોર્ટે ભૂલ કરેલી છે.

૫. તે જૈન સાધુ છે, છતાં તેની ખોરાકીને માટે અંગત જવાબદાર છે. કારણ કે સશક્ત છે–તેમ ઠરાવવામાં તેમણે કાયદાની ભૂલ કરી છે.

૬. નીચેની કોર્ટનો ઠરાવ જૈન સંપ્રદાયના મુળભૂત સિદ્ધાંતથી વિરૂધ્ધ છે, તેના ત્યાગ બાબતના સિધ્ધાંતો કાયદાથી પણ મંજુર રહેલા છે.

૭. તેમના સાધુ થતા પહેલાં તેમની પાસે પૂરતી મિલકત હતી અને તે મિલકતમાંથી સામાવાલી પોતાની ખોરાકી મેળવી શકે તેમ છે. તે નીચેની કોર્ટે ઠરાવવું જોઇતું હતું.

૮. સામાવાલીએ પોતે જ તેની અરજીમાં જણાવ્યું છે કે તેમની પાસે ૨૦ થી ૨૫ હજારની મિલકત છે, તે હકીકત નીચેની કોર્ટ જોઇ શકી નથી.

૯. આ અરજી શુધ્ધ બુધ્ધિથી કરવામાં આવી નહોતી, પરંતુ તે તેમને હેરાન કરવાને માટે કરી હતી, કારણ કે તેમના સગાંવાલાંની ઇચ્છા વિરૂધ્ધ તે સાધુ થયા હતા.

૧૦. જે મકાનમાં સામાવાલી રહે છે, તેમાંના તેમના ભાગમાંથી જ તેણીની ખોરાકી અને રહેઠાણ માટે મિલકત પૂરતી છે.

૧૧. તે અરજી રદ કરવી જોઇતી હતી.

૧૨. નીચેની કોર્ટનો ઠરાવ કાયદા અને ન્યાયથી વિરૂધ્ધ છે. અને તે માટે આપનો અંતઃકરણથી આભાર માનીશ.

મુંબઇ.
તા. ૨–૧૧–૩૬

એચ. વી. દીવેટીયા.
મૂળ તહોમતદારના એડવોકેટ

જૈનસાધુ પોતે ગ્રહણ કરેલ વ્રતો મુજબ પોતાની સ્ત્રીનું ભરણ–પોષણ કરવાને અશક્ત છે!

અમદાવાદના સીટી મેજીસ્ટ્રેટ સાહેબે બાઇ લીલાવતીએ પૂ. શ્રી કાંતિવિજયજી ઉપર કરેલ કેસ સંબંધમાં કરેલો નિર્ણય.

તેઓશ્રી કહે છે :–મુનિ શ્રી રામવિજયજીની જુબાની, જે કમીશનથી લેવામાં આવી છે, તે બહુ રસયુકત છે અને પોતાના જવાબના ટેકામાં તે શાસ્ત્રોના આધાર ટાંકે છે. જૈનોની અંદર તે માનવંતા અને વિદ્વાન ધાર્મિક ગુરૂ ગણાય છે અને કેટલીક ધાર્મિક પદવીઓ ધરાવે છે.

* * *

હું અહીં જણાવું છું કે–મુનિ શ્રી રામવિજયજીએ જે તથા બીજા બે સાહેદોએ જે પુરાવો આપ્યો છે, તેના સામે કાંઇ પણ દલીલ અગર પુરાવો તે પુરાવાને તોડવાને માટે આપવામાં આવ્યો નથી.'

* * *

અમદાવાદ સીટી મેજીસ્ટ્રેટની કોર્ટમાં

મુનિ કાંતિવિજયજી–મુળ સામાવાળા વિરૂદ્ધ બાઇ લીલાવતી–મુળ અરજદાર.

નિર્ણય

હાઇકોર્ટે તેમના ૧૨ જાનેવારી ૧૯૩૨ ના હુકમથી મુનિ કાંતિવિજયજી વિ. બાઇ લીલાવતીના કામના કાગળીયા, મુનિ કાંતિવિજયજી જૈન સાધુ થવાથી અને વ્રત વિગેરે લેવાથી અગર બીજી રીતે ભરણ પોષણ કરવાને અશકત થઇ ગયા છે કે કેમ, તે સવાલ ઉપર પૂરાવો લેવાના ફરમાન સાથે આ કોર્ટમાં પાછાં મોકલ્યા છે.

૨. બાઇલીલાવતી તરફથી ત્રણ અને મુનિ કાંતિવિજયજી તરફથી ચાર સાહેદોને તપાસવામાં આવ્યા છે. દયાવિજયજી નામના સાધુએ વીલ કરેલું છે, તેમ બતાવવાનો માટેના સાહેદો પૈકી ચંદુલાલ મોહનલાલ નં ૨ ને બોલાવવામાં આવ્યો છે, પણ આ સાહેદ કહે છે કે–હું કાંઇ જાણતો નથી. વળી દીક્ષા લેતાં પહેલાં કેટલુંક દેવું કરેલું, તે બતાવવાને માટે કાંતિવિજયજીના દાદા ચુનીલાલ લલ્લુભાઇ નામના આંક ૩ ના બીજા સાહેદને બોલાવવામાં આવેલ છે. મારા અભિપ્રાય મુજબ નામદાર હાઇકોર્ટે જે પ્રશ્ન પૂછ્યો છે, તે સાથે આ બે સાહેદોના પુરવાનો કાંઇ સંબંધ નથી. ઘણા જ મહત્વના સાહેદો નીચે મુજબ છે :–

૧. મી. એસ. પી. બદામી, અમદાવાદ સ્મોલકોઝ કોર્ટના રીટાયર્ડ જજ.

૨. મી. અમીચંદ ગોવિંદજી એડવોકેટ. અને

૩. મુનિ શ્રી રામવિજયજી.

તેમાં પ્રથમના બે જૈન છે હિંદુસ્તાનમાં જૈન મંદિરોના વહીવટ વિગેરે કરનારી મોટામાં મોટી આણંદજી કલ્યાણજીની પેઢી છે તેના તે પ્રતિનિધિ છે.

૩. સાહેદોના પુરાવા પરથી એમ જણાય છે કે–દીક્ષા લેતાં પહેલાં જૈન સાધુને

પાંચ વ્રતો લેવાનાં છે અને તે દશ વૈકાલીક સૂત્રના પ્રકરણ ૬ માં જણાવેલ છે. તેનું પ્રો. અભ્યંકરે કરેલું ભાષાંતર આંક ૬. ૨ ના પાના ૬ માં આપેલું છે, તે પ્રમાણે પહેલું વ્રત જીવતાં પ્રાણીઓને ઇજા કરતાં અટકવાનું અને પાંચમું મીલકતનો ત્યાગ. દરેક જાતની મીલકતનો ત્યાગ કરવા સાધુ પ્રતિજ્ઞા લે છે. પછી તે ચાહે તો નાની અગર મોટી, ચેતન કે જડ હોય, અને તે બીજા પાસે પણ તે મીલકત ન રખાવે તેમજ તેવા કામમાં તેને ન અનુમોદે : ભાષાંતર આંક ૬. ૨ નું પાન ૭ : પ્રકરણ ૩, શ્લોક ૨૮ અને ૨૯ માં ગૃહસ્થોની સેવા અને કુટુંબના ધંધાથી તેમનું ભરણ પોષણ કરવું તે મહાન્ સાધુ માટે વર્જ્ય છે. વળી આ સાહેદોના પૂરાવા પરથી વિશેષમાં એમ પણ જણાય છે કે-સ્ત્રીનું ગુજરાન કરવાથી અગર તેનું ગુજરાન કરવાનું બીજાને કહેવાથી જૈન સાધુને પાંચમા વ્રતનો ભંગ થાય છે. અને આડકતરી રીતે પહેલા વ્રતનો પણ ભંગ થાય છે. અને આ વ્રતના ભંગની શીક્ષા તરીકે આ જગતમાં તે પતિત ગણાય છે અને નરકે જાય છે. તે દશવૈકાલિક સૂત્રમાં શીક્ષાઓ સવિસ્તર જણાવવામાં આવી છે અને તે આંક ૬. ૨ ના ભાષાંતરના પાના ૫૭, ૫૮ માં છે.

આંક ૭ મુનિ શ્રી રામવિજયજીની જુબાની, જે કમીશનથી લેવામાં આવી છે. તે બહુ રસયુક્ત છે અને પોતાના જવાબના ટેકામાં તે શાસ્ત્રોના આધાર ટાંકે છે જૈનોની અંદર તે માનવંતા અને વિદ્વાન્ ધાર્મિક ગુરૂ ગણાય છે અને કેટલીક ધાર્મિક પદવીઓ ધરાવે છે. તેઓશ્રી ૭, ૮, ૧૬, ૧૭, અને ૨૫ મા પ્રશ્નોના જવાબમાં જૈન ધાર્મિક પુસ્તકોમાંથી પ્રકરણો અને શ્લોકો ટાંકીને સ્પષ્ટ રીતે બતાવે છે કે-જૈન સાધુ પોતે લીધેલાં વ્રતો અનુસાર, પોતાની સ્ત્રી અગર સગાં સંબંધીઓનું ભરણ પોષણ કરી શકે તેવી કાંઇ પણ મીલકત ધરાવી શકે નહીં અને પૈસા કમાઈ શકે નહીં. પ્રશ્ન ૧૭, ૧૮, ૧૯, ૨૦ ના જવાબમાં જે જૈન સાધુ પોતે વ્રતભંગ કરે, તેને માટે શી શીક્ષા છે તે બતાવે છે. 'જેમ જૈન સાધુઓને ધાર્મિક શીક્ષણ તથા કપડાં આપવામાં આવે છે અને તેની ગોઠવણ કરવામાં આવે છે તેવી જ રીતે સાધુઓની પુર્વાશ્રમની સ્ત્રીઓને માટે તેનું ભરણપોષણ કરવા શ્રાવકો સાથે ગોઠવણ કરી શકે' તેમ બતાવવાના હેતુથી સામાવાળાના વિદ્વાન વકીલ તરફથી આ સાહેદને ઘણા સવાલો પુછવામાં આવેલા, પણ આ તમામ પ્રશ્નોના જવાબ અને ખાસ કરીને પ્રશ્ન ૮ અને ૧૦ ના જવાબ પરથી જણાય છે કે-જે સાધુ પોતાની સ્ત્રી અને કુટુંબીજનોના ભરણપોષણ માટે ઉપદેશ કરે છે, તે પતિત થાય છે અને તેના વ્રતનો ભંજક થાય છે. અને

ઉત્તમ માર્ગમાંથી પતિત થાય છે આ દુનિયામાં નિંદનીય બને છે અને પર લોકમાં નરકે જાય છે. એમ સખ્ત નુકશાનને પાત્ર બને છે આ સાહેદનો એવો અભિપ્રાય છે કે-પોતાના કુટુંબીઓ નિરાધાર થઇ જાય તેવા હેતુથી સાધુ કોઇનો ત્યાગ કરતાં નથી. પરંતુ તે પૌદ્‌ગલિક ઉન્નતિ કરતાં પોતાના આત્માની ઉન્નતિ સાધવાના ઉત્તમ આશયથી જ તે તેમનો ત્યાગ કરે છે. હું અહીં જણાવું છું કે-મુનિ શ્રી રામવિજયજીએ તથા બીજા બે સાહેદોએ જે પુરાવો આપ્યો છે, તેના સામે કાંઇ પણ દલીલ અગર પુરાવો તે પુરાવાને તોડવા માટે આપવામાં આવ્યો નથી. પણ ફકત એટલું જ કહેવામાં આવે છે કે-અરજદાર તેની સ્ત્રીનો ત્યાગ કરી લગ્નનું વ્રત તોડી નાખ્યું છે અને જૈન શાસ્ત્રોમાં જે વિચારો છે તે આદર્શ તરીકેના છે, પણ આચરણીય નથી અને હાલના સમાજમાં પ્રચલિત નથી. હવે વિદ્વાન વકીલની પહેલી તકરારને માટે અરજદાર સામાવાલીનું ભરણપોષણ કરવાને કંઇ વ્રત લીધું હતું કે નહિ અને તેણે તે લીધું હોય તો તેના ભંગની શિક્ષા મુનિ કાંતિવિજયજીએ દીક્ષા લીધી તેના જેવી છે કે કેમ, તે બાબત તેમણે કાંઇ બતાવ્યું નથી. વળી એમ પણ દલીલ કરવામાં આવે છે કે-જૈન સાધુ દુનિયામાં પ્રવેશ પણ કરી શકે અને ફરીથી પણ સાધુ થાય : જુઓ આંક ૫ અને ૬ નો પેરો ૩ જો. અને તે જનસમાજમાં હલકો પડે. તે શિક્ષા કાયદાની કોર્ટ તેની પાસેથી આશા ન રાખી શકે તેવી તે ગંભીર નથી. પણ મુનિશ્રી રામવિજયજીનો પુરાવો બતાવે છે કે-આ અભિપ્રાય સાચો નથી. વળી વિદ્વાન વકીલને એમ પણ બતાવવાની ઇચ્છા હતી કે-ધાર્મિક સિદ્ધાંતો અત્યારના કાળના નથી, અને તે આ સૈકામાં જંગલી ગણવામાં આવે છે અને તે મનુષ્યકૃત કાયદાથી ઉચ્ચ નથી. દાખલા તરીકે કોઇ માણસ અહિંસક અને અસહકારી થવાની પ્રતિજ્ઞા લે અને ઇશ્વરકૃત કાયદા માને અને સત્ય બોલે, અને જો તે મનુષ્યના બનાવેલા કાયદા મુજબ ગુન્હો થાય તેવું કોઇ કૃત્ય કરે તો આવા વ્રતથી સરકાર તેને તે ગુન્હામાંથી શું મુક્તિ આપશે ? વકીલે જે આ દાખલો આપ્યો છે તે બંધબેસતો નથી અને જે દાખલો તે વકીલે આપ્યો છે, તેમાં અને હાલના તપાસના અંગની બાબતમાં ઘણો જ ફેર છે. ઉપરનો પુરૂષ કેટલાક કાયદાની અવજ્ઞા કરવાનું વ્રત લે છે અને હાલના કેસમાં તો પુરૂષે પોતાના આત્માની આધ્યાત્મિક ઉન્નતિ માટે જ વ્રતો લીધાં છે. અરજદારના વિદ્વાન વકીલ કહે છે કે-જૈન ધર્મનું અનુસરણ માણસને વિચિત્રતામાં લાવી મૂકે છે અને તેના આશયના ટેકામાં તે બે દાખલા બતાવે છે. તે નીચે પ્રમાણે છેઃ—

૧ જ્યારે અપાસરામાં (જ્યાં સાધુઓ રહે છે તે સ્થાન) આગ લાગે, અને તે

૨. કોઇ સ્થળમાં દુષ્કાળ હોય,

૩. જૈન ધર્મ પ્રમાણે સાધુ પાણી રેડી શકે નહીં, તેમજ આગ બુઝાવવાને માટે બીજાને તેમ કરવાને કહી શકે નહીં. અને બીજા કેસમાં તે કોઇ દુકાળ પીડિતને મદદ કરી શકે નહિ, કારણ કે–તેમ કરવાથી જે વ્રત તેણે લીધું છે તેનો ભંગ થાય છે. વળી તે વિદ્વાન વકીલ એવી દલીલ કરે છે કે–કપડાં ઉત્પન્ન કરવાં તે હિંસા છે, છતાં જૈન સાધુ કપડાં પહેરે છે અને આ પ્રમાણે તે પોતાના વ્રતનો ભંગ કરે છે. એ ખરૂં છે કે–જૈનોના કેટલાક ધાર્મિક સિદ્ધાંતો આચરણમાં મૂકી શકાય તેમ નથી, પણ એ યાદ રાખવું જોઇએ કે–સાધુ આ વ્રતો જાણી જોઇને અને મરજીથી પોતાના આત્માની આધ્યાત્મિક ઉન્નતિ માટે લે છે, અને આજના સમાજમાં તેનું આચરણ થઇ શકે કે નહીં, તો પણ તે આજ્ઞાઓ તે પાળે તેવી સાધુ પાસેથી આશા રાખવામાં આવે છે.

૪. બંને બાજુ જે પુરાવો આપવામાં આવે છે, તે જોતાં તથા સાહેદોએ જે શાસ્ત્રના બંધબેસતા સિદ્ધાંતો જણાવ્યા છે, તે જોતાં મારૂં અનુમાન એવું થાય છે કે–જૈન સાધુ જે પ્રતિજ્ઞા કરે છે તેનાથી એટલે ખાસ કરીને પહેલા અને પાંચમા વ્રતથી કોઇ પણ મીલકત રાખી શકવાને કે પોતાની સ્ત્રીનું ભરણપોષણ કરવાને માટે તે અશક્ત છે.

(સહી) **ધીરજલાલ એચ. દેસાઇ.**
સીટી માજીસ્ટ્રેટ, અમદાવાદ.
અમદાવાદ તા. ૧૫-જુન-૧૯૩૨.

(જૈન પ્રવચનમાંથી સાભાર ઉદ્ધૃત)

મુંબાઇ હાઇકોર્ટનો છેવટનો ચૂકાદો

High court appreciate side, Bombay

In his Majesty's high court of judieature at Bombay order pasaed by the high court in the case of Muni Kantivijayji Vs. Bai Lilavati, being criminal Application for revision No. 323 of 1931.

(Coram : Beaumont, C. J. and Nanavati J)

Application allowed and the order of the lower court set aside.

Sd. D. L. MEHTA
Deputy Registrar.

25th July 1932

True copy
D. L. MEHTA
Deputy Registrar
The 10th day af August 1932

કોર્ટનો
સીક્કો

પૂ. મુનિ શ્રી કાંતિવિજયજી મહારાજ સ્વામિ
તેમની પૂર્વાશ્રમની પત્ની બાઇ લીલાવતીએ

માંડેલી ભરણ–પોષણની ફરીયાદના કામમાં

* * *

પૂજ્યપાદ પરમશાસન પ્રભાવક બાલ બ્રહ્મચારી વ્યાખ્યાનવાચસ્પતિ પન્યાસપ્રવર શ્રીમદ્ રામવિજયજી ગણિવરને રાધનપુરમાં કમીશ્નરથી પૂછાએલા પ્રશ્નો અને તેના ઉત્તરો.

* * *

(સદ્જ્ઞાનની પ્રાપ્તિથી વૈરાગ્ય પામીને ખંભાતમાં દીક્ષિત બનેલા પૂ. મુનિરાજ શ્રી કાન્તિવિજયજી વર્ષો બાદ અમદાવાદ પધારતાં, તેમની સંસારીપણાની પત્નિ બાઇલીલાવતીએ ભરણપોષણનો દાવો કર્યો હતો અને ત્યાંના મેજીસ્ટ્રેટ સાહેબે માસિક રૂા. ૨૫) આપવા ઠરાવ્યું હતું. આ કેસની અપીલ મુંબઇની હાઇકોર્ટમાં જતાં કાયદાની બારીકીઓ તપાસાઇ હતી અને 'એક જૈન સાધુ પોતે ગ્રહણ કરેલા વ્રતોને સાચવવા પૂર્વક પોતાનાં સાંસારિક સંબંધીઓનું ભરણપોષણ કરવા અશકત છે કે કેમ?' એ બાબતમાં સાક્ષી લેવા માટે કેસનાં કાગળીયાં અમદાવાદ આવતાં તે મુજબ અમદાવાદમાં સાક્ષીઓ લેવાઇ હતી. ઉપરાંત આ જ કામમાં પૂ. પન્યાસપ્રવરશ્રીની સાક્ષી તેઓશ્રી રાધનપુર બીરાજતા હોઇ ત્યાં સ્ટેટના સેશન્સ જજ મી. મહમદઅલી સાહેબે ઉપાશ્રયે પધારીને લીધી હતી. સાક્ષી લગભગ પાંચ કલાક ચાલી હતી અને સાંજે સાડા પાંચ વાગે સમાપ્ત થઇ હતી. બનતી રીતે આ સાક્ષી શુધ્ધ રીતે આપવા પ્રયત્ન કરેલ, છતાં રહી ગએલ દોષ માટે અમે ક્ષમાપના પ્રાર્થી છીએ. —સમ્પાદક]

સ્વસ્થાન રાધનપુર કમિશ્નર રૂબરૂ

અમોએ સાધુ થતી વખતે જ આખી જીંદગી સુધી જુઠું નહીં બોલવાની પ્રતિજ્ઞા કરી છે તે જ સત્ય પ્રતિજ્ઞા ઉપર લખાવું છું...

મારૂં નામ રામવિજય છે. મારા ગુરૂનું નામ ઉપાધ્યાય શ્રી પ્રેમવિજયજી છે. મારો ધર્મ જૈન છે. મારી જ્ઞાતી સાધુ છે. ઉંમર આશરે વર્ષ ૩૬ ની છે. મારો ધંધો આત્મકલ્યાણનો છે. મોજે રહેવાસી હાલ રાધનપુર છે.

મી. હરિલાલ એન. પારેખના સવાલો અને તેના જવાબમાં–

૧–પ્ર૦ : આપ કયા ફીરકાના સાધુ છો?

ઉ૦ : હું જૈન છું. મૂર્ત્તિ સંપ્રદાયના તપગચ્છ શ્રી [illegible]

૨–પ્ર૦ : આપશ્રીને કયી કયી પદવી અપાયેલી છે ?

ઉ૦ : મને વ્યાખ્યાન વાચસ્પતિ, ગણિ અને પન્યાસની પદવીઓ અપાયેલી છે.

૩–પ્ર૦ : આપ કયાં કયાં શાસ્ત્રોને પ્રમાણભૂત માનો છો ?

ઉ૦ : પંચાંગી અને તેને અનુસરતા સઘળા શાસ્ત્રોને.

૪–પ્ર૦ : પંચાંગી એટલે શું ?

ઉ૦ : પંચાંગી એટલે ૧. મૂળ આગમ. ૨. મૂળ આગમના અર્થને સ્પષ્ટ કરતી ગાથાઓરૂપ નિર્યુક્તિ. ૩. તેજ આગમના મૂળ અર્થને ટૂંકા પણ ગંભીર શબ્દોમાં વ્યાખ્યા કરતી ભાષ્ય. તે જ આગમના અર્થોને વિસ્તારથી વ્યાખ્યા કરતી ટીકા, કે જેમાં દીપિકા અને અવચુરિ વિગેરે સમાય છે. ૫. એજ આગમના મૂળમાં રહેલા ભાવની પ્રાકૃત ભાષામાં ટીકા તે ચૂર્ણિ. આ પાંચને જૈનશાસનમાં પંચાંગી કહેવાય છે.

૫–પ્ર૦ : દશવૈકાલિક સૂત્ર ભીમસિંહ માણેક તરફથી છપાયેલું આપને માન્ય છે કે કેમ ?

ઉ૦ : મને માન્ય છે.

૬–પ્ર૦ : ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રસિદ્ધ થયેલું પર્યુષણસૂત્ર આપને માન્ય છે ?

ઉ૦ : મને માન્ય છે.

૭–પ્ર૦ : જૈન સાધુ પૂર્વાશ્રમની સ્ત્રી વિગેરે સગાંવહાલાંનું ભરણપોષણ કરી અગર કરાવી શકે કે કેમ ?

ઉ૦ : જૈન સાધુ પૂર્વાશ્રમની સ્ત્રી વિગેરે સગાંવહાલાંનું ભરણ પોષણ કરી અગર કરાવી શકે પણ નહિ.

૮–પ્ર૦ : તેનાં શાં કારણો છે ?

ઉ૦ : પ્રથમ તો શાસ્ત્રની આજ્ઞા જ નથી. તેનું કારણ એ છે કે–સાધુ, સાધુ થતી વખતે જે પાંચ મહાવ્રતે ગ્રહણ કરે છે, તેમાં પાંચમું મહાવ્રત એ છે કે–ધનધાન્યાદિ નવે પ્રકારના પરિગ્રહને પોતે રાખવો નહિ. બીજા પાસે રખાવવો નહિ અને રાખનારને અનુમોદન પણ આપવું નહિ. એ મહાવ્રત પ્રમાણે સાધુ પૂર્વાશ્રમનાં સ્ત્રી આદિ કુટુંબીઓ માટે ભરણપોષણની ક્રિયા કરી અગર કરાવી શકતો નથી. જો કરે અગર કરાવે, તો સ્ત્રી આદિને પરિગ્રહ માનીને ત્યાગ કર્યો છે તેનો સ્વીકાર થાય. અને ધનધાન્યાદિ પરિગ્રહને રાખ્યા કે રખાવ્યા સિવાય ભરણપોષણ કરી કે કરાવી શકાય નહિ. અને જો કરે અને કરાવે તો પાંચમા મહાવ્રતનો ભંગ થવાથી પહેલા મહાવ્રતનો પણ ભંગ થાય, કારણ

કે-જીવ હિંસાને કર્યા, કરાવ્યા કે અનુમોદ્યા સિવાય ભરણપોષણ બની શકતું જ નથી માટે પકેલા મહાવ્રતનો પણ ભંગ થાય છે, અને શાસ્ત્ર તો કહે છે કે-એક મહાવ્રતનો ભાંગનાર પાંચે મહાવ્રતનો ભાંગનાર થાય અને એ રીતે મહાવ્રતો ભાંગવાથી સાધુ, કે જેણે ઉંચામાં ઉંચું જીવન જીવવા માટે જે ઉંચામાં ઉંચી નીતિ અંગીકાર કરી છે, તેનો ભ્રષ્ટ કરવો પડે જે તે તેમ કરે, તો તે આ લોકમાં નિંદ્ય બને અને પરલોકમાં નરકાદિનો અધિકારી થાય અને તેને ભયંકર નુકશાન થયેલું ગણાય.

૯-પ્ર૦ : તે બાબતના શાસ્ત્રાધાર બતાવી શકો છો? બતાવી શકતા હો તો શાસ્ત્રોમાં કયા પાનામાં અને કયા નંબરની ગાથામાં?

ઉ૦ : તેના આધાર ઘણાં શાસ્ત્રોમાં છે અને સાધુઓના આચાર માટે મુખ્ય ગણાતા શ્રી દશવૈકાલિક નામના આગમસૂત્રમાં પા. ૧૩૨ માં ગૃહસ્થોની વૈયાવચ્ચ કરવી તે સાધુઓ માટે અનાચાર છે, એમ કહેવામાં આવ્યું છે. તે જ સૂત્રના પા. ૩૭૫-૭૬ માં ગાથા ૭ અને ૮ મીમાં અને ૬૬૨-૬૬૩ પાને ૧૩ મી ગાથા, એ બધાની ટીકા, દીપીકા અને અવચુરિ વિગેરેમાં આ વાત છે.

૧૦-પ્ર૦ : જૈન સાધુ ધન ઉપાર્જન કરવા માટે મહેનત-મજુરી કરી શકે કે કેમ?

ઉ૦ : જૈન સાધુ ધન ઉપાર્જન કરવા માટે મહેનત-મજુરી તો ન કરી શકે, તેમ તે બાબતનો ઉપદેશ પણ નહિ કરી શકે, કારણ કે-જૈનશાસનમાં મોટામાં મોટા શાસ્ત્રકાર ગણાતા મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ પરમાત્માની સ્તુતિ કરતાં સવાસો ગાથાના સ્તવનમાં અર્થ કમાવાનો ઉપદેશ આપનાર સાધુને 'મોક્ષમાર્ગના ચોર' તરીકે ઓળખાવે છે.

૧૧-પ્ર૦ : જૈન સાધુ પૂર્વાશ્રમની સ્ત્રી વિગેરે સગાવહાલાનું ભરણપોષણ કરે-કરાવે તો શું થાય?

ઉ૦ : તે સાધુ પતિત થાય એટલે આ લોકમાં નિંદ્ય બને અને પરલોકમાં નર્કનો અધિકારી બને.

૧૨-પ્ર૦ : આ બાબતમાં કોઇ શાસ્ત્રો આપ જણાવો છો? તે વિગતવાર કહો. પુસ્તક, પાનાં શ્લોક નંબર વિગેરે.

ઉ૦ આ માટે સવાલ નવમાના જવાબમાં બતાવેલ છે.

૧૩-પ્ર૦ : મુનિ કાન્તિવિજયજી સાથે આપનો શો સંબંધ છે?

ઉ૦ તે મારા શિષ્ય થયા છે.

૧૪-પ્ર૦ : તેમણે દીક્ષા લેતી વખતે શું પ્રતિજ્ઞાઓ કરેલી છે?

૭૦ : જીંદગીભરને માટે મન, વચન કે કાયાથી કોઇપણ જાતિના પાપવ્યાપારને પોતે નહિ કરવાની, બીજા પાસે નહિ કરાવવાની અને કરતા હોય તેને અનુમોદન નહિ આપવાની પ્રતિજ્ઞા કરી છે. અને એ પ્રતિજ્ઞાને સંપૂર્ણ રીતે પાળવા માટે પાંચ મહાવ્રતો અને છઠ્ઠું રાત્રિભોજન નહિ કરવાનું પણ વ્રત લીધેલું છે.

૧૫–પ્ર૦ : આ પ્રતિજ્ઞાઓ જે દીક્ષા લે તે તમામને લેવાની છે કે કેમ ? અને તેનું સવિસ્તર વર્ણન કયા કયા ગ્રંથોમાં છે ?

૭૦ : આ પ્રતિજ્ઞાઓ જે જે દીક્ષા લે, તે તે દરેકને લેવાની છે અને તેનું વર્ણન આવશ્યક સૂત્ર, ધર્મસંગ્રહ વિગેરે ઘણાં સૂત્રો અને ગ્રંથોમાં છે અને વિસ્તારથી તેનું વર્ણન પખ્ખી સૂત્રમાં પણ છે.

૧૬–પ્ર૦ : મુનિ કાન્તિવિજયજી તેમની પૂર્વાશ્રમની સ્ત્રીનું પોષણ કરી–કરાવી શકે કે કેમ ?

૭૦ : ન કરી શકે અગર ન કરાવી શકે, અને કરે–કરાવે તો પતિત થાય અને તેથી શાસ્ત્રના કથન મુજબ આ લોકમાં તે નિંદ્ય બને અને પરલોકમાં નકાદિકનો અધિકારી થાય.

૧૭–પ્ર૦ : મુનિ કાન્તિવિજયજી તેમની પૂર્વાશ્રમની સ્ત્રીનું પોષણ કરે અગર કરાવે તો તેમણે લીધેલાં વ્રત સચવાય કે ભંગ થાય ? ભંગ થવાનું કહેતા હો તો કયા વ્રતોનો ભંગ થાય ?

૭૦ : મુનિ કાંતિવિજયજી પોતાની પૂર્વાશ્રમની સ્ત્રીનું ભરણપોષણ કરે અગર કરાવે તો તેમણે લીધેલાં વ્રતનો ભંગ થાય. મુખ્ય રીતે પાંચમાં અને પહેલા વ્રતનો ભંગ થાય અને શાસ્ત્રની–'એક ભંગ થાય તો પાંચેનો ભંગ થાય'–એ નીતિ મુજબ પાંચે મહાવ્રતોનો ભંગ થાય.

૧૮–પ્ર૦ : વ્રતભંગ થાય તો પછી તે સાધુ ગણાય કે પતિત ગણાય ?

૭૦ : વ્રતભંગ થાય તો તે સાધુ સાધુ ન ગણાય પણ પતિત ગણાય.

૧૯–પ્ર૦ : આ વ્રત ભંગ કરનારને શું નુકશાન થાય ?

૭૦ : આ લોકમાં નિંદા વગેરે થાય અને પરલોકમાં એવા પતિતની નકાદિક દુર્ગતિ થાય.

૨૦–પ્ર૦ : આ બાબતમાં કોઇ શાસ્ત્રનો દાખલો આપી શકો છો ? આપી શકતા હો તો કયું શાસ્ત્ર, કયું પાનું અને કયો શ્લોક તે વિગતવાર કહો.

૭૦ : દશવૈકાલિક સૂત્ર પા. ૬૬૨–૬૩ ગાથા ૧૩. તેની ટીકા, દીપીકા અને અવચૂરિ અને તેજ ગ્રંથના પા. ૩૭૫–૭૬ ગાથા ૭–૮ તેની પણ દીપીકા, ટીકા અને અવચૂરિ.

એ જ રીતે જ્ઞાતા સૂત્રમાં પણ વ્રતના ભાંગનારને નર્કાદિકનો અધિકારી કહ્યો છે. એ જ રીતે સ્થાનાંગ સૂત્રમાં પા. ૨૯૧ જીવહિંસા વિગેરે કરનારને દુર્ગતિના અધિકારી કહ્યા છે.

૨૧ પ્ર૦ : જૈન ગૃહસ્થ અને જૈન સાધુમાં શો ફેર છે ? અને કયી જાતનો ફેર છે

ઉ૦ : જૈન સાધુ જૈન ગૃહસ્થમાં ઘણો જ ફરક છે, કારણ કે-જૈન સાધુ સર્વ રીતે, એટલે ૨-વીસ વસા જેટલી દયાનું પાલન કરે છે, ત્યારે જૈન ગૃહસ્થ સારામાં સારો ધર્મી બને તો પણ વધારેમાં વધારે સવા વસા જેટલી જ દયા પાળી શકે છે. કારણ કે-જૈનશાસ્ત્રોમાં જીવો બે પ્રકારના માનવામાં આવ્યા છે. એક સ્થાવર અને બીજો ત્રસ. સ્થાવર જીવોમાં તે મનાય છે કે-કાચી પૃથ્વી, કાચું પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ અને ત્રસમાં હાલતા-ચાલતા કીડી, મંકોડી વિગેરે સઘળા જીવો ગણાય છે. આ બે પ્રકારના જીવોને નહિ હણવાનો, નહિ હણાવવાનો અને હણતાને સારા નહિ માનવાનો નિયમ સાધુ જ કરી શકે છે, પણ ગૃહસ્થ કરી શકતા નથી, કારણ કે-તેને સ્થાવર જીવોની હિંસા કર્યા વિના ચાલી શકતું જ નથી. એટલે વીસ વસામાંથી દશ વસા રહ્યા. ત્રસ જીવોને પણ ગૃહસ્થ ઇચ્છાપૂર્વક એટલે કે-મારવાની બુદ્ધિપૂર્વક નહિ મારવું એવી જ પ્રતિજ્ઞા કરી શકે છે, પણ જેનાથી ત્રસ જીવો મરી જાય એવી પ્રવૃત્તિ હું નહિ કરું, એવી પ્રતિજ્ઞા કરી શકતો નથી કારણ કે-એ કુટુંબાદિક પ્રવૃત્તિઓમાં પડેલો હોવાથી તેવી પ્રતિજ્ઞા કરી શકતો નથી. એટલે દશ વસામાંથી પાંચ વસા ગયા. એમાં પણ એ એવી જ પ્રતિજ્ઞા કરી શકે છે કે-હું નિરપરાધી જીવને મારીશ નહિ, કારણ કે-અપરાધીને મારવાની ઇચ્છાને દુનિયામાં પડેલો કોઇથી રોકી શકતો નથી. એટલે પાંચ વસામાંથી રા વસા રહ્યા. એમાં પણ પોતાને ત્યાં રહેલાં જાનવરો વિગેરે અને પુત્રાદિક વિગેરેને સુધારવાની બુદ્ધિએ પણ તેને તાડનતર્જન વિગેરે નહિ કરવું એવી પ્રતિજ્ઞા પણ કરી શકતો નથી, કારણ કે-પોતાના સ્વાર્થને માટે પુત્રાદિકને પ્રવીણ બનાવવા ખાતર અને નહિ ચાલતા ઘોડા વિગેરેને ચલાવવા માટે હિંસા કરવી જ પડે છે. એટલે અઢી વસામાંથી સવા વસો રહે છે. આથી જ ગૃહસ્થોની ધર્મક્રિયા સિવાયની સઘળી ક્રિયાઓ પાપમય મનાય છે અને સાધુઓની સઘળી પ્રવૃત્તિઓ પાપરહિત મોક્ષસાધક ગણાય છે. કારણ કે સાધુઓએ દુનિયાદારીની પાપ પ્રવૃત્તિઓનો ત્યાગ કરીને એકલા પોતાના અને બને તો બીજાઓના આત્માઓનું આત્મકલ્યાણ કરવાની જ એક પ્રવૃત્તિ આદરી છે. ગૃહસ્થોની તે જ પ્રવૃત્તિઓ પાપમય મનાય છે, કે જે વિષય અને કષાયરૂપ સંસારને સાધનારી હોય.

૨૨-પ્ર૦ : જૈનધર્મના સ્થાપક કોણ ?

ઉ૦ : વાસ્તવિક રીતે તો જૈન ધર્મ અનાદિ છે અને તેના સ્થાપકો તીર્થંકરો હોય છે. એવા તીર્થંકરો અત્યાર સુધીમાં અનંતા થઇ ગયા છે અને તે સઘળાએ તીર્થંકરદેવોએ એક જ સરખા ધર્મની સ્થાપના કરી છે. વર્તમાનમાં ચાલતું જૈનશાસન શ્રી

મહાવીર ભગવાનનું કહેવાય છે, એનું કારણ એ છે કે–આ કાળમાં છેલ્લા તીર્થંકર તે થયા છે.

૨૩–પ્ર૦ : તીર્થંકરોએ ધર્મ શામાં બતાવ્યો છે ?

ઉ૦ : શ્રી તીર્થંકરદેવોએ ધર્મ, સંસારના સર્વ ત્યાગમાં બતાવ્યો છે, કારણ કે–શ્રી તીર્થંકરદેવો આખાયે સંસારને આધિ એટલે માનસિક પીડા, વ્યાધિ એટલે શારીરિક પીડા તથા ઉપાધિ એટલે ધનધાન્યાદિ પદાર્થો પ્રત્યે મમતા. આ ત્રણેથી ભરેલો જોઈને તેને દુઃખમય, દુઃખરૂપ ફળને પેદા કરતો અને દુઃખની પરંપરાને વધારનાર તરીકે કહ્યો છે. એટલે એ સંસારનો સંપૂર્ણ ત્યાગ કર્યા સિવાય કોઇ પણ આત્મા સંસારનાં દુઃખોથી છૂટી શકતો નથી અને મોક્ષસુખને પામી શકતો નથી. જે આત્માઓ આ સર્વ ત્યાગરૂપ ધર્મને ન પાળી શકે, તે આત્માઓ માટે બીજો પણ ધર્મ બતાવ્યો છે અને તે ધર્મ એટલા જ માટે બતાવ્યો છે કે–તે ધર્મના પાલનથી સર્વ ત્યાગરૂપ ધર્મને પામી શકે અને તે દ્વારા મુક્તિને પામી શકે. એ બીજા ધર્મનું નામ ગૃહસ્થ ધર્મ કહેવાય છે. પણ એ ધર્મને પાળનારો જ્યાં સુધી સર્વ ત્યાગરૂપ સાધુધર્મને ન પામી શકે, કે જે ધર્મ પ્રથમ અને મુખ્ય ગણાય છે, ત્યાં સુધી મુક્તિ પામી શકે નહિ. સંસારનો સર્વ ત્યાગ એટલે ત્રસ કે સ્થાવર કોઇ પણ જીવની હિંસા ન કરવી, નહિ કરાવવી અને કરતાને નહિ અનુમોદવી. અને તે પણ મનથી, વચનથી અને કાયાથી તે જ રીતિએ મનથી, વચનથી કે કાયાથી અસત્ય નહિ બોલવું, બીજા પાસે નહિ બોલાવવું અને બોલતાને સારો નહિ માનવો તેમજ કોઇની પણ એક તરણા જેવી ચીજને પણ તેના માલીકની આજ્ઞા વિના ન લેવી, બીજા પાસે ન લેવરાવવી અને લેતાને સારો નહિ માનવો તથા સ્ત્રી સંગ પોતે નહિ કરવો, બીજા પાસે નહિ કરાવવો અને કરતાને અનુમોદન નહિ આપવું અને ધનધન્યાદિ નવે પ્રકારના પરિગ્રહને પોતે નહિ રાખવા, બીજા પાસે નહિ રખાવવા અને રાખતાને અનુમોદન નહિ આપવું. આ રીતની પાંચ મહા પ્રતિજ્ઞાઓને અખંડિત રીતે પાલન કરવા માટે નિર્દોશ અને શુદ્ધ ભિક્ષાવૃત્તિથી જ પોતાના સંયમના ધ્યેયને પાર પાડવા માટે પોતાની આજીવિકા ચલાવવી અને સદાય સમ્યદર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર–તેની જ આરાધનામાં રકત રહેવું અને જે કોઇ આવે તેને પણ એ જ સન્માર્ગનો ઉપદેશ દેવો. આને જ જૈનશાસનમાં મહા ધર્મ કહેવાય છે અને એ મહા ધર્મને જ મુખ્ય રીતિએ તીર્થંકરદેવોએ બતાવ્યો છે.

૨૪–પ્ર૦ : આ બાબત કયાં શાસ્ત્રોમાં છે ?

ઉ૦ : આ રીતનો ધર્મ દરેક જૈનશાસ્ત્રોમાં બતાવવામાં આવ્યો છે અને તેમાં મૂખ્ય ગણાતા શ્રી આચારાંગ સૂત્રમાં ખાસ કરીને બતાવવામાં આવ્યો છે. એ આચારાંગ સૂત્ર

૭૫૨ નિર્યુક્તિ અને ટીકા વિગેરે છે, તેમાં એ વસ્તુને ઘણી જ સ્પષ્ટ કરવામાં આવી છે.

૨૫-પ્ર૦ : જૈન સાધુએ પૂર્વાશ્રમની સ્ત્રી, માતાપિતા અને પુત્ર પુત્રાદિકની સાથે કેવી રીતે વર્તવું, તે આપ જણાવશો ?

૭૦ જૈન સાધુઓ જો પોતાના પૂર્વાશ્રમના માતાપિતા અને સ્ત્રી વિગેરે સંયમમાર્ગમાં અનુકૂલ હોય, તો અન્ય ગૃહસ્થોને ધર્મોપદેશ આપવા માટે તેઓ સાથે જે રીતે વર્તે છે, તે રીતે તેઓ સાથે પણ વર્તે, પણ જો તેઓ સંયમ માર્ગથી પતિત અને ભ્રષ્ટ કરનારાં હોય તો તેઓનો સંગ પણ ન કરે, કારણ કે-તે સાધુ વ્રતના ભંગ કરતાં મરવું વધારે પસંદ કરે છે.

૨૬-પ્ર૦ : તે બાબત કોઇ શાસ્ત્રમાંથી દાખલા આપી શકો તો કયા શાસ્ત્રમાંથી, કયા પાને, કયો શ્લોક તે રજુ કરી શકતા હો તો રજુ કરશો.

૭૦ સૂત્રકૃતાંગ નામના આગમસૂત્રમાં પાના ૧૧૩-૧૧૪ ગાથા ૧૬-૧૭-૧૮ તેની ટીકા. એ ૪ સૂત્રના ૧૭૪ થી ૧૮૧ સુધી ગાથા ૧ થી ૧૪ સુધીમાં અને ૨૫૬ મા પાને ૧૯ મી ગાથા. તેની પણ ટીકા છે અને તે હું અહીં રજુ કરું છું. આંક-અ.

બી. વિદ્યાર્થીના સવાલોના જવાબમાં

૧-સવાલ : સાધુઓ વ્રતધારી હોવાથી સશક્ત છતાં પૈસો પેદા નથી કરતા. તો તેમની જરૂરીયાતો કયી રીતે અને કોણ પૂરી પાડે છે ?

જ૦ : સાધુઓ વ્રતધારી છે તે વાત સાચી છે, પણ 'સશક્ત છતાં પૈસો પેદા નથી કરતા' એ વાત ખોટી છે. કારણ કે-સાધુ વ્રતધારી હોવાથી પોતાના વ્રતની રૂએ પૈસો પેદા કરવાને અશક્ત છે, કારણ કે-તેનું પાંચમું વ્રત જ એવું છે કે-પૈસો ન તો રાખી શકાય, ન તો રખાવી શકાય કે ન તો રાખતાને સારો માની શકાય. એટલે જો તે પૈસો પેદા કરવાને જાય, તો તે પોતાના વ્રતથી પતિત થાય. સાધુઓની જરૂરીયાત કયી રીતે અને કોણ પૂરી પાડે છે, એના સંબંધમાં કહેવાનું એ છે કે-પોતા માટે પૂરી પાડવામાં આવતી જરૂરીયાત સાધુને કામમાં જ નથી આવતી, કારણ કે-સાધુઓનો ધર્મ એવો છે કે-તેને પોતા માટે બનાવેલી, બનાવરાવેલી, લાવેલી. ખરીદેલી વિગેરે વિગેરે વસ્તુઓ ખપતી જ નથી. કારણ કે-જૈનશાસનમાં જૈન સાધુઓ માટે એવો કાયદો કરવામાં આવ્યો છે કે-તેઓએ નિર્દોષ ભિક્ષાવૃત્તિથી જેમ ભમરો અનેક પુષ્પો ઉપર ફરતો એક પણ પુષ્પને કરમાવ્યા વિના પોતાનો નિર્વાહ કરે છે, તે રીતે સાધુઓથી પણ, ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલી વસ્તુ, જો પોતાની ઇચ્છા અને શક્તિ હોય અને તે આપે તો, તેનું મન ન સંકોચાય તે રીતે, પોતાના સંયમનો નિર્વાહ થાય તેવી રીતે ભિક્ષા લેવાય. એટલે તેમની જરૂરીયાતો કેવી રીતે અને કોણ પૂરી પાડે છે, એ કહેવાનું

રહેતું જ નથી. તેમાં બીજું પણ કારણ એવું છે. જૈન સાધુઓ જૈન કુળોમાંથી જ ભિક્ષા લઇ શકે એમ નથી. પણ જૈન શાસ્ત્રોમાં બતાવ્યા મુજબ જે શુદ્ધ અને ઉચ્ચ કુળો હોય, તેમાંથી પોતાને કલ્પે તેવી અને દોષ ન લાગે તેવી વસ્તુ મળી જતી હોય તો સંયમજીવનના વિર્વાહ માટે લઇ શકે છે.

૨–સવાલ : સાધુઓ પુસ્તકો લે છે અને પુસ્તકો લખાવે છે, તેનો ખર્ચ તેઓ માટે કોણ કરે છે ?

જવાબ : જે ગૃહસ્થો એમ માનતા હોય કે–મારા પોતાના કલ્યાણને માટે મોક્ષમાર્ગની આરાધના કરનારા સાધુઓને મોક્ષમાર્ગની સાધનામાં ઉપયોગી થાય એવાં પુસ્તકો વહોરાવવાં એ અમારો ધર્મ છે, એવા ગૃહસ્થો પોતાની ઇચ્છા અને શક્તિ હોય તો પોતાના જ કલ્યાણ માટે સાધુઓને વહોરાવે છે અને સાધુઓ લે છે. તેવી જ રીતે મોક્ષમાર્ગની આરાધનામાં સહાયભૂત પુસ્તકો વધુ કાળ ટકી શકે, તે માટે લખાવવાં એ અમારો ધર્મ છે, એમ માને તે ગૃહસ્થો જો પોતાની ઇચ્છા અને શક્તિ હોય તો વિદ્વાન સાધુઓ પાસેથી કયાં કયાં પુસ્તકો લખાવવા જેવાં છે એમ જાણી લઇ, પોતાની લક્ષ્મીના સદુપયોગ માટે લખાવે છે અને સાધુઓને વાંચવા માટે આપે છે. પણ સાધુઓ તેમ કરવાની કોઇ પણ ગૃહસ્થ ઉપર ફરજ પાડતા નથી.

૩–સવાલ : સાધુઓ નગ્ન રહે તો ધર્મ ન પળાય, નિંદા થાય, માટે કપડાં પહેરે છે, તે કપડાં કોણ પૂરા પાડે છે ?

જવાબ : જૈન સાધુઓ બે પ્રકારના ગણાય છે. એક જિનકલ્પી અને બીજા સ્થવિર કલ્પી. જિનકલ્પીઓમાં વસ્ત્ર રાખનાર અને નહિ રાખનાર–એમ બેય પ્રકારના હોય છે, જ્યારે સ્થવિરકલ્પીઓને તો વસ્ત્ર રાખવાની સંયમની રક્ષા માટે જરૂર પડે જ છે અને તે જરૂરીયાત નિર્દોષ ભિક્ષાવૃત્તિથી જ પૂરી કરે છે, અને એ પૂરી કરવામાં જે અડચણો પડે તે સહન કરે છે. પણ કોઇના ઉપર તેવી ફરજ નાંખતા નથી

૪–સવાલ : સાધુઓ વિદ્યા મેળવવા ગૃહસ્થ પંડિતો પાસે ભણે છે કે નહિ ? –અને ભણે છે તો તેઓ નિષ્પરિગ્રહી હોવાથી પગાર કેવી રીતે આપી શકે ? તેમને માટે કોઇ શ્રાવક ભક્ત અથવા તેની સંસ્થા ભક્તિથી પગાર પૂરો પાડે છે કે નહિ ? કે બધા જ પંડિતો વગર પગારે ભણાવે છે ?

જવાબ : 'સાધુઓ વિદ્યા મેળવવા ગૃહસ્થ પંડિતો પાસે ભણે છે કે કેમ ?' –એના ઉત્તરમાં મુખ્ય રીતે તો સાધુઓ પોતાના ગુરૂઓ પાસે જ વિદ્યાને મેળવે છે, પણ કદાચ વ્યાકરણાદિ દર્શન શાસ્ત્રોનું જ્ઞાન મેળવવાની જરૂર પડે તો ગૃહસ્થ પંડિતો

પાસે પણ ભણે છે. જૈન સાધુઓ નિષ્પરિગ્રહી હોવાથી પોતે પોતાનો પગાર આપી શકતા જ નથી. જે શ્રાવકો ભક્તિમાન હોય અને એવી ભક્તિથી પોતાનું આત્મકલ્યાણ માનતા હોય અને તેમ કરવાની તેઓની ઇચ્છા અને શક્તિ હોય, તો તેઓ તેવા પંડિતનો પગાર પૂરો પાડે છે. પણ આ સાધુઓ એક સ્થાનમાં સ્થિર નહિ રહેતા હોવાથી, કોઇ સ્થળનાં તેવી રીતે પંડિતોનો પગાર પૂરો પાડનાર ભકત કે સંસ્થા ન હોય તો સાધુઓ પંડિત વિના ચલાવી લે છે, પણ તેમ કરવાની કોઇના ઉપર ફરજ પાડતા નથી. ઘણા પંડિતો એવા પણ છે, કે જેઓ વિદ્યાના વ્યસની હોઇ વિના પગારે ભણાવે છે અને પાલીતાણા વિગેરે સ્થળોમાં ગૃહસ્થોને ભણાવનારી સંસ્થાઓ પણ ચાલે છે, કે તે સંસ્થાઓમાં સાધુઓ વિદ્યાભ્યાસ કરે છે. વડોદરા વિગેરે સ્થળોમાં એવા પણ પંડિતો છે, કે જેઓને રાજ્ય તરફથી વર્ષાશન મળે છે. તેવા પંડિતો વિના પગારે પણ સાધુઓને ભણાવે છે.

૫-સવાલ : સાધુ માટે વૈદ્ય કે ડોકટરની જરૂર પડે, ત્યારે તે માટે ભકતો ખર્ચ કરે કે નહિ ?

જવાબ : મુખ્ય રીતે તો સાધુઓ આવી પડતા શરીરના રોગોને શકિત હોય ત્યાં સુધી સહન જ કરે, પણ સાધુઓના તરફ પોતાના આત્મકલ્યાણ માટે ભકિતભાવ ધરાવનારા ગૃહસ્થો પોતાની ઇચ્છાથી વૈદ્ય કે ડોકટરને લાવે અને સાધુઓને પોતાનો વ્યાધિ જો સંયમમાં બાધક થતો લાગે, તો તે વૈદ્ય અને ડોકટરનો ઉપયોગ સાધુઓ કરે. પણ તે માટે સાધુઓ કોઇની પણ ઉપર ફરજ પાડે નહિ. ઘણા સ્થળોમાં જૈન અને જૈનેતર ડોકટરો તથા વૈદ્યો એવા છે, કે જેઓ સાધુઓની પોતાના આત્મકલ્યાણની ખાતર ઘણામાં સારી રીતે સેવા કરે છે.

૬-સવાલ : સાત ક્ષેત્રમાં સાધુ અને સાધ્વી એ બે ક્ષેત્રો આવે છે કે નહિ ? અને એ બે ક્ષેત્ર માટે પૈસા ખર્ચવાની શ્રાવકોની ફરજ ગણાય કે નહિ ?

જવાબ : જૈનશાસનમાં કલ્યાણના અર્થી ગૃહસ્થો માટે બે પ્રકારના દાનની વિધિ કરવામાં આવી છે. એક સુપાત્રદાન અને બીજું અનુકંપાદાન, સુપાત્રદાનના સ્થાન તરીકે સુપાત્રરૂપે સાત ક્ષેત્રો જણાવવામાં આવ્યાં છે. એ સાત ક્ષેત્રોમાં સાધુક્ષેત્ર અને સાધ્વીક્ષેત્ર એ બે ક્ષેત્રો પણ આવે છે અને તે બે ક્ષેત્રો માટે પણ જેઓને આત્મકલ્યાણની ઇચ્છા છે, તેઓને તેમ કરવામાં ધર્મ છે એમ કહેવામાં આવે છે, પણ શકિત કે ઇચ્છા ન હોય તો પણ કરવું જ જોઇએ એવી ફરજ નાંખવામાં આવી નથી, કારણ કે-ધર્મ એ સૌએ પોતાના આત્મકલ્યાણ માટે કરવાનો છે પણ બીજા માટે કરવાનો નથી.

૭-સવાલ કેટલીક સંસ્થાઓ અગર કેટલીક ખાનગી વ્યક્તિઓને ત્યાં સાધુ સાધ્વી ખાતું હોય છે, કે જેમાં તેઓના ધર્મપાલની જરૂરીયાતો પૂરી પાડવા માટે પૈસા કાઢે, જમે થાય અને ખર્ચાય ?

જવાબ : જે વ્યક્તિએ સાધુ-સાધ્વી ખાતા માટે પણ ખર્ચવાને અમૂક રકમ પોતાના હૃદયથી ખર્ચવા માટે નકકી કરી હોય, પણ કદાચ એ આખી યે રકમ ખર્ચી શકાય તેવો સંયોગ ન મળ્યો હોય, તો તેવી રકમ કોઇ વ્યક્તિને ત્યાં અગર કોઇ તેવી સંસ્થામાં ખાતે રહેતી હોય, તો એ અસંભવિત નથી. પણ એ રકમ ઉપર સાધુ કે સાધ્વીની મુદ્દલે સત્તા હોતી નથી. જે સાધુ-સાધ્વી એવી રકમ ઉપર પોતાની સત્તા કે હકક સ્થાપિત કરવા માંગે, તે સાધુ અને સાધ્વો પોતાના વ્રતથી પતિત થાય છે, એટલે કે-વ્રતનો ભંગ કરનાર બને છે અને તેથી તે આ લોકમાં નિંદા અને પરલોકમાં નર્કાદિનો અધિકારી થાય છે. તેવું ખાતું જેની પાસે હોય તેવી વ્યક્તિ અગર સંસ્થા તે રકમનો સાધુ-સાધ્વીઓના સંયમમાં સહાય કરનાર પુસ્તકો વિગેરેમાં પોતાની ઇચ્છા મુજબ ખર્ચી શકે છે, અગર તો સાધુ-સાધ્વીથી ઉપરની કોટિનાં જિનમૂર્તિ, જિનમંદિર અને જિનાગમ તે ૩૫ જે ક્ષેત્રો છે તેમાં ખર્ચી શકે છે. પણ નીચેની કોટિમાં આવતાં શ્રાવક અને શ્રાવિકાક્ષેત્ર, કે જેમાં સાધુના પૂર્વાશ્રમનાં સગાસંબંધીઓ પણ હોય અને બીજાં પણ હોય તે ખાતામાં ખર્ચી શકતા નથી. ને જો એવું ખાતું રાખનાર વ્યક્તિ કે સંસ્થા નીચેના ખાતામાં, એટલે કે-શ્રાવકશ્રાવિકા ક્ષેત્રમાં તેનો ઉપયોગ કરે, તો તે વ્યક્તિ અને તે સંસ્થા બન્ને શાસ્ત્રાજ્ઞાનાં ભંજક બને તથા એવા પૈસા લેનાર પણ આજ્ઞાના ભંજક બને. એ રીતે દેનાર અને લેનાર બન્ને આજ્ઞાભંજક બનીને નર્કાદિક દુર્ગતિના અધિકારી થાય છે.

૮-સવાલ : જો આ બધું મોક્ષનો માર્ગ સહેલો કરવા ખાતર અને વ્રતોને કાયમ રાખવા ખાતર શ્રાવકો ભકિતથી કરે અને દીક્ષિત સાધુના દેહઋણ, વિદ્યાઋણ અને કર્તવ્યઋણને અદા કરવામાં ભકત શ્રાવકો પૈસા ખર્ચી પોતાની ફરજ અને ધર્મ સમજે, તો કોઇ સાધુ ઉપર પોતાના પૂર્વાશ્રમના નિરાધાર આશ્રિતોના પોષણની જરૂરે-અજાણે આવી પડેલી ફરજ કે ધર્મ બજાવવા ખાતર શ્રાવકોએ પૈસા આપવાની ગોઠવણ જૈન-ધર્મ પ્રમાણે કરવાનો ઉપદેશ સાધુઓ આપે કે નહિ ?

જવાબ : 'આ બધું મોક્ષનો માર્ગ સહેલો કરવા ખાતર અને વ્રતોને કાયમ રાખવા ખાતર શ્રાવકો ભકિતથી કરે' તે જો સાધુઓ માટે કહેવાતું હોય, તો તે ખોટું છે, કારણ કે-એ બધુ ગૃહસ્થો પોતાના જ આત્મકલ્યાણ માટે, પોતાની શકિત અને ઇચ્છા પ્રમાણે કરે છે અને એથી જ જૈનશાસ્ત્રોમાં સાધુઓને મુધાજીવી અને ગૃહસ્થોને

મુખાદારી કહેવામાં આવે છે, અને એ જ કારણે શાસ્ત્રોમાં શ્રાવકોને શ્રમણોપાસક કહેવામાં આવ્યા છે, પણ શ્રમણના પાલક કે પોષક કહેવામાં નથી આવ્યા. દુનિયાના શિષ્ટ પુરૂષો પણ પોતાને સંતસેવક તરીકે ઓળખાવે છે પણ સંતપાલક કે પોષક તરીકે ઓળખાવતા નથી. જૈનશાસનમાં જૈન સાધુઓ માટે દેહઋણ, વિદ્યાઋણ કે કર્તવ્યઋણ જેવી કોઈ વસ્તુ માનવામાં આવી જ નથી, કારણ કે–સાધુઓ દેહને તો નાશવંત અને આત્માથી પર વસ્તુ માને છે અને એથી એને જે આહાર વિગેરે આપે છે, તે પણ મોક્ષમાર્ગની સાધનાને માટેજ ! એથી જ સાધુઓ જ્યારે ભિક્ષા માટે નીકળે છે, ત્યારે શાસ્ત્રની આજ્ઞા મુજબ મળશે તો સંયમની પુષ્ટિ થશે અને નહિ મળે તો તપની વૃદ્ધિ થશે એવી શુદ્ધ ભાવનાથી જાય છે, અને જતાં પણ માર્ગમાં આવતા સુક્ષ્મ જીવો પોતાના પ્રમાદથી મરી ન જાય એની કાળજી રાખીને, આડું અવળું જોયા વિના નીચી દૃષ્ટિએ જાય છે, અને ગૃહસ્થના ઘેરથી પણ તેવી જ વસ્તુ લાવે છે, કે જે વસ્તુ પોતા માટે બની ન હોય કે ખરીદાયેલી ન હોય, તેમજ પોતાને શાસ્ત્રવિધિ મુજબ કલ્પી શકે તેવી હોય. આથી જ સાધુઓની સઘળી પ્રવૃત્તિએ કર્મક્ષયનું કારણ મનાય છે. વ્યવહારમાં પણ ભયંકર ઠંડીને જીવાડવાના ઈરાદાથી કાળજીપૂર્વક પોતાના જ્ઞાનનો સીધો ઉપયોગ કરીને પ્રવૃત્તિ કરનારા ડોકટરો દર્દી મરે તો પણ ખૂની ગણાતા નથી, તે જ રીતે સાધુઓની પ્રવૃત્તિ પણ શાસ્ત્રાજ્ઞા મુજબની અને શુદ્ધ પરિણામ પૂર્વકની હોવાથી, તેઓની સઘળી યે ક્રિયાઓ કર્મક્ષયનું જ કારણ મનાય છે, પણ પાપનું કારણ મનાતી નથી. એવી જ રીતે સાધુઓ વિદ્યા પણ આત્મકલ્યાણની સાધક હોય તેવી જ અને આત્મકલ્યાણને માટે જ ગ્રહણ કરે છે, પણ માનપાન, પૂજા, ખ્યાતિ કે પ્રતિષ્ઠા માટે કરતા નથી. તેવી જ રીતે દુનિયાદારીના કોઈપણ કર્તવ્યને સાધુઓ પોતાના કર્તવ્ય તરીકે માનતા નથી. એટલે દુનિયાદારીના પાપકારી કોઈપણ કર્તવ્યને પોતે કરતા નથી, અન્ય પાસે કરાવતા નથી અને એવું કરતા હોય તેને સારા પણ ગણતા નથી. એટલે માત્ર સાધુઓ તો તે જ કર્તવ્યમાં માને છે, કે જે કર્તવ્ય પોતાના આત્માનું અને પરના આત્માનું કલ્યાણ સાધી શકે એટલે તેવા જ કર્તવ્યની સાધનામાં મચ્યા જ રહે છે. આથી સાધુઓ ઉપર પોતાના પૂર્વાશ્રમના નિરાધાર અને આશ્રિતોના પોષણની ફરજ વાસ્તવિક રીતિએ આવી પડતી જ નથી, કારણ કે–સાધુઓ તો કર્મને આધીન પડેલી દુનિયાને નિરાધાર માને છે અને અનેકના આશ્રિત માને છે, પણ પોતાના યોગે કોઇ નિરાધાર કે આશ્રિત નથી, કારણ કે–એ કોઈનો આધાર આપનાર છે કે પોષણ કરનાર છે એમ તે માનતાજ નથી, એટલે સાધુઓ માટે કોઈ આશ્રિત છે એમ છે જ નહિ. એથી સાધુઓ પોતાના જૈન ધર્મ પ્રમાણે કોઇના પાકૃ સંબંધી તરીકે પોષણ કરવાનો ઉપદેશ આપી શકતા જ નથી. જો એવો ઉપદેશ અપે, એટલે પોતાના સંબંધી વિગેરેને પૈસા આપવા–અપાવવા વિગેરેનો ઉપદેશ

આપે, તો તે પોતાના સાધુધર્મથી પતિત થઇ, વ્રતોનો ભંજક બની બને પોતાની ઉંચામાં ઉંચી નીતિનો ત્યાગ કરી ભયંકર નુકશાનનો અધિકારી થાય છે, એટલે કે— આલોકમાં નિંદ્ય બને છે અને પરલોકમાં નકોદિકનો અધિકારી થાય છે.

૯–સવાલ : જેમ ખોરાક ન લેવાય, કપડાં ન હોય, વિદ્યાભ્યાસ કરાવનાર પંડિત ન હોય તો દેહ અને મન નકકામાં તેમજ બુઠ્ઠાં થઇ જાય, એટલે તેમ થાય તો પંચમહાવ્રત ન પાળી શકે, તેમજ જો અમૂક શલ્ય મનમાં રહી જાય તો ધર્મ-ચિંતન કે શુદ્ધ ધ્યાન પણ ન થઇ શકે. આશ્રિત કે પોષ્ય વર્ગને નિરાધાર છોડી દેવા, એ પણ એક જાતનું શલ્ય છે. ખાસ કરી સાધુ થનાર વિકાસગામી આત્મા માટે તો એ શલ્ય દૂર કર્યા સિવાય તે શુદ્ધ ધ્યાન કે વ્રતપાલન સારી રીતે કેમ કરી શકે ?

જવાબ : ખોરાક ન લેવાય અને તો સાધુઓ પોતાના અશુભ કર્મનો વિપાક માને છે, એટલે શાસ્ત્રાજ્ઞા મુજબ તેને સહી લેવામાં પોતાનો ધર્મ સમજે છે. એવી જ રીતિએ કપડાં ન હોય તો પણ તેને તેના વિના ચલાવી લેવુ. અને એના યોગે આવી પડતું કષ્ટ સહી લેવું, એને પણ પોનાનો ધર્મ સમજે છે, પણ અર્થ દુનિયામાં કલ્યાણના અર્થિ ગૃહસ્થો હયાત હોય ત્યાં સુધી ઘણું કરીને તો એવો પ્રસંગ આવતો નથી. એથી જ ખોરાક ન લેવાય કે કપડાં ન હોય એથી મહાવ્રત ન પાળી શકાય એમ નથી બનતું, તેવી જ રીતે પોથીપાનાં ન હોય કે વિદ્યાભ્યાસ કરાવનાર પંડિત ન હોય એથી પણ પાંચ મહાવ્રતો ન પાળી શકાય એમ બનતું નથી, તેમજ અશુભ કર્મના ઉદયથી દેહ અને મન નકકામાં તેમ બુઠ્ઠાં થઇ જાય તો પણ આખી જીંદગી આત્મ-કલ્યાણમાં જ ગુજારનારા સાધુપુરૂષોને પોતાનાં મહાવ્રતોના પાલનમાં બાધ આવતો નથી. આથી એ સ્પષ્ટ છે કે–મહાવ્રતધારી બનનાર સાધુને ધર્મચિંતન કે શુદ્ધ ધ્યાનમાં પહોંચાડે એવું શલ્ય હોતું જ નથી અને એવું શલ્ય રાખીને આવનાર સાધુ ગણાતો નથી. આશ્રિત કે પોષ્ય વર્ગને નિરાધાર છોડી દેવાનો આરોપ પણ સાધુઓ ઉપર ઘટી શકતો નથી, કારણ કે સાધુ થનાર કોઇને નિરાધાર કરવાની બુદ્ધિથી છોડતા નથી, પણ માત્ર પોતાના આત્મકલ્યાણના ઇરાદાથી આત્મકલ્યાણમાં બાધ કરનાર સઘળી વસ્તુઓને છોડે છે. એટલે તે કોઇને પણ પોતાના આશ્રિત કે પોષ્ય વર્ગમાં ગણતો જ નથી, એથી સાચા વિકાસગામી આત્મા માટે તો એવું શલ્ય હોતું જ નથી, કે જેથી સારી રીતિએ શુદ્ધ ધ્યાન કરવામાં કે વ્રતનું પાલન કરવામાં તેને હરકત આવે.

૧૦–સવાલ : વળી જ્યારે સાધુઓ ઉપર કોઇ મુશ્કેલી આવે છે, ઇચ્છાએ કે અનિચ્છાએ કોટે વળગાડાય છે, ત્યારે તેમની વતી ખર્ચ કોણ કરે છે ? જો ભકતો કરતા હોય તો શા માટે ? જો તેઓના વ્રત પાલન માટે જ શ્રાવકો આ બધું કરે છે, તો

આશ્રિતપોષણની તેઓની જવાબદારી પણ તેઓની વતી શ્રાવકો જ અદા કરે અથવા કહો કે-સાધુઓ ઉપદેશ આપી જેમ બીજી બાબતોમાં તેમ આ બાબતમાં પણ શ્રાવકો પાસેથી પૈસા મેળવી કરાવી શકે. એક બાબત માટે પૈસા મેળવવા અને બીજી બાબત માટે અકિંચન હોવાનું કહેવું, એ ખરૂં છે કે ખોટું ?

જવાબ : વળી જ્યારે સાધુઓ ઉપર કોઇ મુશ્કેલી આવે છે અથવા ધર્મના વિરોધી લોકો સાધુઓને કોર્ટમાં ઘસડે છે, ત્યારે સાધુઓ તો તેને ઉપસર્ગ એટલે આકસ્મિક આફત માનીને પોતાના સિદ્ધાંતને બાધ ન આવે તેવી રીતિએ નિભાવી લે છે, પણ સાધુઓ ઉપરની એવી આફતથી મુંઝાનારા ભકતો પોતાના આત્મકલ્યાણ માટે, પોતાની જ ઇચ્છા મુજબ, સાધુઓ ઉપર આવી પડેલી આફતને દૂર કરવા માટે પ્રયત્નો કરે તે તેઓનો ધર્મ છે, પણ એથી એ સિદ્ધ નથી થતું કે-કોઇપણ રીતિએ કોઇ માણસ સાધુ ઉપર એવી ફરજ લાવી નાંખે કે જે ફરજને અદા કરવા જતાં સાધુઓને મોક્ષમાર્ગની આરાધના જ અશકય થઇ પડે. એવી રીતની ફરજ બજાવવા જનારા શ્રાવકો તો સાધુ ઉપરની આફતને ટાળનારા નથી ગણાતા, પણ ઉલટી અનેક મોટી આફતોને ઉભી કરનારા ગણાય છે. જ્યારે જૈનશાસ્ત્રથી વિરૂદ્ધ જતી નીતિનો આશ્રય લઇને આશ્રિતપોષણની જવાબદારી કે જે સાધુ ઉપર જૈનશાસ્ત્ર દૃષ્ટિએ કોઇ પણ રીતે લાગુ નથી થઇ શકતી, તે લાગુ કરવાનો પ્રયત્ન થતો હોય, ત્યારે ગૃહસ્થો પણ તેવી કાયમી નીતિ ન થઇ જાય તેવો ખ્યાલ રાખે અને એ જ કલ્યાણના અર્થિઓનો ધર્મ છે. તો પછી સાધુઓ તો એવી બાબતમાં ઉપદેશ આપવાનું પાપ કેમ જ વ્હોરે ? આથી સિદ્ધ છે કે-સાધુઓ ઉપદેશ આપીને શ્રાવકો પાસેથી પૈસો મેળવીને આશ્રિતનું પોષણ કરાવી શકતા નથી અને એવી રીતે જે સાધુઓ પૂર્વાશ્રમનાં સગાં સંબંધીઓનું પોષણ કરવાનો પ્રયત્ન કરે, તો તે પતિત થાય છે, એ માટે ઉપર કહેવાઇ ગયું છે. માટે એક બાબત માટે પૈસા મેળવવા અને બીજી બાબત માટે અકિંચન હોવાનું કહેવાતો એવો સાધુઓ ઉપરનો આરોપ તદ્દન ખોટો છે. કારણ-સાધુ કોઇ પણ બાબતમાં પૈસા મેળવતા નથી.

૧૧ સવાલ : ઋણી પુરૂષ કે સ્ત્રી દીક્ષા લઇ શકે કે નહિ ?

જવાબ : જૈનશાસનમાં ઋણી પુરૂષ કે સ્ત્રીને દીક્ષા માટે અયોગ્ય. એટલે કે-દીક્ષા ન લઇ શકે એમ છે નહિ, પણ ઋણથી પીડાતો દીક્ષા ન લઇ શકે એમ છે. કારણ કે-જગતમાં ઋણી એટલે સામાન્ય રીતે દેવાદાર કોઇપણ ન હોય તેવું ઘણું કરીને અસંભવિત છે કારણ કે દરેકના ઉપર નાનું કે મોટું કાંઇ કે કાંઇ ઋણ હોય જ. એટલે જો એવાને દીક્ષા માટે અયોગ્ય કહેવામાં આવે, તો તો કોઇ દીક્ષા માટે લાયક જ ગણાય નહિ. માટે સામાન્ય રીતે દેવાદારને માટે દીક્ષા ન લઇ શકે એવું નથી, પણ ઋણાર્ત્ત (એટલે ઋણથી પીડાતો) કે જેની પાસે મુડી પાંચનીયે પૂરી ન હોય અને દેવું પચીસ-

પચાસ ઉપરનું હોય, તેવા જ આત્માઓ દીક્ષા ન લઈ શકે એવું શાસ્ત્રમાં છે, પણ એવા પણ કોઇ આત્માને કોઇ ગીતાર્થ ગુરૂ ઉદ્ધાર જોઈ શકે તો અપવાદથી દીક્ષા આપી શકે, એવી શાસ્ત્રમાં આજ્ઞા છે.

તા. ૨૫-૩-૩૨

(જૈન પ્રવચનમાંથી સાભાર ઉદ્ધૃત)

(૧૨) : પ્રભાવક પ્રસંગોની ઝાંખી :

૦ ૨૦૦૬ માં પૂ.શ્રીજી પોતાના પરમ તારક ગુરુ દેવેશશ્રીજીની સાથે પાલીતાણા ચાતુર્માસ હતા. તે વખતે સોનગઢવાળા કાનજી સ્વામીએ પાલીતાણા આવીને, પોતાના મતનો પ્રચાર કરવાની મોટી યોજના ઘડી કાઢી હતી. અને તે યોજનાનુસાર તેઓ પોતાના ઘણા ભકતો-અનુયાયીઓની સાથે પાલીતાણા આવ્યા. અને પોતાના મતનાં પ્રચારક વ્યાખ્યાન આદિનો એક મોટો કાર્યક્રમ પણ પ્રગટ કર્યો.

અનેક ભદ્રિક આત્માઓને કુમતમાં ફસાઈ પડતા બચાવી લેવાને માટે પૂ.આ. શ્રી વિ. પ્રેમસૂરીશ્વરજી મહારાજાએ, કાનજી સ્વામી ઉપર એક પત્ર મોકલાવ્યો; અને શ્રી જૈન સિદ્ધાન્તોના સંબંધમાં સ્પષ્ટ ખૂલાસાઓ કરવાને માટે, પોતાના પટ્ટધર-પૂ.આ શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ.ને પોતે મોકલશે, એવા ભાવનું લખાણ પણ તેમાં લખી મોકલાવ્યું.

કાનજીસ્વામીએ, આ પત્રનો કશો જ જવાબ તો આપ્યો નહિ, પરન્તુ પાલીતાણામાંના પોતાના વસવાટનો અને પોતાનાં વ્યાખ્યાનોનો જે કાર્યક્રમ પ્રગટ થઇ ચૂકયો હતો, તે સઘળો થ રદ કરીને એકાએક તેઓ સોનગઢ ચાલ્યા ગયા. આમ થવાથી, કાનજીસ્વામીને સ્પષ્ટ ખૂલાસાઓ કરવાને માટે 'પાલીતાણા'એ અનુકૂળ સ્થલ નથી-એમ લાગ્યું હોય અને 'સોનગઢ' એ અનુકૂળ સ્થળ છે-એમ લાગ્યું હોય, તો તે માટે જાતે સોનગઢ આવવાની તૈયારી દર્શાવતો પત્ર પણ, પૂ આચાર્ય દેવેશે કાનજીસ્વામી ઉપર લખ્યો અને તે પત્ર રજીસ્ટર્ડ કરાવીને, સોનગઢ કાનજીસ્વામી ઉપર રવાના કરાવાયો. હવે તો કાનજીસ્વામીએ એ પત્ર જ લેવાની ટપાલીને ના કહી દીધી અને એથી "માલિકે લેવા ના પાડવાથી મોકલનારને પાછો"-એવા શેરા સાથે તે પત્ર, ટપાલ ખાતાએ પાલીતાણા પાછો મોકલી આપ્યો. આમ પૂ.શ્રીજીની હાજરી માત્રથી, કાનજીસ્વામીની કુમત પ્રચારની ગુરાદ બર ન આવી અને તેમની યોજના સર્વથા નિષ્ફળ નીવડી.

૦ ૨૦૦૭-૨૦૦૮ માં અમદાવાદમાં પ્રેમાભાઇ હોલમાં થયેલ 'રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ' ઉપરનાં પ્રવચનોને હજુ ય જૈન-જૈનેતર જનતા યાદ કરે છે. જે પૂ.શ્રીજીની લોકહૃદયની ચાહના બતાવે છે.

૦ પૂ.શ્રીજીએ રાજનગરમાં એક કેસમાં ઐતિહાસિક વિજય મેળવ્યો અને તે જ

દિવસે સાંજના વિહાર કરી પૂર્વદેશ તરફ વિહાર કર્યો તે પ્રસંગે પૂ.શ્રીજીને વળાવવા જે માનવ મેદની એકઠી થયેલી તે પ્રસંગની યાદી આજે પણ તેવી જ રોમાંચક બને છે તેમ જાણકારો પણ કહે છે. તેની ગવાહી પૂ.આ. વિજયશ્રી દાનસૂરિજી જ્ઞાનમંદિર અને પૌષધશાળાની ઈંટે ઈંટે આજે પણ પૂરે છે.

૦ પૂ.શ્રીજી બિહાર દેશમાં વિચરી રહ્યા હતા તે વખતે જૈનેતરોનું તોફાન વધી ગયું અને જૈનો પણ તેનો ભોગ બનવા લાગ્યા. પણ પૂ.શ્રીજીએ એવાં પ્રવચનો આપ્યા કે જેથી ઠંડોના વધુને વધુ મકકમ થવા લાગ્યા, તેથી તે વખતે સર્વોદયનેતા જયપ્રકાશ નારાયણે પૂ.શ્રીજી સાથે મુલાકાત યોજાય તે માટે પોતાના સેક્રેટરીને મોકલ્યા હતા. તે વખતે પૂજ્યશ્રીએ જણાવેલ કે—જ્યારે જૈનોનાં માથા ફૂટતાં હતાં ત્યારે આ રક્ષણનો દાવો કરનારા કયાં ગયા હતા! હવે જૈનો જાગ્યા ત્યારે અહીં મળવા આવો છો? તે વખતે જયપ્રકાશ નારાયણે પૂ.શ્રીજીને મળવાનો વિચાર માંડી વાળ્યો અને કહ્યું કે—**'સંતકી બાત સચ હૈ !'**

૦ તે અરસામાં ભારતમાં ચૂંટણી થવાની હતી. અને ભગવાનના શાસનને પામેલા—સમજેલા સદ્‌ગુરુઓ તો મતદાન કરવું તે પાપ છે એમ જ કહે. તદનુસારે પૂ. શ્રીજી જાહેર વ્યાખ્યાનોમાં જે રીતે મતદાનને પાપ સમજાવતા હતા, ત્યારે 'જૈન પ્રવચન'ના તંત્રી શ્રી ચીમનલાલ નાથાલાલ શ્રીકાંતે પૂ.શ્રીજીને માત્ર એકવાર વિનંતી કરી હતી કે 'આ રીતના પ્રતિપાદનથી આપશ્રીને રાજકીય મુશ્કેલી તો નહિ આવે ને?' પૂ.શ્રીજીએ તેમને પણ કહ્યું કે—'ચિંતા ના કર, બધું સારું થશે.' તે સિવાય તે શ્રીકાન્તભાઇએ પૂ.શ્રીજીને કયારે પણ એમ કહ્યું નથી કે—'વ્યાખ્યાનમાં આમ બોલો અને આમ ન બોલો' તેમના જેવું પૂર્ણ સમર્પણ ભાવ આજના લોકોમાં કેળવવાની પૂર્ણ જરૂર નથી લાગતી! તેમાં પણ છેલ્લે છેલ્લે નિકટના ગણાતા પણ પૂ.શ્રીજીને જે રીતના પોતાની વાત ઠસાવી દેતા અને તેમાં 'હોંશીયારી માનતા તેમાં પૂ.શ્રીજીનું ગૌરવ વધતું કે હણાતું તે સુજ્ઞ લોકો સારી રીતે જાણે છે.

પૂ.શ્રીજી 'મતદાન કરવું તે પાપ છે' તે વાત જે રીતના સમજાવતા તેમાંથી પણ વિઘ્નસંતોષીઓએ પોતાની ખીચડી પકાવવા પ્રયત્ન કર્યો. છેક દિલ્હી સુધી એવી વાત સીક્રેતપૂર્વક ફેલાવી કે આ ધર્માચાર્ય કોમવાદને ફેલાવે તેવાં ભાષણો (વ્યાખ્યાનો) આપે છે. તેથી તે વખતના વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂએ પોતાના માણસો મોકલી પૂ.શ્રીજીના પ્રવચનો નોટ ડાઉન કરાવ્યા. તે માણસો પૂ.શ્રીજી જ્યાં જ્યાં વિહાર કરે ત્યાં ત્યાં જતા. અને આઠ-દશ દિવસ પછી તેઓએ જ પૂ.શ્રીજીને ઉપરની બધી વાત કરી અને કહ્યું કે—'આપની ધરપકડનું વોરંટ પણ સાથે લઇને ફરીએ છીએ. પણ આપશ્રી

જે ભૂમિકા બાંધી જે રીતે સમજાવે છે તેથી જરાપણ પકડાતા નથી એટલું નહિ એક ધર્માચાર્ય આમ જ સમજાવે.'

પૂ.શ્રીજીએ દિલ્હીમાં જ્યારે ચાતુર્માસ કર્યું હતું ત્યારે તે વખતના રાષ્ટ્રપતિ શ્રી રાજેન્દ્રપ્રસાદ સાથે અને વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ સાથે પણ આજની જેમ સામેથી બોલાવીને નહિ-સ્વયં પૂ.શ્રીજીના ગુણોથી આકર્ષિત થયેલા તેઓએ પૂ.શ્રીજી સાથે મુલાકાત લીધી હતી. પૂ.શ્રીજીની પ્રતિભા ધાર્મિક તેમજ રાજકીય સમજથી પણ પ્રભાવિત થયેલા. તે બન્ને સાથે નક્કી સમયે કરતાં પણ અધિક સમય સુધી વાર્તાલાપ થયો હતો. બન્ને પૂ.શ્રીજી ઉપર અહોભાવને દર્શાવતા થયા હતા.

તે જ રીતે વર્ષો પૂર્વે સરદાર વલ્લભભાઇ પટેલ પણ પૂ.શ્રીજીની વાણીથી અત્યંત પ્રભાવિત થયા હતા અને પોતાની અસહકારની રાજકીય ચળવળમાં જોડાવા ધર્મના નામે આમંત્રણ આપ્યું હતું. ત્યારે તેમના જેવાની શેહ શરમમાં જરાપણ તણાયા વિના પૂ. શ્રીજીએ બે ઘડક સુણાવી દીધું હતું કે-'તમારી આ ચળવળમાં મને ધાર્મિકતાના દર્શન થશે તો વગર આમંત્રણે હું આવી જઈશ. બાકી જે રીતની ચળવળ કરી રહ્યા છો તેનાં ખરાબ પરિણામો દેશને ભોગવવા પડશે. દેશમાં એવી એવી બદીઓ ફેલાશે જેને રોકી પણ નહિ શકો.'

વર્ષો પૂર્વેની તે આર્ષવાણી આજે અક્ષરશઃ શું સત્ય નથી બની રહી !

(૧૩) : અનુપમ પ્રભાવકતા :

પૂ.શ્રીજી આટલી મહાન વિભૂતિ હોવા છતાં પોતાના તારક ગુરુદેવેશશ્રીજી આગળ એક બાળકની જેમ જ રહેતા હતા. જે રીતની ગુરુભક્તિ કરી. જે રીતનો વિનય કરેલો તે તો આજે આપણા બધા માટે આદર્શ-આદરણીય છે. મહાપુરૂષે નું વર્તન પણ અનેકને બોધ પમાડે જો તેનામાં થોડી ઘણી પણ લાયકાત હોય તો !

પૂ.શ્રીજીએ તે રીતે પોતાના પરમતારક ગુરુદેવેશશ્રીને જે અંતિમ નિર્યામણા કરાવી તેની યશોગાથાઓ આજે ભકતો તો ઠીક પણ વિરોધીઓ પણ ગાઈ રહ્યા છે ! દૂધમાંથી પોરા કાઢનારાની જેમ ખામી જ કે ભૂલ જોનારાને પણ પ્રશંસા કર્યા વિના ચાલે તેમ નથી !

એક માત્ર ઇર્ષ્યાભાવ અને તેજોદ્વેષ આત્માને કેવો પામર બનાવે છે અને ગુણભાવને ધરનારા મહાપુરૂષો તો તેવી વાતને કાને પણ ધરતા નથી પરંતુ સઘળાય જીવોની સાચી દયા ચિંતવે છે. તેમાં પણ શાસનને પામેલા હારી ન જાય તે માટે સતત સજાગ અને સાવચેતીના સૂરો પણ અવસરે અવસરે રેલાવ્યા કરે છે. પણ બધિરને ગાન આનંદ ન આપે તેમાં દોષ કોનો ? ઘૂવડ સૂર્યને ન જોઇ શકે તો વાંક કોનો ? તેવી જ હાલત

અયોગ્યતાની બને તો કોઈનો પણ વાંક કહેવાય ખરો !

જે બોશ્રીજીની 'સંસારના વિરાગી, સંયમના રાગી અને મોક્ષના જ અનુરાગી' બનાવનારી મોક્ષૈકલક્ષી શ્રી જિનવાણીના શ્રવણથી, અનેક આત્માઓએ 'સંસારની અસારતા, સંયમની સુંદરતા અને મોક્ષની મનોહરતા' જાણી છે અને આજ સુધીમાં તેઓશ્રીજીના વરદ હસ્તે સંખ્યાબંધ આત્માઓએ, મોક્ષના રાજમાર્ગ સમી પારમેશ્વરી ભાગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરી છે અને આજે પણ સુંદર-સુંદરતમ આરાધના કરી-કરાવી. સ્વ-પર અનેકનું આત્મકલ્યાણ સાધી રહ્યા છે. હજારો આત્માઓ 'સંયમ જ લેવા જેવું છે' પણ અશક્તિ આદિના કારણે સંયમના જ પ્રેમી બની શ્રાવક-શ્રાવિકાપણાને સ્વીકારી પોતાના આત્માનું કલ્યાણ સાધી રહ્યા છે.

નાની પણ અશક્તિવાળા આત્માઓ 'સમ્યક્ત્વ' સ્વીકારી તેનું પણ સુંદર પાલન કરી રહ્યા છે અને સમ્યક્ત્વ પણ ભારે પડે તેવા હજારો આત્માઓ માર્ગાનુસારીપણાના ધર્મને આચરી રહ્યા છે.

જે બોશ્રીજીની નિશ્રામાં અનેકાનેક અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવાયા છે. ઐતિહાસિક દસ્તાવેજી પુરાવાઓના આધારે ભગવાન શ્રી મહાવીર પરમાત્માની અંતિમ દેશના ભૂમિ ઉપર અજોડ શિલ્પ સ્થાપત્યના નમૂના રૂપ એવું સમવસરણ મંદિર પાવાપુરીમાં પૂ.શ્રીજીની ભવ્યતમ યશોગાથાને ગાઇ રહ્યું છે. તો કલાકારીગરીમાં બેનમૂન જગતના શિલ્પીઓનાં માથા ડોલાવતું, આબુ ઉપરના પાંચ શ્રી જિનમંદિરોનો ૫૦૦ વર્ષ બાદ થયેલ જીર્ણોદ્ધાર પછી પુનઃ પ્રતિષ્ઠા પૂ.શ્રીજીની યશકલગીમાં વધારો કરે છે. 'ચૌદ ક્ષેત્રમાં તીરથ ન એહવો' એવા તીર્થાધિરાજ શ્રી સિદ્ધાચલજી મહાતીર્થમાં, બાબુના હઠેરાસર પાસે પ્રાપ્ત જગ્યામાં, આજીવન અનન્ય ભક્ત શ્રી ગોવિંદજી જેવત બોના પરિવારે સ્વદ્રવ્યથી કરાવેલ સંગેમરમરનું સોહામણું જિનાલય પૂ.શ્રીજીના વરદ હસ્તે પ્રતિષ્ઠાને પામી, ત્રિભુવનમાં પૂજ્યશ્રીજીની પણ પ્રતિષ્ઠા ગાઇ રહ્યું છે.

જે શ્રી સિદ્ધાચલજીની એક ટૂંક સમાન છે તે શ્રી હસ્તગિરિજી ઉપર પણ અજોડ મંદિરમાં પ્રતિષ્ઠા કરાવ્યા બાદ, શાસ્ત્રીયતાની ઘોર ઉપેક્ષા કરનાર, ધ્યાન ખેંચવા છતાંય દુર્લક્ષ કરનારા ત્યાંના ટ્રસ્ટીગણને જાણી, તેમાં પોતાની અસંમતિ છે, વિરોધ છે તેવો સૂર પણ આ જ મહાપુરૂષ વહેવાવી શકે ! બીજાની તેવી તાકાત પણ નથી જ !

રાજ્યની સામગ્રીના કારણે જેનું નામ પણ મહારાષ્ટ્ર ભરમાં ગુંજતું-ગાજતું થયેલ તે કોલ્હાપુરની અંજન શલાકા-પ્રતિષ્ઠા તે બધામાં મેદાન મારી જાય તેવી યશગાથાથી શોભી રહી છે.

તે જ રીતે પૂ.શ્રીજીની નિશ્રામાં થયેલ ઉપધાન તપના પ્રસંગો ઉત્સવ-ઉજમણાના

પ્રસંગો તથા છ'રી' પાલક યાત્રા સંઘોની યાદી આત્માને ભક્તિસભર–ભાવવિભોર બનાવી દે છે. અને સુકૃતના સહભાગી થવાનો સંદેશ આપે છે.

પૂ.શ્રીજીએ રાષ્ટ્રીય સ્તરે ઉજવાતી ભગવાન શ્રી મહાવીર પરમાત્માની ૨૫૦૦ મી તિથિની ઉજવણીમાં કેટલી અશાસ્ત્રીયતા હતી અને તેનાથી શું શું નુકશાન થશે–તે શ્રી કસ્તુરભાઇ લાલભાઇ સાથેના કરેલા પ્રગટ પત્ર વ્યવહારથી આજે પણ સુંદર માર્ગદર્શન મળે છે તે જ રીતે શેઠશ્રી આણંદજી કલ્યાણની પેઢી તરફથી પાલીતાણામાં નૂતન શ્રી જિનાલયમાં નકરા પદ્ધતિથી પ્રતિષ્ઠાનો જે આદેશ આપવામાં આવ્યો હતો તેના કારણે દેવદ્રવ્યને કેવી હાનિ થવાની છે–થઇ રહી છે–તેનું પણ જે સચોટ રૂપષ્ટ જાહેર નિવેદન કરેલ તેથી ઘણા ભાગ્યશાલિઓ તે દોષથી બચી ગયેલ અને પોતાને લાગેલ નંબર પણ ગ્રહણ કરેલ નહિ. પરત કર્યો હતો.

આ મહાપુરૂષે જીવનભર જે શાસનની રક્ષા, પ્રભાવના અને આરાધના કરી તેની પણ જો સાચા ભાવે અનુમોદના કરવામાં આવે તો આત્મા પાવન થઇ જાય.

આ પુણ્યપુરૂષનો આશ્રય કરીને કયો ગુણ રહી ગયો હશે તે કહેવું જ મુશ્કેલ છે, કે–નિસ્પૃહતા, નિર્દોષતા, નિર્દંભતા, અત્યંત સરળતા, ભદ્રિકતા, ગંભીરતા, સર્વને શાસન પમાડવાની અનુપમ ભાવના, સિંહ સમી સાત્ત્વિકતા, મેરૂ સમ અણનમતા–અડોલતા, ગમે તેવા પ્રસંગોમાં પણ સાહજિક ધીરતા, આક્રમણોનો સામને–પ્રતીકાર કરવામાં અદ્ભુત વીરતા–શૌર્ય. જેઓએ પુણ્યનામ ધેય વડીલોના પગલે પગલે ચાલી શાસનના સત્ય સિધ્ધાંતોનો વિજય વાવટો જે અણનમ લહેરાવ્યો છે તેમની ખોટ હાલ તો કોઇ જ આવી શકે તેમ જ નથી. જે કાળમાં 'જાતની જ પ્રભાવના'ને પ્રધાન માનનારો મોટો વર્ગ હોય તે કાળમાં જાતને ગૌણ માની શાસનને જ પ્રધાન માની, શાસનની અનુપમ જે પ્રભાવના કરી, જે વિક્રમ સર્જક ઇતિહાસ સર્જ્યો તેવું સર્જન હાલ બીજા કરે તેમ લાગતું પણ નથી. ખરેખરા અર્થમાં 'અતિજાત'નો અતિશય પ્રગટ કર્યો તેમ કહેવું ખોટું નથી.

[૧૪] હૃદયના સાહજિક ઉદ્ગારો :

○ ભગવાને કહેલી વાત કરી તમને અહીં આવતા કરીએ તે અમારો ગુણ છે. પણ ભગવાનની વાત આઘી મૂકી, તમને રાજી કરવા અહીં આવતા રાખીએ તે અમારે માટે ભયંકર પાપ છે. તમને અહીં આવતા કરવા છે પણ ભગવાને જે કહ્યું હોય તે કહીને આકર્ષિત કરવા છે. તમને લોભાવીને, સુખના લિખારી બનાવીને અહીં બોલાવવા નથી. તેમ તમને રાજી રાખવા ભગવાનની વાતથી અમારે પણ આઘા થવું નથી.

○ સાચા સામે ખોટાનું આક્રમણ આજનું નથી, પણ સદાનું ચાલુ છે. સૌનું ભલું

થાઓ એવી બુદ્ધિથી, શરણે આવનાર તરી જાય, એ જાતિના શુભ પ્રયત્નો ગમે તેટલાં વિઘ્નો વચ્ચે પણ નિર્ભયપણે કરતા રહેવું તે આપણી સૌની અનિવાર્ય ફરજ છે. પ્રભુની આજ્ઞા આપણા મસ્તક ઉપર છે, સત્ય આપણી પડખે છે, શાસ્ત્રની આજ્ઞાની મહોર છાપ છે, કોઈનું પણ બૂંડું કરવાની ભાવના નથી, તો ભય કોનો છે ? સાચા સુવિહિત ગુરુઓ સાચા તારકો આપણા પક્ષમાં છે, પછી શી ફિકર છે !

૦ શ્રી જિનેશ્વરદેવના ધર્મને પામેલા અહિંસક, શાંત અને સમતાના નિધિ હોય એ વાત સાચી, પણ તેનામાં આત્મહિતઘાતક નિર્માલ્યતા તો ન જ હોવી જોઇએ. આ ધર્મ તો વીરનો છે પણ કાયરોનો નથી. જે સૈન્ય છે તેનો ઘાત થાય ત્યાં સુધી જેના પેટનું પાણી પણ ન હાલે, તેને સાચો વીર કેમ મનાય ? પાળવો ધર્મ વીરનો અને જેની આરાધના કરીએ તે આખી વસ્તુનો નાશ કરવાની વાતો થાય ત્યાં સુધી પેટનું પાણી પણ ન હાલે, એવા તદ્દન નિર્માલ્ય થયે કેમ ચાલે ? એવી નિર્માલ્યતાને જો કોઇ શાંતિ કહેતું હોય તો સમજી લો કે–શ્રી જૈનશાસન એવી આત્મહિતઘાતક શાંતિને, શાંતિ જ માનતું નથી. એવા 'શાંતિદ્રુતો' શાસન માટે 'યમદૂત' જેવા છે.

ખરેખર, આવી સમતાની અને શાંતિની ખોટી વાતો કરનારા વસ્તુતઃ ધર્મને પામ્યા જ નથી. ધર્મને પામેલા આત્માઓ નાશકારક વિપ્લવોનો વિનાશ કરવામાં પાછી પાની કરે જ નહિ. જેઓ આવા વિપ્લવ સમયે પણ શાંતિની વાતો કરે છે, તેઓ ચેતનવંતી શાંતિના પૂજારી નથી પણ મડદાની શાંતિના પૂજારી છે.

શરીર, ધન, સ્વજન, કીર્ત્તિ વગેરે પારકી અને અનિત્ય વસ્તુઓ માટે ગાઢ મમત્વના યોગે સાત લડયા–ઝઘડયા કરનારા પામરો; શાસ્ત્ર, શાસન, સિદ્ધાંતની રક્ષાના અવસરે તો શાંતિની જ વાતો કરે. કારણ કે ધર્મ માટે લડવા જતાં પોતાને ગમતી વસ્તુઓનો ત્યાગ કરવો પડે–તે કરવો નથી અને પોતાની એ નબળાઇ જાહેર ના થઇ જાય માટે શાંતિના નામે દંભ આચરે છે.

૦ જેઓ પોતાના માન–પાન ખાતર સત્યનું કે ગુરુની આજ્ઞાનું 'બલિદાન' કરે છે, તેઓ બીજે જ પોતાની જાતને 'કુલાંગાર'ની જ કોટિમાં મૂકે છે અને એવાઓનું જીવન આ જગતમાં કેવલ ભારભૂત જ ગણાય છે. કેવલ પોતાની જાતની જ નામનાના અર્થી બનેલા આત્માઓને નથી યાદ આવતી પોતાના તારક દેવની આજ્ઞા કે નથી યાદ આવતી પોતાના ગુરુની આજ્ઞા ! તેઓને એક તે જ યાદ રહે છે, કે જેનાથી પોતાની જાતની નામના થાય. આવી ખોટી નામનાની લતે ચઢેલા આજે શું શું કરી રહ્યા છે તેનું વર્ણન થાય તેમ નથી.

૦ જેનાથી સંસારની ભાવના પોષાય તે બીજો ઉત્તમ આત્માઓને મોક્ષ પ્રાપ્તિના

માર્ગમાં ઉપયોગી થતી પણ હોય, તો પણ તે ચીજોને મોક્ષ પ્રાપ્તિના સાધનરૂપ ન જ કહેવાય ! મુક્તિ-માર્ગના આરાધનમાં આરાધક આત્માની સદ્ વિવેકીતારૂપ યોગ્યતાને અંગે દુનિયાની ચીજો ગમે તેટલી ઉપયોગી થતી હોય, છતાં એ ચીજો મોટે ભાગે રાગ-દ્વેષની પુષ્ટિ કરનારી હોય છે, માટે એ સાધનભૂત તો ગણાય જ નહિ. જેમ શ્રી દ્વાદશાંગી નિમિત્ત રૂપ જણાય તેવી રીતે કેઇ ડુબ્યા છતાં તે શ્રી દ્વાદશાંગી ડુબવાનું સાધન ન કહેવાય, તેમ દુનિયાની વસ્તુ પણ દુનિયાથી તરવાના ઉપયોગમાં કદાચ આવી જાય તો પણ ડુબનારી ચીજ તે તારનારી ન જ કહેવાય !

૦ કંકણના અવાજ પરથી શ્રી નમિરાજર્ષિને વૈરાગ્ય થયો, તો એ ઉપરથી કંકણના અવાજને વૈરાગ્યનું કારણ ગણી કંકણવાળી ઘરમાં લાવવી જોઇએ એમ કોઈ કહે તો કેમ ચાલે ? કંકણ કે કંકણવાળી એ કંઇ વૈરાગ્યનું કારણ નથી. સામાન્ય રીતે તે કંકણનો અવાજ તો કામનું કારણ છે, વિષયવાસનાની વૃધ્ધિનું કારણ છે, એમ તો નિશ્ચિત થયેલું છે. હા, કવચિત્ કોઇને પોતાના આત્માની શુધ્ધ દશાના યોગે એવા પણ વિષયવાસનાના કારણથી વૈરાગ્ય થઇ જાય તે વાત જુદી !

૦ ચાર દિવસના માન-પાન માટે આગમની આજ્ઞાને ઊંચે મૂકવી, એના જેવી બીજી એક પણ મૂર્ખાઇ નથી, એ આપણો દૃઢ નિશ્ચય છે. શ્રધ્ધાહીનોના માનપાનની ખાતર આગમને 'ગૌણ' બનાવી 'જમાના'ને 'મુખ્ય' બનાવાય એમાં આત્માનો એકાંતે નાશ છે. આ લોકમાં તકલીફ પડે તો તે સહીને પણ મહાપુરૂષોની માફક, એમના જેટલું ન બને તો શક્તિ મુજબ પણ આગમની આજ્ઞા મુજબ ચાલી, પરલોક સુધારી, સંસારનાં બંધન છૂટે અને મુકિત મળે તે માટે ઘટતા પ્રયત્નો કરવા, તે આપણી ઊંચામાં ઊંચી ફરજ છે. એ ફરજને જે અદા કરશે તે જ આ અસાર સંસારમાંથી ધર્મરૂપ સારને લઇ શકશે.

૦ જે આત્માઓ સંપૂર્ણ, શાશ્વત અને દુઃખના લેશ વિનાનું સુખ મેળવવા ઇચ્છતા હોય, તેઓએ ઇન્દ્રિયોને અને મનને કાબૂમાં રાખતા શીખવું જોઇએ. સંસારને પદાર્થોની લાલસા છોડવી જોઇએ. અને આત્માની પીછાન મેળવવાના પ્રયત્નો કરવા જોઇએ પોતા પ્રત્યેનું બીજાનું જે જે આચરણ ન ગમતું હોય, તે તે આચરણ પોતે અન્ય પ્રત્યે ન જ આચરવું જોઇએ. વિષય-વિરાગ, કષાયત્યાગ, ગુણાનુરાગ અને શુભક્રિયાઓમાં અપ્રમત્તતા કેળવવી જોઇએ. પોતે કોઇનો નથી અને પોતાનું કોઇ નથી, અર્થાત્-'માતા પિતા, સ્વજન-પરિવાર કે સુખ-દુઃખ, એ બધું કર્મજન્ય છે'-એમ માની મોહન બંધન ઢીલાં કરવા જોઇએ અને એ બધાના હેતુભૂત કર્મનો નાશ કરનારી પ્રવૃત્તિ આદરવી જોઇએ. પોતાના આત્માની પોતે કયા ચિન્તવીને પાપથી સદાય ડરતા રહેવું જોઇએ. આ માટે જેમ બને તેમ નિઃસંગાવસ્થા કેળવવાની જરૂર છે. અને સંપૂર્ણ નિઃસંગ બનેલા

આત્માઓ જ સંપૂર્ણ, શાશ્વત અને દુઃખના લેશ વિનાનું સુખ અનુભવી શકે છે, જ્યારે અંશે અંશે નિઃસંગ બનેલા આત્માઓ તે તે પ્રમાણમાં સુખ પામે છે.

૦ સત્યનો વિરોધ કરનારા તો સદા ય હોય છે જ, માટે એથી મૂંઝાવાને કશું જ કારણ નથી એવાઓની સાથે કદી જ સમાધાન થયાં નથી અને થાય પણ નહિ. કારણ કે-સત્યના જ વિરોધી સાથે સમાધાન શાનું ? સત્યનો વિરોધ અને સમાધાન, એ બેનો મેળ જ નથી. ખરેખર, જ્યાં સત્યનો જ વિરોધ હોય છે, ત્યાં સમાધાનીનો સંભવ જ નથી. કારણ કે-ત્યાં તો સત્યને સમજાવનાર તરફ પણ વિરોધ જ છે. સત્યના વિરોધીઓની દશા કેવી હોય છે ? 'સહુમાં સારા કહેવરાવવું છે !' આવા તુચ્છ હેતુની ખાતર શાસનના વિરોધીઓની પીઠ થાબડવી, એના જેવો ભયંકર ગુન્હો શ્રી જિનેશ્વરદેવના શાસનમાં બીજો એક પણ નથી.

૦ જેઓ આજે આગમની નિશ્રા આઘી મૂકીને જમાનાની નિશ્રાનો સ્વીકાર કરે છે અને આગમને આધીન દેશના દેવાને બદલે જમાનાને આધીન દેશના દઈ રહ્યા છે, તેઓ ખરે જ શ્રી જિનેશ્વરદેવના શાસનને નામે જીવવા છતાં, તે જ પરમતારક શાસનનો ભયંકર દ્રોહ કરી રહ્યા છે અને એવાઓને ખુલ્લી અગર તો છૂપી પુષ્ટિ આપી રહેલાઓ, એવા દ્રોહીઓ જે દ્રોહ કરી રહ્યા છે, તેના કરતાં ય ભયંકર દ્રોહ આચરી રહ્યા છે. આવાઓથી સાવધ રહેવું અને અન્ય મોક્ષના અર્થીઓને સાવધ રાખવા, એ પ્રત્યેક પરોપકાર રસિક આત્માની અનિવાર્ય ફરજ છે. એ પવિત્રમાં પવિત્ર ફરજની અવગણના કરનારાઓ, ખરે જ બહુલ સંસારી અથવા તો ગુરુકર્મી આત્માઓ છે, એમાં કશી જ શંકા નથી.

૦ જેઓ આજે નિર્ભયતાથી, માનપાનાદિના લોભે અને અમુક-વર્ગનો ખોફ વહોરી લઈને પણ તથા પોતાની થતી ખોટી નિંદાદિકની પણ દરકાર કર્યા વિના, શાસ્ત્રાજ્ઞા મુજબની પોતાની પવિત્રમાં પવિત્ર ફરજ બજાવી રહ્યા છે, તેવા પુણ્યાત્માઓ તરફ ઘૃણાની દૃષ્ટિએ જોનારાઓ તેવા તારક આત્માઓ તરફ તિરસ્કારની વૃષ્ટિ વરસાવનારાઓ અને તેવા ઉપકાર રસિક આત્માઓ માટે એલફેલ બોલવાની ધૃષ્ટતા સેવનારાઓ તો ખરે જ 'ये तु दन्ति निरर्थकं परहितं, ते के न जानोम हे ।'—આ પદને યાદ કરાવે છે. અને એવા સત્પુરુષોની નિંદા કરનારા પામરોની પીઠ થાબડનારાઓ જો કદાચ સાધુના વેષમાં હોય, તો પણ તેઓ ખરે જ સાધુના વેષમાં રહીને જૈનશાસન પ્રત્યે અજ્ઞાનતા ભરેલી શેતાનિયત ખેલનારા છે !! અને આખા શ્રી જૈન સમાજને ધોખો દેનાર હોઈ, નામ લેવાને પણ લાયક નથી !!!

૦ આવે શ્રાવકકુળની પ્રાપ્તિની સાર્થકતા પણ બીજી જ વસ્તુઓની પ્રાપ્તિમાં કેટ-

લાકોએ માની લીધી છે. અન્યથા જ્યાં કેવળ ત્યાગનાં જ વહેણ વહેવાં જોઈએ અને જ્યાં આવીને શ્રાવકો કેવલ ત્યાગસરિતામાં ઝીલવા ઇચ્છે, ત્યાંથી અર્થ-કામના ઉપદેશ સાંભળવાની એક કુરણા સરખી ય કેમ થાય ? અને આવી પાટોએ બેસીને ત્યાગ માર્ગને બદલે એનો નાશ થાય એવો અર્થ-કામનો ઉપદેશ પણ કેમ અપાય ?

૦ જાતની પ્રભાવનાને ભૂલ્યા વિના કદી પણ શાસનની પ્રભાવના કરી શકાતી જ નથી. શાસનની પ્રભાવનાના નામે જાતની પ્રભાવનામાં મચી પડવું, એ પ્રભુશાસન પ્રત્યેની ભયંકરમાં ભયંકર અને ન માફ કરી શકાય તેવી 'નિમકહરામી' છે.' શાસનના પ્રતાપે મેળવેલી મોટાઇ અને નામનાનો ઉપયોગ જાતની પ્રભાવનામાં કરવો, એના જેવી ભયંકર 'નફટાઇ' બીજી એક પણ નથી. જે શાસનના યોગે ઊંચું સ્થાન મેળવ્યું હોય; તે જ શાસનના દ્રોહીઓને, એ દ્રોહીઓ તરફથી માન-પાનાદિ પોતાની જાતને જ મળે એ માટે તેમને પંપાળવા કે પોષવા, એ પણ પ્રભુશાસનનો ભયંકરમાં ભયંકર 'દ્રોહ' કરવા જેવું છે. અને પ્રભુશાસનના મર્મને અમે જાણીએ છીએ, એવો દાવો કરવા છતાં ઉઘાડી રીતિએ સાચા અને ખોટા તરીકે ઓળખાઈ શકે તેવા પક્ષોની વચ્ચે પણ માધ્યસ્થ કે તટસ્થ હોવાનો દંભ કે આડંબર કરવો, એ ભદ્રિક જનતાના ધર્મધનને લુંટાવી દેવાનો નીચમાં નીચ ધંધો આદરી વિશ્વાસઘાતનું ભયંકર પાપ આચરવા જેવું છે.

(૧૫) : સનસનતા સવાલો જડબાતોડ જવાબો :

(૧) પ્ર૦ : ધર્મ નિરાશંસ ભાવે કરે તો ?

ઉ૦ : નિરાશંસભાવે જ ધર્મ કરવાનો છે. પણ નિરાશંસભાવે ધર્મ કોણ કરે ? મુક્તિની જ ઇચ્છા હોય તે. અર્થ અને કામનો ભુખ્યો તો આશંસાએ જ ધર્મ કરે. આમાં દષ્ટાન્ત જોવું હોય તો આજનો ધર્મી ગણાતો મોટો ભાગ મળે ને ?

(૨) પ્ર૦ : ધર્મ આપે તો લાભ થાય ને ?

ઉ૦ : ધર્મ યોગ્ય જીવને આપવાનો છે, અયોગ્યને ધર્મ આપે તો નુકશાન થાય. 'તું લે તું લે....' કહી ધર્મ વળગાડે અને તે શરમથી લે અને બહાર જઇ ફેંકી દે તો તેનું પાપ ધર્મ આપનારને લાગે. ધર્મ લીલામ કરવાની ચીજ છે ?

પ્ર૦ : આ રીતે આપે તો કોઇ પામી જાય ને ?

ઉ૦ : ઘણા મરે તેનું શું ? એકને જીવાડવા સોને મારી નંખાય ?

પ્ર૦ : તે તો મરેલાં જ હતા.

ઉ૦ : તે મરેલાં ન હતા પણ માંદા હતા. ધર્મ પમાડીને સાજા કરવાને બદલે આવી રીતે ધર્મ વળગાડીને માર્યા.

પ્ર૦ : યોગ્યને ધર્મ અપાય તેમ કહો છો તો યોગ્ય તો અલ્પ નીકળશે, તો પછી માર્ગ શી રીતે રહેશે ?

ઉ૦ : થોડા યોગ્યથી જે ધર્મ ચાલશે તે અયોગ્યોનાં 'ટોળા'થી નહિ ચાલે. ટોળાં તો ધર્મનો નાશ કરશે. યોગ્યને ધર્મ આપો તો તે ધર્મી બને, અયોગ્યને ધર્મ આપો તો નુકશાન જ થાય. અહીં આવીને પણ મરજી મુજબ જીવે તો શું થાય ? સારો વૈદ એક હોય તે ચાલે ઊંટવૈદ સો ભેગા થાય તો માંદા મરે.

પ્ર૦ : માલને ખપાવવા મફત સેમ્પલ આપે છે તો માલ સારો વેચાય છે.

ઉ૦ : મોટે ભાગે ધૂતારા જ સેમ્પલ વેચે. સેમ્પલ સારાં આપી હલકો માલ પધરાવે. આપણો ભગવાનનો માલ તો દુનીયામાં ઊંચામાં ઊંચો છે. તે તો યોગ્યને જ અપાય. ઝવેરાતના ઘરાક થોડા આવે તેથી ઝવેરી મૂંઝાય નહિ.

(૩) આજે ઘણા ધર્મી પણ પાપમાં સહાય કરે માટે ધર્મ કરે છે. કાળાં કામ ચાલુ રહે અને પકડાવાય નહિ માટે ધર્મ કરે છે.

પ્ર૦ : આટલી ય શ્રદ્ધા છે ને ?

ઉ૦ : આવી શ્રદ્ધાને વખાણાય ? આવી શ્રદ્ધાવાળો તો ધર્મ માટે નાલાયક છે. ચોરી કરવા ભગવાનનાં દર્શન કરે તે ભગત છે ? આવી શ્રદ્ધા સમકિત નથી, ઘોર મિથ્યાત્વ છે.

પ્ર૦ : મંદિર-ઉપાશ્રયે જશે તો પામશે ને ?

ઉ૦ : આજ સુધી તમે પામ્યા ? તમે રોજ આવો છતાં ય નથી પામ્યા તો ચોરી આદિમાં સફળતા મળે માટે મંદિરે જાય તે ધર્મ પામે ? મંદિર-ઉપાશ્રયે જાય એટલે ધર્મ પામશે. તેમ બોલાય ?

પ્ર૦ : પહેલા કરતાં આજે ધર્મ વધતો જાય છે.

ઉ૦ : આજે જે રીતે ધર્મ વધતો દેખાય છે તેથી ધર્મ જ જોખમમાં આવી ગયો છે. ધર્મ કરનારા જ ધર્મનો નાશ કરી રહ્યા છે. તમારાં ઘર મજેથી ચાલે અને ગામમાં એક મંદિર હોય તો ય 'નભાવવુ" પડે છે ને ? તે બધા ધર્મ વધ્યાનું બોલે તો નફટાઇ જેવું લાગે છે.

પ્ર૦ : રોજ સાંભળવા છતાં તેવાને તેવા જ રહ્યા છીએ.

ઉ૦ : તેમાં ખામી અમારી છે કે તમારી છે ? અમે સમજાવવા છતાં ય તમે ન જ સમજ્યા હો તો ખામી તમારી છે અને અમે પણ જો સાચું ન સમજાવ્યું હોય તો ખામી અમારી છે. અહીં-આ શ્રી જૈનશાસનમાં કોઇનો ય પક્ષપાત છે જ નહિ.

[૪] મંદિર-ઉપાશ્રયમાં ગમે તેમ કરે તો ચલાવાય ? અમે તમને સમજાવીએ અને

તમે તેવાને તેવા જ રહો તો કહેવું પડે ને કે–વધુ પાપ બાંધો તેના કરતાં અહીં ન આવો તો સારા.

પ્ર૦ : દરેક જગ્યાએ બંધારણ મુજબ ચાલે છે તે અહીં કેમ પોલ ચાલે છે ?

ઉ૦ : અમે રોજ સમજાવીએ છીએ. તમે ન માનો તો કાલથી 'પીકેટીંગ' કરવા જઈએ ? અમે તો કહી કહીને થાકયા કે, ધર્મ–સ્થાનોનો વહિવટ આજ્ઞા મુજબ કરવો જોઈએ, મરજી મુજબ ન જ કરાય. ટ્રસ્ટીઓને પણ કહ્યું, તો તેઓ કહે કે–'અમારા માથાં ફોડાવવાં છે ?' અમે સાચી વાત સમજાવીએ છતાં ય ન સમજે તો નુકશાન નહિ સમજનારને છે. આ કાળમાં તો કોઇનું ય કાંડું ઓછું પકડાય છે ? રાજ સારું હતું ત્યારે તો ધર્મ વિરુધ્ધ કરનારને રાજદંડનો ભય રહેતો, આજે તો રાજ જ ધર્મનું મોટું દુશ્મન છે.

[૫] શાસ્ત્રે કહ્યું છે કે–દાન–શીલ અને તપ પણ ધર્મ ત્યારે જ બને, કે જે ભાવે કરવાના કહ્યા હોય તે ભાવે કરે તો બાકી તે ધર્મ પણ અધર્મ જ બને. દાન લક્ષ્મીની મૂર્છા ઉતારવા માટે છે, શીલ ભોગોથી ભાગી છૂટવા માટે છે અને ખાવા–પીવાદિ મોજ–મજાદિની ઇચ્છાઓને મારવા માટે તપ ધર્મ છે. આને નિશ્ચયદેશના કહેવાય ? તો પછી ભાવની વાત કરાય જ નહિ ને ?

પ્ર૦ : ક્રિયામાં પ્રવીણતા મેળવ્યા પછી ભાવની વાત કરાય.

ઉ૦ : તો તો ભાવ જાગે જ નહિ. જાગે તો કદાચ ઊંધા ભાવ જાગે. દાન શા માટે છે ? પૈસાથી છૂટવા માટે છે કે વધુ પૈસા મેળવવા માટે છે ? ભાવ વિના ક્રિયામાં પ્રવીણતા આવે નહિ અને પ્રવીણતા આવેલી દેખાય તો ય તે મોહના ઘરની છે.

પ્ર૦ : પહેલા દાન હેતુ કરો અને પછી હેતુ સમજાવો તો ?

ઉ૦ : ન સમજાવાય પહેલા સંસાર માટે ધર્મ કરવાનું કહે અને પછી કહેવું કે–સંસાર માટે ધર્મ ન કરાય. તો તે માણસ બેવચની કહેવાય ને ? લોક પણ કોના ઉપર વિશ્વાસ કરે ? માટે સમજો કે, જે હેતુથી ધર્મ કરવાનો કહ્યો તે હેતુ પહેલાં સમજાવવો જોઇએ.

'ભાવ વિનાના દાન–શીલ અને તપ એ દાન–શીલ અને તપ વાસ્તવિક નથી પણ સંસારવર્ધક છે.' આમ શ્રી ગૌતમ મહારાજાએ, શ્રી શ્રીપાલ ચરિત્રમાં કહ્યું છે–તે ભૂલ કરી છે ? તે નિશ્ચય દેશના આપી છે ? તો તે પુસ્તક પણ ન વાંચું ને ?

પ્ર૦ : એવો ભય બતાવે છે કે, આવી રીતે કહેશો તો કોઇ દાન, શીલ અને તપ નહિ કરે.

ઉ૦ : અમારો ઉપદેશ માને માટે ગમે તે રીતે કરાવવું તેમને ? વિપરીત ભાવથી ધર્મ કરાવીએ અને તેનો સંસાર વધે તેનું પાપ કોને લાગે ? અમારે તમને રાજી રાખવાના છે કે ભગવાને જે કહ્યું છે તે કહેવાનું છે ? શાસ્ત્રે તો ભગવાનની વાતથી વિપરીત બોલે તેને ય મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. સાધુ થઇને ય અનેકનું મિથ્યાત્વ પુષ્ટ થાય તેવો ઉપદેશ આપે તો તેનો ય અનંતો સંસાર વધવાનો છે.

શાસ્ત્રે તો કહ્યું છે કે, ભાવધર્મ તે નિશ્ચય પ્રમાણે સાચો ધર્મ છે. માટે તેવા નિશ્ચયની દેશના તે સાચી દેશના છે. ક્રિયાને ઉડાડી દેવાવાળી દેશના તે ખોટી દેશના છે. તે નિશ્ચય દેશના તરીકે ન ઓળખાવાય. **સાચી નિશ્ચય દેશના તો ક્રિયામાં ભાવ પૂરી ક્રિયાને શુદ્ધ બનાવે છે. મોક્ષની જ વાતો કરનારને નિશ્ચયદેશના તરીકે ઓળખાવનાર ભગવાનના શાસનને પણ સમજ્યા નથી.**

પ્ર૦ : વ્યવહારમાં ક્રિયાની પ્રધાનતા કે ભાવની પ્રધાનતા ?

ઉ૦ : ભાવ કે ક્રિયા, તે બેમાંથી કોઇપણ એકની ઉપેક્ષા કરે તે વ્યવહાર પણ સાચો વ્યવહાર નથી.

સાચો વ્યવહાર તો ભાવપૂર્વકની ક્રિયા વિધિપૂર્વક કરવાથી જ સચવાય છે. માટે કહ્યું કે—ભાવ ન આવ્યો તો તે ક્રિયા અધ્યાત્મની વૈરિણી ક્રિયા છે. ભાવ અને ક્રિયા સાથે ને સાથે રહે છે. **ભાવ લાવવા ય ક્રિયા કરાય અને ભાવ આવ્યા પછી તો ક્રિયા કર્યા વિના ચેન જ ન પડે.** ભાવ વિનાની ક્રિયા ભાવ લાવવાના આશય સાથે હોય, અને ક્રિયા વિનાનો ભાવ. ક્રિયાની ઝંખના સાથેનો હોય; તો બન્ને કામનાં છે.

[૬] ભગવાન પાસે ભગવાન જેવા થવા જવાનું છે. તમે બધા રોજ ભગવાન પાસે જાવ છો તો ભગવાન પાસે શું શું માગો છો ? સભા:-'પામી સઘળા સુખ તે જગતમાં, મુક્તિ ભણી જાય છે.'

ઉ૦ : દુનિયાનાં સુખો પામ્યા પછી તેમાં જ ફસી જાય તો મુક્તિ થાય કે તે સુખોને લાત મારે તો મુક્તિ થાય ? મુક્તિ પામનારાઓએ તે સુખોને લાત મારી કે પંપાળ્યા કર્યું ? ગુજરાતી ભાષાના દોહરા બોલો અને તેનોય વાસ્તવિક અર્થ ન સમજો તે કેવી કમનશીબી કહેવાય ! દુનીયાનાં સઘળાં ય સુખો પામે તોય મુક્તિને જ ઝંખે—એ સાચો ધર્માત્મા છે

(૭) આ દુનિયાનું સુખ હેય જ છે. કદી ઉપાદેય નથી. તેને ઉપાદેય કહેનારો તો ગાંડો ગાણસ છે. એક તો ગાંડો હોય અને તેને ચંદ્રહાસ દારૂ પાય તો શું થાય ?

પ્ર૦-સુખી હશે તો શાસનનાં કામ કરશે ને ?

ઉ૦--શાસનનાં સારાં કામ કોણ કરે છે ? ઘણા તો કહે છે કે-'મહારાજના કહે-

વાથી ફસી ગયા માટે કરવું પડયું" આવાને પૈસા ખર્ચવા છતાં ય લાભ થાય કે નુકશાન થાય ?

અમારે ય કશું કામ કરાવવું છે તેવો લોભ ન જોઈએ. 'તમે સારા છો તમારા વડે ધર્મ છે' એવું બોલીને તમારી પાસે કામ કરાવનારા ધર્મનું લીલામ કરે છે. 'મેં આવું કામ કરાવરાવ્યું તેની ઈચ્છા અને સામાનું શું થશે તેની ચિંતા નહિ' તો તેના જેવો 'નિર્દય' કોણ છે ?

આજે ય તમારી પાસે ટીપ આવે તો, આપવા તો પડે પણ શું શું સંભળાવીને આપો ? 'આ આ કામમાં હું માનતો નથી. ચાલ્યા આવો છો...' આવું આવું સંભળાવો છતાં ય પેલાને પૈસા આપો અને તે લે પણ ખરો કેમકે, તમારામાં ય ધર્મ નથી અને તેનામાં ય ધર્મ નથી. કામને ખરાબ કહીને પૈસા આપે તે ધર્મી કહેવાય કે અધર્મી કહેવાય ? આવા સુખી શાસનના કામ કરે ખરા ?

(૮) જે સાધુ ખાવા-પીવાદિનો રસિયો બન્યો. સુખમાં જ મજા કરતો હોય તે સાધુ, જેટલાં ઘેરથી ગોચરી લાવે તે બધાનો દેવાદાર થાય છે. તે દેવું ચૂકવવા તેને તે દરેકે દરેક ઘેર ગધેડા થવું પડશે, ભરૂચના પાડા થવું પડશે, જ્ઞાનીઓએ ભૂલ કરે તે બધાને ઠપકાર્યા છે, અમને પણ છોડયા નથી.

પ્ર૦-આપ બહું કડક બોલો છો ?

ઉ૦-શાસ્ત્રમાં જે કહ્યું-લખ્યું છે તેથી તો બહુ ઓછું બોલું છું. જે લખ્યું છે તે બોલવા માંડીશ તો સાંભળી પણ નહિ શકો. સાધુ કે શ્રાવક થઈ, સંસારના સુખના જ ભિખારી બને, તે સુખના જ લાલચુ બને તો તેના માટે બહું ભયંકર દુર્ગતિ કહી છે. બહુ ઊંચે ચઢેલો પડે તો શું થાય ? વધુ વાગે ને ?

(૯) પ્ર૦-જેને મોક્ષનો અભિલાષ નથી પણ શાસન કે સંસ્કૃતિની રક્ષા માટે સાધુ બનાવાય ?

ઉ-શાસન કે સંસ્કૃતિની રક્ષાના ધ્યેયથી સાધુ બનાવાય નહિ કે દીક્ષા અપાય નહિ **દીક્ષા લેનારના આત્માને સંસારથી ઉગારવા અને મોક્ષે પહોંચાડવાના ધ્યેયથી જ દીક્ષા અપાય.** દીક્ષા લેનારે પણ આવા શુભ-શુદ્ધ આશયથી જ દીક્ષા લેવી જોઈએ.

દીક્ષા લઈને ભગવાનની આજ્ઞા મુજબ સંયમની આરાધના કરનારો આત્મા, પોતાના આત્માના હિતની સાથે શાસન અને સંસ્કૃતિને માટે પણ બધી રીતે હિતકારી જ બનતો હોય છે.

વળી જેને મોક્ષનો અભિલાષ નથી તે સાધુ થઈને કે સાધુ બનાવીને, શાસન કે સંસ્કૃતિની શું રક્ષા કરવાનો છે? સંસ્કૃતિનો પ્રચાર પણ શું કરવાનો છે? કે કોઇપણ પાપમાં સાથ નહિ તે જ સાચી સંસ્કૃતિ છે. મોક્ષના ધ્યેય વિના આવી સંસ્કૃતિ આત્મામાં આવે જ નહિ.

પ૦–જાહેરમાં સાથ ન આપે પણ ખાનગીમાં આપે, કેમકે, તે વિના કામ ન થાય.

૬૦–તમે તો અમને પણ 'માયાવી' બનાવો તેમાંના છો. ખાનગીમાં કાંઇ બોલે અને જાહેરમાં કાંઇ બોલે તેને દુનિયામાં પણ 'લબાડ' કહેવાય છે ને? સાધુ તો મન-વચન અને કાયાથી એક જ વિચારના હોય.

પોતાનો ધર્મ બોઇને બીજાને ધર્મ આપનારા શું ધર્મ આપવાના છે? તે લોકો સંસ્કૃતિની કે શાસનની પણ શું રક્ષા કરવાના છે? આજે અમારો ધર્મ બરાબર સચવાય છે કે નહિ? અમને દોષ લાગે છે કે નહિ, તેની આજના જગતને ચિંતા છે?

પ૦–અપવાદ સેવી બાતામાંથી પાણી લાવો છો તેવી રીતે સંસ્કૃતિની રક્ષા માટે કાંઇ ન કરાય?

૬૦–'એવા વિષમ કાળમાં જન્મ્યા છીએ કે, પાણી પણ દોષિત વાપરવું પડે છે.' આવું ચલાવ્યા કરે તો હજી સાધુપણું ટકે. બાકી ધીટ્ટા બની જાય કે–'એમાં શું વાંધો?' એમ જે માને તેનું સાધુપણું પણ ધીમે ધીમે જાય. તેવાને તો પછી 'ઉત્સૂત્ર-ભાષી' બનતા ય વાર લાગે નહિ.

અમારો ધર્મ બોઇ અમારે કાંઇ કરવું નથી. પોતાનો ધર્મ બોનારો બીજાની શી રક્ષા કરવાનો છે? આવી બોટી વાતો કરનારા, શાસન-સંસ્કૃતિના નામે લોકોને ઊંધા માર્ગે ચલાવનારા તો શ્રી જૈનશાસનનો નાશ કરી રહ્યા છે. અને જો શ્રી જૈનશાસનનો નાશ થાય તો સંસ્કૃતિ કયાં જીવવાની?

પ૦–તો તમારાથી કાંઇ ન કરાય?

૬૦–અમે તો સાધુપણું, શ્રાવકપણું, જૈનપણું કે માર્ગાનુસારીપણું સમજાવીએ. જૈન કેવા હોય, કેવી રીતે જીવે તે સમજાવીએ. તેમને ડાહ્યા બનાવીએ આટલું કરીએ તે બોડું છે? અમારી આ મર્યાદાથી વધુ કાંઇ ન કરીએ.

પ૦–કોઇ આકર્ષક યોજના કરો તો?

૬૦–શેની યોજના કરીએ? તેમને ખવરાવવાની? પીવરાવવાની? તમારા દીકરા-દીકરીનાં લગ્ન કરી આપવાની? તમારા વેપારાદિ બરાબર ચાલે છે. કે

નહિ તેની ? કોઈને ય આકર્ષવા માટે પણ કોઈપણ જાતની તેવી યોજના ન કરાય. એવી યોજનાઓ કરવી તે તો જીવોને લલચાવવા બરાબર છે. બાકી ધર્મની મોક્ષમાર્ગની-મોક્ષની આરાધના માટે જેટલી સહાય જોઇતી હોય તેટલી સહાય પૂરી પાડવામાં પૂરો લાભ છે તેમ સમજાવીએ. પણ તેના માટે અમે ઘેર-ઘેર ભીખ માગવા નીકળીએ ? આવી ગાંડી વાતો ન કરો. તમે લોકો કશું સમજતા નથી કાં સમજતા હોવ તો ય આપણા બાપનું શું' તમે માનો છો-માટે આજનાં બધાં તોફાનો ચાલે છે. તમે બધા જો સાધુનો ધર્મ શું અને શ્રાવકનો ધર્મ શું તે સમજી જાવ તો કામ થઇ જાય.

માટે સમજો કે-**સાધુ સમાજની ચિંતા કરવાવાળો ન હોય. સાધુ આત્માની ચિંતા કરનારો હોય. આત્માની ચિંતા કરનારો કયારે ય સમાજને માથે ભારરૂપ બનતો નથી. જેને આત્માની ચિંતા નથી તેવો સાધુ સમાજની ચિંતા કરવાના નામે જે કોઇ પ્રવૃત્તિ કરે છે તેમાં એના અને સમાજના હિતનો સર્વનાશ સમાયેલો છે. સાધુ સમાજસેવક બને ત્યારે સાધુ અને સેવક મટીને સ્વાર્થી બને છે.**

(૧૬) : અમૂલ્ય માર્ગદર્શન :

આ યુગપુરુષે અવસરે અવસરે જે મહામૂલું માર્ગદર્શન આપ્યું છે તેને પણ જો બરાબર અનુસરીએ તો પણ આત્માનું કલ્યાણ થઇ જાય.

તેમાંના કેટલાક પ્રસંગો ઉપર દૃષ્ટિપાત કરીએ. [૧] બોલી અંગે આ મહાપુરુષ કહેતા કે-'જૈનશાસનમાં બોલી બોલીને તરત જ આપી દેવી તે જ સાચી શાહુકારી છે. કદાચ આ વિષમ કાળને કારણે તરત જ ભરપાઇ ન કરી શકો તો જે મુદત નક્કી કરી હોય તે મુદતમાં પણ આપી દેવી જોઇએ. તે મુદતમાં પણ જો ન આપી શકો તો બજારૂ વ્યાજ સાથે જો તે રકમ ભરપાઇ કરો તોજ દેવ દ્રવ્ય ભક્ષણના દોષથી બચી શકો. નહિ તો દેવદ્રવ્ય-ભક્ષણનો દોષ લાગ્યા વિના રહે નહિ. આજે બધાની જે બુદ્ધિ બગડી છે તેમાં જાણે-અજાણે પણ મોટાભાગના પેટમાં દેવદ્રવ્યનું ધાન ગયું છે તેની અસર છે.'

[૨] સાધારણ અંગે પણ કહેતા કે-'દરેકે દરેક જૈનો પોતાનો સોડા ખર્ચ જો ૧૦૦૦ રૂ. હોય તો ૨૫ રૂ. સાધારણમાં સ્વૈચ્છિક રીતના આપી દે. આ રીતે ૧૨ હજારે પચ્ચીશી ગણી આપી દે તો સાધારણનો તોટો કયારે પણ પડે ખરો ? પોતાનો સંઘ તો માતબર થઇ જાય પણ નાના-નાના સંઘો પણ તરી જાય ને ?'

[૩] 'ઉપાશ્રયનો ઉપયોગ ધર્મક્રિયા સિવાયના કોઇપણ કાર્ય માટે નહિ થવો જોઇએ. અને તમારે સમજવું જોઇએ કે-આપણે ધર્મક્રિયા કરી શકીએ એ માટે જ આપણે આ

સ્થાન બધાવ્યું છે. આ ઉપાશ્રયનું ઉદ્ઘાટન થયા બાદ આ ઉપાશ્રય તમારે તમારી ધર્મક્રિયા માટે ખૂલ્લો રાખવો જોઇએ અને એવું નહિ થવું જોઈએ કે જ્યારે કોઇ સાધુ આવવાના હોય કે આવ્યા હોય ત્યારે જ આ ઉઘડે. કેવળ સાધુ-સાધ્વીને ઉદ્દેશીને ઉપાશ્રય બનાવવાનો હોય નહિ. સાધુ-સાધ્વી માટે બનાવેલા ઉપાશ્રયમાં ઉતરવામાં પણ સાધુ-સાધ્વીને દોષ લાગે છે. ઉપાશ્રય તો શ્રાવક-શ્રાવિકાઓને ધર્મક્રિયા કરવાને માટે હોય અને જ્યારે સાધુ-સાધ્વી આવી લાગે ત્યારે ત્યારે તેમનો લાભ પણ તમને મળે. તમે બધા જો નકકી કરો કે-રોજ આપણે અમુક ધર્મક્રિયા તો ઉપાશ્રયમાં આવીને જ કરવી છે, તો આ ઉપાશ્રય સદા ઉઘાડો રહી શકશે અને સાધુઓને નિર્દોષ વસતિ પ્રાપ્ત થશે !'

[૪] કતલખાના અંગે પણ કહેતા કે-'જૈન સંઘ ભલે નાનો-મુઠીભર છે પણ તેમાં એવા એવા શ્રીમંતો વસે છે તે શ્રીમંતો જો દયાવાળા-ધર્માત્મા-ઉદાર થઇ જાય તો આ ભારતભરમાં એક કતલખાનું ચાલુ ન રહે ! તમને ખબર હશે કે, દરેકે દરેક ખેડૂતો પોતાના જનાવરોને પોતાના દિકરા તુલ્ય માને છે તે નકામા થાય, પાળી શકવા શકિતમાન થતો નથી ત્યારે રડતી આંખે કકળતા હૈયે ન છૂટકે કતલખાના તરફ દોરવાય છે. પણ જો જો જૈન શ્રીમંતો જે જે પ્રદેશમાં વસતા હોય તે આજુબાજુના દરેકે દરેક ગામોમાં બધા ખેડૂતોને જણાવી દે કે-તમારાથી જે જે જનાવરો ન સચવાય-પળાય તે અમારે ત્યાં મૂકી જવા. અમે સાચવી દઇશું. તો કતલખાનાને કપાવા માટે એક પણ જનાવર મળે ખરું ?'

[૫] શ્રાવકોએ સ્વદ્રવ્યથી જ પૂજા કરવી જોઇએ. પોતે ભગવાનની પૂજા-ભકિત બરાબર નથી કરી શકતા માટે પૂજારી રાખ્યો છે. તો પૂજારીને પગાર દેવદ્રવ્યમાંથી અપાય કે તમારે આપવો જોઇએ ? તમે લોકો જો કોઇ મોટી પેઢીમાં હોદ્દા ઉપર હો અને તમારું કામ કરવા તમે કોઇ બીજો માણસ રાખો તો તેનો પગાર પેઢી ચૂકવે કે તમો ચૂકવો ? તે જ રીતે શ્રાવકો પહોંચી શકતા નથી. માટે પૂજારી રાખ્યો છે તો પૂજારીને પગાર તમારે જ આપવો જોઇએ !'

દેવદ્રવ્યમાંથી પૂજારીને પગાર અપાય છે તેનું પૂજ્યશ્રીજીને ઘણું દુઃખ હતું. અવાર નવાર તેઓશ્રી સાચું માર્ગદર્શન આપતા. તેમાં ય શ્રી સિદ્ધાચલજીમાં પૂજારીઓનો પગાર સાધારણમાંથી અપાય તેમાં પૂજ્યશ્રીજીએ જે માર્ગદર્શન આપ્યું તેના પરિણામે એક યોજના સાકાર બની.

• શ્રી જિનભકિત નિમિત્તે જે જે બોલી મંદિરમાં, ઉપાશ્રયમાં કે અન્યત્ર બોલાય તે બોલીનું દ્રવ્ય દેવદ્રવ્ય જ ગણાય. આમ છતાં પણ આજે કેટલેક સ્થળે સ્વપ્ન દ્રવ્યની ઉપજમાંથી વધારે ટકા યા તો કેટલેક સ્થળે ઓછા ટકા સાધારણ ખાતે લઇ જવાની શરૂઆત થઇ છે તે ઘણું ખોટું થયું છે. આ પ્રવૃત્તિ શાસ્ત્રથી વિરુદ્ધ છે. આવી પ્રવૃત્તિમાં અમારી

એટલે કે સાધુની મૂંગી સંમતિ પણ ન હોઇ શકે. સાધુઓએ તો આવી પ્રવૃત્તિને અટકાવવાનો યથાશક્ય પ્રયત્ન કરવો જોઇએ. આ બાબતમાં વિરોધ છતાં મૌન રહેવાથી એવી માન્યતા દૃઢ થતી જાય છે કે–એ શાસ્ત્ર વિરોધી પ્રવૃત્તિઓમાં સાધુઓની સંમતિ છે. એવી માન્યતાને ટેકો ન મળી જાય અને સાચી સમજ આવે માટે સાધુઓએ અવસરે અવસરે જણાવતાં રહેવું જોઇએ કે, સ્વપ્ન દ્રવ્ય દેવદ્રવ્યમાંજ જાય અને સાધારણ ખાતે તેમાંથી એકપણ કોડી લઇ જવાય જ નહિ.

[૧૭] : અપૂર્વ સમાધિ સાધી ગયા :

આ મહાપુરૂષે જીવનભર જે મોક્ષ માર્ગનું પ્રતિપાદન કર્યું, જે રીતે મોક્ષમાર્ગ સમજાવ્યો તે ઉપકાર તો ભૂલાય તેવો નથી. તેઓ એક જ વાત કહેતા કે–'જગતના જીવો જે સુખ ઇચ્છે છે તે કેવું ઇચ્છે છે? તેમાં થોડું પણ દુઃખ હોય તો ગમે? જે તમારા કરતાં બીજા પાસે અધિક હોય તો ગમે? જે આવ્યા પછી ચાલ્યું જાય તેવું હોય તો ગમે? તો જેમાં દુઃખનો લેશ પણ ન હોય, જે પરિપૂર્ણ હોય અને આવ્યા પછી કયારે ય નાશ ન પામે તેવું હોય તેવું સુખ આ સંસારમાં છે ખરું.

કાળના પ્રભાવે જે લોકો 'સંસાર સુખ માટે ધર્મ ન થાય તો શું પાપ થાય?' આમ કહી લોકોને ભરમાવતા તો તેનો પણ જે રીતે પ્રતિકાર કરેલ અને 'મિથ્યાત્વના પોષણ–વૃદ્ધિમાં હું પણ નિમિત્ત ન બનું.' એવા શુદ્ધ ભાવથી પોતાનું પણ સડેલું અંગ કાપવું પડે તો કાપી નાંખવા જેવો નિર્ણય લઇ પોતાના ગણાતાને પણ દૂર કરતાં આ મહાપુરૂષ જરા પણ અચકાયા ન હતા અને 'સિદ્ધાંત ખાતર બધું છોડાય, પણ કોઇની ય ખાતર સિદ્ધાંત ન જ છોડાય.' આવી દૃઢતાનો દાખલો મુકી ગયા તેવા સિદ્ધાંતસંરક્ષકના ચરણોમાં કોટિ કોટિ પ્રણામ!

આ મહાપુરૂષે જીવનમાં અનેકવાર મરણાંત માંદગી આવી તો તેમાં પણ અદ્‌ભુત સમાધિનું દર્શન કરાવ્યું. જીવનભર 'સુખ ભૂંડું અને દુઃખ રૂડું' મજેથી વેઠવા જેવું' એ જે પ્રતિપાદન કર્યું તે સાક્ષાત્ જીવનમાં જીવી બતાવ્યું. અને જીવનની છેલ્લી ક્ષણ સુધી 'અરિહંત'ના ધ્યાને આ પાર્થિવ દેહનો ત્યાગ કરી, મહોત્સવ રૂપ સમાધિમૃત્યુને વરી ગયા અને સમાધિમૃત્યુનો સંદેશો સુણાવીને ગયા.

જીવનભર જે પૈસાને ભૂંડામાં ભૂંડો જ કહ્યો, છોડવા જેવો કહ્યો તે જ પૈસે તેઓની અંતિમ યાત્રામાં જે રીતનો ખર્ચાયો તેથી વિરોધીઓ પણ આશ્ચર્ય ચકિત થઇ ગયા.

શાસ્ત્રોમાં શ્રી તીર્થંકર પરમાત્માદિ મહાપુરૂષોના સમાધિ મૃત્યુ–અંતિમ યાત્રાના વર્ણન જ વાંચવા–સાંભળવા મળે પણ આ કાળમાં તેનો સાક્ષાત્કાર આ મહાપુરૂષ કરાવીને સીને

અનુમોદનીય સુકૃતના સહભાગી બનાવી ગયા.

જેઓશ્રીજીનું જીવન ઉજ્જવલ હતું તેમ મૃત્યુતો મહા ઉજ્જવલ બની ગયું અને મહામહોત્સવ મંગલરૂપ બની ગયું.

ઉપકારી મહાપુરૂષોના વિરહનું દુઃખ ક્ષણે ક્ષણે રહે તે સહજ છે. પણ જે જન્મે તે અવશ્ય મરે તો આવા પ્રસંગો જાણી જીવનની અનિત્યતા-ક્ષણ ભંગુરતા નિહાળી, ધીરતા-સ્થિરતા કેળવી વધુ ને વધુ ધર્મમાં જ ઉદ્યમત બનવું જોઇએ. આ મહાપુરુષ જે માર્ગ બતાવીને ગયા, તે જ માર્ગે બરાબર ચાલીએ તો આ મહાપુરુષને પામ્યા તે સાર્થક થાય. બાકી આ મહાપુરુષ જો બરાબર ઓળખાયા હોત અને તેમની બધી જ શક્તિઓનો બરાબર ઉપયોગ કરાયો હોત તો જૈન સંઘની જાહોજલાલી જુદી હોત!

હવે તો આ મહાપુરૂષે આપણી સૌની વચ્ચેથી વસમી વિદાય લીધી છે. તેમના જ માર્ગે બરાબર મક્કમ થઈને ચાલીએ, ગમે તેવા પ્રલોભનોમાં જરાપણ આઘાપાછા ન થઇએ તો જ તેઓના સાચા વફાદાર સેવકનો દાવો કરી શકીએ! તે જ તેઓશ્રી પ્રત્યે સાચી કૃતજ્ઞતા અને શ્રદ્ધાંજલિ છે.

સૌ કોઇ વાચકો આ ભાવ આત્મસાત્ કરી, વહેલામાં વહેલા આત્માના અનંત-અક્ષયગુણના ભોકતા બનો તે જ મંગલ મહેચ્છા...

—: આ મહાપુરૂષના જીવનની ઘટનાઓ :—

	વિ. સં.	તિથિ	ગામનું નામ
જન્મ	૧૯૫૨	ફા. વ. ૪	કહેવાણુ
દીક્ષા	૧૯૬૯	પો. સુ. ૧૩	ખંભાતીર્થ
વડીદીક્ષા	૧૯૬૯	ફા. સુ. ૨	વડોદરા
ઋષિ-પંન્યાસ પદ	૧૯૮૭	કા. વ. ૩	મુંબઇ
ઉપાધ્યાય પદ	૧૯૯૧	ચૈત્ર સુ. ૧૪	રાધનપુર
આચાર્ય પદ	૧૯૯૨	વૈ. સુ. ૬	મુંબઇ
સ્વર્ગવાસ	૨૦૪૭	આ. વ. ૧૪	અમદાવાદ

દીક્ષા વય-૧૭ વર્ષ
દીક્ષા પર્યાય-૭૮ વર્ષ
આચાર્યપદ પર્યાય-૫૫ વર્ષ
આયુષ્ય-૯૫ વર્ષ

—: સમાપ્ત :—

શાસન સમાચાર

પૂ. આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશથી
ઇંદોરમાં શ્રી વર્ધમાનસ્વામી વર્તમાન ચોવીશી તીર્થ

ભૂમિપૂજન, ખનન અને શિલાસ્થાપન મહોત્સવ

પૂ આ. શ્રી વિજયજિનેન્દ્રસૂરીશ્વરજી મ.ના ઉપદેશ અને માર્ગદર્શન મુજબ ઇંદોર પશ્ચિમ ક્ષેત્રમાં પ્રિકાંકો કોલોની અનપૂર્ણા રોડ ઉપર શ્રી વર્ધમાન સ્વામી વર્તમાન ચોવીશી તીર્થનું આયોજન થયું છે આ અંગે શ્રી શ્વેતાંબર જૈન સ્વાધ્યાય સંઘ તરફથી એક વિશાળ ભૂમિ આ ટ્રસ્ટને મળી છે તેમાં ચોવીશ જિનાલય ઉપાશ્રયો ધર્મશાળા ભોજનશાળા આદિનું આયોજન નક્કી થયું છે. ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી શાંતિલાલજી બમ અને અધ્યક્ષ શ્રી તેજકુમાર ડોશી આદિએ આ માટે સતત પૂ.શ્રીનું માર્ગદર્શન લઇ આયોજન કર્યું છે.

જેઠ વદ ૩ રવિવાર તા. ૨૬-૬-૯૪ના બપોરે ખનન મુહુર્ત શેઠ શ્રી શ્રી વિમલચંદજી સુરાણા હસ્તક રાખેલ બપોરે ૩ વાગ્યે પ્રવચન થયા બાદ વિગતો રજુ થઇ અને ઘણા ઉત્સાહથી ભૂમિ પૂજન તથા ખનનવિધિ થઇ શ્રી તેજકુમારજી ડોશી તરફથી શ્રીફળની તથા ટ્રસ્ટી શ્રી વિરેન્દ્રકુમારજી નાહર તરફથી લાડુની અને શ્રી શાંતિલાલ બમ તરફથી સેવના પડિકાની લાણી થઈ. ૫૦૦ જેટલી સંખ્યા હાજર રહી હતી.

જેઠ વદ ૧૦ના સવારે ૧૧-૩૦ કલાકે શિલાસ્થાપન હતું ૯ વાગે સ્નાત્ર નવગ્રહાદિપૂજન શિલાપૂજન થયું પૂજ્યશ્રીનું પ્રવચન થયું અને ભાવિકો એ પોતાના ઉલ્લાસથી આ કાર્યમાં તેમજ સર્વસાધારણમાં ફંડનો વરસાદ વરસાવ્યો અને સાત જિનાલયન નકરા અને દાન મળીને ૧૪-૧૫ લાખ જેટલી રકમો જાહેર થઇ હતી.

મુખ્ય શિલાપૂજન સ્થાપન દેવારા નિવાસી શેઠ શ્રી નંદલાલજી નાથુલાલજી ચોધરીએ કર્યું હતું.

બીજી શીલાઓનું પૂજન સ્થાપન (૨) શ્રી પી. સ. જૈન ઇંદોર [૩] શ્રી છગનલાલજી માનમલજી જૈન ઇંદોર (૪) શ્રી શ્રી રાજમલજી જિનેન્દ્રકુમારજી ગુગલીયા ઇંદોર (૫) શ્રી રાજમલજી પારસમલજી વયા ઇંદોર (૬) શ્રી અમીતકુમારજી સોહનલાલજી જૈન ભોપાલ (૭) શ્રી નેમિચંદજી માનમલજી બમ ઇંદોર (૮) શ્રી બાપુલાલજી તેજકુમારજી ડોસી ઇંદોર (૯) શ્રી મોતીચંદ કચરાભાઇ ઇંદોર.

વિધિવિધાન શ્રી વેલજીભાઇ લીલાધર શાહે કરાવ્યા હતા, મહિધર પ્રસાદ ૪ અને

શેષ જિનાલયના ગણુ એમ કુલ સાત જિન-મંદિરોની જાહેરાત થઇ તે મહિધર પ્રાસાદના નામ ૧ શ્રી છગનલાલ જૈન ઈંદોર ૨ રાજમલજી ગુગલીયા ઈંદોર ૩ શ્રી ચંદ્રાવતી બાબુભાઇ જવેરી ટ્રસ્ટ રત્નપુરી મલાડ ૪ શ્રી નાથુલાલજી સકલેચા, શેષ જિનાલયના નામ ૧. શ્રી શાંતિલાલજી બમ ૨. શ્રી બાબુલાલજી તેજરાજજી ડોસી ૩. શ્રી જ્ઞાનચંદજી તારાચંદજી કુટુંબ. હતી, વિશાળ મંડપમાં ૨૫૦૦ ઉપર જનસંખ્યાની વચ્ચે મંત્રોચ્ચાર પૂર્વક નવે શિલાઓનુ સ્થાપન પૂ આ. ભ.ની નિશ્રામાં થયું હતું. ઉત્સાહ અનેરો હતો ઈંદોર માટે આ ભવ્ય પ્રસંગ અપૂર્વ હતો. મુરબ્બીઓ શ્રી નગીનદાસ કોઠારી, શ્રી શિખરચંદજી નાગોરી શ્રી માનમલજી તાંતેડ શ્રી નાથુલાલજી સકલેચા વિગેનું ટ્રસ્ટ તરફથી સન્માન થયું હતું. ટ્રસ્ટીઓ કાર્યકરે યુવાનોનો પરિશ્રમ જોરદાર હતો દરેક કાર્ય વ્યવસ્થિત અને સમયસર થયા હતા. શ્રી શાંતિકુમારજી બમ તથા શ્રી તેજકુમારજી ડોસી તરફથી વિશાળ સમુદાયનું સાધર્મિક વાત્સલ્ય હતું. ઈંદોર માટે જ નહિ પરંતુ માળવા દેશ માટે આ એક ભવ્ય તીર્થ આકાર લઇ રહ્યું છે તેનો સૌને મન ખૂબ આનંદ અને પ્રસન્નતા હતી.

સંગમનેર જૈન સંઘમાં અગત્યનો સુધારો

વિશ્વની અંદર પ્રથમ સ્થાન ધરાવતું જૈનશાસન અને તેની આરાધના પ્રભાવના, સુરક્ષા-સંવર્ધન કરતો જૈન સંઘ અજોડ છે. પરંતુ કેટલીકવાર કેટલીક ખોટી વાતો-ખોટી રીતરસમો અંદર પ્રવેશ કરીને ખોટી ગરબડ ઉભી કરે છે. આવી ખોટી વાતો પ્રત્યે સાચા આરાધક ભાઇઓને હૈયામાં દુઃખ રહ્યા કરે છે. તે દૂર થાય છો સારું તેવી ભાવના તેમની હોય છે.

પ. પૂ આ. દે. શ્રી પ્રભાકર સૂરીશ્વરજી મ. સા. સંગમનેર પધાર્યા જાણવા મલ્યું લગ્નાદિ પ્રસંગોમાં વરઘોડામાં યુવાન ભાઇઓ-બેનો સાથે દાંડીયા લેતા-દારૂખાનું ફોડતા. આ અંગે પૂજયશ્રીની નિશ્રામાં સંઘની મીટીંગ બોલાવી સંઘે નીચે મુજબ ઠરાવ જેઠ સુ. ૧૦ ના પસાર કર્યો હતો.

સર્વાનુમતે ઠરાવ

આજથી લગ્નાદિ વ્યવહારિક પ્રસંગોમાં કોઇએ પણ દાંડીયા રમવા નહિ અને ફટાકડા ફોડવા નહિ. બહાર ગામથી જાન આવે તેમને પણ અહિંથી જાન લઇને બહારગામ જાય ત્યારે તેઓએ પણ ઉપરોકત ઠરાવનો અમલ ચૂસ્તપણે કરવાનો છે.

જ્યાં આવું બનતું હોય ત્યાં સંઘોએ જાગૃત બની ઠરાવ કરી સુધારો કરવો જરૂરી લાગે છે.

છઠ્ઠા વર્ષના શુભેચ્છકોને

છઠ્ઠા વર્ષના જૈન શાસન શુભેચ્છકોને નમ્રતાથી જણાવવાનું જે સાતમા વર્ષના શુભેચ્છક અગર લવાજમ આવશે તો અંક ચાલુ રહેશે નહિતર ૪૭-૪૮ અંક પછીથી તેમને અંક બંધ થશે. માટે વહેલાસર શુભેચ્છક કે લવાજમની રકમ મોકલી આપવી.

સૂચના : હવે પછીનો અંક સાતમા વર્ષમાં પ્રવેશ પ્રસંગે વિશેષાંક તરીકે તા. ૨૩-૮-૯૪ ના પ્રસિદ્ધ થશે.

૦ રીઢા કેદીને જેલ ગમે છે તેમ તમને સંસાર પ્રમાદ ગમે છે.

૦ સંસારના સુખમાં લીન તે બધા દયાપાત્ર જીવો છે. તેની તો દયા જ કરવા જેવી છે. કેમકે સુખની ભાવનાના યોગે એવા એવા પાપ કરશે અને એવા દુઃખમાં પડશે જેનું વર્ણન થઇ શકે નહિ.

૦ ધર્માત્મા અઢાર દોષનો વૈરા હોય, કાઢવા મહેનત કરનારો હોય, વીતરાગ થવાની ઇચ્છાવાળો હોય. વીતરાગ થાય એટલે અઢારે દોષો જાય !

૦ સુખે જીવે અને સુખે મરે તે સદ્ગતિનો સ્વામી બને. જે અવસરે જે અવસ્થા હોય તેમાં મજેથી જીવવું અને કોઇ પાપ ન કરવું તે સુખે જીવ્યું કહેવાય. આવી રીતે સુખેથી જીવે તે જ સુખેથી મરી શકે.

૦ કર્મને માનનારો કદિ પાપ આજ્ઞા કરે નહિ.

૦ કર્મને સમજી જાય, કર્મ પર ગુસ્સો આવે તો આત્મા ડાહ્યો થાય.

૦ તમને આબરૂ કરતાં ય પૈસો વધારે કિંમતી લાગે છે. કેમકે કર્મને શત્રુ તરીકે ઓળખતા જ નથી.

૦ કર્મથી ગભરાય તે જ ધર્મ પામે.

૦ દુનિયાના સુખ માટે મોજ મજા માટે નવપદની આરાધના કરનાર પાપ જ કરે છે.

૦ જે લોકો દુન્યવી સુખમાં મૂઝાયા કરે અને દુઃખથી ગભરાયા કરે તેનને તો નવપદનું આલંબન મળે જ નહિ.

૦ સંસાર છે તેમાં શું ન થાય તે કહેવાય નહિ ક્ષણમાં સુખ અને ક્ષણમાં દુઃખ તે સુખમાં કે દુઃખમાં મૂંઝાય તે ધર્મનું શરણ લઇ શકતો નથી.

૦ સુખથી આઘા રહેવું અને દુઃખ વેઠવા તૈયાર રહેવું તેનું નામ સાધુપણું !

૦ સુખ-દુઃખ બન્ને સમકિતના વૈરી છે.

જૈન શાસન અઠવાડિક માલિક શ્રી મહાવીર શાસન પ્રકાશન મંદિર ટ્રસ્ટ(લાખાબાવળ)
C/o. શ્રુત જ્ઞાન ભવન ૪૫, દિગ્વિજય પ્લોટ–જામનગર વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક સુરેશ કે શેઠે સુરેશ પ્રિન્ટરીમાં છાપીને વઢવાણ શહેર (સૌરાષ્ટ્ર)થી પ્રસિદ્ધ કર્યું ફોન : ૨૪૫૪૧